॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૧

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આવશ્યક-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઇ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - 31 માં છે...

**0 આવશ્યક-મૂલસૂત્ર-૧ ની**

**-0- નિર્યુક્તિ-૧ થી**

**આરંભીને**

**-0- નિર્યુક્તિ-૫૬૩-સુધી**

**અધ્યયનની ભૂમિકા**

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ 31 ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ભક્તિસૂરીશ્વરજી મ.ના

સમુદાયવર્તી

**સાધ્વી શ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ભગવાનનગરનો ટેકરો, જૈનસંઘ**

**અમદાવાદ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- 3

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૧-

# ૪૦ આવશ્યક-મૂલ સૂત્ર ૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચાલીશમું આગમ છે. જે ચાર મૂળસૂત્રોમાં પહેલું મૂળ સૂત્ર છે. તે આવશ્યક નામથી પ્રસિદ્ધ છે. તેનું પ્રાકૃતમાં આવસ્સય એવું નામ છે. પણ ગુજરાતી કે સંસ્કૃતમાં તો તેને ''આવશ્યક'' નામે જ ઓળખે છે. તેના છ અધ્યયનો છે.

મૂળ આવશ્યક સૂત્રનું કદ તો ઘણું જ નાનું છે. માત્ર-૯૨ સૂત્રોમાં છ એ અધ્યયનો પૂરા થઈ જાય છે, પરંતુ તેની નિર્યુક્તિની સંખ્યા ૧૬૨૩ છે, વળી તેમાં ભાષ્ય અને હારિભદ્રીય ટીકાને કારણે તેનું કદ ઘણું જ વિસ્તૃત થઈ જાય છે. જો તેના ઉપરની ચૂર્ણિ, પૂ.મલયગિરિજી કૃત્ વૃત્તિ, બૃહત્ ભાષ્ય આદિ બધું જ સાહિત્ય સાથે રાખવામાં આવે તો તો આ સૂત્રનું કદ ઘણું-ઘણું જ વિસ્તારવાળું થઈ જાય.

મૂળ આવશ્યક સૂત્રમાં તો સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણાદિ છ વિષયો છે, પણ નિર્યુક્તિ સહિતની ચૂર્ણિ અને વૃત્તિઓ સાથે ગણતાં તો જૈન વાઙ્મય બની જાય તેટલી વિષય વસ્તુઓ અને કથા-દૃષ્ટાંત વડે આ આગમ પ્રચૂર માહિતીનો સ્રોત બની રહેલ છે.

અહીં અમે અનુવાદમાં નિર્યુક્તિ, ભાષ્ય, જિનદાસગણીકૃત્ ચૂર્ણિ અને હારિભદ્રીય વૃત્તિની મુખ્યતા રાખેલ છે. પરંતુ વિશેષાવશ્યક ભાષ્ય, તેની ટીકા, પૂ. મલયગિરિજીની વૃત્તિ આદિ પણ ભૂલવા જેવા નથી.

અમારી રચેલી આગમશ્રેણિમાં आगमसुत्ताणि - મૂલ, તેનો ગુજરાતી અનુવાદ, હિન્દી અનુવાદ, आगमसुत्ताणि सटीकं પણ જોડે રાખી શકાય અને માત્ર મૂળ વિષય જોવા માટે આગમવિષયદર્શન પણ જોવું.

અહીં અનુવાદમાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેરાયા છે, તો ક્યાંક ન્યાય, વ્યાકરણ, વાદ આદિને છોડી પણ દીધા છે. કથા-દૃષ્ટાંતોમાં પણ ક્યાંક દૃષ્ટાંતની વાક્યપૂર્તિ વડે તે મોટા થયા છે, તો ક્યાંક સંક્ષેપિત પણ કર્યા છે, પુરી કથા જાણવા અમારું ''આગમ કથાનુયોગ'' જોવું. અમે આ આગમને અહીં ચાર ભાગોમાં નિર્યુક્તિના આધારે વિભાજીત કરેલ છે.





# 卐 આવશ્યક સૂત્ર-ટીકા સહિત-અનુવાદ 卐

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

*[મૂળ સૂત્રનો આરંભ તો છેક નિર્યુક્તિ-૮૮૬ પછી થાય છે. અમારા આ ભાગ-૩૧માં આવશ્યકની નિર્યુક્તિ-૧ થી ૫૬૩નો જ સમાવેશ કરેલ હોવાથી આ આખા ભાગમાં ક્યાંય મૂળસૂત્ર આવશે જ નહીં. અહીં ફક્ત પીઠિકા અને ઉપોદ્ઘાત નિર્યુક્તિ તથા તેની વૃત્તિનો જ સમાવેશ કરેલો છે.]*

## ❀ આવશ્યક સૂત્ર-પીઠિકા ❀

-- x -- x -- x -- x --

૦ જિનવરેન્દ્ર વીરપ્રભુ, શ્રુતદેવતા, ગુરુ અને સાધુઓને નમસ્કાર કરીને હું ગુરુના ઉપદેશથી આવશ્યક સૂત્રની વૃત્તિને કહીશ.

૦ ટીપ્પણાર્થ — આના વડે અભિષ્ટ દેવતાની સ્તવના કહી. जिन - અવધિ જિન આદિ, તેમાં શ્રેષ્ઠ તે કેવળી, તેમના ઈન્દ્ર તે જિનવરેન્દ્ર. વિઘ્ન દૂર કરવા વડે માન્ય થાય તે અભિમત દેવતા-શાસન દેવતા, શ્રુતદેવતા - શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા, શ્રુત રૂપા દેવતા તે શ્રુતદેવતા એવો વિગ્રહ કરીએ તો અભિમત દેવતાપણું ન થાય, પણ અધિકૃત્ દેવતાપણું થાય.

તેમને નમસ્કાર જ્ઞાનાવરણીયના ક્ષયોપસમસાધકત્વથી અનુચિત નથી. सुयदेवया ઈત્યાદિ વચનથી તે યોગ્ય છે. - x - x - સાધુ શબ્દથી ઉપાધ્યાય, વાચનાચાર્ય, ગણાવચ્છેદક આદિને નમસ્કાર કર્યો છે.

૦ આ આવશ્યકસૂત્રની વૃત્તિ મેં તથા બીજાએ કરેલી છે, તો પણ સંક્ષેપથી તેવી રુચિવાળા જીવોના અનુગ્રહ હેતુથી મેં આ પ્રયાસ કરેલો છે.

૦ શ્લોકની વૃત્તિ - આ આવશ્યક ટીકાનો પ્રયાસ પ્રયોજનાદિના અભાવથી કાંટાની શાખા મરડવા માફક નકામો છે, ઈત્યાદિ શંકાને નિવારવા પ્રયોજનાદિ પ્રથમ કહે છે. કહ્યું છે — વિદ્વાનોની પ્રવૃત્તિ માટે ખુલ્લી રીતે ફળ વગેરે તથા મંગળ શાસ્ત્રના આરંભી ઈષ્ટાર્થની સિદ્ધિ માટે બતાવવાં જોઈએ ઈત્યાદિ. તેથી પ્રયોજન, અભિધેય, સંબંધ અને મંગલ યથા અવસર કહીશું.

તેમાં પ્રયોજન - પર અને અપર એમ બે ભેદે છે. વળી તે એકૈક કર્તા અને શ્રોતાની અપેક્ષાથી બે ભેદે છે. તેમાં દ્રવ્યાસ્તિકનયના મતે આગમના નિત્યત્વથી કર્તાનો જ અભાવ છે. કેમકે આ દ્વાદશાંગી કોઈ વખત ન હતી તેમ નથી, કદાચિત્ નહીં હોય તેમ પણ નથી, નહીં હશે તેમ પણ નથી એવો નંદીસૂત્રનો અભિપ્રાય છે. પર્યાયાસ્તિક નયના મતે અનિત્ય હોવાથી કર્તા સંભવે છે.

તત્ત્વ વિચારણાથી તો સૂત્ર-અર્થ બંને રૂપે આગમના અર્થની અપેક્ષાથી નિત્ય હોવાથી તેનું કર્તાપણું નથી. સૂત્ર રચનાની અપેક્ષાથી અનિત્ય હોવાથી તેનું કંઈક કર્તાપણું સિદ્ધ થાય છે.

તેમાં સૂત્રકર્તાને પરમ મોક્ષપદની પ્રાપ્તિ છે અને 'અપર'-તે જીવોના ઉપકારને માટે છે. તેના અર્થનું પ્રતિપાદન કરનારને શું પ્રયોજન છે તેમ પ્રશ્ન થાય. તો ઉત્તરે છે - કંઈપણ નહીં. કેમકે તે જિનેશ્વરો કૃતકૃત્ય છે.

[પ્રશ્ન] જો તેમને પ્રયોજન નથી તો આ અર્થ પ્રતિપાદન પ્રયાસ અયુક્ત છે. [ઉત્તર] ના, એમ નથી. કેમકે તેમને તીર્થંકર નામ ગોત્રકર્મનો આ વિપાક છે. તે વાત નિર્યુક્તિ-૧૮૫ માં પણ આગળ કહેશે કે —

તીર્થંકર નામ ગોત્રકર્મ કઈ રીતે વેદાય છે ? અગ્લાનપણે ધર્મદેશના આદિ વડે. શ્રોતાને અપર લાભ તે અર્થનો અધિગમ છે. 'પર' લાભ તે મોક્ષ છે. કઈ રીતે ? જ્ઞાન અને ક્રિયા બંને વડે મોક્ષ છે, તેનાથી યુક્ત આ આવશ્યક સૂત્ર છે. આવશ્યક સૂત્રના અર્થ શ્રવણ વિના વિશિષ્ટ જ્ઞાન અને ક્રિયા પ્રાપ્તિ થતી નથી. શા માટે ? તેના કારણે વિશિષ્ટ જ્ઞાન-ક્રિયાની પ્રાપ્તિ થાય. તેની પ્રાપ્તિમાં પરંપરાએ મોક્ષ સિદ્ધ થાય છે. તેથી આ આવશ્યક સૂત્રના અર્થના પ્રારંભનો પ્રયાસ છે.

આવશ્યક સૂત્રમાં અભિધેય શું છે ? સામાયિકાદિ આવશ્યક.

સંબંધ - ઉપાય અને ઉપેય ભાવના લક્ષણવાળા તર્કાનુસારી છે. કેવી રીતે ? ઉપેય - તે સામાયિકાદિ પરિજ્ઞાન છે અને પર પ્રયોજન મોક્ષ છે. ઉપાય તો આવશ્યક સૂત્ર જ વચનરૂપે રચાયું છે. આ આવશ્યકના શ્રવણથી જ સામાયિકાદિના અર્થનો નિશ્ચય થાય છે. તે પ્રાપ્ત થવાથી સમ્યગ્દર્શન આદિની નિર્મળતા થાય છે અને ક્રિયા કરવાનો પ્રયત્ન થાય છે. તેનાથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. અથવા ઉપોદ્ઘાત નિર્યુક્તિમાં ''ઉદ્દેશા પ્રમાણે નિર્દેશો'' ઈત્યાદિ ગ્રંથમાં યુક્તિ સહિત પોતે જ કહેશે.

કોઈ પૂછે — શાસ્ત્ર અને અર્થ ભણેલાઓ જાતે જ પ્રયોજનાદિનું પરિજ્ઞાન મેળવી લેશે. શાસ્ત્રની આદિમાં પ્રયોજન કહેવું નિરર્થક છે ? ના, તેમ નથી. શાસ્ત્રાર્થ ન ભણેલાને તે શાસ્ત્ર પ્રવૃત્તિનો હેતુ છે તેથી તેના પ્રયોજનનો પ્રયાસ જરૂરી છે. [પ્રશ્ન] કદાચ પ્રયોજનાદિ પૂર્વેથી કહેશો તો પણ શાસ્ત્રને જાણ્યા વિના તેના નિશ્ચયની ખાતરી નહીં થાય, કેમકે તેમાં સંશય રહેવાથી પ્રવૃત્તિનો અભાવ થવાથી તમારો ઉપન્યાસ કરવો નિરર્થક થશે ? ના, તેમન નથી. સંશય પડે ત્યાં પણ લાભ માટે પ્રવૃત્તિ દેખાય છે. જેમ ખેડૂતો જમીન ખેડે છે.

હવે મંગલને કહે છે — કેમકે ઉત્તમ કાર્યમાં ઘણાં વિઘ્નો હોય છે. કહ્યું છે — મોટા પુરુષોને પણ સારા કાર્યો કરતાં ઘણાં વિઘ્નો આવે છે, કેમકે અકાર્યમાં પ્રવર્તેલાને ક્યાંય પણ વિઘ્ન કરતાં અટકાવ નથી.

આ આવશ્યકનો અનુયોગ મોક્ષની પ્રાપ્તિના બીજભૂતપણે હોવાથી શ્રેયરૂપ જ છે. તેથી આરંભમાં જ વિઘ્ન કરનારાની ઉપશાંત માટે મંગલને બતાવે છે. તે મંગલ શાસ્ત્રની આદિમાં, મધ્યમાં અને અંતે ઈચ્છે છે.

[પ્રશ્ન] આ શાસ્ત્ર જ સંપૂર્ણ મંગળરૂપ છે, કેમકે તપ માફક નિર્જરા કરાવનાર છે. તેથી તે મંગળ કાયમ રહો. તેથી ત્રણે મંગળનો સ્વીકાર અયુક્ત છે. કેમકે તેવા મંગલના પ્રયોજનનો જ અભાવ છે.



[ઉત્તર] તેવું નથી. પ્રયોજનનો અભાવ છે, તેવું સિદ્ધ થતું નથી. કેમકે તે બતાવ્યા વિના નવા શિષ્યો કઈ રીતે વિવક્ષિત શાસ્ત્રાર્થનો વિના વિઘ્ને પાર પામશે ? માટે પહેલાં જ અર્થનો ઉપન્યાસ જરૂરી છે. તે વિના ભણેલું સ્થિર કેમ થશે ? શિષ્ય-પ્રશિષ્યાદિ વંશમાં અવિચ્છિન્નપણે ઉપકારક કેમ બનશે ? એમ છેવટનું મંગલ પણ આવશ્યક હોવાથી તમારો પ્રશ્ન નકામો છે.

તેમાં આભિણિબોહિયનાણં૦ ગાથામાં આદિ મંગલ કહ્યું. वंदण चित्ति - આદિ મધ્યમંગલ છે, કેમકે વંદન વિનયરૂપ છે, તે અભ્યંતર તપનો ભેદ છે, તપના ભેદપણાથી મંગલપણું છે તથા ''પચ્ચક્ખાણ'' ઈત્યાદિ છેલ્લું મંગલ છે. કેમકે તે બાહ્ય તપના ભેદરૂપ છે.

[પ્રશ્ન] આ ત્રણે મંગલો શાસ્ત્રથી જુદા છે કે એકપણે છે ? જો તે ભિન્ન છે તો શાસ્ત્ર અમંગલ છે, અન્યથા તેનો ભેદ ઉત્પન્ન ન થાય. જો અમંગલ છે, તો બીજા સો મંગલ કરો તો પણ તે મંગળ થાય નહીં. તેથી મંગલને બતાવવું વ્યર્થ છે. મંગલના ઉપાદાનથી પણ ઈચ્છિત સિદ્ધિ નહીં થાય. જેમ પૂર્વે અમંગલ માટે મંગલ કહ્યું તેમ બીજું પણ મંગલ કહેવું જોઈએ. કેમકે આદ્ય મંગલ કહેવા છતાં શાસ્ત્ર તો અમંગલ જ રહ્યું. એ રીતે ફરી ફરી કહેવા છતાં પણ ભિન્ન હોવાથી અમંગલ મંગલ થશે નહીં.

જો તેને અભિન્ન માનો તો શાસ્ત્ર પોતે જ મંગલ થયું, તો અન્ય મંગલ બતાવવું નકામું થયું, કેમકે મંગલભૂત શાસ્ત્ર છતાં અન્ય મંગલ બતાવો છો ! એમ મંગલ માટે બીજું મંગલ બતાવો તો એ રીતે અનવસ્થા દોષ આવશે. હવે જો અનવસ્થા ન ઈચ્છો તો મંગલના અભાવનો પ્રસંગ આવશે. કઈ રીતે ? મંગળભૂત શાસ્ત્રને અન્ય મંગળની અપેક્ષા રાખવી પડે તો મંગલના અભાવે અમંગળપણું આવશે. - x - એ રીતે મંગલનો અભાવ સિદ્ધ થયો.

(સમાધાન) ભિન્ન પક્ષમાં કહેલ દોષનો અભાવ છે, કેમકે અમે તે ભિન્ન પક્ષ માનતા જ નથી. કદાચ ભિન્ન પક્ષ માનીએ તો પણ લવણ અને પ્રદીપ આદિની જેમ સ્વ-પરને અનુગ્રહ કરવાથી તમે કહેલ દોષોનો અભાવ થયો. અભિન્નપક્ષમાં પણ મંગલનું ઉપાદાન અનર્થક નથી. શિષ્યની મતિના મંગલને ગ્રહણ કરવા માટે શાસ્ત્રનું મંગલત્વ બતાવવાથી જ તે લાભ છે. આનો ભાવાર્થ એ છે કે — આ શાસ્ત્ર જ મંગલ છે, તેમ શિષ્ય કેમ જાણે ? એ રીતે આ શાસ્ત્ર મંગલ છે, તેમ કહેવાય છે.

[પ્રશ્ન] કદાચ આ શાસ્ત્ર મંગલ છે, તેમ શિષ્ય ન જાણે તો પણ સ્વતઃ મંગલરૂપપણે હોવાથી પોતાનું કાર્ય સાધવા માટે પર્યાપ્ત છે, પછી મંગળ બતાવવું અનર્થક કેમ નહીં ? [સમાધાન] ના, અમારો અભિપ્રાય તમે જાણતા નથી. સાધુની જેમ મંગલને પણ મંગલબુદ્ધિએ માનતાં તે મંગલકારી થાય છે. જેમકે — સાધુ મંગલભૂત હોવા છતાં પણ મંગલબુદ્ધિથી સ્વીકારતા પ્રશસ્ત ચિત્તવૃત્તિવાળા ભવ્યને તે કાર્ય પ્રસાધક થાય છે. જો તે પ્રમાણે ન માને તો કાળા હૃદયવાળા કપટીને સાધુ લાભ ન કરે. તેમ શાસ્ત્રનું પણ છે.

[પ્રશ્ન] જો તેમ હોય તો અમંગલને પણ મંગલબુદ્ધિએ માનતા તે લાભદાયી થાય. એ તો અનિષ્ટ છે. [સમાધાન] એમ નથી. અમંગલ તો સ્વરૂપથી જ અમંગલ હોવાથી સ્વબુદ્ધિ અપેક્ષાએ મંગલ માનવા છતાં લાભ ન કરે. જેમ કોઈ માણસ સોનાને સોનું સમજી વ્યવહારમાં લે તો ઈષ્ટ સિદ્ધિ થાય, પણ પીત્તળને સોનું માનીને લે તો. - x - કાર્ય સિદ્ધ ન થાય.

[શંકા] ત્રણ મંગલો મધ્યે વચ્ચેનું મંગલ, અમંગલ થઈ જશે ? ના, એમ નથી. કેમકે તત્ત્વથી આખું શાસ્ત્ર જ મંગલરૂપ છે. કેમકે આખા શાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચેલ છે. જેમ લાડુના ત્રણ ભાગ પાડો તો કોઈપણ ભાગમાં તેમાં લાડુ ન હોય તેવું ન બને, તેમ આ શાસ્ત્ર આખું મંગલરૂપે છે. તેનું મંગલત્વ કર્મની નિર્જરા કરે છે. अनुमान - આ વિવક્ષિત શાસ્ત્ર મંગલ છે, નિર્જરાહેતુ છે, તપ સમાન છે.

[શંકા] આનું નિર્જરાપણું કઈ રીતે છે ? જ્ઞાનરૂપે હોવાથી અને જ્ઞાન, કર્મ નિર્જરાનો હેતુ કહેલો છે. કહ્યું છે — નારકીનો જીવ કરોડો વર્ષે જે કર્મ ખપાવે તે ત્રિવિધે ગુપ્ત જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં ખપાવે છે.

[શંકા] એમ હોય તો પણ મંગલ ત્રણની કલ્પના વ્યર્થ છે ? ના, એમ નથી. અમે તેનો ઉત્તર કહી દીધેલ છે. તેથી આ નક્કી થયું કે — શાસ્ત્રના આદિ, મધ્ય અને અંતમાં મંગલ ઉપાદેય છે.

મંગલ શબ્દનો અર્થ શો છે ? - x - x - જેના વડે હિત મંગાય, સમજાય કે સધાય તે મંગલ છે અથવા मंग એટલે ધર્મ, ला એટલે લેવું. - x - x - જે ધર્મને લાવે કે ધર્મનો ઉપાદાન હેતુ છે, તે મંગલ છે અથવા મને ભવથી અર્થાત્ સંસારથી બચાવે કે દૂર લઈ જાય તે મંગલ.

*[• મંગલના અર્થમાં ચૂર્ણી જુદી જ રીતે અર્થ પ્રકાશે છે, તે જરૂર જોવું અને વિશેષાવશ્યક ભાષ્ય-ટીકામાં તો અતિ વિસ્તારથી મંગલનો અર્થ છે.]*

મંગલ, નામ આદિ ચાર ભેદે છે — નામ મંગલ, સ્થાપના મંગલ, દ્રવ્ય મંગલ અને ભાવ મંગલ. તેમાં - x - જે જીવ, અજીવાદિ વસ્તુનું નામ હોય, જેમકે — કોઈ ગોપાલના બાળકનું નામ ઈન્દ્ર હોય, તે પરમાર્થથી દેવોનો સ્વામી ઈન્દ્ર સાથે મળતું આવે છે છતાં તે દેવોનો સ્વામી ન કહેવાય. પણ દેવોનો ઈન્દ્ર તો ગુણથી નામ છે. ઐશ્વર્યપણાથી ઈન્દ્ર, 'इद' ધાતુનો અર્થ પરમ ઐશ્વર્ય થાય છે. તે તેમાં ઘટાવાય. ગોવાળપુત્રમાં નહીં.

પર્યાયો વડે — શક્ર, પુરંદરાદિ નામો કહેવાય છે. તેની સાથે ઈન્દ્ર નામના ગોપાલ પુત્રનું નામ ન સરખાવાય, અહીં ફક્ત નામ અને નામવાળો એ બેમાં અભેદ ઉપચાર કરવાથી ગોવાળીયો વસ્તુ જ લેવાય તથા બીજા સ્થળે ન વર્તતુ કંઈ પણ 'ડિત્થ' આદિ માફક ઈચ્છા પ્રમાણે નામ હોય. च શબ્દથી તે નામ દ્રવ્ય હોય ત્યાં સુધી રહે.

સૂત્રમાં જે नामं आवकहियं કહેલું છે — નામ છેવટ સુધી રહે, તે અમુક દેશમાં જે સંજ્ઞા ચાલતી હોય તે નામને આશ્રીને જાણવું.



આ નામ સાથે મંગલ જોડતાં 'નામ મંગલ' શબ્દ થયો. તેમાં કોઈ જીવ કે અજીવ કે બંનેનું નામ મંગલ રાખ્યું હોય તે છે જેમ જીવને આશ્રીને સિંધુ દેશમાં અગ્નિને મંગલ કહે છે, અજીવને આશ્રીને લાટ દેશમાં વાળેલી દોરીને મંગલ ગણે છે ઈત્યાદિ - x -

સ્થાપના મંગલ - જે વસ્તુ ભાવ, ઈન્દ્ર આદિ અર્થ રહિત હોય, છતાં તેમાં તેનો અભિપ્રાય-બુદ્ધિ હોય, તે ઈન્દ્ર વગેરેની આકૃતિ લેપ્યાદિ કર્મકૃત્ હોય અથવા આકૃતિ વિના પણ અક્ષ આદિમાં સ્થાપના નિક્ષેપ-કર્યો હોય તે સ્થાપના ઈત્વર કે અલ્પકાળની હોય. च શબ્દથી કેટલીક સ્થાપના વગેરે તે વસ્તુ રહે ત્યાં સુધીની હોય છે, સ્થપાય તે સ્થાપના. સ્થાપના એવું આ મંગલ તે સ્થાપના મંગલ. તેમાં સ્વસ્તિકાદિ સ્થાપના મંગલ છે.

भूतस्य० ગાથાનો અર્થ — અતીત કે ભાવિ પર્યાયોનું જે નિમિત્ત લોકમાં હોય છે, તેને દ્રવ્ય કહે છે. તે દ્રવ્ય તે-તે પર્યાયોને પામે છે, માટે તેને દ્રવ્ય કહે છે. તત્ત્વજ્ઞ-તીર્થંકરો કહે છે, તેમાં સચેતન દ્રવ્ય તે જે પુરુષને તે પદાર્થનું લક્ષ્ય ન હોય, મોઢેથી બોલતો હોય, તો તે દ્રવ્ય જ છે અને અચેતન દ્રવ્ય તે જ્ઞ શરીર, ભવ્ય શરીર અને તેવું બીજું કંઈ દ્રવ્ય હોય તે. આ પ્રમાણે બતાવેલ છે. તે દ્રવ્ય સાથે મંગલ જોડતાં દ્રવ્યમંગલ કહેવાય છે. આ દ્રવ્યમંગલ બે ભેદે છે - આગમથી અને નોઆગમથી.

તેમાં આગમથી - આગમની અપેક્ષાએ, નોઆગમથી - તેનાથી વિપરીતને આશ્રીને. આગમથી - મંગલ શબ્દને જાણતો હોય પણ તેમાં ઉપયોગ ન હોય, તે દ્રવ્ય મંગલ. નોઆગમથી ત્રણ ભેદે છે — (૧) જ્ઞશરીરદ્રવ્યમંગલ, (૨) ભવ્યશરીરદ્રવ્ય મંગલ, (૩) તે બંનેથી વ્યતિરિક્ત દ્રવ્ય મંગલ.

તેમાં ज्ञ - જાણકાર, તેનું શરીર - સડે તે શરીર. આ જ્ઞશરીર એ જ દ્રવ્ય મંગલ હોય તે જ્ઞશરીરદ્રવ્યમંગલ અથવા જ્ઞશરીર તે દ્રવ્યમંગલ એવો સમાસ કરવો. અર્થાત્ મંગલપદાર્થનો જ્ઞાતા, તેનું આત્મારહિત જે શરીર, તે અતિતકાળે અનુભૂત ભાવની અનુવૃત્તિથી સિદ્ધશિલા-મોક્ષમાં ગયેલ છતાં ઘૃત-ઘટાદિ ન્યાયથી નોઆગમથી જ્ઞશરીરદ્રવ્યમંગલ કહેવાય છે. કેમકે તેનું મંગલનું જ્ઞાન શૂન્ય છે. અહીં नो શબ્દ સર્વથા નિષેધવાચી છે.

ભવ્ય - યોગ્ય, મંગલ પદાર્થને ભવિષ્યમાં જાણશે, પણ હાલ તે જાણતો નથી તે, તેનું શરીર તે ભવ્ય શરીર. ભવ્ય શરીર જ દ્રવ્યમંગલ છે અથવા ભવ્ય શરીર અને દ્રવ્ય મંગલનો સમાસ કરવો. તેનો ભાવાર્થ આ છે — ભાવિ વૃત્તિને અનુસરીને મંગલ ઉપયોગના આધારભૂતપણાથી ભાવિમાં આ ઘડામાં મધ ભરાશે એમ ખાતરી થવાથી તે મધનો ઘડો કહેવાય. તેમ બાળ આદિનું શરીર તે ભવ્યશરીર દ્રવ્ય મંગલ જાણવું. અહીં પણ नो શબ્દ નિષેધવાચી છે.

જ્ઞ શરીર અને ભવ્ય શરીર, બંનેથી જુદું તે દ્રવ્ય મંગલ સંયમ તપ નિયમ ક્રિયા અનુષ્ઠાનનો કરનારો અનુપયુક્ત હોય તે. તેને આગમથી ઉપયોગરહિત માફક જાણવો. અથવા જે શરીર કે આત્મદ્રવ્ય પૂર્વે કરેલાં સંયમ આદિ ક્રિયા

પરિમાણવાળો છે, તે ઉભય વ્યતિરિક્ત દ્રવ્ય મંગલ છે જ્ઞ શરીર દ્રવ્યમંગળવત્ છે. તથા જે ભાવિ સંયમાદિ ક્રિયા પરિણામ યોગ્ય શરીર કે આત્મ દ્રવ્ય છે, તે બંનેથી જુદું છે તે ભવ્ય શરીર દ્રવ્યમંગલવત્ જાણવું. તથા જે સ્વભાવથી શુભ વર્ણ, ગંધાદિ ગુણયુક્ત સુવર્ણ, માળા આદિ છે તે પણ ભાવમંગલ પરિણામના કારણપણાથી દ્રવ્ય મંગલ છે. અહીં પણ નો શબ્દ સર્વ નિષેધવાચી છે. એ પ્રમાણે દ્રવ્ય મંગલ કહ્યું.

ભાવો વિવક્ષિત૦ ગાથાનો અર્થ - થવું તે ભાવ છે. તે બોલવા માટે ઈષ્ટ ક્રિયાના અનુભવ લક્ષણવાળો સર્વજ્ઞોએ કહેલ છે. ઈન્દ્રના ક્રિયા અનુભવનાર ઈન્દ્ર માફક જાણવો. તેમાં ભાવથી મંગળ તે ભાવમંગલ અથવા ભાવ તે જ મંગલ. તે આગમ અને નોઆગમ બે ભેદે છે. તેમાં આગમથી તે મંગલના જ્ઞાનથી ઉપયુક્ત તે ભાવ મંગલ છે.

[શંકા] ભાવ મંગલના ઉપયોગ માત્રથી કેવી રીતે તન્મયપણું ગણાય ? કેમકે અગ્નિના જ્ઞાનથી ઉપયુક્ત માણવક અગ્નિ માફક દહન, પચન, પ્રકાશન આદિ અર્થ ક્રિયાના સાધકત્વના અભાવયુક્ત જ છે.

[સમાધાન] ના, તેમ નથી. અમારો અભિપ્રાય તમે જાણતા નથી. કેમકે સંવિત્, જ્ઞાન, અવગમ, ભાવ એ બધાં શબ્દો એકાર્થક છે અને એકાર્થક પ્રત્યયો સરખા નામવાળા છે. તે બધાં વાદીઓને એક સરખું માન્ય છે. અગ્નિ એવા જ્ઞાનથી અવ્યતિરિક્ત જ્ઞાતા, તેના લક્ષણવાળો ગ્રહણ કરાય છે. અન્યથા તેના જ્ઞાનમાં અતન્મય હોવાથી પદાર્થને ન જાણે. અંધના હાથમાં દીવો અંધને કામ ન લાગે. એકનું જાણેલ બીજો ન જાણે. જો જ્ઞાન અને પદાર્થ એક રૂપે ન હોય તો પદાર્થ પણ ન સમજાય. તે જ્ઞાન અનાકાર પણ નથી. કેમકે તેમ ન માનતા અનુભવેલો પદાર્થ પણ ન જણાવાનો પ્રસંગ આવશે અને બંધનો અભાવ થશે. તથા જ્ઞાન, અજ્ઞાન, સુખ-દુઃખના પરિણામનું અન્યપણું થશે. તે આકાશ માફક જાણવું. પણ અગ્નિ માફક હંમેશાં બાળવાની ક્રિયાવાળો નથી. - x -

હવે નોઆગમથી ભાવમંગલ કહે છે — શ્રુતજ્ઞાનને છોડીને બીજા ચાર જ્ઞાન ભાવ મંગલ છે. નો શબ્દ સર્વથા નિષેધવાચી છે અથવા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉપયોગ પરિણામ જે છે તે માત્ર આગમ [શ્રુત] નથી પણ અનાગમ પણ નથી. માટે મિશ્રવચનપણાથી નો શબ્દ જોડતાં નો આગમથી જાણવું અથવા અર્હત્ નમસ્કારાદિ ઉપયોગ આગમના એક દેશપણાથી નો આગમથી ભાવમંગલ છે.

[શંકા] નામ, સ્થાપના અને દ્રવ્યમાં વિવક્ષિત ભાવના શૂન્યત્વથી દ્રવ્યપણું સમાન વર્તે છે, તો તેમાં શું વિશેષ છે ? જેમ સ્થાપના ઈન્દ્રમાં ઈન્દ્રનો આકાર દેખાય છે અને કર્તાના હૃદયમાં સાચા ઈન્દ્રની બુદ્ધિ થાય છે જોનાર પણ આકારથી આ ઈન્દ્ર છે, તેમ નિશ્ચય કરે છે. ફળના અર્થી નમસ્કાર બુદ્ધિથી તેમને સ્તવે છે. કેટલાંક, દેવના અનુગ્રહથી ધન આદિ ફળને પામે છે તેવો લાભ એકલા નામ કે દ્રવ્ય ઈન્દ્રથી થતો નથી તે અહીં વિશેષતા છે.

વળી દ્રવ્ય ઈન્દ્ર ભાવ ઈન્દ્રના કારણપણાને પામે છે, તેમજ ઉપયોગની



અપેક્ષામાં પણ, તેની ઉપયોગતાને ભાવિમાં પ્રાપ્ત કરશે. તે પ્રમાણે નામ અને સ્થાપનામાં થતું નથી. તે દ્રવ્યમંગલમાં વિશેષ છે.

[શંકા] નો પછી ભાવમંગલ એ જ એક યુક્ત છે, કેમકે પોતાનું કાર્ય સાધે છે. તે નામ આદિ ન સાધી શકે. જેમ પાપ કંઈ સારું ફળ ન આપી શકે તેમ. [સમાધાન] એમ નથી. નામ વગેરેનું પણ ભાવમાં વિશેષપણું છે. કેમકે અવિશિષ્ટ ઈન્દ્રાદિ વસ્તુ ઉચ્ચારવા માત્રથી નામાદિ ચાર ભેદવાળી જણાય છે અને ભેદો તે જ પર્યાયો છે અથવા નામાદિ ત્રણે ભાવમંગલના અંગો છે, કેમકે તેના પરિણામના કારણરૂપ છે તથા મંગલાદિનું અભિધાન તે સિદ્ધ આદિનું અભિધાન સાંભળીને તથા અર્હત્ પ્રતિમા સ્થાપનાને જોઈને, તથા ભૂતયતિ ભાવ, ભવ્યયતિ શરીરને જોઈને પ્રાયઃ સમ્યગ્ દર્શનાદિ ભાવમંગલ પરિણામો ઉત્પન્ન થાય છે. - x -

નોઆગમથી અર્હત્ નમસ્કારાદિ ભાવમંગલ કહ્યું, અથવા નોઆગમથી ભાવમંગલ તે નંદી છે. તેમાં આનંદ તે નંદી અથવા ભવ્ય જીવોને જેના વડે આનંદ મળે તે નંદી આ નંદી પણ મંગલની માફક નામ આદિ ચાર ભેદે છે, તેમ જાણવું. નામ, સ્થાપના પૂર્વવત્ દ્રવ્ય નંદી બે ભેદે - આગમથી અને નો આગમથી આગમથી જ્ઞાતા પણ અનુપયુક્ત. નોઆગમથી - જ્ઞ શરીર, ભવ્ય શરીર અને ઉભય વ્યતિરિક્ત - દ્રવ્ય નંદી તે બાર પ્રકારના વાજિંત્રોનો સમુદાય - ભંભા, મુકુંદ, માર્દલ ઈત્યાદિ.

ભાવ નંદી બે ભેદે - આગમથી અને નોઆગમથી. આગમથી જ્ઞાતા અને તેમાં ઉપયોગવાળો. નોઆગમથી જ્ઞાન પાંચ પ્રકારે, તે આ —

● **નિર્યુક્તિ-૧ :-**

***આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ ભેદે જ્ઞાન છે.***

● **વિવેચન-૧ :-** *[ચૂર્ણિમાં પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદથી વ્યાખ્યા છે.]*

અર્થાભિમુખ નિયત બોધ થાય તે આભિનિબોધિક - x - અથવા અભિનિબોધમાં થાય કે તેના વડે થાય કે તેવા રૂપે થાય કે તેનું પ્રયોજન હોય ઈત્યાદિ બધું આભિનિબોધિક છે. તે અવગ્રહાદિરૂપ મતિજ્ઞાન જ છે. તેના સ્વસંવિદિતરૂપત્વથી ભેદોપચારાદિ છે અથવા જેના વડે અભિનિબોધ થાય તે આભિનિબોધિક. તેના આવરણ કર્મનો ક્ષયોપશમ અથવા જેમાંથી અભિનિબોધ થાય તે આભિનિબોધિક. તેમાં તે કર્મના આવરણનો ક્ષયોપસમ જ છે. અથવા જેમાં અભિનિબોધ થાય ઈત્યાદિ તે આભિનિબોધિક.

જે સંભળાય તે શ્રુત. એટલે શબ્દ જ. ભાવશ્રુતના કારણપણે તે શબ્દ છે અથવા જેના વડે સંભળાય તે શ્રુત. તેના આવરણરૂપ કર્મનો ક્ષયોપશમ તે શ્રુત અથવા જેનાથી સંભળાય તે શ્રુત, તે પણ આવરણનો ક્ષયોપશમ જ છે, જેમાં સંભળાય તે ક્ષયોપશમ શ્રુત છે અથવા જે સાંભળે છે, તે સાંભળનાર આત્મા જ ઉપયોગના એકમેકપણાથી શ્રુત છે. શ્રુત એવું તે જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ચ શબ્દ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની તુલ્યતા બતાવે છે. કેમકે તે બંનેમાં સ્વામીનું સામ્યપણું

છે. જે મતિજ્ઞાનનો સ્વામી છે, તે જ શ્રુતજ્ઞાનનો સ્વામી છે. જ્યાં મતિજ્ઞાન છે, ત્યાં શ્રુતજ્ઞાન અવશ્ય હોય જ.

મતિજ્ઞાનની સ્થિતિ જેટલી જ શ્રુતજ્ઞાનની સ્થિતિ છે. પ્રવાહની અપેક્ષાથી અતીત-અનાગત-વર્તમાનમાં બંને સાથે જ હોય છે. એક જીવને આશ્રીને કાયમ રહે તો ૬૬-સાગરોપમથી અધિક કાળ રહે છે. તે માટે ભાષ્યકારશ્રી કહે છે — બે વખત વિજયાદિમાં કે ત્રણ વખત અચ્યુતમાં વચ્ચે મનુષ્યભવ કરીને જાય તો આટલો કાળ થાય. મતિની જેમ શ્રુતજ્ઞાન પણ ક્ષયોપશમ-હેતુક જ છે. બંને સર્વ દ્રવ્યાદિ વિષયક છે. બંને પરોક્ષ જ્ઞાન જ છે. કેમકે તે ઈન્દ્રિયો કે મનદ્વારા કાર્ય કરે છે. - x -

अव - નીચે, નીચે વધારે વિસ્તારથી જણાય માટે અવધિ છે. અથવા અવધિ-મર્યાદાથી જણાય તે. અવધિજ્ઞાન પણ ક્ષય-ઉપશમ રૂપ જ છે અર્થાત્ તે અવધિજ્ઞાનાવરણ ક્ષયોપસમનો હેતુ છે. અથવા જેનાથી મર્યાદા બંધાય તે અવધિ. જેમાં મર્યાદા બંધાય તે અવધિ. ભાવાર્થ પૂર્વવત્. અવધાન અર્થાત્ વિષયનું જ્ઞાન તે અવધિ. અવધિ એવું જ્ઞાન તે અવધિજ્ઞાન. च શબ્દ અનંતરોક્ત બંને જ્ઞાનના સાધર્મ્ય-સ્થિતિ આદિના સમાનપણાને જણાવે છે.

કેવી રીતે ? જ્યાં સુધી મતિ અને શ્રુતનો સ્થિતિકાળ છે, તે પ્રવાહની અપેક્ષાએ તથા અપ્રતિપતિતપણું એક જીવના આધારની અપેક્ષાથી પૂર્વવત્ સાધિક ૬૬-સાગરોપમ છે. તેથી સ્થિતિ સાધર્મ્ય કહ્યું. વળી મતિ - શ્રુતના વિપર્યયજ્ઞાનની માફક અહીં પણ મિથ્યાદૃષ્ટિનું વિભંગજ્ઞાન છે તે વિપર્યય સાધર્મ્યતા છે. એ રીતે સ્વામીપણાનું સાધર્મ્ય પણ છે. વિભંગ જ્ઞાની દેવ આદિને સમ્યગ્દર્શન થતાં એક સાથે ત્રણ જ્ઞાનનો લાભ થાય છે.

અવધિ પ્રમાણે મનઃપર્યવજ્ઞાન છે, તેનો ભાવાર્થ આ છે - સર્વથા ભાવમાં ગમન, વેદન વગેરે પર્યાયો છે. તે બે મળતાં પર્યવ છે. અથવા પર્યવન તે પર્યવ. મનમાં કે મનનો પર્યવ તે મનઃપર્યવ. સર્વથી પરિચ્છેદ-બોધ થાય તે. તે જ મનઃપર્યવ સંબંધી જ્ઞાન છે. અથવા મનના પર્યાયો તે મનઃપર્યાય - ભેદો, ધર્મો. જે બાહ્ય વસ્તુના આલોચનાના પ્રકારો છે, આ બધાં એક અર્થમાં છે. તે સંબંધી જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન. આ જ્ઞાન ૨॥ દ્વીપ અને ૨-સમુદ્રની અંદર રહેલાં સંજ્ઞી મનોગત દ્રવ્યોના આલંબનથી જ આ જ્ઞાન થાય. 'तथा' શબ્દ અવધિજ્ઞાનની સાથે મનઃપર્યવ જ્ઞાનનું સરખાપણું બતાવે છે.

કેવી રીતે ? બંનેના સ્વામી છદ્મસ્થ છે. બંનેમાં પુદ્ગલ માત્રનું આલંબન છે. બંને ક્ષાયોપશમિક ભાવમાં છે. પ્રત્યક્ષ જ્ઞાનની સામ્યતા છે.

મત્યાદિ ચારેથી નિરપેક્ષ તે શુદ્ધ કે કેવલ. તેના આવરણરૂપ કર્મમલ કલંકથી રહિત છે. અથવા સંપૂર્ણ તે કેવળ. તે ઉત્પત્તિ સમયથી જ સંપૂર્ણ આવરણના અભાવવાળું છે. સંપૂર્ણ ઉત્પત્તિ છે અથવા અસાધારણ છે. અનન્ય સદૃશ છે. અનંતપણાને જાણવાથી અનંત છે. યથાવસ્થિત સંપૂર્ણ ભૂત-વર્તમાન-ભાવિ સ્વભાવભાસી છે. કેવલ એવું તે જ્ઞાન. च શબ્દ ઉક્ત જ્ઞાનના સમુચ્ચય રૂપ છે. કેવળજ્ઞાન પાંચમું



છે અથવા અનંતર અભિહિત જ્ઞાનસારૂપ્ય પ્રદર્શક છે. અપ્રમત્ત ભાવયતિના સ્વામીપણાથી તેનું મનઃપર્યવજ્ઞાન સાથે સાધર્મ્ય છે અને આ બંને જ્ઞાનમાં વિપર્યય ભાવનો અભાવ છે.

[પ્રશ્ન] મતિ અને શ્રુતજ્ઞાનમાં શો ભેદ છે ? ઉત્પન્ન અવિનષ્ટ અર્થ ગ્રાહક અને વર્તમાનકાળ વિષયક તે મતિજ્ઞાન. શ્રુતજ્ઞાન ત્રિકાળવિષયક ઉત્પન્ન વિનષ્ટ અથવા અનુત્પન્ન પદાર્થનું ગ્રાહક છે. બંનેનો ભેદ છે તે જે તેની વિશેષતા છે. તેથી મતિજ્ઞાનના ૨૮ ભેદો છે. શ્રુત અંગ અને અનંગ ભેદે છે. અથવા મતિજ્ઞાન આત્મપ્રકાશક છે, શ્રુતજ્ઞાન સ્વ અને પર બંને પ્રકાશે છે.

[પ્રશ્ન] આ જ્ઞાનોનો આવો અનુક્રમ કેમ લીધો છે ? પરોક્ષપણું આદિના સરખાપણાથી તથા મતિ-શ્રુતના સદ્ભાવમાં બીજા જ્ઞાનોનો સંભવ હોવાથી મતિ અને શ્રુત જ પહેલાં લીધાં છે.

[પ્રશ્ન] મતિને શ્રુતની પહેલાં કેમ લીધું ? ભાવશ્રુત મતિપૂર્વક હોય છે. - x - પ્રાયઃ મતિ શ્રુતપૂર્વક હોય અને પ્રત્યક્ષપણાનું સાધર્મ્ય હોવાથી પછીના ત્રણ જ્ઞાનનો ઉપન્યાસ છે. તેમાં પણ કાળ, વિપર્યયાદિ સામ્યથી તુરંત જ પછી અવધિ લીધું. પછી છાદ્મસ્થિકપણાના સામ્યથી મનઃપર્યવજ્ઞાન લીધું. પછી ભાવમુનિત્વના સામ્યથી કેવળજ્ઞાન લીધું.

હવે ઉદ્દેશ પ્રમાણે નિર્દેશના ન્યાયથી પાંચ જ્ઞાનમાં પહેલાં આભિનિબોધિક જ્ઞાનના નિર્દેશથી તેનું સ્વરૂપ કહે છે — તે આભિનિબોધિક જ્ઞાન બે ભેદે છે — (૧) શ્રુતનિશ્રિત, (૨) અશ્રુતનિશ્રિત. અવગ્રહાદિ લક્ષણવાળું શ્રુતની અપેક્ષાએ વર્તે છે તે, તથા તેની અપેક્ષા વિના વર્તે છે તે. સંસ્કારી મતિ વિના જ જે ક્ષયોપશમ જ કુશળતાવાળો હોય, તે ઉત્પાત્તિકી આદિ રૂપ થાય છે તે શ્રુત વડે અનિશ્રિત છે.

तिवग्गसुत्तत्थ० આદિ વચનથી બુદ્ધિમાં પણ શ્રુતોપકર છે, તે શા માટે અશ્રુતનિશ્રિત કહો છો ? અવગ્રહાદિમાં શ્રુતનિશ્રિત કહેવાથી અને ઉત્પાતિકી બુદ્ધિમાં અવગ્રહાદિ હોવાથી અશ્રુતનિશ્રિત યથાયોગ છે તેમ જાણવું પણ સર્વથા નથી. ભાવાર્થ એ કે — શ્રુતથી કરેલા ઉપકારથી નિરપેક્ષ જે જ્ઞાન છે, તે ઔત્પાત્તિકી આદિ અશ્રુતનિશ્રિત પ્રતિભા છે. તેમાં વૈનેયિકી ન લેવી. બુદ્ધિના સમાનપણાથી તેને પણ નિર્યુક્તિકારે સાથે લીધી, તેમાં કંઈ ખોટું નથી. હવે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે —

● **નિર્યુક્તિ-૨ :-**

***અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ ચાર ભેદ સંક્ષેપથી આભિનિબોધિક જ્ઞાનના છે, તેમ જાણવું.***

● **વિવેચન-૨ :-**

સંપૂર્ણ કે વિશેષને છોડીને સામાન્યથી અર્થને એટલે રૂપ આદિને અવગ્રહે-સમજે તે અવગ્રહ. તેના અર્થ વિશેષની આલોચના તે 'ઈહા' પ્રક્રાંત અર્થનો વિશેષ નિશ્ચય તે 'અવાય'. च શબ્દ પૃથક્ પૃથક્ અવગ્રહાદિ સ્વરૂપ સ્વાતંત્ર્ય જણાવવા માટે છે, અવગ્રહાદિના ઈહાદિ પર્યાયો થતાં નથી.

સમજેલા અર્થને વિશેષ પ્રકારે હૃદયમાં ધારવો તે 'ધારણા' છે. एव કાર ક્રમ જણાવવાને છે. આ પ્રમાણે ચાર જ ભેદો થાય છે. આભિનિબોધિક જ્ઞાનને ભેદે છે માટે ભેદો, વિકલ્પો, અંશો એ પર્યાય શબ્દો છે. તે જ વસ્તુઓ ભેદ વસ્તુઓ છે. કઈ રીતે ? અવગ્રહણ વિના ઈહિત ન થાય. નિશ્ચય વિના ધારણા ન થાય. અથવા આ પ્રમાણે મતિજ્ઞાનના સંક્ષેપથી અવિશિષ્ટ અવગ્રહ આદિ ભાવ સ્વરૂપની અપેક્ષાએ બતાવ્યા. હવે વિસ્તારથી ભેદ કહે છે.

**● નિર્યુક્તિ-૩ :-**

***અર્થોનું અવગ્રહણ તે અવગ્રહ, વિચારણા તે ઈહા, અર્થ નક્કી કરવો તે અપાય, તેને ધારી રાખવો તે ધારણા.***

**● વિવેચન-૩ :-**

જે શોધાય છે, પમાય છે, સમજાય છે તે રૂપ વગેરે અર્થો છે. તે અર્થોનું દર્શન થયા પછી તુરંત ગ્રહણ થાય તે અવગ્રહ કહેવાય છે.

[પ્રશ્ન] વસ્તુના સામાન્ય વિશેષાત્મકપણાથી અવિશિષ્ટપણાથી પહેલાં દર્શન છે, પણ જ્ઞાન નથી. એમ તમે દર્શન કેમ બતાવ્યું ? જ્ઞાનને પ્રબળ આવરણ છે અને દર્શનને ઓછું આવરણ છે, તેથી દર્શન પહેલાં કહ્યું. તે અવગ્રહ બે ભેદે — વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

વ્યંજનાવગ્રહ એટલે શું ? દીવા વડે ઘડો દેખાય તેમ જેના વડે પદાર્થ જણાય તે વ્યંજન. તે ઉપકરણ ઈન્દ્રિય સંબંધી બોધ અથવા શબ્દ આદિ પરિણત દ્રવ્ય સંઘાત છે. ઉપકરણ ઈન્દ્રિય વડે જે સમજાય તે શબ્દાદિ પરિણત દ્રવ્ય તે વ્યંજન છે, તેઓનો અવગ્રહ તે વ્યંજનાવગ્રહ છે. આ વ્યંજનાવગ્રહ આંખ અને મનને વર્જીને જાણવો. કેમકે આંખ અને મનને પદાર્થોનો દૂરથી જ બોધ થાય છે. તે સંબંધી અપ્રાપ્યકારિત્વ પાંચમી ગાથામાં કહેશે. જેમકે — શબ્દ સ્પૃષ્ટને સાંભળે છે, ઈત્યાદિ.

વ્યંજનાવગ્રહના છેલ્લા સમયથી જે શબ્દાદિ અર્થનો બોધ ગ્રહણ થયો તે અર્થાવગ્રહ છે. અર્થાત્ સામાન્ય માત્ર નિર્દેશ વિના ગ્રહણ થાય, તે એક સમય સંબંધી બોધ છે. તે અર્થાવગ્રહ પછીની વિચારણાને ઈહા કહે છે. અર્થાત્ અવગ્રહ પછી અને અવાય પૂર્વે સદ્‌ભૂત અર્થ વિશેષના ઉપાદાન અભિમુખ અને અસદ્‌ભૂત અર્થ વિશેષના ત્યાગરૂપ છે. જેમકે પ્રાયઃ મધુરત્વાદિ શબ્દો શંખના હોવા જોઈએ, પણ ખર, કર્કશ, નિષ્ઠુરતાદિ રણશીંગાના શબ્દો નથી એવી મતિ વિશેષ તે ઈહા છે.

વિશિષ્ટ અવસાય અર્થાત્ નિર્ણય, નિશ્ચય કે અવગમ તે અવાય કહેવાય છે. જેમકે — આ રણશીંગડાનો જ અવાજ છે, એવી અવધારણા. च શબ્દ एव કારના અર્થમાં છે. તે અવધારણ અર્થે છે.

પછી તે વિસરાઈ ન જાય અને યાદ આવે માટે તેને ધારી રાખવું તે ધારણા છે. પુનઃ શબ્દ एव કાર અર્થમાં છે. - x - ધારી રાખવું તે જ ધારણા કહેવાય છે. આના વડે શાસ્ત્રનું પરતંત્રપણું કહ્યું. એમ તીર્થંકર અને ગણધરો કહે છે.

આ પ્રમાણે શબ્દને આશ્રીને શ્રોત્રેન્દ્રિય નિબંધન અવગ્રહાદિ પ્રતિપાદિત કર્યા



છે. શેષ ઈન્દ્રિય નિબંધન પણ રૂપાદિ ગોચર ઠુંઠુ, પુરુષ, કોષ્ઠપુટ, સંભૃત, માંસ, કમળની નાલ આદિમાં તે પ્રમાણે જાણવું. એ રીતે મનના પણ સ્વપ્નમાં શબ્દાદિ વિષય અવગ્રહાદિ જાણવા. અન્યત્ર સ્વપ્નમાં ઈન્દ્રિય વ્યાપારના અભાવમાં મન દોડે તે જાણવું.

વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે છે, કેમકે આંખ અને મનને વર્જીને છે. અર્થાવગ્રહ છ ભેદે છે — કેમકે તે બધી ઈન્દ્રિયોમાં સંભવે છે. એ પ્રમાણે ઈહા આદિ પણ પ્રત્યેકના છ પ્રકારો જ છે. એ પ્રમાણે બધાં મળીને ૨૮ મતિજ્ઞાનના ભેદો જાણવા. બીજા આચાર્ય કહે છે — અર્થોના અવગ્રહણમાં અવગ્રહ નામે મતિજ્ઞાનનો જ ભેદ છે, એમ ઈહાદિમાં પણ યોજવું. - x - x - x - હવે અવગ્રહાદિનો કાળપ્રમાણ જણાવે છે —

**● નિર્યુક્તિ-૪ :-**

***અવગ્રહ એક સમયનો, ઈહા અને અપાય અંતર્મુહૂર્તનો અને ધારણાનો કાળ અસંખ્યાત કે સંખ્યાત કાળ જાણવો.***

**● વિવેચન-૪ :-** *[ચૂર્ણિમાં અહીં બે સુંદર દૃષ્ટાંતો મૂકેલ છે.]*

તેમાં પૂર્વોક્ત લક્ષણવાળો અર્થાવગ્રહ નિશ્ચયથી એક સમયનો છે. તે કાળ એ પરમનિકૃષ્ટ સમય કહેવાય છે. તે પ્રવચનમાં કહેલ-કમળના કોમળ સેંકડો પાંદડા કોઈ બળવાન્ મનુષ્ય તીક્ષ્ણ ધારથી છેદે કે જુનું કપડું ફાડતાં ત્યારે એક પત્ર કે તાંતણાને તોડતા જેટલો કાળ થાય, તેમાં સંખ્યાત સમય જાય, તેમાંનો એક સમય લેવો. સાંવ્યવહારિક અર્થાવગ્રહ કે વ્યંજનાવગ્રહ તો પૃથક્ પૃથક્ માત્ર અંતર્મુહૂર્ત લેવો. ઇહા અને અપાય પણ તેમજ જાણવા. - x - x - અહીં ઇહા અને અપાય પ્રત્યેક અર્ધમુહૂર્તના છે. મુહૂર્ત શબ્દથી બે ઘટિકા પરિમાણ કાળ જાણવો. તેનું અડધું તે મુહૂર્તાર્ધ. 'तु' શબ્દથી મુહૂર્તાર્ધ એ વ્યવહાર અપેક્ષાથી છે. તત્ત્વથી અંતર્મુહૂર્ત છે. બીજા આચાર્યો કહે છે, અહીં મુહૂર્તાન્ત શબ્દ છે, તેનો અર્થ અંતર્ તે મધ્ય છે. તેથી ઇહા અને અપાય અંતર્મુહૂર્તના જ જાણવા.

કલન તે કાળ. જેની હદ પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર આદિના આટલા માપવાળી નથી. તે અસંખ્ય કાળ છે તે પલ્યોપમાદિ લક્ષણ રૂપ છે. જે ગણાય તે સંખ્યા. આટલી સંખ્યા પક્ષ, માસાદિ ગણાય. એ રીતે સંખ્યાનું માપ છે. સંખ્યા સાથે च શબ્દથી અંતર્મુહૂર્તની ધારણા થાય છે. એમ જાણવું. તેનો ભાવાર્થ આ છે — 'અવાય' પછીનો ઉત્તરકાળ અવિચ્યુતિરૂપ અંતર્મુહૂર્ત છે એ પ્રમાણે સ્મૃતિનો પણ કાળ છે. પણ વાસનારૂપ તો તેના આવરણના ક્ષય-ઉપશમ નામે સ્મૃતિ ધારણાના બીજરૂપે સંખ્યેય વર્ષના આયુવાળા જીવોની અપેક્ષાએ અસંખ્યેય કાળ છે અને તે પલ્યોપમાદિ આયુવાળા જીવોની અપેક્ષાથી છે.

અવગ્રહાદિ કહીને હવે શ્રોત્રેન્દ્રિયાદિનો વિષય કહે છે —

**● નિર્યુક્તિ-૫ :-**

***સ્પૃષ્ટ શબ્દોને સાંભળે, રૂપ અસ્પૃષ્ટને જુએ, ગંધ-રસ-સ્પર્શ ત્રણે બદ્ધ***

***અને સ્પૃષ્ટને જાણે છે.***

● **વિવેચન-૫ :-**

વ્યંજનાવગ્રહના નિરૂપણાના દ્વારમાં શ્રોત્રેન્દ્રિયાદિનું પ્રાપ્ત-અપ્રાપ્ત વિષયપણું બતાવ્યું જ છે, તો અહીં ફરી શા માટે કહો છો? ત્યાં તે ગાથાના વ્યાખ્યાન દ્વાર વડે કહ્યું અને અહીં સૂત્ર ગાથાથી કહ્યું માટે દોષ નથી. સ્પૃષ્ટ એટલે શરીરમાં ધૂળ ચોંટે તેમ. સાંભળે - પર્યાયો ગ્રહણ કરે. [શું ?] જેના વડે અવાજ થાય તે શબ્દ. શબ્દને પ્રાયોગ્ય દ્રવ્ય સમૂહ. અર્થાત્ તે કાન ઈન્દ્રિયમાં સૂક્ષ્મત્વ તથા ભાવુકત્વ હોવાથી અને પ્રચુર દ્રવ્યપણે હોવાથી શ્રોત્રેન્દ્રિયનું બીજી ઈન્દ્રિયો કરતાં પ્રાયઃ વધુ પટુત્વ હોવાથી સ્પૃષ્ટ માત્ર જ શબ્દ દ્રવ્યના સમૂહને ગ્રહણ કરે છે.

દેખાય તે રૂપ, તે રૂપ આંખે પુદ્‌ગલો સ્પર્શ્યા વિના જ અનાલિંગિત જ દેખાય છે. પણ ગંધાદિવત્ સંબદ્ધ નથી. તુ શબ્દનો અર્થ નિશ્ચય છે. રૂપ અસ્પૃષ્ટને જ જુએ છે, કેમકે ચક્ષુનું અપ્રાપ્યકારિત્વ છે. પુનઃ શબ્દથી "યોગ્ય સ્થાનમાં રહેલું જ" જુએ, દેવલોકાદિ નહીં.

સુંઘાય તે ગંધ, સ્વાદ લેવાય તે રસ, સ્પર્શાય તે સ્પર્શ. - x - બદ્ધ સ્પૃષ્ટ - નવા શરાવલામાં પાણી નાંખતા એકરૂપે થઈ જાય, તેમ આત્મા સાથે પુદ્‌ગલો એકમેક થઈ જતાં ગંધાદિ જણાય છે. - x -

ગંધ આદિ બદ્ધનો જ સ્પર્શ થાય છે, અસ્પૃષ્ટનો બંધ થવો અયોગ્ય છે, તેથી સ્પૃષ્ટ શબ્દ ઉચ્ચારવો, પણ તે ગતાર્થપણાથી અનર્થક છે ? સર્વ શ્રોતા સાધારણત્વથી શાસ્ત્રારંભે આ દોષ નથી. ત્રણ પ્રકારના શ્રોતા છે. કેટલાંક ઉદ્‌ઘાટિતજ્ઞ, કેટલાંક મધ્યમબુદ્ધિ અને પ્રપંચિતજ્ઞ. તેમાં આ ત્રીજાના અનુગ્રહને માટે કહ્યું છે, માટે દોષ નથી અથવા વિશેષણ સમાસ કરવાથી અદોષ છે. તેથી સ્પૃષ્ટ-બદ્ધ સમાસ કર્યો ઈત્યાદિ - x -

[શંકા] એમ વિચારતાં પણ સ્પૃષ્ટ ગ્રહણ કંઈક વધુ છે, કેમકે જે બદ્ધ તે સ્પૃષ્ટત્વ સાથે અવ્યભિચારી છે. ઉભયપદ વ્યભિચારમાં જ વિશેષણ - વિશેષ્ય ભાવ જોયેલો છે. જેમકે નીલકમળ, પણ બદ્ધ સ્પૃષ્ટમાં તેવો વ્યભિચાર નથી. [સમાધાન] એવો દોષ નથી. કેમકે એક પદના વ્યાભિચારમાં પણ વિશેષણ-વિશેષ્ય ભાવ જોયેલો છે. - x - x - આલિંગિત આંતરા વિના આત્મપ્રદેશોએ ગ્રહણ કરેલ ગંધાદિ બાદરપણાથી, અભાવુકત્વથી, અલ્પ દ્રવ્યરૂપત્વથી ઘ્રાણાદિના આપટુત્વથી ગ્રહણ કરે, પછી ઘ્રાણેન્દ્રિય તેનો નિશ્ચય કરે. આ પ્રમાણે ગાથાની વ્યાખ્યા કરવી.

[શંકા] આપે કહ્યું કે — યોગ્ય દેશમાં રહેલ રૂપને જુએ છે. પણ અયોગ્ય દેશમાં રહેલને નહીં. તેમાં આંખનો યોગ્ય વિષય કેટલો ? અથવા દૂરથી આવેલા શબ્દાદિને કાન વગેરે કેટલાં દૂરથી ગ્રહણ કરે ? કાન જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્રથી અને ઉત્કૃષ્ટ બાર યોજનથી સાંભળે. રૂપ જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી એક લાખ યોજન સુધી જુએ. ઘ્રાણ, રસ, સ્પર્શ ઈન્દ્રિયો જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી નવ યોજનથી આવેલું ગ્રહણ કરે છે. આ યોજન આત્માંગુલથી જાણવો.



[પ્રશ્ન] આથી વધુ પ્રમાણમાં ચક્ષુ આદિ રૂપાદિને કેમ ન ગ્રહણ કરે ? સામર્થ્યનો અભાવ છે. બાર યોજન તથા નવ યોજનથી વધુ દૂરથી આવેલા શબ્દાદિ દ્રવ્યોમાં તેવા યોગ્ય પરિમાણનો અભાવ છે અને મન સંબંધી તો ક્ષેત્ર સંબંધી વિષયનું પરિમાણ જ નથી, કેમકે પુદ્‌ગલ માત્રના વિષયના નિબંધનનો અભાવ છે. મનને પુદ્‌ગલનો નિબંધન થતો નથી તથા તેને વિષયનો પરિણામ નથી. જેમકે કેવળજ્ઞાન. પણ જેને વિષય પરિમાણ છે, તેને પુદ્‌ગલનું નિબંધન નિયત છે, જેમ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનનું છે, તેમ અહીં જાણવું.

[પ્રશ્ન] આપે જે હમણાં કહ્યું કે — આંખ અને મનનું અપ્રાપ્તકારીત્વ છે, તથા સ્પૃષ્ટ શબ્દને સાંભળે તે આગળ કહીશું. તો હવે તે કહો — આંખ યોગ્ય દેશમાં રહેલ અપ્રાપ્ત પદાર્થને મન માફક દૂરથી જાણે તે એવી રીતે કે જો પ્રાપ્ત થાય તો તેના અનુગ્રહથી ઉપઘાત થાય છે, માટે આંખ દૂરથી પદાર્થને જુએ છે, સ્પર્શન ઈન્દ્રિયનો આ વિપક્ષ છે.

[પ્રશ્ન] સૂર્યાદિ જોતાં ઉપઘાત થાય છે માટે તમારો હેતુ અસિદ્ધ છે - x - x - [સમાધાન] અમારા પ્રાપ્તિ નિબંધન નામક હેતુને વિશે પણ અર્થ નિરાકૃત્ કરેલો છે ઈત્યાદિ *[આ વાદનો વિષય છે, અમે અમારા કાર્યક્ષેત્રમાં તેનો સમાવેશ કરેલો ન હોવાથી અનુવાદ કરતાં નથી.]*

[પ્રશ્ન] આંખના કિરણો આંખથી બહાર નીકળીને તે પદાર્થને ગ્રહણ કરે છે, તેઓના તેજત્વ અને સૂક્ષ્મત્વથી અગ્નિ આદિના સ્પર્શ થવા છતાં પણ દાહ આદિનો અભાવ છે, તેનું શું ? [ઉત્તર] તમે અમારા હેતુને પૂર્વે અનુગ્રહ ઉપઘાતના અભાવ સંબંધી કહ્યું, તે અયુક્ત છે. આંખના કિરણો પડદાની બહાર જતાં નથી, માટે ઉપપત્તિથી ગ્રહણ કરવા અશક્ય છે.

[પ્રશ્ન] પડદામાં રહેલ પદાર્થની ઉપલબ્ધિ ન હોવાથી તેનું અસ્તિત્વ નથી ? [ઉત્તર] ત્યાં પડદામાં રહેલ ચીજને જોવા તો ક્ષયોપશમ આત્માને નથી, તેથી દેખાતી નથી. - x - x - *[ઈત્યાદિ લાંબી ચર્ચામાં વાદ અને પ્રતિવાદ છે, જે અમારા કાર્યક્ષેત્રમાં અમે સ્વીકારેલ નથી, વળી માત્ર અનુવાદથી તે સમજાય પણ નહીં, તે તેના તજજ્ઞ પાસે પ્રત્યક્ષ સમજવું પડે માટે અમે તે સમગ્ર વૃત્તિ અહીં છોડી દીધેલ છે.]*

પ્રસ્તુત વિષય - શબ્દ સ્પૃષ્ટ થયેલો જાણે છે, ઈત્યાદિ. શબ્દના પ્રયોગથી ઉત્સૃષ્ટ થયેલ જ ફક્ત શબ્દ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે તેનાથી ભાવિત થયેલા બીજાને કે બંને મિશ્ર થયેલા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે ? માત્ર ઉત્સૃષ્ટ દ્રવ્યોને નહીં. પણ તેમના વાસકપણાથી તેને યોગ્ય લોકના દ્રવ્યોના આકુળપણાથી મિશ્ર કે વાસિત દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે બતાવે છે —

● **નિર્યુક્તિ-૬ :-**

***ભાષાની સમશ્રેણિમાં રહેલ શબ્દ જે સાંભળે છે, તે મિશ્ર શબ્દ સાંભળે છે. વિશ્રેણીમાં રહેલ જે શબ્દ સાંભળે છે, તે પરાઘાત થયાં પછી સાંભળે છે.***

● વિવેચન-૬ :-

બોલાય તે ભાષા, મોઢેથી શબ્દપણે છોડેલ દ્રવ્ય પુદ્ગલનો સમૂહ, તેની સમશ્રેણિ તે ભાષાસમશ્રેણિ છે. વિશ્રેણિ ભેગી ન લેવા માટે સમશ્રેણિ લીધી છે. અહીં શ્રેણિ-ક્ષેત્ર પ્રદેશની પંક્તિઓ. તે બધાં વક્તાની છએ દિશામાં હોય છે. જેમાં ઉત્સૃષ્ટ થયેલ ભાષા પ્રથમ સમયે જ લોકના અંત સુધી દોડે છે. તે શ્રેણિ સાથે ભાષા સમશ્રેણિ એકમેકપણે રહેલી છે. જેના વડે અવાજ થાય તે શબ્દ - ભાષાપણે પરિણત પુદ્ગલ રાશિ. તે શબ્દ જે પુરુષ, અશ્વ આદિ સંબંધી સાંભળે - ગ્રહણ કરે - ઉપલબ્ધ કરે એ બધાં પર્યાયો છે તેનાથી મિશ્ર શબ્દને સાંભળે છે. પરમાર્થ એ કે — મુખથી નીકળેલ તથા તેનાથી ભાવિત વચમાં રહેલા શબ્દ દ્રવ્યો તેનાથી મિશ્ર થયેલને સાંભળે.

વિશ્રેણિમાં રહેલ શ્રોતા તો મુખથી નીકળેલ શબ્દો સમશ્રેણિએ જતાં જોડેના દ્રવ્યોને તેવા શબ્દ પરિણામ સ્થાપવા માટે નિયમથી પરાઘાત કરે, તેથી સાંભળે અર્થાત્ વાસિત શબ્દો સાંભળે, મુખતી નીકળેલા નહીં. શા માટે ? મુખથી નીકળેલ શબ્દો સમશ્રેણિએ જાય, કાનમાં પ્રતિઘાત ન કરે અથવા વિશ્રેણિમાં રહેલો જ વિશ્રેણિ કહેવાય. જેમ સત્યભામાને ભામા કહે છે, તેમ અહીં પણ જાણવું. હવે કયા યોગે આ વાક્દ્રવ્યોનું ગ્રહણ તથા મૂકવું થાય છે અથવા કેવી રીતે થાય છે ? તે કહે છે —

● નિર્યુક્તિ-૭ :-

***કાયયોગથી દ્રવ્યો ગ્રહણ કરે, વાક્યોગથી તેને છોડે છે. એકાંતરે તેને ગ્રહણ કરે છે અને એકાંતરે તેને મૂકે છે.***

● વિવેચન-૭ :-

કાયાથી નિવર્ત્તે તે કાયિક, યોગ-વ્યાપાર. તેના વડે ક્રિયા કે કર્મ થાય છે. વક્તા કાયા વડે શબ્દ દ્રવ્યોને ગ્રહણ કરે છે, ચ શબ્દ નિશ્ચય અર્થમાં છે. તેનો વ્યવહિત સંબંધ છે, એટલે કાયા વડે જ લે છે, ઉત્પન્ન કરે છે - સર્જે છે - મૂકે છે. વક્તા વચનયોગથી તે પુદ્ગલોને મૂકે છે.

કેવી રીતે લે છે અને મૂકે છે ? પ્રત્યેક સમયે કે આંતરે આંતરે ? એકાંતરે જ લે છે અને મૂકે છે. તેનો ભાવાર્થ આ છે - દરેક સમયે લેવની અને મૂકવાની ક્રિયા સાથે જ થાય છે. જેમ એક ગામથી બીજું ગામ તે ગામાંતર કહેવાય. તેમ એક પુરુષથી બીજો પુરુષ તે પુરુષાંતર કહેવાય. એ પ્રમાણે એકાંતર એટલે પ્રત્યેક સમયે એવો અર્થ કરવો.

[પ્રશ્ન] કાયા વડે જ ગ્રહણ કરે તે યુક્ત છે, કેમકે તેમાં આત્માનો વ્યાપાર છે, પણ વાચા વડે મૂકે છે કઈ રીતે ? અથવા આ વાગ્યોગ શું છે ? શું વાક્ય જ વ્યાપારથી ઉત્પન્ન થયેલ છે કે તેના વિસર્ગનો હેતુ કાય સંરંભ છે ? જો પહેલાંનો વિકલ્પ હોય તો તે અયુક્ત છે. તેનું યોગપણું સ્વીકારતા નથી અને એકલો વાક્ જીવનો વ્યાપાર નથી. કેમકે તે પુદ્ગલ માત્રના પરિણામરૂપે રસ વગેરે માફક છે અને



યોગ તો શરીરવાળા આત્માનો વ્યાપાર છે, તે ભાષા વડે શબ્દના દ્રવ્ય સમૂહરૂપે ભાષા ઉત્પન્ન ન થાય અને તમે તો પૂર્વે કહ્યું કે તે ભાષા જ મૂકે છે, જો બીજો પક્ષ લો, તો તે કાયિક વ્યાપાર છે, કાયિક વડે જ મૂકે છે એમ સિદ્ધ થાય ?

[સમાધાન] એમ નથી. તમે અમારો અભિપ્રાય જાણ્યો નથી. કેમકે જે શરીરનો યોગ છે, તે જ વાગ્યોગ અને મન સાથે મનોયોગ છે. જો કાય વ્યાપાર ન હોય તો સિદ્ધની માફક વાચાનો અભાવ જ થઈ જાય. આત્માનો શરીર વ્યાપાર થતાં જેના વડે શબ્દ દ્રવ્યનું ઉપાદાન કર્યુ તે કાયિક યોગ છે કાયા સંરંભ વડે એ જ પુદ્ગલ મૂકે તે વાચિક યોગ છે. કાયા મનના દ્રવ્યોને ગ્રહણ કરે તે માનસ યોગ છે. - x - આમ અમારું વચન નિર્દોષ છે.

એકાંતરે લે અને મૂકે તેમાં કેટલાંક આચાર્યો એવો અર્થ કરે છે કે રત્નાવલી માફક એક મોતી, બીજું રત્ન, વળી મોતી એ ક્રમ છે. પણ તેમ માનવામાં સૂત્ર વિરોધ છે. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે — "પ્રત્યેક સમયે આંતરા વિના લે છે." એ વિધાનમાં વાંધો આવશે.

[પ્રશ્ન] આંતરે નીકળે, નિરંતર નહીં. એક સમયે ગ્રહણ કરે, એક સમયે નીકળે, તેથી તમારા વચનમાં વિરોધ આવે છે. [ઉત્તર] - x - અહીં પ્રથમ સમયથી આરંભીને પ્રતિસમયે ગ્રહણ કરે છે, તેમ મૂકવાનું નથી, કેમકે પ્રથમ સમયે લીધા વિના ક્યાંથી મૂકે ?

[પ્રશ્ન] નિસર્ગની અપેક્ષાએ ગ્રહણ પણ સાંતર બતાવે છે ? [ઉત્તર] ના, તેમ નથી. કેમકે ગ્રહણ સ્વતંત્રપણે છે, મૂકવાનું લીધા પછી હોવાથી પરતંત્ર છે. કેમકે જે લીધેલું નથી તે મૂકાતું નથી. તેથી જ પૂર્વ પૂર્વ ગ્રહણ સમય અપેક્ષાથી આંતરાનો વ્યપદેશ છે. તથા એક સમયે ગ્રહણ કરે અને એક સમયે મૂકી દે. તેનાથી એમ કહે છે — પહેલાં સમયે જે દ્રવ્યો ગ્રહણ કર્યા તે બધાં જ બીજા સમયે છોડી દે છે અથવા એક સમય વડે જ ગ્રહણ કરે છે, પહેલાં સમયે મૂકતો નથી તથા છેલ્લા સમયે છોડે છે, પણ ગ્રહણ કરતો નથી. વચ્ચેના સમયમાં ગ્રહણ અને મૂકવું અર્થ પ્રમાણે છે.

[પ્રશ્ન] આત્માના ગ્રહણ અને નિસર્ગ એ બે પરસ્પરવિરોધી પ્રયત્નો એક સમયે કેવી રીતે થાય ? [ઉત્તર] આ દોષ નથી, કેમકે એક સમયે કર્મનું આદાન નિસર્ગ ક્રિયાવત્ તથા ઉત્પાદ-વ્યય ક્રિયાવત્ તથા અંગુલિ આકાશ દેશ સંયોગ-વિભાગ ક્રિયાવત્ બે ક્રિયાના સ્વભાવની ઉપપત્તિ થાય.

કાયા વડે ગ્રહણ કરે તે કાયિક યોગ પાંચ પ્રકારે છે — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. તે પાંચે પ્રકારે કાયા વડે ગ્રહણ કરે છે કે બીજી રીતે તે શંકાને નિવારવા માટે કહે છે —

● નિર્યુક્તિ-૮ :-

***ત્રણ પ્રકારના શરીરમાં જીવના જીવ પ્રદેશો હોય છે. જેના વડે ભાષાના દ્રવ્ય સમૂહને ગ્રહણ કરી, બોલનાર ભાષા બોલે છે.***

• **વિવેચન-૮ :-**

ત્રણ પ્રકારે. જે સડે તે શરીર. ઔદારિકાદિ પાંચમાંથી કોઈ એક જીવે છે તે જીવ. તેના પ્રદેશો તે ''જીવ પ્રદેશો'', એમ કહેતા ભિક્ષુનું પાત્ર ભિક્ષુથી જુદું છે, તેવી જુદાપણાંની શંકા ન થાય, માટે તે પ્રદેશો જીવ સાથે એકમેકપણે છે. આ કથન વડે ''જીવોમાં પ્રદેશપણું નથી'' તેવા વાદીના મતને નિરાકૃત્ કર્યો. જો નિષ્પ્રદેશત્વ ન હોય તો એક જ જીવના શરીરમાં હાથ, પગ, ઉરૂ, ગર્દનાદિના સંસર્ગનો અભાવ થાય, તેનું એકપણું થઈ જાય.

કેવી રીતે ? હાથ આદિથી સંયુક્ત જીવના પ્રદેશોનો ઉત્તમાંગ આદિ સંબદ્ધ આત્મપ્રદેશથી ભેદાભેદ વિકલ્પની ઉપપત્તિ ન થાય.

[પ્રશ્ન] જીવ પ્રદેશો વડે શું કરે છે ? ગ્રહણ કરે છે. તુ શબ્દથી જણાવે છે - સર્વદા ગ્રહણ કરતો નથી. પણ ભાષા બોલવી હોય ત્યારે ગ્રહણ કરે છે. - x - આ કથનથી નિષ્ક્રિય આત્મવાદનું ખંડન કરેલ છે. જો તે નિષ્ક્રિય હોય તો અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એકરૂપપણે રહેવાથી બોલવાના અભાવનો પ્રસંગ આવે. આત્મા શું બોલ છે ? ભાષા બોલે છે.

[પ્રશ્ન] ''ભાષા બોલે છે.'' કહેતા જ સ્પષ્ટ છે, પછી ''ભાષા બોલે છે'' એ અતિરિક્ત પદની શી જરૂર ? [ઉત્તર] એમ નથી, અમારો અભિપ્રાય તમે જાણ્યો નથી. કેમકે બોલાય તે જ ભાષા કહેવાય, પૂર્વે કે પછી નહીં. આ અર્થ બતાવવા ભાષા શબ્દ લીધો. તેથી દોષ નથી.

હવે ત્રણ શરીર કયા કયા છે ? તે સમજાવે છે.

• **નિર્યુક્તિ-૯ :-**

***ઔદારિક, વૈક્રિય, આહારક શરીરી ભાષા ગ્રહણ કરે છે અને મૂકે છે સત્ય, સત્યામૃષા, મૃષા અને અસત્યામૃષા ચાર ભેદે ભાષા છે.***

• **વિવેચન-૯ :-** *[નિર્યુક્તિદીપિકામાં ઘણાં વિસ્તારથી છે.]*

ઔદારિક શરીરવાળો આત્મા સાથે અભેદપણે લેવાથી કે પ્રત્યય લોપથી ઔદારિક શરીરવાળો એમ જાણવું. તે રીતે વૈક્રિય શરીરવાળો, આહારક શરીરવાળો લેવું. આ ત્રણેમાંથી કોઈપણ ગ્રહણ કરે છે અને મૂકે છે. તે શબ્દના પ્રાયોગ્યપણે તેના ભાવે પરિણત થયેલ દ્રવ્ય સમૂહરૂપ જે ભાષા છે, તે બોલાતી હોવાથી ભાષા કહેવાય.

તે ભાષા કેટલા ભેદે છે ? ચાર — (૧) સજ્જનોનું હિત કરે તે સત્ય. સંત એટલે મુનિ, તેને ઉપકાર કરનારી અથવા મૂળ અને ઉત્તરગુણ તે સંત, તેને ઉપઘાત ન કરે માટે સત્યા અથવા સન્ત તે જીવાદિ પદાર્થો, તેનું હિત કરનાર કે ખાતરી કરાવનાર જનપદ સત્યાદિ ભાષા તે સત્યાભાષા.

તેનાથી વિપરીત ક્રોધાશ્રિતાદિ ભેદ વાળી તે મૃષાભાષા. તે બંને સ્વભાવવાળી વસ્તુના એકદેશની ખાતરીવાળી તે ઉત્પન્નમિશ્રાદિ ભેદવાળી તે સત્યામૃષા ભાષા. તે ત્રણેથી જુદી, શબ્દમાત્ર સ્વભાવવાળી - આમંત્રણી આદિ ભેદયુક્ત તે અસત્યામૃષાભાષા છે. તે બધું સૂત્રથી જાણવું.





[પ્રશ્ન] ઔદારિકાદિ શરીરી ભાષા ગ્રહણ કરે અને મૂકે છે, તે મૂકેલી ભાષા ઉત્કૃષ્ટથી કેટલે દૂર જાય ? સમસ્ત લોક સુધી જાય.

[પ્રશ્ન] પાંચમી ગાથાના અર્થમાં કહ્યું કે બાર યોજનથી વધુ દૂરથી આવેલો શબ્દ ન સાંભળે, કેમકે દ્રવ્યોનું પરિણામ મંદ પડી જાય છે, તો શું દ્રવ્યો તેનાથી દૂરથી પણ આવે ? અને આ સંબંધે નિરંતર તેની વાસનાનું સામર્થ્ય છે, તો તેથી બહાર પણ થાય છે કે ?

[ઉત્તર] તે વાત સાચી છે કે ભાષા બહાર પણ જાય છે, કેટલાંકને આશ્રીને સમસ્ત લોક કે લોકાંત સુધી જાય છે. જો એમ છે તો —

• **નિર્યુક્તિ-૧૦ :-**

***કેટલાં સમયે લોક ભાષાથી નિરંતર સ્પૃષ્ટ થાય છે.***

***લોકના કેટલામાં ભાગે ભાષા છે ? ભાષા કેટલામો ભાગ છે ?***

• **વિવેચન-૧૦ :-**

જે જોવાય તે લોક. કેટલાં સમયે ભાષા વડે ૧૪-રાજ ક્ષેત્રલોકમાં વ્યાપ્ત થાય છે ? ભાષા નિરંતર સ્પૃષ્ટ, વ્યાપ્ત, પૂર્ણ થાય છે. લોકના કેટલા ભાગમાં ભાષાનો કેટલો ભાગ હોય છે ?

• **નિર્યુક્તિ-૧૧ :-**

***ચાર સમયમાં લોક ભાષા વડે નિરંતર સ્પૃષ્ટ થાય છે. લોકનો ચરમાંત પૂરાતા, ભાષાનો પણ છેડો આવે છે.***

• **વિવેચન-૧૧ :-**

ચાર સમયમાંં આદિ સૂત્રાર્થવત્. [પ્રશ્ન] સર્વથા ભાષા વડે કે કોઈ વિશિષ્ટ ભાષા વડે ? વિશિષ્ટ ભાષા વડે. [શા માટે ?] કોઈ મંદ પ્રયત્ન વક્તા હોય છે, તે અભિન્ન શબ્દ દ્રવ્યોને જ છોડે છે, તે મૂકેલાં ભાષા દ્રવ્યો અસંખ્યેય સ્કંધો રૂપે હોવાથી અને સ્થૂળરૂપે હોવાથી તે ભેદાઈ જાય છે, ભેદાયેલા સંખ્યાતા યોજન જઈને શબ્દનું પરિણામ ત્યજી દે છે, અને કોઈ મહાપ્રયત્નવાળો લેવા-મૂકવાના પ્રયત્નો વડે ભેદીને જ છોડે છે, તે સૂક્ષ્મ અને બહુપણે હોવાથી અનંત ગુણવૃદ્ધિએ વધતાં છએ દિશામાં લોકાંત સુધી પહોંચે છે. બીજા દ્રવ્યો તેના પરાઘાતથી વાસિત થઈને વાસના વિશેષથી સમસ્ત લોકને પૂરે છે.

અહીં ચાર સમયના ગ્રહણથી ત્રણ અને પાંચ સમયનું ગ્રહણ તુલા આદિના મધ્યમ ગ્રહણ માફક જાણવું.

ત્રણ સમયમાં કેવી રીતે આંત્તરારહિત ભાષા વડે લોક સ્પૃષ્ટ થાય ? લોકના મધ્યે રહેલ વક્તાય પુરુષથી નીકળેલ ભાષા દ્રવ્યો પહેલાં સમયે છ એ દિશાએ લોકાંતમાં દોડે છે. કેમકે જીવ અને સૂક્ષ્મ પુદ્‌ગલની અનુશ્રેણિ ગતિ છે. બીજા સમયે છ એ દંડરૂપે ચારે દિશામાં વધતાં મંથાનના દાંડારૂપે થાય છે. ત્રીજા સમયે જુદા જુદા આંતરા પૂરવાથી પૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે. એ ત્રણ સમય આશ્રીને કહ્યું. પણ જો બોલનારો લોકાંતે રહેલ હોય, તે ચારે દિશામાં કે કોઈપણ દિશામાં ત્રસ નાડી બહાર

હોય, તે ચાર સમયે પૂરે તે બતાવે છે. કઈ રીતે ? એક સમયમાં લોકની અંતર્નાડીમાં પ્રવેશે છે, બાકીના ત્રણ સમયમાં પૂર્વવત્ જાણવું. જો વિદિશામાં રહેલ હોય, તો તે બોલે ત્યારે પુદ્ગલોનું અનુશ્રેણિએ ગમન હોવાથી બે સમયે અંતર્નાડીમાં પ્રવેશ કરે છે, બાકીના ત્રણ પૂર્વવત્ થતાં પાંચ સમયે લોકમાં સ્પૃષ્ટ થાય છે.

બીજા કેવલી સમુદ્ઘાતની ગતિએ લોકને પૂરે છે તેમ કહે છે. તેમના મતે પ્રથમ સમયે ભાષાનું ઉર્ધ્વગમન તથા અધોગમન થવાથી મિશ્ર શબ્દના શ્રવણનો સંભવ નથી. અવિશેષથી કહ્યું છે – ભાષા સમશ્રેણિએ જે શબ્દ સાંભળે તે મિશ્ર સાંભળે છે, ઈત્યાદિ - x - x - મત કહ્યો. એ મતે ત્રણ સમયે લોકનું પૂરણ સંભવે છે, પણ ચાર સમયનો સંભવ ન થાય. પહેલાં સમય પછી તુરંત બધી દિશામાં પરાઘાત દ્રવ્યનો સંભવ છે, બીજા સમયમાં મંથાનની સિદ્ધિ થાય છે અને ત્રીજા સમયમાં આંતરા પૂરી દે છે.

[પ્રશ્ન] કેવલી સમુદ્ઘાત માફક ચાર સમયે જ પૂરે તો શું દોષ ? [ઉત્તર] એમ નથી, કેમકે તમને સિદ્ધાંતનું જ્ઞાન નથી. અહીં જૈન સમુદ્ઘાત મધ્યે પરાઘાત થનાર વાસ્ય દ્રવ્યનો સંભવ નથી, પણ તેમાં સકર્મક જીવનો વ્યાપાર છે, તેથી બીજે સમયે દંડ અને કપાટ થાય છે. પણ શબ્દ દ્રવ્યોનું અનુશ્રેણિએ ગમન થવાથી પરાઘાત દ્રવ્ય વચમાં વાસકપણે હોવાથી બીજે સમયે જ મંથાન થઈ જાય છે. અચિત્ત મહાસ્કંધ પણ વૈશ્રસિક હોવાથી અને પરાઘાતના અભાવથી ચાર સમયે જ પૂરે છે. પણ શબ્દનું તેમ નથી. કેમકે તે સર્વત્ર અનુશ્રેણિ ગમનાવાળો છે. - x -

તમે પૂછેલું કે લોકના કેટલામાં ભાગે કેટલો ભાગ સ્પર્શે ? તે કહે છે. ક્ષેત્ર ગણિતની અપેક્ષાથી લોકના અસંખ્યેય ભાગે સમગ્ર લોકવ્યાપીર ભાષાનો અસંખ્યેય ભાગ થાય છે. - x - તત્ત્વ અને ભેદથી મતિજ્ઞાનનું સ્વરૂપ કહીને હવે વિવિધ દેશના શિષ્ય સમૂહને સુખે જણાવવા કહે છે –

**● નિર્યુક્તિ-૧૨ :-**

***ઈહા, અપોહ, વિમર્શ, માર્ગણા, ગવેષણા, સંજ્ઞા, સ્મૃતિ, મતિ, પ્રજ્ઞા એ સર્વે આભિનિબોધિક જ્ઞાનના પર્યાયો છે.***

**● વિવેચન-૧૨ :**

इह ધાતુ ચેષ્ટા અર્થમાં છે. વિધમાન પદાર્થોના અન્વય અને વ્યતિરેકની પર્યાલોચના છે. આ ઈહાના પર્યાયો કહ્યા. અપોહ-નિશ્ચય. વિમર્શ તે ઈહા પછી થાય છે. પ્રાયઃ માથુ ખણવા વગેરે મનુષ્યના ધર્મો છે એમ ઘટે છે, એવો સંપ્રત્યય તે વિમર્શ છે. અન્વયધર્મની અન્વેષણા તે માર્ગણા છે. વ્યતિરેક ધર્મની આલોચના તે ગવેષણા છે. સંજ્ઞાન તે સંજ્ઞા. વ્યંજન અવગ્રહથી ઉત્તરકાળ ભાવિ મતિ વિશેષ છે. સ્મરણ તે સ્મૃતિ, પૂર્વાનુભૂત અર્થનું આલંબન તે પ્રત્યય છે.

મનન તે મતિ છે. કોઈ અંશે અર્થનો બોધ થવા છતાં પછીથી સૂક્ષ્મધર્મની આલોચનારૂપ તે બુદ્ધિ છે. પ્રજ્ઞાન તે પ્રજ્ઞા, વિશિષ્ટ ક્ષયઉપશમથી ઉત્પન્ન થયેલ પ્રભૂત વસ્તુગત યથાવસ્થિત ધર્મના આલોચનરૂપે મતિ છે. આ બધું આભિનિબોધિક-



મતિજ્ઞાન છે.

આ પ્રમાણે કંઈક ભેદથી ભેદ બતાવ્યો. તત્ત્વથી તો તે બધાં મતિના પર્યાય વાચકો છે. - x - મતિજ્ઞાન સ્વરૂપ કહ્યું, હવે અનુયોગ દ્વારો વડે ફરીથી તેનું નિરૂપણ કરવા કહે છે –

**● નિર્યુક્તિ-૧૩ થી ૧૫ :-**

***સત્ પદ પ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર સ્પર્શના, કાળ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ એ નવ દ્વાર જાણવા... ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઉપયોગ, આહાર, ભાષક, પ્રત્યેક, પર્યાય, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ્ય, ચરમ એ ગતિ આદિ સ્થાનોમાં પૂર્વપ્રપન્ન અને પ્રપધમાન મતિજ્ઞાનીની વિચારણા થશે.***

**● વિવેચન-૧૩ થી ૧૫ :-**

(૧) સાચું પદ તે સત્પદ, તેની પ્રરૂપણા તે સત્પદ પ્રરૂપણા, તેનો ભાવ તે સત્પદપ્રરૂપણતા છે. તે ગત્યાદિ દ્વારો વડે આભિનિબોધિક જ્ઞાન સંબંધી કહેવું. અથવા સત્ વિષય સંબંધી પદ તે સત્પદ.

[પ્રશ્ન] શું સત્પદની પ્રરૂપણા પણ થાય છે ? કે જેથી તમે કહો છો કે – સત્પદની પ્રરૂપણા કરીએ છીએ. [સમાધાન] ખર-વિષણાદિ અસત્ પદો પણ છે, તેથી સત્નું ગ્રહણ કર્યુ. અથવા આવા પણ પદો છે કે ગતિ આદિ સત્પદોમાં જેના વડે મતિજ્ઞાનની પ્રરૂપણા કરાય છે.

(૨) દ્રવ્યપ્રમાણ - તે જીવનું દ્રવ્યપ્રમાણ બતાવવું. એક સમયમાં કેટલાં જીવો મતિજ્ઞાન પામે છે કે બધાં પામે છે તે.

(૩) ક્ષેત્ર - કેટલાં ક્ષેત્રમાં મતિજ્ઞાન સંભવે છે, તે ક્ષેત્ર બતાવવું.

(૪) સ્પર્શન - તે કેટલું ક્ષેત્ર મતિજ્ઞાનીઓ સ્પર્શે છે, તે કહેવું.

[પ્રશ્ન] ક્ષેત્ર અને સ્પર્શનામાં શો ભેદ ? અવગાહ છે તે ક્ષેત્ર છે, અને સ્પર્શના તો બાહ્યથી પણ હોય છે. એટલો ભેદ છે.

(૫) કાળ-સ્થિતિ, (૬) અંતર-પ્રતિપત્તિ આદિ આશ્રીને કહેવું. (૭) ભાગ - બીજા જ્ઞાનીની અપેક્ષાએ મતિજ્ઞાની કેટલામે ભાગે છે ? (૮) ભાવ-કયા ભાવમાં મતિજ્ઞાની છે ? (૯) અલ્પબહુત્વ કહેવું.

[પ્રશ્ન] ભાગ દ્વારથી આ અર્થ આવી જાય છે, ફરી શા માટે બતાવ્યો ? [સમાધાન] ના, તમે અમારો અભિપ્રાય જાણતા નથી. અહીં મતિજ્ઞાનીમાં જ પૂર્વે પામેલા અને નવા પામતાની અપેક્ષાએ અલ્પબહુત્વ કહેવું. - x -

હવે ઉક્ત ગાથા ૧૪,૧૫માં આભિનિબોધિક જ્ઞાનની સત્પદ પ્રરૂપણાના દ્વારોનો અવયવાર્થ કહે છે. [તે આ પ્રમાણે–]

(૧) ગતિદ્વાર - આભિનિબોધિક જ્ઞાન છે કે નહીં, જો છે તો ક્યાં છે ? ગતિને આશ્રીને તે વિચારીએ. તે ગતિ ચાર પ્રકારે છે – નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિમાં આભિનિબોધિક જ્ઞાનને પૂર્વે પામેલા જીવો નિયમથી છે, નવા

પામતા તો વિવક્ષિત કાળે કદાચ હોય - કદાચ ન હોય. આ નવા પામતા તે એ છે કે જેઓ પ્રથમથી જ આભિનિબોધિક જ્ઞાન પામતા હોય, તે સમય જ લેવો. બાકીના સમયમાં તો જે છે તેઓ પૂર્વ પ્રતિપન્ન જ ગણાય.

(૨) ઈન્દ્રિયદ્વાર - ઈન્દ્રિયને આશ્રીને વિચારાય તે. તેમાં પૂર્વે પામેલા પંચેન્દ્રિયો તો અવશ્ય હોય છે, નવા પામતા પૂર્વદ્વારવત્ કહેવા. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોવાલા પૂર્વ પ્રતિપન્ન સંભવે છે, પણ પ્રતિપધમાન સંભવતા નથી. એકેન્દ્રિયો ઉભયથી રહિત હોય છે.

(૩) કાયદ્વાર - કાયને આશ્રીને વિચારાય. તેમાં ત્રસકાયમાં પૂર્વ પ્રતિપન્ન નિયમથી હોય. પ્રતિપધમાન વિકલ્પે છે. શેષ કાયોમાં પૃથ્વીકાયાદિ ઉભયનો અભાવ હોય છે.

(૪) યોગ દ્વાર - ત્રણે યોગ સાથે લેતા પંચેન્દ્રિય માફક કહેવું. મન રહિત વાક્યોગમાં વિકલેન્દ્રિયવત્, કેવળકાયયોગમાં ઉભયનો અભાવ.

(૫) વેદદ્વાર - ત્રણે વેદોમાં વિવક્ષિતકાળમાં પૂર્વે મતિજ્ઞાન પામેલા અવશ્ય હોય, પ્રતિપધમાન હોય કે ન પણ હોય.

(૬) કષાયદ્વાર - ક્રોધ, માન, માયા, લોભ એ ચારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન ભેદે છે. તેમાં અનંતાનુબંધી ક્રોધાદિમાં બંને પ્રકારે અભાવ છે. બાકીના પંચેન્દ્રિયવત્ જાણવા.

(૭) લેશ્યા દ્વાર - આત્માને આઠ પ્રકારના કર્મોથી લેપે - ચોંટે તે લેશ્યા. કાયા આદિના કોઈપણ યોગવાળાને કૃષ્ણાદિ દ્રવ્ય સંબંધથી આત્મ પરિણામો તે લેશ્યા છે. તેમાં તેજો-પદ્મ-શુક્લમાં પંચેન્દ્રિયવત્ કહેવું અને કૃષ્ણાદિ ત્રણમાં પૂર્વપ્રતિપન્ન સંભવે, પ્રતિપધમાન નહીં.

(૮) સમ્યક્ત્વદ્વાર - સમ્યક્દૃષ્ટિની વિચારણા બે નયથી -૧- વ્યવહારનય :- સમ્યગ્દૃષ્ટિ પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાનક ન હોય. આભિનિબોધિક જ્ઞાનના લાભવાળાને સમ્યગ્દર્શન, મતિ, શ્રુત ત્રણેનો સાથે લાભ થાય છે. અન્યથા આભિનિબોધિક પ્રતિપત્તિ અનવસ્થા પ્રસંગ થાય.

-૨- નિશ્ચયનય - સમયક્દૃષ્ટિ પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપધમાનક બંને હોય. કેમકે આભિનિબોધિક જ્ઞાનવાળાને સમ્યગ્દર્શન સહાયક છે. કેમકે તેમાં ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ બંનેનો અભેદ છે. જો ભેદ માનીએ તો ક્રિયાના અભાવના અવિશેષત્વથી નવી વસ્તુ ઉત્પન્ન જ ન થાય.

(૯) જ્ઞાનદ્વાર - જ્ઞાન પાંચ ભેદે છે - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. અહીં પણ વ્યવહાર અને નિશ્ચય ભેદે વિચારાય છે.

૧- વ્યવહારનય - મત્યાદિ ચાર જ્ઞાની પૂર્વપ્રતિપન્ન હોય પણ પ્રતિપધમાનક ન હોય. કેમકે મત્યાદિ જ્ઞાનીને સમયગ્દર્શન સહચારી છે. પણ કેવળી તો પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપધમાન એકે ન હોય, કેમકે તે ક્ષાયોપશમિક જ્ઞાનથી અતિત હોય છે. મત્યાદિ ત્રણે અજ્ઞાન વિવક્ષિત કાળે પ્રતિપધમાન હોય પણ પૂર્વપ્રતિપન્ન ન હોય.



૨- નિશ્ચયનય - મત્યાદિ ત્રણ જ્ઞાની નિશ્ચયથી પૂર્વપ્રતિપન્ન હોય. પ્રતિપધમાન પણ સમ્યગ્દર્શન સહચારિત્વથી મત્યાદિનો લાભ સંભવે છે. અહીં પણ ક્રિયાકાળ - નિષ્ઠાકાળ અભેદ છે. મન-પર્યવજ્ઞાની તો પૂર્વપ્રતિપન્ન જ હોય, કેમકે તે ભાવ યતિને જ થાય. કેવલીને બંનેનો અભાવ છે. મત્યાદિ અજ્ઞાની બેમાંથી એકે ન હોય, કેમકે પ્રતિપત્તિ કાલમાં અભેદત્વ હોય છે. અજ્ઞાનના અભાવમાં પ્રતિપત્તિ ક્રિયાનો અભાવ છે.

(૧૦) દર્શનદ્વાર - દર્શન ચાર ભેદે — ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ. દર્શનલબ્ધિસંપન્ન પણ દર્શનનો ઉપયોગ કરનારા નહીં, કેમકે ‘‘બધી લબ્ધિ સાકારોપયોગ ઉપયુક્તને હોય. તે નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય. વિવક્ષિત કાળે પ્રતિપધમાનક હોય કે ન પણ હોય. પરંતુ અવધિદર્શનવાળા તો પૂર્વ પ્રતિપન્ન જ હોય. કેવળદર્શનવાળા બંનેથી રહિત હોય.

(૧૧) સંયતદ્વાર - સંયત પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાન નહીં.

(૧૨) ઉપયોગ દ્વાર - ઉપયોગ બે ભેદે - સાકાર અને અનાકાર. સાકાર નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાન વિવક્ષિત કાળે હોય કે ન હોય. અનાકાર ઉપયોગી પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાન નહીં.

(૧૩) આહારકદ્વાર - આહારકો નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય, વિવક્ષિત કાળે પ્રતિપધમાન હોય કે ન હોય. અનાહારકો વિગ્રહગતિમાં પૂર્વપ્રતિપન્ન સંભવે છે, પણ પ્રતિપધમાન ન હોય.

(૧૪) ભાષક દ્વાર - ભાષાલબ્ધિસંપન્ન તે ભાષક. તે બોલતા કે ન બોલતા હોય, તેઓ નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય, વિવક્ષિતકાળે તેઓ પ્રતિપધમાન હોય કે ન હોય. તેવી લબ્ધિ રહિત બંને પ્રકારે ન હોય.

(૧૫) પરીત્તદ્વાર - પ્રત્યેક શરીરી નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાન વિવક્ષિત કાળે હોય કે ન હોય. સાધારણ જીવો ઉભયરહિત છે.

(૧૬) પર્યાપ્તકદ્વાર - આહારાદિ છ પર્યાપ્તિથી પર્યાપ્ત તે પર્યાપ્તક. તે નિયમથી પૂર્વપ્રતિપન્ન હોય. પ્રતિપધમાનની વિવિક્ષત કાળે ભજના. અપર્યાપ્તક છ પર્યાપ્તિની અપેક્ષાથી પૂર્વપ્રતિપન્ન સંભવે, બીજા નહીં.

(૧૭) સૂક્ષ્મદ્વાર - સૂક્ષ્મ બંને પ્રકારે ન સંભવે, બાદર નિયમા પૂર્વપ્રતિપન્ન હોય. પ્રતિપધમાનક વિવક્ષિત કાળે હોય કે ન હોય.

(૧૮) સંજ્ઞીદ્વાર - દીર્ઘકાલિકી ઉપદેશથી સંજ્ઞી લેવા. તે બાદર માફક જાણવા. અસંજ્ઞી પૂર્વપ્રતિપન્ન સંભવે, પ્રતિપધમાન નહીં.

(૧૯) ભવદ્વાર - ભવસિદ્ધિકોને સંજ્ઞીવત્ જાણવા, અભવસિદ્ધિકો-અભવ્યો તો બંને પ્રકારે ન હોય.

(૨૦) ચરમદ્વાર - જેનો છેલ્લો ભવ થશે તે જીવ, અભેદ ઉપચારથી તે ચરમ છે. તે નિયમા પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાનની ભજના, અચરમ તો બંનેથી રહિત હોય છે. હવે આભિનિબોધિક જીવ દ્રવ્ય પ્રમાણ કહે છે —

તેમાં પ્રતિપત્તિને આશ્રીને વિવક્ષિત કાળે હોય કે ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ હોય. ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય ભાગ પ્રદેશની રાશિતુલ્ય હોય. પૂર્વ પ્રતિપન્ન જઘન્યથી કંઈક વિશેષ જાણવા.

હવે ક્ષેત્રપ્રમાણ - તેમાં વિવિધજીવો અને એક જીવને આશ્રીને ક્ષેત્ર કહે છે. બધાં મતિજ્ઞાની લોકના અસંખ્યેય ભાગમાં વર્તે છે. એક જીવ તો ઈલિકાગતિથી જતાં ઉંચે અનુત્તર દેવમાં $^7/_{14}$ ભાગમાં વર્તે છે. અથવા ત્યાંથી આવે છે. નીચે છઠ્ઠી નારકીમાં જતાં-આવતાં $^5/_7$ ભાગમાં વર્તે છે. કેમકે ત્યાંથી નીચે મતિજ્ઞાની આશ્રીને અધોલોક નથી. સમ્યક્‌દૃષ્ટિ ત્યાંથી નીચે સાતમી નારકીમાં ન જાય. [પ્રશ્ન] સાતમી નરકમાં પણ સમ્યગ્દર્શનનો લાભ બતાવ્યો છે, માટે આવતા જીવને $^5/_7$ થી અધિક ક્ષેત્ર કેમ ન સંભવે ? [ઉત્તર] ના, કેમકે સાતમી નારકીથી સમ્યકત્વીનું આગમન ન થાય. કેમ ન થાય ? ત્યાંથી નીકળી તિર્યંચ ગતિમાં જ આવે છે. - x -

સ્પર્શનાદ્વાર - પૂર્વે કહ્યું છે કે – અવગાહ તે ક્ષેત્ર છે, સ્પર્શના તેથી અધિક જાણવી. જેમકે – પરમાણુનું ક્ષેત્ર એક પ્રદેશ, સાત પ્રદેશ સ્પર્શના.

કાળદ્વાર - ઉપયોગને આશ્રીને એક કે અનેક જીવોનો ઉપયોગ કાળ અંતર્મુહૂર્ત જ છે. તેની લબ્ધિને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમથી અધિક - x - પૂર્વવત્ જાણવું. પછી વચમાં બીજી ગતિમાં ન જાય તો અવશ્ય મોક્ષ થાય. જુદા જુદા જીવોને આશ્રીને તો સર્વકાળ મતિજ્ઞાની જીવો છે. પણ મતિજ્ઞાન રહિત લોક કોઈ કાળે નથી.

અંતરદ્વાર - એક જીવને આશ્રીને મતિજ્ઞાનનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત છે, કેમકે સમ્યકત્વ પામે અને વમે, પાછું અંતર્મુહૂર્તમાં જ્ઞાન આવરણ કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન પામે. ઉત્કૃષ્ટથી તો ઘણી આશાતના કરીને અપાર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળ રખડીને પામે. કેમકે તીર્થંકર, શ્રુત, પ્રવચન, આચાર્ય, ગણધર, મહર્દ્ધિક સાધુની ઘણી આશાતના કરે તો જીવ અનંત સંસારી થાય, વિવિધ જીવ અપેક્ષાથી આંતરાનો અભાવ છે.

ભાગદ્વાર - મતિજ્ઞાની, બીજા જ્ઞાનીના અનંતમાં ભાગે વર્તે છે.

ભાવદ્વાર - મતિજ્ઞાની ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે. - x -

અલ્પબહુત્વ - મતિજ્ઞાનીમાં પ્રતિપદ્યમાનક અને પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાથી આ વિભાગ છે. સદ્‌ભાવ હોય ત્યારે સર્વથી થોડાં પ્રતિપદ્યમાનક છે, પૂર્વપ્રતિપન્ન તો જઘન્યથી પણ તેમનાથી અસંખ્યાતગણાં છે. ઉત્કૃષ્ટ પદવાળા તેનાથી પણ વિશેષાધિક છે. હવે મતિજ્ઞાનના ભેદો –

**● નિર્યુક્તિ-૧૬ પૂર્વાર્દ્ધ :-**

***આભિનિબોધિક જ્ઞાનની ૨૮ પ્રકૃતિઓ હોય છે.***

**● વિવેચન-૧૬ પૂર્વાર્દ્ધ :-**

પૂર્વોક્ત - મન અને આંખને છોડીને બાકી વ્યંજનાવગ્રહ ચાર ભેદે છે. અર્થાવગ્રહ બધી ઈન્દ્રિયો અને મનનો સંભવે છે, તે છ પ્રકારે છે ઈહા, અપાય, ધારણા પ્રત્યેકના છ-છ ભેદો, એમ કુલ-૨૮ ભેદો થયા.



પૂર્વે અવગ્રહાદિ કહેલાં જ છે, તો ફરી અહીં કેમ કહો છો ? ત્યાં સૂત્રમાં સંખ્યાનિયમથી કહી નથી, અહીં તે કહી, માટે તેમાં વિરોધ નથી.

આ મતિજ્ઞાન ચાર ભેદે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી – સામાન્ય આદેશથી મતિજ્ઞાની સર્વ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો જાણે, પણ વિશેષાદેશથી ન જાણે. ક્ષેત્રથી લોકાલોકને, કાળથી સર્વકાળને, ભાવથી ઔદયિકાદિ પાંચ ભાવોને અને સર્વ ભાવના અનંત ભાગને જાણે.

મતિજ્ઞાન કહ્યું, હવે શ્રુતજ્ઞાન કહે છે –

**● નિર્યુક્તિ-૧૬ ઉત્તરાર્દ્ધ :-**

***શ્રુતજ્ઞાનની પ્રકૃતિઓ હવે વિસ્તારથી કહીશ.***

**● વિવેચન-૧૬ ઉત્તરાર્દ્ધ :-**

- x - શ્રુતજ્ઞાનને કહીને, અવધિ જ્ઞાનને સંક્ષેપથી કહીશું.

**● નિર્યુક્તિ-૧૭ :-**

***લોકમાં પ્રત્યેક અક્ષરો અને તેના જેટલાં સંયોગો થાય, તેટલી પ્રકૃતિઓ શ્રુતજ્ઞાનની હોય છે, તેમ જાણવું.***

**● વિવેચન-૧૭ :-**

એકૈક પ્રતિ તે પ્રત્યેક. अ કારાદિ અક્ષરો અનેક ભેદે છે. જેમકે સાનુનાસિક કે નિરનુનાસિક अ કાર. વળી તે એકૈક હ્રસ્વ, દીર્ઘ, પ્લુત એવા ત્રણ ભેદે છે. વળી તે ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત ભેદે છે. એમ ૧૮-ભેદો છે. તે પ્રમાણે 'इ' કારાદિમાં ભેદો યથાસંભવ બતાવવા. અક્ષરોના સંયોગો તે બે વગેરે મળીને સંયોગ થાય છે. તે ઘટ, પટ વગેરે છે. વ્યાઘ્ર, હસ્તિ આદિ આ અનંતા સંયોગો છે. તે દરેક સ્વ-પર પર્યાય અપેક્ષાએ અનંતા છે.

[પ્રશ્ન] अ કારાદિ સંખ્યેય અક્ષરોના અનંતા સંયોગો કેવી રીતે થાય ? કહેવા યોગ્ પુદ્‌ગલાસ્તિકાયાદિ પદાર્થો અનંતા છે, તે દરેક પદાર્થના કંઈક ભિન્નપણાંથી ભેદો છે, તે પદાર્થોનાં નામ અનંતા હોવાનું સિદ્ધ થવાથી અનંત સંયોગસિદ્ધિ છે. હવે અભિધેયનું અનંતપણું બતાવે છે –

એક પરમાણુ, બે પ્રદેશવાળો, અનંતપ્રદેશવાળો સ્કંધાદિ ભેદો છે. અથવા એકત્ર પણ અનેક અભિધાનની પ્રવૃત્તિના અભિધેય ધર્મ ભેદો છે. જેમકે પરમાણુ નિરંશ છે, નિષ્પ્રદેશ, નિર્ભેદ, નિરવયવ આદિ છે. આ બધાં સર્વથા એક અભિધેયના વાચક ધ્વનિઓ નથી. કેમકે બધાં શબ્દોમાં કંઈક અંશે ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તપણું છે. એમ બધાં દ્રવ્ય પર્યાયોમાં યોજવું. સૂત્રમાં પણ કહ્યું છે કે – અનંતા ગમો, અનંતા પર્યાયો છે. આ જ અર્થને અક્ષરોમાં આરોપીને કહે છે – આટલાં પરિમાણવાળા પ્રવૃત્તિના નિમિત્તપણાથી સર્વે ભેદો શ્રુતજ્ઞાનમાં થાય છે.

સામાન્યથી બતાવેલ અનંત શ્રુતજ્ઞાનની પ્રકૃતિને યથાવત્ બતાવવાના આત્માનાં સામર્થ્ય અભાવે થોડામાં બતાવે છે.

● **નિર્યુક્તિ-૧૮ :-**

***શ્રુતજ્ઞાનની સર્વ પ્રકૃતિઓ બતાવવાને મારી કેટલી શક્તિ ? તો પણ શ્રુતજ્ઞાનને વિશે ચૌદ પ્રકારે નિક્ષેપને હું કહીશ.***

● **વિવેચન-૧૮ :-**

સૂત્રાર્થ મુજબ - x - x - તે શક્તિ કેમ નથી ? અહીં જે શ્રુતગ્રંથ અનુસારિણી મતિ વિશેષ છે, તે પણ શ્રુત રૂપે વર્ણવી છે. કહ્યું છે - મતિના વિશેષ ભેદો શ્રુતજ્ઞાનાનુસાર જાણવા. તે ભેદો ઉત્કૃષ્ટથી શ્રુતધર પણ સર્વ અભિલાપ્ય ભેદોને પણ તેઓ અનંત હોવાથી કહી ન શકે. કેમકે આયુ પરિમિત પ્રમાણ હોય છે. બોલવું ક્રમે કરીને થાય. માટે અશક્તિ છે.

તેથી ચૌદ પ્રકારે નિક્ષેપ - નામાદિ વિન્યાસ શ્રુતજ્ઞાન સંબંધી બતાવે છે. च શબ્દથી શ્રુતઅજ્ઞાનનો વિષય પણ બતાવશે. अपि શબ્દ વડે તે બંનેના સંબંધી ભેદો પણ બતાવશે. શ્રુતજ્ઞાનમાં સમ્યક્શ્રુત અને શ્રુત અજ્ઞાનમાં અસંજ્ઞીનું અને મિથ્યાશ્રુત તથા ઉભયશ્રુત તે દર્શનના વિશેષ અભિગ્રહથી છે. અક્ષર-અનક્ષર શ્રુતાદિ ભેદો કહીશ. - x -

● **નિર્યુક્તિ-૧૯ :-**

***અક્ષર, સંજ્ઞી, સમ્યક્, સાદિ, સપર્યવસિત, ગમિક, અંગપ્રવિષ્ટ એ સાત અને તેના પ્રતિપક્ષી સાત એમ ચૌદ ભેદે શ્રુત છે.***

● **વિવેચન-૧૯ :-** *[આવશ્યક ચૂર્ણિમાં ઘણો વિસ્તાર કરેલ છે.]*

અહીં શ્રુત શબ્દ બધાં સાથે જોડવો. તેમાં (૧) અક્ષર શ્રુત - ક્ષર એટલે ખરે, ન ખરે તે અક્ષર. જ્ઞાન એટલે ચેતના. અર્થાત્ ઉપયોગ ન હોય ત્યારે પણ ચ્યવિત થતું નથી. કેમકે આ ભાવ અક્ષરનું કારણ છે. अ કાર આદિ પણ અક્ષર કહેવાય છે. અથવા અર્થોને ખેરવે છે, પણ પોતે ખરતો નથી તે અક્ષર. તે સંક્ષેપથી ત્રણ ભેદે છે - સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધ્યક્ષર.

સંજ્ઞાક્ષર - અક્ષરનો આકાર વિશેષ, જેમ ઘટિકાના આકારવાળો 'घ' કાર છે અને આ આકારો લિપિ વિધાનથી અનેક પ્રકારે છે... વ્યંજનાક્ષર-દીવા વડે અંધારામાં દેખાતા ઘડાની જેમ જેના વડે અર્થને ઓળખાવાય તે, તે આ બધાં જ બોલાતા अ કારથી ह કાર સુધીના છે. કેમકે તે બોલાતા શબ્દના અર્થ પ્રગટ કરનારા છે. જે અક્ષરનો ઉપલંભ - બોધ થાય તે લબ્ધિ અક્ષર. તે જ્ઞાન ઈન્દ્રિય અને મનના નિમિત્તે શ્રુતગ્રંથ અનુસરીને થાય. અથવા તેનું આવરણ ક્ષય-ઉપશમ થાય તે છે.

અહીં સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, દ્રવ્ય અક્ષરો કહ્યા. તે શ્રુત જ્ઞાન નામે ભાવ અક્ષરનું કારણ હોવાથી કહ્યા. પણ ભાવ અક્ષર તો લબ્ધિ અક્ષર જ છે. કેમકે તે વિજ્ઞાન સ્વરૂપ છે. અહીં અક્ષરાત્મક શ્રુત તે અક્ષર શ્રુત છે. તે દ્રવ્ય અક્ષરને આશ્રીને છે. અથવા અક્ષર તે જ શ્રુત તે અક્ષરશ્રુત છે. તે ભાવઅક્ષરને આશ્રીને છે. હવે અનક્ષરશ્રુત કહે છે —



● **નિર્યુક્તિ-૨૦ :-**

***ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, થુંકવું, ખાંસી, છીંકવું, નાકથી અવાજ કાઢવો કે નાસિકાથી નીકળતો અનુસ્વાર, મોઢું બંધ રાખી કરાતો અવાજ તે બધું અનક્ષર શ્રુત છે.***

● **વિવેચન-૨૦ :-** *[ચૂર્ણિમાં આ સૂત્રની સુંદર વ્યાખ્યા કરેલ છે.]*

સૂત્રાર્થ મુજબ - x - અનુસ્વાર માફક અનુસ્વાર છે એટલે તે અક્ષર નથી. છતાં તેનો ઉચ્ચાર હુંકાર કરવાની જેમ થાય છે. - x - આ ઉચ્છ્વાસ આદિ અનક્ષરશ્રુત માત્ર દ્રવ્યશ્રુત છે, કેમકે તેમાં માત્ર ધ્વનિ થાય છે અથવા શ્રુતનું જેને વિજ્ઞાન છે, તેવો શ્રુતજ્ઞાનવાળો કોઈ પણ જીવનો બધો વ્યાપાર છે, તેના ભાવ વડે પરિણત થવાથી શ્રુતજ્ઞાન છે.

[પ્રશ્ન] જો તેમ છે, તો તેવો ઉપયોગ રાખનારની ચેષ્ટાને શા માટે શ્રુત કહેતા નથી કે શ્વાસ લેવો વગેરે જ કહો છો ? [ઉત્તર] રૂઢિથી. અથવા સાંભળીએ તે શ્રુત. અન્વર્થ સંજ્ઞાને આશ્રીને ઉચ્છ્વાસાદિ શ્રુત કહેવાય છે. પણ ચેષ્ટામાં અવાજ ન સંભળાવાથી અનક્ષર શ્રુત ન કહ્યું. અનુસ્વારાદિમાં અર્થ સમજાતો હોવાથી શ્રુત કહ્યા. - - હવે સંજ્ઞીદ્વાર કહે છે —

સંજ્ઞી એટલે સંજ્ઞાન. સંજ્ઞા જેને હોય તે સંજ્ઞી. તે ત્રણ ભેદે છે — દીર્ઘકાલિકી, હેતુવાદ, દૃષ્ટિવાદોપદેશથી. જેમ નંદીસૂત્રમાં બતાવી છે. સંજ્ઞીજીવનું શ્રુત તે સંજ્ઞીશ્રુત. અસંજ્ઞીનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત.

સમ્યક્ શ્રુત - અંગ અને અનંગપ્રવિષ્ટ, આચાર અને આવશ્યકાદિ. મિથ્યાશ્રુત - પુરાણ, રામાયણ આદિ. આ બધું જ સમ્યગ્દર્શનવાળનું શ્રુત તે સમ્યક્ શ્રુત છે. અસમ્યક્ દર્શનવાળાનું તે મિથ્યાશ્રુત છે.

સાદિ સાંત, અનાદિ અનંત - નયાનુસાર જાણવું. દ્રવ્યાસ્તિક નય મુજબ અનાદિ અપર્યાવસિત [અનંત] છે. કેમકે અસ્તિકાય માફક નિત્ય છે. પર્યાયાસ્તિક નય મુજબને સાદિ સાંત છે, કેમકે નારકાદિના પર્યાયોવત્ અનિત્ય છે. અથવા દ્રવ્યાદિ ચતુષ્ટ્યથી સાદિ, અનાદિ વગેરે જેમ નંદીસૂત્રમાં બતાવ્યું છે, તેમ જાણવું. ખલુ શબ્દ નિશ્ચયાર્થે છે.

આ સાત જ પ્રતિપક્ષવાળા છે, પણ પક્ષાંતર નથી, કેમકે તે સાતથી વિરુદ્ધ સાત મળી કુલ ચૌદ ભેદ થાય છે.

ગમિક શ્રુત - ગમ (આલાવા) જેવા વિદ્યમાન છે, તે ગમિક. તે પ્રાયઃ દૃષ્ટિવાદમાં છે. અગમિક - ગાથાદિ અસમાન રચનાવાળો ગ્રંથ તે અગમિકશ્રુત છે. તે પ્રાયઃ કાલિક શ્રુત છે. અંગ પ્રવિષ્ટ તે ગણધરકૃત્ 'આચાર' આદિ છે. અનંત પ્રવિષ્ટ તે સ્થવિરકૃત્ આવશ્યકાદિ છે. - x - સત્પદ પ્રરૂપણાદિ મતિજ્ઞાનવત્ યોજવા. શ્રુતજ્ઞાન અર્થથી બતાવ્યું.

હવે વિષયદ્વારથી બતાવે છે — તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ચાર પ્રકારે છે. શ્રુતજ્ઞાની દ્રવ્યથી બધાં દ્રવ્યોને જાણે છે, પણ જોતો નથી. એ પ્રમાણે ક્ષેત્રાદિમાં પણ

જાણવું.

અશ્રુતજ્ઞાન સર્વાતિશય રૂપ રત્નોના સમુદ્ર સમાન છે. પ્રાયઃ ગુરુ પાસેથી મળતું હોવાથી પરાધીન છે. તેથી શિષ્યાનુગ્રહાર્થે જેને જે લાભ થાય તે દર્શાવતા કહે છે —

• **નિર્યુક્તિ-૨૧ :-**

***આઠ બુદ્ધિના ગુણો વડે આગમશાસ્ત્રોનું ગ્રહણ કરવું, તેને પૂર્વ વિશારદ ધીરપુરુષો શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કહે છે.***

• **વિવેચન-૨૧ :-**

આ - અભિવિધિ કે મર્યાદા અર્થમાં છે. આગમન તે આગમ. ગમ - પરિચ્છેદ [બોધ]. તે આગમ છે, તે કેવળ, મતિ, અવધિ, મનઃપર્યવ લક્ષણ હોય છે. તે ખુલ્લું બતાવતા કહે છે — જેના વડે શીખવાય તે શાસ્ત્ર, શાસ્ત્ર એ જ શ્રુત. આગમ ગ્રહણ, ષષ્ટિતંત્રાદિ કુશાસ્ત્રના વ્યવચ્છેદાર્થે છે કેમકે તે આગમ નથી. કેમકે તેમાં સમ્યક્ બોધપણાંનો અભાવ છે, છતાં તે લોકમાં શાસ્ત્રરૂપે રૂઢ છે. આગમ એ જ શાસ્ત્ર તે આગમ શાસ્ત્ર. તેનું ગ્રહણ. હવે પછી બતાવાનાર આઠ ગુણો વડે શ્રુતજ્ઞાનનો લાભ દેખેલ છે, તે ગ્રહણ કરવાનું બતાવે છે. કોણ બતાવે છે ?

પૂર્વોમાં વિશારદ અને વ્રતપાલનમાં સ્થિર એવા ધીરપુરુષો. બુદ્ધિના આઠ ગુણો કહેલા છે, તે આ પ્રમાણે —

• **નિર્યુક્તિ-૨૨**

***સુશ્રૂષા, પ્રતિપૃચ્છા, સાંભળવું, ગ્રહણ કરવું. ઇહા-વિચારવું, પછી અપોહ-નિશ્ચય કરવો, પછી ધારવું, તે મુજબ સમ્યક્ કરવું.***

• **વિવેચન-૨૨ :-**

વિનયયુક્ત થઈ શિષ્ય, ગુરુ મુખેથી સાંભળવાની ઈચ્છા કરે, ફરી પૂછે-પૂછીને તે શ્રુતને અશંક્તિ કરે. ફરી કહેવાય તે સાંભળે, સાંભળીને ગ્રહણ કરે, ગ્રહણ કરીને ઈહા કરે - પર્યાલોચના કરે કે શું આ આમ છે કે બીજી રીતે છે ? ચ શબ્દ સમુચ્ચય મટો છે. અપિ શબ્દથી પર્યાલોચન કરતો કંઈ સ્વબુદ્ધિથી પણ ઉત્પ્રેક્ષા કરે. ત્યારપછી અપોહન કરે - એ પ્રમાણે આચાર્યએ જે આદેશ કર્યો છે. પછી તે અર્થને તે પ્રમાણે ધારી રાખે. તે મુજબ સમ્યક્ અનુષ્ઠાન કરે, કેમકે તેમાં કહેવાયેલ અનુષ્ઠાન પણ શ્રુતપ્રાપ્તિનો હેતુ થાય છે. કેમકે તે અનુષ્ઠાનો જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમાદિના નિમિત્ત પણે છે. અથવા ગુરુ જે-જે આજ્ઞા કરે છે, તેને સમ્યગ્ અનુગ્રહ માનતો સાંભળવાને ઈચ્છે છે તે શુશ્રૂષા કહેવાય છે.

પૂર્વે આજ્ઞા કરેલ સર્વે કાર્યો કરીને ફરી પૂછે તે પ્રતિપૃચ્છા.

ફરી આદેશ કરાય તેને સારી રીતે સાંભળે. બાકી પૂર્વવત્. *[આ સૂત્રની વ્યાખ્યા ચૂર્ણિ અને નિર્યુક્તિ દીપિકામાં વધુ વ્યવસ્થિત છે.]*

• **નિર્યુક્તિ-૨૩ :-**

***મૌન, હુંકાર, ગાઢ રીતે બોલે, પ્રતિપૃચ્છા, વીમર્શ, પછી સર્વે પદાર્થોના***



***અર્થમાં પારંગત થાય, પછી પરિનિષ્ઠ થાય તે સાતમું.***

• **વિવેચન-૨૩ :-**

(૧) મૂંગા થઈને સાંભળે, અર્થાત્ પહેલાં શ્રવણમાં શરીર સંયત કરી, મૌન થઈને રહે. (૨) પછી હું કારો આપે - વંદન કરે. (૩) બાઢત્કાર કરે અર્થાત્ તે તેમજ છે, બીજી રીતે નથી. (૪) સાંભળીને પૂર્વાપર સૂત્ર અભિપ્રાયથી કંઈક પ્રતિપૃચ્છા કરે કે આ કેવી રીતે છે ? (૫) મીમાંસા કરે - તેના પ્રમાણની જિજ્ઞાસા કરે. (૬) શ્રવણમાં તેના ઉત્તર ઉત્તર ગુણ પ્રસંગ અને પારગમન થાય. (૭) શ્રવણમાં પરિનિષ્ઠા થાય અર્થાત્ ગુરુએ કહેલને અનુભાષણ કરી શકે. શ્રવણ વિધિ કહી.

હવે વ્યાખ્યાન વિધિ કહે છે —

• **નિર્યુક્તિ-૨૪ :-**

***પહેલા સૂત્રનો અર્થ, બીજું નિર્યુક્તિ સહિત મિશ્ર અર્થ કહેવો. ત્રીજું સંપૂર્ણ [પ્રસક્ત કે અપ્રસક્ત] કહેવું, આ અનુયોગ વિધિ કહી છે.***

• **વિવેચન-૨૪ :-**

સૂત્રનો અર્થ તે સૂત્રાર્થ જ માત્ર જે અનુયોગમાં પ્રતિપાદિત કરાય તેને સૂત્રાર્થ કહેવાય. અથવા સૂત્રાર્થ માત્ર બતાવનાર મુખ્ય અનુયોગ તે સૂત્રાર્થ. - x - ગુરુએ પહેલાં સૂત્રનો અર્થ માત્રના નામવાળો અનુયોગ કહેવો, જેથી નવા શીખનારની મતિ સંમોહ ન પામે. બીજો અનુયોગ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ સહિત કરવો. એ પ્રમાણે જિનેશ્વર અને ચૌદ પૂર્વી કહે છે. ત્રીજો સંપૂર્ણ અર્થાત્ પ્રસક્ત કે અનુપ્રસક્ત પણ જ્યાં લાગુ પડે તેવું બધું કહી બતાવે, આવો ત્રણ પ્રકારનો વિધિ જિનાદિએ બતાવેલો છે.

ક્યાં ? સૂત્રના પોતાના અભિધેય સાથે અનુકૂળ યોગ તે અનુયોગ અર્થાત્ સૂત્રનું વ્યાખ્યાન. - x - શ્રુતજ્ઞાન સમાપ્ત. હવે અવધિજ્ઞાન —

• **નિર્યુક્તિ-૨૫ :-**

***અવધિજ્ઞાનની બધી પ્રકૃતિઓ ખરેખર અસંખ્યાત છે. કેટલીક ભવપ્રત્યયિક છે અને કેટલીક ક્ષાયોપશમિક છે.***

• **વિવેચન-૨૫ :-**

ગણાય તે સંખ્યા, તે સંખ્યાથી અતિત તે અસંખ્યેય. તે સંખ્યાતીતમાં અનંત પણ થાય છે. તેથી તે અનંત પણ છે. ખલુ વિશેષણ અર્થે છે. તેથી ક્ષેત્ર અને કાળ નામક પ્રમેય અપેક્ષાથી જ સંખ્યાતીત છે. દ્રવ્ય અને ભાવથી અનંતા છે. અવધિજ્ઞાનની પ્રકૃતિ-ભેદ કે અંશો છે. અર્થાત્ —

અવધિજ્ઞાની લોકક્ષેત્રના અસંખ્યેય ભાગથી આરંભીને પ્રદેશની વૃદ્ધિથી અસંખ્યેય લોક પરિમાણ ઉત્કૃષ્ટ આલંબનથી ક્ષેત્ર કહ્યું. કાળથી આવલિકાના અસંખ્યેય ભાગથી માંડીને સમય વૃદ્ધિએ અસંખ્યેય ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ કહ્યો છે. જ્ઞેયભેદથી જ્ઞાનભેદ છે. તેથી સંખ્યાતીત તેની પ્રકૃતિઓ કહી છે. તૈજસ વાક્દ્રવ્યમાં અપાંતરાલવર્તી વર્ગણાઓ અનંત પ્રદેશવાળા દ્રવ્યોથી લઈને વિચિત્રવૃદ્ધિથી સર્વે મૂર્ત દ્રવ્યો ઉત્કૃષ્ટથી જુએ, તે વિષય પરિમાણ કહ્યું. પ્રતિવસ્તુગત અસંખ્યેય પર્યાય

વિષયમાન છે. તેથી પુદ્‌ગલાસ્તિકાય તથા તેના પર્યાયોને અંગીકાર કરીને જ્ઞેયના ભેદથી જ્ઞાનના ભેદો અનંતા છે.

તેમાં કેટલાંક ભેદો - જે ભવમાં કર્મવશવર્તી પ્રાણીઓ વર્તે છે, તે નારકાદિ લક્ષણ ભવ આશ્રયી - ભવપ્રત્યયી પ્રકૃતિઓ છે. જેમ પક્ષીનું આકાશમાં ઉડવું. તેમ નારક અને દેવોને ભવપ્રત્યયી અવધિજ્ઞાન હોય. ગુણ પરિણામ પ્રત્યયી તે ક્ષયોપશમથી કોઈ તિર્યંચ કે મનુષ્યને થયેલ છે.

પ્રશ્ન - અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવે બતાવ્યું છે, પણ નારકાદિ ભવ ઔદયિક છે. તો તે પ્રકૃતિમાં તે ભાવ કેવી રીતે ઘટે ?

[ઉત્તર] તે પણ ક્ષયોપશમ નિબંધન જ છે. પણ આ ક્ષયોપશમ નારક અને દેવના ભવમાં જ ઉદયમાં આવે છે. માટે ભવપ્રત્યયી કહી.

સૂત્ર-નિર્યુક્તિકાર - x - અલ્પાયુને કારણે અસામર્થ્ય દર્શાવે છે —

● **નિર્યુક્તિ-૨૬ :-**

***અવધિજ્ઞાનની સર્વ પ્રકૃતિ વર્ણવવાની મારી શક્તિ કેટલી ? તેથી ચૌદ ભેદે નિક્ષેપ કરીશ અને ઋદ્ધિ પ્રાપ્તને હું કહીશ.***

● **વિવેચન-૨૬ :-**

આયુષ્ય મર્યાદિત અને ક્રમથી બોલવાનું હોવાથી અવધિજ્ઞાનની બધી પ્રકૃતિ વર્ણવવાની મારી શક્તિ ક્યાંથી હોય ? તેથી શિષ્યોના અનુગ્રહને માટે અવધિજ્ઞાનને ચૌદ પ્રકારે કહીશ. અવધિ સંબંધી આમર્ષૌષધિ આદિ લક્ષણ પ્રાપ્ત ઋદ્ધિ જેનાથી છે, તે પ્રાપ્ત ઋદ્ધિ. - x - હું કહીશ. તે આ —

● **નિર્યુક્તિ-૨૭,૨૮ :-**

***૧- અવધિ, ૨- ક્ષેત્ર પરિમાણ, ૩- સંસ્થાન, ૪- આનુગામિક, ૫- અવસ્થિત, ૬- ચલ, ૭- તીવ્ર-મંદ, ૮- પ્રતિપાત-ઉત્પાદાદિ, ૯- જ્ઞાન, ૧૦- દર્શન, ૧૧- વિભંગ, ૧૨- દેશ, ૧૩- ક્ષેત્ર, ૧૪- ગતિ અને પ્રાપ્ત ઋદ્ધિ અનુયોગ.***

● **વિવેચન-૨૭,૨૮ :-**

અહીં અવધિથી ગતિ સુધીના ચૌદ દ્વાર અને પંદરમું ઋદ્ધિ કહ્યું. બીજા - ‘અવધિ’ પદ છોડીને આનુગામુક - અનાનુગામુક સહિત અર્થથી લઈને ૧૪-દ્વારો કહે છે. કેમકે અવધિ પ્રકૃતિ નથી. - x - તેથી ૧૪ નિક્ષેપ કહ્યાં. બંને પક્ષમાં અવિરોધ છે. તેમાં પ્રથમ અવધિના નામાદિ ભેદ ભિન્ન સ્વરૂપ કહેવું. અવધિ શબ્દ બે વાર આવૃત્તિ પામશે તેમ વ્યાખ્યા કરવી. પછી ક્ષેત્ર પરિમાણ વિષયક અવધિ કહેવું. એ રીતે સંસ્થાન વિષય કહેવું અથવા અવધિનું જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદવાળું ક્ષેત્ર પ્રમાણ કહેવું આદિ.

આનુગામુક દ્વાર - અનુગમનના સ્વભાવવાળું તે આનુગામુક છે. તેનો વિપક્ષ તે અનાનુગામુક અવસ્થિતદ્વાર - દ્રવ્યાદિમાં કેટલો કાળ પડ્યા વિના ઉપયોગથી અને લબ્ધિથી અવસ્થિત રહે છે. ચલ અવધિ તે અવસ્થિત ન રહે તે. તે વધતું અથવા ઘટતું પણ હોય. તીવ્ર મંદદ્વાર - તીવ્ર, મંદ તથા મધ્યમ અવધિ બતાવ્યું. તીવ્ર



વિશુદ્ધ છે, મંદ અવિશુદ્ધ છે, મધ્યમ મિશ્ર છે પ્રતિપાતોત્પાદ - એક કાળે દ્રવ્યાદિ અપેક્ષાથી અવધિના પ્રતિપાત અને ઉત્પાદ બતાવવા તે.

- - હવે બીજી ગાથા કહે છે—

શું આ જ્ઞાન છે ? કે દર્શન છે ? કે વિભંગ છે ? પરસ્પરથી આનું અલ્પબહુત્વ વિચારવું. દેશદ્વાર - કોના દેશ કે સર્વ વિષયમાં અવધિજ્ઞાન થાય ? તે કહેવું. ક્ષેત્રદ્વાર - ક્ષેત્ર સંબંધી અવધિ કહેવું. તે સંબદ્ધ, અસંબદ્ધ, અસંખ્યેયના વચમાં રહેલો લક્ષણ ક્ષેત્ર અવધિ કહેવો. ગતિ-ઈતિ. અહીં ઈતિ શબ્દ આદિના અર્થમાં છે. તેથી ગત્યાદિ, દ્વારજાલ અવધિમાં કહેવો. તથા પ્રાપ્ત ઋદ્ધિ અને અનુયોગ કરવો. અનુયોગ - અનુકથન.

આ રીતે હમણાં બતાવેલા પ્રતિપત્તિઓ અવધિના જ ભેદો છે. હવે ઉક્ત ગાથાના દરેક દ્વારને જુદું કહે છે —

● **નિર્યુક્તિ-૨૯ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. આ સાત પ્રકારનો ખરેખર અવધિજ્ઞાનનો નિક્ષેપ છે.***

● **વિવેચન-૨૯ :-**

અવધિ સાથે નામ જોડતાં નામ નિક્ષેપામાં — (૧) ‘અવધિ’ એવું કોઈનું નામ કરાય છે જેમકે મર્યાદાનું. (૨) અવધિની સ્થાપના, જેમકે અક્ષ આદિ રચના, તે સ્થાપના અવધિ. સ્થાપના અવધિ તે તે દ્રવ્ય ક્ષેત્રના સ્વામીનો આકાર વિશેષ છે. (૩) દ્રવ્યમાં અવધિ તે દ્રવ્યાવધિ, દ્રવ્યનું આલંબન. અથવા - x - દ્રવ્ય એ જ અવધિ, તે ભાવાવધિનું કારણ છે. અથવા ઉત્પન્ન થનાર શરીરાદિ અવધિનું કારણ હોવાથી દ્રવ્યાવધિ છે.

(૪) ક્ષેત્રાવધિ - ક્ષેત્રમાં અવધિ અથવા જે ક્ષેત્રમાં અવધિ ઉત્પન્ન થાય તે, તે અવધિનું કારણ હોવાથી ક્ષેત્રાવધિ છે. અથવા જ્યાં અવધિનું વર્ણન થાય તે. (૫) કાલાવધિ - કાળમાં અવધિ અથવા જે કાળમાં અવધિ ઉત્પન્ન થાય તે અથવા જે કાળમાં વર્ણન કરીએ તે. (૬) ભવાવધિ - થવું તે ભવ ચે અને તે નારકાદિ લક્ષણવાળો છે. તેમાં થાય તે. (૭) ભાવાવધિ-ક્ષાયોપશમિક કે દ્રવ્ય પર્યાય છે, તેમાં અવધિ ઉત્પન્ન થાય તે.

અનંતવર્ણિત જ સાત પ્રકારે અવધિનો નિક્ષેપ છે, બીજી રીતે નથી. હવે ક્ષેત્ર પરિમાણ નામે બીજું દ્વાર ખુલાસાથી કહે છે —

● **નિર્યુક્તિ-૩૦ :-**

***જેટલો ત્રણ સમય આહાર લેનાર સૂક્ષ્મ પનક જીવની જઘન્યા અવગાહના છે, તેટલું જઘન્ય અવધિ ક્ષેત્ર જાણવું.***

● **વિવેચન-૩૦ :-**

ક્ષેત્ર પરિમાણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદથી ત્રણ પ્રકારનું છે. તે પ્રાયઃ આદિમાં જઘન્ય છે, તેથી તે જ પહેલાં બાતવે છે. ત્રણ સમયમાં સૂક્ષ્મ નામ

કર્મોદયથી સૂક્ષ્મ પન્નક વનસ્પતિ વિશેષ જીવ આહાર કરીને જેટલી અવગાહનાની કાયા કરે, તેટલું અવગાહના ક્ષેત્ર અવધિજ્ઞાની જઘન્યથી જુએ. તેનો પ્રયોગ આ પ્રમાણે — અવધિનું જઘન્ય ક્ષેત્ર આટલું જ છે.

હવે સંપ્રદાયથી આવેલો અર્થ આ પ્રમાણે છે — *[અહીં વૃત્તિકાર મહર્ષિ પાંચ ગાથાનું કુલક નોંધે છે, ત્યારપછી તેનો કંઈક અર્થ કહે છે, તે આ —]*

આ મહામત્સ્ય શું છે ? તેનો ત્રીજા સમયે નિજદેહ દેશમાં ઉત્પાદ શું છે ? અથવા ત્રણ સમય આહારકત્વ કઈ રીતે કલ્પવું ? તે જ મહામત્સ્ય ત્રણ સમયો વડે આત્માને પ્રયત્ન વિશેષથી સંક્ષેપ કરતો, સૂક્ષ્મ અવગાહના યુક્ત થાય છે. બીજો નહીં. પહેલાં - બીજા બે સમયે અતિ સૂક્ષ્મ અને ચોથા આદિ સમયમાં અતિ સ્થૂળ. ત્રણ સમય આહારક જ તેને યોગ્ય છે, માટે તે લીધું.

બીજા કહે છે — ત્રણ સમય આહારક. લંબાઈ-પહોળાઈનો સંહાર બે સમય અને સૂચિ સંહરણ ઉત્પાદ સમય, એ ત્રણ સમય. વિગ્રહના અભાવે આહાર હોય. તેથી ઉત્પાદ સમયે જ ત્રણ સમય આહારક સૂક્ષ્મ પનકજીવની જઘન્ય અવગાહના હોય, તેથી તે પ્રમાણ જઘન્ય અવધિક્ષેત્ર જાણવું. પણ આ અયુક્ત છે, કેમકે ત્રણ સમય આહારકત્વ એ પનકના જીવનું વિશેષણ છે. મત્સ્યની લંબાઈ અને પહોળાઈનો સંહરણ સમય બે અનેક પકન સમય અયોગ છે. કેમકે ત્રણ સમય આહારકત્વ નામક વિશેષણની અનુપપત્તિનો પ્રસંગ આવશે.

ઉક્ત વ્યાખ્યામાં ૧૦૦૦ યોજનનો મત્સ્ય મરીને જે પોતાની કાયામાં સૂક્ષ્મ પનક જીવપણે જે ઉત્પન્ન થાય, તે અહીં લેવો. હવે ઉત્કૃષ્ટથી કહે છે —

● **નિર્યુક્તિ-૩૧ :-**

***સર્વ બહુ અગ્નિકાય જીવો આંતરા વિના હંમેશા સર્વ દિશામાં જેટલા ભરેલા હોય, તેટલાં ક્ષેત્ર પ્રમાણ ઉત્કૃષ્ટ અવધિ ક્ષેત્ર બતાવેલ છે.***

● **વિવેચન-૩૧ :-**

વિવક્ષિત કાળમાં અવસ્થિત રહેલા અગ્નિના જીવો સૌથી વધારે વિદ્યમાન હોય તે ''સર્વ બહુ૰.'' પણ ભૂત કે ભાવિના નહીં. તેમ બીજા જીવો પણ નહીં. કેમકે તે અસંભવ છે. તે અગ્નિ જીવો સૌથી વધારે છે. તે જેટલાં પ્રમાણના ક્ષેત્રમાં વ્યાપે, તે આંતરા રહિત વિશિષ્ટ સૂચિની રચનાએ ભરાય. અહીં ભૂતકાળ નિર્દેશ એ કારણે છે કે આ અવસર્પિણીમાં પ્રાયઃ અજિત સ્વામીના કાળમાં અગ્નિના જીવો સૌથી વધારે હતા. તે જણાવવાને છે. આ વિશેષણ વખતે એક દિશાના ક્ષેત્ર આશ્રયી પણ લેવાય. તેથી કહ્યું કે સર્વ દિશામાં, આના દ્વારા સૂચિ પરિભ્રમણ પ્રમિત કહ્યું, તે પરમ અવધિનું ક્ષેત્ર છે. માટે પરમાવધિ ક્ષેત્ર ઉપર બતાવેલા ઘણાં અગ્નિના જીવો આશ્રયી ગણધરાદિએ દેખાડેલ છે, તેથી પર્યાય વડે પરમાવધિ ક્ષેત્ર આટલું છે તેમ કહ્યું અથવા સર્વ બહુ અગ્નિ જીવો આંતરારહિત જેટલું ક્ષેત્ર રોકે તે સર્વ દિશાવાળા ક્ષેત્રમાં જેટલાં દ્રવ્યો રહે, તેના પરિચ્છેદના સામર્થ્ય યુક્ત પરમાવધિ ઉત્કૃષ્ટ થકી બતાવ્યો. ભાવાર્થ પૂર્વવત્, પણ આ અક્ષરાર્થ છે.



હવે સાંપ્રદાયિક બતાવે છે — સર્વ બહુ અગ્નિકાય બાદર જીવો પ્રાયઃ અજિતનાથ સ્વામી તીર્થંકરના કાળે હતા. કેમકે ત્યારે તેના આરંભક જીવો ઘણાં હતા. ઉત્કૃષ્ટ પદવાળા સૂક્ષ્મ જીવો બાદર જીવોમાં ઉમેરતા સર્વ બહુ થાય છે. તેમને સ્વબુદ્ધિથી છ પ્રકારે અવસ્થાન કલ્પીએ —

એકૈક ક્ષેત્ર પ્રદેશ, એકૈક જીવ અવગાહના વડે ચોતરફ ચોખૂણો ઘન પહેલાં સ્થાપીએ. તે જ જીવની સ્વ અવગાહનાથી બીજી સ્થાપના, એમ પ્રતર ભેદ પણ બે પ્રકારે છે. શ્રેણી પણ બે ભેદે છે. તેમાં પહેલાં પાંચ પ્રકારો અનાદેશ છે. કેમકે ક્ષેત્રની અલ્પતા છે, કંઈક અંશે શાસ્ત્ર વિરુદ્ધ છે. છઠ્ઠો પ્રકાર સૂત્રાદેશ છે. તેથી આ શ્રેણિ અવધિજ્ઞાનીને બધી દિશામાં શરીર પર્યન્તથી ભમે છે. તે અલોકમાં લોક માત્ર અસંખ્યાત ક્ષેત્ર વિભાગ પ્રમાણ છે. આટલું ઉત્કૃષ્ટ અવધિક્ષેત્ર છે. આટલા ક્ષેત્રમાં જો દેખી શકે તો પણ અલોકમાં તેવી વસ્તુ નથી.

આ રીતે જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિ ક્ષેત્ર કહ્યું. હવે વિમધ્યમ પ્રતિપાદિત કરવા કહે છે. અવધિજ્ઞાની આટલું ક્ષેત્ર જુએ તો આટલો કાળ ઉપલંભ થાય. અથવા આટલા કાળ ઉપલંભમાં આટલું ક્ષેત્ર જાણી શકે, એ બતાવવા નિર્યુક્તિકાર ચાર ગાથા કહે છે.

● **નિર્યુક્તિ-૩૨ થી ૩૫ :-**

***બંનેમાં અંગુલ અને આવલિકાનો અસંખ્ય ભાગ દેખે, ક્ષેત્ર અને કાળમાં સંખ્યાત ભાગ દેખે. અંગુલથી ન્યૂન આવલિકા, સંપૂર્ણ આવલિકામાં અંગુલ પૃથક્ત્વ જુએ. હાથમાં અંતર્મુહૂર્ત, દિવસમાં ગાઉ માત્ર, દિવસ પૃથક્ત્વ વડે યોજન, પક્ષમાં પચીશ યોજન જુએ ભારતમાં અર્ધમાસ, જંબૂદ્વીપમાં સાધિક માસ, મનુષ્યલોકમાં વર્ષ, રુચકદ્વીપ સુધીનો વર્ષ પૃથક્ત્વ જુએ. સંખ્યાતાકાળના અવધિજ્ઞાનમાં સંખ્યાત દ્વીપ-સમુદ્રો પર્યન્ત, અસંખ્યાત કાળમાં દ્વીપ-સમુદ્રની ભજના જાણી.***

● **વિવેચન-૩૨ થી ૩૫ :-**

ક્ષેત્રાંગુલના અધિકારથી અહીં પ્રમાણાંગુલ લેવો. કેટલાંક કહે છે. અવધિનો અધિકાર હોવાથી ઉચ્છ્રય અંગુલ લેવો. આવલિકા અસંખ્યેય સમયની જાણવી. - x - કોઈ અવધિજ્ઞાની ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે, તે કાળથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે. અહીં ક્ષેત્ર અને કાળ જોવાનું કહ્યું, તે ઉપચારથી જાણવું કેમકે ક્ષેત્રમાં રહેલ દર્શનયોગ્ય દ્રવ્યો અને તેના પર્યાયો વિવક્ષિત કાલાંતરવર્તીને જુએ છે પરંતુ ક્ષેત્ર અને કાળને ન જુએ કેમકે તેને મૂર્ત્તદ્રવ્યનું આલંબન છે.

એ પ્રમાણે સર્વત્ર જાણવું. એમ ચારે ગાથામાં ભાવના કરવી. જ્યારે તે અવધિજ્ઞાની અંગુલનો અસંખ્યાત ભાગ જુએ, ત્યારે આવલિકાના પણ સંખ્યેય ભાગને જુએ છે. જ્યારે અંગુલ ક્ષેત્રને જુએ ત્યારે થોડો સમય ઓછી એવી આવલિકાને જુએ છે. પરંતુ જ્યારે આવલિકાનો પૂરો કાળ જુએ ત્યારે ક્ષેત્રના અંગુલ પૃથક્ત્વ - બે થી નવ સુધી જુએ.

અવધિજ્ઞાની એક હાથ ક્ષેત્ર જુએ ત્યારે કાળથી અંતર્મુહૂર્ત્ત જુએ. કાળથી દિવસ કરતાં થોડું ઓછું જુએ ત્યારે અવધિજ્ઞાની ક્ષેત્રથી ગાઉ જુએ. જ્યારે એક યોજન ક્ષેત્ર જુએ ત્યારે કાળથી બે થી નવ દિવસ સુધી જુએ. પક્ષથી થોડું ઓછું જુએ ત્યારે ક્ષેત્રથી ૨૫-યોજન જુએ.

ભરતક્ષેત્ર જુએ ત્યારે કાળથી પંદર દિવસ જુએ. જંબૂદ્વીપ ક્ષેત્ર જુએ ત્યારે માસથી કંઈક અધિક જુએ. અઢીદ્વીપ અને બે સમુદ્ર મનુષ્ય ક્ષેત્ર જુએ ત્યારે કાળથી ૧-વર્ષ જુએ. તથા બે થી નવ વર્ષ જુએ ત્યારે રુચક નામના બાહ્ય દ્વીપના વિષયને જુએ.

જેની સંખ્યા થાય તે સંખ્યેય છે, તે સંવત્સર પ્રમાણ થાય, તુ શબ્દથી સંખ્યેય હજાર ઉપરનો પણ થાય. તે સંખ્યાતા કાળમાં જેવું દેખાય તેવું અવધિ થાય, તેને ક્ષેત્રથી સંખ્યાતા દ્વીપ-સમુદ્રો દેખાય છે. अपि શબ્દથી મહાન્ એક સંખ્યાતા યોજનનો દ્વીપ સમુદ્ર પણ હોય અથવા તેનો ભાગ પણ હોય તથા અસંખ્યાતો કાળ તે પલ્યોપમાદિ લક્ષણવાળાનું અવધિજ્ઞાન થાય. તેને ક્ષેત્રથી પણ અસંખ્યાતા દ્વીપ સમુદ્રોના જ્ઞાનની ભજના જાણવી. કોઈ વખત અસંખ્યાતા દ્વીપ-સમુદ્રનું અવધિજ્ઞાન થાય, કોઈને મોટા સંખ્યાતા દ્વીપ-સમુદ્રોનું જ્ઞાન થાય. કોઈને એક દ્વીપસમુદ્રનું જ્ઞાન થાય, કોઈને સ્વયંભૂરમણ જેવા મહાન્ સમુદ્રનો એક ભાગનું અવધિજ્ઞાન થાય. આ અવધિજ્ઞાન તીરછું જાણવું અથવા સ્વયંભૂરમણ વિષયનું તે મનુષ્યક્ષેત્રની બહારનું અવધિ છે તેમ જાણવું. એટલે અહીં અસંખ્યેયનું પ્રમાણ લીધું તે યોજનની અપેક્ષાએ સર્વ પક્ષમાં જાણવું. - x - આ પ્રમાણે ક્ષેત્ર વૃદ્ધિ સાથે કાળ વૃદ્ધિ અનિયત છે અને કાળવૃદ્ધિએ ક્ષેત્રવૃદ્ધિ નિશ્ચયથી બતાવી છે.

હવે દ્રવ્યાદિ અપેક્ષાથી જેની વૃદ્ધિમાં બીજાની વૃદ્ધિ વિશે –

● **નિર્યુક્તિ-૩૬ :-**

***કાળમાં ચાર પ્રકારની વૃદ્ધિ થાય, ક્ષેત્ર વૃદ્ધિમાં કાળની ભજના જાણવી. દ્રવ્ય-પર્યાયની વૃદ્ધિએ ક્ષેત્ર અને કાળની ભજના જાણવી.***

● **વિવેચન-૩૬ :-**

અવધિજ્ઞાનની કાળમાં વૃદ્ધિ થતાં દ્રવ્યાદિ ચારેની વૃદ્ધિ થાય છે. આ સામાન્યથી કહ્યું. તેથી પણ કાળની ભજના ક્ષેત્રની વૃદ્ધિમાં જાણવી. તેથી ક્ષેત્રની વૃદ્ધિમાં કાળની વૃદ્ધિ થાય પણ ખરી, ન પણ થાય. કેમકે ક્ષેત્રનું સૂક્ષ્મપણું છે અને કાળનું સ્થૂળપણું છે. દ્રવ્ય-પર્યાયો તો વધે છે. - x - x - દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવા છતાં પણ ક્ષેત્ર અને કાળની ભજના જાણવી. કેમકે દ્રવ્ય-પર્યાયો પરિસ્થૂલ હોવાથી અને ક્ષેત્ર, કાળ સૂક્ષ્મ હોવાથી ક્ષેત્રકાળ વધવાનું નક્કી નથી, પણ દ્રવ્યની વૃદ્ધિ થતાં પર્યાયોની વૃદ્ધિ અવશ્ય થાય છે. પરંતુ પર્યાયોની વૃદ્ધિમાં દ્રવ્યની વૃદ્ધિની ભજના જાણવી. કેમકે દ્રવ્યથી પર્યાયો સૂક્ષ્મપણે છે. અક્રમવર્તીની પણ વૃદ્ધિનો સંભવ છે. તેથી પર્યાયની વૃદ્ધિ થાય તો પણ કાળવૃદ્ધિનો અભાવ છે.

[પ્રશ્ન] જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદ ભિન્ન અવધિજ્ઞાન સંબંધી ક્ષેત્ર-કાળના





અંગુલ આવલિકાના અસંખ્યેય ભાગથી ઉપલક્ષિત પરસ્પર પ્રદેશ અને સમય સંખ્યા પરિસ્થૂલ અને સૂક્ષ્મપણું છે છતાં કેટલાં ભાગથી હીનાધિકપણું છે ? તો કહે છે – જેનું વર્ણન કરવું છે તે આવલિકાના અસંખ્યાત ભાગ આદિ કાળથી અસંખ્યાતગણું ક્ષેત્ર છે, કઈ રીતે ?

● **નિર્યુક્તિ-૩૭ :-**

***કાળ સૂક્ષ્મ હોય છે, તેના કરતાં ક્ષેત્ર સૂક્ષ્મતર હોય છે. એક અંગુલ પ્રમાણ આકાશ પ્રદેશની શ્રેણિમાં અસંખ્યાત અવસર્પિણી હોય છે.***

● **વિવેચન-૩૭ :-**

સૂક્ષ્મ અને શ્લક્ષ્ણ કાળ છે. કેમકે તે સો કોમળ કમળપત્રને ભેદવામાં એક પત્ર ભેદાતા પણ અસંખ્યાતા સમય જાય છે. તે કાળથી પણ ક્ષેત્ર વધુ સૂક્ષ્મતર બતાવેલ છે. કેમકે અંગુલ શ્રેણી માત્ર ક્ષેત્રમાં એક પ્રદેશે એક સમયની ગણતરી કરતાં અસંખ્યાતી અવસર્પિણી ગણાઈ જાય, એમ તીર્થંકરોએ પ્રતિપાદિત કરેલ છે. કઈ રીતે ? અંગુલ શ્રેણિ માત્રમાં પ્રદેશનું સ્થાન વિચારતા અસંખ્યેય અવસર્પિણી રાશિ પરિમાણ થાય.

આ પ્રમાણે જઘન્યાદિ ભેદભિન્ન અવધિજ્ઞાનનું ક્ષેત્રપરિમાણ બતાવ્યું. ક્ષેત્રમાં રહેલ દ્રવ્ય વસ્તુ દેખાય યોગ્ય હોય તેને અવધિજ્ઞાની જુએ અને જાણે. ક્ષેત્રમાં દ્રવ્યાવધિત્વ હોવાથી પછી તુરંત જ અવધિજ્ઞાનને જાણવા યોગ્ય દ્રવ્યને કહે છે–

● **નિર્યુક્તિ-૩૮ :-**

***તૈજસ અને ભાષા દ્રવ્યના વચમાં અવધિજ્ઞાનનો પ્રસ્થાપક જાણે. તે ગુરુલઘુ અને અગુરુલઘુ દ્રવ્યને જોતો જ પતન પામે.***

● **વિવેચન-૩૮ :-**

અવધિ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ ભેદે છે. પહેલાં જઘન્ય અવધિને જાણવા યોગ્ય દ્રવ્યને બતાવે છે. તૈજસ અને ભાષા તેમના દ્રવ્યના વચલા આંતરાને જાણે. - x - અર્થાત્ મધ્યે તે બેને અયોગ્ય અન્ય દ્રવ્યને તે અવધિજ્ઞાની જાણે. તે કોણ ? અવધિજ્ઞાનનો પ્રારંભક. તેનું વિશેષપણું કહે છે – ગુરુ તથા લઘુ અને અગુરુલઘુને જાણે. તેનો અર્થ એ કે – ગુરુલઘુના પર્યાયવાળું તથા અગુરુલઘુના પર્યાયવાળું દ્રવ્ય જાણે.

તેમાં તૈજસદ્રવ્યની સમીપમાં હોય તે ગુરુલઘુ છે અને જે ભાષા દ્રવ્યની સમીપમાં હોય તે અગુરુલઘુ છે. અવધિજ્ઞાની પડતો એવો ઉક્ત દ્રવ્યના દેખાવા વડે જ નિષ્ઠા - સમાપ્તિને પામે છે. अपि શબ્દથી જાણવું કે પ્રતિપાતિ અવધિજ્ઞાન હોય તો જ તે ઘટે છે. પણ અવધિજ્ઞાન માત્ર પ્રતિપાતિ જ હોય તેમ ન જાણવું. च શબ્દ નિશ્ચય અર્થમાં છે તેથી અવધિજ્ઞાનથી જ પડે, બાકીના જ્ઞાનોથી નહીં.

[પ્રશ્ન] તે દ્રવ્ય કેટલાં પ્રદેશવાળું છે, જે તૈજસ ભાષા દ્રવ્યોના વચમાં રહેલ છે, અને જઘન્ય અવધિજ્ઞાનીને જાણવા યોગ્ય છે ? તે પરમાણુ ક્રમથી લઈને, ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે કહેવી જોઈએ, તે કહે છે –

● નિર્યુક્તિ-૩૯,૪૦ :-

***ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, મન અને કર્મ એ દ્રવ્ય વર્ગણા ક્રમ છે, ક્ષેત્ર અપેક્ષાએ વિપરીત ક્રમ છે. કર્મ ઉપર ધ્રુવ, અધ્રુવ, શુન્ય, અશુન્ય અનંતી વર્ગણા હોય. ચાર ધ્રુવ પછી તનુ મિશ્ર અને અચિત્ત વર્ગણાઓ જાણવી.***

● વિવેચન-૩૯,૪૦ :-

ઔદારિકાદિ શરીર પ્રાયોગ્ય દ્રવ્ય વર્ગણા શા માટે પ્રરૂપો છો ? શિષ્યોને મુંઝવણ ન થાય તે માટે. તેના માટે દૃષ્ટાંત આપે છે—

આ ભરતક્ષેત્રમાં મગધ દેશમાં કુંચીકર્ણ નામે ધનપતિ હતો. તેની પાસે હજારોની સંખ્યામાં ગાયો હોવાથી તેને પાળવા માટે ઘણાં ગોવાળો રાખેલા. પરસ્પર ગાયો મળી જવાથી ન ઓળખી શકતા ગોવાળો પરસ્પર કલહ કરવા લાગ્યા. તે જોઈને તેમને ઓળખ પડે તે માટે લાલ, ધોળી, કાળી, કાબરચીતરી આદિ રંગોવાળી ગાયો જુદી પાડી, વર્ગણા કરી અલગ અલગ ગોવાળોને સોંપી. આ દૃષ્ટાંતનો ઉપનય - ગાયના માલિક જેવી તીર્થંકર છે, ગોવાળો જેવા શિષ્યો, ગાયો જેવા પુદ્‌ગલાસ્તિકાયો છે, પરમાણુ આદિ વર્ગણાના વિભાગ વડે તીર્થંકર શિષ્યોને સમજાવે છે.

પહેલાં ઔદારિક ગ્રહણ કરવાથી ઔદારિક શરીરને ગ્રહણ યોગ્ય વર્ગણા લીધી, તે આ પ્રમાણે — વર્ગણા સામાન્યથી ચાર ભેદે છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં દ્રવ્યથી એક પ્રદેશથી અનંત પ્રદેશ પ્રમાણ. ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી એક સમય સ્થિતિકથી અસંખ્યેય સમય સ્થિતિક, ભાવથી કૃષ્ણથી શુક્લ વર્ણ સુધીની, બંને ગંધ, તિક્તાદિ પાંચ રસ, મૃદુ આદિ આઠ સ્પર્શ. એ પ્રમાણે દ્રવ્યાદિ ચાર પ્રકારે વર્ગણા છે. હવે ચાલુ વાત કહે છે —

તેમાં પરમાણુની એક વર્ગણા છે, એ રીતે દ્વિપ્રદેશિકની પણ એક, એ પ્રમાણે એક એક પરમાણુ વૃદ્ધિથી સંખ્યાતપ્રદેશિકોની સંખ્યાતી વર્ગણા અને અસંખ્યાત પ્રદેશિકોની અસંખ્યાતી, અનંત પ્રદેશની અનંતી વર્ગણા છે, પણ ગ્રહણ માટે અયોગ્ય છે. તેને ઉલ્લંઘીને વિશિષ્ટ પરિણામવાળી ઔદારિક શરીર ગ્રહણ યોગ્ય અનંતી વર્ગણા છે, તેને પણ ઓળંગીને પ્રદેશની વૃદ્ધિથી ઔદારિક શરીરને પણ કામ ન લાગે તેવી અનંતી વર્ગણા છે, કેમકે ઘણાં દ્રવ્યોથી અને સૂક્ષ્મ પરિણામે પરિણત થવાથી ઔદારિક શરીરને તે નકામી છે, તેમ આ વર્ગણા અલ્પ પરમાણુથી બનેલ અને બાદર પરિણામવાળી હોવાથી વૈક્રિય શરીરને પણ અયોગ્ય છે. પછી પરમાણુ વૃદ્ધિએ બીજી અનંતી વર્ગણા ઉલ્લંઘવાથી તેવા પરિણામવાળી વૈક્રિય શરીરને યોગ્ય અનંતી વર્ગણાઓ છે. તે પણ પ્રદેશવૃદ્ધિથી વધતાં ગ્રહણને અયોગ્ય છતાં અનંતી છે. કેમકે તે આહારક શરીરને અલ્પ પરમાણુથી નિર્વૃત્ત અને બાદર પરિણામથી યુક્ત હોવાથી ગ્રહણ યોગ્ય થતી નથી. એ પ્રમાણે આહારક અને તૈજસની ભાષાથી આનાપાનની, મન અને કર્મની અયોગ્ય યોગ્ય વર્ગણાઓ પ્રદેશ વૃદ્ધિથી અનંતની ત્રણ ત્રણ યોજવી.



[પ્રશ્ન] આ ઔદારિકાદિની વર્ગણા ત્રણ ત્રણ કેવી રીતે સમજવી ? [ઉત્તર] તૈજસ ભાષા દ્રવ્યાંતરવર્તી ઉભય અયોગ્ય દ્રવ્ય અવધિજ્ઞાન જોઈ શકે છે માટે... આ દ્રવ્ય વર્ગણાક્રમ છે, તેમાં વર્ગણા એટલે વર્ગ કે રાશિ. વિપર્યાસ વડે ક્ષેત્ર તે ક્ષેત્ર સંબંધી વર્ગણાનો ક્રમ જાણવો. કહેવા એ માંગે છે કે — એક પ્રદેશાવગાહી પરમાણુ સ્કંધોની એક વર્ગણા, તે પ્રમાણે દ્વિપ્રદેશ અવગાહીની બીજી વર્ગણા, એમ એકૈક પ્રદેશ વૃદ્ધિએ સંખ્યેય પ્રદેશવગ્રાહીની સંખ્યેય, અસંખ્યેય પ્રદેશાવગાહીની અસંખ્યેય છે. પ્રદેશ પ્રદેશોત્તર અસંખ્યેય ઉલંઘીને કર્મને યોગ્ય અસંખ્યેય વર્ગણા થાય. પછી પ્રદેશ વૃદ્ધિથી તેને અયોગ્ય એવી અસંખ્યેય વર્ગણાઓ થાય છે. શેષ પૂર્વવત્ ત્રણ ત્રણ વર્ગણા યોજવી. આ પ્રમાણે સર્વત્ર ભાવના કરવી. - x - x -

હવે બીજી ગાથા - પૂર્વ ગાથામાં કર્મ દ્રવ્યની વર્ગણા બતાવી. હવે એકૈક પ્રદેશ વૃદ્ધિથી તેને અગ્રહણ યોગ્ય બતાવે છે. “કરાય તે કર્મ.” તે કર્મની ઉપર ધ્રુવ વર્ગણા અનંતી છે. ધ્રુવ-નિત્યકાળ રહેનારી. તેના ઉપર પ્રદેશવૃદ્ધિથી અશાશ્વતી, કદી ન પણ હોય તેવી અનંતી વર્ગણા છે. ત્યારપછી શૂન્ય વર્ગણા - શૂન્યાંતરવાળી વર્ગમા. એટલે એકૈક ઉત્તર વૃદ્ધિએ વ્યવહિત અંતરવાળી અનંતી વર્ગણા છે. તેથી વિપરીત અશૂન્ય અંતરા તે અવ્યવહિત અંતરવાળી પણ એકૈક પ્રદેશે વધતી અનંતી વર્ગણા છે. પછી ચાર ધ્રુવાંતરા પ્રદેશ ઉત્તરવાળી જ વર્ગણા થાય. પછી તનુવર્ગણા છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે —

ભેદ અભેદના પરિણામો વડે ઔદારિકાદિ યોગ્યતા અભિમુખ હોય અથવા મિશ્ર અચિત્ત સ્કંધ દ્વયને યોગ્ય તે ચાર જ વર્ગણાઓ થાય, પછી મિશ્રસ્કંધ થાય. તે સૂક્ષ્મ જ થોડા બાદર પરિણામાભિમુખ હોય તે મિશ્ર છે. ત્યારપછી અચિત્ત મહાસ્કંધ છે. તે વિશ્રસા પરિણામને કારણે કેવલી સમુદ્‌ઘાત ગતિથી લોકને પૂરતો અને સંકોચાતો હોય છે.

અચિત્તપણાના અવ્યભિચારથી તેનું અચિત્ત વિશેષણ વ્યર્થ નથી ? ના, નથી કેવલી સમુદ્‌ઘાત સચિત્ત કર્મ પુદ્‌ગલ લોકવ્યાપી મહાસ્કંધ છે, તેનાથી આ અચિત્ત જુદો છે. કેટલાંક આને જ સર્વોત્કૃષ્ટ પ્રદેશ કહે છે. પણ તે સ્વીકાર્ય નથી. કેમકે અવગાહના અને સ્થિતિ વડે ઉત્કૃષ્ટ પ્રદેશ અસંખ્યેય ભાગ હીનાદિ ભેદથી ચતુઃસ્થાનમાં પડે છે. તેમ કહે છે —

ઉત્કૃષ્ટ પ્રદેશિકના કેટલાં પર્યાયો કહ્યા છે ? ગૌતમ ! અનંતા. શા માટે એમ કહો છો ? ઉત્કૃષ્ટપ્રદેશી ઉત્કૃષ્ટ પ્રદેશિકના દ્રવ્યપણાથી તુલ્ય છે, પ્રદેશ-પણાથી પણ તુલ્ય છે. અવગાહનાથી ચતુઃ આદિ સ્થાનમાં પડે છે, સ્થિતિ વડે પણ ચાર છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી છ સ્થાન પતિત છે. - x - x - પ્રસંગથી આટલો ગાથાર્થ કહ્યો.

પૂર્વે તૈજસ ભાષા દ્રવ્યના અંતરાલમાં તથા ગુરુલઘુ, અગુરુલઘુ દ્રવ્ય જઘન્ય અવધિજ્ઞાની જુએ અને જાણે એમ બતાવ્યું, પણ ઔદારિકાદિ દ્રવ્યોનું બતાવેલ નહોતું. તે હવે બતાવે છે —

• **નિર્યુક્તિ-૪૧ :-**

***ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ એ ગુરુલઘુ દ્રવ્યો છે, કર્મ, મન અને ભાષા એ અગુરુલઘુ દ્રવ્યો નિશ્ચયનયથી છે.***

• **વિવેચન-૪૧ :-** *[નિર્યુક્તિ દીપિકામાં વ્યાખ્યા વિસ્તારથી છે.]*

સૂત્રાર્થ મુજબ છે - x - હવે કહેવાનારી બે ગાથાનો સંબંધ - પૂર્વે ક્ષેત્રકાળનું અવધિજ્ઞાન સંબંધી અંગુલ આવલિકાના અસંખ્યેય આદિ ભાગની કલ્પના વડે પરસ્પર ઉપનિબંધ કહ્યો. હવે તે બંનેનો જ ઉક્ત લક્ષણથી દ્રવ્ય સાથે પરસ્પર ઉપનિબંધ દર્શાવતા કહે છે –

• **નિર્યુક્તિ-૪૨,૪૩ :-**

***મનોદ્રવ્યમાં લોક અને પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જાણવો અને કર્મદ્રવ્યમાં લોકપ્રમાણનો થોડો ન્યૂન પલ્યોપમ જાણવો - x - તૈજસ અને કાર્મણ શરીરના અવધિવાળો તૈજસ અને ભાષા દ્રવ્યોને અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને અને અસંખ્યાત કાળને જુએ છે.***

• **વિવેચન-૪૨,૪૩ :-**

સંખ્યા ગણાય તે સંખ્યેય, મન સંબંધી યોગ્ય દ્રવ્ય તે મનોદ્રવ્ય. તે મનોદ્રવ્યમાં અવધિજ્ઞાનમાં ક્ષેત્રથી સંખ્યેય લોકભાગ જાણે કાળથી પણ સંખ્યાત જ પલ્યોપમને જાણે. અર્થાત્ અવધિજ્ઞાની મનોદ્રવ્યને જાણે તે ક્ષેત્રથી લોકના સંખ્યેય ભાગને અને કાળથી પલ્યોપમના સંખ્યેય ભાગને જાણે. કર્મદ્રવ્યને જાણનારા અવધિજ્ઞાની હોય, તે લોકના તથા પલ્યોપમના જુદા જુદા સંખ્યેય ભાગોને જાણે. સંપૂર્ણ ચૌદ-રાજ પ્રમાણ લોકક્ષેત્રને જે અવધિજ્ઞાની જાણે, તે કાળથી થોડું ન્યૂન પલ્ય૰ જાણે. અર્થાત્ સમસ્ત લોકને જોતો ક્ષેત્રથી, કાળથી દેશોન પલ્યોપમને જુએ છે.

[પ્રશ્ન] દ્રવ્ય સંબંધી ક્ષેત્ર-કાળના અવધિજ્ઞાનના વર્ણનમાં ફક્ત એકલા લોક ક્ષેત્રનું અને પલ્યોપમ કાળનું ગ્રહણ અયુક્ત નથી ? [ઉત્તર] ના, એમ નથી. અહીં પણ દ્રવ્યના ઉપનિબંધનના સામર્થ્યનું વ્યાપ્તપણું છે, તેથી જ તેની ઉપર પણ ધ્રુવ વર્ગણાદિ દ્રવ્યને જોનારા અવધિજ્ઞાનીને ક્ષેત્ર અને કાળની પણ વૃદ્ધિ જાણવી.

હવે બીજી ગાથાની વ્યાખ્યા –

તેજોમય તે તૈજસ, શરીર શબ્દ બધે જોડવો. તૈજસ શરીર વિષય અવધિમાં ક્ષેત્રથી અસંખ્યાત દ્વીપસમુદ્રો પ્રમેયપણે જાણવા. કાળ અસંખ્યાતો જ છે. મિથ્યાદર્શનાદિથી કરાય તે જ્ઞાનવરણીયાદિ આઠ કર્મ. તેનાથી નિર્વૃત્ત કે તન્મય કાર્મણ શરીર, તેમાં પણ તૈજસવત્ કહેવું. એ પ્રમાણે તૈજસદ્રવ્યના વિષયમાં અવધિમાં અને ભાષાદ્રવ્ય વિષયમાં ક્ષેત્રથી જાણવું. ગણાય તે સંખ્યા અને સંખ્યેય નથી તે અસંખ્યેય. દ્વીપ અને સમુદ્રોને જાણે. કાળ પણ અસંખ્યાત જ લેવો, તે પલ્યોપમનો અસંખ્યેય ભાગ સમુદાય પ્રમાણ જાણવો. અહીં અસંખ્યેયત્વ છતાં યથા યોગ દ્વીપાદિ અલ્પબહુત્વ સૂક્ષ્મ બાદર દ્વારથી જાણવું.

પ્રશ્ન - તેની સાથે તૈજસ ભાષાનું અંતરાલ દ્રવ્ય બતાવનાર અંગુલ આવલિકા



અસંખ્યેય ભાગાદિ ક્ષેત્રકાળ પ્રમાણ બતાવ્યું, તે તૈજસ ભાષા દ્રવ્યોનું ક્ષેત્રકાળનું અસંખ્યેયપણું કહ્યું, તેથી વિરોધ આવશે.

સમાધાન - ના, પ્રારંભક અવધિજ્ઞાનીને બંનેને ગ્રહણ કરવા યોગ્ય નહીં તે જ દેખે. દ્રવ્યોના વિચિત્ર પરિણામત્વથી યથોક્ત ક્ષેત્રકાળ પ્રમાણ અવિરુદ્ધ જ છે. અથવા અલ્પદ્રવ્યને આશ્રીને તે કહ્યું. પ્રચુર તૈજસ ભાષા દ્રવ્યોને આશ્રીને આ ફરી અંગીકાર કર્યુ. હવે વધું કહેતા નથી.

[પ્રશ્ન] જઘન્ય અવધિ પ્રમેય બતાવતા કહ્યું કે ગુરુલઘુ કે અગુરુલઘુ દ્રવ્યને જુએ છે, પણ બધું રૂપી દ્રવ્ય નહીં. વિમધ્યમ અવધિ પણ અંગુલ આવલિકાના અસંખ્યેય ભાગના અભિધાનથી અમુક દ્રવ્ય જાણે પણ બધાં નહીં. તો ઉત્કૃષ્ટ અવધિ બધાં રૂપી દ્રવ્યો જાણે કે ન જાણે ?

• **નિર્યુક્તિ-૪૪ :-**

***એક પ્રદેશમાં રહેલાને પરમાવધિ જુએ, કાર્મણ શરીરને જુએ, અગુરુલઘુને પણ જુએ છે. તૈજસશરીરવિષયી ભવ પૃથક્ત્વને જુએ.***

• **વિવેચન-૪૪ :-**

પ્રકૃષ્ટ દેશ તે પ્રદેશ. તેવા એક પ્રદેશમાં અવગાઢ - રહેલ પરમાણુ કે બે અણુ આદિ દ્રવ્યને પરમ અવધિજ્ઞાની જુએ છે. કાર્મણ શરીર પણ જુએ છે.

[પ્રશ્ન] પરમાણુ તથા બે અણુ આદિનું દ્રવ્ય નથી કહ્યું, તે કેમ જાણીએ કે તેનું આલબન પરમાવધિજ્ઞાની લે છે, માટે આ કાર્મણ શરીર લીધું, તેથી જ સિદ્ધ થશે કે આ બે અણુ વગેરેનું કાર્મણ શરીર હશે ?

[ઉત્તર] ના, તેમ નથી. કેમકે તેની એક પ્રદેશાવગાહિતા પ્રાપ્ત થતી નથી. અગુરુલઘુનું જ્ઞાન પામે છે. ચ શબ્દથી ગુરુલઘુને પણ જાણે છે. પુદ્ગલ લક્ષણ જાતિ અપેક્ષાથી એક છે. અન્યથા બધાં બધા પ્રદેશાવગાઢ દ્રવ્યો જુએ છે. તથા તૈજસ શરીર દ્રવ્ય વિષયવાળા અવધિમાં કાળથી ભવપૃથકત્વ બોધપણે સમજવો. તેનો સાર એ છે કે – જે અવધિ તૈજસ શરીરને જુએ છે, તે કાળથી ભવ પૃથકત્વને જુએ છે. પૂર્વોક્ત તૈજસ શરીરને જુએ તે કાળથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ જુએ છે. તે જ અહીં ભવપૃથકત્વથી વિશેષ કહ્યો.

[પ્રશ્ન] એક પ્રદેશાવગાઢનું અતિ સૂક્ષ્મપણું હોવા છતાં કાર્મણ શરીરાદિનું તેને દર્શન થાય ત્યારે તેને કહેવું વ્યર્થ છે ? એક પ્રદેશાવગાઢ પણ ન કહેવું. કેમકે બધાં રૂપી દ્રવ્યને જાણે છે, એમ કહેલું છે. [ઉત્તર] સૂક્ષ્મ જુએ માટે બાદર પણ જુએ કે બાદર જુએ માટે સૂક્ષ્મ પણ જુએ તેવો નિયમ નથી કેમકે – અવધિજ્ઞાન ઉપજતા અગુરુલઘુનો આરંભક તેને જોવા છતાં ગુરુલઘુને જોતો નથી અથવા અતિ સ્થૂળ ઘટાદિને મનોદ્રવ્યમાં જ જાણવાપણું રહે, પણ અતિસ્થૂલ બીજા દ્રવ્યોમાં નહીં. આ પ્રમાણે વિજ્ઞાન વિષયમાં વૈચિત્ર્યનો સંભવ થતાં સંશય નિવારવા એક પ્રદેશાવગાહીના ગ્રહણ છતાં બાકી વિષયોનું વિશેષ બતાવવું તે અદોષ છે અથવા એક પ્રદેશાવગાહી ગ્રહણ કરવાથી પરમાણુથી કાર્મણ સુધીનું ગ્રહણ છે. - x - x - ઈત્યાદિ બધાં રૂપી

પદાર્થને જાણે છે, માટે તેમાં દોષ નથી. - x - આ પ્રમાણે પરમ અવધિનો દ્રવ્યાશ્રિત વિષય કહ્યો. હવે ક્ષેત્ર-કાળ આશ્રિત બતાવે છે —

● નિર્યુક્તિ-૪૫ :-

***પરમાવધિ ક્ષેત્રથી લોકપ્રમાણ અસંખ્યાત ખંડો, કાળથી અસંખ્યાત, દ્રવ્યથી રૂપી, ક્ષેત્ર પ્રમાણ અગ્નિજીવોની ઉપમાથી જાણવું.***

● વિવેચન-૪૫ :-

પરમ એવી આ અવધિ તે પરમાવધિ, અવધિ અને અવધિજ્ઞાનીના અભેદ ઉપચારથી આ પરમાવધિ ક્ષેત્રથી અસંખ્યાત લોક માત્ર ખંડોને જાણે. કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીને જાણે. દ્રવ્યથી મૂર્તદ્રવ્યોને જાણે. તેથી પરમાણુથી માંડીને બધાં ભેદ સહિત પુદ્ગલાસ્તિકાયને જાણે, ભાવથી હવે કહેવાનાર પર્યાયોને જાણે. - x - અગ્નિ જીવોનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું.

[પ્રશ્ન] રૂપગત સર્વને જાણે. તેમ અનંતર ગાથામાં જણાવેલ છે જ, તો અહીં ફરી કેમ જણાવ્યું ? બીજું રૂપગત દ્રવ્ય નથી, તે બતાવવા કહ્યું છે. અથવા પૂર્વ ગાથામાં એક પ્રદેશાવગાઢાદિ પરમાવધિનું દ્રવ્ય પરિમાણ કહ્યું, અહીં તે “રૂપગત બધાં દ્રવ્યો જાણે” તે ક્ષેત્ર, કાળ બંનેનું વિશેષણ કહ્યું. તેનો સાર એ છે કે — રૂપી દ્રવ્યાનુગત લોકમાત્ર અસંખ્યેય ખંડ ઉત્સર્પિણી અવસર્પિણી લક્ષણ ક્ષેત્ર કાળ બંનેને જુએ, પુદ્ગલ દ્રવ્યોને નહીં. કેમકે અરૂપીપણું છે અને અવધિજ્ઞાન રૂપી દ્રવ્ય નિબંધનપણે છે. આ પ્રમાણે પુરુષાશ્રયી ક્ષાયોપશમિક અવધિ અનેકભેદે છે.

હવે તિર્યંચને આશ્રીને કહે છે —

● નિર્યુક્તિ-૪૬ :-

***તિર્યંચ યોનિમાં ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની આહાર અને તૈજસ દ્રવ્યોને જુએ છે. નારકમાં એક ગાઉ અને ઉત્કૃષ્ટ એક યોજન જાણવું.***

● વિવેચન-૪૬ :-

આહાર, તૈજસ ગ્રહણ કરવાથી ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ દ્રવ્યો લેવા. તેથી આહાર અને તૈજસનો લાભ તિર્યંચ યોનિમાં છે. તેનો અર્થ એ છે કે — તિર્યંચયોનિમાં જે અવધિજ્ઞાન છે, તે ઉત્કૃષ્ટથી દ્રવ્યથી આહારક અને તૈજસ શરીરના દ્રવ્યોને જાણે. હવે ભવપ્રત્યય અવધિનું સ્વરૂપ કહે છે. તે દેવ અને નારકોને હોય છે. તેમાં નારકોને થોડું હોય છે, માટે તેને પ્રથમ કહે છે, તે જઘન્યથી ગાઉને જાણે છે. “જે નરોને બોલાવે તે નારક” તેમને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન એક યોજનનું હોય. તેનો સાર એ કે — નારકીમાં થતું ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ક્ષેત્રથી એક યોજન છે. અહીં પૂર્વે કહેલ છે તેમ દ્રવ્યપર્યાયો આદિ સંબંધી પણ જાણવું. આ પ્રમાણે નારકજાતિને આશ્રીને જઘન્ય ઉત્કૃષ્ટ ભેદ કહ્યો.

હવે રત્નપ્રભા પૃથ્વીને આશ્રીને કહે છે —

● નિર્યુક્તિ-૪૭ :-

***ચાર ગાઉ, સાડા ત્રણ ગાઉ, ત્રણ ગાઉ, અઢી ગાઉ, બે ગાઉ, દોઢ ગાઉ,***



***એક ગાઉ એ ક્રમે પહેલીથી સાતમી નરક સુધી ઉત્કૃષ્ટાવધિ હોય.***

● વિવેચન-૪૭ :-

નરક તે નારકને રહેવાના સ્થાનો. તે સાત પૃથ્વીના આધારપણે હોવાથી સાત ભેદે છે. તેમાં રત્નપ્રભાદિ આધારવાળા નરકોમાં અનુક્રમે ઉત્કૃષ્ટ અને જઘન્ય ભેદથી અવધિનું ક્ષેત્ર પરિમાણ કહ્યું છે. નરક કહેવાથી નારકીના જીવો ત્યાં રહ્યા છે, તે લેવા. તેમાં પહેલી રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ અવધિ ક્ષેત્ર ચાર ગાઉ અને જઘન્યાવધિ ૩॥ ગાઉ છે.

એ પ્રમાણે શર્કરાપ્રભામાં ઉત્કૃષ્ટ ૩॥ ગાઉ, જઘન્ય ૩-ગાઉ છે. એમ સર્વત્ર ઉત્કૃષ્ટમાં અડધો ઘટાડતાં જઘન્યમાં છેવટે મહાતમઃપ્રભા નારકમાં ઉત્કૃષ્ટ અવધિ ૧ ગાઉ અને જઘન્ય અડધો ગાઉ આવે. રત્નપ્રભા નરકાદિ જાતિ અપેક્ષિત એકવચન છે.

[પ્રશ્ન] ઉત્કૃષ્ટથી યોજન અને જઘન્યથી ૩॥ ગાઉ, એમ શાથી કહ્યું ? [ઉત્તર] સૂત્રથી તે પ્રમાણે છે. તતા કહ્યું છે — ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક અવધિજ્ઞાન વડે કેટલાં ક્ષેત્રને જુએ અને જાણે ? ગૌતમ ! જઘન્યથી ૩॥ ગાઉ અને ઉત્કૃષ્ટથી ૪-ગાઉ. ઈત્યાદિ - x - જ્યાં જઘન્ય અવધિજ્ઞાન નારકોનું ૧-ગાઉ કહ્યું, ત્યાં વાંધો આવશે ? [ઉત્તર] ના, ત્યાં જઘન્યથી ૦॥ ગાઉ છે, માટે દોષ નથી. આથી જાણવું કે — સાતમી નરકમાં ઉત્કૃષ્ટ ૧-ગાઉ કહ્યું. ત્યાં જઘન્યતી ૦॥ ગાઉ સમજી લેવું.

નારકીનું કહ્યું, હવે દેવસંબંધી ભવપ્રત્યય કહે છે —

● નિર્યુક્તિ-૪૮ થી ૫૦ :-

***શક્ર અને ઈશાન પહેલી નરક સુધી, સનત્કુમાર અને માહેન્દ્ર બીજી સુધી, બ્રહ્મ અને લાંતક ત્રીજી સુધી, શુક્ર અને સહસ્રાર ચોથી સુધી, આનત અને પ્રાણત પાંચમી સુધી, આરણ-અચ્યુત પણ પાંચમી સુધી પણ વિમલતર અને ઘણું વધારે અવધિજ્ઞાનથી જુએ. અધો અને મધ્યમ ગ્રૈવેયકવાળા છઠ્ઠી સુધી, ઉવરિમવાળા સાતમી સુધી, અનુત્તરદેવો સંપૂર્ણ લોકનાડીને જુએ.***

● વિવેચન-૪૮ થી ૫૦ :-

શક્ર અને ઈશાન એટલે સૌધર્મ અને ઈશાન કલ્પે રહેલા સામાનિક આદિ દેવતાઓ સ્વ અવધિજ્ઞાન વડે રત્નપ્રભા પૃથ્વી સુધી જુએ છે. સનત્ કુમાર અને માહેન્દ્રકલ્પના દેવાધિપને આશ્રીને તેના સામાનિકાદિ દેવો બીજી પૃથ્વીને અવધિજ્ઞાન વડે જુએ છે. એ રીતે સૂત્રાર્થવત્ બધે સમજવું.

લોકપુરુષની ગ્રીવા સ્થાને રહેલા તે ગ્રૈવેયક વિમાનો. તેના અધો અને મધ્યમ ગ્રૈવેયકના દેવો તમોપ્રભા નામે છઠ્ઠી નરક સુધી જુએ છે. ઉપરના ગ્રૈવેયકવાસી દેવો સાતમી નરક સુધી જુએ છે. અનુત્તર વિમાનવાસી દેવો ચૌદ રાજલોક તે કન્યાના ચોલક સંસ્થાન સમાન અવધિજ્ઞાન વડે લોકનાડીને જુએ છે. ‘દેવ’ શબ્દનું ગ્રહણ ત્યાં રહેલ એકેન્દ્રિયોના વર્જન માટે કરેલ છે. એ પ્રમાણે ક્ષેત્રાનુસારથી દ્રવ્યાદિ પણ જાણવા.

એ રીતે વૈમાનિક અવધિનું અધો ક્ષેત્રપ્રમાણ કહ્યું. હવે તીર્છું અને ઉર્ધ્વ

પ્રમાણ બતાવવા કહે છે –

● **નિર્યુક્તિ-૫૧ :-**

***તીર્છું અસંખ્યાત દ્વીપ અને સાગર સુધી તથા ઉપર-ઉપરના ઘણું વધારે અને પોતાના કલ્પના સ્તૂપ સુધી જુએ છે.***

● **વિવેચન-૫૧ :-**

સૌધર્માદિ દેવોનું તીર્છું અવધિજ્ઞાન અસંખ્યાત દ્વીપ-જંબૂદ્વીપ આદિ અને સાગર-લવણસમુદ્ર આદિ ક્ષેત્રથી જાણવું. ઉપર-ઉપરના દેવો વધુ-વધુ દ્વીપ અને સાગરને જુએ છે. પરંતુ તે દરેક કલ્પવાસી દેવો ઉંચે તો પોતાના સ્તૂપ તથા ધ્વજા આદિ જેટલું જુએ. આ પ્રમાણે વૈમાનિકનું અવધિક્ષેત્ર બતાવીને હવે સામાન્ય દેવનું અવધિ કહે છે –

● **નિર્યુક્તિ-૫૨ :-**

***અર્ધ સાગરોપમથી ઓછા આયુવાળા દેવોને સંખ્યાત યોજન અને તેની ઉપરવાળાને અસંખ્યાત યોજન તથા જઘન્યથી ૨૫-યોજન હોય.***

● **વિવેચન-૫૨ :-** *[નિર્યુક્ત દીપિકામાં ઘણાં વિસ્તારથી છે.]*

સંખ્યાત એવા યોજન તે સંખ્યાતયોજન. ખલુ શબ્દ ‘જ’કાર અર્થમાં છે. તેનો બંને સાથે સંબંધ થાય તે બતાવીશું, જે દેવનું અર્ધ સાગરોપમથી ઓછું આયુષ્ય હોય તેને સંખ્યાતા યોજનનું અવધિજ્ઞાન ક્ષેત્રથી હોય, તેથી ઉપરના આયુષ્યવાળાને અસંખ્યાત યોજનનું અવધિજ્ઞાન હોય. આ અધિકાર પૂર્વે વર્ણિત વૈમાનિક દેવોમાં ન ગણવો. સામાન્યમાં ગણવો. વિશેષથી તો ઉંચે, નીચે અને તીર્છું સંસ્થાન વિશેષથી જાણવું.

જઘન્યથી દેવોને ૨૫-યોજનનું અવધિજ્ઞાન હોય છે. તુ શબ્દ ‘જ’કારના અર્થમાં છે. તેથી એમ જાણવું કે ૧૦,૦૦૦ વર્ષાયુવાળા ભવનપતિ અને વ્યંતર દેવોને ૨૫-યોજન હોય. જ્યોતિષ્ક દેવોને તો અસંખ્યાત વર્ષાયુ હોવાથી સંખ્યાત યોજનનું અવધિજ્ઞાન જઘન્ય-ઉત્કૃષ્ટથી જાણવું વૈમાનિકોને જઘન્યથી અવધિજ્ઞાન અંગુલનો અસંખ્યેય ભાગ માત્ર જાણવું અને તે ઉપપાત કાળે પરભવ સંબંધી હોય, તેને આશ્રીને કહ્યું. ઉત્કૃષ્ટથી તો અનુત્તર દેવો સંભિન્ન લોકનાડીને જુએ, તેમ પૂર્વે કહ્યું છે - x -

હવે આ અવધિ જેમને સર્વોત્કૃષ્ટ ભેદથી ભિન્ન છે, તે કહે છે –

● **નિર્યુક્તિ-૫૩ :-**

***મનુષ્યોમાં ઉત્કૃષ્ટ, મનુષ્ય અને તિર્યંચમાં જઘન્ય, લોકમાત્ર, ઉત્કૃષ્ટ તે પ્રતિપાતિ અને પછી અપ્રતિપાતિ અવધિજ્ઞાન હોય છે.***

● **વિવેચન-૫૩ :-**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉત્કૃષ્ટ અવધિ મનુષ્યોમાં જ છે, દેવ આદિમાં નથી તથા જઘન્ય પણ મનુષ્ય અને તિર્યંચોમાં જ છે, દેવ અને નારકીમાં નથી. તેમાં સૌથી ઉત્કૃષ્ટ લોક માત્ર અવધિ છે, કે જે પાછું પડી પણ જાય, ત્યારપછી જે અવધિ વધે તે અપ્રતિપાતિ જ છે.



લોક માત્ર અવધિનું માન બતાવતાં પ્રસંગથી પ્રતિપાતિ-અપ્રતિપાતિનું સ્વરૂપ બતાવ્યું, તેમાં દોષ નથી. ક્ષેત્ર પરિમાણ દ્વાર કહ્યું, હવે સંસ્થાન દ્વાર –

● **નિર્યુક્તિ-૫૪ :-**

***જઘન્ય અવધિજ્ઞાન સ્તિબુકાકારે, ઉત્કૃષ્ટ ગોળ અને કંઈક લાંબુ, અજઘન્યોત્કૃષ્ટ ક્ષેત્રથી અનેક પ્રકારના આકારે હોય છે.***

● **વિવેચન-૫૪ :-**

સ્તિબુક-પાણીનું બિંદુ, તેના જેવો આકાર જઘન્ય અવધિનો હોય, તે જ સ્પષ્ટ કરતાં કહે છે – તે સર્વ બાજુથી વૃત્ત હોય છે. કેમકે પનકક્ષેત્રનું વર્તુળપણું છે. ઉત્કૃષ્ટથી દીર્ઘ છે. તથા અગ્નિ જીવોની શ્રેણિના પરિક્ષેપની સ્વદેહાનુવૃત્તિપણે છે. મધ્યમ અવધિ અનેકાકારે છે.

જઘન્ય, ઉત્કૃષ્ટ સંસ્થાન કહી, હવે મધ્યમાવધિને કહે છે.

● **નિર્યુક્તિ-૫૫ :-**

***ત્રાપો, પ્યાલો, પટહ, ઝલ્લરી, મૃદંગ, પુષ્પ છાબડી અને યવ આકારે [નારકાદિનું] અવધિજ્ઞાન અનુક્રમે છે. મનુષ્ય અને તિર્યંચનું અવધિજ્ઞાન વિવિધ આકારે કહેલું છે.***

● **વિવેચન-૫૫ :-** *[ચૂર્ણિમાં અહીં આનુગામિકનું વર્ણન પણ છે.]*

ત્રાપો-ઉડુપક જેવો આકાર, લાટ દેશે ધાન્યાલય વિશેષ તે પ્યાલો, પટહ-વાદ્ય વિશેષ, ઝલ્લરી - ચામડાથી મઢેલ વિસ્તીર્ણ વલયાકાર, તે પણ વાદ્ય વિશેષ છે, ઉપર લાંબુ અને નીચે વિસ્તીર્ણ તથા ઉપર પાતળું તે મૃદંગ, એ પણ વાદ્ય છે. પુષ્પ શિખાની આવલિથી રચેલ ચંગેરી તે પુષ્પચંગેરી છે. યવ એટલે યવનાલક - કન્યાનો ચોલક. એ બધાં આકારો લેવા. ભાવાર્થ એ છે કે – ત્રાપાદિ આકારે અવધિજ્ઞાન છે, તે અનુક્રમે નારક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક કલ્પવાસી, કલ્પાતીત દેવ તે ગ્રૈવેયક અને અનુત્તર દેવોને અનુક્રમે સર્વ કાળ નિયતથી અવધિ જાણવું.

તિર્યંચ અને મનુષ્યને વિવિધ આકારે રહેલ છે. દૃષ્ટાંત કહે છે – સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્ય સમૂહ સમાન આકાર છે. જો કે ત્યાં વલયાકાર નિષેધ છે, અવધિજ્ઞાન તો તેવા આકારે પણ હોય. એમ સૂત્રથી ગણધરોએ અને અર્થથી તીર્થંકરોએ કહેલ છે. આ અવધિ ભુવનપતિ અને વ્યંતરોને ઉંચે ઘણું હોય, બાકીના દેવોને નીચે વધુ હોય, જ્યોતિષ્ક અને નારકીને તીર્છું વધુ હોય. મનુષ્ય અને તિર્યંચને વિચિત્ર પ્રકારે હોય.

સંસ્થાન દ્વાર કહ્યું, હવે આનુગામુક દ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૫૬ :-**

***નારકો તથા દેવોને આનુગામી અવધિજ્ઞાન હોય છે. મનુષ્ય અને તિર્યંચને આનુગામી, અનાનુગામી અને મિશ્ર અવધિજ્ઞાન હોય છે.***

● **વિવેચન-૫૬ :-**

લોચન માફક જ્યાં જાય ત્યાં સાથે જાય, તે આનુગામુક અવધિ. તુ શબ્દ

'જ' કારાર્થે છે. કોને હોય ? નરને લઈ જાય તે નરક. તેમાં થાય તે નારકો. તે નારકોને તથા સ્વર્ગમાં રહે તે દેવો, તેને હોય છે.

અનનુગામુક - સ્થિત દીવાની જેમ સાથે ન જનાર. મિશ્ર - એક દેશ જાય તેવા સ્વભાવવાળું, જેમ દેશાંતર જતા પુરુષનું એક લોચન ઉપઘાત પામેલ હોય તેવું. આવું ત્રણે પ્રકારનું અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને હોય છે. આનુગામુક કહ્યું, હવે અવસ્થિતદ્વારના અવયવોને કહે છે —

• નિર્યુક્તિ-૫૭,૫૮ :-

***ક્ષેત્રને આશ્રીને કાળથી ૩૩-સાગરોપમ અવસ્થાન, દ્રવ્યમાં અંતર્મુહૂર્ત અને સાત-આઠ સમય સુધી પર્યાયોને જુએ... અવધિજ્ઞાનનો ઉત્કૃષ્ટ કાળ ૬૬-સાગરોપમથી અધિક છે અને જઘન્ય એક સમય છે.***

• વિવેચન-૫૭,૫૮ :-

અવસ્થિત તે અવસ્થાન. તે અવધિજ્ઞાનનું આધાર, ઉપયોગ તથા લબ્ધિથી ચિંતવે છે. ક્ષેત્ર તેનો પહેલો આધાર છે માટે ક્ષેત્ર સંબંધી કહે છે. અવિચલિત હોય તે ૩૩-સાગરોપમ સુધી અનુત્તર દેવોને હોય. તે કાળ આશ્રચી પણ બતાવી દીધું. દ્રવ્ય સંબંધી અવધિનું ઉપયોગ સ્થાન ભિન્ન મુહૂર્ત છે. દ્રવ્ય - જે દ્રવે છે, તે તે પર્યાયોને પામે છે તે, આ દ્રવ્યના વિષયમાં. - x - પર્યવો આશ્રીને સાત આઠ સમય છે. બીજા કહે છે કે — પર્યવોમાં સાત સમયનું છે અને ગુણોમાં આઠ સમયનું છે. ગુણ - સહવર્તી તે ગુણો - શુક્લત્વ આદિ. પર્યાયો ક્રમવર્તી નવા-જૂના આદિ છે.

આ દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં સૂક્ષ્મપણાથી સ્તોક ઉયોગપણું છે.

અહીં લબ્ધિથી અવસ્થાન કહે છે. અદ્ધા - કાળ. તે અવધિજ્ઞાનની લબ્ધિને આશ્રીને ચિંતવે છે. તેમાં અન્યત્ર ક્ષેત્રાદિમાં ૬૬-સાગરોપમ છે. 'તુ' વિશેષણનાં અર્થમાં છે, તેથી સાધિક ૬૬-સાગરોપમ ઉત્કૃષ્ટ કાળ.

જઘન્યથી દ્રવ્યાદિમાં એક સમયનું અવસ્થાન છે. તે મનુષ્ય અને તિર્યંચને આશ્રીને સપ્રતિપાત ઉપયોગને આશ્રીને અવિરુદ્ધ છે. દેવ અને નારકોને પણ છેલ્લા સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય અને પછી ચ્યવે તો એક સમયનું વિભંગજ્ઞાનથી અવધિજ્ઞાન થાય, તેથી તેમાં કોઈ વિરોધ નથી.

આ રીતે અવસ્થિત દ્વાર કહીને ચલ દ્વાર કહે છે —

• નિર્યુક્તિ-૫૯ :-

***ક્ષેત્ર અને કાળની વૃદ્ધિ કે હાનિ ચાર પ્રકારે છે. દ્રવ્યમાં વૃદ્ધિ કે હાનિ બે પ્રકારે છે અને પર્યાયમાં છ પ્રકારે છે.***

• વિવેચન-૫૯ :- *[ચૂર્ણિમાં આ વ્યાખ્યા ઘણાં વિસ્તારથી છે.]*

ચલ અવધિ વર્ધમાન કે ઘટનાર હોય છે. તે વૃદ્ધિ-હાનિ, ક્ષેત્ર અને કાળને આશ્રીને જિનેશ્વરે ચાર પ્રકારે બતાવી છે, તે આ રીતે — અસંખ્યેય ભાગ વૃદ્ધિ, સંખ્યેય ભાગ વૃદ્ધિ, સંખ્યેય ગુણ વૃદ્ધિ, અસંખ્યેય ગુણ વૃદ્ધિ. એ પ્રમાણે હાનિમાં પણ સમજવું. પણ અનંત ભાગ કે અનંત ગુણ વૃદ્ધિ કે હાનિ ન થાય. કેમકે ક્ષેત્ર



કે કાળમાં અનંતુ અવધિજ્ઞાનથી દેખાતું નથી. પણ તે ચાર સિવાયની પણ અનંત ભાગ વૃદ્ધિ - અનંતગુણ વૃદ્ધિ દ્રવ્યોમાં થાય છે, તેમ હાનિનું પણ જાણવું. કેમકે પુદ્‌ગલ દ્રવ્યો અનંતા છે અને તે અવધિજ્ઞાની જુએ છે તથા પર્યાયોમાં પણ છ ભેદ ઉપરોક્ત દ્રવ્યો જેવા છે, કેમકે પર્યાયો પણ અનંતા છે, તે છ ભેદ આ પ્રમાણે — અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણવૃદ્ધિ, અનંત ગુણ વૃદ્ધિ. તેમ હાનિ પણ જાણવી.

[પ્રશ્ન] ક્ષેત્રની અસંખ્યેય ભાગાદિની વૃદ્ધિમાં તેના આધેયરૂપ દ્રવ્યો પણ તેના નિબંધન હોવાથી અસંખ્યેય ભાગાદિ વૃદ્ધિ જ હોય, તે પ્રમાણે પર્યાયમાં પણ છે, તો છ સ્થાનક ક્યાંથી થાય ?

[ઉત્તર] સામાન્ય ન્યાયથી આ કહ્યું જો ક્ષેત્ર અનુવૃત્તિથી પુદ્‌ગલો ગણીએ તો તમે કહ્યું તેમ જ થાય, તેવું જ પર્યાયમાં છે. પણ અહીં પોતાના ક્ષેત્રથી અનંતગણાં પુદ્‌ગલો છે, તેથી અનંતગણાં પર્યાયો છે, માટે જે કહ્યું તે યોગ્ય છે. કેમકે દરેક પ્રતિનિયત વિષય છે.

ચલ દ્વાર કહ્યું, હવે તીવ્ર અને મંદ દ્વાર કહે છે —

• નિર્યુક્તિ-૬૦,૬૧ :-

***એક જીવને અસંખ્યાત કે સંખ્યાત સ્પર્ધક હોય છે. એક સ્પર્ધકમાં ઉપયોગ હોય ત્યારે નિયમા સર્વમાં ઉપયોગ હોય છે. અનુગામી, અનનુગામી, મિશ્ર તથા પ્રતિપાતિ, અપ્રતિપાતિ, મિશ્ર એ છ પ્રકારના સ્પર્ધક મનુષ્ય અને તિર્યંચને હોય છે.***

• વિવેચન-૬૦,૬૧ :-

આ સ્પર્ધકો તે અવધિજ્ઞાનના નિર્ગમ દ્વારો છે અથવા ગોખ કે જાળી આદિમાંથી આવતી દીવાની પ્રભા જેવા સ્પર્ધકો છે. તે એક જીવના અસંખ્યાત કે સંખ્યાત હોય છે. તેમાં એક સ્પર્ધકના ઉપયોગમાં નિયમથી સર્વે સ્પર્ધકો ઉપયોગમાં આવે છે. કેમકે સ્પર્ધકો ઘણાં પણ જીવનો ઉપયોગ એક જ હોય છે, જેમ બે લોચનનો ઉપયોગ એક જ છે અથવા પ્રકાશમય હોવાથી દીવાની માફક સ્પર્ધકો બધું સાથે જ જુએ છે.

પ્રશ્ન-તીવ્ર-મંદ દ્વારનો ચાલતો વિષય છોડીને સ્પર્ધકના અવધિનું સ્વરૂપ બતાવતાં ક્રમ વિરોધ ન થાય ? પ્રાયઃ અનુગામુક, અપ્રતિપાતિ લક્ષણવાળા સ્પર્ધકો તીવ્ર છે, તેથી વિપરીતમાં મંદ છે અને બંને સ્વભાવવાળા મિશ્ર સ્પર્ધકો છે.

હવે બીજી ગાથાની વ્યાખ્યા —

સ્પર્ધકનું સ્વરૂપ પહેલી ગાથામાં બતાવ્યું. તેમાં અનુગમન સ્વભાવવાળા તે આનુગામુક. વિપરીત તે અનાનુગામુક, ઉભય સ્વભાવી તે મિશ્ર. પડવાના સ્વભાવવાળા તે પ્રતિપાતિ ઈત્યાદિ - x - આ બધાં સ્પર્ધક મનુષ્ય અને તિર્યંચના અવધિજ્ઞાનમાં જ હોય છે.

[પ્રશ્ન] આનુગામુક અને અપ્રતિપાતિમાં શો ફેર ? તેથી વિપરીતમાં શો ફેર ?

અપ્રતિપાતિ તો આનુગામુક જ હોય, પણ આનુગામુક પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ગમે તે હોય. જે પડે તે પ્રતિપાતિ અને પડેલ હોય તે દેશાંતરમાં ઉત્પન્ન પણ થાય, પણ તે રીતે અનાનુગામુક ન હોય.

હવે પ્રતિપાત અને ઉત્પાત દ્વાર કહે છે –

• **નિર્યુક્તિ-૬૨,૬૩ :-**

***દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એક સમયે ઉત્પાત, પ્રતિપાત, ઉભય અને બાહ્ય અવધિમાં ભજના હોય છે... અભ્યંતર અવધિમાં એક સમયે ઉત્પાદ અને પ્રતિપાત સાથે ન હોય, પણ તે બેમાંથી એક હોય.***

• **વિવેચન-૬૨,૬૩ :-**

જોનાર બહાર જે અવધિ તે એક દિશામાં અથવા ઘણી દિશામા વિછિન્ન હોય તે બાહ્ય છે. તેનો લાભ તે બાહ્ય અવધિ કહેવાય. આ બાહ્ય અવધિ પ્રાપ્તિમાં ભજના જાણવી. [પ્રશ્ન] શાની ? ઉત્પાદ, પ્રતિપાદ, તદુભય ગુણ એક સમયમાં થાય.

કયા વિષયમાં ? દ્રવ્યના વિષયમાં.

એ પ્રમાણ ક્ષેત્ર, કાળ, ભાવના વિષયમાં પણ જાણવું. - x - તેના ભાવાર્થ આ છે - એક સમયમાં દ્રવ્યાદિ વિષયમાં બાહ્ય અવધિજ્ઞાનનો કદાચ ઉત્પાદ થાય તો કદાચ વ્યય પણ થાય, કોઈ વખત બંને ન થાય. જેમ કોઈ દાવાનળ એક કાળે જ એક બાજુએ દીપે [બળે] અને બીજી બાજુએ બુઝે તેમ એક ભાગમાં અવધિ થાય અને બીજે નષ્ટ થાય.

અહીં જોનારને સર્વ બાજુએ સંબદ્ધ દીવાની પ્રભાના સમૂહ માફક હોય તે અવધિને અભ્યંતર અવધિ કહે ચે, તેની લબ્ધિ અભ્યંતર લબ્ધિ છે. તુ શબ્દ વિશેષણ રૂપ છે, તેથી તે લબ્ધિ હોય ત્યારે ઉત્પાત અને પ્રતિપાત બંને એક સમયમાં ન હોય, “દ્રવ્યાદિના વિષયમાં” એ પદો અનુવર્તે છે. ઉત્પાદ હોય અથવા પ્રતિપાત એક સમયમાં હોય. अपि શબ્દ ‘જ’કાર અર્થમાં છે. તેનો ભાવાર્થ એ છે કે – પ્રદીપનો ઉત્પાદ અથવા પ્રતિપાત એક સમયમાં એક જ હોય, પણ અભ્યંતર અવધિમાં બંને સાથે ન હોય, - x - જેમ આંગળીનું આકુંચન અને પ્રસારણ સાથે ન હોય. પ્રતિપાત અને ઉત્પાદ દ્વાર કહ્યા.

નિર્યુક્તિ-૪૨માં કહ્યું કે – “સંખ્યેય મનોદ્રવ્ય વિષયમાં અવધિમાં લોક અને પલ્યોપમ ભાગ૦” તેમાં દ્રવ્યાદિ ત્રણનો પરસ્પર ઉપનિબંધ કહ્યો. હવે દ્રવ્ય-પર્યાયના પ્રસંગથી જ ઉત્પાદ-પ્રતિપાત અધિકાર કહે છે –

• **નિર્યુક્તિ-૬૪ :-**

***એક દ્રવ્યથી અસંખ્યાત અને સંખ્યાત પર્યાયોને પણ જુએ છે, જઘન્યથી બમણા બે પર્યાય એટલે વર્ણાદિ ચારને જુએ છે.***

• **વિવેચન-૬૪ :-**

પરમાણુ આદિ એક દ્રવ્યને જોતો દ્રવ્યના સંબંધથી ઉત્કૃષ્ટથી અસંખ્યેય, મધ્યમથી સંખ્યેય તેના પર્યાયોને જુએ. જઘન્યથી એક દ્રવ્યમાં બે પર્યાયો જુએ.



અહીં એવું કહે છે કે – વર્ણ, ગંધ, રસ, સ્પર્શોને જ દરેક દ્રવ્યમાં જુએ, એક દ્રવ્યમાં અનંતા પર્યાયો ન જુએ, પણ સામાન્યથી તો દ્રવ્યો અનંતા હોવાથી અનંતા દ્રવ્યોના અનંતા પર્યાયો ઉત્કૃષ્ટથી જુએ.

હવે જ્ઞાન દર્શન વિભંગ દ્વારોના અવયવોને કહે છે –

• **નિર્યુક્તિ-૬૫ :-**

***આકાર અને અનાકાર એવા અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન ઉપરના ગ્રૈવેયક સુધી જઘન્યથી સમાન છે. પછી અસંખ્યયોજન છે.***

• **વિવેચન-૬૫ :-**

જે વિશેષ ગ્રહણ કરે તે સાકાર, તે જ જ્ઞાન કહેવાય છે. જે સામાન્ય ગ્રાહક છે, તે અવધિ હોય કે વિભંગ હોય તે અનાકાર છે, તેને જ દર્શન કહે છે. તે સાકાર અને અનાકાર અવધિ-વિભંગ જઘન્યથી તો તુલ્ય જ છે. અહીં સમ્યગ્ દૃષ્ટિનું અવધિ અને મિથ્યાદર્શનીનું તે વિભંગ જ છે.

લોકપુરુષની ગ્રીવા સમાન નવ ગ્રૈવેયક છે. તુ શબ્દ ‘अपि’ ના અર્થમાં છે, તેથી એમ જાણવું કે ભુવનપતિથી લઈને નવ ગ્રૈવેયક સુધી આ જ ન્યાય છે, કે સાકાર-અનાકાર અવધિ વિભંગજ્ઞાન જઘન્યથી લઈને તુલ્ય છે, પણ ઉત્કૃષ્ટથી તુલ્ય નથી. અનુત્તર વિમાનોમાં મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન ન થાય, તેથી અવધિજ્ઞાન દર્શન જ હોય છે, તે અવધિ ક્ષેત્રની અપેક્ષાથી અસંખ્યેય યોજન હોય છે. હવે દેશ દ્વાર –

• **નિર્યુક્તિ-૬૬ :-**

***નારક, દેવ, તીર્થંકરોને અભ્યંતર અવધિ હોય છે અને સંર્વ બાજુથી જુએ છે, બાકીના દેશથી જુએ છે.***

• **વિવેચન-૬૬ :-**

नारका० - શબ્દાર્થ પૂર્વે કહેલ છે. તીર્થને કરવાના સ્વભાવવાળા તે તીર્થંકરો. च શબ્દ ‘જ’કાર અર્થમાં છે. - x - આ નારક, દેવ, તીર્થંકરો અવધિજ્ઞાનથી અબાહ્ય હોય છે. અર્થાત્ અવધિથી ઉપલબ્ધ ક્ષેત્રની અંદર વર્તે છે. કેમકે જેમ દીવો ચારે બાજુ પ્રકાશે છે, તેમ આ ત્રણેનું અવધિ બધી બાજુએ જુએ છે. તેથી તેઓ અર્થથી અબાહ્ય અવધિવાળા છે. એટલે કે બધી જ દિશા અને વિદિશામાં જોઈ શકતા હોવાથી બાહ્ય અવધિવાળા નથી. ‘खलु’ શબ્દ ‘જ’કાર અર્થમાં છે.

[પ્રશ્ન] અવધિની બાહ્ય એમ કહેવાથી જ ચોતરફ જુએ છે, તે સિદ્ધ છે, પછી બધી દિશામાં દેખે છે, એમ વધુ કહેવાની શી જરૂર છે ? [ઉત્તર] ના, એમ નથી, અવધિનું અબાહ્યત્વ કહેવાથી અને અભ્યંતર અવધિત્વ છતાં બધાં બધી દિશામાં જોઈ શકતા નથી. કેમકે અવધિના વિચિત્રપણાથી દિગંતરાલ દેખાતા નથી. તેથી તે લખવું ઉચિત છે. બાકીના મનુષ્યો અને તિર્યંચો એક દેશથી જુએ છે. અહીં એમ સમજવું કે બધાં અવધિજ્ઞાની મનુષ્ય અને તિર્યંચો દેશથી દેખે છે એમ નહીં, પણ તેમાંના બાકીના જીવો દેશથી જુએ છે. અથવા બીજી રીતે વ્યાખ્યા કરે છે –

નારક, દેવ, તીર્યંચ અવધિથી અબાહ્ય છે અર્થાત્ તે નિયત અવધિવાળા જ

હોય છે. તેથી શંકા થાય કે તેઓ સર્વથી જુએ કે દેશથી ? તેની સ્પષ્ટતા કરી કે તેઓ સર્વથી જુએ છે.

[પ્રશ્ન] જો સર્વથી જુએ જ છે, તો અવધિથી અબાહ્ય એવું નિયત અવધિપણું કહેવું અનર્થક છે ? [ઉત્તર] એમ નથી, નિયત અવધિપણાનું જ એ વિશેષણ છે, કે અવધિ તો અબાહ્ય છે, તેથી એવું સમજાય કે સદા અવધિજ્ઞાનીઓ છે, માટે અદુષ્ટ છે.

[પ્રશ્ન] નારક અને દેવોને ભવપ્રત્યય અવધિ ગ્રહણ કરવાથી તીર્થંકરોને પણ વધુ પ્રસિદ્ધ છે કે પારભવિક અવધિ આવતું હોવાથી નિયત અવધિપણું હોય છે, તો ''તીર્થંકર'' એમ કહેવાની શી જરૂર ? [ઉત્તર] નિયત અવધિપણું સિદ્ધ થયા છતાં સર્વકાળ અવસ્થાયીપણું સિદ્ધ ન થાય, તેથી બતાવ્યું કે અવધિથી અબાહ્ય છે કે તીર્થંકરો હંમેશાં અવધિજ્ઞાનવાળા હોય છે, માટે તેમાં કોઈ દોષ નથી.

[પ્રશ્ન] જો એમ છે, તો તીર્થંકરોના સર્વકાળ અવસ્થાયીપણામાં વિરોધ નહીં આવે ? [ઉત્તર] ના, કેમકે તેઓને કેવળજ્ઞાન ઉપજતાં ખરી રીતે તો તેમને તે વસ્તુતત્ત્વનો પરિચ્છેદ સર્વોત્કૃષ્ટપણે છે. કેમકે સંપૂર્ણ અનંતધર્માત્મક વસ્તુનો છેદ થશે અથવા આ કથન છદ્મસ્થકાળ આશ્રીને છે. માટે દોષ નથી –

દેશદ્વાર કહ્યું, હવે ક્ષેત્ર દ્વાર કહે છે –

**• નિર્યુક્તિ-૬૭ :-**

***સંબદ્ધ કે અસંબદ્ધ અવધિક્ષેત્રથી સંખ્ય કે અસંખ્ય, લોકમાં સંબંધ કે અસંબંધવાળું પણ હોય, અલોકમાં તો આત્મ સંબદ્ધ જ હોય.***

**• વિવેચન-૬૭ :-**

તેમાં સંબદ્ધ કે અસંબદ્ધ અવધિ થાય. અર્થાત્ દીવા સાથે પ્રભાતી માફક કોઈ જોનારને સંબદ્ધ હોય, અતિ અંધારામાં દૂરથી દેખાતા દીવા માફક કોઈને અસંબદ્ધ હોય. તે સંખ્યેય કે અસંખ્યેય યોજન હોય. પુરુષ-પૂર્ણ સુખથી કે દુઃખથી હોય અથવા નગરમાં શયન કરે તે પુરુષ. તે પુરુષથી અંતરાલે હોય તો અસંખ્યાત કે અસંખ્યેત યોજન હોય.

ભાવાર્થ આ પ્રમાણે – અસંબદ્ધ અવધિ ક્ષેત્રથી સંખ્યાત યોજન કે અસંખ્યાત યોજન પણ હોય. આ રીતે સ્વતંત્ર અવધિ ચિંતવ્યો. હવે અબાધા વડે ચિંતવે છે. તેમાં ચોભંગી છે – સંખ્યેય અંતર અને સંખ્યેય અવધિ. સંખ્યેય અંતર અને અસંખ્યેય અવધિ. અસંખ્યેય અંતર અને સંખ્યેય અવધિ. અસંખ્યેય અંતર અને અસંખ્યેય અવધિ અસંબદ્ધમાં આ ચારે વિકલ્પો સંભવે છે. સંબદ્ધમાં વિકલ્પનો અભાવ છે.

તથા લોકમાં - ચૌદ રાજલોકમાં પંચાસ્તિકાયવાળો છે. અલોકમાં કેવળ આકાશાસ્તિકાય છે. લોક અને અલોકમાં સંબદ્ધ છે. કઈ રીતે ? પુરુષમાં અને લોકમાં પણ સંબદ્ધ હોય તે લોક પ્રમાણ અવધિ. પુરુષમાં હોય પણ લોકમાં ન હોય, તે દેશથી અભ્યંતર અવધિ. પુરુષમાં ન હોય, પણ લોકમાં સંબદ્ધ હોય, તે ભાંગો



શૂન્ય છે. બંનેમાં સંબદ્ધ નથી, તે બાહ્યાવધિ.

અલોકમાં સંબદ્ધ તે માત્ર આત્મસંબદ્ધ જ છે.

હવે ગતિ દ્વારનો અવયવ અર્થ બતાવે છે –

**• નિર્યુક્તિ-૬૮ :-**

***ગતિ નૈરયિકાદિ દ્વારો જેમ પૂર્વે વર્ણવ્યા. તેમજ અહીં સમજવા. અવધિની ઋદ્ધિ વર્ણવીએ છીએ, પછી બાકીની વર્ણવીશું.***

**• વિવેચન-૬૮ :-**

તેમાં ગતિથી ઓળખાતા બધાં જ ઈન્દ્રિયાદિ દ્વારો લેવા. તેથી જે ગતિ વગેરે સત્પદ પ્રરૂપણાની વિધિઓ તથા દ્રવ્યપ્રમાણાદિ છે, તે બધાં પૂર્વે મતિ-શ્રુતાદિમાં વર્ણવેલાં છે, તેમ અહીં પણ જાણવા. માત્ર ''મતિ પ્રાપ્ત કરે''ને સ્થાને ''અવધિ પ્રાપ્ત કરે'' તેમ જાણવું. પરંતુ અવેદક તતા અકષાયી પણ અવધિના પ્રતિપદ્યમાનક હોય છે કે જે ક્ષપક શ્રેણીમાં રહેલાં હોય છે તથા મનઃપર્યવજ્ઞાનીઓ અનાહારક અપર્યાપ્તા પૂર્વ સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકી પણ અપાંતરાલ ગતિમાં હોય છે. આ બધું શક્તિને આધારે જાણવું.

પૂર્વપ્રતિપન્ન તો તે જ જે મતિના વિકલેન્દ્રિય અસંજ્ઞિથી શુન્ય જાણવા. અવધિજ્ઞાની ઉત્કૃષ્ટથી દ્રવ્યથી બધાં મૂર્ત દ્રવ્યોને જાણે અને જુએ. ક્ષેત્રથી આદેશથી અસંખ્યાત ક્ષેત્રને જુએ, કાળથી પણ ઉપચારથી અસંખ્યાતા કાળના રૂપી દ્રવ્યોને જુએ. ભાવથી અનંતા પર્યાયોને જુએ.

અવધિ ઋદ્ધિ વિશેષ છે તેમ કહ્યું, તેથી શેષ ઋદ્ધિ પણ વર્ણવે છે –

**• નિર્યુક્તિ-૬૯,૭૦ :-**

***આમર્ષૌષધિ, વિપ્રૌષધિ, ખેલૌષધિ, જલૌષધિ, સંભિન્ન શ્રોત, ઋજુમતિ, સર્વૌષધિ, ચારણ, આશીવિષ કેવલી, મનઃપર્યવજ્ઞાની, પૂર્વધર, અરહંત, ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ***

**• વિવેચન-૬૯,૭૦ :-**

આમર્શ - સંસ્પર્શ, તે જ ઔષધિ જેને છે, તે આમર્શ ઔષધિ-જેમ કોઈ સાધુ સ્પર્શ માત્રથી જ વ્યાધિ દૂર કરવામાં સમર્થ હોય. આ લબ્ધિ લબ્ધિવાળાથી ભિન્ન ન હોવાથી તે જ ગુણ બતાવ્યો છે. એ પ્રમાણે વિષ્ટા, બળખો, મેલમાં પણ જાણવું. આ વિષ્ટાદિ ત્રણે સુગંધવાળા હોય છે.

જે સાધુને બધાંથી સંભળાય તે સંભિન્ન શ્રોત અથવા શ્રોત તે ઈન્દ્રિય, તે સંભિન્ન હોય, તે બધાં વિષયોને દરેક ઈન્દ્રિયો જાણે અથવા પરસ્પર લક્ષણથી કે નામથી જુદા જુદા શબ્દોને સાંભળે તે સંભિન્ન શ્રોત.

ઋજુ મતિ જેની છે તે, સામાન્યથી વિષયને ગ્રહણ કરે, આ મનઃપર્યવજ્ઞાનનો ભાગ છે. આ પણ લબ્ધિ વિશેષ છે. ગુણ-ગુણીના અભેદપણાથી તે લબ્ધિધર સાધુ હોય તથા બધાં જ વિષ્ટા, મૂત્ર, વાળ, નખ આદિ જેને ઔષધરૂપે થયા હોય, જે બીજાના રોગ મટાડી દે તે સર્વે ઔષધિ જાણવી.

- - હવે બીજી ગાથાની વ્યાખ્યા કહે છે –

અતિશય ગમન કરે છે, તેથી ચારણ છે. તેના બે ભેદો છે - વિદ્યા ચારણ અને જંઘાચારણ. તેમાં જંઘાચારણ શક્તિથી રૂચકવરદ્વીપ સુધી જવા શક્તિમાન છે, એક જ ઉત્પાત વડે જ રૂચકવર દ્વીપે જાય છે, પાછા આવતા પહેલા ઉત્પાતે નંદીશ્વર દ્વીપ, બીજા ઉત્પાતે મૂળ સ્થાને આવે છે. ઉંચે એક જ ઉત્પાતે મેરુ પર્વતે પંડુક વનમાં અને પાછા ફરતા એક ઉત્પાતે નંદનવન અને બીજા ઉત્પાતે જ્યાંથી આવ્યો હોય ત્યાં પહોંચે.

વિદ્યાચરણ નંદીશ્વરદ્વીપ સુધી જવા જ સમર્થ છે, તે એક ઉત્પાતે માનુષોત્તર પર્વતે, બીજે નંદીશ્વરે જાય છે, પાછો એક ઉત્પાતમાં જ મૂળ સ્થાને આવે. ઉંચે એક ઉત્પાતે મેરુ પર્વતે, બીજા ઉત્પાતે પાછો ફરે.

બીજા પણ લબ્ધિવાળાઓ શક્તિથી જ રૂચકવર આદિ દ્વીપોમાં જાય છે. તે તીર્છા તેમજ ઉંચે આ પ્રમાણે વિચારવા. તે પ્રમાણે જ દાઢામાં જેને વિષ હોય તે આસીવિષ કહેવાય. તેની બે જાતિઓ છે. એક જાતિ વડે, બીજા કૃત્ય વડે. જાતિ વિષવાળા દેડકો, સાપ, મનુષ્ય, વીંછી છે કર્મથી તિર્યંચયોનિ તથા મનુષ્યો અને સહસ્રારાદિ દેવો છે. આ જીવો તપ અને ચારિત્ર પ્રભાવે કે અન્ય કારણે આસીવિષ જેવા થાય છે. દેવો પણ પોતાની શક્તિથી તેવા થાય છે. દેવો શ્રાપ આપી મારી નાંખે છે.

કેવલી પ્રસિદ્ધ છે. મનઃપર્યવજ્ઞાની પૂર્વે કહ્યા સિવાયના વિપુલ મનઃપર્યવજ્ઞાની લેવા. પૂર્વ ભણેલા તે પૂર્વધર સાધુ. અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્ય પૂજાની યોગ્યતાથી અરહંત દેવો તીર્થંકરો છે. ચક્રવર્તી તે ચૌદ રત્નાધિપ છે. બળદેવ પ્રસિદ્ધ છે. વાસુદેવ અર્ધભરતાધિપ છે.

ઉત્તમ સર્વે ચારણાદિ લબ્ધિ છે. અહીં વાસુદેવ, ચક્રવર્તી, તીર્થંકર આદિ કહ્યા, તે ઋદ્ધિમાં તેમના અતિશયો બતાવે છે –

● **નિર્યુક્તિ-૭૧ થી ૭૫ :-**

*અહીં નિર્યુક્તિ અને વૃત્ત્યર્થની સમાનતા હોવાથી નિર્યુક્તિ અર્થ લખ્યો નથી.*

● **વિવેચન-૭૧ થી ૭૫ :-**

અહીં વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ વિશેષથી વાસુદેવનો બળ અતિશય કહે છે – ૧૬,૦૦૦ રાજાઓ હાથી-ઘોડા-રથ-પાયદળના સમૂહથી સાથે મળી એક સાંકળે કુવાના કાંઠે ઉભેલા વાસુદેવને ખેંચે, ત્યારે વાસુદેવ ડાબા હાથે સાંકળ પકડે, જમણે હાથે ખાતો હોય વિલેપન કરતો હોય, અવજ્ઞાથી હસતો હોય, તો પણ તેઓ ખેંચી ન શકે.

ચક્રવર્તીનું બળ આ છે – ૩૨,૦૦૦ રાજા સર્વ સૈન્ય સાથે સાંકળ ખેંચે, ચક્રવર્તી કુવાને કાંઠે બેસીને ડાબા હાથે સાંકળ પકડી રાખે, જમણે હાથે ખાતો કે વિલેપન કરતો હોય, તો પણ તેઓ ચક્રીને ખેંચી ન શકે. કેમકે વાસુદેવ કરતાં ચક્રવર્તીનું બળ બમણું હોય છે.





બળદેવનું બળ બીજા સામાન્ય મનુષ્યોથી ઘણું વધુ હોય. સંપૂર્ણ વીર્યાન્તરાય કર્મના ક્ષયથી અપરિમિત બળવાળા તીર્થંકરો તો ચક્રવર્તીથી વધુ બળવાન્ હોય છે. જેની ગણતરી જ ન થઈ શકે.

આ બધી લબ્ધિ કર્મના ક્ષય કે ક્ષયોપશમથી જીવને હોય.

● **નિર્યુક્તિ-૭૬ :-**

***મનઃપર્યવજ્ઞાન મનમાં ચિંતવેલા પદાર્થોને પ્રગટ કરે છે. તે ગુણ પ્રત્યયિક અને ચારિત્રવંતને હોય છે.***

● **વિવેચન-૭૬ :-**

'મનઃપર્યવજ્ઞાન' શબ્દ પૂર્વે નિરૂપિત છે. પુનઃ શબ્દ વિશેષણ અર્થે છે. આ રૂપી દ્રવ્યને જાણનાર, ક્ષાયોપશમિક ભાવનું તથા પ્રત્યક્ષ આદિ અનેક વિષયમાં અવધિજ્ઞાનને મળવું છતાં તેના સ્વામી આદિ ભેદવાળું છે. તેનું સ્વરૂપ આ છે – જન્મ લે તે જન. તેમના મનમાં તે જન-મન તેના વડે ચિંતવેલો પદાર્થ, તેને મનઃપર્યાયજ્ઞાની પ્રકાશે છે. મનુષ્ય ક્ષેત્ર તે અઢીદ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ છે. તેને આશ્રીને આ જ્ઞાન છે. તેની બહાર રહેલ પ્રાણીના મનો ચિંતિતમાં ન પ્રવર્તે.

ગુણો - ક્ષાંતિ આદિ, તે જ જેના કારણો છે તે ગુણ પ્રત્યય, જેને ચારિત્ર છે, તે ચારિત્રવાન્, તે ચારિત્રવંતને જ આ જ્ઞાન થાય અર્થાત્ અપ્રમત્તસંયતને આમર્ષૌધિ ઋદ્ધિ માફક પ્રાપ્ત થાય છે.

આ દ્રવ્યાદિ વડે નિરૂપે છે – તેમાં દ્રવ્યથી મનઃપર્યવજ્ઞાની અઢી દ્વીપ બે સમુદ્ર અંતર્ગત્ પ્રાણીના મનોભાવ પરિણત દ્રવ્યોને જાણે છે અને જુએ છે. આ અવધિજ્ઞાન સંપન્ન મનઃપર્યાયજ્ઞાનીને આશ્રીને કહેલ છે. અન્યથા જાણે જ, પણ જુએ નહીં.

અથવા જેથી સાકાર તે જ્ઞાન, જેનાથી દેખે તે દર્શન. એ પ્રમાણે સૂત્રમાં સંભવે છે માટે દર્શન પણ લીધું અન્યથા ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ એ ચાર દર્શન છે, તેમાં વિરોધ આવે. ક્ષેત્રથી અઢી દ્વીપ - સમુદ્રાદિમાં, કાળથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ ઈચ્છેલ કે અતીતકાળનું જાણે છે. ભાવથી અનંતા મનોદ્રવ્ય પર્યાયોને જાણે તેમાં મનોદ્રવ્યના પર્યાયોને સાક્ષાત્ જુએ. પણ બાહ્ય - તે વિષય ભાવને પામેલા ભાવોને તો અનુમાનથી જાણે.

કેવી રીતે ? મનમાં મૂર્ત્ત અમૂર્ત્ત દ્રવ્યના આલંબનથી. તેમાં છદ્મસ્થો અમૂર્ત્તને ન જુએ. સત્પદ પ્રરૂપણાદિ અવધિજ્ઞાનવત્ જાણવા. વિશેષ એ કે – અણાહારક, અપર્યાપ્તક જીવો પ્રતિપદ્યમાનક કે પ્રતિપન્ન ન હોય, એટલું અવધિજ્ઞાનથી જુદા પણું છે. હવે કેવળજ્ઞાન –

● **નિર્યુક્તિ-૭૭ :-**

***હવે સર્વે દ્રવ્યોના પરિણામોના ભાવ, તેના વિશેષ જ્ઞાનનું કારણ, અનંત શાશ્વત અપ્રતિપાતિ એકવિધ કેવળજ્ઞાન છે.***

● **વિવેચન-૭૭ :-**

મનઃપર્યવજ્ઞાન પછી સૂત્રક્રમના ઉદ્દેશથી શુદ્ધિ તથા લાભથી પૂર્વે કેવળજ્ઞાન

બતાવેલું છે. તેના અર્થને કહેવા અથ શબ્દ છે. - x - જીવ લક્ષણવાળા બધાં દ્રવ્યો, તેમના પરિણામો - પ્રયોગ, વિસ્રસા કે બંનેથી જન્ય ઉત્પાદ આદિ સર્વે દ્રવ્ય પરિણામો, તેનો ભાવ, સતા, લક્ષણ છે. તેને વિશેષથી જાણવું તે વિજ્ઞપ્તિ. તેમાં ભેદો ઉપચારથી છે. તે વિજ્ઞપ્તિનું કારણ કેવળજ્ઞાન છે. તેથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિષય સંબંધી છે. કેમકે ક્ષેત્રાદિ પણ દ્રવ્યપણે છે. તે બધાં દ્રવ્યો અનંતા હોવાથી આ કેવળજ્ઞાન જાણનાર પણ અનંત છે. હંમેશાં હોવાથી શાશ્વત છે, વ્યવહારનયના મતે પ્રતિપાતિ પણ થાય, માટે કહ્યું કે તે સદા અવસ્થિત છે.

[પ્રશ્ન] અપ્રતિપાતિ શબ્દ જ રાખો, શાશ્વત અયુક્ત છે [ઉત્તર] ના, અવધિજ્ઞાન, અપ્રતિપાતિ હોવા છતાં શાશ્વત નથી. માટે બંને શબ્દો ઉપયોગી છે. આવરણના અભાવથી આ કેવળજ્ઞાન એક પ્રકારનું છે. કર્મક્ષય થવાથી એક જ રૂપ છે. મતિ આદિથી નિરપેક્ષ છે. કેવળ એવું તે જ્ઞાન તે કેવળજ્ઞાન છે.

અહીં તીર્થંકર કેવળજ્ઞાન થયા પછી સત્ત્વોના અનુગ્રહને માટે તીર્થંકર નામ કર્મના ઉદયથી દેશના આપે છે. તેથી ધ્વનિના શ્રુતરૂપત્વથી અને તે ભાવ શ્રુતનું પૂર્વ કારણ હોવાથી શ્રુતજ્ઞાનનો સંભવ હોવાથી અનિષ્ટ આપત્તિવાળો મતિ મોહ મંદબુદ્ધિને ન થાય માટે કહે છે —

● નિર્યુક્તિ-૭૮ :-

***કેવળજ્ઞાન વડે અર્થો જાણીને પ્રજ્ઞાપ્ય ભાવોને તીર્થંકર કહે છે. શબ્દોનો સમૂહ તેમનો વચન યોગ છે, શ્રુતજ્ઞાન નથી.***

● વિવેચન-૭૮ :-

અહીં તીર્થંકર કેવળજ્ઞાન વડે ધર્માસ્તિકાયાદિ મૂર્ત્ત-અમૂર્ત્ત અભિલાપ્ય-અનભિલાપ્યનો નિશ્ચય કરીને, કેવળજ્ઞાન વડે જ જાણીને પણ શ્રુતજ્ઞાનથી નહીં કેમકે તે ક્ષાયોપશમિક છે, તેનો કેવલીને અભાવ હોય છે. સર્વ શુદ્ધિમાં દેશશુદ્ધિનો અભાવ હોય. તેના અર્થોની પ્રજ્ઞાપના, તેને યોગ્ય તે પ્રજ્ઞાપનીય. તેને જ કહે છે, બીજું નહીં. અનંત હોવાથી અને આયુ પરિમિત હોવાથી પ્રજ્ઞાપનીય બધું કહેતાં નથી. પણ ગ્રહણ કરનાર જીવોની અપેક્ષાથી જેટલું યોગ્ય હોય તે કહે. તેમાં કેવળજ્ઞાનથી ઉપલબ્ધ અર્થનો અભિધાયક શબ્દ રાશિ બોલાય. તે ભગવંતનો વાક્યોગ છે, પણ શ્રુતજ્ઞાન નથી. કેમકે ભગવંત નામકર્મના ઉદયથી બોલે છે અને શ્રુતજ્ઞાન તો ક્ષાયોપશમિક છે. તે જ શેષ શ્રુતજ્ઞાન છે. તેનો પરમાર્થ આ પ્રમાણે છે—

શ્રોતાને શ્રુતગ્રંથાનુસાર ભાવશ્રુતજ્ઞાનના નિબંધનત્વથી શેષ - અપ્રધાન તે દ્રવ્યશ્રુત છે.

બીજા કહે છે — વાક્યોગ શ્રુત છે, કેમકે તે શ્રોતાને ભાવ શ્રુતના કારણપણે છે. અથવા વાક્યોગશ્રુત તે દ્રવ્યશ્રુત છે.

સત્પદ પ્રરૂપણામાં અને ગતિને આશ્રીને કેવળજ્ઞાન સિદ્ધિ ગતિમાં અને મનુષ્યગતિમાં હોય. ઇન્દ્રિયને આશ્રીને નોઇન્દ્રિય કે અતીન્દ્રિયમાં હોય. એ પ્રમાણે ત્રસકાય કે અકાયમાં, સયોગી કે અયોગીમાં, અવેદકમાં, અકષાયીમાં, શુક્લલેશ્યી



કે અલેશ્યીમાં, સમ્યગ્દૃષ્ટિમાં, કેવળજ્ઞાનીમાં, કેવલદર્શનીમાં, સંયત કે નોસંયતમાં, સાકાર-અનાકાર ઉપયોગીને, આહારક-અનાહારકને, ભાષક-અભાષકને, પરીત્ત-નોપરિત્તને, પર્યાપ્ત નોપર્યાપ્તકને, બાદર-નોબાદરને, સંજ્ઞી-નોસંજ્ઞીમાં, ભવ્ય-નોભવ્યને હોય છે. કેમકે ભવસ્થ કેવળીને મોક્ષપ્રાપ્તિ પ્રતિ ભવ્યત્વ છે, ચરમ-અચરમને, ચરમ-કેવલી, અચરમ-સિદ્ધ કેમકે ભવાંતરની પ્રાપ્તિનો તેને અભાવ છે. ઉક્તને કેવળજ્ઞાન હોય.

પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનની યોજના કરી લેવી. દ્રવ્ય પ્રમાણને આશ્રીને પ્રતિપદ્યમાન ઉત્કૃષ્ટથી ૧૦૮ છે. પૂર્વ પ્રતિપન્ન કેવળી તો અનંતા જાણવા. ક્ષેત્ર - જઘન્યથી લોકનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી લોક જ જાણવો. કેમકે કેવલિ સમુદ્ઘાત કરે. એ પ્રમાણે સ્પર્શના પણ જાણવી. કાળથી સાદિ અનંત છે. પ્રતિપાતના અભાવે અંતર નથી. ભાગ દ્વાર મતિજ્ઞાન માફક જાણવું. ભાવમાં ક્ષાયિક છે. અલ્પબહુત્વ મતિજ્ઞાનવત્ જ છે. કેવલજ્ઞાન કહ્યું. તે જ્ઞાનના નામથી નંદી થયું તેનાથી મંગલ થયું. મંગલદ્વારમાં જ્ઞાનપંચક કહ્યું. ચાલુ અધિકાર શ્રુતજ્ઞાન સંબંધી છે. તેથી નિર્યુક્તિકાર કહે છે —

● નિર્યુક્તિ-૭૯ વિવેચન :-

અહીં અધિકાર શ્રુતજ્ઞાન વડે છે. કેમકે શ્રુત વડે જ બાકીના મત્યાદિ જ્ઞાનો, આત્મા અને શ્રુતનો અનુયોગ થાય છે. કેમકે સ્વ-પર પ્રકાશકત્વથી દીવાના દૃષ્ટાંતવત્ તે રહેલું છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ આવશ્યકસૂત્રની**
**પીઠિકા-નિર્યુક્તિ અને વૃત્તિનો અનુવાદ પૂર્ણ**

# ❀ ઉપોદ્ઘાત-નિર્યુક્તિ ❀

-- x -- x -- x --

૦ હવે મંગળની ચાલુ અનુયોગ સાધ્ય છે, તે બતાવે છે, કેમકે તે શ્રુતજ્ઞાનનો અનુયોગ સ્વ-પર પ્રકાશક તથા ગુરુને આધીન છે. કહ્યું છે કે – અહીં શ્રુતજ્ઞાન વડે અધિકાર છે. [શંકા] જો આવશ્યકનો અનુયોગ છે, તો 'શ્રુતજ્ઞાનનો' એમ કહેવું અયુક્ત છે. [સમાધાન] શ્રુતમાં આવશ્યકનું સમાવાપણું છે, તે બતાવવા માટે આમ કહ્યું છે.

[પ્રશ્ન] જો આવશ્યકનો અનુયોગ છે, તો આવશ્યક અંગ છે કે અંગો ?, શ્રુતસ્કંધ છે કે શ્રુતસ્કંધો ? અધ્યયન છે કે અધ્યયનો ? ઉદ્દેશક છે કે ઉદ્દેશકો ? [ઉત્તર] આવશ્યક શ્રુતસ્કંધ અને અધ્યયનો છે. બાકીના વિકલ્પો થતાં નથી. [પ્રશ્ન] નંદીના વ્યાખ્યાનમાં અંગપ્રવિષ્ટાદિ શ્રુત નિરૂપણામાં આની અનંગતા કહી જ છે, પછી આ શંકા શા માટે ? [ઉત્તર] નંદીની વ્યાખ્યાનો અનિયમ બતાવવા છે. દરેક શાસ્ત્રની આદિમાં નંદી અધ્યયનનો અર્થ કહેવો એવો નિયમ નથી.

[પ્રશ્ન] મંગળને માટે શાસ્ત્રની આદિમાં અવશ્ય નંદી કહેવાય છતાં અનિયમ શા માટે ? જ્ઞાનના નામ માત્રથી મંગળપણું હોવાથી અવશ્ય અવયવ અર્થાભિધાન કર્તવ્ય નથી, તે ન કરતાં શંકા થાય છે. - x -

[પ્રશ્ન] આવશ્યક શ્રુતસ્કંધારંભે શા માટે જ્ઞાન પંચકનો અનુયોગ કહ્યો ? શિષ્યના અનુગ્રહ માટે અથવા આ નિયમ નથી તેનો અપવાદ બતાવવાને માટે. તેથી જરૂર લાગે તો અન્ય શ્રુતનું વ્યાખ્યાન પણ થાય.

શાસ્ત્રનું અભિધાન આવશ્યક શ્રુતસ્કંધ છે, તેના ભેદો અધ્યયનો છે, જેથી આવશ્યક અને શ્રુતસ્કંધના નિક્ષેપા કહેવા જોઈએ.

આ શાસ્ત્રનું જેવું નામ છે તેવું દીવા જેવું યથાર્થ છે કે પલાશ માફક અયથાર્થ છે કે ડિત્થાદિવત્ અનર્થક છે ? જો તે યથાર્થ હોય તો ગ્રહણ કરવું. - x - માટે પહેલાં શાસ્ત્રનું નામ વિચારીએ છીએ –

આવશ્યક શબ્દનો શો અર્થ છે ? અવસ્ય કરવું તે આવશ્યક અથવા ગુણોનું અવશ્ય આત્મામાં આવવું તે આવશ્યક, જેમ અંત લાવે તે અંતક. ગુણશુન્ય આત્માને ગુણોથી વાસિત કરાવે તે આવશ્યક કે આવાસક. આત્મામાં ગુણોનું સાંનિધ્ય કરે છે. તે મંગળની માફક નામ આદિ ચાર ભેદવાળું છે. આ બધું વિસ્તારથી સૂત્ર વડે જાણવું. તેનો ઉદ્દેશ તો શિષ્યનો અનુગ્રહ જ છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે.

દ્રવ્ય આવશ્યક બે ભેદે છે - આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા પણ ઉપયોગરહિત. 'અનુપયોગ દ્રવ્ય' છે એમ કરીને. નોઆગમથી દ્રવ્યાવશ્યક ત્રણ ભેદે છે – જ્ઞશરીર, ભવ્યશરીર, તેનાથી વ્યતિરિક્ત. આ તદ્વ્યતિરિક્ત પણ ત્રણ ભેદે છે – લૌકિક, લોકોત્તર, કુપ્રાવચનિક. જે અનુયોગદ્વાર સૂત્રમાં કહેલ છે. તેમાં અહીં લોકોત્તરથી અધિકાર છે. તે જ્ઞાનાદિ શ્રમણગુણમુક્ત યોગનું



પ્રતિક્રમણ છે. કેમકે ભાવશૂન્યત્વ અને અભિપ્રેત ફળના અભાવથી તેમ છે. તેનું દૃષ્ટાંત કહે છે –

વસંતપુર નગર હતું, ત્યાં ગીતાર્થ સર્વજ્ઞ નાયક રહિત ગચ્છ વિચરતો હતો. તેમાં એક શ્રમણગુણમુક્ત સંવિજ્ઞ સાધુ હતા. તે દિવસે પાણી વગેરેથી દોષિત ગૌચરી લઈ સાંજે દેવસી પ્રતિક્રમણમાં મોટા સંવેગ થકી કહી બતાવે છે. તેમને અગીતાર્થ આચાર્ય પ્રાયશ્ચિત્ત આપતાં કહે છે ''અહો! આ સાધુ ધર્મ શ્રદ્ધાળુ છે.'' કેમકે અશુદ્ધને ગુરુ આગળ કહેવું દુષ્કર છે. કંઈપણ છૂપાવ્યા વિના આલોચના કરે છે. અશઠપણું હોવાથી તે શુદ્ધ છે. એ જોઈ બીજા અગીતાર્થો પણ પ્રશંસા કરે છે અને વિચારે છે કે – માત્ર આલોચના જ મુખ્ય છે, પાપના સેવનમાં કોઈ દોષ નથી.

કોઈ વખત ત્યાં ગીતાર્થ સંવિગ્ન સાધુ વિચરતો આવ્યો. તેણે પેલા સાધુને જોઈને કહ્યું – રત્નનો વેપારી રત્નોથી ઘર ભરી તેમાં આગ લગાડે છે, તે જોઈ બધાં પ્રશંસા કરે છે કે અહો આ શેઠ ધન્ય છે. કોઈ બીજી વખત તેણે ઘર સળગાવતા પ્રબળ પવનથી નગર બળી ગયું. રાજાએ તેને મારીને દેશ નિકાલ કર્યો. ઢંઢેરો પીટાવ્યો કે કોઈ બીજો આવું કરશે તો તેને પણ દેશનિકાલ કરાશે. તે દૃષ્ટાંતથી બોધ આપ્યો કે વાણીયાએ પોતાના ઘર સાથે બીજાના પણ ઘર બાળ્યા. તેમ હે સાધુનાયક ! તમે આ સાધુની પ્રશંસા કરી બધાં સાધુઓને તજશો ? પણ તે ન માન્યા, ત્યારે ગીતાર્થ સાધુએ બાકીના સાધુને કહ્યું – આ સાધુનાયક મહા અધર્મી, અગીતાર્થ છે, તેનો સંગ છોડી દો. નહીં તો બીજા ભવ્યાત્મા ધર્મભ્રષ્ટ થશે.

એમ દ્રવ્ય આવશ્યક કહી, હવે ભાવાવશ્યક કહે છે – તે પણ બે ભેદે છે – આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા તથા તેમાં ઉપયુક્ત અને નોઆગમથી જ્ઞાન અને ક્રિયા બંનેના પરિણામવાળો, તે ભાવાવશ્યક છે. અહીં મિશ્રવચનમાં નોશબ્દ છે. આ પણ લૌકિકાદિ ત્રણ પ્રકારે છે. તેમાં અહીં લોકોત્તરનો અધિકાર છે. હવે આવશ્યકના પર્યાય નામો કહે છે –

(૧) આવશ્યક, અવશ્યકરણીય, ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, છ અધ્યયન, વર્ગ, ન્યાય, આરાધના અને માર્ગ. (૨) શ્રમણ અને શ્રાવકે જે કારણે અહોરાત્ર અવશ્ય કરવું જોઈએ, તે કારણે તેને આવશ્યક કહેવાય છે.

એ પ્રમાણે શ્રુતસ્કંધનો નિક્ષેપ ચાર ભેદે જાણવો. તેમાં કંઈક કહીએ છીએ. નોઆગમથી જ્ઞશરીર-ભવ્યશરીરથી વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત પુસ્તક, પાનામાં લખેલું જાણવું અથવા સૂત્રમંડજાદિ છે. ભાવશ્રુતને આગમથી જ્ઞાતા અને ઉપયુક્ત છે. નોઆગમથી આ આવશ્યક છે.

એ પ્રમાણે નોઆગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્કંધ-સચેતનાદિ છે. તેમાં સચિત્ત તે દ્વિપદ આદિ, અચિત્ત તે દ્વિપ્રદેશિકાદિ, મિશ્ર તે સેના વગેરેનો દેશ આદિ. ભાવ સ્કંધ તે આગમથી તેના અર્થમાં ઉપયોગનો પરિણામ જ છે. નોઆગમથી આ આવશ્યકનો શ્રુતસ્કંધ જ છે. કેમકે નો શબ્દથી દેશવચનનો નિષેધ

છે અથવા જ્ઞાન ક્રિયા ગુણના સમૂહરૂપ સામાયિકાદિ અધ્યયનોનો સમાવેશ છે. તેથી જ્ઞાન, દર્શન, ક્રિયાનો ઉપયોગ છે. અહીં નો શબ્દ મિશ્રવચન છે. બધાં પદોની એકવાચ્યતા સામાયિકાદિ શ્રુતરૂપ છ અધ્યયનોનો સ્કંધ તે શ્રુતસ્કંધ છે. તેનાથી આવશ્યક શ્રુતસ્કંધ કહેવાય છે.

[પ્રશ્ન] આ આવશ્યક છ અધ્યયનાત્મક કેમ કહેવાય છે ? કેમકે તે છ અર્થના અધિકારવાળું છે, તે આ સામાયિકાદિ યથાયોગ જાણવા.

सावज्ज योग विरई० (૧) અવધ એટલે પાપ, યોજાય તે યોગ - વ્યાપાર. પાપ સહિત વર્તે તે સાવધ. સાવધ યોગો, તેની વિરતિ તે સામાયિકનો અર્થાધિકાર છે.

(૨) ઉત્કીર્તન તે ઉત્કીર્તના. તેમાં ગુણની ઉત્કીર્તના તે અરહંતોનો ચતુર્વિંસતિ-ચોવીશની સ્તવના [લોગસ્સ]

(૩) ગુણ-જ્ઞાનાદિ અથવા મૂળ કે ઉત્તરગુણ. તે જેમાં છે તે ગુણવાન્ તે ગુણવંતની પ્રતિપત્તિરૂપ વંદન અધ્યયન.

(૪) શ્રુત શીલ સ્ખલિતની નિંદના તે પ્રતિક્રમણ અધ્યયન.

(૫) ચારિત્ર આત્માની વ્રણ ચિકિત્સા તે કાયોત્સર્ગ.

(૬) વ્રતાતિચારાદિ દૂર કરી, ચીકણાં કર્મ ન બંધાય તે માટે અનશન આદિ ગુણ સંધારણા તે પ્રત્યાખ્યાન. એમ છ અધિકાર છે.

અહીં સંક્ષેપમાં સ્કંધના ઉપદર્શન દ્વાર વડે કહ્યા, વિશેષ આ છ એ અધ્યયનના અર્થાધિકાર દ્વાર અવસરે કહીશું —

હવે અધ્યયન ન્યાસ પ્રસ્તાવ છે — અનુયોગદ્વાર ક્રમે આવેલા દરેક અધ્યયનમાં ઓઘનિષ્પન્ન નિક્ષેપામાં ટુંકાણમાં બતાવીશું —

આ આવશ્યકનો સમુદાયાર્થ કહ્યો. હવે અવયવ અર્થને કહેવા એક-એક અધ્યયનને કહીશું. તેમાં પહેલું અધ્યયન સામાયિક-સમભાવ લક્ષણત્વથી છે. ચતુર્વિંશતિ સ્તવમાં તેના ભેદત્વથી સામાયિક અધિકાર પહેલાં કહેવાય છે. તેના ચાર અનુયોગદ્વારો છે —

અનુયોગદ્વારનો શબ્દાર્થ શું છે ? અનુયોગ તે અધ્યયનનો અર્થ છે. દ્વારો તેના પ્રવેશમુખ છે. જેમ દરવાજા રહિત નગર તે અનગર છે. એક દ્વાર હોય તો પણ કાર્યવશ બહાર જતાં વિલંબ થાય છે. તેથી મૂળ ચાર દરવાજા, બીજી નાની બારીથી સુખપૂર્વક આવાગમન થઈ શકે છે. તે પ્રમાણે સામાયિક રૂપી નગરનો અર્થ-અધિગમ, ઉપાય દ્વાર વિના અશક્ય છે ચાર દ્વારવાળું બનાવતા સુખેથી અવબોધ થાય છે, માટે આ દ્વારનો ઉપન્યાસ લાભદાયી છે. તે દ્વારો — ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, નય છે.

શાસ્ત્રનું ઉપક્રમણ જેના વડે, જેનાથી, જેનામાં કરાય, તે ઉપક્રમ. અર્થાત્ શાસ્ત્રના ન્યાસનો દેશ લાવવો [શ્રોતાનું લક્ષણ ખેંચવું] એ રીતે જ નિક્ષેપ લેવો. નિક્ષેપ - ન્યાસ - સ્થાપના એ ત્રમે પર્યાય શબ્દો છે. તે રીતે અનુગમન તે અનુગમ છે. સૂત્રનો અનુકૂળ બોધ આપવો તે. શિષ્યની બુદ્ધિને દોરવી તે નયો છે. વસ્તુના



પર્યાયોનો જે જે સંભવ થાય તે સમજાવવું. [પ્રશ્ન] આ ઉપક્રમાદિ દ્વારોનો આવો ક્રમ શા માટે ?

લક્ષ્ય ખેંચ્યા વિના શિષ્યને કંઈપણ કહેવાથી વસ્તુ સ્વરૂપ બરોબર સ્થાપી શકાશે નહીં. સ્થાપના વિના પદાર્થને સમજી ન શકે. પદાર્થો પુરા બતાવ્યા વિના નય ન જણાવી શકાય, માટે આ ક્રમ બતાવ્યો છે.

ઉપક્રમ બે ભેદે — શાસ્ત્રીય અને ઈતર. ઈતર છ પ્રકારે છે — નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યોપક્રમ બે ભેદો — આગમથી, નોઆગમથી. આગમથી-જ્ઞાતા હોય પણ ઉપયોગરહિત હોય. નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્‌વ્યતિરિક્ત. તે ત્રણ ભેદે છે — સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યોપક્રમ.

તેમાં સચિત્ત દ્રવ્યોપક્રમ દ્વિપદ, ચતુષ્પદ અને અપદ ભેદથી. તે પ્રત્યેક પણ બે ભેદે - પરિકર્મ અને વસ્તુ વિનાશ. તેમાં પરિકર્મ-દ્રવ્યના ગુણ વિશેષ પરિણામવાળું કરવું. તે આ રીતે — ઘી આદિ ઉપભોગથી પુરુષનું વર્ણાદિકરણ અથવા કર્ણસ્કંધમાં વર્ધનાદિ ક્રિયા. બીજા કહે છે — શાસ્ત્ર ગંધર્વ નૃત્યાદિ કળા મેળવવી, તે પણ દ્રવ્યોપક્રમ કહેવાય. પણ તે અર્થ બરોબર નથી. કેમકે તે શાસ્ત્ર જ્ઞાન વિજ્ઞાનરૂપ છે. તે ભાવપણામાં ગણાય છે. પરંતુ આત્મદ્રવ્ય સંસ્કાર વિવક્ષાની અપેક્ષાથી શરીરવર્ણાદિ કરવા માફક કોઈ અંશે દ્રવ્યોપક્રમ પણ થાય.

એ પ્રમાણે મેના, પોપટને શીખવીને ગુણવિશેષવાળા કરાય, ચતુષ્પદોમાં હાથી આદિ, અપદમાં વૃક્ષાદિનો ઉપયોગ તે દ્રવ્યોપક્રમ છે. [પ્રશ્ન] જે સ્વયં વૃક્ષને સુતાર આદિથી સુધારા માટે ઉપાય લેવરાય તેમાં દ્રવ્યોપક્રમતા યોગ્ય છે, પણ વર્ણ કરણ તથા કળા આદિ સંપાદન કરનારને ભાવિમાં પણ વિવક્ષિત હેતુ વિના ઉપપત્તિ ન થાય, તેથી પરિકર્મમાં તેની દ્રવ્ય ઉપક્રમતા કઈ રીતે ઘટાવી શકાય ?

[ઉત્તર] વિવક્ષિત હેતુ વિના ઉપપત્તિ ન થાય, એમ કહેવું અસિદ્ધ છે. કેમકે વર્ણના નામકર્મ વિપાકીપણાંથી સ્વયં પણ થશે. કળા આદિનું ક્ષાયોપશમિકપણું હોવાથી કાળાંતરે સ્વયં પણ થશે. જેમ વિભ્રમ, વિલાસ આદિ યુવાવસ્થામાં સ્વયં દેખાય છે. તથા વસ્તુ વિનાશમાં અને પુરુષાદિને તલવારાદિથી વિનાશ પ્રત્યક્ષ દેખાય છે. - x - x -

સચિત્તના ઉપક્રમ માફક અચિત્ત દ્રવ્યના ઉપક્રમમાં પદ્મરાગમણિને ખાર માટીનું પડ કરી પકાવવા વગેરેથી અનુક્રમે નિર્મળતા થાય, અથવા ખાખ થાય. મિશ્રદ્રવ્યોપક્રમ તો કટકાદિ વિભૂષિત પુરુષાદિ દ્રવ્યનો જાણવો. વિવક્ષાથી કારક યોજના કરવી. જેમકે દ્રવ્યનો, દ્રવ્ય વડે આદિ.

ક્ષેત્રનો ઉપક્રમ તે ક્ષેત્રોપક્રમ. ક્ષેત્ર અમૂર્ત્ત અને નિત્ય છે, તો તેનો સુધારો કે વિનાશ કેવી રીતે થાય? તે ક્ષેત્રમાં રહેલા દ્રવ્યનો સુધારો કે નાશ કરવો, તેમાં ઉપચારથી કહ્યું. - x - કાળના વર્તનાદિ રૂપત્વથી દ્રવ્ય પર્યાયરૂપત્વથી દ્રવ્યોપક્રમ જ ઉપચારથી કાલોપક્રમ કહેવાય. અથવા ચંદ્રગ્રહણાદિ લક્ષણવાળો

કાળ ઉપક્રમ છે.

ભાવોપક્રમ બે ભેદે છે — આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા અને ઉપયોગવાળો હોય. નોઆગમથી પ્રશસ્ત અને અપ્રશસ્ત. અપ્રશસ્તમાં ડોડિણિ, ગણિકા અને અમાત્ય આદિના દૃષ્ટાંત છે.

૦ એક નગરમાં એક બ્રાહ્મણી, તે વિચારે છે — દીકરીઓ કેવી રીતે સુખી થાય ? મોટી દીકરીને શીખવ્યું કે વર તારી પાસે આવે ત્યારે વરના માથામાં પગની એડી મારવી. તેનાથી વર ખુશ થયો, પગને ઈજા થઈ હશે માની પગ દબાવવા બેઠો સ્ત્રીને ધમકાવી પણ નહીં. ત્યારે મા એ કહ્યું હવે તને ખુશી પડે તેમ કરજે, તે તને કંઈ કરી શકશે નહીં.

બીજી દીકરીને પણ તેમ શીખવ્યું. તેનો પતિ બોધ આપીને ચૂપ રહ્યો, મા એ કહ્યું કે તારે ડરવાનું નથી, માત્ર તે બોલબોલ કરશે.

ત્રીજી દીકરીને પણ તેમ શીખવ્યું. તેનો પતિ ક્રોધિત થઈ ગયો. તેણીને મારી, ધમકાવી કહ્યું કે તું અકુળમાં ઉત્પન્ન થયેલી છે. તેણીને માતાએ શીખવ્યું કે તારા પતિને કહેજે કે અમારી કુળરીતિથી આમ કર્યુ, પણ દેવની જેમ તેને ઉપાસજે, તેનાથી વિરુદ્ધ ન ચાલતી.

૦ ગણિકા કથા — એક નગરમાં ૬૪ કળામાં કુશલ ગણિકા રહેતી હતી. તેણીએ બીજાની ભાવ પરીક્ષા માટે ઘરમાં બધી પ્રજાના પોતપોતાના વ્યાપાર કરનારા પુરુષોના ચિત્રો બનાવ્યા. આવનારા પોતાની કળાને પ્રસંસતા. તેથી વેશ્યા તેનું વર્તન જોઈ ભાવપરીક્ષા કરી, તેમને અનુકૂળ વર્તતી. અનુકૂળ વર્તન જાણી, તે પુરુષ પણ વૈશ્યાને વારંવાર દ્રવ્ય આપતો.

આ પણ અપ્રશસ્ત ભાવોપક્રમ છે.

૦ અમાત્ય દૃષ્ટાંત - કોઈ નગરમાં રાજા, અમાત્યસાથે ઘોડા દોડાવવા ગયો. રસ્તામાં વિષયભૂમિ જોઈ ઘોડાએ પેશાબ કર્યો. પેશાબે ખાડો પાડી ખાબોચીયું બનાવ્યું. રાજાએ તે ધારી ધારીને જોઈને વિચાર્યુ કે આ સ્થાને તળાવ સારું બની શકે, પણ બોલ્યો નહીં. અમાત્ય રાજાના ઇંગિત ચેષ્ટાદિમાં પ્રવીણ હોવાથી રાજીને પૂછ્યા વિના મોટું સરોવર ખોદાવ્યું. કિનારે બગીચા બનાવ્યા. બીજી વખત રાજા ત્યાંથી પસાર થતાં સરોવર જોઈને બોલ્યો કે — આ કોણે બનાવ્યું ? અમાત્ય કહે — આપે. રાજા કહે કેવી રીતે ? આપે પેશાબ જોયો તેથી. રાજાએ તેનો માન મરતબો વધાર્યો.

આ પણ અપ્રશસ્ત ભાવોપક્રમ છે.

હવે પ્રશસ્ત ભાવોપક્રમ કહે છે — શ્રુતાદિ કારણે આચાર્યના ભાવનો ઉપક્રમ કરવો [તેને અનુકૂળ વર્તવું] તે પ્રશસ્ત ભાવોપક્રમ છે. [પ્રશ્ન] વ્યાખ્યાનનું અંગ બતાવવાના અધિકારમાં ગુરુનો ભાવોપક્રમ બતાવવો અનર્થક નથી ? ના, કેમકે તે ગુરુભાવનો ઉપક્રમ પણ વ્યાખ્યાનના અંગપણે છે. કહ્યું છે — શાસ્ત્રના બધાં આરંભો ગુરુને આધીન છે.



ભાષ્યકાર પણ કહે છે — વ્યાખ્યાનના અંગો સર્વે ગુરુના ચિત્તને આધીન છે, માટે જેમ તે પ્રસન્ન થાય તેમ કરવું. આકાર અને ઇંગિતમાં કુશળ ગુરુ શિષ્યને કાગડો ધોળો કહે, તો પણ ગુરુના વચનનું ખંડન ન કરવું પણ ધીમેથી એકાંતમાં પૂછવું કે — આમ કહેવાનું શું કારણ છે ? ઉત્તમ શિષ્યએ ગુરુ જેમ પ્રસન્ન થાય તેમ કરવું.

[પ્રશ્ન] જો એમ છે, તો ગુરુનો ભાવ ઉપક્રમ કહેવો હતો, બીજા કહેવાની જરૂર નથી કેમકે તે નિરુપયોગી છે. [ઉત્તર] એમ નથી. ગુરુનું ચિત્ત પ્રસન્ન કરવા માટે જ તેમનું ઉપયોગીપણું છે. - x - દેશકાળ અપેક્ષાથી લાભ અને હાનિને વિચારીને આહારાદિ કાર્યમાં ઉપયોગવંત શિષ્ય ગુરુના ચિત્તને પ્રસન્ન રાખે અથવા ઉપક્રમના સામ્યપણાથી ચાલતા વિષયમાં કંઈક અંશે ઉપયોગી ન હોય તેવા અન્યત્ર બતાવે તેથી અદોષ છે.

શાસ્ત્રીય સિવાયનો ઉપક્રમ કહ્યો, હવે શાસ્ત્રીય કહે છે — તે પણ છ પ્રકારે છે — આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર, સમવતાર. તેમાં આનુપૂર્વી તે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ગણના, ઉત્કીર્તન, સંસ્થાન, સામાચારી અને ભાવ એ દશ ભેદે છે. તેમાં યથાસંભવ સમવતારણ કરવું. વિશેષથી ઉત્કીર્તન અને ગણનામાં આનુપૂર્વી લેવી.

ઉત્કીર્તના - સંશબ્દના, જેમ કે સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ ઈત્યાદિ ગણન-પરિસંખ્યાન, એક બે ત્રણ ચાર ઈત્યાદિ. તે ગણન અનુપૂર્વી ત્રણ પ્રકારે છે — પૂર્વ, પશ્ચાત્ અને આનુપૂર્વી. તેમાં પૂર્વાનુપૂર્વીમાં પહેલું સામાયિક છે. પશ્ચાનુપૂર્વીથી છટ્ઠું છે. અનાનુપૂર્વીથી અનિયત છે. ક્યારેક પહેલું વગેરે. તેમાં આનુપૂર્વી કરવાનો આ ઉપાય છે — એક વગેરે વિવક્ષિત પદોની સ્થાપના કરવી. જેમકે ત્રણ પદ છે, તો પહેલાં ૧,૨,૩ લે. પછી ૨,૧,૩ લે. પછી ૧,૩,૨ લેવા ઈત્યાદિ. - x - x -

હવે નામનું વર્ણન કરે છે. પ્રતિ વસ્તુ તરફ નમવાથી નામ છે. તે એકથી દશ સુધી જેમ અનુયોગદ્વારમાં બતાવેલ છે, તેમ જાણવું છ નામમાં તેનો અવતાર છે. તેમાં છ ભાવો ઔદયિકાદિ બતાવાય છે. તે છતાં સર્વ શ્રુતનો અવતાર ક્ષાયોપશમિકમાં જ છે. કેમકે શ્રુત તે ક્ષાયોપશમિક છે, તેમ પ્રમાણ વિચારતાં જેના વડે દ્રવ્ય વગેરે મપાય તે પ્રમાણ, તે પ્રમેયના ભેદથી ચાર રૂપવાળું છે - દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાળ પ્રમાણ અને ભાવપ્રમાણ છે.

તેમાં સામાયિક ભાવરૂપ હોવાથી ભાવપ્રમાણના વિષયમાં સમજવું. આ ભાવ પ્રમાણ ત્રણ પ્રકારનું છે. ગુણ, નય, સંખ્યાના ભેદથી ભિન્ન છે. તેમાં ગુણપ્રમાણ બે ભેદે છે — જીવ ગુણ પ્રમાણ, અજીવ ગુણ પ્રમાણ. તેમાં જીવથી અપૃથક્ હોવાથી સામાયિકનો જીવ ગુણપ્રમાણમાં સમવતાર કરવો. તે જીવગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર ભેદથી છે. તેમાં બોધાત્મક હોવાથી સામાયિકનો જીવગુણ પ્રમાણમાં સમવતાર થાય. તે જ્ઞાન પણ પ્રત્યક્ષ અનુમાન ઉપમાન આગમ ભેદથી ભિન્ન હોવાથી સામાયિક પ્રાયઃ બીજાને ઉપદેશ દેવારૂપ સવ્યપેક્ષપણે હોવાથી તેનો આગમમાં

સમવતાર કરવો.

તે આગમ પણ લૌકિક લોકોત્તર સૂત્ર અર્થ અને બંને તથા આત્મા, અનંતર અને પરંપર ભેદથી ભિન્ન હોવાથી તેમાં સામાયિકના પરમ ઋષિ પ્રણિત ગણિપિટકમાં હોવાથી લોકોત્તર ગણવું. સૂત્ર અર્થ બંને રૂપે હોવાથી ઉભયમાં ઉતારવું, ગૌતમાદિને તે સૂત્રથી આત્મગત છે અને તેમના શિષ્યો જંબૂસ્વામી આદિને અનંતરાગમ અને પ્રશિષ્યો પ્રભવાદિને પરંપરાગમ છે. એ પ્રમાણે અર્થથી જિનેશ્વરને આત્માગમ, ગણધરોને અનંતર, તેમના શિષ્યોને પરંપરાગમ છે. - x - x -

સામાયિકનો ઉત્કાલિકાદિ શ્રુત પરિમાણની સંખ્યામાં સમવતાર કરવો. તેમાં સૂત્રથી સામાયિક પરિમિત પરિમાણવાળું છે, અર્થથી અનંત પર્યાયપણે હોવાથી અપરિમિત પરિમાણ છે.

હવે વક્તવ્યતા કહે છે. તે ત્રણ ભેદે છે — સ્વસમય વક્તવ્યતા, પરસમય વક્તવ્યતા, ઉભયસમય વક્તવ્યતા. સ્વસમય - જૈન સિદ્ધાંત, વક્તવ્યતા-પદાર્થ વિચાર, તેમાં સ્વસમય વક્તવ્યતામાં આનો અવતાર છે. એ પ્રમાણે પર અને ઉભય સમયના પ્રતિપાદક અધ્યયનોમાં પણ તેમાં સમવતાર છે. કેમકે બધું જ શ્રુત સમ્યગ્‌દૃષ્ટિજીવે ગ્રહણ કરેલું પરસંબંધી હોય તો પણ સમ્યક્ જ છે. કેમકે તુલના વડે તે પણ સ્વસમય ઉપકારી છે.

હવે અર્થાધિકાર કહે છે — તે અધ્યયનનો સમુદાયાર્થ છે તે સ્વસમય વક્તવ્યતાનો એક દેશ છે, સર્વ સાવધ યોગની વિરતિરૂપ છે. - x - આ રીતે ઉપક્રમ કહ્યો, હવે નિક્ષેપ કહે છે —

નિક્ષેપ ત્રણ ભેદે છે — ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. તેમાં ઓઘ - સામાન્ય શાસ્ત્રાભિધાન, તે અહીં ચાર પ્રકારનું અધ્યયનાદિ છે. તે પ્રત્યેક નામ આદિ ચાર ભેદે છે, તે અનુયોગમાં બતાવ્યા પ્રમાણે જાણવું. - x - નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'સામાયિક' નામ છે. તે નામાદિ ચાર ભેદે છે તે નિરુક્તિદ્વારમાં તથા સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિમાં વિસ્તારથી કહીશું.

તેનું નામ અહીં છે, અવસર છે, તો શા માટે નિરુક્તિમાં તેનું સ્વરૂપ કહેવાનું કહો છો ? અહીં નિક્ષેપદ્વારમાં નિક્ષેપાનો અવસર છે અને નિરુક્તિમાં તેનું અનુવ્યાખ્યાન છે. નિરુક્તિ દ્વારમાં સામાયિકનું વ્યાખ્યાન કરવું છે તો પછી સૂત્રમાં શા માટે ફરી કહેશો ? ત્યાં સૂત્ર આલાપકનું વ્યાખ્યાન છે, નામનું નથી. નિરુક્તિમાં તો નિક્ષેપદ્વારમાં સ્થાપેલ 'સામાયિક' એવું અધ્યયન નામ છે, તેનું નિરૂપણ કરે છે. એટલું જ બસ છે નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો.

હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. સૂત્રનો અભાવ હોવાથી, તે અહીં કહેતાં નથી. - x - અનુગમ દ્વારમાં તેનો નિક્ષેપ કરીશું.

હવે અનુગમ - તે બે ભેદે છે. (૧) નિર્યુક્તિ અનુગમ, (૨) સૂત્ર અનુગમ નિર્યુક્તિ અનુગમ ત્રણ પ્રકારે છે. (૧) નિક્ષેપનિર્યુક્તિનો (૨) ઉપોદ્‌ઘાત નિર્યુક્તિનો, (૩) સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનો. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ હમણાં કહ્યો. હવે



ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમનો પ્રસ્તાવ છે, તે ઉદ્દેશાદિ દ્વાર લક્ષણવાળો છે. તેમાં "મહાન્ વિષય હોવાથી વિઘ્ન ન થાઓ !" માટે આરંભે મંગલ કહે છે —

[પ્રશ્ન] મંગળ તો પૂર્વે કહ્યું, ફરી તેનું શું પ્રયોજન છે ? ઈત્યાદિ - x - x - કોઈ કહે છે — મંગળ શાસ્ત્રના આરંભે, મધ્યે અને અંતે કહેવું જોઈએ તેમાં પ્રથમનું કહ્યું, હવે મધ્ય મંગળ કહે છે. પણ તે ઉત્તર વ્યાજબી નથી. કેમકે શાસ્ત્રનો આરંભ કર્યા પહેલાં મંગળનો અવકાશ ક્યાંથી હોય ? ત્યારે આચાર્ય ખુલાસો કરે છે કે ચાર અનુયોગ દ્વાર રૂપ શાસ્ત્રમાં બે અનુયોગ ઉપક્રમ અને નિક્ષેપનું વર્ણન કર્યુ, હવે મધ્યમંગલનો અવસર છે.

[શંકા] આ પ્રમાણે પણ શાસ્ત્રનું મધ્યમંગલ ન થાય, કેમકે અધ્યયનનું મધ્યપણું છે, શાસ્ત્રનું નહીં, માટે આ ઉત્તર યોગ્ય નથી.

પહેલાં મંગલ કહેવાયું તે આવશ્યકનું આદિ મંગલ હતું. હવે છે તે સર્વ અનુયોગના ઉપોદ્‌ઘાત નિર્યુક્તિપણાનું છે. - x - કહેશે કે — આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચાર, સૂત્રકૃત્, દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિને કહીશ. આગળ કહેશે કે બીજા અધ્યયનોની આ પ્રમાણે નિર્યુક્તિ થશે.

એમ મહાર્થપણાથી તથા કોઈ અંશે શાસ્ત્રોમાં સમાવેશ થતો હોવાથી ઉપોદ્‌ઘાતના આરંભે મંગળનો ઉપન્યાસ યુક્ત જ છે.

[પ્રશ્ન] સામાયિકને અનુકૂળ વ્યાખ્યાનાધિકારમાં દશવૈકાલિકાદિનો પ્રસ્તાવ શા માટે ? ઉપોદ્‌ઘાતના સામ્યપણાથી. - x - તે મંગલ આ —

● **નિર્યુક્તિ-૮૦ :-**

***તીર્થંકર, ભગવંત, અનુત્તર પરાક્રમી, અમાપજ્ઞાની, તીર્ણ, સુગતિ પામેલા, સિદ્ધિપથના ઉપદેશકને હું વંદુ છું.***

● **વિવેચન-૮૦ :-**

તીર્થ કરવાના સ્વભાવવાળા તીર્થંકરને હું વંદુ છું. - x - x - જેના વડે તરાય તે તીર્થ. તે તીર્થ નામાદિ ચાર ભેદે છે. તેમાં નોઆગમથી તદ્ વ્યતિરિક્તમાં દ્રવ્ય તીર્થ-નદી આદિનો સમભૂભાગ, અપાય રહિત હોય તે છે, પુરુષ બાહુ કે નાવ વડે ત્યાં તરે છે, તે તરિતા છે. તેનું દ્રવ્યપણું એટલા માટે છે કે — તે તર્યા પછી તરવાનું બાકી રહે છે, તેમ ત્યાંડૂબી પણ જવાય છે, ત્યાં સ્નાન કરવાથી બાહ્યમલ દૂર થાય છે, પણ પામીના જીવોને દુઃખ થવાથી પ્રાણાતિપાતાદિ અભ્યંતર મલનું કારણ નવું થાય છે અભ્યંતર મેલ દૂર થયા વિના બાહ્યમલની ઉત્પત્તિના નિરોધનો અભાવ છે. પૂર્વે મિથ્યાત્વ આશ્રિત ક્રિયા કરી જે કર્મમળ પ્રાપ્ત કર્યા હોય તે અશુભ કૃત્યોથી વિરુદ્ધ સમ્યગ્દર્શન પામી સાથે ક્રિયા કરવાથી અને નિર્મળ ભાવના ભાવવી કે જેથી તે મેલ ક્ષય થાય છે. પણ ક્ષયના અભાવમાં ભવતરણની પ્રાપ્તિ ન થાય, માટે નોઆગમથી ભાવતીર્થ તો સંઘ છે, કેમકે સમ્યગ્‌દર્શનાદિ પરિણામથી તે એકમેકપણે છે. કહ્યું છે કે —

તીર્થ છે તે તીર્થ છે કે તીર્થંકર તે તીર્થ છે ? ગૌતમ ! અરહંત તો નિયમથી તીર્થંકર છે, તીર્થ તે ચતુર્વિધ શ્રમણ સંઘ કે પ્રથમ ગણધર છે. પણ તરનાર તે સાધુ

જ છે. તે સમ્યગ્દર્શનાદિ ત્રણ કરણ ભાવ પામેલા છે, તે તરણ કહેવાય. તરવા યોગ્ય તે ભવોદધિ છે. અથવા પંકદાહ અર્થાત્ પાપરૂપ દાહ તે કષાયો અને પિપાસા તે વિષયોની ઈચ્છા, એ બધાંને દૂર કરે છે, તે ધર્મ સાધન સાચુ તીર્થ છે, તેમ પંડિતો કહે છે.

અથવા (૧) સુખથી ઉત્તરાય અને સુખથી નીકળાય, (૨) સુખે ઉતરાય પણ દુઃખે નીકળાય, (૩) દુઃખે ઉત્તરાય અને સુખે નીકળાય, (૪) દુઃખે ઉતરાય અને દુઃખે નીકળયા. તે દ્રવ્યતીર્થ છે. તે આ પ્રમાણે – અનુક્રમે શીવમત, બૌદ્ધમત, દિગંબર અને જૈન સાધુ જાણવા.

भग - સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણ. સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ, પ્રયત્ન એ છ અર્થમાં 'ભગ' શબ્દ છે. તેનાથી યુક્ત તે ભગવંત. [પ્રશ્ન] તીર્થંકરમાં ભગવંતનો અર્થ સમાઈ જાય છે. - x - તો ભગવંત શબ્દની શી જરૂર છે ? [ઉત્તર] એમ નથી, બીજા મતવાળા અમુક નયને અવલંબીને રહેલા છે, તેમના મતમાં માનેલા તીર્થંકર નહીં પણ ઉક્ત ગુણવાળા તીર્થંકર લેવા એમ સૂચવવાને 'ભગવંત' શબ્દ લીધો છે. અર્થાત્ તેવા ઉત્તમ ગુણોથી રહિત નહીં પણ યુક્ત એવા તીર્થંકરને હું વંદુ છું.

તે પ્રમાણે 'पर' તે ક્રોધાદિ શત્રુઓ છે, તેમના ઉપર આક્રમણ કરી, તેમનો પરાજય સંપૂર્ણપણે કર્યો માટે અનુત્તર પરાક્રમી તીર્થંકરો છે.

[પ્રશ્ન] ઐશ્વર્યવાળા ભગવંતો અનુત્તર પરાક્રમી જ હોય, કેમકે તેના વિના ભગવંત ન કહેવાય. તેથી ''અનુત્તર પરાક્રમ'' વિશેષણ નકામું છે. [ઉત્તર] અનાદિ શુદ્ધ, ઐશ્વર્યાદિયુક્ત પરમ પુરુષની કલ્પના કરતાં નયવાદીનું નિરાકરણ કરવા માટે આ પદ નકામું નથી. વળી કેટલાંક અનુત્તર પરાક્રમ વિના પણ બ્રહ્માદિને અનાદિથી ભગવંત માને છે, તેઓ કહે છે –

''જેનું ન હણાય તેવું નિર્મળ જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, ધર્મ એ ચાર જગત્પતિને સ્વાભાવિક છે.'' અથવા બીજા આત્માને અકર્તા માને છે. તે બંનેના મતખંડન કરવા કે ''આત્મા પરાક્રમ કરીને શુદ્ધ થાય છે.'' તે બતાવવા આ વિશેષણ જરૂરી છે.

अमित તે અપરિમિત કેવળજ્ઞાન છે, કેમકે જાણવા યોગ્ય પદાર્થ અનંત છે, તે જ્ઞાનવાળા ભગવંત છે. [પ્રશ્ન] અનુત્તર પરાક્રમી નિયમથી અનંતજ્ઞાની છે, તો તે વિશેષણ શા માટે કહ્યું. કેમકે ક્રોધાદિ ક્ષય થવાથી તુરંત અનંત કેવળજ્ઞાન થાય છે. [વાદીમત-] તે બધું દેખે કે ન દેખે પણ ઈષ્ટ પદાર્થને જરૂર દેખે, કેમકે કીડાની સંખ્યા ગણવા જેવું ઝીણું જ્ઞાન આપણે શું ઉપયોગી? આ મતના ખંડન માટે કહ્યું.

ભવસમુદ્રને તર્યા તે તીર્ણ, ભવૌઘ તરીને સુગતિમાં ગયેલા તેમાં સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું પ્રાપ્ત થવાતી નિરૂપમસુખ ભાગી છે. સુગતિ કહેવાથી ભવભ્રમણની તિર્યંચાદિ ગતિ છોડીને પંચમીગતિએ પહોંચ્યા છે. સિદ્ધ શબ્દથી લૌકિક અણિમાદિ આઠ પ્રકારના ઐશ્વર્યવાળી, સ્વેચ્છાથી ચાલવું આદિ ન લેતાં મોક્ષગતિવાળી સિદ્ધિ



લેવી. - x - x -

સિદ્ધિ નામે સુગતિનો પંથ તેના પ્રદેશક અર્થાત્ સિદ્ધિ ગતિનું બીજ સામાયિકાદિ બતાવનાર તીર્થંકર છે, આ વિશેષણથી અનેક જીવોને ઉપકારી તીર્થંકર નામ કર્મોદયથી તેઓ ઉપદેશ વડે તીર્થને સ્થાપે છે, તેમને હું વાંદુ છું. આ રીતે ઋષભદેવાદિને મંગલાર્થે વંદન કહ્યું. હવે આસન્નોપકારી વર્ધમાનસ્વામીને - x - વંદે છે–

**• નિર્યુક્તિ-૮૧ :-**

***મહાભાગા, મહામુનિ, મહાયશા. દેવેન્દ્ર-નરેન્દ્રોથી પૂજિત આ વર્તમાન તીર્થ સ્થાપક તીર્થંકર મહાવીરને હું વાંદુ છું.***

**• વિવેચન-૮૧ :-**

'वंदामि' આદિ પદ સંપૂર્ણ ઉત્તરપદાનુયાયી જાણળા. તેમાં भाग - અચિંત્ય શક્તિ, - x - જગત્‌ને ત્રણે કાળમાં સર્વજ્ઞત્વથી માને માટે મુનિ, તે પણ મહામુનિ છે. ત્રણે જગત્‌માં વ્યાપેલા યશવાળા હોવાથી મોટા યશવાળા, કષાયાદિ શત્રુનો જય કરવાથી મહા-વીર, કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીથી શોભે છે, માટે વીર. કહ્યું છે – જે કર્મોને વિદારે છે, તપ વડે શોભે ચે, તપ-વીર્ય વડે યુક્ત છે, માટે તે વીર છે. દેવેન્દ્ર અને ચક્રવર્તી વડે પૂજિત એવા વર્ધમાનસ્વામી છે, જેમણે આ વર્તમાન તીર્થને સ્થાપેલ છે, માટે તેમને નમસ્કાર કરું છું.

આ રીતે જિનેશ્વર મહાવીરને મંગલપાર્થે વંદન કર્યુ. હવે સૂત્ર રચનારા ગણધરાદિને પણ પૂજ્યબુદ્ધિથી વંદન કરે છે –

**• નિર્યુક્તિ-૮૨ :-**

***પ્રવચનના પ્રવાચક એવા અગીયારે ગણધરોને, સર્વે ગણધરવંશને, વાચકવંશને અને પ્રવચનને હું વંદુ છું.***

**• વિવેચન-૮૨ :-**

૧૧ ની સંખ્યાથી વાચી એવા અનુત્તર જ્ઞાનદર્શનાદિ ધર્મગણને ધારક તે ગણધરો, પ્રકર્ષથી પ્રધાન કે પ્રથમ એવા તે વાચક તે પ્રવાચક, કોના ? પ્રવચન - આગમના, તેમને હું વંદુ છું. એ રીતે મૂળ ગણધરને વંદન કર્યુ તથા બધાં જ આચાર્યનો પ્રવાહ. તેમને, તથા ઉપાધ્યાયોના પ્રવાહને અને આગમને હું વંદુ છું. અહીં બંને વંશ તથા પ્રવચનને શા માટે વાંદો છો ? તે કહે છે – જેમ અર્થ કહેનાર અરહંત વંદ્ય છે, સૂત્રકાર ગણધર વંદ્ય છે, તે પ્રમાણે અર્થસૂત્રરૂપ પ્રવચન અમારા સુધી લાવનારા આચાર્યાદિનો વંશ અમારે ઉપકારક હોવાથી વંદ્ય છે. આગમ તો સાક્ષાત્ વંદ્ય જ છે. - - - હવે ચાલુ વિષય કહે છે –

**• નિર્યુક્તિ-૮૩ :-** *ચૂર્ણિમાં કથા સહિત લાંબુ વિવેચન છે.*

***તેમને મસ્તક વડે વંદીને, તેમણે કહેલ અર્થ પૃથકત્વને અને શ્રુતજ્ઞાન રૂપ ભગવંતના સ્વરૂપની નિર્યુક્તિને હું કહીશ.***

**• વિવેચન-૮૩ :-**

પૂર્વોક્ત તીર્થંકરાદિને વાંદીને-મસ્તક વડે નમીને, હું નિર્યુક્તિ કહીશ. કોની ?

શ્રુતમાં અભિધેય અર્થ, તેથી સૂત્ર પૃથક્‌નો ભાવ અર્થાત્ સૂત્રની અને અર્થની. શ્રુત વિશેષણ છે તેની, જે તીર્થંકર અને ગણધર આદિ વડે પ્રતિપાદિત છે. આવા શ્રુતજ્ઞાન ભગવંતને. સૂત્ર અને અર્થનું પરસ્પર નિયોજન તે નિર્યુક્તિ કહીશ. બધાંની નિર્યુક્તિ કહેશો ? ના. શ્રુત વિશેષ આવશ્યક આદિની. તેથી હવે કહે છે –

**• નિર્યુક્તિ-૮૪ થી ૮૬નું વિવેચન :-**

આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ તથા દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિને કહીશ. કલ્પસૂત્રની, પરમ નિપુણ વ્યવહાર સૂત્રની, સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિતની નિર્યુક્તિને કહીશ. હું જિનેશ્વરના ઉપદેશાનુસાર આ નિર્યુક્તિઓ કહીશ, તે ઉદાહરણ, હેતુ, કારણ, પદ સમૂહથી ઉપદેશાનુસાર આ નિર્યુક્તિઓ કહીશ, તે ઉદાહરણ, હેતુ, કારણ, પદ સમૂહથી યુક્ત સંક્ષેપમાં કહેવાશે. - x - x - ઉક્ત પરમનિપુણ એટલે મોક્ષના અંગપણાથી 'પરમ'નું અને નિપુણ - અવ્યંસકપણાનું સૂચક છે. તેથી અહીં મનુ સ્મૃત જેવો સંસાર સંબંધી વ્યવહાર નથી પણ સત્ય પ્રતિજ્ઞા વ્યવહાર છે. ક્રિયા અભિધાનનું કારણ, આમાં અનેક જુદા ગ્રંથોનો વિષય છે. - x -

આ શ્રુતવિશેષ નિર્યુક્તિ સ્વબુદ્ધિથી નહીં પણ જિનોપદેશ વડે કહીશ. આહરણ - સાધ્ય, સાધન, અન્વય, વ્યતિરેકનું પ્રદર્શન-દૃષ્ટાંત, સાધ્ય ધર્મ અન્વય વ્યતિરેક લક્ષણ તે હેતુ. ક્યાંક હેતુ છોડીને દૃષ્ટાંત જ કહે છે. - x - ક્યાંક માત્ર હેતુ કહેલ છે. - x - નિર્યુક્તિકાર કહે છે કે – "જિનેશ્વરનું વચન સિદ્ધ છે, કોઈ વખત ઉદાહરણ કહેશે એ કોઈ વખત શ્રોતાને આશ્રીને હેતુ કહેશે. કેમકે તે ઉપપત્તિ માત્ર છે. જેમકે નિરૂપમ સુખવાળા સિદ્ધ છે, કેમકે જ્ઞાનમાં કોઈ પ્રકારે ક્ષતિ નથી. - x - x - x -

પહેલી સામાયિક નામે ઉપોદ્ઘાત નિર્યુક્તિ કહીશ –

**• નિર્યુક્તિ-૮૭ :-**

***ગુરુજનોએ ઉપદેશેલ અને આચાર્યની પરંપરામાં આવેલ એવી સામાયિકની નિર્યુક્તિને હું કહીશ.***

**• વિવેચન-૮૭ :-**

સામાયિક સૂત્રની નિર્યુક્તિ, જે તીર્થંકર, ગણધરાદિએ શિષ્યો સન્મુખ ઉપદેશેલી અને આચાર્યની પરંપરાથી આવેલી છે, તેને કહીશ. તે પરંપરાથી બે પ્રકારે છે – દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્ય પરંપરા - જેમ ઇંટોને પરંપરાએ એક પુરુષ, બીજા પુરુષને પહોંચાડે છે, તે સંબંધે કથા ગાથા કહીશું. ભાવ પરંપરા તે ઉપોદ્ઘાત નિર્યુક્તિ જ આચાર્ય પરંપરાથી આવેલ છે.

કેવી રીતે ? જંબૂસ્વામીએ પ્રભવસ્વામીને આપી, તેણે શય્યંભવ સ્વામીને કહી એ રીતે અથવા આચાર્ય પરંપરાથી આવેલી ગુરુએ કહી.

[પ્રશ્ન] દ્રવ્ય - જે ઇંટો આદિ છે, તે પરંપરાએ પહોંચાડવી યોગ્ય છે, પણ ભાવ તો શ્રુતજ્ઞાનના પર્યાયપણાથી એક વસ્તુમાંથી બીજીમાં જવાનો અભાવ છે, તો



તે પરંપરાથી કેમ આવે ? ઈત્યાદિ પ્રશ્નો –

[ઉત્તર] આ ઉપચાર હોવાથી અદોષ છે. જેમ રૂપિયાથી ઘી આવ્યુ એ પ્રમાણે આચાર્યની પરંપરાનો હેતુ હોવાથી "આવેલ છે" તેમ જાણવું એટલે બોધવચન આ આગમન શબ્દ છે, પણ ક્રિયારૂપે નથી.

દ્રવ્ય પરંપરાનું દૃષ્ટાંત - સાકેતનગર હતું. તેની ઈશાને સુરપ્રિય નામક યક્ષમંદિર હતું, તેમાં સુરપ્રિયની મૂર્તિનું ચિત્ર હતું. તે પ્રતિવર્ષ નવું ચીતરાય છે, તેનો પરમ મહોત્સવ કરાય છે. તે ચિતરેલ યક્ષ સદેશ્ય રૂપે રહી તે ચિત્ર કરનારને મારે છે, તે ડરથી જો ન ચિતરે તો મરકીનો રોગ ફેલાવે છે. તેથી બધાને બચાવવા ચિતારામાં એકને મરવાની ફરજ પડે છે. તેથી બધાં ચિતારા જીવ લઈને ભાગવા લાગ્યા.

રાજાને ખબર પડી. તેણે વિચાર્યુ કે બધાં ચિતારા ચાલ્યા જશે, તો આ યક્ષ અમને બધાંને ઓચિંતા મારી નાંખશે. તેથી ચિતારાને બોલાવીને ઈનામો આપી સંતુષ્ટ કર્યા. તેમના નામની ચિઠ્ઠી લખી. જેનું નામ નીકળે તે ચિત્ર બનાવે અને મૃત્યુવશ થાય. કોઈ દિવસે કોશાંબીથી એક ચિતારાપુત્ર ભાગીને કામ શીખવા આવ્યો. ચીતારાના ઘરમાં ભરાણો, તે ઘરમાં ડોસીને એક પુત્ર હતો, તેની સાથે ચિતારાના પુત્રને મૈત્રી થઈ. કોઈ દિવસે ચિઠ્ઠીમાં તે ડોસીના ડીકરાનું નામ નીકળતા, દોસી રડવા લાગી. પરદેશી છોકરાએ કહ્યું કે – રડ નહીં, હું ચિત્ર કરી આવીશ. - x - પછી તેણે છટ્ઠનું પચ્ચકખાણ કર્યુ, અખંડિત બે વસ્રે પહેર્યા, મુખકોશ બાંધ્યો. નવા કળશોની ભૂમિ સાફ કરી, નવા કુચડા-પીંછી-મલ્લકાદિ તૈયાર કર્યા - x -

યોગ્ય રીતે ચિત્ર બનાવી, તે ચિત્રના પગે પડીને કહ્યું – યક્ષદેવ ! મેં તમારો કંઈપણ અપરાધ કર્યો હોય તો ક્ષમા કરશો. ત્યારે યક્ષે વરદાન માંગવા કહ્યું. ચિતારાપુત્રે કહ્યું – આજથી તમારે કોઈને મારવો નહીં. યક્ષે કહ્યું – ભલે ! તેમ થાઓ. યક્ષે બીજા વરદાન માટે કહ્યું. ચિતારા પુત્ર બોલ્યો કે જેનો એકદેશ જોઉં તે દ્વિપદ, ચતુષ્પદ કે અપદ જે હોય તેનું ચિત્ર હું બનાવી શકું. યક્ષે કહ્યું – જા, તેમ જ થશે. યક્ષ ગયો.

રાજાએ આ વાત સાંભળી તેનું સન્માન કર્યુ. પછી તે ચિતારો કોસાંબી નગરી ગયો ત્યાં શતાનિક નામે રાજા હતો. તેને ત્યાં ચિત્રસભા ન હતી, ચિતારાને બોલાવ્યા, સભાના ભાગ પાડી દીધા, તેમાં વરદાનવાળા ચિતારાને અંતઃપુરનો કીડાપ્રદેશનો ભાગ ચીતરવા આપ્યો. તેણે ત્યાં જેવું અંતઃપુર હતું, તેવું ચિત્ર કર્યુ. કોઈ વખતે જાળીના પડદામાંથી મૃગાવતી રાણીના પગનો અંગુઠો જોયો, તેણે ઉપમાનથી રાણીનું રૂપ દોર્યુ. તે ચિતારાની આંખ મીંચકાતા એક શાહીનું ટપકું રાણીના ચિત્રમાં સાથળ ઉપર પડ્યું. ચિતારાએ ભુંસી નાંખ્યુ. એ રીતે ત્રણ વખત બન્યું ત્યારે તેને ખ્યાલ આવ્યો કે આ ટપકું તલને માટે જરૂરી છે.

ચિત્રસભા તૈયાર થઈ, રાજા જોવા આવ્યો, રાણીના ચિત્રમાં ગુપ્ત ભાગે તલ જોતા કોપિત થયો, આ દુષ્ટે નક્કી મારી રાણીને ભોગવી છે, એમ વિચારી

મારવા હુકમ કર્યો. બધાં ચિતારાએ રાજાને કહ્યું કે આ દેવતાએ વરદાન આપેલો ચિતારો છે. રાજાએ દાસીનું મુખ દેખાડી તેની પરીક્ષા કરી, ચિતારાએ રૂપ ચીતરી આપ્યું, તો પણ રાજાએ તેનો અંગુઠો અને જોડેની આંગળી કપાવી નાંખ્યા, દેશનિકાલ કર્યો.

ચિતારાએ ફરી યક્ષની આરાધના કરી, યક્ષે વરદાન આપ્યું કે તું ડાબા હાથે ચીતરી શકીશ. શતાનીકનું વૈર લેવા ચિતારો પ્રદ્યોતરાજા પાસે ગયો. મૃગાવતીનું ચિત્ર ભેંટ ધર્યું. રાજાને માહિતી આપી. ચંડપ્રદ્યોતે શતાનીક રાજા પાસે મૃગાવતીની માંગણી કરતો દૂત મોકલ્યો. પછી - x - મોટું લશ્કર લઈ આવીને ચડાઈ કરી, અલ્પબલી શતાનીક તેના ભયથી મરણ પામ્યો. મૃગાવતીએ નાનો બાળક હોવાથી યુક્તિ કરી - x - નગરને મજબુત કિલ્લો કરાવ્યો. - x - ધન વડે નગરી સમૃદ્ધ કરી, શત્રુથી નગર ન ઘેરાય તેવું કરી દીધું. પછી વિચાર્યુ કે - x - ભગવંત મહાવીર વિચરે છે, જો તે સ્વામી અહીં આવે તો હું દીક્ષા લઉં, ભગવંતે કેવળજ્ઞાનથી જાણી, તે તરફ વિહાર કર્યો. સમોસરણ રચાયું. વૈરો શાંત થયા.

તે વખતે પ્રભુને સર્વજ્ઞ જાણીને મનમાં જ પ્રશ્ન કર્યો. તે સમયે ભગવંતે પ્રગટ કહ્યું કે – મનમાં પૂછવા કરતાં વચનથી જાહેરમાં પૂછ, જેથી ઘણાં પુરુષો બોધ પામશે. ત્યારે તેણે પ્રશ્ન કર્યો કે ભગવન્ ! जा सा सा सा ? જે પૂર્વે હતી તે આ છે ? ભગવંતે કહ્યું – હા, ત્યારે ગૌતમ સ્વામીએ [ભવ્ય જીવોના પ્રતિબોધ માટે] પૂછ્યું – આણે जा सा सा सा કેમ પૂછ્યું ? ભગવંતે તેણીનું ચારિત્ર કહ્યું –

તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. ત્યાં એક સોની સ્ત્રી લંપટ હતો. તે ૫૦૦-૫૦૦ સોનામહોરો આપી જે કોઈ સુંદર કન્યા મળે તેને પરણતો. એ રીતે ૫૦૦ કન્યા પરણ્યો. તે એકૈક સ્ત્રીને ચૌદ પ્રકારના દાગીના કરાવી દીધા. જેનો જે દિવસે વારો હોય, તેને તે દિવસે આભૂષણો આપે. પણ બીજા દિવસોમાં ન આપે. બીજા કોઈ તેની સ્ત્રી સાથે અનાચાર ન કરે માટે તે સોની ઘરમાંથી નીકળતો જ ન હતો અને કોઈને ઘરમાં પ્રવેશવા દેતો ન હતો. કોઈ વખતે મિત્રના આગ્રહથી સોનીને તેને ત્યાં જવું પડ્યું. તેને ગયેલો જાણી બધી સ્ત્રીઓએ ઈચ્છાનુસાર સ્નાન કરી, - x - સુગંધી લેપ કરી, સારાં વસ્ત્રો પહેરી, ચૌદે આભુષણો પહેરી, દર્પણ હાથમાં લઈને બેઠી, તેવામાં સોની પાછો આવ્યો.

સ્ત્રીઓને જોઈને કોપાયમાન થયો. તેમાં મુખ્ય હતી તેને એકને મરણતોલ માર માર્યો. બીજી બધીને થયું કે આપણાં આ જ હાલ થશે. બધીએ પરસ્પર સંકેત કર્યો. સોનીને ૪૯૯ સ્ત્રીઓએ દર્પણો એક સાથે તે સોની ઉપર ફેંક્યા. સોની ત્યાં જ મરણ પામ્યો. પછી પસ્તાવો થવાથી - x - બધીએ ઓરડા બંધ કર્યા, સંકેતથી આગ સળગાવી બધી બળી મરી. આ પ્રમાણે પશ્ચાત્તાપના કોમળ પરિણામે અંતકાળે અકામ નિર્જરાથી મરીને તે ૪૯૯ સ્ત્રીઓ પુરુષરૂપે જન્મી. ચોરોની ટોળીમાં તે બધાં દાખલ થયા.

તે સોની પણ મરીને તિર્યંચ થયો. સોનીએ મારેલી પ્રથમ સ્ત્રી ત્યાં





તિર્યંચરૂપે ઉપજેલી, તે ત્યાંથી મરીને કોઈ બ્રાહ્મણના ઘેર દાસીપુત્ર થઈ. તે પાંચ વર્ષનો થયો. તે સોની પણ તિર્યંચથી મરીને તે જ કુળમાં કન્યારૂપે જન્મી. પેલા છોકરાને તે કન્યાને રમાડવા માટે નોકરીમાં રાખ્યો. તે કન્યા નિત્ય રડતી હતી. તે છોકરો કન્યાને છાતી રાખવા પેટે હાથ ફેરવતો હતો, ત્યાં અકસ્માત તેણીના યોનિદ્વારનો સ્પર્શ થયો કન્યા રડતી બંધ થઈ ગઈ. છોકરાએ જાણ્યું કે આ છાની રાખવાનો ઉપાય છે, છોકરી જ્યારે રડે ત્યારે તે છોકરો યોનિને સ્પર્શતો, કન્યા રડતી બંધ થઈ જતી. કન્યાના માબાપ તે જોઈ જતાં છોકરાને કાઢી મૂક્યો.

તે છોકરો - x - કાળક્રમે ચોરપલ્લીમાં પહોંચ્યો. પે'લા ૪૯૯ ચોરો સાથે થઈ ગયો. કોઈ વખત ૫૦૦ ચોર પે'લા નગરમાં ગયા, ધાડ પાડી, પે'લી બ્રાહ્મણ કન્યાને સુંદર જાણીને લઈ લીધી. ૫૦૦ પુરુષોએ ભોગવી. પછી તેમને ચિંતા થઈ કે આ બિચારી એકલી કેમ સહન કરશે ? જો કોઈ બીજી મળે, તો તેણીને વિશ્રાંતિ મળે. તેમ વિચારી બીજી સ્ત્રી લાવ્યા. કોઈ વખત તે બીજી સ્ત્રીને - x - પ્રપંચથી કુવામાં પાડી દીધી. ચોરોએ આવીને તપાસ કરતાં ખબર પડી કે પહેલી સ્ત્રીએ જ બીજીને મારી નાંખી છે ત્યારે પે'લા દાસીપુત્રને થયું કે આ જ અમારા બ્રાહ્મણશેઠની કન્યા છે. તેનો નિશ્ચય કરવા - x - ભગવંતને પ્રશ્ન કર્યો. ભગવંતે કહ્યું કે હા, તે તારી જ બહેન છે.

ત્યારે તે દાસીપુત્રે જાણ્યું કે પૂર્વભવના પાપના ઉદયથી તેને કેવી દુષ્ટ બુદ્ધિ છે કે બાળપણથી જ કામ વિકાર હતો. ૫૦૦ ચોરોના કષ્ટ છતાં તેણીએ બીજી સ્ત્રીને મારી નાંખી આ કામવિકારવાળા સંસારને ધિક્કાર છે. એમ વૈરાગ્ય પામી ભગવંત પાસે દીક્ષા લીધી. આખી પર્ષદા ત્યારે વધુ વૈરાગ્યવાળી બની. ત્યારે મૃગાવતી રાણી ઉભી થઈને ભગવંત પાસે આવી વંદન કરી બોલી કે – જો ચંડપ્રદ્યોતરાજા આજ્ઞા આપે તો હું દીક્ષા લઉં. ત્યારે દેવ-મનુષ્ય-અસુરની પર્ષદામાં લજ્જા પામી ચંદ્રપ્રદ્યોતે આજ્ઞા આપી. - x - મૃગાવતીએ દીક્ષા લીધી. ૪૯૯ ચોરોએ પણ દીક્ષા લીધી. પ્રદ્યોતની અંગારવતી આદિ આઠે પટ્ટરાણીએ પણ દીક્ષા લીધી.

ઉક્ત કથામાં – ચૌદ રાજાના સૈન્યએ પરંપરાથી ઇંટો લાવીને મૂકી, તે દ્રવ્યપરંપરા કહેવાય. હવે નિર્યુક્તિ શબ્દનું સ્વરૂપ કહે છે –

● **નિર્યુક્તિ-૮૮ :-**

***નિશ્ચયથી જે અર્થો કહ્યા છે, તે અર્થો જોડેલા હોવાથી નિર્યુક્તિ કહેવાય છે, તેને સૂત્રની પરિપાટીથી કહેવાને ઈચ્છે છે.***

● **વિવેચન-૮૮ :-**

નિશ્ચય વડે અથવા પ્રથમ સર્વથા અધિકપણે યુક્ત કર્યા તે નિર્યુક્ત. પદાર્થ તે જીવ આદિ, તે શ્રુતના વિષયમાં છે, તેની સૂત્રમાં જ યોજના થયેલી છે, તેના વડે આ નિર્યુક્તિ છે. અર્થાત્ નિર્યુક્ત જે પદાર્થો તેની યુક્તિ તે નિર્યુક્તિ. અર્થાત્ સૂત્રમાં આવેલ વિષયની નિર્યુક્તિ બતાવવી તે જ નિર્યુક્તિ કહેવાય છે.

[શંકા] સૂત્રમાં સમ્યક્ રીતે અર્થો યોજેલા છે, તો ફરી પાછી અહીં શાની યોજના કરો છો ?

[ઉત્તર] જો કે સૂત્રોમાં અર્થો યોજ્યા છે, તો પણ તે બધાને સમજી શકાતા નથી. તેને સમજાવવા માટે આ છે. શ્રોતાને બધું ન સમજાય તો તેના અનુગ્રહને માટે સૂત્ર પરિપાટીથી કહેવાને ઈચ્છે છે અથવા શિષ્ય જ ન સમજાતા વિષયને ફરી ફરી પૂછે છે કે હે ગુરુ ! અમને સૂત્રપરિપાટી કહો. અહીં વ્યાખ્યાનનો અર્થ નિર્યુક્તિ છે, માટે ફરી યોજના કરવી અદોષ છે.

હવે મહાપુરુષોનું શીલ આદિ સંપદાનું યુક્તપણું કહે છે –

● **નિર્યુક્તિ-૮૯,૯૦ :-**

***તપ, નિયમ, જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ થયેલ, અમિતજ્ઞાની એવા અરિહંત ભવિકજનોના બોધને માટે જ્ઞાનની વૃષ્ટિ કરે છે. બુદ્ધિમય પટ વડે ગણધરો તેને ગ્રહણ કરીને પ્રવચનાર્થે તીર્થંકર ભાષિત વચનોને સૂત્રપણે ગુંથે છે.***

● **વિવેચન-૮૯,૯૦ :-**

આ એક રૂપક બતાવ્યું. તેમાં વૃક્ષો બે ભેદે છે – દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યવૃક્ષ તે કલ્પતરૂ. જેમકે કોઈ પુરુષ તેના ઉપર ચડીને તેના ગંધાદિ ગુણોવાળા ફૂલોનો સંચય કરીને તેના નીચે ઉભેલા પુરુષોને અનુકંપા વડે ઉપરથી આપે છે, લેનારા પણ ધૂળ કે કાદવમાં પડી બગડી ન જાય તે માટે વિમલ વિસ્તીર્ણ પટમાં ઝીલે છે, ઈચ્છાનુસાર ઉપભોગમાં લઈ આનંદ પામે છે, તેમ અહીં ભાવવૃક્ષમાં સમજવું.

તપ, નિયમ, જ્ઞાન તે જ વૃક્ષ છે તેમાં સનસનાદિ બાહ્ય અને અભ્યંતર ભેદ તે તપ. નિયમ એટલે ઈન્દ્રિય અને મનનું નિયમન જેમકે શ્રોત્રાદિને સંયમ અને ક્રોધાદિનો નિગ્રહ. જ્ઞાન-કેવળજ્ઞાન. આવા વૃક્ષે ચડીને, જ્ઞાન સંપૂર્ણ-સંપૂર્ણ બે ભેદે છે, તેમાં સંપૂર્ણને જણાવે છે – જેને સંપૂર્ણ કેવળ છે, તે કેવલી. તે પણ ચાર ભેદે છે – શ્રુત, સમ્યકત્વ, ચારિત્ર અને ક્ષાયિકજ્ઞાન. અથવા શ્રુત, અવધ, મનઃપર્યવ અને કેવળ. તે શ્રુતાદિનો વ્યવચ્છેદ કરવા સર્વજ્ઞનો ખુલાસો બતાવવા અમિતજ્ઞાની કહ્યું. તેમાંથી જ્ઞાનવૃષ્ટિ - x - અર્થાત્ શબ્દ વૃષ્ટિ કરે છે.

શા માટે ? ભવ્યપુરુષોને બોધ થવા માટે. [શંકા] કૃતકૃત્યને તત્ત્વનું કથન કરવું પ્રયોજનના અભાવે નિરર્થક છે, પ્રયોજન બાકી રહેલું માનીએ તો કૃતકૃત્યત્વ ઘટે નહીં વળી સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી ભવ્યોને જ બોધ કરે એવું સિદ્ધ ન થાય, અભવ્યને બોધ ન કરવાથી અસર્વજ્ઞ અને અવીતરાગત્વનો પ્રસંગ આવે. [સમાધાન] અમે સર્વથા કૃતકૃત્યતા સ્વીકારતા નથી, કેમકે સાકાર પ્રભુને તીર્થંકર નામ કર્મના વિપાકનો અનુભવ બાકી છે, તે ધર્મદેશનાદિ વડે જ ભોગવાય છે. બીજું ભગવંત ધર્મદેશના પ્રવર્તાવે, તે સ્વભાવ ભિન્નતાથી એકને બોધ પમાડે, બીજાને ન પમાડે. જેમ પુરુષ અને ઘુવડમાં સૂર્ય સરખો જ પ્રકાશે છે, તો પણ પુરુષ સૂર્ય પ્રકાશથી ખીલે છે, ઘુવડ આંખો મીંચી દે છે.



સિદ્ધસેન દિવાકરજી કહે છે – હે ભગવન્ ! આપના નિર્મળ અને એકાંત હિતકર વાક્યથી પણ કેટલાંકને બોધ થતો નથી. એ આશ્ચર્ય છે, કેમકે સૂર્યના પ્રભાતના કિરણો કોને જોવા યોગ્ય થતાં નથી ? પણ જ્યારે હું ઘુવડની સ્થિતિમાં હોઉં, ત્યારે આશ્ચર્ય થતું નથી. કેમકે સ્વભાવથી જ ક્લિષ્ટ ચિત્તવાળાને સૂર્યના તેજસ્વી નિર્મળ કિરણો પણ આંખો મીંચાવે છે. અથવા સારો વૈદ્ય સાધ્ય વ્યાધિની દવા આપે તો તેને અસાધ્યનું જ્ઞાન નથી એમ ન કહેવાય, એ રીતે ભવ્ય-અભવ્યનો કર્મરોગ જોઈને ભવ્યનો કર્મમળ દૂર કરે અને અભવ્યનો ન કરે, તેથી ભગવંતનું આ રાગી-દ્વેષીપણું ન કહેવાય.

ઉપરોક્ત જ્ઞાનવૃષ્ટિને બુદ્ધિમય એટલે બુદ્ધિ આત્મા વડે જ અથવા બુદ્ધિ જ જેનો આત્મા છે તેવો કોઈ બુદ્ધિરૂપ પટ્ટ વડે ગણધરો સંપૂર્ણ જ્ઞાનકુસુમની વૃષ્ટિને ગ્રહણ કરે છે, કેમકે ગણધરોના પૂર્વના પુન્યથી બીજાદિ બુદ્ધિ હોય છે. પછી તે તીર્થંકર પાસે સાંભળેલા વચનરૂપ ફૂલોને વિચિત્ર કુસુમવાળા માફક ગુંથે છે.

શા માટે ? પ્રગત, પ્રશસ્ત કે પ્રથમ પ્રધાન એવું વચન તે પ્રવચન છે. તે જ દ્વાદશાંગી છે, ગણિપિટક છે, એટલે ભગવંત પાસે અર્થ સાંભળીને બાર અંગની રચના કરે છે અથવા બીજું પ્રયોજન કહે છે –

● **નિર્યુક્તિ-૯૧-વિવેચન :-**

પદ, વાક્ય, પ્રકરણ, અધ્યાય, પ્રાભૃત આદિ નિયતક્રમે સ્થાપેલાં જિન વચનો થોડી મહેનતો લઈ શકાય છે, તથા તેનું ગણવું. ધારણા કરવી, તે પણ રચના કરી હોય તો સુખે થઈ શકે, એટલે આટલું ભણ્યા, આટલું બાકી છે તે ગણના કહેવાય. તેને ન વીસરવું તે ધારણા તથા શીખવવું, પૂછવું સંહેલું પડે છે - x - દાન - શિષ્યોને શીખવવું તે, પ્રશ્ન - સંશય કે આપત્તિમાં અસંશયાર્થે પૂછાય કે આ કહેલું વાક્ય પોતાની વિવક્ષાનું સૂચક છે? ઉક્ત હેતુથી હંમેશાં કાયમ રહે તે નયના અભિપ્રાયથી જીવિત કર્યુ. અર્થાત્ અર્થ વિચારતાં ગણધરોએ સૂત્ર રચ્યા છે અને તે વિષયને શીખવીને અત્યાર સુધી કાયમ રાખ્યો અથવા જીવિતને બદલે જીત લઈએ તો, આ ગણધરોનું અવશ્ય કર્મવ્ય છે. તેમનો નામ કર્મોદય છે, તેના ઉદયે સૂત્ર રચના કવરી.

[પ્રશ્ન] તીર્થંકરોએ કહેલાં તે જ સૂત્રો છે, ગણધરે સૂત્રો કર્યા તેમાં શું વિશેષ છે ? [ઉત્તર] તે ભગવન્ તીર્થંકર વિશિષ્ટ મતિવાલા ગણધરોની અપેક્ષાથી ઘણાં અર્થવાળું ગંભીર થોડું વિષય માત્ર કહે છે, પણ બીજા બધાં સમજે એટલું વિસ્તારવાળું કહેતાં નથી –

● **નિર્યુક્તિ-૯૨ :-**

***અરહંતો અર્થને કહે છે, તે સાંભળી નિપુણ ગણધરો શાસનના હિત માટે સૂત્રને રચે છે, તેથી પરંપરાએ સૂત્ર પ્રવર્તે છે.***

● **વિવેચન-૯૨ :-**

[પ્રશ્ન] અર્થ કહેવા યોગ્ય નથી, કેમકે તે 'અશબ્દ' રૂપે છે, તો તેવા શબ્દને

કેવી રીતે કહ્યો ? [ઉત્તર] શબ્દ જ અર્થના પ્રત્યાયન [ઓળખાવનાર] નું કાર્ય હોવાથી ઉપચારથી શબ્દનો અર્થ કહ્યો. જેમકે આચાર વચન બોલવાથી આચાર [વર્તન] સમજાય છે. निपुण - સૂક્ષ્મ પણ ઘણાં અર્થવાળું અથવા નિયતગુણવાળું તે નિગુણ, કેમકે તેમાં સંપૂર્ણ ગુણો સ્થાપેલાં છે અથવા પાઠાંતરથી નિપુણ કે નિગુણ ગણધરો રચના કરે છે.

[પ્રશ્ન] અર્થ ઓળખાવનાર શબ્દને જિનેશ્વર બોલે છે, પણ સાક્ષાત્ અર્થ બતાવતા નથી, ગણધરો પણ શબ્દરૂપ જ શ્રુત ગુંથે છે, તો તેમાં ભેદ શો છે ? [ઉત્તર] પૂર્વે ગાથામાં બતાવેલ જ છે. હવે તે સૂત્ર ક્યાંથી ક્યાં સુધી કેટલાં પરિમાણનું છે ? તે કહે છે —

**• નિર્યુક્તિ-૯૩ :-**

***સામાયિકથી બિંદુસાર સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર છે, ચારિત્રનો સાર તે નિર્વાણ છે.***

**• વિવેચન-૯૩ :-**

જેની આદિમાં સામાયિક છે, તે શ્રુતજ્ઞાન છે, તે બિંદુસાર પર્યન્ત છે. जाव શબ્દથી સૂચવેલ છે કે પહેલું, બીજું એવા બાર અંગ તે દૃષ્ટિવાદ સુધી છે, તે શ્રુતજ્ઞાનનું પ્રધાનફળ ચારિત્ર છે. આ चरण શબ્દ વર્તનરૂપે છે અથવા જેના વડે મોક્ષપદ પ્રાપ્ત થાય તે ચારિત્ર છે. ચારિત્રનો સાર મોક્ષ [નિર્વાણ] છે. सार - પ્રધાન ફળ પર્યાય. अपि શબ્દથી સમ્યકત્વનો સાર પણ ચારિત્ર છે અથવા શ્રુતજ્ઞાનનો સાર પણ ચારિત્ર છે. જો તેમ ન લઈએ તો નિર્વાણમાં જ્ઞાનનું હેતુપણું ન થાય અને તે અનિષ્ટ છે.

તત્ત્વાર્થ સૂત્રકાર પણ કહે છે — સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણેનો સમન્વય મોક્ષમાર્ગ છે. શ્રુત એ નિર્વાણના હેતુપણે સામાન્ય હોવા છતાં ચારિત્રથી મોક્ષ અને શ્રુથી ચારિત્ર એટલે શ્રુતથી પરંપરાએ મોક્ષ થાય. છતાં જ્ઞાન અને ચરણનું મોક્ષમાં પ્રધાનપણું છે તે બતાવવા આવો ઉપન્યાસ કરેલ છે કે શ્રુતથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ થાય છે. અહીં 'चरण' તે સંયમ અને તપરૂપે છે, નિર્વાણ તે બધાં કર્મરૂપ રોગનો મળ દૂર થવાથી જીવનું પોતાના રૂપમાં નિરંતર મુક્તિપદમાં રહેવું છે અહીં પણ નિયમથી શૈલેશી અવસ્થા સ્પર્શીને તુરંત મોક્ષ પામે. ચાર ઘનઘાતિ કર્મ ક્ષય થયા પછી કેવળજ્ઞાનાદિ ઉત્તમ ગુણો આત્મામાં પ્રગટ થયાં છતાં શૈલેશી અવસ્થા વિના મોક્ષ ન મળે. તેથી અહીં કહ્યું કે — ચારિત્રનો સાર નિર્વાણ છે અન્યથા તે જ શૈલેશી અવસ્થામાં ક્ષાયિક જ્ઞાન, દર્શન ન હોય. તેથી દર્શનાદિ ત્રણેના સમુદિતપણાથી નિર્વાણ હેતુત્વ છે, ત્રણેમાંથી એકે ઓછું હોય તો નહીં - નિર્યુક્તિકાર કહે છે —

**• નિર્યુક્તિ-૯૪ :-**

***જે જીવ તપ, સંયમમય યોગોને વહન કરવામાં સમર્થ નથી, તે શ્રુતજ્ઞાનવાળો હોવા છતાં પણ મોક્ષ પામી શકતો નથી.***



**• વિવેચન-૯૪ :-**

શ્રુતજ્ઞાનમાં, अपि શબ્દથી મતિ આદિમાં પણ વર્તતો મોક્ષને પામતો નથી. આના દ્વારા પ્રતિજ્ઞાર્થ સૂચવેલ છે કે જે તપ સંયમરૂપ યોગોને સહન કરવા શક્તિમાન ન થાય. આ રીતે હેત્વર્થ કહ્યો. દૃષ્ટાંત આગળ કહેવાશે. પ્રયોગ આ રીતે — જ્ઞાન એકલું ઈચ્છિત અર્થનું પ્રાપક નથી, સત્ક્રિયાના અભાવથી. જેમકે - x - માર્ગનો જ્ઞાતા નિર્યામક હોય, વહાણ હોય, છતાં ઈચ્છિત દિશામાં પ્રેરક પવનના અભાવે વહાણ ન ચાલે.

**• નિર્યુક્તિ-૯૫,૯૬-વિવેચન :-**

જેમ સારો નાવિક વહાણના સુકર્ણની ધારા ઉપર બેઠો હોય, તો પણ અંદર બેઠેલા વેપારીની ઈચ્છિત ભૂમિએ જવા તે દિશાના પવન વિના સમુદ્ર તરવા શક્તિમાન નથી. આમ જે રીતે નિપુણ ખલાસી પવન વિના વહાણ ન ચલાવી શકે, તેમ શ્રુતજ્ઞાની સાધુ પોત-નાવ વડે મતિજ્ઞાનરૂપ સુકાને બેઠેલો હોય તો પણ તપ, સંયમના અનુષ્ઠાન વિના સંસાર સમુદ્ર તરવા શક્તિમાન ન થાય. નિપુણ શબ્દથી-શ્રુતજ્ઞાનને વધારે મેળવેલો અર્થ કર્યો. અર્થાત્ સાધુએ જ્ઞાન ભણીને પણ તપ અને સંયમના અનુષ્ઠાનમાં અપ્રમાદપણે વર્તવું. આલોક સંબંધી દૃષ્ટાંત કહે છે —

**• નિર્યુક્તિ-૯૭ :-**

***'સંસારરૂપ' સમુદ્રથી ઉપર આવેલા હે પ્રાણી ! તું ફરી સંસારમાં ડૂબીશ નહીં. ચારિત્રગુણરહિત પ્રાણી ઘણું જાણવા છતાં સંસારમાં ડૂબે છે.***

**• વિવેચન-૯૭ :-**

દૃષ્ટાંત વડે પદાર્થનું સ્વરૂપ બરોબર સમજાય છે, માટે કહે છે — કોઈ કાચબો ઘણાં પાંદડાથી છિદ્રરહિત પડલથી ઢંકાયેલા પાણીવાળા અંધકારના મોટા કુંડમાં રહ્યો છે. - x - પીડાથી આમતેમ ભટકતો હતો. કોઈ વખતે પડલમાં પડેલ છિદ્રથી બહાર આવ્યો. ત્યારે શરદપૂર્ણિમાનો ચંદ્ર હતો. તેના કિરણોના શીતળ સ્પર્શનું સુખ ભોગવી, પોતાના બંધુઓને પણ બહાર લાવવા ફરી પાણીમાં ગયો. ફરી પે'લુ છિદ્ર ન મળતાં બહુ દુઃખી થયો.

આ પ્રમાણે જીવરૂપ કાચબો અનાદિ કર્મ સંતાન પડલથી ઢંકાયેલો, મિથ્યાદર્શનાદિ અંધકારથી વ્યાપ્ત સંસાર સાગરમાં વિવિધ વેદના અને અનિષ્ટ સંયોગાદિ દુઃખોથી પીડા પામતો કોઈ વખત મનુષ્ય જન્મ સંબંધી છિદ્ર મેળવીને જિનચંદ્ર પ્રવચનરૂપ કિરણના પ્રકાશથી સંતોષ પામી, મનુષ્ય જન્મને દુષ્પ્રાપ્ય જાણીને સ્નેહમાં આતુરચિત્ત થઈને સંસારમાં પાછો પડે, તો હે શિષ્ય ! તું કાચબા માફક ડૂબતો નહીં.

પ્રશ્ન — કાચબો અજ્ઞાની હોવાથી ડૂબે, પણ સાધુ તો જ્ઞાની છે, હિત-અહિત પ્રાપ્તિ-પરિહારનો જ્ઞાતા છે, તે કેમ ડૂબે ? ચરણ ગુણો વડે અનેક રીતે હીન હોય, તે ઘણું જાણે તો પણ ડૂબે અથવા નિશ્ચયનયથી ભણેલો પણ ડૂબતો હોય તો તે અજ્ઞાની જ છે. કેમકે જ્ઞાનનું ફળ મેળવી ન શક્યો.

● નિર્યુક્તિ-૯૮,૯૯-વિવેચન :-

ઘણુંએ શ્રુત ભણ્યો હોય, પણ આંધળાને જેમ લાખો દીવા નકામા છે, તેમ તેને ક્રિયા કર્યા વિના જ્ઞાન નકામું છે. તથા થોડું ભણ્યો હોય તો પણ ચરણયુક્તને કામનું છે, કેમકે દેખતાને એક દીવો પણ ઉપયોગી થાય છે. [પ્રશ્ન] જો આમ હોય તો ચરણહીન પુરુષને જ્ઞાન સંપદા સુગતિના ફલની અપેક્ષાથી નિરર્થક છે ? અમે તેમ ઈચ્છીએ છીએ કે —

● નિર્યુક્તિ-૧૦૦-વિવેચન :-

જેમ ગધેડો ચંદનનો ભાર ઉપાડે તો ચંદનની શીતળતા ન પામે, તેમ ચારિત્રહીન જ્ઞાની, જ્ઞાનનો ભાગી થાય પણ સુગતિનો ભાગી ન થાય. હવે શિષ્યને આ વચન સાંભળી એકાંતે જ્ઞાનમાં અનાદર ન થાઓ અને જ્ઞાનરહિત શુન્ય ક્રિયામાં પક્ષપાત ન થાઓ, તેથી બંને પણ એકલાં હોય તો ઈષ્ટ ફલ સાધક ન થાય તે કહે છે —

● નિર્યુક્તિ-૧૦૧ :-

***જોતો એવો પાંગળો, દોડતો એવો આંધળો બંને બળી મર્યા, તેમ ક્રિયારહિત જ્ઞાન અને જ્ઞાન વગરની ક્રિયા બંને નકામા છે.***

● વિવેચન-૧૦૧ :-

એક મહાનગરમાં આગ લાગી, તેમાં બે અનાથ હતા. એક આંધળો, બીજો પાંગળો. નગરમાં માણસોને આગમાં બળી મરવાના ભયે, ભાગતા જોયા. પાંગળો પગ વિના દોડી ન શક્યો, જાણવા-દેખવા છતાં માર્ગમાં અગ્નિ આવતા બળી મર્યો. આંધળો દોડવા ગયો, દોડવાના નિર્ભય માર્ગને ન જાણવાથી શીઘ્ર અગ્નિ માર્ગમાં પડીને મરણ પામ્યો. આ દૃષ્ટાંતનો ઉપનય એ છે કે — જ્ઞાની ક્રિયા રહિત હોય તે કર્મ અગ્નિથી બચાવવાને અસમર્થ છે. બીજો જ્ઞાન વિના અસમર્થ છે. તેથી — સત્ક્રિયા યોગના શૂન્યપણાથી નગર દાહમાં પંગુ લોચનરૂપ વિજ્ઞાનવાળો હોય તો પણ વિશિષ્ટ ફળ સાધક ન બની શકે, તે જ પ્રમાણે સંજ્ઞાનસંટંકરહિતપણાથી નગર દાહે આંધળાની દોડવાની ક્રિયા માફક માત્ર ક્રિયાનું ફળ ન મળે.

[પ્રશ્ન] આ રીતે જ્ઞાન અને ક્રિયા સાથે મળીને પણ નિર્વાણસાધક સામર્થ્યવાળા ન બની શકે, કેમકે બંનેમાં મોક્ષનો અભાવ છે. રેતીના તેલની માફક આ અનિષ્ટ છે. [સમાધાન] સમુદાય સામર્થ્ય પ્રત્યક્ષ સિદ્ધ છે. કેમકે જ્ઞાન-ક્રિયા ભેગા મળવાથી સાદડી આદિ કાર્યસિદ્ધિ દેખાય જ છે. તેથી રેતીના તેલની માફક પ્રત્યક્ષ વાત ઉડાવી શકાય નહીં. - x - માટે તમારો પ્રશ્ન નકામો છે. જૈન મતમાં એકાંતથી સર્વથા જ્ઞાન કે ચારિત્રમાં સાધનપણું નથી, એવું ઈચ્છતા નથી. દરેકમાં કોઈ અંશે તો ઉપકારીપણું છે, તે અમે સ્વીકારીએ છીએ. તેથી જ કહે છે કે —

● નિર્યુક્તિ-૧૦૨

***જેમ આંધળો અને પાંગળો મળીને સંયુક્ત પોતાના નગરમાં પ્રવેશ્યા, તેમ જ્ઞાન અને ક્રિયાના સંયોગથી મોક્ષરૂપ ફળ મળે છે. પરંતુ એક ચક્રથી રથ ચાલતો નથી.***



● વિવેચન-૧૦૨ :-

તે બંને ભેગાં મળે તો ઈષ્ટફળ સાધક થાય, પણ એકલું હોય તો બીજાની અપેક્ષાવાળું હોવાથી અસાધક છે. તેથી બંને એકલાં અસાધક છે એટલે સંયોગ સિદ્ધિથી ફળ મેળવે છે. જેમ એક ચક્રથી રથ ન દોડે. - x - તેનું દૃષ્ટાંત કહે છે — એક અરણ્યમાં રાજભયથી નગરથી આવીને લોકો રહ્યા. ચોરોના ભયથી પોતાનાં વાહન રાચરચીલું છોડી જીવ લઈને ભાગ્યા. ત્યાં આંધળો અને પાંગળો બે અનાથ હતા, તે રહી ગયા.

ચોરો પાછા ગયા, ત્યાં દાવાનળથી આગ લાગી. બંને કર્યા. અંધ કચ્છો છૂટો મૂકી દોડવા લાગ્યો. પંગુએ કહ્યું — અંધ ! તું ત્યાં ન જા, અગ્નિ છે. અંધે પૂછ્યું — તો ક્યાં જઉં ? તેણે કહ્યું — હું પણ અતિ દૂરનો માર્ગ બતાવવા અસમર્થ છું. મને ખંભે બેસાડ, જેથી હું તને અગ્નિ આદિ અપાયોથી બચાવી સુખેથી નગરે પહોંચાડું. અંધે તે વાત સ્વીકારી, બંને ક્ષેમ કુશળ નગરે પહોંચ્યા. એ રીતે જ્ઞાન-ક્રિયા બંને મળવાથી મોક્ષ થાય.

પ્રયોગ આ પ્રમાણે — વિશિષ્ટ કારણ સંયોગ અભિલષિત કાર્યના સાધક છે. સમ્યક્‌ક્રિયા ઉપલબ્ધિરૂપે હોય તો, અંધ પંગુના મળવાથી જેમ નગરે પહોંચ્યો. પણ સમ્યક્‌ક્રિયા ઉપલબ્ધિ ન હોય તો અભિલષિત ફળ સાધક ન થાય. જેમ ઈષ્ટ ગમન ક્રિયાથી વિકલ એવો એક ચક્રનો રથ ઈચ્છિત સ્થાને ન પહોંચે.

[પ્રશ્ન] જ્ઞાન-ક્રિયાના સહકારીપણે કયા પ્રકારે કેવો ઉપકાર થાય ? પાલખી ઉપાડનાર માફક એક સમાન કે ભિન્ન સ્વભાવપણે ગમન ક્રિયામાં આંખ અને પગના સમૂહની માફક છે ? ભિન્ન સ્વભાવપણે —

● નિર્યુક્તિ-૧૦૩ :-

***પ્રકાશક જ્ઞાન, શોધક તપ, ગુપ્તિકર સંયમ એ ત્રણેનો સમાયોગ થતાં જિનશાસનમાં મોક્ષ કહેલો છે.***

● વિવેચન-૧૦૩ :-

કચરાથી ભરેલ મોટું ઘર સાફ કરવા પ્રદીપ લીધેલા પુરુષના વ્યાપાર જેવું છે. અહીં જીવરૂપ ઘરમાં કર્મરૂપ કચરો ભરેલો છે. તે શોધવા આલંબનરૂપ જ્ઞાનાદિનો સ્વભાવ ભેદ વડે વ્યાપાર જાણવો. તેમાં —

જે જણાય તે જ્ઞાન. તે પ્રકાશે છે માટે પ્રકાશક. તે જ્ઞાન પ્રકાશ કરવા રૂપે ઉપકારક છે. જેમ અંધકારમાં દીવો પ્રકાશથી ઉપકાર કરે, તેમ જ્ઞાનનો સ્વભાવ પ્રકાશકર છે. ક્રિયા તો તપ-સંયમપણાથી આ રીતે ઉપકાર કરે છે — જે શોધે તે શોધક. અનેક ભવમાં મેળવેલ આઠ કર્મોને તપાવે તે તપ છે, તે જ શોધક હોવાથી ઉપકારક છે, કેમકે તે તેનો સ્વભાવ છે. કચરો કાઢવા રાખેલા મજૂર માફક તપ કચરો કાઢે છે. સંયમન તે સંયમ. તે જ આશ્રયદ્વારને રોકવારૂપ છે ચ શબ્દ જ્ઞાનાદિ મોક્ષફળની સિદ્ધિમાં ભિન્ન ઉપકાર કરનારા છે, તેમ બતાવે છે.

ગોપવવું તે ગુપ્તિ. તે આવતાં કર્મ કચરાને રોકે છે. ગુપ્તિ કરે તે ગુપ્તિકર. સંયમ અપૂર્વ કર્મ કચરો રોકવામાં ઉપકારી છે. - x - આ રીતે તપ, સંયમ, ગુપ્તિ ત્રણે કચરો કાઢવામાં ઉપકારી છે. પરંતુ જ્ઞાન અને ચારિત્ર બંને ક્ષાયિક હોય તે મોક્ષ આપે. ક્ષયોપશમથી કર્મમલ ન કપાય. ક્ષાયિક જ્ઞાન અને ચારિત્રના સમાયોગે સંપૂર્ણ મેલ કપાય, તેમ જિનશાસનમાં કહ્યું છે.

પ્રશ્ન - સમ્યગ્ દર્શનાદિ ત્રણથી મોક્ષ થાય તે આગમનો વિરોધ થશે. કેમકે સમ્યગ્દર્શન વિના ઉક્ત જ્ઞાનાદિ ત્રણથી જ મોક્ષ થશે એવું તમે કહો છો [ઉત્તર] સમ્યગ્દર્શન તે જ્ઞાનનો એક ભાગ હોવાથી રુચિરૂપે છે. તેથી જ્ઞાનમાં અંતર્ભાવ છે, માટે અદોષ છે. પૂર્વ નિર્યુક્તિકારે કહેલ કે શ્રુતજ્ઞાનમાં વર્તતો જીવ મોક્ષે ન જાય, તેમાં આ હેતુ છે કે, તે ક્ષાયોપશમિક ભાવમાં છે, - x - અર્થાત્ ક્ષાયિક જ્ઞાન-ચારિત્ર થાય ત્યારે મોક્ષે મળે.

હવે સૂત્રનું ક્ષાયોપશમિકપણું બતાવે છે —

● નિર્યુક્ત-૧૦૪ :-

***બાર અંગરૂપ પણ શ્રુતજ્ઞાન ક્ષાયોપસમિક ભાવે હોય છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ માત્ર કષાયોનો ક્ષય થવાથી ક્ષાયિક ભાવે જ થાય.***

● વિવેચન-૧૦૪ :-

થવું તે ભાવ, તે ઔદયિકાદિ અનેક ભેદે છે. તેથી કહ્યું કે બાર અંગવાળુ શ્રુતજ્ઞાન તથા अपि શબ્દથી અંગ બહારનું જ્ઞાન તથા મતિ, અવધિ, મનઃપર્યવ એ ત્રણ, સામાયિકાદિ ચાર ચારિત્ર ક્ષાયોપસમિક ભાવે છે, પણ કેવળનો ભાવ તે કૈવલ્ય, તે ઘાતિકર્મના વિયોગથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે. આ ગ્રહણ કરવાથી "અજ્ઞાની પ્રકૃતિ મુક્તપુરુષ" મતનું ખંડન થાય છે. - x - x - સ્વ મતથી તો ક્રોધાદિ કષાયનો ક્ષય થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, અન્ય પ્રકારે નહીં.

અહીં જો કે છદ્મસ્થ વીતરાગ અવસ્થામાં બારમે ગુણ ઠાણે ક્ષપક શ્રેણિમાં કષાયો ક્ષય થતાં મોહનીય સર્વથા ક્ષય થયા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ન હોય પણ જ્ઞાનાવરણ [આદિ ?] ક્ષય થયા પછી કેવળજ્ઞાન થાય. છતાં કષાય ક્ષય બતાવવાનું કારણ મોહનીયના ભેદમાં કષાયોનું પ્રાધાન્ય બતાવવાને છે. કષાય ક્ષયે નિર્વાણ [કેવળજ્ઞાન ?] થાય. કેવળજ્ઞાન થાય ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે ક્ષાયિકપણે હોય તેમ સિદ્ધ થાય છે.

[પ્રશ્ન] તો પછી જે કહ્યું કે — શ્રુતજ્ઞાનમાં જીવ વર્તવા છતાં જે તપ, સંયમરૂપ યોગથી શૂન્ય છે, તે મોક્ષન પામે તે વિશેષણ નકામું થશે ને ? કેમકે - x - કેવળજ્ઞાનના અભાવે મોક્ષ તો નહીં જ થાય. [ઉત્તર] તમારી વાત સત્ય છે, પણ ક્ષાયોપશમિક્ સમ્યકત્વ-શ્રુત-ચારિત્ર એ ત્રણે એકઠાં થાય પછી ક્ષાયિક સમ્યકત્વાદિ થતાં પરંપરાએ મોક્ષ થાય છે માટે અમારું કથન અદોષ છે - ક્ષાયિક જ્ઞાન કે શ્રુતાદિનો લાભાલાભ કઈ રીતે થાય ? તે કહે છે —



● નિર્યુક્તિ-૧૦૫,૧૦૬ :-

***આઠ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો જીવ ચારમાંથી એકે સામાયિકને ન પામી શકે. જો સાત કર્મોની એક કોડાકોડી સાગરોપમની અંદરની સ્થિતિ હોય તો ચારમાંથી એક સામાયિક પામે છે.***

● વિવેચન-૧૦૫,૧૦૬ :-

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો જીવ પૂર્વોક્ત સામાયિકાદિ અર્થાત્ સમ્યકત્વ, શ્રુત, દેશવિરતિ અને સર્વ વિરતિ તેમાંનું કોઈપણ એક સામાયિક પણ મળે નહીં. अपि શબ્દથી મતિ, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાનાદિ પણ ન મળે, પૂર્વે પામેલ પણ ન હોય. કેમકે જે એક વખત સમ્યકત્વ પામીને વમેલ હોય તે પણ ગ્રંથીને ઉલ્લંઘીને ઉત્કૃષ્ટ સ્થિતિક કર્મ પ્રકૃતિ ફરી ન બાંધે. એકલા આયુની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તમાન પૂર્વ પ્રતિપન્ન હોય તે અનુત્તર વિમાને ઉપપાત કાળે દેવ છે, પણ તે ત્યાં ઉત્પન્ન થતાં પૂર્વે સમ્યકત્યાદિ પામેલો ગણાય, પણ નવું સમ્યકત્વ ન પામે. तु શબ્દથી સમજવું કે જઘન્યસ્થિતિમાં વર્તનારો જીવ પ્રતિપન્ન પણ ન હોય અને એકલા આયુ કર્મની જઘન્ય સ્થિતિમાં વર્તમાન જીવ પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપદ્યમાનક પણ ન હોય, કેમકે ક્ષુલ્લક ભવમાં જઘન્યાયુ અનંતકાય વનસ્પતિમાં જ હોય છે. તેમાં પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપદ્યમાનકનો અભાવ હોય છે.

તે પ્રકૃતિની ઉત્કૃષ્ટ, જઘન્ય ભેદથી ભિન્ન સ્થિતિ આ પ્રમાણે - પહેલાંના ત્રણ તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય તથા અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી, મોહનીયની ૭૦, નામ અને ગોત્રની ૨૦ કોડાકોડી અને આયુ કર્મની ૩૩-સાગરોપમ છે.

જઘન્ય સ્થિતિ - વેદનીયની ૧૨-મુહૂર્ત્ત, નામ અને ગોત્રની ૮-મુહૂર્ત્ત, બાકીના છ કર્મોની અંતર્મુહૂર્ત્ત છે. તેમ તત્ત્વાર્થમાં કહેલ છે.

[પ્રશ્ન] આ બધી સાથે જ ઉત્કૃષ્ટ સ્થિતિ મેળવે કે એકની ઉત્કૃષ્ટ સ્થિતિ થતાં બીજી નિયમથી હોય? [ઉત્તર] મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિમાં બાકીની છની ઉત્કૃષ્ટ હોય જ. આયુની ઉત્કૃષ્ટ કે મધ્યમ સ્થિતિ હોય પણ જઘન્ય ન હોય. મોહનીય સિવાયની કોઈની પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાં મોહનીય અને શેષ પ્રકૃતિની ઉત્કૃષ્ટ કે મધ્યમ હોય પણ જઘન્ય ન હોય. આયુ છોડીને સાત કર્મની જે પર્યન્તવર્તિની સ્થિતિને આશ્રીને એક સાગરોપમ કોડાકોડી સ્થિતિમાં વર્તનારો થાય ત્યારે તે ઉપરોક્ત ચાર શ્રુત સામાયિકાદિને મેળવે છે, પણ વધુ સ્થિતિ ભોગવવી બાકી હોય તો તે ચારમાંનું એકપણ ન મળે. - x -

હવે આખી ગાથાનો અર્થ વિશેષથી કહે છે—

જ્યારે સાત કર્મની પર્યન્તવર્તિની સાગરોપમ કોડાકોડી સ્થિતિમાં એક પલ્યોપમનો અસંખ્યેય ભાગ હીન થાય ત્યારે ઘન રાગદ્વેષનો પરિણામ અત્યંત દુર્ભેદ્ય છે. તેથી લાકડાંની ગાંઠ ચીરવા માફક કર્મગ્રંથિ ભેદવી મુશ્કેલ છે. ભાષ્યકાર કહે છે — આ મિથ્યાત્વની કર્મ ગાંઠ કર્કશ ઘન રૂઢ ગુઢ ગાંઠ માફક ભેદવી મુશ્કેલ

છે. કેમકે જીવને કર્મજનિત ચીકણ રાગદ્વેષનો પરિણામ છે. આ કર્મગ્રંથિ ભેદાવાથી જ સમ્યક્ત્વ લાભ થાય છે.

તે ગ્રંથિ ભેદ મનો વિઘાતના પરિશ્રમાદિથી દુઃસાધ્ય છે, તે આ પ્રમાણે — તે જીવ કર્મ રિપુના મધ્યમાં ગયેલો, તે ગ્રંથીને પામીને ઘણો થાકી જાય છે, કેમકે ત્યાં ઘણાં અંતકર કર્મશત્રુ એકઠા થઈને ખેદ આપે છે. - x - બીજો વાદી કહે છે — તે કર્મગ્રંથિ ભેદવાથી શું પ્રયોજન છે ? અથવા સમ્યકત્વાદિના લાભથી શું પ્રયોજન ? ઘણી લાંબી કર્મસ્થિતિ સમ્યકત્વાદિ રહિત હતો ત્યારે પણ ક્ષય કર્યો તેમજ ગુણરહિતપણે બાકીના કોડાકોડી સાગરોપમથી કંઈક ન્યૂન ખપાવીને મોક્ષનો ભાગી થાય તો શું વાંધો ?

તેવી અવસ્થામાં રહેલો, જો બીજા ગુણો સંપાદન ન કરે તો બાકી રહેલી સ્થિતિનો ક્ષય કરવામાં તથા મોક્ષમાં જવાને સમર્થ નથી કેમકે ચિત્તવિઘાત આદિ ઘણાં વિઘ્નો છે, પૂર્વે અપ્રાપ્ત એવા વિશિષ્ટ ફળની નજીક આવી પહોંચેલ છે, પૂર્વે ભોગવેલ સુખાદિથી મોક્ષફળ મેળવવું અશક્ય થાય - x - x - x - કર્મની સ્થિતિ ખપાવતા પહેલાં ઘણું સહેલું છે. પણ મોક્ષ સાધતી વખતે ઘણી કઠણ છે, તે વખતે ચારિત્ર પાલન અને સમ્યગ્દર્શન પાલન બધું કઠિન અને વિઘ્નવાળું થાય છે. - x - x - સમ્યક્ત્વ પ્રાપ્તિ વિના અલ્પ કર્મ પણ દૂર કર્યા વિના મોક્ષ ન સાધી શકે. હવે સમ્યક્ત્વ ગુણ પ્રાપ્તિ વિધિ કહે છે —

જીવો બે ભેદે છે — ભવ્ય, અભવ્ય. ભવ્યને ત્રણ કરણ થાય છે करण - એક જાતનો વિશેષ પરિણામ. તે આ - યથા પ્રવૃત્ત કરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિ કરણ. યથા પ્રવૃત્ત - જે રીતે પ્રવર્તે તે. તે અનાદિ છે. અપ્રાપ્ત પૂર્વ તે અપૂર્વ. પાછું ન ફરે તે અનિવર્તિ. સમ્યગ્દર્શન લાભથી ન નિવર્તે તે. તેમાં અભવ્યોને યથાપ્રવૃત્ત કરણ જ હોય. જ્યાં સુધી ગ્રંથિ છે ત્યાં સુધી પહેલું કરણ છે, તેને ઉલ્લંઘવાથી બીજું થાય. સમ્યગ્ દર્શન લાભાભિમુખને ત્રીજું કરણ હોય.

હવે ત્રણ કરણોને આશ્રીને સમ્યકત્વ સામાયિક આદિ લાભની દૃષ્ટાંતોને કહે છે —

**• નિર્યુક્તિ-૧૦૭ :-**

***પાલો, ગિરિનદીનો પત્થર, કીડી, પુરુષ, માર્ગ, તાવ, કોદ્રવ, જળ, વસ્ત્રો વગેરે સામાયિકની પ્રાપ્તિના દૃષ્ટાંતો છે.***

**• વિવેચન-૧૦૭ :-**

તેમાં પલ્લકનું દૃષ્ટાંત કહે છે — લાટદેશમાં ધાન્યના માપને પાલો કહે છે. તે માપ મોટું હોય, તેમાં થોડું થોડું ધાન્ય નાંખે, ઘણું ઘણું કાઢે, તો તે કાળાંતરે ખાલી થાય. એમ કર્મરૂપ ધાન્યના પાલામાં જીવ અનાભોગથી યથા પ્રવૃત્તકરણ વડે થોડું થોડું કર્મ બાંધે અને ઘણું ઘણું ખપાવે તો આ ગ્રંથિ આગળ આવે, જો ભવ્ય હોય તો તેને ઉલ્લંઘીને અપૂર્વકરણવાળો થાય છે અને સમ્યગ્દર્શન સન્મુખ જાય તો અનિવર્તિ થાય.



પ્રશ્ન - આ દૃષ્ટાંત જ અનુપપન્ન છે. કેમકે સંસારી વ્યાપારવાળા જીવને દરેક સમયે ચય-અપચય બતાવ્યા છે. તેમાં અસંયતને ચય ઘણો થાય અને અપચય થોડો થાય. કહ્યું છે કે — જેમ કોઈ મોટા પાલામાં ઘડો ભરી ભરીને નાંખે અને નળ ભરી-ભરીને કાઢે તેવું અસંયત અવિરતિને હોય છે, તે ઘણાં બાંધે અને થોડાં ખપે છે. ચારિત્રવંતને ઉલટું છે - પ્રમત્ત સંયતને ઘણી નિર્જરા અને થોડો કર્મબંધ થાય છે.

હવે અપ્રમત્તને બીલકુલ બંધ ન થાય તે કહે છે — જેમ મોટા પાલામાં ઘડો ભરી-ભરીને કાઢે અને નાંખે જરા પણ નહીં, તેમ અપ્રમત્ત સંયત ઘણી નિર્જરા કરે અને જરા પણ ન બાંધે.

અસંયત મિથ્યાદૃષ્ટિને ઘણો બંધ અને થોડી નિર્જરા થાય, તો તેને ગ્રંથિ ભેદની પ્રાપ્તિ ક્યાંતી થાય ? તે બાહુલ્યતાને આશ્રીને કહેલ છે. જો સર્વથા તેમજ માનીએ, તો ઘણો ચય થવાથી બધાં કર્મ પુદ્ગલો તેઓ ગ્રહણ કરી લે, પણ તેમ માનવું અનિષ્ટ છે. સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ અનુભવ સિદ્ધ છે. માટે પલ્યાદિ દૃષ્ટાંત કોઈ-કોઈ જીવને આશ્રીને જાણવા.

અનાભોગમાં વધુ કર્મનો ક્ષય કેવી રીતે થાય, તેને આશ્રીને પર્વતીય પત્થરના દૃષ્ટાંતો છે. પર્વતીય નદીના પત્થરો પરસ્પર ઘસાઈને વિના પ્રયત્ને ગોળ-ગોળ થાય છે, તેમ યથાપ્રવૃત્તિકરણે જીવો થાય છે.

કીડીનું દૃષ્ટાંત - તે પૃથ્વીમાં સ્વભાવથી જ ગમન કરે છે, પછી ઠુંઠા ઉપર ચડે છે, પાંખો આવતા ત્યાંથી ઉડી જાય છે, ટોચે ચડીને પાછી ઉતરે છે, એમ જીવોનું પણ પૃથ્વીમાં ગમન માફક યથાપ્રવૃત્તકરણ થાય છે. ઠુંઠે ચડવાની જેમ અપૂર્વકરણ થાય, ઉડવા માફક અનિવર્તિકરણ થાય, ટોચેથી ઉતરવા માફક સ્થિતિ વધારવા જેવું થાય.

પુરુષદૃષ્ટાંત - કોઈ ત્રણ પુરુષો મોટા નગરે જવાની ઈચ્છાથી પોતાના ગામથી નીકળીને અટવીએ આવ્યા. ઘણો લાંબો રસ્તો ઓળંગી થોડા વખતમાં પહોંચવાને, ભય સ્થાન જોઈને ઘણાં જોરથી ચાલતા બંને બાજુ ઉઘાડી તલવારવાળા બે ચોરને જોયા, તેમાં એક સામો થયો, બીજો ચોરોએ પકડી લીધો, ત્રીજો મુસાફર ચોરોને હરાવીને ઈચ્છિત નગરે પહોંચ્યો. એ પ્રમાણે સંસાર અટવીમાં ત્રણ પ્રકારે સંસારી પુરુષો છે. પંથરૂપ કર્મની દીર્ઘસ્થિતિ છે, ભયસ્થાન તે ગ્રંથિની જગ્યા છે, તસ્કર રૂપ રાગ દ્વેષ છે. તેમાં શત્રુ સામે થનાર ગ્રંથિ દેશ પામીને પછી અનિષ્ટ પરિણામી થતાં કર્મની વધુ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, બીજો પુરુષ કે જે ત્યાં અટકી ગયો. ત્રીજો પુરુષ તે અપૂર્વકરણ પામીને રાગદ્વેષરૂપ ચોરોને હરાવી છેલ્લે સમકિત પામ્યો.

[પ્રશ્ન] આ સમ્યગ્દર્શન ઉપદેશથી મળે કે વિના ઉપદેશથી? બંને પ્રકારે મળે. કેવી રીતે? તે કહે છે — રસ્તામાં ભુલા પડેલા ત્રણ મુસાફર માફક. એક મુસાફર પોતાની મેળે જ રસ્તો શોધી કાઢે છે, બીજો જાણીતાને પૂછીને સીધા

રસ્તે આવે છે, કોઈ સીધો રસ્તો પણ મેળવી શકતો નથી. તેમ અહીં સર્વથા સત્પથથી દૂર થયેલો જીવ યથાપ્રવૃત્તિ કરણ વડે સંસારાટવીમાં ભમતો ગ્રંથિ મેળવી, અપૂર્વકરણ વડે ઉલ્લંઘી, અનિવર્તિ કારણ મેળવી આપ મેળે સમ્યગ્દર્શનાદિ નિર્વાણનો રસ્તો મેળવે છે. બીજો માણસ પરોપદેશથી મેળવે છે, ત્રીજો ગ્રંથિક સત્વ જ પામતો નથી.

જ્વર દૃષ્ટાંત - કોઈ તાવ મેળે ઉતરે, કોઈ દવા લેવાથી જાય, કોઈ તાવ જાય જ નહીં, તેમ અહીં મિથ્યાદર્શનરૂપ જ્વર સ્વયં જાય, જિન વચનથી જાય, ત્રીજાને જાય જ નહીં. કરણ યોજના પૂર્વવત્.

કોદ્રવનું દૃષ્ટાંત - કેટલાંક કોદરામાં મેણો ચઢે તે સ્વયં કાલાંતરે દૂર થાય, કોઈ છાણ વગેરે સાફ કરી દૂર થાય, કેટલાંકમાં દૂર થાય જ નહીં - x - બાકી જ્વરવત્ જાણવું. ભાવાર્થ આ — અપૂર્વકરણેથી અર્ધ શુદ્ધ, પુરાશુદ્ધ એવા કોદરા માફક અશુદ્ધ મિથ્યાદર્શનવાળા, અર્ધ શુદ્ધ સમ્યગ્-મિથ્યાદર્શની, પુરા શુદ્ધ તે સમ્યક્ત્વથી એમ ત્રણ ભેદે છે - x - ત્રણે કરણવાળા ભવ્યને સમ્યગ્દર્શન ન થાય, અભવ્યને યથા પ્રવૃત્ત કરણ કે જિનેશ્વરની વિભૂતિ જોઈને કે બીજા પ્રયોજનથી શ્રુતસામાયિકનો લાભ થાય, બીજો નહીં.

જળનું દૃષ્ટાંત - પાણી ગારાવાળું, અર્ધશુદ્ધ, તદ્દન નિર્મળ એમ ત્રણ ભેદે છે ઈત્યાદિ બધું - x - x - કોદ્રવવત્ જાણવું.

વસ્ત્ર દૃષ્ટાંત - તે પ્રમાણે જ યોજના કરવી.

હવે પ્રાસંગિક કથન - સમ્યગ્દર્શનનો લાભ થયા પછી બાકી રહેલાં કર્મની સ્થિતિ પલ્યોપમ પૃથકત્વ થતાં દેશવિરતિ પામે છે. બાકી શેષ સ્થિતિમાં સંખ્યેય સાગરોપમો જતાં સર્વ વિરતિ પામે. બાકીની સ્થિતિના પણ સંખ્યાત સાગરોપમ જતાં ઉપશમશ્રેણી પામે, તે જ રીતે ક્ષપક શ્રેણી પામે. ઉક્ત કાળ દેશવિરતિ આદિની પ્રાપ્તિ સંબંધી દેવ-મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને સમ્યકત્વથી ભ્રષ્ટ ન થાય, તો નિયમથી ઉત્કૃષ્ટો જાણવો. નહીં તો શ્રેણિ થયા વિના સમ્યકત્વાદિ ગુણોની પ્રાપ્તિ એક ભવમાં પણ મળે, એમાં કોઈ દોષ નથી. અહીં ભાષ્યકારની સાક્ષી પણ આપેલ છે.

શ્રુત સમ્યકત્વાદિની પ્રાપ્તિનો પ્રાસંગિક હેતુ કહ્યો. હવે જેના ઉદયથી સમ્યકત્વ સામાયિક આદિ ન થાય કે મળ્યા પછી જતો રહે, તે કષાયો કેટલા છે, કેટલા પ્રમાણમાં છે, કયું અથવા કોને સમ્યકત્વાદિ સામાયિકનું આવરણ છે ? કોનો કયો ઉપશમનાદિ ક્રમ છે તે કહે છે —

● **નિર્યુક્તિ-૧૦૮ :-**

***સંસારમાં જોડનાર અનંતાનુબંધી કષાયોના ઉદયે નિયમા તે જ ભાવે સિદ્ધિ પામનાર પણ સમ્યકત્વને પામતા નથી.***

● **વિવેચન-૧૦૮ :-**

પછીની ગાથા પણ પ્રાયઃ કેટલેક અંશે ઉક્ત સંબંધવાળી જ છે. વ્યાખ્યા



- તેમાં પ્રથમના અનંતાનુબંધી ક્રોધાદિના ઉદયથી સમ્યકત્વનો ઘાત થાય છે. અનંતાનુબંધીની પ્રાથમિકતાનું કારણ એ છે કે — બધાં ગુણોનું મૂળ સમ્યકત્વ છે. તેના ઘાતક અનંતાનુબંધી કષાય છે અથવા કર્મ ક્ષપણાનો આ ક્રમ છે. કષાયોદય - કર્મોની ઉદીરણાની આવલિકામાં આવેલ તે પુદ્ગલોથી ઉત્પન્ન સામર્થ્યતા, તેના ઉદયમાં નિયમથી શું થાય? તે પછી કહીશું. હાલ તે પ્રથમ કષાયોને જ વિશેષ રીતે કહે છે. તે મોહનીય કર્મ વડે કે તેના ફળભૂત સંસાર વડે સંયોજે તે સંયોજના.

આ સંયોજના કષાયોના ઉદયથી તેને અવિપરીત દર્શનનો લાભ ન થાય. જે કોઈપણ ભવમાં મોક્ષે જનારો છે, તે ભવસિદ્ધિક છે, પણ અહીં તદ્ભવ મોક્ષગામી જીવ જ લેવો. તેને અનંતાનુબંધીના ઉદયથી સમ્યકત્વ ન થાય. अपि શબ્દથી જણાવે છે કે — અભવ્ય તો ન જ મળે. અથવા પરીત સંસારી પણ પ્રથમ કષાયોના ઉદયથી સમ્યકત્વને પામે.

● **નિર્યુક્તિ-૧૦૯ :-**

***બીજા-અપ્રત્યાખ્યાની કષાયના ઉદયમાં જીવ સમ્યકત્વ પામે પણ દેશવિરતિ ન પામે.***

● **વિવેચન-૧૦૯ :-**

દેશવિરતિ લક્ષણ બીજા ગુણના ઘાતત્વથી કે ક્ષપણાથી આ ક્રમ છે. कष - કર્મ અથવા ભવનો, લાભ કરાવે તે કષાય. कषाय - ક્રોધાદિ તેનો ઉદય અર્થાત્ અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી દેશવિરતિ કે સર્વ વિરતિરૂપ પ્રત્યાખ્યાન, જેની પ્રાપ્તિમાં ઉદયમાં ન આવે તે અપ્રત્યાખ્યાન. अ શબ્દ સર્વથા નિષેધ અર્થમાં છે. અપ્રત્યાખ્યાનના ઉદયે ભવ્યો સમ્યગ્ દર્શન તો પામે - x - પણ પાપથી અટકવું તે વિરમણ કે વિરતિ છે અને વિરતિ ન હોય તે અવિરતિ છે. કોઈ અંશે વિરતિ અને કોઈ અંશે અવિરતિ જેની નિવૃત્તિમાં મળે તે દેશવિરતિ છે. તેની પ્રાપ્તિ ન થાય.

● **નિર્યુક્તિ-૧૧૦ :-**

***ત્રીજા પ્રત્યાખ્યાની કષાયના ઉદયે જીવ દેશવિરતિ તો પામી શકે છે, પણ ચારિત્ર [સર્વ વિરતિ] પામતો નથી.***

● **વિવેચન-૧૧૦ :-**

સર્વ વિરતિ નામે ત્રીજા ગુણના ઘાતીપણાથી કે ક્ષપણક્રમથી તે ત્રીજો કષાય છે. આ પ્રત્યાખ્યાન સર્વ વિરતિ લક્ષણવાળું છે, તેને આવરક આ ત્રીજો કષાય છે. આ પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી સર્વ વિરતિ પ્રાપ્ત ન થાય.

[પ્રશ્ન] અપ્રત્યાખ્યાનમાં अ નિષેધાત્મક છે અને પ્રત્યાખ્યાનવરણમાં આવરણ શબ્દ પણ પ્રતિષેધક જ છે, તો બંનેમાં તફાવત શો છે? [ઉત્તર] न શબ્દ સર્વ નિષેધ વચનવાળો છે અને અહીં આવરણ માં પ્રતિષેધક આ થોડાં કે મર્યાદાવાળા અર્થમાં છે. તેથી સર્વવિરતિનો નિષેધ કરનાર છે, પણ દેશવિરતિ નિષેધક નથી.

- - - દેશ અને એક દેશ મળી દેશૈકદેશ છે. તેમાં દેશ - થોડો ભાગ. સ્થૂળ પ્રાણાતિપાત શ્રાવકનું પહેલું વ્રતભંગ તે જીવહિંસા છે, તેનો જ એક દેશ તે વનસ્પતિકાયની હિંસા છે, તે બંનેની વિરતિ તે નિવૃત્તિ છે. તેને પામે તે દેશ ચારિત્ર છે. પ્રત્યાખ્યાના વરણ કષયોદયથી દેશૈકદેશ ચારિત્ર [વિરતિ] પામે, તેથી વધુ [સર્વ વિરતિ] ન પામે.

विरति - નિવૃત્તિ. - x - જેના વડે અનિંદિત ચરાય તે ચરિત્ર, તેનો ભાવ તે ચારિત્ર છે. તેના પરમાર્થ - પૂર્વ ભવે ઉપાર્જિત આઠ પ્રકારના કર્મોનો અપચય કરવા માટે ચરણ ચારિત્ર છે. તે સર્વ સાવદ્ય યોગ નિવૃત્તિરૂપ ક્રિયા છે. તેનો લાભ ન થાય. હવે ઉપસંહાર –

• નિર્યુક્તિ-૧૧૧ :-

***મૂળગુણનો ઘાત કરનારા-અનંતાનુબંધ્યાદિના ઉદયે મૂળગુણોને પામી શકતો નથી, સંજ્વલન કષાયના ઉદયે યથાખ્યાત ચારિત્ર ન પામે.***

• વિવેચન-૧૧૧ :-

મૂળગુણો ઉત્તરગુણના આધારરૂપે છે, તે સમ્યકત્વ, મહાવ્રત અને અણુવ્રતરૂપે છે, તે મૂળગુણોનો લાભ ન મેળવે. ક્યારે ? મૂળ ગુણોનો ઘાત કરનારા તે મૂળગુણઘાતી કષાયો - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણ, તે પ્રત્યેકના ક્રોધ, માન, માયા, લોભ એ ચાર ભેદે ગણતાં બાર ભેદના ઉદયમાં. તે પ્રમાણે થોડું બડે તે સંજ્વલન. પરિષહાદિના સંઘાતથી બળે, તે સંજ્વલન ક્રોધાદિ ચાર કષાય છે. તેમના ઉદયે ચારિત્ર ન મળે અથવા મળેલું જતું રહે.

[પ્રશ્ન] શું બધું ચારિત્ર જતું રહે કે ન મળે ? [ઉત્તર] યથાખ્યાત ચારિત્ર કષાયરહિત છે, તે જાય. પણ કષાયવાળું સર્વ વિરતિચારિત્ર મળે. આ સંજ્વલન કષાયો યથાખ્યાત ચારિત્ર માત્રના ઘાતિ છે એમ નથી, બીજા દેશ ચારિત્રના પણ ઘાતિ છે. પરંતુ બીજા ચારિત્રના દેશઘાતિ પણ છે, કેમકે સંજ્વલનના ઉદયે બીજા ચારિત્રમાં પણ થોડાં અતિચાર લાગે.

• નિર્યુક્તિ-૧૧૨ :-

***સર્વે પણ અતિચારો સંજ્વલનના ઉદયે હોય છે, બાર કષાય તો વળી મૂળથી ગુણનો છેદ કરનારા છે.***

• વિવેચન-૧૧૨ :-

આલોચનાદિથી છેદ પર્યન્ત પ્રાયશ્ચિત્ત વડે શોધવા યોગ્ય છે. अपि શબ્દથી કેટલાંક ચારિત્રમાં સ્ખલના થવાથી અતિચારો છે, તે સંજ્વલન કષાયોના ઉદયથી જ હોય, - x - તે સિવાયના બાર કષાયોના ઉદયથી મૂળ છેદ પણ થાય છે. મૂળ - અષ્ટમના પ્રાયશ્ચિત્ત વડે થયેલ દોષ છેદાય, તે મૂળ છેદ, તે સંપૂર્ણ ચારિત્રનો છેદ કરનાર છે.

पुनः શબ્દ ચાલુ અર્થનો વિશેષાર્થ બતાવે છે અનંતાનુબંધી આદિ કષાયોના ઉદયથી સંબદ્ધ થાય છે અથવા મૂલ છેદ યથાસંભવે આ યોજવું - પ્રત્યાખ્યાનાવરણ



કષાયોના ઉદયે સર્વ ચારિત્રનો વિનાશ છે. અપ્રત્યાખ્યાનથી દેશવિરતિ અને અનંતાનુબંધીથી સમ્યકત્વનાશ થાય.

• નિર્યુક્તિ-૧૧૩ :-

***યોગ વડે બાર પ્રકારના કષાયોનો ક્ષય કે ઉપશમ થતાં ચારિત્રને પામે છે. તે ચારિત્રના પાંચ ભેદ વિશેષ છે.***

• વિવેચન-૧૧૩ :-

બાર પ્રકારે અનંતાનુબંધી આદિ ભેદવાળા ક્રોધાદિ લક્ષણ કષાયો પ્રશસ્ત યોગ વડે ક્ષય કરવાથી એટલે તદ્દન બુઝાયેલા અગ્નિ સમાન થાય અથવા ઉપશમ-ભસ્મસાત્ અગ્નિ તુલ્ય, ક્ષયોપશમ - અર્ધા બુઝાવેલા અગ્નિ ઉદ્ઘટ્ટન સમ. યોગ - મન, વચન, કાયાના પ્રશસ્ત હેતુભૂત. ચારિત્રલાભ થાય. આ સામાન્યથી કહ્યું. પછી બારે પ્રકારના કષયોના ક્ષયાદિથી કહેવાતા પાંચ ભેદો આ છે –

• નિર્યુક્તિ-૧૧૪,૧૧૫ :-

***પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ ત્રીજું, ચોથું સૂક્ષ્મ સંપરાય, પછી યથાખ્યાત નામે પાંચમું સર્વે જીવલોકમાં પ્રસિદ્ધ છે. જેને આચરીને સુવિહિતો મોક્ષમાં જાય છે.***

• વિવેચન-૧૧૪,૧૧૫ :-

सम - જ્ઞાન, દર્શન, ચારિત્રનો आय - લાભ, તે સમય, - x - તે જ સામાયિક. તે સાવદ્યયોગ વિરતિરૂપ છે. તેથી બધું પણ આ ચારિત્ર અવિશેષથી સામાયિક છે. પણ સાથે છેદાદિ બીજા વિશેષણો લગાડવાથી શબ્દ અર્થથી જુદાપણું બતાવે છે. તેમાં પ્રથમ વિશેષણ વિના સામાન્ય શબ્દ "સામાયિક" જ રહે છે. તેના બે ભેદ – ઇત્વર, યાવત્કથિક. તેમાં થોડાં કાળ માટે તે ઈત્વર, તે ભરત, ઐરવતમાં પહેલા-છેલ્લા તીર્થંકરમાં અનારોપિતવ્રતવાળા શૈક્ષને જાણવું. યાવત્કથિક - આત્માને આખી જીંદગીનું હોય - x - મધ્યમ અને વિદેહના તીર્થના સાધુને જાણવું. કેમકે તેમને ઉપસ્થાનાનો અભાવ છે.

અહીં પ્રસંગથી સાધુના સ્થિત અને અસ્થિત કલ્પને કહે છે – - x - आचेलक्क० ગાથા - આમાં ચાર કલ્પ સ્થિત છે, છ કલ્પ અસ્થિત છે. સ્થિતચાર કયા છે ? શય્યાતર પિંડ, ચાર મહાવ્રત, પુરુષ જ્યેષ્ઠ, કૃતિકર્મકરણ બાકીના છ કલ્પ અસ્થિત છે. તે આ પ્રમાણે – (૧) ચેલ - વસ્ત્ર જેને નથી તે અચેલક, તેમાં રહેલાં તે અચેલકત્વ. વિદેહના અને મધ્યમ તીર્થંકરના તીર્થના સાધુ, પહેલાં-છેલ્લા તીર્થવર્તી સાધુવત્ અચેલપણે રહેતા નથી. કેમ ? તેઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી મૂલ્યવાન્ અને વિચિત્રાદિ વસ્ત્ર પણ ભોગવે. પણ પહેલાં-છેલ્લા તીર્થના સાધુ ઋજુ-જડ અને વક્ર-જડ હોવાથી મૂલ્યવાન્ અને સુંદર વસ્ત્રો ન ભોગવવાથી તથા જીર્ણાદિ વસ્ત્ર પરિભોગથી અચેલકત્વ છે.

જીર્ણાદિ વસ્ત્રોના સદ્ભાવે અચેલકત્વ કેમ કહેવાય ? જીર્ણપણું, અસારપણું, અલ્પપણું, વિશિષ્ટ અર્થક્રિયા-સાધનપણું, અસત્પણું છે. લોકવ્યવહારમાં તેવી પ્રવૃત્તિ

છે. જીર્ણ વસ્ત્રવાળા કહે છે કે ભાઈ ! મારી પાસે વસ્ત્ર નથી, જલ્દી આપ ઈત્યાદિ.

(૨) ઔદ્દેશિક - તે અસ્થિત છે. કેમકે પહેલા-છેલ્લા સાધુને આશ્રીને બનેલ બધાં સાધુને અકલ્પ્ય છે. બાકીના તીર્થના સાધુમાં જેને માટે બનાવેલ છે, તેને જ અકલ્પ્ય છે, બીજાને નહીં. (૩ અને ૪) શય્યાતર પિંડ, રાજપિંડ - પહેલાં છેલ્લા તીર્થના સાધુને ન કલ્પે, બાકીનાને પણ ન કલ્પે, માટે તે નિયત કલ્પ છે. (૫) કૃતિકર્મ - વંદન, બધાં જ તીર્થંકરના સાધુમાં નવદીક્ષિતને પણ ચીરકાળની દીક્ષિત સાધ્વી પણ વાંદે અને નાના સાધુઓ મોટા સાધુને પણ વાંદે માટે નિયત કલ્પ છે.

(૬) મહાવ્રત - પ્રાણાતિપાત વિરમણાદિ બધાં જ સાધુ પાલન કરે છે, માટે નિયત કલ્પ છે. [પ્રશ્ન] પહેલા-છેલ્લા સિવાયના તીર્થના સાધુને મૈથુન વિરમણ વર્જીને ચાર વ્રત છે, તો સ્થિત કલ્પ કઈ રીતે કહેવાય ? તેમને પરિગ્રહમાં અંતર્ભાવથી તે છે જ. પરિગ્રહ વિના સ્ત્રી ક્યાંથી ભોગવે ? (૭) જ્યેષ્ઠ-સ્થિત કલ્પ છે. માત્ર પહેલા-છેલ્લા તીર્થના સાધુને તે કલ્પ વડીદીક્ષાથી છે, બાકીના સાધુને સામાયિક ઉચ્ચરે ત્યારથી છે.

(૮) પ્રતિક્રમણ - અસ્થિતકલ્પ છે - પહેલા છેલ્લા તીર્થના સાધુને નિયમથી ઉભયકાળ પ્રતિક્રમણ છે. બાકીનાને દોષના અભાવે સર્વકાળે પણ અપ્રતિક્રમણ થાય છે. (૯,૧૦) માસકલ્પ અને પર્યુષણાકલ્પ - અસ્થિતકલ્પ છે. પહેલાં - છેલ્લા તીર્થના સાધુને નિયમથી માસકલ્પ વિહાર છે, બાકીનાને દોષના અભાવે ન પણ હોય, એ રીતે પર્યુષણા કલ્પ પણ જાણવો.

સંક્ષેપમાં આ અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ બૃહત્કલ્પથી જાણવો.

હવે ચાલુવાત - [પ્રશ્ન] પહેલાં, છેલ્લાને ઈત્વર સામાયિક હોવા છતાં જાવજ્જીવની સામાયિક ઉચ્ચરાવાય છે, તો વડી દીક્ષામાં પૂર્વના સામાયિકના ત્યાગથી પ્રતિજ્ઞા લોપ ન થાય? [ઉત્તર] અતિચારના અભાવથી દોષ નથી. તે જ સામાયિક પહેલાં દીક્ષામાં સામાન્યથી સાવદ્યયોગ વિરમણરૂપે છે, તેને વધુ શુદ્ધ કરવાથી સંજ્ઞા માત્ર જ વિશેષ છે. આ પ્રથમ ચારિત્ર કહ્યું.

હવે બીજું છેદોપસ્થાપના કહે છે –

પૂર્વ પર્યાયનો છેદ કરી શિષ્યને મહાવ્રતમાં સ્થાપવો. તે બે પ્રકારે છે – સાતિચાર અને નિરતિચાર. તેમાં નિરતિચાર જે ઈત્વર સામાયિકવાળાને વડી દીક્ષામાં સ્થાપવો. અથવા પાર્શ્વપ્રભુના સાધુ મહાવીર પ્રભુને કલ્પ સ્વીકારે ત્યારે પાંચ મહાવ્રતનો સ્વીકાર કરે અને અતિચાર પૂર્વક મૂળગુણોના ઘાતકને ફરી વ્રત ઉચ્ચરાવવું તે છે.

પરિહાર વિશુદ્ધિ - તેમાં પરિહરણ તે પરિહાર - તપ વિશેષ છે. તેના વડે જેમાં વિશુદ્ધિ થાય તે પરિહાર વિશુદ્ધિક તે બે ભેદે - નિર્વિસમાનક અને નિર્વિષ્ટકાયિક નિર્વિશમાનક - તે તેને આસેવન કરનારા છે અને ચારિત્રની સાથે એકમેકપણે છે. આસેવિત વિવક્ષિત ચારિત્રકાયવાળા તો નિર્વિષ્ટકાયવાળા છે. ચારિત્ર પણ એકમેકપણે





હોય છે. આ ચારિત્ર આરાધવામાં નવ સાધુનો સમૂહ હોય છે. પહેલો ચાર પારિહારિક તપ કરનારા, બીજા ચાર વૈયાવચ્ચ કરનારા, એક કલ્પમાં રહીને વાચનાચાર્ય ગુરુ તરીકે રહે છે. એમાં નિર્વિશમાનકોનો આ પરિહાર છે.

ધીર પુરુષોએ આ પારિહારિક તપ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટથી શીયાળે, ઉનાળે, ચોમાસે આવો બતાવ્યો છે – ઉનાળામાં જઘન્યથી એક, મધ્યમથી બે, ઉત્કૃષ્ટથી ત્રણ ઉપવાસ છે. શીયાળામાં અનુક્રમે ઉત્કૃષ્ટ ઉપવાસ બે, ત્રણ, ચાર છે. ચોમાસામાં તે ત્રણ, ચાર, પાંચ છે.

પારણામાં આયંબિલ, પાંચનું ગ્રહણ અને ગૌચરીમાં બેનો અભિગ્રહ છે. આ પ્રમાણે કલ્પમાં રહીને હંમેશાં પારણે આયંબિલ કરે. પહેલાના તપસ્વીનો તપ છ માસે પૂરો થાય, ત્યારે તેની સેવા કરનારા તપસ્વી બની ઉપર પ્રમાણે છ માસનો તપ કરે. એ રીતે કલ્પમાં રહેલ વાચનાચાર્ય પણ છ માસનો તપ કરે, બાકીના સેવા કરે - x -

આ પ્રમાણે ત્રીજા ચારિત્રનો તપ ૧૮ માસનો છે. અહીં સંક્ષેપથી કહ્યું, વિશેષ જાણવા ઈચ્છનારે વિશેષ સૂત્રોથી જાણવો. કલ્પ સમાપ્ત થતાં આ નવે સાધુ જિનકલ્પ સ્વીકારે અથવા પોતાના ગચ્છમાં જાય. - x - આ તપ તીર્થંકર કે સમીપે રહેલા ગણધર પાસે ઉચ્ચરે અન્ય પાસે નહીં.

ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર - x - જેના વડે સંસાર વધે તે સંપરાય, તે જ કષાયો છે. કેમકે આ ચારિત્રમાં સૂક્ષ્મ લોભના અંશો બાકી છે. તેથી તેને સૂક્ષ્મ સંપરાય કહે છે. તે બે ભેદે છે – વિશુધ્યમાનક, સંક્લિશ્યમાનક વિશુદ્ધયમાનક ક્ષપક અને ઉપશમક એવી બે શ્રેણી ચઢે અને સંક્લિશ્યમાનક તો ઉપશમ શ્રેણીથી પાછો પડતો હોય છે.

પાંચમું યથાખ્યાત ચારિત્ર - સૂક્ષ્મ સંપરાય પછી તુરંત અકષાય ચારિત્ર તે યથાખ્યાત છે. આ બધાં જીવલોકમાં પ્રસિદ્ધ છે. તે ચારિત્ર છદ્મસ્થ વીતરાગ અને કેવળીને હોય. તેમાં છદ્મસ્થ ઉપશામકને તથા ક્ષપકને હોય છે. કેવળીને તો સયોગી કે અયોગી ગુણઠામું હોય છે જેને પામીને જીવો અજર અમર પદ પામે છે.

ઉક્ત પાંચ ચારિત્રોમાં પહેલાં ત્રણ ક્ષયોપશમ લભ્ય છે, બાકીનાં છેલ્લા બે ઉપશમ કે ક્ષયમાં લભ્ય છે. તેથી કર્મોપશમ ક્રમ બતાવે છે –

● **નિર્યુક્તિ-૧૧૬ :-**

***અનંતાનુબંધીકષાય, દર્શનમોહનીય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ ષટ્ક, પુરુષવેદ બબ્બે એકાંતરે સદંશ ઉપશમાવે છે.***

● **વિવેચન-૧૧૬ :-**

અથવા છેલ્લા બે ચારિત્ર શ્રેણીમાં રહેલાને કે શ્રેણીમાંથી ઉપર ચડેલાને હોય છે, માટે બે શ્રેણીનો અવસર છે. તેમાં પહેલી ઉપશમશ્રેણી છે, તેથી તેનું સ્વરૂપ કહે છે – ઉપશમ શ્રેણીનો પ્રારંભક અપ્રમત્ત સાધુ હોય છે. બીજા કહે છે કે – અવિરત, દેશ વિરત, પ્રમત્ત, અપ્રમત્ત સંયતમાંનો કોઈપણ પ્રારંભક હોય છે. શ્રેણીની પરિસમાપ્તિમાં પ્રમત્ત, અપ્રમત્ત સંયતમાં કોઈ પણ હોય તે આ રીતે આરંભે – अणंति - અવાજ કરે

છે, જેઓ અવિકલ હેતુપણે અશાતાવેદનીયવાળું નારકી આદિનું આયુ ભોગવે છે તે અણ છે. તેનો અર્થ અનંતાનું બંધી ક્રોધાદિ છે - x - આ અનંતાનું બંધીને પ્રશસ્ત, અપ્રશસ્ત અધ્યવસાયના સ્થાનોમાં રહીને ચારેને સાથે જ પહેલાં અંતર્મુહૂર્ત્ત કાળમાં ઉપશમાવે, આ રીતે બધે ઉપશમક કાળ અંતર્મુહૂર્તનો જાણવો. પછી દર્શનત્રિક ઉપશમાવે તે दर्श છે. તે ત્રણ પ્રકારે મિથ્યા, સમ્યક્‌મિથ્યા, સમ્યગ્‌દર્શન છે. ત્રણેને સાથે જ ઉપશમાવે.

ત્યારપછી પુરુષ જો પ્રારંભક હોય તો અનુદીર્ણ પણ નપુંસક વેદ શમાવે, પછી સ્ત્રીવેદ શમાવે. પછી હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સાને શમાવે. પછી પુરુષવેદને અને છેલ્લે સ્ત્રીવેદને શમાવે, નપુંસક પ્રારંભક હોય તો અનુદીર્ણ સ્ત્રીવેદને, પછી પુરુષવેદ ઈત્યાદિ શમાવે.

ત્યારપછી અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની બે ક્રોધને શમાવે. પછી સંજ્વલન ક્રોધને શમાવે. તે રીતે બે માન તથા સંજ્વલન માન, પછી બે માયા અને સંજ્વલન માયા છેવટે એકલો સંજ્વલન લોભ રહે છે. તેને ઉપશમાવવા ત્રણ ભાગ કરે છે. બે ભાગ સાથે શમાવે. ત્રીજા ભાગના સંખ્યેય ખંડો કરે છે. તે પણ જુદા જુદા વખતે શમાવે છતાં થોડો ભાગ બાકી રહે, તેના અસંખ્યેય ખંડો કરે છે. તેને પણ એક એક સમયે શમાવે છે.

અહીં દર્શન સપ્તકની ચાર ક્રોધ અને ત્રણ દર્શનની મળીને સાત પ્રકૃતિ શમાવવાથી નિવૃત્તિબાદર કહેવાય. પછી અનિવૃત્તિ બાદર કહેવાય. સંખ્યેય ખંડોનો છેલ્લો ખડં બાકી રહે ત્યાં સુધી સૂક્ષ્મસંપરાય હોય છે. છેલ્લા ખંડના અસંખ્યેય કરી સમયે સમયે ઉપશમાવે.

[પ્રશ્ન] સંજ્વલન આદિ આ પ્રમાણે કહેલો ઉપશમ યુક્ત છે, પણ અનંતાનુબંધીનો તો દર્શન પ્રતિપત્તિમાં જ ઉપશમ હોવાથી ઘટતું નથી. [ઉત્તર] દર્શન પ્રતિપત્તિમાં તેઓનો ક્ષય, ઉપશમ હોય છે. અહીં ઉપશમ છે, માટે વિરોધ નથી. [પ્રશ્ન] ક્ષયોપશમ અને ઉપશમમાં શો ભેદ છે? [ઉત્તર] ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણના વિપાક અનુભવની અપેક્ષાથી ઉપશમ છે, પણ પ્રદેશ અનુભવનો ઉદયમાં વિધમાન છે અને ઉપશમમાં પ્રદેશ અનુભવ પણ ન હોય. આ વાત ભાષ્યમાં પણ કહી છે.

સંયતોને અનંતાનુબંધી કષાયોના ઉદયનો નિષેધ કહ્યો છે, તો ઉપશમ કેવી રીતે ઘટે ? અહીં પણ વિપાક કર્મને આશ્રીને કહ્યું, પ્રદેશકર્મને આશ્રીને ઉદયનો નિષેધ નથી. માટે તેનો ઉપશમ ઘટે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે – કર્મો બે ભેદે છે, પ્રદેશકર્મ અને અનુભાવ કર્મ. પ્રદેશ કર્મ અવશ્ય વેદે છે, અનુભાવ કર્મ કેટલુંક વેદાય - કેટલુંક ન વેદાય. તેથી પ્રદેશ કર્મનો અનુભાવનો ઉદય હોય તેનો ઉપશમ કરે, એમ જાણવું.

સંયતને અનંતાનુબંધીના પ્રદેશનો ઉદય છે, તો સમ્યગ્દર્શનનો વિઘાત કેમ ન હોય ? પ્રદેશ કર્મનો અનુભાવ મંદ હોવાથી તેનો ઘાત થતો નથી, તેમજ કોઈને અનુભાવ કર્મનો થોડો અનુભવ હોય તો અત્યંત અપકાર માટે થતો નથી. જેમ સંપૂર્ણ મત્યાદિ ચાર જ્ઞાનવાળાને તેના આવરણનો ઉદય હોય છતાં પણ બધાની મતિ મુંઝાતી નથી.



અહીં સંખ્યેય લોભ ખંડોને ઉપશમાવતો બાદર સંપરાય, છેલ્લા સંખ્યેય ખંડ અસંખ્યાય ખંડોને ઉપશમાવતો સૂક્ષ્મ સંપરાય છે તે કહે છે –

● **નિર્યુક્તિ-૧૧૭ :-**

***જે ઉપશામક કે ક્ષપક લોભના અણુને વેદતો હોય તે સૂક્ષ્મ સંપરાય ચારિત્રી ગણાય અર્થાત્ કંઈક ન્યૂન યથાખ્યાત ચારિત્રી બને છે.***

● **વિવેચન-૧૧૭ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ – યથાખ્યાત કંઈક ન્યૂન છે. તેથી સૂક્ષ્મ સંપરાય અવસ્થાન અંતર્મુહૂર્ત્ત માત્ર કાળમાન અનુભવીને ઉપશામક નિર્ગ્રન્થ યથાખ્યાત ચારિત્રી થાય છે. તે જો બદ્ધાયુ હોય, તે અવસ્થામાં જ મરણ પામે તો નિયમથી અનુત્તર વિમાનવાસીમાં ઉપજે. શ્રેણીથી પડેલા માટે નિયમ નથી. અબદ્ધાયુ હોય, તો અંતર્મુહૂર્ત્ત માત્ર ઉપશામક નિર્ગ્રન્થ થઈને નિયમથી ફરી પણ ઉદિત કષાય થઈ સંપૂર્ણપણે શ્રેણીથી નીચે આવે –

● **નિર્યુક્તિ-૧૧૮ :-**

***ગુણ મહત્તાવાળા પુરુષથી ઉપશમ પણ પમાડેલા કષાયો કેવળીસમ ચારિત્રી ઉપશમકને પાડી દે છે, તો બીજાની શી વાત કરવી ?***

● **વિવેચન-૧૧૮ :-**

શાંત અવસ્થા તે ઉપશમ છે. તેને તથા ક્ષયોપશમને પામેલા અને ગુણોથી મહાન્ એવા ઉત્તમ ઉપશામકોને કષાયો સંયમથી ભવભ્રમણમાં પાડે છે. આ ઉપશમકનું ચારિત્ર જિન ચારિત્ર તુલ્ય છે. તેની આ દશા થાય તો સરાગ સ્થાનીય મુનિઓની કેવી બૂરી અવસ્થા થાય ?

ભસ્મચ્છન્ન અગ્નિ જેમ ઢાંકેલી રાખ ઉડી જતાં પોતાનું ખરું સ્વરૂપ બતાવે, તેમ આ ઉપશામક સંયત ક્રોધાદિથી પડી દુઃખ ભોગવે છે વળી જઘન્યથી શુભ સંયોગે તે જ ઉપશામક ક્ષપક બની મોક્ષ પણ મેળવે નહીં તો ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ સંસાર વધારે.

તીર્થંકર ઉપદેશવત્ હોવાથી ઉપદેશની બે ગાથા કહે છે –

● **નિર્યુક્તિ-૧૧૯,૧૨૦ :-**

***ઉપશમિત કષાયો પણ ફરી ઉદયમાં આવે તો સંસારમાં અનંત કાળ રખડાવે, માટે થોડાં પણ રહેલાં શેષ કષાયોનો વિશ્વાસ ન કરો. થોડું ઋણ, થોડો ઘા, થોડો અગ્નિ, થોડો કષાય, તેનો તમારે વિશ્વાસ ન કરવો કેમકે તે થોડું પણ ઘણું થાય છે.***

● **વિવેચન-૧૧૯,૧૨૦ :-**

થોડુ પણ ઋણ કરતાં વણિક્‌પુત્રી દાસત્વને પામી. આ વાત જ ભાષ્યકારે પણ

થોડાં ભિન્ન શબ્દોમાં કહેલી છે. - x - x - ઔપશમિક ચારિત્ર કહીને હવે ક્ષાયિક કહે છે અથવા - x - હવે ક્ષપક શ્રેણીને કહે છે —

**● નિર્યુક્તિ-૧૨૧ :-**

***અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ કે મિશ્ર મોહનીય, આઠ કષાયો, ત્રણે વેદ, હાસ્યાદિ ષટ્ક અને સંજ્વલન ક્રોધાદિ ખપાવે છે.***

**● વિવેચન-૧૨૧ :-**

ક્ષપક શ્રેણી માંડતો અસંયતાદિ કોઈ અત્યંત શુદ્ધ પરિણામી હોય છે તે ઉત્તમસંહનન, પૂર્વવિદ્, અપ્રમત્ત, શુક્લધ્યાની હોય. બીજા ધર્મધ્યાની હોય.

પહેલાં અંતર્મુહૂર્તથી અનંતાનુબંધી ક્રોધાદિને સાથે ખપાવે છે. તેના અનંતભાગે મિથ્યાત્વમાં પ્રક્ષેપીને મિથ્યાત્વ સહિત જ તેને ભેગો ખપાવી દે. જેમ અતિ સંભૃત દાવાનળ અર્ધ બળેલા લાકડામાં રહીને બીજા લાકડાંને પણ સાથે બાળી મૂકે છે. તેમ ક્ષપક શ્રેણીવાળો તીવ્ર શુભ પરિણામપણે એકને ખપાવતા શેષ વધે, તેને બીજામાં નાંખી ખપાવી દે. એ પ્રમાણે મિશ્ર ખપાવે. પછી સમ્યક્ત્વ મોહનીય ખપાવે. જો આયુ પૂર્વે શ્રેણી બાંધી હોય તો અનંતાનુબંધી ખપતાં ત્યાં જ અટકે. ત્યાં કદાચ મિથ્યાદર્શનનો ઉદય થાય તો તેને પાછા એકઠાં કરે, કેમકે ત્યાં મિથ્યાત્વ બીજ સંભવે છે, જો નિથ્યાત્વબીજ સર્વથા ક્ષીણ થઈ ગયું તો મિથ્યાત્વ ન બાંધે. તે અવસ્થામાં મરેલો અવશ્ય દેવલોકે જાય. સાત પ્રકૃતિ ક્ષય થયેલો પણ અપ્રતિપાતિ પરિણામી રહે છે. જો પડેલ પરિણામી હોય તો મતિભિન્નતાથી જુદાજુદા જીવો સર્વ ગતિને ભજનારા થાય.

[પ્રશ્ન] મિથ્યાદર્શનાદિ ક્ષયે તે જીવ દર્શનરહિત થાય કે નહીં ? [ઉત્તર] સમ્યગ્દૃષ્ટિ જ રહે. [પ્રશ્ન] સમ્યગ્ દર્શન ક્ષયે સમ્યગ્દૃષ્ટિત્વ કઈ રીતે ? મીણારહિત બનાવેલ શુદ્ધ કોદરા જેવું છે. મિથ્યાપણું દૂર થતાં સમ્યગ્દર્શન થાય. તે શુદ્ધ પુદ્ગલો પણ સર્વથા ક્ષય થતાં પતિત પરિણામી થતાં નથી. - x - x - તે શુદ્ધતર ભાવ એ જ ક્ષાયિક સમ્યગ્દર્શન છે.

આ શ્રેણી જો બદ્ધાયુવાળો માંડે તો સાત પ્રકૃતિ ક્ષીણ થતાં ત્યાં જ અટકે અને તે ઉપરોક્ત શેષ સમ્યગ્દર્શન જ ખપાવે. આયુ ન બાંધેલા સતત બારમે ગુણઠાણે પહોંચે, સ્વલ્પ સમ્યગ્દર્શનનાં થોડાં પુદ્ગલ રહ્યાં હોય ત્યારે અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનાવરણ સાથે ખપાવવાનું આરંભે.

જે ૧૭-પ્રકૃતિ ખપાવે તે આ પ્રમાણે —

**● નિર્યુક્તિ-૧૨૨,૧૨૩ :-**

***૨-નરકગતિ અને નરકાનુપૂર્વી, ૨-તીર્યંચગતિ, તીર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય, આતપ, ઉદ્યોત, સ્થાવરનામ, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિને ખપાવી આઠ કષાયના શેષને ખપાવે.***

**● વિવેચન-૧૨૨,૧૨૩ :- [સારાંશ]**

- x - આનુપૂર્વી - બળદની નાસિકામાં નાંખેલ રજ્જુ સંસ્થાનીય છે. જેનાથી



કર્મપુદ્ગલ સંહતિથી વિશિષ્ટ સ્થાન પામે છે. જેના વડે ઉપરનું તથા નીચેનું આખું શરીર ઉત્પન્ન થાય છે, તે આનુપૂર્વી. એ રીતે ગતિ અને આનુપૂર્વી નામની બબ્બે એકેન્દ્રિયાદિ જાતિ નામની ચાર. [પ્રશ્ન] એકેન્દ્રિયાદિની આનુપૂર્વી નામ કેમ કહેતા નથી ? તીર્યંચ આનુપૂર્વી કહેવાથી તેમાં સમાવાઈ જાય છે. આતપ - જેના ઉદયે આતપવાન થાય છે. એ રીતે ઉદ્યોત સ્થાવરા - પૃથ્વી આદિ, - x - શેષ પ્રગટ અર્થવાળા છે. વિશેષ એ કે - સ્ત્યાનર્દ્ધિ - જેની ચૈતન્ય ઋદ્ધિ છે તે. તેના ઉત્તરકાળમાં શેષ જે આઠ કષાયો, તેને અંતર્મુહૂર્તમાં ખપાવે. પછી નપુંસકવેદ, પછી સ્ત્રીવેદ, પછી હાસ્યાદિ ષટ્ક, પછી પુરુષવેદને ત્રણ ખંડ કરે. બે ખંડ સાથે ખપાવે છે, ત્રીજા ખંડને સંજ્વલન ક્રોધમાં નાંખે છે, પુરુષવેદમાં શ્રેણી માંડનારનો આ ક્રમ છે. પરંતુ નપુંસકાદિ શ્રેણી માંડે તો ઉપશમશ્રેણીવત્ જાણવું.

પછી સંજ્વલન ક્રોધાદિને અનુક્રમે પ્રત્યેકને અંતર્મુહૂર્તમાં ખપાવે. જો કે આખી શ્રેણીનો કાળ અંતર્મુહૂર્ત જ છે. કેમકે અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદો છે. લોભના ચરમ ખંડના સંખ્યેય ખંડ કરીને જુદા જુદા વખતે ખપાવે ઈત્યાદિ. - x - x - છેલ્લે સૂક્ષ્મ સંપરાય લોભનો છેલ્લો અણુ ખંડ ક્ષય થતાં સુધી છે, ત્યારપછી યથાખ્યાત ચારિત્રી છે.

પછી મહાસમુદ્રને તરવા માફક મોહસાગરને તરીને ત્યાં વિશ્રાંતિ લે છે. ત્યારે છદ્મસ્થવીતરાગપણે આ ગુણસ્થાનના છેલ્લા બે સમયમાંના પ્રથમ સમયમાં નિદ્રાદિ ખપાવે છે, તે કહે છે —

**● નિર્યુક્તિ-૧૨૪,૧૨૫ :-**

***વિસામો લઈને નિર્ગ્રન્થ કેવળજ્ઞાનના બે સમય બાકી રહેતા પહેલાં સમયે નિદ્રા, પ્રચલા, નામ કર્મની પ્રકૃતિ ખપાવે છે, તે આ રીતે — દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિયશરીર અને અંગોપાંગ, પહેલાં સિવાયનાં સંઘયણ, બીજા સંસ્થાનો, તીર્થંકર હોય તો માત્ર આહારકશરીર આ પ્રકૃતિ ખપાવે.***

**● વિવેચન-૧૨૪,૧૨૫ :-**

સંઘયણો છ છે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, સેવાર્ત્ત. સંસ્થાન - પોતાનું વર્તમાન સંસ્થાન છોડીને બાકીના ખપાવે છે. સંસ્થાનો છ — ચતુરસ્ર, ન્યગ્રોધ મંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક. વિસ્તાર અને બાહલ્યમાં તુલ્ય, ઉંચાઈમાં વધારે, મડભકોષ્ઠ, અધોકાયમડહ અને સર્વથા અસંસ્થિત તે હુંડ સંસ્થાન છે.

**● નિર્યુક્તિ-૧૨૬-વિવેચન :-**

છેલ્લા સમયે પાંચ જ્ઞાનાવરણો- મતિ જ્ઞાનાવરણાદિ, ચારે દર્શનો - ચક્ષુર્દર્શનાદિ, પાંચ ભેદે અંતરાય — દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યાન્તરાય ખપાવીને કેવલી થાય છે. [સ્થાપના વૃત્તિમાં જોવી.]

**● નિર્યુક્તિ-૧૨૭ :-**

***સર્વે લોક અને અલોકને સર્વ પ્રકારે એકી સાથે જોતો ભૂતકાળ,***

*વર્તમાનકાળ, ભાવિકાળ સંબંધી એવી કોઈ વસ્તુ નથી જેને ન જોતો હોય.*

● **વિવેચન-૧૨૭ :-**

એક ભાવપણે ભિન્ન તે સંભિન્ન. જેવું બહાર તેવું જ અંદર છે. અથવા સંભિન્ન તે દ્રવ્ય છે. કેવી રીતે? કાળ અને ભાવ તેના પર્યાયો છે. તે બંનેના સમસ્તપણાં વડે અથવા બધી બાજુથી ભિન્ન તે સંભિન્ન લોક તથા અલોકને સર્વ દિશામાં સર્વ વસ્તુ માત્રને કેવળી જુએ છે. તેમાં ધર્મ, અધર્મ આદિ દેખાય છે, માટે લોક. એકલું આકાશ છે તે અલોક છે. આ બંને વડે ક્ષેત્ર બતાવ્યું, એમાં બધાં દ્રવ્યો આવી ગયાં. આ લોક અને અલોકમાં કંઈ એવું નથી કે જેને કેવળી ન જુએ. તેમ તે દ્રવ્યોના પર્યાયો ભૂત, વર્તમાન અને ભાવિ સંબંધી પણ જાણી લે છે. - x - x -

ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ વર્ણવતાં પ્રસંગથી કહેલું કે — તપ, નિયમ, જ્ઞાન વૃક્ષે ચઢેલા કેવલી - તે કેવલીનું સ્વરૂપ બતાવ્યું. તેમની પાસેથી સામાયિકાદિ શ્રુત આચાર્ય પરંપરાએ આવેલું છે. આ જિનપ્રવચનની ઉત્પત્તિ થઈ છે. એ બધું પ્રસંગથી કહ્યું હવે આ જિનપ્રવચનની ઉત્પત્તિ શું છે ? કેટલું જિનપ્રવચન કહેવાનું છે ઈત્યાદિ - x - દ્વાર સંગ્રહ કહે છે —

● **નિર્યુક્તિ-૧૨૮ + વિવેચન :-**

જિન પ્રવચનની ઉત્પત્તિ, પ્રવચનના એકાર્થિક, એકાર્થિકના વિભાગ એ ત્રણ પણ પ્રસંગથી બાકી છે તથા દ્વારોની વિધિ, વિધાન વિધિ છે તે ઉપોદ્‌ઘાત જ છે અને નયવિધિ તો ચોથો અનુયોગદ્વાર છે. શિષ્ય અને આચાર્યની પરીક્ષાનું વર્ણન તે વ્યાખ્યાન વિધિ છે. અનુયોગ તે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અને સૂત્રાનુગમ છે. આ સમુચ્ચય અર્થ છે.

[પ્રશ્ન] ચોથો અનુયોગ દ્વાર નયવિધિ કહી પછી ત્રીજો અનુયોગ દ્વારરૂપ અનુયોગ શા માટે કહ્યો ? [ઉત્તર] નય અને અનુગમ બંને સાથે સહચર ભાવે વર્તે છે. તે બતાવવા માટે છે, કેમકે નયોના મતથી શૂન્ય એવા અનુગમનો અભાવ છે. ચારે અનુયોગ દ્વારોનું વર્ણન કરતાં નયોને અંતે કહ્યા તે પણ યોગ્ય છે. કેમકે અનુગમ અને નય બંને સાથે બોલવા અશક્ય છે. - x - x - હવે પ્રવચનના એક અર્થવાળા શબ્દોને અને તેના વિભાગોને દર્શાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૧૨૯ થી ૧૩૧ :-**

***એકાર્થી નામો ત્રણ છે — પ્રવચન, સૂત્ર અને અર્થ. પ્રવચન વગેરે એક એકના એકાર્થી પાંચ છે... શ્રુતધર્મ, તીર્થ, માર્ગ, પ્રાવચન, પ્રવચન એકાર્થવાળા છે. સૂત્ર, તંત્ર, ગ્રંથ, પાઠ, શાસ્ત્ર એ એકાર્થ છે... અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા, વાર્તિક એ અનુયોગના એકાર્થી નામો છે.***

● **વિવેચન-૧૨૯ થી ૧૩૧ :-**

જેનો એક અર્થ હોય તે એકાર્થિક છે. પ્રવચન - પૂર્વે વર્ણન કર્યુ છે. સૂચના કરવાથી સૂત્ર છે. જેનાથી વસ્તુ પમાય તે અર્થ છે. અહીં પ્રવચન તે સામાન્ય શ્રુત છે, સૂત્ર અને અર્થ બંને તેનાં વિશેષ છે.



[પ્રશ્ન] સૂત્ર અને અર્થની પ્રવચનની સાથે એકાર્થતા યુક્ત છે કેમકે તે તેના વિશેષપણે છે, પણ સૂત્ર અર્થ બંને પરસ્પર ભિન્ન હોવાથી એકાર્થતા ઘટતી નથી ? સૂત્ર વ્યાખ્યેય છે - અર્થ, તેનું વ્યાખ્યાન છે અથવા આ ત્રણેમાં પણ ભિન્નાર્થતા જ ઘટે છે. કેમકે દરેકના વિભાગનો સદ્‌ભાવ છે. ઈત્યાદિનું શું ? [ઉત્તર] બે કમળ છે, એક ખીલેલું - બીજું ન ખીલેલું. સંકોચ-વિકાસના પર્યાયનો ભેદ હોવા છતાં કમળના સામાન્યપણાથી અભેદ છે. તેમ સૂત્રાર્થ પણ પ્રવચનની અપેક્ષાથી પરસ્પર અભેદ છે. પ્રવચન બંનેમાં કમળની માફક ઘટે છે. ત્રણેના એકાર્થિક વિભાગો પણ દેખાય છે. જેમકે — કમળ, અરવિંદ, પંકજ ઈત્યાદિ - x - તેમ પ્રવચન, સૂત્ર, અર્થના એકાર્થિક વિભાગો કમળ-બિડાયેલ-ખીલેલ માફક અવિરુદ્ધ છે.

બીજી રીતે કહે છે — એકાર્થિક ત્રણ જ છે, તેને આશ્રીને કહેવું. - x - [શંકા] દ્વાર ગાથામાં કહ્યું કે પ્રવચનના એકાર્થિક કહેવા, તેમાં હવે ફેર પડી જસે. [સમાધાન] ના, ઉપર કહ્યું તેમ સૂત્ર અને અર્થ બંને પ્રવચનના વિશેષ છે, કેમકે સૂત્ર અને અર્થમાં પણ પ્રવચનનું ઘટવાપણું છે. [શંકા] જો એમ છે તો વિભાગ દ્વાર જુદુ બતાવવું વ્યર્થ થશે ? [સમાધાન] ના, અવિશેષપણે એકાર્થિકો કહેવા. સામાન્ય-વિશેષપણે પ્રવચનના ૧૫-એકાર્થિક છે.

વિશેષ ગોચર પર્યાયોનું સામાન્ય ગોચર પર્યાયપણું ન થાય, માટે બંનેનો વિભાગ કહેવો. જેમકે આંબો વગેરે વૃક્ષાદિ શબ્દોના પર્યાયો નથી, કેમકે લોકમાં પણ તેવો વ્યવહાર નથી - x -

શ્રુતનો ધર્મ-સ્વભાવ તે શ્રુતધર્મ. કેમકે તે બોધના સ્વભાવપણે છે. શ્રુતનો બોધ પ્રવચન કરે છે. અથવા શ્રુત તે જીવનો પર્યાય છે, અને “શ્રુત તે જ ધર્મ”. તે શ્રુતધર્મ. અથવા સુગતિને ધારણ કરવાથી શ્રુત તે જ ધર્મ છે. તીર્થનો અર્થ પૂર્વે કહી ગયા, તે ચતુર્વિધ સંઘ છે. સંઘને અનન્યપણે ઉપયોગી હોવાથી પ્રવચન તે તીર્થ છે.

જેના વડે આત્મા શોધાય તે માર્ગ છે. અથવા માર્ગણા કરવી તે માર્ગ છે. શિવને શોધવું તથા અભિવિધિએ પ્રગટ થયેલું જીવાદિ પદાર્થોમાં વચન માટે વપરાતું પ્રાવચન તથા પ્રવચન પૂર્વે કહેલું છે. એટલે તેના પાંચ નામનો વિભાગ કહ્યો. - - - હવે સૂત્રવિભાગ કહે છે —

સૂચના કરવાથી સૂત્ર છે, તેના વડે, તેનાથી કે તેનામાં અર્થ વિસ્તારાય તે તંત્ર છે. ગુંથાય તે ગ્રંથ છે, પઠન થાય માટે પાઠ છે, અથવા તેના થી-થકી-વડે પઠન થાય માટે પાઠ છે. તેનો અર્થ ખુલ્લું કરવું થાય છે. તેના વડે, તેનાથી કે તેનામાં શાસન થાય તે શાસ્ત્ર અથવા આત્મા વડે જાણવા યોગ્ય છે માટે શાસ્ત્ર છે. એકાર્થિકના પુનઃ કથનથી સામાન્ય અને વિશેષમાં પણ કોઈ અંશે ભેદ છે, તે જણાવે છે.

સૂત્ર સાથે અર્થને જોડવો તે અનુયોગ અથવા સૂત્રનું અભિધેય વ્યાપાર તથા

અનુકૂળ યોગ તે અનુયોગ છે. જેમ ઘડા શબ્દથી ઘડો એ પદાર્થ સમજાય છે. નિયત યોગ તે નિયોગ છે. જેમ ઘટ શબ્દથી ઘટ જ લેવાય પટ નહીં. ભાષણ કરવાથી ભાષા-પ્રગટ કરવું. ઘટન કરવાથી ઘટ ચેષ્ટાવાળો ઘટ અર્થ છે. તથા વિવિધ ભાષા તે વિભાષા છે એટલે પર્યાય શબ્દોથી તેના સ્વરૂપનું કથન કરવું. જેમકે ઘટ કુંભ છે. વાર્તિક એટલે બધાં પર્યાયો કહી બતાવવા. સમુદાયાર્થ કહ્યો. વિશેષથી પ્રત્યેક દ્વારે કહીશું. - x - x - હવે અનુયોગના પ્રથમ દ્વારનું વર્ણન —

**● નિર્યુક્તિ-૧૩૨ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, વચન અને ભાવથી અનુયોગનો આ સાત પ્રકારનો નિક્ષેપ છે.***

**● વિવેચન-૧૩૨ :-**

'નામ' પૂર્વે નિરૂપેલ છે. નામનો અનુયોગ તે કોઈપણ જીવાદિ પદાર્થનું અનુયોગ એવું નામ કરવું, તે નામાનુયોગ. અક્ષ વગેરેમાં અનુયોગની સ્થાપના તે સ્થાપનામાં અનુયોગ કરવો એ સ્થાપનાનુયોગ. દ્રવ્ય વિષય સંબંધી અનુયોગ તે દ્રવ્યાનુયોગ. તે આગમ અને નોઆગમ બે ભેદે છે — આગમમાં જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્‌વ્યતિરિક્ત અનુયોગ. દ્રવ્ય કે દ્રવ્યોનો, દ્રવ્ય કે દ્રવ્યો વડે, દ્રવ્ય કે દ્રવ્યોમાં અનુયોગ તે દ્રવ્યાનુયોગ.

આ પ્રમાણે ક્ષેત્રાદિમાં પણ છ ભેદની યોજના કરવી.

અહીં દ્રવ્યાનુયોગ બે પ્રકારે છે — જીવ દ્રવ્યનો, અજીવ દ્રવ્યનો. તે એકૈક ચાર પ્રકારે છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી જીવ એક દ્રવ્ય છે, ક્ષેત્રથી અસંખ્યેય પ્રદેશાવગાઢ છે, કાળથી જીવત્વ અપેક્ષાથી અનાદિ અનંત છે. ભાવથી અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અચારિત્ર દેશચારિત્ર અગુરુલઘુપર્યાયવાળો છે.

તે પ્રમાણે અજીવ દ્રવ્યો પરમાણુ આદિ છે. પરમાણું દ્રવ્યથી એકદ્રવ્ય, ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢ, કાળથી જઘન્યથી એક કે બે સમય ઉત્કૃષ્ટથી અસંખ્યેય ઉત્સર્પિણી અવસર્પિણી, ભાવથી એક રસ-બે રસ, બે સ્પર્શ અને એક ગંધવાળો છે અને આ બધાંનાં સ્વસ્થાનમાં રસાદિ પર્યાયો અનંતા એક ગુણ તીખા આદિ ભેદોથી જાણવા. એ પ્રમાણે બે અણુ આદિથી લઈને અનંત અણુના સ્કંધ સુધીનું સ્વરૂપ જાણવું.

દ્રવ્ય અનુયોગ કહ્યો. હવે દ્રવ્યોનો અનુયોગ કહે છે. તે જીવ અને અજીવ સંબંધી જાણવો. પન્નવણા સૂત્ર - જીવ પર્યવો સંખ્યેય, અસંખ્યેય કે અનંત છે ? ગૌતમ ! તે અનંતા છે. એ પ્રમાણે અજીવ પર્યવો જાણવા.

દ્રવ્ય વડે અનુયોગ - પ્રલેપ અથવા અક્ષાદિથી વ્યાખ્યાન કરવું. જેમ પેનથી પાટી ઉપર લખાય તેમ વ્યાખ્યાન કરવા લખે. દ્રવ્યો વડે અનુયોગ - અક્ષો વગેરે ઘણાં દ્રવ્યોથી અનુયોગ કરે.

દ્રવ્યમાં અનુયોગ - પાટીયા આદિમાં અનુયોગ. દ્રવ્યોમાં અનુયોગ. ઘણાં મકાનાદિમાં રહી અનુયોગ કરે.



એ પ્રમાણે ક્ષેત્રાનુયોગમાં જાણવું. ક્ષેત્રનો અનુયોગ - ભરત ક્ષેત્રાદિનો ક્ષેત્રોનો અનુયોગ - જંબૂદ્વીપાદિનો ક્ષેત્ર વડે - પૃથ્વીકાયાદિ સંખ્યાનું વ્યાખ્યાન કરવું. કહ્યું છે — પૃથ્વીના જીવો માટે જંબૂદ્વીપ જેવડો પ્રસ્થક બનાવી તેના વડે જીવો માપીએ તો અસંખ્યેય લોકમાં તે સમાય. ક્ષેત્રો વડે અનુયોગ - ઘણાં દ્વીપસમુદ્રો વડે પૃથ્વીકાયના જીવોને માપે. ક્ષેત્રમાં અનુયોગ - તીર્છા લોક કે ભરતક્ષેત્રમાં અનુયોગ કરવાં. ક્ષેત્રોમાં અનુયોગ - અઢી દ્વીપ, બે સમુદ્રમાં.

કાળનો અનુયોગ - સમયાદિની પ્રરૂપણા કરવી. કાળ વડે અનુયોગ-બાદર વાયુકાયિક જીવોના વૈક્રિય શરીરો અદ્ધા પલ્યોપમના અસંખ્ય ભાગ માત્ર વડે અપહ્રત કરાય. કાળો વડે અનુયોગ - x - x - અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી જાય. કાળમાં અનુયોગ-જેમકે સૂત્રના અર્થની વ્યાખ્યા કરવી તે બીજી પોરિસિમાં થાય. ઈત્યાદિ - x - x -

વચનાનુયોગ-જેમકે એકવચન. વચનોનો અનુયોગ-દ્વિવચન, બહુવચનાદિ. વચન વડે અનુયોગ - જેમ કોઈ આચાર્ય, સાધુ વગેરેથી પ્રાર્થના કરાતા એકવચન વડે અનુયોગ કરે. વચનો વડે - તે જ આચાર્ય ઘણાં વચનો વડે અનુયોગ કરે - x - વચનમાં અનુયોગ તે ક્ષાયોપશમિકમાં અનુયોગ કરવો ઈત્યાદિ - x -

ભાવ અનુયોગ બે પ્રકારે — આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા અને ઉપયોગ સહિત. નોગમથી - ઔદયિકાદિમાંથી કોઈનો પણ અનુયોગ કરવો. - x - ભાવ વડે સંગ્રહાદિ, કહ્યું છે — પાંચ સ્થાને સૂત્ર વાચના કરવી — (૧) સંગ્રહ માટે, (૨) ઉપકાર કરવા માટે આદિ. ઈત્યાદિ ભાવો વડે, ભાવમાં, ભાવોમાં વૃત્તિ મુજબ જાણવું - x - x -

આ બધાં દ્રવ્યાદિ અનુયોગોનો પરસ્પર સમાવેશ થાય છે, તે સ્વબુદ્ધિએ વિચારવું ભાષ્યકારશ્રી કહે છે — દ્રવ્યમાં નિયમથી ભાવો છે. કેમકે ભાવ વિના દ્રવ્ય ન હોય, ભાવો પણ ક્ષેત્ર અને કાળ સાથે હોય. ક્ષેત્રમાં ત્રણેની ભજના જાણવી. કાળમાં ત્રણેની ભજના જાણવી. અનુયોગ કહ્યો. તેથી વિપરીત અનનુયોગ હોય છે. બંનેના દૃષ્ટાંતો આપે છે —

**● નિર્યુક્તિ-૧૩૩ :-**

***વાછરડું અને ગાય, કુબડી, સ્વાધ્યાય, બહેરો, ગામડીયો વચનમાં અને ભાવમાં સાત દૃષ્ટાંત જાણવા.***

**● વિવેચન-૧૩૩ :-**

પહેલું દૃષ્ટાંત દ્રવ્યના અનનુયોગ અને અનુયોગનું વાછરડા અને ગાય સંબંધે છે. જેમ ગાય દોહનારો પાટલા [ગાયનો] વાછરડો, બહુલા ગાયને વળગાળે અને બહુલા પાટલાને વળગાળે તો અનનુયોગ થાય. ગાયને પ્રેમ ન થવાથી દૂધ ન આપે પણ જે ગાયનો જે વાછરડો હોય તેને તે વળગાડે તો ગાય દુધ આપે, તે અનુયોગ થાય. એમ સૂત્રમાં જીવ લક્ષણ વડે અજીવની પ્રરૂપણા કરે કે અજીવ લક્ષણો વડે જીવ પ્રરૂપણાં કરે તો અનનુયોગ થાય. તેથી ભણનારો

ઉલટું સમજે, તેથી અર્થમાં વિસંવાદ થાય, અર્થ બદલાતા નિર્મળ ચારિત્ર ન પાળે, તેથી મોક્ષ ન મળે, મોક્ષ ન મળે તો દીક્ષા નિરર્થક જાણવી. જીવના લક્ષણથી જીવને સમજાવે તો અનુયોગ થાય, કાર્યસિદ્ધિ થાય, સંપૂર્ણ અર્થબોધ થાય. યાવત્ મોક્ષ મળે.

ક્ષેત્ર અનનુયોગ તથા અનુયોગ સંબંધે કુબ્જાનું દૃષ્ટાંત — દક્ષિણ દેશમાં પેંઠણ નામે નગર છે, ત્યાં શાલિવાહન રાજા છે, દર વર્ષે ભરૂચ નગરમાં નરવાહન રાજાને રોકે. વર્ષાઋતુ આવે ત્યારે દેશમાં પાછો જાય. એ પ્રમાણે કાળ વીતે છે. કોઈ વખતે રાજાએ સભાની માંડવીમાં થૂંક્યું. તેને ત્યાં કુબ્જાદાસી હતી. તેણે વિચાર્યુ કે રાજાએ અહીં થુંક્યુ માટે તે જવાની તૈયારીવાળો છે. તે દાસીને રાજનો યાનશાલિક ઓળખીતો હતો, તેને વાત કરી. તેણે બધાં વાહનો સજ્જ કર્યા. તે જોઈને બધાં તૈયાર થઈ ગયા. સવારે જોયું તો તેનું બધું લશ્કર ચાલવાની તૈયારી વાળું હતું. રાજાને આશ્ચર્ય થયું. છેલ્લે ખબર પડી કે તેના થુંકવાના કારણે કુબ્જાદાસીએ આ જાણ્યું.

રાજાને અયોગ્ય સ્થાને થુંકવાનો અનનુયોગ થયો. પણ જો તે રાજા માંડવીનો વિચાર કરત કે અહીં થુંકાય નહીં તો કોઈને તે વાતની ખબર ન પડત. તો અનુયોગ થાત. એ પ્રમાણે આચાર્ય એવું પ્રરૂપે કે પ્રદેશ રહિત એકાંત નિત્ય આકાશ છે, આવું માનતા અનનુયોગ થાય, પણ અપ્રદેશવાળો અનેકાંત અપેક્ષાથી નિત્યાનિત્ય નથી, એમ પ્રરૂપે તો અનુયોગ થાય.

કાળના અનનુયોગ તથા અનુયોગનું સ્વાધ્યાયનું દૃષ્ટાંત - એક સાધુને વધુ રાત્રિ ગયા પછી પાછલો પાઠ ગોખી જવામાં કેટલો કાળ ગયો, તેની ખબર ન હતી. સમ્યગ્દૃષ્ટિ દેવીએ તેના હિત માટે વિચાર્યુ કે રખેને કોઈ મિથ્યાદૃષ્ટિ દેવી તેમને દુઃખ ન દે, તેથી છાશની માટલી ભરી જોરથી પોકારે છે ''મથેલું દહીં દેશો'' પે'લા સાધુને સહન ન થતાં બોલ્યા કે ''શું આ છાશ વેચવાનો સમય છે ?'' દેવી બોલી કે — તો શું આ સ્વાધ્યાયની વેળા છે ? ત્યારે સાધુને ઉપયોગ મૂકતા ખબર પડી કે ઘણી રાત્રિ વીતી ગઈ છે. ત્યારે તેણે કહ્યું ''મારુ દુષ્કૃત્ મિથ્યા થાઓ.'' - x - x - આ અકાળે ગોખવું તે અનનુયોગ છે. કાળે ભણે તે અનુયોગ.

વચન વિષયમાં અનનુયોગ અને અનુયોગનું દૃષ્ટાંત — એક ગામમાં એક બહેરુ કુટુંબ વસે છે. ત્યાં ડોસો, ડોસી, તેનો પુત્ર અને વહુ રહે. તે પુત્ર ખેતી કરે, ત્યાં હળ ચલાવતા પથિકે રસ્તો પૂછ્યો. પેલો બહેરો હોવાથી બોલ્યો કે આ મારા બે બળદ તો ઘેર જન્મેલા છે. ત્યાં તેની સ્ત્રી ખાવાનું લાવી, તેણીને કહ્યું બળદના શીંગડા સમાર્યા ? સ્ત્રી બોલી આ દહીં મેં વલોવ્યું નથી કે મીઠું નાંખેલ નથી. વહુએ ઘેર જઈને પૂછ્યું કે મીઠું નાંખ્યું છે કે નહીં ? ડોશી બોલી જાડું-ખરબચડું ગમે તે વસ્ત્ર હોય તે ડોસાની પોતડી હશે. ડોસીએ ડોસાને પૂછ્યું, તે બોલ્યો સોગન ખાઈને કહું છું. મેં તલનો દાણો નથી ખાધો.

આ પ્રમાણે સમજ્યા વિના બોલાય તે અનનુયોગ. તે રીતે એક વચનને બદલે દ્વિવચન બોલે તો પણ અનનુયોગ. પણ પૂછ્યાનો યોગ્ય ઉત્તર આપવો તે અને વચન જે ઘટે તે બોલવું તે અનુયોગ.



ગામડીયાનું દૃષ્ટાંત - વચન ઉપર જ છે અને અનુયોગની પ્રધાનતા જણાવવા માટે છે. કોઈ નગરમાં એક સ્ત્રી, પતિ મરી જતાં લાકડાં વેચી પેટ ભરે. દારિદ્રથી મરેલ જેવી થઈ પુત્રને લઈ બીજે ગામ ગઈ. બાળકે મોટો થતાં પૂછ્યું કે — મારો બાપ ક્યાં ? તે મરી ગયો. ફરી પૂછ્યું — કઈ રીતે જીવતો હતો ? ખેલ કરીને. હું પણ ખેલ કરીશ. બેટા ! વિનયથી શીખ્યા વિના ન થાય. વિનય કેવો છે ? જયકાર કરવો, નીચા નમવું. કહે તેમ કરવું. માની રજા લઈને નીકળ્યો.

રસ્તામાં શીકારી મૃગને પકડવા સંતાયેલા. તેમને જોઈને બાળકે વિચાર્યુ - તેઓ પણ ભણવા બેઠા હશે. માના કહેવા પ્રમાણે જયનાદ કર્યો. તેથી ભય પામેલાં મૃગો નાસી ગયા. શીકારી તેને મારવા લાગ્યા. બાળકની સાચી વાત સાંભળી છોડી દીધો. આવી રીતે તું જ્યાં દેખે ત્યાં ધીરે ધીરે જવું, જોરથી ન બોલવું. આગલ જતાં ધોબીને જોયા. તેને ધીમે ચાલતો જોઈ ધોબીએ ચોર માનીને પકડ્યો, મારવા લાગ્યા. સાચી વાત જાણી છોડી દીધો અને કહ્યું કે — ''શુદ્ધ થાઓ !'' એમ બોલવું.

ખેડૂતો બીજ વાવતા હતા, છોકરો બોલ્યો ''શુદ્ધ થાઓ'' [આકાશ સ્વચ્છ થાઓ.] ઉલટું સમજી ખેડૂતે માર્યો. સાચી વાત સાંભળી છોડી દીધો, કહ્યું કે ''ઘણું થાઓ'' એમ બોલવું. રસ્તામાં મડદાને લઈ જતા માણસો જોયા. ત્યાં ''ઘણું થાઓ'' તેમ કહેવું. રસ્તામાં ક્યાંક લગ્ન હતા, ત્યાં તે શબ્દો બોલતાં ફરી માર પડ્યો અને સમજાવ્યું કે — તારે બોલવું કે ''અડવું જોવાને ઘણાં લોકો મળો.'' રસ્તામાં ગુન્હેગારને બાંધીને લઈ જતાં જોઈને તેમ બોલતાં ફરી માર પડ્યો. તેનાં સગાંએ શીખવ્યું કે હવે તારે બોલવું કે ''જલ્દી છૂટા થાઓ'' રસ્તામાં દોસ્તી બાંધતા મિત્રોને જોઈને ત્યાં તેમ બોલતાં ફરી માર ખાધો.

ત્યાં કોઈ દંડિક કુલપુત્રને ત્યાં નોકરી રહ્યો. દુકાળમાં ધાન્યના અભાવે ખાટી છાશની ઘેંસ રાંધી બાઈએ છોકરાને કહ્યું કે — ચોરામાં મહાજન બેઠું છે, ત્યાંથી તારા માલિકને બોલાવ. તેણે જઈને જોરથી કહ્યું — ઘેંસ ઠંડી થાય છે, જલ્દી આવો. પે'લાની ઈજ્જત જતાં ઘેર આવીને છોકરાને ધમકાવ્યો કે આવી ઘરની વાત ધીમેથી કહેવી. કોઈ વખતે ઘરમાં આગ લાગી. ત્યારે ધીમે જઈને કાનમાં કીધું કે ઘેર આગ લાગી છે. મોડું થતાં ઘરનું ઘણું બળી ગયું. માલિકે ઠપકો દઈ શીખવ્યું કે આ રીતે ધુમાડો દેખાય ત્યાં જ પાણી, છાણ વગેરેથી બુઝવી નાંખવું. કોઈ વખતે ઘરમાં ધુપનો ધુમાડો જોઈ તેમ કરવા લાગ્યો. આવી મુર્ખાઈથી તેને છુટો કરી દીધો.

કથાસાર - સમજ્યા વિના કંઈને બદલે કંઈ કરાય તે અનનુયોગ, સમજીને ઉચિત કરાય તે અનુયોગ છે. હવે ભાવવિષય કહે છે —

• **નિર્યુક્તિ-૧૩૪ :-**

***શ્રાવકની સ્ત્રી, સપ્તપદ, કોંકણકપુત્ર, નોળીયો, કમલામેલા, શાંબ અને***

*શ્રેણિકનો કોપ એ સત દૃષ્ટાંત ભાવમાં છે.*

● વિવેચન-૧૩૪ :-

શ્રાવકની પત્નીનું દૃષ્ટાંત - કોઈ શ્રાવકે પોતાની સ્ત્રીની સખીને ઉદ્‌ભુત રૂપે જોઈ, આસક્ત થઈ દુબળો પડવા લાગ્યો. પોતાની સ્ત્રીને સાચી વાત કરી, સ્ત્રીએ તેને આશ્વાસન આપ્યું, એકાંતમાં અંધારામાં વસ્ત્રાભરણથી સજ્જ થઈ, તેની સખીના રૂપે બોલાવી પતિની ઈચ્છા પૂર્ણ કરી, બીજે દિવસે વ્રત ભંગ થયું જાણી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. સ્ત્રીએ પુરાવો આપી કહ્યું કે — આ મેં જ કર્યુ છે, માટે વિશ્વાસ રાખો. અહીં બીજી સ્ત્રીનું રૂપ ધારણ કર્યુ તે અનનુયોગ. એ રીતે સ્વસમયનું કથન પરસમયને નામે કહે કે ઔદયિક ભાવના લક્ષણથી ઔપશમિક વર્ણવે તે અનનુયોગ અને સમ્યક્ પ્રરૂપણા કરે તે અનુયોગ કહેવાય.

સપ્તપદિક ચોર — કોઈ ખરાબ ગામડામાં ચોર રહેતો. તે સાધુ, બ્રાહ્મણાદિમાં માનતો ન હતો કે સેવા કરતો ન હતો. ઉતરવા જગ્યા પણ આપતો ન હતો, ક્યાંક કોઈ ધર્મ ન બતાવી દે કે હું દયાળું ન બની જાઉં ? કોઈ વખતે ગામમાં સાધુઓ આવ્યા ઉતરવા સ્થાન માંગ્યુ. ત્યારે ટોળકીએ તે ચોરનું ઘર બતાવ્યું. સરળ સ્વભાવે સાધુ ગયા. સાધુ બોલ્યા કે આ શ્રાવક ન હોય, ક્યાંક આપણે ઠગાયા છીએ. ચોરને થયું કે હું ભલે ઠગાઉં પણ આવું બોલીને કોઈએ સાધુને ન ઠગાવા જોઈએ. પછી ધર્મ ન કહેવાની શરતે જગ્યા આપી. સાધુએ તે વાત કબૂલ રાખી. સાધુએ ચોમાસું કર્યુ.

ચોમાસા બાદ વિહાર કરતાં સાધુએ શરત પૂરી થતાં ધર્મ સંભળાવ્યો - x - છેવટે નિયત કરાવ્યો કે કોઈને મારવો હોય તો સાત આઠ ડગલાં પાછળ ખસીને પછી મારવો. - x - કોઈ વખતે ચોરી કરવા ગયો પણ અપશુકન થતાં પાછો ફર્યો. તે રાત્રે ચોરની બેન આવેલી. તેણે પુરુષનો વેશ પહેરી ભાભી સાથે નાચ જોઈ મોડી રાત્રે પાછા આવ્યા, તેથી નણંદ-ભોજાઈ એક જ પથારીમાં સૂઈ ગયાં. ચોરે જોયું કે આ તો પરપુરુષ છે. તલવારથી મારવા ધસ્યો ત્યાં ગુરુએ આપેલ વ્રત યાદ આવતાં સાત ડગલાં પાછળ ખસ્યો. ત્યાં નણંદ કંઈક બોલી, તેનો અવાજ સાંભળી ચોરને ખ્યાલ આવ્યો કે આ તો મારી બહેન છે, તેણે જ પુરુષવેશ પહેરેલો છે. અહો ! જરા વિલંબ કરવાથી હું અકાર્ય કરતાં બચી ગયો છું જેમ શ્રાવકની સ્ત્રીથી શ્રાવક બચ્યો તેમ સાધુના બોધ ચોર બચ્યાં. બોધ પામીને દીક્ષા લીધી.

કોંકણક પુત્રનું દૃષ્ટાંત - કોંકણ દેશમાં એક છોકરો હતો. તેની મા મૃત્યુ પામી. બાળકના કારણે તેના બાપને બીજી સ્ત્રી મળતી ન હતી. - x - લાકડા લેવા ગયો ત્યારે બાપે તેને મારી નાંખવા વિચાર્યુ. એક તીર માર્યુ, બીજું મારતં તે છોકરો બોલ્યો, કેમ તીર ફેંકો છો ? હું વિંધાઈ ગયો. બાપે ત્રીજું તીર માર્યુ અહીં પહેલાં અજાણતા મારે છે, તેમ વિચાર્યુ તે અનનુયોગ, પછી ખબર પડી કે મને જાણીને મારે છે, તે અનુયોગ છે - x - આ પ્રમાણે કહેવું હોય તેનાથી ઉલટું કહે તે વિપરીતપણાથી અનનુયોગ થાય, યથાયોગ્ય પ્રરૂપણાથી અનુયોગ થાય છે.



નોળીયાનું દૃષ્ટાંત - એક ચારક બ્રાહ્મણી ગર્ભિણી હતી. ત્યાં એક નોળીયાની માતા પણ ગર્ભવતી થઈ. બંનેને સાથે બચ્ચાં જન્મ્યા. બાઈએ વિચાર્યુ કે આ મારા બાળકને રમવા યોગ્ય થશે, તેથી દુધ તથા ખાવાનું આપ્યું. નોળીયાનું બચ્ચું મોટું થયું. છોકરાની મા ખાંડવા રોકાયેલી, બાળક પારણામાં સુવાડેલો, સર્પે ડંસ દેતાં બાળક મરી ગયો. નોળીયાએ સાપને પારણાથી ઉતરતો જોઈને તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા. લોહીથી ખરડેલ મોઢે આવેલો જોઈ તે બાઈએ વિચાર્યુ કે — આણે મારા બાળકને મારી નાંખેલ છે. તેથી સાંબેલાથી મારી નાંખ્યો. પણ ઘરમાં સાપના ટુકડા જોઈને સાચી ખબર પડી. બાઈને પહેલાં ઉલટું સમજાયું તે અનનુયોગ અને પછી સાચું સમજાયું તે અનુયોગ જાણવો. એમ એકને બદલે બીજું પ્રરૂપે તે અનનુયોગ અને સાચી પ્રરૂપણા તે અનુયોગ.

કમલામેલાનું દૃષ્ટાંત - દ્વારિકામાં બળદેવના પુત્ર નિષધને સાગરચંદ્ર નામે પુત્ર હતો. તે ઉત્કૃષ્ટ રૂપવાન્ હોવાથી શાંબ વગેરે બધાંને વહાલો હતો. ત્યાં દ્વારિકામાં બીજા રાજાની કમલામેલા નામે સુંદર રૂપવાળી પુત્રી હતી. તેની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભસેન સાથે થયેલી. કોઈ વખત નારદજી આવ્યા સાગરચંદ્રે તેનો સત્કાર કર્યો. બેઠાં પછી નમ્રતાથી પૂછ્યું કે પ્રભુ ! કંઈ આશ્ચર્ય જોયું. નારદે કહ્યું કે આ દ્વારિકામાં જ કમલામેલા નામે કન્યા છે. પણ કોઈને અપાયેલી છે. સાગરચંદ્રે પૂછ્યું — મને કેવી રીતે મળે ? નારક કહે — હું જાણતો નથી.

નારદના ગયા પછી સાગરચંદ્રને ધીરજ રહેતી નથી. તેથી કમલામેલા, કમલામેલા કરતો રહે છે, નારદ કમલામેલા પાસે ગયા, ત્યાં કન્યાએ આશ્ચર્ય પૂછતા બે કહ્યા — એક તો રૂપમાં સાગરચંદ્ર છે અને બીજું કુરૂપમાં નભસેન છે. તે સાંભળી કમલામેલા સાગરચંદ્રની રાગી અને નભસેનથી વિરક્ત થઈ. નારદે પાછા આવીને સાગરચંદ્રને કહ્યું કે તેણી તને ચાહે છે. - x - શાંબકુમારે સાગરચંદ્રને કહ્યું કે હું તને કમલામેલાનો મેળ કરાવી આપીશ. ત્યાં બધાં કુમારોએ ખુશ થઈને શાંબકુમારને નશો કરાવ્યો, તેના મોઢે વાત કબૂલ કરાવી. નશો ઉતર્યા પછી શાંબને થયું કે મેં આ અશક્ય વચન આપ્યું છે પણ હવે અન્યથા કેમ થાય ?

પછી તે પ્રધુમ્ન અને પ્રજ્ઞપ્તિ વિદ્યાને લઈને નભસેનના લગ્નના દિવસે સાગરચંદ્ર, શાંબ આદિ કુમારો ઉદ્યાનમાં ગયા નારદ દ્વારા છુપી રીતે કમલામેલાને બોલાવી સાગરચંદ્ર સાથે પરમઆવી. લગ્ન મંડપમાં ઉગ્રસેને કન્યાને શોધી પણ તે મળી નહીં. પછી ઉદ્યાનમાં જોઈ. પ્રધુમ્ને વિદ્યાધરના રૂપ વિકુર્વ્યા. વાસુદેવ પોતે ઉગ્રસેન તરફથી લશ્કર લઈ લડવા આવ્યા. વખત આવ્યે શાંબે પગે પડીને બધી વાત કહી દીધી.

કથાસાર એ કે જ્યારે સાગરચંદ્રએ શાંબને કમલામેળા કહી તે અનનુયોગ છે, પણ જ્યારે તે શાંબ છે તેમ જાણ્યુ તે અનુયોગ છે. આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા - અનનુયોગ, સત્ય પ્રરૂપણા - અનુયોગ.

શાંબના સાહસના દૃષ્ટાંતો - જાંબુવતી રાણી કૃષ્ણ વાસુદેવને કહે છે કે —

મેં મારા પુત્રની કોઈ ભૂલ જોઈ નથી. વાસુદેવ કહે — આજે જ તને બતાવું. એમ કહી તે બંને આભીર અને આભીરણીનું રૂપ લીધું. છાસ વેચવા દ્વારકા આવ્યા. સાંબે તેને ગોરસ વેચતા જોયા. આભીરણીને કહ્યું — આવ તારું દહીં લઈ લઉં. તે આી, પાછલ આભીર આવ્યો. સાંબે કહ્યું - x - તો પણ આભીરણ દેશમાં પ્રવેશતી ન હતી, એટલે સાંબે તેને હાથ પકડીને અંદર ખેંચી. ત્યારે બંને પોતાના અસલીરૂપમાં આવ્યા. આ તો મારા માબાપ છે તેમ જાણી શાંબ ભાગ્યો. બીજે દિવસે બળાત્કારે ઘેર લાવ્યા ત્યારે ખીલો ઘસવા લાગ્યો. વાસુદેવે પૂછ્યું — આ શું કરે છે ? શાંબે કહ્યું કે — ગઈ કાલની જૂની વાત જે કહેશે તેના મુખમાં આ છાલી દઈશ. - x - સાર એ કે વાસુદેવને ન ઓળખ્યા ત્યાં સુધી અનનુયોગ અને ખરું જાણતાં અનુયોગ નીષ્કર્ષ પૂર્વવત્.

શ્રેણિકના કોપ સંબંધી દૃષ્ટાંત — રાજગૃહી નગરી, શ્રેણિક રાજા, ચેલ્લણા રાણી. મહા મહિને વર્ધમાન સ્વામીને વાંદીને સાંજે મહેલે આવ્યા ત્યારે રસ્તામાં પ્રતિમાધારી મુનિને કાયોત્સર્ગમાં જોયા. તે દિવસે ઘણી ઠંડી હતી. રાતના રાણીનો હાથ બહાર ખુલ્લો રહી જતાં કમકમી આવવાથી જાગીને હાથ અંદર લીધો. હાથની શીતળતાથી આખું શરીર શીત થઈ જતાં બોલી કે તે તપસ્વી હાલ શું કરતાં હશે ?

આ સાંભળી શ્રેણિકે વિચાર્યુ કે આ રાણીએ કોઈને સંકેત આપ્યો હશે. દુરાચારની આશંકાથી પ્રભાતે અભયકુમારને કહ્યું કે ચેલણાનો મહેલ બાળી મૂક. અભયે માત્ર હાથી રાખવાની જગ્યાએ થોડી આગ લગાડી. ભગવંત મહાવીર પાસે જઈ શ્રેણિકે પૂછ્યું કે ચેલણા શીલવંતી કે કુલટા ? ભગવંત કહે — શીલવંતી. શ્રેણિક તેણીને બચાવવા જલ્દી પાછો ફર્યો. સામે અભયકુમાર મળ્યો, કેમ સળગાવ્યો ? અભય કહે હા. - x - કથાનો સાર એ કે શ્રેણિકે શંકા કરી તે અનનુયોગ, ખરી વાત જાણી તે અનુયોગ.

હવે પૂર્વે બતાવેલ ભાષાદિ સ્વરૂપ સમજાવે છે —

● **નિર્યુક્તિ-૧૩૫ :-**

***કાષ્ઠમાં, પુસ્તમાં, ચિત્રમાં, શ્રીઘરમાં, પદ્મમાં, માર્ગદેશકમાં, ભાષા-વિભાષા અને વાર્તિકના દૃષ્ટાંતો જાણવા.***

● **વિવેચન-૧૩૫ :-**

કાષ્ઠ વિષયક દૃષ્ટાંત - કોઈ સુતાર લાકડામાં પુતળાનો આકાર માત્ર કરે, કોઈ સ્થૂળ અવયવ બનાવે, કોઈ સંપૂર્ણ અંગો પાંગ કરે. એ પ્રમાણે કાષ્ઠ સમાન સામાયિકાદિ સૂત્ર છે, તેમાં બોલનારો થોડામાં અર્થ માત્ર બતાવે છે. જેમકે — સમભાવ તે સામાયિક. પણ વિભાષિક વિદ્વાન્ તેના અનેક પ્રકારે અર્થ બતાવે છે. જેમકે સમભાવ તે સામાયિક અથવા સમ - મધ્યસ્થતાનો લાભ તે સામાયિક. વ્યક્ત કરવાના સ્વભાવવાળો તે વ્યક્તિકર છે. જે સંપૂર્ણ વ્યુત્પત્તિ કરે, સામાયિકમાં લાગતાં અતિચાર, અનાચાર, ફળ આદિનું વિભિન્ન સ્વરૂપ બોલે તે છે તે સંપૂર્ણપણે બતાવનાર



નિશ્ચયથી ચૌદ પૂર્વી છે. - x - x -

પુસ્તક સંબંધી દૃષ્ટાંત - કોઈ કાગળમાં આકાર માત્ર કરે, કોઈ સ્થૂળ આકૃતિ કરે, કોઈ સંપૂર્ણ અવયવ બનાવે, તેના ઉપરથી સામાયિક વગેરેની ઘટના ઉપર માફક જાણવી.

ચિત્રનું દૃષ્ટાંત - કોઈ ચીતારો વતેણાં કે પીછીથી આકાર કરે, કોઈ હરિતાલ આદિથી જુદા જુદા રંગ પુરે, કોઈ સંપૂર્ણ અવયવો તેવા આકારના રંગના બનાવે. સામાયિકાદિ યોજના ઉપર મુજબ.

શ્રી ગૃહિકાનું દૃષ્ટાંત - શ્રી ગૃહ તે ભંડાર, તે જેને હોય તે શ્રી ગૃહિક. ભરેલા વાસણ જોઈ તે કહે કે આ રત્નોનું ભાજન છે, કોઈ તે રત્નોની જાતિ તથા મૂલ્ય કહે, કોઈ રત્નોના ગુણો પણ જાણે. શેષ પૂર્વવત્.

પુંડરિકનું દૃષ્ટાંત - થોડું ખીલેલું, અર્ધ ખીલેલું, સંપૂર્ણ ખીલેલું એમ કમળ ત્રણ ભેદે છે. એ પ્રમાણે ભાષાદિ જાણવા.

દેશિકનું દૃષ્ટાંત - દેશન એટલે કથન કરવું, તે કથન કરનારને દેશિક કહે છ. જેમ કોઈ દેશિક માર્ગ પૂછતાં દિશા માત્ર બતાવે. એ પ્રમાણે સાધુ વિપરીત પ્રરૂપે તો અનનુયોગ, સાચું પ્રરૂપે તો અનુયોગ.

એ રીતે દૃષ્ટાંતથી અનુયોગ સમજાવ્યો. નિયોગ પણ પૂર્વે કહેલ સ્વરૂપવાળો છે, આ બતાવેલા ઉદાહરણથી સમજી લેવો.

આ પ્રમાણે ભાષક, વિભાષક, વ્યક્તિકર સંબંધી દૃષ્ટાંતો બતાવ્યા. આ રીતે વિભાગ કહ્યો. હવે દ્વારવિધિનો અવસર છોડીને વ્યાખ્યાન વિધિ કહે છે —

● **નિર્યુક્તિ-૧૩૬ :-**

***ગાય, ચંદન કંથા, ચેટી, શ્રાવક, બહેરો, ગોઘો, ટંકણનો વેપારી એ સાત દૃષ્ટાંત આચાર્ય અને શિષ્ય સંબંધે જાણવા.***

● **વિવેચન-૧૩૬ :-**

ચાર અનુયોગદ્વારમાં ન લીધેલો વ્યાખ્યાન વિધિ શા માટે અહીં કહો છો ? શિષ્યને સુખે શ્રવણ થાય, આચાર્યને સુખે પ્રવૃત્તિ થતાં શાસ્ત્રનો ઉપકાર થાય અથવા અધિકૃત જ જાણવો. કેવી રીતે ? અનુગમમાં તેનો સમાવેશ થાય છે, કેમકે અંતર્ભાવ વ્યાખ્યાનના અંગપણે છે.

જો આ અનુગમનું અંગ છે, તો તેના દ્વાર વિધિની પૂર્વે કેમ કહો છો ? દ્વાર વિધિનું પણ ઘણું કહેવાનું હોવાથી અહીં વ્યાખ્યાન વિધિનો વિપર્યવ ન થાઓ. તેથી અહીં પહેલાં આચાર્ય તથા શિષ્યના ગુણદોષ બતાવ્યા છે. જેથી આચાર્ય ગુણવંત શિષ્યને અનુયોગ કરાવે અને શિષ્ય પણ ગુણવંત આચાર્ય પાસે જ સૂત્ર સાંભળે.

જો વ્યાખ્યાન વિધિ અનુગમ અંગને અહીં અવતારીને કહો છો તો દ્વાર ગાથામાં પણ એવી રીતે યોજના કેમ ન કરી ? સૂત્ર વ્યાખ્યાનનું મહત્ત્વ બતાવવા માટે કે વિશેષ પ્રકારે સૂત્ર વ્યાખ્યાનમાં આચાર્ય કે શિષ્ય ગુણવાન્ શોધવો. હવે ચાલુ

વાતની ગાથાનું વ્યાખ્યાન –

૦ ગાયનું દૃષ્ટાંત – કોઈ નગરમાં કોઈકે કોઈ ધુતારા પાસેથી ઉઠવાને અસમર્થ એવી રોગી, બેઠેલી ગાય ખરીદી, પછી ગાયના દોષો જાણીને તે વેચવા ગયો. લેનાર બોલ્યા કે તેની ચાલ તપાસીએ, ત્યારે વેચનારે કહ્યું કે મેં બેઠેલી લીધી છે, તમને અનુકૂળ આવે તો લો. એ પ્રમાણે આચાર્ય પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપવા અસમર્થ હોય, શિષ્યને કહેશે કે મેં આમ સાંભળેલ છે, તે તમે પણ સાંભળો. તો આવા આચાર્ય પાસે ન સાંભળવું. કેમકે સાંશયિક પદાર્થમાં મિથ્યાત્વ સંભવ બને.

પણ જેમ અવિકલ ગો, ગાયની ચાલ સારી જાણીને લેવી. તેમ આક્ષેપના નિર્ણયમાં પાર પહોંચેલ આચાર્ય પાસે સાંભળવું. શિષ્ય પણ અવિચારગ્રાહી પહેલાંની માંદી ગાય ખરીદ કરનારા જેવો હોય તે અયોગ્ય છે. પણ વિચારીને ગુરુ પાસે લે તે યોગ્ય છે.

૦ ચંદન કંથાનું દૃષ્ટાંત – દ્વારકા નગરીમાં ત્રણ ભેરીઓ હતી. સંગ્રામિક, આભ્યુદયિકી, કૌમુદીકી. તે ત્રણે ગોશીર્ષ ચંદનની બનાવેલ હતી, દેવતા અધિષ્ઠિત હતી. ચોથી ભેરી અશીવ ઉપશામિની હતી. તેની ઉત્પત્તિ આ રીતે – કોઈ વખત શક્રેન્દ્રે દેવસભામાં વાસુદેવની પ્રશંસા કરી કે જુઓ ઉત્તમપુરુષોના ગુણો કે જે બીજાના દુર્ગુણો જોતાં નથી તથા નીચ સાથે યુદ્ધ કરતાં નથી. ત્યાં બેઠેલા એક દેવે તે ન માન્યું.

તે પરીક્ષા કરવા આવ્યો. કૃષ્ણ વાસુદેવ ત્યારે જિનવરને વંદનાર્થે નીકળેલા. તે દેવે માર્ગમાં સડેલા, ગંધાતા કુતરાનું રૂપ લીધું. ચોતરફ દુર્ગન્ધ ફેલાવા લાગી, બધાં કંટાળીને ભાગી ગયા. પરંતુ વાસુદેવ કુતરા પાસેથી નીકળ્યા. તેના મુખમાં સુદંર દાંત જોઈને તેની પ્રશંસા કરી. દેવે વિચાર્યુ કે આ ગુણગ્રાહી છે તે સત્ય છે.

બીજી પરીક્ષા કરવા ઘોડારમાંથી અશ્વરત્ન લઈને નાસ્યો. તુરંત રાજકુમાર, બીજા રાજાઓ આદિ લડવા આવ્યા. દેવે તેને મારીને હાંકી કાઢ્યા. વાસુદેવ જાતે આવ્યા. દેવે યુદ્ધ માટે આહ્વાન કર્યુ. કૃષ્ણે પૂછ્યું – કેવી રીતે લડવું છે ? દેવે એક પછી એક યુદ્ધ માટે ના પાડી. છેલ્લે તેણે અધિષ્ઠાન યુદ્ધ કરવા કહ્યું. આ નીચ રીતિ હોવાથી વાસુદેવે કહ્યું કે – તું ઘોડો લઈ જા, હું નીચ યુદ્ધ કરતો નથી. દેવે પ્રસન્ન થઈ વરદાન માટે કહ્યું. વસુદેવે અશિવ હરનારી ભેરી માંગી.

આ દેવતાઈ ભેરી છ-છ માસે વાગે છે, તે સાંભળનારના પૂર્વના વ્યાધિ શાંત થાય છે, છ માસ સુધી નવો ઉત્પન્ન ન થાય. એક વખત દૂરથી કોઈ વણિક ત્યાં આવ્યો. તે ઘણાં દાહ જ્વરથી પીડિત હતો. ભેરી વગાડનારને તેણે કહ્યું – આ લાખ રૂપિયા લે અને મને આ ભેરીમાંથી થોડો કટકો કાપી આપ. લોભથી તેણે આપ્યો. તે સ્થાને તેણે ચંદનનો ટુકડો ચોંટાડી દીધો. આ રીતે જેણે જેણે માંગ્યો તેને તેને આપ્યો. તેનાથી આ ભેરી ચંદનના ટુકડાંની ઝંઝર કંથા જેવી બની ગઈ.





કોઈ વખતે ઓચિંતો અશિવનો ઉપદ્રવ થયો. ત્યારે ભેરી વગાડતા તેનો અવાજ સભાને પણ ન સંભળાયો. ભેરીની તપાસ કરાવતાં, તેમાં માત્ર ટુકડા જોડેલાં હતા. ભેરીવાળાને મારી નંખાવ્યો. નવી ભેરી લીધી. બીજો ભેરીવાળો રાખ્યો. પોતાના જીવથી પણ વધુ તેની રક્ષા કરે છે. જેથી જરૂર પડતાં ભેરી વાગવાથી રોગશાંત થાય.

આ પ્રમાણે જે શિષ્ય પોતાના સૂત્ર-અર્થને ચંદન ભેરીની કંથા માફક પરમત સાથે મિશ્ર કરી દે છે, તે અયોગ્ય છે. સૂત્ર-અર્થને ભૂલી જનાર આચાર્ય પણ અનુયોગ કરવા અયોગ્ય છે. એ રીતે શિષ્ય અને ગુરુ બંને અવિનાશિત સૂત્ર-અર્એથવાળા બતાવ્યા. - x - x -

૦ ચેટીનું દૃષ્ટાંત - વસંતપુરે જીર્ણ શેઠ અને નવા શેઠ બંનેની પુત્રીની પરસ્પર પ્રીતિ હતી. તો પણ બંનેને વૈર થયું. જીર્ણશેઠ પુત્રીને કહેતા કે એનાં માતાપિતાએ આપણને હલકાં પાડ્યા. તે કોઈ વખતે ન્હાવા ગયા. તેમાં નવકશેઠની પુત્રી તિલક સહિત ૧૪-શણગાર સજીને આવેલ, તે નદી કિનારે આભુષણ મૂકી ન્હાવા ગઈ. જીર્ણ શેઠની પુત્રી દાગીના લઈ દોડવા માંડી - x - નવકની પુત્રીએ ઘેર આવીને માબાપને કહ્યું કે આ પ્રમાણે મારી સખી દાગીના લઈ ભાગી ગઈ અને પાછા નથી આપતી. તેના માબાપે જીર્ણ શેઠને કહેવડાવ્યું. જીર્ણ શેઠે દાગીના પાછા ન આપતા રાજ્યમાં ફરિયાદ કરી સાક્ષી કોઈ હતું નહીં.

ન્યાય કરનારે જીર્ણશેઠની પુત્રીને આભુષણ પહેરવા કહ્યું. પણ તે પહેરી શકી નથી, કેમકે તેણીને અનુભવ ન હતો. નવકશેઠની પુત્રી રોજ પહેરતી હોવાથી તુરંત પહેરી અને કાઢી બતાવ્યા, દાગીના તેણીને સોંપી દીધા. જીર્ણશેઠને મારી નાંખ્યો. આ રીતે જૂઠ બોલવાથી તે શેઠ મરણને પામ્યો. તે રીતે આચાર્ય ઉત્સર્ગનું સૂત્ર અપવાદમાં કે અપવાદનું સૂત્ર ઉત્સર્ગમાં બોલે કે કોઈ વાત જોડી દઈ લોકોને ભ્રમમાં પાડે તો સંસાર દંડથી દંડાય છે. તેવા આચાર્ય પાસે ન સાંભળવું. પણ વિસંવાદ ન કરતા યોગ્ય પ્રરૂપણા કરતાં અરહંત દેવની આજ્ઞાના પાલક હોય તેવા પાસે શાસ્ત્ર શ્રવણ કરવું. તે સંબંધે બે ગાથા પણ વૃત્તિમાં નોંધી છે.

૦ શ્રાવકનું દૃષ્ટાંત - તે પૂર્વવત્. ઉપસંહાર - ચિરપરિચિત એવી પોતાની સ્ત્રીને ન ઓળખી શક્યો. તેમ જો શિષ્ય ઘણું ભણાવ્યા છતાં યાદ ન રાખે તો તેને દૂર કરવો. ગુરુ ભૂલી જાય તો તેનું ગુરુપણું દૂર કરવું. વૃત્તિમાં નોંધેલ ગાથાર્થ અહીં આવી ગયો છે.

૦ બહેરાનું દૃષ્ટાંત - પૂર્વવત્. ઉપસંહાર - પૂછનારનું સાંભળ્યા વિના ગમે તે ઉત્તર આપે તો તે ગુરુ નથી, પણ બહેરો છે, તેમ ગુરુ કહે કંઈક અને શિષ્ય સમજે કંઈ તે શિષ્ય નથી.

૦ ગોધાનું દૃષ્ટાંત - પૂર્વે બેઠી ગાયનું દૃષ્ટાંત હતું, તેમ અહીં ગાયને બદલે ગોધો જાણવો. તેમ શિષ્ય પાઠ લે તે પહેલાં તપાસેલ હોય તો તેને યોગ્ય રીતે ભણાવી શકાય, આચાર્યની મહેનત પણ ફળે.

૦ ટંકણ દૃષ્ટાંત - ઉત્તર દિશામાં ટંકણ નામે મ્લેચ્છો રહે છે તે સોના વડે દક્ષિણ પંથના માણસો પાસેથી વાસણ આદિ લે છે. પરસ્પર ભાષા જાણતા નથી, વાસણના ઢગલાને હાથ વડે ઢાંકે, ઈચ્છા પ્રમાણે ધન મળે ત્યારે હાથ લઈ લે. એ પ્રમાણે તેમનો ઈચ્છિત પ્રતીચ્છિત વ્યવહાર ચાલતો. આ રીતે આક્ષેપ-નિર્ણયમાં દાન ગ્રહણને અનુવર્તનારા ગુરુ-શિષ્ય હોવા જોઈએ. શિષ્યે પણ મ્લેચ્છાની માફક ઈચ્છિત વિષય ન સમજાય ત્યાં સુધી વારંવાર પૂછી સમાધાન કરવું.

આ પ્રમાણે ગાય વગેરેના દૃષ્ટાંતમાં બતાવેલો સાક્ષાત્ અર્થ વિપર્યય પ્રતિપક્ષ દરેકમાં ઉલટો, સીધો આચાર્ય અને શિષ્ય સંબંધી યોજવો. તે યોજિત છે.

હવે વિશેષથી શિષ્યની યોગ્યતા જણાવે છે —

● નિર્યુક્તિ-૧૩૭,૧૩૮ :-

*શ્રુતમાં અનાદરવાળો, નિરૂપકારી, પોતાની ઈચ્છા મુજબ ચાલનારો, પ્રસ્થિક અને જવાની ઈચ્છાવાળો કોને દ્વેષરૂપ ન થાય? વિનય વડે નમેલો, અંજલી જોડેલો, ગુરુ ઈચ્છાને અનુસરનારો, શિષ્ય વડે આરાધિત ગુરુજન, બહુ પ્રકારનું શ્રુત જલ્દી આપે છે.*

*શિષ્યના દોષ અને ગુણ વિશેષપણે શા માટે કહો છો? ભાવિમાં તેને જ ગુરુપણું મળવાનું છે તેથી, કેમકે અયોગ્યને ગુરુપદ આપવાથી તીર્થંકરની આજ્ઞાદિનો લોપ થાય છે. કોને દ્વેષ કે અપ્રીતિ ન થાય, જે શ્રુત ઉપસંપદા અનુપસંપન્ન હોય. ઉપસંપન્ન પણ બધે અદ્વેષ્ય થાય તેવું નથી, તેથી કહે છે — નિરૂપકારના સ્વભાવવાળો - ગુરુને અકૃત્યકારી હોય. ઉપકારી પણ બધે અદ્વેષ્ય નથી તે કહે છે — સ્વચ્છંદ મતિવાળો હોય તે. અર્થાત્ પોતાના અભિપ્રાય મુજબ કાર્ય કરનારો. જો ગુરુને અનુસરનાર મતિવાળો હોય તો પણ બધે અદ્વેષી ન થાય. કેમ? જે તે ભણી-ગણીને, તૈયાર થઈને ગુરુથી જુદો પડવા માંગે અને બોલે પણ ખરો કે શ્રુતસ્કંધાદિ તૈયાર થતાં હું અવશ્ય જઈશ. પછી કોણ અહીં બેસી રહે? આવું બોલતો શિષ્ય પણ અયોગ્ય છે.*

*હવે દોષોના પરિજ્ઞાનપૂર્વક ગુણો બતાવે છે - ગુરુને વંદન આદિથી વિનય કરનારો હોય, ગુરુને પૂછતાં બે હાથ જોડી શિષ્યે માથું નમાવેલું હોય, ગુરુનો અભિપ્રાય તે સૂત્રોક્ત શ્રદ્ધાને સમર્થન કરનાર - કરાવનાર વગેરેથી ગુરુના વચનને આરાધે. તેવા વિનયવાન્, બુદ્ધિવાન્ ગુરુની આજ્ઞા પાળનાર શિષ્યને ગુરુ યોગ્ય જાણીને સૂત્રાર્થરૂપ શ્રુત અનેક પ્રકારે ખુલાસાથી જલ્દી શીખવે છે. બીજી રીતે શિષ્ય પરીક્ષા —*

● નિર્યુક્તિ-૧૩૯ :-

*શૈલ, મેઘ, કુડગ, ચાલણી, પરિપૂર્ણક, હંસ, મહિષ, બકરી, મસક, જળો, બીલાડી, જાહક, ગાય, ભેરી, ભરવાડણાદિ દૃષ્ટાંત છે.*

● વિવેચન-૧૩૯ :-

આટલાં શિષ્યની યોગ્યાયોગ્યતા બતાવનાર દૃષ્ટાંતો છે ઉદાહરણો કલ્પિત કે



ચરિત એમ બે પ્રકારે હોય. જેમ ભાત રાંધવાને લાકડાં જોઈએ તેમ પદાર્થને સમજવાને ઉદાહરણ જોઈએ.

તેમાં પહેલાં કલ્પિત દૃષ્ટાંતો કહે છે —

૦ શૈલ - મગના દાણા જેટલો એક નાનો કઠણ પત્થર છે, તેના સામે પુષ્કરાવર્તનો મેઘ જંબૂદ્વીપ જેટલો મોટો છે. તેમાં નારદ જેવો કજીયાખોર આવીને મગશેલીયા પત્થરને કહે — સાંભળ ! પુષ્કરાવર્ત મેઘે કહ્યું કે — મગશેલીયાની વાત છોડો, તેને તો એક ધારામાં જ પલાળી ચુરે ચુરો કરી વહેવડાવી દઉં. ત્યારે અહંકારથી પત્થરે કહ્યું. જો મેઘ મારો તલના ફોતરાના ત્રીજો ભાગ પણ પલાળે, તો હું મારું નામ છોડી દઉં. નારદે મેઘને જઈને આ વચનો સંભળાવ્યા.

મેઘે કોપાયમાન થઈને મૂસળધારાથી સાત રાત્રિદિન વર્ષા કરી. પછી મેઘને થયું કે તે મગશૈલ પલળીને તણાઈ ગયો હશે, તેથી બંધ પડ્યો. પાણી ઘટ્યા, મગશૈલ પત્થર વધુ ચળકતો થઈ કહેવા લાગ્યો, કેમ ભાઈ જીતી ગયો? મેઘ લજવાઈને પાછો ગયો.

કોઈ શિષ્ય મગશૈલ સમાન હોય, એક પણ પદ ન ભણે, આચાર્ય ગર્જતા આવે અને કહે કે — આચાર્યની જ ઓછી બુદ્ધિ છે કે જેથી શિષ્ય ભણતો નથી. જેખ કુતીર્થે ગાયોને ઉતારે તો ગોવાળનો જ દોષ છે. એમ કહી ભણાવવા લાગ્યા. શિષ્ય ન ભણ્યો, આચાર્ય લજવાઈને પાછા ગયા. આવા શિષ્યને ન ભણાવવો. કેમકે આચાર્ય તથા સૂત્રનું અબહુમાન થાય. ગુરુ પણ ભણેલું વીસરી જાય, બીજા ભણનારાને વિઘ્ન થાય, વંધ્યા ગાયને દુધ ન આવે, તેમ કુશિષ્યને ભણાવવાં છતાં ન આવડી.

કાળી ભૂમિનું સુશિષ્ય ઉપર દૃષ્ટાંત ઘટાવે છે — દ્રોણ મેઘ પડે તો પણ કૃષ્ણભૂમિથી પાણી પાછું નીકળી જતું નથી. તેમ જે શિષ્ય સાંભળવા અને ધારી રાખવામાં સમર્થ હોય, તેવાને શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરવા ગુરુએ હંમેશાં આપવું.

૦ કુટ [ઘડા]નું દૃષ્ટાંત - ઘડા બે જાતના હોય - નવો, જૂનો. જૂના પણ બે જાતના - ભરેલા, ન ભરેલા. ભરેલા પણ બે જાતના - પ્રશસ્ત વસ્તુથી અને અપ્રશસ્ત વસ્તુથી. પ્રશસ્ત તે અગરુ, તુરુષ્ક આદિ. અપ્રશસ્ત તે કાંદા, લસણ આદિથી. પ્રશસ્ત ભરેલા વાસ સહિત કે રહિત પણ થાય. એ પ્રમાણે અપ્રશસ્તના બે ભેદ થાય. આમાં અપ્રશસ્તવાસવાળા નકામા છે, પ્રશસ્ત વાસવાળા વાસ ઉડી જાય તો સુંદર ન કહેવાય. બાકીના હોય તે સુંદર જાણવા. અભાવિત એટલે ન ભરેલા, નવા એટલે નીભાડેથી તુરંત લાવેલા. આ પ્રમાણે નવા શિષ્યોમાં મિથ્યાદૃષ્ટિને પહેલા લેવા, જૂના હોય પણ કુભાવનાથી ભાવિત ન હોય તેને શીખવવું સુંદર છે.

અન્યદર્શની અને પાસત્થાએ પોતાના પક્ષમાં લીધેલા તે ભરેલા ઘડા જેવા જાણવા, સંવિજ્ઞ સાધુથી પ્રશસ્ત ભાવનાવાળા જાણવા. તેવા પણ બોધ વમી જાય, તે ઠીક નહીં. ન વમે તે ઠીક છે. પણ જે અપ્રશસ્ત વમે અને પ્રશસ્ત ન વમે તો સુંદર છે. પણ જે કુબોધ ન છોડે તેને સારા ન જાણવા. [અથવા ઘડાના ચાર ભેદો—]

છિદ્રવાળો ઘડો, કાના વિનાનો ઘડો, ભાંગેલો ઘડો, પૂરો ઘડો. છિદ્રવાળા ઘડામાં નાંખેલ પાણી નીકળી જાય, ઓઠા વગરનામાં જેટલું સમાય તેટલું પાણી કાયમ રહે, ભાંગેલામાં ભાંગેલ બાજુથી પાણી નીકળી જાય. એ રીતે છિદ્રવાળામાં જરાપણ પાણી ન રહે, બોડીયા કે ખંડીયામાં થોડું રહે, પરંતુ સંપૂર્ણ ઘડામાં પાણી બરોબર રહે.

આ પ્રમાણે ભણનારા શિષ્યો ચાર પ્રકારના જાણવા - એક તો ભણાવવા સાથે જ ભૂલી જાય, બીજા બોડીયા - પહેલાનું ભૂલે અને પછીનું નવું યાદ રાખે. ખંડીય જેવા ઘણું ભૂલી જાય, આ ત્રણે નકામાં છે. પહેલાં અને પછીનું બંને સંપૂર્ણ યાદ રાખે તે સંપૂર્ણ કામનાં છે.

૦ ચાલણીનું દૃષ્ટાંત - લોક પ્રસિદ્ધ છે, જેનાથી લોટ ચળાય છે. જેમ ચાલણી પાણીમાં નાંખતા તળીયે જાય, તેમ બેદરકાર શિષ્ય ભણાવેલા સૂત્ર અર્થને ભૂલી જાય કે દુરૂપયોગ કરે તેવા શિષ્યો. - x - કેટલાંક શિષ્યો એક કાનથી પ્રવેશ કરાવી, બીજાથી કાઢી નાંખે ત્યારે ચાલણી કહે છે — તે મારા જેવા ધન્યવાદને યોગ્ય છે. મગશૈલીયા કહે છે - ધન્ય તો અમે છીએ કે જરા પણ કાનથી સાંભળતા જ નથી. પણ કમંડલ તેનું પ્રતિપક્ષ છે. તેમાં ગમે તે પ્રવાહી પદાર્થ નાંખો તો પણ બિંદુ માત્ર ન ગળે. આવા અપ્રમાદી શિષ્યો ભણેલા સૂત્રાર્થને સંપૂર્ણ યાદ રાખે છે.

૦ પરિપૂણકનું દૃષ્ટાંત - ઘી કે દૂધ ગાળવાની ગરણી, સુઘરીનો માળો તે ઘી નીચે નાંખે પણ કચરો આદિ સંઘરી રાખે છે. તેમ કુશિષ્યો દોષો શોધીને હૃદયસ્થ કરે છે અને ગુણો મૂકી દે છે. તેને ન ભણાવવો.

સર્વજ્ઞ મતમાં પણ દોષ છે, તેમ કહેવું અયોગ્ય છે. તમારું કથન સત્ય છે. ભાષ્યકાર - સર્વજ્ઞનાં કહેલ જિનમતમાં કંઈપણ દોષ નથી, પણ ઉપયોગ રહિત બોલે કે અપાત્રના હાથમાં આવવાથી દુરૂપયોગ થતાં ગુણવાળું પણ દોષિત થાય છે.

૦ હંસનું દૃષ્ટાંત - હંસ - x - પોતે દુધ પી, પાણી રહેવા દે છે. તેમ સુશિષ્ય - x - ગુણને શોધી-શોધીને ગ્રહણ કરે છે તે શાસ્ત્રકાર યોગ્ય છે.

૦ પાડાનું દૃષ્ટાંત - પાડો પોતે પાણી ન પીએ, ડોળી નાંખીને બીજા ઢોરને પણ ન પીવા દે, તેમ કલેશ, વિકથા, નકામા પ્રશ્નો કરી કુશિષ્યો પોતે ભણતા નથી, બીજાને ભણવા દેતા નથી.

૦ બકરાનું દૃષ્ટાંત - થોડા પણ પાણીમાં બકરો નાનું મુખ હોવાથી પીએ છે, પણ તે પાણી ડહોળતો નથી તેમ સુશિષ્ય થોડું પણ જ્ઞાન શાંતિથી સાંભળે, બીજાને કલેશ કરાવ્યા વિના ભણવા દે.

૦ મશક દૃષ્ટાંત - પોતાની ચાંચથી ડંખ મારી પીડે, તેમ કુશિષ્ય પણ ગુરુને તેની જાતિ વગેરે હલકી બતાવી પીડે છે.

૦ જળોનું દૃષ્ટાંત - જળો છે તે માણસને દુઃખ દીધા વિના લોહી પીએ છે, તેમ સુશિષ્ય ગુરુને પીડા કર્યા વિના શ્રુતજ્ઞાન ભણે છે.

૦ બિલાડીનું દૃષ્ટાંત - જમીનમાં છાંડેલું દૂધ ચાટે, તેમ કુશિષ્ય ગુરુને બદલે



બીજા પાસેથી વિનયનો લોપ કરીને પાછળથી પૂછી લે છે.

૦ જાહકનું દૃષ્ટાંત - એક જાનવર છે, તે વાસણની બંને બાજુથી ધીમે ધીમે દૂધ ચાટે છે, તેમ સુશિષ્ય થોડું થોડું ભણેલું પાકું કરી બુદ્ધિમાન્ બની ગુરુને દુઃખ દીધા વિના ભણે છે.

૦ ગાયનું દૃષ્ટાતં - એક ધર્માર્થી પુરુષે ચાર વૈદિકોને ગાય આપી. તેમણે વાર કર્યા. પહેલા વારવાળો વિચારે છે કે કાલે દુધ બીજાનું છે, તો મારે ગાયને શા માટે ઘાસ-પાણી નાંખવા. બધાંએ એવું કરતાં ગાય ભૂખી-તરસી મરી ગઈ, ચારે બ્રાહ્મણોની નિંદા થઈ કે હત્યારા છે. તે ગૃહસ્થો બીજાને પણ દાન આપતા અચકાવા લાગ્યા કે આપમી ગાયોને તે મારી નાંખશે. - x - x -

વિપરીત દૃષ્ટાંત - બીજા ચાર ભાઈને ગાય મળતા તેમણે વારા બાંધી દીધા, પહેલાં વારવાળાએ વિચાર્યુ કે — મારો અવર્ણવાદ ન થાઓ કે ‘આ ગાયના હણનારા છે.’ વળી જીવતી રહેશે તો દૂધ આપશે, બીજાને વધુ દૂધ મળશે તો પરોપકાર થશે. [તેનો બોધ આ છે —]

કોઈ આચાર્ય પાસે પોતાના તથા બીજાના શિષ્યો ભણતા હોય ત્યારે શિષ્યો વિચાર`કે પહેલા આવેલા સાધુઓ ગુરુની વૈયાવચ્ચ કરશે, મહેમાન સાધુ જાણે કે તેમના શિષયો વૈયાવચ્ચ કરશે. એ પ્રમાણે આચાર્યની ખબર ન રાખવાથી શરીર બગડતા બધાંને ભણવામાં હાનિ થાય. આવી કુટેવથી બીજા પણ કોઈ તેમને ભણાવતા નથી.

૦ ભેરીનું દૃષ્ટાંત - કૃષ્ણ વાસુદેવના દૃષ્ટાંતમાં છે.

૦ આભીર - આભીરણીનું દૃષ્ટાંત - જુદા જુદા રબારી ગાડામાં ઘી ભરીને શહેરમાં વેંચવા ગયા. એક રબારીએ ઘીનો ભાવ કરાવીને તોલવા માંડ્યું. રબારણ નીચે ઉતરી પતિ પાસેથી ગાડામાંથી ઘી નીચે મૂકે છે. પ્રમાદથી બંનેને વાંકે ઘડો પડીને ભાંગ્યો. સ્ત્રી તેના પતિનો વાંક કાઢી બોલી કે — હે ગમાર ! તેં આ શું કર્યુ ? રબારી બોલ્યો — અભાગણી ! તું યુવાની મદમાં બીજાને તાકે છે, તેથી આ દોષ તારો છે.

એમ બંનેને કલેશ થયો, મારામારી કરવા લાગ્યા. તે ઘડાનું થોડું ઘી પણ ઢળી ગયું. મહા મહેનતે બીજાએ તેમને શાંત પાડ્યા. સાંજે બાકીના ઘીના રૂપિયા લઈ પાછા ફરતાં ચોરો મળ્યા. તેમણે રૂપિયા તથા બળદની જોડી બંને લઈ લીધા. બંને નિર્ભાગી પશ્ચાત્તાપ કરતાં ઘેર આવ્યા. આ રીતે કુશિષ્યને ભણાવતાં ખોટો ઉચ્ચાર કે અન્યથા પ્રરૂપમા કરે ત્યારે ગુરુ ઠપકો આપે તો સામો વાંક કાઢે ઈત્યાદિ

૦ પ્રતિપક્ષનું દૃષ્ટાંત - ઘડો ભાંગતા રબારીએ સ્ત્રીને ઠપકો ન આપ્યો પણ ઠીકરાથી ઘી ભરી લીધું, થોડું ઢળ્યું. બંનેએ પોતાની ભૂલ માની લીધી. શિષ્ય ખોટું શીખે કે શીખવેલું ભૂલી જાય તો ગુરુ ફરી સમજાવે, સુશિષ્ય પણ પોતાની ભૂલ માની ફરી ગ્રહણ કરે ઈત્યાદિ - x - આચાર્ય પણ ધ્યાન આપે કે શિષ્ય ભણી શકે તે

પ્રમાણે પાઠ આપે.

આ આચાર્ય - શિષ્ય દોષ ગુણ-કથન લક્ષણ વ્યાખ્યાન વિધિ કહી. હવે મંગલોપચાર કરીને - x - વ્યાખ્યાન વિધિ ઉપોદ્ઘાત માટે કહે છે —

**● નિર્યુક્તિ-૧૪૦,૧૪૧ :-**

***ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાળ, પુરુષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નય, સમવતાર, અનુમત [એમ બાર દ્વારો જાણવા.] શું, કેટલાં પ્રકારે, કોનું, ક્યાં, કોના વિશે, કેવી રીતે, કેટલો કાળ, કેટલા, કેટલું અંતર, અવિરહિત, ભવ, આકર્ષ, સ્પર્શના અને નિરુક્તિ એટલાં દ્વારો જાણવા.***

**● વિવેચન-૧૪૦,૧૪૧ :-**

ઉદ્દેશ કહેવો જોઈએ. એમ બધે ક્રિયા જોડવી. તેમાં સામાન્ય નામ તે ઉદ્દેશ. જેમકે અધ્યયન, વિશેષ નામ તે નિર્દેશ, જેમ સામાયિક. નિર્ગમન તે નિર્ગમ, આ ક્યાંથી નીકળ્યું ? એમ કયા ક્ષેત્રમાં, કયા કાળમાં, કયા પુરુષથી. કયા કારણથી ગૌતમાદિ સાંભળે છે ? વિશ્વાસ કરાય તે પ્રત્યય, તે કહેવો. કયા હેતુથી ભગવંતે આ ઉપદેશ્યું અને ગણધરોએ સાંભળ્યું ?, શ્રદ્ધા આદિ લક્ષણો, નૈગમાદિ નયોનું અવતરણ અને કયા નયને કયું સામાયિક અનુમત છે, ઈત્યાદિ દ્વારો અહીં વિચારવાના છે. - x -

સામાયિક શું છે ? ગુણ પ્રતિપન્ન જીવ ઈત્યાદિ. સામાયિક કેટલાં પ્રકારે છે ? ત્રણ ભેદે — સમ્યકત્વ, શ્રુત તથા ચારિત્ર. ઈત્યાદિ કહેશે. કોનું સામાયિક - જેણે આત્માને સમ આણેલ છે. સામાયિક ક્યાં ? - ક્ષેત્રાદિમાં. સામાયિક શેમાં ? સર્વે દ્રવ્યોમાં. ''સર્વગત સમ્યકત્વ શ્રુત ચારિત્રમાં સર્વે પર્યાયો નહીં'' ઈત્યાદિ કેમ પમાય ?૦ કેટલાં કાળનું ? સમ્યકત્વ અને શ્રુતની ૬૬-સાગરોપમ સ્થિતિ છે. કેટલાં સ્વીકારે છે ? કે પૂર્વ પ્રતિપન્ન છે ? સમ્યકત્વ દેશવિરત પલ્યોપમના અસંખ્ય ભાગ માત્ર છે૦ તે સાંતર છે કે નિરંતર છે ? કાળ અનંત છે૦ - x - કેટલાં ભવ સુધી સામાયિક પ્રાપ્ત થાય ? ''આઠ ભવ ચારિત્ર'' ઈત્દિ. આકર્ષણને આકર્ષ. એક કે અનેક ભવોમાં ગ્રહણ૦ ત્રણ હજાર પૃથક્ત્વ અને સો પૃથકત્વ વિરતિનું આકર્ષણ હોય છે૦ સ્પર્શના - કેટલું ક્ષેત્ર સામાયિકવાળા સ્પર્શે છે ? સમ્યકત્વ અને ચારિત્ર સહિત સર્વ લોકને સ્પર્શે૦ નિશ્ચિત ઉક્તિ તે નિરુક્તિ - x -

આટલો બે ગાથાનો સમુદાયાર્થ કહ્યો. અવયવાર્થ પ્રતિ દ્વારે યુક્તિપૂર્વક કહીશ. અહીં કોઈ કહે છે — પૂર્વ અધ્યયન સામાયિકના ચાર અનુયોગદ્વાર કહ્યા. તેથી તેના ઉપન્યાસે જ ઉદ્દેશ-નિર્દેશ કહ્યા અને ઓઘ નામનિષ્પન્ન નિક્ષેપ કહ્યા.

હવે ફરી તેનું અભિધાન અયુક્ત છે. - x - x -

જો નિર્ગમ ન કહીએ તો તેનું આગમ દ્વાર જ અભિહિત છે. તથા આત્માગમ ઈત્યાદિ કહ્યા. તેથી તીર્થંકર અને ગણધરથી જ નીકળેલ છે. એમ કહેવું ન જોઈએ ? સત્ય છે, પરંતુ આ તીર્થંકર અને ગણધરોનો જ નિર્ગમ કહેલ છે. તે તીર્થંકર અને ગણધર કોણ છે ? વર્ધમાન અને ગૌતમ આદિ. તેનાથી નીકળેલ છે.



- x - x - x - x - *[નય આદિ અનુયોગદ્વાર વિષયો સંબંધી પ્રશ્નોત્તર છે, જેનું વિવરણ અહીં છોડી દીધેલ છે. ચૂર્ણિકારે તો કશું જ નોંધેલ નથી, નિર્યુક્તિ દીપિકાકારે પણ છોડી દીધેલ છે.]*

હવે ઉદ્દેશ દ્વાર પ્રતિપાદના કરે છે —

**● નિર્યુક્તિ-૧૪૨ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સમા, ઉદ્દેશ, ઉદ્દેશોદ્દેશ એ પ્રમાણે ભાવ ઉદ્દેશમાં આઠ ઉદ્દેશો જાણવા.***

**● વિવેચન-૧૪૨ :-**

નામઉદ્દેશ - જેનું જીવાદિ ઉદ્દેશ એવું નામ કરાય છે તે નામોદ્દેશ. સ્થાપના ઉદ્દેશ - સ્થાપના નામે ઉદ્દેશનો ન્યાસ. દ્રવ્યોદ્દેશ - દ્રવ્ય વિષયક ઉદ્દેશ, તે આગમ નોઆગમ જ્ઞશરીર ભવ્યશરીર તદ્વ્યતિરિક્ત છે. દ્રવ્યને દ્રવ્યથી કે દ્રવ્યમાં ઉદ્દેશ. કેમકે આ દ્રવ્ય છે, આ દ્રવ્યનો સ્વામી છે, દ્રવ્યમાં - સિંહાસન ઉપર રાજા આદિ.

એ પ્રમાણે ક્ષેત્ર વિષયક ઉદ્દેશો પણ કહેવો. એ પ્રમાણે કાળ વિષયક પણ કહેવો. સમાસ - સંક્ષેપ, તે વિષયક ઉદ્દેશ તે સમાસોદ્દેશ. તે અંગ, શ્રુતસ્કંધ, અધ્યયનોમાં જાણવો. અંગસમાસોદ્દેશ — અંગ, અંગ ધારક, તેને ભણનાર, તેના અર્થજ્ઞ, એ પ્રમાણે બીજે પણ યોજના કરવી.

ઉદ્દેશ - અધ્યયનનો અંશ, તેનો ઉદ્દેશ તે ઉદ્દેશોદ્દેશ — ઉદ્દેશવંત, તેના ભણનાર, તેના અર્થજ્ઞ. ઉદ્દેશ ભાવવિષયક હોય છે. તે આ ભાવ, ભાવધારક કે ભાવજ્ઞ છે. આ જ ઉદ્દેશ આઠ ભેદે વિશિષ્ટ નામ સહિત નિર્દેશ છે, તેમ જાણવું. તેથી નિર્યુક્તિકાર કહે છે —

**● નિર્યુક્તિ-૧૪૩ :-**

***એ પ્રમાણે નિર્દેશ પણ આઠ પ્રકારનો જાણવો. તેમાં સામાન્ય થકી કથન કરવું તે ઉદ્દેશ અને વિશેષથી કથન તે નિર્દેશ.***

**● વિવેચન-૧૪૩ :-**

જેમ ઉદ્દેશ કહ્યો, તેમ નિર્દેશ પણ આઠ ભેદે જાણવો. સર્વથા સામ્ય પ્રાપ્તિ અતિપ્રસંગ નિવારવા કહે છે — અવિશેષિત - સામાન્ય અભિધાન આદિથી કહેવાય તે ઉદ્દેશ, વિશેષિત થાય ત્યારે તે નિર્દેશ કહેવાય. જેમ નામનિર્દેશ - જિનભદ્ર ઈત્યાદિ અભિધાન વિશેષ નિર્દેશ. સ્થાપના નિર્દેશ - સ્થાપના વિશેષ અભિધાન કે નિર્દેશ. વિશિષ્ટ દ્રવ્યાભિધાન તે દ્રવ્ય નિર્દેશ, જેમકે - ગાય. એ પ્રમાણે ક્ષેત્ર વિશેષ કહેવું તે ક્ષેત્ર નિર્દેશ જેમકે - ભરત, ક્ષેત્રથી - સૌરાષ્ટ્ર ઈત્યાદિ. કાળ વિશેષ કહેવો તે કાલનિર્દેશ જેમકે - સમય વગેરે. અથવા તેના વડે - વાસંતિક. સમાસ નિર્દેશ-આચારાંગ વગેરે. ઉદ્દેશ નિર્દેશ - શસ્ત્ર પરિજ્ઞાદિનો પહેલો કે બીજો ઉદ્દેશો. ભાવનિર્દેશ-ઔદયિક વગેરે. તેનાથી ઔદયિકવાન્ તે ક્રોધી વગેરે.

આ સમાસોદ્દેશ - નિર્દેશ વડે અધિકાર છે કઈ રીતે ? અધ્યયન સમાસોદ્દેશ છે. સામાયિક - સમાસ નિર્દેશ છે. તેના નિર્દેષ્ટા સ્ત્રી, પુરુષ, નપુંસક છે. તેમાં

નૈગમાદિ કયો નય, કયા નિર્દેશને ઈચ્છે છે ?

• **નિર્યુક્તિ-૧૪૪ :-**

***નૈગમ નય બે પ્રકારે, સંગ્રહ અને વ્યવહાર નિર્દેશ પ્રમાણે, ઋજુસૂત્ર નિર્દેશક પ્રમાણે, શબ્દ બંનેને સમાન છે.***

• **વિવેચન-૧૪૪ :-** *[સંક્ષેપથી]*

નૈગમનય નિર્દેશ્ય અને નિર્દેશકને આશ્રીને બંને પ્રકારે નિર્દેશ ઈચ્છે છે. ક્યાંથી ? લોક સંવ્યવહાર પ્રવણત્વથી પણ એક ગમત્વથી નહીં. લોકમાં નિર્દેશ્ય અને નિર્દેશકવશ નિર્દેશ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે. જેમકે — વાસવદત્તા પ્રિયદર્શન, તે નિર્દેશ્ય. નિર્દેશક વશ - મનુ વડે કહેલ ગ્રંથ મનુ. લોકોતરમાં પણ નિર્દેશ્યવશથી - છ જીવનિકાય. તેમાં છ જીવનિકાય કહેલ છે. તથા નિર્દેશકવશથી - જિનવચન, કપિલે નિર્દેશ કરેલ માટે કાપિલીય.

એ પ્રમાણે સામાયિક અર્થરૂપ રૂઢિથી નપુંસક એમ કરીને નૈગમના નિર્દેશવશથી નપુંસક નિર્દેશ. સામાયિકવંત - તે સ્ત્રી અને નપુંસક લિંગત્વથી છે - x - નિર્દેશકવશ પણ ત્રણે લિંગે છે.

નૈગમને બે ભેદ કહેલ છે, તેમાં નિર્દેશ્ય અને નિર્દેશકવશ નિર્દેશને ઈચ્છે છે તે ક્રિયા અધ્યાહાર છે. કઈ રીતે જાણવું ? નિર્દિષ્ટ વસ્તુ અંગીકાર કરીને સંગ્રહ અને વ્યવહારનય છે. - x - ભાવના આ પ્રમાણે છે — દીવાની જેમ વચન જ અર્થ પ્રકાશક છે જેમ દીવો પ્રકાશીને પ્રકાશતાની માફક આત્મરૂપ પ્રતિપાદીત કરે છે, એ પ્રમાણે ધ્વનિ પણ અર્થ પ્રતિપાદન કરે છે. - x - સામાયિક અર્થરૂપ રૂઢિથી નપુંસક છે, તેને આશ્રીને સંગ્રહ અને વ્યવહારનો નિર્દેશ ઈચ્છે છે અથવા સામાયિકવાળો સ્ત્રી, પુરુષ કે નપુંસક હોય, સામાયિકનો અર્થ ત્રણે લિંગ પણ મનાય છે.

નિર્દેશક સત્ત્વને આશ્રીને સામાયિક નિર્દેશ ઋજુસૂત્ર માને છે. વચનના વક્તાને આશ્રીને તેના પર્યાયપણાદિથી ત્રણે લિંગમાં નિર્દેશ છે. નિર્દેશ્ય-નિર્દેશકનું સમાન લિંગ જ છે. - x - ઉપયુક્ત નિર્દેષ્ટા નિર્દેશ્યથી અભિન્ન જ છે. કેમકે તેના ઉપયોગનું અનન્યપણું છે. તેથી પુરુષને ઓળખાવતો પુરુષલિંગ નિર્દેશ છે. એ પ્રમાણે સ્ત્રી નિર્દેશ અને નપુંસક નિર્દેશ કહેવો. - x - x - x - x - x - *[અમને જ ન સમજાતો હોવાથી આ અર્થ અધુરો છોડેલ છે, ચૂર્ણિ તથા નિર્યુક્તિ દીપિકાકારે તો આનો ઉલ્લેખ સુદ્ધા કર્યો નથી.]* આ બધાં નયોના અલગ વિષયપણાથી પ્રમાણ નથી. સમુદિત હોય તો - x - પ્રમાણ છે. - x -

હવે નિર્ગમ વિશેષ સ્વરૂપ પ્રતિપાદનાર્થે કહે છે —

• **નિર્યુક્તિ-૧૪૫ :-**

***નિર્ગમના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ છ પ્રકારના નિક્ષેપો જાણવા.***

• **વિવેચન-૧૪૫ :-**

નામ અને સ્થાપના પૂર્વવત્. દ્રવ્ય નિર્ગમ-આગમ, નોઆગમ, જ્ઞશરીર,



ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત. તે ત્રણ ભેદે છે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. સચિત્ત નિર્ગમ - બીજથી અંકુરો, સચિત્તથી મિશ્ર-ભૂમિથી પતંગીયુ, સચિત્તથી અચિત્ત - ભૂમિથી ઉષ્ણતા. મિશ્રથી સચિત્ત-શરીરથી કૃમિ, મિશ્રથી મિશ્ર - સ્ત્રી દેહથી ગર્ભ, મિશ્રથી અચિત્ત - શરીરથી વિષ્ઠા, અચિત્તથી સચિત્ત - લાકડાથી કીડા, અચિત્તથી મિશ્ર - લાકડાથી ઘુણો, અચિત્તથી અચિત્ત - લાકડાથી ઘૂણાનું ચૂર્ણ. - અથવા -

દ્રવ્યથી દ્રવ્યનો, દ્રવ્યથી દ્રવ્યોનો, દ્રવ્યોથી દ્રવ્યનો, દ્રવ્યોથી દ્રવ્યોનો તેમાં દ્રવ્યથી દ્રવ્યનો, જેમકે - રૂપકથી રૂપકનો નિર્ગમ અર્થાત્ એકમાંથી જ બીજી કલા પ્રયોજવી. એકમાંથી ઘણી કળા નીકળી તે બીજો ભંગ, ઘણામાંથી થોડા કાળે એકનો નિર્ગમ તે ત્રીજો ભંગ ઈત્યાદિ - x -

ક્ષેત્ર-ક્ષેત્ર વિષયક નિર્ગમ. કાલનિર્ગમ - કાળ જ અમૂર્ત્ત છે, તો પણ ઉપચારથી વસંતનો નિર્ગમ અથવા દુર્ભિક્ષથી દેવદત્ત નીકળ્યો અથવા કાળ દ્રવ્યધર્મ છે. તેનો દ્રવ્યથી જ નિર્ગમ. એ પ્રમાણે ભાવનિર્ગમ-પુદ્ગલથી વર્ણાદિનો નિર્ગમ. જીવથી ક્રોધાદિનો નિર્ગમ. - x - x -

એ પ્રમાણે શિષ્ય મતિના વિકાસાર્થે પ્રસંગથી અનેક ભેદે નિર્ગમ કહ્યો. આ પ્રશસ્ત ભાવ નિર્ગમ માત્રાથી કે અપ્રશસ્ત દૂર કરવાનો અધિકાર છે. બાકીના તેના અંગપણે છે. અહીં દ્રવ્ય - વીર છે, ક્ષેત્ર-મહાસેન વન છે, કાલ-પ્રમાણકાળ છે, ભાવ-ભાવપુરુષ છે. એ પ્રમાણે નિર્ગમના અંગો જાણવા.

હવે પહેલાં જિનના જ મિથ્યાત્વાદિથી નિર્ગમ કહે છે —

• **નિર્યુક્તિ-૧૪૬ :-**

***અટવીમાં માર્ગથી ભ્રષ્ટ થયેલ સાધુને માર્ગ બતાવીને વર્ધમાનસ્વામીને સમ્યક્ત્વનો પ્રથમ લાભ જાણવો.***

• **વિવેચન-૧૪૬ :-**

અટવીમાં માર્ગથી વિપ્રનષ્ટ થયેલા સાધુને માર્ગ દેખાડી, પછી તેમની પાસેથી દેશના સાંભળીને સમ્યક્ત્વ પામ્યા. એ પ્રમાણે ભગવંત મહાવીરને સમ્યક્ત્વનો પહેલો લાભ થયેલો જાણવો. કથાનક આ રીતે —

પશ્ચિમ વિદેહમાં એક ગામમાં બલાધિક હતો તે રાજાજ્ઞાથી ગાડાં લઈને લાકડા લેવા મહાટવીમાં ગયો. આ બાજુ સાધુઓ માર્ગમાં પ્રાપ્ત સાર્થની સાથે જતા હતાં. સાર્થમાં રહેલ સાધુ ભિક્ષાર્થે ગયા. સાર્થ ચાલ્યો ગયો. અજાણ હોવાથી માર્ગ ભ્રષ્ટ થયા. માર્ગને ન જાણતા તેઓ અટવી માર્ગથી મધ્યાહ્ન કાળમાં તરસ, ભુખથી વ્યાપ્ત થઈ, જ્યાં ગાડાંનો પડાવ હતો તે ભાગમાં ગયા. તેમને જોઈને બલાધિક મહાન્ સંવેગથી બોલ્યો. અહો ! આ સાધુઓ તપસ્વી છે, અટવીમાં પ્રવેશેલા છે. તેમને અનુકંપાથી વિપુલ અશન-પાન આપીને કહ્યું — હે ભગવંતો ! હું તમને માર્ગે ચડાવી દઉં. તે આગળ ચાલ્યો. ત્યારે તે સાધુઓ પણ તેની પાછળ ચાલ્યા. - x - પછી ગુરુએ તેને ધર્મ કહેવાનું આરંભ્યુ. તેનાથી તે બોધ પામ્યો. સાધુ પણ માર્ગે ચડી નિવૃત્ત થયા. તે બલાધિક કરી અવિરત સમ્યગ્દૃષ્ટિ થયો, કાળ કરીને સૌધર્મ

કલ્પે દેવ થયો.

● **ભાષ્ય-૧,૨-વિવેચન :-**

પશ્ચિમ વિદેહમાં ગ્રામચિંતક, રાજાના લાકડાં માટે વનમાં જવું ભિક્ષા નિમિત્તે સાધુનું સાર્થથી ભ્રષ્ટ થવું. તેમને જોઈને અન્ન-પાન આપવા. અનુકંપાથી માર્ગે ચડાવવા, ગુરુનું કથન, સમ્યકત્વ પ્રાપ્તિ, મરીને સૌધર્મકલ્પે, પલ્યોપમાયુષ્યવાળો મહર્દ્ધિક દેવ થયો.

● **નિર્યુક્તિ-૧૪૭ :-**

***સુવિહિત સાધુની અનુકંપાથી સમ્યકત્વ પામીને દૈદીપ્યમાન શરીરધારી વૈમાનિક દેવરૂપે ઉત્પન્ન થયો.***

● **વિવેચન-૧૪૭ :-**

[ગમનિકા ઉક્ત અર્થમાં કહી.] भास्वर - દીપ્તિવાળા, વર-પ્રધાન, બોંદિ-શરીરને. વૈમાનિક દેવ થયો એ નિર્યુક્તિ ગાથાર્થ છે.

● **નિર્યુક્તિ-૧૪૮+વિવેચન :-**

પછી સ્વ આયુષ્યમનો ક્ષય થતાં દેવલોકથી ચ્યવીને આ જ ભરત ક્ષેત્રમાં ઈક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન ઋષભદેવના પુત્ર [ભરત] ના પુત્ર અર્થાત્ ભગવંત ઋષભના પૌત્ર રૂપે મરીચિ નામે ઉત્પન્ન થયા.

● **નિર્યુક્તિ-૧૪૯ :-**

***ભરતનો પુત્ર મરીચિ ઈક્ષ્વાકુ કુળમાં થયો. [ક્યારે ?] કુલકર વંશ સમાપ્ત થતાં. તેથી ઈક્ષ્વાકુ કુળની ઉત્પત્તિ કહેવી જોઈએ.***

● **વિવેચન-૧૪૯ :-**

ઈક્ષ્વાકુનું કુળ તે ઈક્ષ્વાકુકુળ. તેમાં ઉત્પન્ન થયો [કોણ ?] ભરતનો પુત્ર મરીચિ. ત્યાં ઋષભનો પૌત્ર એમ સામાન્ય વિધાન કર્યુ. અહીં વિશેષ અભિધાનમાં કોઈ દોષ નથી. તે કુલકરવંશ વીત્યા પછી થયો તેમાં કુલકર હવે કહેવાનાર લક્ષણવાળા છે, તેમનો વંશ-પ્રવાહ. તે અતિક્રાંત થયા પછી. તેથી અહીં ઈક્ષ્વાકુ કુળની ઉત્પત્તિ કહેવી.

પહેલા કુલકરોની ઉત્પત્તિ બતાવે છે. ક્યા ક્ષેત્ર-કાળમાં થયા ?

● **નિર્યુક્તિ-૧૫૦,૧૫૧+વિવેચન :-**

આ વર્તમાન અવસર્પિણીનો જે ત્રીજો આરો-સુષમદુઃષમા, તેના પાછલા ભાગમાં, કેટલો ભાગ ? પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહેતા, કુલકરોની ઉત્પત્તિ થઈ..... અર્ધભરતના મધ્ય ત્રિભાગમાં, શેમાં ? ગંગા-સિંધુ નદી મધ્યે, અહીં બહુ મધ્ય ભાગમાં, છેડે નહીં. સાત કુલકરો ઉત્પન્ન થયા. અર્ધભરત - વિદ્યાધરના નિવાસરૂપ વૈતાઢ્ય પર્વતની આ તરફ લેવું. હવે કુલકર વક્તવ્યતારૂપ દ્વાર ગાથા કહે છે –

● **નિર્યુક્તિ-૧૫૨ :-**

***કુલકરનો પૂર્વભવ, જન્મ, નામ, પ્રમાણ, સંઘયણ, સંસ્થાન, વર્ણ, સ્ત્રી, આયુ, ભાગો, ભવનપતિમાં ઉત્પત્તિ, નીતિ કહેવા.***



● **વિવેચન-૧૫૨ :-**

કુલકરોના પૂર્વભવો કહેવા, જન્મ કથન, નામ, પ્રમાણ તથા સંઘયણ કહેવા. एव શબ્દ પૂરણ અર્થે છે. તથા સંસ્થાન, વર્ણો, સ્ત્રી, આયુ અને ભાગો કહેવા. ક્યા વય ભાગમાં કુલકરો સંવૃત્ત થયા ? ભવનોમાં ઉપપાત કહેવો. ભવન શબ્દથી ભવનપતિ લેવા તથા નીતિ – ''હકાર'' આદિ લક્ષણવાળી કહેવી. ગાથાર્થ કહ્યો, અવયવાર્થ પ્રતિ દ્વારે કહેશે.

તેમાં પહેલું દ્વાર - તેનો અવયવાર્થ કહે છે –

● **નિર્યુક્તિ-૧૫૩,૧૫૪ :-**

***પશ્ચિમ વિદેહમાં બે વણિક મિત્રો હતા. એક માયાવી અને બીજો ઋજુ. કાળધર્મ પામી આ ભરતમાં હાથી અને મનુષ્યરૂપે જન્મ્યા.***

***સ્નેહકરણ અને ગજ આરોહણ જોઈને તેનું નામ નિષ્પન્ન થયું કલ્પવૃક્ષની હાનિથી ઘરમાં કલહ થયો, તે બાબત વિચારણા કરી, કુલકરને વિનંતી કરી, 'હા !' એમ દંડનીતિ નક્કી કરી.***

● **વિવેચન-૧૫૩,૧૫૪ :-**

પશ્ચિમ વિદેહમાં બે વણિક મિત્રો હતા. - x - [ગાથાર્થ મુજબ છે.] सामणत्थ - દેશી શબ્દ હોવાથી ''પર્યાલોચન કરીને'' અર્થ કર્યો. કથાનક –

પશ્ચિમ વિદેહમાં બે વણિક્ મિત્રો હતા. વિશેષ આ - હાથી અને મનુષ્યરૂપે અવતર્યા. આના દ્વારા પુનર્જન્મ કહ્યો. પૂર્વ ભવે એક મિત્ર માયાવી અને બીજો મિત્ર ઋજુ હતો. તેઓ એક સાથે જ વિચરતા હતા. તેમાં જે એક માયાવી હતો, તે ઋજુને અતિસંધાન કરતો હતો. બીજો બધું છૂપાવ્યા વિના સમ્યક્ વ્યવહાર કરતો હતો. બંને જો કે દાનરુચિક હતા.

પછી તે ઋજુક મરીને આ જ દક્ષિણાર્દ્ધમાં યુગલ રૂપે જન્મ્યો. વક્ર હતો તે તે જ પ્રદેશમાં હસ્તિરત્ન થયો. તે શ્વેત વર્ણનો, ચાર દાંત વાળો હતો. બંને જ્યારે મોટા થયા ત્યારે તે યુગલિક પુરુષે હાથીને જોયો. જોઈને તેને પ્રીતિ ઉત્પન્ન થઈ. તેને અભિયોગ જન્યકર્મ ઉદયમાં આવ્યું. ત્યારે તે યુગલિક પુરુષે તે હાથીના સ્કંધે વળગ્યો. તે જોઈને બધાં લોકોએ કહ્યું કે આ મનુષ્યોમાં અધિક છે, તેનું વિમલવાહન એવું નામ કર્યુ. તે બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારપછી કાળદોષથી કલ્પવૃક્ષો હાની પામ્યા. તે આ – મત્તાંગ, ભૃગાંગ, ત્રુટિતાંગ, ચિત્રાંગ, ચિત્રરસાંગ, ગૃહાકાર, અનગ્ન, એ સાત કલ્પવૃક્ષો.

તેની હાનિ થતાં કષાયો ઉત્પન્ન થયા. ''આ મારું અહીં બીજું કોઈ ન રહી શકે'' એવું કહેવા લાગ્યા. જે ત્યાં આડા આવે તેના પ્રત્યે કષાયો થતાં અને ગ્રહણમાં ખંડિત કરી દેતાં. તેથી તેઓએ વિચાર્યુ કે – કોઈને પણ આપણે અધિપતિરૂપે સ્થાપીએ. જે વ્યવસ્થા કરે ત્યારે તે વિમલવાહનને પોતાનામાં અધિક ઋદ્ધિવાન્ જાણી સ્થાપિત કર્યો. ત્યારે તેણે વૃક્ષોના વિભાગ કર્યા અને કહ્યું કે – જે તમારામાંથી આ મર્યાદાનું અતિક્રમણ કરશે, તે મને કહેવું. હું તેનો દંડ કરીશ.

તેણે તે કઈ રીતે જાણવું? જાતિસ્મરણથી વણિકત્વ યાદ કર્યુ. ત્યારે જે કોઈ અપરાધ કરે, તેને તેઓ કહેતા. ત્યારે તે દંડ કરતો. કયો દંડ? ''હાકાર''. હા! તેં ખોટું કર્યુ. ત્યારે દંડ્ય વ્યક્તિ જાણતો કે મારું બધું લુંટાઈ ગયું. આના કરતા તો મારું મૃત્યુ કે શિરચ્છેદ સારો તો આવી વિડંબના ન પામત. એ પ્રમાણે ઘણો કાળ હાકાર દંડ વર્ત્યો. તેને ચંદ્રયશા નામે પત્ની હતી. તેની સાથે ભોગ ભોગવતા એક યુગલને જન્મ આપ્યો. તે યુગલે કાલાંતરે બીજાને જન્મ આપ્યો. એમ સાત કુલકરો ઉત્પન્ન થયા.

આ પ્રથમાનુયોગથી જાણવાં. બધાંનો જન્મ અહીં જ કહેવો. પૂર્વભવ જન્મદ્વાર કહ્યું. હવે કુલકરનામોને પ્રતિપાદન કરે છે —

**● નિર્યુક્ત-૧૫૫+વિવેચન :-**

અહીં પહેલો વિમલવાહન, પછી ચક્ષુષ્માન્, યશસ્વી, ચોથો અભિચંદ્ર, પછી પ્રસેનજિત, મરુદેવ અને સાતમો નાભિ. ભાવાર્થ સુગમ છે. નામ દ્વાર કહ્યું.

હવે પ્રમાણદ્વારનો અવયવાર્થ કહે છે —

**● નિર્યુક્તિ-૧૫૬+વિવેચન :-**

પહેલાંની ઉંચાઈ ૯૦૦ ધનુષ્ હતી, પછી અનુક્રમે - ૭૫૦,૭૦૦૬૫૦,૬૦૦,૫૫૦ અને ૫૨૫ ધનુષ્ હતી. પ્રમાણ દ્વાર કહ્યું.

હવે કુલકરોના સંહનન અને સંસ્થાન કહે છે.

**● નિર્યુક્તિ-૧૫૭+વિવેચન :-**

સર્વે કુલકરો વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. વર્ણદ્વાર સંબંધે જણાવતાં કહે છે — જેનો જે વર્ણ હતો તે પ્રત્યેકને હું કહીશ.

**● નિર્યુક્તિ-૧૫૮+વિવેચન :-**

ચક્ષુષ્માન્, યશસ્વી, પ્રસેનજિત્ આ ત્રણ પ્રિયંગુ વર્ણવાળા હતા. અભિચંદ્ર ચંદ્ર જેવા ગૌરવર્ણવાળા અને બાકીના નિર્મળ સુવર્ણ જેવા વર્ણના હતા. બાકીના એટલે વિમલવાહનાદિ. ભાવાર્થ સુગમ છે. પ્રભા - છાયા.

વર્ણદ્વાર પૂરુ થયું. હવે સ્ત્રીદ્વાર જણાવતાં કહે છે —

**● નિર્યુક્તિ-૧૫૯+વિવેચન :-**

ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા અને મરુદેવી અનુક્રમે કુલકર પત્નીના નામો છે. આ બધી સ્ત્રીઓ સંઘયણ આદિથી કુલકર તુલ્ય જ જાણવી. તેથી કહે છે —

**● નિર્યુક્તિ-૧૬૦+વિવેચન :-**

સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ પોતાના કુલકરને અનુરૂપ આ સ્ત્રીઓના જાણવા. જો કે ઉંચાઈનું પ્રમાણ કંઈક ન્યૂન હોય તેવો મત છે. તો પણ કંઈક ન્યૂનતા હોવાથી તેને ભેદ ગણેલ નથી. વર્ણથી બધી જ પ્રિયંગુવર્ણવાળી હતી તે ગાથાર્થ છે.

સ્ત્રીદ્વાર કહ્યું, હવે આયુદ્વાર —

**● નિર્યુક્તિ-૧૬૧ :-**

***પહેલાં કુલકરનું આયુ પલ્યોપમના દશમાં ભાગનું જાણવું. ત્યારપછી***



***બીજાનું આયુષ્ય અસંખ્યાત પૂર્વો, તે પણ અનુક્રમે ઓછા ઓછા જાણવા. નાભિકુલકરનું સંખ્યાત પૂર્વ છે.***

**● વિવેચન-૧૬૧ :-**

પહેલા કુલકર વિમલવાહનનું આયુ પલ્યોપમનો દશમો ભાગ છે પછી બીજાનું પલ્યોપમનો અસંખ્યાતભાગ, તે અનુક્રમે ઘટતું બીજા-બીજાનું આયુ જાણવું. ત્યાંથી નાભિકુલકરનું સંખ્યાત પૂર્વ જાણવું. આ વ્યાખ્યા યોગ્ય છે.

બીજા કહે છે — પહેલાં કુલકરનું આયુ પલ્યોપમનો દશમો ભાગ, પછી બાકીનાનું સમુદિતપણે પલ્યોપમનો અસંખ્ય ભાગ છે અર્થાત્ બીજાનું પલ્યોપમનો અસંખ્યાત ભાગ, બાકીનાનું તેનાથી અસંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ ઘટાડતા-ઘટાડતા નાભિનું અસંખ્યેય પૂર્વ હતું. પણ આ વ્યાખ્યા અયોગ્ય છે. કેમ ? પાંચના અસંખ્યેય ભાગ ૪૦ ભાગ ન આવે. કઈ રીતે ? પલ્યોપમના ૨૦ ભાગ કરાય છે. તેના આઠ ભાગમાં કુલકરની ઉત્પત્તિ છે. પહેલાં કુલકરનું દશ ભાગ આયુ, બાકીનાનું પાંચેનું અર્ધરૂપથી ૪૦માં ભાગથી અસંખ્યાત-અસંખ્યાત ભાગ આયુ તથા પણ અર્ધથી કંઈક ન્યૂન ૪૦મો ભાગ રહેશે. જે કારણે પલ્યોપમના આઠ-આઠ ભાગે આ થાય છે, તેથી પણ દશ ભાગમાં બે જતાં અસંખ્યાત પંચ ભાગ થાય. અડધાંનું જે અડધું તે કંઈક ન્યૂન તે ૪૦મો ભાગ છે. તે આ રીતે —

પલ્યોપમના આઠ ભાગમાં બાકીના કુલકરની ઉત્પત્તિ છે. તેમાં પણ પહેલાંનું દશમો ભાગ આયુષ્ય કહ્યું, તે જતાં બેનો વીસમો ભાગ જતાં છેલ્લે ૪૪ ભાગ રહેશે. તે સંખ્યાતા છે. - x - ઈત્યાદિ. પણ આ ગણિત અનિષ્ટ છે.

મરુદેવીનું આયુ સંખ્યેય વર્ષ હોવાતી નાભિકુલકરનું આયુ પણ સંખ્યાત વર્ષ જ હોય. કેમકે કેવળજ્ઞાનીને અસંખ્યાત વર્ષાયુષ જ હોય છે. [મરુદેવા કેવલી થયા હતા] તેથી કહે છે —

**● નિર્યુક્તિ-૧૬૨+વિવેચન :-**

જે આયુષ્ય કુલકરોનું હોય, તે જ આયુ કુલકરોની સ્ત્રીઓનું પણ હોય. સંખ્યાના સામ્યથી તે જ કહેવાય છે. તથા જે પહેલા કુલકરનું આયુ હોય, તે જ હાથીનું હોય છે. એ પ્રમાણે બાકીના કુલકરના હાથીનું પણ આયુ કુલકર સમાન જાણવું.

હવે ભાગ દ્વાર કહે છે — કયા કુલકરનો કેટલે ભાગ આયુ છે.

**● નિર્યુક્તિ-૧૬૩+વિવેચન :-**

જે કુલકરનું જેટલું આયુ હોય, તેનો દશમો ભાગ સરખા વહેંચી મધ્યના આઠ ભાગનો ત્રીજો ભાગ કુલકર કાળ જાણવો. તે જ કહે છે —

**● નિર્યુક્તિ-૧૬૪ :-** *[નિર્યુક્તિદીપિકામાં વિસ્તૃત વિવેચન છે.]*

***પહેલો ભાગ કુમારપણે, છેલ્લો ભાગ વૃદ્ધભાવમાં હોય. પાતળા પડેલા રાગ-દ્વેષવાળા તેઓ બધાં દેવલોકમાં ઉત્પન્ન થયા.***

**● વિવેચન-૧૬૪ :-**

કુલકરાયુના દશ ભાગોમાં પહેલો ભાગ કુમારપણે લેવો. છેલ્લો ભાગ વૃદ્ધપણે

છે. બાકીના મધ્યમ આઠ ભાગ તે કુલકર રૂપે હોય. તેથી કહ્યું કે ત્રણ ભાગમાં મધ્યમ આઠ ભાગને કુલકર કાળ જાણવો. ભાગદ્વાર કહીને ઉપપાત દ્વાર કહે છે – તે પાતળા રાગદ્વેષવાળા છે. પ્રેમ - રાગ. આ વિમલવાહનાદિ બધાં દેવલોકમાં ઉત્પન્ન થયા.

અમે જાણતા નથી કે કયા દેવલોકમાં ? તેથી કહે છે –

**• નિર્યુક્તિ-૧૬૫+વિવેચન :-**

બે કુલકરો સુવર્ણકુમાર દેવોમાં, બે ઉદધિકુમારમાં, બે દ્વીપકુમારમાં અને એક નાગકુમારદેવમાં ઉત્પન્ન થયા. આ ઉપપાત અનુક્રમે વિમલવાહન આદિનો જાણવો. હવે તેમની સ્ત્રી અને હાથીનો ઉપપાત –

**• નિર્યુક્તિ-૧૬૬+વિવેચન :-**

(સાતે) હાથીઓ, ચંદ્રયશા આદિ છ સ્ત્રીઓ નાગકુમારમાં ઉત્પન્ન થઈ, બીજા કહે છે – એક જ હાથી અને છ સ્ત્રીઓ નાગકુમારમાં ઉત્પન્ન થઈ, બાકીનાનો અધિકાર નથી. એક સાતમી - નાભિ કુલકરની પત્ની મરુદેવી મોક્ષમાં ગયા. ઉપપાત દ્વાર કહ્યું. હવે નીતિ દ્વાર કહે છે –

**• નિર્યુક્તિ-૧૬૭+વિવેચન :-**

હક્કાર, મક્કાર અને ધિક્કાર દંડનીતિઓ વર્તે છે. તેમાં જે વિશેષ છે તેને હું યથાક્રમે વર્ણવીશ. આનુપૂર્વી - પરિપાટી, ક્રમથી.

**• નિર્યુક્તિ-૧૬૮ :-**

***પહેલાં અને બીજીની પ્રથમા, ત્રીજા અને ચોથાની પહેલા સહિત નવી બીજી, પાંચમાં, છઠ્ઠા અને સાતમાની પહેલા બે સહિત ત્રીજી નીતિ.***

**• વિવેચન-૧૬૮ :-**

પહેલા અને બીજા કુલકરને પહેલી 'હક્કાર' નામે દંડનીતિ હતી. ત્રીજા અને ચોથા કુલકરને વધારાની નવી બીજી પણ હતી. અર્થાત્ થોડો જ અપરાધ હોય તો પહેલી વડે દંડ કરે છે, મોટા અપરાધીને બીજી એટલે કે નવી દંડનીતિ અપનાવે, તે 'મક્કાર' નામે હતી તથા પાંચમા, છઠ્ઠા અને સાતમાને ત્રીજી ધિક્કાર નામે દંડનીતિ હતી. આ ત્રણે લઘુ-મધ્યમ-ઉત્કૃષ્ટ અપરાધમાં જાણવી એમ ગાથાર્થ કહ્યો.

**• નિર્યુક્તિ-૧૬૯ :-**

***બાકીની દંડનીતિ ભરતરાજાની માણવકનિધિમાં હોય છે. ઋષભદેવને ગૃહસ્થાવાસમાં અસંસ્કૃત્ આહાર હતો.***

**• વિવેચન-૧૬૯ :-**

ભરત રાજાની માણવક નિધિમાં બાકીની દંડનીતિ હોય છે. અહીં વર્તમાન ક્રિયા નિર્દેશ બધી અવસર્પિણીની સ્થિતિ દર્શાવે છે. બીજી પણ અતીત કે આગામી અવસર્પિણીમાં આ જ ન્યાયે પ્રાયઃનીતિનો ઉત્પાદ હોય છે. તે ભરતના પિતા ઋષભનાથ હતા. તે ઋષભને ગૃહવાસમાં અસંસ્કૃત આહાર-સ્વભાવ સંપન્ન આહાર હતો. તેને દેવેન્દ્રના આદેશથી દેવો દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના સ્વાદિષ્ટ ફળો અને ક્ષીર સમુદ્રનું



પાણી લાવીને આપતા હતા.

આ મૂળ નિર્યુક્તિગાથાનું ભાષ્યકારનું વ્યાખ્યાન કહે છે –

**• ભાષ્ય-૩ :-**

***પહેલી પરિભાષણા, બીજી મંડલીબંધ, ત્રીજી કારાગૃહ, ચોથી ચામડીનો છેદ, એ ચાર પ્રકારે ભરત મહારાજાની દંડનીતિ જાણવી.***

**• વિવેચન-૩ :-**

"ભરતની બાકીની નીતિ માણવક નિધિથી છે" તેમ કહ્યું, તે આ પ્રમાણે – (૧) પરિભાષણા - કોપથી તિરસ્કાર કરવો. (૨) "આ સ્થાનથી ન જતો." તેમ અપરાધીને કહેવું. તે મંડલીબંધ. (૩) ચારક-કેદખાનું (૪) છવિચ્છેદ હાથ, પગ, નાસિકાનો છેદ કરવો. આ ભરતની ચાર પ્રકારે દંડનીતિ છે.

બીજા એ રીતે કહે છે – ખરેખર પરિભાષણા અને મંડલિબંધ એ બંને ઋષભનાથે જ ઉત્પન્ન કરેલી હતી. ચારક અને છવિચ્છેદ એ માણવક નિધિથી ઉત્પન્ન થયેલી. ભરત ચક્રવર્તીની આ ચાર ભેદે નિધિ હતી.

પણ આ ભરત કોણ ? ઋષભનાથનો પુત્ર. તો પછી ઋષભનાથ કોણ ? તેની વક્તવ્યતાને જણાવતા કહે છે – અથવા કુલકર વંશ કહ્યો. હવે પૂર્વે સૂચવેલ ઈક્ષ્વાકુવંશ પ્રતિપાદિત કરે છે. તે ઋષભનાથથી ઉત્પન્ન થયો.

તેથી તેની વક્તવ્યતા કહે છે –

**• નિર્યુક્તિ-૧૭૦ :-**

***નાભિરાજા, વિનીતાનગરી જન્મભૂમિ, મરુદેવી માતા, ઉત્તરાષાઢા નક્ષત્ર, પૂર્વજન્મે વજ્રનાભ રાજા, સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવ્યા.***

**• વિવેચન-૧૭૦ :-**

આ નિર્યુક્તિ ગાથા ઘણાં અર્થની પ્રતિપાદક છે. - x - નાભિ નામે કુલકર થયા. તેનું વિનીતા ભૂમિમાં પ્રાયઃ અવસ્થાન હતું, મરુદેવી તેની પત્ની હતી. પૂર્વભવે કોઈ વૈરનાભ નામે રાજા હતો, દીક્ષા લઈને તીર્થંકર નામ ગોત્ર કર્મ બાંધ્યુ, મરીને સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયો. ત્યાંથી તે મરુદેવીની કુક્ષિમાં તે વિનીતાભૂમિમાં સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને ઋષભનાથ નામે જન્મ્યો.

અહીં જે પૂર્વભવે વૈરનાભ હતો, જે રીતે સમ્યક્ત્વ પામ્યો. જેટલાં ભવો સમ્યક્ત્વ પામીને સંસારમાં પર્યટન કર્યુ, જે રીતે તેણે તીર્થંકર નામગોત્રકર્મ બાંધ્યુ. તે બતાવવાને કહે છે.

**• નિર્યુક્તિ-૧૭૧,૧૭૨+પ્રક્ષેપ ગાથા-૧ :-**

***ધન્ય સાર્થવાહે ઘોષણા કરાવી. સાર્થની સાથે યતિઓનું ગમન. વર્ષાઋતુમાં અટવીમાં વાસ. ઘણાં દિવસે ધન્યને ચિંતા. ઘીનું દાન.***

***ત્યાંથી ઉત્તરકુરુમાં યુગલિક, ત્યાંથી સૌધર્મકલ્પે, ત્યાંથી મહાવિદેહ મહાબલ રાજા, ત્યાંથી ઈશાન કલ્પે લલિતાંગ દેવ, ત્યાંથી વજ્રજંઘરાજા..... ઉત્તરકુરુમાં યુગલિક, સૌધર્મકલ્પે દેવ, પછી મહાવિદેહમાં વૈદ્યપુત્ર. રાજપુત્ર, શ્રેષ્ઠી-અમાત્ય-***

*સાર્થવાહપુત્ર તેના મિત્રો.*

● **વિવેચન-૧૭૧,૧૭૨ :-**

- x - અવસર જાણીને સંમોહ નિમિત્તે હું ઉપન્યાસ કરીશ —

ધન સાર્થવાહ આદિ ગાથાર્થને કથાનકથી જાણવો. - x - તે આ પ્રમાણે - ધન નામે સાર્થવાહ હતો. તેણે દેશાંતરે જતાં ઘોષણા કરાવી. તે કહે છે — તે કાળે તે સમયે પશ્ચિમ વિદેહક્ષેત્રમાં ધન નામે સાર્થવાહ હતો. તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી વસંતપુરે વાણિજ્ય અર્થે ચાલ્યો. તેણે ઘોષણા કરાવી કે — જે મારી સાથે આવશે. તેના યોગ-ક્ષેમ હું વહન કરીશ. તે આ પ્રમાણે — આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભૈષજ કે બીજા જે કંઈથી વિષાદ પામે તે બધું.

તે સાંભળીને ઘણાં તટિક, કાર્પટિક આદિ આવ્યા. યાવત્ તેની સાથે સાધુનો ગચ્છ પણ ચાલ્યો. તે કાળ કયો હતો ? ચરમ ઉનાળો. તે સાર્થ જ્યારે અટવી મધ્યે પહોંચ્યો. ત્યારે વર્ષારાત્ર-ચોમાસું બેઠું. ત્યારે તે સાર્થવાહ અતિ દુર્ગમ પંથ છે, તેમ જાણી ત્યાં જ સાર્થ નિવેશ કર્યો. ચોમાસું રહ્યા. તે રહી પડતાં આખો સાર્થ પણ ત્યાં રહ્યો. જ્યારે તે સાર્થિકોને ભોજન પીરસ્યુ ત્યારે કંદ-મૂલ-ફલ ખાવાનું આરંભ્યુ ત્યારે સાધુઓ દુઃખી થયા કે જો કંઈપણ કલ્પતું મળશે, તો લઈશું. એ પ્રમાણે કાળ વીતવા લાગ્યો.

થોડું ચોમાસુ રહ્યું. ત્યારે ધનસાર્થવાહને ચિંતા થઈ કે — આ સાર્થમાં કોઈ દુઃખી છે ? ત્યારે યાદ આવ્યું કે મારી સાથે સાધુઓ આવ્યા છે, તેમને કંદ આદિ કલ્પતા નથી. તે તપસ્વીઓ દુઃખી છે. કાલે દાન કરીશ, એમ વિચારી પ્રભાતે નિમંત્રિને કહ્યું — આમાં અમારું કંઈ કલ્પે તો ગ્રહણ કરશો ? આપને શું કલ્પશે ? અકૃત્-અકારિત ભિક્ષા માત્ર કે ઘી વગેરે. પછી તેણે સાધુને વિપુલ પ્રમાણમાં પ્રાસુક ઘી વહોરાવ્યું. તે યથાયુષ્ય પાળીને કાળમાસે કાળ કરીને તે દાનના ફળથી [સમ્યક્ત્વ પામી] ઉત્તરકુરુમાં મનુષ્ય થયો.

ત્યાંથી આયુક્ષય થતાં સૌધર્મકલ્પે દેવપણે ઉત્પન્ન થયો.

ત્યાંથી ચ્યવીને આ જ જંબૂદ્વીપમાં પશ્ચિમ વિદેહમાં ગંધિલાવતી વિજયમાં વૈતાઢ્ય પર્વતમાં ગાંધાર જનપદમાં ગંધસમૃદ્ધ વિદ્યાધર નગરમાં અતિબલરાજાના પૌત્ર શતબલ રાજાના પુત્ર મહાબલ નામે રાજા થયો.

ત્યાં સુબુદ્ધિ શ્રાવક મંત્રી એવા પ્રિયમિત્ર વડે નાટક-પ્રેક્ષણમાં આક્ષિપ્ત મનવાળા એવા તેને બોધ પમાડ્યો. બાકી એક માસનું આયુ રહેતા, છેલ્લે બાવીશ દિવસના ભક્ત પ્રત્યાખ્યાન કરી, મરીને ઈશાન કલ્પમાં શ્રીપ્રભ નામક વિમાનમાં લલિતાંગ નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને આ જ જંબૂદ્વીપમાં પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરનો સ્વામી વજ્રજંઘ નામે રાજા થયો. ત્યાં પત્ની સહિત, પાછલી વયમાં દીક્ષા લઉં, એમ ચિંતવેલું પણ પુત્ર વડે વાસગૃહમાં ધૂપ-ધુમાડાના યોગે મારી નંખાયો.

મરીને ઉત્તરકુરુમાં પોતાની પત્ની સહિત યુગલિક રૂપે જન્મ્યો. ત્યાંથી સૌધર્મકલ્પે દેવ થયો. ત્યાંથી ચ્યવીને ફરી મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં વૈદ્યપુત્ર રૂપે





જન્મ્યો. જે દિવસે જન્મ્યો, તે દિવસે એકસાથે આ ચાર વયસ્ય જન્મ્યા — રાજપુત્ર, શ્રેષ્ઠીપુત્ર, અમાત્યપુત્ર, સાર્થવાહપુત્ર. તેઓ મોટા થયા. અન્ય કોઈ દિવસે તે વૈદ્યના ઘેર એકસાથે ભેગા થઈને બેઠા હતા. ત્યાં કોઈ સાધુમહાત્મા ભિક્ષાર્થે આવ્યા કે જે કૃમિ કુષ્ઠ રોગથી પીડિત હતા.

તે બધાં મિત્રો સાથે પ્રણય અને હાસ્ય કરતા તે વૈદ્યપુત્રને બોલ્યો. આ લોકમાં તમારી સાથે બધું ખાધું-પીધું, પણ કોઈ તપસ્વી કે અનાથની ચિકિત્સા ન કરી. વૈદ્યપુત્ર બોલ્યો — કરીશ. પણ મારી પાસે ઔષધ નથી. તે મિત્રો બોલ્યા-અમે મૂલ્ય આપીશું. શું ઔષધ જોઈશે ? વૈદ્યપુત્રે કહ્યું — કંબલ રત્ન, ગોશીર્ષ ચંદન અને ત્રીજું સહસ્રપાક તેલ. ત્યારે તે બધું શોધવા નીકળ્યા. ત્યારે તેમણે જાણ્યું કે — અમુક વણિક પાસે આ ઔષધાદિ છે.

તે મિત્રો તેમની પાસે ગયા, બે લાખ મુદ્રા લીધી. વણિક્ સંભ્રાંત થઈ બોલ્યો — શું આપું ? તેઓએ કહ્યું કે કંબલ રત્ન અને ગોશીર્ષ ચંદન આપો. વણિકે પૂછ્યું — આનું શું પ્રયોજન છે ? તેઓએ કહ્યું સાધુની ચિકિત્સા કરવી છે. વણિકે કહ્યું — મારે મૂલ્ય નથી જોઈતું. એમ જ લઈ જઈને ચિકિત્સા કરો. મને પણ ધર્મ થશે. તે વણિક્ વિચારે છે કે — જો આ બાળકોને ધર્મની ઉપર આવી શ્રદ્ધા હોય તેટલી તો મારા જેવા મંદપુણ્ય કે જે આલોક પ્રતિબદ્ધ છે, તેને આવી શ્રદ્ધા નથી. તે સંવેગ પામ્યો, તથારૂપ સ્થવીરો પાસે દીક્ષા લઈને સિદ્ધિ ગતિ પામ્યો.

આ મિત્રો પણ તે ઔષધ લઈને, તે સાધુની પાસે તે જે ઉધાનમાં પ્રતિમા ધ્યાને સ્થિત હતા. ત્યાં ગયા. ત્યાં પ્રતિમાસ્થિત તેમને વંદન કરીને અનુજ્ઞા માંગી કે — હે ભગવન્ ! અમોને અનુજ્ઞા આપો. અમે આપને ધર્મવિઘ્ન કરવા આવેલ છીએ. તે વાત નિર્યુક્તિકાર કહે છે —

● **નિર્યુક્તિ-૧૭૩,૧૭૪ :-**

***તે મિત્રોએ વૈદ્યપુત્રના ઘેર કોઢના કીડાથી પીડિત કોઈક મુનિને જોઈને, તેઓ વૈદ્યપુત્રને કહે છે, તમે આ મુનિની ચિકિત્સા કરો... લક્ષપાક તેલ વૈદ્યપુત્રે આપ્યું, વણિકે રત્નકંબલ અને ગોશીર્ષ ચંદન આપીને દીક્ષા લીધી. તે વણિક્ તે જ ભવે અંતકૃત્ કેવલી થઈ મોક્ષે ગયો.***

● **વિવેચન-૧૭૩,૧૭૪ :-**

[કથાનકનો શેષ ભાગ અહીં કહે છે —] ત્યારપછી તેલ વડે તે સાધુને અભ્યંગન કર્યુ. તે તેલ રોમકૂપો વડે બધું જ વ્યાપ્ત થયું. તે વ્યાપ્ત થતાં બધાં કૃમિઓ ક્ષોભ પામ્યા, તેમના ચાલવાથી તે સાધુને અતીવ વેદના થઈ. ત્યારે તે કૃમિને નીકળતા જોઈને કંબલ રત્ન વડે તે સાધુને પ્રાવૃત્ત કર્યા-ઢાંકી દીધા. તે શીતલ હતું. તેલ ઉષ્ણતાવાળું હતું. કૃમિઓ તેમાં ચોંટી ગયા. ત્યારે પહેલાથી લાવેલા ગાયના મડદામાં તે કૃમિને નાંખ્યા. તે બધાં જ કૃમિ નીકલી ગયા, પછી તેણે સાધુને ચંદન વડે લિપ્ત કર્યા.

પછી આશ્વાસિત કર્યા. એ પ્રમાણે એક-બે-ત્રણ વખત તે સાધુને અભ્યંગન કરી

નિરોગી કર્યા. પહેલાં મ્રક્ષણ કર્યું. પછી ગોશીર્ષ ચંદનથી આલેપન કર્યું, ફરી મ્રક્ષણ કર્યું. એ પ્રમાણે આ પરિપાટીથી પહેલા અભ્યંગને ચામડીના કૃમિ નીકળ્યા, બીજામાં માંસમાં રહેલા કૃમિ નીકળ્યા. ત્રીજામાં હાડકામાં રહેલાં બેઈન્દ્રિયો નીકળ્યા. પછી સંરોહણી ઔષધિથી કનકવર્ણના કરી દીધા. ત્યારપછી મુનિને ખમાવીને પાછા ફર્યા.

પછીથી તે મિત્રો સાધુ થઈ ગયા. આયુષ્ય હતું. તે પાળીને તે પાંચે જણાં અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવીને આ જ જંબૂદ્વીપમાં પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં વજસેન રાજાની ધારિણી દેવીની કુક્ષિમાં વૈદ્યપુત્ર વજનાભ નામે રાજા થયો. જે ચક્રવર્તી થયો. બાકીના ક્રમથી બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ નામે ભાઈઓ થયા. રાજા વજસેને દીક્ષા લીધી, તેઓ તીર્થંકર થયા. બાકીના મોટા થઈ પાંચ પ્રકારના ભોગોને ભોગવે છે.

જે દિવસે વજસેન ઋષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ દિવસે વજનાભને ચક્રરત્ન ઉત્પન્ન થયું. તે વજનાભ ચક્રવર્તી થયો. તેણે સાધુની વૈયાવચ્ચથી ચક્રવર્તીના ભોગ પ્રાપ્ત કરેલા હતા. બાકીના ચારે માંડલિક રાજાઓ થયા. ત્યાં વજનાભ ચક્રવર્તીએ ૮૪ લાખ પૂર્વનું સર્વાયુ પાળ્યું. કુમારપણે ૩૦, માંડલિકપણે-૧૬, ચક્રવર્તીપણે-૨૪ અને શ્રામણ્ય પર્યાયમાં ૧૪ લાખ પૂર્વ, એ પ્રમાણે ૮૪-લાખ પૂર્વો સર્વાયુ પાળેલ, તેમાં ભોગોને ભોગવતા વિચરતો હતો ત્યારે — આ તરફ તીર્થંકરનું સમોસરણ રચાયું. વજનાભે પિતાના ચરણ કમળમાં ચારે પણ સહોદરો સહિત દીક્ષા લીધી. તેમાં વજનાભ ચૌદ પૂર્વો ભણ્યા. બાકીના ચારે ૧૧-અંગ ભણ્યા.

તેમાં બાહુ વૈયાવચ્ચ કરે છે, સુબાહુ સાધુની વિશ્રામણા કરે છે. એ પ્રમાણે તે બંનેને કરતા જોઈ વજનાભ સ્વામી તેની ઉપબૃંહણા કરે છે — અહો ! આમણે જન્મ-જીવિતનું ફળ પ્રાપ્ત કરેલ છે. એ પ્રમાણે તે બંનેની વૈયાવચ્ચ અને વિશ્રામણાની પ્રશંસા કરે છે. એ પ્રમાણે પ્રશંસા કરતાં તેની પછીના બંને [પીઠ અને મહાપીઠ] ને અપ્રીતિ થાય છે. આપણે બંને સ્વાધ્યાયવાન્ છીએ, તો પ્રશંસા થતી નથી, જે (કામ) કરે છે તે જ પ્રશંસા પામે છે, ખરેખર ! લોક વ્યવહાર જ સત્ય છે

વજનાભસ્વામીએ વિશુદ્ધ પરિણામથી તીર્થંકર નામગોત્ર કર્મ બાંધ્યુ. આ જ અર્થના ઉપસંહારને માટે આ ચાર ગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૧૭૫ થી ૧૭૮ :-**

***સાધુની ચિકિત્સા કરી શ્રામણ્ય પામીને દેવલોકે ગયા, ત્યાંથી ચ્યવીને પૌંડરીકિણી નગરીમાં વજસેનના પુત્રો થયા. તેમાં પહેલો વજનાભ, પછી બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ થયા. તેમના પિતા તીર્થંકર થયા, નિષ્ક્રમણ કર્યું, ત્યાં જ પિતા પાસે દીક્ષા લીધી. પહેલો ચૌદપૂર્વી થયો, બાકીના ચાર ૧૧-અંગોના જ્ઞાતા થયા. બાહુ આદિ ચારમાં બીજો [બાહુ] વૈયાવચ્ચકારી, ત્રીજો વિશ્રામણાકારી થયો. તે બંનેએ અનુક્રમે ભોગફળ અને બાહુબળ ઉપાર્જન કર્યા મોટાએ પ્રશંસા કરતાં, બંને નાના ભાઈઓને અપ્રીતિ થઈ.***



***પહેલાંએ વીસ સ્થાનકની [આરાધના કરી] તીર્થંકરત્વ ઉપાર્જ્યું.***

**● વિવેચન-૧૭૫ થી ૧૭૮ :-**

ગાથાર્થ ઉપર મુજબ છે. - x - જે કહ્યું કે — પહેલાં તીર્થંકરત્વ વીસ સ્થાનો વડે આરાધ્યુ, તે સ્થાનોને જણાવવા આ ત્રણ ગાથા છે —

**● નિર્યુક્તિ-૧૭૯ થી ૧૮૧ :-**

***[૧ થી ૭] અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવીર, બહુશ્રુત, તપસ્વી. આ સાતે પરત્વેની વત્સલતા. [૮] અભિક્ષણ જ્ઞાનોપયોગ... [૯ થી ૧૨] અતિચાર રહિત એવા દર્શન, વિનય, આવશ્યક, શીલ-વ્રત, [૧૩ થી ૧૭] ક્ષણ લવ, તપ, ત્યાગ, વૈયાવચ્ચ અને સમાધિ, [૧૮ થી ૨૦] અપૂર્વ જ્ઞાન ગ્રહણ, [૧૯] શ્રુતભક્તિ, પ્રવચનપ્રભાવના. આ કારણોથી જીવ તીર્થંકરત્વ પામે છે.***

**● વિવેચન-૧૭૯ થી ૧૮૧ :-**

(૧) અરહંત - અશોકાદિ અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ રૂપ પૂજાને યોગ્ય છે તે. (૨) સિદ્ધ - સંપૂર્ણ નિષ્ઠિત કર્માંશ, પરમસુખી કે કૃતકૃત્ય. (૩) પ્રવચન-શ્રુતજ્ઞાન અથવા તેના અનન્ય ઉપયોગથી સંઘ, (૪) શાસ્ત્રાર્થને ગુંથે માટે ગુરુ અર્થાત્ ધર્મોપદેશાદિ દાતા. (૫) સ્થવિર - તેમાં જાતિ સ્થવિર-૬૦ વર્ષના, શ્રુતસ્થવિર-સમવાયાંગધર, પર્યાયસ્થવિર - ૨૦ વર્ષનો પર્યાય.

(૬) બહુશ્રુત - ઘણાં શ્રુતવાળા કે આપેક્ષિક બહુશ્રુતત્વ, તેમાં સૂત્રધરથી અર્થધર પ્રધાન છે, તેનાથી ઉભયધર પ્રધાન છે. (૭) તપસ્વી-વિચિત્ર અનશનાદિ રૂપ તપવાળા અથવા સામાન્ય સાધુ. આ અરહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વીનો વાત્સલ્ય ભાવને વત્સલતા. તે અનુયોગ યથાવસ્થિત ગુણ કીર્તન રૂપ છે.

(૮) અભીક્ષણ - સતત જ્ઞાનોપયોગ, (૯) દર્શન-સમ્યક્ત્વ, (૧૦) વિનય-જ્ઞાનાદિ, તે દશવૈકાલિકથી જાણવો. આ દર્શન અને વિનયમાં અતિચાર રહિતતા. (૧૧) આવશ્યક - અવશ્ય કર્તવ્ય સંયમ વ્યાપાર નિષ્પન્ન તેમાં નિરતિચારપણું, (૧૨) શીલ-ઉત્તરગુણ, વ્રત-મૂલગુણ. આ શીલ અને વ્રતમાં નિરતિચારતા. (૧૩) ક્ષણલવ - કાળ લક્ષણરૂપ છે. ક્ષણલવાદિમાં સંવેગ ભાવના ધ્યાન અને આસેવનથી. (૧૪) તપ-યથાશક્તિ તપનું સેવન, (૧૫) ત્યાગ-યતિજન વડે વિધિપૂર્વક કરાય છે. (૧૬) વૈયાવચ્ચ-દશ ભેદે છે.

(૧૭) સમાધિ - ગુરુ આદિના કાર્ય કરવાથી સ્વસ્થતા અને સમાધિમાં બંધાય છે. (૧૮) અપૂર્વ જ્ઞાન ગ્રહણ (૧૯) શ્રુતભક્તિ - શ્રુતબહુમાન, (૨૦) પ્રવચન પ્રભાવના - તે યથાશક્તિ માર્ગદેશનાથી થાય.

આ ૨૦ કારણોથી તીર્થંકરત્વ પ્રાપ્ત થાય.

*[નોંધ :- ઉક્ત ૨૦ કારણોના નામ અને ક્રમમાં ઘણાં તફાવતો જોવા મળેલ છે. ચૂર્ણિમાં પણ શીલ અને વ્રત જુદા સ્થાનક છે અને સમાધિને પૂર્વના તપ આદિ ત્રણ સાથે જોડેલ છે.] વૈયાવચ્ચનું વર્ણન ચૂર્ણિમાં વધુ સારું કરેલ છે.*

• નિર્યુક્તિ-૧૮૨+વિવેચન :-

પહેલા અને છેલ્લા તીર્થંકરે આ સર્વે સ્થાનોને વારંવાર સ્પૃષ્ટ કર્યા છે, મધ્યમ જિનેશ્વરોએ એક, બે, ત્રણ કે સર્વ સ્થાનો સેવ્યા છે.

• નિર્યુક્તિ-૧૮૩+વિવેચન :-

તે તીર્થંકર નામ ગોત્રકર્મ કઈ રીતે વેદાય છે ? અગ્લાન ધર્મ દેશનાદિ વડે, તેને ભગવંત તીર્થંકરના ભવ પૂર્વેના ત્રીજા ભવમાં બાંધે છે - x - તેની સ્થિતિ ઉત્કૃષ્ટથી કોડાકોડી સાગરોપમની હોય છે અને તે પ્રારંભ બંધ સમયથી આરંભીને સતત ઉપચય પામતા યાવત્ અપૂર્વકરણના સંખ્યાતા ભાગો વડે બંધાય અને કેવલીકાળે તેનો ઉદય થાય છે.

તે કઈ ગતિમાં બંધાય તે કહે છે –

• નિર્યુક્તિ-૧૮૪ :-

*નિયમા મનુષ્ય ગતિમાં સ્ત્રી, પુરુષ કે નપુંસક શુભલેશ્યાવાળો વીસ સ્થાનક પદમાંથી એક, બે, ત્રણ કે વીશે પદ સેવીને બાંધે.*

• વિવેચન-૧૮૪ :-

નિયમથી મનુષ્યગતિમાં બંધાય છે. તેને કોણ બાંધે ? સ્ત્રી, પુરુષ કે નપુંસક બધાં બાંધે ? ના, શુભલેશ્યાવાળો અનેક પ્રકારે સેવીને બાંધે છે - x - વીશમાંના કોઈપણ સ્થાન વડે બાંધે છે. - - - શેષ કથાનક કહે છે –

બાહુ વડે વૈયાવચ્ચ કરણથી ચક્રવર્તીના ભોગ નિર્વતિત થયા. સુબાહુ વડે વીશ્રામણાથી બાહુબલ નિર્વર્તિત થયું પાછળના બે-પીઠ અને મહાપીઠ વડે માયાથી સ્ત્રીનામ ગોત્ર કર્મ અર્જિત થયું.

પછી તેઓ યથાયુને પાળીને પાંચે કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩-સાગરોપમ સ્થિતિક દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં પણ યથા આયુ પાળીને પહેલો વજનાભ ચ્યવીને આ અવસર્પિણીમાં સુષમ સુષમા આરો વ્યતિક્રાંત થયો, સુષમા આરો પણ ગયો, સુષમદુષમા આરો ઘણો ગયો. ૮૪ લાખ પૂર્વમાં ૮૯ પક્ષ બાકી રહેતા, અષાઢ વદ ચોથે [જેઠ વદ-૪] ઉત્તરાષાઢા યોગ યુક્ત ચંદ્ર થયો ત્યારે ઈક્ષ્વાકુ ભૂમિમાં નાભિ કુલકરની મરુદેવા પત્નીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયા.

માતા ઋષભ, હાથી આદિ ચૌદ સ્વપ્નો જોઈને જાગી. સ્વપ્નો નાભિ કુલકરને કહ્યા. તેણે કહ્યું – તારો પુત્ર મહાન્ કુલકર થશે.

ત્યારે શક્રનું આસન ચલિત થયું, જલ્દી અહીં આવ્યો, બોલ્યો હે દેવાનુપ્રિય ! તમારા પુત્ર સકલ ભુવનના મંગલ આલયરૂપ પહેલો રાજા, પહેલો ધર્મ ચક્રવર્તી થશે. તો કોઈ કહે છે કે – બત્રીશે ઈન્દ્રોએ આવીને આવું કહ્યું. પછી મરુદેવા હૃષ્ટ-તુષ્ટ થઈ ગર્ભને વહન કરે છે.

આ જ અર્થનો ઉપસંહાર કરતાં કહે છે –

• નિર્યુક્તિ-૧૮૫+વિવેચન :-

બધાંનો ઉપપાત સર્વાર્થસિદ્ધ થયો. પછી આયુનો ક્ષય થતાં પહેલાં ઋષભદેવ



ચ્યવ્યા. આષાઢ નક્ષત્રમાં, કૃષ્ણ ચતુર્થીએ આવ્યા.

અહીં વક્તવ્યતા કહી, હવે આ દ્વાર ગાથાને નિર્યુક્તિમાં કહે છે –

• નિર્યુક્તિ-૧૮૬ :-

*અરિહંતનો જન્મ, નામકરણ, વૃદ્ધિ, જાતિસ્મરણ, વિવાહ, સંતાનો, અભિષેક, રાજ્યસંગ્રહ [આદિ દ્વારો કહેવા.]*

• વિવેચન-૧૮૬ :-

જન્મ વિષયક વિધિનું કથન. ‘‘ચૈત્રવદ-૮’’ આદિ કહેશે. નામ વિષયક વિધિનું કથન, ‘‘દેશોન’’ આદિ કહેશે, ભગવંતની વૃદ્ધિ - ‘‘હવે તે ભગવંત મોટા થાય છે’’ વગેરે. જાતિસ્મરણમાં વિધિનું કથન – ‘‘જાતિસર’’ આદિ કહેશે. વિવાહ વિધિ કથન, ‘‘ભોગ સમર્થ’’ આદિ કહેશે. અપત્યમાં ક્રમ કહે છે. રાજ્યસંગ્રહ વિષય કહેવો – ‘‘અશ્વ, હસ્તિ, ગાય ઈત્યાદિ.

આ સમુદાયાર્થ કહ્યો. અવયવાર્થ પ્રતિદ્વારે અવસર મુજબ કહેશે. તેમાં પહેલું દ્વાર - અવયવાર્થે જણાવે છે –

• નિર્યુક્તિ-૧૮૭ :-

*ચૈત્રવદ આઠમ [ગુજરાતી ફાગણવદ-૮] ના દિવસે આષાઢા નક્ષત્રમાં ઋષભદેવનો જન્મ મહોત્સવ બધો જાણવો - ઘોષણા સુધી કહેવો.*

• વિવેચન-૧૮૭ :- *[ચૂર્ણિકારે દિક્કુમારી વર્ણન વધુ વિસ્તૃત કરેલ છે.]*

તે મરુદેવા માતા નવ માસ બહુ પ્રતિપૂર્ણ થયા, સાડા સાત અહોરાત્ર પુરા વ્યતિક્રાંત થયા પછી મધ્યરાત્રિ કાળ સમયમાં ચૈત્રવદ-૮ ઉત્તરાષાઢા નક્ષત્રમાં આરોગ્યવાળી માતાએ આરોગ્યવાળા પુત્રને જન્મ આપ્યો. તીર્થંકરનો જન્મ થયો ત્યારે સર્વલોકમાં ઉદ્યોત્ થયો.

તીર્થંકરની માતા પ્રચ્છન્ન ગર્ભવાળી હોય છે. જર, લોહી, કલમલ યુક્ત હોય છે. પછી ત્રિલોકના નાથનો જન્મ થતાં અધોલોકમાં વસનારી આઠ દિક્કુમારીઓ – ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા. એ આઠ દિશાકુમારીના આસનો ચલિત થયા. ત્યારે ભગવન્ ઋષભસ્વામીનો જન્મ થયા તેમ અવધિજ્ઞાન વડે જોઈને દિવ્ય યાનવિમાન વડે જલ્દી આવીને તીર્થંકર અને તીર્થંકરની મતાતા મરુદેવીને વંદન કરીને બોલે છે – *[ચૂર્ણિને ખાસ જોવી, વર્ણન વધુ છે.]*

હે જગત્ પ્રદીપદાયિકા ! તમને અમારા નમસ્કાર થાઓ. હે દેવાનુપ્રિયા ! અમે અધોલોકમાં વસનારી આઠ દિશાકુમારીઓ તીર્થંકર ભગવંતનો જન્મમહિમા કરીએ છીએ. તો તમે ભયભીત ન થશો.

ત્યારપછી તે પ્રદેશમાં અનેક સ્તંભ ઉપર રહેલા એવા જન્મ ભવનને વિકુર્વીને સંવર્તક વાયુ વિકુર્વે છે, પછી તે ભગવંતના જન્મ ભવનથી ચોતરફ એક યોજનમાં તૃણ, કાષ્ઠ, કાંટા, કાંકરા, પત્થરને લઈ-લઈને એકાંતમાં ફેંકે છે. પછી જલ્દીથી જ વાયુને ઉપશાંત કરી દે છે.

પછી તીર્થંકર ભગવંતને, માતાસહિત પ્રણામ કરીને અતિ દૂર નહીં તે રીતે રહીને ગીતગાન કરતી ઉભી રહે છે.

ત્યારપછી ઉર્ધ્વલોકમાં વસનારી આઠ દિશાકુમારીઓ — મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિસેના અને બલાહકા, આ બધી પણ પૂર્વોક્ત વિધિથી આવીને મેગવાદળને વિકુર્વીને ભગવંતના જન્મભવનની ચોતરફ એક યોજનમાં અતિ જળન થાય, અતિ માટી ન થાય તે રીતે છૂટો છૂટો સ્પર્શીત રજ-રેણુ વિનાશક, સુગંધી જળની વર્ષા વરસાવીને પુષ્પના વાદળ વિકુર્વે છે. વિકુર્વીને જળજ, સ્થલજ દીપતા એવા ઘણાં વૃંતસ્થાયી પંચવર્ણી પુષ્પોને જાનુ પ્રમાણ ઉંચા રહે તેવી પુષ્પ વર્ષા કરે છે. પૂર્વવત્ ગીતગાન કરતી રહે છે.

ત્યારપછી પશ્ચિમ રુચકમાં વસનારી આઠ દિશાકુમારીઓ — નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયા, અપરાજિતા તે પ્રમાણે જ આવીને યાવત્ તમે ભયભીત ન થશો, તેમ કહીને તીર્થંકર ભગવંતને માતા સહિત પૂર્વમાં હાથમાં દર્પણ લઈ ગીતગાતી રહે છે.

એ પ્રમાણે દક્ષિણરુચકવાસિની આઠ — સમાહારા, સુપ્રદત્તા, યશોધરા, લક્ષ્મીમતી, ભોગવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા એ આઠે પૂર્વવત્ આવીને યાવત્ ભુવનને આનંદ આપનારને જનનિસહિત દક્ષિણમાં હાથમાં ભૃંગાર લઈને ગીતગાન કરતી રહે છે.

એ પ્રમાણે પશ્ચિમ રુચકવાસિની પણ આઠ — ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, સીતા અને ભદ્રા. આ બધી પણ તીર્થંકરને માતા સહિત પશ્ચિમેથી હાથમાં વીંઝણો લઈ ગીતગાતી રહે છે.

એ પ્રમાણે ઉત્તર રુચકવાસિની પણ આઠ - અલંબુસા, મિશ્રકેશી, પુંડરિકિણી, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી, તે પ્રમાણે જ આવીને તીર્થંકરને માતાસહિત ઉત્તરમાં બહુ દૂર નહીં, તેમ હાથમાં ચામર લઈ ગીતગાતી રહે છે.

પછી વિદિશા રુચકમાં વસનારી ચાર વિધુત્કુમારી સ્વામિની-ચિત્ર, ચિત્રકનકા, સત્તેરા, સૌદામિની. તે પ્રમાણે જ આવીને ત્રિલોકબંધુ પ્રભુને માતા સહિત ચારે દિશામાં હાથમાં દ્વિપીકા લઈને બહુ દૂર નહીં તેવા સ્થાને ગીતગાન કરતી ઉભી રહે છે.

ત્યારપછી મધ્યમરુચકવાસી ચાર દિક્કુમારી પ્રધાનો — રુચકા, રુચકાંશા, સુરૂપા, રુચકાવતી. તે પ્રમાણે જ આવીને યાવત્ ઉપરોધ રહિત જઈને ભવ્યજનકુમુદષંડ મંડન ભગવંતની ચાર આંગળ વર્જીને નાભિનાળને છેદે છે, ખાડો ખોદે છે, નાભિનાલને ખાડામાં દાટે છે, રત્ન અને વજ્રથી ખાડો પૂરે છે, હરિતાલિકા - દુર્વા વડે પીઠને બાંધે છે.

તીર્થંકર ભગવંતના જન્મ ભવનથી પૂર્વ-દક્ષિણ-ઉત્તરમાં ત્રણ કદલીગૃહો વિકુર્વે છે, તેના બહુ મધ્યદેશ ભાગમાં ત્રણ ચંદ્રશાળા વિકુર્વે છે, તેના બહુમધ્ય ભાગમાં ત્રણ સિંહાસન વિકુર્વે છે. તીર્થંકર ભગવંતને હથેળીમાં ગ્રહણ કરીને અને માતાની



બાહા પકડીને દક્ષિણના કદલીગૃહની ચંદ્રશાળાના સિંહાસને બેસાડીને શતપાક, સહસ્રપાક તેલ વડે અભ્યંગન કરે છે, સુગંધી ગંધવર્તક વડે ઉદ્વર્તન કરે છે. પછી તીર્થંકર ભગવંતને કર કમલ યુગલનો રોધ કરીને અને માતાને સારી રીતે બાહા વડે ગ્રહણ કરીને પૂર્વના કદલીગૃહની ચંદ્રશાળાના સિંહાસને બેસાડે છે.

ત્યાં સ્નાન વિધિ કરે છે. ગંધ કાષાયિક વસ્ત્રથી અંગ લુંછે છે સરસ ગોશીર્ષચંદન વડે લેપન કરે છે. દિવ્ય દેવદૂષ્યયુગલ પહેરાવે છે. સર્વ અલંકારથી વિભૂષિત કરે છે. પછી ઉત્તરના કદલીગૃહની ચંદ્રશાળામાં સીંહાસને બેસાડે છે.

પછી આભિયોગિક વડે લઘુ હિમવંત પર્વતથી સરસ ગોશીર્ષચંદન કાષ્ઠ મંગાવે છે, અરણી વડે અગ્નિ ઉત્પન્ન કરે છે. તેનાથી ગોશીર્ષચંદન કાષ્ઠનો અગ્નિ ઉજ્વાલિત કરે છે, અગ્નિહોમ કરે છે, ભૂતિકર્મ કરે છે, રક્ષાપોટલી કરે છે, તીર્થંકર ભગવંતના કર્ણમૂલ પાસે બે પાષાણવર્તકને બે હાથના સંપુટમાં અને તીર્થંકરમાતાને બાહુ વડે ગ્રહણ કરીને જ્યાં ભગવંતનું જન્મ ભવન છે, જ્યાં શય્યા છે, ત્યાં લાવે છે, તીર્થંકરની માતાને ત્યાં શય્યામાં બેસાડે છે, ભગવંતને તેની પાસે સ્થાપન કરે છે. ત્યારપછી તીર્થંકરને માતા સહિત જ્યાં છે, ત્યાંથી બહુ દૂર નહીં તેમ ગીતગાન કરતી રહે છે.

આ જ વાતનો ઉપસંહાર કરતાં કહે છે —

● **નિર્યુક્તિ-૧૮૮ :-**

***સંવર્તક વાયુ, મેઘવૃષ્ટિ, અરિસો, ભૃંગાર, વીંઝણો, ચામર, દીપક, રક્ષા એ પ્રમાણે છપ્પન દિક્કુમારી કરે છે.***

● **વિવેચન-૧૮૮ :-**

અર્થ કહેવાઈ ગયો. દ્વાર યોજના માત્ર બતાવે છે — ઉક્ત પ્રયોજન માટે સંવર્તક મેઘને વિકુર્વે છે. અરીસા લઈને ઉભે છે, તે રીતે ભૃંગાર, વીંઝણો, ચામર, દીપક પણ જાણવા અને રક્ષા દિક્કુમારીઓ કરે છે.

ત્યારપછી દેવેન્દ્ર શક્રનું વિવિધ મણિના હજારો કિરણોથી રંજિત સીંહાસન ચલિત થાય છે. તીર્થંકર ભગવંતને અવધિજ્ઞાનથી જુએ છે જલ્દી પાલક વિમાન વડે આવે છે. *[અહીં ચૂર્ણિમાં આ વર્ણન ઘણું જ સુંદર અને ઘણાં જ વિસ્તારથી કરેલ છે, ખરેખર ! વાચવા લાયક છે.]*

તીર્થંકર ભગવંત અને માતાને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, વંદન-નમસ્કાર કરે છે, વંદી-નમીને આ પ્રમાણે કહે છે — હે રત્નકુક્ષિધારિકા ! તમને નમસ્કાર થાઓ. હું દેવેન્દ્ર શક્ર આદિ તીર્થંકર ભગવંતનો જન્મ મહિમા કરીશ. તમારા વડે ઉપરોધ ન થાઓ. એમ કહીને અવસ્વાપિની નિદ્રા આપે છે. તીર્થંકરનું પ્રતિરૂપક વિકુર્વે છે. તીર્થંકરની માતા પાસે રાખે છે. તીર્થંકર ભગવંતને બે હાથના સંપુટમાં ગ્રહણ કરે છે.

ત્યારપછી પોતાના પાંચ રૂપને વિકુર્વે છે — એક ઈન્દ્ર જિનેન્દ્રને ગ્રહણ કરે છે. બે ઈન્દ્રો બંને તરફ ચામર વીંઝે છે, એક ઉજ્જ્વળ આતપત્રને ગ્રહણ કરે છે

અને એક વજને ધારણ કરે છે. ત્યારપછી શક્ર ચતુર્વિધ દેવ નિકાય સહિત જલ્દી-ત્વરિતપણે જ્યાં મેરુ પર્વત છે, પંડકવનની મેરુ ચુલિકા છે ત્યાં દક્ષિણમાં અતિ પાંડુકંબલશિલા ઉપર અભિષેક સીંહાસન પાસે આવે છે. આવીને સીંહાસનની પૂર્વાભિમુખ બેસે છે.

એ પ્રમાણે બત્રીશે પણ ઈન્દ્રો ભગવંતના પાય સમીપે આવે છે, *[વૃત્તિકારશ્રીએ આ વર્ણન ઘણું ટુંકાવેલ છે, ચૂર્ણિમાં ઘણાં જ વિસ્તારથી અને સુંદર રીતે શક્રનું, શક્ર વિમાનનું, શક્ર દ્વારા બોલાવાતા દેવ-દેવીનું, કેવી રીતે આવે છે ? તે, ઈત્યાદિ વર્ણન છે ઈશાનેન્દ્ર આદિનું વર્ણન પણ વિસ્તારથી છે.]*

પહેલાં અચ્યુતેન્દ્ર અભિષેક કરે છે, પછી અનુક્રમથી યાવત્ શક્ર સુધીના ઈન્દ્રો અભિષેક કરે છે.

ત્યારપછી ચમર આદિ યાવત્ ચંદ્ર અને સૂર્ય કરે છે.

ત્યારપછી ભગવંતના જન્માભિષેક મહોત્સવથી નિવૃત્ત થઈને શક્ર, તેવી સર્વ ઋદ્ધિથી, ચતુર્વિધ દેવનિકાય સહિત તીર્થંકરને ગ્રહણ કરીને પાછો આવે છે, તીર્થંકરના પ્રતિરૂપકને પ્રતિસંહરે છે, તીર્થંકર ભગવંતને માતાની પાસે સ્થાપન કરે છે, અવસ્વાપિની નિદ્રા પ્રતિ સંહરે છે. દિવ્ય ક્ષોમયુગલ અને બે કુંડલો તીર્થંકર ભગવંતના ઓશિકાની સમીપે સ્થાપે છે.

એક શ્રીદામગંડ, તપનીય ઉજ્જ્વલ લંબૂશક, સોનાના પતરાથી મંડિત, વિવિધ મણિરત્ન હાર - અર્ધહારના સમૂહથી ઉપશોભિત, તીર્થંકર ભગવંતની ઉપરના ઉલ્લોચમાં નિક્ષેપે છે. જેથી તીર્થંકર ભગવંત અનિમેષ દૃષ્ટિ વડે જોતાં સુખે સુખે અભિરમમાણ કરતાં રહે છે.

ત્યારપછી શક્રની આજ્ઞાથી વૈશ્રમણ દેવ ૩૨-હિરણ્યકોડી, ૩૨-સુવર્ણ કોડી, ૩૨-નંદાસન, ૩૨-ભદ્રાસન સુભગ-સૌભાગ્ય-રૂપ-યૌવન-ગુણ-લાવણ્ય તીર્થંકર ભગવંતના જન્મભવનમાં સંહરે છે.

ત્યારપછી શક્રના આભિયોગિક દેવો મોટા-મોટા શબ્દોથી ઘોષણા કરે છે - સાંભળો સાંભળો ! ઘણાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓ ! જે તીર્થંકર ભગવંત કે તીર્થંકર માતાનું અશુભ મનમાં વિચારશે, તેના આંબાની મંજરી માફક મસ્તકના સાત ટુકડા થઈ જશે. ઘોષણા કર્યા પછી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરીને નંદીશ્વરદ્વીપે ગયા. ત્યાં અષ્ટાહ્નિકા મહા મહોત્સવ કરીને પોત-પોતાના આલયે પાછા ગયા.

જન્મદ્વાર પુરુ થયું. હવે નામદ્વાર કહે છે — તેમાં ભગવંતનું નામ નિબંધન ચતુર્વિંશતિસ્તવમાં કહેવાશે.

અહીં વંશ નામ નિબંધન કહેવા માટે જણાવે છે —

**• નિર્યુક્તિ-૧૮૯ :-**

***એક વર્ષમાં કંઈક ન્યૂન સમયે વંશ સ્થાપન કરવા માટે ઈન્દ્રનું આગમન થાય છે, આહાર માટે દેવો આંગળીમાં અમૃત સ્થાપે છે.***



**• વિવેચન-૧૮૯ :-**

ભગવંત કંઈક ન્યૂન એક વર્ષના થયા, તેટલામાં ફરી શક્રનું આગમન થયું. તેણે ભગવંતની વંશ સ્થાપના કરી. આ ઋષભનાથ છે. તેમને ગૃહાવાસમાં અસંસ્કૃત આહાર હોય. પરંતુ બધાં તીર્થંકરો બાલભાવમાં વર્તતા સ્તનનો ઉપયોગ કરતાં નથી, પરંતુ આહારની ઈચ્છા થાય ત્યારે પોતાની જ આંગળી મોઢામાં મુકે છે. તે આહાર આંગળીમાં અમૃતરસ સમાન દેવોએ સ્થાપેલો અને મનોનુકૂલ હોય છે.

એ પ્રમાણે બાલ્યભાવ અતિક્રાંત થતાં અગ્નિથી પાકેલને ગ્રહણ કરે છે, ઋષભનાથે પણ પ્રવ્રજ્યા સ્વીકારી ન હતી ત્યાં સુધી દેવતાએ લાવેલ આહારનો જ ઉપભોગ કર્યો હતો. આટલું આનુષાંગિક કહ્યું. હવે પ્રસ્તુત સૂત્ર - ઈન્દ્રએ વંશની સ્થાપના કરી, તે જણાવે છે —

તે કઈ રીતે કરી ? સ્વાભાવિક કે પ્રવૃત્તિ નિમિત્ત પૂર્વિકા ? પ્રવૃત્તિ નિમિત્ત પૂર્વિકા હતી, ઈચ્છાનુસારી નહીં. કઈ રીતે ?

**• નિર્યુક્તિ-૧૯૦ :-**

***ઈક્ષુ [શેરડી] ખાવાની પ્રભુની ઈચ્છા જાણીને પ્રભુના વંશનું નામ ઈન્દ્રે ઈક્ષ્વાકુવંશ સ્થાપ્યું. જે વયમાં જે યોગ્ય હોય તે ઈન્દ્ર કરે છે.***

**• વિવેચન-૧૯૦ :-**

અતીત-વર્તમાન-અનાગત દેવેન્દ્ર શક્રોનો એ આચાર છે કે પહેલા તીર્થંકરના વંશની સ્થાપના કરે. પછી ઈન્દ્ર લોકોથી પરીવરીને ત્યાં આવ્યો. ખાલી હાથે કેમ જવું ? તેમ વિચારી મોટું ઈક્ષુ-શેરડી લઈને આવ્યો. આ તરફ નાભિ કુલકર ઋષભસ્વામીને ખોળામાં લઈને બેઠેલા હતા. શક્ર આવતા ભગવંતે શેરડી તરફ દૃષ્ટિ કરી. ત્યારે શક્રે પૂછ્યું — ભગવન્ ! શું આપ ઈક્ષુ [શેરડી] ખાસો ? ત્યારે સ્વામીએ હાથ ફેલાવ્યો અને હર્ષિત થયા. ત્યારે શક્રે આમ વિચાર્યુ —

જે કારણે તીર્થંકરને ઈક્ષુનો અભિલાષ થયો, તે કારણથી તેનો ઈક્ષ્વાકુ વંશ થાઓ. અને - x - ભગવંતનું ગોત્ર કસાય્પ હતું. આ પ્રમાણે શક્રે વંશની સ્થાપના કરી અને ગયો. - x -

અક્ષરગમનિકા — દેવરાજ્ શક્ર ઈક્ષુ લઈને આવ્યો. ભગવંતે હાથ ફેલાવતા ઈન્દ્રે પૂછ્યું — ભગવન્ ! શું ઈક્ષુ [શેરડી] ખાશો ? ભગવંતે ઈક્ષુ ગ્રહણ કરી. તેથી ઈક્ષ્વાકા - ઈક્ષુ ભોજી થયું. તેથી ઋષભના વંશજો ઈક્ષ્વાકા [ઈક્ષ્વાકુ વંશના] કહેવાયા.

એ પ્રમાણે જે વસ્તુ, જે પ્રકારે, જે વયમાં યોગ્ય હોય તેમ શક્રે બધું જ કર્યું. પશ્ચાર્ધમાં પાઠાંતર છે. “તાડના ફળથી હણાયેલ ભગિની પત્ની થશે.” ખરેખર ભગવંત અને નંદા [સુનંદા] ની સમાન વય જમાવવા આ પ્રમાણે પાઠ છે. તેથી ભગવંતના બાલ્યભાવમાં જ એક યુગલિક તાડના ફળથી મૃત્યુ પામતા તેની યુગલિનીને લાવીને કહ્યું — તે ઋષભની પત્ની થશે માટે તેની સંગોપના કરવી. આગળ પણ કહે છે — “નંદા અને સુમંગલા સહિત.”

બીજા કહે છે – આ બધી જ જન્મદ્વાર વક્તવ્યતા છે. દ્વારગાથા પણ એ રીતે કહેવાય છે – જન્મ અને વિવૃદ્ધિ.

હવે વૃદ્ધિદ્વાર કહે છે –

***• નિર્યુક્તિ-૧૯૧,૧૯૨ :-***

***દેવલોકથી ચ્યવેલ અને અનુપમ શોભાવાળા ભગવંત દેવગણથી પરિવરેલા અને નંદા તથા સુમંગલા સહિત વૃદ્ધિ પામે છે.***

***કાળા ભમ્મરવાળવાળા, સુંદર નયનવાળા, બિંબફળ સમાન હોઠવાળા, શ્વેતદંત પંક્તિવાળા, શ્રેષ્ઠ પદ્મકમળ જેવા ગૌરવર્ણવાળા, વિકસિત કમળની સુગંધ જેવા શ્વાસવાળા ભગવંત હતા.***

**• વિવેચન-૧૯૧,૧૯૨ :-**

ગાથાર્થ ઉપર મુજબ છે. વિશેષ આ – અશ્વેત એટલે કૃષ્ણ, મસ્તકમાં થયેલ તે શિરોજા-વાળ, શોભન નયન તે સુનયન, બિલ્વ ફળ સમાન બંને હોઠવાળા. - x - x - હવે જાતિસ્મરણ દ્વાર કહે છે –

**• નિર્યુક્તિ-૧૯૩+વિવેચન :-**

જાતિસ્મરણ અને અપ્રતિપાતિ ત્રણ જ્ઞાનો – મતિ, શ્રુત, અવધિ વડે ભગવંત (યુક્ત હતા) અવધિજ્ઞાન દેવલૌકિક જ ભગવંતને અપ્રચ્યુત હોય છે. તથા કાંતિ અને બુદ્ધિ વડે તે યુગલિક મનુષ્યો કરતાં અધિક હોય છે.

– હવે વિવાહદ્વાર વક્તવ્યતા –

**• નિર્યુક્તિ-૧૯૪ :-**

***યુગલિકોમાં પહેલું અકાળ મૃત્યુ થયું, તાડ ફળ પડવાથી બાળક મરણ પામ્યો. બચેલી કન્યાને ઋષભની પત્નીરૂપે ગ્રહણ કરી.***

**• વિવેચન-૧૯૪ :-**

ભગવંતને કંક ન્યૂન એક વર્ષનું આયુ હતું. ત્યારે કોઈ યુગલે અપત્યને જન્મ આપ્યો. અપત્ય યુગલિકને તાડ વૃક્ષની નીચે રાખીને તે ક્રીડાગૃહમાં ગયા. ત્યારે તાડવૃક્ષને પવન આવતા એક તાડ ફળ નીચે પડ્યું તેનાથી બાળક મૃત્યુ પામ્યો. તો પણ તે યુગલે તે બાલિકાને ઉછેરીને, પાતળા કષાયથી મૃત્યુ પામી દેવલોકે ઉત્પન્ન થયા.

તે કન્યા ઉધાનની દેવી સમાન ઉત્કૃષ્ટ રૂપવાળી એકલી જ વનમાં વિચરતી હતી. તેને ઈન્દ્રાણી જેવી જોઈને મિથુનક પુરુષો વિસ્મયથી વિસ્ફારિત નયને નાભિકુલકરને નિવેદન કર્યું. એકલી તે કન્યાને કુલકરે ગ્રહણ કરી અને ઋષભની પત્ની થશે, તેમ કહ્યું.

ભગવંતે તે બંને કન્યા સાથે વિચરતાં યૌવનને પ્રાપ્ત કર્યુ.

આ અરસામાં દેવરાજ શક્રને ચિંતા થઈ - અતીત, વર્તમાન. અનાગત ઈન્દ્રનો આ આચાર છે કે તે પહેલાં તીર્થંકરનું વિવાહકર્મ કરે એ પ્રમો વિચારીને અનેક દેવ-દેવી સહિત ત્યાં આવ્યો. આવીને ભગવંતનું સ્વયં જ વર કર્મ કર્યુ અને બંને પત્નીનું



દેવીઓએ વહુકર્મ કર્યુ. આનો જ ઉપસંહાર કરતાં કહે છે –

**• નિર્યુક્તિ-૧૯૫+વિવેચન :-**

ભોગ સમર્થ જાણીને દેવેન્દ્રએ તેમનું વરકર્મ કર્યુ. દેવીઓએ બંને મહિલાનું વહુકર્મ કર્યુ. ભાવાર્થ ઉપર કહ્યો છે.

હવે સંતાન દ્વાર જણાવવા કહે છે –

**• નિર્યુક્તિ-૧૯૬ :-**

***જિનેશ્વર દેવને જન્મથી છ લાખ પૂર્વ થયા ત્યારે ભરત અને બ્રાહ્મી તથા સુંદરી અને બાહુબલી (બે યુગલ)નો જન્મ થયો.***

**• વિવેચન-૧૯૬ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ એ કે – અનુત્તર વિમાનથી અવતરીને સુમંગલાની કુક્ષીમાં આવેલ બાહુ અને પીઠને ભરત અને બ્રાહ્મી નામે યુગલને જન્મ આપ્યો, સુબાહુ અને મહાપીઠ સુનંદાની કુક્ષીથી બાહુબલી અને સુંદરી નામે યુગલરૂપે જન્મ્યા. આ જ વાતને મૂળ ભાષ્યકાર જણાવે છે –

**• ભાષ્ય-૪ :-**

***સુમંગલા દેવીએ ભરત અને બ્રાહ્મી યુગલને જન્મ આપ્યો. દેવી સુનંદાએ બાહુબલી અને સુંદરી યુગલને જન્મ આપ્યો.***

**• વિવેચન-૪ :-**

સુગમ હોવાથી વિવરણ કરતાં નથી. - - શું ભગવંતને આટલાં જ સંતાન થયા કે બીજા પણ ? તે કહે છે –

**• નિર્યુક્તિ-૧૯૭ + વિવેચન :-**

૪૯ પુત્ર યુગલને સુમંગલાએ ફરી જન્મ આપ્યા. આની મધ્યે પૂર્વે નિરૂપિત હકારાદિ પ્રભૃતિ દંડનીતિનું પ્રચુર કષાય થકી અતિક્રમણ કરવા લાગ્યા. તેથી નીતિનું અતિક્રમણ થતાં લોકોએ ભગવંતને અત્યધિક જ્ઞાનાદિ ગુણવાળા જાણીને નિવેદન કર્યુ - આદિ તીર્થંકરને આમ કહ્યું. એ પ્રમાણે નિવેદન કરતાં ભગવંતને કહ્યું–

**• નિર્યુક્તિ-૧૯૮ :-**

***“દંડ કરે તે રાજા” એમ કહેતા, તેઓ બોલ્યા કે અમારે પણ તેવો રાજા થાઓ. કુલકર પાસે જઈને માંગલી કરો. ઋષભ તમારો રાજા થાઓ.***

**• વિવેચન-૧૯૮ :-**

મિથુનકોએ નિવેદન કરતાં ભગવંતે કહ્યું – નીતિ અતિક્રમણ કરનારને બધાં નરેશ્વરો - રાજા દંડ કરે છે. તે અમાત્ય, આરક્ષકાદિ બળ યુક્ત, અભિષેક કરાયેલ, આજ્ઞા અતિક્રમણ ન કરેલ હોય છે. એમ ભગવંતે તેમને કહેતા તે યુગલો બોલ્યા – અમારે પણ તેવો રાજા થાઓ. અહીં વર્તમાનકાળ નિર્દેશ બધી અવસર્પિણીમાં સમાનતા બતાવવા માટે છે. અથવા સૂત્રની ત્રિકાળગોચરતા દર્શાવવા માટે છે. - x - ભગવંતે કહ્યું – જો એમ છે, તો કુલકર પાસે રાજાની માંગણી કરો. તેઓએ યાચના કરી. કુલકરે કહ્યું – ઋષભ તમારો રાજા થાઓ.

પછી તે યુગલો રાજ્યાભિષેક કરવા મરાટે જળ લાવવાને પદ્મિની સરોવરે ગયા. તે અવસરે દેવેન્દ્રનું આસન કંપ્યુ. યાવત્ અહીં આવીને અભિષેક કર્યા.

આ જ વાતનો ઉપસંહાર કરતાં કહે છે —

● નિર્યુક્તિ-૧૯૯ :-

***આસન કંપથી ભગવંતના રાજ્યાભિષેક કાળ જાણી ઈન્દ્રે ત્યાં આવીને અભિષેક કર્યો અને રાજા યોગ્ય મુગટાદિ અલંકાર પહેરાવ્યા.***

● વિવેચન-૧૯૯ :-

ઉપયોગપૂર્વક અવધિજ્ઞાન વડે જાણીને શક્ર આવ્યો. ભગવંતનો રાજ્યાભિષેક કર્યો. તથા રાજાને યોગ્ય મુગટ, કટક, કુંડલ, કેયુરાદિ અલંકાર પહેરાવ્યા. અહીં પણ વર્તમાનકાળ નિર્દેશનું પ્રયોજન પૂર્વવત્ જાણવું. - x -

એટલામાં મિથુનક પુરુષો પદ્મસરોવરમાં નલિની પત્રો વડે જળ લાવવા ભગવંતની પાસે આવીને તેમને અલંકૃત્ - વિભૂષિત જોઈને વિસ્મયથી વિસ્ફારિત નયનવાળા થયા. મૂઢ થઈ વ્યાકુળ ચિત્તે કેટલોક કાળ રહીને ભગવંતના બંને ચરણે તે જળ નિક્ષેપ કર્યો. તેની આવી ક્રિયા યુક્તતા જોઈને દેવેન્દ્રએ વિચાર્યુ કે આ પુરુષો ખરેખર વિનીત છે તેથી વૈશ્રમણ યક્ષરાજને આજ્ઞા કરી કે — અહીં ૧૨-યોજન લાંબી, ૯ યોજન પહોળી વિનીતા નગરીની રચના કરો. તેણે આજ્ઞા પામીને દિવ્ય ભવન, પ્રાકાર, માળથી ઉપશોભિત નગરી બનાવી. ઉપસંહારાર્થે કહે છે —

● નિર્યુક્તિ-૨૦૦ :-

***કમળપત્રમાં પાણી લઈ જળને ચરણમાં નાંખતા તે યુગલિકો વિનીત હોવાથી વિનીતા નગરી વસાવી.***

● વિવેચન-૨૦૦ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ આ — છુભંતિ - પ્રક્ષેપ કરે છે. વર્તમાન નિર્દેશ પૂર્વવત્. - x - અભિષેકદ્વાર કહ્યું. હવે સંગ્રહદ્વાર કહે છે —

● નિર્યુક્તિ-૨૦૧+વિવેચન :-

અશ્વ, હાથી, ગાય એ ચતુષ્પદને રાજ્યના સંગ્રહ નિમિત્તે ગ્રહણ કરીને, હવે કહેવાનાર સ્વરૂપના ચાર પ્રકારનો સંગ્રહ કરે છે. વર્તમાનકાળ નિર્દેશનું પ્રયોજન પૂર્વવત્.

● નિર્યુક્ત-૨૦૨+વિવેચન :-

ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય આમના સમુદાયરૂપ સંગ્રહ તે ચાર ભેદે થાય. આ ચારેનું અનુક્રમે સ્વરૂપ કહે છે — આરક્ષણ કરનાર તે આરક્ષક, ઉગ્રદંડ કરનારા હોવાથી ઉગ્ર, ગુરુ સ્થાનીય તે ગુરુ-ભોગા. મિત્ર રૂપ તે રાજન્ય-સમાન વયવાલા. ઉક્ત સિવાયના તે ક્ષત્રિયો. - x -

હવે લોક સ્થિતિનું વૈચિત્ર્ય નિબંધન જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૨૦૩ થી ૨૦૬ :-

***(૧ થી ૧૧) આહાર, શિલ્પ, કર્મ, મમત્વ, વિભૂષણા, લેખ, ગણિત, રૂપ,***



***લક્ષણ, માન અને પોતજ... (૧૨ થી ૨૧) વ્યવહાર, નીતિ, યુદ્ધ, બાણશાસ્ત્ર, ઉપાસના, ચિકિત્સા, અર્થશાસ્ત્ર, બંધ, ઘાત, તાડના... (૨૨ થી ૩૦) યજ્ઞ, ઉત્સવ, સમવાય, મંગલ, કૌતુક, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર... (૩૧ થી ૪૦) ચૂડા ઉપનયન, વિવાહ, દત્તિદાન, મૃતક પૂજા, અગ્નિ સંસ્કાર, સ્તુભ, શબ્દ, ખેલાવવું અને પૂછવું.***

● વિવેચન-૨૦૩ થી ૨૦૬ :-

આ ચારે દ્વાર ગાથા છે. ભાષ્યકાર આ પ્રત્યેક દ્વારની વ્યાખ્યા કરશે. તો પણ કંઈક કહીએ છીએ — (૧) આહાર વિષયક વિધિ, કઈ રીતે કલ્પવૃક્ષનો આહાર સંભવે ? કઈ રીતે પક્વ આહાર થાય ? (૨) શિલ્પવિષયક વિધિ, ક્યારે ક્યાં કઈ રીતે કેટલાં શિલ્પો ઉપજ્યાં ? (૩) કર્મ વિષયક વિધિ - કૃષિ, વાણિજ્યાદિ કર્મ થવા અને અગ્નિમાં ઉત્પન્નાદિ. (૪) મામણા-તેનાથી પરિગ્રહ મમત્વ કહેવું. (૫) વિભૂષા-મંડનની વક્તવ્યતા, તે ભગવંતને પહેલાં દેવેન્દ્રએ કરી, પછી લોકમાં પણ પ્રવૃત્ત થઈ.

(૬) લેખ - લિપીવિધાન, તેની વિધિનું કથન. તે જિનેશ્વરે જમણા હાથે બ્રાહ્મીને બતાવી અને (૭) ગણિત વિધિ, ગણવું તે, તે પ્રભુએ ડાબા હાથે સુંદરીને ઉપદેશી. (૮) રૂપ - કાષ્ઠ કર્માદિ, તે ભગવંતે ભરતને કહ્યું. (૯) લક્ષણ - પુરુષ લક્ષણાદિ, તે ભગવંતે બાહુબલિને કહ્યા. (૧૦) માત - માન, ઉન્માન, અવમાન, ગણિમ, પ્રતિમાન લક્ષણ. (૧૧) પોત - આના વડે માન પોતની વિધિ કહેવી. તેમાં માન બે ભેદે છે — ધાન્યમાન અને રસમાન. તે ધાન્યમાન - બે અસતીની પસતી ઈત્યાદિ કહ્યા. રસમાન-ચોસઠીયા ઈત્યાદિ. ઉન્માન - જે ઉન્માન કરાય તે કર્ષ ઈત્યાદિ. અવમાન - જેથી અવક્તવ્ય થાય તે હાથ કે દંડ વડે, ગણિમ - જે ગણાય ઈત્યાદિ. આ બધું ત્યારે પ્રવૃત્ત થયું. - x - x -

બીજી ગાથા - વ્યવહાર વિષયક વિધિ કહેવી, રાજકુલ કરણ ભાષા પ્રદાનાદિ રૂપ વ્યવહાર, તે ત્યારે પ્રવૃત્ત થયો. કેમકે લોકો પ્રાયઃ સ્વ સ્વ ભાવથી અપગમ પામેલા. નીતિવિધિ કહેવી — હક્કારાદિ લક્ષણ, શામ આદિ ઉપલક્ષમ. યુદ્ધ વિષયક વિધિ, તેમાં બાહુયુદ્ધ આદિ - x - ઈષુશાસ્ત્ર-ધનુર્વેદ વિષયક વિધિ, રાજધર્મ હોવાથી ત્યારે જે પ્રવૃત્ત થઈ - x - x - ઉપાસના-નાપિત કર્મ ત્યારે જ જન્મ્યું કેમકે પૂર્વે પ્રાણીઓને વ્યવસ્થિત નખ અને રોમ હતા. અથવા ગુરુ કે નરેન્દ્રાદિની ઉપાસના. ચિકિત્સા - રોગહરણ રૂપ, તે ત્યારે જ થઈ અર્થશાસ્ત્ર, નિગડ આદિ જન્ય બંધ, દંડાદિ વડે તાડન-ઘાત, મારણ-જીવિતાદિથી છુટા પાડવા. આ બધું ઋષભ દેવના કાળે જ ઉત્પન્ન થયું.

ત્રીજી ગાથા - યજ્ઞ એટલે નાગાદિ પૂજા રૂપ, ઉત્સવ - શક્ર મહોત્સવાદિ, સમવાય - ગોષ્ઠી આદિ મેળો. આ ત્યારે પ્રવૃત્ત થયું. મંગલ-સ્વસ્તિક, સિદ્ધાર્થકાદિ. કૌતુક - રક્ષાદિ મંગલ - x - આ ભગવંતને પહેલાં દેવો વડે કરાયું. વસ્ત્ર-ચીનાંશુકાદિ, ગંધ-કોષ્ઠપુટાદિ, માળા-પુષ્પદામ, અલંકાર - કેશ ભૂષણાદિરૂપ, આ બધું વસ્ત્રાદિ ત્યારે જ થયા.

ચોથી ગાથા — બાળકોનું ચૂડાકર્મ ત્યારે પ્રવૃત્ત થયું. કન્યાનું દાન-પિતા આદિ વડે પરણાવવી, એ ત્યારે જ થયું. ભિક્ષાદાન, મૃતકની પૂજા - મરુદેવા પહેલા સિદ્ધ થયા ત્યારે દેવો વડે કરાઈ. અગ્નિ સંસ્કાર - ભગવંત નિર્વાણ પામ્યા ત્યારે પહેલાં દેવોએ કર્યો, પછી લોકમાં પણ આ પ્રવૃત્તિ થઈ. ભગવંત આદિના અગ્નિ સંસ્કાર સ્થળે સ્તૂપ ત્યારે જ કરાયા, લોકમાં પણ પછી પ્રવૃત્ત થયા. શબ્દ-રુદિત શબ્દો, જ્યારે ભગવંત મોક્ષમાં ગયા ત્યારે ભરતને અસાધારણ દુઃખ થયું જાણીને શક્ર વડે કરાયા. લોકમાં પણ રૂઢ થયા. બાલક્રીડાપન, પૃચ્છા - x - કાનના મૂળ પાસે ઘંટિકા ચલિત થાય. ફરી યક્ષો આવી કાનમાં કહે છે — કોઈ પણ પ્રશ્નની વિવક્ષા કરે છે અથવા નિમિનાદિ પૃચ્છના, સુખશાતા આદિ પૃચ્છા. - x -

હવે પહેલી ગાથાનું પહેલું દ્વાર ભાષ્યમાં કહે છે —

● **ભાષ્ય-૫+વિવેચન :-**

કંદાહાર, મૂલાહાર, પત્રાહાર, પુષ્પ-ફળ ખાનારા પણ હતા. ક્યારે ? જ્યારે ઋષભદેવ કુલકર હતા. ભાવાર્થ સ્પષ્ટ છે. વિશેષ એ કે તે યુગલિકો આવા પ્રકારે થયા. किल શબ્દ પરોક્ષ આપ્ત આગમવાદનો સૂચક છે. - તથા -

● **ભાષ્ય-૬+વિવેચન :-**

ઈક્ષુને ખાનાર હોવાથી ક્ષત્રિયો ઈક્ષ્વાકુ કહેવાય અને શણ વગેરે સત્તર પ્રકારના ધાન્ય-શાલ્યાદિ, અપક્વ-ન્યૂન એમ ભોજન કરતા હતા. તો પણ કાળદોષથી તે પણ જીર્ણવંત ન થતાં, તે ભગવંતને પૂછતા, ભગવંતે કહ્યું — હાથમાં ઘસીને આહાર કરો. આ જ અર્થને પ્રતિપાદિત કરતાં ભાષ્યકાર કહે છે —

● **ભાષ્ય-૭+વિવેચન :-**

થોડો પણ આહાર કરતાં અજીર્ણ થતાં તે યુગલો પહેલા તીર્થંકર પાસે આવ્યા, સર્વ અવસર્પિણી સ્થિતિ દર્શાવવા વર્તમાન નિર્દેશ કર્યો. ભગવંતે બે હાથ વડે ઘસીને કહ્યું કે આ રીતે આહાર કરો.

● **ભાષ્ય-૮નું વિવેચન :-**

તે યુગલિકો ભગવંતના ઉપદેશથી બે હાથો વડે ઘસનારા થયા તેથી पाणिघर्षिण, અહીં એમ કહે છે — તેઓ વનસ્પતિધાન્યને બે હાથો વડે ઘસી, ફોતરા કાઢી ખાતા. એ પ્રમાણે કાળના દોષતી કેટલોક કાળ જતાં તે પણ અજીર્ણ - અપચો થવાં લાગ્યું.

ફરી ભગવંતના ઉપદેશથી જ બે પાનની વચ્ચે મૂકી થોડીવાર રાખી ખાવા લાગ્યા. તેથી તીમિતતંદુલ પ્રવાલપુટ ભોજી કહેવાયા. અહીં તંદુલ શબ્દથી ધાન્ય વનસ્પતિ જ કહેવી. ફરી કેટલોક કાળે જતાં અજીર્ણના દોષથી ભગવંતના ઉપદેશથી હસ્તતલપુટાહારા થયા. હથેળીના સંપુટમાં આહાર રાખી, કેટલાંક કાળ પછી ધાન્યવનસ્પતિ ખાતા.

તે પ્રમાણે કાંખમાં રાખીને જાણવું. ત્યારે તે યુગલિકો આવા પ્રકારના થયા ફરી અભિહિત પ્રકારના સંયોગો વડે આહાર કરનાર થયા. તે આ પ્રમાણે — હાથ વડે ઘસીને, પાંદડાના સંપુટમાં રાખીને, કાંખના પરસેવામાં રાખીને ઈત્યાદિ કહેવું. - x - x - x - x -



આનો જ ઉપસંહાર કરતાં કહે છે —

● **ભાષ્ય-૯+વિવેચન :-**

● ઉક્તાર્થ જ છે. વિશેષ એ કે — ઉક્તાર્થ અક્ષર યોજના આ પ્રમાણે — મંડલ ઘસીને ખાનારા, આના દ્વારા પૂર્વે કહેલ પ્રત્યેક ભંગક જણાવ્યા. ઘસી પ્રવાલપુટમાં રાખીને ખાનારા, આના દ્વારા બીજી યોજના - બે ભાંગા બતાવ્યા. ઘસીને પ્રવાલપુટમાં રાખીને હાથપુટમાં કેટલોક કાળ રાખીને ખાનારા, આના દ્વારા ત્રણ ભાંગા બતાવ્યા તથા કાખમાં રાખીને ખાનારા, એમ કહીને અનંતર કહેલ ત્રણે ભાંગા સહિત ચોથો ભાંગો બતાવ્યો.

● **ભાષ્ય-૧૦+વિવેચન :-**

[પ્રશ્ન] બધું જ ઘસીને ખાવું આદિ તે યુગલિકોએ તીર્થંકરના ઉપદેશતી કર્યું અને તે ભગવંતે જાતિ સ્મરણવાળા હતા. તો પછી તેમણે અગ્નિના ઉત્પાદનો ઉપદેશ કેમ ન આપ્યો ? [ઉત્તર] ત્યારે કાળ એકાંત સ્નિગ્ધ અને રૂક્ષકાળ હતો, તેથી પ્રયત્ન છતાં અગ્નિ ઉત્પન્ન થતો નથી. તે વાત ભગવંત જાણતા હતાં. પરંતુ સ્નિગ્ધ રૂક્ષકાળના અનતિપણામાં - મધ્યમ કાળમાં થાય છે, તેથી આદેશ કર્યો નહીં.

ચોથો ભાંગો બતાવ્યા છતાં કાળના દોષથી આહારનું અજીર્ણ થવા લાગ્યું, એટલામાં અચાનક અગ્નિનું ઉત્થાન તે કાળે થયું. કઈ રીતે ? વૃક્ષના ઘર્ષણથી. તે પ્રવૃદ્ધ જ્વાલા શ્રેણીવત્ ઉત્પન્ન થઈ જમીનમાં રહેલા ઘાસને બાળતો હતો, તે જોઈને અપૂર્વરત્ન પ્રાપ્ત થયું માની બુદ્ધિ વડે ગ્રહણ કરવાં પ્રવૃત્ત થયા. બળી જવાથી ડરીને ઋષભદેવને કથન કર્યું. - x -

ભગવંતે કહ્યું આજુબાજુનું ઘાસ છેદી નાંખો. - x - અગ્નિ શાંત થયો, પછી ભગવંતે કહ્યું કે અગ્નિને ગ્રહણ કરી પાકને કરો. તેઓએ ધાન્યને અગ્નિમાં નાંખતા તે ધાન્ય વનસ્પતિ બધી બળી ગઈ.

પછી શું થયું તે ભાષ્યકાર સ્વયં બતાવે છે —

● **ભાષ્ય-૧૧+વિવેચન :-**

પ્રભુ રયવાડીએ નીકળ્યા ત્યારે યુગલિકોએ નિવેદન કર્યુ કે આ અગ્નિ બધું ખાઈ જાય છે. ત્યારે તે ભગવંતે હાથીના સ્કંધ ઉપર બેઠાં બેઠાં જ કહ્યું કે તે રીતે અગ્નિમાં બધું નંખાય નહીં. પરંતુ માટીનો પિંડ લઈ આવો. તેઓ માટીનો પિંડ લાવ્યા. ભગવંતે હાથીના કુંભ સ્થળે પિંડ રાખીને કુંભનો આકાર બનાવ્યો અને કહ્યું કે — આવા પરિપક્વ પાત્ર બનાવી, તેમાં અન્ન પકાવીને ખાઓ. તેઓએ તેમ કર્યું. એ રીતે ત્યાં પહેલું કુંભકારશિલ્પ ઉત્પન્ન થયું અને પકાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ. આ જ વાતનો ઉપસંહાર કરતાં શિલ્પદ્વારની વ્યાખ્યા કરે છે —

● **નિર્યુક્તિ-૨૦૭+વિવેચન :-**

પાંચ જ મૂળ શિલ્પ થયા, તે આ — ઘટ, લોહ, ચિત્ર, વસ્ત્ર અને વાણંદનું. તેમાં ઘટ-કુંભકારનું શિલ્પ, લોહ-લુહારનું શિલ્પ, ચિત્ર-ચિત્રકાર શિલ્પ, णंत - આ

દેશી શબ્દ છે તેનાથી વસ્ત્ર શિલ્પ લેવું. કાશ્યપ-વાણંદનું શિલ્પ લેવું. આ એક એક શિલ્પના ૨૦-૨૦ ભેદો થાય છે. *[અહીં પૂ. મલયગિરિજી કૃત્ ટીકામાં સુંદર સ્પષ્ટીકરણો છે, કે પાંચે શિલ્પની ઉત્પત્તિ શા માટે થઈ ?]*

હવે બાકીના દ્વારોના પ્રતિપાદન માટે ભાષ્યકાર કહે છે –

**● ભાષ્ય-૧૨ થી ૩૦ :-**

***[૧૨] કૃષિ વાણિજ્યાદિ કર્મ કહેવાય, પરિગ્રહમાં મમતા તે મામણા કહેવાય, પૂર્વે દેવોએ ભગવંતની જે વિભૂષા કરી તે મંડના કહેવાય. [૧૩] બ્રાહ્મીને જમણા હાથે ભગવંતે લિપીવિધાન શિખવ્યું અને ડાબા હાથે સુંદરીને ગણિત બતાવ્યું. [૧૪] ભરતને રૂપકર્મ, બાહુબલીને મનુષ્યોના લક્ષણાદિ કહ્યા. માન, ઉન્માન, અવમાન, પ્રમાણ, ગણિમાદિ પાંચ પ્રકારે માન છે. [૧૫] મણિ આદિને દોરામાં પરોવવા, સમુદ્રમાં વહાણો વહાવવા, વ્યવહાર લખવો, કાર્ય જાણવા માટે લેખાદિ મોકલવા તે વ્યવહાર જાણવો.***

***[૧૬] હકાર આદિ સાત પ્રકારની નીતિ છે અથવા શામ આદિ ભેદો છે. બાહુ આદિ યુદ્ધો અને લાવકાદિ પંખીના યુદ્ધો છે. [૧૭] બાણશાસ્ત્ર, ધનુર્વેદ, દાઢી-વાળ-નખ આદિનું છેદન તે ઉપાસના અથવા ગુરુ અને રાજાદિની પર્યુપાસના તે ઉપાસના છે. [૧૮] રોગ દૂર કરવા ચિકિત્સા, અર્થ - ધન ક્યાંથી આવે તેવી માહિતીવાળા શાસ્ત્ર, નીતિશાસ્ત્ર, કેદીના નિયમ અને બંધ, અપરાધીને બેડીમાં નાંખવા, દંડાદિ વડે ઘાત કરવો. [૧૯] મારવા વડે જીવવધ, યજ્ઞો, નાગાદિની પૂજા, ઈન્દ્રાદિ મહોત્સવો પ્રાયઃનિયત હોય છે. - x -***

***[૨૦] સંઘ-સમાજ ભેગો થયો, મિત્ર-સગાસંબંધીનું મળવું, ગામના મુખીનું મિલન, કોઈ ઉદ્દેશથી એકઠાં થવું, પીળા સરસવાદિ માંગલિક વસ્તુની પ્રવૃત્તિ થઈ. [૨૧] સહુથી પહેલાં કૌતુક-રક્ષાદિ, વસ્ત્ર, ગંધમાલા આદિ માલ્ય, અલંકાર, કેશભૂષા વગેરે દેવોએ ભગવંતની કરી. [૨૨] તે જોઈઓ લોકો અલંકાર વિધિમાં પ્રવૃત્ત થયા, ચૂડાકર્મ વિધિ, બાબરી-ચોટીમાં પ્રવૃત્ત થયા. [૨૩] બાળકોને ગુરુ પાસે ભણવા મોકલવા, પછી સાધુ પાસે ધર્મ ગ્રહણ કરી શ્રાવક થવું, કેટલાંક દીક્ષાને પણ ગ્રહણ કરે છે.***

***[૨૪] જિનેશ્વરનો વિવાહ જોઈને લોકોમાં પણ વિવાહનો આરંભ થયો. પિતાદિએ આપેલ કન્યા પરણવાની પ્રવૃત્તિ થઈ. [૨૫] ઋષભદેવને દાન આપતાં જોઈને દાનની પ્રવૃત્તિ થઈ અથવા જિનને ભિક્ષા લેતા જોઈને ભિક્ષા લેવાની પ્રવૃત્તિ થઈ. [૨૬] મરુદેવા માતા પ્રથમ સિદ્ધ થયા. તેનું મૃતક દેવોએ પહેલાં પૂજ્યું અને અગ્નિ સંસ્કાર કર્યો ત્યાંથી તે પ્રવૃત્તિ શરૂ થઈ.***

***જિનેશ્વરના દેહાદિનો અગ્નિસંસ્કાર કર્યો, ચિતાના સ્થાને સ્તૂપો કર્યા, રૂદનનો શબ્દ દેવોએ કર્યો, લોકમાં પણ તેવી પ્રવૃત્તિ થઈ. [૨૮] હર્ષથી હસવું, બાલક્રીડા, ચીત્કાર, ઘુંઘરીનો અવાજ, કાર્યની પૃચ્છા આદિ અથવા [૨૯] નિમિત્તાદિ પૂછવા, સ્વપ્નાદિ પૂછવા, સુખશાતાદિ પૂછવા, એ બધું ઋષભદેવના કાળમાં***





***પ્રાયઃ ઉત્પન્ન થયેલું. [૩૦] કંઈક ભરતના કાળમાં અને કંઈક કુલકરના કાળમાં પણ ઉત્પન્ન થયું. પ્રભુના દર્શાવવાથી સર્વે કળા-શિલ્પ અને કર્મો ઉત્પન્ન થયા.***

**● વિવેચન-૧૨ થી ૩૦ :-**

આ બધું સ્પષ્ટ હોવાથી વિશેષ વ્યાખ્યા કરતી નથી. *[નિર્યુક્તિ દીપિકામાં કોઈ-કોઈ ભાષ્યની વ્યાખ્યા મળે છે, પણ તે પ્રાયઃ અહીં કહેવાઈ ગઈ છે.]*

**● નિર્યુક્તિ-૨૦૮+વિવેચન :-**

ઋષભદેવના ચરિત્ર અધિકારમાં અજિતાદિ બધાં જિનેશ્વરોનું સામાન્યથી સંબોધનાદિ આદિ શબ્દથી પરિત્યાગાદિ પણ લેવા, તે કહીને એકલા ઋષભદેવનું વક્તવ્ય કહીશ.

**● નિર્યુક્તિ-૨૦૯ થી ૨૧૧ :-**

***અરિહંતોનું સંબોધન, ત્યાગ, પ્રત્યેક, ઉપધિ, અન્યલિંગ, કુલિંગ, ગ્રામ્યાચાર, પરીષહ... જીવાદિનું જ્ઞાન, શ્રુતનું જ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, છદ્મસ્થ, તપોકર્મ, જ્ઞાનોત્પાદ, સંગ્રહ... તીર્થ, ગણ, ગણધર, ધર્મોપાય, ઉપદેશક, પર્યાય, અંતક્રિયામાં કોનો કેટલો તપ થયો ? આ ૨૧-દ્વારો કહ્યા.***

**● વિવેચન-૨૦૯ થી ૨૧૧ :-**

(૧) બધાં જ તીર્થંકરો સ્વયંબુદ્ધ હોય છે, તો પણ પોતાનો આચાર સમજીને લોકાંતિક દેવો બધાં તીર્થંકરોને સંબોધન કરે છે. (૨) પરિત્યાગ-ત્યાગ વિષયક વિધિ કહેવી. ભગવંત ચારિત્ર સ્વીકાર પૂર્વે શેનો ત્યાગ કરે છે ? (૩) પ્રત્યેક - કેટલા પરિવાર સહિત દીક્ષા લેવા નીકળ્યા ? (૪) ઉપધિવિષયક વિધિ કહેવી. કોના વડે શિષ્યોને કઈ ઉપધિની અનુજ્ઞા અપાઈ ? કઈ ઉપધિ સેવી ? (૫) અન્યલિંગ - સાધુલિંગ સિવાયનું અને કુલિંગ-તાપસ આદિ લિંગ, તેમાં તીર્થંકરો અન્યલિંગે પણ ન નીકળે કે કુલિંગે પણ ન નીકળે પણ તીર્થંકર લિંગે જ નીકળે છે.

(૬) ગ્રામ્યાચાર - ઈન્દ્રિય વિષયો, (૭) પરીષહ - ભુખ, તરસ આદિ, આ બંનેની વિધિ કહેવી. કુમારાવસ્થામાં દીક્ષિતે વિષયો ન ભોગવ્યા, બાકીનાએ ભોગવ્યા. પરીષહો બધાંએ જીત્યા. આ પહેલી ગાથા.

હવે બીજી ગાથા – (૮) જીવોપલંભ એટલે બધાં તીર્થંકરોએ નવે જીવ - આદિ પદાર્થો કહ્યા. (૯) શ્રુતલાભ - પૂર્વભવમાં પહેલાં તીર્થંકરે બારે અંગો અને બાકીના ૧૧-અંગો ભણ્યા. (૧૦) પ્રત્યાખ્યાન - પહેલાં છેલ્લાને પાંચ મહાવ્રત રૂપ અને મધ્યમનાને ચાર મહાવ્રત રૂપ હતા. કેમકે મૈથુન પરિગ્રહમાં આવે. (૧૧) સંયમ પણ પહેલાં-છેલ્લાને સામાયિક અને છેદોપસ્થાપના રૂપ બે ભેદે. વચ્ચેના બધાંને સામાયિક રૂપે અથવા બધાંને ૧૭ પ્રકારનો.

(૧૨) છદ્મસ્થ - છાદન કરે તે છદ્મ - કર્મ, તેમાં રહેલાં તે છદ્મસ્થ. કોણ કેટલો કાળ છદ્મસ્થ રહ્યું ? (૧૩) તપોકર્મ - કોને કેટલો તપ હતો તેનું કથન. (૧૪) જ્ઞાનોત્પાદ, કોને કયા દિવસમાં કેવળજ્ઞાન થયું ? (૧૫) સંગ્રહ-શિષ્યાદિ સંબંધી. આ બીજી દ્વાર ગાથા કહી.

હવે ત્રીજી દ્વાર ગાથા — (૧૬) તીર્થ-પૂર્વે કહેલ છે, તે ચાતુર્વર્ણ શ્રમણસંઘ, તેમાં ઋષભાદિને પહેલાં સમોસરણમાં જ ઉત્પન્ન થયો. વીર ભગવંતને બીજામાં થયો. (૧૭) ગણ - એક વાચના ચાર ક્રિયા સ્થાનોનો સમુદાય, પણ કુળ સમુદાય નહીં. તે ઋષભાદિને કોને કેટલો હતો ? (૧૮) ગણધરસૂત્રના કર્તા, કોને કેટલા થયા ? (૧૯) ધર્મોપાયના દેશક, તેમાં દુર્ગતિમાં પડતાં જીવોને ધારી રાખે તે ધર્મ, તેનો ઉપાય - દ્વાદશાંગપ્રવચન અથવા પૂર્વો. તે બધાં જ તીર્થંકરો અને ગણધરો હોય અથવા બીજા પણ જેને જેટલાં ચૌદપૂર્વવિદ્ હોય તે. (૨૦) પર્યાય - કોનો કેટલો દિક્ષાદિ પર્યાય છે ? (૨૧) અંતક્રિયા - તે નિર્વાણ લક્ષણ છે. તે કોને કયા તપથી થઈ ? અથવા કોને કટેલાં પરિવારથી થઈ ? એ ત્રીજી ગાથા વક્તવ્યતા કહી.

હવે પહેલી દ્વાર ગાથાનો અવયવાર્થ કહે છે —

**• નિર્યુક્તિ-૨૧૨+વિવેચન :-**

બધાં જ તીર્થંકરો સ્વયંબુદ્ધ હોય છે, કેમકે ગર્ભસ્થાનમાં પણ ત્રણ જ્ઞાન વડે યુક્ત હોય છે. લોકાંતિક - સારસ્વતાદિ, તેઓ બોધ કરવાનો પોતાનો આચાર જાણીને આવે તથા સ્થિતિ આ છે કે તેઓ સ્વયંબુદ્ધ હોવા છતાં ભગવંતને બોધ આપે છે. બધાં ભગવંતનો ત્યાગ અને સાંવત્સારિક મહાદાન હવે કહેવાનાર લક્ષણ પ્રમાણે છે.

**• નિર્યુક્તિ-૨૧૩+વિવેચન :-**

રાજ્યાદિનો પરિત્યાગ પણ પરિત્યાગ જ છે. એક-એક — કોણ કેટલાંની સાથે ત્યાગ કરનાર છે, તે પ્રત્યેક દ્વાર અને કોની કઈ ઉપધિ કે કોના વડે શિષ્યોને કઈ ઉપધિની અનુજ્ઞા અપાઈ એ ઉપધિ દ્વાર.

આ બંને ગાથા સમાસ વ્યાખ્યારૂપે જાણવી. હવે પ્રપંચથી પહેલી દ્વાર ગાથાનો આદિ અવયવ જણાવતા કહે છે —

**• નિર્યુક્તિ-૨૧૪ :-**

***સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્નિ અને રિષ્ઠ [આ નવ લોકાંતિક દેવો જાણવા.]***

**• વિવેચન-૨૧૪ :-**

સારસ્વતાદિ, અહીં મ અનુસ્વર અલાક્ષણિક છે. વરુણમાં વ નો પણ લોપ થાય છે માટે અરુણ. - x - x - અગ્નિને સંજ્ઞાંતરથી મરુત્ પણ કહે છે. બ્રહ્મલોકમાં રહેલ રિષ્ઠ પ્રતર આધારે આઠ કૃષ્ણરાજિ છે. તેમાં તેમનો નિવાસ છે. - x - ભગવતી સૂત્રમાં કહેલ છે — ભગવન્ ! આ કૃષ્ણરાજિઓ ક્યાં કહેલી છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ઠ વિમાન પ્રસ્તટમાં રહેલ છે. આ અક્ષાટક સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે. - x - આ કૃષ્ણરાજિઓ સ્વભાવથી જ અત્યંત કૃષ્ણવર્ણી છે. - x -

**• નિર્યુક્તિ-૨૧૫+વિવેચન :-**

આ દેવનિકાયો સ્વયંબુદ્ધ હોવા છતાં પણ જિનવર ભગવંતને બોધ આપે છે.



કેમકે દેવોનો આચાર છે. હે ભગવન્ ! સર્વ જગત્‌ના જીવોના હિતને માટે તીર્થ પ્રવર્તાવો. સંબોધન દ્વાર કહ્યું. હવે ત્યાગદ્વાર —

**• નિર્યુક્તિ-૨૧૬ :-**

***[લોકાંતિક દેવો બોધ આપે તેના] સંવત્સર પછી જિનવરેન્દ્રોનું અભિનિષ્ક્રમણ થાય છે. સૂર્યોદયથી પૂર્વાહ્ણ કાળ સુધી હંમેશાં અર્થ સંપદાનું દાન આપે છે.***

**• વિવેચન-૨૧૬ :-**

ભાવાર્થ સ્પષ્ટ છે. પૂર્વસૂર્ય-પૂર્વાહ્ણ. રોજ કેટલું આપે ?

**• નિર્યુક્તિ-૨૧૭ :-**

***એક કરોડ અને અન્યૂન આઠ લાખ સોનૈયા સૂર્યોદયથી લઈને પ્રાતરાશ કાળ સુધી ભગવંત દાન આપે છે.***

**• વિવેચન-૨૧૭ :-**

પૂર્વાર્ધ સુગમ છે. કઈ રીતે આપે છે ? તે કહે છે — જે દાનની આદિમાં સૂર્યોદય છે, તે સૂર્યોદયાદિ અર્થાત્ સૂર્યોદયથી. કેટલો કાળ સુધી ? પ્રાતઃ અશન તે પ્રાતરાશન એટલે પ્રાતઃ ભોજનકાળ સુધી. *[એક પ્રહર સુધી]*

જે રીતે આપે છે, તેનું પ્રતિપાદન કરતાં કહે છે —

**• નિર્યુક્તિ-૨૧૮,૨૧૯ :-**

***શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથમાં, નગરના દ્વારોમાં, શેરીના આગળના ભાગમાં અને વચ્ચેના સ્થાનોમાં. સુર, અસુર, દેવ, દાનવ, નરેન્દ્રોથી પૂજિત એવા અને ભગવંતના નિષ્ક્રમણ કાળે વરવિરઆ ઘોષણાપૂર્વક જે બહુપ્રકારે ઈચ્છિત હોય તે આપેય છે.***

**• વિવેચન-૨૧૮,૨૧૯ :-**

- x - પથ શબ્દ બધે જોડવો. - x - નગરના દ્વારે અર્થાત્ પ્રતોલિમાં, રથ્યામુખ-શેરીનો પ્રવેશ - x - વરવરિકા-"તમે માંગો, તમે માંગો" એવી ઘોષણાને સિદ્ધાંતની ભાષામાં વરવરિકા કહે છે. કોણ શું ઈચ્છે છે ? જે જે ઈચ્છે છે, તેને તે દાન આપવું તે. એક પણ વસ્તુ સ્વીકારીને આની પરિસમાપ્તિ થાય છે. તેથી ઘણી પ્રકારે મોતી આદિ દેવારૂપ જે દાનમાં છે, તે બહુવિધિક. સુર असुर શબ્દથી ચારે પ્રકારના દેવો લેવા. દેવ-દાનવ શબ્દથી ઈન્દ્રનું ગ્રહણ જાણવું.

પ્રત્યેક તીર્થંકર કેટલું દાન આપે ?

**• નિર્યુક્તિ-૨૨૦+વિવેચન :-**

ત્રણ અબજ, ૮૮ કરોડ, ૮૦ લાખ સોનૈયા એક વર્ષમાં આપે. ૩૬૦ દિવસને ઉક્ત ૧ કરોડ, ૮ લાખથી ગુણતા આ રકમ આવે.

**• નિર્યુક્તિ-૨૨૧ થી ૨૨૩+વિવેચન :-**

ભગવંત વીર, અરિષ્ટનેમિ, પાર્શ્વ, મલ્લિ અને વાસુપૂજ્ય સિવાય બાકીના જિનો રાજાઓ થયા. રાજકુળમાં, વિશુદ્ધવંશ અને ક્ષત્રિય કુળમાં જન્મ્યા છતાં સ્ત્રી

અને રાજ્યાભિષેક રહિત કુમાર વાસમાં પ્રવ્રજિત થયા. શાંતિ-કુંથુ-અર એ ત્રણે અરિહંતો ચક્રવર્તી પણ હતા. બાકીના તીર્થંકરો માંડલિક રાજાપણે થયા. - x - પરિત્યાગ દ્વારમાં આવતાં રાજ્યને છોડીને દીક્ષા લીધી, એ પ્રમાણે ભાવના કરવી. હવે પ્રત્યેક દ્વાર –

**● નિર્યુક્તિ-૨૨૪,૨૨૫ :-**

***વીર પ્રભુએ એકલા, પાર્શ્વ અને મલ્લીએ ૩૦૦-૩૦૦ની સાથે, વાસુપૂજ્ય ૬૦૦ પુરુષોની સાથે નીકળ્યા. ઉગ્ર-ભોગ-રાજન્ય-ક્ષત્રિય કુળવાળા ૪૦૦૦ સાથે ઋષભ અને બાકીના ૧૦૦૦ના પરિવારસહ હતા.***

**● વિવેચન-૨૨૪,૨૨૫ :-**

ભગવંત વીર-છેલ્લા તીર્થંકર, - x - નિષ્ક્રાંત-દીક્ષા લીધી, - x - શેષા - અજિતાદિ. બાકી ગાથાર્થમાં કહેલ છે. ઉગ્રાદિનું સ્વરૂપ પૂર્વે કહેલું જ છે. હવે પ્રસંગથી જે-જે ઉંમરે દીક્ષિત થયા, તે કહે છે –

**● નિર્યુક્તિ-૨૨૬+વિવેચન :-**

ભગવંત વીર, અરિષ્ઠનેમિ, પાર્શ્વ, મલ્લી અને વાસુપૂજ્યએ પાંચે પ્રથમવયમાં પ્રવ્રજિત થયા,બાકીના પાછલી વયમાં થયા. - પ્રત્યેક દ્વાર કહ્યું.

હવે ઉપધિદ્વાર કહે છે –

**● નિર્યુક્તિ-૨૨૭ :-**

***બધાં પણ - ચોવીશે જિનવરો એક દેવદૂષ્ય વડે દીક્ષિત થયા અરહંતો અન્યલિંગે, ગૃહસ્થલિંગે કે કુલિંગે દીક્ષિત થતાં નથી.***

**● વિવેચન-૨૨૭ :-**

દૂષ્ય-વસ્ત્ર, ચોવીસે જિનવરો એક વસ્ત્રથી, अपि શબ્દથી બધાં અતીત જિનવરો પણ એક વસ્ત્રથી નીકળ્યા. [શંકા] તેમના મતાનુસાર સોપધિક કેમ ન કહ્યા ? પછી ભગવંત વડે આસેવિત ઉપધિ છે, તે સાક્ષાત્ કહેલ છે વળી જે શિષ્યો વડે સ્થવિર કલ્પિકાદિ ભેદ વડે અનુજ્ઞા કરાયેલ તે अपि શબ્દથી જાણવી. ચોવીશના સંખ્યા ભેદથી વર્તમાન અવસર્પિણીના તીર્થંકર કહેલા જાણવા. ઉપધિ દ્વાર કહ્યું.

હવે લિંગદ્વાર કહે છે –

બધાં તીર્થંકરો તીર્થંકર લિંગે જ નીકળ્યા, અન્યલિંગે, ગૃહસ્થ લિંગે કે કુલિંગે નહીં. અન્ય લિંગાદિનો અર્થ પૂર્વે કહેલ છે.

હવે જેઓ જે તપથી નીકળ્યા, તેને કહે છે –

**● નિર્યુક્તિ-૨૨૮+વિવેચન :-**

સુમતિનાથ નિત્યભક્તથી, વાસુપૂજ્ય જિન ચતુર્થભક્તથી, પાર્શ્વ અને મલ્લિ અટ્ઠમ કરીને, ઋષભાદિ છટ્ઠ કરીને દીક્ષિત થયા.

હવે કયા ઉધાનાદિમાં દીક્ષા લીધી, તેને કહે છે –

**● નિર્યુક્તિ-૨૨૯ થી ૨૩૧+વિવેચન :-**

ઋષભદેવ અયોધ્યામાં, અરિષ્ઠનેમિ દ્વારિકામાં અને બાકીના તીર્થંકરો પોત-



પોતાની જન્મભૂમિમાં દીક્ષિત થયા છે.

ઋષભદેવ સિદ્ધાર્થવનમાં, વાસુપૂજ્ય વિહારગૃહ ઉધાને, ધર્મનાથ વપ્રક ઉધાનમાં, મુનિસુવ્રતસ્વામી નીલગુફા ઉધાનમાં, પાર્શ્વનાથ આશ્રમપદ ઉધાનમાં, વીરજિનેન્દ્ર જ્ઞાનખંડવનમાં, બાકીના તીર્થંકરો સહસ્રામ્ર વન ઉધાનમાં દીક્ષિત થયા.

હવે નિર્ગમનકાળને જણાવે છે –

**● નિર્યુક્તિ-૨૩૨+વિવેચન :-**

ભગવંત પાર્શ્વ, અરિષ્ટનેમિ, શ્રેયાંસ, સુમતિ અને મલ્લિ દિવસના પૂર્વ ભાગે અને બાકીના પાછળના અર્ધભાગે દીક્ષિત થયા. - x -

હવે ગ્રામ્યાચાર દ્વારનો અવયવાર્થ પ્રતિપાદન કરે છે –

**● નિર્યુક્તિ-૨૩૩+વિવેચન :-**

ગ્રામ્યાચાર-એટલે વિષયો. કુમાર સિવાયના તીર્થંકરો વડે તેનું સેવન કરાયેલ છે. ગ્રામ, આકર આદિમાં ક્યાં કોનો વિહાર થયો ? તે કહે છે. એમ ગાથાર્થ કહ્યો. તેમાં –

**● નિર્યુક્તિ-૨૩૪+વિવેચન :-**

મગધ દેશમાં રાજગૃહી નગરી ઈત્યાદિ આર્યક્ષેત્રોમાં તીર્થંકરોએ વિહાર કર્યો. ભગવંત ઋષભ, નેમિ, પાર્શ્વ અને વીરે અનાર્યક્ષેત્રોમાં પણ વિહાર કરેલો. - x - ગ્રામ્યાચાર દ્વાર કહ્યું, હવે પરીષહ દ્વારની વ્યાખ્યાને કરવા માટે કહે છે –

**● નિર્યુક્તિ-૨૩૫ :-**

***ઉદયમાં આવેલ પરીષહો સર્વ જિનેશ્વરો વડે સહન કરાયા. જીવાદિ નવ પદાર્થો જાણીને સર્વે તીર્થંકરો દીક્ષિત થયા.***

**● વિવેચન-૨૩૫ :-**

પરીષહો - શીત, ઉષ્ણ આદિ. આને સર્વે જિનવરેન્દ્રોએ પરાજિત કરેલા છે. પરીષહ દ્વાર કહ્યું. પહેલી દ્વારગાથાની વ્યાખ્યા કરાઈ.

હવે બીજી દ્વાર ગાથાની વ્યાખ્યા કરીએ છીએ - તેમાં પણ પહેલું દ્વાર - નવ જીવાદિ પદાર્થ, તેમાં आदि શબ્દથી અજીવ, આશ્રવ, બંધ, સંવર, પુન્ય, પાપ, નિર્જરા અને મોક્ષનું ગ્રહણ કરવું.

જીવોપલંભ દ્વાર કહ્યું, હવે શ્રુતોપલંભાદિ દ્વારો કહે છે –

**● નિર્યુક્તિ-૨૩૬,૨૩૭ :-**

***પૂર્વજન્મમાં પહેલા તીર્થંકરને બાર અંગોનું, બાકીના ૨૩-ને ૧૧-અંગોનું શ્રુતજ્ઞાન હતું. પહેલા અને છેલ્લા જિનને પાંચ યામ [મહાવ્રત] હોય અને બાકીના ૨૨-ને ચાર યામ હોય છે. આ પ્રત્યાખ્યાન દ્વાર જાણવું. સંયમમાં પહેલા અને છેલ્લા તીર્થંકરોમાં બે વિકલ્પ છે. બાકીના ૨૨-માં માત્ર સામાયિક છે. અથવા બધાંને ૧૭-પ્રકારે સંયમ હોય.***

**● વિવેચન-૨૩૬,૨૩૭ :-**

બંનેનો ગાથાર્થ કહ્યો. વિશેષ આ – બે વિકલ્પ એટલે સામાયિક અને

છેદોપસ્થાપનીય. હવે છદ્મસ્થકાળ અને તપોકર્મ દ્વારના અવયવાર્થની વ્યાખ્યા કરવા માટે કહે છે —

**• નિર્યુક્તિ-૨૩૮ થી ૨૪૦ :-**

*ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરનો છદ્મસ્થકાળ આ પ્રમાણે — (૧) હજાર વર્ષ, (૨) બાર વર્ષ, (૩) ચૌદ વર્ષ, (૪) અઢાર વર્ષ, (૫) વીસ વર્ષ, (૬) છ માસ, (૭) નવ માસ, (૮) ત્રણ માસ, (૯) ચાર માસ, (૧૦) ત્રણ માસ, (૧૧) બે માસ, (૧૨) એક માસ, (૧૩) બે માસ, (૧૪) ત્રણ વર્ષ, (૧૫) બે વર્ષ, (૧૬) એક વર્ષ, (૧૭) ૧૬-વર્ષ, (૧૮) ત્રણ વર્ષ, (૧૯) એક અહોરાત્ર, (૨૦) ૧૧-માસ, (૨૧) નવ માસ, (૨૨) ૫૪ દિવસ, (૨૩) ૮૪ દિવસ અને (૨૪) ૧૨-વર્ષ જિનોનું છદ્મસ્થ કાળ પરિમાણ જાણવું.*

*બધાંએ ઉગ્ર તપોકર્મ કર્યું, પણ વર્ધમાનસ્વામીનું વિશેષ હતું.*

**• વિવેચન-૨૩૮ થી ૨૪૦ :-**

આ ત્રણે ગાથાઓ સુગમ છે. હવે જ્ઞાનોત્પાદ દ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૨૪૧ થી ૨૫૩ :-**

*(૧) ઋષભદેવને ફાગણ વદ-૧૧ના ઉત્તરાષાઢા નક્ષત્રમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. (૨) અજિતનાથને પોષ સુદ-૧૧ના રોહિણી નક્ષત્રમાં, (૩) સંભવ જિનને કારતક વદ-૫-ના મૃગશિર્ષ નક્ષત્રમાં થયું.*

*(૪) અભિનંદન જિનને પોષ સુદ-૧૪ના અભીજિત્ નક્ષત્રમાં, (૫) સુમતિનાથને ચૈત્રસુદ-૧૧ મઘા નક્ષત્રમાં કેવળજ્ઞાન થયું. (૬) પદ્મપ્રભ જિનને ચૈત્રીપૂર્ણિમાએ ચિત્રા નક્ષત્રમાં, (૭) સુપાર્શ્વનાથને ફાગણવદ-૬-ના વિશાખાના યોગે, (૮) ચંદ્રપ્રભુને ફાગણ વદ-૭-અનુરાધામાં.*

*(૯) સુવિધિ પુષ્પદંતને કારતક સુદ ત્રીજના મૂલ નક્ષત્રોમાં, (૧૦) શીતલ જિનને પોષ વદ-૧૪ના પૂર્વાષાઢા નક્ષત્રમાં, (૧૧) શ્રેયાંસજિનને મહાવદ અમાસે શ્રવણ નક્ષત્રના યોગે, (૧૨) મહાસુદ-૨-ના વાસુપૂજ્ય સ્વામીને શતભિષા નક્ષત્રમાં, (૧૩) વિમલનાથને પોષ સુદ-૬-ના ઉત્તરા ભાદ્રપદમાં, (૧૪) અનંતનાથને વૈશાખવદ-૧૪ રેવતી નક્ષત્રમાં.*

*(૧૫) ધર્મનાથને પોષી પૂર્ણિમાએ પુષ્ય નક્ષત્રના યોગે, (૧૬) શાંતિનાથને પોષ સુદ નોમે ભરણી નક્ષત્રના યોગે, (૧૭) કુંથુનાથને ચૈત્ર સુદ-ત્રીજે કૃતિકા નક્ષત્રના યોગે, (૧૮) અરનાથને કારતક સુદ-૧૨ના રેવતી નક્ષત્રમાં કેવળજ્ઞાન થયું. (૧૯) મલ્લિનાથને માગસર સુદ-૧૧ના અશ્વિની નક્ષત્રના યોગે, (૨૦) સુવ્રતજિનને ફાગણ વદ-૧૨, શ્રવણ નક્ષત્રમાં.*

*(૨૧) નમિજિનેન્દ્રને માગસર સુદ-૧૧ના અશ્વિની નક્ષત્રના યોગમાં, (૨૨) નેમિજિનેન્દ્રને આસોની અમાસે ચિત્રા નક્ષત્રમાં. (૨૩) પાર્શ્વનાથને ચૈત્રવદ-ચોથે વિશાખા નક્ષત્રના યોગે. (૨૪) વીરસ્વામીને વૈશાખ સુદ દશમે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં કેવળજ્ઞાન થયું.*



*૦ ત્રેવીશ તીર્થંકરોને પૂર્વાહ્નમાં અને વીરપ્રભુને પશ્ચિમાહ્નમાં પ્રમાણ પ્રાપ્ત ચરિમાએ કેવળજ્ઞાન થયું.*

**• વિવેચન-૨૪૧ થી ૨૫૩ :-**

આ તેર ગાથા સુગમ છે. પૂર્વાહ્ણ - સવારે, પશ્ચિમાણ્હે - સાંજે [ભગવંત મલ્લિના કેવળજ્ઞાન બાબત મતભેદ છે.] કેવળજ્ઞાન કયા ક્ષેત્રમાં થયું, તે જણાવવા માટે હવે કહે છે —

**• નિર્યુક્તિ-૨૫૪+વિવેચન :-**

ઋષભદેવને પુરિમતાલમાં, વીરપ્રભુને ઋજુવાલિકા નદીના કાંઠે, બાકીના તીર્થંકરને જે ઉદ્યાનમાં પ્રવ્રજ્યા થઈ, તેમાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલ છે — ગાથાર્થ સુગમ છે. હવે અહીં જ જેની જે તપ વડે ઉત્પત્તિ થઈ, તે તપ પ્રતિપાદન કરતાં કહે છે —

**• નિર્યુક્તિ-૨૫૫+વિવેચન :-**

ભગવંત પાર્શ્વ, મલ્લિ, અરિષ્ઠનેમિને અટ્ઠમભક્તથી, વાસુપૂજ્ય સ્વામીને એક ઉપવાસથી અને બાકીનાને છટ્ઠ ભક્તથી કેવળજ્ઞાન થયું. જ્ઞાનોત્પાદ દ્વાર કહ્યું.

હવે સંગ્રહ દ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૨૫૬ થી ૨૬૪ :-**

*ભગવંત ઋષભદેવ આદિ ચોવીસે તીર્થંકરના શિષ્યોના સંગ્રહ આ પ્રમાણે અનુક્રમે જાણવો — (૧) ૮૪,૦૦૦, (૨) એક લાખ, (૩) બે લાખ, (૪) ત્રણ લાખ, (૫) ૩,૨૦,૦૦૦ (૬) ૩,૩૦,૦૦૦, (૭) ત્રણ લાખ, (૮) અઢી લાખ, (૯) બે લાખ, (૧૦) એક લાખ, (૧૧) ૮૪,૦૦૦, (૧૨) ૭૨,૦૦૦.*

*(૧૩) ૬૮,૦૦૦ (૧૪) ૬૬,૦૦૦, (૧૫) ૬૪,૦૦૦, (૧૬) ૬૨,૦૦૦, (૧૭) ૬૦,૦૦૦, (૧૮) ૫૦,૦૦૦, (૧૯) ૪૦,૦૦૦, (૨૦) ૩૦,૦૦૦, (૨૧) ૨૦,૦૦૦, (૨૨) ૧૮,૦૦૦, (૨૩) ૧૬,૦૦૦ અને (૨૪) ૧૪,૦૦૦.*

*હવે ઋષભદેવ આદિ ચોવીશે તીર્થંકરોના સાધ્વી સંગ્રહનું માન અનુક્રમે કહે છે, તે આ પ્રમાણે — (૧) ત્રણ લાખ, (૨) ૩,૩૦,૦૦૦, (૩) ૩,૩૬,૦૦૦, (૪) ૬,૩૦,૦૦૦, (૫) ૫,૩૦,૦૦૦, (૬) ૪,૨૦,૦૦૦, (૭) ૪,૩૦,૦૦૦ (૮) ૩,૮૦,૦૦૦, (૯) ૧,૨૦,૦૦૦, (૧૦) ૧,૦૬,૦૦૦, (૧૧) ૧,૦૩,૦૦૦.*

*(૧૨) એક લાખ, (૧૩) ૧,૦૦,૮૦૦, (૧૪) ૬૨,૦૦૦, (૧૫) ૬૨,૪૦૦, (૧૬) ૬૧,૬૦૦, (૧૭) ૬૦,૬૦૦, (૧૮) ૬૦,૦૦૦, (૧૯) ૫૫,૦૦૦, (૨૦) ૫૦,૦૦૦, (૨૧) ૪૧,૦૦૦, (૨૨) ૪૦,૦૦૦, (૨૩) ૩૮,૦૦૦, (૨૪) ૩૬,૦૦૦ સાધ્વી સંગ્રહ હતો.*

*સર્વે જિનેશ્વરોના શિષ્યો [કેવલી શિષ્યો]નો અને શ્રાવક આદિ પ્રત્યેકનો સંગ્રહ પ્રથમાનુયોગમાં પ્રસિદ્ધ છે.*

**• વિવેચન-૨૫૬ થી ૨૬૪ :-**

આ નવે ગાથા સ્પષ્ટ હોવાથી તેનો વિસ્તાર કરતા નથી. [*સાધુસાધ્વીની આ*

*સંખ્યામાં આગમમાં, પ્રવચન સારોદ્ધારાદિમાં ક્યાંક ભેદ પણ છે.]*

સંગ્રહદ્વાર કહ્યું, બીજી દ્વાર ગાથાની વ્યાખ્યા પણ કરાઈ, હવે ત્રીજું આદિ દ્વાર પ્રતિપાદન કરવાને કહે છે –

● **નિર્યુક્તિ-૨૬૫ :-**

***સાધુ આદિ ચાર ભેદે તીર્થ છે. તે જ સંઘ કહેવાય છે. તેની સ્થાપના બધાં જ જિનેશ્વરે કેવળજ્ઞાન પામીને પહેલાં સમોસરણમાં કરે છે, પણ વીર ભગવંતને બીજા સમોસરણમાં થઈ.***

● **વિવેચન-૨૬૫ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ એ - વીર જિનેન્દ્રને જ્યાં કેવળ ઉત્પન્ન થયું, ત્યાં કલ્પ - આચારથી સમોસરણ કરાયુ તેની અપેક્ષાથી બીજું કહેવાય છે. તીર્થદ્વાર કહેવાયું. હવે ગણ દ્વારની વ્યાખ્યા કરે છે.

● **નિર્યુક્તિ-૨૬૬ થી ૨૬૮ :-**

***જિનેન્દ્રોના ગણનું પ્રમાણ અનુક્રમે આ પ્રમાણે છે – (૧) ૮૪, (૨) ૯૫, (૩) ૧૦૨, (૪) ૧૧૬, (૫) ૧૦૦, (૬) ૧૦૭, (૭) ૯૫, (૮) ૯૩, (૯) ૮૮, (૧૦) ૮૧, (૧૧) ૭૨, (૧૨) ૬૬ (૧૩) ૫૭, (૧૪) ૫૦, (૧૫) ૪૩, (૧૬) ૩૬, (૧૭) ૩૫, (૧૮) ૩૩, (૧૯) ૨૮, (૨૦) ૧૮, (૨૧) ૧૭, (૨૨) ૧૧, (૨૩) ૧૦, (૨૪) ૯ ગણો જાણવા.***

● **વિવેચન-૨૬૬ થી ૨૬૮ :-**

ગાથાર્થ કહ્યો. એક વાચના અને આચાર ક્રિયાના સ્થાનો જેમના સમાન છે, તેમનો સમુદાય તે ગણ. પણ કુળના સમુદાય રૂપ ગણ અહીં ન કહેવો, તેમ પૂજ્યો કહે છે. ગણ દ્વાર કહ્યું, હવે ગણધર દ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૨૬૯+વિવેચન :-**

વીર જિનેન્દ્રના ૧૧-ગણધરો હતા. બાકીના તીર્થંકરોમાં જેના જેટલાં ગણ હતા, તેટલાં તેમના ગણધરો હતા. ગણધર - મૂળસૂત્રના કર્તા. ગણધર દ્વાર કહ્યું. હવે ધર્મોપાયના દેશકની વ્યાખ્યા કરે છે –

● **નિર્યુક્તિ-૨૭૦,૨૭૧+વિવેચન :-**

સર્વ જિનેશ્વરોના ગણધરો ધર્મોપદેશ-ઉપાય એટલે પ્રવચન અથવા ચૌદ પૂર્વોના કહેનારા ચૌદપૂર્વી તેમજ ગણધરો હોય છે, જેના જે-જે ચૌદપૂર્વી હોય છે, તે બધાં ધર્મોપદેશ કહેનારા છે. સર્વે જિનેશ્વરોએ સામાયિક આદિ અથવા વ્રત, જીવનિકાય, ભાવના પહેલાં કહેલ છે. આ ધર્મોપાય છે, સર્વે જિનેશ્વરોએ આમ ઉપદેશ કરેલ છે.

ધર્મોપાયદેશક દ્વાર કહ્યું, હવે પર્યાય દ્વાર બતાવે છે –

● **નિર્યુક્તિ-૨૭૧ થી ૨૭૬ :-**

***જિનેન્દ્રોનો દીક્ષા કાળ - દીક્ષા પર્યાય અનુક્રમે આ પ્રમાણે છે – (૧) એક લાખ પૂર્વ, (૨) એક લાખ પૂર્વમાં એક પૂર્વાંગ ન્યૂન, (૩) એક લાખ પૂર્વમાં***



***ચાર પૂર્વાંગ ન્યૂન, (૪) એક લાખ પૂર્વમાં આઠ પૂર્વાંગ ન્યૂન, (૫) ૧૨ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ, (૬) ૧૬ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ, (૭) ૨૦ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ, (૮) ૨૪-પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ, (૯) ૨૮ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વના દીક્ષાકાળ જાણવો.***

***(૧૦) ૨૫,૦૦૦ પૂર્વ, (૧૧) ૨૧ લાખ વર્ષ, (૧૨) ૫૪ લાખ વર્ષ, (૧૩) પંદર લાખ વર્ષ (૧૪) ૭॥ લાખ વર્ષ, (૧૫) ૨॥ લાખ વર્ષ, (૧૬) ૨૫,૦૦૦ વર્ષ, (૧૭) ૨૩,૭૫૦ વર્ષ, (૧૮) ૨૧,૦૦૦ વર્ષ, (૧૯) ૫૫,૦૦૦ વર્ષમાં ૧૦૦ વર્ષ ન્યૂન, (૨૦) ૭૫૦૦ વર્ષ, (૨૧) ૨૫૦૦ વર્ષ, (૨૨) ૭૦૦ વર્ષ, (૨૩) ૭૦ વર્ષ, (૨૪) ૪૨ વર્ષનો દીક્ષાકાળ જાણવો.***

● **વિવેચન-૨૭૨ થી ૨૭૬ :-**

ગાથાર્થ કહ્યો. સામાન્યથી પ્રવ્રજ્યા પર્યાય કહ્યો. હવે ભગવંતનો કુમારાવસ્થા આદિ પર્યાય પ્રતિપાદન કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૨૭૭ થી ૩૦૫ :-**

***- ઋષભદેવ ૨૦ લાખ પૂર્વ કુમારવસ્થા પાળી, ૬૩-લાખ પૂર્વને રાજ્યાવસ્થામાં પાળીને દીક્ષા લીધી. [આ જ પ્રમાણે અનુક્રમથી બાકીના તીર્થંકરોની કુમારાવસ્થા અને રાજ્યાવસ્થાને હું કહીશ –]***

***૦ અજિતનાથ - ૧૮ લાખ પૂર્વ કુમારપણે, ૫૩ લાખ પૂર્વ ૧ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ સંભવનાથ - ૧૫ લાખ પૂર્વ કુમારપણે, ૪૪ લાખ પૂર્વ ૪ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ અભિનંદન - ૧૨॥ લાખ પૂર્વ કુમારપણે, ૩૬॥ લાખ પૂર્વ ૮ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ સુમતિનાથ - ૧૦ લાખ પૂર્વ કુમારપણે, ૨૯ લાખ પૂર્વ ૧૨ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ પદ્મપ્રભ - ૭ ॥ લાખપૂર્વ કુમારપણે, ૨૧॥ લાખ પૂર્વ - ૧૬ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ સુપાર્શ્વનાથ - ૫ લાખ પૂર્વ કુમારપણે, ૧૪ લાખ પૂર્વ - ૨૦ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ ચંદ્રપ્રભ - ૨॥ લાખ પૂર્વ કુમારપણે, ૬॥ લાખ પૂર્વ - ૨૪ પૂર્વાંગ રાજ્યમાં.***

***૦ સુવિધિનાથ - ૧ લાખ પૂર્વ કુમારપણે, ૧,૨૮,૦૦૦ પૂર્વાંગ રાજ્યમાં.***

*[હવે નિર્યુક્તિકાર દશમાં તીર્થંકરથી કુમારવાસ, રાજ્યાવસ્થા સાથે દીક્ષા પર્યાયને પણ કહે છે. પરંતુ તે પૂર્વે નિર્યુક્તિ ૨૭૨ થી ૨૭૬માં કહેવાઈ ગયેલ હોવાથી અમે તેને ફરી અહીં નોંધતા નથી.]*

***૦ શીતલનાથ - ૨૫,૦૦૦ વર્ષ કુમારપણે, ૫૦,૦૦૦ વર્ષ રાજ્ય પાળી***

***દીક્ષામાં.***

***૦ શ્રેયાંસનાથ - ૨૧ લાખ વર્ષ કુમારપણે, ૪૨-લાખ વર્ષ રાજ્યપાલન.***

***૦ વાસુપૂજ્ય - ૧૮ લાખ વર્ષ ગૃહવાસે. [રાજ્યપાલન કર્યુ જ નથી.]***

***૦ વિમલનાથ - ૧૫ લાખ વર્ષ કુમારપણે, ૩૦ લાખ વર્ષ રાજ્યપાલન.***

***૦ અનંતનાથ - ૭ાા લાખ વર્ષ કુમારપણે, ૧૫ લાખ વર્ષ રાજ્યપાલન.***

***૦ ધર્મનાથ - ૨ાા લાખ વર્ષ કુમારપણે, ૫ લાખ વર્ષ રાજ્યપાલન.***

***૦ શાંતિનાથ - ૨૫,૦૦૦ વર્ષ કુમારપણે, ૨૫ હજાર વર્ષ માંડલિક રાજાપણે અને ૨૫ હજાર વર્ષ ચક્રવર્તીપણે રાજ્યપાલન કરી દીક્ષા લીધી.***

***૦ કુંથુનાથ - કુમારવાસ, માંડલિકપણું, ચક્રીપણું દરેક ૨૩,૭૫૦ વર્ષ.***

***૦ અરનાથ - કુમારવાસ, માંડલિકપણું, ચક્રીપણે દરેક ૨૧,૦૦ વર્ષ.***

***૦ મલ્લિનાથ - ૧૦૦ વર્ષ ગૃહસ્થપણે રહ્યા. [રાજ્યપાલન કર્યુ જ નથી.]***

***૦ મુનિસુવ્રત - ૭૫૦૦ વર્ષ કુમારપણે, ૧૫,૦૦૦ વર્ષ રાજ્યપાલન.***

***૦ નમિનાથ - ૨૫૦૦ વર્ષ કુમારપણે, ૫૦૦૦ વર્ષ રાજ્યપાલન.***

***૦ અરિષ્ઠનેમિ - ૩૦૦ વર્ષ કુમારપણે, [રાજ્યપાલન કર્યુ જ નથી.]***

***૦ પાર્શ્વનાથ - ૩૦ વર્ષ કુમારપણે, [રાજ્યપાલન કર્યુ જ નથી.]***

***૦ વર્ધમાન સ્વામી - ૩૦ વર્ષ કુમારપણે, [રાજ્યપાલન કર્યુ જ નથી.]***

**[નિર્યુક્તિ-૩૦૦] આ નિર્યુક્તિ, પૂર્વે કહેલ નિર્યુક્તિ-૨૭૨ મુજબ જ છે.**

*[આ નિર્યુક્તિ ૩૦૦ અને ૩૦૧ બંને શ્રામણ્ય પર્યાય જણાવે છે. અહીં વૃત્તિકાર કહે છે કે — શિષ્યોના અનુગ્રહ માટે બે વખત શ્રામણ્ય પર્યાયની ગાથા નિર્યુક્તિકારે નોંધેલી છે, તેમ જાણવું. કેમકે પૂર્વે ગાથા-૨૭૨ થી ૨૭૬માં પર્યાય કહેલો જ છે.]*

***૦ હવે નિર્યુક્તિકાર કેવળી કાળને માટે સૂચના આપીને આયુષ્યકાળ કહે છે — સર્વે જિનેશ્વરના દીક્ષા પર્યાયમાંથી છદ્મસ્થ કાળ બાદ કરતા કેવળીકાળ જાણવો.*** *[દીક્ષા પર્યાય, ગાથા-૨૭૨ થી ૨૭૬માં છે, છદ્મસ્થકાળ, ગાથા-૨૩૮ થી ૨૪૦માં આપેલ છે. તેથી આ રીતે જાણવું - ભગવંત ઋષભદેવનો દીક્ષા પર્યાય એક લાખ પૂર્વ છે, છદ્મસ્થકાળ-૧૦૦૦ વર્ષ છે, તો ૧૦૦૦ વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ તે કેવલી કાળ કહેવાય.]* ***હવે અનુક્રમે ચોવીશે તીર્થંકરનું આયુ કહે છે —***

***(૧) ચોર્યાશી લાખ પૂર્વે, (૨) ૭૨ લાખ પૂર્વ, (૩) ૬૦ લાખ પૂર્વ, (૪) ૫૦-લાખ પૂર્વ, (૫) ૪૦-લાખ પૂર્વ, (૬) ૩૦-લાખ પૂર્વ, (૭) ૨૦-લાખ પૂર્વ, (૮) ૧૦ લાખ પૂર્વ, (૯) બે લાખ પૂર્વ અને (૧૦) શીતલનાથનું એક લાખ પૂર્વ વર્ષનું આયુ કહેલ છે.***

***(૧૧) ૮૪ લાખ વર્ષ, (૧૨) ૭૨ લાખ વર્ષ, (૧૩) ૬૦ લાખ વર્ષ, (૧૪) ૩૦-લાખ વર્ષ, (૧૫) ૧૦ લાખ વર્ષ, (૧૬) ૧-લાખ વર્ષ.***

***(૧૭) ૯૫,૦૦૦ વર્ષ, (૧૮) ૮૪,૦૦૦ વર્ષ, (૧૯) ૫૫,૦૦૦ વર્ષ, (૨૦) ૩૦,૦૦૦ વર્ષ, (૨૧) ૧૦,૦૦૦ વર્ષ, (૨૨) ૧૦૦૦ વર્ષ, (૨૩) ૧૦૦ વર્ષ અને (૨૪) વર્ધમાનસ્વામીનું આયુષ્ય-૭૨ વર્ષ હતું.***



**• વિવેચન-૨૭૭ થી ૩૦૫ :-**

આ ૨૯ ગાથા સૂત્ર સિદ્ધ જ છે. પર્યાયાદિ દ્વાર સમાપ્ત. હવે અંતક્રિયા દ્વારનો અવસર છે. તેમાં છેલ્લી ક્રિયા તે અંતક્રિયા - નિર્વાણરૂપ છે. તે કોને કયા તપથી ક્યાં થઈ ? વા શબ્દથી કેટલાં પરિવાર સાથે થઈ, તેના પ્રતિપાદનાર્થે ગાથા-૩૦૬ તી ૩૧૩ એ આઠ ગાથા કહી છે —

**• નિર્યુક્તિ-૩૦૬ થી ૩૧૩ :-**

***અંતક્રિયા એટલે નિર્વાણ, નિર્વાણતપ ઋષભદેવને છ ઉપવાસ હતાં, વીરજિનેન્દ્રને છઠ્ઠ અને બાકીના માસિકી તપથી નિર્વાણ પામ્યા.***

***ઋષભદેવ અષ્ટાપદપર્વતે, વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમિનાથ ઉજ્જયંત ગિરિએ, વીરપ્રભુ પાવાપુરીમાં અને બાકીના વીસ સમ્મેતશિખરે મોક્ષે ગયા.***

***વીર જિણંદ એકલા, પાર્શ્વપ્રભુ ૩૩-સાધુ સાથે, નેમિનાથ ૫૩૬ સાથે મોક્ષે ગયા. મલ્લિનાથ ૫૦૦ સાથે, શાંતિનાથ ૯૦૦ સાથે, ધર્મનાથ ૧૦૮ સાધુ સાથે, વાસુપૂજ્ય-૬૦૦ સાધુ સાથે મોક્ષે ગયા. અનંતનાથ ૭૦૦૦ સાધુ સાથે, વિમલનાથ ૬૦૦૦ સાથે, સુપાર્શ્વનાથ ૫૦૦ સાથે, પદ્મપ્રભ ૩૦૮ સાથે, ઋષભદેવ ૧૦,૦૦૦ સાથે, બાકીના તીર્થંકરો ૧૦૦૦ સાથે મોક્ષે ગયા.***

***કાળ, તિથિ, નક્ષત્રાદિ પ્રથમાનુયોગથી જાણવું.***

***ઈત્યાદિ જિનેશ્વર સંબંધી સર્વ હકીકત પ્રથમાનું યોગથી જાણવી. અહીં સ્થાન શૂન્ય ન રહે માટે ફરીથી કહેલ છે. તેથી હવે હું ચાલુ વાતને કહીશ.***

***ઋષભજિનનું સમુત્થાન પ્રસ્તુત છે, કેમકે ઋષભદેવથી પછી મરીચિની ઉત્પત્તિ થઈ. ઋષભદેવથી પ્રથમ સામાયિકનો નિર્ગમ છે એટલે “પહેલા કયા પુરુષથી આ સામાયિક નીકળ્યું” તે અધિકૃત્ છે.***

**• વિવેચન-૩૦૬ થી ૩૧૩ :-**

આ આઠે ગાથા સુગમ જ છે. માટે કોઈ વૃત્તિ નથી.

**• નિર્યુક્તિ-૩૧૪+વિવેચન :-**

ઋષભદેવે ચૈત્ર વદ આઠમના દિવસે અપરાણ્હે ૪૦૦૦ પુરુષો સાથે સુદર્શના નામે શિબિકામાં બેસી સિદ્ધાર્થ વનમાં છઠ્ઠ તપ સહિત દીક્ષા લીધી. અલંકારોનો ત્યાગ કરી, ચતુર્મુષ્ટિક લોચ કરીને... [શંકા] ૪૦૦૦ સાથે એમ કહ્યું. તો તેમને દીક્ષા શું ભગવંત આપે કે નહીં ? તે કહે છે —

**• નિર્યુક્તિ-૩૧૫+વિવેચન :-**

૪૦૦૦ પુરુષે પોતાની મેળે જ લોચ કરીને આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે જે ક્રિયા - અનુષ્ઠાન આ ભગવંત જે પ્રકારે કરશે, તે પ્રમાણે અમે પણ કરીશું એમ ગાથાર્થ છે. ભગવંત પણ ગુરુપણાથી સ્વયં જ સામાયિક સ્વીકારીને વિચર્યા, તેથી કહે છે—

**• નિર્યુક્તિ-૩૧૬ :-**

***શ્રેષ્ઠ વૃષભ જેવી ગતિવાળા ઋષભદેવ ભગવંત પરમ ઘોર મૌન અભિગ્રહ***

*ગ્રહણ કરીને દેહની સારસંભાળનો ત્યાગ કરીને એક ગામથી બીજે ગામ વિચરણ કરે છે.*

**● વિવેચન-૩૧૬ :-**

પરમઘોર - પરમ સુખના હેતુભૂતપણાથી, ઘોર - સામાન્ય લોકોથી કરવા અશક્ય હોવાથી. વ્યુત્સૃષ્ટ - નિષ્પ્રતિકર્મ શરીરપણાથી. કહ્યું છે કે – આંખનું પણ પ્રમાર્જન ન કરતા, શરીરની ખજવાળતા પણ નહીં તેવા. દિવ્યાદિ ઉપસર્ગોને સહન કરવા પડે. બાકી સુગમ છે ભગવંતે તે સ્વજનોથી પરિવરીને વિહાર કર્યો. તે વખતે ભિક્ષાદાન પ્રવર્તતુ ન હતું. કેમકે લોક પરિપૂર્ણ હતો અને અર્થીપણાનો અભાવ હતો.

**● ભાષ્ય-૩૧ :-**

*ત્યારે લોકો જાણતા ન હતા કે ભિક્ષા શું ? ભિક્ષાચર કેવા હોય ? તે ભિક્ષા પ્રાપ્ત ન થતાં ચારે હજાર વનમાં તાપસ થયા.*

**● વિવેચન-૩૧ :-**

- x - ભગવંતના પરિવારરૂપ તે બધાંને ભિક્ષા ન મળતાં ક્ષુધા પરિષહથી પીડાતા હતા. ભગવંત મૌનવ્રતમાં રહ્યા હોવાથી ઉપદેશ પ્રાપ્ત ન થતાં કચ્છ અને મહાકચ્છને એમ કહ્યું કે – અમારા જેવા અનાથના આપ બંને નેતાઓ છો. કેટલો કાળ અમારા વડે ભુખ-તરસથી યુક્ત રહેવાશે ? તે બંનેએ જવાબ આપ્યો કે અમે પણ નથી જાણતા. જો ભગવંતને પૂર્વે જ પૂછ્યું હોત કે અમારે શું કરવું ? શું ન કરવું ? તો સારું થાત. હવે જો ઘેર જઈએ તો ભરતની લજ્જાથી ઘેર જવું તે પણ અયુક્ત છે અને આહાર વિના રહી પણ ન શકીએ. તેથી આપણે માટે હવે વનવાસ જ શ્રેષ્ઠ છે. ત્યાં ઉપવાસરત પડેલા પરિણત પત્રાદિનો ઉપભોગ કરતાં ભગવંતનું જ ધ્યાન ધરતાં રહીએ એમ વિચાર્યું.

વિચારીને બધાં સંમત થતાં ગંગા નદીના દક્ષિણ કિનારે રમ્ય વનમાં વલ્કલના વસ્ત્રધારી, આશ્રમવાસી થઈને રહ્યા. આ રીતે તેઓ તાપસ થયા તેમ બતાવ્યું.

તે કચ્છ અને મહાકચ્છના પુત્રો નમિ અને વિનમિ પિતાના અનુરાગથી તે બંનેની સાથે જ વિચરવા લાગ્યા. કચ્છ અને મહાકચ્છે બંનેને કહ્યું કે – અમારા વડે અંગીકૃત્ વનવાસ વિધિ ઘણી દારૂણ છે, તેથી તમે સ્વગૃહે જાઓ અથવા ભગવંત પાસે જ માંગણી કરો. તેઓ અનુકંપાથી અભિલષિત ફળને દેનારા થશે. તે બંનેએ પણ પોત-પોતાના પિતાને પ્રણામ કરીને પિતાની આજ્ઞા પ્રમાણે કર્યુ. ભગવંતની સમીપે આવીને પ્રતિમા ધ્યાને રહેલા ભગવંતને, જળાશયોમાંથી નલિની પત્રમાં જળ લાવીને ચોતરફ છાંટણા કર્યા, પછી જાનૂ સુધી ઉંચે સુગંધી પુષ્પોનો ઢગલો કર્યો અને નમેલા મસ્તકે ભૂમિમાં ઢીંચણ અને બંને હાથ રાખી પ્રતિદિન ઉભય સંધ્યા રાજ્યનો ભાગ આપવા માટે ભગવંતને વિજ્ઞપ્તિ કરતાં, ફરી પ્રભુની બંને પડખે હાથમાં ખડ્ગ લઈ ઉભા રહેતા. તેથી નિર્યુક્તિકાર કહે છે –

**● નિર્યુક્તિ-૩૧૭ :-**

*નમિ-વિનમિ યાચના કરતા હતા તે અવસરે નાગેન્દ્ર ભગવંતના વંદનને માટે આવ્યો. તેણે વિદ્યાનું દાન આપીને વૈતાઢ્ય પર્વતની ઉત્તર-દક્ષિણ શ્રેણીઓ યથાયોગ્ય ૬૦ અને ૫૦ નગરો આપ્યા.*



**● વિવેચન-૩૧૭ :-**

કોઈ દિવસે ધરણેન્દ્ર નાગરાજ ભગવંતને વંદનાર્થે આવ્યો. આ બંને વિનંતી કરતા હતા. ધરણેન્દ્રએ નમિ-વિનમિને એ પ્રમાણે યાચના કરતાં જોઈને કહ્યું, ભગવંત તો પરિગ્રહના ત્યાગી છે, એમની પાસે દેવા લાયક કશું નથી, તેમની પાસે ન માંગો. હું ભગવંતની ભક્તિથી તમને આપું છું. કેમકે સ્વામીની સેવા સફળ ન થાઓ. પાઠ કરતાં જ સિદ્ધ થાય તેવી ગંધર્વપ્રજ્ઞક૦. ૪૮,૦૦૦ વિદ્યા ગ્રહણ કરો. તેમાં આ ચાર મહાવિદ્યા છે – ગૌરી, ગાંધારી, રોહિણી, પ્રજ્ઞપ્તિ. ત્યાં જઈ તમે વિદ્યાધર ઋદ્ધિથી સ્વજન અને જનપદને પ્રલોભીને દક્ષિણ અને ઉત્તરની વિદ્યાધર શ્રેણીમાં રથનૂપુર ચક્રવાલ આદિ ગગનવલ્લભપ્રમુખ ૫૦ અને ૬૦ વિદ્યાધર નગર બનાવીને રહો. ત્યારે તે બંને પ્રાસાદપ્રાપ્ત ભાઈઓ પુષ્પક વિમાનને વિકુર્વીને તીર્થંકર ભગવંતને અને નાગરાજને વંદન કરીને પુષ્પક વિમાનમાં બેસીને કચ્છ અને મહાકચ્છને ભગવંતની કૃપા દેખાડી, વિનીતા નગરી ભરત રાજા પાસે જઈ તે અર્થનું નિવેદન કરી, પોતાના સ્વજન અને પરિજનને લઈને વૈતાઢ્ય પર્વતે નમિએ દક્ષિણ દિશાની વિદ્યાધર શ્રેણીમાં ૫૦-વિદ્યાધર નગર અને વિનમીએ ઉત્તર દિશાની વિદ્યાધર શ્રેણીમાં ૬૦ વિદ્યાધર નગર બનાવીને રહેવા લાગ્યા.

**● નિર્યુક્તિ-૩૧૮ :-**

*ઋષભદેવ ભગવંત એક વર્ષ સુધી અદીન મનથી ભોજન રહિત વિચરતા રહ્યા. કન્યા, વસ્ત્ર, આભરણ, આસન વડે લોકો પ્રભુને નિમંત્રતા રહ્યા.*

**● વિવેચન-૩૧૮ :-**

ભગ - ઐશ્વર્યાદિ લક્ષણ જેને છે તે ભગવંત. અદીન મનવાળા અર્થાત્ નિષ્પ્રકંપ ચિત્તવાળા. એક વર્ષ સુધી ભોજન રહિત રહ્યા, કેમકે લોકો ભિક્ષાના દાન માટે અજ્ઞાન હતા. લોકોએ પ્રભુને કન્યા માટે, વસ્ત્રપટ્ટાંશુક, આભરણ - કટક, કેયુરાદિ, આસન-સિંહાસનાદિ વડે નિમંત્રણા કરી. - x - એ પ્રમાણે વિચરતા ભગવંતને કેટલાંક કાળે ભિક્ષા પ્રાપ્ત થઈ. તેનું પ્રતિપાદન કરતાં કહે છે –

**● નિર્યુક્તિ-૩૧૯ :-**

*લોકનાથ ઋષભદેવને એક વર્ષ બાદ પહેલી ભિક્ષા પ્રાપ્ત થઈ બાકીના તીર્થંકરોને બીજે જ દિવસે પહેલી ભિક્ષા મળી.*

**● વિવેચન-૩૧૯ :-**

- x - લોકનાથ - પહેલાં તીર્થંકર, શેષ - અજિતાદિ, ભરતક્ષેત્રના તીર્થંકરોને. - x - તીર્થંકરોને પહેલું પારણું જેનાથી થયું તેને કહે છે –

**● નિર્યુક્તિ-૩૨૦ :-**

*પ્રથમ તીર્થંકર ઋષભદેવને શેરડીના રસ વડે પારણું થયું. બાકીના તીર્થંકરોને અમૃતરસ સમાન ખીર વડે પારણું થયું.*

● **વિવેચન-૩૨૦ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ – પરમાન્ન એટલે ખીર, કેવી ? અમૃતના રસ જેવી. તીર્થંકરને પહેલાં પારણે જે થયું તે હવે કહે છે –

● **નિર્યુક્તિ-૩૨૧ :-**

***"અહોદાન" એવી ઉદ્દ્ઘોષણા, દિવ્ય વાજિંત્રનાદ, સોનૈયાની વૃષ્ટિ [જળ અને પુષ્પ વૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ. જિનેશ્વરને પારણે થાય.]***

● **વિવેચન-૩૨૧ :-**

દેવો આકાશમાં રહી "અહોદાનં" - અહો શબ્દ વિસ્મય અર્થે છે. અહો દાન-અહોદાન એવી ઉદ્દ્ઘોષણા કરે અર્થાત્ આપે સારું દાન આપ્યું તથા સ્વર્ગના દેવો વડે દિવ્ય વાજિંત્ર નાદ. પછી વસુ-દ્રવ્ય તેની ધારાની વૃષ્ટિ. *[જળ પુષ્પ વૃષ્ટિ કે વસ્ત્રવૃષ્ટિનો ઉલ્લેખ આ નિર્યુક્તિમાં નથી કે આ વૃત્તિમાં પણ નથી.]* આ પ્રમાણે સામાન્યથી પારણાનો કાળ અને ભાવિ કહ્યા. હવે જ્યાં, જે રીતે અને જે આદિ તીર્થંકરનું પારણું થયું તે કહે છે –

● **નિર્યુક્તિ-૩૨૨ :-**

***હસ્તિનાપુરમાં શ્રેયાંસ વડે શેરડીના રસનું દાન, વસુધારા, ગુરુ પીઠિકાની પૂજા, તક્ષશિલામાં ગમન, બાહુબલિનું નિવેદન.***

● **વિવેચન-૩૨૨ :-** *[આ કથા ચૂર્ણિમાં વિસ્તારથી આપેલી છે.]*

કુરુજનપદમાં ગજપુર [હસ્તિનાપુર] નગરમાં બાહુબલિનો પુત્ર સોમપ્રભ અને તેનો પુત્ર શ્રેયાંસ યુવરાજ હતો. તેણે સ્વપ્નમાં મેરુ પર્વતને શ્યામવર્ણી જોયો. તેથી અમૃતના કળશો વડે તેનો અભિષેક કર્યો. તેથી અતિ અધિક શોભવાને લાગ્યો.

નગર શ્રેષ્ઠી સુબુદ્ધિએ એવું સ્વપ્ન જોયું કે સૂર્યના હજારો કિરણો પોતાના સ્થાનથી ચલિત થયાં, શ્રેયાંસ વડે તેને જોડી દેવાયા અને તે અધિકતર તેજથી સંપૂર્ણ થયો. રાજાએ સ્વપ્નમાં એક પુરુષને મોટા પ્રમાણવાળા મહાન્ શત્રુસૈન્ય સાથે લડતો જોયો, શ્રેયાંસ વડે સહાય દેવાતા તે સૈન્યબળ ભાંગી ગયું.

પછી તે બધાં સભા મંડપમાં એકઠાં થયાં, સ્વપ્નની ચર્ચા કરી પણ જાણ્યું નહીં કે શું થવાનું છે. રાજા બોલ્યા કે શ્રેયાંસ કુમારને કોઈ મહાન્ લાભ થવાનો છે. સભામંડપથી ઉઠીને શ્રેયાંસ પણ પોતાના ભવનમાં ગયો. ત્યાં અવલોકન કરતો બેઠો છે. ત્યાં સ્વામીને પ્રવેશતા જોયા. તે વિચારે છે કે – મેં આવો વેશ ક્યાં જોયો છે, જેવો પરદાદાનો છે ? જાતિસ્મરણ થયું. તે પૂર્વ ભવે ભગવંતનો સારથી હતો. ત્યાં તેણે વજસેન તીર્થંકર વેશમાં જોયા હતા. વજનાભે દીક્ષા લીધી, તે પણ દીક્ષિત થયો. ત્યારે તેણે સાંભળેલ હતો કે – આ વજનાભ ભરતક્ષેત્રમાં પહેલાં તીર્થંકર થશે, તે જ આ ભગવંત છે.

તેટલામાં કોઈ મનુષ્ય શેરડીના રસના ઘડા ભરીને આવ્યો. તે લઈને શ્રેયાંસ ભગવંત સામે ઉપસ્થિત થયો. તે કલ્પે તેવા હોવાથી સ્વામીએ હાથ પસાર્યા. હાથમાં [ખોબામાં] બધો રસ નાંખ્યો. ભગવંત અછિદ્રપાણી-છિદ્ર વગરના હાથવાળા હતા.



શિખા ઉપર વધવા લાગી, પણ નીચે પડતી નથી. આવી ભગવંતની લબ્ધિ હતી. ભગવંતે પારણું કર્યું. ત્યાં દિવ્યો પ્રગટ થયાં તે આ પ્રમાણે –

(૧) વસુધારા વૃષ્ટિ, (૨) વસ્ત્ર વૃષ્ટિ, (૩) દેવદુંદુભિ નાદ, (૪) ગંધોદક પુષ્પ વર્ષા, (૫) આકાશમાં ઉદ્ઘોષણા.

ત્યાં તે દેવ સંનિપાત જોઈને લોકો શ્રેયાંસને ઘેર ગયા. તાપસો અને બીજા રાજા પણ આવ્યા. ત્યારે શ્રેયાંસે તેમને કહ્યું – ભિક્ષા આ પ્રમાણે દેવાય છે. આમને દાન દેવાથી સદ્ગતિ મળે છે.

ત્યારે તે બધાંએ પૂછ્યું કે તેં કેવી રીતે જાણ્યું ? શ્રેયાંસે કહ્યું – જાતિ સ્મરણથી, મેં સ્વામી સાથે આઠ ભવો કર્યા છે. ત્યારે તેઓ કુતૂહલ ઉત્પન્ન થવાથી પૂછે છે – અમે આપનો આ આઠ ભવનો સંબંધ જાણવાને ઈચ્છીએ છીએ. ત્યારે શ્રેયાંસે પોતાની અને ઋષભદેવની આઠ ભવની કથા કહી, જેમ વસુદેવહિંડિમાં છે. તે સંક્ષેપથી આ પ્રમાણે છે –

*[૧] ધન્ય સાર્થવાહ, [૨] ઉત્તરકુરુક્ષેત્રમાં યુગલિક, [૩] પહેલાં દેવલોકમાં, [૪] મહાવિદેહમાં મહાબલ રાજા. એ ચાર ભવ ઋષભદેવના થયા પછી પાંચમાં ભવથી ઋષભદેવ અને શ્રેયાંસનો સંબંધ શરૂ થયો તે આ રીતે –*

ઈશાનમાં શ્રી પ્રભુ વિમામાં ભગવંત લલિતાંગ દેવ હતા અને શ્રેયાંસ તેની સ્વયંપ્રભા દેવી હતો કે સ્વયંપ્રભા પૂર્વભવે નિર્નામિકા હતી.

પછી પૂર્વવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરમાં ભગવંત વજજંઘ રાજા થયા, શ્રેયાંસ, તેની શ્રીમતી ભાર્યા થયો.

પછી ઉત્તરકુરુમાં ભગવંત યુગલિક, શ્રેયાંસ યુગલિની.

પછી સૌધર્મ કલ્પે બંને દેવો થયા.

પછી ભગવંત પશ્ચિમવિદેહે વૈદ્યપુત્ર થયા અને શ્રેયાંસ થયો જીર્ણ શ્રેષ્ઠીના પુત્ર કેશવ, તો છઠ્ઠો મિત્ર હતો.

ત્યાંથી અચ્યુત કલ્પમાં તે બંને દેવો થયા.

ત્યાંથી પુંડરીકિણી નગરીમાં વજનાભ અને શ્રેયાંસ સારથી.

પછી સર્વાર્થસિદ્ધ વિમાનમાં બંને દેવો થયો. એ પ્રમાણે બંનેનો આઠ ભવનો સંબંધ થયો. પછી અહીં શ્રેયાંસ, ભગવંતનો પ્રપૌત્ર થયો.

ત્રણેના સ્વપ્નોનું આ ફળ છે કે શ્રેયાંસે ભગવંતને ભિક્ષા આપી. એ પ્રમાણે લોકોએ સાંભળીને શ્રેયાંસને અભિનંદન આપી બધાં પોતાના સ્થાને ગયા. શ્રેયાંસે પણ જ્યાં રહીને ભગવંતને પ્રતિલાભિત કરેલાં, તે સ્થાને તેમના ચરણને કોઈ પગ વડે આક્રમિત ન કરે તે માટે ભક્તિ વડે ત્યાં રત્નમય પીઠ કરી. ત્રણે સંધ્યા તેની અર્ચા કરવા લાગ્યો અને પર્વ દેશકાળે વિશેષથી અર્ચના કરીને ભોજન કરતો.

લોકો પૂછતા કે આ શું છે ? શ્રેયાંસ કહેતો - આદિકાર મંડલ છે. પછી લોકોએ પણ જ્યાં જ્યાં ભગવંત રહ્યા, ત્યાં ત્યાં પીઠ બનાવી. કાળ જતાં તે આદિત્ય પીઠ રૂપે પ્રસિદ્ધ થયું.

એ પ્રમાણે ભગવંત આદિકરની પારણા વિધિ કહી. હવે પ્રસંગથી અજિતાદિ બાકીના તીર્થંકરોને જે સ્થાનમાં પહેલું પારણું થયું, જેણે કરાવ્યું, તેની ગતિ ઈત્યાદિ પ્રતિપાદિત કરે છે. તેની ગાથા આ રીતે —

**● નિર્યુક્તિ ગાથા-૩૨૩ થી ૩૩૪ :-**

*જ્યાં સર્વે [ચોવીશે] જિનેશ્વરોએ પહેલી ભિક્ષા પ્રાપ્ત કરી, તે નગરીના નામો અનુક્રમે આ પ્રમાણે છે — (૧) હસ્તિનાપુર, (૨) અયોધ્યા, (૩) શ્રાવસ્તી, (૪) સાકેતપુર, (૫) વિજયપુર, (૬) બ્રહ્મસ્થલ, (૭) પાટલી ખંડ, (૮) પદ્મ ખંડ, (૯) શ્રેયઃપુર, (૧૦) રિષ્ટપુર, (૧૧) સિદ્ધાર્થપુર અને (૧૨) મહાપુર.*

*(૧૩) ધાન્ય કર, (૧૪) વર્ધમાન, (૧૫) સોમનસ, (૧૬) મંદિર, (૧૭) ચક્રપુર, (૧૮) રાયપુર, (૧૯) મિથિલા, (૨૦) રાજગૃહી, (૨૧) વીરપુર, (૨૨) દ્વારિકા, (૨૩) કોપટક અને (૨૪) કોલ્લાકગ્રામ એ પ્રમાણે જાણવા.*

*હવે ચોવીશે તીર્થંકરોએ જેને પહેલી ભિક્ષા આપી. તેમના નામો ક્રમશઃ કહું છું — (૧) શ્રેયાંસ, (૨) બ્રહ્મદત્ત, (૩) સુરેન્દ્રદત્ત, (૪) ઈન્દ્રદત્ત, (૫) પદ્મ, (૬) સોમદેવ, (૭) મહેન્દ્ર, (૮) સોમદત્ત, (૯) પુષ્ય, (૧૦) પુનર્વસુ.*

*(૧૧) પૂર્ણનંદ, (૧૨) સુનંદ, (૧૩) જય, (૧૪) વિજય, (૧૫) ધર્મસીહ, (૧૬) સુમિત્ર, (૧૭) વ્યાઘ્રસિંહ, (૧૮) અપરાજિત, (૧૯) વિશ્વસેન, (૨૦) બ્રહ્મદત્ત, (૨૧) દત્ત, (૨૨) વરદત્ત, (૨૩) ધન્ય (૨૪) બહુલ જાણવા.*

*આ બધાંએ બે હાથ જોડી, ભક્તિ બહુમાનથી, શુભલેશ્યાવાળા થઈ, તે કાળે પ્રહૃષ્ટ મનથી જિનવરેન્દ્રોને પ્રતિલાભ્યા હતા.*

*બધાં જ જિનેન્દ્રોને જ્યાં પહેલી ભિક્ષા પ્રાપ્ત થઈ, ત્યાં વસુધારા અને પુષ્પવૃષ્ટિ થયેલી. આ વસુધારા ઉત્કૃષ્ટથી સાડા બાર કોડી સુવર્ણ અને જઘન્યથી ૧૨॥ લાખ સુવર્ણની હોય છે.*

*સર્વે તીર્થંકરોને જેણે પ્રથમ ભિક્ષા આપી, તેઓ પાતળા રાગદ્વેષવાળા થઈ દિવ્ય શ્રેષ્ઠ પરાક્રમવાળા થયા. તેમાંથી કેટલાંક તે જ ભવે જિનવર પાસે સર્વ કર્મથી મુક્ત થઈ તે જ ભવે મોક્ષે ગયા. કેટલાંક [બાકીનાં] ત્રીજા ભવે મોક્ષે જશે.*

**● વિવેચન-૩૨૩ થી ૩૩૪ :-**

- x - ગજપુર [હસ્તિનાપુર] નગર હતું. ત્યાં શ્રેયાંસ રાજા હતો. *[નિર્યુક્તિ-૩૨૨ની વૃત્તિમાં વૃત્તિકારે તેને યુવરાજ કહ્યો છે, અહીં રાજા કહે છે !]* તેણે શેરડીના રસનું દાન કરી, ભગવંતને અધિકૃત્ય પ્રવર્ત્યો. ત્યાં ૧૨॥ કરોડ સોનૈયાની વસુધારા થઈ. પીઠ - શ્રેયાંસે જ્યાં ભગવંતનું પારણું કરાવ્યું. ત્યાં પગ વડે કોઈ આક્રમણ ન કરે તે માટે રત્નમય પીઠ કરાવી. ત્યાં પૂજા-અર્ચા કરી. એટલામાં ભગવંત તક્ષશિલા જવા નીકળ્યા. ભગવંતની પ્રવૃત્તિ માટે નિયુક્ત પુરુષે બાહુબલીને નિવેદન કર્યુ - x -

હવે કથાનો શેષ ભાગ કહે છે — બાહુબલિએ વિચાર્યુ કે કાલે સર્વ ઋદ્ધિથી વંદન કરીશ. સવારે તે નીકળ્યો. ભગવંત તો વિહાર કરી ગયા. ભગવંતને ન જોવાથી





બાહુબલિને અધૃતિ થઈ. ભગવંત જ્યાં રહેલાં ત્યાં ધર્મચક્રનું ચિહ્ન કરાવ્યું. તે સર્વ રત્નમય અને એક યોજન પરિમંડલ હતું. તેમાં પાંચ યોજન ઉંચો દંડ હતો. ભગવંત પણ બહુલી - યોનકાદિ દેશમાં નિરૂપસર્ગ વિચરતા વિનીતા નગરીના ઉધાન સ્થાન પુરિમતાલ નગરે આવ્યા. ત્યાં ઈશાન ખૂણામાં શકટમુખ ઉધાનમાં, ન્યગ્રોધ વૃક્ષની નીચે અઠ્ઠમ ભક્તથી પૂર્વાહ્ણ દેશ કાળમાં ફાગણ વદ-૧૧ના ઉત્તરાષાઢા નક્ષત્રમાં પ્રવ્રજ્યા દિવસથી આરંભીને ૧૦૦૦ વર્ષ વીત્યા પછી ત્રિભુવનના એક જ બાંધવ રૂપ ભગવંતને દિવ્ય - અનંત કેવળજ્ઞાન થયું.

આ જ અર્થને ઉપસંહરતા છ ગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૩૩૫ થી ૩૪૦ :-**

*કાલે સર્વ ઋદ્ધિથી પૂજીશ. ભગવંતને ન જોતાં ધર્મચક્ર રચ્યુ. ભગવંત છદ્મસ્થપણે ૧૦૦૦ વર્ષ ભરત ક્ષેત્રમાં વિચર્યા. બહલી, અડંબ, ઈલા, યવન દેશો અને સુવર્ણભૂમિમાં ભગવંત ઋષભ તપને ચરતા વિચર્યા હતા. બહલી, યવન, પલ્હક દેશોમાં ભગવંત વડે [લોકો] સારી રીતે સ્પર્શના પામ્યા, બીજા પણ મ્લેચ્છ જાતિના લોકો ભદ્રિક થયા.*

*તીર્થંકરોમાં પ્રથમ એવા ઋષભ ઋષી નિરુપસર્ગ વિચર્યા. તેમના વિહારની મુખ્ય ભૂમિ અષ્ટાપદ પર્વતની અગ્રભૂમિ હતી. ઋષભદેવને ૧૦૦૦ વર્ષ છદ્મસ્ત પર્યાય પાળી પુરિમતાલમાં ન્યગ્રોધ વડ નીચે કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું. ફાગણવદ-૧૧, અઠ્ઠમ ભક્તપૂર્વક અનંત જ્ઞાન ઉત્પન્ન થતાં ત્યાં પાંચ પ્રકારે મહાવ્રતની પ્રરૂપણા કરી.*

**● વિવેચન-૩૩૫ થી ૩૪૦ :-**

આનો ભાવાર્થ સુગમ છે. વિશેષ એ કે — અનુરૂપ ક્રિયાને અધ્યાહાર કરવી. - x - ગાથાર્થ કહ્યો. દેવકૃત્ સમવસરણમાં રહીને પાંચ મહાવ્રતોની પ્રજ્ઞાપના કરી, તેથી કહે છે —

**● નિર્યુક્તિ-૩૪૧ :-**

*અનંત એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં, જરા-મરણથી મુક્ત થયેલા જિનેન્દ્રનો દેવેન્દ્રો અને દાનવેન્દ્રો મહોત્સવ કરે છે.*

**● વિવેચન-૩૪૧ :-**

ચાર ઘાતિકર્મોને ક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. જરા - વયની હાનિરૂપ, - x - તેનાથી મુક્ત - x - મહિમા - જિનવરેન્દ્રની જ્ઞાન પૂજા. દેવેન્દ્રના ગ્રહણથી વૈમાનિક અને જ્યોતિષ્કનું ગ્રહણ કરવું. દાનવેન્દ્રના ગ્રહણથી ભવનવાસિ અને વ્યંતરેન્દ્રનું ગ્રહણ કરવું. બધાં તીર્થંકરોને દેવો અવસ્થિત નખ અને રોમ કરે છે. ભગવંત કનકવર્ણી શરીરમાં જટા સમાન અંજનરેખાવત્ શોભે છે.

હવે ઉક્ત-અનુક્તના સંગ્રહને માટે સંગ્રહગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૩૪૨ :-**

*વિનીતા નગરીના પુરિમતાલ ઉધાનમાં ભગવંતને કેવળજ્ઞાન થયું. ચક્રરત્ન*

*ઉત્પન્ન થયું. ભરતને બંને સમાચાર સાથે મળ્યા.*

**● વિવેચન-૩૪૨ :-**

- x - [ગાથાર્થ કહ્યો.] ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ દિવસે ભરતરાજાની આયુધશાળામાં ચક્રનો ઉત્પાદ થયો. ભરતને જ્ઞાન અને ચક્રરત્ન બંનેના સમાચાર તેના નિયુક્ત પુરુષોએ આપ્યા. ત્યારે ભરતે વિચાર્યુ કે — બંનેની પૂજા કરવી જોઈએ, પહેલાં કોની કરવી યોગ્ય છે ?

**● નિર્યુક્તિ-૩૪૩ :-**

*તાતની પૂજાથી ચક્ર પૂજાયેલ જ છે, તાત જ પૂજ્વા યોગ્ય છે. ચક્ર તો આલોક સુખ આપે છે, પણ તાત પરલોકમાં સુખ આપનાર છે.*

**● વિવેચન-૩૪૩ :-**

तात - ત્રિલોકના ગુરુ. - x - દેવેન્દ્રાદિ પણ નામના હોવાથી તાત પૂજાને યોગ્ય વર્તે છે. - x - ચક્ર આ લોકના અર્થાત્ સાંસારિક સુખના જ હેતુરૂપ છે. પણ શિવસુખના હેતુ હોવાથી તાત પરલોકમાં સુખ આપે. તેથી ચક્ર ભલે રહ્યું, ત્રિલોકગુરુની પૂજા કરવી યોગ્ય છે, એમ વિચારીને તેમની પૂજા કરવા સંદેશ આપ્યો.

હવે કથાનક કહે છે —

ભરત સર્વઋદ્ધિથી ભગવંતને વંદન કરવાને પ્રવૃત્ત થયો. મરુદેવી માતા ભગવંતની પ્રવ્રજ્યા પછી ભરતની રાજ્યલક્ષ્મી જોઈને બોલ્યા — મારા પુત્રને આવી રાજ્યલક્ષ્મી ક્યાં ? હાલ તે [બિચારો] ભૂખ-તરસથી પરિવરેલો, નગ્ન, ચાલતો હશે, એ પ્રમાણે ઉદ્વેગ કરે છે. ભરતે તીર્થંકરની વિભૂતિને વર્ણવી તો પણ વિશ્વાસ કરતી નથી. પુત્રના શોકથી તેણીને રડતાં-રડતાં ચક્ષુ આડાં પડલ બાઝી ગયા. ત્યારે ભરતે જતાં-જતાં કહ્યું, હે માતા ! ચાલો, તમને હું ભગવંતનો વૈભવ દેખાડું છું.

ત્યારે ભરત હાથીના સ્કંધે આગળ બેસાડી નીકળ્યો. સમોસરણ દેશે આકાશમંડલ દેવના સમૂહ વડે વિમાનમાં બેસી ઉતરતા, વિરાટ ધ્વજપટ્ટ, વગાડાતી દેવદુંદુભિનો નાદ, તેના વડે આપૂરિત દિશામંડલ જોઈને ભરતે કહ્યું — જુઓ મા ! આવી ઋદ્ધિ [તમારા પુત્રની છે.] તેના લાખમાં ભાગે પણ મારી ઋદ્ધિ નથી. પછી તેણીએ ભગવંતા છત્રાતિછત્ર જોતાં જ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજા કહે છે — ભગવંતની ધર્મકથાના શબ્દો સાંભળીને મરુદેવા માતાને કેવળજ્ઞાન થયું.

તેમનું આયુ તત્કાળ તુટી જતાં ત્યાં જ સિદ્ધ થયા. આ ભરતની આ અવસર્પિણીમાં પહેલા સિદ્ધ થયા. એમ જાણીને દેવોએ તેની પૂજા કરી, શરીરને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યું અને ભગવંતે સમવસરણમાં દેવ-મનુષ્ય-અસુર સહિતની સભામાં ધર્મ કહ્યો. ત્યાં ઋષભસેન નામે ભરતનો પુત્ર, જે પૂર્વ બદ્ધ ગણધર નામ ગોત્રવાળો સંવેગ ઉત્પન્ન થતાં પ્રવ્રજિત થયો. બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી, ભરત શ્રાવક થયો. સુંદરી દીક્ષા લેવા તૈયાર થઈ પણ સ્ત્રીરત્ન થશે તેમ વિચારી ભરતે ના પાડી, તેથી તે પણ શ્રાવિકા થઈ. આ ચતુર્વિધ શ્રમણસંઘ થયો.

તે તાપસો ભગવંતને જ્ઞાન ઉત્પન્ન થતાં કચ્છ અને મહાકચ્છ સિવાયના



ભગવંતની પાસે આવીને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવાદિની પર્ષદા જોઈને ભગવંત પાસે પ્રવ્રજિત થયા. આ સમોસરણમાં મરીચિ આદિ ઘણાં કુમારોએ દીક્ષા લીધી. હવે ચાર સંગ્રહગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૩૪૪ થી ૩૪૭ :-**

*ભરત મરુદેવી માતા સાથે નીકળ્યો. ધર્મકથા કહી. ઋષભસેને પ્રવ્રજ્યા લીધી. બ્રાહ્મી, મરીચિએ દીક્ષા લીધી. સુંદરી અંતઃપુરને શોભાવશે માની, ભરતના રોકવાથી સુંદરી ઘેર રહી... ભરતના ૫૦૦ પુત્રો અને ૭૦૦ પૌત્રોએ એક સાથે તુરંત પ્રભુના સમોસરણમાં દીક્ષા લીધી.*

*ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકાદિ સર્વે દેવો પોતાના પરિવાર અને સર્વઋદ્ધિ સહ આવી ભગવંતનો જ્ઞાન મહિમા કર્યો. દેવોએ કરેલ મહિમા જોઈને સમ્યક્ત્વ પામેલ બુદ્ધિવાળા ક્ષત્રિય મરિચિએ ધર્મ સાંભળીને દીક્ષા લીધી.*

**● વિવેચન-૩૪૪ થી ૩૪૭ :-** *[ભરત કથા ચૂર્ણિમાં પણ જોવી.]*

कथन - ધર્મકથા સાંભળીને અથવા મરુદેવીને ભગવંતની વિભૂતિ કે કથનથી. - x - सयराह - દેશી શબ્દ છે તેનો અર્થ યુગપદ્ કે ત્વરિત થાય. मरीचि - જન્મતાં જ મરીચિ-કિરણો છોડેલા તેથી મરીચિ નામ રાખ્યું. - x - x - સમ્યક્ત્વથી પ્રાપ્ત બુદ્ધિવાળો. બાકી સુગમ છે.

ભરત પણ ભગવંતની પૂજા કરીને ચક્રરત્નનો અષ્ટાહ્નિકા મહિમા કર્યો. અષ્ટાહ્નિકા મહોત્સવ નિવૃત્ત થતાં, તે ચક્રરત્ન પૂર્વાભિમુખ ચાલ્યું. ભરત સર્વ સૈન્ય સાથે તેને અનુસર્યો. તે યોજન જઈને રોકાયું. - x - પૂર્વમાં માગધતીર્થે અઠ્ઠમભક્ત કરી, રથને સમુદ્રમાં ચક્રનાભિ સુધી અવગાહી, પછી નામથી અંકિત બાણ ફેંક્યુ. તે બાર યોજન જઈને માગધતીર્થકુમારના ભવનમાં પડ્યું. તે જોઈ કોપાયમાન થઈ તે દેવ બોલ્યો — આ કોણ અપ્રાર્થિતનો પ્રાર્થક છે. નામ જોઈ જાણ્યું કે ચક્રવર્તી ઉત્પન્ન થયો છે. બાણ અને મુગટ લઈ ઉપસ્થિત થયો. કહ્યું — હું તમારો પૂર્વનો અંતપાલ છું. ત્યારે ત્યાંનો અષ્ટાહ્નિકા મહામહોત્સવ કર્યો.

આ જ ક્રમે દક્ષિણમાં વરદામ, પશ્ચિમમાં પ્રભાસ, પછી સિંધુ દેવીની સાધના, પછી વૈતાઢ્ય ગિરિકુમાર દેવ, પછી તમિસ્રગુફા, કૃતમાલ દેવ, પચી સુષેણ સેનાપતિ અર્ધસૈન્ય લઈ દક્ષિણના સિંધુ નિષ્કુટે ગયો. પછી સુષેણે તમિસ્રા ગુફાને ઉઘાડી. પછી ત્યાં મણિરત્ન વડે ઉદ્યોત કરીને બંને પડખે ૫૦૦ ધનુષ્‌ની લંબાઈ-પહોળાઈવાળા મંડલો એવા ૪૯ માંડલા કર્યા. ઉદ્યોત કરીને ઉન્મગ્ના - નિમગ્નામાં સંક્રમમાં ઉતરીને તમિસ્રગુફાથી નીકળ્યો. આવેલા કિરાત સાથે યુદ્ધ કર્યુ.

પરાજિત થયેલા કિરાતોએ મેઘમુખકુમાર નામક કુલદેવતાને આરાધ્યા, તેમણે સાત રાત્રિ વરસાદ વરસાવ્યો. ભરત પણ ચર્મરત્નમાં છાવણી સ્થાપીને ઉપર છત્રરત્ન સ્થાપ્યુ, મણિરત્નને છત્રરત્નના મધ્યે દંડમાં સ્થાપ્યું. ત્યારથી લોકમાં ઇંડામાંથી નીકળેલ જગત્ કહેવાયું. તે ચર્મરત્નમાં સવારે શાલિ વાવે તે સાંજ પહેલાં ઉગી જાય,

તેને રાંધીને જમતાં, એમ સાત દિવસો ગયા. પછી આભિયોગિક દેવો વડે મેઘમુખ કુમારને નિર્ધારિત કરાયા - ભગાડી મૂકાયા. તેમના વચનથી કિરાતો ભરતને નમ્યા. પછી લઘુહિમવંત ગિરિકુમાર દેવ પાસે આવ્યા. ત્યાં ૭૨ યોજન બાણ ઉંચે ગયું. પછી ઋષભકૂટે નામ લખ્યું.

પછી સુષેણ સેનાપતિ ઔત્તરીય સિંધુ નિષ્કૂટે ગયો. ભરત ગંગામાં ઉતર્યો. પછી સેનાપતિ ઉત્તર ગંગા નિષ્કૂટે આવ્યો. ભરતે પણ ગંગાદેવી સાથે ૧૦૦૦ વર્ષ ભોગો ભોગવ્યા. પછી વૈતાઢ્ય પર્વતે નમિ અને વિનમિ સાથે ૧૨-વર્ષ યુદ્ધ થયું. તે બંને પરાજિત થતાં વિનમિ એ સ્ત્રીરત્ન અને નમિ રત્નો લઈને આવ્યો. પછી ખંડ પ્રપાત ગુફામાં નૃત્યમાલ દેવ પાસે આવ્યા, ત્યાંથી નીકળ્યા. ગંગાકૂલે નવ નિધિ મેળવ્યા. પછી દક્ષિણના ગંગા નિષ્કૂટે સેનાપતિ આવ્યો. [ઈત્યાદિ]

આ ક્રમથી ૬૦,૦૦૦ વર્ષે ભરતક્ષેત્ર જીતીને ભરત વિનિતા રાજધાની આવ્યો. બાર વર્ષીય મહારાજાભિષેક થયો. રાજાઓને વિદાય કર્યા. પછી સ્વજનોને યાદ કરવા લાગ્યો. ત્યારે બધાં નિજકો દેખાયા. એ ક્રમે સુંદરીને જોઈ. તેણી કરમાયેલા મુખવાળી જોઈ. તેણીને જે દિવસે દિક્ષા લેતો રોકી તે દિવસથી આરંભી આયંબિલ કરતી હતી. તે જોઈને રોષથી ભરતે કુટુંબીને કહ્યું – કેમ મારે ત્યાં ભોજન ન હતું કે જેથી આ આવી થઈ ગઈ ? કે વૈદ્યો ન હતા ? તેઓએ કહ્યું કે સુંદરીએ આયંબિલ તપ કર્યો છે. ત્યારે ભરત તેણી ઉપર પાતળા રાગવાળો થયો. તેણીને કહ્યું – જો તને ગમે તો મારી સાથે ભોગો ભોગવ અથવા દીક્ષા લે. ત્યારે પગે પડી ગઈ, વિદાય કરી અને સુંદરીએ દીક્ષા લીધી.

કોઈ વખતે ભરતે તેના ભાઈઓ પાસે દૂતો મોકલ્યા, મારી આજ્ઞામાં રહો. તેઓ બોલ્યા – અમને પણ પિતાએ જ રાજ્ય આપેલ છે. તને પણ તેમજ છે અમે પિતાને પૂછીને તે કહેશે તેમ કરીશું.

ત્યારે ભગવંત અષ્ટાપદે આવીને વિચરતા હતા. અહીં બધાં કુમારો આવ્યા, ભગવંતને કહ્યું – આપે આપેલ રાજ્ય ભાઈ ભરત હરી લેવા માંગે છે, તો શું કરવું ? અમે યુદ્ધ કરીએ કે તેની આજ્ઞા પાળીએ ? ત્યારે સ્વામીએ ભોગથી નિવર્તવા માટેનો તેમને ધર્મ ઉપદેશ આપ્યો. કહ્યું કે – મુક્તિસમાન સુખ નથી.

ત્યારે અંગારદાહકનું દૃષ્ટાંત કહ્યું –

એક અંગાર દાહક હતો, પાણીનું એક વાસણ ભરીને ગયો. એક સ્થાને પાણી રાખ્યું, ઉપર સૂર્ય, બાજુમાં અગ્નિ, વળી પરિશ્રમ, ઘેર જઈ પાણી પી મૂર્છિત થઈ સ્વપ્ન જુએ છે. એ રીતે અસદ્ભાવ સ્થાપનાથી કૂવા, તળાવ, નદી, દ્રહ, સમુદ્ર બધાં પી ગયો, તેની તૃષ્ણા ન છાપી. ત્યારે એક જીર્ણ કૂવામાં ઘાસનો પૂડો લઈને પાણી સીંચે છે, જે થોડું પડ્યું તેને જીભ વડે ચાટ્યું. એ પ્રમાણે તમે બધાં સર્વલોકમાં અનુત્તર શબ્દ, સ્પર્શાદિ સર્વાર્થસિદ્ધમાં અનુભવ્યા પણ તૃપ્તિ ન થઈ. એ પ્રમાણે વૈતાલિય અધ્યયન કહ્યું, ''બોધ પામો, કેમ બોધ નથી પામતા ?'' એમ ૯૮ વૃત્તો વડે ૯૮ કુમારોએ દીક્ષા લીધી. કોઈ પહેલાથી બોધ પામ્યા, કોઈ બીજાથી. - x -



બાકી ભાઈઓએ દીક્ષા લેતા, ભરતે બાહુબલિ પાસે દૂત મોકલ્યો. તેણે ભાઈઓની દીક્ષાનું જાણતા ક્રોધિત થયો. તેણે કહ્યું કે તેઓ બાલ હતા માટે દીક્ષા લીધી, પણ હું યુદ્ધ માટે સમર્થ છું. તે વાત અહીં કહે છે –

● **નિર્યુક્તિ-૩૪૮ :-**

***ભરતે માગધાદિનો વિજય કર્યો. સુંદરીની દીક્ષા થઈ, બાર વર્ષ અભિષેક ચાલ્યો, ભાઈઓને આજ્ઞામાં આવવા કહ્યું. સમોસરણમાં જઈને ભાઈઓએ ભગવંતને પૂછ્યું, ભગવંતે દૃષ્ટાંત આપ્યું.***

● **વિવેચન-૩૪૮ :-**

- x - x - [ગાથાર્થ ઉપર કહ્યો છે. કેટલુંક કથાનક પૂર્વે કહેલ છે.] બાહુબલિ અને ભરત પોત-પોતાના સર્વ સૈન્ય સહિત દેશની સરહદે ભેગા થયા. બાહુબલિએ કહ્યું – નિરપરાધી લોકોને શા માટે મારવા ? આપણે બે જ લડીએ. પહેલાં દૃષ્ટિ યુદ્ધ થયું તેમાં ભરત હાર્યો. પછી વાચાયુદ્ધમાં પણ ભરત હાર્યો. બાહુ યુદ્ધમાં પણ હાર્યો, મુષ્ટિ અને દંડ યુદ્ધમાં પણ હારતા ભરતે વિચાર્યુ કે શું આ ચક્રવર્તી છે કે હું દુર્બળ છું ?

એમ વિચારતો હતો ત્યાં દેવતાએ આયુધમાં ચક્રરત્ન આપ્યું ત્યારે ભરત તેને લઈને દોડ્યો. બાહુબલિએ તેને દિવ્યરત્ન લઈ આવતો જોયો. પહેલા તો થયું કે આને ભાંગી નાંખુ. ફરી વિચાર્યુ કે આ તુચ્છ કામભોગોથી ભ્રષ્ટ પ્રતિજ્ઞ અને મારવો યોગ્ય નથી. મારે પણ ભાઈઓની જેમ અનુષ્ઠાન કરવું જ યોગ્ય છે. એમ વિચારીને ભરતને કહ્યું – ધિક્કાર છે તારા પુરુષત્વને કે આ અધર્મયુદ્ધ કરવાને તૈયાર થયો છે. મારે ભોગનું કંઈ કામ નથી, આ રાજ્ય તું પકડ ! હું દીક્ષા લઉં છું દંડ મુક્ત થઈ દીક્ષા લીધી. ભરતે બાહુબલીના પુત્રને રાજ્યમાં સ્થાપ્યો.

બાહુબલી વિચારે છે કે પિતાજી સમીપે મારા ભાઈઓ જે નાના છે, તે સમુત્પન્ન જ્ઞાનાતિશયવાળા છે. હું અતિશય વગરનો તેને કેમ જાઉં ? કેવળજ્ઞાન થાય ત્યાં સુધી અહીં રહું. એ રીતે તે પ્રતિમા ધ્યાને રહ્યા. માનરૂપી પર્વતે જઈને બેઠા. સ્વામી જાણવા છતાં કોઈને મોકલતા નથી કેમકે તીર્થંકરો અમૂઢ લક્ષવાળા હોય છે. ત્યારે એક વર્ષ સુધી બાહુબલી કાયોત્સર્ગમાં રહ્યા. વેલો વીંટળાઈ વળી. પગમાં સર્પોએ રાફડા બનાવ્યા. વર્ષ પૂરું થતાં ભગવંતે બ્રાહ્મી, સુંદરીને મોકલ્યા. પૂર્વે ન મોકલ્યા કેમકે ત્યારે સમ્યક્પણે સમજત નહીં.

તે બંને બહેન સાધ્વીઓ બાહુબલીને શોધે છે, વેલ અને ઘાસથી વીંટાયેલા જોયા, ઘણાં વાળ વધી ગયા છે, તેમને જોઈને વાંદ્યા. આ પ્રમાણે કહ્યું કે – પિતાજી [ભગવંત] આજ્ઞા કરે છે કે – હાથી ઉપર બેસીને કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય. ત્યારે તે વિચારે છે કે અહીં હાથી ક્યાં છે ? ભગવંત જૂઠું બોલે નહીં, વિચારતાં જાણ્યું કે માનરૂપી હાથી છે, હું જઉં ભગવંતને વાંદુ, સાધુને વાંદુ. એમ વિચારતા પગ ઉપાડ્યો ત્યાં કેવળજ્ઞાન થયું. પછી કેવલીની પર્ષદામાં જઈને રહ્યા.

ભરત રાજ્ય ભોગવે છે. મરીચિ પણ સામાયિક આદિ ૧૧-અંગો ભણ્યો. હવે

આ અર્થને સાત ગાથા વડે બતાવે છે —

● **નિર્યુક્તિ-૩૪૯ અને ભાષ્ય-૩૨ થી ૩૭ :-**

*નિ૰-બાહુબલીને ક્રોધ ચડ્યો, દૂતે તે વાત ભરતને કહી, દેવતા આવ્યા, બાહુબલીનું કથન - અધર્મ યુદ્ધ મારે નથી કરવું. દીક્ષા લીધી. પ્રતિમા ધ્યાન સ્વીકાર કર્યો.*

*ભા૰ - પહેલાં દૃષ્ટિયુદ્ધ, પછી અનુક્રમે વાક્‌યુદ્ધ, બાહુ યુદ્ધ, મુષ્ટિ યુદ્ધ, દંડયુદ્ધ થયું બધાંમાં ભરતનો પરાજય થયો. પરાજિત થયેલો નરપતિ શોક પામી વિચારે છે કે ખરેખર ચક્રવર્તી આ છે કે પછી હું અત્યારે દુર્બળ થયેલો છું. વર્ષ વીત્યા પછી અમૂઢલક્ષ્યવાળા અરિહંતે પુત્રીઓને [બ્રાહ્મી, સુંદરીને] મોકલી, ''હાથી ઉપરથી ઉતરો'' એમ કહ્યું, બાહુબલી વિચારે છે કે હાથી ક્યાં ? પગ ઉપડતાં કેવળ જ્ઞાન પામ્યા. ઈત્યાદિ - x - x - બધું પૂર્વે નિર્યુક્તિ અને વિવેચનમાં કહેવાઈ ગયું છે, તે જ મરીચિ ૧૧-અંગ ભણ્યા સુધી જાણવું.*

● **વિવેચન-૩૪૯ + ભા. ૩૨ થી ૩૭ :-**

આનો અર્થ તો કહેવાયેલો જ છે, છતાં અસંમોહાર્થે અક્ષર ગમનિકા બતાવે છે — ભરતનો સંદેશો સાંભળીને બાહુબલિને કોપ થવો. તે નિવેદન ચક્રવર્તી ભરતને દૂતે કર્યુ. યુદ્ધમાં પરાજિત થયેલ ભરતને વિચાર આવ્યો કે શું આ ચક્રવર્તી છે કે હું ? ત્યારે દેવ આવ્યા. બાહુબલિ વડે પરિણામે દારુણ એવા ભોગોની વિચારણા કરી કથન કરાયું કે મારે રાજ્યનું પ્રયોજન નથી, હું અધર્મથી યુદ્ધ નહીં કરું. તેણે દીક્ષા લીધી, જ્ઞાનોત્પત્તિ વિના હું મોટો ભાઈ, નાના ભાઈઓ પાસે કેમ જાઉં ? તેથી પ્રતિમા સ્વીકારી પ્રતિજ્ઞા કરી કે હું જ્ઞાનોત્પત્તિ થયા વિના જઈશ નહીં.

આ નિર્યુક્તિ ગાથા કહી, હવે બાકીની ભાષ્ય ગાથા છે.

[ભાષ્ય ગાથાની વૃત્તિ, અર્થમાં અને પૂર્વની વૃત્તિમાં કહેલી છે માટે ફરી કહેતાં નથી] બાહુબલી કેવલી થઈને કેવલીની પર્ષદામાં બેઠા, ભરત પણ ભુવનને એક છત્ર કરી વિપુલ ભોગો ભોગવે છે. મરીચિ પણ સ્વામી પાસે તપ અને સંયમપૂર્વક વિચરે છે. તે પણ સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન ક્રિયામાં ઉદ્યુક્ત રહી ભગવંતના શ્રુતમાં ભક્તિવંત થઈ, ગુરુ પાસે ભણ્યો.

● **નિર્યુક્તિ-૩૫૦ + વિવેચન :-**

હવે અન્ય કોઈ દિવસે ઉનાળામાં ઉષ્ણ પરિષહથી [તાપથી] વ્યાપ્ત શરીરવાળો અસ્નાન વડે ન રહેવાતા સંયમ ત્યજીને હવે કહેવાનાર કુલિંગની વિચારણા કરે છે.

● **નિર્યુક્તિ-૩૫૧ + વિવેચન :-**

[મરીચિ વિચારે છે —] મેરુ ગિરિ જેવા ભારવાળો [સંયમ] હું મુહૂર્ત્ત માત્ર પણ વહેવાને સમર્થ નથી. તેથી શ્રમણ ગુણમાં ગુણરહિત તે સંસારની અભિલાષાવાળો થયો. તે ગુણો ક્યા ? ક્ષાંતિ આદિ, હું ધૃતિ આદિ ગુણ રહિત અર્થાત્ સંસારનો અનુકાંક્ષી છું. તો હવે મારે શું કરવું જોઈએ ? શ્રમણગુણાનુપાલન શક્ય નથી, ગૃહસ્થત્વ પણ ઉચિત નથી, તો શું કરવું ?



● **નિર્યુક્તિ-૩૫૨ + વિવેચન :-**

એ પ્રમાણે ચિંતવતા મરીચિએ તેની પોતાની કલ્પના બુદ્ધિ ઉત્પન્ન થતા વિચાર્યુ કે મને ઉપાય જડ્યો, આ મારી શાશ્વત બુદ્ધિ જન્મી છે - થઈ છે. - આ મતિ પરોપદેશથી થયેલ ન હતી. તેને થયું કે મને વર્તમાન કાલોચિત ઉપાય મળી ગયો. શાશ્વત એટલે આકાલિકી કેમકે પ્રાયઃ નિરવદ્ય જીવિકા હેતુપણે છે. હવે કેવું કુલિંગત્વ વિચાર્યુ. તે બતાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૩૫૩ :-**

*શ્રમણો ત્રિદંડથી વિરત છે. તે ભગવંતો નિશ્ચલ અને સંકુચિત ગાત્રવાળા છે, પણ હું તો ઈન્દ્રિયો અને દંડને જીત્યા વિનાનો છું. માટે મારે ''ત્રિદંડ''નું ચિહ્ન થાઓ.*

● **વિવેચન-૩૫૩ :-**

ત્રિદંડ - મન, વચન, કાયા લક્ષણવાળા. ભગવંત-ઐશ્વર્ય આદિ ભગના યોગથી. નિભૃત - અંતઃકરણના અશુભ વ્યાપારના ચિંતનનો ત્યાગ કરેલા, સંકુચિત - અશુભકાય વ્યાપારના ત્યાગવાળા જેના અંગો છે તેવા, અજિતેન્દ્રિય - ચક્ષુ આદિ ઈન્દ્રિય ન જીતેલો. તેથી મને ત્રિદંડ ચિહ્ન થાઓ, જેથી હું વિસરી ન જાઉં.

● **નિર્યુક્તિ-૩૫૪ + વિવેચન :-**

મુંડ બે પ્રકારે છે — દ્રવ્યથી અને ભાવથી. આ શ્રમણો બંને રીતે મુંડ છે, કઈ રીતે ? લોચ વડે અને ઈન્દ્રિયોથી મુંડ, સંયત પણ છે પણ હું ઈન્દ્રિયથી મુંડ નથી, તેથી આ દ્રવ્યમુંડપણું પણ શા કામનું ? હું છરાથી મુંડિત મસ્તક અને ચોટલીવાળો થઈશ. તથા શ્રમણો બધાં પ્રાણિવધથી વિરત હોય છે, હું તેવો નથી. તેથી હું સ્થૂળપ્રાણાતિપાતથી સદા વિરમણ વ્રતવાળો થઈશ.

● **નિર્યુક્તિ-૩૫૫ + વિવેચન :-**

કિંચન - સુવર્ણાદિ પરિગ્રહ ચાલ્યો ગયો હોવાથી નિષ્કિંચન એવા શ્રમણો છે, તથા જેમને અલ્પ પણ પરિગ્રહ નથી તેવા જિનકલ્પિકાદિ છે. પણ હું તેવો નથી. તેથી હવે માર્ગની અવિસ્મૃતિ અર્થે મને સોનાની જનોઈ આદિ પરિગ્રહ થાઓ. શીલ વડે શોભન ગંધવાળા શ્રમણો છે. હું તો શીલથી દુર્ગન્ધયુક્ત છું, તેથી મને ગંધ ચંદન ગ્રહણયુક્ત થાઓ.

● **નિર્યુક્તિ-૩૫૬ + વિવેચન :-**

જેનામાંથી મોહ ચાલી ગયેલ છે તે વ્યપગતમોહવાળા, એવા શ્રમણો છે. હું તેવો નથી. તેથી મોહથી આચ્છાદિત એવા મને છત્ર હો. શ્રમણો ઉપાનહ રહિત હોય છે, પણ મારે ઉપાનહ થાઓ.

● **નિર્યુક્તિ-૩૫૭ + વિવેચન :-**

જેને શ્વેત વસ્ત્રો છે તે શ્વેતાંબર શ્રમણો છે. જે વસ્ત્રરહિત છે તે નિર્વસ્ત્ર છે, જેવા કે જિનકલ્પિકાદિ. मज्झ - મને, આ શબ્દથી તત્કાળ ઉત્પન્ન તપાસ અને શ્રમણોનો વિચ્છેદ કર્યો. મને ધાતુરક્ત [ગેરુ રંગના] વસ્ત્રો થાઓ. કેમકે કષાયથી

કલુષિત મતિવાળા મને તે જ યોગ્ય છે.

● **નિર્યુક્તિ-૩૫૮+વિવેચન :-**

પાપભીરુ સાધુઓ ઘણાં જીવોથી વ્યાપ્ત જળના આરંભને વર્જે છે કેમકે ત્યાં જ વનસ્પતિનું અવસ્થાન હોય છે. પરંતુ મારે તો પરિમિત જળથી સ્નાન અને પાન બંને હો. કેમકે હું તેવો નથી. અવદ્ય - પાપ.

● **નિર્યુક્તિ-૩૫૯ :-**

***એ પ્રમાણે તેણે સ્વ રુચિકમતિથી અને પોતાની મતિની વિકલ્પનાથી તેને હિતકારી હેતુથી યુક્ત આવો પરિવ્રાજક વેશ રચ્યો.***

● **વિવેચન-૩૫૯ :-**

સ્થૂળ મૃષાવાદાદિથી નિવૃત્ત. એ પ્રમાણે આની રુચિતામતિ, તેથી નિજ મતિ વડે વિકલ્પિત, આવું ચિહ્ન-વેશ રચ્યો. - x - x - x - ભગવંત સાથે વિચરતા, સાધુ વચ્ચે વિજાતિક જેવો જોઈને કૌતુકથી લોકો તેને પૂછતા, તે કહે છે –

● **નિર્યુક્તિ-૩૬૦ :-**

***આ તેનું પ્રગટ [નવું] રૂપ જોઈને ઘણાં લોકો ધર્મ પૂછતા હતા. આવો ધર્મ કેમ ગ્રહણ કર્યોપૂછે તો પૂર્વ કથિત બધું કહેતા.***

● **વિવેચન-૩૬૦ :-**

પ્રગટરૂપ-વિજાતિયપણું. - x - મરીચિ સાધુઓનો ક્ષાંતિ આદિ ધર્મ જ કહેતા. ત્યારે લોકો પૂછતા કે સાધુધર્મ શ્રેષ્ઠ છે તો તમે કેમ સ્વીકારતા નથી ? ત્યારે ‘‘શ્રમણો ત્રણ દંડથી વિરત હોય’’ ઈત્યાદિ પરિકથન કર્યું. - x - એમ ગાથાર્થ કહ્યો.

● **નિર્યુક્તિ-૩૬૧ :-**

***ધર્મકથા કહેવાથી - પ્રતિબોધ પામી દીક્ષાર્થે ઉપસ્થિતને મરીચિ, ભગવંતને શિષ્યપણે અર્પણ કરે છે. પોતે ગામ, નગરાદિમાં સ્વામી [ભગવંત] સાથે વિચરે છે.***

● **વિવેચન-૩૬૧ :-**

ગાથાર્થ કહ્યો. કોઈ દિવસે વિચરતા ભગવંત અષ્ટાપદે પહોંચ્યા, ત્યાં સમોસર્યા. ભરત પણ ભાઈઓની દીક્ષાથી મનમાં જન્મેલ સંતાપથી અધૃતિ કરતો હતો. તેથી કદાચ ભોગો આપવાથી ફરી ગ્રહણ કરે તો સારું એમ વિચારી ભગવંત પાસે આવીને પોતાના ભાઈઓને ફરી નિમંત્રણા કરી, તેમને ભોગથી નિરાકૃત્ જાણીને વિચારે - હવે આ બધાં સંગને ત્યજેલાને આહાર દાન વડે હું ધર્મનું અનુષ્ઠાન કરું. તેથી ૫૦૦ ગાડામાં વિવિધ આહાર લાવીને નિમંત્રણા કરી, પણ સાધુને આધાકર્મી અને આહૃદય આહારાદિ ન ખપે. તેથી પ્રતિષેધ કર્યો. અકૃત્ - અકારિત અન્ન વડે નિમંત્રિત કર્યા. પણ રાજપિંડ ન કલ્પે માટે નિષેધ કર્યો. હું ભગવંત વડે સર્વથા ત્યજાયેલ છું એમ જાણી પુરેપૂરો દુઃખી દુઃખી થઈ ગયો. તેને દુઃખી થઈ ગયેલો જાણીને ઈન્દ્રએ તેના કોપની ઉપશાંતિ માટે ભગવંતને અવગ્રહ પૂછ્યો –

ભગવંત ! અવગ્રહ કેટલાં ભેદે છે ? ભગવંતે કહ્યું – પાંચ ભેદે છે. દેવેન્દ્ર,



રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિકનો અવગ્રહ. રાજા - ભરતનો અધિપતિ, ગૃહપતિ-માંડલિક રાજા, સાગારિક-સજ્જાતર, સાધર્મિક-સંયત. તેમાં ઉત્તર ઉત્તરથી પૂર્વ-પૂર્વનો અવગ્રહ બાધિત છે. દેવેન્દ્રએ કહ્યું – ભગવન્ ! આ જે શ્રમણો મારા અવગ્રહમાં છે, તેને હું અવગ્રહની અનુજ્ઞા આપુ છું. ભરતે - x - પોતાના અવગ્રહની અનુજ્ઞા આપી.

ભરતે પૂછ્યું કે આ લાવેલા અન્ન-પાનનું શું કરવું ? દેવેન્દ્રએ કહ્યું કે ગુણોત્તરને પૂજ. ભરતે વિચારતા કહ્યું કે શ્રાવકો દેશવિરત છે માટે ગુણોત્તર છે, તેને આપો. ભરતે દેવેન્દ્રનું મૂળરૂપ જાણવા પૂછ્યું - x - x - ઈન્દ્રે કહ્યું – મનુષ્ય ન જોઈ શકે. ભરતે કૌતુકથી આકૃતિ માત્ર જાણવા પૂછ્યું, ઈન્દ્રે કહ્યું – તું ઉત્તમ પુરુષ છો માટે એક અવયવ દર્શાવુ છું પછી માત્ર તેણે આંગળીનું ભાસ્વર રૂપ દેખાડ્યું. જોઈને ભરત અતીવ ખુશ થયો. શક્રની આંગળી સ્થાપી મહોત્સવ કર્યો. - x -

ભરતે શ્રાવકોને બોલાવી કહ્યું – તમારે રોજ મારે ત્યાં ભોજન કરવું. ખેતી આદિ ન કરવી, સ્વાધ્યાયાદિમાં રત રહેવું જમનારે મને કહેવું – ‘‘આપ જિતાયેલા છો, ભય વધે છે, તેથી કોઈને હણો નહીં – હણો નહીં. તેઓએ તે પ્રમાણે કર્યુ.

ભરત રતિના સાગરમાં ડૂબેલ હોવાથી અને પ્રમાદત્વથી તે શબ્દો સાંભળી ઉત્તર કાલે વિચારતો – હું કોના વડે જીતાયો છું ? કષાયો વડે. તેનાથી જ ભય વધી રહ્યો છે, એમ વિચારી સંવેગ પામતો.

એ અવસરે ઘણાં લોકોને કારણે રસોઈયા રસોઈ કરવા અસમર્થ થયા. ભરતને નિવેદન કર્યુ - અમે જાણતાં નથી કે શ્રાવક કોણ છે અને કોણ નથી ? ભરતે કહ્યું – પૂછીને આપવું. ત્યારે તેઓ પૂછતા કે તમે કોણ છો ? શ્રાવક. શ્રાવકોને કેટલાં વ્રત હોય ? શ્રાવકોને વ્રત ન હોય, પણ અમને પાંચ અણુવ્રત હોય. કેટલાં શિક્ષાવ્રતો હોય ? તેઓ કહેતા કે સાત શિક્ષાવ્રતો હોય. આવા પ્રકારના જે હોય તે શ્રાવકોને કાકિણી રત્નથી લાંછિત કર્યા. ફરી છ માસે જે બીજા થતાં તેમને પણ લાંછિત કરતા હતા. - x - એ પ્રમાણે બ્રાહ્મણો થયા.

તેઓએ પોતાના પુત્રોને સાધુઓને સોંપ્યા, તેમણે દીક્ષા લીધી, તેઓ પરીષહથી ડરતા હોવાથી શ્રાવકો જ હતા. આ ભરતના રાજ્યની સ્થિતિ હતી. આદિત્યયશા પાસે કાકિણી રત્ન ન હતું. તેથી તેણે સોનાની જનોઈ કરાવી. મહાયશા વગેરે રાજામાંથી કેટલાંકે રૂપાની, કેટલાંકે વિચિત્ર સુતરમય પટ્ટની જનોઈ બનાવી. એ પ્રમાણે જનોઈ પ્રસિદ્ધ થઈ. હવે ઉપસંહારાર્થે સમોસરણાદિ ગાથા વડે કહે છે –

● **નિર્યુક્તિ-૩૬૨ + વિવેચન :-**

ભગવંતનું સમોસરણ અષ્ટાપદે થયું. ભરત વડે ભોજન લવાયું. તેને ગ્રહણ ન કરાતા વ્યથિત થયેલા ભરતને જોઈને દેવેન્દ્રએ અવગ્રહ પૂછ્યો. ભગવંતે તેનું પ્રતિપાદન કર્યું. ભરતરાજાએ દેવલોકવાસીના રૂપની પૃચ્છા કરી, ઈન્દ્રે આંગળી બતાવી. ત્યારથી ધ્વજોત્સવ પ્રવર્ત્યો. ભરતે આહારનું શું કરવું તે પૂછ્યું ઈત્યાદિ બધું ઉપર કહેવાઈ ગયું છે આ રીતે આઠ પુરુષ સુધી અથવા આઠ તીર્થંકર સુધી ધર્મ

પ્રવર્ત્યો. ત્યારપછી આગળ મિથ્યાત્વ પ્રવર્તન થયું.

**• નિર્યુક્તિ-૩૬૩,૩૬૪ + વિવેચન :-**

રાજા આદિત્યયશા, મહાયશા, અતિબલ, બલભદ્ર, બલવીર્ય, કૃતવીર્ય, જલવીર્ય અને દંડવીર્ય [એ આઠ રાજા થયા.] આ બધા વડે સકલ અર્ધભરત ભોગવ્યું અને જિનેન્દ્રના મુગટને મસ્તકે ધારણ કર્યો કે જે મુગટ દેવેન્દ્રએ ભેટ ધરેલો. પછીના નરપતિ તેને ધારણ કરી ન શક્યા કેમકે તે મુગટ ઘણો મોટો હતો.

**• નિર્યુક્તિ-૩૬૫ :-**

***અશ્રાવક પ્રતિષેધ કરાયો, છ-છ માસે પરીક્ષા થઈ, કાળ જતાં જિનના અંતરમાં મિથ્યાત્વ પામ્યા. સાધુનો વિચ્છેદ થયો.***

**• વિવેચન-૩૬૫ :-**

[શ્રાવકોને જનોઈ કરીને] અશ્રાવકોનો પ્રતિષેધ કરાયો. આગળ પણ છ-છ મહિને પરીક્ષા કરાતી હતી. કાળ જતાં મિથ્યાત્વ પામ્યા. ક્યારે ? નવમાં જિન પછીના અંતરમાં, કેમકે ત્યારે સાધુનો વિચ્છેદ થયેલો. હવે ઉક્ત-અનુક્ત અર્થને જણાવવાને સંગ્રહગાથા કહે છે –

**• નિર્યુક્તિ-૩૬૬ :-**

***માહણોને દાન, વેદોની રચના, પૃચ્છા, નિર્વાણ, કુંડો, સ્તૂપ, જિનગૃહ, કપિલ, ભરતની દીક્ષા એ નવ દ્વારો કહે છે –***

**• વિવેચન-૩૬૬ :-**

(૧) ભરતે પૂજેલ હોવાથી લોકો બ્રાહ્મણોને દાન દેવામાં પ્રવૃત્ત થયા. (૨) તીર્થંકરની સ્તુતિરૂપ અને શ્રવક ધર્મ પ્રતિપાદક એવા આર્યવેદોની ભરતે તે શ્રાવકોના સ્વાધ્યાય નિમિત્તે રચના કરી. સુલસા અને યાજ્ઞવલ્ક્યાદિથી અનાર્યવેદો થયા. (૩) અષ્ટાપદે ભગવંત સમોસર્યા ક્યારે ભરતે પૂછ્યું કે જેવા તીર્થંકર તમે છો તેવા કોઈ અહીં થનાર છે ? (૪) અષ્ટાપદે ભગવંતનું નિર્વાણ પામવું. (૫) દેવો વડે અગ્નિકુંડ રચના, (૬) સ્તૂપ નિર્માણ, (૭) ભરતે જિનગૃહ કરાવ્યું, (૮) કપિલની મરીચિ પાસે દીક્ષા, (૯) ભરતની દીક્ષા.

પહેલાં બે દ્વાર કહ્યા. ત્રીજા 'પૃચ્છા' દ્વારની ગાથા કહે છે –

**• નિર્યુક્તિ-૩૬૭ :-**

***ભરત ચક્રવર્તીએ ફરી ભગવંત સમોસર્યા ત્યારે પૂછ્યું કે આ ભરતમાં કેટલા તીર્થંકર થશે અને દશાર્હાદિ વિશે ન પૂછ્યું.***

**• વિવેચન-૩૬૭ :-**

ફરી પણ સમોસરણમાં ભરત ચક્રવર્તીએ ઋષભજિનને પૂછ્યું. - x - x - ભગવંતે તે કહ્યું. દશાર્હ વિશે ન પૂછ્યું. તથા આ પર્ષદામાં કોઈ તીર્થંકર (જીવ) છે તેમ પણ પૂછ્યું. ભગવંતે કહ્યું 'મરીચિ' તથા નિર્યુક્તિકાર કહે છે –

**• નિર્યુક્તિ-૩૬૮+વિવેચન :-**

જિન, ચક્રી, દશાર્હનો (૧) વર્ણ, (૨) પ્રમાણ, (૩) નામ, (૪) ગોત્ર, (૫)



આયુ, (૬) નગર, (૭) માતા, (૮) પિતા, (૯) પર્યાય, (૧૦) ગતિ કહ્યા. અને 'च' શબ્દથી જિનેશ્વરોના અંતરો પણ કહ્યા. આ દ્વાર ગાથાનો સંક્ષેપાર્થ છે. અવવયાર્થ આગળ કહેશે. તેમાં પ્રશ્ન અવયવને આશ્રીને ભાષ્યકાર કહે છે –

**• ભાષ્ય-૩૮+વિવેચન :-**

ભારતવર્ષમાં જેવા પ્રકારના લોકગુરુ કેવલી આપ છો, હે તાત ! એવા પ્રકારે કોઈ અન્ય અહીં તીર્થંકર થનાર છે ?

**• નિર્યુક્તિ-૩૬૯ + વિવેચન :-**

જિનવરેન્દ્ર બોલ્યા – ભરતક્ષેત્રમાં જેવો હું છું. તેવા ૨૩-બીજા તીર્થંકરો ભાવિમાં થશે. - - તે આ પ્રમાણે છે –

**• નિર્યુક્તિ-૩૭૦,૩૭૧ :-**

***અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, સુપ્રભ, સુપાર્શ્વ, ચંદ્ર, પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન.***

**• વિવેચન-૩૭૦,૩૭૧ :-**

૦ અજિતાદિ ત્રેવીશ તીર્થંકરો ભાવિમાં અહીં થશે.

**• નિર્યુક્તિ-૩૭૨ થી ૩૭૫ :-**

***પછી નરવરેન્દ્ર ભરતે પૂછ્યું – ભરતક્ષેત્રમાં જેવો હું છું તેવા બીજા કેટલા હે તાત ! રાજાઓ થશે ? ત્યારે જિનવરેન્દ્રએ કહ્યું કે જેવો તું છે તેવા નરેન્દ્ર શાર્દૂલ રાજા બીજા-૧૧-થશે. [તે આ પ્રમાણે –]***

***સગર, મઘવા, સનત્કુમાર, શાંતિ, કુંથુ, અર, સુભમ, મહાપદ્મ, હરિષેણ, જય અને બ્રહ્મદત્ત એ ૧૧-શાર્દૂલરાજાઓ થશે.***

**• વિવેચન-૩૭૨ થી ૩૭૫ :-**

શાર્દૂલ - સિંહ, (સિંહસમાન પરાક્રમી), કૌરવ-કુરુવંશના. હવે ન પૂછેલા એવા દશાર્હને ભગવંતે કહ્યા, તે ભાષ્યકાર બતાવે છે –

**• ભાષ્ય-૩૯ :-**

***નવ બળદેવ અને નવ વાસુદેવો થશે. બળદેવ નીલવસ્ત્રવાળા, તાલધ્વજવાળા, હળ અને મુશળ વસ્ત્રવાળા હશે. જ્યારે વાસુદેવ પીળા વસ્ત્રવાળા, ગરુડ ધ્વજાવાળા, ચક્રના શસ્ત્રવાલા હશે અને આ બંને સાથે જ હોય છે.***

**• વિવેચન-૩૯ :-**

ન કહેવાયેલા એવા બળદેવો પણ થશે. કેમકે વાસુદેવ અને બલદેવ સહચારીપણે હોય છે. - x - કૌશેય-વસ્ત્ર, - x - આ બંને સાથે-સાથે થાય છે. તેમાં વાસુદેવો આ પ્રમાણે –

**• ભાષ્ય-૪૦ થી ૪૨ :-**

***નવ વાસુદેવો આ છે – ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસીંહ, પુરુષપુંડરીક, દત્ત, નારાયણ અને કૃષ્ણ.***

*નવ બલદેવો આ છે – અચલ, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, રામ એ છેલ્લા બળદેવ થશે.*

*નવ પ્રતિવાસુદેવો આ છે – અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈતભ, નિશુંભ, બલિ, પ્રહલાદ, રાવણ અને નવમો જરાસંઘ.*

**● વિવેચન-૪૦ થી ૪૨ :-**

વાસુદેવ કહીને બલદેવો કહ્યા. પછી વાસુદેવના શત્રુએ પ્રતિવાસુદેવનું પ્રતિપાદન કરેલ છે.

**● ભાષ્ય-૪૩ :-**

*કિર્તીપુરુષ વાસુદેવના નિશ્ચે આ પ્રતિશત્રુઓ છે. બધાં જ ચક્રયોધી છે અને બધાં જ પોતાના ચક્રો વડે હણાયેલાં છે.*

**● વિવેચન-૪૩ :-**

एते खलु - આ જ. खलु શબ્દ અવધારણાર્થે છે, બીજા નહીં, કોના ? કીર્તિપુરુષ વાસુદેવના. - x - સ્વચક્ર વડે, તેઓ વાસુદેવને હણવા માટે જે ચક્ર ફેંકે છે, તે પુણ્યના ઉદયથી વાસુદેવને પ્રણામ કરીને તેને જ [પ્રતિવાસુદેવને જ] હણે છે.

એ પ્રમાણે પૂર્વે કહેલ ગાથાના વર્ણાદિ દ્વારને છોડીને સંમોહ ન થાય તે માટે ઉત્ક્રમથી જિનેશ્વરાદિના નામ દ્વારો કહ્યા. પારભવિક આના વર્ણ, નામ, નગર, માતા, પિતા આદિ પ્રથમાનું યોગથી જાણવા. અહીં વિસ્તારના ભયથી કહ્યાં નથી.

હવે તીર્થંકરના વર્ણ કહે છે –

**● નિર્યુક્તિ-૩૭૬,૩૭૭ :-**

*પદ્મપ્રભ અને વાસુપૂજ્ય બંને લાલ વર્ણવાળા, ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિ) બંને ગૌરવર્ણવાળા, સુવ્રત અને નેમિ કાળા વર્ણના, પાર્શ્વ અને મલ્લિ બંને પ્રિયંગુ-નીલવર્ણવાળા, બાકીના ૧૬-તીર્થંકર તપાવેલા સુવર્ણ જેવા વર્ણવાળા જાણવા. ૨૪ જિનવરોનો આવો વર્ણ વિભાગ કહેલો છે.*

**● વિવેચન-૩૭૬,૩૭૭ :-**

બંને ગાથા સુગમ છે. હવે તીર્થંકરની ઉંચાઈ કહે છે –

**● નિર્યુક્તિ-૩૭૮ થી ૩૮૦ :-**

*ચોવીશે તીર્થંકરોની ઉંચાઈ ક્રમશઃ આ પ્રમાણે (૧) ૫૦૦ ધનુષ્, (૨) ૪૫૦ ધનુષ્, (૩) ૪૦૦ ધનુષ્, (૪) ૩૫૦ ધનુષ્, (૫) ૩૦૦ ધનુષ્, (૬) ૨૫૦ ધનુષ્, (૭) ૨૦૦ ધનુષ્, (૮) ૧૫૦ ધનુષ્, (૯) ૧૦૦ ધનુષ્, (૧૦) ૯૦ ધનુષ્, (૧૧) ૮૦ ધનુષ્, (૧૨) ૭૦ ધનુષ્, (૧૩) ૬૦ ધનુષ્, (૧૪) ૫૦ ધનુષ્, (૧૫) ૪૫ ધનુષ્, (૧૬) ૪૦ ધનુષ્, (૧૭) ૩૫ ધનુષ્, (૧૮) ૩૦ ધનુષ્, (૧૯) ૨૫ ધનુષ્, (૨૦) ૨૦ ધનુષ્, (૨૧) ૧૫ ધનુષ્, (૨૨) ૧૦ ધનુષ્, (૨૩) ૯ હાથ, (૨૪) ભગવંતવીરની સાત હાથ ઉંચાઈ હતી, નામો પૂર્વે કહેલાં છે.*

**● વિવેચન-૩૭૮ થી ૩૮૦ :-**

આ ત્રણે ગાથા સુગમ છે. હવે ભગવંતના ગોત્રને કહે છે –



**● નિર્યુક્તિ-૩૮૧ :-**

*અરહંત મુનિસુવ્રત અને અરિષ્ઠનેમિ બંને ગૌત્રમ ગોત્રના હતા. બાકીના બધાં તીર્થંકરો નિશ્ચે કાશ્યપ ગોત્રના જાણવા.*

**● વિવેચન-૩૮૧ :-**

ગાથા સુગમ છે. આયુષ્ય પૂર્વે કહેવાયેલ છે. ભગવંતના નગરો જણાવવા ત્રણ ગાથા કહે છે –

**● નિર્યુક્તિ-૩૮૨ થી ૩૮૪ + વિવેચન :-**

ભગવંત ઋષભાદિની જન્મભૂમિ અનુક્રમે આ પ્રમાણે – (૧) ઈક્ષ્વાકુ, (૨) અયોધ્યા, (૩) શ્રાવસ્તિ, (૪) વિનિતા, (૫) કૌશલપુર, (૬) કોશાંબી, (૭) વાણારસી, (૮) ચંદ્રાયણ, (૯) કાકંદી, (૧૦) ભદ્રિલપુર, (૧૧) શીહપુર, (૧૨) ચંપા, (૧૩) કાંપિલ્ય, (૧૪) અયોધ્યા, (૧૫) રત્નપુર, (૧૬ થી ૧૮) ગજપુર, (૧૯) મિથિલા, (૨૦) રાજગૃહી, (૨૧) મિથિલા, (૨૨) શૌર્યપુર, (૨૩) વાણારસી, (૨૪) કુંડપુર.

૦ ગાથા સુગમ છે. હવે ભગવંતીની માતાના નામ કહે છે –

**● નિર્યુક્તિ-૩૮૫,૩૮૬ :-**

*(૧) મરુદેવી, (૨) વિજયા, (૩) સેના, (૪) સિદ્ધાર્થા, (૫) મંગલા, (૬) સુશીમા, (૭) પૃથ્વી, (૮) લક્ષ્મણા, (૯) શ્યામા, (૧૦) નંદા, (૧૧) વિષ્ણુ, (૧૨) જયા, (૧૩) રામા, (૧૪) સુયશા, (૧૫) સુવ્રતા, (૧૬) અચિરા, (૧૭) શ્રી, (૧૮) દેવી, (૧૯) પ્રભાવતી, (૨૦) પદ્માવતી, (૨૧) વપ્રા, (૨૨) શિવા, (૨૩) વામા, (૨૪) ત્રિશલા, એ ચોવીશ અનુક્રમે ચોવીશ તીર્થંકરના માતાના નામો છે.*

**● વિવેચન-૩૮૫,૩૮૬ :-**

બંને ગાથા સુગમ છે, હવે ભગવંતના પિતાના નામો કહે છે –

**● નિર્યુક્તિ-૩૮૭ થી ૩૮૯ :-**

*(૧) નાભિ, (૨) જિતશત્રુ, (૩) જિતારી, (૪) સંવર, (૫) મેઘ, (૬) ધર, (૭) પ્રતિષ્ઠા, (૮) મહાસેન, (૯) સુગ્રીવ, (૧૦) દૃઢરથ, (૧૧) વિષ્ણુ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) કૃતવર્મા, (૧૪) સીંહસેન, (૧૫) ભાનૂ, (૧૬) વિશ્વસેન, (૧૭) સૂર, (૧૮) સુદર્શન, (૧૯) કુંભ, (૨૦) સુમિત્ર, (૨૧) વિજય, (૨૨) સમુદ્ર વિજય, (૨૩) અશ્વસેન, (૨૪) સિદ્ધાર્થ*

**● વિવેચન-૩૮૭ થી ૩૮૯ :-**

ગાથા સુગમ છે. ભગવંતનો ગૃહસ્થાદિપર્યાય કહ્યો છે. હવે ભગવંતની ગતિ જણાવવા માટે કહે છે –

**● નિર્યુક્તિ-૩૯૦ :-**

*જન્મ, જરા, મરણથી વિમુક્ત બધાં પણ તીર્થંકર ભગવંતો શાશ્વત અને નિરાબાધ સુખવાળા મોક્ષને પામ્યા.*

**● વિવેચન-૩૯૦ :-**

એ પ્રમાણે તીર્થંકરને આશ્રીને પ્રતિદ્વાર ગાથા કહી. હવે ચક્રવર્તીને આશ્રીને

કહે છે. આમની પૂર્વભવાદિ વક્તવ્યતા પ્રથમાનુયોગથી જાણવી. હવે ચક્વર્તીના વર્ણના પ્રતિપાદન માટે કહે છે –

• **નિર્યુક્તિ-૩૯૧ થી ૩૯૪ :-**

*બધાં ચક્વર્તી એક વર્ણવાળા નિર્મળ સોના જેવી કાંતિવાળા જાણવા. ભરતના છ ખંડના સ્વામી થયા. હવે તેમની ઉંચાઈ કહે છે – (૧) ૫૦૦, (૨) ૪૫૦, (૩) ૪૨ાા, (૪) ૪૧, (૫) ૪૦, (૬) ૩૫, (૭) ૩૦, (૮) ૨૮, (૯) ૨૦, (૧૦) ૧૫, (૧૧) ૧૨ અને છેલ્લાની સાત ધનુષ્‌ની કાયા જાણવી. બધાં કાશ્યપ ગોત્રીય અને ચૌદ રત્નના અધિપતિ હતા. એવું દેવેન્દ્રોથી વંદાયેલા અને રાગદ્વેષને જિતેલા જિનેશ્વરોએ કહેલ છે.*

• **વિવેચન-૩૯૧ થી ૩૯૪ :-**

ચક્વર્તીના નામો કહ્યા જ છે, પછી ગોત્ર કહ્યા. હવે આયુ –

• **નિર્યુક્તિ-૩૯૫ થી ૩૯૭ :-**

બારે ચક્વર્તીના આયુ અનુક્રમે આ પ્રમાણે – (૧) ૮૪ લાખ પૂર્વ, (૨) ૭૨ લાખ પૂર્વ, (૩) ૫-લાખ વર્ષ, (૪) ૩-લાખ વર્ષ, (૫) ૧-લાખ વર્ષ, (૬) ૯૫,૦૦૦ વર્ષ, (૭) ૮૪,૦૦૦ વર્ષ, (૮) ૬૦,૦૦૦ વર્ષ, (૯) ૩૦,૦૦૦ વર્ષ, (૧૦) ૧૦,૦૦૦ વર્ષ, (૧૧) ૩,૦૦૦ વર્ષ, (૧૨) છેલ્લાનું ૭૦૦ વર્ષ.

બારે ચક્વર્તીની જન્મનગરી ક્રમશઃ આ પ્રમાણે – (૧) વિનીતા, (૨) અયોધ્યા, (૩) શ્રાવસ્તી, (૪ થી ૮) હસ્તિનાપુર, (૯) વાણારસી, (૧૦) કંપિલપુર, (૧૧) રાજગૃહી, (૧૨) કંપિલપુર.

• **વિવેચન-૩૯૫ થી ૩૯૭ :-**

આયુષ્ય અને જન્મ નગરી કહ્યા, હવે માતા-પિતાના નામો –

• **નિર્યુક્તિ-૩૯૮ થી ૪૦૦ :-**

*બારે ચક્રીની માતાના નામ ક્રમશઃ આ પ્રમાણે – (૧) સુમંગલા, (૨) યશસ્વતી, (૩) ભદ્રા, (૪) સહદેવી, (૫) અચિરા, (૬) શ્રી, (૭) દેવી, (૮) તારા, (૯) જ્વાલા, (૧૦) મેરા, (૧૧) વપ્રા, (૧૨) ચૂલની. બારેના પિતાના નામો ક્રમશઃ આ છે – (૧) ઋષભ, (૨) સુમિત્રવિજય, (૩) સમુદ્ર વિજય, (૪) અશ્વસેન, (૫) વીશ્વસેન, (૬) સૂર, (૭) સુદર્શન. (૮) કાર્તવીર્ય, (૯) પદ્મોત્તર, (૧૦) મહાહરિ, (૧૧) વિજયરાજા અને (૧૨) બ્રહ્મ. અવસર્પિણીમાં આ નામો છે.*

• **વિવેચન-૩૯૮ થી ૪૦૦ :-**

ચક્વર્તીના માતા, પિતાના નામો કહ્યા. કેટલાંકનો દીક્ષાપર્યાય છે તે પ્રથમાનુયોગથી જાણવો. કેટલાંકને પ્રવ્રજ્યા અભાવે દીક્ષાપર્યાય નથી. હવે ચક્વર્તીની ગતિને કહે છે –

• **નિર્યુક્તિ-૪૦૧ :-**

*આઠ ચક્વર્તી મોક્ષે ગયા. સુભૂમ અને બ્રહ્મદત્ત બંને સાતમી નરકે ગયા. મઘવા અને સનત્કુમાર બંને સનત્કુમારકલ્પે ગયા.*



• **વિવેચન-૪૦૧ :-**

ચક્વર્તીને આશ્રીને વ્યાખ્યાન કર્યુ. હવે વાસુદેવ અને બલદેવને આશ્રીને કહે છે – આમની પૂર્વભવ વક્તવ્યતા, ચ્યવનાદિ પ્રથમાનુયોગથી જાણવા. હવે વાસુદેવાદિના વર્ણ વગેરે કહે છે –

• **નિર્યુક્તિ-૪૦૨ થી ૪૧૩ :-**

*– વર્ણ – બધાં વાસુદેવ નીલવર્ણવાળા અને બધાં બલદેવ શ્વેત વર્ણવાળા છે. હવે તેમના શરીરની ઉંચાઈ અનુક્રમે આ પ્રમાણે –*

*– ઉંચાઈ – (૧) ૮૦, (૨) ૭૦, (૩) ૬૦, (૪) ૫૦, (૫) ૪૫, (૬) ૨૯, (૭) ૨૬, (૮) ૧૬ અને (૯) ૧૦ ધનુષ્ ઉંચાઈ છે. ૦–૦ ગોત્ર-આઠ બળદેવ, વાસુદેવ ગૌતમ ગોત્રવાળા છે, નવમા બળદેવ, વાસુદેવ કાશ્યપગોત્રીય છે.*

*'આયુ' - વાસુદેવનું આયુ ક્રમશઃ આ રીતે – (૧) ૮૪ લાખ વર્ષ, (૨) ૭૨ લાખ, (૩) ૬૦ લાખ, (૪) ૩૦ લાખ, (૫) ૧૦ લાખ, (૬) ૬૫,૦૦૦, (૭) ૫૬,૦૦૦, (૮) ૧૨,૦૦૦ અને (૯) ૧૦૦૦ વર્ષ છે. જ્યારે બલદેવનું આયુ ક્રમશઃ- (૧) ૮૫ લાખ વર્ષ, (૨) ૭૫ લાખ, (૩) ૬૫ લાખ, (૪) ૫૫ લાખ, (૫) ૧૭ લાખ, (૬) ૮૫,૦૦૦, (૭) ૬૫,૦૦૦, (૮) ૧૫,૦૦૦, (૯) ૧૨૦૦ વર્ષ આયુ જાણવું.*

*'નગરી' - (૧) પોતનપુર, (૨ થી ૪) દ્વારિકા, (૫) અશ્વપુર, (૬) ચક્રપુર, (૭) વાણારસી, (૮) રાજગૃહી, (૯) છેલ્લાની જન્મભૂમિ મથુરા.*

*'માતા' - વાસુદેવની માતાના નામો ક્રમશઃ- (૧) મૃગાવતી, (૨) ઉમા, (૩) પૃથ્વી, (૪) સીતા, (૫) અમકા, (૬) લક્ષ્મીમતી, (૭) શેષ મતી, (૮) કેગમતી, (૯) દેવકી. બલદેવની માતાના નામો ક્રમશઃ- (૧) ભદ્રા, (૨) સુભદ્રા, (૩) સુપ્રભા, (૪) સુદર્શના, (૫) વિજયા, (૬) વૈજયંતી, (૭) જયંતી, (૮) અપરાજિતા અને (૯) રોહિણી. –૦–૦– પિતા વાસુદેવ અને બલદેવના પિતાના નામો આ પ્રમાણે – (૧) પ્રજાપતિ, (૨) બ્રહ્મ, (૩) રુદ્ર, (૪) સોમ, (૫) શિવ, (૬) મહાશિવ, (૭) અગ્નિશિખ, (૮) દશરથ અને (૯) વસુદેવ હતા.*

*'દીક્ષાપર્યાય' - વાસુદેવની દીક્ષા થતી જ નથી, તેથી તેને દીક્ષાનો પર્યાય ન હોય. બળદેવનો પર્યાય પ્રથમાનુયોગથી જાણવો.*

*'ગતિ' - એક સાતમીમાં, પાંચ છટ્ઠીમાં, એક પાંચમીમાં, એક ચોથીમાં અને કૃષ્ણ ત્રીજી નરકપૃથ્વીમાં ગયા.*

• **વિવેચન-૪૦૨ થી ૪૧૩ :-**

વાસુદેવનો વર્ણ, ઉંચાઈ, ગોત્ર, આયુ, જન્મનગરી, માતા-પિતાના નામો, દીક્ષાપર્યાય, ગતિ કહ્યા. બળદેવના પણ વર્ણાદિ કહ્યા. બળદેવની ગતિનું પ્રતિપાદન કરતાં હવે કહે છે –

• **નિર્યુક્તિ-૪૧૪ :-**

*આઠ બલદેવો મોક્ષે ગયા, એક બ્રહ્મલોક કલ્પે ગયો. તે ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષે જશે.*

● **વિવેચન-૪૧૪ :-**

અંતકૃત્ - જ્ઞાનાવરણીયાદિ કર્મનો અંત કરનાર અર્થાત્ મોક્ષે ગયા. - x -

[પ્રશ્ન] બધાં વાસુદેવો અધોગામી અને બલદેવો ઉર્ધ્વગામી છે ?

● **નિર્યુક્તિ-૪૧૫ :-**

***બલદેવ નિયાણા રહિત હોય અને વાસુદેવો બધાં નિયાણા કરેલા હોય છે. બલદેવ ઉર્ધ્વગામી હોય અને વાસુદેવ અધોગામી હોય છે.***

● **વિવેચન-૪૧૫ :-**

રામ એટલે બલદેવ, કેશવ-વાસુદેવ. - x - x - એ પ્રમાણે 'જિન-ચક્રી-દશાર્હ'ની વ્યાખ્યા કરી. હવે ચક્રવર્તી કે વાસુદેવ જે જે જિનના કાળમાં કે અંતરમાં થયા, તે કહે છે. એ સંબંધથી બે જિન મધ્યેનું અંતર આવે. તેથી પ્રસંગથી અને કાળથી જિનના આંતરા કહે છે —

● **જિન અંતર ગાથા-૧ થી ૧૭ :-**

***ત્રીજા આરાના અંતકાળમાં, ભરતક્ષેત્રમાં શ્રેષ્ઠ વૃષભગતિક ઋષભદેવ, ભરતના પિતા અને પ્રથમ જિન હતા તે મુક્તિમાં ઉત્પન્ન થયા. ઋષભદેવથી ૫૦ લાખ કરોડ સાગરોપમે અજિતનાથ મોક્ષે ગયા. અજિત નાથથી ૩૦ લાખ કરોડ સાગરોપમે સંભવનાથ મોક્ષે ગયા. સંભવનાથથી દશ લાખ કરોડ સાગરોપમે અભિનંદન સ્વામી મોક્ષે ગયા. અભિનંદનથી ૯૦,૦૦૦ કરોડ સાગરોપમે પદ્મપ્રભસ્વામી મોક્ષે ગયા.***

***પદ્મપ્રભથી ૯૦૦૦ કરોડ સાગરોપમે સુપાર્શ્વનાથ મોક્ષે ગયા. સુપાર્શ્વનાથથી ૯૦૦ કરોડ સાગરોપમે ચંદ્રપ્રભ મોક્ષે ગયા. ચંદ્રપ્રભથી ૯૦ કરોડ સાગરોપમે સુવિધિનાથ મોક્ષે ગયા. સુવિધિનાથથી ૯ કરોડ સાગરોપમે શીતલનાથ મોક્ષે ગયા. શીતલનાથથી ૧૦૦ સાગરોપમ અને ૬૬,૨૬,૦૦૦ વર્ષ ન્યૂન એવા એક કરોડ સાગરોપમે શ્રેયાંસનાથ મોક્ષે ગયા. શ્રેયાંસનાથથી ૫૪ સાગરોપમે વાસુપૂજ્ય મોક્ષે ગયા.***

***વાસુપૂજ્યથી ૩૦ સાગરોપમે વિમલનાથ, વિમલનાથથી ૯ સાગરોપમે અનંતનાથ, અનંતનાથથી ૪-સાગરોપમે ધર્મનાથ, ધર્મનાથથી $^3/_૪$ પલ્યોપમ ન્યૂન ૩-સાગરોપમે શાંતિનાથ, શાંતિનાથથી અર્ધ પલ્યોપમે કુંથુનાથ, કુંથુનાથથી ૧૦૦૦ કરોડ વર્ષ ન્યૂન પલ્યોપમના ચતુર્થ ભાગે અરનાથ, અરનાથથી ક્રોડ હજાર વર્ષે મલ્લિનાથ, મલ્લિનાથથી ૫૪ લાખ વર્ષે મુનિસુવ્રત, મુનિસુવ્રતથી ૬ લાખ વર્ષે નમિનાથ, નમિનાથથી પાંચ લાખ વર્ષે અરિષ્ઠનેમિ, અરિષ્ઠનેમિથી ૭૫૦ વર્ષે પાર્શ્વ જિન, પાર્શ્વજિનથી ૨૫૦ વર્ષે ચરમજિન વીરપ્રભુ મોક્ષે ગયા.***

● **વિવેચન ગાથા-૧ થી ૧૭ :-**

ગાથાર્થ મુજબ જ છે, માત્ર સ્થાપનાની રીત વૃત્તિકારે બતાવી છે. જિનના અંતર કહ્યા. હવે ચક્રવર્તીને આશ્રીને આ અંતર કહે છે.





● **નિર્યુક્તિ-૪૧૬ થી ૪૧૮ :-**

***ભગવંત ઋષભમાં ભરત, અજિતનાથમાં સગર, ધર્મજિન અને શાંતિ જિનના અંતરમાં મઘવા અને સનત્કુમાર એ બે ચક્રી, શાંતિ, કુંથુ અને અર ત્રણે અરહંતો પોતે ચક્રવર્તી હતા, અરનાથ અને મલ્લિનાથના અંતરમાં કૌરવ્ય સુભૂમ, મુનિસુવ્રત અને નમિના આંતરામાં પદ્મનાભ અને હરિષેણ બે, નમિ અને નેમિ જિનના આંતરામાં જય નામે ચક્રી અને અરિષ્ઠનેમિ અને પાર્શ્વના અંતરમાં બ્રહ્મદત્ત ચક્રી થયો.***

● **વિવેચન-૪૧૬ થી ૪૧૮ :-**

અહીં અસંમોહને માટે - બધાં જ જિન, ચક્રવર્તી, વાસુદેવોનું જેનું જે જિનના કાળમાં અંતર કે ચક્રવર્તી - વાસુદેવ થયા, તેની પછી વર્ણવેલ પ્રમાણ, આયુ યુક્ત સુખપરિજ્ઞાનાર્થે આ ઉપાય-બત્રીશ ઉભી રેખા કરવી, પાંચ આડી રેખા કરવી ઈત્યાદિ

*[અહીં કોઠો બનાવવા માટેની રીત અને કોઠામાં કેમ નોંધ કરવી તે જણાવેલ છે, વિશેષ કંઈ નથી જેમકે — પહેલા ખાનામાં તીર્થંકરનું નામ, બીજા ખાનામાં ચક્રવર્તી હોય તો તેનું નામ, ત્રીજા ખાનામાં વાસુદેવ હોય તો તેનું નામ ઈત્યાદિ.]*

ગાથાર્થ કહ્યો, તેમાં વિશેષ આ પ્રમાણે — અહીં ભવિષ્યકાળમાં નોંધ છે, તે તીર્થંકરે કહેલ વાતનો અનુવાદ છે, ભૂતકાળનો અર્થ કરો તો પણ તેમાં દોષ નથી, જેમકે "ઋષભદેવના કાળે ભરત ચક્રવર્તી થયા." - x - શાંતિ, કુંથુ અને અર, એ ત્રણે પણ અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્ય આદિરૂપ પૂજાને યોગ્ય અરહંત અને ચક્રવર્તી બંને પદને પામ્યા.

અર અને મલ્લિ અરહંતના અંતરમાં સુભૂમ ચક્રી થયો. અહીં ગાથામાં રહેલ 'तु' શબ્દ 'અંતર' શબ્દનું વિશેષણ છે. માત્ર જિન આંતરું નહીં, પણ પુરુષ પુંડરીક અને દત્ત બે વાસુદેવની મધ્યે સુભૂમ ચક્રી થયો છે. - x - अरिष्ट શબ્દથી 'અરિષ્ટનેમિ' લેવા. 'पास' શબ્દથી પાર્શ્વ સ્વામી લેવા. હવે જે તીર્થંકરના કાળ કે અંતરમાં વાસુદેવ થયા તે કહે છે —

● **નિર્યુક્તિ-૪૧૯,૪૨૦ :-**

***પાંચ વાસુદેવ પાંચ અરહંતને વંદે છે, [અર્થાત્ તેમના કાળમાં થયા છે] અનુક્રમે - શ્રેયાંસનાથમાં ત્રિપૃષ્ઠ ત્યાંથી લઈને ધર્મનાથમાં પુરુષસીંહ થયો. ભગવંત અર અને મલ્લીના આંતરામાં બે વાસુદેવ થયા પુરુષપુંડરીક અને દત્ત, મુનિસુવ્રત અને નમિના આંતરામાં નારાયણ [લક્ષ્મણ] અને નેમિનાથમાં કૃષ્ણ વાસુદેવ થયો.***

● **વિવેચન-૪૧૯,૪૨૦ :-**

પાંચ વાસુદેવ અરહંતને વંદે છે, અહીં वन्द् એ સમ્યક્ત્વ જણાવવા માટે છે. કેટલાં અરહંત ? એક, બે કે ત્રણ ? ના, પાંચ. તે પણ પરિપાટી ક્રમથી. શ્રેયાંસ આદિ પાંચમાં ત્રિપૃષ્ઠ આદિ પાંચ. - x - x - શેષવૃત્તિ ગાથાર્થ મુજબ જ છે. છેલ્લો વાસુદેવ કૃષ્ણ થયો. એ રીતે ચક્રવર્તી અને વાસુદેવ જે જેના આંતરામાં કે કાળમાં થયા, તે

કહ્યા. હવે ચક્રવર્તી અને વાસુદેવનું અંતર બતાવવા કહે છે —

● નિર્યુક્તિ-૪૨૧ :-

*બે ચક્રવર્તી, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રી. પછી વાસુદેવ, ચક્રવર્તી, વાસુદેવ, ચક્રવર્તી, વાસુદેવ, પછી બે ચક્રવર્તી, પછી વાસુદેવ અને પછી ચક્રવર્તી એ ક્રમે થયા.*

● વિવેચન-૪૨૧ :-

પહેલા કહેવાયેલા લક્ષણ કાળમાં બે ચક્રવર્તી થયા, પછી ત્રિપૃષ્ઠ આદિ પાંચ વાસુદેવ થયા, ફરી મઘવા આદિ પાંચ ચક્રવર્તી થયા. પછી પુરુષપુંડરીક વાસુદેવ, પછી સુભૂમ નામે ચક્રી, પછી દત્ત નામે વાસુદેવ, ફરી પદ્મનાભ ચક્રી, પછી નારાયણ વાસુદેવ, પછી હરિષેણ અને જય નામે બે ચક્રવર્તી, પછી કૃષ્ણ વાસુદેવ, છેલ્લે બ્રહ્મદત્ત નામે ચક્રવર્તી થયો. - - આનુષંગિક કહી હવે ફરી મૂળ કથન કરે છે —

● ભાષ્ય-૪૪+વિવેચન :-

એટલામાં નરવરેન્દ્ર ભરતે પૂછ્યું કે હે તાત ! આ આટલી પર્ષદામાં ભરતક્ષેત્રમાં થનાર બીજા કોઈ તીર્થંકરનો જીવ છે ?

● નિર્યુક્તિ-૪૨૨ થી ૪૨૪ :-

*આદ્ય પરિવ્રાજક, ભગવંત ઋષભનો પૌત્ર, સ્વાધ્યાય અને ધ્યાન યુક્ત છે, એકાંતમાં તે મહાત્મા ધ્યાન ધરે છે... ત્યારે નરેન્દ્ર ભરતે પૂછતાં જિનેન્દ્ર ઋષભ કહે છે કે આ — ધર્મવર ચક્રવર્તી છેલ્લા 'વીર' નામે તીર્થંકર થશે... આ મરીચિ વાસુદેવોમાં પહેલો ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ અને પોતનપુર અધિપતિ થશે. વિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે.*

● વિવેચન-૪૨૨ થી ૪૨૪ :-

ગાથાર્થ કહ્યો, તે સિવાય વિશેષ આ — પરિવ્રાજકત્વ પ્રવર્તાવાથી આદિ - પહેલો. નપ્તા - પૌત્ર. સ્વાધ્યાય એ જ ધ્યાન તે સ્વાધ્યાયધ્યાન - x - x - પોતાનાધિપતિ-પોતન નામે નગરીનો અધિપતિ - x -

● નિર્યુક્તિ-૪૨૫ થી ૪૩૨ :-

*ભગવંતનું તે વચન સાંભળીને ભરત રાજા ઉભા થયેલાં રૂંવાટાવાળા શરીરયુક્ત થયો, પિતા-ઋષભને વંદન કરીને મરીચિને વંદન કરવા ગયો. તે વિનયપૂર્વક ત્યાં જઈ મરીચિને ત્રણવાર પ્રદક્ષિણા કરીને વાંદે છે, આવા મધુર વચનો વડે સ્તવના કરતાં કહે છે — જેટલાં સારા લાભો છે, તે તમે પ્રાપ્ત કર્યા છે, તમો ધર્મચક્રવર્તી અર્થાત્ 'વીર' નામે છેલ્લા અર્થાત્ ચોવીશમાં તીર્થંકર થશો ઈત્યાદિ ગાથા-૪૨૪ મુજબ બધું કહેવું.*

*હું તારા આ જન્મને કે પરિવ્રાજકપણાંને વંદન કરતો નથી, પરંતુ તમે છેલ્લા તીર્થંકર થશો, તેથી વંદન કરું છું. એ પ્રમાણે સ્તવના કરી, ત્રણ પ્રદક્ષિણા કરી, પિતા-ઋષભદેવને પૂછીને વિનીતાનગરીમાં ગયો*

*ભરતરાજાના વચનોને સાંભળીને ત્રિપદીને ત્રણવાર પછાડીને, ઉત્પન્ન થયેલાં હર્ષવાળો મરીચિ આમ બોલે છે — હું પહેલો વાસુદેવ થઈશ, મહાવિદેહમાં મૂકા નગરીમાં ચક્રવર્તી થઈશ અને છેલ્લો તીર્થંકર થઈશ, મારે આટલું તો બહુ થયું. વાસુદેવોમાં હું પહેલો, મારા પિતા પહેલાં ચક્રવર્તી અને મારા દાદા પહેલાં તીર્થંકર, ખરેખર ! મારું કુળ ઘણું ઉત્તમ છે.*



● વિવેચન-૪૨૫ થી ૪૩૨ :-

ગાથાર્થ બધો કહેલ હોવાથી, હવે માત્ર વિશેષવૃત્તિ જ નોંધેલ છે — तद्वचन - તીર્થંકરના મુખથી નીકળેલ વચન. પિતા-તીર્થંકર, મરીચિને અભિવંદનાર્થે ગયો. વિનય - કરવા યોગ્ય, तिक्खुत्तो - ત્રણ વખત, वल्गु - વાણી, लाहा - અભ્યુદય પ્રાપ્તિરૂપ हु - જકાર અર્થે છે. दशचतुर्दशम् - ચોવીશમાં. એકાંત સમ્યગ્ દર્શનાનુરંજિત હૃદયથી ભાવિ તીર્થંકરની ભક્તિ માટે, તેના વંદનાર્થે ઉદ્યત થયો - x - x - 'ण्हं' - નિપાતાર્થે અવયવ છે. पितरं - પિતા ઋષભદેવને, વિનીતા - અયોધ્યા, ત્રિપદી - રંગ મધ્યે ગયેલા મલ્લની જેમ, त्रिकृत्व - ત્રણ વખત. - x - x - x -

પૃચ્છાદ્વાર કહ્યું, હવે નિર્વાણ દ્વારને કહે છે —

● નિર્યુક્તિ-૪૩૩,૪૩૪ :-

*હવે ભવનું મથન કરનાર ઋષભદેવ ભગવંત અન્યૂન એક લાખ પૂર્વ સાધુપણામાં વિચરીને, અનુક્રમે અષ્ટાપદ પર્વતે પહોંચ્યા. ત્યાં ચૌદ ભક્ત અર્થાત્ છ ઉપવાસથી ૧૦,૦૦૦ સાધુઓ સાથે અનુત્તર એવા નિર્વાણ-મોક્ષ સુખને પામ્યા.*

● વિવેચન-૪૩૩,૪૩૪ :-

- x - ભાવાર્થ સુગમ છે. વિશેષ એ કે — ચૌદ ભક્ત એટલે છ ઉપવાસ. ભગવંતને અષ્ટાપદ પર્વતે મોક્ષે ગયા સાંભળીને ભરત દુઃખથી સંતપ્ત માનસથી, પગે ચાલીને અષ્ટાપદે ગયો. દેવો પણ ભગવંતને મોક્ષે ગયેલા જાણીને અષ્ટાપદ પર્વતે દિવ્ય વિમામાં આરૂઢ થઈને આવ્યા. કહ્યું છે કે — ભગવંતનું મોક્ષગમન થતાં દેવો દેવાવાસથી યાવત્ અષ્ટાપદ પર્વતે આવવા ઉદ્યત થયા. અવિરહિતપણે દેવો અને દેવી ત્યાં સંચરે છે. - x - હવે નિર્વાણ ગમન વિધિ કહે છે —

● નિર્યુક્તિ-૪૩૫ :-

*(૧) નિર્વાણ, (૨) ચિતિકા રચના - જિનની, ઈક્ષ્વાકુની અને બાકી મુનિની, (૩) દાઢા, (૪) સ્તૂપ અને જિનગૃહ, (૫) યાચક (૬) આહિતાગ્નિ શબ્દ.*

● વિવેચન-૪૩૫ :- *[ચૂર્ણિમાં પણ આ વર્ણન જોવું]*

(૧) નિર્વાણ-ભગવંત ૧૦,૦૦૦ મુનિ સાથે નિર્વાણ પામ્યા. - x - (૨) ચિતિકા રચના — ગોળ, ત્રિકોણ અને ચોરસ ત્રણ ચિતા રચી. એક પૂર્વમાં, બીજી દક્ષિણમાં, ત્રીજી પશ્ચિમમાં. પૂર્વમાં તીર્થંકરની, દક્ષિણમાં ઈક્ષ્વાકુની, પશ્ચિમમાં બાકીનાની. પછી અગ્નિકુમારોએ મુખમાંથી અગ્નિ ફેંક્યો. - x - વાયુકુમાર પવન વહેવડાવ્યો, માંસ અને લોહી બળી ગયા પછી મેઘકુમાર દેવોએ સુગંધી ક્ષીરોદજળથી તેને શાંત કર્યો.

સક્થા - દાઢા. તેમાં ભગવંતની દક્ષિણની દાઢા શક્રએ લીધી, ડાબી ઈશાનેન્દ્રે, નીચેની જમણી ચમરેન્દ્રએ, નીચેની ઉત્તરની બલીન્દ્રએ લીધી. બાકીના દેવોએ બાકીના અંગો ગ્રહણ કર્યા અને ચક્રવર્તી આદિએ ભસ્મ લીધી. બાકીના લોકોએ તે ભસ્મ વડે પુંડ્રક-તિલકો કર્યા. પછી તે પ્રસિદ્ધ થયા.

સ્તૂપ અને જિનગૃહ - ભરતે ભગવંતને આશ્રીને, વર્ધકીરત્નને કહીને એક યોજન લાંબો, ત્રણ ગાઉ ઉંચો, સિંહ નિષધાકારે જિનગૃહ કરાવ્યું. તેમાં સ્વ-સ્વ વર્ણ પ્રમાણયુક્ત અને જીવાભિગમમાં કહેલા પરિવારયુક્ત ૨૪-તીર્થંકર પ્રતિમા તથા ૧૦૦ ભાઈઓની અને પોતાની પ્રતિમા કરાવી. ૧૦૦ સ્તૂપ કોઈ આક્રમણ ન કરે તે માટે રચાવ્યા. તેમાં એક ભગવંતનો અને ૯૯-ભાઈઓના હતા. લોઢાનો યંત્ર પુરુષ ત્યાં દ્વારપાલ રૂપે મૂક્યો. દંડરત્નથી અષ્ટાપદને ચોતરફથી છોલી નાંખ્યો, યોજને યોજને એવા આઠ પગથીયા કર્યા.

સગર ચક્રવર્તીના પુત્રોએ પોતાના વંશના અનુરાગાદિથી ખાઈ કરાવીને તેમાં ગંગા નદીનું અવતરણ કરાવ્યું. વિશેષ બીજા ગ્રંથથી જાણવું.

દેવો વડે ભગવંતની દાઢા ગ્રહણ કરાતા શ્રાવકોએ દેવો પાસે અતિશય ભક્તિથી યાચના કરી. દેવો પણ તેમના પ્રચુરપણાથી મહા પ્રયત્નથી યાચના વડે દ્રવિત થઈ કહે છે — "અહો યાચકો અહો યાચકો" પછી યાચક શબ્દ રૂઢ થયો. પછી અગ્નિને ગ્રહણ કરીને પોતાના ઘરમાં સ્થાપ્યો. તે કારણે તેઓ 'આહિતાગ્નિ' પ્રસિદ્ધ થયા. તે અગ્નિના પરસ્પર કુંડમાં સંક્રાંતમાં આ વિધિ છે — ભગવંત સંબંધી અગ્નિ બધાં કુંડોમાં સંચરે છે, ઈક્ષ્વાકુ કુંડનો અગ્નિ બાકીના કુંડોમાં સંચરે છે, પણ ભગવંતના કુંડમાં એકે સંચરતો નથી. - x - હવે અપ્રતિહત દ્વાર —

**● ભાષ્ય-૪૫+વિવેચન :-**

ભરતે ૧૦૦ ભાઈઓના સ્તૂપો કરાવ્યા. તથા ચોવીશ જિનગૃહ કરાવ્યું ઈત્યાદિ. હવે ભરતવક્તવ્યતા સંબંધી સંગ્રહગાથા —

**● નિર્યુક્તિ-૪૩૬ :-**

***ભરતનો આદર્શગૃહમાં પ્રવેશ, વીંટીનું આંગળીથી પડ્યું, બાકીના આભરણો ઉતારવા, સંવેગ પામવો, જ્ઞાન પ્રાપ્તિ અને દીક્ષા.***

**● વિવેચન-૪૩૬ :-**

ભગવંત નિર્વાણ પામ્યા. ભરત જિનાયતન કરાવીને અયોધ્યા પાછો આવ્યો. સમય જતાં શોકરહિત થયો. ત્યારે ફરી પણ ભોગ ભોગવવામાં પ્રવૃત્ત થયો. એ પ્રમાણે તેને પાંચ લાખ પૂર્વો ભોગ ભોગવતા વીત્યા. અન્ય કોઈ દિવસે બધાં અલંકારથી વિભૂષિત થઈ આદર્શગૃહમાં આવ્યો. ત્યાં પુરુષ સર્વાંગિક દેખાય છે. ત્યાં પોતાને નિરખતો હતો ત્યારે વીંટી પડી ગઈ. પણ તેને ખબર ન પડી કે ક્યારે પડી. એ પ્રમાણે પોતાને જોતો હતો ત્યારે જ્યાં વીંટી પડેલ આંગળી જોઈ, ત્યારે શોભારહિત લાગી. પછી કટકને ઉતાર્યા, એ રીતે એક એક કરતા બધાં આભરણો ઉતાર્યા.

તે વખતે કમળો કાઢી લીધાં પછીના પદ્મ સરોવર માફક પોતાને શોભારહિત



જોઈને સંવેગ પામ્યો. વિચારવા લાગ્યો કે આગંતુક દ્રવ્યો વડે મારા શરીરની વિભૂષા છે, સ્વભાવિક સુંદર નથી. એમ ચિંતવતા અપૂર્વકરણ ધ્યાનમાં ઉપસ્થિત રહી કેવળજ્ઞાનને પામ્યો. ત્યારે દેવરાજ શક્રે આવીને કહ્યું કે — દ્રવ્યલિંગને સ્વીકારો, જેથી નિષ્ક્રમણ મહિમા કરું. ત્યારે તેણે પંચમુષ્ટી લોચ કર્યો. દેવતા વડે રજોહરણ અને પાત્રાદિ ઉપકરણો અપાયા. ૧૦,૦૦૦ રાજાઓ સાથે દીક્ષા લીધી. બાકીના નવ ચક્રી ૧૦૦૦ના પરિવાર સાથે નીકળ્યા. શક્રએ વાંદ્યા, એક લાખ પૂર્વનો પર્યાય પાળીને નિર્વાણ પામ્યા.

આદિત્યયશાનો શક્રએ રાજાપણે અભિષેક કર્યો. એ પ્રમાણે આઠ યુગપુરુષ સુધી અભિષેક કરાયો. ભાવાર્થ કહ્યો. અક્ષરગમનિકા માટે ગાથાર્થ જોવો. આનુષાંગિક કહ્યું. હવે મરીચિ વક્તવ્યતા કહે છે —

**● નિર્યુક્તિ-૪૩૭ :-**

***મરીચિ પૂછનારને શુદ્ધ ધર્મ કહે છે. તૈયાર થયેલ શિષ્ય સાધુને આપે છે, તે બિમાર થતાં સાધુઓ સંભાળ લેતા નથી. કપિલને કહ્યું કે ધર્મ અહીં પણ છે અને ત્યાં પણ છે.***

**● વિવેચન-૪૩૭ :-**

પૂર્વે વર્ણિત સ્વરૂપવાળો મરીચિ ભગવંતના નિર્વાણ પછી સાધુઓ સાથે વિચરતો અને લોકો પૂછે ત્યારે જિનપ્રણિત ધર્મ જ કહેતો. ધર્મ સાંભળી તૈયાર થયેલ શિષ્યો સાધુને સોંપતો હતો. કોઈ દિવસે તે બિમાર થયો. સાધુઓએ તેને અસંયત જાણી તેની સંભાળ ન લીધી. મરીચિ વિચારે છે કે આ બધાં તો નિષ્ઠિતાર્થ છે, અસંયતની સેવા ન કરે. મને પણ તેમ કરાવવું કલ્પતું નથી, તેથી કોઈ બોધ પામે તો હું તેને દીક્ષા આપું.

રોગમુક્ત થયો પછી કપિલ નામે કોઈ રાજપુત્ર ધર્મ શ્રવણ માટે તેની પાસે આવ્યો, તેને સાધુ ધર્મ કહ્યો. તેણે પૂછ્યું કે — જો આ માર્ગ છે, તો તમે કેમ આવો [વિચિત્ર] વેશ સ્વીકાર્યો છે? મરીચિએ કહ્યું "હું પાપી છું." લોચાદિ કથન પૂર્વવત્ કહ્યું. કપિલ પણ કર્મના ઉદયથી સાધુધર્મ પ્રતિ અભિમુખ ન થયો. તેણે પૂછ્યું કે — શું તમારા દર્શનમાં ધર્મ નથી. મરીચિ પણ વિચારે છે કે — આ ભારે કર્મી છે, તીર્થંકરોક્ત ધર્મ તેને ગમતો નથી. મારે માટે યોગ્ય સહાયક છે. એમ વિચારી કહ્યું "કપિલ ! અહીં પણ ધર્મ છે જ. - x - કપિલે તે સાંભળીને તેની પાસે દીક્ષા લીધી. મરીચિએ પણ આ વચનથી સંસાર વધાર્યો અને પગ પછાડતાં નીચ ગોત્ર કર્મ બાંધ્યુ.

**● નિર્યુક્તિ-૪૩૮,૪૩૯ :-**

***એક જ દુર્ભાષણથી મરીચિએ દુઃખસાગર પ્રાપ્ત કર્યો. એક કોડાકોડી સંસાર સાગરમાં ભમ્યો. તે પ્રરૂપણા સંસારનું મૂળ બન્યું, પગ પછાડતાં [અહંકાર વડે] નીચગોત્ર બાંધ્યુ. તેને પ્રતિક્રમ્યા વિના બ્રહ્મ દેવલોકે ગયો. કપિલ પણ અંતર્હિત કથન કરી બ્રહ્મ દેવલોકે ગયો.***

● **વિવેચન-૪૩૮,૪૩૯ :-**

નિર્યુક્તિ-૪૩૭ની વૃત્તિ મુજબ દુર્ભાષિત એકવચનથી મરીચિએ દુઃખ સાગર પ્રાપ્ત કર્યો. સાગરની ઉપમાવાળા કોડાકોડી સાગરોપમ ભમ્યો. આ દુર્ભાષિત એ સંસારનું મૂળ થયું. તથા પૂર્વે કહ્યા મુજબ નીચગોત્ર બાંધ્યુ. તે મરીચિ ૮૪ લાખ પૂર્વનું સર્વાયુ પાળીને તે દુર્ભાષિત અને ગર્વથી નિવર્ત્યા વિના બ્રહ્મલોકે ૧૦ સાગરોપમ સ્થિતિક દેવ થયો.

કપિલ પણ ગ્રન્થાર્થના પરિજ્ઞાન રહિત જ તે દર્શાવિલ ક્રિયામાં રત થઈ વિચર્યો. આસુરિ નામે શિષ્યને દીક્ષા આપી. તેને પોતાના જ આચાર શીખવ્યા. બીજા પણ શિષ્યો તેણે કર્યા. શિષ્યને પ્રવચનના અનુરાગમાં તત્પર તે મરીને બ્રહ્મલોકે ગયો. ત્યાં ઉત્પન્ન થયા પછી અવધિજ્ઞાન પ્રયોજી વિચાર્યુ કે — મેં શું ઈષ્ટ કર્યુ કે દાન દીધું. જેથી આવી દિવ્ય દેવઋદ્ધિ પામ્યો. પોતાનો પૂર્વભવ જાણીને વિચાર્યુ કે — મારા શિષ્યોને તત્ત્વ ઉપદેશ કરું. આકાશમાં પંચવર્ણ મંડલમાં રહીને તત્ત્વ કહ્યું - x - અવ્યક્તથી વ્યક્ત ઉત્પન્ન થાય છે. પછી ષષ્ટિતંત્રની ઉત્પત્તિ થઈ. તેના મતાનુસાર કહે છે — પ્રકૃતિ મહાન્ છે, તેનાથી અહંકાર, તેનાથી ત્રણ ષોડશક, તેનાથી પાંચ ભૂતો પ્રગટે છે ઈત્યાદિ - x -

● **નિર્યુક્તિ-૪૪૦,૪૪૧ :-**

***ઈક્ષ્વાકુ કુળમાં મરીચિ થયો, ૮૪ લાખ પૂર્વાયુ ભોગવીને બ્રહ્મલોકમાં ગયો કોલ્લાગ સંનિવેશમાં કૌશિક નામે બ્રાહ્મણ થયો, ૮૦ લાખ પૂર્વ આયુપાળી, પછી સંસારમાં ઘણું ભમ્યો. પછી થૂણા નગરીમાં પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ થયો. ત્યાં ૭૨ લાખ પૂર્વ આયુ પાળી સૌધર્મ કલ્પે ગયો. પછી ચૈત્ય સંનિવેશમાં ૬૪ લાખ પૂર્વાયુવાળો અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયો. ત્યાંથી મરીને ઈશાનકલ્પમાં દેવ થયો.***

● **વિવેચન-૪૪૦,૪૪૧ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ — બ્રહ્મલોક કલ્પે આયુષ્યનો ક્ષય થતાં ચ્યવીને કૌશિક બ્રાહ્મણ. પછી તિર્યંચ, નરક, દેવની અનુભૂતિ રૂપ સંસારમાં ઘણું ભમ્યો. સંસારમાં કેટલોક કાળ ભમ્યા પછી થૂણાનગરીમાં બ્રાહ્મણ થયો ત્યાં પરિવ્રાજક દર્શનમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી, પાળી, મરીને સૌધર્મકલ્પે ગયો.

● **નિર્યુક્તિ-૪૪૨,૪૪૩ :-**

***ઈશાનકલ્પેથી ચ્યવીને મરીચિ મંદિર સંનિવેશે અગ્નિભૂતિ નામે ૫૬ લાખ પૂર્વના આયુવાળો બ્રાહ્મણ થયો. ત્યાંથી મરીને સનત્કુમાર કલ્પે દેવ, ત્યાંથી ચ્યવી શ્વેતાંબિકામાં ૪૪ લાખ પૂર્વાયુવાળો ભારદ્વાજ બ્રાહ્મણ, મરીને માહેન્દ્ર કલ્પે દેવ. ત્યાંથી ચ્યવી કેટલોક કાળ સંસારમાં ભમી, રાજગૃહમાં સ્થાવર નામે બ્રાહ્મણ અને ૩૪ લાખ પૂર્વાયુ, મરીને બ્રહ્મલોકમાં દેવ થયો. છ વખત એ રીતે પરિવ્રાજકપણું પામી ફરી સંસારમાં ભમ્યો.***



● **વિવેચન-૪૪૨,૪૪૩ :-**

ગાથાર્થ કહ્યો, વિશેષ વૃત્તિ આ પ્રમાણે — અગ્નિભૂતિ બ્રાહ્મણ થયો ત્યારે પણ પરિવ્રાજકપણું સ્વીકાર્યુ. સનત્કુમારકલ્પે વિમધ્ય સ્થિતિક દેવ. ભારદ્વાજ બ્રાહ્મણના ભવે પણ પરિવ્રાજક થયો. - x - માહેન્દ્ર કલ્પથી ચ્યવી કેટલોક કાળ સંસારે ભમ્યા પછી સ્થાવર બ્રાહ્મણ થયો. બધું મળી કુલ છ વખત પરિવ્રાજકપણું સ્વીકાર્યુ. બ્રહ્મલોકેથી ચ્યવીને પણ ઘણો જ કાળ સંસારમાં ભ્રમણ કર્યુ.

● **નિર્યુક્તિ-૪૪૪,૪૪૫ :-**

***રાજગૃહીમાં વિશ્વનંદી રાજા, વિશાખાભૂમિ તેના યુવરાજ, તે યુવરાજને વિશ્વભૂતિ નામે પુત્ર અને વિશ્વનંદીને વિશાખાનંદી પુત્ર થયો. રાજગૃહીમાં વિશ્વભૂતિ એ વિશાખાભૂતિનો ક્ષત્રિયપુત્ર કરોડ વર્ષાયુવાળો થયો. સંભૂતિ મુનિ પાસે ૧૦૦૦ વર્ષની દીક્ષા પાળી.***

● **વિવેચન-૪૪૪,૪૪૫ :-**

રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજા હતો, તેનો ભાઈ વિશાખા ભૂતિ યુવરાજ હતો. તે યુવરાજને ધારિણી નામે રાણી હતી. તેને વિશ્વભૂતિ નામે પુત્ર થયો. રાજાને પણ વિશાખાનંદી નામે પુત્ર હતો. વિશ્વભૂતિનું કરોડ વર્ષનું આયુ હતું. ત્યાં પુષ્પ કરંડક નામે ઉદ્યાન હતું. ત્યાં વિશ્વભૂતિ પોતાના શ્રેષ્ઠ અંતઃપુર સાથે સ્વચંદ સુખે વિચરતો હતો. વિશાખાનંદિની માતા તેની દાસી સાથે ઉદ્યાનમાં ફૂલ-પત્રાદિ લેવા આવી વિશ્વભૂતિને ક્રીડા કરતો જોઈ તેણીને ઈર્ષ્યા થઈ. તેણીએ વિચાર્યુ કે — હું એવું કંઈક કરું કે જેથી મારો કુમાર વિલાસ કરે. આ રાજ્ય કે બળ શું કામનું - જો વિશાખાનંદી આવા ભોગો ન ભોગવે ? મારે નામનું રાજ્ય છે. ખરેખર તો આ યુવરાજ પુત્ર જ વિલાસ કરે છે. તે રાણી કોપગૃહમાં ચાલી ગઈ. હજી તો રાજા જીવે છે, ત્યાં આ દશા છે, તો રાજાના મૃત્યુ પછી અમને કોણ ગણશે ? રાજા ગયો, તેણીએ ભોજન ન કર્યુ ઈત્યાદિ - x -

અમાત્યએ રાજાને કહ્યું — દેવીના વચનનું અતિક્રમણ ન કરો. પોતાનાને ન મારો. રાજાએ પૂછ્યું — શો ઉપાય કરવો ? આપણા કુળમાં કોઈ એક ઉદ્યાનમાં જાય ત્યારે બીજો ન જાય તેવો પરંપરા છે - x - અમાત્યે કહ્યું કે — કોઈ અજ્ઞાત પુરુષને ખોટો લેખ લખીને મોકલો. ત્યારે રાજાએ ખોટો લેખ કરી મોકલ્યો. ત્યારે રાજાએ યાત્રા જવા આરંભ કર્યો. વિશ્વભૂતિએ તે જાણીને કહ્યું કે મારા જીવતા તમે શા માટે જાઓ છો ? પોતે ગયો. તેને ગયેલો જાણી વિશાખાનંદી ઉદ્યાનમાં ચાલ્યો ગયો. વિશ્વભૂતિએ જ્યારે બહાર કોઈ ઉપદ્રવ ન જોયો ત્યારે પાછો આવ્યો. ફરી પુષ્પ કરંડક ઉદ્યાનમાં પ્રવેશવા ગયો ત્યારે દ્વારપાળોએ પોતાના હાથમાં દંડ લઈને કહ્યું કે — અંદર જશો નહીં. વિશ્વભૂતિએ પૂછ્યું કયા કારણે ? અહીં વિશાખાનંદી કુમાર ક્રીડા કરી રહેલ છે. આ સાંભળીને વિશ્વભૂતિ કોપાયમાન થયો. તેને ખ્યાલ આવી ગયો કે મને કપટથી અહીંથી કઢાયેલ છે. ત્યાં કોઠાના ફળનું એક વૃક્ષ હતું. મુઠ્ઠીના

પ્રહારથી બધાં ફળ જમીન ઉપર પાડી દીધા.

વિશાખાનંદીને કહ્યું કે – જે રીતે આ પાડી દીધા, તે જ રીતે હું તારું માથું પણ પાડી દઉં, જો હું કાકાનું બહુમાન ન કરતો હોત. હું તારા છળને લીધે દૂર કરાયો છું. હવે આ ભોગો બસ છે. અપમાનને લીધે તે ભોગ છોડીને નીકળી ગયો. આર્ય સંભૂત સ્થવિર પાસે દીક્ષા લીધી. તેને દીક્ષા લીધી જાણી, રાજા અંતઃપુર અને પરિવારજન સહિત યુવરાજ સાથે નીકળ્યો. તેમની ક્ષમા માંગી, પણ વિશ્વભૂતિએ તેની વિનંતી ન સ્વીકારી.

ત્યારપછી ઘણાં છટ્ઠ, અટ્ઠમ આદિ વડે પોતાના આત્માને ભાવિત કરતાં વિચરે છે. એ રીતે વિચરતાં મથુરા ગયો. આ બાજુ વિશાખાનંદી કુમાર ત્યાં મથુરામાં પણ ત્યાં ગયેલ, તેને રાજમાર્ગમાં આવાસ આપેલો. વિશ્વભૂતિ સાધુ માસક્ષમણના પારણે ચાલતા તે સ્થળે આવ્યા. જ્યાં વિશાખાનંદીકુમાર રહેલો. ત્યારે તેના નોકરે કુમારને કહ્યું – તમે આને જાણતાં નથી. વિશાખાનંદી બોલ્યો – ના, નથી જાણતો, તેણે કહ્યું કે – આ વિશ્વભૂતિકુમાર છે. તેને જોઈને રોષ ચડ્યો. એટલામાં પ્રસૂતા ગાયના ધક્કાથી વિશ્વભૂતિમુનિ પડી ગયા. ત્યારે વિશાખાનંદીએ ઉત્કૃષ્ટ હાસ્ય કર્યુ. પછી બોલ્યો કે – તમારું કોઠાના ફળ પાડી દેનારું બળ ક્યાં ગયું ?

ત્યારે વિશ્વભૂતિ અણગારે તેને જોયો. તેને જોઈને રોષથી તે ગાયના શીંગડાનો અગ્રભાગ પકડીને ઉંચે આકાશમાં ઉછાળી. સિંહ દુર્બળ હોય તો પણ શું શિયાળના બળથી હારી જાય ? વિશ્વભૂતિને થયું – આ દુરાત્મા હજી પણ મારા પ્રત્યે રોષ ધરાવે છે ? ત્યારે તેણે નિયાણું કર્યુ કે – જો મારા તપ, નિયમ અને બ્રહ્મચર્યનું ફળ હોય તો હું આવતા ભવે અપરિમિતબળવાળો થઉં. તેની આલોચના કર્યા વિના મરીને વિશ્વભૂતિ મહાશુક્ર કલ્પે દેવ થયો. ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ પામ્યો.

ત્યાંથી ચ્યવીને પોતનપુર નગરમાં પ્રજાપતિ રાજાની મૃગાવતી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેનું પ્રજાપતિ નામ કઈ રીતે હતું ? પૂર્વે તેનું નામ રિપુપ્રતિશત્રુ હતું. તેને ભદ્રા નામે રાણીથી અચલ નામે પુત્ર થયો. તે અચલની બહેન મૃગાવતી નામે કન્યા અતિ રૂપવતી હતી. તે બાલભાવથી મુક્ત થઈ, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પિતાના પગે પડવા આવી. તેણીને પોતાના ખોળામાં બેસાડી, તે રાજા તેના રૂપ, યૌવન અને અંગ સ્પર્શમાં મૂર્છા પામ્યો. તેણીને વિદાય આપી નગરજનોને પૂછ્યું – જે કોઈ રત્ન રાજમાં ઉત્પન્ન થાય, તે કોનું ? બધાં બોલ્યા – તમારું. એ પ્રમાણે ત્રણ વખત પૂછીને તે પુત્રીને બોલાવી. બધાં લજ્જા પામી નીકળી ગયા. રાજાએ જાતે ગાંધર્વ વિવાહ કરી, પુત્રીને પત્નીરૂપે સ્થાપી દીધી.

ભદ્રા રાણી પુત્ર અચલની સાથે દક્ષિણાપથે માહેશ્વરીપુરી જઈને રહ્યા. મહા ઈશ્વર વડે બનાવેલી હોવાથી માહેશ્વરી. અચલ માતાને ત્યાં રાખીને પિતા પાસે આવ્યો. ત્યારે લોકોએ પ્રજાપતિ એવું નામ તે રાજાનું કરી દીધેલ. કેમકે આણે પ્રજાને અંગીકાર કરેલી. ત્યારે મહાશુક્રથી ચ્યવીને તે મરીચિનો જીવ મૃગાવતીની કુક્ષીમાં



ઉત્પન્ન થયો. માતાએ સાત સ્વપ્નો જોયા. સ્વપ્ન પાઠકોએ કહ્યું – પહેલો વાસુદેવ થશે. જન્મ થયો. ત્યારે તેની પીઠમાં ત્રણ કરંડક હોવાથી ત્રિપૃષ્ઠ નામ થયું. અનુક્રમે યુવાન થયો.

આ તરફ મહામાંડલિક અશ્વગ્રીવ રાજાએ નૈમિત્તિકને પૂછ્યું – મને કોનાથી ભય છે ? તેણે કહ્યું – જે ચંડમેઘદૂતને આઘર્ષિત કરશે, તમારા મહાબલી સીંહને મારી નાંખશે તેનાથી ભય છે. તેણે વિચાર્યુ કે – પ્રજાપતિના બંને પુત્રો મહાબલી છે, ત્યાં દૂતને મોકલ્યો. દૂત આવ્યો, રાજા ઉભો થયો. નાટક-પ્રેક્ષણમાં ભંગ પડ્યો. બંને કુમારે પૂછ્યું – આ કોણ છે ? તેણે કહ્યું કે – અશ્વગ્રીવરાજાનો દૂત છે. તે બંને બોલ્યા કે – જ્યારે આ પાછો જાય ત્યારે કહેજો. જ્યારે દૂતને વિદાય આપી, - x - માર્ગમાં જઈને અડધા માર્ગે તે બંને ભાઈઓએ તેને માર્યો તેમના જે સહાયક હતા, તે બધાં ચારે દિશામાં ભાગી ગયા.

રાજાએ સાંભળ્યુ કે – મારા દૂતને આઘર્ષિત કર્યો, ત્યારે રાજાએ તે દૂતને બમણું - ત્રણગણું ભેટણું આપીને કહ્યું કે – તારા રાજા અશ્વગ્રીવને ન કહેતો કે બંને કુમારોએ આમ કર્યુ છે. દૂતે કહ્યું – સારું. પણ જેઓ નગરે પહોંચી ગયા, તેણે રાજાને કહી દીધું. ત્યારે અશ્વગ્રીવ કોપાયમાન થયો. પછી બીજા દૂતને મોકલી પ્રજાપતિ રાજાને કહ્યું કે – મારા શાલિના ખેતરની રક્ષા કરો. રાજાએ બંને કુમારોને બોલાવીને કહ્યું કે – કેમ અકાળે મૃત્યુને નોતરો છો ? - x - પછી રાજા જવાને નીકળ્યો. ત્રિપૃષ્ઠ અને અચલે કહ્યું – અમે બંને જઈએ છીએ. તેમને રોક્યા તો પણ ધરાર ગયા.

જઈને ક્ષેત્રિકોને કહ્યું – બીજા રાજાઓ કઈ રીતે ક્ષેત્રની રક્ષા કરતા હતા ? તેઓએ કહ્યું – ઘોડા, હાથી, રથ, સૈન્યો વડે. પ્રાકાર કરીને. કેટલાં કાળ સુધી ? ખેતી થાય ત્યાં સુધી. ત્રિપૃષ્ઠએ કહ્યું કે – બધાંને મારનાર તે સીંહ ક્યાં રહે છે ? મને તે પ્રદેશ બતાવો. તેઓ બોલ્યા કે – આ ગુફામાં રહે છે. ત્યારે કુમાર રથ લઈને તે ગુફામાં પ્રવેશ્યો. લોકોએ બંને પડખે કકબાટ કરી મૂક્યો. તે સિંહ બગાસુ ખાતો નીકળ્યો. કુમારે વિચાર્યુ કે આ પગ વડે આવે છે અને હું રથ વડે જઉં, તે યુદ્ધ વિસદૃશ કહેવાય. હાથમાં તલવાર અને ખડ્ગ લઈને રથથી ઉતરી ગયો. ફરી વિચાર્યુ કે – આ સિંહ દાઢ અને નખ વડે લડે છે, હું તલવાર અને ખડ્ગ વડે લડુ આ પણ બરાબર નથી. ત્યારે તલવાર અને ખડ્ગનો પણ ત્યાગ કર્યો.

સીંહને રોષ ઉત્પન્ન થયો. આ એકલો રથમાં ગુફામાં આવ્યો, બીજું જમીન ઉપર ઉતર્યો, ત્રીજું હથિયારો છોડી દીધા. હવે હું આને મારી જ નાંખુ. એમ વિચારી મોટું ફાળી, ગર્જના કરતો આવ્યો. ત્યારે કુમારે એક હાથે ઉપરનો હોઠ [જડબું], બીજા હાથે નીચેનું જડબું પકડી લીધું. પછી તેના જીર્ણ વસ્ત્ર માફક બે ફાડીયા કરી દીધા. ત્યારે લોકોએ ઉત્કૃષ્ટ ક્લિકિલાટ કર્યો. નીકટના દેવોએ ત્યાં આભરણ અને પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યારે સીંહ રોષથી કંપતો હતો. હું આવા કુમારના હાથે મરાયો.

ત્યારે ગૌતમસ્વામીનો જીવ રથનો સારથી હતો. તેણે કહ્યું – તું રોષ ન કર. આ નર-સીંહ છે, તું મૃગાધિપતિ છે, તો જ્યારે સીંહ સિંહ વડે મરાય, તો તેમાં અપમાન ક્યાં થયું ? તેના વચનોને મધુની જેમ પીતો તે સિંહ મરીને નરકમાં ઉત્પન્ન થયો.

તે કુમાર, સિંહચર્મ લઈને પોતાના નગરમાં ચાલ્યો ગયો. ત્યારે ત્યાંના ગ્રામજનોને કહ્યું કે – તમે અશ્વગ્રીવને જઈને કહો, જેથી તેને વિશ્વાસ બેસે. તે ગ્રામજનોએ જઈને કહ્યું – રોષ પામીને દૂતને તુરંત વિદાય કર્યો અને અશ્વગ્રીવરાજાએ પ્રજાપતિરાજાને કહેવડાવ્યું કે આ બંને પુત્રોને મારે ત્યાં મોકલી દો. તમે વૃદ્ધ થયા છો, હું તેમને જોઈશ, સત્કારીશ અને રાજ્ય પણ આપીશ. પણ પુત્રોને ન મોકલતાં અશ્વગ્રીવે કહેવડાવ્યું કે – કેમ મોકલતા નથી, હવે યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ. તેણે દૂતને મારીને કાઢી મૂક્યો. ત્યારે અશ્વગ્રીવ રાજા પોતાના સર્વ સૈન્ય સાથે ઉપસ્થિત થયો. પ્રજાપતિ પણ દેશની સીમાએ ઉભો રહ્યો.

લાંબા ગાળા સુધી યુદ્ધ ચાલ્યું. ઘોડા, હાથી, રથ, મનુષ્યાદિનો ક્ષય જોઈને ત્રિપૃષ્ઠકુમારે દૂતને મોકલ્યો. જો હું અને તમે, બે યુદ્ધ કરીએ તો કેમ ? આટલા બધાં લોકોને મારવાથી શો લાભ ? અશ્વગ્રીવે કહ્યું – ભલે તેમ થાઓ. બીજે દિવસે રથ વડો બંનેએ યુદ્ધ કર્યુ. જ્યારે શસ્ત્રો ખલાસ થઈ ગયા ત્યારે અશ્વગ્રીવે ચક્ર મૂક્યું. તે ત્રિપૃષ્ઠના માથે થઈને ખોળામાં પડ્યું. તે ચક્ર વડે જ ત્રિપૃષ્ઠ એ તેનો શિરચ્છેદ કર્યો.

દેવોએ ઉદ્‌ઘોષણા કરી કે – આ ત્રિપૃષ્ઠ પહેલો વાસુદેવ ઉત્પન્ન થયો છે. પછી બધા રાજા, તેને નમીને ગયા. પછી ત્રિપૃષ્ઠએ અર્દ્ધ ભરતને જીતી લીધું. દંડ-બાહુ વડે કોટીશિલાને ઉપાડી. એ પ્રમાણે રથાવત્ત પર્વતની સમીપે યુદ્ધ થયું. એ પછી ઘટતાં જતાં બળથી કૃષ્ણ વાસુદેવ વડે જાનુ સુધી કેમે કરીને ઉપાડી. ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૪ લાખ વર્ષ સર્વાયુ પાળીને, મરીને, સાતમી નરકે અપ્રતિષ્ઠાન નરકાવાસે ૩૩-સાગરોપમ સ્થિતિક નૈરયિકપણે ઉત્પન્ન થયો. આ ગાથાનો ભાવાર્થ કહ્યો.

ગાથાર્થ તો ઉપર અલગ કહેલ જ છે, માટે અહીં ફરી નોંધતા નથી.

**● નિર્યુક્તિ-૪૪૬,૪૪૭ + વિવેચન :-**

મથુરામાં પારણે ગયા ત્યારે ગાય વડે ત્રાસિત થયા. નિયાણું કર્યુ. નિયાણા સહિત અને તેના આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના માસભક્ત અનશન કરીને મહાશુક્ર કલ્પે ઉત્કૃષ્ટ સ્થિતિક દેવ થયા. મહાશુક્રથી ચ્યવીને પોતનપુર નગરમાં પ્રજાપતિ રાજાની રાણી મૃગાવતીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. ત્રિપૃષ્ઠ નામ રખાયું, પહેલાં વાસુદેવ થયા, ૮૪ લાખ વર્ષ આયુ પાળીને અધઃસપ્તમી નરકપૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકે ૩૩-સાગરોપમ સ્થિતિક નારક થયા. આ જ અર્થને કહે છે –

**● નિર્યુક્તિ-૪૪૮ :-**

***૮૪ લાખ આયુ, મરીને અપ્રતિષ્ઠાન નરકે, ત્યાંથી સીંહ, ત્યાંથી નરકમાં, કેટલાંક ભવ તિર્યંચ અને મનુષ્યોમાં ઉપજીને મહાવિદેહમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર ચક્રવર્તી, ૮૪ લાખ પૂર્વ આયુ.***



**● વિવેચન-૪૪૮ :-**

વાસુદેવના ભવમાં ૮૪ લાખ વર્ષનું આયુ હતું. તે ભોગવીને અપ્રતિષ્ઠાન નરકે ઉત્પન્ન થયા. ત્યાંથી ઉદ્વર્તીને સીંહ થયા. મરીને ફરી પણ નરકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી કેટલાંક ભવો તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થઈને પછી વિદેહમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયા. ત્યાં ધનંજય રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં ઉપજેલા. ત્યાં ૮૪ લાખ પૂર્વ આયુ થયું.

**● નિર્યુક્તિ-૪૪૯ :-**

***ધનંજયનો પુત્ર, પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા, ક્રોડ વર્ષનો પર્યાય, સર્વાર્થ વિમાને દેવ, છત્રકાપુરીમાં 'નંદન' નામે થયો, ૨૫ લાખ વર્ષાયુ.***

**● વિવેચન-૪૪૯ :-**

ધનંજય અને ધારિણી રાણીનો પુત્ર થઈ, ચક્રવર્તીના ભોગો ભોગવીને કંઈક સંવેગ ઉત્પન્ન થતાં પ્રોષ્ઠિલાચાર્ય પાસે દીક્ષા લીધી. એક કરોડ વર્ષનો પ્રવ્રજ્યા પર્યાય પાળીને મરીને મહાશુક્ર કલ્પમાં સર્વાર્થ વિમાનમાં ૧૭-સાગરોપમ સ્થિતિક દેવ થયો. ત્યાંથી ચ્યવીને છત્રાગ્રા નગરીમાં જિતશત્રુ રાજા અને ભદ્રા રાણીનો નંદન નામે પુત્ર થયો. ત્યાં ૨૫-લાખ વર્ષનું આયુ પાળ્યું. ત્યાં ૨૪ લાખ વર્ષ રાજ્યાદિમાં ગયા.

**● નિર્યુક્તિ-૪૫૦ :-**

***પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા, એક લાખ વર્ષ પર્યાય, બધાં વર્ષો માસક્ષમણ, પુષ્પોત્તર વિમાને ઉત્પત્તિ. ત્યાં ચ્યવીને બ્રાહ્મણ કુળમાં.***

**● વિવેચન-૪૫૦ :-**

નંદનકુમારે રાજ્ય છોડીને દીક્ષા લીધી. પ્રોષ્ઠિલાચાર્યના શિષ્ય થયા, લાખ વર્ષ દીક્ષા પાળી. કઈ રીતે ? નિરંતર મહિના-મહિનાના ઉપવાસથી. આ ભવમાં વીસ કારણો વડે [સ્થાનક વડે] તીર્થંકર નામ ગોત્ર કર્મ નિકાચીત કરી, માસિકી સંલેખના વડે આત્માને સાધીને ૬૦ ભક્ત-ભોજન છોડીને આલોચના અને પ્રતિક્રમણ કરી, મરીને પ્રાણત કલ્પમાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં ૨૦-સાગરોપમ સ્થિતિક દેવ થયો. ત્યાંથી ચ્યવી બ્રાહ્મણકુંડ ગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનંદા પત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયા, તે ૨૦ કારણો [સ્થાનકો] ક્યાં છે ? જેના વડે તીર્થંકર નામ ગોત્ર કર્મ તેણે બાંધ્યુ, તે કહે છે –

**● નિર્યુક્તિ-૪૫૧ થી ૪૫૬ + વિવેચન :-**

અરિહંત, સિદ્ધ૦ ઈત્યાદિ છ ગાથા પૂર્વે ઋષભદેવાધિકારમાં નિર્યુક્તિ-૧૭૯ થી ૧૮૪માં વ્યાખ્યાયિત થયેલી છે.

**● નિર્યુક્તિ-૪૫૭ :-**

***મહાણકુંડ ગ્રામ નગરમાં કોડાલ ગોત્રવાળો બ્રાહ્મણ હતો, તેના ઘેર દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયો.***

• **વિવેચન-૪૫૭ :-**

(નંદનમુનિનો જીવ) પુષ્પોત્તરથી ચ્યવીને૦ ઋષભદત્ત બ્રાહ્મણ હવે વર્ધમાનસ્વામી વક્તવ્યતા નિબદ્ધ દ્વારગાથા કહે છે —

• **નિર્યુક્તિ-૪૫૮ :-**

***સ્વપ્ન, અપહાર, અભિગ્રહ, જન્મ, અભિષેક, વૃદ્ધિ, સ્મરણ, ભીષણ, વિવાહ, અપત્ય, દાન, સંબોધ, નિષ્ક્રમણ.***

• **વિવેચન-૪૫૮ :-**

(૧) તીર્થંકરની માતા જુએ છે તે મહાસ્વપ્ન કથન, જે દેવાનંદાએ પ્રવેશતા અને નીકળતા જોયા, ત્રિશલા પ્રવેશતા જોયા. (૨) ભગવંતનું ગર્ભ-અપહરણ, (૩) ભગવંત ગર્ભમાં રહીને ગ્રહણ કરેલ અભિગ્રહ કથન, (૪) જન્મવિધિ કથન, (૫) અભિષેક - જે રીતે દેવો કરે છે. (૬) વૃદ્ધિ - જે રીતે ભગવંત વૃદ્ધિ પામ્યા. (૭) જાતિસ્મરણ કથન, (૮) દેવે બીવડાવ્યા તે. (૯) વિવાહ વિધિ કથન, (૧૦) અપત્ય-પુત્રાદિ, (૧૧) દાન-દીક્ષા કાળે આપેલ તે. (૧૨) સંબોધન વિધિ કથન, જેમ લોકાંતિક કરે. (૧૩) નિષ્ક્રમણ વિધિ.

ભાષ્યકાર સ્વયં બધાં દ્વારના અવયવાર્થ માટે કહે છે —

• **ભાષ્ય-૪૬,૪૭ :-**

***હાથી, વૃષભ, સીંહ, અભિષેક, માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, સાગર, વિમાન ભવન, રત્નરાશિ, સીંહ... આ ચૌદ સ્વપ્નોને સુખે સુતેલી દેવાનંદા બ્રાહ્મણી, જે રાત્રિએ મહાયશવાળા વીરપ્રભુ તેણીની કુક્ષીમાં ઉત્પન્ન થયા ત્યારે જુએ છે.***

• **વિવેચન-૪૬,૪૭ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - अभिषेक શબ્દથી ‘શ્રી’ દેવી ગ્રહણ કરવી. दाम - પુષ્પની માળા, વિમાનભવન - વિમાન એવું તે ભવન અર્થાત્ વૈમાનિક દેવનો નિવાસ અથવા વૈમાનિક દેવ પ્રચ્યુત થતાં વિમાનને જુએ છે. અધોલોકથી ઉદ્વર્તે તો ભવન જુએ પણ બંને ન જુએ. આ ચૌદ મહાસ્વપ્નોને તે બ્રાહ્મણી જુએ છે.

• **ભાષ્ય-૪૮ થી ૫૦ :-**

***ત્યાં બ્રાહ્મણીની કુક્ષિમાં ૮૨-દિવસ રહ્યા ત્યારે સૌધર્મપતિ ચિંતવે છે, જિનેશ્વરને સંહરવાનો કાળ થઈ ગયો છે... અરહંત, ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ આ ઉત્તમપુરુષો તુચ્છ કુળોમાં જન્મતા નથી. પણ ઉગ્રકુળ, ભોગકુળ, ક્ષત્રિયકુળમાં, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્યમાં અને હરિવંશકુળમાં આ પુરુષસિંહો આવા વિશાળ કુળમાં ઉત્પન્ન થાય છે.***

• **વિવેચન-૪૮ થી ૫૦ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — ‘जे’ - પાદ પૂરણાર્થે છે. શા માટે ગર્ભનું સંહરણ કરવું ? તે કહ્યું. તેમાં તુચ્છકુળ - અસારકુળ. તો પછી કેવા કુળોમાં જન્મે ? તે કહ્યું. તેમાં આવે છે અર્થાત્ ઉત્પન્ન થાય છે. પુરુષસિંહ - તીર્થંકર આદિ. જો એ પ્રમાણે છે, તો ભુવનગુરુની ભક્તિથી પ્રેરાઈને શક્ર એ હરિણેગમેષી દેવને બોલાવીને કહ્યું —



આ ભરતક્ષેત્રમાં છેલ્લા તીર્થંકર, પૂર્વોપાર્જિત બાકી કર્મની પરિણતિ વશ તુચ્છ કુળમાં જન્મ્યા છે, તો ત્યાંથી સંહરીને ક્ષત્રિયકુળમાં સ્થાપો. તેણે પણ આદેશાનુસાર કર્યું. ભાષ્યકાર આ અર્થને કહે છે —

• **ભાષ્ય-૫૧ થી ૫૩ :-**

***હવે ઈન્દ્ર હરિણેગમેષી દેવને કહે છે — આ લોકમાં ઉત્તમ અને મહાત્મા તીર્થંકર બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલ છે... ક્ષત્રિયકુંડમાં સિદ્ધાર્થ નામે ક્ષત્રિય છે. તે સિદ્ધાર્થની પત્ની ત્રિશલાની કુક્ષિમાં સંહર... “હા હું કરીશ” એમ હું કાર કરીને વર્ષા રાત્રના પાંચમાં પક્ષમાં [આસો વદમાં] ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં તેરસના દિવસે મધ્યરાત્રિએ સંહર્યો.***

• **વિવેચન-૫૧ થી ૫૩ :-**

[ગાથાર્થ કહ્યા, વિશેષ વૃત્તિ આ —] ણેગમેસિ - હરિણેગમેષી. બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયા, તે અયોગ્ય છે માટે આમ કરો - ત્રિશલાની કુક્ષિમાં સંહરો. बाढ - અત્યર્થ, હું આદેશ મુજબ કરીશ જ. સ્વામીનો આદેશ મસ્તકે ચડાવું છું. पूर्वरात्र - પહેલાં બે પ્રહરને અંતે. - x -

• **ભાષ્ય-૫૪ થી ૫૭ + વિવેચન :-**

ગજ, વૃષભ૦ ગાથા. પૂર્વવત્. તે બ્રાહ્મણીએ આ ચૌદ સ્વપ્નો પાછા ફરતા જોયા. [ક્યારે ?] જે રાત્રિમાં મહાયશવાળા વીર પ્રભુ તેણીની કુક્ષિમાંથી સંહરાયા, ફરી ગજ, વૃષભ૦ ગાથા પૂર્વવત્. પછી ત્રિશલાને આશ્રીને કહેલ છે કે — ભગવંત મહાવીર સંહરાયા ત્યારે સુખે સુતેલ ત્રિશલાએ આ ચૌદ સ્વપ્નો જોયા.

અપહાર દ્વાર કહ્યું.

હવે અભિગ્રહ દ્વારની વ્યાખ્યા કરતાં કહે છે —

• **ભાષ્ય-૫૮,૫૯ :-**

વીર પ્રભુ ત્રિશલા દેવની કુક્ષિમાં સંપૂર્ણ ત્રણ જ્ઞાનવાળા હતા. ત્યાં સંજ્ઞી એવા ગર્ભરૂપે ૬॥ માસ રહ્યા. હવે ગર્ભવાસથી સાતમે મહિને તેઓએ અભિગ્રહ કર્યો કે માતા-પિતા જીવતા હોય, ત્યાં સુધી હું શ્રમણ થઈશ નહીં.

• **વિવેચન-૫૮,૫૯ :-**

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ —] અપહાર કરાયા પછી અહીં સંજ્ઞી ગર્ભ વસે છે, ક્યાં - ત્રિશલાની કુક્ષિમાં. [શંકા] બધાં ગર્ભસ્થ સંજ્ઞી જ હોય, માટે વિશેષણ નકામું છે ? [સમાધાન] ના, દૃષ્ટિવાદના ઉપદેશથી વિશેષણ છે, તે બે જ્ઞાનવાળો પણ હોય, અહીં ત્રણ જ્ઞાનયુક્ત કહ્યા છે. કેટલો કાળ ? ૬॥ માસ. ગર્ભથી આરંભી સાતમા માસે તેના માતા-પિતાનો ગર્ભમાં અત્યંત સ્નેહ જાણીને “અહો ! મારા ઉપર

આમને અતિ સ્નેહ છે, "હું આમના જીવતા દીક્ષા લઈશ નહીં" એમ ગર્ભમાં રહીને જ અભિગ્રહ ગ્રહણ કરે છે, કેમકે ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. - x -

**● ભાષ્ય-૬૦ + વિવેચન :-**

બે સ્ત્રીઓના ગર્ભમાં રહીને ગર્ભમાં સુકુમાર તે 'ગર્ભસુકુમાર' પ્રાયઃ દુઃખને પ્રાપ્ત ન થયેલ એવા. કેટલો કાળ રહ્યા ? પ્રતિપૂર્ણ નવ માસ અને સમધિક સાત દિવસ.

**● ભાષ્ય-૬૧ થી ૭૧ :-**

***હવે ભગવંત મહાવીર ચૈત્રસુદ ૧૩ના મધ્યરાત્રિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં કુંડગ્રામે જન્મ્યા. તીર્થંકર જન્મે ત્યારે આભરણ, રત્ન અને વસ્ત્રની વૃષ્ટિ થાય છે. દેવરાજ શક્ર આવ્યો, નિધિઓ આવી. ત્રણ લોકને સુખ આપનારા ભગવંત વર્ધમાનનો જન્મ થતાં દેવીઓ સંતુષ્ટ થઈ અને પર્ષદા સહિત દેવો આનંદ પામ્યા. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક એ ચારે પ્રકારના દેવો સપરિવાર અને ઋદ્ધિ સહિત ત્યાં આવ્યા.***

***દેવોથી પરિવરેલા ઈન્દ્રે તીર્થંકરને કરસંપુટમાં ગ્રહણ કરીને મેરુ પર્વત ઉપર લઈ જઈને અભિષેક કર્યો. દેવો અને દાનવો સહિત દેવેન્દ્રએ પ્રભુનો જન્માભિષેક કરીને, પ્રભુને માતાને સમર્પિત કર્યા અને જન્મ મહોત્સવ કર્યો. શક્રએ રેશમી વસ્ત્ર, બે કુંડલ, પુષ્પની માળા આપી અને જૃંભક દેવોએ મણિ, રત્ન, કનક અને વસ્ત્રોની વૃષ્ટિ કરી. કુબેરના વચનથી પ્રેરિત જૃંભગદેવો કોટી પ્રમાણ હિરણ્ય અને રત્નોને લાવે છે.***

***દેવલોકથી ચ્યવેલા અને અનુપમ શોભાવાળા પીઠમર્દકો અને દાસ-દાસીથી પરિવરેલા ભગવંત વૃદ્ધિ પામે છે. તે ભગવંત કાળા ભમ્મર વાળ વાળા ઈત્યાદિ અને જાતિસ્મરણાદિ જ્ઞાનવાળા વગેરે વર્ણન પૂર્વે ઋષભદેવના અધિકારમાં નિર્યુક્તિ-૧૯૨ અને ૧૯૩ પ્રમાણે જાણવું.***

**● વિવેચન-૬૧ થી ૭૧ :-**

ચૈત્રસુદ-૧૩ના રાત્રિના બે પ્રહરને અંતે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં કુંડગ્રામમાં પ્રભુ મહાવીર જન્મ્યા. દિક્કુમારી વડે જાત કર્મ કરાયું. પછી - કટક, કેયુરાદિ અને ઈન્દ્રનીલાદિની વૃષ્ટિ, તીર્થંકરનો જન્મ થતાં કરાઈ - x - x - ત્રૈલોક્યને સુખાવહ ભગવંત વર્ધમાનનો જન્મ થતાં દેવ-દેવી આદિ પરિવાર આનંદિત થયો.

હવે અભિષેક દ્વારમાં કહે છે —

ભવનપતિ આદિ ચારે નિકાયના દેવો આવ્યા. દેવોથી પરીવરેલો દેવેન્દ્રએ તીર્થંકરને લઈને મેરુ પર્વતે અભિષેક કર્યો. અહીં દેવ - શબ્દથી જ્યોતિષ્ક અને વૈમાનિક લેવા અને દાનવ શબ્દથી વ્યંતર અને ભવનપતિ લેવા - x - નંદીશ્વર દ્વીપે જન્મમહોત્સવ કર્યો. હવે જે ઈન્દ્ર આદિ ભુવનનાથ પ્રત્યેની ભક્તિથી આપે છે, તે દર્શાવે છે —



દેવ વસ્ત્ર, કાનનું આભરમ, અનેક રત્નોથી ખચિત અને ભગવંતને સુભગ દર્શન આપતું શ્રી દામ આપે છે. - x - વૈશ્રમણના વચનથી પ્રેરાઈને તે તિર્યગ્જૃંભક દેવો કોટિ પરિમાણથી ન ઘડેલા સુવર્ણ અને રત્નોને ત્યાં લાવે છે. હવે વૃદ્ધિ દ્વારને કહે છે — ગાથાર્થમાં જોવું.

હવે ભેષણ - "ભય પમાડવો" દ્વાર કહે છે —

**● ભાષ્ય-૭૨ થી ૭૫ :-**

***હવે ભગવન્ આઠ વર્ષથી કંઈક ન્યૂન વયના થયા ત્યારે સૌધર્મકલ્પે સુરવરો મધ્યે શક્રેન્દ્ર ભગવંત વિદ્યમાન ગુણોની સ્તુતિ કરે છે. ભગવંત મહાવીર બાલ હોવા છતાં અબાલ ભાવવાળા અને અબાલ પરાક્રમી છે, ઈન્દ્ર સહિત દેવો પણ તેને ભય પમાડવાને સમર્થ નથી. હવે તે વચન સાંભળીને અશ્રદ્ધા કરતો એક દેવ તેમને ભય પમાડવાને શીઘ્ર જિનેશ્વર સમીપે આવે છે. સર્પ રૂપ લે છે. તે વખતે વીર પ્રભુ બાળકો સાથે વૃક્ષની ક્રીડાથી રમી રહેલાં છે. ત્યારે તે દેવને પીઠમાં મુઠ્ઠી મારીને હણ્યો. તે દેવ શ્રદ્ધાળું થઈ વીરપ્રભુને વાંદીને ચાલ્યો ગયો.***

**● વિવેચન-૭૨ થી ૭૫ :-**

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ —] કીર્તન - સ્તુતિ, સુધર્મા - આ નામની સભામાં. અબાલભાવ - બાલભાવ રહિત, પરાક્રમ - ચેષ્ટા - x - કષાયાદિ શત્રુનો જય કરવામાં વિક્રાંત-વીર. મહા એવા વીરને મહાવીર. - x - તેના વચન સાંભળીને એક દેવ તેમાં અશ્રદ્ધા કરતો ત્વરિત જિન સમીપે આવે છે. ભેષણ - ભય પમાડવો તે.

આવીને શું કર્યુ?

દેવ ભગવંત પાસે આવ્યો. ભગવંત બાળરૂપે-બાળકો સાથે વૃક્ષની ક્રીડા રમી રહ્યા હતા. જે પહેલાં વૃક્ષ ઉપર ચડે અને પહેલાં ઉતરે તેને બીજો બાળક ઉપાડે. તે દેવે આવીને વૃક્ષ નીચે સર્પનું રૂપ વિકુર્વ્યુ, સ્વામીએ અમૂઢપણે ડાબા હાથેથી તેને ઘણો દૂર ફેંકી દીધો. ત્યારે દેવે વિચાર્યુ કે — આ છળાયો નહીં. પછી સ્વામી દડા વડે રમતા હતા. તે દેવે બાળરૂપ વિકુર્વ્યુ, સ્વામી સાથે રમવા લાગ્યો.

ભગવંત તે દેવને જીતી ગયા, તેની પીઠ ઉપર બેઠા. તે પિશાચ રૂપ વિકુર્વીને વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યારે તેને ભગવંતે ડર્યા વિના [પીઠમાં જોરથી મુઠ્ઠી મારી] તલ પ્રહાર કર્યો, ત્યાં જ પડી ગયો અને છળ કરવા તે દેવ સમર્થ ન રહ્યો. પછી વાંદીને ગયો.

અન્ય કોઈ દિવસે ભગવંત સાધિક આઠ વર્ષના થયા, તેમને કલા ગ્રહણ યોગ્ય જાણીને માતા-પિતા લેખાચાર્ય પાસે લાવ્યા.

**● ભાષ્ય-૭૬ :-**

***હવે ભગવંતના માતાપિતા, તેમને સાધિક આઠ વર્ષનો જાણીને કૌતુકાદિ કરી, અલંકાર પહેરાવી લેખાચાર્ય પાસે લાવ્યા.***

● વિવેચન-૭૬ :-

ભગવંતના માતાપિતા, ભગવંતને સાધિક આઠ વર્ષના થયા જાણીને રક્ષા આદિ કૌતુક કરી તથા કેયૂરાદિ અલંકારો પહેરાવીને તેમને ઉપાધ્યાય પાસે લાવ્યા. - x - ત્યારે દેવરાજનું આસન કંપ્યુ. અવધિ વડે પ્રયોજન જાણ્યું, અહો ! સંતાનના સ્નેહમાં વિલસિત માતાપિતાને જુઓ કે જે ભગવંતને પણ ઉપાધ્યાય પાસે લઈ જવા ઉદ્યત થયાં છે, તેમ વિચારીને ઈન્દ્ર આવ્યો. ઉપાધ્યાય માટેના ઉંચા આસને બેસાડીને ભગવંતને શબ્દ લક્ષણો પૂછ્યા. તે જ ભાષ્યકાર કહે છે.

● ભાષ્ય-૭૭ :-

*શક્રએ તે ભગવંતને આસને બેસાડ્યા. શબ્દના લક્ષણો પૂછ્યા. [ભગવંતે તેના જવાબો આપ્યાં] ઐન્દ્ર વ્યાકરણની રચના થઈ.*

● વિવેચન-૭૭ :-

શક્રએ ઉપાધ્યાયની સન્મુખ તીર્થંકરને ઉંચા આસનો બેસાડી શબ્દના લક્ષણો પૂછે છે. - x - ભગવંતે પણ વ્યાકરણ [તેના ઉત્તરો] આપ્યા. આ વ્યાકરણ એટલે શબ્દ શાસ્ત્ર, તેમાંથી કેટલીક વાત ઉપાધ્યાયે ગ્રહણ કરી, તેનાથી ઐન્દ્ર વ્યાકરણ સર્જાયુ. હવે વિવાહ દ્વાર કહે છે –

● ભાષ્ય-૭૮,૭૯ :-

*બાલ્યભાવથી મુક્ત થઈ, અનુક્રમે યૌવનને પ્રાપ્ત થયા. ભગવંત વીરને માતાપિતાએ ભોગ સમર્થ જાણીને - પ્રશસ્ત તિથિ અને નક્ષત્રમાં મોટા સામંત કુળમાં જન્મેલ શ્રેષ્ઠ રાજકન્યા યશોદા સાથે વિવાહ કર્યા.*

● વિવેચન-૭૮,૭૯ :-

એ પ્રમાણે બાલ્યભાવ છોડી, ઉક્ત પ્રકારે વય વિશેષ અર્થાત્ યૌવન પારમ્યા - બાળ આદિ ભાવ પછીની વય પામ્યા. અહીં ભોગવાય તે ભોગ-શબ્દાદિ. તેમાં સમર્થ તે ભોગ સમર્થ. - x - ऋक्ष - નક્ષત્ર. પ્રશસ્ત-શોભન, - x - યશોદા સાથે પાણિ ગ્રહણ કરાવ્યું. 'વરરાજકન્યા' શબ્દ વડે તે કાળે રાજ્યસંપત્તિ યુક્તતાને જણાવી. હવે અપત્ય દ્વાર કહે છે –

● ભાષ્ય-૮૦ :-

*યશોદા સાથે પાંચ પ્રકારના માનુષી ભોગો ભોગવતા ભગવંતને તેજ વડે લક્ષ્મી જેવી સુરૂપવાળી પ્રિયદર્શનાને જન્મ આપ્યો.*

● વિવેચન-૮૦ :-

પાંચ પ્રકારના - શબ્દ આદિ, મનુષ્યોના તે માનુષી. તેજની લક્ષ્મી સમાન, પ્રિયદર્શના નામે પુત્રીને જન્મ આપ્યો.

આ કાળમાં ભગવંતના માતા-પિતા મૃત્યુ પામ્યા. ભગવંત પણ તીર્ણપ્રતિજ્ઞ થવાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની મતિવાળા થયા. ભાઈ નંદિવર્ધન સહ સ્વજનોને દીક્ષા માટે પૂછ્યું. નંદિવર્ધને કહ્યું – ઘા ઉપર મીઠું ન નાંખો, કેટલોક કાળ રહી





જાઓ. ભગવંતે પૂછ્યું – કેટલો કાળ ? ત્યારે સ્વજનોએ કહ્યું – બે વર્ષ. ભગવંતે કહ્યું – મારા માટે ભોજનાદિ પ્રવૃત્તિ ન કરવી. તેઓ સંમત થતાં ભગવંત સાધિક બે વર્ષ પ્રાસુક અને એષણીય આહાર લઈ, સચિત્ત જળ પણ ન પીતા ત્યાં રહ્યા.

આ અંતરમાં જ મહાદાન દીધું. લોકાંતિકોએ પ્રતિબોધ કર્યો. અવધિ પુરી થતાં ભગવંતે દીક્ષા ગ્રહણ કરી. આ જ વાત કહે છે –

● નિર્યુક્તિ-૪૫૯,૪૬૦ :-

*જાત ક્ષત્રિય, વજ્રઋષભ સંઘયણવાળા, દેવોથી પરિસેવિત ભવ્યજન પ્રતિબોધક પ્રભુવીર કુંડગ્રામમાં કુલ ૩૦ વર્ષ ગૃહવાસમાં રહ્યા. તેમના માતા-પિતા દેવત્વ પામ્યા પછી. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દીક્ષા લીધી.*

● વિવેચન-૪૫૯,૪૬૦ :-

હસ્તોત્તર - ઉત્તરા ફાલ્ગુની. जात - ઉત્કૃષ્ટ. - x - x - ૩૦ વર્ષ ગૃહવાસમાં વસ્યા.

હવે ભાષ્યકારશ્રી પ્રતિદ્વારની વ્યાખ્યા કરતાં કહે છે –

● ભાષ્ય-૮૧ થી ૮૫ + વિવેચન :-

સંવત્સરથી૰, એક હિરણ્ય૰, શ્રૃંગાટક૰, વરવરિકા૰, તીર્ણ૰. આ પાંચ ભાષ્યો છે. જે પૂર્વે ઋષભદેવ ભગવંતના અધિકારમાં નિર્યુક્તિ ગાથા-૨૧૬ થી ગાથા-૨૨૦માં આવી ગયેલ છે. તેથી તેની અહીં ફરી વ્યાખ્યા કે ગાથાર્થનું વિવરણ કરતાં નથી.

હવે સંબોધન દ્વાર કહે છે –

● ભાષ્ય-૮૬ થી ૮૮ :-

*સારસ્વત, આદિત્ય૰, આ દેવનિકાયો૰ [બંને ગાથા પૂર્વવત્]*

*એ પ્રમાણે કુંડગ્રામમાં લોકાંતિક દેવો વડે અભિસ્તવાયેલા વિકસિત કમળ જેવા મુખવાળા પ્રભુ મહાવીર સારી રીતે બોધ પામ્યા.*

● વિવેચન-૮૬ થી ૮૮ :-

પહેલી બે ગાથા ઋષભદેવના અધિકારમાં નિર્યુક્તિ-૨૧૪ અને ૨૧૫માં કહેવાઈ ગયેલ છે. ત્રીજી ગાથા પણ વ્યાખ્યા હોવાથી અહીં વિસ્તાર કરેલ નથી. સંબોધન પછીના કાળમાં પરિત્યાગ દ્વાર કહ્યું અને મૂળભાષ્યકૃત વ્યાખ્યા કરાઈ. ઈત્યાદિ - x -

અહીં દાન દ્વારને સંબોધન દ્વારની પૂર્વે કહેલ છે, ત્યાં સંબોધન દ્વાર પછી પરિત્યાગદ્વાર છે તે વિરુદ્ધ નથી ? ના, બધાં તીર્થંકરો માટે આ નિયમ છે કે – સંબોધનના પછીના કાળમાં જ મહાદાન પ્રવૃત્તિ થાય. - x - નિયમ છતાં આ દાન દ્વાર બહુતર વક્તવ્યત્વથી સંબોધન દ્વારની પૂર્વે કહેવાયેલ છે, તે ન્યાયના દેખાડવા માટે હોવાથી અવિરુદ્ધ જ છે.

અધિકૃત દ્વાર ગાથા વ્યત્યના પરિહાર માટે છે - અલ્પવક્તવ્યતા હોવાથી સંબોધન દ્વારની પૂર્વે કહી છે. આ આવા સંભવિત પક્ષો છે. પણ તત્ત્વ તો વિશિષ્ટ

શ્રુતવિદો જ જાણે.

હવે નિષ્ક્રમણ દ્વારને કહેવા માટે બતાવે છે —

• **ભાષ્ય-૮૯ :-**

***જિનવરેન્દ્ર મહાવીરને દીક્ષા લેવાના મનો પરિણામ થયા, ત્યારે ચારે બાજુનું આકાશ દેવો અને દેવીઓ વડે વ્યાપ્ત થઈ ગયું.***

• **વિવેચન-૮૯ :-**

અભિનિષ્ક્રમણ - દીક્ષા લેવાને માટે, ઉચ્છચં-વ્યાપ્ત, ગગન-આકાશ.

• **ભાષ્ય-૯૦ :-**

***ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો ગગનતલથી પૃથ્વીતલ ઉપર આવતા શિઘ્ર વિદ્યોદ્યોત કર્યો.***

• **વિવેચન-૯૦ :-**

જે દેવો વડે ગગનતલ વ્યાપ્ત થયું તે આ — ભવનપતિ, વ્યંતર, જ્યોતિર્વાસી અને વિમાનવાસી. ''જ્યોતિ'' શબ્દથી અહીં તેમનો નિવાસ કહે છે. વિદ્યુત સમાન ઉદ્યોત્ તે વિદ્યોદ્યોત. - x -

• **ભાષ્ય-૯૧ :-**

***દેવોના અવિરહિત સંચરણ વડે કુંડપુર નગર સુધી અને દેવોના ભવન અને આવાસ સુધી વ્યાપ્ત થઈ ગયું.***

• **વિવેચન-૯૦ :-**

કુંડગ્રામ અને દેવોના ભવનાવાસના અંતરમાં ભૂમિતલ અને ગગનતલ દેવ-દવીઓ વડે સંચરણ કરાતા વ્યાપ્ત થયું એટલામાં દેવો વડે જ ભગવંતની શિબિકા લવાઈ, તેમાં બેસીને ભગવન્ સિદ્ધાર્થવનમાં ગયા. આ જ અર્થને જણાવે છે —

• **ભાષ્ય-૯૨ :-**

***જળ અને સ્થળમાં ઉત્પન્ન દિવ્ય પુષ્પો વડે અને ફૂલની માળાથી શણગારાયેલ ચંદ્રપ્રભા શિબિકા જન્મ-મરણમુક્ત પ્રભુ માટે લાવ્યા.***

• **વિવેચન-૯૨ :-**

ચંદ્રપ્રભા નામની શિબિકા લાવ્યા. કોના માટે ? જરા અને મરણથી મુક્ત વર્ધમાનસ્વામી માટે. - x - હવે શિબિકાનું માપ દર્શાવે છે —

• **ભાષ્ય-૯૩,૯૪ :-**

***૮૫ ધનુષ્ લાંબી, ૨૫ ધનુષ્ પહોળી, ૩૨ ધનુષ્ ઉંચી એવી ચંદ્રપ્રભા શિબિકા કહેલી છે. તે શિબિકાની મધ્યે દેવો નિર્મિત મણિ, કનક, રત્નથી ખચિત, મહાર્હ, સપાદપીઠ, જિનવરનું સીંહાસન છે.***

• **વિવેચન-૯૩,૯૪ :-**

आयाम - લંબાઈ, विस्तीर्ण - પહોળાઈ, उव्विद्ध - ઉંચાઈ - x - તીર્થંકર અને ગણધરોએ તેને ચંદ્રપ્રભા નામે જણાવેલ છે. આમ કહીને શાસ્ત્ર પરત્વેની પરતંત્રતા



જણાવેલી છે.

શિબિકાની મધ્યમાં જ, दिव्य - દેવો નિર્મિત, मणि - ચંદ્રમંત આદિ, कनक - દેવ કંચન, रत्न - મરકત આદિ, 'ચિંચઈઅ' દેશી વચન છે, તેનાથી ખચિત અર્થ થાય છે. સીંહપ્રધાન આસન તે સીંહાસન, મહાંત-ભુવનના ગુરુને યોગ્ય.

• **ભાષ્ય-૯૫,૯૬ :-**

***માળા અને મુગટ ધારણ કરેલા, સુંદર શરીરવાળા, લટકતી પુષ્પમાળાથી યુક્ત, શ્વેત વસ્ત્રોને ધારણ કરનાર કે જે લાખ મૂલ્યવાળા છે તેવા, છઠ્ઠ ભક્ત તપવાળા, શુભ અધ્યવસાયવાળા, વિશુદ્ધ લેશ્યાવાળા એવા શોભતા જિનેશ્વર ઉત્તમ શિબિકા ઉપર આરૂઢ થયા.***

• **વિવેચન-૯૫,૯૬ :-**

आलइअ० ધારણ કરેલ. માળા - અનેક દેવ પુષ્પોથી ગ્રથિત. - x - ભાસ્વર - છાયા વડે યુક્ત, બોંદિ-શરીર. - x - નિયત્થ-પહેરેલા. - x - x - શ્વેત વસ્ત્રો ધારણ કરેલા છે. જેનું મૂલ્ય લાખ દીનાર છે.

આવા પ્રકારના ભગવંત માગસર વદ-૧૦ના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગમાં છઠ્ઠનો તપ-બે ઉપવાસથી. અધ્યવસાન-અંતઃકરણ સવ્યપેક્ષ વિજ્ઞાન, તેના શોભતા. લેશ્યા-મન, વચન, કાયાપૂર્વક કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી જનિત એવા આત્મ પરિણામો, જે સ્ફટિક જેવા હોય છે તે. આવી વિશુદ્ધ થતી લેશ્યા. ઉત્તમ-પ્રધાન શિબિકામાં ભગવંત આરોહે છે - બેસે છે.

• **ભાષ્ય-૯૭ :-**

***ભગવંત સીંહાસને બેઠેલા છે, શક્ર અને ઈશાન બંને પડખે મણિ-સુવર્ણ-વિચિત્ર દંડ વડે બનેલ ચામરને વીંઝી રહ્યા છે.***

• **વિવેચન-૯૭ :-**

તેમાં ભગવંત સીંહાસનમાં બેઠા ત્યારે શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર બંને પડખે રહ્યા. કઈ રીતે ? વીંઝતા. શેના વડે ? ચામરો વડે. ચામર કેવી ? મણિ-રત્ન રચિત દંડવાળી. એ પ્રમાણે ભગવંત બેઠા ત્યારપછી શિબિકાને સિદ્ધાર્થ ઉદ્યાને લઈ જવાને માટે ઉંચકી કોના વડે ?

• **ભાષ્ય-૯૮ :-**

***હર્ષથી વિકસ્વર રોમરાજીવાળા મનુષ્યોએ પહેલાં શિબિકાને ઉપાડી, પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્ર શિબિકાને વહે છે.***

• **વિવેચન-૯૮ :-**

पूर्व० - પહેલાં. ઉત્ક્ષિપ્તા-ઉંચકી, બાકી ગાથાર્થ મુજબ જાણવું. હવે અસુર આદિના સ્વરૂપને વર્ણવતા કહે છે —

• **ભાષ્ય-૯૯ :-**

***ચલ, ચપળ આભુષણને ધારણ કરનાર, સ્વચ્છંદ વિકુર્વિત આભરણધારી***

*એવા દેવેન્દ્રો અને દાનવેન્દ્રો જિનેન્દ્રની શિબિકાને વહે છે.*

**● વિવેચન-૯૯ :-**

ચલ — ગમનક્રિયાના યોગથી. સ્વચ્છંદ - સ્વાભિપ્રાયથી, વિકુર્વિત-દેવશક્તિ વડે કરેલ, આભરણ - કુંડલ આદિ. શું તેઓ પરનિર્મિત આભુષણોને ધારણ કરે છે ? તેવા વિકલ્પનો વિચ્છેદ કરવાને કહ્યું કે — સ્વ મતિ અનુસાર વિકુર્વિત આભરણધારી. કોણ ? દેવેન્દ્ર, દાનવેન્દ્ર.

**● ભાષ્ય-૧૦૦ :-**

*પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરતાં, દેવદુંદુભિ વગાડતા ખુશ થયેલા, દેવોના સમૂહથી આકાશ ચોતરફથી વ્યાપ્ત થયું.*

**● વિવેચન-૧૦૦ :-**

ભગવંત શિબિકામાં આરૂઢ થઈને જતા હતા ત્યારે આકાશ સ્થળમાં રહેલાં, શુક્લાદિ પંચવર્ણી પુષ્પોને વેરતા આદિ કોણ ? દેવ સમૂહ. પ્રહૃષ્ટ-પ્રકર્ષથી હર્ષિત થયેલા. ભગવંતની જ સ્તુતિ કરતા. એ પ્રમાણે સ્તવતા દેવો વડે બધી દિશામાં આકાશ વ્યાપ્ત થયું.

**● ભાષ્ય-૧૦૧ :-**

*જેમ શરદઋતુમાં કુસુમિત વનખંડ કે પદ્મસરોવર - કમળ પુષ્પના સમૂહથી શોભે છે. તેમ દેવગણોથી આકાશતલ શોભે છે.*

**● વિવેચન-૧૦૧ :-**

વનખંડની જેમ કુસુમિત - x - કુસુમભરેણ-હેતુભૂત થકી.

**● ભાષ્ય-૧૦૨ :-**

*જેમ સિદ્ધાર્થવન, અસનવન, શણવન, અશોકવન, ચૂતવન નવા પુષ્પોથી શોભે છે, તેમ આકાશતલ દેવસમૂહથી શોભે છે.*

**● વિવેચન-૧૦૨ :-**

અસન એટલે બીજક, બાકી ગાથાર્થ મુજબ છે.

**● ભાષ્ય-૧૦૩ :-**

*અતસીવન, કણવીરવન, ચંપકવન, તિલકવન જેમ પુષ્પિત થયેલ શોભે છે, તેમ આ આકાશતલ દેવસમૂહથી શોભે છે.*

**● વિવેચન-૧૦૩ :-**

अतसी - માલવદેશમાં પ્રસિદ્ધ છે. - x - શોભે છે આદિ પૂર્વવત્.

**● ભાષ્ય-૧૦૪ :-**

*શ્રેષ્ઠ પટહ, ભેરી, ઝલ્લરી, દુંદુભિ, શંખ સહિત વાજિંત્રો વડે આકાશતલ અને પૃથ્વીતલમાં વાજિંત્રનાદ ઘણો રમણીય બન્યો.*

**● વિવેચન-૧૦૪ :-**

ગાથાર્થ મુજબ છે. વિશેષ આ - निनाद - નિર્ઘોષ, વાજિંત્રનાદ.



**● ભાષ્ય-૧૦૫ :-**

*એ પ્રમાણે દેવ, મનુષ્યની પર્ષદામાં પરિવરેલા, મધુર વાણીથી સ્તવાતા ભગવંત જ્ઞાતખંડ વનમાં આવ્યા.*

**● વિવેચન-૧૦૫ :-**

ઉક્ત વિધિથી દેવ, મનુષ્ય, અસુર સહિત, ગીરા-વાણી.

**● ભાષ્ય-૧૦૬ :-**

*ઉધાનમાં આવેલા ભગવંત ઉત્તમ શિબિકાથી ઉત્તરે છે, સ્વયં જ લોચ કરે છે. શક્ર તે કેશને ગ્રહણ કરે છે.*

**● વિવેચન-૧૦૬ :-**

શક્ર એટલે દેવરાજા વૃત્ત અનુવાદથી અને ગ્રન્થાકારના વચનથી બધે જ વર્તમાનકાળનો નિર્દેશ અવિરુદ્ધ જ છે.

**● ભાષ્ય-૧૦૭ :-**

*જિનેશ્વરની આજ્ઞા લઈને ઈન્દ્ર, તે અંજન, મેઘ, રુચક જેવા નિર્મળ ચમકવાળા કેશોને ક્ષણમાં ક્ષીર સમુદ્રમાં પધરાવે છે.*

**● વિવેચન-૧૦૭ :-**

જિનવરની અનુજ્ઞા પામીને શક્ર વડે - x - ધન-મેઘ, રુક્-દીપ્ત, તેવા. સંકાશ-છાયા વિશેષ. અથવા અંજન ધનરુચક વિમલવત્ છાયાવાળા, રુચક - કાળો મણિ વિશેષ જ. એવા કેશ [વાળ] ક્ષણમાં લઈને, ક્ષીર જેવો સમુદ્ર તે ક્ષીરોદધિ.

આ સમયે ચારિત્ર સ્વીકારવા ઈચ્છતા ભગવંતને લીધે, શક્રના આદેશથી સુર-અસુર-મનુષ્યના વૃંદનો ઉદ્‌ભવેલ અવાજ અને વાજિંત્રનાદ રોકાઈ ગયો. આ જ અર્થને જણાવવા કહે છે —

**● ભાષ્ય-૧૦૮ :-**

*શક્રના વચનથી દિવ્ય અને મનુષ્યનો અવાજ, વાજિંત્રોનો નાદ તુરંત જ બંધ થયા, જ્યારે ભગવંત ચારિત્ર ગ્રહણ કરે છે.*

**● વિવેચન-૧૦૮ :-**

દિવ્ય-દેવોનો, - x - ક્ષીપ્ર-જલ્દીથી, નિલુકા-અટક્યા. હવે ભગવંત જે રીતે ચારિત્ર ગ્રહણ કરે છે, તે વર્ણવતા કહે છે —

**● ભાષ્ય-૧૦૯ :-**

*સિદ્ધોને નમસ્કાર કરીને, ચારિત્ર આરૂઢ ભગવંતે "સર્વે પાપ મારે અકરણીય છે" એ પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કર્યો.*

**● વિવેચન-૧૦૯ :-**

ભગવંત "भदंत" શબ્દ રહિત સામાયિક ઉચ્ચરે છે. - x - ચારિત્રના સ્વીકાર કાળે અને સ્વભાવથી ભુવનના ભુષણરૂપ પણ સ્વયં આભુષણ રહિત થયેલા ભગવંતને ઈન્દ્ર દેવદૂષ્યવસ્ત્ર આપે છે.

અહીં આ કથા છે — એક જ દેવદૂષ્ય વડે દીક્ષા લે છે. - x - પિતાનો મિત્ર ધિગ્જાતિય આવ્યો. તે દાન અવસરે ક્યાંક ગયેલો હતો. આવ્યો ત્યારે પત્નીએ તતડાવ્યો. સ્વામીએ આવો પરિત્યાગ કર્યો. હવે તમે વનમાં જાઓ અને તેમની પાસે માંગો તો કદાચ કંઈક પણ મળશે.

તે બ્રાહ્મણે કહ્યું — ભગવંત ! તમે મને કંઈ આપેલ નથી, તો હજી પણ કંઈક આપો. ત્યારે સ્વામીએ તે દેવદૂષ્યનું અડધું આપ્યું. કેમકે બાકીનો પરિત્યાગ ન કર્યો. પછી તંતુવાય પાસે આવ્યો. આની દશી બાંધી આપ. વણકરે પૂછ્યું કે આ ક્યાંથી પ્રાપ્ત થયું ? બ્રાહ્મણે જણાવ્યું કે — ભગવંતે આપ્યું છે. વણકરે કહ્યું — તેનું બાકીનું અડધું લઈ આવ. જ્યારે ભગવંતના ખંભેથી પડે ત્યારે લાવજે, હું તને વણી આપીશ. તે વખતે તેના લાખ મૂલ્ય ઉપજશે, તે આપણે બંને અડધા-અડધા લઈ લઈશું. બાકી આગળ કહીશું.

તે ભગવંતને ચારિત્ર સ્વીકારના બીજા જ સમયે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બધાં જ તીર્થંકરને આ ક્રમ છે —

● **ભાષ્ય-૧૧૦ :-**

***તીર્થંકરો જ્યાં સુધી ગૃહવાસમાં હોય છે, ત્યાં સુધી ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે, ચારિત્ર સ્વીકારે પછી છદ્મસ્થ રહે ત્યાં સુધી તેઓ ચાર જ્ઞાનવાળા રહે છે.***

● **વિવેચન-૧૧૦ :**

ત્રણ જ્ઞાન — મતિ, શ્રુત, અવધિ. તીર્થંકર - તીર્થ કરવાના આચાર વાળા. શું સર્વકાળ ? ના, જ્યાં સુધી ગૃહવાસમાં રહે ત્યાં સુધી. - x - છદ્મસ્થાવસ્થા સુધી ચાર જ્ઞાનવાળા રહે છે.

એ પ્રમાણે આ ભગવંતે પણ ચારિત્ર સ્વીકારીને મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત કર્યુ. જ્ઞાતખંડથી સ્વજનોને પૂછીને કર્મારગ્રામે ગયા.

● **ભાષ્ય-૧૧૧ :-**

***કુંડપુરથી બહાર જ્ઞાતખંડ ઉધાનમાં, સર્વે જ્ઞાતકોને પૂછીને મુહૂર્ત્ત પ્રમાણ દિવસ બાકી રહ્યો ત્યારે ભગવંત પહોંચ્યા.***

● **વિવેચન-૧૧૧ :-**

કુંડપુરથી બહાર ઈત્યાદિ. તેમાં જ્ઞાતક-સ્વજન, બધાં - જેઓ નીકટ હતા તે. ત્યાંથી કર્મારગામ જવાને માટે નીકળ્યા.

તેમાં બે માર્ગ હતા. એક જળમાર્ગ, બીજો સ્થળમાર્ગ. ભગવંત સ્થળ માર્ગે ગયા. મુહૂર્ત્ત શેષ દિવસ રહેતા તેઓ. કર્મારગ્રામ પહોંચ્યા. ત્યાં પ્રતિમા ધ્યાને સ્થિત થયા.

એટલામાં - ત્યાં એક ગોવાળ તે દિવસે બે બળદોનું વહન કરતો ગામ નજીક આવ્યો, ત્યારે વિચારે છે કે આ બંને ગામની નજીક ચરે છે, તેટલામાં હું ગાયને



દોહીને આવું. તે પણ ઘેર કામ પતાવીને આવ્યો. બંને બળદો પણ ચરતા-ચરતા અટવીમાં પ્રવેશી ગયા.

તે ગોવાળે આવીને ભગવંતને પૂછ્યું કે — આ બંને બળદ ક્યાં ગયા ? ત્યારે ભગવંત મૌન જ રહ્યા. ગોવાળને થયું કે આ જાણતા નથી. ત્યારે બળદોને શોધવા લાગ્યો. આખી રાત્રિ તપાસ કરી. તે બંને બળદો પણ ઘણે લાંબે ભટકીને ગામની નજીક આવી ગયા અને માણસને જોઈને ખુશ થઈ ત્યાં ઉભા રહ્યા. ત્યારે ગોવાળે આવીને બળદને જોયા.

ત્યારે ક્રોધિત થઈ તે ગોવાળ દોરડું લઈને ભગવંતને મારવા દોડ્યો. આણે જ બળદને છૂપાવ્યા હતા, જેથી સવારે લઈ જઈ શકે. તે વખતે દેવરાજ શક્ર વિચારે છે - ભગવંત, આજે પહેલાં દિવસે શું કરે છે ? જોઉં. જ્યાં જોયું ત્યાં ગોવાળને મારવા દોડતો જોયો. ત્યારે તેને સ્તંભિત કરી દીધો. પછી આવીને તેની તર્જના કરી - હે દુરાત્મા ! તું જાણતો નથી કે સિદ્ધાર્થ રાજાનો પુત્ર છે અને દીક્ષા લીધી છે.

આ અવસરે ભગવંતની માસીનો પુત્ર સિદ્ધાર્થ, કે જે બાલતપ કર્મ વડે મરીને વ્યંતર થયેલો, તે આવ્યો. ત્યારે શક્રએ કહ્યું — ભગવન્ ! આપનું શ્રામણ્ય ઉપસર્ગની બહુલતાવાળું છે. હું બાર વર્ષ આપની વૈયાવચ્ચ કરીશ ત્યારે ભગવંતે તેને ઉત્તર આપ્યો —

હે દેવેન્દ્ર ! એવું થયું નથી, થતું નથી કે થશે પણ નહીં કે અરહંતો કોઈ દેવેન્દ્ર કે અસુરેન્દ્રની નિશ્રા કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે. અથવા સિદ્ધિ ગતિમાં જાય અરહંતો પોતાના જ ઉત્થાન, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમથી કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે છે - પામે છે.

ત્યારે શક્રેન્દ્રએ સિદ્ધાર્થ વ્યંતરને કહ્યું કે — આ તારા સ્વજન છે. વળી આ મારી આજ્ઞા છે - જો ભગવંતને કોઈ મારણાંતિક ઉપસર્ગ કરે, તો તારે તેને રોકવો. સિદ્ધાર્થે તે વાત સ્વીકારી, શક્ર પાછો ગયો.

તે દિવસે ભગવંતને છટ્ઠનું પારણું હતું. પછી ભગવન્ વિહાર કરતાં કોલ્લાગ સંનિવેશમાં ગયા, ત્યાં ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. બહુલ બ્રાહ્મણના ઘેર ગયા. ત્યાં કોલ્લાક સંનિવેશમાં બહુલ બ્રાહ્મણે ખાંડ-ઘીથી સંયુક્ત પરમાન્ન-ખીર વડે પ્રતિલાભિત કર્યા. ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયા.

આ જ કથનનો ઉપસંહાર કરતાં કહે છે —

● **નિર્યુક્તિ-૪૬૧ :-**

***ગોવાળના નિમિત્તે આવેલો દેવેન્દ્ર શક્ર ભગવંત પાસે રહેવા વિનંતી કરે છે. કોલ્લાગમાં બહુલને ત્યાં છટ્ઠનું પારણું, ખીર વહોરાવી. વસુધારા-ધનની વૃષ્ટિ થઈ.***

● **વિવેચન-૪૬૧ :-**

મારવાને માટે ઉધત થયેલ ગોવાળના નિમિત્તે, અવધિજ્ઞાનને પ્રયુક્તેલ એવો

દેવરાજ શક્ર ત્યાં આવ્યો. ગોવાળને નિવાર્યો. પછી દેવેન્દ્રએ ભગવંતને વંદન કરીને કહ્યું – વિનંતી કરી. હે ભગવન્ ! હું આપની બાર વર્ષ વૈયાવચ્ચ કરીશ. પછી - x - તત્કાળ વ્યંતરત્વને પામેલ સિદ્ધાર્થને કહ્યું કે – તારે ભગવંતને છોડીને ક્યાંય જવું નહીં.

દેવરાજના ગયા પછી ભગવંતે પણ કોલ્લાક સંનિવેશમાં બહુલ નામે બ્રાહ્મણને ત્યાં છઠ્ઠ તપવિશેષના પારણા માટે પ્રવેશ કર્યો. તેણે ખીર વહોરાવી. તેના ઘરમાં ધનની વૃષ્ટિ થઈ, એ ગાથાર્થ છે.

કથાનક - પછી સ્વામી વિચરતા મોરાક સંનિવેશે ગયા. ત્યાં મોરાકમાં 'દૂઈજ્જંત' નામનો પાખંડી ગૃહસ્થ હતો. ત્યાં તેનો આવાસ હતો. તેનો કુલપતિ ભગવંતના પિતાનો મિત્ર હતો.

ત્યારે તે સ્વામીના સ્વાગત માટે આવ્યો. ત્યારે સ્વામીએ પણ પૂર્વ પરિચિતતાથી હાથ ફેલાવ્યા. તેણે ભગવંતને કહ્યું – ઘર છે, હે કુમાર શ્રેષ્ઠ ! અહીં રહો. ત્યાં ભગવંત એક રાત્રિ રહી, પછી નીકળી ગયા. વિચરતા હતા. દૂઈજ્જંતે કહ્યું – વસતિ વિવિક્ત છે. જો વર્ષાવાસ કરવો હોય તો પધારજો, અમારા ઉપર અનુગ્રહ થશે.

ત્યારે ભગવંત આઠ ઋતુબદ્ધ માસ વિચરીને તે જ દુઈજ્જંતના ગામમાં આવ્યા. ત્યાં એક ઝુંપડીમાં ચોમાસુ રહ્યા. પહેલાં વરસાદમાં ગાયોને ચારો ન મળવાથી જીર્ણ ઘાસ ખાય છે. તેના ઘરને ઉખેડવા લાગી. પછી તે ગૃહપતિએ તેને વારી, પણ ભગવંત વારતા નથી.

પછી દૂઈજ્જંતગે તે કુલપતિને કહ્યું કે આ ગાયોને નિવારતો નથી. ત્યારે તે કુલપતિએ શિક્ષા આપીને કહ્યું – હે શ્રેષ્ઠકુમાર ! પક્ષીઓ પણ પોતાના માળાની રક્ષા કરે છે. તો તમે વારતા કેમ નથી ? આ પ્રમાણે શેષ પૂર્વક કહ્યું. ત્યારે ભગવંતે આ વસતિ અપ્રીતિક છે. એમ સમજી ત્યાંથી નીકળી ગયા, પછી ભગવંતે પાંચ અભિગ્રહો ગ્રહણ કર્યા.

(૧) અપ્રીતિક અવગ્રહમાં વસવું નહીં. (૨) નિત્ય કાયોત્સર્ગમાં રહેવું, (૩) હંમેશાં મૌન પાળવું. (૪) બે હાથમાં જ ભોજન કરવું. (૫) ગૃહસ્થાનો વંદન - અભ્યુત્થાનાદિ વિનય ન કરવો. એ પાંચ અભિગ્રહ.

ત્યાં ભગવંત અર્ધમાસ રહીને પછી અસ્થિકગ્રામે ગયા. વળી તે અસ્થિકગ્રામનું પહેલાં વર્ધમાનક નામ હતું. તો પછી અસ્થિક ગ્રામ કઈ રીતે થઈ ગયું ? ધનદેવ નામે એક વણિક હતો. તે ૫૦૦ ગાડામાં ગણિમ, ધરિમ, મેય, ભૃત કરીયાણું આદિ લઈને માર્ગથી આવતો હતો. તેની સમીપમાં વેગવતી નામે નદી આવી. તેમાં ગાડા ઉતાર્યા. ત્યારે એક બળદને તે મૂળધુરિમાં જોડ્યો. તેના વીર્ય-શક્તિથી ગાડા પાર ઉતાર્યા. પણ પાછળથી તે બળદના સાંધા ભાંગી ગયા.

તે વણિક, ત્યાં ઘાસ પાણી આદિ રાખી, તે બળદને છોડીને ગયો તે પણ ત્યાં રેતીમાં જેઠમાસના અતીવ ઉષ્ણ તાપથી તરસ અને ભુખથી પીડાવા લાગ્યો. વર્ધમાનક



નગરના લોકો તે જ માર્ગેથી ઘાસ અને પાણીને વહન કરતા હતા, પણ કોઈ તે બળદને કંઈ આપતું ન હતું. તે બળદને ગ્રામજનો પ્રતિ દ્વેષ થયો અકામ તૃષા અને ભુખથી મરીને તે જ ગામના અગ્ર ઉદ્યાનમાં તે શૂલપાણિ નામે યક્ષ રૂપે ઉત્પન્ન થયો.

યક્ષે ઉપયોગ મૂકીને જોયું તો બળદના શરીરને પડેલું જોયું. ત્યારે રોષથી મારી-મરકીને વિકુર્વી. તે ગ્રામજનો મરવા લાગ્યા. ત્યારે અધૃતિ પામેલા લોકો સેંકડો કૌતુકો કરવા લાગ્યા. તો પણ મરવાનું અટક્યું નહીં. ત્યારે તેઓ બીજે ગામ જવા લાગ્યા. ત્યાં પણ યક્ષે તેમને ન છોડ્યા. ત્યારે તેઓ વિચારવા લાગ્યા કે અમે પણ હજી જાણતાં નથી કે કોઈપણ દેવ અથવા દાનવને અમે ક્યારે વિરાધેલ છે ? તે ત્યાં જઈએ.

પછી ગ્રામજનોએ આવીને નગરદેવતા પાસે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો ઉપહાર ધર્યો. બલિના ભેંટણા કર્યા. ચોતરફ અને ઉર્ધ્વ મુખ તેમ કરીને ''શરણ-શરણ'' એમ પોકાર કરે છે. અમારા વડે જે સમ્યક્ આચરણ ન થયેલ હોય, તેની અમને ક્ષમા કરો.

ત્યારે અંતરીક્ષમાં રહેલા દેવે કહ્યું – તમે દુરાત્મા અને અનુકંપા વગરના છો, માર્ગમાં જ આવતા કે જતાં તે બળદને ઘાસ કે પાણી આપતા ન હતા. હવે તમને આમાંથી છુટકારો નહીં મળે. ત્યારે ગ્રામજનોએ સ્નાન કરી, હાથમાં પુષ્પબલિ લઈને કહ્યું – કોપને છોડી દો, અમારા ઉપર કૃપા કરો. ત્યારે તે યક્ષે કહ્યું – આ માણસોના અસ્થિ છે, તેનો ઢગલો કરીને તેના ઉપર દેવકુલ કરાવો. તેમાં શૂલપાણી યક્ષને અને એક પડખામાં બળદની તમે સ્થાપના કરો. [યક્ષ મંદિર બનાવો.]

બીજા આચાર્ય કહે છે – બળદનું રૂપ કરવાનું કહ્યું. પછી તેની નીચે તેના હાડકાંને સ્થાપિત કરો. તેઓએ જલ્દીથી યક્ષની આજ્ઞાનું પાલન કર્યુ અને ત્યાં ઈન્દ્રશર્મા નામે સેવક મૂક્યો.

ત્યારે લોકો મુસાફર આદિને જોઈને પાંડુર અસ્થિક ગ્રામ અને દેવકુળને વિશે પૂછતાં - x - અથવા કહેતાં કે જ્યાં તે અસ્થિ છે. એ રીતે 'અસ્થિકગ્રામ' એવું નામ પડી ગયું.

ત્યાં વ્યંતરગૃહમાં જે રાત્રિના વસતા, તેને તે શૂલપાણી યક્ષ લઈ જઈને પછી રાત્રિના મારી નાંખતો. તેથી ત્યાં દિવસના લોકો રહેતા પણ પછી બીજે જતાં રહેતા. ઈન્દ્રશર્મા પણ ધૂપ અને દીપ કરીને દિવસના જ ત્યાંથી બીજે ચાલ્યો જતો.

આ તરફ ભગવંત દુઈજ્જંતના ગામથી ત્યાં પધાર્યા. ત્યાં બધાં લોકો એકઠા થઈને રહેલા હતા. ભગવંતે તે દેવકૂલિકામાં રહેવાથી આજ્ઞા માંગી. તેણે કહ્યું ગામનો મુખી જાણે. ભગવંતે ગ્રામમુખીને મળીને આજ્ઞા માંગી ત્યારે મુખીએ કહ્યું – અહીં રહેવું શક્ય નથી. ભગવંતે કહ્યું – પણ મને તમે અનુજ્ઞા આપો. ત્યારે તેણે રહેવાની આજ્ઞા આપી, પણ એકૈક વસતિને દેખાડી, ભગવંતે તે વસતિમાં રહેવાની અનિચ્છા જણાવી. જેમકે ભગવંત જાણતા હતા કે આ શૂલપાણી યક્ષ બોધ પામશે.

પછી ભગવંત એક ખૂણામાં પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યારે તે ઈન્દ્રશર્મા સૂર્ય હતો ત્યાં જ ધૂપ અને પુષ્પ પૂજા કરીને કાર્પટિક, કારોટિકાદિ બધાંને જોઈને બોલે છે - અહીંથી જાઓ, જેથી વિનાશ ન પામો. તેણે દેવાર્યને પણ કહ્યું – તમે પણ નીકળી જાઓ, જેથી તમને મારી ન નાંખે, ત્યારે પણ ભગવંત મૌન થઈને રહ્યા.

ત્યારે તે વ્યંતર વિચારે છે કે – દેવકૂલિકે અને ગ્રામમુખીએ કહેવા છતાં આ જતો નથી, જુઓ ! તેના શું હાલ કરું છું. ત્યારે સંધ્યા થતાં ભયંકર અટ્ટહાસ્ય મૂકતો બીવડાવે છે. ઉક્ત કથનનો ઉપસંહાર કરતા આ બે ગાથા કહેલી છે –

● નિર્યુક્તિ-૪૬૨,૪૬૩ :-

***દૂઈજ્જંતક પ્રભુના પિતાનો મિત્ર હતો. ભગવંતે તીવ્ર પાંચ અભિગ્રહો કર્યા. અપ્રીતિક વસતિમાં ન રહેવું, કાયા વોસિરાવવી, મૌન પાળવું, હાથને જ પાત્ર કરવું, ગૃહીને વંદન ન કરવું.***

***ત્યાંથી વેગવતી નદીને કાંઠે વર્ધમાનપુર હતું, ધનદેવ, શૂલપાણી યક્ષ, ઈન્દ્રશર્મા, અસ્થિક ગ્રામે ગમન.***

● વિવેચન-૪૬૨,૪૬૩ :-

વિચરતા ભગવંત મોરાક સંનિવેશ પહોંચ્યા. ત્યાંનો નિવાસી દૂઈજ્જંતક નામે પાખંડી દૂતિજ્જંતક જ કહેવાતો. પિતા સિદ્ધાર્થનો મિત્ર. તેણે ભગવંતને વસતિ આપવાનું કહ્યું. બીજે વિચરીને ભગવંત વર્ષા કાળ આવતા ફરી ત્યાં જ આવ્યા. કુલપતિનો અભિપ્રાય જાણ્યો.

ભગવંતે પાંચ રૌદ્ર અભિગ્રહો ગ્રહણ કર્યા. તે આ પ્રમાણે છે – अचियत्त - અપ્રીતિ. ભગવંત પ્રતિ જે અવગ્રહમાં પ્રીતિ ન હોય તે અપ્રીતિક અવગ્રહ, મારે તે વસતિમાં રહેવું નહીં.

હંમેશા કાયાને વોસિરાવીને અને મૌનપૂર્વક રહેવું. હાથ એ જ પાત્ર એમ સ્વીકારી હાથમાં જ ભોજન કરવું. ગૃહસ્થને વંદન કે સામા જવું ઈત્યાદિ કર્તવ્ય ન કરવા.

આવા અભિગ્રહો લઈને તથા ત્યાંથી નીકળીને વર્ષાકાળમાં અસ્થિક ગ્રામમાં રહ્યા. તે અસ્થિગ્રામ પૂર્વે વર્ધમાનપુર નામે હતું. પછી આ રીતે તેનું નામ અસ્થિગ્રામ થઈ ગયું. ત્યાં વેગવતી નદી હતી. ધનદેવ નામે એક સાર્થવાહ હતો. તે મુખ્ય બળદ વડે અનેક ગાડા સહિત ઉતર્યો. તે બળદને અનેક ગાડાંને ઉતારતા હૃદય છેદ થઈ ગયો. સાર્થવાહ તેને ત્યાં જ ત્યજીને ચાલ્યો ગયો.

તે વર્ધમાન નિવાસી લોકોએ તે બળદની દરકાર ન કરી, તેનાથી મરીને તે બળદ ત્યાં જ શૂલપાણી યક્ષ થયો. ભય પામીને લોકોએ એક આયતન બનાવીને, તે યક્ષની ત્યાં પ્રતિષ્ઠા કરી. ત્યાં ઈન્દ્રશર્મા નામનો પ્રતિ જાગરુક - સાર સંભાળ લેનારો મૂક્યો.

એ રીતે બીજી ગાથાની અક્ષર ગમનિકા સ્વબુદ્ધિથી કરવી.



શેષ કથાનક - જ્યારે શૂલપાણી યક્ષ અટ્ટહાસ્ય વડે ભગવંતને ક્ષોભાયમાન કરવા પ્રવૃત્ત થયો, ત્યારે બધાં લોકો તેના શબ્દો સાંભળીને ડરી ગયા. હમણાં તે દેવાર્યને મારી નાંખશે.

ત્યાં ઉત્પલ નામે દીક્ષા છોડેલ પાર્શ્વનાથ પરંપરાનો સાધુ પછી પરિવ્રાજક અને અષ્ટાંગ નિમિત્ત જાણનાર થયેલો લોકો પાસેથી તે સાંભળીને આ ક્યાંક તીર્થંકર ન હોય એમ અધૃતિ કરવા લાગ્યો. કેમકે રાત્રિના જતાં તે ડરતો હતો.

ભગવંત જ્યારે અટ્ટહાસ્યથી ન ડર્યા, ત્યારે યક્ષે હાથીનું રૂપ લઈ ઉપસર્ગ આરંભ્યા. પછી પિશાચનું રૂપ, નાગનું રૂપ વિકુર્વ્યુ. આ બધાંથી જ્યારે ભગવંતને ક્ષોભ પમાડવા સમર્થ ન થયો ત્યારે સાત પ્રકારની વેદનાની ઉદીરણા કરી. તે આ પ્રમાણે - મસ્તકની વેદના, કર્ણવેદના, ચક્ષુવેદના, નાસિકા વેદના, દંત વેદના, નખ વેદના અને પીઠની વેદના. એક એક વેદના સામાન્ય લોકોના જીવિતનું સંક્રમણ કરવાને માટે સમર્થ હતી. તો સાતે વેદના સાથે કેવી ત્રાસદાયી થાય ? ભગવંતે આવી વેદના પણ સહન કરી. ત્યારે પણ તે દેવ જ્યારે ભગવંતને ચલાયમાન કરવા કે ક્ષોભ પમાડવા સમર્થ ન થયો. ત્યારે થાકીને ભગવંતને પગે પડી ગયો. હે ભટ્ટારક ! મને ક્ષમા કરો.

ત્યારે સિદ્ધાર્થ વ્યંતર દોડતો આવીને બોલ્યો – હે શૂલપાણી ! અપ્રાર્થિતના પ્રાર્થિક ! શું તું જાણતો નથી કે આ સિદ્ધાર્થરાજાના પુત્ર એવા ભગવંત તીર્થંકર છે. જો આ શક્ર જાણશે તો તે તારો દેશનિકાલ કરી દેશે, ત્યારે તે યક્ષ ડરીને બમણી ક્ષમાયાચના કરે છે. સિદ્ધાર્થ તેને ધર્મ કહે છે. ત્યાં ઉપશાંત થઈ તે યક્ષ સ્વામીનો મહિમા કરે છે.

ત્યારે લોકો વિચારે છે કે – તે યક્ષ દેવાર્યને મારી નાંખીને હવે ક્રીડા કરે છે. ત્યાં સ્વામી દેશોન ચાર પ્રહર અતિ પરિતાપ પામ્યા. પ્રભાતકાળે મુહૂર્ત માત્ર નિદ્રા-પ્રમાદમાં સર્યા. ત્યારે આ દશ મહા સ્વપ્નો જોઈને જાગૃત થયા. તે આ પ્રમાણે –

(૧) તાલ પિશાચનું હણાવું, (૨) શ્વેત પક્ષી, (૩) ચિત્રકોકીલ, બીજા અને ત્રીજા બંને પર્યુપાસના કરતા જોયા. (૪) બે પુષ્પની માળા, સુગંધી ફૂલથી યુક્ત, (૫) પર્યુપાસના કરતો ગાયોનો વર્ગ, (૬) પદ્મ સરોવર, (૭) મારા વડે સાગર તરી જવાવો, (૮) સૂર્યના પ્રકીર્ણ રશ્મિ મંડલનું ઉંચે જવું. (૯) આંતરડા વડે મારાથી માનુષોત્તર પર્વતને વીંટવો, (૧૦) મેરુ પર્વત ચઢી જવું.

પ્રભાતે લોકો, ઉત્પલ અને ઈન્દ્રશર્મા આવ્યા. તેઓએ પૂજા, દિવ્યગંધ ચૂર્ણ, પુષ્પ વર્ષા જોયા, ભટ્ટારક ભગવંતને સર્વાંગ અક્ષત જોયા. ત્યારે તે બધાં લોકો ઉત્કૃષ્ટ સીંહનાદ કરતાં પગે પડીને કહે છે – દેવાર્યએ દેવને ઉપશમિત કર્યો, મહિમા થયો. ઉત્પલે પણ ભગવંતને જોઈને, વાંદીને કહ્યું – હે સ્વામી ! આપે અંતિમ રાત્રિમાં દસ સ્વપ્નો જોયા. તેનું ફળ આ પ્રમાણે છે –

(૧) જે તાલ પિશાચ હણ્યો તેથી થોડો જ કાળમાં તમે મોહનીયને મૂળથી

ઉખેડી નાંખશો. (૨) જે શ્વેત પક્ષી - તેથી શુક્લધ્યાન કરશો. (૩) જે વિચિત્ર કોકીલ - તેનાથી દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરશો. (૪) આગળ કહેશે. (૫) ગાયોના વર્ગનું ફળ - આપને શ્રમમ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ થશે. (૬) પદ્મ સરોવરથી ચતુર્વિધ દેવ સંઘાત થશે. (૭) જે આપ સાગર તરી ગયા, તેથી સંસારથી પાર ઉતરશો. (૮) જે સૂર્ય જોયો તેથી જલ્દી કેવળજ્ઞાન પામશો. (૯) આંતરડા વડે જે માનુષોત્તર પર્વતને વીંટ્યો, તેનાથી આપનો નિર્મળ યશ અને કીર્તિનો પ્રતાપ સકલ ત્રણ ભુવનમાં વિસ્તરશે. (૧૦) જે મેરુ ઉપર આરૂઢ થયા તેનાથી આપ સિંહાસનમાં બેસીને દેવ-મનુષ્ય-અસુરની પર્ષદામાં ધર્મ કહેશો.

પરંતુ હે ભગવન્ ! ચોથા સ્વપ્નમાં ફૂલની બે માળા જોઈ, તેનો અર્થ હું જાણતો નથી. ત્યારે ભગવંતે કહ્યું — હે ઉત્પલ ! જે તું નથી જાણતો તે આ છે — હું સાગારિક અને અનગારિક એમ બે પ્રકારે ધર્મની પ્રરૂપણા કરીશ.

પછી ઉત્પલ વાંદીને ગયો. ભગવંતે અર્ધમાસક્ષમણ કર્યુ. આ પહેલું ચોમાસું થયું.

પછી શરદઋતુમાં નીકળીને મોરાક સંનિવેશે ગયા. ત્યાં સ્વામી બહારના ઉદ્યાનમાં રહ્યા. ત્યાં મોરાક સંનિવેશમાં યથા છંદા નામે પાખંડીઓ હતા. તેમાંનો એક યથાછંદક તે સંનિવેશમાં કાર્મણ, વશીકરણાદિ વડે જીવતો હતો અને ભગવંતની બહુ સંમુદિત પૂજા જોઈને એકલો દુઃખે રહ્યો હતો. ત્યારે જતાં ગોવાળને જોઈને કહ્યું —

તું જ્યાં જાય, જ્યાં જમે, જે પથિકને જુએ, બધાંને આ પ્રમાણે કહેજે. તે આવર્જિત થઈ ગામમાં જઈને મિત્ર-પરિચિત્તોને કહે છે. બધાં ગામે જઈને કહી દીધું કે — આ દેવાર્ય છે તે ભૂત-વર્તમાન-ભાવિ બધું જ જાણે છે. ત્યારે બીજા પણ લોકો આવ્યા. તે બધાંને પણ કહ્યું. એ રીતે બધાંને આવર્જીને મહિમા વધાર્યો, લોકોથી અવિરહિત રહેતો હતો.

પછી લોકો જ્યારે પૂછતા કે અહીં કોઈ યથાછંદક નામે જાણકાર છે ? સિદ્ધાર્થે કહ્યું — તે કંઈ જ જાણતો નથી. ત્યારે લોકોએ જઈને કહ્યું કે — તું કંઈ જ જાણતો નથી. દેવાર્ય [ભગવંત] જાણે છે. ત્યારે તે અછંદકે લોકમધ્યે પોતાના આત્માને સ્થાપવાની ઈચ્છાથી કહ્યું કે જે આજે મારી આગળ ભગવંત જાણે છે તેમ સાબિત થાય તો હું માનું કે તે જાણે છે. પછી તે ભગવંત આગળ ગયો. હાથમાં તૃણ લીધું અને પૂછ્યું કે શું આ તૃણ છેદાશે કે નહીં. તેણે વિચારેલું કે જો ‘છેદાશે’ તેમ કહેશે તો નહીં છેદું અને ‘‘નહીં છેદાય’’ એમ કહેશે તો હું છેદી નાંખીશ.

ત્યારે સિદ્ધાર્થે કહ્યું — નહીં છેદાય.

અછંદકે છેદવાની શરૂઆત કરી. તે વખતે શક્રનો ઉપયોગ ગયો તેણે તુરંત વજ્ર ફેંક્યું. યથાછંદકની દશે આંગળી કપાઈને ભૂમિ ઉપર પડી ગઈ. ત્યારે લોકોમાં હેલણા પામ્યો.

આ જ વાત સંક્ષેપમાં કહેવા માટે બતાવે છે —



● **નિર્યુક્તિ-૪૬૪ :-**

***સાત રૌદ્ર વેદના, સ્તુતિ, દશ સ્વપ્ન, ઉત્પલ, અર્ધમાસક્ષમણ, મોરાકમાં સત્કાર, શક્ર, અચ્છંદક, કોપાયમાન.***

● **વિવેચન-૪૬૪ :-**

યક્ષે સાત રૌદ્ર વેદના કરી, તેણે જ સ્તુતિ પણ કરી. ભગવંતે દશ સ્વપ્નો જોયા. ઉત્પલે ફળ કથન કર્યુ. અર્ધમાસના ઉપવાસ પ્રભુએ કર્યા. મોરાક સંનિવેશમાં લોકોએ સત્કાર કર્યો. અચ્છંદકે તીર્થંકરની હેલના કરતાં શક્ર તેના ઉપર કોપાયમાન થયાં.

આ નિર્યુક્તિ છે, આ કથન મૂલ ભાષ્યકાર ગાથા કહે છે —

● **ભાષ્ય-૧૧૨ થી ૧૧૪ :-**

***ભયંકર અટ્ટહાસ્ય, હાથ-પિશાચ-નાગરૂપે ઉપસર્ગ, સાત વેદનાઓ — શિર, કર્ણ, નાક, દાંત, નખ, આંખ અને પૃષ્ઠ.***

***તાલપિશાચ, બે કોકિલો અને બે ફૂલમાળા, ગાયોનો સમૂહ, સરોવર, સાગર, સૂર્ય, આંત્ર, મેરુ એ દશ સ્વપ્નોના ફળ ઉત્પલે કહ્યા.***

***મોહનીય, ધ્યાન, પ્રવચન, ધર્મ, સંઘ, દેવલોક, સંસાર, જ્ઞાન, યશ, ધર્મ પર્ષદા મધ્યે એ તેના ફળ છે.***

● **વિવેચન-૧૧૨ થી ૧૧૪ :-**

ભીમ અટ્ટહાસ્ય, હાથી, પિશાચ અને નાગ, સાત વેદના આ બધું વ્યંતરે કર્યુ.

તાલ પિશાચાદિ સ્વપ્નો ભગવંતે જોયા અને ઉત્પલે આ સ્વપ્નોના ફળનું કથન કર્યુ. જે મોહ, ધ્યાન ઈત્યાદિ છે તેમાં દેવલોક એટલે દેવજનની ઈત્યાદિ અર્થો પૂર્વે કહેલા છે.

૦ મોરાક સંનિવેશની બહાર, સિદ્ધાર્થ દ્વારા અતીતાદિ કથન, અચ્છંદે લોકોને સાધ્યા, પ્રદ્વેષ, છેદન, શક્ર. ૦

આ ગાથાનો અર્થ કથાનકમાં કહ્યા મુજબ જાણવો. આ ગાથા બધું પુસ્તકોમાં નથી. પણ ઉપયોગી છે.

શેષ કથાનક - ત્યારપછી સિદ્ધાર્થને અચ્છંદક પ્રત્યે પ્રદ્વેષ થયો. તે લોકોને કહે છે કે — આ ચોર છે. આના વડે કોનું શું ચોરાયું તે કહો. તેણે કહ્યું કે અહીં એક વીરઘોષ નામે કર્મકર હતો ? તે કર્મકર પગે પડીને બોલ્યો — હા, તે હું છું. તારી પાસે અમુક કાળે દશપલના પ્રમાણવાળી વાટકી હતી તે નાશ પામેલી ? તેણે કહ્યું — હા, તે ખોવાઈ છે.

સિદ્ધાર્થે કહ્યું — આના ઘરની આગળ ખર્જૂરીના વૃક્ષની પૂર્વમાં હાથ માત્ર જઈને ત્યાં ખાડો ખોદી લઈ લો. લોકો ગયા. વાટકી પાછી લઈને કલકલ કરતાં આવ્યા.

બીજું પણ સાંભળો - શું અહીં ઈન્દ્રશર્મા નામે ગૃહપતિ છે ? ત્યારે કહે છે

– હા, છે. ત્યારે તે સ્વયં જ હાજર થયોને બોલ્યો કે તે હું છું, આપ આજ્ઞા કરો. સિદ્ધાર્થે પૂછ્યું – તારો ઘેટો અમુક કાળે ખોવાયો છે ?

તેણે કહ્યું – હા, તે આ અચ્છંદકે મારીને ખાઈ ગયો છે તેના હાડકાં આ બોરડીની દક્ષિણ બાજુએ ઉકરડામાં દાટેલાં છે. લોકો ગયા, ત્યાં જોયું ઉત્કૃષ્ટ કલકલ કરતા આવ્યા કેમકે હાડકાં ત્યાં હતા.

ત્યારે સિદ્ધાર્થે કહ્યું કે – આ બીજી ચોરી. હવે આ જ કથનને પ્રતિપાદિત કરતાં નિર્યુક્તિકાર કહે છે –

**● નિર્યુક્તિ-૪૬૫ :-**

***તૃણ, અંગુલિ છેદ, કર્માર, વીરઘોષ, મહિસેન્દુ, દશપલિક, બીજી ઈન્દ્રશર્મા, ઘેટું, બદરીવૃક્ષ, દક્ષિણી ઉકરડો.***

**● વિવેચન-૪૬૫ :-**

અછંદકે તૃણ લીધું ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

કર્મકર વીરઘોષ સંબંધી દશપલનો કરોટક લઈને મહિસેન્દુ વૃક્ષની નીચે સ્થાપેલો છે. તે આ એક ચોરી [અછંદકની છે.]

બીજી - ઈન્દ્રશર્માનો ઘેટો આ ખાઈ ગયો છે. તેના હાડકાં હજી પણ બોરના વૃક્ષની નીચે - બોરની નીચે દક્ષિણના ઉકરડામાં છે.

તેની ત્રીજી વાત કહેવા યોગ્ય નથી - તે ન કહેવામાં જ સાર છે. લોકોએ ઘણો આગ્રહ કર્યો ત્યારે સિદ્ધાર્થ કહે છે – જાએ, તે તેની પત્ની જ કહેશે. તેણી પછી તેના છિદ્રો શોધતી રહી. તેણીએ સાંભળ્યું કે – તે કઈ રીતે વિડંબના પામ્યો, તેની આંગળીઓ છેદાઈ, અછંદક વડે તેણીને તે દિવસે માર મારવામાં આવ્યો. તેણી વિચારે છે કે – ગામ આવવા દો, ત્યારે હું કહીશ. ગામ આવી ગયું, તેઓ પૂછે છે કે શું છે ?

અછંદકની પત્ની બોલી – તેનું નામ પણ ન લેશો. તે તેની જ બહેનનો પતિ છે, મારી તે ઈચ્છા કરતો નથી. તે બધાં હાહાકાર કરતા બોલ્યા આ પાપ છે - પાપ છે. એ રીતે તેની ઉદાહરણ થઈ. આ પાપને કારણે તેને કોઈ ભિક્ષા પણ આપતું નથી.

ત્યારે તે અલ્પ સાગારિક આવીને કહે છે – ભગવન્ ! તમે તો બીજે પણ પૂજાશો, હું ક્યાં જઈશ ? ત્યારે આ અપ્રીતિક અવગ્રહ છે, એમ જાણીને ભગવંત ત્યાંથી નીકળી ગયા.

ત્યાંથી જતા માર્ગમાં બે વાચાલ આવ્યા - ઉત્તરવાચાલ અને દક્ષિણવાચાલ. તે બંનેના માર્ગમાં બે નદી હતી – સુવર્ણવાલુકા, રૂપ્યવાલુકા. ત્યારે સ્વામી દક્ષિણ વાચાલના સંનિવેશથી ઉત્તરવાચાલ તરફ ગયા. તેમાં સુવર્ણવાલુકા નદીમા રસ્તે કાંટામાં તેમનું વસ્ત્ર ભરાયું. ભગવંતે ફરીને તેનું અવલોકન કર્યુ કે ક્યાં ભરાયું ?

ક્યાં કારણે જોયું – કોઈ કહે છે – મમત્વથી અને કોઈ કહે છે – સ્થંડિલ



ભૂમિમાં પડ્યું કે અસ્થંડિલ ભૂમિમાં, કોઈ કહે છે – સહસાકારથી જોયું. કોઈ કહે છે – શિષ્યોને વસ્ત્ર, પાત્ર સુલભ થશે કે નહીં ? માટે જોયું.

પે'લા ધિગ્ જાતિય બ્રાહ્મણો તે લઈ લીધું. વણકર પાસે તે લાવ્યો. તેના લાખ મૂલ્ય ઉપજ્યા. બંનેએ પચાશ-પચાશ હજાર લઈ લીધા.

આ જ કથનને જણાવવા માટે કહે છે –

**● નિર્યુક્તિ-૪૬૬ :-**

***ત્રીજું તો અવાચ્ય છે. તેની પત્ની કહેશે, હું નહીં કહું. પછી પિતાનો મિત્ર, દક્ષિણ વાચાલે સુવર્ણ વાલુકા નદીમાં કાંટામાં વસ્ત્ર.***

**● વિવેચન-૪૬૬ :-**

[ઉક્ત પદોની કથા પૂર્વે નિર્યુક્તિ-૪૬૫માં કહેલી છે.]

શેષ કથાનક - પછી સ્વામી ઉત્તરવાચાલ તરફ જાય છે. ત્યાં માર્ગમાં કનકખલ નામે આશ્રમ છે. ત્યાં બે માર્ગો છે – ઋજુ અને વક્ર. જે ઋજુ માર્ગ છે, તે કનકખલ મધ્યે જઈને જાય છે, જે વક્ર છે તેને છોડીને ભગવંત ઋજુ માર્ગેથી ચાલ્યા. ત્યાં ગોવાળોએ વાર્યા. ભગવન્ ! આ માર્ગે દૃષ્ટિવિષ સર્પ છે, આ માર્ગે આપ જશો નહીં. ભગવંત જાણતા હતા કે આ સર્પ ભવ્ય છે અને તે બોધ પામવાનો છે. ત્યાં જતાં યક્ષગૃહમંડપિકા મધ્યે ભગવંત પ્રતિમા ધ્યાને સ્થિર રહ્યા.

તે સર્પ પૂર્વભવે કોણ હતો ? સાધુ હતા. પારણે વહોરવા ગયેલ. પર્યુષિત ભોજનાર્થે જતાં તેના વડે દેડકી મરી ગઈ. બાળ સાધુએ તે પાતકને યાદ કરાવ્યું ત્યારે તે કહે છે – શું મેં તેને મારી નાંખેલી, લોકોએ મારી નાંખી હોય તેમ જણાય છે. ત્યારે બાળ સાધુએ જાણ્યું કે સંધ્યાકાળે કદાચ તે સાધુ આલોચના કરી લેશે.

તે તપસ્વી આલોચના કરીને આવશ્યકમાં ઉપસ્થિત થયા. બાળ સાધુ વિચારે છે - નક્કી આ ભૂલી ગયેલ છે, તેમ જાણી ફરી યાદ કરાવ્યું, તપસ્વી રોષથી તે બાળસાધુને મારવાને માટે દોડ્યા. ત્યાં માર્ગમાં સ્તંભ હતો. તે સ્તંભમાં અથડાઈને મૃત્યુ પામ્યા.

શ્રામણ્યની વિરાધનાને લીધે તેઓ જ્યોતિષ્કમાં ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યવીને કનકખલમાં ૫૦૦ તાપસના કુલપતિ હતા. તાપસી ત્યાં ગર્ભવતી થતાં તેના પુત્રરૂપે જન્મ્યા. ત્યાં તેનું કૌશિક નામ રાખ્યું. તેઓ સ્વભાવથી અત્યંત ક્રોધી હતા. ત્યાં આશ્રમમાં બીજા પણ કૌશિક નામવાળા સાધુઓ હતા, તેથી આનું નામ ચંડકૌશિક પડી ગયું.

તે કુલપતિ મૃત્યુ પામ્યા. ત્યારપછી આ ચંડકૌશિક કુલપતિ થયો. તે ત્યાં વનખંડમાં મૂર્છિત બન્યો. તે તાપસો દ્વારા ફળો અપાતા ન હતા. તે પ્રાપ્ત ન થતાં ચારે દિશામાં બાળકો દોડાદોડ કરતા. ત્યારે ત્યાં જે ગોવાળાદિ આવતા તેને તે ચંડકૌશિક મારી હટાવતો હતો.

તેની નજીક શ્વેતાંબિકા નામે નગરી હતી. ત્યાં રાજપુત્ર આવીને ભૂલો પડેલો.

ગોવાળોએ તેને આશ્રમનો માર્ગ બતાવ્યો. તે કાંટાળા માર્ગે ત્યાં જવા લાગ્યો. તેને જોઈ હાથમાં પરસુ લઈ તે ધમધમતો દોડ્યો. કુમારે તેને આવતો જોયો. જોઈને કુમાર ત્યાંથી ભાગી ગયો. ચંડકૌશિક પણ હાથમાં કુહાડો લઈ દોડતાં ખાડામાં પડ્યો. તે કુહાડો સન્મુખ રહી ગયો, તેનાથી ચંડકૌશિકના મસ્તકમાં બે ફાડચા થઈ ગયા. ત્યાં મરીને તે જ વનખંડમાં દૃષ્ટિવિષ સર્પ થયો.

દૃષ્ટિવિષ સર્પ રોષથી અને લોભથી તે વનખંડનું રક્ષણ કરે છે. પછી ત્યાંના તાપસોને બધાંને બાળી નાંખ્યા, જે બળ્યા ન હતા, તેઓ નાશી ગયા. તે સર્પ ત્રણે સંધ્યાએ વનખંડમાં ફરીને જે કોઈ પક્ષીને પણ જુએ, તેને બાળી નાંખતો હતો.

તે અવસરે તેણે ભગવંતને જોયા, જોઈને ક્રુદ્ધ થયો. શું તું મને જાણતો નથી ? સૂર્યની સન્મુખ જોઈ, પછી ભગવંતને જોયા, પણ તે દૃષ્ટિવિષ સર્પથી સ્વામી બળ્યા નહીં. એ પ્રમાણે બે, ત્રણ વખત જોયું, તો પણ સ્વામીને કંઈ ન થયું. ત્યારે જઈને ભગવંતને ડંસ દીધો.

ડંસ દઈને પાછો ભાગ્યો, રાખેને ! મારી ઉપર પડે તો ? એ પ્રમાણે પણ ત્રણ વખત ડંસ દીધો, છતાં સ્વામીનું મૃત્યુ ન થયું. ત્યારે ખૂબ રોષથી ભગવંત સમક્ષ જોતો ઉભો રહ્યો.

તે ભગવંતના રૂપને જોતા, તે વિષથી ભરેલી દૃષ્ટિથી ધ્યાન કરતા સ્વામીની સૌમ્ય કાંતિ તે સર્પે જોઈ. ત્યારપછી સ્વામીએ તેને કહ્યું, અરે ઓ, ચંડકૌશિક ! તું ઉપશાંત થા !

ત્યારે સર્પને ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારપછી તેણે ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને મનથી ભોજનના પ્રત્યાખ્યાન કર્યા. જો કે તીર્થંકર તે જાણે છે. પછી તે બિલમાં મુખ રાખીને રહ્યો. તેણે વિચાર્યુ કે – ‘‘મારા રોષથી કોઈ લોક મરી ન જાઓ.’’ ભગવંત તેની અનુકંપાથી ત્યાં ઉભા રહ્યા.

ભગવંતને જોઈને ગોવાળ, વત્સપાલો આવી ગયા. પછી પોતે વૃક્ષ પાછળ છુપાઈને તે ગોપાલાદિ તે સર્પની ઉપર પત્થરો ફેંકે છે. પણ સર્પને ચલિત થતો ન જોઈને લાંકડા વડે કંઈક ઘસે છે. તો પણ સ્પંદિત ન થતો જોઈને તેઓએ લોકોને બોલાવ્યા.

લોકો ત્યાં આવ્યા. ભગવંતને વંદન કરીને પછી તે સર્પની પણ પૂજા કરે છે. બીજા વળી દુધ, ઘી, લાવીને તે સર્પને ચોપડે છે, સ્પર્શે છે. પરિણામ એ આવ્યું કે સર્પની ઉપર તે કારણે કીડીઓ ચડવા લાગી. તે વેદનાને સહન કરતો સર્પ અર્ધમાસ પછી મરીને સહસ્રાર નામે આઠમાં દેવલોકમાં ઉત્પન્ન થયો.

આ જ કથનનો ઉપસંહાર કરતાં કહે છે –

**• નિર્યુક્તિ-૪૬૭ :-**

***ઉત્તરવાચાલના માર્ગે, વનખંડમાં ચંડકૌશિક સર્પ, બાળી ન શક્યો, ચિંતા,***





***જાતિસ્મરણ, જ્યોતિષ્ક, હું ક્રોધથી સર્પ થયો.***

**• વિવેચન-૪૬૭ :-**

ઉત્તરવાચાલના માર્ગના વનખંડમાં ચંડકૌશિક સર્પ હતો વગેરે બધી ઘટના ઉપર કથાનકમાં કહેવાઈ ગયેલ છે.

હવે અનુક્ત અર્થના પ્રતિપાદનાર્થે કહે છે –

**• નિર્યુક્તિ-૪૬૮ :-**

***ઉત્તર વાચાલમાં ભગવંતને નાગસેને ખીર વડે ભોજન કરાવ્યું. દિવ્યો પ્રગટ થયા. શ્વેતાંબીમાં પ્રદેશી, પંચરથોમાં, નિજક [અર્થાત્ નૈયક રાજા અથવા સગોત્રીય અર્થ કરેલ છે.]***

**• વિવેચન-૪૮ :-**

૦ ગાથાર્થ કહ્યો છે. બાકીનો ભાવાર્થ કથાનકથી જાણવો.

૦ કથાનક આ પ્રમાણે – ત્યારપછી ભગવંત ઉત્તર વાચાલે ગયા. ત્યાં પંદર દિવસના પારણે ગયા. ત્યાં નાગસેન નામે ગાથાપતિએ ક્ષીરના ભોજન વડે પ્રતિલાભિત કર્યા. પાંચ દિવ્યો પ્રગટ થયા.

ત્યાંથી શ્વેતાંબી ગયા. ત્યાં પ્રદેશી રાજા શ્રમણોપાસક હતો. તેણે ભગવંતનો મહિમા કર્યો. પછી ભગવંત સુરભિપુર ગયા. માર્ગમાં નૈયક નામે રાજા હતો. તે પ્રદેશી રાજા પાસે પાંચ રથો વડે આવતો હતો. તેણે ત્યાં ભગવંતને વંદના કરી, પૂજા કરી.

ત્યાંથી સ્વામી સુરભિપુર ગયા. ત્યાં ગંગા નદી ઉત્તરવાની હતી. ત્યાં સિદ્ધ યાત્ર નામે નાવિક હતો. ક્ષેમિલ નામે શકુનનો જ્ઞાતા હતો. ત્યાં નાવમાં લોકો વળગ્યા. તે કૌશિક મહાશકુનથી વાસિત હતો. કૌશિક નામે ઉલૂક [ઘુવળ] પછી ક્ષેમિલે કહ્યું કે – જેવા પ્રકારના શકુન દેખાય છે, તે પ્રકારે આપણને મારણાંતિક ઉપસર્ગ થશે.

પછી શું ? આ મહર્ષિના પ્રભાવથી બચી જઈશું.

તે નાવ ચાલી. સુદંષ્ટ્ર નાગકુમાર રાજાએ ભગવંતને નાવમાં બેઠેલા જોયા. તેને ક્રોધ ઉત્પન્ન થયો.

તે ખરેખર જે સિંહને ત્રિપૃષ્ઠ વાસુદેવ વડે મારી નંખાયેલો તે જીવ હતો. સંસાર ભમતાં ભમાતાં સુદંષ્ટ્ર નામે નાગરાજ થયેલો. તે સંવર્તક વાયુ વિકુર્વીને નાવને ડૂબાડવા ઈચ્છતો હતો.

આ તરફ કંબલ અને શંબલ દેવનું આસન ચલિત થયું. વળી આ કંબલ અને શંબલની ઉત્પત્તિ શું છે ?

મથુરા નગરીમાં જિનદાસ નામે શ્રાવક વણિક્ હતો. સોમદાસી નામે તેની પત્ની શ્રાવિકા હતી. બંને પતિ-પત્ની જીવાદિ જ્ઞાનના જ્ઞાતા અને કૃત પરિણામી હતા. તે બંને એ ચતુષ્પદનો પરિગ્રહને કરવો તેવા પચ્ચક્ખાણ કરેલા હતા.

તેઓ રોજેરોજ ગોરસ લેતા. ત્યાં આભીરી ગોરસ લઈને આવી. તેણીને તે

શ્રાવિકાએ કહ્યું – તું બીજે ક્યાંય ભમીશ નહીં. તું જેટલું ગોરસ લાવીશ, તે બધું હું લઈ લઈશ.

એ પ્રમાણે તે બંનેની સંગતિ-મૈત્રી થઈ.

શ્રાવિકા તેણીને ગંધપુટિકા આદિ આપતી. આભીરી પણ તેને કૂચિક આદિ કે દૂધ, દહીં આપતી હતી. એ પ્રમાણે તેમને દૃઢ મૈત્રી થઈ.

કોઈ દિવસે આભીરીના ગોપનો વિવાહ નક્કી થયો. ત્યારે તેણીએ શ્રાવક-શ્રાવિકા બંનેને નિમંત્ર્યા. તેઓએ કહ્યું કે અમે કામમાં હોવાથી આવી શકીશું નહીં. પણ જો તમારે ઉપયોગમાં હોય તો ભોજન માટે વાસણ, કડાયા, વસ્ત્રો, આભરણો, ધૂપ, પુષ્પ, ગંધ, માળાઆદિ વર-વહુ માટે જે જોઈએ તે લઈ જજો.

પણ તે પ્રમાણે આપ્યું. તેના વડે આભીરીને ત્યાં ઘણી શોભા વધી. લોકોએ પણ પ્રસંસા કરી, તે આભીર-આભીરીએ ખુશ થઈને બે-ત્રણ વર્ષના બળદો, જે હૃષ્ટશરીરી હતા તેને લાવીને ભેટ આપ્યા. તેના કંબલ અને શંબલ નામ પાડ્યા, શ્રાવક-શ્રાવિકા તો લેવા ઈચ્છતા ન હતા, પણ આભીર દંપતિ ધરાર બળદોને બાંધીને ગયા.

ત્યારે તે શ્રાવકે વિચાર્યુ – જો આને છોડી મૂકશું, તો લોકો તેનું વહન કરશે. તેના કરતાં ભલે અહીં જ રહેતા. પ્રાસુક ચારો ખરીદીને આપતા હતા. એ પ્રમાણે તેનું પોષણ કરતા હતા.

તે શ્રાવક આઠમ, ચૌદશાદિ દિવસે ઉપવાસ કરતાં અને પુસ્તક વાંચન કરતા હતા. બંને બળદ પણ તે સાંભળીને ભદ્રિક થઈ ગયા. જે દિવસે શ્રાવક ન જમતા, તે દિવસે તે બંને પણ જમતા ન હતા.

તે શ્રાવકને એવો ભાવ જન્મ્યો કે – આ બંને બળદ ભવ્ય અને ઉપશાંત જીવો છે તેના પ્રત્યે અભ્યધિક સ્નેહ થયો. તે બંને બળદ રૂપવંત - સોહામણા લાગતા હતા.

તે શ્રાવકને એક મિત્ર હતો. ત્યાં ભંડીરમણ યાત્રા નીકળવાની હતી. આ બે બળદ જેવા બીજા કોઈ જ બળદો ત્યાં ન હતા. ત્યારે તે મિત્રએ શ્રાવકને પૂછ્યા વિના જ તે બંને બળદને લઈ જઈને તે ભંડી યાત્રામાં જોડી દીધા – [ગાડા આદિમાં લગાડ્યા]

ત્યાં બીજા-બીજાઓ વડે પણ સારી રીતે દોડ કરાવાઈ, ત્યારે તે બંને બળદોને સાંધા ભાંગી ગયા. તે મિત્ર બંને બળદને લાવીને ચુપચાપ ત્યાં બાંધીને પાછો ચાલ્યો ગયો.

ત્યારપછી તે બંને બળદો ચરતા ન હતા, પાણી પીતા ન હતા. જ્યારે સર્વથા ભોજન-પાણીની ઈચ્છા ન કરી ત્યારે તે શ્રાવકે તે બંને બળદને ભોજનના પ્રત્યાખ્યાન કરાવી દીધા. પછી નવકાર સંભળાવ્યા.

તે બંને કાળ કરી નાગકુમાર દેવમાં ઉત્પન્ન થયેલા.



બંને દેવો હજી અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને જુએ છે, તેટલામાં તીર્થંકર ભગવંતને ઉપસર્ગ કરાતો જોયો.

ત્યારે તે બંનેએ વિચાર્યુ કે, બીજા કાર્યોથી સર્યુ, પહેલાં તો ભગવંતને આ ઉપસર્ગમાંથી મુક્ત કરાવીએ. બંને દેવ નીચે આવ્યા. એક દેવ નાવને ગ્રહણ કરી, બીજો દેવ સુદંષ્ટ્ર સાથે યુદ્ધે ચડ્યો.

આ દેવ મહાઋદ્ધિવાળો હતો. જ્યારે સુદંષ્ટ્ર તો ચ્યવનકાળ હતો, વળી આ દેવ હમણાં જ ઉત્પન્ન થયેલો. તે દેવ કંબલ-શંબલ દેવ વડે પરાજય પામ્યો. ત્યારે તે બંને નાગકુમારદેવોએ તીર્થંકર ભગવંતના સત્વ અને રૂપની સ્તુતિ કરી, લોકોએ પણ તેમ કર્યુ.

પછી સ્વામી ગંગા નદી પાર ઉતર્યા. ત્યારે દેવો વડે ત્યાં સુગંધી ગંધોદકની અને પુષ્પની વૃષ્ટિ કરાઈ કંબલ-શંબલ બંને દેવો પણ પાછા નાગકુમારભવને ગયા.

આ જ કથાનો ઉપસંહાર કરતા કહે છે –

• **નિર્યુક્તિ-૪૬૯ થી ૪૭૧ :-**

***સુરભિપુર, સિદ્ધયાત્ર, ગંગાનદી, કૌશિક, વિદ્વાન્ ક્ષેમલિક, નાગકુમાર સુદંષ્ટ્ર, સિંહ, કંબલ-શંબલ અને જિનમહિમા.***

***મથુરામાં જિનદાસ, આભીર, વિવાહ, બળદ, ઉપવાસ, ભંડીરયાત્રા, મિત્ર, અપત્ય, ભક્ત, નાગલોકમાં, આગમન.***

***વીરવર ભગવંત, નાવમાં આરૂઢ, ઉપસર્ગ કર્યો, મિથ્યાદૃષ્ટિ, ભગવંતને વિક્ષેપ, કંબલ-શંબલ, નાવ પાર ઉતારવી.***

*[આ ત્રણ નિર્યુક્તિમાં આટલા શબ્દો નોંધાયેલા છે.]*

• **વિવેચન-૪૬૯ થી ૪૭૧ :-**

[વૃત્તિકારે પણ શબ્દોની નોંધ કરીને જણાવી દીધું છે કે અક્ષર ગમનિકા સ્વ બુદ્ધિએ કરી લેવી. અમે ગાથાર્થમાં શબ્દો નોંધેલ જ છે અને કંબલ-શંબલની કથા ઉપરની નિર્યુક્તિના વિવેચનમાં કહેલ છે.]

ત્યારપછી ભગવંત નદી કિનારે ઈર્યાપથિકી પ્રતિક્રમે છે ત્યાંથી આગળ ચાલતા ભગવંતના પગલાં નદીની રેતીમાં પડે છે ત્યારે પુષ્પ નામે સામુદ્રિક ભગવંતના પગના લક્ષણો કાદવમાં જામેલા જોઈને તે લક્ષણો ઉપરથી વિચારે છે કે –

આ કોઈ ચક્રવર્તી એકલા જઈ રહ્યા છે, હું તેની પાછળ જઈને અનુસરું. તેનાથી મને આવા ભોગો પ્રાપ્ત થશે. તેથી હું તેની કુમારપણામાં જ સેવના કરું. ભગવંત પણ સ્થૂણા સંનિવેશના બહારના ભાગમાં પ્રતિમા ધ્યાને સ્થિત રહ્યા.

ત્યાં જઈને ભગવંતને જોઈને તે પુષ્પ સામુદ્રિક વિચારે છે કે – અહો ! હું ઘાસના પૂળા જ ભણ્યો. આવા લક્ષણોથી યુક્ત છે. આના વડે સાધુપણું તો ભાવિત થતું નથી.

આ તરફ દેવેન્દ્ર દેવરાજ શક્રએ અવધિજ્ઞાન વડે જોયું કે – હાલ ભગવંત

ક્યાં વિચરી રહ્યા છે ?

ત્યારે ભગવંતને જોયા અને પુષ્પ સામુદ્રિકને પણ જોયો. ત્યાં આવી, શક્રએ ભગવંતને વંદન કરીને પુષ્પને કહ્યું —

ઓ પુષ્પ ! તું લક્ષણોને જાણતો નથી. આ તો અપરિમિત લક્ષણ મહાત્મા છે. ત્યારે અભ્યંતર લક્ષણોને વર્ણવે છે —

ગાયના દુધ જેવું પ્રશસ્ત અને ગૌરવર્ણીય લોહી. શાસ્ત્ર કદાપી અસત્ય હોતા નથી. આ ધર્મવર ચાતુરંત ચક્રવર્તી છે, દેવેન્દ્રો-નરેન્દ્રો વડે પૂજાયેલા છે. ભવ્યજન રૂપી કુમુદને આનંદકારક થવાના છે.

ત્યારપછી ભગવંત રાજગૃહી ગયા. ત્યાં નાલંદા નામના શાખાપુરમાં તંતુવાય શાળામાં એક ભાગમાં યથાપ્રતિરૂપ અવગ્રહની અનુજ્ઞા યાચના કરીને રહ્યા. ત્યાં પહેલું માસક્ષમણ તપ અંગીકાર કરીને વિચરવા લાગ્યા.

તે કાળે, તે સમયે મંખલિ નામે મંખ હતો, તેની પત્ની ભદ્રા ગર્ભવતી હતી. શરવણ નામના સંનિવેશમાં ગોબહુલ બ્રાહ્મણની જે ગોશાળા હતી, ત્યાં તેણીએ બાળકને જન્મ આપ્યો. તેનું ગૌણ નામ 'ગોશાળો' કરવામાં આવ્યું ક્રમશઃ તે મોટો થયો.

તેણે મંખલિ શિલ્પનો અભ્યાસ કર્યો. ચિત્રફલક કરે છે. પછી એકલો જ વિચરતો રાજગૃહીમાં તંતુવાયશાળામાં રહ્યો કે જ્યાં ભગવંત મહાવીર રહેલાં હતા. ત્યાં તેણે ચોમાસુ કર્યુ.

ભગવંત માસક્ષમણના પારણે અભ્યંતરિકામાં વિજયના ઘેર વિપુલ ભોજનવિધિ વડે પ્રતિલાભિત કર્યા, પાંચ દિવ્યો પ્રગટ થયા.

ગોશાળો તે સાંભળીને આવ્યો. પાંચ દિવ્યો જોઈને બોલ્યો — ભગવન્ ! હું તમારો શિષ્ય. ભગવંત મૌન રહી, નીકળી ગયા.

પછી બીજું માસક્ષમણ કર્યુ. બીજા માસક્ષમણમાં આનંદના ઘેર ખાદ્યકવિધિ - ખાજા વડે પારણું કર્યુ.

પછી ત્રીજું માસક્ષમણ કર્યુ તેમાં સર્વ કામગુણિતથી સુનંદ ગાથાપતિને ઘેર પારણું થયું.

ત્યારપછી ચોથું માસક્ષમણ સ્વીકારીને વિચરે છે.

અભિહિત અર્થના સંગ્રહ માટે આ કહે છે —

• **નિર્યુક્તિ-૪૭૨,૪૭૩ :-**

***સ્થૂણા સંનિવેશ બહાર, પુષ્પનિમિત્તક, અભ્યંતર લક્ષણો દેવેન્દ્રએ કહ્યા. રાજગૃહીની તંતુશાળામાં માસક્ષમણ અને ગોશાળો.***

***મંખલિ મંખ, સુભદ્રા, શરવણ ગામ, ગોબહુલબ્રાહ્મણ, ગોશાળો, વિજય, આનંદ, સુનંદને ત્યાં ભોજન, ખાજા અને કામગુણિત.***

• **વિવેચન-૪૭૨,૪૭૩ :-**

[બંને નિર્યુક્તિમાં પદો બતાવ્યા છે, વૃત્તિકાર શ્રી પણ આ પદોને જ દર્શાવે છે. તેમાં જે વિશેષવૃત્તિ છે, તે આ પ્રમાણે —]



શરવણ - ગોશાળાનું ઉત્પત્તિ સ્થાન. બાકી સ્વબુદ્ધિથી અક્ષર ગમનિકા વિચારી લેવી. [કથાનક પૂર્વની વૃત્તિમાં છે જ.]

શેષ કથાનક - ગોશાળો કાર્તિક પૂર્ણિમાના દિવસે પૂછે છે — શું હવે આજે મને ભોજન પ્રાપ્ત થશે ? સિદ્ધાર્થે કહ્યું — કોદરા, ચોખા, ખાટો રસ અને દક્ષિણામાં ખોટો રૂપિયો મળશે.

તે નગરીમાં સર્વ આદરથી ચાલ્યો. જેમ ગાડાંના અશ્વો હોય, કોઈએ પણ ભાગ ન આપ્યો. ત્યારે બપોર પછી એક કર્મ કરે ખાટ ભાત આપ્યા, ત્યારે જમ્યો. તેણે એક રૂપિયો દક્ષિણા આપી, રૂપિયાની પરીક્ષા કરી યાવત્ તે ખોટો રૂપિયો હતો.

ત્યારે ગોશાળો બોલ્યો — "જે જ્યારે થવાનું હોય તે જ થાય છે, તેનાથી અન્યથા થતું નથી. લજ્જા પામી પાછો આવ્યો.

પછી ભગવંત ચોથા માસક્ષમણના પારણે નાલંદાથી નીકળ્યા. કોલ્લાક સંનિવેશ ગયા.

ત્યાં બહુલ બ્રાહ્મણ ઘણાં બ્રાહ્મણોને ઘી-ખાંડયુક્ત ખીર વડે ભોજન કરાવતો હતો. ત્યારે તેણે ભગવંતને પ્રતિલાભિત કર્યા. ત્યારે ત્યાં પાંચ દિવ્યો પ્રગટ થયા.

ગોશાળો પણ તંતુવાય શાળામાં સ્વામીને ન જોતાં રાજગૃહની અંદર અને બહાર ગવેષણા કરવા લાગ્યો. જ્યારે ક્યાંય ન જોયા ત્યારે પોતાના કોપને કરતો, જાતને ધિક્કાર આપતો દાઢી-મુંછ સહિત મસ્તકનું મુંડન કરીને કોલ્લાક સંનિવેશે ગયો. ત્યાં ભગવંત મળ્યા.

પછી ભગવંત ગોશાળાની સાથે સુવર્ણખલ જવા નીકળ્યા. ત્યાં માર્ગમાં ગોવાળો ગાયોથી દુધ લઈને મોટી થાળીમાં નવા ચોખા વડે ખીર રાંધતા હતા.

ત્યારે ગોશાળો બોલ્યો — ભગવન્ ! ચાલો. આપણે અહીં જઈએ. સિદ્ધાર્થ બોલ્યો — આ ખીરનું નિર્માણ જ થવાનું નથી. આનું વાસણ ભાંગી જવાનું છે. ત્યારે તેને શ્રદ્ધા થઈ નહીં. તેથી તેણે ગોવાળોને કહ્યું —

આ દેવાર્ય છે. તે ભૂત અને ભાવિના જાણકાર છે. તેઓ કહે છે — આ હાંડલી ભાંગી જવાની છે, માટે પ્રયત્નપૂર્વક તેનું રક્ષણ કરજો.

ત્યારે ગોવાળો પ્રયત્ન કરે છે. તે હાંડલી વાંસના ફાડીયા વડે બંધાયેલ હતી. ગોવાળોએ ઘણાં જ ચોખા નાંખેલા હતા તેને કારણે તે હાંડલી ફૂટી ગઈ.

પછી ગોવાળોએ જે માંસ રાંધેલને ગોસાળો જમ્યો. બીજું કંઈ તેને પ્રાપ્ત ન થયું. ત્યારે સારી રીતે નિયતિવાદને પકડ્યો.

આ જ કથાનો ઉપસંહાર કરતાં કહે છે —

• **નિર્યુક્તિ-૪૭૪ :-**

***કોલ્લાક, બહુલ, ખીર, દિવ્ય, ગોશાળો, જોઈને પ્રવ્રજ્યા, સુવર્ણ ખલની બહાર, ખીરની થાળી, નિયતિવાદનો સ્વીકાર.***

• **વિવેચન-૪૭૪ :-**

વૃત્તિકારશ્રીએ પણ અહીં પદો જ નોંધેલ છે. કથા પૂર્વે કહી છે.

• **નિર્યુક્તિ-૪૭૫ :-**

***બ્રાહ્મણ ગામમાં નંદ અને ઉપનંદ, તેજ, પ્રત્યર્દ્ધ, ચંપા, પ્રભુનો બેમાસીનો તપ, ચોમાસુ, મુનિ ખમે છે.***

• **વિવેચન-૪૭૫ :-**

પદો કહ્યા. આના પદોનો અર્થ કથાનક વડે જાણવો. તે આ —

ત્યારપછી ભગવંત બ્રાહ્મણગ્રામે ગયા. ત્યાં નંદ અને ઉપનંદ બે ભાઈઓ હતા. ગામમાં બે પાળા હતા. એક નંદનો અને બીજો ઉપાનંદનો. ત્યારે ભગવંત નંદના પાળામાં પ્રવેશ્યા. નંદના ઘેર ગયા.

ત્યાં નંદે પર્યુષિત અન્ન વડે પ્રતિલાભિત કર્યા.

ગોશાળો ઉપનંદના ઘેર ગયો. તેણે ઉપનંદને કહ્યું કે — ભિક્ષા આપો. ત્યારે ત્યાં ભિક્ષાની વેળા ન હતી. તેથી ઠંડા ભાત લાવ્યા. તે ગોશાળાને ઠંડા ભાતની ઈચ્છા ન હતી. પછી તેણીને દાસી કહીને ગોશાળાએ તેના ઉપર તે ભાતને ફેંક્યા અને અપ્રીતિથી બોલ્યો કે —

જો મારા ધર્માચાર્યનું કંઈ તપ-તેજ હોય તો આનું ઘર બળી જાઓ. ત્યારે ત્યાં નીકટમાં રહેલાં વ્યંતરોએ ભગવંતનું વચન ખોટું ન થાય, તેમ સમજી તેઓએ તે ઘર બાળી નાંખ્યુ.

પછી ભગવંત ચંપા નગરી ગયા, ત્યાં ચોમાસુ રહ્યા. ત્યાં બેમાસક્ષમણ [બે માસી] નું તપ કર્યુ. વિચિત્ર તપોકર્મ કર્યા. સ્થાન આદિ પ્રતિમા-કાયોત્સર્ગ કરે છે. ઉત્કુટુક સ્થાનાદિ કરે છે.

આ પ્રમાણે ત્રીજું ચોમાસું થયું.

• **નિર્યુક્તિ-૪૭૬ :-**

***કાલાય સંનિવેશમાં શૂન્યગૃહમાં, સીંહ, વિદ્યુન્મતી ગોષ્ઠીદાસી, સ્કંદ, દંતિલિકા, પાત્રાલક, શૂન્યાગારમાં. [આ પદો છે.]***

• **વિવેચન-૪૭૬ :-**

વૃત્તિકારશ્રી પણ આ રીતે જ પદો નોંધીને કહે છે કે — અક્ષર ગમનિકા ક્રિયા અધ્યાહારથી સ્વ બુદ્ધિથી કરી લેવી અને પદાર્થની જાણકારી કથાનકથી પ્રાપ્ત થઈ શકે છે —

પછી છેલ્લી બેમાસી તપના પારણું બહાર કરીને કાલાક નામે સંનિવેશમાં ગોશાળાની સાથે ભગવંત ગયા. ત્યાં ભગવંત શુન્યગૃહમાં પ્રતિમા ધ્યાને રહ્યા.

ગોશાળો પણ તેના દ્વાર માર્ગે રહ્યો.

ત્યાં સીંહ નામે ગ્રામકૂટ-કોટવાળનો પુત્ર હતો. તે વિદ્યુન્મતી નામે ગોષ્ઠી દાસીના સાથે તે જ શૂન્ય ગૃહમાં પ્રવેશ્યો.



ત્યાં આવીને તે બોલ્યો — જો અહીં કોઈ શ્રમણ કે બ્રાહ્મણ કે પથિક અથવા અન્ય કોઈ રહેલા હોય અને તે સાધના કરતા હોય તો અહીંથી બીજે ચાલ્યા જાય.

ભગવંત તો મૌનપૂર્વક રહ્યા.

ગોશાળો પણ મૌન રહ્યો. તે બંને (યુગલ) ત્યાં રહી [ક્રીડા કરી] નીકળી ગયા. ગોશાળા વડે તે સ્ત્રીનો સ્પર્શ થયો. દાસી બોલી - અહીં કોઈ છે સીંહ ગ્રામકૂટે તેને પકડીને માર્યો. આ ધૂર્ત અમને અનાચાર કરતા જોઈને રહેલો હતો. ત્યારે ગોશાળાએ ભગવંતને કહ્યું —

મને એકલાને માર પડ્યો, તમે કેમ નિવારવા ન આવ્યા. ત્યારે ત્યાં રહેલા સિદ્ધાર્થે કહ્યું — શા માટે તારા શીલની રક્ષા કરતો નથી. શું અમારે પણ માર ખાવો ? અંદર કેમ રહેતો નથી ? પછી દ્વારમાં રહ્યો.

ત્યાંથી નીકળી ભગવંત પાત્રાલકે ગયા.

ત્યાં પણ શૂન્યગૃહમાં રહ્યા, ગોશાળો પણ ભયથી અંદર રહ્યો. ત્યાં સ્કંદક નામે ગ્રામકૂટ-કોટવાળનો પુત્ર હતો. પોતાની દાસી દંતિલિકાની સાથે લજ્જાને કારણે તે જ શૂન્યગૃહમાં ગયો.

તે બંનેએ પણ સીંહ કોટવાલપુત્ર માફક જ પૂછ્યું. તે પ્રમો જ ભગવંત અને ગોશાળો બંને મૌન રહ્યા.

જ્યારે સ્કંદક અને દંતિલિકા ક્રીડા કરીને નીકળ્યા ત્યારે ગોશાળો હસ્યો - ઉપહાસ કર્યો. ત્યારે ફરી પણ માર ખાધો. ત્યારે ભગવંતની જુગુપ્સા કરતાં બોલ્યો. મને માર પડે છે, તો પણ તમે તેને અટકાવતા નથી. - x -

ત્યારે સિદ્ધાર્થે ગોશાળાને કહ્યું — તું તારી પોતાના દોષથી માર ખાય છે, શા માટે મોઢું ઠેકાણે રાખતો નથી ?

પછી ભગવંત કુમારક સંનિવેશ ગયા. ત્યાં ચંપરમણીય ઉધાનમાં પ્રતિમા ધ્યાને ભગવંત રહ્યા.

આ તરફ પાર્શ્વાપત્ય મુનિચંદ્ર નામના સ્થવિર, બહુશ્રુત અને ઘણાં શિષ્યના પરિવારવાળા હતા, તે ત્યાં સંનિવેશમાં કૂપનય કુંભારની શાળામાં રહ્યા. તે જિનકલ્પપ્રતિમા કરતા હતા. તેથી શિષ્યને ગચ્છમાં અગ્રણીરૂપે સ્થાપીને નીકળેલા.

આ જ કથાને જણાવતા નિર્યુક્તિકાર કહે છે —

• **નિર્યુક્તિ-૪૭૭ :-**

***મુનિચંદ્ર સૂરિ, કુમાર સંનિવેશ, કૂપનય, ચંપરમણીય ઉધાન, ચૌરાક સંનિવેશ, ગુપ્તચર, કૂવમાં નાંખવા, સોમા અને જયંતી ઉપશાંત કર્યા.***

• **વિવેચન-૪૭૭ :-**

પદો તો વૃત્તિકારશ્રીએ ઉપર મુજબ જ કહ્યાં છે. પદાર્થના જ્ઞાન માટે કથાનક દ્વારા જાણકારી રજૂ કરી છે. તે આ —

કુમાર સંનિવેશમાં કૂપનય કુંભારની શાળામાં મુનિચંદ્રસૂરિ સત્ત્વભાવના વડે

પોતાના આત્માને ભાવિત કરતા હતા, જિનકલ્પની તુલના તપ વડે, સત્વ વડે, સૂત્ર વડે, એકત્વથી અને બળથી એ પાંચ રીતે કહેવાયેલ છે. આ ભાવનાઓ કહી.

તેમાં મુનિચંદ્રસૂરિ સત્ત્વ ભાવના વડે ભાવિત કરતા હતા. તેમાં પહેલી ઉપાશ્રયમાં, બીજી બહાર, ત્રીજી ચાર રસ્તે, ચોથી શૂન્ય ગૃહમાં અને પાંચમી શ્મશાનમાં ભાવવામાં આવે છે. તેમાં તે બીજી ભાવે છે.

ગોશાળો ભગવંતને કહે છે – આ દેશકાળ છે, ચાલો આપણે ભિક્ષાર્થે નીકળીએ (ભગવંતવતી) સિદ્ધાર્થ કહે છે – હજી અમારે ઉપવાસ છે. પછી ગોશાળો એકલો નીકળ્યો. તેણે પાર્શ્વનાથના સંતાનીય શિષ્યો જોઈને પૂછ્યું – તમે કોણ છો ?

તેઓએ ઉત્તર આપ્યો – અમે શ્રમણ નિર્ગ્રન્થો છીએ.

ગોશાળાએ કહ્યું – અહો નિર્ગ્રન્થો ! આપનો આવો ગ્રંથ-પરીગ્રહ છે, તો આપ નિર્ગ્રન્થો કઈ રીતે છો ? તેણે પોતાના આચાર્યનું વર્ણન કરીને કહ્યું કે – મહાત્મા આવા હોય, તમે એવા ક્યાં છો ?

ત્યારે તેઓ બોલ્યા કે – જેવો તું છે, તેવો તારો ધર્માચાર્ય હશે ? તારી જેમજ સ્વયં વેશધારી જ હશે !

ત્યારે ગોશાળાએ રોષથી કહ્યું – મારા ધર્માચાર્યની સોગંદ છે, જો મારા ધર્માચાર્યનું તપ હશે, તો તમારી વસતિ બળી જાઓ.

મુનિચંદ્રસૂરિના શિષ્યોએ કહ્યું કે – તમારા કહેવાથી કંઈ અમારી વસતિ બળી ન જાય. ત્યારે ગોશાળાએ જઈને ભગવંતને કહ્યું કે – મેં હમણાં સારંભી અને સપરિગ્રહી શ્રમણો જોયા. ઈત્યાદિ બધું કહ્યું.

ત્યારે સિદ્ધાર્થે કહ્યું – તેઓ ભગવંત પાર્શ્વના સંતાનીય સાધુ છે, તે ન બળે. ત્યારપછી રાત્રિ થઈ. તે મુનિચંદ્ર આચાર્ય ઉપાશ્રયની બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. તે કૂપનક તે દિવસે શ્રેણી પીને વિકાલે ઉન્મત્ત થઈને આવેલ હતો.

જેટલામાં તે મુનિચંદ્ર આચાર્યને જુએ છે, તે વિચારે છે કે – આ ચોર લાગે છે, એમ વિચારી તેને ગળેથી પકડ્યા. તેમનો શ્વાસ રુંધી નાંખ્યો તો પણ આચાર્ય ભગવંત ધ્યાનથી ચલિત થયા નહીં. તેઓને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, આયુ સમાપ્ત થયું અને દેવલોકે ગયા.

ત્યારે ત્યાં આસપાસ રહેલા વ્યંતર દેવોએ મહિમા કર્યો. ત્યારે ગોશાળો બહાર રહીને જોયા કરતો હતો. ત્યારે તે ત્યાં ગયો. જેટલામાં દેવો મહિમા કરીને પાછા ગયા. ત્યારે ત્યાં ગંધોદકની વૃષ્ટિ અને પુષ્પોની વૃષ્ટિ થઈ. તે જોઈને અભ્યધિક વર્ષ થયો.

પછી ગોશાળાએ તે સાધુઓને ઉઠાડ્યા અને કહ્યું – અરે ! તમે જાણતા નથી. આવા પ્રકારના મુંડકા ચાલતા હતા. ઉઠો-ઉઠો, તમારા આચાર્ય કાળધર્મ પામ્યા અને તમે જાણતા પણ નથી. આખી રાત્રિ સુતા જ પડ્યા છો ?

ત્યારે તેઓએ વિચાર્યુ કે સત્ય છે. પિશાચો રાત્રે જ ચાલે છે. ત્યારે તેઓ પણ



ગોશાળાના શબ્દોથી ઉઠી ગયા. આચાર્ય પાસે ગયા. જેટલામાં કાળધર્મ પામેલા જોયા, તેટલામાં તેમને અધૃતિ થઈ. અરેરે! અમે જાણ્યું પણ નહીં કે આચાર્યએ કાળ કર્યો.

ગોશાળો પણ તિરસ્કાર કરીને ગયો.

ત્યારપછી ભગવંત ચોરાક સંનિવેશે ગયા. ત્યાં તેમને જાસુસ છે, તેમ સમજીને કોટવાળે કૂવામાં ફેંકી દીધા. પછી તેમને બહાર કાઢ્યા ત્યારે પહેલાં ગોશાળાને બહાર કાઢ્યો, પણ ભગવંતને નહીં.

તેટલામાં સોમા અને જયંતી, એ બે ઉત્પલની બહેનો, જે ભગવંત પાર્શ્વની શિષ્યાઓ હતી, સંયમ પાળવા શક્તિમાન ન હોવાથી બંને બહેનોએ પરિવ્રાજિકાપણું સ્વીકારેલ હતું. તે બંનેએ સાંભળ્યું કે આવા પ્રકારના કોઈ બે જણાને કોટવાળે કૂવામાં ફેંક્યા છે.

તેઓએ ફરી વિચાર્યુ કે છેલ્લા તીર્થંકર દીક્ષા લીધી છે. તે જાણીને ત્યાં ગયા, જેવા ભગવંતને જોયા કે તુરંત તેમને છોડાવ્યા. કોટવા બનો તિરસ્કાર કરતા કહ્યું – અહો ! વિનાશા પામવાની ઈચ્છાવાળા ! તે સાંભળી તેમણે પણ ભય પામી ભગવંતની ક્ષમાયાચના કરી.

● **નિર્યુક્તિ-૪૭૮ :-**

***પૃષ્ઠ ચંપામાં ચોમાસુ, ત્યાં ચારમાસી તપ કર્યો. કૃતાંગલામાં દેવકુળ, દરિદ્ર સ્થવિરો, ગોશાલક દ્વારા ઉપહાસ.***

● **વિવેચન-૪૭૮ :-**

પછી ભગવંત પૃષ્ઠચંપામાં ગયા. ત્યાં ચોથું ચોમાસું કર્યુ.

ત્યાં ચોમાસામાં ભગવંતે ચારમાસી તપ કરતા, વિચિત્ર કાયોત્સર્ગાદિપૂર્વક ચોમાસુ કર્યુ. પુરુ કરીને કૃતાંગલા ગયા.

ત્યાં દરિદ્ર સ્થવિર નામના પાખંડીઓ સારંભી, પરિગ્રહયુક્ત અને સ્ત્રીઓ સહિત રહેતા હતા. તેના વાટક મધ્યે દેવકુળ હતું. ભગવંતને દેવકુળમાં પ્રતિમાધ્યાને રહેલા હતા.

તે દિવસે સ્વલ્પબિંદુ પ્રમાણ ઠંડી પડી. તે સ્થવિર પાખંડીને તે દિવસે જાગરણ હતું. તેઓ સ્ત્રીઓ સહિત ગાતા હતા.

ત્યાં ગોશાળો બોલ્યો – આનું નામ તે જ 'પાખંડ' કહેવાય છે. આરંભ સહિત અને સ્ત્રીઓ સહિત બધાં એકત્ર ગાય છે અને વગાડે છે. ત્યારે તેઓએ ગોશાળાને ત્યાંથી કાઢી મૂક્યો. ગોશાળો ત્યારે માઘમાસમાં તેવી ઠંડીમાં, વરસતા વરસાદમાં રહેલો હતો, ધ્રુજતો હતો.

ત્યારે તે પાખંડીઓએ અનુકંપાથી પાછો બોલાવી લીધો. ફરી ગોશાળાએ તેમને ઉપહાસ કર્યો, ફરી પણ કાઢી મૂક્યો. એ પ્રમાણે ત્રણ વખત ત્યાંથી બહાર કાઢી મૂક્યો અને પાછો બોલાવ્યો.

ત્યારપછી કહે છે – હવે જો અમને કંઈ કહ્યું તો અમે તને કાઢી મૂકશું. ત્યારે

બીજાઓએ પણ કહ્યું – આ દેવાર્યનો [ભગવંતનો] કોઈ પીઠમર્દક કે છત્રધર છે. પછી મૌન રહ્યો. બધાં વાદ્યો એ રીતે વાગતા હતા કે તેનો કોઈ જ શબ્દ સંભળાતો ન હતો.

● **નિર્યુક્તિ-૪૭૯ :-**

***શ્રાવસ્તીનગરી, શ્રીભદ્રા, નિંદુ, પિતૃદત્ત, ખીર, શિવદત્ત દ્વારે અગ્નિ, નખ, વાળ, હરિન્દ્ર, પ્રતિમા, અગ્નિ, પથિકો.***

● **વિવેચન-૪૭૯ :-**

[વૃત્તિકારશ્રીએ આ રીતે પદો જ મૂક્યા છે, અર્થ કથા વડે જાણવો.]

ત્યારપછી ભગવંત શ્રાવસ્તી ગયા. ભગવંત ત્યાં બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યાં ગોશાળો પૂછે છે કે – આપ્ ભિક્ષાર્થે ચાલો છો ?

[ભગવંતને બદલે] સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું – આજે અમારે અભક્તાર્થ અર્થાત્ [ઉપવાસ છે] ભોજન લેવાનું નથી.

ગોશાળો બોલ્યો – આજે મને આહારમાં શું મળશે ?

ત્યારે સિદ્ધાર્થે કહ્યું – તું આજે મનુષ્યનું માંસ ખાઈશ.

ગોશાળો બોલ્યો – તો હું એવા સ્થાને જમીશ કે જ્યાં માંસનો સંભવ જ ન હોય, પછી મનુષ્યના માંસનો તો પ્રશ્ન જ ક્યાં રહે ?

પછી ગોશાળો ભિક્ષાર્થે નીકળ્યો.

તે શ્રાવસ્તી નગરીમાં પિતૃદત્ત નામે ગૃહસ્થ હતો. તેને શ્રીમતી નામે પત્ની હતી. તે નિંદુ હતી એટલે તેને મરેલા બાળકો જ અવતરતા હતા. તેણીએ શિવદત્ત નામના નૈમિત્તિકને પૂછ્યું – મારા પુત્રો કઈ રીતે જીવે ? શિવદત્તે જણાવ્યું કે – જો કોઈ સુતપસ્વી હોય, તેને તું ગર્ભને સારી રીતે શોધીને, સંસ્કારીને, રાંધીને, ખીર બનાવીને આપ. તે ઘરનું દ્વાર પણ બીજી દિશામાં કરી નાંખજે, જેથી તે તપસ્વી જાણી જાય તો તને મારી ન નાંખે, એ પ્રમાણે તને સ્થિરપ્રજા થશે.

તેણીએ તે પ્રમાણે જ કર્યું.

ગોશાળો ભ્રમણ કરતો તેણીના ઘરમાં પ્રવેશ્યો. તેને તે ખીર ખાંડ-ઘી આદિ નાંખીને ભિક્ષામાં આહાર્થે આપી.

ગોશાળાએ વિચાર્યુ કે અહીં માંસનો સંભવ કઈ રીતે રહે ? તેથી તેણે મળેલ આહાર સંતોષપૂર્વક ખાધો. જઈને બોલ્યો કે – તમારા નૈમિત્તિકપણું આજ સુધી ચાલ્યુ, આજે તુટી ગયું.

સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું – નિમિત કથનમાં ક્યાંય વિસંવાદ થયો નથી. જો તને વિશ્વાસ ન હોય તો વમન કર.

ગોશાળાએ વમન કરીને જોયું તો નખ, વિખરાયેલા મનુષ્ય-અવયવો આદિ જોયા. ત્યારે રોષાયમાન થઈ. તેણીનું ઘર શોધવા લાગ્યો. જો કે શ્રીમતી અને પિતૃદત્તે ઘરનું દ્વાર ફેરવી નાંખેલ હતું. તેથી ગોશાળો જાણી ન શક્યો કે તેનું ઘર



કયુ હતું.

ગોશાળો ત્યારે બુમો પાડવા લાગ્યો. તો પણ તેને તે ઘર ન મળ્યું. ત્યારે તે બોલ્યો – જો મારા ધર્માચાર્યનું તપ અને તેજ હોય તો આ બાહિરિકા આખી બળી જાઓ. બધું બળી ગયું.

ત્યારપછી ભગવંત હરિદ્રાક્ નામના ગામે ગયા. ત્યાં ઘણાં બધાં પ્રમાણમાં હરિદ્રક નામના વૃક્ષો હતા.

ત્યાં શ્રાવસ્તી નગરીથી નીકળી અને ત્યાં વસતિમાં પ્રવેશતા જાનપદ હતું, સાર્થનો નિવેશ હતો.

ભગવંત ત્યાં પ્રતિમા ધ્યાને સ્થિત રહ્યા.

તે સાર્થિકોએ રાત્રિના શીતકાળમાં અગ્નિ પ્રગટાવેલો હતો. તે ઉઘડતા પ્રભાતે ઉઠીને ગયા. તે અગ્નિ તેઓએ બુઝાવ્યો નહીં.

તે બળતો બળતો ભગવંતની પાસે પહોંચ્યો અને ભગવંતને ત્ અગ્નિ પરિતાપ પહોંચાડવા લાગ્યો.

ત્યારે ગોશાળો બોલ્યો – નાશો, આ અગ્નિ આવી રહ્યો છે ત્યારે ભગવંતના બંને પગ બળ્યા, ગોશાળો નાશી ગયો.

● **નિર્યુક્તિ-૪૮૦ :-**

***ત્યારપછી નંગલા ગામે બાળકો હતા. ગોશાળા દ્વાર આંખની વિકૃત ચેષ્ટા કરવી. આવર્ત્ત, મુખત્રાસ, પિશાચ, બહિર્બલદેવ.***

● **વિવેચન-૪૮૦ :-**

[વૃત્તિમાં આ રીતે પદો જ આપેલા છે, પદાર્થ જ્ઞાન કથા વડે –]

શેષ કથાનક - ત્યારપછી ભગવંત નંગલા નામના ગામે ગયા. ત્યાં વાસુદેવના ગૃહમાં (મંદિરમાં) પ્રતિમા ધ્યાને રહ્યા.

ત્યાં ગોશાળો પણ રહ્યો.

ત્યાં બાળકો રમતા હતા. ગોશાળાએ પણ કાંદર્પિક રૂપે તે બાળકોને આંખો બિહામણી કરી ડરાવવા લાગ્યો. ત્યારે બાળકો દોડવા લાગ્યા. દોડતાં પડવા લાગ્યા, ઘુંટણ ભાંગવા લાગ્યા. હાડકાં વગેરે એક એક ભાંગવા લાગ્યા. પછી તેમના માતા-પિતા આવ્યા અને તેમણે ગોશાળાને માર્યો.

પછી બોલ્યા કે – આ દેવાર્ય [ભગવંત] નો દાસ છે, તે સ્થાને સરખો રહેતો નથી, બીજાઓએ રોક્યા અને દેવાર્યને ખમાવ્યા.

પછી ગોશાળાએ ભગવંતને કહ્યું – મને મારતા હતા, તો પણ તમે તેમને કેમ ન વાર્યા ? [ત્યાં રહેલ] સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું – તું એકલો ક્યાંય રહેતો જ નહીં, નહીં તો અવશ્ય માર ખાઈશ.

ત્યાંથી ભગવંત આવર્ત્ત નામના ગામે ગયા.

ત્યાં પણ ભગવંત બલદેવના મંદિરમાં પ્રતિમાધ્યાને રહ્યા.

ત્યાં ગોશાળાએ વાંદરા જેવું મુખ કરીને બાળકોને બ્હીવડાવ્યા. ત્યાં પણ માર ખાધો. પછી તે બાળકોએ રોતારોતા જઈને માતા-પિતાને કહ્યું. તેઓએ પણ જઈને માર્યો પિશાચ છે એમ માનીને છોડી દીધો.

લોકો બોલ્યા કે — આને મારવાથી શો ફાયદો ? તેના કરતાં તેના સ્વામીને મારો કે જે આને રોકતા નથી.

ત્યારે તે બળદેવ પ્રતિમા હાથમાં હળ લઈને ઉભી થઈ ગઈ. ત્યારે લોકોએ પગે પડીને ભગવંતની ક્ષમા માંગી.

**● નિર્યુક્તિ-૪૮૧ :-**

***ચોરાક, મંડપ, ભોજ્ય, ગોશાળો, હનન, તેજ, દાહ, મેઘ, કાલહસ્તિ, કલંબુકામાં ઉપસર્ગ.***

**● વિવેચન-૪૮૧ :-**

[વૃત્તિકારશ્રીએ પણ આ રીતે પદો જ મૂકેલા છે. કથાનક આ રીતે]

ત્યારપછી ભગવંત ચોરાક નામના સંનિવેશમાં ગયા. ત્યાં ગોષ્ઠી સંબંધી ભોજન રંધાતુ અને પકાવાતું હતું. ત્યાં વીર ભગવંત પ્રતિમા ધ્યાને સ્થિત-રહ્યા.

ગોશાળો બોલ્યો — હવે અહીં વિચરીએ.

[ત્યાં રહેલ] સિદ્ધાર્થ વ્યંતર બોલ્યો — અમે અહીં જ રહીશું. ગોશાળો પણ ત્યાં નિકૃત્યને ઉત્કટતાથી અવલોકે છે કે દેશકાળ છે કે નહીં ?

તે સ્થાને ચોરનો ભય હતો. ત્યારે તે ગોષ્ઠીકોએ વિચાર્યુ કે — આ વારંવાર અવલોકે છે, કદાચ આ [ગોશાળો] ચોર હોય. ત્યારે તેને પકડીને અત્યંત માર્યો.

ભગવંતનો પ્રચ્છન્ન રહેલા હતા. ત્યારે ગોશાળો બોલ્યો કે — જો મારા ધર્માચાર્યનું જો તપ હોય તો આ મંડપ બળી જાઓ. તેના શ્રાપથી - x - મંડપ બળી ગયો - x -

પછી ભગવંત કલંબુકા નામના સંનિવેશે ગયા.

ત્યાં પ્રત્યન્તિક એવા બે ભાઈઓ - મેઘ અને કાલહસ્તી હતા. તે કાળહસ્તીએ ચોરની જેમ પકડવા દોડ્યો. મેઘે ભગવંતને પૂર્વે જોયેલા હતા. કાલહસ્તીએ પૂછ્યું — તમે બંને કોણ છો ? ભગવંત મૌન જ રહ્યા.

ત્યાં તે બંનેને કાલહસ્તીને માર્યા. તો પણ ભગવંત કંઈ ન બોલ્યા. ત્યારે તે બાંધીને મોટાભાઈ મેઘ પાસે મોકલ્યા. ભગવંતને જોઈને મેઘ ઉભો થઈ ગયો. ભગવંતને પૂજ્યા, ખમાવ્યા. કેમકે તેણે પહેલા કુંડગ્રામમાં ભગવંત વીરને જોયેલા હતા.

**● નિર્યુક્તિ-૪૮૨ :-**

***લાઢ દેશમાં ઘોર ઉપસર્ગો, પૂર્ણ અને કળશ બે ચોરો, શક્રએ વજ્રથી હણ્યા. ભદ્રિકા, ચાતુર્માસ, ચોમાસી તપ.***

**● વિવેચન-૪૮૨ :-**

[વૃત્તિકારશ્રીએ આ પ્રમાણે પદો જ નોંધ્યા છે. અર્થ કથા મુજબ]



શેષ કથાનક આ પ્રમાણે છે — પછી ભગવંત વિચારે છે કે — ઘણાં કર્મોની નિર્જરા કરવાની છે, લાઢ દેશમાં હું જઉં. ત્યાં તે અનાર્ય લોકો છે ત્યાં હું નિર્જરા કરીશ.

તે વિષયમાં લાવકનું દૃષ્ટાંત યાદ કરે છે. *[નિર્યુક્તિ દીપિકામાં આ દૃષ્ટાંત આપેલું છે, ત્યાં જોઈ શકાય]*

પછી ભગવંત ત્વરિત કર્મ નિર્જરા માટે લાઢ દેશમાં પ્રવેશ્યા. ત્યાં હીલના, નિંદના વડે ઘણાં કર્મોની નિર્જરા કરે છે. પછી ત્યાંથી નીકળે છે.

ત્યાં પૂર્ણ કળશ નામે અનાર્ય ગામ હતું. તેના માર્ગમાં બે ચોરો લાઢ દેશમાં પ્રવેશવાને ઈચ્છતા હતા. સાધુને જોઈને અપશુકન થયા જાણીને ભગવંતના વધને માટે વિચારી તલવાર ખેંચીને માથું વાઢી નાંખવા દોડ્યા. દેવરાજ શક્રએ અવધિજ્ઞાનના ઉપયોગથી તે જાણીને વજ્ર વડે તે બંનેને હણી નાંખ્યા.

એ પ્રમાણે વિચરતા ભદ્રિકા નગરી પહોંચ્યા.

ત્યાં પાંચમું ચોમાસુ કર્યુ. ત્યાં ચોમાસી તપ વડે રહ્યા અને સ્થાનાદિ વિચિત્ર તપોકર્મ કર્યા.

**● સૂત્ર-૪૮૩ :-**

***કદલિ સમાગમ, ભોજન, મંખલિ, દહીં-ભાત, ભગવંતનું પ્રતિમા ધ્યાન, જંબૂષંડ, ગોષ્ઠી ભોજન, ભગવંતની પ્રતિમા.***

**● વિવેચન-૪૮૩ :-**

[વૃત્તિકારશ્રીએ આ પદો જ મૂકેલા છે, અર્થ કથાનક આધારે —]

ત્યાંથી પારણું કરીને ભગવંત બહાર વિચરતા કદલી સમાગત નામે ગામે આવ્યા. ત્યાં શરદકાળમાં લાવક-ભોજનમાં દહીં-ભાત ઘણાં અપાતા હતા. ત્યારે ગોશાળાએ કહ્યું — ચાલો જઈએ.

(ત્યાં રહેલા) સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું — અમારે અભક્તાર્થ અર્થાત્ ભોજન ત્યાગ કે ઉપવાસ છે.

ગોશાળો ત્યાં ગયો. તેણે દહીં-ભાત ખાધા. પાત્ર નાનું હતું અને ઉપધિના સ્ફોટપણાથી ધારણ કરી શકાતું ન હતું.

તેઓએ કહ્યું — મોટું ભાજન કરવું જોઈએ ઈત્યાદિ ત્યારે તે દહીં-ભાત તેની ઉપર ફેંક્યા.

પછી ભગવંત જંબૂષંડ નામના ગામે ગયા. ત્યાં પણ લાવક ભોજન હતું. તે બધું પૂર્વવત્. વિશેષ ત્યાં દુધ અને ભાત [કૂરિયા] હતા. તેઓએ પણ તે જ રીતે ગોશાળાને કર્યુ.

**● નિર્યુક્તિ-૪૮૪ :-**

***તંબાકમાં નંદિષેણ આચાર્ય, પ્રતિમા, આરક્ષક પુત્ર, હનન, ભય, દહન, કૂવો, જાસુસ, મુક્તિ, વિજયા અને પ્રગલ્ભા, પ્રત્યેક.***

• **વિવેચન-૪૮૪ :-**

[વૃત્તિકારશ્રીએ આ રીતે જ પદો આપ્યા છે. પદાર્થ કથા વડે –]

ત્યારપછી ભગવંત તંબાક નામના ગામે આવ્યા.

ત્યાં નંદિષેણ નામે સ્થવિર, બહુશ્રુત, ઘણાં પરિવારવાળા, ભગવંત પાર્શ્વના સંતાનીય સાધુ [આચાર્ય] હતા. તેઓ પણ જિનકલ્પનું પરિકર્મ કરતા હતા.

ભગવંત પણ બહાર પ્રતિમા ધ્યાને રહેલા હતા.

ગોશાળો પૂર્વવત્ નંદિષેણ આચાર્યના શિષ્યો પાસે જાય છે, પૂછે છે અને ખિંસા [તિરસ્કારાદિ] કરે છે.

તે આચાર્ય ભગવંત તે દિવસે ચાર રસ્તે પ્રતિમા વડે સ્થિર રહેલા હતા. પછીથી ત્યાંના કોટવાળના પુત્ર વડે આચાર્યને ચોર છે તેમ માનીને ભાલા વડે હણ્યા. બાકી મુનિચંદ્રસૂરિવત્ જાણવું. યાવત્ ગોશાળો તેમના શિષ્યોને જગાડીને આવ્યો.

પછી ભગવંત કૂપિકા સંનિવેશ ગયા ત્યાં તે લોકોએ ભગવંતને [અને ગોશાળાને] જાસુસ માનીને પકડ્યા, બાંધ્યા અને માર્યા.

ત્યાં લોકો બોલવા લાગ્યા કે અહો ! દેવાર્ય રૂપ અને યૌવનથી અપ્રતિમ છે, તેમને જાસુસ માનીને પકડેલા છે.

ત્યાં વિજયા અને પ્રગલ્ભા બંને ભગવંત પાર્શ્વની અંતેવાસિની હતી, જેમણે પછીથી પરિવ્રાજિકાપણું સ્વીકારેલ હતું. તેઓએ લોકો પાસે સાંભળેલું કે – તીર્થંકરની દીક્ષા થઈ છે, તો આપણે જઈએ અને ત્યાં જોઈએ. કોણ જાણે ? કદાચ ભગવંત પણ હોય.

ત્યાં જઈને ભગવંતને મુક્ત કરાવ્યા અને કહ્યું – હે દુરાત્માઓ ! શું તમે જાણતા નથી કે આ છેલ્લા તીર્થંકર છે અને રાજા સિદ્ધાર્થના પુત્ર છે ? હવે તમને બંનેને શક્ર ઉપાલંભ આપશે. ત્યારે તેઓએ ભગવંતને મુક્ત કરી દીધા અને તેમની ક્ષમાયાચના કરી.

'પ્રત્યેક' એટલે પૃથક્ - પૃથક્, સ્વામી અને ગોશાળો.

તે બંને આગળ ચાલતા બે માર્ગો આવ્યા. ત્યારે ગોશાળો કહે છે કે – હું આપની સાથે આવીશ નહીં. કેમકે તમે, મને મારનારને રોકતા કે નિવારતા નથી. વળી આપની સાથે ઘણાં ઉપસર્ગો થાય છે અને બીજાએ પહેલાં મને મારે છે. તેથી હું એકલો જ વિચરીશ.

[ત્યાં રહેલાં] સિદ્ધાર્થ વ્યંતરે [ભગવંતને બદલે] જવાબ આપ્યો કે તું જાણ. ત્યારે ભગવંત વિશાલામુખ તરફ ચાલ્યા.

ગોશાળો ભગવંતને છોડીને બીજે ચાલ્યો. માર્ગમાં ભાંગેલ રસ્તો આવ્યો. ત્યાં ચોરો વૃક્ષ વળગીને અવલોકતા હતા. તેમણે જોયા અને બોલ્યા કે કોઈ એક નગ્ન શ્રમણ આવે છે.

તેઓ બોલ્યા કે – આ બીતો નથી, કંઈ હરણ કરવા યોગ્ય પણ નથી, તેથી



તેને પીડવો નહીં ઈત્યાદિ

• **નિર્યુક્તિ-૪૮૫ :-**

***ચોર વડે માર્ગમાં ગોશાળો પકડાયો. મામો-મામો કરીને માર્યો. ભગવંત વૈશાલીમાં, કર્મકાર, ઘણ વડે દોડવું, દેવેન્દ્રનું આવવું.***

• **વિવેચન-૪૮૫ :-**

[વૃત્તિકારશ્રીએ આ રીતે પદો જ મૂક્યા છે, પદાર્થ કથાનુસાર જાણવો.]

માર્ગમાં ૫૦૦ ચોરો મળ્યા, ગોશાળાને માર્યો. "આ તો મામો છે - મામો" એમ કહીને ચીડવ્યો. ત્યારે ગોશાળો વિચારે છે કે – આના કરતા તો ભગવંત સાથે જ વિચરવું સારું. કેમકે ભગવંતને તો કોઈક પણ છોડાવશે. ત્યાં નિશ્ચે મુક્તિ થશે - કોઈક છોડાવશે. ત્યારે ભગવંતને શોધવાનું તેણે આરંભ કર્યો - શરું કરી દીધું.

ભગવંત પણ વૈશાલી ગયા. ત્યાં કર્મકરશાળામાં અનુજ્ઞા લઈને પ્રતિમા ધ્યાને રહ્યા. તે શાળા જન સાધારણની સ્વાધીન હતી. ત્યાં તેમને રહેવા માટેની અનુજ્ઞા પ્રાપ્ત થઈ હતી.

કોઈ દિવસે ત્યાં કોઈ કર્મકર છ માસથી બિમાર હતો. તે સાજો થઈને આવ્યો. પ્રશસ્ત તિથિ અને કરણમાં આયુધો લઈને આવેલો, તેણે ભગવંતને જોવા તેથી અમંગલ થશે એમ માનીને ભગવંતને ઘણ લઈને મારવા દોડ્યો. તે વખતે દેવેન્દ્ર શક્રએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. જેટલામાં શક્ર જુએ છે, તેટલામાં તે લુહાર ઘણી નજીક આવી ગયો. શક્રએ તુરંત જે તેના ઉપર ઘણને સાધ્યુ, લુહાર તુરંત જ મૃત્યુ પામ્યો.

ત્યારપછી શક્ર ભગવંતને વાંદીને ગયો.

• **નિર્યુક્તિ-૪૮૬ :-**

***ગ્રામાક, બિભેલકયક્ષ, તાપસી, ઉપશમ થતા સ્તુતિ, છટ્ઠ વડે શાલિશીર્ષે, વિશુદ્ધ્યમાન લેશ્યાથી લોકાવધિ જ્ઞાન.***

• **વિવેચન-૪૮૬ :-**

ત્યારપછી ભગવંત ગ્રામાક નામના સંનિવેશે ગયા. ત્યાં બિભિતક નામના ઉધાનમાં બિભેલક નામે યક્ષ હતો. તેણે પ્રતિમા ધ્યાને રહેલા ભગવંતને મહિમા કર્યો [પૂજાદિ કિર્યા.]

ત્યાંથી ભગવંત શાલિશીર્ષ નામના ગામે ગયા. ત્યાં ઉધાનમાં પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યારે માઘ મહિનો વર્તતો હતો.

ત્યાં કટપૂતના નામે વ્યંતરી હતી. તેણીએ ભગવંતને જોયા. ભગવંતના તેજને સહન ન કરતી એવી તે પછી તાપસી રૂપ વિકુર્વીને આવી. વલ્કલના વસ્ત્રો ધારણ કર્યા. જટામાં ભરેલા પાણી વડે ભગવંતના સમગ્ર શરીર ઉપર પાણીનો છંટકાવ કરે છે, પછી ત્યાં રહીને વાયુ વિકુર્વે છે તે ઠંડા વાયુ અને ઠંડા પાણીથી બીજો કોઈ હોત તો ભાગી ગયો કે થીજી ગયો હોત.

ભગવંત તે વેદનાને સહન કરતા-કરતા વિકસિત અવધિ માફક લોકને જોવાને આરંભ કર્યો. બાકીના કાળમાં ગર્ભથી આરંભીને આવલિશીર્ષ સુધી, અગિયાર અંગ અને સુરલોક પ્રમાણ માત્ર અવધિ હતું ઈત્યાદિ - x - પણ હવે લોકાવધિજ્ઞાન પ્રગટ થયું.

ત્યારપછી તે વ્યંતરી પણ હારી-થાકીને પછી ઉપશાંત થઈને ભગવંતની પૂજા અને મહિમા કરે છે.

● **નિર્યુક્તિ-૪૮૭ :-**

***ફરી પણ ભદ્રિકા નગરમાં વિચિત્ર તપ અને છઠ્ઠું ચોમાસું મગધમાં નિરૂપસર્ગ મુનિએ ઋતુબદ્ધ વિહાર કર્યો.***

● **વિવેચન-૪૮૭ :-**

ત્યારપછી ભગવંત ભદ્રિકા નામની નગરીએ ગયા. ત્યાં છઠ્ઠ વર્ષાવાસ અર્થાત્ ચોમાસુ કર્યું.

ત્યાં ચોમાસામાં ગોશાળા સાથે સમાગમ થયો. ભગવંતને છ માસ પછી ગોશાળો ત્યાં ભેગો થયો હતો.

ભગવંતે ત્યાં ચોમાસી તપ અને વિચિત્ર અભિગ્રહો કર્યા તથા સ્નાનાદિ આસને ભગવંત રહ્યા.

પારણું કર્યા પછી બહાર મગધદેશમાં વિચરતા ઉપસર્ગ રહિતપણે ઋતુબદ્ધિક-માસ માસ વિહારો કર્યા. વિચારીને –

● **નિર્યુક્તિ-૪૮૮ :-**

***આલભિકામાં ચોમાસુ, કુંડાગમાં, દેવકુળમાં પરાંગમુખ, મર્દનગામ, દેવકુળસારક, મુખમૂલે, બંને પણ મુનિ.***

● **વિવેચન-૪૮૮ :-**

આલંભિકા નગરી હતી. ત્યાં ભગવંત સાતમું ચોમાસુ રહ્યા. ત્યાં ભગવંતે ચોમાસી તપ વડે તપ કર્યો. પારણું કર્યા પછી બહાર કુંડાક નામના કોઈ સંનિવેશ હતું, ત્યાં ગયા.

ત્યાં વાસુદેવના મંદિરમાં ભગવંત, એક ખૂણામાં પ્રતિમા ધ્યાને રહ્યા. ગોશાળો પણ વાસુદેવ પ્રતિમાના મુખમાં લિંગ રાખીને રહ્યો.

ત્યાં મંદિરના પરિચારક-સેવકો આવ્યા. તેને તે સ્વરૂપે રહેલો જોયો. ત્યારે તેઓ વિચારે છે, રાગદ્વેષવાન્ ધાર્મિક હોવાથી કંઈ બોલ્યા નહીં. પણ ગામમાં જઈને કહે છે – જુઓ આ રાગવાળાને જુઓ.

ગામલોકો મંદિરે આવ્યા. ગોશાળાને તે સ્વરૂપે જોયો, તેને માર્યો. પછી બાંધી દીધો. કોઈએ કહ્યું – આ પિશાચ છે. એટલે છોડી દીધો.

ત્યાંથી નીકળીને તે બંને મર્દના નામક ગામે ગયા. ત્યાં બળદેવનું મંદિર હતું. ભગવંત ત્યાં એક ખૂણામાં પ્રતિમા ધ્યાને રહ્યા.





ગોશાળો પૂર્વવત્ તેનું લિંગ નાખીને રહ્યો. ત્યાં પણ તેને તે જ રીતે માર પડ્યો. મુણિત [૧૧૮] છે એમ સમજી છોડી દીધો.

● **નિર્યુક્તિ-૪૮૯ :-**

***બહુશાલક વન, કટપૂતના, પ્રતિમા, વિઘ્ન કરણ ્ પશમ, લોહાર્ગલમાં જાસુસ, જિતશત્રુ, ઉત્પલ, મોક્ષ.***

● **વિવેચન-૪૮૯ :-**

ત્યારપછી ભગવંત બહુશાલક નામે ગામમાં ગયા. ત્યાં શાલવન નામે ઉધાન હતો. ત્યાં શાલાર્ય વ્યતરી હતી. તે ભગવનની પૂજા કરે છે.

બીજા આચાર્યો કહે છે – જેમ તે કટપૂતના વ્યંતરીએ પ્રતિમા ધ્યાને રહેલા ભગવંતને ઉપસર્ગ કર્યો હતો, તેમ શાલાર્યાએ પણ કર્યો. તેણી ઉપશાંત થતા ભગવંતનો મહિમા કરે છે.

ત્યાંથી નીકળીને ભગવંત લોહાર્ગલા રાજધાનીએ ગયા. ત્યાં જિતશત્રુ નામે રાજા હતા. તે બીજા રાજા સાથે વિરુદ્ધમાં હતો. તેમના ચર પુરુષોએ ભગવંતને જાસુસ માની પકડ્યા. તેઓએ કોણ છો ? તેમ પૂછવા છતાં ભગવંતે કંઈ ઉત્તર ન આપ્યો. ત્યારે તેમને જાસુસ માનતા રાજાએ ભગવંત અને ગાશાળાને બંનેને કેદખાનામાં નાંખી દીધા.

ત્યાં ઉત્પલ, અસ્થિક ગ્રામથી આવ્યો. તે પહેલાંથી ભગવંતનો પરીચિત હતો. તેણે ભગવંત અને ગોશાળાને બાંધીને લવાયેલા જોઈને ઉભો થયો. ત્રણ વખત વંદના કરી, પછી તે કહે છે –

આ જાસુસ નથી. આ સિદ્ધાર્થ રાજાના પુત્ર અને ધર્મવર ચક્રવર્તી એવા ભગવંત છે, આમના લક્ષણો તો જુઓ.

ત્યાર લોહાર્ગલે સત્કાર કરીને તેમને છોડી મૂક્યા.

● **નિર્યુક્તિ-૪૯૦ :-**

***ત્યારપછી પુરિમતાલમાં, વગ્ગુર શેઠ, ઈશાનેન્દ્ર, પ્રતિમાની પૂજા, મલ્લીજિનનું જિનાલય, પ્રતિમા, ઉન્નાક સંનિવેશ, બહુગોષ્ઠી.***

● **વિવેચન-૪૯૦ :-**

ત્યારપછી ભગવંત પુરિમતાલમાં ગયા. ત્યાં વગ્ગુર નામે એક શ્રેષ્ઠી હતો. તેને ભદ્રા નામે પત્ની હતી. તે વંધ્યા હોવાથી કોઈ બાળકને તેણીએ પ્રસવ આપેલો ન હતો, તે માત્ર પોતાના ઘુંટણ અને કોણીની જ માતા હતી. ઘણાં દેવો પાસે યાચના કરીને થાક્યા હતા.

અન્ય કોઈ દિવસે શકટમુખ ઉધાનમાં તે બંને દંપતી ઉધાનિકા માટે ગયા. ત્યાં તેઓએ જીર્ણ દેવકુળને જોયું, જે સડેલ-પડેલ જેવી સ્થિતિમાં હતું. ત્યાં મલ્લિનાથ સ્વામીની પ્રતિમા હતી.

ત્યાં બંનેએ નમસ્કાર કરી યાચના કરતા કહ્યું કે – જો અમોને કોઈ પુત્ર

કે પુત્રીનો જન્મ થશે તો અમે આ દેવકુલને નવીની કરણ કરાવીશું. અહીંના ભક્ત બનીશું. એ પ્રમાણે નમીને ગયા.

ત્યાં નીકટમાં રહેનારા વ્યંતર દેવતાએ પ્રાતિહાર્ય કરતાં તેણીને ગર્ભ ઉત્પન્ન થયો. જેવા ગર્ભની ઉત્પત્તિના સમાચાર જાણ્યા કે તુરંત દેવકુળ કરવાનું શરૂ કર્યુ. ત્રણે સંધ્યા ખૂબ જ પૂજા કરે છે. પર્વ ત્રિકમાં પણ વિશેષ આશ્રય કરે છે. એ પ્રમાણે તે શ્રાવક થયા.

આ તરફ ભગવંત નગરના શકટ મુખ ઉદ્યાનની મધ્યે પ્રતિમાધ્યાને રહ્યા. તે વલ્ગુર સ્નાન કરી, ભીનું વસ્ત્ર પહેરી, પરિજનો સહિત, મોટી ઋદ્ધિ સહિત, હાથમાં વિવિધ પુષ્પો લઈને, તે મલ્લીનાથ પ્રભુના આયતને પૂજા કરવાને માટે કાઠથી જઈ રહ્યો છે.

દેવેન્દ્ર ઈશાન પણ પૂર્વે આવીને ભગવંત મહાવીરની પર્યુપાસના કરી રહ્યો છે. વલ્ગુર ત્યાંથી પસાર થતો જુએ છે. ત્યારે કહે છે –

ઓ વલ્ગુર! તું પ્રત્યક્ષ તીર્થંકરનો મહિમા-પૂજાદિ કરતો નથી અને પ્રતિમાની પૂજા કરવા જઈ રહ્યો છે ? આ ભગવંત મહાવીર વર્ધમાનસ્વામી અહીં સાક્ષાત્ ઉભા છે. ત્યારે વલ્ગુર ત્યાં આવ્યો. ''મિચ્છા મિ દુક્કડં'' દઈ, ક્ષમા યાચના કરી, ભગવંતો મહિમા કરે છે.

ત્યારપછી ભગવંત ઉર્ણાક ગામે ગયા.

આ વખતે માર્ગમાં કોઈ વર-વહુ સામેથી આવતા હતા. વળી તે બંને વિરૂપ-બહાર નીકળેલ દાંતવાળા હતા.

તેમને જોઈને ગોશાળો બોલ્યો – અહો ! આ તો ખરેખર સંયોગ છે - વિધિરાજ પણ કેવો કુશળ છે કે દૂરદૂર રહેતા હોય તેને પણ જાણે છે. જે જેને માટે યોગ્ય હોય તે તેને આપી દે છે.

હજી તો આટલું કહ્યું તેટલામાં તે પીટાયો. તેને મારીને વાસના કુડંકમાં નાંખી દીધો. ત્યાં પડેલ કોઈ શરણ કે રક્ષણ વિનાનો રહ્યો.

ભગવંત તેની રાહ જોતા ઉભા રહ્યા, ત્યારે તે [ત્યાં પડ્યો પડ્યો] ભગવંતને સાદ કરે છે. તે વખતે સિદ્ધાર્થ વ્યંતર કહે છે – આ પીડા તે જાતે જ વહોરેલી છે. સ્વામી દૂર તેની રાહ જોતા હોવાથી. પછી તે લોકો વિચારે છે કે – નક્કી આ દેવાર્યનો પીઠિકાવાહક અથવા છત્રધર હોવો જોઈએ, તેથી જ આ દેવાર્ય તેની રાહજોતાં ઉભા રહ્યા છે. તેથી આને છોડી મૂકો. એમ વિચારી તેને મુક્ત કર્યો - છોડી મૂક્યો.

બીજા આચાર્યો કહે છે – ભગવંતને રાહ જોતા ઉભેલાં જોઈને ત્યાં માર્ગમાં જતા મુસાફરો અને તેને વાંસ કુંડકથી બહાર કાઢ્યો.

**• નિર્યુક્તિ-૪૯૧ :-**

***ગોભૂમિ, વજલાઢ, ગોપનો કોપ, વંશી, જિનોપશમ, રાજગૃહીમાં આઠમું ચોમાસુ, વજભૂમિમાં ઘણાં ઉપસર્ગો.***



**• વિવેચન-૪૯૧ :-**

[વૃત્તિકારશ્રીએ આ રીતે જ પદો મૂક્યા છે, પદાર્થ કથાનુસાર જાણવા.]

ત્યારપછી ભગવંત ગોભૂમિ જતા હતા.

ત્યારે માર્ગમાં ઘન અટવી આવી. ત્યાં સદા ગાયો ચરતી હતી તેથી તેને ગોભૂમિ - ગોચરભૂમિ કહે છે.

ત્યારે ગોશાળો ગોવાળોને કહે છે – અરે વજલાઢા ! આ માર્ગ ક્યાં જાય છે ? વજલાઢ એટલે મ્લેચ્છો.

ત્યારે તે ગોવાળો કહે છે – શા માટે તું આક્રોશ કરે છે ?

ત્યારે ગોશાળો કહે છે – ઓ અસૂયપુત્રો !, ક્ષૌર પુત્રો ! હું યોગ્ય રીતે આક્રોશ કરું છું. ત્યારે તે ગોવાળોએ ભેગા થઈને ગોશાળાને માર્યો અને પછી બાંધીને વાંસની જાળીમાં ફેંકી દીધો. ત્યારે ભગવંતનો ઉપશમભાવ જોઈને ત્યાં બીજાઓએ ફરી પણ ત્યાંથી છોડાવ્યો.

ત્યાંથી ભગવંત અને ગોશાળો રાજગૃહીમાં ગયા. ત્યાં ભગવંતે આઠમું ચોમાસુ કર્યુ. ત્યાં ચોમાસી તપ કર્યો. વિવિધ અભિગ્રહો કર્યા. પછી પારણું કરીને ત્યાંથી શરદઋતુમાં બહાર વિહાર કર્યો.

'અસુયપુત્ર' શબ્દનો એક અર્થ જેના પિતાની ખબર નથી તેવાના પુત્રો કરેલ છે. [આ એક હલકો શબ્દ છે.]

સ્વમતિથી દૃષ્ટાંત કરે છે – એક કૌટુંબિકને ઘણાં શાલિ થયા. ત્યારે તે પથિકોને કહે છે – આપને ઈચ્છા પ્રમાણેનું ભોજન હું આપીશ. પણ મને તમે આ શાલી લણવામાં મદદ કરો. એ પ્રમાણેના ઉપાયથી લણણી કરે છે.

એ પ્રમાણે મારે પણ ઘણાં કર્મો બાકી છે. તેથી આ લાવકોની મદદ વડે હું નિર્જરા કરું. [એમ વિચારી ભગવંત] પછી તે અનાર્ય દેશમાં લાઢા વજભૂમિ અને શુદ્ધ ભૂમિ હતી, ત્યાં વિચર્યા. તે અનાર્યો એ તેની ઘણી જ હીલણા અને નિંદા કરી. જેમકે – કુતરાને છુ-છુ કરીને શ્રમણને કરડાવતા ઈત્યાદિ.

ત્યાં નવમું ચોમાસુ કર્યુ.

તે ચોમાસુ અસ્થિર હતું. વસતિ પણ મળતી ન હતી. ત્યાં છ માસ સુધી અનિત્ય જાગરિકાથી વિચર્યા. એ પ્રમાણે નવમું ચોમાસુ.

**• નિર્યુક્તિ-૪૯૨ :-**

***અનિયત વાસ, સિદ્ધાર્થપુર, તલનો છોડ, પૃચ્છા, નિષ્પત્તિ, તે અનાર્ય ગોશાળા દ્વારા છોડ ઉખેડી નાંખવો, બહુલામાં ચોમાસુ.***

**• વિવેચન-૪૯૨ :-**

[વૃત્તિકારશ્રીએ આમ જ પદો મૂક્યા છે. પદાર્થ કથાનકથી જાણવો.]

ત્યાંથી નીકળી ભગવંત પહેલી શરદઋતુમાં સિદ્ધાર્થપુર ગયા. તે સિદ્ધાર્થપુરથી બંને કૂર્મ ગ્રામ જવા નીકળ્યા.

ત્યાં માર્ગમાં એક તલનો છોડ હતો. તે જોઈને ગોશાળાએ પૂછ્યું – ભગવન્ ! આ તલનો છોડ ઉગશે કે નહીં ઉગે ?

ભગવંતે કહ્યું – તે જરૂર ઉગશે - નિષ્પન્ન થશે. આમાં તલપુષ્પના સાત જીવો છે, તે ઉપદ્રવીને એક જ તલના સાઠામાં ફરી ઉત્પન્ન થશે.

ત્યારે ગોશાળાને તે વાતની શ્રદ્ધા ન થઈ. તેથી તેણે તે છોડને મૂળ સહિત જમીનમાંથી ખેંચી લઈને એકાંતમાં ફેંકી દીધો.

તે વખતે ત્યાં આસપાસમાં રહેલા વ્યંતર દેવોએ ભગવંત મૃષાવાદી ન થાઓ, એમ વિચારીને તે સ્થાને વરસાદ વરસાવ્યો. ભૂમિ આશ્વસ્ત કરી. ત્યાં ઘણી જ ગાયો આવી ગઈ. તે ગાયની ખૂર વડે, તે ફેંકાયેલા છોડ ફરી જમીનમાં સ્થાપિત થઈ ગયો. પુષ્પો પણ આવ્યા.

**● નિર્યુક્તિ-૪૯૩ :-**

***મગધ, ગોબ્બરગામ, ગોશંખી, વૈશિક, પ્રાણામા, કુર્મગ્રામ, આતાપના, ગોશાળો, ગોવન, પ્રદ્વેષ થયો.***

**● વિવેચન-૪૯૩ :-**

[વૃત્તિકારશ્રી આ રીતે જ પદો નોંધે છે, પદનો અર્થ કથાથી જાણવો.]

ત્યારપછી ભગવંત અને ગોશાળો કૂર્મ ગ્રામે પહોંચ્યા.

ત્યાં બહાર વૈશ્યાયન નામનો કોઈ બાલ તપસ્વી આતાપના લઈ રહ્યો હતો. આ વૈશ્યાયનની ઉત્પત્તિ શું છે ?

ચંપા નગરીમાં અને રાજગૃહના અંતરાલમાં ગોબર ગ્રામ હતું. ત્યાં ગોશંખી નામે એક કૌટુંબિક વસતો હતો. તે ત્યાંના આભીરોનો અધિપતિ હતો. તેને બંધુમતિ નામે પત્ની હતી. તેણે બાળકને પ્રસવ્યો.

આ તરફ તેની નજીક ચોરોએ ગામ ભાંગ્યુ, ત્યાં કોઈ પુરુષને મારીને બંદી બનાવીને ત્યાંથી ચોરો અન્યત્ર ભાગી ગયા. એક તુરંતની પ્રસૂતા, પતિને મારીને બાળક સહિત પકડી લીધી. તેણીએ તે બાળક તજી દીધો.

તે બાળક, તે ગોશંખીએ જતાં-જતાં જોયો, પકડીને પોતાની સ્ત્રીને આપી દીધો. ત્યાં એવું જાહેર કર્યુ કે – મારી સ્ત્રી ગૂઢ ગર્ભા હતી. ત્યાં કોઈ છગલક-બોકડાને મારીને લોહી ગંધ કરીને પ્રસૂતિનો દેખાવ કર્યો. તેને યોગ્ય જે કંઈ કર્તવ્યો કરવા જોઈએ તે કર્યા.

ત્યારપછી તે બાળખ મોટો થવા લાગ્યો. તેની માતાને પણ કોઈએ ચંપામાં વેંચી દીધી. તેણીને કોઈ સ્થવિરા વૈશ્યાએ ખરીદી લીધી. આ મારી પુત્રી છે, એમ બતાવીને રાખી. ત્યારપછી જે ગણિકાના ઉપચાર હોય, તે બધાં તે સ્ત્રીને શીખવી દીધા. તેણી ત્યાં નિર્ગત નામે ગણિકા થઈ.

તે ગોશંખીપુત્ર તરુણ થયો. ઘીના ગાડાં ભરીને ચંપા નગરીમાં ગયો મિત્રો આદિ સાથે હતા. તેણે ત્યાં જોયું કે નગરજનો ત્યાં ઈચ્છા મુજબ અભિરમણ કરતાં હતા. તેને પણ એવી ઈચ્છા થઈ કે – હું પણ તેમ રમણ કરું.



તે ત્યાં વૈશ્યાના પાળામાં ગયો. ત્યાં તે જ પોતાની માતાને ઉચિત મૂલ્ય આપી, સંધ્યાકાળે સ્નાનાદિ કરી જાય છે.

તે તરફ જતાં માર્ગમાં વીષ્ઠા વડે તેનો પગ લેપાયો. તે જાણતો ન હતો કે કોના વડે પગ લેપાયો છે. પરંતુ આ અવસરે તેના કુળદેવતાને થયું કે આ યુવાન અકૃત્ય ન આચરી બેસે માટે તેને બોધ પમાડું.

ત્યારે કુલદેવતાએ ત્યાં વાછરડા સહિતની ગાયની વિકુર્વણા કરી અને ત્યાં રહ્યા. ત્યારે તે ગોશંખીપુત્રએ તેવા પગ વડે વાછરડાને સ્પર્શ કર્યો.

ત્યારે તે વાછરડો બોલ્યો કે – હે માતા ! આ કેમ મને વીષ્ઠા વડે લેપાયેલા ગંદા પગથી સ્પર્શ કરે છે ?

ત્યારે તે ગાયે મનુષ્યની વાણીમાં જવાબ આપ્યો કે – હે પુત્ર ! તું શા માટે અધૃતિ કરે છે ? આ અત્યાર તેની પોતાની માતાને જ ભોગવવા જઈ રહ્યો છે. તેથી તેનું આવા પ્રકારનું કૃત્ય ક્ષમાને યોગ્ય છે. [જે પોતાની માતાને ભોગવે] તે બીજા કયા કયા પાપો કે અકૃત્યો ન કરે ?

ત્યારે તે સાંભળીને તેને ચિંતા ઉત્પન્ન થઈ કે ''જઈને હું પુછું.'' પછી તે વૈશ્યાના ઘેર જઈને તેણીને તેની ઉત્પત્તિ પૂછે છે ? ત્યારે તે વૈશ્યા ગોશંખીપુત્રને પૂછે છે તારી ઉત્પત્તિ બોલને. એમ કહીને સ્ત્રીના હાવભાવોને પ્રગટ કરે છે. ત્યારે ગોશંખીપુત્ર કહે છે – હું તને બીજા આટલા જ મૂલ્યો આપીશ. તેથી જે સાચું હોય તે મને જણાવ. સોગંદ આપીને બધું કહ્યું.

ત્યારે તે યુવાન ત્યાંથી નીકળીને પોતાના ગામે ગયો. માતાપિતાને પૂછે છે [કે સત્ય શું છે ?] માતા-પિતા કંઈ ઉત્તર આપતા નથી. ત્યારે તેણે માતાપિતા ન કહે ત્યાં સુધી ખાવાનું છોડી દીધું.

ત્યારપછી તે પોતાની માતાને વૈશ્યા પાસેથી છોડાવી લાવ્યો. પછી તેને વૈરાગ્ય જન્મ્યો કે વિષયરાગની આવી અવસ્થા છે. તેથી પ્રાણામી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીને રહેલો છે. આ તેની ઉત્પત્તિ.

વિચરતો એવો તે, તે કાળે કૂર્મ ગ્રામમાં આતાપના લઈ રહ્યો છે તેની જટામાં ઘણી જૂં હતી, સૂર્યના તાપથી તપીને પડતી હતી. જીવના રક્ષણને માટે તે પડેલી 'જૂં'ને પોતાના માથામાં મૂકી દેતો હતો.

ગોશાળાએ જ્યારે જોયું, ત્યારે ત્યાંથી સરકીને તુરંત વૈશ્યાયન પાસે પહોંચ્યો. ત્યાં જઈને તેને પૂછ્યું કે – 'જૂં'ની પથારી જેવા તમે શું મુનિ છો, દીક્ષિત છો કે પછી પીશાચ છો ? અથવા શું તમે સ્ત્રી છો કે પુરુષ ? આ પ્રમાણે બે, ત્રણ વખત વૈશ્યાયનને આમ પૂછ્યું.

ત્યારે રોષાયમાન થયેલા વૈશ્યાયને તેજ [તેજોલેશ્યા] મૂકી. તે વખતે ગોશાળાની અનુકંપાને માટે વૈશ્યાયન તાપસની ઉષ્ણ તેજોલેશ્યાના પ્રતિ સંહરણને માટે તેટલામાં

જ ભગવંતે શીતલ તેજોલેશ્યા મૂકી.

તે તેજોલેસ્યા જંબૂદ્વીપને અંદરથી વીંટે ચે, જ્યારે શીતલા તેજોલેશ્યા તે તેજોલેસ્યાને બહારથી વીંટે છે. તે ઉષ્ણ તેજોલેશ્યા ત્યાં જ શીતલા તેજોલેશ્યા વડે ઓલવાઈ ગઈ.

ત્યારે ભગવંતની આવી ઋદ્ધિ [લબ્ધિ] જોઈને વૈશ્યાયન બોલ્યો હે ભગવન્ ! મેં આપની ઋદ્ધિ જાણી, ભગવન્ ! મેં આપની ઋદ્ધિ જાણી. મને ખબર નહીં કે આ આપનો શિષ્ય છે, આપ મને ક્ષમા કરો.

ત્યારે ગોશાળાએ ભગવંતને પૂછ્યું કે હે સ્વામી ! આ ‘જૂ’ નો સજ્જાતર શું કહે છે ? ભગવંતે બધી વાત કહી, ત્યારે ડરી ગયેલા તેણે પૂછ્યું – આ સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા કઈ રીતે થાય ?

ભગવંતે કહ્યું – હે ગોશાળા ! નિરંતર છટ્ઠને પારણે છટ્ઠ કરી, આતાપના લેવામાં આવે, પારણામાં નખે ચડે તેટલા અડદના બાકુળા ખાવામાં આવે અને એક ખોલો પ્રાસુક પાણી લઈને નિર્વાહ કરવાથી છ માસમાં તે સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય છે.

અન્યદા ભગવંત કૂર્મગ્રામથી સિદ્ધાર્થપુર જવા નીકળ્યા. ફરી પણ તલનો છોડ નજીકમાં જ જતાં-જતાં જોયો. ગોશાળાએ ભગવંતને પૂછ્યું કે આ કંઈ રીતે નિષ્પન્ન થયો ? ભગવંતે જણાવ્યું કે – તે કઈ રીતે નિષ્પન્ન થયો. આ પ્રમાણે વનસ્પતિ જીવોનો પરાવર્ત્ય પરિહાર-શરીરમાં ઉત્પત્તિ થાય.

ગોશાળાને તે વાતની શ્રદ્ધા ન થતાં જઈને તે તલના છોડીને તોડીને વિદાર્યો, હાથમાં તલ લીધા, ગણીને સાત તલ જ થતાં બોલ્યો – આ પ્રમાણે બધાં જીવો પણ પરાવર્ત થઈને પરિવર્તે છે. પોતે માનેલા નિયતિવાદને ગાઢપણે અવલંબિત કરે છે.

ભગવંતે જે ઉપદેશ કરેલો કે જે રીતે સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા ઉત્પન્ન થાય છે, તે માટે પછી ભગવંતથી છૂટો પડીને શ્રાવસ્તીમાં કુંભારની શાળામાં રહીને તેજોલેશ્યા માટે આતાપનાદિ વિધિ કરે છે. છ માસ થતાં તેને તેજોલેશ્યાની ઉત્પત્તિ થઈ. કૂવા કાંઠે દાસીને બાળી નાંખી.

ત્યારપછી ગોશાળા પાસે છ દિશાચરો આવ્યા. તેઓ નિમિત્ત જોઈને કથન કરી શકતા હતા. એ પ્રમાણે તે ગોશાળો અજિન હોવા છતાં પોતાને ‘જિન’ કહીને વિચરવા લાગ્યો. આ તેની વિભૂતિ થઈ.

• નિર્યુક્તિ-૪૯૪ :-

***વૈશાલીમાં પ્રતિમાધ્યાન, શંખ ગણરાજા તેના પિતાનો મિત્ર. ગંડિકાનદી પાર ઉતરવી, ચિત્રનું નાવથી ગમન, રાજાની બેનનો પુત્ર.***

• વિવેચન-૪૯૪ :-

[વૃત્તિકારશ્રીએ આ રીતે જ પદો નોંધ્યા છે, તેનો અર્થ કથા વડે –]

ભગવંત પણ વૈશાલી નગરી ગયા. ત્યાં પ્રતિમા ધ્યાને રહ્યા. પિશાચરૂપ કરી



ડિંભે સ્ખલના કરી. ત્યાં શંખ નામે ગણરાજા હતા. તે રાજા સિદ્ધાર્થના મિત્ર હતા. તેણે ભગવંતને પૂજેલા.

પછી ભગવંત વાણિજ્યગ્રામ ગયા. ત્યાં માર્ગમાં ગંડિકા નદી આવી. તે ભગવંત નાવ વડે ઉતર્યા. તે નાવિકે ભગવંત પાસે ભાડુ માંગ્યુ. એ પ્રમાણે પીડા કરવા લાગ્યો.

ત્યાં શંખરાજાનો ભાણે જ ચિત્ર નામે હતો, તે દૂત કાર્ય માટે જતો હતો. ભાવ લઈને ત્યાંથી નીકળ્યો. ત્યારે તેણે ભગવંતને છોડાવ્યા અને તેમની પૂજા પણ કરી. પછી ભગવંત વાણિજ્યગ્રામ ગયા.

• નિર્યુક્તિ-૪૯૫ :-

***વાણિજ્યગ્રામ ગયા, આનંદશ્રાવક, અવધિજ્ઞાની, પરીષહ સહેવા, શ્રાવસ્તીમાં વાસ, વિચિત્ર તપ, સાનુલષ્ટિની બહાર.***

• વિવેચન-૪૯૫ :-

ભગવંત વાણિજ્યગ્રામની બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યાં આનંદ નામે શ્રાવક હતો. છટ્ઠ-છટ્ઠનો તપ કરી આતાપના લેતો હતો. તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. જેવા તીર્થંકર ભગવંતને જોયા કે તુરંત વંદના કરીને કહ્યું –

અહો ! ભગવંત ! આપે ઘણાં પરીષહો સહન કર્યા. આટલા કાળમાં આપને કેવળજ્ઞાન ઉત્પન્ન થશે, પછી પૂજા કરી.

ત્યારપછી ભગવંત શ્રાવસ્તી ગયા. ત્યાં દશમું ચોમાસુ કર્યુ અને સ્થાનાદિ વિચિત્ર તપોકર્મ કર્યા.

ત્યાંથી સાનુલષ્ઠી ગામે ગયા. ત્યાં ભદ્ર પ્રતિમા આરાધી. આ ભદ્ર પ્રતિમા કેવી ? દિવસના પૂર્વમુખ થઈને રહે, પછી રાત્રિમાં દક્ષિણમુખ થઈને, દિવસના પશ્ચિમ મુખ અને રાત્રિના ઉત્તરમુખ થઈને રહે. એ પ્રમાણે છટ્ઠ તપ વડે પૂર્ણ કરે. પછી પણ પારતા નથી. પાર્યા વિના જ મહાભદ્ર પ્રતિમા કરે છે. તેમાં પૂર્વ દિશામાં અહોરાત્ર ધ્યાન કરે, એ પ્રમાણે ચારે પણ દિશામાં કરતા, ચાર અહોરાત્ર થાય. એ પ્રમાણે તે ચાર ઉપવાસ વડે પૂર્ણ થાય છે. ત્યારપછી પારણું કર્યા વિના જ સર્વતોભદ્રા પ્રતિમા કરે છે, તે આ –

સર્વતો ભદ્રામાં ઐન્દ્રી દિશામાં અહોરાત્ર, એ પ્રમાણે આગ્નેય્યીમાં, યામીમાં, નૈઋતીમાં, વારુણીમાં, વાયવ્યીમાં, સોમામાં, ઐશાનીમાં એ આઠે દિશાઓમાં તથા વિમલામાં અર્થાત્ ઉર્ધ્વલૌકિકમાં જે દ્રવ્યો છે, તેનું ધ્યાન કરે, તમામાં એટલે અધસ્તન-નીચેની દિશામાં, એ પ્રમાણે આ દશ દિશામાં અહોરાત્ર ધ્યાન કરે અને તે બાવીશ ભક્ત અર્થાત્ દશ ઉપવાસ વડે પૂર્ણ થાય.

પહેલી ચાર એ પ્રમાણે પૂર્વ દિશામાં ચાર યામ, દક્ષિણ દિશામાં ચાર યામ, પશ્ચિમ દિશામાં ચાર યામ, ઉત્તર દિશામાં ચાર યામ.

બીજીમાં આઠ એટલે પૂર્વમાં આઠ યામ, એ પ્રમાણે દક્ષિણ, ઉત્તરમાં પણ

આઠ-આઠ, ત્રીજીમાં વીશ, પૂર્વમાં આઠ યામ યાવત્ અધો દિશામાં આઠ યામ. એ પ્રમાણે છે. [વિશેષ વિધિ ગ્રન્થાંતરથી જાણવી]

**● નિર્યુક્તિ-૪૯૬ :-**

***ભદ્ર પ્રતિમા, મહાભદ્ર પ્રતિમા, સર્વતોભદ્ર પ્રતિમા. તેમાં પહેલીમાં ચાર, પછી આઠ, પછી વીસ, આનંદ, બહુલા, ઉજ્ઝિત, દિવ્યો.***

**● વિવેચન-૪૯૬ :-**

પ્રતિમાદિ વર્ણન કર્યું, શેષ કથા આ પ્રમાણે – પછી પ્રતિમા પૂર્ણ થતાં આનંદ ગાથાપતિને ત્યાં બહુલા દાસીએ રસોડામાં વાસણો ધોતાં પર્યુષિત અને તજવા યોગ્ય ભોજન હતું. ભગવંત પ્રવેશતા, તેણીએ પૂછ્યું – ભગવન્ ! શું પ્રયોજન છે ? ભગવંતે હાથ ફેલાવ્યા. તેણીએ પરમ શ્રદ્ધાથી ઉક્ત ભોજન આપ્યું, પાંચ દિવ્યો પ્રગટ થયા.

**● નિર્યુક્તિ-૪૯૭ :-**

***દૃઢભૂમિથી બહાર, પેઢાલ નામે ઉદ્યાન, પોલાશ ચૈત્યમાં, એકરાત્રિકી મહાપ્રતિમાએ ભગવંત રહ્યા.***

**● વિવેચન-૪૯૭ :-**

ત્યારપછી ભગવંત દૃઢભૂમિમાં ગયા.

ત્યાં બહાર પેઢાલ નામે ઉદ્યાન હતું. ત્યાં પોલાસ નામે ચૈત્ય હતું. ત્યાં અઠ્ઠમભક્ત વડે એક રાત્રિકી પ્રતિમા રહ્યા.

એક પુદ્‌ગલ ઉપર નિરુદ્ધ દૃષ્ટિથી અનિમેષ નયને જોવાનું. તેમાં પણ જે અચિત્ત પુદ્‌ગલ હોય તેમાં દૃષ્ટિને સ્થિર રાખવી અને સચિત્ત પુદ્‌ગલથી દૃષ્ટિ ખસેડી લેવી તે રીતે ધ્યાન કરે.

યથાસંભવ બાકીની પણ કહેવી જોઈએ. ઈષત્ પ્રાગ્ભાર ગત અને ઈષત્ [કંઈક] નમેલી કાયા વડે. પુદ્‌ગલને જુએ છે.

**● નિર્યુક્તિ-૪૯૮ :-**

***દેવરાજ શક્ર, સભામાં રહેલો અને હરખાતો વચન બોલે છે – ત્રણે પણ લોકમાં વીર જિનેશ્વરને મનથી ચલિત કરવા કોઈ સમર્થ નથી.***

**● વિવેચન-૪૯૮ :-**

આ તરફ દેવરાજ શક્ર ભગવંતને અવધિજ્ઞાનથી અવલોકતો સુધર્માસભામાં શ્રેષ્ઠ સ્થાને બેસીને, હર્ષિત થઈને, સ્વામીને નમસ્કાર કરીને બોલે છે – અહો ! ભગવન્ ત્રૈલોક્યને અભિભૂત કરીને રહ્યા છે. કોઈ દેવ કે દાનવ વડે તેમને ચલિત કરવાનું શક્ય નથી.

**● નિર્યુક્તિ-૪૯૯ થી ૫૦૧ :-**

***૦ સૌધર્મ કલ્પવાસી, ઈન્દ્ર વિરોધી, સામાનિક એવો સંગમ નામનો દેવ ઈર્ષ્યાથી શક્રને આ પ્રમાણે કહે છે –***



***૦ ત્રણ લોકમાં પણ ભગવંતે ચલાયમાન કરવાને કોઈ સમર્થ નથી. એમ તું માને ચે, હવે જો આજે જ આને (ભગવંતને) તપ યોગથી ભ્રષ્ટ અને મને વશ થયેલો તમે બધાં જોજો.***

***૦ મિથ્યાદૃષ્ટિ અને પ્રત્યનીક શત્રુ એવો તે શક્રેન્દ્રનો સામાનિક દેવ તુરંત જ આવ્યો અને ઈર્ષ્યાથી ભગવંતને ઉપસર્ગ કરવા લાગ્યો.***

**● વિવેચન-૪૯૯ થી ૫૦૧ :-**

આ તરફ સંગમ નામનો સૌધર્મકલ્પવાસી દેવ જે શક્રનો સામાનિક છે, અભવસિદ્ધિક છે તે કહે છે –

દેવરાજ કેવા રાગથી બળબળાટ કરે છે. શું મનુષ્યને દેવ ચલિત ન કરી શકે ? હું ચલિત કરી દઈશ.

તે વખતે શક્ર તેને અટકાવતો નથી કેમકે શક્રને થયું કે સંગમ એવું વિચારશે કે ભગવંત બીજાની નિશ્રાએ રહીને તપોકર્મ કરે છે.

એ પ્રમાણે સંગમ આવ્યો. હવે ઉપસર્ગો કહે છે –

**● નિર્યુક્તિ-૫૦૨ થી ૫૦૬ :-**

***૧- ધૂલી, ૨- કીડીઓ, ૩- ડાંસ, ૪- ઘીમેલ, ૫- વીંછી, ૬- નકુલ, ૭- સર્પ, ૮- ઉંદર [એ આઠ તથા–]***

***૯- હાથી, ૧૦- હાથણી, ૧૧- પિશાચનું ઘોર રૂપ, ૧૨- વાઘ, ૧૩- સ્થવિર, ૧૪- સ્થવિરી, ૧૫- રસોઈયો ત્યાં આવીને રાંધે છે, ૧૬- પક્ષી.***

***૧૭- ખરવાત, ૧૮- કલંકલિકા, ૧૯- કાલચક્ર, ૨૦- પ્રભાત વિકુર્વવું. તે વીસમો અનુકૂળ ઉપસર્ગ.***

***સામાનિક દેવઋદ્ધિ વિમાનમાં રહીને તે દેવ બતાવે છે અને કહે છે – હે મહર્ષિ ! સ્વર્ગ અને મોક્ષરૂપ આ નિષ્પત્તિને વરો.***

***ભગવંત વીરને બલાત્કારે સાધવાને હણાયેલ છે મતિવિજ્ઞાન જેમનું, તેવો સંગમ દેવ ભગવંતના મનને વિભંગજ્ઞાનથી જુએ છે, પણ પ્રભુ છ જીવનિકાયના હિતની જ ચિંતવના કરી રહ્યા છે.***

**● વિવેચન-૫૦૨ થી ૫૦૬ :-**

ત્યારે ભગવંતની ઉપર ધૂળની વર્ષાને વરસાવે છે. જેના વડે આંખ, કાન વગેરેના બધાં શ્રોતો-છિદ્રો પૂરાઈ જાય છે અને ભગવંતનો શ્વાસ રુંધાવા લાગે છે, તેના વડે ભગવંત તલ-તુષના ત્રિભાગ માત્ર પણ ધ્યાનથી ચલિત થયા નહીં. ત્યારે સંગમ થાકી ગયો.

ત્યારપછી તેણે કીડીઓ વિકુર્વી, જે વજ્ર જેવા મુખવાળી હતી. તે કીડીઓ ચોતરફથી વળગીને ખાવા લાગી, બીજા-બીજા શ્રોતોથી શરીરમાં પ્રવેશીને કોઈ અન્ય શ્રોત વડે બહાર નીકળવા લાગી. ભગવંતનું શરીર ચાલણી જેવું કરી દીધું. તો પણ ભગવંત ચલિત ન થયા.

ત્યારે ડાંસને વિકુર્વ્યા, જેનું મુખ વજ્ર જેવું હતું.. ભગવંતના શરીરને તેઓ ખાવા લાગ્યા. એક પ્રહાર વડે લોહીને બહાર કાઢી દે છે.

જ્યારે તે પ્રમાણે પણ ચલિત ન કરી શક્યો, ત્યારે સંગમ દેવે ઘીમેલો વિકુર્વી. - x - તે ઘીમેલો તેની તીક્ષ્ણ તુંડ વડે અતીવ ડસતી હતી.

જેમ જેમ સંગમ ઉપસર્ગો કરે છે, તેમ તેમ ભગવંત અતીવ ધ્યાનથી આત્માને ભાવિત કરે છે.

સંગમ તે રીતે પણ સમર્થ ન થયો ત્યારે નોળીયાઓને વિકુર્વ્યા. તે તીક્ષ્ણ દાઢો વડે ખાવા-ડસવા લાગ્યા. ખંડ-ખંડ કરે છે.

પછી વિષ અને રોષપૂર્ણ એવા ઉગ્ર વિષવાળા અને દાહ જ્વરને કરનારા એવા સર્પોને વિકુર્વ્યા [અને ઉપસર્ગ કર્યો.]

તેઓ પણ ભગવંતને ચલિત ન કરી શક્યા, ત્યારે ઉંદરોને વિકુર્વે છે. તે શરીરને બટકા ભરી, ત્યાં મુત્રાદિનું વિસર્જન કરવા લાગ્યા. તેનાથી અતુલ વેદના થવા લાગી.

તે રીતે પણ ચલિત ન કરી શકતા પછી હાથીનું રૂપ વિકુર્વ્યુ. તે હાથીરૂપ વડે ભગવંતને શુંઢથી ગ્રહણ કરીને સાત-આઠ તાડ આકાશમાં ઉછાળીને પછી દંતમુશલો વડે ઝીલે છે. પછી ભૂમિમાં પછાડે છે, ચરણ તલ વડે મર્દન ભગવંતના શરીરનું મર્દન કરે છે.

જ્યારે તે પ્રમાણે પણ ભગવંતને ચલિત કરી ન શક્યો ત્યારે સંગમ દેવ હાથણીને વિકુર્વે છે. જેમ કામદેવશ્રાવકમાં કહેવાયું છે, તેમ તેનાથી ઉપસર્ગ કરે છે. [જુઓ ઉપાસકદશામાં કામદેવ]

તે પ્રમાણે પણ ભગવંતને ચલાયમાન ન કરી શક્યો, ત્યારે વાઘના રૂપને વિકુર્વે છે. તે વાઘ દાઢ અને નખ વડે શરીરને ફાડે છે. ક્ષારવાળા મૂત્રથી સીંચે છે. [અત્યંત પીડિત કરે છે.]

તે રીતે પણ ભગવંતને ચલિત કરવા સમર્થ ન બન્યો ત્યારે સંગમ દેવે રાજા સિદ્ધાર્થનું રૂપ વિકુર્વ્યુ. તેઓ કરુણ કષ્ટથી વિલાપ કરતા કહે છે — હે પુત્ર ! ચાલ, અમારો ત્યાગ ન કર. એ પ્રમાણે મોહમયી વાણી બોલે છે.

ત્યારપછી ત્રિશલા વડે તેવી વાણી બોલાય છે. [અર્થાત્ સંગમ દેવ તેવી વિકુર્વણા કરે છે.]

ત્યારપછી રસોઈયો વિકુર્વે છે. કઈ રીતે ? તે પછી છાવણી વિકુર્વે છે. તે ચોતરફથી વીંટળાયેલ હતી. ત્યાં રસોઈયો પ્રતર આદિ પ્રાપ્ત ન થતાં ભગવંતના બંને પગ મધ્યે અગ્નિ સળગાવે છે. તેમના બંને પગ ઉપર પિઠરિકા કરીને રસોઈ પકાવવાનો આરંભ કરે છે.

જ્યારે આના વડે પણ ભગવંતને ચલાયમાન ન કરી શક્યો ત્યારે ચાંડાલને વિકુર્વે છે. તે તેવા પાંજરાને બાહામાં, ગળામાં, બંને કાનોએ લગાડે છે. તે પક્ષીઓ



ચાંચ વડે ભગવંતને ખાય છે, વિંધે છે, ત્યાં વિષ્ટા આદિનું વિસર્જન કરે છે. [તો પણ ચલિત ન થયા.]

ત્યારપછી ખરઘાત વિકુર્વે છે, તેના વડે મેરુ પણ ચલિત થઈ જાય. તો પણ તેનાથી ભગવંત ચલિત ન થયા તેના વડે ઉડાડી-ઉડાડીને ભગવંતને નીચે પાડે છે. ત્યારપછી કલંકલિકા નામનો વાયુ વિકુર્વે છે. જેના વડે ચકરડાને જેમ ભમાડાય તેમ ભમાડે છે અથવા નંધાવર્ત ફેરવાય છે. તે પ્રમાણે ભગવંતને ચલિત ન કરી શક્યો ત્યારે સંગમે ત્યારપછી કાળચક્રની વિકુર્વણા કરી ઉપસર્ગ કર્યો.

કાળચક્રને ગ્રહણ કરીને ઉંચે આકાશતળમાં જઈ, હમણાં હું તમને મારી નાંખુ છું એમ કહીને કાળચક્ર મૂક્યું.

આ કાળચક્ર વજ્ર સમાન મેરુ પર્વતને પણ ચૂરો કરી શકે છે, તેના પ્રહાર વડે ભગવંત બંને હાથના અગ્ર નખો સુધી ડૂબી ગયા.

તો પણ ભગવંતને ચલિત કરવા સમર્થ ન બન્યો, ત્યારે વિચારે છે કે — આમને મારવા શક્ય નથી. તો હવે અનુકૂળ ઉપસર્ગ કરું.

ત્યારે સંગમદેવ પ્રભાત વિકુર્વે છે. લોકો બધાં ભ્રમણ કરવાને પ્રવૃત્ત થયા. હે દેવાર્ય ! હજી ઉભા છો ? [પ્રભાત થઈ ગયું]

ભગવંત જ્ઞાન વડે જાણે છે — ત્યાં સુધી પ્રભાત ન ગણાય, જ્યાં સુધી સ્વાભાવિક પ્રભાત થયેલ ન હોય. આ વીસમો ઉપસર્ગ.

બીજા આચાર્ય કહે છે — હું આપનાથી સંતુષ્ટ થયો છું. ભગવન્ ! બોલો, આપને શું આપું ? તમારા શરીરને સ્વર્ગમાં લઈ જવું કે મોક્ષમાં લઈ જવું ? ત્રણે લોક તમારા પગમાં પાડી દઉં.

એ એક પણ પ્રકારે ભગવંતને ચલિત કરવા સમર્થ ન બન્યો ત્યારે સારી રીતે પાછો ગયો. હવે કાલે ઉપસર્ગ કરીશ. - x -

● **નિર્યુક્તિ-૫૦૭ :-**

***વાલુકાના માર્ગે જતાં ચોર મળ્યા. મામો-મામો કહેવું, પારણું ત્યાં આંખ મરાવવી, પછી સુભોમ ગામે, અંજલિ, સુક્ષેત્રગામે, વિટરૂપ.***

● **વિવેચન-૫૦૭ :-**

ત્યારપછી ભગવંત વાલુકા નામના ગામ તરફ ગયા. ત્યાં માર્ગમાં ૫૦૦ ચોરો સંગમે વિકુર્વ્યા. માર્ગમાં રેતી પાથરી દીધી. પછી તે ચોરોએ તેમને ''મામો આવ્યો - મામો આવ્યો'' એમ કરીને મશ્કરી કરી, પછી ભગવંતના ખભે ચડી બેઠાં વજ્ર જેવું શરીર કરવા લાગ્યા, જેનાથી પર્વતો પણ ફૂટવા માંડે. [તો પણ ભગવંત ધ્યાનથી ચલિત ન થયા.]

ત્યારપછી ભગવંત વાલુકા ગયા. ત્યાં ભિક્ષાર્થે નીકળ્યા. ત્યાં દેવે તેમને આવરીને સ્ત્રીઓ સામે આંખ મીચકારવી આદિ કરે છે ત્યાં તરુણી સ્ત્રીઓ ભગવંતને મારે છે. તેથી નીકળી ગયા.

ત્યારપછી ભગવંત સુભૌમ જાય છે. ત્યાં પણ ભિક્ષાચર્યાર્થે નીકળ્યા ત્યારે દેવે તેને આવરીને - શરીરમાં પ્રવેશીને સ્ત્રીઓને અંજલિ કરે છે પછી ત્યાં પણ સ્ત્રીઓ વડે માર ખાય છે.

ભગવંત ત્યાંથી પણ નીકળી ગયા. પછી સુક્ષેત્ર નામક ગામ છે, ત્યાં જાય છે. જ્યારે સ્વામી ભિક્ષાને માટે નીકળ્યા. ત્યારે સંગમ દેવે તેમનામાં પ્રવેશ કરીને વિદૂષકનું રૂપ વિકુર્વ્યુ. ત્યાં હસે છે, ગાય છે અને અટ્ટહાસ્ય કરે છે. સ્ત્રીઓ સામે આંખ મીંચકારે છે. વિદુષક જેવા ચાળા કરે છે. અશિષ્ટ બોલે છે. ત્યાં પણ ભગવંતને માર પડ્યો.

ત્યાંથી પણ ભગવંત નીકળી ગયા. પછી મલય ગામે ગયા. તેને નિર્યુક્તિકાર જણાવતા કહે છે –

● **નિર્યુક્તિ-૫૦૮ :-**

***મલયગામે, પિશાચરૂપ અને શિવરૂપ હસ્તિશીર્ષ ગામે કર્યું. ઓઘસંજ્ઞા, પ્રતિમા, શ્મશાન, શક્ર, યાત્રાપૃચ્છા. [એટલા પદો છે.]***

● **વિવેચન-૫૦૮ :-**

ત્યાંથી મલય ગામે ગયા ત્યાં સંગમ દેવે શરીરમાં પ્રવેશીને પિશાચનું રૂપ વિકુર્વ્યુ. ભગવંતનું ઉન્મત્ત રૂપ વિકુર્વ્યુ. અવિરતિકપણું દેખાતાં લોકોએ પકડીને ત્રાસ ગુજાર્યો.

પછી સંગમદેવે ત્યાં બાળકોને બીવડાવ્યા, ઢેફા વગેરેથી માર્યા. ઈત્યાદિ વડે બાળકો પડતાં-આખડતા નાશવા લાગ્યા. જઈને ગામમાં કહ્યું. તેથી લોકોએ આવીને ભગવંતને માર્યો.

પછી ભગવંત ત્યાંથી પણ નીકળી ગયા. હસ્તિશીર્ષ ગામે ગયા. ત્યાં ભિક્ષાને માટે નીકળ્યા. ત્યારે દેવે ભગવંતને શિવ રૂપે વિકુર્વ્યા. પછી તેમનું પુરુષચિહ્ન-લિંગને સ્તબ્ધ કર્યુ. [કઠણ કરી, ઉભું કર્યુ] એ પ્રમાણે જ્યારે અવિરતિક જોયા, ત્યારે ઉડ્ડાહણા કરીને પીટાવ્યા.

ભગવંત વિચારે છે કે – આ મારી અતિ ગાઢ અપભ્રાજના કરાવે છે અને આહાર પણ અનેષણીય કરી દે છે. તેથી હવે હું ગામના પ્રવેશ કરીશ જ નહીં, ગામની બહાર જ રહીશ.

બીજા આચાર્યો કહે છે – પંચાલ દેવના રૂપે વિકુર્વ્યા. ત્યારે ખરેખર ! પંચાલ ઉત્પન્ન થયો. પછી ગામથી બહાર નીકળ્યો. જ્યાં મહિલા વર્ગ હતો ત્યાં વિકૃત લિંગ કરીને ઉભો રહ્યો. ત્યારે સંગમ દેવે ભગવંતની ઘણી જ હેલના કરાવી. જે કારણે શક્ર વડે પૂજાયો, તે રીતે સ્થિત રહ્યા. અર્થાત્ લોકમાં લિંગપૂજા પ્રવર્તી.

ત્યારપછી ભગવંત એકાંતમાં રહે છે.

ત્યારે સંગમદેવ મશ્કરી કરે છે તમને સ્થાનથી ચલિત કરવાનું શક્ય નથી. હવે ગામ આવે એટલે જોજે.



ત્યારે શક્ર આવ્યો અને પૂછે છે – ભગવન્ ! આપને સંયમ યાત્રા વર્તે છે, યાપનીય અવ્યાબાધ છે ? વિહાર પ્રાસુક છે ? વાંદીને ગયો –

● **નિર્યુક્તિ-૫૦૯ :-**

***તોસલીમાં, કુશિષ્યરૂપ, સંધિ છેદ કરતો, મને બહારથી ગુરુએ મોકલેલ છે, વધ્ય છે, મહાભૂતિલ ઈન્દ્રજાલિયાએ મૂકાવ્યા.***

● **વિવેચન-૫૦૯ :-**

ત્યારપછી ભગવંત તોસલી સંનિવેશે ગયા. બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યારે તે સંગમદેવ વિચારે છે કે આ ગામમાં જતો નથી, હવે આ અહીં રહેલાને ઉપસર્ગ કરું. પછી બાળકરૂપ વિકુર્વીને સંધિ છેદ કરે છે, ઉપકરણો લઈ લે છે આદિ. જો કોઈ મારે તો કહે છે કે મને ન મારો, હું શું જાણું, મારા આચાર્યએ મને મોકલેલો છે. તેઓ પૂછે છે કે તે આચાર્ય ક્યાં છે ? અહીં બહાર અમુક ઉધાનમાં છે. ત્યાં જઈ ભગવંતને મારે છે અને બાંધી દે છે. મારતા-મારતા લઈ જાય છે.

ત્યાં ભૂતિલ નામે ઈન્દ્રજાલિક હતો. તેણે સ્વાતિને કુંડગ્રામે જોયેલા હતા, ત્યારે તે છોડાવે છે અને કહે છે – આ સિદ્ધાર્થ રાજાના પુત્ર છે. ત્યારે તેને મુક્ત કરીને પમાવે છે. પછી બાળ સાધુને શોધે છે, પણ ક્યાંય દેખાતો નથી ત્યારે ખબર પડી કે આ કોઈ દેવનો ઉપસર્ગ હતો.

● **નિર્યુક્તિ-૫૧૦ :-**

***મોસલિ, સંધિ, સુમાગધ, છોડાવે છે, રાષ્ટિક, પિતાનો મિત્ર, તોસલી, સાત દોરડા, તુટી જવા, તોસલી, મુક્ત. [આટલા પદો છે.]***

● **વિવેચન-૫૧૦ :-**

ત્યારપછી ભગવંત મોસલી ગયા. ત્યાં પણ બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યાં પણ સંગમ દેવે બાળ સાધુનું રૂપ લીધું, સંધિમાર્ગને શોધે છે અને પ્રતિલેખ કરે છે. ભગવંત પાસે બધાં ઉપકરણો વિકુર્વે છે ત્યારે લોકો બાળસાધુને પકડે છે અને પૂછે છે – તું અહીં શું શોધે છે ? ત્યારે બાળસાધુ ઉત્તરે આપે છે કે – મારા ધર્માચાર્યને રાત્રિના કાંટા ન લાગે શોધું છું જેથી રાત્રે ખાતર પાડવામાં તેમને તકલીફ ન પડે.

તે તારો આચાર્ય ક્યાં છે ? એમ પૂછીને ભગવંત પાસે જાય છે. તેની ફરતે બધું જુએ છે. ભગવંતને પકડીને લાવે છે.

ત્યાં સુમાગધ નામનો રાષ્ટ્રિક છે, જે ભગવંતના પિતાનો મિત્ર હતો, તે ભગવંતને છોડાવે છે.

ત્યાંથી ભગવંત તોસલી જાય છે. ત્યાં પણ તે પ્રમાણે જ પકડે છે. વિશેષ એ કે – દોરડા વડે બાંધવાનો પ્રયત્ન કરે છે. ત્યાં તેમનું દોરડું તુટી જાય છે. એ પ્રમાણે સાત વખત દોરડું બાંધવા છતાં તુટી ગયું.

ત્યારે તોસલિકાય ક્ષત્રિયો પાસે લઈ જાય છે. તે કહે છે કે – આને છોડી દો, આ ચોર નથી, નિર્દોષ છે. પછી તે બાળ સાધુને શોધે છે, શોધવા છતાં દેખાતો

નથી. ત્યારે ખબર પડે છે કે આ કોઈ દેવમાયા હતી.

**● નિર્યુક્તિ-૫૧૧ :-**

***સિદ્ધાર્થપુર ગયા, ચોર માન્યા, અશ્વવણિક્ કૌશિકે છોડાવ્યા, વજ્રગામ, ચાલ્યા. અનેષણા જાણી, બીજે દિને જાણ્યું, ઉપશાંત છે.***

**● વિવેચન-૫૧૧ :-**

[આટલા પદો છે, પદનો અર્થ આ કથાથી જાણવો—]

પછી ભગવંત સિદ્ધાર્થપુર ગયા. ત્યાં પણ દેવે તેમને ચોર પણે કરાવ્યાં. લોકો ચોર સમજી ભગવંતને પકડી ગયા. ત્યાં કૌશિક નામે ઘોડાનો વ્યાપારી હતો. તેણે કુંડપુરે ભગવંતને જોયેલા હતા. તેણે છોડાવ્યા.

ત્યાંથી ભગવંત વજ્રગામમાં ગયા, ગોકુળમાં તે દિવસે ક્ષણ હોવાથી બધે જ ખીર બનાવેલી હતી. તે સંગમ દેવે ઘણાં જ ઉપસર્ગો કરીને રહ્યો. ભગવંતે વિચાર્યુ કે – છ માસ ગયા. તે દેવ ગયો લાગે છે અમ માનીને ભિક્ષાર્થે ચાલ્યા. પણ દેવ જેવી અનેષણા કરે છે, ત્યારે સ્વામી ઉપયોગવાળા થઈને જુએ છે. તેથી ભગવંત અડધું ચાલીને પાછા આવે છે અને બહાર જ પ્રતિમા ધ્યાને રહી જાય છે.

સંગમ દેવ પણ સ્વામીને અવધિ [વિભંગ ?] જ્ઞાન વડે અવલોકે છે. શું તે ભગ્ન પરિણામી થયા કે નહીં ? ત્યારે ભગવંતને પૂર્વવત્ જ શુદ્ધ પરિણામવાળા જોયા. ત્યારે તેવા જોઈને સંગમદેવ વિચારે છે કે આમને ક્ષોભિત કે ચલિત કરવા શક્ય નથી. જે છ માસે ચલિત ન થયા, તે દીર્ઘ કાળે પણ ચલિત કરવા શક્ય નથી.

ત્યારે ભગવંતને પગે પડીને કહે છે – જે શક્રએ કહ્યું હતું તે સત્ય છે. ભગવન્ ! મને બધાં માટે ક્ષમા કરો. હું ભગ્ન પ્રતિજ્ઞ થયો છું અને આપ સમાપ્ત પ્રતિજ્ઞાવાળા થયા છો.

**● નિર્યુક્તિ-૫૧૨,૫૧૩ :-**

***જાઓ, ભિક્ષા માટે ચાલો, હું કંઈ નહીં કરું. મને કંઈ કહેવાની જરૂર નથી, ત્યાં જ ઘરડી ગોવાલણે ખીર વહોરાવી, વસુધારા થઈ.***

***છ માસનો અનુબદ્ધ દેવે કર્યો, ઉપસર્ગો કર્યા. વજ્ર ગામમાં અચલિત જોઈને, વીર ભગવંતને વાંદીને પાછો ફર્યો.***

**● વિવેચન-૫૧૨,૫૧૩ :-**

જ્યારે સંગમે કહ્યું કે હવે આપ વિચરો, હવે હું ઉપસર્ગ નહીં કરું, ત્યારે ભગવંત કહે છે કે – ઓ સંગમ ! હું કોઈના કહેવાથી કે ઈચ્છાથી ભ્રમણ કરતો નથી કે રોકાતો પણ નથી.

ત્યારપછી બીજે દિવસે ત્યાં જ ગોકુળમાં ચાલતા, કોઈ વૃદ્ધ ગોવાલણે પર્યુષિત [વાસી] ખીર વડે પ્રતિલાભિત કર્યા. ત્યાં પંચ દિવ્યો પ્રગટ થયા. કોઈ કહે છે – તે દિવસે ખીર વડે લાભ પ્રાપ્ત ન થયો, તેથી બીજે દિવસે મળશે એમ ધારીને તૈયાર કરીને પ્રતિલાભિત કર્યા.



આ તરફ સૌધર્મકલ્પમાં બધાં દેવો, તે દિવસ સુધી ઉદ્વિગ્નમનથી રહેલા હતા. સંગમદેવ સૌધર્મ કલ્પે ગયો. ત્યાં શક્રએ તેને જોઈને અવળુ મુખ કરી લીધું અને બોલ્યો કે – ઓ દેવો ! સાંભળો. આ દુરાત્મા [સંગમ દેવ] છે. તેણે અમારા કે અન્ય દેવોના ચિત્તની શાંતિ રાખી નથી. કારણ કે તેણે તીર્થંકરની આશાતના કરી છે, તેનું અમારે કોઈ કામ નથી. તેની સાથે કોઈએ વાત કરવી નહીં, તેને તત્કાળ દેશનિકાલ કરો.

ત્યારે કાઢી મૂકાયેલો સંગમદેવ દેવીની સાથે મેરુ પર્વતની ચૂડાએ યાનક વિમાન વડે આવીને રહ્યો. બાકીના દેવોને ઈન્દ્રએ રોકી લીધા. તેની સાગરોપમની સ્થિતિ છે. તે નિર્યુક્તિકાર કહે છે –

**● નિર્યુક્તિ-૫૧૪ + વિવેચન :-**

દેવે નિકાલ કરેલ તે મહર્દ્ધિક, ઈન્દ્રનો સામાનિક દેવ દેવલોકથી ભ્રષ્ટ થઈને મેરુ પર્વતની ચૂલિકાએ વિમાન વડે આવીને પોતાની સ્ત્રી સાથે પરિવરીને ત્યાં રહ્યો. બાકીનું સાગરોપમ આયુષ્ય ત્યાં પુરું કરશે. ઈન્દ્રના દ્વારા નિષેધ કરવાથી તેના ભક્ત દેવો દેવલોકમાં જ રહ્યા.

**● નિર્યુક્તિ-૫૧૫,૫૧૬ :-**

***આલભિકામાં વિદ્યુત્‌કુમારેન્દ્ર જિનેશ્વરની ભક્તિથી વાંદીને જાય છે, ભગવંતની સાતા પૂછે છે, બોલે છે કે – હે પ્રભુ ! આપે ઘણાં ઉપસર્ગો જીતી લીધા છે, હવે થોડાં જ બાકી છે.***

***શ્વેતાંબિકામાં હરિસહ, શ્રાવસ્તીમાં સ્કંદ પ્રતિમાને શક્ર પ્રભુ પ્રત્યે નમાવે છે, લોકોને પ્રતિમા અવતરણ દ્વારા વંદન કરાવે છે.***

**● વિવેચન-૫૧૫,૫૧૬ :-**

ત્યારપછી ભગવંત વિહાર કરી આલંભિકાએ ગયા.

ત્યાં વિદ્યુતકુમારેન્દ્ર હરી આવ્યો. ત્યારે તેણે વંદન કરીને ભગવંતનો મહિમા કર્યો. પછી કહ્યું કે – હે ભગવન્! હું આપની શાતા પૂછું છું. ઉપસર્ગો ઘણા બધા પુરા થયા, હવે થોડાં જ બાકી છે. આપને હવે થોડા કાળમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે.

ત્યાંથી ભગવંત શ્વેતાંબી નગરી ગયા. ત્યાં વિદ્યુત્‌કુમારેન્દ્ર હરિસ્સહ ભગવંતને શાતા પૂછવાને આવ્યો.

ત્યાંથી ભગવંત શ્રાવસ્તી ગયા. બહાર પ્રતિમા ધ્યાને રહ્યા.

ત્યાં સ્કંદ પ્રતિમાનો લોકમાં ઘણો જ મહિમા હતો. શક્રએ અવધિ જ્ઞાન પ્રયોજ્યું તેટલામાં સ્કંદ પ્રતિમાને પૂજા કરતા અને ભગવંતનો આદર ન કરતાં લોકોને જુએ છે. તેથી નીચે આવ્યો.

તે પ્રતિમા અલંકૃત હતી, રથમાં વળગી ગઈ. ત્યારે શક્રએ તે પ્રતિમામાં પ્રવેશીને ભગવંત હતા તે માર્ગે પ્રસ્થાન કર્યુ.

લોકો સંતુષ્ટ થઈને કહે છે – દેવ સ્વયં જ ચાલ્યા છે. જ્યાં સ્વામી હતા ત્યાં

જઈને વંદન કરે છે. ત્યારે લોકો આવર્મયા. આ દેવના પણ દેવ છે એમ સમજીને ભગવંતનો મહિમા કરતાં ત્યાં રહ્યા.

● **નિર્યુક્તિ-૫૧૭ :-**

***કૌશાંબીમાં ચંદ્ર અને સૂર્યનું અવતરણ વાણારસીમાં શક્ર, રાજગૃહમાં ઈશાન, મિથિલામાં રાજા જનક અને ધરણ.***

● **વિવેચન-૫૧૭ :-**

ત્યારપછી ભગવંત કૌશાંબી ગયા. ત્યાં સૂર્ય અને ચંદ્રએ વિમાન સહિત આવીને ભગવંતનો મહિમા કર્યો અને સાતા પૂછી. વાણારસીમાં શક્રએ સાતા પૂછી, રાજગૃહમાં ઈશાનેન્દ્રે સાતા પૂછી. મિથિલામાં જનક રાજાએ પૂજા કરી અને ધરણેન્દ્રએ પ્રિય પૃચ્છા કરી.

● **નિર્યુક્તિ-૫૧૮ :-**

***વૈશાલિમાં ભૂતાનંદ, સુંસુમારપુરમાં ચમરનો ઉત્પાત, ભોગપુરામાં ખજૂરીના કાંટા વડે મહેન્દ્ર ક્ષત્રિયે પીડા કરી.***

● **વિવેચન-૫૧૮ :-**

ત્યારપછી ભગવંત વિશાલા નગરીએ ગયા. ત્યાં ભગવંતે અગિયારમું વર્ષારાત્ર ચોમાસું કર્યુ.

ત્યાં ભૂતાનંદે સુખશાતા પૂછી, જ્ઞાનને વ્યાકૃત કર્યુ.

ત્યાંથી ભગવંત સુંસુમારપુરે ગયા. ત્યાં ચમરનો ઉત્પાત થાય છે તે ચમરનું ઉર્ધ્વલોકે ગમન જેમ ભગવતીમાં કહ્યું છે તેમ જાણવું.

ત્યાંથી ભગવંત ભોગપુર ગયા. ત્યાં માહેન્દ્ર નામના ક્ષત્રિયે ભગવંતને જોઈને ''ખજુરીના કાંટા વડે હું મારું'' એમ વિચારી દોડ્યો.

આ સમયે સનત્કુમારેન્દ્ર આવ્યો. તે કહે છે –

● **નિર્યુક્તિ-૫૧૯ :-**

***સનત્કુમારે વાર્યો, નંદિગ્રામે પિતાના મિત્રે વાંધા, મેંઢિક ગામે ગોવાળે મારતા ઈન્દ્રે તેને ત્રાસ પહોંચાડ્યો.***

● **વિવેચન-૫૧૯ :-**

સનત્કુમારે આવીને માહેન્દ્ર ક્ષત્રિયને ત્રાસ આપી ભગાડી દીધો, ભગવંતની સુખશાતા આદિની પૃચ્છા કરી.

ત્યાંથી ભગવંત નંદીગ્રામ ગયા ત્યાં નંદી નામે ભગવંતના પિતાનો મિત્ર હતો, તેણે ભગવંતની પૂજા કરી.

ત્યાંથી ભગવંત મેંઢિકા ગામે ગયા, ત્યાં ગોવાળે કુર્મારગ્રામમાં થયેલો તેવો ઉપસર્ગ આરંભતા શક્રએ આવી, તેને ત્રાસિત કરી ભગાડ્યો.

● **નિર્યુક્તિ-૫૨૦,૫૨૧ :-**

***કૌશાંબીમાં શતાનિક, અભિગ્રહ, પોષવદ એકમ, ચાતુર્માસ, મૃગાવતી,***





***વિજય, સુગુપ્ત અને નંદા, તત્ત્વવાદી, ચંપા, દધિવાહન, વસુમતિ, વિજય, ધનાવહ, મૂલાશેકાણી, લોચન, સંપુલ, દાન, પ્રવ્રજ્યા [આટલાં પદો છે.]***

● **વિવેચન-૫૨૦,૫૨૧ :-**

ત્યારપછી ભગવંત કૌશાંબીમાં ગયા, ત્યાં શતાનિક નામે રાજા હતો. મૃગાવતી રાણી હતી. તત્ત્વવાદી નામે ધર્મપાઠક હતો. સુગુપ્ત નામે અમાત્ય હતો. તેની પત્નીનું નામ નંદા હતું. તેણી શ્રમણોપાસિકા હતી. તે પણ શ્રાવિકા હોવાથી મૃગાવતીની સખી હતી.

તે જ નગરમાં ધનાવહ નામે શ્રેષ્ઠી હતો, તેને મૂલા નામે પત્ની હતી. એ પ્રમાણે તેઓ સ્વકર્મમાં જોડાઈને રહેલા હતા.

ત્યાં સ્વામીએ પોષવદ એકમે આવો અદભુત, આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કર્યો - જે દ્રવ્યાદિથી ચાર પ્રકારે હતો –

દ્રવ્યથી - સૂપડાંના ખૂણામાં રહેલાં બાફેલા અડદ, ક્ષેત્રથી ડહેલી - ઉંબરાની પહોળાઈ. કાળથી - ભિક્ષાચરો ચાલી ગયા પછીનો સમય, ભાવથી - રાજપુત્રી હોય, દાસત્વને પામેલી હોય, બેડીમાં બાંધેલી હોય, મસ્તકે મુંડિત હોય, રોતી હોય અને આઠ ભક્તની ત્યાગી - ત્રણ દિવસની ભુખી હોય *[ચૂર્ણિમાં - ભોજન ન કરેલી એટલું જ કહ્યું છે]* તે વહોરાવે, તો મારે પારણું કરવું કલ્પે, અન્યથા ન કલ્પે. એવો અભિગ્રહ લઈ કૌશાંબી રહ્યા.

રોજેરજો ભિક્ષાચર્યા માટે નીકળે છે. શા માટે ? બાવીશે પરીષહો ભિક્ષાચર્યામાં ઉદીરાય છે. એ પ્રમાણે ચાર માસ કૌશાંબીમાં ગયા.

ત્યારપછી નંદાને ઘેર પ્રવેશ્યા, ત્યારે ભગવંત છે તેમ તેણીએ જાણ્યું. ત્યારે તે પરમ આદરથી ભિક્ષા લાવી ભગવંત નીકળી ગયા. તેણીને અધૃતિ થઈ. તેણીને દાસીએ કહ્યું – આ દેવાર્ય રોજેરોજ અહીં આવે છે. ત્યારે નંદાએ જાણ્યું કે નક્કી ભગવંતને કોઈ અભિગ્રહ છે. ત્યારપછી તેને સતત આવી અધૃતિ થવા લાગી [કે હવે શું કરવું ?]

તેટલામાં સુગુપ્ત અમાત્ય આવ્યો. ત્યારે તે કહે છે – કેમ અધૃતિ કરો છો ? તેણી બોલી, અમાત્યને કહ્યું – તમારા અમાત્યપણાનું શું મહત્વ, જો આટલા કાળમાં સ્વામીને ભિક્ષા પ્રાપ્ત ન થાય. તમારા વિજ્ઞાનનું શું, જો આમનો અભિગ્રહ તમે ન જાણી શકો ? તેણે નંદાને આશ્વાસન આપ્યુ - કાળે દિવસ થયા પછી જે કંઈ થાય, તે બધું બનતું કરી છુટીશ.

આ કથા પ્રવર્તતી હતી. તેટલામાં વિજયા નામે પ્રાતિહારિણી અટવી. તેણીએ મૃગાવતીને કહ્યું – તે કોઈ કારણથી આવેલી છે. તેણીએ તે વાત સાંભળીને મૃગાવતીને કહી. મૃગાવતી પણ તે સાંભળીને ઘણી દુઃખી થઈ તે ચેટક રાજાની પુત્રી ઘણી જ અધૃતિ કરવા લાગી.

રાજા આવ્યો અને પૂછે છે, ત્યારે કહે છે – તમારા રાજ્યથી મારે શું લાભ ?

આ પ્રમાણે ભગવંત આટલા કાળથી ભ્રમણ કરે છે, પણ તેમને ભિક્ષામાં શો અભિગ્રહ છે, તે જાણતા નથી. અહીં ભગવંત વિચરે છે, તે પણ તમે જાણતાં નથી. તેણે પણ આશ્વાસન આપ્યું કે – હું કાલે એવું કંઈક કરીશ જેવું થઈ શકે. પછી સુગુપ્ત અમાત્યને બોલાવીને કહ્યું – ભગવંત પધાર્યા છે, તે શું તમે જાણતા નથી. આ ચોથા માસ ભગવંતને આવ્યાને થયો છે.

ત્યારપછી તત્વવાદીને બોલાવીને શતાનીક રાજાએ પૂછ્યું – તમારા ધર્મશાસ્ત્રમાં બધાં પાખંડના આચારો આવે છે, તે કહો - x - તેઓએ કહ્યું – ઘણાં અભિગ્રહો હોય છે. જાણતા નથી કે શો અભિગ્રહ હોય. કેમકે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અભિગ્રહો હોય છે. વતી પિન્ડૈષણાઓ સાત છે, પાનૈષણાઓ સાત છે, [શી ખબર પડે ?]

ત્યારે રાજાએ બધે જ લોકોને આજ્ઞા કરી, તેમણે પણ પરલોક કાંક્ષાથી કર્યું. ભગવંત પધાર્યા. તેઓ તે એકે પ્રકારે ગ્રહણ કરતાં નથી. - x - આ તરફ શતાનીક રાજા ચંપામાં દધિવાહન રાજાને પકડવા - જિતવા નીકળેલો. એક રાત્રિના નૌકટક વડે ગયેલો. ઓચિંતી નગરીને ઘેરી લીધી. ત્યાંથી દધિવાહન રાજા નાસી ગયો.

શતાનીક રાજાએ ‘યદ્‌ગ્રહો’ - જેને જે લેવું હોય તે લઈ લે - એવી ઘોષણા કરી. એ પ્રમાણેના યદ્ ગ્રહમાં દધિવાહન રાજાની રાણી ધારિણી અને તેની પુત્રી વસુમતીને કોઈ નાવિકે ગ્રહણ કરેલી, પણ રાજા નીકળી ગયેલો. તે નાવિક કહે છે – આ મારી પત્ની થશે. પણ આ બાલિકાનું હું વેચાણ કરીશ. ધારિણી તે મનો માનસિક દુઃખથી વિચારે છે - આ મારી પુત્રીને ન જાણે કેવું ભવિષ્ય પ્રાપ્ત થશે, એવા દુઃખમાં જ તેણી મૃત્યુ પામી.

પછી તે નાવિકને ચિંતા થઈ કે મેં આ ખોટું કહી દીધું કે – આ મારી સ્ત્રી થશે. આની પુત્રીને તેમ કહીશ નહીં. ક્યાંક એ છોકરી પણ મરી જશે. તો મને કંઈ મૂલ્ય મળશે નહીં.

ત્યારે તે નાવિક તે વસુમતી [ચંદના] ને હાટમાં લાવ્યો અને તેણીને વેચવા માટે ઉભી કરી. ધનાવહ શ્રેષ્ઠીએ તેણીને જોઈ. અલંકાર રહિત છતાં આટલું લાવણ્ય છે. તેણી અવશ્ય રાજા કે ઈશ્વરની પુત્રી હોવી જોઈએ. તેણીને કોઈ આપત્તિ ન થાય, તે જોઉં. જેટલું મૂલ્ય નાવિકે કહ્યું, તેટલું આપીને લઈ લીધી.

શેઠે વિચાર્યું કે તેની સાથે મારે નગરમાં જવું - આવવું સારુ પડશે. લઈને પોતાને ઘેર ગયો. તેણીને પુત્રીરૂપે સ્વીકારી, તેને સ્નાન કરાવડાવ્યું. મૂલાને પણ તેણે કહ્યું – આ તારી પુત્રી છે. એ રીતે તેણી પોતાના ઘરમાં હોય તેમ સુખેસુખે રહેવા લાગી.

ચંદનાએ પણ ત્યાંના દાસ-પરિજનાદિ લોકને શીલ અને વિનય વડે બધાંને પોતાના કરી લીધા. તે બધાં મનુષ્યો કહેવા લાગ્યા અહો ! આ શીલચંદના છે. તેણીનું બીજું નામ એ રીતે ચંદના થઈ ગયું.

એ પ્રમાણે કાળ જાય છે. ત્યાંની ગૃહિણીને અપમાન લાગતું હતું તેણી ઈર્ષ્યા



પણ કરતી હતી. તે મૂલા વિચારતી હતી કે કોણ જાણે ? શેઠ આનો સ્વીકાર કરી લેશે તો ? ત્યારે હું ગૃહની અસ્વામીની થઈ જઈશ.

ચંદનાના વાળ અતીવ દીર્ઘ અને રમણીય તથા કાળા હતા તે શ્રેષ્ઠી મધ્યાહ્ને જનવિરહિત કાળે આવ્યો. ત્યારે કોઈ જ ન હતું કે જે શેઠના બંને પગ ધોઈ આપે. ત્યારે ચંદના પાણી લઈને નીકળી. શેઠે તેને રોકી, તો પણ તેણી ધરાર પાણી લાવી, ત્યારે શેઠના પગ ધોતા-ધોતા વાળ છુટી ગયા. તે વખતે ચંદનાના વાળ નીચે કાદવમાં ન પડે એ હેતુથી શેઠના હાથમું ભીનું કાષ્ઠ હતું તેના વડે ધારણ કર્યા અને ફરી ચંદનાના વાળને બાંધી દીધા [અંબોળો લઈ લીધો]

મૂલા શેઠાણી આ બધું અવલોકન જાળીમાં રહીને જોતી હતી. તેણીએ વિચાર્યુ કે હવે કાર્ય બગડશે. શેઠ આને ગમે તે રીતે પરણશે. ત્યારે મારી કોઈ કિંમત નહીં રહે. “વ્યાધિ ઉગતી હોય ત્યાં જ ડામી દેવી સારી.” એમ વિચારીને જેવા શ્રેષ્ઠી બહાર ગયા કે તુરંત જ મૂલા શેઠાણીએ વાણંદને બોલાવીને ચંદનાનું મુંડન કરાવી દીધું. બેડીમાં બંધ કરાવીને ખૂબ મારી. ત્યારે બીજા પરિજને તેને રોકી. - x -

મૂલા શેઠાણીએ ડરીને તેણીને કોઈ ઘરમાં નાંખી દઈ, કોઠારને મુદ્રિત કરી દીધો. ત્યારપછી શેઠે અનુક્રમે પાછા આવતા તેણે પૂછ્યું કે – ચંદના ક્યાં છે ? કોઈપણ કંઈપણ ડરથી કહેતા નથી.

શેઠે વિચાર્યું કે કદાચ ઉપર રમતી હશે. એ પ્રમાણે રાત્રે પણ પૂછ્યું, જવાબ ન મળતાં શેઠને થયું કે – નક્કી સુતી હશે.

બીજે દિવસે પણ તેણી જોવામાં ન આવી.

**ત્રીજે દિવસે** દબાણ કરીને શેઠે પૂછ્યું – હવે મને જલ્દી કહે, નહીં તો હું તને મારીશ. ત્યારે એક વૃદ્ધ દાસી હતી, તે વિચારે છે કે – હવે મારે જીવીને પણ શું કામ છે ? તે બિચારી ચંદના જીવે તો સારું તેણીએ શેઠને કહી દીધું કે – ચંદના અમુક ગૃહમાં બંધ છે.

શેઠે જઈને તે ઘર ખોલી નાંખ્યુ. ચંદનાને ભૂખથી હણાયેલી જોઈ. ભાત માટે શોધ કરી, પણ તે ઘરમાં રાંધેલા ન હતા ત્યાં તેણે બાફેલા અડદ જોયા. તેણીને તે સુપડાના ખૂણામાં લઈને આપ્યા.

ત્યારપછી શેઠ લુહારના ઘેર ગયો. તેણીની બેડી છેદી નાંખુ.

ત્યારે તે ચંદના પોતાના કુળનું સ્મરણ કરવા લાગી. ડહેલી – ઉંબરા ઉપર બેઠી. તેના હૃદયમાં આ વિચારોથી તેણી રડવા લાગી.

ભગવંત ત્યાં પધાર્યા. તેણીને વિચાર આવ્યો કે ભગવંતને હું કંઈક આપું. મારા આ અધર્મનું ફળ છે. પછી ભગવંતને પૂછ્યું કે – આપને આ બાકુળા કલ્પે છે ?

ભગવંતે તુરંત હાથ ફેલાવ્યા. કેમકે ભગવંતના ચારે અભિગ્રહો પૂર્ણ હતા. ત્યાં પાંચ દિવ્યો પ્રગટ થયા. ચંદનાના વાળ પૂર્વવત્ જ લાંબા-કાળા-સુંવાળા થઈ

ગયા. તેણીની બેડીઓ પણ આપોઆપ તુટી ગઈ. તેના પગમાં સોનાના ઝાંઝરા થઈ ગયા. દેવોએ ચંદનાને ત્યારે સર્વ અલંકારો વડે અલંકૃત્ કરી દીધી.

તે વખતે ત્યાં દેવરાજ શક્ર આવ્યો. સાડા બાર કરોડ સુવર્ણની વસુધારા પડી અર્થાત્ ધનની વૃષ્ટિ ત્યાં થઈ.

કૌશાંબીમાં સર્વત્ર ઉદ્‌ઘોષ થઈ ગયો કે કંઈ પુણ્યવંતીએ આજે ભગવંતને પ્રતિલંભિત કર્યા ? ત્યા રાજે અંતઃપુર સહિત આવ્યો.

ત્યારે ત્યાં સંપુલ નામે દધિવાહન રાજાનો કંચુકી પણ આવ્યો. તેને બાંધીને લવાયો ત્યારે ચંદનાએ ઓળખ્યો. ત્યારે તે પગે પડીને ઘણું જ રૂદન કરવા લાગ્યો. રાજાએ પૂછ્યું કે આ કોણ છે ?

ત્યારે સંપુલે કહ્યું કે – આ દધિવાહન રાજાની પુત્રી છે.

મૃગાવતી બોલી ઉઠી, અરે ! મારી બહેનની પુત્રી-ભાણેજ છે ?

અમાત્ય પણ પોતાની પત્ની સાથે આવ્યો. વંદન કરે છે.

ભગવંત મહાવીર પણ ત્યાંથી નીકળી ગયા.

ત્યારે તે રાજા તે વસુધારાને ગ્રહણ કરવા ગયો, ત્યાં દેવરાજ શક્રએ તેને રોક્યો. આ ધન ચંદનાને આપો, કેમકે ચંદનાનું જ છે.

જ્યારે ચંદનાને પૂછ્યું, ત્યારે તેણી કહે છે – મારા પિતાને આ ધન આપો. ત્યારે શ્રેષ્ઠીએ તે ધન ગ્રહણ કર્યુ.

ત્યારપછી દેવરાજ શક્રે શતાનીકને કહ્યું – આ ચંદના ચરમ શરીરી છે, માટે અને સંગોપન કરીને રાખજે, ભગવંતને કેવળજ્ઞાન ઉપજે ત્યાં સુધી સંરક્ષણ કરજે. આ ભગવંતની પહેલા શિષ્યા છે.

ત્યારે રાજાએ તે કન્યાને અંતઃપુરમાં રાખી, મોટી થવા લાગી.

ભગવંતને છ માસમાં પાંચ દિવસ બાકી હતા ત્યારે ભિક્ષા પ્રાપ્ત થઈ. તે મૂલા લોકમાં તિરસ્કાર અને હેલણા પામી.

● **નિર્યુક્તિ-૫૨૨ :-**

***પછી સુમંગલ ગામે, સનત્કુમાર, સુક્ષેત્ર ગયા, માહેન્દ્ર, પાલક ગામે વાતિલ વણિક્, અમંગલ માની પોતાની તલવાર લઈ દોડ્યો.***

● વિવેચન-૫૨૨ :-

– ભગવંત ત્યાંથી નીકળીને સુમંગલ નામે ગામમાં ગયા.

ત્યાં સનત્કુમાર આવે છે, વાંદે છે, સુખશાતા પૂછે છે.

– ભગવંત ત્યાંથી સુક્ષેત્રમાં ગયા.

ત્યાં માહેન્દ્ર સુખશાતા પૂછવાને આવ્યો.

– ત્યાંથી ભગવતં પાલક નામના ગામે ગયા.

ત્યાં વાત બલ નામે વણિક્ યાત્રાને માટે જતો હતો. અમંગલ થયું એમ માનીને તલવાર લઈને દોડ્યો. તે જોઈને ત્યાં રહેલા સિદ્ધાર્થ વ્યંતરે પોતાના હાથે



જ તે વણિક્‌નું માથું છેદી નાંખ્યુ.

● **નિર્યુક્તિ-૫૨૩ :-**

***ચંપામાં વર્ષાવાસ, યક્ષેન્દ્રોનું આવવું, સ્વાદિદત્ત દ્વારા પૃચ્છા, ઉત્તર આપવો, બે પ્રકારે ઉપદેશ, બે ભેદે પ્રત્યાખ્યાન.***

● **વિવેચન-૫૨૩ :-**

ત્યારપછી ભગવંત ચંપાનગરી ગયા. ત્યાં સ્વાતિ દત્ત બ્રાહ્મણની અગ્નિહોત્ર શાળામાં વસતિ મેળવી, બારમું ચોમાસું કર્યુ.

ત્યાં ચૌમાસી તપને આરાધ્યો.

ત્યાં પૂર્ણભદ્ર અને માણિભદ્ર બંને યક્ષો રાત્રિના પર્યુપાસે છે. ચારે મહિના પૂજા કરે છે. તે પૂજા જોઈને સ્વાતિદત્ત વિચારે છે કે – આ એવું શું જાણે છે કે – બે દેવો તેમની પૂજા કરે છે ?

ત્યારે વિવાદની ઈચ્છાથી પૂછે છે – ''આત્મા વળી કોણ છે ?'' ભગવંતે કહ્યું – ''હું છું'' એમ જે કહે છે, તે આત્મા છે.

તે આત્મા કેવો છે ? તે સૂક્ષ્મ છે.

હું તેમ માનતો નથી. કેમકે – શબ્દ, ગંધ ઈત્યાદિ આ આત્મામાં દેખાતા નથી. તે ઈન્દ્રિય વડે ગ્રાહ્ય નથી.

ના, તેમ નથી, સૂક્ષ્મ હોવાથી ઈન્દ્રિ વડે ગ્રાહ્ય નથી. ઈન્દ્રિયોને અતિક્રાંત કર્યા પછી દેખાય છે. ચક્ષુ વડે દેખાતો નથી.

ભગવન્ ! પ્રદેશના શું છે ? પ્રત્યાખ્યાન શું છે ?

ભગવંતે કહ્યું – હે સ્વાતિદત્ત ! પ્રદેશન બે પ્રકારે છે - ધાર્મિક અને અધાર્મિક. પ્રદેશન એટલે ઉપદેશ.

પ્રત્યાખ્યાન પણ બે ભેદે છે – મૂલગુણ અને ઉત્તરગુણ.

આ-આ પદો વડે સ્વાતિદત્તે તેમને જ્ઞાની જાણ્યા. ત્યારપછી ભગવંતે ત્યાંથી નીકળીને વિહાર કર્યો.

● **નિર્યુક્તિ-૫૨૪ :-**

***જૃંભિક ગામે, જ્ઞાન ઉત્પત્તિ ઈન્દ્રે બતાવી, મેંઢિક ગામે ચમરેન્દ્રએ વાંધા અને સુખશાતા પૂછી.***

● **વિવેચન-૫૨૪ :-**

ભગવંત જૃંભિક ગામે ગયા. ત્યાં શક્ર આવ્યો. વંદન કરી, નાટ્ય વિધિ દર્શાવીને જણાવે છે કે – આટલાં દિવસોમાં કેવલજ્ઞાન ઉપજશે.

ત્યાંથી ભગવંત મેંઢિકગામ ગયા. ત્યાં ચમરે વંદન કરી, સુખ શાતા પૂછી વંદન તથા પૃચ્છા કરીને ગયો.

● **નિર્યુક્તિ-૫૨૫ :-**

***છમ્માણી, ગોવાળ, કાનમાં સીસું નાંખેલું. મધ્યમ પાપાનગરી, ખરક વૈદ્ય,***

*સિદ્ધાર્થ વણિક્‌, ખીલા ખેંચ્યા.*

● **વિવેચન-૫૨૫ :-**

ત્યારપછી ભગવન્‌ છમ્માણી નામક ગામે ગયા. ત્યાં બહારના સ્થાને પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યારે ભગવંતની પાસે કોઈ ગોવાળ બે બળદ છોડીને ગામમાં ગયો. ગાયો દોહીને નીકળ્યો.

તે બંને બળદો અટવીમાં ચરવાના માટે ચાલ્યા ગયા.

ત્યારપછી તે ગોવાળે આવીને પૂછ્યું, હે દેવાર્યક ! તે બંને બળદ ક્યાં ગયા ? ભગવંત મૌન જ રહ્યા. ત્યારે તે પરિકુપિત થયેલા ગોવાળે ભગવંતના કાનમાં વાંસના ખીલાઓ નાખી દીધા. એક એક કાનમાં નાંખ્યો અને બીજો ખીલો બીજા કાનમાં નાંખ્યો. જ્યારે તે બંને ખીલા કાનમાં એકબીજાને ચોંટી ગયા, ત્યારે બહારના ભાગના ખીલા કાપી નાખ્યા. જેથી બીજો કોઈ તે ખીલાને બહાર ખેંચીને કાઢી ન શકે.

કેટલાંક કહે છે — એક જ ખીલો હતો, જે બીજા કાનથી નીકળ્યો ત્યારે બીજી બાજુથી તેને ભાંગી નાંખેલો હતો—

ત્રિપૃષ્ઠ રાજાએ બંને કાનમાં તપેલું સીસું રેડાવેલું તે કારણે ભગવંત મહાવીરના કાનમાં કટશલાકિકા - થોરના ખીલા નંખાયા.

ભગવંતે તેના દ્વારા વેદનીય કર્મ ઉદીર્ણ થયા.

ત્યાંથી ભગવંત મધ્યમા પાપામાં ગયા. ત્યાં સિદ્ધાર્થ નામે વણિક્‌ હતો. તેના ઘેર ભગવંત ગયા, તેનો મિત્ર ખરક નામે વૈદ્ય હતો. તે બંને સિદ્ધાર્થના ઘેર હતા. ભગવંત ભિક્ષાર્થે ગયા.

વણિકે વંદના અને સ્તુતિ કરી. વૈદ્યએ તીર્થંકરને જોઈને કહ્યું — અહો ! આ ભગવન્‌ સર્વ લક્ષણથી સંપૂર્ણ છે, તો સશલ્ય કેમ જણાય છે. ત્યારે તે વણિકે સંભ્રાંત થઈને કહ્યું — જોને ક્યાં શલ્ય છે ? વૈદ્યે નિરખતા કાનમાં શલ્ય જણાયું.

તે વણિકે મિત્રને કહ્યું કે — આ શલ્ય દૂર કરવું જોઈએ. તે મહાતપસ્વી હોવાથી આપણને પુન્ય થશે.

ભગવંત નિષ્પ્રતિ કર્મા હોવાથી ચિકિત્સાને ઈચ્છતા નથી. ત્યારે ભગવંતને જ્યારે ઉદ્યાનમાં પ્રતિમા ધ્યાને રહેલા જોયા, તે બંને મિત્રો ઔષધિ લઈને ગયા. ત્યાં ભગવંતને તૈલ વડે માલીશ કર્યો - મર્દન કર્યુ. પછી ઘણાં મનુષ્યો વડે યંત્રિત કરીને, આક્રાંત કર્યા. પછી સાણસીથી પકડીને ખીલા ખેંચ્યા. ત્યારે લોહી સહિત શલાકા ખેંચાઈ. તે બંને ખીલા ખેંચવાથી ભગવંતની રાડ ફાટી ગઈ. તે રાડ વડે મનુષ્યો ઉછળી પડ્યા. તે ઉદ્યાન મહાભયંકર થઈ ગયું. દેવકુળ પણ ભયંકર થઈ ગયું.

ત્યારપછી સંરોહણી ઔષધી વડે ઘા રૂઝાવી દીધાં અને ત્યાં જ ભગવંતને ગુણકારી થયું. પછી વંદન કરી, ક્ષમા માંગીને બંને ગયા.

બધાં ઉપસર્ગોમાં કેટલાં ઉપસર્ગો દુર્વિષહ હતા ?

કટપૂતના વડે કરાયેલો સીત ઉપસર્ગ, કાળચક્ર અને આ શલ્યને બહાર



ખેંચવા તે દુર્વિષહ હતા અથવા જઘન્યમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ કટપૂતનાનો શીત ઉપસર્ગ હતો, મધ્યમોમાં ઉત્કૃષ્ટ તે સંગમે મૂકેલ કાલચક્ર હતું અને ઉત્કૃષ્ટોમાં ઉત્કૃષ્ટ તે આ શલ્યનું ઉદ્ધરણ હતું.

આ પ્રમાણે ગોવાળથી ઉપસર્ગ શરૂ થયા, ગોવાળ વડે પૂરા થયા.

ખીલા ઠોકનાર ગોવાળ સાતમી નરકે ગયો. ખરક વૈદ્ય અને સિદ્ધાર્થ વણિક બંને દેવલોકે ગયા. જો કે તેમણે તીવ્ર વેદના ઉદીરેલ હતી, પણ શુદ્ધ ભાવ હોવાથી સ્વર્ગે ગયા.

● **નિર્યુક્તિ-૫૨૬ :-**

***જૃંભિક ગ્રામની બહાર, ઋજુવાલિકાના કિનારે, શ્યામ ખેડૂત, શાલવૃક્ષ નીચે, જીર્ણ ચૈત્ય નજીક, છટ્ઠ તપ, ઉત્કુટુક આસને, કેવળજ્ઞાન થયું.***

● **વિવેચન-૫૨૬ :-**

ત્યાંથી ભગવંત જૃંભિક ગામે ગયા. ત્યાંથી બહાર કોઈ જીર્ણ ચૈત્યની સમીપે, - x - ઋજુ વાલિકા નદીના કિનારે, ઉત્તરીય કૂળે, શ્યામાક ગૃહપતિના કાષ્ઠકરણ ક્ષેત્રમાં, શાલવૃક્ષની નીચે, ઉત્કટુક નિષદ્યા વડે, ગોદોહિક આસને આતાપના વડે આતાપના લેતા, નિર્જળ છટ્ઠ ભક્ત વડે. વૈશાખ સુદ-૧૦ના દિવસે હસ્તોત્તર નક્ષત્રમાં ચંદ્રાંનો યોગ થતા પ્રાચીનગામિની છાયા અભિનિવૃતા પૌરુષીના પ્રમાણ પ્રાપ્તિમાં ધ્યાનાંતરિકામાં વર્તતા ભગવંતને એકત્વવિતર્ક વ્યતિક્રાંત થઈ અને સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિ પ્રાપ્ત ન થયેલ ત્યારે શ્રેષ્ઠ એવા કેવળજ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયા.

હવે તપ વડે કેવળજ્ઞાન થયું, તે કારણે ભગવંતે જે તપની સેવના કરી - જે તપો આદર્યા, તેને જણાવે છે.

● **નિર્યુક્તિ-૫૨૭ :-**

***વીરવર મહાનુભાવ વડે જે તપ છદ્મસ્થકાળમાં આચરાયા, તેને યથાક્રમે હું વર્ણવીશ.***

● **વિવેચન-૫૨૭ :-**

વીરવર મહાનુભાવે જે તપ છદ્મસ્થકાળમાં આચરેલા છે, જે-તે નિત્યસંબંધથી અનુક્રમે - જે ક્રમથી ભગવંતે આચર્યા - આરાધ્યા છે તે ક્રમથી હું કહીશ. તે આ પ્રમાણે —

● **નિર્યુક્તિ-૫૨૮ થી ૫૩૩ :-**

***— નવ ચૌમાસી, છ બે માસી ઉપવાસ કર્યા. બાર માસ ક્ષમણ, બોંતેર-પંદર ઉપવાસ [અર્ધમાસ ક્ષમણ] કર્યા.***

***— એક છમાસી, બે ત્રણ માસી, બે અઢીમાસી, બે દોઢ માસીના ઉપવાસ ભગવંતે કર્યા હતા.***

***— ભદ્રા અને મહાભદ્રા પ્રતિમાં, ત્યારપછી સર્વતો ભદ્ર પ્રતિમા અનુક્રમે બે, ચાર અને દશ દિવસે પારણા વિના સતત આરાધી.***

***— વત્સા નગરીમાં ગૌચરીના અભિગ્રહયુક્ત છ માસમાં પાંચ દિવસ ઓછો તપ પીડા પામ્યા વિના કર્યો.***

***— બાર ઉપવાસ સહિત મહાત્મા એવા મૌની ભગવંતે એકરાત્રિકી પ્રતિમા અટ્ઠમભક્ત વડે એકૈક છેલ્લી રાત્રિએ કરી.***

***— ભગવંતે ૨૨૯ છઠ્ઠ કર્યા. તથા ચોથ ભક્ત તપ કે નિત્ય ભક્ત [એકાસણું] ભગવંતે કદાપી કર્યું નહીં.***

**● વિવેચન-૫૨૮ થી ૫૩૩ :-**

— નિશ્ચે નવ ચૌમાસી તપ, તથા છ બેમાસીતપ ઉપવાસ કર્યા. किल શબ્દ પરોક્ષ-આપ્ત આગમ વાદના સૂચક છે. બાર માસક્ષમણો અને ૭૨ અર્ધમાસક્ષમણના ઉપવાસ ભગવંતે કર્યા.

— નિશ્ચે એક છમાસી, બે ત્રિમાસીના ઉપવાસ કર્યા. તથા અઢી માસથી નિષ્પન્ન એવો તપ-ઉપવાસ અથવા અઢીમાસી બે વખત કરી. અહીં च શબ્દ ક્રિયાના અનુકર્ષણાર્થે કહ્યો છે અને બે જ દોઢમાસી અર્થાત્ સાર્ધમાસી તપસ્વી રહ્યા.

— ભદ્રા અને મહાભદ્ર પ્રતિમા અને પછી સર્વતો ભદ્રા પ્રતિમાએ ભગવંત રહ્યા. 'અનુબદ્ધ' એમ જોડવું. આ ત્રણે પ્રતિમાનું અનુક્રમે દિવસ પ્રમાણ આ પ્રમાણે — બે, ચાર અને દશ દિવસ હોય. અનુબદ્ધ - સતત.

— ગૌચરી સંબંધી અભિગ્રહ, તેના વડે યુક્ત તપ તે પાંચ દિવસ ન્યૂન છ માસ કર્યો, તેમાં અપીડિત રહ્યા. વત્સા એટલે કૌશાંબીમાં રહીને.

— દશ અને બે અર્થાત્ બાર સંખ્યાથી આ મહાત્મા મૌન રહીને એક રાત્રિકી પ્રતિમા - x - આરાધી. કઈ રીતે ? અટ્ઠમભક્ત અર્થાત્ ત્રણ રાત્રિના ઉપવાસ વડે. यति - પ્રયત્નવાળા, એકૈક ચરમરાત્રિ નિષ્પન્ન.

— ૨૨૯ વખત છઠ્ઠ તપ કર્યો. તે ભગવંતે ક્યારેય નિત્ય ભક્ત કે ચોથ ભક્ત કરેલો ન હતો. એ પ્રમાણે જાણવું.

**● નિર્યુક્તિ-૫૩૪ થી ૫૩૬ :-**

***— બાર વર્ષથી અધિક તપકાળ, જઘન્ય તપ છઠ્ઠનો હતો અને વીર ભગવંતના બધાં તપકર્મ નિર્જળ હતા.***

***— ભગવંતનો પારણાકાળ ૩૪૯ દિવસનો હતો. ઉત્કુટુકાસને રહીને ભગવંતે સેંકડો પ્રતિમા વહન કરી.***

***— પ્રવ્રજ્યાનો એક દિવસ, તેને ઉમેરીને, સર્વ સંકલના કરતાં જે પ્રાપ્ત થાય, તે મારી પાસેથી સાભળો.***

**● વિવેચન-૫૩૪ થી ૫૩૬ :-**

— બાર વર્ષથી અધિક, ભગવંતનો છદ્મસ્થકાળ હતો ત્યારે છઠ્ઠ ભક્ત અર્થાત્ બે અહોરાત્ર ઉપવાસ લક્ષણ રૂપ તે જઘન્ય તપ હતો તથા બધો જ તપકર્મ ભગવંતવીરે નિર્જળ-પાણી પીધા વિનાનો કરેલો.



એમ કહેવાય છે કે — ક્ષીર આદિ દ્રવ આહાર ભોજન કાલે પ્રાપ્ત હોય તે સિવાય પાણીનો પરિભોગ કર્યો નહીં.

પારણાનું કાલમાન પ્રતિપાદિત કરવા કહે છે —

— ૩૪૯ દિવસનો ભગવંતનો પારણાકાળ હતો તથા ઉત્કુટુક નિષધા - સ્થિતિ પ્રતિમા સેંકડો વહન કરી.

— પ્રવ્રજ્યા સંબંધી એવો દિવસ તે પહેલો. અહીં ઉક્ત લક્ષણ દિવસગણમાં ઉમેરીને સંકલિત કરતાં જે પ્રાપ્ત થાય, તે સાંભળો.

**● નિર્યુક્તિ-૫૩૭,૫૩૮ :-**

***— બાર વર્ષ અને સાડા છ માસ ભગવંત વીરવરનો આ છદ્મસ્થ પર્યાય હતો. [તેમ ગાથાર્થ કહ્યો.]***

***— એ પ્રમાણે તપોગુણમાં રત મુનિ મહાવીરે અનુક્રમે વિચરણ કરતાં ઘોર પરીષહની સેનાને અધ્યાસિત-સહન કરી.***

**● વિવેચન-૫૩૭,૫૩૮ :-** *[નિર્યુક્તિ દીપિકામાં વિસ્તૃત વિવેચન છે.]*

— ગાથાર્થ મુજબ નિર્યુક્તિનું વિવેચન ધૃતિકારે કરેલ છે.

— ઉક્ત પ્રકારે તપોગુણોમાં રત, ક્રમથી, ત્રિકાલાવસ્થામાં જગત્ છે, તેમ માનતા હોવાથી મુનિ, વિચરતા-વિચરતા, રૌદ્ર એવી પરીષહોની સેનાને મહાવીરે સહન કરી.

**● નિર્યુક્તિ-૫૩૯ :-**

***અનંત જ્ઞાન ઉત્પન્ન થયું, છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થયું, રાત્રિના સંપ્રાપ્ત, મહાસેન વન ઉદ્યાનમાં ગયા.***

**● વિવેચન-૫૩૯ :-**

— ઉત્પન્ન - પ્રગટ થયું, अनंत - જ્ઞેયના અનંતપણાથી અને સંપૂર્ણ જ્ઞેય વિષયપણાથી કેવળ એટલે અનંત.

— છાદ્મસ્થિક જ્ઞાન [મત્યાદિ ચાર] નષ્ટ થતાં.

— રાત્રિમાં મહસેનવન ઉદ્યાનમાં પહોંચ્યા. કેમ ? તે કહે છે —

ભગવંતને જ્ઞાનરત્નની ઉત્પત્તિ પછી તુરંત જ ચારે પ્રકારના દેવો પણ આવી ગયા હતા. ત્યાં પ્રવ્રજ્યા સ્વીકારનાર કોઈ વિદ્યમાન ન હતું. એ પ્રમાણે ભગવંતે જાણીને વિશિષ્ટ ધર્મકથનને માટે પ્રવૃત્ત ન થયા. ત્યારપછી ત્યાંથી બાર યોજનમાં મધ્યમા નામે નગરી હતી, ત્યાં સોમિલાર્ય નામે બ્રાહ્મણ હતો. તે યજ્ઞ કરવાને ઉદ્યત થયેલો અને તેમાં અગિયાર ઉપાધ્યાયો નિશ્ચે આવેલા હતા. તે અગિયારે ચરમશરીરી હતા. તેથી તેને જાણીને જ્ઞાનોત્પત્તિ સ્થાનમાં મુહૂર્ત્ત માત્ર દેવપૂજા એ આચાર છે, તેમ સમજીને અનુભૂત દેશના માત્ર કરીને અસંખ્યાત કરોડ દેવો વડે પરીવરીને, દેવોદ્યોતથી સંપૂર્ણ પંથ-માર્ગને ઉદ્યોત કરતાં અને દેવો દ્વારા પરિકલ્પિત કમળો ઉપર ચરણોને મૂકતા-મૂકતા આ મધ્યમા નગરીના મહાસેનવન ઉદ્યાનમાં પધાર્યા.

*[અહીં નવે કમળોમાં કઈ રીતે પગ મૂકે, બે સિવાયના કમળો કઈ રીતે દેખાય, કમળ કેવા હતા ? ઈત્યાદિ વર્ણન ચૂર્ણિમાં ખાસ જોવું.]*

● **નિર્યુક્તિ-૫૪૦ :-**

***દેવ અને મનુષ્યોના રાજા વડે પૂજિત, પ્રાપ્ત ધર્મવર ચક્રવર્તીત્વ, બીજું સમોસરણ મધ્યમા પાપા નગરીમાં થયું.***

● **વિવેચન-૫૪૦ :-**

તે જ ભગવંત દેવ અને મનુષ્યોના રાજા વડે પૂજાને પ્રાપ્ત થયા. કેમ ? શ્રેષ્ઠ ધર્મનું ચક્રવર્તીત્વ અર્થાત્ પ્રભુત્વ પામ્યા. ફરી બીજું સમોસરણ રચાયું. - x - ક્યાં ? મધ્યમા પાપા નગરીમાં, અહીં જ્ઞાનોત્પત્તિ સ્થાનકૃત્ પૂજાની અપેક્ષાથી બીજું, એમ જાણવું.

● **નિર્યુક્તિ-૫૪૧ :-**

***ત્યાં સોમિલ આર્ય બ્રાહ્મણ, તેના યાગકાલે, પ્રચુર જન અને જાનપદ યજ્ઞપાટમાં આવેલા હતા.***

● **વિવેચન-૫૪૧ :-**

મધ્યમા પાપામાં સોમિલાર્ય બ્રાહ્મણ હતો. તેના દીક્ષા કાળમાં અર્થાત્ યાગ કાળમાં વિશિષ્ટ નગરવાસી લોક સમુદાય અને સામાન્ય લોકો, જનપદમાં થનાર તે જાનપદા અર્થાત્ દેશના લોકો યજ્ઞ પાટે આવેલા.

● **નિર્યુક્તિ-૫૪૨ + વિવેચન :-**

યજ્ઞપાટકની ઉત્તર બાજુએ એકાંતમાં અને અલગ, પછી દેવો અને દાનવેન્દ્રોએ જિનેન્દ્રનો મહિમા કર્યો. અથવા કરતા હતા.

આ જ અર્થને કંઈક વિશેષતાથી ભાષ્યકાર કહે છે —

● **ભાષ્ય-૧૧૫ + વિવેચન :-**

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વિમાનવાસીઓએ સર્વ ઋદ્ધિ વડે હેતુભૂતપણે પર્ષદા સહિત જ્ઞાનોત્પત્તિ મહિમા કર્યા.

હવે સમોસરણ વક્તવ્યતાને પ્રપંચથી કહે છે —

● **નિર્યુક્તિ-૫૪૩ :-**

***(૧) સમોસરણમાં, (૨) કેટલા, (૩) રૂપ, (૪) પૃચ્છા, (૫) ઉત્તર, (૬) શ્રોતાના પરિણામ, (૭) દાન, (૮) દેવમાલ્ય, (૯) માલ્યાનયન તીર્થમાં. આ પ્રમાણે દ્વાર ગાથા કહી છે.***

● **વિવેચન-૫૪૩ :-**

(૧) સમોસરણ વિધિનું કથન - જે દેવો જે પ્રાકારાદિ, જેવા પ્રકારે કરે છે તે. (૨) ભગવંત કેટલી સામાયિક કહે છે અને મનુષ્યાદિ સ્વીકારે છે તે. અથવા કયા ભૂ ભાગથી અપૂર્વ કે અદૃષ્ટ સમોસરણમાં સાધુ વડે અવાય છે (૩) ભગવંતનું રૂપ, (૪) કયા ઉત્કૃષ્ટ રૂપપણાથી ભગવંતને પ્રયોજન છે એ પ્રમાણે પૃચ્છા અને કાર્યોત્તર વક્તવ્ય. અથવા એક સાથે કેટલાં લોકો હૃદયગત સંશયને પૂછે છે. (૫) વ્યાકરણ - ભગવંતનું વક્તવ્ય, એક સાથે સંખ્યાતીત લોકો પૂછે તો પણ ભગવંત ઉત્તર આપે છે તે અથવા પ્રશ્ન-ઉત્તર એ એક જ દ્વાર છે.



(૬) શ્રોતામાં પરિણામનું વક્તવ્ય. જેમકે — સર્વે શ્રોતાને ભગવંતની વાણી પોતાની ભાષામાં પરિણમે છે. (૭) દાન-વૃત્તિદાન અને પ્રીતિદાન ચક્રવર્તી આદિ કેટલું આપે છે — તીર્થંકરની પ્રવૃત્તિનું કથન કરનારને, તેની વક્તવ્યતા (૮) દેવમાલ્ય - ગંધ પ્રક્ષેપથી દેવો સંબંધી જે માલ્ય - બલી આદિ. કોણ કરે ? કેટલું પરિમાણ ?

(૯) માલ્યાનયનની જે વિધિ છે, તેની વક્તવ્યતા અને પૌરુષી અતિક્રાંત થતા તીર્થ - ગણધર દેશના કરે છે.

ગાથા સમુદાયાર્થ કહ્યો, હવે પ્રતિદ્વારે અવયવાર્થ કહેશે — - x - x - આ સમોસરણમાં, શું ભગવંત જ્યાં ધર્મ કહે, ત્યાં જ નિયમથી થાય કે ન તાય, તે શંકા નિવારવા પહેલું દ્વાર વર્ણવે છે —

● **નિર્યુક્તિ-૫૪૪ :-**

***જ્યાં અપૂર્વ સમોસરણ, જ્યાં મહર્દ્ધિક દેવો જાય, વાયુ-ઉદક-પુષ્પ વાદળ, ત્રણ પ્રાકારો અને આભિયોગિક દેવો.***

● **વિવેચન-૫૪૪ :-**

જે ક્ષેત્રમાં અપૂર્વ સમોસરણ હોય તથા જ્યાં ભૂત સમોસરણ ક્ષેત્રમાં મહર્દ્ધિક દેવો આવે, ત્યાં રેણુ આદિ નિવારવા વાયુ, ભાવિ રેણુના સંતાપને નિવારવા જળના વાદળ, પૃથ્વીની વિભૂષાર્થે પુષ્પ વાદળ, ત્રણ ગઢો તે બધું આભિયોગિક દેવો કરે છે. પછીના સમોસરણમાં નિયમ નથી. એ રીતે સામાન્ય સમોસરણ કરણ વિધિ કહી, હવે વિશેષ વિધિ કહે છે —

● **નિર્યુક્તિ-૫૪૫ :-**

***મણિ, સુવર્ણ, રત્નથી ચિત્રિત ભૂમિભાગ, ચોતરફ સુગંધી, એક યોજનના અંતરમાં દેવો વિવિધ રચનામય કરે છે.***

● **વિવેચન-૫૪૫ :-**

ચંદ્રકાંતાદિ મણિ, દેવ કંચન, ઈન્દ્રનીલાદિ રત્નો કે સ્થળથી ઉત્પન્ન મણી, જળથી ઉત્પન્ન રત્નો વડે ચિત્રિત, ભૂભાગ બધી દિશામાં સુગંધી ગંધયુક્ત, દેવો યોજન પરિમાણમાં વિવિધરૂપે કરે છે. - x - x -

● **નિર્યુક્તિ-૫૪૬+વિવેચન :-**

બિંટ સહિત, સુગંધી, જલજ-સ્થલજ દિવ્ય પુષ્પોની જેમ અતીવ પ્રસરતી ગંધવાળા, પંચવર્ણી પુષ્પોની વર્ષા કરે છે. - x -

● **નિર્યુક્તિ-૫૪૭ થી ૫૫૦ :-**

***મણિ કનક રત્નોથી જડેલ તોરણો ચારે બાજુથી વિકુર્વે છે. તે તોરણો છત્રો, પુતલીઓ, મગરમુખ, ધ્વજા, સ્વસ્તિકાદિ સહિત જાણવા.***

*રત્નથી જડેલ ત્રણ પ્રાકાર સુર ગણેન્દ્રો વિકુર્વે છે, તે ત્રણે ગઢ મણિ અને કંચનના કાંગરાથી શોભિત હોય છે. અભ્યંતર મધ્યમ અને બહાર એમ ત્રણ ગઢ અનુક્રમે વૈમાનિક, જ્યોતિષ્ક અને ભવનપતિ કરે છે. જે રત્ન, કંચન અને રૂપાના હોય છે. મણિ-રત્ન-સુવર્ણના કપિશીર્ષકો સર્વ રત્નયુક્ત દ્વારો, સર્વ રત્નમય ધ્વજ, પતાકા, તોરણાદિ રચે છે.*

● **વિવેચન-૫૪૭ થી ૫૫૦ :-**

મણિ-કનક-રત્નથી ચિત્રિત ચારે દિશામાં તોરણો વિકુર્વે છે. છત્ર, સ્તંભની પુતળી, મગરમુખોપલક્ષણ, ધ્વજા, સ્વસ્તિકાદિ સંસ્થાનની રચના વિશેષ, તે બધું ત્યાં શોભે છે. આ બધું વ્યંતર દેવો કરે છે.

ત્રણ શ્રેષ્ઠ પ્રાકારને રત્નોથી ચિત્રિત ત્યાં સુરગણના ઈન્દ્રો મણિ, સુવર્ણના કપિશીર્ષકથી વિભૂષિત વિકુર્વે છે. તે આ રીતે — અભ્યંતર, મધ્ય અને બાહ્ય, તે અનુક્રમે વૈમાનિક, જ્યોતિષ્ક, ભવનપતિ વડે ત્રણ પ્રાકારો વિકુર્વાય છે. રત્નનોગઢ વૈમાનિક કરે, સુવર્ણનો જ્યોતિષ્કો કરે અને રૂપાનો ગઢ ભવનપતિ કરે છે. કરિશિર્ષકો મણિ-રત્ન-હેમમય હોય છે. તેમાં પહેલા પ્રાકારમાં પંચવર્ણી મણીમય વૈમાનિકો કરે. બીજે વિવિધ રત્નમય જ્યોતિષ્કો કરે, ત્રીજે હેમમય ભવનપતિ કરે તથા સર્વ રત્નમય દ્વારો કરે છે. ઈત્યાદિ ગાથાર્થવત્ - x - x - જાણવું.

● **નિર્યુક્તિ-૫૫૧ + વિવેચન :-**

ત્યારપછી ચોતરફ કૃષ્ણ અગરુ, કુંદુરુષ્ક મિશ્ર ગંધ વડે મનહર એવી ધૂપઘટિકાને દેવો વિકુર્વે છે.

● **નિર્યુક્તિ-૫૫૨ + વિવેચન :-**

તીર્થંકરના પાદમૂલમાં પડતા એવા દેવો ઉત્કૃષ્ટ સિંહનાદ કરે છે. ઉત્કૃષ્ટ-હર્ષ વિશેષ પ્રેરિત ધ્વનિ. વળી કલકલ શબ્દથી બધી દિશામાં યુક્ત અને સંપૂર્ણ એવો કલકલ કરે છે.

● **નિર્યુક્તિ-૫૫૩ :-**

*ચૈત્યવૃક્ષ, પીઠ, છંદક, આસન, છત્ર, ચામર. તે સિવાય બીજું જે કંઈ કરવા યોગ્ય હોય તે વાણવ્યંતર દેવો કરે છે.*

● **વિવેચન-૫૫૩ :-**

ભગવંતની ઉંચાઈથી બાર ગણું અશોક વૃક્ષ, તેની નીચે રત્નમય પીઠ, તેની ઉપર દેવ છંદક, તેની મધ્યમાં સિંહાસન, તેની ઉપર છત્રાતિછત્ર. યક્ષમાં હાથમાં રહેલ બે ચામર, પદ્મ સંસ્થિત ધર્મચક્ર અને જ બીજા વાયુ-ઉદકાદિ કર્મવ્ય છે, તેને વ્યંતર દેવો કરે છે. પ્રશ્ન - શું જ્યાં જે સમોસરણ હોય, ત્યાં આ આવો નિયોગ છે કે નથી ? તે કહે છે —

● **નિર્યુક્તિ-૫૫૪ :-**

*સાધારણ સમોસરણમાં આ પ્રમાણે, જ્યાં ઋદ્ધિમાન હોય તે દેવ એકલો પણ સમોસરણ રચે, અલ્પઋદ્ધિક દેવ માટે ભજના જાણવી.*



● **વિવેચન-૫૫૪ :-**

સાધારણ સમોસરણમાં જ્યાં દેવેન્દ્રો આવે છે, ત્યાં આ જ નિયોગ છે, જ્યાં ઋદ્ધિમાન્ સમોસરે છે - કોઈ ઈન્દ્ર, સામાનિકાદિ. ત્યાં એકલો જ તે પ્રાકારાદિ બધું કરે છે. મૂલ ટીકાકારે પણ કહેલ છે કે — જ્યાં ઈન્દ્રો આવતા નથી, ત્યાં ભવનવાસી આદિ સમોસરણ કરે કે ન પણ કરે તે ભજના.

● **નિર્યુક્તિ-૫૫૫ :-**

*સૂર્યોદયે અને પશ્ચિમમાં પ્રભુ પૂર્વદ્વારેથી પ્રવેશ કરે છે. બે પદ્મો ઉપર ચરણો અને અન્ય સાત માર્ગમાં હોય છે.*

● **વિવેચન-૫૫૫ :-**

દેવ નિષ્પાદિત સમોસરણમાં પહેલી અને છેલ્લી પોરિસિમાં પૂર્વ દ્વારેથી આવીને ભગવંત પ્રવેશ કરે છે. કઈ રીતે ? દેવતા રચિત બંને સહસ્રપત્ર કમળ ઉપર બંને પગને સ્થાપે છે. માર્ગથી અને પાછળ સાત બીજા કમળ ભગવંતને ચાલે છે. પછી-પછીના કમળ ઉપર પગ મૂકીને ભગવંત આગળ-આગળ ચાલે છે.

● **નિર્યુક્તિ-૫૫૬ :-**

*પ્રદક્ષિણા કરી પૂર્વમુખ રહી, ત્રણ દિશામાં દેવકૃત્ પ્રતિરૂપકો, જ્યેષ્ઠ ગણધર કે બીજા ગણધરો અગ્નિ ખૂણામાં નીકટ બેસે.*

● **વિવેચન-૫૫૬ :-**

ભગવંત પૂર્વ દ્વારેથી પ્રવેશીને અશોક વૃક્ષને પ્રદક્ષિણા કરીને, પૂર્વાભિમુખ બેસે છે. શેષ ત્રણ દિશામાં સિંહાસનયુક્ત તીર્થંકર આકૃતિ દેવકૃત્ હોય છે - x - ભગવંતના પાદમૂલે એક ગણધર વડે અવિરહિત હોય છે. તે જ્યેષ્ઠ કે અન્ય હોય. પ્રાયઃજ્યેષ્ઠ હોય તે જ્યેષ્ઠગણિ કે બીજા અગ્નિ ખૂણામાં ભગવંતની નીકટ ભગવંતને પ્રણામ કરીને બેસે. બાકીના ગણધરો ભગવંતને વાંદીને, પ્રભુની નીકટ બેસે છે.

ભુવનગુરુનું રૂપ ત્રૈલોક્યગત રૂપના સુંદરતરપણાથી દેવોએ રચેલ પ્રતિકૃતિના રૂપમાં શું સામ્ય હોય કે અસામ્ય, તે કહે છે —

● **નિર્યુક્તિ-૫૫૭ + વિવેચન :-**

જે તે દેવો વડે કરાયેલ ત્રણ દિશામાં જિનવરની પ્રતિકૃતિઓ તે પણ તીર્થંકરના પ્રભાવથી તીર્થંકરને અનુરૂપ જ હોય છે.

● **નિર્યુક્તિ-૫૫૮ + વિવેચન :-**

તીર્થ-ગણધર, તેમના હોવાથી અતિશયવાળા સંયતો તથા વૈમાનિકોની દેવી અને શ્રમણીઓ તથા ભવનપત્યાદિ ત્રણેની દેવીઓ.

આ ગાથાર્થ કહ્યો, હવે અવયવાર્થ કહે છે —

● **નિર્યુક્તિ-૫૫૯ :-**

*કેવલીઓ ત્રણ વખત જિનવરને, તીર્થ પ્રણામ, તેના માર્ગથી, મનઃપર્યાય*

***જ્ઞાની આદિને નમતા, સ્વસ્થન-સ્વસ્થાને જાય છે.***

**● વિવેચન-૫૫૯ :-**

કેવલીઓ તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા કરીને અને તીર્થને પ્રણામ કરીને, તીર્થ અને ગણધરની પાસે બેસે. મનઃપર્યવજ્ઞાની પણ ભગવંતને વાંદીને, તીર્થ અને કેવલીને વાંદીને કેવલીની પાછળ બેસે છે. આદિ શબ્દથી અતિશય વગરના સંયતો પણ તીર્થંકરને વાંદીને મનઃપર્યવજ્ઞાનીની પાછળ બેસે છે. વૈમાનિક દેવીઓ પણ તીર્થંકરાદિને વાંદીને વૈમાનિક દેવીની પાછળ ઉભી રહે છે, પણ બેસતી નથી.

ભવનપત્યાદિ ત્રણેની દેવીઓ પણ તીર્થંકરાદિને વાંદીને નૈઋત્ય દિશામાં ભવનપતિની, પછી જ્યોતિષ્કની, પછી વ્યંતરની દેવી ઉભી રહે છે એ પ્રમાણે મનઃપર્યવ જ્ઞાનિ આદિ પણ નમીને સ્વ-સ્વ સ્થાને જાય છે.

**● નિર્યુક્તિ-૫૬૦ + વિવેચન :-**

ભવનપતિ, જ્યોતિષ્ક, વ્યંતર દેવો ભગવંતને વાંદીને, સાધુને વાંદીને, અનુક્રમે વાયવ્ય પાર્શ્વે રહે છે તેમ જાણવું. વૈમાનિક, મનુષ્યો અને માનુષી સ્ત્રી યથાક્રમે ઈશાનમાં રહે છે. કઈ રીતે ? પ્રદક્ષિણા કરીને, તીર્થંકર આદિને વંદના કરીને અનુક્રમે રહે છે - x - x - પૂર્વાચાર્યોએ કહ્યું છે કે – કોઈ દેવી બેસતી નથી, દેવો, પુરુષો, સ્ત્રીઓ બેસે છે. જે પરિવાર જેની નિશ્રા કરીને આવે, તે તેની પડખે જ રહે છે. હવે ભાષ્યકારનો મત –

**● ભાષ્ય-૧૧૬ થી ૧૧૯નું વિવેચન :-**

સાધુ, વૈમાનિક દેવી, સાધ્વી પૂર્વ દ્વારેથી પ્રવેશી પ્રભુને પ્રદક્ષિણા દઈને અગ્નિ ખૂણે રહે છે. જ્યોતિષ્ક, ભવનપતિ, વ્યંતરની દેવીઓ દક્ષિણ દ્વારેથી પ્રવેશી નૈઋત્ય ખૂણામાં પૂર્વવત્ રહે છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક દેવો પશ્ચિમ દ્વારેથી આવીને વાયવ્ય ખૂણામાં પૂર્વવત્ રહે છે. મહેન્દ્ર સહ કલ્પ દેવો, મનુષ્ય, મનુષ્ય સ્ત્રી ઉત્તર દ્વારેથી આવીને ઈશાન ખૂણામાં અંજલી જોડીને રહે છે. હવે ઉપસંહાર ગાથા –

**● નિર્યુક્તિ-૫૬૧ થી ૫૬૩ :-**

***એકૈક દિશામાં પર્ષદાની ત્રિક-ત્રિકની બેઠકો હોય. પહેલી-છેલ્લી દિશામાં વિમિશ્ર-સ્ત્રી, પુરુષો બાકીની દિશામાં પ્રત્યેક હોય છે. પહેલાં બેઠેલા સામાન્ય લોકો આવેલા ઋદ્ધિવાળાને પ્રણામ કરે છે, બેઠેલા મહર્દ્ધિકને પણ સામાન્ય લોકો પ્રણમે છે. ત્યાં પીડા-વિકથા-પરસ્પર ઈર્ષ્યા કે ભય નથી. બીજા ગઢમાં તિર્યંચ, ત્રીજા ગઢમાં યાન હોય. પ્રાકારની બહાર તિર્યંચો પણ પ્રત્યેક અને મિશ્ર હોય છે.***

**● વિવેચન-૫૬૧ થી ૫૬૩ :-**

પૂર્વ આદિ એકૈક દિશામાં ઉક્ત લક્ષણ સંયત આદિ ત્રિક હોય છે. અગ્નિ અને ઈશાન દિશામાં સ્ત્રીપુરુષો બંને હોય, બાકીની બે દિશામાં પ્રત્યેક જ હોય છે. તેમાં રહેલાં દેવ-મનુષ્ય સ્થિતિ કહે છે – અલ્પ ઋદ્ધિક પૂર્વે રહેલ હોય તે આવનારા



મહર્દ્ધિકને પ્રણમે છે. મહર્દ્ધિક બેઠા હોય તો પછી આવેલા અલ્પર્દ્ધિક તેમને પ્રણમીને જાય છે. ત્યાં પીડાદિ નથી. વિરોધી જીવોને પણ પરસ્પર ઈર્ષ્યા કે ભય નથી. તેવો ભગવંતનો અનુભાવ છે.

પહેલા ગઢમાં મનુષ્યાદિ જ કહ્યા, તેથી કહે છે – બીજા ગઢમાં તિર્યંચો હોય છે, ત્રીજામાં વાહનો છે. પ્રાકાર બહાર તિર્યંચો સાથે મનુષ્યો અને દેવો પણ હોય, તે બધાં પ્રત્યેક કે મિશ્ર પણ હોય.

**આવશ્યક નિર્યુક્તિ-૧ થી ૫૬૩નો**
**મુનિ દીપરત્નસાગર કૃત્ સટીક અનુવાદ પૂર્ણ**

# ભાગ-૩૧-મો સમાપ્ત

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૨

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આવશ્યક-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપુરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બહાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૩૨ માં છે...

## ૦ આવશ્યક-મૂલસૂત્ર-૧ ની

## -૦- નિર્યુક્તિ-૫૬૪ થી

## આરંભીને

## -૦- નિર્યુક્તિ-૧૦૦૫ સુધી

## - અધ્યયન-૧-સહિત

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે અવર્ણિય અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

### પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ **૩૨** ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પ.પૂ. આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના

સમુદાયવર્તી

**સાધ્વી શ્રી ભાવપૂર્ણશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ**

**નવસારી**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

o चैत्यवन्दन पर्वमाला

o चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष

o चैत्यवन्दन चोविसी

o ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

o શત્રુંજય ભક્તિ

o शत्रुञ्जय भक्ति

o સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ

o વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય

o ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

o શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી

o શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

o અભિનવ જૈન પંચાંગ

o अभिनव जैन पञ्चाङ्ग

o અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

o બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો

o શ્રી જ્ઞાનપદ પૂજા

o કાયમી સંપર્ક સ્થળ

o ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

o જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ

o પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૨

# ૪૦ આવશ્યક-મૂલ સૂત્ર ૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચાલીશમું આગમ છે. જે ચાર મૂળસૂત્રોમાં પહેલું મૂળ સૂત્ર છે. તે 'આવશ્યક' નામથી પ્રસિદ્ધ છે. તેનું પ્રાકૃતમાં આવસ્સય એવું નામ છે. પણ ગુજરાતી કે સંસ્કૃતમાં તો તેને ''आवश्यक'' નામે જ ઓળખે છે. આ આગમમાં છ અધ્યયનો છે.

મૂળ આવશ્યક સૂત્રનું કદ તો ઘણું જ નાનું છે. માત્ર-૯૨ સૂત્રોમાં છ એ અધ્યયનો પૂરા થઈ જાય છે. પરંતુ તેની નિર્યુક્તિની સંખ્યા-૧૬૨૩ છે, વળી તેમાં ભાષ્ય અને હારિભદ્રીય ટીકાને કારણે તેનું કદ ઘણું જ વિસ્તૃત થઈ જાય છે. જો તેના ઉપરની ચૂર્ણિ, પૂ.મલયગિરિજીની વૃત્તિ, બૃહત્ ભાષ્ય, દીપિકાઓ ઈત્યાદિ બધું જ સાહિત્ય સાથે રાખવામાં આવે તો તો આ સૂત્રનું કદ ઘણું-ઘણું જ વિસ્તારવાળું થઈ જાય.

મૂળ આવશ્યકમાં તો સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણાદિ છ વિષયો છે. પણ નિર્યુક્તિ સહિતની ચૂર્ણિ અને વૃત્તિ સાથે ગણતાં તો જૈન વાઙ્મય બની જાય તેટલું વિષયવસ્તુ અને કથા-દૃષ્ટાંત સહ આ આગમ પ્રચૂર માહિતીનો સ્રોત બની રહેલ છે.

અહીં અમે અનુવાદમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, હારિભદ્રીય વૃત્તિની મુખ્યતા રાખેલ છે. પરંતુ વિશેષાવશ્યક ભાષ્ય, તેની ટીકા, પૂજ્ય મલયગિરિજીની વૃત્તિ આદિ પણ છોડવા જેવા નથી.

અહીં અનુવાદમાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેરાયા છે, તો ક્યાંક ન્યાય, વ્યાકરણ, વાદ આદિને છોડ્યા પણ છે. કથા-દૃષ્ટાંતોમાં પણ ક્યાંક દૃષ્ટાંતની વાક્યપૂર્તિ વડે તે લંબાયા પણ છે, તો ક્યાંક સંક્ષેપિત પણ કર્યા છે, પુરેપુરી કથા જાણવા અમારું ''આગમ કથાનુયોગ'' જોવું.

અમે આ આગમને નિર્યુક્તિના આધારે ચાર વિભાગમાં વહેંચ્યું છે, જેમાં પહેલા ભાગમાં ૧ થી ૫૬૩ નિર્યુક્તિ સમાવી. આ ભાગમાં ૫૬૪થી ૧૦૦૫ નિર્યુક્તિ સમાવી છે. સાથે અધ્યયન-૧, સૂત્ર-૧ પણ સમાવાયું છે.





# 卐 આવશ્યક સૂત્ર-ટીકા સહિત-અનુવાદ 卐

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

*[મૂળ સૂત્રનો આરંભ તો છેક નિર્યુક્તિ-૮૮૬ પછી થાય છે. આ પૂર્વે ભાગ-૧ માં [ભાગ-૩૧માં] આવશ્યક નિર્યુક્તિ-૧ થી ૫૬૩નો સમાવેશ કર્યો છે. આ ભાગ-૨માં નિર્યુક્તિ-૫૬૪ થી ૧૦૦૫ છે. તેમાં નિર્યુક્તિ-૮૭૯ સુધી ઉપોદ્‌ઘાત છે. પછી ૮૮૬ સુધી નમસ્કાર નિર્યુક્તિ છે. પછી અધ્યયન-૧ નું સૂત્ર-૧- આવે છે અને આ આખા ભાગમાં માત્ર સૂત્ર-૧-છે.]* હવે બીજા દ્વારને કહે છે –

**• નિર્યુક્તિ-૫૬૪ :-**

***સર્વવિરતિ, દેશવિરતિ અથવા સમ્યક્ત્વ કોઈ ગ્રહણ કરશે તો જ દેશના થાય, અન્યથા અમૂઢ લક્ષવાળા ભગવંત દેશના ન આપે અને કહે તો કોઈ ન લે તેવું બનતું નથી.***

**• વિવેચન-૫૬૪ :-**

દેશના કથન કોઈ સર્વવિરતિ આદિ લે તો પ્રવર્તે. અન્યથા અમૂઢલક્ષ અર્થાત્ અવિપરીતવેત્તા દેશના ન આપે. કહે છે – દેવોનો સમવસરણ કરણપ્રયાસ અનર્થક છે. કેમકે કર્યા પછી પણ નિયમથી દેશના થશે નહીં અને જો ભગવંત દેશના આપે તો કોઈપણ પ્રકારનું સામાયિક કોઈક સ્વીકારે જ છે. - x - મનુષ્યાદિ કેટલી સામાયિક સ્વીકારે, તે કહે છે –

**• નિર્યુક્તિ-૫૬૫ :-**

***મનુષ્ય ચારમાંથી કોઈ એક, તિર્યંચ ત્રણ કે બે માંથી એક સ્વીકારે, જો તે ન હોય તો નિયમથી દેવો સમ્યક્ત્વને સ્વીકારે છે.***

**• વિવેચન-૫૬૫ :-**

- x - મનુષ્ય ચારમાંથી કોઈ એક સામાયિક સ્વીકારે, તિર્યંચ સર્વવિરતિ સિવાયની કોઈ એક અથવા સમ્યક્ત્વ કે શ્રુત સામાયિક કરે. જો કોઈ મનુષ્ય કે તિર્યંચ ન હોય તો નિયમથી દેવો સમ્યક્ત્વને સ્વીકારે છે, એમ ગાથાર્થ છે - તેઓ આ રીતે ધર્મ કહે છે –

**• નિર્યુક્તિ-૫૬૬ :-**

***તીર્થ પ્રણામ કરીને ભગવંત દેશના કહે છે, સાધારણ શબ્દોથી, બધાં સંજ્ઞીને, યોજન વ્યાપિની.***

**• વિવેચન-૫૬૬ :-**

'नमो त्तित्थस्स' કહી, પ્રણામ કરીને દેશના આપે છે. તે દેશના દેવ, મનુષ્ય, તિર્યંચ બધાં સમજી શકે તેથી સાધારણ ભાષામાં અને યોજન વ્યાપીની હોય તે રીતે ભગવંત કહે છે અર્થાત્ ભગવંતનો ધ્વનિ સંપૂર્ણ સમોસરણમાં રહેલ સંજ્ઞીને અર્થ સમજાય તેવી ભાષામાં હોય છે. કેમકે ભગવંતનો અતિશય છે - કૃતકૃત્ય ભગવંત તીર્થપ્રણામ કેમ કરે ?

● નિર્યુક્તિ-૫૬૭ :-

*અરહંતો તીર્થપૂર્વક હોય છે. પૂજિતોએ પૂજેલ છે, વિનયકર્મ છે, તેથી કૃતકૃત્ય પણ ભગવંત જેમ દેશના આપે છે, તેમ તીર્થને નમે છે.*

● વિવેચન-૫૬૭ :-

તીર્થ - શ્રુતજ્ઞાન, તેના સહિત તીર્થંકરતા છે. કેમકે તે અભ્યાસ પ્રાપ્ત છે. પૂજિત વડે પૂજા તે પૂજિતપૂજા, તે જેની કરાયેલ છે. કેમકે લોકના પૂજિત-પૂજકપણાથી છે. ભગવંત પણ તેને પૂજિત ગણી પ્રવૃત્તિ કરે છે. તથા હવે કહેવાનાર વૈનયિક ધર્મમૂળ છે અથવા કૃતકૃત્ય હોવા છતાં જેમ ધર્મ કહે છે, તેમ તીર્થને પણ નમે છે. [શંકા] તીર્થંકરનામ ગોત્ર કર્મનો વિપાક હોવાથી આ પણ ધર્મકથન કૃતકૃત્યને અયુક્ત જ છે. [ઉત્તર] ના, તે કઈ રીતે વેદાય? ઈત્યાદિ ગાથાર્થ જોવો.

ક્યાં કયા સાધુ વડે, કયા ભૂ ભાગથી સમવસરણમાં આવવું કે જવું, ત્યારે શું પ્રાયશ્ચિત્ત આવે ? તે કહે છે —

● નિર્યુક્તિ-૫૬૮ :-

*જ્યાં અપૂર્વ સમોસરણ હોય અથવા સાધુએ જે પૂર્વે દેખેલ ન હોય, તે બાર યોજનમાં આવે, જો ન આવે તો લઘુ પ્રાયશ્ચિત્ત.*

● વિવેચન-૫૬૮ :-

જ્યાં તે-તે તીર્થંકરની અપેક્ષાએ અભૂતપૂર્વ સમોસરણ થાય, અથવા બાર યોજનમાં કોઈ શ્રમણે પૂર્વે ન જોયેલ હોય તે આવે. અવજ્ઞાથી જો તે ન આવે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે. - x - x -

રૂપ-પૃચ્છાદ્વારને વર્ણવવાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૫૬૯ :-

*બધાં દેવો અંગુઠા પ્રમાણ રૂપ કરે તો પણ જિનેશ્વર દેવના પગના અંગુઠા આગળ અંગારાની જેમ ન શોભે.*

● વિવેચન-૫૬૯ :-

ભગવંતનું રૂપ કેવું છે ? પોતાની સંપૂર્ણરૂપ નિર્માણ શક્તિ વડે અંગુઠા પ્રમાણ રૂપ વિકુર્વે તો પણ ભગવંતના પગના અંગુઠા પ્રમાણ પણ ન શોભે.

હવે ગણધરાદિની રૂપ સંપત્તિ કહે છે —

● નિર્યુક્તિ-૫૭૦ :-

*ગણધર, આહારક, અનુત્તરવાસી યાવત્ વ્યંતર, ચક્રી, વાસુદેવ, બલદેવ, મંડલિક, હીન હોય છે. બાકીના છ સ્થાન ગત હોય છે.*

● વિવેચન-૫૭૦ :-

તીર્થંકરના રૂપથી અનંતગુણહીન રૂપથી ગણધરો હોય છે. તેના કરતા અનંતગુણહીન આહારકદેહી હોય, તેનાથી અનંતગુણહીન અનુત્તર વૈમાનિક દેવો હોય, એ પ્રમાણે દેહના રૂપથી ઉત્તરોત્તર અનંતગુણ હાનિ ગ્રૈવેયકદેવથી વ્યંતર સુધી, પછી ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક સુધી જાણવી. બાકીના રાજા અને જનપદના લોકો છ સ્થાનગત હોય છે — અનંત ભાગહીન, અસંખ્યાત ભાગહીન, સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન, અનંત ગુણહીન.



- x - હવે સંહનનાદિ કહે છે —

● નિર્યુક્તિ-૫૭૧ :-

*સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્વ, સાર, ઉચ્છ્‌વાસ, આ બધાં તીર્થંકરના નામ કર્મના ઉદયથી અનુત્તર હોય છે.*

● વિવેચન-૫૭૧ :-

વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, રૂપ દેહની છાયા, ગમન, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી જનિત આત્મપરિણામ, સાર - બાહ્યથી ગુરુપણુ અને અભ્યંતરથી જ્ઞાનાદિ, ઉચ્છ્‌વાસ, તે ભગવંતને આ બધું અનુત્તર હોય છે. આદિ શબ્દથી લોહી અને માંસ ગાયના દુધ જેવા હોય. નામકર્મના ઉદયના અનેક ભેદ છે, તેના ઉદયથી આમ હોય.

[પ્રશ્ન] બીજી પ્રકૃતિની વેદના, ગોત્રાદિ, નામ, જે ઈન્દ્રિય અંગાદિ તે પ્રશસ્ત ઉદયવાળા હોય, તે ભગવંતને છદ્મસ્થકાળે કે કેવલીકાળે અનુત્તર હોય કે નહીં ? તે હવે કહે છે —

● નિર્યુક્તિ-૫૭૨ :-

*બીજી પ્રકૃતિ પણ પ્રશસ્ત ઉદયથી અનુત્તર હોય છે. ક્ષય અને ઉપશમથી પણ, ક્ષયમાં તો અવિકલ્પ - સર્વોત્તમ હોય છે.*

● વિવેચન-૫૭૨ :-

બીજી પ્રકૃતિ પણ પ્રશસ્ત ઉદયથી ઉચ્ચ ગોત્રાદિ હોય છે તે પણ અનન્ય સદૃશ. अपि શબ્દથી 'નામ' જે જાત્યાદિ લેવા. ક્ષયોપશમમાં પણ જે દાન, લાભાદિ કાર્ય વિશેષ, ઉપશમ શબ્દથી પણ જે કોઈ છે, તે અનુત્તર હોય છે. કર્મનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાનાદિ ગુણ સમુદય થાય. અવિકલ્પ-અર્થાત્ સર્વોત્તમ કહેલ છે — તીર્થંકર, ગણધર. [પ્રશ્ન] અસાતાવેદનીયાદિ પ્રકૃતિ જે અશુભ છે, તે કઈ રીતે તેમને દુઃખદાયી ન થાય ? તે કહે છે —

● નિર્યુક્તિ-૫૭૩ :-

*અસાતા આદિ જે પણ અશુભ પ્રકૃતિઓ છે, તે દુધમાં લીંબડના રસના બિંદુ માફક તેમને અસુખદાયી નથી.*

● વિવેચન-૫૭૩ :-

અસાતા આદિ જે પણ અશુભ પ્રકૃતિ હોય આદિ ગાથાર્થવત્ પ્રકૃત દ્વારને આશ્રીને કહે છે — ઉત્કૃષ્ટ રૂપથી ભગવંતને શું પ્રયોજન ?

● નિર્યુક્તિ-૫૭૪ :-

*ધર્મોદયથી રૂપ થાય, રૂપસ્વી પણ જો ધર્મ કરે તો૰ સુરૂપ ગ્રાહ્ય વચની થાય. તેથી અમે તેમના રૂપની પ્રશંસા કરીએ છીએ.*

● **વિવેચન-૫૭૪ :-**

દુર્ગતિમાં પડતા આત્માને ધારે તે ધર્મ. તેના ઉદયથી રૂપ થાય તેવું સાંભળનારા માને છે. જો રૂપવંત પણ ધર્મ કરે છે, તો બાકીનાએ સારી રીતે કરવો જોઈએ એવી શ્રોતાની બુદ્ધિ છે. સુરૂપ આદેય વાક્ય થાય. શ્રોતાના રૂપના ગર્વનો છેદનાર થાય છે. તેથી ભગવંતનું રૂપ પ્રશંસીએ છીએ.

ભગવંત દેવાદિ બધાંના સંશયને એક સાથે કઈ રીતે છેદે ?

● **નિર્યુક્તિ-૫૭૫ + વિવેચન :-**

અસંખ્યાત કાળે પણ સંખ્યાતીત સંશયીઓ - દેવાદિના સંશયો ન છેદાય. કારણ કે ક્રમ વ્યાકરણ દોષ છે. ભગવંત એક સાથે છેદે છે. એક સાથે ઉત્તર આપવાના ગુણને પ્રતિપાદિત કરવા કહે છે –

● **નિર્યુક્તિ-૫૭૬ :-**

***સર્વ સત્વોમાં અવિષમત્વ, ઋદ્ધિવિશેષ અને અકાલહરણ, સર્વજ્ઞ પ્રતિ વિશ્વાસ, અચિંત્ય ગુણસંપદા, એક સાથે થાય. [આ પદો છે.]***

● **વિવેચન-૫૭૬ :-**

બધાં જીવોમાં એક સાથે કથનથી ભગવંતનું તુલ્યત્વ પ્રગટે છે. કેમકે રાગદ્વેષરહિતના તુલ્યકાળ સંશયીના એકસાથે જિજ્ઞાસામાં કાળ ભેદ કથનથી રાગ-દ્વેષ ગોચર ચિત્તવૃત્તિ પ્રસંગ છે. સામાન્ય કેવલીને તેવો પ્રસંગ આવે. તેમને આવી દેશના કરણનુપપત્તિ નથી. આ ભગવંતની ઋદ્ધિ વિશેષ છે કે જે એકસાથે બધાં સંશયીના સંપૂર્ણ સંશયનો છેદ કરે છે. એકસાથે સંશયો દૂર થવાથી આ ભગવંતનું અકાલહરણ છે. કેમકે ક્રમથી કથનમાં કોઈક સંશયીના સંશયો અનિવૃત્ત હોય અને મરણ થઈ જાય, પણ ભગવંત જીવોને સંશય નિવૃત્ત્યાદિ ફલરહિત થતાં નથી. તથા સર્વજ્ઞનો વિશ્વાસ પણ તેમને આ રીતે થાય છે. - x - x - તથા ભગવંત અચિંત્ય ગુણસંપદાવાળા છે. જે કારણે આ ગુણો છે તેથી એકસાથે કહે છે. હવે શ્રોતાના પરિણામની આલોચના કરતા કહે છે - x - x -

● **નિર્યુક્તિ-૫૭૭ :-**

***વર્ષા ઉદકના જે રીતે વર્ણાદિ ભાજન વિશેષથી થાય છે, તેમ બધામાં પણ સ્વ ભાષાથી જિન ભાષા પરિણમે છે.***

● **વિવેચન-૫૭૭ :-**

વૃષ્ટિનું કે અન્ય જળ, જે રીતે ભાજનના વિશેષપણાથી વર્ણ આદિવાળું થાય છે. કાળી સુગંધી માટીમાં સ્વચ્છ, સુગંધી અને રસવાળું થાય છે. ઉખરભૂમિમાં વિપરીત થાય છે. એ રીતે બધાં પણ શ્રોતાને જિનવાણી સ્વભાષામાં પરિણમે છે. તીર્થંકરની વાણીનો સૌભાગ્ય ગુણ કહે છે –

● **નિર્યુક્તિ-૫૭૮ :-**

***સાધારણ, અદ્વિતીયા, તેનો ઉપયોગ, ગ્રાહકની ગિરા, શ્રોતા કંટાળે નહીં, વણિકની કિઢિ દાસીનું દૃષ્ટાંત છે.***



● **વિવેચન-૫૭૮ :-**

અનેક પ્રાણીને સ્વભાષાપણે પરિણમવાથી અને નરકાદિ ભયથી રક્ષણત્વથી તે ભાષા સાધારણ છે. અદ્વિતીયા છે. શ્રોતાને તેનો જ ઉપયોગ છે. ભાષા વાણીની ગ્રાહિકા છે. ઉપયોગમાં હોવા છતાં શ્રોતાને કંટાળો આપનાર નથી. આ અર્થને જાણવા - x - એક દૃષ્ટાંત આપે છે –

એક વણિકને એક વૃદ્ધા કાષ્ઠિકી દાસી હતી. તે સવારે લાકડા લેવા ગઈ, ભુખ અને તરસથી થાકીને મધ્યાહ્ને આવી, ઘણાં થોડાં લાકડાં લાવી. તેને મારીને, ભુખી-તરસી એવી તેને ફરી મોકલી. તે ઘણાં લાકડાનો ભાર વહેતી પૌરુષીએ જઈને આવતી હતી. જ્યેષ્ઠ માસ હતો. તેના ભારામાંથી એક કાષ્ઠ પડી ગયું. તેણીએ વળીને લીધું. તે સમયે તીર્થંકર યોજનવ્યાપી સ્વરથી દેશના દેતા હતા. તે વૃદ્ધા તે રીતે નમેલી જ વાણી સાંભળવા લાગી. ગરમી, ભુખ, તરસ, પરિશ્રમને ભૂલી ગઈ. સૂર્યાસ્ત સમયે તીર્થંકર ધર્મ કહીને, ઉભા થયા, વૃદ્ધા પણ ગઈ. એ પ્રમાણે –

● **નિર્યુક્તિ-૫૭૯ :-**

***શ્રોતા બધું આયુ ખપી જાય ત્યાં સુધી સતત જિનદેશના સાંભળે તો પણ શીત, ઉષ્ણ, ભુખ, તરસ, પરિશ્રમ, ભયને ન ગણકારે.***

● **વિવેચન-૫૭૯ :-**

ભગવંત દેશના દે ત્યારે શ્રોતાનું આખુ આયુષ્ય ભગવંતની સમીપે વર્તતા ખપી જાય અને જો સતત જિન દેશના સાંભળે તો પણ શીતાદિ ઉક્તને ન ગણકારે

- હવે દાનદ્વારને આશ્રીને કહે છે – ભગવંત જે નગરોમાં વિચરે, તેના સમાચાર જે લાવે તેને મળતું દાન શું ? –

● **નિર્યુક્તિ-૫૮૦ થી ૫૮૨ :-**

***ચક્રી વૃત્તિદાનમાં ૧૨॥ લાખ સોનૈયા આપે અને પ્રીતિદાનમાં ૧૨॥ કરોડ સોનૈયા આપે. આટલું જ દાન વાસુદેવ રજતના પ્રમાણથી આપે છે, માંડલિકો ૧૨,૫૦૦ વૃત્તિદાન અને ૧૨॥ લાખ પ્રીતિદાન આપે છે. બીજા શ્રેષ્ઠી આદિ ભક્તિ અને વૈભવને અનુરૂપ આપે છે. જિનનું આગમન સાંભળીને નિયુક્ત કે અનિયુક્તને યથાયોગ્ય આપે છે.***

● **વિવેચન-૫૮૦ થી ૫૮૨ :-**

વૃત્તિ - આજીવિકાથી નિયુક્ત પુરુષ. - x - પ્રીતિદાન એટલે જે ભગવંતના આગમનનું નિવેદન કરે તેને પરમ હર્ષથી અપાય અને તે નિયુક્ત પુરુષ કરતાં અન્ય હોય. તેમાં વૃત્તિ એ નિયત વાર્ષિક દાન છે. જ્યારે પ્રીતિદાન અનિયત છે. - x - જેમાં ચક્રવર્તી સુવર્ણનું, વાસુદેવ ચાંદીનું અને માંડલીક રાજા રૂપિયાનું દાન આપે છે, તેમ જાણવું. શું આ જ મહાપુરુષો આપે ? ના, ભક્તિ અને વૈભવ મુજબ શ્રેષ્ઠી આદિ પણ આપે તેમાં ઈભ્ય - મહાધનવાન્‌. आदि શબ્દથી નગર, ગામના ભોગિકાદિ જાણવા. ક્યારે આપે ? જિનનું આગમન સાંભળીને. કોને ? નિયુક્ત કે અનિયુક્તને. તેમને આ રીતે આપતા શા ગુણ થાય ?

● નિર્યુક્તિ-૫૮૩ :-

*દેવાનુવૃત્તિ, ભક્તિ, પૂજા, સ્થિરીકરણ, જીવોની અનુકંપા, સાતા ઉદય, દાનગુણ, તીર્થની પ્રભાવના એટલા ગુણો થાય.*

● વિવેચન-૫૮૩ :-

જેમ દેવો ભગવંતને પૂજે છે, તેમ તેની અનુવૃત્તિ થાય, ભગવંતની ભક્તિ અને પૂજા થાય. નવા શ્રાવકોનું સ્થિરિકરણ થાય, કહેનાર જીવની અનુકંપા થાય. સાતા વેદનીય બંધાય. ઈત્યાદિ - x - હવે દેવમાલ્ય દ્વાર - ભગવંત પહેલી સંપૂર્ણ પોરિસિ ધર્મ કહે. તેની મધ્યે દેવમાલ્ય એટલે બલિ પ્રવેશે. [શંકા] તે કોણ કરે ?

● નિર્યુક્તિ-૫૮૪,૫૮૫ :-

*રાજા, મંત્રી, તેના અભાવે નગરજન કે જનપદ કરે. દુર્બળ સ્ત્રીએ ખાંડેલ, બળવાને છંડેલ, તંદુલ કલમ [ચોખા] તે પણ આઢક પ્રમાણ, તે શ્રીમંતને ત્યાં વીણવા આપીને પાછા લાવેલ હોય, અખંડ અને અસ્ફૂટિત હોય, ફલક સહિત હોય, તેનો બલી કરવો, દેવો પણ તેમાં જ ગંધ આદિને નાંખે છે. [તેવા બલી લાવે.]*

● વિવેચન-૫૮૪,૫૮૫ :-

ચક્રવર્તી આદિ રાજા, રાજાનો મંત્રી, તે ન હોય તો નગરવાસી વિશિષ્ટ લોક સમુદાય કે ગામાદિમાં જનપદ - તેનો નિવાસી લોક તે કરે તે દુબળી સ્ત્રી વડે ખાંડેલ, બળવાન્ સ્ત્રી વડે છડેલ [વીણેલા] ચોખા હોય. ચાર પ્રસ્થ પ્રમાણ એટલે એક આઢક [ચાર મણ] હોય - x - તેને ઈશ્વર આદિને ઘેર વીણવા આપે, તેને જ પાછા લાવે. વળી તે ચોખા અખંડ સંપૂર્ણ હોવા જોઈએ, અસ્ફટિત-ધારી વગરના હોય, પાટીયું મૂક્યા છતાં ન ભાંગેલ હોય, તેનો બલિ થાય. દેવો પણ તેમાં જ બલિ-ગંધાદિ નાંખે. આ રીતે તે અહીં નિષ્પન્ન બલિ દેવો સહિત રાજાદિ લઈને, વાજિંત્ર નાદપૂર્વક, દિશા મંડલોને પૂરતા, પૂર્વ દ્વારેથી આવે ત્યારે ભગવંત પણ દેશના દેતા વિરમે છે.

● નિર્યુક્તિ-૫૮૬,૫૮૭ :-

*પૂર્વ દ્વારેથી બલિના પ્રવેશ કાળે ધર્મ પરિકથના બંધ રહે છે. રાજાદિ ત્રણ પ્રદક્ષિણા કરે છે, તેનું અર્ધું બલિ દેવો લઈ લે છે. અર્ધાનું અર્ધું રાજાદિ લે, બાકીનું સામાન્ય લોકો લે છે. બધાં રોગ બલિથી શાંત થાય છે અને નવા રોગ છ માસ સુધી ઉત્પન્ન થતાં નથી.*

● વિવેચન-૫૮૬,૫૮૭ :-

[ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે —] બલિનો પ્રવેશ પૂર્વ દ્વારેથી થાય છે. બલિ પ્રવેશ થવાના કાળે ભગવંત ધર્મ કથન રોકે છે. રાજાદિ જે કોઈ બલિ લઈને પ્રવેશે તે ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપે છે, તે બલિ ભગવંતના પગની આગળ પાડે છે. પડ્યા પહેલાં જ અડધા દેવો લઈ લે છે. બાકીના અડધાનું અડધુંનો અધિપતિ રાજા હોય. બાકીના અડધા સામાન્ય લોક લે છે. તેનો એક દાણો પણ માથા ઉપર મૂકતા રોગ શાંત થાય, ઈત્યાદિ - x - x - આ બલિનો ક્ષેપ થયા પછી ભગવંત



પ્રથમ પ્રાકારના અંતરમાં ઉત્તરના દ્વારેથી નીકળી ઈશાન ખૂણામાં દેવછંદકમાં યથાસુખ સમાધિથી રહે છે. ભગવંત જાય પછી બીજી પૌરુષીમાં કોઈ ગણધર ધર્મ કહે છે.

ભગવંત કેમ ન કહે ? ગણધર કહે તેમાં કયા લાભ છે ?

● નિર્યુક્તિ-૫૮૮ + વિવેચન :-

ભગવંતને ખેદ વિનોદ - પરિશ્રમમાં વિશ્રામ થાય. શિષ્યના ગુણોની પ્રખ્યાપના કરેલ થાય છે. શ્રોતાઓને ઉભયમાં વિશ્વાસ થાય છે કે જેમ ભગવંતે કહ્યું તેમ ગણધર પણ કહે છે અથવા ગણધર ત્યારપછી ભગવંતના કથનના અનુવાદી છે, તેવો વિશ્વાસ બેસે છે તથા શિષ્ય અને આચાર્યનો ક્રમ દેખાડ્યો તેમ થાય છે. આચાર્ય પાસે બેસીને યોગ્ય શિષ્યથી તેના અન્વર્થનું આખ્યાન તે કર્તવ્ય છે - ગણધર કહે તેમાં આટલા લાભ થાય છે. ગણધર ક્યાં બેસે ? તે કહે છે —

● નિર્યુક્તિ-૫૮૯,૫૯૦ :-

*રાજાએ લાવેલ સીંહાસન કે પાદપીઠે બેસી જ્યેષ્ઠ કે બીજા કોઈ ગણધર બીજી પોરિસિમાં દેશના આપે. ગણધરો અસંખ્યાત ભવો કહે છે અથવા બીજાએ પૂછેલ સર્વ કહે છે. અતિશયાદિ રહિત પુરુષ આ છદ્મસ્થ છે તેમ ન જાણે.*

● વિવેચન-૫૮૯,૫૯૦ :-

[ગાથાર્થ] પાદપીઠ-ભગવંતની પાદપીઠે, गण - સાધુ આદિ સમુદાય લક્ષણ ધારવાનું શીલ જેનું છે તે. તે ગણધારી કઈ રીતે કથન કરે ? સંખ્યાતીત અર્થાત્ અસંખ્યાત. साहइ - કહે છે. અસંખ્યાત ભવોમાં જે થયું કે થશે તે. અથવા બીજાએ પૂછેલ સર્વ વસ્તુને કહે છે. આના વડે સંપૂર્ણ અભિલાપ્ય પદાર્થ પ્રતિપાદનનું સામર્થ્ય કહ્યું. अनत्तिशयी - અવધિ આદિ અતિશય રહિત. - x -

આ પ્રમાણે સામાન્યથી સમવસરણ વક્તવ્યતા કહી. હવે આ કહે છે — સમવસરણ થયા પછી દેવનો જયકાર શબ્દ મિશ્રિત દિવ્ય દુંદુભિ શબ્દ સાંભળી વિકસિત નયનથી આકાશમાં દેવાંગના સમેત દેવ વૃંદને યજ્ઞપાટક નજીક આવેલ લોકોને સંતોષ થયો ઓ ! દેવો આવ્યા.

● નિર્યુક્તિ-૫૯૧ + વિવેચન :-

તે દિવ્ય ઘોષ સાંભળીને મનુષ્યો યજ્ઞપાટકે સંતુષ્ટ થયા. યજ્ઞ વડે લોકોને પૂજો તે યાજ્ઞિક. અહો ! કદાચ દેવો અહીં આવે છે. અહીં 'કદાચ' શબ્દથી "અન્યત્ર ગમન" પણ કરે, તેમ કહ્યું. ૧૧-વેદવિદોનું કથન —

● નિર્યુક્તિ-૫૯૨ થી ૫૯૪ :-

*અગિયારે પણ ગણધરો, બધાં ઉન્નત વિશાળ કુળ વંશવાળા, મધ્યમ પાપાપુરીમાં યજ્ઞવાટકમાં આવ્યા. અનુક્રમે તેમના નામો આ છે — ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ એ ૧૧ વીર પ્રભુના ગણધર થશે.*

● વિવેચન-૫૯૨ થી ૫૯૪ :-

- x - બધાં ગણધરો પ્રધાનજાતિવાળા, પિતા-દાદા આદિ અનેક વડે સમાકુલ

કુળ-વંશવાળા, સમવસૃતા - એકઠા થયા. આ ગણધરના નામ અને ક્રમ શું છે ? તે બે ગાથામાં જણાવ્યું. - x -

**• નિર્યુક્તિ-૫૯૫ + વિવેચન :-**

જે નિમિત્તે તેમનું નિષ્ક્રમણ [દીક્ષા] થયું, તે આ ગણધરોનું અનુક્રમે કહીશ. તથા તીર્થ સુધર્માસ્વામીનું થયું કેમકે બાકીના ઈન્દ્રભૂતિ આદિ ગણધરો શિષ્યગણ રહિત થયા. તેમાં જેમના જે સંશયો હતા તે કહે છે —

**• નિર્યુક્તિ-૫૯૬ :-**

***જીવ, કર્મ, તે જીવ, ભૂત, તાદૃશક, બંધ અને મોક્ષ, દેવ, નૈરયિક, પુન્ય, પરલોક અને નિર્વાણ [૧૧ ગણધરોના અનુક્રમે આ સંશયો છે.]***

**• વિવેચન-૫૯૬ :-**

(૧) જીવ છે કે નથી ? (૨) કર્મ-જ્ઞાનાવરણીયાદિ લક્ષણ છે કે નથી ? (૩) તે શરીર એ જ જીવ છે કે અન્ય છે ?, જીવની સત્તા નથી. (૪) પૃથ્વી આદિ પાંચ ભૂત છે કે નહીં ? (૫) જે આ ભવે જેવો છે તેવો જ પરભવે છે કે જુદો છે ? (૬) બંધ અને મોક્ષ છે કે નહીં ? [શંકા] કર્મના સંશયથી આ સંશયમાં શો ભેદ છે ? કર્મ-સત્તા દર્શાવે છે, આ શંકામાં તેનું અસ્તિત્વ માને જ છે, પણ જીવ એ કર્મનો સંયોગ છે કે કેમ ? તે પ્રશ્ન છે. (૭) દેવો છે કે નહીં ?, (૮) નારકો છે કે નહીં ? (૯) પુન્ય વિશે સંશય, કર્મ છે પણ શું પુન્ય પ્રકૃષ્ટ સુખનો હેતુ છે ? તે જ ઘટી જાય તો અતિ દુઃખ પ્રાપ્ત થાય છે કે કેમ ? અર્થાત્ પાપ છે કે નહીં ? (૧૦) પરલોક વિશે સંશય છે. પરલોક - ભવાંતર, તે છે કે નહીં ? (૧૧) નિર્વાણ છે કે નથી ? બંધ અને મોક્ષના સંશય કરતા આ પ્રશ્નમાં શું વિશેષતા છે ? તે પ્રશ્ન ઉભયને જણાવે છે, આ પ્રશ્ન એક વિષયમાં જ છે - શું સંસાર અભાવ માત્ર જ આ મોક્ષ છે કે નહીં ? હવે ગણધર પરિવાર —

**• નિર્યુક્તિ-૫૯૭ + વિવેચન :-**

પહેલાં પાંચે ગણધરોનો પ્રત્યેકનો પાંચસો - પાંચસો તો પરિવાર, બે ગણધરોનો પ્રત્યેકનો ૩૫૦નો પરિવાર. અહીં गण - સમુદાય અર્થમાં જ કહેલ છે. બે ગણધર યુગલનો પ્રત્યેકનો ૩૦૦નો પરિવાર હતો. અહીં એવું કહેવા માંગે છે કે — છેલ્લા ચારે ગણધરોનું પ્રત્યેકનું પ્રમાણ ૩૦૦નો પરિવાર છે [અર્થાત્ ૩૦૦ x ૪ = ૧૨૦૦] આટલું પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત દ્વાર કહે છે — તે દેવો યજ્ઞપાટકને છોડીને સમોસરણાં આવ્યા. તે જોઈને લોકો પણ ત્યાં ગયા. ભગવંતને દેવો વડે પૂજ્યમાન જોઈને અતી હર્ષ કર્યો. પ્રવાદ થયો કે અહીં સર્વજ્ઞ સમોસર્યા છે, તેમને દેવો પૂજે છે. ત્યારે સર્વજ્ઞનો પ્રવાદ સાંભળીને ઈર્ષ્યાથી ધમધમતો ઈન્દ્રભૂતિ ભગવંત પ્રતિ ચાલ્યો, તે કહે છે —

**• નિર્યુક્તિ-૫૯૮ થી ૬૦૦ :-**

***દેવો વડે કરાતો જિનવરેન્દ્રનો મહિમા સાંભળીને અભિમાની અને ઈર્ષ્યાથીયુક્ત ઈન્દ્રભૂતિ આવે છે. સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મૃત્યુથી***



***મૂકાયેલા જિનેશ્વરે તેને નામ અને ગોત્ર સહિત બોલવ્યો. હું જાણું છું કે “જીવ છે કે નહીં” એવો તને સંશય છે. તું વેદપદના અર્થને જાણતો નથી. તેથી તને આ સંશય છે.***

**• વિવેચન-૫૯૮ થી ૬૦૦ :-**

દેવો વડે જિનેન્દ્રનો મહિમા કરાતો સાંભળીને કે જોઈને, આ પ્રસ્તાવમાં - ભગવંત સમીપે આવતા, અભિમાની - હું જ વિદ્વાન્ છું તેવું માન જેને છે તે. મત્સર-ઈર્ષ્યા વિશેષ. મારો જેવો બીજો સર્વજ્ઞ કોણ છે ? હમણાં સર્વજ્ઞવાદથી ઉખેડી નાંખુ. ઈત્યાદિ સંકલ્પથી કલુષિત અંતરાત્માવાળો ઈન્દ્રભૂતિ. તે ભગવંત સમીપે આવતા ભગવંતને ૩૪-અતિશયો યુક્ત અને દેવેન્દ્ર-અસુરેન્દ્ર-નરેન્દ્રથી પરિવૃત્ત જોઈને શંકા સાથે તેમની આગળ ઉભો રહ્યો. ત્યારે જિનવરે તેને બોલાવ્યો. કેવા જિનવર ? જાતિ-પ્રસૂતિ, જરા-વય ઘટવા રૂપ, મરણ-દશ પ્રકારે પ્રાણ વિયોગરૂપ, એ બધાંથી મુક્ત. કઈ રીતે બોલાવ્યો ? ઈન્દ્રભૂતિ ગૌતમ ! એમ કહીને, કેમકે જિનવર-સર્વજ્ઞ સર્વદર્શી છે.

[શંકા] જે જરા મરણરહિત છે, તે સર્વજ્ઞ જ હોય માટે વિશેષણ વ્યર્થ નથી ? ના, નથી - x - કેટલાંક વાદનો નિરાસ કર્યો છે.

તેમણે નામ-ગોત્રથી બોલાવતા ગૌતમને વિચાર આવ્યો કે — અરે ! આ તો મારું નામ પણ જાણે છે, અથવા હું પ્રસિદ્ધ છું, મને કોણ ન ઓળખે ? જો મારો મનો સંશય જાણે કે નિવારે તો આશ્ચર્ય કહેવાય. તેટલામાં ભગવંત બોલ્યા —

હે ગૌતમ ! શું જીવ છે કે નથી તેમ શંકા છે ? આ અનુચિત સંશય છે. આ સંશય તારા વિરુદ્ધ વેદપદના શ્રવણથી થયેલો છે. તું તે વેદ પદોનો અર્થ જાણતો નથી. તે હું તને કહું છું —

તે હવે પછી કહેવાશે. કેટલાંક કિં શબ્દને પરિપ્રશ્નાર્થે ઓળખાવે છે, પણ તે યોગ્ય નથી. ભગવંત સર્વ સંશયાતીતપણે છે - x - x - વિરુદ્ધ વેદપદ જન્ય સંશય કહ્યો, તે આ છે — विज्ञान घन एवैतेभ्यो॰ અને स वै अयमात्मा॰ ઈત્યાદિ. તેનો આ અર્થ થાય છે —

વિજ્ઞાન જ ચૈતન્ય છે, નીલ આદિ રૂપત્વથી. તેના વડે ઘન તે વિજ્ઞાનઘન. તે જ અધ્યક્ષથી પરિછિદ્યમાન સ્વરૂપથી, કેવા - પૃથ્વી આદિ લક્ષણથી ઉત્પન્ન થઈને પછી તેમાં જ વિનાશ પામે છે. મરીને પુનર્જન્મ અર્થાત્ પરલોક સંજ્ઞા નથી. તો પછી જીવ ક્યાં છે ? [ગૌતમની શંકા] આગળ કહે છે કે — આત્મા પ્રત્યક્ષ નથી, ઈન્દ્રિયનો સંપ્રયોગ નથી, અનુમાનથી પણ આત્મા જણાતો નથી - x - x - x - આગમ ગમ્ય પણ નથી - x - આ આત્મા શરીરથી બીજે ક્યાંય પ્રયોજાયેલ પણ દેખાતો નથી - x - x - વળી આત્મા અમૂર્ત્ત છે, અકર્તા નિર્ગુણ અને ભોક્તા છે, તેમ પણ કહે છે તે આ આત્મા જ્ઞાનમય છે એ બધાં પરસ્પર વિરોધથી એકાર્થાભિધાયક હોવાથી પ્રમાણ નથી. - x - તેથી જાણતો નથી કે આત્મા છે કે નહીં ?

તું વેદપદોના અર્થને હે ઈન્દ્રભૂતિ ! જાણતો નથી. તેની એકવાક્યતામાં આ

અર્થ છે — વિજ્ઞાન એટલે જ્ઞાન દર્શનના ઉપયોગરૂપ. તેના અનન્યપણાથી આત્મા જ વિજ્ઞાનઘન કહ્યો અથવા પ્રતિપ્રદેશે અનંત વિજ્ઞાન પર્યાય સંઘાત્મકત્વથી 'વિજ્ઞાનઘન' છે - x - એ પૃથ્વી, પાણી આદિથી કથંચિત્ થઈને૦ ભૂતધર્મ એ વિજ્ઞાન નથી. કેમકે તેના અભાવે મુક્તિ અવસ્થાનો ભાવ છે. તેના સદ્‌ભાવમાં મૃતશરીરાદિનો અભાવ છે. ઈત્યાદિ - x - x - x - *[આ બધી ચર્ચા સૂયગડાંગસૂત્રની ટીકામાં પણ આવેલ છે, વિશેષાવશ્યકભાષ્ય-ટીકામાં પણ વિસ્તારથી છે અને કલ્પસૂત્ર ટીકાઓમાં પણ આવે છે, જે અમે છોડી દીધેલ છે.]*

ભગવંતે આ રીતે ઉત્તર આપ્યા પછી શું થયું ?

**● નિર્યુક્તિ-૬૦૧ :-**

***જરા અને મરણથી મુક્ત જિનવર વડે સંશયનો છેદ થતાં, તેના ૫૦૦ છાત્રો સહિત ઈન્દ્રભૂતિ પ્રવ્રજિત થયો.***

**● વિવેચન-૬૦૧ :-**

એ પ્રમાણે છિન્ન - નિરાકૃત્ થયા, છેદાયા. - x - તે ઈન્દ્રભૂતિ સાધુ સંવૃત્ત-દીક્ષિત થયો. ખંડિક-છાત્રો. - x - ગણધર-૧-સમાપ્ત.

**● નિર્યુક્તિ-૬૦૨ થી ૬૦૫ :-**

***તેની દીક્ષા સાંભળીને બીજો ઈર્ષ્યાથી આવે છે અને કહે છે કે — હું તેમને જીતીને ઈન્દ્રભૂતિને પાછા લાવું છું. જન્મ-જરા-મૃત્યુથી મૂકાયેલા સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વરે નામ અને ગોત્રથી તેને બોલાવ્યો. કહ્યું કે — "કર્મ છે કે નહીં એ તારો સંશય છે, કેમકે વેદપદના અર્થોને તું જાણતો નથી, તેનો આ અર્થ છે. તેનો પણ સંશય છેદાતા — તેણે પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રવ્રજ્યા લીધી.***

**● વિવેચન-૬૦૨ થી ૬૦૫ :-**

ઈન્દ્રભૂતિની દીક્ષા થઈ સાંભળીને અગ્નિભૂતિ ઈર્ષ્યાથી પૂર્વ વર્ણિત સ્વરૂપ હેતુભૂતથી હું જાઉં અને ઈન્દ્રભૂતિને પાછો લાવું, તે શ્રમણ અર્થાત્ ઈન્દ્રજાલિક સમાનને હરાવું એમ વિચારતો જાય છે. અથવા ઈન્દ્રભૂતિ તે શ્રમણથી છળ પામીને જીતાયો, તેની શું વાત કરું ? ઈત્યાદિ ચિંતવતો જિનેશ્વર પાસે આવ્યો. ભગવંતને જોઈને અગ્નિભૂતિ વિસ્મય પામ્યો. તેટલામાં ભગવંતે તેને નામ અને ગોત્ર સહિત બોલાવ્યો — અગ્નિભૂતિને પણ થયું કે - x - x - મને કોણ નથી જાણતું ? પણ જો મારો સંશય જાણે અને નિવારે તો સર્વજ્ઞ છે તેમ નક્કી થાય.

તેટલામાં ભગવંતે કહ્યું કે "કર્મ છે કે નથી" એવી તને શંકા છે ને ? તારો સંશય અનુચિત છે. વિરુદ્ધ વેદ પદ જાણીને તને આ સંશય થયેલ છે. કેમકે તું વેદપદોના અર્થને જાણતો નથી ઈત્યાદિ પૂર્વવત્. તે વેદપદ આ પ્રમાણે છે — पुरुष एवेदं ग्निं सर्वं० ઈત્યાદિ તથા पुण्यः पुण्येन ઈત્યાદિ. *[આ સમગ્ર વાદ સૂયગડાંગ વૃત્તિ, વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા, કલ્પસૂત્રની ટીકાઓમાં આવેલ છે. ઉભય મતને સમજતા અને સમજાવી શકતા તજ્જ્ઞનો વિષય છે, અમે તેની માત્ર શાબ્દિક અનુવાદથી સંતુષ્ટ નથી માટે અમે અત્રે એ ચર્ચા છોડી દીધેલ છે.]*



ભગવંતે અગ્નિભૂતિ જે વેદ પદોને માને છે, તે જ વેદપદોને આધારે તેનું સમાધાન કર્યું, તેમના જ શાસ્ત્રોથી સમાધાન પામતા તેનો પણ સંશય છેદાયો. - x - પૂર્વવત્ ૫૦૦ શિષ્યો સાથે તેણે દીક્ષા લીધી. એ રીતે બીજો ગણધર સમાપ્ત થયો.

**● નિર્યુક્તિ-૬૦૬ થી ૬૦૯ :-**

***ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ બંનેને દીક્ષિત થયેલા જાણીને ત્રીજો વાયુભૂતિ જિનેશ્વર પાસે આવ્યો. હું ત્યાં જાઉં. વાંદુ અને પર્યુપાસુ. જન્મ-જરા-મરણથી મૂકાયેલા જિનેશ્વરે - x - તેને નામ અને ગોત્રથી બોલાવ્યો. કહ્યું કે "તે જ જીવ તે જ શરીર" એવો તને સંશય છે પણ તેં કોઈને પૂછેલ નથી. વેદ પદોનો અર્થ તું જાણતો નથી. પણ તેનો અર્થ આ છે — એ રીતે જિનેશ્વરના કથનથી તેના પણ સંશયનો છેદ થતાં તેણે પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૦૬ થી ૬૦૯ :-**

વાયુભૂતિ પૂર્વના બેની દીક્ષા સાંભળીને જિનવર પાસે આવ્યો. બેની દીક્ષા સાંભળવાથી અભિમાન રહિત અને સર્વજ્ઞનો વિશ્વાસ જન્મતા હવે હું પણ જઉં, ભગવંતને વંદુ, વાંદીને પર્યુપાસના કરું. એ સંકલ્પ જન્મતાં ભગવંત સમીપે જઈને, વાંદીને ભગવંતની પાસે આવ્યો. ત્યારે ભગવંતે પૂર્વવત્ નામ-ગોત્રથી બોલાવ્યો. આ પણ મનોગત સંશય પૂછવા વિચારે છે પણ ક્ષોભથી પૂછવા અસમર્થ છે, તેથી ભગવંતે તેને કહ્યું — જે જીવ એ જ શરીર છે, એવો સંશય તને છે, પણ કોઈને પૂછીને સંપૂર્ણ તત્ત્વને તેં જાણેલ નથી. તારો આ સંશય વિરુદ્ધ જણાતાં વેદપદોને આશ્રીને થયેલ છે, કેમકે તું તેના અર્થને જાણતો નથી.

તે વેદ વાક્યો આ પ્રમાણે છે — "विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय० तथा सत्येन लभ्यः तपसा ह्येष० ઈત્યાદિ विज्ञानधन નો અર્થ પૂર્વવત્ છે પણ न प्रेत्यसंज्ञा अस्ति નો અર્થ "શરીર અને આત્માની ભેદ સંજ્ઞા નથી" તેવો તું કરે છે. *[અહીં પણ સૂયગડાંગ વૃત્તિ, વિશેષાવશ્યક ભાષ્યટીકા, કલ્પસૂત્રની ટીકાઓ જોવી. અમે આ સમગ્ર વાદ-ચર્ચાનો અનુવાદ અત્રે છોડી દીધેલો જ છે તેની નોંધ લેવી.]*

વૃત્તિકારશ્રી પણ છેલ્લે લખે છે કે — "વિશેષ વિસ્તાર કરતાં નથી, આ તો ગમનિકા માત્ર છે." શેષ કથન પૂર્વવત્. ત્રીજો ગણધર સમાપ્ત થયો. પહેલા અને ત્રીજા ગણધર વચ્ચે આ ભેદ છે કે — પહેલાંને જીવના અસ્તિત્વ વિશે જ શંકા હતી. જ્યારે આ ત્રીજાને જીવના અસ્તિત્વની શંકા નથી પણ જીવ એ શરીરથી વ્યતિરિક્ત છે કે નહીં, તે શંકા છે.

**● નિર્યુક્તિ-૬૧૦ થી ૬૧૩ :-**

***તે ત્રણે એ દીક્ષા લીધાનું સાંભળીને 'વ્યક્ત' નામે ચોથા ભગવંત પાસે આવે છે. હું જાઉં, ભગવંતને વાંદુ અને વાંદીને પર્યુપાસુ. ત્યારે જન્મ-જરા-મરણથી વિમુક્ત જિનવરે - x - તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — તને સંશય છે કે "પાંચ ભૂત છે કે નહીં ?" વેદપદોના અર્થને તું જાણતો નથી, તેનો અર્થ આ છે — અર્થ કહેવાથી સંશયનો છેદ થતાં - x - તે પોતાના***

***૫૦૦ છાત્રો સાથે પ્રવ્રજિત થયો.***

**● વિવેચન-૬૧૦ થી ૬૧૩ :-**

ઈન્દ્રભૂતિ આદિ ત્રણેને પ્રવ્રજિત થયા જાણીને વ્યક્ત નામે ગણધર જિનવર પાસે આવ્યા. કેવા વિશિષ્ટ અધ્યવસાયથી ? હું જઉં, જિન ભગવંતને વાંદુ, વાંદીને પર્યુપાસુ. એવા પ્રકારના સંકલ્પ વડે જઈને ભગવંતને પ્રણમીને તેમના પગ પાસે ભગવંતની ઉપલબ્ધ સંપત્તિથી વિસ્મય પામેલા નયને રહ્યો. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત ભગવંતે કહ્યું – ''શું પૃથ્વી આદિ પાંચ ભૂતો છે કે નહીં'' તેવી શંકા છે ? ઈત્યાદિ પૂર્વવત્. તને આ સંશય વિરુદ્ધ વેદ પદની શ્રુતિથી ઉદ્‌ભવેલ છે. બાકી પૂર્વવત્. તે વેદપદો આ છે – ''स्वप्नोपमं वै सफलम्० ઈત્યાદિ અને द्यावा पृथिवा० ઈત્યાદિ. તથા पृथ्वी देवता, आपो देवता ઈત્યાદિ તેનો અર્થ આ છે – *[અહીં વિશેષાર્થ અને સમગ્ર વાદ કથન વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા અને કલ્પસૂત્રની ટીકાઓ આધારે જાણવું-સમજવું. બંને મતવાળાના મતોની જાણકારીથી તે સમજી કે સમજાવી શકાય, તે અમારા કાર્યક્ષેત્રની બહાર છે, તેથી છોડી દીધેલ છે.]*

એ પ્રમાણે વ્યક્ત ગણધરનો સંશય છેદાતા તેણે પણ દીક્ષા લીધી. એ ચોથો ગણધર પુરો થયો.

**● નિર્યુક્તિ-૬૧૪ થી ૬૧૭ :-**

***તે ચારને પ્રવ્રજિત થયા સાંભળીને સુધર્મા જિનવર પાસે આવ્યા. હું જઉં, વંદુ, વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે નામ અને ગોત્રથી તેને બોલાવ્યો અને કહ્યું કે – ''જે જેવો આ ભવે હોય તેવો જ પરભવે થાય કે નહીં ?'' એવી તને શંકા છે. તે વેદપદોના અર્થને ન જાણવાથી છે. પણ તેનો અર્થ આમ છે. તે સાંભળીને - x - સંશય નષ્ટ થયો, તેથી તેણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.***

**● વિવેચન-૬૧૪ થી ૬૧૭ :-**

ઈન્દ્રભૂતિ આદિ ચારની દીક્ષા થયાનું સાંભળીને પાંચમો સુધર્મ ગણધર જિનવર પાસે આવે છે. કેવા અધ્યવસાયથી ? પૂર્વવત્ જાણવું. તે ભગવંતને જોઈને અતીવ પ્રમોદીત થયો. તેટલામાં ભગવંતે તેને બોલાવ્યો આદિ પૂર્વવત્. તેની શંકા કહી - મનુષ્યાદિ જેવા સ્વરૂપે આ ભવે હોય તેવા જ સ્વરૂપે પરભવે પણ થાય એવો તને સંશય છે ને ? તે સંશય વિરુદ્ધ વેદપદના શ્રવણથી થયેલો છે. તે આ પ્રમાણે છે – पुरुषो वै पुरुषत्वमश्नुते० पशवः पशुत्वम् ઈત્યાદિ તથા श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते. ઈત્યાદિ. તું આ વેદપદોનો યોગ્ય અર્થ જાણતો નથી, તેથી તને શંકા થઈ. *[બધાં ગણધરના સંશય નિવારણાર્થે પરમાત્મા દ્વારા અપાયેલ ઉત્તર અને વેદ પદોના રહસ્યાર્થની ચર્ચા અમે પૂર્વવત્ છોડી દીધેલ છે, સંબંધીત ગ્રન્થો કે આગમવૃત્તિમાંથી જાણી લેવી, અમે અનુવાદ કરેલ નથી.]*

જિનવરે વેદપદોના યોગ્ય અર્થને કહેતા સંશય નષ્ટ થવાથી સુધર્મ ગણધરે પણ દીક્ષા લીધી. એ રીતે પાંચમો ગણધર સમાપ્ત.



**● નિર્યુક્તિ-૬૧૮ થી ૬૨૧ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયા જાણીને મંડિત [મંડિક] જિનવર સમીપે આવે છે. હું ત્યાં જઉં, જિનવરને વાંદુ, વાંદીને પર્યુપાસુ. તેટલામાં સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવીને કહ્યું કે – ''બંધ અને મોક્ષ છે કે નહીં'' એવી તને શંકા છે ને ? પણ તને આ શંકા વેદ પદોના અર્થ ન જાણવાથી થઈ છે તેનો અર્થ આમ છે. તે સાંભળીને સંશય છેદાતા મંડિતે પણ ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૧૮ થી ૬૨૧ :-**

તે ઈન્દ્રભૂતિ આદિ પાંચને પ્રવ્રજિત થયા સાંભળીને મંડિત [મંડિક] છઠ્ઠો ગણધર જિનવર પાસે આવે છે. કેવા અધ્યવસાય સહિત આવે છે તે કહે છે, તે પૂર્વવત્. તે ભગવંત સમીપે જઈને અને ભુવનનાથને પ્રણામ કરીને ઘણો જ ખુશ થયો, તેમની આગળ ઉભો રહ્યો. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવીને કહ્યું – તને શંકા છે ને કે – બંધ અને મોક્ષ છે કે નહીં ? પણ તારો આ સંશય અનુચિત છે. તારો આ સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિમાંથી ઉદ્‌ભવેલ છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તે વેદપદો આ છે – स एष विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते, न मोचयते० ઈત્યાદિ તથા नह वै सशरीर स्य प्रिय अप्रिययोः अपहतिरस्ति० *[આ બંને પદો વિશે મંડિતે કરેલ અર્થનું કથન, તે વેદપદોનો વાસ્તવિક અર્થ અને તેનું કથન વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા તથા આગમોની વૃત્તિઓથી જાણવું - સમજવું અમે અનુવાદ કરેલ નથી, ઈત્યાદિ પૂર્વવત્ સમજી લેવું વળી અહીં હારિભદ્રીય ટીકામાં જે કહેવાયેલ છે, તે માટે જૈનેતર તો ઠીક જૈન મતનું પણ જ્ઞાન જરૂરી છે ન્યાયાદિ કથન પણ સમજવું પડે]* એ પ્રમાણે જિનેશ્વરના વચને જેનો સંશય છેદાયો છે તેવા મંડિતે ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. એ પ્રમાણે છઠ્ઠો ગણધર સમાપ્ત થયો.

**● નિર્યુક્તિ-૬૨૨ થી ૬૨૫ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયા જાણીને મૌર્ય પણ જિનવર પાસે આવ્યો. હું જાઉં, જિનવરને વાંદુ અને વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્ર કહીને બોલાવ્યો. કહ્યું કે – ''દેવો છે કે નથી'' એવો તને સંશય છે ને ? તું વેદપદોના અર્થોને જાણતો નથી, તેનો અર્થ આમ છે. ત્યારે મૌર્યનો સંશય જિનવર વડે છેદાતા તેણે ૩૫૦ શિષ્યો સહિત દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૨૨ થી ૬૨૫ :-**

ઈન્દ્રભૂતિ આદિ છ ને પ્રવ્રજિત થયા સાંભળીને મૌર્ય પણ જિનવર સમીપે આવ્યો ઈત્યાદિ પૂર્વવત્. જિનવરે બોલાવ્યો આદિ પૂર્વવત્. પછી કહ્યું કે – ''શું દેવો છે કે નથી તેવી શંકા છે ?'' આ સંશય તને વિરુદ્ધ વેદપદોની શ્રુતિથી થયેલો છે. બાકી પૂર્વવત્. તે વેદપદો આ પ્રમાણે છે – ''स एष यज्ञायुधी यजमानो० ઈત્યાદિ તથા अपाम सोमम्, अमृता अभूम - x - x - किमु धूर्तिरसमृतमर्त्त्यस्य ઈત્યાદિ. તથા को

જાનાતિ ? માયોપમાન્ ગીર્વાણ૦ ઈત્યાદિ. તારા મતે તે જે અર્થ કર્યા તે આ પ્રમાણે છે - x - x - ઈત્યાદિ કહી, ભગવંત વેદપદોના રહસ્યાર્થને સમજાવે છે. પછી પ્રત્યક્ષ દેખાતા દેવોનો નિર્દેશ કરે છે. દેવો કેમ આવતા નથી, તેના કારણોને જણાવતા કહે છે કે — સદૈવ અપ્સરાઓનો દિવ્ય પ્રેમ અને વિષયાસક્તિથી - x - તથા અસમાપ્ત કર્તવ્યપણાથી - x - અનુજ કાર્યત્વથી - x - x - મનુષ્ય ભવની અશુભ ગંધાદિને સહી ન શકવાથી દેવો આવતા નથી, - x - વળી જિન જન્મ મહિમાદિમાં, પુનઃભક્તિ વિશેષથી કે ભવાંતરના રાગથી ક્યારેક આવે પણ છે. - x - એ પ્રમાણે સંશય છેદાતા તેણે દીક્ષા લીધી. સાતમો ગણધર સમાપ્ત.

● **નિર્યુક્તિ-૬૨૬ થી ૬૨૯ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયેલા સાંભળીને અકંપિત જિનવરની સમીપે આવે છે. હું જઉં, જિનવરને વાંદુ, વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મૂકાયેલા, સર્વજ્ઞ-સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — “શું નૈરયિકો છે કે નથી ?” એવો તને સંશય છે ને ? કેમકે તું વેદપદોના અર્થને જાણતો નથી. તેનો અર્થ આમ છે. એમ અર્થ કહેતા જિનવર વડે તેનો સંશય છેદાયો અને તે શ્રમણ પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રવ્રજિત થયો.***

● **વિવેચન-૬૨૬ થી ૬૨૯ :-**

અકંપિત [અકંપિક] પૂર્વવત્ આવ્યો. બાકી બધું પૂર્વવત્ જ છે મનુષ્યોને પીડે છે તે નરક, તેમાં થાય તે નારકો. એવા નારકો છે કે નથી ? એવો તને સંશય છે. પણ તારો આ સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિથી ઉદ્‍ભવેલ છે. બાકી પૂર્વવત્. આ વેદપદો આ પ્રમાણે છે — નારકો વૈ એષ જાયતે યઃ શુદ્રાન્નમશ્નાતિ” ઈત્યાદિ - x - નહ વૈ પ્રેત્ય નરકે નારકા સન્તિ, ઈત્યાદિ તેનો અર્થ પૂર્વે કહેવાયેલ છે. અહીં યુક્તિ જ કહે છે. હે અકંપિત ! તું માને છે કે દેવો તો ચંદ્રાદિ પ્રત્યક્ષ જ છે, બીજા પણ માંગેલા ફળના દર્શનથી અનુમાનથી જણાય છે, પણ નારકોને કેમ માનવા ? તેથી અને અનુમાનથી પણ નારકો જણાતા નથી.

હે સૌમ્ય ! નારકો કર્મની પરતંત્રતાથી અહીં આવવા સમર્થ નથી, અહીંથી ત્યાં જવું પણ શક્ય નથી. પણ ક્ષાયિકજ્ઞાની વીતરાગને તે પ્રત્યક્ષ જ છે ઈત્યાદિ - x - x - x - x - x - તેને પણ અનુમાનગમ્ય છે. તે આ પ્રમાણે — વિદ્યમાન પ્રકૃષ્ટ પાપનું ફળ ભોગવવાથી, પુન્ય ફળની જેમ પાપકર્મનું આ ફળ છે. કેમકે તિર્યંચ અને મનુષ્ય પ્રકૃષ્ટ પાપના ફળને ભોગવતા નથી. તેમને ઔદારિક શરીરથી વેદવું અશક્ય છે. - x - x - x - ઈત્યાદિ કથનથી તેનો સંશય છેદાતા અકંપિતે તેના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. — આઠમો ગણધર સમાપ્ત —

● **નિર્યુક્તિ-૬૩૦ થી ૬૩૩ :-**

***તેઓને પ્રવ્રજિત થયા જાણીને “અચલભ્રાતા” જિનવર પાસે આવે છે. હું જઉં અને જિનવરને વાંદુ, વાંદીને પર્યુપાસુ. — સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-***



***જરા-મરણથી મુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો. પછી કહ્યું કે — “પુન્ય અને પાપ છે કે નથી” તેવી તને શંકા છે, તે શંકા તને વેદપદોના અર્થને ન જાણવાથી થઈ છે. તે પદોનો અર્થ આમ છે. એ રીતે - x - તેનો સંશય છેદાતા તે શ્રમણે પણ ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

● **વિવેચન-૬૩૦ થી ૬૩૩ :-**

અચલભ્રાતા જિનવર પાસે આવે છે, બાકી પૂર્વવત્. જિનવર તેને બોલાવે છે, ઈત્યાદિ પૂર્વવત્. “પુન્ય પાપ છે કે નહીં ?” તે શંકા બાકી પૂર્વવત્. આ તારો સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિથી થયેલો છે અને બીજા દર્શન વિરુદ્ધ શ્રુતિથી જન્મેલો છે. તેમાં વેદપદોનો અર્થ જાણતો નથી. ચ શબ્દથી મનમાં યુક્તિ ધારવી. આ અક્ષરાર્થ કહ્યો છે.

તે વેદ પદો આ પ્રમાણે છે — પુરુષ એવેદં ગ્નિ સર્વમ્ આદિ જેમ બીજા ગણધરમાં કહ્યું તેમ છે. વ્યાખ્યાદિ બધું તેમ જ જાણવું.

હે અચલભ્રાતા ! - x - કોઈ દર્શન કહે છે કે એક પુન્ય જ છે. પાપ નથી. તે વધે તો સ્વર્ગ મળે અને ઘટે તો તિર્યંચ-નારકાદિ ભવો થાય. તેના સંપૂર્ણ ક્ષયથી મોક્ષ થાય. - x - x - કેટલાંક માને છે માત્ર પાપ છે પણ પુન્ય નથી. તેની ઉત્તમાવસ્થામાં નારકના ભવો મળે અને પાપનો ક્ષય થતાં દેવ-મનુષ્યાદિ ભવો મળે, તેનો અત્યંત ક્ષય થતાં મોક્ષ મળે છે. - x - x - બીજા બીજા વળી પોતાના બીજા મતોથી પાપ અને પુન્યને સદ્‍ભાવ, અભાવ કે મિશ્રભાવ રજૂ કરે છે - x - x - x - x - x - x - પુન્ય અને પાપ અલગ જ છે, તેનાથી જ સુખ, દુઃખનો અતિશય અને વૈચિત્ર્ય પ્રાણીઓને હોય છે. ઈત્યાદિ કથન પછી - x - સંશય છેદાતા તે અચલભ્રાતાએ પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. નવમો ગણધર સમાપ્ત.

● **નિર્યુક્તિ-૬૩૪ થી ૬૩૭ :-**

***તે નવની દીક્ષા સાંભળીને “મેતાર્ય” જિનવર પાસે આવે છે. હું ત્યાં જઉં, જિનવરને વંદુ, વાંદીને પર્યુપાસુ. [તે આવ્યો ત્યારે] સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મરણથી વિમુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — તને સંશય છે કે “પરલોક છે કે નહીં.” તું વેદના પદોનો અર્થ જાણતો નથી, તેનો અર્થ આમ છે — [ભગવંતે અર્થકથન કરતા] મેતાર્યનો સંશય છેદાતા, તે શ્રમણે ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

● **વિવેચન-૬૩૪ થી ૬૩૭ :-**

પૂર્વવત્ મેતાર્ય આવે છે. ભગવંત નામ લઈને તેને બોલાવે છે, તેનો સંશય કહે છે - x - પરલોક એટલે બીજા ભવમાં ગમનરૂપ. બાકી બધી વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. વિશેષ આ પ્રમાણે —

વેદપદો — વિજ્ઞાનઘન૦ ઈત્યાદિ. તથા સ વૈ આત્મા જ્ઞાનમય ઈત્યાદિ. પહેલા ગણધર માફક પરાભિપ્રેત અર્થયુક્ત છે અને ભૂતસમુદાય ધર્મત્વથી છે. પછી ચૈતન્યને ભવાંતરગતિ લક્ષણ પરલોક સંભવે કઈ રીતે ? એવી તારી મતિ છે. ઈત્યાદિ - x

- x - જિનવરે કહ્યું. - x - x - પછી ભગવંતે વેદપદોનો રહસ્યાર્થ કહ્યો. *[જે ચર્ચા અમે બધે છોડી દીધી છે, વિસ્તારથી જાણવા વિશેષાવશ્યક ભાષ્યની ટીકાઓ જોવી, સામાન્યથી જાણવા કલ્પસૂત્રની ટીકાઓ જોવી.]* જરા-મરણમુક્ત જિનવરના કથનથી મેતાર્યનો સંશય છેદાતા, તેણે ૩૦૦ છાત્રો સાથે દીક્ષા લીધી. ૧૦મો ગણધર સમાપ્ત.

**• નિર્યુક્તિ-૬૩૮ થી ૬૪૧ :-**

***તે દશની દીક્ષા થયાનું સાંભળીને "પ્રભાસ" જિનવરની પાસે આવ્યો કે હું જિનવર પાસે જઉં, વાંદુ, વાંદીને પર્યુપાસુ. [ત્યારે તેને જોતાં] સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મરણથી મુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે – "નિર્વાણ છે કે નહીં" તેવો સંશય તને થયેલો છે. કેમકે તું વેદપદોના અર્થોને જાણતો નથી. પણ તેનો અર્થ આમ છે - [રહસ્યાર્થ કહેતાં] તેનો સંશય છેદાયો, તેથી પ્રભાસે પણ પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.***

**• વિવેચન-૬૩૮ થી ૬૪૧ :-**

પૂર્વવત્ પ્રભાસ ગણધર આવે છે. ભગવંત બોલાવે છે, શંકા કહે છે ઈત્યાદિ બધાંની વ્યાખ્યા પૂર્વવત્. "નિર્વાણ છે કે નહીં" આ શંકા તને વિરુદ્ધ વેદપદોની શ્રુતિથી ઉદ્ભવેલી છે. તે પદો આ પ્રમાણે છે - "जरामर्य्यं वा एतत्सर्वं यदग्निहोत्रं" તથા द्वे ब्रह्मणी वेदितव्ये૰ ઈત્યાદિ - x - x - x - આમાં મોક્ષનો અભાવ પ્રતિપાદક પદ છે અને બાકીનાં મોક્ષના અસ્તિત્વને જણાવતા પદ છે, તેથી તને સંશય થયો છે.

મોક્ષ - સંસારનો અભાવ. સંસાર - તિર્યંચ, મનુષ્ય, નારક અને દેવ ભવરૂપ. *[વેદ પદોના રહસ્યાર્થની ચર્ચા પૂર્વવત્ છોડી દીધેલ છે.]* તે રહસ્યને સમજાવી મોક્ષ-નિર્વાણનો સદ્ભાવ સમજાવ્યો. તેનાથી પોતાનો સંશય છેદાતા તે પ્રભાસે પણ ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. એ રીતે આ છેલ્લો-અગિયારમો ગણધર સમાપ્ત થયો.

ગણધરોના સંશયને દૂર કરવાની વક્તવ્યતા કહી. હવે તેમની જ શેષ વક્તવ્યતાને પ્રતિપાદિત કરવાની દ્વાર ગાથા કહે છે –

**• નિર્યુક્તિ-૬૪૨ :-**

***ક્ષેત્ર, કાળ, જન્મ, ગોત્ર, અગાર, છદ્મસ્થ પર્યાય, કેવલી પર્યાય, આયુ, આગમ, પરિનિર્વાણ, તપ. [આટલા દ્વારો છે.]***

**• વિવેચન-૬૪૨ :-**

- x - ગણધરોને આશ્રીને ક્ષેત્ર - જનપદ, ગામ, નગર આદિ તેની વક્તવ્ય જન્મભૂમિ. काल - નક્ષત્ર, ચંદ્રનો યોગ ઉપલક્ષિત કાળ. જન્મ વક્તવ્ય, માતા-પિતા, ગોત્ર જેનું જે હોય તે, अगार - ગૃહસ્થ પર્યાય, છદ્મસ્થપર્યાય, કેવલિપર્યાય, સર્વાયુ, કોને કેટલું આગમ હતું તે, પરિનિર્વાણ, કોણ ભગવંત જીવતા હતા ત્યારે, કોણ પછી નિર્વાણ પામ્યા, નિર્વાણમાં જતાં કોને કેટલો તપ કર્યો ? च શબ્દથી સંહનનાદિ. આ ગાથાસમુદાય અર્થ કહ્યો, હવે અવયવાર્થમાં ક્ષેત્ર દ્વાર કહે છે –





**• નિર્યુક્તિ-૬૪૩ થી ૬૪૫ :-**

***મગધ દેશના ગોબરગ્રામ સન્નિવેશમાં આદ્ય ત્રણ જન્મ્યા, તેમનું ગોત્ર ગૌતમ હતું. કોલ્લાગ સંનિવેશમાં વ્યક્ત અને સુધર્મા જન્મ્યા. મૌર્ય સંનિવેશમાં બે ભાઈઓ મંડિત અને મૌર્યપુત્ર જન્મ્યા. કોસલામાં અચલભ્રાતા અને મિથિલામાં અકંપિત થયા. કૌશાંબીના તુંગિક સંનિવેશમાં મેતાર્ય જન્મ્યા, રાજગૃહીમાં ભગવંત પ્રભાસ ગણધર જન્મ્યા.***

**• વિવેચન-૬૪૩ થી ૬૪૫ :-**

[ગાથાર્થ કહ્યો. વિશેષ આ છે –] ગૌતમ - ત્રણેનું ગોત્ર હતું. વત્સભૂમિ એટલે કૌશાંબી. કાળદ્વાર અવયવ કહીએ છીએ – તેમાં કાળ જ નક્ષત્ર-ચંદ્રયોગ ઉપલક્ષિત છે, એમ કરીને જે ગણધરનું જે નક્ષત્ર છે, તેને જણાવતા કહે છે –

**• નિર્યુક્તિ-૬૪૬ + વિવેચન :-**

જ્યેષ્ઠા, કૃતિકા, સ્વાતિ, શ્રવણ, ઉત્તરાફાલ્ગુની, મઘા, રોહિણી, ઉત્તરાષાઢા, મૃગશિર્ષ, અશ્વિની, પુષ્ય આટલા અનુક્રમે ઈન્દ્રભૂતિ આદિના નક્ષત્રો હતા. હવે જન્મદ્વાર કહે છે. જન્મ માતા, પિતાથી થાય તેથી માતા અને પિતાના નામો કહે છે–

**• નિર્યુક્તિ-૬૪૭,૬૪૮ :-**

***વસુભૂતિ, ધનમિત્ર, ધર્મિલ, ધનદેવ, મૌર્ય, દેવ, વસુ, દત્ત અને બલ તે ગણધરોના પિતા હતા. પૃથ્વી, વારુણી, ભદ્રિલા, વિજયદેવ, જયંતિ, નંદા, વરુણદેવા અને અતિભદ્રા એ ગણધરની માતા હતા.***

**• વિવેચન-૬૪૭,૬૪૮ :-**

પહેલાં ત્રણ ગણધરોના પિતા એક હતા, બાકીના ગણધરોના પિતા ધનમિત્રાદિને અનુક્રમે જાણવા. પૃથ્વી પહેલા ત્રણ ગણધરોની માતા હતા. વિજયદેવા એ મંડિક અને મૌર્યપુત્રની માતા હતા, જો કે તેમના પિતા જુદા જુદા હતા. કેમકે ધનદેવના મૃત્યુ પછી મૌર્ય વડે તેણીને ગ્રહણ કરાઈ હતી. તેમના દેશમાં પુનર્લગ્નનો વિરોધ ન હતો. હવે ગોત્રદ્વાર કહે છે –

**• નિર્યુક્તિ-૬૪૯ + વિવેચન :-**

ઈન્દ્રભૂતિ આદિ ત્રણ ગૌતમ ગોત્રીય હતા. ભારદ્વાજ, અગ્નિવૈશ્ય અને વાશિષ્ઠ ગોત્રિય અનુક્રમે વ્યક્ત, સુધર્મ અને મંડિકના ગોત્ર હતા. કાશ્યપ, ગૌતમ, હારિત એ મૌર્ય, અકંપિત, અચલભ્રાતાનું ગોત્ર હતું અને મેતાર્ય તથા પ્રભાસ બંને કૌંડિન્ય ગોત્રના ગણધરો હતા. હવે ગૃહીપર્યાય કહે છે –

**• નિર્યુક્તિ-૬૫૦,૬૫૧ :-**

***૧૧-ગણધરોનો ગૃહવાસ પર્યાય અનુક્રમે - ૫૦, ૪૬, ૪૨, ૫૦, ૫૦, ૫૩, ૬૫, ૪૮, ૪૬, ૩૬ અને ૧૬ વર્ષ જાણવો.***

***હવે હું અનુક્રમે છદ્મસ્થ પર્યાયને કહીશ –***

**• વિવેચન-૬૫૦,૬૫૧ :-**

अगारवास - ગૃહવાસ, આ ગણધરોનો અનુક્રમે પર્યાય કહ્યો. અંતર દ્વાર

પ્રતિપાદિત કરવા કહે છે — અનુક્રમે છદ્મસ્થ પર્યાય આ પ્રમાણે —

**• નિર્યુક્તિ-૬૫૨ + વિવેચન :-**

૧૧-ગણધરોનો અનુક્રમે છદ્મસ્થપર્યાય — ૩૦, ૧૨, ૧૦, ૧૨, ૪૨, ૧૪, ૧૪, ૯, ૧૨, ૧૦ અને ૮ વર્ષ છે. હવે કેવલિ પર્યાય કહે છે —

**• નિર્યુક્તિ-૬૫૩,૬૫૪ :-**

***આયુષ્યમાંથી છદ્મસ્થપર્યાયકાળ અને ગૃહસ્થવાસકાળ બાદ કરતાં જે રહે તે ગણધર ભગવંતોનો કેવલિપર્યાય જાણવો. તે કેવલિ પર્યાય આ પ્રમાણે — ૧૨, ૧૬, ૧૮, ૧૮, ૮, ૧૬, ૧૬, ૨૧, ૧૪, ૧૬, ૧૬ વર્ષ.***

**• વિવેચન-૬૫૩,૬૫૪ :-**

- x - x - ગાથા સુગમ છે, સર્વાયુ જણાવતાં કહે છે —

**• નિર્યુક્તિ-૬૫૫,૬૫૬ + વિવેચન :-**

ગણધરોનો આયુ પર્યાય અનુક્રમે આ પ્રમાણે — ૯૨, ૭૪, ૭૦, ૮૦, ૧૦૦, ૮૩, ૯૫, ૭૮, ૭૨, ૬૨, ૪૦. હવે આગમદ્વારને કહે છે —

**• નિર્યુક્તિ-૬૫૭ :-**

***બધાં ગણધરો બ્રાહ્મણ જાતિના, બધાં જ અધ્યાપક, વિદ્વાન્ હતા તથા બધાં દ્વાદશાંગી અને ચૌદ પૂર્વધર થયા.***

**• વિવેચન-૬૫૭ :-**

જાત્ય - અશુદ્ધ ન હતા. અધ્યાપક-ઉપાધ્યાય, વિદ્વાન્ - પંડિત, આ ગૃહસ્થાશ્રમના વિશેષણ છે. પછી ચૌદપૂર્વી આદિ થયા, [તે શ્રમણ પર્યાયની વિશેષતા છે.] હવે પરિનિર્વાણ દ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૬૫૮ + વિવેચન :-**

ભગવંત મહાવીરના જીવતાં જ નવ ગણધરો પરિનિર્વાણ પામ્યા. ઈન્દ્રભૂતિ અને સુધર્મા ભગવંતના નિર્વાણ બાદ રાજગૃહીમાં નિર્વાણ પામ્યા.

- - હવે તપોદ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૬૫૯ :-**

***બધાં ગણધરો સર્વલબ્ધિસંપન્ન, વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા, માસિકી પાદપોપગમન અનશન કર્યું.***

**• વિવેચન-૬૫૯ :-**

બધાં ગણધરો એક માસનું પાદપોપગમન અનશન કરીને મોક્ષે ગયા. ચ શબ્દથી કહે છે કે બધાં આમર્ષૌષધિ આદિ સર્વ લબ્ધિથી યુક્ત હતા. ઈત્યાદિ - x - સામાયિકનો અર્થ અને સૂત્રના પ્રણેતા તીર્થંકર અને ગણધરોનો નિર્ગમ કહ્યો. હવે ક્ષેત્રદ્વારના પ્રાપ્ત અવસરને ઉલ્લંઘીને કાળદ્વાર કહે છે. અનંતર જ દ્રવ્ય નિર્ગમ કહ્યો અને કાળના દ્રવ્યપર્યાયત્વથી અંતરંગ હતું - x - ક્ષેત્રના અલ્પ વક્તવ્યત્વથી અન્યથા ઉપન્યાસ કર્યો. તે કાળ નામાદિ ૧૧ ભેદ ભિન્ન છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે હવે દ્રવ્યાદિ કાળ સ્વરૂપ જણાવવાને કહે છે —



**• નિર્યુક્તિ-૬૬૦ :-**

***દ્રવ્યકાળ યથા-આયુમાં, ઉપક્રમમાં, દેશકાળમાં અને કાળમાં, તે જ રીતે પ્રમાણમાં, વર્ણમાં, ભાવમાં પ્રકૃત ભાવથી અધિકાર છે.***

**• વિવેચન-૬૬૦ :-**

દ્રવ્ય-વર્તનાદિ લક્ષણ દ્રવ્યકાળ, અદ્ધા - ચંદ્ર, સૂર્યાદિ ક્રિયા વિશિષ્ટ અઢી દ્વીપ-સમુદ્ર અંતર્વર્તીકાળ - સમયાદિ લક્ષણ કહેવો. યથાયુષ્ય કાળ તે દેવાદિ આયુકાળ જાણવો. ઉપક્રમકાળ - અભિપ્રેત અર્થ સામીપ્યને લાવવારૂપ સામાચારી યથાયુષ્ક ભેદ ભિન્ન કાળ કહેવો. દેશ-પ્રસ્તાવ અવસર કે વિભાગ કે પર્યાય. અભિષ્ટવસ્તુની અવાપ્તિનો અવસર-કાળ. કાળકાળ-તેમાં કાળ શબ્દ પૂર્વે કહ્યો તે અથવા સામાયિક કાળ-મરણ. મરણક્રિયા-કલન તે કાલકાલ. પ્રમાણકાળ - અદ્ધાકાળ વિશેષ દિવસાદિ લક્ષણ. ભાવકાળ - ઔદયિકાદિ ભાવકાલ - સાદિ સાંત આદિ ભેદ ભિન્ન જાણવો. અહીં ભાવકાળ વડે અધિકાર છે. હવે અવયવાર્થ કહે છે —

**• નિર્યુક્તિ-૬૬૧ :-**

***ચેતન, અચેતન દ્રવ્યની સ્થિતિના ચાર વિકલ્પો છે. તે દ્રવ્યકાળ છે અથવા દ્રવ્ય તે પ્રમાણે છે.***

**• વિવેચન-૬૬૧ :-**

ચેતન અને અચેતન દ્રવ્યના સ્કંધાદિ અથવા ચેતન અને અચેતન દ્રવ્યની સ્થિતિ જે સાદિ સાંત આદિ ચાર ભેદે હોય છે. દ્રવ્યનો કાળ, તેના પર્યાયપણાથી જાણવો અથવા દ્રવ્ય એ જ કાળ તે દ્રવ્યકાળ. ચેતન, અચેતન દ્રવ્યની ચાર પ્રકારની સ્થિતિ દર્શાવતા કહે છે —

**• નિર્યુક્તિ-૬૬૨ :-**

***ગતિ, સિદ્ધ, ભવ્ય, અભવ્ય પુદ્‌ગલ, અનાગતકાળ-અતીત કાળ, ત્રણ કાય, જીવાજીવ સ્થિતિ એ ચાર છે.***

**• વિવેચન-૬૬૨ :-**

ગતિ - દેવ આદિને આશ્રીને જીવો સાદિ સાંત છે. સિદ્ધ - પ્રત્યેક સિદ્ધપણાથી સાદિ અનંત છે, ભવ્ય-ભવ્યને આશ્રીને કેટલાંક અનાદિ સાંત, અભવ્યપણે અનાદિ અનંત છે આ જીવ સ્થિતિ ચૌભંગી થઈ.

પુદ્‌ગલ-પૂરણ અને ગલન ધર્મવાળા તે. તે પુદ્‌ગલપણાથી સાદિ સાંત છે, અનાગતકાળ - તે વર્તમાન સમયાદિથી સાદિ અનંતપણે છે અને અતીતકાળ-અનંતત્વથી અનાદિ છે. સાંપ્રત સમય વિવક્ષાથી સાંત છે. ત્રણ કાય-ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય અનાદિ અનંત છે આ જીવાજીવની ચાર ભેદે સ્થિતિ કહી.

હવે અદ્ધાકાળની વ્યાખ્યા —

**• નિર્યુક્તિ-૬૬૩ :-**

***સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વર્ષ, યુગ, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, પરાવર્ત.***

● વિવેચન-૬૬૩ :-

તેમાં પરમનિકૃષ્ટ કાળને સમય કહે છે. તે પ્રવચનમાં કહેલા ''પટ્ટશાટિકા પાટન'' દૃષ્ટાંતથી જાણવો. આવલિકા - અસંખ્યાત સમય સમુદાય લક્ષણ. બે ઘડીનું એક મુહૂર્ત. ચાર પ્રહરરૂપ દિવસ અથવા સૂર્ય વડે આભાથી વ્યાપ્ત આકાશખંડ હોય તે દિવસ કહેવાય, બાકી રાત્રિ કહેવાય. આઠ પ્રહર રૂપ છે તે અહોરાત્ર - રાત્રિદિન. પક્ષ-૧૫-અહોરાત્રરૂપ, માસ-પક્ષથી બમણો. સંવત્સર-બાર માસરૂપ, યુગ-પાંચ સંવત્સરરૂપ. અસંખ્યેય યુગરૂપ તે પલ્યોપમ અને દશ કોડાકોડી પલ્યોપમ તે સાગરોપમ. તે દ્રવ્ય આદિ ભેદ ભિન્ન છે, જે પ્રવચનથી જાણવું.

જેમ આયુષ્કકાળદ્વાર કહે છે, તેમાં અદ્ધાકાળ જ આયુષ્ક કર્માનુભવ વિશિષ્ટ સર્વ જીવોને વર્તનાદિમય યથાયુષ્કકાળ કહેવાય છે તેથી —

● નિર્યુક્તિ-૬૬૪ + વિવેચન :-

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોનું જે આયુ, જે આત્મા વડે પૂર્વભવમાં રૌદ્રધ્યાનાદિ વડે ઉપાર્જિત હોય તે યથાયુષ્ય, તે વિપાકથી જ અનુપાલિત થાય છે. તે યથાયુષ્કકાળ. હવે ઉપક્રમકાળ દ્વાર —

● નિર્યુક્તિ-૬૬૫ :-

***ઉપક્રમકાળ બે ભેદે છે — સામાચારી અને યથાયુષ્ય. તેમાં સામાચારી ત્રણ ભેદે છે — ઓઘથી, પદ વિભાગથી અને દશધા.***

● વિવેચન-૬૬૫ :-

ઉપક્રમકાળ બે ભેદે છે — સામાચારી અને યથાયુષ્ક. સમાચાર-સમ આચરણા અર્થાત્ શિષ્ટ આચરિત ક્રિયાકલાપ, તેનો ભાવ તે સામાચાર્ય. - x - x - x - યથાયુષ્કનો ઉપક્રમ - દીર્ઘકાળ ભોગ્યનો લઘુતર કાળથી ખપી જવું તે ઉપક્રમ. - x - તેમાં કાળ અને કાળવાળાના અભેદથી કાળની જ આયુષ્ક આદિ ઉપાધિ વિશિષ્ટનો ઉપક્રમ જાણવો એમ અભિપ્રાય છે.

સામાચારી ત્રણ ભેદે છે - ઓઘ એટલે સામાન્ય, સામાન્યથી સંક્ષેપ અભિધાનરૂપ તે ઓઘ સામાચારી તે ઓઘનિર્યુક્તિ છે. દશવિધ સામાચારી ઈચ્છાકારાદિ લક્ષણા છે. પદવિભાગ તે છેદસૂત્રો છે.

તેમાં ઓઘ સામાચારી નવમા પૂર્વની ત્રીજી આચાર નામક વસ્તુથી છે, તેમાં પણ ૨૦માં પ્રાભૃતથી છે - x - તુરંતના દીક્ષિત અને શ્રુત પરિજ્ઞાનશક્તિ રહિતોને આયુ આદિ હ્રાસની અપેક્ષાથી નીકટ લાવેલ.

દશવિધ સામાચારી - ઉત્તરાધ્યયનના ૨૬માં અધ્યયનથી લીધી. પદ વિભાગ સામાચારી છેદસૂત્રરૂપ નવમાં પૂર્વથી લીધી છે.

હવે ઓઘનિર્યુક્તિ કહેવી જોઈએ, તે સુપ્રપંચિત હોવાથી વર્ણવતા નથી. તેથી હવે દશવિધ સામાચારી સ્વરૂપ દર્શાવે છે —

● નિર્યુક્તિ-૬૬૬,૬૬૭ :-

***ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવશ્યિકી, નૈષેધિકી, આપૃચ્છના,***



***પ્રતિપૃચ્છા, છંદણા, નિમંત્રણા, ઉપસંપદા એ દશ ભેદે સામાચારી છે. એ દરેક પદોની હું પ્રરૂપણા કરીશ.***

● વિવેચન-૬૬૬,૬૬૭ :-

(૧) ઈચ્છા - એષણા, કરવી તે કાર. તેમાં 'कार' શબ્દ બધે જોડવો. ઈચ્છા વડે - બલાભિયોગ સિવાય કરવું તે ઈચ્છાકાર અર્થાત્ ઈચ્છાક્રિયા. ઈચ્છાક્રિયા વડે મારે આ કરવું પણ બલાભિયોગપૂર્વક નહીં. (૨) મિથ્યા વિતથ કે અનૃત, મિથ્યાકરણ એટલે મિથ્યાક્રિયા. તે સંયમયોગથી વિપરીત આચરણમાં જાણવી. સાધુઓનું તે ક્રિયામાં વૈતથ્ય દર્શાવવું તે.

(૩) તથાકાર - સૂત્ર પ્રશ્ન વિષયમાં જેમ આપે કહ્યું તે આ - એવા સ્વરૂપે, તથા કરણ તે. (૪) અવશ્ય કર્તવ્ય યોગ વડે નિષ્પન્ન તે આવશ્યિકી, (૫) નિષેધ વડે નિર્વૃત્ત તે નૈષેધિકી. (૬) પૂછવું તે પૃચ્છા - તે વિહારભૂમિ-ગમન આદિ પ્રયોજનોમાં ગુરુને પૂછવું તે. (૭) પ્રતિપૃચ્છા - પૂર્વે નિયુક્ત છતાં કરણકાળે કરવી તે, નિષિદ્ધ હોય અથવા પ્રયોજનથી કરવા યોગ્ય હોય. (૮) છંદણા - પૂર્વગૃહિત અશનાદિ કરવા તે.

(૯) નિમંત્રણા - અગૃહીત એવા અશનાદિ વડે - ''હું આપના માટે અશનાદિ લાવું'' તે રૂપ. (૧૦) ઉપસંપદા - વિધિ વડે સ્વીકારવી.

એ પ્રમાણે કાળવિષયક સામાચારી દશ ભેદે થાય. તે સંક્ષેપથી કહી હવે વિશેષથી કહેવા ઈચ્છે છે. - x - x - ઈચ્છાકાર સામાચારી —

● નિર્યુક્તિ-૬૬૮ :-

***જો બીજા કોઈને કારણ ઉત્પન્ન થતાં પ્રાર્થના કરે તો કોઈ બીજો તેનું કાર્ય કરે તે ઈચ્છા કાર્ય છે, બલાભિયોગથી તે ન કલ્પે.***

● વિવેચન-૬૬૮ :-

કારણ હોય તો - સાધુને અકારણે અભ્યર્થના ન જ કલ્પે. જો અન્ય સાધુ ગ્લાનાદિ કારણે અભ્યર્થના કરે, તે કરવાની ઈચ્છાવાળા અન્ય સાધુ - x - x - કે તેની બીજા સાધુ વડે ચિકિત્સા કરવા ઈચ્છે તે ઈચ્છાક્રિયા. - x - x - પણ તે બલાભિયોગથી ન કલ્પે. ઉક્તગાથાનો અવયવાર્થ —

● નિર્યુક્તિ-૬૬૯ + વિવેચન :-

જો શબ્દ સ્વીકાર અર્થમાં હોય તો બીજાને પ્રાર્થવા યોગ્ય નથી. બળ અને વીર્યને ન ગોપવનાર સાધુએ પોતાનું કાર્ય જાતે જ કરવું જોઈએ.

यदि - જો શબ્દ, સ્વીકાર અર્થમાં જણાય તો અભ્યર્થના કરવી યોગ્ય નથી જ. શા માટે ? બલ - શારીરિક, વીર્ય-આંતરિક શક્તિ. આ બલ અને વીર્ય ન ગોપવવા તે. તે સાધુમાં યોગ્ય છે. - x - અથવા જે કારણે બળ-વીર્ય ગોપવ્યા વિના સાધુ વડે હોવું જોઈએ તે કારણે પ્રાર્થના કરવી યોગ્ય નથી. તો અભ્યર્થના વિષયમાં ઈચ્છાકાર અનર્થક છે ?

● નિર્યુક્તિ-૬૭૦ :-

***જો તે કાર્ય કરવાને તે અસમર્થ હોય, અથવા ન જાણતો હોય અથવા***

*ગ્લાનાદિ કારણે વ્યસ્ત હોય તો.....*

● વિવેચન-૬૭૦ :-

જો પ્રસ્તુતકાર્યને માટે તે અસમર્થ છે, જાણતો નથી ઈત્યાદિ ત્યારે અભ્યર્થના વિષયક ઈચ્છાકાર રત્નાધિકને છોડીને કરે. કહે છે –

● નિર્યુક્તિ-૬૭૧ :-

*રત્નાધિકને વર્જીને બાકીનાને ઈચ્છાકાર કરે. [કેવી રીતે ?] તમે જો તમારી ઈચ્છા હોય તો આ મારું કાર્ય કરો.*

● વિવેચન-૬૭૧ :-

રત્ન બે ભેદે – દ્રવ્યરત્ન અને ભાવરત્ન. તેમાં મરકત, નીલ આદિ દ્રવ્યરત્નો છે - x - ભાવરત્ન - સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્ર છે. - x - ભાવરત્નો વડે અધિક તે રત્નાધિક, તેને છોડીને ઈચ્છાક્રિયા કરે છે. કઈ રીતે ? આ મારા વસ્ત્ર સીવણાદિ કરાય તમે ઈચ્છા હોય તો કરો, બલાભિયોગ વડે નહીં, અહીં ગાથા ૬૬૮ની થોડી વ્યાખ્યા કરી. હવે 'करेज्ज से कोइ' એ ગાથાનો અવયવાર્થ કહે છે.

અન્યકરણ સંભવમાં કારણ બતાવે છે –

● નિર્યુક્તિ-૬૭૨ થી ૬૭૫ :-

*અથવા અન્ય સાધુને કાર્યનો વિનાશ કરતો, બીજાને પ્રાર્થના કરતો જોઈને નિર્જરાર્થી કોઈપણ સાધુ તે સાધુને કહે... હું તમારી ઈચ્છા હોય તો તે કાર્ય કરું. તેમાં પણ તે કર્તાની મર્યાદા મુજબ, તેનો ભંગ ન થાય તે રીતે ઈચ્છાકાર કહે. અથવા પોતાનું કે અન્યનું કાર્ય કરતા અન્યને જોઈને મારું પણ આ કાર્ય કરતો તેમ ઈચ્છાકાર કહે. ત્યારે પણ તેને ઈચ્છાકાર કહે અથવા ગુર્વાદિના કાર્યને લીધે માફી માંગી લે, કાર્ય ન હોય તો આત્માના અનુગ્રહને માટે સાધુનું કાર્ય કરવું જોઈએ.*

● વિવેચન-૬૭૨ થી ૬૭૬ :-

[ગાથાર્થ કહ્યો, તદુપરાંતની વૃત્તિ આ છે –] વિનાશ કરતો હોય તો કાર્ય કરવું જોઈએ અથવા ગુરુત્તર કાર્ય કરણ સમર્થ હોય તો વિનાશ ન કરતો હોય તો પણ અભ્યર્થના કરે, અભિલષિત કાર્ય કરવાને અન્ય કોઈ સાધુને જોઈને તે નિર્જરાર્થી સાધુ તે કરવાને સમર્થ કોઈને કહે – હું, તમારું જો તમારી ઈચ્છા ક્રિયાથી હોય તો આ ઈષ્ટ કાર્ય કરું છું, ધરાર નહીં. ઈચ્છાકાર શા માટે કરે ? સાધુની આ મર્યાદા છે - કોઈની ઈચ્છા સિવાય કંઈ જ કરાવવું ન જોઈએ. અધિકૃત ગાથા અવયવની વ્યાખ્યા કરી, હવે 'तत्थवि इच्छाकारो' આ શબ્દના વિષય પ્રદર્શનાર્થે કહે છે –

અથવા પોતાના પાત્રને લેપનાદિ કરતા બીજા કોઈને જોઈને, તેને પણ પ્રયોજન જણાતા ઈચ્છાકાર કરે, મારા પણ આ પાત્ર લેપનાદિ કરો. હવે અભ્યર્થિત સાધુ વિષયક વિધિ દર્શાવવાને કહે છે – તેમાં પણ પ્રાર્થિત થઈ – ''હું તમારું કાર્ય કરવા ઈચ્છું છું.'' તે પણ ગુર્વાદિના કાર્ય કર્યા પછી કરવું જોઈએ ત્યારે કારણ શોભે, ઈત્યાદિ - x - ઈચ્છાકાર વિશે વિશેષ –



● નિર્યુક્તિ-૬૭૬ થી ૬૭૯ :-

*અથવા જ્ઞાનાદિ અર્થે જે કોઈ આચાર્યની વૈયાવચ્ચ કરે, તેમાં પણ તે ઈચ્છાકાર થવો જોઈએ. નિર્ગ્રન્થોને આજ્ઞા કે બલાભિયોગ ન કલ્પે, શૈક્ષ તેમજ રત્નાધિકને માટે તેમાં ઈચ્છા વ્યક્ત કરવી પડે. જેમ જાત્ય ઘોડા વિનિત હોવાથી પોતાની મેળે જ લગામ પકડી લે છે પણ જનપદમાં થયેલા ઘોડામાં કેટલાંક આપ મેળે પકડે છે, કેટલાંકને બલાભિયોગથી લગામ પકડાવવી પડે છે તે પ્રમાણે પુરુષજાતમાં પણ વિનિત શિષ્યમાં બલાભિયોગ હોતો નથી, પણ બાકીનાને જનપદમાં થયેલ અશ્વ માફક બલાભિયોગ હોય છે.*

● વિવેચન-૬૭૬ થી ૬૭૯ :-

અથવા જ્ઞાન, દર્શન કે ચારિત્રના ગ્રહણને માટે જો આચાર્યની વૈયાવચ્ચ કોઈ સાધુ કરે - વિશ્રામણાદિ કરે, તે સાધુને વૈયાવચ્ચમાં જોડતાં ઈચ્છાકાર સહિત જોડવો જોઈએ. કેમ ? કેમકે આજ્ઞા - આજ્ઞાપન, આ તારું જ કાર્ય છે. તે ન કરે તો બલાભિયોગ કરવો તે સાધુને કરવો કલ્પતો નથી. ઈચ્છાકારથી જોડવો જોઈએ. પ્રયોજન ઉત્પન્ન થાય તો શૈક્ષ તથા રત્નાધિકને ઈચ્છા પૂછવી. અહીં શૈક્ષાદિથી બધાં સાધુનું ગ્રહણ કરવું. આ ઉત્સર્ગ કહ્યો. અપવાદે તો આજ્ઞા અને બલાભિયોગ પણ દુર્વિનિતમાં પ્રયોજવો જોઈએ. તેની સાથે ઉત્સર્ગથી સંવાસ જ કલ્પતો નથી. - x - તેમાં વિધિ આ છે – પહેલાં ઈચ્છાક્રિયાથી જોડે, ન કરે તો આજ્ઞા વડે અને પછી બલાભિયોગથી જોડવો જોઈએ. કહ્યું છે કે –

જેમ મગધાદિ જનપદોમાં જન્મેલ અને જાત્યવાહીક અશ્વોમાં સ્વયં જ લગામનું ગ્રહણ કરે છે અથવા બલાભિયોગથી કરાવાય છે આ દૃષ્ટાંતનો ઉપનય એવો છે કે – પુરુષોમાં પણ અનેક પ્રકારે વિનયને પ્રાપ્ત હોય તેવાઓમાં બલાભિયોગ નથી ઈત્યાદિ ગાથાર્થ મુજબ છે.

અવયવાર્થ કથાનકથી જાણવો, તે આ રીતે – બાલ્હીક દેશમાં એક કિશોર અશ્વ હતો. તે શિક્ષિત કરવાને વિકાલે અધિવાસિત કરી પ્રભાતે બાહાલી લઈ ગયા. તેને લગામ નાંખી, તેણે સ્વયં ગ્રહણ કરી કેમકે વિનિત હતો. રાજા સ્વયં તેના ઉપર બેઠો, તેણે ઈચ્છા મુજબ વહન કર્યો, રાજા નીચે ઉતર્યો, આહારાદિ વડે સારી રીતે ચર્ચો. રોજ શુદ્ધત્વથી જ વહન કરતો, તેને બલાભિયોગની જરૂર ન હતી. બીજો મગધાદિ જનપદમાં જન્મેલ અશ્વ, તે પણ શિક્ષિત કરવા તે રીતે અધિવાસિત કરાયો, માતાને પૂછે છે – આ શું છે ?, તેણી બોલી, તને કાલે વહન કરશે, ત્યારે તું સ્વયં લગામ ગ્રહણ કરી રાજાને ખુશ કરજે. તેણે તેમ કર્યુ, રાજાએ પણ આહારાદિ વડે તેનો ઉપચાર કર્યો. માતાએ કહ્યું – આ વિનયગુણનું તને ફળ મળેલ છે.

હવે કાલે સ્વયં લગામ લેતો નહીં અને કોઈને વહન કરતો નહીં. તેણે તે પ્રમાણે કર્યુ. રાજાએ પણ ચાબુકાદિથી ફટકાર્યો. બળપૂર્વક લગામ દઈને વહન કર્યો. ખાવા ન દીધું ત્યારે માતાએ કહ્યું – આ તારા દુશ્ચેષ્ટિતનું ફળ છે તને આ બે રસ્તા બતાવ્યા, હવે તને રુચે તે કર.

ઉપનય - જે સ્વયં વૈયાવચ્ચ ન કરે, તેને ધરાર કરાવવી. તેથી બલાભિયોગ સિવાય મોક્ષાર્થી વડે સ્વયં જ 'ઈચ્છાકાર' આપીને અપ્રાર્થિતની પણ વૈયાવચ્ચ કરવી.

[શંકા] તો શું અપ્રાર્થિતની સ્વયં ઈચ્છાકાર કરણ અયુક્ત છે, તે આશંકાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૬૮૦ :-

*અભ્યર્થનામાં મરુકનું, શિષ્યને પ્રેરણામાં વાનરનું દૃષ્ટાંત છે. ગુરુકરણમાં સ્વયં જ બે વણિકોના દૃષ્ટાંત છે.*

● વિવેચન-૬૮૦ :-

સંક્ષેપથી ગાથાર્થ કહ્યો, હવે વિસ્તારાર્થે કથાનક કહે છે —

એક સાધુને લબ્ધિ હતી, તે બાળ-વૃદ્ધની વૈયાવચ્ચ કરતો ન હતો. તેને આચાર્યએ પ્રેરણા કરી ત્યારે તેણે કહ્યું — મને કોણ અભ્યર્થના કરે છે ? આચાર્યએ કહ્યું — તું અભ્યર્થના શોધતા ચુકીશ, જેમ તે મરુક [બ્રાહ્મણ].

એક બ્રાહ્મણ જ્ઞાનના મદમાં મત્ત હતો. કાર્તિક પૂર્ણિમામાં રાજા જનપદોમાં દાન દેવા લાગ્યો, તો ત્યાં ન ગયો. તેની પત્નીએ કહ્યું — જાઓ. ત્યારે બ્રાહ્મણ બોલ્યો — હું એક તો શુદ્રનો પ્રતિગ્રહ કરું છું બીજું તેના ઘેર જઉં, જેને સાતમી પેઢીથી કુળનું કાર્ય મને આવીને આપે છે, [માટે ન જઉં] એ રીતે તે યાવજ્જીવન દરિદ્ર રહ્યો.

એ પ્રમાણે તું પણ અભ્યર્થના શોધતો નિર્જરાથી ચૂકીશ. આ બાળ-વૃદ્ધોની વૈયાવચ્ચ કરનારા બીજા છે, તારી આ લબ્ધિ છે, તે એમ જ નાશ પામશે. ત્યારે તે બોલ્યો કે — જો તે સુંદર છે, તો સ્વયં કેમ કરતા નથી ? આચાર્ય કહે છે કે — તું તે વાનર જેવો છે.

એક વાનર હતો, વૃક્ષે રહેતો. વરસાદમાં ઠંડી હવાથી ધ્રુજતો હતો. ત્યારે સુઘરીએ તેને કહ્યું — હે વાનર ! તું પુરુષ છે પણ બાહુ દંડને નિરર્થક વહે છે, તું વૃક્ષના શિખરે કોઈ ઘર વગેરે કરતો નથી. તેણીએ આમ કહેતા વાનર મૌન રહ્યો, ત્યારે તેણી બે-ત્રણ વખત તેમ બોલી. ત્યારે તે રોષિત થઈને વૃક્ષ ઉપરથી ઉતરવા લાગ્યો, તેણે સુઘરીના માળાને વીંખી નાંખ્યો સુઘરી ભાગી. વાનરે કહ્યું — હે સુઘરી ! તું મારી મહતરિકા નથી કે મારી મિત્રાદિ નથી, હવે તું પણ ઘર વગરની રહે. - x -

એમ હે શિષ્ય ! તું પણ મારી ઉપર કરી રહ્યો છે. પણ મારે બીજા પણ નિર્જરા દ્વાર છે, તેનાથી મને ઘણી નિર્જરા છે. તું લાભથી ભ્રષ્ટ થઈશ, જેમ તે બે વણિકો થયા હતા. એકે પહેલાં વરસાદમાં સ્વયં જ પોતાના ઘરને ઢાંકતો વ્યાપારના લાભથી ભ્રષ્ટ થયો, બીજો મૂલ્ય આપી બીજા પાસે ઢંકાવતા, તે દિવસે ઘણો વ્યાપાર થવાથી ઘણાં લાભને પામ્યો. - x -

એ પ્રમાણે હું જાતે જ વૈયાવચ્ચ કરું તો સૂત્રાર્થના ચિંતન વગર તે નાશ પામે. તે બંને નાશ પામતા ગચ્છની સારણાના અભાવે ગણના આદેશાદિના અપ્રતિતર્પણથી



મારું ઘણું બધું નાશ પામે. સૂત્રાર્થના અચિંતન આદેશમાં વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન, બાલ, ક્ષપક, વાદી, ઋદ્ધિમાન્ અને ઋદ્ધિ રહિતનું ધ્યાન ન રહે, આ કારણોથી આચાર્ય તુંબરૂપ હોય છે. [તુંબ એટલે ચક્રની નાભિ] તેથી તે વૈયાવચ્ચ ન કરે, તે બાકીનાનું કર્તવ્ય છે. જેમ કુળના મોભીરૂપ પુરુષનું આદરથી રક્ષણ કરવું જોઈએ કેમકે તુંબ-નાભિનો વિનાશ થતાં આરાઓને કોઈ આધાર રહેતો નથી. - x - પાણી લેવાને ગયેલા આચાર્યની લઘુતા થાય છે. લોકોમાં પણ ''આચાર્યનો પ્રભાવ નથી'' ઈત્યાદિ લોકાપવાદ થાય છે. - x - બાકી સુગમ છે.

ઈચ્છાક્રિયાથી હું તારા માટે પ્રથમાલિકાને લાવું છું. એમ વિચારી જો લબ્ધિ અભાવે મેળવી ન શકે ત્યારે શું તેને નિર્જરા લાભ ન થાય ?

● નિર્યુક્તિ-૬૮૧ + વિવેચન :-

સંયમવ્યાપારમાં અભ્યુત્થિતને તથા મનઃપ્રસાદથી આલોક પરલોકની આશંસા છોડીને કરવાની ઈચ્છાવાળા તપસ્વી-સાધુને લબ્ધિ આદિના અભાવે ન મળવા છતાં અદીન મનવાળા તેને નિર્જરાનો લાભ છે જ. દ્વાર-૧ સમાપ્ત.

હવે મિથ્યાકાર વિષય જણાવવા કહે છે —

● નિર્યુક્તિ-૬૮૨ થી ૬૮૫ :-

*સંયમયોગમાં ઉદ્યમી બનેલ, જે કંઈ વિપરીત આચરણ કરે, તે ખોટું છે એમ જાણીને મિથ્યા દુષ્કૃત દેવું જોઈએ... જો પાપકર્મ કરીને અવશ્ય પ્રતિક્રમવું જોઈએ. તે પાપ કર્મનું ન કરવું તે ઉત્સર્ગ પદે પ્રતિક્રાંત છે... જે દુષ્કૃતને આશ્રીને મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તેના કારણને ફરી ન આચરતો, ત્રિવિધે પડિક્કમતો-નિવૃત્ત થતા, તેનું નિશ્ચે મિથ્યાદુષ્કૃત્ થાય છે... જે દુષ્કૃતને આશ્રીને મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તે જ પાપને ફરીથી સેવે તેને પ્રત્યક્ષ મૃષાવાદ, માયા અને નિકૃતિનો પ્રસંગ આવે.*

● વિવેચન-૬૮૨ થી ૬૮૫ :-

સંયમયોગ - સમિતિ, ગુપ્તિરૂપ તે વિષયમાં ઉપસ્થિત થયેલ, જે કંઈ અન્યથા આચરેલ હોય, તેને આ વિપરીત છે, તેમ જાણીને મિથ્યા દુષ્કૃત્ આપવું જોઈએ. સંયમ યોગ વિષયોમાં પ્રવૃત્તને વિતથ આસેવનમાં મિથ્યાદુષ્કૃત્ એ દોષને નિવારવાને છે. - x - ઉત્સર્ગના પ્રતિપાદન માટે કહે છે — જો પ્રતિકર્મ અર્થાત્ નિર્વતવું હોય તો મિથ્યાદુષ્કૃત્ આપવું જોઈએ નિયમથી કરવું. પછી પાપકર્મ ન કરવું તે ઉત્સર્ગ પદે પ્રતિક્રાંત છે - x - હવે આ મિથ્યાદુષ્કૃત સુદત્ત કઈ રીતે થાય તે જણાવે છે :- - x - જે વસ્તુ દુષ્ઠુ કરી છે તે દુષ્કૃત, એ પ્રમાણે જાણીને, ''સૂચનથી સૂત્ર'' એમ સમજીને મિથ્યાદુષ્કૃત્ આપવું. તે પૂર્વોક્ત દુષ્કૃત્ કારણને ન કરતો કે ન આચરતો જે વર્તે તેને નિશ્ચે મિથ્યાદુષ્કૃત્ છે. તે - x - ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયારૂપ યોગથી, કરવા-કરાવવા-અનુમોદવા રૂપ ભેદથી નિવૃત્ત, તે દુષ્કૃત્ કારણોથી તેનું જ પૂર્વોક્ત દુષ્કૃત્ ફળ દાતૃત્વને આશ્રીને મિથ્યા થાય છે અથવા વ્યવહિત યોગથી તેનું જ મિથ્યાદુષ્કૃત્ થાય છે, બીજાનું નહીં. હવે મિથ્યાદુષ્કૃત્ દેવા છતાં સમ્યક્ ન થાય

તેનું પ્રતિપાદન કરે છે :- જે પાપ-કોઈ અનુષ્ઠાન દુષ્કૃત્ છે તેમ જાણીને મિથ્યાદુષ્કૃત આપે, જે તે પાપને ફરી સેવે, તે પ્રત્યક્ષ મૃષાવાદી છે. કેમકે આ દુષ્કૃત્ છે તેમ જાણવા છતાં ફરી સેવે છે. વળી તેને માયા કપટનો પ્રસંગ ઓ. તે દુષ્ટ અંતરાત્મા નિશ્ચયથી ચિત્ત વડે અનિવૃત્ત છે, માત્ર ગુરુ આદિના રંજનાર્થે મિથ્યાદુષ્કૃત્ આપે છે. - x - મિથ્યાદુષ્કૃત્‌નો અર્થ —

● નિર્યુક્તિ-૬૮૬,૬૮૭ :-

*मि એ મૃદુ માર્દવતા, छ - દોષોનું છાદન, मि - મર્યાદામાં રહીને, दु - આત્માની જુગુપ્સા કરું છું. क - મેં પાપ કર્યુ છે, ड - અતિક્રમ કરું છું. તે પાપને ઉપશમાવવું આ "મિચ્છા મિ દુક્કડં" પદનો સંક્ષેપથી અક્ષરાર્થ છે.*

● વિવેચન-૬૮૬,૬૮૭ :-

મૃદુત્વ - કાયાની નમ્રતા, માર્દવત્વ - ભાવ નમ્રતા, દોષ - અસંયમ યોગ રૂપનું છાદન - સ્થગન કરવું, મર્યાદા - ચારિત્રરૂપમાં હું સ્થિત છું એવો અર્થ કરે છે, દુષ્કૃત કર્મકારી આત્માને હું નિંદુ છું. - x - x - વાક્યના એક દેશત્વથી પદનો અર્થ છે, પદના એક દેશથી વર્ણનો અર્થ જાણવો. - x - x - x -

હવે 'તથાકાર' જેને દેવાય તે પ્રતિપાદિત કરવા કહે છે —

● નિર્યુક્તિ-૬૮૮,૬૮૯ :-

*કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિત, પાંચ સ્થાનમાં સ્થિત, સંયમ અને તપમાં સંપન્ન, નિશ્ચયથી તથાકાર કરવો... વાચના, પ્રતિશ્રવણા, સૂત્રાર્થ કથન, એ બધામાં પ્રતિશ્રવણમાં અવિતથ તે તથાકાર છે.*

● વિવેચન-૬૮૮,૬૮૯ :-

कल्प - વિધિ, આચાર. કલ્પથી વિપરીત તે અકલ્પ અથવા જિન કલ્પ અને સ્થવિર કલ્પ. વળી ચરક આદિની દીક્ષા અકલ્પ છે. તે કલ્પાકલ્પમાં ચોતરફથી રહેલો અર્થાત્ જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત. જેમાં રહેવાથી પ્રાણી શાશ્વત સ્થાનમાં, સ્થાન - મહાવ્રતો, તે પાંચ સ્થાનોમાં સ્થિત અર્થાત્ પાંચ મહાવ્રત યુક્તને. તથા સંયમ અને તપથી સંપન્ન, આના વડે ઉત્તરગુણયુક્તતા જણાવી. તેને નિશ્ચયથી તથાકાર કરવો. હવે તથાકાર વિષયને બતાવે છે —

વાચના - સૂત્રપ્રદાનરૂપ, તેની પ્રતિશ્રવણામાં તથાકાર કરવો અર્થાત્ ગુરુ વાચના આપે ત્યારે સૂત્ર ગ્રહણકર્તાને તથાકાર કરવો. ચક્રવાલ સામાચારીમાં ગુરુ કે અન્યને તથાકાર કરવો. સૂત્રાર્થ કથનમાં - વ્યાખ્યાનમાં તથાકાર કરવો. તથાકાર એટલે "જે તમે કહો છો તે બરાબર છે" તેમ કહેવું પ્રતિપૃચ્છા કરતાં આચાર્ય જે ઉત્તર આપે તેમાં તથાકાર પ્રવૃત્તિ.

હવે સ્વ સ્વ સ્થાને ઈચ્છાકારાદિ પ્રયોક્તાને ફળ શું ? તે કહે છે —

● નિર્યુક્તિ-૬૯૦ + વિવેચન :-

જેને ઈચ્છાકાર અને મિથ્યાકાર બંને પણ પરિચિત છે, તેને ત્રીજો તથાકાર પણ છે, તેને સુગતિ દુર્લભ નથી. - x - હવે આવશ્યકી અને નૈષેધિકી એ બે દ્વારનો



અવયવાર્થ જણાવવા કહે છે —

● નિર્યુક્તિ-૬૯૧ થી ૬૯૪ :-

*આવશ્યક કાર્ય માટે નીકળતો અને પ્રવેશ કરતો નિસીહિ કરે છે હે ગણિવર ! હું તમારી પાસે તેનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવાને ઈચ્છું છું. તે શબ્દરૂપે બે પ્રકારે છે, પરંતુ બંનેનો અર્થ એક જ છે. એકાગ્ર અને પ્રશાંત ચિત્તવાળાને ત્યાં રહેતા ઈર્યાદિ થતા નથી, સ્વાધ્યાયાદિ ગુણો થાય છે. જવાના અવશ્ય કારણો હોવાથી આવશ્યકી હોય છે. આવશ્યિકી એટલે પ્રતિક્રમણાદિ વડે યુક્ત યોગવાળાને, મન-વચન-કાય ઈન્દ્રિય ગુપ્તને આવશ્યકી હોય છે.*

● વિવેચન-૬૯૧ થી ૬૯૪ :-

આવશ્યિકી - પૂર્વે કહી, તે આવશ્યિકી અને જતો કે આવતો નૈષેધિકી કરે છે. આવશ્યકી નૈષેધિકી બંને પણ સ્વરૂપાદિથી ભેદ ભિન્નને હું જાણવા ઈચ્છું છું. હે ગણિવર ! આપની પાસે સૂક્ષ્મ જાણવાને ઈચ્છું છું આ પ્રમાણે શિષ્યએ કહેતાં, આચાર્ય કહે છે — નિકળતા આવશ્યકી અને પ્રવેશતા નૈષેધિકી કરે છે. તે શબ્દરૂપે બે ભેદે છે, બંને અર્થથી એક જ છે કેમકે અવશ્ય કર્તવ્યયોગ ક્રિયા તે આવશ્યકી અને આત્માને અતિચારોથી રોકે તે નૈષેધિકી, તે પણ અવશ્ય કર્તવ્ય વ્યાપારને ઉલ્લંઘીને પ્રવર્તતી નથી. [શંકા] તો આવો ભેદ કેમ કહ્યો ? ક્વચિત્ સ્થિતિ અને ગમનક્રિયાના ભેદથી અને અભિધાન ભેદથી. [શંકા] આવશ્યકી અને નિર્ગમન કહ્યું, તેમાં સાધુને શું રહેવું તે શ્રેય છે કે ભ્રમણ કરવું ? રહેવું તે શ્રેય છે કેમ ?

એકાગ્ર અને પ્રશસ્ત આલંબન થાય છે, તેથી કહે છે — ક્રોધરહિતનું રહેવું. તેથી ઈર્યાદિ ન થાય. ઈર્યા એટલે ગમન. આ ઈર્યા કાર્ય કર્મ ઈર્યા શબ્દ વડે ગ્રહણ થાય છે. જેમાં આત્મ સંયમ વિરાધનાદિ દોષો છે, તે ઈર્યાદિમાં થતાં નથી. તથા ગુણ - સ્વાધ્યાય, ધ્યાનાદિ થાય છે. સંયતનું આગમન શ્રેય છે. તેનો અપવાદ કહે છે — - x - અવશ્ય કારણ હોય તો જવું જોઈએ. अवश्य - નિયોગથી, कारण - ગુરુ, ગ્લાન આદિ સંબંધી. - x - તેમાં કારણે જતાં આવશ્યકી થાય છે.

[શંકા] કારણે જતાં બધાંને આવશ્યકી થાય કે નહીં ? ન થાય. તો કોને થાય ? તે કહે છે —

આવશ્યકી તો પ્રતિક્રમણાદિ વડે બધાંથી યુક્ત યોગીને થાય છે. શેષકાળમાં પણ નિરતિચાર ક્રિયામાં રહેલને એવો ભાવાર્થ છે. તેને ગુરુના નિયોગાદિ પ્રવૃત્તિકાળમાં પણ મન-વચન-કાય ઈન્દ્રિયો વડે ગુપ્તને તે આવશ્યકી થાય. અહીં ઈન્દ્રિય શબ્દ ગાથા ભંગના ભયથી મૂકેલ છે. કાયાથી પૃથક્ ઈન્દ્રિય ગ્રહણ પ્રાધાન્ય જણાવવાને છે. - x - હવે નૈષેધિકી કહે છે —

● નિર્યુક્તિ-૬૯૫,૬૯૬ :-

*શય્યા અને સ્થાન જ્યાં અને જ્યારે અનુભવાય ત્યાં અને ત્યારે નૈષેધિકી થાય છે. કેમકે જે કારણે ત્યાં અને ત્યારે નિસિદ્ધ કે નિષેધ છે, તેથી ત્યાં નૈષેધિકી અને નિષેધમયી હોય છે.*

● વિવેચન-૬૯૫,૬૯૬ :-

શય્યા-જેમાં સુવાય તે, શયનીય સ્થાન. તે શય્યા અને ઉર્ધ્વ સ્થાન - કાયોત્સર્ગ. જેમાં અનુભવરૂપપણે જાણે - વેદે અથવા કરે છે. શયન ક્રિયાને કરતાં, નિશ્ચયથી શય્યાક્રિયા કરેલ થાય છે. અર્થાત્ જ્યાં સુવે છે. च શબ્દથી વીરાસન આદિ અનુક્તના સમુચ્ચયને માટે છે. - x - x - પ્રતિક્રમણાદિ સંપૂર્ણ કૃત આવશ્યક અર્થે ગુરુ વડે અનુજ્ઞાત શય્યા અને સ્થાન જ્યાં અનુભવાય, એવા પ્રકારે સ્થિતિક્રિયા વિશિષ્ટ સ્થાને નૈષેધિકી થાય છે, અન્યત્ર થતી નથી. જે કારણે ત્યાં નિષેધ છે તે કારણેજ નૈષેધિકી થાય છે, કેમકે તેની નિષેધાત્મકતા છે. હવે પાઠાંતરથી કહે છે —

ગાથાર્થ કહેલ છે. - x - x - x - આ જ અર્થનો ઉપસંહાર ભાષ્યમાં —

● ભાષ્ય-૧૨૦ થી ૧૨૨ :-

***આવશ્યકી અને નીકળતાં કે આવતા જે નૈષેધિકી કરે છે. શય્યા અને નિષિધિકામાં નૈષેધિકી અભિમુખ થાય છે. જે નિષિધાત્મા છે, તેને ભાવથી નિષિધિકા હોય છે, અનિષિદ્ધને નિષિધિકા કેવળ માત્ર શબ્દ હોય છે. આવશ્યકમાં યુક્ત નિયમા નિષિદ્ધ હોય તેમ જાણવું અથવા નિષિધાત્મા નિયમા આવશ્યકયુક્ત જાણવો.***

● વિવેચન-૧૨૦ થી ૧૨૨ :-

આવશ્યકી નીકળતા અને આવતા જે નૈષેધિકી કરે છે, તેની આ વ્યાખ્યા છે - x - હવે अर्थः पुनर्भवति स एव તે ગાથા અવયવનો અર્થ કહે છે — તેમાં આ એક જ અર્થ થાય છે. જે કારણે નૈષેધિકી પણ અવશ્ય કર્તવ્ય વ્યાપાર ગોચરતાને ઓળંગીને વર્તતી નથી, જે કારણે પ્રવેશતા સંયમ યોગની અનુપાલના માટે અને શેષ પરિજ્ઞાનાર્થે કહે છે. શય્યા જ નૈષેધિકી, તેના વિષયભૂત શરીરને પણ નૈષેધિકી કહે છે. તેથી કહ્યું — શરીર નૈષેધિકી વડે આગમન પ્રત્યભિમુખ. આથી સંવૃત્ત ગાત્રો વડે થવા યોગ્ય છે એ પ્રમાણે સંજ્ઞા કરે છે. એ રીતે એક જ અર્થ છે, તેથી કહે છે —

જે નિષિદ્ધાત્મા હોય છે, મૂળ અને ઉત્તરગુણના અતિચારોથી નિષિદ્ધ આત્મ વડે જે નૈષેધિકી, નિષિદ્ધાત્મા પરમાર્થથી થાય છે. જે નિષિદ્ધ નથી તે અનિષિદ્ધ, કહેવાયેલા અતિચારોથી તે અનુપયુક્તના આવતા નૈષેધિકી. તે કેવળ શબ્દ માત્ર થાય છે, ભાવથી નહીં [શંકા] જો નામ જ તેની એકાર્થતામાં છે તો 'આયાત'નું શું ? નિષિદ્ધાત્મનને તે નૈષેધિકી જ થાય છે, એમ કહ્યું છે અને તે - આવશ્યક મૂલગુણ-ઉત્તરગુણ અનુષ્ઠાન લક્ષણયુક્તને નિયતથી નિષિદ્ધ થાય છે, તેમ જાણવું. આવશ્યકી પણ આવશ્યકયુક્તને જ હોય, તે એકાર્થતા છે.

અથવા બીજા પ્રકારે કહે છે — अपि શબ્દનો વ્યવહિત સંબંધ છે. નિષિદ્ધાત્મા પણ નિયમથી આવશ્યકમાં યુક્ત છે. તેથી પણ તેની એકાર્થતા છે અથવા એ પ્રમાણે ક્રિયાના અભેદથી આવશ્યકી અને નૈષેધિકીની એકાર્થતા કહી છે અહીં તે કાર્ય અભેદથી કહે છે અથવા નિષિદ્ધ આત્મા પણ સિદ્ધોની પાસે જાય છે. अपि શબ્દથી આવશ્યકયુક્ત હોવા છતાં, કાર્યના અભેદથી એકાર્થતા છે.



હવે આપૃચ્છાદિ ચાર દ્વાર કહે છે —

● નિર્યુક્તિ-૬૯૭ :-

***કાર્યમાં આપૃચ્છના, પૂર્વનિષિદ્ધ વડે પ્રતિપૃચ્છા થાય, પૂર્વગૃહિત વડે છંદણા અને અગૃહિતમાં નિમંત્રણા હોય છે.***

● વિવેચન-૬૯૭ :-

કાર્ય આવી પડે ત્યારે — "હું કરું છું" એમ ગુરુની પાસે પૂછવું, તે આપૃચ્છના દ્વાર છટ્ઠું કહ્યું. પૂર્વે નિષેધ કર્યો હોય કે — "તારે આ કાર્ય ન કરવું." છતાં પ્રયોજન ઉત્પન્ન થતાં પ્રતિપૃચ્છા કર્તવ્ય હોય છે અથવા પૂર્વે નિર્યુક્તિ વડે - જેમકે "તારે આ કાર્ય કરવું" તે કરવા ઈચ્છે ત્યારે ગુરુને પ્રતિપૃચ્છા કર્તવ્ય હોય છે — "હું તે કરું છું." તેમા ંકદાચ તે બીજા કાર્યનાં આદેશ કરે અથવા તેનું પ્રયોજન સમાપ્ત થયું હોય, તે સાતમું દ્વાર.

પૂર્વ ગૃહિત અશનાદિ વડે બાકીના સાધુને છંદણા કરવી. આ મારા વડે અશનાદિ લવાયેલ છે, જો કંઈ ઉપયોગી હોય તો આને આપ ઈચ્છાક્રિયા વડે ગ્રહણ કરો, તે આઠમું દ્વાર. નિમંત્રણા — અગૃહીત અશનાદિ હોય, તેના વડે હું આપના માટે અશનાદિ લાગી આપું તે દ્વાર નવમું.

હવે ઉપસંપદા દ્વારનો અવયવાર્થ કહે છે — તે ઉપસંપદા બે ભેદે છે :- ગૃહસ્થ ઉપસંપદા અને સાધુ ઉપસંપદા. તેમાં ગૃહસ્થની ઉપસંપદાનું પ્રયોજન નથી. સાધુ ઉપસંપદા અહીં કહે છે —

● નિર્યુક્તિ-૬૯૮ + વિવેચન :-

ઉપસંપદા ત્રણ ભેદે છે — જ્ઞાન વિષયક, દર્શન વિષયક અને ચારિત્ર વિષયક. તેમાં દર્શન અને જ્ઞાન સંબંધી ત્રણ ભેદે છે અને ચારિત્રને માટેની બે ભેદે છે. તેમાં દર્શન-જ્ઞાનની ત્રણ ભેદે કહી, તે જણાવે છે —

● નિર્યુક્તિ-૬૯૯,૭૦૦ :-

***વર્તના, સંધના અને ગ્રહણ એ ત્રણ સૂત્ર, અર્થ, ઉભય વિષયક જાણવા. વૈયાવચ્ચ અને તપ સંબંધી છે. એ કાળથી યાવત્કથિક છે. ગુરુ વડે આજ્ઞા પામેલ અને સંદિષ્ટની ઉપસંપદા ગ્રહણ કરે ઈત્યાદિ ચાર ભંગો છે, તેમાં પહેલો ભાંગો શુદ્ધ હોય છે.***

● વિવેચન-૬૯૯,૭૦૦ :-

વર્તના-પૂર્વે ગૃહીત જ અસ્થિર થયેલા સૂત્રાદિનું ગણવું તે. સંઘના - તેના જ વિસ્મૃત પ્રદેશાંતરનું મેલન અર્થાત્ યોજવું તે. ગ્રહણ-તેનું જ પ્રથમપણે આદાન. આ ત્રણે સૂત્ર-અર્થ-ઉભય વિષયક જાણવા. એ પ્રમાણે જ્ઞાનમાં નવ ભેદો છે. દર્શનમાં પણ દર્શનપ્રભાવનીય શાસ્ત્રો વિષયમાં આ જ નવ જાણવા. અહીં સંદિષ્ટ, સંદિષ્ટની ઉપસંપદા લેવી આદિ ચતુર્ભંગિકા છે, તેમાં પહેલો ભંગ શુદ્ધ છે, બાકી અશુદ્ધ છે.

ચારિત્રમાં બે ભેદ - વૈયાવચ્ચસંબંધી અને તપસંબંધી ચારિત્ર ઉપસંપદા. તે કાળથી યાવત્કથિક હોય છે च થી ઇત્વરકાલિન પણ હોય ચારિત્રને માટે આચાર્યનું

કંઈક વૈયાવૃત્યકરત્વ સ્વીકારે. તે કાળથી ઈત્વર કે યાવત્કથિક હોય. હવે આ જ અર્થને વિશેષથી કહે છે. - x - x -

સંદિષ્ટ-ગુરુ વડે અભિહિત સંદિષ્ટ જ આચાર્યની જેમકે અમુકની ઉપસંપદા - સ્વીકારે ઈત્યાદિ ચતુર્ભંગી. તે આ પ્રમાણે સંદિષ્ટ સંદિષ્ટની જ કહેલી, અસંદિષ્ટ અન્ય આચાર્યની તે બીજી, અસંદિષ્ટ સંદિષ્ટની - આની પાસે ન જવું પણ અમુકની પાસે જવું એ ત્રીજી, અસંદિષ્ટ અસંદિષ્ટની - ન અહીં જવું, ન અમુક પાસે જવું. અહીં પહેલો ભાંગો શુદ્ધ છે - x - x -

હવે વર્તનાદિના સ્વરૂપને જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૭૦૧,૭૦૨ :-

*પહેલાં ગ્રહણ કરેલ સૂત્રાદિ અસ્થિર હોય, તો તેને સ્થિર કરવા તે વર્તના, તે જ સૂત્ર અમુક સ્થાને ભૂલાયુ હોય તેને પાછું જોડવું તે સંધના, પહેલી વખત સૂત્ર, અર્થ, ઉભયનું ભણવું તે ગ્રહણ. અર્થ ગ્રહણમાં પ્રાયઃ આ વિધિ હોય છે, તેમ જાણવું.*

● વિવેચન-૭૦૧,૭૦૨ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - પ્રાયઃ ગ્રહણથી સૂત્ર ગ્રહણ કરતા પણ કોઈક ભૂમિ પ્રમાર્જનાદિ વિધિ થાય છે, તેમ જણાવે છે. હવે અધિકૃત વિધિના પ્રદર્શનને માટે દ્વાર ગાથા કહે છે —

● નિર્યુક્તિ-૭૦૩ થી ૭૦૬ :-

*પ્રમાર્જના, નિષધા, અક્ષ, કૃતિકર્મ, કાયોત્સર્ગ, જ્યેષ્ઠને વંદન. તેમાં વાચના આપનારને જ્યેષ્ઠ જાણવો પણ પર્યાયથી નહીં. તેને વંદન. સ્થાન પ્રમાર્જીને બે નિષધા કરવી જોઈએ — એક ગુરુ માટે બીજી અક્ષને માટે [સ્થાપના માટે]. બે માત્રક - એક શ્લેષ્મ માટે અને બીજું કાયિકી [મૂત્રાદિ] માટે. જેટલી વાર વ્યાખ્યાન સાંભળે તેટલીવાર તે બધાંને વંદન કરે છે. બધાં કાયોત્સર્ગ કરે, ફરીથી પણ બધાં વંદન કરે, ગુરુના વચનને ગ્રહણ કરનારા અતિદૂર કે અતિ નીકટ નહીં તેમ સાંભળવા બેસે.*

● વિવેચન-૭૦૩ થી ૭૦૬ :-

પ્રમાર્જનાદિ પદોની વ્યાખ્યા કરતાં કહે છે કે તે સુગમ છે. વિશેષ આ પ્રમાણે - अक्ख - સમવસરણની, અકૃત સમવસરણથી વ્યાખ્યા ન કરવી એ ઉત્સર્ગ છે. હવે કૃતિ કર્મદ્વાર. તેમાં માત્રક એટલે સમાધિ. કૃતિકર્મ દ્વાર જ વિશેષ અભિધાનથી સદુષ્ટ છે. અર્ધકૃત વ્યાખ્યાનથી ઉત્થાન કે અનુત્થાનના પલિમંથ આત્મવિરાધનાદિ દોષો વિચારવા હવે કાયોત્સર્ગ-બધાં શ્રોતા સર્વે વિઘ્નોની શાંતિ માટે અનુયોગ પ્રારંભ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. તે પારીને બધાં ફરી વાંદે અને ગુરુ વચન શ્રવણાર્થે યોગ્ય સ્થાને બેસે છે. હવે શ્રવણવિધિ પ્રતિપાદનાર્થે કહે છે —

● નિર્યુક્તિ-૭૦૭ થી ૭૧૪ :-

*નિદ્રા અને વિકથા છોડીને, ગુપ્તિ વડે, બે હાથ જોડીને, ભક્તિ અને*



*બહુમાનપૂર્વક ઉપયોગયુક્ત થઈ સાંભળવું જોઈએ. અર્થસાર વચનો અને સુભાષિતોની ઈચ્છાવાળાઓએ વિસ્મિત મુખેથી, હર્ષથી આવીને અને હર્ષને ઉત્પન્ન કરે તેમ સાંભળવું જોઈએ. ગુરુ ભક્તિથી તેમજ વિનયથી ગુરુને સંતોષ પમાડનાર ઈચ્છિત સૂત્ર અને અર્થને જલ્દી પાર પામે છે. વ્યાખ્યાન સમાપ્ત થતા, કાયિકી [મૂત્રાદિ] નો યોગ કરીને, પછી મોટાને વંદન કરે છે, બીજા કહે છે — વ્યાખ્યાન પૂર્વે વંદન કરે છે. જો મોટા કથંચિત્ સૂત્ર-અર્થને ધારણ કરવાને અસમર્થ હોય અને વ્યાખ્યાન લબ્ધિથી હીન હોય તો તેને વંદન નિરર્થક છે [એમ કોઈ પૂછે] - વય અને પર્યાય વડે નાનો પણ વ્યાખ્યાનકાર હોય તો અહીં રત્નાધિક પાસે વંદન કરાવવામાં હે ભગવન્ ! તેને જ્યેષ્ઠના વિષયમાં આશાતના થાય ? જો કે વય આદિથી નાના છતાં પણ સૂત્રાર્થ ધારણ કરવામાં પટુ અને વ્યાખ્યાન લબ્ધિવાળો હોય તેને જ અહીં નિશ્ચે જ્યેષ્ઠ [મોટો] ગણવાનો છે. તેથી આશાતના થતી નથી. જે કારણથી જિનવચન વ્યાખ્યાતા છે, તે ગુણ વડે જે તેનું રત્નાધિકત્વ રહેલું છે.*

● વિવેચન-૭૦૭ થી ૭૧૪ :-

[ગાથાર્થ કહેલો છે, હવે વિશેષ વ્યાખ્યાનો અનુવાદ જ કરીએ છીએ —]

हरिसागय - સંજાત હર્ષ, બીજાને સંવેગ કારણાદિ વડે હર્ષને ઉત્પન્ન કરવા વડે. એ પ્રમાણે સાંભળતા તેમના વડે ગુરુને અતિ સંતોષ થાય છે. - x - તેથી - x - સમ્યક્ સદ્‌ભાવ પ્રરૂપણા વડે ઈચ્છિત સૂત્રાર્થને શીઘ્ર પાર પહોંચાડે છે. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે — વ્યાખ્યાન આરંભકાળ પૂર્વે જ જ્યેષ્ઠને વંદન કરાય છે. - x - x - પ્રશ્ન કરે છે કે — લાંબાગાળાના પ્રવ્રજિતને નાનાને વંદન કરવું યોગ્ય નથી, આ અભિપ્રાયથી શંકા વ્યક્ત કરે છે. આ આશાતના દોષ નથી. તે જણાવવા માટે કહે છે — અર્હત્ વચન વ્યાખ્યાનરૂપ ગુણ હોવાથી તે રત્નાધિક છે.

હવે પ્રસંગથી વંદનવિષયમાં જ નિશ્ચય-વ્યવહારનય મતને જણાવવાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૭૧૫,૭૧૬ :-

*નિશ્ચયમતથી અહીં વય પ્રમાણ નથી, પર્યાય પણ પ્રમાણ નથી વળી વ્યવહારથી બંને નયો પ્રમાણ છે તેમ યોજવું... નિશ્ચયથી દુઃખે કરીને જાણી શકાય છે કે કોણ સાધુ કયા ભાવે વર્તે છે ? વ્યવહારમાં જે ચારિત્રમાં પૂર્વસ્થિત હોય તેને વંદન કરાય છે.*

● વિવેચન-૭૧૫,૭૧૬ :-

વય - અવસ્થા વિશેષરૂપ, પર્યાય - પ્રવ્રજ્યા સ્વીકાર રૂપ, નિશ્ચય મત - નિશ્ચય નય અભિપ્રાય, જ્યેષ્ઠ વંદનાદિ વ્યવહારના લોપના પ્રસંગની નિવૃત્તિ માટે કહે છે — વ્યવહારથી તો કરાય જ છે. અહીં પ્રમાણ શું છે ? તે સંદેહના નિવારણાર્થે કહે છે — ઉભયનયમત તેનું પ્રમાણ છે. આ અર્થના સમર્થન કરતા કહે છે — નિશ્ચયથી પ્રશસ્ત - અપ્રશસત્ કયા ભાવમાં શ્રમણ વર્તે છે તે જાણવું મુશ્કેલ છે. ભાવ જ અહીં

જ્યેષ્ઠ છે. તેનાથી અતિશય વગરનાને વંદન કરવાનો જ અભાવ પ્રાપ્ત થાય, તેથી વિધિ જણાવે છે - વ્યવહારથી વંદન કરાય છે, જે પહેલા પ્રવ્રજિત થયા હોય - x -

વ્યવહારના બલવાનપણાને ભાષ્યકાર જણાવે છે —

**● ભાષ્ય-૧૨૩ + વિવેચન :-**

વ્યવહાર પણ બળવાન્ જ છે. જેથી છદ્મસ્થ પણ પૂર્વરત્નાધિક ગુરુ આદિને વંદે છે. કેવલિ પણ વંદે છે. શું હંમેશાં વંદે ? ના, જ્યાં સુધી આ કેવલી છે, તેવું જ્ઞાત હોય ત્યાં સુધી વંદે છે. આને ધર્મ જાણવો કે જેમાં વ્યવહારનય બલાતિશય લક્ષણ છે. - x - આશાતના પ્રસંગને કહે છે —

**● નિર્યુક્તિ-૭૧૭ :-**

***અહીં જિનવચનથી સૂત્ર આશાતનાનો ઘણો દોષ હોવાથી વ્યાખ્યા કરતાં [બોલતા] જ્યેષ્ઠને વંદન કરવું જોઈએ.***

**● વિવેચન-૭૧૭ :-**

અહીં વ્યાખ્યા પ્રસ્તાવ વંદનાધિકારમાં તીર્થંકરે કહેલ હોવાથી તથા વંદન ન કરવાથી સૂત્ર આશાતનાના ઘણાં દોષત્વથી, બોલતા જ્યેષ્ઠને અર્થાત્ વ્યાખ્યાન સામર્થ્યવાળાને વંદન કરવું તે કર્તવ્ય છે.

એ પ્રમાણે જ્ઞાન-ઉપસંપદા વિધિ કહી. દર્શન-ઉપસંપદા વિધિ પણ એમ જ છે. તુલ્યયોગ - ક્ષેમપણાથી એમ જાણવું. દર્શન પ્રભાવક શાસ્ત્રનું પરિજ્ઞાન એ જ દર્શન-ઉપસંપદા છે. હવે ચારિત્ર ઉપસંપદા —

**● નિર્યુક્તિ-૭૧૮ + વિવેચન :-**

ચારિત્ર વિષયક ઉપસંપદા બે ભેદે છે - વૈયાવચ્ચ વિષયક અને તપ વિષયક પોતાના ગચ્છથી બીજા ગચ્છમાં જવામાં મુખ્ય કારણરૂપ આ સંપદા છે. સીદાવું આદિ કારણે બીજા ગચ્છમાં ગમન થાય છે. આદિ શબ્દથી અન્ય ભાવાદિ ગ્રહણ કરવા.

**● નિર્યુક્તિ-૭૧૯ :-**

***વૈયાવચ્ચ અને તે રીતે તપમાં પણ ઈત્વરિક આદિ વિભાષા છે. અવિકૃષ્ટ કે વિકૃષ્ટ તપસ્વી ઉપસંપદા સ્વીકારવા આવે ત્યારે આચાર્ય પોતાના ગચ્છને પૂછીને ઉપસંપદા આપે.***

**● વિવેચન-૭૧૯ :-**

અહીં ચારિત્રને માટે આચાર્યના કોઈ વૈયાવચ્ચપણાને સ્વીકારે છે. તે કાળથી ઈત્વરકથિક અને યાવત્કથિક હોય છે. આચાર્યના પણ વૈયાવચ્ચકર હોય કે ન હોય, તેમાં આ વિધિ છે - જો વૈયાવચ્ચકર ન હોય તો લવાય જ, જો વૈયાવચ્ચકર હોય અને તે ઈત્વરિક હોય કે યાવત્કથિક પણ હોય. એ રીતે આવનારમાં પણ આ બે ભેદ હોય જ. તેમાં જો બંને યાવત્કથિક હોય તો જે લબ્ધિમાન્ હોય તેને વૈયાવચ્ચકર કરાય. બીજાને ઉપાધ્યાયાદિને આપવો. જો બંને લબ્ધિયુક્ત હોય તો વસનારને રાખવો, બીજા ઉપાધ્યાયાદિને આપવો. હવે જો તે બીજો ન ઈચ્છે તો તેને





રાખવો અને વસનારને પ્રીતિપૂર્વક બીજાને આપી દેવો. હવે પૂર્વનાને ઉપાધ્યાયાદિ ન ઈચ્છે, તો આગંતુકને વિદાય જ આપવી. હવે વસનારો યાવત્કથિક અને આગંતુક ઈત્વરકથિક હોય, તો અહીં પણ એ પ્રમાણે જ ભેદો કરવા યાવત્ આગંતુકને વિદાય દેવી વિશેષ એ કે વસનારને ઉપાધ્યાયાદિ વડે ન ઈચ્છે તો પણ પ્રીતિ વડે વિશ્રામણા કરાય છે.

હવે જો વસનારો ઈત્વરકથિક અને આગંતુક યાવત્કથિક હોય તો આ વાસ્તવ્યને અવધિકાળ સુધી ઉપાધ્યાયાદિને આપવો. બાકી પૂર્વવત્. હવે જો બંને ઈત્વરિક હોય તો એક ઉપાધ્યાયાદિને આપે, બાકી પૂર્વવત્. અથવા બેમાંથી એકને અવધિકાળ સુધી રાખવો. એ પ્રમાણે યથાવિધિ વિભાષા કરવી. વૈયાવચ્ચ ઉપસંપદા કહી, હવે તપની ઉપસંપદા —

ચારિત્ર નિમિત્તે કોઈ તપને માટે ઉપસંપદા લે. તે તપસ્વી બે ભેદે — ઈત્વરિક અને યાવત્કથિક. યાવત્કથિક ઉત્તરકાલે અનશનકર્તા છે ઈત્વરિક બે ભેદે છે - વિકૃષ્ટ તપસ્વી અને અવિકૃષ્ટ તપસ્વી. અઠ્ઠમાદિ કર્તા વિકૃષ્ટ તપસ્વી અને ઉપવાસ, છઠ્ઠ આદિ કર્તા અવિકૃષ્ટ તપસ્વી. તેની વિધિ —

અવિકૃષ્ટ ક્ષપકને આચાર્ય પૂછે — તું પારણે કેવો રહે છે ? તે જો કહે — ગ્લાન જેવો. તો તેને કહેવું કે તારે તપ ન કરવો, સ્વાધ્યાય - વૈયાવચ્ચમાં યત્ન કર. - x - બીજા કહે છે — વિકૃષ્ટ ક્ષપક પારણાકાલે ગ્લાન જેવો થાય તો પણ ઈચ્છવા યોગ્ય જ છે જો માસક્ષમણાદિ ક્ષપક હોય તો રાખવો જ. તેમાં પણ આચાર્ય ગચ્છને પૂછે - શું આ ક્ષપકને ઉપસંપદા આપીશું ? જો ન પૂછે તો સામાચારી વિરાધના થાય. તેઓને ક્ષપકની ઉપધિનું પડિલેહણાદિ કરવા કહે, તો પણ તેઓ ન કરે. જો પૂછે અને તેઓ એમ કહે કે — આપણી પાસે એક ક્ષપક છે, તેનું તપ પૂરુ થાય, પછી આને ઉપસંપદાવાળો કરીશું. તો તેને રાખવો. જો સાધુઓ ના પાડે તો તેનો ત્યાગ કરવો ગચ્છ બંનેની રજા આપે તો બીજાને રાખવો. તેની વિધિપૂર્વક ઉદ્વર્તનાદિ કરવા. જો પ્રમાદ કે અનાભોગ વડે ન કરે, તો આચાર્ય એ પોતાના શિષ્યોને પ્રેરણા કરવી.

ચારિત્ર ઉપસંપદા વિધિ વિશેષ પ્રતિપાદના માટે કહે છે —

**● નિર્યુક્તિ-૭૨૦ :-**

***જે નિમિત્તે ઉપસંપત્ કરાય, તે નિમિત્તને આગંતુક ન આચરે તો તેની સારણા કરવી કે ત્યાગ કરવો અથવા તેનું કાર્ય પૂર્ણ થયે તેને યાદ કરાવવું અથવા તેને છોડી દેવો.***

**● વિવેચન-૭૨૦ :-**

જે નિમિત્તે ઉપસંપન્ન હોય, 'तु' શબ્દથી બીજા સામાચારીમાં કંઈપણ ગ્રહણ કરે, તે વૈયાવૃત્યાદિ ન કરતો જો રહે તો કાર્યાર્થે તેને પ્રેરણા કરવી, અવિનીત હોય તો તેનો ત્યાગ કરવો. જો કરતો પણ હોય તો પણ - x - કાર્ય પૂર્ણ થતાં કે પ્રયોજન ન રહેતા તેને યાદ કરાવાય છે - તારું કાર્ય પૂરું થયું છે અથવા તેને વિદાય કરાય

છે. સંયતની ઉપસંપદા કહી. હવે ગૃહસ્થની ઉપસંપદા કહે છે – તેમાં સાધુની આ સામાચારી છે. - x - x -

● નિર્યુક્તિ-૭૨૧

*ત્રીજા મહાવ્રતના રક્ષણને માટે, અલ્પકાળ પણ અનુજ્ઞા ન આપેલ બીજાના અવગ્રહાદિમાં રહેવું કે બેસવું ન કલ્પે.*

● વિવેચન-૭૨૧ :-

થોડાં પણ કાળ માટે ન કલ્પે. શું ? ન અપાયેલા બીજાના અવગ્રહ આદિમાં રહેવું - કાયોત્સર્ગ કરવો કે બેસવું. શા માટે ? અદત્તાદાન વિરતિ નામના વ્રતના રક્ષણ માટે. તેથી ભિક્ષાભ્રમણાદિમાં પણ વ્યાઘાત સંભવમાં ક્વચિત્ સ્વામી વડે રહેવાની અનુજ્ઞા મળે તો વિધિપૂર્વક રહેવું. અટવી આદિમાં પણ વિશ્રામ કરવા ઈચ્છે તો પૂર્વસ્થિતની અનુજ્ઞા લઈને રહેવું. - x -

દશવિધ સામાચારી કહી, હવે ઉપસંહાર કરતા કહે છે –

● નિર્યુક્તિ-૭૨૨,૭૨૩ :-

*એ પ્રમાણે આ દશવિધ સામાચારી સંક્ષેપથી કહી [કોણે ?] સંયમ, તપ યુક્ત નિર્ગ્રન્થ મહર્ષિઓએ. આ સામાચારી આચરતા, ચરણ-કરણ યુક્ત સાધુઓ અનેક ભવના સંચિત અનંત કર્મોને ખપાવી દે છે.*

● વિવેચન-૭૨૨,૭૨૩ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - હવે પદવિભાગ સામાચારી પ્રસ્તાવ છે. તે કલ્પ વ્યવહાર રૂપ બહુ વિસ્તૃત છે, સ્વસ્થાનથી જાણવી. આ સામાચારી ઉપક્રમ કાળ કહ્યો. હવે યથાયુષ્ક ઉપક્રમકાળ કહે છે તે સાત ભેદે છે –

● નિર્યુક્તિ-૭૨૪ :-

*અધ્યવસાનથી નિમિત્તથી આહારમાં, વેદનામાં, પરાઘાતમાં, સ્પર્શમાં, શ્વાસોચ્છ્વાસ નિરોધમાં એમ સાત ભેદે સોપક્રમ આયુનો ક્ષય થાય છે.*

● વિવેચન-૭૨૪ :-

અધ્યવસાન એ જ નિમિત્ત તે અધ્યવસાન નિમિત્ત અથવા અધ્યવસાન ત્રણ ભેદે – રાગ, સ્નેહ, ભય, તેમાં. તથા દંડ આદિ નિમિત્તથી, પ્રચુર આહારથી, ચક્ષુ આદિ સંબંધી વેદનામાં, ખાડામાં પડવું આદિ પરાઘાતથી, ભુજંગાદિ સંબંધી સ્પર્શથી, પ્રાણ અને અપાનના નિરોધમાં. આયુ ભેદાય છે.

રાગના અધ્યવસાનમાં આયુ તુટે તેનું દૃષ્ટાંત - કોઈનું ગાયનું હરણ કરાયું, તેથી આરક્ષકો પાછળ પડ્યા, તેઓ નિવર્ત્યા. તેમાં એક તરુણ અતિશય દિવ્યરૂપધારી ‘‘તૃષિત’’ ગામમાં પ્રવેશ્યો. તેને માટે તરુણી પાણી લાવી. તેણે પાણી પીધું. તરુણી તેનામાં આસક્ત થઈ. તરુણ ઉઠીને ગયો. તરુણી તેને જોતી-જોતી ત્યાં જ રહી. જ્યારે તરુણ દેખાતો બંધ થયો ત્યારે તે રીતે ઉભી ઉભી જ રાગથી સંમૂઢ મનવાળી તેણી મૃત્યુ પામી. એ રીતે રાગથી આયુ તુટે.

એક વણિકને તરુણ સ્ત્રી હતી. તે બંને પરસ્પર અતિ અનુરક્ત હતા ત્યારે



તે વેપાર માટે ગયો. પાછા ફર્યા ત્યારે તેના મિત્રોએ કહ્યું – શું જોયું છે કે તેણીને અનુરાગ છે કે નહીં ? ત્યારે એક મિત્રે આવીને તે તરુણ સ્ત્રીને કહ્યું – તારો પતિ મૃત્યુ પામ્યો છે. તે બોલી - શું આ વાત સત્ય છે ? તેણીએ ત્રણ વાર એમ પૂછ્યું, પછી તેણી મૃત્યુ પામી. વણિકને તે વાત કરી, વણિક પણ મરી ગયો.

દ્વારિકામાં વાસુદેવ રાજા હતો. તેના પિતા વસુદેવ અને માતા દેવકી હતા. તેણીએ કોઈ મહિલાને પુત્રને દુધ પાવા આપ્યો. જોઈને અધૃતિ થઈ. ત્યારે વાસુદેવે પૂછ્યું - મા ! કેમ અધૃતિ કરે છે ? મા બોલી - મેં એકપણ પુત્રને દુધ પીવડાવ્યું નથી. વાસુદેવે કહ્યું – અધૃતિ ન કર. હમણાં દેવાનુભાવથી તમને પુત્ર સંપત્તિ કરું છું. દેવતા આરાધી, તેણીને કહ્યું કે – તને એક દિવ્યપુરુષ જેવો પુત્ર થશે. તે પ્રમાણે જ પુત્ર જન્મ્યો. તેનું ગજસુકુમાલ નામ રાખ્યું. તે બધાં યાદવોમાં પ્રિય હતો, સુખે-સુખે રમતો હતો. સોમિલ બ્રાહ્મણની સ્વરૂપવાન્ કન્યા સાથે તેનો વિવાહ ગોઠવાયો. ભગવંત અરિષ્ટનેમિ પાસે ધર્મ સાંભળી તેણે દીક્ષા લીધી. ભગવંત સાથે ગયો પે’લા બ્રાહ્મણને અપ્રીતિ જન્મી. કાળક્રમે ફરી ભગવંત સાથે દ્વારિકા આવ્યો. *[અહીં દીક્ષાની રાત્રે જ કેવળજ્ઞાનની વાત નથી.]* શ્મશાનમાં પ્રતિમા ધ્યાને રહ્યો. બ્રાહ્મણે તેને જોઈને કોપથી મસ્તકમાં પાળી બાંધી, તેમાં અંગારા ભર્યા. ગજસુકુમાલે સમ્યક્‌પણે તે સહન કરતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અંતકૃત્ કેવલી થયો. વાસુદેવે ભગવંતને નમીને બાકીના સાધુને વાંદીને પૂછ્યું – ગજસુકુમાલ મુનિ ક્યાં છે ? શ્મશાનમાં - x - x - કાર્ય સાધી ગયા. વાસુદેવે પૂછ્યું – તેને કોણે માર્યા ? ભગવંતે કહ્યું – જે તને નગરમાં પ્રવેશતા જોશે ત્યારે શીઘ્ર તેનું મસ્તક ફૂટી જશે તેણે માર્યો. બ્રાહ્મણે પાછા ફરતા વાસુદેવને જોયા, ભયથી સંભ્રાંત એવા તેનું માથું ફાટી ગયું.

એ પ્રમાણે ભયના અધ્યવસાનમાં આયુ તુટે છે. નિમિત્તથી આયુ તુટે છે, તેમ કહ્યું. તે નિમિત્તના અનેક પ્રકાર જણાવતાં કહે છે –

● નિર્યુક્તિ-૭૨૫,૭૨૬ :-

*દંડ, ચાબુક, શસ્ત્ર, દોરડાં, અગ્નિ, પાણીમાં બુડવું, પર્વતાદિથી પડવું, ઝેર, સર્પ, ઠંડી, ગરમી, અરતિ, ભય, ભૂખ, તૃષા અને રોગ [એ સોળ નિમિત્તો છે તથા] મૂત્ર-મળ નિરોધ, જિર્ણાજિર્ણ, ઘણીવાર ભોજન, વર્ષણ, ઘોલણ અને પીલણ આ આયુષ્યના ઉપક્રમો છે.*

● વિવેચન-૭૨૫,૭૨૬ :-

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ પ્રમાણે–] - x - વ્યાલ - સર્પ, ચંદનની જેમ ઘર્ષણ કરવું, અંગુઠા અને આંગળી વડે જૂને મસળવા માફક ઘોલન, શેરડીની જેમ પીલાવું. તથા આહાર હોવા - ન હોવાથી આયુ તુટે છે. જેમ - એક બ્રાહ્મણ ક્ષણમાં અઢાર વખત ખાઈને શૂળ વડે મૃત્યુ પામ્યો. વળી બીજા ભુખથી મર્યા. માથાની, આંખની વેદના વડે પણ અનેક મૃત્યુ પામ્યા. પરાઘાત થતાં આયુ તુટે, જેમ કાદવ કે તટીમાં ખોદતા મરે. સ્પર્શથી - ત્વચાના વિષ વડે કે સર્પ વડે સ્પર્શાતા મરે અથવા બ્રહ્મદત્ત ચક્રીની સ્ત્રીરત્ન હતી. ચક્રી મર્યા પછી પુત્રએ તેણીને કહ્યું – મારી સાથે ભોગ

ભોગવ, તેણીએ કહ્યું – તું મારો સ્પર્શ સહેવાને શક્તિમાન નથી. પુત્રને વિશ્વાસ ન બેઠો, તેથી ઘોડાને મંગાવ્યો. તેણીએ હાથ વડે મુખથી કટિ સુધી અશ્વને સ્પર્શ કર્યો, તે ઘોડાનું બધું શુક્ર ક્ષય પામતાં મરી ગયો. તો પણ પુત્રને વિશ્વાસ ન બેઠો ત્યારે તેણીએ લોઢાના પુરુષને આલિંગન કર્યું, તે પણ ઓગળી ગયો.

તથા શ્વાસોચ્છ્વાસના નિરોધથી આયુ તુટે જેમ બકરાને યજ્ઞ પાટકાદિમાં મારે છે. એ રીતે સાત પ્રકારે આયુ ભેદાય છે. જો કે આ પ્રમાણે સોપક્રમાયુ વાળાને જ સંભવે, નિરૂપક્રમ આયુવાળાને નહીં તેમાં દેવો અને નારકી અસંખ્ય વર્ષાયુવાળા છે. તિર્યંચ, મનુષ્યમાં ઉત્તમપુરુષો અને ચરમ શરીરી નિરૂપક્રમાયુવાળા છે. બાકીના સંસારી નિરૂપક્રમ કે સોપક્રમ હોય. - x - x - x - [શંકા] જો એ રીતે આયુનો ઉપક્રમ થાય તો કૃતનાશ અને અકૃત આગમનો દોષ ન લાગે ? ૧૦૦ વર્ષના નિબદ્ધ આયુ મધ્યે મરી જાય તો કૃતનાશ, જે કર્મ વડે તે ઉપક્રમિત થાય, તે અકૃતનું આગમ છે.

તેનો ઉત્તર આપે છે - x - x - વૃત્તિકારશ્રીએ અહીં ભાષ્યની પાંચ ગાથા દ્વારા ઉક્ત વાદીની શંકાનું નિરસન કરેલ છે તેમાં ખાસ વાત એ કહી છે કે – બધાં જ પ્રદેશપણાથી કર્મને ભોગવે છે અને અનુભાવથી પણ ભોગવે છે, અવશ્ય અનુભાવ થતાં કૃતનો નાશ કઈ રીતે કહેવાય ? જેમ લાંબુ દોરડું બાળો તો ઘણો કાળ જાય પણ ગુંચળું વાળીને બાળો તો જલ્દી બળે છે.

એ રીતે ઉપક્રમ કાળ કહ્યો. હવે દેશકાલ દ્વાર કહે છે. તેમાં દેશકાળ પ્રસ્તાવ જણાવે છે. તે પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને છે. તેમાં પ્રશસ્તનું સ્વરૂપ પ્રતિપાદનાર્થે કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૭ + વિવેચન :-**

ધૂમાડા રહિત ગામ, મહિલા સ્તૂપ એટલે કૂવાનો તટ, તેને શૂન્ય જોઈને તથા કાગડાઓ નીચે-નીચે ઘર ઉપર પરિભ્રમણ કરે છે તે જોઈને ભિક્ષા માટે ખૂબ જ યોગ્ય અવસર છે તેમ જાણવું. તે પ્રશસ્ત કાળ છે.

હવે અપ્રશસ્ત દેશકાળનું સ્વરૂપ જણાવવાને કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૮ + વિવેચન :-**

માખી વગરનું મધ, પ્રગટ નિધિ, ખાદ્ય પદાર્થની ખાલી દુકાન, જેનો પતિ પરદેશ ગયેલો છે તેવી અને મદોન્મત્ત સ્ત્રી આંગણામાં સુતેલી હોય. અહીં મધ આદિના ગ્રહણનો પ્રસ્તાવ છે, એ રીતે સુતેલી સ્ત્રીએ પણ ગ્રહણનો પ્રસ્તાવ જ છે. તે કામ વડે આકુળ કરીને તેને ભોગવવી તે.

હવે કાલકાલનું પ્રતિપાદન કરે છે. काल - સત્ત્વના, काल - મરણ કાળ, તે કાલકાલ. આ જ અર્થને પ્રતિપાદન કરતા કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૯ :-**

***કાળા કુતરા વડે કરાયેલ કાલ-મરણ અમારા સ્વાધ્યાયના દેશકાળના અવસરે તે કાલ હણાયો. અકાલ મરણથી સ્વાધ્યાયકાળ હણાયો.***



**• વિવેચન-૭૨૯ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ – हतःकाल એટલે સ્વાધ્યાયકાળ ભગ્ન થયો. अकाल - અપ્રસ્તાવ. काल - મરણ. હવે પ્રમાણ કાળ કહે છે. તેમાં અદ્ધા કાળ વિશેષ જ મનુષ્યલોકાંતર્વર્તી વિશિષ્ટ વ્યવહાર હેતુ અહોરાત્રરૂપ પ્રમાણકાળ છે, તેથી કહે છે –

**• નિર્યુક્તિ-૭૩૦ :-**

***પ્રમાણકાળ બે ભેદે છે – દિવસપ્રમાણ અને રાત્રિપ્રમાણ. ચાર પ્રહર દિવસનો પ્રમાણકાળ અને ચાર પ્રહર રાત્રિનો પ્રમાણકાળ છે.***

**• વિવેચન-૭૩૦ :-**

- x - x - પ્રમાણ એ જ કાળ તે પ્રમાણકાળ પૌરુષી પ્રમાણ બીજે ઉત્કૃષ્ટ હીનાદિ ભેદથી પ્રતિપાદિત જ છે. હવે વર્ણકાળનું સ્વરૂપ –

**• નિર્યુક્તિ-૭૩૧ :-**

***પાંચ વર્ણોનો જે નિશ્ચે વર્ણ-છાયા વડે કાળો વર્ણ, તે વર્ણકાળ અથવા જેમાં જે કાળને આશ્રીને વર્ણવાય તે વર્ણકાળ.***

**• વિવેચન-૭૩૧ :-**

શુક્લ આદિ પાંચ વર્ણોનો જે નિશ્ચે વર્ણ-છાયા વડે કાળો વર્ણ, खलु શબ્દથી કાળો વર્ણ જ. આના વડે ગૌર આદિનો વ્યવચ્છેદ કર્યો. તે વર્ણકાળ થાય છે. વર્ણ એવો જે કાળ તે વર્ણકાળ. વર્ણન-પ્રરૂપણા તે વર્ણ. તેથી વર્ણવાય - પ્રરૂપાય જે કોઈ પદાર્થ જે કાળે, તે વર્ણકાળ, વર્ણપ્રધાન કાળ. હવે ભાવકાળ કહે છે – ભાવો ઔદયિકાદિની સ્થિતિ તે ભાવકાળ –

**• નિર્યુક્તિ-૭૩૨ :-**

***અહીં સાદિ સાંત આદિ ચતુર્ભંગ વિભાગ ભાવના ઔદયિકાદિ ભાવની કરવી તેને જ ભાવકાળ જાણવો.***

**• વિવેચન-૭૩૨ :-**

ઔદયિકાદિ ભાવોની સાદિ સાંત આદિ ચતુર્ભંગની વિભાગ ભાવના કરવી. પછી જે જેની વિભાગ ભાવનાનો વિષય, તેને ભાવકાળ જાણવો. - x - ઔદયિકભાવ - (૧) સાદિ સાંત (૨) સાદિ અનંત, (૩) અનાદિ સાંત, (૪) અનાદિ અનંત. એ પ્રમાણે ઔપશમિકાદિમાં પણ ચતુર્ભંગિકા કહેવી. અહીં બીજો ભંગ શૂન્ય છે, બાકીના ભંગોનો આ વિષય છે –

નારકાદિને નારકાદિભવ, ઔદયિક ભાવ તે સાદિ સાંત છે. મિથ્યાત્વ આદિ ભવ્યોનો ઔદયિક ભાવ અનાદિ સાંત છે. તે જ અભવ્યોને ચોથા ભંગ છે. ઔદયિક ભાવ કહ્યો. ઔપશમિક ચતુર્ભંગિકામાં માત્ર પ્રથમ ભંગ જ છે. ઔપશમિક સમ્યક્ત્વાદિ, ઔપશમિક ભાવ સાદિ સાંત છે. ક્ષાયિક ચતુર્ભંગિકામાં ત્રીજો અને ચોથો શૂન્ય, ક્ષાયિક ચારિત્ર અને દાનાદિ લબ્ધિ પંચક તે ક્ષાયિક ભાવ તે સાદિ સાંત, સિદ્ધનો ચારિત્ર-અચારિત્ર આદિ વિકલ્પ રહિત છે. ક્ષાયિક જ્ઞાનમાં સાદિ અનંત છે, બીજા

ક્ષાયિક ભાવને બીજા ભંગમાં જ બધે પ્રતિપાદિત કરે છે. ક્ષાયોપશમિક ચતુર્ભંગિકામાં બીજો ભાંગો શૂન્ય, બાકીના ભાંગાનો આ વિષય છે - ચાર જ્ઞાનો ક્ષાયોપશમિકમાં સાદિ સાંત છે, મતિ અને શ્રુત અજ્ઞાન ભવ્યોને અનાદિ સાંત, અભવ્યોને છેલ્લો ભંગ, પારિણામિકની ચતુર્ભંગિકામાં બીજો ભાંગો શૂન્ય, બાકીના ભંગમાં આમ જાણવું - પુદ્‌ગલમાં દ્વિઅણુકાદિ સાદિ સાંત, ભવ્યત્વ અનાદિ સાંત, જીવત્વ અનાદિ અનંત. એ રીતે પારિણામિક ભાવ કહ્યો. - x - x -

● નિર્યુક્તિ-૭૩૩ :-

***વળી આ અધિકાર પ્રમાણકાળથી જાણવો. ક્ષેત્રમાં કયા કાળે જિનવરેન્દ્રએ વિભાષા કરી ?***

● વિવેચન-૭૩૩ :-

અહીં અનેકવિધ કાલ પ્રરૂપણામાં પ્રયોજન પ્રસ્તાવ પ્રમાણકાળથી થાય છે, તેમ જાણવું. - x - ક્ષાયિક ભાવકાળમાં ભગવંત વડે પ્રમાણકાળમાં પૂર્વાહ્‌ણમાં સામાયિક કહી, તેમાં કોઈ વિરોધ નથી. અથવા પ્રમાણકાળ પણ ભાવકાલ જ છે. - x - કાલ દ્વારની વ્યાખ્યા કરી. હવે જે ક્ષેત્રમાં સામાયિક કહી. તેને ન જાણતો પ્રમાણકાળના અનેકરૂપત્વથી વિશેષ ન જાણતો શિષ્ય ગાથાના પશ્ચાર્દ્ધમાં કહે છે — ક્ષેત્રમાં કયા કાળમાં જિનેન્દ્રએ સામાયિક બતાવેલ છે ? શિષ્યના પ્રશ્નનો ઉત્તર જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૭૩૪ :-

***વૈશાખ સુદ-૧૧ના પૂર્વાણ્હ દેશકાળમાં મહસેનવન ઉધાનમાં અનંતર, પરંપર સેસ [સામાયિક કહી.]***

● વિવેચન-૭૩૪ :-

વૈશાખ સુદ-૧૧ના પહેલી પૌરુષીમાં. કાળના અંતરંગત્વને જણાવવા જ પ્રશ્નનો વિપરીતપણે નિર્દેશ છે મહસેનવન ક્ષેત્રમાં સામાયિકનો અનંતર નિર્ગમ છે. બાકીના ક્ષેત્રોને આશ્રીને પરંપર નિર્ગમ છે. - x - x - ક્ષેત્ર કાલદ્વાર કહ્યું, ક્ષેત્ર કાળ પુરુષ દ્વારની નિર્ગમતા કહી. તેથી નિર્ગમદ્વારની વ્યાખ્યા કરતાં કહે છે —

નામ, સ્થાપનાદિ નિર્ગમનો નિક્ષેપ છ ભેદે થાય. - x - હવે ભાવ નિર્ગમને પ્રતિપાદિત કરવા નિર્યુક્તિકાર કહે છે —

● નિર્યુક્તિ-૭૩૫ :-

***જિનેન્દ્ર ભગવંતને ક્ષાયિક ભાવમાં વર્તતા સામાયિક નીકળ્યું. ક્ષાયોપશમિક ભાવે વર્તતા ગણધરોએ તે ગ્રહણ કર્યું.***

● વિવેચન-૭૩૫ :-

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ —] ભાવ શબ્દ બંને બાજુ જોડાયેલો છે. તેમાં ગૌતમસ્વામીએ ત્રણ નિષધા વડે ચૌદ પૂર્વોને ગ્રહણ કર્યા. ભગવંતને પ્રણમીને પૂછવું તે નિષધા. ભગવંતે કહ્યું — ઉપ્પન્ને ઈ વા, વિગમે ઈ વા અને ધુવે ઈ વા. આ જ ત્રણ નિષધા છે. આનાથી જ ગણધરોને “ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત સત્” એ



પ્રતીતિ થાય છે. તે પૂર્વભવ ભાવિત મતિવાળા બાર અંગની રચના કરે છે. પછી ભગવંત અનુજ્ઞા કરે છે.

શક્ર દિવ્ય વજરત્નમય થાળને દિવ્ય ચૂર્ણ વડે ભરીને સ્વામી પાસે જાય છે, ત્યારે ભગવંત સિંહાસનથી ઉભા થઈને પ્રતિપૂર્ણ મુષ્ટિ ગંધચૂર્ણની ગ્રહણ કરે છે. ત્યારે ગૌતમસ્વામી આદિ ૧૧-ગણધરો કંઈક નમીને અનુક્રમે ઉભા રહે છે. ત્યારે દેવો ગીત અને વાજિંત્રના શબ્દોને રોકે છે. ત્યારે ભગવંત પૂર્વ તીર્થ ગૌતમસ્વામીને દ્રવ્ય-ગુણ-પર્યાય વડે હું અનુજ્ઞા કરું છું, એમ કહીને તેના મસ્તકે ગંધ ચૂર્ણ ક્ષેપ કરે છે પછી દેવો પણ ચૂર્ણવર્ષા અને પુષ્પવર્ષા તેમની ઉપર કરે છે. ગણ સુધર્મસ્વામીને આગળ સ્થાપીને અનુજ્ઞા આપે છે. એ પ્રમાણે સામાયિકનો અર્થ ભગવંતથી નીકળ્યો અને સૂત્ર ગણધરોથી નીકળ્યું.

હવે પુરુષદ્વાર અવયવાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૭૩૬ :-

***દ્રવ્ય, અભિલાપ, ચિહ્ન, વેદ, ધર્મ, અર્થ, ભોગ અને ભાવ એ આઠ પુરુષ જાણવા. ભાવપુરુષ તે જીવ, ભાવમાં ભાવથી આ પ્રગટ થયું છે.***

● વિવેચન-૭૩૬ :-

(૧) દ્રવ્ય પુરુષ ત્રણ ભેદે — આગમથી, નોઆગમથી, જ્ઞશરીર ભવ્ય શરીર અતિરિક્ત, એક ભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખ નામ-ગોત્ર ભેદ ભિન્ન જાણવો અથવા વ્યતિરિક્ત બે ભેદે — મૂલગુણ નિર્મિત, ઉત્તરગુણ નિર્મિત. તેમાં મૂલગુણ નિર્મિત પુરુષ પ્રાયોગ્ય દ્રવ્યો, ઉત્તરગુણ નિર્મિત તેના આકારવાળા તે જ. (૨) જેના વડે અભિલાપ થાય તે અભિલાપ - શબ્દ, તેમાં અભિલાપ-પુરુષ પુંલિંગ અભિધાન માત્ર - ઘટ કે પટ. (૩) ચિહ્નપુરુષ - અપુરુષ છતાં પણ પુરુષ વેસ ઉપલક્ષિત, જેમકે નપુંસક ના દાઢી મૂંછાદિ ચિહ્ન.

(૪) વેદપુરુષ - સ્ત્રી, પુરુષ નપુંસકમાં ત્રણે લિંગમાં તૃણ-જ્વાળા ઉપમાવાળા વેદાનુભવ કાળમાં વેદપુરુષ. (૫) ધર્મ ઉપાર્જન કરવામાં તત્પર તે સાધુ ધર્મપુરુષ, (૬) અર્થ ઉપાર્જનમાં તત્પર તે મમ્મણ નિધિપાલની માફક અર્થપુરુષ, (૭) સંપ્રાપ્ત અમસ્ત ભોગોપભોગ સમર્થ ચક્રી સમાન ભોગપુરુષ, (૮) ભાવપુરુષ તે જીવ. - x - x - પૂ - શરીર, શરીરમાં રહે તે નિરુક્તિથી ભાવ પુરુષ કહેવાય. તે જીવ છે. ભાવદ્વારમાં નિરૂપણા કરતા, ભાવદ્વાર વિચારણામાં. અથવા ભાવ નિર્ગમ પ્રરૂપણાને આશ્રીને. ઉપયોગ ભાવપુરુષ વડે - શુદ્ધ જીવ અર્થાત્ તીર્થંકર વડે. તુ શબ્દથી વેદપુરુષ - ગણધર વડે. - x - x - પુરુષ દ્વાર ગયું. હવે કારણદ્વાર અવયવાર્થ જણાવવા કહે છે —

● નિર્યુક્તિ-૭૩૭ :-

***કારણમાં નિક્ષેપા ચાર ભેદે છે, દ્રવ્યમાં કારણ બે ભેદે છે — તે દ્રવ્ય અને અન્ય દ્રવ્ય. અથવા નિમિત્ત કારણ, નૈમિતિક કારણ.***

● વિવેચન-૭૩૭ :-

નિક્ષેપ કરવો તે નિક્ષેપ અર્થાત્ ન્યાસ. કરે છે તે કારણ, કાર્ય નિર્વર્તે છે

એમ ધારવું. તે કારણ - વિષય ચાર ભેદે છે, નામ સ્થાપના દ્રવ્ય અને ભાવરૂપ. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. તદ્વ્યતિરિક્ત દ્રવ્ય કારણ બે ભેદે છે, તેથી દ્રવ્યમાં બે ભેદે નિક્ષેપ હોય. - x - દ્રવ્યકારણ વિષયમાં નિક્ષેપ બે ભેદે લેવો. તે જ દ્રવ્ય કારણનું દ્વૈવિધ્ય દર્શાવે છે - તે જ પટાદિનું દ્રવ્ય, તદ્દ્રવ્ય - તંતુ આદિ, તેનું જ કારણ જાણવું - x - અથવા દ્વિવિધત્વ બીજી રીતે - નિમિત્ત અને નૈમિત્તિક. - x - x - x -

**● નિર્યુક્તિ-૭૩૮ :-**

***સમવાયી અને અસમવાયી બે પ્રકારનું કારણ અથવા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને સંનિધાન એ છ પ્રકારે કારણ જાણવું.***

**● વિવેચન-૭૩૮ :-**

એકી ભાવે અપૃથક્ત્વમાં રહે તે સમવાય - સંશ્લેષ, જેમાં હોય તે સમવાયી કારણ, જેમ તંતુઓમાં પટ રહેલો છે, તે સમવાયી કારણ છે અને - x - તેના રેસા વગેરે જુદા પડે છે માટે તે અસમવાયી કારણ જાણવું, કેમકે દ્રવ્યાંતર ધર્મથી પટ નામક કાર્ય દ્રવ્યાંતરનું દૂરવર્તી છે.

અર્થભેદ હોવા છતાં બે કારણનો ઉપન્યાસ અનર્થક છે ? ના, સંજ્ઞાભેદથી તેમ છે અથવા છ પ્રકારના કારણ છે. સ્વ વ્યાપારથી કાર્યમાં જે ઉપયોજાય છે, તે કારણ છે. છ ભેદ કઈ રીતે ? કર્તા અને કારણ, તે કાર્યમાં સ્વતંત્રતાથી ઉપયોગથી છે. તેના વિના વિવક્ષિત કાર્યની અનુત્પત્તિ છે જેમ ઘટની ઉત્પત્તિમાં કુલાલ કારણ છે. માટીનો પિંડ કરણ છે, કેમકે તે તેના સાધકપણે છે - x - x - x - x - સમ્યક્ કે સત્કૃત્ય પ્રયત્નની દાન તે સંપ્રદાન. તેથી જ "ધોબીને વસ્ત્ર આપે છે"માં સંપ્રદાનમાં ચતુર્થી નથી પણ બ્રાહ્મણને ઘટ આપે છે, તેમાં સંપ્રદાન છે.

અપાદાન કારણ - વિવક્ષિત પદાર્થના અપાયમાં પણ તેના ધ્રુવપણાથી કાર્યના ઉપકારત્વથી છે. જેમકે - x - x - માટીનો પિંડ ઘડા માટે અપાદાન કારણ છે, તેના વિના તેની ઉત્પત્તિ ન થાય. સંનિધાન કારણ - તેના આધારપણાથી કાર્યમાં ઉપકારપણાથી છે જેમાં કાર્ય થાય તે સંનિધાન - અધિકરણ. જેમકે ઘટનું ચક્ર. ચક્રનો આધાર જમીન - x - તેના અભાવે ઘટની ઉત્પત્તિ ન થાય. દ્રવ્ય કારણ કહ્યું, હવે ભાવ કારણ —

**● નિર્યુક્તિ-૭૩૯ :-**

***ભાવમાં બે પ્રકાર છે — અપ્રશસ્ત અને પ્રશસ્ત. અપ્રશસ્ત ભાવ સંસારનો છે, તે એક પ્રકારે, બે પ્રકારે અને ત્રણ પ્રકારે જાણવો.***

**● વિવેચન-૭૩૯ :-**

જે થાય તે ભાવ. તે ઔદયિકાદિ છે. તે જ સંસાર કે મોક્ષનું કારણ છે, માટે ભાવ કારણ કહ્યું. તે બે પ્રકારે છે - x - x - અપ્રશસ્ત-અશોભન, પ્રશસ્ત-શોભન. - x - x - તે એકવિધ આદિ કારણ કહે છે —

**● નિર્યુક્તિ-૭૪૦ :-**

***અસંયમ તે એક, અજ્ઞાન અને અવિરતિ તે બે ભેદ અને અજ્ઞાન,***



***અવિરતિ તથા મિથ્યાત્વ એ ત્રણ ભેદ છે.***

**● વિવેચન-૭૪૦ :-**

અસંયમ - અવિરતિરૂપ, તે જ એક સંસારનું કારણ છે. અજ્ઞાન આદિ તેના ઉપકારીપણાથી અપ્રધાનપણે છે. - x - x - અજ્ઞાન - કર્મથી આચ્છાદિત જીવનો વિપરીત અવબોધ. અવિરતિ - સાવદ્યયોગની અનિવૃત્તિ, - x - x - મિથ્યાત્વ - અતત્ત્વાર્થની શ્રદ્ધા - x - એ પ્રમાણે કષાયાદિના સંપર્કથી બીજા પણ ભેદો કહેવા જોઈએ. - x - હવે પ્રશસ્ત ભાવકારણ —

**● નિર્યુક્તિ-૭૪૧ :-**

***તે જ પ્રમાણે સંસારના કારણોથી વિપરીતપણે મોક્ષનું કારણ તે પ્રશસ્ત કારણ છે. તેના એક, બે, ત્રણ ભેદો છે.***

**● વિવેચન-૭૪૧ :-**

મોક્ષનું કારણ પ્રશસ્ત ભાવ કારણ થાય છે. તેના એક, બે, ત્રણ ભેદ સંસાર કારણથી વિપરીત જાણવા. તે આ રીતે — સંયમ એક ભેદ, જ્ઞાન અને સંયમ બે ભેદ, સમ્યગ્ દર્શન-જ્ઞાન-સંયમ તે ત્રણ ભેદ છે. - x - અહીં સામાયિક અન્વાખ્યાનમાં મોક્ષના અંગપણાથી ભાવકારણ છે. - x - અહીં કારણદ્વારમાં અધિકાર દર્શાવીને ફરી કારણદ્વાર સંગત જ સંપૂર્ણ વક્તવ્યતાની આશંકાથી જણાવતા કહે છે —

**● નિર્યુક્તિ-૭૪૨ થી ૭૪૪ :-**

***તીર્થંકર કયા કારણે સામાયિક અધ્યયન કહે છે ? મારે તીર્થંકર નામ કર્મ વેદવું જોઈએ - એ કારણે કહે છે... તે કઈ રીતે વેદાય છે ? ખેદ રહિત ધર્મ દેશના વડે. તે કર્મ ભગવંતને તે ભવ પૂર્વેના ત્રીજા ભવમાં બંધાય છે... નિયમથી મનુષ્યગતિમાં સ્ત્રી, પુરુષ કે નપુંસક શુભલેશ્યી હોય, વીસમાંના કોઈ સ્થાનક (કારણ)ને બહુલતાથી સેવિત હોય, તો બાંધે.***

**● વિવેચન-૭૪૨ થી ૭૪૪ :-**

તીર્થને કરવાનો આચાર તે તીર્થંકર, તીર્થ પૂર્વે કહેલ છે. અહીં તુ શબ્દથી સામાયિક સિવાયના અધ્યયનો પણ ગ્રહણ કરવા. - x - તીર્થંકર નામ સંજ્ઞક ગોત્ર શબ્દ સંજ્ઞારૂપ કર્મ મારે વેદવું જોઈએ, એ કારણે સામાયિકાદિ અધ્યયન કહે છે - x - તીર્થંકરને સામાયિક કથનનું કારણ કહ્યું. હવે ગણધરોને તે શ્રવણ કરવાનું કારણ પ્રતિપાદિત કરતા કહે છે —

**● નિર્યુક્તિ-૭૪૫ :-**

***ગૌતમાદિ કયા કારણે સામાયિક સાંભળે છે ? જ્ઞાનની, સુંદર કે અસુંદર ભાવોની ઉપલબ્ધિ માટે સામાયિક સાંભળે છે.***

**● વિવેચન-૭૪૫ :-**

ગૌતમાદિ ગણધરો કયા નિમિત્ત કે પ્રયોજનથી સામાયિકને સાંભળે ? જ્ઞાનાર્થે - x - ભગવંતના મુખેથી નીકળેલ સામાયિક શબ્દને સાંભળીને તેના અર્થવિષયક જ્ઞાનની ઉત્પત્તિ માટે ઈત્યાદિ - x - શુભાશુભ ભાવોપલબ્ધિ પ્રવૃત્તિ નિમિત્ત વૃત્તિનું

કારણ છે કહ્યું છે –

● નિર્યુક્તિ-૭૪૬ :-

*તેનાથી પ્રવૃત્તિ, નિવૃત્તિ, સંયમ, તપ, પાપકર્મનું અગ્રહણ, કર્મનું અલગ થવું અને અશરીરીપણાનું કારણ છે.*

● વિવેચન-૭૪૬ :-

શુભાશુભ ભાવના જ્ઞાનથી શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાં નિવૃત્તિ થાય તે પ્રવૃત્તિ નિવૃત્તિ સંયમ અને તપનું કારણ છે. તેમાં નિવૃત્તિ કારણત્વમાં પણ સંયમનું - અપૂર્વ કર્મના આવવાના નિરોધમાં પ્રાધાન્ય બતાવે છે. તેના સહિત જ વસ્તુતઃ તપ સફળ થાય - x - x - સંયમ અને તપથી પાપ કર્મનું અગ્રહણ અને કર્મ વિવેક થાય તથા પ્રયોજન કહે છે – સંયમમાં અનાશ્રવ ફળ છે. તપમાં કર્મ નિર્જરાફળ છે. - x - અશરીરતા પણ પામે છે. એ ગાથાર્થ કહ્યો.

હવે વિવક્ષિત અર્થનો અનુવાદ કહે છે –

● નિર્યુક્તિ-૭૪૭,૭૪૮ :-

*કર્મનો પૃથક્‌ભાવ અશરીર માટે થાય, અશરીરતા અનાબાધપણા માટે થાય, અબાધાથી અવેદના થાય, અવેદનાથી અનાકુળપણું, તેનાથી નિરોગી થાય. નિરોગીપણાથી અચલતા, તેથી શાશ્વતતા થાય. શાશ્વત ભાવને પામેલો અવ્યાબાધ સુખ પામે છે.*

● વિવેચન-૭૪૭,૭૪૮ :-

કર્મનો પૃથક્‌ભાવ એ અશરીરતાનું કારણ છે - x - x - [ઈત્યાદિ ગાથાર્થ મુજબ જાણવું. વિશેષ આ –] નિમિત્ત - કારણથી મેં આ આરંભેલ છે. अवेदन - વેદના રહિત જીવ થાય છે. - x - x - આ રીતે પરંપરાથી અવ્યાબાધ સુખને માટે સામાયિકનું શ્રવણ થાય છે. કારણ દ્વાર ગયું.

હવે પ્રત્યય દ્વારની વ્યાખ્યા કરાય છે –

● નિર્યુક્તિ-૭૪૯ :-

*પ્રત્યય નિક્ષેપો પૂર્વવત્‌, દ્રવ્યમાં તપ્ત અડદાદિ છે. ભાવમાં અવધિ આદિ ત્રણ પ્રકારનો પ્રત્યય ભાવમાં છે, અહીં ભાવ પ્રત્યય લેવો.*

● વિવેચન-૭૪૯ :-

પ્રત્યય એટલે પ્રતીતિ, વિશ્વાસ થવો તે. તેનો નિક્ષેપ-ન્યાસ. खलु શબ્દ અનંતરોક્ત કારણ અને નિક્ષેપનું સામ્ય દર્શાવે છે. તેથી પ્રત્યયનો નિક્ષેપ નામ આદિ ચાર ભેદે થાય. નામ અને સ્થાપના સરળ છે. દ્રવ્યવિષય તપ્ત અડદ આદિ છે. દ્રવ્યો જ પ્રતીતિ કરાવનાર હોવાથી અથવા દ્રવ્ય દ્વારા પ્રત્યય થાય છે તે દ્રવ્ય પ્રત્યય. ભાવથી વિચારતા અવધિ આદિ ત્રણ પ્રકારે ભાવ પ્રત્યય છે. કેમકે તેને બાહ્ય લિંગ-કારણની અપેક્ષા નથી. આદિ શબ્દથી મનઃપર્યવ અને કેવલ જ્ઞાન લેવા. મતિ અને શ્રુતમાં બાહ્યલિંગ કારણ અપેક્ષિત હોવાથી વિવક્ષા કરી નથી. - x - તેથી કહે છે –



● નિર્યુક્તિ-૭૫૦ :-

*કેવળજ્ઞાની હું છું એમ જાણી અરહંતો સામાયિકને કહે છે. તેઓ સર્વજ્ઞ છે, એવો વિશ્વાસ થવાથી ગણધરો સાંભળે છે.*

● વિવેચન-૭૫૦ :-

હું કેવળજ્ઞાની છું એવા સ્વ-પ્રત્યયથી અરહંત પ્રત્યક્ષ જ સામાયિકના અર્થને પામીને સામાયિકને કહે છે. શ્રોતાના-ગણધરાદિના હૃદયગત શેષ સંશય છેદીને તેમને સર્વજ્ઞપણાનો અવબોધ થાય છે. - x - x - x - x - તેવો પ્રત્યય જન્મવાથી ગણધરો સાંભળે છે. પ્રત્યય દ્વાર સમાપ્ત.

હવે લક્ષણ દ્વાર અવયવાર્થના પ્રતિપાદન માટે કહે છે.

● નિર્યુક્તિ-૭૫૧,૭૫૨ :-

*નામ, સ્થાપના, દ્રવ્ય, સાદૃશ્ય, સામાન્ય, આકાર, ગતિઆગતિ, વિવિધ પ્રકારે, નિમિત્ત, ઉત્પાદ, નાશ, વીર્ય અને ભાવ આ લક્ષણો સંક્ષેપથી કહ્યા. અથવા ભાવલક્ષણ સદ્દહણા આદિ ચાર ભેદે છે.*

● વિવેચન-૭૫૧,૭૫૨ :

જેના વડે લક્ષ્ય કરાય તે લક્ષણ - પદાર્થ સ્વરૂપ, તે બાર ભેદે છે. તેમાં નામલક્ષણ તે બીજાથી જુદા પાડી આપે તે, આ વર્ણાનુપૂર્વી. સ્થાપના લક્ષણ - ल કાર આદિ વર્ણોનો આકાર વિશેષ. દ્રવ્ય્ લક્ષણ - જ્ઞશરીરાદિ અતિરિક્ત જે જે દ્રવ્યનું બીજાથી વ્યવચ્છેદક સ્વરૂપ જેમકે ગતિ આદિ ધર્માસ્તિકાયાદિનું લક્ષણ છે. આ જ કંઈક માત્ર વિશેષથી સાદૃશ્ય, સામાન્ય આદિ લક્ષણ ભેદથી નિરૂપણા કરાય છે. તેમાં –

સાદૃશ્ય - આ ઘટ જેવો પાટલિપુત્રનો ઘટ છે. સામાન્ય લક્ષણ - જેમકે - સિદ્ધોનું સિદ્ધત્વ સદ્‌દ્રવ્ય જીવમુક્ત આદિ ધર્મોથી સામાન્ય છે આકાર - બાહ્ય ચેષ્ટા રૂપ છે, તેના વડે અભિપ્રેતને જાણે છે. - x - જેમકે આકાર વડે - ઇંગિત ગતિ, ચેષ્ટા, વાણી વડે આદિથી અન્તર્ગત મન ગ્રહણ કરાય છે. ગતિ આગતિ લક્ષણ - x - અનુકૂળ ગમન તે ગતિ, પાછું ફરવું કે પ્રાતિકૂલ્યથી આગમન તે આગતિ. ગતિ અને આગતિ વડે કે તે જ લક્ષણ તે ગત્યાગતિ લક્ષણ. તે ચાર ભેદે છે –

(૧) પૂર્વપદ વ્યાહત, (૨) ઉત્તરપદ વ્યાહત, (૩) ઉભયપદ વ્યાહત, (૪) ઉભયપદ અવ્યાહત.

તેમાં પૂર્વપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવ નૈરયિક છે? નૈરયિક જીવ છે? - x - ઉત્તરપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવે છે તે જીવ કે જીવ જીવે છે. - x - ઉભયપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! ભવસિદ્ધિક નૈરયિક છે કે નૈરયિક ભવસિદ્ધિક છે? - x - ઉભયપદ અવ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવ જીવે છે કે જીવે તે જીવ છે? ગૌતમ! જીવ નિયમા જીવે છે. જીવે તે પણ નિયમા જીવ છે. - x - લોકમાં પણ ગત્યાગતિ લક્ષણ આ રીતે છે – - x - જીવ સચેતન ઈત્યાદિ - x -

નાનાભાવ - ભિન્નતા, તે રૂપ લક્ષણ. તે ચાર ભેદે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી,

કાળથી અને ભાવથી. તેમાં દ્રવ્યથી ભિન્નતા બે ભેદે છે - તદ્દ્રવ્ય ભિન્નતા અને અન્ય દ્રવ્ય ભિન્નતા. તેમાં પરમાણુની પરસ્પર ભિન્નતાને તદ્દ્રવ્ય ભિન્નતા, અન્યદ્રવ્ય ભિન્નતા - પરમાણુને દ્વિઅણુકાદિ ભદે. એ રીતે એકાદિ પ્રદેશાવગાઢ, એકાદિ સમય સ્થિતિ, એકાદિ ગુણ શુક્લમાં તદ્ કે અતદ્ ભિન્નતા જાણવી. આ લક્ષણો પદાર્થ સ્વરૂપના અવસ્થાપકપણાથી છે. निमित्त - શુભાશુભથી લક્ષ્ય કરાય તે લક્ષણ અથવા નિમિત્ત એ જ લક્ષણ તે નિમિત્ત લક્ષણ. તે આઠ પ્રકારે છે — ભૌમ, સ્વપ્ન, અંતરીક્ષ, દિવ્ય, અંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન એ આઠથી નિમિત્ત જાણવું તેનું સ્વરૂપ બીજા ગ્રંથોથી જાણવું.

ઉત્પાદ - અનુત્પન્ન વસ્તુનું લક્ષ્ય ન થાય, તેથી ઉત્પાદ પણ વસ્તુ લક્ષણ છે. વિગમ - વિનાશ તે વસ્તુ લક્ષણ છે. તેના વિના ઉત્પાદનો અભાવ થાય. જેમ વક્તાથી અવિનષ્ટ અંગુલિ દ્રવ્ય ઋજુતાથી ઉત્પન્ન ન થાય.

વીર્ય - જે જે વસ્તુનું સામર્થ્ય. તે જ લક્ષણ તે વીર્યલક્ષણ. ભાષ્યકાર કહે છે — વીર્ય એટલે બળ, તે જીવનું લક્ષણ છે, જે - જેનું સામર્થ્ય. - x - તથા ભાવોનું - ઔદયિકાદિનું લક્ષણ પુદ્ગલવિપાકાદિ રૂપ ભાવલક્ષણ. જેમકે ઉદય લક્ષણ તે ઔદયિક, ઉપશમ લક્ષણ તે ઔપશમિક. અનુત્પત્તિ લક્ષણ તે ક્ષાયિક, મિશ્ર લક્ષણ તે ક્ષાયોપશમિક, પરિમાણ લક્ષણ-પારિણામિક સંયોગ લક્ષણ - સાંનિપાતિકનું છે અથવા આત્માના ભાવોરૂપ લક્ષણ તે ભાવ લક્ષણ છે તેમાં સામાયિકનું જીવગુણત્વથી ક્ષયોપશમ, ક્ષય, ઉપશમ સ્વભાવત્વથી ભાવ લક્ષણતા છે. આ જ લક્ષણ ચિત્તમાં આરોપીને કહે છે ભાવે - વિચારતા. સંક્ષેપમાં આ લક્ષણો કહ્યા.

સામાયિકના વૈશેષિક લક્ષણ જણાવતા કહે છે — અથવા ભાવ - સામાયિકના લક્ષણ શ્રદ્ધા આદિ ચાર છે તે આ પ્રમાણે —

**● નિર્યુક્તિ-૭૫૩ :-**

***શ્રદ્ધા, જ્ઞાન, વિરતી અને મિશ્ર લક્ષણ ધર્મને કહે છે. એ ચાર લક્ષણ સંયુક્તને તે ગૌતમાદિ સાંભળે છે.***

**● વિવેચન-૭૫૩ :-**

આ સામાયિક ચાર ભેદે થાય - સમ્યકત્વ, શ્રુત, ચારિત્ર અને ચારિત્રાચારિત્ર. આનું યથાયોગ લક્ષણ છે - શ્રદ્ધા, સમ્યકત્વ સામાયિકનું લક્ષણ છે. જ્ઞાન-જાણવું તે શ્રુત સામાયિકનું લક્ષણ છે - x - વિરતિ-વિરમવું તે, સર્વ સાવધયોગની નિવૃત્તિ તે ચારિત્ર સામાયિકનું લક્ષણ છે મિશ્ર - વિરતાવિરતિ, તે ચારિત્રાચારિત્ર સામાયિકનું લક્ષણ છે.

આના વડે, સ્વબુદ્ધિનો ત્યાગ કરીને શાસ્ત્રનું પારતંત્ર્ય કહે છે. ભગવંત જિન જ કહે છે, તેઓ કહે ત્યારે ગણધરાદિ સાંભળે છે. - x -

લક્ષણદ્વાર કહ્યું, હવે નયદ્વારને પ્રતિપાદિત કરે છે —

**● નિર્યુક્તિ-૭૫૪ + વિવેચન :-**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત



મૂળ નયો છે. नयन्तीति नयाः - વસ્તુના અવબોધ વિષયક અને ધર્માત્મક જ્ઞેય અધ્યાવસાયાંતર હેતુઓ પ્રાપ્ત કરાવે છે. અવયવને માટે પ્રત્યેક નયને નયાભિધાન નિરુક્ત દ્વારથી કહે છે —

**● નિર્યુક્તિ-૭૫૫ થી ૭૫૮ :-**

*[સાતે નયોની વ્યાખ્યા સાથે આપવા ચારે નિર્યુક્તિ સાથે મૂકેલ છે, પરંતુ અર્થમાં અક્ષરાર્થને બદલે ભાવાર્થને પ્રાધાન્ય આપેલ છે.]*

***(૧) અનેક પ્રમાણો વડે જે માપે છે કે માને છે, તે નૈગમનયની નિરુક્તિ છે. (૨) સંગૃહિત, એકઠાં થયેલા અર્થ, સંગ્રહવચનને સંક્ષેપથી સંગ્રહનય કહે છે. (૩) સર્વ દ્રવ્યોમાં વિશેષ નિશ્ચય માટે વ્યવહારનયને ઉપયોગી જાણવો. (૪) વર્તમાનને ગ્રહણ કરનાર તે ઋજુસૂત્ર નય જાણવો. (૫) શબ્દનય વિશેષિતતર વર્તમાનને ઈચ્છે છે. (૬) વસ્તુનું સંક્રમણ તે અવસ્તુ છે એમ સમભિરૂઢ નયવાળો માને છે, (૭) વ્યંજન, અર્થ, તદુભય એમ વિશેષ પ્રકારે એવંભૂત નયવાળો માને છે.***

**● વિવેચન-૭૫૫ થી ૭૫૮ :-**

*[સમગ્ર નય પ્રકરણ વિશેષથી અનુયોગ દ્વારમાં આવે છે. નય રહસ્ય આદિ ગ્રંથો પણ છે, અહીં 'નય' સંબંધે જે વિવેચન છે, તેમાં ચૂર્ણિમાં સંક્ષેપમાં છે, હારિભદ્રીયવૃત્તિમાં કંઈક વિશેષ છે, નિર્યુક્તિ દીપિકામાં ભિન્ન રીતે આ નયની વ્યાખ્યાનો વિસ્તાર કરાયેલો છે, અમે અહીં સંક્ષેપ રજૂઆત જ કરી છે. કેમકે નય વિશે માત્ર અનુવાદથી કામ ન સરે, તે માટે તજ્જ્ઞ પાસે સમજવું પડે.]*

(૧) એક નહીં પણ અનેક અર્થ, તેથી एकम् કહ્યું. સામાન્ય અને વિશેષ જ્ઞાનથી માપે છે અથવા નિગમમાં થાય તે નૈગમ. નિગમ એટલે પદાર્થનો પરિચ્છેદ. - x - x - [શંકા] તો શું નૈગમ નયવાળો સમ્યગ્દૃષ્ટિ જ છે. કેમકે સામાન્ય-વિશેષના સ્વીકારથી અપર છે, સાધુની જેમ ? ના, એવું નથી. સામાન્ય - વિશેષ વસ્તુના અત્યંત ભેદના સ્વીકારથી તેમ નથી. - x - x - x - x - અથવા નિલયન પ્રસ્થક ગ્રામના ઉદાહરણથી અનુયોગદ્વારમાં તે પ્રતિપાદિત કરેલ છે, ત્યાંથી જાણવું. અહીં ગમનિકા માત્ર છે.

બાકીના - સંગ્રહાદિના આ લક્ષણ છે, તેને તમે સાંભળો.

(૨) આભિમુખ્યથી ગૃહીત, તે સંગૃહીત. પીંડિત - એકજાતિમાં રહેલ, અર્થ - વિષય. તે સંગૃહીત પિંડિતાર્થ સંગ્રહનું વચન - સંગ્રહવચન. સંક્ષેપથી તીર્થંકર ગણધરો કહે છે. સામાન્ય પ્રતિપાદનમાં રહેલ આ 'સત્' એમ કહેતા સામાન્યને જ સ્વીકારે છે, વિશેષને નહીં તથા માને છે કે વિશેષ એ સામાન્યથી અર્થાન્તર રૂપ છે કે અનર્થાન્તર રૂપ. જો અર્થાન્તર રૂપ હોય તો તે નથી, કેમકે સામાન્યથી જુદા છે. અનર્થાન્તર રૂપ હોય તો તે માત્ર સામાન્ય જ છે. - x - સંગ્રહનય કહ્યાં.

(૩) અધિકતાથી ચયમાં જાય છે તે નિશ્ચય, વિગત નિશ્ચય તે વિનિશ્ચય - નિઃસામાન્ય ભાવ. સામાન્ય અભાવથી આ ભાવના છે વ્યવહારનય - સર્વ દ્રવ્ય વિષયમાં વિશેષ પ્રતિપાદનપર છે. અહીં सत् એમ કહેતા વિશેષ એવા ઘટ આદિનું

જ પ્રતિપાદન છે. કેમકે તેનું વ્યવહારમાં હેતુપણું છે. - x - x - x - અથવા વિશેષથી નિશ્ચય તે વિનિશ્ચય - ગોપાલ - સ્ત્રી આદિને અવબોધ. કોઈ વિદ્વત્સન્નિબદ્ધ નથી. તે અર્થ બધાં દ્રવ્યોમાં જાય છે. - x - x - x - ઈત્યાદિ, વ્યવહાર નય કહ્યો.

(૪) હમણાં ઉત્પન્ન તે પ્રત્યુત્પન્ન અર્થાત્ વર્તમાન અથવા પ્રતિ પ્રતિ ઉત્પન્ન તે પ્રત્યુત્પન્ન અર્થાત્ ભિન્ન વ્યક્તિ સ્વામિક. તેને ગ્રહણ કરવાના સ્વભાવવાળું તે પ્રત્યુત્પન્ન ગ્રાહી, ઋજુસૂત્ર કે ઋજુશ્રુત નયવિધિ જાણવી. તેમાં ઋજુ-વર્તમાન અતીત અનાગત વક્રના ત્યાગથી વસ્તુ અખિલ ઋજુ, તેમાં જાય તે ઋજુસૂત્ર અથવા વક્રથી વિપરીત જે અભિમુખ છે તે. શ્રુત તે જ્ઞાન, તેની અભિમુખ તે ઋજુશ્રુત. તે બાકીના જ્ઞાનોને સ્વીકારતું નથી. - x - x - તે અતીત કે અનાગતને સ્વીકારતું નથી અને પરકીય વસ્તુ પણ સ્વીકારતું નથી. વર્તમાન સ્વ વસ્તુને જ સ્વીકારે છે. તે લિંગાદિ ભેદથી ભિન્ન સ્વરૂપને સ્વીકારતું નથી. - x - x - x -

(૫) જેના વડે આક્રોશ થાય તે શબ્દ. તેના અર્થના પરિગ્રહથી અને ભેદ ઉપચારથી નય પણ શબ્દ જ છે. તેથી કહે છે — આ નામ, સ્થાપના, કે દ્રવ્યકુંભ નથી તેમ માને છે. કેમકે તે કાર્ય કરતા નથી. લિંગ અને વચન ભિન્નતાને પણ તે સ્વીકારતો નથી. જેમકે — ઘડો અને ઘડી એ લિંગભેદથી અર્થભેદ થાય છે, માટે તેને એક માનતો નથી.

(૬) સમભિરૂઢ નયના મતે વસ્તુનું સંક્રમણ તે અવસ્તુ થાય છે જેમકે ઘટ એ વસ્તુ છે, તેનું કૂટ આદિમાં સંક્રમણ થતાં અવસ્તુ-અસત્ થાય છે. નયથી વિચારતા એકમાં વિવિધ અર્થનું સમ્ અભિરોહણ થવાથી તે સમભિરૂઢ કહેવાય છે. અહીં ભાવના આ પ્રમાણે છે — ઘટ, કુટ, કુંભ ઈત્યાદિ શબ્દો ભિન પ્રવૃત્તિ નિમિત્તપણાથી ભિન્ન અર્થ ગોચર જ મનાય છે. વળી વ્યુત્પત્તિથી ઘટ, કુંભ આદિ જુદા છે, જુદા અર્થમાં પ્રયોજાય છે.

વ્યંજન - શબ્દ, અર્થ - શબ્દથી કહેવા યોગ્ય પદાર્થ, તદુભય - શબ્દાર્થ લક્ષણ. એવંભૂત - યથાભૂ નય વિશેષિત કરે છે - શબ્દ અર્થથી વિશેષિત કરાય છે, અર્થ શબ્દથી વિશેષિત કરાય છે. જેમકે ચેષ્ટા વડે ઘટ અને ઘટ શબ્દથી ચેષ્ટાને વિશેષિત કરે છે. તેથી જો સ્ત્રીના મસ્તકે રહેલ ચેષ્ટાવાન્ અર્થ ઘટ શબ્દ વડે કહેવાય ત્યારે જ તે ઘટ છે. અન્યથા તે જ વસ્તુ ચેષ્ટાના અયોગમાં અઘટપણે કહેવી.

એ પ્રમાણે નૈગમાદિ નયો મૂળ જાતિભેદથી સંક્ષેપ લક્ષણ કહ્યા. હવે તેની પ્રભેદ સંખ્યા કહે છે —

**● નિર્યુક્તિ-૭૫૯ :-**

***એક એક નયના સો-સો ભેદ ગણતાં ૭૦૦ નયો થાય છે અને બીજા એક મત પ્રમાણે નયો ૫૦૦ થાય છે.***

**● વિવેચન-૭૫૯ :-**

અનંતર કહેલ નૈગમાદિ નયોના એક એકના સ્વભેદ અપેક્ષાથી ૧૦૦ ભેદો ગણતાં ૭૦૦ ભેદો થાય છે. બીજા મતે શબ્દાદિ ત્રણના એકત્વથી આ ભેદો ૫૦૦ થાય છે. અપિ શબ્દથી નૈગમનયનો સંગ્રહ અને વ્યવહારમાં સમાવેશ કરતાં ૬૦૦ ભેદો થાય, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ ચારેને મૂળનય ગણવાથી ૪૦૦ ભેદો થાય, નૈગમથી ઋજુસૂત્ર સુધીના નયોને દ્રવ્યાસ્તિક રૂપે અને શબ્દાદિને પર્યાયાસ્તિકરૂપે ગણવાથી બે જ ભેદ થતાં ૨૦૦ પેટા ભેદો પણ થાય.



**● નિર્યુક્તિ-૭૬૦ :-**

***આ નયો વડે દૃષ્ટિવાદમાં સૂત્ર અને અર્થ કથનરૂપ પ્રરૂપણા છે. અહીં વળી તેનો સ્વીકાર નથી. અહીં પ્રાયઃ ત્રણ વડે અધિકાર છે.***

**● વિવેચન-૭૬૦ :-**

નૈગમાદિ નયોના ભેદ સહિતથી દૃષ્ટિવાદમાં સર્વ વસ્તુની પ્રરૂપણા કરાય છે અને સૂત્રાર્થ કથન થાય છે. - x - હાલ કાલિક સૂત્રોમાં તે નય વડે અવશ્ય વ્યાખ્યા કરાતી નથી. પણ શ્રોતાની અપેક્ષાથી પ્રાયઃ પહેલાં ત્રણ નયો વડે વ્યાખ્યાન કરવામાં આવે છે. હવે - x - આ ત્રણ નયોની અનુજ્ઞા શા માટે ? તે જણાવે છે —

**● નિર્યુક્તિ-૭૬૧ + વિવેચન :-**

જિનમતમાં નયથી રહિત કોઈ જ સૂત્ર કે અર્થ નથી. તેથી ત્રણ નય નો પરિગ્રહ કરાય છે. બાકીના નય નો પ્રતિષેધ આચાર્ય અને શિષ્યોની વિશિષ્ટ બુદ્ધિ-ભાવને આશ્રીને છે. વિમલમતિ શ્રોતાને આશ્રીને વળી કહે છે, નય વિશારદને ગુરુ કહેવાય છે. નય દ્વાર કહ્યું. હવે સમવતાર દ્વાર કહે છે — આ નયોનો સમવતાર ક્યાં છે ? ક્યાં અનવતાર છે ?

**● નિર્યુક્તિ-૭૬૨ :-**

***કાલિક સૂત્ર મૂઢ નયવાળું છે, તેથી અહીં નયોનો સમવતાર થતો નથી. અપૃથક્માં સમવતાર છે, પૃથક્માં સમવતાર નથી.***

**● વિવેચન-૭૬૨ :-**

જેમાં મૂઢ નયો છે, તે મૂઢનયિક અથવા અવિભાગમાં રહેલ તે મૂઢ. એવા તે મૂઢ નયો જેમાં છે તે મૂઢ નયિક. શ્રુતમાં કાલિક શ્રુત તે પહેલી અને છેલ્લી પોરિસિમાં ભણાય છે. તેમાં નયો ન સમવતરે. તો તેનો સમવતાર કેમાં થાય ? અપૃથકત્વ, ચરણ-ધર્મ-સંખ્યા અને દ્રવ્ય એ ચાર અનુયોગના પ્રતિસૂત્ર અવિભાગથી વર્તે, તેમાં નયોના વિસ્તારથી વિરોધાવિરોધના સંભવ વિશેષાદિથી સમવતાર છે. પૃથકત્વમાં નથી કેટલો કાળ અપૃથકત્વ રહ્યું, ક્યારથી પૃથકત્વ થયું ? તે કહે છે —

**● નિર્યુક્તિ-૭૬૩ :-**

***આર્ય વજ્ર સુધી કાલિક સૂત્રના અનુયોગો અપૃથક્ ન હતા. ત્યાર પછીથી લઈને કાલિકસૂત્ર અને દૃષ્ટિવાદમાં અલગ અનુયોગ થયો.***

**● વિવેચન-૭૬૩ :-**

જ્યાં સુધી વજ્રસ્વામી ગુરુ હતા, તે મહામતિ સુધી કાલિકાનુયોગ અપૃથક્ હતા, કેમકે ત્યારે સાધુની બુદ્ધિ તીક્ષ્ણ હતી. અહીં કાલિક સૂત્રનું ગ્રહણ, તેનું

પ્રાધાન્ય બતાવે છે અન્યથા સર્વાનુયોગ અપૃથકત્વ જ હતા. ત્યારપછીથી પૃથકત્વ થયું. આ આર્ય વજ્ર કોણ હતાં ? તેમાં સ્તવ દ્વારમાં તેની ઉત્પત્તિ કહે છે –

● નિર્યુક્તિ-૭૬૪ :-

***તુંબવન સંનિવેશથી નીકળ્યા. છ માસમાં જેઓ પિતાને અર્પણ કરાયા, છકાયમાં યત્નાવાળા, માતા સહિત એવા તેમને વાંદુ છું.***

● વિવેચન-૭૬૪ :-

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે –

વજસ્વામી પૂર્વભવમાં દેવરાજ શક્રના વૈશ્રમણ સામાનીક હતા. આ તરફ ભગવંત વર્ધમાનસ્વામી પૃષ્ઠચંપા નગરીના સુભૂમિભાગ ઉધાનમાં પધાર્યા. ત્યાં શાલ નામે રાજા અને મહાશાલ નામે યુવરાજ, તે બંનેની બહેન યશોમતી, તેનો પતિ પિઠર, તે બંનેને ગાગલીકુમાર નામે પુત્ર હતો. ત્યારે શાલ ભગવંત પાસે ધર્મ સાંભળીને કહે છે – હું મહાશાલને રાજ્યમાં અભિષેક કરીને પછી આપના ચરણકમળમાં દીક્ષા લઈશ. તેણે જઈને મહાશાલને કહ્યું કે તું રાજા બન, હું દીક્ષા લઈશ. તે બોલ્યો – હું પણ દીક્ષા લઈશ, જે રીતે તમે અહીં અમારા મેઢી પ્રમાણ છો, તે રીતે દીક્ષામાં પણ રહેશો. ત્યારે ગાગલીને કાંપિલ્યપુરથી લાવીને રાજાપણે અભિષેક કર્યો. તેની માતા જે કંપિલપુર નગરે પીઠર રાજપુત્રને અપાયેલ, તેને પણ ત્યાં લાવ્યા. પછી તે બંને ભાઈઓએ સહસ્રપુરુષવાહિની બે શિબિકા કરાવી, યાવત્ તે બંનેએ દીક્ષા લીધી. તે બંનેની બહેન યશોમતી શ્રાવિકા થઈ. તે બંને ભાઈ મુનિઓ પણ અગિયાર અંગોને ભણ્યા.

અન્યદા ભગવન્ રાજગૃહે પધાર્યા. ત્યાંથી ભગવંત નીકળીને જ્યારે ચંપાનગરી તરફ જઈ રહ્યા હતા, ત્યારે શાલ અને મહાશાલ મુનિએ ભગવંતને પૂછ્યું કે – અમે બંને પૃષ્ઠચંપા જવા ઈચ્છીએ છીએ. કદાચ ત્યાં કોઈપણ તેઓમાંથી દીક્ષા લે અથવા સમ્યક્ત્વનો લાભ પામે. ભગવંત જાણતા હતા કે – ત્યાં કોઈ બોધ પામનાર થશે. ત્યારે તે બંનેની સાથે બીજા ગૌતમસ્વામીને મોકલ્યા અને ભગવંત પોતે ચંપાનગરી ગયા.

ગૌતમસ્વામી પણ પૃષ્ઠચંપા ગયા. ત્યાં સમવસર્યા, ગાગલી, પિઠર અને યશોમતી નીકળ્યા, તે બદાં પરમ સંવેગવાળા હતા. ધર્મ સાંભળીને ગાગલીએ પોતાના પુત્રનો રાજા રૂપે અભિષેક કર્યો. માતા-પિતા સહિત દીક્ષા લીધી. ગૌતમસ્વામી તે બધાંને લઈને ચંપાનગરી ચાલ્યા. તે શાલ અને મહાશાલમુનિને ચંપાનગરી જતાં હર્ષ હતો કે કોઈને સંસાર પાર ઉતાર્યા. તે વખતે શુભ અધ્યવસાયથી બંનેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ગાગલી આદિને પણ વિચાર આવ્યો કે અમને આ બંનેએ રાજ્ય આપ્યું. ફરી પણ ધર્મમાં સ્થાપ્યા, સંસારથી પણ છોડાવ્યા. એમ વિચારતા શુભ અધ્યવસાયથી તે ત્રણેને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ પ્રમાણે તે બધાં ઉત્પન્ન જ્ઞાનવાળા ચંપાનગરી ગયા, ભગવંતને પ્રદક્ષિણા દઈને, તીર્થને પ્રણામ કરીને કેવલિની પર્ષદામાં ગયા.





ગૌતમસ્વામી પણ ભગવંતને પ્રદક્ષિણા દઈ, પગે પડીને ઉભા થઈને કહે છે – તમે બધાં ક્યાં જાઓ છો ? આ ભગવંતને તમે વંદન કરો. ત્યારે ભગવંત બોલ્યા – ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. ત્યારે નિવારાયેલા ગૌતમે ક્ષમા માંગી. સંવેગને પામ્યા. વિચારે છે કે – હું કેવલી થઈને સિદ્ધિ નહીં પામું શું ? આ તરફ ભગવંતે પૂર્વે કહેલ કે – હે ગૌતમ ! જે અષ્ટાપદ જઈને ચૈત્યોને વાંદે, તે ધરણીગોચર [મનુષ્ય] તે જ ભવે સિદ્ધ થાય છે. દેવો પણ પરસ્પર તે જ વાત કરે છે કે – જો નિશ્ચે ધરણીગોચરો અષ્ટાપદ ચડી જાય, તે મનુષ્ય તે જ ભવે મોક્ષે જાય છે. ત્યારે ગૌતમસ્વામી ચિંતવે છે કે – હું અષ્ટાપદ તીર્થે જઉં.

ત્યારે ભગવંત ગૌતમના હૃદયાકૂંત જાણીને અને તાપસો પણ બોધ પામશે જાણવાથી, ભગવંતે કહ્યું – હે ગૌતમ ! તું અષ્ટાપદ ચૈત્યે વંદન કરવાને જા. ત્યારે ગૌતમ હર્ષિત-સંતુષ્ટ થઈને, ભગવંતને વાંદીને અષ્ટાપદે ગયો. ત્યાં અષ્ટાપદમાં જનવાદ સાંભળીને ત્રણ તાપસો પ્રત્યેક ૫૦૦ના પરિવારવાળા હતા, તે અષ્ટાપદ ચડવા ઉધમી થયેલા. તે આ પ્રમાણે – કૌંડિન્ય, દત્ત અને શેવાલ. તેમાં કૌંડિન્ય પરિવાર સહિત એક-એક ઉપવાસ કરીને અને પછી કંદમૂળ અને સચિત્તનો આહાર કરતો હતો. તે અષ્ટાપદની પહેલી મેખલાએ પહોંચેલો. દત્ત પણ છટ્ઠ-છટ્ઠ તપ વડે પડેલા પાંડુપત્રાદિનો આહાર કરતો હતો. તે બીજી મેખલાએ અટકેલો અને શેવાલ અટ્ઠમ-અટ્ઠમ તપ કરતો સ્વયં મ્લાન થયેલ શેવાલનો આહાર કરતો હતો, તે ત્રીજી મેખલાએ રહી ગયો.

આ તરફ ગૌતમસ્વામી મોટા શરીરવાળા, તરુણ સૂર્યના કિરણો જેવા તેજવાળા અષ્ટાપદે જઈ રહ્યા હતા. તેમને આવતા જોઈને તેઓ બોલ્યા – આ સ્થૂળકાય શ્રમણ અહીં કઈ રીતે ચડશે ? જો આપણે મહાતપસ્વી, શુષ્ક અને રૂક્ષ છઈએ તો પણ ચડી શકતા નથી. ગૌતમસ્વામી જંઘાચારણ લબ્ધિ વડે લૂતાતંતુ [કદાચ-સૂર્યના કિરણો] ની નિશ્રાએ ઉપર ચડવા લાગ્યા. જેટલામાં તેઓ અવલોકે છે કે આ આવી રહ્યા છે, એટલામાં તો આ દેખાતો પણ નથી. એ પ્રમાણે ત્રણે તાપસો ગૌતમસ્વામીની પ્રશંસા કરે છે. વિસ્મય પામેલા તેઓ તેને અવલોકતા ઉભા રહે છે. જ્યારે ગૌતમસ્વામી નીચે ઉતરે ત્યારે અમે તેના શિષ્યો થઈશું.

ગૌતમસ્વામી પણ ચૈત્યોને વાંદીને ઈશાન દિશા ભાગમાં પૃથ્વીશિલાપટ્ટકે ઉત્તમ અશોકવૃક્ષની નીચે રાત્રિ વાસ કરવા રહ્યા.

આ તરફ શક્રનો લોકપાલ વૈશ્રમણ ચૈત્યવંદન કરવા આવેલો. તે ચૈત્યોને વાંદીને ગૌતમસ્વામીને વંદે છે. ત્યારે તેને ગૌતમસ્વામી ધર્મકથા અવસરે સાધુના ગુણોને કહે છે. જેમકે ભગવંતના સાધુઓ અંત આહારી, પ્રાંત આહારી વગેરે હોય છે. ત્યારે તે વૈશ્રમ ચિંતવે છે - આ ભગવંત આવા સ્વરૂપના સાધુ ગુણોને વર્ણવે છે, તેની પોતાની શરીરની સુકુમારતા જેવી છે તેવી દેવોને પણ નથી. ત્યારે ગૌતમે તેમને શંકાશીલ જોઈને પુંડરીક નામક અધ્યયનની પ્રરૂપણા કરી. તે આ પ્રમાણે –

પુંડરીકિણી નગરી હતી, ત્યાં પુંડરીક નામે રાજા અને કંડરીક નામે યુવરાજ

હતો ઈત્યાદિ ''જ્ઞાતાધર્મકથા''માં કહ્યા મુજબ જાણવું તેથી તું બલત્વ કે દુર્બલત્વને ગ્રહણ ન કર. જેમ તે કંડરીક તે દૌર્બલ્યથી આર્ત્ત-દુઃખાર્ત્ત થઈ કાળ કરી સાતમી નરકે ઉત્પન્ન થયો. પુંડરીક પ્રતિપૂર્ણ ગોળ મટોળ હોવા છતાં સર્વાર્થ સિદધમાં ઉત્પન્ન થયો. એ પ્રમાણે હે દેવાનુપ્રિય ! દુર્બલ કે બલિક કારણ નથી. અહીં ધ્યાનનિગ્રહ કરવો જોઈએ. ધ્યાનનિગ્રહ એ પરમ પ્રમાણ છે. ત્યારે તે વૈશ્રમણને થયું કે અહો ભગવંતે મારા હૃદયની શંકા જાણીને નિવારી. તે સંવેગ પામી વંદન કરીને પાછો ગયો.

ત્યાં વૈશ્રમણનો એક સામાનિક દેવ જૃંભક હતો. તેણે તે પુંડરીક અધ્યયન ૫૦૦ વાર અવગૃહીત કર્યુ. તે સમ્યકત્વ પામ્યો.

પછી ગૌતમસ્વામી બીજે દિવસે ચૈત્યોને વાંદીને પાછા આવે છે. ત્યારે તે તાપસો બોલ્યા – તમે અમારા આચાર્ય અને અમે તમારા શિષ્યો છીએ. ગૌતમસ્વામીએ કહ્યું – અમારા અને તમારા આચાર્ય ત્રિલોકના ગુરુ છે તેઓએ પૂછ્યું – તમારે પણ બીજા ગુરુ છે ? ત્યારે ગૌતમસ્વામી ભગવંતના ગુણની સ્તવના કરે છે. તે તાપસોને દીક્ષા આપી, દેવતાએ વેશ આપ્યો. ત્યારે બધાં ગૌતમસ્વામી સાથે ચાલ્યા. ભિક્ષાની વેળા થઈ ગૌતમે પૂછ્યું – તમારા પારણા માટે શું લાવું ? તેઓ બોલ્યા – ખીર. ગૌતમ સ્વામી સર્વલબ્ધિ સંપન્ન હતા. પાત્રમાં ઘી-ખાંડ યુક્ત ખીર લઈને આવ્યા. તેમણે અક્ષીણ મહાનસી લબ્ધિથી બધાંને પારણાં કરાવ્યા, પછી પોતે કર્યુ. ત્યારપછી તેઓ સારી રીતે આવૃત્ત થયા.

તેઓમાં શેવાલભક્ષી ૫૦૦ને ગૌતમસ્વામીની લબ્ધિ જોઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, દત્તને પરિવાર સહિત, ભગવંતના છત્રાતિછત્ર જોઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કૌડિન્યાદિને ભગવંતને જોઈને કેવળજ્ઞાન થયું.

ભગવંતની આગળ જઈને ભગવંતને પ્રદક્ષિણા કરીને તે બધાં કેવલીની પર્ષદામાં ગયા. ગૌતમસ્વામીએ કહ્યું – તમે ભગવંતને વંદન કરો સ્વામી બોલ્યા – કેવલીની આશાતના ન કરો. ગૌતમે - મિચ્છામિદુક્કડમ્ આપ્યા. ત્યારે ગૌતમસ્વામીને ઘણો જ ખેદ થયો. ત્યારે ભગવંતે ગૌતમને પૂછ્યું – શું દેવોનું વચન ગ્રાહ્ય છે કે જિનવરોનું ? ગૌતમે કહ્યું – જિનવરોનું, તો કેમ ખેદ કરે છે ? તે વખતે ભગવંતે ચાર કટ [સાદડી] ની પ્રજ્ઞાપના કરી.

કટ ચાર પ્રકારે છે – શુંબકર, વિદલકટ, ચર્મકટ, કંબલકટ. એમ શિષ્યો પણ ચાર પ્રકારે છે. હે ગૌતમ ! તું મારે કંબલકટ સમાન છે. પણ તું મારો ચિર કાળનો પરિચિત છે. ગૌતમ ! અહીં ભગવતી સૂત્રના આલાવા કહેવા. યાવત્ અંતે આપણે બંને કોઈપણ ભિન્નતાવગરના થઈશું. ત્યારે ભગવંતે ગૌતમ નિશ્રાથી ''દ્રુમપત્રક'' અધ્યયન કહ્યું.

તે વૈશ્રમણ સામાનિક દેવ ત્યાંથી ચ્યવીને અવંતી જનપદમાં તુંબવન સંનિવેશમાં ધનગિરિના પુત્રરૂપે થયો. તે ધનગિરિ શ્રાવક હતો. પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઈચ્છાવાળો હતો, પણ તેના માતા-પિતાએ રોક્યો હતો. પછી જ્યાં જ્યાં તેના વિવાહની વાત



થતી, ત્યાં ત્યાં તે કન્યાના પરિણામોને ફેરવી નાંખતો અને કહેતો કે હું તો દીક્ષા લેવાનો છું. આ તરફ ધનપાલની પુત્રી સુનંદા હતી. તે કહે છે – હું તેને પરણવા તૈયાર છું. તેથી સુનંદા તેને આપી. સુનંદાનો ભાઈ આર્ય સમિત નામે હતો, તે પૂર્વે સિંહગિરિ પાસે પ્રવ્રજિત થયેલ. તે દેવ સુનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ત્યારે ધનગિરિએ કહ્યું – હવે આ તારો ગર્ભ તારો આધાર બનશે. તેણએ સિંહગિરિ પાસે દીક્ષા લીધી.

તે દેવ પણ નવ માસે પુત્ર રૂપે જન્મ્યો. ત્યાં સ્ત્રીઓ આવીને બોલે છે કે – જો આના પિતાએ દીક્ષા ન લીધી હોત તો ઘણું સુંદર થાત. તે સંજ્ઞી બાળકે જાણ્યું કે – મારા પિતા પ્રવ્રજિત છે. તેનું ચિંતવન કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તે રાતદિવસ રડે છે. જેથી બધાં કંટાળે તો હું સુખે દીક્ષા લઈશ. એ પ્રમાણે છ મહિના ગયા, અન્યદા આચાર્ય સમોસર્યા ત્યારે આર્ય સમિત અને ધનગિરિ આચાર્યને કહે છે – સગાઓને અમે જોઈ આવીએ આજ્ઞા આપી. શકુનથી જાણીને કહ્યું – મહાલાભ થશે. જે કંઈ સચિત્ત કે અચિત્ત તમને મળે તે બધું જ લઈ લેજો. તે બંને ગયા. તેમને ઉપસર્ગ કરવા લાગ્યા. બીજી સ્ત્રીઓ પણ બોલી – આ બાળકને લઈ જાઓ. ક્યાં લઈ જઈએ ? સુનંદા બોલી – મેં આટલો કાળ રાખ્યો, હવે તમે તમારા પુત્રને સાચવો. ત્યારે ધનગિરિએ કહ્યું – પછી પસ્તાવો ન કરતી, ત્યારે સાક્ષી રાખીને બાળકને સ્વીકાર્યો. તે છ માસનો હતો. ઓલપટ્ટક વડે પાત્ર બાંધીને [ઝોળી કરીને] લીધો રોતો બંધ થયો. સંજ્ઞી જાણે છે ત્યારે આચાર્યએ ભારે ભાજન જાણી હાથ ફેલાવ્યો. હાથમાં આપ્યો, ભૂમિએ પડ્યો ત્યારે કહ્યું – હે આર્ય ! આ 'વજ' જણાય છે યાવત્ દેવકુમાર જેવો બાળક છે. આનું તમે સંરક્ષણ કરો. આ ભવિષ્યમાં પ્રવચનનો આધાર થશે.

ત્યારે તેનું વજ એવું નામ રાખ્યું. ત્યારે સાધ્વીને સોંપ્યો. તેઓએ શય્યાતર કૂળમાં આપ્યો. શય્યાતર તેને પોતાના બાળકની જેમ ન્હવડાવે છે. મંડિત કરે છે, દુધ પાય છે ત્યારે તેની આગળ જે ઉચ્ચરા આદિ આચરે છે, તેનો આકાર દર્શાવે છે. એ રીતે ઉછેરે છે. સાધુ પણ બહાર વિચરવા લાગ્યા.

ત્યારપછી સુનંદા તેને શોધે છે. શય્યાતરો બાળકને આપતા નથી. સુનંદા આવીને દુધ પીવડાવે છે. એ રીતે તે ત્રણ વર્ષનો થયો. અન્યદા સાધુઓ વિચરતા ત્યાં આવ્યા. ત્યારે બાળકનો ઝઘડો રાજમાં પહોંચ્યો. ધનગિરિ કહે છે - બાળક આણે મને આપલ છે. પણ નગર સુનંદાના પક્ષમાં રહ્યું. તેણી ઘણાં રમકડાં લાવી. રાજા પાસે ન્યાય કરાવવા બેઠા. ત્યારે પૂર્વાભિમુખ રાજા, જમણી બાજુ સંઘ અને સુનંદા પોતાના સ્વજન સાથે રાજાની ડાબે રહ્યા, રાજા કહે છે – તમારો આ બાળક જેની પાસે જાય, તે તેનો થશે. સાંભળો, કોણ પહેલાં બોલાવશે ? પુરુષાદિક ધર્મ હોવાથી પહેલાં પુરુષ બોલાવે નગરજનો બોલ્યા કે – ના, આ તેમનો પરિચિત છે, માટે માતા બોલાવે. વળી માતા જ દુષ્કરકારિકા હોય છે. વળી કોમળ સત્વા હોય છે. માટે તેણી જ બોલાવે.

ત્યારે તેણી હાથી-ઘોડા-રથાદિ વડે બાળભાવને લોભાવતી કહે છે – હે

વજ ! આ લઈ લે. ત્યારે બાળક તેને ફક્ત જોતો ઉભો રહે છે. તે જાણે છે કે જો સંઘની અવમાનના થાય તો દીર્ઘસંસાર વધે. નહીં તો આ પણ દીક્ષા લેશે. ત્રણ-ચાર વખત બોલાવવા છતાં માતા પાસે ન ગયો. પિતાએ કહ્યું – જો ધર્મની જરૂર હોય તો હે ધીર ! કર્મ રજને પ્રમાર્જનાર આ નાનું રજોહરણ ગ્રહણ કર. ત્યારે જલ્દીથી તેણે લઈ લીધું. લોકોએ જૈનધર્મનો જયજયકાર કર્યો. ત્યારે માતાને થયું કે મારો ભાઈ, પતિ, પુત્ર બધાંએ દીક્ષા લીધી. મારે રહીને શું કરવું છે ? એ રીતે તેણીએ પણ દીક્ષા લીધી.

● નિર્યુક્તિ-૭૬૫ :-

***દેવે બાળક એવા વજને વર્ષામાં ભોજન માટે નિમંત્ર્યો, છતાં તે વિનીત એવાએ વિનયથી તે ન સ્વીકાર્યું, તે વજસ્વામીને હું નમું છું.***

● વિવેચન-૭૬૫ :-

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ કથાનક વડે જાણતો. તે આ પ્રમાણે –

તે વજ પણ જ્યારે દુધ પણ પીતો ન હતો ત્યારે પ્રવ્રજિત થયો. પ્રવ્રજિતોની પાસે રહ્યો. તે શ્રમણી પાસે ૧૧-અંગનું શ્રુત ભણ્યો. તેને તેવી પદાનુસારી લબ્ધિ હતી. ત્યારે આઠ વર્ષનો થતાં સંયતીના ઉપાશ્રયથી બહાર લવાયો, આચાર્ય પાસે રહે છે. આચાર્ય ઉજ્જૈની ગયા. ત્યાં વર્ષા અક્ષતધારે પડતી હતી. ત્યાં તેના પૂર્વસંગતિક જૃંભક દેવો, માર્ગમાં જતાં એવા તેની પરીક્ષા કરે છે. ત્યારે પરીક્ષા નિમિત્તે આવી, વણિક્ રૂપે સાધુને ગૌચરી માટે નિમંત્રે છે. પરંતુ વજસ્વામી સામાન્ય બિંદુરૂપ વર્ષા ચાલુ હતી ત્યાં સુધી ન ગયા. દેવ ફરી બોલાવે છે. ત્યારે વજ ઉપયોગ મૂકે છે - દ્રવ્યથી પુષ્પ ફળાદિ, ક્ષેત્રથી ઉજ્જૈની, કાળથી પ્રથમ વર્ષા, ભાવથી જમીનને સ્પર્શતા નથી, આંખનું મટકું મારતા નથી અને હર્ષિત સંતુષ્ટ જણાય છે. નક્કી આ દેવ છે. તેથી આહાર ગ્રહણ કરતા નથી. ત્યારે દેવો વજ સ્વામી ઉપર ખુશ થઈ બોલ્યા – તમને જોવા આવેલા, પછી વૈક્રિય વિદ્યા આપે છે.

● નિર્યુક્તિ-૭૬૬ :-

***ઉજ્જૈનીમાં જે જૃંભક દેવે આવીને, પરીક્ષા કરીને સ્તુતિ મહિમા કર્યો. એવા અક્ષીણ મહાનસિક લબ્ધિવાળા અને સીહગિરિ દ્વારા પ્રશંસિત [તે વજસ્વામીને] હું વંદના કરું છું.***

● વિવેચન-૭૬૬ :-

ગાથાર્થ કહ્યો. તેનો અવયવાર્થ કથાનક વડે જાણવો. તે આ –

ફરી પણ અન્ય કોઈ દિવસે જેઠ માસમાં સંજ્ઞાભૂમિ જતાં તેમને [વજસ્વામીને] ઘેબર વડે દેવ નિમંત્રણા કરે છે. ત્યારે પણ દ્રવ્યાદિ ઉપયોગ મૂકે છે, જાણીને ઘેબર લેતા નથી. ત્યારે દેવો નભોગામિની વિદ્યા તેને આપીને જાય છે. એ પ્રમાણે વજસ્વામી વિચરે છે.

જે રીતે તેમણે પદાનુસારી લબ્ધિથી ૧૧-અંગશ્રુત ગ્રહણ કર્યુ, તેનાથી તે સંયમમાં અતિસ્થિર થયા. ત્યારે જે પૂર્વગત ભણ્યા, તે પણ તેણે બધું ગ્રહણ કર્યુ.



એ પ્રમાણે તેઓ ઘણું ભણ્યા. ત્યારે તેને ભણવાનું કહ્યું, ત્યારે તે ભણેલ છતાં ત્યાં બોલતા રહે છે. બાકીના સાંભળતા હતા. કોઈ દિવસે આચાર્ય ભગવંત મધ્યાહ્ને સાધુઓ ભિક્ષાર્થે ગયેલા, ત્યારે સંજ્ઞાભૂમિ જવા નીકળ્યા. વજસ્વામી ઉપાશ્રય સાચવવા રહ્યા, તેણે સાધુના વીંટીયાને માંડલીની જેમ ગોઠવ્યા. મધ્યમાં પોતે બેઠા અને વાંચના આપવા લાગ્યા. ત્યરે ક્રમથી ૧૧-અંગોની અને પૂર્વની વાચના આપી. તેટલામાં આચાર્ય આવીને વિચાર કરે છે - નાના સાધુઓ આવી ગયા. શબ્દો સાંભળ્યા તે ઓઘ મેઘ સદૃશ હતા. બહાર સાંભળતા બેસી રહ્યા. તેને ખબર પડી કે આ તો વજ બોલે છે. પછી નૈષધિકી શબ્દ કરે છે.

તે વખતે આચાર્યને શંકા ન પડે, તે માટે વજએ જલ્દીથી વીંટીયા ત્વરિત સ્વસ્થાને રાખી દીધા. બહાર નીકળીને દંડ પુંચ્છણક ગ્રહણ કર્યો. આવીને આચાર્યના બંને પગો પ્રમાર્જે છે. ત્યારે આચાર્ય વિચારે છે. આનો કોઈ સાધુ પરાભવ ન કરે, તેથી હું તેમને જાણ કરીશ. રાત્રિના પૂછે છે કે હું અમુક ગામે જઉં છું. ત્યાં બે ત્રણ દિવસ રહેવાનું થશે. ત્યારે યોગમાં રહેલાએ પૂછે છે કે – અમારા વાચનાચાર્ય કોણ ? આચાર્ય કહે છે – વજ. સાધુઓ વિનીત હોવાથી, તેમણે સ્વીકારી લીધું. આચાર્ય ગયા.

સાધુઓ પણ પ્રભાતે વસતિની પ્રતિલેખના કરી, કાલનિવેદન આદિ વજ પાસે કરે છે. તેને માટે નિષધા [આસન] ગોઠવે છે. વજ ત્યાં બેસે છે. તેઓ પણ જેમ આચાર્યનો કરતા હતો તેમજ વિનય કરે છે. ત્યારે વજ તેઓને વ્યક્ત-સ્પષ્ટ શબ્દોથી બધાંને અનુક્રમથી આલાવા આપે છે. જેઓ મંદ મેધાવાળા હતાં, તેઓ પણ શીઘ્રતાથી પ્રસ્થાપિત થવા લાગ્યા. ત્યારે તે બધાં વિસ્મય પામ્યા. જેઓએ પૂર્વે આલાવા ભણેલા, તેઓ પણ વિન્યાસને માટે પૂછવા લાગ્યા. વજ પણ બધું જ કહે છે. તે સાધુઓ પણ બધાં સંતુષ્ટ થઈને કહે છે – જો આચાર્ય થોડાં દિવસ રોકાઈ જાય તો સારું. આ શ્રુતસ્કંધ જલ્દી કરાવે છે, આચાર્ય પાસે ઘણા દિવસે ગ્રહણ કરાય છે. જ્યારે આ એક જ પોરિસિમાં કરાવી દે છે. એ પ્રમાણે તે વજ બધાં સાધુનો બહુમાન્ય થઈ ગયો. આચાર્ય પણ જાણીને પાછા આવ્યા.

આચાર્ય પૂછે છે – સ્વાધ્યાય યાદ રહ્યો ? તે બોલ્યા - રહ્યો. હવે આ વજ જ અમારા વાચનાચાર્ય થાઓ. આચાર્યએ કહ્યું – તે જ થશે. તમે તેનો પરાભવ ન કરો, તે જાણવાના નિમિત્તે જ હું ગયેલો. પણ આને તે વાચના દેવાનું કલ્પતું નથી. કેમકે તેણે શ્રુત કાન વડે ચોરીને લીધું છે. તેથી તેનો ઉત્સારકલ્પ કરવો જોઈએ [આગમની અનુજ્ઞા આપવી તે]. તેને જલ્દી-જલ્દી અનુજ્ઞા અપાય છે. બીજી પોરિસિમાં અર્થો કહેવાય છે. એ પ્રમાણે ઉભયકલ્પને યોગ્ય કરીને, જે અર્થો આચાર્યને પણ શંકિત હતા, તે પણ વજએ ઉદ્‌ઘાટિત કર્યા. દૃષ્ટિવાદમાં જ્યાં સુધી જાણતા હતા, તે ગ્રહણ કર્યુ.

તેઓ વિચરતા દશપુર નગરે ગયા. ઉજ્જૈનીમાં ભદ્રગુપ્ત નામે આચાર્ય હતા. તેઓ સ્થવિર કલ્પસ્થિત હતા. તેમને દૃષ્ટિવાદ ઉપસ્થિત હતું વજસ્વામીને સંઘાટક

આપ્યો. તેમની પાસે ગયા. ત્યારે ભદ્રગુપ્ત સ્થવિરને સ્વપ્ન આવ્યું - કોઈ આગંતુક મારા પાત્રમાંથી ભરેલ ખીર પીને આશ્વાસિત થયો. પ્રભાતે સાધુઓને કહે છે. તેઓ અન્ય-અન્યને કહે છે. ગુરુ કહે છે — તમે જાણતા નથી, હમણાં મારો ગ્રાહક આવશે અને તે બધાં જ સૂત્રાર્થો ગ્રહણ કરશે.

ગુરુ પોતે બાહિરિકામાં આવીને રહ્યા. ત્યારે વજને આવતા જુએ છે. પૂર્વે સાંભળેલ કે આ વજ છે. ખુશ થઈને સ્વીકાર્યો. ત્યારે તેમની પાસે વજસ્વામી દશ પૂર્વો ભણ્યા. તેની અનુજ્ઞા નિમિત્તે જ્યાં ઉદ્દેશો કરાયો ત્યાં જ અનુજ્ઞા કરી એમ કરીને દશપુરે આવ્યા. ત્યાં અનુજ્ઞા આરંભી. તેટલામાં તે જૃંભક દેવોએ અનુજ્ઞા ઉપસ્થાપિત કરી. દિવ્ય ચૂર્ણ અને પુષ્પો લાવ્યા. આ જ અર્થને નિર્યુક્તિકાર કહે છે—

● **નિર્યુક્તિ-૭૬૭ :-**

***જેમની અનુજ્ઞાથી દશપુર નગરમાં વાચકત્વ - આચાર્યત્વ અર્પણ થયું, જૃંભક દેવોએ મહોત્સવ કર્યો, તે પદાનુસારી [લબ્ધિવંત વજસ્વામીને] મારા નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૭૬૭ :-**

અન્ય કોઈ દિવસે સિંહગિરિએ વજસ્વામીને ગણ સોંપીને ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ, દેવલોકે ગયા. વજસ્વામી પણ ૫૦૦ અણગાર સાથે પરિવરીને વિચરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ઉદાર શબ્દોથી પ્રશંસા પામતા પરિભ્રમણ કરે છે — અહો ભગવન્ ! અહો ભગવન્ ! તેઓ ભવ્યજનોને વિબોધન કરતાં વિચરે છે.

આ તરફ પાટલીપુત્ર નગરમાં ધન શ્રેષ્ઠી હતો. તેની પુત્રી અતિ રૂપવતી હતી. તેની યાનશાળામાં રહેલાં સાધ્વીઓ વારંવાર વજસ્વામીના ગુણોની સ્તવના કરતા. સ્વભાવથી જ લોક કામિતકામુક છે. શ્રેષ્ઠીપુત્રી વિચારે છે કે — જો તે મારા પતિ થાય તો હું ભોગો ભોગવું. નહીં તો આ ભોગનું કંઈ કામ નથી. તે આવે તો સારું - x - સાધ્વીઓએ તેને કહ્યું કે તે પરણે નહીં. ત્યારે શ્રેષ્ઠી પુત્રી બોલી કે — જો તે લગ્ન નહીં કરે તો હું પણ દીક્ષા લઈશ. વજસ્વામી વિચરતા પાટલીપુત્ર પહોંચ્યા.

ત્યારે તેનો રાજા પરિવાર સહિત અહં પૂર્વક નીકળ્યો. તે સાધુઓ થોડાં-થોડાં આવતા હતા. તેમાં ઘણાં ઉદારશરીરી પણ હતા. રાજા પૂછે છે — શું આ વજસ્વામી છે ? તેઓ કહેતા - નથી, આ તેના શિષ્ય છે. એવું છેલ્લા વૃંદ સુધી બન્યું. તેમાં પ્રવિરલ સાધુ સહિત જોયા. રાજાએ વંદના કરી. તે ઉધાનમાં શ્રેષ્ઠીપુત્રી લોકોની પાસે સાંભળીને હું કઈ રીતે જોઈશ એમ વિચારે છે. બીજા દિવસે પિતાને વિનંતી કરી - મને વજસ્વામી સાથે પરણાવો, નહીં તો હું આપઘાત કરીશ.

ત્યારે તેણીને સર્વાલંકાર વિભૂષિતા કરી, અનેક કોટિ ધન સહિત લઈ ગયો. વજસ્વામીએ ધર્મ કહ્યો. તે ભદંત ક્ષીરાશ્રવલબ્ધિક હતા. લોકો બોલ્યા — અહો ! સુસ્વરો ભગવંત સર્વગુણ સંપન્ન છે. પણ રૂપવિહીન છે. જો રૂપવાન્ હોત તો સર્વગુણ સંપત્તિ થાત. ભદંત વજ એ તેમના મનોગત ભાવને જાણીને ત્યાં લાખ પાંખડીવાળું કમળ વિકુર્વ્યુ. તેના ઉપર બેઠા. અતિ સૌમ્ય રૂપ વિકુર્વ્યુ, જેવું દેવોનું હોય. લોકો



આવર્જાયા અને બોલ્યા — આ એમનું સ્વાભાવિક રૂપ છે, તેઓ સાતિશય હોવાથી હવે વિરૂપ રહે છે તેમ પ્રાર્થવું નહીં. રાજા પણ બોલ્યો — અહો ! ભદંત, આવા પણ છે. ત્યારે અણગારના ગુણોને વર્ણવે છે. ઈત્યાદિ - x - x -

ત્યારે શ્રેષ્ઠીને બોલાવીને ભગવંતે વિષયોની નિંદા કરી, જો મને ઈચ્છતા હો તો પ્રવ્રજ્યા લો, ત્યારે પ્રવ્રજ્યા લીધી.

આ જ અર્થને હૃદયગત કરીને કહે છે —

● **નિર્યુક્તિ-૭૬૮ :-**

***જે કન્યાને માટે ધનશ્રેષ્ઠીએ યૌવનમાં નિમંત્રણા કરી, (ક્યાં ?) કુસુમ નામની અર્થાત્ પાટલિપુત્ર નગરીમાં, તે વજસ્વામીને હું નમું છું.***

● **વિવેચન-૭૬૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — તે ભગવંતે પદાનુસારીપણાથી વિસ્મૃત થયેલ મહા પરિજ્ઞા અધ્યયનથી આકાશગામિની વિધાનું ઉદ્ધરણ કર્યુ. તેથી તે ભદંત આકાશગામિની લબ્ધિ સંપન્ન થયા. તે કહે છે —

● **નિર્યુક્તિ-૭૬૯ :-**

***મહાપરિજ્ઞાથી જેણે આકાશગામિની વિધા ઉદ્ધરી, તેવા છેલ્લા શ્રુતધર આર્ય વજસ્વામીને હું વંદુ છું.***

● **વિવેચન-૭૬૯ :-**

આકાશગમ - આકાશ માર્ગે ગમન જેમાં છે તે વિધા. આર્ય - સર્વ હેય ધર્મોથી દૂર રહે તે આર્ય - x - હવે બીજી અધિકૃત વિધાનો નિષેધ જણાવવા માટે ઈત્યાદિથી - x - આમ કહે છે —

● **નિર્યુક્તિ-૭૭૦ :-**

***કહે છે કે — આ વિધા વડે જંબૂદ્વીપને પર્યટન કરી શકે અને માનુષોત્તર પર્વતે જઈને રહી શકે, એવો આ મારી વિધાનો વિષય છે.***

● **વિવેચન-૭૭૦ :-**

- x - हिण्डेत - પર્યટન કરે, नग - પર્વત, બાકી ગાથાર્થ મુજબ.

● **નિર્યુક્તિ-૭૭૧ :-**

***તેઓ કહે છે — આ વિધા પ્રવચનોપકારાર્થે ધારણ કરવી, મારી આ વિધા કોઈને આપવી નહીં, કેમકે હવે અલ્પઋદ્ધિક મનુષ્યો થશે.***

● **વિવેચન-૭૭૧ :-**

[ગાથાર્થ કહ્યો. હવે શેષ કથાનક કહે છે —] તે ભદંત એ પ્રમાણે ગુણ વિધા યુક્ત વિચરતા પૂર્વના દેશથી ઉત્તરાપથ ગયા. ત્યાં દુષ્કાળ હતો. માર્ગો પણ નષ્ટ થયેલા. ત્યાં સંઘ એકઠો થયો. તેનો નિસ્તાર કરવા પટવિધાથી પટ વિકુર્વી, સંઘને બેસાડ્યો. ત્યાં શય્યાતર આર્ય વજ પાસે આવ્યો. દાંતરડા વડે પોતાની શિખા-ચોટલી છેદીને બોલ્યો — હું પણ તમારો સાધર્મિક છું. તે પણ પટ ઉપર ચડી ગયો. પછી બધાંને લઈને ઉડીને પુરિકા નગરી ગયા, ત્યાં સુકાળ હતો. ત્યાં શ્રાવકો ઘણાં હતા,

પણ ત્યાંનો રાજા બૌદ્ધધર્મોપાસક હતો. આપણા શ્રાવકો અને બૌદ્ધના ઉપાસકોને વિરુદ્ધપણે માલ્યારોહણ હોય છે. તેનો રાજા ફુલ આપતો નથી. પર્યુષણામાં પુષ્પો નહીં મળવાથી શ્રાવકો ખેદવાળા થયા.

તેથી બાળ-વૃદ્ધ બધાં વજસ્વામી પાસે આવ્યા. તેમને કહ્યું કે જો તમારા જેવા નાથ હોવા છતાં પ્રવચન માલિન્ય થાય તો તમે જાણો. એમ ઘણાં પ્રકારે કહેતા, ઉડીને માહેશ્વરી પુરી ગયા. ત્યાં હુતાશન નામે વ્યંતરાયન હતું. ત્યાંથી પુષ્પોનો ઘડો ભર્યો. ત્યાં વજસ્વામીના પિતાના મિત્રનો બગીચો હતો, તે એકદમ બોલ્યો — આપને આવવાનું શું પ્રયોજન છે ? ત્યારે કહ્યું — પુષ્પ માટે. તે બોલ્યો — આપ અનુગ્રહ કરો, વજસ્વામીએ કહ્યું — તમે એકઠાં કરો, તેટલામાં આવું છું. પછી ચુલ્લ હિમવંતે શ્રી દેવી પાસે ગયા. શ્રીદેવીએ ચૈત્યના અર્ચન નિમિત્તે કમળ આપ્યુ, તે લઈને અગ્નિગૃહે આવ્યા. ત્યાં દેવે વિમાન વિકુર્વ્યું. તેમાં પુષ્પોનો કુંભ મૂક્યો. પછી જૃંભક દેવગણથી પરિવરીને દિવ્ય ગીત-ગંધર્વ-નિનાદ સહ આકાશ માર્ગે આવ્યા. તે પદ્મના વૃંતમાં વજસ્વામી બેઠા.

ત્યારે તે બૌદ્ધ ઉપાસકો બોલ્યા — અમારે આ પ્રાતિહાર્ય ક્યાં ? અડધાં ફૂલો લઈને ગયા. ત્યાંથી નીકળી જિનાલયમાં ગયા. ત્યાં દેવોએ મહોત્સવ કર્યો. ત્યાં લોકમાં ઘણું બહુમાન થયું. રાજા પણ આવર્જિત થઈને શ્રમણોપાસક થયો. ઉક્ત અર્થ જ બુદ્ધના બોધને માટે કહે છે —

● નિર્યુક્તિ-૭૭૨ + વિવેચન :-

માહેશ્વરી નગરીથી બાકીના પુષ્પો લઈને તે પુરિકાનગરી વ્યંતર દેવકુલ યુક્ત ઉધાનથી ગયા. કઈ રીતે ? આકાશતલને અતીવ ઉલ્લંઘીને, મહાનુભાગ એવા અચિંત્ય શક્તિ આર્ય વજ એ પ્રમાણે વિચરતા શ્રીમાલે ગયા. એ પ્રમાણે યાવત્ આગમના ચાર અનુયોગ અપૃથક્ હતા.

● નિર્યુક્તિ-૭૭૩ :-

***અપૃથક્ અનુયોગમાં ચાર દ્વારો એકમાં જ કહેવાતા. પૃથક્ અનુયોગ કરાતા તે અર્થો પછી વિચ્છેદ પામ્યા.***

● વિવેચન-૭૭૩ :-

ચાર દ્વારો - ચરણાનુયોગ, ધર્માનુયોગ, કાલ-ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ એક સાથે કહેવાતા હતા. પણ ચરણ આદિ તે અર્થો પૃથકત્વ અનુયોગ કરણથી વિચ્છેદ પામ્યા. હવે જેના વડે પૃથકત્વ કરાયુ તે જણાવે છે —

● નિર્યુક્તિ-૭૭૪ :-

***દેવેન્દ્રોથી વંદાયેલા, મહાનુભાગ, આર્યરક્ષિતે હીનયુગ-કાળને પામીને ચારે અનુયોગોને અલગ વિભક્ત કર્યા.***

● વિવેચન-૭૭૪ :-

દુર્બલિકા પુષ્પમિત્ર જેવા પ્રાજ્ઞને પણ આ આનુયોગો અતિગૂઢ લાગતા હોવાથી અને સૂત્રાર્થ વિસ્મૃત થતો જાણીને, હીનયુગને જાણીને, શાસનના હિતને માટે



અનુયોગ અલગ-અલગ સ્થાપ્યા. ચાર ભાગ કર્યા. હવે આર્યરક્ષિત સ્વામીની ઉત્પત્તિને જણાવતાં કહે છે —

● નિર્યુક્તિ-૭૭૫,૭૭૬ :-

***આર્યરક્ષિતની માતા-રૂદ્રસોમા, પિતા-સોમદેવ, ભાઈ-ફલ્ગુરક્ષિત, આચાર્ય તોસલિપુત્ર હતા. તેણે ભદ્રગુપ્તસૂરિ પાસે જુદા રહીને પૂર્વનો અભ્યાસ કર્યો, પોતાના ભાઈને અને સ્વજનને દીક્ષિત કર્યા.***

● વિવેચન-૭૭૫,૭૭૬ :-

બંને ગાથાનો અર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે છે —

તે કાળે - તે સમયે દશપુર નામે નગર હતું, તેમાં સોમદેવ બ્રાહ્મણ હતો, તેને રૂદ્ર સોમા નામે પત્ની હતી. તેનો પુત્ર રક્ષિત હતો, તેનો નાનો ભાઈ ફલ્ગુ રક્ષિત હતો. આર્યરક્ષિતની વાત પછી કરીશું.

દશપુર નગરની ઉત્પત્તિ - તે કાળે, તે સમયે ચંપા નગરીમાં કુમારનંદી નામે સ્ત્રી લોલુપ સોની રહેતો હતો. તે જ્યાં જ્યાં સ્વરૂપવતી કન્યા જુએ કે સાંભળે ત્યાં ૫૦૦ સુવર્ણ મુદ્રા આપીને તેને પરણતો હતો. એ પ્રમાણે તેણે ૫૦૦ કન્યાને એકઠી કરેલી. ત્યારપછી તે ઈર્ષ્યાળુએ એક સ્તંભ પ્રાસાદ કરાવ્યો, તે સ્ત્રીઓ સાથે રમણ કરવા લાગ્યો.

તેને નાગિલ નામે એક શ્રાવક મિત્ર હતો.

અન્ય કોઈ દિવસે પંચ શૈલકદ્વીપમાં રહેનારી બે વ્યંતરી સુરપતિના નિયોગથી નંદીશ્વરદ્વીપની યાત્રાને માટે નીકળી. તેનો વિધુન્માલી નામે પંચશૈલાધિપતિ પતિ હતો તે (માર્ગમાં) ચ્યવી ગયો. તેણી બંને વિચારવા લાગી કે કોઈને આપણે વ્યુદ્ગ્રાહિત કરીએ, જે આપણો પતિ થાય. ભટકતા-ભટકતા ચંપામાં કુમારનંદીને ૫૦૦ મહિલાના પરિવાર સાથે રમણ કરતો જોયો. તેણી બંનેએ વિચાર્યુ કે આ સ્ત્રીલોલુપ છે. આને વ્યુદ્ગ્રાહિત કરીએ. ત્યારે તે બંનેએ ઉધાનમાં જઈને પોતાને સોની સમક્ષ દર્શાવી.

ત્યારે સોનીએ તેમને પૂછ્યું — તમે બંને કોણ છો ? તે બોલી અમે બંને દેવીઓ છીએ. સોની તેનામાં મૂર્છિત થયો. તેની પાસે ભોગની પ્રાર્થના કરી. દેવીઓ બોલી — જો અમારાથી તારે ભોગ કાર્ય હોય તો પંચશૈલ દ્વીપે આવજે. એમ બોલીને ઉડી ગઈ સોની તે બંનેમાં મૂર્છિત થયો, રાજકુળમાં સુવર્ણ આપીને પટહ વગડાવ્યો - કુમારનંદીને જે પંચશૈલ લઈ જશે, તેને કોટિ ધન આપશે. કોઈ વૃદ્ધે તે પટહ ઝીલી લીધો. પ્રવહણ-વહાણ તૈયાર કર્યુ, માર્ગ માટે ભાથું ભર્યુ. દ્રવ્ય લઈ તે સ્થવિરે પોતાના પુત્રોને આપ્યુ. આપીને કુમારનંદીને લઈને યાન-વાહનથી નીકળ્યો.

જ્યારે સમુદ્રમાં ઘણે દૂર ગયો ત્યારે સ્થવિરે કહ્યું — કંઈ પણ દેખાય છે ? સોનીએ કહ્યું કે કંઈક કાળા વર્ણનું દેખાય છે. વૃદ્ધ નાવિકે કહ્યું — આ વડ છે, તે સમુદ્ર કૂળમાંથી પર્વત મૂળમાં જાય છે. આની નીચેથી આ વહાણ નીકળશે. ત્યારે તું અમૂઢ થઈ વડની ડાળે વળગી જજે. ત્યાં પંચશૈલથી ભારંડપક્ષી આવશે. તે યુગલને ત્રણ પગ હશે. જ્યારે તેઓ સૂઈ જાય ત્યારે વચ્ચેના પગમાં સારી રીતે

ચોંટીને, વસ્ત્ર વડે તારા શરીરને બાંધજે. પછી તે પક્ષીયુગલ તને પંચશૈલદ્વીપે લઈ જશે. જો તું વડમાં નહીં વળગી શકે તો આ વહાણ ભ્રમરમાં પ્રવેશશે, ત્યાં વિનાશ પામશે.

એ પ્રમાણે સોની વળગી ગયો. પક્ષી વડે પંચશૈલ લઈ જવાયો. ત્યારે તે બંને વ્યંતરી વડે જોવાયો. સોનીને તે દેવીઓએ પોતાની ઋદ્ધિ દર્શાવી. સોની તેઓમાં ઘણો જ ગૃદ્ધ થયો. તે દેવીઓ બોલી — આ શરીર વડે અમે ભોગવી શકાશું નહીં. કંઈક અગ્નિ પ્રવેશાદિ કર. જેથી પંચશૈલાધિપતિ થઈશ. સોની વિચારે છે હવે મારે ક્યાં જવું ? તે બંનેએ કરતલનો સંપુટ કરી તેને લઈને, તેના પોતાના ઉધાનમાં મૂકી દીધો.

ત્યારે લોકોએ આવીને પૂછ્યું — તો સોનીએ જે કંઈ જોયું, સાંભળ્યું અને અનુભવ્યું, તે પંચશૈલદ્વીપનો બધો વૃત્તાંત કહ્યો.

ત્યારપછી મિત્ર નાગિલે અટકાવવા છતાં ઇંગિતમરણથી મરીને પંચશૈલનો અધિપતિ થયો. ત્યારે તે નાગિલ શ્રાવકને નિર્વેદ જન્મ્યો. આ ભોગને કારણે આટલો કલેશ પામ્યો. આપણે જાણતા નથી કે શું થશે ? એમ વિચારી તેણે દીક્ષા લીધી. કાળ કરીને અચ્યુતકલ્પે ઉત્પન્ન થયો. અવધિજ્ઞાન વડે તેણે તે સોનીને જોયો.

અન્ય કોઈ દિવસે નંદીશ્વર યાત્રામાં જતાં [તે સોની ઢોલ ન વગાડવા પલાયન થતો હતો, ત્યારે] ઢોલ તેના ગળે વળગી ગયો. ત્યારે ઢોલ વગાડતો નંદીશ્વરે ગયો. ત્યાં નાગિલદેવ આવ્યો. તેને (સોની) જુએ છે. તે તેના તેજને સહન ન કરી શકતો પલાયન થવા લાગ્યો. નાગિલદેવ તેજને સંહરીને કહ્યું — ઓ ! મને ઓળખે છે ? સોની દેવ બોલ્યો — શક્રાદિ ઈન્દ્રને કોણ નથી જાણતું ? ત્યારે નાગિલે શ્રાવકરૂપ દેખાડ્યું અને ઓળખાણ યાદ કરાવી. ત્યારે સોનીદેવે કહ્યું કે — મને આજ્ઞા કરો કે હવે હું શું કરું ? ત્યારે નાગિલ દેવે કહ્યું — તું વર્ધમાન સ્વામીની પ્રતિમા કર. તે તારા માટે સમ્યક્ત્વના બીજરૂપ થશે.

ત્યારે તે [વિધુન્માલીદેવ બનેલો સોની] મહાહિમવંત પર્વતે ગયો, ગોશીર્ષ ચંદનના વૃક્ષને છેદીને ત્યાં પ્રતિમા બનાવી. લાકડાના સંપુટમાં મૂકીને ભરતક્ષેત્રમાં આવ્યો. સમુદ્રમાં ઉત્પાતથી છ માસથી ભમતા વહાણને જોયું ત્યારે તેણે તે ઉત્પાતને ઉપશાંત કર્યો. પ્રતિમાને પેટીમાં મૂકી નાવિકને આપી. તેને કહ્યું કે — આ દેવાધિદેવની પ્રતિમા છે, તેને વીતભય નગરે ઉતારજે ત્યાં ઉદાયન રાજા તાપસ ભક્ત છે, પ્રભાવતી દેવી [રાણી] છે.

વણિકે કહ્યું — આને દેવાધિદેવની પ્રતિમા કરવી. તે ઈન્દ્રાદિ વડે કરાઈ. પરશુ ન વાપર્યુ. આ વાત પ્રભાવતી રાણીએ સાંભળી. તેણી બોલે છે — વર્ધમાનસ્વામી દેવાધિદેવ છે, તેની પ્રતિમા થાઓ. જેવી પેટી ઉપર આહત કરી કે પૂર્વ નિર્મિતા-પ્રતિમા નીકળી. અંતઃપુરમાં ચૈત્યગૃહ કરાવ્યું. પ્રભાવતી ન્હાઈને ત્રણે સંધ્યા તેની પૂજા કરે છે.

કોઈ દિવસે રાણી નૃત્ય કરતી હતી. રાજા વીણા વગાડતો હતો તેને રાણીનું



મસ્તક ન દેખાયું, ખેદ થયો, હાથમાંથી વીણા પડી ગઈ. રાણી રોષાયમાન થઈને બોલી — શું નૃત્ય બરાબર ન હતું ? બહું આગ્રહ કરતાં રાજાએ સાચો જવાબ આપ્યો. રાણી બોલી — મારે શું ? મેં તો સારી રીતે શ્રાવકવ્રતની અનુપાલના કરી છે.

અન્ય કોઈ દિવસે ન્હાઈને દાસી પાસે વસ્ત્રો મંગાવ્યા. તે લાલ વસ્ત્રો લાવી. રાણીએ રોષથી અરીસો માર્યો, જિનગૃહમાં જવાનું છે અને લાલ વસ્ત્રો આપે છે ? દાસી મૃત્યુ પામી. ત્યારે રાણી વિચારવા લાગી કે મારા વડે વ્રત ખંડિત થયું. હવે જીવીને શું કરવું છે ? રાજાને પૂછીને હું ભક્ત પ્રત્યાખ્યાન કરું. રાજાએ તેની પાસે વચન લીધું કે જો તું [દેવલોકે જાય તો આવીને મને] પ્રતિબોધ કરવો. રાણીએ કબૂલ કર્યુ. ભક્તપ્રત્યાખ્યાન કરી, મૃત્યુ પામીને દેવલોકે ગઈ.

જિનપ્રતિમાની સારસંભાળ દેવદત્તા નામે કુબ્જાદાસી કરવા લાગી. પ્રભાવતી દેવે ઉદાયનને બોધ કરવા પ્રયત્ન કર્યો. તે બોધ પામતો નથી. કેમકે તે તાપસ ભક્ત હતો. તેથી દેવે તાપસનું રૂપ લીધું, તે અમૃતફળ લઈને આવ્યો. રાજાએ તે ફલ ચાખ્યા. પૂછ્યું કે — આ ફળો ક્યાંના છે ? દેવે કહ્યું — નગરથી દૂર આશ્રમ છે, ત્યાંના આ ફળ છે. તેની સાથે રાજા ગયો. તે તાપસો તેને મારવા લાગ્યા. ભાગીને વનખંડમાં ગયો, ત્યાં સાધુને જોયા. સાધુએ ધર્મ કહ્યો, રાજા બોધ પામ્યો. પ્રભાવતીદેવે પોતાને પ્રગટ કરીને પૃચ્છા કરી. પછી પાછો ગયો. ઉદાયન રાજા શ્રાવક થયો.

આ તરફ ગાંધાર શ્રાવક બધી જિનજન્મભૂમિને વાંદીને વૈતાઢ્યે કનક પ્રતિમાનું સાંભળીને ઉપવાસ કરીને રહ્યો. - x - ત્યાં દેવતાએ સંતુષ્ટ થઈને તેને સર્વકામિત ૧૦૦ ગુટિકા આપી. ત્યાંથી નીકળી વીતભય નગરે ગોશીર્ષચંદનમયી જિનપ્રતિમા વિશે સાંભળ્યું. ત્યાં વંદન કરવાને આવ્યો. વંદના કરી, ત્યાં બિમાર પડ્યો. દેવદત્તાએ તેની ઘણી સેવા કરી, સંતુષ્ટ થઈને ગાંધાર શ્રાવકે તે ગુટિકા દેવદત્તાને આપી, તેણે દીક્ષા લીધી.

કોઈ દિવસે દેવદત્તાએ વિચાર્યુ - મારો સુવર્ણ સમાન વર્ણ થાઓ. ત્યારે [ગુટિકા પ્રભાવ] સુવર્ણ જેવા રૂપ-વર્ણવાળી તે થઈ ગઈ. ફરી પણ તે વિચારે છે કે — હું ભોગો ભોગવું, પણ આ રાજા તો મારા પિતા સમાન છે, બાકીના ગોધા જેવા છે. મને પ્રદ્યોત રાજા ગમે છે. તેને મનમાં ધારીને ગુટિકા ખાધી, પ્રદ્યોતને દેવતા વડે કહેવાયું કે આવી રૂપવતી સ્ત્રી છે. તેથી ચંડપ્રદ્યોતે સુવર્ણગુલિકા [પે'લી કુબ્જા દાસી] ને માટે દૂત મોકલ્યો. ત્યારે સુવર્ણગુલિકા કહેવડાવે છે કે — તો તું મને રૂબરૂ જોવા આવ.

ત્યારપછી ચંડપ્રદ્યોત અનલગિરિ હાથી ઉપર રાત્રિના આવ્યો. તેણીને જોઈ, તેને ગમી ગઈ. તેણી બોલી કે જો પ્રતિમા સાથે લો તો હું આવું. ત્યારે ત્યાં રાત્રિ રોકાઈ, પાછો ગયો. બીજી તેવી જ જિનપ્રતિમા કરાવીને આવ્યો. મૂળ પ્રતિમાના સ્થાને તેને સ્થાપીને પછી જીવિત સ્વામીની પ્રતિમા અને સુવર્ણગુલિકાને લઈને ઉજ્જૈની પાછો ગયો. ત્યાં અનલગિરિ હાથી વડે મળમૂત્ર ત્યાગ કરાયેલો. તેની ગંધથી બીજા હાથી ઉન્મત્ત થયા, જે દિશા તરફથી ગંધ આવતી હતી, તે દિશામાં

રાજાએ અવલોકન કર્યું. અનલગિરિના પગલાં જોયા, રાજા વિચારે છે – કયા નિમિત્તે આવ્યો હશે ? યાવત્ પે’લી દાસી પણ દેખાતી નથી. રાજા કહે છે – દાસીને તે ઉપાડી ગયો. હવે જાઓ પ્રતિમા છે કે નહીં તે જુઓ. સેવકોએ આવીને કહ્યું – પ્રતિમા છે.

ત્યારપછી રાજા પૂજાના સમયે આવ્યો. જુએ છે કે પ્રતિમાના પુષ્પો મ્લાન થઈ ગયા છે. પ્રતિમાની નિર્વર્ણતા જોઈને જાણ્યું કે – આ તો પ્રતિમાનું પ્રતિરૂપક છે. મૂળ પ્રતિમાનું હરણ કરાયેલું છે. ત્યારે રાજાએ પ્રદ્યોતની પાસે દૂત મોકલ્યો, કહેવડાવ્યું કે – મારે દાસીનું કંઈ કામ નથી પણ મારી પ્રતિમા પાછી આપી દે. પ્રદ્યોતે પ્રતિમા ન આપી. તેથી ઉદાયન રાજા જ્યેષ્ઠ માસમાં દશ રાજા સાથે જઈને પ્રદ્યોત ઉપર ચડાઈ કરી.

મરુભૂમિને પાર કરતી વેળા આખું સૈન્ય તરસથી મરવા લાગ્યું રાજાને નિવેદન કર્યું. ત્યારે રાજાએ પ્રભાવતીને યાદ કરી, તે પ્રભાવતી દેવ આવે છે. તેણીએ ત્રણ પુષ્કરિણી બનાવી. આગળની, મધ્યની, પાછળની. ત્યારે બધાં આશ્વસ્ત થયા. પછી ઉજ્જૈની ગયા. ઉદાયને પ્રદ્યોતને કહ્યું કે લોકોને મારવાથી શું લાભ ? તારી અને મારી વચ્ચે યુદ્ધ કરીએ, તને હાથી-ઘોડા-રથ કે પગે જેમ રુચે તેમ યુદ્ધ કરીએ.ત્યારે પ્રદ્યોતે કહ્યું કે – આપણે રથ વડે યુદ્ધ કરીએ. ત્યારે અનલગિરિ હાથી વડે તે આવ્યો. ઉદાયન રાજા રથ લઈને નીકળ્યો. ત્યારે રાજા બોલ્યો કે – તેં શરતનો ભંગ કર્યો છે, તો પણ હવે તું બચવાનો નથી.

ત્યારપછી ઉદાયને રથ માંડલિક રાજાને આપ્યો. હાથીના વેગથી પ્રદ્યોતની પાછળ પડ્યો. હાથી જ્યાં જ્યાં પગ મૂકે છે, ત્યાં ત્યાં બાણ ફેંકે છે. હાથી પડી ન ગયો ત્યાં સુધી તેમ કર્યું. પછી પ્રદ્યોતને બાંધી દીધો. તેના કપાળે અંકિત કરાવી દીધું – ‘‘ઉદાયન રાજાની દાસીનો પતિ’’ પછી પોતાના નગર તરફ ચાલ્યો. પણ પ્રતિમાએ સાથે આવવાની ઈચ્છા ન કરી [અર્થાત્ ન આવી.] માર્ગમાં વર્ષા ઋતુ આવી, ત્યાં જ રહ્યા. ત્યાં દશે રાજાઓ ધૂળનો કિલ્લો બનાવીને રહ્યા. જેથી અવસ્કંદનો ભય ન રહે.

જે રાજા ઉદાયન જમતો તે જ પ્રદ્યોતને અપાતું હતું. પર્યુષણામાં પ્રદ્યોતને રસોઈયાએ પૂછ્યું – આજે શું જમશો ? ત્યારે પ્રદ્યોત વિચારે છે - મને [ભોજનમાં ઝેર આપી] મારી નાંખશે તેથી પૂછે છે - આજે કેમ રસોઈનું પૂછ્યું ? રસોઈયાએ કહ્યું – આજે પર્યુષણા [સંવત્સરી] છે, અમારા રાજાને ઉપવાસ છે. પ્રદ્યોત બોલ્યો – મારે પણ ઉપવાસ છે. મારા પણ માતાપિતા સંયત છે, મને યાદ ન રહ્યું કે આજે પર્યુષણા છે.

રસોઈયાએ ઉદાયન રાજાને કહ્યું. રાજા બોલ્યો – હું જાણું છું કે આ ધૂતારો છે, પણ આને બંધનમાં રાખીશ તો મારી પર્યુષણા શુદ્ધ નહીં થાય. તેથી મુક્ત કરીને ક્ષમા કરી, સુવર્ણનો પટ્ટ બનાવીને પ્રદ્યોતના કપાળના અક્ષરો ઢાંકવા માટે બાંધી દીધો. તે દેશ પણ પ્રદ્યોતને આપી દીધો. ત્યારથી પટ્ટબદ્ધ રાજાઓ થયા, પૂર્વે



મુગટબદ્ધ રાજાઓ હતા. વર્ષાઋતુ વીત્યા પછી ઉદાયનરાજા ગયો. ત્યાં જે વણિક્‌વર્ગ આવેલ, તે ત્યાં જ રહ્યો. ત્યારે તે દશપુર નગર થયું એ પ્રમાણે દશપુરની ઉત્પત્તિ જાણવી.

તે દશપુરમાં આર્યરક્ષિત ઉત્પન્ન થયેલ. તે રક્ષિતના પિતા જે કંઈ જાણતા હતા, તેટલું તેટલું તેને ભણાવ્યું. પછી ઘેર ભણવાનું બને તેમ ન હતું. તેથી પાટલીપુત્રે રક્ષિત ભણવા ગયો. ત્યાં સાંગોપાંગ ચાર વેદો ભણ્યો. સમસ્ત પારાયણ શીખ્યો અને શાસ્ત્રનો પારગ થયો. ચૌદ વિદ્યાસ્થાન ગ્રહણ કર્યા. પછી દશપુરે આવ્યો. રાજકુલ સેવકોએ તે જાણીને રાજાને કહ્યું, રાજાના કહેવાથી નગરને પતાકાદિયુક્ત કર્યું. રાજા સ્વયં અભિમુખ ગયો. તેણે રક્ષિતને જોતાં જ તેનો સત્કાર કર્યો. અગ્રાસન આપ્યું. એ પ્રમાણે નગરના બધાંએ અભિનંદિત કર્યો. શ્રેષ્ઠ હાથી ઉપર બેસી પોતાને ઘેર આવ્યો.

ઘેર પણ બાહ્ય અને અભ્યંતર પર્ષદાએ આદર કર્યો. તે પણ ચંદન કળશો વડે શોભિત કર્યું. ત્યાં બાહ્ય ઉપસ્થાનશાળામાં રહ્યો. અડધાં લોકો પાછા ગયા, ત્યારે વયસ્યો, મિત્રો આદિ બધાં આગંતુકોને મળ્યો. પરિજન અને લોકોએ અર્ધ્ય્‌ને પાદ્ય વડે પૂજ્યો. તેનું ઘર પણ દ્વિપદ, ચતુષ્પદ, સોનું, રૂપુથી ભરાઈ ગયું. ત્યારે વિચારે છે – માતા દેખાતા નથી. ઘરમાં ગયો. માતાનું અભિવાદન કર્યુ, માતા બોલી – હે પુત્ર ! તારું સ્વાગત છે. પછી મધ્યસ્થ રહી.

રક્ષિતે કહ્યું – હે માતા ! તમે ખુશ નથી શું ? મારા આવવાથી નગરને વિસ્મય થયું, હું ચૌદ વિદ્યાનો પારગામી થયો. માતા બોલી – પુત્ર ! મને કઈ રીતે સંતોષ થાય ? તું ઘણાં જીવોનો વધ કરવાનું ભણીને આવેલ છો. જેનાથી સંસાર વધવાનો છે, તેમાં હું શું ખુશ થાઉં ? શું તું દૃષ્ટિવાદ ભણીને આવેલ છો ? [તે હું ખુશ થાઉં ?]

પછી તે વિચારે છે – તે ક્યાં ભણાશે ? તો હું જઈને ભણું. જેથી માતાને સંતોષ થાય. લોકોને ખુશ કરીને શું લાભ ? ત્યારે પૂછે છે – હે મા ! તે દૃષ્ટિવાદ ક્યાં ભણાય ? માતા કહે છે – સાધુની પાસે હોય, ત્યારે તે પદાર્થ ચિંતવવા લાગ્યો. ત્યારે તેને થયું કે – નામ જ સુંદર છે – ‘‘દૃષ્ટિવાદ’’ જો કોઈ શીખવે, તો હું ભણું. માતા-પિતા ખુશ થશે.

ત્યારે પૂછે છે – તે દૃષ્ટિવાદને જાણનાર ક્યાં મળે ? માતા બોલી – આપણા ઈક્ષુગૃહમાં તોસલિપુત્ર નામે આચાર્ય છે. રક્ષિત બોલ્યો – કાલે ભણીશ. તું ઉત્સુક ન થા. ત્યારે તે રાત્રિના દૃષ્ટિવાદ નામનો અર્થ ચિંતવતો ઉંઘ્યો નહીં, બીજે દિવસે પ્રભાતમાં જ ચાલ્યો. તેના પિતાનો મિત્ર બ્રાહ્મણ ઉપનગર ગામમાં વસતો હતો. તેણે તે જોયેલ નહીં. હમણાં ક્ષણમાં જોઈશ. તે શેરડીના સાંઠા લઈને આવતો હતો, તેમાં નવ પ્રતિપૂર્ણ હતા, એકનો ખંડ હતો. રક્ષિત નીકળતો હતો ત્યારે તે સામે મળ્યો. તેણે પૂછ્યું – તું કોણ છે ? હું રક્ષિત છું ત્યારે તેણે ખુશ થઈને સ્વાગત કરી બોલાવ્યો. - x -

રક્ષિતે કહ્યું કે હું તમારી પાસે આવ્યો છું. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું. હું શરીર ચિંતાર્થે જઉં છું. આ શેરડીના સાંઠા માતાને આપીને કહેજે. - x - તેણી વિચારે છે - મારા પુત્રને સુંદર મંગલ થયું છે. તે નવ પૂર્વ અને થોડું વધારે ભણશે. રક્ષિત પણ વિચારે છે કે – મારે દૃષ્ટિવાદના નવાંગ અધ્યયનો ગ્રહણ કરવા. દશમું પૂરું નહીં. પછી ઈક્ષુગૃહમાં ગયો. ત્યાં જઈને વિચારે છે – હું કઈ રીતે પ્રવેશ કરું ? હું વિધિથી અજાણ છું. જો અહીં આમનો કોઈ શ્રાવક હશે, તો હું તેની સાથે પ્રવેશ કરીશ. એક બાજુ ઉભો રહ્યો.

ત્યાં ઢઙ્ઢર નામે શ્રાવક હતો, તે શરીરચિંતા કરીને ઉપાશ્રયે જતો હતો, ત્યારે તેવો દૂર રહીને ત્રણ નૈષેધિકી કરી. એ પ્રમાણે તે ઢઙ્ઢરે ઈર્યા આદિ મોટા સ્વરથી કરી. રક્ષિત તો મેધાવી હતો, તેણે ધારી લીધું તે પણ તે જ ક્રમે ઉપાશ્રયે પહોંચ્યો. બધાં સાધુને વંદન કર્યુ, પણ તે શ્રાવકે વંદન ન કર્યું. ત્યારે આચાર્યએ જાણ્યું કે આ નવો શ્રાવક છે. આચાર્યએ તેને પૂછ્યું – ધર્મનો બોધ ક્યાં પામ્યો ? રક્ષિતે કહ્યું – આ શ્રાવક પાસેથી. સાધુઓએ કહ્યું – આ શ્રાવિકાનો પુત્ર છે, કાલે જ હાથી ઉપર બેસીને આવેલ છે. આચાર્યએ ''કેમ ?'' પૂછતા તેણે બધી વાત કરી.

તેણે કહ્યું કે હું દૃષ્ટિવાદ ભણવા માટે આપની પાસે આવેલ છું. આચાર્ય બોલ્યા – અમારી પાસે દીક્ષા લેનારને જ અમે ભણાવીએ છીએ. રક્ષિતે કહ્યું – હું દીક્ષા લઈશ. તે પણ પરિપાટી ક્રમથી ભણાવાય છે. રક્ષિત કહ્યું – ભલે, તેમ થાઓ. પરિપાટી ક્રમે ભણીશ. પરંતુ મને અહીં દીક્ષા લેવાનું યોગ્ય નથી. બીજે જઈએ. આ રાજા અને બીજા લોકો મારામાં અનુરક્ત છે. પછી મને બળજબરીથી પાછો લઈ જશે. માટે બીજે જઈએ.

ત્યારે તેને લઈને બીજા સ્થાને ગયા. એ પહેલી શિષ્યનિષ્ફેટિકા. પછી તે થોડાં જ કાળમાં અગિયાર અંગ ભણી ગયો. તોસલીપુત્ર આચાર્ય પાસે જેટલો દૃષ્ટિવાદ હતો, તે પણ આણે શીખી લીધો. તે વખતે આર્યવજ્ર યુગપ્રધાન આચાર્ય સંભળાતા હતા. તેમની પાસે ઘણો દૃષ્ટિવાદ હતો. ત્યારે આર્યરક્ષિત ઉજ્જૈની મધ્યે થઈ તેમની પાસે જવા નીકળ્યા. માર્ગમાં ભદ્રગુપ્ત સ્થવિરની પાસે પહોંચ્યા. આચાર્ય ભગવંતે પણ તેની ઉપબૃંહણા કરી - ધન્ય છો, કૃતાર્થ છો. હું સંલિખિત શરીરી છું, મારી પાસે કોઈ નિર્યામક નથી. તું મારો નિર્યામક થા. રક્ષિતે પણ સ્વીકાર્યુ.

ભદ્રગુપ્તાચાર્યએ કાળ કરતાં પહેલાં કહ્યું કે – તું વજ્રસ્વામીની સાથે રહેતો નહીં, અલગ ઉપાશ્રયમાં રહીને ભણજે. કેમકે જેઓ તેની સાથે એક રાત્રિ પણ વસશે, તે તેની સાથે મૃત્યુ પામશે. રક્ષિતે તે વાત સ્વીકારી. ભદ્રગુપ્તાચાર્યે કાળ કર્યા પછી તે વજ્રસ્વામી પાસે ગયા. પણ બહાર સ્થિરતા કરી. વજ્રસ્વામીએ પણ સ્વપ્ન જોયું કે [કોઈ આવીને તેમના પાત્રમાંથી ખીર પીધી, તેમાંથી] થોડીક બાકી રહી ગઈ. તેમણે પણ ભદ્રગુપ્તાચાર્ય માફક જ આ વાતને પરિણામિત કરી [કહી.]

આર્ય રક્ષિત આવ્યા. વજ્રસ્વામીએ પૂછ્યું – ક્યાંથી આવો છો ? તોસલિપુત્ર આચાર્ય પાસેથી. કોણ ? આર્યરક્ષિત. બરાબર, સરસ. તારું સ્વાગત છે. ત્યાં ઉતર્યા



છો ? રક્ષિતે કહ્યું – બહાર. વજ્રસ્વામીએ પૂછ્યું કે – બહાર રહીને કઈ રીતે ભણવું - ભણાવવું શક્ય બને ? શું તું નથી જાણતો ? ત્યારે આર્યરક્ષિતે કહ્યું – મને ક્ષમાશ્રમણ ભદ્રગુપ્તએ કહેલું કે – બહાર રહેજે. ત્યારે વજ્રસ્વામીએ ઉપયોગ મૂક્યો ને જાણ્યું કે બરાબર છે. આચાર્યો કારણ વગર કંઈ ન બોલે. ભલે, બહાર રહે. ત્યારે ભણવાનું આરંભ થયું.

આર્ય રક્ષિત થોડાં જ કાળમાં નવ પૂર્વો ભણી ગયા. દશમું ભણવું શરૂ કર્યુ. ત્યારે વજ્રસ્વામીએ કહ્યું – ''ચાવકો'' કરો. તે આનું પરિકર્મ છે. તે સૂક્ષ્મ અને ગાઢ અંતવાળા હતા. ચોવીશ યવિકા ગ્રહણ કરી. આર્ય રક્ષિત તેટલું ભણ્યા. આ તરફ તેના માતા-પિતા શોકમગ્ન થઈ ગયેલા. ત્યારે આર્યરક્ષિતને થયું કે – ''મને હતું હું ઉદ્યોત કરીશ, પણ અંધકાર કરી દીધો.'' ત્યારે માતા-પિતાએ પાછો બોલાવ્યો. તો પણ ન ગયા. ત્યારે નાના ભાઈ ફલ્ગુરક્ષિતને મોકલ્યો. ચાલ, તું આવ તો બધાં દીક્ષા લેશે. પણ આર્યરક્ષિતને વિશ્વાસ ન બેઠો. જો તે બધાં દીક્ષા લેવાના હોય તો તું પહેલાં દીક્ષા લે ત્યારે ફલ્ગુરક્ષિતે દીક્ષા લીધી. તેને ભણાવ્યો.

આર્યરક્ષિત 'યવિકો'ના અધ્યયનમાં ઘણાં કંટાળીને પૂછે છે ભગવન્ ! દશમાં પૂર્વમાં કેટલું બાકી રહ્યું ? ત્યારે વજ્રસ્વામીએ બિંદુ અને સમુદ્ર તથા સરસવ અને મેરુનું દૃષ્ટાંત આપ્યું. બિંદુમાત્ર ભણ્યો, સમુદ્ર જેટલું બાકી છે, ત્યારે આર્ય રક્ષિત વિષાદ પામ્યા, મારી આટલું પાર જવાની ક્યાં શક્તિ છે ? ત્યારે પૂછે છે – ભદંત ! હું જઉં ? આ મારો ભાઈ આવેલ છે, તે ભણશે, તેને ભણાવો. આ પ્રમાણે તે નિત્ય પૂછે છે. ત્યારે આર્ય વજ્રએ ઉપયોગ મૂક્યો – શું આ શ્રુત મારી સાથે જ વિચ્છેદ પામશે ? ત્યારે તેમણે જાણ્યું કે – મારું આયુ થોડું છે, આ ફરી પાછો આવશે નહીં. તેથી મારી સાથે જ આ દશમું પૂર્વ વિચ્છેદ પામશે. તેથી આર્ય રક્ષિતને વિદાય આપી.

આર્ય રક્ષિત દશપુર પ્રતિ પ્રસ્થાન કર્યુ. વજ્રસ્વામી પણ દક્ષિણાપથે વિચરવા લાગ્યા. તેમને કફનો વ્યાધિ થયો. તેથી સાધુઓને કહ્યું કે – મારા માટે સુંઠ લાવજો. તેઓ લાવ્યા. સુંઠને વજ્રસ્વામીએ કાનમાં ભરાવી. ભોજન લઈને તેને ચુસીશ તેમ વિચાર્યુ. પછી ભૂલી ગયા. વિકાલે આવશ્યક કરતા મુખવસ્ત્રીકા વડે ચલિત થઈને પડી. તેમનો ઉપયોગ ગયો. અહો ! મને પ્રમાદ થઈ ગયો. પ્રમાદીને સંયમ ન હોય. તો મારે માટે શ્રેયસ્કર છે કે હવે હું ભક્ત પ્રત્યાખ્યાન કરું એમ વિચારે છે.

તેટલામાં બાર વર્ષીય દુષ્કાળ થયો. બધું ચોતરફથી છિન્ન થયું, માર્ગો ભાગી ગયા, નિરાધાર થયા. ત્યારે વજ્રસ્વામી વિદ્યા વડે લાવેલ આહા પ્રવ્રજિતોને આપે છે અને કહે છે – આ પ્રમાણે બાર વર્ષ આહાર ભોગવો, ભિક્ષા પણ મળતી નથી. જો તમને લાગે કે સંયમ ગુણો વધે છે, તો ભોગવજો જો લાગે કે તેમ થતું નથી, તો ભક્તપ્રત્યાખ્યાન કરજો. ત્યારે બધાં કહે છે – આવા વિદ્યા પિંડને ભોગવીને શું લાભ ? અમે ભક્ત પ્રત્યાખ્યાન કરીશું.

આચાર્યએ પૂર્વે જ તે જાણીને વજ્રસેન નામે શિષ્યને લેવા મોકલ્યો. કહ્યું કે જો તું લાખ મુદ્રાથી નિષ્પન્ન ભિક્ષા મેળવે તો જાણજે કે હવે દુષ્કાળનો નાશ થયો

છે. ત્યારપછી વજ્રસ્વામી શ્રમણગણથી પરીવરીને એક પર્વતે ચડવાનું આરંભ્યુ. અહીં ભક્ત પ્રત્યાખ્યાન કરીશું.

ત્યારે એક બાળ સાધુને કહ્યું – તું પાછો જા. તે જવા ઈચ્છતો નથી. ત્યારે તે એક ગામમાં તેને વિમોહિત કરી ભુલવાડ્યો. પછી પર્વતે આગળ વધ્યા. બાળ સાધુ તેમના ગતિમાર્ગથી જઈને, તે વડીલોને અસમાધિ ન થાય, તે માટે તેની જ નીચેના ભાગે શિલાતલે પાદપોપગત અનશને રહ્યો. ત્યારે તાપ વડે જેમ માખણ ઓગળી જાય તેમ થોડાં જ કાળમાં કાલગત થયો. દેવોએ તેના કાળધર્મનો મહોત્સવ કર્યો.

ત્યારે આચાર્ય બોલ્યા - બાળ સાધુએ પોતાનો અર્થ સાધી લીધો છે. પછી તે સાધુઓ બમણાં શ્રદ્ધા-સંવેગ પૂર્વક બોલ્યા – જો બાલકે તેનો અર્થ સાધ્યો, તો આપણે શું તેના કરતાં સુંદરતર ન કરીએ ? તેટલામાં પ્રત્યનીકા દેવી, તે સાધુને શ્રાવિકારૂપે ભક્ત-પાન વડે નિમંત્રે છે. હવે તમારે પારણું છે, પારણું કરો. ત્યારે આચાર્યએ જાણ્યું કે – આ અપ્રીતિક અવગ્રહ છે. ત્યારપછી બીજા ગિરિ ઉપર ગયા. ત્યાં દેવીનો કાયોત્સર્ગ કર્યો. તે દેવી આવીને બોલી – અહો ! મારો ઉપર અનુગ્રહ થશે, અહીં રહો. ત્યારે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. પછી ઈન્દ્ર વડે રથથી વંદન કરાયું. રથ વડે પ્રદક્ષિણા કરી. ઈત્યાદિ - x - x - તેથી તે પર્વત રથાવર્ત્ત પર્વત કહેવાય છે.

તે ભદંતના કાળધર્મ પછી અર્ધનારાચ સંઘયણ અને દશમું પૂર્વ વિચ્છેદ પામ્યા. [દશ પૂર્વો વ્યુચ્છિન્ન થયા.]

તે વજ્રસેન જેને મોકલેલ, તે ભ્રમણ કરતાં સોપારક નગરે ગયો. ત્યાં શ્રાવિકા જીવાજીવની જ્ઞાતા અને ઈશ્વરી હતી. તેણી વિચારે છે – કઈ રીતે જીવીશું ? કોઈ આધાર પણ નથી. ત્યારે લાખ મુદ્રા વડે તે દિવસે ભોજન બનાવ્યું અને વિચાર્યુ કે – અહીં અમે સર્વકાળ ઉર્જિત જીવ્યા. હાલ અહીં જ દેહબલિકા વડે વૃત્તિ કલ્પવી [મરી જવું] કોઈ આધાર વહે છે નહીં. લાખ મુદ્રાથી નિષ્પન્ન આહારમાં ઝેર ભેળવી, જમીને, નમસ્કાર ધ્યાનપૂર્વક કાળ કરીશું. તે માટે સજ્જ થયા. પણ હજી વિષ ભેળવેલ ન હતું. તે વજ્રસેન સાધુ ચાલતા-ચાલતા ત્યાં પહોંચ્યા.

ત્યારે તે શ્રાવક-શ્રાવિકા હર્ષિત અને સંતુષ્ટ થઈને તે સાધુને તે પરમ અન્ન વડે પ્રતિલાભિત કર્યા. પરમાર્થને સાધે છે. તે સાધુ બોલ્યા – તમે ભક્ત પ્રત્યાખ્યાન કરશો નહીં. મન વજ્રસ્વામીએ કહેલું કે – જ્યારે તું લાખ મુદ્રાથી નિષ્પન્ન ભિક્ષાને પામીશ, ત્યારપછી પ્રભાતે જ સુકાળ થશે. ત્યારે ત્યાંથી નીકળજે. તે વખતે શ્રાવિકાએ અટકાવવાથી રહી ગયા. એ જ દિવસે વહાણ વડે ચોખા આવ્યા. ત્યારે આજીવિકાનો આધાર થયો. તે સાધુ ત્યાં જ રહ્યા. સુભિક્ષ [સુકાળ] થયો. તે બધાં શ્રાવકોએ તેમની પાસે દીક્ષા લીધી. પછી વજ્રસ્વામીની પાટ પરંપરામાં વંશ સ્થિર થયો.

આ તરફ આર્ય રક્ષિતે દશપુર જઈને બધાં સ્વજન વર્ગને દીક્ષા આપી. માતા,





બહેને પણ દીક્ષા લીધી તેના જે પિતા, તે પણ અનુરાગથી તેમની સાથે રહેવા લાગ્યા. પણ પિતાજી લજ્જાને કારણે વેશ સ્વીકારતા નથી. હું શ્રમણ પ્રવ્રજ્યા કઈ રીતે લઈશ ? અહીં મારી દીકરી, પત્ની આદિ બધાં સ્વજન છે, તેમની આગળ નગ્ન કઈ રીતે રહી શકું ?

આચાર્યએ તેમને ઘણી વાર કહ્યું – દીક્ષા લઈ લો. તે કહેતા – જો સરખા વસ્ત્ર, કુંડિકા, છત્ર, ઉપાનહ, જનોઈ રહેવા દે તો દીક્ષા લઉં. આર્ય રક્ષિત સૂરિએ તે કબૂલ કર્યુ. તેના પિતાએ દીક્ષા લીધી. તે ફરી ચરણ-કરણ-સ્વાધ્યાયમાં અનુવર્તે તેમ કરીશ. પછી તે કટીપટ્ટક [ધોતી], છત્ર, ઉપાનહ, કુંડિકાને મૂકતા ન હતા. બાકી બધાંનો ત્યાગ કર્યો.

અન્ય કોઈ દિવસે ચૈત્યને વાંદવા ગયા. આચાર્યએ પૂર્વે બાળકોને બોલાવીને કહેલું કે – આ છત્રીધારીને છોડીને બધાંને વંદન કરજો. ત્યારે તે પિતા મુનિ વિચારે છે કે – આ મારા પુત્ર-પૌત્રોને વંદન કરે છે, મને કેમ નથી કરતાં ? ત્યારે તે બોલ્યા કે – કેમ હું પ્રવ્રજિત નથી ? બાળકો બોલ્યા – પ્રવ્રજિતને છત્ર ક્યાંથી હોય ? માટે નથી વાંદતા. ત્યારે પિતા મુનિએ વિચાર્યુ કે આ બધાં પણ મને તિરસ્કારે છે, માટે છત્રીનો ત્યાગ કરું.

ત્યારે પુત્ર [આર્ય રક્ષિત]ને કહ્યું – હે પુત્ર ! આ છત્રીનું શું કામ છે ? ત્યારે તે કહે છે – કંઈ નથી. જો તાપ પડશે તો ઉપર વસ્ત્ર રાખીશું. પછી ફરી બાળકોને શીખવ્યું કે – આ કુંડિકાવાળાને છોડીને બધાંને વંદન કરજો. એ પ્રમાણે થતાં પૂર્વવત્ આર્ય રક્ષિતે કહ્યું – માત્રક વડે સંજ્ઞા ભૂમિ જવું. એ પ્રમાણે યજ્ઞોપવિત પણ છોડાવી દીધી. પછી આચાર્યએ કહ્યું – આપણને કોઈ અહીં જાણતું નથી કે આપણે બ્રાહ્મણ છીએ, એ પ્રમાણે તેને તે બધું જ છોડાવી દીધું. પછી બાળકોને શીખવ્યું કે પે'લા કટીપટ્ટક [ધોતી] વાળાને છોડીને બધાંને વંદન કરજો. ત્યારે પિતા મુનિએ કટીપટ્ટ ન છોડ્યો અને કહી દીધું કે – કંઈ નહીં, તમે ન વાંદતા, મને બીજા વંદન કરશે.

તેટલામાં કોઈ સાધુએ ભોજનના પ્રત્યાખ્યાન કર્યા, મૃત્યુ પામ્યા. ત્યારે કટીપટ્ટક છોડાવવાને આચાર્યએ કહ્યું – જે આ મૃતકનું વહન કરશે તેને મહાફળ પ્રાપ્ત થશે. પહેલાંથી જ સાધુને એવી સંજ્ઞા કરી રાખેલી કે – તમે બોલજો - અમે આને વહન કરીશું. તેથી આચાર્યને સ્વજન વર્ગ કહેવા લાગ્યો કે – અમે આ મૃતકને વહન કરશું – અમે વહન કરશું. તેઓ કલહ કરવા લાગ્યા. આચાર્ય પાસે આવ્યા. આચાર્યએ કહ્યું – અમારો સ્વજન વર્ગ કેમ નિર્જરા ન પામે. તમે જ કહો કે – અમે વહન કરીશું.

ત્યારે તે સ્થવિર કહે [પિતા મુનિ] છે – હે પુત્ર ! શું આમાં ઘણી નિર્જરા થાય ? આચાર્ય બોલ્યા - થાય. ત્યારે તે બોલ્યા - તો હું મૃતક લઈ જઈશ. આચાર્યએ કહ્યું – અહીં ઉપસર્ગ ઉત્પન્ન થશે. બાળકો નગ્ન પણ કરી દેશે. તે સહન કરવાનું સામર્થ્ય હોય તો જ મૃતકનું વહન કરજો. પણ જો સહન કરી ન શકો તો

અમારે માટે તે સારું કહેવાશે નહીં. સ્થવિર બોલ્યા – હું સહન કરી લઈશ. જેવા તે ઉભા થઈને ચાલ્યા કે તેની પાછળ પ્રવ્રજિત સાધુ ઉભા થયા. ત્યારે બાળસાધુ કહે છે – આ કટીપટ્ટ છોડી દો. તે છોડીને આગળ ચાલ્યા. દવરક [ચોલપટ્ટ] બાંધી દીધો. ત્યારે લજ્જાથી તેને વહન કરવા લાગ્યા. કેમકે પાછળ મારી પુત્રી વગેરે જુએ છે. એ પ્રમાણે તેણે ઉપસર્ગને સહન કર્યો. એ પ્રમાણે મૃતકને વહન કર્યું. પછી સ્થવિર મુનિ તે રીતે જ પાછા આવ્યા. ત્યારે આચાર્યએ પૂછ્યું – હે વૃદ્ધ ! આ શું છે ? સ્થવિર મુનિ કહે છે – ઉપસર્ગ થયેલો. આચાર્યએ કહ્યું – હવે ધોતી લાવો. ત્યારે સ્થવિર બોલ્યા – ધોતીનું શું કામ છે ? જે દેખાવાનું હતું તે તો દેખાઈ ગયું હવે ભલે આ ચોલપટ્ટો જ રહ્યો. એ રીતે ચોલપટ્ટો સ્વીકાર્યો.

પછી તેઓ ભિક્ષાર્થે જતાં ન હતા. આચાર્ય વિચાર કરે છે કે – જો આ ભિક્ષાર્થે જશે નહીં, તો કોણ જાણે - ક્યારે શું થશે ? પછી તે એકલા શું કરશે ? આને નિર્જરા પ્રાપ્ત થાય તેમ કરવું. તે માટે એવું કંઈક કરું કે તે ભિક્ષા માટે નીકળે. એ પ્રમાણે જો પોતાની વૈયાવચ્ચ કરશે તો પછી બીજાની પણ વૈયાવચ્ચ કરશે. ત્યારપછી આચાર્યએ બધાં સાધુ - અલ્પ સાગારિકોને કહ્યું – હું જઉં છું. તમે એકલાં જ સમુદ્દેશ કરજો. પિતામુનિ આગમ વાત કરી, તે સાધુ બધાંએ સ્વીકારી. - x - x -

આચાર્ય ગયા. તે સાધુઓ ભિક્ષાર્થે નીકળ્યા. બધાં એકલાં જ સમુદ્દેશ કરે છે. ત્યારે પિતામુનિ વિચારે છે કે મને - આ લોકો આપશે. પણ એક પણ સાધુએ તેમને આહારમાં કંઈ ન આપ્યું. એમ કરતાં કરતાં કોઈએ કંઈ ન આપતા તે પિતા મુનિ ક્રોધિત થયા. કોઈ કંઈજ બોલતું નથી. ત્યારે તે સ્થવિર વિચારે છે, કાલે મારો પુત્ર આવશે, ત્યારે જો જો, હું આ બધાંની ખબર લઈશ ! બીજો દિવસે આચાર્યએ આવીને પૂછ્યું – હે પિતા ! તમારો કાલનો દિવસ કેવો રહ્યો ? ત્યારે પિતા મુનિ બોલ્યા – હે પુત્ર ! જો તું નહીં હો તો હું એક પણ દિવસ જીવી શકીશ નહીં. આ બીજા જે મારા પુત્રો-પૌત્રો છે, તે પણ કંઈ આપતા નથી.

ત્યારે આચાર્ય એ તેની સામે જ બધાંને તતડાવ્યા. તેઓએ પણ કબૂલ કર્યુ. ત્યારે આચાર્ય બોલ્યા – પાત્રા લાવો, હું જાતે જ પિતાનું પારણું કરાવવા કંઈક લઈ આવું. ત્યારે વૃદ્ધિ વિચાર્યુ કે – મારો પુત્ર કેમ જાય ? લોકો પાસે કદાપી પૂર્વે આ રીતે ગયેલ નથી. તેથી વૃદ્ધ બોલ્યા – હું જ જઈશ. પછી તે વૃદ્ધ જાતે જ નીકળ્યા. તે લબ્ધિસંપન્ન હતા. લાંબો કાળ ગૃહસ્થપણે જ રહેલા. તે ભ્રમણ કરવાનું જાણતા ન હતા. ક્યાં દ્વાર કે અપદ્વાર છે તે પણ ખબર ન હતી. પછી તે એક ઘેર અપદ્વારથી ગયા. - x - x - ગૃહસ્વામી પૂછે છે – અપદ્વારથી હે પ્રવ્રજિત કેમ આવ્યા ? વૃદ્ધે કહ્યું – લક્ષ્મી આવતી હોય ત્યારે દ્વાર કે અપદ્વાર શું ? જ્યાંથી આવે ત્યાંથી સારું જ છે ને. ગૃહસ્વામીએ કહ્યું – આને ભિક્ષા આપો. ત્યારે ૩ર-લાડવા મળ્યા.

વૃદ્ધ મુનિ તે લઈને આવી ગયા. એના વડે આલોચના કરાઈ. પછી આચાર્ય



કહે છે – આપને બત્રીશ શિષ્યો થશે. પરંપરાથી આવલિકા સ્થાપક થશે. પછી આચાર્યએ પૂછ્યું – જો તમે કોઈ રાજકુળથી કંઈ વિશેષ મેળવો તો કોને આપશો ? તે બોલ્યા – બ્રાહ્મણોને અમારા સાધુ પણ એટલાં જ પૂજ્ય છે આમને તેનો લાભ પહેલાં આપો. બધાં સાધુને આપ્યું. ત્યારે ફરી પોતાને માટે ભિક્ષા લેવા ગયા. પછી તેમને પરમાન્ન ઘી-ખાંડ સહિત પ્રાપ્ત થઈ. પછી સ્વયં સમુદ્દેશ કર્યો. એ પ્રમાણે તે પોતાના માટે ભ્રમણ કરતા ઘણાં જ લબ્ધિસંપન્ન થઈ બાળ અને દુર્બળના આધારરૂપ થયા.

તે ગચ્છમાં ત્રણ પુષ્પમિત્રો હતા. એક દુર્બલિકાપુષ્પમિત્ર, એક ઘૃતપુષ્પમિત્ર અને એક વસ્ત્રપુષ્પમિત્ર. જે દુર્બલિક હતા તે સ્મારક યાદ રાખનાર હતા. ઘૃતપુષ્પમિત્ર ઘીને ઉત્પાદિત કરતા હતા. તેને લબ્ધિ હતી. દ્રવ્યથી ઘીને ઉત્પાદિત કરે, ક્ષેત્રથી ઉજ્જૈનીમાં, કાળથી - જેઠ અને અષાઢ માસમાં, ભાવથી - એક બ્રાહ્મણી-પ્રસૂતા-તેના પતિએ થોડું-થોડું એકઠું કરીને છ માસ વડે ઘીનો ઘડો ઉપાર્જન કરેલો. જેથી તે પ્રસૂતા માટે કંઈક ઉપયોગી થાય. તેની યાચના કરવી. બીજાની નહીં. છતાં પણ તે હર્ષિત અને સંતુષ્ટ થઈને આપી દે. પરિમાણથી - જેટલું ગચ્છને જોઈતું હોય તેટલું.

તે સાધુ વહોરવા નીકળે ત્યારે પૂછે, કોને કેટલા ઘીનું પ્રયોજન છે ? જેટલું બોલે, તેટલું લાવી દે.

જે વસ્ત્રપુષ્પમિત્ર હતા, તેને આવી જ લબ્ધિ હતી. તે વસ્ત્રોને ઉપાર્જિત કરી શકતા હતા. દ્રવ્યથી વસ્ત્ર, ક્ષેત્રથી વૈદેહ કે મથુરામાં, કાળથી વર્ષામાં કે શીતકાળમાં. ભાવથી - જેમ કોઈ એક વિધવા હોય. તે અતિ દુઃખથી ભુખે મરતી, કાંતણ કરતી, એક વસ્ત્રને વણીને કાલે પહેરીશ એમ વિચારે. એટલામાં જો તે વસ્ત્રપુષ્પમિત્ર તેની યાચના કરે તો હર્ષિત અને સંતુષ્ટ થઈને આપી દે. પરિણામથી - ગચ્છના બધાં સાધુને જોઈએ તેટલું.

જે દુર્બલિકાપુષ્પમિત્ર હતા, તેણે નવે પણ પૂર્વો ભણેલા. તે તેને રાત-દિવસ યાદ કરતા. એ પ્રમાણે સ્મરણ કરતાં-કરતાં તે દુબળા થઈ ગયા. જો તેઓ સ્મરણ ન કરે તો તેનું બધું વિસ્મૃત થઈ જતું. તેને વળી દશપુરમાં જ સ્વજનો હતા. તેઓ વળી, રક્તપટ ઉપાસકા હતા. આચાર્યની પાસે આવતા-આશ્રય કરતા. તેઓ કહેતા-અમારા ભિક્ષુ ધ્યાનરત છે. તમારે ધ્યાન નથી. આચાર્યએ કહ્યું – અમારે ધ્યાન છે. આ તમારો જે સ્વજન દુર્બલિકા પુષ્પમિત્ર છે, તે ધ્યાનને લીધે જ દુર્બળ છે. તેઓ બોલ્યા કે – આ ગૃહસ્થપણામાં સ્નિગ્ધ આહાર વડે બલિક હતો, અહીં તે મળતું નથી, માટે દુર્બળ છે. આચાર્યએ કહ્યું – આ ઘી વિના કદાચિત્ ભોજન કરતો નથી. તેઓ પૂછે છે કે – તમારી પાસે ઘી ક્યાં છે ? આચાર્યએ કહ્યું ઘૃતપુષ્પમિત્ર લાવે છે પરંતુ તે સ્વજનોને વિશ્વાસ બેઠો નહીં.

ત્યારે આચાર્ય ભગવંતે પૂછ્યું કે – એ શું તમારી પાસેથી લાવે ? તેઓ બોલ્યા – ઘીનો ગાડવો લઈ આવો. તેમને બોધ પમાડવા તેમના ઘેર મોકલ્યા. હવે

ઘી લાવો. તે પ્રમાણે દેવાને પ્રવૃત્ત થયા. તે પણ સ્મરે છે. તો પણ ઘણું જ ઘી આપે છે. પછી નિર્વિણ થાય છે. ત્યારે કહે છે — હવે સ્મરણ કરશો નહીં. સાધુ અંત-પ્રાંત આહાર કરવા લાગ્યા. ત્યારે તે ફરી પણ પુરાણ શરીરવાળા થઈ ગયા. પછી તેમના સ્વજનોને ખાતરી કરાવી, ધર્મ કહ્યો. તેઓ શ્રાવકો થયા.

તે ગચ્છમાં આ ચાર વ્યક્તિ મુખ્ય હતા — દુર્બલિકાપુષ્પમિત્ર, વિંધમુનિ, ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠા માહિલ. તેમાં જે વિંધમુનિ હતા તે ઘણાં મેધાવી હતા. સૂત્રાર્થ અને તદુભય ધારણામાં સમર્થ હતા. તે વારંવાર સૂત્રમંડલીમાં વિષાદ પામતા યાવત્ પરિપાટીએ આલાવા આવતા તેટલામાં ખેદિત થઈ જતાં. તેમણે આચાર્યને કહ્યું — હું સૂત્ર મંડલીમાં વિષાદ પામું છું કેમકે ઘણાં કાળે આલાવાની પરિપાટી આવે છે. તો મને વાચનાચાર્ય આપો. ત્યારે આચાર્યએ દુર્બલિકાપુષ્પમિત્રને તેના વાચનાચાર્યરૂપે આપ્યા.

ત્યારપછી તે કેટલાંક દિવસો વાચના આપીને આચાર્ય પાસે આવ્યા અને કહ્યું — મને વાંચના દેતા [બીજું જ્ઞાન] નાશ પામે છે - x - x - જો હું સ્મરણ નહીં કરું તો નવમું પૂર્વ નાશ પામશે. ત્યારે આચાર્ય વિચારે છે - જો આવા પરમ મેધાવીને આ પ્રમાણે સ્મરણ કરતાં નાશ પામે, તો બાકીનાને તો ચિરનષ્ટ જ છે. તેમણે અતિશયનો ઉપયોગ મૂક્યો — મતિ, મેધા, ધારણા વડે શેષ પુરુષોને પરિહીન થતાં અને કાલાનુભાવને પણ ઘટતો જાણ્યો. તેથી આર્યરક્ષિત સૂરિએ અનુગ્રહને માટે અનુયોગને શ્રુતવિભાગથી પૃથક્ કર્યા. જેથી સુખેથી ગ્રહણ થઈ શકે. નયોના પણ વિભાગ કર્યા. - x - x - x - ઈત્યાદિથી કાલિક શ્રુતમાં નય વિભાગ ન રહ્યો.

**● ભાષ્ય-૧૨૪ :-**

***કાલિક શ્રુત, ઋષિભાષિત [એ બે અનુયોગ], ત્રીજો અનુયોગ સૂર્ય પ્રજ્ઞપ્તિ, દૃષ્ટિવાદ એ ચોથો અનુયોગ જાણવો.***

**● વિવેચન-૧૨૪ :-**

કાલિક શ્રુત તે ૧૧-અંગરૂપ છે, ઋષિભાષિત - તે ઉત્તરાધ્યયનાદિ, ત્રીજો કાલાનુયોગ [ગણિતાનુયોગ] તે સૂર્યપ્રજ્ઞપ્તિ, ઉપલક્ષણથી ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ. કાલિકશ્રુત તે ચરણકરણાનુયોગ છે. ઋષિભાષિત તે ધર્મકથાનુયોગ છે એમ જાણવું. આખો દૃષ્ટિવાદ તે ચોથો અનુયોગ છે અર્થાત્ તેને દ્રવ્યાનુયોગ જાણવો. તેમાં ઋષિ ભાષિતને ધર્મકથાનુયોગ એમ કહ્યો. તેથી મહાકલ્પશ્રુતાદિ પણ ઋષિભાષિતત્વથી દૃષ્ટિવાદથી ઉદ્ધરેલ છતાં તેના પ્રતિપાદિતત્વથી ધર્મકથાનુયોગત્વનો પ્રસંગ આવે. તેથી તેનો અપોદ્ધાર કરવાને માટે કહે છે —

**● નિર્યુક્તિ-૭૭૭ :-**

***જે મહાકલ્પશ્રુત અને જે પણ બાકીના છેદસૂત્રો છે, તે ચરણકરણાનુયોગ છે એમ કરીને કાલિક અર્થમાં સમાવાયા છે.***

**● વિવેચન-૭૭૭ :-**

[ગાથાર્થ કહ્યો.] અહીં જે રીતે આર્યરક્ષિતને દેવેન્દ્રએ વાંધા, તે પ્રમાણે કહે



છે. તેઓ વિચરતા મથુરા ગયા. ત્યાં ભૂત ગુફામાં વ્યંતરગૃહે રહ્યા. આ તરફ દેવેન્દ્ર દેવરાજ શક્ર મહાવિદેહમાં સીમંધર સ્વામીને પૂછે છે — નિગોદ જીવનું સ્વરૂપ શું ? જ્યારે ભગવંતે નિગોદના જીવોનું સ્વરૂપ કહ્યું, ત્યારે ઈન્દ્રે પૂછ્યું કે — શું ભરતક્ષેત્રમાં એવું કોઈ છે, જે નિગોદનું આવું સ્વરૂપ જણાવી શકે ? ભગવંતે કહ્યું — હા, આર્યરક્ષિત છે.

ત્યારે બ્રાહ્મણનું રૂપ લઈને ઈન્દ્ર આવ્યો. ત્યાં સ્થવિર [વૃદ્ધ] રૂપ કરીને સાધુ નીકળતા હતા ત્યારે આવ્યો. વંદન કરીને પૂછ્યું — ભગવન્ ! મારા શરીરમાં આ મહા વ્યાધિ થયો છે. મારે ભક્ત પચ્ચક્ખાણ કરવું છે. તો મને જણાવો કે મારું આયુષ્ય કેટલું છે ? આયુશ્રેણિ યવિકોમાં કહો. ત્યારે ઉપયોગવંત આચાર્ય જેટલામાં જુએ છે કે — આનું આયુ તો ૧૦૦ વર્ષથી અધિક છે, બે કે ત્રણ. ત્યારે વિચારે છે — ભરતક્ષેત્રમાં આવો મનુષ્ય ન હોય. આ કોઈ વિદ્યાધર કે વ્યંતર હોવો જોઈએ. યાવત્ આનું આયુ તો બે સાગરોપમનું છે. ત્યારે બે હાથ પડે ભ્રમર ખેંચીને કહ્યું - તમે શક્ર છો.

તે વખતે શક્રે બધી વાત કરી. જેમકે — મેં મહાવિદેહમાં સીમંધર સ્વામીને પૂછ્યું અને એ રીતે અહીં આવ્યો. તો હું નિગોદના જીવોનું સ્વરૂપ સાંભળવા ઈચ્છું છું. ત્યારે આર્યરક્ષિતે તેને કહ્યું. ત્યારે સંતુષ્ટ થઈ શક્ર પૂછે છે — હું જઉં ? આચાર્યએ કહ્યું — મુહૂર્ત્ત માત્ર રહો. તેટલામાં સાધુઓ આવે છે. હાલ દુષ્કથા પ્રવર્તે છે, જે ચલિત થયા છે, તેઓ સ્થિર થઈ જશે કે હજી પણ દેવેન્દ્રો આવે છે. ત્યારે શક્રએ કહ્યું કે — જો તે મને જોશે તો તેઓ અલ્પ સત્ત્વી હોવાથી નિયાણું કરશે, માટે હું જઉં. તેથી ચિહ્ન કરીને જઉં. પછી શક્રએ ઉપાશ્રયનું દ્વાર બીજી તરફ કરી દીધું.

ત્યારપછી સંયતો આવ્યા. જુએ છે કે — આ દ્વાર આમ કેમ થઈ ગયું ? આચાર્યએ ઉત્તર આપ્યો કે - x - શક્ર આવેલ હતો. તેઓ કહેવા લાગ્યા - અહો ! અમે ન જોયો. કેમ મુહૂર્ત્ત ધીરજ ન રાખી ? ત્યારે કહે છે કે — અલ્પ સત્ત્વવાળા મનુષ્યો નિદાન કરશે, તેમ જાણીને આ પ્રાતીહાર્ય કરીને ગયો. એ પ્રમાણે આર્ય રક્ષિત દેવેન્દ્ર વડે વંદિત કહેવાયા.

તેઓ ક્યારેક વિહાર કરતાં દશપુર ગયા. મથુરામાં અક્રિયાવાદી ઉત્પન્ન થયેલ. માતા નથી, પિતા નથી, એ પ્રમાણે નાસ્તિક વાદ કરે છે. - x - ત્યારે સંઘે એક સંઘાટક [સાધુ યુગલને] આર્યરક્ષિત સૂરિ પાસે મોકલ્યા. તેઓ યુગપ્રધાન આચાર્ય છે. તે બંનેએ આવીને રક્ષિત સૂરિને કહ્યું. તેઓ વૃદ્ધ થઈ ગયેલા. ત્યારે તેના મામા ગોષ્ઠા માહિલને મોકલ્યા. તેમને વાદલબ્ધિ હતી. તેણે જઈને તે વાદીનો નિગ્રહ કર્યો. પછી શ્રાવકોએ ગોષ્ઠા માહિલને પકડી રાખ્યા, ત્યાં જ તેઓ ચોમાસુ રહ્યા.

આ તરફ આર્યરક્ષિત સૂરિ વિચારે છે કે — હવે ગણને ધારણકર્તા કોણ થશે ? ત્યારે તેમણે દુર્બલિકાપુષ્પમિત્રને નિર્ધારિત કર્યા. વળી જે તેમનો સ્વજનવર્ગ

હતો, તે ગોષ્ઠામાહિલ કે ફલ્ગુરક્ષિત માટે અભિમત હતો. ત્યારે આચાર્યએ બધાંને બોલાવીને દૃષ્ટાંત કહ્યું —

જેમકે ત્રણ ઘડા હોય - નિષ્પાવકૂટ, તેલકૂટ અને ઘીકૂટ. તે ત્રણેને જો ઉંધા મુખે કરવામાં આવે તો નિષ્પાવ-અડદ બધાં જ બહાર નીકળી જશે. તેલ પણ નીકળી જશે તો પણ તેના અંશો રહી જશે. ઘી ઘડામાં ઘણું બધું ચોંટી રહેશે. એ પ્રમાણે હે આર્યો ! હું દુર્બલિકાપુષ્પમિત્ર પ્રતિ સૂત્ર, અર્થ, તદુભયમાં નિષ્પાવકુટ સમાન થયો છું. ફલ્ગુરક્ષિતમાં તૈલકૂટ સમાન થયો અને ગોષ્ઠામાહિલમાં ઘીના ઘડા સમાન થયો છું. એ રીતે સૂત્ર અને અર્થથી દુર્બલિકાપુષ્પમિત્ર ઉપગત છે માટે તે તમારા આચાર્ય થાઓ તે બધાંએ પણ તેમ સ્વીકારી લીધું.

બીજા પણ કહે છે — જેમકે હું ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠા માહિલને માટે વર્ત્યો છું. તે પ્રમાણે તમારા વડે પણ વર્તન થવું જોઈએ. તેઓ પણ બોલ્યા — જેમ આપ અમારામાં વર્ત્યા, તેમ આમાં પણ વર્તજો. વળી — હું કૃત કે અકૃતમાં જેમ રોષ કે ક્ષમ કરતો નથી, તે એ પ્રમાણે વર્તવું સારું એ પ્રમાણે બંને વર્ગોને આજ્ઞા કરી, ભક્તપ્રત્યાખ્યાન કરી દેવલોકે ગયા.

ગોષ્ઠા માહિલે પણ સાંભળ્યું કે આચાર્ય કાળગત થયા. ત્યારે આવીને તે પૂછે છે — ગણને ધારણકર્તા રૂપે કોને સ્થાપ્યા છે ? ઘડાનું દૃષ્ટાંત પણ સાંભળ્યું. તેથી તે પૃથક્ ઉપાશ્રયે રહેવા આવી ગયો. તેમની પાસે ત્યારે નમીને બધાંએ ઉભા થઈને કહ્યું કે — અહીં જ રહો. પણ ગોષ્ઠામાહિલ ન માન્યા. ત્યારે બહાર રહીને બીજાને વ્યુદ્‌ગ્રાહિત કરવા લાગ્યો. પણ તેમને વ્યુદ્‌ગ્રાહિત કરી શક્યો નહીં.

આ તરફ આચાર્ય અર્થ પોરિસિ કરે છે, તે સાંભળતો નથી અને કહે છે — તમે અહીં અડદના ઘડા સમાન છો. ત્યારે ત્યાં ઉઠીને વિંધમુનિ અનુભાષણ કરતાં તે સાંભળે છે. આઠમાં કર્મપ્રવાદ પૂર્વમાં કર્મોનું વર્ણન આવે છે. જે રીતે કર્મ બંધાય છે. જીવ અને કર્મનો બંધ કઈ રીતે થાય ? એ વિચારમાં તે અભિનિવેશથી અન્યથા માનતો અને પ્રરૂપતો નિહ્નવ થઈ ગયો.

આ પ્રસ્તાવ વડે આ નિહ્નવો કોણ ? તે આશંકા નિવારવા માટે તેને પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે —

● **નિર્યુક્તિ-૭૭૮ :-**

***બહુરત, પ્રદેશ, અવ્યક્ત, સમુચ્છેદ, દ્વિક, ત્રિક, અબદ્ધિક એ પ્રમાણે સાત નિહ્નવો નિશ્ચે વર્ધમાનસ્વામીના તીર્થમાં થયા.***

● **વિવેચન-૭૭૮ :-**

(૧) બહુરત - એક સમય વડે ક્રિયાધ્યાસિત રૂપથી વસ્તુની ઉત્પત્તિ ન થાય, પણ ઘણાં સમયે ઉત્પત્તિ થાય. ઘણાં સમયમાં આસક્ત તે બહુરત અર્થાત્ દીર્ઘકાળે દ્રવ્ય પ્રસૂતિને પ્રરૂપનારા. (૨) પ્રદેશ-જીવપ્રદેશો. - x - જેના જીવપ્રદેશો છે તે જીવપ્રદેશનિહ્નવ - ચરમ પ્રદેશે જીવ છે તેમ પ્રરૂપણા કરનાર, (૩) અવ્યક્ત - x - અવ્યક્તા - x - વ્યક્ત એટલે સ્ફૂટ, વ્યક્ત નથી તે અવ્યક્ત-અસ્ફૂટ મતવાળા.



સંયતાદિના અવગમમાં સંદિગ્ધ બુદ્ધિવાળા. (૪) સમુચ્છેદ - પ્રસૂતિ પછી સામસ્ત્યથી પ્રકર્ષ છેદ તે સમુચ્છેદ - વિનાશ. તેને જાણનાર કે ભણનાર તે સામુચ્છેદા અર્થાત્ ક્ષણ ક્ષયિ ભાવની પ્રરૂપણા કરનારાઓ.

(૫) દ્વિક - એક સમયમાં બે ક્રિયા સમુદિતમાં દ્વિકીય, તેને ભણતા કે જાણતાં દ્વૈક્રિય. કાળભેદથી બે ક્રિયાનો અનુભવ પ્રરૂપનારા. (૬) ત્રિક - ત્રૈરાશિક એટલે જીવ, અજીવ, નોજીવ ભેદથી ત્રણ રાશિની ખ્યાપના કરનારા તે ત્રૈરાશિકો. (૭) અબદ્ધિક - જીવ વડે સ્પૃષ્ટ કર્મ સ્કંધવત્ બદ્ધ નથી તે અબદ્ધ, તે અબદ્ધ છે તેમ માનતા કે જાણતા તે અબદ્ધિકો - સ્પૃષ્ટ કર્મના વિપાકની પ્રરૂપણા કરનારા.

આ સાત નિહ્નવો વર્ધમાન સ્વામીના તીર્થમાં થયા. તેમાં નિહ્નવનો શો અર્થ છે ? પોતાની યુક્તિથી તીર્થંકરના કહેલાને છુપાવે તે નિહ્નવ એટલે મિથ્યાદૃષ્ટિ. કહ્યું છે — સૂત્રોક્તના એક પણ અક્ષરની અરુચિ જે મનુષ્યને થાય, તે મિથ્યાદૃષ્ટિ છે. આપણે તો જિનેશ્વરે કહેલ સૂત્ર જ પ્રમાણ રૂપ છે. ખલુ શબ્દ વિશેષણ છે, શું વિશેષિત કરે છે ? બીજા તો દ્રવ્યલિંગથી પણ ભિન્ન - બોટિક નામે છે. તે પણ વર્ધમાનસ્વામીના તીર્થમાં. તેમનું નિર્ગમન અનુક્રમે કહીશ —

હાલ આ મતો જેનાથી સમુત્પન્ન થયા, તે કહે છે —

● **નિર્યુક્તિ-૭૭૯,૭૮૦ :-**

***બહુરત મત જમાલિથી, જીવપ્રદેશ મત તિષ્યગુપ્તથી, અવ્યક્તા અષાઢથી, સામુચ્છેદ અશ્વમિત્રથી, બેક્રિયા ગંગાચાર્યથી, ત્રિરાશિક મત ષડ્‌લુકથી અને સ્પૃષ્ટ અબદ્ધકર્મમત સ્થવિર ગોષ્ઠા માહિલથી નીકળ્યો.***

● **વિવેચન-૭૭૯,૭૮૦ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - અબદ્ધિક મત ગોષ્ઠા માહિલથી ઉત્પન્ન થયો. હવે જે નગરમાં આ નિહ્નવો ઉત્પન્ન થયા તે કહે છે —

● **નિર્યુક્તિ-૭૮૧ :-**

***શ્રાવસ્તી, ઋષભપુર, શ્વેતવિકા, મિથિલા, ઉલુકાતીર, અંતરંજિકાપુરી, દશપુર અને રથવીરપુર નગરો હતા.***

● **વિવેચન-૭૮૧ :-**

ઉક્ત સાતે નગરો નિહ્નવોના અનુક્રમે પ્રભવસ્થાનો છે. કહેવાનાર ભિન્ન દ્રવ્ય-લિંગ-મિથ્યાદૃષ્ટિ બોટિકનું પ્રભવસ્થાન રથવીરપુર છે. ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પરિનિર્વૃત્ત થતાં કોણ કેટલા કાળે નિહ્નવ રૂપે ઉત્પન્ન થયા તેનું પ્રતિપાદન કરતાં કહે છે —

● **નિર્યુક્તિ-૭૮૨,૭૮૩ :-**

***ચૌદ વર્ષે, ૧૬ વર્ષે, ૨૧૪ વર્ષે, ૨૨૦ વર્ષે, ૨૨૮ વર્ષે, ૫૪૪ વર્ષે, ૫૮૪ વર્ષે, ૬૦૯ વર્ષે અનુક્રમે નિહ્નવોની ઉત્પત્તિ થઈ. તેમાં પહેલા બે કેવળજ્ઞાન પછી અને બાકીના ભગવંતના નિર્વાણ બાદ ઉત્પન્ન થયા.***

● વિવેચન-૭૮૨,૭૮૩ :-

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ તો ભાષ્યકાર જ કહેશે. જ્ઞાનોત્પત્તિથી આરંભીને ૧૪ વર્ષ અને ૧૬ વર્ષ વ્યતીત થયા પછી તેમાં પહેલાં બે નિહ્નવો ઉત્પન્ન થયા. ભગવંત નિર્વાણ પામ્યા પછી યથોક્ત કાળે બાકીના અર્થાત્ અવ્યક્તાદિ ઉત્પન્ન થયા. બોટિક પ્રભવકાળ લાઘવાર્થે કહ્યો.

હવે સૂચિતાર્થને મૂળ ભાષ્યકાર યથાક્રમે કહે છે –

● ભાષ્ય-૧૨૫ :-

*જિનવર મહાવીરને જ્ઞાનોત્પાદન પછી ચૌદ વર્ષ ગયા બાદ બહુરત નામનો મત શ્રાવસ્તિમાં ઉત્પન્ન થયો.*

● વિવેચન-૧૨૫ :-

ગાથાર્થ રહ્યો. જે રીતે ઉત્પન્ન થયો, તે દર્શાવતી ગાથા કહે છે –

● ભાષ્ય-૧૨૬ :-

*વીર ભગવંતની પુત્રી જ્યેષ્ઠા કે સુદર્શના કે અનવધા હતી. જમાઈ જમાલી હતા. જમાલીએ ૫૦૦ પુરુષના પરિવાર સાથે અને પુત્રીએ ૧૦૦૦ના પરિવાર સાથે દીક્ષા લીધી. જમાલીએ શ્રાવસ્તીના તિંદુક ઉધાનમાં બહુરત મત સ્થાપ્યો. જમાલિને છોડીને બીજાને ઢંક શ્રાવકે બોધ કર્યો.*

● વિવેચન-૧૨૬ :-

કુંડપુર નગરમાં ત્યાં જમાલિ ભગવંત વીરનો ભાણેજ હતો. તેણે ભગવંતની પાસે ૫૦૦ના પરિવાર સાથે દીક્ષા લીધી. તેની પત્ની જે ભગવંતની પુત્રી હતી, તેના નામો જ્યેષ્ઠા કે સુદર્શના કે અનવધા પણ ૧૦૦૦ના પરિવાર સાથે પ્રવ્રજિત થઈ *[અહીં નામમાં કંઈ પાઠદોષ સંભવે છે, અન્યત્ર સુદર્શનાનું નામ બહેન રૂપે છે.]* જેમ ભગવતી સૂત્રમાં છે, તેમ કહેવું. જમાલી ૧૧ અંગ ભણ્યા. સ્વામીને કહીને ૫૦૦ના પરિવાર સાથે જમાલી શ્રાવસ્તી ગયો, ત્યાં તિંદુક ઉધાનમાં કોષ્ઠક ચૈત્યમાં સમોસર્યા. ત્યાં તેને અંતપ્રાંત આહારથી રોગ થયો. વિહાર કરવા અસમર્થ થયા. ત્યારે શ્રમણોને કહ્યું – શય્યા સંસ્તારક કરો. તેઓએ સંથારો કરવાનો આરંભ કર્યો.

એટલામાં જમાલિ દાહજ્વરથી અભિભૂત થયા. શિષ્યોને પૂછે છે સંથારો પથરાયો કે નહીં ? તેઓએ કહ્યું – પથરાયો, જમાલિએ ઉઠીને જોયું તો અર્દ્ધ સંસ્તૃત [પથરાયેલ] જોઈને ક્રોધિત થયો. સિદ્ધાંત વચન યાદ આવ્યું – ''કરાતું કરાયું'' કહેવાય. કર્મના ઉદયથી વિપરીત ચિંતવે છે. ''કરાતું કર્યું'' એ ભગવંત વચન વિપરીત છે. કેમકે પ્રત્યક્ષ વિરુદ્ધ છે અહીં અડધો પથરાયેલ સંથારો પથરાયેલો નથી તે દેખાય છે. તેથી કરાતાપણાથી પ્રત્યક્ષ સિદ્ધ વડે 'કરાયુ' ધર્મ દૂર કરવો એમ ભાવના છે. તેથી જે ભગવંત કહે છે, તે અસત્ય છે. પરંતુ ''કરાયુ તે જ કરાયુ'' કહેવાય. એમ વિચારીને એ પ્રમાણે જ પ્રરૂપણા કરે છે.

તેણે આવી પ્રરૂપણા કરતા સ્વગચ્છના સ્થવિરોએ આ પ્રમાણે કહ્યું – હે આચાર્ય ! ભગવંત વચન છે ''કરાતું કરાયું'' તે અવિપરીત જ છે, તે અવિરુદ્ધ નથી.



જો ''કરાતી ક્રિયાવિષ્ટને કરાયી'' ઈચ્છતા નથી, તો પહેલાં ક્રિયા અનારંભ સમયની જેમ પછી પણ ક્રિયાના અભાવે કેમ ઈચ્છો છો ? નિત્ય પ્રસંગ છે. કેમકે ક્રિયાના અભાવનું અવિશિષ્ટત્વ છે. તથા જે તમે કહ્યું કે ''અડધો પથરાયેલ સંથારાનું ન પથરાયેલું દેખાય છે.'' તે પણ અયુક્ત છે, કેમકે જે જ્યારે જેટલાં આકાશ દેશમાં વસ્દ પથરાય છે તે ત્યારે તેટલામાં પથરાયું જ છે. એ પ્રમાણે પછીના વસ્ત્ર પાથરવાના સમયે નિશ્ચે એ પથરાયેલ જ છે. ભગવંતનું વચન વિશિષ્ટ સમય આપેક્ષી છે, માટે તેમાં દોષ નથી.

એ પ્રમાણે જ્યારે તે સ્વીકારતો નથી, ત્યારે કેટલાંક તેના વચનની અશ્રદ્ધા કરતાં ભગવંત પાસે ગયા. બાકીના તેની સાથે જ રહ્યા, પ્રિયદર્શના પણ સાથે રહ્યા. *[પહેલાં સુદર્શના કહેલ, અહીં પ્રિયદર્શના લખ્યું, જે અન્ય શાસ્ત્રમાં સંમત નામ છે.]* ત્યાં ઢંક નામે કુંભાર શ્રાવક હતો. ત્યાં રહ્યા, તેણી વેદન કરવાને આવી, તેણીને પણ તેમજ પ્રજ્ઞાપના કરી. તેણી જમાલીના અનુરાગથી મિથ્યાત્વને પામી. સાધ્વીઓને એમ કહેવા લાગી. ઢંકને પણ કહે છે. ઢંક જાણે છે કે આ ભગવંત વચનથી વિપરીત મતવાળી થઈ છે. તેથી ઢંક કહે છે – હું આ વિશેષતર સમ્યક્ જાણતો નથી.

અન્ય કોઈ દિવસે સ્વાધ્યાય પોરિસિ કરે છે. ત્યારે ઢંકે વાસણ ખોલીને તેમાંથી અંગારો ફેંક્યો ત્યારે પ્રિયદર્શના સાધ્વીની સંઘાટી-વસ્ત્રમાં એક સ્થાને બળી ગયું. તે કહે છે – હે શ્રાવક ! તમે મારા વસ્ત્રને કેમ બાળો છો ? ઢંક બોલ્યો - તમે જ કહો છો કે ''બળતું બળ્યું ન કહેવાય.'' તો પછી તમારો કપડો કઈ રીતે બળ્યો. ત્યારે તેણી બોધ પામીને કહે છે – હું સમ્યક્ પ્રતિચોયણાને ઈચ્છું છું. ત્યારે તેણીએ જઈને જમાલીને ઘણું કહ્યું. જમાલીએ જ્યારે સ્વીકાર્યુ નહીં, ત્યારે તેણી અને બાકીના સાધુઓ ભગવંત પાસે ઉપસંપન્ન થયાં - જોડાયાં. બીજો પણ એકાકી - અનાલોચિત કાળગત થયો.

આ સંગ્રહાર્થ કહ્યો. [ગાથાર્થ પૂર્વે કહ્યો જ છે.] બીજા આચાર્યો કહે છે – જ્યેષ્ઠા એટલી મોટી, સુદર્શના નામે ભગવંતની બહેન હતી, જમાલિ તેનો પુત્ર હતો. તેને અનવધા નામની ભગવંતની પુત્રી, જમાલીની પત્ની હતી.

પહેલો નિહ્નવ કહ્યો. હવે બીજાનું પ્રતિપાદન કરે છે –

● ભાષ્ય-૧૨૭ :-

*વીર ભગવંતને કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી ૧૬ વર્ષ બાદ જીવપ્રદેશ સંબંધી મત ઋષભપુર નગરમાં ઉત્પન્ન થયો.*

● વિવેચન-૧૨૭ :-

ભગવંતને જ્ઞાન ઉત્પાદિતાના ૧૬-વર્ષ પછી જીવપ્રદેશિક મત કઈ રીતે ઉત્પન્ન થયો ? રાજગૃહનગરમાં ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં વસુ નામના ચૌદપૂર્વી આચાર્ય સમોસર્યા. તેમના શિષ્ય તીષ્યગુપ્ત હતા. તેને આત્મપ્રવાદ પૂર્વમાં આ આલાવો ભણવામાં આવ્યો – ભગવન્ ! એક જીવ પ્રદેશ જીવ હોય તેમ કહેવાય ? ના, આ

અર્થ બરાબર નથી. એ પ્રમાણે બે જીવપ્રદેશ, ત્રણે, સંખ્યાતે, અસંખ્યાતે ? યાવત્ એક પ્રદેશ ન્યૂન હોય તો પણ જીવ ન કહેવાય. કેમકે સંપૂર્ણ લોકાકાશ પ્રદેશ તુલ્ય પ્રદેશે જીવ છે.

એ પ્રમાણે અધ્યાપન કતાં તેને મિથ્યાત્વનો ઉદય થયો. તેથી તેણે આ રીતે વિચાર્યુ કે – જો એકાદિ જીવપ્રદેશ નિશ્ચે એક પ્રદેશહીન હોય તો પણ જીવ કહેવાતો નથી. પરંતુ ચરમપ્રદેશયુક્ત જ જીવ કહેવાય. તેથી તે એક પ્રદેશ જ જીવ છે. તેના ભાવભાવિત્વથી જીવત્વ છે. તેણે આમ પ્રતિપાદન કરતાં ગુરુએ કહ્યું કે – ના, તેમ નથી. તો જીવનો અભાવ પ્રસંગ થાય. કઈ રીતે? આપને અભિમત છે કે અંત્યપ્રદેશ પણ અજીવ છે, બીજા પ્રદેશના તુલ્ય પરિણામપણાથી કહ્યું. પ્રથમાદિ પ્રદેશવત્. અથવા પ્રથમાદિ પ્રદેશે જીવ છે. કેમકે શેષ પ્રદેશ તુલ્ય પરિણામત્વ છે. અંત્યપ્રદેશવત્. ઐકૈકના પૂરણત્વના અવિશેષથી, એક પણ વિના તેનું અસંપૂર્ણત્વ એ પ્રમાણે કહેલ છે. તો પણ જ્યારે તિષ્યગુપ્ત એ તે વાત ન સ્વીકારી. ત્યારે તેનો કાયોત્સર્ગ કર્યો.

એ પ્રમાણે તે ઘણી અસદ્‌ભાવ ઉદ્‌ભાવનાથી મિથ્યાત્વ અભિનિવેશ વડે પોતાને, બીજાને અને ઉભયને વ્યુદ્‌ગ્રાહિત, વ્યુત્પાદિત કરતો આમલકલ્પા નગરી ગયો. ત્યાં આમ્રશાલ વનમાં રહ્યો. ત્યાં મિત્રશ્રી નામે શ્રાવક હતો. તે જાણે છે - આ નિહ્નવ છે.

અન્ય કોઈ દિવસે તેના ઘેર સંખડી - જમણવાર હતો. ત્યારે તેણે તિષ્યગુપ્તને નિમંત્રણા કરી, આપે સ્વયં જ ઘેર પધારવું. તેઓ ગયા, ત્યારે ત્યાં તૈયાર કરાયેલ વિપુલ ખાદ્યકવિધિ લાવવામાં આવી. ત્યારે તે તેમાંથી એક એક ટુકડો ટુકડો આપે છે. એ પ્રમાણે ભાતનો કણીયો, શાકનો ટુકડો, વસ્ત્રનો ખંડ આપે છે, પછી પગે પડીને સ્વજનોને પણ કહે છે – આવો, વંદન કરો. આપણે સાધુને પ્રતિલાભિત કર્યા. અહો ! હું ધન્ય છું, પુણ્ય સહિત છું કે આપ સ્વયં મારે ઘેર પધાર્યા. ત્યારે તિષ્યગુપ્ત કહે છે – મારી મશ્કરી કેમ કરી ?

મિત્રશ્રી બોલ્યો – આપના સિદ્ધાંત મુજબ મેં આપને પડિલાભ્યા છે. જો વર્ધમાનસ્વામીના સિદ્ધાંત મુજબ પ્રતિલાભિત કરું તો [આપને આ મશ્કરી નહીં લાગે.] ત્યારે તિષ્યગુપ્ત બોધ પામ્યા. હે આર્ય ! હું સમ્યક્ પડિચોયણા ઈચ્છું છું. પછી શ્રાવકે વિધિપૂર્વક તેમને પડિલાભ્યા અને 'મિચ્છા મિ દુક્કડં' દીધું. એ પ્રમાણે તે બધાં બોધ પામ્યા. આલોચના અને પ્રતિક્રમણ કરી વિચરવા લાગ્યા. આ જ વાતનો ઉપસંહાર કરે છે –

● **ભાષ્ય-૧૨૮ :-**

***રાજગૃહીમાં ગુણશીલ ચૈત્યમાં ચૌદપૂર્વી વસુ આચાર્યના તિષ્યગુપ્ત શિષ્યથી આમલકલ્પા નગરીમાં મત નીકળ્યો. મિત્રશ્રી એ કૂર પિંડથી બોધ કર્યો.***

● **વિવેચન-૧૨૮ :-**

વિશેષાર્થ કહેવાઈ ગયો છે. વસુ આચાર્ય સમોસર્યા. તિષ્યગુપ્તને એવી દૃષ્ટિ



ઉત્પન્ન થઈ, આમલકલ્પા નગરી ગયો. મિત્રશ્રી શ્રાવ કે બોધ કર્યો. બીજો નિહ્નવ સમાપ્ત. હવે ત્રીજાને પ્રતિપાદિત કરે છે –

● **ભાષ્ય-૧૨૯ :-**

***વીર ભગવંત સિદ્ધિ ગયા પછીના ૨૧૪-વર્ષે શ્વેતાંબિકામાં અવ્યક્તોનો મત સમુત્પન્ન થયો.***

● **વિવેચન-૧૨૯ :-**

ગાથાર્થ કહ્યો. મત કેવી રીતે નીકળ્યો? શ્વેતાંબિકા નગરી પોલાશ ઉધાનમાં આર્ય અષાઢ નામે આચાર્ય હતા. તેમના ઘણાં શિષ્યો આગાઢ યોગ સ્વીકારીને રહેલા. તે જ આચાર્ય તેમના વાચનાચાર્ય હતા. ત્યાં બીજું કોઈ ન હતું. તે રાત્રિએ હૃદયના શૂળથી મૃત્યુ પામી, સૌધર્મકલ્પે નલિનીગુલ્મ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. જેટલામાં પોતાનું શરીર જોયું, ત્યાં તે સાધુઓ આગાઢ યોગને વહન કરતા હતા, તેઓ પણ જાણતા ન હતા કે આચાર્ય કાળ પામ્યા છે.

ત્યારે તે જ શરીરમાં પ્રવેશીને તે સાધુઓને ઉઠાડીને કહ્યું - વૈરાત્રિક કરો. એ પ્રમાણે તેણે તેના દિવ્યપ્રભાવથી જલ્દીથી સારણા કરી. પછી તેણે કહ્યું – હે ભદંતો! ક્ષમા કરો. કેમકે મારા જેવા અસંયતે આપને વંદન કરાવ્યા. હું અમુક દિવસે કાળ પામ્યો. પરંતુ આપની અનુકંપાથી આવ્યો છું. એ પ્રમાણે તે ક્ષમા માંગીને પાછા ગયા.

સાધુઓ પણ તેમનું શરીર ત્યજીને વિચારે છે – આટલો કાળ અમે અસંયતને વાંધા. ત્યારપછી તેઓ અવ્યક્ત ભાવ ભાવ યે - કોણ જાણે અહીં કોણ સાધુ છે કે દેવ છે ? માટે પરસ્પર વંદન કરવું નહીં. જેથી અસંયતને વંદન કે મૃષાવાદ સેવન ન થાય. બીજાના સ્થવિર વચનમાં સંદેહ રહે કે શું તે દેવ હશે ? કે સાધુ હશે ? ઈત્યાદિ. જો તે રૂપ દર્શાવી દેવ છે એમ કહે તો ઠીક. સાધુ છે એમ કહે તો સમાન રૂપમાં કેમ શંકા થાય ? ઈત્યાદિ ઘણી રીતે સાધુઓને સમજાવ્યા પણ તેઓ ન માન્યા એટલે તેમને ગચ્છ બહાર કર્યા. ત્યાંથી વિચરતા રાજગૃહી ગયા.

ત્યાં મૌર્યવંશમાં જન્મેલ બલભદ્ર નામે શ્રાવક રાજા હતો. તેણે આ વાત જાણી કે તે સાધુઓ અહીં આવેલા છે. ત્યારે તેણે કોટવાળને આજ્ઞા કરી કે – જાઓ અને ગુણશીલથી સાધુઓને લઈ આવો. તેઓ લઈ આવ્યા. રાજાએ સેવકોને કહ્યું કે – જલ્દી આમને ચાબુકના માર વડે મારો. પછી હાથીના કટકને લાવતા, તેઓ બોલ્યા – અમે જાણીએ છીએ કે – તું શ્રાવક છે, તો અમને શા માટે મરાવશ. રાજા બોલ્યો – તમે ચોર છો કે જાસુસ છો કે પછી અભિમરા છો ? કોણ જાણે છે. તેઓ બોલ્યા કે – અમે સાધુઓ છીએ. રાજા પૂછે છે કે – તમે કઈ રીતે શ્રમણ છો ? જો અવ્યક્તો પરસ્પર પણ વંદન કરતાં નથી. તો પછી તમે - શ્રમણ છો કે જાસુસ છો ? હું શ્રાવક છું કે નથી ?

ત્યારે તે સાધુઓ બોધ પામ્યા, લજ્જિત થયા, પ્રતિપન્ન અને શંકિતતા રહિત થયા. ત્યારે મૃદુતાથી નિર્ભર્ત્સીત કર્યા, જેથી બોધ પામે. પછી તેમને મુક્ત કરીને

ખમાવ્યા. હવે આ જ અર્થનો ઉપસંહાર કરતા કહે છે —

● ભાષ્ય-૧૩૦ :-

***શ્વેતવ્યા નગરીના પોલાસ ઉધાનમાં અષાઢાચાર્યે યોગ કરાવતા તે દિવસે હૃદયશૂળથી મૃત્યુ પામી સૌધર્મકલ્પે નલિનિગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. રાજગૃહીમાં મૌર્યવંશી બલભદ્રે પ્રતિબોધ્યા.***

● વિવેચન-૧૩૦ :-

[ગાથાર્થ કહ્યો] વિશેષ આ - અષાઢ દેવે ઉત્પન્ન થઈને અવધિ જ્ઞાન વડે પૂર્વ વૃત્તાંત જાણીને શિષ્યોને યોગ પૂરા કરાવ્યા. દેવલોકે ગયા પછી તેમાં અવ્યક્તગતવાળા તેમના શિષ્યો વિચરતા રાજગૃહી પહોંચ્યા ઈત્યાદિ પૂર્વે કથાનકમાં કહેલ છે, ત્રીજો નિહ્નવ કહ્યો. હવે ચોથો કહે છે —

● ભાષ્યા-૧૩૧ :-

***વીર ભગવંત સિદ્ધિમાં ગયા પછી ૨૨૦ વર્ષે મિથિલાપુરીમાં સામુચ્છેદિક નામનો મત ઉત્પન્ન થયો.***

● વિવેચન-૧૩૧ :-

[ગાથાર્થ કહ્યો] જે રીતે ઉત્પન્ન થયો, તે બતાવતા કહે છે —

● ભાષ્ય-૧૩૨ :-

***મિથિલામાં લક્ષ્મીધર ચૈત્યમાં મહાગિરિના કૌડિન્યના અશ્વમિત્ર શિષ્યથી અનુપ્રવાદ પૂર્વમાં નૈપુણિક વસ્તુ [ભણતાં સામુચ્છેદ મત ઉત્પન્ન થયો.] રાજગૃહીમાં ખંડરક્ષા [દ્વારા પ્રતિબોધ પામ્યા.]***

● વિવેચન-૧૩૨ :-

મિથિલા નગરીમાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં મહાગિરિ આચાર્યના કૌંડિન્ય નામે શિષ્ય હતા. તેમના શિષ્ય અશ્વમિત્ર હતા. તે અનુપ્રવાદ પૂર્વમાં નૈપુણિક વસ્તુ ભણતા હતા. તેમાં છિન્ન છેદનક વક્તવ્યતામાં આલાવો આવ્યો. જેમકે — વર્તમાન સમય નૈરયિક વ્યુચ્છેદ પામે છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે દ્વિતીયાદિ સમયમાં પણ કહેવું.

અહીં તેને વિચિકિત્સા જન્મી - બધાં પ્રત્યુત્પન્ન સમયે જન્મેલ વિચ્છેદ પામે છે - એ પ્રમાણે કર્મનું અનુવેદન સુકૃત-દુષ્કૃતોને કઈ રીતે થાય ? કેમકે ઉત્પાદ પછી બધાંનો વિનાશ થાય છે. તેણે આવી - આવી પ્રરૂપણા કરતા ગુરુએ કહ્યું — એક નયના મતથી આ સૂત્ર છે, મિથ્યાત્વમાં જઈશ નહીં. નિરપેક્ષ બાકીના પણ નયોને હૃદયમાં વિચાર. કાળપર્યાય માત્ર નાશમાં સર્વથા વિનાશ નથી, વસ્તુ સ્વ-પર પર્યાયોથી અનંતધર્મથી યુક્ત છે. સૂત્રમાં પણ કહે છે — વસ્તુ દ્રવ્યાર્થપણે શાશ્વત છે, પર્યાયપણે અશાશ્વત છે. તેથી અભિહિત એવા સમયાદિ વિશેષણથી સર્વનાશ થતો નથી. એવું બધું સમજાવવા છતાં પોતાના મતને છોડતો નથી.

પછી તે સામુચ્છેદ મતને વ્યક્ત કરતો કાંપીલ્યપુર ગયો. ત્યાં ખંડરક્ષા નામે શ્રાવકો હતા. તેઓ મૂલ્યથી પાલિત હતા. તેઓએ આ મતવાળાને જાણ્યા. તેઓએ



તેમને પકડ્યા, તેમને મારવા લાગ્યા. તે સાધુઓ ભયભીત થઈ બોલ્યા — અમે તો સાંભળેલ કે તમે શ્રાવકો છો, તો પણ સાધુને કેમ મારો છો ? તેઓ બોલ્યા — જે સાધુ હતા, તે તો તમારા સિદ્ધાંત પ્રમાણે વિચ્છેદ પામ્યા, હવે તમે તો બીજા કોઈ ચોર આદિ છો. ઈત્યાદિથી તેઓને બોધ પમાડ્યો. સમ્યકત્વ સ્વીકાર્યુ.

● ભાષ્ય-૧૩૩ :-

***વીરપ્રભુના સિદ્ધિગમન બાદ ૨૨૮ વર્ષે "બે ક્રિયા"નો મત ઉલુકા નદીના કિનારે ઉત્પન્ન થયો.***

● વિવેચન-૧૩૩ :-

ગાથાર્થ કહ્યો. હવે જે રીતે ઉત્પન્ન થયો તે કહે છે —

● ભાષ્ય-૧૩૪ :-

***ઉલુકા નદીના કાંઠે ખેટક સ્થાનમાં મહાગિરિના શિષ્ય, ધનગુપ્તના શિષ્ય આર્યગંગથી બે ક્રિયા મત નીકળ્યો. રાજગૃહીમાં મહાતપના કાંઠે મણિનાગ યક્ષે પ્રતિબોધ કર્યો.***

● વિવેચન-૧૩૪ :-

ઉલુકા નામે નદી હતી. તેના ઉપલક્ષથી જનપદ પણ તે જ કહેવાય છે. તે નદીના કાંઠે એક ખેટસ્થાનમાં, બીજું ઉલુકાતીર નગરે, બીજા કહે છે તે જ ખેટમાં. ત્યાં મહાગિરિના શિષ્ય ધનગુપ્ત નામે હતા, તેના પણ શિષ્ય ગંગા નામે આચાર્ય હતા. તે તે નદીના પૂર્વના કાંઠે હતા આચાર્ય તેના પશ્ચિમી કાંઠે હતા. પછી શરદકાળમાં આચાર્ય વંદન માટે નીકળ્યા. તેમને માથે ટાલ હતી. ઉલૂકા નદી ઉતરતા તે ટાલ તાપ વડે બળવા લાગી, નીચે શીતળ પાણી વડે શીત હતું.

ત્યારે તેને વિચાર આવ્યો - સૂત્રમાં કહે છે કે એક જ ક્રિયા વેદાય છે, શીત કે ઉષ્ણ. હું બે ક્રિયા વેદુ છું. તેથી બે ક્રિયા એક જ સમયે વેદાય છે, ત્યારે આચાર્યને કહ્યું. આચાર્ય બોલ્યા — હે આર્ય ! એવી પ્રરૂપણા કરતો નહીં. એક સમયે બે ક્રિયા ન વેદાય. કેમકે મન સૂક્ષ્મ સમયને પકડી ન શકે. તેને સમજાવવા છતાં તેણે પોતાનો મત ન છોડ્યો.

તે ભ્રમણ કરતાં રાજગૃહે ગયો. મહાતપના કાંઠે પ્રભા નામે સરોવર હતું. ત્યાં મણિનાગ નામે યક્ષ, તેના ચૈત્યમાં રહેતો હતો. ગંગા આચાર્યે ત્યાં પર્ષદા મધ્યે કહ્યું — એક સમયે બે ક્રિયા વેદાય છે. ત્યારે મણિનાગ યક્ષે તે પર્ષદામાં કહ્યું — અરે દુષ્ટ શૈક્ષ ! અપ્રજ્ઞાપના કેમ કરે છે ? આ જ સ્થાને રહીને ભગવંત વર્દ્ધમાનસ્વામીએ કહેલ છે કે — એક સમયે એક જ ક્રિયા વેદાય છે. શું તું તેનાથી વધુ હોંશિયાર થઈ ગયો છે ? આ બકવાદ બંધ કર, નહીં તો તને શિક્ષા કરીશ. મણિનાગે મારવા લેતા તે ભયથી પ્રતિબોધ પામ્યો, બોલ્યો કે હું ગુરુ પાસે જઈને પ્રતિક્રમવા ઈચ્છું છું.

પાંચમો નિહ્નવ કહ્યો. હવે છટ્ઠો બતાવે છે —

● ભાષ્ય-૧૩૫ :-

***ભગવંત વીરના સિદ્ધિગમન બાદ ૫૪૪ વર્ષે અંતરંજિકાપુરિમાં ત્રિરાશિક***

*મતની ઉત્પત્તિ થઈ.*

● **વિવેચન-૧૩૫ :-**

ગાથાર્થ કહ્યો. હવે આ મતની ઉત્પત્તિ દર્શાવે છે.

● **ભાષ્ય-૧૩૬ :-**

***અંતરંજિકા નગરીમાં ભૂતગૃહ ચૈત્યમાં બલશ્રી રાજાના કાળમાં શ્રીગુપ્તાચાર્યના રોહગુપ્ત શિષ્ય. પરિવ્રાજક પોટ્ટશાલે વાદ માટે ઘોષણા કરી.***

● **વિવેચન-૧૩૬ :-**

કથાનકથી અર્થ સમજવો, તે આ પ્રમાણે - અંતરંજિકા નામે નગરી હતી. ત્યાં ભૂતગૃહ નામે ચૈત્ય હતું, ત્યાં શ્રીગુપ્ત નામે આચાર્ય હતા. ત્યાં બલશ્રી નામે રાજા હતો. તે શ્રીગુપ્ત સ્થવિરની સાથે એક રોહગુપ્ત નામે શિષ્ય હતો. અન્યગામે રહેલ. પછી તે ઉપાધ્યાયને વંદન કરવાને આવે છે. કોઈ પરિવ્રાજક લોઢાના પટ્ટથી પેટ બાંધીને, હાથમાં જંબૂ વૃક્ષની ડાળી લઈને ચાલી રહ્યો હતો. તેને પૂછતાં તે કહે છે – જ્ઞાન વડે પેટ ફાટી જાય છે, માટે લોઢાના પટ્ટ વડે બાંધેલ છે. જંબૂ શાખા એટલે લીધી છે કે મારો કોઈ પ્રતિપાદિ જંબૂદ્વીપમાં નથી.

ત્યારે પછી તેણે પટહ વગડાવ્યો – પરપ્રવાદી કોઈ રહ્યા નથી. તેથી લોકોએ તેનું પોટ્ટશાલ નામ કર્યુ. તે પટહ રોહગુપ્તે રોકી લીધો. તેણે કહ્યું – હું વાદ કરીશ. ત્યારે તે પ્રતિષેધિત થયો. આચાર્ય પાસે જઈને કહે છે કે – મેં એક પટહને રોકેલ છે. આચાર્યએ કહ્યું – ખોટું કર્યુ. તે વિદ્યાબલિ છે. વાદમાં પરાજિત થવાથી વિદ્યા વડે ઉપસ્થિત થાય છે. તેની પાસે આ સાત વિદ્યાઓ રહેલી છે –

● **ભાષ્ય-૧૩૭ :-**

***વિંછી, સર્પ, ઉંદર, હરણી, ભૂંડણ, કાગડી અને સમડી, આ વિદ્યાઓ વડે તે પરિવ્રાજક કુશળ છે.***

● **વિવેચન-૧૩૭ :-**

વિંછી-વિંછીપ્રધાન વિદ્યા લેવી એ રીતે સર્પ, ઉંદર, મૃગી - હરણીરૂપે ઉપઘાતકારિણી, એમ જ ભુંડણ, કાકવિદ્યા, પોતકી વિદ્યા અર્થાત્ સમળી વિદ્યા. આ વિદ્યાઓ વડે તે પરિવ્રાજક નિપુણ છે. રોહગુપ્તે પૂછ્યું – હવે તેના નિગ્રહ માટે શું કરવું ? ત્યારે તે આચાર્યએ કહ્યું – પાઠ કરતાં જ સિદ્ધ થાય એવી આ સાત પ્રતિપક્ષી વિદ્યા ગ્રહણ કર. તે આ છે –

● **ભાષ્ય-૧૩૮ :-**

***મયુરી, નકુલી, બિડાલી, વ્યાઘ્રી, સીંહી, ઘુવડી અને બાજણ. આ સાત વિદ્યા પરિવ્રાજકના મથન માટે તું ગ્રહણ કર.***

● **વિવેચન-૧૩૮ :-**

ગાથાર્થ કહ્યો. તેને અભિમંત્રિત કરેલ રજોહરણ પણ આપ્યું. જો અન્ય પણ કોઈ પ્રયોગ કરે તો ત્યારે રજોહરણ ઘુમાવજે તેનાથી અજય્ય બનીશ. ઈન્દ્ર વડે પણ જીતવાને માટે શક્ય નથી. ત્યારે તે વિદ્યાઓ ગ્રહણ કરીને સભામાં ગયો. તેણે



પોટ્ટશાલ માટે કહ્યું – આ શું જાણે છે ? ભલે તે જ વાદ શરૂ કરે. પરિવ્રાજક વિચારે છે - આ લોકો નિપુણ હોય છે. તેથી તેમના જ સિદ્ધાંતોને ગ્રહણ કરું. જેમકે રાશિ બે છે – જીવ અને અજીવ.

ત્યારે રોહગુપ્તે વિચાર્યુ કે આણે અમારો જ સિદ્ધાંત ગ્રહણ કર્યો. તેથી તેને બુદ્ધિથી પરાજિત કરું. તેણે ત્રણ રાશિ સ્થાપી – જીવ, અજીવ અને નોજીવ. તેમાં જીવો - સંસારમાં રહેલા, અજીવ-ઘટ આદિ. નોજીવ-ગરોળીની પૂછડી વગેરે. જેમકે દંડને આદિ, મધ્યમ, અંત છે. ભાવો ત્રણ ભેદે છે. એ પ્રમાણે તેણે પોટ્ટશાલને નિરુત્તર કરી દીધો.

ત્યારે તે પરિવ્રાજકે રોષાયમાન થઈ વૃશ્ચિકા વિદ્યા મૂકી. ત્યારે રોહગુપ્તે મયુરવિદ્યા મૂકી. તેનાથી વૃશ્ચિકો હણાયા. પછી તેણે સર્પ વિદ્યામૂકી, રોહગુપ્તે નકુલી વિદ્યા મૂકી. એ રીતે ઉંદર સામે બીલાડી, હરણ સામે વાઘ, ભુંડ સામે સિંહ, કાક સામે ઘુવડ, સમડી સામે બાજણ વિદ્યા મૂકી. એ પ્રમાણે હરાવી ન શકતા પોટ્ટશાલે ગર્દભી વિદ્યા મૂકી. તે વિદ્યાને રજોહરણ વડે હણી. પછી પરિવ્રાજકની હીલના કરીને કાઢી મૂક્યો.

પછી રોહગુપ્ત પરિવ્રાજકને હરાવીને આચાર્ય પાસે ગયો. કહ્યું કે – કઈ રીતે જીત્યો. આચાર્ય બોલ્યા કે – તો પછી ઉઠતાં કેમ ન બોલ્યો કે રાશિઓ ત્રણ હોતી નથી, આનો બુદ્ધિથી પરાજય કરવા મેં આમ કહેલ હતું. હજી પણ જઈને કહી દે. પણ તેને એ વાત ન સ્વીકારી, ક્યાંક મારું અપમાન થાય તો? વારંવાર આચાર્યએ કહ્યું. રોગગુપ્ત બોલ્યો – એમાં શું દોષ છે? જો રાશિ ત્રણ કહીએ તો? રાશિ ત્રણ જ છે.

આચાર્યએ કહ્યું – હે આર્ય ! અસદ્‌ભાવ અને તીર્થંકરાશાતના છે, તો પણ રોહગુપ્ત ન માન્યો. પછી તે આચાર્ય સાથે વાદ કરવા લાગ્યો. ત્યારે આચાર્યએ રાજકુલે જઈને કહ્યું – તે મારા શિષ્યએ ખોટો સિદ્ધાંત કહેલ છે. અમારા મતે રાશિ બે જ હોય છે. ત્યારે રોહગુપ્ત તેથી વિમુખ થયો. રાજાને કહ્યું કે – હવે તમે અમારો વાદ સાંભળો. રાજાએ તે વાત સ્વીકારી. પછી તે બંનેએ રાજસભામાં નગરજનો સામે વાદ આરંભ્યો.

એ પ્રમાણે એક-એક દિવસ કરતાં છ માસ થયા. ત્યારે રાજા બોલ્યો, મારું રાજ્ય સીદાય છે. ત્યારે આચાર્યએ કહ્યું – મારી ઈચ્છાથી મેં આટલો કાળ લીધો. હવે જુએ કાલના દિવસે આવીને તેનો નિગ્રહ કરીશ. ત્યારે પ્રભાતમાં કહે છે – કુત્રિકાપણમાં પરીક્ષા કરો [વસ્તુ લાવો.] ત્યાં બધાં દ્રવ્યો હોય છે. ત્યાંથી જીવ, અજીવ અને નોજીવ લાવો. ત્યારે દેવતાએ જીવ અને અજીવ આપ્યા પણ નોજીવ હતા નહીં. એ પ્રમાણે ૧૪૪ પ્રશ્નો વડે તેમણે રોહગુપ્તનો નિગ્રહ કર્યો. આ જ અર્થ ના ઉપસંહાર માટે કહે છે –

● **ભાષ્ય-૧૩૯ :-**

***શ્રીગુપ્તાચાર્યે રોહગુપ્ત [ષડ્‌લુક] ની સાથે ૧૪૪ પ્રશ્નો વડે અને કુત્રિકાપણમાં દૃષ્ટાંતો બતાવી છ માસ સુધી વાદ કરી તેને જીત્યો.***

• **વિવેચન-૧૩૯ :-** *[નિર્યુક્તિ દીપિકામાં આનો ઘણો વિસ્તાર છે.]*

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - ૧૪૪ વડે રોહગુપ્તે છ મૂલ પદાર્થો ગ્રહણ કર્યા. તે આ પ્રમાણે – દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય. તેમાં દ્રવ્ય નવ, તે આ રીતે – ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન. ગુણો ૧૭, તે આ રીતે – રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ અને પ્રયત્ન. કર્મો પાંચ ભેદે – ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન. સામાન્ય ત્રણ ભેદે – મહા સામાન્ય, સત્તા સામાન્ય, ત્રણ પદાર્થ સદ્‌વૃદ્ધિકારી, સામાન્ય વિશેષ - દ્રવ્યત્વ આદિ. બીજા એમ વ્યાખ્યા કરે છે કે – ત્રણ પદાર્થ સત્કરી સત્તા, સામાન્ય દ્રવ્યત્વાદિ. સામાન્ય વિશેષ-પૃથ્વીત્વાદિ વિશેષ - અંત અને અનંત અને આનો પ્રત્યય હેતુ તે સમવાય. આ ૩૬ ભેદો છે. આના એકૈકના ચાર ભંગ છે. તે આ પ્રમાણે – ભૂમિ, અભૂમિ, નોભૂમિ, નોઅભૂમિ. એ પ્રમાણે સર્વત્ર.

તેમાં કૃત્રિકાપણમાં ભૂમિ માંગતા ઢેફું આપ્યુ. અભૂમિ માંગતા પાણી આપ્યું. નોભૂમિમાં જલાદિ જ. નોઅભૂમિમાં ઢેફું જ. એમ બધે છે. જીવ અને અજીવ આપીને નોજીવ માંગ્યા, ફરી અજીવ આપ્યા. - x - પછી ષડ્‌લુકનો નિગ્રહ કરાયો. ગુરુએ તેના મસ્તકે શ્લેષ્મની કુંડી ભાંગીને તેને સમુદાય બહાર કરી દીધો. ગુરુની પણ પૂજા થઈ અને નગરમાં ઘોષણા કરાઈ કે – વર્ધમાનસ્વામીનો જય થાઓ.

આ અર્થનો જ ઉપસંહાર કરતાં કહે છે –

• **ભાષ્ય-૧૪૦ :-**

***તે વાદમાં પરાજય પામ્યો. તેથી રાજાએ તેનો દેશનિકાલ કર્યો. વર્ધમાન જિનેશ્વરનો જય થાઓ. એમ નગરમાં ઘોષણા કરાવી.***

• **વિવેચન-૧૪૦ :-**

તેના વડે પણ વૈશેષિક મત પ્રરૂપ્યો. અન્યાન્ય વડે ખ્યાતિ કરી, તે ઉલૂક વડે પ્રણિત છે, એમ કહેવાય છે કેમકે તે ગોત્ર વડે ઉલૂક હતો. છટ્ઠો નિહ્નવ કહેવાયો. હવે સાતમો કહે છે –

• **ભાષ્ય-૧૪૧ :-**

***ભગવંત વીરના સિદ્ધિગમન પછી ૫૮૪ વર્ષે અબદ્ધિક નામે મત દશપુર નગરમાં ઉત્પન્ન થયો.***

• **વિવેચન-૧૪૧ :-**

[ગાથાર્થ કહ્યો.] કઈ રીતે ઉત્પન્ન થયો ? ત્યાં આર્યરક્ષિતની વક્તવ્યતામાં કથાનક પ્રાયઃ કહેલ જ છે. યાવત્ ગોષ્ઠામાહિલને આલાવામાં કર્મબંધ વિચારણામાં કર્મના ઉદાયથી મિથ્યાત્વ ઉદય થયો. તથા કથાનકના અનુસંધાનને માટે પૂર્વોક્તના અનુવાદની ગથાને કહે છે –

• **ભાષ્ય-૧૪૨ :-**

***દશપુર નગરમાં ઈક્ષુગૃહે આર્યરક્ષિતે દીક્ષા લીધી. ત્રણ પુષ્પમિત્ર આદિ***





***શિષ્યો થયા. ગોષ્ઠા માહિલે વિંધ્યને નવમા અને આઠમા પૂર્વમાં પૃચ્છા કરી.***

• **વિવેચન-૧૪૨ :-**

પૂર્વે અર્થથી આની વ્યાખ્યા કરેલી જ છે. તેથી હવે કરતા નથી. પ્રસ્તુત સંબંધ આ પ્રમાણે – વિંધ્ય મુનિ આઠમાં કર્મપ્રવાદ પૂર્વમાં કર્મની પ્રરૂપણા કરે છે. કોઈપણ કર્મ જીવપ્રદેશ વડે બદ્ધ છે, કાલાંતર સ્થિતિ પામીને પૃથક્ થાય છે. કંઈક વળી સ્પૃષ્ટબદ્ધ છે અને કાલાંતરથી પૃથક્ થાય છે. કંઈક વળી સ્પૃષ્ટબદ્ધ છે અને કાલાંતરથી પૃથક્ થાય છે. કંઈક વળી બદ્ધસ્પૃષ્ટ નિકાચિત, તેની સાથે કાલાંતરે એકત્વ પામીને વેદે છે. આર્દ્ર લેપ કરાયેલ ભીંત ઉપર સ્નિગ્ધ ચૂર્ણ સમાન છે. કંઈક વળી બદ્ધ-સ્પૃષ્ટ-નિકાચિત જીની સાથે એકત્વ પામે છે. કાલાંતરે વેદે છે.

એ પ્રમાણે સાંભળીને ગોષ્ઠામાહિલે પૂછ્યું – એ રીતે મોક્ષાભાવનો પ્રસંગ ન આવે ? કેમકે જીવથી કર્મ છુટા ન પડે, સ્વપ્રદેશવત્ અન્યોન્ય વિભાગ-બદ્ધત્વ છે. તેથી એ પ્રમાણે ઈચ્છાય છે.

• **ભાષ્ય-૧૪૩ :-**

***જેમ અબદ્ધ અને સ્પર્શ કરાયેલ કંચુઓ કંચુકીને સંબદ્ધ છે. એ પ્રમાણે સ્પૃષ્ટ છતાં અબદ્ધકર્મ જીવ સાથે સંબદ્ધ રૂપે ઘટે છે.***

• **વિવેચન-૧૪૩ :-**

સ્પૃષ્ટ જે રીતે અબદ્ધ કંચુકી પુરુષ કંચુકને અનુસરે છે. એ રીતે સ્પૃષ્ટ અબદ્ધ કર્મ જીવને અનુસરે છે. પ્રયોગ આ રીતે – જીવ કર્મ વડે સ્પૃષ્ટ બંધાતો નથી કેમકે વિયોજ્યમાનપણે છે. - x - એ પ્રમાણે ગોષ્ઠામાહિલે કહેતાં વિંધ્યમુનિએ કહ્યું – મને એ પ્રમાણે જ ગુરુ વડે વ્યાખ્યાત કરેલ છે. ત્યારે તે શંકિત થઈને જઈને પૂછે છે કે મેં ક્યાંક અન્યથા ગ્રહણ કરેલ નથીને ? ત્યારે આચાર્યએ કહ્યું – જે મેં કહ્યું, તે તેં પણ જાણેલ છે. એ તે રીતે જ છે. ત્યારે તેણે ગોષ્ઠા માહિલનો વૃત્તાંત કહ્યો. ત્યારે ગુરુએ કહ્યું – માહિલ કહે છે તે મિથ્યા છે. કઈ રીતે ? જે કહ્યું – જીવથી કર્મો છૂટા પડતા નથી વગેરે.

અહીં પ્રત્યક્ષ વિરોધી પ્રતિજ્ઞા છે. કેમકે આયુકર્મના વિયોગરૂપ મરણ પ્રત્યક્ષ સિદ્ધ છે. હેતુ પણ અનૈકાંતિક છે. અન્યોન્ય અવિભાગસંબદ્ધ છતાં દુધ અને પાણીનો ઉપાયથી વિયોગ થઈ શકે છે. દૃષ્ટાંત પણ સાધન ધર્માનુગત નથી, સ્વપ્રદેશના યુક્તત્વથી અસિદ્ધ છે. - x - જીવ અને કર્મ ભિન્ન છે. જીવ કર્મ વડે સ્પૃષ્ટ બદ્ધ થતો નથી. - x - x - x - બધાં જ જીવ કર્માનુગમ રહિતપણાથી મોક્ષના ભાજક છે. ઈત્યાદિ - x - x - ત્યારે ગોષ્ઠા માહિલ કંઈ ન બોલતો મૌન રહ્યો.

અન્ય કોઈ દિવસે નવમાં પૂર્વમાં સાધુના પ્રત્યાખ્યાનનું વર્ણન આવ્યુ. જાવજ્જીવને માટે હું પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું ઈત્યાદિ. ત્યારે ગોષ્ઠા માહિલ કહે છે, તે શોભન પચ્ચક્ખાણ નથી. કેમ ? –

• **ભાષ્ય-૧૪૪ + વિવેચન :-**

પ્રત્યાખ્યાન કાળની અવધિ છોડીને કરવું જ શ્રેયસ્કાર છે. એમ કરવાથી

કલ્યાણ થાય છે, જેના પ્રત્યાખ્યાનમાં પરિમાણ હોય, તેનું પ્રત્યાખ્યાન દુષ્ટ-અશોભન છે. શા માટે ? કેમકે તેમાં આશંસા રહે છે. - x - આ વિષયમાં પણ વિંધ્ય મુનિ તેની સાથે સંમત ન થતા ગોષ્ઠા માહિલ અભિનિવેશથી પુષ્પમિત્ર પાસે જઈને બોલ્યો – આચાર્ય કંઈક જુદુ કહે છે, તમે કંઈક અન્યથા પ્રરૂપણા કરો છો. તેને પુષ્પમિત્ર આચાર્યએ - x - x - x - વિવિધરૂપે સમજાવ્યો કે સાધુને હું મૃત્યુ બાદ આ બધું સેવીશ તેવી ભાવના હોતી નથી, પણ પ્રત્યાખ્યાન પાલન ઈચ્છા જ હોય છે પરંતુ મૃત્યુ બાદ દેવભવાદિમાં વ્રતનો ભંગ ન થાય તે માટે કાળની અવધિ કરાય છે. અપરિમાણ પક્ષમાં તો ઘણાં જ દોષો છે. - x - x - x -

એ પ્રમાણે ઘણી રીતે આચાર્ય એ સમજાવ્યા છતાં ગોષ્ઠા માહિલે તેનો સ્વીકાર ન કર્યો. એ પ્રમાણે કોઈપણ રીતે સ્વીકાર ન કરતા સંઘ એકઠો કર્યો. દેવી માટે સર્વ સંઘે કાયોત્સર્ગ કર્યો. જે ભદ્રિકા હતી તે દેવી આવીને કહે છે કે આજ્ઞા કરો. ત્યારે તેણીને કહ્યું કે – તીર્થંકર પાસે જા અને પૂછે કે – જે ગોષ્ઠામાહિલ કહે છે, તે સત્ય છે કે દુર્બલિકા પુષ્પમિત્ર આદિ સંઘ કહે છે તે સત્ય છે ? ત્યારે દેવીએ કહ્યું કે – મારા ઉપર એક ઉપકાર કરો. મારા ગમનના અપ્રતિઘાત નિમિત્તે તમે બધાં કાયોત્સર્ગ કરો. ત્યારપછી તેણી ભગવંતને પૂછીને આવી, આવીને કહ્યું કે – જે સંઘ છે, તે સમ્યગ્‌વાદી છે અને ગોષ્ઠા માહિલ મિથ્યાવાદી છે. ત્યારે ગોષ્ઠા માહિલ બોલવા લાગ્યો કે આ તો અલ્પઋદ્ધિવાળી છે, તે બિચારીની જવાની શક્તિ જ ક્યાં છે ? પછી પણ શ્રદ્ધા કરતો નથી. ત્યારે તેને સંઘ બહાર કર્યો. પછી તે તે દોષની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામ્યો.

સાતમો નિહ્નવ કહ્યો. એ પ્રમાણે દેશવિસંવાદી નિહ્નવો કહ્યા. હવે આ જ પ્રસ્તાવથી પ્રભૂત વિસંવાદી બોટિકોને કહે છે – તેઓ ક્યાં થયા ? એ પ્રતિપાદન કરવાને કહે છે –

**• ભાષ્ય-૧૪૫ :-**

***વીર ભગવંતના નિર્વાણ પછી ૬૦૯ વર્ષ વીત્યા પછી, તે બોટિક મત રથવીરપુરમાં સમુત્પન્ન થયો.***

**• વિવેચન-૧૪૫ :-**

ગાથાર્થ કહ્યો. બોટિક મત જે રીતે ઉત્પન્ન થયો તે જણાવે છે –

**• ભાષ્ય-૧૪૬ :-**

***રથવીરપુર નગર, દીપક ઉધાન, આર્ય કૃષ્ણ, શિવભૂતિનો ઉપધિ સંબંધી પ્રશ્ન, સ્થવિરો દ્વારા કથના.***

**• વિવેચન-૧૪૬ :-**

રથવીરપુર નામે નગર હતું. ત્યાં દીપક નામે ઉધાન હતું. ત્યાં આર્ય કૃષ્ણ નામે આચાર્ય પધાર્યા. ત્યાં એક સહસ્રમલ્લ હતો, તેનું શિવભૂતિ નામ હતું, તેની પત્ની તેની માતા સાથે ઝઘડતી રહેતી. તમારો પુત્ર રોજેરોજ અડધી રાત્રે આવે છે. હું જાગતી અને ભુખથી ચોડવાતી રહું છું. ત્યારે માતાએ તેણીને કહ્યું – બારણું



ઉઘાડતી નહીં હું હજી જાગુ છું. પત્ની સૂઈ ગઈ, માતા જાગે છે. અડધી રાત્રે આવીને શિવભૂતિએ બારણું ખખડાવ્યું. માતા ખીજાણી-આ આવવાનો સમય છે ? જ્યાં ઉઘાડા બારણા હોય, ત્યાં જા.

તે ઘેરથી નીકળી ગયો. શોધતા-શોધતા સાધુને ઉપાશ્રયે દ્વાર ઉઘાડા જોયા. વાંદીને કહ્યું – મને દીક્ષા આપો. સાધુઓએ તે વાત ન સ્વીકારી. શિવભૂતિએ સ્વયં લોચ કરી લીધો. ત્યારે તેને વેશ આપ્યો. વિચરવા લાગ્યા. ફરી પાછો આપ્યો ત્યારે રાજાએ તેને કંબલ રત્ન આપ્યું. આચાર્યએ તેને કહ્યું કે – સાધુને આનું શું કામ છે ? શા માટે લીધું ? તેને પૂછ્યા વિના ગુરુએ રત્નકંબલ ફાડીને તેની નિષધા કરી દીધી. શિવભૂતિને ક્રોધ ચડ્યો.

અન્ય કોઈ દિવસે જિનકલ્પિકનું વર્ણન આવ્યું. જિનકલ્પિકો બે પ્રકારે છે – (૧) કરપાત્રી (૨) પાત્રધારી. તે બંનેના બે ભેદો – (૧) વસ્ત્રવાળા, (૨) વસ્ત્ર વિનાના, જિનકલ્પીને ઉપધિના બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગિયાર અને બાર આ આઠ ભેદો હોય છે. કેટલાંકને બે ઉપધિ છે – રજોહરણ, મુહપત્તિ. બીજાને ત્રણ ઉપધિ - એક કપડાં સહિત પૂર્વના બે. ચાર ભેદે – બે વસ્દ્ સહિત, પાંચ ભેદે – ત્રણ વસ્ત્ર સહિત, નવ ભેદે – રજોહરણ, મુહપત્તિ, પાત્ર, પાત્રબંધ, પાત્ર સ્થાપન, પાત્ર કેશરિકા, પડલા, રજસ્ત્રાણ. ગુચ્છા અને પાત્ર નિયોગ. બાકીના ત્રણ ભેદોમાં એક એક વસ્ત્ર ઉમેરતા જવું.

ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ હાલ આટલી ઉપધિ ધારણ કરાય છે કે જેથી જિનકલ્પ કરાતો નથી? ગુરુએ કહ્યું – હાલ શક્ય નથી. જિનકલ્પ હાલ વિચ્છેદ છે. ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ વિચ્છેદ થયો? હું તે કરીશ. પરલોકાર્થીનું તે જ કર્તવ્ય છે. ઉપધિના જિનકલ્પ હાલ વિચ્છેદ છે. ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ વિચ્છેદ થયો? હું તે કરીશ. પરલોકાર્થીનું તે જ કર્તવ્ય છે. ઉપધિના પરિગ્રહથી શું લાભ? પરિગ્રહના સદ્‌ભાવમાં કષાય, મૂર્છા, ભયાદિ ઘણાં દોષો છે. શ્રુતમાં તો અપરિગ્રહત્વ કહેલ છે. જિનેન્દ્રો પણ અચેલક હતા. તેથી અચેલકત્વ સુંદર છે. ગુરુએ કહ્યું – દેહના સદ્‌ભાવમાં પણ કષાય, મૂર્છા આદિ ક્યારેક થાય છે, તેથી દેહનો પણ પરિત્યાગ કરવો જોઈએ. સૂત્રમાં અપરિગ્રહત્વ કહ્યું છે ધર્મોપગરણમાં પણ મૂર્છા ન કરવી જોઈએ. જ્યારે જિનેશ્વરે પણ એકાંત અચેલ કહેલ નથી. કહ્યું છે – બધાં જિનવર એક વસ્ત્રથી નીકળેલા. એ પ્રમાણે સ્થવિરોએ તેમને કથન કર્યું.

શિવભૂતિને એમ કહેવા છતાં કર્મના ઉદયથી વસ્ત્રો છોડીને ગયો, તેને ઉત્તરા નામે બહેન હતી. ઉધાન સ્થિત તેને વંદન કરવાને આવી. તેને જોઈને ઉત્તરાસાધ્વીએ પણ વસ્ત્રોનો ત્યાગ કર્યો. તેણી ભિક્ષાર્થે પ્રવેશી. ગણિકાએ જોઈ. લોકોને અમારાથી વિરક્ત ન કરી દે, એમ વિચારી ગણિકાએ તેણીને ઉપરના ભાગે વસ્ત્ર બાંધ્યુ. ઉત્તરા તે ઈચ્છતી ન હતી. શિવભૂતિ બોલ્યો – તું વસ્ત્ર રાખી લે, દેવતાએ આપેલ કહેવાય.

તેની પાસે બે શિષ્યોએ દીક્ષા લીધી. કૌડિન્ય અને કોટ્ટવીર. પછી શિષ્યોની પરંપરા થઈ. એ રીતે બોટિકો ઉત્પન્ન થયા. તેનો ઉપસંહાર —

● ભાષ્ય-૧૪૭,૧૪૮ :-

*બોટિક મત શિવભૂતિ અને ઉત્તરાએ કુતર્ક દ્વારા પ્રરૂપ્યો. આવો મિથ્યાદર્શનરૂપ મત રથવીરપુરમાં ઉત્પન્ન થયો. બોટિક શિવભૂતિથી બોટિક મતની ઉત્પત્તિ થઈ. કૌંડિન્ય અને કોટ્ટવીર પરંપરાએ થયા.*

● વિવેચન-૧૪૭,૧૪૮ :-

ऊहया - સ્વતર્કબુદ્ધિથી, બોટિક શિવભૂતિ અને ઉતરા વડે આ મિથ્યાદર્શન કહેવાયું - x - બોટિક શિવભૂતિની પાસેથી બોટિક લિંગની ઉત્પત્તિ થઈ છે. - x - x - કૌંડિન્ય અને કોટ્ટવીરથી - પરંપરા સ્પર્શ-આચાર્ય અને શિષ્ય સંબંધ લક્ષણને આશ્રીને ઉત્પન્ન થયો. - x -

હવે નિહ્નવોની વક્તવ્યતાનું નિગમન કહે છે —

● નિર્યુક્તિ-૭૮૪ :-

*એ પ્રમાણે અવસર્પિણીમાં સાત નિહ્નવો કહેલ છે. તે વીરવરના શાસનમાં કહ્યા, બાકીના તીર્થંકરોના શાસનમાં કહેલા નથી.*

● વિવેચન-૭૮૪ :-

एवं - ઉક્ત પ્રકારે, एतं - અનંતરોક્ત, कथित - પ્રતિપાદિત કર્યા, - x - प्रवचन - તીર્થમાં, शेषाणाम् - બાકીના અરહંતોના તીર્થમાં. - x -

● નિર્યુક્તિ-૭૮૫ :-

*આ એકને છોડીને બાકીના મતમાં યાવજ્જીવ પ્રત્યાખ્યાન છે આ એક-એક નિહ્નવને આશ્રીને બબ્બે દોષો જાણવા.*

● વિવેચન-૭૮૫ :-

આ બધામાં એક અધમ નિહ્નવ ગોષ્ઠા માહિલને છોડીને જમાલિ વગેરે બધાંએ યાવજ્જીવન પ્રત્યાખ્યાન કરેલા પણ અપ્રત્યાખ્યાનને ઈચ્છ્યા નથી.

[શંકા] પ્રકરણથી જ આ જણાય છે, અર્થનો ઉપન્યાસ શા માટે ? દરરોજ ઉપયોગથી પ્રત્યાખ્યાનના ઉપયોગીપણાથી આત્મા કંઈપણ ન રહે, તે જ સ્વીકારે, તે માટે કહેલ છે. અહીં જણાવે છે - નિહ્નવોમાં પણ પ્રત્યાખ્યાનમાં આ જ મત છે. હવે આમનામાં એક-એક મધ્યે બબ્બે દોષ જાણવા. એક નિહ્નવને મૂકીને આ કથન છે. ભાવાર્થ અમે કહીએ છીએ.

પરસ્પરથી જેમ બહુ-બહુરતા જીવ-પ્રદેશિકો. બે કારણથી તેને મિથ્યાદૃષ્ટિ છે. જે કહે છે — એક પ્રદેશો જીવ તથા કરાતું કર્યુ. એમ બધે જ યોજવું. ગોષ્ઠામાહિલને આશ્રીને ઐકૈકને ત્રણ દોષો છે. જેમકે બહુરતોને ગોષ્ઠામાહિલ કહે છે — આપને ત્રણ દોષથી મિથ્યાદૃષ્ટિ છે — જેમ કરેલું કર્યુ. તથા બદ્ધ કર્મ વેદાય છે અને યાવજ્જીવ પ્રત્યાખ્યાન.

તેમાં આ મતો શું સંસારને માટે છે કે અપ્વર્ગને માટે ? તે આશંકા નિવારવાને



કહે છે —

● નિર્યુક્તિ-૭૮૬ :-

*આ સાતે મતો જન્મ, જરા, મરણ, ગર્ભવાસના સ્થાનરૂપ સંસારનું મૂળ છે. આ સાતે નિર્ગ્રન્થરૂપે [વેશથી] રહેલા છે.*

● વિવેચન-૭૮૬ :-

આ સાત મત છે, બોટિકો તો મિથ્યાદૃષ્ટિ જ છે. તેનો વિચાર ન કરવો. જાતિ - નારકાદિ પ્રસૂતિ લેવી. તેથી ગર્ભવાસનું ગ્રહણ અદુષ્ટ છે. મૂલ - કારણ થાય છે. જન્મ-જરા-મરણ-ગર્ભવાસનું મૂળ ન થાય. તેથી કહે છે — સંસાર - તિર્યંચ, મનુષ્ય, નારક, દેવ ભવની અનુભૂતિરૂપ, એવો દીર્ઘ સંસાર ગ્રહણ થાય છે. નિર્ગ્રન્થ રૂપથી જ.

[શંકા] શું આ નિહ્નવો સાધુઓ છે ? કે અન્યતીર્થિક છે ? કે ગૃહસ્થ છે ? [સમાધાન] સાધુ નથી. માત્ર વેશથી તેવા દેખાય છે. કેમકે એક સાધુને માટે કરાયેલા અશન આદિ બાકીનાને અકલ્પ્ય છે. તેવું નિહ્નવોમાં નથી. કહે છે —

● નિર્યુક્તિ-૭૮૭ :-

*પ્રવચન મુજબ ક્રિયા કરનારાને આશ્રીને જે કર્યુ કે કરાવ્યુ હોય તે મૂલગુણ કે ઉત્તરગુણ સંબંધી હોય તો પણ પરિભોગમાં ભજના.*

● વિવેચન-૭૮૭ :- *[ચૂર્ણિમાં આની વ્યાખ્યા ભિન્નપણે પણ સારી છે.]*

પ્રવચન નીહૂય - યથોક્ત ક્રિયાકલાપ પ્રત્યકિંચિત્ કરોને જે અશનાદિ, તેમના માટે કરે, જે કાળ - જે ક્ષેત્રમાં તેની પરિહરણામાં ભજના. કદાચિત્ ઉપભોગ થાય, કદાચિત્ ન થાય. જો લોકો ન જાણતા હોય કે આ નિહ્નવો છે, સાધુથી જુદા છે, ત્યારે પરિભોગ થાય. જો લોકો જાણતા હોય તો પરિભોગ ન થાય અથવા પરિભોગ કહે છે — ધારણા, ઉપભોગ, પરિહરણા તેનો પરિભોગ. તેમાં ભજના કરવી જોઈએ. મૂલ - મૂલગુણ વિષય આધાકર્મ આદિ, ઉત્તરગુણ વિષય ક્રીમ-કૃતાદિ, તેઓ સાધુઓ નથી, ગૃહસ્થ પણ નથી, કેમકે વેશ ધારણ કરેલ છે અન્યતીર્થિક પણ નથી. આ બધાં કારણે તેમના માટે જે કંઈ કરાયેલ હોય તે-તે બધું કલ્પે. કેમકે આ બધાં અવ્યક્ત છે, એમ ગાથાર્થ છે.

શંકા-બોટિકો માટે જે કરેલ છે, તેમાં શું કહો છો ?

● નિર્યુક્તિ-૭૮૮ :-

*મિથ્યાદૃષ્ટિકોને માટે મૂળગુણો અને ઉત્તરગુણોને આશ્રીને જે કંઈ બનેલ કે બનાવેલ હોય તે શુદ્ધ હોવાથી સાધુને કલ્પે છે.*

● વિવેચન-૭૮૮ :-

મિથ્યાદૃષ્ટિ એટલે બોટિકો. તેમને માટે જે કાળ કે જે ક્ષેત્રમાં જે કંઈ અશનાદિ કરેલ હોય તે બધાં જ કલ્પે છે. - x - સમવતાર દ્વાર કહ્યું. હવે અનુમત દ્વારની વ્યાખ્યા કહે છે — તેમાં જે જે નયના સામાયિક મોક્ષમાર્ગત્વથી અનુમત છે, તેને દર્શાવવાને માટે કહે છે —

● **નિર્યુક્તિ-૭૮૯ :-**

***વ્યવહાર નયથી તપ પ્રધાન સંયમ અને નિર્ગ્રન્થ પ્રવચન [તે સામાયિક છે] શબ્દ અને ઋજુસૂત્રના મતે સંયમને જ મોક્ષ માનેલ છે.***

● **વિવેચન-૭૮૯ :-**

જે તપાવે તે તપ. તપ પ્રધાન સંયમ તે તપસ્સંયમ. મોક્ષના અંગપણે આને અભિષ્ટ-અનુમત છે. નિર્ગ્રન્થોનું આ તે - નૈર્ગ્રન્થ્ય એટલે આર્હતમ્. શું ? પ્રવચન-શ્રુત. च શબ્દ અનુક્ત સમ્યકત્વ સામાયિકના સમુચ્ચયને માટે છે. વવહાર - એ પ્રમાણે વ્યવહારમાં રહેલ છે. વ્યવહારના ગ્રહણથી તેની પૂર્વેના નૈગમ અને સંગ્રહ બંને નયો પણ ગ્રહણ કરવા. તેથી આ પ્રમાણે કહેવાય કે — નૈગમ, સંગ્રહ અને વ્યવહાર ત્રણે પણ સામાયિકને મોક્ષમાર્ગપણે સ્વીકારે છે.

તપ અને સંયમના ગ્રહણથી ચારિત્ર સામાયિક, પ્રવચનના ગ્રહણથી શ્રુત સામાયિક, च શબ્દથી સમ્યકત્વ સામાયિક લેવું.

શંકા - જો એમ છે, તો મિથ્યાદૃષ્ટિઓ શા માટે ? સમાધાન-કેમકે વ્યસ્તને પણ અનુમત છે, સાપેક્ષ જ નથી. વળી શબ્દ અને ઋજુસૂત્ર કારણમાં કાર્યના ઉપચારથી નિર્વાણમાર્ગ જ નિર્વાણ, તેને સંયમ માને છે. ઋજુસૂત્રને ઉલ્લંઘીને શબ્દનું કથન બાકીના આગળના નયના અનુમતના સંગ્રહને માટે છે. અહીં એવું કહે છે — ઋજુસૂત્રાદિ બધાં ચારિત્ર સામાયિકને જ મોક્ષમાર્ગપણે અનુમત માને છે. બાકીના બે નહીં. કેમકે તેના અભાવમાં મોક્ષનો જ અભાવ છે.

તેથી કહે છે — સમગ્ર જ્ઞાન-દર્શનના લાભમાં પણ અનંતર જ મોક્ષ નથી. પણ સર્વ સંવરરૂપ ચારિત્રની પ્રાપ્તિ પછી જ મોક્ષ છે. તેથી તે ભાવના ભાવિતપણાથી તે જ મોક્ષમાર્ગ છે. - x - x -

હવે બીજી દ્વારગાથાનો પહેલો અવયવ 'किम' એ દ્વારની વ્યાખ્યા કરે છે — સામાયિક શું છે ? શું તે જીવ છે ? કે અજીવ છે ? અથવા બંને છે ? અથવા બંને નથી ? જીવ-અજીવત્વમાં પણ શું દ્રવ્ય છે ? કે ગુણ છે ? તે આશંકાને સંભવમાં કહે છે—

● **નિર્યુક્તિ-૭૯૦ :-**

***આત્મા એ જ સામાયિક છે. પ્રત્યાખ્યાન કરતો આત્મા થાય છે. તેથી નિશ્ચે સર્વ દ્રવ્યોના વિષય સંબંધી પ્રત્યાખ્યાન હોય છે.***

● **વિવેચન-૭૯૦ :-**

આત્મા - જીવ. ખલુ શબ્દ નિશ્ચય અર્થમાં છે. આત્મા જ સામાયિક છે, તેથી જીવાદિ પૂર્વોક્ત વિકલ્પનો વ્યવચ્છેદ કરે છે. - x - પ્રત્યાખ્યાન કરતો, ક્રિયાકાળ અને નિષ્ઠાકાળના અભેદથી વર્તમાનમાં જ અતીતની આપત્તિથી કૃત પ્રત્યાખ્યાન ગ્રહણ કરાય છે. તે જ પરમાર્થ થકી આત્મા છે. શ્રદ્ધાન્-જ્ઞાન-સાવધ નિવૃત્તિમાં અસ્વભાવ અવસ્થિત હોવાથી, બાકીના સંસારી આત્મા ન જ થાય, કેમકે તેમને પ્રચુર ઘાતિકર્મો વડે સ્વાભાવિક ગુણોનો તિરસ્કાર કરે છે. તેથી બીજી વખત 'આત્મા' શબ્દનું ગ્રહણ કરેલ છે.



तं खलु માં खलु શબ્દ સામાયિકની જીવ પરિણતિત્વના જ્ઞાપન અર્થે છે. તે પ્રત્યાખ્યાન જીવપરિણતિ રૂપત્વથી વિષયને આશ્રીને બધાં દ્રવ્યોના આભિમુખ્યતાથી સમવાયમાં નિષ્પન્ન થાય છે. તેના શ્રદ્ધેય, જ્ઞેય, ક્રિયા ઉપયોગીત્વથી સર્વદ્રવ્યોના - એમ કહ્યું.

[શંકા] સામાયિક શું છે ? એ સ્વરૂપ પ્રશ્ન પ્રસ્તુત છતાં વિષય નિરૂપણ આનો અન્યાચ્ય છે કેમકે બાહ્ય શાસ્ત્રવત્ અપ્રસ્તુત છે. [સમાધાન] અપ્રસ્તુત્વાદિ અસિદ્ધ છે. તેથી કહે છે — સામાયિકનું વિષય નિરૂપણ પ્રસ્તુત જ છે. કેમકે તે સામાયિકના અંગભૂતપણે છે. સામાયિકમાં આત્માવત્. વધુ વિસ્તાર કરતા નથી.

તેમાં જે કહ્યું — "આત્મા જ સામાયિક છે, તેમાં જેવા સ્વરૂપની આ સામાયિક છે તેવા સ્વરૂપે જણાવતા ભાષ્યકાર કહે છે —

● **ભાષ્ય-૧૪૯ :-**

***સાવધ યોગથી વિરત, ત્રિગુપ્ત, છકાયમાં સંયત, ઉપયુક્ત, યતના કરતો આત્મા સામાયિક હોય છે.***

● **વિવેચન-૧૪૯ :-** *[ચૂર્ણિમાં નય આશ્રિત સુંદર વિવેચન છે.]*

સાવધ યોગ વિરત - અવધ તે મિથ્યાત્વ-કષાય-નોકષાયરૂપ. અવધ સહિત તે સાવધ. તેના યોગથી નિવૃત્ત, મન-વચન-કાયાથી ગુપ્ત, છ જીવનિકાયમાં યતનાવાન્, અવશ્ય કર્તવ્ય યોગમાં સદા ઉપયુક્ત તેના આસેવનથી તેમાં પ્રયત્નવાન્. આવો આત્મા સામાયિક થાય.

હવે જે કહેલું કે "तं खलु पच्चक्खाणं॰" તેમાં સાક્ષાત્ મહાવ્રતરૂપ ચારિત્ર સામાયિકને આશ્રીને સર્વદ્રવ્ય વિષયતા દેખાડે છે.

● **નિર્યુક્તિ-૭૯૧ :-**

***પહેલા મહાવ્રતમાં સર્વે જીવો, બીજા અને છેલ્લામાં સર્વે દ્રવ્યો, બાકીના મહાવ્રતમાં તે દ્રવ્યના એક દેશ સંબંધી દ્રવ્યો છે.***

● **વિવેચન-૭૯૧ :-**

પહેલા પ્રાણાતિપાત નિવૃત્તિરૂપ વ્રતમાં વિષયદ્વારથી વિચારતા ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર રૂપ બધાં જીવો વિષયપણે જાણવા. તેના અનુપાલનરૂપત્વથી તેમ કહ્યું. બીજા મૃષાવાદ નિવૃત્તિરૂપ અને પરિગ્રહ નિવૃત્તિરૂપમાં સર્વ દ્રવ્યો વિષયપણે જાણવા કેમ ? પંચાસ્તિકાયાત્મક લોક નથી, એ મૃષાવાદનું સર્વદ્રવ્યવિષયત્વ અને બીજા વ્રતના નિવૃત્તરૂપત્વથી એમ કહ્યું. મૂર્છા દ્વારથી પરિગ્રહનું પણ સર્વદ્રવ્ય વિષયત્વ અને પાંચમાં વ્રતની નિવૃત્તિરૂપત્વથી સંપૂર્ણ દ્રવ્યવિષયતા છે.

બાકીના મહાવ્રતો દ્રવ્યના એકદેશથી જ છે. - x - કઈ રીતે ? ત્રીજા ગ્રહણ ધારણીય દ્રવ્ય અદત્તાદાનની વિરતિરૂપત્વથી છે. ચોથામાં રૂપ અને રૂપ સહગતદ્રવ્ય સંબંધી અબ્રહ્મની વિરતિ રૂપત્વથી છે અને છઠ્ઠામાં રાત્રિભોજનવિરતિ રૂપત્વથી છે.

એ પ્રમાણે ચારિત્ર સામાયિક નિવૃત્તિ દ્વારથી સર્વ દ્રવ્યવિષયક છે શ્રુત સામાયિક

પણ શ્રુતજ્ઞાનાત્મકત્વથી સર્વ દ્રવ્ય વિષયક જ છે. સમ્યક્ત્વ સામાયિક પણ સર્વ દ્રવ્યોના ગુણ અને પર્યાયો સહના શ્રદ્ધાન રૂપત્વથી સર્વ વિષયક જ છે. હવે પ્રસ્તુત વાત - સામાયિક અજીવ આદિના વ્યુદાસથી જીવ જ છે. તેના નયમત ભેદથી દ્રવ્યગુણ પ્રાપ્તિમાં સર્વે નયના આધાર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક વડે સ્વરૂપ વ્યવસ્થા—

**• નિર્યુક્તિ-૭૯૨ :-**

***દ્રવ્ય નયથી ગુણ યુક્ત જીવ એ સામાયિક છે, અને પર્યાય નયથી જીવનો ગુણ એ સામાયિક છે.***

**• વિવેચન-૭૯૨ :-** *[આ વિવેચન તજ્જ્ઞ પાસેથી સમજવું.]*

જીવ એટલે આત્મા. ગુણો વડે પ્રતિપન્ન - આશ્રિત. ગુણ એટલે સમ્યક્ત્વ આદિ. દ્રવ્યાર્થિક નયથી સામાયિક એ જ વસ્તુતઃ "આત્મા જ સામાયિક" છે. ગુણો - તેનાથી વ્યતિરિક્ત અનવગમ્ય માનત્વથી હોતા નથી. તેની પ્રતિપત્તિ એ તેની ભ્રાંતિ છે. તે જ સામાયિકાદિ ગુણો પર્યાયાર્થિક નયના છે. - x - ગુણથી અતિરિક્ત જીવ હોતો નથી. તેથી ગુણ જ સામાયિક છે તેમ માનવું, પણ જીવને સામાયિક ન માનવો.

હવે પર્યાયાર્થિક જ સ્વપક્ષના સમર્થન માટે કહે છે —

**• નિર્યુક્તિ-૭૯૩ :-**

***ગુણો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને પરિણમે છે, પરંતુ દ્રવ્યો ઉત્પન્નાદિ થતાં નથી. દ્રવ્યથી ઉત્પન્ન થયેલા ગુણો છે, પણ ગુણોથી ઉત્પન્ન થયેલા દ્રવ્યો નથી.***

**• વિવેચન-૭૯૩ :-**

ઉત્પન્ન થાય અને વ્યય પામે. આના વડે ગુણો ઉત્પાદ વ્યયરૂપે પરિણમે છે. च શબ્દ જ કાર અર્થે છે. તેનો પ્રયોગ આ રીતે — દ્રવ્યો નહીં પણ ગુણો જ ઉત્પાદ અને વ્યયરૂપે પરિણમે છે. માટે ગુણો જ છે - પાંદડાના લીલા અને લાલ વર્ણાદિવત્. તે સિવાય કોઈ ગુણી છે જ નહીં. કેમકે ગુણીમાં ઉત્પાદ-વ્યય-પરિણામ રહિતતા છે. દ્રવ્યથી પ્રભવતા ગુણો ન હોય, ગુણથી પ્રભવતા દ્રવ્યો ન હોય. કારણત્વ અને કાર્યત્વ ન હોવાથી દ્રવ્યોનો જ અભાવ થાય. [ઈત્યાદિ બધું તજ્જ્ઞ પાસેથી જાણવું.]

એ પ્રમાણે પર્યાયાર્થિક મતે સ્વમત - "ગુણો જ સામાયિક" એમ સ્થાપતા દ્રવ્યાર્થિક નય કહે છે - દ્રવ્ય જ પ્રધાન છે, ગુણો નહીં.

**• નિર્યુક્તિ-૭૯૪ :-**

***જે જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગ અને વિસ્રસારૂપે પરિણમે તે દ્રવ્ય છે. જિનેશ્વર તે દ્રવ્યોને તે ભાવે જાણે છે, અપર્યાયમાં જ્ઞાન અર્થાત્ જાણપણું નથી.***

**• વિવેચન-૭૯૪ :-** *[નિર્યુક્તિ દીપિકા આધારિત જ નોંધ્યુ છે.]*

અરિહંત પરમાત્મા જે-જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગથી કે સ્વાભાવિક રૂપે પરિણમે છે, તે દ્રવ્યોને તે તે ભાવે-પરિણામે જાણે છે, અપર્યાયમાં પરિજ્ઞા નથી. માટે પર્યાય વિશિષ્ટ દ્રવ્ય પ્રમાણભૂત છે. તેથી સમતાયુક્ત આત્મા જ સામાયિક છે. એ



જ તત્ત્વરૂપ છે.

એ પ્રમાણે ઉભયનયને જાણીને શિષ્ય પૂછે છે — અહીં તત્ત્વ શું છે ? સામાયિક ભાવ પરિણત આત્મા જ સામાયિક છે. તેથી જે સત્ છે, તે દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. તેથી આગમમાં કહ્યું છે —

**• નિર્યુક્તિ-૭૯૫ :-**

***જે જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગ અને સ્વાભાવિક રૂપે પરિણમે છે, તે દ્રવ્ય છે. જિનેશ્વરો તેને તે રૂપે જાણ છે. અપર્યાયમાં જ્ઞાન નથી.***

**• વિવેચન-૭૯૫ :-**

જે જે દ્રવ્ય જે-જે આધ્યાત્મિક અને બાહ્ય ભાવોમાં પ્રયોકથી કે વિસ્રસાથી પરિણમે છે આદિ ભાવાર્થ પૂર્વવત્. તે તે પરિણામથી જ જિનવર જાણે છે. આદિ - x - કેવલીએ તેમ જાણેલ છે. હવે કતિવિધ દ્વાર —

**• નિર્યુક્તિ-૭૯૬ :-**

***સામાયિક ત્રણ ભેદે છે — સમ્યક્ત્વ, શ્રુત અને ચારિત્ર. ચારિત્ર બે ભેદે છે — અગારિક અને અણગારિક.***

**• વિવેચન-૭૯૬ :-** *[ચૂર્ણિ અને દીપિકાનું વિવેચન કંઈક વિશેષથી છે.]*

સામાયિક શબ્દનો અર્થ પૂર્વે કહ્યો. ત્રણ ભેદ કહ્યા. 'च' શબ્દ સ્વગત ભેદે છે — અગારિક અને અણગારિક. તે બે ભેદે છે — નિસર્ગથી અને અધિગમથી. અથવા દશ ભેદે છે — પ્રત્યેકના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક ભેદથી. અથવા ત્રણ ભેદે છે — ક્ષાયિક, ક્ષાયોપસમિક અને ઔપશમિક અથવા કારક, રોચક અને વ્યંજક ભેદથી છે.

શ્રુત એટલે શ્રુતસામાયિક, તે સૂત્ર, અર્થ અને ઉભયરૂપ ત્રણ ભેદે છે. અક્ષર, અનક્ષરાદિ ભેદથી અનેકવિધ છે.

ચારિત્ર સામાયિક - ક્ષાયિકાદિ ત્રણ ભેદે છે અથવા સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ભેદથી પાંચ પ્રકારે છે. અથવા ગૃહીત સંપૂર્ણ વિકલ્પ બે ભેદે છે — આગાર સામાયિક અને અણગાર સામાયિક. - x - अगाः- વૃક્ષો, તેના વડે કરેલ તે અગાર-ગૃહ, તે જેને છે તે - આગારિક. દેશવિરતિના વિવિધરૂપથી આ અનેકભેદે છે. અણગાર - સાધુ, તેનું આ તે અણગારિક.

[શંકા] સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક છોડીને ચારિત્ર સામાયિકનું સાક્ષાત્ અભિધાન શા માટે ? [સમાધાન] ચારિત્ર સામાયિક હોતાં તે બંને સામાયિક નિયમા હોય, તે જણાવવાને માટે છે અથવા ચરમત્વથી આના ભેદો કહેવાથી, બાકી બંનેના પણ કહેવા. તેમ જણાવવા માટે છે.

હવે ભાષ્યકૃત્ શ્રુત સામાયિકની વ્યાખ્યા

**• ભાષ્ય-૧૫૦ :-**

***અધ્યયન ત્રણ ભેદે છે — સૂત્ર, અર્થ અને તદુભય. બાકીના પણ અધ્યયનોમાં એ જ નિર્યુક્તિ છે.***

• વિવેચન-૧૫૦ :-

અધ્યયન પણ ત્રણ ભેદે છે — સૂત્ર વિષયક, અર્થવિષયક અને તદુભય વિષયક. अपि શબ્દથી સમ્યકત્વ સામાયિક પણ ઔપશમિકાદિ ભેદથી ત્રણ પ્રકારે છે. આ ઉપોદ્ઘાત નિર્યુક્તિથી સંપૂર્ણ અધ્યયન વ્યાપ દર્શાવતા કહે છે — ચતુર્વિંશતિસ્તવાદિ અન્ય અધ્યયનોમાં આ જ નિર્યુક્તિ હોય છે. - x - x - હવે कस्य દ્વારનું પ્રતિપાદન કરે છે - તે કોને હોય ?

• નિર્યુક્તિ-૭૯૭ :-

*જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સ્થિત હોય, તેને સામાયિક હોય છે, એમ કેવલીએ કહેલું છે.*

• વિવેચન-૭૯૭ :-

જેનો सामानिक - સન્નિહિત, અપ્રવસિત, આત્મા, સંયમ - મૂલ ગુણોમાં, નિયમ-ઉત્તરગુણોમાં, तपस् - અનશનાદિરૂપ હોય એવા પ્રકારના અપ્રમાદીને સામાયિક હોય છે, એ પ્રમાણે કેવલી વડે કહેવાયેલ છે.

• નિર્યુક્તિ-૭૯૮ :-

*જે ત્રસ, સ્થાવર સર્વભૂતોમાં સમાન છે, તેને સામાયિક થાય છે, એ પ્રમાણે કેવલીએ કહેલ છે.*

• વિવેચન-૭૮૯ :-

सम - મધ્યસ્થ, આત્માની માફક જુએ છે. સર્વભૂત - સર્વપ્રાણી, ત્રસ - બેઈન્દ્રિયાદિ, સ્થાવર - પૃથ્વી આદિ, - x - હવે ફલ પ્રદર્શનદ્વારથી —

• નિર્યુક્તિ-૭૯૯ :-

*સાવધયોગ પરિવર્જનાર્થે સામાયિક પરિપૂર્ણ પ્રશસ્ત છે. તે ગૃહસ્થ ધર્મથી પ્રધાન જાણી, વિદ્વાનો આત્મહિત અને મોક્ષ માટે કરે.*

• વિવેચન-૭૯૯ :-

સાવધયોગનો ત્યાગ કરવાને માટે સામાયિક પરિપૂર્ણ પવિત્ર છે આ જ ગૃહસ્થ ધર્મથી પ્રધાન છે. એમ જાણીને વિદ્વાનો આત્મોપકારક અને મોક્ષના હેતુ માટે પણ દેવલોકાદિની પ્રાપ્તિ માટે નહીં, સામાયિક કરે. આના દ્વારા નિયાણાનો ત્યાગ કહ્યો. પરિપૂર્ણ સામાયિક કરવાની શક્તિના અભાવે ગૃહસ્થ પણ ગૃહસ્થ સામાયિક કરે છે — करेमि भंते सामाइयं૰ આદિ. તેને બધું ત્રિવિધ-ત્રિવિધે પચ્ચક્ખાણ કરવામાં શો દોષ છે ? તે કહે છે. પ્રવૃત્ત કર્મ આરંભની અનુમતિથી અનિવૃત્તિને લીધે કરવાનો અસંભવ છે. તથા ભંગ પ્રસંગ દોષ લાગે કહે છે —

• નિર્યુક્તિ-૮૦૦ :-

*“હું સર્વ સાવધ તજુ છું” એમ બોલી જેને સર્વ સામાયિક નથી તે સર્વ વિરતિવાદી દેશથી અને સર્વથી બંનેથી ચૂકે છે.*

• વિવેચન-૮૦૦ :-

સર્વ શબ્દથી સર્વ સાવધ યોગને ત્રિવિધ ત્રિવિધે પચ્ચક્ખે છે. આ પ્રમાણેની



નિવૃત્તિ પ્રગટ કરીને, જેને સર્વ વિરતિ નથી. કેમકે પ્રવૃત્ત કર્મના આરંભની અનુમતિનો સદ્ભાવ છે, તે સર્વ વિરતિ વાદી દેશ અને સર્વ વિરતિ બંનેને ચૂકે છે. કેમકે ‘પ્રતિજ્ઞાત’ને કરેલ નથી.

આગમમાં ત્રિવિધ ત્રિવિધે ગૃહસ્થ પ્રત્યાખ્યાન કહેલ છે, તે કેવી રીતે ? તે સ્થૂળ સાવધયોગ વિષયક છે. અહીં વૃત્તિકારશ્રી ભાષ્યની ત્રણ ગાથા દ્વારા ઉક્ત કથનની સાક્ષી આપે છે. પછી લખે છે કે — તો પણ પરલોકના ગૃહસ્થ સામાયિક કરવી જોઈએ. કેમકે તે પણ વિશિષ્ટ ફલ સાધકપણે છે.

• નિર્યુક્તિ-૮૦૧ :-

*સામાયિક કરતો એવો શ્રાવક શ્રમણ સમાન જેથી થાય છે. તે - તે કારણોથી વારંવાર સામાયિક કરવું જોઈએ.*

• વિવેચન-૮૦૧ :-

સામાયિક જ કરતો એવો શ્રાવક શ્રમણ જેવો થાય છે, કારણ કે પ્રાયઃ અશુભયોગરહિતત્વથી અર્થાત્ કર્મવિદક છે માટે વારંવાર સામાયિક કરવું.

• નિર્યુક્તિ-૮૦૨ :-

*ઘણાં પ્રકારના શબ્દાદિ વિષયમાં હંમેશાં જીવ ઘણો પ્રમાદી છે. એ કારણથી ગૃહસ્થે વારંવાર સામાયિક કરવું જોઈએ.*

• વિવેચન-૮૦૨ :-

જીવ પ્રમાદની બહુલતાવાળો છે. બહુશઃ અનેક પ્રકારે પણ, ઘણાં પ્રકારના શબ્દાદિમાં પ્રમાદવાન્ અને એકાંતે અશુભબંધક જ છે. તેથી - આ કારણથી તેનો પરાજય કરવા માટે વારંવાર સામાયિક કરે અર્થાત્ મધ્યસ્થ થાય.

હવે સંક્ષેપથી સામાયિકવાળાના મધ્યસ્થ લક્ષણ —

• નિર્યુક્તિ-૮૦૩ :-

*જે રાગમાં વર્તતો નથી, દોષમાં વર્તતો નથી, બંનેના મધ્યમાં વર્તે છે, તે મધ્યસ્થ ગણાય છે, બાકીના બધાં અમધ્યસ્થ છે.*

• વિવેચન-૮૦૩ :-

ગાથાર્થ કહ્યો. હવે ક્યાં કયું સામાયિક હોય છે ? તે કહે છે —

• નિર્યુક્તિ-૮૦૪ થી ૮૦૬ :-

*ક્ષેત્ર, દિશા, કાળ, ગતિ, ભવ્ય, સંજ્ઞી, ઉચ્છ્વાસ, દૃષ્ટિ, આહાર, પર્યાપ્તિ, સુતેલ, જન્મ, સ્થિતિ, વેદ, સંજ્ઞા, કષાય, આયુ, જ્ઞાન, યોગ, ઉપયોગ, શરીર, સંસ્થાન, સંઘયણ માન, લેશ્યા, પરિણામ, વેદના, સમુદ્ઘાત, કર્મ, નિર્વેષ્ટન, ઉદ્વર્ત્તન, આશ્રવકરણ, અલંકાર, શયન, આસન, સ્થાન અને ચંક્રમણને આશ્રીને ક્યાં કયું સામાયિક થશે ?*

• વિવેચન-૮૦૪ થી ૮૦૬ :-

આનો સમુદાયાર્થ ક્ષેત્રથી આહારકને આશ્રીને આલોચવો જોઈએ કે ક્યાં કયું સામાયિક હોય ? તથા પર્યાપ્ત આદિ સ્થાન સુધીના દ્વારોને આશ્રીને અને

સંક્રમણને વિષય કરીને ક્યાં - કયું સામાયિક તે વિચારવું જોઈએ. અવયવાર્થ તો પ્રતિદ્વારે સ્વયં જ કહેશે. તેમાં ઉર્ધ્વ લોકાદિ ક્ષેત્રને આશ્રીને સમ્યક્ત્વાદિ સામાયિકોના લાભાદિ ભાવ —

**● નિર્યુક્તિ-૮૦૭ :-**

***સમ્યક્ત્વ અને શ્રુતસામાયિકની પ્રાપ્તિ ઉર્ધ્વ, અધો અને તીર્છાલોકમાં, વિરતિ મનુષ્યલોકમાં, દેશવિરતિ તિર્યંચોમાં હોય છે.***

**● વિવેચન-૮૦૭ :-**

સમ્યક્ત્વ અને શ્રુતસામાયિકની પ્રાપ્તિ ત્રણે લોકમાં હોય છે. અહીં આવી ભાવના છે - ઉર્ધ્વલોકમાં મેરુ અને અસુરલોકાદિમાં જે જીવો સમ્યક્ત્વ પામે તેમને શ્રુતજ્ઞાન પણ હોય ત્યારે તે સમ્યક્ શ્રુત થાય. એ રીતે અધોલોકમાં પણ મહાવિદેહમાં અધોલૌકિક ગામોમાં અને નરકોમાં જે પામે છે, એ પ્રમાણે તીર્છાલોકમાં પણ છે. સર્વ વિરતિ સામાયિકનો લાભ મનુષ્યલોકમાં જ થાય છે. બીજે નહીં. - x - ક્ષેત્ર નિયમ તો વિશિષ્ટ શ્રુતવિદો જ જાણે છે. દેશવિરતિ સામાયિક લક્ષણના લાભના વિચારમાં તિર્યંચોમાં હોય, કેટલાંક મનુષ્યોમાં પણ હોય.

**● નિર્યુક્તિ-૮૦૮ :-**

***પૂર્વપ્રતિપન્નક વળી ત્રણે લોકમાં નિયમથી ત્રણેના હોય. ચારિત્ર બે લોકમાં નિયમા અને ઉર્ધ્વલોકમાં ભજના હોય છે.***

**● વિવેચન-૮૦૮ :-**

ગાથાર્થ કહ્યો. હવે દિશાનું સ્વરૂપ પ્રતિપાદનાર્થે કહે છે —

**● નિર્યુક્તિ-૮૦૯ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપક્ષેત્ર, પ્રજ્ઞાપક અને સાતમી ભાવદિશા તે અઢાર પ્રકારે છે.***

**● વિવેચન-૮૦૯ :-**

નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યદિશા છે તે જઘન્યથી ૧૩ પ્રદેશિક અને દશ દિશાથી ઉત્પન્ન દ્રવ્ય છે. તેમાં એકૈક પ્રદેશ વિદિશાનો તે ચાર, મધ્યમાં એક, ચારે દિશામાં બબ્બે એ રીતે ૧૩ પ્રદેશ થાય. - x - x - ઉત્કૃષ્ટથી તે અનંત પ્રદેશિક છે. ક્ષેત્રદિશાના અનેક ભેદો છે — મેરુ મધ્યે આઠ પ્રાદેશિક રુચકથી બહાર બે આદિ ઉત્તર શ્રેણિમાં શકટોર્દ્ધિ સંસ્થાનવાળી ચાર દિશા, ચાર અંતરાલ કોણમાં અવસ્થિત એક પ્રદેશિકા છિન્નાવલિ સંસ્થાનવાળી ચારે વિદિશા, ઉર્ધ્વ ચતુઃપ્રદેશિક ચતુરસ્ર દંડ સંસ્થાને એક, નીચે પણ એ જ પ્રકારે બીજી છે. વૃત્તિકારશ્રી તેના સાક્ષી પાઠમાં ત્રણ ગાથા પણ ઉક્તાર્થ નોંધે છે. સ્થાપના દર્શાવે છે —

આ દિશાઓના નામો આ પ્રમાણે છે — ઐન્દ્રી [પૂર્વા], આગ્નેયી, યમા [દક્ષિણ], નૈઋર્તી, વારુણી [પશ્ચિમ], વાયવ્ય, સૌમ્યા [ઉત્તર], ઈશાન, વિમલા [ઉર્ધ્વા], તમા [અધો] એ દશ દિશા જાણવી. વિજયદ્વારને અનુસરતી ઐન્દ્રી આદિ દિશા પ્રદક્ષિણા ક્રમે જાણવી. તેમાં આઠ તીર્છી અને ઉર્ધ્વમાં વિમલા તથા અધોમાં તમા



દિશા છે. તાપક્ષેત્ર દિશા — તાપ એટલે સૂર્ય, તેને આશ્રીને ક્ષેત્ર દિશા તે અનિયત છે. જેને જ્યાંથી સૂર્ય ઉગે, તેમને તે પૂર્વા દિશા થાય. પૂર્વથી પ્રદક્ષિણા ક્રમે બાકીની દિશા જાણવી. પ્રજ્ઞાપક દિશા — વક્તા જે દિશાની સામે હોય તે પૂર્વા દિશા અને બાકીની દિશા પ્રદક્ષિણા ક્રમે નિયમથી જાણવી. સાતમી ભાવદિશા - તે અઢાર પ્રકારે જ છે. જેમકે - આ અમુક જાતનો સંસારી જીવ છે, એવું જેના વડે દર્શાવાય તે ભાવ દિશા છે. તે અઢાર ભેદ આ પ્રમાણે છે —

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, મૂળ, સ્કંધ, અગ્ર, પર્વબીજ, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા, તિર્યંચ, નારક અને દેવ સમૂહ, સંમૂર્છમજ, કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતર્દ્વિપજ મનુષ્યો એ અઢાર ભાવદિશા કહેવાય.

અહીં નામ, સ્થાપના, દ્રવ્ય દિશાનો અધિકાર નથી. બાકીની દિશા વિશે અનુક્રમે સામાયિકના પ્રતિપદ્યમાનક કે પૂર્વપ્રતિપન્ન કહેવા. તેમાં ક્ષેત્રદિશાને આશ્રીને કહે છે —

**● નિર્યુક્તિ-૮૧૦ :-**

***પૂર્વાદિ મહાદિશાઓમાં પ્રતિપદ્યમાનક હોય છે, વળી પૂર્વ-પ્રતિપન્ન તો બીજી દિશાઓમાં પણ હોય છે.***

**● વિવેચન-૮૧૦ :-**

પૂર્વાદિ મહાદિશાઓમાં વિવક્ષિત કાળમાં બધાં સામાયિકોના પ્રતિપદ્યમાનકો હોય છે, વિદિશામાં હોતા નથી. કેમકે તેમાં એકપ્રદેશિકપણાથી જીવની અવગાહનાનો ભાવ છે. - x - x - પૂર્વ પ્રતિપન્નક વળી અન્યતર દિશામાં હોય છે જ. પુનઃ શબ્દ જ કાર અર્થમાં છે.

તાપક્ષેત્ર પ્રજ્ઞાપક દિશામાં વળી આઠમાં અને ચારેમાં પણ સામાયિકોના પૂર્વ પ્રતિપન્ન હોય છે. પ્રતિપદ્યમાનકો સંભવે છે. અધો અને ઉર્ધ્વ બે દિશામાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકને માટે એમ જ છે દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિકના પૂર્વ પ્રતિપન્નક સંભવે છે, પણ પ્રતિપદ્યમાનક હોતા નથી. - x - x - ભાવ દિશામાં એકેન્દ્રિયોમાં પ્રતિપદ્યમાનક હોતા નથી. પૂર્વપ્રતિપન્ન પણ ન હોય. વિકલેન્દ્રિયોમાં સમ્યક્ત્વ અને શ્રુતસામાયિકના પૂર્વપ્રતિપન્ન સંભવે છે, પ્રતિપદ્યમાન ન સંભવે. પંચેન્દ્રિય તિર્યંચમાં સર્વવિરતિ સિવાયના પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાનમાં ભજના. વિવક્ષિત કાળે નારક, દેવ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ મનુષ્યોમાં સમ્યક્ત્વ અને શ્રુતના પૂર્વપ્રતિપન્નક હોય છે જ બીજાની ભજના. કર્મભૂમિજ મનુષ્યોમાં ચારે સામાયિકમાં પૂર્વ પ્રતિપન્ન હોય જ, પ્રતિપદ્યમાનકની ભજના. સંમૂર્છિમમાં ઉભયનો અભાવ છે. - x -

હવે કાળદ્વાર - કાળ ત્રણ ભેદે છે. ઉત્સર્પિણી કાળ, અવસર્પિણીકાળ ઉભયના અભાવે અવસ્થિતકાળ. તેમાં ભરત અને ઐરવતમાં વીશ કોટિકોટિ સાગરોપમ પ્રમાણ કાળચક્ર ભેદથી ઉત્સર્પિણી-અવસર્પિણીગત પ્રત્યેક છ ભેદે હોય છે. તેમાં અવસર્પિણીમાં સુષમસુષમા નામે ચાર કોડાકોડી સાગરોપમના પ્રમાણના પ્રવાહથી

પહેલો, ત્રણ કોડાકોડી સાગરોપમે સુષમા નામે બીજો, સુષમદુષમા નામે બે કોડાકોડી સાગરોપમનો ત્રીજો, દુષમસુષમા નામે ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો ચોથો દુષમા નામે ૨૧,૦૦૦ વર્ષનો પાંચમો, દુઃષમ દુઃષમા નામે ૨૧,૦૦૦ વર્ષનો છઠ્ઠો આરો છે. આ જ કાળ પણ ઉલટા ક્રમથી ઉત્સર્પિણીમાં હોય. અવસ્થિકાળ ચાર ભેદે છે — સુષમસુષમા પ્રતિભાગ, સુષમા પ્રતિભાગ, સુષમદુષમા પ્રતિભાગ, દુઃષમસુષમા પ્રતિભાગ. તેમાં પહેલો દેવકુરુ-ઉત્તરકુરુમાં, બીજો હરિવર્ષ-રમ્યક્ વર્ષમાં, ત્રીજો હૈરણ્યવત્-હૈમવતમાં, ચોથો મહાવિદેહમાં જાણવો. તેમાં આવા અનેક ભેદે કાળ હોવા છતાં જે સામાયિકની જે કાળમાં પ્રતિપત્તિ હોય તે જણાવે છે —

● **નિર્યુક્તિ-૮૧૧ :-**

***છ એ પ્રકારના કાળમાં સમ્યક્ત્વ અને શ્રુતની પ્રતિપત્તિ અને બેમાં અથવા ત્રણમાં સર્વવિરતિ અને દેશવિરતિ લેનારા હોય.***

● **વિવેચન-૮૧૧ :-**

સમ્યક્ત્વ અને શ્રુત એ બંને સામાયિકની પ્રતિપત્તિ સુષમાસુષમાદિ રૂપ છ એ કાળમાં સંભવે છે. પરંતુ તેનો સ્વીકાર સુષમસુષમ આદિમાં દેશ ન્યૂન પૂર્વ કોટિ આયુષ્કમાં જ થાય છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે. વિરતિ - સમગ્ર ચારિત્રરૂપ, વિરતાવિરતિ - દેશ ચારિત્રરૂપનો સ્વીકાર કોઈને બંને કાળમાં અને કોઈને ત્રણે પણ કાળમાં સંભવે છે આનો અર્થ આગળ કહીશું. તેમાં આ પ્રકૃત ભાવના છે —

ઉત્સર્પિણીમાં દુઃષમસુષમા અને સુષમદુઃષમા એ બંનેમાં અને અવસર્પિણીકાળમાં સુષમદુષમા, દુષ્ષમસુષમા અને દુષમા કાળમાં, પૂર્વ પ્રતિપન્ન તો વિધમાન હોય જ. અપિ શબ્દથી સંહરણને આશ્રીને પૂર્વ પ્રતિપન્નક સર્વકાલમાં સંભવે છે. પ્રતિભાગ કાળમાં તો ત્રણેમાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકવાળા પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્નક તો હોય જ. ચોથા પ્રતિભાગમાં ચારે પ્રકારના પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્નક તો વિધમાન હોય જ. બાહ્ય દ્વીપ સમુદ્રમાં કાળ અને લિંગ રહિતમાં ત્રણે પ્રકારે પ્રતિપધમાનક સંભવે છે, પૂર્વપ્રતિપન્ન તો હોય જ.

હવે ગતિદ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૧૨ :-**

***ચારે ગતિઓમાં નિયમા સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકની પ્રાપ્તિ હોય છે, મનુષ્યોમાં સર્વવિરતિ અને તિર્યંચોમાં દેશવિરતિ હોય.***

● **વિવેચન-૮૧૨ :-**

ચારે ગતિઓમાં નિયમથી અર્થાત્ સમ્યક્ત્વ અને શ્રુતની પ્રાપ્તિ હોય જ અર્થાત્ વિવક્ષિત કાળે સંભવે છે. ચારેમાં મોક્ષગતિ ન જ હોય તેમ જાણવું. અપિ શબ્દ પૃથ્વી આદિ ગતિ અંતર્ગત્ ન હોય. પૂર્વપ્રતિપન્ન તો આમાં પણ વિધમાન હોય. મનુષ્યોમાં વિરતીનો સ્વીકાર - સર્વ વિરતિરૂપ સંભવે છે. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને સદા હોય જ. દેશવિરતિ તિર્યંચોમાં હોય છે. ભાવના મનુષ્યતુલ્ય જાણવી.

ભવ્ય સંજ્ઞીદ્વારનો અવયવાર્થ કહે છે —



● **નિર્યુક્તિ-૮૧૩ :-**

***ભવસિદ્ધિક જીવ ચારમાંથી કોઈપણ સામાયિક અંગીકાર કરે છે. અસંજ્ઞી-મિશ્રને નિષેધ છે, સંજ્ઞી ચારે સામાયિક સ્વીકારે.***

● **વિવેચન-૮૧૩ :-**

ભવસિદ્ધિક એટલે ભવ્ય. તેઓ સમ્યક્ત્વ સામાયિકાદિમાંથી કોઈ એક, બે કે બધી સ્વીકારે છે. આ વ્યવહારનયથી પ્રતિપાદિત કરેલ છે, નિશ્ચયથી કેવળ સમ્યક્ત્વ સામાયિક સંભવે છે. તેને શ્રુત સામાયિક અનુગતપણે હોય છે. એ પ્રમાણે સંજ્ઞીને પણ જાણવું. ભવ્ય સંજ્ઞીમાં પૂર્વ પ્રતિપન્નક વિધમાન જ હોય છે, અસંજ્ઞી-મિશ્ર અને ભવ્યમાં પ્રતિષેધ છે.

અહીં આ રીતે જાણવું - કોઈપણ સામાયિકનો પ્રતિપધમાનક કે પૂર્વ પ્રતિપન્નને આશ્રીને પ્રતિષેધ હોય. મિશ્રક - સિદ્ધ. કેમકે તે સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, ભવ્ય નથી કે અભવ્ય નથી, તેથી મિશ્ર છે. - x - પૂર્વ પ્રતિપન્ન અસંજ્ઞીને સાસ્વાદન જન્મમાં સંભવે છે. એ રીતે ગાથાર્થ કહ્યો.

હવે ઉચ્છ્‌વાસ અને દૃષ્ટિદ્વાર બંને જણાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૮૧૪ :-**

***ઉચ્છ્‌વાસક, નિઃશ્વાસક, મિશ્રક પ્રતિષેધ દ્વિવિધ પ્રતિપન્ન, દૃષ્ટિ, બે નય-વ્યવહાર અને નિશ્ચય. [એવા પદો છે.]***

● **વિવેચન-૮૧૪ :-**

ઉચ્છ્‌વાસ - નિઃશ્વાસ એટલે આનાપાન પર્યાપ્તિથી નિષ્પન્ન. તે ચારે સામાયિકના પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે મિશ્ર - આનાપાન પર્યાપ્તિ વડે અપર્યાપ્ત કહેવાય. તેમાં પ્રતિપત્તિને આશ્રીને પ્રતિષેધ છે. તે ચારેના પ્રતિપધમાનક સંભવતા નથી. પણ તે જ સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકના પૂર્વ પ્રતિપન્ન હોય છે. જેમ દેવાદિનો જન્મ કાળ અથવા મિશ્ર - સિદ્ધ. તેમાં ચારેનો અને બંનેનો નિષેધ છે. શૈલેશી અવસ્થામાં દર્શન અને ચારિત્ર સામાયિકનો પૂર્વ પ્રતિપન્ન હોય છે. - x -

દૃષ્ટિને વિચારતા બે નય વિચારવા - વ્યવહાર, નિશ્ચય. તેમાં આધ સામાયિક રહિત સામાયિક પામે છે. બીજા તો તેનાથી યુક્ત જ હોય, કેમકે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો અભેદ છે.

હવે આહારક અને પર્યાપ્તક બે દ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૧૫ :-**

***આહારક જીવ ચારેમાંથી કોઈપણ સામાયિક અંગીકાર કરે. એ પ્રમાણે પર્યાપ્તો પણ જાણવો. સમ્યક્ત્વ અને શ્રુત ઈતરને હોય.***

● **વિવેચન-૮૧૫ :-**

આહારકજીવ તે ચારમાંથી કોઈપણને પામે. પૂર્વપ્રતિપન્ન તો નિયમથી હોય જ. એ પ્રમાણે આહારાદિ છ એ પર્યાપ્તિથી પર્યાપ્ત ચારમાંની કોઈપણ પામે પૂર્વપ્રતિપન્ન

તો હોય જ. 'ઈતર' એટલે અનાહારક અને અપર્યાપ્તા. અનાહારકને અપાંતરાલગતિમાં સમ્યક્ત્વ અને શ્રુત પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાનક ન હોય. કેવલીને સમુદ્ઘાત અને શૈલેશીપણામાં અનાહારકત્વમાં દર્શન અને ચારિત્ર બંને સામાયિક છે. અપર્યાપ્તો પણ સમ્યક્ત્વ અને શ્રુતમાં પૂર્વપ્રતિપન્ન હોય. હવે સુપ્ત અને જન્મદ્વાર —

**• નિર્યુક્તિ-૮૧૬ :-**

***નિદ્રા અને ભાવથી જાગનારને ચારમાંથી કોઈપણ હોય. અંડજ, પોતજ, જરાયુજને અનુક્રમે ત્રણ, ત્રણ અને ચાર હોય છે.***

**• વિવેચન-૮૧૬ :-**

અહીં સુપ્ત બે ભેદે છે — દ્રવ્યસુપ્ત અને ભાવસુપ્ત. એ પ્રમાણે જાગૃત પણ લેવા. તેમાં દ્રવ્યસુપ્ત નિદ્રા વડે છે. ભાવસુપ્ત તે અજ્ઞાની. તથા દ્રવ્ય જાગૃત તે નિદ્રા વડે રહિત. ભાવ જાગૃત તે સમ્યગ્દૃષ્ટિ. તેમાં નિદ્રાથી અને ભાવથી પણ જાગૃતને ચાર સામાયિકમાંથી કોઈપણ પામે. પૂર્વપ્રતિપન્ન તો હોય જ. - x - ભાવજાગૃત બે રીતે - પહેલો પૂર્વ-પ્રતિપન્ન જ અને બીજાને પ્રતિપત્તિ થાય. નિદ્રાસુપ્ત ચારેમાં પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાનક નહીં. ભાવસુપ્તને બંને ન હોય. - x -

જન્મ ત્રણ ભેદે — અંડજ, પોતજ, જરાયુજ. અંડજ - હંસ આદિને ત્રણેની પ્રાપ્તિ સંભવે છે. પૂર્વપ્રતિપન્ન તો હોય જ. પોતજ - હાથી આદિને પણ એમ જ છે. જરાયુજ - મનુષ્યો. તેમને ચારે સામાયિક હોય. ઔપપાતિકો પહેલાં બંને સામાયિક હોય. - - હવે સ્થિતિ દ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૮૧૭ :-**

***ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને ચારે પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપાદ્યમાન ન હોય. અજઘન્ય અને અનુત્કૃષ્ટને ચારેની પ્રાપ્તિ કે પૂર્વપ્રતિપન્નતા હોય.***

**• વિવેચન-૮૧૭ :-**

આયુ સિવાયની સાતે કર્મ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જીવને ચારેમાંથી એક પણ સામાયિક નથી - x - x - આયુની ઉત્કૃષ્ટ સ્થિતિમાં પહેલી બે પૂર્વપ્રતિપન્ન હોય. અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિકને ચારે સામાયિક હોય. જઘન્યાયુષ્ક સ્થિતિવાળાને બંને નથી. કેમકે ક્ષુલ્લક ભવગત હોય છે શેષકર્મરાશિ જઘન્યસ્થિતિકને દેશ વિરતિ રહિત ત્રણે સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય. દર્શનસપ્તક અતિક્રાંત ક્ષપક અને અંતકૃત્ કેવલીને તે અવસ્થામાં દેશવિરતિ પરિણામનો અભાવ છે. તેમને જઘન્ય સ્થિતિ કર્મબંધત્વથી જઘન્યસ્થિતિત્વ છે. કર્મપ્રવાહ અપેક્ષાથી નહીં. - x -

હવે વેદ, સંજ્ઞા અને કષાય એ ત્રણ દ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૮૧૮ :-**

***ત્રણે વેદમાં ચારે પણ સામાયિક છે, ચારે સંજ્ઞામાં ચારેની પ્રતિપત્તિ છે. કષાયોમાં પૂર્વે વર્ણવી, તે અહીં પણ કહેવી.***

**• વિવેચન-૮૧૮ :-**

ચારે સામાયિક સ્ત્રી, પુરુષ, નપુંસક લક્ષણ ત્રણે વેદોમાં હોય છે અહીં ભાવના





આ છે — ચારે પણ સામાયિકને આશ્રીને ત્રણે વેદમાં વિવક્ષિત કાળમાં પ્રતિપદ્યમાનક સંભવે છે, પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે. અવેદકમાં દેશવિરતિ રહિત ત્રણેમાં પૂર્વ પ્રતિપન્ન હોય છે. ક્ષીરવેદ ક્ષપક છે, તેમાં પ્રતિપદ્યમાનક ન હોય. - - - તથા ચારે સંજ્ઞા-આહાર, ભય, મૈથુન અને પરિગ્રહરૂપમાં ચારે પ્રકારની સામાયિક હોય છે. પ્રતિપદ્યમાનક હોય કે ન પણ હોય. સંજ્ઞારહિતને તો હોય જ છે. - x - x - સકષાયીને ચારે સામાયિક બંને પ્રકારે હોય છે, અકષાયીમાં છદ્મસ્થ વીતરાગને ત્રણમાં પૂર્વ પ્રતિપન્ન હોય. પ્રતિપદ્યમાનક ન હોય.

- - - હવે આયુ અને જ્ઞાનદ્વાર કહે છે —

**• નિર્યુક્તિ-૮૧૯ :-**

***સંખ્યાતયુષ્ક મનુષ્યને ચારે હોય છે. અસંખ્યાતયુષ્કને ભજના છે. ઓઘ અને વિભાગથી જ્ઞાની ચારે સામાયિકને પામે.***

**• વિવેચન-૮૧૯ :-**

સંખ્યાત આયુવાળા મનુષ્ય ચારેને પામે છે, પ્રતિપન્નક તો હોય જ છે. ભજના - વિકલ્પે હોય. સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક અસંખ્યાત વર્ષ આયુવાળાને વિકલ્પે. આ ભાવના છે - વિવક્ષિતકાળમાં અસંખ્યાત વર્ષાયુને સમ્યક્ત્વ અને શ્રુત પ્રતિપદ્યમાનક સંભવે છે, પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે.

ઓઘ - સામાન્યથી જ્ઞાની ચારે સામાયિકને નય મતથી પામે છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ. વિભાગથી આભિનિબોધિક અને શ્રુતજ્ઞાની એક સાથે પહેલાંની બે સામાયિકની પ્રાપ્તિ સંભવે છે. પૂર્વ પ્રતિપન્ન હોય જ છે આગળની બે સામાયિકની પ્રાપ્તિ સંભવે છે, પ્રતિપન્ન તો હોય જ છે અવધિ જ્ઞાનીને આદ્ય બે સામાયિક હોય જ, પ્રાપ્તિ ન સંભવે. દેશવિરતિ સામાયિક પ્રાપ્ત ન થાય કેમકે ગુણપૂર્વકપણાથી તેની પ્રાપ્તિ છે. પૂર્વ પ્રતિપન્ન હોય. સર્વ વિરતિ સામાયિક પ્રાપ્ત પણ થાય, પૂર્વ પ્રતિપન્ન પણ હોય. મનઃ પર્યવજ્ઞાનીને દેશવિરતિ રહિતની ત્રણે સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય જ, પ્રાપ્ત ન થાય. અથવા એકસાથે તે ચારિત્ર પામે, જેમકે - તીર્થંકર. - x - ભવસ્થ કેવલીને પૂર્વપ્રતિપન્ન સામાયિક અને ચારિત્ર હોય, પ્રતિપદ્યમાનક ન હોય.

હવે યોગ, ઉપયોગ, શરીર દ્વારને કહે છે —

**• નિર્યુક્તિ-૮૨૦ :-**

***ત્રિવિધયોગમાં ચારે પણ હોય. બંને ઉપયોગમાં ચારે પામે, ઔદારિક કાય યોગમાં ચારે હોય, વૈક્રિય કાયયોગમાં આદ્ય બેની ભજના.***

**• વિવેચન-૮૨૦ :-**

ચારે પણ સામાયિક સામાન્યથી મન, વચન, કાયારૂપ ત્રણે યોગમાં પ્રતિપત્તિને આશ્રીને વિવક્ષિત કાળમાં સંભવે છે. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને હોય જ. વિશેષથી ઔદારિક કાયયોગ વાળાને ત્રણે યોગમાં ચારે સામાયિક બંને રૂપે હોય. તૈજસ કાર્મણ કાયયોગ જ માત્ર અપાંતરાલ ગતિમાં અદ્ય બે સામાયિક પૂર્વ પ્રતિપન્નને આશ્રીને હોય. મનોયોગમાં કેવલમાં કંઈ ન હોય કેમકે તેના અભાવ જ હોય.

વાક્‌યોગમાં પણ તેમજ જાણવું. કાયા અને વાક્ યોગ બંનેમાં બંને આદ્ય પૂર્વપ્રતિપન્નને આશ્રીને હોય, કેમકે સમ્યક્ત્વથી પડતા વિકલેન્દ્રિયમાં ઉપપાતમાં તે હોય.

ઉપયોગ - સાકાર અને અનાકાર ભેદમાં ચારે સામાયિક પામે અને પૂર્વપ્રતિપન્ન તો હોય જ. [શંકા] કહ્યું છે કે — બધી લબ્ધિ સાકારોપયોગને જ હોય છે, અનાકારને સામાયિક લબ્ધિ ન હોય. [સમાધાન] પ્રવર્ધમાન પરિણામ જીવવિષયત્વથી તેનો આગમ કહ્યો. અવસ્થિત ઔપશમિક પરિણાતની અપેક્ષાથી અનાકાર ઉપયોગમાં સામાયિક લબ્ધિ સ્વીકારનો વિરોધ નથી. અહીં વૃત્તિકારે ભાષ્યની બે ગાથાનો સાક્ષી પાઠ આપેલો છે.

ઔદારિક શરીરમાં ચારે સામાયિક બંને પ્રકારે હોય. સમ્યક્ત્વ અને શ્રુતની વૈક્રિયશરીરને ભજના જાણવી. - x - ઉપરની બંને સામાયિકવાળાને પૂર્વ પ્રતિપન્ન જ છે. વિકુર્વિત વૈક્રિય શરીર ચારણ શ્રાવક આદિ કે શ્રમણને પ્રાપ્તિ નથી, કેમકે તે પ્રમત્ત છે. બાકીના શરીર વિચારો યોગદ્વારાનુસાર અનુસરવા જોઈએ.

હવે સંસ્થાનાદિ ત્રણ દ્વારનો અવયાર્થ —

● **નિર્યુક્તિ-૮૨૧ :-**

***બધાં સંસ્થાનોમાં અને બધાં સંઘયણોમાં એમ જ હોય. ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રમાણ વર્જીને મનુષ્ય પણ એ પ્રમાણે પ્રાપ્ત કરે.***

● **વિવેચન-૮૨૧ :-**

સંસ્થિતિ તે સંસ્થાન - આકાર વિશેષ, તે છ ભેદે હોય. કહ્યું છે — સમચતુરસ્ર, ન્યગ્રોધમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડક એ છ સંસ્થાન જીવોને જાણવા. - x - તે બધાં સંસ્થાનોમાં ચારે સામાયિકની પ્રાપ્તિ થાય છે પૂર્વ પ્રતિપન્ન હોય જ. એ પ્રમાણે બધાં સંઘયણ વિષયમાં પણ જાણવું તે છ સંઘયણો હોય છે. કહ્યું છે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કાલિકા અને સેવાર્ત્ત. - x - અહીં આવા પ્રકારના અસ્થિસંચયથી ઉપમિત શક્તિ વિશેષને સંઘયણ કહે છે, અસ્થિ સંચય જ નહીં. દેવોને અસ્થિરહિત હોવા છતાં પહેલું સંઘયણ યુક્તત્વથી આમ કહ્યું.

ઉત્કૃષ્ટ અને જઘન્યને વર્જીને માન - શરીર પ્રમાણ પ્રાપ્ત થાય. મનુષ્યના પ્રકરણના અનુવર્તમાનપણાથી ચારે પણ સામાયિક પૂર્વપ્રતિપન્ન તો વિદ્યમાન હોય જ છે. અન્યથા નારકાદિને પણ સામાન્યથી બંને કે ત્રણ સામાયિક પ્રાપ્ત થાત. [અહીં એક આગમ પાઠ આપતા કહે છે કે —]

શું જઘન્ય અવગાહનકો પામે કે ઉત્કૃષ્ટ અવગાહનકો કે અજઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહનકો પામે તે પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકો અને દેવોને જઘન્ય અવગાહનાથી કંઈપણ ન પામે, સમ્યક્ત્વ અને શ્રુતના પૂર્વપ્રતિપન્નક હોય છે. તે જ અજઘન્યોત્કૃષ્ટ અવગાહના અને ઉત્કૃષ્ટાવગાહના વાળા સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પામે છે. બાકીની નહીં. પૂર્વપ્રતિપન્નક બંને પણ બંનેને હોય. તિર્યંચમાં પ્રશ્ન. ગૌતમ ! એકેન્દ્રિયોને ત્રણે પણ અવગાહનમાં કશું પ્રાપ્ત ન થાય, પૂર્વપ્રતિપન્ન પણ ન હોય.



જઘન્ય અવગાહનાવાળા વિકલેન્દ્રિયોને સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય છે, પ્રતિપદ્યમાન ન હોય. અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળા અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને પ્રતિપદ્યમાન કે પૂર્વપ્રતિપન્ન એકે ન હોય. બાકીના તિર્યંચોમાં જઘન્ય અવગાહનાવાળાને સમ્યક્ત્વ અને શ્રુતના પૂર્વ પ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાન ન હોય, અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળાને વળી ત્રણે સામાયિક બંને પ્રકારે હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને બંને સામાયિક બંને પ્રકારે હોય છે.

હવે મનુષ્ય વિશે પ્રશ્ન. હે ગૌતમ ! સંમૂર્છન જ મનુષ્યોને આશ્રીને ત્રણે પણ અવગાહનામાં ચારે પણ સામાયિકોના પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપદ્યમાન હોતા નથી. ગર્ભવ્યુત્ક્રાંતિક જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોને સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાન ન હોય. અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળાને વળી ચારે પણ સામાયિક બંને પ્રકારે હોય. ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને બંને સામાયિક બંને પ્રકારે હોય.

હવે લેશ્યા દ્વારનો અવયવાર્થ કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૨ :-**

***સર્વ લેશ્યામાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પામે. શુદ્ધ ત્રણ લેશ્યામાં ચારિત્ર પામે. બીજી લેશ્યાઓમાં બધાં સામાયિક પૂર્વપ્રતિપન્નક હોય.***

● **વિવેચન-૮૨૨ :-**

સમ્યક્ત્વ અને શ્રુત કૃષ્ણાદિ બધી લેશ્યામાં પ્રાપ્ત થાય છે. તેજોલેશ્યાદિ ત્રણ શુદ્ધ લેશ્યા જ છે, તે વિરતિ લક્ષણ વર્તે છે. એ પ્રમાણે પ્રતિપદ્યમાનકને આશ્રીને લેશ્યાદ્વાર નિરૂપિત કરેલ છે. હવે પૂર્વપ્રતિપન્નને આશ્રીને કહે છે — કૃષ્ણાદિ કોઈપણ લેશ્યામાં હોય છે.

[શંકા] મતિ, શ્રુતજ્ઞાનના લાભની વિચારણામાં ત્રણે શુદ્ધ લેશ્યામાં પ્રતિપદ્યમાનક કહ્યા. તો તેનાથી બધી લેશ્યામાં સમ્યક્ત્વ અને શ્રુત પ્રાપ્તિનો વિરોધ ન આવે ? [સમાધાન] કૃષ્ણાદિ દ્રવ્યને આશ્રીને જનિત આત્મ પરિણામ રૂપ ભાવલેશ્યાને આશ્રીને કહ્યું. અહીં અવસ્થિત કૃષ્ણાદિ દ્રવ્યરૂપ દ્રવ્યલેશ્યાને આશ્રીને હોવાથી વિરોધ નથી.

કહ્યું છે કે — ભદંત ! શું કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તે રૂપ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી ? હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તે રૂપપણે યાવત્ પરિણમતી નથી. કયા કારણે ભદંત ! એમ કહો છો ? ગૌતમ ! તે આકારભાવ માત્રથી અથવા પ્રતિભાગ માત્રથી તેમ થાય, તે કૃષ્ણલેશ્યા છે, નિશ્ચે તે નીલલેશ્યા નથી. - x - x - આનો અર્થ આ છે — આકાર જ ભાવ તે આકારભાવ માત્ર. માત્ર શબ્દ અહીં આકાર ભાવ વ્યતિરિક્ત પ્રતિબિંબાદિ ધર્માન્તરના પ્રતિષેધનો વાચક છે. તેથી તે આકાર-ભાવ માત્રથી આ નીલલેશ્યા થાય, પણ તેનું સ્વરૂપ ન પામે પ્રતિભાગ એટલે પ્રતિબિંબ. પ્રતિ ભાગ માત્ર. અહીં 'માત્ર' શબ્દ વાસ્તવ પરિણામના પ્રતિષેધનો વાચક છે. તેથી પ્રતિભાગ માત્રથી આ નીલલેશ્યા નથી. ત્યાં જઈને ઉત્સર્પે છે અર્થાત્ ત્યાં સ્વરૂપસ્થ જ નીલલેશ્યાદિ લેશ્યાંતરને

પામીને આકાર ભાવ કે પ્રતિબિંબ ભાગ નીલલેશ્યા સંબંધી પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે યાવત્ નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને યાવત્ તે નીલલેશ્યા જ છે, કાપોતલેશ્યા નથી. ત્યાં જઈને ઉત્સર્પે છે અથવા અપસર્પે છે અર્થાત્ આકારભાવ અને પ્રતિબિંબ ભાગ કાપોતલેશ્યા સંબંધી પામે છે - x - ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને, પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને જાણવા. ભાવાર્થ પૂર્વવત્ છે. - x - x - x - તેથી સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક બધાં અવસ્થિત કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યામાં નારકાદિ પણ પામે. શુદ્ધ તેજોલેશ્યાદિમાં તે તે દ્રવ્યને આશ્રીને થતાં આત્મ પરિણામ લક્ષણોમાં ત્રણેમાં ચારિત્ર છે. બાકી પૂર્વવત્.

હવે પરિણામદ્વારનો અવયવાર્થ કહે છે —

• **નિર્યુક્તિ-૮૨૩ :-**

***વધતાં પરિણામમાં તે ચારમાંથી કોઈપણ સામાયિક પામે છે. એ પ્રમાણે અવસ્થિત પરિણામમાં જાણવું, પણ ઘટતાં પરિણામમાં ન પામે.***

• **વિવેચન-૮૨૩ :-**

પરિણામ એટલે અધ્યવસાય વિશેષ. તેમાં શુભ, શુભતરપણે વધતાં પરિણામમાં સમ્યક્ત્વ સામાયિકાદિમાં ચારેમાંથી કોઈપણ પામે. એ પ્રમાણે અવસ્થિત શુભ પરિણામમાં પણ ચારેમાંથી કોઈપણ સામાયિક પામે. ક્ષીણ થતાં શુભ પરિણામમાં કોઈ સામાયિક ન પામે. પૂર્વપ્રતિપન્ન ત્રણે પરિણામોમાં હોય છે. હવે વેદના સમુદ્ઘાત અને કર્મદ્વાર કહે છે —

• **નિર્યુક્તિ-૮૨૪ :-**

***બંને પ્રકારના વેદનીયમાં તે ચારમાંથી કોઈપણ સામાયિક પામે અને સમુદ્ઘાત રહિતમાં પણ એમ જ છે. પૂર્વ પ્રતિપન્નકમાં ભજના જાણવી.***

• **વિવેચન-૮૨૪ :-** *[નિર્યુક્તિ દીપિકામાં ઘણું લાંબુ વિવેચન છે.]*

સાતા કે અસાતારૂપ બંને વેદનામાં ચારમાંથી કોઈપણ પ્રાપ્ત કરે. પૂર્વ પ્રતિપન્ન હોય જ છે. અસમુદ્ઘાતમાં પણ એ પ્રમાણે જ પામે ઈત્યાદિ. કેવલિસમુદ્ઘાતાદિ સાતે ભેદમાં ન પામે. પણ પૂર્વ પ્રતિપન્નક સમુદ્ઘાતમાં વિચારતા આરંભમાં ભજના-સેવના-સમર્થના કરવી. અર્થાત્ પૂર્વપ્રતિપન્ન હોય. સમુદ્ઘાતના સાત ભેદ — કેવલિ, કષાય, મરણ, વેદના, વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્ઘાત, એ સાત વીતરાગે કહેલાં છે. અહીં સમુદ્ઘાતમાં પણ બે અથવા ત્રણ સામાયિકના પૂર્વપ્રતિપન્નક કહેવા.

હવે નિર્વેષ્ટનદ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

• **નિર્યુક્તિ-૮૨૫ :-**

***દ્રવ્યથી અને ભાવથી નિર્જરા કરતો ચારેમાંથી કોઈપણ સામાયિક પામે. નરકમાં અનુવર્તતાને પહેલી બે અને ઉદ્વર્તન પછી ચાર કે ત્રણ કે બે સામાયિકને તે જીવ પામે.***

• **વિવેચન-૮૨૫ :-**

- x - દ્રવ્યનિર્જરા - કર્મપ્રદેશોના વિસંઘાતરૂપ. ભાવનિર્જરાકોધાદિ હાનિરૂપ



છે. બધી કર્મ નિર્જરામાં ચારેને પામે. વિશેષથી જ્ઞાનાવરણ નિર્જરતો શ્રુત સામાયિક પામે, મોહનીયની નિર્જરામાં બાકીની ત્રણે પામે. અનંતાનુબંધીને અનુભવતો સામાયિક ન પામે. બાકી કર્મોમાં બંને પ્રકારે હોય. ઉદ્વર્તના - નરકમાંથી નીકળતો. - x - ત્યાં રહેલો આદ્ય બે સામાયિક પામે, પૂર્વ પ્રતિપન્ન હોય. ઉદ્વર્તીને તો ચાર કે ત્રણ પણ પામે.

• **નિર્યુક્તિ-૮૨૬ :-**

***તિર્યંચમાં રહેલો ત્રણ સામાયિક અને નીકળીને ચાર પણ કદાચ પામે. મનુષ્યમાં રહેલો ચાર અને નીકળીને ચાર, ત્રણ કે બે સામાયિક પામે.***

• **વિવેચન-૮૨૬ :-**

ગર્ભવ્યુત્ક્રાંતિક તિર્યંચોમાં સંજ્ઞીમાં રહેલો આદ્ય ત્રણ સામાયિકને આશ્રીને પ્રાપ્ત કરનાર થાય અને પ્રતિપન્ન હોય છે. ઉદ્વર્તીને મનુષ્યાદિમાં આવતા કદાચિત્ ચાર થાય, ત્રણ થાય, બે સામાયિકને આશ્રીને બંને પ્રકારે થાય છે. મનુષ્યમાં રહેલને ચારેની પ્રાપ્તિ થાય છે, પૂર્વ પ્રતિપન્નક હોય છે. ઉદ્વર્તીને ત્રણ કે બે તિર્યંચ, નારક, દેવમાં આવતા બંને પ્રકારે થાય.

• **નિર્યુક્તિ-૮૨૭ :-**

***દેવોમાં રહેલને બે સામાયિક અને નીકળ્યા પછી ચારે સામાયિક પામે. ઉદ્વર્તતા [વચમાં] સર્વે પણ નારકાદિ કોઈ સામાયિક પ્રાપ્ત ન કરે.***

• **વિવેચન-૮૨૭ :-**

દેવોમાં રહેલાને આદ્ય બે સામાયિકને આશ્રીને બંને પ્રકારે હોય. ઈત્યાદિ પૂર્વવત્. ઉદ્વર્તતા હોય ત્યારે અપાંતરાલગતિમાં બધાં પણ દેવો આદિ કંઈપણ પામતા નથી. પૂર્વપ્રતિપન્નને બંને પણ હોય છે.

હવે આશ્રવ કરણ દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

• **નિર્યુક્તિ-૮૨૮ :-**

***નિશ્રાવયતો જીવ તે ચારમાંથી કોઈપણ સામાયિક પ્રાપ્ત કરે અને આશ્રવક તથા નિશ્રવકને ચારે સામાયિક પૂર્વપ્રતિપન્ન હોય.***

• **વિવેચન-૮૨૮ :-**

નિશ્રાવયન્ એટલે જેમાંથી સામાયિક અંગીકાર થાય, તેના આવરક કર્મની નિર્જરા કરતો. બાકીના કર્મો બાંધવા છતાં પણ આત્મા ચારમાંથી કોઈ એક સામાયિકને પામે છે. જ્યારે આશ્રવક અર્થાત્ બંધક પૂર્વપ્રતિપન્નક હોય છે. અથવા નિઃશ્રાવક, વા શબ્દનો વ્યવહિત સંબંધ છે. નિર્વેષ્ટન દ્વારથી આમાં શું તફાવત છે ? નિર્વેષ્ટન અને નિઃશ્રાવક બંને સમાન હોવા છતાં નિર્વેષ્ટનમાં કર્મપ્રદેશના વિસંઘાતપણાથી ક્રિયા કાલ ગ્રહણ થયો. નિઃશ્રવણમાં તો નિર્જરારૂપત્વથી નિષ્ઠાકાળ છે અથવા તેમાં સંવેષ્ટન વક્તવ્યતા અર્થથી કહેલી છે. અહીં તે સાક્ષાત્ કહેલી છે.

હવે અલંકાર, શયન, આસન, સ્થાન, ચંક્રમણ દ્વાર કહે છે —

• **નિર્યુક્તિ-૮૨૯ :-**

***કેશ અને અલંકાર મૂકેલ અને ન મૂકેલ તથા મૂક્તો ચારમાંથી કોઈ પણ***

***સામાયિક પામે છે. શયન આદિમાં પણ તેમજ જાણવું.***

● **વિવેચન-૮૨૯ :-**

ઉન્મુક્ત-પરિત્યજેલ, અનુન્મુક્ત-અપરિત્યજેલ અને તજતો કેશ-અલંકારોને, અહીં કેસ ના ગ્રહણથી કટક, કેયુરાદિ લેવા. ચારમાંથી કોઈપણ સામાયિક પામે છે. એ પ્રમાણે શયન આદિમાં પણ ત્રણે પણ અવસ્થામાં એ પ્રમાણે જ યોજના કરવી. - x - x -

ઉપોદ્ઘાત નિર્યુક્તિમાં બીજી દ્વાર ગાથામાં હવે કેષુ દ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૩૦ :-**

***સમ્યકત્વ સર્વગત હોય, શ્રુત અને ચારિત્રમાં સર્વ પર્યાયો ન હોય, દેશવિરતિને આશ્રીને બંનેનો નિષેધ કરવો જોઈએ.***

● **વિવેચન-૮૩૦ :-**

કયા દ્રવ્ય અને પર્યાયોમાં સામાયિક હોય છે? સર્વદ્રવ્ય-પર્યાય રુચિના લક્ષણત્વથી સમ્યકત્વ સર્વગત હોય છે. શ્રુત સામાયિક અને ચારિત્ર સામાયિકમાં બધા વિષયોના પર્યાયો નથી. કેમકે શ્રુતનો અભિલાપ્ય વિષય છે. જ્યારે દ્રવ્ય અભિલાપ્ય અને અનભિલાપ્ય પર્યાય યુક્તપણે છે ચારિત્રની પણ સર્વ દ્રવ્ય અસર્વપર્યાય વિષયતાનું પ્રતિપાદન થયેલ છે. દેશ વિરતિને આશ્રીને બંને પણ-સર્વ દ્રવ્ય-પર્યાયનો પ્રતિષેધ કરવો જોઈએ. કેમકે બધાં દ્રવ્ય વિષય પણ નહીં, બધાં પર્યાય વિષય પણ નહીં એવું દેશવિરતિ સામાયિક છે, એમ ભાવના કરવી.

[શંકા] આ સામાયિક વિષય કિં દ્વારમાં પ્રરૂપિત છે જ, તો ફરી શા માટે કહ્યો? [સમાધાન] કિં તદ્ એ પ્રમાણે, ત્યાં સામાયિક જાતિ માત્ર કહી, વિષય અને વિષયીના અભેદથી. અહીં વળી સામાયિકના કિં દ્વારે જ દ્રવ્યત્વ-ગુણત્વ નિરૂપિતના જ્ઞેય ભાવથી વિષયનું અભિધાન છે. - x - હવે સામાયિક "કઈ રીતે" પ્રાપ્ત થાય? તેમાં ચતુર્વિધ મનુષ્યાદિ સ્થાનમાં પ્રાપ્તિમાં તેના ક્રમની દુર્લભતા જણાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૮૩૧ :-**

***મનુષ્યપણું, ક્ષેત્ર, જાતિ, કુળ, આરોગ્ય, આયુ, બુદ્ધિ, શ્રવણ, અવગ્રહ, શ્રદ્ધા અને સંયમ. એ બધું લોકમાં દુર્લભ છે.***

● **વિવેચન-૮૩૧ :-** *[વિવેચન-૮૩૨માં સાથે છે.]*

[ગાથાર્થ કહ્યો.] બીજા કહે છે — ઈન્દ્રિય, લબ્ધિ, નિર્વર્તના, પર્યાપ્તિ, નિરૂપહત, ક્ષેમ, ધ્રાત, આરોગ્ય, શ્રદ્ધા, ગ્રાહક, ઉપયોગ અને અર્થ.

● **નિર્યુક્તિ-૮૩૨ :-**

***ચોલ્લક, પાસા, ધાન્ય, જુગાર, રત્ન, સ્વપ્ન, ચક્ર, ચર્મ, યુગ અને પરમાણુ એ દશ દૃષ્ટાંતોથી મનુષ્ય જન્મની દુર્લભતા બતાવી.***

● **વિવેચન-૮૩૨ :-**

મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, માતૃથી સમુત્થિત જાતિ, પિતાથી સમુત્થ કુલ, અન્યૂનાંગતા તે રૂપ, રોગનો અભાવ, જીવિત, પરલોક પ્રવણા બુદ્ધિ, ધર્મસંબંધી શ્રવણ, અવગ્રહ



- તેની અવધારણા અથવા શ્રવણ અવગ્રહ કે યતિ અવગ્રહ, શ્રદ્ધા-રુચિ, સંયમ - અનવધ અનુષ્ઠાનરૂપ. આ સ્થાનો લોકમાં દુર્લભ છે. આ બધું મળતાં વિશિષ્ટ સામાયિકનો લાભ થાય છે.

આ દુર્લભ છે - ઈન્દ્રિયલબ્ધિ અર્થાત્ પંચેન્દ્રિય લબ્ધિ. ઈન્દ્રિયોની નિર્વર્તના. પર્યાપ્તિ - સ્વવિષય ગ્રહણ સામર્થ્ય લક્ષણા, નિરૂપહત ઈન્દ્રિયપણું, ક્ષેમ - વિષયની સ્વસ્થતા, ધ્રાત - સુભિક્ષ, આરોગ્ય-નિરોગતા, શ્રદ્ધા - ભક્તિ કે ભાવના, ગ્રાહક-ગુરુ, ઉપયોગ-શ્રોતાની તેમાં અભિમુખતા, અર્થ-અર્થિત્વ અને ધર્મ. આ ગાથા કદાચ બીજા કર્તાની છે.

જીવ મનુષ્યત્વ પામીને ફરી તે જ દુઃખે કરીને પામે છે. કેમકે ઘણાં અંતરાયોથી અંતરિતપણે હોય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીના મિત્ર બ્રાહ્મણને ચોલ્લક ભોજનવત્ અહીં કથાનક છે —

(૧) બ્રહ્મદત્તને એક કાર્પટિક મળેલ. ઘણી આપત્તિવાળી અવસ્થામાં સર્વત્ર સહાય કરી. બ્રહ્મદત્તને રાજ્ય પ્રાપ્ત થયું. બાર વર્ષનો રાજ્યાભિષેક થયો. કાર્પટિકને ત્યાં પ્રવેશ પણ ન મળ્યો. ત્યારે તેણે ઉપાય વિચાર્યો - જોડાંને ધ્વજ રૂપે બાંધીને ધ્વજવાહક સમાન સામે ચાલ્યો. રાજાએ તેને જોયો. ઉતરીને જોયો. બીજા કહે છે — કાર્પટિકને દ્વારપાલને ખુશ કરતા બાર વર્ષો ગયા. ત્યારે રાજા મળ્યા. ત્યારે રાજા તેને જોઈને સંભ્રમમાં પડ્યો. આ બિચારો મારા સુખ-દુઃખનો સહાયક છે. હું તેની આજીવિકા બાંધી આપુ. ત્યારે રાજાએ પૂછ્યું — તને શું આપું? તે બોલ્યો — કર ભોજન આપો. એટલે કે કર વડે જે ભોજન, જેમાં ઘરે ઘરે યાવત્ સર્વ ભરતમાં ભોજન કરવાનું અને જ્યારે બધે ભોજન થઈ જાય ત્યારે ફરીથી તારા ઘેરથી શરૂ કરીને જમીશ રાજાએ પૂછ્યું — આટલાથી શું થાય? હું તને દેશ આપી દઉં, તેથી સુખે છત્રછાયામાં શ્રેષ્ઠ હાથીના સ્કંધે બેસીને જઈશ. કાર્પટિક બોલ્યો, મારે આવા આડંબરનું શું કામ છે? ત્યારે તેને કરભોજન દીધું. પહેલાં દિવસે રાજાના ઘેર જમ્યો. તેણે કાર્પટિક યુગલને દીનાર આપી. એ પ્રમાણે તે ક્રમથી બધાં રાજકુળમાં જમતા ૩૨,૦૦૦ રાજ્ય કુલમાં જે ભોજિકા - ગ્રામાધિપતિઓ, તેના નગરમાં અનેક કુલ કોટિ, તે નગરનો અંત ક્યારે આવે? પછી ગામો, પછી આખું ભરતક્ષેત્ર એમ કરતાં કદાચ [દૈવયોગે] તેનો અંત આવે, પણ જો મનુષ્યપણાથી ભ્રષ્ટ થાય તો ફરી મનુષ્ય જન્મ ન પામે.

(૨) પાશક - ચાણક્ય પાસે સોનું ન હતું. ક્યા ઉપાયથી સુવર્ણ ઉપાર્જન કરું? તે માટે યંત્ર પાસાઓ કર્યા. કોઈ કહે છે — દેવે દીધેલ વરદાન હતું કોઈ એક દક્ષ પુરુષને શિક્ષિત કર્યો. દીનારનો થાળ ભર્યો. તે પુરુષ કહે છે - જો કોઈ મને પાશકમાં જીતે તો તે આ થાળો ગ્રહણ કરે. જો હું જીતું તો એક દીનાર જીતીશ. [લઈશ] તેની ઈચ્છાથી યંત્ર પાસા પાડતું હતું તેથી જીતવો શક્ય ન હતો. કદાચ તેને કોઈ જીતી પણ લે [તેમ બને] પરંતુ જો માનુષ્ય લાભ ગુમાવે તો ફરી મનુષ્ય જન્મ મળવો મુશ્કેલ છે.

(૩) ધાન્ય - ભરતક્ષેત્રમાં જેટલા ધાન્ય છે, તે બધાં એકઠા કરાય. તેમાં એક પ્રસ્થ પ્રમાણ સરસવ નાંખવામાં આવે, તે બધાં ભેગા કરાય પછી હલાવી

નાંખવામાં આવે. ત્યાં એક વૃદ્ધ સ્થવિરાને સૂપડુ લઈને તે સરસવના દાણા છુટા પાડવા બેસે તો કદાચ દેવની કૃપાથી છૂટા પાડી શકે પણ એક વખત મનુષ્ય જન્મ ગયો તો ફરી ન મળે.

(૪) જુગાર - એક રાજા હતો, તેની સભામાં ૧૦૮ સ્તંભ રાખેલા, જ્યાં સભા બેસતી. એકૈક સ્તંભને ૧૦૮ અંશો-ધારો હતી. તે રાજાનો પુત્ર રાજ્ય મેળવવા ચિંતવે છે કે રાજા વૃદ્ધ થયો છે, તેને મારીને રાજ્ય ગ્રહણ કરું. તે અમાત્યએ જાણતાં તેણે રાજાને જણાવ્યું, ત્યારે રાજાએ પુત્રને બોલાવીને કહ્યું – આપણા કુળમાં જે કુલક્રમ ન સહી શકે, તે જુગાર રમે છે. જો તે જીતી જાય તો તેને રાજ્ય આપવામાં આવે છે. જીતવું કેવી રીતે ? તારી એક આય, બાકીના મારા આયો. જો તું દરેક થાંભલાની એક એક ધારાને ૧૦૮ વાર જીતે તો રાજ્ય તારું. દેવની કૃપાથી કદાચ જીતી પણજાય પણ ફરી મનુષ્ય જન્મ ન મળે.

(૫) રત્નો - એક વણિક વૃદ્ધ થયો. તેની પાસે રત્નો હતા. ત્યાં બીજા-બીજા વણિકોને ત્યાં કોટીપતાકા ઉંચી રહેતી. તે પતાકા ઉંચી ન રાખતો તેના પુત્રએ તે સ્થવિરને કહ્યું – તે રત્નો દેશીય વણિકોના હાથમાં વેંચ્યો. નહીં તો આપણે ત્યાં પણ કોટિ પતાકા લહેરાત. તે વણિજ ચારે બાજુ ગયો. વૃદ્ધ પાછો આવ્યો. જે રીતે વેંચી નાંખ્યાનું જાણ્યુ, તેથી તેને ઠપકો આપ્યો. પછી બધાં રત્નો પાછા એકઠા કરવાનો પુરુષાર્થ આદર્યો શું તે બધાં રત્નો એકઠાં કરી શકે ? દેવપ્રભાવથી કદાચ બધાં રત્નો ફરી એકઠાં કરી પણ લે, પરંતુ મનુષ્ય જન્મ ગુમાવ્યા પછી પાછો ન મળે.

(૬) સ્વપ્ન - એક કાર્પટિક સ્વપ્નમાં ચંદ્ર ગળી ગયો. કાર્પટિકે કહ્યું, નિમિત્તકોએ કહ્યું – સંપૂર્ણ ચંદ્રમંડલ સમાન પાલિકા મળશે, ગૃહછાદનિકિ વડે પ્રાપ્ત થઈ. બીજાએ પણ આવું સ્વપ્ન જોયું. તેણે સ્નાન કરી, પુષ્પ અને ફળ લીધા, સ્વપ્ન પાઠકને નિવેદન કર્યુ. તેણે કહ્યું – તું રાજા થઈશ. તે દિવસથી સાતમે દિવસે તે રાજા થયો. ત્યારે તે કાર્પટિકે તે સાંભળ્યુ. તેણે પણ આવું સ્વપ્ન જોયેલ. પે'લો આદેશ ફળથી રાજા થયો. કાર્પટિક વિચારે છે કે હું જાઉં અને ગોરસ પીને સૂઈ જઉં યાવત્ ફરી પણ તે સ્વપ્ન જોઈશ. શું ફરી તેને તે સ્વપ્ન જોવા મળે ? [કદાચ દેવયોગે મળી પણ જાય પરંતુ ગુમાવેલ મનુષ્ય જન્મ] ફરી પ્રાપ્ત ન થાય.

(૭) ચક્ર - ઈન્દ્રપુર નામે નગર હતું, ત્યાં ઈન્દ્રદત્ત રાજા હતો. તેની ઈષ્ટ અને શ્રેષ્ઠ રાણીઓના બાવીશ પુત્રો હતા. બીજા કહે છે – એક જ દેવીના પુત્રો હતા. તે રાજાને પ્રાણ સમાન હતા. એક અમાત્યને પુત્રી હતી. તેને પરણવા યોગ્ય જાણી તે કોઈ દિવસે ઋતુસ્નાતા રહેલી. રાજાએ જોઈને પૂછ્યું – આ કન્યા કોણ છે? તેઓએ કહ્યું – આ તમારી દેવી છે, ત્યારે તે તેણીને સાથે એક રાત્રિ રહ્યો. તે ઋતુ સ્નાતા હોવાથી તેને ગર્ભ રહ્યો. તેણીને અમાત્ય વડે પૂર્વે કહેવાયેલ કે – જો તને ગર્ભ ઉત્પન્ન થાય તો મને કહેવું ત્યારે અમાત્યને કહ્યું. - x - નવ માસ જતાં બાળક જન્મ્યો. તેના દાસીપુત્રો તે દિવસે જન્મ્યા. તે આ પ્રમાણે – અગ્નિ, પર્વત, બાહુલિક, સાગર. તે બધાં સાથે જન્મેલા. તેમને કલાચાર્ય પાસે લઈ ગયા. લેખાદિ ગણિત પ્રધાન બધી કળાઓ ગ્રહણ કરી. જ્યારે આચાર્ય તે કળા ગ્રહણ કરાવતા ત્યારે તેઓ તેની નિંદા કરતા અને



વ્યાકુળ કરતા હતા. પૂર્વપરિચયથી તેઓ તિરસ્કાર કરતા હતા. તે બાળકે તેમને નગણ્ય કર્યા. કળા શીખી લીધી. બીજા જે બાવીશ કુમારો ગ્રહણ કરતા હતા તે આચાર્યને મારતા અને અપવચન કહેતા હતા. જો આચાર્ય તેને મારે તો જઈને માતાને કહેતા. ત્યારે તે માતા તે આચાર્યને ઉપાલંભ આપતી - કેમ મારો છો? શું પુત્રને જન્મ આપવો સહેલો છે. તેથી તેઓએ કંઈ શિક્ષા પ્રાપ્ત ન કરી.

આ તરફ મથુરામાં પર્વત રાજા હતો. તેની પુત્રી નિર્વૃત્તિ નામે હતી. રાજા તેણીને અલંકૃત્ કરીને લાવ્યો. રાજાએ તેણીને કહ્યું – જે તને ગમતો હોય તેને પતિરૂપે સ્વીકાર. ત્યારે તેણીએ કહ્યું – જે શૂર, વીર, વિક્રાંત હોય તે મારો પતિ થાઓ. તેને પછી રાજ્ય આપવું. ત્યારે તેણી તે બલવાહનને લઈને ઈન્દ્રપુર નગરે ગઈ. ત્યાં ઈન્દ્રદત્તને ઘણાં પુત્રો હતા. ઈન્દ્રદત્ત સંતુષ્ટ થઈને વિચારે છે - નક્કી હું બીજા રાજા કરતાં લષ્ટ છું, તેથી આવ્યા. ત્યારે તેણે નગરને ધજા-પતાકાથી શણગાર્યું. પછી એક અક્ષાટકમાં આઠ ચક્રો મૂક્યા. તેની આગળ શાલભંજિકા - પુતળી સ્થાપી. તેની આંખ વેધવાની હતી. પણ ઈન્દ્રદત્ત રાજા સન્નદ્ધ થઈ પુત્રો સાથે નીકળ્યો. તે કન્યાપણ સર્વ અલંકારથી ભૂષિત થઈ એક બાજુ બેઠા. - x - x -

ત્યાં રાજાનો જ્યેષ્ઠ પુત્ર શ્રીમાલી નામે કુમાર હતો. તે રાજા બોલ્યો – હે પુત્ર ! આ પુત્રી અને રાજ્ય ગ્રહણ કર. તે માટે પહેલા શાલભંજિકા વિંધવી. ત્યાર તે કરી શક્યો નહીં. તે સમૂહ મધ્યે ધનુષ્ય ગ્રહણ કરવાનું શક્ય ન બન્યું. પછી કોઈ બીજાએ ગ્રહણ કર્યુ - x - પછી કોઈએ બાણ છોડ્યું, તે ચક્રમાં અફળાઈને ભાંગી ગયું. એ પ્રમાણે કોઈને એક અરકના અંતરમાંથી વ્યતિક્રાંત થયું. કોઈને બે, કોઈને ત્રણ તો કોઈને બહારથી જ બાણ નીકળી ગયું. ત્યારે રાજા ખેદ કરવા લાગ્યો. - x - ત્યારે અમાત્યએ કહ્યું – શા માટે ખેદ કરો છો ? રાજા બોલ્યો – આ પુત્રોથી હું અપ્રધાન બની ગયો.

અમાત્યએ કહ્યું – તમારો બીજો પણ પુત્ર છે, જે મારી પુત્રીનો તનુજ છે, તેનું સુરેન્દ્રદત્ત નામ છે. તે વેદ કરવામાં સમર્થ છે. તેને બોલાવી કહો. તે ક્યાં છે ? અમાત્યેએ બતાવ્યો. ત્યારે રાજાએ કહ્યું – શ્રેયસ્કર બનશે, જો તું આ આઠ રથચક્રો ભેદીને શાલભંજિકાની આંખ વિંધીને રાજ્ય અને નિર્વૃત્તિ કન્યાને પ્રાપ્ત કરીશ. ત્યાર પછી તે કુમારને જે રીતે આજ્ઞા કરાઈ, તે પ્રમાણે સ્થાને રહીને ધનુષ્ય ગ્રહણ કરે છે. લક્ષ્યની અભિમુખ બાણને સજ્જ કરે છે. તે દાસો ચારે દિશામાં રહીને તેને સ્ખલના કરે છે. બીજા બે બંને પડખે હાથમાં ખડ્ગ લઈ ઉભા રહ્યા. જો કોઈપમ રીતે લક્ષ્ય મૂકી જાય તો તેનું માથું છેદી નાંખવું. તે પણ નેના ઉપાધ્યાયની પડખે રહ્યો. ભય દેખાડ્યો – જો ચૂકી જઈશ તો મારી નાંખશે. તે બાવીશે કુમારો આ વિધિ શકશે નહીં, પણ વિશેષ ઉલ્લંઠ હોવાથી વિઘ્નો કરશે.

ત્યારપછી તે ચતુર એવા તે બે પુરુષો, બાવીશે કુમારોને ન ગણતાં, તે આઠે રથચક્રના અંતરને જાણીને તેના લક્ષ્યમાં જ દૃષ્ટિ રાખીને અન્યત્ર મતિ ન કરતા તે શાલભંજિકાની ડાબી આંખ વિંધિ. ત્યારે લોકોએ ઉત્કૃષ્ટ સિંહનાદ અને કલકલ કરી, ધન્યવાદ આપ્યા. જેમ તે ચક્ર દુઃખે ભેદી શકાય તેમ હતું તેમ મનુષ્ય જન્મ

પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય છે.

(૮) ચર્મ - એક સરોવર હતું. તે લાખ યોજન વિસ્તૃત ચર્મ વડે આચ્છાદિત હોય. તેની મધ્યે એક છિદ્ર હોય, જેમાં કાચબાની ડોક માત્ર સમાય. ત્યાં કાચબો સો-સો વર્ષે ડોકને ઉંચી કરતો. તેણે કોઈ રીતે ડોક ઉંચી કરેલી અને જેવી તે છિદ્રથી નીકળી, જ્યોત્સ્નાની જ્યોતિ અને પુષ્પ અને ફળો જોયા. તે પાછો આવ્યો. તેને થયું કે મારા સ્વજનોને દેખાડું બધાંને બોલાવીને જુએ છે, તે જ્યોત્સ્નાની શોભા દેખાતી નથી, તે પ્રમાણે મનુષ્યજન્મ પણ ગુમાવ્યા પછી પ્રાપ્ત કરવો દુર્લભ છે.

હવે (૯) યુગ-ધુંસરાના દૃષ્ટાંતને પ્રતિપાદન કરતા કહે છે —

● નિર્યુક્તિ-૮૩૩ :-

***ધુંસરી પૂર્વ છેડે હોય, તેની સમીલા પશ્ચિમ છેડે હોય, ધુંસરાના છિદ્રમાં તેનો પ્રવેશ શંકાસ્પદ છે, તેમ મનુષ્યજન્મનો ફરી લાભ દુર્લભ છે.***

● વિવેચન-૮૩૩ :-

જલનિધિ - સમુદ્રની પૂર્વાંતે ધુંસરુ હોય અને પશ્ચિમે૦ ઈત્યાદિ.

● નિર્યુક્તિ-૮૩૪,૮૩૫ :-

***જેમ અપાર સાગરના જળમાં ભ્રષ્ટ થયેલ સમિલા ભમતા-ભમતા કોઈપણ રીતે યુગના છિદ્રમાં પ્રવેશ કરે... જેમ પ્રચંડ પવનની પ્રેરણાથી કદાચ ધુંસરીના છિદ્રમાં સમીલા પ્રવેશી પણ જાય, પણ મનુષ્યપણાથી ભ્રષ્ટ જીવ ફરી મનુષ્યપણું પામતો નથી.***

● વિવેચન-૮૩૪,૮૩૫ :-

सागरसलिल - સમુદ્રનું પાણી, अणोरपार - પ્રચુર અર્થે ઉપચારથી નીકટના અને દૂરના ભાગથી રહિત. - x - x -

હવે (૧૦) પરમાણુ - જેમ એક મોટા પ્રમાણવાળો સ્તંભ હોય, તેનું ચૂર્ણ કરીને દેવ વડે અવિભાગ ખંડ કરીને નાલિકામાં નાંખવામાં આવે, પછી મેરુની ચૂલિકાએ જઈને ફુંક મારીને તેને ઉડાડી દેવામાં આવે. ફરી કોઈ તે જ પુદ્ગલો વડે તે જ સ્તંભને બનાવવા પ્રયત્ન કરે. તે બની શકે ખરો ? ના, એ પ્રમાણે માનુષ્યથી ભ્રષ્ટ થયેલો ફરી મનુષ્યજન્મ ન પામે.

અથવા અનેક લાખ સ્તંભો ઉપર રચાયેલી સભા, કાલાંતરે બળી જાય - પડી જાય. કોઈ તે પુદ્ગલો વડે ફરી તૈયાર કરવા પ્રયત્ન કરે તો થાય ? ન થાય. એ પ્રમાણે મનુષ્યજન્મ દુર્લભ છે.

● નિર્યુક્તિ-૮૩૬ :-

***આવા દુર્લભ મનુષ્યજન્મને પામીને જે જીવ પરલોક સંબંધી હિત કરતો નથી, તે જીવ મરણકાળે પસ્તાવો કરે છે.***

● વિવેચન-૮૩૬ :-

- x - हित - ધર્મ, संक्रमणकाल - મરણકાળ.

● નિર્યુક્તિ-૮૩૭,૮૩૮ :-

***જેમ ગજબંધનમાં પડેલ હાથી, ગલમાં પકડાયેલો મત્સ્ય, જાળમાં આવી***



***પડેલો મૃગ, જાળમાં ફસાયેલ પક્ષી હોય... તેમ જરા અને મૃત્યુથી વ્યાપ્ત ઉતાવળી નિદ્રા-મરણથી પરાભવિત, રક્ષણ કરનારને ન મેળવતો, કર્મના ભારથી પ્રેરાયેલો જીવ શોક કરે છે.***

● વિવેચન-૮૭૩,૮૩૮ :-

वारि - ગજબંધન. संवर्त्त - જાળ... स - અકૃતપુન્ય, આસ્તૃત એટલે વ્યાપ્ત. त्वरितनिद्रा - મરણનિદ્રા, अविन्दन् - ન પામતો. તે આ પ્રમાણે મૃત્યુ પામતા [શું થાય ?]

● નિર્યુક્તિ-૮૩૯ :-

***અનેક જન્મ-મરણ વડે સેંકડોવાર પરિભ્રમણ કરી, કષ્ટે કરીને ઈચ્છિત સામગ્રી સહિત જીવ મનુષ્ય જન્મ પામે છે.***

● વિવેચન-૮૩૯ :-

ગાથાર્થ કહ્યો. જ્યારે કુશલ પક્ષકારી જીવ સુખેથી મૃત્યુ પામીને સુખેથી મનુષ્ય જન્મને પામે છે.

● નિર્યુક્તિ-૮૪૦ :-

***વિજળી સમા ચંચળ અને દુર્લભપણે પ્રાપ્ત મનુષ્યપણું પામી જે પ્રમાદ કરે છે, તે કાપુરુષ નથી સત્પુરુષ છે.***

● વિવેચન-૮૪૦ :-

ગાથાર્થ કહ્યો. આટલું પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત વાત કરે છે — જે રીતે આ દશ દૃષ્ટાંતો વડે મનુષ્ય જન્મની દુર્લભતા કહી. તે રીતે આર્ય ક્ષેત્રાદિ, સ્થાનો પણ કહેવા. તેમ સામાયિક પણ દુષ્પ્રાપ્ય છે અથવા મનુષ્ય જન્મ પામ્યા પછી પણ આ કારણોથી સામાયિક દુર્લભ છે, તે જણાવે છે —

● નિર્યુક્તિ-૮૪૧,૮૪૨ :-

***આળસ, મોહ, અવજ્ઞા, સ્તંભ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યગ્રતા, કુતૂહલ, રમણ... આવા કારણોથી અત્યંત દુર્લભ એવા મનુષ્યપણાને પામીને પણ સંસારથી પાર ઉતારનાર અને હિતકર એવા શ્રવણને પામતો નથી.***

● વિવેચન-૮૪૧,૮૪૨ :-

(૧) આળસથી સાધુની પાસે ન જાય કે ન સાંભળે. (૨) મોહથી ગૃહ કર્તવ્યતા મૂઢ, (૩) અવજ્ઞા - આ વળી શું જાણે? (૪) સ્તંભ-જાતિ આદિ અભિમાનથી (૫) ક્રોધ - સાધુના દર્શનથી જ કોપ પામે, (૬) પ્રમાદ—મદ્ય આદિ લક્ષણથી (૭) કૃપણતા - ક્યાંક કંઈક દેવું પડશે તો? (૮) ભય નરકાદિ ભયનું વર્ણન, (૯) શોક-ઈષ્ટના વિયોગથી જન્મેલ, (૧૦) અજ્ઞાન-કુદૃષ્ટિથી મોહિત, (૧૧) વ્યાક્ષેપ-કામની વ્યગ્રતા, (૧૨) કુતૂહલ-નટ આદિના વિષયથી, (૧૩) રમણ - લાવકાદિ ખેડુ, [વિષયોમાં રમણતા]

આળસાદિ કારણોથી સુદુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત થવા છતાં હિતકારિણી શ્રવણાદિ જીવ ન પામે. વ્રતાદિ સામગ્રી યુક્ત તો કર્મશત્રુને જીતીને અવિકલ ચારિત્ર સામાયિક લક્ષ્મી પામે છે. જેમ યાન આદિ ગુણયુક્ત યોદ્ધો જયલક્ષ્મીને પામે છે -

કહ્યું છે કે –

● નિર્યુક્તિ-૮૪૩ :-

***યાન, કવચ, શસ્ત્ર, યુદ્ધમાં કુશલત્વ, નીતિ, દક્ષત્વ, વ્યવસાય, શરીર, આરોગ્યતા [એ સુભટના જીતના હેતુઓ છે.]***

● વિવેચન-૮૪૩ :-

યાન-હાથી આદિ, આવરણ-કવચ આદિ, પ્રહરણ-ખડ્ગ આદિ, યુદ્ધમાં કુશલત્વ-સમ્યક્જ્ઞાન, નીતિ-નિર્ગમન પ્રવેશ રૂપ, દક્ષત્વ-આશુકારિત્વ, વ્યવસાય - શૌર્ય, શરીરનું અવિકલપણું, આરોગ્યતા-વ્યાધિ રહિતતા.

આટલી ગુણ સામગ્રીથી અવિરહિત યોદ્ધો જય-શ્રીને પામે છે. આ દૃષ્ટાંતનો મર્મ-જીવ તે યોદ્ધો છે, વ્રતરૂપી યાન, ઉત્તમ ક્ષાંતિ રૂપ કવચ, ધ્યાનરૂપી શસ્ત્ર, ગીતાર્થત્વરૂપી કૌશલ્ય, દ્રવ્યાદિમાં યથોપાય અનુરૂપ વર્તવું તે નીતિ, યોગ્ય અવસરે અહીં ક્રિયા કરણ તે દક્ષત્વ, તપનું કરવું અને ઉપસર્ગને સહેવા રૂપ વ્યવસાય. આ બધાંથી સુનીરોગ કર્મશત્રુને જીતે છે.

● નિર્યુક્તિ-૮૪૪ :-

***જોવાથી, સાંભળવાથી, કર્મનો ક્ષય થવાથી, કર્મનો ઉપશમ થવાથી, મન-વચન-કાયાના શુભ વ્યવસાયથી બોધિની પ્રાપ્તિ થાય છે.***

● વિવેચન-૮૪૪ :-

ભગવંતની પ્રતિમાદિ જોતા સામાયિક પામે. જેમ શ્રેયાંસકુમાર ભગવંતના દર્શનથી પામ્યો. કથાનક પૂર્વે કહેલ છે. સાંભળતા પામે જેમ - આનંદ અને કામદેવ પામ્યા. અહીં કથાનક અંગસૂત્રોથી જાણવું. અનુભૂત ક્રિયાકલાપથી પામે, જેમ વલ્કલચીરિએ પિતાના ઉપકરણ જોતા પ્રાપ્ત કર્યુ. કર્મનો ક્ષય કરવાથી પામે, જેમ ચંડ કૌશિક પામ્યો, ઉપશમ કરવાથી પામે - જેમ અંગઋષિ પામ્યા. પ્રશસ્ત મન-વચન-કાયાના યોગમાં પામ્યા. બોધિ અર્થાત્ સામાયિક. અથવા અનુકંપાદિ વડે પામે. તે કહે છે –

● નિર્યુક્તિ-૮૪૫,૮૪૬ :-

***અનુકંપા, અકામનિર્જરા, બાલતપ, દાન, વિનય, વિભંગ, સંયોગ અને વિયોગ, વ્યસન, ઉત્સવ, ઋદ્ધિ, સત્કાર. [એ ૧૧ દ્વારા અનુક્રમેં] વૈદ્ય, મહાવત, ઈન્દ્રનાગ, કૃતપુણ્ય, પુષ્પશાલસુત, શિવ, બે મથુરાના વણિક, બે ભાઈઓ, આભીર, દશાર્ણભદ્ર અને ઈલાચિપુત્ર [સામાયિક પામ્યા.]***

● વિવેચન-૮૪૫,૮૪૬ :-

અનુકંપામાં રત્ત-ચિત્તવાળો જીવ સામાયિક પામે છે, કેમકે તે શુભ પરિણામયુક્ત હોય છે. જેમ વૈદ્ય. આ જ પ્રતિજ્ઞાને વિશેષથી કહે છે. હેતુદૃષ્ટાંત અન્યત્વ પ્રતિપ્રયોગ કહીશું. અકામ નિર્જરાવાળા જીવને સામાયિક પ્રાપ્ત થાય. જેમ શુભ પરિણામવાળા મહાવત્ને થઈ. બાલતપોયુક્તત્વથી ઈન્દ્રનાગવત્, સુપાત્રપ્રયુક્ત યથાશક્તિ શ્રદ્ધાદાનથી કૃતપુણ્યકવત્, આરાધિત વિનયત્વથી પુષ્પશાલપુત્રવત્, વિભંગજ્ઞાનત્વ પામીને તાપસ શિવરાજર્ષિવત્, દૃષ્ટ સંયોગના વિપ્રયોગત્વથી મથુરાના બે વણિકવત્, અનુભૂત વ્યસનત્વથી બે ભાઈ - શકટચક્રવ્યાપાદિત મલ્લંડીલબ્ધ માનુષત્વ સ્ત્રી ગર્ભ જાત



પ્રિય દ્વેષ્ય પુત્રદ્વયની માફક, અનુભૂત ઉત્સવત્વથી આભીરવત્, મહાઋદ્ધિ જોઈને દશાર્ણભદ્રરાજાવત્, સત્કાર કાંક્ષી હોવા છતાં સત્કાર ન પામનાર ઈલા પુત્રવત્. આ અક્ષર ગમનિકા કહી. હવે ઉદાહરણ –

(૧) દ્વારિકામાં કૃષ્ણ વાસુદેવને બે વૈદ્યો હતા - ધન્વંતરી અને વૈતરણી. ધન્વંતરી અભવ્ય હતો, વૈતરણી ભવ્ય હતો. તે સાધુ અને ગ્લાનને પ્રીતિ વડે કહેતો. તે પ્રાસુક ઔષધ બતાવતો. જો તેની પોતાની પાસે ઔષધ હોય ત્યારે આપતો. ધન્વંતરી વૈદ્ય સાવદ્ય ઔષધ બતાવતો, તે અસાધુપ્રાયોગ્ય કહેતો, ત્યારે સાધુઓ કહેતા - અમારે આ શા કામના? તે બોલતો કે મેં સાધુ માટે વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. તે બંને મહારંભી અને મહાપરિગ્રહી આખી દ્વારિકામાં ચિકિત્સા કરતા હતા.

કોઈ દિવસે કૃષ્ણ વાસુદેવે પૂછ્યું – આ બંને ઘણાં ઢંકાદિના વધ કરીને ક્યા જશે? ત્યારે ભગવંતે કહ્યું કે – આ ધન્વંતરી અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થશે. આ વૈતરણી કાલંજરવર્તી અટવીમાં ગંગા મહાનદી અને વિંધના આંતરામાં વાંદરાપણે જન્મ લેશે. ત્યારે તે યુવાન થઈને સ્વયં જ યૂથપતિત્વ કરશે. ત્યાં કોઈ દિવસે સાર્થની સાથે સાધુઓ આવશે. એક સાધુના પગમાં કાંટો લાગશે. ત્યારે સાધુઓ કહેશે કે – અમે તારી પ્રતિક્ષા કરીશું. તે સાધુ જણાવશે કે – બધાંએ મરવાની જરૂર નથી, તમે ચાલો, હું અહીં ભક્ત પ્રત્યાખ્યાન કરીશ. ત્યારે તે પણ નિર્બન્ધ કરીને રહ્યો. શલ્યને કાઢવું શક્ય ન બન્યું. પછી તે સ્થંડિલ ભૂમિ અને છાયા પ્રાપ્ત કરી રહ્યો. સાધુ પણ ગયા.

ત્યારે તે વાનરયૂથાધિપતિ જ્યાં સાધુ હતા ત્યાં આવ્યો. આમને પૂર્વે જોયા છે એમ વિચારી કિલકિલાટ કરવા લાગ્યો. પછી - x - યૂથાધિપતિએ સાધુને જોયા. તેમને જોઈને ઈહા-અપોહ કરતાં મેં આમને ક્યાં જોયા છે? એમ વિચારતા જાતિસ્મરણજ્ઞાન થયું. દ્વારિકા યાદ આવી. ત્યારે તે સાધુને વંદના કરી, તેનું શલ્ય જોયું. ત્યારે બધી ચિકિત્સા યાદ આવી. ત્યારે તે પર્વતે જઈને શલ્ય ઉદ્ધરણી અને શલ્ય રોહિણી બંને ઔષધિ લઈને આવ્યો. પછી શલ્ય કાઢવા માટે પગે ઔષધિ લગાડી, એક મુહૂર્ત્ત બાદ શલ્ય નીકળ્યું. સંરોહિણી ઔષધિથી ઘા રુઝવ્યો. ત્યારે તેની આગળ અક્ષરો લખ્યા – હું વૈતરણી નામે વૈદ્ય પૂર્વભવે દ્વારિકામાં હતો. સાધુએ તેને ધર્મ કહ્યો. ત્યારે તે વાનરે ભક્તપ્રત્યાખ્યાન કર્યુ. ત્રણ અહોરાત્ર જીવીને સહસ્રારકલ્પે ગયો.

અવધિજ્ઞાનનો પ્રયોગ કરી જ્યાં પોતાનું શરીર જોયું, સાધુને જોયા. ત્યાં આવીને દેવઋદ્ધિ દેખાડીને કહ્યું – આપની કૃપાથી મને આ દેવઋદ્ધિ મળી. તે દેવ વડે તે સાધુ તેમના સાધુ પાસે પહોંચ્યો. તેઓએ પૂછ્યું – અહીં કેવી રીતે આવી ગયો ? ત્યારે બધો વૃત્તાંત કહ્યો. એ પ્રમાણે તે વાનરને સમ્યક્ત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિકનો અનુકંપાથી લાભ થયો. - x - દેવલોકથી ચ્યવીને ચારિત્ર સામાયિક અને મોક્ષ પામશે.

*[અહીં અમે કથા સળંગ આપી છે તેની નિર્યુક્તિ આ પ્રમાણે છે –]*

● નિર્યુક્તિ-૮૪૭ :-

***તે વાનર યૂથપતિ અટવીમાં સુવિહિતની અનુકંપાથી દેદીપ્યમાન શરીરનો ધારક દેવ એવો વૈમાનિક થયો.***

● **વિવેચન-૮૪૭ :-**

(ગાથાર્થ કહ્યો.) કથાનક નિર્યુક્તિ-૮૪૬ના વિવેચનમાં કહેલ છે.

(૨) અકામનિર્જરાનું દૃષ્ટાંત :- વસંતપુર નગરમાં શ્રેષ્ઠી પત્ની નદીમાં સ્નાન કરતી હતી, અન્ય કોઈ તરુણે તેણીને જોઈને કહ્યું – સારી રીતે સ્નાન કર્યુ ? આ નદી મત્તવારણકર. આ નદી, વૃક્ષો અને હું તારા પગે પડીએ છીએ. તેણી બોલી - નદી સુભગા થાઓ, આ નદી અને વૃક્ષો ઘણું જીવો અને સુસ્નાન પૂછનારનું પણ પ્રિય કરવાને પ્રયત્ન કરીએ. ત્યારે તે તરુણ તેણીના ઘરને કે દ્વારને ન જાણતો વિચારે છે – તેણીના સહગત ચેટરૂપ વૃક્ષોને અવલોકતો ઉભો રહે છે. તેમને પુષ્પો અને ફળો આપીને પૂછે છે – આ કોણ છે ? તેઓ કહે છે – અમુકની પત્ની છે. ત્યારે તે તરુણ વિચારે છે - કયા ઉપાયથી આની સાથે સંયોગ થઈ શકે ? ત્યારે આણે ચરિકાને દાન-માન સંગૃહીત કરીને તેને વિદાય કરી. તે ચરિકા જઈને પે'લી યુવતીને રોષથી વાસણોમાંથી ઉદ્વર્તયન કરીને મસી વડે હાથ બગાડી તે ચરિકાની પાછળ ધબ્બો માર્યો, પંચાંગુલીનું નિશાન થઈ ગયું. પાછલા દ્વારથી કાઢી મૂકી.

તે ચરિકાએ જઈને કહ્યું – તેણી તમારું નામ પણ સાંભળવા માંગતી નથી પણ યુવક સમજી ગયો. કૃષ્ણપક્ષની પાંચમે મળશે. ત્યારે તેણે ફરી પણ ચરિકાને પ્રવેશ જ્ઞાનાર્થે મોકલી. ત્યારે તેણીએ લજ્જા સહિત તેણીને ધકેલીને અશોકવનિકાની છિંડિકામાંથી કાઢી મૂકી. ચરિકાએ જઈને કહ્યું. તે તરુણ પ્રવેશ જાણી ગયો. તે બંને અપદ્વારથી જઈ અશોક વાટિકામાં સુતા તેટલામાં યુવતીના સસરાએ બંનેને જોયા. તે જાણી ગયા - આ મારો પુત્ર નથી. પછી તેણીના પગમાંથી ઝાંઝર કાઢી લીધું. તેણી ચેતી ગઈ. પે'લા યુવકને કહ્યું – હવે તું ભાગ. પછી જઈને પોતાના પતિને કહ્યું – અહીં ઘણી ગરમી છે ચાલો - અશોકવાટિકામાં. બંને ગયા, બંને અશોકવાટિકામાં સૂઈ ગયા.

પછી પતિને ઉઠાડીને બોલી – તમારા કુળને શું આ અનુરૂપ છે ? મારા પગમાંથી સસરાજીએ ઝાંઝર લઈ લીધું. તેનો પતિ બોલ્યો – સવાર પડે ત્યાં સુધી સૂઈ જા. તેને પિતાએ વાત કરી. તે યુવક રોષિત થઈ બોલ્યો. પિતાજી ! તમે વિપરીત બોલો છો. પિતા બોલ્યા – મેં બીજાને જોયેલો હતો. ત્યારે વિવાદ થતાં તેણી બોલી – હું આત્માની શુદ્ધિ કરીશ. પછી તે સ્નાન કરી યક્ષગૃહે પહોંચી. જે અપરાધી હોય તે બે જંઘાના અંતરમાં ફસાઈ જાય છે અને અનપરાધી હોય તે વચ્ચેથી નીકળી જાય છે. તેણી [આ પરીક્ષા દેવા] ચાલી ત્યારે પે'લો તેનો યાર પુરુષ પિશાચરૂપ કરીને તેણીને આલિંગનથી ગ્રહણ કરે છે.

પછી ત્યાં જઈને તેણી યક્ષને કહે છે – જે મારા પિતાએ આપેલો વર છે તે અને તે પિશાચને છોડીને જો કોઈ મને જાણતું હોય [મેં સંયોગ કરેલ હોય] તો મને તમે શિક્ષા કરો. યક્ષ વિલખો થઈને ચિંતવે છે – આ જુઓ કેવા પ્રકારે માયા કરે છે? હું પણ આના વડે છેતરાયો છું. આ સતી નહીં ધૂર્તા છે. હજી યક્ષ વિચારતો હતો. તેટલામાં તેણી નીકળી ગઈ બધાં લોકો વડે તે સ્થવિર હેલણા પામ્યો. ત્યારે ખેદથી તેની નિદ્રા નષ્ટ થઈ ગઈ. આ વાત રાજાના કાને પડી. રાજાએ તેને અંતઃપુરપાલક નીમ્યો.

આભિષેક્ય હસ્તિરત્ન રાજાના વાસગૃહની નીચે બંધાયેલ હતું. રાણી મહાવતમાં



આસક્ત હતી. રાત્રિના હાથી સુંઢ પસારતો, તેણી પ્રાસાદ થકી ભોંયરામાં ઉતરી જતી. ફરી પ્રભાતે પાછી આવી જતી, એ પ્રમાણે કાળ જતો હતો. કોઈ દિવસે બહુ વાર લાગી, તેથી મહાવતે તેણીને હાથીની સાંકળ વડે મારી. તેણી બોલી - આવો કોઈ પુરુષ છે, તે સુતો નથી. રોષ ન કર. તે સ્થવિર-વૃદ્ધે જોઈ, તે વિચારે છે - જો આ રાણી પણ આવી હોય, તો પછી મારી પુત્રવધુ કેમ ન હોય, એમ વિચારી સૂઈ ગયો. પ્રભાતે બધાં લોકો ઉઠી ગયા. તે વૃદ્ધ ન ઉઠ્યો. રાજાએ કહ્યું – સુવા દો. સાતમે દિવસે ઉઠ્યો.

ત્યારે રાજાએ પૂછતાં કહ્યું – એક રાણી છે, તે કોણ છે તે નથી જાણતો. ત્યારે રાજાએ ભિંડમય હાથી કરાવ્યો. બધી અંતઃપુરિકાને કહ્યું કે – આની પૂજા કરી ઉલ્લંઘી જવું. બધી વડે ઉલ્લંઘાયો, તેણી એકે ના પાડીને કહ્યું – ના, મને ડર લાગે છે. ત્યારે રાજાએ કમળની નાળ વડે મારી, તેટલામાં તેણી મૂર્છા ખાઈને પડી ગઈ. ત્યારે રાજા જાણી ગયો કે આ જ અપરાધિની છે. તેણીને કહ્યું કે – ઉન્મત્ત હાથી ઉપર ચડી જાય છે, ભિંડમય હાથીથી ડરે છે, અહીં કમળની નાલ વડે હણાતા મૂર્છા પામે છે, ત્યાં સાંકળ વડે મારતા પણ મૂર્છા નથી પામતી. તેણીની પીઠ જોઈ, ત્યાં સાંકળના પ્રહાર જોવા. ત્યારે રાજાએ મહાવત અને તે રાણી બંનેને પણ તે હાથી સાથે બાંધી છિન્નકટકમાં મૂકી દીધા.

ત્યારપછી મહાવતને કહ્યું – તારા સહિત હવે તું પર્વતથી પડતું મૂક. હાથીના બંને પડખે ભાલાધારી રાખ્યા. તેટલામાં હાથી વડે એક પગ આકાશમાં ઉંચો કરાયો. લોકો બોલવા લાગ્યા કે – તિર્યંચ પણ જાણે છે કે શું ? આ બંને મારવા લાયક છે. તો પણ રાજા રોષને મૂકતો નથી. ત્યારે હાથીએ બે પગ આકાશમાં ઉંચા કર્યા. ત્રીજી વખત ત્રણ પગ આકાશમાં ઉંચા કરીને એક પગે ઉભો રહ્યો. લોકો આક્રંદ કરવા લાગ્યા - આ હસ્તિરત્નનો શા માટે વિનાશ કરો છો ? રાજાનું ચિત્ત દ્રવી ઉઠ્યું, મહાવતને બોલ્યો કે – બચાવવાને સમર્થ છો ?

મહાવત બોલ્યો – મને અભય આપો તો બચાવું. રાજાએ તેને અભય આપ્યું. તેણે અંકુશ વડે હાથીને નિયંત્રિત કર્યો. ભમાડીને સ્થળમાં ઉભો કર્યો. ત્યારે તે બંનેને ઉતારીને દેશ નિકાલ કર્યો.

મહાવત અને રાણી ભેગા થઈને પ્રત્યંત ગામે શૂન્યગૃહમાં રહ્યા. ત્યાં કોઈ ચોર તે શૂન્યગૃહમાં આવ્યો. તેઓ બોલ્યા - આપણે વીંટળાઈને રહીએ. જેથી કોઈ અંદર પ્રવેશે નહીં. સવારે બધું ગ્રહણ કરીશું. તે ચોર પણ જતો હતો ત્યાં કોઈ રીતે તે રાણીનો સ્પર્શ થયો. રાણી તો સ્પર્શને ઓળખી ગઈ [જાગી ગઈ] તેણી સ્પર્શ થતાં બોલી – તું કોણ છે? તે બોલ્યો – હું ચોર છું. તે રાણી બોલી – તું મારો પતિ થા.

ત્યારપછી [આવેલા કોટવાલને કહ્યું] આ મહાવત ચોર છે. તેઓ પ્રભાતે મહાવતને પકડી ગયા. તેને બાંધીને શૂળીએ ચડાવી દીધો. રાણી ચોરની સાથે ચાલવા લાગી, માર્ગમાં નદી આવી. રાણીએ ચોરને કહ્યું. અહીં આ શરસ્તંભે ઉભો રહે, ત્યાં સુધીમાં હું આ વસ્ત્ર-આભરણ ઉતારી નાંખુ. તે ગયો. નદી ઉતરવા લાગ્યો. તેણી બોલી – નદી ભરેલી દેખાય છે, પ્રિયાના બધા ભાંડક તારા હાથમાં છે, જો

તું પાર જવાને ઈચ્છે છે કે તું ભાંડ ગ્રહણ કરવાને ઈચ્છે છે. ચોર બોલ્યો — હે બાલા ! અસંસ્તુતને માટે લાંબા કાળના સંસ્તુતને છોડી દે છે, અધ્રુવ વડે ધ્રુવ એવા પ્રિયને છોડે છે. હું તારી પ્રકૃતિ અને સ્વભાવને જાણું છું. બીજા પુરુષને ઈચ્છનારી ! તારો કોણ વિશ્વાસ કરે ?

રાણી બોલી — ક્યાં જઈશ ? ચોર બોલ્યો — જેમ તે મહાવતને મારી નાંખ્યો, એ પ્રમાણે મને પણ કોઈ પાસે મરાવી દઈશ.

મહાવત પણ ત્યાં શૂળીમાં વિંધાણો. પાણી-પાણી કરે છે. ત્યાં કોઈ શ્રાવક હતો. તે કહે છે — જો નમસ્કાર કરીશ [નવકાર ગણીશ] તો હું પાણી આપું. શ્રાવક પાણી લેવાને ગયો. તે આવે ત્યાં સુધીમાં મહાવત નવકાર ગણતો મૃત્યુ પામ્યો. મરીને વ્યંતર થયો. તેટલામાં પે'લા શ્રાવકને આરક્ષક પુરુષોએ પકડી લીધો.

તે વ્યંતર દેવે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. પોતાના શરીરને અને બાંધેલા શ્રાવકને જોયો. ત્યારે શિલા વિકુર્વીને છોડે છે. શરસ્તંભે રહેલી રાણીને જુએ છે. ત્યારે તેને ઘૃણા ઉત્પન્ન થઈ, શીયાળનું રૂપ વિકુર્વીને માંસ પેશી ગ્રહણ કરીને પાણીના કિનારે ચાલ્યો. તેટલામાં નદીનો મત્સ્ય ઉછળીને કિનારે પડ્યો. ત્યારે તે માંસપેશી છોડીને મત્સ્યને માટે દોડ્યો. તે પાણીમાં પડી ગયો, માંસપેશી પણ સમળીએ લઈ લીધી. શિયાળ મુંઝાણો.

રાણી બોલી — માંસપેશી છોડીને માછલાને ઈચ્છે છે, હે શિયાળ ! તું માંસથી પણ ભ્રષ્ટ થયો અને મત્સ્યથી પણ ભ્રષ્ટ થયો. હવે કેમ કરુણ રૂદન કરે છે ? શિયાળ બોલ્યો — હે પત્રપુટ પ્રતિછન્ના ! પિતાને અપયશ કરાવનારી ! તું પતિથી પણ ભ્રષ્ટ થઈ અને યારથી પણ ભ્રષ્ટ થઈ. હે પુંશ્ચલિ ! શા માટે કરુણની ચિંતા કરે છે ?

ત્યારપછી તે શિયાળ બનેલા દેવે પોતાનું રૂપ દર્શાવ્યું, બોધ પમાડીને કહ્યું — દીક્ષા લઈ લે. ત્યારે તેની તર્જના કરી તે રાજાએ સ્વીકાર કરી સત્કાર કરીને વિદાય આપી. દેવલોકે ગયા. આ મહાવતની અકામ નિર્જરા.

(૩) બાલતપસ્વી, - વસંતપુર નામે નગર હતું. ત્યાં શ્રેષ્ઠીના ઘેર મારી ફેલાણી. ઈન્દ્રનાગ નામે બાળક હતો તે બચી ગયો. ભુખ્યો અને ગ્લાન થયેલા પાણીને શોધે છે. તેટલામાં બધાંને મરેલા જુએ છે. દ્વારો પણ લોકો વડે કટકથી આચ્છાદિત કરાયેલા છે. ત્યારે શૂન્યછિદ્ર વડે નીકળીને તે નગરમાં કર્પર વડે ભિક્ષાને માટે જાય છે. લોકો તેને પોતાના દેશનો ભૂતપૂર્વ રહેવાસી છે, તેમ જાણીને ભિક્ષા આપે છે એ પ્રમાણે તે મોટો થયો.

એટલામાં એક સાર્થવાહ રાજગૃહે જવાને માટે ઘોષણા કરાવે છે તેણે સાંભળી, તે પણ સાર્થની સાથે ચાલ્યો. ત્યાં સાર્થમાં તેને કૂર-ભાત પ્રાપ્ત થયા, તેણે જમી લીધું. પણ ધરાયો નહીં. બીજે દિવસે સાથે રહ્યો. સાર્થવાહે તેને જોયો. તે વિચારે છે - નક્કી આ ઉપવાસી લાગે છે. તે અવ્યક્તલિંગી છે. બીજે દિવસે ભિક્ષાર્થે નીકળ્યો, શ્રેષ્ઠીએ તેને ઘણું ઘી વગેરે આપ્યું. તે તેનાથી બે દિવસ અજીર્ણ વડે રહ્યો. સાર્થવાહે જાણ્યું કે આ ષષ્ઠાન્નકાલિક છે. તેને શ્રદ્ધા જન્મી. ત્રીજે દિવસે નીકળ્યો ત્યારે સાર્થવાહે બોલાવ્યો. તેને પૂછ્યું કે કેમ કાલે ન આવ્યો ? તે મૌન જ રહ્યો.





સાર્થવાહે વિચાર્યુ કે આણે છઠ્ઠ કર્યો લાગે છે. તેથી તેને કંઈક આપવું તેણે પણ બીજાએ પણ બે દિવસ સ્થાપિત કર્યો. લોકો પણ પરિણત થયા. બીજા નિમંત્રણ કરે તો પણ ગ્રહણ ન કરતો. બીજા કહે છે — તે એકપિંડિક હતો. તેણે તે અર્થથી પદ મેળવ્યું. વણિકો કહેવા લાગ્યા — બીજાનું પારણું ગ્રહણ કરતો નહીં, નગર પહોંચીએ ત્યાં સુધી હું આપીશ. નગર ગયા. તેણે તેના પોતાના ઘેર મઠ બનાવ્યો. પછી મસ્તક મુંડાવ્યું. કાષાયિક વસ્ત્રો લીધા, ત્યારે લોકમાં વિખ્યાત થયો. જે દિવસે તેને પારણું હોય તે દિવસે લોકો ભોજન લાવતા. કોઈ એકને લાભ મળતો. ત્યારે લોકો ન જાણતા કે કોને લાભ મળશે ? ત્યારે લોકોએ જાણવાને માટે ભેરી બનાવી. જે આહાર દાન આપે, તે ભેરી વગાડે. ત્યારે લોકો પ્રવેશતા, એ પ્રમાણે કાળ જતો.

ભગવંતે સમોસર્યા. ત્યારે સાધુઓ બોલ્યા — મુહૂર્ત રહો, અનેષણા છે. તેના જમ્યા પછી બોલ્યા — પધારો. ગૌતમસ્વામીએ [તેને પ્રતિબોધ કરવા કહ્યું —] ઓ અનેકપિંડિક ! એકપિંડિક તને જોવાને ઈચ્છે છે.

એ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેતો, તે રોષાયમાન થયો. બોલ્યો કે — તમે અનેકશત પિંડનો આહાર કરો છો, હું તો એક પિંડ જ ખાઉ છું. તેથી હું એકપિંડિક છું. પરંતુ મુહૂર્ત વીત્યા પછી વિચારે છે — આ લોકો મૃષા બોલતા નથી. પણ આમ કઈ રીતે બને ? શ્રુતિ પ્રાપ્ત થઈ. હું અનેકપિંડિક થયો છું. જે દિવસે મારે પારણું હોય, તે દિવસે અનેકશત પિંડ કરાય છે આ લોકો તો ન કરેલ - ન કરાવેલ ભોજન કરે છે. તેથી સાચું બોલે છે.

એ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણજ્ઞાન થયું તે પ્રત્યેકબુદ્ધ થયો. અધ્યયન કહ્યું. પછી તે ઈન્દ્રનાગ સિદ્ધ થયા [મોક્ષમાં ગયા.] એ પ્રમાણે બાળ તપસ્યાથી તેણે સામાયિક પ્રાપ્ત કરી.

(૪) દાન - એક વત્સપાલી - ગોવાલણનો પુત્ર હતો. લોકોએ ઉત્સવમાં ખીર રાંધેલી. ત્યાં નીકટના ઘરમાં બાળકોને ખીર ખાતા જોયા. ત્યારે તે માતાને કહે છે — મારા માટે પણ ખીર બનાવ. ત્યારે દુધ વગેરે કોઈ સામગ્રી ન હોવાથી તેણી અધૃતિથી રડવા લાગી. તેની સખીઓ પૂછે છે, ખૂબ દબાણ કરતા તે બોલી કે મારો પુત્ર ખીર માટે રડે છે. તે બધીએ અન્ય અન્ય પાસેથી અનુકંપાથી દુધ, ચોખા વગેરે લાવી આપ્યા. ત્યારે તે વત્સપાલીએ ખીર પકાવી.

ત્યારપછી તે બાળકને ન્હાઈને ઘી-ગોળ આદિ યુક્ત ખીરનો થાળ ભરીને આપ્યો. તે વખતે માસક્ષમણને પારણે આવેલા સાધુ જોયા. જેટલામાં વત્સપાલી કંઈ કામમાં વ્યાકુળ હતી, તેટલામાં ''મને પણ ધર્મ થાય'' એવી બુદ્ધિથી તે ખીરના ત્રણ વિભાગ કર્યા. ત્રીજો ભાગ વહોરાવ્યો. ફરી વિચાર્યું. આ તો બહુ થોડું છે, તેથી બીજો ત્રિભાગ ખીર વહોરાવી દીધી. વળી વિચાર્યુ કે જો બીજા કોઈ આમાં ખાટા ખલ આદિ નાંખશે, તો ખીર નાશ પામશે. ત્યારે ત્રીજો વિભાગ પણ ખીરનો વહોરાવી દીધો.

ત્યારે તેણે દ્રવ્યશુદ્ધ, દાયકશુદ્ધ, ગ્રાહકશુદ્ધ ત્રણે વડે ત્રણ યોગ અને ત્રણ કરણથી શુદ્ધ ભાવ વડે દેવનું આયુ બાંધ્યુ.

ત્યારે તેની માતાએ જાણ્યું કે — આણે જમી લીધું. ફરી ખરી આપી. ઘણા જ

ગરીબપણાથી ખીર વડે પેટ ભરી દીધું. ત્યારે રાત્રિના તેને ઝાળા થયા. મરીને દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવીને રાજગૃહીનગરીમાં પ્રધાન ધનાવહનો પુત્ર અને ભદ્રા નામે તેની પત્નીનો આત્મજ થયો. તે ગર્ભમાં હતો ત્યારે લોકો કહેતા – આ કૃતપુણ્ય જીવ છે. તેથી તે જ્યારે જન્મ્યો ત્યારે તેનું કૃતપુણ્ય એવું નામ રાખ્યું તે મોટો થયો. કલાનું શિક્ષણ લીધું. પરિણત થયો. તેની માતાએ તેને દુર્લલિત ગોષ્ઠીમાં મૂક્યો.

તે ગણિકાના ઘરમાં પ્રવેશ્યો. બાર વર્ષ જતાં તેનું કુળ નિર્ધન થઈ ગયું. તો પણ તે ગણિકાને ત્યાંથી નીકળ્યો નહીં. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. છેલ્લે દિવસે તેની પત્નીએ આભરણ મોકલ્યા. ગણિકાની માતા સમજી ગઈ કે હવે આ કૃતપુન્ય ખાલી થઈ ગયો છે. - x -

ગણિકાની માતા બોલી કે – આને હવે અહીંથી કાઢી મૂક. પણ ગણિકા તેમ ઈચ્છતી ન હતી. ત્યારે ચોરી છૂપીથી કાઢી મૂક્યો. બારણા બંધ કરી દીધા. ઉતરીને બહાર ઉભો રહ્યો. ત્યારે દાસી વડે કહેવડાવ્યું – કાઢી મૂક્યો તો પણ ઉભો છો ? ત્યારે સડેલ-પડેલ પોતાના ઘેર ગયો ત્યારે તેની પત્ની સંભ્રમથી ઉભી થઈ, ત્યારે તેણીને કૃતપુન્યને બધી વાત કરી. શોક વ્યાપ્ત થઈને પૂછ્યું – હવે કંઈ છે ? જેનાથી હું બીજે જઈને કંઈક વ્યાપાર કરું ? ત્યારે જે આભરણો અને હજાર કર્પાસમૂલ્ય ગણિકાની માતાએ આપેલા તે બતાવ્યા.

તે દિવસે કોઈ સાર્થ કોઈપણ દેશમાં જવાને નીકળતો હતો. તે પણ કંઈક ભાંડમૂલ્ય ગ્રહણ કરીને તેની સાથે ચાલ્યો. બહાર દેવકુલિકામાં ખાટલો પાથરીને સુતો હતો.

બીજા કોઈ વણિકની માતાએ સાંભળ્યુ કે – વહાણ ભાંગવાથી તારો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેણીએ તેને ધન આપીને કહ્યું કે – "તું આ વાત કોઈને કહેતો નહીં. માતાએ વિચાર્યુ કે – "મારું ધન રાજકુળમાં ન ચાલ્યું જાય," કેમકે અપુત્ર એવા મારે ત્યાં રાજના પુરુષો પ્રવેશશે તો બધું ધન લઈ જશે.

ત્યારે રાત્રિના તેને ત્યાં સાથે આવ્યો. જો કોઈ અનાથ દેખાય તો ત્યાં જોવો, સમજાવીને ઘેર લાવવો. ત્યારે ઘેર લાવીને રોવા લાગી. હે પુત્ર ! ત્યાં ક્યાં ચાલી ગયેલો ? ચારે પુત્રવધુને પણ કહે છે કે – આ તમારો દેવર છે, ઘણા સમયથી નાશી ગયેલો. તે ચારે પુત્રવધુ તે કૃતપુન્ય સાથે જોડાઈ ગઈ. એ રીતે તે ત્યાં બાર વર્ષ સુધી રહ્યો. ત્યાં એકૈકને ચાર-પાંચ પુત્રો થયા.

ત્યારે તે વૃદ્ધાએ કહ્યું કે – હવે આને કાઢી મૂકો. તે ચારે પુત્રવધુ તેમ ન કરવા સમર્થ ન હતી. ત્યારે તેણીઓએ ભાથું આપવા લાડવા બનાવ્યા. અંદર રત્નો વડે ભરી દીધા. જો તેને [કૃતપુન્યને] પ્રાયોગ્ય થાય તો ઘણું સારું ત્યારે વિકટ [ઉંઘની દવા] પીવડાવીને તે જ દેવકુલિકામાં ઓશીકે તે ભાથું રાખીને પાછા આવી ગયા. તે પણ શીતળ પવનથી પ્રભાતે જાગ્યો.

ગયેલો સાર્થ પણ તે જ દિવસે પાછો આવેલો. કૃતપુન્યની પત્નીએ પણ ગવેષકને મોકલેલા. તેને લઈને ઘેર આવ્યા. તેની પત્ની જલ્દીથી ઉઠીને આવી ભાથું-શંબલ લઈ લીધું. ઘરમાં લાવ્યા. અભ્યંગ આદિ કરે છે. કૃતપુણ્ય ગયો ત્યારે તેની



પત્ની ગર્ભિણી હતી. તે પુત્ર પણ અગિયાર વર્ષનો થઈ ગયેલો તે લેખશાળાથી આવીને રડતો હતો. મને જલ્દી ખાવા આપ. ત્યારે તેણીએ કૃતપુન્યના ભાથામાંથી એક લાડવો આપ્યો. ખાતા ખાતા રત્નો નીકળ્યા. તેમાં રત્નને જોયા, લેખદારકે પણ જોયા, પુડલાના બદલામાં તેણે રત્ન આપી દીધા. ઈત્યાદિ - x -

કૃતપુન્યે પણ જમીને લાડવો ભાંગ્યો, તેણે પણ રત્નો જોયા, તે રત્નો તે પ્રમાણે જ રાખી મૂક્યા. [તે અવસરે એક બનાવ બન્યો.]

સેચનક ગંધહસ્તીને નદીમાં મગરે પકડ્યો. રાજા ખેદ પામ્યો. અભયે કહ્યું કે – જો જલકાંત મણિ હોય, તો મગર તેને છોડી દે. તે રાજકુળમાં ઘણાં-ઘણાં રત્નો લાંબા કાળથી હતા. તેઓએ પડહ વગડાવ્યો કે જે કોઈ જલકાંત મણિ આપશે તેને રાજા અડધું રાજ્ય અને કન્યા આપશે. ત્યારે કંદોઈએ તે રત્ન આપ્યું. લઈને પાણીમાં પ્રકાશિત કર્યુ, મગરે જાણ્યું કે અહીં સ્થળ છે, હાથીને છોડીને ચાલ્યો ગયો.

રાજા વિચારે છે કે આ કોની પાસેથી આવ્યું હશે? આપૂપિકને પૂછે છે - તારી પાસે આ ક્યાંથી આવ્યું? દબાણ કરતાં બોલ્યો કે – કૃતપુણ્યના પુત્રએ આપ્યું. રાજા ખુશ થયો. બીજા કોઈકનું હશે? રાજાએ કૃતપુન્યકને બોલાવ્યો. પોતાની કન્યા પરણાવી, તેને દેશ પણ આપ્યો. તે તેણી સાથે ભોગો ભોગવવા લાગ્યો.

ગણિકા પણ આવી ગઈ. કહે છે – આટલા કાળ સુધી હું વેણી બાંધીને રહી. બધાં વૈતાલિકો તમારા માટે મોકલ્યા. ત્યારે અહીં જોયા.

ત્યારપછી કૃતપુન્યએ અભયને કહ્યું – અહીં મારી ચાર પત્નીઓ છે, પણ હું તેનું ઘર જાણતો નથી. ત્યારે અભયકુમારે ચૈત્યગૃહ કરાવ્યું. કૃતપુણ્ય સદૃશ લેપ્યયક્ષ કર્યો. તેની પૂજા-અર્ચનની જાહેરાત કરી. બે દ્વાર કરાવ્યા. એકથી પ્રવેશ અને બીજાથી નિર્ગમન. ત્યાં અભય અને કૃતપુન્ય એક દ્વારની ધાર પાસે શ્રેષ્ઠ આસન રાખીને બેઠા. કૌમુદીની આજ્ઞા કરાઈ - પ્રતિમા પ્રવેશ પૂજા કરવી. નગરમાં ઘોષણા કરાવી કે – બધી સ્ત્રીઓએ ફરજિયાત આવવું.

લોકો આવવા લાગ્યા. ચાર પુત્રવધુઓ ચાર પુત્રો સાથે આવી ગઈ. ત્યાં તે બાળકો બાપા, બાપા બોલતા તેના ખોળામાં બેસી ગયા. કૃતપુન્ય જાણી ગયો કે આ જ તારા પુત્રો છે. પે'લી વૃદ્ધ માતાને ધમકાવી. તે ચારે પુત્રવધુઓને પણ લાવવામાં આવી. એ રીતે કુલ સાત સ્ત્રીઓ સાથે કૃતપુન્ય ભોગો ભોગવવા લાગ્યો.

વર્ધમાન સ્વામી પધાર્યા. કૃતપુન્ય સ્વામીને વાંદીને પૂછે છે – મને આ સંપત્તિ અને વિપત્તિ કઈ રીતે પ્રાપ્ત થઈ ? ભગવંતે કહ્યું – ખીરના દાનથી. આખો વૃત્તાંત સાંભળી સંવેગ પામીને પ્રવ્રજ્યા લીધી.

આ રીતે દાનથી સામાયિકની પ્રાપ્તિ થાય છે.

(૫) વિનય - મગધ દેશમાં ગૂર્બરગામમાં પુષ્પશાલ ગાથાપતિ હતો. તેની પત્નીનું નામ ભદ્રા હતું. તેના પુત્રને "પુષ્પશાલસુત" કહેતા હતા. તે માતાપિતાને પૂછે છે – ધર્મ શું છે ? તેઓએ કહ્યું – "માતાપિતાની સેવા કરવી તે." આ જીવલોકમાં માતા-પિતા બંને દૈવતા સમાન છે. તેમાં પણ પિતા વિશિષ્ટ છે કેમકે માતા તેના વશમાં વર્તે છે. તે પુત્ર માતાપિતાની સેવા-શુશ્રૂષા દૈવની માફક કરવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે ગામભોજિક-મુખી આવ્યો. પુષ્પશાલ અને ભદ્રા બંને ભ્રાંત થઈને તેને નમવા - અતિથિવત્ સેવા કરવા લાગ્યા.

તે પુત્ર વિચારે છે કે – હું આની જ પૂજા કરું, તો મારે ધર્મ થશે. પછી ગામ મુખીની સેવા આરંભી. પછી તે મુખીયાને બીજા કોઈને નમતો જોયો, તે બીજો પણ કોઈ બીજાને યાવત્ શ્રેણિક રાજાને નમતો જોયો. તેથી તે પુષ્પશાલપુત્રે શ્રેણિક રાજાની સેવા-શુશ્રૂષાનો આરંભ કર્યો.

ભગવંત પધાર્યા. શ્રેણિકરાજા ઋદ્ધિ સહિત તેને વાંદવાને ગયો. ત્યારે તે પુત્ર ભગવંતને કહે છે – હું તમારી સેવા કરું ? ભગવંતે કહ્યું – રજોહરણ અને પાત્રક, માત્રકથી જ મારી સાથે રહી શકાય. તે પુષ્પશાલપુત્ર આ સાંભળીને બોધ પામ્યો. આ પ્રમાણે વિનયથી સામાયિકની પ્રાપ્તિ થાય છે.

(૬) વિભંગજ્ઞાન - મગધ જનપદમાં શિવ નામે રાજા હતો. તેના ધન, ધાન્ય હિરણ્યાદિ રોજેરોજ વધતા હતા. તેને વિચાર આવ્યો. આ ધર્મનું ફળ છે કે મારે હિરણ્ય આદિ વધે છે. તો હું પુન્ય કરું આવતી કાલે ભોજન કરાવી, તેના વડે દાન આપી, પછી પુત્રને રાજ્યમાં સ્થાપી, સ્વકૃત તામ્રમય ભિક્ષાભાજન, કડછા, ઉપકરણ આદિ લઈ દિશાપ્રૌક્ષિક તાપસોની મધ્યે તાપસ થઈશ. છટ્ઠ અટ્ઠમ કરી પડેલા એવા પાંડુ પત્રાદિ લાવીને આહાર કરીશ.

એ પ્રમાણે શિવરાજર્ષિએ કર્યું. કરતા-કરતા અમુક કાળે વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. તે સંખ્યાત દ્વીપ સમુદ્રને જોવા લાગ્યો. પછી નગરમાં આવીને જેવા ભાવો ઉપલબ્ધ થયેલા તેની પ્રજ્ઞાપના કરવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે સાધુઓ જોયા. તેમનો ક્રિયાકલાપ વિભંગાનુસાર જાણ્યા. યાવત્ લોકના પ્રમાણને જાણીને વિશુદ્ધ પરિણામથી અપૂર્વકરણ કરતાં સામાયિક પામી, કેવલી થઈ, સંવૃત્ત થયા.

(૭) સંયોગ-વિયોગ વડે પણ સામાયિકની પ્રાપ્તિ થાય છે. જેમકે - બે મથુર વેપારી હતા. એક દક્ષિણ તરફ, બીજો ઉત્તર તરફ. તેમાં ઉત્તરનો વણિક્ દક્ષિણમાં ગયો. ત્યાં એક વણિક તેના જેવો હતો. તેણે તેનું પ્રાધૂર્ણ્ય-મહેમાન ગતિ કરી. ત્યારપછી તે બંને નિરંતર મિત્ર થઈ ગયા. તેમણે વિચાર્યુ કે આપણી સ્થિરતર પ્રીતિ થશે, જો આપણે પુત્ર કે પુત્રી જન્મે તો તેનો સંયોગ-વિવાહ કરાવીએ. ત્યારે દક્ષિણવાળાએ ઉત્તરવાળાની પુત્રીને વર્યો. બાલિકા આપી.

આ અરસામાં દક્ષિણ મથુરાનો વણિક મૃત્યુ પામ્યો. તેના સ્થાને તેનો પુત્ર બેઠો. કોઈ દિવસે તેણે સ્નાન કર્યુ. ચારે દિશામાં ચાર સૌવર્ણિક કળશો સ્થાપ્યા. તેની બહાર રુપાના અને તેની બહાર તાંબાના, તેની પણ બહાર માટીના કળશોની સ્થાપના કરી. બીજી પણ સ્નાનવિધિ રચાવી.

પછી તેનો પૂર્વ દિશાનો સુવર્ણ કળશ નાશ પામ્યો. એ પ્રમાણે ચારે દિશાના પણ નાશ પામ્યા. એ પ્રમાણે બધાં કળશો નાશ પામ્યા. ઉઠ્યા પછી સ્નાનપીઠ પણ નાશ પામી. તેને ઘણો ખેદ થયો. નાટકીયાએ વાર્યા. જેટલામાં તે ઘરમાં પ્રવેશ્યો, ભોજનવિધિ ઉપસ્થિત કરી. ત્યારે સુવર્ણ-રૂપામય ભાજનો ગોઠવ્યા. ત્યારે એકૈક



ભાજનનો નાશ થવાનો આરંભ થયો. ત્યારે તેણે નાશ પામતા નજરે જોયું. જે તેની મૂલપાત્રી હતી. તે પણ નાશ થવા લાગી. ત્યારે તેણે ગ્રહણ કરી, જેવી ગ્રહણ કરી તેવી રહી, બાકીની નાશ પામી.

ત્યારપછી શ્રીગૃહમાં જઈને જોયું, બધી લક્ષ્મી પણ ખાલી થઈ ગઈ. જે નિધાનમાં દાટેલું, તે પણ નાશ પામ્યું. જે આભરણ હતા. તે પણ નાશ પામ્યા. જે વ્યાજે આપેલા તેઓ પણ કહેવા લાગ્યા કે – અમે તમને ઓળખતા નથી. જે દાસી વર્ગ હતો, તે પણ નાશ પામ્યો. ત્યારે તે વિચારે છે – અહો ! હું અધન્ય છું. ત્યારે તેને થયું કે – હવે હું દીક્ષા લઈ લઉં.

ત્યારપછી દીક્ષા લીધી. થોડું ભણીને ચાલ્યો. હાથમાં રહેલા ખંડને કુતૂહલથી જ્યાં જુએ છે, તેમ કરતાં ઉત્તર મથુરા ગયો. તે બધાં રત્નો શ્વશૂરકૂળે પહોંચી ગયેલા, કળશો પણ ત્યાં હતા. ઈત્યાદિ બધું જોયું - x - x - x - તે સાધુ પણ તેના ઘેર પ્રવેશ્યા. ત્યાં તે સાર્થવાહની પુત્રી પ્રથમ યૌવનમાં વર્તતા વીંઝણો લઈને બેઠેલી.

ત્યારે તે સાધુએ તે ભોજનના વાસણો જોયા. સાર્થવાહ ભિક્ષા લાવ્યો. ગ્રહણ કરીને સાધુ ઉભા રહ્યા. ત્યારે પૂછે છે – ભગવન્ ! કેમ આ બાલિકાને જોઈ રહ્યા છે ? ત્યારે તે કહે છે કે – મારે બાલિકાનું પ્રયોજન નથી, હું આ ભોજનના ભાંડ જોઈ રહ્યો છું. ત્યારે સાર્થવાહ પૂછે છે – અહીં આપનું આગમન ક્યાંથી થયું ? તે બોલ્યો – દાદા, પરદાદાથી આવ્યો. સાર્થવાહે કહ્યું – એમ નહીં, મને સદ્‌ભાવ કહો.

ત્યારે સાધુ કહે છે કે [તે વખતે] મારા સ્નાન વખતે આ જ સ્નાનવિધિ ઉપસ્થિત કરાયેલી હતી. એ પ્રમાણે બધી જમણ-ભોજન વિધિ હતી, શ્રીગૃહ પણ ભરેલ હતું. નિધાનો પણ હતા. અદૃષ્ટ પૂર્વ ધારકો આવીને આપી ગયા. સાધુ બોલ્યા – આ મારા હતા. કઈ રીતે ?

ત્યારે સાધુ કહે છે – સ્નાનાદિ, જો વિશ્વાસ ન આવતો હોય તો આ તે ભોજનપાત્રીનો ટુકડો રાખો. ત્યાં તે ટુકડો જલ્દીથી બેસી ગયો. પછી પિતાનું નામ કહ્યું. ત્યારે જાણ્યું કે અહો! આ તો મારો જમાઈ છે. ત્યારે ઉભા થઈને મોટેથી રડતાં રડતાં બોલ્યો – આ બધું તે જ અવસ્થામાં રહેલ છે. આ તમારી પૂર્વે આપેલી કન્યા સ્વીકારો.

ત્યારે સાધુએ કહ્યું – પુરુષ પહેલાં કામભોગનો ત્યાગ કરે છે અથવા કામભોગો પહેલા પુરુષનો ત્યાગ કરે છે. ત્યારે તે સાર્થવાહ પણ સંવેગ પામ્યો. ક્યાંક મને પણ એ પ્રમાણે જ ભોગો છોડીને જશે. તે પ્રવ્રજિત થયો.

ત્યારે એક મથુરવણિકે વિયોગથી સામાયિક પ્રાપ્ત કરી, બીજાએ સંયોગથી સામાયિક પ્રાપ્ત કરી.

(૮) વ્યસન - હવે વ્યસન વડે સામાયિકની પ્રાપ્તિ બતાવે છે – બે ભાઈઓ ગાડું લઈને જતા હતા. ચક્રોલંડિકા અને બે મુખવાળા સર્પ ગાડાના માર્ગમાં આવતો જોયો. મોટા ભાઈએ કહ્યું – ગાડાંને બાજુમાંથી વાળી દે. નાનાએ તેના ઉપરથી ગાડું ચલાવ્યું. તે સંજ્ઞીનીએ સાંભળ્યું. ચક્ર વડે છેદાઈ. તે ચક્રૌલંડિકા મરીને હસ્તિનાપુર નગરમાં સ્ત્રી થઈ.

તે મોટો ભાઈ પહેલાં મર્યો. મરીને તે સ્ત્રીના ઉદરમાં આવ્યો અને પુત્ર થયો.

તે પુત્ર તે સ્ત્રીને ઈષ્ટ હતો. નાનો ભાઈ પણ તે જ સ્ત્રીના ઉદરમાં આવ્યો. જ્યારે તે ઉત્પન્ન થયો ત્યારે તે સ્ત્રી વિચારે છે કે – શિલાની માફક પછાડું, ગર્ભપાતના કરવાથી પણ તે પડ્યો નહીં. પછી તેનો જન્મ થયો. દાસીના હાથમાં આપીને તે પુત્રનો ત્યાગ કરી દીધો. શ્રેષ્ઠીએ તેને લઈ જવાતો જોયો. તેણે પાછો લઈને બીજી દાસીને આપી દીધો. તે ત્યાં મોટો થવા લાગ્યો.

મોટાનું નામ રાજલલિત, નાનાનું નામ ગંગદત્ત રખાયું. જે મોટો હતો, તેને જે કંઈ પ્રાપ્ત થાય, તે નાનાને આપતો, માતાને તો નાનો અનિષ્ટ જ હતો. જ્યારે જુએ ત્યારે કાષ્ઠાદિ વડે મારતી.

કોઈ દિવસે ઈન્દ્ર મહોત્સવ થયો. ત્યારે પિતાએ અલ્પ સાગારિકને બોલાવ્યો. પલંગની નીચે રહીને તે ગંગદત્ત જમતો હતો. ગુપ્ત રીતે ત્યાંથી બહાર કાઢીને, હાથેથી પકડીને માતાએ ખાળકૂવામાં ફેંકી દીધો. ત્યારે તે રાવા લાગ્યો. પિતાએ બહાર કાઢી સ્નાન કરાવ્યું.

એ અરસામાં સાધુ ભિક્ષાને માટે આવ્યા. શ્રેષ્ઠીએ પૂછ્યું – ભગવન્ ! શું માતાને પુત્ર અનિષ્ટ હોય ? સાધુએ કહ્યું – હોય પણ ખરો. શા માટે ? ત્યારે તે બોલ્યા – જેને જોઈને ક્રોધ વધે છે અને સ્નેહ ઘટે છે, તો મનુષ્યએ તેને જોઈને જાણવું કે – આ મારો પૂર્વ વૈરી છે અને જેને જોઈને સ્નેહ વધે છે અને ક્રોધ ઘટે છે, તો મનુષ્યએ જાણવું કે આ મારો પૂર્વ બાંધવ છે.

ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું – આને તમે દીક્ષા આપશો? તેને જલ્દી દીક્ષા આપી વિદાય કર્યો. તેના આચાર્યની પાસે તેના સ્નેહાનુરાગથી ભાઈએ પણ દીક્ષા લીધી. તે બંને ભાઈ સાધુ થયા. ઈર્યાસમિત થયા. અનિશ્રિત તપ કરવા લાગ્યા. ત્યારે દુઃખી નાના ભાઈએ નિયાણું કર્યુ – જો આ તપ, નિયમ, સંયમનું ફળ હોય તો આવતા જન્મમાં હું લોકોના મન-નયનને આનંદ આપનારો થઉં. પછી તે ઘોર તપ કરીને દેવલોકે ગયો.

ત્યાંથી ચ્યવીને વસુદેવનો પુત્ર વાસુદેવ થયો. મોટો ભાઈ બલદેવ થયો. એ પ્રમાણે તેને વ્યસનથી સામાયિકની પ્રાપ્તિ થઈ.

(૯) ઉત્સવ - કોઈ એક પ્રત્યંત ગામમાં આભીરો - ભરવાડ રહેતા હતા. તેઓ સાધુ પાસે ધર્મ સાંભળે છે, ત્યારે દેવલોકનું વર્ણન આવે છે. એ પ્રમાણે તેમને ધર્મમાં સુબુદ્ધિ થઈ. અન્ય કોઈ દિવસે ઈન્દ્રમહોત્સવ કે અન્ય કોઈ મહોત્સવમાં નગરીમાં ગયા. તે નગરી દ્વારિકા જેવી હતી. ત્યાં લોકને જુએ છે. મંડિત પ્રસાધિત સુગંધ, વિચિત્ર વસ્ત્રો હતા. તેઓ તેને જોઈને કહે છે કે – આ જ તે દેવલોક છે, જે સાધુએ વર્ણવેલ હતો.

હવે જો અહીં આપણે આવીશું તો સુંદર કરીશું. આપણે પણ સ્વર્ગે ઉત્પન્ન થઈશું. ત્યારે તેમણે જઈને સાધુને કહ્યું – આપે અમને જે દેવલોક કહેલો હતો, તે અમે પ્રત્યક્ષ જોવો. સાધુએ તેમને કહ્યું – દેવલોક તેવા પ્રકારે નથી. બીજા પ્રકારે છે, આનાથી અનંતગુણ છે. ત્યારે તેઓ અત્યધિક વિસ્મય પામીને પ્રવ્રજિત થયા. એ પ્રમાણે ઉત્સવથી સામાયિકનો લાભ થયો.

(૧૦) ઋદ્ધિ - દશાર્ણપુર નગરમાં દશાર્ણભદ્ર રાજા હતો. તેને ૫૦૦ રાણીઓ



હતી. એ પ્રમાણે તે રૂપથી, યૌવનથી, બળથી, વાહનથી યુક્ત હતો. આવી ઋદ્ધિ કોઈને નથી તેમ વિચારતો હતો.

તે અરસામાં ભગવંત દશાર્ણકૂટ પર્વતે પધાર્યા. ત્યારે રાજા વિચારે છે કે – આવતી કાલે આપણે એવી રીતે ભગવંતને વંદન કરવા જઈશું. જેવી રીતે કોઈએ પણ પૂર્વે ભગવંતને વાંધા ન હોય.

તે પ્રમાણે રાજા ગયો. શક્રેન્દ્રએ આ વાત જાણી, તે વિચારે છે – બિચારો આત્માને જાણતો નથી. રાજા મોટા સમુદાય સાથે વંદન કરવાને સર્વ ઋદ્ધિ સહિત નીકળેલો છે. શક્ર પણ ઐરાવણ દેવરાજ ઉપર નીકળ્યો.

[આ ઐરાવણ કેવો હતો?] તેના આઠ મુખો વિકુર્વ્યા. પ્રત્યેક મુખમાં આઠ-આઠ દંતશૂળો વિકુર્વ્યા. દાંતે દાંતે આઠ-આઠ પુષ્કરિણી વિકુર્વી પછી એકૈક પુષ્કરિણીમાં આઠ-આઠ કમળો વિકુર્વ્યા. પ્રત્યેક કમળમાં આઠ-આઠ પાંદડા વિકુર્વ્યા. પ્રત્યેક પત્રમાં આઠ-આઠ બત્રીશબદ્ધ દિવ્ય નાટકો વિકુર્વ્યા *[અન્ય સ્થાને લાખ-લાખ પાંદડી વિકુર્વી અને કમળ વચ્ચે ઈન્દ્ર પોતે બેઠો એવો ઉલ્લેખ પણ છે.]* એ રીતે સર્વ ઋદ્ધિપૂર્વક ઈન્દ્ર ત્યાં આવ્યો. એ રીતે ઐરાવણ ઉપર બેઠેલા રહીને જ શક્રએ ભગવંતને આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. ત્યારે તે હાથી અગ્રપાદ વડે ભૂમિ ઉપર ઉભો રહ્યો. ત્યારે તે હાથી દશાર્ણકૂટ પર્વતે દેવતાની કૃપાથી અગ્રપાદે ઉભો રહ્યો હોવાથી તેનું નામ ગજાગ્રપાદક થયું.

તે અવસરે દશાર્ણભદ્ર વિચારે છે – મારી આવી ઋદ્ધિ ક્યાં ? અહો ! આણે ધર્મ કર્યો છે. હું પણ કરીશ. ત્યારે તે બધું છોડી પ્રવ્રજિત થયો. આ પ્રમાણે ઋદ્ધિ વડે પણ સામાયિકની પ્રાપ્તિ થાય.

(૧૧) અસત્કાર - કોઈ એક બ્રાહ્મણ હતો. તેણે તેવા પ્રકારના સ્થવિરો પાસે ધર્મ સાંભળીને, પોતાની પત્ની સહિત દીક્ષા લીધી. ઉગ્રાતિઉગ્ર પ્રવજ્યાને પાળે છે પરંતુ તે બંનેની પરસ્પર પ્રીતિ ઘટતી નથી. તે સ્ત્રી બ્રાહ્મણજાતિની હોવાથી કંઈક ગર્વને કરતી હતી. બંને મૃત્યુ પામીને દેવલોકે ગયા. આયુષ્ય હતું તેટલું ભોગવ્યું.

આ તરફ ઈલાવર્ધન નગરમાં ઈલા નામે દેવી હતી. તેણીને એક સાર્થવાહીએ પુત્રની ઈચ્છાથી આરાધવી શરૂ કરી, પે'લો બ્રાહ્મણ દેવલોકથી ચ્યવીને તેણીના પુત્રરૂપે જન્મ્યો. તેનું નામ પણ ઈલાપુત્ર રાખ્યું. તે બ્રાહ્મણપત્ની પણ દેવલોકથી ચ્યવી, પણ પૂર્વ ભવના ગર્વદોષથી લંખક અર્થાત્‌ના કુળમાં ઉત્પન્ન થઈ. બંનેને યૌવન પ્રાપ્ત થયું.

કોઈ દિવસે ઈલાપુત્રએ તે નટકન્યાને જોઈ. પૂર્વ ભવના અનુરાગથી તેણીમાં આસક્ત થયો. તેણીને શોધવા - માંગણી કરવા છતાં પ્રાપ્ત ન થઈ. ઈલાપુત્રએ કહ્યું – તેણીના ભાર પ્રમાણ સુવર્ણથી તોલીએ. નટ-બોલ્યો – આ કન્યા અમારી અક્ષયનિધિ છે. જો તું અમારી કળા શીખે અને અમારી સાથે ચાલ તો તને આ કન્યા આપીએ. ઈલાપુત્ર તેમની સાથે ગયો અને નટની કળા પણ શીખ્યો. પછી વિવાહ કરવાના નિમિત્તે [ધન મેળવવા માટે] રાજાની સામે પ્રેક્ષણક - ખેલ કરવાનું તેને નટે કહ્યું.

ત્યારપછી તેઓ બેન્નાતટ ગયા. ત્યાં રાજા અંતઃપુર સહિત ખેલ જોવાને બેઠો. ઈલાપુત્ર પણ ક્રીડા-ખેલ કરવા લાગ્યો. રાજાની નજર નટકન્યા ઉપર હતી. રાજા ઈનામ આપતો નથી. તેથી રાણી પણ આપતી નથી. બીજા કોઈ પણ દાન આપતા

નથી. માત્ર ''સારુ કર્યુ - સારું કર્યુ'' એવા અવાજો થાય છે. રાજા બોલ્યો — હે નટ ! પતન [નામનો ખેલ] કર.

તેમાં વાંસના શિખરે આડુ લાકડું કરે, તેમાં બંને બાજુ કીલિકા હોય. ઈલાપુત્ર તળીયામાં છિદ્ર હોય તેવી પાદુકા પહેરી, હાથમાં તલવાર ગ્રહણ કરી, આકાશમાં ઉંચે ઉછળી તે કીલિકાને પાદુકા નલિકામાં પ્રવેશ કરાવે છે, સાત ડગલા આગળ જઈને, સાત ડગલા આગળ જઈને, સાત ડગલા પાછળ જઈને એ રીતે વારંવાર પાદુકાના છિદ્રમાં ખીલીને પ્રવેશ કરાવે છે. જો તેમ કરતા પડે તો પડતા જ સો ટુકડા થઈ જાય. તો પણ ઈલાપુત્રે તે ખેલ કર્યો.

રાજા નટકન્યાને અવલોક્યા કરે છે, લોકો કલકલ કરવા લાગ્યા. તો પણ રાજા ઈનામ આપતો નથી. રાજા જાણે કે ખેલ જોતો જ નથી. રાજા વિચારે છે કે — જો આ મરે તો હું આ કન્યાને પરણું. જેટલી વખત ઈલાપુત્ર ખેલ કરે ત્યારે એમ કહે કે — મેં જોયો નથી, ફરીથી કર - ફરીથી કર ત્રીજી વખતે પણ મેં જોયો નથી એમ કહ્યું. ચોથી વારે કહ્યું ત્યારે રંક પણ વિરક્ત થયો.

ત્યારે તે ઈલાપુત્ર વાંસના અગ્રભાગે રહીને વિચારે છે - આ ભોગને ધિક્કાર થાઓ. આ રાજા આટલી રાણીથી પણ તૃપ્ત ન થયો. આ રાંકડો ઉપજીવિકાને માટે આ કન્યાની અભિલાષા રાખે છે. તેણીના કારણે જ રાજા મને મારી નાંખવા ઈચ્છે છે. તેણે ત્યાં રહીને એક શ્રેષ્ઠીના ઘેર સાધુને પ્રતિલાભવા મરાટે સર્વાલંકારો વડે યુક્ત સ્ત્રીને જોઈ. સાધુ વિરક્તપણાથી તેણીને જોતા પણ નથી. ત્યારે બોલે છે — હું શ્રેષ્ઠીપુત્ર, અહીં આવી અવસ્થામાં રહ્યો છું. ત્યાં જ વૈરાગ્ય જાગ્યો. કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યારે નટકન્યા પણ વૈરાગ્ય પામી, પટ્ટરાણી પણ વૈરાગ્ય પામી. રાજા પણ વૈરાગ્યવંત થયો. એ રીતે તે ચારે પણ કેવળી થયા. મોક્ષે ગયા. આ પ્રમાણે અસત્કારથી સામાયિકની પ્રાપ્તિ થાય. અથવા તીર્થંકરોનો દેવો અને અસુરોને સત્કાર કરતાં જોઈને મરીચિએ દીક્ષા લીધી. અથવા - - -

● નિર્યુક્તિ-૮૪૮ :-

***અભ્યુત્થાન, વિનય, પરાક્રમ, સાધુસેવનામાં, સમ્યગ્દર્શનનો, દેશ વિરતિનો અને વિરતિનો લાભ થાય છે.***

● વિવેચન-૮૪૮ :-

અભ્યુત્થાન કરતાં સમ્યગ્દર્શનનો લાભ થાય છે. આ વિનીત છે એમ જાણી સાધુ ધર્મ કહે, વિનયમાં અંજલિ જોડવી ઈત્યાદિ આવે. પરાક્રમમાં કષાયનો જય થાય. સાધુની સેવનામાં કથંચિત્ તે ક્રિયાની ઉપલબ્ધિ આદિમાં સમ્યગ્દર્શન લાભ થાય છે. વિરતિ, દેશવિરતિ પણ પામે.

હવે ક્યા સામાયિકનો કેટલો કાળ ? જઘન્યથી કેટલો ? ઉત્કૃષ્ટથી કેટલો કાળ ? તે પ્રતિપાદન કરવાને કહે છે —

● નિર્યુક્તિ-૮૪૯ :-

***સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકની ૬૬-સાગરોપમ સ્થિતિ છે. બાકીની સામાયિકની દેશોન પૂર્વકોડી સ્થિતિ છે.***



● વિવેચન-૮૪૯ :- *[અહીં મલયગિરિની ટીકા જોવા જેવી છે.]*

સમ્યક્ત્વ અને શ્રુતની ૬૬-સાગરોપમ સ્થિતિ કઈ રીતે ? વિજય આદિમાં બે વાર ગયેલ અથવા ત્રણ વખત અચ્યુતે જતાં ૬૬, તેમાં મનુષ્ય ભવના પૂર્વકોટિ પૃથકત્વ વર્ષ ઉત્કૃષ્ટથી અધિક જાણવા.

બાકી દેશ વિરતિ, સર્વ વિરતિ સામાયિકવાળાની દેશોન પૂર્વકોટી સ્થિતિ તે ઉત્કૃષ્ટ સ્થિતિકાળ જાણવો. જઘન્યથી આદ્ય ત્રણની અંતર્મુહૂર્ત્ત સ્થિતિ અને સર્વ વિરતિ સામાયિકવાળાની એક સમય છે. કેમકે ચારિત્ર પરિણામના આરંભથી એક સમય પછી આયુષ્યના ક્ષયનો સંભવ છે દેશવિરતિ સ્વીકારના પરિણામ અંતર્મૌહૂર્તિક જ નિયમિત પ્રાણાતિપાત આદિ નિવૃત્તિરૂપત્વથી છે.

ઉપયોગની અપેક્ષાથી તો બધાં અંતમુહૂર્ત્ત હોય છે.

હવે સામાયિક કેટલાં સ્વીકારે છે તે દ્વાર. અર્થાત્ વર્તમાન સમયમાં કેટલાં સમ્યક્ત્વાદિ સામાયિકને સ્વીકારનાર છે, પૂર્વ પ્રતિપન્ન અથવા પ્રતિપતિત કેટલા છે? અહીં પ્રતિપદ્યમાનક કરતાં પૂર્વ પ્રતિપન્ન પ્રતિપતિતના સંભવથી તેને જ પ્રતિપાદન કરે છે.

● નિર્યુક્તિ-૮૫૦ :-

***સમ્યક્ત્વ અને દેશવિરતિ પામનારા ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતભાગ પ્રદેશ પ્રમાણ હોય છે. શ્રેણિના અસંખ્ય ભાગ પ્રમાણ શ્રુત સામાયિક સ્વીકારનાર હોય છે અને સર્વ વિરતિ સ્વીકારનારા સહસ્રાગ્રશ છે.***

● વિવેચન-૮૫૦ :-

સમ્યક્ત્વ અને દેશવિરતિ જીવોના ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત, ભાગ માત્ર જ. અહીં ભાવના આ છે — ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગમાં જેટલાં પ્રદેશો હોય તેટલા જ ઉત્કૃષ્ટથી સમ્યક્ત્વ અને દેશવિરતિ સામાયિકના પ્રાપ્ત કરનાર એક સમયે હોય. પરંતુ દેશ વિરતિ સામાયિકના પ્રાપ્ત કરનારા કરતા સમ્યક્ત્વના પ્રાપ્ત કરનાર અસંખ્યાતગણા હોય. જઘન્યથી તો એક કે બે જ હોય.

શ્રેણી - અહીં સંવર્તિત ચાર ખૂણા કરાયેલ લોકના એક પ્રદેશ નિર્વૃત્ત સાત રાજ રૂપ શ્રેણી લેવી, તેનો અસંખ્યાત ભાગ. તે અસંખ્યાત ભાગમાં જેટલા પ્રદેશો હોય તેટલા જ એક વખતના ઉત્કૃષ્ટથી સામાન્ય શ્રુત-અક્ષરાત્મક સમ્યગ્મિથ્યાત્વ અનુગત પામનારા હોય છે, તેમ ધ્યાન રાખવું. જઘન્યથી એક કે બે હોય.

સહસ્રાગ્રશ વિરતિને આશ્રીને ઉત્કૃષ્ટ પામનારા જાણવા. જઘન્યથી એક કે બે હોય. - અહીં પૂર્વપ્રતિપન્નને પ્રતિપાદિત કરે છે —

● નિર્યુક્તિ-૮૫૧,૮૫૨ :-

***સમ્યક્ત્વ અને દેશવિરતિ પ્રતિપન્ન અત્યારે અસંખ્ય છે. ચારિત્ર સ્વીકારનારા અસંખ્યાતા છે. આ ત્રણેથી પતિત અનંતગુણા છે.***

***શ્રુતપ્રતિપન્ન અત્યારે પ્રતરના અસંખ્ય ભાગ માત્ર છે. બાકીના સર્વે સંસારમાં રહેલા શ્રુત પરિપતિત છે.***

● વિવેચન-૮૫૧,૮૫૨ :-

સમ્યક્ત્વ અને દેશવિરત પ્રતિપન્ન વર્તમાન સમયે અસંખ્યાત ઉત્કૃષ્ટથી અને

જઘન્યથી છે, પરંતુ જઘન્યપદથી ઉત્કૃષ્ટ પદે વિશેષાધિક છે. આ પ્રતિપદ્યમાનકથી અસંખ્યાતગણા છે.

અહીં સામાન્યશ્રુતની અપેક્ષાથી પૂર્વપ્રતિપન્ન પ્રતિપાદિત કરતા આ બીજી ગાથાની વ્યાખ્યા કરવી જોઈએ. તેમાં અક્ષરાત્મકાવિશિષ્ટ શ્રુત પ્રતિપન્ન વર્તમાનમાં પ્રતરના સાત રજ્જુ પ્રમાણના અસંખ્યાત ભાગ માત્ર હોય. અસંખ્યેય શ્રેણીમાં જેટલા પ્રદેશ હોય તેટલા જાણવા. ચારિત્રમાં પૂર્વપ્રતિપન્ન સંખ્યાતા જાણવા.

ચારિત્ર, દેશ ચારિત્ર અને સમ્યકત્વથી પતિત પ્રતિપદ્યમાન અને પૂર્વપ્રતિપન્નથી અનંતગણા છે. તેમાં ચારિત્ર પ્રતિપતિત અનંતા, તેના અસંખ્યાતગણા દેશવિરતિ પ્રતિપતિત, તેના અસંખ્યાતગણા સમ્યકત્વથી પ્રતિપતિત હોય છે - x - x -

સમ્યકત્વ પ્રતિપતિતથી તે અનંતગણાં છે.

હવે અંતરદ્વાર અવયવાર્થે કહે છે – એક વખત પામેલ અને ચાલી ગયેલ સમ્યકત્વાદિ કેટલા કાળે પ્રાપ્ત થાય ? કેટલું આંતરુ પડે ? તેમાં અક્ષરાત્મક અવિશિષ્ટ શ્રુતનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે ઉત્કૃષ્ટને કહે છે –

**• નિર્યુક્તિ-૮૫૩ :-**

***શ્રુતનું અંતર અનંતકાળ પ્રમાણ છે. બાકીના સામાયિકોનું અંતર દેશોન અર્દ્ધપુદ્ગલ પરાવર્તકાળ છે. ઉત્કૃષ્ટ અંતર આશાતના બહુલ જીવોની અપેક્ષાએ છે.***

**• વિવેચન-૮૫૩ :-**

એક જીવને આશ્રીને અનંતકાળ જ છે - x - શ્રુત - સામાન્યથી અક્ષરાત્મક ઉત્કૃષ્ટ અંતર થાય. સમ્યકત્વાદિ સામાયિકોમાં જઘન્ય અંતર અંતર્મુહૂર્તકાળ જ. ઉત્કૃષ્ટથી દેશોન અર્દ્ધપુદ્ગલ પરાવર્ત જ અંતર થાય. કોનું ? આશાતના બહુલ જીવોનું કહ્યું છે – તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિકની વારંવાર આશાતના કરનાર અનંત સંસારિક થાય છે.

હવે અવિરહિત દ્વારાર્થ કહે છે. હવે કેટલાં કાળે અવિરહથી એક, બે આદિ સામાયિક પ્રાપ્ત થાય છે ? તે કહે છે –

**• નિર્યુક્તિ-૮૫૪ :-**

***સમ્યકત્વ, શ્રુત, દેશવિરતિને આશ્રીને સામાયિકને નિરંતર સ્વીકારવાનો કાળ આવલિકાનો અસંખ્યાતભાગ પ્રમાણ છે. સર્વ વિરતિનો નિરંતરકાળ આઠ સમય છે. બધામાં જઘન્ય નિરંતર કાળ બે સમય છે.***

**• વિવેચન-૮૫૪ :-**

[ગાથાર્થ કહ્યો, વિશેષવૃત્તિ આ રીતે –] સમ્યકત્વાદિ બધાં સામાયિકોનો જઘન્ય અવિરહ પ્રતિપત્તિ કાળ બે સમય.

તેમાં અમે જ અવિરહ દ્વારથી વિરહકાળ પ્રતિપક્ષ ગમ્યમાનત્વથી ન કહેવાયેલો હોવા છતાં પણ દ્વાર ગાથામાં કહે છે –

**• નિર્યુક્તિ-૮૫૫ :-**

***શ્રુત અને સમ્યકત્વનો વિરહકાળ સાત અહોરાત્ર, દેશવિરતિ વિરહકાળ ૧૨-અહોરાત્ર અને સર્વવિરતિ વિરહકાળ - ૧૫-અહોરાત્ર છે.***



**• વિવેચન-૮૫૫ :-**

ઉપરોક્ત કાળ ઉત્કૃષ્ટથી કહેલ છે. તેની પછી અવશ્ય ક્યારેક કોઈક સમ્યકત્વાદિ પામે છે. જઘન્ય વિરહ એક સમય છે. દેશવિરતિનો જઘન્ય વિરહકાળ ત્રણ સમય છે. સર્વ વિરતિનો પણ તેમજ છે. - x -

હવે ભવદ્વાર કહે છે – કેટલાં ભવે એક જીવ ચારે સામાયિકને પામે છે, તેનો નિર્દેશ કરતાં કહે છે –

**• નિર્યુક્તિ-૮૫૬ :-**

***સમ્યકત્વ અને દેશવિરતિના ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્ય ભાગ પ્રમાણ ભવો થાય છે, ચારિત્રના આઠ ભવ અને શ્રુત સામાયિકના અનંત ભવો થાય છે.***

**• વિવેચન-૮૫૬ :-**

સમ્યકત્વ અને દેશવિરતવાળાને તે બે સામાયિકના સ્વીકારને આશ્રીને ભવોના પ્રકાંતત્વથી ક્ષેત્રપલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર જેટલાં પ્રદેશો હોય તેટલાં ભવો ઉત્કૃષ્ટથી જાણવા. જઘન્યથી તો એક ભવ હોય.

ચારિત્રના વિચારમાં આઠ ભવો, ઉત્કૃષ્ટથી આઠ ભવોની પ્રાપ્તિ બાદ મોક્ષે જાય છે. જઘન્યથી એક જ ભવ થાય. અનંત ભવરૂપ તે અનંત કાળે જ ઉત્કૃષ્ટની પ્રતિપત્તિ સામાન્ય શ્રુત સામાયિકમાં થાય, જઘન્યથી એક ભવ જ મરુદેવી માફક જાણવો.

હવે આકર્ષ દ્વારને આશ્રીને કહે છે –

**• નિર્યુક્તિ-૮૫૭ :-**

***સમ્યકત્વ, શ્રુત અને દેશવિરતિ સામાયિકના એક ભવમાં સહસ્ર પૃથકત્વ આકર્ષો થાય અને સર્વવિરતિના શત પૃથકત્વ આકર્ષો થાય.***

**• વિવેચન-૮૫૭ :-**

આકર્ષણ તે આકર્ષ. પહેલીવાર અથવા મૂકેલાનું ફરી ગ્રહણ કરવું તે આકર્ષ કહેવાય. તેમાં સમ્યકત્વાદિ ત્રણના સહસ્ર પૃથકત્વ અર્થાત્ બે થી નવ હજાર અને સર્વવિરતિના બસોથી નવસો આકર્ષ થાય. આ ઉત્કૃષ્ટથી કહ્યું. જઘન્યથી તો એક આકર્ષ જ થાય.

**• નિર્યુક્તિ-૮૫૮ :**

***અનેક ભવના ભેગા ગણતાં ત્રણ સામાયિકના અસંખ્ય હજાર અને સર્વ વિરતિના સહસ્ર પૃથકત્વ આકર્ષો થાય.***

**• વિવેચન-૮૫૮ :-**

સમ્યકત્વ, શ્રુત અને દેશવિરતિ સામાયિકોના અસંખ્યાત હજારો ઈત્યાદિ કહ્યું, તે વિવિધ ભવના આકર્ષો કહ્યા. - x - તેમાં પણ શ્રુતસામાયિક અને સમ્યકત્વ સામાયિકની અંતરીયકત્વથી ન કહેવા છતાં જાણવી. સામાન્ય શ્રુતમાં અનંતા જાણવા. અહીં ભાવના આ છે – ત્રણ સામાયિકના એક ભવમાં સહસ્ર પૃથકત્વ આકર્ષો કહ્યા. ભવો - પલ્યોપમના અસંખ્યેય ભાગ સમયતુલ્ય છે. તેથી સહસ્ર પૃથકત્વ થાય. તેના વડે ગુણિત અસંખ્ય હજાર થાય. સહસ્ર પૃથકત્વ આ રીતે થાય. વિરતિના એક

ભવમાં શત પૃથક્ત્વ આકર્ષો કહ્યા. આઠ ભવો કહ્યા. તેથી શતપૃથક્ત્વને આઠ વડે ગુણતાં સહસ્ર પૃથક્ત્વ થાય છે. એમ અવયવાર્થ કહ્યો.

હવે સ્પર્શદ્વાર કહે છે. તેની આ ગાથા છે –

● નિર્યુક્તિ-૮૫૯ :-

***સમ્યક્ત્વ અને ચારિત્રયુક્ત આત્મા સમસ્ત લોકને સ્પર્શે છે. સમકિત અને શ્રુત સહિત ૧૪ ભાગમાંથી ૭ ભાગોને અને દેશવિરતિયુક્ત ૧૪-ભાગમાંથી પાંચ ભાગોને સ્પર્શે છે.***

● વિવેચન-૮૫૯ :-

સમ્યક્ત્વ અને ચારિત્રયુક્ત પ્રાણી ઉત્કૃષ્ટથી સર્વ લોકને સ્પર્શે છે, શું બહિર્વ્યાપ્તિથી ? ના, અસંખ્યાત પ્રદેશને પણ સ્પર્શે છે. આટલા કેવલિ સમુદ્ઘાત અવસ્થામાં સ્પર્શે. જઘન્યથી અસંખ્યાત ભાગને સ્પર્શે છે શ્રુત સામાયિક સહિત $^{૭}/_{૧૪}$ ભાગોને સ્પર્શે છે. અનુત્તર દેવોમાં ઈલિકા ગતિથી ઉત્પન્ન થતાં, च શબ્દથી પાંચ તમઃપ્રભામાં દેશવિરતિ સહિત $^{૫}/_{૧૪}$ ભાગોને સ્પર્શે છે, અચ્યુતમાં ઉત્પન્ન થતાં. ઈત્યાદિ - x - x -

એ પ્રમાણે ક્ષેત્ર સ્પર્શના કહી. હવે ભાવ સ્પર્શના કહે છે - શ્રુતાદિ સામાયિક શું છે ? કેટલાં જીવો વડે સ્પૃષ્ટ છે, તે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૦ :-

***પ્રાયઃ સર્વે જીવોએ શ્રુતને સ્પર્શેલ છે. સર્વે સિદ્ધોએ સમ્યક્ત્વ અને ચારિત્રનો સ્પર્શ કરેલ છે, તેના અસંખ્યાતભાગ પ્રમાણ જીવોએ દેશવિરતિનો સ્પર્શ કરેલ છે.***

● વિવેચન-૮૬૦ :-

સાંવ્યવહારિક રાશિમાં રહેલાં બધાં જીવોએ સામાન્ય શ્રુતને સ્પર્શેલ છે અને સિદ્ધોએ સમ્યક્ત્વ અને ચારિત્રને સ્પર્શેલ ચે. તેને અનુભવ્યા સિવાય સિદ્ધત્વની ઉપપત્તિ નથી. અસંખ્યેય સિદ્ધ ભાગો વડે દેશવિરતિ પણ સ્પૃષ્ટ છે. અહીં આટલું ધ્યાન રાખવું - સર્વ સિદ્ધોના બુદ્ધિ વડે અસંખ્યાત ભાગ કરીને, અસંખ્ય ભાગો વડે ભાગ ન્યૂનથી દેશવિરતિ સ્પૃષ્ટ છે. અસંખ્યેયભાગ વડે સ્પૃષ્ટ નથી. જેમ મરુદેવાસ્વામિની.

હવે નિરુક્તિ દ્વાર, સામાયિકનું નિર્વચન ચાર પ્રકારે છે છતાં ક્રિયા-કારક-ભેદ પર્યાયો વડે શબ્દાર્થ કથન તે નિરુક્તિ.

તેમાં સામાયિકની નિરુક્તિ જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૧ :-

***સમ્યક્દૃષ્ટિ, અમોઘ, શોધિ, સદ્ભાવ, દર્શન બોધિ, અવિપરીત, સુદૃષ્ટિ આદિ [પર્યાયોથી] નિરુક્તિ છે.***

● વિવેચન-૮૬૧ :-

(૧) સમ્યક્ - પ્રશંસા અર્થે છે. દર્શન - દૃષ્ટિ, સમ્યક્ - અવિપરીત. સમ્યક્દૃષ્ટિ એટલે અર્થોનું અવિપરીત દર્શન. (૨) મોહાવું કે વિતથ ગ્રહણ કરવું તે મોહ, એવો મોહ ન હોવો તે અમોહ. (૩) શોધવું તે શુદ્ધિ - મિથ્યાત્વ મળના દૂર થવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થવી તે. (૪) જિનેશ્વરે બતાવેલ પ્રવચનનો ભાવ તે સદ્ભાવ. (૫) તેનો ઉપલંભ તે સદ્ભાવ દર્શન.

(૬) બોધ કરવો તે બોધિ, પરમાર્થ સંબોધ. (૭) તેના અધ્યવસાય વિપરીત ન થવા તે અવિપરીત, અર્થાત્ તત્વના અધ્યવસાય. (૮) સુદૃષ્ટિ એટલે શોભન દૃષ્ટિ. આ બધાં સમ્યગ્દર્શનના નિરુક્તો છે.



હવે શ્રુત સામાયિકની નિરુક્તિ દર્શાવવા કહે છે –

● નિર્યુક્તિ-૮૬૨ :-

***અક્ષર, સંજ્ઞી, સમ્યક્, આદિ, સપર્યવસિત, ગમિક, અંગપ્રવિષ્ટ. એ સાત અને પ્રતિપક્ષ ગણતા બીજા સાત એમ ૧૪-ભેદો છે.***

● વિવેચન-૮૬૨ :-

આની વ્યાખ્યા પીઠિકામાં કરેલ છે. હવે દેશવિરતિ સામાયિક નિરુક્તિ –

● નિર્યુક્તિ-૮૬૩ :-

***વિરતાવિરતિ, સંવૃત્તાસંવૃત્ત, બાલપંડિત, દેશૈક્ક દેશવિરતિ, અણુધર્મ અને અગારધર્મ [એ દેશવિરતિના પર્યાય છે.]***

● વિવેચન-૮૬૩ :-

(૧) વિરમવું તે વિરતિ, વિરતિનો અભાવ તે અવિરતિ. - x - (૨) જે યોગમાં સાવધયોગો છે. તે સંવૃત્તાસંવૃત્ત. અર્થાત્ સ્થગિતા સ્થગિત કે પરિત્યક્તા પરિત્યક્ત. (૩) બાલપંડિત - ઉભય વ્યવહારનું અનુગતત્વ. (૪) દેશૈકદેશવિરતિ - પ્રાણાતિપાત-વિરતિ છતાં પૃથ્વીકાયાદિની અવિરતિ ગ્રહણ કરી હોય. (૫) અણુધર્મ - બૃહત્ સાધુધર્મ અપેક્ષાથી દેશવિરતિ (૬) અગારધર્મ - ગૃહ, તેના યોગથી અગાર એટલે ગૃહસ્થ, તેનો ધર્મ.

સર્વવિરતિ સામાયિકની નિરુક્તિને દર્શાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૪ :-

***સામાયિક, સમયિક, સમ્યગ્વાદ, સમાસ, સંક્ષેપ, અનવધ, પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન એ આઠ [સર્વ વિરતિ સામાયિકના પર્યાયો છે.]***

● વિવેચન-૮૬૪ :-

(૧) સામાયિક - રાગદ્વેષના અંતરાલમાં વર્તનાર તે સમ અર્થાત્ મધ્યસ્થ. અય - ગમન, જવું તે. સમનો અય તે સમાય. તે વ્યાકરણના નિયમથી બન્યુ સામાયિક અર્થાત્ એકાંત ઉપશાંતિ ગમન. (૨) સમયિક - સમ એ સમ્યક્ શબ્દાર્થ ઉપસર્ગ છે. સમ્યક્ અપ. સમ્યક્ દયાપૂર્વક જીવોમાં ગમન, સમય જેમાં છે તે સમયિક. (૩) સમ્યગ્વાદ - રાગાદિથી વિરહિત, તે સમ્યક્, તેના વડે કે તે પ્રધાન કહેવું તે અર્થાત્ યથાવત્ કહેવું.

(૪) સમાસ - તેમાં અસ્ એટલે ક્ષેપ, સમ શબ્દ પ્રશંસાર્થે છે. શોભનઅસન તે સમાસ અર્થાત્ આત્માનું કે જીવથી કે કર્મથી અપવર્ગે જવું અથવા ત્રણ પદના સ્વીકાર વૃત્તિથી ક્ષેપ તે સમાસ. (૫) સંક્ષેપ - સંક્ષેપવું તે. થોડા અક્ષર સામાયિકનો દ્વાદશાંગ પિંડાર્થત્વથી મહા અર્થ. (૬) અનવધ - અવધ એટલે પાપ, જેમાં અવધ

નથી તે અનવદ્ય સામાયિક.

(૭) પરિ - ચોતરફથી જે જ્ઞાન, પાપના પરિત્યાગથી થાય તે પરિજ્ઞા સામાયિક. (૮) પ્રત્યાખ્યાન - પરિહરણીય વસ્તુ પ્રતિ આખ્યાન તે પ્રત્યાખ્યાન. આ આઠ સામાયિકના પર્યાયો છે.

આ આઠે પણ અર્થોના અનુષ્ઠાતાના અનુક્રમે જે આઠ દૃષ્ટાંત રૂપ મહાત્મા છે, તેને પ્રતિપાદન કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૮૬૫ :-**

***દમદંત, મેતાર્ય, કાલક પૃચ્છા, ચિલાત, આત્રેય, ધર્મરુચિ, ઈલાપુત્ર અને તેતલિપુત્ર. આ આઠ સામાયિકના ઉદાહરણો છે.***

● **વિવેચન-૮૬૫ :-**

[ગાથાર્થ કહ્યો.] અવયવાર્થ કથાનકોથી જાણવો. ‘‘ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ’’ ન્યાયે સામાયિકમાં દમદંતઅણગારનું દૃષ્ટાંત છે. તેના ચારિત્રનું વર્ણન ઉપદેશાર્થે આ કાળના મનુષ્યોના સંવેગોત્પત્તિ માટે કહે છે.

(૧) સામાયિક - હસ્તિશીર્ષ નગરમાં દમદંત નામે રાજા હતો. આ તરફ ગજપુર નગરમાં પાંચ પાંડવો હતા. તેઓને દમદંત સાથે વૈર હતું. જ્યારે તે દમદંત રાજા જરાસંઘ પાસે રાજગૃહે ગયેલો ત્યારે તેનો દેશ પાંડવ આદિએ લુંટી લઈને બાળી નાંખેલો. કોઈ દિવસે દમદંત રાજા પાછો આવ્યો. તેણે ગજપુર [હસ્તિનાપુર]ને રુંધ્યુ. ત્યાંના નિવાસી ભયથી નીકળ્યા નહીં. ત્યારે દમદંત રાજાએ તેમને કહ્યું – શીયાળની જેમ શૂન્ય દેશમાં જેમ ઈચ્છા પડે તેમ ફરો. હું જ્યારે જરાસંઘ પાસે ગયો, ત્યારે મારો દેશ લુંટેલો હતો. હવે બહાર નીકળો. પણ તેઓ [પાંડવો] ન નીકળ્યા. ત્યારે પાછો ગયો.

અન્ય કોઈ દિવસે દમદંત રાજાએ કામભોગથી નિર્વિર્ણ થઈ દીક્ષા લીધી. પછી એકાકી વિહાર સ્વીકારી વિચરતા હસ્તિનાગપુર ગયા. ત્યાં બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. યુધિષ્ઠિરે યાત્રાએ નીકળતાં તેમને વંદન કર્યા. પછી બીજા ચારે પાંડવોએ વાંદ્યા. ત્યારે દુર્યોધન આવ્યો. તેણે તેના માણસોને કહ્યું – આ દમદંત છે, તેને કોળાથી મારો. બાકીના સૈન્યએ જતાં-જતાં પત્થરો માર્યા. એ રીતે પત્થરનો ઢગલો કરી દીધો.

યુધિષ્ઠિરે પાછા ફરતાં પૂછ્યું – આ સાધુને કોણે ત્રાસ આપ્યો? તે ક્યાં છે? લોકોએ કહ્યું કે – આ પત્થરનો ઢગલો દુર્યોધને કરેલ છે. ત્યારે તેને ઠપકો આપ્યો. પત્થરો દૂર કર્યા. તેલ વડે મુનિને માલીશ કર્યો. પછી યુધિષ્ઠિરે તેમની ક્ષમા માંગી.

દમદંત મુનિને દુર્યોધને અને પાંડવો બધામાં સમભાવ રહ્યો. એ પ્રમાણે સામાયિક કરવું જોઈએ. આ અર્થના પ્રતિપાદન માટે ભાષ્યકાર કહે છે –

● **ભાષ્યત-૧૫૧ :-**

***કામભોગને છોડીને દમદંત રાજા હસ્તિશીર્ષથી નીકળ્યો [દીક્ષા લીધી.] તે અનુરક્તમાં રાગ કરતાં નથી, દ્વેષીમાં દ્વેષ કરતા નથી.***

● **વિવેચન-૧૫૧ :-**

ગાથાર્થ કહ્યો. काम - ઈચ્છા, भोग - શબ્દાદિ અનુભવ અથવા કામ પ્રતિબદ્ધ



ભોગો તે કામભોગ - x - મુનિઓએ નિશ્ચે આવા પ્રકારના જ થવું જોઈએ. તેથી કહે છે કે –

● **નિર્યુક્તિ-૮૬૬ :-**

***વંદન કરાતા ગર્વ ન પામે, નિંદા કરાતા ક્રોધથી બળે નહીં. રાગદ્વેષનો ઘાત કરનારા ધીર મુનિઓ દાંત ચિત્તથી વિચરે છે.***

● **વિવેચન-૮૬૬ :-**

ગાથાર્થ કહ્યો. दांत - ઉપશાંત. - x - x - તથા

● **નિર્યુક્તિ-૮૬૭,૮૬૮ :-**

***જો સમન [શ્રમણ કે સમ-મનવાળો] સુમન [સારા મનવાળો] થાય, ભાવથી પણ જો પાપમનવાળો ન થાય, સ્વજન કે પરજનમાં તેમજ માન કે અપમાનમાં સમ રહે... બધાં જીવોમાં તેને કોઈ દ્વેષ્ય નથી કે પ્રિય નથી. તેનાથી તે સમણ [શ્રમણ] થાય છે. આ બીજો પણ ‘સમણ’નો પર્યાય છે.***

● **વિવેચન-૮૬૭,૮૬૮ :-**

સમન - જો સુમન થાય. શોભન ધર્મધ્યાનાદિ પ્રવૃત્ત મન જેનું છે તે સુમન, સમણ કહેવાય છે. કેવી રીતે ? તે કહે છે – આત્મપરિણામ લક્ષણ વડે જો ન થાય, [શું ?] પાપમના-અનવસ્થિત મનવાળો પણ. અથવા ભાવથી જો તે પાપમનવાળો ન થાય, ભાવના એ છે કે – નિદાનમાં પ્રવૃત્ત પાપ મનથી રહિત રહે. સ્વજનમાં અને માત્રાદિક જનમાં કે બીજામાં સમ - તુલ્ય રહે, માન-અપમાનમાં સમ રહે. - તથા - બધાં જીવોમાં દ્વેષ કે પ્રિતિ રહિત વર્તે, તો સમણ થાય, सम् गच्छति इति समण.

(૨) હવે ‘‘સમયિક’’નું કથાનક કહે છે –

સાકેત નગરમાં ચંદ્રાવતંસક રાજા હતો, તેને બે પત્ની હતી. સુદર્શના અને પ્રિયદર્શના. સુદર્શનાને બે પુત્રો હતા - સાગરચંદ્ર અને મુનિચંદ્ર. પ્રિયદર્શનાને પણ બે પુત્રો હતા - ગુણચંદ્ર અને બાલચંદ્ર. સાગરચંદ્ર યુવરાજ થયો. મુનિચંદ્રને ઉજ્જૈની કુમાર ભુક્તિમાં આપી. આ તરફ ચંદ્રાવતંસક રાજા માઘ માસમાં પ્રતિમા ધ્યાને રહેલા, વાસગૃહમાં દીવો બળે ત્યાં સુધી પ્રતિમા ધ્યાનમાં રહેવું. ત્યારે શય્યાપાલિકા વિચારે છે - સ્વામી અંધકારમાં દુઃખે રહેશે. તેણીએ બીજા પ્રહરમાં દીવામાં તૈલ નાંખી દીપ્ત રાખ્યો. તે દીવો અર્ધરાત્ર સુધી બળતો રહ્યો. ફરી પણ તેલ નાંખ્યુ. પાછલા પ્રહર સુધી દીવો બળતો રહ્યો. ત્યારે તે સુકુમાલ રાજા છેલ્લી રાત્રિમાં વેદનાથી અભિભૂત થઈ મૃત્યુ પામ્યો. પછી સાગરચંદ્ર રાજા થયો.

કોઈ દિવસે તેણે માતાની સપત્ની [શોક્ય]ને કહ્યું – આ રાજ્ય ગ્રહણ કરો, એ તમારા પુત્રોનું થાઓ. હું દીક્ષા લઈશ. તે રાણીની ઈચ્છા ન હતી કે આ રીતે રાજ્ય પ્રાપ્ત થાય. - x - x - x - તે રાણી સાગરચંદ્રને મારવા માટે છિંડા શોધે છે તે ભુખ્યો થયો, તેણે રસોઈયાને સંદેશો મોકલ્યો, જે કંઈ સવારનું કે પહેલાનું હોય તે ખાવા મોકલ. રસોઈયાએ સિંહ કેશરિકા લાડુ દાસીને હાથે મોકલ્યા. જોતાં જ ગમી જાય તેવા હતા. રાણીએ તેને વિષમિશ્રિત કરીને મોકલ્યા. દાસીએ તે રાજાને આપ્યા. બંને કુમારો રાજા પાસે ઉભેલા. સાગરચંદ્રને થયું - આ બંને ભુખ્યા છે અને

હું એકલો કઈ રીતે ખાઉં ? તેણે બે ભાગ કરી તે બંનેને આપ્યા. તે બંનેએ લાડુ ખાવાનો આરંભ કર્યો. ત્યારે વિષ ફેલાવા લાગ્યું. રાજાએ ગભરાઈને વૈદ્યોને બોલાવ્યા. સુવર્ણ પીવડાવ્યું. સાજા થયા.

ત્યારપછી દાસીને બોલાવીને પૂછતા તે બોલી — બીજા કોઈએ જોયા નથી, માત્ર આ બંનેની માતાએ સ્પર્શ્યા હતા. તેની માતા-રાણીને બોલાવીને કહ્યું — હે પાપીણી ! જો તને રાજ્ય અપાતું ઈષ્ટ ન હતું, હવે હું આના વડે તને પરલોકના ભાથારૂપ સંસારમાં પાડીશ. બંને ભાઈને રાજ્ય આપીને દીક્ષા લીધી. કોઈ દિવસે સંઘાટક સાધુ ઉજ્જૈની આવ્યા. તેણે પૂછ્યું — ત્યાં બધું નિરૂપસર્ગ છે. તે બંને બોલ્યા — માત્ર રાજપુત્ર અને પુરોહિત પુત્ર સાધુ અને સ્થાનોમાં પીડે છે. તે ત્યાં રોષથી ગયો. સાધુને વિશ્રમિત કર્યા.

તેમણે સાંભોગિક સાધુને ભિક્ષાવેળાએ કહ્યું — કંઈ લાવું? હું આત્મલબ્ધિક છું. માત્ર મને સ્થાપના કુળો કહો. તેઓએ બાળ સાધુને સાથે આપ્યો. તેણે પુરોહિતનું ઘર દેખાડ્યું અને પાછો ગયો. આ સાધુ પણ ત્યાંજ પ્રવેશ્યો. મોટા-મોટા શબ્દોથી ''ધર્મલાભ'' બોલે છે. અંતપુરની સ્ત્રી હાહાકાર કરતી નીકળી. તે મોટામોટા શબ્દોથી કહે છે — શું આ શ્રાવિકા છે? તે બંનેએ નીકળીને બહારનું દ્વાર બંધ કરી દીધુ. પછી સાધુને કહેવા લાગ્યા — ભગવન્! તમે નાચો. તે બંને વગાડવાનું જાણતા ન હતા.

ત્યારપછી સાધુને કહ્યું — ચાલો યુદ્ધ કરીએ. તે બંને [રાજપુત્ર અને પુરોહિત પુત્ર] સાથે આવ્યા. સાધુએ મર્મમાં માર્યુ. યંત્રની માફક અસ્થિર સંધિક કર્યા. ત્યાંથી નીકળી બારણાને લાત મારી ઉઘાડીને ગયા. ઉધાનમાં રહ્યા. રાજાને વાત કરી. રાજાએ તેમની શોધ ચલાવી સાધુઓ બોલ્યા — કોઈ મહેમાન સાધુ આવેલ, અમે જાણતા નથી. શોધ કરતાં ઉધાનમાં જોયા. રાજાએ જઈને ક્ષમા યાચના કરી. પુત્રોને મુક્ત કરવા કહ્યું. સાધુએ કહ્યું — દીક્ષા લે તો મુક્ત કરીએ. ત્યારે પૂછતા તેઓ કબૂલ થયા. બંને સાથે મળીને ચાલ્યા. સ્વસ્થાને સાંધા બેસાડી દીધા. લોચ કરીને દીક્ષા આપી દીધી.

રાજપુત્ર સમ્યક્ દીક્ષા પાળે છે. કેમકે આ મારા કાકા છે, તેમ જાણે છે. પુરોહિત પુત્ર જુગુપ્સા કરે છે. અમને આણે કપટથી દીક્ષા લીધી. તે બંને કાળધર્મ પામીને દેવલોકે ગયા. સંકેત કર્યો કે જે પહેલાં ચ્યવે, તેને બીજાએ બોધ કરવો. પુરોહિતપુત્ર ચ્યવીને, પૂર્વભવે કરેલ જુગુપ્સાથી રાજગૃહમાં ચાંડાલણના ઉદરમાં આવ્યો. તેણીને એક શ્રેષ્ઠીણી સખી હતી. તે મૈત્રી કઈ રીતે થઈ ?

ચાંડાલણી માંસ વેચતી હતી. શ્રેષ્ઠીની બોલી — બીજે ક્યાંય ન જતી હું બધુ ખરીદી લઈશ. ચાંડાલણી રોજેરોજ આવતી હતી, એ પ્રમાણે તે બંનેની પ્રીતિ વધે છે. તેના જ ઘેર આવતી અને રહેતી. તે શ્રેષ્ઠીની નિંદૂ હતી. [બાળક ન રહેતા] ત્યારે ચાંડાલણીએ ખાનગીમાં જ, શ્રેષ્ઠીનીને પુત્ર આપ્યો. શ્રેષ્ઠીનીને મરેલી પુત્રી અવતરી, તે ચાંડાલણીએ રાખી લીધી.

ત્યારપછી તે શ્રેષ્ઠીની બાળકને તે માતંગીના પગે લગાડતી. તારા પ્રભાવથી આ બાળક જીવે છે, તેથી તેનું મેતાર્ય [માતંગીનો આત્મજ] એમ નામ રાખ્યુ તે મોટો





થવા લાગ્યો. કળા શીખ્યો. દેવ આવીને તેને બોધ કર્યો, પણ તે બોધ પામતો નથી. ત્યારપછી મેતાર્યએ આઠ કન્યાઓ સાથે એક જ દિવસમાં પાણીગ્રહણ કર્યુ. શિબિકામાં નગરીમાં જતો હતો. તે વખતે મિત્રદેવ ચાંડાલણીના શરીરમાં પ્રવેશ્યો અને રોવા લાગ્યો. જો મારી પણ પુત્રી જીવતી હોત તો તેણીના પણ વિવાહ આજે કર્યા હોત. ચાંડાલોને ભોજન પણ કરાવત. ત્યારે ચાંડાલણને આશ્વાસિત કરી.

ત્યારે રોષાયમાન થયેલા દેવે તે શિબિકાથી પાડી દીધો. તું કેમ અસમાનને પરણે છે, એમ કહી ખાડામાં પાડી દીધો. ત્યારે દેવ બોલ્યો — કઈ રીતે અસમાન છે ? તે બોલ્યો — અવર્ણ છે. મેતાર્યએ કહ્યું — હાલ મને થોડો કાળ મુક્ત કર. બાર વર્ષ હું ઘેર રહું. દેવે પૂછ્યું — હું શું કરું ? મેતાર્ય બોલ્યો — રાજાની કન્યા અપાવ. ત્યારે દેવે બધી અક્રિયાને પરાવર્તીત કરી દીધી. પછી મેતાર્યને એક બોકડો આપ્યો. તે રત્નની લીંડી કરતો હતો. તેના વડે રત્નોનો થાળ ભર્યો. મેતાર્યએ પિતાને કહ્યું — રાજાની કન્યાને વરીશ. રત્નનો થાળ ભરીને ગયો. રાજાએ પૂછ્યું — શું જોઈએ છે ? મે તો બોલ્યો — કન્યા. રાજાએ તેનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો.

એ પ્રમાણે રોજેરોજ થાળ ભરીને લઈ જતો, પણ રાજા કન્યા આપતો ન હતો. અભયકુમારે પૂછ્યું — આ રત્નો ક્યાંથી લાવે છે ? ચાંડાલે કહ્યું — બોકળો હંગે છે, અભય બોલ્યો — બોકડો અમને આપ. ચાંડાલે લાવી આપ્યો. બોકડો મડદાની વાસ આવે તેવી લીંડી કરવા લાગ્યો. ત્યારે અભય કુમારે કહ્યું — આ દેવાનુભાવ જણાય છે કે શું ? પરીક્ષા કરવી જોઈએ. કઈ રીતે કરવી ? અભય બોલ્યો — રાજા કષ્ટે કરીને વૈભાર પર્વતે ભગવંતને વંદનાર્થે જાય છે, તું રથમાર્ગ કરાવી આપ. તેણે રથ માર્ગ કર્યો. તે હજી પણ દેખાય છે. ફરી કહ્યું — સુવર્ણનો પ્રાકાર કરાવ. તે પણ કર્યો. ફરી કહ્યું — જો સમુદ્રને લાવી આપ તો ન્હાઈને શુદ્ધ થઈ શકીશ, તેથી તે આપ. તે પણ કર્યો. ફરી કહ્યું — જો સમુદ્રને લાવી આપ તો ન્હાઈને શુદ્ધ થઈ શકીશ, તેથી તે આપ. તે પણ લાવી આપ્યો અને સમુદ્રની વેળામાં સ્નાન કર્યુ. ત્યારે રાજકન્યા સાથે વિવાહ થયો - x -.

એ પ્રમાણે ભોગો ભોગવતા બાર વર્ષો ગયા. દેવ ફરી બોધ કરવા આવ્યો. સ્ત્રીઓએ [મેતાર્યની પત્નીઓએ] બાર વર્ષ માંગ્યા, તે પણ આપ્યા. ચોવીશ વર્ષે બધાં પણ દીક્ષિત થયા. મેતાર્ય મુનિ નવપૂર્વી થયા. એકાકી વિહાર પ્રતિમા સ્વીકારી. તે જ રાજગૃહમાં જાય છે. સોનીના ઘેર આવ્યા. તે શ્રેણિકને માટે સોનાના જવલા ૧૦૮ કરતો હતો. ચૈત્યની અર્ચના માટે રોજ શ્રેણિક કરાવતો હતો. તે ત્રિસંધ્યા પૂજા કરતો. તે સોનીને ઘેર સાધુ ગયા ભિક્ષા ન લાવ્યો. જવલા ક્રૌંચ પક્ષી ખાઈ ગયું.

સોની આવીને જુએ છે, જવલા દેખાયા નહીં. રાજા ચૈત્ય અર્ચનાના સમયે દેવાના હતા. - x - સાધુ તરફ શંકા જતાં પૂછે છે. સાધુ મૌન રહ્યા. ત્યારે મસ્તકને આવેષ્ટન વડે બાંધ્યુ. સાધુને કહે છે — બોલ જવલા કોણે લીધા. તે પ્રકારે બાંધવાથી મેતાર્યમુનિની આંખો બહાર નીકળીને જમીન ઉપર પડી ગઈ. ત્યારે ક્રૌંચ પક્ષીને લાકડું ફાડતા ગળામાં સળી લાગી ગઈ. પક્ષીએ વમન કરતાં જવલા બહાર નીકળ્યા. લોકો કહેવા લાગ્યા — ઓ! પાપ થયું. આ તારા જવલા રહ્યા. મેતાર્યમુનિ પણ કાળ

કરી મોક્ષે ગયા.

લોકો આવ્યા. મેતાર્યમુનિને જોયા. રાજાને જઈને કહ્યું. રાજાએ સોનીના વધની આજ્ઞા આપી. સોની બારણા બંધ કરીને, સાધુવેશ પહેરીને પ્રવ્રજિત થઈ ઉભો રહ્યો. તે બોલે છે – હે શ્રાવક ! ધર્મથી વૃદ્ધિ પામ. રાજાએ છોડી મૂક્યો, પણ કહ્યું – જો હવે દીક્ષા છોડી છે તો તને લોઢાની કડાઈમાં તળી નાખીશ. એ પ્રમાણે પોતામાં અને પરમાં 'સમયિક' કરવું જોઈએ.

હવે કથાનકના એક દેશના પ્રતિપાદન માટે કહે છે –

● **નિર્યુક્તિ-૮૬૯**

***જે ક્રૌંચ પક્ષીના અપરાધ છતાં પ્રાણીની દયાથી, જીવન પ્રત્યે અપેક્ષા વિનાના એવા જેણે ક્રૌંચપક્ષીનું નામ ન આપ્યુ તે મેતાર્ય ઋષિને હું નમસ્કાર કરું છું.***

● **વિવેચન-૮૬૯ :-**

ગાથાર્થ કહ્યો. પોતાના પ્રાણનો ત્યાગ સ્વીકાર્યો પણ અનુકંપા ન છોડી. તેવા જીવિતમાં અનપેક્ષ મેતાર્ય મુનિને નમસ્કાર.

● **નિર્યુક્તિ-૮૭૦ :-**

***મસ્તકના આવેષ્ટનથી જેની બંને આંખો બહાર નીકળી આવી, છતાં મેરુગિરિ જેવા દૃઢ મેતાર્ય મુનિ ચલિત ન થયા.***

● **વિવેચન-૮૭૦ :-**

નિષ્કાસિત - ભૂમિ ઉપર પડી ગઈ - x - એ પ્રમાણે કદર્થના પામવા છતાં અનુકંપા વડે જે સંયમથી ચલિત ન થયા. - x -

(૩) હવે સમ્યગ્‌વાદની કથા :-

તુરુમલી નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં ભદ્રા નામે બ્રાહ્મણી હતી. તેણીના પુત્રનું નામ દત્ત હતું. તે દત્તના મામાનું નામ કાલકાચાર્ય હતું કે જે દીક્ષિત હતા. તે દત્ત જુગાર અને મદ્યમાં આસક્ત હતો, તે પ્રધાન દંડિક થઈ ગયો. કુલપુત્રને ભેદીને રાજાને બહાર કાઢી મૂક્યો, તે રાજા થઈ ગયો. તેને યજ્ઞો કરવા ઘણાં જ ઈષ્ટ હતા.

કોઈ દિવસે મામાને જોયા. તેને પૂછ્યું – હું ધર્મ સાંભળી ખુશ થયો છું. યજ્ઞોનું ફળ શું છે? કાલકાચાર્યએ પૂછ્યું – ધર્મ શા માટે પૂછે છે? ધર્મ કહ્યો. ફરી પણ પૂછે છે. શું તું નરકનો માર્ગ પૂછે છે? કાલકાચાર્ય તેને અધર્મનું ફળ કહે છે. ફરી પણ પૂછે છે. શું તું અશુભ કર્મોનો ઉદય પૂછે છે? કાલકાચાર્ય તે પણ કહે છે. ફરી દત્ત પૂછે છે – ધર્મ શું છે? ત્યારે છેલ્લે કાલકાચાર્ય કહે છે – યજ્ઞનું ફલ નરક છે.

ત્યારે ક્રોધિત થયેલો દત્ત કહે છે – ખાતરી શું ? કાલકાચાર્યએ કહ્યું – તું સાતમે દિવસે શ્વપાક કુંભીમાં પકાવાઈશ [મરીને નરકે જઈશ.] દત્તે પૂછ્યું – તેની શી ખાતરી છે ? કાલકાચાર્યએ કહ્યું – આજથી સાતમા દિવસે તારા મુખમાં વિષ્ટા પડશે. રોષાયમાન થઈને દત્ત બોલ્યો – તમારું મૃત્યુ ક્યારે થશે ? હું લાંબોકાળ પ્રવ્રજ્યા પાળી દેવલોકે જઈશ. રોષાયમાન થઈ દત્ત બોલ્યો – આને પુરી દો, દંડિકોએ નિર્વેદ પામીને તેમ ન કર્યુ.



પછી દત્ત છુપાઈને રહ્યો. તેને દિવસો ભૂલાઈ ગયા. સાતમે દિવસે રાજપથ સાફ કરાવ્યો. મનુષ્યો વડે રક્ષણ કરાવે છે. કોઈ એક હાથમાં પુષ્પનો કરંડીયો લઈને વહેલી સવારે દેવકુલિકામાં પ્રવેશ્યો. ગુરુશંકાની વ્યાકુળતા થતા વિષ્ટા કરીને ફૂલો વડે ઢાંકી દીધી, રાજા પણ સાતમે દિવસે અશ્વોના સમૂહ સાથે નીકળ્યો, જઈને હું તે શ્રમણને મારીને આવું. નીકળ્યો જતો હતો ત્યારે કોઈ કિશોર અશ્વએ પુષ્પ સહિત વિષ્ટાને પગની ખૂર વડે ઉછાળી તે વિષ્ટા સીધી દત્તના મુખમાં જઈને પડી.

દત્ત સમજી ગયો કે હવે મરવાનો છું. ત્યારે દંડિકોને પૂછ્યા વિના પાછા જવાની તૈયારી કરી. દંડિકો સમજ્યા કે નક્કી રહસ્ય ખુલી ગયું છે. હવે રાજા ઘેર ન પહોંચે તે પહેલાં કાલકાર્યને પકડી લો. રાજા બીજી તરફથી લાવવો. ત્યારે રાજાને કુંભિમાં શુન-શ્વાન નાંખીને બંધ કરી દીધો. નીચે અગ્નિ પ્રગટાવ્યો. તેને તાપ લાગવાથી ખંડે ખંડ છેદી નાખ્યા.

એ પ્રમાણે કાલકાર્યની જેમ સમ્યગ્‌વચન બોલવું. આ જ કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૧ :-**

***તુરુમણીમાં દત્તે કાલકાચાર્યને યજ્ઞનું ફળ પૂછ્યું. સમતાથી ભાવિત તે ભદંતે સમ્યક્ ફળ કહ્યું.***

● **વિવેચન-૮૭૧ :-**

દત્ત - બ્રાહ્મણ જાતિના રાજાએ કાલિક મુનિને યજ્ઞનું ફળ પૂછ્યું. મધ્યસ્થતા ગ્રહણ કરીને અને આલોકના ભયથી નિરપેક્ષ થઈને તે ભદંતે સમ્યગ્ વચન કહ્યું. જેથી મારાથી વચનાધિકરણ પ્રવૃત્તિ ન થાય.

(૪) હવે સસમાસ દ્વાર, તેનું કથાનક આ પ્રમાણે છે –

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં એક બ્રાહ્મણ હતો, તે પોતાને પંડિત માનતો હતો અને શાસનની નિંદા કરતો હતો. તે વાદમાં પ્રતિજ્ઞાથી ઉદ્‌ગ્રાહિત થયો, હરાવીને દીક્ષા આપી. પછી દેવતાની પ્રેરણાથી બોધ પામ્યો, પણ જુગુપ્સા મૂકતો નથી. તેની પત્ની શ્રાવિકા બની, પણ પતિનો સ્નેહ તજતી નથી. તેણીએ કાર્મણ કર્યુ. કોઈ રીતે મારો પતિ મને વશ થાય ? તે કાર્મણથી તે બ્રાહ્મ મૃત્યુ પામ્યો અને દેવલોકમાં ઉત્પન્ન થયો. બ્રાહ્મણીએ પણ નિર્વેદ થવાથી દીક્ષા લીધી. આલોચના કર્યા વિના મૃત્યુ પામી દેવલોકે ગઈ.

ત્યાંથી ચ્યવીને પે'લો બ્રાહ્મણ દેવ રાજગૃહ નગરમાં ધન નામે સાર્થવાહ હતો, તેને ચિલાતા નામે દાસી હતી, તેણીના પુત્રરૂપે ઉત્પન્ન થયો. તેનું નામ ચિલાતક રાખ્યું. ધન સાર્થવાહને પાંચ પુત્રોની ઉપર છટ્ઠી પુત્રી જન્મી. તેનું સુંસુમા નામ રાખ્યું. ચિલાતકને બાલગ્રાહ રૂપે સુષમાને સોંપી. સુંસુમા સાથે તે અચેષ્ટા કરતો હતો. તેથી કાઢી મૂક્યો. તે સિંહગુફા નામે ચોરની પલ્લીમાં ગયો. ત્યાં અગ્રપ્રહારી થયો. ચૌર સેનાપતિ મૃત્યુ પામ્યો. તે સેનાપતિ થઈ ગયો. તેણે કો દિવસે ચોરોને આમ કહ્યું –

રાજગૃહમાં ધન નામે સાર્થવાહ છે, તેની પુત્રી સુંસુમા નામે છે. ત્યાં આપણે જઈએ. જે ધનમળે તે તમારું અને સુંસુમા મારી. ત્યાં જઈને અવસ્વાપિની નિદ્રા આપી દીધી. કાર્ય સાધીને ધનસાર્થવાહ સાથે પુત્રોને પણ માર્યા. તેના ઘરમાં પ્રવેશી કન્યા

અને ધન બધું લઈને ચાલી ગયા. ધન સાર્થવાહે નગરગુપ્તિકને બોલાવ્યો. તેને કહ્યું કે – તું મારી પુત્રીને છોડાવ, ધન બધું તું લઈ જજે. ચોરો ભાગ્યા, લોકો ધન લઈને ચાલ્યા ગયા.

ધન સાર્થવાહ પુત્રોની સાથે ચિલાતની પાછળ લાગ્યો. ચિલાત કન્યાને લઈને નાસ્યો જ્યારે ચિલાત સુંસુમાને વહન કરવા સમર્થ ન રહ્યો અને ધન સાર્થવાહ આદિ પણ નીકટ આવી ગયા ત્યારે સુંસુમાનું મસ્તક છેદી, લઈને ચાલવા લાગ્યો. સાર્થવાહ ધડ જોઈને પાછો ફર્યો. ત્યાં સુધીમાં તે સાર્થવાહ અને તેના પુત્રો ભુખથી પીડાવા લાગ્યા.

ત્યારે સાર્થવાહે પુત્રોને કહ્યું – મને મારીને ખાઈ જાઓ, પછી નગરમાં જાઓ, પુત્રોએ તે વાત ન સ્વીકારી. પછી મોટાપુત્રએ પણ તેમજ કહ્યું – મને ખાઈ જાઓ. એ પ્રમાણે નાનાપુત્ર સુધી બધાંએ કહ્યું. ત્યારે પિતાએ તેમને કહ્યું – આપણે અંદરઅંદર કોઈને ન મારીએ. આ ચિલાતે મારી નાંખેલ સુંસુમાને ખાઈએ. એ પ્રમાણે પુત્રીનું માંસ ખાધું.

સાધુએ આ પ્રમાણે આહાર કરવો જોઈએ. પુત્રીના માંસની ઉપમા કારણિક છે. તેનો આહાર કરીને નગરમાં ગયા. ફરી પણ ભોગના ભાગી થયા. એ પ્રમાણે સાધુઓએ પણ નિર્વાણ સુખના ભાગી થવું જોઈએ.

તે ચિલાત પણ મસ્તક ગ્રહણ કરીને દિગ્મૂઢ થઈ ગયો યાવત્ એક સાધુને જુએ છે, તે આતાપના લઈ રહ્યા છે. તેને કહે છે – સંક્ષેપમાં મને ધર્મ કહો. નહીં તો તમારું પણ માથું વાઢી નાંખીશ. સાધુએ કહ્યું – "ઉપશમ, વિવેક, સંવર. ચિલાત આટલા પદો ગ્રહીને એકાંતમાં વિચારવા લાગ્યો કે – ઉપશમ એટલે ક્રોધાદિને શાંત કરવો, હું ક્રોધિત છું. વિવેક ધન અને સ્વજનનો કરવો જોઈએ. તેથી મસ્તક અને તલવાર ફેંકી દીધા. સંવર-ઈન્દ્રિય અને નોઈન્દ્રિયનો હોય. એ પ્રમાણે ધ્યાન કરે છે, તેટલામાં લોહીની ગંધથી કીડીઓ આવીને, તેનું શરીર ખાવા લાગી, તેનું શરીર ચાલણી જેવું કરી દીધું. પગમાંથી પ્રવેશતી કીડીઓ યાવત્ મસ્તકની ખોપડીથી નીકળવા લાગી. તો પણ તે ચિલાત ધ્યાનથી ચલિત ન થયો. *[આ કથાનો અંત જ્ઞાતાધર્મમાં તદ્દન ભિન્નરૂપે છે, ત્યાં ચિલાત દુર્ધ્યાનથી દુર્ગતિમાં ગયેલો છે.]*

ઉક્ત કથાના અર્થને પ્રતિપાદિત કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૨ :-**

***જે ત્રણ પદો વડે સમ્યક્ત્વને પામેલો, સંયમ ઉપર આરૂઢ થયેલો, તે ઉપશમ-વિવેક-સંવરના આરાધક ચિલાતપુત્રને હું નમું છું.***

● **વિવેચન-૮૭૨ :-**

ગાથાર્થ કહ્યો. ઉપશમ - ક્રોધાદિ નિગ્રહ, વિવેક - સ્વજન અને સુવર્ણાદિનો ત્યાગ. સંવર - ઈન્દ્રિય અને નોઈન્દ્રિયની ગુપ્તિ. - x - x -

● **નિર્યુક્તિ-૮૭૩ :-**

***ખરડાયેલા પગો વડે લોહીની ગંધથી જેને કીડીઓ પગથી માથા સુધી ખાઈ ગઈ, તે દુષ્કરકારકને હું વંદન કરું છું.***

● **વિવેચન-૮૭૩ :-**

ગાથાર્થ કહ્યો. કીડી વડે ખવાવા છતાં જે અધ્યવસાયથી વિચલીત ન થયા, પગની શિરાથી મસ્તક સુધી કીડીઓ ગઈ. - x -



● **નિર્યુક્તિ-૮૭૪ :-**

***મુદ્‌ગલ જેવા મુખવાળી કીડીઓ દ્વારા ચાલણી જેવા કરાયો તે રીતે ખવાવા છતાં તે ધીર ચિલાતીપુત્રે ઉત્તમાર્થને અંગીકાર કર્યો.***

● **વિવેચન-૮૭૪ :-**

ધીર - सत्त्वसंपन्न, मूर्तिंगलियाहिं - કીડીઓ વડે ખવાવા છતાં, શુભ પરિણામ ન ત્યાગીને ઉત્તમાર્થને સાધ્યો.

● **નિર્યુક્તિ-૮૭૫ :-**

***અઢી અહોરાત્રમાં ચિલાતિપુત્ર વડે અપ્સરાના સમૂહથી વ્યાપ્ત અને રમ્ય, ઈન્દ્ર તુલ્ય દેવ ભવનને પામ્યો.***

● **વિવેચન-૮૭૫ :-**

દેવિંદામર ભવન - દેવેન્દ્રની જેમ અમર ભવન. હવે સંક્ષેપદ્વાર –

● **નિર્યુક્તિ-૮૭૬ :-**

***લાખ ગ્રંથોને પાંચ હજારમાં, તેનાથી અઢી હજારમાં, છેલ્લે એક શ્લોકમાં સ્થાપિત કર્યા, તેને સંક્ષેપ જાણવો.***

● **વિવેચન-૮૭૬ :-**

(૫) સંક્ષેપ – ચાર ઋષિઓએ પ્રત્યેકે લાખ ગ્રંથ કરીને જિતશત્રુ રાજા સામે ઉપસ્થિત કર્યા. તમે અમારું શાસ્ત્ર સાંભળો કેમકે તમે પાંચમાં લોકપાલ છો. રાજા બોલ્યો કેટલા છે ? ઋષિઓ બોલ્યા – લાખ શ્લોક પ્રમાણ ચાર સંહિતા છે. રાજા બોલ્યો – મારું રાજ્ય સીદાય છે. એ પ્રમાણે અડધું - અડધું ઘટાડતા યાવત્ એકેક શ્લોક રહ્યો. તે પણ રાજાએ ન સાંભળ્યો. ત્યારે ચારએ પણ પોતાનો મત પ્રદર્શિત કરવા એક શ્લોક રચ્યો. તે આ પ્રમાણે –

આત્રેય કહે છે – પચે પછી ભોજન કરવું. કપિલ કહે છે – પ્રાણીની દયા પાળો, બૃહસ્પતિ કહે છે – કોઈનો વિશ્વાસ ન કરો, પાંચાલ કહે છે – સ્ત્રીઓને વિશે માર્દવતા-મૃદુતા રાખવી. - x - x - એ પ્રમાણે સામાયિક પણ ચૌદ પૂર્વના અર્થનો સંક્ષેપ કહેવાય છે.

(૬) અનવધ - હવે અનવધ દ્વાર વિષયક કથાનક –

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતી. તેમને ધર્મરુચિ નામે પુત્ર હતો. તે રાજા સ્થવિર હતો - વૃદ્ધ થયો. ત્યારે તે પ્રવ્રજ્યા લેવાની ઈચ્છાવાળો થઈ, ધર્મરુચિને રાજ્ય આપવા ઈચ્છે છે. તે માતાને પૂછે છે – પિતાજી રાજ્યનો ત્યાગ કેમ કરે છે ? માતાએ કહ્યું – રાજ્યએ સંસાર વધારનાર છે. ધર્મરુચિ બોલ્યો – મારે પણ રાજ્યનું કામ નથી. તે પિતા સાથે તાપસ થયો. તેટલામાં અમાવાસ્યા આવી. મરુકે ઉદ્‌ઘોષણા કરે છે – આશ્રમમાં કાલે અમાવાસ્યા થશે, તો આજે પુષ્પ-ફળોનો સંગ્રહ કરી લો, કાલે છેદનનો નિષેધ છે. ત્યારે ધર્મરુચિને થયું – જો સર્વકાળ છેદન ન થાય તો કેવું સારું ?

કોઈ દિવસે સાધુઓ અમાવાસ્યામાં તાપસ આશ્રમની નજીકથી નીકળ્યા.

ધર્મરુચિએ તેમને જોઈને પૂછ્યું – ભગવન્ ! શું તમારે અનાકુટ્ટિ નથી ? [છેદન નિષેધ નથી ?]. તે અટવીમાંથી જાઓ છો ? સાધુઓ બોલ્યા કે – અમારે યાવજ્જીવ અનાકુટ્ટી છે. ધર્મરુચિ સંભ્રમથી વિચારવા લાગ્યો. સાધુ પણ ગયા. ધર્મરુચિને જાતિસ્મરણ થતાં, તે પ્રત્યેકબુદ્ધ થયો. આ જ અર્થ કહે છે –

**• નિર્યુક્તિ-૮૭૭ :-**

***અનાકુટ્ટિ સાંભળીને પાપભીરુ ધર્મરુચિએ પાપનો ત્યાગ કરીને અનવદ્યપણું સ્વીકારી અણગાર [સાધુ] થયો.***

**• વિવેચન-૮૭૭ :-**

શ્રુત્વા - સાંભળીને આકુટ્ટિ-છેદન કે હિંસા, તેથી અનાકુટ્ટિ-હિંસા ન કરવી તે. અણભીત - તે તે યોનિમાં જીવો જેને કારણે જાય તે તે अण એટલે પાપ, તેનાથી કરેલ તે પાપભીરું. ''અણગવર્જીને'' - સાવધ યોગનો પરિત્યાગ કરીને. - x - અણવર્જ્યતાને પામેલ એટલે સંવૃત્ત સાધુ થયેલ.

હવે પરિજ્ઞા દ્વારનો અવયવાર્થ કહે છે, તેમાં કથાનક પૂર્વે કહેલ છે. હવે તેની ગાથા કહે છે –

**• નિર્યુક્તિ-૮૭૮ :-**

***જ્ઞ-પરિજ્ઞા વડે જીવ અને અજીવને જાણીને સાવધ યોગ ક્રિયાને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તે ઈલાપુત્રે જાણી છે.***

**• વિવેચન-૮૭૮ :-**

ગાથાર્થ કહ્યો. (૭) પરિજ્ઞા સામાયિક દૃષ્ટાંત પૂર્વે કહેલ છે.

(૮) પ્રત્યાખ્યાન દ્વાર - હવે તેનું કથાનક કહે છે.

તેતલીપુર નગરમાં કનકરથ નામે રાજા હતો. તેને પદ્માવતી રાણી હતી. રાજા ભોગ લોલુપ હતો. તેથી જે-જે પુત્ર જન્મે તેને મારી નાંખે છે. ત્યાં તેતલીપુત્ર નામે અમાત્ય હતો. કલાદ પુષ્યકાર શ્રેષ્ઠી હતો. તેની પુત્રી પોટ્ટિલાને અગાસીમાં જોઈ, તેતલીપુત્રે તેની માંગણી કરી, કલાદે તેને પરણાવી.

પદ્માવતીએ એકાંતમાં અમાત્યને કહ્યું – કોઈ પણ રીતે એકાદ કુમારને બચાવી લો, તો તે તમારા - મારા માટે ભિક્ષા ભાજન થશે. હાલ મારા પેટમાં પત્ર છે, આ રહસ્યને તમે સાચવી રાખજો. તેણે કબૂલ કર્યુ. પોટ્ટિલા પણ તે જ સમયે પ્રસૂતા હતી. પોટ્ટિલાએ પુત્રીને રાણીને આપી, રાણીએ કુમારને પોટ્ટિલાને સોંપ્યો. તે પુત્રને મોટો કરે છે, કળા-શિક્ષણ આપ્યું.

કોઈ દિવસે તેતલીપુત્રને પોટ્ટિલા અનિષ્ટ થઈ ગઈ. તેનું નામ પણ લેતો નથી. કોઈ દિવસે સાધ્વીઓને પૂછે છે – તમે કંઈ જાણો છો, જેનાથી હું મારા પતિને પ્રિય થાઉં ? સાધ્વીઓએ કહ્યું – અમને એવું કંઈ કહેવાનું કલ્પતું નથી. ધર્મ કહ્યો. પોટ્ટિલા સંવેગ પામી, તેતલીપુત્રને પૂછ્યું – હું દીક્ષા લઉં ? તેણે કહ્યું કે જો મને તું બોધ કરવાનું વચન આપે તો તને રાજા આપું, પોટ્ટિલાએ તે વાત સ્વીકારી. શ્રામણ્ય પાળી દેવલોકે ગઈ.

આ તરફ કનકરથ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે નગરજનો સમક્ષ કુમારને રજૂ



કર્યો. રહસ્યોદ્‌ઘાટન કર્યુ પછી કુમારનો રાજ્યાભિષેક કર્યો. કુમારને તેની માતા પદ્માવતીએ કહ્યું કે તેતલીપુત્ર સાથે સારી રીતે વર્તજે. તેમની કૃપાથી તું રાજા થયો છે. તે પુત્રનું કનકધ્વજ નામ હતું. બધે સ્થાને અમાત્યને પ્રાધાન્ય આપ્યું. પોટ્ટિલદેવ તેતલીપુત્રને બોધ પમાડવા આવે છે, તે બોધ પામતો નથી. ત્યારે દેવ રાજા કનકધ્વજને તેના તરફ અણગમો ઉત્પન્ન કરાવે છે.

તેતલીપુત્ર રાજમાં ગયો ત્યારે કનકધ્વજ રાજા અવળુ મુખ કરીને રહ્યો. તેતલીપુત્રને ડર લાગ્યો, તે ઘેર આવી ગયો. તેના પરિજનો પણ તેનો આદર કરતા નથી. તે વધારે ભયભીત થયો. ત્યારે તાલપુટ ઝેર ખાધું પણ મર્યો નહીં. ગળા ઉપર છરી ફેરવી તો પણ ન છેદાયુ. દોરડું બાંધી લટકી ગયો, દોરડું છેદાઈ ગયું. પત્થર ગળે બાંધીને પાણીમાં ડૂબ્યો. તો ત્યાં તળીયું થઈ ગયું. ત્યારે ઘાસમાં અગ્નિ સળગાવીને પ્રવેશ કર્યો, તો પણ સળગ્યો નહીં. ત્યારે નગરથી નીકળી ગયો યાવત્ પાછળ હાથી પડ્યો આગળ પ્રપાતગર્ત્તા [ખાઈ] આવી. બંને બાજુ અંધકાર, બાણોની વર્ષા થવા લાગી. ત્યાં ઉભો રહી જઈને તેતલીપુત્ર બોલે છે –

હા પોટ્ટિલા શ્રાવિકા ! મને આમાંથી બચાવ. હે આયુષ્યમતિ ! પોટ્ટિલા ! હવે હું ક્યાં જઉં ? - x - ત્યારે તેણી કહે છે – ડર્યો હો તો પ્રવ્રજ્યા સ્વીકાર [અહીં જ્ઞાતાધર્મ૦ પ્રમાણે આલાવા કહેવા.] તેને જોઈને બોધ પામ્યો અને કહ્યું – રાજાને ઉપશાંત કર. ડરીને કે રોષમાં દીક્ષા લેવી નથી. ત્યારે દેવે બધી માયા સંકેલી લીધી, રાજા તેને માતા સાથે શોધવા નીકળ્યો. તેતલીપુત્રને ખમાવીને નગરમાં પ્રવેશ કરાવ્યો. નિષ્ક્રમણ શિબિકા વડે નીકળ્યો. ત્યારપછી દીક્ષા લીધી. એ પ્રમાણે દૃઢપણે આપત્તિથી ગૃહિત થઈ પ્રત્યાખ્યાનમાં સમતા કરી. [આ પ્રમાણે પ્રત્યાખ્યાન સામાયિક કહી.]

**• નિર્યુક્તિ-૮૭૯ :-**

***જીવાજીવ અને પુન્ય પાપ સાક્ષાત્ જોઈને તેતલિપુત્રએ સાવધયોગના પ્રત્યાખ્યાન કર્યા.***

**• વિવેચન-૮૭૯ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ કોઈ વૃત્તિ નથી. નિરુક્તિ દ્વાર પૂરૂ થયું.

**ઉપોદ્‌ઘાત નિર્યુક્તિનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ સમાપ્ત**

# ❀ નમસ્કાર નિર્યુક્તિ ❀

-- x -- x -- x -- x --

હવે સૂત્ર સ્પર્શ નિર્યુક્તિનો અવસર છે. તે પ્રાપ્ત અવસર છતાં પણ કહેતા નથી, - x - પછી સૂત્રાનુગમમાં કહીશું.

[શંકા] જો એમ છે તો તેનો અહીં ઉપન્યાસ કેમ કર્યો. [સમાધાન] નિર્યુક્તિ માત્રના સામાન્યપણાથી, એ પ્રમાણે સૂત્રાનુગમ પણ અવસર પ્રાપ્ત છે જ. તેમાં સૂત્ર કહેવું જોઈએ. તે કેવા પ્રકારે છે ? તે લક્ષણ ગાથા —

● **નિર્યુક્તિ-૮૮૦ :-**

***અલ્પગ્રંથ અને મહા અર્થ હોય, જે બત્રીશ દોષ રહિત હોય, લક્ષણો વડે યુક્ત હોય, તેવું સૂત્ર આઠ ગુણો વડે ઉપપેત હોય છે.***

● **વિવેચન-૮૮૦ :-**

“ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત તે સત્” ઈત્યાદિ માફક છે, અલ્પ ગ્રંથ હોય અને અર્થ મોટો થતો હોય તેવું. અથવા અધિકૃત્ સામાયિક સૂત્રવત્ બત્રીશ દોષ રહિત જે છે તે. આ દોષો કયા છે ? તે કહે છે —

● **નિર્યુક્તિ-૮૮૧ થી ૮૮૪ + વિવેચન :-**

૦—(૧) આલક - અનૃત્, અસત્ય - ન હોય તે બતાવવું એ અભૂત-ઉદ્ભાવન, તે પ્રધાન કારણ છે અને ભૂત નિહ્નવ - હોય તે છુપાવવું. જેમકે “આત્મા નથી” વગેરે. ૦—(૨) ઉપઘાત જનક - જીવોને ઉપઘાતકારી, જેમકે - વેદમાં કહેલ હિંસા ધર્મને માટે થાય છે. ૦—(૩) નિરર્થક - વર્ણોના ક્રમનું નિદર્શન માત્ર હોય પણ અભિધેયપણે કોઈ અર્થ ન હોય, એ નિરર્થક કહેવાય. ૦—(૪) અપાર્થક - પૂર્વાપરના યોગથી અપ્રતિ સંબંધાર્થે અપાર્થક છે. જેમકે — દશ દાડમ, છ પૂડલા, કુંડમજાજિન ઈત્યાદિ - x - ૦— (૫) છલ-વચનવિઘાત અર્થવિકલ ઉપપત્તિથી છલ, વાક્છલ આદિ.

૦—(૬) દ્રુહિલ-દ્રોહ સ્વભાવ, - x - અથવા કલુષ તે દ્રુહિલ, જેમકે - આ લોકો આટલો જ છે, જેટલો ઈન્દ્રિય ગોચર છે, ઈત્યાદિ ૦—(૭) નિઃસાર-પરિફલ્ગુ વેદવચન સમાન, ૦—(૮) અધિક - વર્ણાદિ વડે અભ્યધિક, ૦—(૯) ન્યૂન-વર્ણાદિ વડે હીન. અથવા હેતુ ઉદાહરણથી અધિક તે અધિક, જેમકે - અનિત્ય શબ્દ ઈત્યાદિથી કંઈક અધિક કે હીન. - x - x - ૦—(૧૦) પુનરુક્ત - શબ્દ અને અર્થનું પુનર્વચન, અન્યત્ર અનુવાદથી. તેમાં શબ્દ પુનરુક્તિ, જેમકે ઈન્દ્રઈન્દ્ર. અર્થની પુનરુક્તિ તે, જેમકે ઈન્દ્ર શક્ર. અર્થથી આવેલ સ્વ શબ્દથી પુનરુક્તિ, જેમકે સ્થૂળ દેવદત્ત દિવસે ખાતો નથી, અર્થાત્ રાત્રે ખાય છે તે અર્થથી આવેલ પુનરુક્તિ તેમાં જે એમ કહેવું કે દિવસે ખાતો નથી, રાત્રે ખાય છે, તે પુનરુક્તિ કહેવાય.

૦—(૧૧) વ્યાહત - જેમાં પૂર્વથી પછીનું હણાય છે, જેમકે - “કર્મ છે, ફળ છે (પણ) કર્મનો કર્તા નથી. ૦—(૧૨) અયુક્ત-અનુપપત્તિ ક્ષમ. - x - x - ૦—(૧૩) ક્રમ ભિન્ન - જેમાં યથાસંખ્ય [અનુક્રમે] અનુદેશ ન કરાય તે. - x - x - ૦—(૧૪)



વચનભિન્ન-વચન વ્યત્યય. આ બે વૃક્ષો પુષ્પવાળા છે. તેમાં પ્રથમ પદ દ્વિવચન છે, બીજું પદ બહુવચન છે. ૦—(૧૫) વિભક્તિ ભિન્ન - વિભક્તિ વ્યત્યય. एष वृक्षम् કહેવું.

૦—(૧૬) લિંગભિન્ન - લિંગ વ્યત્યય. જેમકે अयं स्त्री બંને પદ સ્ત્રી લિંગે નથી, ૦—(૧૭) અનભિહિતમ્ - સ્વસિદ્ધાંતમાં અનુપદિષ્ટ હોય. સાંખ્ય કે શાક્યાદિનો કોઈ મત હોય, જે જૈનમતમાં ન કહેલ હોય. ૦—(૧૮) અપદ - પદ્ય વિધિમાં પદ્યમાં વિધાતવ્યમાં અન્ય છંદનું અભિધાન હોય, જેમકે આર્યા પદમાં વૈતાલિક પદ કહેવો. ૦—(૧૯) સ્વભાવ હીન - જે વસ્તુના સ્વભાવથી અન્યથા વચન હોય, જેમકે શીત અગ્નિ. ૦—(૨૦) વ્યવહિત - અન્તર્હિત, જેમાં પ્રકૃતને છોડીને અપ્રકૃતને વ્યાસ થકી બતાવીને ફરી પ્રકૃતને કહે - x - x -

૦—(૨૧) કાલદોષ - અતીતાદિ કાલવ્યત્યય, જેમકે - રામ વનમાં પ્રવેશ્યા તેમાં प्रविशति કહ્યું, ૦—(૨૨) યતિદોષ - અસ્થાનવિચ્છેદ કે તેનું ન કરવું તે. (૨૩) છવિ - અલંકાર વિશેષ, તેનાથી શૂન્ય. ૦—(૨૪) સમય વિરુદ્ધ - સ્વ સિદ્ધાંત વિરુદ્ધ - x - ૦—(૨૫) વચન માત્ર- નિર્હેતુક, જેમકે ઈષ્ટ ભૂદેશમાં લોકમધ્યે કહેવું તે.

૦—(૨૬) અર્થાપત્તિદોષ - જેમાં અર્થથી અનિષ્ટ આપત્તિ હોય, જેમકે — બ્રાહ્મણને ન હણવા, તેમાં ‘અબ્રાહ્મણને હણવા’ એવી અર્થાપતિ થાય. ૦—(૨૭) અસમાસ દોષ - સમાસ વ્યત્યય, સમાસ વિધિ છતાં જેમાં અસમાસવચન હોય, જેમકે આ રાજપુરુષ છે, તેમાં તત્પુરુષ સમસ કરવો કે વિશેષણ સમાસ કરવો કે બહુવ્રીહિસમાસ કરવો ઈત્યાદિ. ૦—(૨૮) ઉપમા દોષ - હીન કે અધિક ઉપમાન નામે જેમ મેરુને સરસવની ઉપમા કે બિંદુને સમુદ્રની ઉપમા. ૦—(૨૯) રૂપક દોષ - સ્વરૂપ અવયવ વ્યત્યય, જેમ પર્વતરૂપ અવયવને પર્વત વડે ન ઓળખવો, સમુદ્ર અવયવ કહેવો.

૦—(૩૦) અનિર્દેશ દોષ - જેમાં ઉદ્દેશ્ય પદોનો એકવાક્ય ભાવ ન કરાય તે. જેમ દેવદત્ત થાળીમાં ભાત પકાવે છે, એમ કહેવામાં “પકાવે છે” શબ્દ ન કહેવો તે. ૦—(૩૧) પદાર્થ દોષ - જેમાં વસ્તુ પર્યાયવાચી પદના અર્થાન્તરની પરિકલ્પનાનો આશ્રય કરાય છે. - x - x - ૦—(૩૨) સંધિદોષ - વિશ્લિષ્ટ સંહિતત્વ વ્યત્યય.

આ બત્રીશદોષરહિત લક્ષણયુક્ત સૂત્ર હોય છે. “બત્રીશદોષ રહિત જે” એ વચનથી તેનો શબ્દ નિર્દેશ જણાય છે. આઠ ગુણો વડે યુક્ત જે તે લક્ષણયુક્ત વર્તે છે. તે ગુણો આ છે —

● **નિર્યુક્તિ-૮૮૫ :-**

***નિર્દોષ, સારવંત, હેતુયુક્ત, અલંકૃત, ઉપનીત, સોપચાર, મિત અને મધુર [એ આઠ ગુણો છે.]***

● **વિવેચન-૮૮૫ :-**

(૧) નિર્દોષ-દોષમુક્ત, (૨) સારવંત - ઘણાં પર્યાય, ગો શબ્દ કે સામાયિકવત્, (૩) અન્વય વ્યતિરેક લક્ષણ હેતુ વસ્તુથી યુક્ત, (૪) અલંકૃત-ઉપમા આદિથી યુક્ત, (૫) ઉપનીત - ઉપનયથી ઉપસંહત, (૬) સોપચાર - અગ્રામ્ય અભિધાન, (૭) મિત-વર્ણાદિ નિયત પરિણામ, (૮) મધુર - સાંભળવામાં મનોહર અથવા સૂત્રના

બીજા ગુણો આ છે –

● **નિર્યુક્તિ-૮૮૬ :-**

***અલ્પાક્ષર, અસંદિગ્ધ, સારવત્, વિશ્વતોમુખ, અસ્તોભક, અનવદ્ય સૂત્ર, સર્વજ્ઞભાષિત [એ આઠ ગુણો છે.]***

● **વિવેચન-૮૮૬ :-**

(૧) અલ્પાક્ષર-મિત અક્ષર, સામાયિક અભિધાનવત્, (૨) અસંદિગ્ધ–સૈંધવ શબ્દવત્ લવણ, ઘોટક આદિ અનેકાર્થ સંશયકારી થતાં નથી. (૩) સારવત્ - બહુ પર્યાય, (૪) વિશ્વતોમુખ - અનેકમુખ, પ્રતિસૂત્ર ચાર અનુયોગના અભિધાનથી, અથવા પ્રતિમુખ અનેક અર્થના અભિધાયક. (૫) અસ્તોભક - - x - સ્તોભક એટલે નિપાત, (૬) અનવદ્ય - અગર્હ્ય, હિંસાભિધાયક નહીં. એવા પ્રકારે સર્વજ્ઞભાષિત સૂત્ર જાણવું.

પછી સૂત્રના અનુગમથી, સૂત્રમાં અનુગત તે અનવદ્ય, નિશ્ચિત પદચ્છેદ પછી સૂત્રપદ નિક્ષેપલક્ષણ તે સૂત્રાલાપક ન્યાસ.

# ❀ અધ્યયન-૧-સામાયિક ❀

— x — x — x — x —

● **સૂત્ર-૧ :-**

***[નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.]***

● **વિવેચન-૮૮૬ :-** [ચાલુ]

*[નિર્યુક્તિ-૮૮૬નું વિવેચન ચાલુ છે, સૂત્ર અમે ગોઠવેલ છે, 'નમસ્કાર' શબ્દની નિર્યુક્તિ-૮૮૭ થી શરૂ થાય છે.]*

સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ છેલ્લા અનુયોગદ્વારથી વિહિત અને નયો હોય છે. સમક અને અનુસરે છે. - x - x - સૂત્રાનુગમ આદિનો આ વિષય છે - પદચ્છેદ સહિત સૂત્ર અભિધાય અવસિત પ્રયોજન સૂત્રાનુગમ હોય છે, સૂત્રાલાપક ન્યાસ પણ નામાદિ નિક્ષેપ માત્ર જ જણાવે છે. સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ પદાર્થ વિગ્રહ વિચાર પ્રત્યયસ્થાનાદિ અભિધાયક છે. તે પ્રાયઃ નૈગમ આદિ નયમત વિષયક છે. વસ્તુતઃ નયો તેના અંતર્ભાવી જ છે. આ અમે માત્ર અમારી બુદ્ધિથી કહેતા નથી, પરંતુ ભાષ્યકારે પણ બે ગાથામાં કહેલ છે.

[શંકા] જો એ પ્રમાણે ઉત્ક્રમથી નિક્ષેપદ્વારમાં છે તો શા માટે સૂત્ર આલાપક ન્યાસ કહેલ છે ? [સમાધાન] નિક્ષેપ સામાન્યથી લાઘવાર્થે કહેલ છે. પ્રસંગથી આટલું કહ્યું તે પુરતું છે.

એ પ્રમાણે શિષ્યજનોના અનુગ્રહને માટે અનુગમ આદિ પ્રસંગથી વિષય વિભાગ બતાવ્યો. હવે પ્રકૃત વાત પ્રસ્તુત કરીએ છીએ. તેમાં સૂત્ર સૂત્રાનુગમમાં કહેવું જોઈએ. તે પંચનમસ્કારપૂર્વક છે. કેમકે તે સંપૂર્ણ શ્રુતસ્કંધ અંતર્ગતપણે છે. હવે આ જ સૂત્રાદિની વ્યાખ્યા કરવી જોઈએ. કેમકે તે સર્વ સૂત્રના આદિપણે છે. સર્વ સંમત સૂત્રના આદિ પણે છે.

સૂત્રનું આદિત્વ આ સૂત્રના આદિમાં વ્યાખ્યાનમાનત્વથી છે, અને નિર્યુક્તિકૃત્



ઉપન્યાસત્વથી છે. બીજા કહે છે – મંગલત્વથી આ સૂત્ર આદિમાં વ્યાખ્યાત છે. તથા કહે છે – મંગલ ત્રણ ભેદે છે - આદિમાં, મધ્યમાં અને અંતમાં. આદિ મંગલાર્થે નંદીની વ્યાખ્યા કરી. મધ્ય મંગલાર્થે તો તીર્થંકરાદિનું ગુણ અભિધાયક છે, નમસ્કાર તે અંત્ય મંગલાર્થે છે.

આ અયુક્ત છે. શાસ્ત્રના અપરિસમાપ્તિપણાથી અંત્ય મંગલ અયુક્ત છે. આને આદિ મંગલપણે કહેલું પણ ઠીક નથી કેમકે તે કરેલ છે, કરેલાનું કરવું તે અનવસ્થા પ્રસંગ છે. - x - x - અમે તો સર્વથા ગુરુવચનથી અવધાર્યા પ્રમાણે તત્ત્વાર્થ જ પ્રતિપાદિત કરીએ છીએ. સૂત્રની આદિમાં "નમસ્કાર" છે. તેથી પહેલાં તેની જ વ્યાખ્યા કરીએ છીએ. સૂત્રની આ વ્યાખ્યા ઉત્પત્તિ આદિ અનુયોગ દ્વાર અનુસાર કહેવી જોઈએ.

તેમાં નમસ્કાર નિર્યુક્તિ પ્રસ્તાવિની આ ગાથાને કહે છે –

● **નિર્યુક્તિ-૮૮૭ :-**

***(૧) ઉત્પત્તિ, (૨) નિક્ષેપ, (૩) પદ, (૪) પદાર્થ, (૫) પ્રરૂપણા, (૬) વસ્તુ, (૭) આક્ષેપ, (૮) પ્રસિદ્ધિ, (૯) ક્રમ, (૧૦) પ્રયોજન, (૧૧) ફળ એ દ્વારોથી નમસ્કારની વિચારણા કરવી.***

● **વિવેચન-૮૮૭ :-**

(૧) ઉત્પાદન તે ઉત્પત્તિ, પ્રસૂતિ, ઉત્પાદ. તે આ નમસ્કારની નય અનુસારથી વિચારણા. (૨) નિક્ષેપણ તે નિક્ષેપ, ન્યાસ. તે આનુ કાર્ય છે (૩) જેના વડે પદ્ય થાય તે પદ અને તે નામિક આદિ છે, તે આનું વાચ્ય છે. (૪) પદાર્થ - પદનો અર્થ, તે વાચ્ય છે. તેનો નિર્દેશ સત્ આદિ અનુયોગ દ્વાર વિષયત્વથી છે. (૫) પ્રરૂપણા - પ્રકર્ષથી રૂપણા કરવી. (૬) જેમાં ગુણો વસે છે તે વસ્તુ, તે અર્હમ્ વાચ્ય છે. (૭) આક્ષેપણ તે આક્ષેપ, આશંકા. તે કરવી. (૮) પ્રસિદ્ધિ - તે પરિહાર રૂપ કહેવી. (૯) ક્રમ - અર્હત્ આદિ અભિધેય. (૧૦) પ્રયોજન - તેનો વિષય જ. અથવા જેના વડે પ્રયુક્ત પ્રવર્તે છે તે પ્રયોજન-અપવર્ગ નામે છે. (૧૧) ફળ - તે ક્રિયા અંતર્ભાવિ સ્વર્ગાદિ છે. - x -

આટલા દ્વારોથી નમસ્કારની વિચારણા કરવી. - x - હવે ઉત્પત્તિદ્વાર નિરૂપણાને માટે નિર્યુક્તિકાર કહે છે –

● **નિર્યુક્તિ-૮૮૮ :-**

***નમસ્કાર ઉત્પન્નાનુત્પન્ન છે, આદ્ય નૈગમનયની અપેક્ષાથી તે અનુત્પન્ન છે, શેષ નયાપેક્ષાએ ઉત્પન્ન છે. કઈ રીતે ? ત્રિવિધ સ્વામીત્વથી.***

● **વિવેચન-૮૮૮ :-**

સ્યાદ્વાદીઓને નમસ્કાર ઉત્પન્નાનુત્પન્ન છે, બીજા એકાંતવાદીને તેમ નથી. કેમકે પરસ્પર વિરુદ્ધ ધર્મના સ્વીકારથી એકત્રપણે એમ કહ્યું. [શંકા] સ્યાદ્વાદીને પણ એકત્ર એકદા પરસ્પર વિરુદ્ધ ધર્માધ્યાસ કઈ રીતે ? [સમાધાન] અહીં નયો પ્રવર્તે છે. તે નૈગમાદિ સાત છે. નૈગમનય પણ બે ભેદે છે – સર્વસંગ્રાહી અને દેશ સંગ્રાહી. આદિ નૈગમ સામાન્ય માત્ર અવલંબીત્વથી છે, તેમાં ઉત્પાદ-વ્યયરહિતત્વથી નમસ્કાર પણ તેની અંતર્ગત્ હોવાથી અનુત્પન્ન છે. તેના વિશેષગ્રાહીપણામાં બાકીના નયોથી

- x - x - ઉત્પન્ન છે. [શંકા] બાકીનામાં સંગ્રહાદિ છે, તેનું વિશેષગ્રાહિત્વ નથી ? તેનો આદિ નૈગમમાં જ અંતર્ભાવ થવાથી દોષ નથી.

ઉત્પન્ન કઈ રીતે કહ્યા ? તેનું સ્વામીત્વ ત્રણ પ્રકારે છે અર્થાત્ ત્રિવિધ સ્વામીભાવથી કે ત્રિવિધકારણથી કહ્યું. - x - x - ગ્રંથ વિસ્તારના ભયથી અહીં કહેતા નથી, ભાષ્યકારે કહ્યું છે. હવે ત્રિવિધસ્વામીત્વ કહે છે—

**• નિર્યુક્તિ-૮૮૯ :-**

***સમુત્થાન, વાચના અને લબ્ધિ એ ત્રણ કારણ પહેલા ત્રણ નય અપેક્ષાએ છે, ઋજુ સૂત્ર નયાપેક્ષાએ પહેલું છોડી બાકી બે કારણો અને શેષ નયો માત્ર લબ્ધિને કારણ માને છે.***

**• વિવેચન-૮૮૯ :-**

સમુત્થાનથી, વાચનાથી અને લબ્ધિથી નમસ્કાર ઉત્પન્ન થાય. સમ્યક્ સંગત કે પ્રશસ્ત ઉત્થાન તે સમુત્થાન. તેના નિમિત્તે નમસ્કારનું, કોનું સમુત્થાન? અન્ય શ્રુતત્વથી આધારભૂતત્વથી પ્રત્યાસન્નત્વથી શરીરને જ ગ્રહણ કરે છે. દેહસમુત્થાન નમસ્કારનું કારણ છે. તેના ભાવભાવિત્વથી, અન્યથા અનુપપત્તિ છે. તેથી સમુત્થાનથી એ (૧) કારણ.

વાચના - પછી શ્રવણ અર્થાત્ અધિગમ કે ઉપદેશ. નમસ્કારનું તે કારણ છે તે ભાવ ભાવિત્વથી જ છે. તેથી વાચનાથી એ (૨) કારણ.

લબ્ધિ - તેના આવરણ કર્મ ક્ષયોપશમ લક્ષણ. તે કારણ (૩)

પદને અંતે પ્રયુક્ત શબ્દ નયની અપેક્ષાથી ત્રણેમાં પણ પ્રાધાન્ય જણાવવાને માટે છે. તેથી જ કહે છે — શુદ્ધ નૈગમ, સંગ્રહ, વ્યવહારનયથી વિચારતા સમુત્થાનાદિ ત્રણે નમસ્કાર કારણ છે. [શંકા] પહેલાં નયમાં અશુદ્ધ નૈગમ અને સંગ્રહ કેમ ત્રિવિધ કારણ ઈચ્છે છે ? તે બંને તો સામાન્ય માત્રા અવલંબીત્વથી છે. [સમાધાન] તેને અનુત્પન્ન કહેવાથી પહેલાં નય ત્રિકથી, તે બંનેના ઉત્કલિત્વથી દોષ નથી.

ઋજુસૂત્ર સમુત્થાન કારણ સિવાયના બે કારણ ઈચ્છે છે. ઈત્યાદિ - x - x - નય પ્રધાન વિષય હોવાથી તજ્જ્ઞ પાસે સમજવો. - x -

હવે નિક્ષેપ કહે છે. તે ચાર ભેદે છે - નામ નમસ્કાર, સ્થાપના નમસ્કાર, દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. જ્ઞ અને ભવ્ય શરીર અતિરિક્ત દ્રવ્ય નમસ્કાર કહે છે —

**• નિર્યુક્તિ-૮૯૦ :-**

***નિહ્નવાદિને દ્રવ્ય નમસ્કાર હોય છે, ઉપયુક્ત સમ્યક્દૅષ્ટિ કરે તે ભાવ નમસ્કાર છે. નમઃ નૈપાતિક પદ છે દ્રવ્ય-ભાવ સંકોચ તે પદાર્થ છે.***

**• વિવેચન-૮૯૦ :-**

નિહ્નવાદિ દ્રવ્ય નમસ્કાર છે કેમકે નમસ્કાર અને નમસ્કારવાળાથી અભિન્ન છે. આદિ શબ્દથી દ્રવ્યાર્થ કે જે મંત્રદેવતા આરાધનાદિમાં છે તે. આ દ્રવ્ય નમસ્કારનું ઉદાહરણ છે —

વસંતપુર નગરે જિતશત્રુ રાજા, ધારિણી રાણી સહિત અવલોકન કરે છે.



દ્રમકને જોયો. અનુકંપાથી નદી સદૃશ રાજાને રાણી કહે છે. રાજાએ તે દ્રમક-ભીખારીને બોલાવ્યો, અલંકાર પહેરાવ્યા, વસ્ત્રો આપ્યા. તેણે કચ્છો લીધો, દેદીપ્યમાન લાગતો હતો. કાલાંતરે રાજાએ તેને રાજ્ય આપ્યું. દંડભટ-ભોજિકોને દેવાયતનમાં પૂજા કરતા જોયા, તે વિચારે છે — હું કોનું કરું ? રાજાનું આયતન કરું, તેણે દેવકૂળ કર્યુ. તેમાં રાજા-રાણીની પ્રતિમા કરાવી. પ્રતિમા પ્રવેશ માટે લાવતા પૂછ્યું, તેણે વાત કરી. સંતુષ્ટ થઈ રાજા સત્કારે છે. તે ત્રણ સંધ્યા અર્ચના કરે છે. ખુશ થયેલા રાજાએ તેને બધાં સ્થાનો આપ્યા. અન્ય દિવસે રાજા દંડયાત્રાએ નીકળ્યો. તે બધાંને અંતઃપુર સ્થાનમાં સ્થાપીને ગયો. તેમાં અંતઃપુર સ્ત્રીઓ નિરોધ સહન ન કરી શકવાથી તેને જ ઉપચરે છે. તેને ગમતું નથી, ત્યારે તે ભોજન કરતો નથી. પછી ધીમે ધીમે તે પ્રવેશ્યો અને વિનાશ પામ્યો. રાજા આવ્યો. વિનાશિત થયેલ જોયું.

અહીં રાજા સ્થાને તીર્થંકર છે, અંતઃપુર સ્થાને છકાય જીવો છે અથવા છ કાય જીવો નથી પણ શંકાદિ પદો લેવા, જેથી શ્રેણિકાદિનો પણ દ્રવ્ય નમસ્કાર ન થાય. દ્રમક સ્થાને સાધુઓ છે. કચ્છના સ્થાને મિથ્યાત્વ છે, ભાસ્વર સ્થાને સમ્યક્ત્વ છે. દંડ સંસારમાં વિનિપાત છે. આ દ્રવ્ય નમસ્કાર.

નોઆગમથી ભાવ નમસ્કાર, જે શબ્દક્રિયાદિ સમ્યગ્દૃષ્ટિ જ કરે છે. અહીં નામાદિ નિક્ષેપોના જે નયો જે નિક્ષેપને ઈચ્છે છે, તે વિશેષ આવશ્યકથી શંકા અને પરિહાર સહિત જાણવું. અહીં તે કહેલ નથી.

હવે પદ દ્વાર કહે છે :- પદ પાંચ પ્રકારે છે — નામિક, નૈપાતિક, ઔપસર્ગિક, આખ્યાતિક અને મિશ્ર. તેમાં अश्व નામિક છે, खलु નૈપાતિક છે, परि - ઔપસર્ગિક છે, धावति એ આખ્યાતિક છે, संयत મિશ્ર છે. એમ નામાદિ પાંચ પ્રકારે પદનો સંભવ છે છતાં કહે છે — અર્હત્ આદિ પદાદિ પર્યન્ત નિપત થાય છે માટે નિપાત. નિપાતથી આવેલ કે નિપાત વડે નિર્વૃત્ત હોવાથી નૈપાતિક કહ્યું. नमः નૈપાતિક પદ છે.

હવે પદાર્થ દ્વારઃ- - x - नम એ પૂજાર્થે છે. 'નમો અરહંતાણં' તે દ્રવ્ય-ભાવ સંકોચ લક્ષણ છે. તેમાં દ્રવ્ય સંકોચ તે હાથ, મસ્તક અને પગ આદિ વડે સંકોચ, ભાવ સંકોચ તે વિશુદ્ધ મનનો નિયોગ, દ્રવ્યભાવ સંકોચન પ્રધાન પદાર્થ. - x - અહીં ચતુર્ભંગી છે —

(૧) દ્રવ્ય સંકોચ હોય, ભાવ સંકોચ નહીં. જેમકે - પાલક. (૨) ભાવસંકોચ હોય દ્રવ્ય સંકોચ ન હોય જેમકે - અનુત્તર દેવ, (૩) દ્રવ્ય અને ભાવ બંનેથી સંકોચ, જેમકે - શાંબ, (૪) દ્રવ્ય-ભાવ બંને સંકોચનો અભાવ, તે શૂન્ય ભંગ છે. અહીં ભાવ સંકોચ પ્રધાન છે. દ્રવ્યસંકોચ પણ તેની શુદ્ધિ નિમિત્તે છે.

હવે પ્રરૂપણા દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

**• નિર્યુક્તિ-૮૯૧ :-**

***પ્રરૂપણા બે પ્રકારે છે — છ પદવાળી, નવ પદવાળી. છ પદ આ પ્રમાણે — શું, કોનું, કોનાથી, ક્યાં, કેટલો કાળ, કેટલાં પ્રકારે ? થાય.***

**• વિવેચન-૮૯૧ :-**

બે પ્રકારે — પ્રકૃષ્ટ-પ્રધાન કે પ્રગત અને રૂપણા - વર્ણના, તે પ્રરૂપણા. તેનું

દ્વૈવિધ્ય કહે છે — છ પદી, નવ પદી. ચ શબ્દથી પાંચ પદી. તેમાં છ પદો આ રીતે છે — શું ? વગેરે. તેમાં આધ દ્વાર અવયવાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૮૯૨ :-

***નમસ્કાર શું છે? નમસ્કાર પરિણત જીવ નમસ્કાર છે. પૂર્વપ્રતિપન્ન તો તે ઘણાં જીવોને છે. પ્રતિપધમાન અપેક્ષાથી એક જીવને કે અનેક જીવોને પણ છે.***

● વિવેચન-૮૯૨ :-

किं શબ્દ સર્વનામ નપુંસક નિર્દેશ છે. બધાં લિંગ સાથે યોગ અનુસાર સંબદ્ધ થાય છે. જેમકે किं सामायिकं? को नमस्कारः. તેમાં અજીવ આદિનો નિરાસ કરવા કહે છે — જીવ છે, અજીવ નથી. - x - x - x - સર્વ અસ્તિકાયમય સ્કંધ, તેનો દેશ તે જીવ. તે એકદેશત્વથી સ્કંધ ન થાય. અનેક સ્કંધની આપત્તિ થાય, અસ્કંધ પણ ન થાય કેમકે સ્કંધના અભાવનો પ્રસંગ થાય. વસ્તુ વિશેષત્વથી અનભિલાપ્ય ન થાય. તેથી નોસ્કંધ અર્થાત્ સ્કંધૈકદેશ છે. સ્કંધ દેશ વિશેષાર્થનો દ્યોતક નો શબ્દ છે.

એ પ્રમાણે નોગ્રામ પણ પણ કહેવું. વિશેષ એ કે — ગ્રામ - ચૌદ ભૂતગ્રામનો સમુદાય. એકેન્દ્રિય સૂક્ષ્મ અને બાદર, સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય, બેઈન્દ્રિય. તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય એ પર્યાપ્તા - અપર્યાપ્તા ભેદથી ચૌદ ગ્રામ થાય. પ્રસંગે આટલું કહ્યું, હવે ચાલુવાતને કહે છે —

સામાન્યથી અશુદ્ધ નયોના મતે જીવ. તેનું જ્ઞાન અને લબ્ધિયુક્ત કે યોગ્ય નમસ્કાર છે. શબ્દાદિ શુદ્ધ નયમતને આશ્રીને તત્પરિણત જીવ વર્તે છે. તે જ નમસ્કાર પરિણામ પરિણત જ નમસ્કાર છે, અપરિણત નહીં. એકત્વ અને અનેકત્વની વિચારણામાં નૈગમના સંગ્રહ, વ્યવહાર અંતર્ગતત્વથી સંગ્રહાદિ વડે જ વિચાર છે. તેમાં સંગ્રહનો નમસ્કાર જાતિ માત્રની અપેક્ષાપણાથી એક નમસ્કાર છે. વ્યવહારનો વ્યવહાર પરત્વથી ઘણાં નમસ્કાર છે. ઈત્યાદિ - x - x - किं દ્વાર કહ્યું.

હવે कस्य એ દ્વાર. અહીં પૂર્વ પર્તિપન્ન અને પ્રતિપધમાન અંગીકરણથી અભીષ્ટ અર્થ નિરૂપણાર્થે કહે છે — પૂર્વપ્રતિપન્ન જ જો અધિકાર કરાય તો તો વ્યવહારનય મતને આશ્રીને જીવોના અર્થાત્ જીવ સ્વામિક છ પ્રતિપધમાનને આશ્રીને જીવના કે જીવોના કહ્યા. ભાવાર્થ નયોથી કહેવો —

જેથી નમસ્કાર અને નમસ્કર્તા બંનેને આધીન નમસ્કાર કરણ છે. તેમાં નૈગમ અને વ્યવહારના મતે નમસ્કાર્યનો નમસ્કાર, ન કરવો. જો કે નમસ્કાર ક્રિયા નિષ્પાદક કર્તા છે તો પણ તેને નહીં કેમકે સ્વયં અનુપયુજ્યમાનત્વથી છે - યતિભિક્ષાવત્. તેથી કહે છે — ભિક્ષા નિષ્પાદકને ન આપવી, પણ ભિક્ષુને ભિક્ષા આપવી તે પ્રસિદ્ધ છે. અહીં સંબંધવિશેષ અપેક્ષાવશ પ્રાપ્ત આઠ ભંગો થાય છે. તે આ પ્રમાણે —

(૧) જીવના, (૨) અજીવના, (૩) જીવોના, (૪) અજીવોના, (૫) જીવના અને અજીવના (૬) જીવના અને અજીવોના, (૭) જીવોના અને અજીવના, (૮) જીવોના અને અજીવોના. અહીં તેના ઉદાહરણો કહે છે — (૧) જીવના તે જિનના જ અને અજીવના તે જિનેન્દ્રપ્રતિમાના. (૨) જીવોના તે યતિઓના, અજીવોના એટલે પ્રતિમાઓના. ઈત્યાદિ વૃત્તિમાં જણાવ્યા મુજબ જાણવા. - x - x -



સંગ્રહ મતે નમઃ સામાન્ય માત્ર છે અને તેના સ્વામી માત્ર વસ્તુનો જીવ 'નમ' એ તુલ્યાધિકરણ છે. કેમકે તેનો અભેદ પરમાર્થત્વથી છે. કોઈ તો શુદ્ધતર - પૂજ્યજીવપૂજક જીવ સંબંધથી જીવનો જ નમસ્કાર એ એક ભંગ છે. ઋજુસૂત્ર મતે નમસ્કારનો જ્ઞાનક્રિયા શબ્દ રૂપત્વથી તેના કર્તાનો અનર્થાન્તરપણાથી કર્તૃસ્વામીક જ છે. શબ્દાદિનો પણ આ જ પ્રમાણે છે. ઈત્યાદિ - - x - x - 'कस्य' દ્વાર કહ્યું, હવે केन દ્વારની નિરૂપણા - કયા સાધન વડે નમસ્કાર સધાય છે? તેની આ ગાથા છે —

● નિર્યુક્તિ-૮૯૩ :-

***જ્ઞાનાવરણીય અને દર્શનમોહના. ક્ષયોપશમથી નમસ્કાર પ્રાપ્ત થાય છે. જીવમાં, અજીવમાં ઈત્યાદિ આઠ ભંગોમાં સર્વત્ર હોય છે.***

● વિવેચન-૮૯૩ :-

'જ્ઞાનાવરણીય' એમ સામાન્ય શબ્દ છતાં મતિ અને શ્રુતજ્ઞાન આવરણીય ગ્રહણ કરાય છે. કેમકે તે મતિ અને શ્રુતજ્ઞાન અંતર્ગતત્વથી છે, તથા સમ્યગ્દર્શનના સાહચર્યથી જ્ઞાનના અને દર્શન મોહનીયના ક્ષયોપશમથી સધાય છે. - x - તેના આવરણ બે પ્રકારના સ્પર્ધકો હોય છે — સર્વોપઘાતી અને દેશોપઘાતી. તેમાં બધાં સર્વઘાતિમાં અને ઉદ્ઘાતિતોમાં દેશોપઘાતિના પ્રતિસમયે વિશુદ્ધિ અપેક્ષાએ અનંત ભાગોથી ક્ષયને પામીને વિમુક્ત થતા ક્રમથી પહેલો અક્ષર પામે છે. એ પ્રમાણે એક એક વર્ણ પ્રાપ્તિથી સમસ્ત નમસ્કાર [નવકાર] પામે છે.

હવે कस्मिन् દ્વાર - શેમાં? અહીં અધિકરણ છે, અધિકરણ એટલે આધાર. તે ચાર ભેદે છે, તે આ પ્રમાણે — વ્યાપક, ઔપશ્લેષિક, સામીપ્યક, વૈષયિક. તેમાં (૧) વ્યાપક - તલમાં તેલ, (૨) ઔપશ્લેષિક-સાદડી ઉપર બેસો, (૩) સામીપ્યક - ગંગા કિનારે ઘોષ, (૪) વૈષયિક - રૂપમાં ચક્ષુ તેમાં પહેલા ભેદ અભ્યંતર ચે, બાકીના બાહ્ય છે. તેમાં નૈગમ અને વ્યવહાર બંને બાહ્યને ઈચ્છે છે, તેમના મતના અનુવાદી સાક્ષાત્ આ ગાથા ખંડમાં કહે છે — જીવ અજીવ - x - તત્ત્વતઃ જીવઅજીવ આદિ આઠ ભંગોમાં થાય છે સર્વત્ર એ પ્રમાણે ભાવના કરવી. નમસ્કાર જ જીવના ગુણત્વથી જીવ છે. તે જ્યારે ગજેન્દ્ર આદિમાં હોય ત્યારે જીવ છે, જ્યારે સાદડી આદિમાં હોય ત્યારે અજીવ છે, જ્યારે ઉભયાત્મક હોય ત્યારે જીવાજીવ છે. એ પ્રમાણે એકવચન, બહુવચનના ભેદથી આઠ ભંગો પૂર્વોક્ત જ યોજવા.

[શંકા] પૂજ્ય નમસ્કારના એ પ્રમાણે નૈગમ અને વ્યવહારનય છે, તે જ કેમ આધાર ન થાય ? કે જેથી પૃથક્ ઈચ્છે છે. [સમાધાન] અવશ્ય સ્વથી કે સ્વઆત્મમાં થાય જ તેમ નહીં, અન્યત્ર પણ હોય. જેમકે દેવદત્તના ધાન્ય ક્ષેત્ર. तु શબ્દથી શેષ નયનો આક્ષેપ કર્યો. સંક્ષેપથી દર્શાવે છે —

તેમાં સંગ્રહ અભેદ પરમાર્થત્વથી કોઈક વસ્તુ માત્રમાં ઈચ્છે છે કોઈક તેના ધર્મત્વથી જીવ કહે છે. ઋજુસૂત્ર જીવત્વથી જીવ જ માને છે.

[શંકા] ઋજુસૂત્ર અન્ય આધાર પણ ઈચ્છે છે જ "આકાશમાં વસતિ" એ વચનથી [સમાધાન] તે દ્રવ્ય વિવક્ષાથી છે, ગુણ વિવક્ષાથી નહીં. શબ્દ આદિ

ઉપયુક્ત જ્ઞાનરૂપ જીવ જ ઈચ્છે છે, અન્યત્ર નહીં, શબ્દ ક્રિયારૂપ પણ નહીં. - - હવે 'क्रियच्चिर' કેટલા કાળે થાય છે, તે બતાવે છે —

• **નિર્યુક્તિ-૮૯૪ :-**

***ઉપયોગને આશ્રીને અંતર્મુહૂર્ત અને લબ્ધિને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ હોય છે. અરહંતાદિ પંચવિધને નમસ્કાર પાંચ પ્રકારે છે.***

• **વિવેચન-૮૯૪ :-**

ઉપયોગને આશ્રીને જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સ્થિતિ જાણવી. લબ્ધિ ક્ષયોપસમથી થાય, તે જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત જ હોય, ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ સમ્યક્ત્વ કાળ જાણવો. આ એક જીવને આશ્રીને કહ્યું, વિવિધ જીવોને વળી અધિકૃત્ય ઉપયોગ અપેક્ષાથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી તેમજ છે. લબ્ધિથી સર્વકાળ હોય છે.

કતિવિધ - નમસ્કાર કેટલા ભેદે ? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદાદિથી પાંચ પ્રકારે છે. આના દ્વારા અર્થાન્તરથી વસ્તુ સ્થિતિ વડે 'नमः' પદનો અભિસંબંધ કહે છે.

આ રીતે છ પદ પ્રરૂપણા કહી, હવે નવપદ પ્રરૂપણા કહે છે —

• **નિર્યુક્તિ-૮૯૫ :-**

***૧- સત્પદ પ્રરૂપણા, ૨- દ્રવ્ય પ્રમાણ, ૩- ક્ષેત્ર, ૪- સ્પર્શના, ૫- કાળ, ૬- અંતર, ૭- ભાગ, ૮- ભાવ, ૯- અલ્પબહુત્વ. નવ પદ છે.***

• **વિવેચન-૮૯૫ :-**

(૧) સત્ - સદ્ભુત, વિદ્યમાન. સત્ એવું તે પદ - સત્પદ, તેની પ્રરૂપણા કરવી તે સત્પદ પ્રરૂપણા. (૨) જેથી નમસ્કાર જીવ દ્રવ્યથી અભિન્ન છે. તેથી દ્રવ્ય પ્રમાણ કહેવું જોઈએ. નમસ્કારવાળા જીવદ્રવ્યો કેટલા છે? (૩) ક્ષેત્ર - કેટલા ક્ષેત્રમાં નમસ્કાર. એ પ્રમાણે ૪ થી ૬ - સ્પર્શના, કાળ અને અંતર કહેવું તથા (૭) ભાગ - નમસ્કારવાળા શેષ જીવો કેટલા ભાગમાં વર્તે છે? (૮) ભાવ-કયા ભાવમાં છે? (૯) અલ્પબહુત્વ - પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનકની અપેક્ષાથી કહેવું. વિસ્તાર અર્થે પ્રતિદ્વાર કહે છે —

• **નિર્યુક્તિ-૮૯૬,૮૯૭ :-**

***વિવક્ષિત વર્તમાન સમયમાં નમસ્કારના પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનને આશ્રીને ગતિ, ઈન્દ્રિય, કાય, વેદ, યોગ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ અને ચરમ વિશે માર્ગણા કરવી.***

• **વિવેચન-૮૯૬,૮૯૭ :-**

આ બંને ગાથા પીઠિકામાં વ્યાખ્યાત કરી હોવાથી અહીં વિવરણ કરતા નથી. ત્રણ અનુક્તદ્વારનો અવયવાર્થ પ્રતિપાદન કરવા કહે છે —

• **નિર્યુક્તિ-૮૯૮ :-**

***નમસ્કાર પ્રતિપન્ન ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હોય અને***





***ક્ષેત્રલોકના ચૌદભાગમાં સાત ભાગ પ્રમાણ છે. તથા સ્પર્શના પણ એમ જ છે.***

• **વિવેચન-૮૯૮ :-**

નમસ્કાર પ્રતિપન્ન જીવરાશિ પ્રમાણ સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે રહેલ આકાશપ્રદેશ પ્રમાણ છે. ક્ષેત્રલોકવાળો ગાથાર્થ કહ્યો. વિશેષ એ - અધોલોકમાં $^{5}/_{૧૪}$ ભાગ હોય. સ્પર્શના એ પ્રમાણે જ છે. વિશેષ એ - પર્યન્તવર્તી પ્રદેશોને સ્પર્શે છે, એમ ભેદથી કહ્યું.

હવે કાલદ્વારનો અવયવાર્થ કહે છે —

• **નિર્યુક્તિ-૮૯૯ :-**

***એક જીવને આશ્રીને પૂર્વે બતાવ્યા મુજબ કાળ જાણવો. વિવિધ જીવને આશ્રીને સર્વકાળ નમસ્કારનો જાણવો. અંતરને આશ્રીને એક જીવને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે.***

• **વિવેચન-૮૯૯ :-**

એક જીવને આશ્રીને છ પદ પ્રરૂપણામાં જેમ કાળ કહ્યો તેમજ જાણવો. વિવિધ જીવોને આશ્રીને પણ તેમજ છે. - x - બાકી ગાથાર્થ મુજબ.

• **નિર્યુક્તિ-૯૦૦ :-**

***ઉત્કૃષ્ટથી અંતર દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળ છે. વિવિધ જીવને આશ્રીને અંતર નથી. ભાવને વિશે ક્ષયોપશમ ભાવમાં નમસ્કાર છે.***

• **વિવેચન-૯૦૦ :-**

અહીં ઉત્કૃષ્ટથી કહ્યું તે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત. વિવિધ જીવને આશ્રીને સદા અવ્યવચ્છિન્નપણાથી અંતર નથી. ભાવથી ક્ષયોપશમમાં કહ્યું તે પ્રાચુર્યને આશ્રીને કહેલ છે. અન્યથા કોઈ એક તો ક્ષાયિક અને ઔપશમિકમાં પણ કહે છે. ક્ષાયિકમાં - શ્રેણિકની જેમ. ઔપશમિકમાં - શ્રેણી અંતર્ગત્ જીવોને. - x - x -

હવે ભાગદ્વારની વ્યાખ્યા —

• **નિર્યુક્તિ-૯૦૧ :-**

***સર્વ જીવોનો અનંતમો ભાગ નમસ્કારને પામેલ છે. બાકી અનંતગણા મિથ્યાદૃષ્ટિ છે. નમસ્કારને યોગ્ય વસ્તુ અરિહંતાદિ પાંચ છે, તેનો હેતુ આ છે —***

• **વિવેચન-૯૦૧ :-**

જીવોનો અનંતભાગ નમસ્કારને પામેલ છે. - x - અલ્પબહુત્વ દ્વાર જેમ પીઠિકામાં મતિ જ્ઞાનાધિકાર માફક જાણવું. હવે च શબ્દને આક્ષેપથી પંચવિધ પ્રરૂપણાને અનભિધાનથી પશ્ચાર્ધથી વસ્તુદ્વારની નિરૂપણાને માટે કહે છે — વસ્તુ દ્રવ્ય દલિક યોગ્ય અર્હમ્એ અનર્થાન્તર છે. વસ્તુ નમસ્કારને યોગ્ય અરહંતાદિ પાંચ જ છે. તેમાં વસ્તુત્વથી નમસ્કાર અર્હત્વમાં આ હેતુ - કહેવાનાર લક્ષણ છે.

હવે च શબ્દ સૂચિત પંચવિધ પ્રરૂપણાને કહે છે —

• **નિર્યુક્તિ-૯૦૨ :-**

***આરોપણા, ભજના, પૃચ્છા, દાપના, નિર્યાપણા એ પાંચ પ્રકારે નમસ્કાર, અનમસ્કાર, નોનમસ્કાર, નોઅનમસ્કાર એમ નવ ભેદ છે.***

● વિવેચન-૯૦૨ :-

આરોપણા, ભજના, પૃચ્છા, દાયના – દર્શના કે દાપના અને નિર્યાપના, તેમાં શું જીવ જ નમસ્કાર છે ? અથવા નમસ્કાર જ જીવ છે એ પ્રમાણે પરસ્પર અવધારણા આરોપણા છે તથા જીવ જ નમસ્કાર એ ઉત્તરપદ અવધારણ છે. અજીવથી વ્યવચ્છિદ્ય જીવ જ નમસ્કાર અવધારે છે જીવ તો અનવધારિત છે. નમસ્કાર કે અનમસ્કાર છે. આ એકપદના વ્યભિચારથી ભજના છે. જીવ નમસ્કાર શું વિશિષ્ટ છે ? અથવા અનમસ્કાર શું વિશિષ્ટ છે, તે પૃચ્છા. અહીં પ્રતિ ઉત્તર દાપના - નમસ્કાર પરિણત જીવ છે, નમસ્કાર અપરિણત નથી. નિર્યાપના તો આ જ નમસ્કાર પર્યાય પરિણત જીવ નમસ્કાર છે. નમસ્કાર પણ જીવ પરિણામ જ છે, અજીવ પરિણામ નથી. અહીં આમ સમજવું કે – દાપના એ પ્રશ્નાર્થ વ્યાખ્યાન છે, નિર્યાપના એ તેનું નિગમન છે અથવા આ બીજી ચાર ભેદે પ્રરૂપણા છે –

તેમાં પ્રકૃતિ अकार, नोकार ઉભય નિષેધને આશ્રીને ચાર ભેદપણું છે. પ્રકૃતિ - સ્વભાવ, શુદ્ધતા જેમકે નમસ્કાર. તે જ नञ् ના સંબંધથી અકારયુક્ત છે - તેથી અનમસ્કાર. તે જ નો શબ્દનો ઉપપદથી નો નમસ્કાર, ઉભયના નિષેધથી નોઅનમસ્કાર.

તેમાં 'નમસ્કાર' તે તેમાં પરિણત જીવ, અનમસ્કાર તે તેમાં અપરિણત જીવ, લબ્ધિ શૂન્ય કે બીજો કોઈ. અથવા નો આદિ યુક્ત નમસ્કાર અને અનમસ્કાર, આના દ્વારા બે ભંગ આક્ષેપ જાણવો. નો શબ્દ વડે આદિ યુક્ત જે નમસ્કાર કે અનમસ્કાર તેની આ અક્ષરગમનિકા કહી.

તેમાં નોનમસ્કાર વિવક્ષાથી દેશ નમસ્કાર કે અનમસ્કાર થાય. કેમકે નો શબ્દ દેશ કે સર્વ નિષેધપરત્વથી છે. નોઅનમસ્કાર પણ દેશ અનમસ્કાર કે નમસ્કાર છે કેમકે દેશથી કે સર્વથી નિષેધત્વ છે. આ ચાર ભેદો કહ્યા. આનો નૈગમાદિનય અભ્યુપગમ પૂર્વોક્ત અનુસાર કહેવો. નવધા વા - પૂર્વોક્ત પાંચ ભેદ અને આ ચાર ભેદ એ રીતે નવ પ્રકારે પ્રરૂપણા બીજા પ્રકારથી જાણવી. પ્રરૂપણા દ્વાર કહ્યું.

આ નિઃશેષ છે. હવે ગાથાના ખંડ वत्थुं त० કહી છે, તે અવસર પ્રાપ્ત અને વસ્તુદ્વારના વિસ્તારથી વ્યાખ્યા કરે છે. - x - x - તે વસ્તુત્વમાં આ હેતુ છે, તેથી અહીં હેતુ કહે છે, તેની ગાથા –

● નિર્યુક્તિ-૯૦૩ :-

***માર્ગ, અવિપ્રનાશ, આચાર, વિનયતા, સહાયત્વ એ પાંચ હેતુથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.***

● વિવેચન-૯૦૩ :-

માર્ગ આદિ પાંચ અરહંતાદિના નમસ્કાર યોગ્યતામાં આ હેતુઓ છે. - x - અહીં આ ભાવના છે - અરહંતના નમસ્કાર યોગ્યતામાં માર્ગ - સમ્યગ્દર્શનાદિ લક્ષણ હેતુ છે, જે કારણે તેઓએ દેખાડ્યો, તે કારણે મુક્તિ છે, કેમકે તેનાથી પરંપરાએ મુક્તિનો હેતુ હોવાથી પૂજ્ય છે. સિદ્ધોના નમસ્કાર યોગ્યતામાં અવિપ્રનાશ, શાશ્વતત્વ હેતુ છે. તેથી કહે છે – તેના અવિપ્રનાશને જાણીને પ્રાણીઓ સંસારની વિમુખતાથી મોક્ષને માટે ઘટે છે.



આચાર્યની નમસ્કાર યોગ્યતામાં આચાર જ હેતુ છે, તેથી કહે છે – તે આચારવાન્ અને આચાર કહેનારાને પામીને પ્રાણી આચારજ્ઞાન અનુષ્ઠાનને માટે થાય છે. ઉપાધ્યાયોની નમસ્કાર યોગ્યતામાં વિનય હેતુ છે. તેઓ સ્વયં વિનીત થઈને શરીરીના કર્મના વિનયમાં સમર્થ થાય છે. સાધુની નમસ્કાર યોગ્યતામાં સહાયપણું એ હેતુ છે. તેઓ મોક્ષે જવામાં - x - સહાયક બને છે.

એ પ્રમાણે સંક્ષેપથી અરહંતાદિના નમસ્કારપણાથી માર્ગ આદિ ગુણો કહ્યા. હવે પ્રપંચથી ગુણોને દર્શાવવા કહે છે –

● નિર્યુક્તિ-૯૦૪ :-

***૧- અટવીમાં માર્ગ બતાવનાર, ૨- સમુદ્રમાં નિર્યામક, ૩- છકાય રક્ષણાર્થે મહાગોપ તેને કહેવાય છે.***

● વિવેચન-૯૦૪ :-

અટવીમાં અરહંતે માર્ગ બતાવ્યો, તે પ્રમાણે સમુદ્રમાં નિર્યામક અને ભગવંતે જ છકાય રક્ષણને માટે જે કારણે પ્રયત્ન કર્યો તેથી મહાગોપ, તેને કહેવાય છે. અવયવાર્થ પ્રતિદ્વારે કહે છે - x -

● નિર્યુક્તિ-૯૦૫,૯૦૬ :-

***જેમ વિઘ્નવાળી અટવીને સાર્થવાહ ઓળંગાવી આપે છે અને તેના માર્ગદર્શનથી મુસાફરો ઈપ્સિત નગરને પામે છે, તેમ જિનેશ્વરે ઉપદેશેલ માર્ગે સંસારરૂપી અટવીને ઓળંગી જીવો નિર્વૃત્તિ પુરીને પામે છે. તેથી જિનેશ્વરોને અટવીમાં સાર્થવાહ જાણવા.***

● વિવેચન-૯૦૫,૯૦૬ :-

અટવી, 'સપ્રત્યપાય'-વાઘ આદિ ઘણાં વિઘ્નો, 'વોલેત્ત' - ઉલ્લંઘીને, 'દેશિકોપદેશ' નિપુણ માર્ગજ્ઞઉપદેશ. 'ઈષ્ટપુર' - ઈષ્ટ પત્તન. ભવ અટવી પણ ઉલ્લંઘીને. નિવૃત્તિપુરી - સિદ્ધિપુર, જિનોપદિષ્ટ માર્ગથી પણ બીજાના ઉપદેશથી નહીં. ગાથાર્થ કહ્યો છે. હવે વિસ્તાર અર્થ માટે કથાનક –

અહીં અટવી બે પ્રકારે – દ્રવ્ય અટવી અને ભાવ અટવી. તેમાં દ્રવ્ય અટવીમાં આ દૃષ્ટાંત છે – વસંતપુર નગર હતું, ધનસાર્થવાહ હતો. તે બીજા નગરે જવા માટે ઘોષણા કરાવે છે – જેમ નંદીફલજ્ઞાતમાં કહ્યું તેમ જાણવું. ત્યારે તેમાં ઘણાં કાર્પટિકાદિ એકઠા થયા. તે તેમને મળીને માર્ગના ગુણોને કહે છે – એક માર્ગ ઋજુ છે, એક માર્ગ વક્ર છે. જે વક્ર છે તેનાથી કંઈક સુખેસુખે જવાય છે, ઘણાં કાળે ઈચ્છિત નગર પ્રાપ્ત થાય છે. પુરો થયા પછી તે માર્ગ પણ ઋજુ માર્ગે જ ઉતરે છે. પણ ઋજુમાર્ગ નાનો અને કષ્ટવાળો છે.

તે કઈ રીતે? તે ઘણો વિષમ છે પણ શ્લક્ષ્ણ છે. તેમાં જતાં જ બે મહાઘોર વાઘ અને સિંહ વસે છે. તે બંને તેના પગ પકડી લે છે. તેને મૂક્યા વગર રસ્તો મળતો નથી. પુરો થાય ત્યાં સુધી અનુવર્તે છે. અહીંના વૃક્ષો મનોહર છે, તેની છાયામાં વિશ્રામ ન કરવો. તેની છાયા મારણપ્રિય છે પડેલા પાંડુપત્રોની નીચે મુહૂર્ત માટે વિશ્રામ કરવો મનોહરરૂપધારી અને ઘણાં મધુર વચનથી અહીં માર્ગાન્તર સ્થિત

પુરુષો બોલાવે છે. તેમના વચન ન સાંભળવા, સાર્થિકોને ક્ષણવાર માત્ર મુકવા નહીં. એકલાને નિયમથી ભય છે. દુરંત ઘોર દવાગ્નિ અપ્રમત્ત પણે શાંત કરવો. ન શાંત કરેલ અગ્નિ નિયમથી બાળે છે. પછી દુર્ગ ઉચ્ચ પર્વત ઉપયોગપૂર્વક ઓળંગવો, ન ઓળંગો તો નક્કી મૃત્યુ થશે. પછી મોટી અતિગુપિલ ખાઈ વાંસકુડંકી જલ્દી ઓળંગવી. તેમાં રહેવામાં ઘણાં દોષ છે. પછી નાનો ખાડો છે. તેની નજીક મનોરથ નામે બ્રાહ્મણ નિત્ય નજીક રહે છે. તેની વાત ન સાંભળી, ખાડો ન પૂરવો, જો તેને પૂરશો તો માર્ગ ભાંગવો ઘણો મોટો થઈ જશે. અહીં દિવ્ય ફળો છે, તે પાંચ પ્રકારના અને નેત્રોને સુખકર છે. તે કિંપાક ફળ છે માટે જોવા કે ખાવા નહીં. અહીં બાવીશ મહાકરાલ પિશાચો ક્ષણે ક્ષણે અભિદ્રવે છે, તેને પણ ગણકારવા નહીં. તેના ભોજન-પાન વિભાગથી દુર્લભ અને વિરસ છે. અપ્રયાણ ન કરતાં અનવરત ચાલવું. રાત્રે પણ માત્ર બે પ્રહર સુવું, બાકીના બેમાં ચાલવું એ પ્રમાણે જતાં-જતાં હે દેવાનુપ્રિયો ! જલ્દીથી અટવી પાર થશે. પાર કરીને તે એકાંતે દુર્ગતિ વર્જીને પ્રશસ્ત શિવપુરે જવાશે. પછી ત્યાં કોઈ કલેશ થશે નહીં. ઈત્યાદિ ઈત્યાદિ - x - x -

એ પ્રમાણે દ્રવ્ય અટવી માર્ગોપદેશ જાણ્યો.

હવે ભાવ અટવી માર્ગોપદેશ જ્ઞાત યોજે છે. સાર્થવાહના સ્થાને અરહંત છે, ઉદ્‌ઘોષણાના સ્થાને ધર્મકથા છે. તટિકાદિ સ્થાને જીવો છે. અટવી સ્થાનીય સંસાર છે. ઋજુએ સાધુમાર્ગ છે. વક્રએ શ્રવકમાર્ગ છે. પ્રાપ્યપુર સ્થાનીય મોક્ષ છે. વાઘ અને સિંહતુલ્ય રાગ અને દ્વેષ છે. મનોહર વૃક્ષ છાયા સ્થાનીય સ્ત્રી આદિ સંસક્ત વસતિ છે. પરિ શટિત સ્થાનીય અનવદ્ય વસતિ છે. માર્ગતટસ્ત બોલાવનાર પુરુષોને સ્થાને પાર્શ્વસ્થાદિ અકલ્યાણ મિત્રો છે. સાર્થિકના સ્થાને સાધુઓ છે. દવાગ્નિ સ્થાને ક્રોધાદિ કષાયો છે અને ફળ સ્થાનીય વિષયો છે. પિશાચના સ્થાને બાવીશ પરીષહો છે. એષણીય ભોજન-પાનમાં નિત્ય ઉદ્યમ કરવો. બે પ્રહર સ્વાધ્યાય કરવો નગર પ્રાપ્ત થતાં મોક્ષનું સુખ છે.

આ કારણે તે નગરે જવાની ઈચ્છાવાળા લોકો જનઉપદેશદાન આદિ ઉપકાર સાર્થવાહને નમસ્કાર કરે છે. એ પ્રમાણે મોક્ષના અર્થીઓએ તે ભગવંતને નમસ્કાર કરવો જોઈએ. તથા કહે છે —

**● નિર્યુક્તિ-૯૦૭,૯૦૮ :-**

***જેમ આ લોકમાં તે પોતાના નગરે જવાની ઈચ્છાવાળો માણસ તે સાર્થવાહને પરમોપકારી માની, વિઘ્ન નિવારક જાણીને ભક્તિથી નમન કરે છે, તેમ મોક્ષાર્થીના વિઘ્નો નિવારી રાગ-મદ-મોહ રહિત જિનેન્દ્ર તેમને મોક્ષનગરીમાં લઈ જાય છે, તેથી પરમોપકારી હોવાથી અરહંતો ભાવથી નમસ્કરણીય છે જ.***

**● વિવેચન-૯૦૭,૯૦૮ :-**

ગાથા બંનેનો અર્થ કહ્યો. વિશેષ આ - મદ એટલે દ્વેષ.

**● નિર્યુક્તિ-૯૦૯ :-**

***સંસાર અટવીમાં - કે જે મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત માર્ગ છે તેમાં જેણે માર્ગદેશકપણું કરેલ છે, તે અરિહંતને પ્રણામ કરું છું.***



**● વિવેચન-૯૦૯ :-**

સંસાર અટવી, કેવી છે ? મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત માર્ગ વાળી, તેમાં, જેણે દેશકત્વ કર્યુ, તે અરહંતને અભ્યર્થુ છું. જોઈને અને જાણીને સમ્યક્ માર્ગને સેવવો, અન્યથા નહીં, તે કહે છે —

**● નિર્યુક્તિ-૯૧૦ :-**

***સમ્યગ્દર્શનથી દૃષ્ટ, જ્ઞાનથી સારી રીતે જાણેલ નિર્વાણમાર્ગનું જિનેન્દ્રોએ ચરણ-કરણથી આસેવન કરેલ છે.***

**● વિવેચન-૯૧૦ :-**

અવિપરિત દર્શનથી જોયેલ, જ્ઞાન વડે તેને યથાવસ્થિત તે અરહંત વડે જાણેલ, ચરણ અને કરણ એવા એકવત્ ભાવથી જિનેન્દ્રો વડે આસેવિત મોક્ષમાર્ગ છે. તેમાં चरण - વ્રત આદિ. करण - પિંડ વિશુદ્ધિ આદિ. જેમ કહેલ છે કે — વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મગુપ્તિ, જ્ઞાનાદિ ત્રિક, તપ, કોપનિગ્રહાદિને ચરણ જાણવું. — તથા — પિંડ વિશુદ્ધિ, સમિતી, ભાવના, પ્રતિમા, ઈન્દ્રિયનિરોધ, પડિલેહણ, ગુપ્તી અને અભિગ્રહને કરણ જાણવું. - - - માત્ર તેઓ કહેતા નથી, પણ આ જ માર્ગે નિર્વૃત્તિપુરીને પામ્યા પણ છે, તે જણાવે છે —

**● નિર્યુક્તિ-૯૧૧ :-**

***તેઓ સિદ્ધિરૂપ વસતિને પામ્યા, નિર્વાણસુખને પ્રાપ્ત કર્યું, શાશ્વત, અવ્યાબાધ અને અજરામર સ્થાનને પામ્યા.***

**● વિવેચન-૯૧૧ :-**

સિદ્ધિવસતિ — મોક્ષાલય, ઉપગત-સામીપ્યથી, કર્મરહિતતાથી પામ્યા. આના વડે એકેન્દ્રિય જીવોના સામીપ્યનો વિચ્છેદ કર્યો. સિદ્ધો ત્યાં કેવા સુખ દુઃખરહિત રહે છે, તે દર્શાવે છે — નિર્વાણ સુખ એટલે નિરતિશય સુખને પામેલા છે. તેઓ કેવા દર્શન પરિભવાદિથી અહીં ન આવે, તે કહે છે. તે સ્થાન નિત્ય છે. વ્યાબાધા રહિત છે, જરામરણરહિત સ્થાન છે.

હવે બીજા દ્વારની વ્યાખ્યા કરે છે.

**● નિર્યુક્તિ-૯૧૨ :-**

***જેમ નિર્યામક સારી રીતે સમુદ્રને પાર પમાડે છે, તેમ જિનેશ્વર સંસાર સાગરને પાર પમાડે છે, તેથી તેઓ નમસ્કારને યોગ્ય છે.***

**● વિવેચન-૯૧૨ :-**

प्रापयन्ति - લઈ જાય છે, જે પ્રકારથી, पार - પર્યન્ત, सम्यक् શોભન વિધિ વડે નિર્યામક, કોની ? સમુદ્રની, તે પ્રમાણે જિનેન્દ્રો પણ ભવસમુદ્રનો પાર પમાડે છે. તે કારણથી અરહંતો નમસ્કરણીય છે.

તે સંક્ષેપાર્થ કહ્યો. ભાવાર્થ આ પ્રમાણે છે —

નિર્યામકો બે ભેદે - દ્રવ્ય નિર્યામક અને ભાવ નિર્યામક. દ્રવ્ય નિર્યામકમાં ઉદાહરણ પૂર્વવત્, ‘ઘોષણા’ કહેવી. અહીં આઠ વાયુ વર્ણવવા. તે આ પ્રમાણે — પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, ઉત્તરનો વાયુ, દક્ષિણનો વાયુ, ઈશાની તે સત્ત્વાસુક વાયુ,

અગ્નિનો તે તુંગાર, નૈઋત્યનો તે બીજાપ અને વાયવ્યનો તે ગર્ભ જ વાયુ જાણવો. ઈત્યાદિ - x - x - બીજા પણ આઠ વાયુ મળીને કુલ સોળ પ્રકારના વાયુ થાય છે.

તેમાં જેમ સમુદ્રમાં કાલિકાવાત રહિત ગર્જભાનુકૂલ વાયુમાં નિપુણ નિર્યામક સહિત, નિશ્છિદ્ર વહાણ ઈચ્છિત નગરે પહોંચાડે છે, તેમ —

**● નિર્યુક્તિ-૯૧૩ :-**

***મિથ્યાત્વરૂપી કાલિકાવાતરહિત, સમ્યકત્વ રૂપ ગર્જભવાયુ વડે એક સમયમાં સિદ્ધિવસતિ નગરે જહાજ પહોંચી જાય છે.***

**● વિવેચન-૯૧૩ :-**

મિથ્યાત્વ એ જ કાલિકાવાયુ છે, તેનાથી રહિત ભવસમુદ્રમાં તથા સમ્યકત્વ રૂપ અનુકૂળ વાયુ વાતા, (કેમકે) કાલિક વાયુ અસાધ્ય છે જ્યારે ગર્ભજવાયુ અનુકૂળ છે. પોત - બોધિસ્થ જીવ, તેના નિર્યામકના ઉપકારથી પહોંચે છે. તેમાં સાંયાત્રિક સાર્થ, નિર્યામકને લાંબી યાત્રાએ જતાં સિદ્ધિને માટે પૂજે છે. એ પ્રમાણે ગ્રંથકાર પણ સિદ્ધિ નગર પ્રતિ પ્રસ્થિત અભિષ્ટ યાત્રાની સિદ્ધિને માટે નિર્યામક રત્ન એવા તીર્થંકરને સ્તવે છે —

**● નિર્યુક્તિ-૯૧૪ :-**

***નિર્યામકોમાં રત્નસમાન, ત્રણ દંડથી વિરત, અમૂઢ જ્ઞાનરૂપ મતિના ધારક કર્ણધારને વિનયથી નમેલો હું ત્રિવિધે વંદન કરું છું.***

**● વિવેચન-૯૧૪ :-**

નિર્યામકરત્ન - અરહંત, અમૂઢજ્ઞાન - યથાવસ્થિત જ્ઞાનવાળા, મનન તે મતિ-સંવિદ જ, તે જ જેમાં કર્ણધાર છે, તેવા પ્રકારના તેઓને વિનયથી પ્રણમેલો ત્રિવિધે ત્રિદંડવિરતને વાંદુ છું.

હવે ત્રીજા દ્વારની વ્યાખ્યા કહે છે —

**● નિર્યુક્તિ-૯૧૫ થી ૯૧૭ :-**

***જેમ ગોવાળ ગાયોને સાપ, જંગલી પશુ આદિ દુર્ગથી બચાવે છે, પ્રચુર ઘાસ, પાણી આદિ મળતા હોય તેવા વનોમાં લઈ જાય છે, તેમ જીવનિકાયરૂપી ગાયોને અરિહંતો મરણાદિ ભયો વગેરેથી બચાવે છે અને નિર્વાણરૂપી વનમાં મોકલે છે. તેથી જિનેશ્વરો મહાગોપ છે. એમ ઉપકારી હોવાથી અને લોકોત્તમ ભાવોને પામેલા હોવાથી જિનેન્દ્રો બધે બધાં ભવ્યજીવ રૂપી લોકને નમસ્કાર કરવા યોગ્ય છે.***

**● વિવેચન-૯૧૫ થી ૯૧૭ :-**

ત્રણે ગાથાનો અર્થ કહ્યો. એ પ્રમાણે ઉક્ત પ્રકારે નમો અરહંતાણં ના હેતુમાં ગુણો પ્રતિપાદિત કર્યા. હવે બીજા પ્રકારે તે ગુણો કહે છે —

**● નિર્યુક્તિ-૯૧૮ :-**

***રાગ, દ્વેષ, કષાય, પાંચે ઈન્દ્રિયો, પરીષહ, ઉપસર્ગ આ બધાને નમાવે છે માટે અરહંત નમસ્કારને યોગ્ય છે.***

**● વિવેચન-૯૧૮ :-** *[ચૂર્ણિમાં પણ સુંદર વિવેચન છે.]*

- x - જેના વડે કે જેનામાં રંગાય-રંજન પામે તે રાગ. તે રાગ નામ આદિ ચાર



ભેદે છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યરાગ બે પ્રકારે છે — આગમથી અને નોઆગમથી. આગમથી રાગ પદાર્થને જાણે પણ તેમાં ઉપયુક્ત ન હોય. નો આગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર, તેનાથી વ્યતિરિક્ત એવા ત્રણ ભેદો છે. વ્યતિરિક્ત પણ કર્મદ્રવ્ય રાગ અને નોકર્મ દ્રવ્યરાગથી છે. તેમાં કર્મદ્રવ્યરાગ ચાર ભેદે છે, તે આ રીતે —

(૧) રાગવેદનીય પુદ્ગલ યોગ્ય, (૨) બધ્યમાનક - બંધાતા, (૩) બદ્ધ અને (૪) ઉદીરણા આવલિકાને પ્રાપ્ત. બંધ પરિણામ અભિમુખ યોગ્ય, બંધ પરિણામ પ્રાપ્ત. તે બધ્યમાનક, નિર્વૃત્ત બંધ પરિણામ સત્કર્મતાથી સ્થિત જીવે આત્મસાત્ કરેલા તે બદ્ધ, ઉદીરણા કરણથી ખેંચીને ઉદીરણાવલિકામાં આણેલા તે ચરમ અને નોકર્મદ્રવ્યરાગ તે કર્મરાગનો એક દેશ કે તેનાથી અન્ય. તદન્ય બે ભેદે છે — પ્રાયોગિક અને સ્વાભાવિક. તેમાં પ્રાયોગિક તે કુસુંભરાગાદિ અને વૈશ્રસિક તે સંધ્યાભ્રરાગાદિ.

ભાવ રાગ પણ આગમ અને નો આગમથી બે ભેદે છે. આગમથી રાગ પદાર્થનો જ્ઞાતા અને તેમાં ઉપયોગવાળો. નોઆગમથી રાગવેદનીય કર્મથી ઉત્પન્ન પરિણામ વિશેષ. તે બે ભેદે છે — પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં અપ્રશસ્ત રાગ ત્રણ ભેદે છે — દૃષ્ટિરાગ, વિષયરાગ અને સ્નેહરાગ.

તેમાં ૩૬૩ વાદીઓના પોત-પોતાના દર્શનનો અનુરાગ તે દૃષ્ટિરાગ. જેમ કહ્યું છે કે — ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, અજ્ઞાન વાદી-૬૭ અને વૈનયિકો-૩૨. એ બધાં જિનવચન બાહ્ય મતિથી મૂઢ અને પોતાના દર્શનના અનુરાગથી સર્વજ્ઞકથિત આ મોક્ષપથને પામતા નથી. - - - વિષય રાગ શબ્દ આદિ વિષય ગોચર છે. સ્નેહરાગ વિષયાદિ નિમિત્ત રહિત અવિનીત એવા સંતાનાદિમાં પણ હોય છે.

તેમાં આ રાગનું ઉદાહરણ કહે છે —

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. ત્યાં બે ભાઈઓ રહેતા હતા. અર્હન્નક અને અર્હન્મિત્ર. મોટો ભાઈ પત્ની અને બાળકોમાં રક્ત હતો. નાનો ભાઈ પત્નીને ન ઈચ્છતો, ઘણું હેરાન કરતો હતો. તેની પત્નીએ કહ્યું — કેમ તારા ભાઈને જોતો નથી? ત્યારે પતિએ તેને મારી ઈત્યાદિ. તેણે તેનાથી કંટાળીને દીક્ષા લીધી. સાધુ થયો. તેની પત્ની પણ આર્તધ્યાને મરીને કુતરી થઈ. સાધુઓ તે ગામે ગયા. કુતરીએ તે સાધુને જોયો. પાછળ-પાછળ ચાલવા લાગી. ઉપસર્ગ જાણીને તે રાત્રિના નાશી ગયો.

પે'લી કુતરી પણ મરીને વાંદરી થઈ. અટવીમાં જન્મી. તે સાધુ પણ કર્મ-ધર્મ સંયોગથી તે અટવી મધ્યેથી ચાલ્યા. વાંદરીએ તેને જોયો. તેના ગળે વળગી ગઈ. ત્યાંથી પણ કલેશ પામી તે સાધુ પલાયન થઈ ગયો. વાંદરી મરીને યક્ષિણી થઈ. અવધિ વડે ક્યાંથી આવી તે જુએ છે. સાધુના છિદ્રો શોધે છે. સાધુ અપ્રમત્ત હોવાથી તેણીને કોઈ છિદ્ર જોવા ન મળ્યા. તે વ્યંતરી સર્વ આદરથી તેના છિદ્રો શોધવા લાગી.

એ પ્રમાણે કાળ પસાર થતો હતો. તેની સાથે જે સમવયસ્ક સાધુઓ હતા, તેઓ બોલે છે — "હાસ્ય કરતા તરુણ શ્રમણો કહે છે — હે અર્હન્ મિત્ર ! તને ધન્ય છે. તું કુતરીનો પ્રિય છે, અટવીમાં વાંદરીનો સખો—વયસ્ય છે. કોઈ દિવસે તે સાધુ વિતરક ઉતરતો હતો. ત્યાં પગ પ્રમાણ પહોળું પાણી હતું. તેણે પગ ફેલાવ્યો, ત્યારે વ્યંતરીને છિદ્ર મળી ગયું, તેણે ઉરુ-સાથળથી પગ ભાંગી નાંખ્યો. સાધુ બોલ્યા —

મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ. હું અપ્કાયમાં જમીન ઉપર ન પડ્યો. સમ્યગ્દૃષ્ટિ દેવીએ તેણીને ભગાડી દીધી. દેવતા પ્રભાવથી તે પ્રમાણે જ પ્રદેશ પ્રાપ્ત થયો.

બીજા કોઈ કહે છે – તે સાધુ કોઈ ગામમાં ભિક્ષાને માટે ગયેલ. ત્યાં તે વ્યંતરીએ તે સાધુનું રૂપ છાદન કરીને તે રૂપે માર્ગમાં તળાવમાં સ્નાન કરે છે, બીજાએ તે જોયું. ગુરુને વાત કરી. આવશ્યક-પ્રતિક્રમણકાલે આલોચના કરે છે, ત્યારે ગુરુ કહે છે – હે આર્ય ! બધી જ આલોચના કરો. તે મુખાનંતકાદિમાં ઉપયોગવાળો કહે છે – હે ક્ષમાશ્રમણ ! મને સ્મરણમાં નથી. ગુરુએ સામે કહ્યું – જો ન હોય તો, આલોચના માટે ઉપસ્થિત ન હોય તેવાને આચાર્યો પ્રાયશ્ચિત્ત આપતા નથી. તે સાધુ વિચારે છે – શું કઈ રીતે થયું ? તે વ્યંતરી ઉપશાંત થતાં બોલી – એ તો મેં કરેલ હતું. તેણી શ્રાવિકા થઈ, બધું જ કથન કર્યુ.

આ ત્રણ ભેદે અપ્રશસ્ત છે. તે અપ્રશસ્તની આ નિરુક્તિ ગાથા છે – અશુભ કલિમલ અને પ્રાણીના અનિષ્ટ માંસમાં જે રંજન પામે છે, તેને રાગ કહેવાય છે, જેમાં તે રાગસ્થ રંગાય છે. તે અપ્રશસ્ત છે.

પ્રશસ્ત રાગ અરહંત આદિ વિષયક છે. અરહંતમાં જે રાગ હોય, બ્રહ્મચારી સાધુમાં જે રાગ હોય, તે અરાગી સાધુનો પ્રશસ્ત રાગ છે.

એવા પ્રકારના રાગને દૂર કરવો જોઈએ - x - x -

સરાગ સંયતને કૂવો ખોદવાના ઉદાહરણથી પ્રાશસ્ત્ય કહ્યું.

હવે દોષ કે દ્વેષ કહે છે – જેનાથી, જેમાં કે જેના વડે દૂષિત થવાય છે તે દૂષણ કે દોષ છે. જેના વડે અપ્રીતિ થાય તે દ્વેષ.

આ દ્વેષ પણ નામાદિ ચાર ભેદે છે તે રાગવત્ જાણવા. તો પણ દિશા માત્રથી નિર્દેશ કરીએ છીએ. નોઆગમથી દ્રવ્યદ્વેષ જ્ઞશરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત કર્મ દ્રવ્યદ્વેષ અને નોકર્મદ્રવ્યદ્વેષ છે. કર્મદ્રવ્યદ્વેષ યોગ્ય આદિ ભેદથી ચાર પ્રકારે જ પુદ્ગલો છે. નોકર્મદ્રવ્યદોષ તે દુષ્ટ વ્રણ-ઘા વગેરે છે. ભાવદ્વેષ તે દ્વેષકર્મ વિપાક, તે પ્રશસ્ત અને અપ્રશસ્ત બે ભેદથી છે. પ્રશસ્ત દ્વેષ અજ્ઞાનાદિ વિષયક છે. તેથી જ અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ દ્વેષ કરે છે.

અપ્રશસ્ત દ્વેષ સમ્યક્ત્વાદિ વિષયક છે. તેનું ઉદાહરણ –

નંદ નામે નાવિક હતો. ગંગાનદીમાં લોકોને પાર ઉતારતો હતો. ત્યાં ધર્મરુચિ નામના અણગાર, તેની નાવથી ઉતર્યા. લોકો મૂલ્ય આપીને ગયા. સાધુને નાવિકે રોક્યા, ભિક્ષાની વેળા વીતી ગઈ. તો પણ સાધુને છોડ્યા નહીં. ઉષ્ણ રેતીમાં તરસથી પીડાવા છતાં તેમને મુક્ત ન કર્યા. ત્યારે રોષાયમાન થયેલા તે સાધુ દૃષ્ટિ વિષ લબ્ધિવાળા હતા. તેણે બાળી નાંખ્યો.

ત્યાં મરીને તે નંદ નાવિક સભામાં ગરોળી થયો. સાધુ પણ વિચરતા તે ગામે ગયા. ભોજનપાન ગ્રહણ કરીને ભોજન કરવા માટે તે સભામાં ગયા. તે ગરોળીએ જોયા. તે જોતાની સાથે જ કુદ્ધ થયો. ભોજનનો આરંભ કર્યો ત્યાં તે ગરોળો કચરો પાડવા લાગ્યો. સાધુ બીજે સ્થાને ગયા. ત્યાં પણ એમ જ કર્યુ. એ પ્રમાણે ક્યાંય પણ ભોજન સ્થાન ન પામતા તે સાધુએ તે ગરોળા સામે જોયું. કોણ રે ! આ નંદ



નામે અમંગલ નાવિક છે ? ત્યાં જ બાળી નાંખ્યો. જ્યાં સમુદ્રમાં ગંગા પ્રવેશે છે, ત્યાં પ્રતિ વર્ષે અન્ય-અન્ય માર્ગથી વહે છે. પહેલાંના લોકો તેને મૃતગંગા કહે છે.

તે ગરોળો ત્યાં હંસરૂપે જન્મ્યો. સાધુ પણ માઘ માસમાં સાર્થ સાથે પ્રભાતે આવે છે. તે હંસે તેમને જોયા. તે પાણી વડે પાંખોને ભરીને સાધુને પાણી ઉડાડે છે. ત્યાં પણ સાધુએ તેનો વિનાશ કર્યો.

પછી તે નંદનો જીવ અંજનક પર્વત સિંહ થયો. તે સાધુ પણ સાર્થની સાથે ત્યાં જાય છે. તેમને જોઈને સિંહ ઉભો થયો. સાર્થ ભાંગ્યો. તે સિંહ આ સાધુને મૂકતો નથી, ત્યાં પણ સાધુએ તેને બાળી નાંખ્યો.

મરીને તે સિંહ વારાણસીમાં બટુક થયો. ત્યાં પણ ભિક્ષાર્થે જતાં સાધુને બીજા બાળકરૂપથી સામે પત્થર મારે છે, ધૂળ ઉડાડે છે, ત્યારે સાધુ રોષિત થઈને તેને બાળી નાંખે છે. ત્યાં જ તે બટુક રાજા થયો.

રાજા જાતિસ્મરણથી પોતાના બધાં અશુભ પૂર્વજન્મો યાદ કરે છે. હવે જો મારશે તો ઘણું મોડું થઈ જશે. તેથી સાધુની જાણ માટે એક સમસ્યા વહેતી મૂકે છે. જે આ સમસ્યાને પૂરી કરશે. તેને હું અડધું રાજ્ય આપીશ તેમ ઘોષણા કરી, સમસ્યા પદ રજૂ કરે છે – ‘‘ગંગામાં નંદ નાવિક, સભામાં ગરોળો, મૃતગંગા કિનારે હંસ, અંજનક પર્વતે સિંહ, વારાણસીમાં બટુક અને ત્યાંથી આવીને રાજા થયો છે. એ પ્રમાણે ગોવાળો બોલે છે.

તે સાધુ વિચરતા ત્યાં પધાર્યા. બગીચામાં રહેલ છે. આરામિક એ સમસ્યા પદ બોલતો હતો. સાધુએ પૂછતાં તેણે પદ કહ્યું. સાધુએ કહ્યું – હું આ પદ પુરું કરીશ. ‘‘આ બધાંનો જે ઘાતક છે તે અહીં જ આવેલ છે.’’ આરામિક તે પદ લઈને રાજાની પાસે ગયો. રાજા સાંભળીને મૂર્છા પામ્યો. રાજાએ કહ્યું – તે હણાશે. આરામિક બોલ્યો – કાવ્યના કર્તાને હણો, હું જાણતો નથી. લોકના કલિકારક આ શ્રમણે મને તે પદ આપ્યું છે.

રાજાએ આશ્વસ્ત થઈને પૂછ્યું – તને કોણે આપ્યું ? તેણે કહ્યું – એક શ્રમણે. રાજા ત્યાં પોતાના માણસોને મોકલે છે. જો તમે આજ્ઞા આપો તો હું રાજા - વંદન કરવાને આવું છું, આવ્યો. પછી શ્રાવક થયો. સાધુ એ પણ આલોચના અને પ્રતિક્રમણ કર્યા. પછી તેઓ સિદ્ધ થયા.

આવા પ્રકારના દ્વેષને રાગની જેમ યોજવો જોઈએ. આ રાગ અને દ્વેષ ક્રોધાદિ અપેક્ષાથી નયો વડે વિચારવો જોઈએ – નૈગમના સંગ્રહ અને વ્યવહારના અંતર્ગતત્વથી સંગ્રહાદિ વડે જ વિચાર છે. તેમાં સંગ્રહ - અપ્રીતિ જાતિ સામાન્યથી ક્રોધ અને માન એ દ્વેષ છે. માયા અને લોભ એ પ્રીતિ જાતિ સામાન્યથી રાગ છે. વ્યવહારનયના મતે ક્રોધ, માન અને માયાએ દ્વેષ છે, કેમકે માયા પણ પરોપઘાત અર્થે છે. પ્રવૃત્તિદ્વારથી અપ્રીતિ જાતિનો અંતર્ભાવ છે. લોભ તે રાગ છે.

ઋજુસૂત્રનયના મતે અપ્રીતિ રૂપત્વથી ક્રોધ જ પરગુણ દ્વેષ છે. માન આદિની ભજના છે. કઈ રીતે ? જો માન સ્વ અહંકારમાં પ્રયોજાય ત્યારે આત્મામાં બહુમાન પ્રીતિના યોગથી રાગ છે, જો તે જ પરગુણ દ્વેષમાં યોજાય તો અપ્રીતિરૂપત્વથી તે

દ્વેષ છે. એ પ્રમાણે માયા અને લોભ પણ પોતાના માટે મૂર્છાપણાથી રાગ છે, તે બંને જ પરોપઘાત નિમિત્ત યોગથી અપ્રીતિરૂપત્વથી દ્વેષ છે.

શબ્દાદિ નયોથી લોભ જ માન અને માયામાં સ્વગુણોપકાર મૂર્છાત્મકત્વથી પ્રીતિ અંતર્ગતત્વથી લોભ સ્વરૂપવત્ છે માટે ત્રણે રાગ છે. સ્વગુણ ઉપકાર અંશરહિત તે માનાદિ અંશ અને ક્રોધ પરોપઘાતાત્મકત્વથી દ્વેષ છે. પ્રસંગે આટલું બસ છે. વિશેષ વિશેષાવશ્યકથી જાણવું.

હવે કષાયદ્વાર — શબ્દાર્થ પૂર્વવત્. તેના આઠ નિક્ષેપા છે — નામ, સ્થાપના, દ્રવ્ય, સમુત્પત્તિ, પ્રત્યય, આદેશ, રસ અને ભાવ રૂપ.

તેમાં નામ અને સ્થાપના સામાન્ય છે. દ્રવ્યકષાય વ્યતિરિક્ત કર્મદ્રવ્યકષાય અને નોકર્મદ્રવ્યકષાય. કર્મદ્રવ્યકષાયના યોગ્ય આદિ ભેદો કષાય પુદ્ગલો છે. નોકર્મદ્રવ્યકષાય સર્જકષાયાદિ છે. જે દ્રવ્યથી બાહ્ય કષાયપ્રભવ છે, તે જ કષાયનિમિત્તત્વથી ઉત્પત્તિ કષાય છે. - x - x - પ્રત્યય કષાય અંત કારણ વિશેષ, તેના પુદ્ગલ લક્ષણ ચે.

આદેશ કષાય કૈતવે કરેલ ભૃકુટિ ભંગુર આકાર છે, તે જ કષાય અંતરછતાં તે પ્રમાણે આદેશના દર્શનથી કહ્યું. રસ કષાય હરીતક આદિનો રસ છે. ભાવ કષાય બે ભેદે — આગમથી તેમાં ઉપયોગવંત, નોઆગમથી કષાયનો ઉદય જ ભાવ કષાય છે. તે ક્રોધાદિ ભેદથી ચાર પ્રકારે છે.

ક્રોધ પણ નામાદિ ભેદથી ચાર પ્રકારે છે. તે કષાય પ્રરૂપણામાં કહેલ જ છે. તો પણ વ્યતિરિક્ત દ્રવ્ય ક્રોધ પ્રાકૃત શબ્દ સામાન્ય અપેક્ષત્વથી ચર્મકારની કોથળી અને ધોબીની નીલકોથળી સમ લેવો.

ભાવ ક્રોધ તે ક્રોધનો ઉદય જ છે, તે ચાર ભેદ છે. જેમકે ભાષ્યકારે કહેલ છે — જળ, રેતી, ભૂમિ, પર્વતરાજી સદેશ ચાર ભેદે ક્રોધ છે. પ્રભેદ ફળ અમે આગળ જણાવીશું. તેમાં ક્રોધનું ઉદાહરણ —

વસંતપુર નગરમાં ઉત્સન્ન વંશ એક બાળક દેશાંતર જતાં સાર્થ વડે ત્યાગ કરાતા તાપસની પલ્લીમાં ગયો. તેનું નામ અગ્નિક હતું. તાપસો વડે મોટો કરાયો. યમ નામે તે તાપસ હતો. યમનો પુત્ર એ રીતે તેનું નામ જમદગ્નિ થયું. તે ઘોર તપશ્ચર્યા કરતા વિખ્યાત થઈ ગયો.

આ તરફ બે દેવો હતા — વૈશ્વાનર શ્રાવક અને ધન્વંતરી તાપસ ભક્ત હતો. બંને એ પરસ્પર કહ્યું કે આપણે સાધુ અને તાપસની પરીક્ષા કરીએ. શ્રાવકદેવે કહ્યું — અમારામાં જે સર્વાન્તિક [જઘન્ય] હોય અને તમારામાં જે સર્વથી પ્રધાન હોય, તેની આપણે પરીક્ષા કરીએ.

આ તરફ મિથિલા નગરીમાં તરુણધર્મી પદ્મરથ રાજા હતો. તે ચંપાનગરી જતાં વાસુપૂજ્યસ્વામીના ચરણકમળમાં પ્રવજ્યા લીધી છે, તેની ભોજન અને પાન વડે પરીક્ષા કરીએ. માર્ગમાં અને દેશમાં તે સુકુમાર દુઃખી થાય છે, તેને અનુકૂળ ઉપસર્ગો કરીએ. તે ઘણો જ સ્થિર રહ્યો. તે રાજર્ષિ આ દેવોથી ક્ષોભિત ન થયો. બીજા કહે છે — તે ભક્તપ્રત્યાખ્યાન કરેલ શ્રાવક હતો. બંને દેવો સિદ્ધપુત્રરૂપે ગયા. અતિશયોને કહ્યા.



પછી બોલ્યા કે આ પ્રત્યાખ્યાન ન કર, તું ઘણું લાંબુ જીવીશ. તે રાજા બોલ્યો — મને ઘણો ધર્મ થશે [પ્રત્યાખ્યાન ન છોડ્યા] તેને ક્ષોભિત ન કરી શકાયો.

ત્યારપછી બંને દેવો જમદગ્નિની પાસે ગયા, પક્ષીઓનું રૂપ કર્યુ. જમદગ્નિની દાઢીમાં માળો બનાવ્યો. પક્ષી બોલ્યો — હે ભદ્રો ! હિમવંત જઈએ. તેણી જવાની રજા આપતી નથી. પક્ષીએ સોગંદ લીધા — જો હું જઉં તો ગોઘાતકાદિ થઉં. માટે હું જઈશ. તે પક્ષીણી બોલી — જતો નહીં, પહેલાં મને વિશ્વાસ આપ [કે પાછો આવીશ.] જો તું આ ઋષિના દુષ્કૃતને પી જાય તો હું તને જવાની રજા આપું. જમદગ્નિ તે સાંભળી રોષાયમાન થઈ ગયા. તેણે બંને પક્ષીને બંને હાથે પકડી લીધા. પછી પૂછ્યું કે મારું દુષ્કૃત્ શું છે ?

તે પક્ષી બોલ્યા — હે મહર્ષિ ! તું સંતાન રહિત છે. ઋષિએ કહ્યું — તે સત્ય છે, તે ક્ષોભ પામ્યા. એ પ્રમાણે તે દેવ શ્રાવક થયો.

ઋષિ પણ તેની આતાપના ભૂમિથી ઉતરીને મૃગકોષ્ઠક નગરે ગયા. ત્યાં જિતશત્રુ રાજા હતો. તે ઉભો થયો, ઋષિને પૂછ્યું — શું આપું ? ઋષિ બોલ્યા, તારી પુત્રી આપ. તેને ૧૦૦ કન્યાઓ હતી. તેણે કહ્યું — જે તમને ઈચ્છે તે કન્યા તમારી. ઋષિ કન્યાના અંતઃપુરમાં ગયા. ઋષિને જોઈને બધી કન્યાઓ ભાગવા લાગી. લજ્જા આવતી નથી તેમ કહ્યું. તેને કુબડી કરી દીધી.

ત્યાં એક કન્યા રેણુમાં રમતી હતી. તેને ઋષિઓ ફળ આપ્યું પૂછ્યું કે — શું તું ઈચ્છે છે ? તે કન્યાએ હાથ ફેલાવ્યો. તે કન્યાને લઈ જતા હતા ત્યારે કુબ્જા આવી. મને રૂપ આપો એમ કહેતા ઋષિએ તેણીને અકુબ્જા કરી. કુબ્જ કન્યા નગરમાં ગઈ, બીજી કન્યાને ઋષિ આશ્રમમાં લાવ્યા.

તે કન્યાને પરિજનને આપી. તેઓએ ઉછેરી કન્યા યૌવન પ્રાપ્ત જ્યારે થઈ, ત્યારે વિવાહધર્મ કર્યો. કોઈ દિવસે તે ઋતુકાળમાં હતી, ત્યારે કહ્યું — હું તારા માટે ચરુને સાધુ છું, જેનાથી તને બ્રાહ્મણોમાં પ્રધાન એવો પુત્ર થશે. તે કન્યા [રેણુકા] બોલી — એ પ્રમાણે કરો, મારી બહેન હસ્તિનાગપુરમાં અનંતવીર્યની પત્ની છે, તેને માટે પણ એક ક્ષત્રિય ચરુને સાધો. ઋષિએ તે પ્રમાણે ચરુ સાધ્યો.

રેણુકાએ વિચાર કર્યો કે હું તો અટવીની મૃગણી થઈ છું. મારો પુત્ર પણ તેવો ન થાઓ, એ પ્રમાણે નિર્ણય કરીને તેણી ક્ષત્રિય ચરુ ખાઈ ગઈ. તેની બહેનને બ્રાહ્મણ ચરુ મોકલ્યો. બંનેને પુત્ર થયા. તાપસી-રેણુકાનો પુત્ર રામ અને તેની બહેનનો પુત્ર કાર્ત્તવીર્ય. તે રામ ત્યાં મોટો થવા લાગ્યો.

કોઈ દિવસે એક વિદ્યાધર ત્યાં આવ્યો. ત્યાં તેની રામે ઘણી સેવા કરી, ખુશ થઈને તેને પરશુ વિદ્યા આપી. શરવણમાં તેને સાધિત કરી. બીજા કહે છે કે — જમદગ્નિને પરંપરાથી આવેલી પર્શુવિદ્યા રામને ભણાવી.

તે રેણુકા બહેનના ઘેર ગયેલી. તે ત્યાં રાજા અનંતવીર્યના પ્રેમમાં આસક્ત થઈ, તેની સાથે સંભોગ કર્યો. તેનાથી રેણુકાને એક પુત્ર થયો. પુત્ર સહિત જમદગ્નિ તેણીને ઘેર [આશ્રમમાં] લાવ્યા. પરશુરામે ક્રોધિત થઈ તેણીને પુત્ર સહિત મારી નાંખી.

તે ત્યાં નિશ્ચે ઇષુશાસ્ત્ર-બાણવિદ્યા શીખ્યો. રેણુકાની બહેને તે સાંભળ્યું, તેણે

રાજાને તે વાત કરી. રાજા આવ્યો, આશ્રમનો વિનાશ કરી ગાયને ઉઠાવીને ચાલ્યો ગયો. આ વાત રામને કહી. રામ તેની પાછળ ધસી ગયો અને અનંતવીર્યને મારી નાંખ્યો.

ત્યારપછી કાર્તવીર્ય રાજા થયો. તેની તારા નામે રાણી હતી. કોઈ દિવસે તેને પિતાનું મૃત્યુ કેમ થયું તે કહ્યું. તેણે આવીને જમદગ્નિને મારી નાંખ્યા, તે વાત રામને ખબર પડી. તેણે આવીને દેદીપ્યમાન પરશુથી કાર્તવીર્યને મારી નાંખ્યો. સ્વયં જ રાજ્ય લઈ લીધું.

આ તરફ તે તારાદેવી તેના ભયથી ભાગી જઈને તાપસોના આશ્રમમાં ગઈ, તેણીને સ્વ મુખથી ગર્ભ પડી ગયો. તેનું નામ સુભૂમ રાખ્યું રામની પરશુ જ્યાં જ્યાં ક્ષત્રિયને જોતી ત્યાં ત્યાં સળગવા લાગતી હતી.

કોઈ દિવસે તાપસના આશ્રમની પાસેથી તે જતો હતો. ત્યાં તેની પરસુ સળગવા લાગી, તાપસો બોલ્યા – અમે જ ક્ષત્રિયો છીએ. તેથી રામે સાત વખત પૃથ્વીને નિઃક્ષત્રિયા કરી. તેની દાઢાદિથી થાળ ભર્યો એ પ્રમાણે રામે ક્રોધથી ક્ષત્રિયોને હણ્યા.

માન પણ નામ આદિ ચાર ભેદે છે. કર્મદ્રવ્યમાન પૂર્વવત્ છે નોકર્મદ્રવ્યમાન સ્તબ્ધ દ્રવ્ય લક્ષણ છે, ભાવમાન તેનો વિપાક છે. તે ચાર ભેદે છે. જેમ કહ્યું છે કે – તિનિશલતા, કાષ્ઠ, અસ્થિ, શૈલસ્તંભ એ ચારની ઉપમાથી માનને જાણવું. અહીં તેનું ઉદાહરણ છે –

તે સુભૂમ ત્યાં મોટો થાય છે, વિદ્યાધરે ગ્રહણ કર્યો. કોઈ દિવસે વિષાદિ વડે પરીક્ષા કરી. આ તરફ રામે નૈમિત્તિકને પૂછ્યું – મારો વિનાશ કઈ રીતે થશે ? તેણે કહ્યું – જે આ સિંહાસન ઉપર બેસશે, તેના જોતાં જ આ દાઢો ખીરરૂપ બની જતાં ખાઈ જશે. તેના તરફથી તમને ભય છે.

ત્યારપછી પરસુરામે ભોજન તૈયાર કરાવી બધાંને બોલાવ્યા. ત્યાં સિંહાસનની આગળ સ્થાપના કરી, તેની આગળ દાઢો મૂકી.

આ તરફ મેઘનાદ વિદ્યાધર હતો, તેણે તેની પુત્રી પદ્મશ્રી વિશે નૈમિત્તિકને પૂછ્યું – આ કોને પરણાવવી જોઈએ ? તેણે સુભૂમને કહ્યું, ત્યારથી મેઘનાદ સુભૂમની સાથે રહ્યો. એ પ્રમાણે કાળ વીતે છે.

આ તરફ સુભૂમ તેની માતાને પૂછે છે – શું લોક આટલો જ છે ? કે બીજો પણ છે ? માતાએ બધી વાત કરી. - x - સુભૂમ તે બધું સાંભળીને હસ્તિનાગપુર ગયો. ત્યાં સભામાં જઈને સિંહાસને બેસી ગયો. દેવતા રાડો પાડતા નાસી ગયા. તે દાઢાની ખીર બની ગઈ.

ત્યારપછી તે બ્રાહ્મણોને હણવા લાગ્યા, તે વિદ્યાધર તેના ઉપર પ્રહાર કરવા લાગ્યો, સુભૂમ આરામથી ખરી ખાવા લાગ્યો. આ વાત રામને કહી, તેણે બખીરબદ્ધ થઈ, ત્યાં આવીને પરશુ ફેંકી. સુભૂમે તે જ થાળો ગ્રહણ કર્યો અને ઉભો થયો. તે થાળો ચક્રરત્ન થઈ ગયું. તેના વડે પરસુરામનું માથું છેદી નાંખ્યુ.

ત્યારપછી તે સુભૂમે અભિમાનથી ૨૧-વખત પૃથ્વીને બ્રાહ્મણ રહિત કરી. ગર્ભો પણ પાડી નાંખ્યા. એ પ્રમાણે માન કહ્યું આદિ પૂર્વવત્.



માયા ચાર ભેદે કહી છે – કર્મદ્રવ્ય માયા યોગ્યાદિ ભેદો પુદ્ગલો છે. નોકર્મદ્રવ્યમાયા નિધાનાદિ પ્રયુક્ત દ્રવ્યો છે. ભાવમાયા તેના કર્મવિપાક સ્વરૂપ છે. તેના ભેદો આ પ્રમાણે છે – અવલેખનિકા, ગોમૂત્રિકા, મેષશ્રૃંગ, ઘનવંશીમૂલ સમાના માયા છે.

હવે માયાનું ઉદાહરણ આપે છે – પાંડુરાર્યા. જેમ તે પ્રકારે પ્રત્યાખ્યાત ભક્તિથી પૂજા નિમિત્તે ત્રણ વખત લોકને બોલાવ્યો. ત્યારે આચાર્યએ જાણ્યું, આલોચના કરી, ત્રીજી વખત આલોચના ન કરી. તે બોલી કે આ તો પૂર્વાભ્યાસથી આવેલ છે. તેણી આ માયાશલ્યના દોષથી કિલ્બિષિકી થઈ. માયા આવા પ્રકારે દુરંતા છે.

અથવા સર્વાંગસુંદરીની કથા છે. તે આ પ્રમાણે –

વસંતપુર નગર હતું, ત્યાં જિતશત્રુ રાજા હતો, ધનપતિ અને ધનાવહ બે શ્રેષ્ઠી ભાઈઓ હતા. તે બંનેની બહેન ધનશ્રી હતી. તે બાળ વિધવા અને પરલોકમાં રક્ત હતી. પછી માસકલ્પ રહેલા ધર્મઘોષાચાર્ય પાસે પ્રતિબોધ પામી. તેના બંને ભાઈઓએ પણ તેણીના સ્નેહથી બોધ પામ્યા. ધનશ્રી દીક્ષા લેવાને ઈચ્છતી હતી. બંને ભાઈઓ સંસારના સ્નેહથી તેણીને દીક્ષાની રજા આપતા નથી.

ધર્મશ્રી ધર્મવ્યય ઘણો - ઘણો જ કરે છે. ભ્રાતૃજાયા-ભાભીઓ કચકચ કરે છે. તેણીએ વિચાર્યુ કે – હું ભાઈઓના ચિત્તને તપાસુ, શું તેમને ચિત્ત તેમની પત્નીઓમાં છે. પછી નિકૃત્તિ આલોચીને [કપટ વિચારીને] શયન પ્રવેશ કાળે વિશ્વસ્ત કરી કરીને ઘણું ધર્મગત બોલીને, પછી નષ્ટક્રીડાથી જેમ તેણીઓના પતિ સાંભળે તેમ એક ભાભીને કહ્યું – વધુ શું બોલું ? પણ સાળી [વસ્ત્ર] ચોખ્ખા રાખવા જોઈએ.

તે ભાઈએ વિચાર્યુ કે – નક્કી આ દુશ્ચારિણી છે. ભગવંતે અસતી પોષણની મનાઈ ફરમાવેલી છે. તેથી આનો મારે હવે ત્યાગ કરવો જોઈએ. તેણીને પલંગ ઉપર બેસવા જતાં અટકાવી દીધી.

તેણી વિચારે છે – હા ! આ શું થયું ? પછી તે ભાઈએ તેની પત્નીને કહ્યું – મારા ઘરમાંથી નીકળી જા. તેણી વિચારે છે – મેં એવું શું દુષ્કૃત્ કર્યુ ? તેવું કંઈ દેખાયું નહીં. ત્યારપછી ત્યાં જ ભૂમિ ખોતરતાં રાત્રિ પસાર કરી, પ્રભાતે મ્લાન અંગવાળી થઈને નીકળી.

ધનશ્રીએ તેણીને પૂછ્યું – કેમ મ્લાન અંગવાળી થઈ છો? તેણી રોતા-રોતા બોલી, હું મારો અપરાધ જાણતી નથી, મને ઘરમાંથી કાઢી મૂકી છે. ધનશ્રી બોલી – વિશ્વસ્ત થઈને રહે. હું તારો મેળ કરાવી દઈશ. ધનશ્રીએ ભાઈને પૂછ્યું – આ બધું શું છે? ભાઈ બોલ્યો – મારે આ દુષ્ટશીલાની જરૂર નથી. ધનશ્રીએ પૂછ્યું – તે દુષ્ટશીલા છે, તે તેં કેમ જાણ્યું? ભાઈ બોલ્યો – તારી પાસેથી જાણ્યું. - x - ધનશ્રી બોલી – વાહ! તારું પાંડિત્ય અને વિચાર ક્ષમત્વ અને ધર્મ પરિણામને ધન્ય છે.

મેં સામાન્યથી કહ્યું, આ ઘણાં દોષને માટે થયું. ભગવંતે કહેલું, તેનો તેને ઉપદેશ કર્યો અને વારેલ હતી. શું એટલામાં તે દુશ્ચારિણી થઈ ગઈ. ત્યારે તે લજ્જા પામ્યો. તેણીને 'મિચ્છા મિ દુક્કડં' આપ્યું. - x - બીજા ભાઈની પણ એ પ્રમાણે જ પરીક્ષા કરી. વિશેષ એટલું કે તેણી બોલી કે – વધું શું કહું ? હાથ ચોખ્ખા રાખવા

જોઈએ. બાકી બધું પૂર્વવત્ જાણવું. એ રીતે બંને ભાઈમાં કાળું-ધોળું જાણી લીધું.

અહીં ધનશ્રીએ આ માયા વડે અભ્યાખ્યાન દોષથી તીવ્ર કર્મ બાંધ્યું. પછી તે કર્મને પ્રતિક્રમ્યા વિના ભાવથી દીક્ષા લીધી. બંને ભાઈઓ પણ તેણીની સાથે પત્ની સહિત દીક્ષિત થયા. આયુ હતું તે પાળીને બધાં દેવલોકમાં ગયા.

તેમાં પણ હતું તે આયુ પાળીને તેણીના બંને ભાઈઓ પહેલા ચ્યવીને સાકેત નગરમાં અશોકદત્ત શ્રેષ્ઠીના સમુદ્રદત્ત અને સાગરદત્ત નામે પુત્ર રૂપે જન્મ્યા. ધનશ્રી પણ ચ્યવીને ગજપુર નગરમાં શંખશ્રેષ્ઠી શ્રાવકની પુત્રીરૂપે જન્મી. અતિ સુંદર હોવાથી તેણીનું સર્વાંગસુંદરી એવું નામ રાખ્યું. બંને ભાભીઓ પણ ચ્યવીને કૌશલપુરમાં નંદન નામના શ્રેષ્ઠીની શ્રીમતિ અને કાંતિમતિ નામની પુત્રી રૂપે જન્મી.

બધાં યૌવન પામ્યા. સર્વાંગસુંદરી કોઈ રીતે સાકેતથી ગજપુર આવતા અશોકદત્ત શ્રેષ્ઠી વડે જોવાઈ. તેણે પૂછ્યું – આ કોની કન્યા છે ? શંખ શ્રેષ્ઠીની પુત્રી છે. અશોકદત્તે બહુમાનપૂર્વક સમુદ્રદત્તને માટે તેણીની માંગણી કરી, શંખશ્રેષ્ઠીએ વાત કબૂલી અને વિવાહ પણ કર્યા.

કાલાંતરે તે લેવાને આવ્યો. ઉપચાર-વિનય કર્યો. વાસગૃહને સજાવ્યું. એ અરસામાં સર્વાંગસુંદરીને તે માયા વડે બાંધેલ પહેલું કર્મ ઉદયમાં આવ્યું. ત્યારે તેણીના પતિ [સમુદ્રદત્તે] તેણીને વાસગૃહમાં રહેલ હતી. ત્યારે જતાં એવા દૈવિકી પુરુષની છાયા જોઈ. તયારે તેને વિચાર આવ્યો કે મારી પત્ની દુષ્ટશીલવાળી છે. કોઈપણ જોઈને ગયું.

ત્યારપછી સર્વાંગસુંદરી આવી, તેણે બોલાવી નહીં. તેથી આર્ત્ત અને દુઃખે સ્થિત ભૂમિ ખોતરતા જ રાત્રિ પસાર કરી. પ્રભાતે તેના પતિને પૂછ્યા વિના સ્વજન વર્ગમાંના એક બ્રાહ્મણને કહીને સાકેતનગર ચાલી ગઈ.

આ તરફ સમુદ્રદત્ત કૌશલપુરના નંદન શ્રેષ્ઠીની પુત્રી શ્રીમતીને પરણ્યો અને તેનો ભાઈ સાગરદત્ત શ્રીમતીની બહેન કાંતિમતિને પરણ્યો. સર્વાંગસુંદરીએ સાંભળ્યુ ત્યારે તેણીને ગાઢ અધૃતિ-ખેદ થયો.

ત્યારપછી તેઓનો જવા-આવવાનો વ્યવહાર પણ વિચ્છેદ પામ્યો. તેણી ધર્મ પરાયણા થઈ, પછીથી દીક્ષા લીધી. કાળક્રમે વિચરતી પ્રવર્તિની સાથે સાકેત નગરે પહોંચી. પહેલાની ભાભીઓ ઉપશાંત થઈ, ઈત્યાદિ.

એ અરસામાં સર્વાંગસુંદરીને તેણીએ માયાથી બાંધેલ બીજું કર્મ ઉદયમાં આવ્યું. પારણે ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. શ્રીમતીના વાસગૃહમાં રહેલ હાર પહેરતી હતી. સાધ્વીને જોઈને અભ્યુત્થિન થઈ, તેણી હાર મૂકીને ભિક્ષાર્થે ઉપસ્થિત થઈ. એટલામાં ચિત્રકર્મમાંથી ઉતરીને મોર આવ્યો અને તે હારને ગળી ગયો.

સર્વાંગસુંદરી સાધ્વી વિચારમાં પડ્યા, આ આશ્ચર્ય છે. પછી અર્ધ શાટક વડે બંધ કરીને, ભિક્ષા ગ્રહણ કરી, નીકળ્યા. શ્રીમતીએ જોયું કે હાર નથી. તેણી વિચારવા લાગી કે આવું કેમ થયું ? પરિજનોએ પૂછ્યું, શ્રીમતી બોલી કે એક સાધ્વી સિવાય અહીં બીજું કોઈ આવેલ નથી. તેણીની નિર્ભર્ત્સના કરીને પછી કાઢી મૂક્યા. બીજા પ્રવર્તિનીએ પણ કહ્યું.



સર્વાંગસુંદરી આર્યા બોલ્યા – કર્મના પરિણામો વિચિત્ર છે. પછી તેણી ઉગ્રતર તપોરત બન્યા. તેઓ પણ અનર્થના ભયથી તેના ઘેર જતાં નથી. શ્રીમતી અને કાંતિમતિ પતિ દ્વારા હાસ્ય કરતા હતા. - x -

સાધ્વીએ પણ ઉગ્ર તપમાં રક્ત બની કર્મોને અલ્પ કરી દીધા. એ અરસામાં શ્રીમતી પતિ સાથે વાસગૃહમાં રહેલ હતી. તેટલાં ચિત્રમાંથી મોર ઉતર્યો અને હારને નિર્ગલિત કર્યો - વમી નાંખ્યો. તે બંનેને સંવેગ જન્મ્યો. અહો ! તે ભગવતી સાધ્વીનું ગાંભીર્ય, જેણે આપમને આ વાત જ ન કરી. ક્ષમા કરવાને પ્રવૃત્ત થયા.

એ અરસામાં સાધ્વીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ તેનો મહિમા કર્યો. તેઓએ પણ પૂછ્યું, કેવલી સાધ્વીએ પણ પરભવનો વૃત્તાંત કહ્યો. માયા આટલી દુઃખાવહા હોય છે.

અથવા પોપટનું દૃષ્ટાંત – એક વૃદ્ધનો પુત્ર, ક્ષુલ્લક સુખશીલ યાવત્ અવિરતિક હતો. તે વૃદ્ધે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. લોકોના પ્રેષણના કામ કરતો, ચાલીને આર્ત્ત-વશાર્ત્ત થઈને મૃત્યુ પામ્યો. *[પછીની આખી કથામાં અમને કંઈ સમજ પડી નથી, માત્ર અનુવાદ કર્યો છે, તે પણ ક્ષતિયુક્ત છે, માટે મૂળ વૃત્તિ જ જોવી.]*

માયા દોષથી વૃક્ષની કોટરમાં પોપટ રૂપે જન્મ્યો. તે આખ્યાનક અને ધર્મકથાને જાતિસ્મરણથી જાણતો હતો, બોલતો હતો.

કોઈ વનચરે તેને પકડી લીધો, પગ કુટી નાંખ્યો, આંખ કાણી કરી દીધી, રસ્તામાં ફેંકી દીધો. કોઈ તેને ઈચ્છતું ન હતું. તે શ્રાવકની દુકાનમાં રખાઈને વેંચાઈને ગયો. તેના આત્મો જાણ્યું.

તે ખરીદાયો, પીંજરામાં પુરાયો, સ્વજનો મિથ્યાદૃષ્ટિ હતા. તેમને ધર્મ કહે છે. તેનો પુત્ર માહેશ્વરના દોહિત્રીને જોઈને ઉન્મત્ત થયો. તે દિવસે ધર્મ ન સાંભળ્યો કે પ્રત્યાખ્યાન પણ ન કર્યા. પૂછતાં જવાબ આપ્યો. વિશ્વસ્ત કરાતાં રહ્યો.

તે બાળક બોલ્યો કે સરજસ્કોની પાસે જાઓ, ટિક્કરિકા અર્પણ કરો, ઈત્યાદિ. તેઓએ તે પ્રમાણે કર્યુ. તે અવિરત પગે પડીને વિજ્ઞપ્તિ કરે છે. દોહિત્રને વર આપો. પોપટે મહેશ્વરને કહ્યું – જિનદત્તને આપો. ત્આપી તે દેવદત્તા ગર્વ કરે છે.

કોઈ દિવસે તેને મજાકમાં બાંધ્યો. ઈર્ષ્યાને વહન કરવા લાગ્યો.

સંખડીમાં વ્યાક્ષિપ્તોમાં હરાઈ. તેને કહ્યું કે – તું પંડિત છે એટલે પીંછુ ઉખાડી નાંખ્યુ. તે વિચારે છે "હું કાલને હરી લઉં." તેણે કહ્યું હું પંડિત નથી. તે પંડિતા પણ નથી –

એક નાપિતી કૂર ક્ષેત્રમાં લઈ ગઈ. ચોરે ગ્રહણ કરી. હું પણ આ પ્રકારે રાત્રિના શોધ-માર્ગણા કરીશ. આવેલા રૂપિયા લાવીને આપણે જઈશું. તેટલામાં ચોરો આવી ગયા, નાકને છેદીને ગયા. બીજા કહે છે. ક્ષત્રમુખમાં છરાથી નાસિકા છેદાઈ. બીજે દિવસે પકડીને માથુ કુટી નાંખ્યુ. - x - તેની સાથે ચાલી ગઈ. કોઈ એક ગામમાં ભોજન લઈ આવું એમ કહીને કલાલકુલમાં - વેંચી દીધી, તેઓ રૂપિયા લઈને ચાલ્યા ગયા.

રાત્રિના વૃક્ષે વળગી ગયા. તેઓ પણ પલાયિત થઈ ગયા. મહિષી હરણ કરીને ત્યાં જ આવાસ કર્યો. માંસને ખાય છે. એક માંસને ગ્રહણ કરીને વૃક્ષે

વળગીને દિશાનું અવલોકન કરે છે. તેણે જોઈ રૂપિયા દેખાડ્યા. તે આવી ગયો અને જીભ વડે ગ્રહણ કર્યા. પડતા ''રહો'' એમ કહ્યું. તેમ કરીને નાસી ગયા. તેણી ઘેર ગઈ. તે પંડિતા પણ નથી અને હું પંડિત નથી.

ત્યારે ફરી પણ અન્ય પીંછાને ઉખેડી નાંખ્યુ. ફરી પણ કન્યાના પિતા દારિદ્રયથી ધનદને છળ કરી લુંટ્યો, તેણે રૂપિયા આપ્યા. ખોટી સાક્ષી દીધી. પછી કન્યાની માંગણી કરી. કૂવામાં ફેંક્યો. સુરંગ ખોદાવી. પિતાએ કપાસ લણ્યું. સુપુત્રો નીકળી ગયા. તે દિશામાં ગયો.

અહીં પણ ગણિકા વેષથી પૂર્વે આવી ગઈ. તલખાદિકા કોલિકી ચોર નિમિત્તે ચંદ્રપુત્રને હું બોલાવીશ એ પ્રમાણે ન હોવા છતાં રાજાને વણિક પુત્રીએ વિશ્વાસ પમાડ્યો.

એ પ્રમાણે ૫૦૦ રાત્રિઓ ગઈ. પીંછા રહિત કરીને છોડ્યો. પછી શ્યેન પક્ષી વડે ગ્રહણ કરાયો. બે શ્યેનનો કલહ થતાં તે અશોકવનિકામાં પડ્યો. પ્રેષ્યિકાના પુત્ર વડે જોવાયો. કહ્યું કે — તેનું સંગોપન કરે. હું તારું કામ કરી દઈશ. તેણે સંગોપિત કર્યો. બીજા કોઈને રાજ્ય દેવાતું હતું. ત્યારે ભિંડમય મયૂરમાં વળગીને રાત્રિના રાજાને કહ્યું કે પ્રેષ્યિકાના પુત્રને રાજ્ય આપવું. તેના વડે સાતમે દિવસે માર્ગણા કરાઈ.

બંને પણ કુળમાં પ્રવ્રાજિત થતાં ભક્ત પ્રત્યાખ્યાનને સ્વીકારીને સહસ્રાર કલ્પે ઉત્પન્ન થયા. *[• વાચકોને વિનંતી — અમે આ કથાનો અનુવાદ યોગ્ય રીતે કરી શક્યા નથી તો મૂળ વૃત્તિ જોઈને જ અર્થ જાણવો.]* આવી માયા છે.

લોભ ચાર પ્રકારે છે — કર્મદ્રવ્ય લોભ યોગ્યાદિ ભેદો પુદ્ગલ, નોકર્મદ્રવ્યલોભ - આકર મુક્તિ અર્થાત્ ચિક્કણિકા.

ભાવલોભ - તે કર્મ વિપાક છે. તેના ભેદો આ પ્રમાણે છે — લોભ - હારિદ્ર - ખંજન - કર્દમ - કૃમિ રાગ સમાન છે. બધાં ક્રોધાદિની યથાયોગ સ્થિતિ ફળ આ પ્રમાણે કહેલ છે —

અનુક્રમે તે પક્ષ, ચાતુર્માસ, સંવત્સર, જાવજ્જીવ અનુગામી છે અને તે અનુક્રમે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકગતિ સાધવાનો હેતુ છે, એ પ્રમાણે જાણવું જોઈએ.

લોભમાં લુબ્ધનંદનું ઉદાહરણ આપાયેલ છે —

પાટલિપુત્રમાં લુબ્ધનંદ વણિક હતો. જિનદત્ત શ્રાવક હતો, રાજા જિતશત્રુ હતો. તે તળાવ ખોદાવતો હતો. કર્મકરોએ કુશ્યને જોયું. બે સુરામૂલ્યથી ગ્રહણ કરીને માર્ગમાં શ્રાવકને માટે લઈ આવ્યા. શ્રાવકે તેની ઈચ્છા ન કરી - ઈષ્ટ ગણ્યું નહીં.

પછી તેને નંદની પાસે લઈ ગયા. તે બોલ્યો — બીજા પણ લઈ આવજો, હું જ ગ્રહણ કરી લઈશ - ખરીદી લઈશ. રોજેરોજ બબ્બે કુશ્ય ગ્રહણ કરે છે. કોઈ દિવસે અભ્યધિક સ્વજન આમંત્રણમાં બળાત્કારે લઈ ગયા.

તેણે પુત્રોને કહી દીધું — બે કુશ્ય ગ્રહણ કરી લેવા. નંદ તો ગયો. કર્મકરો આવ્યા. તેમની પાસેથી બે કુશ્ય ન ખરીધા. આકૃષ્ટ થઈને તેઓ આપૂપિક શાળામાં ગયા. તેઓએ ઓછા મૂલ્યમાં લઈને એકાંતમાં નાખ્યા. પડતાં જોઈને રાજપુરુષોએ





તેમને પકડી લીધા. જે બન્યું હતું તે વૃત્તાંત તેમણે રાજાને કહી દીધો.

તે નંદ આવ્યો અને બોલ્યો કે — કુશ્ય ખરીધા કે નહીં. પુત્રો બોલ્યા — અમે જ ગ્રહ વડે ગ્રહણ કરાયા. તેણે અતિ લોલ્યપણાથી આટલા લાભથી હું ભ્રષ્ટ થયો એ પ્રમાણે બંને પગના દોષથી એક કુશ્યા વડે બંને પણ પગ ભાંગી ગયા. સ્વજનો વિલાપ કરવા લાગ્યા.

પછી રાજપુરુષો શ્રાવકને અને નંદને પકડીને રાજકુલે લઈ ગયા. તેઓની પૂછતાછ કરતાં, શ્રાવકે કહ્યું — મારે ઈચ્છા પરિમાણ વ્રત કરતાં અધિક હતા, વળી કૂટમાન હતું તેથી ગ્રહણ ન કર્યા. ત્યારે તે શ્રાવકને પૂજન કરીને રાજાએ વિદાય આપી.

નંદને શૂળીએ ચડાવી મારી નાંખ્યો. કુલ સહિત ઉત્સાદિત કર્યો અને શ્રાવકને શ્રીગૃહિકપણે સ્થાપ્યો. આવો દુરંત લોભ છે. શેષ પૂર્વવત્.

હવે ઈન્દ્રિય દ્વાર કહે છે —

તેમાં ઈન્દ્રિય શબ્દનો અર્થ શો છે ? - x - x - સર્વ ઉપલબ્ધિ ભોગ પરમ ઐશ્વર્ય સંબંધથી જીવ, તેનું લિંગ-ચિહ્ન તેના વડે દૃષ્ટ અને સૃષ્ટ ઈત્યાદિ. - x - x - તે ઈન્દ્રિય બે ભેદે છે —

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં નિર્વૃત્તિ અને ઉપકરણમાં દ્રવ્યેન્દ્રિય અને લબ્ધિ અને ઉપયોગમાં ભાવેન્દ્રિય છે. આ ઈન્દ્રિયો સ્પર્શ આદિના ભેદથી પાંચ પ્રકારે થાય છે. તેથી બહુવચન મૂકેલ છે. કહ્યું છે કે — સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ શ્રોત્ર એ ઈન્દ્રિયો છે. આટલી નામિત પણ દુઃખ દેવાને માટે પર્યાપ્ત છે. હવે તેના ઉદાહરણ કહે છે —

તેમાં શ્રોત્ર ઈન્દ્રિય વિષયક ઉદાહરણ આ પ્રમાણે છે —

વસંતપુર નગરમાં પુષ્પશાલ નામે ગાંધર્વિક હતો. તે ઘણો જ સુસ્વરવાળો અને વિરૂપ હતો. તેણે લોકોને હરાયેલા હૃદયવાળા કરી દીધા. તે નગરમાં કોઈ સાર્થવાહ દિગ્યાત્રાએ ગયેલ હતો. ભદ્રા તેની પત્ની હતી. તેણીએ કોઈપણ કારણથી દાસીને મોકલેલી. તે દાસી તે ગાંધર્વિકને સાંભળતી ત્યાં ઉભી રહી, સમય કેટલો વીત્યો તે જાણતી નથી.

તે દાસી ઘણાં લાંબા સમય પછી આવી, આવીને બોલી, હે સ્વામીની! રોષ ન કરતાં. જે અમારા વડે સંગીત સંભળાયુ, તે પશુને પણ લુભાવનાર હતું. તો પછી બે કાનવાળાને લોભાવે તેની તો વાત જ શું કરવી? કઈ રીતે? દાસીએ ભદ્રાને કહ્યું. ભદ્રા વિચારવા લાગી કે — હું આને કઈ રીતે જોઈશ? કોઈ દિવસે ત્યાં નગરદેવતાની યાત્રાનો અવસર આવ્યો. આખું નગર ગયું, ભદ્રા પણ તેમની સાથે ગઈ.

લોકો પણ પ્રણમીને પાછા આવ્યા ત્યારે પ્રભાત દેશકાળ વર્તતો હતો. તે ગાંધર્વિક પણ ગાઈને થાકીને પરિસરમાં સૂઈ ગયો. તે ભદ્રા સાર્થવાહી દાસીની સાથે આવી. દેવકુળને પ્રણિપાત કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે દાસીએ બતાવ્યો કે આ તે ગાંધર્વિક છે. ભદ્રા સંભ્રમ પામી, ત્યાં જઈને જુએ છે તે વિરૂપ લાગતો હતો. કહે છે કે — જો તેણે રૂપ વડે જ ગાન કર્યુ છે. - x -

તેને વિદૂષક વડે કહ્યું. તેણીને રોષ જન્મ્યો. પછી સાર્થવાહીના ઘરમાં પ્રત્યૂષકાળ

સમયે ગાંધર્વિકે ગાવાનો આરંભ કર્યો. જેનો પતિ પરદેશ ગયો છે તેવી તે ભદ્રા તેનામાં નિબદ્ધ થઈ. પછી તેની જ પૃચ્છા કરે છે, તેની જ ચિંતા કરે છે, પત્રો મોકલે છે. જાણે આવીને ઘરમાં પ્રવેશે છે. તેણી વિચારે છે કે ભૂમિ ઉપર સમીપ જ વર્તે છે, તેથી હું હવે ઉભી થઉં.

એમ વિચારતા વિચારતા તેણી અગાસી ઉપરથી પડીને મૃત્યુ પામી. એ પ્રમાણે તે શ્રોત્રેન્દ્રિય દુઃખને માટે થાય છે.

હવે ચક્ષુરિન્દ્રિયનું ઉદાહરણ આપે છે –

મથુરા નગરીમાં જિનશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતા. તેણી પ્રકૃતિ થકી ધર્મશ્રદ્ધાવાળી હતી. ત્યાં ભંડીરવન ચૈત્ય હતું. તેની યાત્રા આવી રાજા સાથે રાણી અને નગરજનો મહાવિભૂતિથી નીકળ્યા.

ત્યાં એક શ્રેષ્ઠીપુત્ર વડે યાનમાં બેઠેલી રાણીથી યવનિકાંતરથી નીકળી લકતક સહિત, નુપુરો સાથે, અતીવ સુંદર ચરણને જોવાયા, શ્રેષ્ઠી પુત્રે વિચાર્યુ કે જો આ સ્ત્રીના પગ આટલા સુંદર છે, તો તેણી રૂપથી દેવલોકની અપ્સરા કરતાં પણ અભ્યધિક સુંદર હોવી જોઈએ.

શ્રેષ્ઠીપુત્ર તેણીમાં આસક્ત બન્યો. પછી તાપસ કરી કે આ કોણ છે? જાણ્યું. તેના ઘરની નજીકથી જતી શેરીમાં ગયો. તેની દાસીઓને બમણાં દામ આપીને મહા મનુષ્યત્વ દર્શાવ્યું. તેણીને હતહૃદયા કરી. રાણીએ પણ કહેવડાવ્યું. બંને વચ્ચે વ્યવહાર ચાલુ થયો. રાણી પણ તેની પાસેથી જ ગંધ આદિને ગ્રહણ કરે છે.

કોઈ દિવસે શ્રેષ્ઠીપુત્રે કહ્યું – તું આવી મહામૂલ્ય ગંધાદિ પુટિકા ક્યાં લઈ જાય છે ? દાસીએ જવાબ આપ્યો. અમારી સ્વામીની ખરીદી છે. તેણે એક પુટિકામાં ભોજપત્રમાં લેખ લખીને નાંખ્યો. જેમકે – કાળે પ્રસુપ્ત જનાર્દનના. મેઘાંધકાર અને શર્વરીમાં હે વિશાલનેત્રવાળી ! હું જુઠું બોલતો નથી. જે પ્રથમાક્ષર છે. તેમાં વિશ્વાસ કર. પછી ઉદ્ગ્રાહિત કરીને વિદાય આપી.

રાણીએ ભોજપત્ર ઉઘાડીને પત્ર વાંચ્યો. તેણીને વિચાર આવ્યો કે આ ભોગને ધિક્કાર છે. તેણીએ પ્રતિલેખ લખ્યો. ''આ લોકમાં સુખ નથી, મનુષ્યનું જીવન થોડું છે, માટે હે યુવક ! તું ધર્મમાં મતિ કર. પાદ પ્રથમાક્ષર પ્રતિબદ્ધ ભાવાર્થ પૂર્વના શ્લોક પ્રમાણે જાણવો.

પછી બાંધેલ પુટિકા સુંદર ગંધવાળી નથી એમ કહીને દાસી સાથે પાછી મોકલી. દાસીએ પુટિકા પાછી મોકલી અને કહ્યું – રાણીએ આજ્ઞા કરી છે કે આ પુટિકા સુંદર ગંધવાળી નથી. યુવકે ખુશ થઈને પુટિકા ખોલી. લેખ જોયો, લેખનો અર્થ જાણ્યો. દુઃખી થઈ વસ્ત્રો ફાડીને નીકળી ગયો.

યુવક વિચારવા લાગ્યો કે જો આ સ્ત્રી પ્રાપ્ત ન થાય તો મારે અહીં રહીને શું કામ છે ? પરિભ્રમણ કરતો બીજા રાજ્યમાં ગયો. સિદ્ધપુત્રનો આશ્રય કર્યો. ત્યાં નીતિની વ્યાખ્યા કરાતી હતી. ત્યાં પણ આ શ્લોક આવ્યો – રૂપ સંપન્ન ભાર્યા અને શત્રુના પરાજયમાં સુદુર્લભ પ્રાપ્ત અર્થોમાં રમણ ન કરવું તે શક્ય નથી.

અહીં એક ઉદાહરણ છે –



વસંતપુર નગરમાં જિનદત્ત નામે સાર્થવાહપુત્ર છે. તે શ્રમણ શ્રાદ્ધ હતો. આ તરફ ચંપામાં પરમ માહેશ્વર ધન નામે સાર્થવાહ હતો. તેને બે આશ્ચર્યો હતા – ચાર સમુદ્રના સારભૂત મુક્તાવલી અને દુહિતા કન્યા હારપ્રભા. જિનદત્તે સાંભળ્યુ. ઘણાં પ્રકારે તેની માંગણી કરી, પણ તે આપતો નથી.

ત્યારે જિનદત્તે બ્રાહ્મણનો વેશ કર્યો. એકલો જ પોતે ચંપાએ ગયો. અંચિત વર્તતું હતું. ત્યાં એક અધ્યાપક હતો ત્યાં જઈને હું ભણીશ એમ કહ્યું. અધ્યાપકે કહ્યું – મારી પાસે ભોજન વ્યવસ્થા નથી. જો તે બીજે ક્યાંયથી તું પ્રાપ્ત કરી લે તો થાય.

ધન અને ભોજન સરજસ્કને આપ્યું. ત્યાં ઉપસ્થિત થઈને કહ્યું – મને ભોજન આપો. જેથી હું વિદ્યા ગ્રહણ કરું. મને જે કંઈ આપશો તે હું સ્વીકારીશ. પુત્રીને કહ્યું કે – આને જે કંઈ હોય તે આપ. તેણે વિચાર્યુ – ઘણું સારું છે. - x - તે તેણીને ફળ આદિ વડે ઉપચાર કરે છે. તેણી ગ્રહણ કરતી નથી. તે પણ અત્વરિત પણે નીતિને ગ્રહણ કરતો અવસરે અવસરે સમ્યક્ સેવા કરે છે. સરજસ્ક પણ તેની નિર્ભર્ત્સના કરે છે.

તે યુવક વડે ઘણાં કાળે તેણી આવર્જિત થઈ. તેનામાં આસક્ત થઈ અને બોલી – ચાલો આપણે પલાયન થઈ જઈએ.

યુવકે કહ્યું – આ અયુક્ત છે. પરંતુ તું ઉન્મત્તા થા. વૈદ્યો પણ આક્રોશ કરવા લાગે. તેણીએ તે પ્રમાણે કર્યુ. વૈદ્યોએ પણ તેણીને સાજી કરવાની ના પાડી દીધી. તેણીના પિતાને અધૃતિ-ખેદ થવા લાગ્યો.

વિપ્રને કહ્યું – મારી પાસે પરંપરાથી આવેલ વિદ્યા છે. આ કન્યાનો ઉપચાર દુષ્કર છે. તેણે કહ્યું – હું તેણીનો ઉપચાર કરીશ. વિપ્રએ કહ્યું – તમે પ્રયોગ કરો, પરંતુ બ્રહ્મચારી વડે કરવો. તેણે કહ્યું – સરજસ્કા છે, તેમને હું અહીં લાવું છું. ચટ્ટે કહ્યું – જો કંઈક પણ અબ્રહ્મચારી હશે, તો કાર્ય સિદ્ધ થશે નહીં. તે વાત પણ કબૂલ રાખી. તેણે કહ્યું – જે સુંદર હશે, તેને લાવીશ.

તે શબ્દવેધી અને દિક્પાલને લાવ્યો. મંડલ બનાવ્યું.

દિક્પાલે કહ્યું – જ્યાંથી શિવા શબ્દ આવે છે, તેને શીઘ્ર વીંધવું. સરજસ્કાને કહ્યું કે – 'હું ફૂટ' એમ કરીને શિવાનો અવાજ કરવો. દુહિતાને કહ્યું – તું તે પ્રમાણે જ ઉભી રહેજે. તે પ્રમાણે કરવાથી સરજસ્ક વિંધાઈ ગયો. પુત્રી પ્રગુલીભૂત થઈ. ધન્ય વિપરિણત થયો.

ચટ્ટે કહ્યું – મેં કહેલુંને કે – જો કંઈપણ રીતે અબ્રહ્મચારી હોઈશ તો કાર્ય સિદ્ધ થશે નહીં. ત્યારે ધન્યએ પૂછ્યું – હવે કોઈ ઉપાય ?

વિપ્રએ કહ્યું – આવો બ્રહ્મચારી થા. ગુપ્તીનો ઉપદેશ કર્યો.

તેણે પરિવ્રાજકોમાં તે ગુપ્તી શોધી, તેનામાં ન હતી. પછી સાધુની પાસે આવ્યા. સાધુએ ગુપ્તી બતાવી – વસતિ, કથા, નિષદ્યા, ઈન્દ્રિયો, ભીંતની પાછળ પૂર્વક્રીડિત, પ્રણીત, અતિ માત્રામાં આહાર, વિભૂષા એ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે. આટલામાં જે શુદ્ધ મનથી રહે છે તે બ્રહ્મચારી છે. તેથી બ્રહ્મચર્ય મનનો નિરોધ જિનેશ્વરોએ કહેલ છે.

ત્યાં જઈને કહ્યું — મારે બ્રહ્મચારીથી કાર્ય છે.

સાધુએ કહ્યું — નિર્ગ્રન્થોને આ કલ્પતું નથી.

ચટ્ટને જઈને વાત કરી કે બ્રહ્મચારીનો મળી ગયા, પણ તેઓ આ કાર્યની ઈચ્છા કરતાં નથી [તેઓ અનુમત નથી.]

તેણે કહ્યું — આવા પ્રકારે જ લોક વ્યાપારનો ત્યાગ કરનારા મુનિઓ હોય છે. પરંતુ તેઓને પૂજવાથી પણ કાર્યની સિદ્ધિ થાય છે. - x - તેનું નામ લખવાથી ક્ષુદ્ર વ્યંતરો પણ આક્રમણ કરતા નથી.

ત્યારે સાધુની પૂજા કરી, મંડલ બનાવ્યુ. સાધુના નામો લખ્યા. દિક્પાલોની સ્થાપના કરી. - x - કન્યા પણ પ્રગુણા-સાજી થઈ ગઈ.

ધન પણ સાધુનો આશ્રય કરીને શ્રાદ્ધ થયો. ધર્મોપકારી જાણીને પુત્રી અને મોતીની માળા પણ તેને જ આપી દીધી. એ પ્રમાણે અત્વરાથી તે કન્યા આદિ તેને પ્રાપ્ત થયા એ પ્રમાણે શ્લોકાર્થ કહ્યો.

તે આ સાંભળીને પરમમિત થયો. હું પણ સ્વદેશ જઈને અત્વરાથી જ ત્યાં કોઈ ઉપાયને વિચારીશ.

તે શ્રેષ્ઠીપુત્ર સ્વદેશ ગયો. ત્યાં વિદ્યાસિદ્ધ ચંડાલ અને દંડરક્ષક હતા, તેને તે વળગી રહ્યો. પૂછ્યું — તારે અમારી પાસે શું કામ છે ? શ્રેષ્ઠી પુત્રએ બધી વાત કરી. રાણીને મેળવી આપો.

તેઓએ વિચાર્યુ કે — રાણીને કંઈક આળ ચડાવીએ, જેનાથી રાજા તેનો પરિત્યાગ કરી દે. તેઓએ મારી [મરકી] વિકુર્વી. લોકો મરવા લાગ્યા. રાજાએ ચંડાલને આજ્ઞા કરી - મારીને તું પ્રાપ્ત કર.

તેમણે કહ્યું — હું મારી વિદ્યા વડે ગવેષણા કરું છું. રાણીના વાસગૃહમાં મનુષ્યના હાથ-પગ વિકુર્વ્યા. તેણીનું મુખ લોહીથી લિપ્ત કર્યુ. રાજાને નિવેદન કર્યુ — 'મારી' અહીં જ વાસ્તવ્યા છે. તમારા પોતાના ઘરમાં જ ગવેષણા કરો, રાજાએ ઘરમાં ગવેષણા કરતા 'મારી'ને જોઈ.

ચંડાલને આજ્ઞા કરી — સ્વવિધિ વડે 'મારી'નો વિનાશ કર. ત્યારે અવશ્ય મંડલમાં મધ્યરાત્રિના અલ્પસાગરિકમાં વિનાશ કરવો.

તેમ સ્વીકારીને સ્વગૃહે તેણીને લઈ ગયો. રાત્રિમાં મંડલ કર્યુ. શ્રેષ્ઠીપુત્ર પણ ત્યાં પૂર્વે નક્કી કરેલા કપટ મુજબ ગયો. ઉપચાર સહિત [રાણીને] મારવાનો આરંભ કર્યો. શ્રેષ્ઠી પુત્રએ કહ્યું — આને તું શું કરે છે? ચાંડાલ બોલ્યો ''આ મારી છે'' તેથી તેને મારી નાંખુ છું.

શ્રેષ્ઠી પુત્રએ ફરી પૂછ્યું — આ સ્ત્રી વડે કઈ રીતે અકૃત્ય કરાયું છે કે તે 'મારી' થઈ છે ? તને શું કંઈ અપશબ્દો કહ્યા. તેણીને માર નહીં. તું આને છોડી મૂક. ચાંડાલ તેની વાત માનવા રાજી નથી.

શ્રેષ્ઠીપુત્રએ તેને ઘણું કહ્યું — હું તમને કોટિ મૂલ્યના અલંકાર આપીશ, પણ તેને આ [રાણી] ને છોડી દો. તેણીને મારો નહીં, એમ કહીને ઘરાર તેમને અલંકાર આપ્યા.



ત્યારે રાણી વિચારવા લાગી કે — આ નિષ્કારણ વત્સલ છે. તેથી તેણીને પણ આસક્તિ જન્મી. ચાંડાલે પણ કહ્યું કે — જો તે તારી સાથે જોડાય તો અમે તેણીને મારીશું નહીં, પણ તમારે નિર્વિષયતા અર્થાત્ દેશની બહાર નીકળી જવું પડશે.

તે વાત રાણીએ કબૂલ કરતાં તેણીને મુક્ત કરી. શ્રેષ્ઠી પુત્ર પણ તેણીને ગ્રહણ કરીને ત્યાંથી પલાયન થઈ ગયો. પછી શ્રેષ્ઠીપુત્રને પ્રાણપ્રદા વત્સલ જાણીને રાણી તેની સાથે દૃઢતર આસક્ત થઈ, આલાપ આદિ વડે પણ મીલન થયું. દેશાંતરમાં ભોગોને ભોગવતા રહ્યા.

અન્ય કોઈ દિવસે તે શ્રેષ્ઠીપુત્ર પ્રેક્ષણક જોવા જવાને પ્રવૃત્ત થયો. રાણી સ્નેહથી જવાની રજા આપતી નથી. ત્યારે તે શ્રેષ્ઠીપુત્ર હસ્યો. રાણીએ પૂછ્યું કે — આમ હસવાનું શું કારણ ? ખૂબ જ આગ્રહ કરતાં યુવકે બધો વૃત્તાંત કહ્યો. ત્યારે રાણી નિર્વિણ્ણ થઈ - ખેદ પામી.

તેવા સ્વરૂપના આર્યાઓની પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધી. શ્રેષ્ઠીપુત્ર પણ આર્ત્ત-દુઃખાર્ત્ત થઈ મરીને તે દોષથી જ નરકે ઉત્પન્ન થયો.

આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયના દુઃખો જાણવા.

હવે ઘ્રાણ ઈન્દ્રિયનું ઉદાહરણ કહે છે —

ગંધપ્રિયકુમાર હતો. તે નિરંતરપણે નાવના કટક વડે રમતો હતો. તેની માતાની શોકે તેની મંજૂષામાં ઝેર નાંખીને નદીમાં વહાવી દીધી. તે કુમાર રમમાણ હતો ત્યારે તેણે મંજૂષા જોઈ.

તે પેટીને ઉતારી લીધી. ખોલીને તેને જોવામાં પ્રવૃત્ત થયો. પ્રતિમંજૂષાદિની ગંધ લેતા એક સમુદ્ગક - દાબડો જોવો. ગંધપ્રિયકુમારે તેને ઉઘાડ્યો, સુગંધ લેતાં જ મૃત્યુ પામ્યો.

ઘ્રાણેન્દ્રિયના આવા દુઃખો થાય તે જાણવા.

હવે જિહ્વેન્દ્રિયને આશ્રીને ઉદાહરણ આપે છે —

સોદાસ નામે એક રાજા હતો. તે ઘણો માંસપ્રિય હતો. તે માટે જીવોનો ઘાત કરતો [કરાવતો] હતો. પોપટનું માંસ બીલાડાએ ગ્રહણ કર્યુ. કષાયો તે માંસ શોધવા લાગ્યા. પણ ક્યાંય મળ્યું નહીં.

ત્યારપછી કોઈ બાળકને મારીને તેનું માંસ કાઢી સંસ્કારિત કર્યુ. ત્યારે પૂછ્યું — આ કોનું માંસ છે ? ત્યારે વૃત્તાંત કહ્યો.

તેમને પુરુષો આપ્યા. (બાળકોને) મારવા લાગ્યા. નગરજનોએ જાણ્યું કે નોકરો જ રાક્ષસ છે. મદ્ય પાઈને અટવીમાં પ્રવેશ કર્યો.

ચત્વરમાં સ્થિત રહીને હાથીને લઈ જઈને રોજેરોજ મનુષ્યને મારવા લાગ્યા. કોઈક કહે છે — વિરહ સ્થાનમાં લોકોને મારે છે. તે માર્ગે સાર્થ જતો હતો. તેઓ સુતા હતા, તેથી તેમને ખબર ન પડી.

સાધુઓ આવશ્યક કરતા હતા. તેઓ જોઈને તેની પાછળ ગયા. તપ વડે તેમનો આશ્રય કરવાને સમર્થ ન બન્યા. તે વિચારવા લાગ્યા કે આમ કેમ ? ધર્મકથન કર્યુ, પ્રવ્રજ્યા લીધી.

બીજા એમ કહે છે કે — રાજા બોલ્યો — જતાં એવા તમે ઉભા રહો. સાધુઓ બોલ્યા — અમે તો સ્થિત જ છીએ, તમે જ સ્થિત રહો.

રાજા વિચારમાં પડ્યો. બોધ પામ્યો. આચાર્યો અતિશયયુક્ત હતા. તે અવધિજ્ઞાની હતા. આવું કેમ બને ?

એ પ્રમાણે જિહ્વેન્દ્રિય દુઃખને માટે થાય છે.

હવે સ્પર્શનેન્દ્રિયનું ઉદાહરણ આપે છે —

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો, તેની પત્ની સુકુમાલિકા નામે હતી. તેનો સ્પર્શ અત્યંત સુકુમાલ હતો. રાજા રાજ્યનો વિચાર કરતો ન હતો. તે રાણીને નિત્યપણે પ્રતિભોગવતો રહેતો હતો.

એ પ્રમાણે કાળ વહેતો હતો. ભૃત્યો વડે સામંતો સાથે મંત્રણા કરીને રાણી સાથે તેને બહાર કાઢી મૂક્યો અને તેના પુત્રની રાજગાદીએ સ્થાપના કરી. રાજા-રાણી અટવીમાં ચાલ્યા ગયા.

રાણીને તરસથી પીડા થવા લાગી. તેણીએ પાણી માંગ્યુ. ત્યારે રાજાએ તેણીની આંખો બંધ કરીને કહ્યું કે ડરીશ નહીં. નસમાંથી લોહી કાઢીને તેણીને પીવડાવ્યું. લોહીમાં મૂલિકા નાંખી જેથી થીજી ન જાય.

ફરી રાણી ભુખ વડે પીડિત થઈ. સાથળમાંથી માંસ કાપીને ખાવા આપ્યું. પછી સંરોહિણી ઔષધિથી સાઢળને રૂઝવી દીધો.

એમ કરતા તેઓ જનપદમાં પહોંચ્યા. આભરણોને ગોપવી દીધા. એકત્ર વણિકત્વ કરે છે. તેની શેરી-ગલી શોધનારો એક પાંગળો હતો. રાણી અને તે એક વખત મળ્યા. પછી રાણીએ રાજાને કહ્યું કે — મને ઘેર એકલી રહેવું ગમતું નથી - રહી શકતી નથી. કોઈ બીજું હોય તો રહી શકું.

રાજાએ વિચાર કર્યો — નિરપાયમાં આ પાંગળો રાખવો જ સારો છે. તેણે આને ગૃહપાલક રૂપે નિયુક્ત કર્યો. તેણે ગીત-છલિત-કથાઆદિ વડે રાણીને આવર્જી લીધી. પછી તેની સાથે જ રાણી ચોંટી રહી.

રાણી પતિના છિદ્રો શોધવા લાગી. જ્યારે કોઈ જ છિદ્ર ન મળ્યા, ત્યારે ઉધાનિકામાં ગયા. તે રાજાને સુવિશ્વસ્ત કર્યો. ઘણો જ દારુ પીવડાવી દીધો. પછી રાજાને ગંગામાં ફેંકી દીધો.

રાણી પણ તેનું દ્રવ્ય ખાઈને ખંભા ઉપર પાંગળાનું વહન કરવા લાગી. ઘેર ઘેર ગીતગાન કરતાં ફરે છે. કોઈ પૂછે તો જણાવે છે કે — માતાપિતા દ્વારા મને આવો પતિ મળેલ છે, તો હું શું કરું ?

તે રાજા પણ ગંગામાંથી કોઈ એક નગરે નીકળ્યો. વૃક્ષની છાયામાં સુતો હતો. છાયા પરાવર્તન પામતી ન હતી. ત્યાંનો રાજા અપુત્રીયો મરણ પામ્યો. અધિવાસિત કરેલો અશ્વ ત્યાં ગયો. તેથી ‘‘જય-જય’’ શબ્દ વડે તેને રાજા તરીકે ઘોષિત કરાયો. તે રાજા થઈ ગયો.

પે’લો પાંગળો અને રાણી બંને તે નગરમાં જઈ ચડ્યા. રાજાને તે સમાચાર મળ્યા, તે બંનેને રાજમાં બોલાવ્યા. રાણીને પૂછ્યું કે આ કોણ છે ? રાણી કહે છે



— મારા માતાપિતાએ આપેલો આ મારો પતિ છે.

ત્યારે રાજા તે રાણીને કહે છે — બાહુનું લોહી પીધુ છે, સાથળનું માંસ ખાધેલું છે, પતિને ગંગામાં વહાવી દીધા છે. હે પતિવ્રતા ! ધન્ય છે તને. ઘણું સારુ કર્યુ, ઘણું સારુ કર્યા.

રાજાએ તુરંત જ તેણીને દેશનિકાલની આજ્ઞા આપી. એ પ્રમાણે રાજા-રાણી બંનેને અને વિશેષ તો સુકુમાલિકાને સ્પર્શનેન્દ્રિય દુઃખને માટે થઈ.

શબ્દના સંગમાં જે દોષ છે. તે મૃગાદીને શરીરની હાનિ કરે છે. સતત સુખનો અર્થ અને વિદ્વાન્ શબ્દમાં કેમ સંગવાળો થાય ? એ રીતે પતંગીયાનો રૂપના પ્રસંગથી ક્ષય થતો જોઈને, સ્વસ્થચિત્તનો રૂપમાં કેમ વ્યર્થ સંગમ સંભવે ? ગંધના દોષથી સર્પોની પરતંત્રતાની સમીક્ષા કરીને કોણ ગંધ આસક્ત થાય અથવા કાય સ્વભાવ ન ચિંતવે ? રસના આસ્વાદના પ્રસંગથી મત્સ્યાદિનું ઉત્સાદન જાણીને તેવા દુઃખાદિજનક રસમાં કોણ સંગમ પામે ? સ્પર્શમાં આસક્ત ચિત્તવાળા હાથી આદિને ચોતરફથી અસ્વાતંત્ર્ય સમક્ષ જોઈને પણ કોણ સ્પર્શને વશ થાય ?

એ પ્રમાણે આવા પ્રકારે ઈન્દ્રિયો સંસારને વધારનારી છે, વિષય લાલસા દુર્જય, દુરંત છે ઈત્યાદિ પૂર્વવત્.

હવે પરીષહદ્વારનો અવસર છે. તેમાં માર્ગથી ન ચ્યવીને નિર્જરાર્થે પરિસહન કરવું તે પરીષહ. તેમાં માર્ગથી ન ચ્યવવા માટે દર્શન અને પ્રજ્ઞા પરીષહ છે. બાકીના પરીષહો નિર્જરાર્થે છે.

આ પરીષહોની સંખ્યા બાવીશ છે. તે આ પ્રમાણે — ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દશ-મશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા ઈત્યાદિ - x - x - તેને વિસ્તારથી જાણવા જોઈએ. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે —

—(૧)— ભુખથી પીડાતા, શક્તિમાન્ સાધુ એષણાનું ઉલ્લંઘન ન કરે યાત્રા-માત્રામાં ઉદ્યત વિદ્વાન્ અદીન અને અવિપ્લવથી ચરે.

—(૨)— તૃષાતુર હોય, માર્ગમાં રહેલ હોય તો પણ તત્ત્વવિદ્ દીનતા છોડીને કાચુ પાણીની અભિલાષા ન કરે, કલ્પિત જળ શોધે.

—(૩)— શીતથી અભિઘાત થવા છતાં યતિ ત્વચા વસ્ત્રના રક્ષણને છોડીને અકલ્પ્ય વસ્ત્ર ગ્રહણ ન કરે કે અગ્નિ ન સળગાવે.

—(૪)— ઉષ્ણથી તપવા છતાં તેને નિંદે નહીં કે છાયાનું સ્મરણ કરે નહીં. સ્નાન, ગાત્ર અભિષેકાદિ અને વીંઝણો પણ વર્જે.

—(૫)— દંશમશક કરડે ત્યારે મુનિ ત્રાસથી દ્વેષ ન પામે, તેને નિવારે નહીં પણ ઉપેક્ષા કરે કે બધાં આહારપ્રિયત્વવાળા છે.

—(૬)— મારા વસ્ત્ર અશુભ ન હોય, તેમ સારુ કે ન સારુ ન ઈચ્છે, લાભ અને અલાભનું વિચિત્રત્વ જાણીને નગ્નતાને સહે.

—(૭)— જતા, રહેતા કે બેસતા અરતિવાળો ન થાય, ધર્મરૂપી આરામમાં રત નિત્ય સ્વસ્થચિત્તવાળો મુનિ થાય.

—(૮)— સંગરૂપી પંક સુદુર્બાધ્ય છે, સ્ત્રીઓ મોક્ષમાર્ગની અર્ગલા સમાન છે.

તેણીને ધર્મના નાશ માટે ચિંતવે અથવા તેને વિચારે નહીં.

—(૯)— ગામ આદિ અનિયત સ્થાયી અથવા સદા અનિયત આલપ છે. વિવિધ અભિગ્રહો વડે યુક્ત એવી 'ચર્યા' એકનો આશ્રય કરે.

—(૧૦)— શ્મશાનાદિમાં પણ નિષધા કરે, સ્ત્રી આદિ કંટકને વર્જે. અનિષ્ટ કે ઈષ્ટ એવા કોઈપણ ઉપસર્ગની સ્પૃહા ન કરે, પણ ખમે.

—(૧૧)— શુભ કે અશુભ શય્યામાં, સુખ કે દુઃખમાં સમુત્થિત થઈ સહે

—(૧૨)— આકૃષ્ટ થઈ મુનિ આક્રોશ ન કરે - x - કોઈ પ્રત્યે દ્વેષ ન કરે.

—(૧૩)— હણતાને સહન કરે તે જ મુનિ, પ્રતિહણવાનું કામ ન કરે.

—(૧૪)— પરદત્તના ઉપજીવી હોવાથી યતીને અયાચિત કશું ન હોય. જે કારણે આ યાચના દુઃખ છે. તે સહન કરે પણ અગારીપણું ન ઈચ્છે.

—(૧૫)— બીજા માટે કરેલ કે બીજા માટેનું અન્ન આદિ પ્રાપ્ત થાય કે ન પણ થાય, પ્રાપ્ત થતાં અહંકાર કે નિંદા ન કરે. - x -

—(૧૬)— રોગ આવે ત્યારે ઉદ્વેગ ન કરે, ચિકિત્સાની ઈચ્છા ન કરે, તે રીતે અદીનપણે સહન કરે, શ્રામણ્યની અનુપાલના કરે.

—(૧૭)— વસ્ત્રમાં કે કદાચિત્ તૃણાદિમાં તેના સંસ્પર્શથી ઉદ્‌ભવેલ દુઃખને સહન કરે, પણ તેમાં મૃદુની ઈચ્છા ન કરે.

—(૧૮)— મેલ, પંક, રજ આદિ, ગ્રીષ્મના ઉનાળામાં પરસેવો થાય તો પણ ઉદ્વેગ ન પામે. સ્નાનને ન ઈચ્છે પણ તેને સહન કરે.

—(૧૯)— ઉત્થાન, પૂજન, દાનની સ્પૃહા ન કરે. લબ્ધિમાં મૂર્છિત ન થાય અને સત્કાર ન પામે દીનતા ન લાવે.

—(૨૦)— કર્મના દોષને જાણનારો જિજ્ઞાસુ અજાણ વસ્તુમાં મોહ ન પામે.

—(૨૧)— વિરત, તપયુક્ત એવો હું છદ્મસ્થ છું, તો પણ ધર્માદિ ફળ ન ઈચ્છે.

—(૨૨)— જિનેશ્વરોએ તેમને કે જીવને ભવાંતરમાં ધર્માધર્મ કહેલ છે. તે પરોક્ષરૂપે મૃષા નથી, મહત્ ગ્રહથી તેમ ચિંતવે.

શારીરિક કે માનસિક સ્વ-પર પ્રેરિત એવા પરીષ હોતો મુનિ સદા મન, વચન, કાયાથી સહન કરે. જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મના ઉદયભૂત પરીષહો સંભવે છે.

ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દંશમશકાદિ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ એ વેદનીયકર્મથી ઉદ્‌ભવે છે અને અલાભ નામનો પરષહ અંતરાયકર્મથી ઉદ્‌ભવે છે. પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ જ્ઞાનાવરણથી સંભવે આ ચૌદ પરીષહોનો સંભવ સૂક્ષ્મ સંપરાય અને છદ્મસ્થ અરાગીને પણ સંભવે છે તેમ જાણવું. ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દંશ, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ, તૃણ સ્પર્શ જિનને વેદવાના સંભવે છે.

આ અર્થ સંક્ષેપમાં કહ્યો.

અવયવાર્થ પરીષહ અધ્યયનથી જાણવો.



અહીં પણ દ્રવ્ય ભાવ વિભાષા છે. દ્રવ્યપરીષહો આલોકના નિમિત્તે જેઓ પરવશ થઈને કે બંધનાદિથી સહન કરે છે. તેનું ઉદાહરણ જેમ ચક્રમાં સામાયિકમાં ઈન્દ્રપુરમાં ઈન્દ્રદત્તના પુત્રનું કહ્યું તે જાણવું.

ભાવપરીષહ - જે સંસારવ્યુચ્છેદ નિમિત્તે અનાકુળપણે સહન કરે છે, તેને જ પ્રશસ્ત જાણવા.

હવે ઉપસર્ગ દ્વારનો અવસર છે - તેમાં ઉપ - સામીપ્યથી, સર્જન તે ઉપસર્ગ અથવા જેના વડે ઉપસર્જન થાય તે ઉપસર્ગ - કરણ સાધન. ઉપસર્જન થાય તે આ - એ ઉપસર્ગ કર્મસાધન છે.

ઉપસર્ગ પ્રત્યય ભેદથી ચાર પ્રકારે છે — દિવ્ય, માનુષ્, તિર્યંચયોનિક અને આત્મ સંવેદન ભેદથી. તેમાં દિવ્ય ઉપસર્ગ ચાર પ્રકારે છે — હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શથી, પૃથક્ વિમાત્રાથી. હાસ્યમાં-ક્ષુલ્લક.

નાના સાધુઓ બીજા ગામમાં ભિક્ષાચર્યાર્થે ગયા. વ્યંતરી પાસે ઉપયાચના કરી. જો આપણને કંઈ મળે તો વિકટચ્ચ લઘુ કૃષ્ણ વર્ણથી અર્ચન આપીશું. તેમને પ્રાપ્ત થયું. વ્યંતરીએ માંગ્યુ, તેઓ પરસ્પર બોલ્યા કે માંગે તે આપી દેવું. ત્યારે સ્વયં જ તેણીને પ્રસ્વાદિત કરી.

કાંદર્પિક દેવો તેમનું રૂપ આવરીને રમતા હતા. વિકાલે શોધ્યા, ન જોયા. દેવતાએ આચાર્યને કહ્યું. પ્રદ્વેષમાં સંગમ થયો. વિમર્શ કરવા એક દેવકુલિકામાં સાધુઓ વર્ષારાત્ર રહીને ગયા. તેમાંનો એક પૂર્વે મોકલેલ, ત્યાં જ વર્ષારાત્ર કરવાને આવ્યો. તે દેવકુલિકામાં રહ્યો.

દેવતા વિચારે છે કે — આ દૃઢ ધર્મી છે કે નહીં. શ્રાવિકા રૂપે ઉપસર્ગ કરે છે, તે સાધુએ આહારાદિ ન લીધા. દેવીએ સંતુષ્ટ થઈ વાંદ્યા. પૃથક્ વિમાત્રા હાસ્યથી કરીને પ્રદ્વેષથી કરાય, એ પ્રમાણે સંયોગ કહ્યો.

માનુષ્ય ઉપસર્ગ ચાર ભેદે છે — હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શથી, કુશીલ પ્રતિ સેવનાથી, હાસ્યમાં ગણિકાની પુત્રીનું દૃષ્ટાંત છે. નાનો સાધુ ભિક્ષાને માટે જતાં ઉપસર્ગ કરે છે. તેણે માર્યો. ગણિકાએ રાજાને ફરિયાદ કરી, નાના સાધુને બોલાવ્યો. શ્રીગૃહનું દૃષ્ટાંત કહે છે.

પ્રદ્વેષમાં ગજસુકુમાલને સોમભૂતિ મારી નાંખ્યાનું દૃષ્ટાંત છે અથવા એક બ્રાહ્મણ કોઈ એક અવિરતિકા સાથે અકાર્ય સેવતો હતો તે સાધુ વડે જોવાયું. તેમને દ્વેષ ઉત્પન્ન થયો, સાધુને મારવા માટે દોડ્યો. સાધુને પૂછે છે, તું કેમ આ તરફ જુએ છે ? સાધુ કહે બે કાન વડે ઘણાં શ્લોક સાંભળ્યા.

વિમર્શથી - ચંદ્રગુપ્ત રાજાને ચાણક્યએ કહ્યું — પારત્રિકનું કંઈક કરો. તે કદાચ સુશિષ્ય થાય. અંતઃપુરને માટે ધર્મકથન કર્યું. અન્યમતીઓ ઉપસર્ગ કરે છે, તેનો વિનાશ કર્યો, કાઢી મૂક્યા. સાધુઓને બોલાવ્યા, તેઓએ કહ્યું — જો રાજા હાજર રહે તો ધર્મ કહીશ. ત્યાં સાધુ ગયા, રાજા નીકળી ગયો. અંતઃપુરિકા ઉપસર્ગ કરવા લાગી. તેમને માર્યા. શ્રી ગૃહ દૃષ્ટાંત કહે છે.

કુશીલ પ્રતિસેવનામાં ઈર્ષ્યાળુ, ચાર પત્નીઓ, રાજ કુટુંબ. તેણે ઘોષણા

કરી - સપ્ત વૃત્તિ પરિક્ષિપ્ત સિવાય કોઈને ઘરમાં પ્રવેશ મળશે નહીં. સાધુ અજાણતા વિકાલે વસતિ નિમિત્તે આવ્યા. તેણે પ્રવેશ કર્યો. ત્યાં પહેલા પ્રહરે પ્રથમા આવીને કહે છે — પ્રતિચ્છ. સાધુને કચ્છ બાંધી, કૂર્મબંધ કરીને અધોમુખ કર્યા, લાંબો સમય વીંટાળીને રહ્યા. એમ કલેશ પહોંચાડીને ગઈ. એ પ્રમાણે ચરે પણ પ્રહરે પ્રહરે કલેશ પહોંચાડીને ગઈ. પછી ચારે મળીને એકઠી થઈ. ઉપશાંત થઈને શ્રાવિકા બની.

તિર્યંચો દ્વારા ચાર પ્રકારે ઉપસર્ગ થાય — ભયથી, પ્રદ્વેષથી, આહારને માટે, અપત્ય આલયના સંરક્ષણને માટે.

ભયથી કુતરા વગેરે કરડે. પ્રદ્વેષમાં ચંડકૌશિક કે મર્કટ આદિ. આહારના હેતુથી સિંહ આદિ, અપત્યનો નિવાસ બચાવવાને માટે કાગડી.

પોતા વડે કરાય તે આત્મસંવેદનીયા ઉપસર્ગ. જેમ ઉદ્દેશમાં ચૈત્યમાં, પ્રાભૃતકામાં કહ્યા. તે ચાર ભેદે છે — ઘટ્ટનતા, પ્રપતનતા, સ્તંભનતા અને શ્લેષણતા. ઘટ્ટનતા - જેમકે આંખમાં રજ પ્રવેશે અને આંખ ચોળતા દુઃખવાને લાગે અથવા સ્વયં જ આંખ ગળે, કંઈક સળી વગેરે ઉડીને લાગે.

પતનતા - પ્રયત્ન વડે ન ચંક્રમણ કરે, તેમાં દુઃખાવો થાય. સ્તંભન-ત્યાં સુધી ઉપવિષ્ટ રહે જ્યાં સુધી સુતો હોય, સ્તબ્ધ થઈ જાય. - x - શ્લેષણતા - પગને આકૃષ્ટ કરીને રહે તેમાં વાયુથી જોડાઈ જાય. અથવા નૃત્ય શીખતા અતિ નમવાથી કોઈક અંગ ત્યાં જ લાગી જાય.

અથવા આત્મ સંવેદનીય ઉપસર્ગો ચાર ભેદે — વાતિકા, પૈતિકા, શ્લેષ્મિકા, સાન્નિપાતિકા. આ દ્રવ્ય ઉપસર્ગો કહ્યા. ભાવથી આ જ ઉપસર્ગ ઉપયુક્તને થાય તે. દિવ્ય, માનુષ્યક, તૈરશ્ચની વ્યાખ્યા કરી.

*[ત્યારપછી વૃત્તિકારશ્રી ઉપરોક્ત અર્થને જ જણાવતી એવી ચાર ગાથાની નોંધ વૃત્તિમાં કરે છે, અમે તેની પુનરુક્તિ અત્રે કરેલ નથી.]*

પ્રસંગથી આટલું કહ્યું તે પર્યાપ્ત છે. આ પ્રમાણે नमो ऽ र्हां એ પણ ગાથાર્થની વ્યાખ્યા કરેલ છે.

હવે પ્રાકૃત શૈલીથી અનેક પ્રકારે 'અર્હત્' શબ્દની નિરુક્તિનો સંભવ છે, તેનો નિર્દેશ કરતાં કહે છે —

**● નિર્યુક્તિ-૯૧૯ :-**

***ઈન્દ્રિય, વિષય, કષાય, પરીષહ, વેદના અને ઉપસર્ગ, આ-આ શત્રુઓને હણવાથી તેઓ "અરિહંત" કહેવાય છે.***

**● વિવેચન-૯૧૯ :-**

ઈન્દ્રિય આદિની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. વેદના - ત્રણ પ્રકારે છે — શારીરિક, માનસિક અને ઉભયરૂપા. આ બધાં શત્રુને હણનારા - x - x - હોવાથી 'અરિહંતાર' તેઓ કહેવાય છે. શત્રુને હણનારા છે, માટે अरिहंतार એમ નિરુક્તિ થાય.

[શંકા] આની અનંતર ગાથામાં આમ જ કહેલ છે. તો પછી અહીં ફરીથી આનું ગ્રહણ અયુક્ત છે ?



[સમાધાન] અનંતર ગાથામાં નમસ્કારની યોગ્યતાના હેતુપણાથી તેમ કહેલ હતું. અહીં વળી અભિધાન નિરુક્તિના પ્રતિપાદનાર્થે કહેલ છે. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. હવે બીજા પ્રકારે अरय - શત્રુઓને જણાવે છે. તે આઠ પ્રકારે જ્ઞાનાવરણાદિ સંજ્ઞા બધાં સત્ત્વોની જ છે, તે કહે છે —

**● નિર્યુક્તિ-૯૨૦ :-**

***આઠ પ્રકારના કર્મો*** *अरि* ***- શત્રુરૂપ બધાં જીવોને હોય છે. તે કર્મરૂપ*** *अरि* ***ને હણનારા હોવાથી તેમને*** *अरिहंत* ***કહેવાય છે.***

**● વિવેચન-૯૨૦ :-**

આઠ પ્રકારના પણ, अपि શબ્દથી ઉત્તર પ્રકૃત્તિની અપેક્ષા થકી અનેક પ્રકાર પણ જાણવા. च શબ્દ ભિન્ન ક્રમ માટે છે. તે અવધારણા અર્થે છે. જ્ઞાનવરણ આદિ, તે આઠ પ્રકારના કર્મો જ अरिभूत - શત્રુરૂપ થાય છે. બધાં જ જીવોને અનવબોધ બોધનો અભાવ આદિ દુઃખહેતુપણે છે, પશ્ચાર્ધ પૂર્વવત્ જાણવો.

- અથવા - [બીજી વ્યાખ્યા]

**● નિર્યુક્તિ-૯૨૧ :-**

***વંદન અને નમનને યોગ્ય છે, પૂજા સત્કારને યોગ્ય છે, સિદ્ધિ ગમનમાં યોગ્ય છે, તે કારણથી તેઓ અરહંત કહેવાય છે.***

**● વિવેચન-૯૨૧ :-**

अर्ह ક્રિયાપદ પૂજા અર્થમાં છે. [યોગ્ય અર્થમાં છે] શેને યોગ્ય છે ? વંદન અને નમસ્કરણમાં, તેમાં વંદન-મસ્તક વડે થાય અને નમસ્કાર વાણી વડે થાય છે. તથા યોગ્ય છે — પૂજા અને સત્કારને. તેમાં પૂજા-વસ્ત્ર અને માળા આદિ જન્ય છે. સત્કાર-અભ્યુત્થાદિ સંભ્રમ છે.

તથા સિદ્ધિગમનને યોગ્ય. સિદ્ધિ થાય છે એટલે નિષ્ઠિતાર્થા થાય છે. કોને ?, આ પ્રાણીઓને, તે સિદ્ધિ - લોકાંત ક્ષેત્ર રૂપ. કહેવાય પણ છે કે — "અહીં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઈને સિદ્ધ થાય છે." ત્યાં જવાને માટે યોગ્ય. તેથી અરહંત કહેવાય છે. તે પ્રાકૃત શૈલી છે. अर्हाः તેથી કહેવાય છે અથવા "ને યોગ્ય છે" માટે अर्हन्त.

**● નિર્યુક્તિ-૯૨૨ :-**

***દેવ, દાનવ, મનુષ્યથી પૂજાને યોગ્ય છે, કેમકે તેઓ દેવા કરતાં પણ ઉત્તમ છે. તેઓ*** *अरि* ***- શત્રુને હણનારા છે, રજ-કર્મરજને હણનારા છે તે કારણે અરિહંત કહેવાય છે.***

**● વિવેચન-૯૨૨ :-**

દેવો, અસુરો, મનુષ્યો વડે પૂજાને યોગ્ય છે — તેવી યોગ્યતા હોવાથી પૂજાને પ્રાપ્ત કરે છે, "દેવોમાં ઉત્તમપણે હોવાથી" એ યુક્તિ છે. અહીં અનેક પ્રકારે અન્વર્થ કહેવાને માટે ફરી સામાન્ય અને વિશેષ વડે ઉપસંહાર કરતાં કહે છે — 'શત્રુને હણનાર' ઈત્યાદિ પૂર્વવત્ જ છે. अरीणां हन्तारः જેથી અરિહંતાર, તેથી કહેવાય છે.

તથા રજને હણનાર, કેમકે રજને હણનાર હોવાથી તેમ કહેવાય. રજ એટલે બધ્યમાનક કર્મ કહેવાય.

હવે અમોઘતા જણાવવાને માટે અપાંતરાલિક નમસ્કારના ફળને ઉપદર્શિત કરે છે. [બતાવે છે.]

● નિર્યુક્તિ-૯૨૩ :-

***અરહંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવોથી મુકાવે છે. તે વળી ભાવથી કરાય તો બોધિ લાભને માટે થાય છે.***

● વિવેચન-૯૨૩ :-

અરહંતને નમસ્કાર, તે અર્હન્નમસ્કાર. અહીં અર્હત્ શબ્દતી બુદ્ધિસ્થ અર્હત્ આકારવાળી સ્થાપના ગ્રહણ કરાય છે. નમસ્કાર તે નમઃ શબ્દ જ છે. જીવ - આત્મા, મુકાવે છે - દૂર કરે છે, છોડાવે છે. કોનાથી? હજારો ભવોથી. ભાવ - ઉપયોગથી જો કરાય, અહીં સહસ્ર શબ્દ તો ૧૦૦૦ સંખ્યા દર્શાવે છે, તો પણ અહીં અર્થથી અનંત સંખ્યા જ જાણવી અર્થાત્ અનંત ભવોથી મૂકાવે છે - મોક્ષની પ્રાપ્તિ કરાવે છે, તેમ કહેલ છે.

[શંકા] બધાં જ ભાવથી પણ નમસ્કાર કરવામાં તદ્‌ભવે જ મોક્ષ ન થાય, તો પછી શા માટે કહેવાય છે કે — જીવને મુક્ત કરાવે છે, ઈત્યાદિ. [સમાધાન] જો કે તે જ ભવે મોક્ષને માટે થતો નથી, તો પણ ભાવના વિશેષાત્‌થી થાય છે. વળી 'બોધિ લાભને માટે થાય' તેમ કહ્યું. બોધિલાભ એ જલ્દી અને અવિકલ એવો મોક્ષનો હેતુ છે, તેથી આમ કહ્યું તેમાં કોઈ દોષ નથી. એમ ગાથાર્થ કહ્યો. તથા કહે છે —

● નિર્યુક્તિ-૯૨૪ :-

***ભવનો ક્ષય કરતાં એવા ધન્ય જીવોના હૃદયને ન છોડતો અરહંત નમસ્કાર અપધ્યાનને નિવારનારો થાય છે.***

● વિવેચન-૯૨૪ :-

'અરહંત નમસ્કાર' પૂર્વવત્. ભવનો ક્ષય કરતાં ધન્યોના. અહં ધન્યા - જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ધનવાળા સાધુ આદિ, તેમને - ભવનો ક્ષય કરનારાને. અહીં તે ભવનું જીવિત તે ભવ, તેનો ક્ષય, તે ભવક્ષય, કરતાં એટલે આચરતાને, શું ? હૃદયને - ચિત્તને, ત્યાગ ન કરીને, હૃદયથી દૂર ન જઈને, ''વિસ્રોતસિકવારક'' - અહીં અપધ્યાનને વિસ્રોતસિકા કહ્યું. તેને વારક છે અર્થાત્ ધર્મધ્યાન જ એક આલંબનતા કરે છે.

● નિર્યુક્તિ-૯૨૫ :-

***એ પ્રમાણે મહાર્થ અરહંત નમસ્કારનું વર્ણન કરાયું, મરણ સમીપ આવતાં તે વારંવાર નિરંતર કરાય છે.***

● વિવેચન-૯૨૫ :-

અરહંત નમસ્કાર જ એ પ્રમાણે નિશ્ચે વર્ણન કરાયેલ મહાર્થ જેનો મહાન્ અર્થ છે તે. અલ્પ અક્ષર હોવા છતાં દ્વાદશાંગનો અર્થ સંગ્રહ કરેલ હોવાથી મહાર્થ છે. વળી તે કેવો છે ? તે કહે છે —



જે નમસ્કાર, 'મરણ' - પ્રાણ ત્યાગ લક્ષણમાં, ઉપાગ્ર-સમીપ ભૂત થઈ, અનવરત અને અનેકવાર કરાય છે. તેથી પ્રધાન આપત્તિમાં સમ અનુસ્મરણ કરવાથી ગ્રહણ કર્યો છે માટે મહાર્થ-પ્રધાન છે.

અહીં ભાષ્યકારશ્રી કૃત પાંચ ગાથાઓ મૂકેલી છે —

(૧) જ્વલનાદિ ભયમાં બાકીનાને છોડીને પણ એક મહામૂલ્ય રત્ન છે, યુદ્ધમાં કે અતિભયમાં જેમ અમોઘ શસ્ત્ર ગ્રહણ કરાય તેમ અહીં —

(૨) દ્વાદશાંગને છોડીને તે જ મરણ વખતે કરાય છે, જેથી અરહંત નમસ્કાર કરાય છે, તે કારણથી તે દ્વાદશાંગનો અર્થ છે.

(૩) સર્વે પણ દ્વાદશાંગ પરિણામ વિશુદ્ધિ માત્ર હેતુક છે, તે કારણ ભાવથી કેમ તેને માટે નમસ્કાર ન કહ્યો ?

(૪) કેમકે તે દેશ-કાળમાં બાર પ્રકારનું શ્રુત સ્કંધ આખું ચિંતવવું તે બાઢ અને સમર્થ ચિત્તથી પણ શક્ય નથી.

(૫) તેની પ્રણતીના સદ્‌ભાવથી, તે કારણે શુભ ચિત્ત વડે અનુસરવું જોઈએ. આ જ નમસ્કાર કૃતજ્ઞત્વ મન્યમાન છે. [આ ગાથા ભિન્ન સંબંદ્ધ છે.]

એ પ્રમાણે ગાથાર્થ કહ્યો. હવે ઉપસંહાર કહે છે —

● નિર્યુક્તિ-૯૨૬ :-

***અરહંત નમસ્કાર એ બધાં પાપોનો પ્રકૃષ્ટ નાશક છે અને તે સર્વે મંગલોમાં પ્રથમ - પ્રધાન મંગલ છે.***

● વિવેચન-૯૨૬ :-

કેટલું કહીએ ? આ અરહંત નમસ્કાર કેવો છે ? બધાં પાપનો નાશ કરનાર છે. તેમાં પાંશયતિ - [પાપથી બહાર કાઢે] તેના નિપાતનથી 'પાપ' કહ્યું અથવા હિતને પીએ છે [હિત મેળવાય છે] માટે 'પાપ'.

સર્વમ્ - આઠે પ્રકારે પણ, કર્મ - પાપ, જાતિ સામાન્ય અપેક્ષાથી કહ્યું. કહેલ છે કે — તત્ત્વથી પાપએ કર્મ જ છે, ઈત્યાદિ. તેનો નાશ કરે છે માટે સર્વપાપપ્રણાશન.

સર્વેમાં - નામાદિ લક્ષણ, મંગલોમાં પહેલું - પ્રધાન કેમકે તે પ્રધાન અર્થને કરનારું છે, અથવા આ પાંચ ભાવ મંગલ - અરહંત આદિ છે, તેમાં પહેલું એટલે કે આદ્ય મંગલ છે. હવइ મંગલં - મંગલ સંપ્રાપ્ત થાય છે, એ ગાથાર્થ છે.

અહીં સુધી અરહંત નમસ્કાર કહ્યો.

હવે સિદ્ધ નમસ્કાર કહીએ છીએ. તેમાં સિદ્ધ શબ્દનો શો અર્થ છે ? તે કહે છે :- - x - x - જે સિદ્ધ થાય છે. તે સિદ્ધ. જે જે ગુણ વડે નિષ્પન્ન - પરિનિષ્ઠિત છે, ફરી જેને સાધવાનું નથી. તે સિદ્ધ થયેલા ઓદનની માફક સિદ્ધ છે. તે સિદ્ધ શબ્દ સામાન્ય અપેક્ષાથી કહ્યો. અર્થથી તે ચૌદ પ્રકારે છે. તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય એ ત્રણ સિદ્ધોને છોડીને બાકીના નિક્ષેપોનું પ્રતિપાદન કરવાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૯૨૭ :-

***કર્મ, શિલ્પ, વિદ્યા, મંત્ર, યોગ, આગમ, અર્થ, યાત્રા, અભિપ્રાય, તપ અને કર્મક્ષય એ [બાકીના ૧૧માં સિદ્ધ કહેવા.]***

• વિવેચન-૯૨૭ :-

કર્મમાં સિદ્ધ તે કર્મસિદ્ધ અર્થાત્ કર્મમાં નિષ્ઠાને પામેલ. એ પ્રમાણે શિલ્પ સિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, અભિપ્રાયસિદ્ધ, તપઃસિદ્ધ, કર્મક્ષયસિદ્ધ એ અગિયાર સિદ્ધો જાણવા. ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

અવયવાર્થ તો પ્રતિદ્વારે કહેવાશે.

તેમાં નામસિદ્ધ અને સ્થાપનાસિદ્ધ સુખે જાણી શકાય છે. દ્રવ્યસિદ્ધ - નિષ્પન્ન થયેલ ઓદનને સિદ્ધ કહેવાય છે.

હવે કર્મસિદ્ધાદિની વ્યાખ્યા વડે કર્માદિ સ્વરૂપ જ જણાવે છે —

• નિર્યુક્તિ-૯૨૮ :-

***આચાર્યના ઉપદેશ વિના જે પ્રાપ્ત થાય તે કર્મ, જેમકે — કૃષિ, વાણિજ્ય આદિ. જે આચાર્યના ઉપદેશાદિથી શિખાય તે શિલ્પ. જેમકે — ઘટ, લોહારાદિ ભેદથી કાર્ય.***

• વિવેચન-૯૨૮ :-

અહીં કર્મ એટલે આચાર્યના ઉપદેશ વિના જ સાતિશય અનન્ય સાધારણ ગ્રહણ કરાય છે. શિલ્પ - અન્ય રીતે કહેવાયલ છે. અર્થાત્ જે આચાર્ય ઉપદેશજ કે ગ્રન્થનિબંધથી ઉત્પન્ન થાય છે. સાતિશય કર્મ પણ તેથી શિલ્પ કહેવાય છે. તેમાં ભારવહન, કૃષિ, વાણિજ્યાદિ કર્મ, ઘડો, લુહારાદિના ભેદથી શિલ્પ છે.

હવે કર્મસિદ્ધ ઉદાહરણ સહિત જણાવતા કહે છે —

• નિર્યુક્તિ-૯૨૯ :-

***જે સર્વ કર્મમાં કુશળ છે, અથવા જે જેમાં સુપરિનિષ્ઠિત થયો હોય, તેને સહ્યગિરિ સિદ્ધકની જેમ કર્મસિદ્ધ જાણવો.***

• વિવેચન-૯૨૯ :-

જે કોઈ સર્વ કર્મમાં કુશલ છે, અથવા જે કર્મમાં સુપરિનિષ્ઠિત છે ઈત્યાદિ ગાથાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ —

કોંકણક દેશમાં એક દુર્ગમાં સહ્યથી ભાંડ ઉતારતો અને ચડાવતો. તેમાં વિષયમાં જે ગુરુ ભારવાહી હતો તેને રાજાએ સમ્યક્ આજ્ઞપ્ત કરેલ કે આને મારે પણ માર્ગ આપી દેવો. પણ તેણે કોઈને ન આપવો.

આ તરફ એક સૈન્ધવીય પુરાણ, તે પ્રતિભગ્ન [દીક્ષા છોડેલો] વિચારે છે કે હું ત્યાં જઉં, જ્યાં આ જીવ કર્મમાં ભાંગે નહીં અને સુખને જાણે નહીં. તે આ ભાર વાહકોને મળ્યો. તે જવાને તૈયાર થતા કહે છે — કુકડાના અવાજથી પ્રતિબોધિત સિદ્ધ કહે છે — મને સિદ્ધિ આપો. જે રીતે સિદ્ધો સિદ્ધિમાં સહ્યકે ગયા છે.

તે તેઓમાં મહત્તર હતો, બધાંથી વધારે ભાર વહન કરતો હતો. તેણે સાધુને જોઈને માર્ગ આપ્યો. ભારવાહકો રોષિત થયા, રાજકુલે ફરિયાદ કરી, તેઓએ કહ્યું — અમારો રાજા પણ ભારથી દુઃખી થતાને માર્ગ આપે છે. તો તેં શ્રમણને માટે ખાલી કરીને માર્ગ કેમ આપ્યો ?



રાજાએ તેને કહ્યું — તેં ઘણું ખોટું કર્યુ. મારી આજ્ઞા ઉલ્લંઘી. તે ભારવાહીએ કહ્યું — હે દેવ ! આપે મને ગુરુભારવાહી કરીને આ આજ્ઞા કરેલી ? રાજાએ કહ્યું — હા. જો એમ હોય તો સાધુ ગુરુતરભારવાહી છે. કઈ રીતે ? જે તે થાક્યા વિના ૧૮,૦૦૦ શીલાંગથી ભરેલ ભાર વહે છે, તે મારાથી પણ ઉપાડાતો ન હતો. તેણે ધર્મકથા કહી —

મહારાજ ! વહન કરાય તે ભાર. તે પણ વિશ્રામ લેતા વહન કરે છે, જ્યારે સાધુઓ શીલનો ભાર યાવજ્જીવન વિશ્રામ વિના વહન કરે છે. રાજા પ્રતિબોધ પામ્યો. તે સંવેગવાળો થયો. ઉધત થયો. આ કર્મસિદ્ધ.

હવે શિલ્પસિદ્ધને દૃષ્ટાંત સહિત જણાવવા માટે કહે છે —

• નિર્યુક્તિ-૯૩૦ :-

***જે સર્વ શિલ્પ કુશળ છે અથવા જે જ્યાં સુપરિનિષ્ઠિત છે. તે કોકાશ સુતારની માફક સાતિશયી શિલ્પ સિદ્ધ જાણવો.***

• વિવેચન-૯૩૦ :-

જે કોઈ નિર્દિષ્ટ સ્વરૂપ સર્વ શિલ્પોમાં કુશલ હોય અથવા જે જ્યાં સુપરિનિષ્ઠિત હોય તે - શેષ ગાથાનો ભાવ કથાથી જાણવો.

સોપારક નગરમાં રથકારની દાસીનો બ્રાહ્મણથી દાસપુત્ર જન્મ્યો. તે મૂક ભાવથી રહેતો, જેથી કોઈ જાણે નહીં. રથકાર પોતાના પુત્રને શીખવતો પણ તે મંદબુદ્ધિથી ગ્રહણ કરતો ન હતો. તે દાસપુત્રે બધું ગ્રહણ કરી લીધું. રથકાર મૃત્યુ પામ્યો. રાજાએ દાસને તેના ઘરમાં સારરૂપ જે કંઈ હતું તે બધું આપી દીધું.

આ તરફ ઉજ્જૈનીમાં રાજા શ્રાવક હતો. તેને ચાર શ્રાવક હતા. એક રસોઈયો હતો, તે રાંધતો. તેને રૂચિ હોય તો જિમિત માત્રથી જીરણ કરતો. અથવા પ્રહર, બે - ત્રણ - ચાર - પાંચ યામથી જ્યાં સુધી ન રુચે ત્યાં સુધી ન જમતો. બીજો શ્રાવક અભ્યંગન કરતો, તે તેલના કુડવ-કુડવ શરીરમાં પ્રવેશ કરાવતો અને તેને જ બહાર કાઢતો હતો. ત્રીજો શ્રાવક શય્યા રચતો હતો. જો રુચે તો પહેલા પ્રહરે જાગતો અથવા બીજા, ત્રીજા, ચોથા પ્રહરે જાગતો અથવા સૂઈ જ રહેતો. ચોથો શ્રાવક શ્રીગૃહિક હતો. તેવું શ્રીગૃહ બનાવેલ કે ત્યાં જાય તો કંઈજ ન દેખાય. એવા ગુણો હતા.

તે રાજાને પુત્ર ન હતો. કામભોગથી નિર્વેદ પામીને તે રાજા પ્રવ્રજ્યાના ઉપાય વિચારતો રહેલો હતો.

આ તરફ પાટલીપુત્ર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેણે તે નગરીને ઘેરો ઘાલી રુંધેલ હતી. એટલામાં તે રાજાને પૂર્વ કર્મની પરિણતિ વશ ગાઢ શૂળ ઉત્પન્ન થયું. તેણે ભક્તપ્રત્યાખ્યાન કર્યુ. મરીને તે દેવલોકમાં ગયો. નગરજનોએ તે રાજાને નગરી આપી દીધી.

શ્રાવકોને બોલાવ્યા અને પૂછયું — શું કર્મક છે? ભાંડાગારિક પ્રવેશ્યો, કંઈ જ દેખાયું નહીં, બીજા દ્વારા દેખાડાયો. શય્યાપાલકે એવી શય્યા કરી, જેનાથી મુહૂર્તે મુહૂર્તે ઉઠી જાય છે, રસોઈયાએ એવી રસોઈ કરી, જેનાથી વારંવાર જમવા લાગ્યો. અભ્યંગકે એક પગનું તૈલ ન કાઢ્યું, જે મારી જેવો હોય તે કાઢશે. ચારે શ્રાવકોએ દીક્ષા લીધી.

તે રાજા તે તેલથી બળતા-બળતા કાળો થઈ જતાં તેનું કાકવર્ણ નામ થઈ ગયું.

આ તરફ સોપારક નગરમાં દુષ્કાળ પડ્યો. કોકાશ ઉજ્જૈની ગયો. રાજાને મારે કઈ રીતે જણાવવું ? કપોત વડે ગંધશાલીને અપહરે છે. કોષ્ઠાગારિકે કહ્યું, માર્ગણા કરતાં કોકાસને જોયો, લઈ આવ્યા. રાજાએ જાણ્યું કોકાસને આજીવિકા આપીને રાખ્યો.

તેણે આકાશગામી કીલિકા પ્રયોગથી નિર્મિત ગરુડ બનાવ્યું. તે રાજા તે કોકાશની સાથે અને રાણીને લઈને આકાશ માર્ગે ચાલે છે. જે તેને નમે નહીં તેને રાજા કહેતો કે હું આકાશ માર્ગે આવીશે મારીશ. તે બધાં તેની આજ્ઞામાં આવી ગયા. તે રાણીને બાકીની રાણીઓ પૂછતી - કઈ કીલિકાથી આ યંત્ર નિવર્તેલ છે, એક રાણીએ જતા જતા ઈર્ષ્યાથી નિવર્ત્તન કીલિકા કાઢી લીધી, પછી નિવર્ત્તન વેળાએ ખબર પડી. ગરૂડ રોકી શકાતું ન હતું. તેથી ઉદ્દામ જતા જતા કલિંગમાં અસિલતાથી પાંખો ભાંગી ગઈ. પાંખ વિનાનું થઈ જતાં તે ગરુડ યંત્ર પડી ગયું.

ત્યારપછી તેના સંઘાતન નિમિત્તે ઉપકરણને માટે કોકાશ નગરમાં ગયો. ત્યાં રથકાર રથનું નિર્માણ કરતો હતો. એક ચક્રનું નિર્માણ કર્યુ. એકનું બધું તૈયાર થયું. કંઈક કંઈક તૈયાર થયેલ ન હતું. પછી તેના ઉપકરણો માંગે છે. તેણે કહ્યું — હું ઘેરથી લઈને આવું છું. રાજકુળમાંથી ઉપકરણ કાઢવાનું શક્ય બનશે નહીં.

તે રથકાર ગયો. કોકાસે તેને સંઘટિત કર્યો. ઉંચો કરીને ગયો. આસ્ફોટિત કરતાં તે પશ્ચાત્ મુખ ચાલવા લાગ્યો. ઉભો રાખ્યો તો પણ ન પડ્યો. બીજાનો રથ અત્યંત ચાલતો હતો. આસ્ફોટન કરતાં પડી જતો હતો. રથકાર આવ્યો, નિર્માણ કરેલ રથને જોયો. જલ્દીથી જઈને રાજાને કહે છે કે — કોકાશ આવી ગયો છે. જેના બળથી કાકવર્ણ રાજાએ બધાં રાજાને વશમાં લઈ લીધા છે. તે પછી તેને પકડી લીધો. - x - x -

કોકાશને કહ્યું — મારા સો પુત્રોનો સાત મંઝીલવાળો પ્રાસાદ કરો. મારો પ્રાસાદ મધ્યમાં રાખો. પછી બધાંને રાજકુલમાં લાવી દઈશ. તેણે નિર્માણ કર્યુ. કાકવર્ણના પુત્રને માટે લેખ મોકલ્યો. આવીજા, નહીં તો હું ત્યાં આવીને તને મારી નાંખીશ. - x - રાજા પુત્ર સહિત પ્રાસાદમાં રહી ગયો. કીલિકા આહત કરતા સંપુટ થઈ ગયો. પુત્ર સહિત તે રાજા મૃત્યુ પામ્યા.

કાકવર્ણના પુત્રે તે સર્વ નગર ગ્રહણ કર્યુ. માતા-પિતા અને કોકાશ બધાંને છોડાવ્યા. આવા પ્રકારે શિલ્પ સિદ્ધ કહ્યો.

હવે વિદ્યાસિદ્ધને પ્રતિપાદિત કરવા તેનું સ્વરૂપ કહે છે.

**● નિર્યુક્તિ-૯૩૧ :-**

***સ્ત્રીદેવી અભિહિત હોય તે વિદ્યા, પુરુષ [દેવતા] અભિહિત હોય તે મંત્ર એટલો ફર્ક છે અથવા સાધનાથી સિદ્ધ થાય તે વિદ્યા અને સાધના વિના જ સિદ્ધ હોય તે મંત્ર.***

**● વિવેચન-૯૩૧ :-**

विद्द - લાભમાં, કે विद् - સતામાં થાય છે. તેનું વિદ્યા થયા છે. मन्त्रि - ગુપ્ત





ભાષણ, તેનો મંત્ર થયો. અર્થાત્ જે મંત્રમાં દેવતા સ્ત્રી હોય તે વિદ્યા, જેમકે અંબા, કુષ્માંડી. જેમાં દેવતા પુરુષ હોય તે મંત્ર, જેમકે - વિદ્યારાજ, હરિણેગમેષી ઈત્યાદિ. ઈત્યાદિ - x -

હવે વિદ્યા સિદ્ધને નિદર્શન સહિત બતાવે છે —

**● નિર્યુક્તિ-૯૩૨ :-**

***બધી વિદ્યાનો ચક્રવર્તી હોય તે વિદ્યાસિદ્ધ અથવા કોઈ એક મહાવિદ્યા જેને સિદ્ધ હોય તે આર્ય ખપુટની માફક વિદ્યાસિદ્ધ જાણવો.***

**● વિવેચન-૯૩૨ :-**

બધી વિદ્યાના અધિપતિ - ચક્રવર્તી તે વિદ્યામાં સિદ્ધ એવા વિદ્યા સિદ્ધ કહેવાય છે. અથવા જેને એકપણ વિદ્યા સિદ્ધ થાય તે 'મહાવિદ્યા' મહાપુરુષદત્તાદિ રૂપ તે વિદ્યા સિદ્ધ, સાતિશયત્વથી, કોની જેમ ? આર્યખપુટ માફક. આ ગાથાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો.

વિદ્યાસિદ્ધ આર્યખપુટ આચાર્ય હતા. તેને બાળ ભાણેજ હતો. તેણે આચાર્ય પાસેથી વિદ્યા કાન વડે ચોરેલી હતી. વિદ્યાસિદ્ધને નમસ્કાર વડે પણ વિદ્યા થાય છે. તે વિદ્યા ચક્રવર્તી. તે ભાણેજને સાધુની પાસે રાખીને ગુડશસ્ત્ર નગરે ગયા. ત્યાં પરિવ્રાજક સાધુ સાથે વાદમાં હારીને, ખેદ પામીને કાળગત થયેલો - મૃત્યુ પામેલો હતો. તે ગુડશસ્ત્ર નગરે વ્યંતર થયેલો.

તેણે ત્યાં બધાં સાધુને ઉપસર્ગો કરવા શરૂ કરેલા. તે નિમિત્તે ખપુટાચાર્ય ત્યાં ગયેલા, તેણે જઈને તે વ્યંતરને બંને કાનમાં જોડા બાંધી દીધા. દેવકુલિકે આવીને જુએ છે. ત્યારે તે વ્યંતર બધાં લોકોને લાકડી વડે મારતો પાછળ દોડે છે, લોકો પગે પડીને પોતાને મુક્ત કરવા વિનંતી કરવા લાગ્યા ત્યારે આર્ય ખપુટે તે વ્યંતરને પોતાના પ્રભાવથી અંકુશમાં રાખ્યો. - x - x -

એ જ પ્રમાણે કેટલાંક સમય બાદ ખપુટાચાર્યનો ભાણેજ આહાર લાલસાના કારણે ભૃગુકચ્છ નગરમાં બૌદ્ધ સાધુ થઈ ગયો. તે પોતાની વિદ્યાના પ્રભાવથી પાત્રાને આકાશમાં તરતા મૂકતો. ઉપાસકોના ઘટમાંથી આહારના પાત્રો ભરીને પાછા લઈ લેતો હતો.

લોકો તેનાથી ઘણાં પરેશાન થવા લાગ્યા. ત્યારે શ્રી સંઘે આર્ય ખપુટ પાસે જઈને બધી વાત કરી, આ રીતે અક્રિયાવાદી બુદ્ધ ઉત્પન્ન થયેલો છે, જેના કારણે બધાં સાધુ પરેશાન થાય છે.

કોઈ વખતે તે બુદ્ધ દ્વારા ભરેલા પાત્રા આકાશમાથી આવી રહ્યા હતા. ત્યારે ખપુટાચાર્યએ આકાશમાં પાષાણની સ્થાપના કરી, તેને લીધે બધાં જ પાત્રા ભાંગી ગયા. ત્યારે તે બાળ સાધુ ભયભીત થઈને નાસી ગયો. ત્યારપછી ખપુટાચાર્ય ત્યાં આવ્યા. ત્યારે બોદ્ધોએ કહ્યું કે આવો અને બુદ્ધને પાદવંદના કરો. ત્યારે આચાર્યએ કહ્યું કે તે બુદ્ધ તો નાસી ગયા છે, ત્યારે તે બુદ્ધો આચાર્યના પગમાં પડી ગયા. - x - x - આવી રીતે તે વિદ્યાસિદ્ધ હતા.

હવે મંત્રસિદ્ધને નિદર્શન સહિત દર્શાવે છે —

● નિર્યુક્તિ-૯૩૩ :-

*બધાં મંત્રો સ્વાધીન હોય અથવા ઘણાં મંત્રવાળો હોય કે કોઈ પ્રધાન મંત્રવાળો હોય, તેને મંત્રસિદ્ધ જાણવો. જેમ સાતિશયથી તે સ્તંભ આકર્ષ [થાંભલા ખેંચનારો] હતો.*

● વિવેચન-૯૩૩ :-

સ્વાધીન સર્વ મંત્રો કે ઘણાં મંત્રોવાળો, મંત્રોમાં સિદ્ધ તે મંત્રસિદ્ધ અથવા પ્રધાન મંત્રવાળો, પ્રધાન એક મંત્રવાળો જાણવો. તે મંત્રસિદ્ધ, કોના જેવો ? સાતિશય સ્તંભને આકર્ષનાર સમાન. ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ પ્રમાણે છે—

એક નગરમાં ઉત્કૃષ્ટ શરીરવાળો રાજા, વિષય લોલુપતાથી સાધ્વીને લઈ ગયો. સંઘ સમવાયમાં એક સિદ્ધમંત્ર સાધુએ રાજાના આંગણમાં સ્તંભો રહેલા હતા. તેને અભિમંત્રિત કર્યા. આકાશમાં ઉછાળીને ખટ્ ખટ કરે છે. પ્રાસાદના સ્તંભો પણ ચલિત થવા લાગ્યા. ભયભીત થઈને રાજાએ સાધ્વીને મુક્ત કરી અને સંઘને ખમાવ્યો.

આવા પ્રકારનો મંત્રસિદ્ધ હોય છે.

હવે દૃષ્ટાંત સહિત યોગસિદ્ધને પ્રતિપાદિત કરતાં કહે છે —

● નિર્યુક્તિ-૯૩૪ :-

*બધાં દ્રવ્ય યોગ પરમ આશ્ચર્યકારી ફળ આપનારા પણ જેની પાસે હોય અથવા કોઈ એક યોગ હોય તે યોગસિદ્ધ, જેમ આર્ય સમિત.*

● વિવેચન-૯૩૪ :-

બધાં પણ - સંપૂર્ણપણે દ્રવ્યયોગ, પરમ અદ્ભુત ફળવાળા હોય અથવા એક પણ દ્રવ્યયોગ [ચૂર્ણ] જેની પાસે હોય તે સિદ્ધ છે, તેને યોગસિદ્ધ કહ્યો. યોગોમાં કે યોગમાં સિદ્ધ તે યોગસિદ્ધ. - x - આ રીતે ગાથાર્થ કહ્યો. હવે ભાવાર્થ માટે કથાનક કહે છે —

આભીર દેશમાં કૃષ્ણા અને બેન્ના નદીના આંતરામાં તાપસો વસતા હતા. તેમાં એક તાપસ પાદુકાનો લેપ કરીને પાણીમાં ચંક્રમણ કરતો ભમતો હતો, આવતો અને જતો હતો. એ પ્રમાણે તેણે લોકોને આવર્જ્યા. શ્રાવકો હીલના પામવા લાગ્યા.

વજસ્વામીના મામા આર્યસમિત વિચરતા ત્યાં આવ્યા. ત્યારે શ્રાવકો ઉપસ્થિત થયા. આચાર્યએ કહ્યું — આર્યો ! કેમ પ્રતીક્ષા કરતા નથી ? આ યોગથી કોઈપણ પગનું મર્દન કરે, તે આવું અર્થપદ પામે છે. તે તાપસને લઈ આવ્યા. અમે પણ દાન આપીએ એમ કહ્યું.

ત્યારપછી તે શ્રાવકો બોલ્યા — ભગવન્ ! બંને પગ ધોવા દો. અમે પણ અનુગૃહિત થઈશું. તાપસની ઈચ્છા ન હોવા છતાં તેના બંને પગ અને પાદુકા ધોયા. પછી તાપસ પાણીમાં ગયો, ત્યાં ડૂબવા લાગ્યો. તેની ઘણી-ઘણી નિંદા થઈ, આવા દંભથી લોકોને ઠગે છે.

ત્યારપછી આચાર્ય નીકળ્યા, યોગ [ચૂર્ણ] ફેંક્યુ, નદીને કહ્યું — હે બેન્ના નદી ! મને કિનારો આપ, હું પૂર્વ કુલે જઈ શકું. બંને કિનારા ભેગા થઈ ગયા. તે તાપસો પણ બોધ પામ્યા, દીક્ષા લીધી. બ્રહ્મદ્વીપમાં રહેનારા બ્રહ્મદ્વીપકા થયા. આ



આવા પ્રકારે યોગસિદ્ધ.

હવે આગમ અને અર્થ સિદ્ધને પ્રતિપાદન કરે છે —

● નિર્યુક્તિ-૯૩૫ :-

*આગમસિદ્ધ - સર્વાંગ પારગ ગૌતમસ્વામીની માફક ગુણનો રાશિ હોય છે, પ્રચુર ધનવાળો અથવા ધનપ્રાપ્તિમાં રત એવો મમ્મણ શેઠની માફક અર્થસિદ્ધ કહેવાય છે.*

● વિવેચન-૯૩૫ :-

સર્વાંગપારગ અર્થાત્ બાર અંગોને જાણનાર. આ મહાઅતિશયવાન્ હોય છે. જેથી કહ્યું છે — સંખ્યાતીત ભવોને કહે છે અથવા બીજો કોઈ જે પૂછે તે કહે છે. અનતિશયી એમ જાણતા નથી તે છદ્મસ્થ છે. ઈત્યાદિ. આ આગમસિદ્ધો ગૌતમની જેમ ગુણના રાશિ છે. અહીં ઘણાં જ સાતિશય ચેષ્ટિતના ઉદાહરણો છે. તથા પ્રચુરાર્થ - પ્રભૂતાર્થ કે અર્થપરાયણ હોય તે અર્થસિદ્ધ કહેવાય છે. તેના અતિશયના યોગથી મમ્મણવત્. આ ગાથા અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ છે —

તેમાં આગમસિદ્ધ - જે સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય આદિ હોય, તેઓ જે ચેષ્ટા કરે છે, તે ભગવંત - ઉપયોગવંત થઈને ત્યારે જાણે છે.

અર્થસિદ્ધ - રાજગૃહનગરમાં મમ્મણશેઠ હતો. તેણે ઘણાં કલેશથી અતિબહુલ દ્રવ્ય ભેગું કરેલ હતું. તે તેને ન ખાતો કે ન પીતો હતો. પ્રાસાદની ઉપર એણે અનેક કોટિ વડે નિર્મિત ગર્ભસાર સુવર્ણનો દિવ્યરત્ન પર્યાપ્ત, શ્રેષ્ઠ વજ્રના શ્રૃંગનો એક મોટો બળદ કરાવેલ હતો અને તેવો જ બીજો બળદ બનાવવાનો શરૂ કર્યો હતો. તે પણ ઘણો નિર્માત થયેલો.

આ અરસામાં વર્ષારાત્રિમાં તેના નિર્માણ નિમિત્તે મમ્મણ કચ્છો બાંધીને, બીજું નદીના પુરમાં, કાષ્ઠ ઉપર થઈને લાકડાઓ ઉતારતો હતો. આ તરફ રાજા, રાણી સાથે અવલોકન માટે નીકળીને ઉભો હતો. તે તથાવિ અતીવ કરુણા આલંબનરૂપ રાણીએ જોયો. ત્યારે તે અમર્ષસહિત બોલે છે — સત્ય સાંભળો. રાજાઓ તો મેઘ અને નદી સમાન હોય છે. ખાલી થયેલાને પ્રયત્નથી વર્જે છે ઈત્યાદિ - x -

રાજાએ પૂછ્યું — કઈ રીતે ? રાણી બોલી - જે આ ગરીબ કલેશ પામે છે. રાજાએ તેને બોલાવીને પૂછ્યું — કેમ દુઃખી થાય છે ? તે બોલ્યો — મારે એક બળદ છે, તેનો સંઘાટક બીજો બળદ પુરો થતો નથી. ત્યારે રાજાએ તેને કહ્યું — ૧૦૦ બળદ લઈ જા, મમ્મણ બોલ્યો — મારે તેનું પ્રયોજન નથી. તેનો જેવો જ બીજો બળદ કરવો છે, જેવો પહેલો બળદ છે.

તે બળદ કેવો છે ? મમ્મણ, રાજાને પોતાને ઘેર લઈ જઈને બતાવ્યો. રાજા બોલ્યો — આખો રાજનો ભંડાર આપી દઉં તો પણ આ બળદ પૂરો ન થાય. તારે દેવતા જેવો વૈભવ છે. તારી તૃષ્ણાને ધન્ય છે. મમ્મણ બોલ્યો, જ્યાં સુધી આ બળદ પૂરો ન થાય ત્યાં સુધી મને સુખ ન થાય.

તેના ઉપાયનો આરંભ કર્યો. - x - x - રાજાએ પૂછ્યું કે જો તારે આટલું બધું છે, તો શા માટે થોડાંક ખાતર દુઃખી થાય છે. તેણે કહ્યું — મારું શરીર

કલેશક્ષમ છે. વ્યાપાર પછી પણ આ ઘર્ષિત થતું નથી. વર્ષા રાત્રિમાં લાકડાઓ લાવવા છતાં પણ તેમજ છે. ત્યારે રાજા બોલ્યો – તું જ તારા મનોરથ પૂરા કર. કેમકે તું જ તે પૂરા કરવા સમર્થ છે. હું પુરા કરી શકીશ નહીં. તેણે સમય જતાં પૂરા કર્યા. રાજાનો ત્યાંથી નીકળી ગયો.

આ આવા પ્રકારે અર્થસિદ્ધ કહ્યો. હવે યાત્રાદિ સિદ્ધ કહે છે –

• નિર્યુક્તિ-૯૩૬ :-

***જેની યાત્રા નિત્ય સિદ્ધ છે, જેમ વર પામેલા તુંડિક વગેરે માફક, તે જ નિશ્ચે યાત્રાસિદ્ધ છે. અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે.***

• વિવેચન-૯૩૬ :-

જે નિત્ય યાત્રાસિદ્ધ છે. શું કહેવા માંગે છે ? સ્થળ અને જલચારી માર્ગમાં સદૈવ અવિસંવાદિતાથી તે અહીં લેવા. અથવા વર(દાન) પામેલા જે તુંડિક આદિ જેવા છે, તે યાત્રા સિદ્ધ છે. ઉત્તર દ્વારના અનુસંધાનાર્થે કહે છે. અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે. એમ ગાથાર્થ કહ્યો.

ભાવાર્થ તો આખ્યાનગોચર છે. તે આ પ્રમાણે – પહેલાથી આ જ સુધીમાં જે બાર વખત સમુદ્રને અવગાહીને કૃતકાર્ય આવે છે તે યાત્રાસિદ્ધ. તેમાં બીજા પણ જતા એવા યાત્રાસિદ્ધિ નિમિત્તો દેખાય છે.

એક ગામમાં તુંડિક નામે વણિક્ હતો. તેને લાખ વખત વહાણ ભાંગ્યુ, તો પણ તે યાત્રાથી અટકતો નથી અને કહે છે – જળમાં જે નાશ પામ્યુ છે, તે જળમાં જ પ્રાપ્ત થશે. સ્વજનાદિ વડે અપાતું તે લેતો નથી. ફરી ફરી, તે-તે ભાંડ લઈને જાય છે. તેના નિશ્ચયથી દેવતા પ્રસન્ન થયા. પ્રચુર પ્રચુર દ્રવ્ય આપ્યું અને પૂછ્યું – બીજું પણ અમે તારા માટે શું કરીએ ?

તુંડિકે કહ્યું – જે મારું નામ લઈને સમુદ્રમાં જાય તે વિપત્તિ પામ્યા વિના પાછો આવે - તેમ કરો. તેઓએ એ વાત કબુલ રાખી. એ પ્રમાણે આ યાત્રાસિદ્ધ કહ્યો. બીજા એવું કહે છે કે –

ખરેખર નિર્યામકનું વાસુલ સમુદ્રમાં પડી ગયું. તે [તુંડિક] તેને માટે સમુદ્રને ખાલી કરવામાં પ્રવૃત્ત થયો. તેને થાક્યા વગર તેમ કરતો જોઈને દેવતા દ્વારા વરદાન અપાયું.

હવે અભિપ્રાયસિદ્ધને પ્રતિપાદનાર્થે કહે છે.

• નિર્યુક્તિ-૯૩૭ :-

***જેની મતિ [બુદ્ધિ] વિપુલ, વિમલ, સૂક્ષ્મ હોય અથવા જે ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન હોય તે બુદ્ધિ સિદ્ધ છે અને તે આ બુદ્ધિ છે –***

• વિવેચન-૯૩૭ :-

વિપુલ - વિસ્તારવાળી, એક પદ વડે અનેક પદને અનુસરનારી, વિમલા - સંશય વિપર્યય અનધ્યવસાય મળતી રહિત, સૂક્ષ્મા - અત્યંત દુઃખાવબોધ સૂક્ષ્મ વ્યવહિત અર્થને જાણવામાં સમર્થ.

આવા પ્રકારની જેની બુદ્ધિ છે, તે બુદ્ધિસિદ્ધ કહેવાય.



અથવા તે બુદ્ધિ ચાર ભેદે કહેલી છે – ઔત્પાત્તિકી આદિ ભેદથી બુદ્ધિ વડે સંપન્ન તે બુદ્ધિસિદ્ધ કહેવાય છે.

તે ચાર પ્રકારની બુદ્ધિ હવેની નિર્યુક્તિમાં બતાવે છે –

• નિર્યુક્તિ-૯૩૮ :-

***ઔત્પાત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ કહેલી છે. પાંચમી બુદ્ધિ જોવા મળતી નથી.***

• વિવેચન-૯૩૮ :-

(૧) ઉત્પત્તિ એ જ જેનું પ્રયોજન છે તે ઔત્પાત્તિકી, [પ્રશ્ન] આનું પ્રયોજન ક્ષયોપશમ છે ? [ઉત્તર] સત્ય. પરંતુ તે કારણ તો અંતરંગ કારણ છે, સર્વબુદ્ધિ સાધારણ છે, માટે તેની વિવક્ષા કરતા નથી. બીજા શાસ્ત્ર કે કર્માભ્યાસાદિની અપેક્ષા રાખતા નથી.

(૨) વિનય - ગુરુ શુશ્રૂષા. તે જેમાં કારણ છે, અથવા તે જ મુખ્ય છે જેમાં તે બુદ્ધિ વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૩) આચાર્ય રહિત તે કર્મ, આચાર્ય સહિત તે શિલ્પ. ક્યારેક કર્મ અને શિલ્પ એ નિત્ય વ્યવહાર કહેવાય છે. ''कर्मजा'' કર્મ વડે ઉત્પન્ન થયેલ બુદ્ધિ, તે કર્મજા બુદ્ધિ કહેવાય છે.

(૪) परि - ચોતરફથી નમન પરિણામ - સુદીર્ઘકાળ પૂર્વાપરાર્થ અવલોકનાદિ જન્ય આત્મધર્મ. તે જેમાં કારણ છે કે તે મુખ્ય જેમાં છે તેવી બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.

જેના વડે બોધ થાય તે બુદ્ધિ અર્થાત્ મતિ. તેને ચાર પ્રકારે તીર્થંકર અને ગણધરોએ કહેલી છે કેમ ? કારણ કે તેનાથી પાંચમી બુદ્ધિ ઉપલબ્ધ થતી નથી. કેવલીને પણ તે અસત્ છે.

ઔત્પાત્તિકીના લક્ષણ જણાવવા માટે કહે છે –

• નિર્યુક્તિ-૯૩૯ :-

***પૂર્વે ન જોયેલ, ન સાંભળેલ, ન જાણેલ તે જ ક્ષણે વિશુદ્ધ અર્થને ગ્રહણ કરેલ, અવ્યાઘાત ફળ સાથે યોગ કરાવનારી જે બુદ્ધિ તેને ઔત્પાત્તિકી નામની બુદ્ધિ કહેવાય છે.***

• વિવેચન-૯૩૯ :-

પૂર્વમ્ - બુદ્ધિના ઉત્પાદથી પહેલાં, સ્વયં ન જોયેલ કે બીજા પાસે ન સાંભળેલ, મનથી પણ આલોચના ન કરેલ. તે જ ક્ષણે વિશુદ્ધ એટલે કે યથાવસ્થિત ગ્રહણ કરેલ - અવધારેલ, અર્થ - અભિપ્રેત પદાર્થ જેના વડે તે બુદ્ધિ - તથા -

અહીં એકાંતે આલોક કે પરલોકથી અવિરુદ્ધ. બીજા ફળને અબાધિત અથવા અવ્યાહત કહેવાય છે, ફળ-પ્રયોજન તે અવ્યાહતફળ, તેવા યોગો જેના છે તે યોગિની એવી બુદ્ધિ.

બીજા કહે છે – અવ્યાહત ફળ વડે યોગ જેનો છે, તેવી બુદ્ધિ તે ઔત્પાત્તિકી નામની બુદ્ધિ કહેવાય છે.

હવે વિનેયજનના અનુગ્રહાર્થે આના જ સ્વરૂપને પ્રતિપાદન કરવાને માટે ઉદાહરણો પ્રતિપાદન કરતા કહે છે –

**• નિર્યુક્તિ-૯૪૦ થી ૯૪૨ :-**

***૧- ભરતની શિલા, ૨- પણ, ૩- વૃક્ષ, ૪- ક્ષુલ્લક, ૫- પટ, ૬- સરટ, ૭- કાગડો, ૮- વિષ્ટા, ૯- હાથી, ૧૦- ભુંડ, ૧૧- ગોળો, ૧૨- સ્તંભ, ૧૩- ક્ષુલ્લક [શિષ્યા], ૧૪- માર્ગ સ્ત્રી, ૧૫- પતિ, ૧૬- પુત્ર. આ દૃષ્ટાંત છે.***

***૧- ભરતશિલા, ૨- મેંઢ, ઘેટું, ૩- કુકડો, ૪- તલ, ૫- વાલુકા, ૬- હાથી, ૭- કૂવો, ૮- વનખંડ, ૯- ખીર, ૧૦- બકરીની લિંડી, ૧૧- પત્ર, ૧૨- ખાડ હિલ્લા, ૧૩- પાંચ પિતા.....***

***૧૭- મધપુડો, ૧૮- મુદ્રિકા, ૧૯- અંક, ૨૦- નાણક, ૨૧- ભિક્ષુ, ૨૨- ચેટક નિધાન, ૨૩- શિક્ષા, ૨૪- અર્થશાસ્ત્ર, ૨૫ મારી ઈચ્છા, ૨૬- લાખ. [આટલા દૃષ્ટાંતો અહીં વિચારવા.]***

**• વિવેચન-૯૪૦ થી ૯૪૨ :-**

આ ગાથાઓનો અર્થ કથાનકો વડે જાણવો. તે આ પ્રમાણે – (૧) ભરતશિલા – ઉજ્જૈની નગરીની નજીક એક નટોનું ગ્રામ હતું. ત્યાં એક નટની પત્ની મૃત્યુ પામી. તેનો પુત્ર નાનો હતો. તે નટડ બીજી પત્ની લાવ્યો. તે બીજી પત્ની તે બાળક સાથે સારો વર્તાવ રાખતી ન હતી. તે બાળકે કહ્યું – મારી નવી મા મારી સાથે યોગ્ય વર્તાવ કરતી નથી. તો તેવું કંઈક કરું કે જેથી તે મારા પગે પડી જાય. [ત્યારપછી]

તેણે રાત્રિના પિતાને સહસા કહ્યું – આ અધમ છે, અધમ છે. નટે જાણ્યું કે મારી પત્ની વિનષ્ટ છે, નટ મંદ રાગવાળો થયો. નવી મા બોલી – હે પુત્ર ! તું એવું ન કરીશ. પુત્ર બોલ્યો – મારી સાથે બરાબર કેમ વર્તતી નથી ? તેણી બોલી – હવે વર્તીશ. તું વર્તીશ તો હું સારું કરી દઈશ.

તેણી પુત્ર સાથે બરાબર વર્તવા લાગી. અન્યદા છાયામાં જ આ અધમ છે, અધમ છે, એમ બોલતા, પૂછ્યું કોણ ? તેણે છાયા દર્શાવી. ત્યારે તેનો પિતા લજ્જા પામ્યો. તેની પત્નીમાં ઘન રાગવાળો થયો. તે પણ પિતા સાથે શાંતિથી જમવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે પિતાની સાથે ઉજ્જૈની ગયો. નગરી જોઈને પિતા-પુત્ર બંને નીકળી ગયા. તેના પિતા કંઈક ભૂલી જવાથી ફરી ત્યાં ગયા. તે પુત્રએ શિપ્રાનદીની રેતીમાં ઉજ્જૈની નગરી આલેખી. તે નગરી અંતઃપુર સહિત આલેખી. પછી ત્યાં રાજા આવ્યો. રાજાને અટકાવીને કહ્યું – રાજકુળના ગૃહની મધ્યે ન જતા, ઈત્યાદિ - x - રાજાએ પૂછ્યું કે તું ક્યાં રહે છે? ગામ વગેરે. તેટલામાં તે બાળકના પિતા આવી ગયા.

રાજાને ૫૦૦ મંત્રીમાં એક ઓછો હતો. તે એક મંત્રી શોધતો હતો. કે જે બધાં મંત્રીઓમાં મુખ્યમંત્રી બને. તેની પરીક્ષા નિમિત્તે તે ગામને કહ્યું – તારા ગામની બહાર મોટી શિલા છે, તેનો મંડપ બનાવ. તે ઓ તો અધૃતિને પામ્યો. તે બાળક 'રોહક' નામે હતો, ભુખ્યો થયેલો. તેના પિતા ગ્રામની પાસે ઉભા હતા. સૂર્યાસ્ત સમયે રડતો રડતો આવ્યો. અમે ભુખ્યા ઉભા છીએ. ઈત્યાદિ - x - x - તે રોહકે કહ્યું – તે શીલાની નીચે ખોદીને સ્તંભ આપો, થોડી થોડી ભૂમિ બનાવી. પછી



ઉપલેપન ઉપચારથી મંડપ બનાવ્યો.

એ રીતે મંડપ થઈ ગયા પછી રાજાને નિવેદન કર્યું. રાજાએ પૂછ્યું કે આ મંડપ કોણે બનાવ્યો ? તે ભરત નટના પુત્ર રોહકે બનાવ્યો.

આ તેની ઔત્પાતિકી બુદ્ધિ. એ પ્રમાણે બધે યોજના કરવી.

(૨) ઘેટું - ત્યારપછી રાજાએ ઘેટું મોકલ્યું. કહેવડાવ્યું કે – આને ખવડાવજો. પરંતુ તેનું જેટલું વજન છે, તેટલાં જ વજનનું ઘેટું પાછું આપવું. ભરતનટે તેને પૂછ્યું, રોહકે કહ્યું – તેને વરુ નજીક બાંધો દો અને ઘાસ વગેરે ખાવા આપો. તે ખાશે એટલે વજન ઘટશે નહીં અને વરુને જોઈને વજન વધશે નહીં.

(૩) કુકડો - એ પ્રમાણે કુકડાને અરીસા સામે લડાવ્યો.

(૪) તલ - તલ જેટલું તેલ આપવું. તલને દર્પણ વડે માપ્યા.

(૫) વાલુકા - રેતીનું દોરડું મંગાવ્યું, કહ્યું કે નમુનો મોકલો.

(૬) હાથી - વૃદ્ધ હાથીને ગામમાં મોકલ્યો, હાથી અલ્પાયુ હતો, મરેલો પાછો આપ્યો પણ 'મર્યો છે' તેમ નિવેદન ન કરવું. રોજેરોજની તેની પ્રવૃત્તિ કહેવી. પાછો નહીં આપો તો તમને પકડી લઈશું. હાથી મરી ગયો. તે ગ્રામિકો ખેદ પામ્યા. ત્યારે ભરતના પુત્ર રોહકના વચનથી નિવેદન મોકલ્યું કે તે હાથી ઉભો થતો નથી, બેસતો નથી, ખાતો નથી, નીહાર [મળત્યાગ] કરતો નથી. શ્વાસ લેતો નથી વગેરે વગેરે. રાજાએ પૂછ્યું – તો શું હાથી મરી ગયો છે ? ગ્રામિકો બોલ્યા એવું તમે કહો છો, અમે કહ્યું નથી.

(૭) કૂવો - તમારા ગામનો કૂવો મોકલો. રોહકે કહેવડાવ્યું કે આ ગામનો કૂવો છે, તે આવવા સમર્થ નથી, તમે નગરના કૂવાને લેવા મોકલો.

(૮) વનખંડ - ગામથી વનને પૂર્વ દિશામાં કરી દો. ત્યારે રોહકે ગામને પશ્ચિમ દિશામાં વસાવી દીધું.

(૯) ખીર - આગ વિના રાંધવા કહ્યું, તો છાણ અને ઘાસની ઉષ્મા વડે રાંધી બતાવી.

ત્યારપછી રાજાએ એ પ્રમાણે પરીક્ષા કરીને પછી આજ્ઞા કરી કે – તે જ બાળક સાથે આવી જાઓ. તે પણ શુક્લ પક્ષમાં નહીં કે કૃષ્ણ પક્ષમાં નહીં, રાત્રે નહીં કે દિવસે નહીં, છાયામાં નહીં કે તડકામાં પણ નહીં, છત્રથી નહીં, આકાશથી નહીં, પગે ચાલીને નહીં કે વાહન વડે પણ નહીં. માર્ગથી નહીં કે ઉન્માર્ગથી પણ નહીં. ન્હાઈને નહીં કે મલિનપણે નહીં. ત્યારપછી રાજપુરુષોએ આવીને નિવેદન કર્યું.

ત્યારે [રોહકની બુદ્ધિથી] તેઓએ દેશ સ્નાન કર્યું, ચક્ર મધ્યે ભૂમિમાં એડક [ઘેટા] ઉપર બેસીને, મસ્તક ઉપર ચાલણી રાખીને ચાલ્યા. બીજા કોઈ કહે છે કે – શાકટલટ્ટની - સાદડી પ્રદેશ બદ્ધ છાદિત વસ્ત્ર વડે ગયા. સંધ્યા સમયે, અમાવાસ્યાના દિવસે, સંધ્યામાં રાજાની પાસે આવ્યા. રાજાની પૂજા કરી અને તે આસને ઉભો રહ્યો.

પહેલો પ્રહર વિત્યો ત્યારે રાજાએ અવાજ કર્યો અને પૂછ્યું કે – સુતો છે કે જાગે છે ? રોહક બોલ્યો – હે સ્વામી ! હું જાગુ છું. રાજાએ પૂછ્યું શું વિચાર કરે છે ? રોહકે કહ્યું – અશ્વત્થ પત્રોમાં શું દંડ મહાન્ છે કે તેની શિખા મહાન્ છે ?

રાજા વિચારવા લાગ્યો - સારું.

એ પ્રમાણે ફરીથી પૂછતાં તેણે કહ્યું - બંને પણ સરખા છે.

એ પ્રમાણે બીજા પ્રહરે બકરાની લીંડીમાં, વાયુનો ઉત્તર દીધો [અર્થાત્] બકરીની લીંડી ગોળ કેમ હોય છે ? તેની અંદર સંવર્તક વાયુ ગોળ-ગોળ ભમે છે, માટે લીંડી ગોળ હોય છે.

ત્રીજા પ્રહરે - ખાડહિલ્લા અર્થાત્ ખીસકોલી વિશે પૂછતા રોહકે જવાબ આપ્યો કે તેને જેટલી શ્વેત રેખા છે, તેટલી જ કૃષ્ણ રેખાઓ છે, જેટલી તેની પુંછ છે, તેટલું જ મોટું તેનું શરીર છે.

ચોથા પ્રહરે રાજાએ અવાજ દીધો, પણ રોહકે કંઈ જવાબ ન આપ્યો. રાજાએ સોટી વડે ફટકાર્યો, રોહક ઉભો થયો. રાજાએ પૂછ્યું કે કેમ તું જાગે છે કે સુતો છે ? રોહક બોલ્યો હું જાગું છું. રાજાએ ફરી પૂછ્યું – તું શું કરે છે ? રોહક બોલ્યો – વિચાર કરું છું. રાજાએ ફરી પૂછ્યું કે – શું વિચાર કરે છે ? રોહક બોલ્યો – રાજાને પિતા કેટલા છે. રાજાએ પૂછ્યું – કેટલાં છે ? રોહક બોલ્યો – રાજાને પાંચ પિતા છે. કોણ કોણ ?

રાજા, વૈશ્રમણ, ચાંડાલ, ધોબી અને વીંછી.

રાજાએ પૂછ્યું – કઈ રીતે ? રોહકે કહ્યું – ન્યાય અનુસાર.

- (૧) રાજ્ય પાળે છે, તેથી જણાય છે કે તે રાજાનો પુત્ર છે.
- (૨) મહાન્ દાતા છે માટે વૈશ્રમણનો પુત્ર છે.
- (૩) મહાક્રોધી છે, માટે ચાંડાલનો પુત્ર છે.
- (૪) રોષે ભરાય તેનું બધું હરી લે છે, માટે ધોબીનો પુત્ર છે.
- (૫) સુખે સુતેલાને ચટકો ભરી ઉઠાડે છે, માટે વીંછીનો પુત્ર છે.

રાજા તેનાથી ખુશ થયો. બધાં મંત્રીના ઉપરી તરીકે રોહકને સ્થાપ્યો. તેને ભોગ આદિ સામગ્રી પણ આપી.

– આ ઔત્પાત્તિકી બુદ્ધિનું રોહકનું પહેલું દૃષ્ટાંત કહ્યું.

૦ મૂળ ગાથાના દૃષ્ટાંતો ક્રમશઃ કહે છે, તેમાં બીજું દૃષ્ટાંત ''પણ''

(૨) પણ - હોડ, બે જણાએ હોડ કરી. એક બોલ્યો – જો આ બધાં ચીભડા ખાઈ જવાય તો તું શું કરીશ ? બીજો બોલ્યો કે – નગરના દ્વારથી ન નીકળે તેવો લાડવો હું તને આપીશ.

પે'લાએ થોડાં થોડાં ચીભડાં ખાઈને બધાં મૂકી દીધા. જીતી ગયો એટલે લાડવો માંગ્યો. ત્યારે બીજાએ રૂપિયા આપ્યા. પે'લાએ તે લેવાની ના પાડી. પે'લાએ બે, ત્રણ, ચાર યાવત્ સો રૂપિયા આપ્યા, તો પણ પે'લાએ તે કબુલ ન રાખ્યા. [મારે તો લાડવો જ જોઈએ.]

બીજો માણસ જુગારી પાસે બુદ્ધિ લેવા ગોય. જુગારીએ બુદ્ધિ આપી. કોઈ કંદોઈની દુકાનોથી લાડી ખરીદીને ઈન્દ્રકીલે સ્થાપના કર. પછી બોલ કે – ઓ લાડવા ! નીકળ, નીકળ. તે લાડવો બહાર નીકળશે નહીં. તે પ્રમાણે કરતા તે બીજો માણસ શરત જીતી ગયો.



આ જુગારીની ઔત્પાત્તિક બુદ્ધિ.

(૩) વૃક્ષ - ત્યાં ફળો હતો, વાંદરા આપતા ન હતો. પત્થર વડે વાંદરાને માર્યા, તેમણે ફળો માર્યા. આ રીતે ઢેફા-પત્થર મારીને ફળો મેળવ્યા તે તેની ઔત્પાત્તિકી બુદ્ધિ હતી.

(૪) મુદ્રારત્ન [બાળક] પ્રસેનજિત રાજાનો પુત્ર શ્રેણિક, રાજલક્ષણથી સંપૂર્ણ હતો. તેને રાજા કંઈ આપતો ન હતો. જેથી કોઈ તેને મારે નહીં. ખેદ થવાથી શ્રેણિક ઘેરથી નીકળી ગયો. કોઈની સહાયથી બેન્નાતટ નગરે આવ્યો.

ક્ષીણવૈભવ થયેલ શ્રેષ્ઠીની શેરીમાં બેઠો હતો. તેના તે પુન્ય પ્રતાપથી તે દિવસે વર્ષે આપવાના ભાંડોનો વેપાર થયો. પ્રચુર પ્રચુર દ્રવ્ય તે શ્રેષ્ઠીને મળ્યું. બીજા કહે છે – શ્રેષ્ઠીને સ્વપ્નમાં રત્નાકર ઘેર આવ્યો. શ્રેષ્ઠીએ પોતાની કન્યા પરણાવવા યોગ્ય જોઈ. ત્યારે શ્રેષ્ઠીએ વિચાર્યુ કે આ સ્વપ્નના પ્રસાદથી મોટી વિભૂતિ થશે. પછી શ્રેણિક શેરીમાં આવ્યો. શ્રેષ્ઠીએ તેની અનન્ય સદૃશ આકૃતિ જોઈને વિચાર્યુ - તે રત્નાકર થશે. તેના પ્રભાવથી શ્રેષ્ઠીને મ્લેચ્છના હાથેથી અમૂલ્ય રત્નો પ્રાપ્ત થયા.

ત્યારપછી શ્રેષ્ઠીએ તેને પૂછ્યું – તું કોનો મહેમાન છે ? તેણે કહ્યું – 'તમારો' શ્રેષ્ઠી, ઘેર લઈ ગયો. કેટલેક કાળે તેને પોતાની પુત્રી પરણાવી. ભોગો ભોગવતા કેટલાંક કાળે નંદાએ [શ્રેણિકની પત્નીએ] સ્વપ્નમાં શ્વેત હાથીને જોયો. ગર્ભવતી થઈ.

પછી પ્રસેનજિત રાજાએ તેને ઉંટડી મોકલી, જલ્દી આવી જા, નંદાએ પૂછતા, શ્રેણિકે કહ્યું – અમે રાજગૃહીમાં પાંડુરકુડીથી પ્રસિદ્ધ ગોવાળ છીએ, જો કંઈ કામ આવી પડે તો કહેજો. શ્રેણિક ગયો.

નંદાને દેવલોકથી ચ્યવીને આવેલ ગર્ભના અનુભાવથી એવો દોહદ ઉત્પન્ન થયો કે હું શ્રેષ્ઠ હાથીની ઉપર આરૂઢ થઈને 'અભય' ઘોષણા કરું. શ્રેષ્ઠી દ્રવ્ય લઈને રાજા પાસે ગયો. રાજાએ દ્રવ્યને ગ્રહણ કર્યુ, ઉદ્ઘોષણા કરાવી. તે બાળકનું નામ અભય રાખ્યું.

બાળક મોટો થઈને પૂછે છે – મારા પિતા કોણ છે ? નંદાએ તેને બધો વૃત્તાંત કહ્યો. અભયે કહ્યું – ચાલો આપણે ત્યાં જઈએ. એ પ્રમાણે સાર્થની સાથે બંને ગયા. રાજગૃહીની બહાર રોકાયા.

કોઈ ગવેષકને મોકલ્યો. તે વખતે રાજા મંત્રીની શોધમાં હતો. તેણે કૂવામાં મુદ્રિકાને પાડી દીધી. જાહેર કર્યુ કે જે આ મુદ્રિકા કુવાના કાંઠે ઉભા ઉભા પોતાના હાથેથી ગ્રહણ કરશે, તેને રાજા આજીવિકા આપશે.

અભયે તે જોયું. તેણે કુવા પાસે જઈને છાણને વીંટી ઉપર ફેંક્યુ. વીંટી તેમાં ચોંટી ગઈ, છાણુ સુકાઈ જતાં, પાણી ભરાવ્યું. કિનારે ઉભા ઉભા વીંટી લઈ લીધી. રાજાની પાસે જઈને વીંટી આપી.

રાજાએ તેને પૂછ્યું – તું કોણ છે ? અભયે કહ્યું – તમારો પુત્ર છું. રાજાએ પૂછ્યું – કઈ રીતે અને શું ? તે વૃત્તાંત જણાવ. અભયકુમારે શ્રેણિકને બધો જ વૃત્તાં કહ્યો. રાજાએ ખુશ થઈને ખોળામાં બેસાડ્યો.

પછી તેણે પોતાની માતાનો રાજમાં ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો. એ પ્રમાણે કાળક્રમે અભય અમાત્ય [મહામંત્રી] થયો.

આ તે બાળકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૫) પટ [વસ્ત્ર] બે જણ પોતાના વસ્ત્ર મૂકીને ન્હાવા ગયા. એકનું વસ્ત્ર મજબૂત હતું, બીજાનું વસ્ત્ર જીર્ણ હતું. જીર્ણ વસ્ત્રવાળો મજબૂત વસ્ત્ર લઈને ચાલ્યો ગયો. મજબૂત વસ્ત્રવાળો તેની પાસે પોતાનું વસ્ત્ર માંગે છે પણ તે આપતો નથી. રાજકુળમાં તેનો વિવાદ લઈ ગયા.

બંનેની સ્ત્રીઓ દ્વારા કર્તન કરાયું, જે વસ્ત્ર જેનું હતું તેને આપ્યું.

બીજા કહે છે — માથામાં ભરાયેલ તાંતણો જોયો, એકને માથે ઉનનો હતો, બીજાના માતે સુતરનો, તેના આધારે જેનું જે વસ્ત્ર હતું તે તેને આપ્યું. આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ જાણવી.

(૬) સરટ - કોઈ મળનો ત્યાગ કરતો હતો ત્યારે ત્યાં બે સરટ - બે કાકીડાનો કલહ ચાલતો હતો. તે જ્યાં બેઠો હતો તેની નીચે બિલ હતું. એક કાકીડો તેમાં પ્રવેશ્યો, પૂછડાનો સ્પર્શ થયો. તે ઘેર ગયો તેના મનમાં એવું ભરાઈ ગયેલું કે કાકીડો પેટમાં બેસી ગયેલ છે. અધૃતિથી તે દુબળો થવા લાગ્યો. વૈદ્યે પૂછ્યું — જો સો રૂપિયા આપ તો કાઢી દઉં. પછી તેણે ઘડામાં કાકીડો નાંખ્યો. લાખ વડે લેપન કર્યુ. વિરેચન આપ્યું. મલત્યાગથી કાકીડો નીકળી ગયો તે બતાવ્યો. આ તે વૈદ્યની ઔત્પાત્તિકી બુદ્ધિ. - x - x -

(૭) કાક - કાગડો, ચનીક [બુદ્ધ અનુયાયી] એ બાળસાધુને પૂછ્યું — શું આર્હતો સર્વજ્ઞો છે ? ગાઢ રીતે હા પાડી, ૬૦,૦૦૦ કાગડા અહીં બેન્નાતટ નગરે વસે છે. જો ઓછા હોય તો બહાર ગયા હશે, વધારે હોય તો પ્રાઘૂર્ણક મહેમાન કાગડા આવ્યા હશે. આ તે બાળસાધુની ઔત્પાતિકી બુદ્ધિ.

બીજું - વણિકે નિધિ જોયો, પોતાની સ્ત્રીની પરીક્ષા કરી કે તેણી રહસ્ય ધારી રાખે છે કે નહીં. તે બોલ્યો — સફેદ કાગડો અધિષ્ઠાન - પૃષ્ઠ ભાગમાં પ્રવેશ્યો, તે સ્ત્રીએ તેની સખીને કહ્યું, યાવત્ તે રાજાએ સાંભળ્યું. રાજાએ પૂછતાં વણિકે સાચો વૃત્તાંત કહ્યો. રાજાએ તેને મંત્રીપદ આપ્યું.

આ તે વણિકની ઔત્પાતિકી બુદ્ધિ.

(૮) ઉચ્ચાર-મળ. બ્રાહ્મણની પત્ની તરુણી હતી. બીજે ગામ લઈ જવાતાં ધૂર્ત્તની સાથે આસક્ત બની. તેના કારણે બંને વચ્ચે ઝઘડો થયો. બ્રાહ્મણે કહ્યું — આ પત્ની મારી છે, ધૂર્ત્તે કહ્યું મારી છે. મંત્રીએ તે સ્ત્રીને પૂછ્યું — તારા પતિને શું ખવડાવેલું ? સ્ત્રી બોલી - તલના લાડુ તેને વિરેચન અપાયું બ્રાહ્મણની વિષ્ટામાં તલ નીકળ્યા, તેથી ધૂર્તને મારીને હાંકી કાઢ્યો — આ તે કારણિકની ઔત્પાતિકી બુદ્ધિ.

(૯) હાથી - વસંતપુરમાં રાજા મંત્રીની શોધમાં હતો. તેણે ઘોષણા કરાવી કે — જે આ મહા મોટા હાથીનું વજન કરી આપશે તેને હું લાખ મુદ્રા આપીશ. એક પુરુષ એક નાવમાં હાથીને લઈને અથાગ પાણી હતું. ત્યાં સુધી લઈ ગયો. પાણીમાં નાવ જેટલી ડૂબી ત્યાં નિશાની કરી. હાથીને ઉતારીને નિશાની સુધી નાવ ડૂબે ત્યાં



સુધી કોષ્ઠ-પત્થરો નાંખ્યા પછી તે કાષ્ઠ અને પત્થરનું વજન કરી લીધું. રાજાએ તેનું સન્માન કરી મંત્રી બનાવ્યો.

આ તેની ઓત્પાત્તિકી બુદ્ધિ.

બીજા એવું કહે છે કે ગાયનો માર્ગ, શીલા વડે નષ્ટ થયો, પીઠ ઉપરથી પડેલને લાવ્યા ઈત્યાદિ *[આ દૃષ્ટાંતમાં અમે કંઈ સમજ્યા નથી.]*

(૧૦) ઘયણ - આ નામનો સર્વ રહસ્યને જાણનારો એક ભાંડ હતો. કોઈ વખત રાજા દેવીના ગુણગાન કરે છે. તેણી ખૂબ જ નિરોગી છે ઈત્યાદિ. તે ઘયણે કહ્યું — આવું હોઈ શકે નહીં. રાજાએ પૂછ્યું — કેમ ન હોય ? તે ભાંડ બોલ્યો — સામે પુષ્પ કે કેસરા મૂકો તો ખબર પડે. રાજાને તે પ્રમાણે જિજ્ઞાસા થઈ. રાણી હંમેશાં અધોવાયુ છૂટે ત્યારે સુગંધી પુષ્પાદિ રાજા સામે મૂકી દેતી, તેથી રાજાને દુર્ગન્ધની ખબર પડતી ન હતી. રાજાએ પુષ્પદૂર કરતાં જાણી ગયો કે હકીકત શું છે ? ત્યારે રાજા હસ્યો. બહુ આગ્રહ કરતાં રાજાએ કારણ કહ્યું. રાણીએ ભાંડને દેશનિકાલની આજ્ઞા કરી. ત્યારે જોડાનો ભાર ઉપાડીને ઉપસ્થિત થયો. ગામેગામ ઉડ્ડાહણ થવાના ભયથી તેને રોકી લીધો.

આ તે ઘયણ ભાંડની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૧) ગોલક - નાકમાં લાખનો ગોળો પેસી ગયેલો. તપાવેલી લોઢાની સળીથી ઓગાળીને કાઢી નંખાયો, આ ઓગાળનારની ઔત્પાતિકી બુદ્ધિ.

(૧૨) સ્તંભ - રાજા મંત્રીની શોધમાં હતો, ઘોષણા કરાવવામાં આવી. તળાવની મધ્યમાં રહેલ સ્તંભને જે કિનારે રહીને ગાંઠો બાંધી દે, તેને લાખ મુદ્રા આપવામાં આવશે. ત્યારે કોઈકે કિનારે ખીલો બાંધ્યો, ત્યાં દોરી બાંધી, પાળે પાળે ફરીને ફરતો બાંધી દીધો, સ્પર્ધા જીતી ગયો. તેને મંત્રી બનાવ્યો.

આ તેની ઔત્પાતિકી બુદ્ધિ.

(૧૩) ક્ષુલ્લક - બાળ સાધુ. કોઈ પરિવ્રાજિકાએ કહ્યું કે કોઈ જે કરે તે કર્તવ્ય હું પણ કરી બતાવું, તેવી હું કુશલકર્મા છું. કોઈ બાળ સાધુ ભિક્ષા માટે નીકળેલ, તેણે આ ઘોષણા સાંભલી, તેણે તે પડહો રોકી લીધો અર્થાત્ આ પડકાર ઝીલી લીધો. તે સાધુ રાજકુળમાં ગયો. તેને જોયો. પરિવ્રાજિકા બોલી - ક્યાંથી શરૂ કરું ? ક્ષુલ્લકે સાગારિક [મેહન, પુરુષ લિંગ] બતાવ્યું. પરિવ્રાજિકા કઈ રીતે બતાવે ? ક્ષુલ્લક જીતી ગયો. પછી તેણે મૂત્ર કરતાં કમળ આલેખ્યું. પરિવ્રાજિકા તેમ કરવા અસમર્થ હતી, ક્ષુલ્લક જીતી ગયો.

આ તે ક્ષુલ્લકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૪) માર્ગસ્ત્રી - કોઈ પુરુષ તેની પત્નીને લઈને યાન વડે બીજે ગામ જઈ રહ્યો હતો. તે શરીર ચિંતાને માટે ઉતર્યો. તેની પત્નીના રૂપમાં કોઈ વ્યંતરી તેની પાછળ પડી ગઈ. પોતાની પત્ની પાછળ આવીને રડવા લાગી. બંને સ્ત્રી તેની પત્ની હોવાનો દાવો કરવા લાગી. વિવાદ રાજમાં ગયો. ત્યારે મંત્રીએ કહ્યું કે દૂર રહીને હાથ પ્રસારી આ પુરુષને સ્પર્શ કરી શકે, તે તેની પત્ની. ત્યારે વ્યંતરીએ ઘણે દૂરથી હાથ લંબાવી સ્પર્શ કર્યો, તેનાથી જાણી લીધું કે આ કોઈ દેવી છે. આ તે મંત્રીની

ઔત્પાત્તિકી બુદ્ધિ.

૦ માર્ગમાં સ્ત્રી - મૂલદેવ અને કંડરીક માર્ગે જતા હતા. એટલામાં કોઈ એક પુરુષ તેની સ્ત્રી સાથે જોયો. કંડરીક તેના રૂપમાં મૂર્છા પામ્યો. મૂલદેવે તેને કહ્યું – હું તને કંઈક ઘટતું કરી આપીશ. પછી મૂલદેવ તેને એક વનનિકુંજમાં સ્થાપીને ઉભો રહ્યો. જેટલામાં તે પુરુષ પોતાની સ્ત્રી સાથે આવ્યો. મૂલદેવે કહ્યું – અહીં મારી સ્ત્રીને પ્રસૂતિ આવે તેમ છે, તો આ સ્ત્રીને મોકલો. પે'લા પુરુષે તેની સ્ત્રીને મોકલી, તે સ્ત્રી કંડરીકની સાથે રહીને આવી ગઈ. [સંભોગ કરીને આવી ગઈ.] આવીને પછી વસ્ત્ર લઈને મૂલદેવને તે ધૂર્તા કહે છે અને હાસ્ય કરે છે. પ્રિયાને બાળક થયું નથી.

આ તે બંનેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૫) પતિ - બે પતિ [પુરુષ]ને એક પત્ની હતી, લોકમાં કહેવાતું કે તે સ્ત્રીને બંને પતિ ઉપર સમાન સ્નેહ છે, રાજાએ તે વાત સાંભળી. તેને ઘણું વિસ્મય થયું, મંત્રી બોલ્યો – આવું કઈ રીતે થઈ શકે ? અવશ્ય બે ઉપરના સ્નેહમાં તફાવત હોય જ. તેણે તે સ્ત્રીને એક લેખ [પત્ર] આપ્યો. આ બંનેને બીજે ગામ જવું પડશે. એક પૂર્વમાં જવાનું છે, બીજાએ પશ્ચિમમાં જવાનું છે. તે દિવસે જ આવી જશે. ત્યારે તે સ્ત્રીએ એકને પૂર્વમાં મોકલ્યો, બીજાને પશ્ચિમમાં મોકલ્યો, જેના ઉપર દ્વેષ હતો. તેને પૂર્વમાં જતાં કે પૂર્વથી પાછા આવતા બંને વખતે કપાળે [સામો] સૂર્ય રહેતો હતો, તેનાથી જાણ્યું કે તેના ઉપર ઓછો પ્રેમ છે. રાજાને છતાં શ્રદ્ધા ન થઈ.

મંત્રીએ ફરી પણ મોકલ્યા. માણસોના મુખથી બંનેની બીમારીની વાત સાંભળી, તે બોલી અમુક પુરુષ શરીરે મજબુત છે, પણ બીજો મંદ સંઘયણવાળો છે, માટે મારે જાતે જ ઉપચાર કરવો પડશે, તેથી તેણી તે તરફ ગઈ ત્યારે લોકોએ જાણ્યું કે તે બીજો પુરુષ તે સ્ત્રીને વધુ ઈષ્ટ છે.

આ તે મંત્રીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૬) પુત્ર - એક વણિક્‌ને બે પત્ની હતી, બંને માટે સમાન સ્નેહ હતો. તે બીજા રાજ્યમાં ગયો, ત્યાં મરણ પામ્યો. તેની એક પત્નીને પુત્ર હતો તે પુત્ર બંને માતામાં કોઈ તફાવત જાણતો ન હતો. એક સ્ત્રી બોલી કે આ પુત્ર મારો છે, બીજી સ્ત્રી બોલી - પુત્ર મારો છે. તેનો વિવાદ શાંત થતો ન હતો. મંત્રી બોલ્યો – જે ધન છે તેના બે ભાગ પાડી લો, પુત્રના પણ બે ભાગ કરવત વડે કરી નાંખો. જે તે પુત્રની ખરેખરી માતા હતી તે બોલી – આ પુત્રને મારશો નહીં, તેણીને જ આપી દો. ત્યારે આ જ ખરી માતા છે તેમ જાણી તેને પુત્ર આપી દીધો. આ તે મંત્રીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

*[હવે નિર્યુક્તિ-૯૪૨માંના બાકીના દૃષ્ટાંતોનું વિવરણ કરે છે–]*

(૧૭) મધુસિકથ - મધપુડો. કોઈ સ્ત્રી કુલટા હતી [કોલિકી] ઝાડી વચ્ચે કોઈ પુરુષ સાથે રતિક્રિડા કરતી સુતેલી હતી. તેણીએ ઉપર મધપુડો છે તેમ જાણ્યું. ત્યારપછી જ્યારે તેનો પતિ મધ ખરીદવા જતો હતો ત્યારે તેને રોક્યો, તેને કહ્યું કે – મધ ખરીદ ન કરો, હું તમને મધપુડો દેખાડું છું. તે બંને માણસ ઝાળીમાં ગયા. પુરુષને મધપુડો ન દેખાયો. પછી તે વણકરપુત્રીએ [તેની પત્નીએ] જે રીતે બીજા પુરુષ સાથે રતિક્રિડા કરેલી તે જ આસને સૂઈને-રહીને મધપુડો બતાવ્યો ત્યારે પુરુષ સમજી



ગયો કે આ સ્ત્રી કુલટા [રખડુ] છે, અન્યથા તેને આ મધપુડાની ખબર કેમ પડી ? આ તેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૮) મુદ્રિકા - પુરોહિત, તેને ત્યાં થાપણ મૂકેલ ધન કોઈને પાછું આપતો ન હતો, કોઈ દિવસે કોઈ દ્રુમકે તેને ત્યાં થાપણ મૂકી, પાછું લેવા ગયો ત્યારે ન આપ્યું. તે દ્રમક વિહ્વળ થઈ ગયો. અમાત્ય ગયો. તેણે પણ માંગણી કરી - x - રાજાએ પુરોહિતને કહ્યું, પુરોહિત આપતો નથી, તે બોલ્યો કે મેં લીધા જ નથી. - x - x - કોઈ વખતે રાજા સાથે જુગાર રમતો હતો, નામ મુદ્રિકા લીધી. રાજાએ લાખ મુદ્રા મનુષ્યના હાથમાં આપી, કહેવડાવ્યું કે અમુક કાળે દ્રમકે હજાર નકુલક તમારે ત્યાં થાપણ મૂકેલા, તે આપો. તેની પત્ની બોલી આમાંથી જે હોય તે ઓળખી લો. માણસ લઈને આવ્યો. દ્રમકે ઓળખીને પોતાની થાપણ લઈ લીધી. પુરોહિતની જીભ છેદાઈ.

આ તે રાજાની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૯) અંક - પૂર્વવત્ કોઈ એક થાપણ મૂકેલી. ચિહ્ન કરી, થેલી સીવીને મૂકેલી. થાપણ લેનારે તેમાં ખોટા રૂપિયા ભરીને મૂકી દીધા. તે પ્રમાણે જ સીવી દીધી. થાપણ લેવા આવ્યો ત્યારે થેલી આપી દીધી. તેણે મુદ્રા ઉઘાડી, ખોટા રૂપિયા જોયા. વિવાદ થયો, રાજ દરબારે પહોંચ્યા. પૂછ્યું કેટલા રૂપિયા મૂકેલા ? - હજાર રૂપિયા. ગણીને ગાંઠ બાંધી દીધી. પણ થાપણ લેનારો તેને પૂર્વવત્ સીવી શક્યો નહીં. તેનાથી જાણ્યું કે તે ખોટો છે. મૂકનારને સાચા રૂપિયા અપાવ્યા.

આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૦) નાણક - પૂર્વવત્ થાપણ મૂકી, પાછા આપની વેળા નવા અને અલ્પમૂલ્યવાળા દ્રવ્યને પાછું આપ્યું. દ્રમ્મ (મૂળ નાણાં) સંબંધી પૃચ્છા થઈ. રાજકુળે વિવાદ ગયો. અમાત્યએ લેવડદેવડ વખતનો કાળ પૂછ્યો. દ્રમકે તે કાળ કહ્યો,તે ચિરંતન કાળ હતો. તે જાણીને થાપણ લેનારને દંડ કર્યો.

આ તે ન્યાય કરનારની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૧) ભિક્ષુ - પૂર્વવત્ નિક્ષેપ. ભિક્ષુ નાણા પાછો આપતો નથી. દ્રમકે જુગારીની સહાય માંગી, તેઓએ પૂછતાં જે ઘટના બનેલી તે કહી દીધી. તેઓ સોનાની ખોલક લઈને ભિક્ષુની પાસે ગયા. અમે ચૈત્યોના વંદનાર્થે જઈએ છીએ. આ થાપણ રહેવા દો. પે'લા દ્રુમકને કહી રાખેલ કે તું આ અવસરે આવીને તારી થાપણ પાછી માંગજે. તે ભિક્ષુએ નવી થાપણના લોભથી તેની થાપણ પાછી આપી દીધી. ધુતકારો ''અમારી થાપણ પેટીમાં રાખીને કાલે આવીશું'' એમ કહીને નીકળી ગયા – આ તે ધુતકારોની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૨) ચેટક નિધાન - બે મિત્રો હતા. તે બંનેએ નિધાન જોયું. આવતી કાલે સારા નક્ષત્રમાં લઈ જઈશું એમ નક્કી કર્યું. તેમાંથી એક મિત્રે રાત્રે બધું લઈને તેમાં અંગારા ભરી દીધા. બીજે દિવસે નિધાનમાં અંગારા જોયા. તે ધૂર્ત બોલ્યો – અહો ! આપણે મંદપુણ્ય છીએ, નહીં તો નિધાનના અંગારા કઈ રીતે થઈ ગયા ? બીજો મિત્ર તે વાત જાણી ગયો. પણ મનને ભાવ તેણે જણાવવા ન દીધો. તેણે પે'લા મિત્રની પ્રતિમા બનાવી. ત્યારપછી બે વાંદરા લાવ્યો. તેની ઉપર ભોજનાદિ આપે છે. તે બંને

ભુખથી પીડાઈને તે પ્રતિમાને ચાટવા લાગ્યા.

કોઈ દિવસે ભોજન તૈયાર કરીને પહેલા મિત્રના બે બાળકોને તે લાવ્યો. પછી તે બંનેને છૂપાવી દીધા. પહેલા મિત્રને બાળકો પાછા આપતો નથી. માંગ્યા ત્યારે કહ્યું કે – તે બંને બાળકો વાંદરા થઈ ગયા છે. પહેલો મિત્ર આવ્યો. તેને પ્રતિમાના સ્થાને બેસાડ્યો. વાંદરાને છુટા મૂક્યા. બંને વાંદરા કિલકિલાટ કરતા આવીને પહેલા મિત્રને વળગી ગયા.

બીજા મિત્રએ તે પહેલાં મિત્રને કહ્યું – આ તમારાને બે પુત્રો પહેલા મિત્રએ પૂછ્યું. કઈ રીતે મારા બંને પુત્રો વાંદરા થઈ ગયા? તેણે જવાબ આપ્યો – જે રીતે દીનારના અંગારા થઈ ગયા, તે રીતે તારા પુત્રો વાંદરા થઈ ગયા. એ પ્રમાણે પહેલા મિત્ર સમજી ગયો. તેણે નિધાનનો ભાગ આપી દીધો. આ તે મિત્રની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૩) શિક્ષાશાસ્ત્ર - ધનુર્વેદ, ત્યાં એક કુલપુત્ર ધનુર્વેદમાં કુશળ હતો. તે ક્યાંક પણ જઈને કોઈ શ્રેષ્ઠી પુત્રને ધનુર્વિદ્યા શીખડાવે છે. એ રીતે તે ધન કમાયો. તેઓએ પણ ઘણું દ્રવ્ય આપ્યું, જ્યારે જશે ત્યારે તેને મારીશું એમ વિચાર્યુ. ઘરથી નીકળતા, કોઈ ઉપાયથી તે ધન આપતો નથી. તેણે જાણી લીધું કે આ લોકો તેને મારવાના છે.

ત્યારપછી તેણે સંજ્ઞાતકોને સમજાવ્યું કે હું રાત્રિના છાણના પિંડને નદીમાં ફેંકીશ. તેથી આપો. તેણે ગોલકને દ્રવ્યની સાથે વાળી દીધા. આ અમારી વિધિ છે કે તિથિ અને પૂર્વોમાં તેને બાળક સાથે નદીમાં ફેંકીએ છીએ. એ પ્રમાણે દ્રવ્ય વહેવડાવીને તે નાસી ગયો.

આ તેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૪) અર્થશાસ્ત્ર - એક પુત્ર અને બે શૌક્ય હતી. પુત્રાદિ માટે વિવાદ થયો. રાણીએ કહ્યું કે – મારે પુત્ર થશે, તે આ અશોકવૃક્ષની નીચે રહીને આ વિવાદનો ન્યાય કરશે. ત્યાં સુધી તમે બંને વિશેષથી ખાઓ-પીઓ. જેનો પુત્ર ન હતો, તેણી વિચારે છે કે આટલો કાળ પ્રાપ્ત થયો. પછી ન જાણે શું થશે ? તેણીએ રાણીની વાત કબૂલ રાખી. રાણી સમજી ગઈ, નક્કી આ પુત્ર તેણીનો નથી. આ તે રાણીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૫) ઈચ્છા - એક સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો. દ્રવ્યને વ્યાજે મૂક્યું આવતું નથી. તેણીએ તેના પતિના મિત્રને કહ્યું – તું આ ધનાદિ વહન કર. તે મિત્ર બોલ્યો – જો મને તેમાંથી ભાગ આપે તો રાખું. તેણી બોલી – તું જે ઈચ્છે તે ભાગ મને આપજે. તે મિત્ર તે સ્ત્રીને તુચ્છ ભાગ આપે છે. તેણી આવો ભાગ લેવા તૈયાર ન હતી. વિવાદ થયો. અમાત્યએ બોલાવીને બે ઢગલા કર્યા. મિત્રને પૂછ્યું – તું શું ઈચ્છે છે ? મિત્રએ મોટો ઢગલો ઈષ્ટ છે તેમ કહ્યું. અમાત્ય બોલ્યો કે – તે ઢગલો આને આપી દે. કેમકે તને જે ઈષ્ટ હોય તે દેવાનું કહેલ છે. આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૬) શતસહસ્ર [લાખ] – કોઈ એક પરિભ્રષ્ટ [પરિવ્રાજક] હતો. તેની પાસે એક લાખ મૂલ્યનું ખોર [પાત્ર] હતું. તેણે કહ્યું – જો મને કોઈ અપૂર્વ વસ્તુ સંભળાવે,



તેને હું આ પાત્ર આપી દઈશ, તે વાત ત્યાં રહેલા કોઈ સિદ્ધ પુત્રએ સાંભળી. તેણે કહ્યું – તારા પિતા, મારા પિતાના પુરેપુરા એક લાખ રૂપિયાના દેવાદાર છે. જો તે આ વાત પહેલાં સાંભળી હોય તો મને તે લાખ રૂપિયા આપી દે, જો કદાપી ન સાંભળેલ હોય તો આ પાત્ર આપી દે. તે શરત જીતી ગયો. આ તે સિદ્ધપુત્રની ઔત્પાત્તિકી બુદ્ધિ.

ઔત્પાત્તિકી બુદ્ધિ [દૃષ્ટાંત સહિત] કહી.

હવે વૈનયિકી બુદ્ધિના લક્ષણો પ્રતિપાદિત કરતાં કહે છે –

**• નિર્યુક્તિ-૯૪૩ :-**

***ભાર નિસ્તરણ સમર્થ, ત્રિવર્ગ સૂત્રાર્થનો સાર ગ્રહણ કરેલ, ઉભયલોકના ફળવાળી, વિનયથી ઉદ્‌ભવેલ તે વૈનયિકી બુદ્ધિ હોય છે.***

**• વિવેચન-૯૪૩ :-**

આ અતિ ગુરુ કાર્ય છે, દુઃસાધ્ય નિર્વહત્વથી ભાર જેવો ભાર, તેના નિસ્તરણમાં સમર્થ, તે ભારનિસ્તરણ સમર્થ, ત્રણ વર્ગો તે ત્રિવર્ગ-લોક રૂઢિથી ધર્મ, અર્થ, કામ. તેને પ્રાપ્ત કરવાના ઉપાયને પ્રતિપાદન-નિબંધન સૂત્ર છે, તેનો અર્થ, પ્રમાણસાર. જે બુદ્ધિમાં રહેલા છે તે અથવા ત્રિવર્ગ એટલે ત્રૈલોક્ય [તેના સારરૂપ]

[શંકા] અધ્યયનમાં અશ્રુત નિસૃત અભિનિ કે અધિક અધિકારમાં ઔત્પાત્તિકી આદિ બુદ્ધિ ચતુષ્ક કહેલ છે. ત્રિવર્ગ સૂત્રાર્થના ગૃહીત સારત્વમાં અશ્રુત નિઃસૃતત્વ કહ્યું તે વિરુદ્ધ નથી? શ્રુતાભ્યાસ વિના ત્રિવર્ગનો સૂત્રાર્થ ગૃહીત સારત્વ સંભવતો નથી.

[સમાધાન] અહીં પ્રાયઃ વૃત્તિને આશ્રીને અશ્રુતનિસૃત્વ કહેલ છે તેથી સ્વલ્પ શ્રુતનિસૃત ભાવે દોષ નથી.

‘ઉભયલોક ફલવાળી’ આલોક-પરલોકના ફલવાળી. ‘વિનય સમુત્થા’ વિનયથી ઉદ્‌ભવેલ બુદ્ધિ હોય છે.

આ બુદ્ધિના જ શિષ્યજનના અનુગ્રહને માટે ઉદાહરણો વડે સ્વરૂપને દર્શાવતા કહે છે –

**• નિર્યુક્તિ-૯૪૪,૯૪૫ :-**

***(૧) નિમિત્ત, (૨) અર્થશાસ્ત્ર, (૩) લેખ-લિપિ, (૪) ગણિત, (૫) કૂવો, (૬) અશ્વ, (૭) ગધેડો, (૮) લક્ષણ, (૯) ગ્રંથિ, (૧૦) ઔષધ, (૧૧) ગણિકા અને રથિક, (૧૨) સીતા સાડી લાંબુ ઘાસ ક્રૌંચ પક્ષીને ડાબે, (૧૩) નીવ્રોદક (૧૪) ગાય ઘોડો અને વૃક્ષથી પડવું [આટલા દૃષ્ટાંતો છે.]***

**• વિવેચન-૯૪૪,૯૪૫ :-**

બંને ગાથાનો અર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે –

(૧) નિમિત્ત - એક સિદ્ધપુત્રને બે શિષ્યો હતા. બંનેને નિમિત્ત જોતાં શીખવેલ હતું. કોઈ વખતે તેઓ તૃણ અને કાષ્ઠ લેવાને નીકળ્યા. તેઓએ હાથીના પગલાં જોયા. એ કે કહ્યું કે – આ હાથણીના પગલાં છે. કઈ રીતે તું એમ કહે છે ? તેના મૂત્રની ધારા જોઈને. વળી તે હાથણી એક આંખે કાણી છે. કઈ રીતે ? તેણીએ એક જ પડખાનું ઘાસ ખાધેલું છે. તેણે કાયિકી-મૂત્ર વડે જ જાણેલ કે સ્ત્રી છે કે પુરુષ

છે. વળી તે હાથણી પ્રસૂતા-ગર્ભવતી છે. કઈ રીતે જાણ્યું ? એક હાથ [પગ]નો ટેકો કરીને ઉભી થયેલ છે. માટે તે ગર્ભવતી જ હોય. તેને પુત્ર જ થશે. કેમકે તેનો જમણો પગ ભારે છે. ઈત્યાદિ - x -

નદીના કાંઠે એક વૃદ્ધાનો પુત્ર મોકલેલ હતો. તે પુત્રના આગમન વિશે પૂછ્યું. તે વૃદ્ધાનો ઘડો પડીને ફૂટી ગયો. ત્યારે એક શિષ્ય બોલ્યો કે — તેનાથી જન્મેલા વડે તે જ જન્મ્યું. [માટીમાંથી થયેલો ઘડો માટીમય થઈ ગયો.] તે રીતે તેનો પુત્ર પણ મરી ગયો છે, એમ જાણવું.

બીજો શિષ્ય કહે છે — હે વૃદ્ધા ! તું ઘેર જા. તે પુત્ર ઘેર આવી ગયો છે. વૃદ્ધા ઘેર ગઈ. હર્ષિત થઈ, પહેલાં જ પુત્ર ઘેર આવી ગયો હતો. વળી તે રૂપિયા લઈને આવેલો હતો. તેનો સત્કાર કર્યો.

બીજા શિષ્યએ પૂછ્યું — મને સદ્‌ભાવ કેમ કહેતો નથી ?

આચાર્યએ બંનેને પૂછ્યું, તેઓ દ્વારા જે કંઈ બનેલ હતું તે કહેવાયું. એકે નિમિત્તની વ્યાપત્તિમાં મરણ કહ્યું, કેમકે ભૂમિમાંથી ઉત્પન્ન થઈ અને ભૂમિમાં મળી ગયો. એ પ્રમાણે તે બાળક પણ તેમાંથી જન્મ્યો અને તેમાં મળી ગયો. આ પ્રમાણે શ્લોક છે, ગુરુને પૂછ્યું — આમાં મારો શો દોષ છે ?

ગુરુએ કહ્યું — તને શિક્ષણ સમ્યક્ રીતે પરિણમેલ નથી.

બીજા શિષ્યને પરિણમ્યુ, તે તેની વૈનયિકી બુદ્ધિ.

(૨) અર્થશાસ્ત્ર - કલ્પક અને દહીંના ભાજનવાળો ભિક્ષુ કલાપક. એવા પ્રકારનું દૃષ્ટાંત છે. વિશેષમાં વૃત્તિકારે કંઈ નોંધેલ નથી. ચૂર્ણિમાં કંઈ કહ્યું નથી.

(૩) લેખ - જેમકે અઢાર પ્રકારની લિપિનો જાણનાર.

(૪) ગણિત - એ પ્રમાણે ગણિતમાં પણ જાણવું.

બીજા કહે છે કે — રાજકુમારો, વર્તુલ [દડા]વડે રમતા અક્ષરો શીખ્યા અને ગણિત પણ શીખ્યા, આ તેમની બંને વિષયમાં વૈનયિકી બુદ્ધિ.

(૫) કૂવો - કૂવો ખોદવાની જાણકારીવાળાએ કહ્યું — આટલે દૂર જતાં પાણી મળશે. તેઓ ખોદવા લાગ્યા. તેટલે સુધી ગયા. તેણે કહ્યું — પડખામાં ખોદો એમ કહ્યું. ઘોષકનો શબ્દ સાંભલીને પાણી ઉછળીને બહાર આવ્યું.

આ તેની વૈનયિકી બુદ્ધિ.

(૬) અશ્વ - અશ્વનો એક વેપારી, દ્વારિકા નગરીએ ગયો. બધાં કુમારોએ કદાવર અને મોટા ઘોડા લીધા. વાસુદેવે દુર્બળ પણ લક્ષણવાળો એવો જે ઘોડો હતો, તે ખરીદ્યો. તે કાર્યનો નિર્વાહ કરનારો થયો.

આ તે વાસુદેવની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૭) ગધેડો - રાજા તરુણપ્રિય હતો, તે નીકળ્યો. અટવીમાં સૈન્ય તૃષા વડે પીડાવા લાગ્યું, સ્થવિર [વૃદ્ધ]ને વિશે પૂછે છે. [કોઈ સ્થવિર છે ?] એક યુવાન પિતૃભક્ત હતો, તે પોતાના પિતાને સાથે લાવેલો હતો. તે વૃદ્ધે કહ્યું — જ્યાં ગધેડા પેશાબ કરે ત્યાં શિરાજળ હોય છે. બીજા કહે છે — ઉદ્‌ઘાણ વડે જ જળાશયે ગમન થાય. આ તે વૃદ્ધની વૈનયિકી બુદ્ધિ જાણવી.





(૮) લક્ષણ - પારસ દેશમાં એક અશ્વરક્ષક હતો. અશ્વ સ્વામીની પુત્રી સાથે તેને સંપર્ક હતો. ‘‘તેને વર્ષાન્તે તેની ઈચ્છા મુજબ બે ઘોડા લેવાના’’ એમ અશ્વ સ્વામીએ તેને કહેલ. તેથી તે સારા-નરસા ઘોડા તપાસી રહ્યો હતો. અશ્વસ્વામીની પુત્રીએ તેને કહ્યું — જે ઘોડો ઉંચા સ્થાનેથી - વૃક્ષ ઉપરથી પત્થર ભરેલ ચામડાનું પાત્ર ફેંકતા પણ જે ત્રાસ ન પામે તે ઘોડો લેવો અને ઢોલ વગાડતાં જે ત્રાસ ન પામે તે ઘોડો લેવો.

જ્યારે વેતનનો અવસર આવ્યો, ત્યારે અશ્વરક્ષકે કહ્યું — મને અમુક-અમુક એ બે ઘોડા આપો. અશ્વસ્વામીએ તેને કહ્યું — બધાં ઘોડાં લઈ જા, તારે આ બે ઘોડાનું શું પ્રયોજન છે ? અશ્વસ્વામી તે બે ઘોડા આપવા ઈચ્છતો ન હતો. તેણે તેની પત્નીને કહ્યું — ઘોડાને બદલે આને આપણી પુત્રી જ આપી દઈએ. પુત્રી આપવાની તેની પત્નીએ ના પાડી. તે તેણીની સાથે કલહ-ઝઘડો કરવા લાગ્યો. ‘‘લક્ષણયુક્તથી કુટુંબ વૃદ્ધિ પામે છે.’’

અશ્વસ્વામી એક દૃષ્ટાંત આપે છે - એક મામાએ પોતાના ભાણેજને પોતાની પુત્રી પરણાવી. તે કંઈ જ કામ કરતો ન હતો. તેની પત્નીથી પ્રેરાઈને રોજેરોજ અટવીમાં જતો અને ખાલી હાથે તે પાછો આવતો હતો. એ રીતે ભમતાં-ભમતાં છ માસ ગયા પછી તેને કાષ્ઠ પ્રાપ્ત થયું, તેમાંથી કુડવ [એક માપ છે તે] બનાવ્યું. તેનાથી મપાયેલું અક્ષત થાય છે. તે કારણે કોઈ શ્રેષ્ઠીએ તે કુડવને લાખ સોનામહોર આપી ખરીદ્યું.

એ પ્રમાણે જેમ તે સૂત્રધારે સ્વકુળને ધનવાળું કર્યું, તેમ અશ્વની રક્ષા માટે આ અશ્વરક્ષક પણ રાખી લેવા યોગ્ય છે.

આ તે અશ્વસ્વામીની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૯) ગ્રંથિ - પાટલીપુત્રમાં મુરુંડ નામે રાજા હતો. પાદલિપ્ત આચાર્ય હતા. ત્યાં જ્ઞાતૃ [જાણીતા] એ આટલું મોકલ્યું સૂત્ર, છેદાયેલી અડધી લાકડી, જેનું મોઢું નાશ પામેલું છે તેવી પેટી. કોઈ તેનું રહસ્ય જાણી શક્યું નહીં.

પાદલિપ્તાચાર્યને બોલાવ્યા. તેમને પૂછ્યું — હે ભગવન્ ! તમે આનું રહસ્ય જાણો છો ? ‘‘સારી રીતે જાણું છું’’ એમ જવાબ આપ્યો.

સૂત્રને ઉષ્ણ પાણીમાં નાંખ્યુ, મીણ ઓગળી ગયું, તેનો અગ્રભાગ અર્થાત્ છેડો દેખાયો. લાઠી-દંડ પાણીમાં નાંખ્યો, મૂળ ભાગ ભારે હોવાથી નીચે ડૂબવા લાગ્યો, તેનાથી તેનું મૂળ જાણી લીધું. પેટી અથવા દાબડો લાખ વડે વીંટળાયેલ હતો, ગરમ પાણીમાં નાંખતા ઉઘડી ગયો.

ત્યારપછી આચાર્ય ભગવંતે ભાંગેલા તુબડાને રત્નોથી ભરીને સોંય વડે સીવી દીધું. પછી તુરંત મોકલ્યું અને કહેવડાવ્યું કે આને તોડ્યા વિના ઉઘાડીને રત્નો ગ્રહણ કરો. તેઓ સાંધો ક્યાં છે, તે જાણી શક્યા નહીં પરિણામે હારી ગયા. આ તે આચાર્યની વૈનયિકી બુદ્ધિ.

(૧૦) અગદ - પર સૈન્ય નગરને રુંધવા માટે આવી રહ્યું હતું, તે જાણીને રાજાએ પાણીનો વિનાશ કરવાની બુદ્ધિથી ઝેરના ઢગલાં મંગાવ્યા. તે વખતે વૈદ્ય માત્ર યવ પ્રમાણ ઝેર લઈને આવ્યો. રાજા તેની ઉપર રોષાયમાન થયો. વૈદ્યે તેમને કહ્યું

– આ ઝેર શત-સહસ્ર બેધી છે. રાજાએ પૂછ્યું – કઈ રીતે ? મરવા પડેલા હાથીને મંગાવ્યો. તેના પૂંછડાના વાળને ઝેરવાળો કર્યો. ઔષધના કણ વડે તે ઝેર પાછું ખેંચી લીધું. પછી તે જ વાળ વડે ત્યાં ઝેર આપ્યું. ઝેર તેના આખા શરીરમાં વ્યાપ્ત થઈ ગયું. આ આખો પણ હવે ઝેરયુક્ત થઈ ગયો છે. જે કોઈ હવે આને ખાશે, તે પણ ઝેર થઈ જશે. આ શતસહસ્રવેધી ઝેર છે. રાજાએ પૂછ્યું – તેના નિવારણની કોઈ વિધિ છે ? વૈદ્યે કહ્યું – તે પણ છે. પૂર્વવત્ અગદે-વૈદ્યે તે વિધિ પણ આપી.

આ તે વૈદ્યની વૈનયિકી બુદ્ધિ જાણવી.

વધુ કેટલું કહેવું ? અસાર વડે અને પ્રતિપક્ષ દર્શન વડે તેણે આય અને ઉપાયનું કુશળ દર્શન કરાવ્યું.

(૧૧) રથિક અને ગણિકા - એક જ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે –

પાટલીપુત્રમાં બે ગણિકા હતી - કોશા અને ઉપકોશા. કોશાની સાથે સ્થૂલભદ્ર સ્વામી રહ્યા અને દીક્ષા લીધી. જેણે તેણીને ત્યાં ચોમાસુ પણ કર્યુ અને પછી કોશા ગણિકા શ્રાવિકા થઈ. રાજાના નિયોગ સિવાય અન્યત્ર બધે જ તેણીએ અબ્રહ્મ ન આચરવા પ્રત્યાખ્યાન કર્યુ.

કોઈ રથિકે રાજાને ખુશ કર્યો અને તેણે ઈનામમાં કોશા ગણિકાને માંગી, રાજાએ ઈનામમાં આપી. તેણી વારંવાર સ્થૂલભદ્ર સ્વામીના ગુણગાન કર્યા કરે છે, પણ રથિકને તે પ્રમાણે સેવતી નથી.

રથિક તેણીને પોતાનું વિજ્ઞાન દર્શાવવાની ઈચ્છાથી અશોકવનિકામાં લઈ જાય છે. તેણે જમીન ઉપર જ રહીને આંબાની લુમને તોડી બતાવી. તેણે બાણની પાછળ બાણ છોડી, એકબીજાને જોડતા જોડતા હાથના અભ્યાસથી અર્ધચંદ્રાકાર કરી, લુમ તોડીને ગ્રહણ કરી બતાવી.

તો પણ કોશાને સંતોષ પમાડી શક્યો નહીં. ત્યારે ગણિકાને પૂછ્યું કે – શું આ દુષ્કર નથી ? ત્યારે ગણિકા બોલી - જો હવે મારી કળા બતાવું સરસવનો ઢગલો કર્યો, સોયને તેમાં મૂકી, તેમાં ફૂલની કર્ણિકાને પરોવી. તેના ઉપર નૃત્યુ કરી બતાવ્યુ. રથિક આભો બની ગયો.

ત્યારપછી ગણિકા બોલી કે – આ આંબાની લુમને તોડવી તે કોઈ દુષ્કર કાર્ય નથી અને મેં જે નર્તન કર્યુ તેમાં પણ કંઈ દુષ્કર નથી. કેમકે બંને શિક્ષા દ્વારા સાધ્ય કૃત્યો છે. દુષ્કર તો તે મહાનુભવ છે, જે મુનિ પ્રમદાવનમાં - ગણિકાની ચિત્રશાળામાં વસ્યા. [છતાં બ્રહ્મચારી રહ્યા કે જે કળા તેઓ શીખ્યા ન હતા.] એ રીતે તેણે રથિકને બોધ પમાડ્યો, રથિક શાંત થયો.

આ તે બંનેની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૧૨) સીતા સાટી૦ ઈત્યાદિ અહીં કથા આવી કંઈક છે –

કોઈ આચાર્ય વડે રાજપુત્રોને શિક્ષણ અપાયું. તેણે ધન મેળવ્યું દ્રવ્યલોભી એવો તે રાજા તે આચાર્યને મારી નાંખવા ઈચ્છતો હતો.

તે બાળકોએ વિચાર કર્યો કે – આણે આપણને વિદ્યા આપી. કોઈ ઉપાયથી આપણે તેનો નિસ્તાર - બચાવ કરવો જોઈએ.



જ્યારે તે જમીને આવતા હતા ત્યારે સ્નાનની સાડી - ધોતીને માંગે છે. તે શુષ્ક બોલ્યા કે – અહો! સાડી શીતા છે અર્થાત્ ધોતી ઠંડી છે. એ પ્રમાણે જણાવ્યું. ઘાસના તણખલાંને દ્વારની સન્મુખ કર્યુ અને કહ્યું કે અહો! આ તૃણ તો લાંબુ છે. ક્રૌંચને પહેલા પ્રદક્ષિણા કરાવાય છે. તે દિવસે પ્રદક્ષિણા ન કરાવાઈ. તેથી જાણ્યું કે રાજા વિરક્ત છે.

માર્ગ લાંબો છે, રક્ષણ શીત છે, તારો સંહાર નક્કી છે. એ પ્રમાણે જાણીને તે આચાર્ય [શિક્ષક] નાસી ગયો.

આ તે બંનેની વૈનયિકી બુદ્ધિ.

(૧૩) નીવ્રોદક - કોઈ વણિકની પત્ની હતી, વણિક-પતિને ઘણો કાળ પરદેશ ગયે થયો હોવાથી તે સ્ત્રી પોતાના મનનો ભાવ દાસીને કહે છે – પ્રાઘુર્ણક - કોઈ જાર પુરુષને મહેમાન તરીકે લઈ આવ. દાસી એવા પ્રાઘુર્ણક-મહેમાનને ઘેર લાવી. તેનું ભદ્ર કર્યુ અર્થાત્ નખ વગેરે કપાવ્યા, સ્નાનાદિ કરાવ્યું. રાત્રિના ઘરમાં પ્રવેશ કરાવ્યો. તે પુરુષને તરસ લાગી, તેને નીવ્રોદક - નેવાનું પાણી પીવડાવ્યું, તે પાણી પીને મરી ગયો.

ત્યારે તેને દેવકુલિકામાં ત્યજી દીધો.

તેના નખ વગેરે તાજા કપાયેલા જોઈને વાણંદોને બોલાવીને અમાત્યએ પૂછતાછ કરી. કોણ આવેલ હતું. વાણંદે કહ્યું – દાસી આવેલી. તેણીને પ્રહાર કરતા તે સાચું બોલી ગઈ. વણિક્‌ની પત્નીને બોલાવીને પૂછ્યું – તેણી જે ઘટના જેમ બનેલી તેમ કહી દીધી, નેવાને તપાસવામાં આવ્યા. ત્યાં એક ત્વચામાં વિષવાળો સર્પ જોયો.

આ તે અમાત્યની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૧૪) ગાય, ઘોડો, વૃક્ષથી પડવું. આ એક જ દૃષ્ટાંત છે, તે આ રીતે –

કોઈ એક અકૃતપુન્ય - કમભાગી હતો, તે જે કંઈ કરે તે - તે વિનાશ પામતું, તે મિત્રની પાસે બે બળદ માંગીને લાવ્યો, તેના વડે હળ ચલાવે છે. વિકાલે બંને બળદને લાવ્યો, વાડામાં બાંધ્યા. રાત્રે ચોરો આવી બળદને ચોરીને લઈ ગયા. મિત્રે બળદ પાછા માંગ્યા, પણ તે લજ્જાથી મિત્રની પાસે આવતો નથી. કેમકે તે જમતો હતો અને મિત્ર સુતો હતો. ત્યારે ચોરો વાડામાંથી બળદોને લઈ ગયેલા. બંને વચ્ચે વિવાદ થયો, તેનો મિત્ર તેને રાજકુળમાં ઢસડી ગયો.

માર્ગમાં કોઈ પુરુષ ઘોડા ઉપર આવી રહ્યો હતો. તેણે તે ઘોડેસ્વારને પાડી દીધો, તે નાસી ગયા. ઘોડેસ્વારે અપુણ્યકને કહ્યું – ઘોડાને વાળ, તેણે મર્મમાં ઘાત કર્યો. ઘોડો મરી ગયો. તે ઘોડેસ્વાર પણ ઘોડા માટે તેની પાછળ લાગ્યો. રાજધાનીએ જતાં તે ત્રણે વિકાલે નગરીની બાહિરિકામાં સુતા હતા. ત્યાં મલ્લો સુતા હતા, આ ત્રણ પણ ત્યાં જ રહ્યા.

તે અપુન્યક વિચારે છે કે – મને યાવજ્જીવનું બંધન કરશે. તેના કરતા તો મારે શ્રેયસ્કર એ છે કે – મને પોતાને ઉંચે બાંધીને લટકી જવું. બીજા સુતા હતા ત્યારે તે પાશો બાંધીને વૃક્ષની ડાળે લટકી ગયો. તે ડાળ ઘણી પાતળી હતી. તેથી તુટી ગઈ. તે સીધો મોટા મલ્લ ઉપર પડ્યો, તે મલ્લ ત્યાં જ મરી ગયો. તે મલ્લોએ

પણ તેને પકડ્યો. બંધક બનાવીને રાજ દરબારે તેને લઈ ગયા.

ત્રણેએ જે બન્યું હતું તે કહ્યું. અપુન્યકને મંત્રીએ પૂછ્યું કે શું આ વાત બરાબર છે ? તેણે કબૂલ કર્યું. કુમાર મંત્રીએ કહ્યું કે — આ તને બે બળદ આપી દેશે, પણ તું તેને બે આંખો કાઢી આપ, આ તને અશ્વ આપી દેશે, બદલામાં તારી જીભ ઉખેડીને આપ. આ અપુન્યક નીચે સૂઈ રહેશે. ત્યારે મલ્લોમાંના કોઈ એકે ફાંસો બાંધીને તેના ઉપર પડવું. એ પ્રમાણે કહીને કુમાર મંત્રીએ અપુન્યકને છોડાવ્યો.

આ તે મંત્રીની વૈનયિકી બુદ્ધિ જાણવી.

હવે કર્મજા બુદ્ધિના લક્ષણોનું પ્રતિપાદન કરતા કહે છે —

• નિર્યુક્તિ-૯૪૬ :-

***ઉપયોગ દૃષ્ટસાર, કર્મપ્રસંગ પરિઘોલણથી વિશાલ, સાધુકૃત ફલવતી, કર્મ કરવાથી ઉત્પન્ન તે કર્મજા બુદ્ધિ જાણવી.***

• વિવેચન-૯૪૬ :-

ઉપયોજન તે ઉપયોગ, વિવક્ષિત કર્મમાં મનથી અભિનિવેશ, સાર - તે જ કર્મનો પરમાર્થ ઉપયોગ વડે દૃષ્ટ સાર જેનાથી છે તે. કર્મમાં પ્રસંગ - અભ્યાસ, પરિઘોલન - વિચાર, આ કર્મના અભ્યાસથી થયેલ વિચારનો વિસ્તાર. સાધુકૃત - સારી રીતે કરાયેલ, વિદ્વાનો વડે પ્રશંસા કરાયેલ કે ''સારું કર્યુ'' તેથી ફળવતી અથવા 'સારુ કર્યુ' એવું શેષ ફળ જેનું છે, તે તથા, કર્મ-(કાર્ય) વડે ઉદ્‌ભવેલ બુદ્ધિ.

આનું પણ શિષ્યવર્ગની અનુકંપાને માટે ઉદાહરણ વડે સ્વરૂપ દર્શાવવાને માટે કહે છે —

• નિર્યુક્તિ-૯૪૭ :-

***(૧) હૈરણ્યિક, (૨) કૃષિક, (૩) કોલિક, (૪) દર્વી, (૫) મોતી, (૬) ઘી, (૭) પ્લવક, (૮) તુન્નાગ-તંતુવાય, (૯) વર્ધકી-સુતાર, (૧૦) પૂતિક, (૧૧) ઘટકાર, (૧૨) ચિત્રકાર - એ બાર દૃષ્ટાંત છે.***

• વિવેચન-૯૪૭ :-

(૧) હૈરણ્યિક એટલે સુવર્ણકાર - વારંવારના યોગથી અંધકારમાં પણ રૂપિયાને જાણે છે, હાથના સ્પર્શ માત્રથી ઓળખી જાય.

(૨) કર્ષક એટલે ખેડૂત - ફળની નિષ્પત્તિને જાણે છે, દૃષ્ટાંત છે —

એક ચોરે ક્યાંક પદ્માકારે ખાતર પાડ્યું. તે જનવાદ સાંભળે છે [કેમકે લોકોને આશ્ચર્ય થયેલું] ખેડૂત બોલ્યો — શિક્ષિતને શું દુષ્કર છે ? ચોરે તે કથન સાંભળ્યું, જઈને પૂછ્યું તે ખેડૂતને કે મારી તું નિંદા કેમ કરે છે ? ચોર છરી ખેંચીને બોલ્યો કે હું તને મારી નાંખીશ.

ખેડૂતે કહ્યું — તું પહેલા જો. કપડું પાથર્યું. ડાંગરની મુઠ્ઠીભરી. પછી બોલ્યો કે — આ ડાંગરને ઉંધી પાડું કે સન્મુખ પાડું કે પડખાં ભેર પાડું ? ચોરે ખેડૂતને જેમ કહ્યું, તેમ ખેડૂતે કરી બતાવ્યું. ચોર ખુશ થઈ ગયો.

આ તે ખેડૂતની કર્મજા બુદ્ધિ જાણવી.

(૩) કોલિક - મુઠ્ઠીમાં ગ્રહણ કરેલા તંતુ વડે જાણી શકે છે કે — આટલા



તંતુથી - કંડકથી આવડું વસ્ત્ર બનશે.

(૪) દર્વી - કુંડિકામાં આટલું સમાશે તેમ વર્ધકી જાણે છે.

(૫) મોતી - મોતીને આકાશમાં ઉછાળીને મણિકાર એવી રીતે પાડે કે જેથી કોલવાલ - ભુંડના વાળમાં પરોવાઈ જાય.

(૬) ઘી - ઘી વેચનારો ગાડામાં હોવા છતાં જ્યારે રુચે ત્યારે કુંડિકા નાલકમાં નાખી શકે [સાંકડા મુખવાળા પાત્રમાં પણ ઘીને ઢોળ્યા વિના નાંખી શકે છે.]

(૭) પ્લવક - આકાશમાં રહીને - અદ્ધર રહીને પણ તેનું નૃત્યાદિ જે કંઈ કરણ હોય તે કરી શકે છે.

(૮) તુન્નાગ - તંતુવાય, પહેલાં સ્થૂળ પણ પછી કોઈને ખબર ન પડે તેવું સૂક્ષ્મ, સોય વડે સીવીને એ રીતે પુરુ કરે કે જાણે સ્વામી પાસે રહીને તે વસ્ત્ર સંધિકારે કરેલ હોય.

(૯) વર્ધકી - શિલ્પકાર, માપ્યા વિના જ દેવકુલના રથોનું પ્રમાણ જાણે છે [ચૈત્યાદિના તાપને જાણે છે.]

(૧૦) ઘટકાર - પ્રમાણથી માટીને ગ્રહણ કરે છે. માટીના વાસણ પણ માપ્યા વિના જ કરી દે છે. [આટલામાંથી આટલા ઘડાં જ બને.]

(૧૧) આપૂપિક - પૂડલા બનાવનારો. પલ પ્રમાણ વગેરે માપ્યા વિના જ આના આટલા પૂડલા બનશે તે જાણે છે.

(૧૨) ચિત્રકાર - માપ્યા વિના જ પ્રમાણયુક્ત ચિત્ર બનાવે છે.

જે કંઈ વર્ણન કર્યુ, તે બધાં કર્મજા બુદ્ધિના દૃષ્ટાંત જાણવા.

— હવે પારિણામિકી બુદ્ધિના લક્ષણો પ્રતિપાદિત કરતા કહે છે —

• નિર્યુક્તિ-૯૪૮ :-

***અનુમાન, હેતુ, દૃષ્ટાંત વડે સાધિત, વયના વિપાકથી પરિણામ પામનારી, હિત અને મોક્ષના ફળવાળી જે બુદ્ધિ તેને પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.***

• વિવેચન-૯૪૮ :-

અનુમાન, હેતુ અને દૃષ્ટાંત વડે સાધ્ય અર્થને સાધે છે - તેવી, અહીં લિંગથી જ્ઞાનનું અનુમાન તે સ્વાર્થ, તેનો પ્રતિપાદક વચન હેતુ તે પરાર્થ અથવા જ્ઞાપક અનુમાન કારક તે હેતુ, દૃષ્ટ અર્થમાં લઈ જાય તે દૃષ્ટાંત - x - x - x - સાધ્ય ઉપમા ભૂત તે દૃષ્ટાંત. - x - x - કાળકૃત્ દેહની અવસ્થા વિશેષ તે વય. તેના વિપાકમાં પરિણામ-પુષ્ટતા જેની છે તે તેવા પ્રકારની, અભ્યુદયના કારણરૂપ, મોક્ષના નિબંધનરૂપ ફળવાળી જે બુદ્ધિ તે પારિણામિત. આ ગાથાર્થ કહ્યો.

આના પણ શિષ્યગણના હિતને માટે દૃષ્ટાંતથી સ્વરૂપ કહે છે.

• નિર્યુક્તિ-૯૪૯ થી ૯૫૧ :-

***અભય, શ્રેષ્ઠી, કુમાર, દેવી, ઉદિતોદય રાજા, નંદીષેણ સાધુ, ધનદત્ત, શ્રાવક, અમાત્ય, ક્ષપક, અમાત્ય પુત્ર, ચાણક્ય, સ્થૂલભદ્ર, નાસિક્ય સુંદરી નંદ, વજ્ર, ચરણાઘાત, આમંડ, મણી, સર્પ, ગેંડો, સ્તૂપ, ઈન્દ્ર એ બાવીશ પારિણામિકી બુદ્ધિના ઉદાહરણો છે.***

● વિવેચન-૯૪૯ થી ૯૫૧ :-

આ ગાથાઓનો અર્થ કથાનકોથી જાણવો. તે આ પ્રમાણે –

(૧) અભય - તેની પારિણામિકી બુદ્ધિ કઈ રીતે કહી ? જ્યારે પ્રદ્યોતે રાજગૃહીને અવરોધી હતી, પછી અભયે પૂર્વે દાટેલ દીનારાદિ વડે પ્રદ્યોતને કહ્યું કે તારી છાવણીને પહેલાથી ફોડી નાંખેલ છે, તેમ કહેતા પ્રદ્યોત નાસી ગયો એ અભયની પારિણામિકી બુદ્ધિ જાણવી.

અથવા જ્યારે ગણિકા વડે છળથી બાંધીને લઈ જવાયો અને જ્યાં સુધીમાં ચાર વર [દાન] મેળવ્યા, ત્યારે અભય વિચાર્યુ કે હવે હું મને છોડાવું ત્યારે વર [દાન] માંગ્યા. - x - મને છળથી પકડી લાવ્યો હતો, હું દિવસે પ્રદ્યોતનું હરણ કરીશ. તેને રોતો-કકડતો લઈ જઈશ.

તે રાજગૃહી ગયો. એક નોકરને ઉન્મત્ત બનાવ્યો, વણિક કન્યા લીધી. પ્રદ્યોત ચીસો પાડતો રહ્યો અને તેનું હરણ કર્યુ. એ પ્રમાણે અભય કુમારની પારિણામિક બુદ્ધિના ઘણાં દૃષ્ટાંત છે.

(૨) શ્રેષ્ઠી - કાષ્ઠ નામે શ્રેષ્ઠી કોઈ એક નગરમાં રહેતો હતો. તેને વજા નામે પત્ની હતી. તેનો નૈત્યિક [પડોશી] દેવશર્મા નામે બ્રાહ્મણ હતો. તે શ્રેષ્ઠી લાંબી યાત્રાર્થે ગયો. તેની પત્ની દેવશર્મા સાથે આસક્ત બની. તે શ્રેષ્ઠીના ઘરમાં ત્રણ પક્ષી હતા - પોપટ, મેના અને કુકડો. શ્રેષ્ઠી તેને ઘેર રાખીને ગયેલો હતો. તે બ્રાહ્મણ પણ રાત્રિના જ આવતો હતો.

મેના બોલતી - તે કોણ છે ? ડરતો નથી ? પોપટ તેને વારે છે. જે માતાનો પ્રિય છે, તે આપણો પણ પિતા થાય છે. તે મેના તે બ્રાહ્મણને આક્રોશ કર્યા કરે છે. તેથી મેનાને મારી નાંખી. પોપટને ન માર્યો.

કોઈ દિવસે સાધુ ભિક્ષાર્થે તેના ઘરમાં આવ્યા. કુકડાને જોઈને એક સાધુ દિશાલોક કરતા બોલે છે – આનું જે માથું છે, તેને જે ખાય તે રાજા થાય. કોઈપણ રીતે તે બ્રાહ્મણે છુપાઈને સાંભળી લીધું. બ્રાહ્મણે વજાને કહ્યું – તું કુકડાને મારી નાંખ, મારે તે ખાવો છે, તેણી બોલી - બીજો કુકડો લઈ આવ, મેં પુત્રની જેમ તેને રાખેલ છે. ના પાડતા બ્રાહ્મણે માર્યો. તેથી પે'લીએ કુકડાનું માંસ રાંધ્યુ, જેટલાંમાં તે બ્રાહ્મણ ન્હાવા ગયો, તેટલામાં શ્રેષ્ઠીનો પુત્ર શાળાએથી આવ્યો. તેણે પકાવેલ માંસ જોયું, તે ભુખથી રડતો હતો. કુકડાનું માથું તેને ખાવા આપી દીધું. બ્રાહ્મણ આવ્યો. વાસણમાં માંસ નાંખ્યુ. બ્રાહ્મણે કુકડાનું માથું માંગ્યુ. તેણી બોલી કે – તે બાળકને આપી દીધું. બ્રાહ્મણ ખીજાયો, તે માથાને માટે તો મેં કુકડો માર્યો હતો. કેમકે જે આ કુકડાનું માથું ખાય તે રાજા થવાનો છે. તેણે બાળકને મારવા વિચાર્યુ.

આ વાત દાસીએ સાંભળી, તે તુરંત જ બાળકને લઈને પલાયન થઈ ગઈ. તે બંને બીજા નગરે ગયા. ત્યાં કોઈ રાજા અપુત્રિયો મરણ પામેલ. અશ્વ વડે અભિષેક કરાયો, તે બાળક રાજા થયો.

આ તરફ કાષ્ઠ શ્રેષ્ઠી પાછો આવ્યો. પોતાના ઘરને શટિત-પતિત જોયું. વજા-તેની પત્નીને પૂછ્યું – તે કંઈ બોલી નહીં. પોપટોને પાંજરામાંથી મુક્ત કરતાં તેણે



બ્રાહ્મણાદિ બધો સંબંધ કહી દીધો. તે આ સંસારના વ્યવહારથી કંટાળી ગયો. તેને થયું કે હું આના કારણે ક્લેશ અનુભવું છું. આ તો એવી જ છે, તેથી તેણે દીક્ષા લીધી.

તે સ્ત્રી અને બ્રાહ્મણ તે જ નગરે ગયા, જ્યાં તે બાળક રાજા રાજા થયેલો હતો. સાધુ પણ વિહાર કરતાં ત્યાં જ ગયા. તેણી ઓળખી ગઈ. ભિક્ષામાં સુવર્ણ આપ્યું, પછી કહેવા લાગી કે આમણે લઈ લીધું છે. તેથી રાજાની પાસે સાધુને લઈ ગયા.

ધાત્રી ઓળખી ગઈ. માતા અને બ્રાહ્મણ બંનેને દેશનિકાલની આજ્ઞા કરી. પિતાને ભોગ માટે નિમંત્રણા કરી. પણ સાધુ બનેલ કાષ્ઠ શ્રેષ્ઠીએ તેની ઈચ્છા ન કરી. રાજાને શ્રાવક બનાવ્યો.

ચોમાસુ પૂરુ થતા જતા હતા ત્યારે તેમની અપકીર્તિ કરાવવાને પે'લા બ્રાહ્મણે કોઈ વૈશ્યાને ત્યાં લાવી મૂકી. પરિભ્રષ્ટનું રૂપ કર્યુ. તેણીને ગર્ભીણી બનાવી, સાધુને પકડ્યા. ત્યારે શાસનની ઉડ્ડાહણા ન થાય તે માટે કહ્યું – જો મારા કારણે આ ગર્ભ હોય તો યોનિથી નીકળે અને જો મારા કારણે ન હોય તો ઉદર ફાડીને આ ગર્ભ નીકળો. એટલું બોલતા વૈશ્યાનું ઉદર ફાટી ગયું. તેણી મૃત્યુ પામી. સાધુની કીર્તિ ફેલાઈ.

આ તે શ્રેષ્ઠીની પારિણામિકા બુદ્ધિ જાણવી.

(૩) ક્ષુલ્લકકુમાર - આ કથા યોગ સંગ્રહમાં છે. પરિણામને કારણે તેની બુદ્ધિ ચાલી, પ્રવ્રજ્યામાં સ્થિર થયો તે તેની પારિણામિકી બુદ્ધિ.

(૪) દેવી - પુષ્પભદ્ર નગરમાં પુષ્પસેન રાજા, પુષ્પવતી રાણી હતી. તેણીને બે સંતાન હતા – પુષ્પચૂલ અને પુષ્પચૂલા. તે બંને પરસ્પર અનુરક્ત થઈને ભોગો ભોગવતા હતા. તે વાત જાણીને વૈરાગ્યવંત બની પુષ્પવતી રાણીએ દીક્ષા લીધી, તે કાળ કરીને દેવલોકમાં દેવ થઈ.

તે દેવ વિચારે છે કે – જો આ બંને (સંતાનો) મરી જાય તો નરક કે તિર્યંચમાં ઉપજશે. તેણી પુષ્પચૂલા પુત્રીને સ્વપ્નમાં નરકનું દર્શન કરાવે છે, તેણી ડરી જઈને પાખંડીને પૂછે છે, તેઓ તેનો અર્થ જાણતા નથી. પછી ત્યાં અર્ણિકાપુત્ર આચાર્ય હતા, તેમને બોલાવ્યા. ત્યારે તે સૂત્ર કહે છે. ત્યારે પુષ્પચૂલા તેમને પૂછે છે કે – શું તમે પણ સ્વપ્ન જોયેલ છે ? આચાર્ય કહે છે કે – ના, અમારા સૂત્રમાં આ પ્રમાણે કહેલ છે.

ફરી પુષ્પવતી દેવ તેની પુત્રીને સ્વપ્નમાં દેવલોકને દેખાડે છે. તેણી તે વાત પણ અર્ણિકાપુત્ર આચાર્યને કરે છે. આચાર્ય ભગવંત તે પણ સૂત્રમાં કહ્યા મુજબ તેણીને જણાવે છે. પછી પુષ્પચૂલા દીક્ષા લે છે.

આ તે દેવની પારિણામિકી બુદ્ધિ.

(૫) ઉદિતોદય - પુરિમતાલ નગરમાં ઉદિતોદય નામે રાજા હતો. તેની શ્રીકાંતા નામે રાણી હતી. બંને પણ શ્રાવક હતા. રાણીએ પરિવ્રાજિકાને પરાજિત કરેલ હતી. દાસી વડે મુખ મર્કટિકાદિથી વિડંબના કરીને તેણીને કાઢી મૂકેલ હતી. તે પરિવ્રાજિકાને ઘણો જ દ્વેષ થયેલો.

વારાણસીમાં ધર્મરુચી નામે રાજા હતો. પરિવ્રાજિકા ત્યાં ગઈ. લાકડાની પટ્ટિકા ઉપર શ્રીકાંતાનું રૂપ આલેખીને ધર્મરુચિ રાજાને બતાવ્યું. તે પણ શ્રીકાંતાના

રૂપમાં આસક્ત થઈ ગયો. તેણે દૂતને મોકલ્યો. ત્યાં ઉદિતોદિત રાજાએ મારી, અપમાનિત કરીને કાઢી મૂક્યો. ત્યારે ધર્મરુચિરાજા સર્વ સૈન્ય સાથે આવ્યો. પુરિમતાલ નગરીને રુંધી. ત્યારે ઉદિતોદય રાજા વિચારે છે કે – આટલો બધો જનક્ષય કરવાથી શો લાભ ? ઉપવાસ કરે છે. વૈશ્રમણ દેવે નગર સહિત રાજાને સંહરી લીધો.

આ તે ઉદિતોદિત રાજાની પારિણામિકી બુદ્ધિ.

(૬) નંદીષેણ સાધુ - શ્રેણિક રાજાનો એક પુત્ર નંદીષેણ નામે હતો. તેનો શિષ્ય અવધાનોત્પ્રેક્ષી હતો. નંદીષેણને ચિંતા થઈ, જો ભઘવંત રાજગૃહે પધારે તો રાણીઓ અને બીજા અતિશયોને જોઈને આ શિષ્ય સ્થિર થાય. ભગવંત પધાર્યા. શ્રેણિક અંતઃપુર સહિત નીકળ્યો, બીજા પણ કુમારો પોતાના અંતઃપુર સાથે નીકળ્યા. નંદીષેણનું અંતઃપુર પણ શ્વેત વસ્ત્રો પહેરીને પદ્મિની મધ્યે હંસી માફક, આભરણ રહિત, બધી છાયાને હરણ કરતી હતી.

તે શિષ્ય તે નંદીષેણના અંતઃપુરને જોઈને વિચારે છે કે જો મારા આચાર્ય ભદંતે આવી સુંદર સ્ત્રીઓનો ત્યાગ કર્યો તો પછી મારા જેવા મંદપુન્યએ અસતીને પ્રાર્થવાથી શો લાભ ? તેમ વિચારીને તે નિર્વેદ પામ્યો. આલોચના, પ્રતિક્રમણ થઈને તે સ્થિર થઈ ગયો.

આ તે બંનેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૭) ધનદત્ત - સુસમાના પિતાને જે પરિણામ થયા કે જો આ [સુસમાના મૃત શરીર] ને ખાઈશું નહીં તો માર્ગમાં આપણે મરી જઈશું.

અહીં પરિણામની જે વિચારણા તે પારિણામિકી બુદ્ધિ.

(૮) શ્રાવક - કોઈ શ્રાવક તેની પત્નીની સખીમાં મૂર્છિત થયો, આસક્ત થયો. તેણીને એવા પરિણામ થયા કે – મારો પતિ ક્યાંક આવો આર્ત્ત કે વશાર્ત્ત થઈને મરીને નરકમાં કે તિર્યંચમાં ઉત્પન્ન ન થાય તેવું કરું. તેણીએ આભરણાદિથી સખીનો વેશ લઈ પતિની અભિલાષા પૂરી કરી. પછીથી તે શ્રાવકને ખેદ થવા લાગ્યો. ત્યારે શ્રાવિકાએ સત્ય હકીકત જણાવી. આ તેણીની પારિણામિકી બુદ્ધિ.

(૯) અમાત્ય - વરધનુ મંત્રીએ લાક્ષાગૃહમાં સુતેલા બ્રહ્મદત્તને જોઈને વિચાર કર્યો કે – આ કુમારને કોઈ મારી ન નાંખે, કેમે કરીને તેનું રક્ષણ કરું. સુરંગ વડે તેને બહાર કાઢી લીધો, પલાયન થઈ ગયા. એ તે અમાત્યની પારિણામિકી બુદ્ધિ.

બીજા કહે છે – એક રાજા હતો, તેની અતિ પ્રિય રાણી મૃત્યુ પામી. રાજા મુગ્ધ હતો, તેણીના વિયોગમાં દુઃખી થઈ શરીર સ્થિતિને કરતો નથી. મંત્રી વડે કહેવાયું – હે દેવ ! આવી સંસારની સ્થિતિ છે, શું કરીએ ? રાજા બોલ્યો – હું દેવીના શરીરની સ્થિતિને અકુર્વતી નહીં કરું. મંત્રીએ વિચાર્યુ - આનો કોઈ ઉપાય નથી. પછી કહ્યું – હે દેવ ! દેવી સ્વર્ગે ગયા છે, તેથી ત્યાં રહીને જ તેણીને બધું મોકલવું, પ્રાપ્તિમાં દેવીકૃત્ત સ્થિતિમાં પ્રવૃત્ત થયું રાજાએ તે વાતને સ્વીકારી. ઈત્યાદિ - x - x - x -

દૃષ્ટાંત તો લાંબુ ચાલે છે. - x - x - x -

છેલ્લે મૃતકને બાળી નાંખ્યુ. આ મંત્રીની પારિણામિકી બુદ્ધિ.



(૧૦) ક્ષપક-બાલ સાધુ :- કોઈ ક્ષપક, શૈક્ષની સાથે ભિક્ષા લેવા માટે નીકળ્યો. શૈક્ષ વડે દેડકી મરી ગઈ. આલોચનાના અવસરે તે શૈક્ષ, દેડકી મર્યાની આલોચના કરતો નથી. ક્ષુલ્લકે કહ્યું – દેડકી માર્યાની આલોચના કરો. તે શૈક્ષ સાધુ ક્રોધિત થયા. હવે આ ક્ષપકને મારું, એમ વિચારી મારવા દોડ્યા. એક થાંભલામાં અથડાતા, તે સાધુ મૃત્યુ પામ્યા.

વિરાધિત શ્રામણ્યવાળા ઘણાં સાધુઓ તે કુળમાં દૃષ્ટિ વિષ સર્પ રૂપે જન્મીને એકઠાં થયેલા હતાં. એકબીજાને બરાબર જાણતા હતાં. [જાતિ સ્મરણ જ્ઞાનને પામેલા હતા.] તેઓ રાત્રિના જ ચરતા હતા. જેથી તેઓ દ્વારા કોઈ જીવ મરાઈ ન જાય. પ્રાસુક આહાર કરતા હતા.

કોઈ દિવસે રાજાનો પુત્ર સર્પ વડે ડંસ દેવાવાથી મૃત્યુ પામ્યો. રાજાને સર્પો ઉપર ઘણો જ દ્વેષ થયો. તેણે ઘોષણા કરાવી કે જે કોઈ સર્પને મારી નાંખશે, તેને રાજા દિનાર [સુવર્ણ મુદ્રા] આપશે.

કોઈ દિવસે ન ચાલવાથી તેઓની રેખા દેખાઈ. તેથી તે બિલમાં ઔષધિ વડે ધમણ કરી. મસ્તકો બહાર નીકળે છે, તેને છેદે છે. તે સર્પ અભિમુખ નીકળતો નથી. જાતિસ્મરણજ્ઞાનથી તે સર્પ વિચારે છે – રખેને ! કોઈ પણ જીવ મારાથી મરણ ન પામો. તે જેમ જેમ નીકળતો જાય છે, તેમ તેમ તેના છેદીને ટુકડા કરતા જાય છે.

ત્યારપછી નાગની દેવીએ રાજા પાસે ઉપસ્થિત થઈને કહ્યું કે – હવે નાગનો વધ ન કરશો. રાજાને બોધિત કર્યો. વર [દાન] આપ્યું કે – તમને એક પુત્ર થશે. તે ક્ષપક સર્પ મરીને તે રાણીની કુક્ષીમાં પુત્રરૂપે અવતર્યો. તે બાળકનું 'નાગદત્ત' એવું નામ રાખ્યું.

તે બાળકે બાળભાવનો ત્યાગ કર્યો, પછી કોઈ સાધુને જોઈને જાતિ સ્મરણ જ્ઞાન થતાં તેણે દીક્ષા લીધી. તેને ખૂબ જ ભુખ લાગતી હોવાથી આહાર વગર ચાલતું ન હતું, તેથી તેણે અભિગ્રહ લીધો કે મારે રોષ ન કરવો.

તે પર્યુષિત [ઠંડા, પડી રહેલા] અશનાદિ માટે ભ્રમણ કરે છે.

તે આચાર્યના ગચ્છમાં ચાર ક્ષપક હતા, એક માસિકી, બેમાસિકી, ત્રણ માસિકી, ચાર માસિકી તપશ્ચર્યાવાળા. રાત્રિના દેવી આવી, તે બધાં તપસ્વીને ઓળંગીને પે'લા ક્ષુલ્લક સાધુને વંદન કર્યુ. તે નીકળતી હતી ત્યારે તે દેવીને કોઈ ક્ષપકે હાથેથી પકડી લીધી અને કહ્યું – હે કટપૂતના ! આ ત્રિકાળભોજીને તું વંદન કરે છે ? આ મહા તપસ્વીને વાંદતી નથી ?

દેવી બોલી – હું ભાવક્ષપક [ભાવ તપસ્વી]ને વાંદુ છું. દ્રવ્ય ક્ષપકોને વાંદતી નથી, એમ કહી તે ચાલી ગઈ. પ્રભાતે તે ક્ષુલ્લક પર્યુષિત અશનાદિને શોધવા નીકળ્યા. આવીને ક્ષપકોને નિમંત્રણા કરી. એક ક્ષપકે આહાર પાત્ર લઈને તેમાં બળખો નાંખ્યો. તે ક્ષુલ્લકે કહ્યું કે – ''મિચ્છા મિ દુક્કડં'' હું આપને શ્લેષ્મ પાત્ર લાવીને આપી ન શક્યો. એ પ્રમાણે જ બાકીના ત્રણ તપસ્વીઓએ પણ કર્યું.

ક્ષુલ્લકે તે [આહાર એક તરફ કરી] ખાવાનો આરંભ કર્યો. તેઓએ ક્ષુલ્લકને આહાર કરતાં રોક્યો. ત્યારે તે ક્ષુલ્લક સાધુ નિર્વેદ પામ્યો. ત્યાં જ શુકલ ધ્યાનારૂઢ

થઈને કેવળજ્ઞાન પામ્યા. ત્યારપછી [દેવીના પ્રતિબોધથી] બાકીના ચારે પણ કેવળજ્ઞાન પામ્યા. પાંચે પણ સિદ્ધ થયા.

આ તે બધાંની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૧) અમાત્ય પુત્ર - વરધનુ, તેને તે-તે પ્રયોજનોમાં પારિણામિકી બુદ્ધિ વાપરેલી. જેમકે – માતાને છોડાવી, તે પલાયન થયો. ઈત્યાદિ બધું કહેવું જોઈએ. બીજા આચાર્ય બીજું દૃષ્ટાંત આપે છે –

એક મંત્રીપુત્ર, કાર્પટિક રાજકુમાર સાથે ચાલતો હતો. કોઈ દિવસે નિમિત્તક મળ્યો. રાત્રિના દેવકુલિકામાં રહીને શિવા રહે છે. કુમાર નૈમિત્તિકને પૂછ્યું કે – આ શું ભણો છો ? તેણે કહ્યું – આ ભણવાથી આ નદીના કાંઠે પૌરાણિક કલેવર રહે છે. આ કટિમાં સો મુદ્રા વિશેષ છે, હે કુમાર ! તે તું ગ્રહણ કર. મુદ્રાઓ તારી અને કલેવર મારું. હું એકલો તે કરી શકું તેમ નથી.

કુમારને કૌતુક જન્મ્યુ. તે નિમિતકને છેતરીને એકલો ગયો. ત્યાં જઈને મુદ્રાઓ ગ્રહણ કરીને પાછો આવી ગયો.

ફરી નિમિત્તક રટણ કરે છે, કુમાર ફરી પૂછે છે. તે બોલ્યો – કૌતુહલિક કહે છે – આ પ્રમાણે બોલે છે કે હે કુમાર ! તને પણ સો મુદ્રા મળી અને મને કલેવર. કુમાર મૌન થઈ ગયો. મંત્રીપુત્ર વિચારવા લાગ્યા કે – આનું સત્ય જોઉં. આ કૃપણપમે લઈને આવે છે કે બહાદુરીથી ? જો કૃપણત્વથી લાવે, તો આના રાજ્યમાં રહેવું નહીં.

સવારે કહ્યું – તું જા, મને તો પેટમાં શૂળની પીડા છે, હું જઈ શકું તેમ નથી. કુમારે તેને કહ્યું કે – તને છોડીને જવાનું યુક્ત નથી. પરંતુ અહીં મને કોઈ જાણે નહીં, તે રીતે આપણે જઈએ.

પછી કુલપુત્રક ગૃહે જઈને બધું આપી દીધું. બધું પોષણ મૂલ્ય દીધું. મંત્રીપુત્રએ જાણ્યું – આણે બહાદુરીથી કાર્ય કરેલ છે. - x - x -

કુમારે રાજ્ય પ્રાપ્ત કર્યું. ભોગો પણ તેને આપ્યા.

આ તે મંત્રીપુત્રની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૨) ચાણક્ય :- ગોલ્લ દેશમાં ચણક નામે ગામ હતું. ત્યાં ચણક નામે બ્રાહ્મણ રહેતો હતો. તે શ્રાવક હતો. તેના ઘેર સાધુઓ ઉતર્યા હતા. ચણકનો પુત્ર દાંત સહિત જન્મ્યો હતો. ચણકે તે પુત્રને સાધુના પગે લગાડ્યો. ત્યારે સાધુઓએ કહ્યું કે – આ રાજા થશે. ક્યાંક મારો પુત્ર દુર્ગતિમાં ન જાય તેમ વિચારીને ચણ કે તેના દાંત ઘસી નાંખ્યા. ફરી પણ આચાર્યએ કહ્યું, હવે શું કરવું તે કહો ? આચાર્ય બોલ્યા – હવે તે પ્રચ્છન્ન રાજા થશે.

બાળ ભાવનો ત્યાગ કરીને તે બાળક ચૌદ વિદ્યા સ્થાનોનો પારગામી બન્યો. તે શ્રાવક સંતુષ્ટ થયો. એક ભદ્ર બ્રાહ્મણકુળથી તેને માટે પત્ની [કન્યા] લાવીને આપી.

કોઈ દિવસે કોઈ કૌતુકમાં તેની પત્ની માતાને ઘેર ગઈ. કોઈ કહે છે કે – તેણીના ભાઈના વિવાહમાં ગયેલી. તેની બહેનને કોઈ પ્રચુર ધનાઢ્ય સાથે પરણાવી. તેણી અલંકૃત અને વિભૂષિત થઈને આવી. બધાં જ પરિજનો તેણીની સાથે વાતો



કરતા હતા. ચાણક્યની પત્ની એકાંતમાં ઉભેલી. તેને મનમાં ઘણો જ ખેદ થયો. ઘેર આવી, શોકમય રહેવા લાગી. ચાણક્યએ ઘણો આગ્રહ કર્યો ત્યારે તેણીએ બધી વાત કહી.

ચાણક્યએ વિચાર્યુ કે પાટલિપુત્રમાં નંદ રાજા દાન આપે છે. હું ત્યાં જાઉં. પછી કારતક પૂર્ણિમામાં પૂર્વે રાખેલા આસનને જઈને તે બેઠો અને તે તેના-નંદના માટે સદા રખાયેલું હોય છે. નંદની સાથે સિદ્ધપુત્ર ત્યાં આવ્યો અને બોલ્યો કે – આ બ્રાહ્મણ નંદવંશની છાયાને આક્રમીત કરીને રહેલો છે. દાસીએ તેને કહ્યું – હે ભદંત ! બીજા આસને બેસો, તેણે બીજા આસને કુંડિકા સ્થાપે છે, એ પ્રમાણે ત્રીજા આસને દંડક સ્થાપ્યો, ચોથા આસને માળા મૂકી, પાંચમાં આસને જનોઈ મૂકી, આ ધૃષ્ટ છે. એમ કહી તેને ત્યાંથી બહાર કાઢી મૂક્યો. તેણે મનમાં જ નંદને ઉખેડી દેવાની પ્રતિજ્ઞા કરી.

ફરી કોઈ વખત કહે છે કે – તે પુરુષને શોધવા નીકળ્યો. કેમકે ચાણક્યએ [તેણે] સાંભળેલું કે તે પરદા પાછળનો રાજા થશે.

ચાણક્ય, નંદના મયૂર પોષકોને ગામે ગયો. પરિવ્રાજકનો વેશ લીધો. તેના મહત્તરની પુત્રીને ચંદ્રનું પાન કરવાનો દોહદ થયો. તે ભિક્ષા માટે ગયેલો. તેને પૂછે છે કે આને ચંદ્રપાન કરવું છે, તો શું કરવું? ચાણક્ય બોલ્યો, જો આ બાળક મને આપી દો તો હું તેણીને ચંદ્રનું પાન કરાવીશ. તેઓએ હા કહી. પછી વસ્ત્રનો મંડપ કર્યો. તે દિવસે પૂર્ણિમાં હતી મંડપની મધ્યમાં છિદ્ર કર્યુ. મધ્યમાં રહેલ ચંદ્રમાં સર્વ રસપ્રચુર દ્રવ્યો વડે સંયોજીને દુધનો થાળ ભર્યો, બાળકને બોલાવ્યો, ચંદ્રને જુએ છે અને પી જાય છે. ઉપર એક પુરુષ આચ્છાદન કરતો જાય છે. તેનો દોહદ પુરો થયો.

આવેલ બાળકનું ચંદ્રગુપ્ત નામ રાખ્યું. તે પણ મોટો થવા લાગ્યો. ચાણક્ય ધાતુવાદ-સ્વર્ણરસાદિને શોધે છે. ચાણક્ય તે બાળક સાથે રાજનીતિથી રમે છે, ઈત્યાદિ - x - x - x - ચાણક્યે તેને કહેલું કે જ્યાં સુધી હું તને રાજા ન બનાવી દઉં, ત્યાં સુધી હું પરિવ્રાજક છું. - x - કાળક્રમે ચાણક્યે લોકોને ભેગા કર્યા અને પાટલીપુત્રને રુંધ્યુ. [ઘેરા ઘાલ્યો.]

નંદરાજાએ પરિવ્રાજકને ભગ્ન કર્યો, ઘોડા લઈને પાછળ પડ્યો. ચંદ્રગુપ્ત પદ્મસરોવરમાં ડૂબાડી રાખ્યો. સંજ્ઞા વડે કહી દીધું કે અશ્વ સૈન્ય ચાલી જાય ત્યારે બહાર આવી જજે. ચંદ્રગુપ્તે પણ તેમ કર્યુ.

બીજા કોઈ એમ કહે છે કે – ચંદ્રગુપ્તને પદ્મસરોવરમાં ફેંકીને તે ધોબી થઈ ગયો. પછી એક જાત્યવાહી અશ્વકિશોર ઉપર જતાં અસવારે પૂછતા તેને કહ્યું કે – ચંદ્રગુપ્ત આ પદ્મસરોવરમાં ડૂબી ગયો. પછી અસવારે તે જોયું. પછી તેણે ઘોડો ચાણક્યને આપ્યો. ખડ્ગ નીચે મૂક્યું યાવત્ બધું જ મૂકીને પાણીના ઉતરવાને માટે કંચુક - નીચે પહેરવાનું વસ્ત્ર, તેને મૂકે છે. તેટલામાં ચાણક્યએ ખડ્ગ લઈને તે પુરુષના બે કટકા કરી દીધા.

ત્યારપછી ચંદ્રગુપ્તને બોલાવીને ઘોડા ઉપર બેસીને તે બંને પલાયન થઈ ગયા. ચાણક્યએ ત્યારપછી ચંદ્રગુપ્તને પૂછ્યું. જે વેળાએ તને સરોવરમાં ફેંકી દીધો,

ત્યારે તું શું વિચારતો હતો ? ચંદ્રગુપ્તે કહ્યું – જલ્દીથી હમણાં-હમણાં જ કંઈક સુંદર-સારું થશે. આર્ય તે જાણે જ છે.

ત્યારે ચાણક્યએ વિચાર્યુ કે – આ હજુ પાત્ર જ છે, વિપરિણામ યુક્ત થયો નથી. ત્યારપછી ચંદ્રગુપ્ત ભુખ વડે પીડાતો હતો. ચાણક્ય તેને બેસાડીને ભોજનની વ્યવસ્થા માટે ગયો. તેને ડર હતો કે – રખેને ! મને કોઈ ઓળખી ન જાય. ભટ્ટ મહોદરનું બહાર નીકળી ગયેલ ઉદર-પેટ ફાડીને, તેમાંથી દહીં-ભાત કાઢી લઈને ચાણક્ય ગયો, બાળકને જમાડ્યો.

અન્ય કોઈ દિવસે અન્યત્ર ગામે રાત્રિના ભિક્ષા લેવા ચાણક્ય ગયો. કોઈ વૃદ્ધાએ તેના પુત્રાદિને રાબ પીરસી, એક પુત્રે મધ્યમાં હાથ નાંખ્યો, તેનો હાથ બળી જતાં તે રડવા લાગ્યો. ત્યારે વૃદ્ધા બોલી – તું ચાણક્ય જેવો મુરખ છે. કેમ મુરખ છું ? પહેલા અડખે-પડખેનું ગ્રહણ કરવું જોઈએને ? તે સાંભળીને ચાણક્ય હિમવંત પર્વતે ગયો. પાર્વતિકરાજા સાથે મૈત્રી થઈ. કહ્યું કે – આપણે બધાં ભેગા મળીને રાજ્યો ભાંગીએ. એકલા લુંટવા જ્યાથી નગરનું પતન કરી ન શકાય.

ત્યારપછી ચાણક્ય ત્રિદંડી થઈને પ્રવેશ્યો. બધી વસ્તુઓ જુએ છે. જોતાં-જોતાં ઈન્દ્રકુમારીઓ જોઈ. તેમના પ્રભાવથી નગરું પતન થતું ન હતું. માયા કરીને તેને દૂર કરી. નગરનું પતન થયું. ત્યારપછી પાટલીપુત્ર નગરને ઘેરો ઘાલ્યો. ધર્મદ્વારને શોધે છે. એક રથ વડે જે શક્ય હોય તે તું લાવ. ત્યારે એક કન્યા, બે પત્નીઓ અને દ્રવ્યને લાવે છે.

તે કન્યા ચંદ્રગુપ્તને જોયા કરે છે. તેણીને કહ્યું – ચાલ આવવું છે ? ત્યારે તેણી ચંદ્રગુપ્તના રથમાં વળગી ગઈ, ત્યારે નવ આરાઓ ભાંગ્યા, તે વખતે ત્રિદંડીએ કહ્યું કે – તેને રોકતો નહીં, તારો વંશ નવ પુરુષ યુગ સુધી ચાલુ રહેશે. તે ગયો રાજ્યના બે ભાગ કર્યા.

એક કન્યા વિષભાવિતા હતી - વિષકન્યા હતી. તેનામાં પર્વતકની ઈચ્છા થઈ. તે કન્યા પર્વતકને આપી દીધી. અગ્નિ પ્રદક્ષિણામાં પરિગત વિષથી તે મરવાને લાગ્યા. તેણે કહ્યું – હે મિત્ર! હું મરી રહ્યો છું, આ ઝેરે મને ઘેરી લીધો છે. ચાણક્યે ભૃકુટી ચડાવી. ઝેરનું નિવારણ કરવા કહ્યું. પછી બંને પણ રાજ્યો તેના [ચંદ્રગુપ્તના] થઈ ગયા.

નંદના માણસો ચોરી કર્મથી જીવતા હતા. ચોર પકડનાર તેમને શોધે છે. ત્રિદંડી શાખાપુરમાં નલદામે મત્કોટક મારકને જોઈને આવ્યો. રાજાને બોલાવ્યો. કોટવાલને સોંપ્યો, વિશ્વાસ પમાડ્યો, ભોજનના દાન વડે તેને કટુંબ સહિત મારી નાંખ્યો. - x - x - x -

કોશ નિમિત્તે પારિણામિકી બુદ્ધિ - જુગાર રમતા કૂટ-પાશા વડે, સોનાના થાળો ભરીને દીનાર લીધી. જે જય પામે તેને આ આખો પાળ અપાશે. જો હું જય પામું તો મને તમારે એક દીનાર આપવી. એ રીતે ભંડાર ભર્યો. પછી લાંબા કાળ સુધી બીજા ઉપાયો વિચાર્યા કે રાજનો ખજાનો ભરપુર કેમ કરવો ? નગરજનોને બોલાવ્યા. પછી તેમને ઘણું ભોજન કરાવ્યું. મધપાન પણ સારા પ્રમાણમાં કરાવ્યું. ઉન્મત્ત થતાં નાચવા લાગ્યા. ત્યારે ચાણક્ય નૃત્ય કરતાં બોલ્યો કે – મારી પાસે



બે ભગવા વસ્ત્રો ચે, સુવર્ણનું કમંડલ છે અને ત્રિદંડ છે. રાજા પણ મને વશવર્તી છે, માટે મારી આ ઝલ્લરી વગાડો. ત્યારે બીજા નગરનો ધનપતિ તેની આ સવૃદ્ધિ સહન ન કરી શક્યો. તે પણ નાચવા અને ગાવા લાગ્યો – મદોન્મત્ત હાથીના તુરંતના જન્મેલા બાળ હાથી ૧૦૦૦ યોજન સુધી ચાલે, તેને પગલે પગલે લાખ લાખ મુદ્રા મૂકું. તેટલું નાણું મારી પાસે છે, એ વાતે ઝલ્લરી વગાડો.

ત્યારે વળી બીજો કોઈ ધનપતિ બોલ્યો કે એક આઢક પ્રમાણ વાવેલા તલમાંથી નવા ઉત્પન્ન થયેલા અનેક સેંકડો પ્રમાણ તલના દરેકે દરેક તલ ઉપર લાખ લાખ પ્રમાણ મુદ્રા મૂકો – તેટલું ધન મારી પાસે છે તો મારી ઝલ્લરી વગાડો. કોઈએ માખણની ઉપમાંથી, કોઈએ શાલિની ઉપમાથી એમ અનેક રીતે બધાં ધનપતિ મધપાનથી ઉન્મત્ત થઈ પોત-પોતાના જે કંઈ ધન-ધાન્યાદિક હતા, તે બધાંનું વર્ણન કરવા લાગ્યા. એ રીતે ચાણક્યએ બધાંની સમૃદ્ધિ જાણીને જેની પાસે જેટલું યોગ્ય લાગે તેટલું ધન મેળવીને રાજના ભંડારની વૃદ્ધિ કરી - આ તેની પારિણામિકી બુદ્ધિ.

ચાણક્યએ પોતાની બુદ્ધિ વડે કોઈ પાસેથી રત્નો, કોઈ પાસેથી શાલિ, કોઈ પાસેથી ઘોડા, કોઈ પાસેથી નવનીત એ પ્રમાણે પોતાની બુદ્ધિ વડે માંગી-માંગીને રાજ્યને ધન-ધાન્ય વડે સમૃદ્ધ કરી દીધું.

(૧૩) સ્થૂલભદ્ર - તેની પારિણામિકી બુદ્ધિ આ પ્રમાણે છે – જ્યારે તેના પિતા મૃત્યુ પામ્યા ત્યારે નંદ રાજાએ સ્થૂલભદ્રને બોલાવીને કહ્યું – હવે તું અમાત્ય થા. ત્યારે સ્થૂલભદ્ર, રાજાને કહે છે કે – હું વિચારીને કહું. ત્યારપછી તે અશોક વનિકામાં ગયો, વિચારે છે કે – વ્યાક્ષિપ્ત લોકોને વળી ભોગ કેવા ? એટલે બધું છોડી નીકળી ગયો અને દીક્ષા લીધી.

રાજાએ ત્યારે રાજપુરુષોને બોલાવીને કહ્યું – પાછળ જઈને જુઓ. ક્યાંક તે કપટથી પાછો કોશા ગણિકાને ઘેર તો જતો નથીને? સ્થૂલભદ્ર જતો હતો ત્યારે કુતરાના કોહવાયેલા કલેવર પાસેથી નાસિકાને બંધ કર્યા વિના ચાલ્યો ગયો. એ જોઈને તે રાજપુરુષોએ રાજાને જઈને કહ્યું કે આ ખરેખર જ ભોગથી વિરક્ત થઈ ગયો છે.

ત્યારે નંદરાજાએ સ્થૂલભદ્રના ભાઈ શ્રીયકને મંત્રી બનાવ્યો.

આ તે સ્થૂલભદ્રસ્વામીની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૪) નાસિક્ય સુંદરીનંદ - નાસિક્ય નગર હતું. ત્યાં નંદ વણિક્ હતો, તેને સુંદરી નામે પત્ની હતી. તે પત્નીમાં ઘણો આસક્ત હોવાથી લોકોએ તેનું સુંદરીનંદ એ પ્રમાણે નામ પાડી દીધેલ હતું.

તેના ભાઈએ દીક્ષા લીધી હતી. તેણે સાંભળ્યું કે – તેનો ભાઈ, તેની પત્ની સુંદરીમાં ઘણો આસક્ત છે, તેથી મારે જઈને તેને પ્રતિબોધ કરવો. જેથી દુર્ગતિમાં ન જાય. ગુરુ આજ્ઞાથી તેના ભાઈ મુનિ, નંદના ઘેર પરોણારૂપે ગામમાં પધાર્યા, બીજે સ્થાને રહ્યા. ગૌચરી વેળા નંદના ઘેર પધાર્યા. ત્યારે તેણે અનશનાદિ વડે પ્રતિલાભિત કર્યા.

ત્યારપછી ભાઈ મુનિએ તેના હાથમાં પાત્ર આપ્યું. ઉધાન ભૂમિ સુધી સાથે ચાલવા કહ્યું, ત્યાં સુધી સુંદરીનંદ સાથે ગયો. લોકોએ તેના હાથમાં રહેલ પાત્ર જોયું. બધાં તેની મજાક કરવા લાગ્યા કે આ સુંદરીનંદે દીક્ષા લીધી છે. તો પણ તે ઉધાનમાં

ગયો, સાધુએ તેને વૈરાગ્યોત્પાદક દેશના આપી. પણ નંદને સુંદરીમાં અતિ રાગ હોવાથી વૈરાગ્ય માર્ગે વાળવો મુશ્કેલ હતો.

તે મુનિ વૈક્રિયલબ્ધિધર હોવાથી વિચાર્યુ કે આને બીજી કોઈ રીતે પ્રતિબોધિત કરું. તેણે મેરુ પર્વતની વિકુર્વણા કરી, ત્યારે નંદે કહ્યું કે હું સુંદરીનો વિયોગ સહન કરી શકતો નથી, માટે તે મેરુ પર્વત લેવાની મને ઈચ્છા નથી. હું તેણીને મુહૂર્ત માત્રમાં લઈને આવતો રહીશ. મુનિએ કબૂલ્યું.

ત્યારપછી મુનિએ એક વાનર યુગલ વિકુર્વ્યુ. સત્યનું દર્શન કરાવવા નંદને કહ્યું, સુંદરી અને આ વાંદરીમાં વધુ સુંદર કોણ છે ? નંદે કહ્યું કે આ તુલના જ અયોગ્ય છે, ક્યાં સરસવ અને ક્યાં મેરુ પર્વત ? એમ કહ્યું તેથી મુનિએ વિદ્યાધર યુગલ દેખાડીને પૂછ્યું કે – હવે આ બેમાંથી કોનું રૂપ ચડિયાતું છે ? ત્યારે નંદ બોલ્યો કે – સુંદરી અને વિદ્યાધરીનું રૂપ તુલ્ય જણાય છે. ત્યારે મુનિએ તેને દેવયુગલ બતાવીને પૂછ્યું – તો નંદે જણાવ્યું કે દેવીના રૂપ પાસે તો આ સુંદરી તદ્દન વાંદરી જેવી જણાય છે.

ત્યારે મુનિએ કહ્યું – થોડા ધર્માચરણના પ્રભાવથી આ દેવ થયો છે. ત્યારે નંદ બોધ પામીને શ્રાવક થયો. પછી તેણે પ્રવ્રજ્યા પણ અંગીકાર કરી. આ તે સાધુની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૫) વજ્રસ્વામી - તેમની પારિણામિકી બુદ્ધિ આ પ્રમાણે કહી છે.

માતા અનુવર્તવા યોગ્ય નથી, સંઘની અવમાનના કરાય નહીં, માટે દીક્ષા જ શ્રેષ્ઠ વિકલ્પ છે, તેવા પરિણામથી સાધુએ આપેલ રજોહરણ લીધું.

ઉજ્જૈનીમાં દેવે વૈક્રિયલબ્ધિ આપી. પાટલીપુત્રમાં પરાભૂત ન થવા માટે વૈક્રિયલબ્ધિથી લાંખ પાંખડીવાળું કમળ વિકુર્વ્યુ, તેની ઉપર બેસીને અતિ સૌમ્યરૂપ વિકુર્વ્યુ. તે દેવતા સદૃશ હતું. ઈત્યાદિ - x -

પુરિકા નગરીમાં શાસનની અપભ્રાજના ન થાય તે માટે પુષ્પો લાવ્યા, શ્રીદેવી પાસે જઈને હિમવંત પર્વતથી કમળ લાવ્યા. દેવવિમાનમાં પુષ્પો ભરીને લાવ્યા. ઈત્યાદિ બધું જ કહેવું.

(૧૬) ચરણાઘાત - રાજાને તેની તરુણ પત્નીએ લાત મારી. તેણે યુવાન અને વૃદ્ધ મંત્રીની બુદ્ધિની પરીક્ષા માટે બધાંને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે – જે રાજાના મસ્તકે પગ વડે આહત કરે તો તેને શું દંડ આપવો ?

જે તરુણો હતા, તેઓ બોલ્યા કે તેના તલ-તલ જેવા ટુકડા કરી દેવા, સ્થવિરોને પૂછ્યું – તેઓ વિચારવા લાગ્યા કે – આ વાત શક્ય જ નથી. વધુ વિચારતા તેમને થયું કે – નક્કી, રાણી સિવાય બીજા કોણ લાત મારી શકે. તેથી આવીને બોલ્યા કે – જે રાજાને લાત મારે તેનો સત્કાર કરવો.

આ તેઓની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૭) આમલક - કોઈ કૃત્રિમ આમળાને લાવ્યું. એકે જાણ્યું કે આ અતિ કઠિન છે, પણ અકાળે આમળું પાકે કઈ રીતે ? માટે આ બનાવટી જ હોય. આ તે જણની પારિણામિકી બુદ્ધિ.



(૧૮) મણિ - એક સર્પ હતો, તે પક્ષીઓના ઇંડા ખાવાને માટે વૃક્ષ ઉપર ચડવા લાગ્યો. ત્યાં કોઈ ગીધ રહેલ હતો, તેણે સાપને મારી નાંખ્યો. તેથી સાપનો જે મણી હતો, તે પડી ગયો. તે સીધો નીચે કૂવામાં પડ્યો. તેની કાંતિના પરિણામથી કૂવામાં રહેલું પાણી લાલ દેખાવા લાગ્યું. જો તે મણી કાઢી લેવામાં આવે તો તેનું પાણી સ્વાભાવિક દેખાવા લાગે. બાળકોએ વૃદ્ધોને આ વાત કરી. વૃદ્ધે કૂવામાં ઉતરી તે મણી લઈ લીધો.

આ તે સ્થવિર પુરુષની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૯) સર્પ - ચંડકૌશિકે વીર ભગવંતને જોઈને વિચાર્યુ કે આ તો મહાત્મા છે ઈત્યાદિ બધું કહેવું. શાંત મુદ્રા, દુધની ધારા ઈત્યાદિ જોઈને તેને આવી બુદ્ધિ જાગી. - આ તે સર્પની પારિણામિકી બુદ્ધિ.

(૨૦) ગેંડો - કોઈક શ્રાવક પુત્ર હતો. તે યૌવન અને બળ આદિને કારણે ઉન્મત્ત થયેલો હોવાથી ધર્મ ગ્રહણ કરતો નથી. તે મરીને ગેંડારૂપે ઉત્પન્ન થયો. તેની પાછળ અને બંને પડખે પાંખની જેમ ચામડી લટકે છે અટવીમાં ઉત્પન્ન થાય છે અને તે લોકોને મારતો ફરે છે. તે જ માર્ગે કોઈ વખત સાધુઓ પસાર થઈ રહ્યા હતા. તે ગેંડો વેગથી તેની સામે ધસ્યો. પરંતુ સાધુનું તેજ જોઈને તેમને હણવાને માટે સમર્થ થઈ ન શક્યો.

ગેંડો વિચારવા લાગ્યો કે મેં આવાને ક્યાંક પહેલાં જોયા છે. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેણે તુરંત પચ્ચક્ખાણ કર્યા. મરીને તે સ્વર્ગે ગયો. આ તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૨૧) સ્તૂપ - વૈશાલી નગરીની મધ્યે મુનિસુવ્રત સ્વામીનો એક સ્તૂપ હતો. તેના પ્રભાવથી, કોણિકે ગમે તેટલો ઉદ્યમ કર્યો તો પણ વૈશાલી નગરીનું પતન થતું ન હતું. તે વખતે આકાશમાં દેવવાણી થઈ અને કૂણિકને કહ્યું કે – "જ્યારે કૂલવાલક શ્રમણ માગધિકા ગણિકામાં લેપાશે [તેની સાથે ભોગમાં પડશે] ત્યારે જ રાજા અશોકચંદ્ર અર્થાત્ કોણિક આ વૈશાલી નગરીનું ગ્રહણ કરવા સમર્થ થશે.

કોણિક તે કૂલવાલકની તપાસ કરે છે.

આ કૂલવાલકની ઉત્પત્તિ શું છે ? તે જણાવે છે – કોઈ એક આચાર્ય હતા. તેને ક્ષુલ્લક શિષ્ય હતો. તે ઘણો અવિનીત હતો. તે આચાર્ય વારંવાર તેની નિર્ભર્ત્સના કરતા, ક્ષુલ્લક તેના પ્રત્યે વૈર રાખવા લાગ્યો.

કોઈ દિવસે આચાર્ય સિદ્ધ પર્વતે તે શિષ્ય સહિત દર્શન-વંદન કરવાને ગયા હતા. જ્યારે નીચે ઉતરતા હતા ત્યારે આચાર્યને મારી નાંખવા માટે તે ક્ષુલ્લક સાધુએ શિલા ગબડાવી. આચાર્યએ પમ તે જોયું. જોઈને તેણે બંને પગ ફેલાવ્યા, અન્યથા તે ચોક્કસ મૃત્યુ પામર્યા હોત. ત્યારે તેણે તે ક્ષુલ્લક સાધુને શાપ આપ્યો કે – હે દૂરાત્મા ! નિશ્ચે તું ભવિષ્યમાં કોઈ સ્ત્રીના કારણે વિનાશ પામીશ.

ક્ષુલ્લકે વિચાર્યુ કે – આચાર્ય મિથ્યાવાદી થાઓ [તેમની વાણી ખોટી પડો] એમ વિચારી, તે તાપસના આશ્રમમાં રહ્યો. નદીના કિનારે તે આતાપના લેવા લાગ્યો. તે માર્ગમાં જતા-આવતા સાર્થ અને મુસાફરો પાસથી મળતી ભિક્ષા દ્વારા જીવન

નિર્વાહ ચલાવતા હતા. નદીના કિનારે આતાપના લેતા, તેમના પ્રભાવથી નદી બીજી તરફ વહેવા લાગી. તેણે નદીના કુલ [કિનારા] ને પલટી દીધો. હોવાથી તેનું કૂલવાલક નામ પડ્યું –

ત્યાં રહેલા છે એમ જાણીને કોણિક ત્યાં આવ્યો. તેણે માગધિકા ગણિકાને બોલાવી, કૂલવાલક મુનિને લાવવા કહ્યું. એક ગણિકા બોલી કે – હું તેને અહીં લાવી આપીશ. તેણીએ કપટી શ્રાવિકાનો ઢોંગ રચ્યો. સાર્થની સાથે જઈને મુનિને વંદન કરે છે. મુનિને કહે છે કે હું વિધવા થઈ હોવાથી ચૈત્યોની વંદના કરવા નીકળી છું, આપના વિશે સાંભળ્યું એટલે આપની વંદનાર્થે આવી છું. તો હે મુનિપ્રવર ! આપ મારે ત્યાં ભિક્ષા ગ્રહણ કરવાની કૃપા કરો. પારણામાં લાડવા વહોરાવ્યા. તેમાં કોઈ પદાર્થોની ભેળસેળ કરેલી હતી, જેના પરિણામે મુનિને અતિસારનો રોગ થયો.

પ્રયોગ દ્વારા મુનિને નિરોગી કર્યા. પરંતુ તે ગણિકા મુનિની વૈયાવચ્ચ કરતી હતી, શરીર સાફ કરે, મર્દન કરે, બેસાડે, સુવડાવે, પડખાં બદલાવડાવે. એ બધાં કારણોથી મુનિનું ચિત્ત ભેદાયું. તે ધીમે ધીમે તે ગણિકામાં આસક્ત બનવા લાગ્યા. એ રીતે તે ગણિકા કૂલવાલક મુનિને રાજા કોણિકની પાસે લઈને આવી.

કોણિક રાજાએ મુનિને કહ્યું – એવો કોઈ ઉપાય કરો કે જેથી હું વૈશાલીને ગ્રહણ કરી શકું. મુનિએ સ્તૂપ જોઈને વિચાર્યુ કે આના જ પ્રભાવથી વૈશાલી નગરી ભાંગતી નથી. લોકોને ભ્રમમાં નાખીને સ્તૂપને કઢાવી નાંખ્યો. એ રીતે રાજાએ વૈશાલીનગરી ગ્રહણ કરી.

આ તે ગણિકા અને કૂલવાલકની પારિણામિકી બુદ્ધિ.

(૨૨) ઈન્દ્રપાદુકા [ઈન્દ્રકુમારીઓ] પૂર્વે ચાણક્યમાં કહેલ છે. તે ઈન્દ્રપાદુકાને ચાણક્યએ પડાવીને નગરને કબ્જે કર્યુ અને પાટલિપુત્ર ઉપર વિજય મેળવ્યો. આ તેની પારિણામિકી બુદ્ધિ.

– એ પ્રમાણે અભિપ્રાય સિદ્ધનું વર્ણન કર્યુ.

– હવે તપઃસિદ્ધની પ્રતિપાદના કરવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૯૫૨ :-

***જે તપ વડે મ્લાન ન થાય, તે દૃઢપ્રહારીની જેમ તપસિદ્ધ જાણવા અને જેણે સર્વે કર્માંશોને ક્ષીણ કર્યા છે, તે કર્મક્ષય સિદ્ધ.***

● વિવેચન-૯૫૨ :-

જે જીવો મ્લાન થતા નથી અથવા ખેદ પામતા નથી, તે બાહ્ય અને અભ્યંતર તપ કરનારા, તે એવા પ્રકારે અગ્લાનિત્વથી તપ સિદ્ધ કહેવાય છે. જેમ દૃઢ પ્રહારીને કહ્યા. આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો.

કોઈ એક બ્રાહ્મણ દુર્દાન્ત હતો, અવિનય કરતો, તેથી તે બધાં સ્થાનોથી કાઢી મૂકાતો. તેણે ચોરપલ્લીનો આશ્રય કર્યો. સેનાપતિએ તેને પુત્રરૂપે સ્વીકાર્યો. સેનાપતિના મરણ બાદ તે સેનાપતિ થયો. તે કૃપારહિતપણે હણતો હતો, તેથી તેનું દૃઢપ્રહારી નામ રખાયું.

તે કોઈ દિવસે સેના સાથે એક ગામ ભાંગવા નીકળ્યો. ત્યાં એક દરિદ્ર હતો.





તેણે પુત્ર-પૌત્રોને માટે માંગી-માંગીને દુધની યાચના વડે ખીર બનાવી હતી. તે ન્હાવાને ગયો. ચોરો ત્યાં ગયા. એક ચોરે ત્યાં તે ખીરને જોઈ. તે ભુખ્યો હોવાથી ખીરને લેવા દોડ્યો. ત્યાં બાળકો રડતાં રડતાં પિતા પાસે ગયા. અમારી ખીર કોઈ ચોરી ગયું. તે દરિદ્ર રોષથી મારવાને ગયો. તેની સ્ત્રી તેને રોકવા લાગી, તો પણ તે જ્યાં ચોર સેનાપતિ હતો ત્યાં ગયો અને જઈને મહાસંગ્રામ કર્યો.

સેનાપતિએ વિચાર્યુ કે આણે મારા ચોરોને પરાભૂત કર્યા છે. તેથી તલવાર હાથમાં લઈને નિર્દયતાથી તે દરિદ્રને છેદી નાંખ્યો. તેની પત્ની બોલી – હે નિષ્કૃપ ! તેં આ શું કર્યુ ? ત્યારપછી તેણીને પણ મારી નાંખી, ગર્ભના પણ બે ટુકડા કરી નાખ્યા. ગર્ભ તરફડવા લાગ્યો. તેના મનમાં દયા જન્મી, તેને થયું કે મેં અધર્મ કર્યો. તેને દૃઢતર નિર્વેદ જન્મ્યો.

હવે શું ઉપાય કરવો ? તેણે સાધુઓ જોયા. દૃઢ પ્રહારીએ તેમને પૂછ્યું કે – ભગવન્ ! મેં આવું ભયંકર પાપ કરેલ છે, હવે શો ઉપાય છે ? સાધુઓએ ધર્મ કહ્યો. તે તેણે સ્વીકાર્યો, પછી ચારિત્ર અંગીકાર કર્યુ. કર્મોના સમુદ્ઘાત અર્થે ઘોર ક્ષાંતિ આદિ અભિગ્રહ કરીને ત્યાં જ વિચરે છે.

તે સ્થાને તે દૃઢપ્રહારી મુનિની હેલણા થાય છે, તેને મારે છે તો પણ તે સમ્યક્ સહન કરે છે. ઘોર રૂપ કાયક્લેશ તપ કરે છે. અશનાદિ ન મળે તો પણ સહન કરે છે, યાવત્ તેણે કર્મોનું નિર્ઘાતન કર્યુ અને તેને કેવળજ્ઞાન ઉપજ્યું, પછી તે સિદ્ધ થાય.

● નિર્યુક્તિ-૯૫૩ :-

***લાંબા કાળની રજ જેવું કર્મ, કે જે આઠ પ્રકારે બાંધેલ હોય, તેને સીત અને ધ્માત કરેલ હોય તેને સિદ્ધનું સિદ્ધત્વ જાણવું.***

● વિવેચન-૯૫૩ :-

દીર્ઘ - સંતતિની અપેક્ષાથી અનાદિત્વથી સ્થિતિબંધકાળ જેનો છે, તે દીર્ઘકાળ અને નિસર્ગ, નિર્મળ, જીવને અનુરંજનથી કર્મો જ કહેવાય. તેની દીર્ઘકાળની એવી જે રજ. જે કર્મ આવા પ્રકારના છે, તુ શબ્દ ભવ્ય કર્મના વિશેષણ અર્થે છે, કેમકે અભવ્ય કર્મ સવર્થા બાળી શકાતા નથી. તે ભવ્ય કર્મને શેષ કર્યો, શેષ એટલે સ્થિતિ આદિ વડે, ઘણાં હોવા છતાં સ્થિતિ, સંખ્યા, અનુભાવની અપેક્ષાથી અનાભોગ સદ્ દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉપાયથી અલ્પ કરેલા છે એ ભાવ છે.

પહેલાં કેવા હતા તેને અલ્પ કર્યા ? જ્ઞાનાવરણાદિ ભેદથી આઠ પ્રકારના, સિત એટલે બદ્ધ કર્મ કહેવાય છે. હવે નિરુક્તિને દર્શાવે છે – બાકી રહેલા બદ્ધકર્મોને ધ્યાનરૂપ અગ્નિ વડે બાળવા જેમ મહાઅગ્નિ વડે લોઢાના મળને પણ ઓગાળી દે, તે સિદ્ધ, એ પ્રમાણે કર્મને બાળ્યા પછી સિદ્ધનું એ પ્રમાણે સિદ્ધત્વ ઉત્પન્ન થાય છે. અસિદ્ધનું નહીં. - x - તેનો આત્મા સ્વાભાવિક જ કર્મનું આવરણ ખસી જતાં પ્રગટ થાય છે. - x - x -

અથવા સિદ્ધનું સિદ્ધત્વ ભાવરૂપ ઉત્પન્ન થાય છે. પણ દીવો બૂઝાઈ જતાં થતાં અભાવરૂપ એવી સ્થિતિ ન સમજવી.

કહ્યું છે કે – જેમ દીવો નિર્વૃત્તિને પામે ત્યારે ધરતી કે આકાશમાં ક્યાય જતો નથી. કોઈ દિશા કે વિદિશામાં પણ જતો નથી. સ્નેહના ક્ષયથી કેવળ શાંતિ પ્રાપ્ત થાય છે ઈત્યાદિ.

એવા પ્રકારે સિદ્ધત્વના અભાવમાં દીક્ષા આદિનો પ્રયાસ વ્યર્થ થાય છે. - x - x - દીવાનું દૃષ્ટાંત પણ અસિદ્ધ થાય છે. તેથી કહે છે કે – ત્યાં તે જ પુદ્‌ગલો ભાસ્વર રૂપનો ત્યાગ કરીને તામસ રૂપાંતરને પામે છે, આટલો વિસ્તાર કર્યો તે પર્યાપ્ત છે.

અથવા બીજી રીતે વ્યાખ્યા કરે છે – દીર્ઘકાળ રજ, તેમાં રજ એટલે વેગ, ચેષ્ટાના અનુભવનું ફળ. જેની દીર્ઘકાળની રજ છે તે કેમકે કર્મ સંતતિનું ઉપભોગ્યત્વ છે. જે ભવ્ય કર્મ તે લેશ્યાના અનુભાવથી શ્લેષિત છે. આઠ પ્રકારે બાંધ્યા છે આદિ પૂર્વવત્.

અથવા દીર્ઘકાળરજ, તેમાં રજની માફક રજ, સૂક્ષ્મતાથી સ્નેહ બંધન યોગ્યત્વથી રજ કહેવાય છે. ઈત્યાદિ - x - x - x -

असित થી કૃષ્ણ કે અશુભ અર્થ લીધો, કેમકે તે સંસારને અનુબંધીપણે છે. આવા કર્મોનો ક્ષય જ શ્રેયસ્કર છે. શુભ કર્મોનો નહીં. એવી ભાવના કરી છે. આઠ પ્રકારે બદ્ધ, તે પૂર્વવત્ જાણવું.

પહેલી વ્યાખ્યાના પક્ષને આશ્રીને સંબંધ કહે છે – તે બાકી રહેલા કર્મોની સમસ્થિતિ થાય કે અસમસ્થિતિ થાય ? તે કર્મો વિષમ રીતે બંધાયા હોવાથી તેની સમ સ્થિતિ હોતી નથી. તે રીતે અસમસ્થિતિ પણ છેલ્લા સમયે ન હોય કેમકે યુગપત્ કર્મક્ષય સંભવે છે. આ અયુક્ત છે, કેમકે બંને પણ અદોષ છે. તેથી કહે છે – વિષમરૂપે કર્મ બાંધેલા હોવા છતાં વિચિત્ર ક્ષયના સંભવથી કાલથી સમસ્થિતિપણાનો વિરોધ નથી. ચરમ પક્ષમાં પણ સમુદ્‌ઘાત ગમનથી સમસ્થિતિકરણ ભાવથી દોષ નથી. આ અમે અમારી બુદ્ધિથી કહેતા નથી, નિર્યુક્તિકાર પણ કહે છે –

- **નિર્યુક્તિ-૯૫૪ :-**

***કેવળજ્ઞાનથી વેદનીયકર્મને અતિ દીર્ઘ જાણી અને આયુને અલ્પ જાણી સમુદ્‌ઘાતથી સમસ્ત કર્મોને ખપાવે છે.***

- **વિવેચન-૯૫૪ :-**

કેવળજ્ઞાન વડે જાણીને, શું ? વેદનીય કર્મને, કેવા ? બાકીના ભવોપગ્રાહી કર્મોની અપેક્ષાથી અતિ ઘણાં તથા આયુષ્ય કર્મને અલ્પ જાણીને અર્થાત્ આયુની અપેક્ષાથી વેદનીયને વધુ જાણીને, સમ્યક્ પ્રકારે પ્રાબલ્યથી કર્મનો ઘાત-હતન જેમાં પ્રયત્ન વિશેષ છે, તે સમુદ્‌ઘાત, તેનાથી સંપૂર્ણ વેદનીયાદિ કર્મોને ખપાવે. અહીં ''સંપૂર્ણ'' એટલે ઘણાં બધાં ખપાવવાથી બાકીના અર્થાત્ અંતર્મુહૂર્ત્ત કાળ અવધિપણાથી, એમ જાણવું. - x - x -

વેદનીયને બધાં કર્મોથી બંધ કાળનું બહુપણું કેવળીને પણ હોય, તેના બંધકત્વ કરતાં આયુનું અલ્પત્વ હોય. કહ્યું છે કે – જ્યાં સુધી આ જીવ એજન, વ્યેજન, ચલન, સ્પંદન કરે ['કંપન કરે' એ શબ્દના વિવિધ પર્યાયો કહ્યા છે.] ત્યાં સુધી તે આઠ પ્રકારે કે સાત પ્રકારે કે છ પ્રકારે કે એક પ્રકારે કર્મના બંધક થાય અથવા અબંધક રહે. કેમકે આયુષ્યનો બંધકાળ તો અંતર્ મુહૂર્ત્ત જ હોય છે. જેમકે ત્રીજા ભાગે અથવા ત્રીજાના ત્રીજા ભાગે હોય.



હવે સમુદ્‌ઘાતાદિનું સ્વરૂપ બતાવતા કહે છે –

- **નિર્યુક્તિ-૯૫૫ :-**

***દંડ, કપાટ, મંથાંતર કરે, પછી તેનું શરીરમાં સંહરણ કરે, પછી ભાષા યોગનો નિરોધ કરે, શૈલેશીકરણ કરે અને સિદ્ધ થાય.***

- **વિવેચન-૯૫૫ :-**

અહીં સમુદ્‌ઘાતનો આરંભ કરતા, પહેલાં આવર્જીકરણ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્ત્ત ઉદીરણા આવલિકામાં કર્મ પુદ્‌ગલ પ્રક્ષેપ વ્યાપાર કરે. પછી સમુદ્‌ઘાતમાં જાય. તેનો ક્રમ આ પ્રમાણે છે – પહેલા સમયે પોતાના દેહ સમાન વિષ્કંભ તુલ્ય વિષ્કંભ ઉર્ધ્વ અને અધો બંને બાજુ લાંબો લોકાંતગામી જીવપ્રદેશ સંઘાત દંડ દંડ સ્થાનીય કેવલી જ્ઞાનના આભોગથી કરે છે. બીજા સમયે તે જ દંડને પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં પ્રસારે. બંને પડખેથી લોકાંત ગામી કપાટની જેમ કપાટ કરે છે.

ત્રીજા સમયે તે જ કપાટ દક્ષિણ-ઉત્તર બંને દિશામાં પ્રસારવા દ્વારા મન્થનની જેમ મંથાન કરે છે - તે પણ લોકાંત પ્રાપ્ત કરાવનાર જ. એ પ્રમાણે લોકને પ્રાયઃ બહુ પરિપૂરિત કરે છે. અનુશ્રેણી ગમન દ્વારા મંથાન વડે અંતરાઓ પૂરિત થાય છે [ભરાઈ જાય છે.]

ચોથા સમયે તે જ મંથાન્તરો સાથે લોકના નિષ્કૂટો વડે પૂરિત થાય છે. એ રીતે પછી સમસ્ત લોકને ભરી દે છે - પૂરિત કરે છે.

ત્યારપછી પાંચમાં સમયમાં યથોક્તક્રમથી ઉલટા ક્રમે મંથાંતરને સંહરે છે - જીવપ્રદેશોને કર્મ સહિત સંકોચે છે, છટ્ઠા સમયે મંથાનને સંહરે છે, ઘનતર સંકોચથી સંકોચે છે. સાતમા સમયે કપાટને સંહરે છે – દંડરૂપ આત્મપ્રદેશ સંકોચે છે અને આઠમા સમયે દંડને સંહરીને શરીરસ્થ થાય છે.

આ વ્યાખ્યાન અમે અમારી બુદ્ધિથી જ કરેલ નથી. કેમકે કહ્યું છે કે – – (૧)– પહેલા સમયે દંડ, પછીના સમયે કપાટ, ત્રીજા સમયે મંથાન અને ચોથા સમયે લોક વ્યાપી થાય. –(૨)– પાંચમાં સમયે આંતરાને સંહરે, છટ્ઠા સમયે મંથાનને સંહરે, સાતમા સમયે કપાટને સંહરે આઠમે દંડને સંહરે છે.

આ સમુદ્‌ઘાત ગત યોગવ્યાપાર વિચારાય છે. - યોગ એટલે મન, વચન, કાયા. તે મન-વચન-કાયાનો જ વ્યાપાર, પ્રયોજનના અભાવથી માત્ર કાયયોગનો જ માત્ર વ્યાપાર હોય.

તેમાં પણ પહેલા અને આઠમા સમયનો ઔદારિકકાય પ્રાધાન્યથી ઔદારિક યોગ જ હોય. બીજા અને છટ્ઠા સમયમાં વળી ઔદારિકમાં તેની બહાર કાર્મણમાં વીર્ય પરિસ્પંદથી ઔદારિક કાર્મણ મિશ્ર હોય. ત્રીજા-ચોથા પાંચમાં સમયમાં બહાર ઔદારિકથી ઘણાંઘણાં પ્રદેશવ્યાપારથી અસહાય કાર્મણ યોગ જ હોય. જેમકે તેની જ માત્ર ચેષ્ટા છે. બીજે પણ કહ્યું છે કે –

પહેલો અને છેલ્લો સમય બાકી હોય ત્યારે ઔદારિક પ્રયોજે, ઔદારિક મિશ્ર સાતમાં-છટ્ઠા અને બીજા સમયમાં હોય, કાર્મણ શરીર યોગ ચોથા, પાંચમાં અને ત્રીજામાં હોય છે. આ ત્રણે સમયમાં નિયમથી અનાહારી હોય.

ભાષા યોગ નિરોધનો અર્થ શું ? સમુદ્‌ઘાતને છોડ્યા પછી કારણવશ ત્રણે યોગનો પણ વ્યાપાર કરે. તેને મરાટે મધ્યવર્તી યોગ કહ્યો તે ભાષાયોગ. આ અંતરમાં અનુત્તર દેવ પૂછે તો મનોયોગ સત્ય કે અસત્યામૃષાને પ્રયોજે. એ પ્રમાણે આમંત્રણાદિમાં વાક્‌યોગ છે. બીજા બે ભેદ નથી. કાય યોગ પણ ઔદારિક, ફલક પાછું આપવું આદિમાં હોય. પછી અંતર્મુહૂર્ત્ત માત્ર કાળમાં યોગ નિરોધ કરે છે.

અહીં કોઈક એવું કહે છે કે — જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કાળથી, ઉત્કૃષ્ટ છ માસ થાય. પણ આ વિધાન અયુક્ત છે. ''સંપૂર્ણ કર્મો ખપાવે'' એ વચનથી ફલક આદિનું પ્રત્યર્પણ પણ કહેલ જ છે. એ રીતે ગ્રહણ પણ થાય.

હવે પ્રસ્તુત વાત :- તે જ યોગનિરોધ કરતો પહેલાં જ, જે આ શરીર પ્રદેશ સંબદ્ધ મનઃપર્યાપ્તિ-નિર્વૃત્તિ વડે પૂર્વે મનોદ્રવ્ય ગ્રહણ કરીને ભાવમન પ્રયોજેલ હોય, તે કર્મ-સંયોગના વિઘટન માટે મંત્ર સામર્થ્યથી વિષમ સમાન તે ભગવંત અનુત્તર અચિંત્ય નિરાવરણ કરણ વીર્ય વડે તે વ્યાપારનો નિરોધ કરીને — (૧) પર્યાપ્ત માત્ર સંજ્ઞીના જેટલાં જઘન્ય યોગના મનોદ્રવ્યો હોય છે, તેટલો જ માત્ર વ્યાપાર કરે. (૨) તેના અસંખ્યગુણવિહિન સમયે સમયે રુંધતા તે મનનો અસંખ્ય સમયમાં સર્વ નિરોધ કરે. પર્યાપ્ત માત્ર બેઈન્દ્રિયના જઘન્ય વચન પર્યવો જેટલા હોય, તે અસંખ્યેય ગુણવિહીન સમયે સમયે નિરુંધે. સર્વ વચન યોગનો નિરોધ સંખ્યાતીત સમયો વડે કરે છે. પછી સૂક્ષ્મપનકનો પ્રથમ સમય ઉત્પન્નનો જે જઘન્ય યોગ, તેને અસંખ્યાત ગુણહીન એક એક સમયમાં નિરુંધતો દેહના ત્રિભાગને છોડીને, તે કાયયોગ તો સંખ્યાતીત સમયમાં રોધ કરે. એમ યોગનિરોધ કરી શૈલેશી ભાવને પામે.

શૈલ-પર્વત, તેના સ્વામી તે શૈલેશ અર્થાત્ મેરુ. તેના જેવી જે સ્થિરતા, આ સ્થિરતાના સામ્ય વાળી અવસ્થા તે શૈલેશી. અથવા અશૈલેશી ભૂત, તદ્‌ભાવથી શૈલેશવત્ આચરે અથવા શૈલેશી થાય. અથવા સર્વ સંવર રૂપ શીલ, તેના સ્વામી તે શીલેશ, તેની આ યોગ નિરોધાવસ્થા તે શૈલેશી. આ મધ્યમ પ્રતિપત્તિથી પાંચ હ્રસ્વાક્ષર બોલાય તેટલો કાળ હોય છે. તે કાયયોગના નિરોધથી આરંભીને સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિ ધ્યાન સુધી હોય, પછી સર્વ નિરોધ કરીને સૈલેશી અવસ્થામાં વ્યુચ્છિન્ન ક્રિયા - અપ્રતિપાતી થાય. પછી ભવોપગ્રાહી કર્મજાળને ખપાવીને ઋજુશ્રેણિ સ્વીકારી અસ્પૃશદ્ ગતિથી સિદ્ધ થાય છે. વધુ કહેતા નથી

— સમુદ્‌ઘાત ક્યારે કરે તે હવે જણાવે છે —

• **નિર્યુક્તિ-૯૫૬ :-**

***જેમ ભીની સાડી પહોળી કરવાથી જલ્દી સૂકાય છે, તેમ કર્મને ઓછા કરવાના સમયે જિન-કેવલી સમુદ્‌ઘાત કરે છે.***

• **વિવેચન-૯૫૬ :-**

જે રીતે પાણી વડે ભીની થયેલ સાડીને પહોળી કરી દેવામાં આવે તો જલ્દથી



શેષને પામે છે અર્થાત્ સૂકાઈ જાય છે. તે પ્રમાણે પ્રયત્ન વિશેષથી કર્મરૂપી જળને આશ્રીને તે પણ સૂકાઈ જાય છે. અર્થાત્ એ પ્રકારે કેવળીના સમુદ્‌ઘાત સમયે કર્મ લઘુતાને પ્રાપ્ત કરે છે.

તેમાં કર્મ એટલે અહીં આયુકર્મ લીધું તેની લઘુતાનો અર્થ અહીં અલ્પતા કર્યો એટલે કે આયુ કર્મની અલ્પતા હોય, તેનો સમય - કાળ તે કર્મલઘુતા સમય, તે ભિન્ન મુહૂર્ત્ત પ્રમાણ હોય તેમાં...

અથવા જીવની કર્મ વડે લઘુતા તે કર્મલઘુતા જાણવી.

તે સમુદ્‌ઘાત પછી થનારી એ ભૂતોપચાર કરીને આવેલાને જ ગ્રહણ કરવા, તે સમયમાં ભિન્નમુહૂર્ત્ત જ પામે છે.

જિન - કેવલી, સમુદ્‌ઘાતનો અર્થ પૂર્વે કહેલો છે.

હવે જે કહ્યું કે ''શૈલેશીપણાને પામીને સિદ્ધ થાય છે. તેમાં એક સમયમાં લોકાંતે સિદ્ધિ પામે તેમ કહેવું. અહીં કર્મમુક્તની તે દેશનિયમથી ગતિ ન પ્રાપ્ત થાય એવા અવ્યુત્પન્ન વિભ્રમ ન થાય, એવા કારણે તે મતના નિરસન માટે ઈષ્ટ અર્થની સિદ્ધિને જણાવતા કહે છે —

• **નિર્યુક્તિ-૯૫૭ :-**

***તુંબડુ, એરંડ ફળ, અગ્નિનો ધૂમાડો, ધનુષ્યથી મૂકાયેલું બાણ, જેમ એ બધાંની ગતિ પૂર્વ પ્રયોગથી થાય છે, તેમ સિદ્ધોની ગતિ થાય છે.***

• **વિવેચન-૯૫૭ :-**

તુંબડુ, વગેરેમાં ગમનકાળે સ્વભાવથી તેના નિબંધનો અભાવ છતાં પણ દેશાદિ નિયત જ ગતિ પૂર્વ પ્રયોગથી પ્રવર્તે છે. એ પ્રમાણે તુ શબ્દ 'જ'કાર અર્થમાં છે, તેમ સિદ્ધની ગતિ છે.

ભાવાર્થ પ્રયોગથી જણાવે છે - કર્મથી વિમુક્ત જીવ ઉર્ધ્વ જ આલોકથી જાય છે. અસંગત્વથી તેવા પ્રકારના પરિણામત્વથી આઠ માટીના લેપ વડે લિપ્ત નીચે ડૂબેલ ક્રમથી માટીનો લેપ દૂર થતાં પાણીના તળીયાની મર્યાદાથી ઉંચે જનારા તુંબડાની જેમ જીવ ઉંચે જાય.

તથા બંધન છેદાઈ જતા તેવા પ્રકારે પરિણત તેવા એરંડાના ફળની માફક જીવ ઉંચે જાય છે. તથા સ્વાભાવિક પરિણામપણાથી અગ્નિના ધૂમાડાની જેમ અથવા પૂર્વ પ્રયુક્ત તે ક્રિયા તથાવિધ સામર્થ્યથી ધનુષ્યથી છોડેલા બાણની માફક ઉંચે જાય છે. એમ પ્રતિપાદન કરતાં —

• **નિર્યુક્તિ-૯૫૮ :-**

***સિદ્ધો ક્યાં પ્રતિઘાત પામે છે ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત થાય છે ? ક્યાં શરીરને છોડીને, ક્યાં જઈને સિદ્ધ થાય છે ?***

• **વિવેચન-૯૫૮ :-**

ક્યાં પ્રતિહત એટલે પ્રતિસ્ખલિત થાય. સિદ્ધ-મુક્ત જીવો. ક્યાં પ્રતિષ્ઠિત થાય એટલે કે 'રહે' ? તથા કયા 'બોંદિ' શરીરનો ત્યાગ કરીને તથા કયા જઈને સિદ્ધ થાય - નિષ્ઠિતાર્થ થાય છે ? - x - x -

અહીં શિષ્ય પક્ષને આશ્રીને કહે છે –

● **નિર્યુક્તિ-૯૫૯ :-**

***અલોકમાં સિદ્ધો પ્રતિઘાત પામે અને લોકમાં પ્રતિષ્ઠિત થાય છે, અહીં શરીરનો ત્યાગ કરે છે અને ત્યાં જઈને સિદ્ધ થાય છે.***

● **વિવેચન-૯૫૯ :-**

કેવળ આકાશાસ્તિકાયમાં સિદ્ધો પ્રતિસ્ખલિત થાય છે. કેમકે ત્યાં ધર્માસ્તિકાયાદિનો અભાવ છે. ત્યાં તેમનું પ્રતિસ્ખલન થાય પણ સંબંધ વિઘાત ન થાય. - x - પંચાસ્તિકાયાત્મક લોકની ઉપર પ્રતિષ્ઠિત થાય અર્થાત્ ફરી ન આવવા માટે ત્યાં રહે છે. અહીં – અઢીદ્વીપ સમુદ્રાંતમાં શરીરનો સર્વથા ત્યાગ કરે છે, લોકાગ્રે અસ્પૃશદ્‌ગતિથી સમય પ્રદેશ અંતરને સ્પર્શ્યા વિના જઈને નિષ્ઠિતાર્થ થાય છે. હવે લોકાંત એટલે શું તે કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૦ :-**

***ઈષત્પ્રાગ્‌ભારા-શીતાથી ઉપર લોકાંતે એક યોજનમાં અને સર્વાર્થસિદ્ધથી ૧૨ યોજને સિદ્ધશિલા છે.***

● **વિવેચન-૯૬૦ :-**

સિદ્ધિ ભૂમિ જેને ઈષત્ પ્રાગ્‌ભારા કે શીતા કહે છે. ત્યાંથી લોકાંતમાં ઉંચે એક યોજને, નીચે તીર્છું આટલા જ ક્ષેત્રનો અસંભવ છે. સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજને તે ભૂમિ છે. સિદ્ધિ એટલે લોકાંત ક્ષેત્રરૂપ, એવું પણ બીજા કહે છે. તેમાં તત્ત્વ શું તે કેવલી કહી શકે. હવે આના જ સ્વરૂપને વર્ણવતા કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૧ :-**

***નિર્મળ જળ કણ, હીમ, ગાયનું દુધ અને મોતીના હાર જેવા શ્વેત વર્ણવાળી, ઉત્તાન છત્રના આકારે સિદ્ધશિલા જિનવરે કહી છે.***

● **વિવેચન-૯૬૧ :-**

દગરજ એટલે શ્લક્ષ્ણ જળકણિયા, તુષાર-હીમ. તેવા વર્ણ વાળી, આકાર-ઉત્તાનછત્ર સંસ્થિત. હવે પરિધિના પ્રમાણને જણાવે છે –

● **નિર્યુક્તિ-૯૬૨ :-**

***૧,૪૨,૩૦,૨૪૯ યોજન સિદ્ધશિલાની પરિધિ છે.***

● **વિવેચન-૯૬૨ :-**

ગાથાર્થ સુગમ છે. વિશેષ આ - ૪૫ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રનું અલ્પ બીજે પરિધિ આધિક્ય પ્રજ્ઞાપનાથી જાણવું, સામાન્યથી આ છે.

હવે સિદ્ધશિલાનું બાહુલ્ય જણાવતા કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૩ :-**

***બહુ મધ્યદેશ ભાગમાં જાડાઈ આઠ યોજન છે, પછી પાતળી થતાં-થતાં છેલ્લે અંગુલનો અસંખ્યાત ભાગ રહે છે.***

● **વિવેચન-૯૬૩ :-**

મધ્યદેશ ભાગમાં આઠ જ યોજન બાહલ્ય-ઉચ્ચત્વથી છે. પશ્ચિમાંતમાં પાતળી



થતાં થતાં અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ થાય. તે વળી આજ ક્રમ વડે પાતળાપણું દર્શાવે છે –

● **નિર્યુક્તિ-૯૬૪ :-**

***યોજને યોજને જતાં અંગુલ પૃથકત્વની હાનિ થાય છે. તે સિદ્ધશિલા પર્યન્તે માખીની પાંખ કરતા પણ પાતળી થઈ જાય છે.***

● **વિવેચન-૯૬૪ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – હાનિ પામતાં પામતાં ઘીથી ભરેલા કટોરાના આકાર જેવી તે માખીની પાંછથી પણ પાતળી થાય. આના ઉપરના યોજનના ૨૪ ભાગે સિદ્ધો રહે તે કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૫ :-**

***ઈષત્પ્રાગ્‌ભારા-સીતાના એક યોજનમાં જે ઉપરવર્તી એક કોશ છે, તે કોશના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતની અવગાહના કહી છે.***

● **વિવેચન-૯૬૫ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – એક યોજનના ચાર ગાઉ, ગાઉના છટ્ઠો ભાગ એટલે યોજનનો ચોવીશમો ભાગ, ત્યાં સિદ્ધો રહે.

● **નિર્યુક્તિ-૯૬૬ :-**

***૩૩૩ ધનુષ્ અને ધનુષ્યનો ત્રીજો ભાગ તે આ કોશનો છટ્ઠો ભાગ કેમકે સિદ્ધની ઉત્કૃષ્ટ અવગાહના આ કોશના છટ્ઠા ભાગ પ્રમાણ જ હોય.***

● **વિવેચન-૯૬૬ :-**

૩૩૩-$^{૧}/_{૩}$ ધનુષ્ એટલે આ $^{૧}/_{૬}$ કોશ. તે સિદ્ધોની પરમ અવગાહના વર્તે છે. તેમનો ઉપપાત કે અવગાહનાને હવે કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૭ :-**

***સીધો સુતેલ, પડખે સુતેલ કે બેઠેલો એટલે કે જે-જે આસને કાળ કરે છે, તે તે જ રીતે સિદ્ધ તરીકે ઉપજે છે.***

● **વિવેચન-૯૬૭ :-**

ચત્તો, અર્ધાવનત આદિ સ્થાનથી પડખે રહેલ કે તીર્છો રહેલો અથવા બેઠેલો જે જે પ્રકારે રહેલહોય અને કાળ કરે તે-તે પ્રકારે સિદ્ધ થાય છે. એ પ્રમાણે જ કેમ ? તે કહે છે –

● **નિર્યુક્તિ-૯૬૮ :-**

***આ ભવથી ભિન્ન આકાર કર્મના વશથી ભવાંતરમાં થાય છે, સિદ્ધને તેવું કોઈ કર્મ નથી, તેથી તે તેવા જ આકારે રહે છે.***

● **વિવેચન-૯૬૮ :-**

સ્વર્ગાદિમાં ભવાંતરમાં આ ભવથી જુદી આકૃતિને પામે છે. કેમકે તેવા કર્મના બંધનથી આકાર ભેદ થાય, કર્મ સિદ્ધને તેમ ન થાય. - x -

● **નિર્યુક્તિ-૯૬૯ :-**

***જે સંસ્થાન આ ભવને છોડતાં ચરમ સમયમાં હોય, તેવો જ આત્મ***

***પ્રદેશો યુક્ત ઘન આકાર મોક્ષમાં સિદ્ધને હોય.***

● **વિવેચન-૯૬૯ :-**

મનુષ્ય ભવને છોડતા છેલ્લા સમયે જે આકાર હોય તે જ આકાર ત્રીજા ભાગે ખાલી ભાગ આદિ પૂરાઈ જતાં બાકીનો ઘનપ્રદેશ આકાર રહે છે.

● **નિર્યુક્તિ-૯૭૦ :-**

***દીર્ઘ કે હ્રસ્વ જે સંસ્થાન છેલ્લા ભવમાં હોય, તેનાથી ત્રિભાગ-હીન સિદ્ધની અવગાહના કહેલી છે.***

● **વિવેચન-૯૭૦ :-**

દીર્ઘ-૫૦૦ ધનુષ્ પ્રમાણ, હ્રસ્વ-બે હાથ પ્રમાણ, વચ્ચેની તે મધ્યમ, જે છેલ્લા ભવે આકાર હોય, તે સંસ્થાનથી ત્રીજા ભાગ હીન, કેમકે ત્રીજા ભાગ વડે પોલાણ પૂરાઈ જાય છે, સિદ્ધોની અવગાહના - સ્વ અવસ્થા તીર્થંકર અને ગણધરે કહેલી છે. હવે ઉત્કૃષ્ટાદિ ભેદ ભિન્ન અવગાહના —

● **નિર્યુક્તિ-૯૭૧ થી ૯૭૩ :-**

***સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩-$^1/_3$ ધનુષ્ કહી છે. ૪-$^2/_3$ હાથ એ સિદ્ધોની મધ્યમ અવગાહના છે અને સિદ્ધોની જઘન્ય અવગાહના ૧ હાથ અને ૮-અંગુલ કહેલી છે.***

● **વિવેચન-૯૭૧ થી ૯૭૩ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — ભાષ્યકાર આક્ષેપ અને પરિહાર કરતાં જણાવે છે — મરુદેવી માતા નાભિકુલકરથી કંઈક ન્યૂન ઉંચા હતા, તે કઈ રીતે સિદ્ધ થાય ? ૫૦૦ ધનુષ્થી અથવા સંકોચથી થયા.

સાત હાથ જઘન્યથી કહ્યા, તો બે હાથવાળા કઈ રીતે સિદ્ધ થયા ? સાત હાથ પ્રમાણ કદાચ તીર્થંકરને આશ્રીને હશે, બાકીના કુર્માપુત્રની માફક બે હાથ કે કંઈક વધુ-ઓછી અવગાહનાથી પણ સિદ્ધ થાય.

સૂત્રમાં બહુલતાથી ૫૦૦ ધનુષ્ ઉત્કૃષ્ટ અને જઘન્ય સાત હાથ કહેલ છે, બાકી અંગુલ કે ધનુષ્ પૃથકત્વથી હીનાધિક પણ હોય.

કોઈ આશ્ચર્ય ઘટેલ હોય તો સામાન્યશ્રુતમાં તેનું કથન ન થાય.

● **નિર્યુક્તિ-૯૭૪ :-**

***અવગાહના વિષયમાં સિદ્ધો અંતિમ ભાવના શરીરથી ત્રીજો ભાગ ન્યૂન હોય, જરા-મરણ વિપ્રમુક્ત સિદ્ધોનું સંસ્થાન અનિયન આકાર હોય.***

● **વિવેચન-૯૭૪ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ — "આવા-આવા આકારે રહેલ છે તેમ કહેવું શક્ય ન હોય તે 'અનિત્થં' સંસ્થાન. લૌકિક કોઈ પ્રકારેથી અસ્થિત. સામાન્યથી કહ્યું, આ શું દેશ ભેદથી સ્થિત છે કે નહીં ?

● **નિર્યુક્તિ-૯૭૫ :-**

***જ્યાં એક સિદ્ધ રહેલ છે, ત્યાં ભવક્ષયથી વિમુક્ત, પરસ્પર અવગાઢ અનંતા સિદ્ધો હોય છે, તે લોકાંતે સ્પર્શ કરીને રહેલા છે.***



● **વિવેચન-૯૭૫ :-**

જે દેશમાં જ એક સિદ્ધ રહેલ હોય, ત્યાં અનંતા રહેલા હોય કેવા ? ભવના ક્ષયથી વિમુક્ત. આના વડે વળી સ્વેચ્છાથી ભવમાં ફરી અવતાર લેવાની શક્તિવાળા સિદ્ધનો વ્યવચ્છેદ કરેલ છે. તેવા પ્રકારના અચિંત્ય પરિણામપણાથી ધર્માસ્તિકાયાદિ માફક પરસ્પર સમવગાઢ રહે. બધાં જ લોકાંતને સ્પૃષ્ટ-વળગેલા હોય. - x - તથા—

● **નિર્યુક્તિ-૯૭૬ :-**

***એક સિદ્ધ સર્વ આત્મ પ્રદેશો વડે નિયમથી અનંત સિદ્ધોને સ્પર્શે છે, તેના કરતાં પણ દેશ-પ્રદેશથી સ્પર્શાયેલા અસંખ્યગણા છે.***

● **વિવેચન-૯૭૬ :-**

આત્મ સંબંધી સર્વ પ્રદેશો વડે અનંત સિદ્ધોને કોઈ એક સિદ્ધ નિયમથી સ્પર્શે છે. ઈત્યાદિ - x - કઈ રીતે ?

સર્વ આત્મ પ્રદેશો વડે અનંતા સ્પર્શિત છે તથા એક-એક પ્રદેશથી પણ અનંતા જ છે, તે અસંખ્યેય પ્રદેશાત્મક છે. તેમાં મૂળ અનંતા, સર્વ જીવ પ્રદેશ અસંખ્યેય અનંત વડે ગુણિત કરતા આ યથોક્ત સંખ્યા આવે છે.

હવે સિદ્ધો જ લક્ષણથી કહે છે —

● **નિર્યુક્તિ-૯૭૭ :-**

***અશરીરી, જીવપ્રદેશથી ઘન, દર્શન અને જ્ઞાનમાં ઉપયોગવાળા, સાકાર અને અનાકાર, તે આ સિદ્ધોનું લક્ષણ છે.***

● **વિવેચન-૯૭૭ :-**

અવિદ્યમાન શરીરી અર્થાત્ ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરથી રહિ. ઘન-પોલાણના પૂરવાથી, ઉપયોગવાળા - ક્યાં ? કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં જ, અહીં આ સામાન્ય સિદ્ધ લક્ષણ છે તેમ જણાવવા માટે છે - x - x - તેમાં સામાન્ય વિષયકે તે દર્શન અને વિશેષ વિષયક તે જ્ઞાન છે માટે સાકાર અને અનાકાર તે સામાન્ય અને વિશેષ રૂપ છે. 'લક્ષણ' તે તેનાથી અન્ય વ્યાવૃત - સ્વરૂપ.

ઉપર કહેલ તુ શબ્દ હવે કહેવાનાર નિરૂપમ સુખના વિશેષણાર્થે છે. સિદ્ધ - નિષ્ઠિતાર્થ.

હવે કેવળજ્ઞાન-કેવલદર્શનની અશેષ વિષયતા બતાવે છે —

● **નિર્યુક્તિ-૯૭૮ :-**

***કેવળજ્ઞાનના ઉપયોગવાળા સર્વે પદાર્થોના ગુણ-પર્યાયોને જાણે, અનંત એવા કેવળદર્શન વડે તે ચારે બાજુથી જુએ.***

● **વિવેચન-૯૭૮ :-**

કેવળજ્ઞાનના ઉપયોગવાળા માત્ર અંતઃકરણથી નહીં કેમકે તેનો અભાવ છે. જાણે છે - સર્વે પદાર્થોના ગુણ અને પર્યાયોને જાણે છે. પહેલો ભાવ શબ્દ પદાર્થ વચન છે, બીજો પર્યાયવચન છે. ગુણ-પર્યાય ભેદ સહવર્તી છે. ગુણો ક્રમવર્તી પર્યાયો છે.

તથા જુએ છે ચારે તરફ જ. અનંત કેવલદર્શન વડે.

અહીં આદિમાં જ્ઞાનનું ગ્રહણ પહેલા તેના ઉપયોગમાં રહેલા સિદ્ધ થાય છે, તેમ જણાવવાને માટે છે.

[શંકા] શું એક સાથે જુએ છે અને જાણે છે ? ના એક સાથે જાણતા નથી. તો કઈ રીતે જાણે ? તે જણાવે છે –

● નિર્યુક્તિ-૯૭૯ :-

***જ્ઞાન અને દર્શન એ બેમાંથી એક ઉપયોગવાળા છે. બધાં જ કેવલીને એક સાથે બંને ઉપયોગ ન હોય.***

● વિવેચન-૯૭૯ :-

જ્ઞાન અને દર્શન બેમાંથી એક ઉપયોગવાળા, કેમકે તેવા સ્વભાવથી કોઈપણ કેવલીને એક કાળે બે ઉપયોગ હોતા નથી. ક્ષાયોપશમિક સંવેદનમાં પણ તેવું દર્શન છે. - x - x - હવે નિરૂપમ સુખના ભાગી હોય છે તે –

● નિર્યુક્તિ-૯૮૦ :-

***મનુષ્યોને તે સુખ નથી, સર્વે દેવોને પણ તે સુખ નથી, જે સુખ અવ્યાબાધપણાને પામેલા સિદ્ધોને હોય છે.***

● વિવેચન-૯૮૦ :-

ચક્રવર્તી આદિને પણ તે સુખ નથી, અનુત્તર દેવોને પણ તેવું સુખ નથી. જે સુખ સિદ્ધોને છે. વિવિધ આબાધે તે વ્યાબાધા, તેનો અભાવ તે અવ્યાબાધ, તેને પ્રાપ્ત. જે રીતે નથી તે રીતે કહે છે –

● નિર્યુક્તિ-૯૮૧ :-

***દેવોના સમૂહોનું ત્રણે કાળનું સમસ્ત સુખ ભેગું કરીને તેને અનંતગણું કરીએ, તેનો પણ અનંતવાર વર્ગ કરીએ તો પણ મુક્તિના સુખ સમાન સુખને પામતાં નથી.***

● વિવેચન-૯૮૧ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - સમસ્ત એટલે સંપૂર્ણ, અતીત, અનાગત અને વર્તમાનકાળના સમૂહથી ઉદ્‌ભવેલ, સર્વકાળ સમય ગુણિત, કદાચ અસદ્‌ભાવ કલ્પનાથી એકૈક આકાશ પ્રદેશમાં સ્થાપિત કરાય, તે સકલ લોકાકાશ-અલોકાકાશ અનંત પ્રદેશ પૂરણથી અનંત થાય છે. તો પણ તે સિદ્ધિ સુખથી પ્રકર્ષગત સુખ ન થાય. - x - આનો જ અનુવાદ –

● નિર્યુક્તિ-૯૮૨ :-

***સિદ્ધનો સુખરાશિ સમસ્ત કાળનો એકઠો કરાય ત્યારે જેટલો થાય, તેને અનંત વર્ગથી ભાંગીએ તો પણ સર્વાકાશમાં ન સમાય.***

● વિવેચન-૯૮૨ :-

સિદ્ધના સંબંધભૂત સુખ રાશિ એટલે સુખસંઘાત. કલ્પના માત્રથી કહે છે, તે સર્વકાળ સમય ગુણિત જો થાય, તે અનંત વર્ગથી અપ્‌વર્ગિત થઈ એકીભાવે જ હોય, ત્યારે લોકાલોકાકાશમાં પણ સમાતું નથી.

અહીં વિશિષ્ટ આહ્‌લાદરૂપ સુખ ગ્રહણ કરાય છે. ત્યાંથી જે આરંભી શિષ્ટ



જનોની સુખશબ્દ પ્રવૃત્તિ છે, તે આહ્‌લાદને આશ્રીને એક-એક ગુણવૃદ્ધિ તારતમ્યથી આ આહ્‌લાદ વિશેષિત થતાં યાવત્ અનંતગુણ વૃદ્ધિથી નિરતિશય ગુણ નિષ્ઠાને પામેલ, તેનાથી આ સુખ અત્યંત ઉપમાતીત, એકાંત ઉત્સુકતા વિનિવૃત્ત અકલ્પ્ય ચરમ આહ્‌લાદ સદા સિદ્ધોને હોય છે. - x - x - ગુણ તારતમ્યથી આહ્‌લાદ વિશેષ તે સર્વ આકાશપ્રદેશાદિથી પણ વધારે છે, તેમ કહ્યું - x - બાકી તો તેમની નિયત દેશમાં અવસ્થિત છે, - x - x - વિસ્તાર કેટલો કહેવો ?

હવે આ જ ભવ હોવાથી નિરૂપમતાં કહે છે –

● નિર્યુક્તિ-૯૮૩,૯૮૪ :-

***જેમ કોઈ મ્લેચ્છ, ઘણાં બધાં નગરગુણોને જાણતો હોય, પણ ઉપમાના અભાવે તે કોઈને કહી શકતો નથી, એ પ્રમાણે આ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈ ઉપમા નથી, એ કારણે વિશેષથી કંઈક સાદૃશ્ય કહીશું તે તમે સાંભળો.***

● વિવેચન-૯૮૩,૯૮૪ :-

જેમ કોઈ મ્લેચ્છ સદ્‌ગૃહ નિવાસાદિ અનેક પ્રકારના નગરગુણો જાણતો અરણ્યમાં ગયો, પણ બીજા મ્લેચ્છોને તે કહી શકતો નથી. કયા કારણે ? તે કહે છે – તેની પાસે તેવી ઉપમા નથી. તેનો ભાવાર્થ જણાવે છે –

કોઈ એક મહા અરણ્યવાસી મ્લેચ્છ, અરણ્યમાં રહેતો હતો. આ તરફ કોઈ રાજા ઘોડા ઉપરથી ઉતરીને અટવીમાં પ્રવેશ્યો, તેણે જોયો, સત્કાર કરીને તેને જનપદમાં લઈ ગયો. રાજા પણ પછી તેને ઉપકારી જાણીને નગરમાં લઈ ગયો. રાજાની જેમ રહ્યો. થોડો વખત જતાં તેને અરણ્ય સાંભળ્યું રાજાએ વિદાય આપી, લોકો પૂછે છે – નગર કેવું હતું? પણ તેવી કોઈ ઉપમા ન હતી કે જેનાથી તે નગરના ગુણ કહી શકે.

એ પ્રમાણે સિદ્ધોને અનુપમ સુખ વર્તે છે. પરંતુ એવી કોઈ ઉપમા નથી કે તે વર્ણવી શકાય, તો પણ બાલજનની પ્રતિપત્તિને માટે કંઈક વિશેષથી આકર્ષત્વથી આ આદૃશ્ય બતાવે છે –

● નિર્યુક્તિ-૯૮૫,૯૮૬ :-

***જેમ કોઈ પુરુષ સર્વકામગુણિત ભોજન કરીને, ભૂખ અને તરસથી મુક્ત થઈને, અમૃતથી તૃપ્ત થયો હોય તેમ રહે છે. એ પ્રમાણે સદાકાળ તૃપ્ત કર્મક્ષયને પામેલા શાશ્વત આવ્યા બાધ સુખ પામીને સિદ્ધો રહે છે.***

● વિવેચન-૯૮૫,૯૮૬ :-

"જે રીતે". ઉદાહરણનો ઉપન્યાસ કરે છે. સર્વ સૌંદર્યથી સંસ્કૃત એવા ભોજનને કોઈ પુરુષ ખાઈને, જાણે અમૃતથી તૃપ્ત થયો હોય તેમ. અબાધા રહિતપણાથી, આ રસનેન્દ્રિયને આશ્રીને ઈષ્ટ વિષય પ્રાપ્તિના ઔત્સુક્યથી નિવર્તીને સુખ પામે, અન્યથા કોઈ બાધા ના સંભવથી સુખનો અભાવ થાય. [અહીં વૃત્તિકારે સાત શ્લોક નોંધ્યા છે, તે સાતે શ્લોક સુખને દર્શાવવા માટેના છે, તેમાંથી અમે માત્ર ભોજન સુખને અત્રે નોંધીએ છીએ –]

"વિવિધ રસથી યુક્ત એવા અન્નને આ માત્રા વડે ખાઈને અને જળને પીને

તૃપ્ત થયેલો આત્મા શુભ સ્વાદિમનો આ સ્વાદ લે છે.''

આ ભોજન અને સંગીત, વાદ્ય, કામ કથા સાંભળતો, સુંદર પ્રાસાદાદિ જોઈને નયનને આનંદ પમાડતો, વિવિધ સુગંધને સુંઘતો, મૃદુ તળાઈના સ્પર્શને પામતો, ઈષ્ટ ભાર્યામાં રક્ત એવો સર્વે ઈન્દ્રિયાર્થને પ્રાપ્ત સર્વ બાધાથી નિવૃત્ત એવો પ્રશાંત આત્મા જે આનંદ પામે, તેના કરતાં મુક્તાત્મા અનંતસુખ પામે છે.

એ પ્રમાણે સર્વકાળ તૃપ્ત, સ્વ સ્વભાવમાં સ્થિતપણાથી અતુલ નિર્વાણને પામેલા સિદ્ધો, સર્વદા સર્વ ઔત્સુક્યથી વિનિવૃત્ત, તેથી જ સર્વકાળભાવિ વ્યાપાર બાધા પરિવર્જિત સુખને પામીને સુખી થઈને રહે છે.

[પ્રશ્ન] સુખને પ્રાપ્ત એમ કહ્યું તો પછી 'સુખી' શબ્દ અનર્થક છે, [સમાધાન]ના, દુઃખનો અભાવ માત્ર મુક્તિ સુખના નિરાસ વડે વાસ્તવ સુખ પ્રતિપાદનાર્થે કહ્યું છે. તેથી કહે છે – સંપૂર્ણ દોષના ક્ષયથી શાશ્વત અને અવ્યાબાધ સુખને પામી સુખી થઈને રહે છે, માત્ર દુઃખના અભાવરૂપ સુખ નહીં. હવે વસ્તુતઃ સિદ્ધપર્યાય શબ્દોને પ્રતિપાદન કરે છે –

● નિર્યુક્તિ-૯૮૭ :-

***સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે, કર્મકવચથી મુક્ત છે, અજર-અમર અને અસંગ છે.***

● વિવેચન-૯૮૭ :-

કૃતકૃત્યત્વથી સિદ્ધ છે, કેવલજ્ઞાનથી વિશ્વને જાણે છે માટે બુદ્ધ છે, ભવસમુદ્રને પાર જવાથી પારગત, પુન્ય બીજ સમ્યકત્વ જ્ઞાન ચારિત્ર ક્રમ પ્રતિપત્તિનો ઉપાય કહેવાથી પરંપરાએ ગયેલ હોવાથી તેને પરંપરાગત કહે છે. બધાં કર્મોથી રહિત હોવાથી કર્મકવચ મુક્ત કહેવાય છે વયના અભાવથી 'અજર' છે, આયુષ્યના અભાવે 'અમર' છે, સકલ કલેશના અભાવથી અસંગ છે. હવે ઉપસંહાર કહે છે–

● નિર્યુક્તિ-૯૮૮ :-

***સર્વ દુઃખોનો જેમણે અત્યંત છેદ કરેલો છે, જન્મ-જરા-મરણના બંધનથી વિમુક્ત થયેલા સિદ્ધો શાશ્વત અવ્યાબાધ સુખને અનુભવે છે.***

● વિવેચન-૯૮૮ :-

વસ્તુતઃ વ્યાખ્યાત જ છે, તેથી વિસ્તાર કરતાં નથી.

● નિર્યુક્તિ-૯૮૯ થી ૯૯૨ :-

***સિદ્ધને કરેલ નમસ્કાર જીવને હજારો ભવોથી મૂકાવે છે, વળી ભાવથી નમસ્કાર બોધિની પ્રાપ્તિ માટે થાય છે, ભવનો ક્ષય કરતા ધન્ય જીવોના હૃદયને ન છોડતો સિદ્ધોનો નમસ્કાર અશુભ અધ્યસયાને નિવારે છે. એ પ્રમાણે નિશ્ચે સિદ્ધોનો નમસ્કાર મહા અર્થવાળો છે, તેથી વર્ણવ્યો. જે મરણ નજીક આવતા ઘણીવાર અને સતત કરવામાં આવે છે. આ સિદ્ધોનો નમસ્કાર સર્વ પાપનો પ્રકૃષ્ટ નાશક છે, તે સર્વ મંગલોમાં બીજું મંગલ છે.***

● વિવેચન-૯૮૯ થી ૯૯૨ :-

સિદ્ધ નમસ્કાર કહ્યો. હવે આચાર્ય નમસ્કાર. આચાર્ય એટલે કાર્યાર્થી વડે



જે સેવાય છે, તે આચાર્ય. તે નામાદિ ચાર ભેદે કહેલ છે –

● નિર્યુક્તિ-૯૯૩,૯૯૪ :-

***નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી એમ ચાર ભેદે આચાર્ય કહ્યા. દ્રવ્યમાં એક ભવિક વગેરે, લૌકિક શિલ્પશાસ્ત્રાદિ ભણાવનાર. ભાવથી પંચવિધ આચારને આચરતા તથા પ્રભાસતા અને આચારને દર્શાવતા હોવાથી તે આચાર્ય કહેવાય છે.***

● વિવેચન-૯૯૩,૯૯૪ :-

નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય, ભાવાચાર્ય ચાર ભેદ છે. પહેલાં બે સુગમ છે. દ્રવ્યાચાર્ય આગમ, નોઆગમાદિ ભેદે છે. - x - તદ્વ્યતિરિક્ત દ્રવ્યાચાર્યને કહે છે – એક ભવિક બદ્ધાયુષ્ક અભિમુખ નામ અને ગોત્ર અથવા આદિ શબ્દ દ્રવ્યભૂત આચાર્ય કે દ્રવ્ય નિમિત્તે જે આચારવાન્ ઈત્યાદિ હોય. ભાવાચાર્ય લૌકિક અને લોકોત્તર બે ભેદે. તેમાં લૌકિક તે શિલ્પ શાસ્ત્રાદિના જ્ઞાનથી, તેના ભેદ અને ઉપચારથી કહેલ છે. - x - x - લોકોત્તર ભાવાચાર્ય કહ્યા, તે આ પ્રમાણે –

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યના ભેદથી આચાર એટલે કે મર્યાદામાં ચરણ, મર્યાદા - કાળ નિયમાદિ લક્ષણથી ચરવું તે. અર્થાત્ તેને અનુષ્ઠાનરૂપે આચરતા તથા વ્યાખ્યાન વડે તેને પ્રભાષિત કરતા, પડિલેહણાદિ દ્વારથી આચારને દર્શાવતા અને મુમુક્ષુઓ વડે જે કારણે સેવાતા, તે કારણે આચાર્ય કહેવાય છે. આ જ અર્થ કહે છે –

● નિર્યુક્તિ-૯૯૫ :-

***જ્ઞાન આદિ આચાર, તેને આચરવાથી કે પ્રરૂપણા કરવાથી મુમુક્ષુ વડે જે સેવાય છે તે અને ભાવાચારમાં ઉપયુક્તને ભાવાચાર્ય કહ્યા.***

● વિવેચન-૯૯૫ :-

આચાર-જ્ઞાનાદિ પાંચ પ્રકારે, તે આચારને આચરવા અને પ્રરૂપવાથી તેમજ દર્શાવવાથી જે મુમુક્ષુ કે ગુણવાન્ વડે સેવાય છે, તે ભાવાચાર્ય કહેવાય છે. આવી આચરણાદિ અનુપયોગથી પણ સંભવે છે, તેથી કહે છે – ભાવાર્થથી આચારમાં ઉપયોગવંત.

આચાર્યને નમસ્કાર ઈત્યાદિ ચાર ગાથા સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવી, વિશેષથી તો સુગમ જ છે.

આચાર્ય નમસ્કાર અધિકાર કહ્યો. હવે ઉપાધ્યાય નમસ્કાર અધિકાર કહે છે. તેમાં ઉપાધ્યાય એટલે - ''જેની સમીપે જઈને સાધુઓ સૂત્રને ભણે છે તે. આ ઉપાધ્યાય નામાદિ ચાર ભેદે છે –

● નિર્યુક્તિ-૯૯૬ :-

***નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર ભેદે ઉપાધ્યાય છે. દ્રવ્યમાં લૌકિક ભેદમાં શિલ્પાદિ પાઠક કે નિહ્નવો છે. ભાવમાં આ પ્રમાણે –***

● વિવેચન-૯૯૬ :-

તત્વથી આ ગાથા આચાર્યની ગાથાની તુલ્ય છે, માટે વિસ્તાર કરતા નથી. વિશેષ નિહ્નવ - જે કહ્યા, તેમાં તેઓ અભિનિવેશ દોષથી એકાદ પદાર્થની અન્યથા પ્રરૂપણા કરતા

મિથ્યાદૃષ્ટિ જ છે તેથી તેમને દ્રવ્યથી ઉપાધ્યાય કહેલાં છે. ભાવથી ઉપાધ્યાય —

**• નિર્યુક્તિ-૯૯૭ :-**

***જિનેશ્વરે ભાખેલ બાર અંગ અર્થથી અને બુધોએ તે સ્વાધ્યાય સૂત્રથી કહ્યો. તેને વાચનારૂપે ઉપદેશવાથી તેને ઉપાધ્યાય કહેવાય છે.***

**• વિવેચન-૯૯૭ :-**

આચાર આદિ ભેદથી બાર અંગ, અર્હત્ પ્રણિત વાચના નિબંધનત્વથી સ્વાધ્યાય છે, તેને સૂત્રથી બુધ - ગણધરાદિ કહેલ છે. તે સ્વાધ્યાયને વાચના રૂપે ઉપદેશે છે તે કારણે ઉપાધ્યાય કહ્યા છે. જેની પાસે જઈને ભણાય તે અન્વર્થની પ્રાપ્તિ છે - ઉપાધ્યાય શબ્દાર્થ બીજી રીતે :-

**• નિર્યુક્તિ-૯૯૮ + વિવેચન :-**

ઉ અક્ષર ઉપયોગ કરવા અર્થમાં છે, જ્ઝા એ ધ્યાનનો નિર્દેશ કરે છે. પ્રાકૃતશૈલીમાં આ રીતે ઉજ્ઝા થયું. ઉપયોગપૂર્વક ધ્યાનને કરનાર. આ અન્ય પણ પર્યાય છે. - અથવા -

**• નિર્યુક્તિ-૯૯૯ :-**

***ઉ - ઉપયોગ કરવામાં, વ - પાપના પરિવર્જનમાં, ઝ - ધ્યાન કરવામાં, ઉ - કર્મથી સરકી જવાના અર્થમાં છે.***

**• વિવેચન-૯૯૯ :-**

ઉપયોગપૂર્વક પાપને પરિવર્જતો ધ્યાનમાં રહીને કર્મોને દૂર લઈ જાય છે, તે ઉપાધ્યાય. - x - x -

ઉપાધ્યાયને નમસ્કાર ઈત્યાદિ જે ચાર ગાથા તે સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવી. વિશેષથી તો સુગમ છે જ. ઉપાધ્યાય નમસ્કાર અધિકાર કહ્યો. હવે સાધુ નમસ્કાર અધિકાર કહે છે. તેમાં - અભિલષિત એટલે ઈષ્ટ અર્થને સાધે છે માટે સાધુ. તે નામાદિ ચાર ભેદથી છે —

**• નિર્યુક્તિ-૧૦૦૦ + વિવેચન :-**

નામ સાધુ, સ્થાપના સાધુ, દ્રવ્યસાધુ અને ભાવસાધુ એ ચાર ભેદ છે. દ્રવ્યમાં લૌકિક આદિ અને ભાવમાં સંયત સાધુ જાણવા.

હવે દ્રવ્ય સાધુને પ્રતિપાદિત કરતાં કહે છે —

**• નિર્યુક્તિ-૧૦૦૧ :-**

***ઘટ, પટ, રથ વગેરે દ્રવ્યને સાધતો હોય તે દ્રવ્ય સાધુ છે, અથવા દ્રવ્યભૂત [પાર્શ્વસ્થાદિ] તે દ્રવ્ય સાધુ કહેવાય છે.***

**• વિવેચન-૧૦૦૧ :-**

દ્રવ્યભૂત એટલે ભાવપર્યાય શૂન્ય. હવે ભાવ સાધુને કહે છે —

**• નિર્યુક્તિ-૧૦૦૨ + વિવેચન :-**

નિર્વાણ સાધક યોગ - સમ્યગ્દર્શનાદિ પ્રધાન વ્યાપારોને જેથી સાધે છે માટે સાધુ - વિહિત અનુષ્ઠાન પરત્વથી કહ્યા. તથા સર્વે જીવોમાં સમાન છે, તેથી તેમને ભાવ સાધુ કહેવાય છે.



**• નિર્યુક્તિ-૧૦૦૩ થી ૧૦૦૫ :-**

***સાધુના શું તમે તપ, નિયમ કે સંયમગુણ જુઓ છો? તે માટે તમે સાધુને વાંદો છો. એ પ્રમાણે મેં પૂછ્યું, તમે તેનો ઉત્તર આપો.***

***વિષય સુખથી નિવૃત્ત, વિશુદ્ધ ચારિત્ર અને નિયમથી યુક્ત, સર્વ ગુણના સાધક સદા મોક્ષ કૃત્યમાં ઉધમીને નમસ્કાર થાઓ.***

***જગત પોતે અસહાયક હોવા છતાં મને સંયમના પાલનમાં સહાય કરે છે, એ કારણોથી હું સર્વે સાધુઓને નમું છું.***

**• વિવેચન-૧૦૦૩ થી ૧૦૦૫ :-**

ગાથાર્થ કહ્યા. ત્રીજી ગાથામાં વૃત્તિકાર લખે છે કે — પરમાર્થ સાધન પ્રવૃત્તિમાં જગત્ પોતે અસહાયક છે છતાં અથવા અસહાયકને સહાય કરે છે — મને સંયમ કરતાને સહાયક છે. માટે સર્વે સાધુને નમું છું.

‘‘સાધુને કરેલ નમસ્કાર’’ ઈત્યાદિ ચાર ગાથાનો વિસ્તાર સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવો. વિશેષ તો સુખેથી જ્ઞાત છે જ.

આ પ્રમાણે વસ્તુ દ્વાર કહ્યું.

**[અહીંથી આગળ ‘‘એસો પંચ નમુક્કારો’’ ઈત્યાદિ શ્લોક પુસ્તકની પ્રતિમાં દેખાય છે, પણ વૃત્તિમાં તેની વ્યાખ્યા કે સૂચના નથી.]** જો કે દીપિકાના રચયિતાએ ‘‘એસો પંચ નમુક્કારો આદિ ચાર પદ નિર્યુક્તિરૂપે નોંધેલ છે. પણ ચૂર્ણિમાં પણ તેનો ઉલ્લેખ નથી. - x - x - x - x - x -

**નિર્યુક્તિ-૫૬૪ થી ૧૦૦૫નો સટીક અનુવાદ**
**મુનિ દીપરત્નસાગર દ્વારા પૂર્ણ**

**卐 ભાગ-૩૨-સમાપ્ત 卐**

-- x -- x -- x -- x --

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

**33**

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આવશ્યક-3

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

33/1

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - 33 માં છે...

**o આવશ્યક-મૂલસૂત્ર-૧ ની**

**-o- નિર્યુક્તિ-૧૦૦૬ થી**

**આરંભીને**

**-o- નિર્યુક્તિ-૧૨૭૩ સુધી**

**-o- અધ્યયન-૨-સંપૂર્ણ**

**-o- અધ્યયન-3-સંપૂર્ણ**

**-o-અધ્યયન-૪-સૂત્ર-૨૬-ચાલુ...**

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી <u>અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.</u>

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ 33 ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ

શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ.ના

સમુદાયવર્તી

**સાધ્વી શ્રી ધ્યાનરસાશ્રી, સા. શ્રી પ્રફૂલ્લિતાશ્રી**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી માંગરોળ જૈન સંઘ**

**માંગરોળ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-
શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ૠચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

૦ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

૦ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

૦ સાધુ અંતિમ આરાધના

૦ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

૦ દીક્ષા-યોગાદિ વિધિ

૦ વિધિ સંગ્રહ ભાગ-૧

૦ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

૦ આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

૦ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

૦ ૪૫-આગમ યંત્ર

૦ વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૩

# ૪૦ આવશ્યક-મૂલસૂત્ર ૩

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચાલીશમું આગમ છે. જે ચાર મૂળસૂત્રોમાં પહેલું મૂળ સૂત્ર છે. તે ‘આવશ્યક’ નામથી પ્રસિદ્ધ છે. તેનું પ્રાકૃતમાં आवस्सय એવું નામ છે. પણ ગુજરાતી કે સંસ્કૃતમાં તો તેને ‘‘आवश्यक’’ નામે જ ઓળખે છે. આ આગમમાં છ અધ્યયનો છે.

મૂળ આવશ્યક સૂત્રનું કદ તો ઘણું જ નાનું છે, માત્ર-૯૨ સૂત્રોમાં છ એ અધ્યયનો પૂરા થઈ જાય છે. પરંતુ તેની નિર્યુક્તિની સંખ્યા-૧૬૨૩ છે, વળી તેમાં ભાષ્ય અને હારિભદ્રીય ટીકાને કારણે તેનું કદ ઘણું જ મોટું થઈ જાય છે. જો તેના ઉપરની ચૂર્ણિ, બૃહત્ ભાષ્ય, ઈત્યાદિ વિવરણો સાથે રાખવામાં આવે તો આ સૂત્રનું કદ ઘણું-ઘણું જ વિસ્તૃત થઈ જાય.

મૂળ આવશ્યકમાં તો સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ એ છ વિષયો છે. પણ નિર્યુક્તિ સાથે ચૂર્ણિ અને વૃત્તિને લઈએ તો જૈન વાઙ્મય બની જાય તેટલા વિષયો અને કથા-દૃષ્ટાંત સહ આ આગમ પ્રચૂર માહિતીસ્રોત બની રહે છે.

અહીં અમે અનુવાદમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, હારિભદ્રીય વૃત્તિની મુખ્યતા રાખેલ છે. પરંતુ વિશેષાવશ્યક ભાષ્યાદિ પણ જોઈ લેવા યોગ્ય જ છે. તેમાં ઘણું તાત્ત્વિક ઉંડાણ સમાવાયું છે.

અહીં અનુવાદમાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેર્યા છે, તો ક્યાંક વ્યાકરણાદિ છોડેલ પણ છે. કથા-દૃષ્ટાંતો પણ ક્યાંક વાક્યપૂર્તિ આદિથી લંબાયા છે, તો ક્યાંક સંક્ષેપ પણ કર્યો છે.

અમે આ આગમને નિર્યુક્તિના આધારે ચાર વિભાગમાં વહેંચેલ છે. જેમાં પહેલા બે ભાગોમાં ૧ થી ૧૦૦૫ નિર્યુક્તિ અને વિવેચન કર્યા છે. આ ભાગમાં નિર્યુક્તિ-૧૦૦૬ થી ૧૨૭૩ને સમાવેલ છે.

આ ત્રીજા ભાગમાં અધ્યયન ૧ થી ૩ સંપૂર્ણ અને પ્રતિક્રમણ અધ્યયનમાં સિદ્ધોના ૩૧-ગુણો સુધીના સૂત્રોનું વિવેચન કરેલ છે.



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (9)



## 卐 આવશ્યક સૂત્ર-ટીકા સહિત-અનુવાદ 卐

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

*(૧) [આ પૂર્વે ભાગ-૧ અને ભાગ-૨માં થઈને ૧ થી ૧૦૦૫ નિર્યુક્તિ અને તેનું વિવેચન સમાવેલ છે. આ ભાગ-૩-માં નિર્યુક્તિ-૧૦૦૬ થી ૧૨૭૩ એમ કુલ-૨૬૮ નિર્યુક્તિનો સમાવેશ છે. ભાગ-૨-માં ‘‘નમસ્કાર મંત્ર’’ એક જ મૂળસૂત્ર આવેલ હતું. વાસ્તવિક રીતે અધ્યયન-૧-‘‘સામાયિક’’નો આરંભ આ ત્રીજા ભાગમાં છે. આ ભાગ-૩-માં મૂળસૂત્રો-૧ થી ૨૬ [અધુરુ] નો અમે સમાવેશ કરેલ છે. જેમાં ત્રણ અધ્યયનોમાં મૂળસૂત્ર ૧ થી ૧૦ પુરા છે ‘‘પ્રતિક્રમણ’’ નામે ચોથું અધ્યયન છે, જેમાં સૂત્રો-૧૧ થી ૩૬ છે. તેમાંથી અમે સૂત્ર-૨૬ સુધી આ ભાગમાં લીધા છે. તે ૨૬માં પણ ‘‘બત્રીશયોગસંગ્રહ’’ ભાગ-૪-માં લીધેલ છે.]*

*(૨) [ભાગ-૧ અને ૨ માં અમે નિર્યુક્તિ અને તેનું વિવેચન એવા બે અલગ ભાગ પાડેલા. આ ભાગમાં નિર્યુક્તિ અને વિવેચન બંને સાથે જ લીધેલ છે, અલગ-અલગ વિભાગ કરેલાં નથી.]*

*(૩) વાંચતી વખતે ઓળખવું સહેલું પડે માટે મૂળસૂત્રો ઈટાલિક બોલ્ડમાં સૂત્રનું વિવેચન નોર્મલ ટાઈપમાં અને નિર્યુક્તિ અને ભાષ્ય તથા તે બંનેના વિવેચનને સેમી બોલ્ડમાં કમ્પોઝ કરાવેલ છે.*

**● નમસ્કાર નિર્યુક્તિ... ભાગ-૨-થી ચાલુ :-**

**હવે આક્ષેપદ્વારનો અવયવાર્થ પ્રગટ કરતા કહે છે –**

**● નિર્યુક્તિ-૧૦૦૬ + વિવેચન :-**

**આક્ષેપ-આ નમસ્કારમાં સંક્ષેપ નથી અને વિસ્તાર પણ નથી. સંક્ષેપ બે છે સિદ્ધ અને સાધુ, વિસ્તાર અનેક પ્રકારે છે, તેમાં પાંચ ભેદ યુક્ત નથી.**

**આ પાંચ અંશક પાઠ તે અપપાઠ છે, - x - તેમાં સંક્ષેપવત્ તે સામાયિક સૂત્ર છે, વિસ્તારથી ચૌદ પૂર્વો છે. જ્યારે પંચ નમસ્કાર સૂત્ર ઉભયાતીત છે. તેથી આ સંક્ષેપ પણ નથી અને વિસ્તાર પણ નથી. કેમકે જો આ સંક્ષેપ હોત તો તેમાં બે ભેદે જ નમસ્કાર કહેવાત. સિદ્ધને અને સાધુને. કઈ રીતે ? સિદ્ધ શબ્દથી અરહંતાદિ પરિનિર્વૃત્ત છે, માટે ફક્ત સંસારીનું જ સાધુ શબ્દથી ગ્રહણ થાય છે. - x - x - તેથી સિદ્ધ અને સાધુના નમસ્કારથી બાકીનાનો નમસ્કાર થઈ જ જાય છે.**

**જો આનો વિસ્તાર કરીએ તો, તે પણ અસુંદર થશે. કેમકે વિસ્તાર કરવાથી અનેક ભેદ પ્રાપ્ત થાય છે. તે આ રીતે – ઋષભ, અજિત, સંભવ આદિ ચોવીશ અરહંતોને નમસ્કાર, સિદ્ધનો વિસ્તાર કરતા - અનંતર સિદ્ધોને, પરંપર સિદ્ધોને, પ્રથમ સમય સિદ્ધોને ઈત્યાદિ અનંતનો વિસ્તાર થાય.**

**આ રીતે બંને પક્ષને સ્વીકારતા પંચ પ્રકારો યોજી શકાય નહીં.**

**આ રીતે આક્ષેપદ્વાર કહ્યું. હવે પ્રસિદ્ધિદ્વારનો અવયવાર્થ કહે છે – તેમાં ‘સંક્ષેપ’ની યોગ્યાયોગ્યતા વિચારી કહે છે - x - x - બે ભેદ લેતાં સર્વ ગુણ નમસ્કાર અસંભવ છે - x - તેથી કહે છે –**

**● નિર્યુક્તિ-૧૦૦૭ વિવેચન :-**

**આ અર્હત્ આદિ નિયમથી સાધુઓ છે. કેમકે સાધુના ગુણોનો તેમાં સદ્ભાવ છે. સાધુઓનો અર્હત્ આદિમાં ભજના છે, કેમકે તે બધાં અર્હત્ આદિ નથી. કેટલાંક**

અરહંત જ જે કેવલી છે, કેટલાંક આચાર્યો છે, જે સમ્યક્ સૂત્રાર્થના જ્ઞાતા છે. કેટલાંક ઉપાધ્યાય છે, જે સૂત્રવિદ્ છે, કેટલાંક આ બધાંથી વ્યતિરિક્ત શિષ્ય સાધુ જ છે, અરહંતાદિ નથી.

તેથી એક પદના વ્યભિચારથી તુલ્ય અભિધાનતા નથી. તેના નમસ્કારથી બીજાને નમસ્કારનું ફળ ન મળે. સાધુ માત્રનો નમસ્કાર વિશિષ્ટ અર્હત્ આદિ ગુણ નમસ્કારના ફળને પ્રાપ્ત કરાવવામાં સમર્થ નથી. કેમકે તે સામાન્ય અભિધાન નમસ્કારત્વથી છે, જેમ મનુષ્ય માત્ર કે જીવમાત્રના નમસ્કારવત્ તેમ કહ્યું. તેથી નમસ્કાર પંચવિધ જ છે.

વિસ્તારથી વ્યક્તિ અપેક્ષાથી કરવું અશક્ય છે. - X - X - પ્રસિદ્ધિ દ્વાર કહ્યું, હવે ક્રમદ્વારનો અવયવાર્થ પ્રતિપાદન કરતા કહે છે –

• નિર્યુક્તિ-૧૦૦૮ + વિવેચન :-

અહીં પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વી ક્રમ નથી, જો પહેલો ક્રમ માનો તો સિદ્ધાદિ આવે, બીજો ક્રમ માનો તો સાધુ આદિમાં આવે. [આક્ષેપ ગાથા છે.]

અહીં ક્રમ બે ભેદે છે – પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી તો ક્રમ જ નથી કેમ કે અસમંજસ થાય. સિદ્ધાદિના અનભિધાનથી આ અરહંતાદિ ક્રમની પૂર્વાનુપૂર્વી ન થાય. એકાંત કૃતકૃત્યત્વથી અર્હત્ નમસ્કાર કાર્યત્વથી અને સિદ્ધોના પ્રધાનત્વથી આમ કહ્યું. તે રીતે આ પશ્ચાનુપૂર્વી ક્રમ પણ ન થાય. સાધુ આદિનું અનભિધાનત્વ છે. અહીં બધાંથી પાછળ હોવાથી સાધુઓ અપ્રધાનપણે છે. - X - X -

હવે પૂર્વાનુપૂર્વીત્વ જ પ્રતિપાદિત કરવા કહે છે –

• નિર્યુક્તિ-૧૦૦૯ વિવેચન :-

અરહંતના ઉપદેશથી સિદ્ધો જણાય છે. પ્રત્યક્ષાદિ ગોચર અતિક્રમીને તેના વડે અરહંતાદિ પૂર્વાનુપૂર્વી ક્રમ જણાય છે. તેથી જ અરહંત અભ્યર્હિતત્વથી કૃતકૃત્યત્વ અને અલ્પકાળ વ્યવહિતત્વથી પ્રાયઃસમાન જ છે. તથા અરહંત નમસ્કાર્યત્વ પણ અસાધન છે. અરહંતનમસ્કાર પૂર્વક સિદ્ધત્વના યોગથી અરહંત પણ વસ્તુતઃ સિદ્ધ નમસ્કાર્યત્વથી પ્રધાનપણે છે, તે ભાવના છે. - X - X - અહીં અરહંત અને સિદ્ધ પરમનાયક રૂપથી છે, આચાર્યો તેમની પર્ષદા સમાન છે. ક્યાંય પહેલા પર્ષદાને પ્રણામ કરીને પછી રાજાના પ્રણામ હોતા નથી. - X - ક્રમ દ્વાર કહ્યું.

હવે પ્રયોજન ફળ દર્શાવતા કહે છે –

• નિર્યુક્તિ-૧૦૧૦ વિવેચન :-

અહીં નમસ્કાર કરવામાં આ પ્રયોજન છે – કર્મનો ક્ષય અને મંગલનું આગમ. તેમાં ઇહલૌકિક અને પારલૌકિક બે ભેદે ફળ છે.

કરણકાળમાં જે કહ્યું :- कर्मक्षय - જ્ઞાનાવરણીય આદિ કર્મનો અપગમ, અનંત પુદ્ગલના અપગમ પછી ભાવથી न કાર માત્રની પ્રાપ્તિ ઇત્યાદિ કહી છે તથા મંગલનું આગમ પણ કહેલ છે. તે કાલાંતર ભાવિ અને ઈહલૌકિક તથા પારલૌકિક ભેદથી બે પ્રકારે ફળ છે, તેમાં વક્ષ્યમાણ લક્ષણ-દૃષ્ટાંત છે.

• નિર્યુક્તિ-૧૦૧૧ વિવેચન :-

આ લોકમાં ફળ અર્થ, કામ, આરોગ્ય, અભિરતી અને નિષ્પત્તિ છે, પરલોકમાં ફળ – મોક્ષ, સ્વર્ગ, સુકુલમાં ઉત્પત્તિ આદિ છે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (10)



અર્થ, કામાદિ શુભ વિપાકી હોય છે. - X - આ લોકમાં અર્થાદિ છે પરલોકમાં તે જ શુભાનુબંધિત્વથી નિષ્પન્ન અર્થાત્ પુન્યની જાણવી. અથવા અભિરતિ અને નિષ્પત્તિ તે એકવાક્યતા જ છે. - X - અહીં સિદ્ધિ ઈત્યાદિ ક્રમ પ્રધાનફળની અપેક્ષાથી ઉપાય જણાવવા માટે છે. તેથી કહે છે – વિરલો જ એક ભવથી સિદ્ધિને પામે છે. ન પામનારા અવિરાધકો સ્વર્ગ કે સુકુલમાં ઉત્પત્તિ પછી અવસ્થાંતરને પામતા નથી.

હવે યથાક્રમે જ અર્થાદિને આશ્રીને ઉદાહરણો કહે છે –

• નિર્યુક્તિ-૧૦૧૨ વિવેચન :-

આ લોકમાં ત્રિદંડી, દિવ્ય, માતુલિંગવન જ દૃષ્ટાંત છે. પરલોકમાં ચંડપિંગલ ચોર અને હુંડિકયક્ષ દૃષ્ટાંત છે. ભાવાર્થ - કથાનકથી જાણવો.

નમસ્કાર અર્થાવહ કઈ રીતે ? એક શ્રાવક પુત્ર ધર્મ સાંભળતો ન હતો. તે શ્રાવક પણ મૃત્યુ પામ્યો. તે બાળક વ્યવહારાહત જ વિચરતો હતો. કોઈ દિવસે તે શ્રાવક લોકોના ઘર પાસે પરિવ્રાજકો આવ્યા. તેણે તેઓની સાથે મૈત્રી કરી. તેમણે કહ્યું – તું નિરુપહત અનાથમૃતને લઈ આવ, અમે તને ધનવાન્ બનાવીશું. તે કોઈ એવા મનુષ્ય મૃતકને શ્મશાને લાવ્યો. તે બાળકને પિતાએ નમસ્કાર શીખવેલો અને કહેલું કે જો ડર લાગે તો નવકાર ગણજે. તે પરિવ્રાજકે મૃતકની આગળ વિદ્યા સ્થાપી, તે મૃતકના હાથમાં તલવાર આપી, પરિવ્રાજક વિદ્યા ભણે છે, વૈતાલ ઉઠવાનો પ્રયાસ કરે છે, તે બાળક ડરથી હૃદયમાં નમસ્કાર બોલે છે. વૈતાલ પડી જાય છે. આવું વારંવાર બનતા તે ત્રિદંડી પરિવ્રાજક તે બાળકને પૂછે છે – કંઈ જાણે છે ? બાળકે કહ્યું – ના. છેલ્લે વ્યંતરે રોષિત થઈને ખડ્ગ ખેંચી લઈ ત્રિદંડીને જ મારી નાંખ્યો. તે સુવર્ણપુરુષ થઈ ગયો. તે બાળક એ સુવર્ણપુરુષના અંગોપાંગાદિ છુટા-છુટા કરીને ઘેર લઈ જઈને તે નમસ્કારના ફળથી ઐશ્વર્યવાન્ થઈ ગયો. જો નવકાર ન ગણ્યા. હોત તો વૈતાલ તેને મારી નાંખત.

૦ કામનિષ્પત્તિ – એક શ્રાવિકા હતી. તેણીનો પતિ મિથ્યાદૃષ્ટિ હતો, બીજી પત્ની લાવવા માટે રસ્તો શોધતો હતો - તે શ્રાવિકા હોવાથી તેને કોઈ સપત્ની - શોક મળતી ન હતી. વિચારે છે કે - આને કેવી રીતે મારી નાંખુ ? કોઈ દિવસે ઘડામાં કાળો સર્પ મૂકીને લાવ્યો સંતાડી દીધો. જમીને કહ્યું – ફૂલો લઈ આવ, અમુક ઘટમાં રાખેલ છે. તે શ્રાવિકા ઘરમાં પ્રવેશી, નમસ્કાર [નવકાર મંત્ર] નાશ ન પામે. ઘટમાં હાથ નાંખ્યો, દેવતાએ સર્પને હરી લીધો, ત્યાં ફૂલની માળા બનાવી દીધી, તેણી લઈને આવી, તેના પતિને આપી દીધી. તે મિથ્યાદૃષ્ટિ સંભ્રમમાં ચિંતવવા લાગ્યો – આ શું ? તેણે જઈને ઘડો જોયો, તેમાં ફૂલની ગંધ હતી, કોઈ સર્પ ન હતો. તે પગે પડી ગયો, બધી વાત કરી દીધી, ક્ષમા માંગી, પછી તેણી જ ગૃહસ્વામિની થઈ.

૦ આરોગ્ય વડે - એક નગર હતું, નદીના કિનારે કોઈ ખરકર્મિક શરીર ચિંતાને માટે નીકળ્યો. નદીમાં વહેતા બીજોરાને જોયું, રાજાને આપ્યું. તેણે રસોઈયાને આપ્યું, જમવામાં આપ્યું. પ્રમાણથી અતિરિક્ત વર્ણ, ગંધ, ઈત્યાદિ હતા. તે મનુષ્યને ખુશ કર્યો, ભોગો આપ્યા. રાજાએ કહ્યું – નદીમાં શોધવા, જેટલા મળે તે લાવવા. માર્ગનું ભાથુ લઈ પુરુષો ગયા, વનખંડ જોયું. જે ફળને ગ્રહણ કરે તે મરે છે. રાજાને કહ્યું – લોકો મરે છે, રાજાએ વારા રાખવાનું કહ્યું, જેનું નામ નીકળે તે જાય. એક વખત કોઈ શ્રાવકનો ક્રમ આવ્યો. તેણે વિચાર્યુ કે – કોઈને વિરાધિત શ્રામણ્ય ન થાય. તે માટે

નૈષેધિકી કરી નમસ્કારપૂર્વક જાય છે. વ્યંતર વિચારમાં પડ્યો, બોધ પામ્યો. તે યક્ષ બોલ્યો કે હું ત્યાં જ બીજોરુ આપી જઈશ. રાજાને વાત કરી - x -

એ પ્રમાણે તે શ્રાવકને અભિરતિ - ખુશીની નિષ્પત્તિ થઈ, ભોગો પણ પામ્યો, જીવિત પણ ટક્યું, તો આરોગ્યનું તો પૂછવું જ શું ?

પરલોકમાં નમસ્કારનું ફળ - વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો, તેની ગણિકા શ્રાવિકા હતી. તે ચંડપિંગલ ચોર સાથે રહેતી હતી. કોઈ દિવસે તેણે રાજાને ઘેર ચોરી કરી અને હાર ચોરી લાવ્યો. ડરેલા એવા તેમણે ગોપવી દીધો. અન્ય કોઈ દિવસે ઉજ્જૈની જવાનું થયું, ગણિકા સર્વતયા વિભૂષિત થઈને ચાલી, તે બધાંથી અતિશયવાળી લાગતી હતી. તેણીએ હાર પહેર્યો. રાણીની દાસ જાણી ગઈ. રાણીને કહ્યું. ચંડપિંગલ પકડાયો, શૂળીએ ચડાવી દીધો. ગણિકાને થયું મારે કારણે આનું મૃત્યુ થશે. તેણીએ ચંડપિંગલને નમસ્કાર આપ્યો. તેણે નવકાર ભણતાં નિયાણું કર્યુ કે આ જ રાજાના પુત્ર રૂપે ઉત્પન્ન થવું. અગ્રમહિષીનો પુત્ર થયો. તે ગણિકા શ્રાવિકા તેને કીડા કરાવનાર માતા થઈ, કોઈ વખતે વિચાર આવ્યો કે ગર્ભકાળ અને મરણકાળ સમાન છે, કદાચ તે ચોરનો જ જીવ હોય. તે બાળક રડે ત્યારે શ્રાવિકા કહેતી ચંડપિંગલ રડ નહીં. તે બોધ પામ્યો. રાજાના મૃત્યુ પછી તે રાજા થયો. ઘણાં કાળ પછી તે બંનેએ દીક્ષા લીધી. આ સુકુલમાં જન્મ.

૦ અથવા બીજું દૃષ્ટાંત — મથુરા નગરીમાં જિનદત્ત શ્રાવક હતો. ત્યાં હુંડિક નામે ચોર હતો. નગર લુંટતો, કોઈ દિવસે પકડાઈ ગયો. શૂળીએ ચડાવ્યો. તેને સહાય કરનારને પણ પકડી લેવાના હતા. જિનદત્ત શ્રાવક તેની સમીપથી પસાર થયો. ચોરે તેને કહ્યું — હે શ્રાવક ! તું અનુકંપાવાળો છે, મને તૃષા લાગી છે. મને પાણી આપ તો હું શાંતિથી મરું શ્રાવક બોલ્યો — તું આ નમસ્કાર ગણ, તેટલામાં પાણી લાવી આપું, જો નવકાર ભૂલી જઈશ તો પાણી લાવવા છતાં પણ નહીં આપું. તે લોલુપતાથી નવકાર ગણે છે. શ્રાવક પણ પાણી લઈને આવ્યો. હમણાં પાણી પાશે તેથી નવકાર મોટેથી બોલતા તેનો જીવ નીકળી ગયો. યક્ષ રૂપે ઉત્પન્ન થયો. તે શ્રાવકને રાજાના પુરુષોએ પકડી લીધો. રાજાએ કહ્યું — આને પણ શૂળીએ ચડાવી દો. યક્ષે અવધિજ્ઞાનથી જોયું, શ્રાવકને અને પોતાના શરીરને જોયું. પર્વત ઉપાડ્યો, નગરની ઉપર ઉભો રહ્યો. મને ઓળખો છો ? આ શ્રાવકને છોડી દો નહીં તો બધાંનો ચૂરો કરી દઈશ. ઈત્યાદિ - x - નમસ્કારથી આવું ફળ પામે.

હવે સૂત્રના ઉપન્યાસ અર્થે પ્રત્યાસત્તિ યોગથી વસ્તુતઃ સૂત્ર સ્પર્શ નિર્યુક્તિગતા જ ગાથા કહે છે —

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**નમસ્કાર નિર્યુક્તિનો સટીક અનુવાદ પૂર્ણ**

*૦ નમસ્કાર-નિર્યુક્તિની ગાથા-૮૮૭ થી ૧૦૦૫ ભાગ-૨-માં છે.*
*અને ગાથા ૧૦૦૬ થી ૧૦૧૨ આ ભાગ-૩-માં છે. ૦*

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (11)



# ❀ અધ્યયન-૧-"સામાયિક" ❀

— x — x — x — x — x — x — x —

*૦ હવે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કહે છે —*

● નિર્યુક્તિ-૧૦૧૩-વિવેચન :-

"નંદી અને અનુયોગદ્વાર તથા વિધિવત્ ઉપોદ્‌ઘાત જાણીને પંચમંગલ કરીને સૂત્રનો આરંભ થાય છે." - x - x - પંચમંગલ રૂપ નમસ્કાર કરીને સૂત્રનો આરંભ થાય છે. અહીં નંદિ આદિનો ઉપન્યાસ વિધિ અને નિયમને જણાવવા માટે છે. નંદિ આદિ જાણીને જ કે ભણીને જ પણ અન્ય રીતે નહીં. ઉપોદ્‌ઘાત ભેદોપન્યાસ પણ સર્વ પ્રવચન સાધારણત્વથી તેના પ્રધાનત્વથી છે. - x - સંબંધાંતર પ્રતિપાદનાર્થે હવે આ કહે છે —

● નિર્યુક્તિ-૧૦૧૪ વિવેચન :-

"પાંચ નમસ્કાર કરીને શિષ્ય સામાયિક કરે — એ આગમ છે" — એમ કહ્યું. નમસ્કાર સામાયિકનું જ અંગ છે, તેથી શેષ સૂત્રને હું કહીશ. - x - x - જેણે પંચ નમસ્કાર કરેલ છે, તેવા પ્રકારનો શિષ્ય સામાયિક કરે છે. તે પંચ નમસ્કાર કહ્યો. આ સામાયિકનું જ અંગ છે. સામાયિક અંગતા પૂર્વે કહી. - x - x -

● સૂત્ર-૨ :-

***હે ભદંત ! હું સામાયિક સ્વીકાર કરું છું. જાવજ્જીવને માટે સર્વે સાવધ યોગના પચ્ચક્ખાણ કરું છું. [કેવી રીતે ?] ત્રિવિધ, ત્રિવિધ વડે [અર્થાત્] મન, વચન, કાયા વડે હું [તે] કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદુ નહીં.***

***હે ભદંત હું તેને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું. [મારા તે ભૂતકાલીન પર્યાયરૂપ] આત્માને વોસિરાવું છું.***

● વિવેચન-૨ :-

અહીં સૂત્રાનુગમ જ અહીનાક્ષર આદિ ગુણયુક્ત કહેવું જોઈએ. તે આ પ્રમાણે — હીન અક્ષર નહીં, અતિ અક્ષર નહીં, અવ્યાવિદ્ધ અક્ષર, અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પ્રતિપૂર્ણ, પરિપૂર્ણઘોષ ઈત્યાદિ - x - x -

વ્યાખ્યા લક્ષણ - સંહિતા, પદ, પદાર્થ, પદ વિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન, એમ શાસ્ત્રની વ્યાખ્યા છ ભેદે છે. તેમાં (૧) સ્ખલના વિના પદોનું ઉચ્ચારણ કરવું અથવા બીજાનો સંનિકર્ષ તે સંહિતા. જેમકે करेमि भंते सामायिकं૦ ઈત્યાદિ. (૨) પદ - પાંચ પ્રકારે છે, તે આ રીતે — નામિક, નૈપાતિક, ઔપસર્ગિક, આખ્યાતિક, મિશ્ર. તેમાં अश्व એ નામિક છે ઈત્યાદિ પૂર્વવત્.

તેમાં - હે ભદંત ! હું સામાયિક કરું છું ઈત્યાદિ સૂત્ર પદો કહ્યા. હવે પદાર્થ - તે ચાર ભેદે છે, તે આ પ્રમાણે — કારક, સમાસ, નિરુક્તિ અને તદ્ધિત વિષયક. તેમાં કારકવિષયક તે पचति इति पाचक - x - x - x - વગેરે. करोमि - સ્વીકાર કરવાના અર્થમાં છે - x - भयांत - ભયનો અંત કરનાર. - x - સાવદ્ય - અવદ્ય અર્થાત્ પાપ સહિત. યોજાય તે યોગ અર્થાત્ વ્યાપાર, તેના પચ્ચક્ખાણ કરું છું. પ્રતિ

- પ્રતિષેધ, આ - આભિમુખ્ય, ખ્યા - પ્રકથન. સાવધ યોગની પ્રતિ અભિમુખ કહેવું તે હું કરું છું અર્થાત્ પ્રત્યાખ્યાન કરું છું. અથવા પ્રત્યાચક્ષ - પ્રતિષેધ કરેલના આદરથી હું અભિધાન કરું છું.

યાવજ્જીવ - યાવત્ શબ્દ પરિમાણની મર્યાદાનું અવધારણા વચન છે. તેમાં પરિમાણ - જ્યાં સુધી મારા જીવનનું પરિમાણ છે ત્યાં સુધી હું પ્રત્યાખ્યાન કરું છું. મર્યાદામાં યાવજ્જીવન, મરણમર્યાદા સુધી, મરણ કાળમાત્ર જ નહીં. - x - જીવન પર્યન્તના પચ્ચક્ખાણ, તે પછીના નહીં. જીવન જીવવું તે. - x - x - ત્રિવિધ-ત્રણ પ્રકારે, મન, વચન, કાયાથી. તેમાં મનન અથવા જેના વડે મનાય તે મન. તે ચાર ભેદ - નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ ભેદથી. દ્રવ્ય મન તેને યોગ્ય પુદ્ગલમય છે, ભાવમન-મનન કરતો જીવ જ. વચન અથવા જેના વડે કહેવાય તે વાચા [વાણી]. તે પણ નામાદિથી ચાર ભેદે છે. તેમાં દ્રવ્ય વાચા તે શબ્દ પરિણામ યોગ્ય પુદ્ગલો જીવે પરગ્રહણ કરેલા, ભાવ વાણી, તે જ પુદ્ગલો શબ્દ પરિણામને પામે ત્યારે થાય. ચયન કે જેના વડે એકઠું થાય તે કાયા. જીવના નિવાસરૂપ પુદ્ગલોનું ચયન - x - અથવા કાયા એટલે શરીર. તે પણ ચાર ભેદે છે. તેમાં દ્રવ્યકાય એટલે જે શરીરત્વ યોગ્ય અને તેના સ્વામી વડે અગૃહીત અથવા જીવે છોડેલ જ્યાં સુધી પરિણામને ન છોડે ત્યાં સુધી દ્રવ્યકાય છે. ભાવકાય તેના પરિણામથી પરિણત જીવ બદ્ધ અને જીવ સંપ્રયુક્ત.

આના વડે ત્રણ કરણભૂતથી ત્રિવિધ પૂર્વાધિકૃત સાવધ યોગ હું ન કરું, ન કરાવું, કરતા એવા બીજાની અનુમોદના ન કરું.

તેનું અર્થાત્ અધિકૃત યોગનો સંબંધ કરાય છે 'ભયાંત' શબ્દ પૂર્વવત્. પ્રતિક્રમું છું – હું નિવર્તું છું, નિંદુ છુ - હું જુગુપ્સા કરું છું. ગર્હુ છું. તેમાં આત્મસાક્ષિકી નિંદા અને ગુરુસાક્ષિકી ગર્હા. અતીત સાવધ યોગકારી આત્માને વિવિધ કે વિશેષ અર્થમાં વિ શબ્દ, ઉત્ શબ્દ - બહુ કે ઘણાં અર્થમાં, સૃજામિ - ત્યજુ છું. એ પ્રમાણે પદાર્થ - પદ વિગ્રહ યથાસંભવ કહ્યો.

હવે ચાલના પ્રત્યવસ્થમાં વક્તવ્ય છે - સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ –

● નિર્યુક્તિ-૧૦૧૫-વિવેચન :-

અસ્ખલિત આદિ સૂત્ર ઉચ્ચારિત કર્યા પછી અને સંહિતાદિ ચારનું વ્યાખ્યાન દર્શાવ્યા પછી આ સૂત્રસ્પર્શ નિર્યુક્તિનો વિસ્તાર કહે છે –

● નિર્યુક્તિ-૧૦૧૬-વિવેચન :-

કરણ, ભય, અંત, સામાયિક, સર્વ, અવધ, યોગ, પ્રત્યાખ્યાન, જાવજ્જીવ, ત્રિવિધેન આટલા પદો છે. પદાર્થો ભાષ્યગાથા દ્વારા કહેવાશે. - x -

હવે કરણ નિક્ષેપને દર્શાવતા કહે છે –

● ભાષ્ય-૧૫૨-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ પ્રમાણે કરણનો નિક્ષેપ છ પ્રકારે છે. - x - હવે દ્રવ્યકરણ પ્રતિપાદનાર્થે કહે છે –

● ભાષ્ય-૧૫૩-વિવેચન :-

અહીં યથાસંભવ દ્રવ્યના, દ્રવ્યથી કે દ્રવ્યમાં કરણ તે દ્રવ્યકરણ, તે નોઆગમથી

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (12)



જ્ઞ અને ભવ્યથી અતિરિક્ત સંજ્ઞા તે નોસંજ્ઞાથી કરણ છે. અહીં આવું કહે છે કે – જ્ઞ અને ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યકરણ બે ભેદે છે – સંજ્ઞાકરણ અને નોસંજ્ઞાકરણ. તેમાં સંજ્ઞાકરણ કટ-કરણાદિ આદિ શબ્દથી પેલુકરણાદિ પરિગ્રહ. - x - x -

[શંકા] આ નામકરણ જ પર્યાયમાત્રથી સંજ્ઞાકરણ છે, કંઈ વિશેષ નથી.

[સમાધાન] અહીં નામકરણ અભિધાનમાત્ર ગ્રહણ થાય છે. સંજ્ઞાકરણ અન્વર્થથી સંજ્ઞાનું કરણ છે, કેમકે દ્રવ્યનો સંજ્ઞા વડે નિર્દેશ છે. - x - x - નો સંજ્ઞાકરણ બે ભેદે છે - પ્રયોગથી અને વિસ્રસાથી. તેમાં વિસ્રસા કરણ બે ભેદે છે - આદિ અને અનાદિ. તેથી ગ્રન્થકાર કહે છે –

● ભાષ્ય-૧૫૪-વિવેચન :-

વિશ્રસા એટલે સ્વભાવ, તેનાથી કરણ તે સ્વાભાવિક કરણ. - x - अनादि - આદિ રહિત, धर्मादि - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણેનું અન્યોન્ય સમાધાન તે કરણ. - x - x - x - ઘટાદિને આશ્રીને જે સંયોગાદિ કરણ થાય છે, તે સાદિ જાણવું. - x - એ પ્રમાણે અમૂર્ત્ત દ્રવ્યોને આશ્રીને કહ્યું. મૂર્ત્ત દ્રવ્યોને આશ્રીને વળી તેનું કરણ સાદિ થાય છે. તે વળી ચક્ષુથી ગ્રાહ્ય અને ચક્ષુથી અગ્રાહ્ય એમ બે ભેદે છે - સાદિ ચક્ષુઃસ્પર્શ તે ચાક્ષુષ્ જેમકે વાદળ ઈત્યાદિ અચાક્ષુષ્ તે અણુ, દ્વિઅણુકાદિ જાણવા. અહીં કરણ એટલે તે-તે ભાવરૂપે પરિણમવું તે.

ચાક્ષુષ્ અને અચાક્ષુષ્ ભેદ જ વિશેષથી બતાવે છે –

● ભાષ્ય-૧૫૫-વિવેચન :-

સંઘાત, ભેદ, તદુભય વડે કરણ, ઈન્દ્રાયુધાદિ સ્થૂળ અનંત પુદ્ગલરૂપ પ્રત્યક્ષ અર્થાત્ ચાક્ષુષ્ છે. બે અણુકાદિમાં આદિ શબ્દથી તેવા પ્રકારના અનંત અણુક કરણ વર્તે છે. તે છદ્મસ્થાદિને અપ્રત્યક્ષ-અચાક્ષુષ્ છે. અહીં आदि શબ્દ સ્વગત અનેક ભેદના પ્રતિપાદન માટે છે.

વિશ્રસા કરણ કહ્યું હવે પ્રયોગકરણ કહે છે –

● ભાષ્ય-૧૫૬-વિવેચન :-

અહીં પ્રાયોગિક કરણ બે પ્રકારે છે – જીવ પ્રાયોગિક અને અજીવ પ્રાયોગિક. પ્રયોગ વડે નિર્વૃત્ત તે પ્રાયોગિક. चरम - અજીવ પ્રાયોગિક કરણ, કુસુંભરાગ આદિ. આદિ શબ્દથી શેષ વર્ણાદિ લેવા. એ પ્રમાણે અલ્પવક્તવ્યતા થકી ઓઘથી અજીવ પ્રયોગ કરણ કહ્યું. હવે જીવ પ્રયોગ કરણ કહે છે –

જીવ પ્રયોગકરણ બે ભેદે - મૂલગુણકરણ અને ઉત્તરગુણ કરણ. તેનો વિસ્તાર ગ્રન્થકાર જ કહેશે. તેમાં અલ્પવક્તવ્યતા હોવાથી પહેલા અજીવકરણને જણાવવા કહે છે –

● ભાષ્ય-૧૫૭-વિવેચન :-

જે-જે નિર્જીવ પદાર્થના જીવપ્રયોગથી તે-તે વર્ણાદિ કુસુંભ આદિ રૂપ કર્માદિ કે કુટ્ટિમ-ભોયતળીયુ આદિ અજીવ વિષયત્વથી અજીવકરણ.

● ભાષ્ય-૧૫૮-વિવેચન :-

જીવ પ્રયોગકરણ બે ભેદે છે - મૂલ પ્રયોગકરણ અને ઉત્તર પ્રયોગકરણ. મૂલ પ્રયોગ કરણમાં પાંચ શરીર આવે છે.

● ભાષ્ય-૧૫૯-વિવેચન :-

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ શરીર ઓઘ-સામાન્યથી મૂલ પ્રયોગ કરણ છે. ઉત્તર પ્રયોગ કરણ તે મૂળશરીરથી નિષ્પન્ન થયેલા શરીરથી નિષ્પન્ન થાય છે. અર્થાત્ જે પ્રયોગથી લોકમાં નિષ્પન્ન મૂલ પ્રયોગથી નિષ્પન્ન થાય છે તે ઉત્તરકરણ. આ ઉત્તર કરણ આદ્ય ત્રણ શરીરમાં જ સંભવે છે. અહીં એવું કહેવા માંગે છે કે – પાંચ ઔદારિક શરીરોમાં પહેલાં સંઘાત કરણ તે મૂળ પ્રયોગકરણ કહેવાય છે, અંગ-ઉપાંગ આદિ કરણ તે ઉત્તરકરણ કહેવાય. તે ઔદારિકાદિ ત્રણમાં સંભવે છે. તૈજસ-કાર્મણમાં સંભવતું નથી.

તેમાં ઔદારિકાદિ આઠ અંગો મૂલકરણ છે, તે આ પ્રમાણે છે –

● ભાષ્ય-૧૬૦-વિવેચન :-

મસ્તક, છાતી, પેટ, પીઠ, બે બાહુ, બે સાથળ, એ આઠ અંગો છે. જ્યારે આંગળી આદિ ઉપાંગ છે. બાકીના અંગોપાંગ છે. બાકીના એટલે હાથ-પગાદિ.

● ભાષ્ય-૧૬૧-વિવેચન :-

વાળ આદિ નિર્માણ અને સંસ્કારવા, નખ અને દાંતને રંગવા વગેરે. તે ઔદારિક અને વૈક્રિયનું ઉત્તરકરણ છે. યથાસંભવ આ યોજના કરવી. ઔદારિકમાં વિશેષથી ઉત્તરકરણ છે, જેમકે કાન આદિ નાશ પામે ત્યારે તેનું સંસ્થાપન કરાય તે તે વૈક્રિય આદિમાં કહ્યું નથી, કેમકે તેના વિનાશનો અભાવ છે. સર્વથા વિનાશ અભાવે સંસ્થાપનાનો અભાવ છે. આવા પ્રકારનું ઉત્તરકરણ આહારકમાં પણ નથી. કેમકે તેમાં માત્ર ગમનાગમન થાય છે.

અથવા આ બીજા પ્રકારે ત્રિવિધિકરણ છે. તે આ – સંઘાતકરણ, પરિશાટકરણ અને સંઘાતપરિશાટ કરણ. તેમાં આદ્ય ત્રણ શરીરો જે તૈજસ, કાર્મણરહિત છે તેમાં આ ત્રણે કરણો સંભવે છે. બેમાં તો છેલ્લા બે જ હોય.

● ભાષ્ય-૧૬૨-વિવેચન :-

પહેલાં ત્રણના સંઘાત સાટન અને તદુભય થાય છે, તૈજસ અને કાર્મણનો સંઘાતસાટન કે સાટન થાય છે. હવે ઔદારિકને આશ્રીને સંઘાત આદિ કાળમાનને કહે છે –

● ભાષ્ય-૧૬૩-વિવેચન :-

ઔદારિકમાં સંઘાત એક સમયમાં હોય છે, પરિસાડણ પણ એક સમયમાં હોય છે, સંઘાત પરિસાડણ ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ હોય છે. અહીં સંઘાત - સર્વ સંઘાતકરણ એક સમય થાય છે. જેમ તપેલ કડાઈમાં પહેલા સમયે પુડલો માત્ર તેલને જ ગ્રહણ કરે છે, પણ ત્યાગ કરતો નથી. બીજા વગેરે સમયમાં ગ્રહણ અને ત્યાગ બંને કરે છે કેમકે તેવા પ્રકારે સામર્થ્યયુક્તત્વ હોય છે. પુદ્‌ગલો સંઘાત-ભેદ ધર્મવાળા હોય છે. એ રીતે જીવ પણ પહેલા સમયે ઉત્પન્ન થતો ઔદારિક શરીર પ્રાયોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરે છે પણ મૂકતો નથી. દ્વિતીયાદિમાં લે-મૂક બંને કરે છે એથી સંઘાતની એક સમયની સ્થિતિ છે. તે પ્રમાણે પરિશાટન કરણ ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ ગ્રહણ કહ્યું. કેમકે અહીં જઘન્યકાળ પ્રરૂપવાનો છે, તેથી વિગ્રહથી ઉત્પન્ન થયેલો જીવ લેવો કેમકે તેમાં ભવના બે સમય ઓછા થઈ શકે. અહીં ક્ષુલ્લક ભવ જઘન્યાયુનો હોય છે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (13)



● ભાષ્ય-૧૬૪-વિવેચન :-

આ જઘન્યચ સંઘાતાદિ કાલમાન કહ્યું, ઉત્કૃષ્ટ તો સમય ન્યૂન ત્રણ પલ્યોપમ વિરહ - અંતરકાળ કહે છે, ઔદારિકને વિશે તે આ હોય છે –

અહીં ઉત્કૃષ્ટકાળ કહેવાનો હોવાથી અવિગ્રહ ગતિથી ઉત્પન્ન થયેલો ત્રણ પલ્યોપમ આયુવાળો જીવ લેવો. આ ભવના શરીરનું સાટન કરી ત્રણ પલ્યોપમ પ્રમાણ પરભવાયુનો પહેલા સમયે સંઘાત કરે છે બીજા વગેરે સમયે સંઘાતપરિશાટ, તેથી ઉત્કૃષ્ટ સંઘાત-પરિશાટ કાળ સંઘાત સમયથી ન્યૂન થાય છે. તેનાથી સંઘાતના સમયથી ન્યૂન ત્રણ પલ્યોપમ થાય છે. - X - X - X - X - *[આક્ષેપ અને પરિહાર ગાથા અમે છોડી દીધેલ છે.]* એ પ્રમાણે ઔદારિક જઘન્ય અને ઉત્કૃષ્ટ સંઘાત પરિશાટ કાળ કહ્યો. સંઘાત અને પરિશાટ તો એક સમય જ છે. બીજો સમય અસંભવ છે. હવે સંઘાતાદિ વિરહ જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદે કહે છે. વિરહ તે અંતરકાળ કહેવાય છે. ઔદારિકમાં તે સંઘાતાદિનો આ વિરહ છે.

● ભાષ્ય-૧૬૫-વિવેચન :-

ત્રણ સમય હીન ક્ષુલ્લકભવ એ સર્વ સંઘાતનું અંતર છે. પૂર્ણ ક્ષુલ્લક ભવ એ સર્વશાટનું અંતર છે, ઉત્કૃષ્ટ તો પૂર્વકોટિના સમયથી અધિક ૩૩-સાગરોપમ અને સર્વશાટનું એક સમય ન્યૂન તેટલું અંતર છે.

ભવમ્ - ભવગ્રહણ, સર્વબંધશાટકનો અંતરકાળ, ત્રણ સમયહીન સર્વબંધનો, ક્ષુલ્લક તો સંપૂર્ણ શાટકનો જાણવો. ઈત્યાદિ - X - તેનો ભાવાર્થ ભાષ્ય ગાથાથી જાણવો. જેમકે – સર્વ સંઘાત અંતરકાળ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ છે, બે વિગ્રહગતિના સમય અને ત્રીજો સંઘાતનો સમય. તે ક્ષુલ્લક ભવ ધરીને પરભવમાં અવિગ્રહ ગતિએ જાય ત્યારે પરભવના પ્રથમ સમયે સંઘાતયત જાણવો ઉત્કૃષ્ટ ૩૩-સમયાધિક પૂર્વકોટિ અધિક, તે સાગરોપમ અવિગ્રહથી આ સંઘાત છે. પૂર્વકોટિ આયુ ધારણ કરીને, દેવતા શ્રેષ્ઠનું આયુ ભોગવી, આ ત્રીજા સમયે સંઘાતયત થાય – - X - X - X - X - હવે સંઘાત-પરિશાટ અંતર ઉભયરૂપ જણાવવા કહે છે –

● ભાષ્ય-૧૬૬-વિવેચન :-

ઔદારિક સંબંધી ગ્રહણ શાટન ઉભયરૂપનું જઘન્ય અંતર એક સમય છે, ઉત્કૃષ્ટ તો ત્રણ સમય સહિત ૩૩-સાગરોપમ છે. ભાવાર્થ માટે ભાષ્યગાથા કહે છે – ઉભયાંતર જઘન્ય સમય નિર્વિગ્રહથી સંઘાતમાં પરમ તે ત્રણ સમય અને ૩૩-સાગરોપમ થાય, દેવાયુમાં ૩૩-સાગરોપમ ભોગવીને અહીં આવીને ત્રીજા સમયે સંઘાતવત જ જાણવું. ઔદારિકને આશ્રીને સર્વ સંઘાતાદિ વક્તવ્યતા કહી.

હવે વૈક્રિયને આશ્રીને કહે છે –

● ભાષ્ય-૧૬૭-વિવેચન :-

વૈક્રિય સર્વ સંઘાત જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બે સમય છે. વળી વૈક્રિય વિકુર્વણામાં સાડન તો એક જ સમય નિર્દેશાયેલ છે.

વૈક્રિયસંઘાત, કાળથી સર્વસ્તોક સમય જ છે. તુ શબ્દ 'જ'કાર અર્થમાં છે. આ ઔદારિક શરીરીના વૈક્રિયલબ્ધિવાન્‌ના વિકુર્વણાના આરંભે અને દેવનારકોને તે પ્રથમ વખત શરીર ગ્રહણમાં હોય. બે સમય માન ઉત્કૃષ્ટ વૈક્રિય સંઘાત કાળ વર્તે છે. તે વળી ઔદારિક શરીરીને વૈક્રિયલબ્ધિવાળાને તેની વિકુર્વણાના આરંભે જ વૈક્રિયસંઘાત સમયથી

કરીને આયુના ક્ષયથી મરેલને અવિગ્રહગતિથી દેવોમાં ઉપજતાને વૈક્રિય સંઘાતથી જાણવો. શાટના વળી કાળથી સમય જ વૈક્રિયશરીર વિષય વિનિર્દિષ્ટ છે.

હવે સંઘાત પરિશાટના કાળમાન જ કહે છે –

● ભાષ્ય-૧૬૮-વિવેચન :-

સંઘાતન પરિશાટ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૩૩-સાગરોપમ હોય છે. ભાવાર્થ આ પ્રમાણે છે – ઉભયમાં જઘન્ય એક સમય થાય છે. તે વળી બે સમય વૈક્રિય મરેલને હોય. પરમતર [ઉત્કૃષ્ટ] સંઘાત સમય હીન ૩૩-સાગરોપમ છે. હવે વૈક્રિયને આશ્રીને જ સંઘાતાદિ અનંતરને જણાવવા કહે છે.

● ભાષ્ય-૧૬૯-વિવેચન :-

ઉભયનો સર્વગ્રહ અને શાટણ તથા વૈક્રિયના, તે અંતર એક સમય છે, શાટનો વિરહ અંતર્મુહૂર્ત્ત છે. ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાળ પ્રમાણ છે.

અહીં સર્વગ્રહ એટલે સંઘાત અને સંઘાતપરિશાટ અને શાટણ. અંતર-વિરહકાળ, વૈક્રિયશરીર સંબંધી સમય અને સંઘાત ઉભયનો, શાટનું અંતર્મુહૂર્ત્ત, આ જઘન્ય ત્રણેમાંથી કઈ રીતે જાણવું? તેથી કહે છે – ઉત્કૃષ્ટ વૃક્ષકાળ - અનંતથી નિર્વૃત્ત અર્થાત્ વૃક્ષકાલિક. ભાવાર્થ આ રીતે છે –

સંઘાત અક્ષર સમય, બે સમય વૈક્રિય, મૃતનો ત્રીજામાં, તે સ્વર્ગમાં સંઘાતયતનો ત્રીજા કે મૃતનો ત્રીજો. ઉભયનો ચિરવિકુર્વિત મૃતનો દેવમાં સવિગ્રહ જનારનો. શાટનનું અંતર્મુહૂર્ત્ત, ત્રણેનું પણ ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ.

વૈક્રિય શરીરાશ્રિત સંઘાતાદિ વક્તવ્યતા કહી. હવે આહારકને આશ્રીને તેનું પ્રતિપાદન કરે છે –

● ભાષ્ય-૧૭૦-વિવેચન :-

આહારક શરીરમાં સંઘાત અને પરિશાટન એક સમયના હોય છે. ઉભય - બંને જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત હોય છે.

आहार - આહારકશરીર, સંઘાત-પ્રાથમિક ગ્રહ, પરિશાટ - પર્યન્તે અને મોક્ષ. કાળથી સમય તુલ્ય થાય છે. અર્થાત્ સંઘાત પણ એક સમય અને શાન પણ એક સમય છે. ઉભય - સંઘાત અને પરિશાટ બંને ગ્રહણ કરાય છે. તે જઘન્ય - ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત વર્તે છે. - x - પણ ઉત્કૃષ્ટથી જઘન્ય અંતર્મુહૂર્ત્તને લઘુતર જાણવું.

હવે આહારકને આશ્રીને સંઘાતાદિ અંતર જણાવે છે –

● ભાષ્ય-૧૭૧-વિવેચન :-

બંધન, શાટ અને ઉભયનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ અંતર દેશોન અપાર્દ્ધ પુદ્ગલપરાવર્ત છે. અહીં बंधन - સંઘાત, उभय - સંઘાત અને શાટ, સર્વ સ્તોક અંતર્મુહૂર્ત્ત વિરહકાળ અર્થાત્ એક વખત પરિત્યાગ પછી અંતર્મુહૂર્ત્તે જ તેનો આરંભ થાય. ઉત્કૃષ્ટથી દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત કાળ થાય. કેમકે સમ્યગ્ દૃષ્ટિકાળનો ઉત્કૃષ્ટનો પણ આટલો જ પરિણામ છે – આહારક શરીરને આશ્રીને સંઘાતાદિ કથન કર્યુ. હવે તૈજસ અને કાર્મણ શરીરને આશ્રીને કહે છે –

● ભાષ્ય-૧૭૨-વિવેચન :-

તૈજસ અને કાર્મણ બંને શરીરને અનાદિ સંતાનના કારણથી સંઘાત નથી, કેમકે તેનું પ્રથમપણે ગ્રહણ નથી. કેમકે પૂર્વે જ સિદ્ધિના પ્રસંગ છે. કેટલાંક ભવ્યોને

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (14)



શાટણ હોય. ક્યારે? શૈલેશીના ચરમ સમયમાં. તે એક સમયનું જ હોય છે.

● ભાષ્ય-૧૭૩-વિવેચન :-

સંઘાત અને પરિશાટ ઉભય પ્રવાહને આશ્રીને સામાન્યથી અનાદિ અનંત છે. કેટલાંક ભવ્યોને શાંત હોય છે. બધાંને સાંત ન હોય. અનાદિ ભાવથી અને અત્યંત વિયોગથી બંને શરીરમાં અંતર સંભવતું નથી.

અથવા આ અન્ય જીવ પ્રયોગ નિર્વૃત્ત ચાર ભેદે કરણ હોય છે.

● ભાષ્ય-૧૭૪-વિવેચન :-

અથવા સંઘાત, શાટન, ઉભય, ઉભયનિષેધ [આ ચાર કરણો છે.] પટ, શંખ, શકટ, ઠુંઠુ એ જીવપ્રયોગમાં અનુક્રમે ચાર દૃષ્ટાંતો છે.

અથવા શબ્દ બીજો પ્રકાર દર્શાવે છે. સંઘાત તે સંઘાત કરણ, સાતન તે સાતન કરણ, ઉભય તે સંઘાતશાતન કરણ, ઉભયનિષેધ તે સંઘાત સાતન શૂન્ય. આના જ ઉદાહરણો દર્શાવતા કહે છે – પટ આદિ. જીવ પ્રયોગ કરણાં તે કાયવ્યાપારને આશ્રીને અનુક્રમે આ ઉદાહરણો જાણવા. જેમકે પટતંતુ સંઘાત સ્વરૂપ હોવાથી તેમાં સંઘાતકરણ, શંખમાં એકાંત સાટકરણ હોવાથી શાટ કરણ, શકટ-ગાડુ, છોલવામાં કીલિકાદિ યોગથી ઉભય કરણ, ઠુંઠામાં વળી ઉર્ધ્વ તિર્યક્કરણના યોગથી સંઘાટ-શાટ વિરહથી ઉભય શૂન્ય.

[શંકા] જે-જે નિર્જીવોને આશ્રીને પ્રયોગ થાય તે અજીવકરણ જ છે ઈત્યાદિ, તેથી અહીં અજીવ કરણતા જ યુક્તિયુક્ત છે. [સમાધાન] ના, તેમ નથી. અભિપ્રાયના અપરિજ્ઞાનથી તમે આવું કહો છો. - x - ''જીવના પ્રયોગથી કરવું'' આવી વ્યુત્પત્તિથી ''જીવ પ્રયોગકરણ'' એમ પણ કહી શકાય.

દ્રવ્ય કરણ કહ્યું. હવે ક્ષેત્ર કરણનો અવસર છે –

● નિર્યુક્તિ-૧૦૧૭-વિવેચન :-

ક્ષેત્રનું કરણ નથી, કેમકે આકાશ ક્ષેત્ર તે અકૃત્રિમ ભાવ છે. છતાં પણ વ્યંજન પર્યાપન્ન તેનું પણ કરણ થાય છે. જેમકે - ઈક્ષુકરણાદિ.

નભ-આકાશ ક્ષેત્રનું નિર્વૃત્તિ કારણથી મુખ્ય વૃત્તિએ કરણ વિદ્યમાન નથી. કેમકે આકાશ ક્ષેત્ર એ અકૃતક પદાર્થ છે. તે નિત્ય હોવાથી તેના કારણથી ઉપપત્તિ નથી. તેમ છતાં નિર્યુક્તિકારે જે નિક્ષેપગાથા મૂકી, તેનું કારણ એ છે કે – વ્યંજન પર્યાય પામીને પણ ઈક્ષુકરણાદિ હોય જ છે. અહીં વ્યંજન શબ્દથી ક્ષેત્રના અભિવ્યંજનકત્વથી પુદ્ગલો ગ્રહણ થાય છે. તેના સંબંધથી પર્યાય કુથંચિત્ પૂર્વાવસ્થા છોડીને બીજી અવસ્થા પામે છે. - x - x - તેથી પર્યાય દ્વારથી ક્ષેત્રકરણ છે. ઉપચાર માત્રથી ઈક્ષુકરણાદિ કહ્યા. જેમકે - ઈક્ષુક્ષેત્ર કરણ, શાલિક્ષેત્ર કરણ ઈત્યાદિ.

ક્ષેત્ર કરણ કહ્યું. હવે કાલકરણ કહે છે, તેની ગાથા –

● નિર્યુક્તિ-૧૦૧૮-વિવેચન :-

કાળમાં પણ કરણ નથી, તો પણ વ્યંજનના પ્રમાણથી - બવ, બાલવ આદિ કરણોથી અનેક પ્રકારે વ્યવહાર થાય છે. - - - કલન, કલાસમૂહ તે કાળ. તે કાળમાં પણ કરણ નથી. કેમકે તેનું વર્તનાદિ રૂપ છે. સમયાદિ અપેક્ષામાં પર ઉપાદાનત્વથી આ ભાવના છે. છતાં નિર્યુક્તિમાં ઉપન્યાસ કર્યો કેમકે તે પણ વ્યંજન પ્રમાણથી થાય છે. અહીં વ્યંજન શબ્દથી વર્તના આદિ અભિવ્યંજકત્વથી દ્રવ્યો ગ્રહણ કરાય છે. તેના

પ્રમાણથી, તેના બળથી થાય છે. તેથી કહે છે – વ્યવહાર નયથી સમયાદિ કાલ અપેક્ષાથી કાલકરણ છે - X - X - બવ, બાલવ, કોલવ, સ્ત્રીવિલોચન, ગર, વણિજ્, વિષ્ટી આ સાત કરણ ચલ વર્ત્તે છે. બીજા-શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન એ સ્થિર કરણો છે. કૃષ્ણ ચૌદશની રાત્રે શકુનિ, બાકીના ત્રણ કરણ ક્રમશઃ હોય છે. અહીં ભાવના આ પ્રમાણે છે – કૃષ્ણ ચૌદશની રાત્રે શકુનિ કરણ હોય, બાકીના ત્રણ ચતુષ્પદ આદિ કરણ અમાસના દિવસે અને રાત્રે હોય. પછી એકમના દિવસે કહ્યું. પછી શુદ્ધ એકમની રાત્રિમાં બવ આદિ હોય ચે.

આ કરણને જાણવા માટે પક્ષની તિથિને બે વડે ગુણી જો શુક્લ પક્ષ હોય તો બે રૂપ ઓછી કરવી, પછી સાત વડે ભાગતા જે આવે તે દિવસ સંબંધી કરણ થાય છે, તેને જ એકરૂપ અધિક કરતાં રાત્રિનું કરણ આવે છે. અહીં આવી ભાવના છે - અધિકૃત દિવસના કરણ જ્ઞાનાર્થે પક્ષની તિથિને બે વડે ગુણતા જેમકે શુક્લ ચોથને બે વડે ગુણતા આઠ આવે. શુક્લપક્ષને બે વડે હીન કરતાં છ વધે. તેને સાત વડે ભાંગતા દૈવસિક કરણ આવે છે. અહીં ભાગ થતો નથી તેથી છ જ રહ્યા. તેથી બવ આદિ ક્રમથી ચાર પ્રહરવાળા કરણ ભોગથી ચોથને દિવસે વણિજ્ કરણ થાય છે. તે પ્રમાણે રાત્રિમાં એક વધતા વિષ્ટિ કરણ થાય. જો કૃષ્ણપક્ષમાં બે સંખ્યા ન ઘટાડાય. એ પ્રમાણે બધે ભાવના કરવી.

કહ્યું છે કે – કૃષ્ણપક્ષની રાત્રે ત્રીજ અને દશમે તથા દિવસના સાતમે અને ચૌદશે વિષ્ટિ. તે શુક્લપક્ષના ચોથ અને એકમની રાત્રે અને દિવસે આઠમે અને પૂનમે હોય. તથા શુક્લપક્ષની એકમે રાત્રે, પાંચમે દિવસે, આઠમે રાત્રે, બારસના દિવસે અને પૂનમે રાત્રે બવ કરણ હોય છે. કૃષ્ણ પક્ષની ચોથે દિવસે અને સાતમે રાત્રિના અને ૧૧ના દિવસે બવ કરણ હોય.

કાળ કરણ કહ્યું. હવે ભાવકરણ કહે છે. તેમાં ભાવ એટલે પર્યાય. તે જીવ અને અજીવ ઉપાધિના ભેદથી બે ભેદે છે. કરણ પણ સામાન્યથી બે ભેદે હોય છે. તેથી કહે છે –

• નિર્યુક્તિ-૧૦૧૯-વિવેચન :-

ભાવમાં જીવ અને અજીવ કરણ છે, તેમાં અજીવકરણ વર્ણાદિનો ફેરફાર છે. જીવકરણ બે ભેદે – શ્રુતકરણ અને નોશ્રુતકરણ. - X - અહીં અલ્પ વક્તવ્યત્વથી અજીવ ભાવકરણ પહેલાં કહે છે, - X - X - વર્ણ આદિ - જે બીજાના પ્રયોગ વિના વાદળા વગેરેના જુદા જુદા રંગો થાય તે, અહીં आदि શબ્દથી ગંધ આદિ લેવા. [શંકા] આને પહેલાં દ્રવ્ય વિશ્રસાકરણ કહેલ જ છે. તો અહીં ભાવ કરણ કેમ કહો છો ? અહીં ભાવનો અધિકાર હોવાથી પર્યાયની પ્રધાનતાને આશ્રીને એમ કહેલ છે. દ્રવ્યવિશ્રસામાં દ્રવ્યની પ્રધાનતા છે.

જીવકરણ બે પ્રકારે છે – શ્રુતકરણ અને નોશ્રુતકરણ. શ્રુતના જીવ ભાવત્વથી શ્રુતભાવકરણ, નોશ્રુતભાવકરણ તે ગુણ કરણાદિ છે.

હવે જીવ ભાવકરણનો અધિકાર છે. તેને જ યથોદ્દિષ્ટ તે પ્રમાણે જ ભેદથી પ્રતિપાદિત કરવા કહે છે.

• નિર્યુક્તિ-૧૦૨૦-વિવેચન :-

શ્રુત બે પ્રકારે – બદ્ધ અને અબદ્ધ. બાર અંગમાં નિર્દેશ કરેલ તે બદ્ધ અને

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (15)



તેનાથી વિપરીત તે અબદ્ધ. બદ્ધ પણ નિશીથ અને અનિશીથ એમ બે પ્રકારે છે. ગાથામાં 'तु' શબ્દ લૌકિક અને લોકોત્તર ભેદથી છે. તેમાં તેમાં પદ્ય, ગદ્ય બંધનથી બદ્ધ શાસ્ત્રોપદેશવત્ છે. તેથી કહ્યું – બદ્ધ એટલે દ્વાદશાંગ, આચારાદિ ગણિપિટક નિર્દિષ્ટ. तु શબ્દ વિશેષણાર્થત્વથી આ લોકોત્તર છે. લૌકિક તે ભારત આદિ જાણવા. તેનાથી વિપરીત તે અબદ્ધ છે.

બદ્ધશ્રુતને નિશીથ અને અનિશીથ બે ભેદ છે. તેમાં રહસ્યપાઠ અને રહસ્ય ઉપદેશથી જે પ્રચ્છન્ન છે, તે નિશીથ કહેવાય છે. પ્રગટ પાઠકે પ્રગટ ઉપદેશત્વથી છે તે અનિશીથ કહેવાય છે.

હવે નિશીથ અને અનિશીથના જ સ્વરૂપને પ્રતિપાદન કરે છે.

• નિર્યુક્તિ-૧૦૨૧-વિવેચન :-

ભૂત, અપરિણત, વિગત ઈત્યાદિ વિશેનું જેમાં હોય તે નિશીથ નથી, ગુપ્ત અર્થવાળું જે હોય તે નિશીથ, જેમકે નિશીથ અધ્યયન.

भूत - ઉત્પન્ન, अपरिणत - નિત્ય, विगत - વિનષ્ટ. અહીં એવું કહેવા માંગે છે - ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ધ્રુવ છે. આના વડે શબ્દ કરણ ઉક્તિ કહી. એ જ ભૂતાદિ શબ્દકરણ - નિષીથ થતું નથી કેમકે પ્રકાશપાઠ અને પ્રકાશ ઉપદેશત્વથી કહ્યું. નિશીથ તે રહસ્યપાઠ કે રહસ્ય ઉપદેશથી નિશીથ નામે અધ્યયન છે અથવા નિશીથને ગુપ્તાર્થ કહે છે. જેમકે –

• નિર્યુક્તિ-૧૦૨૨-વિવેચન :-

અગ્રાયણીય પૂર્વમાં પાઠ છે કે જેમ – જ્યાં એક દ્વીપાયન હણાય ત્યાં ૧૦૦, જ્યાં ૧૦૦ હણાય ત્યાં ૧ હણાય. જ્યાં ૧ ખાય ત્યાં ૧૦૦ ખાય અને જ્યાં ૧૦૦ ખાય ત્યાં ૧-ખાય. – આની પરંપરાના અભાવે વ્યાખ્યા કરી નથી, એટલે આ ગુપ્ત અર્થવાળું છે. કેમકે આનું તાત્પર્ય સ્પષ્ટ નથી.

• નિર્યુક્તિ-૧૦૨૩-વિવેચન :-

એ પ્રમાણે પહેલાં કહેલ શ્રુત તે બદ્ધ, અબદ્ધના ૫૦૦ આદેશ છે. જેમ એક મરુદેવી માતા અત્યંત સ્થાવરથી સિદ્ધ થયા.

એ પ્રકારે बद्ध તે લોકોત્તર, લૌકિકમાં અહીં અરણ્યકાદિ જાણવા. अबद्ध ના ૫૦૦ આદેશ છે. જેમ એક - તે સમયમાં બીજા મરુદેવી એટલે કે ઋષભદેવની માતા, વનસ્પતિકાયથી ઉદ્વર્તીને સિદ્ધ-નિષ્ઠિતાર્થ થયા. ઉપલક્ષણથી બીજા પણ આદેશ છે. જેમ સ્વયંભૂરમણ સમુદ્રના માછલા અને કમલપત્રો વલયવર્જી બધાં આકારના સંભવે છે. - X -

અહીં વૃદ્ધ સંપ્રદાય એવો છે કે – આર્હત્ પ્રવચનમાં ૫૦૦ આદેશ જે અનિબદ્ધ છે, તેમાં એક મરુદેવાનો પાઠ અંગમાં નથી, ઉપાંગમાં પણ નથી. જેમકે અત્યંત સ્થાવર થઈ અનાદિ વનસ્પતિથી સિદ્ધ થયા. બીજું સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યોનું સંસ્થાન સર્વાકારે હોય ઈત્યાદિ. ત્રીજું વિષ્ણુકુમાર મુનિએ સાધિક એક લાખ યોજનનું વૈક્રિય શરીર બનાવ્યું. ચોથું કુરુટ અને ઉત્કુરુટ બંને ઉપાધ્યાય હતા. કુણાલા નગરીને વરસાદ વડે ભીંજવીને જળબંબાકાર બનાવી દીધી તે આ પ્રમાણે–

કુણાલામાંથી કુરુટ અને ઉત્કુરુટને નગરજનોએ કાઢી મૂક્યા. રોષથી કુરુટે કહ્યું – હે દેવ ! કુણાલામાં વરસ. ઉત્કુરુટે કહ્યું – પંદર દિવસ સુધી. ફરી કુરુટે કહ્યું

– મુષ્ઠિ માત્રા ધારા વડે, ફરી ઉત્કુરુટે કહ્યું. જેમ રાત્રિમાં તેમ દિવસમાં. એમ કહીને નીકળી ગયા. કુણાલામાં પંદર દિવસ સુધી અનુબદ્ધ વર્ષાથી જનપદ સહિત નગરી પાણી વડે અપકાંત થઈ. પછી તે બંને ત્રીજા વર્ષે સાકેત નગરમાં કાળ કરીને અધઃસપ્તમી નરકમાં બાવીશ સાગરોપમ સ્થિતિક નૈરયિક થયા.

કુણાલા નગરીના વિનાશકાળથી તેરમે વર્ષે ભગવંત મહાવીરને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ.

આ બધાં અબદ્ધના દૃષ્ટાંતો કહ્યા, તે ૫૦૦ આદેશ છે. - X - X - X - X - શ્રુતકરણ કહ્યું, હવે નોશ્રુતકરણ કહે છે –

● નિર્યુક્તિ-૧૦૨૪-વિવેચન :-

નોશ્રુતકરણ બે ભેદે છે – ગુણકરણ અને યોજનાકરણ. ગુણકરણ બે ભેદે છે – તપકરણ અને સંયમ કરણ. - - - શ્રુતકરણ ન હોય તે નોશ્રુતકરણ. ગુણકરણ - ગુણોનું કરણ કે ગુણોની કૃતિ. યોજના કરણ - મન વગેરેની વ્યાપારકૃતિ. ગુણકરણ વળી બે ભેદે છે – તપકરણ, તેમાં અનશનાદિ બાહ્ય-અભ્યંતર ભેદથી કરણ તે તપકરણ. તથા સંયમકરણ તે પાંચ આશ્રવના વિરમણાદિનું કરણ.

હવે યોજના કરણની વ્યાખ્યા –

● નિર્યુક્તિ-૧૦૨૫-વિવેચન :-

યોજનાકરણ ત્રણ ભેદે છે – મન, વચન, કાયાથી. મનમાં સત્ય આદિની યોજના કરવી. સ્વસ્થાને તેના ભેદો ચાર, ચાર અને સાત છે.

મનોવિષયક આ રીતે – (૧) સત્ય મનોયોજના કરણ, (૨) અસત્ય મનોયોજના કરણ, (૩) સત્યમૃષા મનોયોજના કરણ, (૪) અસત્યામૃષા મનોયોજના કરણ. સ્વસ્થાનમાં - પ્રત્યેક મન-વચન-કાય લક્ષણમાં, યોજના કરણના વિભાગ ચાર, ચાર, સાત છે. તેનો ભાવાર્થ આ છે - મનોયોજના કરણ ચાર ભેદે - સત્યમનોયોજના કરણાદિ, વાક્યોજના કરણ પણ ચાર ભેદે, કાય યોજના કરણ સાત ભેદે છે – ઔદારિકકાય યોજના કરણ, એ પ્રમાણે ઔદારિક મિશ્ર૦, વૈક્રિયકાય૦, વૈક્રિયમિશ્ર૦ આહારકકાય૦, આહારક મિશ્ર૦, કાર્મણકાય યોજના કરણ. આ ઉદ્દિષ્ટકરણ સુધી કહ્યું.

હવે જેનો અધિકાર છે, તે દર્શાવવા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૨૬-વિવેચન :-

ભાવશ્રુત શબ્દ કરણમાં અહીં અધિકાર જાણવો. નોશ્રુતકરણમાં ગુણકરણ-યોજનાકરણમાં યથાસંભવ અધિકાર હોય છે.

અહીં ભાવશ્રુત શબ્દકરણમાં શ્રુતસામાયિકનો અધિકાર છે. ચારિત્ર સામાયિકનો નથી. આ ભાવશ્રુત સામાયિકનો ઉપયોગ જ છે. શબ્દકરણ પણ અહીં તે શબ્દ વિશિષ્ટ શ્રુતભાવ જ વિવક્ષિત છે પણ દ્રવ્યશ્રુત નથી. નોશ્રુતકરણને આશ્રીને ગુણકરણ અને યોજનાકરણ યથાસંભવ હોય છે. તેમાં યથાસંભવ ગુણ કરણમાં ચારિત્ર સામાયિકનો અવતાર છે કેમકે ચારિત્ર, તપ-સંયમગુણાત્મકત્વથી છે. યોજનાકરણમાં મન-વચન યોજનામાં સત્ય, અસત્યામૃષ બંને બંનેમાં વિચારવા.

કાય યોજનામાં પણ બંને આદ્યને કહેવા.

હવે સામાયિક કરણ જ અવ્યુત્પન્ન વિનેય વર્ગ વ્યુત્પાદનાર્થે સાત અનુયોગ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (16)



દ્વાર વડે કૃત-અકૃતાદિથી નિરૂપતા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૨૭-વિવેચન :-

(૧) કૃતાકૃત, (૨) કોના વડે કૃત, (૩) કયા દ્રવ્યોમાં કરાય છે ? (૪) ક્યારે કરનારો હોય છે ?, (૫) નયથી, (૬) કરણ કેટલા પ્રકારે છે અને (૭) કેવી રીતે પ્રાપ્ત થાય છે ? સામાયિકનું કરણ એ ક્રિયા સાંભળીને શિષ્ય આક્ષેપ કરે છે - આ સામાયિક આ ક્રિયાની પૂર્વે શું કરીને કરાય છે ? અથવા અકૃત છે ? બંનેમાં પણ દોષ છે. કૃત પક્ષમાં ભાવથી જ કરણની ઉપપત્તિ નથી. અકૃત્ પક્ષમાં પણ વેધ્યાના પુત્રની જેમ કરણની ઉપપત્તિ થઈ શકતી નથી. તેનો ઉત્તર આપતા કહે છે –

સામાયિક કૃતાકૃત છે. અહીં નયના મતથી ભાવના કરવી, ''કોના વડે કરાયુ'' તે કહેવું. કયા દ્રવ્યમાં - ઈષ્ટાદિમાં કરાય છે ?, આનો કરનારો ક્યારે હોય છે, તે વક્તવ્ય, કોના વડે આલોચનાદિ નયથી, કરણ કેટલા ભેદે છે, કયા પ્રકારે સામાયિક પમાય. તે વક્તવ્ય.

અવયવાર્થ પ્રતિદ્વારે ભાષ્યકાર જ કહે છે. તેમાં પહેલા દ્વારનો અવયવાર્થ જણાવવા કહે છે –

● ભાષ્ય-૧૭૫-વિવેચન :-

ઉત્પન્નાનુત્પન્ન, કૃતાકૃતમાં નમસ્કારની જેમ જાણવું. કોના વડે - અર્થથી તેને જિનેશ્વરે કર્યુ અને સૂત્રથી ગણધરોએ કર્યુ.

બધી જ વસ્તુ ઉત્પન્ન-અનુત્પન્ન કરાય છે. કેમકે વસ્તુ દ્રવ્ય, પર્યાય અને ઉભયરૂપપણે છે. અહીં નૈગમાદિ નયો વડે ભાવના કરવી જોઈએ. તેથી જ કહે છે – જેમ નમસ્કારમાં નય ભાવના કરી તેમજ અહીં કરવી જોઈએ. તે નમસ્કાર અનુસાર જ ભાવવા યોગ્ય છે.

તે પુનઃભાવના - અહીં કેટલાંક ઉત્પન્ન ઈચ્છે છે, કેટલાંક અનુત્પન્ન ઈચ્છે છે. તે નૈગમાદિ સાત મૂલ નયો છે. તેમાં નૈગમ અનેકવિધ છે. તેમાં આદિ નૈગમમાં અનુત્પન્ન કરાય છે, ઉત્પન્ન નહીં. જેમ પંચાસ્તિકાય નિત્ય છે, એ પ્રમાણે સામાયિક પણ કદી ન હતી - નથી કે નહીં હોય તેમ નથી, પણ હતી - છે અને હશે. ધ્રુવ, નૈત્યિક, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે. તે સામાયિકને કોઈએ ઉત્પન્ન કરેલ નથી. ભલે ભરત અને ઐરવતમાં તે વિચ્છેદ પામે છે પણ મહાવિદેહમાં તે અવ્યવચ્છિન્ન હોવાથી અનુત્પન્ન છે.

બાકીના નૈગમ અને સંગ્રહાદિ છ નયોના મતે તે ઉત્પન્ન છે. કેમકે પંદરે પણ કર્મભૂમિમાં પુરુષને આશ્રીને ઉત્પન્ન થાય છે. જો ઉત્પન્ન છે તો કઈ રીતે ઉત્પન્ન થઈ ? ત્રણ સ્વામીત્વથી ઉત્પત્તિ થાય છે. તે આ પ્રમાણે - સમુત્થાનથી, વાચનાથી, લબ્ધિથી.

તેમાં કયો નય, કઈ ઉત્પત્તિ ઈચ્છે છે ? તેમાં જે પહેલા સિવાયના નૈગમો છે, અને સંગ્રહ તથા વ્યવહાર નય છે, તે ત્રણે પ્રકારે ઉત્પત્તિને ઈચ્છે છે. સમુત્થાન વડે - જેમકે તીર્થંકરના પોતાના ઉત્થાનથી. વાચના વડે - વાચનાચાર્યની નિશ્રાથી, જેમ-ભગવંતે ગૌતમસ્વામીને કહી. લબ્ધિ વડે - અભવ્યને નથી, ભવ્યને વળી ઉપદેશક સિવાય પણ પ્રતિમાદિ જોઈને, સામાયિક આવરક કર્મોના ક્ષયોપશમથી સામાયિક લબ્ધિ ઉત્પન્ન થાય છે. જેમ - સ્વયંભૂરમણ સમુદ્રમાં પ્રતિમા આકારના મત્સ્ય, પદ્મ પત્રો પણ પ્રતિમા સંસ્થિત અને સાધુ સંસ્થિત હોય છે. ત્યાં વલય સંસ્થાનને છોડીને બધાં

આકારના માછલા હોય છે. તેવા આકાર જોઈને કોઈને સમ્યક્ત્વ, શ્રુત, ચારિત્રાચારિત્ર સામાયિકાદિ ઉત્પન્ન થાય.

ઋજુસૂત્ર નય પહેલા સમુત્થાન વડે સામાયિકને ઈચ્છતા નથી. કયા કારણે ? ભગવંત જ ઉત્થાન છે, તે જ ગૌતમ વગેરેના વાચનાચાર્ય છે, તેથી બે ભેદે વાચના સ્વામિત્વ અને લબ્ધિ સ્વામિત્વ છે. જે કહ્યું છે કે – વાચનાચાર્યની નિશ્રાથી સામાયિક લબ્ધિ જેને ઉત્પન્ન થાય.

ત્રણ શબ્દ નયો લબ્ધિને ઈચ્છે છે. જે કારણે ઉત્થાન અને વાચનાચાર્ય વિદ્યમાન હોવા છતાં અભવ્યને ઉત્પન્ન થતી નથી.

એ પ્રમાણે ઉત્પન્ન કે અનુત્પન્ન સામાયિક કરાય છે. કૃતાકૃત દ્વાર કહ્યું. હવે બીજા દ્વારને આશ્રીને કહે છે – "કોણે કરી." તેનો ઉત્તર છે કે અર્થને આશ્રીને તે સામાયિક તીર્થંકરો વડે કહેવાઈ, સૂત્રને આશ્રીને ગણધરો વડે કહેવાઈ. આ વ્યવહાર મત છે. નિશ્ચય મતે તો વ્યક્તિની અપેક્ષાથી જે જેનો સ્વામી, તે તેના વડે જ છે. વ્યક્તિ અપેક્ષાથી અહીં તીર્થંકર અને ગણધરનો ઉપન્યાસ જાણવો. કેમકે પ્રધાન વ્યક્તિ છે. - x - x - x - હવે કયા દ્રવ્યોમાં કરાય છે, તેનું વિવરણ કરે છે –

● ભાષ્ય-૧૭૬-વિવેચન :-

તે કયા દ્રવ્યોમાં રહીને કરાય છે ? ત્યાં નૈગમ કહે છે – ઈષ્ટ દ્રવ્યોમાં, બાકીના નયો કહે છે – સર્વે દ્રવ્યોમાં પણ સર્વે પર્યાયોમાં નહીં.

નૈગમનય કહે છે – ઈષ્ટ દ્રવ્યો મનોજ્ઞ પરિણામના કારણપણે હોવાથી મનોજ્ઞ શયન, આસનાદિ દ્રવ્યોમાં કરાય છે. નૈગમવાદી કહે છે કે – મનોજ્ઞ ભોજન કરીને, મનોજ્ઞ શયન-આસને, મનોજ્ઞ ઘરમાં મુનિ મનોજ્ઞ ધ્યાન કરે. બાકીના - સંગ્રહાદિ નયો કહે છે – બધાં દ્રવ્યોમાં રહીને સામાયિક થાય, કે જ્યાં તે મનોજ્ઞ પરિણામ માને છે, બધાં પર્યાયોમાં અવસ્થાન અભાવે ન થાય. તેથી કહે છે – જે જ્યાં નિષધાદિમાં રહે છે, તે ત્યાં તેના સર્વ પર્યાયોમાં રહેતો નથી, કેમકે તેના એક ભાગમાં જ સ્થિત હોય છે. - x -

ભાષ્યકાર અહીં કહે છે – (૧) ઉપોદ્‌ઘાતમાં "શેમાં સામાયિક હોય છે." એમ પહેલા કહેલું છે, અહીં પાછી શેનાથી એ પૃચ્છા છે એટલે અહીં 'केसु' થી શું પૂછવા માંગો છો ? 'केसु' એ ત્યાં વિષય કહેલો, અહીં કયા દ્રવ્યોમાં રહેલાને સામાયિકનો લાભ થાય છે ? એવું પૂછે છે.

શેષ નયો કહે છે તેમ સર્વ દ્રવ્યોમાં રહેવાનું કેમ બને ? જાતિ માત્ર વચનથી આ કથન છે, કેમકે બધાં લોકો અવશ્ય ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોના આધારવાળા છે. અથવા ઉપોદ્‌ઘાતમાં સર્વે દ્રવ્યો સામાયિકના વિષયમાં આવે છે, એમ કહેલું. અહીં તો તે જ સામાયિકનો લાભ તેના હેતુભૂત સર્વે દ્રવ્યોમાં થાય છે, કેમકે શ્રદ્ધેય-જ્ઞેય-ક્રિયા નિબંધનત્વ એવું સામાયિક છે. - x - x - x - અથવા કૃતાકૃતાદિ દ્વારોમાં કાર્ય અથવા કોના વડે કરાયું તે કર્તા, કોનામાં ? તે કરણ ભાવ છે.

હવે ક્યારે આનો કારક થાય, તેની નિરૂપણા કરતાં કહે છે –

● ભાષ્ય-૧૭૭-વિવેચન :-

આ સામાયિકનો કારક ક્યારે હોય છે, એ પ્રશ્ન છે. તેનો ઉત્તર નયો વડે અપાય છે. ઉદ્દિષ્ટ-ઉદ્દેશો કરાય ત્યારે એમ નૈગમ માને છે. અહીં ભાવના આ પ્રમાણે



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (17)



છે – સામાન્યગ્રાહી નૈગમનયને ઉદ્દિષ્ટ માત્રથી જ સામાયિકમાં ગુરુ વડે શિષ્ય ન ભણાવાય તો પણ, તે ક્રિયા આરંભી ન હોવા છતાં તે સામાયિકનો કર્તા કહેવાય છે. અહીં ઉદ્દેશો પણ તે સામાયિકનું કારણ છે. તેમાં કારણમાં કાર્યનો ઉપચાર છે.

સંગ્રહ અને વ્યવહારનય માને છે કે ઉપસ્થિત થાય ત્યારે તે સામાયિકનો કારક બને છે. અહીં ભાવના આ પ્રમાણે છે – ઉદ્દેશો કરાયા પછી વાચનાને માટે જ્યારે વંદન કરીને ઉપસ્થિત થાય છે, ત્યારે અતિ નીકટનું કારણ હોવાથી તેને સામાયિકનો કારક માને છે.

ઋજુસૂત્ર માને છે – ભણવાનો આરંભ કરી દીધેલો હોય તે સામાયિકનો કારક મનાય છે. અર્થાત્ ઉદ્દેશા પછી, ગુરુના પાદમૂલે વાંદીને ઉપસ્થિત-સામાયિક ભણવાનો આરંભ કરેલ તે કારક કહેવાય. વૃદ્ધો કહે છે – માત્ર ભણતો નહીં, પરંતુ સમાપ્ત થતાં કારક કહેવાય, તેથી સામાયિક ક્રિયા કરતો પણ તેના ઉપયોગરહિત પણ કારક છે. કેમકે સામાયિકના અર્થમાં સામાયિક શબ્દ ક્રિયા તે અસાધારણ કારણ છે.

શબ્દ નયો માને છે કે સમાપ્ત થાય અને ઉપયુક્ત હોય તે સામાયિકને કારક થાય છે. શબ્દ ક્રિયા રહિત પણ સામાયિકમાં ઉપયુક્ત હોય તે કારક કહેવાય - x - . कदा कारक દ્વાર પૂરું થયું. - x - x -

● ભાષ્ય-૧૭૮-વિવેચન :-

આલોચના, વિનય, ક્ષેત્ર, દિશા, અભિગ્રહ, કાળ, નક્ષત્ર, ગુણસંપદા, અભિવ્યાહાર એ આઠ નયો કહેલા છે. તેમાં (૧) અભિમુખ્યતાથી ગુરુ સામે પોતાના દોષો કહેવા તે આલોચના નય. (૨) વિનય - પગ ધોવા વગેરે અનુરાગ આદિ (૩) ક્ષેત્ર - શેરડીનું ક્ષેત્ર આદિ, (૪) દિગભિગ્રહ - હવે કહેવાનાર રૂપ છે. (૫) કાળ, (૬) નક્ષત્ર સંપત્તિ, (૭) ગુણ-પ્રિયધર્માદિ (૮) અભિવ્યાહાર.

વિસ્તારાર્થે પ્રત્યેક પદ ભાષ્યકાર જ સમ્યગ્ રીતે કહેશે –

● ભાષ્ય-૧૭૯ :-

દીક્ષાને યોગ્ય હોય તેટલું ગૃહસ્થને વિશે આલોચન કરવું તથા સાધુને વિશે સૂત્ર, અર્થ, તદુભય અને ઉપસંપદામાં આલોચન કરવું.

દીક્ષાને યોગ્ય જે સ્ત્રી, પુરુષ, નપુંસકભેદે પ્રાણિ હોય, તેની તપાસ કરવી, તેટલી જ આલોચના કે અવલોકના ગૃહસ્થના વિષયમાં છે અર્થાત્ સર્વ ઉપાધિથી વિશુદ્ધ તે યોગ્ય કહેવાય છે. પછી તે અન્વેષણ વડે બધે જ આ વિધિ છે – તું કોણ છે ?, તારો નિર્વેદ કેવો છે ? ઈત્યાદિ પ્રશ્નોથી આક્ષેપ છે ત્યારપછી પ્રયુક્ત આલોચનની યોગ્યતા અવધારણા પછી તેને સામાયિક આપવી. પણ બાકીના પ્રતિષિદ્ધ દીક્ષાવાળાને ન આપવી. એવો નય-અભિપ્રાય છે. એમ ગૃહસ્થ-અકૃતસામાયિકને આલોચના કહી.

હવે કૃતસામાયિક - સાધુને માટે પ્રતિપાદન કરતા કહે છે – ઉપસંપદાવાળા સાધુમાં આલોચના વર્તે છે – સૂત્ર, અર્થ, તદુભયમાં. અહીં આ ભાવના છે – સામાયિક સૂત્રાદિ અર્થમાં જો ક્યારેક કોઈને ઉપસંપદા આપે, ત્યારે આ આલોચના આપે છે. અહીં વિધિ - સામાચારી કહી જ છે.

[શંકા] સામાયિકસૂત્ર અલ્પ છે, તો શા માટે, તેના અર્થમાં પણ સાધુને ઉપસંપદા હોય ? તેના અભાવે તે સાધુ કઈ રીતે થાય ? પ્રતિક્રમણ સિવાય તેની કઈ રીતે શુદ્ધિ થાય ? તેનો ઉત્તર આપે છે – મંદ, ગ્લાનાદિ વ્યાઘાતથી વિસ્મૃત સૂત્રવાળા યતિને

સૂત્રાર્થે પણ ઉપસંપદ્ અવિરુદ્ધ જ છે - X - તેનો અભાવે પણ, ત્યારે ચારિત્ર પરિણામયુક્ત હોવાથી તે યતિ જ છે. જેટલું સૂત્ર ભણેલ હોય, તેટલા પ્રમાણથી જ પ્રતિક્રમણ કરે.

હવે એક જ ગાથા વડે વિનયાદિ ત્રણે દ્વાર કહે છે —

● ભાષ્ય-૧૮૦,૧૮૧ :-

આલોચના કર્યા પછી વિનીતને પ્રશસ્ત ક્ષેત્રમાં તે સામાયિક અપાય છે. બે દિશાને સ્વીકારીને કે યથાક્રમે જ્યાં વિચરતા હોય ત્યાં, નિષિદ્ધ દિવસને છોડીને, મૃગશીર્ષાદિ નક્ષત્રોમાં, પ્રિયધર્માદિ ગુણસંપદા હોય ત્યારે સામાયિક આપવી જોઈએ.

આલોચના કરાયા પછી વિનીતને, પગ ધોવા અનુરક્ત હોવું ઈત્યાદિ વિનયવાળા એવા ભક્તિવંત આદિ ગુણવાન્ શિષ્યને તે સામાયિક અપાય છે. તે પણ અહીં-તહીં ગમે ત્યાં નહીં. તો ?

પ્રશસ્ત ક્ષેત્રમાં - ઈક્ષુ ક્ષેત્રાદિમાં. કહ્યું છે — ઈક્ષુવન, શાલિવન, પદ્મસરોવર, કુસુમિત વનખંડ, ગંભીરસાનુનાદમાં, પ્રદક્ષિણારૂપ જળ સ્થાન પાસે કે જિનગૃહમાં સામાયિક આપવી. પરંતુ ભાંગેલા, બળેલા, શ્મશાન, શૂન્યગૃહમાં કે અમનોજ્ઞ ઘરમાં, ક્ષાર-અંગાર-કચરો-અશુચિ આદિ અશુભ દ્રવ્યોથી દુષ્ટ ક્ષેત્રમાં આપવી ન જોઈએ.

દિશા અભિગ્રહ - પૂર્વ કે ઉત્તર દિશામાં દેવી તથા જે દિશામાં તીર્થંકર, કેવલિ, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદ પૂર્વી આદિ યાવત્ યુગપ્રધાનો વિચરતા હોય, યથાક્રમે તેમના ગુણની અપેક્ષાથી, તે દિશામાં યથાક્રમે અપાય છે. - X - ત્રણ દ્વાર ગયા. હવે કાલાદિ ત્રણ દ્વાર —

પ્રતિષિદ્ધ દિવસો - ચૌદશ આદિ છોડીને, અનિષિદ્ધ એવા પાંચમ આદિમાં આપવી. કહ્યું છે — ચૌદશ, પૂનમ, આઠમ, નોમ, છઠ્ઠ, ચોથ, બારસ બંને પક્ષની આ તિથિઓ છોડી દેવી. આ દિવસોમાં પ્રશસ્ત મુહૂર્તોમાં અપાય છે, અપ્રશસ્તમાં નહીં. મૃગશીર્ષાદિ નક્ષત્રોમાં દેવાય. કહ્યું છે કે — મૃગશીર્ષ, આર્દ્રા, પૂષ્ય, ત્રણે પૂર્વા, મૂલ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા એ દશ નક્ષત્રો જ્ઞાનના વૃદ્ધિકર છે. સંધ્યાગત, રવિગત, વિડ્ડેર, સંગ્રહ, વિલંબી, રાહુગત, ગ્રહભિન્ન એ સાત નક્ષત્રો વર્જવા.

તથા પ્રિયધર્માદિગુણ સંપત્તિ હોય તેને સામાયિક આપવી જોઈએ. કહ્યું છે — પ્રિયધર્મ, દૃઢધર્મ, સંવિગ્ન, અવદ્યભીરુ, અસઠ, ક્ષાંત, દાંત, ગુપ્ત, સ્થિરવ્રત, જિતેન્દ્રિય, ઋજુ એ ગુણ સંપદા શોધવી. હવે ચરમ દ્વાર —

● ભાષ્ય-૧૮૨-વિવેચન :-

કાલિક શ્રુતમાં સૂત્ર, અર્થ, તદુભયથી અભિવ્યાહાર હોય છે. દૃષ્ટિવાદમાં તો દ્રવ્ય-ગુણપર્યાયથી અભિવ્યવહાર જાણવો. તેમાં :- અભિ વ્યાહરણ એટલે - આચાર્ય અને શિષ્યના વચન-પ્રતિવચન. તે 'આચાર' આદિ કાલિક શ્રુતમાં સૂત્ર, અર્થ, તદુભયથી હોય છે. અહીં આ ભાવના છે - શિષ્ય વડે ઇચ્છાકારથી ''આ અંગાદિ ઉદ્દેશો કરો'' એમ કહેવાતા ઈચ્છા પૂર્વકના આચાર્ય વચન — ''હું આ સાધુને આ અંગ અધ્યયનનો ઉદ્દેશો ઉદ્દિશાવુ છું - વાંચના આપું છું - [કેવી રીતે ?] આપ્તઉદ્દેશ-પરંપરા જણાવવા ક્ષમાશ્રમણોના હાથથી પણ સ્વબુદ્ધિથી નહીં. સૂત્રથી, અર્થથી કે તદુભયતી. આ કાલિક શ્રુતમાં. ઉત્કાલિક શ્રુત-દૃષ્ટિવાદમાં કઈ રીતે ?

દ્રવ્ય, ગુણ, પર્યાયથી દૃષ્ટિવાદ-ભૂતવાદ જાણવો. તે અભિવ્યાહાર છે. અહીં એવું કહે છે કે — શિષ્યના વચન પછી આચાર્યવચન ઉદ્દેશુ છું - સૂત્ર અને અર્થથી. દ્રવ્ય-

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (18)



ગુણ-પર્યાય વડે, અનંતગમ સહિતથી. એ પ્રમાણે ગુરુ વડે સમાદિષ્ટ અભિવ્યાહાર પછી શિષ્યનો અભિવ્યાહાર આ રીતે - શિષ્ય બોલે કે ''આ મને ઉદ્દેશાવો''. હું પૂજ્યો વડે કરાતા અનુશાસનને ઈચ્છું છું. એ પ્રમાણે અભિવ્યાહાર. આઠમું દ્વાર નીતિવિશેષ વડે - નયો વડે કહ્યું — હવે અધિકૃત મૂલદ્વારમાં ''કરણ કેટલાં'' કહે છે.

● ભાષ્ય-૧૮૩-વિવેચન :-

ઉદ્દેશ, સમુદ્દેશ, વાચના, અનુજ્ઞા આ ચાર કરણ આચાર્ય વિશે હોય છે. શિષ્યને વિશે ઉદ્દેશ, સમુદ્દેશ, વાચના, અનુજ્ઞા કરે છે.

આ ગુરુ અને શિષ્યના સામાયિક ક્રિયા વ્યાપાર કરણ છે, તે ચાર ભેદે છે — ઉદ્દેશકરણ, સમુદ્દેશકરણ, વાચનાકરણ અને અનુજ્ઞાકરણ. છંદના ભંગના કારણે વાચનાકરણ પછી લખ્યુ છે, અન્યથા ક્રમ આ રહે — ઉદ્દેશ, વાચના, સમુદ્દેશ અને અનુજ્ઞા. आयरिय - ગુરુ વિષયક કરણ. શિષ્યમાં - શિષ્ય વિષયક ઉદ્દિશ્યમાન, વાચ્યમાન, સમુદ્દિશ્યમાન, અનુજ્ઞાયમાન કરણ. આ જે કહ્યું તે कतिविध નો ઉત્તર છે.

[શંકા] પૂર્વે અનેકવિધ નામાદિકરણ કહેલ જ છે, અહીં ફરી શા માટે કહ્યા ? [ઉત્તર] અહીં ગુરુ અને શિષ્યમાં દાન-ગ્રહણ કાળમાં ચાર ભેદે કરણ કહેલ છે. અથવા પૂર્વે અવિશેષથી કરણ કહ્યા. અહીં ગુરુ-શિષ્યની ક્રિયા વિશેષથી વિશેષિત છે. અથવા આ જ કરણનો અવસર છે - X -

હવે कथम् એ દ્વારની ગાથા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૨૮,૧૦૨૯-વિવેચન :-

સામાયિકનો લાભ કેવી રીતે થાય ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર છે. તે સામાયિકના સર્વવિઘાતી અને દેશવિઘાતી સ્પર્દ્ધકો હોય છે. આ સામાયિકાવરણ - જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મિથ્યાત્વ મોહનીય છે, તેમાં બે ભેદે સ્પર્દ્ધકો છે — દેશઘાતી અને સર્વઘાતી. તેમાં સર્વઘાતિમાં બધાં ઉદ્ઘાતિત થતાં દેશઘાતિ સ્પર્દ્ધકોમાં પણ અનંત ઉદ્ઘાતિત-ક્ષીણ થતાં અનંતગુણવૃદ્ધિથી પ્રતિ સમય વિશુદ્ધ્યમાન શુભ-શુભતર પરિણામ ભાવથી [કરેમિભંતેના] क કારને મેળવે છે. તેનાથી અનંત ગુણવૃદ્ધિથી પ્રતિસમય વિશુદ્ધ થતા रे વર્ણ પ્રાપ્ત થાય, એ રીતે બાકીના પણ જાણવા.

તેથી જ કહે છે — દેશઘાતિ સ્પર્દ્ધક અનંતવૃદ્ધિથી વિશુદ્ધ થતાં. શું ? એ પ્રમાણ क કારની પ્રાપ્તિ થાય, એ પ્રમાણે શેષ વર્ણોની પ્રાપ્તિ થાય છે. આ ભાવકરણ છે. એમ કરણ દ્વારમાં કહ્યું, તેની વ્યાખ્યા કરી.

[શંકા] ઉપક્રમદ્વારે કહ્યું કે આ — ક્ષયોપશમથી થાય છે. ફરી ઉપોદ્ઘાતમાં કહ્યું કે આ — कथं लभ्यते માં ત્યાં કહ્યું. અહીં किमर्थं પ્રશ્ન તે પુનરુક્તતા કહે છે. [સમાધાન] આ ત્રણે અપુનરુક્ત છે. કઈ રીતે ? ઉપશમમાં ક્ષયોપશમથી 'સામાયિક' પ્રાપ્ત થાય છે તેમ કહ્યું, ઉપોદ્ઘાતમાં તે જ ક્ષયોપસમ તેના કારણભૂત કઈ રીતે પ્રાપ્ત થાય તે પ્રશ્ન છે. અહીં ફરી વિશેષિતતર પ્રશ્ન છે - તે ક્ષયોપશમ ક્યાં કર્મનો છે.

હવે દ્વારનો ઉપસંહાર કરે છે - અનંતરોક્ત સામાયિક કરણ જે તે ભાવકરણ છે ઈત્યાદિ - X - મૂલ દ્વાર ગાથામાં करण એ દ્વારની વ્યાખ્યા કરી, આ વ્યાખ્યાનથી સૂત્રમાં પણ करेमि અવયવ કહ્યો. હવે બીજા અવયવની વ્યાખ્યા કરીએ છીએ—

● ભાષ્ય-૧૮૪ :-

ભયાંત તે ભયનો અંત કરનાર, રચના ભયના છ ભેદોની છે, છ પ્રકારે ભય

વર્ણવ્યા પછી અનુક્રમે અંતના પણ છ નિક્ષેપા છે.

ભદંત એટલે કલ્યાણકર - X - સુખકર. અથવા પ્રાકૃત શૈલિથી ભવાંત થાય છે. અહીં ભવ - સંસારનો અંત, તે આચાર્ય વડે કરાય છે તેથી ભવાંતકર, તથા ભયાંતકર. અહીં ભય એટલે ત્રાસ. તે આચાર્યને પામીને ભયનો અંત થાય માટે ભયાંત - ગુરુ અથવા ભયના અંતકને ભયાંતક. તેને આમંત્રણ છે.

રચના - નામ આદિ વિન્યાસ રૂપ. ભયના છ પ્રકારો છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદથી. તેમાં પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે. છઠ્ઠો ભાવભય. તે સાત ભેદે છે — ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, અશ્લોકભય, આજીવિકાભય, મરણભય. તેમાં (૧) આલોક ભયમાં સ્વભવથી જે પ્રાપ્ત થાય (૨) પરલોકભય - પરભવથી, (૩) આદાનભય - કંઈક દ્રવ્યનું આદાન, તેના નાશ કે હરાઈ જવાનો ભય. (૪) અકસ્માતભય - બાહ્ય નિમિત્ત વિના અહેતુક ભય અકસ્માત થાય તે. (૫) અશ્લોભય-પ્રશંસાથી વિપરીત અપ્રશંસાનો ભય, (૬) આજીવિકાભય-દુર્જીવિકા, (૭) મરણભય - પ્રાણનો પરિત્યાગ.

'અંત' શબ્દના પણ છ ભેદ છે. અંત એટલે અવસાન, છેડે. તેના છ ભેદ આ પ્રમાણે — નામાંત, સ્થાપનાંત, દ્રવ્યાંત, ક્ષેત્રાંત, કાલાંત અને ભાવાંત. તેમાં દ્રવ્યાંત તે ઘટ વગેરેનો નાશ, ક્ષેત્રાંત-ઉર્ધ્વલોક આદિ ક્ષેત્રનો નાશ, કાલાંત-સમયાદિનો અંત, ભાવાંત-ઔદયિકાદિ.

● ભાષ્ય-૧૮૫ :-

એ પ્રમાણે સર્વ અંત વર્ણવ્યા પછી, આ અધિકાર હોય છે - સાત ભય વિમુક્ત તથા ભવાંત અને ભયાંત.

ઉક્ત પ્રકારે અનેક ભેદ ભિન્ન ભયાદિ વર્ણવ્યા પછી - X - મૂળદ્વાર ગાથામાં ભયાંતના બે દ્વારની વ્યાખ્યા પછી ભદંત, ભવાંત અને ભયાંત એ ગુરુ આમંત્રણ અર્થમાં સૂત્ર અવયવ છે. અહીં ભાષ્યકાર કહે છે — હે ભદંત ! હું સામાયિક કરું છું, એમ શિષ્ય ગુરુને આમંત્રણ કરે છે. અહીં ગુરુને આમંત્રણ વચન પહેલાં કર્યુ, તેનું શું કારણ ? ગુરુકુલવાસી હોય છે. કેમકે સિદ્ધાંતમાં કહ્યું છે કે — ગુરુકુલમાં રહેનાર જ્ઞાનનો ભાગી થાય. દર્શન અને ચારિત્રમાં વધુ સ્થિર થાય, તેથી ધન્ય જીવો જીવનપર્યન્ત ગુરુકુલ વાસને છોડતા નથી. આવશ્યક પણ નિત્ય ગુરુના ચરણકમળમાં થાય છે, કદાચ કારણવશ અલગ વસતિમાં પણ રહેતો હોય. એ પ્રમાણે બધાં આવશ્યક કાર્યો પૂછીને કરવા આમંત્રણ છે.

ભદંત શબ્દ તેની આદિમાં છે, માટે સર્વ આવશ્યકની સાથે તે અનુવર્તે છે. તેથી 'करेमि भंते' કહ્યું. કેમકે કરવા યોગ્ય કે અયોગ્ય ગુરુઓ જાણે છે તથા વિનયના સ્વીકાર માટે છે, શ્વાસોચ્છ્વાસ ક્રિયા સિવાય બધાં કાર્યો ગુરુને પૂછ્યા વિના નિષેધ છે. ગુરુનો વિરહ હોય તો ગુરુની સ્થાપના પણ "તેના ઉપદેશથી કરું છું" એવું બતાવવા માટે છે. જેમ જિનેશ્વરના વિરહમાં જિનબિંબની આરોવના - આમંત્રણ સફળ થાય છે. જેમ પરોક્ષ રહેલ રાજા કે મંત્રદેવતાની સેવા છે તેમ પરોક્ષ એવા ગુરુની પણ સેવા વિનયહેતુ માટે છે. - X - હવે સામાયિક દ્વારની વ્યાખ્યા—

● નિર્યુક્તિ-૧૦૩૦,૧૦૩૧-વિવેચન :-

સામ, સમ, સમ્યક્ એ સામાયિકના એકાર્થી નામો છે. તેનો નામ, સ્થાપના,

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (19)



દ્રવ્ય, ભાવથી નિક્ષેપો થાય છે. મધુર પરિણામ તે સમ, દુધ અને ખાંડનું સમ્યક્ મીલન તે સમ્મ, હારના દોરામાં મોતીનું પ્રવેશવું તે દ્રવ્ય 'ઇક', આ દ્રવ્યના ઉદાહરણો છે.

- X - X - સામાદિનો નિક્ષેપ - નામસામ, સ્થાપનાસામ, દ્રવ્યસામ અને ભાવસામ. એ પ્રમાણે સમ અને સમ્યક્ પદના પણ જાણવા.

તેમાં દ્રવ્યસામ વગેરેને પ્રતિપાદન કરતા કહે છે — અહીં ઓઘથી મધુર પરિણામ દ્રવ્ય - સાકર વગેરે તે દ્રવ્ય સામ છે, ઈત્યાદિ - ગાથાર્થમાં કહ્યું. હવે "ભાવ સામ" આદિ પ્રતિપાદિત કરતાં કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૨-વિવેચન :-

આત્માની ઉપમાથી બીજાને દુઃખ ન કરવું તે ભાવસામ. અર્થાત્ પોતાની જેમ બીજાને પણ દુઃખ ન પમાડવાના પરિણામ તે ભાવસામ. તથા રાગ દ્વેષને ન સેવવા એટલે કે રાગ-દ્વેષની મધ્યે વર્તવું તે સમ બધે પોતાના સમાન રૂપથી વર્તવું તે. તથા જ્ઞાનાદિ ત્રણે એકત્ર તે સમ્યક્ જાણવા. તેથી કહે છે — જ્ઞાન, દર્શન, ચારિત્રને જોડવા તે સમ્યક્ જ, અર્થાત્ મોક્ષ પ્રસાધકત્વથી છે.

સામ આદિ આત્મામાં પ્રવેશ કરાવવા તેને 'ઇક' કહે છે. તેથી જ કહે છે — ભાવ સામ આદિમાં આ ઉદાહરણો છે. સામાયિક શબ્દની યોજના આ રીતે જાણવી. આત્મામાં સામાયિક નિપાતન થવાથી સામાયિક શબ્દ બને છે. साम्न ની માફક સમ શબ્દનો આય આદેશ થતાં તેમાંથી પણ 'સામાયિક' બને છે. એ રીતે બીજે પણ ભાવના કરવી.

હવે સામાયિકના પર્યાય શબ્દોને પ્રતિપાદન કરતા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૩-વિવેચન :-

સમતા, સમ્યકત્વ, પ્રશસ્ત, શાંતિ, શિવ, સુખ, અનિંધ, અગર્હ્ય, અજુગુપ્સનીય, અનવધ એ એકાર્થક શબ્દો છે.

[શંકા] નિરુક્તિમાં જ સામાઇય, સમઈય આદિ પર્યાય શબ્દોને કહેલા છે, તો પછી ફરી કેમ કહ્યા ? [સમાધાન] ત્યાં માત્ર પર્યાયશબ્દ છે. અહીં તો બીજા વાક્યથી અર્થ નિરૂપણ છે. એ પ્રમાણે પ્રત્યેક શબ્દમાં અર્થની અભેદતાથી અનંતા ગમ અને અનંતા પર્યાયો એક સૂત્રના જ્ઞાપિત છે. અતવા અસંમોહાર્થે ત્યાં કહ્યા છતાં અહીં કથન અદુષ્ટ જ છે.

હવે કંઠતઃ સ્વયં જ ચાલનાને પ્રતિપાદિત કરવા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૪-વિવેચન :-

કારક કોણ છે ? કરતો હોય તે. કર્મ શું છે ? કર્તા વડે કરાય તે. કારક અને કરણ પરસ્પર ભિન્ન છે કે અભિન્ન ? એ આક્ષેપ તે ચાલના.

અહીં 'હે ભદંત ! હું સામાયિક કરું છું' એમાં કર્તા, કર્મ, કરણ વ્યવસ્થા વક્તવ્યતા છે. જેમકે — હે રાજા ! હું ઘડો કરું છું, તેમાં 'કુલાલ' એ કર્તા, ઘટ એ કર્મ, દંડાદિ તે કરણ છે. તેમ અહીં કરનાર તે 'આત્મા' જ છે. - X - જે કરાય છે, તે તદ્ગુણરૂપ સામાયિક જ છે. तु શબ્દ કરણ પ્રશ્નના નિર્વચનના સંગ્રહ માટે છે. તે જણાવે છે — "ઉદ્દેશાદિ ચાર ભેદે કરણ છે."

કારક અને કરણ વચ્ચે તથા च શબ્દથી કર્મનો કારક વચ્ચે ભેદ છે કે અભેદ છે ? ભેદ માનશો તો સામાયિકવાળાને સામાયિક ફળમોક્ષનો અભાવ થશે, કેમકે આત્મારૂપ કારકથી તે સામાયિક અન્ય છે, જેમ મિથ્યાદષ્ટિથી સામાયિક અલગ હોવાથી

તેનો મોક્ષ થતો નથી. જો અભેદ માનશો તો સામાયિકના ઉત્પત્તિ અને વિનાશથી આત્માની પણ ઉત્પત્તિ અને વિનાશનો પ્રસંગ આવશે. આ અનિષ્ટ છે. તેના અનાદિત્વનો સ્વીકાર આદિ તે આક્ષેપ એ ચાલના છે.

અહીં વૃત્તિમાં ભાષ્યકાર કથિત પાંચ ગાથાઓ નોંધેલ છે - x - x - x - x - એ રીતે ચાલના કહી હવે પ્રત્યવસ્થાન પ્રતિપાદિત કરે છે —

● નિર્યુક્તિ-૧૦૩૫-વિવેચન :-

મારો આત્મા એ કારક છે, સામાયિક કર્મ છે, આત્મા કરણ છે, પરિણામ થતાં આત્મા જ સામાયિકને પામે છે. - અહીં આત્મા જ કારક કહ્યો. કેમકે તેની સ્વતંત્રપણે પ્રવૃત્તિ છે. સામાયિક કર્મ છે કેમકે તેનો ગુણ છે, કરણ - ઉદ્દેશાદિ લક્ષણ રૂપ તેના ક્રિયત્વથી આત્મા જ કરણ છે. તો પણ યથોક્ત દોષનો અસંભવ છે. કઈ રીતે ? પરિણામ હોય પછી આત્મા જ સામાયિકરૂપે પરિણામ પામે છે. કંઈક પૂર્વરૂપના ત્યાગ કર્યા વિના ઉત્તર રૂપને પ્રાપ્ત કરે છે. અહીં - x - x - ભાવાર્થ આ પ્રમાણે છે —

પરિણામ હોતા તેના નિત્ય, અનિત્યાદિ અનેક રૂપત્વથી દ્રવ્ય-ગુણ-પર્યાયોના ભેદાભેદ સિદ્ધ થાય છે. અન્યથા બધાં સંવ્યવહારના છેદનો પ્રસંગ આવે છે. એકાંત પક્ષથી અન્યત્વ, અનન્યત્વનો સ્વીકાર નથી. આ રીતે એકત્વ અનેકત્વ પક્ષની કર્તૃ-કર્મ-કરણ વ્યવસ્થા સિદ્ધ થતા, આત્મા સામાયિક જ છે તે પ્રસિદ્ધ છે. - x - x - x - x -

ભાષ્યકાર અહીં કહે છે કે — આત્મા જ મારે કારક છે, સામાયિક કર્મ છે, કરણ આત્મા જ છે. તેથી આત્મા અને સામાયિકનું પરિણામથી ઐક્ય છે. જે કારણે જ્ઞાનાદિ સ્વભાવ સામાયિક અને યોગાદિને કરણ કહ્યા. ઉભયના તે પરિણામ અને પરિણામથી જેની અન્યતા નથી. તેથી આત્મા, સામાયિક અને કરણ અભિન્ન છે. તો શું અનન્યત્વ કહેવાથી તેના નાશથી જીવનાશ છે ? જો પર્યાયસામાયિકરૂપ છે, તેનો નાશ થાય તો શું દોષ આવે ? બધું નાશ પામે. જેથી તે આત્મા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ધર્મ અનંત પર્યાય છે. બધું જ પ્રતિ સમયે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તથા નિત્ય છે. એ પ્રમાણે સુખ, દુઃખ, બંધ-મોક્ષાદિનો સદ્ભાવ છે. એક જ વસ્તુ પરિણામવશથી બીજા કારકને પામે છે, તેથી અદોષ છે. ઈત્યાદિ *[આ બધું કથન તજ્જ્ઞ પાસે જ સમજવું.]*

હવે પરિણામ પક્ષે એકત્વ - અનેકત્વ પક્ષના અવિરોધથી કર્તૃ-કર્મ-કરણ વ્યવસ્થાને દર્શાવતા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૬-વિવેચન :-

એકત્વમાં - કર્તૃ કર્મ કરણના અભેદમાં કર્તૃ-કર્મ-કરણ ભાવ દેખાય છે. જેમ મુઠ્ઠી કરે છે, અહીં 'દેવદત્ત' કર્તા છે. તેના હાથ એ કર્મ છે અને તેનો જે પ્રયત્ન વિશેષ તે કરણ છે. અર્થાન્તરમાં કર્તા-કર્મ-કરણોનો ભેદે દેખાય છે જ. જેમ ઘડો આદિ કરે છે, તેમાં પણ કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે, દંડાદિ કરણ છે. અહીં તો સામાયિક ગુણ છે, તે ગુણી એટલે આત્માથી કંઈક જ ભિન્ન છે. [શંકા] ગુણને દ્રવ્યથી એકાંતે અર્થાન્તર-અલગ વસ્તુ માનતા કોણ કોની સાથે સંબદ્ધ થશે ? કોઈ કોઈની સાથે સંબદ્ધ નહીં બની શકે. કેમકે જ્ઞાનાદિ પણ ગુણો છે અને તેઓ આત્માથી ભિન્ન છે. આત્મામાં જ્ઞાનનો અભાવ માનતા બધી વ્યવસ્થાની અનુપપત્તિ થશે. એ પ્રમાણે એકાંતે અનર્થાન્તરભાવમાં પણ દોષો આવે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (20)



ચાલના અને પ્રત્યવસ્થાન દ્વાર કહ્યું. - x - પ્રસ્તુત સૂત્રમાં સર્વ સાવદ્ય યોગ ઈત્યાદિ કહે છે. તેથી અહીં 'સર્વ' શબ્દ નિરૂપતા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૭-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, આદેશ, નિરવશેષ એ પાંચ સર્વ તથા સર્વ ધત્તસર્વ અને ભાવસર્વ એ સાતમું છે. - - - અહીં સર્વ શબ્દમાં 'સૃ ગતૌ' એમાં ઔણાદિક વ પ્રત્યયથી સર્વ શબ્દ થયો અથવા નિપાત છે. સ્ત્રિયતે કે શ્રિયતે તે સર્વે. તે આ નામસર્વ, સ્થાપનાસર્વાદિ સાત છે વિસ્તારાર્થે ભાષ્યકાર સ્વયં કહેશે. નામ, સ્થાપના છોડીને બાકીના ભેદ કહે છે —

● ભાષ્ય-૧૮૫-વિવેચન :-

દ્રવ્ય સર્વના ચાર ભાંગા થાય છે. દ્રવ્ય સર્વ-દેશ સર્વ, દ્રવ્યઅસર્વ-દેશસર્વ, દ્રવ્યઅસર્વ-દેશઅસર્વ, દ્રવ્યસર્વ-દેશઅસર્વ. આદેશ સર્વ, નીશેષ સર્વ, સર્વગ બે ભેદે છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે —

અહીં જે વિવક્ષિત દ્રવ્ય અંગુલી આદિ તે પરિપૂર્ણ છે. અન્યૂન સ્વ અવયવો વડે 'સર્વ' કહેવાય છે. એ પ્રમાણે તે જ દ્રવ્યના કોઈ અવયવનો દેશ સ્વ અવયવ પરિપૂર્ણતાથી જ્યારે સકલ વિવક્ષા કરાય છે, ત્યારે દેશ પણ સર્વ છે. એ પ્રમાણે ઉભય દ્રવ્યમાં અને તેના દેશમાં સર્વત્વ છે. તે બંનેને યથા સ્વમ્ અપરિપૂર્ણતામાં અસર્વત્વ છે. તેથી ચતુર્ભંગી છે — (૧) દ્રવ્યસર્વ-દેશથી પણ સર્વ, (૨) દ્રવ્ય સર્વ - દેશથી અસર્વ, (૩) દેશ સર્વ - દ્રવ્ય અસર્વ, (૪) દેશ અસર્વ, દ્રવ્યથી પણ અસર્વ. અહીં યથાક્રમે ઉદાહરણ છે — સંપૂર્ણ આંગળી દ્રવ્ય સર્વ, તે જ દેશોન દ્રવ્ય અસર્વ, ઈત્યાદિ - x -

આદેશ કરવો તે આદેશ, ઉપચાર, વ્યવહાર. તે બહુતર કે પ્રધાનમાં દેશથી પણ આદેશ કરાય છે, જેમકે વિવક્ષિત ઘીને આશ્રીને ઘણાં જમ્યા. સ્તોક કે શેષમાં ઉપચાર કરાય છે — બધાં ઘીનું ભોજન ખવાયું. પ્રધાનમાં પણ ઉપચાર, જેમકે ગ્રામના પ્રધાન પુરુષના જતાં ''ગામ ગયું'' એવો વ્યપદેશ કરાય છે. તેમાં પ્રધાનપક્ષને આશ્રીને જ ગ્રંથકારે કહેલ છે. - x - x -

અહીં ઉદાહરણ કહે છે, તેમાં —

● ભાષ્ય-૧૮૬-વિવેચન :-

અનિમિષ નયનવાળા સર્વે દેવો છે. આ સર્વ અપરિશેષ સર્વ છે. કેમકે કોઈપણ દેવોની મધ્યે અનિમિષત્વ વ્યભિચરતું નથી. તેનું દેશ અપરિશેષ તે આ રીતે — અસુરો બધાં કાળા હોય છે. અહીં આ ભાવના છે - તે જ દેવોની એક દેશ નિકાય તે અસુરો છે, તે બધાં જ અશ્વેત વર્ણના છે.

હવે સર્વધત્તસર્વના પ્રતિપાદન માટે કહે છે —

● ભાષ્ય-૧૮૭-વિવેચન :-

બધી વસ્તુની સ્થાપના કરવી તે સર્વધત્ત. જેમ વિશ્વની બધી વસ્તુ બે પ્રકારમાં આવી જાય - જીવ અને અજીવ. દ્રવ્ય સર્વમાં સંપૂર્ણ ઘટપટાદિ એક એક આવે છે. સર્વધત્તમાં સમસ્ત તે વસ્તુનો સમુદાય આવી જાય.

- x - x - ધત્ત-સ્થાપેલ અથવા તે અવ્યુત્પન્ન શબ્દ છે અથવા સર્વધ એ નિરવશેષ વચન છે - x - x - તે બે પ્રકારે છે, જીવ અને અજીવ. કેમકે લોકમાં જે કંઈ છે, તે બધું જીવો અને અજીવો છે, તે સિવાય કશું નથી.

દ્રવ્યસર્વ અને સર્વધત્ત સર્વમાં શો ફેર છે ? દ્રવ્ય સર્વમાં ઘડો આદિ એક એક સંપૂર્ણ દ્રવ્ય લેવાય, સર્વધત્ત સમસ્ત વસ્તુ જાતિને વ્યાપીને રહેલ છે. હવે ભાવસર્વ કહે છે —

● ભાષ્ય-૧૮૮-વિવેચન :-

ભાવમાં સર્વ ઉદયલક્ષણ ઔદયિક ભાવ, જેમ આ છે તેમ શેષ ભાવો પણ સમજી લેવા. અહીં ક્ષાયોપશમ ભાવસર્વનો અધિકાર છે અને નિરવશેષ સર્વનો ઉપયોગ અધિકાર છે - - - સર્વ બે પ્રકારે છે — શુભ, અશુભ ભેદથી. ઔદયિક-ઉદય લક્ષણ. કર્મોદય નિષ્પન્ન. - X - મોહનીય કર્મના ઉપશમના સ્વભાવથી બધું જ ઔપશમિક શુભ છે. કર્મના ક્ષયથી જ બધું ક્ષાયિક પણ શુભ જ છે. શુભાશુભ મિશ્ર તે સર્વ ક્ષાયોપશમિક, પરિણતિ સ્વભાવ સર્વ શુભાશુભ તે પારિણામિક. અહીં ક્ષાયોપશમિક ભાવ સર્વથી અધિકાર છે.

'સર્વ' અવયવની વ્યાખ્યા કરી, હવે સાવધ અવયવ કહે છે —

● નિર્યુક્તિ-૧૦૩૮-વિવેચન :-

અવધ કર્મ તે ગર્હાલાયક હોય અથવા ક્રોધાદિ ચાર અવધ છે. તેની સાથેનો જે યોગ, તેના હું પચ્ચક્ખાણ કરું છું. - - - કર્મ - અનુષ્ઠાન અવધ કહેવાય છે. અવધ એટલે જે નિંધ કે ગર્હિત હોય તે. સર્વ અવધનો હેતુપણે હોવાથી ક્રોધાદિ ચાર અવધ છે. કારણમાં કાર્યનો ઉપચાર છે. અવધ સહિત જે વ્યાપાર તે સાવધ કહેવાય છે. પ્રત્યાખ્યાન-નિષેધ લક્ષણ છે. - X - વર્જનીય એટલે વર્જ્ય, ત્યજનીય. વર્જ્ય સહ તે સવર્જ્ય, સકારના દીર્ઘ આદેશથી સાવજ્જ [સાવધ] હવે 'યોગ' કહે છે, તે દ્રવ્યથી, ભાવથી —

● નિર્યુક્તિ-૧૦૩૯-વિવેચન :-

મન,વચન, કાયને યોગ્ય દ્રવ્યો તે દ્રવ્યયોગ. ભાવમાં બે ભેદે - સમ્યક્ત્વ આદિ પ્રશસ્ત છે, મિથ્યાત્વ આદિ અપ્રશસ્ત છે. - X - જીવ વડે અગૃહીત કે ગૃહીત સ્વ વ્યાપારમાં અપ્રવૃત્ત તે દ્રવ્યયોગ, દ્રવ્યોના કે હરીતક આદિના યોગ તે દ્રવ્ય યોગ. ભાવ વિષયક યોગ-પ્રશસ્ત અને અપ્રશસ્ત છે. તેમાં સમ્યક્ત્વાદિ પ્રશસ્ત છે, આદિ શબ્દથી જ્ઞાન અને ચારિત્ર લેવા. જેના વડે આત્મા અપવર્ગમાં જોડાય તે પ્રશસ્ત. મિત્યાત્વાદિ અપ્રશસ્ત છે, કેમકે તેમાં આત્મા અષ્ટવિધ કર્મથી જોડાય છે.

સાવધયોગની વ્યાખ્યા કરી. હવે પ્રત્યાખ્યામિ એ અવયવના પ્રસ્તાવથી પ્રત્યાખ્યાનનું નિરૂપણ કરાય છે. - X - પ્રતિ શબ્દ પ્રતિષેધ અર્થમાં છે, आ - આભિમુખ્ય અર્થમાં, ख्या - પ્રકથન અર્થમાં છે. હું સાવધ યોગના આભિમુખ્યમાં પ્રતિષેધનું કથન કરું છું અથવા પ્રતિષેધનું આદરથી અભિધાન કરું છું. પ્રતિષેધનું કથન તે પ્રત્યાખ્યાન એટલે નિવૃત્તિ. તે છ પ્રકારે છે — નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, અતીચ્છા અને ભાવ. તેમાં નામ, સ્થાપના સુગમ છે. હવે દ્રવ્ય પ્રત્યાખ્યાન કહે છે—

● નિર્યુક્તિ-૧૦૪૦-વિવેચન :-

દ્રવ્યમાં નિહ્નવાદિ, ક્ષેત્રમાં દેશ નિકાલ કરાયેલા, ભિક્ષાદિ ન આપવામાં અદિચ્છા અને ભાવમાં બે ભેદે પ્રત્યાખ્યાન છે. - X - નિહ્નવાદિ જે પ્રત્યાખ્યાન કરે તે દ્રવ્ય પ્રત્યાખ્યાન. आदि શબ્દથી દ્રવ્યોના, દ્રવ્યભૂતના કે દ્રવ્યહેતુથી જે પ્રત્યાખ્યાન, તે દ્રવ્ય પ્રત્યાખ્યાન. જેને દેશ નિકાલનો આદેશ કરાયેલ હોય તેને ક્ષેત્ર પ્રત્યાખ્યાન છે. आदि

E:\MaharajsahebAdhayan-33\Book33A\ (PROOF-1) (21)



શબ્દથી નગર આદિનો પ્રતિષેધ લેવો. દેવાની ઈચ્છા ન થવી તે અદિચ્છા, ત્યાં ભિક્ષાદિને ન આપવાનું કથન તે અદિચ્છા પ્રત્યાખ્યાન. આદિ શબ્દથી વસ્ત્રાદિ લેવા. — "જેમ આને કોઈ ભિક્ષા આપતા નહીં" તેવું વચન.

ભાવ પ્રત્યાખ્યાન - બે ભેદે છે. भावस्य - સાવધ યોગનું પ્રત્યાખ્યાન અથવા भावत: શુભ પરિણામના ઉત્પાદથી કે ભાવના હેતુથી - નિર્વાણાર્થ. સાવધ યોગ વિરતિ લક્ષણ પ્રત્યાખ્યાન. તે ભાવ પ્રત્યાખ્યાન. હવે બે ભેદ દર્શાવવા કહે છે —

● નિર્યુક્તિ-૧૦૪૧-વિવેચન :-

શ્રુત પ્રત્યાખ્યાન, નોશ્રુત પ્રત્યાખ્યાન, શ્રુત બે ભેદે — પૂર્વશ્રુત, અપૂર્વશ્રુત. નોશ્રુતપ્રત્યાખ્યાન બે ભેદે — મૂલગુણ, ઉત્તરગુણ. - X - શ્રુત૦ બે ભેદે — (૧) પૂર્વશ્રુત પ્રત્યાખ્યાન, (૨) અપૂર્વશ્રુત પ્રત્યાખ્યાન. તેમાં પૂર્વે જ પ્રત્યાખ્યાન સંજ્ઞિત હોય તે પૂર્વશ્રુત પ્રત્યાખ્યાન, અપૂર્વશ્રુત પ્રત્યાખ્યાન તે આતુર પ્રત્યાખ્યાનાદિ. નોશ્રુતપ્રત્યાખ્યાન - શ્રુત પ્રત્યાખ્યાનથી અન્ય. તેમાં મૂલગુણ પ્રત્યાખ્યાન દેશથી અને સર્વથી. દેશથી - શ્રાવકોનું અને સર્વથી - સંયતોનું. અહીં અધિકૃત્ સર્વ, સામાયિક પછી લીધેલ છે તે.

અહીં વૃદ્ધ સંપ્રદાય છે — કોઈ રાજપુત્રીએ એક વર્ષ માંસ ન ખાધુ. પારણે અનેક જીવોનો ઘાત કર્યો. સાધુએ બોધ પમાડ્યો. દીક્ષા લીધી. તો પહેલાં કર્યુ તે દ્રવ્ય પ્રત્યાખ્યાન, પછી કર્યુ તે ભાવ પ્રત્યાખ્યાન.

હવે 'યાવજ્જીવ' શબ્દની વ્યાખ્યા —

● નિર્યુક્તિ-૧૦૪૨-વિવેચન :-

'યાવત્' શબ્દ અહીં 'અવધારણ'માં છે. 'જીવન' શબ્દ 'પ્રાણધારણ'માં કહેલ છે. પ્રાણધારણ સુધી પાપથી અટકવું અર્થ છે. તેની આગળ કરવાનું વિધાન નથી, પ્રતિષેધ પણ નથી. વિધિમાં આશંસા દોષનો પ્રસંગ આવે અને પ્રતિષેધમાં દેવ આદિમાં ઉત્પન્નનો ભંગ પ્રસંગ આવે.

અહીં જીવે તે જીવ એ ક્રિયાશબ્દ છે. જીવન — પ્રાણધારણ, અહીં જીવિત શબ્દ દશ ભેદે વર્તે છે. તેનું નિરૂપણ કરે છે —

● નિર્યુક્તિ-૧૦૪૩-વિવેચન :-

નામ જીવિત, સ્થાપનાજીવિત, દ્રવ્યજીવિત, ઓઘજીવિત, ભવ જીવિત, તદ્‌ભવજીવિત, ભોગજીવિત, સંયમજીવિત, યશોજીવિત અને કીર્તિજીવિત એ દશ ભેદો છે. અવયવાર્થ ભાષ્યકાર પોતે કહેશે. તેમાં (૧) નામ, (૨) સ્થાપના સુગમ હોવાથી બાકીના ભેદ ભાષ્યકાર કહે છે —

● ભાષ્ય-૧૮૯-વિવેચન :-

(૩) દ્રવ્યજીવિત - સચિત્તાદિ, આદિ શબ્દથી મિશ્ર, અચિત્ત લેવા. અહીં કારણમાં કાર્યના ઉપચારથી જે દ્રવ્ય વડે સચિત્ત, અચિત્ત, મિશ્ર ભેદથી પુત્ર, હિરણ્ય, ઉભયરૂપથી જેનું જે રીતે જીવિત ટકે તેને તે રીતે તે દ્રવ્યજીવિત કહેવાય. બીજા દ્વિપદાદિ દ્રવ્યને કહે છે.

(૪) 'આયુ' એ પ્રદેશકર્મ છે. તે દ્રવ્ય સહ ચરિત જીવને પ્રાણ ધારણ સદા સંસારમાં થાય તે ઓઘ, ઓઘજીવિત એટલે સામાન્ય જીવિત, આને આશ્રીને જો પછી સિદ્ધ થાય તો પછી ઓઘજીવિત ન હોય.

(૫) ભવ એટલે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. સ્વભવમાં સ્થિતિ તે ભવજીવિત.

(૬) તદ્‌ભવજીવિત - તે જ ભવમાં જીવિત આ ઔદારિક શરીરીને જ હોય છે. કેમકે તેમાં જ ઉપપાત થાય છે. તે આયુના બંધના પહેલાં સમયથી આરંભીને છેલ્લા સમય સુધી અનુભવ. તે ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્યોને છે - x - x - x - શા માટે તે ઔદારિકોને જ કહ્યું છે ? તેમને જ ગર્ભકાળમાં વ્યવહિત યોનિથી નીકળવાને જન્મ કહે છે. તેથી ગર્ભકાળ સહિત જ તદ્‌ભવજીવિત છે. વૈક્રિય શરીરીને ઉપપાતથી કાલાંતર વ્યવહિત જન્મ છે. જીવિત સ્વ અબાધાકાળ સહિત છે. તેથી તદ્‌ભવ જીવિત ઔદારિકોને જ કહ્યું છે. તેમને આ સ્વકાય સ્થિતિ અનુસાર જાણવું.

● નિર્યુક્તિ-૧૦૪૪ :-

ચક્રી આદિનું ભોગજીવિત, સંયત માણસનું સંયમ જીવિત, ભગવંતનું યશ અને કીર્તિ જીવિત છે. અહીં સંયમ અને નરભવ જીવિતથી અધિકાર છે. (૭) ભોગજીવિત - ચક્રવર્તી આદિનું, आदि શબ્દથી બલદેવ, વાસુદેવ આદિ લેવા. (૮) સંયમ જીવિત - સંયતજન અર્થાત્ સાધુલોકનું જાણવું.

(૯,૧૦) ભગવંત મહાવીરનું જીવિત યશ અને કીર્તિ યુક્ત હતું તેમાં યશ એટલે પરાક્રમ કૃત્ અને કીર્તિ તે દાન-પુન્યના ફળરૂપ છે. કેટલાંક બંનેને એક ગણે છે. અસંયમજીવિત અવિરતિગત સંયમના પ્રતિપક્ષથી ગ્રહણ કરવું.

યાવજ્જીવપણું તેમાં જીવ એટલે પ્રાણધારણ. - x - x - x - જેમાં પ્રત્યાખ્યાન ક્રિયા યાવજ્જીવને માટે છે તે. જેનો યોગ ત્રણ ભેદે છે, તે ત્રિવિધ. સાવધયોગ. તેનું પ્રત્યાખ્યાન કરવું. ત્રિવિધ યોગ, ત્રિવિધ કરણથી - મનથી, વચનથી, કાયાથી. અહીં મન વગેરેનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે, માટે કહેતા નથી. - x - ન કરું, ન કરાવું, ન અનુમોદું.

[શંકા] કયા કારણે ઉદ્દેશક્રમને ઉલ્લંઘીને વ્યત્યાસથી નિર્દેશ કર્યો ?

[સમાધાન] યોગના કરણતંત્રથી ઉપદેશ માટે. તેથી કહે છે – યોગ કરણવશ જ છે. કરણના ભાવે યોગનો પણ સદ્‌ભાવ છે. કરણના અભાવે યોગનો અભાવ છે. હવે ગ્રંથ વિસ્તારભયે વધુ કહેતા નથી. - x - x - x -

અહીં કરું નહીં, કરાવું નહીં, અનુમોદું નહીં પછી अपि શબ્દ છે તે વર્તમાનકાળ સાથે અતીતકાળનો પણ નિર્દેશ કરે છે. તેથી કરેલાનું પણ, કરાવેલાનું પણ તથા ભવિષ્ય કાળમાં પણ કરાશે કે કરાવાશે તેનું પણ. એમ ત્રણે કાળનો સંગ્રહ જાણવો. પણ ક્રિયા અને ક્રિયાવાળાનો ભેદ નથી અહીં માત્ર ક્રિયા સંભવતી નથી તે જણાવવા अन्य નું ગ્રહણ કરેલ છે - x - x - એ પ્રમાણે અહીં સુધીનું સૂત્ર કહ્યું.

અહીં प्रत्याख्यामि શબ્દ છે, તેથી ગૃહસ્થ અને સાધુને આશ્રીને ભેદ - પરિણામથી નિરૂપણ કરતા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૪૫-વિવેચન :-

ત્રિવિધ ત્રિવિધથી ૧૪૭ ભંગો થાય, તે સમિતિ અને ગુપ્તિ વડે નિષ્પન્ન થાય છે એ પ્રમાણે સૂત્ર-સ્પર્શ નિર્યુક્તિનો વિસ્તાર થયો.

હવે ત્રિવિધ ત્રિવિધ વડે આની જ વ્યાખ્યા કરે છે. તેમાં ત્રિવિધ સાવધયોગનું પ્રત્યાખ્યાન કરવું તે કરવું-કરાવવું-અનુમોદવું ત્રણ ભેદે. ત્રિવિધથી તે મન, વચન, કાયા વડે. હવે તેના ભેદો જણાવતા કહે છે –

[શંકા] અહીં સર્વ સાવધયોગના પ્રત્યાખ્યાનના અધિકારથી ૧૪૭ પ્રત્યાખ્યાન

E:\MaharajsahebAdhayan-33\Book33A\ (PROOF-1) (22)



ભેદો ગૃહસ્થ પ્રત્યાખ્યાન ભેદત્વથી અયુક્ત જ છે.

[સમાધાન] ના, તેમ નથી. પ્રત્યાખ્યાન સામાન્યથી ગૃહસ્થ પ્રત્યાખ્યાન ભેદના અભિધાનમાં પણ દોષપણે નથી. હવે પ્રસ્તુત ભેદો કહે છે –

૧૪૭ ભેદો ગૃહસ્થ પ્રત્યાખ્યાન ભેદ પરિમાણથી છે. તે વિધિપૂર્વક પ્રયત્નથી વિચારવા. ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એકૈક યોગમાં થાય છે ત્રણ-બે-એક, ત્રણ-બે-એક, ત્રણ-બે-એક કરણો લેવા. પહેલામાં એક ભેદ બાકીના પદોમાં ત્રણ-ત્રણ-ત્રણ ભેદ થાય છે. બે-નવક ત્રિકને બે-નવક ત્રણ વડે ગુણતાં ૧૪૭ ભંગો થાય છે. [તે આ પ્રમાણે]

(૧) મન, વચન, કાયાથી કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં.

[શંકા] ન કરે ઈત્યાદિ ત્રણે દેશવિરત ગૃહસ્થને કઈ રીતે સંભવે ? વિષય-ક્ષેત્ર બહારનો પ્રતિષેધ અનુમત છે. - x - સ્વદેશમાં અનુમતિ નિષેધ છે. તે પુત્રાદિ સંતતિ નિમિત્તથી છે. દીક્ષાને અભિમુખ થયેલા ગૃહસ્થને ૧૧-મી પ્રતિમા સ્વીકારે ત્યારે ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન હોય છે.

તો પછી મન વડે કરણ, કારવણ, અનુમત કઈ રીતે છે ? મનથી પણ કરણાદિ ઘટી શકે છે. કેમકે વચન અને કાયાના કરણાદિ મનને આધીન છે. મનથી વિચારીને સાવધ કરે છે. કર્યા પછી પણ 'સારુ કર્યું' એવું અનુમોદન કરે છે, એ પ્રમાણે ત્રિવિધ, ત્રિવિધથી એક ભેદ કહ્યો.

હવે બીજો ભેદ – (૧) મનથી અને વચનથી કરે - કરાવે - અનુમોદે નહીં. (૨) તે રીતે મનથી અને કાયાથી, (૩) વચન અને કાયાથી. એ બીજો મૂળ ભેદ.

હવે ત્રીજો ભેદ – (૧) મન વડે કરે - કારવે - અનુમોદે નહીં. (૨) એ રીતે વચન વડે, અને (૩) કાયા વડે. આ ત્રીજો મૂલ ભેદ.

હવે ચોથો ભેદ – (૧) ન કરે, ન કારવે મન-વચન-કાયાથી. (૨) એ પ્રમાણે - ન કરે, ન અનુમોદે. (૩) ન કરાવે, ન અનુમોદે. એમ ચોથો ભેદ.

હવે પાંચમો ભેદ – (૧) મનથી અને વચનથી - ન કરે, ન કરાવે. એ પ્રમાણે (૨) ન કરે, ન અનુમોદે, (૩) ન કરાવે, ન અનુમોદે. આ ત્રણે ભંગો મન અને વચનથી કહ્યા. બીજા પણ ત્રણ મનથી અને કાયાથી થાય. બીજા પણ વચન અને કાયાથી થાય. એ પ્રમાણે બધાં મળીને નવ ભેદ થાય.

હવે છઠ્ઠો ભેદ – (૧) મન વડે ન કરે, ન કરાવે. એ પ્રમાણે (૨) ન કરે, ન અનુમોદે, (૩) ન કરાવે, ન અનુમોદે. એ પ્રમાણે વચન અને કાયા વડે પણ ત્રણ-ત્રણ ભેદો થાય છે.

સાતમો ભેદ – મન, વચન, કાયાથી ન કરે તે એક ભેદ, એ પ્રમાણે (૨) ન કરાવે, (૩) કરનારને અનુમોદે નહીં. આઠમો ભેદ – (૧) મન, વચનથી ન કરે, (૨) મન, કાયાથી ન કરે, (૩) વચન, કાયાથી ન કરે. એ પ્રમાણે ન કરાવે ના ત્રણ ભેદ, એ પ્રમાણે ન અનુમોદેના ત્રણ ભેદ.

નવમો ભેદ – (૧) મન વડે ન કરે, (૨) ન કરાવે, (૩) ન અનુમોદે. એ પ્રમાણે વચનથી ત્રણ ભેદ, કાયાથી પણ ત્રણ ભેદ.

એ રીતે ૪૯ ભેદો થયા. તેને ભૂત-વર્તમાન-ભાવિ એ ત્રણ કાળથી ગુણતા ૧૪૭ ભેદો થાય. - - - અતીતનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર, ભાવિનું પચ્ચક્ખાણ. એ રીતે

ત્રણ કાળથી ૧૪૭ ભેદો તીર્થંકરાદિએ કહેલા છે.

એ પ્રમાણે ગૃહસ્થના પ્રત્યાખ્યાનના ભેદો કહ્યા, હવે સાધુના પ્રત્યાખ્યાનના ભેદોનું સૂચન કરે છે. તે આ રીતે — ત્રિવિધ-ત્રિવિધથી. આના દ્વારા સર્વ સાવધ યોગના પ્રત્યાખ્યાનથી અર્થથી ૨૭ ભેદો કહે છે —

અહીં સાવધ યોગ પ્રસિદ્ધ છે. તે હિંસાદિ સ્વયં સર્વે ન કરે, ન કરાવે, કરનાર બીજાને સારા ન જાણે. એકૈક કરણ ત્રિકથી મન, વચન, કાયા વડે નવ ભેદો છે. તે અતીત-અનાગત-વર્તમાન ત્રણ કાળથી ગણતાં સત્તાવીશ ભેદો થાય છે. આ પ્રત્યાખ્યાનમાં ભેદજ્ઞાન સમિતિ, ગુપ્તિ હોવાથી થાય છે અથવા સમિતિ, ગુપ્તિ વડે નિષ્પન્ન થાય છે. તેમાં ઈર્યાસમિતિ આદિ પ્રવીચારરૂપ સમિતિ પાંચ અને પ્રવીચાર-અપ્રવીચારરૂપ મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ હોય છે.

કહ્યું છે — “સમિતિ એ નિયમથી ગુપ્ત છે, ગુપ્તિમાં સમિતિપણાની ભજના છે.” કુશળ વચનને બોલતો જે વચનગુપ્ત છે, તે સમિત પણ છે.

બીજા કહે છે, આ આઠ પ્રવચન માતા સામાયિક સૂત્ર વડે સંગ્રહ કરાયેલ છે તેમાં “કરેમિ ભંતે ! સામાઈયં” વડે પાંચ સમિતિ ગૃહિત છે અને “સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ” વડે ત્રણ ગુપ્તિ ગૃહિત છે. અહીં પ્રવર્તનમાં સમિતિ છે અને નિગ્રહમાં ગુપ્તિ છે. આ આઠ પ્રવચન માતામાં સામાયિક અને ચૌદ પૂર્વો સમાયેલા છે. માતા તે મૂલ છે, તેમ કહ્યું છે.

- X - એ પ્રમાણે સૂત્ર સ્પર્શ નિર્યુક્તિનો વિસ્તરાર્થે કહ્યો. હવે સૂત્ર જ અતીતાદિ કાળ ગ્રહણ ત્રણ ભેદે કહે છે, તે દર્શાવે છે —

● નિર્યુક્તિ-૧૦૪૬-વિવેચન :-

સામાયિકને કરું છું, સાવધ પચ્ચક્ખુ છું, પૂર્વે કરેલાનું પ્રતિક્રમણ કરું છું, એમ વર્તમાન, ભાવિ અને ભૂતકાળને ગ્રહણ કરવામાં આવ્યો છે. — આ પ્રમાણે જ અનુક્રમ ત્રણે કાળનો જાણવો. હવે તેનું હે ભદંત ! “પડિક્કમામિ” શબ્દની વ્યાખ્યા કરે છે. - X - X - જે આ સાવધ યોગ છે, તે ત્રણે કાળનો વિષય છે, તેમાંથી અતીત સાવધ અંશનું હું પ્રતિક્રમણ કરું છું.

અહીં આશંકા પદને રજૂ કરતાં કહે છે કે —

● નિર્યુક્તિ-૧૦૪૭-વિવેચન :-

અહીં ત્રિવિધેન પદ કહ્યું તે યુક્ત નથી. કેમકે પ્રતિપદ વિધિ વડે તેનો અર્થ કહેવાઈ જ ગયો છે. અર્થ વિકલ્પના ગુણભાવના માટે કહેલ છે, તેથી તેમાં કોઈ દોષ નથી. આ નિર્યુક્તિનો ભાવ આ પ્રમાણે છે —

પ્રતિપદ - મનથી, વચનથી, કાયાથી. અહીં આ ત્રણે પદો ત્રિવિધેન શબ્દનો અર્થ વિકલ્પ સંગ્રહ કરવા માટે છે. તેથી પુનરુક્તિ નથી. અથવા ગુણ-ભાવના ફરી ફરી કહેવાથી થાય માટે તેમાં કોઈ દોષ નથી, અથવા મન વડે, વચન વડે, કાયા વડે એમ કહેતા પ્રતિપદમાં ન કરું, ન કરાવું, ન અનુમોદુ એ અનુક્રમ ન થાય માટે ત્રિવિધ વડે એક એક કહેલ છે. - X -

હવે પ્રસ્તુત સૂત્ર કહે છે — હે ભદંત ! તેનું હું પ્રતિક્રમણ કરું છું. અતિચાર નિવૃત્તિ અને ક્રિયા અભિમુખ થઈ, તેની વિશુદ્ધિ માટે આમંત્રણ કરતા ભદંત કહ્યું [શંકા] પૂર્વે કહેલ ભદંત શબ્દ અનુવર્તે જ છે. આ અર્થે પહેલાં કહેલ છે, તો પછી ફરી

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (23)



શા માટે કહે છે ? [સમાધાન] અનુવર્તન અર્થ જ આ ફરી અનુસ્મરણ માટે પ્રયોજેલ છે. અહીં અનુવર્તના ફરી કહેવાથી થાય છે માટે કહેલ છે અથવા સામાયિક ક્રિયા પ્રત્યર્પણ વચનથી આ ભદંત શબ્દ છે. આના વડે આવું જ્ઞાપિત થાય છે - બધી જ ક્રિયાના અંતે ગુરુને પ્રત્યર્પણ કરવું જોઈએ. - X -

પ્રતિક્રમણ એટલે મિથ્યાદુષ્કૃત તે બે ભેદે — દ્રવ્યથી, ભાવથી.

● નિર્યુક્તિ-૧૦૪૮-વિવેચન :-

દ્રવ્ય પ્રતિક્રમણ નિહ્નવાદિ, તેમાં કુંભારના મિચ્છા મિ દુક્કડં નું ઉદાહરણ છે, ભાવમાં તેમાં ઉપયુક્ત મૃગાવતીનું ઉદાહરણ છે. - X - X - અહીં નિહ્નવાદિમાં આદિ શબ્દથી અનુપયુક્તાદિને લેવા.

કુંભારનું મિથ્યાદુષ્કૃત્ - એક કુંભકારના ઘેર સાધુઓ રહેલા. તેમાં એક બાળસાધુ, તે કુંભારના વાસણોને કાંકરા મારીને કાણા કરે છે. કુંભકારે જાગીને જોયું અને કહ્યું — મારા વાસણોમાં કેમ કાણાં પાડો છો ? બાળસાધુએ કહ્યું — મિચ્છા મિ દુક્કડં. એ પ્રમાણે ફરી પણ તે મિચ્છા મિ દુક્કડં કરતો વાસણને કાણા કરે છે.

પછી તે કુંભારે તે બાળસાધુના કાન આમળ્યા. બાળ સાધુ બોલ્યા — મને પીડા થાય છે. કુંભારે કહ્યું — મિચ્છા મિ દુક્કડં. એ રીતે કુંભાર વારંવાર કાન મરડીને ‘મિચ્છા મિ દુક્કડં’ આપે છે. ત્યારે બાળ સાધુ બોલ્યા — અહો ! તમારું ‘મિચ્છા મિ દુક્કડં’ ઘણું સુંદર છે. કુંભારે કહ્યું — તમે પણ આવું જ મિચ્છા મિ દુક્કડં આપેલું ને ! ત્યારે તેણે ભાજનમાં કાણા કરવા બંધ કર્યા.

જે દુષ્કૃતને મિથ્યા કરીને તે જ પાપનું પુનઃ સેવન કરે છે, તે પ્રત્યક્ષ મૃષાવાદી અને માયા-કપટનો પ્રસંગી છે. આ દ્રવ્ય પ્રતિક્રમણ.

ભગવંત વર્ધમાનસ્વામી કૌશાંબીમાં સમોસર્યા. ત્યાં ચંદ્ર અને સૂર્ય બંને ભગવંતને વાંદવાને વિમાન સહિત અવતર્યા. ત્યાં આર્યા મૃગાવતી. ઉદાયનની માતા, દિવસ છે તેમ સમજી ઘણો કાળ બેઠા. બાકીના સાધ્વી ભગવંતને વાંદીને પોતાના આવાસે ગયા. ચંદ્ર અને સૂર્ય પણ ભગવંતને વાંદીને ગયા, તુરંત જ વિકાળ થઈ ગયો. મૃગાવતી સંભ્રાંત થઈ, આર્યા ચંદના પાસે ગયા. આર્યા ચંદનાએ ત્યાં સુધીમાં પ્રતિક્રમણ કરી લીધેલ.

મૃગાવતી સાધ્વીએ આલોચના શરૂ કરી, આર્યા ચંદનાએ કહ્યું કે — હે આર્યા ! કેમ આટલો લાંબો સમય રહ્યા ? તારા જેવી ઉત્તમ કુળમાં જન્મેલ માટે આમ એકલા ત્યાં રહેવું યોગ્ય નથી. મૃગાવતીએ સદ્‌ભાવથી મિથ્યા દુષ્કૃત્ આપ્યું. આર્યા ચંદનાના પગે પડ્યા. તે સમયે આર્યા ચંદના સંથારામાં રહેલા, તેમને નિદ્રા આવી ગઈ, સૂઈ ગયા. મૃગાવતીએ પણ તીવ્ર સંવેગને પામીને તેમના પગે પડવાથી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

તે માર્ગથી સર્પ આવતો હતો. આર્યા ચંદનાનો હાથ સંથારાથી લાંબો થયો. મૃગાવતીએ સર્પ ન કરડે તેવી બુદ્ધિથી તેમનો હાથ સંથારામાં ગોઠવી દીધો. ચંદનાઆર્યા જાગીને બોલ્યા — આ શું છે ? હજી પણ તમે મિથ્યાદુષ્કૃત્ દઈ રહ્યા છો ? નિદ્રા પ્રમાદથી મને ઉઠાડવી ન હતી.

મૃગાવતી કહે છે — આ સર્પ તમને ન કરડે તે માટે હાથ પાછો ખેંચેલ. ચંદના આર્યાએ પૂછ્યું — સર્પ ક્યાં છે ? મૃગાવતીએ દેખાડ્યો. આર્યાચંદનાએ સર્પ ન જોયો. ત્યારે મૃગાવતીને પૂછ્યું — તને કોઈ અતિશય થયો છે ? તેણી બોલ્યા — હા. ફરી

પૂછ્યું – તે છાદ્મસ્થિક છે કે કૈવલિક છે ? મૃગાવતી બોલ્યા – કૈવલકિ. પછી ચંદના આર્યાએ તેણીના પગે પડીને 'મિચ્છા મિ દુક્કડં' કહ્યું કેમકે મેં કેવલીની આશાતના કરી. - આ ભાવ પ્રતિક્રમણ.

કહ્યું છે – જો પાપ કરીને અવશ્ય પ્રતિક્રમણ કરે, તો પછી તે પાપ કર્મ ફરી ન કરવાથી પ્રતિક્રાંત થયો તેમ કહેવાય.

આ प्रतिक्रमामि એ ભૂતકાળના સાવધ યોગથી હું નિવૃત્ત થાઉં છું, તેથી જેની નિવૃત્તિ, તેની અનુમતિથી વિરમણ છે તથા निंदामि એટલે જુગુપ્સા કરું છું જો કે ગર્હા પણ જુગુપ્સા અર્થમાં જ છે. તો પણ તે બંનેમાં ભેદ છે – સામાન્ય અર્થ ભેદ છતાં ઈષ્ટ વિશેષાર્થ ગર્હા શબ્દ છે - X - તે કહે છે –

● નિર્યુક્તિ-૧૦૪૯-વિવેચન :-

પોતાના દુષ્ટ ચારિત્રનો પસ્તાવો કરવો તે નિંદા, તેના ચાર નિક્ષેપા થાય છે. દ્રવ્યમાં ચિત્રકાર પુત્રી, ભાવમાં ઘણાં ઉદાહરણો છે. પ્રાણીના સ્વ ચરિત્રનો પશ્ચાત્તાપ તે નિંદા અર્થાત્ આત્મસાક્ષીએ જુગુપ્સા. તેમાં કે તેનો નામાદિ ચાર ભેદે નિક્ષેપ થાય છે. તેમાં નામ, સ્થાપનાને છોડીને દ્રવ્ય નિંદામાં ચિત્રકારપુત્રીનું ઉદાહરણ છે. તેણી જે રીતે રાજાને પરણીને પોતાની નિંદા કરે છે. તે ભાવ નિંદામાં ઘણાં ઉદાહરણો યોગસંગ્રહમાં કહેવાશે. તેનું લક્ષણ આ પ્રમાણે છે – હા ! ખોટું કર્યુ, હા ! ખોટું કરાવ્યું, હા ! ખોટાની અનુમોદના કરી, તેના પશ્ચાત્તાપથી મારું અંતર બળી રહેલ છે.

● નિર્યુક્તિ-૧૦૫૦-વિવેચન :-

ગર્હા પણ તેવી જ છે, પરંતુ તેમાં બીજા આગળ દોષ પ્રકાશવાના છે. દ્રવ્ય ગર્હામાં મરુકનું દૃષ્ટાંત છે, ભાવમાં ઘણાં ઉદાહરણો છે.

ગર્હા, નિંદાની જાતિની જ છે. તેમાં વિશેષ આ છે – બીજા સમક્ષ પ્રગટ કરવું તે ગર્હા કહેવાય. અથવા ગુરુ સન્મુખ જે સ્વજુગુપ્સા તે ગર્હા. તે પણ ચાર ભેદે છે. તેમાં નામ, સ્થાપના છોડીને કહે છે – દ્રવ્યમાં મરુકનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે – આનંદપુરમાં મરુકની પૂત્રવધુ સાથે સંભોગ કરીને ઉપાધ્યાયને કહે છે – મેં સ્વપ્નમાં તમારી પુત્રવધૂ સાથે સંભોગ કર્યો.

ભાવગર્હામાં – સાધુએ ગુરુ પાસે જઈને, અંજલિ કરીને, વિનયપૂર્વક, જેવું પાપ પોતે જાણે છે, તે પ્રમાણે જ ગુરુને જણાવી દે.

તેમાં ગર્હા એટલે જુગુપ્સા. કોની જુગુપ્સા કરે ? આત્માની - ભૂતકાળના સાવધયોગકારી આત્માની અથવા અતીત સાવધ યોગના ત્રાણ રહિત આત્માની જુગુપ્સા કરે. હવે સામાયિક વડે ત્રાણ-રક્ષણ છે. અથવા સતત સાવધ યોગના પ્રવર્તનથી નિવર્તવું. [હું નિવર્તુ છું.]

વ્યુત્સૃજામિ - વિવિધ અર્થ કે વિશેષ અર્થમાં 'वि' શબ્દ છે. उत् શબ્દ ભૃશાર્થે- બહુ અર્થમાં છે. સૃજામિ એટલે હું ત્યાગ કરું છું. અર્થાત્ હું વિશેષે કરીને ઘણો જ ત્યાગ કરું છું. अव શબ્દ अधः અર્થમાં છે.

[શંકા] સાવધયોગના પરિત્યાગથી હું હે ભદંત ! સામાયિક કરું છું. એ પ્રમાણે સાવધયોગની નિવૃત્તિ કહે છે. તેમાં 'વ્યુત્સૃજામિ' શબ્દ વિપરીતતાને પામે છે. [સમાધાન] ના, તેમ નથી. - X - સામાયિક પછી પણ પ્રયોજાયેલ 'વ્યુત્સૃજાતિ' શબ્દમાં તેનો વિપક્ષ ત્યાગ પણ જાણવો. વિસ્તાર ભયથી વધારે કહેતા નથી.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (24)



હવે વ્યુત્સર્ગના પ્રતિપાદન માટે કહે છે –

● નિર્યુક્તિ-૧૦૫૧-વિવેચન :-

દ્રવ્ય વ્યુત્સર્ગમાં પ્રસન્નચંદ્રનું દૃષ્ટાંત છે અને તે જ ફરી જ્યારે સંવેગમાં આવી જાય છે, ત્યારે તે દૃષ્ટાંત ભાવમાં પણ છે જ.

અહીં દ્રવ્ય વ્યુત્સર્ગ - તે ગણ, ઉપધિ, શરીર, અન્ન, પાન આદિનો ત્યાગ અથવા દ્રવ્ય વ્યુત્સર્ગ તે આર્ત્તધ્યાનાદિ ધ્યાતાનો કાયોત્સર્ગ. તેથી કહે છે – દ્રવ્ય વ્યુત્સર્ગમાં પ્રસન્ન ચંદ્રનું ઉદાહરણ છે. ભાવ વ્યુત્સર્ગ તે અજ્ઞાન આદિનો પરિત્યાગ અથવા ધર્મ-શુક્લધ્યાન કરનારનો કાયોત્સર્ગ જ. તેથી કહ્યું કે સંવેગ પામીને પછી ભાવ વ્યુત્સર્ગમાં પ્રસન્નચંદ્રનું જ દૃષ્ટાંત છે. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ છે–

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પ્રસન્નચંદ્ર રાજા હતો. ત્યાં ભગવંત વીર સમોસર્યા. પછી રાજા ધર્મ સાંભળીને સંવેગ પામ્યો. દીક્ષા લીધી, ગીતાર્થ થયો. કોઈ દિવસે જિનકલ્પ સ્વીકારવાની ઈચ્છાથી સત્ત્વ ભાવનાથી આત્માને ભાવિત કરે છે. તે કાળે રાજગૃહનગરમાં શ્મશાનમાં પ્રતિમા ધ્યાને રહ્યા.

ભગવંત મહાવીર ત્યાં જ સમોસરેલા. લોકો પણ વંદનાર્થે નીકળ્યા. બે વણિકો ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી ત્યાં આવ્યા. પ્રસન્નચંદ્રને જોઈને એક વણિક બોલ્યો - આ આપણાં સ્વામી છે, રાજલક્ષ્મી છોડીને, તપરૂપી લક્ષ્મી સ્વીકારી છે. અહો ! તેની ધન્યતા છે. બીજો બોલ્યો – આની વળી ધન્યતા ? જે અસંજાત બળવાળા પુત્રને રાજ્યમાં સ્થાપીને દીક્ષા લઈ લીધી. તે ભાયાતો દ્વારા પરાભવ પામશે. ઉત્તમ નગર ક્ષયને પામશે. એ પ્રમાણે ઘણાં લોકોને દુઃખમાં સ્થાપ્યા, તે દેખાતું નથી.

આ સાંભળીને પ્રસન્નચંદ્રને કોપ ચડ્યો. તે વિચારવા લાગ્યા કે – કોણ મારા પુત્રને અપકાર કરે છે ? નક્કી - અમુક. તે વળી શું કરી લેશે ? અહીં આ અવસ્થામાં રહીને પણ તેને ખતમ કરી દઈશ. માનસ સંગ્રામથી રૌદ્ર ધ્યાન પામ્યો. હાથી વડે હાથીને ખતમ કરવા લાગ્યો.

એ સમયે શ્રેણિક રાજા ભગવંતને વાંદવાને નીકળેલો. તેણે પણ પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયા અને વંદન કર્યુ. શ્રેણિકને થયું – આ ઋષિ શુક્લધ્યાને ચડેલા છે. તો આવા ધ્યાનમાં કાળધર્મ પામે તો તેમની શું ગતિ થાય, એમ ભગવંતને હું પૂછીશ. ત્યાં જઈ, વંદન કરીને ભગવંતને શ્રેણિકે પૂછ્યું – જે ધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને મેં વાંદ્યા, તે વખતે તેઓ કાળ કરે તો ક્યાં ઉપપાત થાય ? ભગવંત બોલ્યા – સાતમી નરકમાં.

ત્યારે શ્રેણિકે વિચાર્યુ – અરેરે ! આમ કેમ ? ફરી તે જ પ્રશ્ન કર્યો. તેટલામાં પ્રસન્નચંદ્ર માનસિક સંગ્રામમાં પ્રધાન નાયક સાથે લડતા તલવાર, શક્તિ, ચક્ર, કલ્પની આદિ આયુધો કુમાવી ચૂકેલા. ત્યારપછી તેણે શિરસ્ત્રાણ-મુગટ વડે હું તેને ખતમ કરી દઉં એમ વિચારી માથા ઉપર હાથ ફેરવ્યો. ત્યારે તેણે જાણ્યું કે લોચ કરેલ છે [મસ્તક મુંડિત છે.] ત્યારે સંવેગ પામ્યો. મહા વિશુદ્ધયમાન પરિણામથી આત્માની નિંદા કરવા લાગ્યા. ફરી શુક્લધ્યાન પામ્યા.

એટલામાં શ્રેણિકે ફરી પણ ભગવંતને પૂછ્યું – ભગવન્ ! જે ધ્યાને હાલ પ્રસન્નચંદ્ર રાજર્ષિ વર્તી રહ્યા છે, તેમાં મૃત્યુ પામે તો ક્યાં ઉપજે ? ભગવંતે કહ્યું – અનુત્તર દેવમાં. ત્યારે શ્રેણિકે પૂછ્યું – પૂર્વે કેમ જુદુ પ્રરૂપેલ હતું કે મેં કંઈ જુદુ સમજેલ

હતું ? ભગવંતે કહ્યું – ના તેમ ન હતું.

શ્રેણિકે ફરી પૂછ્યું – તો આમ કઈ રીતે ? ત્યારે ભગવંતે તેને બધો વૃત્તાંત કહ્યો. એટલામાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ સમીપે દિવ્ય દેવ દુંદુભિના નાદ સહિત મહાન્ કલકલ થયો. ત્યારે શ્રેણિકે પૂછ્યું – ભગવન્ ! આ શું થયું ? ભગવંતે કહ્યું – તેને વિશુદ્ધયમાન પરિણામથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી દેવો તેનો મહોત્સવ કરી રહ્યા છે.

આ જ દ્રવ્ય અને ભાવ વ્યુત્સર્ગનું દૃષ્ટાંત છે.

હવે સમાપ્તિમાં સામાયિકના કર્તા વિષયક સંક્ષેપથી કહે છે –

● નિર્યુક્તિ-૧૦૫૨-વિવેચન :-

સામાયિકના આરંભે આત્મા ત્રિવિધકરણ અને ત્રિવિધ યોગથી પાપને તજીને સાવધયોગથી વિરામ પામે છે, આ પાઠ સમાપ્ત થયો.

સાવધયોગથી વિરત, કઈ રીતે ? પાપનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરીને અથવા પાઠાંતરથી સાવધયોગ વિરત થઈને ત્રિવિધ ત્રિવિધે ભવિષ્યમાં થનારા પાપનો ત્યાગ કરે છે. - x - x - અનુગમ કહ્યો.

હવે નય કહે છે – તે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ રીતે સાત છે. તેનું સ્વરૂપ પૂર્વે સામાયિક અધ્યયનમાં દર્શાવેલું જ છે. પણ અહીં સ્થાન અશૂન્યાર્થે જ્ઞાન-ક્રિયા બે નયમાં સમાવેશ થતો હોવાથી સંક્ષેપથી કહે છે –

● નિર્યુક્તિ-૧૦૫૩-વિવેચન :-

વિધા અને ચરણ નયમાં બાકીના નયોનો અવતાર કરવો જોઈએ. સામાયિક નિર્યુક્તિ જે સુભાષિત અર્થવાળી છે, તે પૂરી થઈ. અહીં વિધા અને ચરણ એટલે જ્ઞાન અને ક્રિયારૂપ નવ જાણવા. તેમાં બીજા નયો સમજી લેવા.

હવે સ્વદ્વાર જ બાકીના નયના અંતર્ભાવથી અધિકૃત્ મહિમાથી - x - જ્ઞાન અને ચરણ નયો કહીએ છીએ. તેમાં જ્ઞાન નયનો મત આ પ્રમાણે છે – જ્ઞાન જ આલોક - પરલોકના ફળની પ્રાપ્તિમાં પ્રધાન કારણ છે. યુક્તિયુક્તત્વ વડે આ કહ્યું. તેથી જણાવે છે –

● નિર્યુક્તિ-૧૦૫૪-વિવેચન :-

ગ્રહિતવ્ય અને અગ્રહિતવ્ય અર્થ જાણ્યેથી જ મુક્તિ માટે યત્ન કરી શકાય છે, આ જ્ઞાનનય જાણવો - - - જ્ઞાત - સમ્યક્ જાણવું. ગ્રહિતવ્ય-ઉપાદેય, અગ્રહીતવ્ય - હેય, ત્યાજ્ય च શબ્દ - ઉપાદેય અને હેય બંને જ્ઞાતત્વના અનુકર્ષણાર્થે છે. અથવા ઉપેક્ષણીયના સમુચ્ચયાર્થે છે. एव કાર અવધારણાર્થે છે. તેના આવો વ્યવહિત પ્રયોગ જાણવો - જ્ઞાત જ ઉપાદેય તથા હેય તથા ઉપેક્ષણીયમાં છે. અજ્ઞાત નહીં.

અર્થ - ઐહિક અને આમુષ્મિક. તેમાં ઐહિક અર્થમાં - ગ્રહીતવ્ય તે માળા, ચંદન અને સ્ત્રી વગેરે. અગ્રહીતવ્ય - વિષ, શસ્ત્ર, કંટકાદિ, ઉપેક્ષણીય - તૃણ આદિ. આમુષ્મિક અર્થમાં ગ્રહીતવ્ય - સમ્યગ્દર્શનાદિ, અગ્રહીતવ્યમિથ્યાત્વ આદિ, ઉપેક્ષણીય - વિવક્ષાથી અભ્યુદયાદિ. તે અર્થમાં પ્રયત્ન કરવો જોઈએ. આ ક્રમથી ઐહિક અને આમુષ્મિક ફળ પ્રાપ્તિના અર્થી જીવોએ પ્રયત્ન કરવો જોઈએ - પ્રવૃત્તિ આદિ લક્ષણ પ્રયત્ન કરવો. - x - x - તથા આમુષ્મિક ફળ પ્રાપ્તિના અર્થીઓએ પણ જ્ઞાનમાં જ પ્રયત્ન કરવો. આગમમાં પણ આ પ્રમાણે જ કહ્યું છે –



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (25)



“પહેલું જ્ઞાન અને પછી દયા” એ પ્રમાણે બધાં સંયતે રહેવું. અજ્ઞાની શું કરી શકે ? છેક કે પાપકને શું જાણશે ? તથા આગમમાં કહે છે –

ગીતાર્થનો વિહાર છે, બીજો ગીતાર્થ મિશ્રક કહેલ છે. આ સિવાય ત્રીજો કોઈ વિહારની જિનવરે અનુજ્ઞા આપેલ નથી.

અહીં અભિપ્રાય એવો છે કે અંધ વડે અંધને ખેંચી જવાથી સમ્યક્ માર્ગ પ્રાપ્ત થતો નથી. એ પ્રમાણે ક્ષાયોપશમિક જ્ઞાનને આશ્રીને કહ્યું. ક્ષાયિકને પણ સ્વીકારીને વિશિષ્ટ ફળસાધકત્વ તેનું જ જાણવું. જેથી અરહંતને પણ ભવસમુદ્રના કાંઠે રહેવા છતાં દીક્ષા લઈને ઉત્કૃષ્ટ તપ-ચારિત્રવાળા છતાં ત્યાં સુધી અપવર્ગની પ્રાપ્તિ થતી નથી, જ્યાં સુધી જીવાજીવાદિ અખિલ વસ્તુના પરિચ્છેદ રૂપ કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય.

તેથી જ્ઞાન જ મુખ્ય છે અને તે ઐહિક-આમુષ્મિક ફળ પ્રાપ્તિનું પ્રધાન કારણ કહેલ છે. જે ઉપદેશ જ્ઞાનની પ્રાધાન્યતા જણાવનાર છે, તે નયને જ્ઞાનનય કહે છે.

આ ચતુર્વિધ સમ્યકત્વાદિ સામાયિકમાં સમ્યકત્વ સામાયિક અને શ્રુત સામાયિક એ બંનેને ઈચ્છે છે. કેમકે તે જ્ઞાનાત્મકપણે છે. દેશવિરતિ અને સર્વ વિરતિ સામાયિક તો તેનું કાર્ય છે, તેના લાભપણાથી તેને ઈચ્છતા નથી, ગુણભૂતને ઈચ્છે છે તે ગાથાર્થ.

જ્ઞાન નય કહ્યો. હવે ક્રિયા નયનો અવસર છે.

ક્રિયાનયનો મત આ પ્રમાણે છે – ક્રિયા જ ઐહિક, આમુષ્મિક ફળ પ્રાપ્તિનું પ્રધાન કારણ છે યુક્તિયુક્તત્વથી આમ કહ્યું. આ પણ ઉક્ત લક્ષણ જ સ્વપક્ષની સિદ્ધિને માટે ગાથા કહે છે – णायंमि०

આની ક્રિયા નયના દર્શનાનુસાર વ્યાખ્યા – જ્ઞાતમાં ઉપાદેય અને હેય - અર્થમાં ઐહિક અને આમુષ્મિક ફળ પ્રાપ્તિને અર્થે પ્રયત્ન કરવો જોઈએ જ. જેથી પ્રવૃત્તિ આદિ લક્ષણ પ્રયત્ન સિવાય જ્ઞાનવાળા પણ અભિલષિત અર્થની પ્રાપ્તિ જોતા નથી. બીજાએ પણ કહ્યું છે –

મનુષ્યોને ક્રિયા જ ફળદાયી છે, જ્ઞાન ફળદાયી માનેલ નથી. કેમકે સ્ત્રી-ભક્ષ્ય અને ભોગનો જાણકાર માત્ર જ્ઞાનથી સુખી થતો નથી.

તથા આમુષ્મિક ફળ પ્રાપ્તિના અર્થી વડે ક્રિયા જ કરવા યોગ્ય છે. તથા મુનિન્દ્રવચન પણ એ પ્રમાણે જ વ્યવસ્થિત છે. કેમકે કહ્યું છે કે – ચૈત્ય, કુલ, ગણ, સંઘોમાં અને આચાર્ય તથા પ્રવચનમાં, બધામાં પણ તપ અને સંયમમાં ઉધમ કરવો જોઈએ. આ જ સ્વીકારવું જોઈએ કે જેથી તીર્થંકર અને ગણધરોએ પણ ક્રિયા રહિતને જ્ઞાન પણ વિકલ જ કહેલ છે.

આગમમાં પણ કહ્યું છે કે – ઘણું જ્ઞાન ભણીને પણ ચારિત્રહીન શું કરશે ? જેમ અંધની પાસે લાખો-કરોડો દીવા પ્રગટાવીને પણ શો લાભ ?

આ પ્રમાણે ક્ષાયોપશમિક ચારિત્ર આશ્રીને કહ્યું. ચારિત્ર, ક્રિયા આદિ પર્યાય શબ્દો છે. ક્ષાયિકને આશ્રીને પણ પ્રકૃષ્ટ ફલ સાધકત્વથી તેને જ જાણવી. જે કારણે અરહંત ભગવંત પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ત્યાં સુધી મુક્તિ પામતા નથી, જ્યાં સુધી સર્વે કર્મ ઇંધણ અગ્નિભૂત થઈ હ્રસ્વપંચાક્ષર બોલવાના કાળ માત્રા જેટલી સર્વ સંવરરૂપ ચારિત્રક્રિયા પામતા નથી. તેથી ક્રિયા જ ઐહિક અને આમુષ્મિક ફલ પ્રાપ્તિમાં પ્રધાન કારણે છે.

એ પ્રમાણે ઉક્ત ન્યાયથી જે ઉપદેશ ક્રિયાપ્રાધાન્ય જણાવે છે તે નયને ક્રિયા

નય કહે છે. આ સમ્યકત્વાદિ ચતુર્વિધ સામાયિકમાં દેશવિરતિ અને સર્વવિરતિ એ બે સામાયિકને ઈચ્છે છે. કેમકે તે ક્રિયાસ્વરૂપ છે. સમ્યકત્વ સામાયિક અને શ્રુતસામાયિક તેના માટે ઉપાદીયમાનપણાથી છે માટે તેને ઈચ્છતા નથી. ગુણભૂતને ઈચ્છે છે.

આ જ્ઞાન અને ક્રિયાનયનું સ્વરૂપ છે. તે જાણીને શિષ્યને સંશય થયો કે આમાં તત્ત્વ શું છે ? આચાર્ય ત્યારે નીચેની ગાથા કહે છે અથવા જ્ઞાન-ક્રિયા નય મતને જણાવીને હવે સ્થિતપક્ષ કહે છે —

● નિર્યુક્તિ-૧૦૫૫-વિવેચન :-

બધાં નયોની બહુવિધ વક્તવ્યતાને સાંભળીને, તે સર્વ નયોમાં વિશુદ્ધ છે, જે ચરણગુણમાં સ્થિત સાધુ છે.

બધાં મૂળ નયો તથા તેના ભેદો અને દ્રવ્યાસ્તિક આદિ નયોની સામાન્ય કે વિશેષ જ ઉભયરૂપની અપેક્ષા વિના અથવા નામાદિ નયોમાં કોને કયા સાધુ ઈચ્છે છે ઈત્યાદિ સાંભળીને સર્વ નય સંમત વચન - જે ચરણગુણ સ્થિત સાધુ, જેથી સર્વે નયો ભાવનિક્ષેપને જ ઈચ્છે છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
અધ્યયન-૧-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (26)



# અધ્યયન-૨-“ચતુર્વિંશતિસ્તવ”

-- x -- x -- x -- x -- x -- x -- x --

હવે સામાયિક અધ્યયન પછી ચતુર્વિંશતિ સ્તવ અધ્યયન આરંભીએ છીએ. અહીં અધ્યયન ઉદ્દેશ સૂત્રના આરંભમાં બધે જ કારણ અને અભિસંબંધ કહેવો, એ વૃદ્ધવાદ છે. તેનું કારણ કહે છે — જાત્યાદિ ગુણ સંપદા યુક્ત શિષ્યને ગુરુ આવશ્યક શ્રુતસ્કંધ સૂત્રથી અને અર્થથી આપે છે. તે અધ્યયન સમુદાયરૂપ વર્તે છે. તેથી કહ્યું છે — હવે આગળ હું એક-એક અધ્યયનનું કીર્તન કરીશ. પહેલું અધ્યયન સામાયિક કહ્યું. હવે બીજું —

આચાર્યના વચનના પ્રામાણ્યથી અધિકાર ઉપન્યાસ સિદ્ધિ થાય છે. “સાવધયોગ વિરતિ ઉત્કિર્તન” ઈત્યાદિથી હવે બીજું અધ્યયન કહે છે. - x - x - x - તેનો સંબંધ આ પ્રમાણે છે — અનંતર અધ્યયનમાં સાવધયોગ વિરતિરૂપ સામાયિક કહી. અહીં તેના ઉપદેષ્ટા અરહંતનું ઉત્કીર્તન-સ્તવના એ કર્તવ્ય કહે છે અથવા સામાયિક અધ્યયનમાં તેના આસેવનથી કર્મક્ષય કહ્યો. - x - x -

અહીં પણ ચતુર્વિંશતિ સ્તવમાં અરહંતના ગુણોત્કીર્તનરૂપ ભક્તિના તત્ત્વથી આનું જ પ્રતિપાદન કરે છે. કહ્યું છે — જિનવરોની ભક્તિથી પૂર્વના સંચિત કર્મોનો ક્ષય થાય છે. એ પ્રમાણે આ સંબંધથી આવેલ ચતુર્વિંશતિ સ્તવ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો કહેવા. તેમાં નામ નિક્ષેપામાં “ચતુર્વિંશતિ સ્તવ” તેથી કહે છે —

● નિર્યુક્તિ-૧૦૫૬-વિવેચન :-

ચતુર્વિંશતિ સ્તવનો નામનિષ્પન્ન નિક્ષેપો થાય છે. ચતુર્વિંશતિ શબ્દનો છ પ્રકારે અને સ્તવનો છ પ્રકારે નિક્ષેપ થાય છે. - x - x -

અવયવાર્થ તો ભાષ્યકાર જ કહેશે. તેમાં આદ્ય અવયવને આશ્રીને નિક્ષેપના ઉપદર્શનાર્થે કહે છે —

● ભાષ્ય-૧૯૦-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ પ્રકારે ચતુર્વિંશતિનો નિક્ષેપો થાય છે. (૧) કોઈ જીવ કે અજીવનું ‘ચતુર્વિંશતિ’ એવું નામ રાખે. (૨) સ્થાપના ચતુર્વિંશતિ - કોઈને તે રૂપે સ્થાપના. (૩) દ્રવ્યચતુર્વિંશતિ સચિત્ત, અચિત્ત, મિશ્રભેદથી ૨૪-દ્રવ્યો. તેમાં સચિત્ત-દ્વિપદ, ચતુષ્પદ, અપદ ભેદથી છે. અચિત્ત - કાર્ષાપણાદિ, મિશ્ર-કટક આદિ અલંકૃત્ દ્વિપદાદિ. ક્ષેત્રથી ૨૪-ક્ષેત્રો અથવા ભરતાદિ ક્ષેત્રપ્રદેશો તે ચોવીશ પ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય. કાળથી ૨૪-સમયાદિ, આટલું કાળ સ્થિતિ દ્રવ્ય છે. ભાવથી ૨૪-ભાવ સંયોગ કે ૨૪ ગુણ કૃષ્ણ દ્રવ્ય. આ ચતુર્વિંશતિનો નિક્ષેપ થયો. અહીં સચિત્ત-દ્વિપદ મનુષ્ય ચતુર્વિંશતિનો અધિકાર છે.

ચતુર્વિંશતિ કહ્યું, હવે ‘સ્તવ’નું પ્રતિપાદન કરે છે —

● ભાષ્ય-૧૯૧-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ સ્તવના ચાર નિક્ષેપા છે. દ્રવ્યસ્તવ પુષ્પાદિ છે, ભાવસ્તવ-વિધમાનગુણોનું કિર્તન છે. અહીં નામ એટલે ‘નામ સ્તવ’ ઈત્યાદિ - x - જાણવું. - x - તેમાં નામ અને સ્થાપના ગૌણ હોવાથી તેને છોડીને દ્રવ્યસ્તવ અને

ભાવસ્તવનું સ્વરૂપ કહે છે –

દ્રવ્ય સ્તવ તે પુષ્પ, ગંધ, ધૂપ આદિ છે. કારણમાં કાર્યનો ઉપચાર છે, અન્યથા દ્રવ્યસ્તવ તે પુષ્પાદિ વડે સમ્યક્ અર્ચન થાય. સદ્‌ભૂત ગુણો તે સદ્‌ગુણો. આના વડે અસત્‌ભૂત ગુણોનું કીર્તન નિષેધેલ છે. તે કરવાથી મૃષાવાદ લાગે છે. સદ્‌ગુણોનું પ્રબળતાથી પરાભક્તિથી કીર્તન તે સદ્‌ગુણોત્કીર્તન. જેમકે – હે નાથ! આપે સમગ્ર ત્રણ જગત્‌ને પ્રકાશિત કરેલ છે. તેવી રીતે બધાં પરતીર્થાધિપે પણ કહેલ નથી. ઈત્યાદિ રૂપ, ભાવ સ્તવ.

અહીં ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્‌જ્ઞાનને માટે છે. ચાલના કદાચિત્ શિષ્ય કરે છે, કદાચિત્ સ્વયં ગુરુ કરે છે. - X - અહીં ધનપરિત્યાગ આદિથી દ્રવ્યસ્તવ જ ઘણો લાભદાયી થશે, એમ અલ્પબુદ્ધિવાળાને આશંકા સંભવે છે. તેનો નિરાસ કરવા, તેના અનુવાદપૂર્વક કહે છે –

● ભાષ્ય-૧૯૨-વિવેચન :-

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં દ્રવ્યસ્તવ ઘણાં ગુણવાળો છે એવી બુદ્ધિ થાય, આ અનિપુણબુદ્ધિવાળાનું વચન છે. કેમકે જિનેશ્વરો છ જીવનિકાયના હિતને કહેનારા છે. - X - X - કદાચ આવું કરતા ધનના ત્યાગથી શુભ જ અધ્યવસાય અને તીર્થની ઉન્નતિકરણ જોઈને તેમ કરનાર બીજાને પણ પ્રતિબોધ થવાથી, તે સ્વ-પરને અનુગ્રહકારી છે. એવું મનમાં માને તો ''દ્રવ્યસ્તવ ઘણાં ગુણવાળું છે'' એ માન્યતાની અસારતા જણાવે છે - આ વચન અનિપુણ મતિના છે. કેમકે તીર્થંકરો પૃથ્વીકાયાદિ છ કાયના હિતને કહેનારા છે. કેમકે તે પ્રધાન મોક્ષસાધન છે. છ જીવનું હિત–

● ભાષ્ય-૧૯૩-વિવેચન :-

છ જીવનિકાયનો સંયમ દ્રવ્યસ્તવમાં પૂર્ણપણે વિરોધી છે. તેથી સંપૂર્ણ સંયમને જાણનારા સાધુ પુષ્પાદિ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી.

છ જીવનિકાય તે પૃથ્વી આદિ રૂપ છે. સંયમ - સંઘટ્ટનાદિ પરિત્યાગ. આ છ જીવકાયનું હિત. દ્રવ્યસ્તવ-પુષ્પાદિ વડે અર્ચન રૂપ. તેમાં પુષ્પાદિમાં ચુંટવા કે સંઘટ્ટન આદિ સંપૂર્ણ સંયમની અનુપપત્તિ છે. સંપૂર્ણ સંયમ પ્રધાન વિદ્વાન્ તે તત્ત્વથી સાધુ કહેવાય છે. અહીં સંપૂર્ણ સંયમગ્રહણ તે અસંપૂર્ણ સંયમી વિદ્વાન્ શ્રાવકોના નિષેધ માટે છે. તેથી કહે છે – પુષ્પાદિ દ્રવ્યસ્તવને બહુ માનતા નથી. જે કહ્યું છે – ''દ્રવ્યસ્તવ કરતા ધનના ત્યાગથી શુભ જ અધ્યવસાય'' ઈત્યાદિ. તે પણ યત્કિંચિત્ છે. કોઈક અલ્પસત્ત્વી કે અવિવેકી શુભ અધ્યવસાય ન પણ પામે. કીર્તિ આદિને માટે પણ જીવોમાં દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ દેખાય છે. શુભ અધ્યવસાય ભાવમાં પણ તે જ ભાવસ્તવપણાથી દ્રવ્યનું તે કારણે અપ્રધાનત્વ છે.

ભાવસ્તવથી જ તીર્થની ઉન્નતિકરણ તત્ત્વતઃ જાણવું ભાવ સ્તવ જ તેનું સમ્યક્ દેવાદિ વડે પણ પૂજ્યત્વ છે. એને કરતા જોઈને બીજા પણ સારી રીતે બોધ પામે છે. સ્વ-પરનો અનુગ્રહ થાય છે.

[શંકા] તો શું આ દ્રવ્યસ્તવ એકાંતે હેય જ વર્તે છે કે ઉપાદેય પણ છે ? [સમાધાન] સાધુને માટે હેય જ છે. શ્રાવકને ઉપાદેય પણ છે.

● ભાષ્ય-૧૯૪-વિવેચન :-

સંયમમાં સંપૂર્ણપણે ન પ્રવર્તતા એવા દેશવિરતિવાળાને આ દ્રવ્યસ્તવ યુક્ત છે. સંસારને પાતળો કરવામાં દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાંત છે. - - - સંયમમાં જેઓ અસંપૂર્ણ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (27)



પ્રવર્તે છે, તેવા શ્રાવકોને આ દ્રવ્યસ્તવ યુક્ત જ છે. શા માટે? સંસારનો ક્ષય કરવાને માટે. દ્રવ્યસ્તવ પ્રકૃતિથી જ અસુંદર હોય તો શ્રાવકોને કઈ રીતે યુક્ત છે, તેમાં કૂવાનું દૃષ્ટાંત છે.

જેમ નવા નગરાદિ સંનિવેશમાં કોઈક પૂરતાં પાણીના અભાવથી તૃષ્ણાદિથી પીડાતા, તેને નિવારવાને કૂવો ખોદે છે. તેમને જો કે તૃષ્ણાદિ ત્યારે વધે છે, માટી-કાદવ આદિથી વસ્ત્રાદિ મલિન થાય છે, તો પણ તેમાંથી પ્રાપ્ત થયેલ પાણીથી, તેમને તે તૃષ્ણાદિ અને તે મળ દૂર થાય છે. બાકીના કાળમાં પણ તે બીજા લોકો સુખી થાય છે. તેમ દ્રવ્યસ્તવમાં જો કે અસંયમ છે તો પણ તેનાથી પરિણામશુદ્ધિ થાય કે જેનાથી અસંયમ પામ્યા બીજા કર્મો ખપાવે છે. તેથી દેશવિરતને આ દ્રવ્યસ્તવ કર્તવ્ય છે. તે શુભપરિણામ અનુબંધી અને પ્રભૂતતર નિર્જરાફળદાયી છે.

સ્તવ કહ્યું. અહીં અધ્યયન શબ્દાર્થ નિરૂપણીય છે. તે અનુયોગ દ્વારમાં નિરૂપેલ છે. નામનિષ્પન્ન નિક્ષેપો કહ્યો.

હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. તે સૂત્ર હોય તો થાય છે. સૂત્ર અનુગમથી હોય, તે બે ભેદે – સૂત્રાનુગમ, નિર્યુક્તિઅનુગમ. નિર્યુક્તિ અનુગમ ત્રણ પ્રકારે છે. નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ, ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ, સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ કહે છે. ઉપોદ્‌ઘાત૦ દ્વાર ગાથાઓથી જાણવો. - X - સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ સૂત્ર હોવાથી થાય છે. સૂત્રાનુગમનો અવસર પ્રાપ્ત જ છે. - X -

સૂત્ર, સૂત્રાનુગમાદિ કથન 'સામાયિક' અધ્યયનમાં કરેલ છે. તેથી તે અહીં - X - ફરી કહેતા નથી. સૂત્ર કહેવું જોઈએ. તે આ પ્રમાણે છે –

● સૂત્ર-૩ :-

***લોકમાં ઉદ્યોત કરનાર, ધર્મતીર્થ કરનાર, જિન, એવા ચોવીશે પણ કેવલી અરિહંતની સ્તવના કરીશ.***

● વિવેચન-૩ :-

- X - તેમાં અસ્ખલિત પદનું ઉચ્ચારણ, તે સંહિતા અથવા પરનો સંનિકર્ષ. તે આ છે – ''લોગસ્સ ઉજ્જોયગરે'' ઈત્યાદિ પાઠ. હવે પદો - લોકના ઉદ્યોતકર, ધર્મતીર્થંકર ઈત્યાદિ - X -

હવે પદાર્થ - જોવાય તે લોક. પ્રમાણ. પ્રમાણ વડે દેખાય તે. અહીં લોકને પંચાસ્તિકાય રૂપ લેવો. તે લોકનું શું? ઉદ્યોતકરણશીલ, તેને ઉદ્યોત કરનાર, કેવળજ્ઞાનથી જોઈને, તેના સહિત પ્રવચન દીપ વડે સર્વલોકને પ્રકાશ કરનાર. ધર્મ - દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખે તે. તીર્થ - જેના વડે તરાય તે. ધર્મ એ જ કે ધર્મપ્રધાન તીર્થ તે ધર્મતીર્થ. તેને કરનારા તે ધર્મતીર્થંકર. જિન - રાગ, દ્વેષ, કષાય, ઈન્દ્રિય, પરીષહ, ઉપસર્ગ, આઠ પ્રકારના કર્મોને જીતવાથી જિન. अरहंत - અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્યાદિ રૂપ પૂજાને યોગ્ય હોવાથી અર્હત્. તેમને સ્વ નામ વડે સ્તવીશ. ચોવીશ એ સંખ્યા છે. अपि શબ્દ ભાવથી તે સિવાયનાના સમુચ્ચય અર્થે છે. તેમને કેવળજ્ઞાન વિદ્યમાન હોવાથી કેવલી. એ રીતે પદાર્થ કહ્યા. પદવિગ્રહ અવસરે.

હવે ચાલનાનો અવસર છે. તે રહેવા દઈ, સૂત્રસ્પર્શિકા નિર્યુક્તિ જ કહીએ

છીએ. - x - ચાલના પણ અહીં જ કહીશું. તેમાં લોકનું નિરૂપણ –

● નિર્યુક્તિ-૧૦૫૭-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ અને પર્યવલોક એ પ્રમાણે આઠ ભેદે લોકનો નિક્ષેપ જાણવો. અહીં નામલોક, સ્થાપના લોક ઈત્યાદિ આઠ ભેદો કહેવા. વિસ્તાર ભાષ્યકાર જ કહે છે.

તેમાં નામ, સ્થાપના છોડીને દ્રવ્યલોકને જણાવતા કહે છે –

● ભાષ્ય-૧૯૫-વિવેચન :-

જીવ-અજીવ, રૂપી-અરૂપી, સપ્રદેશ-અપ્રદેશ જે દ્રવ્ય છે, તે દ્રવ્યલોક જાણવો. તે લોક નિત્ય-અનિત્ય છે. - - - અહીં સુખ, દુઃખ, જ્ઞાન ઉપયોગ લક્ષણ જીવ છે, તેથી વિપરીત છે તે અજીવ છે. આના બે ભેદ છે – રૂપી અને અરૂપી. તે જીવમાં અનાદિ કર્મ સંતાન પરિગત તે રૂપી-સંસારી. અરૂપી તે કર્મરહિત સિદ્ધો. અજીવ તે અરૂપી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય છે રૂપી અજીવ તે પરમાણુ આદિ છે. અ જીવ-અજીવને સામાન્યથી સપ્રદેશ-અપ્રદેશ જાણવા. તેમાં સામાન્ય-વિશેષ રૂપત્વથી પરમાણુ તો અપ્રદેશ જ છે. બીજા કહે છે કે – જીવ કાલાદેશથી નિયમા સપ્રદેશી છે, લબ્ધિ આદેશથી સપ્રદેશી કે અપ્રદેશી હોઈ શકે. એ પ્રમાણે ધર્માસ્તિકાયાદિ ત્રણ અસ્તિકાયમાં પર-અપર નિમિત્ત બંને પક્ષ કહેવા.

પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યાદિ અપેક્ષાથી વિચારવા. જેમકે – પરમાણુ અપ્રદેશ છે, દ્વિઅણુક આદિ સપ્રદેશ છે. ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢ તે અપ્રદેશ અને દ્વિપ્રદેશાદિ અવગાઢ તે સપ્રદેશ. એ પ્રમાણે કાળથી પણ એક-અનેક સમય સ્થિતિ છે, ભાવથી પણ એક-અનેકગુણ કૃષ્ણાદિ છે.

હવે પ્રસ્તુત સૂત્ર-આ આવા પ્રકારના જીવ-અજીવ યુક્ત એવો દ્રવ્યલોક તું જાણ. દ્રવ્ય એ જ દ્રવ્યલોક. આના જ શેષ ધર્મને દર્શાવવાને કહે છે – નિત્ય, અનિત્ય જે દ્રવ્ય, ચ શબ્દથી અભિલાપ્ય-અનભિલાપ્ય આદિનો સમુચ્ચય.

હવે જીવાજીવની નિત્યાનિત્યતાને દર્શાવતા કહે છે –

● ભાષ્ય-૧૯૬-વિવેચન :-

ગતિ, સિદ્ધ, ભવ્ય, અભવ્ય એ ચાર જીવ આશ્રિત અપેક્ષાથી અને અજીવને આશ્રીને પુદ્‌ગલ, અનાગતદ્ધા, અતીતદ્ધા, ત્રણ કાયોની અનુક્રમે ચાર પ્રકારે સ્થિતિ કહેલી છે. - - - આની સામાયિકવત્ વ્યાખ્યા કરવી. સ્થિતિના ચાર ભંગ આ રીતે – સાદિ સાંત, સાદિ અનંત, અનાદિ સાંત, અનાદિ અનંત એ રીતે જીવ અને અજીવ થઈને આઠ ભંગો છે. હવે ક્ષેત્રલોકને કહે છે –

● ભાષ્ય-૧૯૭-વિવેચન :-

આકાશના જે પ્રદેશો - પ્રકૃષ્ટદેશો, ઉર્ધ્વલોક અધોલોક અને તીર્છાલોકમાં રહેલા છે, તેને ક્ષેત્રલોક જાણ. અવલોકાય તે લોક. ઉર્ધ્વાદિલોક વિભાગ સુજ્ઞેય છે. લોકાકાશપ્રદેશ અપેક્ષાથી અનંત છે. તે જિનેશ્વરે શોભન વિધિ વડે કહેલ છે.

હવે કાલલોક પ્રતિપાદન કરતા કહે છે –

● ભાષ્ય-૧૯૮-વિવેચન :-

સમય, આવલિકા, મુહૂર્ત્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી-અવસર્પિણી અને પુદ્‌ગલ પરાવર્ત્ત કહ્યા. તેમાં સમય - પરમનિકૃષ્ટકાળ, આવલિકા - અસંખ્યેય સમય પ્રમાણ, મુહૂર્ત્ત - બે ઘડી, ૧૬ મુહૂર્ત્તનો

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (28)



૧-દિવસ, ૩૨-મુહૂર્ત્તનો અહોરાત્ર, ૧૫-અહો રાત્રનો ૧-પક્ષ, બે પક્ષનો ૧-માસ, ૧૨-માસનું સંવત્સર, પાંચ સંવત્સરનો ૧-યુગ, પલ્યોપમ ઉદ્ધારાદિ ભેદ અનુયોગદ્વાર મુજબ જાણવા. સાગરોપમ પણ તે પ્રમાણે જ છે. દશકોડાકોડી સાગરોપમની ઉત્સર્પિણી, એ પ્રમાણે જ અવસર્પિણી જાણવી. પરાવર્ત્ત એટલે પુદ્‌ગલ પરાવર્ત્ત. તે અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ દ્રવ્યાદિ ભેદે છે. તેમાં અનંતા અતીતકાળ અને અંત આગામીકાળ જશે. એ રીતે કાળલોક કહ્યો. - x - હવે ભવલોક કહે છે –

● ભાષ્ય-૧૯૯-વિવેચન :-

નરક, દેવ, મનુષ્ય અને તિર્યંચયોનિમાં રહેલા જે સત્ત્વો-પ્રાણી છે. તે-તે ભવમાં વર્તતા જે અનુભાવને અનુભવે છે, તે ભવલોક જાણવો. હવે ભાવલોકને દર્શાવે છે.

● ભાષ્ય-૨૦૦-વિવેચન :-

ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સંનિપાતિક એ છ ભેદે ભાવલોક જાણવો. - - - કર્મના ઉદય વડે થયેલ તે ઔદયિક. કર્મના ઉપશમથી થયેલ તે ઔપશમિક, કર્મના ક્ષયથી થયેલ તે ક્ષાયિક, એ પ્રમાણે બાકીના ભાવો પણ કહેવા. સાંનિપાતિકમાં સામાન્યથી અનેક ભેદો જાણવા. અવિરુદ્ધ ૧૫ ભેદ છે. ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એમ ત્રણ ભાવરૂપ એક એક ભંગ ચાર ગતિમાં વિચારવો. ક્ષયના યોગમાં પણ ચાર તેના અભાવમાં, ઉપશમથી પણ ચાર ભંગ થાય. ઉપશમ શ્રેણિમાં એક, કેવલીને પણ એક, સિદ્ધને પણ એક એમ પંદર ભેદ થાય.

● ભાષ્ય-૨૦૧-વિવેચન :-

જે જીવને તીવ્ર રાગ અને દ્વેષ ઉદય પામ્યા છે, તેને તું ભાવલોક જાણ, એમ સારી રીતે અનંત જિનેશ્વરોએ કહેલું છે. તેમાં રાગ એટલે આસક્તિ, દ્વેષ એટલે અપ્રીતિ. એક વાક્યતાથી અનંત જિનેશ્વરોનું આ કથન છે.

હવે પર્યાયલોક કહે છે – તેમાં ઓઘથી પર્યાય ધર્મો કહે છે. અહીં નૈગમનય કે મૂઢનય દર્શનને આશ્રીને ચાર ભેદે પર્યાયલોક છે –

● ભાષ્ય-૨૦૨-વિવેચન :-

દ્રવ્યના ગુણો, ક્ષેત્રના પર્યાયો, ભવના અનુભાવો, ભાવના પરિણામો, એમ સંક્ષેપથી પર્યાયલોક ચાર પ્રકારે તું જાણ. - - - દ્રવ્યના ગુણો - રૂપ આદિ, ક્ષેત્રના પર્યાયો - અગુરુલઘુ, બીજા કહે છે ભરત આદિ. ભવનો નારક આદિ અનુભવ - તીવ્રતમ દુઃખાદિ કહ્યું છે – નરકમાં નારકોને આંખના પલકારા જેટલો પણ સુખનો અનુભાવ નથી, માત્ર દુઃખનો અનુબદ્ધ છે, અશુભ અને ઉદ્વેગજનક શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શો નરકમાં નૈરયિકને હોય. ઈત્યાદિ એ પ્રમાણે શેષ અનુભાવો પણ કહેવા.

ભાવ – જીવ, અજીવ સંબંધી પરિણામ, તે અજ્ઞાનથી જ્ઞાનનીલ, લોહિત આદિ પ્રકારે થવા તે. આ ચારને ઓઘથી પર્યાયલોક જાણ. તેમાં જે દ્રવ્યના ગુણો ઈત્યાદિને દેખાડતાં કહે છે –

● ભાષ્ય-૨૦૩-વિવેચન :-

વર્ણ, રસ, ગંધ, સંસ્થાન, સ્પર્શ, સ્થાન, ગતિ, વર્ણ ભેદ એ દ્રવ્યના ગુણો છે. બહુવિધ પરિણામો તે પર્યાયલોક જાણ. અહીં ગાથામાં ચ શબ્દથી રસ આદિ ભેદ પણ

લેવા. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે –

વર્ણ આદિ ભેદ સહિત લેવા. તેમાં वर्ण કાળો આદિ ભેદથી પાંચ પ્રકારે છે, रस - તિક્ત આદિ ભેદથી પાંચ પ્રકારે, गंध - સુગંધી આદિ ભેદથી બે પ્રકારે, संस्थान - પરિમંડલાદિ ભેદથી પાંચ પ્રકારે, स्पर्श - કર્કશ આદિ ભેદથી આઠ પ્રકારે. स्थान - અવગાહના લક્ષણ છે, તેને આશ્રીને અનેક ભેદો છે. गति - સ્પૃશદ્, અસ્પૃશદ્ બે ભેદે અથવા કૃષ્ણ વર્ણાદિના સ્વભેદની અપેક્ષાથી એક ગુણ કૃષ્ણાદિ અનેક ભેદના ઉપસંગ્રહાર્થે છે.

પરિણામો બહુવિધ છે તેમ કહી ચરમદ્વાર કહ્યું. જીવ-અજીવના ભાવથી ઘણાં પરિણામો છે. તે પર્યાયલોક જાણ. હવે લોકના પર્યાયો.

• નિર્યુક્તિ-૧૦૫૮-વિવેચન :-

આલોક, પ્રલોક, લોક, સંલોક એ એકાર્થિક શબ્દો છે. લોક આઠ પ્રકારે છે, તેનાથી આ 'લોક' કહેવાય છે. - x - x - તેનાથી આ 'લોક' કહેવાય. જેનાથી તે આલોકાય છે ઈત્યાદિ ચારેમાં કહેવું. - - - હવે ઉધોતને કહે છે –

• નિર્યુક્તિ-૧૦૫૯-વિવેચન :-

ઉધોત બે પ્રકારે છે – દ્રવ્યથી અને ભાવથી. અગ્નિ, ચંદ્ર, સૂર્ય, મણી અને વિદ્યુત્ એ દ્રવ્યોધોત છે. - x - જેના વડે પ્રકાશ કરે છે કે ઉધોત કરે છે, તે ઉધોત. - x - x - ગ્રંથ વિસ્તાર ભયે વધુ કહેતા નથી. - x -

• નિર્યુક્તિ-૧૦૬૦-વિવેચન :-

જેના વડે યથાવસ્થિત વસ્તુ જણાય તે જ્ઞાન, તે જ્ઞાનને ભગવંતે ભાવોધોત કહેલ છે. તેનો ઉપયોગ કરવો તેને તું ભાવોધોમ જાણ. - x - x - અહીં સર્વભાવદર્શી ભગવંતે જે કહેલ છે, તેને જ્ઞાન અર્થાત્ સમ્યગ્જ્ઞાન કહેલ છે. જો કે ભગવંતે કહ્યું, તે પણ અવિશેષથી ઉધોત નથી, પણ તે જ્ઞાનનું ઉપયોગકરણ તેને ભાવોધોત જાણવો, અન્યદા નહીં. ત્યારે જ તેની વસ્તુતઃ જ્ઞાનત્વ સિદ્ધ થાય.

હવે જે ઉધોતથી લોકના ઉધોતકર જિન છે, તેને દર્શાવે છે –

• નિર્યુક્તિ-૧૦૬૧-વિવેચન :-

લોકને ઉધોત કરનારા દ્રવ્ય ઉધોતથી જિન નથી, પણ ભાવ ઉધોત કરનારા ચોવીશે જિનવરો છે. - x - તીર્થંકર નામના કર્મોદયથી અતુલ સત્ત્વાર્થકરણથી ભાવોધોતકર ચોવીશે જિનવર થાય છે. આત્માને આશ્રીને જ ઉધોત્કર છે, તથા લોક પ્રકાશક વચન પ્રદીપની અપેક્ષાથી અને શેષ ભવ્યવિશેષને આશ્રીને કહ્યા. કેમકે કેટલાંક પ્રાણીને આશ્રીને ઉધોતકરત્વનો અસંભવ છે. 'ચોવીશ' સંખ્યાનું ગ્રહણ અધિકૃત્ અવસર્પિણીની તીર્થંકર સંખ્યા પ્રતિપાદનાર્થે છે. ઉધોત અધિકારમાં જ દ્રવ્યોધોત-ભાવોધોતની વિશેષતાના પ્રતિપાદનને માટે કહે છે –

• નિર્યુક્તિ-૧૦૬૨-વિવેચન :-

દ્રવ્યોધોતનો ઉધોત પરિમિતક્ષેત્રને પ્રકાશિત કરે છે. ભાવ ઉધોતનો ઉધોત લોકાલોકને પ્રકાશિત કરે છે. - - - દ્રવ્યોધોતોધોત એટલે દ્રવ્ય ઉધોતનો પ્રકાશ. પુદ્ગલાત્મકત્વથી અને તથાવિધ પરિણામયુક્તત્વ થકી પ્રકાશે છે અથવા પરિમિત ક્ષેત્રમાં પ્રભાસે છે. અહીં જ્યારે પ્રકાશે છે ત્યારે પ્રકાશ્ય વસ્તુનો આશ્રય કરે છે જ્યારે પ્રભાસે છે ત્યારે તે જ દીપે છે. ભાવોધોત તે લોકાલાકને પ્રકાશે છે. હવે 'कर' શબ્દનો અવસર આવેલ છે, તો પણ ધર્મતીર્થંકરમાંના 'धर्म' શબ્દને પ્રતિપાદન કરે છે –

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (29)



• નિર્યુક્તિ-૧૦૬૩-વિવેચન :-

ધર્મ બે પ્રકારે છે – દ્રવ્યધર્મ અને ભાવધર્મ. દ્રવ્યમાં, દ્રવ્યનો અથવા દ્રવ્ય એ જ ધર્મ તે દ્રવ્ય ધર્મ. તિક્ત વગેરે દ્રવ્યનો સ્વભાવ કે ગમ્ય વગેરે સ્ત્રીનો વિષય કે કુલિંગ તે દ્રવ્યધર્મ. દ્રવ્યનો ધર્મ - ઉપયોગ રહિત જીવનું મૂલગુણ કે ઉત્તરગુણ અનુષ્ઠાન. અહીં અનુપયુક્ત તે દ્રવ્ય કહેવાય છે. દ્રવ્ય એ જ ધર્મ - તે ધર્માસ્તિકાય અથવા તિક્ત આદિ દ્રવ્ય સ્વભાવ તે દ્રવ્ય ધર્મ. ગમ્યાદિ ધર્મ-સ્ત્રી વિષયક. કેટલાંકને મામાની પુત્રી ગમ્ય - ભોગ્ય મનાય છે, કેટલાંકને અગમ્ય. અથવા કુલિંગ એટલે કુતીર્થિકનો ધર્મ પણ દ્રવ્યધર્મ કહેવાય છે.

• નિર્યુક્તિ-૧૦૬૪-વિવેચન :-

ભાવધર્મ બે પ્રકારે છે – શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. શ્રુતવિષયમાં સ્વાધ્યાય અને ચારિત્રમાં શ્રમણધર્મ - ક્ષાંતિ આદિ દશ ભેદે છે. - x - સ્વાધ્યાય એટલે વાચનાદિ શ્રુતધર્મ. - x - હવે તીર્થનું નિરૂપણ કરે છે –

• નિર્યુક્તિ-૧૦૬૫-વિવેચન :-

નામતીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ. આ એક એકમાં અનેક પ્રકાર જાણવા. ગાથા સુગમ છે. હવે દ્રવ્યતીર્થની વ્યાખ્યા –

• નિર્યુક્તિ-૧૦૬૬-વિવેચન :-

દાહોપશમ, તૃષ્ણાનો છેદ, મલનું ધોવાણ, આ ત્રણ અર્થોથી યુક્ત જે પદાર્થ હોય તે દ્રવ્યતીર્થ કહેવાય. - - - અહીં દ્રવ્ય તીર્થમાં માગધ, વરદામ આદિ લેવા. બાહ્ય દાહથી તેમાં ઉપશમનો સદ્ભાવ છે. दाह - બાહ્ય સંતાપ, તેનો ઉપશમ જેમાં છે તે – દાહોપશમન. તૃષા-તરસનું છેદન, જળ સમૂહથી તે દૂર થાય. मल - બાહ્યજ, શરીર સાથે ચોંટેલ લેવો, જળ વડે તેને નિવારવો - ધોવો. આ ત્રણ અર્થ વડે કે અર્થોમાં નિશ્ચયથી યુક્ત તે નિયુક્ત - પ્રરૂપિત કે નિયોજિત. તેથી માગધ આદિ દ્રવ્યતીર્થ છે, કેમકે તે મોક્ષના સાધકપણે નથી. – હવે ભાવતીર્થ કહે છે.

• નિર્યુક્તિ-૧૦૬૭-વિવેચન :-

અહીં ભાવતીર્થ ક્રોધાદિ નિગ્રહ સમર્થ પ્રવચન જ ગ્રહણ કરાય છે. તેથી કહે છે – ક્રોધનો જ નિગ્રહ કરાતા દ્વેષરૂપ અગ્નિનો અંત એટલે પ્રશમન થાય છે. લોભનો નિગ્રહ કરાતા તૃષા-આસક્તિરૂપ રાગનો છેદ અર્થાત્ વ્યપગમ થાય છે. એમ ગાથાર્થ છે.

• નિર્યુક્તિ-૧૦૬૮-વિવેચન :-

ઘણાં ભવોની સંચિત આઠ પ્રકારની કર્મરજ તપ અને સંયમથી ધોવાય છે. તેથી તે ભાવતીર્થ છે. कर्मरज - કર્મ જ જીવના અનુરંજનથી રજ છે. ધોવાય - શોધાય છે. તેથી તે - પ્રવચન મોક્ષના સાધનરૂપ હોવાથી ભાવથી તીર્થ છે. એ ગાથાર્થ છે.

• નિર્યુક્તિ-૧૦૬૯-વિવેચન :-

દર્શન, જ્ઞાન, ચારિત્રમાં બધાં ઋષભ આદિ તીર્થંકરો વડે નિયોજિત કરાયેલ છે. જેથી આવા સ્વરૂપના ત્રણ અર્થમાં નિયુક્ત છે, તેથી તે પ્રવચન મોક્ષસાધકપણે હોવાથી ભાવથી તીર્થ છે. તીર્થ કહ્યું. હવે कर કહે છે.

• નિર્યુક્તિ-૧૦૭૦-વિવેચન :-

નામ-કર, સ્થાપના-કર, દ્રવ્ય-કર, ક્ષેત્ર-કર, કાળ-કર, ભાવ-કર એ પ્રમાણે 'कर' શબ્દનો નિક્ષેપ છ પ્રકારે છે. તેમાં દ્રવ્યકરને કહે છે –

● નિર્યુક્તિ-૧૦૭૧,૧૦૭૨-વિવેચન :-

ગાય, ભેંસ, ઉંટ, પશુ, બકરા વગેરેના કર એટલે રાજાને દેવાનો ભાગ જામવો. તૃણ, પલાલ, ભુસુ, કાષ્ઠ, અંગારનો કર. શીતા કર [હળનું ખેડાણ, ભોગ ક્ષેત્ર પરિમાણોદ્ભવ કર], ઉંબરો, જંઘા, [દેશાવર વ્યાપારાર્થે જવાનો કર], બળદ, ઘી અને ચામડા વિષયક કર, ચુલ્લક [ભોજનરૂપ] કર, આટલા કરો સ્વાભાવિક છે, અઢારમો કર સ્વકલ્પનાશિલ્પ નિર્મિત છે જેને ઉત્પત્તિકર કહે છે. એ રીતે દ્રવ્યકર કહ્યો, હવે ક્ષેત્ર કરાદિ કહે છે.

● નિર્યુક્તિ-૧૦૭૩-વિવેચન :-

જે ક્ષેત્ર સંબંધી કર હોય તે ક્ષેત્રકર. જે કાળમાં કર હોય તે કાળ સંબંધી કર - કાળકર. ભાવમાં કર બે ભેદે છે – પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં અપ્રશસ્તનો પરિત્યાગ કરીને પ્રશસ્ત સદ્ભાવથી છે. તેમાં પહેલા અપ્રશસ્તકરને કહે છે –

● નિર્યુક્તિ-૧૦૭૪-વિવેચન :-

કલહકર, ડમરકર, અસમાધિકર, અનિવૃતિકર ઈત્યાદિ આ બધાં અપ્રશસ્ત કરો જાણવા. - - - અનાદિ ભવાભ્યાસથી અપ્રશસ્તનું આસેવન જલ્દી થાય છે, તેથી તે જણાવવાને તેને પહેલા મૂક્યું. તેમાં कलह - ભાંડવું, તેમાં અપ્રશસ્ત કોપાદિ ઔદયિક ભાવથી છે, તેને કરનાર તે 'કલહકર', એ પ્રમાણે ડમર આદિમાં પણ કહેવું. વિશેષ એ – कलह - વાચાથી થાય, કાયા-વચન-મન વડે તાડન આદિ તે डमर છે. સમાધાન તે સમાધિ, સ્વાસ્થ્ય. સમાધિનો અભાવ તે અસમાધિ-અસ્વાસ્થ્યનિબંધન, તે-તે કાયાદિ ચેષ્ટા. આવા પ્રકાર વડે જ અનિર્વૃત્તિ કહી. આ અપ્રશસ્ત. આ જાતિ અપેક્ષાથી કહ્યું, વ્યક્તિ અપેક્ષાથી નહીં. તેથી જ કહ્યું – આ વગેરે અપ્રશસ્ત જાણવા.

હવે પ્રશસ્ત ભાવકર જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૧૦૭૫-વિવેચન :-

અર્થકર, હિતકર, કિર્તિકર, ગુણકર, યશકર, અભયકર, નિવૃત્તિકર, કુલકર, તીર્થંકર અને અંતકર - એ બધાં પ્રશસ્તકર જાણવા.

તેમાં સામાન્યથી વિધાદિ અર્થ છે. તેથી પ્રશસ્ત વિચિત્ર કર્મ ક્ષયોપશમાદિ ભાવથી, તેને કરવાના સ્વભાવવાળા તે અર્થકર. એ પ્રમાણે હિતાદિમાં પણ કહેવું. વિશેષ આ - हित - પરિણામપથ્ય કુશલાનુબંધી. કીર્તિ-દાનપુન્યનું ફળ, ગુણ-જ્ઞાનાદિ, યશ-પરાક્રમકૃત, તેમાંથી ઉત્પન્ન સાધુવાદ, અભયાદિ પ્રગટ અર્થવાળા છે. अंत - કર્મનો લેવો અથવા તેના ફળરૂપ સંસારનો લેવો. - - - ભાવકર કહ્યો, હવે जिन આદિને કહે છે –

● નિર્યુક્તિ-૧૦૭૬-વિવેચન :-

જેણે ક્રોધ, માન, માયા જિત્યા છે, લોભ જિત્યો છે. તેથી તે જિન કહેવાય છે, અરિ-શત્રુને હણનાર કે રજને હણનાર [હરનારા] છે, તેથી તે અરિહંત કહેવાય છે - અરિહંત વિશે વિશેષ નમસ્કાર નિર્યુક્તિમાં જુઓ. હવે कीर्तयिष्यामि - ઈત્યાદિની વ્યાખ્યા કરતા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૭૭-વિવેચન :-

નામ અને ગુણ વડે હું કીર્તન કરીશ. કેવાનું ? કીર્તનીય એટલે સ્તવને યોગ્ય એવાનું. દેવ, મનુષ્ય, અસુર સહિતના લોકનું એટલે ત્રૈલોક્યનું ગુણો - દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષ હેતુ તથા તપ અને વિનય જેમણે દર્શાવિલ છે એવા [ભગવંતોનું]

E:\MaharajsahebAdhayan-33\Book33A\ (PROOF-1) (30)



● નિર્યુક્તિ-૧૦૭૮-વિવેચન :-

ચોવીશ એ સંખ્યા છે, તે કહેવાનાર ઋષભદેવાદિની જ છે. अपि શબ્દના ગ્રહણથી વળી ઐરવત અને મહાવિદેહમાં જે તીર્થંકરો છે, તેઓની પણ સ્તુતિ કરવામાં આવી છે, તેમ સમજવું.

● નિર્યુક્તિ-૧૦૭૯-વિવેચન :-

કેવલજ્ઞાનની જેમ સમસ્ત લોકને જેઓ જાણે છે અને જુએ છે, સર્વોત્તમ ચારિત્ર અને જ્ઞાનવાળા છે, તેથી તેઓ કેવલી હોય છે. અહીં कृत्स्न એટલે સંપૂર્ણ, कल्प શબ્દ ઉપમાના અર્થમાં છે. - X - લોક-પંચાસ્તિકાયરૂપ વિશેષરૂપે જાણે છે, પૂર્વવત્ સંપૂર્ણ જ અને સામાન્યરૂપે જુએ છે. - X - X - વિશેષોમાં નિર્વિશેષ તે દર્શન કહેવાય અને વિશિષ્ટ ગ્રહણ તે જ્ઞાન જ છે એ પ્રમાણે કેવલચારિત્રી અને કેવલજ્ઞાની છે માટે કેવલી કહ્યા. એમને કેવલ વિધમાન હોવાથી કેવલી કહેવાય છે. અહીં 'કેવલચારિત્રી' શબ્દ એટલે પ્રયોજેલ છે કે – કેવલચારિત્ર પ્રાપ્તિ પૂર્વક જ નિયમથી કેવલજ્ઞાન પ્રાપ્તિ થાય.

પહેલી સૂત્ર ગાથા આ રીતે વ્યાખ્યાયિત કરી. અહીં ચાલના અને પ્રત્યવસ્થાનમાં વિશેષથી નિર્દેશ કરે છે.

[શંકા] અહીં "લોકના ઉદ્યોતકર" ઈત્યાદિ કહ્યું. આ અશોભન છે. લોકના કેમ કહ્યું ? લોક ચૌદરાજલોકપણે પરિમિત છે. કેવલજ્ઞાનનો ઉધોત તો અપરિમિત હોવાથી લોકાલોક વ્યાપકપણે છે. [સમાધાન] કેવલજ્ઞાનનો લાભ લોકાલોકને પ્રકાશે છે. સામાન્યથી લોકાલોકને ઉધોત કરે છે તેમ કહેવું. પરંતુ અહીં લોક શબ્દથી પંચાસ્તિકાયાત્મક લોક લીધો છે, તેથી આકાશાસ્તિકાય એવા ભેદથી અલોક જુદો કહેલ નથી. આ અનાર્ષ પણ નથી.

બીજા કહે છે – "લોકનો ઉધોત કરનારા" એટલું જ સાધુ [યોગ્ય] છે. 'ધર્મતીર્થંકર' કહેવાની જરૂર નથી. [સમાધાન] લોકના એક દેશમાં પણ, ગામના એક દેશમાં ગામવત્ લોક શબ્દની પ્રવૃત્તિ ન થાય, તેનો ઉધોત કરવામાં અવધિ વગેરે અને ચંદ્રાદિના લોક દ્રવ્યો પ્રકાશિત કરે છે, તેના વ્યવચ્છેદને માટે ધર્મ તીર્થંકર કહ્યા છે. [પુનઃશંકા] જો એમ છે તો ધર્મતીર્થંકર જ કહેવા જોઈએ લોકના ઉધોતકર ન કહેવું જોઈએ ? નદી આદિ વિષમ સ્થાનોમાં મુગ્ધતાથી ધર્મ માટે ઉતરે તે ધર્મતીર્થ-કર જ કહેવાય, તેના નિરાસ માટે આ પદ છે.

બીજો કહે છે – जिन શબ્દ વધારાનો છે. કેમકે યથોક્ત પ્રકારવાળા જિન હોય જ. [સમાધાન] કુનયમતાનુસારી પરિકલ્પિત પણ આવા પ્રકારના ગણાતા હોય તેનો સમાવેશ ન થઈ જાય માટે તેનો વિચ્છેદ કરવાને जिन શબ્દ કહેલ છે. કેમકે કુમત દર્શનમાં પણ સંભળાય છે કે – "જ્ઞાની, ધર્મતીર્થના કર્તા, પરમપદ ભોક્તા" ઈત્યાદિ. તેઓ રાગાદિને જિતનારા હોતા નથી. અન્યથા કૃતકૃત્ય થયેલાને ફરી ભવાંકુર પ્રભવ કઈ રીતે થાય ? કર્મબીજ બળી ગયા પછી ઉગે કેમ ? ઈત્યાદિ - X - X -

[શંકા] જો એમ છે તો जिन શબ્દ જ રાખો, પછી લોકોધોતકર શબ્દ વધારાનો શા માટે રાખવો ? આ જિનપ્રવચનમાં સામાન્યથી વિશિષ્ટ શ્રુતધરાદિ પણ 'જિન' જ કહેવાય છે, જેમકે – શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યાયજિન, છદ્મસ્થ વીતરાગ તેમાંના કોઈ ન લેવાઈ જાય તે માટે લોકના ઉધોતકર ઈત્યાદિ વિશેષણ દોષરહિત જ છે.

[શંકા] કોઈ કહે છે – 'અરિહંત' શબ્દ ન કહેવો કેમકે અનંતર કહેલ સ્વરૂપ

અરહંત સિવાય કોઈનું હોતું નથી. [સમાધાન] અરહંત જ વિશેષ્યપણે હોવાથી કોઈ દોષ નથી. [શંકા] જો એમ છે તો ફક્ત ‘અરહંત’ શબ્દ જ રાખોને, પછી લોકોદ્યોતકર આદિ વિશેષણો નકામા છે. [સમાધાન] ના, તેમ નથી, કેમકે તે વિશેષણોની સફળતા પ્રતિપાદિત કરેલી જ છે.

[શંકા] વળી કોઈ કહે છે, તો કેવલિ શબ્દ ન કહેવો. યથોક્ત સ્વરૂપવાળા અરહંતો કેવલિત્વથી જુદા નથી. તેથી વિશેષણ અસફળ છે, જો સંભવ હોય તો વિશેષણ અર્થવાળું થાય છે. જેમકે – નીલોત્પલ અને વ્યભિચારના અભાવે, તેના ઉપાદેયમાનતા છતાં પણ જેમ કાળો ભમરો, સફેદ બલાકા ઈત્યાદિવત્ - X - તેથી ‘કેવલી’ શબ્દ વધારાનો છે.

[સમાધાન] ના, અભિપ્રાયના અપરિજ્ઞાનથી આમ કહેલ છે. આ કેવલી જ યથોક્ત સ્વરૂપે અરહંત છે, બીજા નહીં, તે નિયમાર્થત્વથી સ્વરૂપજ્ઞાનાર્થે જ આ વિશેષણ અનવદ્ય છે. એકાંતથી વ્યભિચાર સંભવ નથી જ, તેથી વિશેષણનું ઉપાદાન સફળ છે. - X - X - X -

[શંકા] જો કેવલી શબ્દ આટલો સુંદર છે, તો લોકોદ્યોતકરાદિ શબ્દો અનર્થક છે. [સમાધાન] અહીં શ્રુતકેવલી આદિ બીજા પણ કેવલી કહ્યા છે, તેથી તેનો સમાવેશ ન કરવા આ લોકોદ્યોતકરાદિ કહ્યા છે. - X - આટલો વિસ્તાર ઘણો છે.

હવે જે कीर्तयिष्यामि કહ્યું છે, તે કીર્તન કરતાં કહે છે –

● સૂત્ર-૪ થી ૬ :-

*[૪] ઋષભ અને અજિતને, સંભવ અભિનંદન અને સુમતિને, પદ્મપ્રભુ સુપાર્શ્વ તથા ચંદ્રપ્રભુ એ સર્વે જિનને હું વંદુ છું... [૫] સુવિધિપુષ્પદંતને, શીતલ શ્રેયાંસ અને વાસુપૂજ્યને, વિમલ અને અનંતને, તથા ધર્મ અને શાંતિજિનને હું વંદુ છું... [૬] કુંથુ અર અને મલ્લિને, મુનિસુવ્રત અને નમિને, અરિષ્ટનેમિ પાર્શ્વ તથા વર્ધમાનને [એ સર્વે] જિનને હું વંદુ છું [એ રીતે ત્રણ ગાથાથી ૨૪-જિનને વંદના કરી છે.]*

● વિવેચન-૪ થી ૬ :-

અહીં અરહંતોના નામને અન્વર્થથી આશ્રીને સામાન્ય લક્ષણ તથા વિશેષલક્ષણથી (અર્થ) કહે છે. તેમાં [અનુક્રમે અર્થ આ પ્રમાણે –]

(૧) સામાન્યલક્ષણ - સમગ્ર સંયમ ભારને વહેવાથી વૃષભ, બધાં જ ભગવંતો આ સ્વરૂપના હોય તેથી વિશેષ હેતુ પ્રતિપાદન કરતા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૮૦/૧-વિવેચન :-

જે કારણે ભગવંતના બંને પણ સાથળમાં વૃષભ લંછન હતુ, મરુદેવા-ભગવંતની માતાએ સ્વપ્નામાં ચૌદ મહાસ્વપ્નોમાં પહેલા વૃષભનું સ્વપ્ન જોયું, તેથી તેમનું વૃષભ નામ કરાયું. બાકીના તીર્થંકર માતાએ પહેલા સ્વપ્નમાં હાથીને જોયેલો, પછી વૃષભ જોયેલો, ઋષભ-વૃષભ એકાર્થક છે.

હવે (૨) અજિત – તેમાં સામાન્ય અર્થમાં જોતાં - પરીષહ ઉપસર્ગાદિ વડે ન જિતાયેલ તે અજિત. બધાં ભગવંતો યથોક્ત સ્વરૂપના છે.

● નિર્યુક્તિ-૧૦૮૦/૨-વિવેચન :-

ભગવંતના માતા-પિતા જુગટુ રમતા હતા. પહેલાં રાજા જિતતો હતો. જ્યારે

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (31)



ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે રાજાને બદલે રાણી જિતવા લાગ્યા. પછી અક્ષ-પાસામાં કુમારના પ્રાધાન્યથી રાણી ન જિતાયા માટે અજિત નામ.

હવે (૩) સંભવ :- તેમાં સામાન્યથી જેમાં પ્રકર્ષ વડે ૩૪-અતિશય ગુણો સંભવે છે માટે સંભવ. બધાં ભગવંતો યથોક્ત સ્વરૂપના છે.

● નિર્યુક્તિ-૧૦૮૧/૧-વિવેચન :-

જેઓ ગર્ભમાં હતા ત્યારે ધાન્યની અધિકાધિક નિષ્પત્તિ થઈ, તેથી ‘સંભવ’ કહ્યા. –૦–૦– હવે (૪) અભિનંદન :- તેનું સામાન્ય નામાર્થ - દેવેન્દ્રો આદિથી જે અભિનંદાયા માટે ‘અભિનંદન’ નામ છે. બધાં જ ભગવંતો યથોક્ત સ્વરૂપના હોય છે, તેથી વિશેષ હેતુ બતાવવા કહે છે –

● નિર્યુક્તિ-૧૦૮૧/૨-વિવેચન :-

ભગવંત ગર્ભમાં આવ્યા પછી શક્ર વારંવાર અભિનંદિત થતો હોવાથી તેમનું અભિનંદન નામ કરાયું. –૦–૦– હવે (૫) સુમતિ :- તેમનો સામાન્ય નામાર્થ છે – શોભન મતિ જેની છે તે સુમતિ. બધાં ભગવંત સુમતિ જ છે.

● નિર્યુક્તિ-૧૦૮૨/૧-વિવેચન :-

ભગવંત માતાના ગર્ભમાં હતા ત્યારે માતા બધાં જ નિશ્ચયોમાં અતીવ મતિસંપન્ન થયા. - બે શોક્યો કે જેનો પતિ, મૃત્યુ પામેલ, તેમની વચ્ચે પુત્ર અને ધન માટે વિવાદ થયો. રાણી બોલી કે મારે પુત્ર ઉત્પન્ન થયો છે, તે મોટો થયા પછી આ અશોકવૃક્ષ નીચે બેસીને તમારો વિવાદ ભાંગશે. ત્યાં સુધી રાહ જુઓ. ત્યારે અપરમાતાએ સ્વીકારી લીધું. પણ પુત્રની સાચી માતાએ તે ન સ્વીકાર્યું, તેથી તે સગી માતા જણાતા તેણીને પુત્ર સોંપી દીધો. એવા પ્રકારના ગુણ ગર્ભના પ્રભાવથી થતાં ‘સુમતિ’ નામ રાખ્યું.

હવે (૬) પદ્મપ્રભુ :- સામાન્ય નામાર્થથી અહીં નિષ્પંકતાને આશ્રીને પદ્મની જેવી પ્રભા જેની છે, તે પદ્મપ્રભ. બધાં ભગવંત આવા જ હોય.

● નિર્યુક્તિ-૧૦૮૨/૨-વિવેચન :-

ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે કમળમાં સુવાનો માતાને દોહલો જન્મ્યો, ત્યારે દેવોએ તેણીને માટે પદ્મ શય્યા સજાવી, વળી પ્રભુનો વર્ણ પણ પદ્મ જેવો હતો. તેથી ‘પદ્મપ્રભ’ એવું નામ રાખ્યું. –૦–૦– હવે (૭) સુપાર્શ્વ :- તેમનો સામાન્યથી નામાર્થ - શોભન છે. પડખાં જેના તે સુપાર્શ્વ. બધાં જ અરહંતો આવા હોય છે. માટે વિશેષ નામાર્થ કહે છે –

● નિર્યુક્તિ-૧૦૮૩/૧ :-

ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે તેમના અનુભાવથી માતાના બંને પડખાં શોભન થયા, તેથી તેમનું સુપાર્શ્વ નામ રાખ્યું. –૦– એ પ્રમાણે બધે જ સામાન્ય અને વિશેષ નામાર્થને આશ્રીને નામનો વિસ્તાર જાણવો. અહીં તે સુજ્ઞાતપણાથી છે અને ગ્રંથવિસ્તાર ભયથી પણ કહેતાં નથી [પહેલો અર્થ સર્વ સામાન્ય અને બીજો અર્થ ભગવંતના વિશેષ નામરૂપ સમજી લેવો.]

*[૦ ગ્રંથકારશ્રી માફક અમે પણ હવે અહીં પદ્ધતિમાં થોડો ફેરફાર કરી રહ્યા છીએ. બધી નિર્યુક્તિ અને વૃત્તિ સાથે લઈને ભગવંતના નામના ક્રમાનુસાર પહેલાં સર્વસામાન્ય અને પછી વિશેષ નામાર્થ નોંધીએ છીએ.]*

● નિર્યુક્તિ-૧૦૮૩ થી ૧૦૯૧ + વિવેચન :-

(૮) ચંદ્રપ્રભ - ચંદ્રના જેવી પ્રભા - જ્યોત્સ્ના જેની સૌમ્ય છે, તે ચંદ્રપ્રભા, બધાં તીર્થંકરો ચંદ્ર જેવા સૌમ્ય લેશ્ય જ હોય. વિશેષ :- રાણીને ચંદ્રના પાનનો દોહદ થયો અને ચંદ્ર સમાન વર્ણ ભગવંતનો હોવાથી ચંદ્રપ્રભ.

(૯) સુવિધિ - તેમાં જેની શોભન વિધિ છે, તે સુવિધિ. અહીં બધે કૌશલ્ય-વિધિ કહે છે. તે બધામાં આવી જ હોય. વિશેષ :- ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે બધી વિધિમાં માતા વિશેષ કુશલ થયા તેથી સુવિધિનામ કર્યુ.

(૧૦) શીતલ - બધાં જીવોના સંતાપને દૂર કરનાર અને આહ્લાદના જનક હોવાથી શીતલ કહ્યા. બધાં ભગવંત શત્રુ કે મિત્ર પ્રતિ શીતલગૃહ સમાન હોય ચે. વિશેષ :- તેમના પિતાને પૂર્વે પિત્તદાહ ઉત્પન્ન થયેલો. તે ઔષધ વડે શાંત થતો ન હતો. ભગવંત રાણીના ગર્ભમાં આવ્યા ત્યારે માતાના સ્પર્શ માત્રથી તે શાંત થઈ ગયો. માટે શીતલ નામ કર્યું.

(૧૧) શ્રેયાંસ - સમસ્ત ભુવનને હિતકર હોવાથી 'શ્રેયાંસ' કહે છે. બધાં પણ ત્રૈલોક્યનો શ્રેય કરનારા છે. વિશેષ :- તે રાજાને પરંપરાગત શય્યા દેવતા પરિગૃહિતા પૂજાતી. જે તે શય્યાની ઉપર બેસે તેને દેવતા ઉપસર્ગ કરતા ગર્ભમાં ભગવંત પધારતા તે રાણીને દોહદ થતાં શય્યામાં બેઠા, સુતા અને તીર્થંકરના નિમિત્તે દેવતાની પરીક્ષા થઈ. ગર્ભ પ્રભાવથી કલ્યાણકારી બનતાં તે ભગવંતનું શ્રેયાંસ નામ કરાયું.

(૧૨) વાસુપૂજ્ય - વસુ અર્થાત્ દેવો વડે પૂજ્ય તે વસુપૂજ્ય. બધાં તીર્થંકરો ઈન્દ્રાદિને પૂજ્ય હોય છે. વિશેષ :- વાસવ દેવરાજા, ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે વારંવાર માતાની પૂજા કરતા હતા માટે વાસુપૂજ્ય નામ કર્યુ. અથવા વસૂ-રત્નો, વાસવ-વૈશ્રમણ, ભગવંત ગર્ભમાં આવતા વૈશ્રમણે વારંવાર રાજકૂલને રત્નોથી પૂર્યુ, માટે વાસુપૂજ્ય કહેવાયા.

(૧૩) વિમલ - મલ ચાલ્યો ગયો છે માટે વિમલ અથવા જેના જ્ઞાનાદિ વિમલ છે તે. આ બધાં ભગવંતનું સામાન્ય લક્ષણ છે કે જ્ઞાન, દર્શન અને શરીર વિમલ હોય છે. વિશેષ :- ભગવંત ગર્ભમાં હતા ત્યારે માતાના શરીર અને બુદ્ધિ અતિ વિમલ થયા, તેથી વિમલ નામ કર્યુ.

(૧૪) અનંત - અનંત કર્માંશોનો જય કરવાથી અનંત અથવા જેના અનંત જ્ઞાનાદિ છે તે અનંત. બધાં તીર્થંકરોમાં આ બંને ગુણ હોય છે. વિશેષ :- રત્ન વડે ખચિત અતિ મોટા પ્રમાણવાળી માળા સ્વપ્નમાં માતાએ જોઈ, તેથી 'અનંત' નામ કર્યુ.

(૧૫) ધર્મ - દુર્ગતિમાં પડતાં બધાં જીવસમૂહને ધારી રાખે છે માટે ધર્મ, બધાં તીર્થંકર આવા જ હોય. વિશેષ :- ભગવંત ગર્ભમાં આવતા તે માતા વિશેષતી દાન-દયાદિ અધિકારથી સુધર્મા થઈ, તેથી ભગવંતનું નામ ધર્મજિન કર્યુ. [ધર્મ]

(૧૬) શાંતિ - શાંતિના યોગથી, તદ્રૂપતાથી, તેના કર્તૃત્વથી તે 'શાંતિ' કહેવાય છે. આ સર્વ સામાન્ય છે. વિશેષ :- ઘણો જ અસિવ ઉપદ્રવ હતો. ભગવંત ગર્ભમાં આવતા તે ઉપશાંત થયો માટે 'શાંત' નામ કર્યુ.

(૧૭) કુંથુ - તેમાં કુ - પૃથ્વી, તેમાં રહેવાથી 'કુંથુ' બધાંને આ સ્વરૂપ સામાન્ય છે. વિશેષ :- મનોહર અભ્યુન્નત મહાપ્રદેશમાં વિચિત્ર રત્નોનો સ્તૂપ જોઈને માતા જાગ્યા તેથી ભગવંતનું 'કુંથુ' નામ કર્યુ.

(૧૮) અર - સર્વોત્તમ મહાસત્ત્વ કુળમાં જે જન્મે છે, તેની અભિવૃદ્ધિને માટે વૃદ્ધોએ એને 'અર'ની ઉપમા આપી છે. ત્યાં બધાં ભગવંતો સર્વોત્તમ કુલમાં વૃદ્ધિ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (32)



કરનારા જ થાય છે. વિશેષ :- માતાના ગર્ભમાં આવ્યા ત્યારે સ્વપ્નમાં સર્વરત્નમય અતિ સુંદર અને અતિ પ્રમાણ 'અર' આરાને જોયો તેથી 'અર' નામ કર્યુ.

(૧૯) મલ્લિ - પરીષહ આદિ મલ્લનો જય કરવાથી તેને મલ્લિ કહે છે. બધાં જ તીર્થંકર પણ પરીષહ મલ્લ અને રાગ-દ્વેષનો ઘાત કરે છે. વિશેષ :- ભગવંત ગર્ભમાં આવતા માતાએ સર્વ ઋતુક, શ્રેષ્ઠ, સુગંધી કુસુમની માળાની શય્યામાં સુવાનો દોહદ થયો. તે દોહદ દેવોએ પૂરો કર્યો. તેથી 'મલ્લિ' નામ કર્યુ.

(૨૦) મુનિસુવ્રત - ત્રિકાળ અવસ્થામાં જગત માને છે માટે મુનિ તથા શોભન છે વ્રતો જેના તે સુવ્રત. મુનિ એવા આ સુવ્રત તે મુનિ સુવ્રત. બધાં તીર્થંકર સુમુણિત સર્વભાવવાળા હોય છે. વિશેષ :- ગર્ભમાં ભગવંત આવતા માતા અતી શોભન વ્રતવાળા થયા તેથી મુનિ સુવ્રત નામ કર્યુ.

(૨૧) નમિ - પરીષહ અને ઉપસર્ગોને નમાવવાથી 'નમિ' કહેવાય. - x - x - બધાંએ પરીષહ ઉપસર્ગોને અને કષાયને નમાવેલા છે. વિશેષ :- દુર્લલિત એવા પ્રત્યંત રાજાએ નગરને રૂંધેલ હતું ત્યારે રાણીની કુક્ષિમાં આ ભગવંત ઉત્પન્ન થયેલા. ત્યારે રાણીના ગર્ભની પુણ્યશક્તિથી પ્રેરિત થઈ અટ્ટાલિકાએ ચઢ્યા. તેણીને બીજા રાજાઓએ જોયા. ગર્ભના પ્રભાવથી બધાં સામંત અને પાર્થિવો નમિ ગયા. તેથી તેમનું 'નમિ' એવું નામ કર્યુ.

(૨૨) નેમિ [અરિષ્ટનેમિ] - ધર્મચક્રની નેમિ સમાન તે નેમિ. બધાં તીર્થંકરો તેવા જ હોય છે. વિશેષ :- ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે માતા વડે રિષ્ઠરત્નમય મહા મોટી નેમિ ઉત્પન્ન થયાનું સ્વપ્ન જોવાયું. તેથી તેમનું 'અરિષ્ઠનેમિ' એવું નામ કરાયું.

(૨૩) પાર્શ્વ - પૂર્વોક્ત યુક્તિ કલાપથી જ સર્વ ભાવોને જુએ છે, માટે પાર્શ્વ, બીજા કહે છે 'પશ્યક' - જોનાર. બધાં તીર્થંકર બધાં ભાવોના જાણનાર અને જોનાર હોય છે. વિશેષ :- ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે ત્રૈલોક્ય બાંધવ પ્રભાવે સાત ફણવાળો નાગ શય્યામાં પસાર થતો સુતેલી માતાએ જોયો ત્યારે અંધકારમાં શય્યામાં રહેલ સર્પને ગર્ભના પ્રભાવથી આવતો જોઈને રાજાનો હાથ ઉંચો કરી કહે છે – ''આ સર્પ જાય છે'' રાજાએ પૂછ્યું – તેં કઈ રીતે જાણ્યું ? રાણી બોલી – હું જોઉં છું. દીવા વડે અજવાળું કરતા નાગ જોયો. રાજાએ વિચાર્યુ કે – આના ગર્ભનો અતિશય પ્રભાવ છે, જેનાથી આવા ઘોર અંધકારમાં જુએ છે. તેથી ભગવંતનું પાર્શ્વ નામ કર્યુ.

(૨૪) વર્ધમાન - તેમાં ઉત્પત્તિથી આરંભીને જ્ઞાનાદિથી વૃદ્ધિ પામે છે, માટે વર્ધમાન. બધાં જ તીર્થંકર જ્ઞાનાદિ ગુણથી વધે છે. વિશેષ :- ગર્ભમાં રહેલ ભગવંતના પ્રભાવથી - જ્ઞાતકુળ વિશેષ પ્રકારે ધનાદિથી વૃદ્ધિ પામ્યું. તેથી ભગવંતનું 'વર્ધમાન' એવું નામ કર્યુ.

આ પ્રમાણે સૂત્રની ત્રણે મૂળગાથાની વ્યાખ્યા કરી.

● સૂત્ર-૭ :-

***એ પ્રમાણે મારા વડે સ્તુતિ કરાયેલા, જેના રજમલ ધોવાઈ ગયા છે, જરા અને મરણ જેના પ્રકૃષ્ટપણે ક્ષીણ થયા છે, એવા ચોવીશે પણ જિનવરો - તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરનારા થાઓ.***

● વિવેચન-૭ :-

અનંતરોક્ત પ્રકારે મેં આભિમુખ્યતાથી સ્તવ્યા, અર્થાત્ સ્વ નામ વડે કીર્તિત

કર્યા. તે તીર્થંકર કેવા વિશિષ્ટ છે ? જેમના વડે રજ અને મલ દૂર કરાયેલા છે, તેવા પ્રકારના, તેમાં બંધાતા કર્મ તે રજ કહેવાય છે અને પૂર્વે બાંધેલ કર્મ તે મલ કહેવાય છે અથવા બદ્ધ થાય તે રજ અને નિકાચિત થાય તે મલ અથવા ઈર્યાપથ કર્મ તે રજ અને સાંપરાયિક કર્મ તે મલ કહેવાય. આવા સ્વરૂપના હોવાથી જરા અને મરણ પ્રકૃષ્ટ ક્ષીણ થયા છે તેવા. કેમકે તેના કારણોનો અભાવ છે. તેમાં जरा - વયની હાનિ રૂપ, मरण - પ્રાણત્યાગરૂપ.

ઉક્ત પ્રકારના ચોવીશે જિનવરો, अपि શબ્દથી બીજા પણ જિનવરો લેવા. શ્રુત આદિ જિન પ્રધાન તે જિનવર, તે સામાન્ય કેવલી પણ હોય. તેથી કહે છે — તીર્થંકર. એ બધાં મારા ઉપર પ્રસાદ કરો.

[શંકા] ક્ષીણક્લેશપણાથી તેઓ પૂજકોને પ્રસાદ - કૃપા દેનારા હોતા નથી, તેથી તે પૂજ્યો ક્લેશનો ક્ષય કરનારા ન થાય. જેઓ વસ્તુતઃ પ્રસાદ કરે છે, તેઓ નિંદાથી રોષ પણ અવશ્ય પામવાના છે. બધે જ અસમચિત્ત છે તેઓ કઈ રીતે સર્વને હિત દેનારા થાય ? તીર્થંકરો તો અહીં રાગ-દ્વેષના ક્ષયથી ત્રિલોકને જાણનાર, પોતામાં અને પરમાં તુલ્ય ચિત્તવાળા હોય છે તેથી સજ્જનો વડે સદા પૂજ્ય હોય છે. ઈત્યાદિ ઈત્યાદિ - x - x -

[સમાધાન] જો કે તેઓ રાગાદિથી રહિત હોવાથી પ્રસાદ-કૃપા કરતા નથી, તો પણ તેમને ઉદ્દેશીને અચિંત્ય ચિંતામણિ સમાનને અંતઃકરણની શુદ્ધિથી સ્તવના કરનારને અભિલષિત ફળની પ્રાપ્તિ થાય છે.

● સૂત્ર-૮ :-

***કીર્તિત, વંદિત, પૂજિત એવા જે લોક મધ્યે ઉત્તમ સિદ્ધો છે, તેઓ આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમસમાધિ આપો.***

● વિવેચન-૮ :-

સૂત્ર વ્યાખ્યા - कीर्तिता - સ્વ નામપૂર્વક કહેવાયેલા, वंदिता - ત્રિવિધ યોગથી સમ્યક્ રીતે સ્તવેલા, महिआ એટલે मया - મારા વડે અથવા महिता - પુષ્પ આદિ વડે પૂજિત. એવા કોણ ? તે કહે છે :- लोक - પ્રાણિલોક, उत्तम - મિથ્યાત્વ આદિ કર્મ મલ કલંકના અભાવથી પ્રધાન, અથવા અંધકારથી ઉપર ઉઠેલા એવા તે ઉત્તમ. સિદ્ધ-કર્મ બીજને હણી નાંખેલા અથવા કૃતકૃત્ય થયેલા (એવા સિદ્ધો, શું આપો ?)

અરોગનો ભાવ તે આરોગ્ય - સિદ્ધત્વ, તેને માટે બોધિલાભ - ભાવિમાં જિનધર્મની પ્રાપ્તિને બોધિલાભ કહે છે તે નિદાન રહિત કરતા મોક્ષને માટે જ પ્રશસ્ય થાય છે. તેથી કહે છે — સમાધિ. સમાધિ દ્રવ્ય અને ભાવ બે ભેદથી છે. તેમાં દ્રવ્યસમાધિ જે જેમને ઉપયોગ વડે સ્વાસ્થ્ય થાય છે. ભાવ સમાધિ - જ્ઞાનાદિ સમાધાન જ, તેના ઉપયોગથી પરમ સ્વાસ્થ્ય યોગ થાય. તેથી અહીં દ્રવ્ય સમાધિના વ્યવચ્છેદને માટે કહે છે — वरं એટલે પ્રધાન અર્થાત્ ભાવસમાધિ.

ભાવસમાધિ પણ તારતમ્ય ભેદથી અનેક પ્રકારે છે. તેથી કહે છે — उत्तम એટલે સર્વોત્કૃષ્ટ શું તેમનામાં [સિદ્ધોમાં] પ્રદાનનું સામર્થ્ય છે ? ના, તો પછી શા માટે



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (33)



આ પ્રમાણે ‘‘આપો’’ એમ કહ્યું ? ભક્તિ બુદ્ધિથી. આ અસત્યામૃષા ભાષા છે. તે ભક્તિથી સ્વયં જ તેની પ્રાપ્તિ થાય છે. બે ગાથાની વ્યાખ્યાથી થોડે અંશે કરી. હવે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કહીએ છીએ. તેમાં સ્તવ અને કીર્તનના એકાર્થિક કહે છે—

● નિર્યુક્તિ-૧૦૯૨-વિવેચન :-

સ્તુતિ, સ્તવન, વંદન, નમસ્કરણ આ એકાર્થિક શબ્દો છે. તથા કીર્તન, પ્રશંસન, વિનય અને પ્રણામ એકાર્થક છે.

હવે જે ‘ઉત્તમા’ શબ્દ કહ્યો, તેની વ્યાખ્યા કરે છે —

● નિર્યુક્તિ-૧૦૯૩-વિવેચન :-

મિથ્યાત્વ મોહનીય, જ્ઞાનાવરણ, ચારિત્રમોહ આ ત્રણ પ્રકારના અંધકારથી મુક્ત થયેલા છે, તેથી તે ઉત્તમ કહેવાય છે. - x - અહીં મિથ્યાત્વ મોહનીયના ગ્રહણથી દર્શન સપ્તક ગ્રહણ થાય છે. તેમાં ચાર અનંતાનુબંધી કષાયો તથા મિથ્યાત્વમોહનીયાદિ ત્રણ લેવા. જ્ઞાનાવરણમાં મતિજ્ઞાનાદિ આવરણ ભેદથી પાંચ ભેદે લેવા. ચારિત્ર મોહનીયના વળી-૨૧-ભેદો લેવા. તેમાં અનંતાનુબંધી સિવાયના બાર કષાયો તથા નવ નોકષાય લેવા. આના દ્વારા જ ત્રણ ભેદે અંધકાર લીધો. તેનાથી પ્રબળપણે મુક્ત અર્થાત્ પૃથગ્ભૂત થયેલા. તેથી તે ભગવંતો ઉત્તમ કહેવાય છે. તમોવૃત્તિથી ઉપર ઉઠેલા.

હવે ‘આરોગ્ય બોધિલાભ’ ઈત્યાદિ કહે છે —

● નિર્યુક્તિ-૧૦૯૪-વિવેચન :-

‘‘આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ શ્રેષ્ઠ સમાધિ મને આપો’’ - શું આ નિયાણું છે ? આ વિભાસા કરવી જોઈએ. - x - ગાથાનો પૂર્વાર્દ્ધ પૂર્વે કહેલ જ છે. किं - પ્રશ્નમાં છે, नु - વિતર્કમાં છે, हु - તેના સમર્થનમાં છે. શું આ નિદાન છે ? જે ‘‘આરોગ્યાદિ આપો’’ એમ કહ્યું. સૂત્રમાં તો નિષેધ છે. ના, તેમ નથી. વ્યર્થ ઉચ્ચારણ જ છે. ગુરુ કહે છે — વિભાષા એટલે વિષયવિભાગ વ્યવસ્થાપનાથી વ્યાખ્યા કરવી. અહીં આ ભાવના છે - આ નિદાન નથી, કેમકે કર્મબંધના હેતુનો અભાવ છે. કહ્યું છે — મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ બંધ હેતુઓ છે. પરંતુ મોક્ષની પ્રાર્થનામાં આમાંથી એક પણનો સંભવ નથી. તેનું ઉચ્ચારણ વ્યર્થ પણ નથી. તે અંતઃકરણ શુદ્ધિથી ઉચ્ચારેલ છે.

[શંકા] જો આ અહીં નિયાણુ નથી, તો પણ દુષ્ટ જ છે. કઈ રીતે ? અહી સ્તુતિ વડે આરોગ્યાદિને દેનારા થાય કે નહીં ? જો આદ્ય પક્ષ લો તો તેમના રાગાદિપણાનો પ્રસંગ આવે, જો ચરમ - તો આરોગ્યાદિ પ્રદાન રહિત છે, તે જાણવા છતાં પ્રાર્થનામાં મૃષાવાદ દોષ પ્રસંગ છે ના, આ પ્રાર્થનામાં મૃષાવાદનો યોગ નથી. તે માટે કહે છે —

● નિર્યુક્તિ-૧૦૯૫-વિવેચન :-

માત્ર ભક્તિથી આ અસત્યામૃષા ભાષા બોલાય છે. ખરેખર તો જેમના રાગ-દ્વેષ ક્ષય પામ્યા છે, તે સમાધિ અને બોધિ આપતા જ નથી. - x - આ અસત્યામૃષા ભાષા વર્તે છે, તે આમંત્રણી આદિ ભેદથી અનેક પ્રકારે છે, કહ્યું છે કે — આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પ્રચ્છની અને પ્રજ્ઞાપની આદિ ભાષા અનુવર્તે છે. - x - x - તેમાં અહીં ‘યાચના’ અધિકાર છે. કેમકે અહીં કહ્યું છે કે — ‘‘આરોગ્ય, બોધિલાભાદિ’’ મને આપો.

રાગાદિ રહિતપણાથી આરોગ્યાદિ દેવામાં અસમર્થ છે, પછી આ યાચનાથી શું થાય ? તમારું કહેવું સત્ય છે. પણ આ ભક્તિથી બોલાયેલ છે, અન્યથા રાગદ્વેષ ક્ષીણ

થયેલા કંઈ આપતા નથી. - X -

● નિર્યુક્તિ-૧૦૯૬-વિવેચન :-

જે તેઓએ આપવાનું છે, તે બધાં જ જિનવરોએ આપેલ જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રનો આ ત્રણ પ્રકારનો ઉપદેશ છે. —૦— ઋષભાદિ બધાં જિનવરોએ પૂર્વે જ આપેલ છે. શું આપેલ છે ? દર્શન, જ્ઞાન, ચારિત્ર સંબંધી - ભૂત આરોગ્યાદિ પ્રસાધક આ ત્રણ પ્રકારનો ઉપદેશ. આમાં કોઈ એકનો ઉપદેશ એવું કોઈ ન માની લે, તે માટે ત્રણે પ્રકારનો એમ કહેલ છે.

જો આપેલ છે, તો શું હવે અભિલષિત અર્થ પ્રસાધન સામર્થ્યથી તેઓ રહિત છે ? તો પછી તેમની ભક્તિ પણ શું ઉપયોગી થવાની છે ?

● નિર્યુક્તિ-૧૦૯૭-વિવેચન :-

જિનેશ્વરની ભક્તિથી પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છે, જેમ આચાર્યને નમસ્કાર કરવાથી વિદ્યા અને મંત્ર પણ સિદ્ધ થાય છે. —૦— भक्त्या - અંતઃકરણ પ્રણિધાન રૂપ - X - પૂર્વસંચિત - અનેક ભવોપાર્જિત, કર્મો - જ્ઞાનાવરણીય આદિ. આ અર્થમાં જ નિર્યુક્તિમાં દૃષ્ટાંત છે કે — જેમ આચાર્યના નમસ્કારથી વિદ્યા કે મંત્ર સિદ્ધ થાય છે, તેમ જિનવરની ભક્તિ કરનારને શુભ પરિણામત્વથી સિદ્ધિ પ્રતિબંધક કર્મક્ષયથી સિદ્ધિ થાય છે, તેમ વિચારવું. તેથી અરિહંત ભક્તિ સાધ્વી [સારી કે પ્રશસ્ય] છે. કેમકે વસ્તુતઃ અભિલષિત અર્થ પ્રસાધકપણે અને આરોગ્ય અને બોધિ લાભ થાય છે. તેથી કહે છે —

● નિર્યુક્તિ-૧૦૯૮ :-

જિનવરોની ભક્તિમાં શું વિશિષ્ટતા છે? પ્રધાન ભાવ ભક્તિ વડે, (કોની?) જેમના રાગ-દ્વેષ ક્ષીણ થયા છે તેવા જિનેશ્વરોની. (શું મળે?) આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણની જીવોને પ્રાપ્તિ થાય. અહીં આવી ભાવના છે — જિનભક્તિ વડે કર્મ ક્ષય થવાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. અહીં સમાધિકરણની પ્રાપ્તિ તે આરોગ્ય અને બોધિ લાભના હેતુપણાથી જાણવી. કેમકે સમાધિમરણની પ્રાપ્તિથી નિયમા તેની પ્રાપ્તિ થાય છે. [શંકા] હવે બોધિલાભની પ્રાપ્તિમાં પણ જિનભક્તિ માત્રથી જ ફરી બોધિલાભ થશે જ, તો આ વર્તમાનકાળમાં દુષ્કર અનુષ્ઠાનો વડે શું લાભ? એ પ્રમાણે કહેનારા અનુષ્ઠાન પ્રમાદી જીવોને આશ્રીને ઉપદેશ કરતી આ બે ગાથા છે —

● નિર્યુક્તિ-૧૦૯૯,૧૧૦૦ :-

બોધિને મેળવીને સદનુષ્ઠાન વડે તેને સફળ ન કરતો અને ભાવિ બોધિ પ્રાપ્તિની પ્રાર્થના કરતો, તું જે પ્રમાણે દેખીશ તે હે વિહ્વળ થયેલા ! હે જડ પ્રકૃતિ ! તું સાંભળ. આ અને અન્ય બોધિ-(ધર્મ)ને પણ તું ચૂકી જઈશ. બોધિને મેળવીને સદનુષ્ઠાન ન કરતો અને ભાવિમાં બોધિને પ્રાર્થતો એવો તું અત્યારે અન્ય બોધિ ક્યાં મૂલ્યથી લાવીશ ? —૦—૦— અહીં 'લબ્ધા' એટલે વર્તમાનકાળે પ્રાપ્ત, बोधि - જિનધર્મ પ્રાપ્તિ अकुर्वन् - કર્મ પરાધીનતાથી સદનુષ્ઠાન વડે સફલ ન કરતો. 'ચૂકી જઈશ' - વર્તમાન બોધિથી પણ ભ્રષ્ટ થઈશ.

અહીં ભાવના આ છે — બોધિ લાભ થતાં તપ અને સંયમ અનુષ્ઠાનમાં રક્તની ભાવિની ઈચ્છાવશ તે-તે પ્રવૃત્તિ જ બોધિલાભ કહેવાય છે, તે અનુષ્ઠાનરહિતની ફરી ઈચ્છાના અભાવે તે પ્રવૃત્તિની શી જરૂર ? એ પ્રમાણે બોધિલાભની પ્રાપ્તિ થતી નથી. એમ કહીને તો તમે ઈચ્છાના અભાવે બોધિલાભને અસંભવ કહી દીધો ?

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (34)



ના, તેમ નથી. અનાદિ સંસારમાં રાધાવેધના ઉપમા નથી અનાભોગથી પણ [ઈચ્છારહિતપણે પણ] કથંચિત્ કર્મક્ષયથી તેની પ્રાપ્તિ થાય પણ છે - X - X - તેથી બોધિલાભ થયેથી તપ-સંયમ અનુષ્ઠાનરક્ત થવું જોઈ. પણ યત્કિંચિત્ ચૈત્ય આદિનું આલંબન ચિત્તમાં ધારીને પ્રમાદવાળા થવું ન જોઈએ. તપ-સંયમ ઉદ્યમવાળાએ ચૈત્ય આદિમાં અવિરાધકત્વથી કૃત્ય કરવા. તેથી કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૧-વિવેચન :-

તપ અને સંયમમાં ઉદ્યમવંત વડે ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત, બધામાં પણ તેના વડે કૃત્ય કરાયું જ છે. - X - અહીં તપ અને ઉદ્યમવંત એવા સાધુ લેવા. તેમાં चैत्य - અરહંત પ્રતિમારૂપ, कुल - વિદ્યાધર આદિ, गण - કુળ સમુદાય, संघ - સમસ્ત સાધુ આદિનો સમૂહ आचार्य - પ્રસિદ્ધ છે, च શબ્દથી ઉપાધ્યાયાદિ લેવા. ભેદ કથન પ્રાધાન્ય જણાવવા માટે છે. એમ બીજે પણ જાણવું. प्रवचन - દ્વાદશાંગ, સૂત્ર અર્થ અને તદુભયરૂપ, શ્રુત-સૂત્ર જ. च શબ્દ, સ્વગત અનેક ભેદ કહેવા માટે છે. આ બધાં સ્થાનોમાં તેણે કૃત્ય કર્યુ છે, જે તપ અને સંયમમાં ઉદ્યમવાન્ છે.

અહીં ભાવના આ પ્રમાણે છે — સાધુ નિયમથી જ્ઞાન અને દર્શનયુક્ત હોય. આ જ ગુરુલાઘવ આલોચીને ચૈત્યાદિ કૃત્યમાં સમ્યક્ પ્રવર્તે છે, જેથી આ ભવ-પરભવની ગુણ વૃદ્ધિ થાય છે. વિપરીત કૃત્યમાં પણ પ્રવર્તમાન છતાં અવિવેકથી અકૃત્યનું જ સંપાદન કરે છે.

એ પ્રમાણે બે સૂત્ર ગાથા પૂરી થઈ, હવે છેલ્લું સૂત્ર —

● સૂત્ર-૯ :-

*ચંદ્ર કરતા વધુ નિર્મળ, સૂર્યથી વધુ પ્રકાશ કરનારા, શ્રેષ્ઠ સાગર જેવા ગંભીર એવા હે સિદ્ધો મને સિદ્ધિ આપો.*

● વિવેચન-૯ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ આ — સર્વે કર્મમલ ચાલ્યો જવાથી ચંદ્ર કરતાં પણ નિર્મલતર, કેવળજ્ઞાનરૂપી ઉદ્યોતથી વિશ્વને પ્રકાશન કરવાથી સૂર્ય કરતાં અધિક પ્રકાશકર કહ્યા. અહીં શ્રેષ્ઠ સાગર એટલે સ્વયંભૂરમણ સમુદ્ર જાણવો. પરીષહ-ઉપસર્ગાદિથી ક્ષોભ ન પામતા હોવાથી ગંભીરતર કહ્યા. સિદ્ધ-કર્મો ચાલી જવાથી કૃતકૃત્ય થયેલા. સિદ્ધિ-પરમપદની પ્રાપ્તિ. मम दिसंतु - મને આપો.

- હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૨-વિવેચન :-

ચંદ્ર, સૂર્ય, ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે, જ્યારે કેવલજ્ઞાનનો લાભ લોકાલોકને પ્રકાશ કરે છે. —૦— અહીં ગ્રહોમાં - અંગારક આદિ લેવા. प्रभा - જ્યોત્સ્ના, પ્રકાશે છે - ઉદ્યોત કરે છે - X - X - કેવળજ્ઞાનથી સર્વધર્મ વડે લોકોલોકમાં ઉદ્યોત કરે છે. અનુગમ કહ્યો, નયો સામાયિકવત્ જાણવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૨-નો નિર્યુક્તિ-ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

# ❀ અધ્યયન-૩-“વંદન” ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

હવે ચતુર્વિંશતિ સ્તવ પછી વંદન અધ્યયન, તેના આ સંબંધ છે અનંતર અધ્યયનમાં સાવધયોગ વિરતિરૂપ સામાયિકના ઉપદેશકર્તા એવા અરહંતોની સ્તુતિ કરી. અહીં અરહંત ઉપદિષ્ટ સામાયિક ગુણવાળાને જ વંદનરૂપ ભક્તિ કરવી તે પ્રતિપાદિત કરે છે. અથવા જે - ચતુર્વિંશતિ સ્તવમાં અરહંત ગુણોત્કીર્તનરૂપ ભક્તિથી કર્મક્ષય કહ્યો, “વંદન” અધ્યયનમાં પણ કૃતિકર્મરૂપ સાધુ ભક્તિથી તે રૂપ એ જ કહે છે. કહ્યું પણ છે કે — વિનયોપચારથી માનનું ભંજન, ગુરુજનની પૂજના, તીર્થંકરોની આજ્ઞાપાલન, શ્રુતધર્મ આરાધના અને અક્રિયા થાય છે.

અથવા સામાયિકમાં ચારિત્રનું વર્ણન કર્યું, ચતુર્વિંશતિ સ્તવમાં અરહંતની ગુણ સ્તુતિ કરી, તે દર્શન-જ્ઞાનરૂપ છે. એ પ્રમાણે આ ત્રણે કહ્યા. આના વિતથ આસેવનથી ઐહિક-આમુષ્મિક અપાય થાય તે ગુરુને કહેવા. તે વંદનપૂર્વક કહેવાય છે માટે વંદનની નિરૂપણા કરાય છે. वन्द्यते - પ્રશસ્ત મન-વચન-કાય વ્યાપાર જાલથી સ્તવાય તે વંદન.

હવે તેના પર્યાય શબ્દોના પ્રતિપાદન માટે ગાથા-ખંડ કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૩/૧-વિવેચન :-

વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ એ પાંચે પર્યાયવાચી છે. તેમાં (૧) વંદનનો અર્થ કહ્યો. (૨) चिति - કુશલ કર્મનું ચયન તે ચિતિ, કારણમાં કાર્યના ઉપચારથી રજોહરણાદિ ઉપધિ સંગ્રહ. અથવા આ એકઠું કરાય છે તે ચિતિ, (૩) કૃતિ - કરવું તે, અવનામ આદિ કરણ અથવા આ કરાય છે તે કૃતિ, મોક્ષને માટે અવનામ-નમવું તે આદિ ચેષ્ટા.

અહીં વંદન, ચિતિ અને કૃતિ ત્રણેમાં कर्म શબ્દ જોડાયેલ છે, તે અનેકાર્થ છે. ક્યારેક કારકનો વાચક છે. ક્વચિત્ જ્ઞાનાવરણીયાદિ વાચક છે જેમકે - कृत्स्नकर्मक्षयान्मोक्षः એવું વચન છે. ક્વચિત્ ક્રિયાવાચક છે. જેમકે — गन्धर्वा रंजिता सर्वे संग्रामे भीमकर्मणे વચનથી. તે બધામાં અહીં ક્રિયાવચન ગ્રહણ કરાય છે. તેથી વંદનકર્મ, ચિતિકર્મ અને કૃતિકર્મમાં અહીં ક્રિયા અભિધાનમાં વિશિષ્ટ અવનમનાદિ ક્રિયા પ્રતિપાદન માટે હોવાથી આ અદુષ્ટ જ છે.

(૪) पूजा - પ્રશસ્ત મન, વચન, કાય, ચેષ્ટા, પૂજન, પૂજાનું કર્મ તે પૂજાકર્મ અથવા પૂજા કર્યા. અથવા પૂજા એ જ કર્મ તે પૂજા કર્મ. च શબ્દ પૂજાક્રિયાનું વંદનાદિ ક્રિયા સાથે સામ્ય દર્શાવવા માટે છે.

(૫) वि પૂર્વક नय તે વિનય, કર્મોને દૂર કરવા તે. અથવા જેના વડે આઠ પ્રકારના કર્મો દૂર લઈ જવાય તે વિનય, તેનું કર્મ તે વિનયકર્મ. च પૂર્વવત્. વંદન કોને કરવું, કોના વડે કરવું ઈત્યાદિ પ્રશ્નો —

● નિર્યુક્તિ-૧૧૦૩/૨ વિવેચન :-

કેટલા દોષથી વિપ્રમુક્ત કૃતિકર્મ કોને કરવું ? આ વંદન કર્તવ્ય કોને અથવા શેના વડે, કયા કાળમાં, કેટલી વાર કરવું ?

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (35)



અવનત - કેટલા અવનત તે વંદનમાં કરવા જોઈએ ? શિરો નમન કેટલાં થાય ? કેટલાં આવશ્યક - આવર્ત્ત આદિ વડે પરિશુદ્ધ, ટોલગતિ આદિ કેટલા દોષથી મુક્ત વંદનકર્મ કઈ રીતે કરાય છે ?

હવે તેનો અવયવાર્થ કહે છે — (૧) વંદન કર્મ બે ભેદે છે - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી મિથ્યાદૃષ્ટિનું અને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિનું તથા ભાવથી ઉપયુક્ત. સમ્યગ્દૃષ્ટિનું વંદન. (૨) ચિતિકર્મ પણ બે ભેદે છે — દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી તાપસાદિ લિંગ ગ્રહણ કર્મ અને અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિના રજોહરણાદિ કર્મ. ભાવથી સમ્યક્દૃષ્ટિ ઉપયુક્ત રજોહરણાદિ ઉપધિ ક્રિયા.

(૩) કૃતિકર્મ પણ બે ભેદે — દ્રવ્યથી કૃતિકર્મ - નિહ્નવાદિને નમવું વગેરે કરણ અને અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિનું નમન. ભાવથી ઉપયુક્ત સમ્યક્ દૃષ્ટિવાળાનું નમન. (૪) પૂજાકર્મ પણ બે ભેદે — દ્રવ્યથી નિહ્નવાદિની મન-વચન-કાયાની ક્રિયા અથવા અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિની તે ક્રિયા. ભાવથી ઉપયુક્ત સમ્યક્દૃષ્ટિની આ ક્રિયા. (૫) વિનયકર્મ પણ બે ભેદે - દ્રવ્યથી નિહ્નવ આદિ અને અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિનો ભાવથી ઉપયુક્ત સમ્યક્દૃષ્ટિની વિનય ક્રિયા.

હવે વંદનાદિ કર્મોમાં દ્રવ્ય-ભાવ ભેદ પ્રગટ કરતા દૃષ્ટાંત કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૪-વિવેચન :-

શીતલ, ક્ષુલ્લક, કૃષ્ણ, સેવક અને પાલક એ પાંચ દૃષ્ટાંતો કૃતિકર્મમાં હોય છે, તેમ જાણવું. તે ‘શીતલ’ કોણ ? તેની કથા —

(૧) એક રાજાના પુત્રનું નામ શીતલ હતું. તે કામભોગથી કંટાળીને પ્રવ્રજિત થયો. તેની બહેનને કોઈ બીજા રાજાને પરણાવેલી, તેણીને ચાર પુત્રો થયા. તે બહેન ચારે પુત્રોને અવસરે - અવસરે કથા કહેતી કે — તમારા મામાએ પહેલાં દીક્ષા લીધી છે, ઈત્યાદિ. એ પ્રમાણે કાળ જતો હતો. તે ચારે ભાઈઓ પણ કોઈ તેવા ગુણવાન્ સ્થવિરની પાસે દીક્ષિત થયા. ચારે બહુશ્રુત થયા. પોતાના આચાર્યને પૂછીને મામા [શીતલાચાર્ય] ને વંદન કરવાને જાય છે.

કોઈ નગરમાં છે તેમ સાંભળ્યું. ત્યાં ગયા. સંધ્યાકાળ થઈ ગયો. એમ જાણીને બાહિરિકામાં રહ્યા. કોઈ શ્રાવક નગરમાં જઈ રહ્યો હતો. તેની સાથે શીતલાચાર્યને કહેવડાવ્યું કે તમારા ભાણેજ સાધુઓ આવેલા છે. સંધ્યા કાળ થઈ ગયો એટલે નગરમાં પ્રવેશ્યા નથી. શ્રાવકે જઈને કહી દીધું. શીતલાચાર્ય રાજી થયા. આ ચાર સાધુઓને પણ રાત્રિના શુભ અધ્યવસાયથી કેવલજ્ઞાન થયું.

પ્રભાતમાં આચાર્ય દિશાનું પ્રલોકને કરે છે. હમણાં મુહૂર્તમાં [ઘડીકમાં] ચારે ભાણેજ સાધુ આવશે. સૂત્ર પૌરુષી કરતા હશે એમ માનીને શીતલાચાર્ય રહ્યા. ઉગ્ઘાડા અર્થ પૌરુષી થઈ. ઘણી જૂની દેવકૂલિકામાં ગયા. ચારે સાધુ વીતરાગ થઈ જવાથી શીતલાચાર્યનો આદર ન કર્યો. શીતલાચાર્યએ દંડ સ્થાપ્યો. પછી ઈરિયાવહી પ્રતિક્રમી, આલોચના કરીને બોલ્યા — હું તમને કઈ રીતે વાંદુ ? ચારે સાધુએ કહ્યું — જેમ તમારી શોભા વધે તેમ. શીતલાચાર્ય વિચારે છે — અહો ! આ દુષ્ટ શૈક્ષ અને નિર્લજ્જ પણ છે. તો પણ રોષથી વંદન કર્યુ.

ચારે સાધુને વાંદ્યા. પણ કેવલી પૂર્વ પ્રયુક્ત ઉપચાર ભાંગતા નથી યાવત્ જાણતા નથી. આવો જીતકલ્પ છે. તેઓ બોલ્યા — આપે દ્રવ્ય વંદન કર્યુ, પણ હવે

ભાવવંદન કરો. પછી વાંદતા કષાય કંડક વડે છ સ્થાનપતિત જોયા. શીતલાચાર્ય બોલ્યા – દ્રવ્ય વંદન હતું તે પણ જાણો છો ? તેઓ બોલ્યા – સારી રીતે જાણીએ છીએ. કેમ કોઈ અતિશય જ્ઞાન થયું છે ? તેઓઓ કહ્યું – હા. તે જ્ઞાન છાદ્મસ્થિક છે કે કૈવલિક ? તેઓ બોલ્યા – કૈવલિક.

ત્યારે શીતલાચાર્યને દુઃખ થયું. અહો ! મેં મંદભાગ્યએ કેવલીની આશાતના કરી, તેથી સંવેગ પામ્યા. તે કંડકસ્થાનોથી નિર્વૃત્ત થયા. યાવત્ અપૂર્વકરણમાં પ્રવેશ્યા. કેવળજ્ઞાન પામ્યા.

તે જ કાયિકી ચેષ્ટા એકમાં બંધને માટે, એકમાં મોક્ષને માટે થઈ. પૂર્વે દ્રવ્યવંદન હતું, પછી ભાવવંદન થયું.

(૨) એક બાળ સાધુ હતા. આચાર્યએ કાળ કરતાં, તેને લક્ષણયુક્ત જાણીને આચાર્યરૂપે સ્થાપ્યા. બધાં દીક્ષિતો તે બાળ સાધુના આજ્ઞા અને નિર્દેશમાં રહેતા હતા, સ્થવિરો પાસે ભણતાં હતા. કોઈ દિવસે મોહનીય વડે બાધા પામીને અને સાધુઓ ભિક્ષાને માટે ગયેલા ત્યારે માત્રક લઈને ઉપહત પરિણામી થઈ એક દિશામાં ચાલી નીકળ્યા. થાકીને કોઈ વનખંડમાં વિશ્રામ લીધો.

ત્યાં પુષ્પિત ફલિત મધ્યે શમી શાખાને પીઠ બાંધેલી. લોકો ત્યાં પૂજા કરતા હતા. ત્યાં તિલક, બકુલાદિ કંઈ જ ન હતું. તે વિચારે છે – આની પીઠના ગુણથી આની પૂજા કરે છે, તેમાં ચિત્તિ-સંચય નિમિત્ત છે. તેણે પૂછ્યું – બાકીના વૃક્ષોને કેમ પૂજતા નથી ? લોકો બોલ્યો – આ પહેલાંથી કરાયેલ છે તેથી લોકો તે પીઠબદ્ધને વંદે છે.

તે બાળસાધુને વિચાર આવ્યો કે જેવી શમીશાખા [ખીજડો] છે, તેવો હું છું. બીજા પણ ત્યાં બહુશ્રુતો, રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો આદિ દીક્ષામાં છે, તેમને ગચ્છ ભાર ન સોંપ્યો અને મને આચાર્યરૂપે સ્થાપ્યો. મને બધાં પૂજે છે. મારામાં શ્રામણ્ય ક્યાં છે ? રજોહરણ માત્ર રૂપ ચિતિ ગુણથી વંદે છે. પાછા ફર્યા. બીજા સાધુઓ ભિક્ષા લઈ પાછા આવ્યા. આચાર્યને શોધે છે, તે બાળ આચાર્ય ન મળ્યા. તેમની કોઈ શ્રુતિ કે પ્રવૃત્તિ ન જણાઈ.

ત્યારે તે બાળ આચાર્ય આવીને આલોચના કરે છે. જેમકે હું સંજ્ઞા ભૂમિ ગયો હતો. મૂળ વ્રતોથી દૂર થયો હતો, ત્યાં પતિત થયો પછી સ્થિર થઈને હવે ઉપશાંત થઈ પાછો આવેલો છું. તે સાધુઓ સંતુષ્ટ થયા. પછી તે બાળસાધુ કૃત આદિની આલોચના કરે છે, પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. તેમાં પૂર્વે દ્રવ્યચિતિ હતી, પછી ભાવચિતિ થઈ.

(૩) દ્વારિકામાં કૃષ્ણ વાસુદેવ અને વીરક કોલક હતો. તે વીરક, વાસુદેવનો ભક્ત હતો. તે વાસુદેવ નિશ્ચે વર્ષારાત્રમાં ઘણાં જીવોનો વધ ન થાય તે માટે નીકળતો ન હતો. વીરકને કૃષ્ણવાસુદેવને મળવાનું ન થતું હોવાથી રાજના દ્વારની પૂજા કરીને રોજે રોજ ચાલ્યો જતો પણ કૃષ્ણ વાસુદેવનું મુખ જોવા ન મળતા જમતો ન હતો. દાઢી-મુંછ વધી ગયા. વર્ષારાત્ર પૂરું થતાં રાજા નીકળ્યા. બધાં રાજા પાસે ઉપસ્થિત થયા. વીરક પગે પડી ગયો. રાજાએ પૂછ્યું – હે વીરક ! દુબળો કેમ પડી ગયો છે ? દ્વારપાલે બધો વૃત્તાંત કહ્યો. રાજાને અનુકંપા જન્મી, વીરકનો પ્રવેશ અનિવારિત કર્યો.

વાસુદેવ કૃષ્ણ તેની બધી જ પુત્રીઓને વિવાહકાળે જ્યારે પગે પડવા આવે ત્યારે પૂછતા કે શું પુત્રી ! દાસી થઈશ કે સ્વામિની ? તે કન્યા કહેતી - સ્વામિની થઈશ.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (36)



ત્યારે રાજા કહેતો કે સ્વામિની થવું હોય તો ભગવંત પાસે દીક્ષા લે. પછી મહા નિષ્ક્રમણ સત્કારથી સત્કાર કરીને દીક્ષા લેતી. એ પ્રમાણે કાળ જતો હતો.

કોઈ વખત કોઈ રાણીએ વિચાર્યુ કે આમ તો બધી દીક્ષા લઈ લેશે, પોતાની પુત્રીને શીખવ્યુ કે તને રાજા પૂછે ત્યારે – "દાસી થવું છે" તેમ કહેજે. પછી સર્વાલંકાર વિભૂષિત કરીને લાવ્યા. કૃષ્ણવાસુદેવ પૂછ્યું ત્યારે બોલી કે - મારે દાસી થવું છે, વાસુદેવને થયું કે મારી પુત્રી સંસારમાં ભટકશે. બીજા પણ અવમાનના કરશે. તે સુંદર નથી. હવે શો ઉપાય છે ? જેથી બીજા પણ આવું ન કરે. તેને ઉપાય જડી ગયો. વીરકને બોલાવીને પૂછ્યું – પૂર્વે તે કંઈ પરાક્રમ કરેલ છે ? વીરક બોલ્યો – ના. ઘણું વિચારીને વિરકે કહ્યું – બોરનો ઝાડ ઉપર કાકીડો હતો, તેને પત્થર મારીને પાડી દેતા મરી ગયેલો. ડાબા પગ વડે પાણીનો માર્ગ અવરોધેલ અને લોટામાં માખી પૂરીને હાથેથી ઉડાડી હતી.

બીજે દિવસે રાજસભામાં ૧૬,૦૦૦ રાજા મધ્યે કહ્યું – આ વીરકની કુલોત્પત્તિ અને કર્મો સાંભળો. જેણે લાલ માથાવાળા નાગને બદરીવનમાં વસ કર્યો, પૃથ્વી શસ્ત્ર વડે પાડી દીધો તે ઉત્કૃષ્ટ ક્ષત્રિય છે. જેણે ચક્ર પ્રમાણ વહેતી ગંગાના જળને ડાબા પગે ધારી રાખ્યું માટે તે ક્ષત્રિય છે. જેણે ઘોષ કરતી સેના કળશીપુરમાં વસતી હતી તેને ડાબા હાથે ધારી રાખી માટે તે ક્ષત્રિય છે.

હું આ વીરકને મારી કન્યા આપુ છું. વીરક તેને ઘેર લઈ ગયો. તેને શયનગૃહે રાખી, પોતે તેણીનું બધું કામ કરવા લાગ્યો. કોઈ વખત રાજાએ પૂછ્યું – મારી પુત્રી તારું કહ્યું કરે છે ? વીરક બોલ્યો – હું તે સ્વામિનીનો દાસ છું રાજા બોલ્યો – તે બધાં કામો ન કરે તો તેણીને ફટકારજે. રાજાની આજ્ઞા જાણીને ઘેર ગયો. રાજપુત્રીને કહ્યું – મારે પગે પડ. તેણી રોષવાળી થઈ બોલી – હે કોલિક ! તારી જાતને ન ભૂલ. ત્યારે કોલિકે ઉભા થઈને દોરડા વડે મારવાનું ચાલુ કર્યુ. તેણી રડતી-રડતી રાજાની પાસે ગઈ, પગે પડીને બોલી કે – મને કોલિકે મારી. રાજાએ કહ્યું – તેમજ થાય, મે કહેલુંને કે – સ્વામિની થાય. ત્યારે તેં દાસત્વ માંગ્યુ, હવે મારે ત્યાં ન રાખુ. તેણી બોલી – સ્વામિની થવું છે. હવે તો વીરક તને મુક્ત કરે તો થાય, વીરકે મુક્ત કરી, તેણીએ દીક્ષા લીધી.

ભગવંત અરિષ્ઠનેમિ સમોસર્યા. રાજા નીકળ્યો. બધાં સાધુને દ્વાદશવર્ત વંદન કર્યા. રાજા શ્રમ પામીને ઉભો રહ્યો. વીરકે પણ વાસુદેવની અનુવૃત્તિથી વંદન કર્યા. કૃષ્ણને તો પરસેવા વળી ગયેલા. ભગવંતને પૂછ્યું – હે ભગવન્ ! ૩૬૦ સંગ્રામમાં પણ હું ન થાકેલો એટલો થાક આજે લાગ્યો. ભગવંતે કહ્યું – હે કૃષ્ણ ! તેં ક્ષાયિક સમ્યકત્વ ઉત્પાદિત કર્યુ છે અને તીર્થંકર નામગોત્ર પણ બાંધ્યુ છે. જ્યારે પગમાં વિંધાઈને સાતમી પૃથ્વીમાં જવાનું આયુષ્ય બાંધેલ તે પણ ત્રીજી પૃથ્વી સુધી ઘટી ગયું છે - x -

આ વાસુદેવનું ભાવકૃતિકર્મ અને વીરકનું દ્રવ્યકૃતિકર્મ.

(૪) હવે સેવકનું દૃષ્ટાંત - એક રાજાને બે સેવક હતા. તે બંને નીકટના ગામના હતા. તેમની વચ્ચે સીમા નિમિત્તે ઝઘડો થયો. ઝઘડો રાજદરબારમાં ગયો. ત્યાં માર્ગમાં સાધુને જોયા. એકે કહ્યું – ભાવથી પ્રદક્ષિણા કરીને વંદન કરીને જવું, બીજાએ માત્ર તેનું અનુકરણ કર્યુ. તેણે પણ વંદના કરી. પહેલો સેવક જીતી ગયો. અહીં પહેલા

સેવકની અનુવૃત્તિ માત્ર કરી તે દ્રવ્ય પૂજા, બીજાની ભાવપૂજા જાણવી.

(૫) હવે પાલક કથા - દ્વારિકામાં કૃષ્ણ વાસુદેવ રાજા હતો. પાલક, શાંબ વગેરે તેના પુત્રો હતા. ભગવંત નેમિ પધાર્યા. વાસુદેવે કહ્યું — જે ભગવંતને કાલે પ્રથમ વંદન કરે તેને મારી પાસે જે માંગશે તે હું આપીશ. શાંબે શય્યામાંથી ઉઠીને વંદન કર્યા. પાલકે રાજ્યના લોભથી જલ્દી અશ્વરત્ન વડે જઈને ભગવંતને વાંદ્યા. તે અભવ્ય હોવાથી હૃદયના આક્રોશ સહ વંદના કરી. વાસુદેવ નીકળ્યો. ભગવંત પાસે જઈને પૂછ્યું — આપને આજે પહેલી વંદના કોણે કરી ? ભગવંતે ઉત્તર આપ્યો — દ્રવ્યથી પાલકે કરી અને ભાવથી શાંબે કરી. શાંબને તે આપ્યું.

આ પ્રમાણે વંદનની પર્યાય શબ્દ દ્વારથી નિરૂપણા કરી. હવે જે કહે છે — કર્તવ્ય કોનું - તે નિરૂપણા કરે છે. તેમાં જેમાં વંદન કોને ન કરવું જોઈએ તેને જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૫-વિવેચન :-

અસંયતને ન વાંદવા [તેવા કોને ?] માતા-પિતા-ગુરુને વાંદવું, સેનાપતિ, પ્રશાસ્તા, રાજા અને દેવતાને ન વાંદવા. - - અહીં - જે સંયત નથી તે અસંયત અર્થાત્ અવિરત. માતા-જનની, પિતા-જનક, ગુરુ-પિતામહ આદિરૂપ. આ ત્રણે સાથે અસંયત શબ્દ જોડવો. તથા સેના-હાથી, અશ્વ, રથ, પદાતિ તેનો સ્વામી તે સેનાપતિ - ગણરાજા. પ્રશાસ્તા - ધર્મપાઠક આદિ, રાજા મુગટબદ્ધ અને દેવ-દેવીને ન વાંદવા. च શબ્દથી લેખાચાર્ય જાણવા. [ઉપર કહેલાં બધાં અસંયત હોય તો તેને વંદન કરાય નહીં.]

હવે કોને વંદન કરાય તે કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૬-વિવેચન :-

શ્રમણને વાંદવા જોઈએ [કેવા શ્રમણને ?] મેધાવી, સંયત, સુસમાહિત, પાંચ સમિત, ત્રણ ગુપ્ત અને અસંયમની દુગંછા કરનારને.

શ્રમણને નમસ્કાર કરવો. કેવા ? મેધાવી - ન્યાયથી રહેલને. તે શ્રમણ નામ, સ્થાપના આદિ ભેદે પણ હોય છે, તેથી કહે છે — સંયત તેમાં सम् - એકીભાવથી, यतः યત્નવાન્ અર્થાત્ ક્રિયા પ્રત્યે યત્નવાન્. આને પણ વ્યવહારનયના અભિપ્રાયથી લબ્ધિ આદિ નિમિત્તે અસંપૂર્ણ દર્શનાદિ પણ સંભવે છે. તેથી કહે છે — 'સુસમાધિત' દર્શનાદિમાં સમ્યક્ આહિત, તે સુસમાહિત્વ દર્શાવે છે — પાંચ ઈર્યા સમિતિ આદિ સમિતિથી સમિત તે પંચ સમિત અને ત્રણ મનોગુપ્તિ આદિથી ગુપ્ત તે ત્રિગુપ્ત. પ્રાણાતિપાતાદિ લક્ષણને અસંયમ. આવા અસંયમની ગર્હા-જુગુપ્સા કરે છે તે અસંયમ જુગુપ્સક. આના વડે તેની દૃઢ ધર્મતા જણાવી.

किम् - જેનું કર્તવ્ય વંદન છે, તે જ આદિમાં કેમ ન કહ્યું ? જેને કર્તવ્ય નથી તે કહ્યું ? આ શાસ્ત્ર સર્વ પર્ષદા માટે છે. શિષ્યો ત્રણ પ્રકારના હોય છે. કેટલાંક ઉદ્‌ઘટિતજ્ઞ, કેટલાંક મંદબુદ્ધિક, કેટલાંક પ્રપંચિતજ્ઞ. તેમાં પ્રપંચિતજ્ઞોની મતિ ન થાઓ. - X - X - હિતમાં અપ્રવૃત્તિ અને અહિતમાં પ્રવૃત્તિ તે ગુરુ સંસારકારણ છે. આટલું પ્રસંગથી બતાવ્યું.

આવા મેધાવી સંયત શ્રમણને વાંદે, પાર્શ્વસ્થાદિને નહીં તે કહે છે —

● નિર્યુક્તિ-૧૧૦૭-વિવેચન :-

પાંચને કૃતિકર્મ ન કરવું — પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદોને

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (37)



વંદન કર્મ ન કરવું જોઈએ. - X - પાર્શ્વસ્થ-યથોક્ત શ્રમણગુણ રહિતપણાથી, સંયત હોવા છતાં જે પાર્શ્વસ્થાદિની સાથે સંસર્ગ કરે છે. તેમને પણ વંદનકર્મ કરવું ન જોઈએ. આ અર્થ ક્યાંથી જાણવો ? તે કહે છે — માલા અને મરુકા વડે દૃષ્ટાંત થાય છે. - X -

(૧) જ્ઞાન - દર્શન, ચારિત્ર આસેવન સામર્થ્ય રહિત જ્ઞાનનય પ્રધાનો એમ કહે છે કે — જ્ઞાની જે કૃતિકર્મ-વંદન કરવું જોઈએ. - X - (૨) દર્શન - જ્ઞાન અને ચારિત્ર ધર્મ રહિત સ્વલ્પસત્ત્વી એમ કહે છે — દર્શનીને જ વંદન કરવું જોઈએ. - X - તથા બીજા સંપૂર્ણ ચરણધર્માનુપાલનમાં અસમર્થ નિત્યવાસ આદિની પ્રશંસા કરે છે. સંગમ સ્થવિરના ઉદાહરણથી જાણવું. બીજા વળી ચૈત્યાદિ આલંબન કરે છે. - X - X - અહીં નિત્યવાસમાં જે દોષ છે. च શબ્દથી કેવલજ્ઞાન-દર્શનપક્ષે અને ચૈત્યભક્તિથી આર્યિકાલાભ-વિકૃતિ પરિભોગ પક્ષે તે વક્તવ્યતા છે.

હવે જે પાંચ કૃતિ કર્મ કહ્યા, તે ન કરવા. તે આ પાંચ કોણ ? તેનો સ્વરૂપથી. નિર્દેશ કરતા કહે છે —

● પ્રક્ષેપ ગાથા-૧-વિવેચન :-

પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ પણ આ પાંચે જિનમતમાં અવંદનીય છે — આ અન્ય કર્તાની ગાથા જણાય છે. તો પણ ઉપયોગી હોવાથી તેની વ્યાખ્યા કરીએ છીએ. તેમાં —

(૧) પાસત્થા - દર્શનાદિની પડખે — બાજુએ રહે તે પાર્શ્વસ્થ અથવા મિથ્યાત્વ આદિ બંધના હેતુઓ રૂપ પાશ છે, એ પાશમાં રહે છે, તે પાશસ્થ, તે પાસત્થા બે ભેદે છે — સર્વથી અને દેશથી. બધા જ્ઞાન-દર્શન-ચારિત્રમાં જે પાર્શ્વમાં છે તે. દેશથી પાર્શ્વસ્થ તે - શય્યાતર, અભ્યાહૃત કે રાજ પિંડ, નિત્ય પિંડ, અગ્રપિંડ આદિ નિષ્કારણ ભોગવે છે. કુલ નિશ્રાથી વિચરે છે, અકારણે સ્થાપનાકુળોમાં પ્રવેશે છે, સંખડી પ્રલોકન માટે જાય છે તથા સંસ્તવ કરે છે.

(૨) અવસન્ન - સામાચારી આસેવનમાં સીદાતા એવા તે પણ બે ભેદે છે, સર્વમાં અને દેશમાં. તેમાં સર્વમાં તે ઋતુબદ્ધ પીઠ ફલકના સ્થાપિત અને ભોજી જાણવા. દેશ અવસન્ન તે - આવશ્યક અને સ્વાધ્યાયમાં, પ્રતિલેખનામાં, ધ્યાનમાં, ભિક્ષામાં, અભક્તાર્થમાં, આગમનમાં, નિગમનમાં, સ્થાનમાં, નિષીદનમાં અને ત્વગ્વર્તન [પડખાં બદલવામાં] ... આવશ્યકાદિ ન કરે અથવા હીનાધિક કરે. ગુરુવચનના બળથી આને ઓસન્ના [અવસન્ન] કહેલ છે. ગુરુવચનને ન કરે કે ધરાર કરે તે અવસન્ન.

(૩) કુશીલ - જેનું શીલ કુત્સિત છે, તે કુશીલ. કુશીલ ત્રણ પ્રકારે હોય. જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્ર કુશીલ. આ બધાંને વીતરાગે અવંદનીય કહેલા છે. જ્ઞાનમાં જે કાલ આદિ જ્ઞાનાચારને વિરાધે છે તે. દર્શનમાં દર્શનાચારને વિરાધે તે અને ચારિત્રમાં ચારિત્ર કુશીલ આ છે —

કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્તથી આજીવિકા કરે. વિદ્યા મંત્ર ઈત્યાદિ વડે ઉપજીવિત હોય. સૌભાગ્યાદિ નિમિત્ત કહે, બીજાને સ્વપ્ન આદિ કૌતુક કહે, જ્વરિતાદિમાં ભૂતિદાન અને ભૂતિકર્મનો નિર્દેશ કરે છે સ્વપ્નવિદ્યા કહે, ઇંખિણી - ઘંટિકાદિ કહે. પ્રશ્નાપ્રશ્ન કરે, અતીતાદિ ભાવકથન કરે, ઈત્યાદિ સર્વે જાણવું - X - X -

(૪) સંસક્ત - તે પ્રમાણે જ છે. જેમકે - પાર્શ્વસ્થાદિ અવન્દ્ય છે, તે રીતે આ પણ સંસક્તવત્ સંસક્ત છે. તેમાં પાર્શ્વસ્થાદિ કે તપસ્વીને આશ્રીને સંનિહિત દોષગુણ

અર્થ છે. કહ્યું છે કે – સંસક્ત આ છે, ગોભક્ત-લંદકમાં ઉચ્છિષ્ટ કે અનુચ્છિષ્ટ જે કંઈ નાંખવામાં આવે તે બધું - એ પ્રમાણે મૂલ-ઉત્તર દોષો અને ગુણો જે કંઈ પણ હોય તે તેમાં સંનિહિત હોય તેને સંસક્ત કહે છે. રાજવિદૂષકાદિ અથવા નટ જેમ બહુરૂપ હોય અથવા મેલક કે જે હરિદ્રારાગાદિ બહુવર્ણ હોય. એ પ્રમાણે જેવા સ્વરૂપના શુદ્ધ કે અશુદ્ધની સાથે સંવાસ કરે છે. તેવા સ્વરૂપનો જ સંસક્ત કહેવાય છે.

તે સંસક્ત બે વિકલ્પવાળો રાગ, દ્વેષ, મોહને જિતેલા જિનવરે કહેલ છે. એક સંક્લિષ્ટ, બીજો અસંક્લિષ્ટ. જે પાંચ આશ્રયમાં પ્રવૃત્ત છે, ત્રણ ગારવ વડે પ્રતિબદ્ધ છે, સ્ત્રી અને ગૃહી વડે સંક્લિષ્ટ છે, તેને સંક્લિષ્ટ સંસક્ત જાણવો. પાર્શ્વસ્થાદિક અને સંવિગ્નમાં જે મળે છે, ત્યાં તેના જેવો થાય છે - પ્રિયધર્મી અથવા અપ્રિયધર્મી તેને અસંક્લિષ્ટ જાણવો. (૫) યથાછંદ - ઈચ્છા મુજબ જ અને આગમ નિરપેક્ષ જે પ્રવર્તે છે તે યથાછંદ. યથાછંદ અથવા ઈચ્છાછંદ - ઉત્સૂત્રને આચરતો કે ઉત્સૂત્ર પ્રરૂપતો, ઉત્સૂત્રને ઉપદેશતો તે સ્વચ્છંદ વિકલ્પિત અનુપપાતિ, પરતૃપ્તિમાં પ્રવર્તે છે, તેને યથાછંદ જાણવો. સ્વચ્છંદ મતિ વિકલ્પતિ, કંઈક સુખસાતા અને વિકૃતિ પ્રતિબદ્ધ તથા ત્રણે ગારવોથી મદવાળો થાય તેને યથાછંદ જાણવો જોઈએ.

આ પાર્શ્વસ્થાદિ અવંદનીય છે. ક્યાં ? જિનમતમાં, લોકમાં નહીં. હવે પાર્શ્વસ્થાદિને વંદન કરનારને કયો દોષ છે ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૦૮-વિવેચન :-

પાર્શ્વસ્થ આદિને વંદના કરતા કીર્તિ પણ થતી નથી કે નિર્જરા પણ થતી નથી, માત્ર કાયકલેશ અને કર્મબંધ જ થાય છે - - પાસત્થાદિને નમસ્કરા કરતા કીર્તિ - ‘‘અહો આ પુન્ય ભાગ છે.’’ રૂપ તે હોય છે. તેવી કીર્તિ નહીં પણ અપકીર્તિ થાય છે કે – આ પણ આ પાસત્થા જેવો જ લાગે છે કે જેથી તેને વંદન કરે છે. નિર્જરા - કર્મક્ષય લક્ષણ, તે પણ ન થાય. કેમકે તીર્થંકર આજ્ઞા વિરાધનાથી તેઓનું નિર્ગુણત્વ છે.

કાય - દેહ, તેને કલેશ - નમી જવા આદિરૂપ તે કાયકલેશ. ફોગટ કાયકલેશ કરે છે. કરાય તે કર્મ - જ્ઞાનાવરણીયાદિ રૂપ. તેનો બંધ - વિશિષ્ટ રચના વડે આત્મામાં સ્થાપન અથવા આત્માને બંધ - સ્વ સ્વરૂપ તિરસ્કરણ લક્ષણ તે કર્મબંધ થાય છે. ચ શબ્દથી આજ્ઞાભંગાદિ દોષો થાય છે. કઈ રીતે ? - ભગવંતે નિષેધેલને વંદનથી આજ્ઞા ભંગ, તેમને જોઈને બીજા પણ મિથ્યાત્વને પામે, બીજા વંદન કરે તે અનવસ્થા. કાય કલેશથી આત્મ વિરાધના. તેને વંદનથી તેના કરાતી અનુમોદનાથી સંયમ વિરાધના. આ પ્રમાણે પાર્શ્વસ્થાદિને વાંદતા ઉક્ત દોષો લાગે.

હવે પાર્શ્વસ્થાને જ ગુણાધિક વંદન પ્રતિષેધ ન કરવાથી થતા અપાયોને જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૦૯-વિવેચન :-

જે પાર્શ્વસ્થાદિ ભ્રષ્ટ બ્રહ્મચર્ય છે, બ્રહ્મચારી તેમને વંદન કરે ત્યારે નિષેધ કરતા નથી, તે કોંટમંટા થાય છે અને તેમને બોધિ સારી રીતે દુર્લભ બને છે. –૦– ભ્રષ્ટ બ્રહ્મચર્ય એટલે બ્રહ્મચર્ય વગરના, અહીં બ્રહ્મચર્ય શબ્દ મૈથુનની વિરતિનો વાચક છે અને સામાન્યથી સંયમનો વાચક છે. અભિમાનથી પોતાના પગને વ્યવસ્થિત કરે છે કે જ્યારે બ્રહ્મચારી તેમને વંદન કરે છે અર્થાત્ તેમને વંદનનો નિષેધ કરતા નથી. તેઓ તેના દ્વારા ઉપાર્જેલ કર્મથી નારકત્વ આદિ વિપાકોને પામીને અથવા કથંચિત્ કૃચ્છ્ર

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (38)



માનુષત્વને પામે છે, તો પણ કોંટમંટા થાય છે. બોધિ-જિનશાસન અવબોધ રૂપ સકલ દુઃખવિરેકભૂત સુદુર્લભ થાય છે અને તે એક વખત પામ્યા પછી અનંત સંસારીત્વને પામે છે. - તથા -

● નિર્યુક્તિ-૧૧૧૦-વિવેચન :-

આત્માનો સન્માર્ગથી સારી રીતે નાશ કરે છે. જે ચારિત્રથી પ્રકર્ષપૂર્વક ભ્રષ્ટ થઈ - દૂર થઈ, ગુણસ્થ સુસાધુવર્ગને વંદન કરાવે છે. તે ગુરુજન કેવા ? સુશ્રમણ - જેમાં શોભન શ્રમણો છે તે. યથોક્ત ક્રિયાકલાપ કરવાના શીલવાળા તે યથોક્તકારીને.

એ પ્રમાણે વંદક-વંદ્ય દોષનો સંભવ હોવાથી પાર્શ્વસ્થાદિને વંદન ન કરવા, ગુણવંતોએ તેમની સાથે સંસર્ગ કરનારને પણ ન વાંદના. કેમ ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૧૧-વિવેચન :-

જેમ અશુચિ સ્થાન - વિષ્ટાપ્રધાન સ્થાનમાં પડેલ ચંપકમાલા સ્વરૂપથી શોભન હોવા છતાં અશુચિ સ્થાનના સંસર્ગથી મસ્તકે મૂકાતા નથી. તે રીતે પાર્શ્વસ્થાદિ સ્થાને વર્તતા સાધુ અવંદનીય છે. પાર્શ્વસ્થાદિના સ્થાનો - વસતિ, નિર્ગમ ભૂમિ આદિ લેવા, બીજા આચાર્યો શય્યાતરપિંડાદિ ઉપભોગ રૂપ કહે છે. જેના સંસર્ગથી પાર્શ્વસ્થા થાય છે. પણ આ આર્થ બરાબર ઘટતો નથી. કેમકે ચંપકમાલા ઉદાહરણનો ઉપનય સમ્યગ્ ઘટતો નથી.

અહીં દૃષ્ટાંત છે - એક ચંપકપ્રિયકુમાર હતો, મસ્તકમાં ચંપકમાલા કરીને ઘોડે બેસીને ચાલતો. ઘોડા ઉપરથી ઉછળી તે ચંપકમાલા વિષ્ટામાં પડી. પાછી લેવા વિચાર્યું પણ વિષ્ટામાં પડેલ જોઈ છોડી દીધી. તેને ચંપક વિના ચેન પડતું ન હતું. તો પણ સ્થાન દોષથી છોડી દીધી. એ પ્રમાણે ચંપકમાલાને સ્થાને સાધુ લેવા, વિષ્ટાના સ્થાને પાર્શ્વસ્થાદિ લેવા જે વિશુદ્ધ સાધુ તેમની સાથે રહે કે મળે તે પણ પરિહરણીય છે.

અધિકૃત અર્થને સાધવા માટે જ બીજું દૃષ્ટાંત આપે છે –

● નિર્યુક્તિ-૧૧૧૨-વિવેચન :-

પક્કણ કુળમાં વસતો શકુની પારગ પણ ગર્હિત થાય છે. એ પ્રમાણે પાર્શ્વસ્થાદિ મધ્યે વસતા સાધુઓ ગર્હિત થાય છે.

પક્કણ - ગર્હિત કુળ. પારગ - પારંગતવાન્. શકુની શબ્દનો બીજો અર્થ ચૌદ વિદ્યા સ્થાનો પણ કર્યો છે. તેમાં છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાય, પુરાણ અને ધર્મશાસ્ત્ર મળીને ચૌદ સ્થાનો થાય. છ અંગ એટલે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિ અને નિરુક્તિ. સુવિહિત - સાધુ. કુશીલ-પાર્શ્વસ્થાદિ. અહીં એક કથાનક છે –

એક બ્રાહ્મણને પાંચ પુત્રો શકુની પારગ હતા. તેમાં એક બ્રાહ્મણ કોઈ દાસીના પ્રેમમાં પડ્યો. તેણી દારુ પીતી હતી, બ્રાહ્મણપુત્ર દારુ પીતો ન હતો. દાસી બોલી – જો તું દારુ ના પીએ તો સ્નેહ નહીં વધે. રાત્રિના [રતિકામાનંદ] થશે. અન્યથા વિસદેશ સંયોગ થશે. એ પ્રમાણે ઘણું કહેતા તેણીએ દારુ પીવડાવ્યો. તે પહેલાં ખાનગીમાં પીતો હતો, પછી જાહેરમાં પીવાનો શરૂ કર્યો. પછી અતિ પ્રસંગથી મદ્ય સાથે માંસ ખાનારો થયો. ચાંડાલો સાથે ભમવા લાગ્યો. તેઓની સાથે જ ખાતો, પીતો અને વસતો હતો.

પછી પિતા, સ્વજન, બધાંએ તેને પ્રવેશ નિષેધ કર્યો. કોઈ દિને તે પ્રતિભગ્ન થયો. તેનો બીજો ભાઈ સ્નેહથી તેણીની કુટીરમાં પ્રવેશ્યો અને પૂછ્યું, તને કંઈ આપું ? તેને ઉપાલંભ આપીને પિતાએ કાઢી મૂક્યો. ત્રીજો બાહ્ય પાટકમાં રહીને પૂછે

છે, તેને પણ પિતાએ કાઢી મૂક્યો. ચોથા પુત્રએ પરંપરાએ મોકલાવ્યું. તેને પણ કાઢી મૂક્યો. ચોથા પુત્રએ પરંપરાએ મોકલાવ્યું. તેને પણ કાઢી મૂક્યો. પાંચમો પુત્ર તેની ગંધને પણ ઈચ્છતો ન હતો. તેને તે બ્રાહ્મણે ન્યાયાલયે જઈને બધાં ઘરનો સ્વામી બનાવ્યો. બાકીના ચારે ઘર બહાર કરાયેલા લોકમાં ગર્હા પામ્યા.

આ દૃષ્ટાંતનો ઉપનય - જેવા ચાંડાલો છે, તેવા પાર્શ્વસ્થાદિ છે. જેવો બ્રાહ્મણ છે, તેવા આચાર્ય છે. જેવા પુત્રો છે તેવા સાધુઓ છે. જે રીતે બ્રાહ્મણપુત્રોને કાઢી મૂક્યા. તે પ્રમાણે કુશીલ સંસર્ગી શાસનમાં ગર્હિત થાય છે. જે તેમનો ત્યાગ કરે છે, તે પૂજ્યો સાદિ અનંત નિર્વાણને પામે છે અને કુશીલો વડે તેમનો સંસર્ગ કરનારા વિનાશ પામે છે. જેની સાથે મૈત્રી કરે છે, તે તેના જેવા થાય છે. ફૂલો સાથે વસવાથી તલ પણ તેવી ગંધવાળા થાય છે.

દ્વાર ગાથા ખંડની વ્યાખ્યા કરી. હવે વૈડૂર્યપદ વ્યાખ્યા. પાસત્થાદિ સંસર્ગ દોષથી સાધુ પણ અવંદનીય કહ્યા. પાર્શ્વસ્થાદિ સંગે ગુણવાન્‌ને શો દોષ લાગે ? એમ શિષ્યએ પૂછતા, જણાવે છે કે —

● નિર્યુક્તિ-૧૧૧૩-વિવેચન :-

ઘણો કાળ રહેવા છતાં પણ વૈડૂર્ય કાચમણીપણાને પામતું નથી. એ પ્રમાણે પ્રાધાન્યગુણથી યુક્ત આત્મીય સુસાધુપણું છોડીને પાર્શ્વસ્થપણું પામતા નથી. - અહીં કાચમણિ એટલે કુત્સિત મણિ અર્થ છે, તેના વડે પ્રબળતાથી મિશ્ર તે કાચમણિકોન્મિશ્ર, એવા કાચપણાના ભાવને ન પામે. પ્રાધાન્યગુણ - વૈમલ્યગુણ, નિજ - પોતાના, એ પ્રમાણે સુસાધુ પણ પાર્શ્વસ્થાદિ સાથે વસવા છતાં પોતાના શીલગુણ વડે પાર્શ્વસ્થાદિ ભાવોને પામતા નથી.

અહીં આચાર્ય કહે છે — આ યત્‌કિંચિત્ છે. દૃષ્ટાંત માત્ર વડે અભિલષિત અર્થની સિદ્ધિ થતી નથી. કેમકે —

● નિર્યુક્તિ-૧૧૧૪-વિવેચન :-

ભાવુક - પ્રતિયોગી વડે સ્વગુણોથી આત્મભાવ પ્રાપ્ત કરે તે અથવા પ્રતિયોગી હોય તો તેમના ગુણની અપેક્ષાથી તે પ્રમાણે થવાના સ્વભાવવાળા તે ભાવુક. તેનાથી વિપરીત તે અભાવ્ય. તે લોકમાં બે પ્રકારના હોય છે. દ્રવ્ય - જેમકે મણિ, તે અભાવ્ય છે. કોનાથી કાચ આદિથી. એ રીતે કેટલાંક - જીવો એવા પ્રકારે જ થશે. જે પાર્શ્વસ્થ આદિના સંસર્ગથી તેમના ભાવને પામતા નથી. - X -

● નિર્યુક્તિ-૧૧૧૫-વિવેચન :-

જીવો જે અનાદિ અપર્યન્ત છે, પાર્શ્વસ્થાદિ આચરિત પ્રમાદાદિ ભાવના ભાવિત છે અને તિર્યંચ, નારક, દેવ, મનુષ્યાનુભૂતિ સ્વરૂપ સંસાર રૂપ ભાવના ભાવિતત્વથી જલ્દીથી તે પ્રમાદાદિ ભાવના વડે સંસર્ગદોષાનુભાવથી પોતાને ભાવિત કરે છે. હવે જો તમે દૃષ્ટાંત માત્રથી સંતુષ્ટ હો તો મેં કહેલાનું દૃષ્ટાંત પણ છે, તે સાંભળો.

● નિર્યુક્તિ-૧૧૧૬-વિવેચન :-

ઘણાં લાંબા કાળની લીંમડાના જળથી વાસિત ભૂમિમાં આમ્રવૃક્ષ ઉત્પન્ન થયું. પછી તે આંબા અને લીંમડા બંનેના મૂળ એકીભૂત થઈ ગયા. સંગતિથી આમ્રત્વ નાશ પામ્યુ અને લીંબડાપણાને પામ્યું. કડવા ફળ આવ્યા. એ રીતે સંસર્ગદોષ દર્શનથી પાર્શ્વસ્થાદિનો સંસર્ગ છોડી દેવો.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (39)



ફરી શિષ્ય કહે છે — જો આ જ પ્રતિપક્ષસહિત હોય તો —

● નિર્યુક્તિ-૧૧૧૭-વિવેચન :-

ઘણો કાળ રહેવા છતાં નલસ્તંબ નામે વૃક્ષ વિશેષ, શેરડીના સંસર્ગથી કંઈપણ મધુરતા પામતું નથી, જો સંસર્ગી પ્રમાણ હોય તો આમ કેમ ? આચાર્યએ કહ્યું — આ વિહિત ઉત્તર નથી. અહીં પણ કેવલી તો પાર્શ્વસ્થાદિથી અભાવ્ય જ છે, પણ સરાગી ભાવ્ય છે. તેમની સાથે આલાપ માત્રતામાં સંસર્ગીને શું દોષ છે, તે કહે છે —

● નિર્યુક્તિ-૧૧૧૮-વિવેચન :-

સો ભાગ જેટલું ન્યૂન હોવા છતાં રૂપ-આકાર તેટલા અંશે પ્રતિયોગી સાથે સંબદ્ધ થઈ તે ભાવને પામે છે, જેમ મીઠા આદિની ખાણમાં તેવું જોવાય છે. જેમ લોહ આદિ તે ભાવને પામે છે. તે પ્રમાણે પાર્શ્વસ્થાદિ સાથે આલાપ માત્રથી સંસર્ગી આદિ થતા સુવિહિતો તે ભાવને પામે છે. માટે કુશીલનો સંસર્ગ છોડવો જોઈએ.

ફરી પણ સંસર્ગ દોષનું પ્રતિપાદન કરતાં કહે છે —

● નિર્યુક્તિ-૧૧૧૯-વિવેચન :-

જેમ મધુર જળ અર્થાત્ નદીનું પાણી, સાગરના સમુદ્રને-લવણ સમુદ્રને ક્રમથી પામીને જે લવણભાવ - ક્ષાર ભાવને પામીને મધુર હોવા છતાં ખારું થઈ જાય છે, કેમકે મીલન દોષનો અનુભાવ છે.

● નિર્યુક્તિ-૧૧૨૦-વિવેચન :-

એ પ્રમાણે નિશ્ચે શીલવાન્ પણ પાર્શ્વસ્થાદિ આશીલવંત સાથે મળીને મૂળ અને ઉત્તરગુણરૂપ લક્ષણોની પરિહાની અર્થાત્ ગુણનો અપચય પામે છે. તે આલોક સંબંધી અપાય તે દોષથી ઉદ્‌ભવેલ છે. અર્થાત્ મીલન દોષનો અનુભાવ છે. તેમ હોવાથી કહે છે —

● નિર્યુક્તિ-૧૧૨૧-વિવેચન :-

ક્ષણ અર્થાત્ લોચન નિમેષ માત્ર કાળ. મુહૂર્ત કે બીજો કાળ વિશેષ તો દૂર રહ્યો, ક્ષણ માટે પણ પાર્શ્વસ્થાદિ અનાયતનનું સેવન સુવિહિત સાધુઓએ કરવું યોગ્ય નથી. કેમકે જેમ સમુદ્રમાં ગયેલ મધુર જળ પણ ક્ષારભાવને પામે છે, એ પ્રમાણે સુવિહિત પણ પાર્શ્વસ્થાદિ દોષસમુદ્રને પામીને તે-તે ભાવોને પામે છે. તેથી પરલોકના અર્થીઓએ તેમના સંસર્ગનો ત્યાગ કરવો જોઈએ.

તેથી અહીં એમ કહેલ છે કે — જેઓ પણ પાર્શ્વસ્થાદિથી સંસર્ગ કરે છે, તે પણ વંદનીય નથી. માત્ર સુવિહિતો જ વંદનીય છે —

● નિર્યુક્તિ-૧૧૨૨-વિવેચન :-

હું સુવિહિત અર્થાત્ શોભન અનુષ્ઠાનવાળાને કે દુર્વિહિત પાર્શ્વસ્થાદિને જાણતો નથી. કેમકે અંતઃકરણ શુદ્ધિ કે અશુદ્ધિકૃત્ સુવિહિત કે દુર્વિહિતત્વ છે, પરભાવથી તત્ત્વતઃ તે સર્વજ્ઞનો વિષય છે. હું તો છદ્મસ્થ છું. તેથી રજોહરણ-ગુચ્છા-પાત્રને ધારણ કરવાના લક્ષણરૂપ સાધુને હું મન-વચન-કાયાની શુદ્ધિથી વાંદુ છું. તેથી કહે છે —

● નિર્યુક્તિ-૧૧૨૩-વિવેચન :-

જો તારે આ દ્રવ્યલિંગ પ્રમાણ હોય - વંદન કરવામાં કારણ હોય, તો તું જમાલી આદિ બધાં નિહ્નવોને વંદન થશે. કેમકે તેઓ દ્રવ્યલિંગયુક્ત છે. તેથી આમને મિથ્યાદૃષ્ટિત્વથી વંદાય નહીં. તો આ દ્રવ્યલિંગયુક્ત હોવા છતાં વંદન ન કરવાથી

લિંગ-વેશ પણ અપ્રમાણ થશે. અહીં લિંગ-વેશ માત્રના વંદન પ્રવૃત્તમાં અપ્રમાણપણાને પ્રતિપાદિત કરાયા છતાં અનભિનિવેષ્ટ સામાચારી જિજ્ઞાસાથી શિષ્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૨૪-વિવેચન :-

જો દ્રવ્યલિંગ પ્રમાણ નથી – વંદન પ્રવૃત્તિમાં અકારણ છે, તો જ્યાં સુધી પરમાર્થથી છદ્મસ્થતાથી પ્રાણી ન જાણે કે કોને કયો ભાવ છે ? કેમકે અસંયતો પણ લબ્ધિ આદિ નિમિત્તે સંયતવત્ જ પ્રવૃત્તિ કરે છે, સંયતો પણ કારણે અસંયતવત્ પ્રવૃત્તિ કરે. એ પ્રમાણે હોવાથી સાધુવેશ જોઈને પછી સાધુ વડે શું કરાવું જોઈએ ?

એ પ્રમાણે શિષ્ય એ પૂછતા, આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૨૫ :-

પૂર્વે ન જોયેલા સાધુને જોઈને, આસન છોડીને તેમની સામે જવું, દંડક આદિને ગ્રહણ કરવા તે કર્તવ્ય છે. કદાચ આ કોઈ આચાર્ય આદિ વિદ્યાદિ અતિશય સંપન્ન હોય, તે આપવાને માટે જ આવેલ હોય, જેમ આચાર્ય કાલક પ્રશિષ્ય પાસે આવ્યા. તેને અવિનીત જોઈને વિદ્યાદિ ન આપે. વળી પૂર્વે જોયેલા પણ બે પ્રકારના હોય – ઉદ્યત વિહારી અને શીતલ વિહારી. તેમાં ઉદ્યતવિહારી સાધુ પૂર્વે મળેલ હોય ત્યારે યથાયોગ્ય અભ્યુત્થાન, વંદન આદિ અને બહુશ્રુતને આશ્રીને જે યોગ્ય કર્તવ્ય હોય તે કરવું જોઈએ. વળી જે શીતલવિહારી હોય તેને અભ્યુત્થાન, વંદનાદિ ઉત્સર્ગથી કંઈ જ ન થાય.

હવે કારણે શીતલવિહારને પામેલ વિશે વિધિ જણાવવા માટેની સંબંધ ગાથા કહે છે –

● નિર્યુક્તિ-૧૧૨૬-વિવેચન :-

સંયમમાં કંપનથી મુક્ત, પ્રવચનના ઉપઘાતથી નિરપેક્ષ મૂલગુણ અને ઉત્તરગુણ જાળને સેવવાના શીલવાળા, વ્રતાદિ લક્ષણમાં ચરવાવાળા, પિંડવિશુદ્ધિ આદિ કરણને કરવું. આ ચરણ-કરણથી પ્રકર્ષ વડે ભ્રષ્ટ, કેવળ દ્રવ્યલિંગયુક્ત જે કંઈ કરે છે, તે ફરી કહે છે – જે કારણને આશ્રીને કંઈ કરે છે પણ કારણ અભાવે કંઈ કરતા નથી જ. તેથી જ તેમને મૂક્તધૂ કહ્યા, તેઓ કદાચિત્ સંપ્રકટ સેવી ન હોય. તેઓ શું કરે છે? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૨૭-વિવેચન :-

નિર્ગમભૂમિ આદિમાં જોઈને વાણીથી અભિલાપ કરે છે – હે દેવદત્ત ! તું કેમ છે ? ઈત્યાદિરૂપ, મોટા કાર્યની અપેક્ષાથી તેને જ નમસ્કાર કરે છે. - X - અભિલાપ અને નમસ્કાર અંતર્ગત્ બે હાથ ઉંચા કરે છે, મસ્તક વડે નમન તે શિરોનમન કરે છે, કુશલ આદિની પૃચ્છા કરે છે, તેનું બહુમાન, તેની નીકટ આસનને કેટલોક કાળ રાખે. આ તે બહિર્દષ્ટની વિધિ છે. કારણ વિશેષથી વળી તેના ઉપાશ્રયે પણ જાય. ત્યાં પણ આ જ વિધિ છે. વિશેષ એ કે – થોભવંદન કરે. અથવા પરિશુદ્ધ વંદન પણ કરે. આ વાચા-નમસ્કારાદિ અવિશેષથી કરાતા નથી. તો શું ?

● નિર્યુક્તિ-૧૧૨૮-વિવેચન :-

પર્યાય અને પર્ષત્ અને પુરુષ તથા ક્ષેત્ર, કાળ અને આગમને જાણીને કોઈ કારણ - પ્રયોજન ઉત્પન્ન થતાં યથાનુકૂળ પર્યાયાદિ યુક્તને જે સમનુરૂપ વાચા-નમસ્કારાદિ હોય, તે તેને કરાય.

હવે અવયવાર્થ પ્રતિપાદન કરવા ભાષ્યકાર કહે છે –

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (40)



● ભાષ્ય-૨૦૪ + વિવેચન :-

પર્યાય એટલે બ્રહ્મચર્ય, તેને ઘણાં કાળથી જેણે અનુપાલન કરેલ છે, પરિષત્ કે વિનિતા એટલે તેનાથી પ્રતિબદ્ધ સાધુ સમુદાય. આ પુરુષને જાણીને, કઈ રીતે જાણીને ? કુળ કાર્યાદિ વડે આયતન આદિ શબ્દથી ગણ સંગ્રહ કાર્ય લેવું. આઘવઉ એટલે તે ક્ષેત્રમાં પ્રસિદ્ધ-તેના બળથી ત્યાં રહેવું. ગુણ - અવમપ્રતિજાગરણ આદિ. આગમ - સૂત્ર-અર્થ-ઉભયરૂપ, શ્રુત-સૂત્રજ. આ બધું જાણીને.

● નિર્યુક્તિ-૧૧૨૯-વિવેચન :-

આ વાચા-નમસ્કારાદિ કષાયની ઉત્કટતાને લીધે ન કરતા, યથાયોગ અર્હત્ દર્શિત માર્ગમાં પ્રવચન ભક્તિ થતી નથી. પરંતુ અભક્તિમંત આદિ દોષો થાય છે. એ પ્રમાણે શિથિલવિહારીની વિધિ પ્રતિપાદિત કરતા શિષ્ય કહે છે – આ પર્યાયાદિ અન્વેષણથી શું? સર્વથા ભાવ શુદ્ધિ વડે કર્મોને દૂર કરવાને જિન પ્રણિત વેશને નમસ્કાર જ યુક્ત છે. કેમકે તેમાં રહેલ ગુણવિચાર નિષ્ફળપણે છે. તેના ગુણથી કંઈ નમસ્કાર કરનારને નિર્જરા ઉત્પન્ન થતી નથી, પણ પોતાની અધ્યાત્મ શુદ્ધિથી નિર્જરા ઉત્પન્ન થાય છે. તથા કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૦-વિવેચન :-

તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો તેમના બિંબ-પ્રતિમામાં હોતા નથી. સંશય રહિત જાણવા છતાં પણ આ તીર્થંકર છે, એમ ભાવ શુદ્ધિ વડે પ્રણામ કરતા એવા તેને કર્મક્ષય રૂપ વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટાંત કહ્યું, તેનો ઉપનય આ પ્રમાણે–

● નિર્યુક્તિ-૧૧૩૧-વિવેચન :-

લિંગ - જેના વડે સાધુ ઓળખાય છે, તે રજોહરણાદિધારણ કરવા રૂપ ચિહ્ન અરહંતો વડે જ પ્રજ્ઞપ્ત છે, જેમ જિનપ્રતિમાને પ્રણામ કરતા વિપુલ નિર્જરા થાય છે તેમ મૂલ અને ઉત્તરગુમ વડે અનેક પ્રકારે પ્રકર્ષથી હીન હોવા છતાં તેને જો ચિત્ત શુદ્ધિથી નમસ્કાર કરાય તો વિપુલ નિર્જરા થાય. - - - આ રીતે શિષ્યએ કહેતા દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક બંનેની વિષમતા જણાવતા આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૨-વિવેચન :-

તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો વિદ્યમાન કે શોભન છે, કેમકે આ પ્રતિમા તીર્થંકર - અરહંતની પ્રતિમા છે, તે પ્રમાણે નમસ્કાર કરતા આવું ચિત્તમાં હોય છે તથા તે પ્રતિમામાં સાવદ્ય - સપાપા ક્રિયા હોતી નથી. પાર્શ્વસ્થાદિમાં અવશ્યભાવિની સાવદ્યા ક્રિયા હોય છે. તેથી સાવદ્યક્રિયાયુક્ત પાર્શ્વસ્થાદિને નમતા સાવદ્ય ક્રિયાની અનુમતિ હોય છે તે તું જાણ અથવા તીર્થંકરમાં તીર્થંકરના ગુણો વિદ્યમાન છે, તેને અમે પ્રણમીએ છીએ, તેવું મનમાં વિચારે છે, તેથી અરહંતના ગુણના અધ્યારોપથી ઈષ્ટ પ્રતિમાના પ્રણામથી નમસ્કાર કરનારને સાવદ્ય ક્રિયા લાગતી નથી. જ્યારે પાર્શ્વસ્થાદિમાં પૂજ્ય માનત્વથી અશુભ ક્રિયા યુક્તતાથી તેમના નમસ્કારથી નિશ્ચે અનુમતિ થાય છે. ફરી શિષ્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૩-વિવેચન :-

જેમ સાવદ્યા - સપાપા ક્રિયા પ્રતિમામાં વિદ્યમાન નથી, તેમ નિરવદ્યા ક્રિયા પણ નથી. નિરવદ્ય ક્રિયાના અભાવે પુન્યરૂપ ફળ પણ નથી. તેથી તે નમસ્કાર નિષ્કારણ થાય છે. કેમકે પ્રણમ્ય વસ્તુમાં ક્રિયા હેતુના અભાવે ફળનો અભાવ છે. તેનાથી

આકસ્મિક કર્મ સંભવથી મોક્ષાદિનો અભાવ છે. આમ શિષ્યએ કહેતા આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૪-વિવેચન :-

આ અનુમત છે. પ્રતિમામાં જે નિરવદ્યક્રિયા અભાવ છે, તો પણ પુન્ય લક્ષણ ફળ વિદ્યમાન છે. કેમકે ત્યાં મનોવિશુદ્ધિ છે. સ્વગત મનોવિશુદ્ધિ જ નમસ્કાર કર્તાને પુન્યનું કારણ છે. નમસ્કરણીય વસ્તુગત ક્રિયા પુન્યનું કારણ નથી. કેમકે આત્માંતરમાં ફળનો અભાવ છે. જો એમ છે તો પ્રતિમા વડે જ કેમ ? પ્રતિમા તેને મનોવિશુદ્ધિનું નિમિત્ત છે. તેના દ્વારથી તેની સંભૂમિ દર્શાવે છે માટે કહે ચે. એ પ્રમાણે વેશ પણ પ્રતિમાની જેમ મનોવિશુદ્ધિનું કારણ થાય જ છે – ઉત્તર આપે છે.

● નિર્યુક્તિ-૧૧૩૫-વિવેચન :-

જો કે પ્રતિમાની જેમ મુનિના વ્રતાદિ ગુણના અધ્યવસાયમાં કારણ દ્રવ્ય લિંગ છે, તો પણ પ્રતિમા સાથે વૈધર્મ્ય છે. કેમકે વંશમાં સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ બંને હોય છે. તેમાં નિરવદ્ય કર્મયુક્ત જ જે મુનિગુણ અધ્યવસાય, તે સમ્યક્ છે, તે જ પુન્યફળ છે, પરંતુ જે સાવદ્યકર્મ યુક્તમાં પણ મુનિગુમ અધ્યવસાય છે, તે વિપર્યાસ છે. તેનું ફળ ક્લેશ છે, કેમકે તે વિપર્યાસરૂપ છે. પણ પ્રતિમા તો ચેષ્ટા રહિત હોવાથી, તેમાં આ બંને કર્મ હોતા નથી. તેથી તેમાં જિનગુણ વિષયક ક્લેશ ફળના વિપર્યાસ અધ્યવસાયનો અભાવ છે. કેમકે તે સાવદ્યકર્મ રહિત છે. તેથી શંકા કરે છે – નિરવદ્યકર્મ રહિતપણાથી સમ્યક્ અધ્યવસાય હોય તો પણ પુન્ય ફળનો અભાવ જ થશેને ? - ના, તેના તીર્થંકરગુણના આરોપણમાં પ્રવૃત્તિનો અભાવ નથી. તેથી કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૬-વિવેચન :-

નિયમથી અવશ્યપણે તીર્થંકરોમાં જ જ્ઞાનાદિ છે, પ્રતિમામાં નથી. પ્રતિમા જોઈને તેમાં અધ્યારોપણ કરી, જે ચિત્તમાં સ્થાપે છે, પછી નમસ્કાર કરે છે. તેથી તેને જિનગુણના અધ્યવસાયથી પુન્યફળ થાય, કેમકે સાવદ્યકર્મરહિતપણે છે, તેમાં માત્ર નિરવદ્યકર્મના અભાવથી જ વિપર્યાસ અધ્યવસાય ન થાય. સાવદ્ય કર્મોપેત વસ્તુ વિષયત્વ પણ નથી, બંનેથી રહિત છે. માત્ર આકારની તુલ્યતાથી કેટલાંક ગુણ યુક્તના અધ્યારોપણથી યુક્તિયુક્ત છે.

અવિદ્યમાન ગુણો વડે જ પાર્શ્વસ્થાદિને તું જાણીને, તેને કઈ રીતે મનમાં ગુણવાન્‌પણું કરીને નમસ્કાર કરીશ. કદાચ બીજા સાધુ સંબંધી તેમાં અધ્યારોપણ કરીને મનમાં ધારીને નમસ્કાર કરવો પણ ન થઈ શકે, કેમકે તેઓમાં સાવદ્યકર્મ યુક્તતા હોવાથી અધ્યારોપ વિષય લક્ષણ રહિતતા છે. અવિષયમાં અધ્યારોપણ કરીને નમસ્કાર કરવાના દોષ દર્શાવતા કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૭-વિવેચન :-

જેમ વિડંબક - ભાંડાદિ કૃત્ વેશને જાણનારને નમસ્કાર કરતા પ્રવચનહીલનાદિ રૂપ દોષ થાય છે, તેમ આ પ્રવચનોપઘાત નિરપેક્ષ પાર્શ્વસ્થાદિ છે, તેમ જાણીને પણ જો નમસ્કારાદિ કરવામાં આવે તો આજ્ઞા વિરાધનાદિ લક્ષણ આ અવશ્યભાવિ દોષ છે.

એ પ્રમાણે વેશ માત્રથી અકારણ સાવદ્યક્રિયાને જાણીને નમસ્કાર ન કરવો તેમ જણાવ્યું. ભાવલિંગ પણ દ્રવ્યલિંગરહિતને આ પ્રમાણે જ જાણવું. ભાવલિંગ અંતર્ગત્ દ્રવ્યલિંગને નમસ્કાર કરાય છે, કેમકે તે જ અભિલષિત અર્થના ક્રિયા પ્રસાધકત્વથી



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (41)



છે. તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૮-વિવેચન :-

અહીં રૂપ અને ટંકની ચતુર્ભંગી કહે છે – (૧) રૂપ અશુદ્ધ, ટંક વિષમાહતાક્ષર (૨) રૂપ અશુદ્ધ, ટંક સમાહતાક્ષર, (૩) રૂપ શુદ્ધ, ટંક વિષમાહતાક્ષર, (૪) રૂપ શુદ્ધ, ટંક સમાહતાક્ષર. અહીં રૂપ સમાન ભાવલિંગ અને ટંક સમાન દ્રવ્યલિંગ જાણવું. અહીં પહેલા ભંગ સમાન ચરકાદિને જાણવા કેમકે ઉભય લિંગે અશુદ્ધ છે. બીજા ભંગતુલ્ય પાર્શ્વસ્થ આદિ જાણવા, કેમકે ભાવલિંગે અશુદ્ધ છે. ત્રીજા ભંગતુલ્ય પ્રત્યેક બુદ્ધો જાણવા કેમકે અંતર્મુહૂર્ત્ત માત્ર કાલ ગૃહીત દ્રવ્યલિંગી છે. ચોથા ભંગ સમાન શીલવાન સાધુઓ જાણવા જેમાં ગચ્છમાં રહેલ કે ગચ્છ બહારના જિનકલ્પિકાદિનો સમાવેશ થાય છે. - x - x -

અહીં પ્રથમ ત્રણ ભંગમાં દર્શાવેલા પુરુષો પરલોકાર્થી છે, તેથી તેઓ નમસ્કરણીય નથી. છેલ્લા ભંગમાં કહ્યા તેવા સાધુ જ નમસ્કરણીય છે, તેવી ભાવના છે. અહીં રૂપ - શુદ્ધાશુદ્ધ ભેદે છે. ટંક - વિપર્યયપણે નિવિષ્ટ અક્ષર રૂપ છે. રૂપક પણ અસાંવ્યવહારિક છે. બંને પણ શુદ્ધ - રૂપ અને સમાહત અક્ષર ટંક હોય તો રૂપક છેકપણાને પામે છે. રૂપકના દૃષ્ટાંતમાં દાર્ષ્ટાન્તિક યોજના દર્શાવતા કહે છે –

● નિર્યુક્તિ-૧૧૩૯-વિવેચન :-

રૂપ-પ્રત્યેકબુદ્ધ છે, આના દ્વારા ત્રીજો ભંગ જણાવ્યો. ટંક - જે વેશધારી શ્રમણો, આના દ્વારા બીજો ભંગ કહ્યો. આના વડે અશુદ્ધ-શુદ્ધ ઉભયાત્મકનો પહેલો, છેલ્લો બે ભંગ છે. તેમાં દ્રવ્ય અને ભાવના છેક [નિપુણ] શ્રમણના સમાયોગમાં દ્રવ્ય અને ભાવલિંગનો સંયોગ તે શોભન સાધુ છે. આ પ્રમાણે વૈડૂર્ય દ્વાર કહ્યું.

હવે જ્ઞાનદ્વાર કહે છે – અહીં કોઈ જ્ઞાનને જ મુખ્યપણે મોક્ષના બીજરૂપે ઈચ્છે છે. કેમકે આગમમાં પણ કહ્યું છે કે – અજ્ઞાની જે કર્મ ઘણાં કરોડ વર્ષે ખપાવે છે, તે ત્રણગુપ્તિથી ગુપ્ત જ્ઞાની શ્વાસોચ્છ્‌વાસ માત્રમાં ખપાવે છે. તથા જેમ દોરા સહિતની સોય કચરામાં પડેલી હોવા છતાં નાશ પામતી નથી, તેમ સૂત્રયુક્ત જીવો સંસારમાં રહ્યા છતાં નાશ પામતા નથી. તથા જ્ઞાનને ભણે, જ્ઞાનને ગણે, જ્ઞાન વડે જે કૃત્યોને કરે છે, જ્ઞાનમાં સ્થિત જ્ઞાની ભવસંસાર સમુદ્રને તરે છે. તેથી જ્ઞાન જ મોક્ષ પ્રાપ્તિનું પ્રધાન કારણ છે. તેથી જ્ઞાનીને જ વંદન કરવું.

ચારિત્ર એ ભાવે વર્તે છે, તેમ કહ્યું માટે જણાવે છે –

● નિર્યુક્તિ-૧૧૪૦-વિવેચન :-

આ વાત અનુમત છે કે ચારિત્ર એ ભાવલિંગનું ઉપલક્ષણાર્થ છે, વળી તે જ્ઞાનયુક્ત હોય તો નિષ્ઠાને પામે છે. તેથી તે જ્ઞાન વડે જ આસેવનીય છે. તેથી ચારિત્ર જ પ્રધાન છે, જ્ઞાનને નહીં, ભાવ પણ નહીં ભાવ જ ભાવલિંગ અંતર્ગત્ હોવાથી પ્રધાન છે તે ભાવના છે. જેને જ્ઞાન છે, તે જ્ઞાની. તે જ્ઞાનીને અમે પૂજીએ છીએ. બાહ્ય કરણ સહિતને પણ અજ્ઞાની હોય તો ચારિત્રનો અભાવ જ કહ્યો છે–

● નિર્યુક્તિ-૧૧૪૧-વિવેચન :-

તેથી પિંડવિશુદ્ધિ આદિ બાહ્ય કરણ મારે પ્રમાણ નથી, વ્રતલક્ષણ ચારિત્ર પણ પ્રમાણ નથી, કેમકે તેના જ્ઞાનના અભાવે તેનો પણ અભાવ છે. તેથી મારે જ્ઞાન જ પ્રમાણ છે. તે હોય તો ચારિત્ર પણ હોય. જ્ઞાનમાં રહેલને જેથી તીર્થ છે કેમકે તે

આગમરૂપપણે છે.

બીજા કોઈ 'દર્શન'ભાવ ઈચ્છે છે. કેમકે તત્ત્વાર્થમાં તેને પણ સ્થાન આપેલ છે. તે દર્શન બે ભેદે છે – અધિગમથી અને નૈસર્ગિક. આ દર્શન પણ જ્ઞાનના ઉદયથી જ વર્તે છે, તેથી કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૨-વિવેચન :

સદ્‌ભાવ - વિદ્યમાન ભાવોને જાણીને કે – જીવાદિ છે. કઈ રીતે? અધિગમથી - જીવ આદિ પદાર્થની જાણકારી રૂપથી સમ્યક્ત્વ-શ્રદ્ધા રૂપ અધિગમ સમ્યક્ત્વ. આ અધિગમ સમ્યક્ત્વ પણ, અહીં 'પણ' શબ્દથી આત્માને ચારિત્ર પણ ઉપજે છે. નૈસર્ગિક સમ્યક્ત્વને આશ્રીને કહે છે – જાતિ સ્મરણથી સ્વાભાવિક થયેલ તે. આ પણ આગમ રહિત દર્શન-દૃષ્ટિ નથી. કેમકે સ્વયંભૂરમણના મત્સ્યાદિને પણ જિનપ્રતિમાદિ આકારના મત્સ્યના દર્શનથી જાતિસ્મરણ દ્વારા ભૂતકાળના પદાર્થની આલોચનાના પરિણામે જ નૈસર્ગિક સમ્યક્ત્વ ઉપજે છે. આ ભૂત-અર્થનું આલોચન તે જ્ઞાન છે, તેથી આ દર્શન પણ જ્ઞાનના ઉદયથી જ છે, એમ કરીને જ્ઞાનની પ્રધાનતાથી જ્ઞાનીને જ કૃતિકર્મ કરવું.

આ પ્રમાણે જ્ઞાનવાદીએ કહેતા આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૩-વિવેચન :-

જ્ઞાન સ્વવિષયમાં નિયત છે, સ્વવિષય તે આનું પ્રકાશન જ છે. જો આમ છે, તો જ્ઞાનમાત્રથી કાર્યની નિષ્પત્તિ નથી, આ અર્થમાં માર્ગ જાણનારનું દૃષ્ટાંત છે. સચેષ્ટ અને અચેષ્ટ. અહીં એવું કહે છે – કોઈ પાટલિપુત્રાદિ માર્ગનો જ્ઞાતા ઈષ્ટ દેશ પ્રાપ્તિ રૂપ કાર્ય માટે જવાને ઉદ્યત થાય તો જ કાર્ય સાધી શકે. પ્રવૃત્તિ રહિતતાથી ગમે તેટલા કાળે પણ ન પહોંચે. એ પ્રમાણે જ્ઞાની શિવમાર્ગથી અવિપરીત રહ્યો હોય તો પણ સંયમક્રિયામાં ઉદ્યત જ તેની પ્રાપ્તિરૂપ કાર્યને સાધે છે. અનુદ્યત સાધનો નથી. તેથી સંયમ રહિત જ્ઞાન પણ નિરર્થક છે.

પ્રસ્તુત અર્થના પ્રતિપાદન માટે જ બીજું દૃષ્ટાંત કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૪-વિવેચન :-

મૃદંગાદિ વાદ્ય, હાથ-પગ-નેત્રના પરિસ્પંદરૂપ નૃત્ય. આ બંનેમાં નિપુણ એવી નર્તકી, રંગજન પરિવરેલ હોય તો પણ, તે રંગજનોને હર્ષ પમાડતી નથી. કઈ રીતે ? કાયાદિ પ્રવૃત્તિ કર્યા વિના, તેથી અપરિતુષ્ટ રંગજનોથી કંઈ દ્રવ્યાદિ પામતી નથી. બદલામાં નિંદા અને ખિંસા પામે છે. તેમાં સમક્ષ જે હીલના થાય તેને નિંદા કહે છે, પરોક્ષમાં થાય તેને ખિંસા કહે છે. હવે આ દૃષ્ટાંતનો નિષ્કર્ષ કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૫-વિવેચન :-

એ પ્રમાણે વેશ અને જ્ઞાન સહિત એવો પણ જો કાયાના વ્યાપારમાં ન પ્રવર્તે, તો તેને આ મોક્ષસુખની પ્રાપ્તિ થતી નથી. પણ સ્વપક્ષ તરફથી નિંદા અને ખિંસા જ પામે છે. અહીં નર્તકી સમાન સાધુ જાણવા, વાદ્ય સમાન દ્રવ્યલિંગ, નૃત્યજ્ઞાન સમાન જ્ઞાન, યોગવ્યાપાર તુલ્ય ચારિત્ર રંગજન તુલ્ય સંઘ, દાનના લાભ સમાન મોક્ષ સુખનો લાભ જાણવો. એ પ્રમાણે જ્ઞાન-ચારિત્ર સહિતને જ કૃતિકર્મ કરવું.

ચારિત્ર રહિત જ્ઞાન અકિંચિંત્કર છે, આ અર્થના સાધક ઘણાં દૃષ્ટાંતો છે, તે જણાવવાને ફરી દૃષ્ટાંત કહે છે –

E:\MaharajsahebAdhayan-33\Book33A\ (PROOF-1) (42)



● નિર્યુક્તિ-૧૧૪૬-વિવેચન :-

તરવાનું જાણવા છતાં જે કાયવ્યાપાર કરતો નથી, તે પુરુષ નદીના પ્રવાહમાં તણાઈ જાય છે. એ પ્રમાણે ચારિત્રરહિત જ્ઞાની સંસારરૂપી નદીના પ્રમાદરૂપી પ્રવાહમાં તણાઈ જાય છે. તેથી ચારિત્ર રહિત જ્ઞાનીને બદલે ઉભયયુક્તને કૃતિકર્મ કરવું જોઈએ. આ પ્રમાણે અસહાય જ્ઞાનપક્ષ છોડીને જ્ઞાન-ચરણ ઉભયપક્ષમાં સમર્થિત કરાતા બીજા કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૭-વિવેચન :-

અહીં ઉત્સર્ગથી ગુણાધિક સાધુને વંદન કરવું જોઈએ. આ અર્થ – 'શ્રમણને વાંદવા' ઈત્યાદિ ગ્રંથથી સિદ્ધ છે. ગુણહીનને ન વાંદવા. અર્થાત્ કૃતિકર્માદિ પાંચે ન કરવા. આ ગુણાધિક કે ગુણહીનત્વ તત્ત્વથી દુર્વિજ્ઞેય છે. છદ્મસ્થ તત્ત્વથી તો આત્માંતરવર્તી ગુણાગુણોને ન જાણતો શું કરે? કોઈ ગુણહીનને પણ વાંદે. ગુણાધિકને પણ વંદો બંનેમાં દોષ છે. એકમાં અગુણીને અનુમતિ છે. બીજામાં વિનયનો ત્યાગ છે. તેથી મૌન રહેવું જ સારું છે. વંદન ન કરવું ઠીક છે. આ પ્રમાણે શિષ્યએ કહેતા વ્યવહારનયમતને આશ્રીને ગુણાધિકત્વના પરિજ્ઞાન કારણોનું પ્રતિપાદન કરતાં આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૮-વિવેચન :-

આલય, વિહાર, સ્થાન અને ગમન વડે સુવિહિતને જાણવા શક્ય છે. ભાષા અને વિનય વડે પણ જણાય છે. અહીં આલય એટલે વસતિ, સુપ્રમાર્જિતરૂપ અથવા સ્ત્રી, પશુ, પંડક રહિત તે વસતિ, આવા આલય-વસતિ અગુણવંતને ન હોય. વિહાર - માસકલ્પ આદિ વડે, સ્થાન - ઉર્ધ્વ સ્થાન, चंक्रमण - ગમન. સ્થાન અને ચંક્રમણ એટલે અવિરુદ્ધ દેશ કાયોત્સર્ગ કરણથી અને યુગમાત્ર દૃષ્ટિ વડે આગળ જોતાં-જોતાં ચાલવા વડે. ભાષાવૈનયકિ - વિનય વડે આલોચના કરીને બોલવું અને આચાર્યાદિનો વિનય કરવો તે. આવા સાધુઓ પ્રાયઃ અસુવિહિત હોતા નથી.

આમ જણાવતાં શિષ્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૪૯-વિવેચન :-

આલયથી, વિહારથી, સ્થાનથી, ગમનથી અને ભાષાવિનયથી પણ સુવિહિતને જાણવાનું શક્ય નથી. જેમ ઉદાયીનૃપમારક સાધુ તથા આ પણ પ્રસિદ્ધ છે કે – અસંયત પણ હીન સત્ત્વી લબ્ધિ આદિ નિમિત્તે સંયતવત્ પ્રવૃત્તિ કરે છે, સંયતો પણ કારણે અસંયતવત્ વર્તે છે.

● નિર્યુક્તિ-૧૧૫૦-વિવેચન :-

ભરત અને પ્રસન્નચંદ્ર અભ્યંતર અને બાહ્યના ઉદાહરણ છે. અભ્યંતરમાં ભરતનું, કેમકે તેને બાહ્ય કરણ રહિત હોવા છતાં વિભૂષિત થયેલા જ આદર્શગૃહમાં પ્રવેશ્યા ત્યારે વિશિષ્ટ ભાવના યુક્તતાથી કેવળજ્ઞાન ઉપજ્યું. બાહ્યમાં પ્રસન્નચંદ્ર છે, તેના બાહ્ય ઉત્કૃષ્ટ કરણ છતાં અંતઃકરણ રહિતતાથી અધોસપ્તમી નરક યોગ્ય કર્મબંધ થયો. તે જ દોષોત્પત્તિ અને ગુણકર તે ભરત અને પ્રસન્નચંદ્રને થયા. ભરતને અશોભન બાહ્ય કરણથી દોષોત્પત્તિ ન થઈ અને પ્રસન્નચંદ્ર શોભન હોવા છતાં ગુણકર ન થયું, તેથી અંતર જ કરણ પ્રધાન છે, તે આલય આદિથી જાણવા શક્ય નથી. ગુણાધિકને વંદન કહ્યું છે, તેથી મૌન જ રહેવું યોગ્ય છે.

આ તીર્થના અંગભૂત વ્યવહારનય નિરપેક્ષ શિષ્યએ કહ્યું, તેના પારલૌકિક અપાયને દર્શાવતા આચાર્ય કહે છે –

● નિર્યુક્તિ-૧૧૫૧-વિવેચન :-

પ્રત્યેક બુદ્ધના કરણમાં, મંદમતિના જિનવરેન્દ્ર સંબંધી ચારિત્ર નાશ પામે છે, ક્યારેક બનતા ભાવના કથનમાં પ્રાણાતિપાત આદિ પાંચે સ્થાનોથી પાસત્થાના ચારિત્રનો નાશ થાય છે.

પ્રત્યેકબુદ્ધ - પૂર્વભવના અભ્યાસથી ઉભય કરણવાળા ભરત આદિના કરણ, તેમાં જ ફળસાધકતા હોવા છતાં મંદ મતિઓના ચારિત્ર નાશ પામે છે. ક્યાં ? જિનવરેન્દ્ર સંબંધી પોતાના કે બીજાના. - X - કોઈક વખત થતાં એવા ભાવ કથન - બાહ્યકરણ રહિત જ ભરતાદિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ઈત્યાદિરૂપ. - X - કેમકે -

● નિર્યુક્તિ-૧૧૫૨-વિવેચન :-

ઉન્માર્ગ દેશનાથી જિનેન્દ્રસંબંધી પોતાના કે બીજાનાના ચારિત્રનો નાશ થાય છે. સમ્યગ્દર્શન વિનાશ પામેલાને નિશ્ચયથી જોવા પણ ન કલ્પે. - X - X - જ્ઞાનદ્વાર પ્રસંગથી કહ્યું. હવે દર્શન દ્વાર કહે છે — તેમાં દર્શનનય મતાવલંબી કૃતિકર્મ અધિકારમાં જ જ્ઞાનનય કહ્યો, હવે કહે છે —

● નિર્યુક્તિ-૧૧૫૩-વિવેચન :-

જેમ જ્ઞાન વિના ચારિત્ર નથી, પરંતુ સાથે જ છે. દર્શન વિના જ્ઞાન નથી પણ દર્શનીને જ જ્ઞાન છે. જેમકે "સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન છે અને મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ છે." એવું વચન છે. દર્શન નથી અને ભાવ નથી, તેથી દર્શનીને અમે નમસ્કાર કરીએ છીએ. - X - દર્શનના જ્ઞાનને ઉપકારકત્વથી, જેને દર્શન છે, તે દર્શનીને અમે પ્રણમીએ છીએ.

કદાચ આ - સમ્યકત્વ અને જ્ઞાનનો યુગપત્ ભાવથી ઉપકારી - ઉપકારક ભાવ અનુપપત્તિ છે, તે અસત્ છે. કેમકે —

● નિર્યુક્તિ-૧૧૫૪-વિવેચન :-

યુગપત્ - તુલ્યકાળે સમુત્પન્ન સમ્યકત્વ, જ્ઞાનથી સાથે અધિગમ વિશોધે છે. જેના વડે પદાર્થો જણાય તે અધિગમ અર્થાત્ જ્ઞાન, તે જ્ઞાનને વિમલ કરે છે - વિશોધે છે. આ અર્થમાં દૃષ્ટાંત કહે છે — કચક વૃક્ષનું ફળ તે કાચક, સૌવીરાદિ અંજન તે કાચકાંજન, જળદૃષ્ટિને વિશુદ્ધ કરે છે, અહીં દૃષ્ટિ એટલે સ્વ વિષયમાં લોચન પ્રસારણ રૂપ.

હવે ઉક્ત દૃષ્ટાંતના દાષ્ટાર્ન્તિકને અંશતઃ ભાવતા કહે છે —

● નિર્યુક્તિ-૧૧૫૫-વિવેચન :-

જેમ જેમ કાચક ફળના સંયોગથી જળ શુદ્ધ થાય છે, તેમ-તેમ તદ્ગત રૂપને દ્રષ્ટા જુએ છે. એ પ્રમાણે જેમ જેમ સમ્યકત્વરૂપ તત્ત્વરુચિ ઉત્પન્ન થાય છે, તેમ તેમ તત્ત્વનો બોધ થાય છે. એ પ્રમાણે સમ્યકત્વ જ્ઞાનને ઉપકારક છે. - કદાચ આ નિશ્ચયથી કાર્ય કારણ ભાવ જ ઉપકાર્ય - ઉપકારક ભાવ છે, તે અસંભવી યુગપત્ ભાવી છે. કહે છે —

● નિર્યુક્તિ-૧૧૫૬-વિવેચન :-

જે રીતે આ કારણ કાર્ય વિભાગ દીપ અને પ્રકાશવત્ યુગપત્ ઉત્પાદ હોવા છતાં પણ જ્ઞાનનું કારણ સમ્યકત્વ છે. જો એમ છે તો બધાં ગુણના મૂળરૂપ એવા દર્શનના દર્શનીને કૃતિકર્મ કરવું. જાતે પણ તેમાં જ યત્ન કરવો. કેમકે તે સર્વ ગુણનું મૂળ છે. આ પ્રમાણે શિષ્યએ જણાવતાં આચાર્ય કહે છે —

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (43)



● પ્રક્ષેપગાથા-૧ થી ૩ :-

આ ત્રણે ગાથા અન્યકર્તાની જણાય છે. ઉપયોગી છે એમ જાણીને તેની વ્યાખ્યા કરીએ છીએ — જ્ઞાનનું જો કે કારણ સમ્યકત્વ છે, અહીં अपि શબ્દ અભ્યુપગમવાદનો સૂચક છે, અભ્યુપગમ્ય છતાં કહીએ છીએ, તત્ત્વથી તે કારણ જ નથી, કેમકે બંને વિશિષ્ટ ક્ષયોપશમના કાર્યપણે છે. સ્વવિષયમાં નિયત છે. આનો સ્વવિષય "તત્ત્વમાં રૂચિ જ છે." તેથી સમ્યકત્વથી ફળ સંપ્રાપ્તિ જોડાતી નથી, અર્થાત્ મોક્ષ સુખની પ્રાપ્તિ ઘટતી નથી. કેમકે સ્વવિષય નિયતત્વથી અસહાય છે. આનાથી તેના પ્રતિપાદક સર્વ દૃષ્ટાંતનો સંગ્રહ કહે છે —

જેમ જ્ઞાનપક્ષમાં માર્ગજ્ઞ આદિ દૃષ્ટાંતો વડે અસહાય એવા જ્ઞાનનું આલૌકિક-પરલૌકિક ફળ અસાધકત્વ કહ્યું, તેમ અહીં પણ દર્શનના આલાવાને જાણવો. દિશા માત્ર અહીં જણાવીએ છીએ — જેમ તીવ્ર શ્રદ્ધાવાળો પણ પુરુષ દેશાંતર ગમનની શ્રદ્ધા કરે, તો પણ ગમનના જ્ઞાન અને ક્રિયા લક્ષણથી રહિત હોય તો તે દેશે પહોંચતો નથી. તે વિષયમાં શ્રદ્ધાયુક્ત હોવા છતાં જ્ઞાન + આચરણથી જ પહોંચે. એ પ્રમાણે જ્ઞાન અને ચારિત્ર રહિત એવો સમ્યગ્દૃષ્ટિ પણ તત્ત્વશ્રદ્ધાન યુક્ત હોવા છતાં મોક્ષદેશને પામતો નથી, કેમકે માત્ર સમ્યકત્વથી નહીં પણ જ્ઞાનાદિથી યુક્ત જ મોક્ષને પામે છે, માટે ત્રણે પણ પ્રધાન છે.

તેથી ત્રણેથી યુક્તને જ કૃતિકર્મ કરવું જોઈએ. સમ્યકત્વ-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેની આસેવના કરવી જોઈએ. એ પ્રમાણે તત્ત્વને સારી રીતે કહ્યું. જેઓ અધર્મભૂયિષ્ઠ છે, જેઓ અસત્ આલંબનોને પ્રતિપાદિત કરે છે, તેને જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૧૧૫૭-વિવેચન :-

ચારિત્ર ધર્મથી નિવૃત્ત મતિ જેની છે તે ધર્મનિવૃત્ત મતિઓ, પરલોક એટલે મોક્ષ, તેનાથી પરાંગ્મુખ, શબ્દાદિ વિષયમાં અનુરક્ત એવા ચરણ અને કરણમાં અસમર્થો, શ્રેણિક રાજાનું આલંબન જણાવે છે. કઈ રીતે ?

● નિર્યુક્તિ-૧૧૫૮-વિવેચન :-

તે કાળે શ્રેણિક રાજા બહુશ્રુત-મહાકલ્પ આદિ શ્રુતધર કે આગમ જ્ઞાતા ન હતો. ભગવતી સૂત્રાદિ પ્રજ્ઞપ્તિનો વેત્તા-જાણકાર ન હતો, વાચકપૂર્વધર ન હતો, તો પણ તે અસહાય દર્શનના પ્રભાવથી જ આગામી કાળમાં તીર્થંકર થશે. આ પ્રમાણે જોઈને બુદ્ધિથી દર્શનવિપાક તીર્થંકર નામક ફળનું પ્રસાધક છે, માટે દર્શન જ અંગીકાર કરવું જોઈએ.

પરંતુ શક્ય ઉપાયોમાં જ જોનારે પ્રવૃત્તિ યોજવી, અશક્યમાં નહીં. - X - ચારિત્ર એ તત્ત્વથી મોક્ષના ઉપાયપણે છે. - X - સૂક્ષ્મ અપરાધમાં પણ અનુપયુક્ત ગમનાગમનાદિથી વિરાધ્યમાનપણાથી અને પ્રયાસરૂપ હોવાથી છે. નિયમથી છદ્મસ્થને તેના સર્વસ્વનો ભ્રંશ થાય છે.

● નિર્યુક્તિ-૧૧૫૯-વિવેચન :-

ચારિત્રથી ભ્રષ્ટ-ચ્યુત વડે સારી રીતે દર્શન ગ્રહણ કરાવું જોઈં. કેમકે તે ફરી બોધિ લાભનું અનુબંધી અને શક્ય મોક્ષના ઉપાયપણે છે. તથા - ચારિત્ર રહિત પ્રાણી સિદ્ધિ પામે છે અર્થાત્ દીક્ષા પ્રવૃત્તિ સિવાય પણ મરીને અંતકૃત્ કેવલી થાય છે, પણ દર્શનરહિત સિદ્ધિ પામતા નથી. તેથી દર્શન જ સિદ્ધિનું મુખ્ય કારણ છે. - X - આ શિષ્યનો અભિપ્રાય કહ્યો. હવે એકલા દર્શનપક્ષના દોષો કહે છે —

તમે જે કહ્યું કે શ્રેણિક બહુશ્રુતાદિ ન હોવા છતાં ઈત્યાદિ. તેથી જ તે નરકમાં

ગયો, કેમકે એકલા દર્શનથી યુક્ત હતો. બીજા પણ આવા પ્રકારના દશારસિંહાદિ - [વાસુદેવો] નરકે જ ગયા. કહે છે –

● નિર્યુક્તિ-૧૧૬૦-વિવેચન :-

દશારસિંહ - અરિષ્ટનેમિના કાકાના પુત્ર [કૃષ્ણ], શ્રેણિક-પ્રસેનજિત રાજાનો પુત્ર, પેઢાલપુત્ર સત્યકી એ બધાંને અનુત્તર પ્રધાન ક્ષાયિક દર્શન સંપત્તિ તે કાળે હતી, તો પણ ચારિત્ર વિના અધરગતિ અર્થાત્ નરકમાં ગયા - વળી -

● નિર્યુક્તિ-૧૧૬૧-વિવેચન :-

નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ એ બધી ગતિઓ જ્ઞાન-દર્શનધર જીવો વડે અવિરહિત છે, કેમકે બધામાં જ સમ્યક્ત્વ અને શ્રુતસામાયિક હોય જ છે. પણ મનુષ્યગતિ સિવાય ક્યાંય ચારિત્રના અભાવે મુક્તિ નથી, તેથી ચારિત્ર જ મુક્તિનું કારણ છે. એમ છે તો પ્રમાદ કરીશ નહીં, કેમકે જ્ઞાન વડે ચારિત્ર રહિતથી તેના ઈષ્ટ ફળનું સાધકપણું નથી. અહીં જ્ઞાનનું ગ્રહણ દર્શનના ઉપલક્ષણાર્થે છે. આ રીતે ચારિત્ર જ પ્રધાન છે, નિયમથી ચારિત્ર યુક્ત જ સમ્યક્ત્વ સદ્ભાવથી હોય. કહે છે કે –

● નિર્યુક્તિ-૧૧૬૨-વિવેચન :-

ચારિત્ર રહિત પ્રાણીને સમ્યક્ત્વ વિકલ્પે હોય - કદાચ હોય અને કદાચ ન હોય, ઘણાં બધાં ચારિત્રરહિતને મિથ્યાદષ્ટિત્વથી સમ્યક્ત્વ નિયમથી ન હોય. જે ચારિત્રયુક્ત પ્રાણી છે, તેને હોય નિયમા સમ્યક્ત્વ હોય. તેથી સમ્યક્ત્વીને પણ નિયમથી ચારિત્રયુક્તતા જ ભાવથી પ્રાધાન્ય છે - વળી -

● નિર્યુક્તિ-૧૧૬૩-વિવેચન :-

જિનવચનથી બાહ્ય - યથાવસ્થિત આગમના જ્ઞાનથી રહિતો, પ્રત્યેક જ્ઞાન-દર્શન નયાવલંબીઓ જ્ઞાનદર્શનની ભાવનાથી મોક્ષને ઈચ્છે છે. ઉદ્વર્તન - નારક, તિર્યંચ એકેન્દ્રિયોથી જે રીતે જીવ સિદ્ધ થાય છે. તેવા ઉદ્વર્તનથી અજાણ –૦– અહીં ભાવના આ છે - જ્ઞાનદર્શન ભાવમાં પણ નારકાદિ સિવાયના મનુષ્યભાવને પ્રાપ્ત થયા વિના કોઈ સિદ્ધ થતું નથી. કેમકે ચારિત્રનો અભાવ છે. તેથી દર્શન-જ્ઞાન એકલા મોક્ષના હેતુપણે ન થઈ શકે. તે ગતિમાંથી અને એકેન્દ્રિયમાંથી જ્ઞાનાદિ રહિત પણ ઉદ્વર્ત્તી, મનુષ્યત્વ પામી ચારિત્ર પરિણામયુક્ત થઈને જ સિદ્ધ થાય છે. ચારિત્ર પરિણામ રહિત અકર્મભૂમિકાદિ સિદ્ધ થતાં નથી. - X -

ફરી પણ ચારિત્ર પક્ષના જ સમર્થનમાં કહે છે –

● નિર્યુક્તિ-૧૧૬૪ :-

અતિશયવાળા પણ સમ્યગ્દષ્ટિ જે ચરણ-કરણ રહિત છે, તે સિદ્ધ થતાં નથી અને જે મોક્ષના કારણરૂપ સમ્યક્ત્વ છે, મૂઢ તેનાથી જ નાશ પામે છે. કેમકે કેવળ તેના વાદને જ સમર્થન આપે છે. - X - અથવા ક્ષાયિક સમ્યક્દષ્ટિ પણ ચરણ-કરણ રહિત હોય તો શ્રેણિકાદિ માફક સિદ્ધિ પામતા નથી. કેમકે સિદ્ધિનું મૂળ - ચરણકરણ છે. તે મૂઢ તેનું જ સેવન કરતો નથી. પરંતુ આગમવિદ્ સાધુને માત્ર આ દર્શન પક્ષ જ નથી હોતો, તો કોને હોય છે ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૬૫-વિવેચન :-

દર્શનપક્ષ અપ્રત્યાખ્યાન કષાયોદયવાળા શ્રાવકને હોય છે અને ચારિત્રભ્રષ્ટને હોય તથા મંદધર્મી - પાર્શ્વસ્થાદિને હોય છે. જ્યારે દર્શનચારિત્ર પક્ષ શ્રમણમાં હોય છે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (44)



કેવા શ્રમણમાં ? પરલોક આકાંક્ષી સુસાધુમાં હોય. દર્શનના ગ્રહણથી જ્ઞાન પણ ગ્રહણ કરેલું જ જાણવું. તેથી દર્શનાદિ પક્ષ ત્રિરૂપ જાણવો. બીજા કહે છે. જો એ પ્રમાણે ઘણી યુક્તિ વડે ચારિત્ર જ પ્રધાન ગણાય છે, તો પછી તે જ રહેવા દો, જ્ઞાન અને દર્શન વડે શું પ્રયોજન છે ? છે જ. કેમકે જ્ઞાન-દર્શન વિના ચારિત્ર અસંભવ છે. કહે છે –

● નિર્યુક્તિ-૧૧૬૬-વિવેચન :-

પરંપરાથી પ્રસિદ્ધિ - સ્વરૂપ સત્તા થાય છે. તે આ પ્રમાણે - દર્શનથી જ્ઞાન અને જ્ઞાનથી ચારિત્ર. એ પ્રમાણે પરંપરાથી ચારિત્રરૂપ સત્તા છે. તે દર્શન અને જ્ઞાનના હોવાથી ચારિત્રની થાય છે. તેથી આ ત્રણેને સ્વીકારવા. લૌકિક ન્યાય કહે છે – પરંપરાથી પ્રસિદ્ધિ જે રીતે થાય છે, તે રીતે અન્ન-પાન લોકમાં પણ પ્રતીત જ છે. તથા અન્નાર્થી સ્થાલી-ઇંધન પણ ગ્રહણ કરે અને પાનાર્થી દાક્ષાદિ પણ ગ્રહણ કરે. તેથી આ ત્રણે પણ પ્રધાન છે.

શંકા - જો એ પ્રમાણે આ ત્રણે તુલ્ય બળપણે છે, તો જ્ઞાન આદિમાં પક્ષપાત કરીને શા માટે ચારિત્રને જ પ્રશંસો છો ?

● નિર્યુક્તિ-૧૧૬૭-વિવેચન :-

જે કારણે દર્શન અને જ્ઞાન મોક્ષરૂપ સંપૂર્ણફળને આપતું નથી, ચારિત્રયુક્તને આપે જ છે. તે કારણે ચારિત્રને વિશેષિત કરીએ છીએ, કેમકે ચારિત્રના હોવાથી ફળનો ભાવ છે. - પરંતુ -

● નિર્યુક્તિ-૧૧૬૮-વિવેચન :-

ઉદ્યમ કરતા સાધુને, ક્યાં ? તપ અને શ્રુતમાં, તપ અને જ્ઞાનની પ્રાપ્તિમાં જે રીતે સ્વશક્તિથી નિર્જરાદિ થાય છે, એ પ્રમાણે જ શક્તિને અનુરૂપ પૃથ્વી આદિના સંરક્ષણરૂપ સંયમને કરતાં સાધુમાં કેમ ગુણો ન આવે ? આવે જ. અથવા જે અવિકલ સંયમાનુષ્ઠાન રહિત વિરાધક સ્વીકારે તેમાં કઈ રીતે ગુણો ન હોય ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૬૯-વિવેચન :-

યથાશક્તિ વીર્ય-સામર્થ્યને શ્રુત અને તપમાં પ્રગટ કરતો ચારિત્રને વિરાધતો નથી, ખંડિત કરતો નથી ? જો પૃથિવ્યાદિના સંરક્ષણાદિ રૂપ સંયમમાં પણ ઉપયોગાદિ રૂપતાથી સામર્થ્યને માયા સ્થાન વડે પ્રચ્છાદિત ન કરે, તો સંયમની હાનિ કે ખંડન કરતો નથી. સંયમગુમી જ થાય છે.

● નિર્યુક્તિ-૧૧૭૦-વિવેચન :-

પૃથ્વી આદિના સંરક્ષણાદિ યોગમાં સર્વકાળ જે પ્રાણી સામર્થ્ય હોવા છતાં પણ ઉત્સાહ પ્રગટ કરતો નથી, તે કઈ રીતે વિશુદ્ધ ચારિત્રી થાય ? ન થાય. બાહ્ય કરણ - આળસુ હોવાથી પ્રત્યુપેક્ષણ આદિ બાહ્ય ચેષ્ટા રહિત. [શંકા] જેઓ આલંબનને આશ્રીને બાહ્યકરણ - આળસુ થાય, તેનું શું કહેવું ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૭૧-વિવેચન :-

આલંબન વડે - સાધારણ સ્થાનમાં પડતાંને તે આલંબનથી, કોઈ પ્રાણી જે એમ માને કે હું સંયમમાં પ્રમાદ કરીશ - ત્યાગ કરીશ, તો તે આલંબન માત્ર કોઈ પ્રમાણ નથી, પરંતુ તત્ત્વાર્થનું અન્વેષણ કરે કે – શું આ પુષ્ટ આલંબન છે અથવા નથી ? જો અપુષ્ટ આલંબન હોય તો તે અવિશુદ્ધિ ચારિત્રી જ છે, જો પુષ્ટ આલંબન હોય તો વિશુદ્ધ ચારિત્રી છે.

બીજા કહે છે – શું આલંબનરૂપ વિશેષ છે, જેથી વિશુદ્ધ ચારિત્રી થાય, અહીં

દૃષ્ટાંત કહે છે –

● નિર્યુક્તિ-૧૧૭૨-વિવેચન :-

અહીં આલંબન બે ભેદે છે – દ્રવ્યાલંબન અને ભાવાલંબન. તેમાં ખાઈ આદિમાં પડતાને જે આલંબનરૂપ થાય તે દ્રવ્યાલંબન છે. તે પણ બે પ્રકારે - પુષ્ટ અને અપુષ્ટ. તેમાં અપુષ્ટ તે કુશ-વચ્ચકાદિ દુર્બળ છે અને પુષ્ટ તે બળવાન્ કઠિન વલ્લિઆદિ છે. ભાવાલંબન પણ પુષ્ટ-અપુષ્ટ ભેદથી બે પ્રકારે છે. તેમાં અપુષ્ટ તે જ્ઞાનાદિ અપકારક અને તેનાથી વિપરીત તે પુષ્ટ. તે આ રીતે હું કરીશ અથવા ભણીશ. તપ અને ઉપધાનમાં ઉદ્યમ કરીશ, ગણની નિત્ય સારણા કરીશ. આવા આલંબનને સેવનાર મોક્ષને પામે છે. એ પ્રમાણે રહીને આલંબન સહિત વર્તે છે, તે સાલંબન. આ પણ આત્માને દુર્ગમાદિમાં પડતાં અટકાવે છે કેમકે પુષ્ટાલંબન પ્રભાવ છે. એ પ્રમાણે સેવવું તે પ્રતિસેવના. ઉક્ત સાલંબન સેવા સંસારગર્ત્તામાં પડતાને અટકાવે છે. (કોને ?) યતિ કે જે અશઠભાવ - માયા સ્થાનરહિત હોય તેને.

હવે સાધી શકવાના અર્થથી વ્યતિરેકને દર્શાવે છે –

● નિર્યુક્તિ-૧૧૭૩-વિવેચન :-

આલંબનહીન વળી સ્ખલિત થઈને પડે છે. ક્યાં ? દુઃખે ઉતરી શકાય તેવી ગર્તામાં, એ પ્રમાણે નિષ્કારણ સેવી સાધુ પુષ્ટ આલંબન રહિત અગાધ એવી ભવરૂપ ગર્ત્તામાં પડે છે. આનું અગાધત્વ તે દુઃખે ઉત્તરી શકવાના સંભવથી છે. સપ્રસંગ દર્શનદ્વાર પૂરુ થયું.

હવે 'નીજ આવાસ'નો અવસર છે. તેનો સંબંધ કહેવાઈ ગયો છે તે કંઈક યાદ કરીએ છીએ. અહીં જે રીતે ચારિત્રરહિતો એકલા જ્ઞાનદર્શન પક્ષનું આલંબન કરે છે. એ પ્રમાણે નિત્યવાસાદિ પણ જાણવા.

● નિર્યુક્તિ-૧૧૭૪-વિવેચન :-

જે શીતલવિહારી સાધુઓ અનિત્ય વાસાદિમાં જે કાળે ભગ્ન થઈ, અન્ય સ્થાને જવાને માટે અસમર્થ થઈ - સારા સ્થાનમાં જવા શક્તિમાન્ ન થઈને એવી ઘોષણા કરે છે કે – અમારા વડે જે અંગીકાર કરાયેલ છે, તે વર્તમાનકાળને આશ્રીને પ્રધાન જ છે, અહીં સાર્થનું દૃષ્ટાંત છે –

જેમ કોઈ સાર્થ પ્રવિરલ જળ અને વૃક્ષની છાયાને માર્ગમાં પામ્યા. ત્યાં કેટલાંક પુરુષો પરિશ્રાંત થઈ પ્રવિરલ છાયામાં અથવા પાણી વડે આસક્ત થઈ ત્યાં રહેલા. બીજાને બોલાવીને કહે છે – આવો આ જ પ્રધાન છે. તે સાર્થમાં કેટલાંકે તેમની વાતને સ્વીકારી, કેટલાંકે ન સ્વીકારી. જેમણે સ્વીકાર્યુ તે ભુખ-તરસ આદિ દુઃખોના ભાગી થયા. જેમણે ન સાંભળ્યુ તે જલ્દી અપ્રતિબદ્ધ થઈ માર્ગના મુખે જઈને શીતળ જળ અને છાયાના ભાગી થયા. જેમ તે પુરુષો વિષાદ પામ્યા, તેમ પાર્શ્વસ્થાદિ વિષાદ પામે છે. જેમ તેઓ નીકળી જવાથી સુખી થયા, તેમ સુસાધુઓ સુખી થાય છે.

હવે જે કહ્યું – આને 'પ્રધાન' ઘોષણા કરે છે, તે દર્શાવે છે –

● નિર્યુક્તિ-૧૧૭૫-વિવેચન :-

નિત્યવાસકલ્પ, ચૈત્યોમાં ભક્તિ, કુલ-કાર્યાદિ પરિગ્રહ, આર્યિકા-સાધ્વી દ્વારા લાભ, દુધ વગેરે વિગઈઓમાં આસક્ત, નિર્દોષ પ્રેરિત કહે છે. [શંકા] નિત્યાવાસ વિહારમાં સદોષ પ્રેરિત હોવા છતાં તેને નિર્દોષ કેમ કહો છો ? તે જણાવે છે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (45)



● નિર્યુક્તિ-૧૧૭૬-વિવેચન :-

જ્યારે ગામ, આકર, નગર, પત્તનાદિમાં ભ્રમણ કરતાં સર્વથા શ્રાંત થાય-થાકે, તો કેટલાંક નષ્ટ નાશક નિત્યવાસી - બધાં જ નહીં, તેઓ સંગમ સ્થવિર આચાર્યનું આલંબન આગળ ધરે છે. કઈ રીતે ?

● નિર્યુક્તિ-૧૧૭૭-વિવેચન :-

તે સંગમ સ્થવિર કોણ ? તે કહે છે – કોલ્લેર નગરમાં સંગમ નામે સ્થવિર હતા. દુર્ભિક્ષમાં તેણે સાધુઓને વિસર્જિત કર્યા. તેઓ તે નગરને નવ ભાગમાં વહેંચી પરીક્ષીણ જંઘાબળથી વિચરતા હતા. ત્યાંના નગરદેવતા ઉપશાંત થયા. તેમનો શિષ્ય દત્ત નામે હતો, તે ઘણાં કાળે આવ્યો. તે દત્ત સંગમ સ્થવિરને નિત્યવાસી છે તેમ જાણીને તેમની વસતિમાં પ્રવેશતો નથી. ભિક્ષાવેળાએ ઔપગ્રહિક થઈ ચાલતા સંક્લેશ પામે છે. આ વૃદ્ધ છે, શ્રાદ્ધકુળ દેખાડશે નહીં. કોઈ શ્રેષ્ઠી કુળમાં બાળક રડતો હતો. તે છ માસ થયા રડવાનું બંધ કરતો ન હતો. આચાર્યએ ચપટી વગાડી, 'રડ મા' એમ કહ્યું. વ્યંતરીએ તે બાળકને છોડી દીધો. તેઓએ સંતુષ્ટ થઈને ગૌચરી આદિથી ઈચ્છાનુસાર પ્રતિલાભિત કર્યા. પછી દત્તને વિદાય આપી કહ્યું - આટલા તે કુળો છે, આચાર્ય લાંબોકાળ ભ્રમણ કરી અંત-પ્રાંત ભિક્ષા લઈને આવ્યા.

આવશ્યક આલોચના કાળે આચાર્યએ કહ્યું – આલોચના કર. દત્ત સાધુ બોલ્યા, તમારી સાથે જ ગૌચરી આવેલો. તે બોલ્યા – તેં ધાત્રીપિંડ ખાધેલ છે. આ અતિ સૂક્ષ્મ છે, એમ કહીને બેઠો. દેવતાએ અર્ધરાત્રિમાં વર્ષા અને અંધકાર વિકુર્વી દત્તની હીલના કરી. આચાર્યએ કહ્યું – અંદર આવ. દત્ત બોલ્યો – અંધારુ છે. આચાર્યએ આંગળી દેખાડી, તે પ્રજ્વલિત થતી હતી. તેનાથી આવર્જાઈને આલોચના કરે છે. આચાર્યએ પણ વસતિના કરેલા નવ ભાગ કહી બતાવ્યા. એ પ્રમાણે બધાં મંદધર્મીને આ પુષ્ટ આલંબન નથી.

● નિર્યુક્તિ-૧૧૭૮-વિવેચન :-

દુર્ભિક્ષમાં શિષ્યોનું ગમન, તથા તેનો જ અપ્રતિબંધ - અરાગ અને અજંગમત્વ-વૃદ્ધત્વ, તે જ ક્ષેત્રમાં વિભાગ કરવા, આ આલંબન જાળને આલોચતા નથી, પણ એક ક્ષેત્રમાં વાસ છે તેવું મંદબુદ્ધિઓ માને છે.

નિત્યાવાસ વિહાર દ્વાર કહ્યું, હવે ચૈત્યભક્તિદ્વાર –

● નિર્યુક્તિ-૧૧૭૯-વિવેચન :-

ચૈત્ય, કુલ, ગણ, સંઘ કે અન્ય કોઈની નિશ્રા કરીને અર્થાત્ આલંબન કરીને, કઈ રીતે ? અહીં કોઈ ચૈત્યાદિ પ્રતિજાગરક નથી તેથી અમે અસંયમ સ્વીકારેલ છે, જેથી ચૈત્યાદિનો વ્યવચ્છેદ ન થાય અથવા આર્ય વજની નિશ્રા કરીને તે અસંયમને મંદધર્મી સેવે છે.

● નિર્યુક્તિ-૧૧૮૦-વિવેચન :-

વજસ્વામીએ કઈ રીતે ચૈત્ય પૂજા કરી ? તેથી તે પણ સાધુને મોક્ષના અંગ સમાન છે, આનો ભાવાર્થ કથાનકથી જાણવો, જે પૂર્વે કહેલ છે. તેથી મંદબુદ્ધિઓ વજસ્વામીનું આલંબન કરીને આ વાત જોતા નથી –

● નિર્યુક્તિ-૧૧૮૧-વિવેચન :-

શાક્યાદિ દ્વારા અપભ્રાજના અને સ્વતીર્થની ઉદ્ભાવના તથા શ્રાવકોનું વાત્સલ્ય,

આ બધાં આલંબનોને જોતો નથી, પૂર્વોપચિત પુષ્પના મહિમાને - કુસુમ વડે યાત્રાને ગણતો નથી.

ચૈત્યભક્તિદ્વાર ગયું. હવે આર્યિકાલાભ દ્વાર કહે છે –

● નિર્યુક્તિ-૧૧૮૨-વિવેચન :-

સાધ્વીઓ દ્વારા થતો લાભ, તે આર્યિકાલાભ, તેમાં આસક્ત, પોતાના લાભથી જે અસંતુષ્ટ, મંદધર્મી, ભિક્ષાચર્યાથી ભગ્ન અર્થાત્ ભિક્ષાર્થે ભ્રમણથી કંટાળેલા, સુસાધુ વડે પ્રેરિત છતાં આ તપસ્વીને અભક્ષ્ય છે, એમ કહી અર્ણિકાપુત્ર આચાર્યના આલંબનને બતાવે છે.

● નિર્યુક્તિ-૧૧૮૩-વિવેચન :-

પુષ્પચૂલા સાધ્વી દ્વારા લવાતા ભોજન અને પાન અર્ણિકાપુત્રાચાર્ય વાપરતા હતા, તે તે જ ભવે અંતકૃત્ કેવલી થયા. આનો ભાવાર્થ કથાનકથી જાણવો. તે યોગસંગ્રહમાં કહેશે. તે મંદમતિઓ આ આલંબન કરતાં આ બીજું જોતાં નથી.

શું ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૮૪-વિવેચન :-

દુર્ભિક્ષ હોવાથી તેમના શિષ્યગણને વિસર્જિત કરેલ, સ્વયં ભિક્ષાચર્યા માટે અસમર્થ હતા. વૃદ્ધ હતા. આ બધું વિચારતા નથી. પણ સમર્થ અને સહાયાદિ ગુણયુક્ત એવા તે શઠ-માયાવી સાધ્વી દ્વારા લાવેલના લાભને ઈચ્છે છે. આર્યિકા લાભ દ્વાર પૂરું થયું. હવે વિગતિ દ્વાર કહે છે –

● નિર્યુક્તિ-૧૧૮૫-વિવેચન :-

ઓદનાદિ ભોજન કે દ્રાક્ષ પાનાદિ ભોગવીને - વાપરીને લોલુપ બનેલા, વિગઈ સંપર્કના દોષથી પાપથી પ્રચ્છાદિત થઈ ઉદાયન ઋષિનું દૃષ્ટાંત આગળ ધરે છે. –૦– અહીં વિકૃતિભીત કે વિકૃતિગત જે કંઈ સાધુ ખાય છે તે વિકૃતિ-વિગઈ વિકાર કરવાના સ્વભાવવાળી છે અને ધરાર વિ-ગતિમાં સાધુને લઈ જાય છે. આ પ્રમાણે કોઈ સાધુને પ્રેરણા કરાતા, તે ઉદાયન ઋષિનું આલંબન આગળ ધરે છે. તે આ પ્રમાણે –

વીતભયનગરમાં ઉદાયન રાજાએ યાવત્ દીક્ષા લીધી. તેને ભિક્ષા આહારનો રોગ થયો. વૈદ્યે તેને દહીં ખાવાનું જણાવ્યું. તે રાજર્ષિ વ્રજિકામાં રહ્યા. પછી કોઈ દિવસે વીતભય નગરે ગયા. ત્યાં તેનો ભાણેજ કેશી રાજા હતો. ઉદાયન રાજર્ષિએ જ તેને રાજાપણે સ્થાપેલો. તેના મંત્રીએ કેશીકુમારને કહ્યું – આ રાજર્ષિ પરીષહથી પરાજિત થયા છે, તે રાજ્ય પાછું માંગશે. કેશી કુમારે કહ્યું – આપી દઈશ. મંત્રી બોલ્યો – આ રાજધર્મ નથી, એ રીતે રાજાને વ્યુદ્ગ્રાહિત કર્યો. લાંબા કાળે રાજાએ તે વાત સ્વીકારી. રાજર્ષિને વિષ આપી દેવું.

એક ગોવાલણને દહીં સાથે ઝેર આપી દેવા કહ્યું. તેણીએ એ પ્રમાણે દહીંમાં ઝેર વહોરાવી દીધું, દેવતાએ હરી લીધું અને ઉદાયન રાજર્ષિને કહ્યું કે હે મહર્ષિ ! તમને ઝેર અપાયું છે, દહીં લેવાનું છોડી દો. રાજાએ દહીં છોડી દેતાં ફરી રોગ વધવા લાગ્યો. ફરી દહીં લેવાનું આરંભ્યુ, ફરી વિષ પ્રયોગ થાયો, ફરી દેવતાએ ઝેર હરી લીધું. ત્રીજી વખત પણ દેવતાએ દહીં લેવાની ના પાડી. કોઈ વખત દેવીને પ્રમાદ થયો, રાજર્ષિને ઝેર વ્યાપી ગયું. તેઓ કાળધર્મ પામ્યા. તેમનો શય્યાતર કુંભાર હતો. દેવીએ રાજાના કાળધર્મ પછી ધૂળની વર્ષા કરી. કુંભારને અનપરાધી જાણી છોડી દીધો. તેના નામે

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (46)



કુંભકારપત્તનમાં લઈ જઈને ત્યાં તેને રાખ્યો. - x -

આ કારણિક કહેવાય, તેનું આલંબન બધાંએ ન લેવાય.

● નિર્યુક્તિ-૧૧૮૬-વિવેચન :-

શીતળ અને રૂક્ષ અન્ન તે રાજાને દીક્ષા લીધા પછી રોગથી અભિભૂત થતાં અનનુરૂપ હતું. વિગઈ માટે ગોકુળમાં જતા એવા તે સમર્થ હોવા છતાં શઠો કહે છે – કેમ ઉદાયન મુનિ નથી ? મુનિ જ છે. વિગઈના પરિભોગ છતાં તેઓને આ નિર્દોષ છે. એ પ્રમાણે નિત્યવાસાદિમાં મંદધર્મી સંગમ સ્થવિરાદિના આલંબનને આશ્રીને સીદાય છે. જ્યારે બીજા સૂત્રાદિને આશ્રીને જ સીદાય તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૮૭-વિવેચન :-

સૂત્ર, અર્થ, બાલ અને વૃદ્ધ તથા દ્રવ્યાદિ આપત્તિને ન સહન કરનાર, આલંબનોના પદને કરીને સંયમાનુપરોધથી વર્તતા હોવા છતાં સીદાય છે. અહીં એવું કહે છે કે – સૂત્રની નિશ્રા કરીને, જેમકે – હું ભણું છું ત્યાં સુધી મારે બીજાથી શું ? એ પ્રમાણે અર્થની નિશ્રા કરીને સાંભળુ છું ત્યાં સુધી, એ પ્રમાણે બાલત્વ, વૃદ્ધત્વ, અસમર્થત્વની નિશ્રા કરીને, એ પ્રમાણે આ દ્રવ્ય દુર્લભ છે એમ આલંબન લઈને, ક્ષેત્ર ક્ષુલ્લક છે એમ જાણીને, કાળ-દુર્ભિક્ષ જાણીને, ભાવથી - હું ગ્લાન છું ઈત્યાદિ આલંબનો કરીને સંથારો કરતો અલ્પસત્ત્વી સીદાય છે. એ રીતે –

● નિર્યુક્તિ-૧૧૮૮-વિવેચન :-

યત્ન ન કરવાની ઈચ્છાવાળા લોકોને સમગ્ર લોક આલંબનથી ભરેલો છે, તેઓ જ્યાં જ્યાં લોકમાં જુઓ ત્યાં ત્યાં આલંબન કરે છે. પરંતુ જીવો બે પ્રકારે હોય છે - મંદશ્રદ્ધાવાળા અને તીવ્ર શ્રદ્ધાવાળા. તેમાં કેટલાંક મંદશ્રદ્ધાનું આલંબન છે અને કેટલાંકને તીવ્ર શ્રદ્ધાનું આલંબન હોય છે. કહ્યું છે –

● નિર્યુક્તિ-૧૧૮૯-વિવેચન :-

જે કોઈ સાધુઓ જ્યાં ગ્રામ-નગરાદિમાં જે સુષમદુષમાદિ કાળમાં જ્યારે દુર્ભિક્ષાદિમાં બહુશ્રુત ચરણ-કરણપ્રભ્રષ્ટ હોય છે, જે તેઓ સમાચરે છે, પાર્શ્વસ્થાદિરૂપ તે આલંબન મંદ શ્રદ્ધાવાળાને થાય છે તેથી જ મથુરામાં મંગુ આચાર્યને સુભિક્ષમાં પણ આહારાદિનો રાગ ન છોડતાં પાર્શ્વસ્થતાને પામ્યા.

● નિર્યુક્તિ-૧૧૯૦-વિવેચન :-

જે કોઈ જે ગામ-નગરાદિમાં સુષમદુષમાદિમાં જ્યારે પણ દુર્ભિક્ષાદિમાં બહુશ્રુત અને ચરણકરણ સંપન્ન હોય અને તેઓ જે સમાચરે, તે ભિક્ષુપ્રતિમાદિ તીવ્ર શ્રદ્ધાવાળાને આલંબનરૂપ થાય છે.

આનુષાંગિક વાતમાં પાંચને કૃતિકર્મ ન કરવું તે વાત ઉભી રહી ગઈ, હવે નિગમન કરતાં કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૧-વિવેચન :-

દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપ અને વિનયની સર્વકાળ પડખે રહે [દૂર રહે] તે સર્વકાળ પાસત્થા. અહીં 'નિત્ય' કાળ ગ્રહણ ઈત્વર પ્રમાદના વ્યવચ્છેદ માટે છે. ઈત્વર પ્રમાદથી નિશ્ચયથી જ્ઞાનાદિનો અપગમ છતાં વ્યવહારથી સાધુ જ છે. આ (પાસત્થા) અવંદનીય છે. કેમકે તેઓ પ્રવચનના યશના નાશક છે. યશોઘાતી કેમ કહ્યા ? શ્રમણગુણ વડે પ્રાપ્ત જે યશ, તે તેનાથી વિતથ આચરણ વડે ઘાત કરે છે.

પાર્શ્વસ્થાદિના વંદનમાં અપાયનો નિગમન કરતાં કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૨-વિવેચન :-

કૃતિકર્મ-વંદન અને પ્રશંસા – ''આ બહુશ્રુત કે વિનીત છે.'' ઈત્યાદિરૂપ, તે સુખશીલજન-પાસત્થાને કરાય તો કર્મબંધન માટે છે. કઈ રીતે ? કેમકે તેઓ પૂજ્ય છે, અમે નિરપેક્ષતર છીએ. એ પ્રમાણે જે-જે પ્રમાદ સ્થાનો, જેમાં પાર્શ્વસ્થાદિ વિષાદ પામે છે, તેની ઉપબૃંહણા-સમર્થન કે અનુમતિ થાય છે. તે નિમિત્તે કર્મબંધ થાય છે. જે કારણે આ અપાયો છે, તે કારણે પાર્શ્વસ્થાદિ અવંદનીય છે, સાધુ જ વંદનીય છે, એ પ્રમાણે નિગમન કરતાં કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૩-વિવેચન :-

દર્શન, જ્ઞાન, ચારિત્રમાં તથા તપ અને વિનયમાં સર્વકાળ જેઓ ઉધત્ છે, તે જ વંદનીય છે. તેઓ વિશુદ્ધ માર્ગ પ્રભાવનાથી પ્રવચનના યશકારી છે.

હવે સુસાધુ વંદનના ગુણો કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૪-વિવેચન :-

કૃતિકર્મ - વંદન અને પ્રશંસા સંવિગ્ન જનની કરાય તો તે કર્મક્ષયને માટે થાય છે. જે-જે વિરતિ સ્થાનોમાં સંવિગ્નો વર્તે છે. તે-તેની ઉપબૃંહણા - અનુમત છે તેમ કહેવાય છે. તે અનુમતિથી કર્મ નિર્જરા થાય છે. સંવિગ્નો બે પ્રકારે છે - દ્રવ્યથી અને ભાવથી. તેમાં દ્રવ્ય સંવિગ્ન હરણો છે, તેઓ સદા ઉત્ત્રસ્ત ચિત્તથી પાંદડા ઉપર ચાલે છે. ભાવ સંવિગ્નો તે સાધુ છે, તેમનો અહીં અધિકાર છે.

સપ્રસંગ નિત્યવાસદ્વાર ગયું. - x - દર્શનાદિમાં ઉપયુક્ત જ વંદનીય છે, હવે તે જ આચાર્યાદિ ભેદથી કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૫-વિવેચન :-

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક એ પાંચેને કૃતિકર્મ કરવું નિર્જરાને માટે થાય છે. તેમાં આચાર્ય સૂત્ર-અર્થ અને ઉભયના જ્ઞાતા તથા લક્ષણાદિયુક્ત છે. કહ્યું છે કે – સૂત્રાર્થ જ્ઞાતા, લક્ષણયુક્ત, ગચ્છના મેઢિભૂત, ગણતપ્તિવિપ્રમુક્ત, અર્થને કહેનારા તે આચાર્ય છે. સૂત્રના નહીં. - x - ઉપાધ્યાયાદિ બધા વડે કૃતિકર્મ-વંદન પર્યાયહીન હોય તો પણ તેમને કરવું.

ઉપાધ્યાય એટલે સમ્યક્ત્વ, જ્ઞાન અને સંયમયુક્ત, સૂત્ર અર્થ અને તદુભય વિધિજ્ઞ, આચાર્યના સ્થાનને યોગ્ય, સૂત્રની વાંચના આપે તે. - x - x - તેને પણ વંદન કરવું.

યથોચિત્ત પ્રશસ્ત યોગોમાં સાધુને પ્રવતાર્વે તે પ્રવર્તક. કહ્યું છે કે – તપ, સંયમ, યોગોમાં જે યોગ હોય, તેમાં પ્રવતવિ, ગણની ચિંતા કરે અને અસહિષ્ણુને નિવારે તે પ્રવર્તક કહેવાય. આમનો પર્યાય ઓછો હોય તો પણ તેમને વંદન કરવું.

સીદાતા સાધુને આલોક અને પરલોકના અપાયના દર્શનથી મોક્ષમાર્ગમાં જ સ્થિર કરે છે, તે સ્થવીર. કહ્યું છે – સ્થિર કરણથી તે સ્થવિર છે, તે-તે વ્યાપારિત અર્થોમાં પ્રવર્તક છે, જે સાધુ જેમાં સીદાય છે, તેમને છતાં બળે તેમાં સ્થિર કરે છે. તેમને પણ વંદન કરવું.

અહીં ગણાવચ્છેદકનો સમાવેશ ન હોવા છતાં મૂળગ્રંથથી તેમને જાણવા, કેમકે સાહચર્ય છે. તે આ પ્રમાણે – ઉદ્ધાવન, પ્રધાવન, ક્ષેત્ર અને ઉપધિની માર્ગણામાં

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (47)



અવિષાદી, સૂત્ર-અર્થ-તદુભયના જ્ઞાતા આવા પ્રતરના ગણાવચ્છેદક હોય છે. આમને પણ વંદન કરવું.

રત્નાધિક-પર્યાયમાં મોટા. આમને ઉક્ત ક્રમે જ કૃતિકર્મ - વંદન નિર્જરાને માટે કરવું. બીજા કહે છે – પહેલાં આલોચના કરતા બધાં વડે આચાર્યને વંદન કરવું પછી રત્નાધિકના ક્રમે વાંદવા. આચાર્યે પણ મધ્યમ ખામણા પછી કૃતિકર્મમાં જ્યેષ્ઠને કૃતિકર્મ કરવું જોઈએ.

પહેલી દ્વાર ગાથામાં कस्य - કોને તે દ્વાર કહ્યું. હવે केन - કોના વડે, કૃતિકર્મ કરવું જોઈએ અને કોના વડે ન કરવું જોઈએ ? અર્થાત્ કોણ આ કારણના ઉચિત કે અનુચિત છે. તેમાં માતાપિતાદિ અનુચિત ગણ છે. તેથી ગ્રંથકાર કહે છે–

● નિર્યુક્તિ-૧૧૯૬-વિવેચન :-

માતાને, પિતાને, મોટા ભાઈને, માતામહને, પિતામહ-દાદાને, અભ્યુત્થિત વંદન ન કરાવવું, કેમકે તે બધાં રત્નાધિક છે - પર્યાયજ્યેષ્ઠ છે. માતાદિને વંદન કરાવતા લોકમાં ગર્હા થાય છે. તેમને પણ ક્યારેક વિપરીત પરિણામ થાય છે. આલોચના, પ્રત્યાખ્યાન, સૂત્રાર્થમાં કરાવવું. સાગારિક સામે યતનાથી કરાવવું. આ વિધિ દીક્ષા લીધેલાને માટે છે. ગૃહસ્થ હોય તો કરાવવું – હવે કૃતિકર્મ કરણ ઉચિતનું પ્રતિપાદન કરે છે –

● નિર્યુક્તિ-૧૧૯૭-વિવેચન :-

પ્રાણાતિપાત આદિથી નિવૃત્તિ રૂપ પાંચ મહાવ્રતો વડે યુક્ત, આળસ રહિત, જાતિ આદિ માનથી પરિવર્જિત મતિવાળા, સંવિગ્ન, કર્મક્ષયના અર્થી, એવા પ્રકારના સાધુને કૃતિકર્મ કરવું જોઈએ.

केन દ્વાર કહ્યું. હવે कदा એ દ્વાર આવે છે. કૃતિકર્મ ક્યારે કરવું અને ક્યારે ન કરવું ? તેમાં.

● નિર્યુક્તિ-૧૧૯૮-વિવેચન :-

ધર્મકથાદિમાં વ્યાક્ષિપ્ત હોય, પરાંગ્મુખ હોય, ઉભેલા હોય, ક્રોધાદિ પ્રમાદથી પ્રમત્ત હોય, ત્યારે કદાપિ વાંદવા નહીં. આહાર કે નીહાર કરતા હોય તો ન વાંદવા. અહીં – ધર્માન્તરાય, અનવધારણ, પ્રકોપ, આહાર, અંતરાય, મળ-મૂત્રાર્થે નિર્ગમનાદિ દોષો વિસ્તારથી કહેવા.

તો વંદન ક્યારે કરવા ? તે કહે છે –

● નિર્યુક્તિ-૧૧૯૯-વિવેચન :-

વ્યાખ્યાનાદિ વિક્ષેપ રહિત-પ્રશાંત હોય, આસને બેઠા હોય, ક્રોધાદિ પ્રમરાદ રહિત - ઉપશાંત હોય, 'છંદેણ' ઈત્યાદિ કહેવા દ્વારા ઉધત હોય. આ પ્રમાણે હોય તો અનુજ્ઞા લઈ મેધાવી પછી વંદન કરે.

અનુજ્ઞાપનાના બે આદેશ છે. જે ધ્રુવવંદન છે, તે પ્રતિક્રમણ આદિમાં અનુજ્ઞાપન કરતાં નથી, જે ઔત્પાતિક વંદન છે તેમાં અનુજ્ઞાપના કરે છે. कदा દ્વાર કહ્યું. कतिकृत्व દ્વાર કહે છે. कतिकृत्व - કેટલીવાર વંદન કરવું. તેમાં રોજ નિયત અને અનિયત વંદન હોય છે. આ બંને સ્થાનના નિદર્શન માટે નિર્યુક્તિદ્વાર કહે છે–

● નિર્યુક્તિ-૧૨૦૦-વિવેચન :-

પ્રતિક્રમણમાં, સ્વાધ્યાયમાં, કાયોત્સર્ગમાં, અપરાધમાં, પ્રાઘુર્ણક એટલે મહેમાનમાં, આલોચનામાં, સંવરણમાં, ઉત્તમાર્થમાં વંદન કરવું.

(૧) પ્રતિપ ક્રમણ તે પ્રતિક્રમણ, અપરાધસ્થાનથી ખસીને ગુણ સ્થાનોમાં વર્તવું તે. તેમાં સામાન્યથી વંદન થાય છે. (૨) સ્વાધ્યાય - વાચનાદિમાં, (૩) કાયોત્સર્ગ - જે વિગઈના પરિભોગને માટે આયંબિલના વિસર્જનાર્થે કરાય છે. (૪) અપરાધ - ગુરુના વિનયના ઉલંઘન રૂપ, તેમાં વંદન કરીને ખમાવાય છે. <u>પાક્ષિક વંદન અપરાધમાં ગણાય છે.</u>

(૫) પ્રાઘૂર્ણક - મોટા સાધુ આવે ત્યારે વંદન થાય છે. - X - અહીં વિધિ આ છે — પ્રાઘૂર્ણકો બે ભેદે છે. (૧) સાંભોગિક, (૨) અન્યસાંભોગિક. સાંભોગિક હોય તો આચાર્યને પૂછીને વાંદે છે, બીજાને વળી આચાર્યને વાંદીને, આજ્ઞા લઈને પછી મોહરહિત એવા યતિઓ વાંદે છે, કે વંદાવે છે.

(૬) આલોચના - વિહાર અને અપરાધથી ભિન્ન એવી આલોચનામાં. (૭) સંવરણ - ભોજનનું પ્રત્યાખ્યાન અથવા નવકારશી પ્રત્યાખ્યાન કર્યા પછી પણ અજીર્ણાદિ કારણથી અભક્તાર્થે સંવરણ ગ્રહણ કરે તો, તેમાં વંદન થાય છે. (૮) ઉત્તમાર્થમાં - અનશન અને સંલેખનામાં વંદન.

આ પ્રમાણે સામાન્યથી નિયત-અનિયત વંદનના સ્થાનો બતાવ્યા. હવે નિયત વંદન સ્થાન સંખ્યા જણાવવાને કહે છે —

● નિર્યુક્તિ-૧૨૦૧-વિવેચન :-

ચાર પ્રતિક્રમણમાં કૃતિકર્મો ત્રણ થાય છે — સ્વાધ્યાયમાં, પૂર્વાહ્ણમાં અને અપરાહ્ણમાં રોજ ચૌદ કૃતિકર્મો થાય છે.

સ્વાધ્યાયમાં પૂર્વાહ્ણમાં - રોજ સવારે. કઈ રીતે ? ગુરુને પૂર્વ સંધ્યામાં વાંદીને આલોચના કરે તે એક. અભ્યુત્થિત થયા પછી જે ફરી ગુરુને વાંદે તે બીજું. અહીં વિધિ આ છે — પછી જઘન્યથી ત્રણ, મધ્યમથી પાંચ કે સાત અને ઉત્કૃષ્ટથી બધાંને વાંદવા જોઈએ. જો વ્યાકુળ કે વ્યાક્ષેપ હોય તો એક ન્યૂન યાવત્ ઘટતાં ઘટતાં ત્રણને અવશ્ય વાંદવા જોઈએ. એ પ્રમાણે દૈવસિકની વિધિ છે. પાક્ષિકમાં અવશ્ય પાંચને વાંદે, ચાતુર્માસ અને સંવત્સરીમાં સાત સાધુને અવશ્ય વાંદે, તેમને વાંદીને જે આચાર્યને આશ્રયણ માટે કરાય તે ત્રીજું વંદન, પ્રત્યાખ્યાન માટે કરાય તે ચોથું વંદન.

સ્વાધ્યાયમાં ફરી વાંદીને પ્રસ્થાપિત થાય તે પહેલું, પ્રસ્થાપિત થઈ પ્રવેદન કરતાં બીજું, પછી ઉદ્દિષ્ટ અને સમુદ્દિષ્ટને ભણે છે, ઉદ્દેશ અને સમુદ્દેશના વંદનનો અહીં અંતર્ભાવ છે. પછી જો ચતુર્ભાગ શેષ પૌરુષી રહે ત્યારે પાત્રોની પ્રતિલેખના કરે છે. જો ભણવાની ઈચ્છા ન હોય તો વાંદે છે. જો ભણવાની ઈચ્છા હોય તો વાંદ્યા વિના પાત્રા પડિલેહે છે. પડિલેહણ કરીને પછી ભણે છે, કાળ વેળાએ વાંદીને પ્રતિક્રમે છે. આ ત્રીજું.

એ પ્રમાણે પૂર્વાહ્ણમાં સાત વંદન થયા.

અપરાહ્ણે - સંધ્યામાં કે બપોર પછીના પણ સાત જ થાય.

અનુજ્ઞા વંદનનો સ્વાધ્યાય વંદનમાં અંતર્ભાવ થાય છે. પ્રતિક્રમણના ચાર તો પ્રસિદ્ધ જ છે.

એ પ્રમાણે આ ધ્રુવ એવા રોજ ચૌદ વંદન અભક્તાર્થીને થાય. બીજાને પ્રત્યાખ્યાન વંદન અધિક થાય છે.

કતિકૃત્વા દ્વાર કહ્યું. વંદન આદિ પહેલી દ્વાર ગાથા કહી. હવે બીજી દ્વાર ગાથાની વ્યાખ્યા કરે છે - તેમાં ''કેટલા અવનત'' ઈત્યાદિ —

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (48)



● નિર્યુક્તિ-૧૨૦૨/૧-વિવેચન :-

બે અવનત, યથાજાત-કૃતિકર્મ, દ્વાદશાવર્ત્ત. અવનત - ઉત્તમાંગ પ્રધાન પ્રણમન [મસ્તક નમાવવા દ્વારા] તેમાં પહેલું — પહેલી વારના इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए० નામે 'છંદ' અનુજ્ઞાપના માટે અવનમે છે, બીજું - જ્યારે આવર્ત્ત કરીને નીકળતો, इच्छामि ઈત્યાદિ સૂત્રથી ફરી 'છંદ' અનુજ્ઞાપના માટે અવનમે છે.

યથાજાત-શ્રમણત્વ આશ્રિત જન્મ. તેમાં રજોહરણ, મુહપત્તિ અને ચોલપટ્ટો માત્રથી શ્રમણ જન્મ થાય. જેમ યોનિથી હાથના સંપુટપૂર્વક નીકળે, એ પ્રમાણે જ વાંદે છે. તેનાથી અવ્યતિરિક્ત યથાજાત જ કહેવાય. એવું કૃતિકર્મ કરે.

દ્વાદશાવર્ત્ત - સૂત્રાભિધાનગર્ભ કાય વ્યાપાર વિશેષ જેમાં છે તે સંક્ષેપથી દ્વાદશાવર્ત્ત કહેવાય છે. અહીં પહેલાં પ્રવેશમાં છ આવર્ત્તો થાય છે. अहोकायं થી जवणिज्जं च भे સૂત્ર મધ્યે ગુરુ ચરણે રાખેલ હાથ અને શિર સ્થાપનારૂપ, બહાર નીકળીને, ફરી પ્રવેશીને પણ આ જ છ આવર્ત્ત થાય.

આ અપાંતરાલ બે દ્વાર આદ્ય દ્વારને ઉપલક્ષીને જાણવા.

અવનત દ્વાર ગયા. હવે 'कति शिर' દ્વાર માટે ગાથાખંડ કહે છે.

● નિર્યુક્તિ-૧૨૦૨/૨-વિવેચન :-

જેમાં ચાર શિરો નમન, ત્રણ ગુપ્ત, બે પ્રવેશ, એક નિષ્ક્રમણ છે. ચાર શિરો નમન આ રીતે — પહેલાં પ્રવેશમાં ખામણા કાળે શિષ્ય અને આચાર્ય બંનેના શિર અને ફરી નિષ્ક્રમણ કરીને પ્રવેશતા આ બે.

ત્રણ ગુપ્તિ જેમાં છે તે — મનથી સમ્યક્ પ્રણિહિત, વચનથી અસ્ખલિત અક્ષરનું ઉચ્ચારણ, કાયા વડે આવર્ત્તોને ન વિરોધતો વાંદે.

બે પ્રવેશ - પહેલાં અનુજ્ઞા લઈને પ્રવેશતો, બીજું નીકળીને ફરી પાછો પ્રવેશે તે. એક નિષ્ક્રમણ - આવશ્યકીથી નીકળે તે.

આ અપાંતરાલ ત્રણ દ્વારમાં कति शिर દ્વારથી ઉપલક્ષિત જાણવા. હવે કેટલા આવશ્યકોથી પરિશુદ્ધ છે, તે દ્વારાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૧૨૦૩,૧૨૦૪-વિવેચન :-

અવનમન બે, યથાજાત, બાર આવર્ત્તો, ચાર શિર, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ, એક નિષ્ક્રમણ એમ પચીશ આવશ્યકોથી પરિશુદ્ધ કૃતિકર્મ કરવું જોઈએ અન્યથા દ્રવ્યકૃતિકર્મ કહેવાય. કહ્યું છે —

● નિર્યુક્તિ-૧૨૦૫-વિવેચન :-

કૃતિકર્મ-વંદનને કરવા છતાં કૃતિકર્મનો નિર્જરાભાગી ન થાય. ક્યારે ? ઉક્ત પચીશ આવશ્યકમાંના કોઈ સ્થાનને વિરાધે તો. જેમ વિકલ અનુષ્ઠાનવાળી વિદ્યા ફળદાયી થતી નથી. એમ કૃતિકર્મ પણ નિર્જરા ફળદા થતું નથી. હવે અવિરાધકના ગુણો દર્શાવે છે —

● નિર્યુક્તિ-૧૨૦૬-વિવેચન :-

અવનતાદિ પચીશ આવશ્યકોથી શુદ્ધ - તેનાથી અવિકલ કૃતિકર્મ જે કોઈ કરે છે, કોને ? આચાર્યાદિને કે અન્ય ગુણયુક્તોને, તે સ્વલ્પકાળમાં મોક્ષને અથવા વિમાન-દેવલોકને પામે છે.

कति दोष માં બત્રીશ દોષ રહિત કહેવા, તે દોષ આ પ્રમાણે —

● નિર્યુક્તિ-૧૨૦૭ થી ૧૨૧૧-વિવેચન :-

૧- અનાદર, સંભ્રમ રહિત વાંદે, ૨- સ્તબ્ધ - જાતિ આદિ મદયુક્ત થઈ વાંદે, ૩- પ્રવિદ્ધ - વંદન દઈને તુરંત નાશી જાય, ૪- પરિપિંડિત - અનેક વંદનથી વાંદે, આવર્ત્ત કે વ્યંજનાભિલાપોને વ્યવચ્છિન્ન કરતો વાંદે, ૫- ટોલગતિ - તિડની જેમ ઉડતો વાંદે, ૬- અંકુશ - રજોહરણને બે હાથમાં અંકુશવત્ ગ્રહણ કરીને વાંદે, ૭- કાચબાની જેમ રેંગતો વાંદે, ૮- માછલીની માફક જલ્દીથી એકને વાંદીને બીજા સાધુને બીજા પડખાથી પરાવર્તતો વાંદે.

૯- મનમાં દ્વેષ રાખી, વંદ્યને કોઈક ગુણથી હીન માનતો અસૂયાપૂર્વક વાંદે, ૧૦- વેદિકાબદ્ધ - જાનુ ઉપર બંને હાથ રાખી ઈત્યાદિ રીતે વાંદે, ૧૧- ભયથી વાંદે - ક્યાંક મને ગચ્છાદિથી બહાર ન કરી દે. ૧૨- ભજતો એવો વાંદે - જેથી તેના ભક્તો મને વાંદે. ૧૩- મૈત્રી નિમિત્તે - પ્રીતિને ઈચ્છતો વાંદે, ૧૪-ગારવ - ગૌરવ નિમિત્તે વાંદે, મને આ સામાચારી કુશલ જાણે. ૧૫- કારણ - જ્ઞાનાદિ સિવાયના કારણે વાંદે, જેમકે મને વસ્ત્રાદિ આપશે. ૧૬- સ્તૈન્ય - બીજાથી પોતાને છુપાવીને વાંદે - રખેને! મારી લઘુતા ન થઈ જાય.

૧૭- પ્રત્યનીક-આહારાદિકાળે વાંદે, ૧૮- રુષ્ટ - ક્રોધથી ધમ-ધમતો થઈ વાંદે, ૧૯- તર્જિત - કોપ પણ ન કરે - કૃપા પણ ન કરે કાષ્ઠની માફક વંદન કરે, ૨૦- શઠ - શઠતાથી વાંદે, ગ્લાનાદિનો વ્યપદેશ કરી સમ્યક્ રીતે ન વાંદે, ૨૧- હીલિત - હે ગણી ! વાચક ! શું તમને વાંદુ, એમ હીલના કરી વાંદે. ૨૨- વિપલિ કુંચિત - અડધુ વાંદતા દેશાદિ કથા કરે. ૨૩- દૃષ્ટાદૃષ્ટ કે તમસમાં રહી ન વાંદે, ૨૪- શ્રૃંગમ્ - મસ્તકના એક દેશથી વાંદે.

૨૫- કર-ટેક્ષ [Tax] માનીને વાંદે, નિર્જરાર્થ નહીં. ૨૬- મોચન - વંદન કરીશ તો જ છોડશે, એમ માનીને વાંદે, ૨૭- આશ્લિષ્ટ અનાશ્લિષ્ટ - આ રજોહરણ અને મસ્તક વડે થતી ચતુર્ભંગી છે. તેમાં પહેલો ભંગ-રજોહરણને બે હાથે પકડીને મસ્તકે હાથ લગાડે તે સુંદર છે, બાકીના ત્રણે ભંગ સામાન્ય છે, ૨૮- વ્યંજનાભિલાપમાં અસંપૂર્ણ આવશ્યકથી વાંદે, ૨૯- ઉત્તરચૂડ-વંદન કરી પછી મોટા શબ્દોથી ''મત્થએણ વંદામિ'' એમ બોલે. ૩૦- મૂક - આલાવાને ઉચ્ચાર્યા વિના વાંદે, ૩૧- ઢઢ્ઢર-મોટા શબ્દોથી ઉચ્ચારતો વાંદે. ૩૨- ચુડુલી - ઉલ્કા માફક છેડેથી રજોહરણ પકડીને ભમાડતો વાંદે.

આ બત્રીશ દોષો છે, આના વડે પરિશુદ્ધ કૃતિકર્મ કરવું. જો આમાંના કોઈ દોષથી દુષ્ટ વંદન કરે તો તેના ફળને ન પામે.

● નિર્યુક્તિ-૧૨૧૨-વિવેચન :-

કૃતિકર્મ-વંદનને કરતો પણ કૃતિકર્મ નિર્જરાનો ભાગી ન થાય, જો તે બત્રીશ દોષમાંના કોઈપણ સાધુ સ્થાનને વિરાધે છે.

દોષરહિત કૃતિકર્મકરણમાં ગુણોને દર્શાવતો કહે છે —

● નિર્યુક્તિ-૧૨૧૩-વિવેચન :-

જે બત્રીશ દોષથી પરિશુદ્ધ કૃતિકર્મ ગુરુને પ્રયોજે છે, તે થોડાં કાળમાં જ નિર્વાણને પામે છે, અથવા વિમાનવાસી થાય છે. શું દોષ પરિશુદ્ધ થઈ વંદનરૂપ ગુણથી જલ્દી નિર્વાણ પામે ? તો કહે છે —

● નિર્યુક્તિ-૧૨૧૪-વિવેચન :-

આવશ્યકમાં અવનતાદિમાં દોષ ત્યાગમાં જેમ જેમ પ્રયત્ન કરે, કંઈ હીન કે



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (49)



અધિક ન કરે, કેવો થઈને ? ત્રિવિધ કરણ-મન, વચન, કાયામાં ઉપયુક્ત થઈને. તેમ તેમ તે વંદનકર્તાને નિર્જરા અર્થાત્ કર્મક્ષય થાય છે. તેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. - x -

દોષવિમુક્ત દ્વાર કહ્યું. હવે किम क्रियते એ દ્વાર કહે છે. તેમાં વંદન કરવાના કારણો પ્રતિપાદન કરતા કહે છે —

● નિર્યુક્તિ-૧૨૧૫-વિવેચન :-

વિનયોપચાર, માનનું ભંજન, ગુરુજનની પૂજા, તીર્થંકરાજ્ઞા, શ્રુતધર્મારાધના અને અક્રિયા એ કારણો કહ્યા. તેમાં (૧) વિનય એ જ ઉપચાર તે વિનયોપચાર. (૨) માન-અહંકારનો વિનાશ, તે માટે વંદન. (૩) માનભગ્ન વડે ગુરુજનની પૂજના થાય, (૪) તીર્થંકરની આજ્ઞાપાલન થાય, કેમકે ભગવંતે વિનયમૂલ ધર્મ ઉપદેશેલો છે, તે વંદનાદિ લક્ષણ જ વિનય છે. (૫) શ્રુતધર્મની આરાધના થાય છે, કેમકે વંદન પૂર્વક શ્રુતનું ગ્રહણ થાય છે. (૬) અક્રિય - પરંપરાએ અક્રિયા થાય છે. કેમકે અક્રિય ને સિદ્ધ છે.

આ પણ પરંપરાએ વંદન લક્ષણ વિનયથી જ થાય છે પરમ ઋષિઓએ કહેલ છે — ''ભગવન્ ! તથારૂપ શ્રમણ કે માહણ વંદન કરતો કે પર્યુપાસના કરતો, તે વંદન અને પર્યુપાસનાનું શું ફળ પામે ? ગૌતમ ! શ્રવણ ફળને પામે, શ્રવણથી જ્ઞાનફળ થાય, જ્ઞાનથી વિજ્ઞાનફળ થાય, વિજ્ઞાનથી પચ્ચક્ખાણ ફળ થાય, તેનાથી સંયમરૂપ ફળ પામે. સંયમથી અનાશ્રવ ફલ પામે, આશ્રવથી તપ રૂપ ફળને પામે, એ રીતે અક્રિયાને પામીને પરંપરાએ સિદ્ધિગમનરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. આ જ વાત વાચકમુખ્યએ પણ કહી છે —

વિનયનું ફળ શુશ્રૂષા છે, શુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે, જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિનું ફળ આશ્રવ નિરોધ છે, આશ્રવના નિરોધથી સંવર થાય, સંવરથી તપોબળ, તપોબળથી નિર્જરા ફળ કહ્યું. તેનાથી ક્રિયા નિવૃત્તિ થાય, ક્રિયા નિર્વૃત્તિથી અયોગીત્વ પામે યોગના નિરોધથી ભવસંતતિનો ક્ષય થાય છે, ભવસંતતિના ક્ષયથી મોક્ષ થાય તેથી બધાં કલ્યાણનું ભાજન વિનય છે.

● નિર્યુક્તિ-૧૨૧૬-વિવેચન :-

વિનય એ શાસનનું મૂળ છે, વિનીત સંયત થાય છે. આ વિનયથી મૂકાયેલાને ધર્મ કે તપ ક્યાંથી હોય ? —૦— જેના વડે જીવો શાસિત થાય તે શાસન-દ્વાદશાંગ, તેમાં વિનય મૂળ છે. કહ્યું છે — વૃક્ષમાં મૂળથી સ્કંધ ઉત્પન્ન થાય છે, સ્કંધમાંથી પછી શાખા ઉગે છે. શાખાથી પ્રશાખા નીકળે છે, તેમાંથી પાંદડા, તેમાંથી પછી ફૂલ, ફળ અને રસ આદિ નીકળે છે. એ પ્રમાણે ધર્મનું મૂળ વિનય છે, તેનાથી મોક્ષ છે, જેનાથી કીર્તિ, શ્રુત આદિ પમરાય છે.

આ વિનયોપચાર માટે કૃતિકર્મ કરાય છે, હવે વિનય એટલે શું ? - વિનયનો શબ્દાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૧૨૧૭-વિવેચન :-

જેનાથી આઠ પ્રકારના કર્મો નાશ પામે છે, જે ચાતુરંત મોક્ષને માટે અને સંસારના વિનાશને માટે છે, તેને વિદ્વાનો વિનય કહે છે. विनयनात् विनयः, સંસાર ક્ષીણ થવો અથવા સંસાર નષ્ટ થવો તે વિનય. જેમ વિનીતા ગાય-દુધ વગરની કહેવાય.

किम क्रियते દ્વાર દ્વાર પૂરું થયું. कति अवनत ઈત્યાદિ દ્વાર ગાથા કહી. હવે અહીં

અધ્યયન શબ્દાર્થ નિરૂપણીય છે. તે બીજે સ્થાને કહેલ હોવાથી અહીં જણાવતા નથી. નામ નિષ્પન્ન નિક્ષેપ પુરો થયો.

હવે સૂત્ર આલાપક નિષ્પન્નના નિક્ષેપનો અવસર છે તે સૂત્ર હોય તો જ થાય છે. સૂત્ર સૂત્રાનુગમથી આવે. તેથી તેની વક્તવ્યતા માટે આ સૂત્ર કહે છે –

**● સૂત્ર-૧૦ :-**

*[શિષ્ય કહે છે –] હે ક્ષમાશ્રમણ ! આપને હું ઈન્દ્રિયો તથા મનની વિષયવિકારના ઉપઘાત રહિત, નિર્વિકારી અને નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઈચ્છું છું. મને આપની મર્યાદિત ભૂમિમાં પ્રવેશવાની અનુજ્ઞા આપો.*

*નિસીહી [એમ કહી શિષ્ય અવગ્રહમાં પ્રવેશે.]*

*અધોકાય એટલે આપના ચરણને હું મારી કાયા વડે સ્પર્શું છું. તેથી આપને જે કંઈ તકલીફ થાય તેની ક્ષમા આપશો.*

*અલ્પગ્લાનીવાળા આપનો દિવસ સુખપૂર્વક વ્યતીત થયો ? આપને સંયમ યાત્રા વર્તે છે. આપને ઈન્દ્રિયો ઉપઘાતરહિત વર્તે છે ?*

*હે ક્ષમાશ્રમણ ! દિવસ દરમ્યાન થયેલા અપરાધોને હું ખમાવું છું. આવશ્યક ક્રિયા માટે હવે હું અવગ્રહની બહાર જાઉં છું.*

*દિવસ દરમ્યાન આપ ક્ષમાશ્રમણની કોઈપણ આશાતના કરી હોય, તેનાથી હું પાછો ફરું છું. વળી મિથ્યાભાવથી થયેલ આશાતના વડે, મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિ થકી થયેલ આશાતના વડે, ક્રોધ-માન-માયા-લોભની વૃત્તિ દ્વારા થયેલ આશાતના વડે, સર્વકાળ સંબંધી - સર્વ પ્રકારના મિથ્યા ઉપચારો દ્વારા તે સર્વ પ્રકારના ધર્મના અતિક્રમણને લીધે થયેલ આશાતના વડે.*

*જે કોઈ અતિચારો થયા હોય, તેનાથી હે ક્ષમાશ્રમણ ! હું પાછો ફરું છું. તે અતિચરણની નિંદા કરું છું. આપની સમક્ષ તે અતિચારની ગર્હા કરું છું અને તે અશુભ યોગમાં પ્રવર્તેલા મારા ભૂતકાલીન આત્મપર્યાયનો ત્યાગ કરું છું.*

**● વિવેચન-૧૦ [સૂત્રનું] :-**

સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના, પ્રત્યવસ્થાન એ છ ભેદે સૂત્ર વિષયક વ્યાખ્યા કરાય છે.

તેમાં અસ્ખલિત પદોચ્ચારણ તે સંહિતા કહેવાય. તે આ – इच्छामि खमासमणो० ઈત્યાદિ સૂત્રરૂપ છે.

હવે પદ વિભાગ કહે છે – इच्छामि क्षमाश्रमण ! वन्दितुं यापनीयया नैषेधिक्या अनुजानीत० ઈત્યાદિ સૂત્ર-પદો છે.

હવે પદાર્થ અને પદવિગ્રહ યથાસંભવ કહીએ છીએ –

इच्छामि - ઈચ્છામાં, આનું ઉત્તમપુરુષ એક વચનાંત રૂપ છે ક્ષમા - સહન કરવું તે. શ્રમ-તપ કે ખેદમાં જાણવું. તપ આદિ શ્રમ પામે તે શ્રમણ. ક્ષમાપ્રધાન શ્રમણ તે ક્ષમાશ્રમણ. તેમને આમંત્રણ છે.

वंदितुं - વંદન કરવા માટે. યાપનીયા વડે, નિષેધ કરવો તે નૈષેધિકી. એ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (50)



પ્રમાણે બાકીના પદાર્થો પણ વ્યુત્પત્તિથી કહેવા. અમે શિષ્યના સંમોહાર્થે કહેતા નથી. હવે પ્રકૃત સૂત્રનો અર્થ –

અવગ્રહની બહાર રહેલો શિષ્ય અર્ધઅવનતશરીરથી બે હાથમાં રજોહરણ લઈને વંદનને માટે ઉધત થઈ કહે છે કે – હું ઈચ્છુ છું – હે ક્ષમાશ્રમણ ! આપને નમસ્કાર કરવાને.

યાપનીયયા - યથાશક્તિયુક્ત થઈને.

નૈષેધિક્યા - પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત શરીર વડે.

એટલામાં ગુરુ વ્યાક્ષેપાદિ યુક્ત હોય તો ''ત્રિવિધેન'' કહે છે. પછી શિષ્ય સંક્ષેપમાં વંદન કરે છે. જો ગુરુ વ્યાક્ષેપાદિ રહિત હોય તો ''છંદસા'' એમ બોલે છે, ત્યારે શિષ્ય ત્યાં રહીને આ પ્રમાણે કહે –

'અણુજાણહ' અનુજ્ઞા પ્રદાન કરો. મમ - એ પોતાને માટે કરાયેલ નિર્દેશ છે. શેની ? મિત એવો આ અવગ્રહ, તે અવગ્રહ આચાર્યની ચારે દિશામાં તેમના શરીર પ્રમાણ ક્ષેત્ર કહેવાય. તેમાં તેમની અનુજ્ઞા લીધા સિવાય પ્રવેશ કરવો ન કલ્પે.

ત્યારે ગુરુ કહે – ''અણુજાણામિ''

ત્યારપછી શિષ્ય 'નિસીહી' કહી પ્રવેશીને ગુરુના પાદાંતિકને ધારીને ત્યાં રજોહરણને પછી લલાટને બે હાથ વડે સ્પર્શતા આ પ્રમાણે બોલે – अ हो का यं - પગ રૂપ જે અધોકાયને પોતાના દેહ વડે સ્પર્શ તે અધોકાય સ્પર્શ, તેને હું કરું છું. આની અનુજ્ઞા આપો. તથા 'ક્ષમણીય' - આપ ખમો હવે દેહ ગ્લાનિરૂપ. તથા અલ્પ-સ્તોક કલાંત - ખેદ. તે થોડા ખેદને તે ઘણાં સુખ વડે. આપનો દિવસ પસાર થયો ? આપનો દિવસ સુખેથી પસાર થયો ?

એટલામાં ગુરુ કહે છે – 'તહત્તિ', [હા, તે પ્રમાણે છે.] જેમ તમે કહો છો. ફરી શિષ્ય કહે છે – 'યાત્રા' તપો નિયમાદિ રૂપ અથવા ક્ષાયિક-મિશ્ર-ઔપશમિક ભાવલક્ષણા યાત્રા આપને સારી રીતે વર્તે છે ?

ત્યારે ગુરુ કહે છે – તારે પણ વર્તે છે ? મારે વર્તે છે.

ફરી શિષ્ય કહે છે – આપનો યાપનીય અર્થાત્ ઈન્દ્રિય અને નોઈન્દ્રિયનો ઉપશમ વર્તે છે ? 'શરીર' અર્થ પણ થાય. ત્યારે ગુરુ કહે છે – હા, યાપનીય વર્તે છે.

ફરી શિષ્ય કહે છે – હે ક્ષમાશ્રમણ ! મને ક્ષમા કરો. [ક્ષમા શેના માટે ?] દૈવસિક વ્યતિક્રમ - દિવસ સંબંધી અપરાધોને. અહીં દૈવસિકનું ગ્રહણ રાત્રિક આદિના ઉપલક્ષણાર્થે છે. ત્યારે તેને ગુરુ કહે છે – હું પણ પ્રમાદથી ઉદ્‌ભવેલ દિવસ સંબંધી અપરાધોને ખમાવું છું. પછી શિષ્ય પ્રણમીને જ આલોચના યોગ્ય અને પ્રતિક્રમણ યોગ્યને ખમાવીને પ્રાયશ્ચિત્ત વડે આત્માને શોધિત કરતો એટલામાં અકરણતયા [ન કરવા વડે] ઉત્થિત થઈ અવગ્રહથી બહાર નીકળીને જે રીતે અર્થ વ્યવસ્થિત છે તે રીતે ક્રિયા વડે પ્રદર્શિત કરતો આવશ્યિકી ઈત્યાદિ દંડકસૂત્ર કહે છે.

અવશ્ય કર્તવ્ય ચરણ કરણ યોગોથી નિર્વૃત્તા તે આવશ્યિકી. તેના વડે આસેવન દ્વારથી હેતુભૂત જે સાધુ અનુષ્ઠિત છે તેનું હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્

દૂર થાઉ છું.

આટલું સામાન્યથી કહીને વિશેષથી કહે છે — ક્ષમાશ્રમણના વ્યાવર્ણિત સ્વરૂપ સંબંધી દિવસ વડે નિર્વૃત્તા જ્ઞાનાદિ લાભની શાતના અર્થાત્ આશાતના વડે. આ આશાતના 33-કહી. તેમાં ચાર મૂળ આશાતનામાં સમવતરે છે. દ્રવ્યાદિ ચાર આશાતના.

દ્રવ્યાશાતના — રાત્નિકની સાથે ભોજન કરતો મનોજ્ઞ આહાર પોતે ખાઈ લે, એ પ્રમાણે ઉપધિ અને સંસ્તારકાદિમાં કહેવું. ક્ષેત્રાશાતના - રાત્નિકની નીકટ જવાથી થાય છે, કાલાશાતના-રાત્રે કે વિકાલે બોલાવે ત્યારે મૌનપણે રહે અને ભાવાશાતના - આચાર્યને તું-તા કરીને વાત કરે.

એમ તેત્રીશે આશાતના આ દ્રવ્યાદિમાં આવી જાય.

તેમાં જે કોઈ મિથ્યાને આશ્રીને, મન વડે દુષ્કૃતા તે મનોદુષ્કૃતા અર્થાત્ પ્રદ્વેષ નિમિત્તતાથી. અસાધુવચન નિમિત્તતાથી, નીકટ ગમનાદિ નિમિત્તે કાયદુષ્કૃતતાથી તથા ક્રોધ-માન-માયા-લોભથી અનુગતપણાથી. તેનો ભાવાર્થ આ છે — ક્રોધાદિ અનુગતથી જે કોઈ વિનયભ્રંશાદિ રૂપ આશાતના કરાઈ તેના વડે.

એ પ્રમાણે દૈવસિકી આશાતના કહી.

હવે આ ભવની અને અભવગત એવા અતીત અને અનાગત કાળના સંગ્રહને માટે કહે છે - સર્વકાળથી, અતીતાદિ નિર્વૃત્તા, તે સાર્વકાલિકી, તેના વડે. બધી જ મિથ્યોપચારા - માયા સ્થાનગર્ભિત ક્રિયા વિશેષા જેમાં છે તે સંક્ષેપપણાથી. સર્વધર્મા - આઠ પ્રવચન માતા, તેનું અતિક્રમણ - ઉલ્લંઘન જેમાં છે તે સર્વધર્માતિક્રમણા.

આવા પ્રકારની આશાતના વડે. મેં જે અતિચાર-અપરાધ કર્યા. તે અતિચારોનું હે ક્ષમાશ્રમણ ! આપની સાક્ષીએ પ્રતિક્રમણ કરું છું - ફરી ન કરવા વડે નિવર્તુ છું. તથા દુષ્ટ કર્મકારી આત્માને હું પ્રશાંત ભવ ઉદ્વિગ્ન ચિત્તથી નિંદુ છું. આપની સાક્ષીએ હું આત્માની ગર્હા કરું છું. દુષ્ટકર્મકારી આત્માને તેની અનુમતિના ત્યાગ વડે હું વ્યુત્સર્જન કરું છું - તજુ છું. સામાયિકાનુસાર નિંદાદિ પદાર્થો કહેવા.

એ પ્રમાણે ખમાવીને ફરી ત્યાં રહીને જ અર્દ્ધાવનતકાયાથી જ બોલે — 'इच्छामि खमासमणो' ઈત્યાદિ બધું કહેવું. માત્ર આટલું વિશેષ કે 'खामेमि खमासमणो' ઈત્યાદિ બધું સૂત્ર આવસ્સિયાए છોડીને ગુરુના પગે પડીને જ કહેવું.

શિષ્યના અસંમોહને માટે સૂત્ર સ્પર્શિક ગાથા સ્વસ્થાને છોડીને કંઈક તેના અર્થકથન વડે જ પદાર્થો જણાવ્યા.

● નિર્યુક્તિ-૧૨૧૮-વિવેચન :-

ઈચ્છા, અનુજ્ઞાપના, અવ્યાબાધ, યાત્રા, યાપના અને અપરાધ ખામણા આ છ સ્થાનો વંદનમાં હોય છે. તેમાં 'इच्छा' છ ભેદે —

● નિર્યુક્તિ-૧૨૧૯-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ પ્રમાણે 'इच्छा' શબ્દનો નિક્ષેપો છ ભેદે થાય. તેમાં નામ અને સ્થાપના સુગમ છે.

દ્રવ્યેચ્છા - સચિત્ત આદિ દ્રવ્યનો અભિલાષ કે અનુપયુક્ત इच्छामि એમ કહે. ક્ષેત્રેચ્છા - મગધ આદિ ક્ષેત્રનો અભિલાષ. કાલેચ્છા-રાત્રિ આદિ કાળનો અભિલાષ. - X - ભાવેચ્છા - પ્રશસ્ત અને અપ્રશસ્ત બે ભેદે છે. પ્રશસ્તા-તે જ્ઞાનાદિ અભિલાષ, અપ્રશસ્ત-સ્રવાદિ અભિલાષ અહીં શિષ્યની ભાવેચ્છાથી અધિકાર છે.

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (51)



ક્ષમાદિ પદો ગાથામાં કહ્યા નથી, તેના યથાસંભવ નિક્ષેપાદિ કહેવા. ક્ષુણ્ણ હોવાથી અને ગ્રંથ વિસ્તાર ભયથી અહીં કહેલ નથી.

ઈચ્છા કહી, હવે અનુજ્ઞા કહે છે. તે પણ છ ભેદે છે —

● નિર્યુક્તિ-૧૨૨૦-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ પ્રકારે અનુજ્ઞાનો નિક્ષેપ થાય છે. તેમાં નામ અને સ્થાપનાનો અર્થ સામાન્ય છે.

દ્રવ્યાનુજ્ઞા - લૌકિકી, લોકોત્તરા અને કુપ્રાવચનિકી છે. લૌકિકી-સચિત્તાદિ દ્રવ્ય ભેદથી ત્રણ પ્રકારે છે. - X - લોકોત્તરા પણ ત્રણ ભેદે છે — કેવળ શિષ્ય, ઉપકરણ સહિત શિષ્ય અને વસ્ત્રાદિની અનુજ્ઞા. એ પ્રમાણે કુપ્રાવચનિકીની વક્તવ્યતા કહેવી.

ક્ષેત્રાનુજ્ઞા - જે જેને જેટલા ક્ષેત્રની અથવા જે ક્ષેત્રમાં અનુજ્ઞા કરાય તે. કાલાનુજ્ઞા પણ કહેવી. ભાવાનુજ્ઞા-આચારાદિ અનુજ્ઞા. અહીં ભાવાનુજ્ઞાનો અધિકાર છે. હવે અહીં ગાથામાં ન કહ્યા છતાં અક્ષુણ્ણ હોવાથી અવગ્રહનો નિક્ષેપ કરે છે—

● નિર્યુક્તિ-૧૨૨૧-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ પ્રકારે અવગ્રહનો નિક્ષેપો હોય છે. તેમાં દ્રવ્યાવગ્રહ - સચિત્તાદિ ભેદે છે. ક્ષેત્રાવગ્રહ - જે જે ક્ષેત્રને અવગ્રહે છે, તેમાં ચોતરફ સવા યોજન. કાલાવગ્રહમાં જે જે કાળને અવગ્રહે છે તે - વર્ષામાં ચાર માસ, ઋતુબદ્ધ કાળે એક માસ. ભાવાવગ્રહ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદે છે. પ્રશસ્ત તે જ્ઞાનાદિ અવગ્રહ. અપ્રશસ્ત તે ક્રોધાદિ અવગ્રહ જાણવો. - અથવા -

અવગ્રહ પાંચ ભેદે છે — દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિક એ પાંચનો અવગ્રહ વીતરાગ ભગવંતે કહેલ છે.

અહીં ભાવ અવગ્રહ અને સાધર્મિક અવગ્રહનો અધિકાર છે.

ગુરુનો અવગ્રહ, તેમની ચારે દિશામાં તેમના શરીર પ્રમાણનો જાણવો. તે સદા અનનુજ્ઞાત છે, તેમાં પ્રવેશવું કલ્પતું નથી. તેથી તેમાં અનુજ્ઞા પામીને પ્રવેશે છે.

● નિર્યુક્તિ-૧૨૨૨-વિવેચન :-

બહારના ક્ષેત્રમાં રહીને, અનુજ્ઞા પામીને મિત અવગ્રહમાં રજોહરણ વડે સ્પર્શે, પછી અવગ્રહ ક્ષેત્રમાં પ્રવેશે. કેટલે દૂર સુધી ? તે કહે છે — મસ્તક વડે પાદ સ્પર્શના થાય ત્યાં સુધી.

અવ્યાબાધ દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી - ખડ્ગ આદિ વડે આઘાત વ્યાબાધ કારણ રહિત અને ભાવથી સમ્યગ્દૃષ્ટિ ચારિત્રવાનને. અહીં પણ કાયાદિના નિક્ષેપ વગેરે યથાસંભવ સ્વબુદ્ધિથી કહેવા.

યાત્રા-દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી તાપસ આદિનું સ્વ ક્રિયામાં જવું તે. ભાવથી સાધુનું સ્વક્રિયામાં ઉત્સર્પણ.

યાપના બે ભેદે - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી ઔષધાદિ વડે કાયાની યાપના. ભાવથી ઈન્દ્રિય અને નોઈન્દ્રિયના ઉપશમથી શરીરની.

ક્ષામણા - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી કલુશ આશયવાળાના આ લોકના અપાય, ભાવથી સંવેગ પામેલ સમ્યગ્દૃષ્ટિના કહે છે —

● નિર્યુક્તિ-૧૨૨૩-વિવેચન :-

અવ્યાબાધ બે ભેદે૦ ઈત્યાદિ પૂર્વે વૃત્તિમાં કહેવાઈ ગયું છે. અપરાધ ખામણા પણ સવિસ્તાર વિભાષા કહેવી. એ પ્રમાણે બાકીના પદોમાં નિક્ષેપાદિ કહેવા. આ સૂત્રમાં પ્રાયઃ વેદમાનની વિધિ કહી. નિર્યુક્તિકારે પણ તેની જ વ્યાખ્યા કરી.

હવે વંદ્યગત [વંદન પામનાર]ની વિધિ જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૧૨૨૪-વિવેચન :-

છંદેણ, અણુજાણામિ, તહત્તિ, તમને પણ વર્તે છે, એ પ્રમાણે હું પણ તને ખમાવું છું, આ બધાં વંદન યોગ્યના વચનો છે.

વિષય વિભાગ તો પદાર્થ નિરૂપણામાં નિર્દેશેલ જ છે.

● નિર્યુક્તિ-૧૨૨૫-વિવેચન :-

વંદન યોગ્ય વડે એ પ્રમાણે પ્રતિવચનો કહેવાવા જોઈએ. अपि શબ્દના જ-કાર અર્થપણાથી ઋદ્ધયાદિ ગૌરવ રહિતતાથી, કષાય રહિત શુદ્ધ હૃદયથી, વંદન કરનારને સંવેગ જન્માવે તેવા, અહીં સંવેગ - એટલે શરીરાદિનો પૃથક્ભાવ અથવા મોક્ષની ઉત્સુકતા.

આ પ્રમાણે સૂત્ર સ્પર્શ નિર્યુક્તિથી સૂત્રની વ્યાખ્યા કહી. પદાર્થ અને પદ વિગ્રહ કહ્યો. હવે 'ચાલના' કહે છે —

● નિર્યુક્તિ-૧૨૨૬-વિવેચન :-

અહીં આવર્ત્ત, આવશ્યિકી આદિમાં યુગપત્-એક સાથે કાયા અને વચનનો વ્યાપાર કહેલ છે. તેમ હોય તો યુગપત્ બે ક્રિયાનો પ્રસંગ આવે. પરંતુ બંને ક્રિયા એક સાથે નિષેધેલ છે, કેમકે બે ઉપયોગનો એક સાથે અભાવ છે. તેથી આ વ્યાપાર અયુક્ત છે. તેથી સૂત્ર બોલીને કાય વ્યાપાર જ કરવો જોઈએ, તેથી કહે છે —

● નિર્યુક્તિ-૧૨૨૭-વિવેચન :-

અહીં ભિન્ન-ભિન્ન વસ્તુ વિષયમાં બે ક્રિયાનો નિષેધ છે. યુગપત્ જો સૂત્ર અને અર્થ કહોતો નય આદિ ગોચર અટન કરે છે. તેમાં ઉત્પ્રેક્ષામાં જ્યારે ઉપયુક્ત હોય ત્યારે અટનમાં ન હોય અને અટનમાં હોય ત્યારે ઉત્પ્રેક્ષામાં ઉપયોગ ન હોય, કેમકે કાળની સૂક્ષ્મતા છે. વિલક્ષણવિષયા ત્રણે યોગની ક્રિયા પણ અવિરુદ્ધ છે. જેમ કહેલ છે કે — ભંગિક શ્રુતને ગણતો ત્રણે પણ યોગમાં વર્તે છે. પ્રત્યવસ્થાન કહ્યું.

● નિર્યુક્તિ-૧૨૨૮,૧૨૨૯-વિવેચન :-

શિષ્ય પહેલા પ્રવેશમાં વાંદવાને માટે આવશ્યિકીથી પ્રતિક્રમી, બીજા પ્રવેશમાં ફરી વાંદે છે. શું ચાલના છે અથવા જેમ દૂત રાજાને નમીને કાર્યનું નિવેદન કરે, પછી, વિસર્જિત કરાયા પછી વાંદીને જાય એ પ્રમાણે જ સાધુઓ પણ [બે વાંદણામાં કરે છે.]

● નિર્યુક્તિ-૧૨૩૦-વિવેચન :-

અનંતર કહેલ કૃતિકર્મ-વંદન વિધિને યોજીને ચરણ-કરણમાં ઉપયુક્ત થયેલા સાધુઓ ઘણાં ભવમાં ઉપાર્જિત અને સંચિત કર્મો ખપાવે છે. કેટલાં ખપાવે ? અનંત. અનુગમ કહ્યો. નયો સામાયિક નિર્યુક્તિવત્.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (52)



# ❁ અધ્યયન-૪-"પ્રતિક્રમણ" ❁

— x — x — x — x — x — x — x —

વંદન અધ્યયનની વ્યાખ્યા કરી. હવે પ્રતિક્રમણનો આરંભ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે — અનંતર અધ્યયનમાં અર્હત્ ઉપદિષ્ટ સામાયિક ગુણવાળાને જ વંદન પ્રતિપત્તિ કરવી એવું પ્રતિપાદિત કર્યું. અહીં વળી તેમ ન કરનાર આદિથી સ્ખલિતની જ નિંદા જણાવે છે અથવા વંદન અધ્યયનમાં કૃતિકર્મરૂપ સાધુ ભક્તિને તત્ત્વથી કર્મક્ષય કહ્યો. જેમકે — વિનય ઉપચાર, માનનું ભંજન, ગુરુજનની પૂજા, તીર્થંકરની આજ્ઞા, શ્રુતધર્મનું આરાધન અને અક્રિયા થાય છે.

પ્રતિક્રમણ અધ્યયનમાં મિથ્યાત્વ આદિ પ્રતિક્રમણ દ્વારથી કર્મનિદાન નિષેદ બતાવે છે. કહેશે કે — "મિથ્યાત્વનું પ્રતિક્રમણ તેમજ અસંયમમાં પણ પ્રતિક્રમણ, કષાયોનું પ્રતિક્રમણ અને અપ્રશસ્ત યોગોનું પણ પ્રતિક્રમણ અથવા સામાયિકમાં ચારિત્રનું વર્ણન કર્યુ. ચતુર્વિંશતિ સ્તવમાં અરહંતોની ગુણ સ્તુતિ કરી, તે દર્શન-જ્ઞાનરૂપ છે. એ પ્રમાણે આ ત્રણેથી યુક્ત છે. આ વિતથ આસેવનના આલોક કે પરલોકના અપાયો દૂર કરવા ગુરુને નિવેદન કરવું જોઈએ અને તે વંદના પૂર્વક થાય તે આનાથી અનંતર અધ્યયનમાં બતાવ્યું. અહીં તે નિવેદન કરીને પછી શુભ સ્થાનોમાં જ પ્રતીપક્રમણનું આસેવન કરવું તે બતાવે છે. આ રીતે આના દ્વારા અનેકરૂપ સંબંધથી આવેલ આ પ્રતિક્રમણ અધ્યયનના ચાર અનુયોગ દ્વાર યુક્તિ સહિત કહેવા જોઈએ.

તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપમાં પ્રતિક્રમણ અધ્યયન છે. તેમાં પ્રતિક્રમણને નિરૂપે છે. પ્રતિ - એ આ ઉપસર્ગ છે. તે પ્રતિપાદ્ય અર્થમાં વર્તે છે. પ્રતીપ કે પ્રતિકૂળ ક્રમણ [ગમન] તે પ્રતિક્રમણ. અહીં એમ કહે છે કે — શુભ યોગોમાંથી અશુભ યોગમાં ગયેલાનું શુભમાં જ પાછું કે પ્રતિકૂળ જે ક્રમણ તે પ્રતિક્રમણ. કહ્યું છે કે — સ્વસ્થાનથી જે પરસ્થાને પ્રમાદના વશથી ગયેલનું ફરી ત્યાં જ ગમન તે પ્રતિક્રમણ કહેવાય. અથવા ક્ષાયોપશમિક ભાવથી ઔદયિક ભાવને વશ ગયેલને ત્યાં જ તે જ અર્થે પ્રતિકૂળ જઈને સ્મરવું તે. અથવા પ્રતિ પ્રતિ ક્રમણ તે પ્રતિક્રમણ અર્થાત્ શુભ યોગોમાં પ્રતિ પ્રતિ વર્તવું તે. કહ્યું છે — મોક્ષ ફળ દેનારા શુભ યોગોમાં પ્રતિ પ્રતિ વર્તન, જે નિઃશલ્યનો યત્ન તેને પ્રતિક્રમણ જાણવું - x -

● નિર્યુક્તિ-૧૨૩૧-વિવેચન :-

પ્રતિક્રમણ, પ્રતિક્રમક અને પ્રતિક્રમિતવ્ય એ અનુક્રમે ત્રણે અતીત, વર્તમાન અને અનાગત કાળમાં હોય છે. તેમાં પ્રતિક્રમણ શબ્દ પૂર્વે કહ્યો. પ્રતિક્રમે છે તે પ્રતિક્રમક, પ્રતિક્રાંતવ્ય-તે અશુભ યોગરૂપ કર્મ. - x - પ્રતિક્રમણાદિ ત્રણ કાળમાં યોજવા.

શંકા - પ્રતિક્રમણ એ અતીત વિષયક છે. કહ્યું છે — અતીતનું પ્રતિક્રમણ કરું છું, વર્તમાનને સંવરુ છું અને ભાવિને પચ્ચકખુ છું, તો ત્રણ કાળમાં કઈ રીતે અહીં યોજ્યું ? [સમાધાન] પ્રતિક્રમણ શબ્દ જ અહીં અશુભયોગ નિવૃત્તિ માત્રના અર્થમાં સામાન્યથી ગ્રહણ કરેલ છે. તેમ હોવાથી અતીત વિષય પ્રતિક્રમણ નિંદા દ્વારથી

અશુભયોગની નિવૃત્તિ છે. વર્તમાન વિષય તે સંવર દ્વારથી અશુભયોગની નિવૃત્તિ છે. ભાવિકાળ વિષયક તે પ્રત્યાખ્યાન દ્વારથી અશુભ યોગની નિવૃત્તિ જ છે. તેમાં દોષ નથી.

હવે પ્રતિક્રામકનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં કહે છે –

● નિર્યુક્તિ-૧૨૩૨-વિવેચન :-

જીવો જ અશુભ પાપકર્મ યોગના પ્રતિક્રામક છે - અહીં પ્રતિક્રમે છે તે પ્રતિક્રામક. જો કે બધાં જીવો પ્રતિક્રામક નથી પરંતુ સમ્યગ્દૃષ્ટિરૂપયુક્ત જીવો પ્રતિક્રામક છે. કોના પ્રતિક્રામક છે ? અશુભ કે અશોભન એવા પાપકર્મ વ્યાપારના.

પ્રશ્ન - પાપકર્મ યોગ અશુભ જ હોય. પછી અશુભ વિશેષણ શા માટે ? ના, તેમ નથી. સ્વરૂપના અન્વાખ્યાન માટે છે. ધ્યાન અને પ્રશસ્ત યોગોને આશ્રીને પ્રતિક્રમતા નથી. પણ તેને સેવે છે. અહીં મનોયોગના પ્રાધાન્યને જણાવવાને ધ્યાનનું પૃથક્ ગ્રહણ છે. પ્રશસ્ત યોગના ઉપાદાનથી ધ્યાન પણ ધર્મ અને શુક્લ ભેદે પ્રશસ્ત જાણવું.

પ્રશ્ન - પ્રતિક્રમણને છોડીને પહેલાં પ્રતિક્રામક કેમ કહ્યું ? પ્રતિક્રામકની અલ્પ વક્તવ્યતા છે અને કર્તાને અધીનપણે ક્રિયા છે, માટે પહેલાં કહ્યું તેમાં દોષ નથી. - X - X - પ્રતિક્રામક કહ્યો. હવે પ્રતિક્રમણનો અવસર છે. તે શબ્દના પર્યાયો વડે તેની વ્યાખ્યા કરે છે –

● નિર્યુક્તિ-૧૨૩૩-વિવેચન :-

પ્રતિક્રમણ, પ્રતિચરણ, પરિહરણ, વારણ, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શોધિ એ પ્રતિક્રમણના આઠ પર્યાયો કહ્યા. –૦– પ્રતિક્રમણનું તત્ત્વથી નિરૂપણ કર્યુ, હવે ભેદથી નિરૂપે છે. તે નામાદિ ભેદે છે –

● નિર્યુક્તિ-૧૨૩૪-વિવેચન :-

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ ભેદે પ્રતિક્રમણનો નિક્ષેપો થાય છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્ય પ્રતિક્રમણ અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિનું લબ્ધ્યાદિ નિમિત્તે અથવા ઉપયુક્ત કે નિહ્નવનું પુસ્તકાદિમાં રહેલ પ્રતિક્રમણ છે. ક્ષેત્રપ્રતિક્રમણ જે ક્ષેત્રમાં વર્ણવાય કે કરાય તે - X - કાળ પ્રતિક્રમણ બે ભેદે છે - ધ્રુવ અને અધ્રુવ. તેમાં ધ્રુવ તે ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં અપરાધ હોય કે ન હોય તો પણ ઉભયકાળે કરાય તે અને મધ્યના તીર્થંકરના તીર્થોમાં અધ્રુવ - કારણે કરાય તે.

ભાવ પ્રતિક્રમણ બે ભેદે છે – પ્રશસ્ત અને અપ્રશસ્ત. પ્રશસ્ત તે મિથ્યાત્વ આદિનું અને અપ્રશસ્ત તે સમ્યકત્વાદિનું અથવા ઓઘથી જ ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિનું, પ્રશસ્તનો અહીં અધિકાર છે.

પ્રતિચરણા - પ્રતિ પ્રતિ તે અર્થોમાં ગમન, તે-તે આસેવના પ્રકારથી પ્રતિચરણા. તે છ ભેદે છે. તેથી કહે છે –

● નિર્યુક્તિ-૧૨૩૫-વિવેચન :-

નામ અને સ્થાપના પ્રતિચરણા સુગમ છે. દ્રવ્ય પ્રતિચરણા અનુપયુક્ત સમ્યક્દૃષ્ટિનું તે અર્થોમાં આચરણીય-ગમન, અથવા ઉપયુક્ત કે નિહ્નવનું લબ્ધ્યાદિ નિમિત્તે હોય તે. જ્યાં પ્રતિચરણા વ્યાખ્યાન થાય કે પ્રતિચરણા કરાય તે. જે કાળમાં પ્રતિચરણા થાય તે કાળથી પ્રતિચરણા અને ભાવ પ્રતિચરણા પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદે છે. અપ્રશસ્તા-મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ પ્રતિચરણા અને પ્રશસ્ત તે સમ્યગ્દર્શન,

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (53)



જ્ઞાન, ચારિત્ર પ્રતિચરણા ઈત્યાદિ પૂર્વવત્.

શુભયોગમાં પ્રવર્તન તે પ્રતિક્રમણ. પ્રતિચરણા પણ તેમજ છે. હવે પરિહરણા એટલે સર્વ પ્રકારથી વર્જના. તે આઠ ભેદે છે –

● નિર્યુક્તિ-૧૨૩૬-વિવેચન :-

(૧) નામ, (૨) સ્થાપના સુગમ છે. (૩) દ્રવ્ય પરિહરણા હેય વિષય આશ્રિત છે. - X - (૪) પરિહાર પરિહરણા - લૌકિક અને લોકોત્તર ભેદે છે. - X - (૫) વર્જના પરિહરણા - લૌકિક અને લોકોત્તર ભેદે છે, લૌકિકમાં ઈત્વર અને યાવત્કથિકા - X - લોકોત્તરમાં ઈત્વર - શય્યાતરપિંડાદિ પરિહરણા અને યાવત્કથિકા તે રાજપિંડાદિ પરિહરણા. (૬) પરિરય પરિહરણા - પર્વત કે નદીનો પરિરય પરિહરવો તે. (૭) અનુગ્રહ પરિહરણા (૮) ભાવ પરિહરણા - પ્રશસ્ત અને અપ્રશસ્ત. અપ્રશસ્ત તે જ્ઞાનાદિ પરિહરણા અને પ્રશસ્ત તે ક્રોધાદિ પરિહરણા અથવા ઔઘથી ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિનો અહીં અધિકાર છે. આની પ્રતિક્રમણ પર્યાયતા એ છે કે – પ્રતિક્રમણ પણ અશુભ યોગ પરિહારથી જ હોય.

વારણા - વારવું, નિષેધ. તે નામાદિ ભેદથી છ પ્રકારે –

● નિર્યુક્તિ-૧૨૩૭-વિવેચન :-

નામ અને સ્થાપના વારણા સુગમ છે. દ્રવ્ય વારણા - તાપસ આદિના હળખેડ આદિ પરિભોગ નિ્ેધ અથવા અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિને દેશના ઈત્યાદિ - X - ક્ષેત્ર વારણા - જે ક્ષેત્રમાં વર્ણવાય કે કરાય તે અથવા અનાર્યક્ષેત્ર. કાળ વારણા - જે કાળમાં વર્ણવાય કે કરાય તે અથવા વિકાલાદિમાં કે વર્ષામાં વિહારનો નિષેધ. ભાવ વારણા બે ભેદે છે - પ્રશસ્ત અને અપ્રશસ્ત. પ્રશસ્ત તે પ્રમાદવારણા, અપ્રશસ્ત તે સંયમ આદિ વારણા અથવા ઓઘથી ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિના. તેનો અહીં અધિકાર છે. આની પ્રતિક્રમણ પર્યાયતા પ્રગટ જ છે.

હવે નિવૃત્તિ કહે છે. નિવર્તવું તે નિવૃત્તિ છ ભેદે કહે છે –

● નિર્યુક્તિ-૧૨૩૮-વિવેચન :-

નામ અને સ્થાપના નિવૃત્તિ સુગમ છે. શેષ કથન વારણા માફક સ્વબુદ્ધિથી કહેવું. યાવત્ પ્રશસ્ત ભાવ નિવૃત્તિનો અહીં અધિકાર છે.

હવે નિંદા - તેમાં નિંદવું તે નિંદા, આત્માની આમે જ પોતાના આત્માની કુત્સા કરવી. તે નામાદિ ભેદે છ પ્રકારે છે –

● નિર્યુક્તિ-૧૨૩૯-વિવેચન :-

નામ અને સ્થાપના નિંદા સુગમ છે. દ્રવ્યાદિ નિંદાનું કથન 'વારણા' માફક જ છે. ભાવનિંદા આ રીતે - પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદે. અપ્રશસ્ત તે સંયમાદિ આચરણ વિષયક અને પ્રશસ્ત તે અસંયમાદિ આચરણ વિષયક. જેમકે – અરેરે ! મેં ખોટું કર્યુ, ખોટું કરાવ્યું, ખોટાની અનુમતિ આપી, વનદવથી જેમ વૃક્ષનું પોલાણ બળે તેમ મારું અંતર આ દુષ્કૃત્યથી બળી રહેલ છે. શેષ પૂર્વવત્.

હવે 'ગર્હા' ગર્હણા તે ગર્હા - પર સાક્ષીએ પોતાની કુત્સા. તે પણ નામાદિ ભેદથી છ પ્રકારે જ છે. તેથી કહે છે –

● નિર્યુક્તિ-૧૨૪૦-વિવેચન :-

નામ અને સ્થાપના ગર્હા સુગમ છે. દ્રવ્ય ગર્હા-તાપસાદિની જ સ્વ ગુરુ

આલોચનાદિથી કે અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિ કે ઉપયુક્ત નિહ્નવ આદિની ગર્હણા. યાવત્ અહીં પ્રશસ્ત ગર્હાનો અધિકાર છે.

હવે શુદ્ધિ, શોધવું તે શુદ્ધિ અર્થાત્ વિમલીકરણ. તે નામાદિ ભેદથી છ પ્રકારે.

● નિર્યુક્તિ-૧૨૪૧-વિવેચન :-

નામ અને સ્થાપના શુદ્ધિ સુગમ છે. દ્રવ્ય શુદ્ધિ - તાપસાદિની સ્વગુરુ પાસે આલોચના અથવા અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિ કે ઉપયુક્ત નિહ્નવની વસ્ત્ર કે સુવર્ણાદિની જળ-ક્ષારાદિથી શુદ્ધિ. ક્ષેત્રશુદ્ધિ જે ક્ષેત્રમાં કહેવાય કે કરાય અથવા ક્ષેત્રના કુલિકાદિ અસ્થ્યાદિ શલ્યનું ઉદ્ધરણ. કાળ શુદ્ધિ - જ્યાં શુદ્ધિ કહેવાય કે કરાય અથવા શંકુ આદિ વડે કાળની શુદ્ધિ કરાય તે. ભાવશુદ્ધિ બે ભેદે - પ્રશસ્ત અને અપ્રશસ્ત. પ્રશસ્ત તે જ્ઞાનાદિની. અપ્રશસ્ત - અશુદ્ધ છતાં ક્રોધાદિનું વૈમલ્ય આધાન અથવા ઔઘથી જ ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિની પ્રશસ્ત છે, તેનો અહીં અધિકાર છે. આની પ્રતિક્રમણ પર્યાયતા સ્પષ્ટ છે.

એ રીતે આઠ પ્રતિક્રમણ - પર્યાયો કહ્યા. હવે શિષ્યના અનુગ્રહને માટે પ્રતિક્રમણાદિ પદોના યથાક્રમે દૃષ્ટાંતો બતાવતા કહે છે.

● નિર્યુક્તિ-૧૨૪૨-વિવેચન :-

(૧) માર્ગ, (૨) પ્રાસાદ, (૩) દુગ્ધકાય, (૪) વિષભોજન - તળાવ, (૫) બે કન્યા, (૬) પતિમારિકા (૭) વસ્ત્ર અને (૮) અગદ.

તેમાં પ્રતિક્રમણમાં માર્ગનું દૃષ્ટાંત છે - જેમ એક રાજાએ નગર બહાર પ્રાસાદ કરવાની ઈચ્છાથી શોભન દિવસે સૂત્રો પાડ્યા, રક્ષકો નીમ્યા અને કહ્યું કે જો કોઈ અહીં પ્રવેશે તો તેને મારી નાંખવો. પણ જો તે જ પગે પાછો ચાલતો સરકી જાય, તો તેને છોડી દેવો. પછી તે રક્ષકોના વ્યાક્ષિપ્ત ચિત્ત કાળહત બે ગામડીયા પુરુષો તેમાં પ્રવેશ્યા. તે બંને બહુ દૂર ગયા ન હતા, તેમને રક્ષકોએ જોયા. ખડ્ગ વડે પકડીને ખેંચ્યા.

તે બંનેને કહ્યું – અરે દાસો! અહીં કેમ પ્રવેશ્યા? તે બંનેમાં એક કાકધૃષ્ટ બોલ્યો – આમાં શો દોષ છે એમ બોલી આમ-તેમ દોડવા લાગ્યો. તેને ત્યાંજ રક્ષકોએ મારી નાંખ્યો. બીજો ડર્યો અને ત્યાં જ બંને પગે ઉભો રહીને બોલ્યો – હે સ્વામી! હું અજાણતા જ પ્રવેશ્યો છું મને મારશો નહીં. તમે જેમ કહો તેમ હું કરવા તૈયાર છું. તેઓ બોલ્યા – જો કોઈ આક્રમણ કર્યો. વિના તે જ પગે પાછા સરકી જાય, તો મૂકી દેવાય છે.

તે ડરીને પરમ પ્રયત્નથી તે જ પગલે પાછો ફરી ગયો. તેને છોડી દેવાયો. તે આ લોકના ભોગોનો ભાગી થયો. બીજો ભ્રષ્ટ થયો. આ દ્રવ્ય પ્રતિક્રમણ કહ્યું. ભાવમાં દૃષ્ટાંતનો ઉપનય કહે છે –

રાજાના સ્થાને તીર્થંકર છે. પ્રાસાદને સ્થાને સંયમની રક્ષા કરવી જોઈએ તે આજ્ઞા છે, તે ગામડીયાના સ્થાને એક સાધુએ આજ્ઞાને અતિક્રમી. તે રાગ-દ્વેષ રક્ષકો વડે હણાયો. લાંબા કાળ સુધી તે સંસારમાં જન્મ મરણોને પ્રાપ્ત કરશે અને જે કોઈપણ રીતે પ્રમાદથી અસંયમને પામ્યા છે, પછી તેમાંથી પ્રતિ નિવૃત્ત થઈને ફરી તેમ ન કરવા વડે પ્રતિક્રમણ કરે છે, તે નિર્વાણના ભાગી થાય છે.

આ પ્રતિક્રમણમાં માર્ગનું દૃષ્ટાંત કહ્યું.

(૨) હવે પ્રતિચરણામાં પ્રાસાદનું દૃષ્ટાંત કહે છે – એક નગરમાં ધનસમૃદ્ધ વણિક હતો. તેને હમણાંનો બનાવેલ રત્નનો ભરેલો પ્રાસાદ હતો. તે તેની પત્નીને પ્રાસાદ સોંપીને દિગ્યાત્રાને માટે ગયો. તેણી શરીરમાં આસક્ત હતી, મંડન-પ્રસાધનાદિમાં રોકાયેલી

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (54)



રહેતી, તે પ્રાસાદનું અવલોકન કરતી ન હતી. તેથી તેનો એક ભાગ પડી ગયો. તેણી વિચારે છે – આનું હું શું કરીશ? અન્ય કોઈ દિવસે પીપળાનો છોડ થયો, પડી ગયો. હવે આનું શું કરીશ એમ વિચારી છોડ ન કાઢ્યો. તેના વધવાથી પ્રાસાદ ભાંગી ગયો.

તે વણિક્ પાછો આવ્યો. નાશ પામેલો પ્રાસાદ જોયો. તેણીને ઘરની બહાર કાઢી મૂકી. બીજો પ્રાસાદ કરાવ્યો. બીજી પત્ની લાવ્યો અને કહ્યું – જો આ પ્રાસાદ વિનાશ પામશે ત્યારે તને નહીં છોડું એમ કહીને દિગ્યાત્રાને માટે ગયો. તેણી પણ તે પ્રાસાદને સર્વાદરથી ત્રણ સંધ્યાએ અવલોકે છે. જે કંઈ તેમાં કાષ્ઠકર્મ, લેપ્યકર્મ, ચિત્રકર્મ રાજ્યાદિમાં જોતી તેને કંઈક આપી, લાવીને પ્રાસાદમાં ગોઠવતી. તેથી તે પ્રાસાદ તેવો જ રહ્યો.

વણિકે આવીને જોયું. ખુશ થઈને આખા ઘરની સ્વામિની બનાવી. વિપુલ ભોગ સન્મુખ થયા. જ્યારે પૂર્વેની સ્ત્રી અશન, વસ્ત્રાદિ રહિત અત્યંત દુઃખી થઈ. આ દ્રવ્ય પરિચરણા. ભાવમાં દૃષ્ટાંત ઉપનય કહે છે.

વણિક્ સ્થાનીય આચાર્ય, પ્રાસાદને સ્થાને સંયમ, પ્રતિચરવું તે આજ્ઞા છે. એક સાધુ વડે સાતા સૌખ્યની બહુલતાથી પ્રતિચરણ ન કર્યું. તે વણિક્‌ની પત્ની માફક સંસારમાં દુઃખનું ભાજન થઈ. જેણે પ્રતિચરણ વડે અક્ષત સંયમ પ્રાસાદ ધર્યો, તે નિર્વાણ સુખ ભાગી થયો.

(૩) હવે પ્રતિહરણામાં દુગ્ધકાયનું દૃષ્ટાંત કહે છે – દુગ્ધકાય નામે દુગ્ધઘટકનો કાપોતીનો એક કુળપુત્ર, તેની બે બહેનો કોઈ ગામમાં રહેતા હતા. તેને પુત્રી જન્મી. તે બંને બહેનોને પુત્રો થયા. બંને વય પ્રાપ્ત થતાં, તે બંને પણ બહેનો એક સાથે જ તેને વરાવવા આવી.

તે બોલ્યો કે બંને અર્થી છે, બે માંથી કોને પ્રિય કરું ? તેણે બંને બહેનોને કહ્યું – જઈને પુત્રોને મોકલ, જે ખેદજ્ઞ હશે, તેને મારી પુત્રી આપીશ. તેણે તે બંને યુવાનોને ઘડા આપ્યા, કહ્યું કે ગોકુળ જઈને દુધ લઈ આવો. તેને બંને કાપોતી [કાવડ] લઈને ગયા. તે બંને દુધના ઘડા ભરી કાવડ લઈને પ્રતિનિવૃત્ત થયા [પાછા ફર્યા] ત્યાં બે માર્ગો હતા – (૧) ફરીને જતો હતો તે સમ હતો. (૨) ઋજુક હતો, પણ વિષમ ઠુંઠા, કાંટાદિની બહુલતાવાળો હતો.

બે માંથી એક પુત્ર ઋજુ માર્ગે ચાલ્યો, તેના અથડાવાથી એક ઘડો ભાંગી ગયા, તેના પડવાથી બીજો પણ ભાંગ્યો. તે ખાલી હાથે પાછો ફર્યો. મામાની પાસે આવ્યો. બીજી બહેનનો પુત્ર સમ માર્ગથી ધીમે ધીમે આવ્યો. તેથી દુધની કાવડને અક્ષત લાવી શક્યો. તેના પ્રતિ કુળપુત્ર ખુશ થયો. બીજાને કહ્યું કે – મેં કહેલ ન હતું કે કોણ જલ્દી કે મોડો આવશે, મેં માત્ર એમ કહેલું કે દુધ લઈને આવવું. જે દુધ લાવ્યો, તેને પોતાની પુત્રી પરણાવી. બીજા ભાણેજને કાઢી મૂક્યો. આ દ્રવ્ય પરિહરણા કહી.

ભાવ પરિહરણામાં આ દૃષ્ટાંતનો ઉપનય કહે છે – કુળપુત્રના સ્થાને તીર્થંકરની આજ્ઞા, દુધના સ્થાને ચારિત્રની અવિરાધના અને કન્યાના સ્થાને સિદ્ધિની પ્રાપ્તિ છે. ગોકુળ સ્થાને માનવભવ, ચારિત્રમાં ઋજુમાર્ગ જિનકલ્પિકોનો છે, તે ભગવંતો સંઘયણ અને ધૃતિ સંપન્ન હોય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આપત્તિમાં વિષમતામાં પણ ઉત્સર્ગથી ચાલે છે. વક્ર એ સ્થવિરકલ્પીનો માર્ગ છે. તે ઉત્સર્ગ અને અપવાદયુક્ત છે. વિષમ છે જે અયોગ્ય એવો જિનકલ્પના માર્ગને સ્વીકારે છે, તે દુધના ઘડાના સ્થાને રહેલ ચારિત્ર વિરાધીને કન્યા સ્થાને રહેલ સિદ્ધિના ભાગી ન થાય. જે વળી ગીતાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-

ભાવ આપત્તિમાં યતના વડે વર્તે છે, તે સંયમ વિરાધ્યા વિના સિદ્ધિને પામે છે.

(૪) હવે વારણામાં વિષભોજન તળાવનું દૃષ્ટાંત છે – એક રાજાએ પરસૈન્યને દૂરથી આવતું જાણીને ગામમાં દુધ, દહીં, ભક્ષ્ય, ભોજ્ય આદિમાં ઝેર ભેળવે છે. જે મીઠા પાણીના વાવ અને તળાવાદિ છે તેમાં પણ, જે વૃક્ષો પુષ્પ અને ફળો યુક્ત છે. તેમાં પણ વિષ ભેળવી ભાગી ગયો. બીજો રાજા આવ્યો. તેણે બધું વિષભાવિત જાણીને સૈન્યમાં ઘોષણા કરાવી કે જે આ ભક્ષ્ય-ભોજન કરશે, તળાવાદિનું મીઠું પાણી પીશે, આ વૃક્ષના પુષ્પ-ફળ આદિના ઉપભોગ કરશે, તે મરશે. માટે આ ક્ષાર વાળું કટુક દુર્ગંધી પાણીનો ઉપભોગ કરવો. જેટલાં આ ઘોષણા સાંભલીને અટક્યા, તે જીવ્યા, જે ન અટક્યા [વિરમ્યા] તેઓ મર્યા. આ દ્રવ્ય વારણા.

ભાવ વારણા - આ દૃષ્ટાંતનો ઉપનય લેવો. રાજાને સ્થાને તીર્થંકરે વિષયુક્ત અન્ન, પાન સમાન વિષયો છે તેમ કહીને વારણ કર્યુ. તેમાં જેઓ આસક્ત થાય છે, તેઓ ઘણાં જન્મ-મરણોને પામશે. જેઓ તેમાં આસક્ત નહીં થાય, તેઓ સંસારનો પાર પામશે.

(૫) હવે નિવૃત્તિમાં બે કન્યામાં પહેલાં કોલિક કન્યાનું દૃષ્ટાંત કહે છે – કોઈ એક નગરમાં કોલિક હતો. તેની શાળામાં ધૂર્તો આવેલા. તેમાં એક ધૂર્ત મધુર સ્વરથી ગાતો હતો. તે કોલિકની પુત્રી તેની સાથે પ્રેમમાં આસક્ત થઈ. તેણીને ધૂર્તે કહ્યું – આપણે નાસી જઈએ, જેથી કોઈ ન જાણે. તે કન્યા બોલી - મારી સખી રાજકન્યા છે, તેની સાથે મારે સંકેત છે કે આપણે બંને એકની પત્ની થઈશું. તેથી હું રાજકન્યા વિના એકલી ન આવું. ધૂર્ત બોલ્યો – રાજકન્યાને પણ સાથે લઈ લો. તેણીને કહ્યું, તેણીએ હા પાડી. સવારમાં ભાગી છૂટ્યા. ત્યાં કોઈક બોલ્યું – જો કુત્સિતા કર્ણિકાર વૃક્ષ વિશેષો પુષ્પિત થવા સમર્થ નથી. જો નીચકો કુત્સામાં પણ અશોભન કાર્ય કરે, તો તારે શું કરવાનું ? અર્થાત્ સજ્જનોને આમ કરવું ઉચિત નથી.

આ પ્રમાણે સાંભળીને રાજકન્યા વિચારે છે - આ ચૂત [આમ્ર] વસંતમાં ઉપલબ્ધ થાય, જો કર્ણિકાર જેવા ચૈત્ય વૃક્ષો પુષ્પિત થાય તે ઉત્તમે પુષ્પિકા થઈને શું ? તે અધિકમાસ ઘોષણા ન સાંભળી અહો તે સારું કહ્યું – જો કોલિકી આવું કરે તો મારે શું કરવું ? તેથી રાજકન્યા બોલી કે હું રત્નનો ડાબલો ભૂલી ગઈ, એ પ્રમાણે છળ કરીને પાછી ચાલી ગઈ અર્થાત્ પ્રતિનિવૃત્ત થઈ. તે દિવસે સામંતરાજપુત્ર રાજાને શરણે આવેલો હતો. રાજાએ તેને આ કન્યા પરણાવી દીધી. ઈષ્ટ થયું. તેણે સસરા સાથે અગ્ર દાયાદને જીતીને રાજ્ય મેળવ્યું. રાજકન્યા તેની મહાદેવી થઈ આ દ્રવ્ય નિવૃત્તિ કહી. ભાવ નિવૃત્તિમાં આ દૃષ્ટાંતનો ઉપનય છે –

કન્યાના સ્થાને સાધુ છે. ધૂર્ત તે વિષયોમાં આસક્ત, ગીતને સ્થાને આચાર્ય વડે અનુશિષ્ટ નિવૃત્ત તે સુગતિ પામ્યા. બીજા કુગતિ પામ્યા.

બીજું દૃષ્ટાંત દ્રવ્ય-ભાવ નિવૃત્તિમાં કહે છે – એક ગચ્છમાં એક તરુણ ગ્રહણ-ધારણ સમર્થ હતો, તેથી તેને આચાર્ય બનાવેલ. કોઈ દિવસે તે અશુભ કર્મના ઉદયથી દીક્ષા છોડવાના વિચારે નીકળી ગયા. જતાં-જતાં ગીતને સાંભલ્યું. તેણે મંગલ નિમિત્તે તેમાં ઉપયોગ મૂક્યો. તેમાં તરુણ શૂર યુવાનો આ ગીત ગાતા હતાં - સમર્થ પુરુષે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવો અથવા રણભૂમિમાં મરી જવું, પણ અસમાન લોકોના ઉલ્લાપો સહન કરવા નહીં કે જે કૂળમાં જન્મ્યા છે ત્યારે કોઈ મહાત્મા આ સંવાદ બોલ્યા – લજ્જા એ ગુણ સમુદ્રની માતા છે, જનનીની જેમ આર્યોને અતિ શુદ્ધ હૃદયથી અનુવર્તમાન

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (55)



છે. ઈત્યાદિ - x -

ગીતિકાનો ભાવાર્થ એવો છે કે – કેટલાંક પ્રાપ્ત યશવાળા, સ્વામી વડે સન્માનિત, વિરતાથી રણમાં સુભટોને પ્રહાર કરતા નાશ પામે, કોઈ સ્વપક્ષના યશના આશ્રિત સ્ખલના પામે છે. તે સાંભળીને પ્રતિનિવૃત્ત થાય, ઈત્યાદિ - x -. આ ગીતિકાનો અર્થ સાંભળીને તે સાધુને ચિંતા થઈ. આ પ્રમાણે સંગ્રામ સ્થાને પ્રવ્રજ્યા છે, જો તેનાથી પરાભૂત થાય તે અસદંશ લોકો વડે હેલના પામે. આ સાધુ પાછો આવેલ છે.

તે પ્રતિનિવૃત્ત થયો, આલોચના - પ્રતિક્રમણાદિથી પાછા ફર્યા.

(૬) હવે નિંદામાં બે કન્યામાં બીજી કન્યા ચિત્રકારપુત્રીનું દૃષ્ટાંત - એક નગરમાં રાજા હતો. બીજા રાજાને ચિત્ર સભા છે, મારે નથી એમ જાણીને મહા મોટી ચિત્રસભા કરાવીને ચિત્રકારોના સમૂહને સોંપી. તેઓ ચિત્રો કરતા હતા. તેમાં એક ચિત્રકારની પુત્રી ભોજન લઈને આવે છે. રાજા રાજમાર્ગે અશ્વ દોડાવતો જતો હતો. તે ડરીને નાસી ગઈ, કોઈ રીતે બચીને નીકળી ગઈ. ત્યારે તેનો પિતા પણ શરીર ચિંતાર્થે ગયેલો. તે કન્યાએ ત્યાં ભોંયતળીયે રંગોવડે મોરનું પીછું બનાવ્યું. રાજા પણ ત્યાં એકલો ફરતો હતો. ચિત્રકારપુત્રી ત્યાં અન્ય ચિત્તે રહેલી હતી. રાજાની ત્યાં દૃષ્ટિ ગઈ, મોરપીંછું લેવા માટે તેણે હાથ લંબાવ્યો. નખ ભટકાતા દુઃખી થયો.

તે વખતે ચિત્રકારપુત્રી હસીને બોલી – ત્રણ પાયા વડે આસંદક ન રહે જ્યાં સુધી ચોથો [પાયો] શોધતા તમે મળી ગયા. રાજાએ પૂછ્યું – કઈ રીતે ? તેણી બોલી – હું પિતા માટે ભોજન લાવતી હતી ત્યારે એક પુરુષ રાજમાર્ગમાં ઘોડાને દોડાવતો આવતો હતો, તેને એટલી ભાન નથી કે ક્યારેક કોઈકને મારી નાંખશે. હું મારા પુણ્યથી જીવું છું, આ એક પાયો. બીજો પાયો રાજા, તેણે ચિત્રકારો પાસે ચિત્રસભા વિરચાવી. તેમાં એકૈક કુટુંબમાં ઘણાં ચિત્રકારો છે, મારા પિતા એકલા છે. તેમાં પણ તેને જ ભાગ આપ્યો, ત્રીજો પાયો મારા પિતા, જ્યારે હું ભોજન લઈને આવું છું તે ઠંડુ થઈ જશે. એમ વિચાર્યા વિના અત્યારે જ શરીર ચિંતાર્થે જાય છે.

રાજા બોલ્યો – હું ચોથો પાયો કઈ રીતે ? ચિત્રકારપુત્રી બોલી – બધાં પણ પહેલા વિચારે કે અહીં મોર ક્યાંથી આવે ? કદાચ આવી પણ જાય તો પણ ક્યાંક નજરે તો ચડેને ? રાજા બોલ્યો – સાચી વાત, તે મૂર્ખ છે. રાજા ગયો. પિતાએ જમી લેતા તેણી ઘેર ગઈ. રાજાએ તેણી સાથે લગ્ન કરવા માંગુ મોકલ્યું. ચિત્રકાર બોલ્યો – અમે તો દરિદ્ર છીએ. અમારાથી રાજાની સપરિવાર પૂજા કઈ રીતે થાય ? રાજાએ તેમનું ઘર દ્રવ્યથી ભરી દીધું. ચિત્રકાર પુત્રી પરણીને રાજમાર્ગમાં ગઈ.

તેણીએ દાસીને શીખવાડ્યું કે રાજા સુવા આવે ત્યારે તારે કહેવું હે સ્વામિની ! જ્યાં સુધી રાજા આવે ત્યાં સુધી કંઈક વાર્તા કહો. [રાજા આવ્યો, તે પ્રમાણે દાસી બોલી.] ચિત્રકાર પુત્રી કથા કહે છે – એક કન્યા હતી. એકસાથે ત્રણ વર તેને પરણવા આવ્યા. દાક્ષિણ્યથી માતા-પિતાએ ત્રણેને આપી. તે રાત્રે સર્પ ડંસથી કન્યા મૃત્યુ પામી. એક તેની સાથે બળી ગયો. એકે અનશન કર્યું. એકે દેવને અરાધ્યો. દેવે તેને સંજીવન મંત્ર આપ્યો. તેણી જીવતી થઈ. તે ત્રણે પણ ઉપસ્થિત થયા, કન્યા કોને આપવી ? શું એકને, બેને કે ત્રણેને આપવી શક્ય છે ?

ત્યારે તેણી બોલી, હવે નિદ્રા આવે છે, કાલે કહીશ.

તે વાર્તાના કુતૂહલથી બીજી દિવસે પણ રાજાએ તે રાણીનો જ વારો રાખ્યો.

ત્યારે તે દાસીએ ફરી પૂછ્યું – કન્યા કોને આપી ? ચિત્રકાર પુત્રી રાણી બોલી કે જેણે તેને જીવાડી, તે તેનો પિતા કહેવાય, જે સાથે જીવી ગયો, તે ભાઈ કહેવાય. જેણે અનશન કર્યું તેને કન્યા અપાય.

દાસી બોલી – બીજી વાર્તા કહો. રાણી બોલી. એક રાજાના સોનીઓ ભોયરામાં મણિરત્નથી કરેલ ઉદ્યોત કરીને અંદર આભરણો કરે છે. એકે કહ્યું – શું વેળા થઈ ? એક બોલ્યો – રાત્રિ થઈ. તેણે કેમ જાણ્યું ? સૂર્ય કે ચંદ્ર દેખાતા ન હતા. તેણી બોલી ઉંઘ આવે છે, કાલે વાત.

બીજે દિવસે કહ્યું, તે રતાંધળો હતો. દાસી બોલી – બીજી વાર્તા કહો. એક રાજાએ બે ચોરને પેટીમાં પુરી સમુદ્રમાં ફેંક્યા કોઈએ તે પેટી જોઈ, ઉઘાડી તો મનુષ્યો જોયા. પૂછ્યું કેટલાં દિવસ પહેલાં તમને ફેંકેલા એકે કહ્યું – આજે ચોથો દિવસ છે. દાસી બોલી – તેણે કેમ જાણ્યું ?

ફરી બીજે દિવસે [રાત્રે] કહ્યું – તેને ચોથાંતરીયો તાવ આવતો હતો. દાસી બોલી – કોઈ બીજી વાર્તા કહો. બે શૌક્યો હતી, એકની પાસે રત્નો હતા, તેણી બીજી પત્નીનો વિશ્વાસ કરતી ન હતી. જ્યારે પણ બહાર જાય કે આવે ત્યારે ઘડામાં રાખેલાં રત્નો જુએ. બીજી પત્ની આ રહસ્ય જાણી ગઈ. રત્નો લઈ લીધા. પહેલી પત્નીએ જાણ્યું કે રત્નો ચોરાઈ ગયા છે. તો તેને જોયા વિના કેમ ખબર પડી ? કાલે વાત.

બીજે દિવસે કહ્યું કે – ઘડો કાચનો હતો. દાસી બોલી – બીજી વાર્તા કહો – એક રાજાને ચાર પુરુષ રત્નો હતા. તે આ પ્રમાણે – નૈમિત્તિક, રથકાર, સહસ્રયોધી અને વૈદ્ય. તેમાં કોઈ એકને બદલે ચારને આપી. કેમકે – કન્યા તે રાજાને અતિ સુંદર પુત્રી હતી. તેણીનું કોઈ વિદ્યાધરે હરણ કર્યું. કોઈ જાણતું ન હતું કે ક્યાં લઈ ગયો. રાજા બોલ્યો – જે કન્યા લાવે, તેને હું તેણી આપું. પછી નૈમિત્તિક બોલ્યો – અમુક દિશામાં લઈ ગયો છે. રથકાર વડે આકાશગમન રથ કરાયો. ચારે તે રથમાં બેસી નીકળ્યા. વિદ્યાધરને સહસ્રયોધીએ મારી નાંખ્યો. તેણે પણ મરતા-મરતા પે'લી કન્યાનું મસ્તક છેદી નાંખ્યુ. વૈદ્યે સંજીવની ઔષધિથી જીવિત કરી. ઘેર લાવ્યા. રાજાએ ચારેને કન્યા આપી. કન્યા બોલી – હું ચારેની પત્ની કઈ રીતે થઉં ? હું અગ્નિમાં પ્રવેશીશ. જે મારી સાથે અગ્નિમાં પ્રવેશે, હું તેની થઈશ. કોણ પ્રવેશશે ?

બીજે દિવસે [રાત્રે] કહ્યું – નિમિત્તકે નિમિત્તબળથી જાણ્યું કે આ મરશે નહીં, તેણે સાથે અગ્નિ પ્રવેશ સ્વીકાર્યો. કન્યાએ ચિતાની નીચે સુરંગ ખોદાવી. અગ્નિ પ્રગટાવ્યો. બંને સુરંગ દ્વારા નીકળી ગયા. કન્યા તેને આપી. દાસી બોલી – બીજી વાર્તા કહો.

રાણી બોલી - x - x - x - x - આવી આવી વાર્તાઓ કરતા કરતા રોજે રોજ રાજા તેણીનો વારો જ રાત્રે રાખતો, એ પ્રમાણે છ માસ ગયા. ત્યારે શૌક્ય રાણીઓ તે રાણીના છિદ્રો શોધવા લાગી. તે ચિત્રકાર પુત્રી રાણી ઓરડામાં પ્રવેશી એકલી જ પુરાણા વસ્ત્રોને આગળ કરી પોતાના આત્માને નિંદતી કે – તું માત્ર ચિત્રકારપુત્રી છો, આટલું જ તારા પિતાનું છે અને આ જે રાજ્યલક્ષ્મી છે. બીજી ઉદિતોદિત કૂળમાં જન્મેલી રાજકન્યાઓ છે, છતાં તેમને છોડીને રાજા તને અનુવર્તે છે, તો ખોટો ગર્વ ન કરીશ, એ પ્રમાણે રોજેરોજ બારણા બંધ કરીને કરે છે.

બીજી રાણીઓએ કોઈ રીતે તે વાત જાણી લીધી. તેઓ રાજાને પગે પડીને વિજ્ઞપ્તિ કરે છે - આ કાર્મણ કરનારી છે, મારી નાંખશે. તેણી ઓરડામાં પ્રવેશી કાર્મણ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (56)



કરે છે. રાજાએ તે જોયું અને સાંભળ્યું. ખુશ થઈ તેણીને મહારાણીની પદવી આપી. આ દ્રવ્ય નિંદા.

ભાવનિંદામાં સાધુ વડે આત્માને નિંદવો જોઈએ. હે જીવ ! તારા વડે સંસારમાં ભમતા નરક, તિર્યંચ ગતિમાંથી કોઈ રીતે મનુષ્યત્વ અને તેમાં સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર પામ્યો. જેની કૃપાથી સર્વ લોકોને માનનીય અને પૂજનીય થયો છે. તો ગર્વ કરીશ નહીં કે હું બહુશ્રુતાદિ છું.

(૭) ગર્હા - દ્રવ્ય ગર્હામાં પતિમારિકાનું દૃષ્ટાંત છે. એક બ્રાહ્મણ અધ્યાપક હતો. તેની પત્ની તરુણ હતી. તેણી વૈશ્વદેવને બલિ આપતા બોલતી – હું કાગડાથી ડરું છું. તેથી ઉપાધ્યાયે છાત્રોને નિયુક્ત કર્યા. રોજે રોજ ધનુષ્ ગ્રહણ કરીને રક્ષણ કરતાં ત્યારે તેણી વૈશ્વદેવને બલી કરતી. તેમાં એક છાત્રએ વિચાર્યુ કે – આ મુગ્ધા નથી કે કાગડાથી બીવે. તેણી પ્રત્યે શંકાથી જોતો, તેની પાછળ ફરવા લાગ્યો.

તેણી નર્મદાના સામા કાંઠે પિંડાર હતો તેનામાં આસક્ત હતી. કોઈ દિવસે તેણી ઘડા વડે નર્મદા નદી તરતી પિંડારની પાસે જતી હતી. ચોરો પણ નદી ઉતરી રહ્યા હતા. તેમાંના એક ચોરને શિશુ મારે પકડ્યો. તે બૂમો પાડવા લાગ્યો. તરુણ સ્ત્રી બોલી – તેની આંખ ઢાંકી દે, ઢાંકી દેતા તે ચોરને છોડી દીધો. તરુણી બોલી – કેમ ખરાબ કિનારેથી ઉતર્યો? તે છાત્ર આ બધું જોઈ-જાણીને પાછો ફર્યો. તેણી બીજે દિવસે બલિ કરે છે, તે છાત્રનો રક્ષણનો વારો હતો. તે બોલ્યો – "દિવસે કાગડાથી બીવે છે, રાત્રિના નર્મદા તરી જાય છે, તું ખરાબ કિનારાને જાણે છે અને આંખના છાદનની પણ તને ખબર છે."

તે તરુણી બોલી – શું કરું ? તારા જેવા મારી ઈચ્છા કરતા નથી. તરુણીએ તે છાત્રને પકડ્યો, બોલ – હું તને ગમું છું. છાત્ર બોલ્યો – હું ઉપાધ્યાય આગળ કઈ રીતે રહી શકું ? તરુણીએ વિચાર્યુ – જો હું આ ઉપાધ્યાયને મારી નાંખુ, તો આ મારો પતિ થશે. ઉપાધ્યાયને મારીને, પેટીમાં પધરાવીને અટવીમાં ફેંકી દેવા નીકળી, કોઈ વ્યંતરીએ તેને સ્તંભિત કરી દીધી. તેણી અટવીમાં ભમવા લાગી. ભુખને સહન કરી શકી નહીં. પછી તે ઉપાધ્યાયનું લોહી તેની ઉપર પડવા લાગ્યું. લોકો હેલણા કરવા લાગ્યા – આ પતિમારિકા જાય છે. તેણી પણ બોલવા લાગી - પતિમારિકાને ભિક્ષા આપો. એમ ઘણો કાળ ગયો. કોઈ દિવસે સાધ્વીના પગે પડતાં માથેથી પેટી પડી ગઈ.

પછી દીક્ષા લીધી. આ પ્રમાણે દુશ્ચરિત્રની ગર્હા કરવી જોઈએ.

(૮) શુદ્ધિમાં વસ્ત્ર અને અગદ એ બે દૃષ્ટાંતો છે. તેમાં વસ્ત્રદૃષ્ટાંત - રાજગૃહીમાં શ્રેણિક રાજા હતો, તેણે એક વસ્ત્રની જોડ ધોબીને ધોવા આપી. કૌમુદી મહોત્સવ હતો. તેણે બંને પત્નીને આપ્યું. શ્રેણિક અને અભય બંને ગુપ્તપણે તેમાં ચાલતા હતા. વસ્ત્ર જોયું. તાંબુલ વડે તેના ઉપર પીંચકારી મારી. બંને સ્ત્રી પાછી આવી ત્યારે ધોબી ખીજાણો. પછી ક્ષાર વડે વસ્ત્ર શુદ્ધ કર્યુ. સવારે આવીને વસ્ત્રો રાજાને આપ્યા. રાજાએ સત્ય શું છે ? તે પૂછતા, ધોબીએ સાચી વાત કહી દીધી. આ દ્રવ્ય વિશુદ્ધિ.

એ પ્રમાણે સાધુએ પણ જલ્દીથી આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ, તેનાથી વિશુદ્ધિ થાય છે.

'અગદ' જે રીતે નમસ્કારમાં કહેલ છે. એ પ્રમાણે સાધુએ પણ નિંદાને અગદના અતિચાર વિષય મુજબ કરવી જોઈએ. આ વિશુદ્ધિ.

એકાર્થક શબ્દો કહ્યા. હવે રોજેરોજ જે શ્રમણે કરવાનું છે, તે માળીના દૃષ્ટાંતને

ચિત્તમાં ધારીને પ્રતિપાદન કરતા કહે છે —

• નિર્યુક્તિ-૧૨૪૩-વિવેચન :-

અવલોચન, આલુંચન, વિકટીકરણ, ભાવશોધી. આલોચના કરે તો આરાધના થાય, આલોચના ન કરે તો ભજના કહી.

જેમ કોઈ નિપુણ માલાકાર, પોતાના બગીચામાં સદા બંને સંધ્યાએ અવલોકન કરે છે, શું પુષ્પો છે કે નથી? જોઈને તેનું આલુંચન અર્થાત્ ગ્રહણ કરે છે. પછી વિકટીકરણ અર્થાત્ વિકસિત, મુકુલિત, અર્દ્ધ મુકુલિત એવા ભેદથી વિભાગ કરે છે. ચ શબ્દથી પછી ગ્રંથન કરે છે. પછી ગ્રાહકો લે છે. પછી માળીને ઈચ્છિત અર્થ લાભ થાય છે અને શુદ્ધિ તે ચિત્તના પ્રસાદ લક્ષણરૂપ છે. વિપરીતકારી માલાકારને આ લાભ ન થાય.

એ પ્રમાણે સાધુ પણ ઉપધિની પડિલેહણાદિ વ્યાપાર કરે, ઉચ્ચારાદિ ભૂમિ પડિલેહણા કરી, કાયોત્સર્ગ સ્થાને સૂત્રાનુપ્રેક્ષા કરે. ગુરુની સમીપે રહીને દૈવસિક આવશ્યકના મુખવસ્ત્રિકાની પડિલેહણાદિ કરીને કાયોત્સર્ગમાં અવલોકન કરે છે, પછી આલુંચન-સ્પષ્ટબુદ્ધિથી અપરાધગ્રહણ કરે, પછી વિકટીકરણ - ગુરુ લઘુ અપરાધ વિભાગ કરે. પછી ગ્રંથન કરે. યથાક્રમે ગુરુને નિવેદન કરે. એમ કરતો ભાવશુદ્ધિ ઉપજાવે - ઔદયિક ભાવથી ક્ષાયોપશમિક પ્રાપ્તિ કરે એ પ્રમાણે આલોચનાથી આરાધના થાય. આલોચના વિના કદાચ આરાધના થાય, કદાચ ન થાય. તે આ રીતે —

આલોચના પરિણત થઈ સમ્યક્ પ્રકારે ગુરુ પાસે જાય, પણ જો માર્ગમાં જ કાળ કરી જાય તો આરાધક થાય. પણ જો તેમ ન થાય અને ઋદ્ધિ ગારવ, બહુશ્રુતના મદથી જે દુશ્ચરિત્ર ગુરુને ન કહે, તે આરાધક ન થાય. એ રીતે આલોચનાદિ પ્રકારથી ઉભયકાળ નિયમથી જ પહેલા અને છેલ્લી તીર્થંકરના તીર્થમાં સાતિચાર કે નિરતિચાર સાધુએ શુદ્ધિ કરવી. મધ્યમ તીર્થંકરના તીર્થમાં એવું નથી. અતિચારવાળા જ શુદ્ધિ કરે.

• નિર્યુક્તિ-૧૨૪૪-વિવેચન :-

પહેલાં અને છેલ્લા તીર્થંકરનો સપ્રતિક્રમણ ધર્મ છે, મધ્યમ બાવીશ જિનોમાં કારણે પ્રતિક્રમણ હોય છે. પહેલા-છેલ્લામાં સાધુઓને ઈર્યાપથ જતાં, ઉચ્ચારાદિ વિવેકમાં, ઉભયકાળે અપરાધ થાય કે ન થાય, નિયમથી પ્રતિક્રમણ કરવું જોઈએ. કેમકે શઠત્વ અને પ્રમાદની બહુલતા છે. અજિતાદિ તીર્થંકરના સાધુને અશઠત્વ અને પ્રમાદરહિતત્વને લીધે અપરાધ ઉત્પન્ન થાય ત્યારે જ પ્રતિક્રમણ હોય છે.

• નિર્યુક્તિ-૧૨૪૫-વિવેચન :-

જે સાધુ જે પૂર્વાહ્ણ આદિ કાળમાં પ્રાપ્ત પ્રાણાતિપાતાદિમાં ત્યારે જ, તે સ્થાનનું, એકલા જ અથવા ગુરુની સન્મુખ મધ્યમ જિનના સાધુઓ પ્રતિક્રમણ કરે [શંકા] પ્રતિક્રમણમાં આ ભેદ કેમ ? કે બીજા પણ ભેદ છે ? હા, ભેદ છે. તે કહે છે —

• નિર્યુક્તિ-૧૨૪૬-વિવેચન :-

મધ્યમના બાવીશ તીર્થંકરો સામાયિક સંયમ ઉપદેશે છે. જ્યારે સામાયિક ઉચ્ચરાવે, ત્યારે જ વ્રતોમાં સ્થાપે છે. છેદોપસ્થાપનિક ભગવંત ઋષભ અને ભગવંત વીરમાં છે અર્થાત્ પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં પ્રવ્રજ્યા માત્રથી સામાયિક સંયત થાય છે, જ્યાં સુધી તે શાસ્ત્ર પરિજ્ઞાને જાણે, એ પ્રમાણે પૂર્વે હતું. હવે છ જીવ નિકાયનો બોધ થાય ત્યાં સુધી છે, પછી સૂત્ર અને અર્થથી સમ્યગ્ અપરાધ સ્થાનોને જાણે ત્યારે વ્રતોમાં સ્થાપે છે. એ નિરતિચારમાં, સાતિચારમાં મૂળ સ્થાનને પ્રાપ્તને પણ ઉપસ્થાપના કરે છે. - x - x - હવે



E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (57)



જે 'સપ્રતિક્રમણ ધર્મ' કહ્યો, તે પ્રતિક્રમણને દૈવસિકાદિ ભેદથી નિરૂપે છે —

• નિર્યુક્તિ-૧૨૪૭-વિવેચન :-

પ્રતિક્રમણ દૈવસિક અને રાત્રિક તે ઈત્વરિક અને યાવત્કથિક છે. પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરિક ઉત્તમાર્થને માટે છે.

દૈવસિક-દિવસ સંબંધી આદિ ઈત્વર - અલ્પકાલિક તે દિવસ આદિ સંબંધી જ, યાવત્કથિક - વ્રતાદિ રૂપ યાવજ્જીવિક. પાક્ષિક - પક્ષ અતિચારથી નિર્વૃત્ત. [શંકા] આત્માની દૈવસિક શુદ્ધિ કર્યા પછી પાક્ષિકાદિ શા માટે ? [સમાધાન] અહીં ગૃહનું દૃષ્ટાંત છે - જેમ ઘરની પ્રતિદિવસ શુદ્ધિ કરાયા છતાં પણ પક્ષની સંધિમાં સવિશેષ શોધિત કરાય છે, તે પ્રમાણે અહીં પણ જાણવું જોઈએ. એ પ્રમાણે ચાતુર્માસિક અને સાંવત્સરિક પણ જાણવું ઉત્તમાર્થ - ભક્ત પ્રત્યાખ્યાનમાં પ્રતિક્રમણ થાય છે.

હવે યાવત્કથિક પ્રતિક્રમણ કહે છે —

• નિર્યુક્તિ--૧૨૪૮-વિવેચન :-

પાંચ મહાવ્રત - પ્રાણાતિપાતાદિ નિવૃત્તિરૂપ. ઉપલક્ષણથી રાત્રિભોજન નિવૃત્તિરૂપ છટ્ઠું. પહેલાં અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં છે. 'ચાતુર્યામ' - નિર્વૃત્તિ ધર્મ જ અને ભક્ત પરિજ્ઞા, ચ શબ્દથી ઇંગિનીમરણ આદિ પહેલા અને છેલ્લા તથા મધ્યના બાવીશે તીર્થંકરોમાં યાવત્કથિક હોય છે. આ યાવત્કથિક અનેક ભેદ ભિન્ન પ્રતિપાદિત છે. ઈત્વરકથિક પણ દૈવસિકાદિ ભેદે પ્રતિપાદિત જ છે. ફરી ઈત્વરને જણાવતાં કહે છે —

• નિર્યુક્તિ-૧૨૪૯-વિવેચન :-

મૂત્ર, મળ, બળખાં, નાકનો મેલ આ બધાંના ત્યાગમાં સામાન્યથી પ્રતિક્રમણ હોય છે. તેમાં વિશેષ આ — મળ અને મૂત્રને વોસિરાવીને ઈર્યાપથ પ્રતિક્રમે છે. માત્રકમાં વ્યુત્સર્જન કરે તો ન પ્રતિક્રમે, પણ જે સાધુ માત્રકને પરઠવે છે, તે નિયમથી પ્રતિક્રમે જ છે. બળખાં કે નાકના મેલ આદિનો ત્યાગ કરે તેમાં મિત્યાદુષ્કૃત આપે છે. આભોગ અર્થાત્ જાણતાં, અણાભોગ-અજાણતા, સહસાકરણમાં પ્રતિક્રમણ.

પડિલેહી કે પ્રમાર્જીને, ભોજન-પાન વોસિરાવીને, વસતિના કચરાદિનો ત્યાગ કરતાં નિયમથી સાધુ પ્રતિક્રમણ કરે. સો હાથથી આવીને કે જઈને, મુહૂર્ત્ત માત્ર જ્યાં રહે, માર્ગમાં જતા, નદી ઉતરતાં પ્રતિક્રમણ કરે. પ્રતિક્રમણ દ્વાર કહ્યું.

હવે પ્રતિક્રાંતવ્યને કહે છે તે ઓઘથી પાંચ ભેદે છે —

• નિર્યુક્તિ-૧૨૫૦,૧૨૫૧-વિવેચન :-

મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અસંયમનું પ્રતિક્રમણ, કષાયો અને અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ, ચતુર્વિધ સંસારનું પ્રતિક્રમણ અનુક્રમે હોય છે. ભાવ પ્રતિક્રમણ ત્રિવિધ ત્રિવિધે જાણવું. અહીં મિથ્યાત્વ - મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલ યુક્ત આત્મ પરિણામ વિશેષ. અર્થાત્ જે આભોગ, અનાભોગ અને સહસાત્કારથી મિથ્યાત્વમાં જવું તેનું પ્રતિક્રમણ.

અસંયમ વિષય પ્રતિક્રમણ, અસંયમ - પ્રાણાતિપાતાદિ લક્ષણ. કષાય - ક્રોધ આદિ ચારનું પ્રતિક્રમણ. અશોભન એવા મન, વચનક, કાય સ્વરૂપ યોગોનું પ્રતિક્રમણ. સંસરવું તે સંસાર - તિર્યંચ, નારક, મનુષ્ય, દેવ ભવના અનુભવવા રૂપ તેનું પ્રતિક્રમણ.

નારકાયુષ્યના જે હેતુઓ મહારંભાદિ છે, તેનો આભોગથી, અનાભોગથી કે સહસાત્કારથી જે વર્તવું કે અન્યથા પ્રરૂપણા, તેનું પ્રતિક્રમણ આ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવમાં પણ જાણવું. વિશેષ એ કે મનુષ્ય અને દેવમાં શુભ હેતુઓ વડે, માયાદિના

અનાસેવન રૂપથી, આશંસા રહિતપણે અપ્વર્ગના અભિલાષા વડે પ્રતિક્રમણ ન હોય.

ભાવ પ્રતિક્રમણ વળી ત્રિવિધ ત્રિવિધે જાણવું. - x - જે મિથ્યાત્વ આદિમાં ન જાય, ન જવા દે, ન અનુમોદે અને જે મન-વચન-કાયાથી કહેલ છે, તે ભાવ પ્રતિક્રમણ છે. મનથી પણ ન વિચારે કે — શાક્યાદિ ધર્મ સારો છે, વચનથી બોલે નહીં. કાયાથી તેઓની સાથે નિષ્પ્રયોજન સંસર્ગ ન કરે. મનથી ચિંતવે પણ નહીં. આ ચરણકાદિ કેવા હોય ? વચનથી પણ ન પ્રવર્તાવે. કાયા વડે તે ચણકાદિને કંઈ આપે નહીં. કોઈ 'ચણક' આદિ હોય તો તેનું અનુમોદન પણ ન કરે.

આ પ્રમાણે અસંયમાદિમાં વ્યાખ્યા કરવી.

અહીં મિથ્યાત્વાદિ વિષયક ભાવ પ્રતિક્રમણ કહ્યું. આ ભવનું મૂળ કષાયો છે. તેથી કહે છે — અનિગૃહિત ક્રોધ અને માન તતા વધતા એવા માયા અને લોભ આ ચારે કષાયો પુનર્ભવના મૂળને સિંચવે છે.

હવે કષાય પ્રતિક્રમણનું જ ઉદાહરણ કહે છે — કોઈક બે સંયત [સાધુ] સંકેત કરીને દેવલોકે ગયા, આ તરફ એક નગરમાં એક શ્રેષ્ઠીની પત્નીએ પુત્ર નિમિત્તે નાગદેવતાના ઉપવાસ કર્યા. નાગદેવીએ કહ્યું કે — તને દેવલોકથી ચ્યવીને પુત્ર થશે. ત્યાંથી એક દેવ ચ્યવીને તેને પુત્ર થયો. તેનું 'નાગદત્ત' એવું નામ કર્યુ. તે ૭૨-કળામાં વિશારદ થયો. તેને ગાંધર્વ અતિ પ્રિય હોવાથી ગંધર્વનાગદત્ત કહે છે. પછી તે મિત્રજન-પરિવારાદિનું સુખ અનુભવે છે.

તેને મિત્ર દેવે ઘણો બોધ કર્યો, પણ તે બોધ પામતો જ નથી. ત્યારે તે દેવ અવ્યક્ત લિંગથી આ ન જાણે તેમ પ્રવ્રજિત કરુ, એમ વિચારી તેની પાસે રજોહરણાદિ ઉપકરણ ન હતા. હાથમાં ચાર સર્પોનો કરંડીયો લઈને તે ઉદ્યાનિકાની કંઈક નીકટથી પસાર થાય છે. તેના મિત્રોએ કહ્યું કે — આ સર્પક્રીડક છે. નાગદત્તે તેની પાસે જઈ પૂછ્યું — આમાં શું છે ? દેવ બોલ્યો સર્પો છે. ગંધર્વનાગદત્ત બોલ્યો — આપણે સર્પો વડે રમીએ, તું મારા સર્પ રમાડ, હું તારા સર્પને રમાડું. દેવ તેની સાથે રમવા લાગ્યો. નાગદત્ત સર્પો કરડવા છતાં દેવ ન મર્યો.

ગંધર્વ નાગદત્ત ઈર્ષ્યાથી બોલ્યો — હું પણ તારા સર્પો સાથે રમીશ. દેવે કહ્યું — તું મરી જઈશ જો આ નાગ કરડશે. મનાઈ કરવા છતાં ન માન્યો ત્યારે દેવે મંડલને આલેખીને ચારે દિશામાં કરંડીયા સ્થાપ્યા. પછી સર્વે સ્વજન, મિત્ર, પરિજનોને ભેગા કરીને તેમની સામે આ પ્રમાણે કહ્યું —

● નિર્યુક્તિ-૧૨૫૨-વિવેચન :-

ગંધર્વ નાગદત્ત સર્પો સાથે રમવાને ઈચ્છે છે, આ સર્પો જો કોઈ પ્રકારે તેને કરડે, તો તેમાં તમારે મને દોષ ન આપવો. જે રીતે ચારે દિશામાં સ્થાપિત સર્પોનું માહાત્મ્ય જે કહ્યું. તે પ્રતિપાદન કરે છે —

● નિર્યુક્તિ-૧૨૫૩-વિવેચન :-

તુરંતના ઉગેલા સૂર્ય જેવા નયનવાળો અર્થાત્ રક્તાક્ષ, વિધુત્ લતા સમાન ચંચળ અગ્રજીભ વાળો, ઘોર, પ્રધાન વિષયુક્ત દાઢા વાળો, ઉલ્કાની જેમ પ્રજ્વલિત રોષવાળો જે છે તે —

● નિર્યુક્તિ-૧૨૫૪-વિવેચન :-

જે સર્પ વડે મનુષ્યને ડસાય તે કંઈજ કૃત કે અકૃતને જાણતો નથી, આ

E:\Maharajsaheb\Adhayan-33\Book33A\ (PROOF-1) (58)



કરંડકમાં અદૃશ્યમાન એવું મૃત્યુ વર્તે છે, મૃત્યુનો હેતુ હોવાથી મૃત્યુ કહ્યું. આવું છે, તો તું કઈ રીતે પ્રધાન સર્પને પકડીશ? આ ક્રોધ સર્પ છે. સંયોજના સ્વબુદ્ધિથી કરવી. - x -

● નિર્યુક્તિ-૧૨૫૫-વિવેચન :-

મેરુ ગિરિ જેવો ઉંચો - તેના સદૃશ, આઠ ફણાવાળો - જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ ઈત્યાદિ આઠ તત્ત્વથી યમ - મૃત્યુના હેતુરૂપ, તે યમને લાવે તે યમલા - બે જીભોવાળો, દક્ષિણ દિશામાં કરંડીયામાં રહેલો આ સર્પ છે - x - માનમાં પ્રવૃત્ત. માનના હેતુભૂત છે.

● નિર્યુક્તિ-૧૨૫૬-વિવેચન :-

જો ઉપરોક્ત સર્પથી ડસાય, તો તે મનુષ્ય સ્તબ્ધ થઈ ઈન્દ્રને પણ તુચ્છ ગણે છે. આ મેરુ પર્વત જેવા મહાનાગને તું કઈ રીતે ગ્રહણ કરીશ. આ માન સર્પ છે.

● નિર્યુક્તિ-૧૨૫૭-વિવેચન :-

જેની ગતિ મૃદ્વી અને સ્ફીતા છે તેવી [-લીસી લચક] ગતિ વાળી, સ્વસ્તિક લંછનથી અંકિત ફણા-પતાકા વાળી માયારૂપી નાગણ, નિકૃતિ - આંતર વિકાર, કપટ-વેશ પરાવર્તાદિ બાહ્ય અને આ બંને વડે વંચનામાં કુશલ [એવી માયા નાગણી]

● નિર્યુક્તિ-૧૨૫૮-વિવેચન :-

ઉક્ત પ્રકારની રૌદ્ર નાગણી છે. તું સર્પ ગ્રહણ શીલ, ઔષધિ બલરહિત અને અદક્ષ છે. જ્યારે તે નાગણી ચિરસંચિત વિષવાળી અને ગહન વનમાં વસનારી છે.

● નિર્યુક્તિ-૧૨૫૯-વિવેચન :-

તેણીના ડસ્યા પછી તારો વિનિપાત થશે. અલ્પ ઔષધિ બળ વાળો એવો તું તારી પોતાની ચિકિત્સા કરી શકશે નહીં.

● નિર્યુક્તિ-૧૨૬૦-વિવેચન :-

બધાંને અભિભવ કરનાર, બધે અનિવાહિતપણે હોવાથી મહાલય, પૂર્ણ પુષ્કરાવર્ત્તની જેમ નિર્ઘોષ જેનો છે તેવો, કરંડીયામાં ઉત્તર પાર્શ્વમાં રહેલો, તેથી જ સર્વોત્તર એવો લોભ, લોભના હેતુભૂતપણે વ્યાવર્ત્તે છે તેવો નાગ છે.

● નિર્યુક્તિ-૧૨૬૧-વિવેચન :-

જે મનુષ્યને તે નાગ ડસે છે, તે સ્વયંભૂરમણ માફક દુષ્પુર છે, બધાં વ્યસનોનો રાજમાર્ગ છે, તેને તું કઈ રીતે ગ્રહણ કરીશ. કેમકે તે પ્રધાન સર્પ છે. - આ લોભ સર્પ કહ્યો.

● નિર્યુક્તિ-૧૨૬૨-વિવેચન :-

આ તે ચારે પાપસર્પો છે — ક્રોધ, માન, માયા, લોભ. જેના વડે સદા સંતપ્ત તાવની માફક ભુવન ભવજલધિમાં ઉકળે છે.

● નિર્યુક્તિ-૧૨૬૩-વિવેચન :-

જે આ ચાર આશીવિષ સર્પો વડે કરડાય છે, તે અવશ થઈને નરકમાં પડનારો થાય છે, તેને કોઈ આલંબન રહેતું નથી કે જેથી નરકમાં ન પડે. આ પ્રમાણે જાણીને આનાથી મુક્ત રહેવું. તે નાગદત્તને કરડ્યા, પડી ગયો અને મરી ગયો. પછી દેવ કહે છે — રોકવા છતાં ન રોકાયો. પૂર્વે કહેલ તેના મિત્રો-વૈદ્યોએ ઔષધ આપ્યું. પણ કંઈજ ગુમ કરતો નથી, પછી તેના સ્વજનો પગે પડ્યા — ''આને જીવાડો.'' દેવ બોલ્યો — આ પ્રમાણે

હું પણ સર્પો વડે ખવાયો હતો. હવે જે આવા પ્રકારની ચરીને પાડે તો જીવતો થાય. જો નહીં પાળે તો જીવતો થયા પછી પણ ફરી મરી જશે. તે ચરીને હવેની ગાથામાં કહે છે –

● નિર્યુક્તિ-૧૨૬૪-વિવેચન :-

આ પ્રમાણે હું પણ ચાર આશીવિષ ઘોરપાપ સર્પોથી કરડાયો હતો. વિષનો નાશ કરવાને માટે હું વિવિધ પ્રકારે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપક્રિયાને સેવું છું.

● નિર્યુક્તિ-૧૨૬૫-વિવેચન :-

હું પર્વતો, કાનન, શ્મશાન, શૂન્યગૃહ અને વૃક્ષના મૂળોને સેવું છું. પાપસર્પોનો હું ક્ષણ માત્ર પણ વિશ્વાસ કરતો નથી. અહીં શૈલ-પર્વત કાનન-દૂરવર્તી વનો.

● નિર્યુક્તિ-૧૨૬૬-વિવેચન :-

અતિ આહાર હું સહેતો નથી, અલ્પસ્નિગ્ધ ભોજન મને મળે એવું પણ નથી, કેમકે અતિ સ્નિગ્ધ હવિઃપ્રચૂર શબ્દાદિ વિષયોને ઉદીરે છે. તેથી જેટલામાં સંયમ યાત્રા ચાલે, તેટલો જ આહાર કરું છું. વળી તે પણ પ્રકામ આહાર કરતો નથી.

● નિર્યુક્તિ-૧૨૬૭-વિવેચન :-

પ્રાયઃ અકૃત આહાર કે વિગઈ રહિત આહારથી હું રહું છું જે કંઈ શોભન કે અશોભન ઓદનાદિ કરાયેલા આહાર હોય, ઉજ્જિત ધર્મા-તજવા યોગ્ય હોય, તેવા અલ્પ આહારથી નિર્વાહ કરું છું.

એ પ્રમાણે ક્રિયાયુક્ત અને ક્રિયાંતરના યોગથી ગુણો દર્શાવે છે –

● નિર્યુક્તિ-૧૨૬૮-વિવેચન :-

અલ્પ આહાર, અલ્પ બોલવું અને જે અલ્પ નિદ્રાવાળો હોય, અલ્પ ઉપધિ અને ઉપકરણ હોય, તેને દેવો પણ પ્રણામ કરે છે. આ પ્રમાણે જો નાગદત્ત વચનોને પાળે તો ઉભો થશે. કહે છે – આ પ્રમાણે જીવે તો પણ સારું જ છે. પછી તે પૂર્વાભિમુખ રહીને ક્રિયાને પ્રયોજવાની ઈચ્છાથી દેવ બોલે છે –

● નિર્યુક્તિ-૧૨૬૯-વિવેચન :-

સિદ્ધોને નમસ્કાર કરીને સંસારસ્થને જે મહા વૈદ્યો છે - તેવા કેવલિ, ચૌદપૂર્વી આદિને નમસ્કાર કરીને હું સર્વ વિષ નિવારિણી દંડક્રિયા વિદ્યાને કહીશ. તે આ છે–

આ મહાત્માને સર્વ પ્રાણાતિપાત, અસત્ય વચન, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહના પ્રત્યાખ્યાન થાય છે - સ્વાહા.

આ પ્રમાણે કહેવાથી નાગદત્ત ઉભો થયો, માતા-પિતાએ તેને બધી વાત કરી, નાગદત્તને શ્રધ્ધાન થઈ, પાછો દોડ્યો, પડી ગયો. ફરી પણ દેવે તે પ્રમાણે જ ઉભો કર્યો, ફરી નાગદત્ત દોડ્યો, ફરી પડ્યો. ત્રીજી વખતે દેવે તેને વિષમુક્ત કરવાની ના પાડી દીધી. દેવને વિનવણી કરી ફરી નાગદત્તને ઉભો કરતાં તેણે બધું કબૂલ કર્યું. માતા-પિતાને પૂછીને તે દેવની સાથે ચાલ્યો. કોઈ વનખંડમાં પૂર્વભવો કહ્યા. ત્યારે તે બોધ પામ્યો અને પ્રત્યેકબુદ્ધ થયો. દેવ પણ પાછો ગયો.

એ પ્રમાણે નાગદત્તે તે કષાયોને જાણીને શરીરરૂપ કરંડીયામાં નાંખી દીધા અને ક્યાંય સંચરવા દીધા નહીં. એ પ્રમાણે તે ઔદયિક ભાવેને ન કરવાને માટે અભ્યુત્થિત થયો. પ્રતિક્રમણ થયું. લાંબો શ્રમણપર્યાય પાળીને સિદ્ધ થયો. એ ભાવ પ્રતિક્રમણ.

ક્યા નિમિત્તે વારંવાર પ્રતિક્રમણ કરવું જોઈએ ? જેમ મધ્યના તીર્થંકરના તીર્થમાં



સાધુ છે. તેની માફક કેમ કાર્ય પડતાં પ્રતિક્રમણ કરતાં નથી. આચાર્યએ કહ્યું કે – અહીં વૈદ્યનું દૃષ્ટાંત છે – એક રાજાને તેનો પુત્ર અતિ પ્રિય હતો. તેણે વિચાર્યું કે – આને રોગ ન થાઓ. તે માટે કંઈક કરુ. તેણે વૈદ્યો બોલાવ્યા – મારા પુત્રની ચિકિત્સા કરો કે જેથી નીરોગી રહે તેઓ બોલ્યા - ચિકિત્સા કરીશું.

રાજાએ પૂછ્યું – તમારા યોગો કેવા છે ? એક બોલ્યો – જો રોગ હશે તો શાંત થશે, જો રોગ નહીં હોય તો નુકસાન કરશે. બીજો વૈદ્ય બોલ્યો – જો રોગ હશે તો ઉપશાંત થશે, જો નહીં હોય તો ગુણ કે દોષ કંઈ કરશે નહીં, ત્રીજો બોલ્યો – જો રોગ હશે તો ઉપશાંત થશે અને નહીં હોય તો વર્ણ, રૂપ, યૌવન અને લાવણ્યપણે પરિણમશે.

ત્રીજા વૈદ્યને રાજાએ આજ્ઞા આપી, ઔષધોપચાર કર્યો.

એ પ્રમાણે આ પ્રતિક્રમણ પણ જો દોષ હોય તો વિશુદ્ધિ કરે છે, જો ન હોય તો શુદ્ધ ચારિત્ર શુદ્ધતર થાય છે.

પ્રસંગથી પ્રતિક્રમણ કહ્યું. હવે અધ્યયન શબ્દાર્થે કહેવો જોઈએ, પણ તે બીજે કહેલ હોવાથી અહીં કહેતા નથી. નામ નિષ્પન્ન નિક્ષેપ પુરો થયો, હવે સૂત્રાલાપક નિક્ષેપનો અવસર છે, તે સૂત્ર હોય તો થાય. - X - તે સૂત્ર આ પ્રમાણે છે –

● સૂત્ર-૧૧ :-

*કરેમિ ભંતે ! - X - X - X - યાવત્ વોસિરામિ.*

● વિવેચન-૧૧ :-

અધિકૃત્ સૂત્રની વ્યાખ્યા અને લક્ષણ યોજના સામાયિકવત્ જાણવી. આ સ્વસ્થાને જ સામાયિક અધ્યયનમાં કહેવાયેલ સૂત્ર છે, ફરી અહીં શા માટે કહો છો ? પુનરુક્તિ દોષ ન લાગે ? પ્રતિસેધ કરેલનું સેવન સમભાવસ્થ વડે જ પ્રતિક્રમવું જોઈએ, તેમ જણાવવા માટે છે અથવા જેમ વિષઘાતાર્થે મંત્રપદ ફરી બોલવામાં દોષ નથી, તેમ રાગ રૂપી વિષ વડે હણાયેલાને પુનરુક્તિ અદુષ્ટ છે.

રાગ વિષથી હણાયેલાને જે કારણે મંગલપૂર્વ પ્રતિક્રમવું જોઈએ તે કારણે સૂત્રકાર મંગલને કહે છે –

● સૂત્ર-૧૨ :-

*ચાર પદાર્થો મંગલરૂપ છે – અરિહંત મંગલ છે, સિદ્ધો મંગલ છે, સાધુ મંગલ છે, કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ મંગલ છે.*

● વિવેચન-૧૨ :-

મંગલ શબ્દ પૂર્વે કહેલ છે. કયા ચાર પદાર્થો મંગલ છે? તે બતાવતા કહે છે – અરિહંત આદિ. (૧) અશોક આદિ આઠ મહા પ્રાતિહાર્યાદિ રૂપ પૂજાને યોગ્ય હોવાથી અરહંત, તે અરહંત મંગલ છે. (૨) કર્મને બાળી નાંખવાથી સિદ્ધ થયેલા, તે સિદ્ધો મંગલ છે. (૩) નિર્વાણ સાધક યોગોને સાધે છે, માટે સાધુ, તે મંગલ છે. સાધુના ગ્રહણથી આચાર્ય, ઉપાધ્યાય ગ્રહણ કરેલા જ જાણવા. (૪) ધારણ કરે તે ધર્મ, જેનામાં કેવળજ્ઞાન વિદ્યમાન છે તે કેવલી-સર્વજ્ઞ, તેમના વડે પ્રરૂપિત એવો જે શ્રુત અને ચારિત્ર ધર્મ, તે મંગલ છે. આના વડે કપિલાદિના ધર્મનો વ્યવચ્છેદ જાણવો.

અરહંત આદિની મંગલતા તેમનાથી જ હિત મંગલથી સુખની પ્રાપ્તિ છે. તેથી

જ તેનું લોકોત્તમત્વ કહે છે –

● સૂત્ર-૧૩ :-

*લોકમાં ચાર ઉત્તમ છે – અરિહંત લોકોત્તમ છે, સિદ્ધો લોકોત્તમ છે, સાધુ લોકોત્તમ છે, કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ લોકોત્તમ છે.*

● વિવેચન-૧૩ :-

અથવા અરહંતાદિની મંગલતા કઈ રીતે છે ? લોકોત્તમપણાથી, તેથી કહે છે – અનંતરોક્ત કે કહેવાનાર આ ચાર ભાવલોકમાં ઉત્તમ-પ્રધાન છે. આ કોણ ? તે બતાવે છે – અરહંત ઈત્યાદિ.

અરહંત - પૂર્વે શબ્દાર્થ કહેલ છે. તે ભાવલોકમાં ઉત્તમ છે. કહ્યું છે – અરહંતો ભાવલોકમાં ઉત્તમ કહ્યા છે. કેમકે તેમની સર્વ પ્રકૃતિ પ્રશસ્ત છે. અનુભાવને આશ્રીને વેદનીય, આયુ, નામ અને ગોત્રનો ભાવ ઔદયિકમાં નિયમથી ઉત્તમ હોય છે. એ પ્રમાણે જ ઉત્તર પ્રકૃતિ વિશેષ થકી પણ તેનું વૈશિષ્ટ્ય-ઉત્તમત્વ જાણવું, તે આ રીતે –

સાતા, મનુષ્યાયુ, બે નામ પ્રકૃતિ સમ્‌ને પ્રશસ્ત છે, મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક - તૈજસ-કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, સમચતુરસ્ર, સંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ, વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્‌વાસ, વિહાયોગતિ પ્રશસ્ત છે. ત્રસ, બાદર, પર્યાપ્તક, પ્રત્યેક સ્થિર અને અસ્થિર, શુભ ઉધોત, શુભ સ્વર, આદેય નામ અને યશોકીર્તિ, નિર્માણ અને તીર્થંકરનામ કર્મા. પછી ઉચ્ચગોત્ર, ચોત્રીશ ઔદયિક ભાવોથી તે ઉત્તમ, પ્રધાન અને અનન્યતુલ્ય થાય છે.

ઔપશમિક ભાવ અરહંતને વિધમાન હોતો નથી.

ક્ષાયિક ભાવમાં વળી બેના આવરણ હોય છે. તથા મોહ અને અંતરાય કર્મ. એ ચારના સંપૂર્ણ ક્ષયથી આની પ્રતીતિ થાય છે.

ક્ષાયિક ભાવમાં તેઓ લોકમાં ઉત્તમ છે, તે નિશ્ચે વાત છે.

સાંનિપાતિક અને ઔદયિક ભાવમાં જે પૂર્વે કહ્યા. અરહંતોના જે ક્ષાયિક ભાવો કહ્યા છે. તેના સદા યોગથી સાંનિપાતિક ભાવ નિષ્પન્ન થાય છે. તેનાથી પણ ભાવલોકની ઉત્તમતા નિયમથી હોય છે.

સિદ્ધોનું લોકોત્તમપણું તે ક્ષેત્રલોકની ઉત્તમતાથી છે. સર્વે કર્મ પ્રકૃતિ રહિતતાથી જે ક્ષાયિક ભાવ થાય છે, તેના કારણે પણ તેની ઉત્તમતા છે.

સાધુઓની લોકોત્તમતા તે જિનેન્દ્રોએ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ ભાવલોકથી કહેલી છે. તેમાં સાધુ શબ્દ પૂર્વે કહેલો છે. દર્શનાદિ ત્રય ભાવલોકની ઉત્તમતાથી લોકોત્તમ કહ્યા છે.

કેવલિ પ્રરૂપિત ધર્મ પૂર્વે કહ્યો છે – તે ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક ભાવલોકમાં ઉત્તમ હોવાથી લોકોત્તમ કહ્યો છે તથા કહ્યું છે કે ધર્મ તે શ્રુત અને ચારિત્ર, તે બંને પણ લોકોત્તમ જાણવો.

જે કારણથી લોકોત્તમ છે, તે કારણે શરણ્ય છે. તેથી કહે છે – ચાર શરણા અંગીકાર કરું છું અથવા કઈ રીતે લોકોતમત્વ છે ? આશ્રયણીયપણાથી. હવે તે



આશ્રયણીયત્વ કહે છે –

● સૂત્ર-૧૪ :-

*હું ચાર શરણા અંગીકાર કરું છું. હું અરિહંતનું શરણું સ્વીકારું છું. સિદ્ધનું શરણું સ્વીકારું છું, સાધુનું શરણું સ્વીકારું છું અને કેવલિ ભગવંતે પ્રરૂપિત ધર્મનું શરણું સ્વીકારું છું.*

● વિવેચન-૧૪ :-

સંસારના ભયથી રક્ષણને માટે ચાર શરણા સ્વીકારું છું – ચારના આશ્રયે જઉ છું. ભેદ વડે તેને દર્શાવતા કહે છે – અરહંતનું શરણું સ્વીકારું છું. સાંસારિક દુઃખથી રક્ષણ માટે અરહંતના આશ્રયે જાઉ છું અર્થાત્ તેમની ભક્તિ કરું છું. એ પ્રમાણે સિદ્ધાદિનું શરણું સ્વીકારું છું.

આ રીતે મંગલોપચાર કર્યો. હવે પ્રતિક્રમણ સૂત્ર કહે છે –

● સૂત્ર-૧૫ :-

*હું દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવાને ઈચ્છું છું. (આ અતિચાર સેવન) – કાયાથી, વચનથી, મનથી કરેલ હોય.*

*– ઉત્સૂત્રભાષણ કે ઉન્માર્ગ સેવનથી (હોય.)*

*– અકલ્પ્ય કે અકરણીયથી (થયેલ હોય)*

*– દુર્ધ્યાન કે દુષ્ટ ચિંતવનથી (થયેલ હોય)*

*– અનાચારથી, અનિચ્છનીયથી, અશ્રમણપ્રાયોગ્યથી હોય.*

*– જ્ઞાન, દર્શન કે ચારિત્ર - શ્રુત અને સામાયિકમાં હોય.*

*– ત્રણ ગુપ્તિ, ચાર કષાય, પાંચ મહાવ્રત, છ જીવનિકાય, સાત પિન્ડૈષણા, આઠ પ્રવચનમાયા, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, દસ પ્રકારે શ્રમણ ધર્મ [તે-તે વિષયમાં પાલન-અપાલનથી થયેલ હોય]*

*સાધુઓના સામાચારીરૂપ કર્તવ્યોમાં પ્રમાદ કરવાથી જે-જે ખંડણા-વિરાધના થઈ હોય, મારું તે પાપ મિથ્યા થાઓ.*

● વિવેચન-૧૫ :-

ઈચ્છામિ પ્રતિક્રમિતું૦ ઈત્યાદિ પદો કહેવા.

હવે પદાર્થ કહે છે – इच्छामि - હું ઈચ્છુ છું, અભિલાષા કરું છું. પડિક્કમિઉં – નિવર્ત્તવાને, પ્રતિક્રમણ કરવાને. કોનું? અતિચારોનું મે - પોતાને માટે આ નિર્દેશ છે. દિવસથી થયેલ કે દિવસ પરિણામ તે દૈવસિક. અતિચરણ તે અતિચાર અર્થાત્ અતિક્રમ. કૃત - આના વડે ક્રિયાકાળ કહ્યો. 'मिच्छामिदुक्कडम्' - આના વડે નિષ્ઠાકાળ કહ્યો.

વળી આ અતિચાર ઉપાધિભેદથી અનેક પ્રકારે છે –

કાયા-શરીર વડે થયેલ તે કાયિક અર્થાત્ કાયકૃત. વાચા વડે નિર્વૃત્ત તે વાચિક - વાક્‌કૃત. મનથી નિર્વૃત્ત તે માનસિક.

ઉત્સૂત્ર એટલે સૂત્રમાં ન કહેલ. માર્ગ - ક્ષાયોપશમિક ભાવ ઉન્માર્ગ - ક્ષાયોપસમિક ભાવના ત્યાગથી ઔદયિક ભાવ સંક્રમ.

કલ્પનીય સમાન તે કલ્પ, વિધિ, આચાર. કલ્પ્ય - ચરણ, કરણ વ્યાપાર. ન કલ્પે તેવું તે અકલ્પ્ય. करणीय - સામાન્યથી કર્તવ્ય, ન કરવા યોગ્ય - તે અકરણીય.

અહીં હેતુ-હેતુમત્ ભાવ છે. જે કારણે ઉત્સૂત્ર છે, તેથી જ ઉન્માર્ગ છે, ઈત્યાદિ. અહીં સુધી કાયિક અને વાચિક કહ્યા.

હવે માનસિક અતિચાર કહે છે — દુષ્ટ ધ્યાત તે દુર્ધ્યાત-એકાગ્ર ચિત્તે આર્ત્ત રૌદ્ર લક્ષણરૂપ. દુષ્ટ વિંચિંતિત - ચલચિત્તાથી અશુભ. જે કારણે આવા સ્વરૂપે છે, તે કારણે શ્રમણ પ્રાયોગ્ય છે, તેથી અનાચાર છે.

આચરવા યોગ્ય તે આચાર, ન આચાર તે અનાચાર - સાધુને અનાચરમીય જે કારણે સાધુને અનાચરણીય છે, તેથી જ અનેષ્ટવ્ય છે - કિંચિત્ પણ મન વડે પ્રાર્થનીય નથી.

આ અતિચાર કયા વિષયના છે ? તે કહે છે — જ્ઞાન, દર્શન, ચારિત્ર વિષયક છે. હવે ભેદથી કહે છે :- શ્રુત વિષયક - મતિ આદિ જ્ઞાનોપલક્ષણ. તેનાથી વિપરીત પ્રરૂપણા તે અકાલ સ્વાધ્યાયાદિ અતિચાર. સામાયિક વિષયક - સામાયિકના ગ્રહણથી સમ્યક્ત્વ સામાયિક અને ચારિત્ર સામાયિક લેવું.

તેમાં સમ્યક્ત્વ સામાયિક અતિચાર તે શંકા આદિ.

ચારિત્ર સામાયિક અતિચાર ભેદથી કહે છે — ત્રણ ગુપ્તિના, તેમાં પ્રતિચાર - અપ્રવિચારરૂપ ગુપ્તિઓ છે. ચાર કષાયોનું - ક્રોધ, માન, માયા, લોભરૂપ. પાંચ મહાવ્રતોનું - પ્રાણાતિપાતાદિથી નિવર્તવા રૂપ. છ જીવનિકાય - પૃથ્વીકાયિકાદિના, સાત પિન્ડૈષણા આ રીતે —

અસંસૃષ્ટ હાથ અને પાત્ર વડે વિચારવી. ન ખરડાયેલા હાથ અને ન ખરડાયેલા પાત્રથી ગ્રહણ કરવું, તે પહેલી પિન્ડૈષણા. સંસૃષ્ય-ખરડાયેલ વડે વિચારતા - ખરડાયેલ હાથ અને ખરડાયેલ પાત્ર. એ પ્રમાણે ગ્રહણ કરે તે બીજી. અલ્પલેપા અર્થાત્ નિર્લેપ-પૃથક્ આદિ ગ્રહણ કરતા ચોથી પિન્ડૈષણા.

અવગૃહીતા - ભોજનકાળમાં શરાવલાદિમાં કઢાયેલું જ ભોજન હોય તો લેવું, તે પાંચમી. પ્રગૃહીતા - ભોજન વેળાએ દેવાને અભ્યુદ્યત થયેલા હાથ આદિ વડે જ પ્રગૃહીત જે ભોજન કે ખાતો હોય તે સ્વહસ્તાદિથી આપે તો ગ્રહણ કરવું તે છઠ્ઠી પિન્ડૈષણા. ઉજ્ઝિતધર્મા - જે ફેંકી દેવાને યોગ્ય ભોજન હોય, જેને બીજા દ્વિપદાદિ પણ ઈચ્છે નહીં, તેવા અર્ધ ત્યક્તને ગ્રહણ કરવું તેમ ધારીને લે તે સાતમી.

આ સાત ભેદ સંક્ષેપથી કહ્યા. વિસ્તાર બીજેથી જાણવો.

કેટલાંક સાત પાણૈષણા પણ કહે છે, તે પણ આ પ્રમાણે જ છે. વિશેષ એ કે ચોથી પાણૈષણામાં ભેદ છે, તેમાં ઓસામણ અને કાંજી આદિને નિર્લેપ જાણવા.

આઠ પ્રવચન માતામાં ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ આવે. તેમાં પ્રવીચાર-અવીચારરૂપ ગુપ્તિઓ છે અને સમીતિ પ્રવીચારરૂપ છે. તેથી કહેવાય છે કે — સમિત નિયમા ગુપ્ત હોય, ગુપ્તમાં સમિતત્વ ભજનાએ હોય છે. કુશલ વચનને બોલતો જે વચનગુપ્ત છે તે સમિત પણ હોય છે. નવ બ્રહ્મચર્ય ગુપ્તિનું સ્વરૂપ આગળ કહીશું.



દશ પ્રકારે શ્રમણ - સાધુ ધર્મ, ક્ષાંતિ આદિ, તે આગળ કહીશું.

આ ગુપ્તિ આદિમાં જે શ્રમણોના યોગો - વ્યાપારોના સમ્યક્ પ્રતિસેવન, શ્રદ્ધા અને પ્રરૂપણા લક્ષણોનું જે ખંડન-દેશથી ભંગ અને જે વિરાધના - સંપૂર્ણ ભંગ - X - તે ખંડણા, વિરાધના દ્વારા આવેલ ચારિત્રના અતિચારનું અને આ જ્ઞાનાદિ ગોચર દૈવસિક અતિચારનું, અહીં સુધી ક્રિયાકાળ કહ્યો.

તેનું જ 'મિચ્છા મિ દુક્કડં' આના દ્વારા નિષ્ઠાકાળ કહ્યો.

મિચ્છા - હું આ દુષ્કૃત્ - અકર્તવ્યનું પ્રતિક્રમણ કરું છું.

અહીં આ સૂત્ર સ્પર્શિકા ગાથા કહી છે —

● નિર્યુક્તિ-૧૨૭૧-વિવેચન :-

પ્રતિષેધ કરેલું કરવું, કીધેલું ન કરવું, અશ્રદ્ધા કરી, વિપરીત પ્રરૂપણા કરી [એ ચાર કારણે] પ્રતિક્રમણ હોય. —૦— નિવારીત એવા અકાલ સ્વાધ્યાયાદિના અતિચારોનું આસેવન કરે તો પ્રતિક્રમણ કરવું જોઈએ. પ્રતિક્રમણ - પાછા ખસવું તે. કૃત્ય - આસેવનીય એવા કાલે સ્વાધ્યાયાદિને ન કરવા - અનાસેવન કરે, તો તેનું પ્રતિક્રમણ.

કેવલિ પ્રરૂપિત પદાર્થોની અશ્રદ્ધા કરે તો પ્રતિક્રમણ. વિપરીત પ્રરૂપણા એટલે અન્યથા પદાર્થ કથનમાં પ્રતિક્રમણ.

આ ગાથા વડે યથાયોગે બધાં સૂત્રોને અનુસરવા જોઈ. તે આ રીતે — સામાયિક સૂત્રમાં પ્રતિષેધ કરાયેલા રાગ અને દ્વેષ, તે બંનેના કરવા તે કૃત્ય, તેનો નિગ્રહ - તેનું ન કરવું, સામાયિક એ મોક્ષનું કારણ છે. તેમાં અશ્રદ્ધા. અસમભાવ રૂપ સામાયિક છે એવી વિપરીત પ્રરૂપણામાં પ્રતિક્રમણ કરવું જોઈએ.

એ પ્રમાણે મંગલાદિ સૂત્રોમાં પણ યોજના કરવી. ચારે મંગલનો અહીં પ્રતિષેધ કરવો અને અમંગલનો અધ્યવસાય કરવો ઈત્યાદિ પ્રકારે. એ રીતે ઓઘથી અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું.

હવે આ જ વાત વિભાગથી કહે છે, તેમાં ગમનાગમનના અતિચારનું સૂત્ર —

● સૂત્ર-૧૬ :-

*હું ઐર્યાપથિકી પ્રતિક્રમવાને ઈચ્છું છું. ગમનાગમન ક્રિયા દરમ્યાન થયેલ વિરાધનામાં [વિરાધના કઈ રીતે થઈ તે કહે છે —]*

*જતા-આવતાં, મારા વડે કોઈ પણ [ત્રસજીવ], બીજ, હરિત [લીલી વનસ્પતિ], ઓસ [ઝાકળ], કીડીના દર, સેવાળ, કીચડ કે કરોળિયાના જાળા વગેરે ચંપાયા હોય,*

*જે કોઈ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય [કઈ રીતે ?]*

*આ જીવો મારા વડે ઠોકરે મરાયા હોય, ધૂળથી ઢંકાયા હોય, ભોંય સાથે ઘસાયા હોય, પરસ્પર તેના શરીર અફળાવાયા હોય, થોડા સ્પર્શિત થયા હોય, દુઃખ ઉપજાવાયુ હોય, ખેદ પમાડાયા હોય, ત્રાસ પમાડેલ હોય, એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવાયા હોય કે તેમના પ્રાણોનો વિયોગ કરાયો હોય.*

*તે સર્વે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.*

● **વિવેચન-૧૬ :-**

હું ઈચ્છુ છું — નિવર્તવાને, ઈર્યાપથિકા વિરાધનામાં જે અતિચાર થયા હોય. આના દ્વારા ક્રિયાકાલ કહ્યો અને 'મિચ્છામિ દુક્કડં', આના દ્વારા નિષ્ઠાકાળ કહ્યો. તેમાં ઈર્યા એટલે ગમન, તેનાથી પ્રધાન પંથ તે ઈર્યાપથ. તેમાં થાય તે ઈર્યા પથિકી.

વિરાધવું - દુઃખમાં પ્રાણીને સ્થાપવા તે. આ વિરાધના કરતાં જે અતિચાર લાગ્યા હોય તે. તેનો વિષય દર્શાવતા કહે છે. ગમન અને આગમનમાં. गमन - સ્વાધ્યાયાદિ નિમિત્તે વસતિથી જવું आगमन - પ્રયોજન પૂર્ણ થતાં ફરી આવીને વસવું તે. તેમાં અતિચાર કઈ રીતે ?

બેઈન્દ્રિયાદિ ત્રસ પ્રાણી, તેમને પગ વડે પીડા પહોંચાડવી તે पाणक्कमण. બીજોનું જીવત્વ, સકલ વનસ્પતિ, - x - ઓસ-ઝાકળ. આ ઝાકળનું ગ્રહણ બાકીના જળનો સંભોગ પરિવારણાર્થે છે. ઉત્તિંગ-ગર્દભાકૃતિ જીવો અથવા કીડીના નગરા, પનક-ફુગ, दकमट्टि - કાદવ અથવા दक् - અપકાય અને मट्टि - પૃથ્વીકાય. કરોળીયાના જાળા.

ઉક્ત જીવોનું સંક્રમણ - આક્રમણમાં. મેં જે બધાં જીવોને વિરાધ્યા-દુઃખમાં સ્થાપ્યા. એકેન્દ્રિય - પૃથ્વી આદિ, બેઈન્દ્રિય-કૃમિ આદિ, તેઈન્દ્રિય-કીડી આદિ. ચઉરિન્દ્રિય - ભ્રમર આદિ, પંચેન્દ્રિય.

અભિહયા - પગ વડે ઘટ્ટન કર્યુ અથવા ઉડાડ્યા કે ફેંક્યા. વત્તિયા - એકઠાં કર્યા કે ધૂળથી ઢાંક્યા. લેસિયા - પિષ્ટ, પીસ્યા, ભૂમિ આદિમાં ઘસ્યા. ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. - x - x - x -

આ ગમનાતિચાર પ્રતિક્રમણ કહ્યું. હવે ત્વગ્વર્તન [પડખાં બદલવા આદિ] અતિચારનું પ્રતિક્રમણ કહે છે —

● **સૂત્ર-૧૭ :-**

***હું પ્રતિક્રમણ કરવાને ઈચ્છુ છું. [શેનું ?] પ્રકામ શય્યાથી, નિકામ શય્યાથી, સંથારામાં પડખાં ફેરવવાથી, પુનઃ તે જ પડખે ફરવાથી, આકુંચન-પ્રસારણ કરવાથી, જૂ વગેરે જીવોના સંઘટ્ટનથી, ખાંસતા-કચકચ કરતા - છીંક કે બગાસુ ખાતા [મુહપત્તિ ન રાખવાથી], આમર્ષથી, સરજસ્ક વસ્તુને સ્પર્શવાથી, આકુળ-વ્યાકુળતાથી, સ્વપ્ન નિમિત્તે, સ્ત્રી વિપર્યાસથી, દૃષ્ટિ વિપર્યાસથી, મન વિપર્યાસથી, પાન-ભોજન વિપર્યાસથી...***

***મેં જે દિવસ સંબંધી અતિચાર કર્યો હોય.***

***તેનું મિચ્છા મિ દુક્કડં.***

● **વિવેચન-૧૭ :-**

હું પ્રતિક્રમવાને ઈચ્છુ છું. શું ?

પ્રકામ શય્યાના હેતુભૂતતાથી જે મારા વડે દૈવસિક અતિચાર થયા હોય તે. આના દ્વારા ક્રિયાકાળ કહ્યો. 'મિચ્છામિ દુક્કડં' આના વડે નિષ્ઠાકાળ કહેલ છે. એમ બધે યોજવું.



શયન તે શય્યા, પ્રકામ — ચારે પ્રહર શયન તે પ્રકામ - શય્યા અથવા શય્યા - સંસ્તારકાદિ રૂપ, પ્રકામ - ઉત્કટ શય્યા, તે આ રીતે — સંથારો, ઉત્તર પટ્ટો બંનેથી વધારાના પ્રાવરણને આશ્રીને અથવા ત્રણ વસ્ત્ર [બે સુતરાઉ અને એક ઉની કપડો]થી અતિરિક્ત. તે હેતુથી, સ્વાધ્યાયાદિ ન કરવાથી આ અતિચાર છે.

પ્રતિ દિવસ પ્રકામ શય્યા જ નિકામ શય્યા કહેવાય.

ઉદ્વર્તન-પહેલાં ડાબા પડખે સુતા હોય અને જમણાં પડખે ફરવું તે. ઉદ્વર્તન-ઉદ્વર્ત્તન તે ઉદ્વર્તના કહેવાય તેનાથી અને ફરી ડાબા પડખે જ વર્તવું તે પરિવર્તના, તેનાથી. અહીં અપ્રમાર્જના કરવાથી અતિચાર લાગે છે. આકુંચન - શરીર સંકોચવારૂપ, તે જ આકુંચનથી. પ્રસારણ - શરીરનો વિક્ષેપ, તે જ પ્રસારણા કરવાથી.

અહીં કુકડીનું દૃષ્ટાંત બતાવે છે — વિધિથી ન કરે તો અતિચાર. જેમ કુકડી આકાશમાં પગ પ્રસારે, ફરી સંકોચે ઈત્યાદિ - તેમ જો પીડા થાય તો પ્રમાર્જીને આકાશમાં રાખે [પગને પ્રસારે] એ પ્રમાણે પ્રમાર્જનાદિ વિધિ ન કરે તો તેને અતિચાર લાગે.

જૂ વગેરેને અવિધિથી સ્પર્શે, તેનાથી થતો અતિચાર.

કૂજિત-ખાંસવું, તેમાં અવિધિથી મુખવસ્ત્રિકા હાથમાં રાખે કે મુખે ન ધારણ કરે. વિષમા શય્યા-વસતિના દોષો ઉચ્ચારવા, તે કર્કર કરવું. તેમાં જે અતિચાર થાય તે. આ આર્ત્તધ્યાન જ અતિચાર છે. છીંક અને બગાસુ અવિધિથી ખાય. आमर्ष - પ્રમાજવા વિનાના હાથથી સ્પર્શ કરવો તે તેમાં, સરજસ્ક - પૃથિવ્યાદિ રજ સહિત જે વસ્તુ સ્પર્શે તે, એ પ્રમાણે જાગતા જે અતિચાર લાગે તે કહ્યા.

હવે સુતા જે લાગે તે કહે છે — આકુળ વ્યાકુળતાથી જે સ્ત્રી આદિ પરિભોગ, વિવાહ, યુદ્ધાદિ સંસ્પર્શના વિવિધ પ્રકારના સ્વપ્નના નિમિત્તથી થાય તે વિરાધના કહેવાય છે. વળી તે મૂલગુણ અને ઉત્તરગુણ વિષયક થાય છે, તેથી તેને ભેદ વડે કહે છે — સ્ત્રીનો વિપર્યાસ તે સ્ત્રીવિપર્યાસ, અબ્રહ્મનું આસેવન. તેમાં થાય તે સ્ત્રી વૈપર્યાસિકી વડે, સ્ત્રીદર્શનના અનુરાગથી તેણીનું અવલોકન તે દૃષ્ટિ વિપર્યાસ, તેમાં થાય તે દૃષ્ટિવૈપર્યાસિકીથી.

એ પ્રમાણે મન વડે અધ્યુપપાત તે મનોવિપર્યાસિકીથી એ પ્રમાણે પાન અને ભોજનના વિપર્યાસથી થતા-જેમકે-રાત્રિના પાન-ભોજનનો પરિભોગ જ તેનો વિપર્યાસ છે. આના હેતુભૂત જે અતિચાર છે, તે કહ્યા છે. મારા વડે દિવસના થયેલ કે દિવસ પરિણામ તે દૈવસિક અને અતિચાર - અતિક્રમ થયેલ હોય.

તેનું મિચ્છા મિ દુક્કડં.

[શંકા] દિવસે સુવાનો નિષેધ હોવાથી આ અતિચાર જ અસંભવ છે ? [સમાધાન] ના, આ અપવાદ વિષયથી છે. તેથી કહે છે. અપવાદથી સુતા હોય, જેમકે — દિવસના માર્ગના પરિશ્રમથી સુવે, તે સંદર્ભમાં આ વચન જાણવું. એ પ્રમાણે ત્વગ્ વર્તના સ્થાન અતિચારનું પ્રતિક્રમણ બનાવીને હવે ગોચર-અતિચાર પ્રતિક્રમણ કહે છે—

● **સૂત્ર-૧૮ :-**

***હું પ્રતિક્રમણ કરું છું. [શેનું ?] ભિક્ષા માટે ગૌચરી ફરવામાં લાગેલા***

*અતિચારોનું [કઈ રીતે ?] બંધ કરેલા બારણા-જાળી વગેરે ઉઘાડવાથી, કુતરા-વાછરડાં કે નાના બાળકનો સંઘટ્ટો થવાથી, મંડી પ્રાભૃતિક, બલિ પ્રાભૃતિક કે સ્થાપના પ્રાભૃતિક લેવાથી, શંકિત-સહસાકારિત [આહાર લેવાથી], અનેષણાથી, જીવોવાળી વસ્તુનું-બીજનું કે હરિતનું ભોજન કરવાથી, પશ્ચાત્ કર્મ કે પુરોકર્મ કરવાથી, અદૃષ્ટ આહૃતથી, સચિત્ત એવા જળ કે રજવાળી વસ્તુ લેવાથી, પારિશાટનિકાથી, પારિષ્ઠાપનિકાથી, ઓહસણભિક્ષાથી - -*

*જે ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણાથી અપરિશુદ્ધ પરિગૃહિત કે પરિભુક્ત હોય અને જે પરઠવેલ ન હોય —*

*તેનું 'મિચ્છા મિ દુક્કડં'*

● **વિવેચન-૧૮ :-**

હું પ્રતિક્રમું છું — નિવર્તુ છું. શેનાથી ?

ગોચરચર્યા - ભિક્ષાચર્યામાં જે અતિચાર લાગે છે, તેનાથી. ગાયનું ચરવું તે ગોચર, ગોચર જેવી ચર્યા તે ગોચર ચર્યા. કોની? ભિક્ષાર્થે ચર્યા. તેથી કહે છે — લાભાલાભ નિરપેક્ષ થઈ અદીનચિત્તે મુનિ ઉત્તમ-મધ્યમ-અધમ કુળોમાં ઈષ્ટ કે અનિષ્ટ વસ્તુમાં રાગ-દ્વેષરહિત થઈને ભિક્ષા માટે ભમે છે. તેને અતિચાર કઈ રીતે લાગે?

ઉગ્ઘાડ - આગળીયો દીધેલ કે કંઈક બંધ કરેલ બારણા, તેને ઉઘાડવા તે અથવા તે માટે પ્રેરણા કરવી તે. આ રીતે બંધ કમાડાદિના ઉઘાડવાથી અપ્રમાર્જનાદિથી અતિચાર લાગે તે. - x -

૦ મંડી પ્રાભૃતિકા — સાધુ આવે ત્યારે કોઈ વાસણથી અગ્રકૂર બીજા વાસણમાં કાઢીને સાધુને આપે, તેમાં પ્રવર્તન દોષ લાગે તે સુવિહિત-સાધુને ન કલ્પે. ૦ બલિપ્રાભૃતિકા - ચારે દિશામાં બલિની જેમ ફેંકે અથવા અગ્નિમાં ક્ષેપ કરીને સાધુને ભિક્ષા આપે, તે ન કલ્પે. ૦ ભિક્ષાચર માટે સ્થાપિત તે સ્થાપના દોષ, તે પણ ન કલ્પે.

આધાકર્માદિ - ઉદ્‌ગમ આદિ દોષોમાંથી કોઈપણ દોષની શંકા હોય અને આહાર ગ્રહણ કરે તો અતિચાર સહસાત્કારથી અકલ્પનીય ગ્રહણ કરે. અહીં તેનો ત્યાગ ન કરે અથવા અવિધિથી તેનો ત્યાગ કરે તો અતિચાર આ જ પ્રકારે અનેષણાના હેતુભૂત અતિચાર પણ જાણવા. પ્રાણી - રસજ આદિ, ભોજન-દહીં, ભાંત આદિમાં વિરાધાય છે કે નાશ પામે છે, જે પ્રાભૃતિકામાં તે પાણભોયણા. તેમાં સંઘટ્ટનાદિ દાતા અને ગ્રાહકથી થતો દોષ જાણવો. તેથી અતિચાર છે.

એ રીતે બીજભોજન અને હરિતભોજનમાં પણ જાણવું.

પાણી વડે ધોવારૂપ કર્મ પછી કે પહેલાં જેમાં સંભવે છે તે.

અદૃષ્ટ-ઉત્ક્ષેપથી લાવેલ, તેમાં જીવના સંઘટ્ટનનો અતિચાર સંભવે છે. દગ્સંસૃષ્ટ - જળના સંબદ્ધવાળું લાવેલ અથવા હાથ માત્રગત જળ વડે સંસૃષ્ટ. એ રીતે રજ વડે સંસૃષ્ટ લાવેલ હોય. વિશેષ એ કે — રજમાં પૃથ્વીરજ લેવી. પારિસાડણિયા - ત્યજી દેવા યોગ્યથી લાગેલ.

પારિટ્ઠાવણિયા - परिस्थापन - દેવાના વાસણમાં રહેલ બીજા દ્રવ્યના ત્યાગરૂપ,



તેના વડે નિર્વૃત્ત - થયેલ તે પારિસ્થાપનિકા. - x -

ઓહાસણભિક્ખા — વિશિષ્ટ દ્રવ્ય યાચનને સિદ્ધાંતની ભાષામાં ઓહાસણ કહે છે, તેનાથી પ્રધાન ભિક્ષા વડે.

આ પ્રમાણે ઘણાં ભેદો છે, તે બધાં ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણામાંનો કોઈ જ હોય છે. તેથી જે કંઈ અશનાદિ ઉદ્‌ગમ - આધાકર્માદિ લક્ષણ, ઉત્પાદન - ધાત્રિ આદિ રૂપ, એષણા - શંકિતાદિરૂપ અપરિશુદ્ધ લીધું, ખાધું કે પરઠવેલ ન હોય. ઈત્યાદિ - x - એ રીતે જે અતિચાર થયો હોય, તેનું મિથ્યાદુષ્કૃત.

એ પ્રમાણે ગોચર અતિચાર પ્રતિક્રમણ કહીને હવે સ્વાધ્યાય આદિ અતિચારનું પ્રતિક્રમણ કહે છે —

● **સૂત્ર-૧૯ :-**

*હું પ્રતિક્રમણ કરું છું. [શેનું ?] ચાર કાળ સ્વાધ્યાય ન કરવા. રૂપ અતિચારોનું, ઉભયકાળ ભાંડ અને ઉપકરણની પડિલેહણા ન કરી કે દુષ્ટ પડિલેહણા કરી, પ્રમાર્જના ન કરી કે દુષ્પ્રમાર્જના કરી, અતિક્રમ-વ્યતિક્રમ - અતિચાર કે અનાચારના સેવનરૂપ મેં જે કોઈ દૈવસિક અતિચાર કર્યો હોય, તેનું મિચ્છા મિ દુક્કડં - મારું દુષ્કૃત મિથ્યા થાઓ.*

● **વિવેચન-૧૯ :-**

ચારકાળ — દિવસના અને રાત્રિના પહેલા - છેલ્લા પ્રહરમાં. સ્વાધ્યાય - સૂત્ર પૌરુષીરૂપને, ન કરવાથી - ન સેવવાથી, જે મેં દૈવસિક અતિચાર કર્યા હોય. તથા ઉભયકાળ - પહેલી, છેલ્લી પૌરુષી રૂપમાં ભાંડોપકરણ - પાત્ર અને વસ્ત્ર આદિને ન પડિલેહ્યા - મૂળથી ચક્ષુ વડે નિરીક્ષણા ન કરી, દુષ્પડિલેહણા - દુર્નિરીક્ષણા, [અવિધિથી જોવું તે]. અપ્રમાર્જના - મૂળથી જ રજોહરણાદિ વડે સ્પર્શના ન કરવી, દુષ્પ્રમાર્જના - અવિધિથી પ્રમાર્જના કરવી તે. તથા અતિક્રમાદિથી જે મેં દૈવસિક અતિચાર કર્યા હોય તે મારુ દુષ્કૃત્ મિથ્યા થાઓ.

અતિક્રમાદિનું સ્વરૂપ આધાકર્મ દોષના દૃષ્ટાંતથી કહે છે — (૧) આધાકર્મનું નિમંત્રણ સ્વીકારે તો અતિક્રમ, (૨) ચાલવાનું આરંભે તો વ્યતિક્રમ, (૩) આધાકર્મ ગ્રહણ કરે તો અતિચાર, (૪) ભોગવતા અનાચાર.

આધાકર્મનું નિમંત્રણ સ્વીકારે તો સાધુને અતિક્રમ અર્થાત્ સાધુ ક્રિયાનું ઉલ્લંઘનરૂપ થાય, કેમકે આવું વચન સાંભળવું પણ ન કલ્પે, તો સ્વીકારવાની વાત જ ક્યાં ? ત્યાંથી પાત્રાદિ ગ્રહણ કરે ત્યાં સુધી અતિક્રમ. પાત્રનો ઉપયોગ કરી ચાલવા લાગે ત્યારે વ્યતિક્રમ, તે દોષ દાતા ભોજન લે ત્યાં સુધી લાગે. જ્યારે સાધુ તે ગ્રહણ કરે ત્યારે અતિચાર લાગે, તે દોષ વસતિમાં જઈ ઈર્યાપથ પ્રતિક્રમે સુધી રહે. તેના પછીના કાળે અનાચાર, જ્યારે મુખમાં કોળીયો મૂકે.

અહીં સુખેથી સમજાય તે માટે આધાકર્મનું દૃષ્ટાંત બતાવ્યું. અન્યત્ર પણ આને જ અનુસરવું. આ અતિચાર સંક્ષેપથી એક પ્રકારે છે. વિસ્તાર કરતા-કરતાં બે, ત્રણ યાવત્ અસંખ્યેય ભેદે છે. - x - વિસ્તાર કરતાં અનંતભેદ પણ થાય. તેમાં

એક-વિધ આદિ ભેદે પ્રતિક્રમણના પ્રતિપાદન માટે કહે છે –

● સૂત્ર-૨૦ :-

*હું પ્રતિક્રમણ કરું છું. [શેનું ?] એક-વિધ અસંયમનું.*

*હું પ્રતિક્રમણ કરું છું [શેનું ?] બે પ્રકારના બંધનો - રાગરૂપ બંધનનું અને દ્વેષરૂપ બંધનનું.*

*હું પ્રતિક્રમણ કરું છું [શેનું ?] ત્રણ દંડ-મન દંડ વડે, વચન દંડ વડે, કાય દંડ વડે [થયેલા અતિચારોનું]*

*હું પ્રતિક્રમણ કરું છું - ત્રણ ગુપ્તિ-મનોગુપ્તિ વડે, વચનગુપ્તિ વડે, કાયગુપ્તિ વડે [તેના પાલન ન કરવાથી થયેલા અતિચારોનું.]*

● વિવેચન-૨૦ :-

એક પ્રકારે અસંયમ - અવિરતિ લક્ષણરૂપ પ્રતિષેધ કરેલાનું કરવું, તેથી મને જે દૈવસિક અતિચાર લાગ્યો, તેનું મિચ્છામિ દુક્કડં. જેમ કહેશે કે – સ્વાધ્યાય કાળે સ્વાધ્યાય ન કર્યો તેનું મિચ્છામિ દુક્કડં.

બે બંધનનો હેતુ વડે જે અતિચાર થયા તેને હું પ્રતિક્રમુ છું. જે કારણે આઠ પ્રકારના કર્મોથી આત્મા બંધાય. તે બંધન. તે બે પ્રકારે રાગ અને દ્વેષ. તેનું સ્વરૂપ “નમસ્કાર”માં કહેલ છે. આનું બંધનત્વ પ્રસિદ્ધ છે, કહ્યું છે – જેમ સ્નેહ વડે લેપાયેલ શરીરમાં ધુળ વડે શરીર ચોંટે છે, એ પ્રમાણે રાગ અને દ્વેષથી પીડાતાને કર્મબંધ થાય છે જ.

દંડ - જેના વડે ચારિત્રરૂપી ઐશ્વર્યનો અપહાર કરતો આત્મા અસાર કરાય છે, તે દંડ કહેવાય, તે દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે. અહીં ભાવદંડનો અધિકાર છે, તેના કારણે થતા જે અતિચાર. તેના મનદંડાદિ ત્રણ ભેદ, મન વગેરે દુષ્ટ રીતે પ્રયોજાતા આત્મા દંડાય છે.

મનોદંડમાં ઉદાહરણ - કોંકણક સાધુ હતા. તે જાનુ ઉર્ધ્વ રાખી, મસ્તક નીચું રાખી વિચારતા હતા. સાધુઓ તેને – “આ વૃદ્ધ શુભધ્યાનમાં રહેલ છે. માનીને વાંદે છે. ઘણાં કાળે સંલાપ દેવો શરૂ કર્યો. સાધુએ પૂછ્યું – શું ધ્યાન કર્યુ? તે કોંકણક સાધુ બોલ્યા – ખર વાત વાય છે, જો તે મારા પુત્રો હાલ તૃણાદિને સળગાવી દે, તો તેમના વર્ષારાત્રમાં સરસા ભૂમિમાં ઘણી જ શાલિ [ચોખા] ની સંપત્તિ થશે. એમ મેં ચિંતવ્યુ. આચાર્યએ આવું ન વિચારાય કહેતાં તે સમજ્યા. આ અશુભ મનથી ચિંતવેલ, તે મનોદંડ.

વચનદંડ - સાધુ સંજ્ઞાભૂમિમાં આવ્યા, અવિધિથી આલોચે છે. કર્યુ - જેમ શૂકર [ભુંડ]નું વૃંદ જોયું. તે સાંભળી પુરુષોએ જઈને મારી નાંખ્યા.

કાયદંડ - ચંડરુદ્ર નામે આચાર્ય ઉજ્જૈનીથી બહારના ગામે આવ્યા. તે ઘણો રોષવાળા હતા. ત્યાં પધાર્યા ત્યારે ગણિકાના ઘેરથી નીકળતો એક શ્રેષ્ઠીપુત્ર શૈક્ષ ઉપસ્થિત થયો. ત્યાં બીજાએ અશ્રદ્ધાથી ચંડરુદ્રની પાસે મોકલ્યો. ગુસ્સાથી ચંડરુદ્રાચાર્યે તેનો લોચ કરીને દીક્ષા આપી દીધી. વહેલી સવારે ગામે ચાલતા, આગળ નવદીક્ષિત



સાધુ અને પાછળ ચંડરુદ્રાચાર્ય ચાલતા હતા. આચાર્ય પડી જતાં રોષાયમાન થયા. શિષ્યને દંડ વડે મસ્તકમાં પ્રહાર કર્યો. શૈક્ષે સહન કર્યો.

આવશ્યક વેળાએ શિષ્યને લોહીથી ખરડાયેલો જોયો. ચંડરુદ્રએ તે જોઈને - પોતાના દુષ્કૃત્યની માફી માંગતા વૈરાગ્યથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. શૈક્ષને પણ થોડા કાળ પછી કેવળજ્ઞાન થયું

૦ મનોગુપ્તિ આદિ ત્રણને હું પ્રતિક્રમું છું, કે જે ત્રણ ગુપ્તિ વડે જે અતિચાર મેં કર્યા હોય. ગુપ્તિમાં અતિચાર કઈ રીતે ? પ્રતિષેધ કરેલને આચરે, કરવા યોગ્યને ન કરે, અશ્રદ્ધા કરે, વિપરીત પ્રરૂપણા કરે ઈત્યાદિ પ્રકારે અતિચાર. આનો શબ્દાર્થ ‘સામાયિક’ સૂત્રવત્ જાણવો.

મનોગુપ્તિ – જિનદાસ નામે શ્રાવક હતો. તે સર્વ રાત્રિકી પ્રતિમા સ્વીકારીને યાનશાળામાં રહ્યો. તેની પત્ની, કોઈ પુરુષ સાથે ખીલાવાળો પલંગ લઈને આવી. ત્યાં જિનદાસના પગ ઉપર જ પલંગનો પાયો રાખીને પરપુરુષ સાથે અનાચાર આચરે છે, ખીલાથી જિનદાસનો પગ વીંધાઈ ગયો, તે ત્યાં ઘણી વેદના સહન કરે છે, મનમાં દુષ્કૃત ઉત્પન્ન ન થયું, ધ્યાનમાં નિશ્ચલ મન રહ્યો. આ પ્રમાણે મનોગુપ્તિ પાળવી.

વચનગુપ્તિ - સાધુને સંજ્ઞાતીયપલ્લીમાં જતો જોયો. ચોર માનીને પકડ્યો. સેનાપતિએ છોડી દીધો. ઈત્યાદિ - x - x - x - ધર્મકથાથી સેનાપતિને આવર્જિત કર્યો. આદિ - x - x - આ રીતે વચનગુપ્તિ પાળવી.

કાયગુપ્તિ - જેમ માર્ગને પામેલો સાધુ, તેને સાર્થમાં વસતા ક્યાંય સ્થંડિલ ભૂમિ ન મળી. કેમે કરીને એક પગ રાખવાની જગ્યા મળી. તે ત્યાં આખી રાત્રિ એક પગે રહ્યા. - x - શક્રએ તેની પ્રશંસા કરી. કોઈ અશ્રદ્ધાળુ દેવ આવ્યો અને તેણે દેડકી વિકુર્વી. સાધુ યતનાપૂર્વક ત્યાંથી ચાલ્યા, દેવે હાથી વિકુર્વ્યો, સાધુની પાછળ ગુલગુલાયતો આવ્યો તો પણ સાધુએ ગતિભેદ ન કર્યો. હાથીએ સૂંઢથી પકડ્યો ત્યારે સાધુ બોલ્યો કે – મારાથી જીવ વિરાધના થઈ, તેનું મિચ્છા મિ દુક્કડં, પણ પોતાની ચિંતા ન કરી, દેવે ખુશ થઈ, નમસ્કાર કર્યા.

● સૂત્ર-૨૧ :-

*હું પ્રતિક્રમુ છું [કોને ?] ત્રણ શલ્ય – માયા, નિદાન અને મિથ્યાદર્શન શલ્યથી થયેલા અતિચારોને.*

*હું પ્રતિક્રમુ છું, ત્રણ ગારવો – ઋદ્ધિ ગારવ, રસગારવ અને શાતા ગારવ વડે થયેલા અતિચારોને.*

*હું પ્રતિક્રમુ છું, ત્રણ વિરાધના – જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના અને ચારિત્ર વિરાધના વડે થયેલા અતિચારોને.*

*હું પ્રતિક્રમું છું, ચાર કષાયો – ક્રોધ, માન, માયા, લોભ વડે૦*

*હું પ્રતિક્રમું છું, ચાર સંજ્ઞા – આહાર, ભય, મૈથુન, પરિગ્રહથી૦*

*હું પ્રતિક્રમું છું, ચાર વિકથા – સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા અને રાજ કથા વડે થયેલા અતિચારોને.*

***હું પ્રતિક્રમું છું, ચાર ધ્યાન — આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લથી (અર્થાત્) પહેલાં બે કરવાથી, છેલ્લા બે ન કરવાથી થતાં અતિચારોને.***

● **વિવેચન-૨૧ :-**

ત્રણ શલ્યોના કરવાથી થયેલા અતિચારોને હું પ્રતિક્રમુ છું. તે આ — માયાશલ્ય આદિ શલ્ય-દ્રવ્ય અને ભાવ ભેદે છે. દ્રવ્યશલ્ય તે કાંટા આદિ. ભાવશલ્ય - આ માયાદિ છે. માયા એ જ શલ્ય-માયાશલ્ય. જે જ્યારે અતિચાર પામીને માયા વડે ન આલોચે કે અન્યથા આલોચે, કે અભ્યાખ્યાન આપે, ત્યારે તે જ શલ્ય અશુભકર્મ બંધન વડે આત્માને શલ્યિત કરે છે, તેનાથી જે અતિચાર લાગે તે.

નિદાન - દિવ્ય કે માનુષી ઋદ્ધિના દર્શન કે શ્રવણ વડે, તેની ઈચ્છાથી અનુષ્ઠાન કરવું તે જ શલ્ય અધિકરણ અનુમોદનથી આત્મશલ્ય વડે૦ મિથ્યા-વિપરીત દર્શન તે મિથ્યાદર્શન - મોહ કર્મના ઉદયથી થયેલ, તે જ શલ્ય, તે પ્રત્યય કર્માદાનથી આત્માને શલ્યિત કરે, તેનાથી. તેથી ફરી અભિનિવેશ મતિ-ભેદથી થાય છે.

માયાશલ્ય-રુદ્રનું દૃષ્ટાંત કહેવાશે. પાંડુઆર્યાનું કહ્યું.

નિયાણશલ્ય - બ્રહ્મદત્તનું કથાનક, તેના ચરિત્રથી જાણવું.

મિથ્યાદર્શનશલ્ય - ગોષ્ઠામાહિલ, જમાલિ આદિ, અભિનિવેશ મતિભેદથી મિથ્યાત્વને પામ્યા. તેમાં આ બંને દૃષ્ટાંતો સામાયિકમાં કહ્યા અને ભિક્ષુ ઉપચરક શ્રાવકની કથા આગળ કહીશું.

ત્રણ ગારવ વડે થયેલા અતિચારને હું પ્રતિક્રમું છું. તેમાં ગારવ એટલે ગુરુપણાનો ભાવ તે ગૌરવ [અભિમાન કે મદ જેવું]. તે દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે — દ્રવ્યગૌરવ તે વજ આદિ. ભાવગૌરવ તે અભિમાન અને લોભ વડે આત્માનો અશુભ ભાવ અર્થાત્ સંસાર ચક્રવાલમાં પરિભ્રમણ હેતુ કર્મનિદાન. તેમાં —

(૧) ઋદ્ધિ ગારવ :- નરેન્દ્ર આદિ પૂજ્ય આચાર્યાદિત્વ અભિલાષ લક્ષણથી, ગૌરવ - ઋદ્ધિ પ્રાપ્તિથી અભિમાન અને અપ્રાપ્તિમાં પ્રાર્થના દ્વારથી આત્માનો અશુભ ભાવ તે ઋદ્ધિગૌરવ. (૨) રસગારવ - ઈષ્ટ રસની પ્રાપ્તિમાં અભિમાન, અપ્રાપ્તિમાં પ્રાર્થના દ્વારથી આત્માનો અશુભ ભાવ, તેના વડે. (૩) સાતા ગારવ - સુખસાતા પ્રાપ્તિમાં અભિમાન અને અપ્રાપ્તિમાં પ્રાર્થનાદ્વારથી આત્માનો અશુભ ભાવ, તેનાથી.

ઉદાહરણ - મથુરામાં આર્ય મંગુ આચાર્ય હતા. ઘણાં બધાં શ્રાવકો ત્યાં ઈષ્ટ રસ, વસ્ત્ર, શયન, આસનાદિ અધિક આપતા હતા. તે ત્રણે ગૌરવથી અતિ પ્રતિબદ્ધ થઈ ત્યાં કાળધર્મ પામ્યા. મથુરામાં નિર્ધમન માર્ગ - ખાળમાં તેઓ યક્ષ રૂપે ઉત્પન્ન થયા. યક્ષાયતનની સમીપથી ત્યાં સાધુઓ સંજ્ઞાભૂમિએ જતાં યક્ષપ્રતિમા પાસેથી નીકળતા. ત્યારે તે મંગુ યક્ષ લાંબી જીભ કાઢીને દેખાડતા. આ પ્રમાણે ઘણી વાર થતાં સાધુએ પૂછ્યું કે — આ શું છે ? ત્યારે મંગુ યક્ષ કહે તો કે હું જીભ વળે દુષ્ટ એવો તમારો મંગૂ આચાર્ય છું. અહીં ઉત્પન્ન થયો છું. તેથી તમે કોઈ પણ આ પ્રમાણે કરતા નહીં. તેથી હું જીભ દેખાડુ છું, તે જોઈને ઘણાં સાધુ ગારવરહિત થયા.

હું ત્રણ વિરાધનાથી થયેલા અતિચારોને પ્રતિક્રમુ છું. તે આ રીતે — જ્ઞાન





વિરાધના આદિ. તેમાં વિરાધના એટલે કોઈ વસ્તુનું ખંડન, તે જ વિરાધના. જ્ઞાનવિરાધના - જ્ઞાન પ્રત્યનીકતા આદિ રૂપ કહ્યું છે — જ્ઞાન પ્રત્યનીકતા, નિહ્નવ, અતિ આશાતના, તેમાં અંતરાય આદિ કરવાથી જ્ઞાનના અતિચારો લાગે છે. તેમાં પ્રત્યનીકતા તે પાંચ પ્રકારના જ્ઞાનની નિંદણા. તે આ રીતે — આભિનિબોધિક જ્ઞાન અશોભન છે, તેને જાણનાર કદાચિત્ તે પ્રમાણે હોય, કદાચિત્ અન્યથા હોય. એ રીતે શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનનું અશોભનપણું કહેવું. કેવળજ્ઞાનમાં પણ સમય ભેદથી દર્શન-જ્ઞાન પ્રવૃત્તિના એક સમયમાં અકેવલપણે હોવાથી અશોભન જ છે.

નિહ્નવ - અપલપ, બીજા પાસે ભણે અને બીજાનું નામ આપે. અતિ આશાતના - કાયા અને વ્રત તે જ છે, તે જ પ્રમાદો અને અપ્રમાદો છે. મોક્ષાધિકારીને જ્યોતિ યોનિ વડે શું કામ છે ? ઈત્યાદિ સ્વાધ્યાયિક આદિને અંતરાય કરવા. અકાલ સ્વાધ્યાયાદિથી જ્ઞાનવિસંવાદ યોગ કરે.

દર્શન—સમ્યગ્દર્શનની વિરાધના વડે અતિચાર થાય તે. આ પણ પાંચ ભેદે છે. તેમાં દર્શનપ્રત્યનીકતા ક્ષાયિકદર્શની પણ શ્રેણિક આદિ નરકમાં ગયા એવી નિંદા વડે, નિહ્નવ - દર્શન પ્રભાવનીય શાસ્ત્રની અપેક્ષાથી પૂર્વવત્ જાણવું. અતિ આશાતના - આ કલહ શાસ્ત્રોથી શું લાભ? અંતરાય્ પૂર્વવત્. શંકાદિ વડે દર્શન વિસંવાદ યોગ.

ચારિત્ર વિરાધના - વ્રત આદિ ખંડનરૂપથી અતિચાર.

ચાર કષાયો વડે થયેલ અતિચારોને હું પ્રતિક્રમું છું. તે આ રીતે — ક્રોધ, માન, માયા, લોભ કષાયો વડે. કષાયનું સ્વરૂપ ઉદાહરણ સહિત નમસ્કાર મુજબ જાણવું.

ચાર સંજ્ઞા વડે થયેલા અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. તે આ રીતે — આહાર સંજ્ઞા ઈત્યાદિ ચાર. તેમાં સંજ્ઞાન તે સંજ્ઞા. તે સામાન્યથી ક્ષાયોપશમિકી અને ઔદયિકી છે. તેમાં આરંભની છે તે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જન્ય અને ઔદયિકી છે. તેમાં આરંભની છે તે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જન્ય અને મતિભેદ રૂપ છે, તેનો અહીં અધિકાર નથી, બીજી સામાન્યથી આહાર સંજ્ઞાદિ લક્ષણ ચતુર્વિધ છે.

આહાર સંજ્ઞા - આહારની અભિલાષા, તે ક્ષુધા વેદનીયના ઉદયથી ઉત્પન્ન આત્મ પરિણામ વિશેષ છે. તે વળી ચાર સ્થાનેથી ઉત્પન્ન થાય છે. તે આ રીતે — ખાલી પેટ થવાથી, ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી, મતિ વડે, તે હેતુથી ઉપયોગ વડે. તેમાં 'મતિ' આહારના શ્રવણાદિથી થાય છે. તેના હેતુથી ઉપયોગ તે આહારના સતત ચિંતનથી થાય છે, તે આહાર સંજ્ઞા વડે થયેલ અતિચાર વિશેષ.

ભય સંજ્ઞા - ભયનો અભિનિવેશ, ભયમોહનીયના ઉદયથી થયેલ જીવ પરિણામ જ. આ પણ ચાર સ્થાને ઉદ્ભવે - હીનસત્ત્વતા, ભય મોહનીયનો ઉદય, મતિ વડે, તદર્થોપયોગથી.

મૈથુનસંજ્ઞા - મૈથુનની અભિલાષા. વેદ મોહનીય ઉદયથી થયેલ જીવ પરિણામ જ. આ પણ ચાર સ્થાનોથી ઉદ્ભવે છે, તે આ — ચિત્તમાંસલોહી વડે, વેદ મોહનીયના ઉદયથી, મતિથી, તદર્થોપયોગથી.

પરિગ્રહસંજ્ઞા — પરિગ્રહની અભિલાષા, તીવ્ર લોભોદયથી ઉત્પન્ન આત્મ પરિણામ

આ પણ ચાર સ્થાને ઉદ્‌ભવે - અવિવિક્તતાથી, લોભના ઉદયથી, મતિ વડે, તદર્થોપયોગથી.

ચાર વિકથા કરતા થયેલ અતિચારોને હું પ્રતિક્રમું છું. તે આ — વિકથા એટલે વિરુદ્ધા કે વિનષ્ટા જે કથા. તે સ્ત્રીકથાદિ રૂપ છે.

સ્ત્રી કથા ચાર ભેદે છે — જાતિકથા, કુલકથા, રૂપકથા, નેપથ્ય કથા. તેમાં જાતિકથા - બ્રાહ્મણી આદિમાંથી કોઈની પ્રશંસા કે દ્વેષ કરે. કુળકથા — ઉગ્ર આદિ કુળમાં જન્મેલમાંથી કોઈની૦, રૂપકથા - આંધ્ર આદિ દેશની કોઈક સ્ત્રીના પણ રૂપની પ્રશંસા કરે કે દ્વેષ કરે. નેપથ્ય કથા - ઉક્ત સ્ત્રીમાંના કોઈકના વસ્ત્રની પ્રશંસા કે દ્વેષ કરવો.

ભક્ત-ભોજન, તે વિષયક કથા. તે પણ ચાર ભેદે છે — આવાપ કથા - આટલાં દ્રવ્યો શાક, ઘી આદિમાં ઉપયુક્ત છે.નિર્વાપ કથા - આ વ્યંજન ભેદાદિમાં પંદર રૂપિયા થાય. એ રીતે આરંભકથા અને નિષ્ઠાન કથા - x - x - કહી.

દેશકથા - જનપદ સંબંધી કથાથી. આ પણ છંદાદિ ભેદથી ચાર પ્રકારે છે — છંદ, વિધિ, વિકલ્પ અને નેપથ્ય. *[ચારે ભેદ વિશે વૃત્તિકારે શ્લોકો આપેલ છે, અમને માત્ર શાબ્દિક અનુવાદ સમજાયો, ભાવ પકડી શક્યા નહીં, તેથી આ અનુવાદ છોડી દીધેલ છે.]*

રાજકથા - આ પણ નરેન્દ્ર નિર્ગમાદિ ભેદથી ચાર પ્રકારે છે. તે ચાર ભેદ આ પ્રમાણે — નિર્ગમ, અતિગમ, બલ, કોશ કોષ્ઠાગાર. નીકળતા એવા આ રાજાની આટલી ઋદ્ધિ અને વિભૂતિ છે, હાથીને સ્કંધે શોભી રહ્યા છે, અલકાપુરીમાં ઈન્દ્ર જતો હોય તેવું લાગે છે. આટલા હાથી, ઘોડા, રથ, પદાતિ બલવાહનો છે, આટલા કરોડ કોશ, કોષ્ઠાગાર છે ઈત્યાદિ કથા તે ચારે ભેદે રાજકથા કહી.

હું ચાર ધ્યાનને કરવા દ્વારા કે અશ્રદ્ધેયાદિ પ્રકારથી જે અતિચાર કર્યા, તેને પ્રતિક્રમું છું. તે આ રીતે — આર્ત્તધ્યાનાદિ. તેમાં ધ્યાવવું તે ધ્યાન એ રીતે ભાવ સાધન છે. તે વળી કાળથી અંતર્મુહૂર્ત્ત માત્ર છે. ભેદથી ચાર પ્રકારે છે, ધ્યયે પ્રકારો તે અમનોજ્ઞ વિષય સંપ્રયોગાદિ છે. તેમાં શોક, આક્રંદન, વિલાપ કરવો ઈત્યાદિ રૂપ આર્ત્તધ્યાન છે, (તેનાથી થયેલ અતિચારોનું)

ઉત્સન્ન-વધ આદિ રૂપ રૌદ્રધ્યાન છે, તેનાથી૦

જિનપ્રણિત ભાવ શ્રદ્ધાન્ આદિરૂપ ધર્મધ્યાન છે૦

અવધ-અસંમોહાદિ રૂપ શુક્લધ્યાન છે૦

આ ચારે ધ્યાનનું ફળ અનુક્રમે તિર્યંચ, નરક, દેવગતિ આદિ મોક્ષ નામે છે. આ સંક્ષેપથી ધ્યાન કહ્યું. તેનો વિસ્તાર ધ્યાનશતકથી જાણવો. તે આ છે :- ધ્યાનશતકના મહાર્થત્વથી વસ્તુતઃ શાસ્ત્રાંતરપણાથી પ્રારંભમાં જ વિઘ્નવિનાયકને ઉપશાંત કરવાને મંગલ અર્થે ઈષ્ટ દેવતાનો નમસ્કાર કહે છે —



# ૦ ધ્યાન શતક ૦

*[વૃત્તિકાર મહર્ષિએ અહીં ધ્યાનશતક નોંધેલ છે. જે સૂત્ર-૨૧ની ટીકાની અંતર્ગત્ જ આપેલ છે. ચૂર્ણિકારશ્રીએ ધ્યાનની વ્યાખ્યા તેના ભેદ-પ્રભેદો સહિત કરી છે, અને તે ખૂબ જ મુદ્દાસર છે, તેઓએ ધ્યાનશતક નોંધેલ નથી. શ્રી જ્ઞાનસાગર સૂરિ કૃત્ નિર્યુક્તિ અવચૂર્ણિમાં આ ધ્યાન શતકની નોંધતો છે, પણ વૃત્તિ સંક્ષેપમાં જ છે. અમે હારિભદ્રીય વૃત્તિ અને દીપિકા તથા અવચૂરિને આધારે આ વિવેચન નોંધેલ છે, માત્ર હારિભદ્રીયવૃત્તિનો અક્ષરશઃ અનુવાદ નથી.]*

૦ ગાથા-૧ :-

**શુક્લ ધ્યાનાગ્નિથી બાળેલ કર્મ ઇંધનવાળા યોગીશ્વર, શરણ્ય વીરને પ્રણામ કરીને હું ધ્યાન અધ્યયન કહીશ.**

● વિવેચન-૧ :-

— વિશેષથી કર્મને પ્રેરે કે ગમન કરાવે તે વીર.

— શોકને દૂર કરે તે શુક્લ.

— જેના વડે તત્ત્વ ચિંતન થાય તે ધ્યાન, એકાગ્ર ચિત્ત નિરોધ.

— કર્મ ઇંધનના બાળવાથી અગ્નિરૂપ તે શુક્લધ્યાનાગ્નિ.

— મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગોથી કરાય તે કર્મજ્ઞાનાવરણીય આદિ. તે જ અતિ તીવ્ર દુઃખાનલના નિબંધનત્વથી ઇંધનરૂપ છે. તેવા કર્મ ઇંધન તે શુક્લ ધ્યાનાગ્નિથી બાળેલ-ભસ્મીકૃત જેના વડે કરાયલ છે તે.

— પ્રણમ્ય - પ્રકર્ષથી મન, વચન, કાયાના યોગથી નમીને.

— ધ્યાન પ્રતિપાદક અધ્યયનને પ્રકર્ષથી કહીશ.

— વીર ભગવંત કેવા ? યોગીશ્વર, મન, વચન, કાયાના જોડાણ રૂપ હોવાથી પ્રધાન, અનુત્તર એવા મન-વચન-કાય વ્યાપારવાળા.

— આના દ્વારા કેવળ જ્ઞાનાદિ વડે આત્માનું જોડાણ કહ્યું. તે ધર્મ-શુક્લરૂપ યોગ જેનામાં વિધમાન છે, તે યોગી તેના ઈશ્વર અર્થાત્ પ્રભુ કે સ્વામી તે યોગીશ્વર.

વળી ભગવંત કેવા છે ? શરણ્ય. રાગ આદિથી પરિભૂતને આશ્રયરૂપ, સત્ત્વવત્સલ, રક્ષક એવા તે શરણ્ય કહેવાય.

અહીં શુક્લધ્યાનાગ્નિ વડે બાળેલ કર્મ ઇંધન રૂપ તો સામાન્ય કેવલી પણ હોય, પણ વાક્કાયાના અતિશયના અભાવે તે યોગેશ્વર ન કહેવાય. તે જ તત્ત્વથી શરણ્ય છે, એમ જણાવવા માટે અહીં ભગવંતના બંને વિશેષણો મૂકેલ છે.

હવે ધ્યાનના લક્ષણને પ્રતિપાદન કરતા કહે છે —

● ગાથા-૨ :-

***જે સ્થિર અધ્યવસાય છે, તે ધ્યાન છે. જે ચલ છે તે ચિત્ત છે, તે ચિત્ત ત્રણ ભેદે હોય — ભાવના, અનુપ્રેક્ષા અથવા ચિંતા.***

● વિવેચન-૨ :-

સ્થિર-નિશ્ચલ. અધ્યવસાન-મનની એકાગ્રતા, આલંબન. ચલ-અનવસ્થિત.

ચિત્તના ત્રણ ભેદ (૧) ભાવના - તે ચિત્ત ભાવના થાય છે, ભવાય તે ભાવના અર્થાત્ ધ્યાનના અભ્યાસની ક્રિયા કે વિભાષા. (૨) અનુપ્રેક્ષા - પશ્ચાત્ ભાવમાં જોવું તે, તે સ્મૃતિ ધ્યાનથી ભ્રષ્ટ ચિત્ત ચેષ્ટા છે. (૩) અથવા ચિંતા શબ્દ બીજા પ્રકારના પ્રદર્શન માટે છે, ચિંતા તે ઉક્ત બે પ્રકાર રહિત છે તે મનોચેષ્ટા.

આ ધ્યાન લક્ષણ ઓઘથી બતાવીને હવે ધ્યાન જ કાળ અને સ્વામી વડે નિરૂપતા કહે છે —

● ગાથા-૩ :-

***અંતર્મુહૂર્ત્ત માત્ર એક વસ્તુમાં ચિત્તનું અવસ્થાન એ છદ્મસ્થોને ધ્યાન છે અને જિનેશ્વરને યોગ નિરોધ છે.***

● વિવેચન-૩ :-

૭૭ લવ પ્રમાણ કાળ વિશેષ તે મુહૂર્ત્ત. કહ્યું છે — કાળનો પરમ નિરુદ્ધ અવિભાજ્ય ખંડને 'સમય' કહે છે. અસંખ્યાત સમયનો ઉચ્છ્વાસ નિઃશ્વાસ થાય છે. નિરુપક્લિષ્ટ હૃષ્ટપુષ્ટ પ્રાણીનો એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસને પ્રાણ કહે છે. સાત પ્રાણનો સ્તોક, સાત સ્તોકનો લવ કહેવાય. ૭૭-લવનું મુહૂર્ત્ત જાણવું.

અંતર્મુહૂર્ત્ત માત્ર કાળ. મનની અવસ્થિતિ તે ચિત્તાવસ્થાન અર્થાત્ નિષ્પ્રકંપતાથી વૃત્તિ. ક્યાં ? એક વસ્તુમાં. एक - જેમાં અદ્વિતીય ગુણ-પર્યાયો વસે છે, તે વસ્તુ - ચેતન આદિ એક તે વસ્તુ, તે એક વસ્તુ, તેમાં તેમાં છદ્મસ્થોનું ધ્યાન છે.

તેમાં જે છાદન કરે તે છદ્મ, તે જ્ઞાનાદિગુણના આવરકત્વથી જ્ઞાનાવરણાદિ લક્ષણ ઘાતિકર્મ, છદ્મસ્થ-અકેવલી. તે છદ્મસ્થોનું ધ્યાન. સમુદાય અર્થ આ પ્રમાણે છે — અંતર્મુહૂર્ત્ત કાળ જે ચિત્તની એક જ વસ્તુમાં અવસ્થિત તે છદ્મસ્થોનું ધ્યાન.

યોગ - ઔદારિકાદિ શરીર સંયોગથી ઉત્પન્ન આત્મપરિણામ વિશેષ વ્યાપાર. તેનો નિરોધ તે યોગ નિરોધ-પ્રલય કરણ. કોને ? કેવલીને, તે યોગ નિરોધ જ છે, ચિત્તનું અવસ્થાન નથી. કેમકે તેમનો ચિત્તનો જ અભાવ હોય છે. અથવા યોગનિરોધ એ જિનેશ્વરોને જ ધ્યાન છે, બીજા છદ્મસ્થોને નહીં, કેમકે તે બીજાને અશક્ય છે.

જે રીતે આ યોગ નિરોધ જિનોને ધ્યન છે, જેટલો કાળ તે થાય છે, તેથી આગળ હું કહીશ.

હાલ છદ્મસ્થોને અંતર્મુહૂર્ત્તથી આગળ જે થાય છે તે કહું છું.

● ગાથા-૪ :-

***અંતર્મુહૂર્ત્તથી વધારે ચિંતામાં ધ્યાનાંતર થાય, બહુ વસ્તુના સંક્રમમાં ઘણાં કાળે પણ ધ્યાન પ્રવાહ સંચરે છે.***

● વિવેચન-૪ :-

અંતર્મુહૂર્ત્તથી આગળ પૂર્વોક્ત સ્વરૂપની ચિંતાને ધ્યાનાંતર કહ્યું. તેમાં અહીં ધ્યાન સિવાયનું બીજું ધ્યાન તે ધ્યાનાંતર ન લેવું. તો શું લેવું ? ભાવના અનુપ્રેક્ષાત્મક ચિત્ત. આ ધ્યાનાંતર તેના ઉત્તરકાળ ભાવિની ધ્યાન હોવાથી થાય છે.

તે કાળમાન વસ્તુ સંક્રમણ દ્વારથી નિરૂપતા કહે છે — ઘણી વસ્તુના સંક્રમમાં



પ્રભૂત કાળ જાણવો. તેટલો ધ્યાનપ્રવાહ કહ્યો. આ ઘણી વસ્તુ તે આત્મગત, પરગત જાણવી. તેમાં આત્મગત તે મન વગેરે, પરગત તે દ્રવ્યાદિ, તેમાં સંચરણ.

અહીં સુધી ધ્યાનના સામાન્યલક્ષણ કહ્યા. હવે વિશેષ લક્ષણ જણાવવા ધ્યાનોદ્દેશનું વિશિષ્ટ ફળ ભાવ સંક્ષેપથી બતાવે છે —

● ગાથા-૫ :-

***આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ધ્યાન એ ચાર ભેદ છે. તેમાં છેલ્લા બે નિર્વાણ સાધક છે અને આર્ત્ત, રૌદ્ર એ ભવના કારણરૂપ છે.***

● વિવેચન-૫ :-

(૧) આર્ત્ત — ઋત એટલે દુઃખ, તે નિમિત્તે દૃઢ અધ્યવસાય તે. આર્ત્ત અર્થાત્ ક્લિષ્ટ. (૨) રૌદ્ર - હિંસાદિ અતિ ક્રુરતાનુગત, (૩) ધર્મ-શ્રુત-ચારિત્ર ધર્માનુગત, (૪) શુક્લ - આઠ પ્રકારના કર્મ મળને શોધે, ઘટાડે કે દૂર કરે તે શુક્લ. આ ચાર ધ્યાન વર્તે છે.

હવે ફળ હેતુત્વ દર્શાવે છે — અંત્ય બે એટલે ધર્મ અને શુક્લ, તે બંને નિર્વાણ સાધન છે. અહીં નિર્વૃત્તિ તે નિર્વાણ-સામાન્યથી સુખ કહેવાય છે. તેને સાધવું - કરવું તે.

[શંકા] આર્ત્તધ્યાનથી તિર્યંચ ગતિ, રૌદ્રધ્યાનથી નરકગતિ, ધર્મ ધ્યાનથી દેવલોક અને શુક્લધ્યાનથી સિદ્ધિ ગતિ પમાય છે. એમ જે કહ્યું તે ઉક્ત ગાથાથી વિરોધ ન પામે? ના, દેવગતિ અને સિદ્ધિગતિ સામાન્યથી સુખસિદ્ધિ છે. જો કે નિર્વાણ એ મોક્ષ છે, તો પણ પરંપરાથી ધર્મધ્યાન પણ તેના સાધનપણે હોવાથી વિરોધ નથી.

તથા ભવકારણ આર્ત્ત અને રૌદ્ર "જેમાં કર્મવશવર્ત્તી પ્રાણી રહે છે." તે ભવ એટલે સંસાર, તો પણ અહીં વ્યાખ્યાન વિશેષથી તિર્યંચ અને નરક ભવ લેવા.

હવે આર્ત્તધ્યાનનો અવસર છે, તે સ્વવિષય અને લક્ષણ ભેદથી ચાર પ્રકારે છે, (૧) અમનોજ્ઞનો સંપ્રયોગ, (૨) મનોજ્ઞનો વિપ્રયોગ - વેદના (૩) ઉભયરૂપ (૪) નિદાન. તેમાં પહેલો ભેદ કહે છે —

● ગાથા-૬ :-

***અમનોજ્ઞ શબ્દાદિ વિષય વસ્તુ પ્રાપ્ત થયા પછી તેના વિયોગની અતિ-અતિ ચિંતા જે દ્વેષ મલિન પ્રાણીને થવી, તેના વિયોગ માટે અસંપ્રયોગનું સ્મરણ રૂપ [પહેલું આર્ત્તધ્યાન કહ્યું.]***

● વિવેચન-૬ :-

મનોજ્ઞ એટલે મનને અનુકૂળ, અમનોજ્ઞ - મનોજ્ઞ નહીં તે. શું અમનોજ્ઞ ? શબ્દાદિ વિષયો, आदि શબ્દથી વર્ણ આદિ લેવા. અહીં વિષય - આમાં આસક્ત પ્રાણી વિષાદ પામે છે તે વિષય. અથવા ઈન્દ્રિય ગોચર તે વિષયો. વસ્તુ - તે તે વિષયના આધારભૂત દ્રવ્ય કે પ્રાણી તે વિષયો પ્રાપ્ત થયા પછી આ અમનોજ્ઞ વિષયો ક્યારે વિયોગ પામે તેની ચિંતા. મને કઈ રીતે આનો વિયોગ થાય તે ભાવ. આના દ્વારા વર્તમાનકાળ લીધો. તેથી અસંપ્રયોગનું અનુસ્મરણ દ્વારા ભવિષ્યકાળ લીધો.

'च' શબ્દથી પૂર્વે પણ વિયુક્ત-અસંપ્રયુક્તથી અતીતકાળ કહ્યો.

દ્વેષ મલીન - અપ્રીતિલક્ષણ રૂપ દ્વેષ, તેનાથી મલિન, તેથી આક્રાંત થઈ 'ઋત' - દુઃખી, પહેલો ભેદ કહ્યો. હવે બીજો કહે છે —

● ગાથા-૭ :-

***શૂળ, શીર્ષ, રોગાદિ વેદનામાં વિયોગમાં દૃઢ અધ્યવસાયથી તેના અસંપ્રયોગની ચિંતામાં તેના પ્રતિકારમાં આકુળ મન હોવું તે.***

● વિવેચન-૭ :-

શૂળ, શિરોવેદના, રોગવેદના, બીજા રોગ અને આતંકમાં જે વેદના વેદે, તેના વિયોગ માટેનો દૃઢ અધ્યવસાય. આ વર્તમાનકાળ લીધો. અનાગતને આશ્રીને કહે છે — વેદનાના કથંચિત્ અભાવે તેના અસંપ્રયોગની ચિંતા "કઈ રીતે મને આ આવતા રોગનો સંપ્રયોગ ન થાય ? ચિંતા અહીં ધ્યાન જ કહેવું. - x -

આ વિયોગ પ્રણિધાનથી શું ? તે વેદનાના પ્રતિકારમાં ચિકિત્સામાં વ્યગ્ર જે અંતઃકરણ તે વિયોગ પ્રણિધાનાદિ આર્ત્તધ્યાન.

બીજો ભેદ કહ્યો. હવે ત્રીજો ભેદ કહે છે —

● ગાથા-૮ :-

***ઈષ્ટ વિષયાદિ કે વેદનામાં રાગરક્ત જીવને તેના અવિયોગનો અધ્યવસાય તથા ન મળેલ માટે તેના સંયોગની ઈચ્છારૂપ દૃઢ અધયવસાય [રૂપ આર્ત્તધ્યાન]***

● વિવેચન-૮ :-

મનોજ્ઞ વિષયાદિ વસ્તુ તથા ઈષ્ટ વેદનામાં તેના અવિયોગનો દૃઢ અધ્યવસાય આના દ્વારા વર્તમાનકાળ કહ્યો. તથા મને કઈ રીતે આ વિષયોનો સંબંધ થાય તેવી ઈચ્છા. આના દ્વારા અનાગત કાળનું ગ્રહણ કર્યુ. ગાથામાં રાગરક્ત પ્રાણીને એમ કહ્યું. તેમાં અભિષ્વંગ-આસક્તિ લક્ષણ તે રાગ, તેનાથી ભાવિત હોવું તે.

ત્રીજો ભેદ કહ્યો, હવે ચોથો ભેદ કહે છે —

● ગાથા-૯ :-

***દેવેન્દ્ર અને ચક્રવર્તીપણાના ગુણ, ઋદ્ધિના યાચના સ્વરૂપ નિયાણાનું ચિંતન થાય છે, તે અધમ છે. અત્યંત અજ્ઞાનતા સભર છે. [આ ચોથું આર્ત્તધ્યાન]***

● વિવેચન-૯ :-

દેવો - ભવનવાસી આદિ, તેનો ઈન્દ્ર તે દેવેન્દ્ર - ચમર આદિ. ચક્ર - એક આયુધ, તેના વડે વિજયનું આધિપત્ય વર્તાવનાર તે ચક્રવર્તી, જેમકે — ભરત આદિ. એ રીતે બલદેવ, વાસુદેવની ગુણ અને ઋદ્ધિ. તેમાં ગુણ - સુરૂપાદિ, ઋદ્ધિ-વિભૂતિ, તેની યાચના. તે જઘન્ય નિદાનનો અધ્યવસાય "હું આ તપ અને ત્યાગાદિથી દેવેન્દ્ર થાઉં ઈત્યાદિ રૂપ. અધમ કેમ કહ્યા ? જે કારણે અતિ અજ્ઞાન અનુગત છે, અને અજ્ઞાની સિવાયના કોઈને સાંસારિક સુખનો અભિલાષ ન થાય.

આર્ત્તધ્યાનનો ચોથો ભેદ કહ્યો, હવે આ જે રીતે થાય, તેને જણાવવા માટે કહે છે —



● ગાથા-૧૦ :-

***આ પ્રમાણે ચાર પ્રકારનું આર્ત્તધ્યાન રાગ-દ્વેષ-મોહથી કલુષિત જીવને થાય, તે સંસાર વર્ધક અને તિર્યંચગતિનું મૂળ છે.***

● વિવેચન-૧૦ :-

ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે — સાધુને પણ શૂળાદિ વેદનાથી અભિભૂતને અસમાધિમાં તેનો પ્રતિકાર કરવામાં તેના વિપ્રયોગના પ્રણિધાનનો દોષ આવે તથા તપ અને સંયમના સેવનમાં નિયમથી સાંસારિક દુઃખ વિયોગ પ્રણિધાનથી આર્ત્તધ્યાનની પ્રાપ્તિ થાય તેનું શું ? આર્ત્તધ્યાન રાગાદિ વશવર્તીને જ હોય, બીજાને ન હોય, તેથી ગ્રંથકાર કહે છે —

● ગાથા-૧૧ :-

***'આ પીડા મારા કર્મવિપાકથી ઉભી થયેલી છે' એવા વસ્તુ સ્વભાવના ચિંતનમાં તત્પર અને સમ્યક્ સહન કરતા મધ્યસ્થ મુનિને...[અનુસંધાન ગાથા-૧૨માં છે.]***

● વિવેચન-૧૧ :-

રાગ-દ્વેષની મધ્યે રહે તે મધ્યસ્થ. મધ્યસ્થના જ, બીજાના નહીં. ત્રિકાળ અવસ્થામાં જગત્‌ને માને તે મુનિ - સાધુ. સ્વકર્મના પરિણામથી જનિત આ શૂળાદિ - x - કહ્યું છે કે — "અરે ! પૂર્વે કરેલ દુશ્ચીર્ણ અને દુષ્પ્રતિકાંત કર્મને વેદીને જ મોક્ષ છે, પણ વેદ્યા વિના નથી. અથવા તપથી ખપાવીને મોક્ષ થાય."

એ પ્રમાણે વસ્તુ સ્વભાવ ચિંતનરત શોભન અધ્યવસાય વડે સહેતા એવાને અસમાધિ કઈ રીતે થાય ? પણ ધર્મ-અનિદાન થાય તે કહેશે. આશંકાગત પહેલા પક્ષનો પરિહાર કર્યો. હવે બીજો, ત્રીજો.

● ગાથા-૧૨ :-

***અથવા પ્રશસ્ત આલંબન કરીને, અલ્પ સાવધ ઉપાયને કરતા, તપ અને સંયમરૂપ પ્રતિકારને સેવતા મુનિને અનિદાન ધર્મ છે.***

● વિવેચન-૧૨ :-

જ્ઞાનાદિ ઉપકારક પ્રશસ્ત આલંબન-પ્રવૃત્તિ નિમિત્ત શુભ અધ્યવસાયને કરતાં. - x - ચિકિત્સારૂપ, અલ્પ સાવધ ઉપાય કરતાં. અહીં અલ્પ શબ્દ અભાવ કે થોડાંના અર્થમાં છે. અતિદાન ધર્મ થાય કેમકે તે નિર્દોષ છે. આ નિર્દોષત્વ વચનના પ્રામાણ્યથી છે. કહ્યું છે કે — "ગીતાર્થ યતના વડે કૃત્યોગીને કારણે નિર્દોષ છે." એ રીતે આગમના ઉત્સર્ગ - અપવાદરૂપે છે અન્યથા પરલોકની સાધના અશક્ય છે. તપ અને સંયમથી સાંસારિક દુઃખોનો પ્રતિકાર કરતા સાધુને આ ધર્મધ્યાન જ છે. કેમકે તે દેવેન્દ્રાદિના નિદાન રહિત સેવે છે.

[શંકા] "કરેલા કર્મના ક્ષયથી મોક્ષ થાય." આ પણ નિયાણું જ છે ને ? [સમાધાન] સાચું, આ પણ નિયમથી પ્રતિષેધ કરાયેલ જ છે. કેમકે — મોક્ષમાં કે સંસારમાં મુનિ સર્વત્ર નિસ્પૃહ છે." તો પણ ભાવનામાં અપરિણત જીવને આશ્રીને

વ્યવહારથી આ અદુષ્ટ જ છે. આ જ પ્રકારથી અને ક્રિયા પ્રવૃત્તિના યોગથી તેની ચિત્ત શુદ્ધિ થાય છે.

અહીં આર્ત્તધ્યાનને સંસાર વર્દ્ધન કેમ કહ્યું ? તે બીજપણે હોવાથી. તે બીજત્વને જ દર્શાવતા કહે છે —

● ગાથા-૧૩ :-

***જે કારણથી રાગ, દ્વેષ, મોહ એ સંસારના કારણો કહ્યા અને આર્ત્તધ્યાનમાં આ ત્રણે છે, તેથી તે સંસારનું બીજ છે.***

● વિવેચન-૧૩ :-

રાગ, દ્વેષ, મોહ જે કારણથી સંસારના હેતુરૂપ છે, તેમ પરમમુનિઓએ કહેલ છે, આર્ત્તધ્યાનમાં આ ત્રણે સંભવે છે. તેથી તેને ભવવૃક્ષનું કારણ કહેલ છે.

[શંકા] જો આ ઓઘથી સંસારવૃક્ષનું બીજ છે, તો પછી તિર્યંચ ગતિનું મૂળ કેમ કહ્યું ? તિર્યંચગતિ ગમનના નિબંધનત્વથી જ તેને સંસાર વૃક્ષનું બીજ કહ્યું છે. બીજા કહે છે — તિર્યંચ ગતિમાં જ ઘણાં જીવોનો સંભવ અને સ્થિતિના દીર્ઘત્વથી સંસારપણાંનો ઉપચાર કહ્યો. હવે આર્ત્તધ્યાનીની લેશ્યા કહે છે —

● ગાથા-૧૪ :-

***આર્ત્તધ્યાનીને અતિ સંક્લિષ્ટ નહીં એવી કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓ હોય છે, તે કર્મ પરિણામથી ઉત્પન્ન થાય છે.***

● વિવેચન-૧૪ :-

કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાઓ રૌદ્રધ્યાન લેશ્યાની અપેક્ષાથી અતિ અશુભ અનુભાવવાળી હોતી નથી. કોની ? આર્ત્તધ્યાનવાળા પ્રાણીની. એ કઈ રીતે બંધાય ? કર્મ પરિણામ જનિત, લેશ્યા - કૃષ્ણાદિ દ્રવ્ય્ યુક્ત આત્માના જે સ્ફટિક સમાન પરિણામ તે લેશ્યા. તે કર્મોદયથી થાય છે. ઓઘથી આર્ત્તધ્યાની કઈ રીતે ઓળખાય ? ચિહ્નો વડે, તે કહે છે —

● ગાથા-૧૫ થી ૧૭ :-

***આર્ત્તધ્યાનના ચિહ્નો છે :- આક્રંદ, શોક, ઉકળાટ, કૂટવું આદિ. તે ઈષ્ટ વિયોગ, અનિષ્ટ અવિયોગ તથા વેદના નિમિત્તે થાય છે તેમાં નિજ કાર્યોની નિંદા અને બીજાની વિભૂતીની સવિસ્મય પ્રશંસા કરે છે. તેની અભિલાષા કરે છે, એમાં જ રક્ત બને છે, તેના ઉપાર્જનમાં રત થાય છે. શબ્દાદિ વિષય ગૃદ્ધ બને છે, સદ્ધર્મ પરાંગ્મુખ અને પ્રમાદમાં આસક્ત થાય છે. જિનાગમથી નિરપેક્ષ થઈ આર્ત્તધ્યાનમાં વર્તે છે.***

● વિવેચન-૧૫ થી ૧૭ :-

આક્રંદન - મોટા શબ્દોથી રડવું. શોક - અશ્રુ પરિપૂર્ણ નયનથી દૈન્ય. પરિદેવન - ફરી ફરી ક્લિષ્ટ ભાષણ. તાડન - છાતી, માથું કુટવા કે વાળ ખેંચવા. તે ઈષ્ટ વિયોગાદિ ઉક્ત કારણે થાય. - બીજું -

પોતાના કૃત્યો - કર્મ, શિલ્પ, કલા, વાણિજ્યાદિના અલ્પફળ કે નિષ્ફળતાને



નિંદે છે. પ્રશંસે - સ્તવે છે, - સાશ્ચર્ય બીજાની સંપત્તિને. બીજાની સંપત્તિની અભિલાષા રાખે છે. પ્રાપ્ત થતાં તેમાં રાગ કરે છે. તેને મેળવવામાં ઉદ્યુક્ત થાય છે, તે પણ આર્ત્તધ્યાન છે - વળી -

શબ્દાદિ વિષયમાં મૂર્છિત અને કાંક્ષાવાળો, ક્ષાંતિ આદિ ચારિત્ર ધર્મથી પરાંગ્મુખ, મદ્ય આદિ પ્રમાદમાં આસક્ત, તીર્થંકરોના આગમરૂપ પ્રવચનથી નિરપેક્ષ થઈ આર્ત્તધ્યાનમાં વર્તે છે.

હવે આર્ત્તધ્યાનને આશ્રીને જે અનુગત છે, અનર્હ છે, તે —

● ગાથા-૧૮ :-

***તે આર્ત્તધ્યાન અવિરત, દેશવિરત કે પ્રમાદસ્થ સંયતને હોય છે. તેને સર્વ પ્રમાદનું મૂળ સમજી સાધુજનોએ ત્યાગ કરવો.***

● વિવેચન-૧૮ :-

અવિરત - મિથ્યાદૅષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ. દેશવિરત - એક, બે આદિ અણુવ્રતધારી શ્રાવક. પ્રમાદ નિષ્ઠ સંયતો. તેમને આર્ત્તધ્યાન હોય પણ અપ્રમત્ત સંયતને ન હોય. આ સ્વરૂપથી સર્વ પ્રમાદનું મૂળ છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. કોણે? સાધુ લોકોએ અને ઉપલક્ષણથી શ્રાવકોએ કેમકે આર્ત્તધ્યાન પરિત્યાગને યોગ્ય જ છે.

હવે રૌદ્રધ્યાન કહે છે. તે પણ ચાર ભેદે છે — હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષયસંરક્ષણાનુબંધી. તેમાં પહેલો ભેદ —

● ગાથા-૧૯ :-

***જીવોનો - વધ, વીંધવા, બાંધવા, બાળવા, અંકન કરવું અને મારી નાંખવા આદિ સંકલ્પવાળું અતિક્રોધરૂપ ગ્રહથી ગ્રસ્ત, નિર્દય હૃદયી માણસનું, અધમ વિપાકવાળું ધ્યાન તે રૌદ્રધ્યાન છે.***

● વિવેચન-૧૯ :-

સત્ત્વ - એકેન્દ્રિયાદિ, વધ-કશલતાદિથી તાડન, વેધ-ખીલી આદિથી નાકનું વેધન. બંધન-દોરડા આદિથી. દહન-ઉલ્મુકાદિથી, અંકન - શ્વશ્રૃગાલ ચરણાદિથી, મારણ - પ્રાણ વિયોજન. आदि શબ્દથી આગાઢ, પરિતાપન, પાટનાદિ લેવા. આ બધું ન કરવા છતાં કરવા માટે દૃઢ અધ્યવસાય. તે રૌદ્રધ્યાન છે. કેવું પ્રણિધાન ? અતિ ઉત્કટ જે ક્રોધ તે જ અપાય હેતુત્વથી ગ્રહ છે, તેનાથી અભિભૂત. ક્રોધના ગ્રહણથી માન આદિ પણ લેવા. તે પણ દયારહિત અંતઃકરણથી કરે. તેનો નરકાદિ પ્રાપ્તિ રૂપ વિપાક છે. પહેલો ભેદ કહ્યો, હવે બીજો ભેદ કહે છે —

● ગાથા-૨૦ :-

***પૈશુન્ય, અસભ્યવચન, અસત્યવચન, જીવ ઘાતાદિ આદેશ પ્રણિધાન, તે માયાવી - ઠગાઈ કરનાર કે ગુપ્ત પાપીને થાય છે.***

● વિવેચન-૨૦ :-

અનિષ્ટ સૂચક, જ-કાર મ-કારાદિ અસભ્ય વચન, અનૃતવચન-તે વ્યવહાર નયથી ત્રણ પ્રકારે છે. (૧) અભૂત ઉદ્ભાવન, (૨) ભૂત નિહ્નવ, (૩) અર્થાન્તર.

[જેનો અર્થ ગ્રંથાન્તરથી જાણવો.] જેમાં જીવોનો ઉપઘાત છે તે ભૂતોપઘાત - છેદો, હણો આદિ. પ્રણિધાન - દૃઢ અધ્યવસાય. તે રૌદ્ર ધ્યાન કહેવાય. કોને હોય ? માયાવી - વણિકાદિ, પરવંચનમાં પ્રવૃત્ત. કૂટપ્રયોગકારી અથવા ધિગ્જાતિક કુતીર્થિકાદિના અસદ્ભુત ગુણને ગુણવંત આત્મારૂપે પ્રખ્યાત કરે. તેથી કહે છે — ગુણરહિત પણ આત્માને જે ગુણવંત રૂપે જણાવે, તેને બીજું પ્રચ્છન્ન પાપ નથી.

બીજો ભેદ કહ્યો, હવે ત્રીજો ભેદ દર્શાવે છે —

● ગાથા-૨૧ :-

*તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાકુળ તેમજ પરલોકના અનર્થની પરવા વગરના જીવને પરદ્રવ્ય હરણ અને તે માટે જીવઘાત સુધીનું દૃઢ ચિંતન, એ ત્રીજું રૌદ્રધ્યાન છે.*

● વિવેચન-૨૧ :-

ગાથામાં 'તથા' શબ્દ, દૃઢ અધ્યવસાય પ્રકારના સાદૃશ્યને જણાવવા માટે છે. તીવ્ર - ઉત્કટ ક્રોધ અને લોભથી અભિભૂત પ્રાણીને. શું ? ''ભૂતોપહનનમનાર્થ.'' જેના વડે હણાય તે હનન. સામીપ્યથી હનન, તે ઉપહનન જીવોનું ઉપહનન. બધાં હેયધર્મોથી દૂર તે આર્ય. આર્ય નથી તે અનાર્ય. તે અનાર્ય કેવા છે ? પરદ્રવ્ય હરણ ચિત્તવાળા. તે જ રૌદ્રધ્યાન છે. બીજાના સચિત્તાદિ દ્રવ્યના વિષયમાં ચોરી લેવાની બુદ્ધિ, નરકગમનાદિ વિપાકને ન વિચારીને કરે તે રૌદ્રધ્યાન.

ત્રીજો ભેદ કહ્યો. હવે ચોથો ભેદ દર્શાવે છે —

● ગાથા-૨૨ :-

*શબ્દાદિ વિષયોના સાધનભૂત, ધન સંરક્ષણ પરાયણ, અનિષ્ટ, સર્વની શંકા અને બીજાના ઉપઘાતની કલુષિત બુદ્ધિથી વ્યાકુળ ચિત્ત તે ચોથું રૌદ્રધ્યાન.*

● વિવેચન-૨૨ :-

શબ્દાદિ વિષયોના સાધન-કારણરૂપ, શબ્દાદિ વિષયને સાધવા માટેના ધનનું સંરક્ષણ - તેના પરિપાલનમાં પરાયણ-ઉધુક્ત, અનિષ્ટ-સજ્જનોને અનભિલષણીય - અનીપ્સિત, બધાંના અભિશંકનથી અનાકુલ, શું કરશે તે જાણતા નથી. તેથી બધાંનો ઉપઘાત જ શ્રેય છે એમ પરોપઘાતથી, આત્માને કલુષ કરે તે કષાયો વડે વ્યાપ્ત અંતઃકરણવાળો. તેને રૌદ્રધ્યાન હોય. જો કે અહીં શ્રાવકો દ્વારા ચૈત્યધનના સંરક્ષણમાં રૌદ્રધ્યાન નથી, તે જણાવવાને છે. હવે ઉપસંહાર કહે છે —

● ગાથા-૨૩ :-

*આ પ્રમાણે કરવું, કરાવવું, અનુમોદવું રૂપ વિષય અનુચિંતન ચાર ભેદે છે. રૌદ્રધ્યાનના સ્વામી અવિરત અને દેશ સંયત લોકોના મનમાં સંસેવિત અને અધન્ય છે.*

● વિવેચન-૨૩ :-

એ રીતે સ્વયં કરવું, બીજા વડે કરાવવું, કરતાંને અનુમતિ આપવી, આ જ વિષય જેનો છે, તેનું પ્રયાલોચન. તે હિંસાનું બંધી આદિ ચાર પ્રકારના રૌદ્રધ્યાનમાં



સમાય છે. હવે આ જ સ્વામી દ્વારથી કહે છે. અવિરત - સમ્યગ્દૃષ્ટિ. દેશસંયત - શ્રાવકો. આના દ્વારા સર્વ સંયતનો વ્યવચ્છેદ કર્યો. આ અવિરતાદિના ચિત્તમાં સંચિત. અહીં મનનું ગ્રહણ ધ્યાન ચિંતાના પ્રધાન અંગપણે જણાવવા માટે છે. અધન્ય - અશ્રેયસ્કર, નિંધ પાપ.

હવે આ જે રીતે જેને વધારે છે તેને જણાવતા કહે છે —

● ગાથા-૨૪ :-

*આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ, દ્વેષ, મોહથી વ્યાકુળ જીવને થાય છે. તે સંસારની વૃદ્ધિ કરનાર અને નરકગતિનું મૂળ છે.*

● વિવેચન-૨૪ :-

ગાથાર્થ કહ્યો. હવે રૌદ્રધ્યાનીની લેશ્યા કહે છે —

● ગાથા-૨૫ :-

*રૌદ્રધ્યાનીને કાપોત, નીલ અને કૃષ્ણ એ ત્રણ તીવ્ર સંક્લેશવાળી લેશ્યાઓ હોય છે, તે કર્મ પરિણામથી ઉત્પન્ન થાય છે.*

● વિવેચન-૨૫ :-

વ્યાખ્યા પૂર્વવત્. રૌદ્રધ્યાની કઈ રીતે જણાય છે ? ચિહ્નો વડે, તેને દર્શાવતા કહે છે —

● ગાથા-૨૬,૨૭ :-

*રૌદ્રધ્યાનીના આ ચિહ્નો છે :- ઉત્સન્ન દોષ, બહુલ દોષ, નાનાવિધ દોષ, આમરણ દોષ. આ દોષ હિંસાદિમાં બાહ્ય કરણ ઉપયુક્ત પણ હોય. બીજાની આફતમાં ખુશી થાય, નિરપેક્ષ, નિર્દય, પશ્ચાત્તાપરહિત, પાપ કરીને ખુશી થતો હોય તે રૌદ્રધ્યાનયુક્ત ચિત્તવાળો જાણવો.*

● વિવેચન-૨૬,૨૭ :-

ઉત્સન્ન દોષ - હિંસાનુબંધીમાંના કોઈપણમાં પ્રવર્તમાન અને તેનાથી ન અટકી બહુલતાએ પ્રવર્તતો તે. બહુલ દોષ - બધામાં જ એ પ્રમાણે પ્રવર્તે છે. નાનાવિધ દોષ - ચામડી ઉતેડવી, આંખો ખેંચી કાઢવી વગેરે હિંસાદિ ઉપાયોમાં અનેકવાર પ્રવર્તે છે તે. આમરણદોષ - પોતે મોટી આપત્તિમાં હોય અને બીજા પણ મોટી આપત્તિમાં હોય તો પણ કાલસૌરિકની માફક આમરણ અસંજાત અનુતાપવાળા હોય.

હિંસા-મૃષા આદિ ચારેના અનુબંધમાં બાહ્ય ઉપકરણ ઉપયુક્ત થઈ અર્થાત્ વચન અને કાયાથી તેમાં તીવ્ર ઉપયુક્ત થઈ વર્તે.

પોતાના સિવાયનો તે અન્ય, તે અન્યની આપત્તિમાં અતિ ક્લિષ્ટ ચિત્તપણાથી ખુશ થાય — ''આને આમ થયું તે બહુ સારું થયું.'' નિરપેક્ષ - આ ભવ કે પરભવના અપાયના ભયથી રહિત. નિર્દય-દયા વગરનો, બીજાની અનુકંપાશૂન્ય. નિરનુતાપ - પશ્ચાત્તાપ રહિત. વળી સિંહમારકની જેમ પાપ કરીને ખુશ થનાર. આ રૌદ્રધ્યાનના ચિહ્નો છે.

રૌદ્રધ્યાન કહ્યું. હવે ધર્મધ્યાનનો અવસર છે. તેમાં તેને જણાવવા આદિમાં આ બે દ્વાર ગાથા કહે છે —

• ગાથા-૨૮,૨૯ :-

*ધ્યાનની ભાવના, દેશ, કાળ, આસન વિશેષ, આલંબન, ક્રમ, ધ્યાતવ્ય, ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા, લિંગ, ફળને જાણીને, મુનિ તેમાં ચિત્ત સ્થાપી ધર્મધ્યાન કરે, ત્યારબાદ શુક્લધ્યાન કરે.*

• વિવેચન-૨૮,૨૯ :-

ભાવના - જ્ઞાનાદિની. જાણીને - શું? તદુચિત્ત દેશ, તદ્ ઉચિત કાળ અને આસનવિશેષ, વાચનાદિ આલંબન, મનોનિરોધાદિ ક્રમ, ધ્યાનનો વિષય, અપ્રમાદાદિ યુક્ત ધ્યાતા, પછી ધ્યાતોપરમ કાળ ભાવિની અનિત્યાદિ આલોચનારૂપ અનુપ્રેક્ષા. શુદ્ધ લેશ્યા, શ્રદ્ધા આદિ લિંગ, દેવલોકાદિ ફળ, 'च' શબ્દ પોતાના અનેક ભેદ દર્શાવવાને છે. આટલું જાણીને મુનિ ધર્મધ્યાન કરે. ધર્મધ્યાનનો અભ્યાસ થયા પછી શુક્લધ્યાન કરે.

આટલો સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ ગ્રંથકાર જ કહેશે. તેમાં પહેલો દ્વાર-અવયવ પ્રતિપાદનાર્થે કહે છે –

• ગાથા-૩૦ :-

*ભાવનાનો પૂર્વે અભ્યાસ કરનાર ધ્યાનની યોગ્યતાને પામે તે ભાવનાઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એમ નિયત છે.*

• વિવેચન-૩૦ :-

ધ્યાનની પૂર્વે જેણે આસેવનરૂપ અભ્યાસ કરેલો છે તેને પૂર્વકૃતાભ્યાસ કહે છે. તે ભાવનાના વિષયમાં અભ્યાસ પછી અધિકૃત્ ધ્યાનના વિષયમાં યોગ્યતા - અનુરૂપતા પામે છે. તે ભાવના જ્ઞાનાદિથી નિયત છે.

હવે જ્ઞાનભાવના સ્વરૂપ ગુણ દર્શન માટે કહે છે –

• ગાથા-૩૧ :-

*જ્ઞાનમાં નિત્ય પ્રવૃત્તિ રાખે, તેનાથી મનોધારણ અને વિશુદ્ધિ કરે, [ભવ નિર્વેદ કેળવે] જ્ઞાનગુણથી સારને જાણે, પછી તે સુનિશ્ચલમતિવાળો ધ્યાન કરે.*

• વિવેચન-૩૧ :-

શ્રુતજ્ઞાનમાં સદા આસેવના - પ્રવૃત્તિ કરે. મન-અંતઃ કરણની, ચિત્તની. ધારણ - અશુભ વ્યાપાર નિરોધથી અવસ્થાન. વિશુદ્ધિ - સૂત્રાર્થનું વિશોધન. च શબ્દથી ભવનિર્વેદ. એ પ્રમાણે જ્ઞાનથી જીવ-અજીવ આશ્રિત ગુણ અને તેના પર્યાયોને જાણીને, તેથી થતાં પરમાર્થને કહે છે. અથવા જ્ઞાનના માહાત્મ્યથી જેણે વિશ્વનો સાર જાણેલ છે, તેવો થાય. તેવો એ પછી ધ્યાવે - ચિંતવે. કેવો સાર જાણેલ છે, તેવો થાય. તેવો એ પછી ધ્યાવે - ચિંતવે. કેવો થઈને ? અતિશય નિશ્ચલ સમ્યગ્જ્ઞાનથી અન્યથા પ્રવૃત્તિકંપથી રહિત બુદ્ધિ જેની છે તેવો થઈને. [ધ્યાનિ કરે]

જ્ઞાન ભાવના કહી, હવે દર્શન ભાવનાનું સ્વરૂપ કહે છે –

• ગાથા-૩૨ :-

*શંકાદિ દોષરહિત, પ્રશમ-સ્થિરિકરણાદિ ગુણસમૂહથી સંપન્ન, અસંમૂઢ*



*મનવાળો થઈને, દર્શન શુદ્ધિથી ધ્યાનમાં સ્થિર થાય.*

• વિવેચન-૩૨ :-

શંકાદિ દોષ રહિત – શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય દૃષ્ટિની પ્રશંસા અને પર પાખંડ સંસ્તવ, આનું સ્વરૂપ હું પ્રત્યાખ્યાન અધ્યયનમાં કહીશ. સમ્યક્ત્વના અતિચારરૂપ હોવાથી આ દોષો છે તેને છોડીને. ઉક્ત દોષરહિતત્વથી શું ? પ્રશમ સ્થૈર્યાદિ ગુણ સમૂહયુક્ત.

તેમાં પ્રકર્ષથી શ્રમ તે પ્રશ્રમ - ખેદ. તે સ્વ-પર સિદ્ધાંત તત્ત્વના અધિગમરૂપ છે. સ્થૈર્ય એટલે જિનશાસનમાં નિષ્પ્રકંપતા. આદિ શબ્દથી પ્રભાવના આદિ લેવા. કહે છે કે – દર્શન દીપકના પાંચ ગુણ છે – સ્વપર સિદ્ધાંતનું કૌશલ્ય, સ્થિરતા, જિનશાસનમાં પ્રભાવના, આયતન સેવા અને ભક્તિ અથવા પ્રશમ આદિ વડે, સ્થૈર્યાદિ વડે ગુણ ગણથી યુક્ત. તેમાં પ્રશમાદિ – પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યરૂપ. આવો તે અસંમૂઢમનવાળો અર્થાત્ બીજા તત્ત્વમાં અભ્રાંતચિત્ત થાય છે. ઉક્ત લક્ષણ દર્શન શુદ્ધિથી ધ્યાન કરે.

દર્શન ભાવના કહી, હવે ચારિત્ર ભાવનાનું સ્વરૂપ કહે છે –

• ગાથા-૩૩ :-

*ચારિત્ર ભાવનાથી - નવા કર્મનું અગ્રહણ, જૂના કર્મની નિર્જરા, શુભ કર્મનું ગ્રહણ થતાં સહેલાઈથી ધ્યાનને પામે છે.*

• વિવેચન-૩૩ :-

નવા કર્મો - સંચિત કે એકઠાં થઈ રહેલા જ્ઞાનાવરણાદિ કર્મોનું અગ્રહણ - આદાન ન થવું તે. ચારિત્ર ભાવનાથી થાય છે. લાંબા કાળના એકઠા થયેલા કર્મોની નિર્જરા તથા શુભ - પુન્ય અર્થાત્ સાતા, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભાયુ-નામ-ગોત્ર તેનું આદાન. કઈ રીતે? ચારિત્ર ભાવનાથી, અયત્નથી ધ્યાનને પામે છે.

ચારિત્ર ભાવના એટલે चरित्र - ક્ષયોપશમ રૂપ, તેનો ભાવ તે ચારિત્ર. અહીં એવું કહે છે કે – આ કે પૂર્વના જન્મમાં સંચિત આઠ પ્રકારના કર્મોનો સંચયનો અપચય થતાં જે ચરણ ભાવ તે ચારિત્ર છે. તે સર્વ સાવદ્યયોગની નિવૃત્તરૂપ ક્રિયા છે. તેનો અભ્યાસ, તે ચારિત્ર ભાવના કહેવાય. –૦– હવે વૈરાગ્યભાવના સ્વરૂપ કહે છે –

• ગાથા-૩૪ :-

*વૈરાગ્ય ભાવનાથી ભાવિત મનવાળો જગત્‌ના સ્વભાવને સારી રીતે જાણનારો, નિસ્સંગ, નિર્ભય અને આશારહિત બનીને ધ્યાનમાં સુનિશ્ચલ થાય છે.*

• વિવેચન-૩૪ :-

અતીવ વિદિત એટલે જ્ઞાત, ચરાચર જગત્‌ના સ્વભાવને. કદાચ આવો પણ કર્મ પરિણતિવશ સંગવાળો થાય, તેથી નિઃસંગ કહ્યો. નિસંગ - વિષય જનિત સ્નેહસંગથી રહિત, આવો પણ કદાચ ભયવાળો થાય છે. તેથી કહે છે – 'નિર્ભય' એટલે ઈહલોકાદિ સાત ભયથી રહિત. કદાચ આવો પણ વિશિષ્ટ પરિણતિના અભાવથી

પરલોકને આશ્રીને આશાવાળો થાય. તેથી કહે છે – આલોક પરલોકની આશંસા રહિત હોય. 'च' શબ્દથી તેવા પ્રકારના ક્રોધાદિ રહિત.

જે આવા પ્રકારનો વૈરાગ્યથી ભાવિત મનવાળો થાય, તે જ્ઞાનાદિ ઉપદ્રવથી રહિત થઈ ધ્યાનમાં સુનિશ્ચલ થાય છે.

વૈરાગ્ય ભાવના કહી. હવે દેશ દ્વારની વ્યાખ્યા કરે છે –

**● ગાથા-૩૫ :-**

***સાધુને હંમેશાં સ્ત્રી, પશુ, નપુંસક તથા કુશીલજનોથી રહિત સ્થાન જોઈએ અને ધ્યાનકાળે વિશેષથી નિર્જનસ્થાન જરૂરી છે.***

**● વિવેચન-૩૫ :-**

માત્ર ધ્યાનકાળે નહીં પણ સર્વકાળે સાધુને યુવતી આદિ રહિત સ્થાન હોવું જોઈએ. અહીં યુવતિ શબ્દથી મનુષ્ય સ્ત્રી અને દેવી લેવી, પશુ શબ્દથી તિર્યંચ સ્ત્રી લેવી. નપુંસક શબ્દ જાણીતો છે. કુત્સિત - નિંદિત શીલ જેનું છે તે કુશીલ - જુગારી આદિ.

તપસ્વી સાધુને કે સાધ્વીને આવી શુદ્ધ વસતિ જોઈએ એ પ્રમાણે તીર્થંકર અને ગણધરોએ નિયમથી કહેલ છે. અન્યત્ર પ્રવચનમાં કહેલ દોષ સંભવે છે. વિશેષથી ધ્યાનકાળમાં અપરિણત યોગાદિથી અન્યત્ર ધ્યાનને આરાધવાનું અશક્ય છે.

એ રીતે અહીં અપરિણત યોગાદિનું સ્થાન કહ્યું. હવે પરિણત યોગાદિને આશ્રીને વિશેષથી કહે છે –

**● ગાથા-૩૬ :-**

***સ્થિર અને કૃતયોગી તથા ધ્યાનમાં સુનિશ્ચલમનવાળા મુનિને લોકોથી વ્યાપ્ત ગામમાં, શૂન્યસ્થાનમાં કે અરણ્યમાં કોઈ તફાવત નથી.***

**● વિવેચન-૩૬ :-**

સ્થિર - સંહનન અને ધૃતિ વડે બળવંત. કૃતા - નિર્વર્તિત, અભ્યસ્ત. યોગ - જ્ઞાનાદિ ભાવના વ્યાપાર અથવા સત્ત્વ સૂત્ર તપ વગેરે જે જોડાયેલ છે તે કૃતયોગી. સ્થિર - ફરી ફરી કરવા વડે પરિચિત કરાયેલા યોગો જેના વડે છે તે. અથવા સારી રીતે અભ્યસ્ત યોગવાળા મુનિઓ, જીવાદિ પદાર્થને માને છે તે મુનિ - સાધુ. ધ્યાન અધિકૃત એવા ધર્મધ્યાનમાં અતિશય નિષ્પ્રકંપ મનવાળા.

ઉક્ત પ્રકારના સાધુને ધ્યાન માટે વસતિમાં, શૂન્યગૃહમાં કે અરણ્યમાં કોઈ ફેર પડતો નથી. તેમાં ગામ એટલે બુદ્ધિ આદિ ગુણો ગ્રસિત થાય છે તે અથવા કર આદિ લેવાય છે તે ગામ-સંનિવેશ તથા નગર, ખેડ, કર્બટાદિ પણ લેવા. જનાકુળ - ગામ કે ઉધાનાદિમાં બધે જ તુલ્ય ભાવત્વ અને પરિણતત્વથી તેમને કોઈ ભેદ નથી.

**● ગાથા-૩૭ :-**

***તેથી ધ્યાન કરનારાને જ્યાં મન, વચન, કાયાના યોગની સ્વસ્થતા રહે, એવું જીવ સંઘટ્ટાદિ વિરાધના રહિત સ્થાન લેવું.***

**● વિવેચન-૩૭ :-**

ઉક્ત ગાથામાં કહ્યા મુજબ ગ્રામાદિ સ્થાનોમાં જો સમાધિ રહેતી હોય તો,



ક્યાં ? મન-વચન-કાય યોગમાં સ્વસ્થતા રહેવી. [શંકા] મનોયોગની સમાધિ પર્યાપ્ત છે વચન અને કાય યોગની સમાધિની ત્યાં શી ઉપયોગીતા છે ? તેનાથી ધ્યાન થતું નથી. [સમાધાન] સમાધિ સુધી મનોયોગ ઉપકારક છે, ધ્યાન પણ તે રૂપ જ થાય છે. પણ કહ્યું છે કે – "મારે આવી વાણી બોલવી, આવી ન બોલવી" એમ વિચારીને વાક્ય બોલનારને વાચિક ધ્યાન હોય છે તથા સુસમાહિત હાથ-પગને કારણે જયણાથી જે ક્રિયાનું કરવું. તે સાધુને કાયિક ધ્યાન થાય છે. (કેમકે) અહીં માત્ર સમાધિપણું જ ગ્રહણ કર્યુ નથી, પણ જીવોપઘાત રહિતપણું પણ લીધું છે. તેમાં જીવ-પૃથ્વી આદિનું સંઘટ્ટન આદિને તજીને. અહીં હિંસા શબ્દથી અસત્યાદિ બધાંનો ત્યાગ જાણવો. આ પાંચે આશ્રવો છોડીને ધ્યાન કરે તે ઉચિત છે.

દેશદ્વાર પૂરુ થયું. હવે કાળ દ્વાર જણાવે છે –

**● ગાથા-૩૮ :-**

***કાળ પણ તે જ ધ્યાનોચિત છે, જેમાં યોગ સ્વસ્થતા ઉત્તમ મળે છે. પણ દિવસ કે રાત્રિ જ યોગ્ય વેળા છે. એવો નિયમ ધ્યાતાને નથી, તેમ તીર્થંકરાદિએ કહેલ છે.***

**● વિવેચન-૩૮ :-**

કલન કે કલા સમૂહ તે કાળ. તે અઢીદ્વીપ - સમુદ્રમાં ચંદ્ર અને સૂર્યની ગતિ ક્રિયાથી ઉપલક્ષિત દિવસ આદિ જાણવા. કાળ પણ તેજ ધ્યાનોચિત છે, જે કાળમાં મનોયોગાદિ સ્વાસ્થ્ય પ્રધાનપણે પામે. પણ એવું નથી જ કે દિવસે અથવા રાત્રે જ નિયમથી ધ્યાન કરવાનું કહ્યું હોય. વેળા એટલે મુહૂર્ત આદિ, પૂર્વાહ્ણ કે પશ્ચિમાહ્ણ.

કાળદ્વાર પૂરુ થયું. હવે આસન વિશેષાદિ દ્વાર કહે છે –

**● ગાથા-૩૯ :-**

***અભ્યાસ કરેલ જે કોઈ દેહાવસ્થા ધ્યાનને પીડા કરનારી ન બને, તે અવસ્થામાં ધ્યાન કરે. પછી તે બેઠા રહીને હોય, ઉભા રહીને હોય કે લાંબા-ટૂંકા સુતા રહીને હોય.***

**● વિવેચન-૩૯ :-**

અહીં જે કોઈ શરીરાવસ્થા 'બેસવું' આદિ રૂપે અભ્યસ્ત કે ઉચિત હોય, તેના વડે અનુષ્ઠાન કરતા અધિકૃત ધર્મધ્યાનમાં પીડાકારી થતું નથી. તે જ અવસ્થામાં [કઈ ?] કાયોત્સર્ગથી ઉભા રહે કે વીરાસનાદિ વડે બેસે કે દંડાયતાદિથી લાંબા-ટૂંકા રહીને ધ્યાન કરે. [પ્રશ્ન] આ દેશ, કાળ, આસનોના અનિયમ કેમ ?

**● ગાથા-૪૦ :-**

***બધાં દેશ, કાળ, ચેષ્ટામાં વર્તતા રહીને પાપને શમાવીને અનેકવાર પ્રધાન કેવળજ્ઞાનાદિને પામ્યા છે.***

**● વિવેચન-૪૦ :-**

સંપૂર્ણ દેશ, કાળ અને ચેષ્ટામાં૦ ચેષ્ટા - દેહ અવસ્થામાં અવસ્થિત જે મુનિઓ

જે કારણથી, પ્રધાન એવો આ કેવલ આદિ લાભને પામીને, મનઃપર્યાયજ્ઞાનાદિ પામીને૦ શું એક વખત જ પામે ? ના, કેવળજ્ઞાન સિવાયનો લાભ અનેક વખત પામે. શું વિશિષ્ટ છે ? નરકાદિમાં પાડે તે પાપ, તેનો ઉપશમ, તેને લાવે છે.

● ગાથા-૪૧ :-

***ધ્યાનના દેશ, કાળ, શરીરની ચેષ્ટા માટેનો કોઈ નિયમ આગમમાં નથી, માત્ર યોગોની સમાધિ - સ્વાસ્થ્ય જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરવો, એ નિયમ છે.***

● વિવેચન-૪૧ :-

જે કારણે પૂર્વગાથામાં કહેલ છે, તેની સાથે આનો સંબંધ છે. તેથી દેશ, કાળ, ચેષ્ટાનો કોઈ નિયમ આગમમાં ધ્યાન માટે નથી. પણ મન વગેરે યોગોની સમાધિ જે રીતે રહે, તે રીતે યત્ન કરવો. જોઈએ એટલો અહીં નિયમ છે જ. આસન દ્વાર કહ્યા.

હવે આલંબન દ્વારનો અવયવાર્થ કહે છે —

● ગાથા-૪૨ :-

***ધર્મધ્યાનમાં ચડવા માટે કરાતા વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુચિંતન તથા સામાયિકાદિ અને સદ્ધર્મ આવશ્યકાદિ આલંબન છે.***

● વિવેચન-૪૨ :-

આલંબન - ધર્મધ્યાને ચડવા માટે જેનું અવલંબન કરાય તે. વાચના - શિષ્યોને નિર્જરાને માટે સૂત્રાદિનું દાન. પૃચ્છના - સૂત્રાદિમાં થયેલ શંકા દૂર કરવા ગુરુને પૂછવું તે. પરાવર્તના - પૂર્વે ભણેલા સૂત્રાદિનું અવિસ્મરણ અને નિર્જરા નિમિત્તે અભ્યાસ કરવો તે. અનુચિંતન - મનથી જ અવિસ્મરણાદિ નિમિત્તે સૂત્રાનુસ્મરણ. આ ચારે શ્રુતધર્મ અનુગત વર્તે છે. તથા સામાયિક અને સદ્ધર્મ આવશ્યક ચારિત્ર ધર્મ અનુગત વર્તે છે. સામાયિક આદિ એટલે સામાયિક, પડિલેહણ, સાધુ સામાચારી એ બધું વિધિવત્ સેવવું. - x -

હવે આ જ આલંબનત્વમાં નિબંધન કહે છે —

● ગાથા-૪૩ :-

***જેમ દૃઢ આલંબન વડે કોઈ પુરુષ વિષમ સ્થાનથી ઉંચે ચડી જાય છે, તેમ સૂત્રાદિનું આલંબન કરનારો ઉત્તમ ધ્યાને ચડે છે.***

● વિવેચન-૪૩ :-

વિષમ - નીચા કે દુઃખે સંચરી શકાય તેવા સ્થાનથી સારી રીતે અને મુશ્કેલી વિના ઉપર આવે છે. કઈ રીતે? મજબૂત દોરડાના આલંબનથી. તે રીતે કોઈપણ પુરુષ વાચનાદિ કૃત્ આલંબનથી તે જ રીતે ધર્મધ્યાનને અવલંબે છે. આલંબન દ્વાર કહ્યું.

હવે ક્રમ દ્વાર - તેમાં લાઘવાર્થે ધર્મ, શુક્લ કહે છે —

● ગાથા-૪૪ :-

***ધ્યાન પ્રાપ્તિનો ક્રમ મોક્ષગમનના નિકટના સંસારકાળે કેવલીને મનોયોગ નિગ્રહ આદિ હોય છે. બાકીનાને સમાધિ રહે તેમ હોય છે.***





● વિવેચન-૪૪ :-

ધ્યાનનો પરિપાટી ક્રમ આ રીતે છે — પહેલા મનોયોગનિગ્રહ, પછી વચનયોગ નિગ્રહ, પછી કાયયોગ નિગ્રહ. આ ક્રમ સર્વથા આ પ્રમાણે નથી, પરંતુ કેવળીને મોક્ષગમન નીકટ હોય - શૈલેશી અવસ્થા અંતર્ગત્ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ બાકી હોય તેમને શુક્લધ્યાનમાં આ ક્રમ છે, બાકીનાને ધર્મધ્યાન પ્રાપ્તિમાં યોગ-કાળને આશ્રીને જે રીતે સમાધિ-સ્વસ્થતા ટકે, તે રીતે પ્રતિપત્તિ હોય છે.

હવે ધ્યાતવ્ય દ્વાર કહે છે — તે આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન વિચય ધર્મધ્યાન ચાર ભેદે છે. તેમાં 'આજ્ઞાવિચય' કહે છે.

● ગાથા-૪૫,૪૬ :-

***સુનિપુણ, અનાદિ અનંત, ભૂતહિત, સત્વભાવક, અનર્ઘ્ય, અમિત, અજિત, મહાર્થ, મહાનુભાવ, મહાવિષય, નિરવધ, અનિપુણ જનથી દુર્જ્ઞેય, નય ભંગી પ્રમાણ, ગમગહન અને જગત્દીવા સમાન જિનેશ્વરની આજ્ઞાનું ધ્યાન કરવું જોઈએ.***

● વિવેચન-૪૫,૪૬ :-

(૧) સુનિપુણ - અતિકુશલ આજ્ઞા, તેનું નૈપુણ્ય સૂક્ષ્મ દ્રવ્યાદિ ઉપદર્શકત્વથી તથા મતિ આદિના પ્રતિપાદકત્વથી કહી છે. આ રીતે સુનિપુણા ધ્યાન કરે. (૨) અનાદિ નિધન - અનુત્પન્ન, શાશ્વત. આ અનાદિ નિધનત્વ દ્રવ્યાદિ અપેક્ષાથી છે. (૩) ભૂતહિત - પ્રાણીને પથ્ય, તેનું હિતત્વ અનુપરોધિનીત્વથી છે. આના પ્રભાવથી ઘણાં સિદ્ધ થયા. (૪) ભૂત ભાવન - જીવોની ભાવના, તે સાંભળીને ચિલાતીપુત્રાદિ ઘણાં સુખને પામ્યા. (૫) અનર્ઘ્ય - સર્વોત્તમત્વથી અમૂલ્ય, કેમકે કલ્પવૃક્ષ કલ્પિત માત્રને આપે છે, ચિંતામણિ ચિંતિતને આપે છે, જિનેન્દ્ર ધર્મનો અતિશય તો જુઓ, તે લોકોને આ બંને રીતે જલ્દીથી આપે છે અથવા ઋણ એટલે કર્મ, તેને હણે તે ઋણઘ્ન.

(૬) અમિત - અપરિમિત, બધી નદીના પાણી કે બધાં સમુદ્રના જળ કરતાં પણ અનંત ગણો અર્થ એક સૂત્રનો થાય છે. અથવા અમૃત કે મૃષ્ટ કે પથ્ય. કહ્યું છે કે — જિનવચનરૂપી જળને રાત્રિ અને દિવસે પીવા છતાં બુધ પુરુષો તેનાથી તૃપ્તિ પામતાં નથી. તથા મનુષ્ય, નારકી, તિર્યંચ અને દેવગણના સાંસારિક સર્વ દુઃખ અને રોગોનું એક માત્ર ઔષધ જિનવચન છે જે અપવર્ગ સુખ અને અક્ષત ફળ દે છે.

(૭) અજિત - બાકીના પ્રવચન આજ્ઞા વડે અપરાજિત છે. જેમ - જીવાદિ વસ્તુના ચિંતન કૌશલ્ય ગુણથી અનન્ય સદૃશ તથા શેષ વચનોથી અજિત એવું જિનેન્દ્રવચન મહાવિષય છે. (૮) મહાર્થ - પ્રધાન અર્થ જેનો છે, તેવા પ્રકારની. તે પૂર્વાપર અવિરોધી અને નયગર્ભત્વથી પ્રધાન છે. અથવા 'મહત્સ્થ' છે. તેથી પ્રધાન જીવોમાં રહેલ છે અથવા મોટા સમકિતી જીવોમાં રહેલ છે. અથવા મહાપૂજામાં સ્થિત છે.

(૯) મહાનુભાવ - ઘણાં સામર્થ્યવાળી છે, આનું પ્રાધાન્ય ચૌદપૂર્વી અને સર્વલબ્ધિ સંપન્નત્વથી છે, પ્રભૂતત્વ - પ્રભૂત કાર્યના કરવાથી છે. જેમકે ચૌદપૂર્વી ઘડામાંથી હજારો

ઘડા કરવા સમર્થ છે. એ આ લોકમાં અને પરલોકમાં જઘન્યથી વૈમાનિકમાં જ ઉપજે. (૧૦) મહાન્ વિષયવાળી - સર્વ દ્રવ્યાદિ વિષયત્વથી મહાન્ છે.

સર્વ પદ ક્રિયા ચિંતવવી, નિરવધ-પાપરહિત, અસત્ય આદિ બત્રીશ દોષરૂપ અવધ રહિત. કઈ રીતે ધ્યાન કરે ? નિરવધ - આ લોક સંબંધી આશંસા રહિત. જિનેશ્વરની આજ્ઞા - વચનરૂપ. કેવળ આલોકથી સર્વ સંશયરૂપ અંધકારનો નાશ કરવાથી જગત્‌માં પ્રદીપરૂપ તે જિનાજ્ઞા. તે અનિપુણ - અકુશળ લોકોને દુર્જ્ઞેય-દુઃખે કરીને સમજાય તેવી છે. તે આજ્ઞા નૈગમાદિ અનેક ભેદયુક્ત નયો અને ક્રમ-સ્થાન-ભેદ રૂપ ભંગોથી ઘણી ગહન છે.

[શંકા] આવા પ્રકારના વિશેષણોથી વિશિષ્ટ જિનાજ્ઞા મંદબુદ્ધિવાળાને બોધ પામવાને શક્ય નથી, ત્યાં ધ્યાન કરવાની તો વાત જ ક્યાં રહે ? જો કંઈ સમજાય જ નહીં તો અર્થ શો ?

● ગાથા-૪૭ થી ૪૯ :-

***તે આજ્ઞામાં મતિની દુર્બળતાથી, તેવા પ્રકારના આચાર્યના વિરહથી, જ્ઞેયની ગહનતાથી, જ્ઞાનાવરણના ઉદયથી, હેતુ અને ઉદાહરણ ન મળવાથી, જો કંઈ સારી રીતે ન સમજાય, તો પણ મતિમાન્ પુરુષ એમ ચિંતવે કે સર્વજ્ઞનો મત અવિતથ હોય નહીં, કેમકે જગત્ શ્રેષ્ઠ જિનેશ્વરો અનુપકૃત્ ઉપર પણ અનુગ્રહ કરવામાં પરાયણ, રાગ-દ્વેષ-મોહને જિતેલા છે, તેથી તેઓ અન્યથાવાદી ન હોય.***

● વિવેચન-૪૭ થી ૪૯ :-

તે આજ્ઞામાં, (૧) જડતા કે ચલત્વથી મતિની દુર્બળતા - બુદ્ધિથી સમ્યગ્ અર્થની અનવધારણાથી, (૨) ત્યાં સમ્યક્ અવિપરીત તત્ત્વને કહેવામાં કુશળ તથા સૂત્રાર્થને જાણતા હોવાથી મુમુક્ષુ વડે આસેવિત આચાર્યનો અભાવ હોવાથી બોધ ન મળતા, (૩) ધર્માસ્તિકાયાદિ જ્ઞેયની ગહનતાથી બોધ ન થતાં, (૪) તે કાળે જ્ઞાનાવરણના ઉદયથી તેના વિપાકને લીધે બોધ ન પામતાં... [આગળની ગાથા સાથે સંબંધ છે.]

[શંકા] જ્ઞાનાવરણના ઉદયથી જ મતિ દૌર્બલ્ય છે તથા તેવા આચાર્યનો વિરહ અને જ્ઞેયગહન અપ્રતિપત્તિ છે. તે કહેવાથી આ બધું કહેવાની જરૂર જ નથી? [સમાધાન] ના, તે કાર્યના જ સંક્ષેપ-વિસ્તારથી ઉપાધિભેદથી આમ કહેલ છે - તથા -

હેતુ-જિજ્ઞાસિત ધર્મ વિશિષ્ટ અર્થોને જાણે તે. કારક અને વ્યંજક. ઉદાહરણ - ચરિત કે કલ્પિત ભેદે છે. કોઈ પદાર્થ પ્રત્યે હેતુ અને ઉદાહરણના અસંભવમાં [આ છ કારણે] જે વસ્તુ સારી રીતે ન સમજાય, તો પણ મતિમાને એમ વિચારવું કે — સર્વજ્ઞ અર્થાત્ તીર્થંકરોનો મત એટલે કે વચન અવિતથ - અસત્ય નથી, પણ સત્ય છે. તેના બોધ ન થવાના કારણે ન જાણવા છતાં તે મત કે વસ્તુને પર્યાલોચે.

આમ જ કેમ કહ્યું, તે જણાવે છે —

બીજાએ ઉપકાર ન કરેલ હોય તો પણ ધર્મોપદેશાદિથી બીજા ઉપર ઉપકાર કરવામાં ઉધુક્ત જે કારણથી છે, કોણ? જિનેશ્વરો, કેવા? ચરાચર જગત્‌માં શ્રેષ્ઠ, આવા લોકો પણ રાગાદિભાવથી વિતથવાદી થાય છે, તેથી કહે છે — રાગ, દ્વેષ,



મોહનો નિરાસ કરેલા, તેમાં રાગ એટલે આસક્તિ, દ્વેષ-અપ્રીતિ, મોહ-અજ્ઞાનરૂપ છે. તે કારણે અન્યથાવાદી નથી. આ ધ્યાતવ્યનો પહેલો ભેદ કહ્યો, હવે બીજો.

● ગાથા-૪૯ :-

***રાગ, દ્વેષ, કષાય અને આશ્રવાદિ ક્રિયાઓમાં વર્તતા જીવોને આલોક-પરલોકના અનર્થ કેવા આવે છે, તેને વર્જ્યનો ત્યાગી ધ્યાવે.***

● વિવેચન-૪૯ :-

રાગાદિમાં વર્તતો જીવ અપાયોને વિચારે, જેમકે રાગાદિ ક્રિયા આલોક-પરલોક વિરોધી છે. કહે છે કે — રાગ પ્રાપ્ત થયા પછી પણ મહાવ્યાધિથી અભિભૂતને કુપથ્ય અન્નના અભિલાષવત્ દુઃખદાયી છે. તથા દ્વેષ પ્રાપ્ત થતાં શરીરીને કોટરમાં રહેલ જ્વલન પદાર્થ કે દાવાનળથી વૃક્ષની જેમ બાળે છે. તથા દૃષ્ટિ આદિ ત્રણ ભેદ વાળા રાગથી દીર્ઘસંસાર વધે તેમ સર્વજ્ઞ, સર્વદર્શીએ કહેલ છે. તથા કહે છે કે—

દ્વેષરૂપ અગ્નિથી બળતો જીવ આ લોકમાં દુઃખી થાય છે અને પરલોકમાં પણ પાપને પામીને પછી નરકરૂપ અગ્નિને પામે છે. ઈત્યાદિ.

તથા ક્રોધાદિ કષાયના અપાયો કહે છે — નિગ્રહ ન કરાયેલ ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા એવા માયા અને લોભ આ ચારે કષાયો પુનર્જન્મના મૂળને સિંચે છે.

આશ્રવો - મિથ્યાત્વ આદિ કર્મબંધના હેતુઓ, તેના અપાયો - મિથ્યાત્વ મોહિત મતિ જીવ આ લોકમાં દુઃખ પામે છે અને પ્રશમાદિ ગુણથી હીન નરકની ઉપમાયુક્ત પાપને પામે છે.

અજ્ઞાન કે ક્રોધાદિ સર્વ પાપોથી પણ નિશ્ચે કષ્ટરૂપ છે. તેના વડે અવરાયેલો લોક હિત કે અહિત અર્થોને જાણતો નથી. ઈત્યાદિ - x - x -

તેથી આ પ્રમાણે રાગાદિ ક્રિયામાં વર્તતા જીવો અપાયોને ધ્યાવે. શું વિશેષથી, તે કહે છે — વર્જનીય તે વર્જ્ય - અકૃત્ય, તેના પરિવર્જી - અપ્રમત્ત. બીજો ધ્યાતવ્ય ભેદ કહ્યો. હવે ત્રીજો કહે છે —

● ગાથા-૫૧ :-

***પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને અનુભાવથી ભિન્ન, શુભાશુભથી વિભક્ત, યોગાનુભાવ જનિત કર્મવિપાકને ચિંતવે.***

● વિવેચન-૫૧ :-

પ્રકૃતિ-જ્ઞાનાવરણીય ભેદથી આઠ કર્મ પ્રકૃતિ, પ્રકૃતિના અંશ-ભેદ તે પર્યાયો. સ્થિતિ - તે કર્મોનું જ જઘન્યાદિ ભેદ ભિન્ન અવસ્થાન, પ્રદેશ - જીવપ્રદેશ અને કર્મપુદ્‌ગલોનો સંબંધ. અનુભાવ - કર્મોનો વિપાક. આ કર્મ પ્રકૃતિ આદિ શુભ-અશુભ ભેદથી ભિન્ન હોય છે. તેથી મનોયોગાદિ ગુણથી ઉત્પન્ન કર્મ વિપાકની વિચારણા કરે.

ભાવાર્થ - વૃદ્ધ વિવરણથી જાણવો. તે આ પ્રમાણે — પ્રકૃતિથી ભિન્ન, શુભાશુભ વિભક્ત કર્મ વિપાકને ચિંતવવો. તેમાં જ્ઞાનાવરણાદિ આઠ કર્મના ભેદો વડે વિભક્ત શુભ - પુન્ય, સાતા આદિ અને અશુભ - પાપ, તેનાથી વિભક્ત, કર્મપ્રકૃતિમાં કહેલા વિભિન્ન વિપાકને વિશેષથી ચિંતવે પણ સ્થિતિથી વિભક્ત શુભાશુભ કર્મવિપાકને ચિંતવે.

સ્થિતિ - તે જ આઠ કર્મપ્રકૃતિની જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટા કાળ અવસ્થા, જેમ કર્મપ્રકૃતિમાં કહી છે.

પ્રદેશ - જીવ પ્રદેશોનું કર્મ પ્રદેશો વડે સૂક્ષ્મતાથી એક ક્ષેત્રમાં અવગાઢ વડે સ્પૃષ્ટ અવગાઢ અનંતર અણુ-બાદર ઉર્ધ્વાદિ ભેદથી બદ્ધનું વિસ્તારથી કર્મ પ્રકૃતિમાં કહેલા કર્મ વિપાકોનું ચિંતન.

અનુભાવ - તે જ આઠ કર્મ પ્રકૃતિનું સ્પૃષ્ટ, બદ્ધ, નિકાચીતના ઉદયથી અનુભવવું તે. તે કર્માનુભાવ યોગ જનિત ચિંતવવો.

યોગ - મન, વચન, કાયાના. અનુભાવ - જીવગુણ જ. તે અનુભાવથી જનિત - ઉત્પાદિત જીવનું કાર્ય, તેનો વિપાક - ઉદય વિચારવો.

ધ્યાતવ્યનો ત્રીજો ભેદ કહ્યો, હવે ચોથો કહે છે —

**● ગાથા-૫૨ થી ૬૨ :- [સંસ્થાન વિચયમાં શું ચિંતવવું ?]**

*જિનેશ્વરોએ ઉપદેશેલ દ્રવ્યોના લક્ષણ, સંસ્થાન, આસન, વિધાન, પ્રમાણ, ઉત્પાદ, સ્થિતિ, ભંગાદિ પર્યાયો ચિંતવે.*

*જિનોક્ત અનાદિ અનંત પંચાસ્તિકાયમય લોકને નામાદિ ચાર ભેદથી વિહિત, અધોલોકાદિ ત્રિવિધ ભેદથી ચિંતવે.*

*તેમાં ક્ષિતિ-પૃથ્વી, વલયો, દ્વીપ, સાગર, નરક, વિમાન, ભવન આદિ સંસ્થાન, દોસાદિ પ્રતિષ્ઠાન નિયત લોકસ્થિતિ પ્રકાર ચિંતવે.*

*ઉપયોગ લક્ષણ, અનાદિ અનંત, શરીરથી જુદો, અરૂપી, સ્વકર્મનો કર્તા અને ભોક્તા જીવ છે, તેમ ચિંતવે.....વળી જીવનો (સંસાર) સ્વકર્મ જનિત, જન્માદિ જળવાળો, કષાયરૂપ પાતાળવાળો, સેંકડો વ્યસનરૂપ જળચર જીવો વાળો, મોહરૂપી આવર્ત્તવાળો, અતિ ભયાનક..... અજ્ઞાન પવનથી પ્રેરિત સંયોગ-વિયોગરૂપી તરંગ માળાવાળો, અનોરપાર, અશુભ સંસારસાગર ચિંતવે.*

*વળી તેને તરી જવા માટે સમર્થ, સમ્યગ્દર્શનરૂપ સુબંધન યુક્ત, નિષ્પાપ અને જ્ઞાનમય સુમનવાળું ચારિત્રરૂપ મહા જહાજ..... કે જે સંવરથી નિશ્છિદ્ર કરાયેલું, તપરૂપી પવનથી પ્રેરિત અધિક વેગવાળું, વૈરાગ્યરૂપ માર્ગે પડેલું, દુર્ધ્યાનરૂપ તરંગથી અક્ષોભાયમાન.....મહાર્ઘ શીલાંગરૂપી રત્નોથી ભરેલ તે જહાજમાં આરૂઢ થઈને મુનિરૂપી વણિકો શીઘ્ર, નિર્વિઘ્ને નિર્વાણરૂપી નગરે પહોંચે છે.*

*વળી તે નિર્વાણ નગરમાં ત્રણ રત્નના વિનિયોગમય એકાંતિક, નિરાબાધ, સ્વાભાવિક, અનુપમ અને ક્ષય સુખ જે રીતે પામે છે, તે ચિંતવે. વધુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી સંપન્ન અને સર્વ નયસમૂહમય સમસ્ત સિદ્ધાંતના સદ્ભાવને ચિંતવે.*

**● વિવેચન-૫૨ થી ૬૨ :-**

[૫૨] જિન - તીર્થંકરો, તેમના દ્વારા કહેવાયેલ તે જિનદેશિત. શું ? લક્ષણ આદિ. તેને ચિંતવે. ગાથામાં લખેલ 'દ્રવ્યોના' શબ્દને દરેક પદ સાથે જોડવો. તેમાં દ્રવ્યોના લક્ષણ - ધર્માસ્તિકાયાદિના ગતિ આદિ સંસ્થાન-મુખ્યતાએ પુદ્ગલ રચનાના



આકારરૂપ પરિમંડલ આદિ અજીવોના છે તે અને જીવ શરીરોના સમચતુરસ્ર આદિ છ જાણવા તથા ધર્મ-અધર્મ અસ્તિકાયના લોકક્ષેત્રની અપેક્ષાથી કહેવા.

આસન - આધાર લક્ષણ, ધર્માસ્તિકાયાદિનો આધાર લોકાકાશ આદિ છે. વિધાન-ધર્માસ્તિકાયાદિના જ ભેદો છે. જેમકે ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના દેશો, ધર્માસ્તિકાયના પ્રદેશો વગેરે. માન-પ્રમાણ, ધર્માસ્તિકાયાદિને આત્મીય છે. ઉત્પાદ આદિમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ બધાંને ચિંતવે. - x - x -

[૫૩] પંચાસ્તિકાયમય લોક અનાદિ અનંત છે, તેમ જિનેશ્વરોએ કહેલ છે. અસ્તિ - પ્રદેશ, તેની કાયા તે અસ્તિકાય આ ધર્માસ્તિકાયાદિ ગતિ આદિનો ઉપકાર કરનારા જાણવા. કહ્યું છે કે — જીવોને અને પુદ્ગલોને ગતિનો ઉપકાર કરવામાં ધર્માસ્તિકાય છે, સ્થિતિ ઉપકાર કરવામાં કારણ અધર્માસ્તિકાય છે, આકાશાસ્તિકાય અવકાશ દાન કરે છે.

જે જ્ઞાનાત્મા છે, સર્વભાવજ્ઞ છે, કર્મનો કર્તા અને ભોક્તા છે, સંસારી કે મુક્ત કહેવાય છે, તેને જિનાગમમાં જીવ કહેલો છે.

જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યુક્ત મૂર્ત્ત સ્વભાવી છે, ભેદ અને સંઘાતથી નિષ્પન્ન છે, તેને જિનેશ્વરોએ પુદ્ગલ કહેલ છે.

આ બધાં યુક્ત એવો લોક છે, જે કાળથી અનાદિ અનંત છે અને આ તીર્થંકર પ્રણીત જ છે. તથા નામ આદિ ભેદથી અવસ્થાપિત છે. કહ્યું છે કે — નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ પર્યાય એ આઠ ભેદથી લોકનો નિક્ષેપ છે.

[૫૪] હવે ક્ષેત્રલોકને આશ્રીને કહે છે — તે અધોલોકાદિ ભેદથી ત્રણ પ્રકારે છે તો શું ક્ષેત્રલોકમાં આ જ વિચારવું ? તે પ્રતિપાદન કરે છે — ક્ષિતિ-વલયાદિ ચિંતવે, તેમાં ક્ષિતિ - ધર્માથી ઈષત્પ્રાગ્ભારા સુધીની આઠે પૃથ્વી લેવી. વલય - ઘનોદધિ, ઘનવાત, તનુવાત રૂપ, ધર્માદિ સાત પૃથ્વીને વીંટાઈને રહેલા ૨૧-છે. દ્વીપ-જંબૂદ્વીપથી સ્વયંભૂ રમણ દ્વીપ સુધીના અસંખ્ય. સાગર - લવણથી સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્ય.

નરક - સીમંતક આદિ અપ્રતિષ્ઠાન સુધીની સંખ્યાત. કહ્યું છે — ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, પાંચ ન્યૂન એક લાખ્ને પાંચ નરકાવાસો અનુક્રમે છે.

વિમાન-જ્યોતિષ્કથી અનુત્તર સુધીના અસંખ્યાત વિમાનો છે. કેમકે જ્યોતિષ્કોના અસંખ્યેય વિમાનો છે. ભવન-ભવનવાસીના આલય રૂપ, અસુર આદિ દશ નિકાય સંબંધી અસંખ્યેય ભવનો છે. કહ્યું છે કે — ભવનપતિના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો જાણવા. આદિ શબ્દથી અસંખ્યાત વ્યંતર નગરને પણ લેવા.

આ ક્ષિતિ, વલય આદિનો સંસ્થાન - આકાર વિશેષ ચિંતવવો. તથા તે આકાશ આદિમાં પ્રતિષ્ઠિત છે, આદિ શબ્દથી વાયુ આદિને પણ લેવા. આવી લોકની સ્થિતિ છે. અહીં વિધિ - વિધાન કે પ્રકાર. લોકની સ્થિતિ એટલે લોક વ્યવસ્થા કે લોક મર્યાદા. કેવી છે ? નિયત કે શાશ્વત છે.

[૫૫] જેના દ્વારા ઉપયુક્ત થવાય તે ઉપયોગ. તે આકાર અને અનાકાર બે ભેદે છે. તે જેનું લક્ષણ છે તે ઉપયોગ લક્ષણ, જીવ છે તે ભવ કે અપવર્ગ પ્રવાહની અપેક્ષાથી નિત્ય છે તથા શરીરથી પૃથક્ છે. શરીર - ઔદારિક આદિ લેવા. જે જીવે છે, જીવશે કે જીવ્યો તે જીવ. તે અમૂર્ત છે. કર્મના કર્તા-નિર્વર્તક છે અને પોતાના બાંધેલ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ઉપભોક્તા છે.

[૫૬] તે જીવના પોતાના કર્મથી નિર્વર્તિત-જનિત સંસાર સાગરને કહે છે. આ સંસાર સાગર જન્મ, જરા, મરણ રૂપ જળથી ભરેલો છે કષાય જ અગાધ ભવજનની સામ્યતાથી પાતાળ જેવો છે. વ્યસન-દુઃખ કે ધુત તેમાં સેંકડો પીડાના હેતુપણાથી શ્વાપદો તેમાં રહેલા છે. વળી મોહ - મોહનીય કર્મથી તેમાં વિશિષ્ટ ભ્રમણ કરતા હોવાથી આવર્ત્ત સ્વરૂપ છે અને આ સંસાર મહાભયાનક છે.

[૫૭] જ્ઞાનાવરણ કર્મોદય જનિતને આત્મ પરિણામ તે જ અજ્ઞાન. તેના પ્રેરકપણાથી વાયુ વડે પ્રેરિત સંયોગ અને વિયોગ રૂપ તરંગો જેમાં છે, તેવા પ્રકારનો છે. સંયોગ - કોઈક સાથેનો સંબંધ અને વિયોગ - તેનાથી જ વિપ્રયોગ. એ જ સતત પ્રવૃત્ત હોવાથી તરંગ છે, તેનો પ્રવાહ-સંતતિ. સંસરવું તે સંસાર તે સાગર જેવો હોવાથી સંસારસાગર કહ્યો. તે 'અનોરપાર' એટલે અનાદિ અનંત છે. અશોભન છે એમ વિચારવું.

[૫૮] તે સંસારસાગરમાં તરવાને માટે સમર્થ જહાજને કહે છે. આ જહાજ - સમ્યગ્દર્શનરૂપ શોભન બંધનવાળું છે. અનઘ - અપાય છે. જ્ઞાનરૂપ નિર્યામક વિશેષથી યુક્ત છે, એવું તે ચારિત્ર્ જહાજ છે. આ મહાબોધિસ્થ જહાજને ચિંતવે.

[૫૯] આશ્રવનો નિરોધ તે સંવર. તેના દ્વારા જેના છિદ્રોને બંધ કરેલ છે, અનશન આદિ લક્ષણ તપ એ જ ઈષ્ટનગર પ્રતિ પ્રેરકપણે હોવાથી પવન છે, તેના વડે પ્રેરાઈને જલ્દીથી જેનો વેગ છે તથા વિરાગનો જે ભાવ તે વૈરાગ્ય, એ જ ઈષ્ટપુરને પ્રાપ્ત કરવાનો માર્ગ હોવાથી વૈરાગ્યમાર્ગ કહ્યું, તે માર્ગે જતા તથા અપધ્યાનાદિ વિઘ્નોરૂપ તરંગો વડે જે જરા જ કંપતું ન હોવાથી નિષ્પ્રકંપ છે. આવું જે જહાજ, તેના ઉપર —

[૬૦] આરોહણ કરીને, મુનિવણિક - આય અને વ્યયની પ્રવૃત્તિમાં અતિ નિપુણ તે વણિક્ એવા મુનિ જહાજમાં બેસીને. વળી તે જહાજ મહામૂલ્યવાન્ છે, પૃથ્વીકાયાદિનો સંરંભાદિ પરિત્યાગ તે શીલરૂપ અંગોવાળું છે. એકાંતિક અને આત્યંતિક સુખના હેતુપણાથી રત્નો વડે તે ભરેલું છે. તે નિર્વાણપુર - સિદ્ધિ નગરે થોડા કાળમાં જ અને અંતરાય રહિતપણે પ્રાપ્ત કરાવનાર - પહોંચાડનાર છે, તેમ ચિંતવે.

[૬૧] તે નિર્વાણનગરમાં જ્ઞાનાદિ ત્રણ રત્નના વિનિયોગ સ્વરૂપ, એકાંત ભાવિ અને અબાધારહિત, સ્વાભાવિક એટલે કૃત્રિમ નહીં તેવા નિરુપમ - ઉપમાતીત અપર્યવસાન - અક્ષય સુખને સમીપતાથી પામે છે, તેનું ચિંતવન કરે. વિશેષ શું કહેવું —

[૬૨] સંપૂર્ણપણે જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ નામક પદાર્થથી યુક્ત સિદ્ધાંતનો સદ્ભાવ, દ્રવ્યાસ્તિકાદિ નય સંઘાતકાય ચિંતવે. એટલે કે સિદ્ધાંતના અર્થને હૃદયમાં ધારણ કરે.



ધ્યાતવ્ય દ્વાર કહ્યું. હવે જે આના ધ્યાતા-ધ્યાન કરનારા છે, તેનું પ્રતિપાદન કરતાં કહે છે —

● **ગાથા-૬૩ :-**

***સર્વ પ્રમાદથી રહિત મુનિ તથા ક્ષીણમોહ અને ઉપશાંત મોહવાળા, જ્ઞાનરૂપી ધનથી યુક્તને ધર્મધ્યાનના ધ્યાતા કહેલા છે.***

● **વિવેચન-૬૩ :-**

પ્રમાદ - મદ્ય આદિ. એવા બધાં પ્રમાદથી રહિત અર્થાત્ તે 'અપ્રમાદવંત' કહેવાય. મુનિ અર્થાત્ સાધુ.

ક્ષીણમોહ - ક્ષપક નિર્ગ્રન્થ. ઉપશાંતમોહ - ઉપશામક નિર્ગ્રન્થ. 'च' શબ્દથી બીજા પણ પ્રમાદીને લેવા.

ધ્યાતા - ચિંતક, ધર્મધ્યાનના ધ્યાતા. તે કેવા છે ? જ્ઞાનરૂપી ધનવાળા. એવું તીર્થંકર અને ગણધરોએ કહેલ છે.

ધર્મધ્યાનના ધ્યાતા કહ્યા. હવે શુક્લધ્યાનના પણ પહેલાં બે ભેદના અવિશેષથી આ જ ધ્યાતા હોય છે, તેથી પ્રસંગથી લાઘવતા માટે છેલ્લા બે ભેદને છે —

● **ગાથા-૬૪ :-**

***આ જ મુનિ શુક્લધ્યાનના પહેલા બે ભેદના અધિકારી છે, માત્ર તે પૂર્વધર અને સુપ્રશસ્ત સંઘયણના ધારક હોવા જોઈએ. શુક્લધ્યાનના પાછલા બે પ્રકારના ધ્યાતા તો સયોગી - અયોગી કેવળી જ હોય.***

● **વિવેચન-૬૪ :-**

આ જે અનંતર ધર્મધ્યાનના ધ્યાતા કહ્યા, તે શુક્લ ધ્યાનના પૂર્વના બે ભેદ - પૃથક્ત્વવિતર્ક સવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર એ બંનેના ધ્યાતા હોય છે. પણ તેમાં વિશેષ એટલું કે ચૌદ પૂર્વજ્ઞાતા અને તેમાં ઉપયોગવાળા અર્થાત્ અપ્રમત્ત જ જાણવા, નિર્ગ્રન્થો નહીં. સુપ્રશસ્ત એટલે પહેલું સંઘયણ, તેનાથી યુક્ત હોવા જોઈએ.

બંને શુક્લધ્યાનના પાછલા કે ઉત્તરકાળ ભાવિ ભેદ આ છે — સૂક્ષ્મ ક્રિયા નિવૃત્તિ અને વ્યુપરતક્રિયા અપ્રતિપાતિ. તે અનુક્રમે સયોગી અને અયોગી કેવળી ધ્યાતા હોય છે.

આ પ્રમાણે જાણવું કે — શુક્લધ્યાનના બે ભેદ વીતી ગયા. પછી ત્રીજો ભેદ પ્રાપ્ત ન થયો હોય, એ ધ્યાનાંતરિકામાં વર્તતા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. સૂક્ષ્મક્રિયા નિવૃત્તિ સુધી તે શુક્લલેશ્યાનો અધ્યાની રહે.

હવે અવસર પ્રાપ્ત અનુપ્રેક્ષાદ્વારની વ્યાખ્યા કરે છે —

● **ગાથા-૬૫ :-**

***ધ્યાન ચાલ્યું ગયા પછી પણ મુનિ હંમેશાં અનિત્યાદિ ભાવનામાં રમણ કરે અને ધર્મધ્યાનથી ચિત્તને પૂર્વવત્ ભાવિત કરે.***

● **વિવેચન-૬૫ :-**

ધ્યાનથી ધર્મધ્યાન લેવું. તે ચાલી જતાં સાધુ સર્વકાળે અનિત્યાદિ ચિંતનમાં

રમે. આદિ શબ્દથી અશરણ, એકત્વ ઈત્યાદિ બાર અનુપ્રેક્ષા ભાવવી. તેનાથી સચિત્તાદિમાં અનાસક્તિ અને ભવનિર્વેદ થાય. વળી અનિત્યાદિના ચિંતનથી સુભાવિત અંતઃકરણ ધર્મધ્યાન વડે થાય છે. અનુપ્રેક્ષા દ્વાર કહ્યું.

હવે લેશ્યા દ્વારનું પ્રતિપાદન કરે છે —

● ગાથા-૬૬ :-

***ધર્મધ્યાનમાં રહેલાને તીવ્ર, મંદ કે મધ્યમ ભેદથી પીત-પદ્મ-શુક્લ લેશ્યા હોય છે, તે ક્રમસર વિશુદ્ધિવાળી છે.***

● વિવેચન-૬૬ :-

પરિપાટી વિશુદ્ધ ઉત્પન્ન થાય છે. શું ? લેશ્યા. તે પીત, પદ્મ અને શુક્લ કહી. પીતલેશ્યાથી પદ્મલેશ્યા વિશુદ્ધ છે, તેનાથી શુક્લ લેશ્યા ક્રમથી વિશુદ્ધ છે. એ કઈ રીતે બને ? ધર્મધ્યાનયુક્તને બને. તેમાં શું વિશેષતા છે ? તીવ્ર, મંદ, મધ્યમ ભેદથી છે. અથવા સામાન્યથી જ પરિણામ વિશેષ — તીવ્ર, મંદ, મધ્યમ ભેદો છે.

લેશ્યા દ્વાર કહ્યું, હવે લિંગ દ્વાર વર્ણવે છે —

● ગાથા-૬૭ :-

***આગમ, ઉપદેશ, આજ્ઞા, નિસર્ગ જે જિનપ્રણિત છે, તે ભાવોની શ્રદ્ધા કરવી, તે ધર્મધ્યાનનું ચિહ્ન છે.***

● વિવેચન-૬૭ :-

આ આગમાદિ જે તીર્થંકર પ્રરૂપિત દ્રવ્યાદિ પદાર્થોની શ્રદ્ધા - આ અવિતથ છે, ઈત્યાદિરૂપ. તે ધર્મધ્યાનનું ચિહ્ન છે. તત્વશ્રદ્ધાથી ધર્મધ્યાયી ઓળખાય છે. અહીં આગમ એટલે સૂત્ર જ, તદનુસાર કથન તે ઉપદેશ, આજ્ઞા તે અર્થ, નિસર્ગ એટલે સ્વભાવ.

● ગાથા-૬૮ :-

***જિનેન્દ્ર, સાધુના ગુણોનું કીર્તન, સ્તુતિ, વિનય, દાન એ બધાંથી સંપન્ન, શ્રુત-શીલ-સંયમરતને ધર્મધ્યાની જાણવા.***

● વિવેચન-૬૮ :-

ગુણો - નિરતિચાર સમ્યગ્દર્શનાદિ, તે ગુણોનું કીર્તન, પ્રશંસા - વખાણ કરવા વડે ભક્તિપૂર્વક સ્તુતિ. વિનય - અભ્યુત્થાનાદિ. દાન-અશન આદિ આપવા તે. આ બધાંથી યુક્ત.

શ્રુત - સામાયિકાદિ બિંદુસાર પર્યન્ત. શીલ-વ્રત આદિ સમાધાન રૂપ, સંયમ - પ્રાણાતિપાતાદિ નિવૃત્તિ રૂપ હોય.

ઉક્ત ગુણવાળાને ધર્મધ્યાની જાણવો. લિંગ દ્વાર કહ્યું.

હવે ફળ દ્વારનો અવસર છે - તે લાઘવાર્થે ફળાધિકારમાં શુક્લધ્યાનમાં કહેશે. એ રીતે ધર્મધ્યાન કહ્યું.

હવે શુક્લ ધ્યાનનો અવસર છે — અહીં પણ ભાવનાદિથી ફળ સુધીના તે જ બાર દ્વારો થાય છે. તેમાં ભાવના, દેશ, કાળ, આસનમાં ધર્મધ્યાનથી અહીં વિશેષ છે. આને છોડીને આલંબનો કહે છે —



● ગાથા-૬૯ :-

***હવે આસન દ્વાર પછી જિનમતમાં પ્રધાન ક્ષમા, મૃદુતા, ઋજુતા અને નિર્લોભતા એ આલંબનો છે. તેનાથી શુક્લધ્યાન ઉપર આરોહણ કરે છે.***

● વિવેચન-૬૯ :-

ક્ષાંતિ આદિ ધર્મ — ક્રોધ, માન, માયા અને લોભના પરિત્યાગરૂપ. ક્રોધના ઉદયને અટકાવવો કે ઉદીર્ણ ક્રોધને વિફળ કરવો તે ક્રોધપરિત્યાગ. આ પ્રમાણે માન આદિમાં પણ વિચારવું.

આ ક્ષાંતિ આદિ ચારે જિનમનમાં પ્રધાન છે. जिनमत - तीर्थंकर દર્શનમાં કર્મક્ષય હેતુને આશ્રીને પ્રધાન. આનું પ્રાધાન્ય એટલા માટે છે કે અકષાયથી ચારિત્ર છે અને ચારિત્રથી નિયમા મુક્તિ છે.

તેથી આ ચારે આલંબનરૂપ છે, આનું આલંબન કરવાથી શુક્લધ્યાનને આરોહે છે. તથા ક્ષમા આદિ આલંબનથી જ શુક્લધ્યાન સારી રીતે પામે છે, અન્ય કોઈ રીતે નહીં.

શુક્લધ્યાનને આશ્રીને આલંબન દ્વાર કહ્યું. હવે ક્રમ દ્વારનો અવસર છે. પહેલાં બે નો ક્રમ ધર્મધ્યાનમાં કહ્યો જ છે, તેમાં આ વિશેષ —

● ગાથા-૭૦ :-

***છદ્મસ્થ ત્રિલોકના વિષયમાંથી ક્રમશઃ મનને સંકોચી પરમાણું ઉપર સ્થાપિત કરીને અતિ નિશ્ચલ બનેલો શુક્લધ્યાન ધ્યાવે.***

***છેલ્લા બે ભેદમાં જિન મનરહિત હોય છે.***

● વિવેચન-૭૦ :-

ત્રિભુવન — અધો, તીર્છા, ઉર્ધ્વ લોકના ભેદથી, તે વિષયક આલંબન જેના મનમાં હોય. તે ત્રિભુવન વિષય ક્રમથી પ્રતિવસ્તુના પરિત્યાગરૂપ લક્ષણથી સંકોચીને અંતકરણને અણુ - પરમાણુમાં સ્થાપે. કોણ ? છદ્મસ્થ. અતીવ નિશ્ચલ બની શુક્લ ધ્યાન કરે. ત્યારપછી પણ પ્રયત્ન વિશેષથી મનને દૂર કરીને અવિદ્યમાન અંતઃકરણવાળા અરહંત કે જિન થઈ છેલ્લા બે ધ્યાન કરે છે. તેમાં પણ પહેલાંના અંતર્મુહૂર્તથી શૈલેશીને ન પામીને કરે છે.

છદ્મસ્થ શા માટે ત્રિભુવનવિષયક, મનને સંક્ષેપીને પરમાણુમાં સ્થાપન કરે છે ? કેવલી તેમાંથી દૂર કરે છે ? તે કહે છે —

● ગાથા-૭૧ થી ૭૫ :-

***[૭૧] જે રીતે સર્વ શરીરમાં વ્યાપેલ ઝેર મંત્ર વડે સંકોચીને ડંખ - પ્રદેશમાં લાવી મૂકવામાં આવે છે, પછી શ્રેષ્ઠતર મંત્રયોગથી ડંખ — દેશથી પણ દૂર કરવામાં આવે છે...***

***[૭૨] તેવી રીતે ત્રિભુવનરૂપી શરીરમાં પ્રસરેલ મનરૂપી ઝેરને મંત્રના સામર્થ્યવાળો પરમાણુમાં લાવી મૂકે છે, પછી જિનવર રૂપી વૈદ્ય તેમાંથી પણ મનોવિષને દૂર કરે છે.***

*[૭૩] જે રીતે કાષ્ઠસમૂહ ક્રમશઃ દૂર થવાથી અગ્નિ ઓલવાતો જાય છે, થોડાં જ ઇંધણ ઉપર થોડો જ અગ્નિ રહે છે, તે થોડું પણ ઇંધણ દૂર થતાં શાંત થઈ જાય છે.*

*[૭૪] એ રીતે વિષયરૂપી ઇંધણ ક્રમશઃ ઘટતા મનરૂપ અગ્નિ થોડાં જ વિષયરૂપી ઇંધણ પણ સંકોચાઈ જાય છે, અને તે થોડાં પણ વિષય-ઇંધણ ઉપરતી ખસેડતા શાંત થઈ જાય છે.*

*[૭૫] જેવી રીતે કાચા ઘડામાં કે તપેલા લોઢાના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ ઘટતું જાય છે, તે પ્રમાણે યોગીનું મનરૂપી જળ જાણ. [એમ અપ્રમાદરૂપી અગ્નિથી તપેલા જીવરૂપી વાસણમાં રહ્યું ઓછું થતું જાય છે.]*

**● વિવેચન-૭૧ થી ૭૫ :-**

[૭૧] જેમ સર્વ દેહમાં વ્યાપક વિશિષ્ટ વર્ણાનુપૂર્વી લક્ષણથી વિષમારણાત્મક દ્રવ્ય નિશ્ચયથી ધારણ કરે છે. ક્યાં ? ભક્ષણ દેશમાં, પછી તે ડંકને દૂર કરવામાં આવે છે. કોના વડે ? શ્રેષ્ઠતર મંત્રયોગથી અથવા મંત્ર અને યોગ વડે, અહીં 'યોગ' શબ્દ વડે 'વૈદ્ય' લેવો. આ દૃષ્ટાંત છે, તેનો આ અર્થ ઉપનય છે –

[૭૨] ત્રિભુવન શરીર એ આલંબન છે. મન જ ભવમરણના નિબંધન સ્વરૂપ વિષ છે, મંતર્યોગ બલયુક્ત - જિનવચન ધ્યાન સામર્થ્ય સંપન્ન પરમાણુમાં નિરુદ્ધ દૃષ્ટિવાળા તથા અચિંત્ય પ્રયત્નથી જિનવર રૂપ વૈદ્ય તેને દૂર કરે છે. આ જ અર્થને બીજા દૃષ્ટાંતથી જણાવે છે –

[૭૩] ઇંધણો દૂર કરતાં જે રીતે અગ્નિમાં ક્રમથી હાનિ થાય છે, અને થોડાંક જ ઇંધણથી અગ્નિમાત્ર હોય છે. તેને પણ તે અલ્પ ઇંધણ દૂર કરતાં ઓલવી દેવાય છે. આ દૃષ્ટાંતનો ઉપનય –

[૭૪] તે વિષયરૂપ ઇંધણ રહિત, દુઃખદાહના કારણત્વથી મન જ અગ્નિરૂપ છે, તે પરમાણુને દૂર કરતાં વિષય ઇંધણ નિશ્ચયથી નિર્વાત - શાંત થાય છે. આ જ અર્થમાં ફરી દૃષ્ટાંત કહે છે –

[૭૫] ઘટિકામાં રહેલા જળની જેમ તથા તપતા એવા લોઢાના વાસણમાં ક્રમથી પાણી ઓછું થતું જાય છે. તે પ્રકારે યોગીનું મન જ અવિકલપણાથી જળ છે તેમ જાણ. તથા અપ્રમાદરૂપ અગ્નિથી તપેલ જીવ રૂપી ભાજનમાં મનરૂપી જળ હાનિ પામે છે.

જિનવર રૂપ વૈદ્ય એવો જે શબ્દ પૂર્વે વપરાયો, તેમાં કેવલી, મનોયોગને રુંધે તેમ કહેલ છે.

હવે શેષ યોગ-નિયોગ વિધિને જણાવતા કહે છે –

**● ગાથા-૭૬ :-**

*એ પ્રમાણે વાક્યોગનો નિરોધ કરે છે, ક્રમશઃ કાયયોગનો નિરોધ કરે છે, ત્યારપછી કેવલી મેરુ પર્વતવત્ સ્થિર શૈલેશી બને છે.*

**● વિવેચન-૭૬ :-**

આ પ્રમાણે આ વિષાદિ દૃષ્ટાંતોથી વાગ્યોગાદિ નિરુદ્ધે છે, તે ગાથાર્થ કહ્યો.



આનો ભાવાર્થ નમસ્કાર નિર્યુક્તિમાં કહેલો છે. તો પણ સ્થાન શૂન્યાર્થે તે કંઈક કહીએ છીએ.

યોગોનું સ્વરૂપ આ પ્રમાણે – ઔદારિકાદિ શરીર યુક્તને આત્માની વીર્ય પરિણતિ વિશેષ કાયયોગ તથા ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપારથી આણેલ વાક્દ્રવ્ય સમૂહયુક્ત જીવ વ્યાપાર તે વાગ્યોગ અને ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપારથી આણેલ મનોદ્રવ્યયુક્ત જીવનો વ્યાપાર તે મનોયોગ.

તે આ બધાંનો નિરોધ કરતો કાળથી અંતર્મુહૂર્ત ભાવિની પરમપદમાં ભવોપગ્રાહી કર્મમાં અને વેદનીય આદિમાં સમુદ્ઘાતથી કે સ્વાભાવિક સમસ્થિતિ હોતા, તે કાળે કરે છે.

પરિણામથી પણ – પર્યાપ્ત માત્ર સંજ્ઞી જેટલામાં જઘન્યયોગી થાય છે, તેટલો માત્ર તેનો મનોદ્રવ્ય વ્યાપાર હોય છે. તેના અસંખ્ય ગુણહીનને સમયે સમયે નિરુંધતા તે મનનો સર્વ નિરોધ અસંખ્ય સમયે કરે છે.

પર્યાપ્ત માત્ર બેઈન્દ્રિયના જઘન્ય વચનયોગીના જે પર્યાયો છે, તે અસંખ્યગુણહીનને સમયે સમયે રુંધતા સર્વ વચનયોગનો રોધ સંખ્યાતીત સમયોથી કરે છે.

પછી સૂક્ષ્મ પનકના પહેલાં સમયે ઉત્પન્નના જે જઘન્ય યોગ છે, તે અસંખ્યેય ગુણહીન એક એક સમયમાં રુંધતા શરીરના ત્રીજા ભાગને મુક્તો કાયયોગને સંખ્યાતીત સમયે રુંધે છે.

પછી યોગનિરોધ કરીને શૈલેશી ભાવને પામે છે. શૈલેશ એટલે મેરુ, શૈલેશી એટલે જ તેના જેવી અચળતા, સ્થિરતાથી શૈલેશી થાય. અથવા શૈલ સમાન ઋષિ તે શૈલર્ષિ એમ સ્થિરતાથી થાય છે. અથવા શીલ કે સમાધાન તે નિશ્ચયથી સર્વસંવર, તેનો સ્વામી તે શીલેશ, તે અવસ્થામાં શૈલેશી થાય છે. જે પાંચ હૃસ્વાક્ષર કાળ કહેવાય છે, તે કાળ માત્ર જ શૈલેશી પણામાં રહે છે.

પછીના કાળે તનુરોધના આરંભથી તે સૂક્ષ્મક્રિયા નિવૃત્તિ નામે ધ્યાનને ધ્યાવે છે. શૈલેશીકાળે વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી હોય છે.

તેની અસંખ્યગણી ગુણશ્રેણીથી રચિત પુરા કર્મ, સમયે - સમયે ક્ષય પામતા શૈલેશીકાળ વડે બધું જ ખપાવીને પછી કેટલાંક કર્મો બે ચરમ સમય રહેતા અને કેટલાંક ચરમ સમયે નિર્લેપ થાય છે. - x - વિશેષ કર્મ પ્રકૃતિ ગ્રંથથી જાણી લેવું. - x - પછી ઋજુશ્રેણી પામીને બીજા સમય કે બીજા પ્રદેશને ન સ્પર્શીને એક સમયમાં જ સિદ્ધ થાય છે અને ત્યારે તે સાકાર ઉપયોગવાળો હોય છે.

ક્રમ દ્વાર કહ્યું હવે ધ્યાતવ્યદ્વારનું વિવરણ કરે છે –

**● ગાથા-૭૭,૭૮ :-**

*એક વસ્તુમાં ઉત્પાદ, સ્થિતિ, નાશ વગેરે પર્યાયોનું અનેક નયોથી પૂર્વગત શ્રુત અનુસારે જે ચિંતન છે તે –*

*સવિચાર અર્થ-વ્યંજન-યોગાંતરથી તે પહેલું શુક્લધ્યાન છે, પૃથક્ત્વ*

*વિતર્ક સવિચાર છે અને રાગભાવ રહિતને તે થાય છે.*

**● વિવેચન-૭૭,૭૮ :-**

ઉત્પાદાદિ, આદિ શબ્દથી મૂર્ત અને અમૂર્તને ગ્રહણ કરવા. આના પર્યાયો જે એક જ દ્રવ્યમાં અણુ કે આત્માદિમાં દ્રવ્યાસ્તિકાદિથી અનુસ્મરણ - ચિંતન, જે પૂર્વગત શ્રુત અનુસારથી છે.

મરુદેવી આદિને અન્યથા છે, તે શું છે ?

સવિચાર - વિચારની સાથે વર્તે છે તે. વિચાર - અર્થ, વ્યંજન, યોગ સંક્રમ. તેમાં અર્થ - દ્રવ્ય, વ્યંજન - શબ્દ, યોગ-મન વગેરે. એટલા ભેદે સવિચાર છે. આ આદ્ય શુક્લ કહેવાય. તેને ''પૃથક્ત્વ વિતર્કસવિચાર'' કહે છે. તેમાં પૃથક્ત્વ-ભેદથી, વિતર્ક-શ્રુત અને આ રાગ પરિણામ રહિતને થાય છે.

**● ગાથા-૭૯,૮૦ :-**

*પવન રહિત સ્થાનમાં રહેલ સ્થિર દીવાની જેમ જે ઉત્પત્તિ - સ્થિતિ - નાશ આદિ ગમે તે એક પર્યાયમાં સ્થિર ચિત્ત છે. તે —*

*બીજા પ્રકારનું શુક્લધ્યાન છે, તે અવિચાર અર્થાત્ અર્થ, વ્યંજન અને યોગના ફેરફારથી થતાં સંક્રમણ વિનાનું, પૂર્વગત શ્રુતના આલંબને થનારું એકત્વ વિતર્ક અવિચાર ધ્યાન છે.*

**● વિવેચન-૭૯,૮૦ :-**

વળી જે સુનિષ્પ્રકંપ - વિક્ષેપરહિત છે, વાયુ રહિત એવા ઘરના એક દેશમાં રહેલ દીવાની જેમ અંતઃકરણ ઉત્પાદ-સ્થિતિ-ભંગ આદિ કોઈ એક પર્યાયમાં સ્થિર રહે. પછી શું ?

અવિચાર - અસંક્રમ. ક્યાંથી ? અર્થ, વ્યંજન, યોગાંતરથી, આવા પ્રકારનું તે બીજું શુક્લધ્યાન છે. તેનું નામ એકત્વ-વિતર્ક-અવિચાર છે. જેમાં એકત્વ-અભેદથી, વિતર્ક-વ્યંજનરૂપ કે અર્થરૂપ. આ પણ પૂર્વગત શ્રુતાનુસાર થાય છે.

**● ગાથા-૮૧,૮૨ :-**

*નિર્વાણગમન કાળે કેવળજ્ઞાનીને કાયયોગ અડધો નિરુદ્ધ થતાં સૂક્ષ્મ કાયક્રિયા રહે, તેથી સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામે ત્રીજું (શુક્લ) ધ્યાન હોય છે.*

*તેમને જે શૈલેશી પામતાં મેરુવત્ તદ્દન સ્થિર આત્મપ્રદેશ થતાં વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામે ચોથું શુક્લધ્યાન હોય.*

**● વિવેચન-૮૧,૮૨ :-**

નિર્વાણગમન કાળ - મોક્ષગમનના નીકટના સમયમાં, સર્વજ્ઞના મન અને વચનયોગ બંનેનો રોધ થતાં અને કાયયોગ અડધો રુંધાયા પછી સૂક્ષ્મક્રિયા અનિવર્તિ, જેમાં પ્રવર્દ્ધમાનતર પરિણામથી ન નિવર્તિ તે અનિવર્તિ, એવું ત્રીજું ધ્યાન હોય છે તે 'તનુકાયક્રિય' કહ્યું અર્થાત્ પાતળા ઉચ્છ્વાસ-નિઃશ્વાસાદિ રૂપ કાયક્રિયા જેને છે તેવા પ્રકારનું. એ ગાથાર્થ કહ્યો.

તે કેવલીને શૈલેશીપણાને પામીને, નિરુદ્ધયોગત્વથી મેરુની જેમ સ્થિર થયેલને



વ્યવચ્છિન્નક્રિય યોગના અભાવથી તે અપ્રતિપાતિ-અનુપરત સ્વભાવ, એવું પરમ શુક્લ ધ્યાન હોય.

આ રીતે ચાર પ્રકારે ધ્યાન કહીને હવે આનાથી પ્રતિબદ્ધ જ શેષ વક્તવ્યતા કહે છે —

**● ગાથા-૮૩ :-**

*પહેલું શુક્લ ધ્યાન એક કે બધાં યોગમાં હોય, બીજું એક જ યોગમાં હોય, ત્રીજું સૂક્ષ્મ કાયયોગમાં અને ચોથું અયોગાવસ્થામાં હોય.*

**● વિવેચન-૮૩ :-**

પૃથક્ત્વ વિતર્ક સવિચાર મન આદિ યોગમાં કે બધાં યોગમાં ઈષ્ટ છે, તે અગમિક શ્રુતપાઠીને હોય. બીજા એકત્વ વિતર્ક અવિચારમાં એકયોગ જ હોય કેમકે બીજામાં સંક્રમનો અભાવ છે. ત્રીજું સૂક્ષ્મક્રિયા અનવર્તિ કાયયોગમાં હોય, બીજા યોગમાં ન હોય, ચોથું વ્યુપરત ક્રિયા અપ્રતિપાતી શૈલેશી કેવીલ અયોગીને હોય.

[શંકા] શુક્લધ્યાનના છેલ્લા બે ભેદમાં મનોયોગ હોય જ નહીં કેમકે કેવલીને અમનસ્કપણું હોય. જ્યારે ધ્યાન તો મનોવિશેષ છે, તો આ કઈ રીતે બને ?

**● ગાથા-૮૪ :-**

*જે રીતે છદ્મસ્થને સુસ્થિરમન એ ધ્યાન કહેવાય છે, તેમ કેવલીને સુનિશ્ચલ કાયા એ ધ્યાન કહેવાય છે.*

**● વિવેચન-૮૪ :-**

ગાથાર્થ કહ્યો. ચોથા શુક્લધ્યાનમાં નિરુદ્ધત્વથી કાયયોગ પણ હોતો નથી, તો ત્યાં શું કહેશો ? તે કહે છે —

**● ગાથા-૮૫,૮૬ :-**

*પૂર્વપ્રયોગને લીધે, કર્મનિર્જરાનો હેતુ હોવાથી, શબ્દના અનેક અર્થ થતા હોવાથી અને જિનેન્દ્ર આગમમાં કહ્યું હોવાથી... ચિત્તનો અભવ હોય તો પણ સદા સૂક્ષ્મક્રિયા અને વ્યુચ્છિન્નક્રિયા થાય છે. આ બે અવસ્થા જીવના ઉપયોગ પરિણામથી ભવસ્થ કેવલીને ધ્યાનરૂપ હોય છે.*

**● વિવેચન-૮૫,૮૬ :-**

કાયયોગ નિરોધી, યોગીને કે અયોગીને પણ ચિત્તના અભાવચ છતાં સૂક્ષ્મ ઉપરત ક્રિયા ધ્યાન હોય તેમ કહેલ છે. ગાથામાં સૂક્ષ્મ શબ્દથી સૂક્ષ્મક્રિયા અનિવર્તિ લેવું, ઉપરત શબ્દથી વ્યુપરત ક્રિયા અપ્રતિપાતી અર્થ લેવો. પૂર્વપ્રયોગ એ હેતુ છે, તેને કુંભારના ચાકડાના ફરવાના દૃષ્ટાંતથી જાણવું. જેમ ચક્ર ભ્રમણનું નિમિત્ત દંડાદિ ક્રિયાના અભાવમાં પણ ભમે છે, તેમ આના મન વગેરે યોગ અટકી ગયા હોવા છતાં પણ જીવના ઉપયોગના સદ્ભાવથી ભાવમનના ભાવથી ભવસ્થને ધ્યાન હોય. - x - x -

વિશેષથી કહ્યું — ''કર્મની નિર્જરાના હેતુથી પણ'' ક્ષપક-શ્રેણિવત્ થાય છે. અર્થાત્ ક્ષપકશ્રેણીની જેમ આને ભવોપગ્રાહી કર્મની નિર્જરા થાય છે. તથા શબ્દાર્થ બહુત્વથી - જેમ એક 'हरि' શબ્દના શક્ર, શાખા, મૃગ આદિ અનેક અર્થો છે, એ

પ્રમાણે ધ્યાનશબ્દનો પણ વિરોધ નથી. જેમકે ધ્યાન-ચિંતન અર્થમાં, ધ્યાન-કાયનિરોધ અર્થમાં, ધ્યાન અયોગીત્વ અર્થમાં ઈત્યાદિ જાણવું.

તથા ''જિનચંદ્રાગમ''થી પણ આમ જ છે. કહ્યું છે કે – જે અતીન્દ્રિય અર્થો આગમમાં જણાય, તે સદ્‌ભાવથી સ્વીકારવા.

ધ્યાતવ્યદ્વાર કહ્યું. ધ્યાતા દ્વાર ધર્મધ્યાનાધિકારમાં કહેલ જ છે. હવે અનુપ્રેક્ષાદ્વાર કહે છે –

● ગાથા-૮૭ :-

***શુક્લધ્યાનથી જેણે ચિત્તને સુભાવિત કરેલ છે, એ ચારિત્ર સંપન્ન આત્મા, ધ્યાનથી વિરમ્યા પછી પણ નિયમા ચાર અનુપ્રેક્ષાનું ચિંતન કરે.***

● વિવેચન-૮૭ :-

તેના પરિણામ રહિતને તેના અભાવ છે. ભાવના આ રીતે –

● ગાથા-૮૮ :-

***આશ્રવદ્વારોના અનર્થ, સંસારનો અશુભ સ્વભાવ, ભવોની અનંતર પરંપરા, વસ્તુના વિપરિણામ ચિંતવે. [એ ચારને]***

● વિવેચન-૮૮ :-

(૧) આશ્રવદ્વારો - મિથ્યાત્વ આદિ, તેના અપાયો – દુઃખ સ્વરૂપ. (૨) સંસારનો અનુભાવ, (૩) ભાવી નરકાદિ અપેક્ષાથી અનંત ભવસંતતિ, (૪) સચેતન કે અચેતન વસ્તુના વિપરિણામ, સર્વ સ્થાનો અશાશ્વત છે.

અનુપ્રેક્ષા દ્વાર કહ્યું. હવે લેશ્યા દ્વાર કહે છે.

● ગાથા-૮૯ :-

***પહેલાં બે ધ્યાન શુક્લ લેશ્યામાં, ત્રીજું પરમ શુક્લ લેશ્યામાં અને સ્થિરતાથી મેરુને જીતનાર ચોથું શુક્લધ્યાન લેશ્યા રહિત હોય છે.***

● વિવેચન-૮૯ :-

સામાન્યથી શુક્લ લેશ્યામાં પહેલાં બે ધ્યાન, ઉક્ત લક્ષણ ત્રીજું ધ્યાન પરમ શુક્લ લેશ્યામાં, મેરુવત્ નિષ્પ્રકંપતર તે લેશ્યાતીત ચોથું પરમ શુક્લ છે લેશ્યાદ્વાર કહ્યું.

હવે લિંગદ્વાર કહેવા તેના નામ, પ્રમાણાદિને કહે છે –

● ગાથા-૯૦ થી ૯૨ :-

***અવધ, સંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ એ શુક્લ ધ્યાનના લિંગો છે, જેનાથી શુક્લધ્યાને ચઢેલા ચિત્તવાળા મુનિ ઓળખાય છે.***

***પરીષહ અને ઉપસર્ગોથી એ ધીર મુનિ ચલાયમાન થતા નથી કે નથી ભય પામતા, તેઓ સૂક્ષ્મ પદાર્થોમાં કે દેવમાયામાં મુંઝાતા નથી.***

***પોતાના આત્માને દેહથી તદ્દન જુદો તેમજ સર્વે સંયોગોને જુદા જુએ છે. નિઃસંગ બનેલો તે દેહ તથા ઉપધિનો સર્વથા તજે છે.***

● વિવેચન-૯૦ થી ૯૨ :-

શુક્લધ્યાનના ચાર લિંગો હોય છે – અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ



તેનાની મુનિ શુક્લધ્યાન પામેલ ચિત્તવાળા જણાય છે. આ ગાથાર્થ કહ્યો, હવે ભાવાર્થ કહે છે –

(૧) ધ્યાનથી ચલિત થતા નથી કે પરીષહ અને ઉપસર્ગોથી જે ધીર ડરતા નથી, તે અવધલિંગ. (૨) અત્યંત ગહન પદાર્થોમાં જે સંમોહ પામતા નથી કે અનેકરૂપ દેવમાયામાં જે સંમોહ પામતા નથી તે અસંમોહ લિંગ, (૩) દેહથી ભિન્ન આત્માદિને જુએ તે વિવેકલિંગ. (૪) દેહ અને ઉપધિના વ્યુત્સર્ગથી નિઃસંગ બનેલા તે વ્યુત્સર્ગ લિંગ.

લિંગદ્વાર કહ્યું. હવે ફળદ્વાર કહે છે – આને લાઘવતા માટે પહેલાં કહ્યું. ધર્મફળ નામે શુક્લધ્યાન ફળ કહેલ છે. કેમકે ધર્મફળને જ શુદ્ધતરપણે કહેતા પહેલા બે શુક્લધ્યાનના ફળ છે.

● ગાથા-૯૩ :-

***ઉત્તમ ધ્યાનના ફળ વિપુલ શુભઆશ્રવ, સંવર, નિર્જરા, દિવ્યસુખો હોય છે, અને તે શુભ અનુબંધવાળા હોય છે.***

● વિવેચન-૯૩ :-

શુભ આશ્રવ તે પુન્ય, સંવર-અશુભ કર્મના આવવાનો રોધ, નિર્જરા - કર્મક્ષય, અમરસુખ-દેવના સુખ. આટલા દીર્ઘ સ્થિતિ્ને વિશુદ્ધિ ઉપપાતથી વિસ્તીર્ણ ધ્યાન પ્રધાનના શુભાનુબંધી ફળો - સુકુલમાં જન્મ, બોધિલાભ, ભોગ, પ્રવજ્યા, કેવલ, શૈલેશી, અપ્ વર્ગાદિ ધર્મધ્યાનના ફળો છે. ધર્મધ્યાન કહ્યું.

હવે શુક્લધ્યાન કહે છે –

● ગાથા-૯૪ :-

***આ જ શુભાશ્રવ આદિ અને અનુત્તર દેવના સુખ વિશેષપણે હોવા એ પહેલાં બે શુક્લધ્યાનનાં ફળ છે, છેલ્લા બે નું ફળ પરિનિર્વાણ છે.***

● વિવેચન-૯૪ :-

પરિનિર્વાણ - મોક્ષગમન, પરિલ્લ-છેલ્લા બે અથવા સામાન્ય થકી જ સંસાર પ્રતિપક્ષભૂત આ બંને દર્શાવે છે –

● ગાથા-૯૫,૯૬ :-

***આશ્રવના દ્વારો એ સંસારના હેતુ છે, જે કારણથી તે સંસારના હેતુઓ ધર્મ અને શુક્લધ્યાનમાં હોતા નથી, તેથી ધર્મ અને શુક્લધ્યાન નિયમા સંસારના પ્રતિપક્ષી છે. મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરા છે, એ બંનેનો ઉપાય તપ છે, તેનું પ્રધાન અંગ ધ્યાન છે, તેથી તે ધ્યાન મોક્ષનો હેતુ છે.***

● વિવેચન-૯૫,૯૬ :-

ગાથાર્થ કહ્યો. સંસારના પ્રતિપક્ષપણે અને મોક્ષનો હેતુ ધ્યાન છે, એમ જણાવતા કહે છે – સંવર અને નિર્જરા એ અપ્વર્ગનો માર્ગ છે, તે બંનેનો માર્ગ 'તપ' છે. તપના અંતર્ કારણપણાથી સંવર અને નિર્જરા ધ્યાનનું પ્રધાન અંગ છે. આ અર્થને દૃષ્ટાંતથી કહે છે –

● **ગાથા-૯૭,૯૮ :-**

***જેવી રીતે પાણી, અગ્નિ અને સૂર્ય ક્રમશઃ વસ્ત્ર, લોઢું અને પૃથ્વીના મેલ, કલંક અને કીચડના અનુક્રમે શોધન, નિવારણ અને શોષણને સાધે છે, તે રીતે ધ્યાન પાણી, અગ્નિ, સૂર્ય એ જીવરૂપી વસ્ત્ર, લોઢું અને પૃથ્વીમાં રહેલ કર્મરૂપી મેલ આદિનાં શોધનાદિ કરે છે.***

● **વિવેચન-૯૭,૯૮ :-**

ગાથાર્થ જ છે, વૃત્તિમાં કોઈ વિશેષતા નથી.

● **ગાથા-૯૯ :-**

***જે રીતે ધ્યાનથી યોગોનું અવશ્ય તપન, શોષણ, ભેદન થાય છે, તેવી રીતે ધ્યાનીને પણ કર્મનું અવશ્ય તપન આદિ થાય છે.***

● **વિવેચન-૯૯ :-**

તાપ એટલે દુઃખ, તેથી જ શોષ — દૌર્બલ્ય, તેથી જ ભેદ — વિદારણ, વચનાદિ યોગોથી, તે જ પ્રકારે કર્મનો તાપ-શોષ-ભેદ થાય છે. કોને ધ્યાતાને. તે પણ નિયમથી થાય. - વળી -

● **ગાથા-૧૦૦ :-**

***જેમ રોગના આશયનું શમન વિશોષણ વિરેચન અને ઔષધ વિધિથી થાય છે, તેમ કર્મરોગોનું શમન ધ્યાન અને અનશન આદિ યોગોથી થાય છે.***

● **વિવેચન-૧૦૦ :-**

રોગાશયશમન - રોગ નિદાન ચિકિત્સા. વિશોષણ - અભોજન, કર્મામયશમન - કર્મરોગ ચિકિત્સા. વળી —

● **ગાથા-૧૦૧,૧૦૨ :-**

***જેમ પવનસહિત અગ્નિ દીર્ઘકાળના સંચિત ઇંધણને શીઘ્ર ભસ્મીભૂત કરી દે છે, તેમ ધ્યાનાગ્નિ પણ ક્ષણવારમાં અપરિમિત કર્મ-ઇંધણને બાળી દે છે... અથવા જે રીતે પવનથી ધકેલાયેલો વાદળનો સમૂહ ક્ષણમાં વિનષ્ટ થઈ જાય છે, તેમ ધ્યાનરૂપ પવનથી હડસેલાયેલ કર્મ વાદળો જલ્દીથી નાશ પામે છે.***

● **વિવેચન-૧૦૧,૧૦૨ :-**

ચિરસંચિત - ઘણાં કાળના એકઠા કરેલા, ઇંધણ - કાષ્ઠાદિ, અનલ-અગ્નિ, દ્રુતં-જલ્દી, દહતિ-ભસ્મ કરે છે. અમિત - અનેક ભવના ભેગા કરેલ, ક્ષણ-સમય, ઘનસંઘાત-મેઘસમૂહ, પવના હતા - વાયુથી પ્રેરિત, વિલય-વિનાશ. કર્મ પણ જીવ સ્વભાવના આવરણથી ઘન છે. હવે આલોકમાં પ્રતીત જ ધ્યાનફ્લને દર્શાવે છે —

● **ગાથા-૧૦૩ :-**

***ધ્યાનમાં લાગેલા ચિત્તવાળો આત્મા કષાયોથી ઉદ્‌ભવતાં માનસિક દુઃખો, ઈર્ષ્યા, ખેદ, શોક આદિથી પીડાતો નથી.***

● **વિવેચન-૧૦૩ :-**

કષાયસમુત્થ - ક્રોધાદિ ઉદ્‌ભવથી પીડાતો નથી. (શેનાથી ?) માનસદુઃખ -





માનસ ગ્રહણ આતાપ ઈત્યાદિ જે કહ્યું. તેનાથી ન પીડાય ઈર્ષ્યા - સામાપક્ષના અભ્યુદયથી ઉત્પન્ન મત્સર વિશેષ. વિષાદ - વૈક્લવ્ય, શોક-દિનતા આદિ શબ્દથી હર્ષ આદિ પણ લેવા.

● **ગાથા-૧૦૪ :-**

***ધ્યાનથી સુનિશ્ચલ ચિત્તવાળો શીત, તાપ આદિ અનેકાનેક પ્રકારે શારીરિક દુઃખોથી પીડાતો નથી, કેમકે તે નિર્જરાપેક્ષી છે.***

● **વિવેચન-૧૦૪ :-**

અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરેલ હોવાથી શીત, આતપ આદિ વડે, આદિ શબ્દથી ક્ષુધાદિ પણ લેવા. શારીરિક અનેક પ્રકારના. ધ્યાનથી ભાવિત મતિવાળો પીડાતો નથી. ધ્યાનથી સુખાદિ જાણવા. અથવા તેને ચલિત કરવાનું શક્ય નથી. નિર્જરાપેક્ષી - કર્મક્ષયની અપેક્ષાવાળો. ફળ દ્વાર કહ્યું. હવે ઉપસંહાર કરતા કહે છે—

● **ગાથા-૧૦૫ :-**

***આ પ્રમાણે ધ્યાન એ સર્વ ગુણોનું સ્થાન છે. દૃષ્ટ-અદૃષ્ટ સુખોનું સાધન છે, સુપ્રશસ્ત છે, સર્વકાળ માટે શ્રદ્ધેય છે, જ્ઞાતવ્ય છે અને ધ્યાતવ્ય છે.***

● **વિવેચન-૧૦૫ :-**

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી સર્વે ગુણસ્થાન દૃષ્ટાદૃષ્ટ સુખસાધન ધ્યાનને કરેલ છે, તે તીર્થંકર, ગણધરાદિથી સેવિત હોવાથી સારી રીતે પ્રશંસેલ છે. તેથી જ શ્રદ્ધેય છે. સ્વરૂપથી જ્ઞાતવ્ય છે, ક્રિયા વડે અનુચિંત્ય છે, એ પ્રમાણે હોવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આસેવિત થાય છે. વળી સર્વકાળ છે. [શંકા] તો પછી બધી ક્રિયાનો લોપ પ્રાપ્ત થાય છે ? ના, તેમ નથી. તેનું આસેવન તત્ત્વથી ધ્યાનત્વ જ છે. એવી કોઈ ક્રિયા જ નથી, જેથી સાધુને ધ્યાન ન થાય.

**અધ્યયન-૪-'પ્રતિક્રમણ' અંતર્ગત્ ધ્યાનશતકનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

● સૂત્ર-૨૨ :-

*કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી એ પાંચ ક્રિયાઓનું હું પ્રતિક્રમણ કરું છું.*

● વિવેચન-૨૨ :-

હું પ્રતિક્રમું છું [શું ?] પાંચ ક્રિયા વડે - પ્રવૃત્તિ રૂપથી જે અતિચાર થયા હોય. તે ક્રિયા કાયિકી આદિ પાંચ છે. (૧) કાયા વડે થતી તે કાયિકી તે ત્રણ પ્રકારે છે — અવિરતકાયિકી, દુષ્પ્રણિહિત કાયિકી, ઉપરત કાયિકી. તેમાં મિથ્યાદૃષ્ટિને અને અવિરત સમ્યગ્ દૃષ્ટિને અવિરત કાયિકી ક્રિયા લાગે. બીજી દુષ્પ્રણિહિત કાયિકી ક્રિયા પ્રમત્ત સંયતને હોય. તે પણ બે ભેદે છે — ઈન્દ્રિય દુષ્પ્રણિહિત અને નોઈન્દ્રિય દુષ્પ્રણિહિત. તેમાં શ્રોત્ર આદિ વડે ઈષ્ટાનિષ્ટ વિષયની પ્રાપ્તિમાં જે કંઈક સંગ નિર્વેદ દ્વારથી અપવર્ગ માર્ગ પ્રતિ જે દુર્વ્યવસ્થિત કાયિકી તે ઈન્દ્રિય દુષ્પ્રણિત છે અને મન વડે દુષ્પ્રણિહિત શુભાશુભ સંકલ્પ દ્વારથી દુર્વ્યવસ્થિત તે નોઈન્દ્રિયદુષ્પ્રણિહિત ક્રિયા છે. ત્રીજી જે અપ્રમત્ત સંયતને સાવદ્યયોગથી નિવૃત્ત થતાં જે લાગે તે ઉપરતકાયિકી.

(૨) અધિકરણિકી - જેના વડે આત્મા નરકાદિમાં લઈ જવાય તે અધિકરણ - અનુષ્ઠાન કે બાહ્ય વસ્તુ, તેના વડે થાય તે અધિકરણિકી. તે બે ભેદે છે — પ્રવર્તિની અને નિર્વર્તિની. તેમાં પ્રવર્તિની તે ચક્રમહોત્સવ, પશુ બંધાદિ છે. નિર્વર્તિની તે ખડ્ગ આદિથી છે. આ બંને અંતપાતિત્વથી તેનું અધિકરણિકીપણું કહ્યું.

(૩) પ્રાદ્વેષિકી - પ્રદ્વેષ એટલે મત્સર, તેનાથી નિર્વૃત્ત તેને પ્રાદ્વેષિકી કહે છે. તે પણ બે ભેદે છે — જીવ પ્રાદ્વેષિકી, અજીવ પ્રાદ્વેષિકી. પહેલીમાં જીવ પ્રતિ દ્વેષ થાય છે. બીજીમાં અજીવ પ્રતિ દ્વેષ થાય છે. જેમકે પત્થરાદિમાં પડતાં, દ્વેષ થવો.

(૪) પરિતાપન - તાડનાદિ દુઃખવિશેષરૂપ, તેનાથી થતી ક્રિયા તે પારિતાપનિકી, તેના બે ભેદ — સ્વદેહ પારિતાપનિકી, પરદેહ પારિતાપનિકી. પહેલીમાં પોતાના દેહમાં પરિતાપન કરે છે, બીજીમાં પરદેહમાં પરિતાપન કરે છે. બીજો રોષાયમાન થઈને પણ સ્વદેહમાં કોઈક જડ પરિતાપન કરે. અથવા સ્વહસ્ત પરિતાપનિકી, પરહસ્તપરિતાપનિકી.

(૫) પ્રાણાતિપાત — હિંસા, તે સંબંધી ક્રિયા તે પ્રાણાતિપાતિકી. આ પણ સ્વ અને પર બે ભેદે છે. પહેલીમાં પોતાની હિંસા કરે છે. બીજીમાં પરની હિંસા કરે છે. તથા કોઈ નિર્વેદથી કે સ્વર્ગાદિ માટે પર્વત ઉપરથી પડવા આદિ વડે સ્વ હિંસા કરે છે. ક્રોધાદિ વશાત્ પર-હિંસા કરે છે. ક્રોધથી રોષિત થઈ હિંસા કરે. માનથી જાત્યાદિ વડે હીલના કરે. માયાથી વિશ્વાસ વડે અપકાર કરે. લોભથી કષાયવત્. મોહથી સંસાર મોચક યાગ કરે. એ રીતે પાંચે ક્રિયા કહી.

ક્રિયાના અધિકારથી વીસ ક્રિયા બતાવે છે -

(૧) આરંભિકી — બે ભેદે છે. જીવારંભિકી, અજીવારંભિકી. તેમાં જે જીવોનો આરંભ-હિંસા કરે, તે જીવારંભિકી અને અજીવોનો આરંભ કરે તે અજીવ આરંભિકી ક્રિયા છે. (૨) પારિગ્રહિકી ક્રિયા બે ભેદે — જીવ, અજીવ૦ જીવોનો પરિગ્રહ કરે તે જીવપારિગ્રહિકી, અજીવોનો પરિગ્રહ કરે તે અજીવ પારિગ્રહિકી, (૩) માયા પ્રત્યયિકી



પણ બે ભેદે — આત્મ ભાવ વંચનતા અને પરભાવ વંચનતા. આત્માના ભાવોને ગોપવે અને માયાવી ઋજુભાવને દર્શાવે, સંયમાદિમાં શિથિલ કરણનો ફટાટોપ દર્શાવે તે આત્મવંચનતા ક્રિયા. તેવું-તેવું આચરે, જેનાથી બીજો છેતરાય તે પરવંચનતાક્રિયા.

(૪) મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા પણ બે ભેદે — અનભિગૃહીત અને અભિગૃહીત૦ અસંજ્ઞી કે સંજ્ઞીમાં પણ જે કંઈ કુતીર્થિક મતને ન સ્વીકારે તે અનભિગૃહીત મિથ્યાદર્શન પ્રત્યયિકી અને અભિગૃહીત મિથ્યાદર્શન પ્રત્યયિકી બે ભેદે - હીનાતરિક્ત દર્શનમાં અને તદ્વ્યતિરિક્ત દર્શનમાં. 'हीन' જેમકે અંગુઠાના પર્વ જેટલો જ આત્મા છે. યવ માત્ર જ આત્મા છે આદિ. अधिक - આત્મા ૫૦૦ ધનુષ્ કે સર્વગત છે. અકર્તા છે. એ પ્રમાણે હિનાતિરિક્ત દર્શન જાણવું. તેનાથી વ્યતિરિક્ત દર્શન તે — આત્મા કે આત્માનો ભાવ નથી. આ લોક કે પરલોક નથી. બધાં ભાવો અસત્ સ્વભાવવાળા છે. ઈત્યાદિ.

(૫) અપ્રત્યાખ્યાન ક્રિયા - અવિરતોને જ હોય. તેમાં કોઈને વિરતિ ન હોય. તે બે ભેદે છે — જીવ અપ્રત્યાખ્યાનક્રિયા, અજીવ અપ્રત્યાખ્યાન ક્રિયા. કોઈ જીવ કે અજીવને વિરતિ હોતી નથી. (૬) દૃષ્ટિના ક્રિયા બે ભેદે — જીવ દૃષ્ટિજા, અજીવ દૃષ્ટિજા. જીવદૃષ્ટિજા - અશ્વાદિને ચક્ષુર્દર્શન પ્રત્યયથી થાય છે. અજીવ દૃષ્ટિજા ચિત્રકર્માદિ વડે થાય છે. (૭) પૃષ્ટિજા કે પ્રાશ્નિકી ક્રિયા- તે બે ભેદે - જીવ પ્રાશ્નિકી અને અજીવ પ્રાશ્નિકી. જીવપ્રાશ્નિકી - જેમાં રાગથી કે દ્વેષથી જીવાધિકાર પૂછે છે અને અજીવમાં અજીવાધિકાર પૂછે. અથવા પૃષ્ટિજા એટલે સ્પૃષ્ટિજા - સ્પર્શન ક્રિયા. તેમાં જીવ સ્પર્શન ક્રિયા સ્ત્રી, પુરુષ કે નપુંસકમાં સંવર્તન કરે છે તેમ કહેલ છે. અજીવોમાં સુખ નિમિત્તે મૃગના રોમાદિથી વસ્ત્ર બનાવે, મોતી કે રત્નો મેળવે તે.

(૮) પ્રાતીત્યિકી ક્રિયા બે ભેદે — જીવ પ્રાતીત્યિકી, અજીવ પ્રાતીત્યિકી. જીવને આશ્રીને જે બંધ, તે જીવ પ્રાતીત્યિકી. અજીવને આશ્રીને જે રાગ-દ્વેષનો ઉદ્ભવ તે અજીવ પ્રાતીત્યિકી ક્રિયા. (૯) સામંતોપનિપાતિકી-સમંતાત-ચોતરફથી અનુપતતિ - પડે છે તે. આ ક્રિયા બે ભેદે છે — જીવ સામંતોપનિપાતિકી અને અજીવ સામંતોપનિપાતિકી. જેમાં એક ખંડના લોકો જેમ જેમ પ્રલોકે અને પ્રશંસે છે, તેમ તેમ હર્ષને પામે છે. અજીવોમાં રથ કર્માદિ છે. અથવા સામંતોપનિપાતિકી ક્રિયા બે ભેદે છે — દેશથી અને સર્વથી સામંતોપનિપાતિકી, પ્રેક્ષકો પ્રતિ જેમાં એક દેશથી સંયતોનું આગમન થાય તે દેશસામંતોપનિપાતિકી અને જેમાં ચોતરફથી પ્રેક્ષકોનું આગમન થાય તે સર્વસામંતોપનિપાતિકી અથવા પ્રમત્ત સંયતોને અન્નપાન પ્રતિ અનાચ્છાદિતા સંપાતિમાં જીવો વિનાશ પામે તેને સર્વ સામંતોપ નિપાતિકી ક્રિયા કહે છે.

(૧૦) નૈઃશસ્ત્રિકી ક્રિયા બે ભેદે છે — જીવ નૈઃશસ્ત્રિકી, અજીવ નૈઃશસ્ત્રિકી. તેમાં જીવ નૈઃશસ્ત્રિકી તે રાજાદિની આજ્ઞાથી જેમ યંત્રાદિથી જળ કાઢવું. અજીવ નૈઃશસ્કિ - જેમ પાષાણકને ગોફણથી, ધનુષાદિથી ફેંકવું અથવા નૈઃશસ્ત્રિકી - જેમ પાષાણકને ગોફણથી, ધનુષાદિથી ફેંકવું અથવા નૈઃશસ્ત્રિકી તે જીવથી જીવ નીકળે તે - પુત્રાદિ.

(૧૧) સ્વાહસ્તિકી ક્રિયા બે ભેદે — જીવ સ્વાહસ્તિકી, અજીવ સ્વાહસ્તિકી.

જે જીવથી જીવને મારવો તે જીવસ્વાહસ્તિકી, અસિ આદિથી મારવો તે અજીવ સ્વાહસ્તિકી અથવા જીવને સ્વ હસ્તે તાડન કરવું તે જીવ સ્વા હસ્તિકી અને અજીવનું સ્વ હસ્તે વસ્ત્ર કે પાત્રને તાડન કરવું તે અજીવ સ્વાહસ્તિકી ક્રિયા છે.

(૧૨) આજ્ઞાપનિકી ક્રિયા બે ભેદે છે — જીવ આજ્ઞાપનિકી, અજીવ આજ્ઞાપનિકી. જીવ કે અજીવને બીજા વડે આજ્ઞા કરાવી તે. (૧૩) વિદારણિકી-ક્રિયા બે ભેદે છે — જીવ વિદારણિકી અને અજીવ વિદારણિકી. જીવનું વિદારણ કરે કે અજીવનું વિદારણ કરે તે. - x - અથવા આને વિચારણિકી ક્રિયા કહે છે તે પણ બે ભેદે છે — જીવ વિચારણિકી, અજીવ વિચારણિકી. તેમાં અસત્ ગુણો વડે તું આવો છે કે તેવો છે, તેમ વિચારવું તે જીવ વિચારણિકી અને અજીવને વિપ્રતારણ બુદ્ધિથી કહે કે — આ આમ છે.

(૧૪) અનાભોગ પ્રત્યયિકી ક્રિયા બે ભેદે છે — અનાભોગદાનજા અને અનાભોગનિક્ષેપજા. અનાભોગ એટલે અજ્ઞાન, તેથી આદાન, ગ્રહણ, નિક્ષેપણ અને સ્થાપન. તે ગ્રહણ કે સ્થાપન અનાભોગથી અપ્રમાર્જિતાદિ ગ્રહણ કરે કે મૂકે અથવા અનાભોગ ક્રિયા બે ભેદે - લેવું અને મૂકવું અથવા અનાભોગ ક્રિયા બે ભેદે - આદાન નિક્ષેપ અનાભોગક્રિયા અને ઉત્ક્રમણ અનાભોગ ક્રિયા. તેમાં આદેન નિક્ષેપમાં રજોહરણ વડે પ્રમાર્જીને પાત્ર, વસ્ત્ર આદિને લેવા કે મૂકવાની ક્રિયા કરે. ઉત્ક્રમણ અનાભોગ ક્રિયામાં લંઘન, પ્લવન, ધાવન, અસમીક્ષ્ય ગમનાગમન આદિ હોય.

(૧૫) અનવકાંક્ષ પ્રત્યયિકી ક્રિયા બે ભેદે છે — ઈહલૌકિક અનવકાંક્ષ પ્રત્યયિકી અને પારલૌકિક અનવકાંક્ષ પ્રત્યયિકી. ઈહલૌકિક અનવકાંક્ષમાં લોકવિરુદ્ધ ચોરી આદિ કર્મો કરે, જેનાથી આ લોકમાં જ વધ-બંધનાદિ પ્રાપ્ત થાય છે. પરવલોક અનવકાંક્ષમાં હિંસાદિ કર્મો કરતો પરલોકની આકાંક્ષા કરતો નથી.

(૧૬) પ્રયોગ ક્રિયા — ત્રણ ભેદે :- મનઃપ્રયોગ ક્રિયા, વચનપ્રયોગ ક્રિયા અને કાય પ્રયોગ ક્રિયા. તેમાં મનપ્રયોગક્રિયા તે આર્ત્ત-રૌદ્ર ધ્યાયી ઈન્દ્રિયથી જન્મેલ અનિયમિત મન છે. વાક્પ્રયોગ તે સાવધ આદિ જે ગર્હિત તે સ્વ ઈચ્છાથી બોલે. કાયપ્રયોગક્રિયા - કાયા વડે પ્રમત્તનું ગમન, આગમન, આકુંચન, પ્રસારણ આદિ.

(૧૭) સમુદાન ક્રિયા - સમગ્રનું ઉપાદાન તે સમુદાન. સમુદાય તે આઠ કર્મો છે. તેમાં જેના વડે ઉપાદાન કરાય છે તે સામુદાન ક્રિયા. તે બે ભેદે છે — દેશોપઘાત સમુદાનક્રિયા, સર્વોપઘાત સમુદાનક્રિયા. તેમાં દેશોપઘાતથી સમુદાન ક્રિયા કરતા કોઈક ક્યાંક ઈન્દ્રિયદેશોપઘાત કરે છે. સર્વોપઘાત સમુદાન ક્રિયામાં સર્વ પ્રકારે ઈન્દ્રિય વિનાશ કરે છે.

(૧૮) પ્રેમ પ્રત્યયિકી ક્રિયા - તે બે ભેદે છે. માયા નિશ્રિતા અને લોભ નિશ્રિતા અથવા તે વચન બોલે છે, જેના વડે બીજાને રાગ થાય.

(૧૯) દ્વેષ પ્રત્યયિકી ક્રિયા — તે બે ભેદે છે — ક્રોધ નિશ્રિતા અને માન નિશ્રિતા. ક્રોધ નિશ્રિતા સ્વયં કોપે છે કે બીજાને ક્રોધ ઉત્પાદિત કરે છે, માન નિશ્રિતા - સ્વયં મદ કરે છે અથવા બીજાને માન ઉત્પાદિત કરે છે.

(૨૦) ઈર્યાપથિકી ક્રિયા, તે બે ભેદે છે — ક્રિયમાણ અને વેદ્યમાન. તે



અપ્રમત્ત સંયતને, વીતરાગછદ્મસ્થને કે કેવલીને આયુક્ત જતા, આયુક્ત ઉભતા, આયુક્ત બેસતા, આયુક્ત પડખાં બદલતા, આયુક્ત ભોજન કરતા, આયુક્ત બોલતા, આયુક્ત વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછણક લેતા કે મૂકતા યાવતા આંખની પાંપણ ઉંચી-નીચી કરતા જે સૂક્ષ્મક્રિયા થાય છે, તે ઈર્યાપથિકી ક્રિયા કરે છે. તે પહેલા સમયે બંધાય છે, બીજા સમયે વેદાય છે. તે બદ્ધા, સ્પૃષ્ટા, વેદિતા, નિર્જીર્ણા અને ભવિષ્ય કાળમાં અકર્માંશ પણ થાય છે.

આ પચીશ ક્રિયાઓ [૫+૨૦] કહી.

● **સૂત્ર-૨૩ :-**

***હું શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પાંચ વડે લાગતા અતિચારોને પ્રતિક્રમું છું.***

***હું પાંચ મહાવ્રતો - પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણને આચરતા લાગેલા અતિચારોને પ્રતિક્રમું છું.***

***હું પાંચ સમિતિ — ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ્લ-જલ્લ-સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ પાળતા લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.***

● **વિવેચન-૨૩ :-**

હું પ્રતિક્રમું છું — પાંચ કામગુણો વડે, પ્રતિષેધ કરેલના કરવા રૂપ પ્રકારના હેતુભૂત જે અતિચાર કરાયેલા છે, તે આ રીતે — શબ્દાદિ વડે. તેમાં કામના કરાય તે काम - શબ્દાદિ. તે જ સ્વ સ્વરૂપ ગુણ બંધ હેતુથી ગુણો છે. તેથી કહે છે — શબ્દાદિ આસક્ત કર્મો વડે બંધાય છે.

હું પ્રતિક્રમું છું — પાંચ મહાવ્રતો કરવા વડે જે અતિચાર થયા હોય, ઔદયિક ભાવમાં જવાથી જે ખંડન કરેલ હોય. મહાવ્રતોમાં અતિચાર કેમ લાગે ? પ્રતિષેધ કરાયેલ કંઈ કરવાથી. - x -

હું પ્રતિક્રમું છું — પાંચ સમિતિ વડે આદરતા કોઈ અતિચાર લાગેલ હોય તો તેને. તે ઈર્યાસમિતિ આદિ પાંચ છે. सम् - એકીભાવથી તે સમિતિ - શોભન એકાગ્ર પરિણામ ચેષ્ટા. (૧) ઈર્યા સમિતિ - ઈર્યા વિષયક એકીભાવથી ચેષ્ટા. રથ-શકટ-યાન-વાહનથી આક્રાંત માર્ગમાં સૂર્યના કિરણોથી પ્રતાપિત, પ્રાસુક વિવિક્ત માર્ગોમાં યુગમાત્રદૃષ્ટિ વડે જે ગમન-આગમન કર્તવ્ય.

(૨) બોલાય તે ભાષા, તે વિષયક સમિતિ તે ભાષા સમિતિ, હિત-મિત, અસંદિગ્ધ અર્થનું ભાષણ.

(૩) એષણા — ગવેષણા આદિ ભેદો કે શંકાદિ લક્ષણવાળા. તેની જે સમિતિ તે એષણા સમિતિ. એષણાસમિતિ એટલે ગૌચરી ગયેલ મુનિ વડે સમ્યક્ ઉપયુક્ત થઈને નવ કોટી પરિશુદ્ધનું લેવું.

(૪) આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિ - ભાંડ માત્રમાં આદાન-નિક્ષેપ

વિષયક સમિતિ અર્થાત્ સુંદર ચેષ્ટા. અહીં સાત ભંગો થાય છે — પાત્રા આદિ પડિલેહણ ન કરે, ન પ્રમાર્જે. ચઉભંગી છે. તેમાં ચોથામાં ચાર ગમો છે — દુષ્પ્રતિલેખિત, દુષ્પ્રમાર્જિતની ચતુર્ભંગી. પહેલાં છ અપ્રશસ્ત છે, છેલ્લો પ્રશસ્ત છે.

(૫) ઉચ્ચાર - પ્રસ્રવણ-શ્લેષ્મ-સિંઘાન-મેલના પરિષ્ઠાપન વિષયક સમિતિ-અર્થાત્ સુંદર ચેષ્ટા, તેનાથી. અહીં ઉચ્ચાર-વિષ્ટા, પ્રસ્રવણ-મૂત્ર, શ્લેષ્મ-બળખા, સિંઘાન-નાકનો મેલ, જલ્લ-મલ. અહીં પણ ઉક્ત સાત ભંગો જ લેવા.

૦ અહીં ઈર્યાસમિતિના વિષયમાં એક દૃષ્ટાંત છે — એક સાધુ ઈર્યાસમિતિ વડે યુક્ત હતા. શક્રનું આસન ચલિત થયું. શક્ર એ દેવોની વચ્ચે પ્રશંસા કરી. ત્યારે તે સાધુની પ્રશંસા કરી તેની કોઈક મિથ્યાદૃષ્ટિ દેવે શ્રદ્ધા ન કરી. દેવલોકથી આવીને તે દેવ માખી પ્રમાણ દેડકીને વિકુર્વે છે. સાધુની પાછળ હાથીને વિકુર્વીને છોડે છે.

તે સાધુ ઈર્યાસમિતિ પાલન કરતાં ચાલે છે, ગતિ ભેદ કરતા નથી. હાથીએ ઉપાડીને પાડી દીધા. પણ સાધુને શરીરની સ્પૃહા નથી. માત્ર દુઃખ છે કે — મારા પડવાથી જીવો મર્યા. એમ જીવદયા પરિણત રહે છે.

અથવા ઈર્યાસમિત અરહન્નક છે, દેવીએ પગને છેદી નાંખ્યા.

૦ ભાષાસમિતિ — સાધુ હતા, ભિક્ષાર્થે નીકળ્યા, નગર રુંધેલ હતું. કોઈક નિર્ગ્રન્થ બહાર કટકમાં ચાલતા હતા, કોઈએ પૂછ્યું — કેટલા હાથી, ઘોડા, ધાન્યાદિ છે? સાધુએ કહ્યું — સ્વાધ્યાય-ધ્યાન યોગથી વ્યાક્ષિપ્ત હોવાથી હું કંઈ જાણતો નથી.

૦ એષણા સમિતિ - વસુદેવના પૂર્વજન્મમાં એષણા સમિતિનું ઉદાહરણ છે. મગધમાં નંદીગ્રામે ગૌતમ નામે એક ચક્કર બ્રાહ્મણ હતો. તેની પત્ની ધારિણી હતી. કોઈ દિવસે તેમઈને ગર્ભ રહ્યો. તે બ્રાહ્ણ મરીને તે ગર્ભમાં જ જન્મ્યો. મામાએ ઉછેર્યો. લોકો તેને કહેતા કે અહીં તારું કોઈ નથી. ત્યારે મામાએ તેને કહ્યું કે લોકોની વાત ન સાંભળવી. હું તને મારી મોટી દીકરી પરણાવીશ. હું તને કહું તે કામો કર. સમયે તારો વિવાહ ગોઠવી દઈશું.

તે મોટી પુત્રી, તેની સાથે વિવાહ કરવા ઈચ્છતી નથી. તે બ્રાહ્મણ વિષાદ પામ્યો. મામાએ કહ્યું — હું મારી બીજી પુત્રી પરણાવીશ, તું ચિંતા ન કર. તે પ્રમાણે તે બીજી પુત્રી પણ તેની સાથે પરણવા ઈચ્છતી નથી. એ પ્રમાણે ત્રીજી પુત્રી પણ તેની સાથે લગ્ન કરવા ઈચ્છતી નથી. સંસારથી ખેદ પામીને તે ધિગ્જાતીય બ્રાહ્મણે નંદીવર્ધન આચાર્ય પાસે દીક્ષા લીધી. તે છટ્ઠ-અટ્ઠમનો તપસ્વી થઈ આ અભિગ્રહ લે છે - મારે બાળ અને ગ્લાન આદિની વૈયાવચ્ચ કરવી.

તીવ્ર શ્રદ્ધાથી તે [નંદીષેણ] વૈયાવચ્ચ કરે છે. વિખ્યાત યશવાળો થયો. શક્ર એ દેવસભામાં તેની પ્રશંસા કરી. કોઈ દેવને શક્રના વચનમાં શ્રદ્ધા ન થતાં તે નીચે આવ્યો. બે શ્રમણના રૂપો વિકુર્વ્યા. એકને અતિસારનો રોગી બનાવી અટવીમાં રાખ્યો અને બીજો તે વૈયાવચ્ચી મુનિ પાસે આવ્યો. એક ગ્લાન સાધુ છે, જો તું વૈયાવચ્ચ કરે તો. નંદીષેણ મુનિ તે સાંભળી જલ્દી ઉભા થયા. છટ્ઠના પારણે આહાર લઈને આવેલા, કોળીયો લેવા જતા હતા, સાંભળતા જ બોલ્યા — ચાલો, શું કાર્ય છે ?



તે દેવ-સાધુ બોલ્યો, ત્યાં પાનકદ્રવ્ય - પાણી નથી, તેનો અમારે ખપ છે. નંદીષેણ મુનિ પાણી લેવાને માટે નીકળ્યા. નિર્દોષ પાણીની ગવેષણા કરતા ફરે છે, દેવ પાણીને અનેષણીય કરતો જાય છે. આ પ્રમાણે એક વખત ભ્રમણ કર્યુ, બીજી વખત કર્યુ એમ કરતાં ત્રીજી વખત ભ્રમણ કરતાં નિર્દોષ પાણી પ્રાપ્ત થયું. અનુકંપાથી તુરંત જ તે રોગગ્રસ્ત સાધુ પાસે પહોંચી ગયા.

તે ગ્લાન સાધુ કઠોર અને નિષ્ઠુર વચનોથી આક્રોશ કરતો રોષાયમાન થઈ બોલે છે — હે મંદભાગ્ય ! ખાલી-ખાલી નામ માત્રથી જ તું વૈયાવચ્ચી છો. ‘‘સાધુ ઉપકારી છો’’ એમ માનતો ફોગટ ફૂલાય છે. મારી આવી અવસ્થામાં પણ તું ભોજન લોલુપતા છોડતો નથી.

નંદીષેણ મુનિ, તે સાધુની વાણીને અમૃત સમાન માનતો, તે કઠોર વાણી સહન કરતો, તે ગ્લાન મુનિના પગ પાસે જઈને તેમને ખમાવે છે, તે મુનિની અશુચિનું પ્રક્ષાલન કરે છે. વિનંતી કરે છે, ઉઠો, આપણે ચાલીએ હું એવી સેવા કરીશ કે થોડાં જ કાળમાં આપ નીરોગી થઈ જશો.

ગ્લાન મુનિ કહે છે કે — હું જવા માટે શક્તિમાન્ નથી, મને પીઠે બેસાડી દે. નંદીષેણ તેમને પીઠે બેસાડે છે. ત્યારે તે મુનિ વિષ્ઠા છોડે છે. તે પરમ અશુચિ દુર્ગન્ધી વાળી વિષ્ઠા છોડતો નંદીષેણમુનિની પીઠ બગાડે છે અને કઠોર વાણી બોલે છે. હે મુંડિત ! તને ધિક્કાર છે. વેગમાં વિઘાત કરીને મને દુઃખમાં પાડ્યો. એમ ઘણો બધો આક્રોશ કરે છે.

નંદિષેણ મુનિ તેને ગણકારતા નથી. તેમને દોષ પણ દેતા નથી. વિષ્ઠાદિ ગંધને ચંદન સમાન માનતા મિચ્છામિ દુક્કડં આપે છે અને વિચારે છે કે હું શું કરું ? કઈ રીતે આ સાધુને સમાધિ થાય ?

તેણે એષણા સમિતિનું ઉલ્લંઘન ન કર્યુ. આ પ્રમાણે એષણા સમિતિમાં પ્રયત્નો કરવા જોઈએ. અથવા આ બીજું પણ એક ઉદાહરણ છે.

જેમકે — કોઈક પાંચ સંયતો તૃષ્ણા અને ક્ષુધા વડે માર્ગમાં ક્લેશ પામતા કોઈ એક ગામમાં વિકાલે પહોંચ્યા. પાણીની માર્ગણા-ગવેષણા કરે છે પણ તે લોકો તેને અનેષણીય કરી દે છે. તે સંયતો તેવા પાણીને ગ્રહણ કરતાં નથી. બીજે ક્યાંયથી પણ પાણી ન મળતા તેઓ તૃષાથી અભિભૂત થઈ કાળધર્મ પામ્યા.

ચોથું ઉદાહરણ — આચાર્યએ સાધુને કહ્યું — ગામમાં જા. ઉદ્ગ્રાહિત કરાતા કોઈ કારણે ત્યાં રહ્યા. એકે ત્યાં પડિલેહણ કરીને સ્થાપવાનો આરંભ કર્યો. સાધુએ તેને ટપારીને કહ્યું — કેમ શું અહીં સાપ રહે છે. નીકટ રહેલા દેવે સાપ વિકુર્વ્યો. આ જઘન્ય અસમિત. બીજાએ તે જ સ્થાન વિધિથી પડિલેહણ કરીને સ્થાપ્યું, તે ઉત્કૃષ્ટ સમિત.

અહીં એક ઉદાહરણ છે — એક આચાર્યને ૫૦૦ શિષ્યો હતા. તેમાં એક શ્રેષ્ઠીપુત્રએ દીક્ષા લીધી હતી. તે જ્યારે જે સાધુ આવે તેનો તેનો દંડ રાખે. એ પ્રમાણે તે ઉભો થાય. પછી બીજો આવે.પછી બીજો આવે, તો પણ તે મુનિ ભગવંત અત્વરિત, અચપલ, ઉપર-નીચે પ્રમાર્જીને દંડને સ્થાપે. એ પ્રમાણે ઘણાં કાળે પણ

પરિતજ્યા નહીં. વીતરાગ તેને ચરમ સમિતિમાં કહેલા છે.

પારિષ્ઠાપના સમિતિમાં ધર્મરુચિનું દૃષ્ટાંત છે. કાયિકીસમાધિ અને પારિષ્ઠાપનાનો તેણે અભિગ્રહ લીધો હતો. શક્રે તેની પ્રશંસા કરી કોઈ દેવને અશ્રદ્ધા થતાં દેવે આવીને ઘણી કીડીઓ વિકુર્વી. કાયિકી-સમાધિમાં બાધા ઉત્પન્ન થઈ. બીજો સાધુ ઉભો થઈને મોટે મોટેથી બરાડા પાડે છે. અહીં કાયિકી વડે પીડાઉ છું, ઉભો રહે, મને પરિષ્ઠાપન કરી દે.

ધર્મરુચિ નીકળીને જ્યાં વ્યુત્સર્જન કરવા - પરઠવવા જાય છે. ત્યાં ત્યાં કીડીઓ સરકે છે. થાકી જતાં તે મૂત્ર પીવા જાય છે, ત્યારે દેવે તેને અટકાવી દીધો. તેની પારિષ્ઠાપનિકા સમિતપણાની ભાવનાથી પ્રસન્ન થઈ તેમને વંદન કરીને ગયો.

બીજો એક દૃષ્ટિવાદિક ક્ષુલ્લક હતો. તેણે કાયિકી સ્થંડિલને લોભથી રાત્રિના જોયેલ નહીં. સ્થંડિલ ભૂમિ જોઈ ન હોવાથી તે પરઠવતો ન હતો. દેવતાએ અનુકંપાથી ઉદ્યોત કર્યો. ત્યાં ભૂમિ જોઈને પરઠવ્યું. આ સમિતને બતાવ્યો.

બીજો વળી અસમિત બતાવે છે — તે કાયિકીભૂમિ આદિ એક એક આગળ પડિલેહે છે, પણ ત્રણ ત્રણનું પ્રત્યુપેક્ષણ કરતો નથી અને બોલતો કે શું અહીં ઉંટ બેસવાનો છે ? ત્યાં દેવતા ઉંટનું રૂપ કરીને બેઠા. તે રાત્રે ઉઠીને ગયો, ત્યાં ઉંટને જુએ છે. બીજી વખત ગયો ત્યારે પણ ઉંટને બેઠેલ જોયો, ત્રીજી વખત ગયો, તો પણ ઉંટ બેઠેલ હતો. પછી બીજે ઉત્થાપિત કર્યો. તે પ્રમાણે જ દેવતો કહ્યું કેમ બરાબર પુરી પ્રતિલેખણા કરતો નથી ? ત્યારે સમ્યક્ સ્વીકાર કર્યો.

ઉચ્ચારાદિની આ પારિષ્ઠાપનિકા સંક્ષેપમાં વર્ણવી. કહે છે કે શું આટલી જ પારિષ્ઠાપના છે કે અન્ય પણ છે ? કહે છે કે બીજી પણ છે, ક્યાં અને કઈ રીતે પરિષ્ઠાપના કરવી જોઈએ ?

આ સંબંધથી પારિષ્ઠાપનિકી નિર્યુક્તિ આવેલ છે —

## ❀ પારિષ્ઠાપનિકી નિર્યુક્તિ ❀

*૦ વૃત્તિકારશ્રીએ અહીં નિર્યુક્તિ નોંધેલ છે. જેની ૮૩ ગાથાઓ છે, તેની હરિભદ્રસૂરિજીની વૃત્તિ થાય છે. અમે અહીં પારિષ્ઠાપનિકા નિર્યુક્તિ માટે "પા.નિ." સંજ્ઞાથી ક્રમાંકન કરેલ છે. જેમાં નિર્યુક્તિ ગાથાનો અર્થ અને તેની વૃત્તિનો ભાવાર્થ નોંધેલ છે.*

**● પા.નિ.-૧ :-**

**ધીર પુરુષોએ કહેલ પારિષ્ઠાપનિકાની વિધિ હું કહું છું, જે જાણીને સુવિહિતો પ્રવચનનો સાર પામે છે.**

**● વિવેચન-૧ :-**

સર્વ પ્રકારો વડે સ્થાપન તે પરિસ્થાપન - ફરી ગ્રહણ ન કરવા રૂપે મૂકવું. તેનાથી નિર્વૃત્ત-થયેલ તે પારિસ્થાપનિકી. તેની વિધિપ્રકાર હું કહીશ. શું સ્વબુદ્ધિથી ? ના, અર્થ અને સૂત્રો વડે જે તીર્થંકર અને ગણધરોએ પ્રરૂપેલ છે તે - ધીરપુરુષ પ્રજ્ઞપ્ત.

એકાંતથી વીર્યાન્તરાયનો અપગમ તે ધીરપુરુષ-તીર્થંકર અને ગણધર. ધી-



બુદ્ધિ, તેનાથી શોભે છે તે — ધીર.

શંકા - જો આ પારિસ્થાપનિકા વિધિ ધીરપુરુષે પ્રરૂપેલ છે જ તો શા માટે પ્રતિપાદિત કરાય છે, તેમ કહ્યું.

સમાધાન - ધીરપુરુષે યુક્તિ-પ્રયુક્તિથી કહેલ છે, તે જ સંક્ષેપ રુચિથી જીવોના અનુગ્રહને માટે અહીં સંક્ષેપથી કહે છે.

સુવિહિત-સાધુ. પ્રવચનનો સાર - પ્રવચન સંદોહને જાણે છે.

વળી તે પારિસ્થાપનિકી ઓઘથી એકેન્દ્રિય-નોએકેન્દ્રિય પરિસ્થાપ્ય વસ્તુ ભેદથી બે પ્રકારે છે. તે કહે છે —

**● પ્રા.નિ.-૨ :-**

**પારિષ્ઠાપનિકા સંક્ષેપથી બે ભેદે છે — એકેન્દ્રિય અને નોએકેન્દ્રિય આ પદોની પ્રત્યેકની પ્રરૂપણા કહું છું.**

**● વિવેચન-૨ :-**

એકેન્દ્રિય-પૃથ્વી આદિ. નોએકેન્દ્રિય-ત્રસાદિ. સંક્ષેપથી બે પ્રકારે આ પારિસ્થાપના કહી છે. આ બંને પદોની પ્રત્યેકની પૃથક્ પૃથક્ પ્રરૂપણા-સ્વરૂપ કથન હું કહીશ. તેમાં એકેન્દ્રિય પારિસ્થાપનિકીનું પ્રતિપાદન કરવાને તેના સ્વરૂપને પહેલાં પ્રતિપાદિત કરીશ.

**● પ્રા.નિ.-૩ :-**

**પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારે એકેન્દ્રિય પારિસ્થાપિનકી છે, તેના તદ્જાત અને અતદ્જાત બે ભેદ છે.**

**● વિવેચન-૩ :-**

પૃથ્વી આદિ પાંચ પ્રકારે એકેન્દ્રિયો છે. જેને એક માત્ર ત્વચા-સ્પર્શન ઈન્દ્રિય છે, તે એકેન્દ્રિય કહેવાય. આ એકેન્દ્રિય પારિસ્થાપનિકી બે ભેદે છે — તજ્જાત અને અતજ્જાત. આનો ભાવાર્થ આગળ કહીશ.

ગ્રહણના સંભવથી જુદી પરિસ્થાપના થાય, તો પૃથ્વી આદિનું ગ્રહણ કઈ રીતે થાય ? તે કહે છે —

**● પા.નિ.-૪ :-**

**ગ્રહણ બે પ્રકારે થાય — આત્મસગુત્થ અને પરસમુત્થ. તે એક એક પણ બે ભેદે છે — આભોગમાં અને અનાભોગમાં.**

**● વિવેચન-૪ :-**

પૃથ્વી આદિનું ગ્રહણ બે ભેદે — (૧) આત્મસમુત્થ - સ્વયં ગ્રહણ કરતો અને (૨) પરસમુત્થ - બીજા પાસેથી ગ્રહણ કરતો.

વળી આ બંને પણ બે ભેદે છે. કઈ રીતે ? આભોગથી - ઉપયોગ વિશેષથી તે આભોગથી આત્મસમુત્થ અને પરસમુત્થ કહેવાય, અનાભોગ એટલે અનુપયોગથી. તેમાં અનાભોગ આત્મ કે પર સમુત્થ કહેવાય.

આનો ભાવાર્થ આ પ્રમાણે – આત્મસમુત્થ હોય તે આભોગથી કઈ રીતે થાય ? સાધુને સર્પ વડે ડસાતા કે વિષ ખાતા કે વિષ સ્ફોટિકા ઉભી થાય, ત્યાં જે અચિત્ત પૃથ્વીકાય, કોઈ વડે આણેલ હોય તે માંગે - ગવેષણા કરે. જો કોઈ ન લાવેલ હોય તો જાતે પણ લાવે. તેમાં પણ જો અચિત્ત ન હોય તો મિશ્ર લાવે. છેલ્લે હળથી ખણેલ કે ભીંત આદિથી લાવે. તે પણ ન મળે તો અટવીથી લાવે. માર્ગમાં રહેલ કે દવથી બાળેલ લાવે. તે પણ ન મળે તો સચિત્ત માટી પણ લાવે. જલ્દીમાં જો કાર્ય હોય તો જે મળે તે લાવે. આ પ્રમાણે લવણ પણ જાણવું.

અનાભોગિક - તે લવણ માંગ્યા પછી અચિત એમ કરીને મિશ્ર કે સચિત્ત લાવીને આવેલ હોય, પછી જાણે ત્યારે ત્યાં જ ત્યજી દે. ખંડમાં માંગેલ હોય આવો ખંડ-ગાંગળો લવણ આપો. તો પણ ત્યાં જ છોડી દે. ન આપેલ હોય તો જાતે જ ત્યજી દે.

આ આત્મસમુત્થ બે પ્રકાર જાણવા.

પરસમુત્થ આભોગથી યાવત્ સચિત્તદેશ માટી કે લવણનો કાર્યને માટે આપેલ ગવેષતા અનાભોગથી આપે, ત્યારે પૂછે કે – તમે ક્યાંથી લાવ્યા છો? જ્યારે કહે ત્યારે ત્યાં ત્યજી દે. જો ન કહે કે ન જાણે તો તેના ઉપલક્ષિતવ્ય વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી જાણે. તે ખાણમાં પરઠવે. ખાણ ન હોય તો માર્ગ કે વિકાલ વર્તતો હોય તો શુષ્ક મધુર કપુર ગવેષે. તે ન મળે તો વડ કે પીપળાનું પાન લઈ, તેમાં મૂકીને પરઠવે.

અપ્કાયમાં ગ્રહણ બે ભેદે – પોતાથી જાણેલ કે ન જાણેલ. એ રીતે બીજા વડે જાણેલ કે ન જાણેલ. એ રીતે બીજા વડે જાણેલ કે ન જાણેલ.

પોતા વડે જાણતાં વિષકુંભ હંતવ્ય છે કે વિષસ્ફોટિકાસિંચેલ છે કે વિષ ખાધેલ છે કે મૂર્છાથી પડેલ છે કે ગ્લાન છે. તો –

ઉક્ત કાર્યોમાં પહેલાં અચિત્ત, પછી મિશ્ર, હમણાં જ ધોયેલ ચોખાનું ધોવાણ આદિ આતુરના કાર્યમાં સચિત્ત પણ હોય. કાર્ય પૂરુ થયા પછી બાકીનું ત્યાંજ પરઠવી દે.

આપેલ ન હોય ત્યારે પૂછે કે ક્યાંથી લાવ્યા? જો કહી દે, તો ત્યાં જ ખાણમાં પરઠવી દે. જો ન કહેકે ન જાણતો હોય તો પછી વર્ણાદિથી ઓળખીને તેમાં પરઠવી દે.

અનાભોગથી કોંકણમાં પાણી અને અમ્લ ભેગાં વેદિકામાં રહેલ હોય. [અને ભૂલથી ગ્રહણ કરેલ હોય.]

હવે અવિરતિકા માર્ગણા કહે છે – તે ગ્રહણ કરે પછી, જ્યારે જાણે ત્યારે ત્યાંજ પરઠવી દે. ન આપેલ હોય તો ખાણમાં પરઠવી દે.

જાણવા છતાં અનુકંપાથી આપે અને એમ કહે કે – "ભગવન્ ! આ પાણીનો રસ નથી પણ સરોવરનું જળ છે અથવા પ્રત્યનીકતા - શત્રુતાથી આપી દે કે ભલે, આનું વ્રત ભાંગે. જો આ વાત સાધુ જાણે તો ત્યાં જ તે જળ પરઠવી દેવું જોઈએ.

જો ન આપેલું લાવેલ હોય, તો તે સ્થાનને પૂછીને ત્યાં તે જળ લઈ જઈને પરઠવી દે. જો ન જાણી શકે તો વર્ણ આદિ વડે ઓળખે - પછી નદીનું પાણી નદીમાં પરઠવે, એ રીતે તળાવનું પાણી તળાવમાં પરઠવે, વાવ-કુવા-સરોવરાદિનું સ્વ સ્વ સ્થાને પરઠવે.

જો તળાવ સુકાયેલ હોય તો વડ કે પીંપળાના પાનમાં લઈને ધીમેથી ત્યજી



દે, જેથી પ્રવાહ ન થાય. જો કોઈ ભાજન-વાસણ ન હોય તો કાનથી યાવત્ નીચે સુધી પછી ધીમેથી પાણી ચોંટે તેમ તજે.

જો કૂવાનું પાણી હોય અને જો કૂવાનો તટ ભીનો હોય, તો તેમાં ધીમેથી પાણીને વહાવે. જો સુકો તટ હોય અને ભીનું સ્થાન ન હોય તો ભાજન-પાત્રને સિક્કા વડે બાંધે, મૂળમાં દોરડું બાંધે, પાણીને સીંચીને મૂળ દોરી ઉંચે ફેંકે, પછી પલોટે.

કૂવો દૂર ન હોય પણ ચોર કે શિકારીનો ભય હોય ત્યારે શીતલ મધુર વૃક્ષની નીચે પાત્ર સહિત પરઠવી દે. જો પાત્ર પણ ન હોય તો ભીના પૃથ્વીકાયને શોધીને તેના વડે પરઠવે. જો તે ન મળે તો શુષ્કને ઉષ્ણ જળ વડે ભીનું કરીને પછી પરઠવે. જો વ્યાઘાત ન હોય તો કર્દમમાં ખાડો કરીને પત્રપુનાલિકા વડે ત્યાગ કરે અને શુદ્ધિ કરે છે. એ વિધિ છે.

જો શત્રુતાથી અપ્કાય મિશ્ર કરીને આપેલ હોય તો તેનો ત્યાગ કરે. જો સંયતે પૂર્વે ગ્રહણ કરેલ પાણીમાં અપ્કાય અનાભોગથી આપેલ જો પરિણત હોય તો ભોગવે, જો ન પરિણમે તો જે કાળે સ્થંડિલભૂમિ પ્રાપ્ત થાય ત્યારે ત્યાગ કરે. જો હરતનુક હોય તો થોડો કાળ રાહ જુએ પછી ત્યાગ કરે.

તૈજસ્કાય તે પ્રમાણે જ પ્રાપ્ત, આભોગથી, સંયત સ્વ અગ્નિકાયથી કાર્ય પડે ત્યારે - જેમકે - સર્પ ડંસથી કે સ્ફોટિકાથી જો બળે છે, વાતગ્રંથિ કે અંત્રવૃદ્ધિથી બળે. વસતિમાં પ્રવેશીને ઉદરના શૂળને તપાવવું જોઈએ. આવા કોઈ કારણથી જે કાર્ય માટે લાવેલ હોય તે પુરૂ થતાં તેમાં પરઠવી દે.

જો ન આપેલ હોય તો તે જ કાષ્ઠ વડે જે અગ્નિ હોય, તેને તેની જાતિના કાષ્ઠમાં ત્યાં જ તેમાં પરઠવી દે. તે પણ કદાચ ન હોય તો અથવા કોઈએ ન આપેલ હોય તો તેમાંથી થયેલ રાખ વડે આચ્છાદિત કરે, પછી અન્ય જાતિયથી પણ કરે.

દીવાથી તેલ ગાળી લે. મલ્લક સંપુટ કરે. પછી યથાયુષ્ક પાળે, ભક્તપ્રત્યાખ્યાનાદિમાં મલ્લક સંપુટ કરીને રહે, સંરક્ષણ કરે. કાર્ય પૂર્ણ થતાં તે પ્રમાણે જ વિવેક રાખે [ત્યાગ કરે] અનાભોગથી શ્લેષ્મનું મલ્લક લોચ ક્ષારાદિમાં રાખે. તે પ્રમાણે જ બીજાના આભોગથી આપેલમાં કરે. વસતિમાં અગ્નિ કે જ્યોતિ કરે, તો તે રીતે જ વિવેક રાખે.

અનાભોગથી પણ આ રીતે જ અંગારા આપે તો પૂર્વવત્ વિવેક રાખે.

વાયુકાયમાં આત્મસમુત્થ આભોગથી, કઈ રીતે ? બસ્તિ કે કૃતિથી કાર્યમાં તે કદાચિત્ સચિત્ત કે અચિત્ત કે મિશ્ર પણ હોય.

કાળ બે પ્રકારે સ્નિગ્ધ અને રૂક્ષ. સ્નિગ્ધ ત્રણ ભેદે – ઉત્કૃષ્ટ. મધ્યમ અને જઘન્ય. રૂક્ષ પણ ત્રણ ભેદે - ઉત્કૃષ્ટાદિ. ઉત્કૃષ્ટ શીતમાં જો બાળેલ હોય તો પહેલી પૌરુષી સુધી અચિત્ત, બીજીમાં મિશ્ર અને ત્રીજીમાં સચિત્ત થાય. મધ્યમ શીત હોય તો બીજીથી આરંભીને ચોથી સુધી સચિત્ત થાય છે. મંદશીતમાં ત્રીજીથી પાંચમી પૌરુષી સુધી સચિત્ત થાય છે.

ઉષ્ણકાળમાં મંદઉષ્ણમાં ઉત્કૃષ્ટથી દિવસથી પછી બે, ત્રણ, ચાર અને પાંચ.

એ પ્રમાણે 'બસ્તિની દંતિમાં' પૂર્વે બાળેલનો આ કાળવિભાગ છે, તેમ જાણવું.

જે વળી આ પ્રમાણે જ બાળીને પાણી ઉતારેલ હોય તો તેના પહેલાં સો હાથમાં અચિત્ત, બીજામાં મિશ્ર, ત્રીજામાં સચિત્ત થાય, તેમાં કાળનો વિભાગ નથી.

જે પાણી કુદરતી રીતે જ શીતલ હોય, તે પૂર્વે અચિત્ત હોય તો માંગે, પછી મિશ્ર અને ન મળે તો સચિત્ત શોધે.

અનાભોગથી આ અચિત્ત છે એમ માનતો મિશ્ર કે સચિત્ત શોધે. બીજો પણ એ પ્રમાણે જ જાણતો કે અજાણતો આપે, તો જાણ્યા પછી તેને લેવા જ ન ઈચ્છે, ધીમેથી કમાડમાં પ્રવેશી તેને મૂકી દે. ન મળે તો શાખામાં મૂકે, પછી વનનિકુંજમાં મૂકે. ન મળે તો શ્રૃંગાટિકામાં યતનાથી મૂકે, તેમ જાણવું.

એ પ્રમાણે દંતિમાં પણ સચિત્ત કે અચિત્ત કે મિશ્ર હોય, તો બધે આ જ વિધિ જાણવી. બીજી વિરાધના ન કરવી.

વનસ્પતિકાયિકમાં આત્મ સમુત્થ આભોગથી ગ્લાનાદિના કાર્યને માટે મૂળ આદિનું ગ્રહણ થાય છે. અનાભોગથી ગ્રહણ કરીને ભોગવે કે પડેલાના પીસે, ચૂર્ણ કરે ઈત્યાદિ તો પૌરુષી વિભાગ પૂર્વવત્ કહેવો. દુષ્કૃષ્ટ લાંબો કાળ રહે, પણ ભીનાશથી મિશ્રિત કે ચપલક મિશ્રિત કૂરકોટિકા આદિમાં અંદર નાંખીને કરમર્દની સાથે કે કાંજી કે બીજા કંઈમાં બીજ કાય પડેલ હોય. તલની જેમ તેનું ગ્રહણ થાય.

જો આભોગથી ગ્રહણ કરેલ કે આભોગથી આપેલ હોય તો તેમાં વિવેક કરવો. જો અનાભોગથી ગૃહીત કે અનાભોગથી આપેલ હોય તો જો તેનો ત્યાગ કરવાનું - પરઠવવાનું શક્ય હોય તો બીજા પાત્રમાં કે સ્વપાત્રમાં પરઠવી દે.

સંથારામાં લીલ કે પનક હોય, તો ઉષ્ણ કે શીત જાણીને પરઠવે. આ પણ વનસ્પતિકાયિક છે. છેલ્લા વનસ્પતિકાયની આ વિધિ છે. આર્દ્રને આર્દ્ર ક્ષેત્રમાં, બાકીનાને ખાણમાં પરઠવે.

જો ખાણ ન મળે તો નિર્વ્યાઘાત હોય તો મધુર ભૂમિમાં પરઠવે. જો વ્યાઘાત હોય તો પાત્ર આદિથી આ વિધિ કરે.

જો ભિન્ન જાતિયમાં પારિસ્થાપનિકા કરે, તો તે પારિસ્થાપનિકા કર્પર આદિમાં યથાયોગ પરિસ્થાપના કરે તેમ જાણવું.

એકેન્દ્રિય પારિસ્થાપનિકા કહી. હવે નોએકેન્દ્રિય પારિસ્થાપનિકા પ્રતિપાદન કરતાં કહે છે –

ઉક્ત વૃત્તિમાં જે તજ્જાત અને અતજ્જાત પારિસ્થાપના પૃથ્વી આદિ પ્રત્યેકમાં કહી, તેને ભાષ્યકાર સામાન્યથી જણાવે છે –

● ભાષ્ય-૨૦૫ :-

તજ્જાત પારિસ્થાપના ખાણ આદિમાં થાય, તેમ જાણવું. પણ અતજ્જાત પારિસ્થાપના કર્પર આદિમાં જાણવી.

● વિવેચન-૨૦૫ :-

તજ્જાત એટલે તુલ્ય જાતિય, આકર-પૃથ્વી આદિની ખાણો, અતજ્જાત-ભિન્ન



જાતિય. બાકી પૂર્વવત્.

● પા.નિ.-૫ :-

નોએકેન્દ્રિય પારિસ્થાપનિકા છે તે બે પ્રકારે અનુક્રમે આ રીતે છે – હે સુવિહિત ! ત્રસ પ્રાણ અને નોત્રસથી જાણ.

● વિવેચન-૫ :-

જે એકેન્દ્રિય નથી તે નોએકેન્દ્રિય-ત્રસ આદિ.

નોએકેન્દ્રિય પારિસ્થાપનિકા બે પ્રકારે હોય છે. અનુક્રમથી આ દ્વૈવિધ્ય-બે ભેદને દર્શાવે છે.

જે ત્રાસ પામે તે ત્રસ, ત્રસ એવા તે પ્રાણી - તે ત્રસ પ્રાણી

સુવિહિત ! એ સુશિષ્યનું આમંત્રણ છે, આના દ્વારા કુશિષ્યોને આ ન આપવું, તે દર્શાવે છે. તેમ જાણવું.

નોત્રસ-જે ત્રસ નથી તે - આહારાદિ, તેનાથી કરણભૂત.

● પા.નિ.-૬ :-

ત્રસપ્રાણી વડે આ પારિસ્થાપનિકા છે તે બે ભેદે અનુક્રમે છે – તે વિકલેન્દ્રિય ત્રસ અને પંચેન્દ્રિય વડે જાણ.

● વિવેચન-૬ :-

વિકલેન્દ્રિય - બેઈન્દ્રિયથી ચાર ઈન્દ્રિય સુધીના ત્રસ જીવો.

● પા.નિ.-૭ :-

વિકલેન્દ્રિય વડે આ પારિસ્થાપનિકા છે, તે ત્રણ પ્રકારે અનુક્રમે થાય છે - બે, ત્રણ, ચાર ઈન્દ્રિયને આશ્રીને તજ્જાત અને અતજ્જાત.

● વિવેચન-૭ :-

બેઈન્દ્રિયાદિ ત્રણે પ્રત્યેક બે ભેદથી છે. તજ્જાત-તુલ્યજાતિયમાં જે પારિસ્થાપના કરાય છે તે તજ્જાતા અને અતજ્જાત-અતુલ્ય જાતિમાં જે પારિસ્થાપના કરાય તે.

આનો ભાવાર્થ આ છે –

બેઈન્દ્રિયમાં આત્મસમુત્થ જલૌકા, ગંડાદિમાં કાર્ય હોય ત્યારે ગ્રહણ કરીને ત્યાંજ પરઠવાય. સક્તુકા કે આલેપન નિમિત્તે ઉર્ણિકા સંસક્ત ગૃહીત હોય વિશોધિ કરી આકારમાં પરઠવે.

જો આકર ન હોય તો સકતુકની સાથે નિર્વ્યાઘાતમાં પરઠવે. અથવા કોઈ સંસક્ત દેશમાં ક્યાંક હોય તો, અનાભોગ ગ્રહણ થયેલ હોય ત્યારે તે દેશમાં ન જાય, અશિવાદિ હોય તો જાય.

જ્યાં સકતુકા હોય તેમાં કૂર - [ભાત] માંગે. જો તે ન મળે તો તે જ દિવસના સકતુક [સાથવા]ને શોધે. ઈત્યાદિ પૂર્વવત્.

જો તેમ ન મળે તો પડિલેહી-પડિલેહીને ગ્રહણ કરે, વેળા વીત્યા પછી કે માર્ગ મળે ત્યારે પરઠવે. જો શંકિત હોય તો માત્રકમાં ગ્રહણ કરે. ઉદ્યાનની બહાર, દેવકેલમાં ઉપાશ્રયની બહાર રજસ્ત્રાણને વિસ્તીરને તેની ઉપર એક ઘન મસૃણ

પટલને ત્યાં ઢાંકે. ઉર્ણિકાની ત્રણ વખત પ્રતિલેખના કરે.

જો તેમ ન હોય તો ફરી પ્રતિલેખના કરે. ત્રીજી વખત મુઠ્ઠીમાં ગ્રહણ કરી, જો શુદ્ધ હોય તો પરિભોગ કરે.

એક વખત જોઈને ફરી પણ મૂળથી પ્રતિલેખના કરે. તેમાં જે જીવો હોય તેને મલ્લકમાં સાથવાની સાથે સ્થાપે. પછી ખાણ આદિમાં તેને ત્યજે - પરઠવી દે.

જો તેમ ન હોય તો બીજરહિતમાં પરઠવે.

એ પ્રમાણે જ્યાં પાણી હોય તે પણ બીજા પાત્રમાં પડિલેહીને ઉદ્‌ગ્રાહિકમાં ફેંકે છે. રસજથી સંસક્ત હોય તો પાત્ર સહિત ત્યાગ કરે.

પાત્ર ન હોય તો ચિંચિણિકા પ્રાતિહારિક માગે. તે પણ ન મળે તો સુકી ચિંચિણિકાને ભીની કરે.

બીજી પણ કોઈ ચિંચિણિકા ન મળે તો બીજો નાંખી પરઠવે. તે પણ ન હોય તો બીજરહિતમાં ત્યાગ કરે.

ત્યારપછી પ્રાતિહારિક કે અપ્રાતિહારિક ઉપાશ્રયમાં ત્રણે કાળ રોજેરોજ પડિલેહણા કરે. જો પરિણત હોય તો ત્યાગ કરે. ભાજન-પાત્ર હોય તો પાછું આપે.

જો ભાજન-પાત્ર ન હોય તો અટવીમાં અનાગમન માર્ગમાં છાયામાં જે કાદવ હોય, ત્યાં ખાડો ખોદીને નિશ્છિદ્ર લેપીને પત્રનાલ વડે યત્નાપૂર્વક મૂકી દે.

એક વખત પાણી વડે ભીનું કરે છે, પછી પણ ત્યાં જ ફેંકે છે. એ પ્રમાણે ત્રણ વખત કરે છે, પછી કલ્પે છે - શ્લક્ષ્ણ કાષ્ઠ વડે માળ કરે છે. કાદવ વડે લીંપે છે, કાંટાની છાયાથી આચ્છાદિત કરે છે. તે ભાજન વડે શીતલ પાણી લાવતા નથી, અપશ્રાવણ કૂર વડે ભાવિત કરે છે. એ પ્રમાણે દિવસના બે-ત્રણ વખત કરે છે.

સંસક્તને ગ્રહણ કરીને ન ચાલે, કેમકે વિરાધના થાય છે.

સંસક્તને ગ્રહણ કરીને ન ખાય, થાકી જાય તો જે ન ચાલતા હોય તે લઈ લે ઈત્યાદિ - x -

એક વખત પડિલેહણ કરેલ, બીજી વખત, ત્રીજી વખત પડિલેહીને પછી શુદ્ધ થયા પછી પરિભોગ કરે છે.

એ પ્રમાણે ગોરસ પણ ગાળીને લે. દહીં કે માખણમાં શું વિધિ છે? છાસનો $^1/_૮$ ભાગ નાંખે તેમાં તેમાં જુએ. છાસ ન હોય તો શું વિધિ છે? ગોરસ ધોળે, પછી ઉષ્ણ જળ શીતળ કરે. પછી મધુર ચોખાનું પાણી નાંખે, તેમાં શુદ્ધ હોય તે ખાય, અશુદ્ધને પરઠવે.

પછી જતા-આવતા પડિલેહણ કરે.

સમુદ્ર આદિને કિનારે સુતા હોય ત્યારે પણ આ વિધિ છે.

બીજા દ્વારા આભોગ-અનાભોગ વડે તે વિધિ ધારણ કરે. ૦-૦ તેઈન્દ્રિયોનું ગ્રહણ કરવામાં પૂર્વે કહેલ વિધિ છે.

તિલકીટકો પણ તે પ્રમાણે જ કહેવા. દહીં આદિમાં પણ તે પ્રમાણે જ છે.



છાણની કૃમિમાં પણ તે પ્રમાણે જ છે.

સંથારા ગ્રહણમાં પણ ઘુણાદિનો ખ્યાલ આવતા તે પ્રમાણે જ તેવા પ્રકારના લાકડામાં સંક્રમવાય છે.

ઉદ્દેહિકા-ધીમેલ ગ્રહણ કરાય તો તેને પણ પરઠવે. ત્યારે તેને પણ અવતારણ કરાય છે, તેને લઈને સ્વસ્થાને મૂકે.

જૂ-ષટ્‌પદિકાને સાત દિવસ વિશ્રામ અપાય છે. કારણે ગમન કરવાનું થાય ત્યારે શીતળ સ્થાને નિર્વ્યાઘાત હોય તો મૂકાય. - x -

કીડા આદિ વડે સંસક્ત પાણી હોય તો અને કીડા જીવતા હોય તો પાણીને જલ્દી ગાળી લેવું. જીવડાને નીચે પાડીને લેપ કરેલા - ભીના હાથે જ ઉદ્ધરણ કરવું - કાઢી લેવા.

એ પ્રમાણે માખી આદિમાં પણ જાણવું.

સંઘાટક હોય તેમાં એક ભોજન ગ્રહણ કરે, જેથી પડી ન જાય અને બીજો પાણી ગ્રહણ કરે. હાથને સુકવેલા રાખે.

જો કીડી મરી ગયેલ હોય તો પણ પાણી ગાળી લે. અન્યથા બુદ્ધિને હણે છે અને માખી આવી જાય તો વાયનું દર્દ થાય.

જો ચોખાના ધોવાણાદિમાં પૂરા હોય તો પ્રકાશમાં વાસણમાં નાંખીને વસ્ત્ર વડે આચ્છાદન કરે, પછી કોશ કે ક્ષૌરક વડે કાઢે, થોડાં પાણી વડે સારી રીતે પરઠવે.

અપ્કાય જીવ પ્રાપ્ત થતાં કાષ્ઠ વડે લઈને જળને અગ્ર ભાગે ધારણ કરે, ત્યારે જાતે જ તેમાં પાડે છે.

એ પ્રમાણે તેઈન્દ્રિયોમાં કીડી કે કીડાથી સંસક્ત હોય તો શુષ્ક કે કૂરમાં પોલાણમાં વિખેરે. તે પ્રમાણે જ તે પ્રવેશે છે. પછી મુહૂર્ત્ત માત્ર તેની રક્ષા કરે છે, જ્યાં સુધી તે તેમાં પ્રવેશી જાય.

ચઉરિન્દ્રિયમાં અશ્વમક્ષિકા, આંખની પુષ્પિકાને બહાર કાઢે તે ગ્રહણ કરે. બીજાના હાથે, ભોજનમાં કે પાણીમાં જો માખી હોય તો તે અનેષણીય છે, સંયત સાથે ઉદ્ધરી લેવી. સ્નિગ્ધ-ચીકાશમાં નાંખી, ક્ષારાદિ વડે અવગુંડિત કરાય છે.

કોત્થલકારિકા હોય તો વસ્ત્રમાં કે પાત્રમાં ઘર બનાવીને બધું પરઠવે. અથવા બીજાના ઘરમાં સંક્રમિત કરાવે.

સંથારામાં માંકડ હોય તો પૂર્વે ગ્રહણ કરે તો ઉપરોક્ત વિધિ. જો ગ્રહણ કરતો હોય તો પાદપ્રૌંછનથી જો ત્રણ વખત પડિલેહણ કરવા છતાં રોજેરોજ સારી રીતે જોતાં તેવા પ્રકારના જ કાષ્ઠમાં મૂકી દે.

દંડકમાં પણ આ જ વિધિ જાણવી.

ભ્રમરમાં વિવેક રાખવો, સાંડમાં કાષ્ઠ સહિત પરઠવે. પૂતરકમાં પૂર્વે કહેલ વિવેક રાખે. એ પ્રમાણે યથાસંભવ વિભાષા કરવી.

વિકલેન્દ્રિય ત્રસની પારિસ્થાપનિકા કહી. હવે પંચેન્દ્રિય ત્રસની પારિસ્થાપનિકાનું વિવરણ કરતાં કહે છે —

● પા.નિ.-૮ :-

પંચેન્દ્રિયની જે પારિસ્થાપનિકા છે, તે અનુક્રમે બે ભેદે હોય છે. હે સુવિહિત ! મનુષ્ય વડે અને નોમનુષ્ય વડે.

● વિવેચન-૮ :-

સ્પર્શ આદિ પાંચ ઈન્દ્રિયો જેમને છે તે પંચેન્દ્રિય-મનુષ્યાદિ તેમના વિષયમાં આ પારિસ્થાપનિકા અનુક્રમે બે ભેદે છે –

હે સુવિહિત ! તે મનુષ્ય અને નોમનુષ્ય-તિર્યંચ વડે.

ભાવાર્થ આગળ કહીશું. ગાથાનો અક્ષરાર્થ કહેલ છે.

● પા.નિ.-૯ :-

મનુષ્યમાં જે પારિસ્થાપનિકા છે, તે બે ભેદે હોય છે. અનુક્રમે આ પ્રમાણે - સંયતમનુષ્યો વડે અને અસંયત મનુષ્યો વડે જાણવી.

ગાથાર્થ કહ્યો, ભાવાર્થ આગળ કહીશું.

● પા.નિ.-૧૦ :-

સંયત મનુષ્ય વડે જે પારિસ્થાપનિકા છે, તે અનુક્રમે બે ભેદે હોય છે. હે સુવિહિત ! સચિત્તથી અને અચિત્તથી જાણવી.

● વિવેચન-૧૦ :-

સંયતમનુષ્ય - સાધુ વડે કરણભૂત જે પારિસ્થાપનિકા, તે બે ભેદે હોય છે. ચિત્ત સહિત વર્તે તે સચિત્ત-જીવ. અવિદ્યમાન ચિત્ત તે અચિત્ત – મૃત. આ ગાથાર્થ કહ્યો.

અહીં સુધી ઉદ્દેશ કર્યો. હવે ભાવાર્થ કહે છે. તેમાં જે રીતે સચિત્ત સંયતોનું ગ્રહણ અને પારિસ્થાપનિકા સંભવે છે, તે પ્રમાણે પ્રતિપાદિત કરતા કહે છે –

● પા.નિ.-૧૧ :-

અનાભોગ કારણથી કે નપુંસક આદિની દીક્ષા થઈ હોય તો તે સચિત્ત કહેવાય છે. ત્યારે નપુંસકને વોસિરાવવો, બાકીના જડ આદિમાં તેટલો કાળ પ્રતિક્ષા કરવી.

● વિવેચન-૧૧ :-

આભોગ એટલે ઉપયોગવિશેષ. આભોગ નહીં તે અનાભોગ. અનાભોગથી કે અશિવાદિ કારણે નપુંસકાદિને દીક્ષિત કરતાં થાય છે.

તેને વ્યવહારથી સચિત્ત સંયત મનુષ્ય પારિસ્થાપનિકા કહેવાય, એ ભાવના છે. આદિ શબ્દથી 'જડ' આદિને લેવા.

તેની વિધિ આ પ્રમાણે છે – જે અનાભોગથી દીક્ષિત થયા, હોય તેને આભોગિત્વમાં - જાણ થતાં ત્યાગ કરવો જોઈએ. તેથી કહ્યું કે – નપુંસકનો પરિત્યાગ કરવો.

બાકીના કારણે દીક્ષા કરી હોય તેવા જડ આદિમાં, જેટલા કાળે તે કારણની સમાપ્તિ થાય, એટલો કાળ જડ આદિમાં પ્રતિક્ષા કરવી, પણ તેનો ત્યાગ ન કરવો.

હવે તેનું શું કારણ છે કે આવાને દીક્ષા અપાય છે ? તેમાં અનેક ભેદ - કારણને દર્શાવતા કહે છે –





● પા.નિ.-૧૨ :-

અશિવમાં, દુર્ભિક્ષમાં, રાજદ્વિષ, ભય એ બધાં આગાઢ કારણે તથા ગ્લાનત્વ, ઉત્તમાર્થમાં, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ નિમિત્તે દીક્ષા આપે.

● વિવેચન-૧૨ :-

અશિવ - વ્યંતરકૃત્ ઉપદ્રવ, અવમૌદર્ય - દુર્ભિક્ષ, રાજદ્વિષ્ટ - રાજાનો દ્વેષ, ભય-શત્રુઓ દ્વારા. આગાઢ - ખૂબ જ. આ આગાઢ શબ્દ બધાં સાથે સંબંધ ધરાવે છે. ગ્લાનત્વ - બિમારી, ઉત્તમાર્થ - કાળધર્મ. જ્ઞાન-શ્રુતઆદિ, દર્શન-તેના પ્રભાવક શાસ્ત્રરૂપ, ચારિત્ર-પ્રસિદ્ધ છે.

આ અશિવાદિમાં ઉપકાર કરે છે, જે નપુંસકાદિને દીક્ષા આપે છે. કહ્યું છે કે – રાજદ્વિષ્ટ ભયોમાં રક્ષણના માટે રાજાની પાસે જવું, ગ્લાનનું વૈદ્યો પાસે જવું ગુરુ પાસે જ્ઞાનાદિ માટે જવું ઈત્યાદિમાં અચરણદેશથી નીકળી અશિવાદિમાં તેની પાસે જવું. આ આગાઢ કારણોમાં જેને દીક્ષા અપાય છે, તે નપુંસકાદિમાં કાર્ય પૂર્ણ થતાં વિવેક રાખવો - ત્યાગ કરવો.

જે તે અશિવાદિ કારણે દીક્ષા અપાય છે તે નપુંસક બે ભેદે છે – જ્ઞાયક અને અજ્ઞાયક. જે જ્ઞાયક છે, તે જાણે છે કે સાધુને નપુંસકને દીક્ષા દેવી કલ્પતી નથી, પણ અજ્ઞાયક જાણતા નથી. તેમાં જ્ઞાયક કહે તેમ ન વર્તે તે પ્રવ્રજ્યા જ્ઞાનાદિ માર્ગ વિરાધનારૂપ તેને થશે. તે ઘરમાં રહિને જ સાધુના અનુગ્રહને માટે વર્તે તો તેને વિપુલ નિર્જરા થશે. જો આમ કહેવાથી તે તેમ કરવા ઈચ્છે, તો સુંદર, જો ન ઈચ્છે તો તેના અજ્ઞાયકને અને કારણે દીક્ષા અપાયેલાને આ યતના કરાય છે –

● પા.નિ.-૧૩ :-

કટિપટ્ટક કરવો, શિખાને ન ઈચ્છતા કાતરીને વાળને દૂર કરવા, મુંડન કે લોચ કે પાઠને કરે. સંજ્ઞીને ધર્મકથા કહે, રાજકુળમાં આ વ્યવહાર કહી દે અને વિગિંચન કરવું જોઈએ.

● વિવેચન-૧૩ :-

ગાથાર્થ કહ્યો. ભાવાર્થ આ પ્રમાણે છે –

દીક્ષા દેતા તેને કટિપટ્ટક કરાય છે. કહે છે કે – અમારે દીક્ષા દેતા આ પ્રમાણે જ કરાય છે. સિહલી નામે શિખા, તે મુંડતા નથી, લોચ કરતા નથી. તેને કાતરેલા વાળ રાખવા કલ્પે છે અથવા છરા વડે મુંડે છે. જો તેમ કરવા ન ઈચ્છે તો લોચ પણ કરાય છે. જેથી લોકો જાણે કે આ નપુંસક છે.

અજ્ઞાત-અજાણ હોય તો પણ આમ જ કરાય છે, એ જ સારુ છે કે લોકો જાણે કે - આ ગૃહસ્થ જ છે.

પાઠ ગ્રહણથી બે પ્રકારની શિક્ષા - ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા આપે. તેમાં ગ્રહણ શિક્ષામાં ભિક્ષુકાદિના મતો શીખવે. જે કંઈ સ્વ સિદ્ધાંતમાં શીખવા ન ઈચ્છે, તો પરતીર્થિક મતો તેને શીખવે. તે પણ જો શીખવા ન ઈચ્છે તો સ્વસમય-સિદ્ધાંત વક્તવ્યતા પણ બીજાએ કહેલા અર્થ-વિસંવાદન ભણાવે. અથવા ક્રમથી

વીપર્યસ્ત આલાવા તેને આપવામાં આવે, આ ગ્રહણ શિક્ષા.

આસેવન શિક્ષામાં ચરણ-કરણ ન ગ્રહણ કરાવે. પરંતુ વિચાર-ગોચર ગ્રહણ કરાવે. રાત્રિના સ્થવિરની પાસે અને તરુણોથી દૂર રાખે એમ કહે કે – જો હું ભણાવું ત્યારે સ્થવિરો પ્રયત્નથી શીખે છે.

વૈરાગ્ય કથા, વિષયોની નિંદા, ઉઠવા-બેસવામાં ગુપ્ત અને સ્ખલન થાય તો ઘણાં જ સરોષની જેમ તરુણો તર્જના કરે.

સરોષથી તર્જના કરતાં સારું વિપરિણમન - ધર્મકથા ભણાવે અથવા તેને ધર્મનું આખ્યાન કરે કે –

તારી અણુવ્રત દીક્ષા નથી, માટે બીજા લોકને ન હણ.

સંજ્ઞીદ્વાર - એમ કહેવા છતાં જો ન માને તો સંજ્ઞીઓ કે ખરકર્મિકો બીવડાવે. અહીં આવો સંવિગ્ન ક્યાંથી આવ્યો ? રાજાની આજ્ઞાથી આને દીક્ષા આપી છે અથવા અજાણતાં જ પ્રતિષેધ કરેલ છે. સંજ્ઞી એટલે શ્રાવક કે ખરકર્મિક કે યથાભદ્રક. પૂર્વજ્ઞાપિત તેને ડરાવે છે કે – આ તમારી મધ્યે આવો નપુંસક ક્યાંથી ? તું જલ્દી ભાગી જા, ક્યાંક તને આ બધાં મારી નાંખશે.

સાધુઓ પણ તે નપુંસકને કહે છે – અરે ઓ ! આ અનાર્યો તને મારી નાંખશે, તો જલ્દી તું ભાગી જા.

જો ભાગી જાય તો સારું છે, પણ જો કદાચ તે રાજકુળમાં જઈને ફરિયાદ કરે કે – આ લોકો મને દીક્ષા આપીને કાઢી મૂકે છે [દબડાવે છે] તો રાજ-વ્યવહાર કરવો જોઈએ.

જો તે અજ્ઞાત હોય અને જો રાજકુલ વડે ન જણાય કે આમના વડે જ આ દીક્ષિત કરાયેલ છે, બીજા કોઈ પણ ન જાણતા હોય ત્યારે કહે –

આ શ્રમણ નથી, તમે જ તેનો ચોલપટ્ટક આદિ વેશ જુઓ. શું અમારો આવે વેશ છે ?

હવે જો આ બધું કરવા છતાં તેઓ ન માને તો, કહેવું કે – આ સ્વયં વેશ ધારણ કરેલો છે.

ત્યાર તે નપુંસક કહેશે કે – હું આમની પાસે જ ભણેલો છું.

ત્યારે પૂછવું કે શું ભણેલો છે ? ત્યારે છલિત કથાદિ કહેશે. એ બધો અર્થ અહીં નિર્યુક્તિકાર સ્વયં કહે છે –

**● પા.નિ.-૧૪ થી ૧૬ :-**

**(૧૪) હું આમના દ્વારા જ ભણેલો છું, તેને અટકાવીને પૂછવું કે – શું ભણેલ છો ? પછી છલિત કથા આદિ કહે છે. ત્યારે કહેવું કે કયા આ યતિઓ અને ક્યાં આ છલિતાદિ ?**

**(૧૫) પૂર્વાપર સંયુક્ત વૈરાગ્યકર સ્વતંત્ર અવિરુદ્ધ. સૂત્ર પુરાણી અર્ધમાગધી ભાષામાં નિયત થયેલા છે.**

**(૧૬) જે સૂત્રગુણો કહ્યા, તે પૂર્વે વિપરીત ગ્રહણ કરાયેલા છે. નિસ્તીર્ણના કારણોમાં તેના ત્યાગમાં યતના કરવી.**



**● વિવેચન-૧૪ થી ૧૬ :-**

ત્રણે ગાથા સૂત્ર સિદ્ધ જ છે.

હવે કદાચિત્ જો તે ઘણાં સ્વજનવાળો કે રાજનો પ્રિય હોય અને તેનો ત્યાગ કરવો શક્ય ન હોય તો આ યતના કરવી –

**● પા.નિ.-૧૭ :-**

**કાપાલિક, સરજસ્ક, તદ્વર્ણિક વેશ-રૂપેથી વસે. વેડુંબગ દીક્ષિત થયા પછી વિધિપૂર્વક તેનો પરિત્યાગ કરવો.**

**● વિવેચન-૧૭ :-**

કાપાલિક-વૃથાભાગી, તે કાપાલિકના વેશ-રૂપથી તેની સાથે હોય છે. સરજસ્ક વેશ-રૂપથી અર્થાત્ ભૂતવેશરૂપથી. તદ્વર્ણિક-લાલવસ્ત્રના વેશરૂપથી.

વેડુંબગ પ્રવ્રજિત - નરેન્દ્ર આદિ વિશિષ્ટ કુળથી ઉદ્‌ભવેલ હોય તેને વેડુંબગ કહે છે. તેમાં પ્રવ્રજિત થયેલ હોય તો ઉક્ત વિધિથી તેને વોસિરાવવો - ત્યાગ કરવો.

ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે –

**● પા.નિ.૧૮,૧૯ :-**

**રાજને પ્રિય અને ઘણાં સ્વજન પક્ષવાળો હોય, તરુણ વૃષભ સમ તેને પરતીર્થિકોની ભેદ કથાઓ કહેવી ઈત્યાદિ.**

**ભિક્ષા આદિ લક્ષણથી તારી સાથે આવીને નાસી જશે અથવા તેને છોડીને તરુણ સાધુઓએ ચાલી જવું.**

**● વિવેચન-૧૮,૧૯ :-**

બંને ગાથા સ્વાભાવિક સિદ્ધ જ છે.

આ નપુંસક વિવેક - ત્યાગવિધિ કહી. હવે જડની વક્તવ્યતા.

**● પા.નિ.૨૦ :-**

**જડ ત્રણ પ્રકારે હોય છે – ભાષાજડ, શરીરજડ, કરણજડ. ભાષાજડ ત્રણ ભેદે હોય છે – જલ, મમ્મણ, એકમૂક.**

**● વિવેચન-૨૦ :-**

તેમાં જલમૂક આ પ્રમાણે – જેમ જળમાં બૂડતો "બૂડ-બૂડ" એમ બોલે છે, તેની કોઈપણ પરીક્ષા કરી શકતું નથી, આવા પ્રકારનો જે શબ્દ છે, તેને 'જલમૂક' કહેવાય છે.

એડકમૂક - જેમ એડક-ઘેંટો બબડે છે તેમ બોલે.

મમ્મણમૂક - મન્મન કરતા જેની વાચા સ્ખલના પામે છે, તેને 'મમ્મણમૂક' કહેવામાં આવે છે.

કદાચ જો આવાને મેધાવી સમજીને દીક્ષા અપાય તો આવા જલમૂક, એડકમૂક અને મમ્મણમૂકને દીક્ષા આપવી કલ્પતી નથી.

કયા કારણે ? કારણાંતરથી તેમાં બીજા પણ આ દોષો લાગે.

**● પા.નિ.૨૧ થી ૨૪ :-**

**[૨૧] દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સમિતિ અને કરણયોગમાં ઉપદેશ કરાયેલ**

છતાં જલમૂક અને એડકમૂક તે ગ્રહણ કરતા નથી.

[૨૨] જ્ઞાનના હેતુથી દીક્ષા માટે પણ ભાષાજડ યોગ્ય નથી તે પણ ગ્રહણ, અધિકરણાદિથી નિયમા બહાર છે.

[૨૩] શરીર જડ ત્રણ ભેદે છે – માર્ગમાં, ભિક્ષામાં અને વંદનમાં. આ કારણોથી જડને દીક્ષા આપવી કલ્પતી નથી.

[૨૪] માર્ગમાં પલિમંથ, ભિક્ષાચર્યામાં અપરિહસ્ત ઈત્યાદિ દોષો ગચ્છમાં શરીર જડને હોય છે.

● વિવેચન-૨૧ થી ૨૪ :-

ચારે ગાથા સૂત્રસિદ્ધ છે. બીજા કારણોથી તેમાં બીજા પણ આ થાય છે, તે જાણ –

● પા.નિ.-૨૫ થી ૨૮ :-

[૨૫] ઉર્ધ્વ શ્વાસ, અપરાક્રમ, ગેલન્ન, લાઘવ, હિતોદયાદિમાં જડને આગાઢ અને ગ્લાનનું અસમાધિમરણ છે.

[૨૬] સેક વડે કક્ષાદિ, કુચ્છથી ધુવણુપ્પિલાવણ (?) - x - મુંડાતિપાતમાં ચોરો નિંદા પામે છે.

[૨૭] ઈર્યાસમિતિ, ભાષા-એષણા અને આદાન સમિતિ તથા ગુપ્તિમાં, ચરણ-કરણમાં કર્મોદયને કારણે જે કરણજડ છે, તે સ્થિર થઈ શકતો નથી - સ્થાયી ન થાય.

[૨૮] આવાને દીક્ષા ન આપવી, તે ઉત્સર્ગ માર્ગ છે.

અથવા જો કોઈને તેવા કારણથી દીક્ષા અપાય, તો તેમાં જે આગળ વિધિ છે, તે હું કહીશ.

● વિવેચન-૨૫ થી ૨૮ :-

ચારે ગાથા સ્વયં સિદ્ધ છે [સુગમ છે.]

તેમાં જે મન્મન છે, તેને જો દીક્ષા અપાય, તો તેની વિધિ કહે છે –

● પા.નિ.-૨૯ :-

ગ્લાનનું કાર્ય છોડીને દુર્મેધને છ માસ સુધી પ્રતિચરે છે. એક-એકમાં છ માસ, પછી જોઈ-તપાસીને વિવેક રાખવો.

● વિવેચન-૨૯ :-

એક-એકમાં અર્થાત્ કુળમાં, ગણમાં અને સંઘમાં છ-છ માસ પ્રતિચરે. જેને જોઈને જડ મૂકને માટે આ વિવેક હોય છે.

અથવા જેને જોઈને સુંદર થાય, તેને તે આભાવ્ય થાય અથવા ન થાય તો વિવેક [ત્યાગ] કરવો.

શરીર જડ યાવજ્જીવ પરિચર્યા કરે.

● પા.નિ.૩૦ :-

વળી જે કરણ જડ હોય, તેને ઉત્કૃષ્ટથી છ માસ થાય છે, કુલ, ગણ, ગંધ નિવેદન (કરે કે) આ વિધિ ત્યારે કરવી.

● વિવેચન-૩૦ :-

આ નિર્યુક્તિ પ્રગટાર્થ જ છે.



આ સચિત્ત મનુષ્ય સંયત વિવેક [પારિસ્થાપન] કહ્યું.

હવે અચિત્ત સંયત પારિષ્ઠાપનવિધિ કહે છે. તે આ રીતે –

● પા.નિ.-૩૧ :-

આસુકાર, ગ્લાન, પ્રત્યાખ્યાત અનુક્રમે અચિત સંયતને વિધિપૂર્વક વોસિરાવવો તેને કહીશ.

● વિવેચન-૩૧ :-

કરણ - અચિત્ત કરવું તે લેવું. આસુકાર-શીઘ્ર કરનાર, તે હેતુપણાથી 'અહિવિષય' વિશૂચિકાદિ ગ્રહણ કરાય છે. તેના વડે જે નિશ્ચે અચિત્તિભૂત થયેલ હોય તે.

ગ્લાન-મંદ જે હોય તે અથવા અનુપૂર્વીથી પ્રત્યાખ્યાત-કરણ શરીર પરિકર્મકરણના અનુક્રમથી કે ભોજનમાં પ્રત્યાખ્યાત હોય અને જે અચિત્તીભૂત થાય તે.

આ અચિત્ત સંયતોને જિનોક્ત પ્રકારથી કઈ રીતે વોસિરાવવા - પરિત્યાગ કરવો, તે કહીશ.

● પા.નિ.૩૨ :-

એ પ્રમાણે કાળ કરેલ મુનિ વડે સૂત્રાર્થ ગૃહિત સારથી વિષાદ ન કરવો જોઈએ પણ વિધિપૂર્વક પરઠવવા જોઈએ.

● વિવેચન-૩૨ :-

આ પ્રકારે સાધુ મૃત્યુ પામે ત્યારે બીજા સાધુ વડે - કેવા પ્રકારના ? ગીતાર્થ હોય તેમણે વિષાદ - સ્નેહાદિ સમુત્થ સંમોહ કરવો ન જોઈએ. પરંતુ વિધિપૂર્વક - પ્રવચનોક્ત પ્રકારથી પરિત્યાગરૂપ વ્યુત્સર્જન કરે.

હવે અધિકૃત વિધિના પ્રતિપાદન માટે બે ગાથા સ્વયં નિર્યુક્તિકારશ્રી કહે છે –

● નિર્યુક્તિ-૧૨૭૨,૧૨૭૩ :-

પડિલેહણા, દિશા, નંતક, કાળ-દિવસ કે રાત્રિમાં, કુસપડિમા, પાનક, નિયત્તણ, તૃણ, શિર, ઉપકરણ... ઉત્થાન, નામગ્રહણ, પ્રદક્ષિણા, કાયોત્સર્ગ કરણ, ક્ષપણ, અસ્વાધ્યાય અને અવલોકન [આ પ્રમાણે નિર્યુક્તિકારશ્રીએ ૧૬-દ્વારો કહેલા છે.]

● વિવેચન-૧૨૭૨,૧૨૭૩ :-

પડિલેહણ - પ્રત્યુપેક્ષણ, મહાસ્થંડિલ્યનું કાર્ય. દિસ-દિશા વિભાગ નિરૂપણા, નંતક - ગચ્છની અપેક્ષાથી સદા ઉપગ્રહિક મૃત આચ્છાદનમાં સમર્થ વસ્ત્ર ધારણ કરવું જોઈ. - x - च શબ્દથી કાષ્ઠ લેવા.

કાળ-દિવસે કે રાત્રે મર્યા છતાં યથોચિત્ત લાંછનાદિ કરવા કુસપડિમા - નક્ષત્રોની વિચારણા કરી ઘાસની એક કે બે પ્રતિમા કરવી કે ન કરવી. પાનક - ઉપઘાતની રક્ષા માટે પાનક ગ્રહણ કરાય છે.

નિયત્તણ - કંઈક સ્થંડિલના અતિક્રમમાં ભ્રમણ કરીને જો જાણે કે આ માર્ગ નથી. તણ - સમાન તૃણ આપવું જોઈએ.

સીસ - ગામ, જ્યાંથી શિર કાર્ય થાય. ઉપકરણ - ચિહ્નને માટે રજોહરણાદિ ઉપકરણ મૂકાય છે.

ઉત્થાન - ઉઠતા શબનું ગ્રામ ત્યાગાદિ કાર્ય કરવું.

નામગ્ગહણ - જો કોઈક કે બધાંનું નામ ગ્રહણ કરે, તો લોચ આદિ કાર્ય કરે. પયાહિણ - સ્થાપીને પ્રદક્ષિણા ન કરવી. પણ સ્વસ્થાનથી જ નિવર્તવું - પાછા ફરવું જોઈએ.

કાયોત્સર્ગકરણ - વસતિમાં સ્થાપિત કરીને, આવીને, કાયોત્સર્ગ કરવો જોઈએ.

અસ્વાધ્યાય - રત્નાધિક આદિ મૃત્યુ પામતાં ક્ષપકે અસ્વાધ્યાય કરવો. પછી બીજા દિવસે પરિજ્ઞાનાર્થે અવલોકન કાર્ય કરવું જોઈએ.

હવે બધાં દ્વારોનો અવયવાર્થ કહે છે. તેમાં પહેલાં દ્વાર અવયવાર્થને જણાવતાં કહે છે —

● પ્રક્ષેપ-૧ + વિવેચન :-

જે કોઈ ગ્રામ આદિમાં સાધુ માસકલ્પ કે વર્ષાકલ્પને માટે વાસ કરે છે, ગીતાર્થો પહેલાં તો ત્યાં મૃતકના ત્યાગના સ્થાનો કે જેને મહાસ્થંડિલ કહે છે, તેની ત્રણ પ્રત્યુપેક્ષણા કરે. આ વિધિ છે.

આ અન્યકર્તાની ગાથા કહી. હવે 'દિગ્દ્વાર'ની નિરૂપણા કરે છે —

● પા.નિ.૩૩ થી ૩૫ :-

[૩૩] દિશા-પશ્ચિમ દક્ષિણ, દક્ષિણ, પશ્ચિમ, દક્ષિણ પૂર્વ, પશ્ચિમ ઉત્તર, પૂર્વ, ઉત્તર પૂર્વ અને ઉત્તર.

[૩૪] પહેલીમાં પ્રચુર અન્નપાન, બીજીમાં ભોજનપાન ન લહે, ત્રીજીમાં ઉપધિ આદિ, ચોથીમાં સજ્ઝાય નથી...

[૩૫] પાંચમીમાં અસંખડી, છટ્ઠીમાં ગણવિભેદન જાણવું. સાતમીમાં ગ્લાન અને આઠમીમાં મરણ કહેલ છે.

● વિવેચન-૩૩ થી ૩૫ :-

ઉક્ત નિર્યુક્તિનું વ્યાખ્યાન કરતા વૃત્તિકારશ્રી લખે છે —

પશ્ચિમ-દક્ષિણ દિશામાં મહાસ્થંડિલ ભૂમિનું પડિલેહણ કરવું. તેમાં આટલા ગુણો થાય છે - ભોજન, પાન, ઉપકરણની સમાધિ થાય છે. આ દિશામાં ત્રણ સ્થંડિલની પ્રતિલેખના થાય છે, તે આ પ્રમાણે — નીકટ, મધ્યે અને દૂર. શા માટે ત્રણ સ્થંડિલની પ્રતિલેખના કરે ?

વ્યાઘાત થાય, ક્ષેત્ર ખેડાઈ જાય, પાણી વડે પલાળાઈ જાય, વનસ્પતિકાય ઉગી જાય, પ્રાણીઓ વડે સંસક્ત થઈ જાય, ગામ વસી જાય, સાર્થ તેનો પડાવ નાંખે તેવા કારણે ત્રણ સ્થંડિલ ભૂમિની પડિલેહણા કરી રાખવી જોઈએ.

પહેલી દિશા વિધમાન હોવા છતાં જો દક્ષિણ દિશાને પડિલેહે, તે આવા દોષો લાગે — ભોજન, પાન, પ્રાપ્ત ન થાય. તે પ્રાપ્ત ન થવાથી સંયમ વિરાધના પ્રાપ્ત થાય છે કે એષણા સમિતિ બગડે.

અથવા ભિક્ષા ન પ્રાપ્ત થતાં માસકલ્પનો ભંગ થાય, ચાલવા માંડ તે માર્ગમાં વિરાધના થાય, તે બે ભેદે — સંયમની અને આત્માની વિરાધનાને પ્રાપ્ત થાય છે.

ઉક્ત કારણે પહેલી દિશાને જ પડિલેહવી.



વળી જ્યારે પહેલી દિશા શક્ય ન હોય, જળ-ચોર કે શિકારી પશુ આદિનો વ્યાઘાત હોય, ત્યારે બીજી દિશાનું પડિલેહણ કરે.

બીજી દિશા વિધમાન છતાં જો ત્રીજી દિશાને પડિલેહે તો તેને ઉપકરણ પ્રાપ્ત ન થાય. - x -

ચોથી દક્ષિણપૂર્વા દિશા, ત્યાં વળી સ્વાધ્યાય ન કરે.

પાંચમી પશ્ચિમ ઉત્તર દિશા, આ દિશામાં સંયત, ગૃહસ્થ કે અન્ય તીર્થિક સાથે કલહ થાય છે, તેમાં ઉડ્ડાહણા અને વિરાધના થાય.

છટ્ઠી પૂર્વા દિશા. તેમાં ગણભેદ કે ચારિત્ર ભેદ સંભવે છે.

સાતમી ઉત્તર દિશા. તેમાં ગ્લાનત્વથી પરિતાપ પામે અને આઠમી પૂર્વોત્તરામાં બીજા પણ મારી નાંખે.

આ દોષો હોવાથી પહેલી દિશામાં પડિલેહણ કરે. તે શક્ય ન બને તો બીજી દિશામાં પ્રતિલેખે. તેમાં એ જ ગુણો છે, જે પહેલીમાં છે. બીજી વિધમાન હોવા છતાં જો ત્રીજી દિશાને પડિલેહે તો એ જ દોષો પ્રાપ્ત થાય, જે ત્રીજી દિશામાં કહેલા છે.

એ પ્રમાણે છેલ્લી દિશા સુધી પ્રતિલેખના ચરમામાં તે દોષ થાય.

બીજી દિશા વિધમાન ન હોય તો ત્રીજી દિશામાં પડિલેહણ કરે, તેમાં એ જ ગુણો પ્રાપ્ત થાય, જે પહેલીમાં કહ્યા છે. ત્રીજી દિશા વિધમાન હોવા છતાં જો ચોથી દિશા પડિલેહે, તો તે જ દોષ પામે, જે દોષ ચોથીમાં કહ્યા છે. એ પ્રમાણે બાકીની દિશા પણ જાણવી.

દિશા નામે બીજું દ્વાર કહ્યું.

૦ હવે અનંતક - લંબાઈ અને પહોળાઈમાં અનંતકનું જે પ્રમાણ કહેલ છે, તેથી લંબાઈ-પહોળામાં જે અતિરેકવત્ પ્રાપ્ત થાય, ચોખ્ખું - પવિત્ર અને શ્વેત કે જેમાં મેલ નથી, ચિત્રયુક્ત ન હોય, પવિત્ર સુગંધી હોય તે ગચ્છમાં જીવિતોપક્રમ નિમિત્તે ધારણ કરવું જોઈએ.

જઘન્યથી ત્રણ વસ્ત્ર [અનંતક] છે. એક - વિસ્તારવા માટે, બીજા વડે ઢાંકવા માટે અને જે ત્રીજુ છે, તે ઉપર ઓઢાડાય છે. આ ત્રણે જઘન્યથી ઉત્કર્ષથી ગચ્છને જાણીને વધારે પણ ગ્રહણ કરે છે. જો ન ગ્રહણ કરે તો પ્રાયશ્ચિત્ત આવે છે - આજ્ઞા વિરાધના થાય.

વિરાધના આ રીતે — મલિન કુવસ્ત્રો લઈ જવાતા જોઈને લોકો કહે છે — આ લોકમાં જ આની આ અવસ્થા છે, તો પરલોકમાં પાપતરા થશે. પવિત્ર અને ચોખ્ખા વસ્ત્રને લોકો પ્રશંસે છે — અહો સુંદર ધર્મ છે, એ રીતે દીક્ષા સ્વીકારે છે કે શ્રાવકધર્મ અંગીકાર કરે છે.

અથવા અનંતક ન હોય તેથી રાત્રિના લઈ જશું, એમ વિચારી સ્થાપી રાખે, તો ઉત્થાનાદિ દોષો લાગે છે.

ઉક્ત કારણે અનંતકોને ગ્રહણ કરવા જોઈએ. તેને મોટા સાધુ રક્ષણ કરે છે. પક્ખિ, ચૌમાસી, સંવત્સરીમાં પ્રતિલેખના કરે છે. અન્યથા તે મેલા થઈ જાય છે.

રોજેરોજ જો પડિલેહણ કરે તો પણ તે વસ્ત્રો મેલા થાય. અહીં આ ગાથા કહી છે—

**● પા.નિ.-૩૬ :-**

**પૂર્વે દ્રવ્યાલોચન, પૂર્વે કાષ્ઠનું ગ્રહણ કરવું. અનિમિત્તે મૃત્યુ થઈ જાય તો ? તે માટે આ કલ્પ ગચ્છમાં જાણવો.**

**● વિવેચન-૩૬ :-**

આ નિર્યુક્તિની અક્ષરગમનિકા આ પ્રમાણે છે —

પૂર્વના રહેલાં જ તૃણ-ડગલ-રાખ આદિ દ્રવ્યનું અવલોકન કરે. કાષ્ઠનું ગ્રહણ પણ ત્યાં કે બીજે પહેલાં કરે. કાષ્ઠ ગ્રહણની વિધિ —

વસતિમાં રહેતા સાગારિકને ત્યાં વહન લાયક કાષ્ઠનું અવલોકન કરે છે. આ વહનકાષ્ઠનું અવલોકન શા માટે ?

કોઈ અનિમિત્ત મરણથી જો રાત્રે કાળ કરે, ત્યારે જો સાગારિક વહનના કાષ્ઠની અનુજ્ઞા આપે તો તેને ઉઠાવે. ત્યારે અપ્‌કાય, ઉદ્યોત આદિ અધિકરણ દોષો તેમ ઉઠાવવામાં ન લાગે.

જો એક જ સાધુ તેને લઈ જવા સમર્થ હોય તો કાષ્ઠ ગ્રહણ ન કરે. જો સમર્થ ન હોય તો ત્યારે જેટલો સમર્થ હોય તેમ કરે, પછી તે પૂર્વ પ્રતિલેખિત કાષ્ઠ વડે મૃતકને લઈ જાય.

જો તે કાષ્ઠ ત્યાં જ જો પરઠવે તો બીજા વડે ગ્રહણ કરાતાં અધિકરણ થાય. સાગારિક કે કોઈ તેને ન જુએ એ રીતે લઈ જાય તો દ્વેષથી વ્યુચ્છેદ આદિ કરે. તેથી (વિધિપૂર્વક) લાવવા જોઈએ.

જો ફરી લાવીને તે રીતે જ પ્રવેશ કરે તો સાગારિક જોઈને મિથ્યાત્વને પામે. આ લોકો બોલે કે — અમને અદત્ત ન કલ્પે. આ કાષ્ઠ આ રીતે ગ્રહણ કરેલા હતા. અથવા એમ બોલે કે — ઓ શ્રમણો ! ફરી પણ તે પ્રમાણે જ લાવેલા છો, શું આના વડે સરજસ્કો પણ જિતાયા. જુગુપ્સનીય મૃતકનું વહન કરીને મારે ઘેર લાવો છો ? આ પ્રમાણે ઉડ્ડાહણા કરે કે વ્યુચ્છેદ કરે.

જે કારણે આ દોષો છે, તે કારણે એ રીતે લાવે કે — એક તેને ગ્રહણ કરીને બહાર ઉભો રહે, બાકીના અંદર આવે. જો ત્યાં સુધી સાગારિક ઉભો ન થયો હોય તો અંદર લાવી, તે પ્રમાણે જ મૂકી દે, જેમ પહેલાં હતા અથવા જો તે ઉઠી ગયો હોય તો એમ કહે કે — તમે ઉંઘતા હતા, તેથી અમે તમને ઉઠાડ્યા નહીં. રાત્રિના જ સાધુ કાળધર્મ પામ્યા. તેથી અમે તમારી આ વહની [નનામી જેવા કાષ્ઠો] લઈ ગયેલા.

હવે જો તે એમ કહે કે આ પારિસ્થાપના કરો અથવા અંદર લાવો તો તે પ્રમાણે કરે.

હવે જો તેના વડે ન જાણે તેમ સ્થાપેલ હોય અને પછી તે સાગારિક જાણે અને કહે કે આ વહનીને પરઠવી દો, તો પરઠવે. જો ત્યાં તે તીવ્રરોષ કરે, તો આચાર્ય કોઈકને પૂછે કે — આ કોણે કર્યુ ? અમુક સાધુએ આમ કર્યુ. ફરી આચાર્ય



તેને કહે કે — કેમ પૂછ્યા વિના આ પ્રમાણે કરો છો ? એમ બોલીને તે સાગારિકની આગળ નિર્ભર્ત્સના કરી સાધુને કાઢી મૂકે.

તે વખતે જો સાગારિક એમ બોલે કે — તેને કાઢી ન મૂકો, તે ફરી આવું નહીં કરે, તો ઘણું સારું. પણ જો એમ કહે કે — અહીં રહેતા નહીં. તો પછી તે સાધુ બીજાની વસતિમાં રહે.

માયાકપટથી જો કોઈ સાધુ બોલે — આ મારો સ્વજન છે, જો તેને કાઢી મૂકશો તો હું પણ ચાલ્યો જાઉં છું. અથવા કોઈ સાગારિક સાથે કલહ કરે, તો તેને પણ કાઢી મૂકે.

જો બહાર કંઈ ભય હોય કે વસતિ જ ન હોય તો બધાં જ ત્યાંથી નીકળી જાય. અનંતક કાષ્ઠ દ્વાર કહ્યું.

હવે ‘‘કાળ’’ એ દ્વાર, તે દિવસે કાળ કરે કે રાત્રિના કરે.

**● પા.નિ.૩૭ :-**

**મુનિ જો સહસા કાળ પામી જાય તો, સૂત્રાર્થગૃહીત સારમુનિ વડે વિષાદ ન કરવો, પણ વોસિરાવવાની વિધિ કરવી.**

**સહસા કાળ પામે તે આસુકારી વડે —**

**● પા.નિ.૩૮ થી ૪૦ :-**

**(૩૮) જે વેળા કાળ પામે, નિષ્કારણ કારણે નિરોધ થાય, છેદન-બંધન-જગ્ગણ-કાયિક માત્ર-હસ્તપુટ [વ્યાખ્યા જુઓ.]**

**(૩૯) અન્યાવિષ્ટ શરીરમાં, પ્રાંતા કે દેવતા ઉભા થાય, ડાબા હાથે કાયિકી-પેશાબ લઈ છાંટે, હે ગુહ્યક ! ઉભો ન થા.**

**(૪૦) ત્રાસ આપે, હાસ્ય કરે, ભીમ કે અટ્ટહાસ્ય મૂકે, તો ડર્યા વિના ત્યાં વોસિરાવવાની વિધિ કરવી જોઈએ.**

**● વિવેચન-૩૮ થી ૪૦ :-**

ઉક્ત ત્રણ નિર્યુક્તિનું વ્યાખ્યાન કરતાં કહે છે કે —

દિવસના કે રાત્રિના જે વેળાએ કાળધર્મ - મૃત્યુ પામે, તે જ વેળામાં જો કોઈ કારણ ન હોય તો કાઢી જવો.

જો કોઈ કારણ હોય તો મૃતકને સ્થાપી રાખે. શું કારણ હોય ? રાત્રિમાં ત્યાં આરક્ષકો, ચોર અને શ્વાપદનો ભય રહે છે. ત્યાં સુધી દ્વાર પણ ન ઉઘાડવા. તે નગરમાં મહાજન ન્યાયી હોય અથવા દંડિકાદિ વડે આદર કરે, તે નગરમાં શ્રાવકોમાં, કુળોમાં જે લોક વિખ્યાત હોય કે પ્રત્યાખ્યાત ભક્ત હોય, સજ્ઞાતીયો હોય તેને કહે — અમને પૂછ્યા વિના આ મૃતક ન લઈ જશો.

અથવા તે લોકોમાં એવો રીવાજ હોય કે રાત્રિના ન કાઢવા. તો એવા કારણોથી રાત્રે મૃતકને ન લઈ જાય.

દિવસમાં પણ ચોખ્ખા અનંતક ન હોય તો કે દંડિક આવતો કે જતો હોય તો, તે દિવસમાં પ્રતીક્ષા કરે.

આવા કારણે નિરુદ્ધમાં - મૃતક ન લઈ જવામાં આ વિધિ છે —

છેદન બંધન ઈત્યાદિ૦ તે જે મૃતક હોય તેને લાંછિત કરે, બંધન એટલે અંગુઠાનું બંધન કરે અથવા સંથારાને પારિસ્થાપનિકા નિમિત્તે દોરડા વડે ઉંચો વહન કરે.

જાગરણ - જેઓ શૈક્ષ, બાલ કે અપરિણત હોય તેઓને દૂર કરાય છે અને જે ગીતાર્થ અને અભીરુ હોય, નિદ્રાવિજેતા, ઉપાય કુશલ, આશુકારી હોય, મહાબલ પરાક્રમી, મહાસત્ત્વી, દુર્ધર્ષ હોય, કૃતકરણ અને અપ્રમાદી હોય આવા વિશિષ્ટ ગુણવાનો જાગે છે.

કાયિકી માત્ર - જાગતા હોય તે કાયિકી માત્ર ન પરઠવે.

હસ્તપુટ - જ્યારે મૃતક ઉભો થાય ત્યારે કાયિકી માત્રકથી હસ્તપુટ વડે કાયિકી ગ્રહણ કરીને સીંચે છે. જો ફરી ઉભો થાય તો તેનું શરીર છેદ્યા કે બાંધ્યા વિના તે જાગે છે કે સુતો છે તેમ કહે તો આજ્ઞાદિ દોષ લાગે. કઈ રીતે દોષ લાગે? તે કહે છે –

અન્યાવિષ્ટ શરીર - વિશેષથી ફરી પ્રાંતા કે દેવતા ઉભા થાય. અહીં પ્રાંત એટલે પ્રત્યનીકો, તે પ્રાંતા દેવતા છળ કરે છે. મૃત ક્લેવરમાં પ્રવેશીને ઉભા થાય છે, નૃત્ય કરે છે કે દોડે છે.

જે કારણે આ બધાં દોષો છે, તે કારણે મૃતકને છેદ કરાય છે કે બાંધવામાં આવે છે. પછી જાગવામાં આવે છે.

જાગવા છતાં કદાચ ઉભો થાય તો આ વિધિ છે –

''કાયિકી વામહસ્તેન'' કાયિકી એટલે મૂત્ર. તેને પાત્રમાં લઈ ડાબા હાથથી ગ્રહણ કરવું. પછી આ પ્રમાણે બોલે કે – હે ગુહ્યક! તું બોધ પામ અને આને છોડી દે. અથવા મુક્ત થા. હવે સંથારામાંથી ઉઠતો નહીં. બોધ પામ અને પ્રમાદી ન થા. અહીં ગુહ્યક શબ્દનો અર્થ ''દેવ'' એવો કર્યો છે. [કેમકે દેવ ગુહ્ય રીતે ત્યાં વસે છે.]

વળી તે જાગૃત થાય અને કથંચિત્ આવા દોષો થાય - કેમકે ત્રાસ પહોંચાડે, હસે વગેરે તે આ પ્રમાણે – વિત્રાસણ - વિકરાળ રૂપ આદિ દેખાડે. હસન - સ્વાભાવિક હસવું. ભીમ-ભયાનક, અટ્ટહાસભીષણ રોમ હર્ષજનક શબ્દોને છોડે.

આવું કરે ત્યારે શું કરવું ?

જરા પણ ડર્યા વિના, જ્યારે તે આવું વિત્રાસન આદિ કરે ત્યારે વિધિપૂર્વક પૂર્વોક્ત પ્રતિપાદ્યમાન એવા વ્યુત્સર્જન - મૂત્રને ત્યાં પરઠવવું [મૃતક ઉપર છાંટવું]

જ્યારે સાધુ કાળધર્મ પામેલ હોય ત્યારે જ તેના હાથ અને પગ બંનેને સીધા કરી દેવા, કેમકે પછી જો અક્કડ થઈ જાય તો તેને સીધા કરવાનું સહેલું હોતું નથી.

તેની આંખોને પણ બંધ કરી દેવી જોઈએ.

તેના મુખ ઉપર મુહપતિ બાંધી દેવી જોઈએ.

તેના આંગળાના અંતરમાં જે સાંધા હોય, તેમાં પાઠા ભરાવે, પગના અંગુઠા અને હાથના અંગુઠા સાથે તેને બાંધી દે. દૃષ્ટાંતાદિ કહે. એ પ્રમાણે જાગતા રહે, આ વિધિ કરવી જોઈએ.

કાળ-દ્વાર પ્રસંગસહિત કહ્યું.



હવે કુશપ્રતિમા દ્વાર કહે છે. તેમાં આ ગાથા છે –

● પા.નિ.૪૧ :-

**બે સાર્ધક્ષેત્ર - અઢી ક્ષેત્રમાં, દર્ભમય પુતળા બનાવવા, સમ ક્ષેત્રમાં એક, અપાર્ધ અને અભિજિત્‌માં પુતળા ન કરવા.**

● **વિવેચન-૪૧ :-**

અઢી ક્ષેત્ર નક્ષત્રમાં ઘાસના બે પુતળા બનાવવા, સમક્ષેત્રમાં એક પુતળુ બનાવે. અપાર્ધ ભોગી નક્ષત્ર અને અભીચિ નક્ષત્રમાં પુતળું ન બનાવે આ ગાથાના અક્ષરાર્થ કહ્યો.

એ પ્રમાણે બીજાની પણ અક્ષરગમનિકા સ્વબુદ્ધિથી કરવી.

આ ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે – જે સમયે સાધુકાળ કરે ત્યારે કહ્યું નક્ષત્ર છે, તે જોવું. જો ન જુએ તો તે અસમાચારી છે. જોઈને પીસ્તાળીશ મુહૂર્ત્તવાળા નક્ષત્રમાં બે પુતળા કરવા. જો તેમ ન કરાય તો બીજા બે ને મારી નાંખે છે. તો તે પીસ્તાલીશ મુહૂર્ત્તવાળા નક્ષત્ર કયા છે ? તે નક્ષત્રોને હવેની ગાથામાં બતાવે છે–

● પા.નિ.૪૨ :-

**ત્રણે ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા. આ છ નક્ષત્રો પીસ્તાળીશ મુહૂર્ત્ત સંયોગવાળા છે.**

● **વિવેચન-૪૨ :-**

ત્રણ ઉત્તરા - ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ.

ત્રીશ મુહૂર્ત્તોમાં વળી પંદર નક્ષત્રોમાં એક પુળું કરાય છે. તેમ ન કરવાથી એકનું મૃત્યુ થાય છે. ત્રીશ મુહૂર્ત્તવાળા નક્ષત્ર આ છે –

● પા.નિ.૪૩,૪૪ :-

**અશ્વિની, કૃતિકા, મૃગશિર, પુષ્ય, મઘા, ફલ્ગુ, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, અષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, ભાદ્રપદ, રેવતી. આ પંદર નક્ષત્રો ત્રીશ મુહૂર્ત્તવાળા થાય. પારિષ્ઠાપનાવિધિના કુશળ સાધુએ નક્ષત્રો જાણવા જોઈએ.**

**પંદર મુહૂર્ત્તવાળા નક્ષત્રો અને એક અભિજિતમાં એક પણ પુતળું કરવું નહીં. તે નક્ષત્રો આ પ્રમાણે –**

● પા.નિ.૪૫ :-

**શતભિષજ્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જયેષ્ઠા. આ છ નક્ષત્રો પંદરમુહૂર્ત્ત સંયોગવાળા છે.**

● **વિવેચન-૪૫ :-**

કુશપ્રતિમા દ્વાર કહ્યું. હવે 'પાનક' દ્વાર કહે છે –

● પા.નિ.૪૬ :-

**સૂત્ર, અર્થ અને તદુભયના જાણકારની આગળ પાનક અને ઘાસ લઈને જાય અને જે રીતે ઉડ્ડાહણા ન થાય, તે રીતે હાથ-પગની પારિષ્ઠાપના કરી આચમન કરે.**

● **વિવેચન-૪૬ :-**

આગમ વિધિજ્ઞ માત્રક વડે સારી રીતે સંસૃષ્ટ પાણી અને ઘાસને સમચ્છેદ કરીને

પરસ્પર અસંબદ્ધ હાથ ચાર અંગુલ પ્રમાણ લઈને આગલ કે પાછળ ન જોતો ચાલે સ્થંડિલાભિમુખ જાય કે જે પૂર્વે જોયેલ હોય. દર્ભાદિ ન હોય તો કેસરા કે ચૌર્ણને ગ્રહણ કરે. જો સાગારિક હોય તો ત્યારે બંને હાથ-પગને સ્થાપિત કરીને શૌચ કરે, આચમન કરે. ત્યારપછી આચમન ગ્રહણ કરીને જે-જે રીતે ઉડ્ડાહણા ન થાય તેમ કરે.

હવે નિવર્તન દ્વાર કહે છે –

● પા.નિ.-૪૭ :-

વ્યાઘાતમાં સ્થંડિલ અથવા અનાભોગથી અનિષ્ટ સ્થંડિલ હોય ત્યારે ફરીને - પ્રદક્ષિણા ન કરતો જાય. તે જ માર્ગે ન નિવર્તે.

● વિવેચન-૪૭ :-

એ પ્રમાણે લઈ જતાં સ્થંડિલને વ્યાઘાતમાં, જો વ્યાઘાત હોય તો તે પાણી અને વનસ્પતિ સંમિશ્ર થઈ જાય. અથવા અનાભોગથી કે અનિષ્ટ સ્થંડિલભૂમિ હોય ત્યારે ફરીને પ્રદક્ષિણા ન કરતો જાય. જો તે જ માર્ગથી નિવર્તે તો અસામાચારી થાય.

કદાચિત્ મૃતક ઉભું થાય. તે જ્યાં ઉભો થાય, પછી ચાલવા માંડે [દોડે] પછી જ્યાંથી ઉઠે, તો તે તરફ ચાલવા માંડે. જે ગામથી હોય તે તરફ જ ચાલે. તેથી ફરીને જ્યાં સ્થંડિલ ભૂમિ અવધારેલી હોય ત્યાં જવું જોઈએ. પણ તે જ માર્ગે જવું નહીં.

નિવર્તન દ્વાર કહ્યું.

● પા.નિ.૪૮ :-

કુશ મુષ્ટિ વડે એક અવિચ્છિન્ન એવી ધારાથી સંથારો પાથરવો, સર્વત્ર સમ જ કરવો જોઈએ.

● વિવેચન-૪૮ :-

જો સ્થંડિલભૂમિ પ્રમાર્જિત હોય તો કુશમુષ્ટિ વડે એક અને અવિચ્છિન્ન ધારાથી સંથારો સંથરે-ફેલાવે. તે બધે જ સમ કરવો જોઈએ. વિષમ સંથારામાં આ દોષો લાગે છે –

● પા.નિ.૪૯,૫૦ :-

જો તૃણો ઉપર, મધ્યે કે નીચે વિષમ હોય તો મરણ કે ગ્લાનત્વ આવે તેથી આ ત્રણેનો નિર્દેશ કર્યો છે –

જો વિષમ સંથારો હોય તો તેમાં ઉપર આચાર્યનું, મધ્યે વૃષભ-મોટા સાધુનું અને નીચે ભિક્ષુ-સાધુનું. મરણ કે ગ્લાનત્વ અનુક્રમે વિષમ સંથારામાં જાણવું. તેથી આ ત્રણેની રક્ષા માટે સર્વત્ર સમ સંથારો કરવો.

● વિવેચન-૪૯,૫૦ :-

બંને ગાથા પાઠસિદ્ધ છે, જો તૃણ ન હોય તો આ વિધિ છે –

● પા.નિ.૫૧ :-

જો તૃણો ન હોય તો ત્યાં ચૂર્ણ કે કેશરા વડે અવ્યુચ્છિન્ન ધારાથી ક કાર કરવો, તેની નીચે ત કાર બાંધવો.

જો ચૂર્ણ કે કેસર ન હોય તો પ્રલેપાદિ વડે પણ કરે છે.

તૃણનું દ્વાર પૂરુ થયું. હવે શીર્ષ દ્વાર કહે છે–



● પા.નિ.૫૨ :-

જે દિશામાં ગામ હોય તે દિશામાં મસ્તક કરવું, જો ઉભો થાય તો સંક્ષેપથી આ વિધિ રક્ષણાર્થે કહી છે.

● વિવેચન-૫૨ :-

પરિષ્ઠાપન કરવા જતી વેળાએ જે દિશામાં ગામ હોય તે મસ્તક કરવું જોઈએ. ઉપાશ્રય-વસતિથી લઈ જવાતા હોય ત્યારે પહેલા બંને પગ બહાર કાઢવા, પછી મસ્તક કાઢવું. શા માટે ?

ઉભો થઈ જાય તો રક્ષણ માટે

જો ઉભો થાય તો સીધો ચાલવા માંડે, કેમકે ફરીને જવાનું તે અમંગલ છે, એમ માને છે. –૦– મસ્તક દ્વાર કહ્યું.

હવે ઉપકરણ દ્વાર કહે છે –

● ગાથા-૫૩ :-

ઉપકરણોને સ્થાપવા જોઈએ, તેમ ન કરવામાં દોષ લાગે છે. મિથ્યાત્વ પામે, ગામના વધકરણમાં પ્રવૃત્ત થાય.

● વિવેચન-૫૩ :-

પારિષ્ઠાપન કરતી વેળાએ યથાજાત ઉપકરણ – મુખવસ્ત્રિકા, રજોહરણ અને ચોલપટ્ટક સ્થાપવા - રાખવા જોઈએ. જો એ પ્રમાણે ન સ્થાપે તો અસામાચારી, આજ્ઞા વિરાધના દોષ લાગે.

ત્યાં તેને જોનાર લોકોએ દંડિક કહ્યો, તે સાંભળી, કોપાયમાન થઈ, કોઈને ઉપદ્રાવિત કરે, એ રીતે ગ્રામ વધ કરે, મિથ્યાત્વ પામે.

જેમ ઉજ્જૈનીમાં તે વર્ણના વેશથી કાળધર્મ પામી - મરીને મિથ્યાત્વ ઉપજ્યું, પછી આચાર્ય વડે પ્રતિબોધિત કરાયો, જે ગામની સમીપે પરઠવેલ હતો, તે ગામે અમુક સમય પછી દંડિક વડે પ્રતિવૈર આપ્યું. આ દોષો અચિહ્ન કરવામાં થાય છે.

ઉપકરણ દ્વાર કહ્યું.

હવે ઉત્થાન દ્વાર કહે છે. તેમાં આ બે ગાથા છે –

● પા.નિ.૫૪,૫૫ :-

વસતિ, નિવેશન, શાખા, ગ્રામ મધ્યે, ગ્રામદ્વારે, અંતર, ઉદ્યાનાંતર, નૈષેધિકી, ઉત્થિત કહેવું.

વસતિ, નિવેશન, શાખા, ગ્રામાર્દ્ધ, ગામે મૂકવો. મંડલ કાંડ દેશમાં નૈષેધિકી, રાજ્યે, મુકવું જોઈએ.

● વિવેચન-૫૪,૫૫ :-

ઉક્ત બે ગાથાનું વ્યાખ્યાન – મૃત કલેવર કાઢતી વખતે વસતિમાં ઉભું થાય, તો વસતિ છોડી દેવી. નિવેશનમાં ઉભું થાય, તો નિવેશન છોડી દેવું તેમાં નિવેશન એટલે એક દ્વારવાળું, ફરતું બંધાયેલા અનેકગૃહ સહ ફળીયુ હોય તે. પાટક [પાળા] માં ઉભો થાય, તો પાળો છોડી દેવો. અહીં પાટક એટલે શાખા-ઘરોની પંક્તિ.

જો ગામ મધ્યે ઉભો થાય તો ગ્રામાર્દ્ધ છોડી દેવી. ગ્રામ દ્વારે જો ઉભો થાય

તો ગામ છોડી દેવું. ગામના ઉદ્યાનના અંતરમાં ઉભો થાય તો મંડલ છોડી દેવું. મંડલ એટલે વિષયમંડલ - દેશનો લઘુતમ વિભાગ. ઉદ્યાનમાં ઉભો થાય તો કાંડ [-દેશનો લઘુતર ભાગ]માં છોડી દેવું. અહીં કાંડ એ દેશ ખંડ છે, તે મંડલથી મોટું કહેવાય છે. ઉદ્યાનની નૈષેધિકીના અંતરે ઉભો થાય તો તે દેશ [લઘુ] છોડી દેવો. નૈષેધિકીમાં ઉભો થાય તો તે રાજ્ય છોડી દેવું.

એ પ્રમાણે લઈ જવાની વિધિ કહી.

તેમાં પરિષ્ઠાપિત કરવામાં ગીતાર્થો એક પડખે મુહૂર્તની પ્રતિક્ષા કરે છે. કદાચિત્ જો પરિષ્ઠાપિત કરવા છતાં પણ ઉભો થાય, ત્યાં નૈષેધિકીમાં ઉભો થાય અને જો ત્યાં જ પડી જાય તો તે ઉપાશ્રય છોડી દેવો. નૈષેધિકીથી ઉદ્યાનના અંતરામાં જો પડી જાય તો તે નિવેશન છોડી દેવું. ઉદ્યાનમાં પડી જાય તો શાખા-પાળો છોડી દેવો.

ઉદ્યાનના અને ગામના અંતરામાં જો પડી જાય તો ગ્રામાર્દ્ધ છોડી દેવું. ગામના દ્વારે પડી જાય તો ગામ છોડી દેવું, ગામની મધ્યે પડી જાય તો મંડલ છોડી દેવું.

શાખામાં પડી જાય તો કાંડ છોડી દેવો. નિવેશનમાં પડી જાય તો તે દેશ છોડી દેવો, વસતિમાં પડી જાય તો રાજ્ય છોડી દેવું.

કાઢી ગયા પછી જો બીજી વખત પણ આવી જાય તો બે રાજ્યો છોડી દેવા. ત્રીજી વખત આવે તો ત્રણ રાજ્યો છોડી દેવા. ત્યારપછી ઘણીવાર જો પ્રવેશે, તો ત્રણ જ રાજ્યો છોડવા. ભાષ્યકાર કહે છે —

**• ભાષ્ય-૨૦૬ + વિવેચન :-**

**અહીં વિપર્યય ક્રમના સ્વીકારમાં તુલ્યતા જ વૈવિધ્ય છે. તથા નિર્ગમનમાં પણ ગ્રામ દ્વારે ઉત્થાનમાં ગ્રામ પરિત્યાગ કહ્યો છે. અહીં પણ તે જ તુલ્યતા છે.**

**નિર્યૂઢ-કાઢી ગયા પછી જો બીજી વખત પાછો આવે તો બે રાજ્યો છોડી દેવા, ત્રીજી વખત પાછો આવે તો ત્રણ રાજ્યો છોડી દેવા. ત્યારપછી જો ઘણીવાર આવે તો પણ ત્રણ જ રાજ્ય છોડવા.**

**• પા.નિ.૫૬ :-**

**અશિવાદિ કારણે ત્યાં વસતાને જેને જે તપ હોય, અભિગૃહિત અભિગ્રહથી તેને તે યોગની પરિવૃદ્ધિ થાય છે.**

**• વિવેચન-૫૬ :-**

જો અશિવ આદિ કારણોથી બહાર ન નીકળે, ત્યારે ત્યાં જ વસતો યોગની વૃદ્ધિ કરે છે.

નમસ્કારિકા [નવકારસીવાળા] પૌરુષી કરે છે, પૌરુષીવાળા પુરિમઢ્ઢ કરે છે. જો સામર્થ્ય હોય તો આયંબિલ પારે છે.

જો તે માટે સમર્થ ન હોય તો નિવિગ્ગઈ કરે છે.

તે માટે પણ સમર્થ ન હોય તો એકાસણું કરે છે. એ પ્રમાણે સદ્વિતીય, પૂર્વાર્ધીયાથી ચતુર્થ, ચતુર્થીયા છઠ્ઠ કરે ઈત્યાદિ વિભાષા.

ઉત્થાન દ્વાર કહ્યું. હવે નામગ્રહણ દ્વાર કહે છે —



**• પા.નિ.૫૭ :-**

**જો એકનું નામ ગ્રહણ કરે તો એકનો, બેનું ગ્રહણ કરે અથવા તો બધાંનું ગ્રહણ કરે તો જલ્દીથી તેનો લોચ કરવો. પરિજ્ઞા ગણ ભેદ બારનો તપ અપાય છે. [અથવા વૃત્તિમાં કહ્યું તેમ જાણવું.]**

**• વિવેચન-૫૭ :-**

જેટલાં નામો ગ્રહણ કરે છે, તેટલાનો જલ્દી લોચ કરવો.

'પરિજ્ઞા' પાંચ ઉપવાસ અપાય છે. તે માટે સમર્થ ન હોય તો ચાર ઉપવાસ, અઠ્ઠમ, છઠ્ઠ કે એક ઉપવાસ અપાય છે.

ગણભેદ કરાય છે, ગણથી બહાર કઢાય છે.

નામગ્રહણ દ્વાર કહ્યું. હવે પ્રદક્ષિણા દ્વાર કહે છે —

**• પા.નિ.૫૮ :-**

**જે જ્યાં હોય તે ત્યાંથી જ નિવર્તે છે, પ્રદક્ષિણા કરતો નથી. કેમકે ઉત્થાનાદિ દોષો અને બાલ-વૃદ્ધની વિરાધના થાય છે.**

**• વિવેચન-૫૮ :-**

પારિષ્ઠાપન કરીને જે જ્યાં હોય તે ત્યાંથી જ નિવર્તે છે. પણ પ્રદક્ષિણા કરતાં નથી, કેમકે જો તેમ કરતાં મૃતક ઉભો થાય તો બાળ અને વૃદ્ધ આદિની વિરાધના થાય છે. કેમકે તે જેની અભિમુખ સ્થાપિત હોય તે તરફ જ ચાલે છે [દોડે છે.]

પ્રદક્ષિણા પદ કહ્યું. હવે કાયોત્સર્ગકરણ —

**• પા.નિ.-૫૯ :-**

**ઉત્થાનાદિ દોષો ત્યાં જ કાયોત્સર્ગ કરવામાં થાય છે. તેથી ઉપાશ્રયે આવીને ગુરુની પાસે વિધિપૂર્વક કાયોત્સર્ગ કરે.**

**• વિવેચન-૫૯ :-**

કોઈ પૂછે કે — ત્યાં જ શા માટે કાયોત્સર્ગ કરતા નથી. તો કહે છે કે — ઉત્થાનાદિ દોષો લાગે છે.

ત્યાંથી આવીને ચૈત્યગૃહે જાય છે. ચૈત્યોને વાંદીને શાંતિને માટે અજિત-શાંતિ સ્તવ કહે છે. અથવા ત્રીજી સ્તુતિ ઘટાડતાં કહે છે.

ત્યાંથી આવીને આચાર્યની પાસે અવિધિ પારિષ્ઠાપનાને માટે કાયોત્સર્ગ કરે છે. આટલો વૃદ્ધ સંપ્રદાય છે.

વળી આચરણા ઉન્મસ્તક રજોહરણ વડે ગમનાગમન આલોચે છે. પછી ઈર્યાપથ પ્રતિક્રમે છે. પછી ચૈત્યાને વાંદે ઈત્યાદિ શિવમાં - જો અશિવ ન હોય તો વિધિ કહી છે. અશિવમાં ન કરે.

જે ઉપાશ્રય-વસતિમાં ઉચ્ચાર-પ્રશ્રવણ-શ્લેષ્મ-માત્રકોને શોધે છે [શુદ્ધિ કરે છે] વસતિને પ્રમાર્જે છે.

કાયોત્સર્ગ દ્વાર કહ્યું. હવે ક્ષપણા અને અસ્વાધ્યાય દ્વાર —

**• પા.નિ.૬૦ :-**

**ક્ષપણ અને અસ્વાધ્યાયમાં રાત્નિક, મહાનિનાદ કે નિજકોને છે. બાકીનાને**

ક્ષપણ કે અસ્વાધ્યાય હોતી નથી.

● વિવેચન-૬૦ :-

ક્ષપણ અને અસ્વાધ્યાય, રાત્નિક એટલે આચાર્ય, મહાનિનાદ તે મહાજનજ્ઞાત કે નિજકો - સજ્ઞાતીયોને હોય છે. કેમકે તેમને અધૃતિ હોય છે. બાકીના સાધુમાં ક્ષપણા કરાતી કે સ્વાધ્યાયિક હોતા નથી. એટલે કે સ્વાધ્યાય પણ કરાય છે, તેમ કહ્યું.

આ પ્રમાણે અશિવ ન હોય ત્યાં સુધી [શિવમાં] કહ્યું. અશિવમાં ક્ષપણને યોગવૃદ્ધિ કરાતી નથી. કાયોત્સર્ગ અવિધિપારિષ્ઠા પનિકીમાં કરાતો નથી. ઉપાશ્રયમાં મુહૂર્ત્ત પ્રતિક્ષા કરે છે, જ્યાં સુધી ઉપયુક્ત થાય. ત્યાં યથાજાત કરાતા નથી.

તેમાં જે સંથારા વડે નિષ્કાશિત કરાયા હોય - કઢાયેલા હોય તે અવિકલ્પ્ય કરાય છે. જો ન કરે તો અસામાચારી વધે છે અથવા પ્રાંતા દેવતા અધિકરણ લાવે છે. માટે વિકરણ એ કર્તવ્ય છે.

ક્ષપણા સ્વાધ્યાય દ્વાર કહ્યું. હવે અવલોકન દ્વાર —

● પા.નિ.૬૧,૬૨ :-

અવરજ્જય, પછી સૂત્રાર્થ વિશારદ વડે - સ્થવિર વડે અવલોકન કરાય કે શું શુભાશુભ ગતિ થઈ છે ?

જે દિશામાં તે શરીર કઢાયું હોય, અક્ષુણ્ણ તે સમ્યક્ જુએ. તે દિશામાં સૂત્રાર્થ વિશારદ, ધીર શિવને કહે છે.

● વિવેચન-૬૧,૬૨ :-

અવરજ્જયસ્સ - બીજે દિવસે અવલોકન કરવું જોઈએ, શેનું ? શુભાશુભના જ્ઞાનાર્થે અને ગતિના જ્ઞાનાર્થે. પછી કોનું ગ્રહણ કરે ?

આચાર્યનું, મહર્દ્ધિકનું, પ્રત્યાખ્યાત ભક્તનું કે બીજા કોઈ મહાતપસ્વીનું, જે દિશામાં તેનું શરીર કઢાયેલ હોય, તે દિશામાં સુભિક્ષ અને સુખ વિહારને કહે છે.

જો ત્યાં જ કઢાયેલ હોય, ત્યારે તે દેશમાં શિવ, સુભિક્ષ અને સુખ વિહાર થાય છે. જેટલા દિવસ રહે, તેટલાં વર્ષો સુભિક્ષ થાય.

આ શુભાશુભ કહ્યું. હવે વ્યવહારથી ગતિ કહું છું.

● પા.નિ.૬૩ :-

અહીં સ્થલ કરણમાં વૈમાનિક, જ્યોતિષ્ક વાણવ્યંતર સમમાં થાય. ખાડો પડે તો ભવનવાસી થાય. સંક્ષેપથી આ ગતિ કહી.

● વિવેચન-૬૩ :-

આ ગાથા નિગદ સિદ્ધ જ છે. બે દ્વાર ગાથાની વ્યાખ્યા કહી. હવે તે જ દ્વારગાથા બીજીમાં જે વિધિ કહી છે, તે સર્વે ક્યાં કરવી, ક્યાં ન કરવી, તે પ્રતિપાદન કરતાં કહે છે —

● પા.નિ.૬૪ :-

આ બધી વિધિ જો શિવ હોય તો કરવી, જે જ્યાં વસે છે. અશિવમાં ખમણ વિવૃદ્ધિ અને કાયોત્સર્ગ વર્જવો જોઈએ.





● વિવેચન-૬૪ :-

અનંતર વ્યાખ્યાત વિધિ, મર્યાદા - સીમા - આચરણ એ એકાર્થક શબ્દો છે, તે કરવી જોઈએ. વ્યવહિત સંબંધ કર્તવ્ય છે.

ક્યાં ? જે સાધુ, જે ક્ષેત્રમાં વસે છે.

અશિવમાં શું કરે ? અશિવમાં ક્ષપણાનું વર્જન કરે. બીજું શું ? યોગ વિવૃદ્ધિ કરે છે. કાયોત્સર્ગ પણ કરતાં નથી.

હવે ઉક્તાર્થના ઉપસંહાર માટે ગાથા કહે છે —

● પા.નિ.૬૫ :-

આ દિશા વિભાગ જાણવો. દ્વિવિધ દ્રવ્ય હરણ કહ્યું. વોસિરાવવું, અવલોકન અને શુભાશુભ ગતિવિશેષ.

● વિવેચન-૬૫ :-

આ અનંતર ગાથાદ્વિકનો અર્થ છે. તે શું છે ? દિશા વિભાગને જાણવો જોઈએ. તેમાં દિશાવિભાગ - અચિત્ત સંયત પારિષ્ઠાપનિકી વિધિ પ્રતિ દિક્‌પ્રદર્શન સંક્ષેપથી દિક્‌પ્રતિપાદન કહેલ છે અથવા દિશાવિભાગ એ મૂલદ્વાર ગ્રહણ છે.

બાકીના દ્વારના ઉપલક્ષણ આ રીતે જાણવા.

અચિયત્ત પારિષ્ઠાપનિકી પ્રતિ આ દ્વાર વિવેક જાણવો.

બે પ્રકારે દ્રવ્યહરણ - બે પ્રકારે દ્રવ્ય એટલે પૂર્વકાળે ગૃહિત કુશ આદિ જાણવા તે અનુવર્તે છે. વ્યુત્સર્જન એટલે સંયતના શરીરને પરઠવવું તે અવલોકન એટલે બીજા દિવસે શુભાશુભ ગતિ વિશેષ અને વ્યંતરાદિમાં ઉપપાતનું નિરીક્ષણ કહ્યું છે.

આવી અચિયત્ત સંયત પારિષ્ઠાપનિકા કહી. હવે અસંયત મનુષ્યોની પારિષ્ઠાપનિકા કહીએ છીએ —

● પા.નિ.૬૬ :-

અસંયત મનુષ્યોની પારિષ્ઠાપનિકા બે ભેદે છે — હે સુવિહિત ! તે સચિત્તથી અને અચિત્તથી જાણવી.

● વિવેચન-૬ :-

આ ગાથા સ્વયં સિદ્ધ જ છે. તેમાં જે સચિત્તનો ભેદ કહ્યો, તો તેનો સંભવ કઈ રીતે થાય ? તે કહે છે —

● પા.નિ.૬૭ :-

કલ્પસ્થક રૂપ સંયતને વસતિમાં વોસિરાવે. ઉદયપથે, બહુસમાગમમાં અવલોકન કરીને ત્યાગ કરવો.

● વિવેચન-૬૭ :-

કોઈ વખત કોઈ અવિરતિક સંયતને વસતિમાં કલ્પસ્થક રૂપે સંહરે, તે ત્રણ કારણે પરઠવે ક્યા ? આનો ઉડ્ડાહ થાય, પ્રત્યનીકતાશત્રુતાથી ફેંકે, કોઈ સાધર્મિણી લિંગાર્થીની આણે મારો વેશ હરી લીધો છે. એમ માને પ્રતિનિવેશથી કલ્પસ્થક રૂપે વસતિ નજીકમાં સંહરે.

અથવા ચરિકા કે તે વર્ણની બ્રાહ્મણી વગેરે ''અમને અયશ ન થાઓ'' એમ વિચારી સંયત ઉપાશ્રયની નજીક સ્થાપે તેનાથી ઉડ્ડાહ થાય.

અનુકંપાથી કોઈ દુષ્કાળમાં બાળકરૂપને તજવાની ઈચ્છાથી વિચારે કે — આ ભગવંતો સત્ત્વના હિતાર્થે રહેલાં છે. આમની વસતિમાં જો હું સંહરું. તો આને ભોજન-પાન આપશે અથવા કોઈ શય્યાતર કે બીજાના ઘરમાં મૂકશે. તેથી સાધુના ઉપાશ્રયે રાખે.

ભયથી કોઈક રંડા કે પતિ બહાર ગયો હોય તેવી સંહરે કે આની અનુકંપા કરશે એમ માને. ત્યારે શું વિધિ છે ?

રોજેરોજ વસતિ વડીલ સાધુએ ચારે તરફથી ફરીને જોવી - વહેલી સવારે, સંધ્યાકાળે, મધ્યાહ્ને અને અર્ધરાત્રિમાં. જેથી આવા આવા દોષો ન લાગે. જો કોઈ આવીને છોડી જાય તો ફરિયાદ કરે કે — આ સ્ત્રી બાળકનો ત્યાગ કરીને નાસી ગઈ.

તે જાણીને લોકો જતી એવી તેણીને પૂછશે. પછી તે લોકો જે જાણશે તેમ કરશે. પણ ન જોઈ હોય તો ?

તો તે બાળકનો પાણી લેવાના માર્ગે અથવા જે પ્રદેશમાં જ્યાં લોકો જતાં હોય ત્યાં આગળ જઈને ઉભો રહે, પછી ત્યાં રાખીને અન્યતોમુખ કરીને પાછો ફરે, જેથી લોકો ન જાણે અથવા કોઈકની પ્રતિક્ષા કરતો રહે. જે રીતે તેને કાગડો, બીલાડો કે કુતરા મારી ન નાંખે.

જ્યારે કોઈક જુએ ત્યારે તે ત્યાંથી સરકી જાય.

આ રીતે સચિત્ત અસંયત મનુષ્ય પરિષ્ઠાપના કહી. હવે અચિત્ત અસંયત મનુષ્યની પારિષ્ઠાપના કહે છે —

● પા.નિ.૬૮ :-

**કોઈ પ્રયત્નીક શરીરને ફેંકે જે વનીપકનું અચિત્ત શરીર હોય, તો કાળની ઉપેક્ષા કરીને વિવેકથી તેનો ત્યાગ કરવો.**

● **વિવેચન-૬૮ :-**

કોઈ પ્રયત્નીક - શત્રુ કોઈ વનીપક-ભીખારીના શરીરને ફેંકે કે જેથી આમની ઉડ્ડાહણા થાય. તે વનીપક હોય કે ત્યાં આવીને મરી ગયો હોય અથવા કોઈએ તેને મારીને અહીં નિર્દોષ સ્થાન માનીને ત્યાગ કરેલ હોય.

અથવા અવિરતિક મનુષ્ય વડે ઉદ્‌બદ્ધ કરેલ હોય, તો ત્યાં તે પ્રમાણે જ બુમો પાડતો કહે છે — આ મરી ગયો છે. આ બાંધેલ સ્થિતિમાં મર્યો છે, તેનું નિવારણ કરો, તે મારિત આત્મા થશે. તેથી જોયા પછી સહેજ પણ સમય ન ગુમાવવો.

જો કોઈ ન હોય તો પડિલેહણ કરીને, જ્યાં કોઈનું નિવેશન ન હોય, ત્યાં ત્યાગ કરે કે ઉપેક્ષા કરે.

જ્યારે પ્રદોષકાળ થાય ત્યારે નીકળે. લોકોનો સંચાર ત્યારે ન હોય તો વિવેક-ત્યાગ કરવો. જે રીતે અહીં આદેશની ઉપેક્ષા ન થાય તે પ્રમાણે જ ત્યાગ કરવો. અતિપ્રભાતે અલ્પસાગારિકની પ્રતિક્ષા કરીને પછી તેનો ત્યાગ કરવો. જો કોઈ ત્યાં ફરતું ન હોય તો.



જો કોઈ ત્યાં ફરતું હોય, તો તેની ઉપર જ ફેંકે. આ પ્રમાણે વિપ્રહાન - ત્યાગ કરવો જોઈએ. વિવેક એટલે જે તે ત્યાં ભાંડ-ઉપકરણ હોય તેનો ત્યાગ કરે. જો લોહી હોય તો ત્યાગ ન કરે.

અચિત્ત અસંયત મનુષ્યની પારિષ્ઠાપના કહી.

હવે નોમનુષ્ય પારિષ્ઠાપનિકી કહે છે —

● પા.નિ.૬૯ :-

**નોમનુષ્યથી જે તે તિર્યંચ પારિષ્ઠાપનિકા છે, તે બે ભેદે છે. હે સુવિહિત ! સચિત્ત અને અચિત્ત ભેદે જાણવી.**

● **વિવેચન-૬૯ :-**

સ્વાભાવિક સિદ્ધ છે. બંને પણ એક ગાથા વડે કહે છે —

● પા.નિ.૭૦ :-

**ચોખાના પાણીમાં જલચર આદિ સચિત્ત હોય અથવા જળ-સ્થળ-આકાશમાં કાલગત અચિત્તનો ત્યાગ કરવો.**

● **વિવેચન-૭૦ :-**

નોમનુષ્ય બે ભેદે છે — સચિત્ત અને અચિત્ત.

સચિત્ત - ચોખાના પાણીમાં૦ ચોખાનું ધોવાણનું ગ્રહણ જેમ ઓઘનિર્યુક્તિમાં ત્યાં બૂડતાં એવા મત્સ્ય, દેડકી રહેલાં છે, તેને ગ્રહણ કરીને થોડાં પાણી વડે બહાર લઈ જવા.

પાણીનો દેડકો જળ જોઈને જ ઉછળશે. મત્સ્યને પકડીને નાંખવો. આદિ ના ગ્રહણથી સંસૃષ્ટ પાણી વડે કે ગોરસ કુંડમાં, કે તેલના ભાજનમાં વગેરે જાણવું. એ પ્રમાણે સચિત્ત કહ્યા.

અચિત્ત - અનિમેષ કોઈ પક્ષી કે પ્રત્યનીકે આણેલ હોય.

સ્થલચર - ઉંદર, ગરોળી વગેરે.

ખેચર - હંસ, કાગળો, મોર વગેરે.

જ્યાં સદોષ હોય ત્યાં વિક-અલ્પ સાગારિક પાસે જઈને રાવ-ફરિયાદ કરવી વગેરે વગેરે.

જ્યાં નિર્દોષ હોય તો રુચે ત્યારે ત્યાગ કરે.

ત્રસ-પ્રાણની પારિષ્ઠાપનિકા કહેવાઈ.

હવેનો ત્રસ-પ્રાણની પારિષ્ઠાપનિકી કહે છે —

● પા.નિ.-૭૧ :-

**નોત્રસપ્રાણ વડે જે આ પારિષ્ઠાપનિકા છે તે અનુક્રમે બે ભેદે કહેલી છે — હે સુવિહિત ! આહારમાં અને નોઆહારમાં.**

● **વિવેચન-૭૧ :-**

આ ગાથા સુગમ જ છે. વિશેષ એ કે નોઆહાર તે ઉપકરણાદિ.

● પા.નિ.૭૨ :-

**આહારમાં જે આ પારિષ્ઠાપનિકા છે, તે અનુક્રમે બે ભેદે છે — હે સુવિહિત !**

જાતા અને અજાતા.

● વિવેચન-૭૨ :-

આહારના વિષયમાં જે પારિસ્થાપનિકી છે, તે બે પ્રકારે અનુક્રમે હોય છે — આ બે ભેદને દર્શાવે છે —

જે પરિત્યાગને યોગ્ય આહાર વિષયક છે તે જાતા.

સુવિહિત ! સાધુને માટેનું આમંત્રણ પૂર્વવત્ જાણવું.

અજાતા - તેમાં અતિરિક્ત નિરવધ આહાર પરિત્યાગ વિષયા પારિસ્થાપનિકા છે તે અજાતા કહેવાય છે.

તેમાં 'જાતા' પારિસ્થાપનિકા સ્વયં જ પ્રતિપાદન કરે છે —

● પા.નિ.૭૩ :-

આધા કર્મ, લોભયુક્ત, વિષકૃત્ કે આભિયોગિક ગ્રહણ કરેલ હોય, આને 'જાતા' આહાર કહ્યો, તે વિધિથી ત્યાગ કરવો.

● વિવેચન-૭૩ :-

આધાકર્મ-પ્રસિદ્ધ છે, તે આધાકર્મમાં,

લોભથી ગ્રહણ કરેલ હોય, વિષકૃત્ કરાયેલ હોય.

વશીકરણને માટે મંત્રાદિથી સંસ્કારાયેલ આહાર લીધેલ હોય.

આવા પ્રકારનો આહાર છે, તેમ કોઈપણ રીતે જાણે ત્યારે.

આવા આધાકર્માદિ દોષથી 'જાતા' પારિસ્થાપનિકાનો દોષ થતાં તે પરિત્યાગને યોગ્ય આહાર વિષયા પારિસ્થાપનિકા કહી.

તેને વિધિપૂર્વક વોસિરાવવો જોઈએ. અહીં વિધિ એટલે જિનેશ્વરે કહેલ અને વોસિરાવવું એટલે પરિત્યાગ અર્થ જાણવો.

● પા.નિ.૭૪ :-

એકાંત, અનાપાત, અચિત્ત સ્થંડિલ ભૂમિમાં, ગુરુના કહ્યા પછી, રાખ વડે આક્રમિત ત્રણ વખત શ્રાવણા કરી પરઠવે.

● વિવેચન-૭૪ :-

એકાંતમાં, સ્ત્રી આદિ આપાત રહિત સ્થાનમાં, અચિત્ત-જીવરહિત એવા સ્થંડિલ-ભૂમિ ભાગમાં, ગુરુ વડે કહેવાયેલા, આના દ્વારા અવિધિજ્ઞ વડે પરિસ્થાપન ન કરવું જોઈએ તેમ દર્શાવે છે.

તે આહારને રાખમાં સંમિશ્ર કરીને [ચોળી દઈને]

સામાન્યથી ત્રણ વખત શ્રાવણા કરવી કે — ''આ આહાર અમુક દોષથી દુષ્ટ છે, હવે હું તેનો પરિત્યાગ કરું છું.''

વિશેષથી વિષમિશ્રિત અને આભિયોગિક - વશીકરણાદિવાળા આહારમાં આ વિધિ ઉપકારક છે, આધાકર્માદિમાં નહીં. તેને પ્રસંગથી અહીં જ આગળ હું કહીશ. એમ ગાથાર્થ કહ્યો. હવે અજાત પારિસ્થાપનિકીને કહે છે —



● પા.નિ.૭૫ :-

આચાર્ય, ગ્લાન, પ્રાઘુર્ણક, દુર્લભ અને સહસા લાભમાં આ અજાતા પારિસ્થાપનિકા કહી છે, તે વિધિપૂર્વક વોસિરાવવી.

● વિવેચન-૭૫ :-

આચાર્યના હોવાથી કંઈક અધિક ગ્રહણ કરેલ હોય, એ પ્રમાણે ગ્લાન કે પ્રાઘુર્ણક - આવેલા સાધુના નિમિત્તે બે, કોઈ વિશિષ્ટ દ્રવ્ય દુર્લભ હોય અને બે, સહસાલાભ - વિશિષ્ટમાં કથંચિત્ લાભ થતાં કંઈક અતિરિક્ત - વધારે ગ્રહણ સંભવે છે.

તેની જે પારિસ્થાપનિકા તે આ 'અજાતા' - અદુષ્ટ આહારવિષયા પારિષ્ઠાપનિકા - પરિત્યાગવિષયા કહી છે.

તેને વિધિપૂર્વક વોસિરાવવું ઈત્યાદિ પૂર્વવત્.

● પા.નિ.૭૬ :-

એકાંત, અનાપાત, અચિત્ત સ્થંડિલભૂમિમાં ગુરુના આદેશથી અવલોકન કરી, ત્રણ પુંજ કરી, ત્રણ સ્થાને શ્રાવણ કરે.

● વિવેચન-૭૬ :-

— ગાથાના પૂર્વાર્દ્ધની વ્યાખ્યા નિર્યુક્તિ-૭૪ મુજબ જાણવી.

— આલોકે - પ્રકાશમાં ત્રણ પૂંજ કરે, તેથી જ મૂલગુણ દુષ્ટ એક અને ઉત્તરગુણ દુષ્ટ બીજો પ્રસંગ આવે. તથા ત્રણ સ્થાને શ્રાવણા પૂર્વવત્. આહાર પારિસ્થાપનિકા પુરી થઈ.

હવે નોઆહાર પારિસ્થાપનિકાનું પ્રતિપાદન કરે છે —

● પા.નિ.-૭૭ :-

નોઆહારમાં જે આ પારિષ્ઠાપનિકી કહી, તે બે ભેદે અનુક્રમે કહી. હે સુવિહિત ! તે ઉપકરણમાં અને નોઉપકરણમાં જાણ.

● વિવેચન-૭૭ :-

ગાથા સુગમ છે. વિશેષ એ — નોઉપકરણ તે શ્લેષ્મ આદિ.

● પા.નિ.-૭૮ :-

ઉપકરણની જે આ પારિષ્ઠાપનિકા છે તે અનુક્રમે બે ભેદે છે — હે સુવિહિત ! તે જાતા અને અજાતા જાણ.

● વિવેચન-૭૮ :-

ગાથા સ્વયં સિદ્ધ છે. વિશેષ એ — ઉપકરણ એટલે વસ્ત્રાદિ.

● પ્રક્ષેપ ગાથા-૧ :-

જાતા-વસ્ત્ર અને પાત્રમાં કહેવી. પાત્ર અને વસ્ત્ર વંક (વાંકા) કરવા. અજાતા - વસ્ત્ર અને પાત્રને ઋજુ સ્થાપવા.

● વિવેચન-૧ :-

જાતા - વસ્ત્ર જો મૂલ ગુણાદિ દુષ્ટ હોય તો પાત્ર અને વસ્ત્રને વંક-વક્ર કરવા. અજાતામાં તેને ઋજુ સ્થાપવા. સિદ્ધાંત હું કહીશ. આ અન્યકર્તૃકી ગાથા છે.

● પા.નિ.૭૯ :-

બે ભેદે જાતા અને અજાતા છે, અભિયોગ અને વિષકૃત્‌. તે પણ શુદ્ધ અને અશુદ્ધ ભેદે છે. એક, બે અને ત્રણ મૂલોત્તર શુદ્ધ જાણવી.

● વિવેચન-૭૯ :-

જાતા અને અજાતા બે ભેદે પારિસ્થાપનિકા કહી - આભિયોગિક અને વિષકૃત્‌. તે અશુદ્ધ અને શુદ્ધ ભેદે છે. શુદ્ધ અજાતા થશે, અહીં પૂર્વ નિર્દિષ્ટ સિદ્ધાંત છે - મૂલગુણ અશુદ્ધમાં એક ગ્રંથિ-પાત્રમાં અને રેખા. ઉત્તરગુણ અશુદ્ધમાં બે અને શુદ્ધમાં ત્રણ રેખા કરવી.

હવે અવયવાર્થમાં બંને ગાથા આ રીતે —

ઉપકરણમાં અને નોઉપકરણમાં. ઉપકરણમાં જાતા અને અજાતા. જાતા-વસ્ત્ર અને પાત્રમાં, અજાતા પણ વસ્ત્ર અને પાત્રમાં જાણવી. જાતા-વસ્ત્ર અને પાત્ર મૂળગુણ અશુદ્ધ કે ઉત્તરગુણ અશુદ્ધ. અભિયોગથી વિષથી હોય. જો વિષ વડે કે આભિયોગિક વસ્ત્ર કે પાત્ર હોય તો તેના ટુકડા કરીને પરઠવી દેવા. રેખા પૂર્વવત્‌. જે વધારાના વસ્ત્ર પાત્ર કાળધર્મ પામતા કે ભાંગી જતાં સાધારણરૂપે ગ્રહણ કર્યા હોય કે માંગ્યા હોય તો તેની અહીં શું પારિષ્ઠાપન વિધિ છે ?

આભિયોગિક અને વિષયુક્ત હોય તો ઉપર પ્રમાણે જ ટુકડા કરવા તે વિવેક. મૂલગુણ અશુદ્ધ વસ્ત્રમાં એક વક્ર કરાય છે. ઉત્તરગુણ અશુદ્ધમાં બે વક્ર કરાય છે. શુદ્ધ ઋજુક પરઠવાય છે. પાત્રમાં મૂલગુણ અશુદ્ધમાં એક વસ્ત્ર અપાય છે, ઉત્તરગુણ અશુદ્ધમાં બે વસ્ત્ર ખંડ પાત્રમાં નાંખવા. શુદ્ધને તુચ્છ કરાય છે - રિક્ત કરવા કહે છે.

આચાર્ય કહે છે — એ પ્રમાણે શુદ્ધ પણ અશુદ્ધ થાય છે. કઈ રીતે? ઋજુક સ્થાપિત, એક વક્રથી મૂલગુણ અશુદ્ધ થયેલ. બે વક્ર વડે ઉત્તરગુણ અશુદ્ધ, એક વક્ર કે દ્વિવક્ર થાય છે અથવા દ્વિવક્ર એક વક્ર થાય છે. એ પ્રમાણે મૂલગુણ ઉત્તરગુણ થાય અને ઉત્તર ગુણ મૂલગુણ થાય છે. એ પ્રમાણે પાત્રમાં પણ થાય. એક વસ્ત્ર નીકળે તો મૂલગુણ અશુદ્ધ થાય, બે વસ્ત્ર નીકળે તો બંને શુદ્ધ થશે. જે તે વસ્ત્ર-પાત્રનો પરિભોગ કરે તેમને દોષની આપત્તિ આવશે. તેથી જે તમે કહો છો, તે યુક્ત નથી.

તો પછી શું કરીને ચિહ્નો જુદા પાડવા ? આચાર્ય કહે છે — મૂલગુણ અશુદ્ધ વસ્ત્રમાં એક ગાંઠ કરવી, ઉત્તરગુણ અશુદ્ધમાં બે ગાંઠ શુદ્ધ વસ્ત્રમાં ત્રણ ગાંઠ કરવી. એ પ્રમાણે વસ્ત્રમાં કરે. પાત્રમાં મૂલગુણ અશુદ્ધમાં છેડે એક શ્લક્ષ્ણ રેખા કરે, ઉત્તરગુણ અશુદ્ધમાં બે રેખા અને શુદ્ધમાં ત્રણ રેખા કરવી. એ પ્રમાણે જણાય છે. જાણીને તે પ્રમાણે કરવું જોઈએ.

ક્યાં પરઠવવા ? એકાંતમાં, અનાપાતમાં પાત્રબંધ અને રજસ્ત્રાણ સહિત પરઠવવા. જો પાત્ર પ્રતિલેખનિકા ન હોય તો દોરા વડે મુખ બાંધવુ. ઉર્ધ્વમુખ સ્થાપવા. જો તેવું સ્થાન ન હોય તો પડખે મૂકવા. અથવા જ્યાંથી આગમન હોય તે દિશામાં પુંઠે મૂકવા. આ વિધિ વડે તેનો ત્યાગ કરવો.

જો કદાચ કોઈ અપવાદ પ્રાપ્ત થાય, તો પણ વોસિરાવનારે અધિકરણને આશ્રીને



શુદ્ધ સાધુ છે. જે બીજા સાધુ વડે ગ્રહણ કરાયેલ હોય અને જો તે કારણે ગ્રહણ કરાય તો શુદ્ધને યાવજ્જીવ ભોગવે. મૂલોત્તર ગુણોમાં ઉત્પન્ન હોય તેનો વિવેક કરે.

ઉપકરણ સ્થાપનિકા કહી.

હવે નોઉપકરણ સ્થાપનિકાનું પ્રતિપાદન કરે છે —

● પા.નિ.૮૦ :-

નો ઉપકરણમાં જે પરિસ્થાપનિકા છે તે ચાર ભેદે અનુક્રમે હોય છે — ઉચ્ચારમાં, પ્રસ્રવણમાં, ખેલ-બળખામાં, સિંઘાનકમાં.

● વિવેચન-૮૦ :-

ગાથા સુગમ છે. હવે વિધિ કહે છે —

● પા.નિ.-૮૧,૮૨ :-

ઉચ્ચાર-મળત્યાગ કરતા છાયામાં કરે જેથી ત્રસ પ્રાણની રક્ષા થાય, કાયદ્વિક, દિશાભિગ્રહ અને બે અભિગ્રહે.

પૃથ્વી ત્રસપ્રાણ સમુત્થિત થતાં આ ચાર ભંગ થાય. પહેલું પદ પ્રશસ્ત છે અને બાકીના અપ્રશસ્ત છે.

● વિવેચન-૮૧,૮૨ :-

જેની ગ્રહણી સંસજ્ય હોય તેણે છાયામાં મળ ત્યાગ કરવો કેવી છાયામાં ? જે લોકોના ઉપભોગમાં વૃક્ષ હોય તેમાં ત્યાગ ન કરવો. ઉપયોગમાં ન હોય, તેમાં ત્યાગ કરવો. તેમાં પણ જે સ્વકીય પ્રમાણથી નીકળેલ હોય તે ત્યાં જ ત્યાગ કરે. જો નીકળવાનું શક્ય ન હોય તો ત્યાં જ ત્યાગ કરે. જો વૃક્ષ ન હોય તો કાયા વડે છાયા કરાય છે. તેમાં પરિણત થઈ ચાલે.

કાયા બે ભેદે — ત્રસકાય અને સ્થાવરકાય. જો પડિલેહણ અને પ્રમાર્જના કરે તો એકેન્દ્રિયની પણ રક્ષા થાય, ત્રસની પણ થાય. હવે જો પડિલેહે પણ પ્રમાર્જે નહીં, તો સ્થાવરની રક્ષા થાય, ત્રસનો ત્યાગ થાય. હવે પડિલેહે નહીં, પણ પ્રમાર્જે તો સ્થાવરનો ત્યાગ થાય, ત્રસની રક્ષા થાય. અથવા બંને ન કરે તો બંનેનો ત્યાગ. જો સુપ્રતિલેખિત અને સુપ્રમાર્જિત હોય તો પહેલું પદ પ્રશસ્ત છે. બીજા અને ત્રીજા પદમાં એક એક પ્રશસ્ત છે અને ચોથામાં બંને પણ અપ્રશસ્ત છે.

પહેલું પદ આચરવું. બાકીના પરિહરવા.

દિશા અભિગ્રહમાં આ બે જ ગ્રહણ કરાય છે. તૃણ-ડગલના ગ્રહણમાં પૂર્વવત્‌ ચતુર્ભંગી. સૂર્ય અને ગામમાં એ પ્રમાણે જ વિભાષા યથાસંભવ કરવી.

હવે શિષ્યના અનુશાસન માટે પરિસમાપ્તિ ગાથા કહે છે —

● પા.નિ.૮૩ + વિવેચન :-

ગુરુની સમીપે વસવા છતાં જેઓ ગુરુને અનુકૂળ થતાં નથી. ઉક્ત લક્ષણ આ પદોથી તેઓ દૂર દૂર થઈ જાય છે. કેમકે તેઓ અવિનિત હોવાથી તેમને શ્રુતની અપરિણતિ થાય છે.

**અધ્યયન-૪-અંતર્ગત્‌ પારિષ્ઠાપનિકાનિર્યુક્તિનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

● **સૂત્ર-૨૪ :-**

***હું છ જીવનિકાય - પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની વિરાધનાથી થયેલ અતિચારો પ્રતિક્રમું છું.***

***હું છ લેશ્યા - કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા નિમિત્તે થયેલ અતિચારોને પ્રતિક્રમું છું.***

***હું પ્રતિક્રમું છું — સાત ભયસ્થાનોથી૰, આઠ મદસ્થાનોથી૰, નવ બ્રહ્મચર્યગુપ્તિથી૰, દશવિધ શ્રમણ ધર્મમાં, અગિયાર ઉપાસક પ્રતિમા વડે, બાર ભિક્ષુ પ્રતિમા વડે, તેર ક્રિયા સ્થાનો વડે૰ થયેલા અતિચારોને.***

● **વિવેચન-૨૪ :-**

૦ હું પ્રતિક્રમણ કરું છું [શેનું ?] છ જીવનિકાય વડે પ્રતિષેધને કરવું આદિ પ્રકારોથી હેતુભૂત જે મેં દૈવસિક અતિચાર કર્યા તેનું.

૦ હું પ્રતિક્રમણ કરું છું. [શેનું ?] છ લેશ્યાઓ વડે કરણભૂત એવા મેં જે દૈવસિક અતિચારો કર્યા તેનું. તે આ — કૃષ્ણલેશ્યાદિ.

કૃષ્ણાદિ દ્રવ્યના સાચિવ્યથી આત્માના જે પરિણામ સ્ફટિકની જેમ થાય તેમાં આ લેશ્યા શબ્દ પ્રયોજાય છે. કૃષ્ણાદિ દ્રવ્યો સકલ પ્રકૃતિના નિષ્યંદનરૂપ છે. આનું સ્વરૂપ જાંબુખાનારના દૃષ્ટાંતથી અને ગામઘાતકના દૃષ્ટાંતથી કહે છે —

જેમ જાંબૂના વૃક્ષમાં એક સારી રીતે પાકેલા ફળના ભારથી નમેલ શાખાગ્ર જોઈને છ પુરુષો બોલ્યા કે આપણે જાંબુ ખાઈએ. પણ કઈ રીતે ખાવા ? તેમાં એક બોલ્યો — જો તેના ઉપર ચડીશું તો જીવનો સંદેહ રહેશે. તેથી તેને મૂળથી છેદીને પાડી દઈને પછી જાંબુ ખાઈએ.

બીજો બોલ્યો — આટલા તરુણ વૃક્ષને છેદવાથી આપણે શો લાભ ? મોટી શાખાને છેદી નાંખીએ. ત્રીજો કહે — ના, માત્ર પ્રશાખા છેદીએ. ચોથો કહે — ના, માત્ર ગુચ્છાને છેદીએ. પાંચમો કહે છે — માત્ર ફલ તોડી લઈએ. છઠ્ઠો બોલ્યો — આટલાં બધાં ફળ પડેલ છે, તે જ લઈને ખાઈ લઈએ.

આ દૃષ્ટાંતનો ઉપનય બતાવે છે —

(૧) જે વૃક્ષને મૂળથી છેદવાનું કહે છે, તે કૃષ્ણલેશ્યી જાણવો. (૨) મોટી શાખાને છેદવાનું કહેનારો નીલલેશ્યી જાણવો, (૩) પ્રશાખા છેદવાનું કહેનારો કાપોત લેશ્યી જાણવો. (૪) ગુચ્છાવાળો તૈજસલેશ્યી, (૫) ફળવાળો પદ્મલેશ્યી અને (૬) પડેલા ફળો લેવાનું કહેનાર શુક્લલેશ્યી જાણવો.

અથવા બીજું દૃષ્ટાંત આપે છે —

ચોરો ગામ ભાંગવાને નીકળ્યા. તેમાં એક ચોર બોલ્યો — જે સામે આવે તે દ્વિપદ કે ચતુષ્પદને મારી નાંખો. બીજો ચોર બોલ્યો — મનુષ્યો જ હણવા. ત્રીજો બોલ્યો — માત્ર પુરુષોને હણો. ચોથો બોલ્યો — ના, માત્ર આયુધવાળા પુરુષોને જ હણવા. પાંચમો કહે કે — ના, યુદ્ધ કરવા આવે તેવાને જ હણવા. છઠ્ઠો આ પ્રમાણે બોલ્યો કે — ધનને પણ હરવું અને માણસોને પણ મારવા, એ બંને ન કરો, માત્ર ધનનું હરણ કરવું.



આ દૃષ્ટાંતનો ઉપસંહાર આ પ્રમાણે છે —

(૧) બધાંને મારવાના વિચારવાળો કૃષ્ણલેશ્યા પરિણામી છે. આવા ક્રમ વડે યાવત્ છેલ્લો (૬) શુક્લલેશ્યી છે.

પહેલાંની ત્રણ લેશ્યા અહીં અપ્રસસ્ત છે, પછીની ત્રણ લેશ્યા પ્રશસ્ત છે. આ અપ્રશસ્તમાં વર્તતા અને પ્રશસ્તમાં ન વર્તતા જે અતિચાર આ લેશ્યામાં થયા હોય, તેનું હું પ્રતિક્રમણ કરું છું. પ્રતિકૂળ વર્તુ છું, એમ જે કહ્યું — તેનો અર્થ એ કે ફરી સેવીશ નહીં.

૦ હું પ્રતિક્રમું છું — સાત ભયસ્થાનો વડે કરણભૂતથી મેં જે દૈવસિક અતિચાર કર્યા હોય તેને.

તેમાં 'ભય' તે મોહનીય સમુત્થ આત્મપરિણામ છે, તેના સ્થાન-આશ્રયરૂપ તે ભયસ્થાનો - ઈહલોક આદિ.

તેથી સંગ્રહણીકાર કહે છે — ઈહલોક, પરલોક ઈત્યાદિ. તે આ —

(૧) ઈહલોક ભય, (૨) પરલોક ભય. તેમાં મનુષ્યાદિ સજાતીયથી એવા બીજા મનુષ્યોથી ભય તે ઈહલોક ભય, વિજાતીય તિર્યંચાદિથી જે ભય તે પરલોક ભય. (૩) આદાન ભય - ધન, તે માટે ચૌરાદિથી જે ભય તે આદાન ભય. (૪) અકસ્માત ભય - બાહ્ય નિમિત્તોની અપેક્ષા વિના ઘર આદિમાં જ રહીને રાત્રિ આદિમાં ભય. (૫) આજીવિકા ભય - નિર્ધન, કઈ રીતે દુર્ભિક્ષ આદિમાં આત્માને હું ધારણ કરીશ ? (૬) મરણ ભય - મરણથી ભય. (૭) અશ્લાઘાભય - અયશનો ભય. આમ કરવાથી ઘણો જ અપયશ થશે. તે ભયમાં ન પ્રવર્તવું.

૦ આઠ મદ સ્થાનો વડે કરણભૂત જે મેં દૈવસિક અતિચાર કર્યા. એ પ્રમાણે બાકીના સૂત્રોમાં પણ જોડવું.

આ આઠ મદસ્થાનો કયા છે ? સંગ્રહણીકાર બતાવે છે કે — જાતિ, કુળ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, શ્રુત અને લાભમદ.

(૧) જાતિમદ - કોઈ નરેન્દ્ર આદિ દીક્ષા લઈને જાતિમદ કરે છે. એ પ્રમાણે કુળ, બળ, રૂપાદિ પણ યોજવા.

૦ નવ બ્રહ્મચર્ય ગુપ્તિ વડે થતાં અતિચારોને હું પ્રતિક્રમું છું. તે નવ બ્રહ્મચર્યગુપ્તિ આ પ્રમાણે — વસતિ, કથા, નિષધા, ઈન્દ્રિય, કુડ્યંતર, પૂર્વક્રીડિત, પ્રણિત, અતિ માત્રામાં આહાર અને વિભૂષા.

બ્રહ્મચારીએ તે ગુપ્તિના અનુપાલનરતે સ્ત્રી-પશુ-નપુંસક સંસક્ત વસતિનું આસેવન ન કરવું જોઈએ. સ્ત્રીને એકલીને ધર્મકથા ન કરવી, સ્ત્રીની નિષધા ન વાપરવી, તેણી ઉઠે તે આસને ન બેસવું, સ્ત્રીઓની ઈન્દ્રિયોનું અવલોકન ન કરવું, સ્ત્રી જો ભીંતની પાછળ મૈથુન સંસક્ત હોય તો તેનો ક્વણિત ધ્વનિ ન સાંભળવો, પૂર્વક્રીડિત હોય તે સ્મરણ ન કરવું, પ્રણીતરસ ભોજન ન કરવું, અતિ માત્રામાં આહાર ન કરવો. વિભૂષા ન કરવી.

૦ દશ વિધ શ્રમણ ધર્મ :- શ્રમણ એ પૂર્વે નિરૂપિત શબ્દ છે, ધર્મ-ક્ષાંતિ આદિ

લક્ષણવાળો છે. તેમાં દશ પ્રકારનો શ્રમણ ધર્મ હોતા, તે વિષયમાં પ્રતિષેધ કરાયેલના કરવાથી જે મેં અતિચાર કર્યા હોય તેને હું પ્રતિક્રમું છું.

દશવિધ ધર્મના પ્રતિપાદન માટે સંગ્રહણીકાર કહે છે — ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ યતિધર્મો છે.

(૧) ક્ષાંતિશ્રમણધર્મ - ક્રોધ વિવેક. (૨) માર્દવ-મૃદુતાનો ભાવ, તે માનના ત્યાગથી વર્તે છે. (૩) આર્જવ-ઋજુભાવ, માયાનો પરિત્યાગ. (૪) મુક્તિ-છોડવું તે, લોભનો પરિત્યાગ. (૫) તપ-અનશનાદિબાર.

(૬) સંયમ - આશ્રવની વિરતિરૂપ શ્રમણ ધર્મપણે જાણવો. (૭) સત્ય-પ્રતીત છે. (૮) શૌચ - સંયમ પ્રતિ નિરૂપલેપતા. (૯) આકિંચન્ય-સુવર્ણ આદિ રહિતતા. (૧૦) બ્રહ્મચર્ય. આ યતિધર્મ છે.

બીજા આ પ્રમાણે કહે છે — ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, તપ, સંયમ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય. તેમાં લાઘવ એટલે અપ્રતિબદ્ધતા, ત્યાગ-સંયતોને વસ્ત્રાદિ દાન બાકી પૂર્વવત્.

ગુપ્તિ આદિમાં આદ્ય દંડકમાં કહેલ નામોનો અહીં ઉપન્યાસ છતાં, બીજાના વિશેષ અભિધાનમાં કોઈ દોષ નથી.

૦ અગિયાર ઉપાસક પ્રતિમા વડે કરણભૂતમાં જે અતિચાર, તેને હું પ્રતિક્રમું છું. ઉપાસકો એટલે શ્રાવકો, તેની પ્રતિમા - પ્રતિજ્ઞા, દર્શન આદિ ગુણ યુક્ત કરવી તે, ઉપાસક પ્રતિમા.

આ ઉપાસક પ્રતિમા અગિયાર છે, તે આ પ્રમાણે — દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા બ્રહ્મ, સચિત્ત, આરંભ, પ્રેષારંભ, ઉદ્દિષ્ટ, શ્રમણભૂત એ અગિયાર છે.

(૧) દર્શન પ્રતિમા - શંકાદિ દોષ શલ્યથી મુક્ત અને સમ્યક્ત્વ યુક્ત જે છે, પણ બાકીના ગુણોથી રહિત છે, તે આ પહેલી પ્રતિમા.

(૨) વ્રત પ્રતિમા - વ્રત ધારણ કરવા તે.

(૩) સામાયિક પ્રતિમા - સામાયિક કરનારને હોય છે.

(૪) પૌષધ પ્રતિમા — ચૌદશ, આઠમ આદિ દિવસોમાં ચારે પ્રકારના પૌષધને પ્રતિપૂર્ણ સમ્યક્ પાલન કરવા તે.

(૫) પૌષધ કાળે એક રાત્રિકી પ્રતિમા કરે, સ્નાન ન કરે, દિવસના ભોજન કરે, પ્રકાશમાં ભોજન કરે, રાત્રે ન ખાય, કચ્છ [પાટલી]ન બાંધે. દિવસે બ્રહ્મચારી, રાત્રિમાં કૃતપરિમાણ અપૌષધિક, પૌષધિક હોય તો રાત્રિના નિયમથી બ્રહ્મચારી. પાંચ માસ એ પ્રમાણે વિચરતા પાંચમી પ્રતિમા થાય.

(૬) બ્રહ્મચારી - છ માસ સુધી બ્રહ્મચારીપણે વિચરે.

(૭) સચિત્ત પ્રતિમા - સાત માસ સચિત આહાર ન કરે.

—૦— જે-જે પહેલાંની પ્રતિમામાં કહ્યું, તે બધું ઉપરનીમાં સમાવવું.

(૮) આરંભ વર્જન-આઠ માસ સ્વયં આરંભ ન કરે.

(૯) પ્રેષ્યારંભ વર્જન-નવ માસ પ્રેષારંભનો ત્યાગ કરે.



(૧૦) દશ માસ ઉદ્દિષ્ટ ભોજન ન ખાય, છરાથી મસ્તકને મુંડે. શિખાને ધારણ કરે. નિહિત અર્થોને પૂછતાં જણાવે. જો જાણતો હોય તો અર્થ કહે, ન જાણતો હોય તો ન કહે.

(૧૧) અસ્તરાથી મુંડિત કે લોચ કરેલ, રજોહરણ અને પાત્રા લઈને જે શ્રમણરૂપ લઈ વિચરે, સજ્ઞાતીય પલ્લી જોઈને તેમાં જાય, ત્યાં પણ સાધુ માફક પ્રાસુક આહારને ગ્રહણ કરે એ ૧૧-માસિકી શ્રમણભૂત પ્રતિમા.

આ પ્રતિમામાં વિપરીત પ્રજ્ઞાપના કરવાથી કે અશ્રદ્ધા કરવાથી અતિચાર લાગે છે.

૦ બાર ભિક્ષુ પ્રતિમા વડે પ્રતિષેધ કરણાદિથી જે અતિચાર થયા. - x - ઉદ્ગમ, ઉત્પાદન, એષણાદિ શુદ્ધ ભિક્ષા કરે તે ભિક્ષુ કહેવાય. ભિક્ષુ એટલે સાધુ. તેની પ્રતિજ્ઞા ને ભિક્ષુપ્રતિમા. તે આ બાર છે — એક માસથી સાત માસ સુધીની સાત, પહેલી-બીજી-ત્રીજી સાત રાત્રિકી પ્રતિમા. અહોરાત્રિકી અને બારમી એકરાત્રિકી ભિક્ષુ પ્રતિમા.

આ પ્રતિમાઓને સંપૂર્ણ સંહનન વાળા, ધૃતિયુક્ત, મહાસત્ત્વી, જિનમતમાં સમ્યક્ પ્રતિપન્ન અને ગુરુ વડે અનુજ્ઞા પામેલા આદરે.

વળી તે - ગચ્છમાં હોય, નિષ્ણાત હોય યાવત્ અસંપૂર્ણ એવા દશ પૂર્વના જ્ઞાતા હોય, નવમાં પૂર્વની ત્રીજી વસ્તુનો જઘન્યથી શ્રુતાધિગમ હોય છે.

તે વોસિરાવેલ - તજેલ દેહવાળો, ઉપસર્ગને સહન કરનાર, એષણા અભિગૃહિત અલેપકૃત ભોજન લેનાર હોય છે.

તે ગચ્છથી નીકળીને માસિકી મહાપ્રતિમાનો સ્વીકાર કરે છે. એક માસ સુધી ભોજન અને પાણી બંનેની એક-એક દત્તિ લે છે. પછી પાછો ગચ્છમાં આવે છે.

એ પ્રમાણે બેમાસિકી, ત્રણ માસિકી યાવત્ સાત માસિકી પ્રતિમા જાણવી. વિશેષ એ કે દત્તિની વૃદ્ધિ સાત સુધી કરવી યાવત્ સાતમી પ્રતિમામાં સાત દત્તિ થાય.

ત્યારપછી આઠમી પ્રતિમા ''પહેલાં સાત અહોરાત્ર''ની છે. તેમાં ચોથ ભક્ત-ચોથ ભક્તથી હોય, વિશેષ નિર્જળ રહે તે જાણવું. પહેલી ''સાત અહોરાત્રની ભિક્ષુપ્રતિમાને પ્રાપ્ત અણગારને નિર્જળ ચતુર્થભક્તથી ગામની બહાર રહેવું કલ્પે, ઉત્તાનપાર્શ્વ-ચત્તો પડખે કે નિષધા કરીને સ્થાનમાં રહે, ઘોર-દિવ્યાદિ ઉપસર્ગોને નિશ્ચળપણે સહે.

બીજી પ્રતિમા પણ આવી જ છે, ગામની બહાર જ કરે, પણ તેમાં ઉત્કુટુક આસને કે વક્રકાષ્ઠશાયી કે દંડાયતિક રહીને કરે.

ત્રીજી પ્રતિમા પણ આ પ્રમાણે જ છે. પરંતુ અહીં સ્થાનમાં તે ગોદોહિક આસને અથવા વીરાસને કે આમ્રકુબ્જ આસને રહે.

એ પ્રમાણે અહોરાત્રિકીમાં નિર્જળ છટ્ઠ ભક્ત કરે, ગામ કે નગર બહાર લાંબી ભૂજા રાખીને રહે.

એ પ્રમાણે જ એકરાત્રિકી પ્રતિમા અટ્ઠમભક્તથી બહારના સ્થાનમાં કરે. તેમાં કંઈક ભારથી નમેલો હોય તે રીતે અનિમેષ નયને એક દૃષ્ટિ રાખીને રહે. સ્થાનથી - બંને પગ સંકોચીને અને હાથને લાંબા કરીને રહેલ હોય. વાઘારિ એટલે ભુજા લાંબી કરીને. બાકી બધું દશાશ્રુતસ્કંધમાં કહ્યા મુજબ જાણવું.

૦ તેર ક્રિયાસ્થાનો વડે પ્રતિષેધ કરણ આદિ પ્રકારથી હેતુભૂત જે અતિચાર થયા હોય તેને પ્રતિક્રમું છું.

કરવું તે ક્રિયા અર્થાત્ કર્મબંધ નિબંધન ચેષ્ટા. તેના સ્થાનો એટલે ભેદો, પર્યાયો, અર્થને માટે, અનર્થને માટે ઈત્યાદિ ક્રિયા સ્થાનો તેર હોય છે.

સંગ્રહણીકાર કહે છે — (૧) અર્થક્રિયા, (૨) અનર્થક્રિયા, (૩) હિંસા માટે ક્રિયા, (૪) અકસ્માત ક્રિયા, (૫) દૃષ્ટિ વિપર્યાસ ક્રિયા, (૬) મૃષા ક્રિયા, (૭) અદત્તાદાન ક્રિયા, (૮) અધ્યાત્મ ક્રિયા, (૯) માન ક્રિયા, (૧૦) મિત્ર દોષ ક્રિયા, (૧૧) માયા ક્રિયા, (૧૨) લોભ ક્રિયા, (૧૩) ઈર્યાપથ ક્રિયા.

ઉક્ત તેર ક્રિયાનો ભાવાર્થ આ પ્રમાણે છે —

(૧) અર્થદંડ ક્રિયા - ત્રસ અને સ્થાવરભૂતનો જે કાર્યમાં જોડીને પોતાના કે બીજાના અર્થ માટે વિરાધે તેને અર્થદંડ ક્રિયા.

(૨) અનર્થદંડ ક્રિયા - જે વળી સરટ આદિને, સ્થાવર કાયને, વનલતાદિકને મારીને કે છેદીને ત્યાગ કરે તે અનર્થદંડ ક્રિયા.

(૩) હિંસા ક્રિયા - સર્પ આદિ કે વૈરીને હણ્યા - હણે છે કે હણશે, તે માટે જેઓ દંડનો આરંભ કરે છે, તે હિંસાદંડ ક્રિયા.

(૪) અકસ્માત ક્રિયા - બીજા માટે કઢાયેલ કંડ આદિ, બીજાનો ઘાત કરે અથવા શસ્ય ધાન્યમાં જતાં શાલી આદિ છેદાઈ જાય તો તેને અકસ્માત દંડ ક્રિયા કહે છે.

(૫) દૃષ્ટિ વિપર્યાસ કર્યા - ઉક્ત અકસ્માતદંડ દૃષ્ટિ વિપર્યાસથી થાય છે અથવા જે મિત્રને અમિત્ર માનીને ઘાત કરે અથવા ગ્રામાદિ ઘાતમાં ચોર નથી તેને ચોર માનીને મારે તે દૃષ્ટિ વિપર્યાસ ક્રિયા.

(૬) મૃષા ક્રિયા - પોતાને માટે કે જ્ઞાતિજનને માટે જે મૃષા બોલે છે, તેને મૃષા પ્રત્યયિક દંડ થાય છે.

(૭) અદત્તાદાન ક્રિયા - એ પ્રમાણે પોતાના કે જ્ઞાતિજનને માટે જે અદત્તને ગ્રહણ કરે છે, તેને આવી અદત્ત પ્રત્યય ક્રિયા લાગે.

(૮) અધ્યાત્મ ક્રિયા - કોઈએ કંઈ જ ન કહ્યું હોવા છતાં હૃદયમાં કેમે પણ દુર્મનસ્ થાય, તેને અધ્યાત્મક્રિયા. તે ચાર સ્થાને સંશયિત થાય, ક્રોધ, માન, માયા, લોભ. આ જ અધ્યાત્મક્રિયા છે.

(૯) માનક્રિયા - જે વળી જાતિમદ આદિ આઠ ભેદે માનથી મત્ત થઈ બીજાની હેલણા કરે, નિંદા કરે, પરિભાવ કરે છે તેને માનપ્રત્યયિકી ક્રિયા.

(૧૦) મિત્ર ક્રિયા - જે માતા, પિતા, જ્ઞાતિજનને અલ્પ પણ અપરાધમાં તીવ્ર દંડ કરે, દહન-અંકન-બંધ-તાડનાદિ કરે, તેને મિત્ર દ્વેષ પ્રત્યયિક નામે દશમું ક્રિયા સ્થાન લાગે.

(૧૧) માયા ક્રિયા - હૃદયમાં જુદુ અને વચનમાં જુદુ, આચરણમાં વળી જુદુ તે કર્મ વડે ગૂઢ સામર્થ્યને આ માયા પ્રત્યયિકી ક્રિયા લાગે.

(૧૨) લોભ ક્રિયા - વળી આ લોભપ્રત્યયિકી છે, સાવધ આરંભ અને



પરિગ્રહમાં ઘણો આસક્ત હોય, સ્ત્રી અને કામમાં ગૃદ્ધ હોય. પોતાને રક્ષતો બીજા જીવોને વધ-મારણ-અંકન-બંધન કરે છે.

(૧૩) ઈર્યાપથિક ક્રિયા - આ નિશ્ચે જે સમિતિગુપ્તિ ગુપ્ત અમગારનું સતત અપ્રમત્ત રહી યાવત્ આંખની પાપણ પડે છે ત્યાં સુધી સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા જ લાગે.

● **સૂત્ર-૨૫ :-**

***[હું પ્રતિક્રમણ કરું છું. શેનું ?] ચૌદ ભૂતગ્રામોથી, પંદર પરમાધામીથી, સોળ ગાથા ષોડશકથી, સત્તર ભેદે સંયમથી, અઢાર ભેદે અબ્રહ્મથી, ઓગણીસ જ્ઞાત અધ્યયનોથી, વીસ અસમાધિ સ્થાનોથી [લાગેલ અતિચારોનું]***

● **વિવેચન-૨૫ :-**

૦ ચૌદ ભૂત ગ્રામો વડે - બાકી પૂર્વવત્.

ભૂત-જીવો, તેમનો ગ્રામ-સમૂહ, તે ભૂતગ્રામ. તે ચૌદ છે.

[૧] એકેન્દ્રિય, સૂક્ષ્મ-ઈતર, સંજ્ઞી-ઈતર પંચેન્દ્રિય, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોવાળા સહિત પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે ચૌદ ગ્રામ થાય.

એકેન્દ્રિયો - પૃથ્વીકાયાદિ, સૂક્ષ્મ અને બાદર ભેદે હોય.

પંચેન્દ્રિયો - સંજ્ઞી અને અસંજ્ઞી બે ભેદે હોય.

બે, ત્રણ અને ચાર ઈન્દ્રિયો સહિત અર્થાત્ વિકલેન્દ્રિય સહ તે પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદથી હોય.

આ રીતે એકેન્દ્રિયોના સૂક્ષ્મ અને બાદર, તે બંને અપર્યાપ્તા અને પર્યાપ્તા એ પ્રમાણે ચાર ભેદ થયા. વિકલેન્દ્રિયના ત્રણેના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ છ ભેદ થયા. પંચેન્દ્રિયના અસંજ્ઞી અને સંજ્ઞી બંનેના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ચાર ભેદ થયા. બધાં મળીને આ ચૌદ પ્રકારે ભૂતગ્રામ-જીવસમૂહો કહ્યા.

હવે આને જ ગુણસ્થાનક દ્વારથી દર્શાવતા સંગ્રહણીકાર બે ગાથામાં ગુણસ્થાનના ચૌદ ભેદ કહે છે —

(૧) મિથ્યાદૃષ્ટિ, (૨) સાસ્વાદન, (૩) સમ્યકત્વ-મિથ્યાદૃષ્ટિ, (૪) અવિરત સમ્યક્દૃષ્ટિ, (૫) વિરતાવિરત, (૬) પ્રમત્ત, (૭) અપ્રમત્ત, (૮) નિવૃત્તિબાદર, (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મ સંપરાય, (૧૧) ઉપશાંત મોહ, (૧૨) ક્ષીણ મોહ, (૧૩) સયોગી કેવલી, (૧૪) અયોગી કેવલી.

૦ બંને ગાથાની વ્યાખ્યા —

કેટલોક જીવ સમૂહ મિથ્યાદૃષ્ટિ હોય, બીજા સાસ્વાદન હોય.

૦ સાસ્વાદન - તત્ત્વ શ્રદ્ધાન રસ આસ્વાદની સાથે વર્તે તે. - x - પ્રાયઃ પરિત્યક્ત સમ્યકત્વ, તેના ઉત્તરકાળે છ આવલિકા કાળ. તેથી કહ્યું છે કે — ઉપશમ સમ્યકત્વથી ચ્યવતો અને મિથ્યાત્વને ન પામેલો એવો તે સાસ્વાદન સમ્યકત્વ, તેના અંતરાલમાં છ આવલિકા કાળ થાય.

૦ સમ્યક્મિથ્યાદૃષ્ટિ — સમ્યકત્વ પામતો પ્રાયઃ સંજાત તત્ત્વરુચિ.

૦ અવિરત સમ્યગ્દૃષ્ટિ - દેશવિરતિ રહિત એવો સમ્યક્દૃષ્ટિ.

૦ વિરતાવિરત - શ્રાવક સમૂહ.

૦ પ્રમત્ત - પ્રમત્ત સંયતસમૂહ અહીં લેવો.

૦ અપ્રમત્તસંયતનો સમૂહ જ આવે.

૦ નિવૃત્તિ બાદર - ક્ષપક શ્રેણી અંતર્ગત્ જીવ સમૂહ ક્ષીણ દર્શન સપ્તક હોય તે નિવૃત્તિબાદર કહેવાય.

૦ અનિવૃત્તિ બાદર - ક્ષપક શ્રેણીથી લોભના અનુવેદન સુધી તે જીવ અનિવૃત્તિ બાદર કહેવાય.

૦ સૂક્ષ્મ સંપરાય - લોભાણુને વેદતો જીવ.

૦ ઉપશાંત મોહ - શ્રેણિ પરિસમાપ્તિમાં અંતર્મુહૂર્ત્ત સુધી ઉપશાંત વીતરાગ હેવાય, (ત્યાર પછી) અને ૦ ક્ષીણમોહ - ક્ષીણ વીતરાગ થાય.

૦ સયોગી કેવલી - અનિરુદ્ધ યોગવાળા, ભવસ્થ કેવલી.

૦ અયોગી કેવલી - અનિરુદ્ધ યોગવાળા, શૈલેશી અવસ્થામાં જઈને પાંચ હ્રસ્વાક્ષર જેટલા ઉચ્ચારણ કાળ સુધી.

અહીં બંને ગાથાનો અર્થ સંક્ષેપમાં કહ્યો. વિસ્તારથી અર્થ પ્રજ્ઞાપના આદિથી જાણવો.

૦ પંદર પરમાધાર્મિક - ક્રિયા પૂર્વવત્.

પરમ એવા તે અધાર્મિક, સંક્લિષ્ટ પરિણામવાળા હોવાથી તેઓ પરમાધાર્મિક કહેવાય છે. સંગ્રહણીકાર કહે છે —

(૧) અંબ, (૨) અંબરિસ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રુદ્ર, (૬) ઉપરુદ્ર, (૭) કાલ, (૮) મહાકાલ, (૯) અસિપત્ર, (૧૦) ધન, (૧૧) કુંભ, (૧૨) વાલૂ, (૧૩) વૈતરણી, (૧૪) ખરસ્વર, (૧૫) મહાઘોષ.

આ બે ગાથા સૂત્રકૃત્ નિર્યુક્તિ ગાથા સાથે જ પ્રગટ અર્થ વડે વ્યાખ્યાયિત કરીએ છીએ —

(૧) અંબ — નૈરયિકોને ઘાટિત કરે, ભમાડે, હણે, બાંધે, ભૂમિ ઉપર પછાડે, આકાશ તલથી નીચે ફેંકે, તેને નિશ્ચે 'અંબ' જાણવો.

(૨) અંબરિસ - ત્યાં ઉપહત અને હત થયેલા, નિઃસંજ્ઞ થયેલ નૈરયિકને કલ્પની વડે કાપે છે, બે દળની જેમ તીર્છા છેદી નાંખે છે તે અંબરિસ પરમાધામી.

(૩) શ્યામ - અપુન્યક નૈરયિકોને દોરડાની લતાના પ્રહારોથી શાતન, પાતન અને વ્યથનાદિમાં પ્રવર્તાવે છે.

(૪) શબલ - અપુન્ય એવા નૈરયિકોને આંતરડામાં રહેલ કીકસને, હૃદયને, કલેજાને અને ફેફસાને ચૂર્ણ કરી દે છે.

(૫) રૌદ્ર - રુદ્રમાણ એવા નરકપાલો ત્યાં અસિ, શક્તિ, કુંત, તોમર, શૂળ, ત્રિશૂળ, સૂચિતિકાથી નારકીને છેદે-વિંધે છે.

(૬) ઉપરુદ્ર - પાપકર્મરત ઉપરુદ્રો નારકીના અંગોપાંગોને ભાંગી નાંખે છે અને સાથળ, બાહુ, મસ્તક, હાથ, પગને કલ્પની-કતરણી વડે કાપે છે - વિદારે છે.



(૭) કાલ-નારકોને દીર્ઘ ચુલ્લીમાં શુંઠકમાં, કુંભીમાં, કંદૂમાં, પ્રચનકમાં પકાવે છે. કુંભીમાં લોઢીમાં રાંધે છે.

(૮) મહાકાલ નૈરયિકોને કાકિણી વડે કાપે છે, શ્લક્ષ્ણ માંસને છેદે છે, પૃષ્ઠિવર્દ્ધને પાપકર્મરત મહાકાલ ખાય છે.

(૯) અસિનરકપાલ - નૈરયિકોના હાથ, પગ, સાથળ, બાહુ, મસ્તક, અંગોપાંગને પ્રકામ રીતે છેદે છે.

(૧૦) અસિપત્ર - નારકીના કાન, હોઠ, નાક, હાથ, પગ, દાંત, સ્તન, કૂલા, સાથળ, બાહુને છેદન-ભેદનથી પીડે છે અને ધનુષ્ય વડે પાડે છે.

(૧૧) કુંભ - કુંભીમાં નારકીને પકાવીને, લોઢી અને કંદૂ લોહ કુંભીમાં આ કુંભિક નરકપાલો હણીને રાંધે છે.

(૧૨) વાલૂ - વાલૂક નરકપાલો નૈરયિકોને તડ તડ તડત્ કરતાં કદંબ વાલુકાને ભાઠામાં નાખીને ભુંજે છે, આકાશતળે રગદોડે છે.

(૧૩) વૈતરણી - નરકપાલો નારકોને ચરબી, પરુ, લોહી, કેશ, અસ્થિને વહાવનારી, કલકલ કરતાં જળ સ્રોતમાં વહાવે છે.

(૧૪) ખરસ્વર - નૈરયિકોને કરવતથી કાપે છે, પરસ્પર પરસુથી છે કે છે, શાલ્મલીવૃક્ષે ચડાવે છે.

(૧૫) મહાઘોષ - જેમ પશુને પશુવધ માટે લઈ જવાતા હોય તેમ ડરતા, ચોતરફ ભાગતા નૈરયિકોને રુંધે છે.

૦ ગાથા ષોડશક - આ સોળ ભેદે જ અતિચાર કહ્યો તે સૂત્રકૃત્ અંગ સૂત્રના ૧૬-અધ્યયનોના વિષયમાં મારાથી જે કોઈ દૈવસિક અતિચાર થયો હોય તેને હું પ્રતિક્રમું છું. તે સોળ અધ્યયન આ પ્રમાણે છે —

(૧) સમય, (૨) વૈતાલીય, (૩) ઉપસર્ગપરિજ્ઞા, (૪) સ્ત્રીપરિજ્ઞા, (૫) નરકવિભક્તિ, (૬) વીરસ્તવ, (૭) કુશીલ પરિહાસ, (૮) વીર્ય, (૯) ધર્મ, (૧૦) સમાધિ, (૧૧) માર્ગ, (૧૨) સમોસરણ, (૧૩) યાથાતથ્ય, (૧૪) ગ્રંથ, (૧૫) યમઈક, (૧૬) ગાથા.

ઉક્ત બંને ગાથામાં અધ્યયનના નામો હોવાથી સુગમ છે.

૦ સત્તર પ્રકારે સંયમ *[ચૂર્ણિમાં અહીં સ્પષ્ટ અસંયમ જ લખેલ છે, ૧૭-અસંયમ]* - સત્તર પ્રકારના સંયમ છતાં, તે વિષયમાં અથવા પ્રતિષેધ કરણાદિ વડે જે અતિચાર કર્યા હોય. તે અતિચારોને હું પ્રતિક્રમું છું.

— સત્તર પ્રકારે સંયમનું *[અસંયમનું]* પ્રતિપાદન કરતાં કહે છે —

(૧) પૃથ્વી, (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) વનસ્પતિ, (૬) બેઈન્દ્રિય, (૭) તેઈન્દ્રિય, (૮) ચઉરિન્દ્રિય, (૯) પંચેન્દ્રિય, (૧૦) અજીવ, (૧૧) પ્રેક્ષા, (૧૨) ઉપેક્ષા, (૧૩) પ્રમાર્જન, (૧૪) પારિષ્ઠાપન, (૧૫) મન, (૧૬) વચન, (૧૭) કાયા.

(૧) પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધી જેઓ ત્રણે કરણ યોગથી સંઘટ્ટન આદિ

કરતાં નથી, તેમને સંયમ હોય છે.

(૨) સાધુને અજીવોમાં જેને ગ્રહણ કર્યા હોય તેને આ રીતે અસંયમ થાય તેમ કહેલ છે. જેમકે –

પુસ્તક, વસ્ત્ર પંચક, તૃણ પંચક, ચર્મ પંચકમાં.

અહીં વીતરાગ ભગવંતે પુસ્તક પંચકને કહેતા – ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપૂટફલક અને સૂપાટિકા એ પાંચ કહ્યા છે.

બાહલ્ય અને પૃથકત્વથી ગંડીપુસ્તક લાંબુ હોય, કચ્છપી અંતે પાતળુ અને મધ્યે પૃથુ કહેલ છે. મુષ્ટિ પુસ્તક ચાર આંગળ લાંબુ કે વૃત્ત આકાર અથવા ચાર આંગળ લાંબુ અને ચાર ખૂણાવાળું જાણવું. સંપુટ ફલક દ્વિકાદિને કહે છે અને સૃપાટિકા તે પાતળા પત્રોના ઉચ્છ્રિત રૂપે હોય તેને વિદ્વાનોએ કહેલ છે. તે દીર્ઘ હોય કે હ્રસ્વ હોય, જે પૃથુ હોય અલ્પ બાહલ્યવાળું હોય તેને સિદ્ધાંતનો સાર જાણનારાઓ સૃપાટિકા પુસ્તક છે, તેમ કહે છે.

દુષ્ય પંચક સંક્ષેપથી બે પ્રકારે હોય છે, તેમ જાણવું. અપ્રતિલેખિત પંચક અને દુષ્પ્રતિલેખ પંચક જાણવું. તેમાં –

અપ્રતિલેખિત દૂષ્ય પંચકમાં તૂલી અને ઉપધાનક જાણવા. ગંડોપધાન, આલિંગિની અને મસૂરક પોતમય હોય છે.

પલ્હવી, કૌતષી, પ્રાવાર, નવત્વક્ અને દંષ્ટ્રાગાલી આ બીજું પંચક દુષ્પ્રતિલિખિત દૂષ્યમાં જાણવું.

પલ્હવી હસ્તાંતરણ રૂપ, કૌતપ રુતપૂરિત પટ રૂપ, દંષ્ટ્રાગાલી ધોતપોતરૂપ છે, બાકીના ભેદો પ્રસિદ્ધ છે.

રાગ-દ્વેષ-મોહને જિતેલા જિનેશ્વરે તૃણપંચક કહેલ છે, તે આ પ્રમાણે – શાલિ, વ્રીહિ, કોદરા, રાલક અને અરણ્ય તૃણ.

અજિન-ચર્મ પાંચ ભેદે કહેલ છે – બકરા, ઘેટા, ગાય, ભેંસ અને મૃગનું ચર્મ અર્થાત્ અજિન છે.

અથવા બીજી રીતે – તલિકા, ખલ્લક, વર્દ્ધ, કોશ અને કર્તરીએ પ્રમાણે પણ પાંચ ભેદ કહેલા છે.

હવે હિરણ્ય - વિકટ આદિ અજીવોને અસંયમત્વથી સાધુ ગ્રહણ કરતા નથી, તે જ સંયમ જાણવ.

૦ પ્રેક્ષા સંયમ - જ્યાં સ્થાનાદિ કરે ત્યાં જોઈ, પ્રમાર્જીને કરવા તે.

૦ ઉપેક્ષા સંયમ - બે ભેદે થાય છે, તેમ જાણ. વ્યાપારમાં, અવ્યાપારમાં. વ્યાપારમાં જે પ્રમાણે ઈન્દ્રિયસમૂહનો કહ્યો. આનો ઉપેક્ષા કરનાર જે રીતે અવ્યાપારમાં વિનાશ પામે છે.

આની ઉપેક્ષા કેમ કરે ? તેને અહીં બે પ્રકારે અધિકાર છે. જેમ કે – વ્યાપાર ઉપેક્ષા, તેમાં સાંયોગિક સીદાતાને પ્રેરણા કરવી. બીજાને પણ પ્રાવચનીય કાર્યમાં પ્રેરણા કરવી.





અવ્યાપાર અપેક્ષાએ સીદાતા ગૃહીને પ્રેરણા ન કરે. ઘણાં બધાં કર્મોમાં સંયમ આ ઉપેક્ષાનો છે.

૦ પ્રમાર્જના સંયમ - સાગારિકના પગની અપ્રમાર્જના છતાં સંયમ થાય છે, તે જ અસાગારિકના પ્રમાર્જના સંયમ થાય છે.

૦ પારિષ્ઠાપના સંયમ - પ્રાણી વડે સંસક્ત ભોજન કે પાન હોય અથવા અવિશુદ્ધ હોય અથવા ઉપકરણ અને પાત્ર આદિ અતિરિક્ત હોય તો પારિષ્ઠાપન વિધિ વડે ત્યાગ કરતા સંયમ થાય છે.

૦ મન, વચન, કાયાનો સંયમ – અકુશલ મન અને વાચાના રોધમાં અને કુશલ, મન, વચનની ઉદીરણામાં યત્નથી આ સંયમ થાય.

આ મન-વચનનો સંયમ છે, કાયામાં વળી જે આવશ્યક કાર્યમાં ગમનાગમન થાય. તેમાં સમ્યક્ ઉપયોગ રાખવો તે કાયસંયમ છે.

કાચબાની જેમ સુસમાહિત હાથ-પગ-કાયાને કરતા સાધુને કાયસંયમ થાય છે.

*[ચૂર્ણિની વ્યાખ્યા ખાસ જોવી, અહીં અસંયમ શબ્દથી જ વ્યાખ્યા સ્પષ્ટ બને છે.]*

૦ હવે અઢાર પ્રકારે અબ્રહ્મ - અબ્રહ્મચર્યમાં રહેવાથી તે વિષયમાં પ્રતિષેધ કરાયેલને કરવાથી જે અતિચાર થયા હોય, તે દેવસિક અતિચારોને હું પ્રતિક્રમું છું.

આ અઢાર ભેદે અબ્રહ્મના પ્રતિપાદન માટે કહે છે –

ઔદારિક અને દિવ્ય, મન-વચન-કાયાથી, કરણ યોગથી - અનુમોદતા-કરાવતા એમ [૨ x ૩ x ૩] અઢાર પ્રકારે અબ્રહ્મ થાય.

ઉક્ત સંગ્રહણીની વ્યાખ્યા કરતાં આ પ્રમાણે કહે છે –

– મૂળથી બે ભેદે અબ્રહ્મ થાય છે, ઔદારિક - તેમાં તિર્યંચ અને મનુષ્ય સંબંધી, દિવ્ય-ભવનવાસી આદિ દેવ સંબંધી.

– મન, વચન, કાયા એ ત્રણ યોગથી.

– કરણ, કરાવણ, અનુમોદન એ ત્રણ કરણથી.

એ પ્રમાણે આ અબ્રહ્મનું નિરૂપણ કરાયેલ છે.

અહીં ભાવના આ પ્રમાણે જાણવી – (૧) મન વડે સ્વયં ઔદારિક ન કરે, (૨) મન વડે બીજા પાસે ન કરાવે, (૩) મન વડે કરતાંને ન અનુમોદે.

એ પ્રમાણે વૈક્રિયમાં પણ જાણવું.

૦ ઓગણીસ જ્ઞાતા અધ્યયનોથી અશ્રદ્ધાદિ કારણે થયેલા દૈવસિક અતિચારોને હું પ્રતિક્રમું છું.

જ્ઞાત અધ્યયન એટલે જ્ઞાતધર્મકથા અંતર્વર્તી અધ્યયનો, તે ઓગણીસ અધ્યયનોને નામથી પ્રતિપાદિત કરવાને માટે સંગ્રહણીકાર શ્રી બે ગાથા નોંધે છે.

(૧) ઉત્ક્ષેપણ, (૨) સંઘાટ, (૩) અંડ, (૪) કાચબો, (૫) શૈલક, (૬) તુંબ, (૭) રોહિણી, (૮) મલ્લી, (૯) માકંદી, (૧૦) ચંદ્રમા, (૧૧) દાવદ્રવ, (૧૨) ઉદક, (૧૩) મંડુક, (૧૪) તેતલીપુત્ર, (૧૫) નંદીફળ, (૧૬) અપરકંકા, (૧૭) અશ્વ, (૧૮) સુંસમા, (૧૯) પુંડરીક.

બંને ગાથા સ્વાભાવિક સિદ્ધ છે.

૦ હવે વીસ અસમાધિસ્થાનોને કહે છે. આમાંથી કોઈને સેવતા લાગેલ અતિચારોને હું પ્રતિક્રમું છું.

વીસ અસમાધિ સ્થાનોને જણાવતા સંગ્રહણીકાર ત્રણ ગાથાઓ નોંધે છે, તે આ પ્રમાણે છે –

(૧) દવદવચારી, (૨) અપ્રમાર્જિત, (૩) દુષ્પ્રમાર્જિત, (૪) અતિરિક્ત શયન-આસન, (૫) રાત્નિક પરિભાષિત, (૬) સ્થવિર૦, (૭) ભૂતોપઘાતિક, (૮) સંજ્વલન (૯) કોહણ, (૧૦) પૃષ્ઠિમાંસિક, (૧૧) અભિક્ષણાવધારિદની, (૧૨) અધિકરણ કર, (૧૩) ઉદીરણ, (૧૪) અકાલ સ્વાધ્યાયકારી, (૧૫) સસરક્ખ હાથ-પગ, (૧૬) શબ્દકર, (૧૭) કલહકારી, (૧૮) ઝંઝાકારી, (૧૯) સૂર્યપ્રમાણભોજી અને (૨૦) એષણાસમિતિમાં.

ઉક્ત ત્રણ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે –

સમાધાન તે સમાધિ અર્થાત્ ચિત્તની સ્વસ્થતા, મોક્ષમાર્ગમાં અવસ્થિતિ. સમાધિનો અભાવ તે અસમાધિ.

આ અસમાધિના સ્થાનો એટલે કે આશ્રયો, ભેદો - પર્યાયો. એ બધાં અસમાધિ સ્થાનથી ઓળખાય છે.

(૧) દવદવચારિ - જલ્દી જલ્દી નિરપેક્ષ ચાલતો અહીં જ આત્માને પતન આદિ અસમાધિ વડે જોડે છે અને બીજા જીવોને બાધા કરતો અસમાધિ વડે યોજે છે. જીવના વધથી જનિત કર્મો વડે પરલોકમાં પણ આત્માને અસમાધિથી જોડે છે.

(૨) અપ્રમાર્જિત સ્થાનમાં બેસવું, સુવું આદિને આચરતો આત્માને અને વીંછીના દંશ આદિ શ્રી જીવોને સંઘટ્ટન આદિ અસમાદિ વડે જોડે છે, તે અપ્રમાર્જિત-અસમાધિ.

(૩) દુષ્પ્રમાર્જિત - ઉક્ત બધી ક્રિયા દુષ્પ્રમાર્જિત સ્થાનમાં કરે તો પણ એ પ્રમાણે જ અસમાધિ થાય.

(૪) અતિરિક્ત શય્યા-આસન-વધારાની શય્યામાં ધંધશાળામાં - મોટી શાળામાં બીજા પણ રહેલા હોય છે. અધિકરણાદિ વડે પોતાને અને બીજાને અસમાદિ વડે જોડે છે.

આસન-પીઠફલકાદિ, તે પણ અતિરિક્ત હોય - વધારે હોય તો આત્માને અને બીજાને અસમાધિમાં જોડે.

(૫) રાત્નિક પરિભાષિત - અહીં રાત્નિક એટલે આચાર્ય અથવા બીજા કોઈ મહાન્ જાતિ, શ્રુત, પર્યાય આદિ વડે. તેને પરિભાષી - પરાભવ કરનાર અશુદ્ધ ચિત્તત્વથી આત્માને અને બીજાને અસમાધિમાં જોડે છે, તે રાત્નિક પરિભાષિત અસમાધિ.

(૬) સ્થવિરોપઘાતી - સ્થવીર એટલે આચાર્ય કે ગુરુ વર્ય, તેમને આચાર દોષથી અને શીલદોષથી જ્ઞાનાદિ વડે ઉપઘાત પહોંચાડે. એ રીતે દુષ્ટચિત્તપણાથી ઉપઘાત કરતો આત્માને અને બીજાને અસમાધિમાં જોડે છે, તે સ્થવિરોપઘાતી અસમાધિ.

(૭) ભૂતોપઘાતી - ભૂત એટલે એકેન્દ્રિયો તેને અનર્થને માટે હણીને અસમાધિ



વડે જોડે છે.

(૮) સંજ્વલન - મુહૂર્ત્ત મુહૂર્ત્તમાં રોષ પામે, રોષ પામીને પોતાને અને પારકાને અસમાધિ વડે જોડે છે.

(૯) ક્રોધન - એક વખત ક્રુદ્ધ, તે અત્યંત ક્રુદ્ધ થાય છે. તે બીજાને અને પોતાને અસમાધિ વડે જોડે છે.

(૧૦) પૃષ્ઠમાંસ - એટલે પરાંગમુખ, જે સામે ન હોય તેનો અવર્ણવાદ કરે, એ રીતે અસમાધિ ઉત્પન્ન કરે.

(૧૧) અભીક્ષ્ણ-અભીક્ષ્ણ અવધારક - વારંવાર અવધારિણી ભાષા બોલે છે. જેમકે - તું દાસ છે, તું ચોર છે. અથવા શંકિતને નિઃશંકિત કહે, ઈત્યાદિ પ્રકારે અસમાધિ જોડે.

(૧૨) અધિકરણકર - અધિકરણો કરે છે, બીજાને કલહ કરાવે છે એ રીતે અસમાધિમાં સ્થાપે છે.

(૧૩) ઉદીરણાકર - યંત્રાદિને ઉદીરે છે અથવા ઉપશાંત આદિની ઉદીરણ કરીને અસમાધિમાં જોડે છે.

(૧૪) અકાલ સ્વાધ્યાયકારી - જેમકે કાલિકશ્રુતને ઉગ્ઘાડા પૌરુષીમાં ભણે છે. પ્રાંત દેવતા અસમાધિ વડે જોડે છે.

(૧૫) સરજસ્ક હાથ અને પગ, તે સરજસ્કપાણિપાદ. રજની સાથે તે સરજસ્ક. અસ્થંડિલથી સ્થંડિલમાં સંક્રમતા - જતાં પ્રમાર્જના ન કરે કે સ્થંડિલાદિથી અસ્થંડિલ કૃષ્ણ ભૂમિ આદિમાં જતાં પણ પ્રમાર્જના ન કરે, તે સરજસ્કપાણિપાદ દોષ કહ્યો.

અથવા સરજસ્ક હાથો વડે ભિક્ષાને ગ્રહણ કરે.

અથવા અંતર્હિત પૃથ્વીમાં બેસવું વગેરે કરે તો પમ સરજસ્ક પાણિપાદ દોષ કહેવાય છે.

સંક્ષેપમાં ઉક્ત ત્રણે કારણે અસમાધિ થાય છે.

(૧૬) શબ્દ કરે - ઝઘડાના બોલ બોલે, વિકાલે પણ મોટા-મોટા શબ્દોમાં જ બોલે છે, વૈરાત્રિકમાં પણ ગાર્હસ્થભાષા બોલે છે. ઈત્યાદિ રીતે શબ્દો કરતાં સ્વ-પરને અસમાધિ થાય છે.

(૧૭) કલહકર - જાતે જ કલહ કરે છે, અથવા તેવું કરે છે, જેથી કલહ ઉત્પન્ન થાય છે, તેના દ્વારા અસમાધિમાં જોડે.

(૧૮) ઝંઝાકારી - જેના વડે ગણના ભેદો થાય છે, અથવા આખો ગણ જ ઝંઝાકારીપણે [બાઝતો હોય તેમ] વર્તે તેવા પ્રકારની ભાષા કરે છે, તેથી અસમાધિમાં જોડે છે.

(૧૯) સૂર્યપ્રમાણ ભોજી - સૂર્ય જ પ્રમાણ હોય, તેના ઉદય માત્રથી આરંભીને યાવત્ સૂર્યનો અસ્ત ન થાય ત્યાં સુધી ખા-ખા કરે. સ્વાધ્યાય આદિ ન કરે, તેને પ્રેરણા - પ્રતિચોદનાદિ કરો તો પણ રોષાયમાન થાય, તેવાને અજીર્ણત્વ આદિ અસમાધિ થાય છે.

(૨૦) એષણા સમિતિ - અનેષણાનો ત્યાગ-પરિહાર ન કરે. જો કોઈ તેની પડિચોયણા - પ્રેરણાદિ કરે તો તે સાધુ સાથે પણ ઝઘડવા લાગે. વળી તેનો અપરિહાર કરતાં કાયાના ઉપરોધમાં વર્તે છે, તે રીતે વર્તતા પોતાને અસમાધિમાં જોડે છે.

આ રીતે સંક્ષેપથી ત્રણે ગાથાનો અર્થ કહ્યો. વિસ્તારથી જાણવા દશાશ્રુતસ્કંધ આગમ દ્વારા જાણી લેવું.

● **સૂત્ર-૨૬ :-**

***એકવીસ શબલદોષ, બાવીશ પરીષહો, તેવીશ સૂત્રકૃત્ આગમના કુલ અધ્યયનો, ચોવીશ દેવો, પચીશ ભાવના, છવીશ - દશાશ્રુતસ્કંધ બૃહત્ કલ્પ અને વ્યવહાર એ ત્રણેના મળીને ઉદ્દેશનકાળ, સત્તાવીશ પ્રકારે અણગારનું ચારિત્ર, અઠ્ઠાવીશ ભેદે આચાર પ્રકલ્પ, ઓગણત્રીશ ભેદે પાપશ્રુતના પ્રસંગો વડે, ત્રીશ મોહનીય સ્થાનો વડે, એકત્રીશ સિદ્ધોના ગુણો વડે, [બત્રીશ યોગ સંગ્રહ વડે]...***

***[જે કોઈ પણ પ્રકારે મને દિવસ સંબંધી અતિચાર થયા હોય તે-તે અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.]***

● **વિવેચન-૨૬ :-**

*[આ સૂત્રમાં ૨૧ થી ૩૨થી સુધીના ૧૨ બોલનું પ્રતિક્રમણ છે, જેમકે - શબલ દોષ, પરીષહો, ઈત્યાદિ તેમાં બત્રીશમો બોલ યોગસંગ્રહ છે, તેની નિર્યુક્તિ અને વિવેચન આ ભાગમાં નથી પણ ચોથા ભાગમાં છે.]*

૦ એકવીસ શબલ દોષ વડે થયેલ અતિચારોનુંo —

શબલ - કાબરચીતરું, તે શબલ ચારિત્રના નિમિત્તત્વથી હસ્ત કર્મકરણ આદિ ક્રિયા વિશેષને શબલ કહે છે.

કહ્યું છે — થોડાં પણ અપરાધમાં જેમાં સાધુ મૂલગુણમાં ન વર્તે, તે ચારિત્રને મલિન કરવાથી શબલત્વ કહેવાય છે.

આવા એકવીશ શબલ સ્થાનોને દર્શાવતા કહે છે —

(૧) હસ્તકર્મ કરે, (૨) મૈથુન સેવે, (૩) રાત્રે ખાય, (૪) આધાકર્મ ભોગવે, (૫) રાજપિંડ ભોગવે, (૬) કીત ભોગવે, (૭) પ્રામિત્ય ભોગવે, (૮) અભિહૃત ભોગવે, (૯) આચ્છેદ્ય ભોગવે, (૧૦) અભીક્ષ્ણ ભોગવે.

(૧૧) ગણ સંક્રમણ કરે, (૧૨) દક્ લેપ કરે, (૧૩) માયા સ્થાનોને સેવે, (૧૪) પ્રાણાતિપાત આકુટ્ટિ કરે, (૧૫) મૃષાવાદ કરે, (૧૬) અદત્તને ગ્રહણ કરે, (૧૭) અંતર વિના પૃથ્વી સ્થાને શય્યા કે નિષદ્યા કરે, સસ્નિગ્ધ, સરજસ્ક ચિત્તવત્ શિલાદિમાં આવાસ કરે, આકુટ્ટિથી સાંડસપ્રાણસબીજ યાવત્ સસંતાનકમાં સ્થાનાદિ કરે, (૧૮) આકુટ્ટિથી મૂળ, કંદ આદિ તથા હરિતકાયાદિને ખાય. (૧૯) ઉદક લેપ કરે, (૨૦) શીતોદકાદિયુક્ત ભાજનથી અપાતા ભોજન-પાન ગ્રહણ કરે અને (૨૧) આવા પ્રકારના શબલ દોષયુક્તને ભોગવે.

*[અહીં વ્યાખ્યા કરીએ છીએ તો પણ ચૂર્ણિની વ્યાખ્યા અને દશાશ્રુતસ્કંધની ચૂર્ણિ પણ જોવા સૂચન છે.]*



૦ હવે ઉક્ત દશ ગાથામાં જણાવેલા ૨૧-શબલ દોષની વ્યાખ્યા —

(૧) હસ્તકર્મ સ્વયં કરે છે, બીજા પાસે કરાવે છે.

(૨) મૈથુન તે દેવ, મનુષ્ય કે તિર્યંચ વિષયક એ ત્રણેમાં અતિક્રમ આદિ વડે સાલંબન સેવતા શબલ દોષ.

(૩) રાત્રિના ખાતા શબલ દોષ. અહીં ચતુર્ભંગી જાણવી. (૧) દિવસે ગ્રહણ કરી દિવસે ખાય, (૨) દિવસે ગ્રહણ કરેલ રાત્રે ખાય, (૩) રાત્રે ગ્રહણ કરેલ રાત્રે ખાય, (૪) રાત્રે ગ્રહણ કરેલ દિવસે ખાય. આમાં ત્રણ ભંગો અશુદ્ધ છે માત્ર પહેલો ભંગ યોગ્ય છે, તેને અતિક્રમતા શબલ દોષ થાય છે. તેમાં સંનિધિ આદિને સેવતા પણ દોષ લાગે.

(૪) આધાકર્મ ભોગવે - પ્રગટ અર્થ છે.

(૫) રાજપિંડ ભોગવે - પ્રસિદ્ધ છે.

(૬) ક્રીત-ખરીદીને લાવેલને ભોગવે.

(૭) પ્રામીત્ય - ઉધાર લાવેલું આપે તે ભોગવે.

(૮) અભિહૃત - સામેથી લાવેલ હોય તે ભોગવે.

(૯) આચ્છેદ્ય - છીનવીને લાવેલ હોય તે ભોગવે.

ચારથી નવ દોષ પિંડનિર્યુક્તિ આદિમાં પ્રસિદ્ધ છે, તે પ્રમાણે જાણી લેવા. આ દોષ સેવનથી શબલ ચારિત્રિ થાય.

(૧૦) અસકૃત્ પચ્ચક્ખાણથી ભોગવતા શબલ દોષ.

(૧૧) છ માસની અંદર જ એક ગણથી બીજા ગણમાં સંક્રમણ કરતાં શબલદોષ થાય. સિવાય કે જ્ઞાન, દર્શન કે ચારિત્રના હેતુથી આવું સંક્રમણ કરે. (જ્ઞાનાદિમાં દોષ નથી.)

(૧૨) એક જ માસમાં ત્રણ વખત ઉદક લેપ કરે, લેપ એટલે નાભિપ્રમાણ જળ. કહ્યું છે કે — જંઘાર્દ્ધ સંઘટ્ટ નાભિલેપ તેનાથી આગળ તે 'લેપોપરિ' તેને શબલ દોષ કહ્યો.

(૧૩) ત્રણ માયા સ્થાનોનું પ્રચ્છાદનાદિ કરતો શબલ દોષ પામે.

(૧૪) આકુટ્ટિથી - જાણીને પૃથ્વી આદિનો પ્રાણાતિપાત કરતાં શબલદોષ લાગે.

(૧૫) મૃષાવાદ કરતાં શબલ દોષ.

(૧૬) અદત્ત ગ્રહણ કરતાં શબલ દોષ.

(૧૭) અંતરરહિત એટલે સીધાં જ સચિત્ત પૃથ્વી ઉપર સ્થાન-કાયોત્સર્ગ કરે, શય્યા, શયન, નૈષેધિકી કરતાં શબલ દોષ.

સસ્નિગ્ધ જળ વડે, સરજસ્ક પૃથ્વી, રજ વડે ચિત્રિત શિલા કદાચ સચેતન પણ હોય. લેલુ-ઢેફું, કોલ-ઘુણો, તેનો આવાસ એટલે ઘુણા વડે ખવાયેલ કાષ્ઠ, ત્યાં સ્થાનાદિ કરતાં શબલ દોષ.

એ પ્રમાણે ઇંડા આદિની સાથેની ભૂમિ ઉપર પણ સ્થાનાદિ કરતાં શબલ દોષ લાગે છે.

(૧૮) આકુટ્ટિ - જાણીને મૂલ આદિ ભોજન કરે તો શબલ.

(૧૯) વર્ષમાં દશ વખત ઉદકલેપ કરે તો શબલ.

(૨૦) વર્ષમાં દશ વખત માયાસ્થાનને સ્પર્શે તો શબલ.

(૨૧) શીતોદક - સચિત્ત જળ વડે ભીના હાથ કે પાત્રથી પાણી ટપકતું હોય કે કડછીથી પાણી ટપકતું હોય, તેવા ભજનાદિથી અપાતા અને લેવાતા આહારને ભોગવે તો શબલ.

આ અર્થ સંક્ષેપથી કહ્યો છે. વિસ્તારથી અર્થ જાણવા માટે દશાશ્રુતસ્કંધ ગ્રંથથી જાણવું. અસંમોહને માટે દશાશ્રુત સ્કંધથી શબલનું આ સ્વરૂપ કહેલ છે. સંગ્રહણીકાર આ પ્રમાણે કહે છે.

(૧) વર્ષમાં દશ વખત, (૨) મહિનામાં ત્રણ વખત ઉદકલેપ કરે. એ પ્રમાણે જ (૩) અને (૪) માયા સ્થાનોને સ્પર્શે.

જાણવા છતાં કે જાણીને (૫) વધ, (૬) અસત્ય, (૭) અદત્ત, (૮) મૈથુન અને (૯) રાત્રિ ભોજન કરે.

(૧૦) આધાકર્મ, (૧૧) નૃપપિંડ, (૧૨) ક્રીત, (૧૩) પ્રામિત્ય એવા આહાર દોષને સેવે - ખાય.

(૧૪ થી ૧૬) અભિક્ષસંવરિત. (૧૭) કંદાદિને ખાતો (૧૮) ભીના હાથે ગ્રહણ કરતો (૧૯) સચિત્ત શિલાદિ ઉપર બેસતો.

(૨૦) છ માસમાં ગણ સંક્રમણ કરતો, (૨૧) કરકર્મ કરતો.

આ પ્રમાણે ૨૧-શબલ દોષને સેવે છે.

અહીં સંગ્રહણીની ત્રણ ગાથાની વ્યાખ્યા પૂર્વે નિરૂપેલ શબલ અનુસાર કરી દેવી.

૦ હવે બાવીશ પરીષહ —

માર્ગથી ખસ્યા વિના નિર્જરાને માટે સહન કરવું તે પરીષહ. તેમાં સમ્યગ્દર્શનાદિ માર્ગથી ચલિત ન થવું અને જ્ઞાનાવરણીય આદિ કર્મની નિર્જરા માટે, परि - ચોતરફથી આવી પડેલ ભુખ-તરસ આદિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી સહન કરવા જોઈએ.

હવે પરીષહના સ્વરૂપને જણાવતાં કહે છે —

(૧) ભુખ, (૨) તરસ, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંસ, (૬) અચેલ, (૭) રતિ, (૮) સ્ત્રી, (૯) ચર્યા, (૧૦) નૈષેધિકી, (૧૧) શય્યા, (૧૨) આક્રોશ, (૧૩) વધ, (૧૪) યાચના, (૧૫) અલાભ, (૧૬) રોગ, (૧૭) તૃણ સ્પર્શ, (૧૮) મલ, (૧૯) સત્કાર, (૨૦) પ્રજ્ઞા, (૨૧) અજ્ઞાન, (૨૨) સમ્યકત્વ.

હવે આ બાવીશની વ્યાખ્યા કરીએ છીએ —

(૧) ક્ષુધા પરીષહ - ક્ષુધા વેદનીયના ઉદયથી સર્વે વેદનાના અતિશયપૂર્વક સારી રીતે ન સહેવાતા, જઠરમાં વિદાહ કરતી હોય તેને આગમ વિહિત વિધિથી શમાવતો અને અનેષણીયને પરિહરતો ક્ષુધા પરીષહનો જય થાય છે. અનેષણીય ગ્રહણ કરતાં વિજિત થતો નથી.

(૨) એ પ્રમાણે તૃષા પરીષહ પણ જાણવો જોઈએ.



(૩) શીત - ઘણી ઠંડી હોય તો પણ જીર્ણ વસ્ત્ર રૂપ રક્ષણનો ત્યાગ કરીને અકલ્પ્ય વસ્ત્રો ન ગ્રહણ કરે કે ન ભોગવે. શીતથી પીડાઈને અગ્નિ ન પ્રગટાવે, બીજાએ પ્રગટાવેલને પણ ન સેવે. એ પ્રમાણે રહેતા શીત પરીષહનો જય કરનાર થાય છે.

(૪) ઉષ્ણ - ગરમીથી પરિતપ્ત હોય તો પણ જલઅવગાહન ન કરે, સ્નાન ન કરે, વીંઝણાદિથી કૃત્રિમ વાયુ ન ઈચ્છે, આતપત્રાદિને ગરમી સામે રક્ષણને માટે ગ્રહણ કરે, પણ ઉષ્ણતાને સમ્યક્‌પણે સહે. એ પ્રમાણે રહેતા ઉષ્ણપરીષહ જય કરેલ થાય.

(૫) દંસ-દંશ, મશક આદિ વડે ડસાય તો પણ તે સ્થાનથી દૂર ન જાય, તેને દૂર કરવાને માટે ધૂમાડા આદિનો પ્રયત્ન ન કરે. વીંઝણાદિથી તેને નિવારે નહીં. એ પ્રમાણે અનુષ્ઠાન કરતા દંશ પરીષહનો જય કરેલો થાય છે.

આ પ્રમાણે બધે ક્રિયા જોડવી.

(૬) અચેલ-મહાધનના મૂલ્યવાળા નહીં એવા, ખંડિત અને જીર્ણ વસ્ત્રો ન ધારણ કરે, તેવા પ્રકારની દૈન્યતા પામે. આગમમાં કહ્યું છે કે — ''પરિજીર્ણ વસ્ત્રોમાં હું અચેલક થઈશ કે સચેલક થઈશ તેવું ભિક્ષુ-સાધુ ન ચિંતવે.'' ઈત્યાદિ.

(૭) અરતિ - વિચરતો હોય કે રહેલો હોય, જો અરતિ ઉત્પન્ન થાય, તો પણ સમ્યગ્ધર્મમાં રત બનીને સંસારના સ્વભાવને અવલોકીને રહેવું.

(૮) સ્ત્રી - સ્ત્રીના અંગ, પ્રત્યંગ, સંસ્થાન, હાસ્ય, લલિત, નયન, વિભ્રમાદિ ચેષ્ટા ન ચિંતવવી. જતી હોય ત્યારે તે તરફ દૃષ્ટિ પણ ન મૂકવી. કેમકે કામબુદ્ધિ એ મોક્ષમાર્ગમાં અર્ગલા છે.

(૯) ચર્યા - આળસને છોડીને ગામ, નગર, કુળ આદિમાં અનિયત વસે અને નિર્મમત્વ પ્રતિમાસ ચર્યાને આચરે.

(૧૦) નિષધા - જેમાં બેસાય તે નિષધા - સ્થાન, તે સ્ત્રી નપુંસક પશુથી રહિત વસતિને સેવે અને પશ્ચાદ્‌ભાવી ઈષ્ટ-અનિષ્ટ ઉપસર્ગોને સમ્યક્ રીતે સહે.

(૧૧) શય્યા - શય્યા, સંથારો. ચંપકાદિ પટ્ટ, મૃદુ-કઠિનાદિ ભેદથી ઉંચી-નીચી વસતિ-ઉપાશ્રય કે ધુળની પ્રચુરતા હોય, ઠંડી હોય કે ઘણી ગરમી વાળી નિષધા હોય, તો પણ ત્યાં ઉદ્વેગ ન પામે.

(૧૨) આક્રોશ - અનિષ્ટ વચન, તે સાંભળીને પણ બીજાની આલોચનાથી કોપ ન કરે.

(૧૩) વધ - કોઈ પત્થરથી, લતાથી, ચાબુકથી તાડન કરે તો પણ શરીર અવશ્યતયા વિધ્વંસ થવાનું છે એમ માનીને સમ્યક્ સહન કરે, પોતાના કરેલા કર્મોનું ફળ છે આ, એવું વિચારે.

(૧૪) યાચના - માગવું, ભિક્ષુને વસ્ત્ર, પાત્ર, અન્ન, પાન, ઉપાશ્રયાદિ બીજા પાસેથી જ બધું મળે છે, તેથી યાચના પ્રતિ અનાદર ન કરે, સાધુએ કાર્ય પડે ત્યારે સ્વધર્મ કાય પરિપાલન માટે યાચના અવશ્ય કરવી જોઈએ, એમ અનુષ્ઠાન કરતો યાચના પરીષહનો જય કરનાર થાય.

(૧૫) અલાભ - માંગવા છતાં ન મળે તો પણ પ્રસન્ન ચિત્તે જ અવિકૃત

વદનથી રહેવું જોઈએ.

(૧૬) રોગ - જ્વર, અતિસાર, કાસ, શ્વાસ આદિનો પ્રાદુર્ભાવ થાય તો પણ ગચ્છ બહાર જઈ ચિકિત્સામાં ન પ્રવર્તે. ગચ્છમાં વસતો અલ્પ-બહુત્વ આલોચનાથી સમ્યક્ સહન કરે. પ્રવચનમાં કહેલ વિધિથી પ્રતિક્રિયાને આચરે છે, એ રીતે રોગપરીષહ જય કરે.

(૧૭) તૃણસ્પર્શ - પોલાણ રહિત ઘાસાદિથી પરિભોગની આજ્ઞા અપાઈ છે. તેમાં જેમને શયન અનુજ્ઞા નિષ્પન્ન છે, તે તેવા દર્ભને ભૂમિ ઉપર પાથરીને અથવા સંથારો, ઉત્તરપટ્ટો દર્ભની ઉપર રાખીને સુવે. પરંતુ તે કઠોર કુશ-દર્ભાદિ તૃણ સ્પર્શને સમ્યક્ સહન કરે.

(૧૮) મલ - પરસેવા અને પાણીના સંપર્કથી કઠિન થયેલ રજને મેલ કહે છે. તે શરીરમાં સ્થિરતા પામીને ઉનાળામાં ઉષ્ણ સંતાપ જનિત ઘર્મ-બફારો વગેરેથી દુર્ગન્ધાદિ વડે ઘણો ઉદ્વેગ પહોંચાડે છે. તેને દૂર કરવાની કદી અભિલાષા ન કરે.

(૧૯) સત્કાર — ભોજન, પાન, વસ્ત્ર, પાત્રાદિનો બીજા તરફથી લાભ અને પુરસ્કાર - સદ્ભુત ગુણનું કિર્તન, વંદન, અભ્યુત્થાન, આસન પ્રદાનાદિ વ્યવહાર. તેમાં અસત્કાર કે અપુરસ્કારમાં દ્વેષ ન કરે.

(૨૦) પ્રજ્ઞા - બુદ્ધિનો અતિશય. તે પામી ગર્વ ન કરે.

(૨૧) અજ્ઞાન - કર્મના વિપાકથી જન્મેલ અજ્ઞાન થકી ઉદ્વેગ ન કરે.

(૨૨) અસમ્યકત્વ - સર્વ પાપ સ્થાનોથી વિરત, પ્રકૃષ્ટ તપ-અનુષ્ઠાયી અને નિઃસંગ છું હું, તો પણ ધર્મ-અધર્મ - આત્મ - દેવ - નારકાદિ ભાવો મેં જોયા નથી, તેથી આ બધું મૃષા છે. તે અસમ્યકત્વ પરીષહ. ત્યાં આમ આલોચના કરવી કે — ધર્મ-અધર્મ, પુન્ય-પાપ લક્ષણ જો કર્મરૂપ પુદ્ગલાત્મક છે, તો તેમના કાર્ય દર્શન અનુમાનને સારી રીતે જાણવા. હવે ક્ષમા-ક્રોધાદિક ધર્મ - અધર્મ છે. તે સ્વાનુભવથી અને આત્મપરિણામરૂપથી પ્રત્યક્ષ છે. દેવો અત્યંત સુખાશક્તિથી અને મનુષ્યલોકમાં કાર્યના અભાવે દુષ્ષમાનુભાવથી જોવા મળતા નથી. નારકો તીવ્ર વેદનાથી પીડાઈ, પૂર્વકૃત્ કર્મોદયના નીગડ બંધનથી વશ થઈને અસ્વતંત્ર છે, તો કેમ આવે ? એ પ્રમાણે આલોચના કરતા અસમ્યકત્વનો પરીષહજય થાય છે.

૦ હવે ૨૩-સૂત્રકૃત અધ્યયનોથી થયેલા અતિચારોને હું પ્રતિક્રમું છું. તે આ પ્રમાણે છે — સોળ અધ્યયન પૂર્વે કહ્યા તે અને સાત અધ્યયન આ પ્રમાણે - પુંડરીક ક્રિયાસ્થાન, આહાર પરિજ્ઞા, પ્રત્યાખ્યાન ક્રિયા, અણગાર, આર્દ્ર અને નાલંદા.

૦ હવે ૨૪-દેવો વડે૦ તે કહે છે —

ભવનપતિ-દશ, વ્યંતર-આઠ, જ્યોતિષ્ક-પાંચ અને એક પ્રકારે વૈમાનિકોને ગણતા ચોવીશ દેવોને કહ્યા છે. તો કોઈ ચોવીશ અરહંતોને ચોવીશ દેવ કહે છે.

● હવે-૨૫-ભાવનાઓ વડે૦

પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ મહાવ્રતના સંરક્ષણને માટે ભાવવામાં આવે છે, તે ભાવના. તે આ પ્રમાણે છે —



[અહીં વૃત્તિકારશ્રીએ પાંચ ગાથાઓ આપેલ છે, પ્રત્યેક ગાથામાં એક-એક મહાવ્રતની પાંચ-પાંચ ભાવના બતાવી છે, એ રીતે — ૫ x ૫ = ૨૫ ભાવના થાય છે, તેની વ્યાખ્યા આ પ્રમાણે છે —]

(૧) ઈર્યાસમિતિ - ઈર્યા એટલે ગમન, જવું. તેમાં સમિત - સમ્યક્ રહેલો હોય તે ઈર્યાસમિત. પહેલી ભાવના છે - ઈર્યાસમિતતા. કેમકે અસમિત હોય તે પ્રાણીની હિંસા કરે છે, તેથી સદા 'યત' સર્વકાળે ઉપયુક્ત થઈને રહે.

(૨) અવલોકન કરીને પાન-ભોજન વાપરે. જોયા વગર ખાતા-પીતા જીવની હિંસા થાય. 'અવલોક્ય ભોક્તવ્યમ્' એ બીજી ભાવના.

એ પ્રમાણે અન્યત્ર પણ અક્ષરગમનિકા કરવી જોઈએ.

(૩) આદાન-નિક્ષેપ, પાત્ર આદિનું ગ્રહણ કે મૂકવા. તેને સમ્યક્ પ્રકારે ન આદરનાર, પ્રાણીની હિંસા કરે છે, આ ત્રીજી ભાવના.

(૪,૫) સંયત - સાધુ સમાહિત થઈ સંયમમાં અદુષ્ટ મનથી પ્રવર્તે. કેમકે દુષ્ટ મનથી પ્રવર્તનાર પ્રાણીની હિંસા કરે છે, તે ચોથી ભાવના અને એ પ્રમાણે વચનમાં વિચારવું તે પાંચમી ભાવના.

— પહેલા વ્રતની પાંચ ભાવના કહેવાઈ.

— હવે બીજા વ્રતની પાંચ ભાવના કહે છે —

(૧) હાસ્યના પરિત્યાગથી સત્ય, હાસ્યથી જુઠું પણ બોલે. માટે હાસ્ય પરતિગ્ગા એ પહેલી ભાવના.

(૨) અનુવિચિંત્ય - વિચારીને બોલે, અન્યથા જુઠું પણ બોલાય.

(૩ થી ૫) જે ક્રોધ, લોભ અને ભયનો ત્યાગ કરે છે, તે આવા પ્રકારે દીર્ઘરાત્ર - મોક્ષને સામીપ્યથી જોનાર થાય. તેથી મુનિએ આ રીતે સદા મૃષાનો ત્યાગ કરવો. ક્રોધાદિથી અસત્ય ભાષણ થાય એમ ત્રણે ભાવના ભાવવી. — બીજી વ્રત ભાવના કરી.

— હવે ત્રીજી વ્રતની પાંચ ભાવના કહે છે —

(૧) અધિકૃત અવગ્રહ યાચનામાં પ્રવર્તવું, વિચારીને પ્રવર્તે નહીં તો અદત્તના ગ્રહણનો સંભવ રહે આ પહેલી ભાવના.

(૨) તૃણાદિ અનુજ્ઞાપનામાં ચેષ્ટા કરે, એમ સાંભળીને પ્રતિગ્રહ દાતાની અનુજ્ઞા લે, અન્યથા અદત્ત ગ્રહણ થશે, એક બીજી ભાવના.

(૩) સદા ભિક્ષુ અવગ્રહ - સ્પષ્ટ મર્યાદા વડે અનુજ્ઞા પામીને રહે, અન્યથા અદત્તનો સંગ્રહ થશે. આ ત્રીજી ભાવના.

(૪) ગુરુ કે બીજાની અનુજ્ઞા લઈને ભોજન-પાન કરે, અન્યથા અદત્ત ગ્રહણ કરશે, આ ચોથી ભાવના.

(૫) સાધર્મિકોનો અવગ્રહ, સ્થાનાદિ યાચીને રહે, અન્યથા ત્રીજા વ્રતની વિરાધના થશે આ પાંચમી ભાવના.

— હવે ચોથા વ્રતની ભાવના કહે છે —

(૧) આહાર ગુપ્ત થાય, અતિ માત્રામાં કે સ્નિગ્ધ ભોજન ન કરે અન્યથા બ્રહ્મચર્ય વિરાધક થાય આ પહેલી ભાવના.

(૨) અવિભૂષિત આત્મા થાય - વિભૂષા ન કરે, એ બીજી ભાવના.

(૩) સ્ત્રીને ન નીરખે, તેણીની ઈન્દ્રિય આદિ ન અવલોકે.

(૪) સ્ત્રી આદિ સંસક્ત વસતિને સેવે નહીં.

(૫) અવગત તત્ત્વવાળા મુનિ ક્ષુદ્ર કથા ન કરે. સ્ત્રીની કથા કે સ્ત્રી કથા ન કરે. અન્યથા બ્રહ્મચર્ય વિરાધક બને, આ પાંચમી ભાવના.

— પાંચમાં વ્રતની ભાવના કહે છે —

જે ઈષ્ટ કે અનિષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને પામીને ગૃદ્ધિ કે પ્રદ્વેષને પ્રગટ ન કરે તે પંડિત. તે દાંત, વિરત, અકિંચન થાય છે. પાંચે પણ ભાવના કહી.

આ રીતે પાંચ મહાવ્રતની ભાવનાઓ કહી.

*[અહીં વૃત્તિકાર મહર્ષિ બાર ભાષ્યગાથા વડે પચીશ ભાવનાઓ ફરીથી જણાવે છે. પાંચ મહાવ્રતની આ પાંચ-પાંચ ભાવનાઓનો અર્થ ઉપર સ્પષ્ટપણે જણાવેલ હોવાથી ફરી અમે ભાષ્યગાથાનો અર્થ અહીં નોંધેલ નથી.]*

૦ હવે ૨૬-દશા, કલ્પ, વ્યવહારના ઉદ્દેશાકાળ —

આ ઉદ્દેશન કાળ અર્થાત્ શ્રુતોપચારને દર્શાવતા સંગ્રહણીકાર કહે છે — દશાશ્રુત સ્કંધના દશ-ઉદ્દેશા, કલ્પના છ ઉદ્દેશા અને વ્યવહાર સૂત્રના દશ ઉદ્દેશા. બધાં મળી છવ્વીસ ઉદ્દેશા થાય છે.

૦ હવે ૨૭-અણગાર ગુણોને કહે છે —

સત્તાવીશ પ્રકારે અણગાર ચારિત્ર-સાધુના ગુણો હોવાથી તે વિષયમાં કે પ્રતિષેધ કરાયેલામાં જે અતિચાર થયેલ હોય, તેને હું પ્રતિક્રમું છું. આ ૨૭-ભેદોને જણાવતા કહે છે —

અહીં સંગ્રહણીકારે જણાવેલ બે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે —

(૧) છ વ્રત - પ્રાણાતિપાત આદિની વિરતિરૂપ, રાત્રિ ભોજન સુધીના વ્રતો. (૨) શ્રોત્ર આદિ પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ - ઈષ્ટ કે અનિષ્ટ શબ્દાદિમાં રાગ-દ્વેષને ન કરવો તે. (૩) ભાવ સત્ય - ભાવલિંગ, અંતર શુદ્ધિ. (૪) કરણ સત્ય - બાહ્ય પ્રત્યુપેક્ષણા આદિ. (૫) ક્ષમા-ક્રોધ નિગ્રહ, (૬) વિરાગતા-લોભ નિગ્રહ, (૭) મન આદિ નિરોધ — મન, વચન, કાયાના અકુશલ વ્યાપાર ન કરવો અને કુશળ વ્યાપારનો અનિરોધ.

(૮) કાયષટ્ક - પૃથ્વી આદિ છ કાયોની સમ્યક્ અનુપાલનાથી અણગાર ગુણ થાય. (૯) યોગયુક્તતા - સંયમ યોગ સહિતપણું, (૧૦) વેદના - શીત આદિરૂપને સહન કરવી. (૧૧) મારણાંતિક વેદનાને સહન કરવી - કલ્યાણ મિત્રની બુદ્ધિથી મારણાંતિક ઉપસર્ગોને સહેવા.

આ રીતે ૬ + ૫ + ૨ + ૧ + ૧ + ૩ + ૬ + ૧ + ૧ + ૧ એ. પ્રમાણે અણગારના ૨૭ ગુણો જાણવા.



૦ અઠ્ઠાવીશ આચાર પ્રકલ્પ- કહે છે.

આચાર એ જ આચારપ્રકલ્પ, તેના ૨૭-ભેદો આ પ્રમાણે છે —

(૧) શસ્ત્ર પરિજ્ઞા, (૨) લોકવિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યક્ત્વ, (૫) આવંતિ, (૬) ધુત, (૭) મહાપરિજ્ઞા, (૮) વિમોક્ષ, (૯) ઉપધાન શ્રુત, (૧૦) પિન્ડૈષણા, (૧૧) શય્યા, (૧૨) ઈર્યા, (૧૩) ભાસજ્જાત, (૧૪) વસ્ત્રૈષણા, (૧૫) પાનૈષણા, (૧૬) અવગ્રહપ્રતિમા, (૧૭) સ્થાન, (૧૮) નૈષેધિકી, (૧૯) ઉચ્ચારપ્રસ્રવણ, (૨૦) શબ્દ, (૨૧) રૂપ, (૨૨) પરક્રિયા, (૨૩) અન્યોન્ય ક્રિયા, (૨૪) ભાવના, (૨૫) વિમુક્તિ, (૨૬) ઉદ્ઘાત, (૨૭) અનુદ્ઘાત, (૨૮) આરોપણા. આ છેલ્લા ત્રણ નિશીથના છે. આ અઠ્ઠાવીસને આચારપ્રકલ્પ કહે છે.

૦ ૨૯-પાપશ્રુત પ્રસંગો વડે૰

પાપના ઉપાદાન રૂપ શ્રુત તે પાપશ્રુત. તેના પ્રસંગો - તેની આસેવનારૂપ. આ પાપશ્રુતને દર્શાવતી બે ગાથા સંગ્રહણીકારે નોંધી છે. આ બંને ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે —

આઠ નિમિત્તાંગ :- દિવ્ય-વ્યંતરાદિના અટ્ટહાસ્ય વિષયક, ઉત્પાત-સહજરુધિર વૃષ્ટિ આદિ. અંતરિક્ષ - ગ્રહભેદ આદિ. ભૌમ-ભૂમિના વિકાર દર્શનથી અમને આમ થશે તે. અંગ-અંગ વિષયક, સ્વર, વ્યંજન-મસા આદિ. આ અંગ આદિના દર્શનથી તેના જાણકાર ભાવીના સુખ આદિને જાણે છે.

આ દિવ્ય આદિ પ્રત્યેકના સૂત્ર, વૃત્તિ અને વાર્તિક છે. એ રીતે આઠ અંગ X આ ત્રણ સૂત્રાદિ એટલે ૨૪-ભેદો થય.ા

ગંધર્વ, નૃત્ય, વાસ્તુ, વૈદ્યક, ધનુર્વેદ એ પાંચ. એ રીતે ૨૪ + ૫ થતાં કુલ ૨૯ પાપ શ્રુતો કહ્યાં છે.

અહીં વાસ્તુ એટલે વાસ્તુ વિદ્યા સમજવું.

૦ ૩૦-મોહનીય સ્થાનો૰ કહે છે.

સામાન્યથી એક પ્રકૃતિ કર્મ મોહનીય કહેલ છે આઠ કર્મોમાં ચોથી કર્મ પ્રકૃતિ તે મોહનીય કહી છે. તેના સ્થાનો - નિમિત્ત, ભેદ કે પર્યાય, તે મોહનીય સ્થાનો કહ્યા.

*[અહીં સંગ્રહણીકારશ્રીએ પંદર ગાથા નોંધેલ છે. આ પંદર ગાથામાં ત્રીશ મોહનીય સ્થાનોના અર્થોને પ્રગટ કરેલ છે. અમે અત્રે આ પંદર ગાથાની વ્યાખ્યાનો અનુવાદ કરીને ત્રીશ સ્થાનોને સ્પષ્ટ કરેલ છે. વિશેષ જિજ્ઞાસુઓ દશાશ્રુત સ્કંધ પણ જોઈ શકે છે —]*

(૧) પાણીની મધ્યે તીવ્ર મનથી - ભાવથી પગ વડે આક્રમીને ત્રસ પ્રાણની જે હિંસા કરે છે, તેને “મહામોહ ઉત્પાદન કરતા, સંક્લિષ્ટ ચિત્તપણાથી ભવશત દુઃખ વેદનીય એવા પોતે મહામોહને બાંધે છે.”

— *[અહીં અવતરણ ચિહ્નમાં નોંધેલ વાક્ય બધે જ જોડવું]*

(૨) મુખને હાથ વડે ઢાંકીને [દાબીને], ઉપલક્ષણથી કાન વગેરે પણ લેવા, એ પ્રમાણે ઘણાં દુઃખને આપીને અત્યંત રડાવતા - ત્રાસ આપતા હિંસા કરે તો

મહામોહ બાંધે.

(૩) મસ્તકને વીંટીને, તીવ્ર અશુભ પરિણામોથી તે જીવને મારવો એટલે કે હિંસા કરવી.

(૪) મસ્તકમાં મુદ્ગર આદિ વડે આઘાત કરીને મસ્તકને ભેદી નાંખે, દુઃખમારથી હિંસા કરવી.

(૫) ઘણાં લોકોનો જે નેતા-સ્વામી કે મુખીયો હોય, દ્વીપ-સમુદ્ર સમાન ડૂબતા એવાને આશ્વાસન સ્થાનરૂપ દ્વીપ સમાન ત્રાણ અર્થાત્ રક્ષણ આપનાર હોય, તેવા જીવની હિંસા કરે, તો તેવાની હિંસા કરતા ઘણાં, લોકોના સંમોહ કારણથી મહામોહને બાંધે છે.

(૬) સાધારણ - સામાન્ય ગ્લાનમાં પ્રભૂ-સમર્થ, ઉપદેશથી કે સકૃત્ કરણથી સાજો થાય, તો પણ મહા ઘોર પરિણામથી ઔષધની યાચનાદિ ન કરે, તે પણ મહામોહને બાંધે છે. - x -

અહીં એક સાક્ષી પાઠ આપતા કહે છે –

ભગવન્ ! જે ગ્લાનને પ્રતિચરે છે, તે ધન્ય છે કે જે આપના દર્શનને સ્વીકારે છે તે ધન્ય છે ? ગૌતમ ! જે ગ્લાનને પ્રતિચરે છે, તે મારા દર્શનથી યુક્ત જ છે અને જે દર્શનને સ્વીકારે છે, તે ગ્લાનને પ્રતિચરે છે.

આજ્ઞા કરણ સાર એ જ અરહંતનું દર્શન છે. તેથી આ અર્થને કારણે – હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે. - x -

(૭) સાધુ-તપસ્વીને બળાત્કારથી શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મથી જે ભેદ પમાડે છે, તે મહામોહ પરિણામમાં ભ્રષ્ટ થઈને સમીપે રહીને મહામોહનીય કર્મ બાંધે છે.

(૮) નૈયાયિક - જ્ઞાનાદિ લક્ષણ નયનશીલ માર્ગને દૂષણ પ્રકારથી પોતાને કે બીજાને વિપરિણામિત કરતો અપકારમાં વર્તે છે,

૦ જ્ઞાન - કાયા, વ્રતો તે જ છે, ઈત્યાદિ વડે.

૦ દર્શન - આ જીવો અનંત છે, કઈ રીતે અસંખ્યાત પ્રદેશિક લોકમાં રહે ? ઈત્યાદિ વડે.

૦ ચારિત્ર - જીવ ઘણાં છે, કઈ રીતે અહિંસકત્વ થાય, માટે ચારિત્રનો અભાવ છે ઈત્યાદિ વડે.

ઉક્ત રીતે માર્ગને દૂષિત કરતો મહામોહ બાંધે.

(૯) જિન - તિર્થંકર અને અનંતજ્ઞાની - કેવલી આ બંનેનો જે અવર્ણ વાદ - નિંદા કરે, મહાઘોર પરિણામથી કહે છે કે –

અનંતત્વથી કઈ રીતે જાણવું, તેથી સર્વ અર્થ અને જ્ઞાનનો અભાવ જ છે. તથા – હજી પણ જ્ઞાન દોડી રહ્યું છે, હજી પણ લોકો અનંત છે, હજી પણ તમે કોઈએ જીવની સર્વજ્ઞતાને પામી નથી.

આવરણો ક્ષીણ થતાં જિનેશ્વરો એક સાથે લોક અને અલોકને પ્રકાશે છે, તે ઘનપટલ દૂર થતાં સૂર્યના પરિમિત દેશ સમાન છે.



(૧૦) આચાર્ય, ઉપાધ્યાયની ખિંસા, નિંદા કરે. આ બધાં અબહુશ્રુતો છે, તો પણ અમને આ બધાંની સાથે કંઈપણ, ક્યાંય પણ અપહાર કરે છે. ઈત્યાદિ બોલે.

(૧૧) આચાર્ય, ઉપાધ્યાય, પરમબંધુ, પરમોપકારી, આ બધાં ગુણોથી પ્રભાવિત છે, તો પછી તેમને કાર્ય ઉત્પન્ન થતાં આહાર અને ઉપકરણાદિથી સમ્યક્ પરિતૃપ્ત કેમ થતાં નથી.

(૧૨) વારંવાર અધિકરણ, જ્યોતિષ્કાદિ ઉત્પાદને કહે, જ્ઞાન આદિ માર્ગની વિરાધના કરતા તીર્થભેદને કરે.

(૧૩) વશીકરણ આદિ લક્ષણને પ્રયોજે, વારંવાર આ પ્રમાણે કરતાં મહામોહને બાંધે.

(૧૪) કામ એટલા ઈચ્છા, મદન ભેદ ભિન્ન, જેનો ત્યાગ કરીને - વમીને પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરેલી છે, છતાં તે કામની અભિલાષા ઈહભવિક અને અન્યભવિકની કરે છે.

(૧૫) વારંવાર "હું બહુશ્રુત છું" એ પ્રમાણે બોલે છે. બીજા કોઈ તેને પૂછે કે શું તમે બહુશ્રુત છો ? તો 'હા' પાડે અથવા મૌન થઈને ઉભો રહી જાય, જેથી સાધુઓ તેને બહુશ્રુત કહે. એમ પોતાની જાતે 'બહુશ્રુત' બતાવે.

(૧૬) બહુશ્રુત ન હોવા છતાં જેમ બહુશ્રુત કહેવડાવે, તે રીતે અતપસ્વી છતાં પોતાને તપસ્વી બતાવે.

(૧૭) જે ઘરમાં ઘણાં લોકો રહેલા હોય, ત્યાં અંદર ધુમાડો વિકુર્વી, તેમની હિંસા કરે.

(૧૮) અકૃત્ય - પ્રાણાતિપાતાદિ પોતે જાતે કરીને પછી બીજાએ કર્યા છે, તેવા આળ ચડાવે.

(૧૯) નિકૃતિ - અન્યથા કરણ લક્ષણા માયા, ઉપધિ એવી રીતે કરે છે, જેથી તે બીજા દ્વારા કરાયેલ છે તેમ જાણે. ઈત્યાદિ રીતે બીજાની વંચના - છેતરપીંડી કરે.

(૨૦) અશુભ મનોયોગયુક્ત રહે.

(૨૧) સભામાં બધું જ મૃષા બોલે.

(૨૨) ઝંઝા - કલહ. અક્ષીણકલહ – સદા કલહ કરતો એવો તે મહામોહને બાંધે છે.

(૨૩) જીવોને વિશ્વાસ પમાડીને કોઈ સાથે અતુલ પ્રીતિ કરીને જેની સાથે પ્રીતિ હોય તેને લોભાવે છે.

(૨૪) માર્ગમાં પ્રવેશતો જાણીને વિશ્વાસ પમાડીને તેના ધન, સુવર્ણાદિનું હરણ કરે, હાથ છેદી નાંખે.

(૨૫) અકુમાર હોવા છતાં પોતાને 'કુમાર' કહેવડાવે.

(૨૬) અબ્રહ્મચારી હોવા છતાં પોતાને બ્રહ્મચારી મનાવે.

(૨૭) જેની પાસેથી ઐશ્વર્ય પામે, તેને જ લોભાવીને ધુતે.

(૨૮) જેના પ્રભાવથી ઉત્થિત થાય, તેને જ કોઈ પ્રકારે અંતરાય ઉભા કરી

પરેશાન કરે.

(૨૯) સેનાપતિ, રાજાના અનુજ્ઞાત કે ચાતુરંત સ્વામી, લેખાચાર્ય, સ્વામીની હિંસા કરે અથવા રાષ્ટ્રના કે નિગમના નાયકને કે શ્રેષ્ઠીની હિંસા કરે.

(૩૦) ન જોતો હોવા છતાં પોતે દેવને જુએ છે, તેમ બોલે અથવા દેવના અવર્ણવાદ કરે. – તે મહામોહ પ્રકુર્વે છે.

**૦ સિદ્ધના ૩૧-ગુણો વડે૰**

કર્મને મૂળથી બાળી નાંખેલ છે જેણે, તે સિદ્ધ. સિદ્ધના આદિ ગુણો, તે સિદ્ધાદિ ગુણો. તે યુગપત્ ભાવી છે૰ ક્રમભાવિ નથી. તેને જ જણાવતા સંગ્રહણીકાર કહે છે –

*[અહીં ફક્ત એક ગાથાની સંગ્રહણી છે, તેની આ વ્યાખ્યા છે –]*

સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વેદના પ્રતિષેધથી. કેટલા ભેદોના ? પાંચ, પાંચ, બે, પાંચ, આઠ અને ત્રણ. તેનાથી શું થાય ? એ રીતે સિદ્ધોના ૩૧-ગુણો થાય. [અહીં તો ૨૮-ભેદો થયા, તો પછી ૩૧-ભેદો કેમ કહ્યાં ?] અકાય, અસંગ, અરુહ એ ત્રણ ઉમેરતા ૩૧-થાય.

૦ સંસ્થાનના પાંચ ભેદ. વર્ણના પાંચ ભેદ, ગંધના બે ભેદ, રસના પાંચ ભેદ, સ્પર્શના આઠ ભેદ, વેદના ત્રણ ભેદ, અકાય, અસંગ અને અરુહ એમ બધાં મળી ૩૧-ભેદો થયા.

તેથી કહે છે કે – તેઓ દીર્ઘ નથી કે હ્રસ્વ નથી, વૃત્ત નથી કે ત્ર્યસ્ર નથી, ચતુરસ્ર નથી કે પરિમંડલ નથી.

કૃષ્ણ નથી, નીલ નથી, રક્ત નથી, પીળા નથી, શ્વેત નથી.

સુગંધી નથી કે દુર્ગન્ધી નથી.

કડવા, તુરા, ખાટા, મધુર, કાષાયિત નથી.

કર્કશ, મૃદુ, ભારે, હલકા, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ કે રુક્ષ નથી.

પુરુષ નથી, સ્ત્રી નથી કે નપુંસક નથી.

શરીરવાળા નથી, સંગસહિત નથી, ફરી જન્મનાર નથી.

૦ હવે બીજા પ્રકારે સિદ્ધોના ગુણોને કહે છે –

અથવા આ સિદ્ધ ભગવંતો કર્મવિષયમાં ક્ષીણના આલાવાથી એકત્રીશ ગુણવાળા થાય છે. તે આ પ્રમાણે –

– દર્શનાવરણીયના નવ ભેદો, તે આ પ્રમાણે – ક્ષીણ ચક્ષુઃ દર્શન આવરણાદિ ચાર અને ક્ષીણ નિદ્ર આદિ ચાર.

– જ્ઞાનાવરણીય કર્મના પાંચ ભેદો તે આ પ્રમાણે – ક્ષીણ આભિનિબોધિક જ્ઞાનાવરણ આદિ પાંચ.

– અંતરાય કર્મના પાંચ ભેદો તે આ પ્રમાણે – ક્ષીણ દાનાંતરાય ઈત્યાદિ પાંચે અંતરાયનો ક્ષય.

– આયુષ્યના ચાર ભેદ - ક્ષીણ નરકાયુષ્ક આદિ.



બાકીના ચાર કર્મો – વેદનીય, મોહનીય, નામ અને ગોત્ર. આ દરેકના બબ્બે ભેદો કહ્યાં છે. જેમકે ક્ષીણ સાતાવેદનીય, ક્ષીણ અસાતા વેદનીય. ક્ષીણ દર્શન મોહનીય અને ક્ષીણ ચારિત્ર મોહનીય. ક્ષીણ શુભ અને નામ અને ક્ષીણ અશુભનામ. ક્ષીણ નીચ ગોત્ર અને ક્ષીણ ઉચ્ચગોત્ર.

*[૦ અહીં આ "આવશ્યક સૂત્ર સટીક અનુવાદ/ભાગ-૩ પુરો થાય છે.*
*૦ આ ચાલુ સૂત્ર-૨૬-નો છેલ્લો ભાગ બત્રીશ યોગ સંગ્રહ બાકી છે*
*૦ બત્રીશ યોગસંગ્રહથી આરંભી આખું ચોથું અધ્યયન પૂરુ થાય તે*
*તેમજ અધ્યયન-૫, અધ્યયન-૬ બધું ચોથા ભાગમાં જોવું]*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૪, સૂત્ર-૨૬ પર્યન્તનો સટીક અનુવાદ પૂર્ણ**

-- ૦ -- ૦ -- ૦ -- ૦ --

# ભાગ-૩૩-મો પૂર્ણ

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૪

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આવશ્યક-૪

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપૂરણ
પાર્શ્વનાથ જૈન
જ્ઞાનભંડાર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

34/1

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - 3૪ માં છે...

## ૦ આવશ્યક-મૂલસૂત્ર-૧ ની

## -૦- નિર્યુક્તિ-૧૨૭૪ થી

## આરંભીને

## -૦- નિર્યુક્તિ-૧૬૨૨ પૂર્ણ

## -૦- અધ્યયન-૪-સૂત્ર ૧૬ થી

## આરંભીને

## -૦- અધ્યયન-૬-સંપૂર્ણ

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ 3૪ ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજીના

પરિવારવર્તીની

**સાધ્વી શ્રી સત્યાનંદશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ગાંધીનગર જૈન સંઘ**

**બેંગલોર**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૰ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૰દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૰થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૰ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૰ના શ્રુતાનુરાગી શિષ્યા સા૰શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૰ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૰ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી** મ૦ ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ५. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ६. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૪

# ૪૦ આવશ્યક-મૂલસૂત્ર-૧/૪

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચાલીશમું આગમ છે જે ચાર મૂળસૂત્રોમાં પહેલું સૂત્ર છે. તે 'આવશ્યક' નામથી પ્રસિદ્ધ છે તેનું પ્રાકૃતમાં आवस्सय એવું નામ છે. પણ ગુજરાતી કે સંસ્કૃતમાં તેને ''आवश्यक'' નામે જ ઓળખવામાં આવે છે. આમાં છ અધ્યયનો છે.

મૂળ આવશ્યકનું કદ તો ઘણું જ નાનું છે. માત્ર-૯૨ સૂત્રોમાં છ એ અધ્યયનો પૂરા થઈ જાય છે. પરંતુ તેની નિર્યુક્તિની સંખ્યા-૧૬૨૩ છે. વળી તેમાં ભાષ્ય અને હારિભદ્રીય ટીકાને કારણે તેનું કદ ઘણું જ મોટુ થઈ જાય છે. જો તેના ઉપરની ચૂર્ણિ, બૃહત્‌ભાષ્ય ઈત્યાદિ વિવરણો સાથે રાખવામાં આવે તો આ સૂત્રનું કદ ઘણું-ઘણું જ વિસ્તૃત થઈ જાય.

મૂળ આવશ્યકમાં તો સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્‌ખાણ એ છ વિષયો છે. પણ નિર્યુક્તિ સાથે ચૂર્ણિ અને વૃત્તિ લઈએ તો જૈન વાઙ્‌મય બની જાય તેટલા વિષયો અને કથા-દૃષ્ટાંત સહ આ આગમ પ્રચૂર માહિતીનો સ્રોત બની રહેલ છે.

અહીં અમે અનુવાદમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, હારિભદ્રીય વૃત્તિની મુખ્યતા રાખેલ છે, પરંતુ વિશેષાવશ્યક ભાષ્યાદિ પણ જોઈ લેવા યોગ્ય જ છે. તેમાં ઘણું જ તાત્ત્વિક ઉંડાણ સમાવાયેલ છે.

અહીં અનુવાદમાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેરાયેલ છે, તો ક્યાંક વ્યાકરણાદિ પ્રયોગો છોડી દીધા છે. કથા-દૃષ્ટાંતો પણ ક્યાંક વાક્યપૂર્તિ આદિથી લંબાયા છે, તો ક્યાંક સંક્ષેપ પણ કર્યો છે.

અમે આ આગમને નિર્યુક્તિના આધારે ચાર વિભાગમાં વહેંચેલ છે, જેમાં પહેલા ત્રણ ભાગમાં કુલ-૧ થી ૧૨૭૩ નિર્યુક્તિ અને વિવેચન કર્યા છે. આ ભાગમાં બાકી રહેલી બધી નિર્યુક્તિ આવી જાય છે.

આ ચોથા ભાગમાં ચોથા અધ્યયનના બાકી રહેલા સૂત્રો અને અધ્યયન-૫ અને ૬ સમાવી આવશ્યક સૂત્ર વિવેચન પૂરુ કરેલ છે.





# 卐 આવશ્યક સૂત્ર-ટીકા સહિત-અનુવાદ 卐

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

*આ પૂર્વે ભાગ-૧ થી ૩માં આવશ્યક સૂત્રની નિર્યુક્તિ ૧ થી ૧૨૭૩, અધ્યયન ૧ થી ૩ સંપૂર્ણ અને અધ્યયન-૪ના સૂત્રો ૧ થી ૨૬નું ટીકા સહિત વિવેચન, સાનુવાદ કરેલ છે. આ ભાગ-૪-માં અધ્યયન-૪-ના સૂત્ર-૨૬નું છેલ્લું સૂત્ર ''બત્રીશ યોગસંગ્રહ''થી આરંભીને છ એ અધ્યયન સહિતનું આખું ''આવશ્યક સૂત્ર'' નિર્યુક્તિ અને મૂળ સૂત્રો સહિત સાનુવાદ વિવેચન પૂર્ણ થાય છે. તેથી ૧૬૨૩ સુધીની નિર્યુક્તિ અને ૯૨ સુધીના મૂળ સૂત્રો તથા અધ્યયન-૪-અધુરેથી આરંભી અધ્યયન-૫ તથા ૬ બધું જ પૂરૂ થશે.*

*ભાગ-૧ અને ૨ માં અમે નિર્યુક્તિ અને તેનું વિવેચન બંને અલગ અલગ ભાગમાં લીધેલા ભાગ-૩ અને ૪માં નિર્યુક્તિ અને તેનું વિવેચન બંને સાથે જ લીધેલ છે. અલગ-અલગ વિભાગ કરેલ નથી.*

*વાંચતી વખતે સહેલું પડે તે રીતે ટાઈપ-કમ્પોઝ ગોઠવેલ છે.*

## ❀ અધ્યયન-૪-''પ્રતિક્રમણ''...ભાગ-૩ થી ચાલુ ❀

*[આવશ્યકસૂત્રના ભાગ-૩-માં સૂત્ર-૨૬ નોંધેલ છે. તેમાં છેલ્લું પેટા સૂત્ર - ''બત્રીશ યોગસંગ્રહ'' વિશે છે. આ છેલ્લા સૂત્રનો સૂત્રાર્થ ત્યાં નોંધેલ છે, તેનું વિવેચન આ ભાગમાં કરવાનું છે. તે બંને આ પ્રમાણે –]*

● **સૂત્ર-૨૬** :- [નો શેષ ભાગ –]

***બત્રીશ યોગ સંગ્રહને કારણે જે અતિચાર સેવાયેલ હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું.***

● **વિવેચન-૨૬** :-

જે યોજાય તે યોગ અર્થાત્ મન-વચન-કાયાનો વ્યાપાર. તે અશુભ પ્રતિક્રમણના અધિકારથી પ્રશસ્ત જ ગ્રહણ કરાય છે, તેમાં શિષ્ય અને આચાર્યની આલોચના નિરપલાપ આદિ પ્રકારથી સંગ્રહ તે યોગ સંગ્રહ. પ્રશસ્ત યોગ સંગ્રહના નિમિત્તત્વથી આલોચનાદિ જ તે રીતે કહે છે –

તે બત્રીશ ભેદે હોય છે, તેને દર્શાવવાને નિર્યુક્તિકાર કહે છે –

● **નિર્યુક્તિ-૧૨૭૪ થી ૧૨૭૮ નું વિવેચન** :-

(૧) **આલોચના** – પ્રશસ્ત મોક્ષ સાધક યોગોના સંગ્રહને માટે શિષ્ય વડે આચાર્યને સમ્યક્ આલોચના આપવી જોઈએ. (૨) **નિરપલાપ** – આચાર્ય પણ પ્રશસ્ત મોક્ષ સાધક યોગસંગ્રહને માટે જ અપાયેલ આલોચનામાં નિરપલાપ રહે. અર્થાત્ બીજાને ન કહે. (૩) **આપત્તિમાં દૃઢ ધર્મત્વ** – યોગસંગ્રહને માટે બધાં સાધુ વડે દ્રવ્યાદિ ભેદથી આપત્તિમાં દૃઢ ધર્મના કરવી અર્થાત્ આપત્તિમાં સારી રીતે દૃઢ ધર્મથી રહેવું. (૪) **અનિશ્રિતોપધાન** – પ્રશસ્ત યોગના સંગ્રહ માટે અનિશ્રિત ઉપધાન કરવા અથવા અનિશ્રિત ઉપધાનમાં યત્ન કરવો. ઉપધાન એટલે તપ,

અનિશ્રિત એટલે આલોક અને પરલોકની અપેક્ષા રહિત.

(૫) **શિક્ષા** – પ્રશસ્ત યોગના સંગ્રહ માટે શિક્ષાની આસેવના કરવી. તે બે ભેદે છે - ગ્રહણ અને આસેવન શિક્ષા. (૬) **નિષ્પ્રતિકર્મ** – પ્રશસ્ત યોગ સંગ્રહને માટે નિષ્પ્રતિકર્મ શરીરતા સેવવી જોઈએ. પણ નાગદત્તની માફક અન્યથા વર્તવું ન જોઈએ. (૭) **અજ્ઞાનતા** – બીજા ન જાણે તેમ તપ કરવો જોઈએ. જેથી પ્રશસ્ત યોગ સંગ્રહ થાય. (૮) **અલોભ** – અલોભમાં યત્ન કરવો. [હવે ‘‘પ્રશસ્ત યોગ સંગ્રહ થાય’’ આ વાક્ય બધે જોડી દેવું.]

(૯) **તિતિક્ષા** – તિતિક્ષા કરવી અર્થાત્ પરીષહાદિનો જય કરવો. (૧૦) **આર્જવ** – ઋજુભાવ, તે કર્તવ્ય છે. (૧૧) **સુચિ** – શુચિ વડે થવું અર્થાત્ સંયમવાળા થવું. (૧૨) **સમ્યગ્દૃષ્ટિ** – અવિપરિત દૃષ્ટિ સળવી એટલે સમ્યગ્ દર્શન શુદ્ધિ કરવી. (૧૩) **સમાધિ** – ચિત્તની સ્વસ્થતા રૂપ સમાધિ રાખવી. (૧૪) **આચારોપગ** – આચારયુક્ત થવું - માયા ન કરવી. (૧૫) **વિનયોપગ** – વિનયવાળા ન થવું – માન ન કરવું. (૧૬) **સંવેગ** – સંવેગ ધરવો.

(૧૭) **ધૃતિમતિ** – ધૃતિપ્રધાન મતિ કરવી. (૧૮) **પ્રણિધિ** – પ્રણિધિ ત્યાગ અર્થાત્ માયા ન કરવી. (૧૯) **સુવિધિ** – સમ્યક્ વિધિ કરવી. (૨૦) **સંવર** – સંવર કરવો. (૨૧) **આત્મદોષ** – નો ઉપસંહાર કરવો. (૨૨) **સર્વકામ** – થી વિરક્તતા ભાવવી. (૨૩,૨૪) **પ્રત્યાખ્યાન** – મૂલગુણ અને ઉત્તરગુણના વિષયમાં પ્રત્યાખ્યાન કરવું, (૨૫) **વ્યુત્સર્ગ** – દ્રવ્ય, ભાવથી વિવિધ ત્યાગ.

(૨૬) **અપ્રમાદ** – પ્રમાદ ન કરવો. (૨૭) **લવાલવ** – કાલ ઉપલક્ષણ ક્ષણમાં સામાચારી અનુષ્ઠાન કરવું. (૨૮) **ધ્યાન સંવર યોગ** – કરવો જોઈએ. (૨૯) **મારણાંતિક** – વેદનાના ઉદયમાં કે મારણાંતિકમાં ક્ષોભ ન કરવો. (૩૦) **સંગર પરિજ્ઞા** – સંગની જ્ઞપરિજ્ઞા, પ્રત્યાખ્યાન પરિજ્ઞા ભાવથી પરિજ્ઞા કરવી. (૩૧) **પ્રાયશ્ચિત્ત** – કરવું. (૩૨) **આરાધના** – મરણકાળે આરાધના કરવી.

હવે પહેલું દ્વાર કહેવા નિર્યુક્તિકાર જણાવે છે.

**• નિર્યુક્તિ-૧૨૭૯-વિવેચન :-**

ઉજ્જૈની નગરી હતી. ત્યાં જિતશત્રુ રાજા હતો. અતી બલવાન્ અટ્ટણમલ્લ હતો. સોપારક નગરમાં પૃથ્વીપતિ રાજા અને સિંહગિરિ નામે મલ્લ વલ્લભ હતો. ઉજ્જૈની નગરીમાં અટ્ટનમલ્લ બધાં રાજ્યોમાં અજેય હતો. આ તરફ સમુદ્ર કિનારે સોપારક નગરમાં સિંહગિરિ રાજા, મલ્લોમાં જે જય પામે, તેને ઘણું દ્રવ્ય આપતો તે અટ્ટન ત્યાં જઈને પ્રતિવર્ષ પતાકાને ગ્રહણ કરતો હતો. રાજા વિચારે છે કે આ બીજા રાજ્યથી આવીને પતાકા લઈ જાય છે. આ મારી અપભ્રાજના છે. તેથી બીજો મલ્લ શોધે છે. તેણે એક માત્સ્યિકને ચરબી પીતો જોયો. તેની બલ પરીક્ષા કરી. જાણીને પોષ્યો. ફરી અટ્ટન આવ્યો. સોપારકમાં માત્સ્યિકમલ્લ વડે યુદ્ધમાં પરાજ્ય પામ્યો. તે વિચારે છે કે આ મારી હાનિ અને આ તરુણની વૃદ્ધિ છે. બીજા મલ્લની શોધ કરે છે.



ભૃગુકચ્છ હરિણિ ગામે દૂરિતકૂપિકામાં એક ખેડૂત જોયો. એક હાથે તે હળ વહેતો હતો, એક હાથે કપાસ ઉંચકતો હતો. તેને જોઈને ઉભો રહ્યો. આનો આહાર હું જોઉં. બળદ છુટા મૂક્યા. તેની પત્ની ભોજન લઈને આવી. ચોખાનો ઘડો જોયો જમ્યો. સંજ્ઞાભૂમિ ગયો, ત્યાં પણ જુએ છે. વિકાલ થતાં તેના જ ઘેર વસતિ માંગી. આપી, રહ્યો. તેને પૂછે છે – તારી આજીવિકા શું છે ? અટ્ટને બધી વાત કરી. ખેડૂતની પત્નીને આશ્વાસિત કરી ખેડૂતને ઉજ્જૈની લઈ ગયો. તેને વમન, વિરેચન કરાવી, પોષ્યો. યુદ્ધકળા શીખવી. ફરી મહોત્સવ કાળે અટ્ટન, તે ખેડૂતને લઈને પૂર્વવત્ આવ્યો.

પહેલા દિવસે કર્પાસમલ્લ [ખેડૂત] અને માત્સ્યિક મલ્લ વચ્ચેના યુદ્ધમાં એકે હાર્યા નહીં. બીજે દિવસે ફરી લડાશે, એમ કહી રાજા ગયો આ બંને પણ પોતાના નિવાસે આવ્યા. અટ્ટને કર્પાસમલ્લને કહ્યું – હે પુત્ર! તારું દુઃખ હોય તે કહે. અટ્ટને તેનું નિવારણ કર્યું. માત્સ્યિક મલ્લને ત્યાં પણ રાજાએ સંમર્દક મોકલ્યા. સમજાવે છે – હું તેના બાપથી પણ બીતો નથી. તો આ બિચારો કાર્પાસમલ્લ શું છે? બીજે દિવસે સમયુદ્ધ થયું. ત્રીજે દિવસે પ્રહારથી આર્ત્ત માત્સ્યિક વૈશાખે રહ્યો. અટ્ટને કાર્પાસને સૂચના કરી. તેણે ફલધિગ્રાહથી માત્સ્યિકને મસ્તકથી પકડ્યો. પણ કુંડિકાનાલની જેમ એકાંતમાં પાડ્યો. સત્કાર પામી કાર્પાસમલ્લ ઉજ્જૈની ગયો.

તે પાંચ પ્રકારના ભોગોનો ભાગી થયો. માત્સ્યિક મૃત્યુ પામ્યો.

એ પ્રમાણે જેમ પતાકા તેમ આરાધનાપતાકા. અટ્ટનને સ્થાને આચાર્ય જાણે. મલ્લ જેવા ‘સાધુ’ સમજવા. પ્રહારને અપરાધ. તે ગુરુ સામે આલોચે છે, તે નિઃશલ્ય નિર્વાણપતાકાને ત્રૈલોક્યમધ્યે હરણ કરે છે.

આ પ્રમાણે આલોચના પ્રતિ યોગસંગ્રહ થાય છે. આ શિષ્યના ગુણો છે. નિરપલાપ - જે બીજાને ન કહે – આવાની પ્રતિસેવના કરવી.

અહીં આ ઉદાહરણ ગાથા કહી છે –

**• નિર્યુક્તિ-૧૨૮૦-વિવેચન :-**

દંતપુર નગરમાં દંતચક રાજા, સત્યવતી રાણી હતા. તેણીને મનોરથ થયા, કઈ રીતે દંતમય પ્રાસાદમાં હું રમણ કરું ? રાજાને પૂછ્યું દંતનિમિત્તની રાજાએ ઘોષણા કરી, તેનું હું ઉચિત મૂલ્ય આપીશ. જે નહીં આપે તેનો રાજા શરીર નિગ્રહ કરશે. તે જ નગરમાં ધનમિત્ર વણિક્ હતો. તેને બે પત્ની હતી, મોટી ધનશ્રી અને નાની પદ્મશ્રી. જે તેને પ્રિયતર હતી. કોઈ દિવસે તે બે પત્નીમાં ઝઘડો થયો. ધનશ્રીએ તેણીને કહ્યું – તું શેને ગર્વ કરે છે ? મારાથી તારી પાસે શું અધિક છે ? શું તારા માટે સત્યવતી જેવો પ્રાસાદ કરે છે ? પદ્મશ્રી બોલી – જો જે કરાવું છું કે નહીં ? તેણી દ્વાર બંધ કરી બેસી ગઈ. વણિકે આવીને તેણીની પૃચ્છા કરી. દાસીએ કહેતા, વણિક પદ્મશ્રી પાસે ગયો. પ્રાસાદ માટે તેણી જીદ લઈને બેઠી.

વણિકનો મિત્ર દૃઢમિત્ર આવ્યો. તેને વણિકે બધી વાત કરી. ગુપ્તપણે પ્રાસાદ

બનાવવાની યોજના ઘડી. પુલિન્દ્ર પ્રાયોગ્ય મણિ, અલકત અને કંકણો લઈને અટવીમાં ગયો. દાંત પ્રાપ્ત કર્યા. તૃણના ભારા મધ્યે બાંધી ગાડું ભરીને લાવ્યો. નગરમાં પ્રવેશતા બળદે ઘાસના પુળા ખેંચ્યા. તેથી 'ખટ્' કરતાં દાંત પડી ગયા. નગર રક્ષકે જોઈને લઈ લીધો. રાજા પાસે લઈ ગયા. બાંધીને રાખ્યો. ધનમિત્ર વણિક તે સાંભળીને આવ્યો. રાજાના પગે પડીને વિનંતી કરી - આ હું લાવેલ છું. મિત્ર બોલે છે - હું આને જાણતો નથી. એ પ્રમાણે પરસ્પર કહેતા, રાજાએ સમ આપીને પૂછ્યું. અભયદાન આપ્યું. ત્યારે હકીકત જાણી, પૂજા કરી, બંનેને વિદાય આપી.

આ પ્રમાણે આચાર્ય વડે નિરપલાપ રહેવું.

બીજું — એ કે બીજાના હાથમાં ભાજનકે કંઈક આપ્યું. માર્ગમાં પડી ગયું. બંને કહેવા લાગ્યા આ મારો દોષ છે. આ 'નિરપલાપ' યોગ.

હવે આપત્તિમાં દૃઢધર્મત્વ કરવું. એ પ્રમાણે યોગસંગ્રહ થાય છે. તે આપત્તિ દ્રવ્યાદિ ચાર ભેદે છે, તેનું ઉદાહરણ —

● **નિર્યુક્તિ-૧૨૮૧-વિવેચન :-**

ઉજ્જૈની નગરી હતી, ત્યાં વસુ વણિક હતો. તેણે ચંપા નગરી જવા માટે ઉદ્‌ઘોષણા કરાવી. જેમ 'ધન્ય'એ કરાવેલી. ધર્મઘોષ અણગાર પણ સાથે ચાલ્યા. અટવી દૂર જતાં ભીલ આદિએ સાર્થને રોળી નાંખ્યો. બધાં આમ-તેમ ભાગ્યા. તે અણગાર બીજા લોકની સાથે અટવીમાં પ્રવેશ્યો. તેઓ મૂળ ખાતાં અને પાણી પીતા હતા. તે આહાર કરવો ન હોવાથી કોઈ શિલાતલે ધર્મઘોષ અણગારે ભક્તપ્રત્યાખ્યાન કર્યું. અદીનપણે સહન કરતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેઓ સિદ્ધ થયા. આ દૃઢધર્મતાથી યોગ સંગ્રહ.

આ દ્રવ્ય આપત્તિ, ક્ષેત્ર આપત્તિ ક્ષેત્રનું ન હોવું, કાળ આપત્તિ તે ઉણોદરી, ભાવ આપત્તિ હવે કહે છે —

● **નિર્યુક્તિ-૧૨૮૨-વિવેચન :-**

મથુરા નગરીમાં યમુન રાજા હતો. યમુનામાં છાવણી નાંખી. ત્યાં દંડ અણગાર આતાપના લેતા હતા. રાજાએ નીકળતા તેને જોયા. રોષથી રાજાએ તલવાર વડે તેમનું માથું કાપી નાંખ્યુ. બીજા કહે છે બીજપુરથી માર્યા. બધાં મનુષ્યોએ પત્થરનો ઢગલો કર્યો. કોપના ઉદયપ્રતિ તેની આપત્તિ કરી. તે મુનિ કાળ પામી, સિદ્ધ થયા. દેવે મહિમા કર્યો.

શક્ર પાલક વિમાનથી આવ્યો. તેને પણ રાજા પ્રત્યે ખેદ જન્મ્યો. વજ્ર વડે ડરાવીને કહ્યું કે — જો તું દીક્ષા લે, તો જ તને છોડું. યમુન રાજાએ દીક્ષા લીધી. સ્થવિરો પાસે અભિગ્રહ લીધો — ભિક્ષા જતાં મને મારો અપરાધ કોઈ યાદ કરાવશે, તો હું જમીશ નહીં. જો અડધું ભોજન કરેલ હશે, તો બાકીનું તજી દઈશ. અહીં દંડ અણગારને દ્રવ્ય આપત્તિ કહેવાય અને યમુન રાજા માટે તે ભાવ આપત્તિ કહેવાય. આપત્તિમાં દૃઢધર્મતા કહ્યું.

હવે 'અનિશ્રિતોપધાન' કહે છે — નિશ્રારહિત તે અનિશ્રિત ઉપધાન એટલે



તપ. તે અનિશ્રિત કરવો. કોણે કર્યો ? તેનું દૃષ્ટાંત —

● **નિર્યુક્તિ-૧૨૮૩-વિવેચન :-**

આર્ય સ્થૂલભદ્રને બે શિષ્યો થયા — આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ. મહાગિરિ આચાર્ય હતા. સુહસ્તિ ઉપાધ્યાય હતા. મહાગિરિએ સુહસ્તિને ગણ સોંપીને, જિનકલ્પ વિચ્છેદ હોવાથી ગચ્છપ્રતિબદ્ધ જિનકલ્પ પરિકર્મ કરે છે. આર્ય સુહસ્તિ વિચરતા પાટલીપુત્ર ગયા. ત્યાં વસુભૂતિ શ્રેષ્ઠી. તેમની પાસે ધર્મ સાંભળી શ્રાવક થયો તેણે કોઈ દિવસે આર્ય સુહસ્તિને કહ્યું — ભગવન્! મને સંસાર મરવાનો ઉપાય આપ્યો. મારો પરિવાર તેમાં જોડાતો નથી. આપ જ તેમને કંઈક કહો. સુહસ્તિ આર્યએ જઈને કહ્યો. ત્યાં મહાગિરિ પધાર્યા. તેમને જોઈને સુહસ્તિ આર્ય જલ્દી ઉભા થઈ ગયા.

વસુભૂતિ શ્રાવકે તેમને પૂછ્યું કે — તમારે પણ બીજા આચાર્ય છે ? ત્યારે આર્ય સુહસ્તિએ તેમના ગુણનું સંકિર્તન કર્યુ. પછી અણુવ્રતો આપીને ગયા. વસુભૂતિને આવા મહાન્ સાધુની ભક્ત વિશેષ કરવાનું કહ્યું. બીજે દિવસે આર્ય મહાગિરિ ભિક્ષાર્થે આવ્યા. તેણે અપૂર્વકરણ જોઈને દ્રવ્યાદિ ચિંતવના કરી. તે બધું જાણી ગયા. તે રીતે જ ભ્રમણ કરી નીકળી ગયા. તેમણે આર્ય સુહસ્તિને કહ્યું — હે આર્ય ! તમે અનેષણા કરી.

બંનેએ વિદેશે પ્રયાણ કર્યુ. ત્યાં જીવિત પ્રતિમાને વાંદીને આર્ય મહાગિરિ એડકાક્ષ ગયા. ગજાગ્રપદકવંદના કરી. એડકાક્ષ નામ કેમ થયું ?

ત્યાં પૂર્વે દશાર્ણપુર નગર હતું. ત્યાં કોઈ શ્રાવિકા મિથ્યાદૃષ્ટિને પરણાવેલ. વિકાલે આવશ્યક અને પચ્ચકખાણ કરતી, તે મિથ્યાદૃષ્ટિ તેણીનો ઉપહાસ કરતો હતો. કોઈ દિવસે તે બોલ્યો — હું પણ પ્રત્યાખ્યાન કરું છું. - x - દેવતાએ વિચાર્યુ કે — આ શ્રાવિકાની ઉદ્‌ભ્રાજના કરે છે, હવે આને ઉપાલંભ આપું. તેની બહેન ત્યાં જ રહેતી હતી. તેણીના રૂપે રાત્રિના પ્રહેણક લઈને દેવી આવી. શ્રાવિકાએ તે પ્રત્યાખ્યાયક મિથ્યાદૃષ્ટિને રોક્યો કે હવે આહાર ન કરાય. તે ન માન્યો. દેવતાએ તેને પ્રહાર કરી પાડી દીધો. તેની બંને આંખના ડોળા જમીન ઉપર પડી ગયા. શ્રાવિકા પોતાનો અપયશ થશે એમ વિચારી કાયોત્સર્ગમાં રહી. અર્ધ રાત્રે દેવી આવી. દેવીએ કોઈ તુરંતના મરેલા એડકની આંખને મિથ્યાદૃષ્ટિને બેસાડી દીધી. બધી વાત જાણીને શ્રાવક થયો. લોકો કુતૂહલથી તે એડકાક્ષને જોવા આવતા.

બીજા કહે છે આ એડકાક્ષ રાજા હતો. તેથી દશાર્ણપુરનું એડકાક્ષ નામ થયું. ત્યાં ગજાગ્રપદ પર્વત હતો. તેની ઉત્પત્તિ કહે છે —

દશાર્ણપુરમાં દશાર્ણભદ્ર રાજ હતો. તેને ૫૦૦ રાણી હતી. તેણીના યૌવન અને રૂપમાં તે આસક્ત હતો. તે કાળે ભગવન્ મહાવીર દશાર્ણકૂટે સમોસર્યા. ત્યારે રાજા તેમના વંદનાર્થે જવા વિચારે છે કે — કોઈએ ન વાંદ્યા હોય તેવું વંદન કરવું. તેના અધ્યવસાય જાણી શક્ર આવ્યો. દશાર્ણરાજા મોટી ઋદ્ધિથી નીકળ્યો, સર્વ ઋદ્ધિથી વાંદ્યા. શક્ર પણ ઐરાવણ હાથી ઉપર આવ્યો. હાથીના આઠ દાંત વિકુર્વ્યા. એકૈક દાંતમાં આઠ-આઠ વાવ કરી. એકૈક વાવમાં આઠ-આઠ કમળ, એકૈક

કમળમાં આઠ પાન, પાંદડે પાંદડે બત્રીશબદ્ધ નાટક વિકુર્વ્યા. ત્યારે તે હાથી દશાર્ણકૂટ પર્વતમાં દેવના પ્રભાવથી પગલાં ઉપસ્યા. તેથી નામ કર્યુ ગજાગ્રપદક. આ તેની ઉત્પત્તિ.

ત્યાં આર્ય મહાગિરિ ભક્ત પ્રત્યાખ્યાન કરી દેવત્વ પામ્યા. સુહસ્તિ પણ ઉજ્જૈનીમાં જીવિત પ્રતિમા વંદનાર્થે ગયા. ઉધાનમાં રહ્યા અને સાધુઓને વસતિની માર્ગણા કરવા કહ્યું. તેમાં એક સંઘાટક સુભદ્રા શ્રેષ્ઠીપત્નીના ઘેર ભિક્ષાર્થે ગયા. તેણીએ પૂછ્યું કે – આપ ક્યાં રહેલા છો ? અમે સુહસ્તિસૂરિના સાધુ છીએ, વસતિની માર્ગણા કરીએ છીએ. સુભદ્રા શ્રાવિકાએ યાનશાળા દેખાડી, ત્યાં સાધુઓ રહ્યા.

અન્ય કોઈ દિવસે પ્રદોષ કાળે આચાર્ય નલીનીગુલ્મ અધ્યયનનું પરાવર્તન કરતા હતા. સુભદ્રા શ્રાવિકાના પુત્ર અવંતી સુકુમાલ સાત માળના પ્રાસાદમાં સાતમે માળે બત્રીશ પત્નીઓ સાથે રમણ કરતો હતો. તેણે જાગીને સાંભળ્યું. આ નાટક નથી તે જાણી નીચે ઉતર્યો. સાંભળીને બહાર નીકળ્યો. જાતિસ્મરણ થયું. આચાર્યશ્રી પાસે ગયો. હું અવંતિસુકુમાલ, નલિનીગુલ્મ વિમાને દેવ હતો. ત્યાં જવા માટે ઉત્સુક થઈ દીક્ષા લેવા ઈચ્છુ છું. શ્રામણ્ય પાળવા હું અસમર્થ છું. ઇંગિની મરણ સ્વીકારીશ. માતાએ રજા ન આપતા સ્વયં લોચ કર્યો.

આચાર્ય ભગવંતે તેને સ્વયંગૃહિત વેશધારી ન થાય તેમ સમજી વેશ આપ્યો. શ્મશાનમાં અવંતી સુકુમાલે ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ. પગે લોહી ભરાયું. તેની ગંધથી શિયાલણી પોતાના બચ્ચા સાથે આવી. એક પગને શિયાલણી ખાય છે. એકને બચ્ચા ખાવા લાગ્યા. પહેલા પ્રહરે જાનુ સુધી, બીજે ઉરુ સુધી, ત્રીજે પ્રહરે ઉદર સુધી ખવાતા મૃત્યુ પામ્યા. ગંધોદક પુષ્પ વર્ષા થઈ.

આચાર્ય પાસે આલોચના કરી, પરંપરાએ તે પત્નીએ અવંતીસુકુમાલ વિશે પૂછે છે. આચાર્યએ બધી વાત જણાવી. સર્વ ઋદ્ધિથી બધી વહુઓ સાથે શ્મશાને ગઈ. એક સિવાય બધીએ દીક્ષા લીધી. એકે પ્રસૂતા હોવાથી ન લીધી. તેના પુત્રે ત્યાં દેવકુલ કરાવ્યું. તે આ 'મહાકાલ' થયું. લોકોએ ગ્રહણ કર્યુ.

આ મહાગિરિ આર્યનો અનિશ્રિત ઉપધાન યોગસંગ્રહ કહ્યો.

હવે 'શિક્ષા' પદ કહે છે. તે બે ભેદે – ગ્રહણ અને આસેવન.

**● નિર્યુક્તિ-૧૨૮૪ + વિવેચન :-**

અતીત કાળમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. તે નગરની વસ્તુ ઉત્સન્ન થઈ. બીજું નગર સ્થાન વાસ્તુ પાઠક પાસે શોધાવે છે. તેઓએ એક ચણક ક્ષેત્ર અતીવ પુષ્પ અને ફળ યુક્ત જોઈને ચણક નગર બનાવ્યું. કેટલાંક કાળે તેની વસ્તુઓ ક્ષીણ થઈ. ફરી પણ વાસ્તુની શોધ કરે છે ત્યાં એક વૃષભ બીજા સાથે લડવા એક પગે ઉભો હતો. બીજા વૃષભો વડે પરાજિત કરવો શક્ય ન હતો. ત્યાં વૃષભપુર વસાવ્યું. ફરી કેટલાંક મળે વિચ્છેદ પામ્યું. ફરી માર્ગણા કરી. કુશાગ્રપુર વસાવ્યું.



તે કાળે પ્રસેનજિત રાજા હતો. તે નગર ફરી અગ્નિ વડે બળી ગયું. ત્યારે લોકના ભયને જન્માવવાને ઘોષણા કરે છે – જેના ઘેર અગ્નિ ઉત્પન્ન થશે, તેને નગરથી કાઢી મૂકાશે. તેમાં રસોઈયાના પ્રમાદથી રાજાને જ ઘેર અગ્નિ ઉત્પન્ન થયો. તે સત્ય પ્રતિજ્ઞ રાજા પોતે નગરથી નીકળી ગયો. ત્યાંથી ગાઉ એક દૂર જઈને રહ્યો. ત્યારે દંડિક ભટ ભોજિક અને વણિક્ ત્યાં જઈને બોલ્યા – ક્યાં જાઓ છો ? રાજગૃહે. ક્યાંથી આવ્યા ? રાજગૃહથી. એ પ્રમાણે રાજગૃહનગર થયું. જ્યારે રાજાને ઘેર અગ્નિ ઉત્પન્ન થયો. કુમારોએ ત્યારે જેને જે પ્રિય હતા તે ઘોડા કે હાથી આદિ ત્યાંથી કાઢી લીધા. શ્રેણિકે ઢક્કી લીધી.

રાજાએ પૂછ્યું – કોણે શું લીધું ? બીજા-બીજા બોલ્યા – હાથી, ઘોડો ઈત્યાદિ શ્રેણિકને પૂછ્યું – તે બોલ્યો, મેં ભંભા-ભેરી લીધી. ત્યારે રાજા બોલ્યો કે – આ ભંભા તારે સારરૂપ છે ? શ્રેણિકે કહ્યું – હા. તે રાજાને અતિ પ્રિય હતો. તેનું નામ 'ભંભસાર' રાખ્યું. રાજાને થયું કે આને કોઈ મારી ન નાખે, તેથી શ્રેણિકને કંઈ આપતો નથી. બાકીના કુમારો ભટના સમૂહ સાથે નીકળે છે. શ્રેણિક તેમને જોઈને અધૃતિ કરે છે. તેથી તે ત્યાંથી નીકળી બેન્નાતટ નગરે ગયો.

'નમસ્કાર'માં કહ્યા મુજબ શ્રેણિકને ત્યાં શ્રેષ્ઠીએ પોતાની પુત્રી પરણાવી. અભય નામે પુત્ર થયો. તેણે પોતાના પિતા રાજગૃહીમાં છે તેમ જાણ્યું. કુવામાંથી વીંટી કાઢી આપી. પોતાની માતાને ઋદ્ધિપૂર્વક રાજ્યમાં પ્રવેશ કરાવ્યો.

ઉજ્જૈનીથી શ્રેણિકના રાજને રુંધવા (ચંડ) પ્રદ્યોત આવ્યો. અભયે પોતાની બુદ્ધિથી તેને નસાડી દીધો. ઈત્યાદિ કથાનક પૂર્વે આવી ગયેલ છે. પછી અભયકુમારે કરેલ માયા-કપટની પ્રદ્યોતને ખબર પડી ગઈ. પ્રદ્યોતે સભામાં અભયને પકડી લાવવા માટે આહ્વાન કર્યુ. કોઈ ગણિકાએ કહ્યું – હું પકડી લાવીશ, માત્ર મને સહાય કરનારી આપો. તેણીને ગમતી મધ્યમ વયની સ્ત્રીઓ અને સ્થવિર મનુષ્યો આપ્યા. તેની સાથે વહાણમાં ઘણાં ભોજન-પાન આપ્યા. સાધ્વી પાસે કપટી શ્રાવિકાપણું તે વૈશ્યાએ ગ્રહણ કર્યુ. બીજા ગામો અને નગરોમાં જ્યાં સંયતો અને શ્રાવકો હતા, ત્યાં જતા-જતા તેણી ઘણી બહુશ્રુત થઈ.

રાજગૃહે જઈને બહારના ઉધાનમાં રહી ચૈત્યોને વાંદદતી, ચૈત્ય પરિપાટી કરતી અભયને ઘેર આવી. નૈષેધિકી કરીને, અભયને જોઈને ઉભી થઈ. ચૈત્યોના દર્શન, વંદન કર્યા. અભયને પ્રમાણ કરીને બેઠી. ભગવંતની જન્મભૂમિ, દીક્ષા ભૂમિ, જ્ઞાનભૂમિ, નિર્વાણ ભૂમિને વાંદે છે. અભયે પૂછતા કહે છે – ઉજ્જૈનીમાં અમુક વણિક પુત્રની હું પત્ની છું. તે મૃત્યુ પામ્યો. અમે દીક્ષા લેવા ઈચ્છા રાખીએ છીએ, પણ તેમ ન થઈ શકવાથી ચૈત્યોની વંદનાર્થે નીકળેલ છીએ. અભયે તેને મહેમાન થવા કહ્યું. તેણી બધી બોલી કે અમારે ઉપવાસ છે.

બીજે દિવસે અભય એકલો ઘોડો લઈને પ્રભાતે નીકળ્યો. તેણે તે ગણિકા આદિને પોતાને ઘેર આવવા નિમંત્રણા કરી. ગણિકાએ અભયકુમારને પોતાને ત્યાં ભોજન માટે પ્રાર્થના કરી. દારુ પીવડાવી સુવાડી દીધો. પછી અશ્વના રથ વડે તેને

ઉઠાવી ગયા. માર્ગમાં બીજા પણ રથો પહેલાંથી રાખેલા હતા. એ રીતે પરંપરાએ ઉજ્જૈની પહોંચ્યા. પ્રધોત પાસે અભયને લઈ ગયા.

અભયે પ્રધોતને કહ્યું – આમાં તારી શું પંડિતાઈ છે ? ધર્મના બહાને કપટ કરીને છેતર્યો. પૂર્વે લાવેલ તેની પત્નીને સોંપી. તેણીની ઉત્પત્તિ જણાવે છે – શ્રેણિકને વિધાધરમિત્ર હતો. પછી મૈત્રીની સ્થિરતા માટે શ્રેણિકે તેને 'સેના' નામની બહેન પરણાવી. તેણી પણ વિધાધરને ઈષ્ટા હતી. વિધાધરીએ તેણીને મારી નાંખી. તેની પુત્રી હતી. તેને પણ મારી ન નાંખે તે માટે શ્રેણિક પાસે લાવ્યા. તે યુવાન થતાં અભય સાથે તેને પરણાવી તે વિધાધરી અભયને ઈષ્ટ હતી. ઈત્યાદિ - x -

તે પ્રધોતને ચાર રત્નો હતા – લોહજંઘ લેખહારક, અગ્નિભીરૂ રથ, અનલગિરિ હાથી અને શિવા રાણી. કોઈ દિવસે તે લોહજંઘને ભૃગુ કચ્છ મોકલ્યો. લોકો કહેતા કે – તે એક દિવસમાં પચીશ યોજન ચાલે છે. તેને મારી નાંખવા વિચારે છે, જેથી બીજો કોઈ ઘણાં દિવસે આવશે. એટલો કાળ આપણે સુખી થઈશું, તેમ લોકો વિચારે છે તેને ભાથું આપ્યું. લોહજંઘે ન સ્વીકાર્યુ. પછી તેને ઝેરવાળા લાડુ આપ્યા. લોહજંઘને થયું કે થોડાં યોજન જઈને નદી કિનારે ખાઈશ. તેટલામાં શકુનો તેને રોકે છે. ઉઠીને ચાલવા લાગ્યો. ફરી દૂર જઈને ખાવા ગયો, ત્યારે પણ શકુનોએ રોક્યો. ત્રીજી વખત પણ તેમ થયું.

લોહજંઘે વિચાર્યુ કે – કોઈ કારણ હોવું જોઈએ. પ્રધોત પાસે પહોંચ્યો. રાજ્યકાર્ય નિવેદન કરી, બધી વાત કરી, અભયકુમાર વિચક્ષણ હોવાથી, તેણે બોલાવીને બધું જાણી લીધું. અભયે કહ્યું – આ લાડુમાં દ્રવ્યના સંયોગથી થનાર સંમૂર્છિમ દૃષ્ટિવિષ સર્પ છે. જો લાડુ ખાધાં હોત તો દૃષ્ટિવિષ સર્પ વડે ડસાયો હોત. પછી તે સર્પને વનમાં પરાંગ્મુખ મૂક્યો. વન બળી ગયું. અંતર્મુહૂર્તમાં સર્પ મરી ગયો. ખુશ થઈને રાજાએ કહ્યું કે – મારા કેદખાનામાંથી મુક્ત થવા સિવાયનું વર [દાન] માંગ.

અભયે કહ્યું – હાલ રાખો, અવસરે માંગીશ.

અન્ય કોઈ દિવસે અનલગિરિ હાથી વિફરેલો. તે પકડાતો ન હતો. અભયને પૂછ્યું – અભયે કહ્યું, ઉદાયન ગાય તો તેના ગાનથી હાથી કબ્જામાં આવે. ઉદાયનને કેમ લાવવો ? પ્રધોતને વાસવદત્તા નામે પુત્રી હતી. તે ઘણી કળામાં શિક્ષિત હતી. ગંધર્વ ગાનમાં ઉદાયન પ્રધાન હતો. તે જો હાથીને જોઈને ગાન કરે, તો હાથી બંધનને જાણે નહીં. કેટલોક કાળ વીત્યો. યંત્રમય હાથી બનાવીને શિક્ષણ આપે છે. તેના દેશમાં પણ જાય છે. ઈત્યાદિ - x -

પછી ઉદાયનને કહ્યું કે – મારી પુત્રી કાણી છે, તેને આ ગાન શીખવો, પણ તે તમને જોઈને લજ્જા ન પામે તેમ કરવું, તેની પુત્રીને પણ કહ્યું કે – આ ઉપાધ્યાય કોઢીયો છે, માટે તેને જોતી નહીં. તે પડદાની પાછળ રહીને શીખવશે. એ રીતે કળા શીખતા વાસવદતાને થયું કે ખરેખર ! આ કોઢીયો હશે કે નહીં ? વિચારમાં ને વિચારમાં બરાબર ભણતી નથી. ઉદાયન ગુસ્સે થઈને બોલ્યો કે – હે કાણી ! તું



તારું મોં દર્પણમાં જો. ઉદાયનને થયું કે જેવો હું કોઢીયો છું, તેવી આ કાણી હોવી જોઈએ. પડદો ફાડી નાંખ્યો. પરસ્પરનો સંયોગ થઈ ગયો. માત્ર કાંચનમાલા દાસી જાણતી હતી.

કોઈ દિવસે આલાન સ્તંભથી અનલગિરિ હાથી છૂટી ગયો. રાજાએ અભયકુમારને પૂછ્યું – હવે શું કરવું ? ઉદાયન પાસે ગીત ગવડાવો. ત્યારે ઉદાયને કહ્યું – ભદ્રવતી હાથી ઉપર ચડીને, તમારી પુત્રી સાથે અમે ગાઈશું. હાથી ગાયન વડે બોલાવીને પકડી લીધો. આ તરફ ઉદાયન અને વાસવદત્તા પણ ભાગી ગયા. અહીં હાથી પકડી લાવવાની બુદ્ધિ માટે અભયકુમારને બીજું વર [દાન] આપ્યું. અભયે કહ્યું – રાખો, અવસરે વાત.

બીજા કહે છે – ઉધાનિકામાં ગયેલ પ્રધોત અને આ કન્યા નિષ્ણાત છે, ત્યાં ગાન કરશે. તેને યોગંધરાયણ મંત્રી હતો. તે ઉન્મતક વેશથી બોલે છે. પ્રધોતે તેને જોયો. મૂત્ર છાંટીને વિસર્જિત કર્યો. ઈત્યાદિ [અહીં દૃષ્ટાંત ઘણું ત્રુટક છે, ગ્રંથાંતરથી જાણી લેવું.]

હવે કોઈ દિવસે ઉજ્જૈનીમાં અગ્નિ ઉત્થિત થયો. નગરને બાળવા લાગ્યો. અભયકુમારને ઉપાય પૂછ્યો. તેણે કહ્યું – અગ્નિ સામે બીજો અગ્નિ કરો. તેમ કરતાં અગ્નિ શાંત થયો. તે વખતે પ્રધોતે ખુશ થઈને અભયને ત્રીજું વર [દાન] આપ્યું. અભયે કહ્યું, અવસરે લઈ લઈશ.

કોઈ દિવસે ઉજ્જૈનીમાં અશિવ-ઉપદ્રવ થયો. અભયકુમારને તેનો ઉપાય પૂછ્યો. અભયે કહ્યું – અભ્યંતરિકા સભામાં રાણી વિભૂષિત થઈને આવે. તમને રાજાલંકારથી વિભૂષિત થઈ જીતે, તે મને કહો. તે પ્રમાણે કર્યુ. બધાં નીચે રહીને જુએ છે. શિવા રાણી વડે રાજા જિતાયો. પછી અભયે કહ્યું કે – રાત્રિના કુંભબલિ વડે અર્ચનિકા કરવી, જે ભૂત ઉભું થાય તેના મુખમાં ભાત ફેંકવા. તે પ્રમાણે જ કર્યુ, ત્રિક, ચતુષ્ક, અટ્ટાલકમાં બધે એ પ્રમાણે ભાત ફેંકે છે. એ પ્રમાણે બધાં ભૂતો દૂર કરાયા. શાંતિ થઈ ગઈ. ત્યાં પ્રધોતે અભયને ચોથું વર [દાન] આપ્યું.

ત્યારે અભય વિચારે છે કે – હવે હું કેટલું અહીં રહું ? એક પ્રહર તેણે રાજાને કહ્યું – હવે મારા ચારે વરદાન મને આપો. પ્રધોત રાજાએ કહ્યું – માંગ. ત્યારે અભય બોલ્યો – અનલગિરિ હાથી ઉપર, શિવા રાણીના ખોળામાં બેસીને તમારા મહાવત સહિત મારે અગ્નિમાં પ્રવેશ કરવો છે. તો ઉરુ પ્રમાણ ચિતા તૈયાર કરાવો. રાજા વિષાદ પામ્યો. પછી અભયકુમારનો સત્કાર કરીને વિદાય આપી. ત્યારે અભયે કહ્યું – હું તમારા વડે કપટથી અહીં લવાયો હતો. હું તમને દિવસના પ્રકાશમાં, બુમો પડાવતો નગરની મધ્યેથી હરણ ન કરું તો અગ્નિમાં પ્રવેશીશ. પોતાની પત્ની લઈને ગયો.

કેટલોક કાળ રાજગૃહીમાં રહીને બે ગણિકાપુત્રી લઈને વણિક્‌ના વેશે ઉજ્જૈની ગયો. રાજમાર્ગમાં રહેલ આવાસ ગ્રહણ કર્યો. કોઈ દિવસે પ્રધોતે બંને ગણિકા કન્યાને જોઈ. તે બંનેએ પણ પ્રધોતને વિષ વિલાસ દૃષ્ટિથી ધ્યાન કરીને જોયું અને

પ્રદ્યોતને અંજલિ જોડી. પ્રદ્યોત પોતાના ભવને ગયો. દૂતિ મોકલી. તે બંનેએ કોપાયમાન થઈ દૂતિને કાઢી મૂકી. દૂતિએ રાજાને વાત કરી. ત્રીજો દિવસે બોલી – સાતમે દિવસે દેવકુલમાં દેવયજ્ઞ છે, ત્યારે એકલી હોઈશું, બાકી તો ભાઈ હોય છે.

અભયકુમારે પ્રદ્યોત રાજા જેવા મનુષ્યનું પ્રદ્યોત નામ રાખ્યું અને તેને દારુ પાઈને ઉન્મત્ત કર્યો. ગણિકા પુત્રી બોલી – મારે આ ભાઈને સાચવવાનો છે. ભાઈનો સ્નેહ આવો હોય છે, તેનું શું કરવું. તે રોષિત થઈને ભાગી જાય છે. ફરી તેને હાંકલ કરીને પાછો લાવીએ છીએ. તે બૂમો પાડે છે કે – હું પ્રદ્યોત છું, આ લોકો મારું હરણ કરી જાય છે.

પ્રદ્યોતે સાતમા દિવસે દૂતિ મોકલી ગણિકા પુત્રી બોલી – રાજા પ્રદ્યોત એકલો આવે તેમ કહેજો. ગવાક્ષમાં મળ્યા. નોકરોએ પલંગ સાથે બાંધી દીધો. પછી દિવસના નગરની મધ્યેથી હરણ કર્યુ. કોઈએ પૂછતા અભયે કહ્યું – વૈદ્યને ઘેર લઈ જાઉ છું. અશ્વરથમાં નાંખી રાજગૃહ પહોંચ્યા. શ્રેણિકને કહ્યું – શ્રેણિક તલવાર લઈને દોડ્યો. અભયે તેમને રોક્યા. પ્રદ્યોત્‌નો સત્કાર કરી વિદાય આપી. પરસ્પર પ્રીતિ થઈ. એ પ્રમાણે અહીં સુધી અભયને ઉત્થાન પર્યાપણિકા કહી.

તે શ્રેણિકને ચેલ્લણા રાણી હતી. હવે તેની ઉત્થાન પર્યાપનિકા કહે છે. ત્યાં રાજગૃહીમાં પ્રસેનજિત પાસે 'નાગ' નામે રથિક હતો. તેની પત્ની સુલસા હતી. તેણીને પુત્ર ન હતો. ઈન્દ્ર, સ્કંદ આદિને નમસ્કાર તે નાગસારથી નમતો. સુલસા શ્રાવિકા હોવાથી, તેને રુચતું ન હતું. તેણી બોલી કે તમે બીજી સ્ત્રી પરણી લો. નાગ બોલ્યો – તારા પુત્રનું જ પ્રયોજન છે. તેણે વૈદ્યના ઉપદેશ ત્રણ લાખ મુદ્રા વડે તેલના કુડવ [એક માપ છે] પકાવ્યા.

કોઈ દિને શક્રાલયમાં સંલાપ થયો – સુલસા શ્રાવિકા આવી દૃઢ છે. દેવ સાધુરૂપ લઈને આવ્યા. નિસીહી કહી. સુલસાએ ઉભી થઈને વંદના કરી. પૂછ્યું – આપના આગમનનું પ્રયોજન કહો. તેમણે કહ્યું લક્ષપાક તેલ જોઈએ છે. વૈદ્યએ કહ્યું છે. સુલસાએ આપું છું કહ્યું, તેથી અંદર પ્રવેશ કર્યો. તેણી કુડવ ઉતારતી હતી, ત્યાં એક કુડવ ભાંગી ગયો. બીજો લક્ષપાક તેલ કુડવ લઈને આવવા જતાં તે પણ માર્ગમાં ભાંગી ગયો. ત્રીજો પણ વહોરવતા પહેલાં ભાંગ્યો. સંતુષ્ટ થઈ દેવે તેણીને બત્રીશ ગુટિકા આપી. ક્રમથી ખાવા કહ્યું - ક્રમથી તને બત્રીશ પુત્રો થશે. તને કંઈક કામ પડે તો મને યાદ કરજે, હું આવી જઈશ.

સુલસાને થયું – ક્યાં સુધી હું બાળકોની અશુચિનું મર્દન કરતી રહીશ. આટલા બધાં કરતાં એક બત્રીશ લક્ષણો પુત્ર સારો. બત્રીશે ગુટિકા ખાઈ ગઈ. તેના ઉદરમાં બત્રીશ પુત્રો ઉત્પન્ન થયા. ઉદર વધવા લાગ્યું. અતિ દુઃખી થઈ કાયોત્સર્ગ કર્યો. દેવે આવીને પૂછતા બધો વૃત્તાંત કહ્યો. દેવે કહ્યું – તેં આ ખોટું કર્યુ. બત્રીશે એક આયુષ્યવાળા થશે. દેવે તેની અશાતા ઉપશાંત કરી. કેટલાંક કાળ પછી તેણીને બત્રીશ પુત્રો થયા.

શ્રેણિકની સાથે તે મોટા થવા લાગ્યા. અવિરહિત જ તેઓ રહેતા હતા. દેવના



દીધેલા રૂપે જ વિખ્યાત થયા.

આ તરફ વૈશાલિમાં ચેટક રાજાને દેવી રાણીને સાત પુત્રીઓ હતી. તે આ પ્રમાણે – પ્રભાવતી, પદ્માવતી, મૃગાવતી, શિવા, જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા અને ચેલ્લણા. તે ચેટક રાજાને પરવીવાહ કરવા નહીં તેવું પચ્ચકખાણ હતું. પોતાની પુત્રીને પોતે કોઈને પરણાવતા ન હતા. માતા વગેરે રાજાને પૂછીને કોઈ સમાન અને ઈષ્ટને કન્યા આપતા હતા. તેમાં અનુક્રમે –

(૧) પ્રભાવતી વીતભય નગરે ઉદાયતને આપી. (૨) પદ્માવતી ચંપામાં દધિવાહનને આપી. (૩) મૃગાવતી કૌશાંબીમાં શતાનીકને, (૪) શિવા ઉજ્જૈનીમાં પ્રદ્યોતને, (૫) જ્યેષ્ઠા કુંડગ્રામે વર્ધમાન સ્વામીના મોટાભાઈ નંદિવર્ધનને આપી. બાકી બે રહી સુજ્યેષ્ઠા અને ચેલ્લણા.

તેમના અંતઃપુરમાં પ્રવ્રાજિકા આવી, પોતાના સિદ્ધાંત તેમને કહે છે સુજ્યેષ્ઠાએ તેમને પ્રશ્નોત્તરથી નિરુત્તર કરી, મોઢું મરડીને કાઢી મૂકી. તે પરિવ્રાજિકા દ્વેષ લઈને નીકળી. રોષથી સુજ્યેષ્ઠાનું રૂપ ચિત્રફલકમાં બનાવીને શ્રેણિકના ઘેર આવી. શ્રેણિકે પૂછતાં પરિવ્રાજિકાએ સુજ્યેષ્ઠા વિશે જણાવ્યું. શ્રેણિક સુજ્યેષ્ઠાને મેળવવા અધીરો થયો. દૂત રવાના કર્યો. ત્યારે ચેટકે કહ્યું કે – હું કેમ વાહિકકુળમાં કન્યા આપું ? તેથી ના કહી. શ્રેમિકને ઘોરતર અધૃતિ થઈ. અભયકુમારે બધી વાત જાણીને કહ્યું – વિશ્વસ્ત થઈને રહો. હું તેણીને લાવી આપીશ. પોતાના ભવનમાં ગયો. ઉપાય વિચાર્યો. વણિક્ રૂપ કર્યુ. સ્વરભેદ અને વર્ણભેદ કરી, વિશાલા નગરી ગયો. કન્યના અંતઃપુર નજીક દુકાન લીધી. ચિત્રપટ્ટમાં શ્રેણિકનું રૂપ ચિતર્યુ.

જ્યારે તે અંતઃપુરવાસિની કન્યા ખરીદી અર્થે આવે ત્યારે તેને ઘણું ઘણું આપવા લાગ્યો. દાસીઓને પણ દાન-માન યુક્ત કરે છે. તે દાસીઓ પૂછે છે કે – આ ચિત્રપટ્ટમાં કોણ છે ? અભય કહેતો કે અમારા સ્વામી શ્રેણિક છે. શું તેનું રૂપ આવું છે ? અભય કહેતો કે – તેના રૂપને વર્ણવવા કોણ સમર્થ છે ? દાસીઓએ કન્યાના અંતઃપુરમાં વાત કરી. કન્યા બોલી - તે પટ્ટક લઈ આવો. દાસીએ માત્રતાં અભયે તે ન આપ્યો. ક્યાંક મારા સ્વમીની તમે અવજ્ઞા કરો તો ? ઘણી યાચના પછી આપ્યો. ગુપ્તપણે પ્રવેશ્યો. સુજ્યેષ્ઠા વડે જોવાયો. શ્રેણિક કઈ રીતે પતિ થાય ? અભયે કહ્યું કે – જો એમ હોય તો હું અહીં શ્રેણિકને લાવું. ગુપ્ત સુરંગ કન્યાના અંતઃપુર સુધી કરાવી.

સુજ્યેષ્ઠાએ ચેલ્લણાને પૂછ્યું કે – શ્રેણિક સાથે હું ભાગી જવાની છું. તારે આવવું છે ? બંને કન્યા ચાલી પણ સુજ્યેષ્ઠા ઘરેણાનો ડબ્બો લાવે ત્યાં સુધીમાં શ્રેણિકના માણસોએ ચેલ્લણાને લઈને નીકળી ગયા. ત્યારે સુજ્યેષ્ઠા રાડો પાડવા લાગી. ચેટક રાજા યુદ્ધ માટે સજ્જ થયા. વીરાંગદા રથિકે કહ્યું – હે રાજન્ ! તમે ન જશો. હું તેણીને પાછી લાવીશ. શ્રેણિકની પાછળ લાગ્યો. તે સુરંગમાં એક જ રથમાર્ગ હતો. તેમાં સુલસાના બત્રીશે પુત્રો ઉભા હતા. વીરાંગદે એક જ બાણ વડે તે બધાંને મારી નાંખ્યા. તે જ્યાં સુધીમાં રથની પાસે પહોંચે, તે પહેલાં શ્રેણિક ભાગી

ગયો. શ્રેણિક તે કન્યાને સુજ્યેષ્ઠા જ માનતો હતો. તેણી બોલી – હું ચેલ્લણા છું. તે જાણી શ્રેણિકને હર્ષ અને વિષાદ બંને થયા. રથિકપુત્રો મર્યાનો વિષાદ અને ચેલ્લણા મળ્યાનો હર્ષ. ચેલ્લણાને પણ શ્રેણિકના રૂપથી હર્ષ અને બહેનને છેતર્યાનો વિષાદ થયો.

સુજ્યેષ્ઠા પણ – ''આ કામભોગને ધિક્કાર થાઓ'' એમ માની પ્રવ્રજિત થઈ. ચેલ્લણાને પણ પુત્ર થયો. તેનું કોણિક નામ રાખ્યું.

કોણિકની ઉત્પત્તિ હવે કહે છે – એક પ્રત્યંત નગર હતું. ત્યાં જિતશત્રુ રાજાનો પુત્ર સુમંગલ હતો. અમાત્યપુત્ર સેનક ઘણાં મોટા પેટવાળો હતો. સુમંગલ સેનકની મજાક કરતો રહેતો. કંઈક તાડન કરતો. તે સુમંગલને લીધે દુઃખી હતો. સેનકે તેનાથી કંટાળીને બાલતપસ્વીપણે દીક્ષા લીધી. સુમંગલ પણ રાજા થઈ ગયો. કોઈ દિવસે સુમંગલે અગાસીમાં ઉભો હતો. ત્યારે આ આવા પ્રકારનો તપ કરે છે. રાજાને અનુકંપા થઈ. પારણા માટે નિમંત્રણા કરી. માસક્ષમણ પૂર્ણ થતાં ગયો. ત્યારે રાજા બિમાર હતો. દ્વારપાલે કંઈ ન આપ્યું. રાજા સામે થયો, તેને બાલતપસ્વી યાદ આવ્યા. ફરી નિમંત્રણા કરી. ફરી પણ માસક્ષમણને પારણે તેમજ થયું. ત્રીજી વખત પણ એવું બન્યું. ત્યારે દ્વારપાલે તેને માર્યો – ''તું જેટલી વાર આવે છે, એટલીવાર અમારો રાજા બિમાર પડે છે. તેને ભગાડી મૂક્યો.

આ વખતે તે ઘણો દુઃખી થઈને નીકળ્યો. પછી નિયાણું કર્યુ કે મારે હવે આ સુમંગલના વધને માટે જન્મ લેવો. મૃત્યુ પામી, અલ્પઋદ્ધિવાળો વ્યંતર થયો. તે રાજા પણ તાપસભક્ત હતો. તાપસે પ્રવ્રજ્યા લીધી. તે પણ વ્યંતર થયો. સુમંગલ શ્રેણિક રૂપે જન્મ્યો. સેનક કોણિક નામે જન્મ્યો.

કોણિક જેવો ચેલ્લણાના ઉદરમાં ઉત્પન્ન થયો કે તેણીને વિચાર આવ્યો કે – રાજાને હું મારી આંખ સામે ન જોઉં. તેણીએ વિચાર્યુ કે – આ ગર્ભનો દોષ છે. ગર્ભનું શાતન-પાતન કરવા છતાં પડતો નથી. દોહદકાળે દોહદ થયો - હું શ્રેણિકના ઉદરનું માંસ ખાઉં. દોહદ પુરો ન થતાં, તેણી દુબળી પડવા લાગી. ઘણાં સોગંદ આપ્યા પછી ચેલ્લણા બોલી કે – આવો દોહદ થયો છે. અભયકુમારને જણાવ્યું, તેણે ઉદરવલી ઉપર સસલાના ચામડામાંથી થોડું માંસ કાપીને છાંટ્યુ. ચેલ્લણા જુએ તે રીતે ઉદર કાપવાનો દેખાવ કરી માંસ આપ્યું, રાજા પણ ખોટે ખોટો જ મૂર્છામાં પડી રહ્યો. ચેલ્લણા જ્યારે શ્રેણિકને જોતી કે તુરંત તેણીને અધૃતિ ઉપજતી. જ્યારે ગર્ભ વિચારતો કે – કઈ રીતે હું આનું બધું માંસ ખાઈ જઉં ? એમ કરતાં નવ મહિને બાળક જન્મ્યો.

રાજા તે જાણીને ખુશ થયો. દાસી દ્વારા ચેલ્લણાએ બાળકને અશોકવાટિકામાં ત્યાગ કરાવી દીધો. શ્રેણિકે આવીને ઉપાલંભ આપ્યો - કેમ પહેલા પુત્રનો ત્યાગ કર્યો. અશોટવાટિકામાં તેને જીવતો જોયો. અશોકચંદ્ર એવું તે બાળકનું નામ કર્યુ. ત્યાં કુકડાએ તે બાળકને પીંછા વડે આંગળીનો ખૂણો વિંધી નાંખેલો. સુકુમાલિકા એવી તે. આંગળી વધતી ન હતી, વાંકી થઈ ગઈ. ત્યારે તે બાળકનું કૂણિક



[કોણિક] નામ થઈ ગયું.

જ્યારે તેની આંગળીમાં પરુ ઝરતા ત્યારે શ્રેણિક મુખમાં તે આંગળી લઈ લેતો, બાળક રોતો શાંત થઈ તો, બાકી રડ્યા કરતો હતો. તે મોટો થયો. ચેલ્લણાને હલ્લ અને વિહલ્લ બે બીજા પુત્રો થયા. શ્રેણિકને બીજી રાણીઓથી અનેક પુત્રો થયા. જ્યારે ઉધાનિકામાં છાવણી નખાતી ત્યારે ચેલ્લણા કોણિકને માટે ગોળના લાડુ મોકલતી, હલ્લ અને વિહલ્લને ખાંડના લાડુ મોકલતી હતી. તે વૈરથી કોણિક વિચારતો કે શ્રેણિક રાજા મારી સાથે આવું કરે છે. એ રીતે શ્રેણિક ઉપર તે દ્વેષ કરવા લાગ્યો. કોઈ દિવસે કોણિકનો આઠ રાજકન્યા સાથે વિવાહ થયો. યાવત્ ઉપરના પ્રાસાદે વિચરવા લાગ્યો. આ કોણિકની ઉત્પત્તિ કહી.

શ્રેણિકને જેટલું રાજ્યનું મૂલ્ય હતું, તેટલું દેવે આપેલ હાર અને સેચનક ગંધહસ્તિનું મૂલ્ય હતું. આ બંનેની ઉત્પત્તિ કહે છે –

કૌશાંબીમાં કોઈ બ્રાહ્મણ પત્ની પ્રસુતા હતી, તે પતિને કહે છે – ઘીનું મૂલ્ય ઉપજાવો. ક્યાં શોધું ? બ્રાહ્મણી બોલી – રાજાને ત્યાંના પુષ્પો વડે. તે પુષ્પ, ફલ આદિ તોડવા લાગ્યો. એ પ્રમાણે કાળ જાય છે. પ્રદ્યોત કૌસાંબી આવ્યો. શતાનિક રાજા તેના ભયથી યમુનાના દક્ષિણ કિનારો ઉત્થાપીને ઉત્તરકૂલે જાય છે. પ્રદ્યોત યમુના ઉતરીને જવા માટે સમર્થ ન હતો, તેથી દક્ષિણ બાજુ સ્કંધાવાર નાંખીને રહ્યો. ત્યારે કહે છે કે – જે તેના તૃણાહારાદિ છે, તેને પકડી લો. કાન-નાક છેદી નાંખો. એ પ્રમાણે સો મનુષ્યોને પરિક્ષીણ કર્યા. રાજાએ ખુશ થઈને કહ્યું કે – તને શું આપીએ ?

તે બોલ્યો – બ્રાહ્મણીને પૂછીને કહીશ. તેણે અગ્ર આસન સહિત ભાતની માંગણી કરી. એ પ્રમાણે તે દરરોજ જમે અને દરરોજ દક્ષિણામાં એક દીનાર લઈ જાય. કુમાર અમાત્ય વિચારે છે કે – આ રાજાનો અગ્રાસનિક છે અને દાન-માન ગ્રહણ કરે છે. બહુ દાનીય થયો છે. તેને પુત્રો પણ થયા છે. તે ઘણું જમે છે. શક્ય ન હોય તો દક્ષિણાના લોભથી વમી-વમીને પણ જમે છે. પછી તેને કોઢ થઈ ગયો.

ત્યારે કુમારમંત્રીએ કહ્યું કે – હવે પુત્રોને જ મોકલજે. પછી તેના પુત્રો જમતા હતા. તેમને પણ તે પ્રમાણે જ થયું. સંતતિથી કાલાંતરે પિતા લજ્જા પામવા લાગ્યા. પશ્ચિમમાં તેણે નિલય કર્યો. તેની પત્ની, પુત્રો કોઈ તેનો આદર કરતા નથી. બ્રાહ્મણે વિચાર્યુ – આ બધાં મારા દ્રવ્યથી મોટા થયા, હવે મારો આદર જ કરતા નથી. હું એવું કંઈક કરું કે આ બધાં કોઈ વ્યસનને પામે. કોઈ દિવસે તેણે પુત્રોને બોલાવી કહ્યું – હે પુત્રો ! મારે જીવીને શું કરવાનું છે ? આપણો કુલ પરંપરાગત પશુવધ છે, તે હું કરું છું. પછી અનશન કરીશ. તેઓએ તેને કાળો બોકડો આપ્યો. બ્રાહ્મણે તેની પાસે શરીરને ચુંબન કરાવ્યા. જ્યારે જાણ્યું કે આ સારી રીતે કોઢથી ગૃહિત છે. ત્યારે તેને જલ્દીથી મારી નાંખ્યો. પુત્રોને ખવડાવ્યું. તે બધાં કોઢ રોગને પામ્યા. તે બ્રાહ્મણ પણ ત્યાંથી નાસી ગયો.

કોઈ અટવીમાં પર્વતની દરીમાં વિવિધ વૃક્ષોની છાલ, પાંદડા, ફળ પડે છે,

ત્રિફલો પડ્યા. તે શરદ અને ઉષ્ણથી કલ્ક થયા. તેને તેણે પીધું. તેનાથી પેટ ભેદાયું અને શુદ્ધ સજજ થયો. પોતાને ઘેર આવ્યો. લોકો પૂછે છે – તારો રોગ ક્યાં ગયો ? તે બોલ્યો – દેવે નસાડી દીધો. - x - અનુ ક્રમે તે દ્વારપાલની સાથે દ્વારે વસે છે. - x - ભગવંત પધાર્યા, દ્વારપાલ તેને દ્વારનું ધ્યાન રાખવાનું કહીને ભગવન્‌ના વંદને ગયો. તે બ્રાહ્મણ દ્વાર છોડતો નથી. તૃષાથી પીડાઈને, મરીને વાવમાં દેડકો થયો. પૂર્વભવ યાદ આવ્યો. વાપીથી નીકળીને સ્વામીના વંદને ચાલ્યો. શ્રેણિક નીકળ્યો. કોઈ અશ્વ કિશોરથી ચીબાઈને મૃત્યુ પામી દેવ થયો.

શક્ર શ્રેણિકની પ્રશંસા કરે છે. તે સમોસરણમાં શ્રેણિકની પાસે કુષ્ઠિના રૂપે બેઠો. ભગવંતને છીંક આવી. તે દેવ બોલ્યો – મરો. શ્રેણિકને છીંક આવતા બોલ્યો – જીવો. અભયને માટે બોલ્યો – જીવો કે મરો. કાલશૌકરિક માટે બોલ્યો. ન મરો - ન જીવો. શ્રેણિકે ભગવંત માટે ''મરો'' શબ્દ સાંભળ્યો, તેથી કોપિત થયો. પોતાના માણસોને ઈશારો કર્યો કે – આને પકડી લેવો. પણ પછી તે કોઢીયો દેખાયો નહીં. કદાચ 'દેવ' હોવો જોઈએ, માટે જણાતો નથી. શ્રેણિક ઘેર ગયો. બીજે દિવસે વહેલો આવ્યો. ભગવંતને પૂછે છે. તે કોઢીયો કોણ હતો ? ભગવંતે તે બ્રાહ્મણનો બધો વૃત્તાંત કહ્યો.

ભગવન્ ! આપને છીંક આવતા 'મરો' કેમ બોલ્યો ? ઈત્યાદિ - x - ભગવંતે કહ્યું – તે મને કહે છે કે સંસારમાં શું રહ્યા છો, નિર્વાણ પામો. તું જીવે છે ત્યાં સુધી સુખી છે, પછી નરકમાં જઈશ માટે 'જીવા' કહ્યું. અભયકુમાર અહીં પણ ચૈત્ય અને સાધુની પૂજાથી પુન્ય ઉપાર્જે છે, મરીને દેવલોકે જશે. જ્યારે કાલિક કસાઈ જીવે છે તો રોજ ૫૦૦ પાડાને મારે છે, મરીને નરકે જવાનો છે.

શ્રેણિકે પૂછ્યું – આપના જેવા નાથ મારે છે, તો હું કેમ નરકે જઈશ ? અથવા કયા ઉપાયથી નરકે ન જઉં ? ભગવંતે કહ્યું જો – કપિલા બ્રાહ્મણી ભિક્ષાદાન કરે અથવા કાલશૌકરિક કસાઈપણું છોડી દે તો તું નરકે નહીં જાય. બધી રીતે બંનેને સમજાવ્યા, પણ તે બંને ન માન્યા. કેમ કે અભવ્ય એવો કાલિક અને ધિગ્જાતીયા કપિલા જિનવચનને માનતા નથી. શ્રેણિકે - તે કપિલાને કહ્યું – સાધુને વાંદ. તેણી કબૂલ ન થઈ. શ્રેણિકે મારી નાંખવાની ધમકી આપી, તો પણ ન માની. કાલિક પણ ન માન્યો. કાલિકના પુત્ર પાલકને અભયે ઉપશામિત કર્યો. પણ કાલિક મરીને અધઃસપ્તમી નરકે પ્રાયોગ્ય કર્મ બાંધ્યુ.

તે કાલિકને ૧૬ રોગાતંક ઉત્પન્ન થયા. ઈન્દ્રિયાર્થો વિપરીત થયા. જે દુર્ગન્ધ છે, તે સુગંધી માને છે. તેના પુત્રએ અભયને વાત કરી. ત્યારે સંડાસની ખાળનું પાણી આપ્યું. તો તે બોલ્યો – અહો ! ઘણું મીઠું છે. વિષ્ઠા વડે તેનો લેપ કર્યો. પરુ અને માંસનો આહાર કરે છે. એ પ્રમાણે કલેશ પામીને તે કાલસૌકરિક કસાઈ સાતમી નરકે ગયો. ત્યારે સ્વજનો તેના પુત્રને કસાઈ પદે સ્થાપવા કહે છે. પણ પાલક તેમ ઈચ્છતો નથી. 'મારે નરકમાં જવું નથી.'' ઈત્યાદિ.

તે કોઢીયા દેવે શ્રેણિક ઉપર પ્રસન્ન થઈને દશસરો હાર આપ્યો. બે ગોળા



અફડાવીને આપ્યા. તે હાર શ્રેણિકે ચેલ્લણાને પ્રિય થશે એમ માનીને આપ્યો અને બંને ગોળા નંદા [અભયની માતા] ને આપ્યા. તેણીએ રોષાયમાન થઈને કહ્યું – શું હું બાળક છું ? એમ કહી ગોળા ફેંકી દીધા. બંને ગોળા સ્તંભમાં પછડાઈને ભાંગી ગયા. તો એકમાંથી કુંડલની જોડ અને બીજામાંથી દેવદૂષ્યની જોડ નીકળી. ખુશ થઈને નંદાએ તે બંને ગ્રહણ કર્યા. આ પ્રમાણે હારની ઉત્પત્તિ કહી.

હવે સેચનકની ઉત્પત્તિ કહે છે – કોઈ એક વનમાં હાથીનું જૂથ વસતું હતું. તે જૂથમાં એક હાથી, જે-જે હાથી બાલ જન્મે તેને મારી નાંખતો. એક ગર્ભિણી હાથણી હતી. તે ત્યાંથી સરકીને એકલી વિચારવા લાગી. અન્ય કોઈ દિવસે તૃણનો ભાર માથે લઈને તાપસના આશ્રમે ગઈ. તે તાપસોના પગે પડીને ઉભી રહી. તેઓએ જાણ્યું કે – આ બિચારી શરણે આવી છે. કોઈ દિવસે ત્યાં ચરતા-ચરતા હાથીને જન્મ આપ્યો. હાથણી પાછી હાથીના જૂથમાં ચરવા લાગી, અવસરે આવીને બાળ હાથીને દુધ પાઈ જતી હતી. એ પ્રમાણે તે હાથી મોટો થવા લાગ્યો.

ત્યાં તાપસપુત્રો પુષ્પરસથી હાથીને સિંચતા હતા. તે પણ સુંઢમાં પાણી ભરીને સીંચતો હતો, તેની તેનું નામ સેચનક રાખ્યું. તે મોટો થયો. મદવાળો થયો. ત્યારે તે હાથીએ જૂથપતિને મારી નાંખ્યો. પોતે જાતે જૂથનો અધિપતિ થઈ ગયો.

કોઈ વખતે તાપસોએ તેને લાડુ વડે લોભાવીને રાજગૃહ લઈ ગયા. નગરમાં પ્રવેશીને શાળામાં બાંધી દીધો. કોઈ વખતે કુલપતિ પૂર્વાભ્યાસથી આવ્યા. પૂછ્યું – હે સેચનક ! કેમ છે ? તેની તરફ વસ્ત્રો ફેંક્યા, સેચનક તેને મારી નાંખ્યા. બીજા કહે છે કે – યૂથપતિપણે રહીને બીજા કોઈ હવે જન્મે નહીં. માટે તે તાપસોની કુટીરો ભાંગી નાંખી. તે તાપસો વડે રોષિત થઈને શ્રેણિક રાજાને કહેવાયું, ત્યારે શ્રેણિકે તેને પકડી લીધો. આ સેચનકની ઉત્પત્તિ કહી.

સેચનકનો પૂર્વભવ - એક ધિગ્ જાતીય - બ્રાહ્મણે યજ્ઞ કર્યો. તેના દાસને યજ્ઞપાટે સ્થાપિત કર્યો. તે બોલ્યો – જો શેષ મને આપશો તો જ રહીશ, નહીં તો નહીં રહું. તે વાત સ્વીકારી. તે દાસયજ્ઞની શેષ સાધુને આપે છે, તેનાથી દેવનું આયુ બાંધ્યુ. દેવલોકથી ચ્યવીને શ્રેણિકનો પુત્ર નંદિષેણ થયો. જ્યારે પે'લો બ્રાહ્મણ સંસાર ભ્રમણ કરીને સેચનક થયો. જ્યારે નંદિષેણ તેના ઉપર બેસતો ત્યારે તે ઉપહનમન સંકલ્પ કે વિમનસ્ક થઈ જતો. અવધિ [વિભંગ] જ્ઞાન વડે તે જાણે છે. ભગવંતને પૂછતાં, આ બધું કહ્યું. આ સેચનકનો પૂર્વભવ.

કોઈ વખતે અભયકુમારે ભગવંતને પૂછ્યું – છેલ્લા રાજર્ષિ કોણ ? ભગવંતે કહ્યું – ઉદાયન થઈ ગયા. હવે કોઈ મુગટબદ્ધ દીક્ષા લેશે નહીં. ત્યારે અભયને રાજ્ય મળતું હોવા છતાં તેણે ઈચ્છા ન કરી.

પછી શ્રેણિક વિચારે છે કે – કોણિકને રાજ્ય આપવું. તેથી હલ્લને હાથી આપ્યો અને વિહલ્લને હાર આપ્યો.

અભયે દીક્ષા લેતા તેની માતા નંદાએ ક્ષૌમયુગલ અને કુંડલ યુગલ હલ્લ અને વિહલ્લને આપી દીધા. અભયે મહા વૈભવ સહિત માતાની સાથે પ્રવ્રજ્યા લીધી.

કોઈ દિવસે કોણિકે કાલ આદિ દશકુમારો સાથે મંત્રણા કરી – શ્રેણિકને બાંધીને રાજ્યના ૧૧-બાગ કરીએ. તેમણે પણ સ્વીકાર્યુ. શ્રેણિકને બાંધ્યો. પૂર્વાહ્ણ અને અપરાહ્ણમાં ૧૦૦ ચાબખાં શ્રેણિકને મારે છે. ચેલ્લણાને કદાપિ મળવા જવા દેતો ન હતો. ભોજન બંધ કર્યુ, પાણી આપતો નથી. ત્યારે ચેલ્લણા કોઈપમ રીતે અડદને વાળમાં બાંધીને પોતે કેદખાના પ્રવેશે છે. તે પ્રક્ષાલન કરે ત્યારે બધે પાણી-પાણી થતું.

કોઈ દિવસે કોણિકની પત્ની પદ્માવતી રાણીનો પુત્ર ઉદાયી કુમાર ખોળામાં બેઠો હતો, કોણિક જમતો હતો. તે બાળક થાળીમાં મૂતર્યો. ત્યારે કોણીકે ભાતને એક તરફ કરી, બાકીનું જમી લીધું. પછી માતને બોલ્યો – હે માતા ! શું કોઈ બીજાને પોતાના પુત્ર માટે આવો પ્રેમ હશે ? માતા બોલી – તારી આંગળીમાં કૃમી થઈ ગયેલા, પરુ નીકળતા હતા ત્યારે તારા પિતા મોઢામાં તે આંગળી લઈને રાખતા, બાકી તું રડતો રહેતો. તારા પિતા તે આંગળી ચુસી જતાં ત્યારે તું શાંત થતો. કોણિકે પૂછ્યું કે તો પછી મને કેમ ગોળના લાડુ આપતા હતા ? ચેલ્લણા રાણી બોલ્યા કે – તે હું કરતી હતી. કેમકે તું સદા પિતાનો વૈરી હતો. મારા ઉદરમાં આવ્યો ત્યારથી. તો પણ તારા પિતા કદી તારાથી વિરક્ત થયા ન હતા અને તેં તારા એ પિતાને જ આપત્તિમાં નાંખ્યા.

ત્યારે કોણિકને અરતિ-દુઃખ થયું. તુરંત લોઢાનો દંડ લઈને ''હું બેડી તોડી નાંખુ'' એમ વિચારી દોડ્યો. સ્નેહથી રક્ષપાલકોએ શ્રેણિકને કહ્યું – આજે તે પાપી લોહદંડ લઈને આવી રહ્યો છે. શ્રેણિકને પણ થયું કે આજે ન જાણે આ મને કયા મારથી મારશે, તેણે તાલપુટ વિષ ખાઈ લીધું. તે મૃત્યુ પામ્યો. કોણિકને ઘણો જ ખેદ થયો. શ્રેણિકનો અગ્નિદાહ દઈને ઘેર આવ્યો. રાજ્યની ધુરા મૂકી દઈને વિચારતો બેઠો છે.

કુમાર અમાત્યે વિચાર્યુ કે – રાજ્ય નાશ પામસે. તાંબાના પતરે અક્ષરો લખી, જીર્ણ કરીને રાજા પાસે લાવ્યા. આ પ્રમાણે પિતાનું પિંડદાન કરાય છે, ત્યારથી આ પિંડ નિવેદન પ્રવૃત્ત થયું છે. એ પ્રમાણે સમય જતાં શોકમુક્ત થયો. ''ફરી પણ પિતાનો સ્વજન પરિભોગ આદિ જોઈને ખેદ થશે.'' એમ વિચારી, નીકળીને ચંપામાં રાજધાની કરી.

તે હલ્લ અને વિહલ્લ સેચનક હાથી વડે સ્વભવન, ઉદ્યાન અને પુષ્કરિણીમાં રમણ કરવા લાગ્યા. તે હાથી પણ અંતઃપુરિકા સ્ત્રીને રમાડતો. પદ્માવતી તે જોયા કરતી. નગરમધ્યે તે હલ્લ-વિહલ્લ હાર-કુંડલાદિથી શોભતા શ્રેષ્ઠ હાથી ઉપર બેસીને જતા જોઈને પદ્માવતી કોણિકને વિનવે છે. પણ પિતાએ આપેલ હોવાથી કોણિક પદ્માવતીની વાતને ધ્યાનમાં લેતો નથી. ઘણી વખત પદ્માવતીએ તે લઈ લેવાનું કહેતા કોણિકનું ચિત્ત વ્યુદ્ગ્રાહિત થયું. હલ્લ-વિહલ્લને સેચનક હાથી આપી દેવા કહ્યું.

કોઈ વખતે રાત્રિના અંતઃપુર પરિવાર સહિત નીકળીને હલ્લ અને વિહલ્લ વૈશાલીમાં માતામહ ચેટક પાસે પહોંચી ગયા. કોણિકને સમાચાર મળ્યા કે બંને





કુમારો નાસી ગયા. કોણિકે ચેટક રાજા પાસે દૂત મોકલ્યો. બંને કુમારો અને હાથીને પાછો મોકલી દો. ચેટકે કહ્યું કે – જેવો તું દોહિત્ર છે, તેવા જ આ બંને દોહિત્રો છે. શરણે આવેલા બંનેને કેમ કાઢી મૂકું ? હું આપીશ નહીં. દૂત પાછો ગયો. ફરી મોકલતા પણ ચેટકે ન સોંપ્યા.

પછી ચેટકને યુદ્ધ માટે કહેણ મોકલ્યું. ચેટકે કહ્યું – તને રુચે તેમ કર. કોણિકે 'કાલ' આદિ દશ કુમારોને બોલાવ્યા. તે એકૈકને ત્રણ-ત્રણ હજાર હાથી, ત્રણ-ત્રણ હજાર ઘોડા, ત્રણ-ત્રણ હજાર રથ, ત્રણ-ત્રણ કરોડ પાયદળ હતું. કોણિક પાસે એટલું જ સૈન્ય હતું. બધું મળીને ૩૩ થતું હતું. તે સાંભળીને ચેટકે અઢાર ગણરાજાને એકઠા કર્યા. એ પ્રમાણે ચેટક સહિત ૧૯-રાજા હતા. તેમને પણ ત્રણ-ત્રણ હજાર હાથી વગેરે હતા. બધાં મળીને ૫૭-૫૭ હજાર ઈત્યાદિ હતા.

ત્યારે યુદ્ધમાં પ્રવૃત્ત કોણિકને 'કાલ' દંડનાયક હતો. બે વ્યૂહ કરાયા. કોણિકનો ગરુડ વ્યૂહ અને ચેટકનો સાગર વ્યૂહ. લડતાં-લડતાં 'કાલ' ચેટક પાસે ગયો. ચેટકને એક જ બાણ એક દિવસે મારવાનો અભિગ્રહ હતો, પણ તે બાણ અમોઘ હતું. તેનાથી 'કાલ' માર્યો ગયો. કોણિકનું બળ ભાંગ્યું. બધાં પોત-પોતાના આવાસમાં પાછા ફર્યા. એ પ્રમાણે દશ દિવસોમાં દશે પણ 'કાલ' આદિ કુમારો ચેટકરાજા વડે હણાયો.

અગિયારમે દિવસે કોણિકે અટ્ઠમભક્ત તપ સ્વીકાર્યો. શક્ર અને ચમર બંને ઈન્દ્રો આવ્યા. શક્રએ કહ્યું કે – ચેટક રાજા શ્રાવક છે, તેથી હું પ્રહાર કરીશ નહીં, માત્ર તારું સંરક્ષણ કરીશ. અહીં બે સંગ્રામ થયા. તે જેમ ભગવતીજીમાં કહ્યા છે, તેમ કહેવા – મહાશિલાકંટક અને રથમુશલ. તે બંને સંગ્રામ ચમરના વિકુર્વેલા હતા. ત્યારે ચેટકનું બાણ વજ્ર વડે સ્ખલિત થયું. ગણરાજા નાસી ગયા. ચેટક રાજા પણ વૈશાલી ગયો. કોણિક નગરનો રોધ કરીને રહ્યો. એ પ્રમાણે બાર વર્ષ સુધી રુંધીને રહ્યો.

આ વખતે હલ્લ અને વિહલ્લ રોજ સેચનક હાથી ઉપર બેસી નીકળતા અને સૈન્યને રોજેરોજ હણતાં હતા. કોણિક પણ હાથથી પરેશાન થઈ ગયો. તે વિચારે છે કે કયા ઉપાયથી આ હાથીને મારવો. કુમારમંત્રી કહે છે – હાથીને મારી નાંખવો. ત્યારે અંગારાની ખાઈ બનાવી. સેચનકેને અવધિ [વિભંગ] જ્ઞાન વડે જોઈ. તે ખાઈને ઓળંગતો નથી. હલ્લ-વિહલ્લ કહે છે કે – તારા નિમિત્તે આ આપત્તિ આવી છે અને હવે તું જ આગળ વધવા ઈચ્છતો નથી. ત્યારે સેચનક હાથીએ બંનેને સ્કંધ ઉપરતી ઉતારી દીધા. તે ત્યાં ખાઈમાં પડીને મર્યો, મરીને રત્નપ્રભા નારકીમાં ગયો.

તે બંને કુમારોએ ભગવંતના શિષ્ય થવા વિચાર્યુ એટલે દેવે તેને સંહરીને જ્યાં તીર્થંકર ભગવંત વિચરતા હતા ત્યાં સંહરી દીધા. તો પણ નગરીનું પતન થતું ન હતું. કોણિકને ચિંતા થઈ. ત્યારે કૂલવાલકથી રૂઠેલા દેવતાએ આકાશવાણી કરી કે – જો કુલવાલક માગધિકા વૈશ્યા સાથે આસક્ત થાય તો અશોકચંદ્ર - કોણિક રાજા વૈશાલીનગરીને ગ્રહણ કરી શકે. તે સાંભળીને ચંપાનગરી જઈ કૂલવાલકની

પૃચ્છા કરે છે. માગધિકાને બોલાવી. ખોટી શ્રાવિકા બનાવી. ઈત્યાદિ ‘‘નમસ્કાર’’ અધ્યયન-૧-માં પારિણામિકી બુદ્ધિમાં સ્તૂપના દૃષ્ટાંતમાં કહેલ છે, તે જાણવી.

કોણિકે તેના માતામહ ચેટક રાજાને પકડી લીધા, પૂછ્યું કે — તમારું શું કરું ? ચેટક રાજા સકલ લોહમયી પ્રતિમાને ગળે બાંધીને પુષ્કરિણીમાં ઉતર્યા. ધરણેન્દ્ર તેમને સ્વભવનમાં લઈ ગયો. કાળ કરીને તે દેવલોકે ગયા. વૈશાલીના લોકોને બધાંને નીલવાન્ મહેશ્વરે બહાર કાઢ્યા.

આ **મહેશ્વર** કોણ છે ? તે કહે છે — તે જ ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ઠા વૈરાગ્યથી પ્રવ્રજિત થઈ. ઉપાશ્રયની અંદર આતાપના લેતી હતી. આ તરફ પેઢાલ નામનો પરિવ્રાજક વિદ્યાસિદ્ધ હતો તે વિદ્યા આપવા માટે યોગ્ય પુરુષની શોધમાં હતો. જો બ્રહ્મચારિણીને પુત્ર થાય તો સમર્થપુત્ર થાય. સુજ્યેષ્ઠા સાધ્વીને આતાપના લેતી જોઈને ધૂમાળાથી વ્યામોહ કર્યો. વિદ્યાના વિપર્યાસથી સુજ્યેષ્ઠાની યોનિમાં વીર્યનો ત્યાગ કર્યો. સમય જતાં સુજ્યેષ્ઠાનો ગર્ભ વિકસવા લાગ્યો. અતિશયજ્ઞાનીએ કહ્યું — આ સાધ્વીને કામવિકાર થયેલ નથી. બાળકને શ્રાવકના કુળમાં ઉછેર્યો.

તે બાળક સાધ્વી સાથે સમોસરણમાં ગયો. ત્યાં કાલસંદીપક વિદ્યાધર ભગવંતને વાંદીને પૂછે છે, મને કોના તરફથી ભય છે ? ભગવંતે કહ્યું — આ (બાળક) સત્યકીથી. ત્યારે તેની પાસે જઈ, અવજ્ઞાથી બોલ્યો — તું શું મને મારવાનો હતો, પગની લાત મારી પાડી દીધો. સત્યકી મોટો થયો. પરિવ્રાજકોએ તેને સંયતીની પાસેથી હરી લીધો. વિદ્યા શીખવી. મહારોહિણી વિદ્યાની સાધના કરે છે. આ તેનો સાતમો ભવ હતો. પાંચ ભવમાં તેને મારી નાંખેલો, છટ્ઠામાં છ માસ આયુ જ બાકી રહેતા વિદ્યા તેને વરવા ઈચ્છતી ન હતી. આ ભવે સાધવાનો આરંભ કર્યો. અનાથમૃતક વડે ચિતા કરીને બાળીને આર્દ્રચર્મ વિસ્તાર્યુ. ડાબા અંગુઠાથી ત્યાં સુધી ફેરવ્યું જ્યાં સુધી કાષ્ઠ સળગતાં હતાં. એટલામાં ‘કાલસંદીપ’ આવીને કાષ્ઠ નાંખવા લાગ્યો. સાત રાત્રિ જતાં દેવી સ્વયં ઉપસ્થિત થઈને બોલી — ‘વિઘ્ન ન કર.’ હું આને સિદ્ધ થવા ઈચ્છું છું. સિદ્ધ થઈને બોલી — એક અંગ ખુલ્લું કર, જ્યાંથી હું પ્રવેશ કરું. સત્યકીએ કપાળમાં ઈચ્છા દર્શાવી. તે વિદ્યા કપાળ મધ્યે થઈને તેના શરીરમાં પ્રવેશી. ત્યાં એક છિદ્ર-બિલ થઈ ગયું. દેવીએ ત્યાં ત્રીજી આંખ બનાવી દીધી.

સત્યકી વિદ્યાધરે પહેલાં પેઢાલને માર્યો. સત્યકીએ કહ્યું — કેમ મારી માતા અને રાજપુત્રી એવી સાધ્વીને બગાડી ? માટે મારી નાંખ્યો. તેથી તેનું રુદ્ર નામ પ્રસિદ્ધ થયું. પછી કાલસંદીપ તરફ દૃષ્ટિ ફેંકી. જોઈને તે ભાગ્યો, સત્યકી તેની પાછળ લાગ્યો. એ રીતે ઉપર-નીચે ભાગે છે. - x - છેલ્લે તેને મારી નાંખ્યો. કોઈ કહે છે — લવણ મહાપાતાલમાં માર્યો.

ત્યારપછી તે વિદ્યાચક્રવર્તી ત્રણ સંધ્યાએ બધાં તીર્થંકરોને વાંદીને નૃત્ય દર્શાવીને પછી અભિરમણ કરતો. તેથી ઈન્દ્રએ ‘મહેશ્વર’ એવું નામ કર્યુ. તે પણ ધિગ્જાતીયો પ્રત્યે પ્રદ્વેષ પામીને ધિગ્જાતીય કન્યાના સો-સો વિનાશ કરતો હતો. બીજાના અંતઃપુરની સ્ત્રી ભોગવતો હતો. તેના કહ્યામાં બે શિષ્યો હતા — નંદીશ્વર



અને નંદી. એ પ્રમાણે પુષ્પક વિમાન વડે અભિરમણ કરતો હતો. આ પ્રમાણે કાળ વીતતો હતો.

કોઈ વખતે ઉજ્જૈનીમાં પ્રદ્યોતના અંતઃપુરમાં શિવા રાણીને છોડીને બાકીની બધી રાણીને ભોગવી. પ્રદ્યોત રાજા તેના વિનાશનો ઉપાય વિચારે છે. એક ઉમા નામની ગણિકા અતિ રૂપવતી હતી. તેણી સત્યકીના માર્ગમાં ધૂપગ્રહણ કરીને રહેતી. એમ સમય જતાં એક વખત તે નીચે ઉતર્યો. - x - ઉમા ગણિકા તેને કહે છે — હું આવી કન્યા છું, મારી સામે જો. તેની સાથે સંભોગ કરતાં-કરતાં ઉમાએ તેને હૃતહૃદય કરી દીધો. કોઈ વખતે ઉમાએ તેને પૂછ્યું — તું દેવીને [વિદ્યાને] ક્યારે બહાર કાઢે છે. સત્યકીએ કહ્યું — મૈથુન સેવતી વખતે હું વિદ્યાને દૂર કરું છું.

ઉમાગણિકાએ આ રહસ્ય રાજાને જણાવી દીધું. રાજાએ કુશળ પુરુષોએ અંગની ઉપરનો યોગ દર્શાવ્યો અને કહ્યું કે આ રીતે તારું રક્ષણ કરીશું. પ્રદ્યોતે તે પુરુષોને ખાનગીમાં કહી દીધું કે — આ ગણિકા સહિત જ તેને મારી નાંખજો. ત્યારે તે પુરુષો ગુપ્તરૂપે ગયા. જ્યારે સત્યકી ઉમા સાથે સંભોગ રત હતો, ત્યારે તેણીની સાથે જ મારી નાંખ્યો. ત્યારે નંદીશ્વર તે વિદ્યાની સાથે આકાશમાં અધિષ્ઠિત થયો. શિલા વિકુર્વીને બોલ્યો — હે દાસ ! હવે તું મરવાનો થયો છે. ત્યારે નગરજન સહિત રાજા ભીનો શાટિકાપટ્ટ-વસ્ત્ર ધારણ કરીને રહ્યો. ‘‘મારો અપરાધ ક્ષમા કરો.’’ નંદી બોલ્યો કે — જો તમે આને જે અવસ્થામાં મારી નાંખ્યો તે અવસ્થા [યોનિમાં લિંગ હોય તેવી અવસ્થામાં] જો તમે પૂજા કરો તો હું તમને છોડું. આ પ્રમાણે નગરે-નગરે આને આવા જ અપ્રાવૃત્ત-ઉઘાડા સ્થાપો, તો છોડીશ. પ્રદ્યોતે તે વાત સ્વીકારી, તેના આયતન-[મંદિરો] બનાવ્યા. આ મહેશ્વરની ઉત્પત્તિ.

ત્યારે નગરી શૂન્ય હતી. કોણિક પ્રવેશ્યો. ગધેડાની પુચ્છ વડે ખેડી. આના અંતરકાળમાં શ્રેણિકની પત્નીઓ કાલિકા આદિ ભગવંતને પૂછે છે — અમારા પુત્રો સંગ્રામથી પાછા આવશે કે નહીં ?

નિરયાવલિકામાં કહ્યા મુજબ જાણવું. પછી દશે રાણીએ દીક્ષા લીધી. ત્યારે કોણિક ચંપાનગરી આવ્યો. ભગવંત પધાર્યા. કોણિકને થયું કે મારે ચક્રવર્તી માફક ઘણાં હાથી, અશ્વ, રથ આદિ છે, તો હું જઈને ભગવંતને પૂછુ કે — હું ચક્રવર્તી થઈશ કે નહીં. તે સર્વ સૈન્ય સમુદાય સાથે નીકળ્યો. વંદન કરીને પૂછ્યું — કેટલાં ચક્રવર્તી થયા ? ભગવન્ કહે છે — બધાં થઈ ગયા. ફરી પૂછે છે કે — હું મરીને ક્યાં જઈશ ? છટ્ઠી નરકે. કોણિકને ભગવંતના વચનમાં શ્રદ્ધા ન થઈ. તેણે બધાં એકેન્દ્રિય રત્નો લોઢાના રચ્યા. પછી સર્વ સૈન્ય સહિત તમિશ્રગુફા પહોંચ્યો. અટ્ઠમતપ કર્યો. કૃતમાલ દેવે કહ્યું — બાર ચક્રવર્તી થઈ ગયા. તે ન માન્યો. તેણે હાથીના મસ્તકે મણિ મૂક્યો. દંડ વડે ગુફાના દ્વાર ઉપર આહત કરી. ત્યારે કૃતમાલ દેવે તેને મારી નાંખ્યો. મરીને છટ્ઠી નરકે ગયો.

ત્યારે ઉદાયીનને રાજારૂપે સ્થાપ્યો. ઉદાયીનને ચિંતા થઈ કે — આ નગરમાં મારા પિતા હતા. અધૃતિથી અન્ય નગર કરાવે છે. વાસ્તુની શોધમાં પુરુષો મોકલ્યા.

તેઓ એક પાડલ વૃક્ષ ઉપર અવદારિત મસ્તકમાં ચાષ (પક્ષી)ને જુએ છે. કીટિકા તેમના મુખમાં આવીને પડે છે. તે પાડલ ક્યાંથી આવ્યું ?

બે મથુરા - દક્ષિણા અને ઉત્તરા. ઉત્તર મથુરાનો વણિક્દારક દક્ષિણ મથુરામાં દિગ્યાત્રાર્થે ગયો. ત્યાં તેને એક વણિક્ સાથે મૈત્રી થઈ. તેની બહેનનું નામ અર્ણિકા હતું. તે અર્ણિકાને પગથી માથા સુધી જોતાં તેણીમાં મોહ પામ્યો. તેણે લગ્ન માટે મિત્રની પાસે માંગણી કરી. મિત્રે કહ્યું કે જો તું અહીં જ રહેવા તૈયાર હો તો યાવત્ એકાદ પણ બાળકરૂપ થાય તો તને આપું. મિત્રએ સ્વીકાર્યું. બહેનને પરણાવી.

કોઈ દિવસે તે વણિકપુત્રના માતા-પિતાનો પત્ર આવ્યો કે – અમે અંધ જેવા થઈ ગયા છીએ, જો તું અમને બંનેને જીવતા જોવા ઈચ્છતો હો તો આવી જા. તે વાંચીને રડવા લાગ્યો. અર્ણિકાએ તે જોયું. પણ પે'લો વણિકપુત્ર કંઈ બોલતો નથી. તેણીએ પત્ર હાથમાં લીધો. વાંચીને બોલી – તમે ખેદ ન કરો. તેણીએ માતા-પિતાને કહીને પતિ સાથે વિદાય લીધી. તે બંને દક્ષિણ મથુરાથી નીકળી ગયા. અર્ણિકા ત્યારે ગર્ભિણી હતી. માર્ગમાં જ અર્ણિકાએ પુત્રને જન્મ આપ્યો. વણિકપુત્ર વિચારે છે કે – માતાપિતા નામ પાડશે, તેથી પોતે ન પાડ્યું. પરિજનો તેને અર્ણિકાપુત્ર કહેવા લાગ્યા.

તે અર્ણિકાપુત્ર બાલભાવથી મુક્ત થઈ ભોગોને છોડીને દીક્ષા લીધી. સ્થવિરપણે વિચરતા ગંગા તટે પુષ્પભદ્ર નામે નગરે શિષ્ય પરિવાર સાથે ગયા. ત્યાં પુષ્પકેતૂ રાજા અને પુષ્પવતી રાણી હતી. તેમને યુગલ પુત્ર-પુત્રી હતા. તેમના નામ પુષ્પચૂલ અને પુષ્પચૂલા હતા. તે બંને પરસ્પર અનુરક્ત હતા. રાજાએ વિચાર્યુ – જો આને છૂટા પાડીશું, તો મરી જશે. તેના કરતાં આ બંનેના લગ્ન કરી દઉં.

નગરજનોને ભેગા કરીને પૂછ્યું – અહીં જે રત્ન ઉત્પન્ન થાય તેની વ્યવસ્થા કોણ કરે ? રાજા, નગરજન કે અંતઃપુર ? એમ કરીને બધાંને વિશ્વાસમાં લીધા. માતાએ રોક્યા તો પણ રાજાએ બંનેનો સંયોગ કરાવ્યો. બંને પરસ્પર ભોગમાં રમણ કરવા લાગ્યા. તે રાણી શ્રાવિકા હતી. તેણીને સંસારથી નિર્વેદ ઉપજતાં દીક્ષા લીધી. મરીને દેવરૂપે ઉપજી.

પુષ્પવતી દેવે અવધિજ્ઞાન વડે પોતાની પુત્રીને જોઈ. તેને તેણી ઉપર અત્યધિક સ્નેહ હતો. મારી પુત્રી નરકમાં ન જાય, એમ વિચારી સ્વપ્નમાં નરકનું દર્શન કરાવ્યું. તેણે ડરીને રાજાને વાત કરી. એ પ્રમાણે રોજ-રોજ થવા લાગ્યું. ત્યારે પાખંડીઓને બોલાવ્યા. નરકનું સ્વરૂપ જણાવવા કહ્યું. તેમણે જે કહ્યું તે કંઈક જુદુ હતું, અર્ણિકાપુત્ર આચાર્યને પૂછ્યું – તેમણે નરકનું સ્વરૂપ કહેવાનો આરંભ કર્યો – નિત્યાંધાકાર૦ ઈત્યાદિ - x -

પુષ્પચૂલાએ તેમને પૂછ્યું કે – શું તમે સ્વપ્ન જોયું ? આચાર્ય ભગવંતે કહ્યું – આ તીર્થંકરનો ઉપદેશ છે. એ પ્રમાણે કેટલોક કાળ ગયો, ત્યારે દેવ અને દેવલોક દેખાડ્યા. ત્યાં પણ તે જ પ્રમાણે પાખંડીની પૃચ્છા કરી. કોઈ જાણતા ન હતા, તેથી આચાર્ય ભગવંતને પૂછ્યું. તેમણે દેવલોકનું કથન કર્યુ.



પુષ્પચૂલાએ પૂછ્યું – નરકે કઈ રીતે ન જવાય ? આચાર્યએ સાધુ ધર્મ કહ્યો. પુષ્પચૂલાએ દીક્ષા લેવા રાજાની અનુમતિ માંગી. રાજાએ કહ્યું કે – જો અહીં જ મારા ઘેર ભિક્ષા લે. તો તને મુક્ત કરું. પુષ્પચૂલાએ તે વાત સ્વીકારી. પુષ્પચૂલાએ દીક્ષા લીધી. ત્યાં તે આચાર્ય જંઘાબળથી ક્ષીણ થયા. તેથી બીજા સાધુઓને વિદાય આપી, ત્યાં જ વિચરવા લાગ્યા. ત્યારે પુષ્પચૂલા સાધ્વી અંતઃપુરથી ભિક્ષા લાવે છે. એ પ્રમાણે કોઈ દિવસે તે સાધ્વીને શોભના અધ્યવસાયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પણ કેવલી પૂર્વ પ્રવૃત્ત વિનયને છોડતા નથી.

કોઈ દિવસે આચાર્યના હૃદયને ઈચ્છિત હતું તે લાવે છે. શ્લેષ્મકાળમાં જેનાથી શ્લેષ્મ ઉત્પન્ન ન થાય, એ પ્રમાણે બધામાં ઉચિત આહાર લાવે છે. ત્યારે આચાર્ય પૂછે છે કે – જે મેં વિચાર્યુ હોય તે જ આહાર લાવે છે. પુષ્પચૂલાએ કહ્યું હા – કેવળજ્ઞાનથી જાણું છું, તુરંત આચાર્યએ કેવલીની આશાતનાની ક્ષમા માંગી, બીજા કોઈ કહે છે – વર્ષા વરસતી હતી ત્યારે પુષ્પચૂલા આહાર લાવ્યા. આચાર્ય પૂછે છે – વરસાદમાં આહાર કેમ લાવ્યા ? તેણી કહે છે – અચિત્ત માર્ગે ચાલીને કેમ જાણ્યું ? અતિશયથી. આચાર્યએ ક્ષમા માંગી.

કેવલી સાધ્વીએ કહ્યું – આપ પણ ચરમશરીરી છો. ગંગાને ઉતરતાં મોક્ષે જશો. પછી ત્યાં જ ગંગા ઉતરવા પ્રવૃત્ત થયા. આચાર્ય, નૌકામાં જે-જે તરફ ઉભતા તે બૂડતી હતી, મધ્યે બેસાડ્યા, તો બધું જ બૂડવા લાગ્યું. તે લોકોએ આચાર્યને પાણીમાં ફેંક્યા. કેવલજ્ઞાન ઉપજ્યું. દેવોએ મહિમા કર્યો. ત્યાં પ્રયાગ તીર્થ થયું. તેમની ખોપડી મત્સ્ય-કાચબાથી ખવાતા ઉછળતી-ઉછળતી એક સ્થાને આવી, તેમાં પાડલબીજ ક્યાંકથી પ્રવેશ્યું. તેમાં ઝાડ ઉગ્યું, ઝાડ વિશાળ થયું. ત્યાં તે ચાષને જોયા. ત્યાં રાજાએ નગરની સ્થાપના કરવી તેમ વિચાર્યુ. નૈમિત્તિકોએ પણ કહ્યું – જ્યાં સુધી શિવનો વાસ છે, ત્યાં સુધી જવું, પછી પાછા વળવું. એ પ્રમાણે - x - નગરની રચના કરી, નગર મધ્યે ઉદાયીને ચૈત્યગૃહ કરાવ્યું. આ પાટલિપુત્ર નગરની ઉત્પત્તિ કહી.

તે ઉદાયી ત્યાં રહીને રાજ્ય ભોગવે છે. તે રાજા તે લોકોને દંડથી વારંવાર દંડે છે. લોકો વિચારે છે કે – અમે આ ત્રાસથી કેમ મુક્ત થઈએ ? એટલામાં એક રાજાના કોઈક અપરાધમાં તેનું રાજ્ય હરી લીધું. તે રાજા નાસી ગયો. તેનો પુત્ર ભમતાં ઉજ્જૈની આવ્યો. કોઈ રાજાની સાથે જોડાયો. તે ઉદાયી વડે ઘણો જ પરાભવ પામેલો હતો. તેની મદદથી પાટલિપુત્ર ગયો. રાજાના બધાં છિદ્રો શોધે છે, પણ છિદ્ર મળતા નથી. સાધુને આવતા જુએ છે. તેથી એક આચાર્ય પાસે દીક્ષા લીધી.

ઉદાયી રાજા આઠમ-ચૌદશના પૌષધ કરે છે. ત્યાં આચાર્ય ધર્મકથા નિમિત્તે આવે છે. કોઈ દિવસે વિકાલે આચાર્યએ તે શિષ્યને કહ્યું – ઉપકરણ લઈ લે, રાજકુળે જઈશું. ત્યારે તે જલ્દી ઉઠ્યો. ઉપકરણ લીધા. પૂર્વે છુપાવેલી છરીને પણ લીધી. ગોપવી દીધી. રાજકુલે ગયા. દીર્ઘ કાળ ધર્મકથન કર્યુ. આચાર્ય સૂઈ ગયા. રાજા પણ સૂઈ ગયો. પે'લા કપટી શિષ્યએ ઉઠીને રાજાના માથામાં છરી પોરવી દીધી.

ત્યાંથી તુરંત નીકળી ગયો. સાધુ હોવાથી દ્વારપાળે પણ ન રોક્યો. લોહી રેલાવાથી આચાર્ય ભીંજાયા. ઉઠીને જોયું કે રાજાને મારી નાંખેલ છે, તેથી પ્રવચનની ઉડ્ડાહણા ન થાય, તેમ વિચારી પોતે પણ પોતાનું મસ્તક છેદી નાંખ્યુ.

આ તરફ નાપિતશાળામાં નાપિતદાસ ઉપાધ્યાયને કહે છે – મારા આંધ આંતરડાથી નગરને વીંટી લીધું. આવું સ્વપ્ન પ્રભાતે જોયું. ઉપાધ્યાય સ્વપ્નશાસ્ત્રને જાણે છે, ઘેર લઈ જઈ માથું ધોઈને તેને પુત્રી પરમાવી. તે દીપવા લાગ્યો. શિબિકામાં નગરમાં જાય છે. તે પણ અંતઃપુરની શય્યા પાલિકા વડે જોવાયો. બીજા દ્વારેથી તેને સત્કાર્યો. અશ્વને અધિવાસિત કર્યો. તે ઘોડો ચાલતા-ચાલતા નાપિતદારકની પાછળ ચાલવા લાગ્યો. તેને તેજથી ઝળહળતો જોઈને રાજ્યાભિષેકથી અભિષિક્ત કર્યો. રાજા થયો. પણ દાસ હોવાથી દંડિક, સુભટ આદિ તેનો વિનય કરતાં નથી. તે નાપિતદાસ વિચારે છે કે જો કોઈ વિનય ન કરે, તો હું કોનો રાજા ?

સભામંડપથી ઉઠીને નીકળ્યો, પાછો પ્રવેશ્યો. તે બધાં ઉભા ન થયા. તે બોલ્યો – આ અધમોને પકડી લો. તેઓ પરસ્પર જોઈને હસવા લાગ્યા. તેણે રોષથી આ સ્થાન મંડપમાં લેપ્યકર્મથી નિર્મિત પ્રતિહારયુગલને જોયું. તેણે જલ્દી દોડતાં જઈને તલવાર વડે માર્યુ. કેટલાંક નાશ પામ્યા. પછી બધાં વિનયથી ઉપસ્થિત થયા. રાજાની માફી માંગી. તેમને કુમાર અમાત્યો ન હતા, તેને શોધે છે.

આ તરફ કપિલ નામે બ્રાહ્મણ નગર બહાર રહેતો હતો ત્યાં વિકાલે સાધુઓ આવ્યા, તે અગ્નિહોત્રના ઘેર રહ્યા. તે બ્રાહ્મણ વિચારે છે. તે બ્રાહ્મણને થયું કે – ચાલો આમને પૂછુ કે આ કંઈ જાણે છે કે નહીં ? પૂછ્યું આચાર્યએ ઉત્તર આપતા, તે જ રાત્રે શ્રાવક થયો. ફરી કોઈ વખત બીજા સાધુ તેમના ઘેર વર્ષારાત્રમાં રહ્યા. તેનો પુત્ર જન્મતાં જ અંબા અને રેવતી વડે ગ્રહણ કરાયો. તે સાધુને કલ્પતા ભાજનોની નીચે સ્થાપિત કર્યો. વ્યંતરીઓ નષ્ટ થતાં, તેની પ્રજા સ્થિર થઈ. તેનું 'કલ્પક' એવું નામ રાખ્યું. તે બંને પણ મૃત્યુ પામ્યા. કલ્પક પણ ચૌદ વિદ્યાસ્થાનોમાં કુશળ થતાં પાટલીપુત્રે આવ્યો. અનેક છાત્રો સાથે પરિવરીને ચાલે છે.

આ તરફ તેના પ્રવેશ-નિર્ગમ માર્ગમાં કોઈ એક મરુક હતો. તેની પુત્રી જલોદર વ્યાધિથી પકડાઈ. અતીવ રૂપવતી, છતાં કોઈ પરણતું ન હતું. મોટી થઈ. તેને ઋતુ આવી. માતાને કહ્યું. માતાએ કોઈ કપટ ઉપાય કરીને કલ્પક સાથે પરણાવી દીધી, લોકાપવાદના ભયથી કલ્પકે તેણીને સ્વીકારી. તેણે પછી ઔષધાદિ તેણીને સાજી કરી. રાજાએ સાંભળ્યું કે કલ્પક પંડિત છે. તેને બોલાવીને વિનંતી કરી, તે માન્યો નહીં. રાજા તેના છિદ્રો શોધવા લાગ્યો. રાજાએ કોઈ ધોબીને પૂછ્યું કે – કલ્પકના વસ્ત્રો ધોવે છે કે નહીં ? તે બોલ્યો – હા, ધોઉ છું. રાજા બોલ્યો કે – હવે જ્યારે ધોવા આપે ત્યારે તે વસ્ત્રો તું મને આપી દેજે.

અન્યદા ઈન્દ્ર મહોત્સવમાં તેને પત્નીએ કહ્યું – મારા તે વસ્ત્રો રંગાવો. કલ્પકની ઈચ્છા ન હતી. તેણીએ વારંવાર ઝઘડો કરતા કલ્પકે હા પાડી. વસ્ત્રોને રંગારાને ત્યાં લઈ ગયો. તે બોલ્યો – હું વિનામૂલ્યે રંગી આપીશ અવસર આવતા



વસ્ત્રો માંગ્યા. રંગારો આજ-કાલ એમ કરતા સમય બગાડે છે. અવસર ચાલ્યો ગયો, તો પણ વસ્ત્રો ન આપ્યા. બીજે વર્ષે ન આપ્યા, ત્રીજે વર્ષે પણ ન આપ્યા. તેથી તેને રોષ ચડ્યો. ધોબીની પત્નીનું પેટ ચીરી લોહીથી રંગીને ધોબીએ વસ્ત્રો આપ્યા. ધોબી પત્નીએ રાજાને ફરિયાદ કરી. કલ્પક સમજી ગયો કે આ રાજાની માયા છે, ત્યારે મેં કુમાર અમાત્ય પદ ન ઈચ્છ્યું તેથી આમ કર્યુ છે. જો મેં દીક્ષા લીધી હોત તો આ દિવસ ન આવત. રાજકુળે ગયો. રાજા ઉભો થયો.

કલ્પકે કબૂલ કર્યુ કે રાજા જે દંડ આપે તે માન્ય. ધોબીની શ્રેણિ આવી, રાજા સામે આરોપ રજૂ કરતા તેને જોઈને નાસી ગયા, તે કુમાર અમાત્યપણે ત્યાં રહ્યો. એ પ્રમાણે આખું રાજ્ય રહ્યું. કલ્પકને પુત્રો પણ થયા. કોઈ દિવસે કલ્પકના પુત્રનો વિવાહ થયો. તેણે વિચાર્યુ કે – અંતઃપુર સહિત રાજાને ભોજન કરાવવું. આભરણમાં રાજાનો નિર્યોગ જોઈએ. જે નંદ વડે કુમાર અમાત્યને ખસેડાયેલ તે તેના છિદ્રો શોધે છે. કલ્પકની દાસીને દાન-માનથી સંગૃહીત કરીને કહ્યું – તારા સ્વામી જે કંઈ કરે, તે તારે મને કહેવું. એમ કરતા છિદ્ર મળી ગયું – રાજાને કહ્યું કે કલ્પક તમારું અહિત ચિંતવતો પુત્રને રાજ્યમાં સ્થાપવા ઈચ્છે છે. રાજાએ રાજપુરુષોને મોકલીને કુટુંબ સહિત તેને કૂવામાં નાંખી દીધો. ઘરના બધાં કહેવા લાગ્યા કે આ રાજા બધાંને મારી નાંખશે. જે આપણા એકનો કુલોદ્ધાર અને વૈરનું નિર્યાતન કરે, તેણે જ ભોજન કરવું. તેઓ બોલ્યા કે – ''અમે ભક્ત પ્રત્યાખ્યાન કરીશું.'' પ્રત્યાખ્યાન કરી દેવલોકે ગયા. માત્ર કલ્પક જમતો હતો.

પ્રત્યંત રાજાને ખબર પડી કે કલ્પક મૃત્યુ પામ્યો છે. તેણે આવીને પાટલિપુત્રનો રોધ કર્યો. નંદે વિચાર્યુ કે – જો કલ્પક અત્યારે હોત તો આવું ન બનત. દ્વારપાલને પૂછ્યું – કૂવામાં કોઈ જીવે છે ? કોઈક જીવે છે એમ જાણી ખાટલો નાંખીને કૂવામાંથી બહાર કાઢ્યો. વૈદ્યએ સાજો કર્યો. કલ્પકને પ્રાકારે ઉભો કર્યો. તે પ્રત્યંત રાજાના લોકો ડરી ગયા. દંડકો, સાશંક થઈ ગયા. પછી તેમને એક લેખ મોકલ્યો કે જે તમારા બધાંને સ્વીકાર્ય હોય તેવો આવે. પછી સંધિ અથવા તમે જેમ કહેશો તેમ કરીશું. સામેના રાજાએ દૂત મોકલ્યો. કલ્પક નીકળ્યો. નદી મધ્યે બધાં મળ્યા. કલ્પાકે તેમને કહ્યું કે – શેરડીના સાંઠાની ઉપર અને નીચે છેદી નાંખતા મધ્યે શું રહે ? ઈત્યાદિ. સામો દૂત વિલખો પડીને ચાલી ગયો. કલ્પક પણ પાછો આવ્યો નંદરાજાએ પણ કલ્પકને પુનઃ તે સ્થાને સ્થાપ્યો. - x -

૦ નવમાં નંદના કાળે કલ્પકના વંશમાં શકટાલ મંત્રી થયો. તેને સ્થૂલભદ્ર અને શ્રેયક બે પુત્રો હતા. યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેના, વેણા રેણા સાત પુત્રીઓ હતી.

આ તરફ વરુરુચિ બ્રાહ્મણ નંદ રાજાની રોજ ૧૦૮ શ્લોક વડે સ્તુતિ કરતો હતો. તે રાજ ખુશ થઈ શકટાલ સામે જોતો. તે મિથ્યાત્વ છે એમ માનીને પ્રશંસા ન કરતો વરુરુચિએ શકટાલની પત્નીને ખુશ કરી. તેણીના આગ્રહથી કોઈ દિવસે 'મિથ્યાત્વ' હોવા છતાં શકટાલે વરુરુચિના શ્લોકોની પ્રશંસા કરી. રાજાએ ૧૦૮

દિનાર આપી, પછી રોજેરોજ આપવા લાગ્યો. શકટાલ વિચારે છે — આ રીતે રાજકોશ ખાલી થઈ જાય. તેણે નંદરાજાને કહ્યું કે કેમ આને રોજ આટલું દાન આપો છો ? રાજા બોલ્યો — તમે પ્રશંસા કરી માટે. શકટાલે કહ્યું — આ લૌકિક કાવ્યો છે, મારી પુત્રીઓ પણ બોલે છે.

શકટાલની પુત્રીમાં યક્ષા એક વખત સાંભળીને ગ્રહણ કરી લેતી હતી. યક્ષદત્તા બે વખત સાંભળતા યાવત્ સાતમી પુત્રી સાત વખત સાંભળી યાદ રાખી લેતી હતી. કોઈ દિવસે અંતઃપુરમાં આ પુત્રીઓ આવી, પડદા પાછળ બેસાડી, વરરુચિએ સ્તુતિ કરી. પછી યક્ષા એક વખતમાં તે યાદ રાખીને બોલી ગઈ. બીજી બે વખતમાં૦ યાવત્ સાતે પુત્રી બોલી ગઈ. રાજાને વિશ્વાસ બેઠો. વરુરુચિને દાન ન આપ્યું. પછી વરરુચિ તે દિનાર રાત્રિના ગંગામાં યંત્રમાં સ્થાપીને આવ્યા. ત્યારે દિવસે તે સ્તુતિ કરે, પછી પગ મારે એટલે દિનાર ઉછળીને આવે, લોકોને તે કહેતો કે મને ગંગા નદી આ દિનાર આપે છે. કાલાંતરે રાજાએ સાંભળ્યું. તેણે શકટાલને કહ્યું — તેને નિશ્ચે ગંગા દાન આપે છે શકટાલે કહ્યું — કે જો હું જાઉં ત્યારે આપે તો માનું, કાલે જઈશું એમ નક્કી કર્યું. વિશ્વાસિત પુરુષને વિકાલે મોકલ્યો. વરરુચિને દિનાર મૂકતો જોયો. તે પોટલી લાવીને શકટાલને આપી દીધી. સવારે નંદરાજા ગયો. વરરુચિ સ્તુતિ કરે છે. યંત્ર શોધે છે, પણ યંત્ર ત્યાં ન જોતાં વિલખો પડી ગયો. ત્યારે શકટાલે રાજાને પોટલી આપી. વરરુચિ અપભ્રાજના થતાં ભાગી ગયો.

વરરુચિ શકટાલના છિદ્રો શોધવા લાગ્યો. કોઈ દિવસે શ્રીયકનો વિવાહ નક્કી થયો. રાજાને ભેંટણા માટે હથિયાર સજાવે છે. વરરુચિએ દાસી દ્વારા તે વાત જાણી લીધી. વરરુચિએ તુરંત બાળકોને લાડવા આપી આમ બોલાવવું શરૂ કર્યું — “નંદ રાજા જાણતો નથી. જે શકટાલ કરવાનો છે, નંદરાજાને મારીને પછી શ્રીયકને રાજારૂપે સ્થાપશે. રાજાએ આ વાત સાંભળી. તપાસ કરાવી, રાજા શકટાલ ઉપર કોપાયમાન થયો. શકટાલે પગે પડીને કહ્યું, તો પણ ન માન્યો. ત્યારે શકટાલ ઘેર ગયો. તેણે શ્રીયકને કહ્યું કે બધાં મરશો, તેના કરતાં હું રાજાના પગે પડું ત્યારે તારે મને મારી નાંખવો. હું તાલપુટ ઝેર ખાઈ લઈશ. શ્રીયકે તે વાત સ્વીકારી.

રાજા પાસે ગયેલ શકટાલ મંત્રીને મારી નાંખ્યા. રાજા ઉભો થઈ ગયો. અરેરે ! શ્રીયક આ અકાર્ય કેમ કર્યુ ? શ્રીયકે કહ્યું — જે તમારો પાપી તે મારો પણ પાપી છે. રાજાએ શ્રીયકનો સત્કાર કર્યો. રાજાએ કહ્યું કે — તું મંત્રી પદનો સ્વીકાર કર. ત્યારે શ્રીકે કહ્યું — મારો મોટો ભાઈ સ્થૂલભદ્ર છે. તે બાર વર્ષથી ગણિકાના ઘેર રહેલો છે. પહેલા તેને કહો.

સ્થૂલભદ્રને બોલાવ્યો. તે કહે છે — વિચારીને જવાબ આપું. અશોકવાટિકામાં જઈને વિચાર. ત્યાં જઈને સ્થૂલભદ્ર વિચારે છે. રાજ્યમાં વ્યાક્ષિપ્તને ભોગો ક્યાંથી ? ફરી પણ નરકે જવાનું થશે. આ ભોગો આવા છે. પછી પંચમુષ્ટી લોચ કરીને કંબલરત્ન છેદીને રજોહરણ કરી રાજાની પાસે આવીને ધર્મલાભ આપ્યો. રાજા બોલ્યો — સારું ચિંતવ્યું. સ્થૂલભદ્ર નીકળી ગયા. રાજા કહે — હું જોઉં છું કે આ



કપટથી પાછો ગણિકાના ઘેર જાય છે કે નહીં ? અગાસીમાં જઈને જુએ છે. જેમ મૃતક્લેવર પાસેથી લોકો નીકળતા મોઢું ઢાંકી દે, તે રીતે તે ભગવન્ નીકળી ગયા. ત્યારે રાજા બોલ્યો કે — આ ખરેખર કામભોગથી નિર્વિણ્ણ થયેલો છે. સ્થૂલભદ્રે સંભૂતિ વિજય પાસે દીક્ષા લીધી.

શ્રીયકને મંત્રી પદે સ્થાપ્યો. શ્રીયક પણ ભાઈના સ્નેહથી કોશાના ઘેર આશ્રય લે છે. તેણી સ્થૂલભદ્રમાં અનુરક્ત હતી, બીજા મનુષ્યને ઈચ્છતી નથી. તે કોશાને નાની બહેન ઉપકોશા હતી. તેણી સાથે વરરુચિ રહ્યો. તે શ્રીયક તેના છિદ્રો શોધે છે. ભાઈની પત્નીની પાસે કહે છે કે — આ વરરુચિના નિમિત્તે અમારા પિતા મરણ પામ્યા. ભાઈનો પણ વિયોગ થયો તારે પણ વિયોગ થયો. આને દારુ પાઈ દે. કોશાએ તેની બહેને કહ્યું — આને પણ પાઈ દે. - x - કોશાએ શ્રીયકને વાત કરી. રાજાએ શ્રીયકને કહ્યું — તારા પિતા મારા હિતેચ્છુ હતા. ઈત્યાદિ - x - x - પછી વરરુચિને તપેલ સીસું પીવડાવ્યું, તે મૃત્યુ પામ્યો.

સ્થૂલભદ્ર સ્વામી પણ સંભૂત વિજયની પાસે ઘોરાતિઘોર તપ કરે છે. વિચરતા એવા તે પાટલિપુત્ર પધાર્યા. ત્યાં ત્રણ અણગારોએ અભિગ્રહ લીધો. એકે સિંહગુફામાં, તેને જોઈને સિંહ ઉપશાંત થાય. બીજાએ સર્પની વસતિમાં, તે પણ દૃષ્ટિવિષ ઉપશાંત થાય. ત્રીજો કૂવાના ફલકે રહેવાનો. જ્યારે સ્થૂલભદ્રએ અભિગ્રહ કર્યો કે કોશાના ઘેર ચોમાસું રહેવું.

કોશા તેમને જોઈને સંતુષ્ટ થઈ. તેણીને થયું કે — આ પરીષહથી હારીને આવેલ છે. બોલી — શું કરું ? ઉધાનગૃહમાં સ્થાન આપ. આપ્યું. રાત્રિના કોશા સર્વ અલંકારથી વિભૂષિત થઈને આવી. સ્થૂલભદ્રને ચલિત કરવામાં પ્રવૃત્ત થઈ. તે મેરુવત્ નિષ્પ્રકંપ હતા, ચલિત કરવા શક્ય ન હતા. ત્યારે ધર્મ સાંભળે છે. કોશા શ્રાવિકા બની. નિયમ કરે છે — રાજાને કારણે કોઈ બીજા સાથે વસવું પડે તો રહેવું, બાકી બ્રહ્મચારિણીવ્રત લઉં છું.

સિંહગુફાવાસી મુનિ ચાર માસના ઉપવાસ કરીને આવ્યા. આચાર્ય બોલ્યા — હે દુષ્કરકારક ! તમારું સ્વાગત છે. એ પ્રમાણે સર્પના બિલ પાસેના અને કૂવાના ફલકેથી આવેલને પણ કહ્યું. સ્થૂલભદ્રસ્વામી તે જ ગણિકાના ઘેર ભિક્ષા લે છે. તે પણ ચોમાસું પૂર્ણ કરીને આવ્યા. આચાર્ય સંભ્રમથી ઉઠીને બોલ્યા — હે અતિ અતિ દુષ્કરકારક ! તમારું સ્વાગત છે. ત્રણે મુનિને થયું કે — આચાર્ય મંત્રીપુત્ર પ્રત્યે રાગવાળા છે.

બીજા ચોમાસાં સિંહગુફાવાસી મુનિ ગણિકાને ઘેર જવાનો અભિગ્રહ કરે છે. આચાર્યએ તેમને રોક્યા. તો પણ ગયા. વસતિ માંગી. તેણી સ્વાભાવિક જ સુંદર હતી. ધર્મ સાંભળે છે. તેણીના શરીરમાં મુનિ આસક્ત થયા. ભોગની યાચના કરી. તેણીએ ન સ્વીકારી. બોલી કે — જો બદલામાં તમે મને કંઈ આપો તો હું તમારી પ્રાર્થના સ્વીકારું. શું આપું ? લાખ સુવર્ણમુદ્રા. તે શોધવા લાગ્યા. નેપાલમાં શ્રાવક રાજા છે. જે ત્યાં જાય તેને લાખમુદ્રાની કંબલ આપે છે. તે મુનિ ત્યાં ગયા. રાજો

કંબલ આપી. મુનિ પાછા આવે છે.

એક ચોરનું સ્થાન હતું. પક્ષી બોલવા લાગ્યું – લાખ મુદ્રા આવે છે. તે ચોર સેનાપતિ જાણતો હતો. પણ સાધુને આવતા જોયા. ફરી પક્ષી બોલે છે – લાખ મુદ્રા ગઈ. સેનાપતિએ જઈને અવલોકન કર્યુ. સાધુ બોલ્યા – કંબલ છે, ગણિકાને માટે લઈ જઉં છું. છોડી દીધા. મુનિ ગયા. ગણિકાને કંબલ આપી. તેણીએ વિષ્ટાગૃહમાં ફેંકી દીધી. મુનિ તેને રોકે છે – અરે ! તેનો વિનાશ ન કર. તેણી બોલી – તમે આનો વિચાર કરો છો, આત્માનો કરતા નથી, તમે પણ આવા જ છો. ત્યારે મુનિ ઉપશાંત થયા. પોતાના દુષ્કૃત્યનું 'મિચ્છામિદુક્કડં' કરીને ગયા. આલોચના લઈને વિચારવા લાગ્યા. ત્યારે આચાર્યએ કહ્યું કે – આ અતિ અતિ દુષ્કરકારક સ્થૂલભદ્ર એટલે કહ્યા કે – તેણી પૂર્વ પરિચિત હતી. વળી અશ્રાવિકા હતી. સ્થૂલભદ્રમાં આસક્ત હતી. તેણીને શ્રાવિકા બનાવી ઈત્યાદિ.

એ પ્રમાણે કોઈ વખતે રાજાએ તે ગણિકા રથિકને આપી. તેણી વારંવાર સ્થૂલભદ્ર સ્વામીના ગુણગાન કરે છે. રથિકને સેવતી નથી. તેથી રથિક પોતાની કળા બતાવવા માટે અશોકવાટિકમાં લઈ ગયો. ભૂમિ ઉપર રહીને આમ્રપિંડી પાડી. પાછળ અન્યોન્ય બાણ મારીને અર્ધચંદ્રાકાર બનાવી હાથ વડે છેદીને ગ્રહણ કરી. તો પણ ગણિકા ખુશ ન થઈ. તેણી બોલી – શિક્ષિતને શું દુષ્કર છે ? હવે મારી કલા જુઓ. સરસવનો ઢગલો કર્યો, સોયના અગ્રભાગે નૃત્યુ કર્યુ. રથિક તો ખુશ-ખુશ થઈ ગયો. શિક્ષિતને આમ્રપિંડી તોડવી કે સરસવ ઉપર નૃત્યુ કરવું દુષ્કર નથી. પણ જે મુનિ પ્રમદારૂપી વનમાં રહ્યા, છતાં ચલિત ન થયા, તે દુષ્કર છે. પછી તે રથિક શ્રાવક થયો.

તે કાળે બાર વર્ષીય દુકાળ પડ્યો. સંયત આદિને સમુદ્ર કાંઠે રાખીને પછી પાટલિપુત્રે ભેગા થયા. તેમાં કોઈકને ઉદ્દેશો, કોઈકને ખંડ એ પ્રમાણે સંઘાત કરીને અગિયાર અંગો એકઠાં કર્યા. દૃષ્ટિવાદ કોઈ જાણતું ન હતું. જઈને સંઘકાર્યનું નિવેદન કર્યુ. હું હાલ મહાપ્રાણ ધ્યાનમાં છું માટે વાચના આપવા સમર્થ નથી (તેમ ભદ્રબાહુ સ્વામીએ કહ્યું.) સંઘે કહ્યું – સ્થવિરોએ બીજા સંઘાટકને મોકલ્યા અને પૂછાવ્યું કે – સંઘની આજ્ઞા ઉલ્લંઘે તેમને શો દંડ કરવો ? (ભદ્રબાહુ સ્વામી બોલ્યા–) સંઘ બહાર કરવા. મને ન કરશો. મેધાવી મુનિને મોકલો – હું સાત વાચના રોજ આપીશ. જો મહાપ્રાણધ્યાનમાં પ્રવેશેલ હોય તો કાર્ય ઉત્પન્ન થતાં અંતર્મુહૂર્ત્તમાં ચૌદ પૂર્વોની અનુપ્રેક્ષા કરી લે. ઉત્ક્રમ-અપક્રમ કરે.

ત્યારે સ્થૂલભદ્ર આદિ ૫૦૦ મેધાવી મુનિ ગયા. તેમણે વાચના લેવાની શરૂ કરી. એક-બે અને ત્રણ માસમાં બધાં મુનિ નીકળી ગયા. કેમકે પ્રતિપૃચ્છા વિના ભણવા કોઈ સમર્થ ન હતા. માત્ર સ્થૂલભદ્રસ્વામી રહ્યા. થોડું મહાપ્રાણ ધ્યાન બાકી રહેતા સ્થૂલભદ્રને પૂછ્યું – થાક્યા નથીને ? થોડો કાળ પ્રતિક્ષા કરો, પછી દિવસે સર્વ વાચના આપીશ. સ્થૂલભદ્રએ પૂછ્યું – કેટલું ભણ્યા અને કેટલું બાકી ? આચાર્યએ કહ્યું કે – ૮૮ સૂત્રો, મેરુ જેટલું બાકી અને સરવસ જેટલું ભણ્યા. પણ



વિષાદ ન કરો. બધું ભણાઈ જશે.

મહાપ્રાણ ધ્યાન સમાપ્ત થતાં નવ પૂર્વો ભણ્યા, દશમાં પૂર્વની બે વસ્તુ ન્યૂન ભણાયું. આ અંતરમાં વિચરતા પાટલિપુત્ર ગયા. સ્થૂલભદ્રની તે સાતે બહેનોએ દીક્ષી લીધી હતી. તે બધી આચાર્ય અને ભાઈ મુનિને વાંદવા નીકળ્યા. આચાર્યને વાંદીને પૂછ્યું – મોટા ભાઈ મુનિ ક્યાં છે ? આ દેવકુલિકામાં ભણે છે. સ્થૂલભદ્ર સ્વામીએ બહેનોને જોઈને વિચાર્યુ કે હું તેમને મારી ઋદ્ધિ બતાવું. તેમણે સિંહરૂપ વિકુર્વ્યુ. તે બધી સાધ્વી સિંહરૂપ જોઈને નાસી આવ્યા. આચાર્યને કહ્યું કે – ભાઈ મુનિને સિંહ ખાઈ ગયો. આચાર્યએ કહ્યું – તે સિંહ નહીં સ્થૂલભદ્ર જ હતા, હવે જઈને વાંદો.

શ્રીયકે પણ દીક્ષી લીધેલી. ભોજન વગર કાળ કર્યો. મહાવિદેહ તીર્થંકરને પૂછ્યું, દેવતા વડે લઈ જવાયા. હે આર્ય ! હું ભાવના અને વિમુક્તિ બે અધ્યયનો લાવી, તેમ યક્ષા સાધ્વીએ કહ્યું પછી વાંદીને ગયા.

બીજા દિવસે ઉદ્દેશકાળે ઉદ્દેશો ન કર્યો. સ્થૂલભદ્રએ પોતાની ભૂલની માફી માંગી. આચાર્યએ કહ્યું કે – તું ભૂલ નહીં કરે, તો બીજા કરશે. પછી મહા કલેશે વાંચના આપવાનું સ્વીકાર્યુ, દશ પૂર્વની ઉપરના ચાર પૂર્વો તું ભણ, પણ બીજાને ન આપતો. પછી તે ચાર પૂર્વનો વિચ્છેદ થયો. દશમા પૂર્વની છેલ્લી બે વસ્તુ પણ વિચ્છેદ પામી. એ પ્રમાણે શિક્ષા પ્રતિ યોગ સંગ્રહ સ્થૂલભદ્ર સ્વામીવત્ જાણ્યો.

હવે નિષ્પ્રતિક્રમણતા –

**● નિર્યુક્તિ-૧૨૮૫ + વિવેચન :-**

પ્રતિષ્ઠાન નગરે નાગવસુ શ્રેષ્ઠી, નાગશ્રી પત્ની, બંને શ્રાવક હતા. તેનો પુત્ર નાગદત્ત કામભોગથી ખેદ પામીને દીક્ષિત થયો. તેણે જિન કલ્પિકના પૂજા અને સત્કાર જોયા. તે બોલ્યો – હું પણ જિનકલ્પ સ્વીકારીશ. આચાર્યએ ના પાડી. સ્વયં જ જિનકલ્પ સ્વીકાર્યુ. નીકળ્યો. કોઈ વ્યંતરગૃહમાં પ્રતિમા ધ્યાને રહ્યો. સમ્યગ્દૃષ્ટિ દેવી તે મુનિ વિનાશ ન પામે, એમ વિચારી સ્ત્રીરૂપે ઉપહાર ગ્રહણ કરીને ગયા. વ્યંતરની અર્ચા કરીને કહ્યું – હે મુનિ ! આ ગ્રહણ કરો. મિષ્ટભાતને ભક્ષ્યરૂપે વિવિધ પ્રકારના સ્વરૂપે ગ્રહણ કર્યા. ખાઈને રાત્રે પ્રતિમા ધ્યાને રહ્યા. જિનકલ્પિકપણું ન છોડ્યું. અતિસાર થયો. દેવતાએ આચાર્યને કહ્યું.

તે અમુકનો શિષ્ય છે. સાધુઓને ત્યાં મોકલ્યા. તે મુનિને પાછા લાવ્યા. દેવીએ કહ્યું – તેને બીજોરાનો ગર્ભ આપો. આપ્યો. શીખવાડ્યું કે આમ ન કરવું જોઈએ. નિષ્પ્રતિકર્મ પુરૂ થયું. હવે 'અજ્ઞાત' કહે છે. અર્થ શો છે ?

પૂર્વે પરીષહ સમર્થ વડે જે ઉપધાન-તપ કરાય છે, તે લોકો ન જાણે તેમ કરવા જોઈએ. તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૨૮૬-વિવેચન :-**

કૌશાંબીમાં અજિતસેન રાજા હતો. ધારિણી તેની રાણી હતી. ત્યાં પણ ધર્મવસુ આચાર્ય હતા. તેમને બે શિષ્યો હતા - ધર્મઘોષ અને ધર્મયશ. વિનયમતિ

નામે મહત્તરિકા હતી. તેની શિષ્યા વિગતભયા હતી. તેણીએ ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. સંઘે મોટા ઋદ્ધિ સત્કાર સાથે નિર્યામણા કરી. તે ધર્મવસ્તુના શિષ્યો બંને પણ પરિકર્મ કરતા હતા. આ તરફ –

● **નિર્યુક્તિ-૧૨૮૭-વિવેચન :-**

ઉજ્જૈનીમાં પ્રદ્યોતના પુત્રો એવા બે ભાઈઓ હતા - પાલક અને ગોપાલક. તેઓએ દીક્ષા લીધી. પાલકને બે પુત્રો હતા - અવંતીવર્ધન અને રાષ્ટ્રવર્ધન. પાલકે અવંતી વર્ધનને રાજા અને રાષ્ટ્રવર્ધનને યુવરાજ પદે સ્થાપીને દીક્ષા લીધી. રાષ્ટ્રવર્ધનની પત્ની ધારિણી, તેનો પુત્ર અવંતીસેન. કોઈ દિવસે રાજાએ ધારિણીને સર્વાંગથી વિશ્વસ્ત રહેલી જોઈ. તેણીમાં આસક્ત થયો. દૂતી મોકલી. ધારિણી તેમ ઈચ્છતી ન હતી. ફરી ફરી મોકલી. ધારિણીએ તિરસ્કાર બુદ્ધિથી કહ્યું – પતિના ભાઈ હોવા છતાં લજ્જા નથી આવતી. ત્યારે અવંતીવર્ધને તેના ભાઈ રાષ્ટ્રવર્ધનને મારી નાંખ્યો. તે વિકાલે પોતાના આભરણો લઈને કૌશાંબી સાર્થ જતો હતો, તેમાં કોઈ વૃદ્ધ વણિક્ પાસે આશ્રય લીધો. કૌશાંબી ગઈ. ત્યાં દીક્ષા લીધી. તેણીને તુરંતનો ઉત્પન્ન ગર્ભ હતો. તેણી બોલી નહીં. પછી મહત્તરિકાને બધો વૃત્તાંત કહ્યો. તેણીને સંયતી મધ્યે અસાગારિકપણે રાખી. રાત્રિના બાળકને જન્મ આપ્યો. સાધુની ઉડ્ડાહણા ન થાય, તે માટે નામમુદ્રા અને આભરણો મૂકીને રાજાના આંગણામાં રાખીને પ્રચ્છન્નપણે ઉભી રહી.

અજિતસેને ત્યારે આકાશતલમાં રહેલ મણીની દિવ્યપ્રભા જોઈ. બાળક લઈ લીધો - અપુત્રીકા અગ્રમહિષીને સોંપ્યો. સંયતીએ પૂછતા ધારિણીએ મૃત બાળક જન્મ્યો એમ કહી દીધું. તેણીને અંતઃપુરિકા સાથે મૈત્રી થઈ. બાળકનું મણિપ્રભ નામ રાખ્યું. રાજાના મૃત્યુ પછી મણિપ્રભ રાજા થયો. અવંતિવર્ધન પણ ભાઈને મારવાથી અને રાણી પ્રાપ્ત ન થવાથી, ભાઈના સ્નેહને કારણે અવંતીસેનને રાજ્ય દઈને પ્રવ્રજિત થયો. તે મણિપ્રભ પાસે દંડ માંગે છે, તે આપતો નથી. તેથી સર્વ સૈન્ય સાથે કૌશાંબી ઉપર ચડાઈ કરી.

પૂર્વોક્ત બંને અણગાર પરિકર્મ સમાપ્ત થતાં એક બોલ્યો કે – વિનયવતી જેવી ઋદ્ધિ મને પણ થાઓ. નગરમાં ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. બીજા જે ધર્મયશ સાધુ હતા, તે વિભૂષાને ઈચ્છતા ન હતા. તેણે પર્વતની કંદરામાં ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. એ વખતે અવંતીસેન કૌશાંબીને રુંધેલી, તે વખતે કોઈ ધર્મઘોષ અણગાર પાસે જતા ન હતા. તે ચિંતિત અર્થ પ્રાપ્ત ન થતાં કાળધર્મ પામ્યા. દ્વારથી નિષ્કાશન ન થતાં, પ્રાકારની ઉપરથી તેના શરીરને બહાર ફેંકી દીધું.

ધારિણી સાધ્વી વિચારે છે કે – જનક્ષય ન થાઓ. તેથી રહસ્ય ઉદ્ઘાટન કરવા અંતઃપુરમાં આવ્યા. મણિપ્રભને કહ્યું કે ભાઈ સાથે કેમ યુદ્ધ કરે છે ? પછી બધો વૃત્તાંત જણાવી, તેની માતાને પૂછવા કહ્યું. ત્યારે મણિપ્રભે સત્ય જાણ્યું. રાષ્ટ્રવર્ધનના આભરણ અને નામમુદ્રાદિ દર્શાવ્યા. તેને વિશ્વાસ બેઠો એટલે કહ્યું – જો હું હમણાં ખસી જઈશ તો મારો અપયશ થશે. સાધ્વી બોલ્યા – હું તેને બોધ



કરીશ. અવંતિસેનને નિવેદન કર્યું. તેણે સાધ્વીજીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. તેને કહ્યું કે સાધ્વીજી તારી માતા છે. સાધ્વી પણ બોલ્યા – આ તારો ભાઈ છે. બંને બહાર મળ્યા. પરસ્પર આલિંગન કરીને રડવા લાગ્યા. કેટલોક કાળ કૌશાંબીમાં રહીને બંને ઉજ્જૈની ગયા. માતા સાધ્વીને પણ મહત્તરિકા સહિત લઈ ગયા.

વત્સકાતીર પર્વતે સાધુઓને પર્વતથી ચડતા અને ઉતરતા જોઈને, સાધ્વી પણ વાંદવાને ગયા. બીજે દિવસે રાજા પણ ગયો. સાધ્વી બોલ્યા – આ સાધુ ભક્ત-પ્રત્યાખ્યાન કરેલ છે. બંને રાજા ત્યાં રોકાયા. દિવસે દિવસે મહિમા કરે છે. સાધુએ કાળ કર્યો. એ પ્રમાણે તે ઈચ્છતા ન હોવા છતાં પણ ઋદ્ધિસત્કાર થયો. બીજા સાધુને ઈચ્છા છતાં સત્કાર ન થયો. તેથી ધર્મયશ અણગારની જેમ તપ કરવો.

‘અજ્ઞાતક’ યોગ સંગ્રહ કહ્યો. હવે ‘અલોભ’ લોભવિવેકપણાથી યોગ સંગ્રહ થાય છે. તેનાથી અલોભતા કરવી જોઈએ. કઈ રીતે ?

● **નિર્યુક્તિ-૧૨૮૮ થી ૧૨૯૦-વિવેચન :-**

સાકેત નગર હતું. પુંડરીક રાજા અને કંડરીક યુવરાજ હતો. યુવરાજની પત્ની યશોભદ્રા હતી. તેણીને ફરતી જોઈને પુંડરીક તેણીમાં આસક્ત થયો. પણ તેણી પુંડરીકને ઈચ્છતી ન હતી. પૂર્વકથાવત્ યુવરાજને મારી નાંખ્યો. યશોભદ્રા પણ સાર્થની સાથે નીકળી ગઈ. તેણી પણ તુરંતના ઉત્પન્ન થયેલા ગર્ભવાળી હતી. શ્રાવસ્તી પહોંચી. ત્યાં અજિતસેન આચાર્ય અને કીર્તિમતિ મહત્તરિકા હતા. તેમની પાસે ધારિણી માફક દીક્ષા લીધી.

તેણીને થયેલ બાળકનું ક્ષુલ્લકકુમાર નામ રાખ્યું. તે યુવાન થયો. તેને થયું કે હું પ્રવ્રજ્યા પાળવા માટે સમર્થ નથી. માતાને પૂછ્યું – હું જાઉં ? માતા સાધ્વીએ સમજાવવા છતાં તે રહેવા તૈયાર ન હતો. ત્યારે માતા સાધ્વીએ કહ્યું – મારા નિમિત્તે બાર વર્ષ રહે. રહ્યો. બાર વર્ષ પૂરા થતાં ફરી પૂછ્યું – હું પ્રવ્રજ્યા છોડીને જઉં ? મહત્તરિકાને પૂછીને જા. તેના નિમિત્તે પણ બાર વર્ષ રહ્યો. એ રીતે આચાર્યના વચને બાર વર્ષ, ઉપાધ્યાયના વચને બાર વર્ષ. એમ ૪૮-વર્ષ રાખ્યો છતાં દીક્ષામાં રહેવા ઈચ્છતો ન હોવાથી વિદાય આપી. પછી માતાએ કહ્યુ કે – જ્યાં-ત્યાં ભટકતો નહીં. પુંડરીક રાજા તારા કાકા છે. આ તારા પિતાની વીંટી છે, કંબલરત્ન છે. મેં ઘેરથી નીકળતા સાથે લીધેલા. આને લઈને તું જા.

ક્ષુલ્લક, નગરે ગયો. રાજા યાનશાળામાં બેઠો હતો. કાલે મળીશ એમ વિચારી અભ્યંતર પર્ષદામાં પ્રેક્ષણ જોવા બેઠો. તે નટી આખી રાત્રિ નૃત્ય કરીને પ્રભાતકાળે નિદ્રાધીન થવા લાગી. ત્યારે નર્તકી વિચારે છે કે – પર્ષદા ખુશ છે, ઘણું મળેલ છે, હવે જો તું પ્રમાદ કરીશ તો અપભ્રાજના થશે. ત્યારે તેણી આ ગીત ગાય છે – “સારું ગાયું, સારું નૃત્ય કર્યુ, સારું વગાડ્યું. હે શ્યામા સુંદરી ! દીર્ઘ રાત્રિ આમ કર્યા પછી સ્વપ્નાંતે પ્રમાદ ન કર [થોડા માટે ન ચૂક]

ત્યારે ક્ષુલ્લક કુમારે, કંબલરત્ન ફેંક્યુ, યશોભદ્ર યુવરાજે લાખ મૂલ્યના કુંડલ ફેક્યા, શ્રીકાંતા સાર્થવાહીએ લાખ મૂલ્યનો હાર ફેંક્યો, જયસંધિ અમાત્યએ

લાખ મૂલ્યના કટક ફેંક્યા, મહાવતે લાખ મૂલ્યનું અંકુશ ફેંક્યુ. આ પ્રમાણે પાંચે લાખ મૂલ્યના હતા. પ્રભાતે બધાંને રાજાએ બોલાવીને પૂછ્યું. હે ક્ષુલ્લક ! તેં કેમ ઈનામ આપ્યું ? તેણે પોતાના પિતાએ રાજાએ મારી નાંખ્યા ઈત્યાદિ બધો વૃતાંત કહ્યો યાવત્ સંયમ પાળવા સમર્થ ન હોવાથી આપની પાસે આવ્યો. રાજ્યની અભિલાષા હતી. રાજા બોલ્યો આપી દઈશ. ક્ષુલ્લકે કહ્યું કે – બસ, સ્વપ્નાંત વર્તે છે. હવે પૂર્વકૃત્ સંયમ પણ નાશ પામશે, માટે નથી જોઈતું.

યુવરાજ બોલ્યો – તમને મારીને રાજ લેવું હતું. સ્થવિર રાજા બોલ્યો, આપી દઉં. પણ હવે મારે જોઈતું નથી. સાર્થવાહપત્ની બોલી બાર વર્ષોથી પતિ પરદેશ ગયો છે, હવે માર્ગમાં છે. બીજાની સાથે વિમર્શ કરેલો, પણ હવે ક્યાંય નથી જવું. અમાત્ય કહે બીજા રાજા સાથે મંત્રણા કરેલી. મહાવત બોલ્યો – પ્રત્યંત રાજાએ હાથી લાવવા કહેલું. પણ હવે કંઈ કરવું નથી. પછી ક્ષુલ્લકકુમાર માર્ગમાં સ્થિર થઈ, ફરી પ્રવ્રજિત થયા. બધાંએ લોભનો ત્યાગ કર્યો. આ પ્રમાણે 'અલોભતા' રાખવી.

હવે 'તિતિક્ષા' દ્વાર કહે છે – તિતિક્ષા એટલે પરીષહ, ઉપસર્ગો સહેવા તે. તેમાં દૃષ્ટાંતાર્થે બે ગાથા કહે છે –

**● નિર્યુક્તિ-૧૨૯૧,૧૨૯૨-વિવેચન :-**

ઈન્દ્રપુર નગરે ઈન્દ્રપુર રાજા હતો. તેને ઈષ્ટ અને શ્રેષ્ઠ રાણીના બાવીશ પુત્રો હતા. બીજા કહે છે – એક રાણીના હતા. તે બધાં રાજાને પ્રાણ સમાન હતા. મંત્રીને એક પુત્રી હતી. તેને પરણાવવાની હતી. તેણી કોઈ દિવસે ઋતુસ્નાતા થઈને રહેલી. ત્યારે રાજાએ જોઈ. આ કોની છે ? તેઓ બોલ્યા – તમારી રાણી છે. ત્યારે તેણી સાથે એક રાત્રિ રહ્યો. તેણી ઋતુસ્નાતા હોવાથી તેણીને ગર્ભ રહ્યો. મંત્રીએ પહેલાં જ કહેલું કે – તને ગર્ભ રહે ત્યારે મને કહેજે. તેણીએ બધું જ લખી મોકલ્યું. નવ માસ પુરા થતાં બાળક થયો. તેના દાસચેટો તે દિવસે જન્મ્યા, તે આ પ્રમાણે – અગ્નિ, પર્વતક, બહુલિક, સાગર. બધાં સાથે જન્મ્યા, કલાચાર્ય પાસે લઈ ગયા. તેણે ૭૨ કળા શીખવી. બત્રીશકુમારે પણ કળા શીખી લીધી. પણ ઉપાધ્યાય સાથે મારપીટ કરવાથી તેઓ કોઈ યોગ્ય રીતે કલા ગ્રહણ ન કરી શક્યા.

આ તરફ મથુરામાં જિતશત્રુ રાજા હતો. તેમને નિર્વૃત્તિ નામે કન્યા હતી. તેને અલંકૃત્ કરી રાજા પાસે લાવ્યા. રાજાએ કહ્યું કે – તને ગમે તે તારો પતિ થાઓ. તેણીએ જાણ્યું કે – જે શૂર, વીર, વિક્રાંતને ફરી રાજ્ય આપશે. ત્યારે તેણી સૈન્ય અને વાહન લઈને ઈન્દ્રપુર નગરે ગઈ. ત્યાં રાજાને ઘણાં પુત્રો છે, તેમ પૂર્વે સાંભળેલ હતું. દૂત મોકલ્યો. તે રાજાએ પણ આ વાત જાણી કે બધાં રાજાને બોલાવ્યા છે. તેણી ગઈ, નગરને પતાકાદિ યુક્ત કર્યુ, રંગમંચ કર્યો. ત્યાં ચક્ર રાખ્યું. એક ચક્રમાં આઠ ચક્રો ગોઠવ્યા. ત્યાં આગળ પુત્તળી રાખી. તેને વિંધવાની હતી.

રાજા બખ્તર આદિ બાંધી, પુત્રો સહિત નીકળ્યો. ત્યારે તે કન્યા સર્વાલંકાર વિભૂષિત થઈ એક બાજુ ઉભી રહી. રાજાનો મોટો પુત્ર શ્રીમાલી કુમાર, આ કન્યા



અને રાજ્ય ભોગવીશ એમ માની બોલ્યો કે તે પુતળીને વિંધશે. ત્યારે તે ધનુષ્ પણ ગ્રહણ ન કરી શક્યો. એ રીતે કોઈ પુત્ર સફળ ન થયા. તે મંત્રી તેના દોહિત્રને તે દિવસે સાથે લાવેલ જ હતા. રાજાને અપહત મનઃસંકલ્પ અને હથેળી ઉપર સ્થાપેલા મુખ વાળો, નિરાસ થયેલો જોઈને મંત્રીએ પૂછ્યું – હે દેવાનુપ્રિય ! તમે કેમ નિરાશ થઈને બેઠા છો ? રાજા બોલ્યો કે – આ પુત્રોએ મને હલકો પાડ્યો. ત્યારે મંત્રીએ કહ્યું – હજી તમારો એક પુત્ર છે. આ સુરેન્દ્રદત્તકુમાર. તેની પણ પરીક્ષા કરી લો. ત્યારે રાજાએ પૂછ્યું – આ મારો પુત્ર કઈ રીતે છે ? ત્યારે મંત્રીએ રહસ્ય કહ્યું. રાજા ખુશ થઈ બોલ્યો – હે પુત્ર ! તું આ આઠ ચક્રો ભેદીને રાજ્યસુખ અને નિર્વૃત્તિ કન્યાને પ્રાપ્ત કર, તારું કલ્યાણ થાઓ.

ત્યારે તે કુમારે ધનુષ્ય લીધું. લક્ષ્યાભિમુખ બાણ ચડાવ્યું. ત્યારે દાસપુત્રો અને બધાં કુમારો અવાજો કરવા લાગ્યા. બીજા બે પુરુષો પણ તેના ઉપાધ્યાયને ભય દર્શાવે છે ઈત્યાદિ - x - x - તેવી સ્થિતિમાં પણ ક્ષુબ્ધ થયા વિના તેણે પુતળીની આંખ વિંધી નાંખી. ત્યાં ઉત્કૃષ્ટ સિંહનાદ પૂર્વક ધન્યવાદ આપ્યા. અહીં જે ઉપદ્રવોને સુરેન્દ્રદત્તકુમારે સહન કર્યા તે આ દ્રવ્ય તિતિક્ષા.

હવે ઉપસંહાર કહે છે – કુમાર જેવા સાધુ જાણવા. ચાર દાસપુત્રો જેવા ચાર કષાયો છે, બાવીશકુમારો સમાન બાવીશ પરીષહો છે. બે પુરુષ જેવા રાગ અને દ્વેષ છે. પુત્તળીનું વિંધવું તે આરાધના, નિર્વૃત્તિ કન્યારૂપ સિદ્ધિ જાણવી. તિતિક્ષા દ્વાર કહ્યું. હવે 'આર્જવ' કહે છે. આર્જવ એટલે ઋજુત્વ. તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૨૯૩-વિવેચન :-**

ચંપાનગરીમાં કૌશિકાર્ય ઉપાધ્યાય હતા. તેમને બે શિષ્યો હતા. અંગર્ષિ અને રુદ્ર. અંગક ભદ્રક હોવાથી તેનું અંગર્ષિ નામ કર્યું. રુદ્ર હતો તે ગ્રંથિ છેદક હતો. તે બંનેને તે ઉપાધ્યાયે લાકડા લેવા મોકલ્યા. અંગર્ષિ અટવીથી ભાર ગ્રહણ કરીને ચાલ્યો. રુદ્રક દિવસે રખડ્યો, વિકાલે તેને યાદ આવ્યું. અટવી તરફ દોડ્યો. તેણે લાકડાનો ભારો લઈને આવતો જોયો. તેને થયું, મને ઉપાધ્યાય કાઢી મૂકશે.

આ તરફ જ્યોતિર્યશા નામે વત્સપાલિકાને પુત્ર પંથકને માટે ભોજન લઈને લાકડાના ભારા સાથે આવતી જોઈ. તેણીને રુદ્રકે ખાડામાં પાડી મારી નાંખી. તેણે લાકડાનો ભારો છીનવીને બીજા માર્ગેથી પહેલાં આવીને ઉપાધ્યાયના હાથમાં ભારો આપીને કહ્યું – તમારા સુંદર શિષ્યએ જ્યોતિર્યશાને મારી નાંખી. રખડતો આવે છે. તે આવ્યો ત્યારે ઉપાધ્યાયે તેને કાઢી મૂક્યો.

વનખંડમાં જઈ અંગર્ષિ શુભ અધ્યવસાયથી ચિંતવતો હતો. ત્યાં જાતિસ્મરણજ્ઞાન થયું. સંયમ સ્વીકાર્યો. કેવળજ્ઞાન મહિમા દેવોએ કર્યો દેવોએ કહ્યું કે – આ રુદ્રકે અભ્યાખ્યાન દીધેલ છે. લોકોએ રુદ્રકની હીલના કરી. તે વિચારે છે – બ્રાહ્મણીએ પણ પ્રવ્રજ્યા લીધી. ચારે કેવળજ્ઞાન પામી સિદ્ધ થયા. 'આર્જવ' યોગ સંગ્રહ કહ્યો.

હવે ''શુચિ'' કહે છે – શુચિ એટલે સત્ય. સત્ય અને સંયમ તે જ શૌચ. સત્ય પ્રતિ યોગ સંગ્રહ થાય, તેનું દૃષ્ટાંત –

• નિર્યુક્તિ-૧૨૯૩-વિવેચન :-

શૌર્યપુર નગરમાં સુરવર યક્ષ હતો. ત્યાં ધનંજય નામે શ્રેષ્ઠી હતો. તેની પત્ની સુભદ્રા હતી. તે બંનેએ સુરવરને નમીને પુત્રની ઈચ્છાથી યાચના કરી, સુસ્વરને કહ્યું કે – જો પુત્ર થશે તો સો પાડા સહિત યજ્ઞ કરીશ. તેમને સંતતિ થઈ. તેઓ બોધ પામશે. એમ જાણી ભગવંત પધાર્યા. શ્રેષ્ઠી નીકળ્યો. બોધ પામ્યો. હું અણુવ્રતો ગ્રહણ કરું, પણ જો યક્ષ અનુજ્ઞા આપે તો. તે યક્ષ પણ ઉપશાંત થયો.

બીજા કહે છે – વ્રતોમાં માર્ગણા કરી. દયાથી ન આપ્યા. શ્રેષ્ઠીએ પોતાના શરીરના સો ખંડો કર્યા. કેટલાંક ખંડો કરી શ્રેષ્ઠીએ વિચાર્યુ – અહો ! હું ધન્ય છું મારે આ વેદનામાં પ્રાણીને ન જોડવા પડ્યા. સત્વની પરીક્ષા કરી સુરવરયક્ષ સ્વયં બોધ પામ્યો. અથવા લોટના પાડા ચડાવ્યા. આ દેશ શુચિ શ્રાવકત્વ કહ્યું. સર્વ શુચિ આ પ્રમાણે –

ભગવંતને બે શિષ્યો હતા - ધર્મઘોષ અને ધર્મયશ એક શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે ગુણન કરતાં તે બંને પૂર્વાહ્ણમાં રહ્યા, અપરાહ્ણમાં પણ છાયા પરાવર્તન ન પામી. એકે કહ્યું – તારી સિદ્ધિ છે, બીજો બોલ્યો – તારી લબ્ધિ છે. બંને કાયિકી ભૂમિ - મૂત્ર કરવા ગયા. ત્યારે જાણ્યું કે એકેની પણ આ લબ્ધિ ન હતી. સ્વામીને પૂછતા, તેની ઉત્પત્તિ કહી –

• નિર્યુક્તિ-૧૨૯૫,૧૨૯૬-વિવેચન :-

શૌર્યપુરીમાં સમુદ્રવિજય જ્યારે રાજા હતા, ત્યારે યજ્ઞયશા તાપસ હતો. તેની પત્ની સૌમિત્રી હતી. તેનો પુત્ર યજ્ઞદત્ત, સોમયશા પુત્રવધૂ, તે બંનેનો પુત્ર નારદ હતો. તેઓ ઉંછવૃત્તિથી એક દિવસ જમતા અને એક દિવસે ઉપવાસ કરતા હતા. તે બંને તે પુત્ર નારદને અશોકવૃક્ષની નીચે પૂર્વાહ્ણમાં રાખીને ગયા. આ તરફ વૈતાઢ્યમાં વૈશ્રમણકાયિક દેવ જૃંભક તે માર્ગેથી જતો હતો. તેણે બાળકને જોયો. અવધિજ્ઞાન પ્રયોજ્યું. તે તેમની દેવનિકાયથી ચ્યવેલ હતો. તેથી તેની અનુકંપાથી તે છાયાને સ્તંભિત કરતો હતો. કેમકે ગરમીમાં દુઃખ પડે. રાત્રે ગુપ્તવિદ્યા શીખવી.

કોઈ કહે છે – આ અશોક પૃચ્છા અને નારદની ઉત્પત્તિ કહી. તે બાલ્યભાવથી મુક્ત થયો. તે દેવોએ પૂર્વભવની પ્રીતિથી વિદ્યાજૃંભક દેવોએ પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા શીખવેલી. તે મણિપાદુકા વડે તથા કાંચન કુંડિકા વડે આકાશમાં ચાલતો હતો. કોઈ દિવસે દ્વારાવતીમાં આવ્યો. શૌચ શું છે ? એમ વાસુદેવે પૂછતાં તે ઉત્તર દેવાને સમર્થ ન થયો. ઉત્ક્ષેપ કર્યો. બીજી કથામાં પૂર્વ વિદેહમાં સીમંધર સ્વામીને યુગબાહુ વાસુદેવે પૂછ્યું – શૌચ શું છે ?

તીર્થંકરે ઉત્તર આપ્યો – સત્ય એ શૌચ છે. તે એક પદથી સત્યને પર્યાયથી અવતારિત કર્યુ. ફરી પશ્ચિમ વિદેહમાં યુગંધર તીર્થંકરને મહાબાહુ નામના વાસુદેવે તે જ પૂછ્યું. ત્યાંથી પણ સાક્ષાત્ જાણ્યું. પછી દ્વારિકા આવ્યો. વાસુદેવે કહ્યું – કેમ ત્યારે તમે પૂછેલને ? ત્યારે તેણે તેને કહ્યું કે – શૌચ સત્યને કહે છે. ફરી પૂછ્યું – સત્ય શું છે ? ફરી અપભ્રાજના થઈ. વાસુદેવે કહ્યું – જ્યારે તમે આ પૂછ્યું ત્યારે





આ પણ પૂછ્યું જ હશે ને ? નિર્ભર્ત્સના કરી. તેણે કહ્યું – સત્ય, હે રાજા ! પૂછેલ નહીં. વિચારવા લાગ્યો. જાતિ સ્મરણ જ્ઞાન થયું. પછી અતિ શૌચવાન્ થઈ પ્રત્યેકબુદ્ધ થયો.

એ પ્રમાણે [ઋષિભાષિતનું] પહેલું અધ્યયન કહ્યું. આ પ્રમાણે શૌચથી યોગ સંગ્રહ થયા. ૧૧-મું શૌચ દ્વાર ગયું. હવે ''સમ્યક્દૃષ્ટિ'. સમ્યગ્ દર્શન વિશુદ્ધિથી પણ યોગ સંગ્રહ થાય. તેનું દૃષ્ટાંત –

• નિર્યુક્તિ-૧૨૯૭ :-

સાકેતનગરે મહાબલ રાજા હતો. સભામાં દૂતને પૂછ્યું કે – મારે ત્યાં એવું શું નથી, જે બીજા રાજાને ત્યાં હોય ? ચિત્રસભા નથી. કરાવી તેમાં બે ચિત્રકાર હતા. તે બંનેને અડધું-અડધું કામ સોંપેલ, પડદો રાખીને બંને પોત-પોતાની બાજુ ચિત્ર કરતા હતા. એકે ચિત્ર નિર્માણ કર્યા. એકે ભૂમિ શુદ્ધિ કરી. રાજા તેમનાથી ખુશ થયો, પૂજા કરીને પૂછ્યું – ભૂમિ શુદ્ધિ કરી પણ ચિત્ર કરેલ નથી ? પડદો લઈ લીધો, બીજું ચિત્ર નિર્મલતર દેખાવા લાગ્યું. રાજા ગુસ્સે થયો. ચિત્રકારે વિનંતી કરી - પ્રભાનું અત્રે સંક્રમણ થવા દો. પછી ઢાંકી દીધી. રાજાએ ખુશ થઈને કહ્યું – એમ જ રહેવા દો. આ રીતે સમ્યકત્વ વિશુદ્ધ કરવું જોઈએ.

હવે 'સમાધિ' - તેમાં ઉદાહરણ ગાથા –

• નિર્યુક્તિ-૧૨૯૮-વિવેચન :-

સુદર્શનપુરમાં શિશુનાગ શ્રેષ્ઠી હતો. સુયશા તેની પત્ની હતી. બંને શ્રાવક હતા. તેમનો પુત્ર સુવ્રત, સુખેથી ગર્ભમાં રહ્યો, સુખેથી મોટો થયો. એ પ્રમાણે યાવત્ યૌવનમાં બોધ પામી, પૂછીને દીક્ષા લીધી. ભણ્યો, એકાકી વિહાર પ્રતિમાને સ્વીકારી. શક્રે પ્રશંસા કરી. દેવો વડે પરીક્ષા કરાઈ. એકે કહ્યું – આ ધન્ય છે કેમકે કુમાર બ્રહ્મચારી છે, બીજાએ કહ્યું – આણે કુલસંતતિનો છેદ કર્યો. માટે અધન્ય ચે. તે મુનિ બંનેમાં સમભાવે રહ્યા. એ પ્રમાણે માતા-પિતાને સ્વવિષયમાં આસક્ત દર્શાવ્યા. પછી બંનેને મારી નાંખ્યા, કરુણ રુદન કર્યા. તો પણ તે મુનિ સમભાવમાં રહ્યા. પછી સર્વ ઋતુઓ વિકુર્વી, દિવ્ય સ્ત્રીઓ સવિભ્રમ પ્રલોકે છે. દીર્ઘ નિઃશ્વાસ મૂકે છે, તો પણ સંયમમાં સમાહિતતર રહ્યા. કેવળજ્ઞાન થયું યાવત્ સિદ્ધ થયા.

સમાધિ દ્વાર કહ્યું. હવે ''આચાર'' આચારોપગતતાથી યોગ સંગ્રહ થાય છે. તેનું દૃષ્ટાંત ગાથા દ્વારા કહે છે –

• નિર્યુક્તિ-૧૨૯૯-વિવેચન :-

પાટલીપુત્રમાં હુતાશન બ્રાહ્મણ, તેને જ્વલનશિખા નામે પત્ની હતી. બંને શ્રાવકો હતા. તેમને બે પુત્રો હતા - જ્વલન અને દહન. ચારે એ દીક્ષા લીધી. જ્વલન ઋજુતાવાળો હતો. દહન માયાવાળો હતો. આવવાનું કહે તો ચાલવા લાગે, ચાલો કહે તો આવે. તે દહન તે સ્થાનની આલોચના કર્યા વિના, પ્રતિક્રમ્યા વિના મૃત્યુ પામ્યો. બંને સૌધર્મકલ્પે ઉત્પન્ન થયા. શક્રની અભ્યંતર પર્ષદામાં હતા અને પાંચ પલ્યોપમનું આયુષ્ય હતું.

ભગવંત આમલકલ્પાના આમ્રશાલવનમાં ચૈત્યે પધાર્યા. બંને દેવોએ આવીને નૃત્યવિધિ દર્શાવી. એકની વિકુર્વણા ઋજુ હતી, બીજાની વિકુર્વણા વિપરીત હતી. તે જોઈને ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું – આમ કેમ ? ત્યારે ભગવંતે તે બંનેનો પૂર્વભવ કહ્યો. આ માયાદોષનું પરિણામ છે. આ રીતે આચાર ઉપગતપણાથી યોગો સંગૃહીત થાય છે.

હવે વિનયોપગત્વથી યોગ સંગૃહીત થાય છે, તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૩૦૦-વિવેચન :-**

ઉજ્જૈનીમાં અંબર્ષિ બ્રાહ્મણ હતો. તેની પત્ની માલુકા હતી. બંને શ્રાવક હતા. નિંબક તેમનો પુત્ર હતો. માલુકા મૃત્યુ પામી, અંબર્ષિએ પુત્રની સાથે દીક્ષા લીધી. નિંબક દુર્વિનિત હતો. કાયિકી ભૂમિમાં કાંટા પાથરતો, સ્વાધ્યાય માટે જતાં સાધુને ક્ષતિ કરતો, અસ્વાધ્યાય કરી દેતો બધી સામાચારી વિતથ કતો, કાલગ્રહણમાં વિઘ્ન કરતો. ત્યારે સાધુઓએ આચાર્યને કહ્યું – કે કાં તો આ રહેશે અથવા અમે. નિંબકને કાઢી મૂક્યો. પિતામુનિ પણ તેની પાછળ ગયા. બીજા આચાર્ય પાસે રહ્યા. ત્યાંથી પણ કાઢી મૂક્યો. એ રીતે ઉજ્જૈનીમાં ૫૦૦ આશ્રયો કર્યા. બધેથી નિંબકમુનિને કાઢી મૂક્યા. તે વૃદ્ધમુનિ સંજ્ઞાભૂમિમાં રડતા હતા. નિંબક પૂછે છે – કેમ રડો છો ? તારા જેવા અભાગીયા આચારવાળાથી જો મારી આ સ્થિતિ છે, કે મને પણ કોઈ રાખતું નથી. પ્રવ્રજ્યા છોડવી પણ ઉચિત નથી. નિંબકને પણ ઘણો ખેદ થયો.

નિંબકે કહ્યું – હે વૃદ્ધમુનિ ! ક્યાંય પણ સ્થિતિ શોધો. વૃદ્ધ મુનિએ કહ્યું – હું માર્ગણા કરું છું, પણ તું વિનિત થઈ જા. મૂળ સાધુની પાસે બંને ગયા. તે સાધુઓ ક્ષોભિત થયા. નિંબકમુનિએ કહ્યું કે – હવે અવિનય નહીં કરું. તો પણ તેઓએ ન સ્વીકાર્યા. આચાર્યએ કહ્યું – તમે બંને પ્રાઘુર્ણકરૂપે રહો. આજ-કાલ જજો. બંને મુનિ ત્યાં રહ્યા. ત્યારે નિંબકમુનિ ત્રણ-ત્રણ ઉચ્ચાર પ્રસ્રવણની બાર ભૂમિને પ્રતિલેખીને બધી સામાચારી કરે છે. અવિતથ જાણ્યા. સાધુઓ સંતુષ્ટ થયા. તે નિંબક અમૃતક્ષુલ્લક થયો. તરતમયોગથી ૫૦૦ પ્રતિશ્રયોને પોતાના કરી આરાધ્યા. કોઈ જવા દેતા ન હતા. એ રીતે તે પછી વિનયોપગ થયો.

વિનયોપગ દ્વાર ગયું. હવે ૧૬મું - 'ધૃતિમતિ' યોગસંગ્રહ. ધૃતિમાં જે મતિ કરે છે. તેને યોગસંગ્રહ થાય છે. તેની ગાથા –

**● નિર્યુક્તિ-૧૩૦૧-વિવેચન :-**

પાંડુ મથુરા નગરી હતી. ત્યાં પાંચ પાંડવો હતા. તેઓએ દીક્ષા લેતા પુત્રોને રાજ્યમાં સ્થાપ્યા. પાંચે પાંડવમુનિ ભગવંત અરિષ્ટનેમિ પાસે જવા નીકળ્યા. હસ્તિકલ્પમાં વિચરતા સાંભળ્યું કે – ભગવંત નિર્વાણ પામ્યા. ગ્રહણ કરેલ ભોજનપાનનો ત્યાગ કરીને શત્રુંજય પર્વતે ભક્ત પ્રત્યાખ્યાન કર્યા. કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સિદ્ધ થયા.

તેમના વંશમાં બીજો પાંડુસેન રાજા થયો. તેમને બે પુત્રો હતા – મતિ અને સુમતિ. તેઓ ઉજ્જયંતમાં ચૈત્યવંદનાર્થે સૌરાષ્ટ્રમાં સમુદ્રમાર્ગે આવ્યા, ત્યારે ઉત્પાત થયો. લોકો સ્કંદ અને રુદ્રને નમે છે. આ બંનેએ પોતાના આત્માને ગાઢ રીતે



સંયમમાં યોજ્યો. વહાણ ભાંગ્યુ. સંયતત્વ અને સ્નાતકપણાથી કાળ પામી સિદ્ધ થયા. એકત્ર શરીરથી ઉછળતા હતા. લવણ સમુદ્રાધિપતિ સુસ્થિતદેવે તેનો મહિમા કર્યો. દેવ ઉદ્યોતમાં ત્યાં પ્રભાસ નામે તીર્થ થયું. તેથી ધૃતિમાં મતિ કરીને યોગ સંગ્રહ થાય છે.

હવે 'સંવેગ'. સમ્યક્ વેગ તે સંવેગ. તે સંવેગ વડે યોગ સંગ્રહ થાય છે, તેમાં બે ઉદાહરણ ગાથા –

**● નિર્યુક્તિ-૧૩૦૨,૧૩૦૩ :-**

ચંપામાં મિત્રપ્રભ રાજા, ધારિણી રાણી હતા. ત્યાં ધનમિત્ર સાર્થવાહ, તેની ધનશ્રી પત્ની હતા. તેણીને પ્રાર્થનાથી પુત્ર જન્મ્યો. લોકો કહેવા લાગ્યા – જે આ ધનસમૃદ્ધ સાર્થવાહના કુળમાં જન્મ્યો, તેથી તેનું 'સુજાત' નામ રાખવું. બાર દિવસ વીત્યા બાદ 'સુજાત' નામ કર્યુ. તે દેવકુમાર જેવો હતો. તેની જેમ શિક્ષણ પામ્યો. તે બંને શ્રાવક-શ્રાવિકા તે જ નગરમાં ધર્મઘોષ અમાત્ય અને તેની પ્રિયંગૂ નામે પત્ની હતા, તેણે 'સુજાત' વિશે સાંભળ્યું.

કોઈ દિવસે 'સુજાત' અહીંથી નીકળે તો મને કહેજે યાવત્ જોઈશ એ પ્રમાણે દાસીને કહ્યું. સુજાત ક્યારેક મિત્રવૃંદથી પરિવરીને તે જ માર્ગે જતો હતો. દાસીએ પ્રિયંગૂને કહ્યું. તેણી નીકળી. સપત્ની વડે જોવાયો. તેણી બોલી – તે ધન્ય છે, જેના ભાગ્યમાં આ આવેલ છે. કોઈ દિવસે તેઓ પરસ્પર કહે છે – અહો ! શું તેની લીલા છે ! પ્રિયંગુ એ સુજાતનો વેશ કર્યો. આભરણાદિથી ભૂષિત થઈ ક્રિડા કરે છે. એ જ પ્રમાણે વિલાસ, એવી જ હસ્તશોભાવિભાષા, એ જ રીતે મિત્રોની સાથે વાતો આદિ.

અમાત્ય આવ્યો. અંતઃપુર બગડી ગયું છે માની ધીમે પગલે ચાલે છે દ્વારના છિદ્રમાંથી જુએ છે. ક્રીડા કરતા જુએ છે. તેને થયું કે – નક્કી મારું અંતઃપુર વિનાશ પામ્યું છે. આને ગોપવી રાખો, ક્યાંક રહસ્ય ભેદ થઈ જશે તો આ સ્વૈરાચારી થઈ જશે મારવાને માટે સુજાતને શોધે છે. બીવે પણ છે. તેના પિતા હંમેશાં રાજાની પાસે જ રહે છે. તેથી કંક ઉપાય કરવો જોઈશે. ઉપાય શોધીને ખોટા લેખવાળા પુરુષો કર્યા. જે મિત્રપ્રભ રાજાના વિરોધી હતા. તેને તેણે લેખ મોકલ્યો. સુજાતનું કહેવું છે કે – મિત્રપ્રભરાજાને મારી નાંખે.

તે લેખ રાજાની આગળ વાંચ્યો. રાજા કોપાયમાન થયો. તેણે લેખ કરનારનો વધ કરવાની આજ્ઞા આપી. પછી તેને ગોપવી દીધા.

મિત્રપ્રભ વિચારે છે કે – જો લોકોને પણ થશે તો નગરમાં ક્ષોભ ઉત્પન્ન થશે. મને તે રાજા અપયશ આપશે. તેથી ઉપાય કરીને હું મારું તે મિત્રપ્રભને આરક્ષુર નામે પ્રત્યંતનગર હતું. ત્યાં ચંદ્રધ્વજ નામે માણસ હતો. તેને આ લેખ આપે છે – હું સુજાતને મોકલું છું. તમે મારી નાંખજો. મોકલ્યો. સુજાતને બોલાવીને કહ્યું – આરક્ષુર જા, ત્યાંના રાજ્યના કાર્યનું ધ્યાન રાખજે. તે ત્યાં ગયો. વિશ્વાસમાં લઈને મારવો, એમ વિચારી રોજેરોજ સાથે રમવા લાગ્યા. તેના રૂપ, શીલ, સમુદાચાર જોઈને

વિચારે છે - આવાને શું મારવો ? કંઈક ભૂલ છે. બેસાડીને બધી વાત કરી. લેખ બતાવ્યો. સુજાતને કહ્યું. આમાં સત્ય શું છે ? હું તને મારીશ નહીં, માત્ર છુપાઈને રહે.

તેણે ચંદ્રયશા બહેન પરણાવી. તેણી ચામડીના રોગથી દૂષિત હતી. તેની સાથે રહે છે. પરિભોગ દોષથી સુજાતમાં પણ તે રોગ થોડો સંક્રમ્યો. તેણે ચંદ્રયશાને પણ શ્રાવિકા બનાવી. તેણી વિચારે છે કે – મારા કારણે આ વિનાશ પામ્યો, સંવેગ પામીને ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. નિર્યામણા કરી, તેણી દેવ થઈ. અવધિજ્ઞાનથી જોયું, જોઈને આવી. વંદન કરીને બોલી – શું કરું ? તે સુજાત પણ સંવેગ પામીને વિચારે છે – જ્યારે માતા-પિતા જુએ તે રીતે હું દીક્ષા લઉં. તે દેવે નગરની ઉપર શિલા વિકુર્વી. નગરનો રાજા ધૂપાદિ હાથમાં લઈને આવ્યો, પગે પડ્યો. વિનવણી કરી. દેવે તેને ત્રાસ પમાડ્યો. કહ્યું કે સુજાત શ્રાવકને અમાત્યએ ખોટું દુષણ આપેલ છે તેને દૂર કરો તો જ તમને છોડીશ. જો તું આવીને આના ઉપર કૃપા કરે તો મુક્ત કરું.

રાજા પૂછે છે – ક્યાં છે ? તે બોલ્યો આ ઉદ્યાનમાં છે. રાજા નગરજન સહિત નીકળ્યો, ખમાવ્યો. માતા-પિતા અને રાજાને પૂછીને સુજાતે દીક્ષા લીધી. માતા-પિતાએ પણ પછી દીક્ષા લીધી. તેઓ સિદ્ધ થયા. તે ધર્મઘોષ પણ દેશનીકાલ પામ્યો, જેથી લોકો તેને જાણે. પછી તે પણ નિર્વેદ પામ્યો. ખરેખર મેં ભોગના લોભથી વિનાશ કર્યો. નીકળી ગયો. ચાલતો ચાલતો રાજગૃહ નગરમાં સ્થવિરો પાસે જઈને દીક્ષા લીધી. વિચરતા વિચરતા બહુશ્રુત થયા. વારત્રકપુરે ગયા.

તે નગરમાં અભયસેન રાજા હતો. વારત્રક અમાત્ય હતો. ભિક્ષાર્થે જતાં વારત્રકના ઘેર ધર્મઘોષમુનિ ગયા. ત્યાં ઘી-ખાંડયુક્ત ખીરની થાળી લાવ્યા, તેમાંથી બિંદુ પડી ગયું. તે પરિશાટિત થઈ જવાથી ધર્મઘોષમુનિએ ગ્રહણ કરવાની ના પાડી. વારત્રક અમાત્ય જોતા હતા. તે વિચારે છે કે – મારે ત્યાં આમણે આહાર કેમ ન સ્વીકાર્યો ? એ પ્રમાણે જ્યાં વિચારે છે, ત્યાં માખી આવી. પાછળ ગરોળી આવી, પાછળ કાકીડો આવ્યો, તેની પાછળ બિલાડો આવ્યો. તેની પાછળ ઘરનો કુતરો આવ્યો. પછી બીજાનો કુતરો આવ્યો. તે બંને કુતરા ઝઘડવા લાગ્યા. પછી તેમના માલિકો વચ્ચે યુદ્ધ થયું. દંડા ઉછળવા લાગ્યા. બહાર નીકળીને એકબીજાના મહેમાનો સાથે આવી ગયા. મહાસંગ્રામ મચી ગયો.

ત્યારે વારત્રક અમાત્યએ વિચાર્યું કે – આ કારણે સાધુએ આહાર ન લીધો. શોભન અધ્યવસાયને પામ્યા. જાતિસ્મરણજ્ઞાન થયું. બોધ પામ્યા. દેવે ઉપકરણો લાવીને મૂક્યા. તે વારત્રક ઋષિ વિચરતા-વિચરતા શિશુમાર નગરે ગયા. ત્યાં ધુંધુમાર રાજા હતો, તેને અંગારવતી નામે પુત્રી હતી. તે શ્રાવિકા હતી. ત્યાં કોઈ પરિવ્રાજિકા આવી. વાદમાં તે પરિવ્રાજિકા પરાજિત થઈ. અંગારવતી પ્રત્યે પ્રદ્વેષ કરતી, આને સપત્નીકમાં પાડું એમ વિચારે છે.

હાથમાં અંગારવતીનું ચિત્ર બનાવી ઉજ્જૈની ગઈ. ત્યાં પ્રદ્યોત રાજાને ચિત્ર બતાવ્યું. પ્રદ્યોતે પૂછ્યું – આ કોણ છે ? પરિવ્રાજિકાએ બધું કહ્યું. પ્રદ્યોત રાજાએ



દૂત મોકલ્યો. ધુંધુમાર રાજાએ તેનો અસત્કાર કરી કાઢી મૂક્યો અને કહ્યું કે – પિપાસા વિનયથી વરાય છે. દૂતે પાછા આવીને પ્રદ્યોતને તે વાત વધારીને કહી. પ્રદ્યોત રાજા ક્રોધિત થયો. સર્વ સૈન્ય સાથે નીકળ્યો. શિશુમારપુરને ઘેરી લીધું. ધુંધુમાર રાજા અંદર ભરાઈ રહ્યો.

તે વારત્રક ઋષિ એક ચૌરાહે રહેલા હતા. તે રાજાએ ડરથી નિમિત્ત પૂછ્યું. તેણે કહ્યું – હું નિમિત્ત જોઉં ત્યાં સુધી ઉભા રહો. બાળકો રમતા હતા. તેને બીવડાવ્યા. વારત્રકઋષિ પાસે આવીને રડવા લાગ્યા. તેમને કહ્યું કે – ડરશો નહીં. તે આગંતૂક બોલ્યો – ડરો નહીં, તમારો જય થશે. ત્યારે મધ્યાહ્ને ઉત્સન્નદ્વાન ઉપર પડ્યું. પ્રદ્યોતને ઘેરીને પકડી લીધો. નગરીમાં લાવ્યા. દ્વારો બંધ કર્યા. પ્રદ્યોત બોલ્યો – તારા મુખમાં કયો વાયુ વાય છે ? કહ્યું કે – જેમ કરવું હોય તેમ કરો. રાજા બોલ્યો – તારા મહાશાસનનો વિનાશ કરવાથી શો લાભ ? ત્યારે ધુંધુમાર રાજાએ મહાવિભૂતિથી અંગારવતી તેને પરણાવી.

બીજા કહે છે – ધુંધુમારે દેવતાની ઉપાસનાર્થે ઉપવાસ કર્યા. તેણે બાળકો વિકુર્વ્યા, નિમિત્ત ગ્રહણ કર્યું. પ્રદ્યોતે નગરમાં ચાલતા જોયું કે આ રાજા અલ્પ સાધન વાળો છે. અંગારવતીને પૂછ્યું કે – મને પકડ્યો કેવી રીતે ? તેણીએ 'સાધુના વચનથી' એમ કહ્યું. પ્રદ્યોત તેમની પાસે ગયો. વંદન કર્યું.

(ઉક્ત કથાનકમાં) ચંદ્રયશા, સુજાત, ધર્મઘોષ અને વારત્રક બધાંએ સંવેગથી યોગ સંગૃહીત કર્યા. પરંપરાએ પ્રવ્રજિત થયા. 'સંવેગ' કહ્યા.

હવે ૧૮મો યોગસંગ્રહ પ્રણિધિ. પ્રણિધિ એટલે માયા. તે બે ભેદે – દ્રવ્ય પ્રણિધિ અને ભાવ પ્રણિધિ. દ્રવ્ય પ્રણિધિનું દૃષ્ટાંત.

**● નિર્યુક્તિ-૧૩૦૪-વિવેચન :-**

ભૃગુકચ્છ નગરમાં નભોવાહન રાજા હતો. તેનો ખજાનો ભરપુર હતો. આ તરફ પ્રતિષ્ઠાનમાં શાલવાહન રાજા બળથી સમૃદ્ધ હતો. તેણે નભોવાહન રાજાને રુંધ્યો. તે ધનસમૃદ્ધ હોવાથી જે હાથ કે મસ્તકને લાવે તેને લાખ દ્રવ્ય આપતો હતો. ત્યારે નભોવાહનના માણસો રોજેરોજ મારતા હતા. શાલવાહનના મનુષ્યો પણ કેટલાંકને મારીને આવતા હતા. પણ શકલવાહન તેમને કંઈ આપતો ન હતો. તે રાજા લોકો ક્ષીણ થાય એટલે ચાલી જતો, નાસીને ફરી બીજે વર્ષે આવતો હતો. ત્યારે પણ તે રીતે નાસી જતો. એ પ્રમાણે કાળ વહેતો હતો.

કોઈ દિવસે અમાત્યએ શાલવાહન રાજાને કહ્યું, મને અપરાધી ઠેરવી દેશનિકાલની આજ્ઞા કરો અને થોડા માણસો આપો. તેણે તે પ્રમાણે જ કર્યું. તે પણ નીકળીને ગુગ્ગુલભાર લઈને ભૃગુકચ્છ આવ્યો. બંને એક દેવકૂળમાં રહ્યા. સામંત રાજાથી જાણ્યુ કે શાલવાહને અમાત્યને કાઢી મૂક્યો. કોઈએ તે અમાત્યને ભૃગુકચ્છમાં પૂછ્યું તો કહે છે – હું ગુગ્ગુલ ભગવાન છું. જેઓ ઓળખતા, તે બધાં તે જ નામે બોલાવવા લાગ્યા, અમાત્ય પણ તેને કેવા નાના અપરાધ માટે કાઢી મૂક્યો, તે કહેતા હતા. પછી નભોવાહને તે સાંભળ્યુ. મનુષ્યો મોકલ્યા. અમાત્ય ન આવ્યો. ત્યારે રાજા

પોતે આવ્યો. તેને અમાત્ય રૂપે સ્થાપ્યો. વિશ્વાસ પમાડ્યો.

તે કહે છે કે – પુન્ય વડે રાજ્ય મળે છે, ફરી પણ બીજા જન્મ માટે ભાથું બાંધો, ત્યારે દેવકુળ, સ્તૂપ, તળાવ, વાવ ખોદાવવા આદિમાં બધું દ્રવ્ય વપરાવી દીધું. પછી શાલવાહનને બોલાવ્યો. ફરી પણ તપાવે છે. ત્યારે જે કંઈ આભરણાદિ હતા, તે લોકોને આપીને શાલવાહનને નસાડી દીધો. બધું નાશ પામ્યું ત્યારે શાલવાહનને અમાત્યએ ફરી બોલાવ્યો. નભોવાહન પાસે મનુષ્યોને દેવા માટે કંઈ ન હતું. તે નાશ પામ્યો. નાશ પામેલા નગરને પણ ગ્રહણ કર્યું.

આ દ્રવ્ય પ્રણિધિ - [દ્રવ્યથી માયા]

ભાવપ્રણિધિનું દૃષ્ટાંત - ભૃગુકચ્છમાં જિનદેવ નામે આચાર્ય હતા. ભદંતમિત્ર અને કુણાલ બંને ચણિકો ભાઈ અને વાદી હતા. તે બંને ભાઈઓએ પડહ વગડાવ્યો. જિનદેવ ચૈત્યવંદનાર્થે ગયા. પડહ સાંભળીને રોક્યો. પછી રાજકૂળમાં વાદ થયો. બંને ચણિકો પરાજય પામ્યા. પછી બંને વિચારે છે કે – આમના સિદ્ધાંતથી જ વાદ કરો, જેથી તેનો ઉત્તર આપી ન શકે. માયા કરીને તેમની પાસે દીક્ષા લીધી. પણ ભણતાં ભણતાં સત્ય સમજાવાથી ભાવથી દીક્ષા સ્વીકારી. આ ભાવ પ્રણિધિ.

હવે ''સુવિધિ''. સુવિધિથી યોગ સંગ્રહ કરાય છે. વિધિ એટલે અનુજ્ઞા વિધિ, જેને ઈષ્ટ છે. શોભનવિધિ તે સુવિધિ. તેમાં ઉદાહરણ જેમ સામાયિક નિર્યુક્તિમાં અનુકંપામાં કહ્યું તેમ જાણવું.

● **નિર્યુક્તિ-૧૩૦૫,૧૩૦૬-વિવેચન :-**

દ્વારાવતી નગરી, વૈતરણી અને ધન્વંતરિ વૈદ્ય, એક ભવ્ય, બીજો અભવ્ય. કથન, પૃચ્છા, ગતિ-નિર્દેશ, સંબોધિ. તે વાનરયૂથપતિ જંગલમાં સુવિહિતની અનુકંપાથી દેદીપ્યમાન શ્રેષ્ઠ શરીરી વૈમાનિકદેવ થયો યાવત્ સાધુને સંહરીને સાધુની સમીપે લાવ્યો.

હવે વીસમો યોગ સંગ્રહ - 'સંવર' સંવરથી યોગ સંગ્રહ થાય. તેમાં પ્રતિપક્ષની ઉદાહરણ ગાથા કહે છે –

● **નિર્યુક્તિ-૧૩૦૭-વિવેચન :-**

રાજગૃહમાં શ્રેણિકે વર્ધમાનસ્વામીને પૂછ્યું. એક દેવી નૃત્યવિધિ દેખાડીને ગઈ, આ કોણ છે ? ભગવંતે કહ્યું – વારાણસીમાં ભદ્રસેન જીર્ણશ્રેષ્ઠી, તેની પત્ની નંદા, તેની પુત્રી નંદશ્રી હતા. નંદશ્રીના લગ્ન થયેલા નહીં. ત્યાં કોષ્ઠક ચૈત્યમાં પાર્શ્વસ્વામી સમોસર્યા. નંદશ્રીએ દીક્ષા લીધી. ગોપાલિકા આર્યાને શિષ્યારૂપે સોંપ્યા. પહેલાં ઉગ્ર વિહાર કરીને પછી અવસન્ના થઈ. હાથ, પગ ધોવે છે આદિ દ્રૌપદી મુજબ જાણવું. તેને રોકતાં અલગ વસતિમાં જઈને રહી. તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ ન કરીને લઘુ હિમવંત પર્વતે પદ્મદ્રહમાં શ્રીદેવી નામે દેવગણિકા થઈ. કેમકે તેણીએ સંવર ન કર્યો. પ્રતિપક્ષ - તેમ ન કરવું જોઈએ.

બીજા કહે છે – હાથણીરૂપે વાયુ છોડતી - ઓડકાર કરતી હતી. ત્યારે શ્રેણિકે ઉક્ત પ્રશ્ન પૂછેલો. ''સંવર'' યોગ કહ્યો.



હવે એકવીસમો યોગ સંગ્રહ ''આત્મદોષોપસંહાર'' કરવો. જો કંઈ પણ કરીશ તો બમણો બંધ થશે. તેનું દૃષ્ટાંત.

● **નિર્યુક્તિ-૧૩૦૮-વિવેચન :-**

દ્વારાવતીમાં અર્હમિત્ર શ્રેષ્ઠી હતો. અનુદ્ધરી તેની પત્ની હતી. તે બંને શ્રાવક હતા. તેનો પુત્ર જિનદેવ હતો. તેને રોગો ઉત્પન્ન થયો. તેની ચિકિત્સા શક્ય ન હતી. વૈદ્યે કહ્યું – માંસ ખાવું. જિનદત્તે તે ન માન્યુ. પછી સ્વજન, પરિજન, માતા, પિતા બધાંએ પુત્રના સ્નેહથી અનુમતિ આપી. ઘણું કહ્યું ત્યારે જિનદત્તને થયું કે – સુચિર રક્ષિત વ્રત કેમ ભાંગવા ? સળગતી આગમાં પ્રવેશવું સારું, પણ ચિરસંચિત વ્રત ન ભાંગવા. આત્મદોષનો ઉપસંહાર કરવો. સર્વ સાવધના પચ્ચક્ખાણ કરીને મરીશ. જો કોઈ રીતે કર્મના ક્ષયોપશમથી સુધારો થાય તો પણ પચ્ચક્ખાણમાં જ રહીશ. દીક્ષા લીધી. શુભ અધ્યવસાયથી જ્ઞાન ઉત્પન્ન થયું યાવત્ સિદ્ધ થયા.

હવે ૨૨-સર્વકામ વિરક્તતા - સર્વકામથી વિરક્ત થવું તેનું દૃષ્ટાંત.

● **નિર્યુક્તિ-૧૩૦૯-વિવેચન :-**

ઉજ્જૈની નગરીમાં દેવલાસુત રાજા હતો. તેને અનુરક્તા લોચના નામે પત્ની હતી. કોઈ દિવસે તે રાજા શય્યામાં હતો, રાણી તેના વાળને સંવારની હતી. રાણીએ વાળમાં પલીયો [સફેદ વાળ] જોયો, બોલી કે – હે રાજન્ ! દૂત આવ્યો. તે સંભ્રમથી ઉભો થઈ ગયો. ક્યાં છે ? ત્યારે રાણી બોલી – ધર્મદૂત આવ્યો. ધીમેથી આંગળીમાં વીંટીને ઉખેળીને વાળ બનાવ્યો. રાજાને ખેદ થયો - અમારા પૂર્વજો પળીયા આવ્યા પહેલાં જ પ્રવ્રજ્યા લઈ લેતા હતા. હું પ્રવ્રજિત થયો નહીં. તેણે પદ્મરથને રાજાપણે સ્થાપીને તાપસી દીક્ષા લીધી. રાણીએ પણ લીધી. સંગત દાસ અને અનુમતિકા દાસીએ પણ તે બંનેના અનુરાગથી પ્રવ્રજ્યા લીધી. બધાં જ અસિતગિરિ તાપસ આશ્રમે ગયા.

સંગત અને અનુમતિકા બંને એ કેટલાંક કાળે દીક્ષા છોડી દીધી. રાણીએ પણ ગર્ભ છે, તે વાતને પૂર્વે છૂપાવી રાખેલી. પછી ઉદર વધવા લાગ્યું. રાજાને ખેદ થયો કે – આમાં મારો અપયશ થશે. તાપસો ગુપ્તપણે તેણીનું સંરક્ષણ કરે છે. સુકુમાલ રાણીને બાળકી જન્મતા તે રાણી મૃત્યુ પામી. તેણી બીજી તાપસીનું દુધ પીને મોટી થઈ. તેનું અર્ધસંકાશા નામ રાખ્યું. તેણી યુવાન થઈ. તે પિતાની અટવીએ આવીને વિશ્રામ કરે છે. તે રાજા તેના યૌવનમાં આસક્ત થયો. કોઈ દિવસે દોડીને તેણીને પકડવા જતાં ઝુંપડીના કાષ્ઠમાં પડ્યો. પડીને વિચારવા લાગ્યો – ધિક્કાર છે કે મને આલોકમાં જ આવું ફળ મળ્યું. ન જાણે પરલોકમાં શું થશે ? તે બોધ પામ્યો. અવધિજ્ઞાન થયું. તેણે ''સર્વ કામ વિરક્ત'' અધ્યયન કહ્યું. પુત્રી પણ વિરક્ત થઈ સંયતીને આપી. તે પણ સિદ્ધ થયા.

આ પ્રમાણે સર્વકામ વિરક્તથી યોગ સંગ્રહ થાય છે. હવે ''પ્રત્યાખ્યાન'' નામે ૨૩-મો યોગ સંગ્રહ કહે છે – પચ્ચક્ખાણ બે ભેદે છે – મૂળ ગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણ. તેમાં મૂલગુણ પ્રત્યાખ્યાનની દૃષ્ટાંત ગાથા કહે છે –

● નિર્યુક્તિ-૧૩૧૦-વિવેચન :-

સાકેત નગરે શત્રુંજય નામે રાજા, જિનદેવ નામે શ્રાવક હતા. તે શ્રાવક દિગ્યાત્રાર્થે કોટિ વર્ષે ગયો. તેઓ મ્લેચ્છ હતા. ત્યાં રાજા ચિલાત નામે હતો. ત્યાં તેણે રત્નો, વસ્ત્રો, મણિઓ ભેટમાં ધર્યા. તે ચિલાત પૂછે છે – અહો ! આવા સુરૂપ રત્નો ક્યાંથી લાવ્યા ? જિનદેવે કહ્યું – અમારા રાજ્યમાંથી. તેણે વિચાર્યુ કે કદાચ રાજા બોધ પામે. તે રાજા બોલ્યો – હું પણ ત્યાં રત્નો જોવા આવું. પણ તમારા રાજાનો મને ડર લાગે છે. ત્યારે જિનદેવ કહ્યું – તમે ડરશો નહીં. પછી તેના રાજાને પત્ર મોકલ્યો. રાજાએ જણાવ્યું – ભલે આવે. જિનદેવ શ્રાવક લાવ્યો. ભગવંત પધાર્યા. શત્રુંજય રાજા સપરિવાર મહા ઋદ્ધિ સહિત નીકળ્યો. સ્વજન સમૂહ નીકળ્યો. ત્યારે ચિલાતરાજાએ પૂછ્યું – આ બધાં લોકો ક્યાં જાય છે ? શ્રાવકે કહ્યું કે – આ રત્નવણિક છે. બંને જણા ભગવંત પાસે ગયા.

ભગવંતના છત્રાતિછત્ર, સિંહાસનાદિ જોઈને ચિલાતે પૂછ્યું – રત્નો ક્યાં છે ? ત્યારે ભગવંતે ભાવરત્ન અને દ્રવ્યરત્નની પ્રજ્ઞાપના કરી. ચિલાત રાજાએ કહ્યું – મને ભાવરત્ન આપો. ત્યારે તેને રજોહરણ ગુચ્છા આદિ બતાવે છે. તેણે દીક્ષા લીધી. આ મૂળગુણ પ્રત્યાખ્યાન.

હવે ઉત્તરગુણ પ્રત્યાખ્યાનની ઉદાહરણ ગાથા –

● નિર્યુક્તિ-૧૩૧૧-વિવેચન :-

વારાણસીમાં બે અણગારો ચોમાસુ રહ્યા - ધર્મઘોષ, ધર્મયશ. તેઓ માસક્ષમણને પારણે માસક્ષમણ કરતાં હતા. ચોથા પારણમાં ''અમે નિત્યવાસી ન થઈએ'' એમ વિચારી, પહેલી પોરિસિમાં સ્વાધ્યાય, બીજી અર્થ પોરિસિ કરીને ત્રીજી પોરિસિમાં બંને ઉદ્‌ગ્રાહ્ય થઈ દોડ્યા. શારદિક ગરમીમાં આહત થઈ, તરસથી સુકાતા, ગંગા નદી પાર કરતા, મનથી પણ પાણીની પ્રાર્થના ન કરી. નદી પાર ઉતર્યા ગંગા દેવી પ્રસન્ન થઈ. તેણીએ ગોકુળ વિકુર્વ્યુ પાણી, ગાયો, દહીં ઈત્યાદિ હતું.

બંને સાધુને લાભ દેવા બોલાવ્યા – પધારો, ભિક્ષા ગ્રહણ કરો. તે બંનેએ ઉપયોગ મૂકી તેનું રૂપ જોયું. તેણીને આહારનો પ્રતિષેધ કરી નીકળી ગયા. પછી ગંગાદેવીએ અનુકંપાથી વરસાદી વાદળ વિકુર્વ્યા. ભૂમિ આર્દ્ર થઈ. શીતળ વાયુ વડે ગામ આપ્લાવિત કર્યુ. ભિક્ષા લીધી.

આ પ્રમાણે ઉત્તરગુણ પચ્ચકખાણ ભાંગવુ ન જોઈએ.

હવે પચ્ચીશમાં યોગસંગ્રહ ''વ્યુત્સર્ગ'' તે બે ભેદે – દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્ય વ્યુત્સર્ગમાં કરકંડુ આદિનું દૃષ્ટાંત ભાષ્યકાર કહે છે –

● ભાષ્ય-૨૦૫,૨૦૬-વિવેચન :-

ચંપા નગરીમાં દધિવાહન રાજા હતો. ચેટક રાજાની પુત્રી પદ્માવતી ત્યાંની રાણી હતી. તેણીને દોહદ થયો કે – હું રાજાનો વેશ સજી ઉદ્યાન અને કાનનોમાં વિચરુ. રાજાએ પૂછતાં દોહદ જણાવ્યો. હાથી ઉપર તે રાણીને લઈને રાજા નીકળ્યો. રાજાએ છત્ર હાથમાં રાખ્યુ. ઉદ્યાનમાં ગયા. પહેલી વર્ષાનો કાળ હતો. તે હાથી



શીતલ માટીની ગંધ વડે અભ્યાહત થઈ વનને યાદ કરીને મત્ત બની વાનાભિમુખ ચાલ્યો. લોકો તેને રોકી ન શક્યા. રાજા-રાણી બંને અટવીમાં પ્રવેશ્યા. રાજા વટવૃક્ષ જોઈને રાણીને બોલ્યો – આ વડની નીચેની પસાર થઈએ ત્યારે ડાળી પકડી લેવી. રાજા કુશળ હતો. તેણે ડાળી પકડી લીધી. રાણી ન પકડી શકી. રાજા ઉતરીને નિરાનંદ ચહેરે ચંપાનગરીમાં ગયો.

હાથી તે રાણીને નિર્માનુષી અટવીમાં લઈ ગયો યાવત્ તે તરસ્યો થયો. કોઈ મહા મોટું દ્રહ જોઈને તેમાં ઉતર્યો. હાથી ત્યાં રમણ કરવા લાગ્યો. રાણી પણ ધીમે રહીને ઉતરી ગઈ. દશે દિશાને જાણતી ન હતી. એક દિશામાં સાગર ભક્ત પ્રત્યાખ્યાન કરી ચાલવા માંડી. થોડે દૂર જતાં તાપસને જોયા. તેમની પાસે ગઈ. અભિવાદન કર્યુ. તેની પાસે જતાં તાપસે પૂછ્યું – હે માતા ! અહીં ક્યાંથી આવ્યા ? ત્યારે તેણે બધો વૃત્તાંત કહ્યો. તે તાપસ ચેટકરાજાનો સંબંધી હતો. તેથી તેણે ચેટકની પુત્રી એવી પદ્માવતીને આશ્વાસિત કરી. વનના ફળો આપ્યા.

કેટલાંક દિવસે અટવીથી નીકળી પોતાના દેશમાં જવા નીકળે છે. પણ હળ વડે ખેડેલી ભૂમિ છે, અમને તે ભૂમિમાં જવું ન કલ્પે. તેથી ચાલો દંતપુર જઈએ. ત્યાં દંતચક્ર રાજા છે. તે અટવીથી નીકળી, દંતપુરે સાધ્વી પાસે જઈને દીક્ષા લીધી. બધું કહ્યું, પણ ગર્ભવતી છે, તે વાત ન કરી. જાણ્યા પછી મહત્તરિકા પાસે આલોચના કરે છે. તેણી બાળકને જન્મ આપી, નામની મુદ્રા આપી અને લાલકંબલમાં વીંટાળી શ્મશાનમાં ત્યાગ કરી દે છે.

પછી શ્મશાનપાલ ચંડાલે તેને ગ્રહણ કર્યો. તેણે પોતાની પત્નીને સોંપ્યો. તે સાધ્વી અને ચાંડાલણી સાથે. મૈત્રી થઈ. તે સાધ્વીને બીજા સાધ્વીઓએ પૂછ્યું – ગર્ભ ક્યાં ? તેણી બોલી-મૃતક જન્મ્યો, તેથી મેં ત્યાગ કર્યો છે. તે બાળક મોટો થવા લાગ્યો. બીજા બાળકો સાથે રમતા તેને કહેતો કે – હું તમારો રાજા છું, તમારે મને કર આપવો. તે શુકા કંડૂ ગ્રહણ કરતો. તે કહેતો કે મને ખંજવાળો. તેથી તેનું 'કરકંડુ' એમ નામ રાખ્યું.

તે બાળક તે સાધ્વીમાં અનુરક્ત હતો. સાધ્વી તેને લાડવા આપતા અથવા જે ભિક્ષામાં પ્રાપ્ત થાય તે આપે. મોટો થઈ શ્મશાનની રક્ષા કરે છે. ત્યાં બે સાધુ કોઈ કારણે શ્મશાનમાં ગયા. જેટલામાં કોઈ વાંસનો કુડંગ જોયો, ત્યારે દંડલક્ષણના જ્ઞાનથી, તે બોલ્યા – જે આ દંડકને ગ્રહણ કરશે, તે રાજા થશે. પણ ચાર આંગળ વધે ત્યાં સુધી પ્રતિક્ષા કરવી. આ વાત તે ચાંડાલે તથા કોઈ બ્રાહ્મણે સાંભળી. ત્યારે તે બ્રાહ્મણ તેને ચાર આંગળ ખોદીને છેદી નાંખ્યો. તે પે'લા બાળકે જોયું. ઝુંટવી લીધો ઝઘડો વધતાં વાત ન્યાયાલયે પહોંચી.

બાળક કહે છે – મારે આ દંડનું જ કામ છે, હું નહીં આપું. મારા શ્મશાનમાં થયેલ છે. તે બાળકને પૂછ્યું કે – તું આ દંડ કેમ નથી આપતો ? ત્યારે બાળકે કહ્યું – હું આના પ્રભાવથી રાજા થઈશ. ત્યારે ન્યાય કરનારા હસવા લાગ્યા. સારું-સારું, તું રાજા થા ત્યારે આ બ્રાહ્મણને એક ગામ આપી દેજે. બાળકે તે વાત

સ્વીકારી. બ્રાહ્મણે બીજાની સહાયથી તે બાળકને મારી નાંખવા યોજના ઘડી. તે તેના પિતાએ સાંભળ્યું. તે ત્રણ નાસી ગયા. કાંચનપુરે પહોંચ્યા, ત્યાં રાજા મરી ગયેલો. બીજો કોઈ રાજાને યોગ્ય ન હતો. અશ્વને અધિવાસિત કર્યો. અશ્વ તે બાળક સુતો હતો ત્યાં આવ્યો. પ્રદક્ષિણા કરીને ત્યાં રહ્યો. લક્ષણ પાઠકો એ તેને લક્ષણયુક્ત જાણી. જય-જયકાર કર્યો. નંદી આદિ વાદ્યો વગાડ્યા. આ બાળક પણ બગાસુ ખાતો વિશ્વસ્ત થઈ ઉઠ્યો. ઘોડે બેસી ગયો.

તે ચાંડાલ હોવાથી બ્રાહ્મણો તેને પ્રવેશ આપતા નથી. ત્યારે તેણે દંડરત્ન હાથમાં લીધું, તે બળવા લાગ્યું. બધાં ડરી ગયા. તેથી તેને હરિકેશ બ્રાહ્મણરૂપે ઓળખાવ્યા. તેના પિતાના ઘરનું નામ **'અવકીર્ણક'** હતું. પછી ચેટકે કરેલ 'કરકંડુ' નામ જ પ્રસિદ્ધ થયું. ત્યારે તે બ્રાહ્મણ આવ્યો — ''મને એક ગામ આપ'' રાજા બોલ્યો, તને જે ગમતું હોય તે લઈ જા. તે બોલ્યો કે મારે ચંપામાં ઘર છે, ત્યાં એક ગામ આપ. ત્યારે કરકંડુ એ દધિવાહન રાજાને લેખ લખશે. મને એક ગામ આપો. હું તમને બદલામાં જે ગામ કે નગર ગમતું હશે તે આપી દઈશ.

રાજા રોષે ભરાણો. શું આ દુષ્ટ ચાંડાલ પોતાને ઓળખતો નથી કે મારી ઉપર લેખ લખીને મોકલે છે. દૂતે પાછા આવીને બધું કહ્યું. કરકંડૂને પણ ક્રોધ ચડ્યો. તેણે ચંપા નગરી રુંધી. યુદ્ધ થયું. તે સાધ્વીજીને ખબર પડી તેથી ''લોકોના મૃત્યુ ન થાય'' તેમ સમજી કરકંડૂની પાસે જઈને રહસ્ય જણાવ્યું કે — આ તારા પિતા છે ત્યારે કરકંડૂએ પોતાના પાલક માબાપને પૂછ્યું. તેઓએ જે હકીકત હતી તે જણાવી. નામ મુદ્રા અને કંબલરત્ન દેખાડ્યા. તે બોલ્યો — હું પાછો ન ખસુ.

ત્યારે સાધ્વીજી ચંપાનગરી ગયા. રાણીને ઘેર આવેલી જાણીને પગે પડીને દાસીઓ રડવા લાગી. રાજાએ પણ સાંભળ્યું. તે પણ આવ્યો. વાંદીને આસન આપ્યું. તેણીને જે ગર્ભ હતો, તેનું શું થયું તે પૂછ્યું. રાણી બોલી — જેણે તમારા નગરને રૂંધેલ છે, તે જ તમારો પુત્ર છે. રાજા ખુશ થઈને નીકળ્યો. બંને મળ્યા. દધિવાહને તેને બંને રાજ્યો આપી દઈને દીક્ષા લીધી. કરકંડૂ મહાશાસક થયો.

તેને ગોકુળ પ્રિય હતું. તેણે અનેક ગોકુળ કરાવ્યા. કોઈ દિવસે શરદ્ઋતુમાં એક વાછળો જોઈને કરકંડૂએ કહ્યું કે — આની માતાને દોહશો નહીં. જો વધારે જરૂર પડે તો બીજી ગાયોનું દુધ પીવડાવવું. ગોપાલે તે વાત સ્વીકારી. તે પણ અતિ ઉંચો વિષાણ સ્કંધ વૃષભ થયો. રાજા એ જોઈને તેને યુદ્ધ માટે સજ્જ કર્યો. ઘણાં કાળે આવીને જોયું તો તે મહાકાય વૃષભ ગળીયો બળદ થઈ ગયેલ. ગોવાળ દ્વારા તે જાણીને વિષાદથી ચિંતવતા 'કરકંડૂ' સ્વયં બોધ પામ્યો. તેથી ભાષ્યકાર કહે છે—

**● ભાષ્ય-૨૦૭ થી ૨૦૯-વિવેચન :-**

શ્વેત, સુજાત અર્થાત્ ગર્ભદોષરહિત, સુવિભક્ત સમાન શીંગડાવાળો જેને રાજા જોઈને, ગોકુળ મધ્યે વૃષભને, ફરી તેજ અનુમાનથી ઋદ્ધિ, સંપદા, વિભૂતિની અસારતાને આલોચીને [વિચારીને] કલિંગ જનપદનો રાજા કલિંગરાજ ધર્મનું પર્યાલોચન કરતો બોધ પામ્યો.



શું ચિંતવતા ? ગોષ્ઠાંગણ મધ્યે ઢેક્કિત શબ્દના જેના ભગ્નપણાને. તે પણ કેવા ? દીપ્ત, રોષણ અર્થાત્ બલોન્મત્ત બળદો, તીક્ષ્ણ શીંગડાવાળા હતા. આ વૃષભ પણ પક્ષ્ગ પરિઘટ્ટન સહન કરે છે. આ અસાર સંસારને ધિક્કાર છે, બધાં જીવોનો આ જ વૃત્તાંત છે. તેથી આના વડે શું ? એ પ્રમાણે બોધ પામી, જાતિસ્મરણ થતાં સંસાર છોડી નીકળી ગયો અને વિચારવા લાગ્યા.

આ તરફ પાંચાલ જનપદમાં કાંપીલ્ય નગરમાં દુર્મુખ રાજા હતો. તે પણ ઈન્દ્રધ્વજને જુએ છે. લોકો દ્વારા પૂજાય છે. અનેક હજાર લઘુ પતાકાથી મંડિત અને સુંદર છે. ફરી જુએ છે. ત્યારે તેના ઉપર મળ-મૂત્રાદિ જોયા. તે પણ બોધ પામીને વિચરે છે.

આ તરફ વિદેહ જનપદમાં મિથિલા નગરીમાં નમિ રાજા માંદો થયો. રાણીઓ ચંદનનો લેપ કરે છે, જેથી રાજાનો દાહ શાંત થાય. ત્યારે બલોયા - બંગડીનો ખણકાર સંભળાય છે. તેનાથી કાનને આ અવાજ સહન થતો નથી. એકૈક બલોયુ દૂર કરતાં છેલ્લે એક જ હાથમાં રહે છે ત્યારે અવાજ થતો નથી. રાજા બોલ્યો — તે બલોયા કેમ અવજા કરતા નથી ? એક જ છે, બાકીના કાઢી નાંખ્યા. રાજાને થયું ઘણામાં દોષ છે, એકમાં નથી. તે બોધ પામ્યો. સ્વયં વિચરવા લાગ્યા.

- તે ભાષ્યકાર કહે છે —

**● ભાષ્ય-૨૧૧ + વિવેચન :-**

ઘણું શબ્દો કરે છે, એક અશબ્દક રહે છે એવું બલોયાના નિમિત્તે વિચારી મિથિલાપતિ નમિ રાજા નીકળી ગયો.

આ તરફ ગંધાર દેશમાં પુરિમપુર નગરમાં નગ્ગતી રાજા હતો. તે કોઈ દિવસે અનુયાત્રાર્થે નીકળ્યો. કુસુમિત થયેલ આમ્રમંજરી જોઈ તેણે એક મંજરી તોડી પાછળ આખા સૈન્યએ તેમ કર્યુ. છેલ્લે ઝાડનું ઠુંઠુ બચ્યુ. પાછો ફર્યો ત્યારે પૂછ્યું કે — તે આમ્રવૃક્ષ ક્યાં ? મંત્રીએ વૃત્તાંત કહ્યો. રાજાને થયું કે રાજ્યલક્ષ્મી આવી જ છે. જ્યાં સુધી ઋદ્ધિ હોય ત્યાં સુધી શોભે છે. આનો શું લાભ ? બોધ પામ્યો. તેથી કહે છે —

**● ભાષ્ય-૨૧૨ + વિવેચન :-**

જે આમ્રવૃક્ષ મનોભિરામ હતું કેમકે મંજરી, પલ્લવ, પુષ્પ યુક્ત હતું. તેની ઋદ્ધિ અને અનૃદ્ધિને જોઈને ગંધાર રાજાએ ધર્મની સમીક્ષા કરી.

તે ચારે પ્રત્યેક બુદ્ધો વિચરતા ક્ષિતિપ્રતિષ્ઠિત નગર મધ્યે ચતુર્દ્વાર દેવકુલે ભેગા થયા. પૂર્વથી કરકંડૂ પ્રવેશ્યા, દક્ષિણથી દુર્મુખ. એ પ્રમાણે બાકીના બંને પણ આવ્યા. સાધુથી અન્યતોમુખ થઈને કેમ રહેવું ? એમ વિચારી તેણે દક્ષિણમાં મુખ કર્યુ. નમિએ પશ્ચિમમાં, ગાંધારે ઉત્તરમાં મુખ કર્યુ. નગ્ગતિએ પૂર્વમાં મુખ કર્યુ.

તે કરકંડૂ પાસે ઘણી કંડૂ હતી. તેમાં સારી સારી કંડૂ શોધીને કાન ખંજવાળતા હતા. તેને એક તરફ ગોપળને રાખી. તે દુર્મુખ પ્રત્યેકબુદ્ધે જોયું. તે બોલ્યા — જ્યાં રાજ્ય, રાષ્ટ્ર, નગર અને અંતઃપુર છોડ્યા, આ બધાંનો ત્યાગ કર્યા પછી આવી

કંડૂનો સંચય કરે છે ? હજી કરકંડૂ કંઈ જવાબ આપે તે પહેલાં નમિ પ્રત્યેકબુદ્ધ આ વચન બોલ્યા – રાજ્યની પ્રેક્ષા કરી-કરીને ઘણાં કૃત્યકર જોયા, તેમના કાર્યોનો ત્યાગ કરીને હવે બીજા કાર્યકરના કાર્યો જુએ છે ? શું તું આનો આયુક્તક છો ?

ત્યાં ગાંધારના નગ્ગતિ - પ્રત્યેક બુદ્ધ બોલ્યા – જ્યારે બધો ત્યાગ કરીને મોક્ષને માટે નીકળેલ છો, તો બીજાની ગર્હા શું કામ કરશ ? આત્મનું શ્રેય કરને ? ત્યારે કરકંડૂએ કહ્યું – મોક્ષમાર્ગને પામેલા એવા બ્રહ્મચારી કે સાધુને અહિતાર્થથી નિવારવા યોગ્ય કંઈ કહેવામાં દોષ નથી. સ્વપક્ષને ગુણકારી એવી હિતકર ભાષા બોલવી જોઈએ.

**● નિર્યુક્તિ-૧૩૧૨,૧૩૧૩નું વિવેચન :-**

ઉક્ત ચારેનો વ્યુત્સર્ગ-ત્યાગ તે દ્રવ્ય ત્યાગ હતો. કેમકે રાજ્ય છોડ્યું, પણ ભાવ વ્યુત્સર્ગ-ક્રોધાદિ છે. તેને પણ છોડવો.

હવે ૨૬ મો યોગસંગ્રહ તે 'અપ્રમાદ' તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૩૧૪-વિવેચન :-**

રાજગૃહનગરે જરાસંધ રાજા હતો. તેને સૌથી પ્રધાન બે ગણિકા હતી – મગધસુંદરી અને મગધશ્રી. મગધશ્રીને વિચાર આવ્યો કે – જો આ ન હોય તો મારું કોઈ માન-ખંડન ન કરે. રાજા પણ હથેળીમાં રહે. તેણી મગધસુંદરીના છિદ્રો શોધે છે. મગધશ્રીના નૃત્યના દિવસે તેની સુવર્ણ મંજરીમાં વિષ વાસિત સોયો વડે કેસરા જેવી કરીને નાંખી દીધી. તે મગધસુંદરીની મહત્તરિકાએ જાણ્યું. કર્ણિકામાં ભ્રમરો કેમ નથી આવતા ? નક્કી પુષ્પો દોષયુક્ત છે. તેથી કોઈક ઉપાયથી આનું નિવારણ કરું. તેણી રંગમંચે આવીને મંગલગીત ગાય છે. તે આ ગીતિકા –

**● નિર્યુક્તિ-૧૩૧૫ + વિવેચન :-**

વસંત માસમાં પાંદડા આમોદ પ્રમોદમાં પ્રવર્તે છે. કર્ણિકાને છોડીને ભ્રમર. ચૂત કુસુમને સેવે છે. મગધ સુંદરી વિચારે છે – ગીતિકા અપૂર્વ છે. તેણીએ કર્ણિકાને સદોષ જાણી ત્યાગ કર્યો. સવિલાસ ગીત અને નૃત્ય કર્યા. તે છળાઈ નહીં. તેનો ત્યાગ કર્યા પછી અપ્રમત્ત બની નૃત્ય અને ગીતમાં સ્ખલના ન પામી. એ પ્રમાણે સાધુએ પણ પાંચ પ્રકારના પ્રમાદ છોડીને યોગ સંગૃહીતા થવું. હવે 'લવાલવ'. તે અપ્રમાદી લવ કે અર્ધલવ પણ પ્રમાદ ન કરે. તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૩૧૬-વિવેચન :-**

ભરુચ નગરમાં એક આચાર્ય હતા. તેણે વિજય નામના શિષ્યને કામથી ઉજ્જૈની મોકલ્યો. તેને ગ્લાન કાર્યથી કોઈ દ્વારા વ્યાક્ષેપ થયો. માર્ગમાં અકાળ વર્ષાથી અટકી ગયો. ''અંડકતૃણોજ્ઝિત'' એમ નટપેટક ગામમાં વર્ષાવાસ રહ્યો. તેણે વિચાર્યુ કે ગુરુકુળવાસ ન જઈ, અહીં જ ઉપદેશ કરીશ. તેણે **સ્થાપનાચાર્ય** કર્યા. એ પ્રમાણે આવશ્યકાદિ ચક્રવાલ સામાચારી બધી કહેવી. એ પ્રમાણે ક્યાંય સ્ખલના ન પામ્યો. ક્ષણે-ક્ષણે ઉપયોગ રાખતો - મેં શું કર્યુ ? આ પ્રમાણે સાધુએ કરવું જોઈએ. એ પ્રમાણે તેનાથી યોગસંગ્રહ થાય છે.



હવે ૨૮-મો ધ્યાનસંવર યોગ, ધ્યાન વડે યોગ સંગૃહીત કરવો જોઈએ. તેમાં ઉદાહરણ –

**● નિર્યુક્તિ-૧૩૧૭-વિવેચન :-**

શિંબાવર્ધન નગરમાં મુંડિકામ્રક રાજા હતો. ત્યાં પુષ્પભૂતિ આચાર્ય હતા, તે બહુશ્રુત હતા. તેનાથી તે રાજા ઉપશમ પામ્યો. શ્રાવક થયો. તેમના શિષ્ય પુષ્પમિત્ર બહુશ્રુત અવસન્ન બીજે રહેલ. કોઈ દિવસે તેના આચાર્ય સૂક્ષ્મ ધ્યાનમાં પ્રવેશ્યા. તે મહાપ્રાણ સમ ધ્યાન છે. તેમાં જ્યારે પ્રવેશે છે, ત્યારે જ યોગસંનિરોધ કરે છે. કંઈ જ વિચારતા નથી. તેમની પાસે અગીતાર્થ શિષ્યો હતા. પુષ્પમિત્રને બોલાવ્યો. આવ્યો. કહ્યું. તેણે સ્વીકાર્યું. ત્યારે એકત્ર અપવરકમાં નિર્વ્યાઘાત ધ્યાન કરે છે. તે કોઈ આગંતુકને જવા દેતો નહીં, કહેતો કે – અહીં રહીને વાંદો આચાર્ય કાળધર્મ પામ્યા.

કોઈ દિવસ તેઓ પરસ્પર કહે છે – આચાર્ય ચાલતા નથી, બોલતા નથી, સ્પંદન કરતા નથી. તેમને ઉચ્છ્વાસ - નિઃશ્વાસ પણ ન હતા. કદાચ તેઓ સૂક્ષ્મ થઈ ગયા છે. તેણે જઈને બીજાને કહ્યું. તેઓ રોષે ભરાયા. આચાર્યએ કાળ કર્યો તો પણ તમે કહેતા નથી.તે બોલ્યો – કાળ નથી પામ્યા, ધ્યાન કરે છે. તમે તેને વ્યાઘાત ન કરો.

બીજા કહે છે – આ વેશે પ્રવ્રજિત થયેલો, તેથી એમ માનતો હતો કે વૈતાલને સાધવાને માટે લક્ષણયુક્ત આચાર્ય છે, તેથી કહેતો નથી. આજે રાત્રિમાં તમે જોજો. તે બધાં તેને ભાંડવાને લાગ્યા. તો પણ પે'લા શિષ્યે રોક્યા. રાજાને ત્યાં જઈને કીધું. આચાર્ય કાળધર્મ પામ્યા છે. તો પણ તે વેશધારી તેને કાઢી જવા દેતો નથી. રાજાએ પણ જોયું કે કાળ કરી ગયા છે. પણ પુષ્પમિત્રને વિશ્વાસ ન બેઠો. શિબિકા સજ્જ કરી. ત્યારે નિશ્ચયથી જાણ્યું કે વિનાશિત થયા છે.

આચાર્યએ તેને પૂર્વે કહેલું કે – જો અતિ અગ્નિ થાય તો તું મારા અંગુઠાને સ્પર્શ કરજે. સ્પર્શ કર્યો. તુરંત જ જાગૃત થઈને આચાર્ય બોલ્યા – હે આર્ય ! કેમ વ્યાઘાત કર્યો ? જુઓ, આ બધું તમારા શિષ્યોએ કરેલ છે ? તેમની નિર્ભર્ત્સના કરી. આ રીતે ધ્યાનમાં પ્રવેશવું જોઈએ. તો યોગ સંગ્રહ થાય છે.

હવે 'ઉદય મારણાંતિક' ૨૯-મો યોગ સંગ્રહ કહે છે – મારણાંતિક ઉદય કે મારણાંતિક વેદના થાય તેને સહન કરે. તેનું દૃષ્ટાંત –

**● નિર્યુક્તિ-૧૩૧૮-વિવેચન :-**

રોહિતક નગરમાં લલિતાગોષ્ઠી-મંડળી હતી, રોહિણી જીર્ણ ગણિકા હતી. બીજો આજીવિકા ઉપાય ન પ્રાપ્ત થતાં તે ગોષ્ઠીનું ભોજન બનાવતી હતી. એ પ્રમાણે કાળ વીતતો હતો. કોઈ દિવસે કડવી દુધી લીધી. તેમાં ઘણો મસાલો આદિ નાંખી સંસ્કાર્યુ. પણ મોઢામાં મૂકવું શક્ય ન હતું. તેણી વિચારે છે કે – ગોષ્ઠીમાં મારી નિંદા થશે. બીજું શાક બનાવું. આ ભિક્ષાચરને આપી દઈશ. જેથી દ્રવ્ય વિનાશ ન પામે. તેટલામાં ધર્મરુચિ અણગાર માસક્ષમણને પારણે આવ્યા. તેને આપી દીધું. તેઓ ઉપાશ્રયે ગયા. ગુરુ પાસે આલોચે છે. ગુરુએ ભાજન-પાત્ર લીધું. વિષગંધ જાણી,

આંગળીથી ચાખ્યું. તેને ખ્યાલ આવ્યો કે - જે આનો આહાર કરશે, તે મરશે. પરઠવવા કહ્યું.

ધર્મરુચિ તેને લઈને અટવીમાં ગયા. કોઈ બળેલા વૃક્ષની છાયામાં હું ત્યાગ કરીશ એમ વિચારી પાત્રબંધ મૂકતા હાથ લેપાયો. તેની ગંધથી કીડીઓ આવી. જે-જે ખાતી હતી તે-તે મરવા લાગી. તેણે વિચાર્યુ કે મારા એકના મૃત્યુમાં બીજો જીવઘાત નહીં થાય. એક સ્થંડિલભૂમિમાં જઈ મુખવસ્ત્રિકાનું પડિલેહણ કરી, આલોચના પ્રતિક્રમણ કરીને આવો આહાર કર્યો. તીવ્ર વંદના થઈ, તે સહન કરીને સિદ્ધ થયા.

આ પ્રમાણે મારણાંતિક ઉદયને સહેવો જોઈએ. હવે ૩૦મો યોગ સંગ્રહ ‘‘સંગને પરિહરવો તે’’ સંગ એટલે ભાવથી અભિષ્વંગ-આસક્તિ. તે જ્ઞાન પરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પચ્ચક્ખાણ કરવું. તેનું દૃષ્ટાંત કહે છે —

● **નિર્યુક્તિ-૧૩૧૯-વિવેચન :-**

ચંપાનગરીમાં જિનદેવ નામે શ્રાવક સાર્થવાહ હતો, અહિચ્છત્રા નગરી જવાની ઉદ્‌ઘોષણા કરી. તે સાર્થને ભીલે વિદાર્યો. તે શ્રાવક અટવીમાં પ્રવેશ્યો. યાવત્ આગળ અગ્નિ અને પાછળ વાઘનો ભય હોય તેમ દ્વિઘાત પ્રપાત હતો. તે ડર્યો. અશરણ જાણીને સ્વયં જ ભાવલિંગ સ્વીકારીને સામાયિક પ્રતિમાએ રહ્યો. જંગલી પશુ દ્વારા ખવાઈને સિદ્ધ થયા.

આ પ્રમાણે સંગ પરિજ્ઞા યોગ સંગૃહિત થાય છે. હવે ૩૧મો યોગ સંગ્રહ - ‘પ્રાયશ્ચિત્તકરણ’ કહે છે. જે વિધિથી અપાયેલ હોય. વિધિ એટલે જે પ્રમાણે સૂત્રમાં કહેલ હોય તે. જે જેટલાથી શુદ્ધિ પામે, તેને સારી રીતે ઉપયોગ રાખીને પ્રાયશ્ચિત્ત આપતા કરનાર અને આપનારને યોગસંગ્રહ થાય છે.

તેના દૃષ્ટાંતમાં ગાથાનો પૂર્વાર્ધ—

● **નિર્યુક્તિ-૧૩૨૦/૧ - વિવેચન :-**

કોઈ એક નગરમાં ધનગુપ્ત આચાર્ય હતા. તેઓ પ્રાયશ્ચિત્ત આપવાનું જાણતા હતા. છદ્મસ્થો પણ આટલાથી શુદ્ધ થશે કે નહીં થાય ? ઇંગિતથી જાણે છે. જે તેમની પાસે વહન કરે છે, તે સુખેથી તેનો અને અતિચારનો નિસ્તાર પામે છે તથા સ્થિર પણ થાય છે. વળી તે અત્યધિક નિર્જરાને પ્રાપ્ત કરે છે.

તે પ્રમાણે કરવું જોઈએ, એમ કરવાથી કે આપવાથી યોગો સંગૃહીત થાય છે. પ્રાયશ્ચિત્તકરણ કહ્યું.

હવે ‘મારણાંતિકી આરાધના નામક બત્રીશમો યોગસંગ્રહ કહે છે. આરાધના વડે મરણકાળે યોગ સંગ્રહ કરાય છે. તેમાં ઉદાહરણને આશ્રીને ગાથાનો પશ્ચાર્દ્ધ કહે છે —

● **નિર્યુક્તિ-૧૩૨૦/૨ + વિવેચન :-**

આરાધનાથી મરુદેવા આ અવસર્પિણી કાળમાં પહેલાં સિદ્ધ થયા. ઉક્ત નિર્યુક્તિની વ્યાખ્યા આ પ્રમાણે —



વિનીતા નગરીમાં ભરતરાજા હતો. ઋષભસ્વામીનું સમોસરણ રચાયું. તે મરુદેવી ભરતને વિભૂષિત જોઈને કહે છે — તારા પિતા આવી વિભૂતિ - ઐશ્વર્યને તજીને શ્રમણપણે એકલા ફરે છે. ત્યારે ભરતે પૂછ્યું — જેવી મારા પિતાની વિભૂતિ છે, તેવા પ્રકારની મારી વિભૂતિ ક્યાંથી ? જો તમને વિશ્વાસ ન આવતો હોય તો ચાલો, આપણે જોઈએ.

ભરત સર્વ સૈન્ય સહિત નીકળ્યો. મરુદેવા પણ નીકળ્યા. એક હાથીની ઉપર બેસીને ચાલ્યા. જેટલામાં છત્રાતિછત્ર જુએ છે, દેવસમૂહને આકાશથી ઉતરતો જુએ છે, તો ભરતના વસ્ત્ર અને આભરણો તો તદ્દન મ્લાન-નિસ્તેજ થયેલા દેખાય છે. ભરતે પૂછ્યું — જોઈ તમારા પુત્રની વિભૂતિ ? મારે આવી વિભૂતિ ક્યાં છે ?

મરુદેવા સંતુષ્ટ થઈને વિચારવા લાગે છે. તેને જાતિસ્મરણ ન થયું, કેમકે વનસ્પતિકાયિકથી ઉદ્‌વર્તીને આવેલા. ત્યાં જ શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર બેઠા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને સિદ્ધ થઈ ગયા.

આ અવસર્પિણીના પહેલાં સિદ્ધ થયા. એ પ્રમાણે આરાધના પ્રતિ યોગ સંગ્રહ કરવો જોઈએ.

**અધ્યયન-૪-અંતર્ગત્ બત્રીશ યોગ સંગ્રહનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

● સૂત્ર-૨૭ :-

*તેત્રીશ પ્રકારની આશાતનાથી [થયેલા દૈવસિક અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.]*

● વિવેચન-૨૭ :-

આય - સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિરૂપ. તેની શાતના. તે બતાવવા માટે સંગ્રહણીકાર ત્રણ ગાથા નોંધે છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે —

(૧) અકારણે રત્નાધિક - આચાર્ય આદિની આશાતના ભીરુ શિષ્ય એ સામાન્યથી આગળ જવું આદિ કાર્ય ન કરે. કારણે — માર્ગાદિના પરિજ્ઞાન આદિમાં, ધ્યામલ (?) દર્શનાદિમાં અહીં સામાચારી અનુસાર સ્વબુદ્ધિથી આલોચના કરવી. તેમાં આગળ જતાં આશાતના થાય. તેથી કહે છે — આગળ ન જવું, તેથી વિનયભંગાદિ દોષ લાગે. પડખેથી જતાં આશાતના લાગે. પાછળ પણ નીકટથી જતાં એ પ્રમાણે જ દોષ કહેવો. તેમાં નિઃશ્વાસ, છીંક, બળખાંના કણ પડવા-ઉડવા આદિ દોષ લાગે. તેથી જેટલા ભૂમિભાગ દૂરથી ચાલતા આ દોષ ન લાગે, તેટલેથી ચાલવું. - x -

અસંમોહને માટે તો 'દશાશ્રુતસ્કંધ'માં પ્રગટાર્થથી વ્યાખ્યા કરેલી જ છે. જેમકે — (૧) આગળ - શિષ્ય રાત્નિકની આગળ ચાલે તો તેને આશાતના થાય. ઈત્યાદિ આ પ્રમાણે —

(૨) શૈક્ષ રાત્નિકને પડખે ચાલે તો આશાતના થાય. (૩) રત્નાધિક બેઠા હોય ત્યારે નીકટ ચાલે તો શૈક્ષને આશાતના થાય. (૪) શૈક્ષ રત્નાધિકની આગળ રહે તો શૈક્ષને આશાતના લાગે. (૫) શૈક્ષ રત્નાધિકની પડખે રહેતો આશાતના લાગે. (૬) રત્નાધિકની નજીક રહે તો શૈક્ષને આશાતના લાગે છે.

(૭) શૈક્ષ રત્નાધિકની આગળ બેસે તો આશાતના લાગે. (૮) શૈક્ષ રત્નાધિકના પડખે બેસે તો આશાતના લાગે. (૯) શૈક્ષ રત્નાધિકની નજીક બેસે તો શૈક્ષને આશાતના લાગે. (૧૦) શૈક્ષ રત્નાધિક સાથે બહાર વિચારભૂમિમાં ગયેલ હોય, ત્યાં પહેલાં આચમન કરે, રાત્નિક પછી કરે તો શૈક્ષને આશાતના લાગે. (૧૧) રત્નાધિક સાથે ગયેલ શૈક્ષ બહિર્વિચાર ભૂમિથી નીકળી પછી ગમનાગમનની આલોચના રાત્નિકની પહેલા કરે તો આલોચના.

(૧૨) રત્નાધિક શૈક્ષને રાત્રિના કે વિકાલે બોલાવે કે હે આર્ય ! સુતો છે કે જાગે છે ? ત્યારે શૈક્ષ જાગતો હોવા છતાં ન સાંભળે તો શૈક્ષને આશાતના લાગે. (૧૩) શૈક્ષ રત્નાધિકની પૂર્વે કંઈક આલાપે — બોલે, પછી રાત્નિક બોલે તો શૈક્ષને આશાતના લાગે. (૧૪) અશનાદિ કંઈ લઈને તેને પહેલાં અલ્પ રાત્નિકની પાસે આલોચે, રાત્નિક પાસે પછી આલોચે, તો શૈક્ષને આશાતના લાગે. (૧૫) શૈક્ષ અશનાદિ ગ્રહણ કરે પછી પહેલાં ઓછા રાત્નિકને બતાવે, પછી રાત્નિકને બતાવે તો શૈક્ષને આશાતના લાગે.

(૧૬) શૈક્ષ અશનાદિ ગ્રહણ કરી પહેલાં અલ્પરાત્નિકને નિમંત્રણા કરે, પછી રાત્નિકને નિમંત્રણા કરે તો શૈક્ષને આશાતના લાગે. (૧૭) શૈક્ષ રાત્નિકની સાથે





અશનાદિ લઈને તે રાત્નિકને પૂછ્યા વિના જેને જે જોઈએ. તેને તેને પ્રચુર પ્રમાણમાં આપે તો શૈક્ષને આશાતના. (૧૮) શૈક્ષ અશનાદિ લઈને રાત્નિકની સાથે ખાતા-ખાતા જો પ્રચુર પ્રમાણમાં શાક-શાક સંસ્કારેલ, રસવાળું, મનોજ્ઞ, મણામ, સ્નિગ્ધ કે રૂક્ષ ખાઈ જાય તો તેને આશાતના.

(૧૯) શૈક્ષને રાત્નિક બોલાવે ત્યારે સામાન્યથી દિવસના પણ દિવસના પણ ન સાંભળે તો આશાતના લાગે. (૨૦) શૈક્ષ રાત્નિકને મોટા શબ્દોથી કઠોર-કર્કશ-નિષ્ઠુર શબ્દોમાં કંઈ કહે તો શૈક્ષને આશાતના. (૨૧) રાત્નિક શૈક્ષને બોલાવે ત્યારે જ્યાં હોય ત્યાં સાંભળે, ત્યાં રહીને જ જવાબ આપી દે, તો શૈક્ષને આશાતના. (૨૨) રાત્નિક શૈક્ષને બોલાવે ત્યારે ''શું ?'' એમ બોલે તો આશાતના લાગે, ''મત્થએણવંદામિ'' બોલવું જોઈએ.

(૨૩) શૈક્ષ રાત્નિકને 'તું' કહેતો શૈક્ષને આશાતના લાગે. (૨૪) શૈક્ષ રાત્નિકને તજ્જાત વડે પ્રતિહણે તો શૈક્ષને આશાતના લાગે. 'તજ્જાત' એટલે — હે આર્ય ! ગ્લાનની સેવા કેમ નથી કરતા ? તો સામું બોલે કે — તમે કેમ નથી કરતા ? ઈત્યાદિ. (૨૫) શૈક્ષ રાત્નિકને કથા કહે ત્યારે ઉપહત મન સંકલ્પવાળો થાય - સુમનવાળો ન થાય તો આશાતના લાગે. ઉપબૃંહણા ન કરે, જેમકે — અહો ! સરસ કહ્યું આદિ. (૨૬) રાત્નિક કથા કહે ત્યારે શૈક્ષ તેમને કહે — તમને આનો અર્થ યાદ નથી કે આમ નથી ઈત્યાદિ તો આશાતના.

(૨૭) રાત્નિક કથા કહે ત્યારે કથાને છેદે, અથવા 'હું કહું છું' એમ કહેતો શૈક્ષને આશાતના. (૨૮) રાત્નિક કથા કરતા હોય ત્યારે પર્ષદાને ભેદે, જેમકે — ભિક્ષાવેળા થઈ, ભોજનવેળા થઈ. સૂત્રાર્થ પોરિસિ થઈ એમ બોલી પર્ષદાને ઉઠાડી દે. (૨૯) રાત્નિક કથા કરે ત્યારે તે પર્ષદા ઉભી ન થઈ હોય કે અવ્યુચ્છિન્ન ન થઈ હોય ત્યાં બે ત્રણ વખત કથાને કહે તો શૈક્ષને આશાતના લાગે. સૂત્રાર્થને અલગ અલગ રીતે સમજાવે તો આશાતના.

(૩૦) રાત્નિકના શય્યા કે સંસ્તારક આદિનું પગ વડે સંઘટ્ટન થઈ જાય તો હાથ વડે સ્પર્શીને માફી ન માંગે તો શૈક્ષને આશાતના થાય. અહીં શય્યા - સર્વાંગિકી જાણવી, સંથારો અઢી હાથનો જાણવો અથવા જે સ્થાને રહે તે કે સંથારો દ્વિદલ કાષ્ઠમય હોય અથવા શય્યા એ જ સંથારો, તે પગ વડે સંઘટ્ટે. ક્ષમા ન માંગે તો આશાતના.

(૩૧) શૈક્ષ રાત્નિકના શય્યા કે સંથારામાં ઉભો રહે, બેસે કે સુવે તો તેને આશાતના લાગે. (૩૨) શૈક્ષ રાત્નિકના આસનથી ઉંચા આસને ઉભે કે બેસે તો શૈક્ષને આશાતના લાગે. (૩૩) શૈક્ષ રાત્નિકના સમ આસને ઉભો રહે કે બેસે તો શૈક્ષને આશાતના લાગે.

સૂત્રોક્ત આશાતના સંબંધ જણાવવા સંગ્રહણીકાર કહે છે —

અથવા અરહંતોની આશાતનાદિ સ્વાધ્યાયમાં કિંચિત્ ન ભણ્યા. જે કંઈ સમુદ્દિષ્ટ છે, તે આ ૩૩-આશાતના.

પ્રતિક્રમણ સંગ્રહણી સમાપ્ત થઈ.

સંગ્રહણીની વ્યાખ્યામાં કહે છે કે — બીજા પ્રકારે તીર્થંકરની આશાતના, આદિ શબ્દથી સિદ્ધ આદિનું ગ્રહણ સ્વાધ્યાયમાં કંઈક ન ભણ્યા સુધી કહેવું.

હવે સૂત્રોક્ત જ તેત્રીશ આશાતના કહે છે —

● સૂત્ર-૨૮ :-

*(૧) અરિહંતોની આશાતના, (૨) સિદ્ધોની આશાતના, (૩) આચાર્યની આશાતના, (૪) ઉપાધ્યાયની આશાતના, (૫) સાધુની આશાતના, (૬) સાધ્વીની આશાતના, (૭) શ્રાવકની આશાતના, (૮) શ્રાવિકાની આશાતના, (૯) દેવોની આશાતના, (૧૦) દેવીની આશાતના, (૧૧) આલોક સંબંધી આશાતના, (૧૨) પરલોક સંબંધી આશાતના, (૧૩) કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મની આશાતના, (૧૪) દેવ-મનુષ્ય-અસુર લોક સંબંધી આશાતના, (૧૫) સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્વની આશાતના, (૧૬) કાળની આશાતના, (૧૭) શ્રુતની આશાતના, (૧૮) શ્રુતદેવતાની આશાતના, (૧૯) વાચનાચાર્યની આશાતના.*

● વિવેચન-૨૮ :-

અરહંત સંબંધી આશાતનાથી જે મેં દૈવસિક અતિચાર કર્યો તેનું મિચ્છામિદુક્કડમ. આ પ્રમાણે સિદ્ધ આદિ પદોમાં પણ યોજવું.

આ પ્રમાણે કરતાં અરહંતની આશાતના થાય છે. જેમકે — અરહંત નથી. શા માટે ભોગ ભોગવે છે કોણ જાણે ? સમવસરણાદિથી કેમ જીવે છે ? આ પ્રમાણે બોલે તેનો આ ઉત્તર છે — પુન્ય પ્રકૃતિના ઉદયની બહુલતાથી નિર્વર્તિત ભોગફળથી ભોગો ભોગવે છે. એ રીતે સમવસરણ છે. તે સાંભળો. જ્ઞાનાદિ અવરોધક આઘાતિ સુખપાદપની વેદના [નો ક્ષય] તીર્થંકર નામકર્મનો ઉદય તથા વીતરાગત્વથી જાણવું.

સિદ્ધોની આશાતનાથી૦ સિદ્ધોની આશાતના એ પ્રમાણે બોલતા તે મૂઢને થાય છે - નિશ્ચેષ્ટા નથી અથવા સદા ઉપયોગમાં અથવા ધ્રુવ રાગ-દ્વેષત્વથી તે પ્રમાણે દર્શન અને જ્ઞાનના અન્યાન્યકાળના ઉપયોગથી તેઓ સર્વજ્ઞ જ છે. અન્યોન્ય આ વારકતા કે જ્ઞાનદર્શનનું એકત્વ આમાંના એકપણ દોષ સંભવતો નથી. 'સિદ્ધ' શબ્દથી જ નિયમા તે છે તેમ જાણવું. વીર્યના ક્ષયથી નિશ્ચેષ્ટા પણ થાય છે, માટે આ દોષ નથી. સર્વે કષાયોના સંપૂર્ણ ક્ષયથી રાગ-દ્વેષ પણ નથી. જીવના સ્વભાવથી એકસાથે બે ઉપયોગ ન હોય. દ્રવ્યાર્થિક નયના મતે પૃથક્ આવરણ હોવાથી જ્ઞાન અને દર્શન બંનેનો એકત્વ ઉપયોગ ન થાય. જ્ઞાનનયના મતે આ બધું જ્ઞાન જ છે, દર્શન નયના મતે બધું જ આ દર્શન છે. તેમાં અસર્વજ્ઞતા ક્યાં આવી ? પશ્ચત્તાને આશ્રીને બંને પણ ઉપયોગ સાથે હોઈ શકે છે. એ પ્રમાણે અસર્વજ્ઞતા દોષ ન સંભવે.

આચાર્યની આશાતના — આચાર્યને બાલ, અકુલીન, દુર્મેધા. દ્રમક, મંદબુદ્ધિ આદિ શિષ્યો હોય છે અથવા એમ પણ બોલે કે — બીજાને ઉપદેશ આપે છે કે આ પ્રમાણે દશ ભેદે વૈયાવચ્ચ કરવી, પણ પોતે તો કરતા નથી. તેનો ઉત્તર આપે છે — બાળક પણ જ્ઞાનવૃદ્ધિ હોય, અકુલીન પણ ગુણનો નિવાસ હોય. એમ કેમ ન બને ?



દુર્મેધ આદિ પણ એ પ્રમાણે કહે કે દુર્મેધ નથી. જાણતા નથી કે નિર્ધર્મવાળાને મોક્ષનું કારણ જ્ઞાન છે. નિત્ય પ્રકાશતા વૈયાવચ્ચાદિ કરે છે.

ઉપાધ્યાયની આશાતના - આચાર્યની માફક જ જાણવી. વિશેષ એ કે — ઉપાધ્યાય સૂત્ર દાતા છે.

સાધુની આશાતના—સમયના સારને ન જાણતા સાધુને ઉદ્દેશીને કહે છે. એ પ્રમાણે અવિષહણા, અત્વરિત ગતિ ભંડન, આમુંડન. ચાંડાલની જેમ, શ્વાનની જેને એકસાથે જમે છે છતાં વેશ વિરૂપ છે. એ પ્રમાણે અવર્ણવાદ કરતો મૂઢ આ જાણતો નથી. વળી અવિષહણા આદિ સમેત સંસાર સ્વભાવના જ્ઞાનથી જ સાધુઓ અકષાયા છે.

સાધ્વીની આશાતના — કલહકારી, ઘણી ઉપધિવાળા અથવા શ્રમણોપદ્રવ શ્રમણી, ગણિકાના પુત્રો ભાંડ, વૃક્ષમાં વેલી, જળમાં શેવાળની જેમ કષાયો જીવોને કર્મબંધના કારણરૂપ જાણીને કલહ કરતાં નથી. સંજ્વલનના ઉદયથી થોડાં કલહમાં પણ શો દોષ છે ? ઉપધિ બ્રહ્મવ્રતના રક્ષણાર્થે સાધુઓને હોય છે. એવું જિનેશ્વરે કહેલ છે, તેથી ઉપધિમાં દોષ નથી.

સાધુઓને આ ઉપદ્રવ નથી, જો જિનવચનથી સમાહિત આત્મા વડે મહાર્થ આગમ વિધિને સમ્યક્પણે અનુસરતો હોય.

શ્રાવકોની આશાતના - જિન શાસન ભક્ત ગૃહસ્થો શ્રાવક કહેવાય આશાતના - મનુષ્યપમું પામીને, જિનવચનને જાણીને જે વિરતિને સ્વીકારતા નથી, તેને લોકમાં કઈ રીતે 'ધન્ય' કહેવાય ? તેનો ઉત્તર આપતા કહે છે — કર્મની પરિણતિ વશ જો તેઓ વિરતિ ન સ્વીકારે તો પણ માર્ગમાં રહેલા હોવાથી ધન્ય છે. કેમકે સમ્યગ્દર્શન માર્ગમાં સ્થિતપણાથી ગુણયુક્ત હોય છે.

શ્રાવિકાની આશાતના - બધું શ્રાવક મુજબ જાણવું.

દેવોની આશાતના - કામમાં પ્રસક્ત, વિરતિ વગરના, આનિમેષ અને નિશ્ચેષ્ટ, દેવો સામર્થ્ય છતાં તીર્થની ઉન્નતિ કરતાં નથી. આનો ઉત્તર આપે છે — મોહનીય અને સાતા વેદનીય કર્મોના ઉદયથી તેઓ કામમાં પ્રસક્ત છે, કર્મના ઉદયથી તેમને વિરતિ નથી. અનિમેષ તે દેવનો સ્વભાવ છે, નિશ્ચેષ્ટ છતાં અનુત્તરના દેવો કૃતકૃત્ય છે. કાલાનુભાવથી તીર્થની ઉન્નતિ પણ બીજે કરે જ છે.

દેવીની આશાતના - બધું દેવની માફક જાણવું.

આલોકની આશાતના - તેમાં આલોક એટલે મનુષ્ય લોક. તેની આશાતના તે વિતથપ્રરૂપણાદિથી થાય. પરલોક તે નારક, તિર્યંચ કે દેવ. તેની આશાતના તેની વિતથ પ્રરૂપણાદિથી થાય છે. બંનેમાં સ્વમતિથી આક્ષેપ-પરિહાર કરી લેવા.

કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આશાતના :- તે ધર્મ બે પ્રકારે છે - શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ. આશાતના - પ્રાકૃત સૂત્રમાં રચાયેલો છે, કોણ જાણે છે કે આ કોણે પ્રરૂપેલ છે ? અથવા ચારિત્રથી કે દાન વિના થાય છે, તેનો ઉત્તર આપે છે — બાળક, સ્ત્રી, મૂઢ, મૂર્ખ ચારિત્રને ઈચ્છતા મનુષ્યોના અનુગ્રહાર્થે તત્ત્વજ્ઞો વડે પ્રાકૃતમાં સિદ્ધાંતો રચાયા છે. તે નિપુણ ધર્મના પ્રતિપાદકત્વથી અને સર્વજ્ઞ પ્રણિતપણાથી છે.

ચારિત્રને આશ્રીને કહે છે — ઔરભ્રિક અને ચાંડાલને પણ અપાય છે, જેવા-તેવાથી શીલની રક્ષા કરવાનું શક્ય નથી. જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં દાન વડે ભોગોને પામે છે. શીલ વડે ભોગો અને સ્વર્ગ તથા નિર્વાણને પામે છે. તથા અભયદાન દાતા ચારિત્રવાન્‌ને નિયત જ છે.

દેવ, મનુષ્ય અને અસુર લોકની આશાતનાથી - તે તેની વિતથ પ્રરૂપણાદિથી આશાતના થાય છે. ભાષ્યકાર કહે છે —

● ભાષ્ય-૨૧૩ થી ૨૧૫ :-

દેવાદિ લોકને વિપરીત કહે. જેમકે સાત દ્વીપ અને સાત સમુદ્રો છે. લોક પ્રજાપતિએ બનાવ્યો છે અથવા પ્રકૃતિ અને પુરુષોના સંયોગરૂપ છે. આ આક્ષેપનો ઉત્તર આપતા કહે છે — સાતમાં પરિમિત સત્વો, અમોક્ષ કે શૂન્યત્વ અને પ્રજાપતિ, તે કોણે કર્યા એ અનવસ્થા છે. પ્રકૃતિને પ્રવૃત્તિ ક્યાંથી આવી ? જે અચેતન છે તે પુરુષાર્થ નિમિત્તે જો પ્રવર્તે તે તેની જ અપ્રવૃત્તિ છે. આ બધું વિરુદ્ધ જ છે.

સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વોની આશાતનાથી - તેમાં પ્રાણી તે બેઈન્દ્રિયાદિ, વ્યક્ત ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસવાળા થયા છે, થાય છે અને થશે તે ભૂત-પૃથ્વી આદિ. જીવે છે તે જીવ - આયુકર્મના અનુભાવયુક્ત બધા. સત્ત્વ-સાંસારિક અને સંસાર રહિત ભેદથી છે અથવા આ બધાં શબ્દો એકાર્થિક જ છે.

આશાતના - તેની વિપરીત પ્રરૂપણાદિથી છે. જેમકે - બેઈન્દ્રિયાદિનો આત્મા અંગુઠાના પર્વ જેટલો જ છે. પૃથ્વી આદિ તો અજીવો જ છે. કેમકે તેનામાં સ્પંદન આદિ ચૈતન્ય કાર્ય ઉપલબ્ધ નથી. જીવો ક્ષણિક છે. સત્વોમાં સંસારી અંગુઠાના પર્વ જેટલાં જ છે. સંસારથી રહિત કોઈ છે જ નહીં. વળી બળી ગયેલા દીપની સમાન ઉપમાવાળો મોક્ષ છે.

ઉક્ત આક્ષેપનો ઉત્તર આપતા કહે છે — આત્મા દેહવ્યાપી છે. ત્યાં જ સુખ-દુઃખાદિથી તેના કાર્યોની ઉપલબ્ધિ છે. પૃથ્વી આદિમાં અલ્પ ચૈતન્યત્વથી કાર્યોની અનુપલબ્ધિથી અજીવત્વ નથી. જીવો પણ એકાંતે ક્ષણિક હોતા નથી. - x - સત્વોમાં સંસારી તો દેહ પ્રમાણ જ હોય છે. પ્રતિ ઉક્ત સંસારથી અતીત જીવો પણ વિધમાન હોય જ છે. કેમકે જીવના સર્વથા વિનાશનો અભાવ છે. બીજા પણ કહે છે કે — વિધમાન ભાવ અસત્ નથી અને સતનો અભાવ વિધમાન નથી. બંનેને પણ તત્ત્વદર્શીએ વડે જોવાયેલા જ છે ઈત્યાદિ.

કાળની આશાતના - જેમકે કાળ છે જ નહીં અથવા કાળની પરિણતિ વિશ્વ છે તથા દુર્નય - કાળ ભૂતોને પકાવે છે, કાળ જ પ્રજાને સંહરે છે, કાળ સુતાને જગાડે છે, કાળ દુરતિક્રમ છે.

ઉક્ત આક્ષેપનો ઉત્તર :- કાળ છે જ. તેના વિના બકુલ, ચંપક આદિનો નિયત - પુષ્પાદિને આપવાનો ભાવ ન થાય. તેની પરિણતિ પણ વિશ્વ નથી. એકાંત નિત્ય પરિણામની અનુપપત્તિ છે.

શ્રુતની આશાતના - જેમકે રોગીને ઔષધ લેવામાં વળી કાળ શું ? મલિન



આકાશ ધોવામાં વળી કયો કાળ ? જો મોક્ષનો હેતુ જ્ઞાન છે, તો કાળ શું અને અકાળ શું ? તેનો ઉત્તર આપે છે — દુઃખક્ષયના કારણથી પ્રયોજાતો યોગ જિનશાસનમાં યોગ્ય છે, અન્યોન્ય અબાધાથી કર્તવ્ય અસપત્ન થાય છે. પૂર્વે ધર્મદ્વારથી શ્રુતની આશાતના કહી, અહીં તે સ્વતંત્ર વિષયવાળી છે, માટે ફરી કહેતા નથી.

શ્રુતદેવતાની આશાતનાથી - કંઈ કરતી ન હોવાથી શ્રુત દેવીનું અસ્તિત્વ જ નથી. તેનો ઉત્તર આપે છે — મૌનીન્દ્રના આગમો અનધિષ્ઠિત નથી તેથી શ્રુતદેવી છે જ. તેણી અકિંચિત્ કરી પણ નથી, કેમકે પ્રશસ્ત મનથી કર્મક્ષય દર્શનથી તેનું આલંબન થાય છે.

વાચનાચાર્યની આશાતના - અહીં વાચનાચાર્ય એટલે ઉપાધ્યાય જ કહ્યા છે, જે ઉદ્દેશાદિ કરે છે. તેની આશાતના આ રીતે — દુઃખ કે સુખ રહિત ઘણી વાર વંદન દેવાના હોય છે. તેનો ઉત્તર - આ શ્રુતોપચાર છે. તેમાં અહીં દોષ કોની માફક છે ?

● સૂત્ર-૨૯ :-

***(૧) જે વ્યાવિદ્ધ, (૨) વ્યત્યમેલિત, (૩) હીનાક્ષરિક, (૪) અતિ અક્ષરિક, (૫) પદહીન, (૬) વિનયહીન, (૭) ઘોષહીન, (૮) યોગહીન, (૯,૧૦) સુષ્ઠુદત્ત દુષ્ઠુ પ્રતિચ્છિત. (૧૧) અકાલે સ્વાધ્યાય કરવો. (૧૨) કાળે ન કરવો, (૧૩) અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય. (૧૪) સ્વાધ્યાયમાં અસ્વાધ્યાય કરવો. તે બધાનું મિચ્છા મિ દુક્કડં.***

● વિવેચન-૨૯ :-

આ ચૌદ સૂત્રો અને સૂત્ર-૨૮માં કહેલા ઓગણીશ સૂત્રો એ તેત્રીશ આશાતના જાણવી. આ ચૌદ સૂત્રો શ્રુતક્રિયા કાલગોચરત્વથી પુનરુક્તિના ભાગી થતાં નથી. તથા દોષદુષ્ટપદ શ્રુત જો ભણ્યા હોઈએ તો૰ - તે આ પ્રમાણે —

(૧) વ્યાવિદ્ધ - વિપરીત રત્નમાલાવત્, આ રીતે જે આશાતના કરી હોય, તે હેતુથી જે અતિચાર કર્યા, તેનું મિચ્છા મિ દુક્કડં. એમ બધે જોડવું. (૨) વ્યત્યામ્રેડિત-જુદા જુદા પાઠો મેળવી સૂત્રનો ક્રમ બદલવા. (૩) હીનાક્ષર-અક્ષરની ન્યૂનતા આદિ બધું સ્પષ્ટ જ છે વિશેષ આ પ્રમાણે —

ઘોષ - ઉદાત્ત આદિ. યોગ - સમ્યક્ રીતે યોગોપચાર ન કરવા તે. ગુરુ. સારી રીતે આપે તે સુષ્ઠુદત્ત કલુષિત અંતરાત્માથી ગ્રહણ કરવું તે દુષ્ટ પ્રતિચ્છિત. જે શ્રુતનો કાલિકાદિ અકાલ છે તે. જે જેનો પોતાનો અધ્યયન કાળ છે તે કાળ. અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે.

આ અસ્વાધ્યાયિક શું છે ? આ પ્રસ્તાવથી આવેલ અસ્વાધ્યાયિક નિર્યુક્તિની આધ દ્વાર ગાથા કહે છે —

● નિર્યુક્તિ-૧૩૨૧,૧૩૨૨-વિવેચન :-

અધ્યયન સુધી તે આધ્યયન એટલે આધ્યાય. શોભન આધ્યાય તે સ્વાધ્યાય. તે જ સ્વાધ્યાયિક. સ્વાધ્યાયિક નહીં તે અસ્વાધ્યાયિક. તેના કારણ પણ ‘લોહી’ આદિ કારણમાં કાર્યના ઉપચારથી અસ્વાધ્યાયિક જ કહેવાય છે. તે બે ભેદે છે —

(૧) આત્મ સમુત્થ - પોતાના વ્રણથી ઉદ્‌ભવેલ રુધિર આદિ. च શબ્દ સ્વગત અનેક ભેદ દર્શાવે છે. પરસમુત્થ - સંયમઘાતક આદિ. જે પરસમુત્થ છે, તે પાંચ પ્રકારે જાણવા. તેમાં ઘણી વક્તવ્યતાથી પરસમુત્થ જ પાંચ પ્રકારે બતાવે છે —

● નિર્યુક્તિ-૧૩૨૩-વિવેચન :-

સંયમઘાતક - સંયમ વિનાશક, તે મહિક આદિ. ઉત્પાતથી થાય તે ઔત્પાતિક, તે ધૂળની વૃષ્ટિ આદિ. દિવ્યની સાથે તે સાદિવ્ય, તે ગંધર્વ નગરાદિ અથવા દેવતાકૃત્ તે સદિવ્ય, વ્યુદ્‌ગ્રહ - સંગ્રામ. આ પણ અસ્વાધ્યાયિકના નિમિત્તથી તેમજ કહેવાય છે. શરીર - તિર્યંચ, મનુષ્ય પુદ્‌ગલ આદિ. આ પાંચ પ્રકારના અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાયથી સંયમ અને આત્મ વિરાધના કરતો૰ તેમાં દૃષ્ટાંત હવે કહે છે - x -

● નિર્યુક્તિ-૧૩૨૪-વિવેચન :-

ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરમાં જિતશત્રુ રાજા હતા. તેણે પોતાના દેશમાં ઘોષણા કરેલી કે જે મ્લેચ્છ રાજા આવે છે, તો ગ્રામ, નગર, કૂલ આદિ છોડીને નીકટના દુર્ગમાં રહો, જેથી વિનાશ પામશો નહીં. જેઓ રાજાના વચનથી દુર્ગાદિમાં રહ્યા, તેઓ વિનાશ ન પામ્યા. જેઓ તેમ ન રહ્યા, તેમનો મ્લેચ્છ રાજાએ વિનાશ કર્યો. વળી તેમાં રાજાનો આજ્ઞાભંગ કરેલ હોવાથી જે કોઈ બાકી રહ્યા તેનો પણ દંડ કરાયો.

આ પ્રમાણે અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરતાં ઉભયથી દંડ થાય છે. દેવો છળે છે. પ્રાયશ્ચિત્ત પણ તેમને પ્રાપ્ત થાય છે. આલોક અને પરલોકમાં પણ જ્ઞાનાદિની વિફળતા પામે છે.

● નિર્યુક્તિ-૧૩૨૫-વિવેચન :-

આ દૃષ્ટાંતનો ઉપનય આ રીતે :- રાજા સમાન તીર્થંકર, જાનપદ સમાન સાધુઓ, ઘોષણા તે અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાયનો પ્રતિષેધ. મ્લેચ્છ જેવો અસ્વાધ્યાય-મહિકાદિ રત્નધનાદિ જેવા જ્ઞાનાદિ મહિક આદિ વડે અવિધિકારી હરાય છે.

● નિર્યુક્તિ-૧૩૨૬-વિવેચન :-

થોડી પોરિસિ બાકી રહી હોય જેને કાળવેળા કહે છે. અધ્યયન-પાઠ, अपि શબ્દથી વ્યાખ્યાન પણ જે કરે છે, તે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. જ્ઞાનાદિ આરરહિતને છલણા થાય. સંસાર એ જ્ઞાનાદિની નિષ્ફળતાથી જ થાય છે. તેમાં આધદ્વાર અવયવનો અર્થ પ્રતિપાદન કરવા કહે છે —

● નિર્યુક્તિ-૧૩૨૭-વિવેચન :-

મહિય - ધૂમિકા, ભિન્નવાસ - બુદ્‌બુદ આદિમાં, સચિતરજ - અરણ્ય આદિમાં વાયુ ઉદ્ધૃત પૃથ્વી રજ કહેલ છે. ઉક્ત ત્રણે સંયમ ઘાતક જ થાય છે. જે ક્ષેત્ર અને કાળમાં મહિય આદિ દ્રવ્યો પડે છે અથવા જેટલો કાળ પડે છે. ભાવથી તે સ્થાન અને ભાષાદિની હાનિ થાય છે - ઘટાડો થાય છે. અવયવાર્થે ભાષ્યકાર સ્વયં જ કહે છે. આ પંચવિધ સ્વાધ્યાયિકને કઈ રીતે પરિહરવો જોઈએ ? તે સંબંધે આ દૃષ્ટાંત જણાવે છે —



● નિર્યુક્તિ-૧૩૨૮-વિવેચન :-

એક રાજાને પાંચ પુરુષો - માણસો હતા. તેઓ ઘણાં યુદ્ધોમાં વિજયને પ્રાપ્ત કરેલા હતા. કોઈ દિવસે તેઓ વડે અત્યંત વિષમ દુર્ગને જીત્યો, તેમનાથી તુષ્ટ થઈને રાજા ઈચ્છિત નગરમાં ‘પ્રચાર’ આપે છે. જે કંઈ અશન આદિ કે વસ્ત્ર આદિ લોકો પાસેથી લે છે, તેનું બધું વેતન રાજા ચૂકવી દે છે.

● નિર્યુક્તિ-૧૩૨૯-વિવેચન :-

તે પાંચે પુરુષોમાં એકને ઘણો સંતુષ્ટ કર્યો. તેને ઘર-દુકાન આદિ સ્થાનોમાં સર્વત્ર ઈચ્છિત પ્રચાર આપ્યો. જે આ ‘પ્રચાર’ અપાયેલાની આશાતના કરે છે, તેને રાજા દંડ કરે છે. આ દૃષ્ટાંતનો ઉપસંહાર —

જેમ - પાંચ પુરુષો છે, તેવા પ્રકારે પંચવિધ સ્વાધ્યાયિક છે. જેમ એક અભ્યધિકતર પુરુષ છે, તે પ્રમાણે પહેલો સંયમોપઘાતિક છે. બધાં જ ત્યાં સ્થાન, આસન આદિ છે, તેમાં વર્તતાને સ્વાધ્યાય નથી કે પ્રતિલેખન આદિ ચેષ્ટા પણ નથી. બાકીના ચાર અસ્વાધ્યાયિકમાં જે રીતે તે ચાર પુરુષો શેરી આદિમાં અનાશાતનીય છે, તેમાં સ્વાધ્યાય કરતાં જ નથી. આવશ્યકાદિ બાકીની બધી ચેષ્ટા કરે છે, ઉત્કાલિક પણ ભણે છે.

મહિકા આદિ ત્રણ સંયમોપઘાતિકનું આ વ્યાખ્યાન છે —

● ભાષ્ય-૨૧૬નું વિવેચન :-

મહિકા એટલે ધૂમિકા. તે કારતક, માગસર આદિ ગર્ભમાસમાં થાય છે. તે પતન સમકાળે જ સૂક્ષ્મત્વથી સર્વ અપ્‌કાયથી ભાવિ કરે છે. ત્યાં તત્કાલ સમયે બધી ચેષ્ટા રોકી લેવી. વ્યવહાર સચિત્ત પૃથ્વીકાય અરણ્યાના વાયુથી ઉડીને આવેલ રજને કહે છે. તેનું સચિત્ત લક્ષણ વર્ણથી કંઈક તામ્ર દિગંતરમાં દેખાય છે. તે પણ નિરંતર અપાતથી ત્રણ દિવસ પછી સર્વ પૃથ્વીકાયને ભાવિત કરે છે.

ભિન્ન વર્ષ ત્રણ ભેદે છે — જે વર્ષામાં પડે છે, ત્યાં પાણીમાં પરપોટા થાય છે તે બુદ્‌બુદ વર્ષ. તેનાથી વર્જિત તે તદ્વર્જ, સૂક્ષ્મબિંદુ પડતા હોય તે બિંદુ વર્ષ. આનાથી અનુક્રમે ત્રણ, પાંચ, સાત દિવસ પછી સર્વ અપ્‌કાય ભાવિત થાય છે.

સંયમઘાતક એવા આ સર્વભેદોનો ચાર ભેદે પરિહાર કરવો જોઈએ દ્રવ્યથી તે જ દ્રવ્ય-મહિકા, સચિત્તરજ અને ભિન્ન વર્ષનો પરિહાર કરે. ક્ષેત્રમાં જ્યાં આ મહિકાદિ પડે છે, ત્યાં જ પરિહાર કરવો, કાળથી-પડવાના કાળથી આરંભીને જેટલો કાળ પડે તે પરિહરવો, ભાવથી સ્થાન-કાયોત્સર્ગ ન કરે, ન બોલે. आदि શબ્દથી ગમન, પ્રતિલેખન, સ્વાધ્યાયાદિ ન કરે. સિવચા કે માત્ર ઉચ્છ્‌વાસ, તેનો પ્રતિબંધ ન થઈ શકે, કેમકે તેથી જીવિતનો વ્યાઘાત થાય છે. બાકી બધી ક્રિયાનો નિષેધ છે.

આ ઉત્સર્ગ પરિહાર કહ્યો, આચરણાથી સચિત્તરજમાં ત્રણ, ભિન્ન વર્ષમાં ત્રણ, પાંચ કે સાત દિવસ પછી સ્વાધ્યાયાદિ બધું કરે. બીજા કહે છે — બુદ્‌બુદ વર્ષમાં બુદ્‌બુદ્ વર્જિત પાંચ અહોરાત્ર, બિંદુ વર્ષામાં સાત. તેથી પછી પરમ અપ્કાયભાવિતત્વથી બધી ચેષ્ટા રોકી લે. કઈ રીતે ?

● નિર્યુક્તિ-૧૩૩૦-વિવેચન :-

નિષ્કારણે વર્ષાકલ્પ - કામળી, તેનાથી પ્રાવૃત્ત થઈ સર્વાભ્યંતર સ્થાને રહે. અવશ્ય કર્તવ્ય કે અવશ્ય વક્તવ્યમાં કાર્યમાં આ જયણા રાખે - હાથ વડે ભ્રુકુટી આદિ અક્ષિ વિકારથી કે આંગળીથી સંજ્ઞા કરે કે — આમ કરો. એ પ્રમાણે મુખવસ્ત્રિકા રાખીને પણ યતનાથી ન બોલે, ગ્લાનાદિ કાર્યમાં વર્ષાકલ્પ - કામળી ઓઢીને જાય છે. સંયમઘાતક દ્વાર કહ્યું.

● નિર્યુક્તિ-૧૩૩૧-વિવેચન :-

હવે ઔત્પાતિક - તેમાં ધૂળ વર્ષા, માંસ વર્ષા, લોહી વર્ષા, કેશ વર્ષા, કરકાદિ શિલાવર્ષા, રજોદ્ઘાત અને પતન. આમાં આ રીતે પરિહાર કરવો - માંસ અને લોહીમાં અહોરાત્ર સ્વાધ્યાય ન કરવો. બાકીની ધૂળ વર્ષા આદિમાં જેટલો કાળ પડે, તેટલો કાળ નંદિ આદિ સૂત્ર ન ભણે. ધૂળ અને રજોદ્ઘાતમાં આ વ્યાખ્યાન છે—

● નિર્યુક્તિ-૧૩૩૨-વિવેચન :-

ધૂમાકાર અને કંઈક પાંડુ રજ અને અચિત્તને ધૂળ કહે છે. અથવા આવો રજોદ્ઘાત પાંશુરિકા કહેવાય છે. આમાં વાયુ યુક્ત હોય કે વાયુરહિત સૂત્રપોરિસિ કરાતી નથી. બીજે કહ્યું છે કે —

● નિર્યુક્તિ-૧૩૩૩-વિવેચન :-

આ ધૂળ અને રજોદ્ઘાત સ્વાભાવિક થાય કે અસ્વાભાવિક. તેમાં અસ્વાભાવિકમાં જે નિર્ઘાતભૂમિકંપ, ચંદ્રગ્રહણ, દિવ્ય સહિત હોય. આવા અસ્વાભાવિકથી થતાં કાયોત્સર્ગ કર્યા પછી પણ સ્વાધાય ન કરે. જો વળી ચૈત્ર સુદ દશમીમાં અપરાહ્ણમાં યોગ નિક્ષેપ છે. તેમાં દશમીથી યાવત્ પૂર્ણિમામાં ત્રણ દિવસ ઉપર ઉપર અચિત્તરજ ઉદ્ઘાનાર્થે કાયોત્સર્ગ કરે છે અથવા તેરસ આદિમાં ત્રણ દિવસોમાં સ્વાભાવિક પડે તો પણ સંવત્સર સ્વાધ્યાય કરે છે. ઉત્સર્ગ ન કરે તો સ્વાભાવિક પડે ત્યારે સ્વાધ્યાય પણ ન કરે. ઔત્પાતિક દ્વાર કહ્યું.

● નિર્યુક્તિ-૧૩૩૪-વિવેચન :-

ગંધર્વ નગર વિકુર્વણા, દિગ્દાહકરણ, વિજળી થવી, ઉલ્કા પડવી, ગર્જિતકરણ, યૂપક-કહેવાનાર લક્ષણ આકાશમાં યક્ષોદીપ્ત થાય. તેમાં ગાંધર્વ નગરમાં યક્ષોદીપ્ત નિયમા દેવકૃત હોય. બાકીનામાં ભજના. જે સ્ફૂટ-સ્પષ્ટપણે ન જણાય તેનો પરિહાર કરવો. આ ગાંધર્વાદિકા બધાં એક એક પોરિસિને હણે છે. ગર્જિત બે પોરિસિને હણે છે.

● નિર્યુક્તિ-૧૩૩૫-વિવેચન :-

કોઈ પણ દિગ્વિભાગમાં મહાનગર પ્રદીપ્તવત્ ઉદ્યોત થાય, પણ ઉપર પ્રકાશ અને નીચે અંધકાર હોય આવો છિન્નમૂલ દિગ્દાહ જાણવો. ઉલ્કાનું લક્ષણ - સ્વદેહ વર્ણા રેખા કરે છે અથવા પડે છે તે ઉલ્કા. અથવા રેખા રહિત ઉદ્યોત કરે છે અને પડે છે, તે ઉલ્કા.

'યૂપક' તે સંધ્યાપ્રભા અને ચંદ્રપ્રભા જેમાં એકસાથે હોય તે યૂપક. તે



સંધ્યાપ્રભા ચંદ્રપ્રભા આવૃત્તા હોવાથી શુક્લપક્ષની એકમ આદિમાં દિવસમાં જણાતી નથી. સંધ્યા છેદ અજ્ઞાત હોવાથી જો કાળવેળાને ન જાણે તો ત્રણ દિવસ પ્રાદોષિક કાળને ગ્રહણ ન કરે. ત્રણ દિવસમાં પ્રાદોષિક સૂત્ર પોરિસિ ન કરે.

● નિર્યુક્તિ-૧૩૩૬-વિવેચન :-

જગતના શુભાશુભ કર્મ નિમિત્ત ઉત્પાત અમોઘ - સૂર્યના કિરણોના વિકારથી જનિત, સૂર્યના ઉદય કે અસ્ત થતાં કંઈક તામ્ર કે કૃષ્ણશ્યામ ગાડાની ઉંધના આકારે દંડ તે અમોઘ. તે જ યૂપક છે. બીજા કહે છે —

● નિર્યુક્તિ-૧૩૩૭-વિવેચન :-

ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ, આ કહેવાશે. આકાશમાં વાદળ હોય, વાદળ ન હોય, વ્યંતરકૃત્ મહાગર્જિત સમ ધ્વનિ-નિર્ઘાત, અથવા તેનો જ વિકાર, ગુંજાવત્ ગુંજિત તે મહાધ્વનિનું ગુંજિત. સામાન્યથી આ ચારેમાં અહોરાત્ર સ્વાધ્યાય ન કરવો. નિર્ઘાતગુંજિતમાં વિશેષ એ કે — બીજે દિવસે યાવત્ તે વેળા અહોરાત્ર છેદથી બીજા અસ્વાધ્યાયિકમાં છેદાતો નથી.

સંધ્યા ચતુષ્ક - સૂર્ય ઉગ્યા પહેલાં, મધ્યાહ્ને, સૂર્યાસ્ત વેળાએ અને મધ્ય રાત્રિએ. આ ચાર કાળમાં પૂર્વોક્ત સ્વાધ્યાય ન કરે.

પ્રતિપદા - ચાર મહામહાની ચાર એકમમાં સ્વાધ્યાય ન કરે. એ પ્રમાણે બીજા પણ જે મહા જે ગામ, નગરાદિમાં જાણે, તે પણ ત્યાં વર્જવા. સુગ્રીષ્મક - ચૈત્રપૂર્ણિમામાં સર્વત્ર નિયમથી અસ્વાધ્યાય થાય છે. અહીં અનાગાઢ યોગમાં નિક્ષેપ થાય, નિયમથી આગાઢ યોગમાં નિક્ષેપ ન થાય, એવું કહેલ છે. તે મહામહા ક્યા છે ? તે કહે છે—

● નિર્યુક્તિ-૧૩૩૮-વિવેચન :

આસાઢી - આસાઢ પૂર્ણિમા, અહીં લાટ દેશમાં શ્રાવણ પૂર્ણિમા હોય છે. ઈન્દ્રમહોત્સવ આસો પૂર્ણિમામાં હોય છે. કાર્તિક - કાર્તિક પૂર્ણિમામાં હોય છે. સુગ્રીષ્મક - ચૈત્ર પૂર્ણિમાં. આ બધામાં અંતિમ દિવસ ગ્રહણ કરવો. આદિ તે જે દેશમાં જે દિવસથી મહામહોત્સવ પ્રવર્તે છે, તે દિવસથી આરંભીને યાવત્ અંત્ય દિવસ સ્વાધ્યાય ન કરવો.

આ પૂર્ણિમાના અંતરમાં જે કૃષ્ણ પ્રતિપદ - વદ એકમ, તે પણ વર્જવી. પ્રતિષેધ કાળમાં સ્વાધ્યાય કરવામાં આ દોષો છે —

● નિર્યુક્તિ-૧૩૩૯ થી ૧૩૪૧ + વિવેચન :-

કામ, શ્રુતોપયોગ, તપ-ઉપધાન અનુત્તર કહેલ છે. પ્રતિષેધ કરાયેલા કાળમાં તે પણ કર્મ બંધને માટે થાય છે.

સરાગ સંયતપણાથી ઈન્દ્રિયવિષયાદિ કોઈપણ પ્રમાદયુક્ત થાય, તે વિશેષથી મહામહોત્સવમાં તે પ્રમાદયુક્તને પ્રત્યનીક દેવો છળે છે — અલ્પઋદ્ધિક હોવાથી ક્ષિપ્તાદિ છલનાને કરે છે. પણ જે સાધુ યતનાવાળા હોય તેને જે અલ્પઋદ્ધિક દેવ છળી શકતા નથી. અર્ધસાગરોપમ સ્થિતિક હોય તો યતનાયુક્ત હોય તો પણ છળાય છે. તેમને એવું સામર્થ્ય હોય છે કે જે તેને પણ પૂર્વાપર સંબંધના સ્મરણથી

કોઈ છળે છે.

ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણની વ્યાખ્યા —

● **નિર્યુક્તિ-૧૩૪૨-વિવેચન :-**

ચંદ્ર ઉદયકાળનો લેવો. સંદૂષિત રાત્રિના ચાર અને અન્ય અહોરાત્રમાં બાર અથવા ઉત્પાત ગ્રહણમાં સર્વ રાત્રિ લેવી. ગ્રહસહિત જ બ્રૂડિત સંદૂશિત રાત્રિમાં ચાર અને અન્ય અહોરાત્રમાં બાર અથવા ન જાણતા-વાદળાથી છવાયેલની શંકામાં ન જાણતાં કેવળ ગ્રહણ, રાત્રિનો પરિહાર કરી, પ્રભાતે જોવું. ગ્રહસહિત બ્રૂડિત, અન્ય અહોરાત્રમાં બાર. એ પ્રમાણે ચંદ્રની.

સૂર્યની અસ્ત સમય ગ્રહણમાં ગ્રહસહિત બ્રૂડિત લેવું. ઉપઘાતમાં ચાર રાત્રિ, અન્ય અહોરાત્રમાં બાર. જો ઉગતો સૂર્ય લેવરાય તો સંદૂષિત અહોરાત્રના આઠ, અન્ય અહોરાત્રના સોળ અથવા વાદળથી આચ્છાદિતમાં ન જણાય કે કેવળ ગ્રહણ થશે. દિવસમાં શંકા કહેલ નથી. અસ્તવેળામાં દૃષ્ટ ગ્રહણમાં ગ્રહસહિત બ્રૂડિત લેવું. સંદૂષિતના આઠ, અન્ય અહોરાત્રમાં સોળ લેવા. સગ્રહ બ્રુડિતમાં એક અહોરાત્ર થાય. કઈ રીતે ?

તે કહે છે — સૂર્યાદિ જેનાથી અહોરાત્રિ થાય છે — સૂર્યોદયના કાલથી જે અહોરાત્રની આદિ થાય છે, તેને પરિહરીને સંદૂષિત બીજા પણ અહોરાત્ર પરિહરવો જોઈએ. આ વાત હવેની નિર્યુક્તિમાં જણાવે છે —

● **નિર્યુક્તિ-૧૩૪૩-વિવેચન :-**

સંગ્રહથી બ્રૂડિત સૂર્યાદિમાં જે કારણે એક અહોરાત્ર થાય છે. તેને પરિહરીને સંદૂષિત અન્ય પણ અહોરાત્ર પરિહાર વડે જોઈએ.

જો આ આચીર્ણ હોય તો — ચંદ્ર રાત્રિમાં ગૃહીત, રાત્રિને છોડીને તે રાત્રિનું શેષ વર્જવું જોઈએ, જ્યાંથી આગામી સૂર્યોદયમાં અહોરાત્રની સમાપ્તિ થાય છે.

સૂર્યમાં પણ દિવસે ગ્રહણ કરેલ દિવસ જ છોડીને. તે જ દિવસને છોડીને બાકીની રાત્રિ વર્જવી જોઈએ. અથવા સગ્રહ બ્રૂડિતમાં આ પ્રમાણે વિધિ કહેલી છે.

ત્યારે શિષ્ય પૂછે છે — કઈ રીતે ચંદ્રમાં બાર અને સૂર્યમાં સોળ રાત્રિ કહેલ છે ? આચાર્ય કહે છે — સૂર્યાદિ, જેના વડે અહોરાત્રો થાય છે. ચંદ્રથી નિયમા અર્ધ અહોરાત્ર થાય પછી ગ્રહણનો સંભવ છે. તેથી બીજા અહોરાત્રમાં એ પ્રમાણે બાર થાય. સૂર્યના અહોરાત્રાદિત્વથી સંદૂષિત બીજા અહોરાત્રમાં પરિહરાય છે. તેથી આ સોળ થાય.

'સાદિવ્ય' દ્વાર ગયું. હવે વ્યુદ્ગ્રહ દ્વાર, તેમાં —

● **નિર્યુક્તિ-૧૩૪૪ + વિવેચન :-**

વ્યુદ્ગ્રહ દંડિક આદિ, સંક્ષોભમાં અને દંડિકમાં કાલગત, રાજા કાલગત થતાં અને અભયમાં જેટલો કાળ ભય હોય, તેની પછીના અહોરાત્રને પરિહરે.

આનું જ વ્યાખ્યાન અનંતરગાથા વડે —



● **નિર્યુક્તિ-૧૩૪૫નું વિવેચન :-**

દંડિકનો વ્યુદ્ગ્રહ, આદિ શબ્દતી સેનાધિપતિનો વ્યુદ્ગ્રહ પણ લેવો. બંને ભોજિકના, બંને મહત્તરના, બંને પુરુષોના બંને સ્ત્રીઓના, બંને મલ્લોના જે યુદ્ધ પુષ્ટ આયત કે ભંડનમાં આદિ શબ્દથી વિષયદેશ પ્રસિદ્ધ કલહિવશેષમાં, વિગ્રહ - પ્રાયઃવ્યંતર બહુલ છે. [શું ? તે કહે છે —]

તેમાં પ્રમત્તને દેવતા છળે છે. ઉડ્ડાહણા થાય. લોકો એમ કહે કે — અમને આપત્તિ પ્રાપ્તિમાં આ સ્વાધ્યાય કરે છે, અપ્રીતિ થાય, મોટાને સંક્ષોભ થાય. પરચક્ર - પરસૈન્યના આગમમાં, દંડિક કાળગત-મૃત્યુ પામેલ હોય. રાજા મૃત્યુ પામે ત્યારે નિર્ભયતા હોવા છતાં જ્યાં સુધી અન્ય રાજાની સ્થાપના ન થાય ત્યાં સધી. ભય હોય ત્યારે રાજા જીવતો હોય તો પણ બૌદ્ધિકો વડે ચોતરફથી અભિદ્રુત થઈ, જેટલો કાળ ભય હોય, તેટલો કાળ સ્વાધ્યાય કરવો ન જોઈએ.

જે દિવસ શ્રુતનો નિર્દ્દોત્ય થાય, ત્યાંથી આગળ અહોરાત્ર ત્યાગ કરવો. આ દંડિક મૃત્યુ પામે ત્યારે વિધિ છે. બાકીમાં આ વિધિ છે —

● **નિર્યુક્તિ-૧૩૪૬,૧૩૪૭ - વિવેચન :-**

નિર્યુક્તિ ૧૩૪૬ની જ વ્યાખ્યાન ગાથા માટે નિર્યુક્તિ-૧૩૪૭ છે. આ બંને ગાથાનું વ્યાખ્યાન આ પ્રમાણે છે —

ગ્રામભોજિક મૃત્યુ પામતા, તે દિવસ એટલે અહોરાત્રનો પરિહાર કરવો જોઈએ. અહીં आदि શબ્દથી ગ્રામ કે રાષ્ટ્રના મહત્તરનો અધિકાર છે. તથા નિયુક્ત, પ્રજામાં બહુસંમત, બહુપાક્ષિક, બહુસ્વજન વાટકરહિતમાં અધિપતિ કે શય્યાતર કે બીજો કોઈ બીજા ગૃહથી આરંભીને યાવત્ સાત ગૃહાન્તરે. આ બધાંના મૃત્યુમાં અહોરાત્ર સ્વાધ્યાય ન કરાય.

જો કરે તો આ લોકો — “દુઃખ વગરના છે” એમ કહીને લોકો ગર્હા કરે છે. આક્રોશ કરે છે અથવા કાઢી મૂકે છે અથવા અલ્પ શબ્દોથી દૂર કરીને અનુપ્રેક્ષે છે. વળી જે અનાથ મરે છે, તેને જો ઉદ્ભિન્ન હોય તો ૧૦૦ હાથથી વર્જવો અને અનુદ્ભિન્ન અસ્વાધ્યાયિક ન થાય. તો પણ આચરણાથી રહીને ૧૦૦ હાથથી વર્જવો.

વિવિક્ત એટલે પરિષ્ઠાપના કરતા શુદ્ધ થાય, એ રીતે સ્થાન શુદ્ધ થાય છે — ત્યાં સ્વાધ્યાય કરાય છે. જો તેનો કોઈ પરિષ્ઠાપક ન હોય તો શું કરવું તે હવે કહે છે —

● **નિર્યુક્તિ-૧૩૪૮-વિવેચન :-**

જો તેનો કોઈ પરિષ્ઠાપક ન હોય ત્યારે સાગારિકના, आदि શબ્દથી જૂના શ્રાવકના યથાભદ્રક આનો ત્યાગ કરો, ત્યાં સુધી અમને સ્વાધ્યાય શુદ્ધ થતો નથી. હવે જો તેઓ ત્યાગ કરી દે, તો શુદ્ધિ થાય, જો ત્યાગ ન કરે તો બીજા વસતિની માર્ગણા કરવી. જો બીજી વસતિ પણ ન મળે ત્યારે વૃષભો-મોટા સાધુઓ અલ્પ સાગારિકનો ત્યાગ કરે. આ અભિન્નમાં વિધિ કરી.

જો ભિન્ન હોય તો - ઢંક આદિ વડે ચોતરફ વિકીર્ણ જોઈને વિવિક્ત-ત્યાગ

કરતા શુદ્ધ થાય છે. જો કોઈ ન દેખાતા હોય તો પણ શોધીને જે દેખાય, તે બધું પરિષ્ઠાપિત કરે. અદૃષ્ટ હોય તો ત્યાં પણ રહીને શુદ્ધ-સ્વાધ્યાય કરતાં પણ પ્રાયશ્ચિત્ત ન આવે.

અહીં આટલું પ્રસંગથી કહ્યું. વ્યુદ્ગ્રહ દ્વાર કહ્યું.

હવે 'શારીર' એ દ્વારને કહે છે—

**• નિર્યુક્તિ-૧૩૪૯-વિવેચન :-**

શરીર સંબંધી અસ્વાધ્યાયિક બે ભેદે છે — મનુષ્યશરીરના લોહી વગેરે એ રીતે તીર્યંચ સંબંધી પણ અસ્વાધ્યાય થાય. અહીં માનવ સંબંધીની વાત પછી, તીર્યંચ સંબંધી કહીએ છીએ - તે ત્રણ ભેદે છે - મત્સ્ય આદિનું જલજ, ગાય આદિનું સ્થલ જ અને મયૂર આદિનો ખેચરજ. આ પ્રત્યેકના દ્રવ્ય આદિથી ચાર પ્રકારે ભેદ છે. અથવા પ્રત્યેક દ્રવ્યાદિમાં આ ચારનો પરિહાર કરવો. એ ગાથાર્થ કહ્યો.

**• નિર્યુક્તિ-૧૩૫૦-વિવેચન :-**

પંચેન્દ્રિયોનો લોહી આદિ દ્રવ્યનો અસ્વાધ્યાયિક, ક્ષેત્રથી ૬૦ હાથ સુધીમાં હોય તો અસ્વાધ્યાયિક પછી હોય તો નહીં અથવા ક્ષેત્રથી પુદ્ગલાકીર્ણપુદ્ગલ એટલે માંસ, તેનાથી બધું વ્યાપ્ત હોય, તેનો આ પરિહાર - ત્રણ કુરથ્યા વડે અંતરિત થયા પછી શુદ્ધ થાય છે. નીકટમાં શુદ્ધ ન થાય, અનંતર દૂર રહીને પણ શુદ્ધ ન થાય. મોટી રથ્યા એટલે રાજમાર્ગ હોય, જ્યાં રાજા સૈન્યસહિત જતો હોય અથવા દેવયાનરથ કે વિવિધ અશ્વવાહનો જતા હોય તે. બાકીના કુરથ્યા એટલે કે કુમાર્ગ જાણવો. આ વિધિ નગર માટે કહી.

ગામથી નિયમા બહાર લેવું. અહીં ગામ અવિશુદ્ધ નૈગમ નયના મતથી સ્તમાપર્યન્ત જાણવું, પરગ્રામની સીમાએ શુદ્ધિ થાય છે.

**• નિર્યુક્તિ-૧૩૫૧-વિવેચન :-**

તીર્યંચ સંબંધી અસ્વાધ્યાયિક - સંભવકાળથી ત્રીજી પૌરુષી સુધી અસ્વાધ્યાયિક થાય, પછી શુદ્ધ થાય છે અથવા આઠ પ્રહર અસ્વાધ્યાયિક - તે જ્યાં આઘાત સ્થાન હોય ત્યાં થાય છે.

ભાવથી વળી સૂત્રનો પરિહાર કરે છે અને તે નંદી, અનુયોગદ્વાર, તંદુલ વૈચારિક, ચંદાવેજ્ઝય, પોરિસિમંડલાદિનો કરે - અથવા -

અસ્વાધ્યાયિક ચાર ભેદે આ પ્રમાણે — માંસ, લોહી, ચામડુ અને અસ્થિ જાણવા. માંસ ખાનારને છોડીને માંસમાં આ વિધિ છે —

**• નિર્યુક્તિ-૧૩૫૨ + વિવેચન :-**

અંદર અને બહાર ધૌત, ૬૦ હાથ, ત્રણ પોરિસિ, મહાકાયમાં અહોરાત્ર ઈત્યાદિ. તેની વ્યાખ્યા ગાથા હવે કહે છે —

**• નિર્યુક્તિ-૧૩૫૩-વિવેચન :-**

ઉક્ત ૧૩૫૨ અને ૧૩૫૩ બંનેનું વ્યાખ્યાન કરતાં કહે છે — સાધુની વસતિથી ૬૦ હાથની અંદર અને બહાર ધૌત. તેમાં અંદર પક્વ તે અંતર્ધૌત અને બહાર પક્વ



તે બહિર્ધૌત. અહીં અંતર્પક્વમાં પહેલો અને બીજો ભંગ લેવો. બહારના ગ્રહણમાં ત્રીજો ભંગ લેવો. આ ત્રણમાં અસ્વાધ્યાયિક થાય. જે પ્રદેશમાં ધૌત લાવે કે રાંધે, તે પ્રદેશ ૬૦ હાથની અંદર પરિહરવો જોઈએ.

કાળથી ત્રણ પૌરુષી અસ્વાધ્યાયિક થાય.

તથા બીજી ગાથાના પૂર્વાર્દ્ધમાં જે કહ્યું કે — ''બહિર્ધૌતપક્વ'', આ ચોથો ભંગ છે. આવા પ્રકારે જો સાઈઠ હાથના અંતરમાંથી લાવેલ હોય તો પણ તે અસ્વાધ્યાયિક ન થાય.

પહેલા અને બીજા ભંગમાં જે અંતઃપ્રક્ષાલ્ય, તેમાં રાંધે કે તે સ્થાનમાં અવયવો પડે છે તેનાથી અસ્વાધ્યાયિક.

ત્રીજા ભંગમાં બહાર ધોઈને અંદર આવેલા માંસ પણ એ પ્રમાણે જ અસ્વાધ્યાયિક થાય અને તે ઉત્ક્ષિપ્ત માંસ આકીર્મ પુદ્ગલ હોતું નથી. જે કાલશ્વાદિ વડે અનિવારિત વિપ્રકીર્ણ લઈ જવાય તે આકીર્ણ પુદ્ગલ કહેવાય.

'મહાકાય' આની વ્યાખ્યા - જે પંચેન્દ્રિય જ્યાં હણાયેલ હોય, તે આઘાતસ્થાનને વર્જવું જોઈએ.

ક્ષેત્રથી ૬૦ હાથથી, કાળથી અહોરાત્ર, અહીં અહોરાત્ર છેદ સૂર્યના ઉગવાથી થાય. રાંધેલ કે પકાવેલ માંસ અસ્વાધ્યાયિક ન થાય. જ્યાં ધોયેલ હોય તે પ્રદેશથી મોટો જળપ્રવાહ વહે, તો જ ત્રણ પોરિસિ કાળ અપૂર્ણ હોય તો પણ શુદ્ધ થાય. આઘાતન શુદ્ધ ન થાય.

'મહાકાય' તેની આ વ્યાખ્યા - મહાકાય એ પશ્ચાર્દ્ધ. મૂષક આદિ મહાકાય. તે પણ માર્જારાદિ વડે આહત હોય. જો તે અભિન્ન જ ગ્રહણ કરે કે ગળી જાય તો ૬૦ હાથની બહાર જાય છે, તેને કેટલાંક આચાર્યો અસ્વાધ્યાયિક ઈચ્છતા નથી, કેટલાંક સ્થવિરપક્ષ અસ્વાધ્યાયિકને ઈચ્છે છે.

આ જ અર્થને પ્રગટ કરવાને માટે ભાષ્યકાર કહે છે —

**• ભાષ્ય-૨૧૮ + વિવેચન :-**

મૂષકાદિ મહાકાય, માર્જારાદિ વડે આહતને કેટલાંક અસ્વાધ્યાય માને છે, અવિભિન્નમાં જો ન જુએ તો ગ્રહણ કરવાનું કેટલાંક કહે છે.

ગાથાર્થ કહ્યો. તિર્યંચમાં અસ્વાધ્યાયિક અધિકાર આ પ્રમાણે છે —

**• નિર્યુક્તિ-૧૩૫૪ + વિવેચન :-**

અંદર અને બહાર ભેદાયેલ અંડગબિંદુ સંબંધે જે અસ્વાધ્યાય છે, તેની વ્યાખ્યા ભાષ્યકાર જ કરશે. લાઘવાર્થે અહીં વ્યાખ્યા કરેલ નથી. ''અંદર અને બહાર ભેદાયેલ 'અંડગબિંદુ' આ ગાથા ખંડની વ્યાખ્યા ભાષ્યકાર કહે છે —

**• ભાષ્ય-૨૧૯નું વિવેચન :-**

સાધુની વસતિથી બહાર સાઈઠ હાથ પૂર્વે ઇંડા ભાંગેલ હોય તો અસ્વાધ્યાયિક, જો બહાર ભાંગે તો અસ્વાધ્યાય ન થાય.

અથવા સાધુની વસતિની અંદર કે બહાર ઇંડા ભાંગે કે ફેંકેલ હોય બંને

એકાર્થક જ છે. તે કલ્પમાં કે ભૂમિમાં ત્યાગ કરાયેલા હોય, તેમાં જો કલ્પમાં હોય તો કલ્પથી સાઈઠ હાથ બહાર લઈને ધોવે તો શુદ્ધ થાય. જો ભૂમિમાં ભાંગ્યા હોય તો ભૂમિને ખોદીને ત્યાગ ન કરે. અન્યથા ત્યાં રહીને સાઈઠ હાથ અને ત્રીજી પોરિસિ સુધી ત્યાગ કરે.

અસ્વાધ્યાયિકનું પ્રમાણ - બિંદુ માત્ર પ્રમાણથી હીન કે અધિક હોય તો અસ્વાધ્યાય થાય ? પ્રશ્ન. તેનો ઉત્તર - માખીનો પગ જેમાં ન બૂડે તે અસ્વાધ્યાયિકનું પ્રમાણ છે.

હવે 'પ્રસૂતા' પદમાં કહે છે —

● ભાષ્ય-૨૨૦નું વિવેચન :-

જેને જરાયુ ન હોય, તેઓમાં પ્રસૂત - વીયાયેલને, તે પ્રસૂતિકાળથી આરંભીને ત્રણ પોરિસિ સુધી અસ્વાધ્યાય. માત્ર અહોરાત્રને છોડીને કહેવું, કેમકે નીકટમાં પ્રસૂત-વીયાયેલા હોય તેને અહોરાત્રના છેદથી શુદ્ધિ થાય છે. ગાય આદિ જરાયુજીને વળી જેટલો કાળ જરા પડે છે, તેટલો કાળ અસ્વાધ્યાયિક છે. જે જરા પડેલ હોય, તો તે પતનકાળથી આરંભીને ત્રણ પ્રહર છોડી દેવાય છે.

'રાજપથવ્યૂઢશુદ્ધ' - આ પદોની વ્યાખ્યા :- 'રાજપથમાં બિંદુઓ' આ પશ્ચાર્દ્ધ છે. સાધુની વસતિની નીકટથી જતા તીર્યંચ જો લોહીના બિંદુઓ પડતા હોય, તે જો રાજપથથી અંતરિત હોય તો શુદ્ધ છે. જો રાજપથે જ બિંદુઓ પડેલા હોય તો પણ સ્વાધ્યાય કરવો કલ્પે છે.

જો અન્ય પથે કે અન્યત્ર પડેલ હોય તો જો જળના વેગથી વહન થાય તો શુદ્ધ સૂર્યપ્રકાશથી કે બળી જવાથી શુદ્ધિ થઈ જાય છે.

મૂળ ગાથામાં — ''પરવયણ સાણમાદીણિ'' છે. પર તે નોદક [ચોદક], તેનું વચન જો શ્વાન - પુદ્ગલને ભોગવીને યાવત્ સાધુની વસતિ સમીપે રહે છે ત્યાં સુધી અસ્વાધ્યાયિક છે. આદિ શબ્દથી માર્જારાદિ લેવા. આચાર્ય કહે છે —

● ભાષ્ય-૨૨૨નું વિવેચન :-

શ્વાનને ભોગવીને માંસથી લિપ્ત મુખ વડે વસતિની નીકટ જતો હોય, તેનું મુખ જો રુધિરથી લિપ્ત સ્તંભકોણાદિમાં સ્પર્શે છે, ત્યારે અસ્વાધ્યાયિક થાય અથવા લિપ્ત મુખે વસતિની નીકટ રહે, તો પણ અસ્વાધ્યાય. આહાર કરતાં પણ હે ઓદક ! અસ્વાધ્યાયિક થતો નથી. જે કારણે તે આહારિત કરીને વમેલ કે ન વમેલ હોય, આહાર પરિણામથી પરિણત હોય. તે આહાર પરિણામ પરિણત અસ્વાધ્યાયિક થતો નથી. કેમકે અન્ય પરિણામ છે. જેમ મૂત્ર-પુરીષાદિ છે.

તીર્યંચ સંબંધી શરીર કહ્યું. હવે માનુષ શરીર કહે છે —

● નિર્યુક્તિ-૧૩૫૫-વિવેચન :-

તે માનુષશરીર અસ્વાધ્યાયિક ચાર ભેદે છે — ચર્મ, માંસ, લોહી અને હાડકાં. તેમાં હાડકાંને છોડીને બાકીના ત્રણ ભેદનો આ પરિહાર છે — ક્ષેત્રથી સો હાથ, કાળથી અહોરાત્ર, જે વળી શરીરથી જ વ્રણાદિમાં આવે છે તે પર્યાપન્ન કે વિવર્ણ હોય



તો તે અસ્વાધ્યાયિક થતો નથી.

પર્યાપન્ન - જેમ લોહી પૂતપરિણામથી - (રસીયુક્ત) રહે. વિવર્ણ ખદિર કલ્ક સમાન રસિકાદિક. બાકીના અસ્વાધ્યાયિક થાય છે.

અથવા શેષ અગારિણીથી સંભવે છે. ત્રણ દિવસની પ્રસૂતામાં જે શ્રાવ તે સાત કે આઠ દિવસો અસ્વાધ્યાયિક કરે છે. જો પુરુષ - પુત્ર જન્મે તો સાત, કેમકે તેને શુક્ર ઉત્કટ હોવાથી તેને સાત, જે સ્ત્રી છે તેને આઠ. કહેલ છે.

● નિર્યુક્તિ-૧૩૫૬-વિવેચન :-

નિષેક કાળે લોહીની ઉત્કટતામાં સ્ત્રી જન્મે, તેનાથી તેને આઠ દિવસ પરિહાર કરાય છે. શુક્રની અધિકતાથી પુરુષના જન્મમાં તેને સાત દિવસ. જે વળી સ્ત્રીને ત્રણ ઋતુદિવસોથી વધારે થાય, તો તે સરોગ યોનિવાળી સ્ત્રીના અનૃતુકંને તે અહોરાત્ર પછી કહી છે. તેને કાયોત્સર્ગ કરીને સ્વાધ્યાય કરવો. આ પ્રમાણે લોહીમાં વિધિ છે.

● નિર્યુક્તિ-૧૩૫૭-વિવેચન :-

જે પૂર્વે કહ્યું — ''હાડકાંને છોડીને'' તેમાં આ વિધિ છે — જો દાંત પડેલ હોય, તો તે પ્રયત્નપૂર્વક શોધવો, જો દેખાય તો સો હાથથી દૂર તજી દેવો. જો ન દેખાય તો તેના ઉદ્ઘાટનો કાયોત્સર્ગ કરીને સ્વાધ્યાય કરે.

બાકીના હાડકામાં જીવમોચન દિવસથી આરંભીને સો હાથની અંદર રહેલમાં બાર વર્ષ અસ્વાધ્યાયિક. આ ગાથાનો પૂર્વાર્દ્ધ કહ્યો.

પશ્ચાર્દ્ધને ભાષ્યકાર જ વ્યાખ્યા કરતાં કહે છે —

● ભાષ્ય-૨૨૨-વિવેચન :-

सीयाण - શ્મશાનમાં જે હાડકાં બળી ગયા હોય, જળપ્રવાહમાં વહી ગયા હોય, તે હાડકાંથી અસ્વાધ્યાયિક થતાં નથી. વળી જે ત્યાં કે અન્યત્ર અનાથ ક્લેવર પરિસ્થાપિત હોય કે સનાથ ક્લેવરને ઇંધણાદિ અભાવે નિક્ષિપ્ત કર્યા હોય, તેને અસ્વાધ્યાયિક કરે છે.

पाण - માતંગ [ચાંડાલ], તેમનો આડંબર, યક્ષ, હ્રીમૈક પણ કહેવાય છે, તેની નીચે તુરંતના મરેલના હાડકાં સ્થાપે છે. એ પ્રમાણે રુદ્રગૃહમાં અને માતૃગૃહમાં જાણવું. તે કાળથી બાર વર્ષો, ક્ષેત્રથી સો હાથને પરિહરવા જોઈએ.

● નિર્યુક્તિ-૧૩૫૮ + વિવેચન :-

આવાસિત, વ્યૂઢ, બાકીનામાં જે શોધતા દેખાય છે તે શારીર ગ્રામ, વાડક, શાખામાં, ન લઈ જાય [આ માત્ર પદો છે] તેની વ્યાખ્યા હવેની નિર્યુક્તિમાં અપાયેલ છે.

● નિર્યુક્તિ-૧૩૫૯-વિવેચન :-

ઉક્ત બંને ગાથાની વ્યાખ્યા - જે શ્મશાન, જેમાં અશિવ અને અવમ મૃતક ઘણાં ત્યજાયા, 'આઘાતન' અથવા જે મહાસંગ્રામમાં ઘણાં ત્યજાયા, 'આઘાતન' અતવા જે મહાસંગ્રામમાં ઘણાં ત્યજાયા. આવા સ્થાનોમાં અવિશોધિતમાં કાળથી બાર વર્ષ, ક્ષેત્રથી સો હાથને પરિહરે અર્થાત્ સ્વાધ્યાય ન કરે.

હવે આ સ્થાનો દવના અગ્નિ આદિથી બળી જાય અથવા પાણીના પ્રવાહ વડે તે માર્ગ વહાઈ જાય, તે ગામ કે નગરે પોતે અથવા ગૃહસ્થ વડે શોધિત બાકીના સ્થાનો અથવા જે ગૃહસ્થો ન શોધેલ હોય તે સ્થાને પછી સાધુઓ રહ્યા હોય, પોતાની વસતિની ચોતરફ શોધતા જે દેખાય તે તજીને અથવા અદૃષ્ટ હોય, તેમાં ત્રણ દિવસ ઉદ્‌ઘાટન કાયોત્સર્ગ કરીને અશઠ ભાવે સ્વાધ્યાય કરે છે.

શારીરગ્રામ પશ્ચાર્દ્ધ આ વિભાષા છે – 'શરીર' એટલે મૃતનું શરીર યાવત્ લઘુગ્રામમાં નિષ્કાશિત ન કરેલ હોય, ત્યાં સુધી સ્વાધ્યાય ન કરે. હવે નગરમાં કે મોટાગ્રામમાં ત્યાં વાડાથી કે શાખાથી જ્યાં સુધી નિષ્કાશિત ન કરેલ હોય, ત્યાં સુધી સ્વાધ્યાયનો ત્યાગ કરે જેથી લોકો તેમને નિર્દુખા - દુઃખ કે અનુકંપા વગરના ન કહે.

તેથી જ ભાષ્યકાર કહે છે –

• ભાષ્ય-૨૨૩ + વિવેચન :-

લઘુ ગામમાં મૃતકને જ્યાં સુધી લઈ ન જાય, ત્યાં સુધી સ્વાધ્યાય ન કરે. મોટા નગર કે ગામમાં વાડા કે શાખાથી ન કાઢે ત્યાં સુધી સ્વાધ્યાય પરીહરે. ચોદક કહે છે – સાધુની વસતિની સમીપે મૃતક શરીરના લઈ જવાતા જો પુષ્પ-વસ્ત્રાદિ પડે તો અસ્વાધ્યાયિક.

આચાર્ય કહે છે કે –

• નિર્યુક્તિ-૧૩૬૦-વિવેચન :-

મૃતકશરીર વસતિના ઉભયથી સો હાથમાં જેટલામાં લઈ જવાય ત્યાં સુધીમાં તે અસ્વાધ્યાયિક. બાકીની પરવચન ભણિત પુષ્પાદિનો પ્રતિષેધ કરવો અર્થાત્ અસ્વાધ્યાયિક ન થાય.

જેનાથી શરીર અસ્વાધ્યાયિક ચાર ભેદે છે – લોહી, માંસ, ચર્મ અને હાડકાં, તેથી તેમાં સ્વાધ્યાય વર્જવો ન જોઈએ.

• નિર્યુક્તિ-૧૩૬૧-વિવેચન :-

આ સંયમઘાતાદિક પાંચ પ્રકારે અસ્વાધ્યાયિક કહેલ છે. તે જ પાંચ વડે વર્જિત સ્વાધ્યાય થાય છે. ત્યાં તે સ્વાધ્યાયકાળમાં આ વક્ષ્યમાણ - કહેવાનાર 'મેરા' - સામાચારી પ્રતિક્રમીને જ્યાં સુધી વેળા ન થાય, ત્યાં સુધી કાળ પ્રતિલેખના કરવામાં ગ્રહણકાળમાં પ્રાપ્ત ગંડકનું દૃષ્ટાંત થશે અને ગ્રહણ કર્યા પછી શુદ્ધ કાળમાં પ્રસ્થાપન વેળામાં મરુકનું દૃષ્ટાંત આવશે.

શા માટે કાળગ્રહણ ? તેનો ઉત્તર આપે છે –

• નિર્યુક્તિ-૧૩૬૨-વિવેચન :-

સંયમ ઘાતાદિકને પાંચ પ્રકારે અસ્વાધ્યાય છે, તેના પરિજ્ઞાન અર્થે કાળવેળાને જુએ છે અર્થાત્ નિરૂપમ કરે છે.

કાળ નિરૂપણીય છે. કાળના નિરૂપણ વિના પંચવિધ સંયમઘાતાદિને ન જાણે. જો ગ્રહણ કર્યા વિના સ્વાધ્યાય કરે તો ''ચતુર્લઘુ'' પ્રાયશ્ચિત્ત કહેલ છે. તે કારણથી





કાળ પ્રતિલેખનામાં આ સામાચારી છે –

દિવસની છેલ્લી પોરિસિમાં ચોથા ભાગ બાકી રહે ત્યારે કાળગ્રહણ સંબંધી ત્રણ ભૂમિનું પ્રતિલેખન કરવું જોઈએ. અથવા ત્રણ ઉચ્ચાર પ્રશ્રવણ કાળભૂમિઓ છે, એમ ગાથાર્થ છે.

• નિર્યુક્તિ-૧૩૬૩-વિવેચન :-

અંત - એટલે નિવેશનની ત્રણ ઉચ્ચારની અધ્યાસિત સ્થંડિલનીકટ, મધ્ય અને દૂર, એ ત્રણને પડિલેહે. અનધ્યાસિત સ્થંડિલો પણ અંતરથી જ ત્રણને પડિલેહે. આ પ્રમાણે અંતઃસ્થંડિલ છ થાય છે.

નિવેશનથી બહાર પણ છ સ્થંડિલ થાય છે. આમાં પણ અધ્યાસિતને દૂરતર અને અનધ્યાસિતને આસન્નતર કરવી જોઈએ.

• નિર્યુક્તિ-૧૩૬૪-વિવેચન :-

પ્રશ્રવણમાં આ જ ક્રમથી બાર, એ પ્રમાણે કુલ ચોવીશ ભૂમિને અત્વરિત અસંભ્રાંત ઉપયુક્ત થઈને પડિલેહણ કરીને પછી ત્રણ કાલગ્રહણ-સ્થંડિલનું પ્રતિલેખન કરે છે. જઘન્યથી હસ્તાંતરિતને પડિલેહે.

હવે અનંતર સ્થંડિલ પ્રતિલેખના યોગ પછી જ સૂર્યાસ્તમાં તે આવશ્યક કરે છે. તેની આ વિધિ છે –

• નિર્યુક્તિ-૧૩૬૫-વિવેચન :-

હવે સૂર્ય અસ્ત થવાના અનંતર જ આવશ્યક કરે છે. 'પુનઃ' શબ્દ વિશેષણમાં છે. બે પ્રકારે આવશ્યક કરણને વિશેષિત કરે છે - નિર્વ્યાઘાત અને વ્યાઘાતવત્. જો નિર્વ્યાઘાત હોય તો બધાં ગુરુ સહિત આવશ્યક કરે છે. હવે ગુરુ શ્રાવકોને ધર્મ કહે છે. ત્યારે આવશ્યકને સાધુની સાથે કરણીયમાં વ્યાઘાત થાય છે. જે કાળમાં તે કરવા યોગ્ય છે, તે ઘટાડતા વ્યાઘાત કહેલ છે. પછી ગુરુ અને નિષધાધર પછી ચારિત્રના અતિચાર જ્ઞાનાર્થે કાયોત્સર્ગમાં રહે છે.

• નિર્યુક્તિ-૧૩૬૬-વિવેચન :-

બાકીના સાધુઓ ગુરુને પૂછીને, ગુરુ સ્થાનની પાછળ, નજીક, દૂર રાત્નિકના ક્રમે, જેનું જ્યાં સ્થાન છે, તે સ્વસ્થાન કહેવાય. ત્યાં પ્રતિક્રમવું જોઈએ, આ સ્થાપના છે –

ગુરુની પાછળ રહેલો, મધ્યમાંથી જઈને સ્વસ્થાને રહે. જેઓ ડાબી બાજુ હોય, તે અનંતર સવ્યથી જઈને સ્વસ્થાને રહે. જે દક્ષિણમાં હોય તે અનંતર અપસવ્યથી જઈને રહે. ત્યાં અનાગત સૂત્રાર્થ સ્મરણના હેતુથી રહે છે, ત્યાં પૂર્વેથી રહેલા ''કરેમિ ભંતે'' એ સામાયિક સૂત્ર કરે છે. પછી જ્યારે ગુરુ સામાયિક કરીને 'વોસિરામિ' એમ બોલે અને કાયોત્સર્ગમાં રહે ત્યારે દૈવસિક અતિચારને ચિંતવે છે.

બીજા કહે છે – જ્યારે ગુરુઓ સામાયિક કરે છે, ત્યારે પૂર્વે રહેલ હોય તો પણ તે સામાયિક કરે છે. બાકી સુગમ છે.

• નિર્યુક્તિ-૧૩૬૭ + વિવેચન :-

જે અસમર્થ, બાળ, વૃદ્ધ, ગ્લાન અને પરિતાંત હોય, તે વિકથાથી વિરહિત થઈને નિર્જરાપ્રેક્ષી થઈને રહે.

પરિતાંત - પ્રાઘુર્ણક આદિ, તે પણ સ્વાધ્યાય અને ધ્યાનરત થઈને રહે છે. જ્યારે ગુરુઓ (સામાયિકમાં) રહે છે, ત્યારે તેઓ પણ 'બાળ આદિ' આ વિધિથી રહે છે —

• નિર્યુક્તિ-૧૩૬૮ + વિવેચન :-

જિનોપદિષ્ટ અને ગુરુના ઉપદેશથી આવશ્યક કરીને, ત્રણ થોય અને કાળ પ્રતિલેખના કરે તેમાં આ વિધિ છે.

જિનેશ્વર કે ગણધરે ઉપદિષ્ટ, પછી પરંપરાથી યાવત્ આપણા ગુરુના ઉપદેશથી આવેલ તે આવશ્યક કરીને બીજા ત્રણ થોય કરે છે અથવા એક એકશ્લોકિકા, બીજા દ્વિશ્લોકિકા, ત્રીજા ત્રિશ્લોકિકા, તેની સમાપ્તિમાં કાળ પ્રતિલેખના વિધિ કરવી જોઈએ.

આ વિધિને રહેવા દઈને હવે કાળભેદ કહે છે —

• નિર્યુક્તિ-૧૩૬૯ + વિવેચન :-

કાળ (ગ્રહણ) બે ભેદે છે — વ્યાઘાતિમ અને બીજું જાણવું. તેમાં વ્યાઘાતમાં ઘંઘશાળામાં ઘટ્ટણ અથવા શ્રાદ્ધ કથનથી છે.

ગાથાનો પૂર્વાર્દ્ધ સુગમ છે. પશ્ચાર્દ્ધની વ્યાખ્યા આ પ્રમાણે — જે અતિરિક્ત વસતિ અને કાર્પટિકે સેવેલી છે, તે ઘંઘશાળા. તેમાં જતાં ઘટ્ટન, પત્તન આદિ વ્યાઘાત દોષ તથા શ્રાવકના કથનથી વેળા અતિક્રમણ દોષ થાય છે.

• નિર્યુક્તિ-૧૩૭૦નું વિવેચન :-

તે વ્યાઘાતવાળી બેમાં જે કાળ અને પ્રતિચારક છે તે નીકળતા, તેમને ત્રીજા ઉપાધ્યાયાદિ અપાય છે.

તે બંને કાલગ્રહીઓ આપૃચ્છા-સંદિશન-કાલપ્રવેદન બધું જ તેને જ કરે છે. અહીં ગંડગનું દૃષ્ટાંત હોતું નથી. બીજા બધાં ઉપયુક્ત થઈને રહે છે. શુદ્ધ કાળમાં ત્યાં ઉપાધ્યાયને પ્રવેદન કરે છે.

ત્યારે દંડધર બહાર કાળને પ્રતિચરતો રહે છે.

બીજા પણ બે અંદર પ્રવેશતા, તે ઉપાધ્યાયની સમીપે બધાં એકસાથે કાળની પ્રસ્થાપના કરે છે. પછી એક નીકળે છે, દંડધર આવે છે. તેના વડે પ્રસ્થાપના થતાં સ્વાધ્યાય કરે છે.

નિર્વ્યાઘાતમાં પશ્ચાર્દ્ધ છે, તેનો અર્થ આ છે —

• નિર્યુક્તિ-૧૩૭૧નું વિવેચન :-

નિર્વ્યાઘાતમાં બે જણા ગુરુને પૂછે છે - અમે કાળગ્રહણ કરીએ ? ગુરુ વડે અનુજ્ઞા પામીને ''કૃતિકર્મ'' વંદન કર્યા પછી દંડક ગ્રહણ કરીને બંને ઉપયુક્ત થઈને આવશ્યિકી આશય્યા કરતો અને પ્રમાર્જના કરતો નીકળે.



માર્ગમાં જો સ્ખલના પામતો કે પડતો અથવા વસ્ત્રાદિને સ્પર્શતો કૃતિકર્માદિ કે કંઈક વિતથ કરે, ત્યારે કાળ વ્યાઘાત.

આ કાળ ભૂમિ પ્રતિચરણ વિધિ છે, ઈન્દ્રિયોમાં ઉપયુક્ત તે બંને પ્રતિચરતા, દિશ - જ્યાં ચારે પણ દિશા દેખાય છે, ઋતુમાં જો ત્રણ તારા દેખાય છે. પણ જો બંને ઉપયુક્ત ન હોય કે અનિષ્ટ ઈન્દ્રિયવિષય હોય. દિશ દિશામોહ - દિશા કે તારાઓ ન દેખાય અથવા વરસાદ પડે અથવા અસ્વાધ્યાયિક થાય ત્યારે કાળવધ કહ્યો. - પરંતુ -

• નિર્યુક્તિ-૧૩૭૨-વિવેચન :-

તે બંનેને જ ગુરુસમીપેથી કાળભૂમિ જતા, માર્ગમાં જો ક્ષત કે જ્યોતિ સ્પર્શે ત્યારે નિવર્તે - અટકી જાય. એવા એવા કારણોથી અવ્યાહત તે બંને પણ નિર્વ્યાઘાતથી કાળભૂમિ જતાં સંદશક આદિ વિધિપૂર્વક પ્રમાર્જીને બંને બેસે અથવા ઉભા રહીને એક-એક એમ બે દિશામાં નિરીક્ષણ કરતાં રહે. ત્યાં કાળભૂમિમાં રહીને —

• નિર્યુક્તિ-૧૩૭૩-વિવેચન :-

ત્યાં સ્વાધ્યાય (ન) કરતાં બંને રહે. કાળવેળાને પ્રતિચરે છે. જો ગ્રીષ્મમાં ત્રણ અને શિશિરમાં પાંચ વર્ષામાં સાત કણકોને પડતા જુએ, ત્યારે વિનિવર્ત્તે [અટકી જાય]

હવે નિર્વ્યાઘાતથી પ્રાપ્ત કાળગ્રહણ વેળાએ ત્યારે જે દંડધર હોય તે અંદર પ્રવેશતા બોલે છે —

''કાળવેળા ઘણી પ્રતિપન્ન થઈ, હવે બોલ [શબ્દ] ન કરશો.

અહીં ગંડકોપમાં જે પૂર્વે કહેલ છે, તે કરે છે.

• નિર્યુક્તિ-૧૩૭૪-વિવેચન :-

જેમ લોકમાં ગ્રામાદિ દંડક વડે આઘોષિત ઘણાં જ શ્રુતો વડે અને અલ્પ અશ્રુતો વડે ગ્રામાદિ સ્થિત ન કરતાં દંડ થાય છે.

ઘણાં અશ્રુનો વડે ગંડાનો દંડ થાય છે. તે પ્રમાણે અહીં પણ ઉપસંહાર કરવો જોઈએ.

પછી દંડધર નીકળતાં કાળગ્રહી ઉભો થાય છે. તે આવો હોય —

• નિર્યુક્તિ-૧૩૭૫ + વિવેચન :-

પ્રિયધર્મ, દૃઢધર્મ, સંવિગ્ન, પાપભીરુ, ખેદજ્ઞ અને અભીરુ એવો સાધુ કાળ પ્રતિલેખના કરે. અહીં પ્રિયધર્મ અને દૃઢધર્મની ચૌભંગી જાણવી. તેમાં આ પહેલો ભંગ છે. તે નિત્ય સંસારના ભયથી ઉદ્વિગ્ન હોય, સંવિગ્ન હોય. वज्ज - પાપ, તેનો ભીરુ - જે રીતે તે ન થાય તે રીતે પ્રયત્નશીલ રહે તે પાપભીરુ કહેવાય.

અહીં કાલવિધિ જ્ઞાયક ખેદજ્ઞ, સત્વવાળો, અભીરુ, આવો સાધુ કાળ પ્રતિચરક અને પ્રતિજાગરક થાય. અર્થાત્ કાળગ્રાહી - કાળગ્રહણ લેનારો થાય. એ પ્રમાણે ગાથાર્થ છે.

તે વેળાને પ્રતિચરતો આવા પ્રકારે કાળને તુલના કરે છે.

• **નિર્યુક્તિ-૧૩૭૬-વિવેચન :-**

સંધ્યામાં વિદ્યમાન કાળગ્રહણને આહરીને તે કાળગ્રહણ અને સંધ્યાનું જે શેષ, આ બંને પણ સમ જે રીતે સમર્પે છે, તે રીતે તે કાળવેળાની તુલના કરે છે.

અથવા ઉત્તરાદિમાં ત્રણે સંધ્યામાં ગ્રહણ કરે છે.

ચરમ - બીજી અપગત સંધ્યામાં પણ ગ્રહણ કરે છે. તો પણ દોષ ન લાગે. આ પ્રમાણે ગાથાર્થ જાણવો.

તે કાલગ્રાહી વેળાને તોલ કરીને કાળભૂમિ સંદિશન નિમિત્ત ગુરુના પાદમૂલે જાય છે. તેમાં આ વિધિ છે —

• **નિર્યુક્તિ-૧૩૭૭-વિવેચન :-**

જે રીતે જતો એવો આયુક્ત નીકળે, તે રીતે પ્રવેશતો પણ તે આયુક્ત પ્રવેશે છે. પૂર્વે નીકળેલ જ જો પૂછ્યા વિના કાળને ગ્રહણ કરે છે. પ્રવેશતો પણ જો સ્ખલન પામે કે પડે છે, તેનાથી અહીં પણ કાળ સમાન ઉદ્‌ઘાત જાણવો.

અથવા ઘાત તે ઢેકુ કે અંગારાદિ વડે ઘાત થાય.

‘બોલતો, મૂઢ શંકિત, ઈન્દ્રિયવિષયમાં અમનોજ્ઞ’ ઈત્યાદિ પશ્ચાર્દ્ધ સાંન્યાસિકને આગળ કહીશું.

અથવા અહીં પણ આવો અર્થ કહેવો — વંદન દેતો, બીજો બોલતા બોલતા આપે - વંદનદ્વીકને ઉપયોગથી ન આપે અથવા જે ક્રિયામાં મૂઢ કે આવર્ત્ત આદિમાં શંકા કરતો કે ન કરતો વંદન દેતો અથાગ અમનોજ્ઞ ઈન્દ્રિય વિષય આવતા —

• **નિર્યુક્તિ-૧૩૭૮ + વિવેચન :-**

નૈષેધિકીમાં નમસ્કાર, પંચમંગલમાં કાયોત્સર્ગ, કૃતિકર્મ કરતા બીજો કાળ પણ પ્રતિચરે છે.

પ્રવેશ કરતો ત્રણ વખત નૈષેધિકી કરે છે. ક્ષમાશ્રમણોને નમસ્કાર કરે છે. ઈર્યાપથિકીમાં પાંચ ઉચ્છ્‌વાસકાલિક કાયોત્સર્ગ કરે છે પારીને ‘‘નમો અરિહંતાણં’’ બોલીને પંચમંગલ જ કહે છે.

ત્યારે કૃતિકર્મ એટલે દ્વાદશાવર્ત્ત વંદન આપે છે. પછી કહે છે કે — પ્રાદોષિક કાળને ગ્રહણ કરવાની આજ્ઞા આપો. ગુરુવચને ગ્રહણ કરે.

એ પ્રમાણે જ્યાં સુધી કાળગ્રાહી આજ્ઞા લઈને આવે છે, તેટલામાં બીજો દંડધર, તે કાળને પ્રતિચરે છે.

ફરી પૂર્વોક્ત વિધિથી કાળગ્રાહી નીકળે છે —

• **નિર્યુક્તિ-૧૩૭૯ + વિવેચન :-**

થોડી સંધ્યા બાકી રહે ત્યારે ઉત્તરામુખ સ્થાપે છે. ચતુર્વિંશતિ સ્તવ, દ્રુમપુષ્પિકાને પૂર્વથી એક એક દિશામાં સ્થાપે.

ઉત્તરામુખ દંડધારી પણ ડાબે પડખે. ઋજુતિર્યક્ દંડધારી પૂર્વાભિમુખ રહે છે. કાળગ્રહણ નિમિત્તે આઠ શ્વાસોચ્છ્‌વાસ કાળને કાયોત્સર્ગ કરે છે. બીજા કહે છે — પાંચ ઉચ્છવાસિક કરે છે.



કાયોત્સર્ગ પારીને ચતુર્વિંશતિ સ્તવ [લોગસ્સ], દ્રુમપુષ્પિકા અને શ્રામણ્યપૂર્વક. આ ત્રણે અસ્ખલિત અનુપ્રેક્ષા કરીને પછી પૂર્વમાં આ જ અનુપ્રેક્ષે છે. એ પ્રમાણે દક્ષિણમાં અને પશ્ચિમમાં પણ જાણવું.

કાળગ્રહણ લેતા આ ઉપઘાતો જાણવા —

• **નિર્યુક્તિ-૧૩૮૦-વિવેચન :-**

તેને દિશામોહ થાય અથવા દિશા પ્રતિ કે અધ્યયનપ્રતિ મૂઢ હોય. કઈ રીતે ? તેને વૃત્તિકાર સ્પષ્ટ કરે છે —

પહેલાં ઉત્તરોન્મુખથી રહેવું જોઈએ, તે ફરી પૂર્વોન્મુખ ઉભો રહે. અધ્યયનોમાં પણ પહેલાં ચતુર્વિંશતિ સ્તવ, તે વળી મૂઢત્વથી દ્રુમપુષ્પિકા અથવા શ્રામણ્યપૂર્વક કહે.

સ્ફૂટ જ વ્યંજનના અભિલાપથી બોલતો કે કહે. બ્રુડબ્રુડ કરતો ગ્રહણ કરે. એ પ્રમાણે કાળગ્રહણ ન સુઝે.

શંકા કરતો પૂર્વમાં ઉત્તરોન્મુખથી રહે, પછી પૂર્વોન્મુખથી રહેવું જોઈએ. ફરી ઉત્તરના બદલે પશ્ચિમોન્મુખ રહે.

અધ્યયનમાં પણ ચતુર્વિંશતિને બદલે બીજું જ ક્ષુલ્લક આચાર આદિ અધ્યયન સંક્રામે છે.

અથવા એવી શંકા થાય છે કે — શું અમુક દિશામાં ઉભેલો કે નહીં ? અધ્યયનમાં પણ શું કર્યુ કે શું ન કર્યુ ?

ઈન્દ્રિય વિષય પણ અમનોજ્ઞ એટલે અનિષ્ટ પ્રાપ્ત થાય. જેમકે — શ્રોત્રેન્દ્રિયથી વ્યંતર વડે થતા રુદનને કે અટ્ટહાસ્યને સાંભળે. રૂપ કરતા વિભીષિકાદિ વિકૃત રૂપ જુએ, કલેવરાદિની ગંધ સુંઘે. રસ તેમજ જાણો, સ્પર્શમાં અગ્નિ જ્વાલાદિને સ્પર્શ થાય.

અથવા ઈષ્ટ રાગને પામે, અનિષ્ટ ઈન્દ્રિય વિષયોમાં દ્વેષ કરે.

એ પ્રમાણે ઉપઘાત વર્જિત કાળને ગ્રહણ કરીને કાળનિવેદન અર્થે ગુરુની પાસે જઈને આમ કહે છે —

• **નિર્યુક્તિ-૧૩૮૨ + વિવેચન :-**

જે વિધિ જતી વેળાએ છે, આવતા પણ તે જ વિધિ છે. જે અહીં નાનાત્વ છે, તેને હું સંક્ષેપથી કહીશ.

આ **ભદ્રબાહુ સ્વામીકૃત** ગાથા છે. આનો અતિદેશ કરીને પણ **સિદ્ધસેન ક્ષમાશ્રમણે** પૂર્વાર્ધ કહેલ છે તે અતિદેશનું વ્યાખ્યાન કરે છે —

• **પ્રક્ષેપગાથા-૧ + વિવેચન :-**

જો નીકળતી આવશ્યિકી ન કરે અને પ્રવેશતી વખતે નૈષેધિકી ન કરે અથવા કરણ આસજ્ય ન કરે.

કાળગ્રહણ ભૂમિમાં પ્રસ્થિત ગુરુની સમીપે જો માર્ગમાં શ્વાન કે માર્જારાદિ છેદ કરે. શેષ પદો પૂર્વો કહ્યા છે, તે આ પ્રમાણે —

સ્ખલિત થાય, પડે, વ્યાઘાત થાય, અપ્રમાર્જના, ભય એ બધામાં કાલવધ થાય છે. હવે બીજી ગાથા કહે છે —

• **પ્રક્ષેપગાથા-૨ + વિવેચન :-**

પહેલાં ગુરુને પૂછીને કાળભૂમિમાં જાય. જો કાળભૂમિમાં ગાય બેઠી હોય અથવા સંસર્પકાદિ ઉભા થાય તેને જુએ, તો નિવર્તે - પાછા ફરે.

જો કાળ પડિલેહણ કતા કે ગ્રહણ કરતા કે કાળ નિવેદનામાં જતાં કપિહસિતાદિ થાય, તેનાથી કાળ વધ થાય છે. कपिहसित એટલે આકાશમાં વાંદરા સમાન વિકૃત મુખ અને હાસ્ય કરે છે.

વિદ્યુત્, ગર્જિત, ઉલ્કા આદિ પદોનો અર્થ કહેવાયેલ છે.

કાલગ્રાહી નિર્વ્યાઘાતથી ગુરુ સમીપે આવતો —

• **નિર્યુક્તિ-૧૩૮૩ + વિવેચન :-**

ઈર્યાપથિકા હસ્તાંતર માત્રમાં પણ કરે. નિવેદના દ્વારમાં પંચમંગલ રહે. બધું જ પ્રસ્થાપે, પછી કરણ કે અકરણ હોય.

જો કે ગુરુથી એક હાથના અંતરે માત્રથી કાળ ગ્રહણ કરે તો પણ કાળ પ્રવેદનમાં ઈર્યાપથિકી પડિક્કમવી. પાંચ ઉચ્છ્વાસ માત્ર કાળનો ઉત્સર્ગ કરે છે. કાયોત્સર્ગ પારીને પણ પંચમંગલ કહે છે.

પછી વંદન કરીને નિવેદન કરે છે કે — પ્રાદ્વેષિક કાળ શુદ્ધ છે. ત્યારે દંડધરને છોડીને બાકી બધાં એકસાથે સ્વાધ્યાય પ્રસ્થાપિત કરે. જોગ ક્રિયામાં તેને 'સજ્ઝાય પઠાવે' બોલે છે.

શું કારણ ? તે કહે છે — પૂર્વોક્ત જે મરુક દૃષ્ટાંત કહ્યું.

• **નિર્યુક્તિ-૧૩૮૪-વિવેચન :-**

વાડ, વંટક, વિભાગ એ એકાર્થક શબ્દો છે. આરિક, આગારિક, સારિક એ એકાર્થક શબ્દો છે. વાટ વડે આરિક તે વાટાર.

જે રીતે તે વાટાર સન્નિહિત મરુક વડે પમાય છે, પરોક્ષથી નહીં. તે રીતે દેશાદિ વિકથા પ્રમાદવાળાને પછી કાળ ન અપાય.

દ્વાર-ની વ્યાખ્યા. બાહ્યસ્થિતિ આદિ પશ્ચાર્દ્ધ ગાથા સુગમ છે.

'સર્વ વડે' પશ્ચાર્દ્ધની આ વ્યાખ્યા છે —

• **નિર્યુક્તિ-૧૩૮૫-વિવેચન :-**

દંડધર વડે પ્રસ્થાપિત અને વંદિત કરાયા પછી, એ પ્રમાણે બધાં વડે પ્રસ્થાપિત અને વંદિત કરાયા પછી આ પૃચ્છા થાય છે — હે આર્ય ! કોઈના વડે કંઈપણ જોયું કે સાંભળ્યું ? દંડધર કે બીજાને પૂછે. તેઓ પણ સત્ય કહે છે.

જો બધાં જ કહે કે — કંઈપણ જોયું કે સાંભળ્યું નથી. ત્યારે શુદ્ધિમાં સ્વાધ્યાય કરે છે. જો એકાદાએ પણ કંઈ વિદ્યુતાદિ પ્રગટ જોયા કે ગર્જિત આદિ સાંભળેલ હોય ત્યારે અશુદ્ધ થાય તો સ્વાધ્યાય ન કરે.

હવે શંકિત હોય તો શું ?

• **નિર્યુક્તિ-૧૩૮૬-વિવેચન :-**

જો એક સંદિગ્ધ હોય કે જોવું અથવા સાંભળ્યુ, તો સ્વાધ્યાય કરાય છે.



બેઉને પણ સંદેહ હોય તો પણ સ્વાધ્યાય કરાય છે. પરંતુ ત્રણને વિદ્યુત્ આદિકના વિષયમાં એક સમાન સંદેહ હોય તો સ્વાધ્યાય કરાતો નથી, તેમ છતાં જો ત્રણેમાં અન્યાન્ય સંદેહ હોય તો કરાય છે.

સ્વગણમાં બીજાના વચનથી શંકિત થાય તો અસ્વાધ્યાય કરાતો નથી. ક્ષેત્ર વિભાગથી તેમાં જ અસ્વાધ્યાય સંભવે છે.

આમાં જે વિવિધતા કે ભેદ છે, તે હું સંક્ષેપથી કહીશ —

• **નિર્યુક્તિ-૧૩૮૭-વિવેચન :-**

આ બધું જ પ્રાદોષિક કાળે કહેલ છે. આ ચારે પણ કાળમાં કંઈક સામાન્ય અને કંઈક વિશેષથી હું કહું છું.

પ્રાદોષિકમાં એક દંડધરને છોડીને બાકીના બધાં એક સાથે [કાળ કે સ્વાધ્યાય પઠાવે] પ્રસ્થાપિત કરે.

• **નિર્યુક્તિ-૧૩૮૮-વિવેચન :-**

સુષ્ઠુ ઈન્દ્રિય ઉપયોગમાં ઉપયુક્ત વડે બધાં કાળો પ્રતિજાગરિત કરવા અર્થાત્ ગ્રહણ કરવા જોઈએ.

कनक - કાળકૃત્ સંખ્યા વિશેષ, તેને કહે છે — ત્રણે ગ્રીષ્મમાં ઉપહત કરે છે, તે ઉત્કૃષ્ટ કહેવાય છે કેમકે લાંબોકાળ ઉપઘાત કરે છે. જઘન્યથી સાત અને બાકીની મધ્યમ જાણવી.

કનકા ગ્રીષ્મમાં ત્રણ, શિશિરમાં પાંચ, વર્ષામાં સાતનો ઉપઘાત કરે છે. ઉલ્કા એકનો ઉપઘાત કરે ઈત્યાદિ હવેની નિર્યુક્તિમાં કહે છે —

• **નિર્યુક્તિ-૧૩૮૯ + વિવેચન :-**

કનકા અનુક્રમે ત્રણ, પાંચ અને સાતનો ગ્રીષ્મ, શિશિર અને વર્ષામાં હણે છે. ઉલ્કામાં વળી એક પણ હોય. આ બેમાં આ વિશેષ છે - કનક શ્લક્ષ્ણરેખા અને પ્રકાશરહિત, ઉલ્કા એટલે પ્રકાશકારિણી મોટી રેખા. અથવા રેખારહિત વિસ્ફૂલિંગ પ્રભા કર તે ઉલ્કા જ.

''વર્ષામાં ત્રણે દિશા'' આ પદોની વ્યાખ્યા —

• **નિર્યુક્તિ-૧૩૯૦ + વિવેચન :-**

વર્ષામાં ત્રણ દિશામાં પ્રાભાતિક કાળમાં હોય છે, બાકી ત્રણેમાં ચારે દિશા, ઋતુબદ્ધમાં ત્રણ તારા જોવે તે આ રીતે —

જ્યાં વર્ષા રાત્ર કાળમાં રહે, ત્રણે પણ દિશામાં ત્યાં જોઈને પ્રાભાતિક કાળને ગ્રહણ કર. બાકીના ત્રણે કાળમાં વર્ષામાં જ્યાં રહીને ચારે દિશા વિભાગોને જુએ અને ત્યાં રહીને કાલગ્રહણ બે.

ઋતુબદ્ધમાં ત્રણ તારા, આ રીતે —

• **નિર્યુક્તિ-૧૩૯૧-વિવેચન :-**

ત્રણે કાળમાં અર્થાત્ પ્રાદોષિક, અર્ધરાત્રિક અને વૈરાત્રિક કાળમાં જો ત્રણ તારા જઘન્યથી જુએ, ત્યારે કાળ ગ્રહણ લે. ઋતુબદ્ધમાં વાદળ આદિ વડે

આચ્છાદિતમાં જો કે એક પણ તારાને ન જુએ, તો પણ પ્રભાતિક કાળને ગ્રહણ કરે. વર્ષાકાળમાં વળી ચારે પણ કાળ વાદળ આચ્છાદિતમાં તારા આદૃશ્ય જ હોય તો પણ કાળ ગ્રહણ કરે.

"છન્ને નિવિષ્ટ"ની આ વ્યાખ્યા છે —

**● નિર્યુક્તિ-૧૩૯૨-વિવેચન :-**

જો કે વસતિની બહાર કાળગ્રાહીને સ્થાન ન હોય, ત્યારે છન્ન-ઢંકાયેલા સ્થાને ઉર્ધ્વસ્થિત થઈને કાળ ગ્રહે.

જો ઉર્ધ્વસ્થિતનું પણ અંતઃસ્થાન ન હોય ત્યારે છન્નમાં જ રહિને કાળગ્રહણ લે છે.

બહાર રહીને પણ એક પ્રતિચરે છે, વર્ષાબિંદુ પડતા હોય તો નિયમા અંતઃસ્થિત થઈ કાળ ગ્રહણ કરે. ત્યાં પણ ઉર્ધ્વસ્થિત કે બેસીને લે. વિશેષ એ કે પ્રતિચરક પણ અંદર રહીને જ પ્રતિચરે છે.

આ પ્રાભાતિકમાં ગચ્છના ઉપગ્રહાર્થે અપવાદ વિધિ કહી. બાકીના કાળ, સ્થાન ન હોય તો ગ્રહણ ન કરવા. અથવા આચરણાથી જાણવા.

કયા કાળમાં કઈ દિશાભિમુખ વડે રહેવું ? તે કહે છે —

**● નિર્યુક્તિ-૧૩૯૩-વિવેચન :-**

પ્રાદોષિકમાં અને અર્ધરાત્રિકકાળમાં નિયમથી ઉત્તરની સન્મુખ રહે. વૈરાત્રિક કાળમાં દિશાની ભજના, ઈચ્છા હોય તે પ્રમાણે ઉત્તરાભિમુખ અથવા પૂર્વાભિમુખ રહે. પ્રાભાતિકમાં નિયમા પૂર્વાભિમુખ રહે.

હવે કાળગ્રહણનું પરિમાણ કહે છે —

**● નિર્યુક્તિ-૧૩૯૪-વિવેચન :-**

ઉત્સર્ગમાં ઉત્કૃષ્ટથી ચારે કાળ ગ્રહણ કરે અને ઉત્સર્ગમાં જ જઘન્યથી ત્રિક થાય છે.

દ્વિતીય પદમાં અપવાદ છે. તેથી કાળ દ્વિક થાય છે. અમાયાવીને કારણે અગૃહ્યમાણ હોવાથી આમ કહ્યું અથવા ઉત્કૃષ્ટથી ચાર થાય છે. જઘન્યથી હાનિ પદમાં ત્રિક થાય છે. કેમકે એકમાં અગૃહિત છે.

બીજા હાનિપદમાં કૃતમાં દ્વિક થાય છે. એ પ્રમાણે અમાયાવીને ત્રણ અગ્રહણ કરતાં એક જ થાય છે અથવા માયા વિમુક્તને કારણે એક પણ કાળને ન ગ્રહણ કરે તો પણ દોષ નથી એટલે કે તેને તેમાં પ્રાયશ્ચિત્ત આવતું નથી. આ ગાથાર્થ કહ્યો.

કાલચતુષ્ક કઈ રીતે ? તે કહે છે —

**● નિર્યુક્તિ-૧૩૯૫-વિવેચન :-**

પ્રાદોષિક કાળ ગ્રહણ કરીને બધાં સૂત્ર-પોરિસિ કરીને પૂર્ણા પોરિસિમાં સૂત્રપાઠીઓ સુવે છે. અર્થ ચિંતકો અને ઉત્કાલિક પાઠકો જાગે છે. [ક્યાં સુધી ?] અર્ધરાત્ર સુધી.

અર્ધરાત્રિ પૂરી થયા પછી કાળ ગ્રહણ કરીને જાગતા હોય તે સુવે. ત્યારે ગુરુ



ઉઠીને ચરમરાત્રિ સુધી ગણે છે. છેલ્લી રાત્રિએ [ચરમ પ્રહરે] બધાં ઉઠીને વૈરાત્રિક કાળ ગ્રહણ કરીને સ્વાધ્યાય કરે છે. ત્યારે - તે કાળે તેમના ગુરુઓ સુવે છે.

પ્રાભાતિક કાળ પ્રાપ્ત થતાં જે પ્રાભાતિક કાળ ગ્રહણ કરશે તે કાળ પ્રતિક્રમીને પ્રાભાતિક કાળ ગ્રહણ કરે છે. બાકી કાળ વેળામાં પ્રાભાતિક કાળને પ્રતિક્રમે છે. પછી આવશ્યક કરે છે.

આ પ્રમાણે ચારે કાળ થાય છે.

ત્રણ કઈ રીતે ? કહે છે. પ્રાભાતિક કાળ ન ગ્રહણ કરીને બાકીના ત્રણ કાળ થાય. - અથવા આ રીતે -

**● નિર્યુક્તિ-૧૩૯૬,૧૩૯૭-વિવેચન :-**

નિર્યુક્તિની બંને ગાથાની સંયુક્ત વ્યાખ્યા આ પ્રમાણે —

વૈરાત્રિક કાળને ન ગ્રહીને, બાકીના ત્રણે કાળ ગ્રહણ કરતાં ત્રણ કાળ. અથવા અર્ધ રાત્રિક ન ગ્રહણ કરીને ત્રણ કાળ ગ્રહણ થાય.

બે કઈ રીતે ? પ્રાદોષિક અને અર્ધરાત્રિક ગ્રહણ કરે અને બાકીના બે ગ્રહણ ન કરતાં બે કાળગ્રહણ થાય અથવા પ્રાદોષિક અને વૈરાત્રિકને ગ્રહણ કરતાં બે કાળગ્રહણ થાય અથવા પ્રાદોષિક અને પ્રાભાતિક બંને ગ્રહણ ન કરીને બે કાળ ગ્રહણ થાય છે.

અહીં પણ કલ્પમાં પ્રાદોષિક વડે અનુપહતથી જ ઉપયોગથી સુપ્રતિજાગરિત થઈ સર્વ કાળમાં ભણે તેમાં દોષ નથી. અથવા વૈરાત્રિક અને અર્ધરાત્રિકમાં ગ્રહણ ન કરતાં બે અથવા અર્ધરાત્રિક અને પ્રાભાતિકને ગ્રહણ ન કરતા બે અથવા વૈરાત્રિક અને પ્રાભાતિકને ગ્રહણ કરીને બે કાળગ્રહણ થાય. જો એક જ હોય તો કોઈપણ કાળગ્રહણ કરે.

કાળ ચતુષ્કના આ કારણો છે —

કાળચતુષ્ક ગ્રહણ ઉત્સર્ગ વિધિ જ છે. અથવા પ્રાદોષિક ગ્રહણ કરતાં ઉપહત થતાં અર્ધરાત્ર ગ્રહણ કરીને સ્વાધ્યાય કરે છે. પ્રાભાતિક દિવસને માટે ગ્રહણ કરેલ જ છે. એ પ્રમાણે કાળચતુષ્ટ કહ્યું. અનુપહત પ્રાદોષિકમાં સુપ્રતિ જાગરિતમાં આખી રાત્રિ ભણે છે. અર્ધરાત્રિકમાં પણ વૈરાત્રિક ભણે છે. વૈરાત્રિક પણ અનુપહતથી સુપ્રતિજાગરિતથી પ્રાભાતિક કાળમાં અશુદ્ધ ઉદ્દિષ્ટ હોય તો દિવસથી પણ ભણે.

કાળચતુષ્કમાં અગ્રહણના કારણો આ છે - પ્રાદોષિક ન ગ્રહણ કરે અથવા અશિવાદિ કારણથી શુદ્ધ ન થાય. અર્ધરાત્રિક ગ્રહણ ન કરે અથવા કારણથી શુદ્ધ ન થાય. પ્રાદોષિકથી સુપ્રતિ જાગરિતથી ભણે પણ ગ્રહણ ન કરે વૈરાત્રિક કારણથી ગ્રહણ ન કરે ન શુદ્ધ થાય. પ્રાદોષિક કે અર્ધરાત્રિકાથી જ કહે છે. અથવા ત્રણ ગ્રહણ ન કરે અથવા પ્રાભાતિક કારણથી ગ્રહણ ન કરે કે શુદ્ધ ન થાય. વૈરાત્રિકથી દિવસના જ ભણે.

હવે પ્રાભાતિક કાળગ્રહણ વિધિને પૃથક્ કહે છે —

● નિર્યુક્તિ-૧૩૯૮નું વિવેચન :-

આ નિર્યુક્તિની વ્યાખ્યા ભાષ્યકાર સ્વયં જ કરશે.

તેમાં પ્રાભાતિક કાળમાં ગ્રહણવિધિ અને પ્રસ્થાપના વિધિ છે. તેમાં ગ્રહણવિધિ આ પ્રમામે છે —

● ભાષ્ય-૨૨૪-વિવેચન :-

દિવસમાં સ્વાધ્યાય વિરહિતોને દેશાદિકથા સંભવ વર્જન કરવાને તથા મેધાવી અને બીજાને વિઘ્ન વર્જનાર્થે, એ પ્રમાણે બધાંના અનુગ્રહને માટે નવ કાળગ્રહણ કાળ પ્રાભાતિકમાં અનુજ્ઞા કરાયેલ છે. તેથી નવકાળગ્રહણ વેળામાં બાકીના પ્રાભાતિક કાલગ્રાહી કાળને પ્રતિક્રમે છે. બાકીના તે વેળામાં પડિક્કમે કે ન પડિક્કમે. એક નિયમા ન પ્રતિક્રમે. જો છીંક અને રુદન આદિ વડે શુદ્ધ ન થાય ત્યારે તે જ વૈરાત્રિકનો સુપ્રતિ જાગરિત થશે.

તે પણ પ્રતિક્રમીને ગુરુને કાળ નિવેદન કરીને સૂર્ય ઉદય પૂર્વે કાળથી પ્રતિક્રમે છે. જો ગ્રહણ કરાતો નવ વખત અનુપહત હોય કાળ ત્યારે જણાય છે — ધ્રુવ અસ્વાધ્યાયિક, તેથી સ્વાધ્યાય ન કરે.

નવ વખત ગ્રહણમાં આ વિધિ છે —

● ભાષ્ય-૨૨૫-વિવેચન :-

એક જ ગ્રહણ કરતાં છીંક, રૂદિતાદિ વડે યોગ્યની પ્રતિક્ષા કરે. ફરી ગ્રહણ કરે. એ પ્રમાણે ત્રણ વાર કરે. પછી આગળ અન્યોન્ય સ્થંડિલમાં ત્રણ વાર, તે પણ ઉપહત થાય તો અન્યોન્ય સ્થંડિલમાં ત્રણવાર, ત્રણ ન હોય ત્યારે બે જણા નવ વાર પૂરે છે. જો બે જણ પણ ન હોય તો એક જ નવ વખતને પૂર્ણ કરે છે.

સ્થંડિલ ભૂમિ જ ન હોય તો અપવાદ છે — ત્રણ કે બે કે એકમાં પણ ગ્રહણ કરે છે.

''પરવચનમાં ખર આદિ'' આ પદોની આ વ્યાખ્યા છે — ''ખર''ને પ્રેરણા કરે છે. જો રડે છે તો અનિષ્ટમાં કાળવધ, ખરથી રડે છે તો બાર વર્ષનો કાળ ઉપહત થાય છે. બીજા પણ અનિષ્ટ ઈન્દ્રિય વિષયમાં પણ એ પ્રમાણે જ કાળવધ થાય છે ?

આચાર્ય કહે છે — [હવેનું ભાષ્ય-૨૨૬]

● ભાષ્ય-૨૨૬-વિવેચન :-

અનિષ્ટ માનુષી સ્વરમાં કાળવધ થાય. બાકીના - તિર્યંચ, તેના જો અનિષ્ટ પ્રહાર શબ્દને સાંભળે તો કાળવધ.

'पावासिय' એ મૂળ ગાથામાં જે અવયવ છે, તેની વ્યાખ્યા —

જો પ્રાભાતિક કાળગ્રહણ વેળામાં પ્રોષિતપતિકા [જેનો પતિ પરદેશ ગયેલ હોય તેવી] સ્ત્રી પતિના ગુણોનું સ્મરણ કરતી રોજેરોજ રડતી હોય. રુદન વેળાનો પૂર્વ જ કાળ ગ્રહણ કરવો જોઈએ.

અથવા તેણી પમ પ્રત્યુષ કાળમાં રડતી હોય ત્યારે દિવસે જઈને તેને કહી આવે. જો તેણી પ્રજ્ઞાપનાને ન ઈચ્છે તો ઉદ્‌ઘાટન કાયોત્સર્ગ કરાય છે. હવે



'एवमादिणी' આ અવયવની વ્યાખ્યા —

● ભાષ્ય-૨૨૭-વિવેચન :-

ઘણાં પ્રયત્નથી - મોટેથી રુદન, તેને વિરસ કહે છે. તે ઉપહત કરે છે - હણે છે. જે વળી ઘોલમાન અને મધુર શબ્દને ન ઉપહત કરે - ન હણે જ્યાં સુધી અજલ્પાક હોય ત્યાં સુધી અવ્યક્ત. તે થોડાં પણ વિસ્વરથી ઉપહત થાય છે. મહાન્ અશ્રુથી ભરેલ રુદન વડે હણે છે.

આ રીતે પ્રાભાતિક કાળ ગ્રહણ વિધિ કહી.

હવે પ્રાભાતિક [પઠવવાની] પ્રસ્થાપનાની વિધિ કહે છે —

સૂર્ય ઉગ્યા પછી દિશાવલોક કરીને પ્રસ્થાપના કરે છે. જો અર્ધ પ્રસ્થાપિતમાં છીંક આદિ વડે ભગ્ન પ્રસ્થાપન થતાં બીજો દિશાવલોક કરીને તેની જ પ્રસ્થાપના કરે છે.

એ પ્રમાણે ત્રીજી વખત પણ દિશાવલોક કરે.

દિશાવલોક કરવામાં આ કારણ છે —

● નિર્યુક્તિ-૧૩૯૯-વિવેચન :-

આકીર્ણ - પુદ્‌ગલ, તે કાગડા આદિથી લાવેલ હોય અથવા મહિકા પડવાનો આરંભ થયેલ હોય. એ પ્રમાણે એવા એક સ્થાને ઉપહત થતાં ત્રણ વખત સો હાથથી બહાર બીજા સ્થાને જઈને પડિલેહણા અને પ્રસ્થાપના કરે છે, એમ કહેલ છે.

તેમાં પણ પૂર્વોક્ત વિધિથી ત્રણ વખત પ્રસ્થાપના કરે છે.

એ પ્રમાણે બીજા સ્થાને પણ અશુદ્ધ હોય તો ત્યાંથી પણ સો હાથથી આગળ બીજા સ્થાનમાં જઈને ત્રણ વખત પૂર્વોક્તવિધાનથી તે પ્રસ્થાપના કરે છે. જો શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરે છે.

નવ વખત છીંક આદિ વડે હણાય, તો નિયમથી પહેલી પોરિસિમાં સ્વાધ્યાય કરતા નથી.

● નિર્યુક્તિ-૧૪૦૦ + વિવેચન :-

જો પ્રસ્થાપનામાં ત્રણ અધ્યયનો સમાપ્ત થાય તો તેની ઉપર એક શ્લોક કહેવો જોઈએ. તે સમાપ્ત થતાં પ્રસ્થાપન સમાપ્ત થાય છે.

શોણિત, મૂત્ર-પુરુષ, ગંધ આલોકાદિને પરિહરવા. અહીં આ દ્વિતીય પાદનો અર્થ કહેવાઈ ગયેલ છે. 'શોણિત'ની આ વ્યાખ્યા છે —

● નિર્યુક્તિ-૧૪૦૧-વિવેચન :-

જ્યાં સ્વાધ્યાય કરતાં લોહી, મેદાદિ દેખાય, તો ત્યાં સ્વાધ્યાય કરવો નહીં. કટક કે ચિલિમિલિનું અંતર દઈને કરે છે.

વળી જ્યાં સ્વાધ્યાય જ કરતા મૂત્ર-પુરીષાદિ કલેવરાદિકની ગંધ કે બીજી પણ કોઈ અશુભ ગંધ આવતી હોય તો સ્વાધ્યાય ન કરે.

બીજા પણ બંધન, સેધનાદિ જોઈને પરિહરે.

આ બધું નિર્વ્યાઘાત કાળમાં કહેલ છે. વ્યાઘાતકાળમાં પણ એ પ્રમાણે જ છે.

વિશેષ એ કે – ગંડક અને મરુકનું દૃષ્ટાંત સંભવતું નથી.

● નિર્યુક્તિ-૧૪૦૨ + વિવેચન :-

આ સામાન્યતર અસ્વાધ્યાયમાં જે સ્વાધ્યાય કરે છે, તે આજ્ઞા અનવસ્થાપ્ય, મિથ્યાત્વ અને વિરાધના પામે છે.

ગાથા સુગમ છે. ''અસ્વાધ્યાયિક બે ભેદે છે'' ઈત્યાદિ મૂળ દ્વારગાથામાં પર સમુત્થ અસ્વાધ્યાયિક દ્વાર વિવરણ કર્યુ.

હવે આત્મસમુત્થ અસ્વાધ્યાયિક દ્વાર અવયવાર્થે કહે છે –

● નિર્યુક્તિ-૧૪૦૩ + વિવેચન :-

આત્મસમુત્થ અસ્વાધ્યાયિક એકવિધ કે દ્વિવિધ હોય છે. તેમાં એકવિધ શ્રમણોને હોય છે અને દ્વિવિધ શ્રમણીને હોય છે.

અહીં પૂર્વાર્દ્ધ સુગમ છે. પશ્ચાર્દ્ધની વ્યાખ્યા આ છે – શ્રમણોને એકવિધ તેના વ્રણમાં થાય છે. શ્રમણીને બે ભેદે તે વ્રણ અને ઋતુકાળથી થાય છે. આ વ્રણમાં વિધાન કરે છે –

● નિર્યુક્તિ-૧૪૦૪-વિવેચન :-

પહેલો જે વ્રણ તે સો હાથથી બહાર ધોવાથી નિષ્પ્રગલ કરાય છે. પછી ત્રણ બંધો પરિગલિત થાય છે. ઉત્કૃષ્ટથી ગલનાન્વિતને કહે છે – તેમાં યતના હવે પછી કહેવાનાર લક્ષણરૂપ છે. વ્રણ બે ભેદે છે – સંભવ અને આર્ત્તવ. બંનેમાં પણ એ પ્રમાણે પટ્ટકયતના કરવી જોઈએ.

● નિર્યુક્તિ-૧૪૦૫-વિવેચન :-

વ્રણ ધોવાતા નિષ્પ્રગલમાં સો હાથથી બહાર પટ્ટક આપીને કહે છે. ફૂટવાથી પરિગલત્ થાય તે પટ્ટકમાં તેની ઉપર ભસ્મ નાંખીને ફરી પટ્ટક આપે [પાટો બાંધે] એમ કહેલ છે. એ પ્રમાણે ત્રીજામાં પણ પાટો બાંધવો ઉક્ત ત્રણેમાં ત્યારપછી વાચના આપવી જોઈએ.

ત્રીજી વખત પછી પણ [લોહી કે પરુ] ગળતા હોય તો સો હાથથી બહાર વ્રણ અને પાટો ધોઈને પછી વાચના આપે. અથવા બીજે ભણે.

● નિર્યુક્તિ-૧૪૦૬ + વિવેચન :-

બીજો ભેદ શ્રમણીનો તેમાં આર્ત્તવ. ત્યાં પણ આ પ્રમાણે જ છે. વિશેષ એ કે ઉત્કૃષ્ટથી સાત બંધ કરવા જોઈએ. તો પણ આર્તવ ન રોકાય તો સો હાથથી બહાર ધોઈને ફરી વાંચના આપે. અથવા બીજે ભણે.

● નિર્યુક્તિ-૧૪૦૭ + વિવેચન :-

એ પ્રમાણે કોઈપણ અસ્વાધ્યાયમાં પોતે સ્વાધ્યાય ન કરે. જો કોઈ અજયણાથી કરે છે, તો તે આજ્ઞાભંગાદિ દોષ પામે છે.

ગાથા સુગમ છે. માત્ર આજ્ઞા ભંગાદિ દોષ ન લાગે, પરંતુ –

● નિર્યુક્તિ-૧૪૦૮-વિવેચન :-

''શ્રુતજ્ઞાનમાં અનુપચારથી અભક્તિ થાય છે અથવા શ્રુતજ્ઞાન ભક્તિના



રાગથી અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય ન કરવો જોઈએ.''

આ ઉપદેશ છે. તો પણ લોકધર્મ વિરુદ્ધ હોવાથી તેમ ન કરવું જોઈએ. અવિધિમાં પ્રમાદ જન્મે છે. તેમાં દેવતા છળ કરે છે. જેમ વિદ્યાસાધનની વૈગુણ્યતાથી વિદ્યા સિદ્ધ થતી નથી, તેમ અહીં પણ કર્મક્ષય ન થાય.

ધર્મપણાથી - શ્રુતધર્મનો આ ધર્મ જે અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાયનું વર્જન, તેમ કરે તો શ્રુતજ્ઞાનાચારને વિરાધે છે, તેથી ન કરવો.

શિષ્ય કહે છે – જો દાંત, માંસ, લોહી આદિમાં અસ્વાધ્યાયિકનું શરીર તો આનાથી યુક્ત જ છે, તેથી સ્વાધ્યાય કેમ કરે ?

● નિર્યુક્તિ-૧૪૦૯-વિવેચન :-

ચોદક [શિષ્ય]ના અભિપ્રાયના અનુમતાર્થે કહે છે – તમારું કથન સત્ય છે, તેનાથી યુક્ત શરીર છે, તો પણ તે શરીરથી પૃથક્રૂપ છે, તેનું વર્જન કરવું જોઈએ. પણ જે ત્યાં જ રહેલ છે, તેને ન વર્જવા. આવું બતાવવા કહેલ છે. આ પ્રમાણે જ લોકમાં જોવાય છે, લોકોત્તરમાં પણ આવો જ અર્થ કરાયેલ છે. પણ બીજા કહે છે –

● નિર્યુક્તિ-૧૪૧૦-વિવેચન :-

મળ-મૂત્ર આદિ અંદર રહેલાં છે, તેનાથી જ બહાર ઉપલિપ્ત કરી દેતા નથી. અનુપલિપ્ત જ રહે છે. વળી અંદર રહેલા હોવા છતાં તેમાં અર્ચના-પૂજા કરે જ છે. વળી બીજા કહે છે –

● નિર્યુક્તિ-૧૪૧૧-વિવેચન :-

જે પ્રતિમા સન્નિહિત-દેવતા અધિષ્ઠિત છે, તે જો કોઈ પણ અનાદરથી જાણીને જ બહાર મળથી લિપ્ત કરીને તે પ્રતિમાને સ્પર્શે કે તે પ્રતિમાની અર્ચના-પૂજા કરે છે, તો તે સહન ન કરે, પણ ક્ષિપ્તચિત્ત આદિ કરે છે, રોગ પણ ઉત્પન્ન કરે છે કે મારી પણ નાંખે છે.

એ પ્રમાણે જે અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરે છે, તેને જ્ઞાનાચારની વિરાધનાથી કર્મબંધ થાય છે. આ તેમને પરલોકસંબંધી દંડ છે. આ લોકમાં પણ પ્રમત્તને દેવતા છળે છે. આજ્ઞાદિ વિરાધના તો નિયમા થાય જ છે.

કોઈ આ અપ્રશસ્ત કારણોથી અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરે છે. તે જણાવતા હવે કહે છે કે –

● નિર્યુક્તિ-૧૪૧૨ + વિવેચન :-

રાગથી કે દ્વેષથી જે અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે અથવા દર્શન મોહથી મોહિત કહે છે કે – અમૂર્ત એવા જ્ઞાનની આશાતના શું થાય ? તેમાં કયો અનાચાર છે ?

તેમાં આ વિભાષા છે – [નિર્યુક્તિ-૧૪૧૩માં]

● નિર્યુક્તિ-૧૪૧૩ + વિવેચન :-

બીજા વડે ગણી કે વાચક વ્યાહ્રિયમાણ થાય અથવા શબ્દાદિ વડે હૃષ્ટ, તુષ્ટ કે નંદિત થાય, તેનો અભિલાષી અસ્વાધ્યાયિકમાં પણ સ્વાધ્યાય કરે છે. એ પ્રમાણે

રાગમાં કે દ્વેષમાં ગણી કે વાચકને વ્યાહ્રિય કરાય છે – “હું પણ અધ્યયન કરીશ, જેથી આમની સામે સપ્રતિભૂત થઈ જાઉં.

જે કારણથી જીવ-શરીર અવયવો અસ્વાધ્યાયિક છે છે, તેથી અસ્વાધ્યાયિક આની શ્રદ્ધા ન કરે તો આ દોષ લાગે –

**• નિર્યુક્તિ-૧૪૧૪ + વિવેચન :-**

ક્ષિપ્તચિત્ત આદિ ઉન્માદ, દીર્ઘકાળના રોગો, જલ્દીઘાત કરે તેવો આતંક, આ બધાંને પામે છે. તીર્થંકર ભાષિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિ થાય છે અથવા ચારિત્રથી પડે છે અર્થાત્ સંયમ ભ્રષ્ટ થાય છે. આગળ કહે છે –

**• નિર્યુક્તિ-૧૪૧૫ + વિવેચન :-**

આ લોકમાં આ ફળ છે [તે ઉપર કહ્યું], પરલોકમાં તે વિદ્યાઓ ફળ આપતી નથી. જે શ્રુતની આશાતના કરે, તે દીર્ઘ સંસારમાં ભમે છે.

શ્રુત જ્ઞાનાચારમાં અવિપરીત કરનાર છે તે જ્ઞાનાવરણીય કર્મો બાંધે છે. તેના ઉદયથી વિદ્યાનો ઉપચાર કરાયા છતાં ફળ આપતી નથી. અર્થાત્ વિદ્યા સિદ્ધ થતી નથી. વિધિથી ન કરતાં પરાભવ થાય. એ પ્રમાણે શ્રુતની આશાતના કહી.

અવિધિમાં વર્તનારને નિયમથી આઠ કર્મ પ્રકૃતિ બંધાય છે. હ્રસ્વ સ્થિતિકને દીર્ઘસ્થિતિક કરે છે. મંદાનુભાવને તીવ્રાનુભાવ કરે છે. અલ્પ પ્રદેશાગ્રને બહુપ્રદેશાગ્ર કરે છે. આમ કરનાર નિયમથી દીર્ઘકાલિક સંસારને બાંધે છે - અથવા -

જ્ઞાનાચાર વિરાધનામાં દર્શન વિરાધના થાય. જ્ઞાન અને દર્શન વિરાધનાથી નિયમા ચારિત્ર વિરાધના થાય. એ પ્રમાણે ત્રણેની વિરાધના થકી મોક્ષ થતો નથી. તેથી નિયમા સંસાર વધે.

તેથી અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય ન કરવો.

**• નિર્યુક્તિ-૧૪૧૬,૧૪૧૭ :-**

ધીર પુરુષો દ્વારા પ્રજ્ઞપ્ત અસ્વાધ્યાય નિર્યુક્તિ મેં કહેલ છે. કે જે કહેનારા સંયમ તપ યુક્ત નિર્ગ્રન્થ મહર્ષિ પુરુષો હતા.

અસ્વાધ્યાયિક નિર્યુક્તિમાં ઉપયુક્ત અને ચરણ-કરણથી યુક્ત એવા સાધુઓ અનેક ભવના સંચિત અનંત કર્મ ખપાવે છે.

[બંને નિર્યુક્તિ ગાથા સુગમ હોવાથી વૃત્તિકાર મહર્ષિઓ તેની કોઈ વ્યાખ્યા કરેલ નથી] અસ્વાધ્યાયિક નિર્યુક્તિ પુરી થઈ.

**અધ્યયન-૪-અંતર્ગત્ અસ્વાધ્યાય-નિર્યુક્તિનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**



**• સૂત્ર-૨૯ :- [અંત્યભાગની ફરી નોંધ]**

***સ્વાધ્યાયમાં સ્વાધ્યાય ન કર્યો તેનું મિચ્છા મિ દુક્કડં.***

**• વિવેચન-૨૯ :- [શેષ સૂત્રની વૃત્તિ–]**

અસ્વાધ્યાયથી વિપરીત લક્ષણરૂપ સ્વાધ્યાયમાં સ્વાધ્યાય ન કર્યો. આ આશાતનાથી જે અતિચાર કર્યો, તેનું મિચ્છા મિ દુક્કડં.

[આ રીતે ૩૩-આશાતના કહી. વિશેષ આ પ્રમાણે –]

આ સૂત્ર નિબદ્ધ છે. અર્થથી બીજો પણ અર્થ હોય તે જાણવો. વળી તે અવ્યામોહાર્થે હું કહીશ.

અહીં એકથી તેત્રીશ પદો કહ્યા. તેથી આગળ બુદ્ધ [જિન] વચનના ચોત્રીશ અતિશય પણ કહેલાં છે. વચનના પાત્રીશ અતિશયો પણ છે. ઉત્તરાધ્યયનના ૩૬-અધ્યયનો પણ છે.

એ પ્રમાણે જેમ 'સમવાય' સૂત્રમાં સોની સંખ્યા સુધી સો તારા કહેલ છે. જેમકે – શતભિષજા નક્ષત્રમાં સો તારા કહેલ છે. એ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત અને પછી અનંત સ્થાનો વડે કહેલ છે.

સંયમ, અસંયમના જે પ્રતિષેધાદિ કરણ અતિચારનું અહીં તેત્રીશ સંખ્યા સુધી પ્રતિક્રમણ બતાવેલ છે. અપરાધ પદમાં તો સૂત્રની અંતર્ગત્ જે હોય તે બધું પણ અને સર્વે અતિચાર સમૂહ લેવો.

એકવિધ અસંયમથી દીર્ઘપર્યાય સમૂહની એ પ્રમાણે અતિચાર વિશોધિ કરીને નમસ્કાર કરે છે. તે આ રીતે –

नमो चउवीसाए० ઈત્યાદિ અથવા પૂર્વોક્ત અશુભસેવના થકી પડિક્કમીને ફરી ન કરવાને માટે નમસ્કારપૂર્વક પ્રતિક્રમતા કહે છે –

**• સૂત્ર-૩૦ :-**

***ભગવંત ઋષભથી લઈને મહાવીર પર્યન્તના ચોવીસે તીર્થંકરોને મારા નમસ્કાર થાઓ.***

**• વિવેચન-૩૦ :-**

હવે અહીં નમસ્કાર કરાયેલ પ્રસ્તુતના વ્યાવર્ણનાર્થે કહે છે –

**• સૂત્ર-૩૧ :-**

***આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કૈવલિક, પ્રતિપૂર્ણ, નૈયાયિક, સંશુદ્ધ, શલ્યકર્તક, સિદ્ધિનો માર્ગ, મુક્તિનો માર્ગ, નિર્વાણનો માર્ગ, નિર્યાણનો માર્ગ, અવિતથ, અવિસંધિ, સર્વ દુઃખનો પ્રક્ષીણ માર્ગ છે.***

***આમાં સ્થિત જીવો સિદ્ધ થાય છે, બોધ પામે છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વે દુઃખોનો અંત કરે છે.***

**• વિવેચન-૩૧ :-**

આ જ - સામાયિક આદિથી પ્રત્યાખ્યાન પર્યન્ત કે દ્વાદશાંગ ગણિપિટક. નિર્ગ્રન્થ - બાહ્ય અને અભ્યંતર ગ્રંથિ ચાલી ગયેલા સાધુઓ નિર્ગ્રન્થોનું આ તે

નૈર્ગ્રન્થ. પ્રાવચન-પ્રકર્ષથી અભિવિધિસહ કહેવાય છે તે જીવ આદિ જેમાં છે, તે પ્રાવચન. આ નિર્ગ્રન્થપ્રવચન કેવું છે ? તેને જણાવતાં વિશેષણો કહે છે –

સત્ય-સજ્જનોને હિતકારી, સંત-મુનિના ગુણો કે પદાર્થો કે સદ્‌ભૂત તે. નયદર્શન પણ સ્વવિષયમાં સત્ય હોય છે, તેથી કહે છે –

અનુત્તર-તેનાથી ઉત્તર બીજું કોઈ નથી. યથાવસ્થિત સમસ્ત વસ્તુ પ્રતિપાદકત્વથી ઉત્તમ. જો આ આવું છે, તો પણ બીજા અપ્વર્ગ પ્રાપક ગુણો વડે પ્રતિપૂર્ણ ન હોવાનો સંભવ છે તેથી કહે છે –

પ્રતિપૂર્ણ - અપવર્ગ પ્રાપક ગુણો વડે ભર્રું. ભરેલું હોવા છતાં પેટભરાની માફક તે નયનશીલ ન પણ હોઈ શકે, તેથી કહે છે –

નૈયાયિક-નયનશીલ અર્થાત્ મોક્ષગમક. નૈયાયિક પણ અસંશુદ્ધ અર્થાત્ સંકીર્ણ હોય. આક્ષેપથી નૈયાયિક થશે નહીં, તેથી કહે છે –

સંસુદ્ધ-સમસ્તપણાથી શુદ્ધ, એકાંતે અકલંક. આવા સ્વરૂપે હોવા છતાં કથંચિત્ તેવા સ્વાભાવપણાથી બંધનનો કાપનાર ન પણ થાય તેથી કહે છે –

શલ્યકર્તક - કાપે તે કર્તક. શલ્ય-માયા આદિ. અર્થાત્ ભવના બંધનરૂપ માયા આદિ શલ્યના છેદક. હવે પરમતના નિષેધાર્થે કહે છે –

સિદ્ધિમાર્ગ - સિદ્ધિ એટલે હિતાર્થની પ્રાપ્તિ, તેનો માર્ગ.

મુક્તિમાર્ગ - મૂકાવું તે મુક્તિ - અહિતાર્થ કર્મવિચ્યુતિ, તેનો માર્ગ. મુક્તિમાર્ગ - "કેવળજ્ઞાનાદિ હિતાર્થની પ્રાપ્તિના દ્વારથી અને અહિત કર્મોની વિચ્યુતિના દ્વારથી મોક્ષ સાધક" એવી ભાવના છે. આના દ્વારા કેવળજ્ઞાનાદિ રહિત અને સકર્મક મુક્ત એવા દુર્નયનો નિરાસ કરેલ છે.

નિર્યાણમાર્ગ - જાય છે તે યાન. નિરૂપમ યાન તે નિર્યાણ - ઈષત્પ્રાગ્ભારા નામક મોક્ષપદ. તેનો માર્ગ. આવો નિર્યાણ માર્ગ વિશિષ્ટ નિર્વાણ પ્રાપ્તિનું કારણ છે. આના દ્વારા અનિયત સિદ્ધિક્ષેત્ર પ્રતિપાદન પરાયણ દુર્નયનો નિરાસ કરેલ છે.

નિર્વાણમાર્ગ - નિર્વૃત્તિ તે નિર્વાણ - સકલ કર્મક્ષય જ આત્યંતિક સુખ. નિર્વાણનો માર્ગ તે નિર્વાણ માર્ગ - પરમ નિર્વૃત્તિનું કારણ. આના દ્વારા નિઃસુખદુઃખા મુક્તાત્મા એવું પ્રતિપાદન કરતાં દુર્નયનો નિરાસ કર્યો છે.

હવે નિગમન કરતાં કહે છે –

અવિતહમવિસંધિ સર્વદુઃખ પ્રક્ષીણમાર્ગ - તેમાં અવિતથ - સત્ય, અવિસંધિ - અવ્યવચ્છિન્ન, કેમકે વિદેહાદિમાં સર્વદા વર્તે છે. સર્વ દુઃખ પ્રક્ષીણ કેમકે મોક્ષનું કારણ છે.

હવે પરાર્થકરણ દ્વારથી આનું ચિંતામણિત્વ દર્શાવતા કહે છે –

અહીં સ્થિત થયેલા જીવો - સિજ્ઝંતિ - આ નિર્ગ્રન્થ પ્રવચનમાં રહેલો જીવો સિદ્ધિ પામે છે - અણિમાદિ સંયમના ફળને પામે છે. બુજ્ઝંતિ - બોધ પામે છે - કેવલિ થાય છે. મુચ્ચંતિ - ભવોપગ્રાહી કર્મોથી મૂકાય છે. પરિનિવ્વાયંતિ - પરિ એટલે ચોતરફથી નિર્વાણ પામે, અર્થાત તેઓ સર્વે દુઃખો - શારીરિક અને માનસિકનો અંત





- વિનાશ કરે છે.

આટલું કહીને હવે અહીં ચિંતામણિ કલ્પમાં કર્મમલને ધોનાર સલિલૌઘ - જળ સમૂહની શ્રદ્ધાનો આવિષ્કાર કરતાં કહે છે –

● **સૂત્ર-૩૨ :-**

***તે ધર્મની હું શ્રદ્ધા કરું છું. પ્રીતિ કરું છું, રુચિ કરું છું, પાલન-સ્પર્શના કરું છું, અનુપાલન કરું છું. તે ધર્મની શ્રદ્ધા કરતો, પ્રીતિ કરતો, રુચિ કરતો, સ્પર્શના કરતો, અનુપાલન કરતો હું –***

***તે ધર્મની આરાધનામાં ઉધત થયો છું, વિરાધનાથી અટકેલો છું [તેના જ માટે] અસંયમને જાણીને તજુ છું અને સંયમને સ્વીકારું છું. અબ્રહ્મને જાણીને તજુ છું, બ્રહ્મચર્યને સ્વીકારું છું. અકલ્પને જાણીને તજુ છું, કલ્પને સ્વીકારું છું. અજ્ઞાનને જાણીને તજુ છું, જ્ઞાનને સ્વીકારું છું. અક્રિયાને જાણીને તજુ છું અને ક્રિયાને સ્વીકારું છું. મિથ્યાત્વને જાણીને તજુ છું, સમ્યક્ત્વને સ્વીકારું છું. અબોધિને જાણીને તજુ છું. બોધિને સ્વીકારું છું. અમાર્ગને જાણીને તજુ છું અને માર્ગને સ્વીકારું છું.***

● **વિવેચન-૩૨ :-**

જે આ નૈર્ગ્રન્થ પ્રાવચન લક્ષણ ધર્મ કહ્યો છે. તે ધર્મની હું શ્રદ્ધા કરું છું. આ સામાન્યથી કહ્યું. પ્રીતિકરણ દ્વારથી સ્વીકારું છું. અભિલાષાના અતિરેકથી આસેવન અભિમુખ થઈને રુચિ કરું છું. અહીં પ્રીતિ અને રુચિ જુદા જ બતાવ્યા છે. કેમકે ક્યારેક દહીં આદિમાં પ્રીતિનો સદ્‌ભાવ છતાં સર્વદા રુચિ હોતી નથી.

આસેવના દ્વારથી સ્પર્શના કરું છું. પુનઃપુનઃ કરવા વડે આ ધર્મની હું અનુપાલના કરું છું.

તે ધર્મની શ્રધ્ધા, પ્રીતિ, રુચિ, સ્પર્શના, અનુપાલના કરતો –

તે ધર્મની આરાધનાના વિષયમાં ઉધત થયો છું. વિરાધનાના વિષયમાં નિવૃત્ત થયો છું – અટકેલો છું. આ જ વાત ભેદથી કહે છે –

અસંયમ - પ્રાણાતિપાત આદિરૂપ, परियाणामि - જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે હું પચ્ચક્ખાણ કરું છું. તથા સંયમ-પૂર્વે કહેલ છે, સ્વીકારું છું, અંગીકાર કરું છું.

अब्रह्म - અકૃત્ય અને કલ્પ એટલે કૃત્ય. આ બીજા બંધ કારણને આશ્રીને કહે છે. अज्ञान - સમ્યગ્જ્ઞાન સિવાયનું જ્ઞાન, ज्ञान - ભગવંતના વચનથી જન્મેલ. અજ્ઞાનના ભેદના પરિહરણાર્થે જ કહે છે –

अकिरियं - અક્રિયા એટલે નાસ્તિવાદ. ક્રિયા-સમ્યગ્વાદ.

ત્રીજા બંધકારણને આશ્રીને કહે છે – મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્ત્વને અંગીકાર કરું છું. આના અંગપણાથી જ કહે છે – અબોધિ એટલે મિથ્યાત્વ કાર્ય અને બોધિ એટલે સમ્યક્ત્વનું કાર્ય. આને સામાન્યથી કહે છે – अमार्ग - મિથ્યાત્વ આદિ, मार्ग - સમ્યગ્દર્શનાદિ.

હવે છદ્મસ્થપણાથી સંપૂર્ણ શુદ્ધિને માટે કહે છે –

● **સૂત્ર-૩૩ :-**

***જે કંઈ મને સ્મરણમાં છે, જે કંઈ સ્મરણમાં નથી. જેનું મેં પ્રતિક્રમણ કર્યુ અને જે [અજાણ]નું પ્રતિક્રમણ ન કર્યુ.***

***તે [સર્વે]ના દિવસ સંબંધી અતિચારોને હું પ્રતિક્રમું છું.***

***હું શ્રમણ છું, સંયત - વિરત - પ્રતિહત અને પ્રત્યાખ્યાત પાપ કર્મવાળો છું, નિયાણા રહિત છું, દૃષ્ટિ સંપન્ન અને માયામૃષા રહિત છું.***

● **વિવેચન-૩૩ :-**

છદ્મસ્થ જેટલું કંઈ જાણી શકે તે મુજબ જે કંઈ મને સ્મૃતિમાં છે. તથા જાણકારીથી વિદિત જે કંઈ છે, તેનું હું પ્રતિક્રમણ કરું છું અને સૂક્ષ્મ-અવિદિત હોવાથી જેનું પ્રતિક્રમણ મેં કરેલ નથી. આવા પ્રકારથી જે કંઈ અતિચાર કર્યા હોય, તેનું હું પ્રતિક્રમણ કરું છું.

આટલું પ્રતિક્રમીને ફરી અકુશલ પ્રવૃત્તિના પરિહારને માટે આત્માની અર્થાત્ પોતાની આલોચના કરતો કહે છે –

હું શ્રમણ છું૰ ઈત્યાદિ. તેમાં પણ ચરકાદિ શ્રમણ નહીં. તો શું ? સંયત - સમસ્તપણે યત [યતનાવાનુ], વિરત-નિવૃત્ત. અતીતના અને આગામીકાળની નિંદા અને સંવર દ્વારથી જ કહે છે – આ પ્રમાણે ન કરવા વડે કરીને પ્રતિહત, અતીતને નિંદા વડે કરીને પ્રત્યાખ્યાત અને ભાવિમાં ન કરવા વડે, તે પ્રત્યાખ્યાત પાપકર્મા.

આ દોષ પ્રધાન છે, એમ કરીને તેનાથી શૂન્ય આત્માને ભેદ વડે પ્રતિપાદન કરતાં કહે છે – અનિયાણ એટલે નિદાન રહિત.

સકલ ગુણને મૂળભૂત ગુણયુક્તતાને દર્શાવતા કહે છે – દૃષ્ટિસંપન્ન અર્થાત્ સમ્યગ્દર્શનયુક્ત. હવે કહેવાનાર દ્રવ્યવંદનના પરિહારને માટે કહે છે – ‘‘માયામૃષાવિવર્જક’’ - માયા ગર્ભિત મૃષાવાદના પરિહારી.

આવા પ્રકારનો થઈને શું ?

● **સૂત્ર-૩૪ :-**

***અઢીદ્વીપ અને બે સમુદ્રમાંની પંદર કર્મભૂમિમાં જે કોઈ સાધુઓ રજોહરણ, ગુચ્છા તથા પાત્રાને ધારણ કરનારા, પંચ મહાવ્રતના ધારક, ૧૮,૦૦૦ શીલાંગના ધારક, અક્ષત આચાર ચારિત્રવાળા, તે બધાંને શિર વડે, અંતઃકરણથી મસ્તક નમાવીને હું વાંદુ છું.***

● **વિવેચન-૩૪ :-**

અર્ધતૃતીય દ્વીપ-સમુદ્રમાં - જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરાર્દ્ધમાં પંદર કર્મભૂમિમાં અર્થાત્ પાંચ ભરત, પાંચ ઐરાવત, પાંચ વિદેહમાં જે કોઈ સાધુઓ રજોહરણાદિધારી છે, નિહ્નવાદિના વ્યવચ્છેદ માટે કહે છે – પાંચ મહાવ્રતધારી, તેથી તેના એક અંગવિકલ પ્રત્યેકબુદ્ધના સંગ્રહ માટે કહે છે – અઢાર હજાર શીલાંગધારી. તેથી કેટલાંક ભગવંતો રજોહરણાદિધારી હોતા નથી પણ હોતા તેનો સમાવેશ કર્યો.



આ ૧૮,૦૦૦ શીલાંગ આ પ્રમાણે – યોગ, કરણ, સંજ્ઞા, ઈન્દ્રિય, ભોમાદિ, શ્રમણધર્મથી શીલાંગના ૧૮,૦૦૦ ભેદોની નિષ્પત્તિ થાય છે. જેમકે – (૧) મનથી ન કરે આહાર સંજ્ઞા વિપ્રજડ શ્રોત્રેન્દ્રિય સંવૃત્ત ક્ષમા સંપન્ન એવા પૃથ્વીકાયના સંરક્ષક. (૨) એ પ્રમાણે અપ્કાય સંરક્ષક, (૩) તેઉકાય સંરક્ષક, (૪) વાયુકાય સંરક્ષક ઈત્યાદિ ભેદો કહેવા.

યોગ-૩, કરણ-૩, સંજ્ઞા-૪, ઈન્દ્રિય-૫, પૃથ્વીકાયાદિથી પંચેન્દ્રિય પર્યન્ત અને અજીવ સહિત ૧૦, ક્ષાંતિ આદિ શ્રમણધર્મ-૧૦. આ બધાંનો ગુણાકાર કતાં ૩ X ૩ X ૪ X ૫ X ૧૦ X ૧૦ = ૧૮,૦૦૦ ભેદો થશે.

અક્ષતાચાર ચારિત્ર. તે બદાં - ગચ્છમાં રહેલ કે ગચ્છ બહાર. શિરસા - ઉત્તમાંગ, મસ્તકથી. મનથી-અંતઃકરણથી. મસ્તક નમાવીને વંદુ છું. આ પ્રમાણે વંદના કરીને પછી સાધુ ફરી ઓઘથી બધાં જીવોને ખમાવવું અને મૈત્રીને દર્શાવવાને કહે છે –

● **સૂત્ર-૩૫,૩૬ :-**

***હું સર્વે જીવોને ખમાવું છું, બધાં જીવો મને ક્ષમા કરો. મારે સર્વ જીવોની સાથે મૈત્રી છે, મારે કોઈની સાથે વૈર નથી.***

***એ પ્રમાણે મેં આલોચના કરી છે, સમ્યક્ નિંદા કરી છે, ગર્હા કરી છે, દુગંછા કરી છે. હું તે અતિચારોને ત્રિવિધે પ્રતિક્રમતો ચોવીશે જિનને વંદુ છું.***

● **વિવેચન-૩૫,૩૬ :-**

‘બધાં જીવો તને પણ ખમાવો’ જેથી તેમને પણ અક્ષમા નિમિત્તે કર્મબંધ ન થાય, એવી કરુણાથી આમ કહેલ છે. સમાપ્તિમાં સ્વરૂપ પ્રદર્શન સહ મંગલ ગાથારૂપ સૂત્ર-૩૬-કહ્યું. એ રીતે દૈવસિક પ્રતિક્રમણ કહ્યું. રાત્રિક પ્રતિક્રમણ પણ આ પ્રમાણે જ હોય માત્ર દૈવસિકને સ્થાને રાત્રિક કહેવું. ગૌચરચર્યાદિનું રાત્રે પ્રતિક્રમણ સ્વપ્નાદિમાં સંભવથી જાણવું.

**અધ્યયન-૪-‘‘પ્રતિક્રમણ’’નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

## ❁ અધ્યયન-૫-"કાયોત્સર્ગ" ❁

-- x -- x -- x -- x -- x --

પ્રતિક્રમણ અધ્યયનની વ્યાખ્યા કરી. હવે કાયોત્સર્ગ અધ્યયન આરંભે છે. આનો આ સંબંધ છે. અનંતર અધ્યયનમાં વંદનાદિ ન કરવા આદિ વડે સ્ખલિતની નિંદા પ્રતિપાદિત કરી. અહીં સ્ખલિત વિશેષથી અપરાધ વ્રણ વિશેષના સંભવથી આવા અશુદ્ધને પ્રાયશ્ચિત્તરૂપ ભેષજ વડે અપરાધ વ્રણની ચિકિત્સા પ્રતિપાદિત કરે છે. અથવા પ્રતિક્રમણ અધ્યયનમાં મિથ્યાત્વ આદિ પ્રતિક્રમણ દ્વારથી કર્મનિદાનનો પ્રતિષેધ કહેલ છે. અહીં તે કાયોત્સર્ગ કરણથી પૂર્વે એકઠા કરેલ કર્મોનો ક્ષય કહે છે.

કહે છે કે – જેમ કકચ લાકડાનો કાપતો કાપતો ચાલે છે એ પ્રમાણે સુવિહિતો કાયોત્સર્ગથી કર્મોને કાપે છે. કાર્યોત્સર્ગમાં સારી રીતે રહેલના અંગોપાંગ જેમ જેમ ભાંગે તેમ સુવિહિતોનો અષ્ટવિધ કર્મસંઘાત ભેદાય છે.

અથવા સામાયિકમાં ચારિત્રને વર્ણવ્યું, ચતુર્વિંશતિ સ્તવમાં અરહંતના ગુણોની સ્તુતિ કરી. તે જ્ઞાન-દર્શનરૂપ હતી. એમ ત્રણેને કહ્યા. આના વિતથ આસેવનથી આલોક અને પરલોક સંબંધી થતાં અપાયોને દૂર કરવા ગુરુને નિવેદન કરવું. તે વંદનપૂર્વક થાય માટે વંદનને કહ્યું નિવેદન કરીને શુભ સ્થાનોમાં જ પ્રતીપ ક્રમણને સેવવું. તેથી અનંતર અધ્યયનમાં તેનું નિરૂપણ કર્યું. અહીં તો પણ અશુદ્ધ રહેલ અપરાધ વ્રણની ચિકિત્સા પ્રાયશ્ચિત્તરૂપ ભેષજથી કહી છે. તેનું પ્રતિપાદન કરે છે–

● **નિર્યુક્તિ-૧૪૧૮ + વિવેચન :-**

આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપના અને પારાંચિક [આ દશ પ્રાયશ્ચિત્ત કહ્યા.]

(૧) આલોચના - પ્રયોજનથી ૧૦૦ હાથ બહાર ગમનાગમન આદિમાં ગુરુને નિવેદન. (૨) પ્રતિક્રમણ - પાછા ખસવું તે. સહસા અસમિતાદિમાં મિથ્યાદુષ્કૃત કરવું તે. (૩) મિશ્ર - શબ્દાદિમાં રાગાદિ કરણ, આલોચના અને મિથ્યાદુષ્કૃત કરવું તે. (૪) વિવેક - અનેષણીય ભોજનાદિમાં કંઈક ગ્રહણ થયું હોય તો તેનો પરિત્યાગ કરવો તે. (૫) વ્યુત્સર્ગ - કુસ્વપ્નાદિમાં કાયોત્સર્ગ કરવો એ ભાવના છે.

(૬) તપ - કર્મને તપાવે માટે તપ - પૃથ્વી આદિના સંઘટ્ટનાદિમાં નિર્વિકૃતિકાદિ કરવા તે. (૭) છેદ - તપ વડે દુર્દમ શ્રમણના પર્યાયનું છેદન કરવું તે. (૮) મૂલ-પ્રાણાતિપાતાદિમાં ફરીથી વ્રત આરોપણ કરવું તે. (૯) અનવસ્થાપ્ય - હસ્તતાલાદિ પ્રદાનના દોષથી દુષ્ટતરપરિણામત્વથી વ્રતમાં અવસ્થાપના ન કરવી તે અનવસ્થાપ્ય. (૧૦) પારાંચિક - પુરુષવિશેષના સ્વલિંગ, રાજરાણીનું સેવન કરવાદિ કારણે પારાંચિક થાય. પાર - પ્રાયશ્ચિત્તના અંતને પામે છે તે પારાંચિક.

આથી આગળ કોઈ પ્રાયશ્ચિત્ત નથી.

એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત ભૈષજ કહ્યું. હવે વ્રણ પ્રતિપાદિત કરે છે તે બે ભેદે છે – દ્રવ્ય વ્રણ અને ભાવ વ્રણ. દ્રવ્ય વ્રણ શરીરક્ષત લક્ષણ છે. તેના પણ બે ભેદ જ



છે તે કહે છે –

● **નિર્યુક્તિ-૧૪૧૯ થી ૧૪૨૭નું વિવેચન :-**

કાયા એટલે શરીરના વ્રણ-ક્ષતરૂપ બે પ્રકાર છે. તે આ રીતે – તેમાંથી ઉદ્‌ભવેલ તે તદુદ્‌ભવ - ગંડાદિ અને આગંતુક - કંટકાદિથી પ્રભવ. તેમાં આગંતુકનું શલ્યોદ્ધરણ થઈ શકે છે, તદુદ્‌ભવનું નહીં.

જો આને ઉદ્ધરિત કરાય - ઉત્તર પરિકર્મ કરાય તે દ્રવ્યવ્રણ જ, તેને જણાવવા કહે છે – તનુ એટલે કૃશ, તીક્ષ્ણ મુખવાળો નહીં, લોહીવાળો નહીં તે અશોણિત. માત્ર ચામડીને ચોંટીને હોય. ઉદ્ધૃત્ય એટલે શલ્યનો ત્યાગ કરે છે. વ્રણને મર્દન ન કરે, કેમકે સલ્યનું અલ્પત્વ છે.

પ્રથમ શલ્યજમાં આ વિધિ છે, બીજા આદિ શલ્યજમાં વળી આ વિધિ છે - લાગેલાનું ઉદ્ધરણ, તે લગ્નોદ્ધૃત. તે દ્વિતીયમાં - બહુ દૂર ન ગયેલ શલ્ય, કંઈક જ દૃઢ રીતે લાગેલ હોય. તો મર્દન કરીને પછી વ્રણ હોય તો, શલ્યનું ઉદ્ધરણ કરે. વ્રણનું મર્દન, કર્ણમલાદિ વડે પૂરણ, તેને જ આ પ્રમાણે કરાય છે, જો શલ્ય દૂર ગયેલ હોય.

વેદના ન થાય, તેથી ઉદ્ધરીને શલ્યનું ગાલન કરે છે. લોહી એ ચોથું શલ્ય છે. તથા શીઘ્ર રૂઝાવવું તે ચેષ્ટા - પરિસ્પંદનાદિ લક્ષણથી નિષેધ કરે છે. પાંચમાં શલ્યમાં ઉદ્ધરેલ વ્રણ જેને છે તે વ્રણી તે વ્રણીને રૌદ્રતરત્વથી શલ્યનું (ઉદ્ધરણ).

વ્રણનું રોહણ થાય, તે છટ્ઠું શલ્ય ઉદ્ધરણ કરાતા હિત-પથ્ય, મિત-સ્તોક અથવા ભોજન ન કરતો. યાવત્ શલ્યથી દૂષિત હોય, તેટલું જ માત્ર છેદે. સાતમું શલ્ય ઉદ્ધરતા શું ? પૂતિ-માંસ આદિ.

તે પણ ન રહેતા, ગોનસ ભક્ષિતાદિમાં રુમ્ફક વડે કરાય છે. તેનો અંગ છેદ હાડકાં સહિત કરે જેથી બાકીનાની રક્ષા થાય.

અહીં સુધી દ્રવ્યવ્રણની ચિકિત્સા પ્રતિપાદિત કરી.

હવે ભાવ વ્રણને પ્રતિપાદિત કરે છે –

આ અન્યકર્તાની ગાથા છે, ઉપયોગવાળી હોવાથી તેની વ્યાખ્યા કરીએ છીએ. મૂલગુણ - પ્રાણાતિપાતાદિ વિરમણ લક્ષણ, ઉત્તરગુણ તે પિંડ વિશુદ્ધિ આદિ. જેનું આ પ્રમાણે જ રૂપ છે, તે મૂલોત્તર ગુણરૂપ, તેના. પરમ ચરણપુરુષ, તેના અપરાધ - ગોચરાદિ ગોચર. તે જ શલ્યો, તેનાથી પ્રભવ - સંભવ જેનો છે, તથાવિધ ભાવવ્રણ થાય છે.

હવે આના અનેકભેદ ભિન્ન ભાવવ્રણના વિચિત્ર પ્રાયશ્ચિત્ત ભૈષજથી ચિકિત્સા બતાવે છે, તેમાં –

ભિક્ષાચર્યાદિના અતિચાર કોઈને આલોચના વડે જ શુદ્ધ થઈ જાય છે. આદિ શબ્દથી વિચારભૂમિ આદિ ગમનજ લેવા. અહીં અતિચાર જ વ્રણ છે. એ પ્રમાણે બધે જોડવું. બીજો વ્રણ અપ્રત્યુપેક્ષિત ખેલ વિવેકાદિમાં – હા, હું અસમિત છું અથવા સહસા અગુપ્ત છું તેની વિચિકિત્સા મિથ્યાદુષ્કૃત્થી થાય છે.

ઈષ્ટ-અનિષ્ટ શબ્દાદિમાં રાગ કે દ્વેષ કિંચિત્ પણ થાય. અહીં ત્રીજો વ્રણ મિશ્રભૈષજ્યથી ચિકિત્સા કરવી જોઈએ. અર્થાત્ આલોચના અને પ્રતિક્રમણથી શોધિત થાય. ભોજનાદિને અનેષણીય જાણીને ત્યાગ કરવો તે ચોથો ભાવવ્રણ છે.

કાયોત્સર્ગથી પણ ક્યારેક અતિચાર શુદ્ધ થાય છે, ક્યારેક તપ વડે પૃથ્વી આદિ સંઘટ્ટનાદિજન્ય નિર્વિકૃતિકાદિ વડે છ માસાંતે શુદ્ધ થાય. તેના વડે અશુદ્ધ્યમાન તથાભૂત ગુરુતર છેદ વિશેષથી શોધે.

એ પ્રમાણે સાત પ્રકારે ભાવવ્રણ ચિકિત્સા પ્રદર્શિત કરી.

મૂલ આદિ વિષયનિરૂપણ દ્વારથી સ્વસ્થાનેથી જાણવા. અહીં તે કહેતા નથી. હવે પ્રસ્તુત વિષય - આ રીતે અનેક સ્વરૂપથી - સંબંધથી આવેલ કાયોત્સર્ગ. અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે, તે કહેવા.

તેમાં નામનિષ્પન્ન નિક્ષેપમાં કાયોત્સર્ગ અધ્યયન, તે કાયોત્સર્ગ અને અધ્યયન છે. તેમાં કાયોત્સર્ગને આશ્રીને દ્વારગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૧૪૨૮ + વિવેચન :-**

૧- નિક્ષેપ, ૨- એકાર્થ, ૩- વિધાન માર્ગણા, ૪- કાળ, ૫- ભેદ પરિણામ, ૬- અશઠ, ૭- શઠ, ૮- વિધિ, ૯- દોષ, ૧૦- કોનો, ૧૧- ફળ આ ૧૧-દ્વારો છે.

(૧) નિક્ષેપ - કાયોત્સર્ગના નામાદિ લક્ષણ નિક્ષેપ કરવો. (૨) એકાર્થ-એકાર્થિકો કહેવા. (૩) વિધાન માર્ગણા - વિધાન એટલે ભેદ કહેવાય. ભેદ-માર્ગણા કરવી. (૪-૫) કાળભેદ પરિમાણ. અભિભવ કાયોત્સર્ગાદિના કાળ પરિણામ કહેવા. ભેદ પરિમાણ ઉત્સૃતાદિ કાયોત્સર્ગ ભેદો કહેવા.

(૬-૭) અશઠ અને શઠ કાયોત્સર્ગ કર્તા કહેવા જોઈએ. (૮) વિધિ-કાયોત્સર્ગકરણ વિધિ કહેવી. (૯) દોષ - કાયોત્સર્ગના દોષો કહેવા. (૧૦) કોનો કાયોત્સર્ગ, તે કહેવું. (૧૧) કાયોત્સર્ગનું આ-લોક કે પર-લોક સંબંધી ફળ કહેવું. સંક્ષેપથી આટલાં દ્વારો કહ્યા.

વિસ્તારાર્થ પ્રત્યેક દ્વારમાં ભાષ્યકાર જ કહેશે.

તેમાં કાયાનો ઉત્સર્ગ તે કાયોત્સર્ગ. એમ દ્વિપદ નામ એમ કરીને કાયાનો અને ઉત્સર્ગનો નિક્ષેપ કરવો.

**● ભાષ્ય-૨૨૮-વિવેચન :-**

કાય વિષયક અને ઉત્સર્ગ વિષયક એ પ્રમાણે નિક્ષેપના બે વિષયો થાય, આ બે જ વિકલ્પો કે બે જ ભેદો છે. આ બંને વિકલ્પમાં પ્રત્યેકની પ્રરૂપણા હું કરીશ.

**● નિર્યુક્તિ-૧૪૨૯ થી ૧૪૪૬, ભા. ૨૨૯ થી ૨૩૧-વિવેચન :-**

[૧૪૨૯] કાયનો નિક્ષેપ કરવો. તે બાર પ્રકારે અને ઉત્સર્ગ છ પ્રકારે છે. પશ્ચાર્દ્ધ સુગમ છે. તેમાં કાયનિક્ષેપ પ્રતિપાદનાર્થે કહે છે —

[૧૪૩૦] નામકાય, સ્થાપનાકાય, શરીરકાય, ગતિકાય, નિકાયકાય, અસ્તિકાય, દ્રવ્યકાય, માતૃકાય, સંગ્રહકાય, પર્યાયકાય, ભારકાય અને ભાવકાય આ ગાથાનો સંક્ષેપાર્થ છે.



વિસ્તારાર્થે પ્રતિ દ્વારે અમે વ્યાખ્યા કરીશું.

તેમાં નામકાય કહે છે — काय - કોઈ સચેતન કે અચેતન પદાર્થનું નામ કાય રાખો તે નામકાય. નામને આશ્રીને કાય.

[૧૪૩૧] દેહ પણ શરીરની ઉંચાઈને કાય કહેવાય છે. કાચ અને મણિ પણ કાય કહેવાય છે તથા બદ્ધ એવા કિંચિત્ લેખાદિને નિકાય કહે છે — નિકાચિત નામ કહેતા તે નિકાય કહેવાય. નામદ્વાર કહ્યું.

હવે સ્થાપના દ્વાર કહે છે —

[૧૪૩૨] અક્ષ-ચંદનક કે વરાટક-કપર્દકમાં કે કાષ્ઠ-કુટ્ટિમ અથવા પુસ્ત - વસ્ત્રકૃત્ કે ચિત્રકર્મમાં પ્રસિદ્ધ છે. કઈ રીતે તે કહે છે — સત્‌નો ભાવ સદ્‌ભાવ અર્થાત્ તથ્ય. તેને આશ્રીને તથા અસતભાવ અર્થાત્ અતથ્ય, તેને આશ્રીને, શું ? સ્થાપનાકાય જાણવા.

[૧૪૩૩] સામાન્યથી સદ્‌ભાવ અને અસદ્‌ભાવ સ્થાપનાનું ઉદાહરણ - જો અહીં લેપ કરેલો હાથી તે હાથી એવી સ્થાપનામાં નિવેશ કરાય તો આ સદ્‌ભાવિક સ્થાપના કહેવાય છે. અસત્ ભાવમાં વળી હાથીની આકૃતિ ન હોય તો તે નિરાકૃતિ-હાથીની આકૃતિ રહિત જ ચતુરંગાદિમાં તે જ સ્થાપનાકાય પણ વિચારવી.

હવે શરીરકાય પ્રતિપાદનાર્થે કહે છે —

[૧૪૩૪] ઉદાર પુદ્‌ગલો વડે નિર્વૃત્ત તે ઔદારિક, વિવિધા ક્રિયા તે વિક્રિયા, તેમાં થાય તે વૈક્રિય. પ્રયાજનના અર્થી વડે આહરિત કરાય તે આહારક. તેજોમય તે તૈજસ. કર્મ વડે બનેલું તે કાર્મણ.

આ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એવું પંચવિધ, નિશ્ચે શરીર છે. શરીરો એ પુદ્‌ગલના સંઘાત રૂપત્વથી કાય કહેવાય.

તેથી 'શરીરકાય' જાણવું.

[પ્રક્ષેપ-૧] ગતિ કાયના પ્રતિપાદનાર્થે કહે છે —

આ અન્ય કર્તાની ગાથા છે, પણ ઉપયોગી હોવાથી વ્યાખ્યા કરીએ છીએ — ચારે ગતિમાં અર્થાત્ નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ રૂપમાં દેહ તે શરીરની ઉંચાઈ, નારકાદીની જે છે તે ગતિકાય કહેવાય.

આની વચ્ચે શિષ્ય કહે છે — શું આ શરીરકાય ન કહેવાય ? તેથી જ કહેલ છે કે — ઔદારિકથી વ્યતિરિક્ત નારક, તિર્યંચાદિ દેહ નથી.

આચાર્ય ઉત્તર આપે છે — વિશેષણ સામર્થ્યથી તે ગતિકાય થાય છે. વિશેષણ અહીં આ રીતે - ગતિમાં કાય તે ગતિકાય. જેમ બે ભેદે સંસારી જીવો છે — ત્રસ અને સ્થાવર. વળી તે જ સ્ત્રી, પુરુષ, નપુંસક વિશેષણથી ભેદ પામે છે, તેમ અહીં પણ જાણવું.

અથવા બધાં સત્વોને અપાંતરાલ ગતિમાં જે કાય છે તેને ગતિકાય કહેવાય છે. તેથી કહે છે —

[૧૪૩૫] જેના વડે ઉપગૃહીત-ઉપકૃત એક ભવથી બીજા ભવમાં એટલે કે

ભવાંતરમાં જાય છે તે. અર્થાત્ મનુષ્ય આદિ મનુષ્ય ભવથી ચ્યવીને જેના આશ્રયથી અપાંતરાલ દેવાદિ ભવમાં જાય છે, તે ગતિકાય કહેવાય.

તેને કાળમાનથી દેખાડે છે — તે જેટલા કાળ સમયાદિથી જાય છે, તેટલો જ કાળ આ ગતિકાય કહેવાય છે. આ ગતિકાય, સ્વરૂપ વડે દર્શાવતા કહે છે —

તૈજસ સાથે વર્તતું હોવાથી 'સતૈજસ'. કાર્મણ શરીર. ગતિકાયને આશ્રીને અપાંતરાલ ગતિમાં જીવગતિના એમ ભાવવું જોઈએ.

નિકાયકાય પ્રતિપાદિત કરે છે —

[૧૪૩૬] નિયત કે નિત્યકાય તે નિકાય. આની નિત્યતા ત્રણે કાળમાં ભાવથી કહ્યું અથવા અધિક જે કાય તે નિકાય. જેમ અધિક દાહ તે નિદાહ કહેવાય. આનું આધિક્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અપેક્ષાથી કે સ્વભેદની અપેક્ષાથી છે. તેથી કહે છે —

એક આદિ યાવત્ અસંખ્યેય પૃથ્વીકાયિકા સુધી કાય છે. તે જ સ્વજાતીયને અપ્રક્ષેપની અપેક્ષાથી નિકાય છે. એ પ્રમાણે બીજામાં પણ વિભાષા છે. એ પ્રમાણે બીજામાં પણ વિભાષા છે. એ પ્રમાણે જીવનિકાય સામાન્યથી નિકાયકાય કહેવાય અથવા જીવનિકાય પૃથ્વી આદિ ભેદભિન્ન છ એ પણ નિકાય કહેવાય કેમકે તેનો સમુદાય છે. નિકાયદ્વાર કહ્યું.

હવે અસ્તિકાયને કહે છે :- તેમાં આ ગાથા ખંડ છે —

અહીં अस्ति શબ્દ ત્રિકાળ વચન નિપાત છે — હતુ, છે, હશે. બહુપ્રદેશો હોવાથી તેના વડે પાંચ જ અસ્તિકાયો કહ્યા. तु શબ્દ અવધારણ અર્થપણાથી છે, તેથી ન્યૂન પણ નહીં અને અધિક પણ નહીં. આના દ્વારા ધર્મ-અધર્મ-આકાશના એક દ્રવ્યત્વથી અસ્તિકાયપણું કહેલ છે. પણ કાળ સમયમાં અનેકત્વથી અસ્તિકાયત્વમાં આપત્તિ આવે, તેથી આને પરિહરીને જાણવું. તે આ પાંચ છે —

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એને અસ્તિકાય જાણવા.

હવે દ્રવ્યકાયના પ્રતિપાદનાર્થે કહે છે —

[ભા.૨૨૯] જે દ્રવ્ય અર્થાત્ જીવદ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય લેવા, પણ ધર્માસ્તિકાયાદિ ન લેવા. જે દ્રવ્ય-જે વસ્તુ પુરસ્કૃત ભાવ, જેના વડે આગળ કરાયેલ ભાવ છે તે. અર્થાત્ ભાવિના ભાવની યોગ્ય અભિમુખ.

અથવા પશ્ચાત્કૃત્ભાવ, અહીં वा શબ્દ વિકલ્પ વચન છે. પશ્ચાત્ કૃત એટલે પ્રાયઃ ઉજ્ઝિત ભાવ-પર્યાય વિશેષ લક્ષણ જેનાથી છે તે તે પ્રમાણે કહે છે — અહીં કહેવા એવું માંગે છે કે જે ભાવમાં દ્રવ્ય વર્તે છે, તેથી જે પૂર્વે છે તે ભાવ. તેની અપેક્ષાએ તે પશ્ચાત્કૃત્ ભાવ કહેવાય છે.

તે આવા સ્વરૂપે બે પ્રકારે છે — ભાવિ અને ભૂતના ભાવને યોગ્ય. 'દ્રવ્ય' એ વસ્તુવચન છે. જે એક દ્રવ્ય શબ્દ છે. શું ? દ્રવ્ય હોય છે. 'भवति' શબ્દનો વ્યવહિત સંબંધ છે.



આ દ્રવ્યલક્ષણ કહીને હવે ઉદાહરણ કહે છે —

यथा - ઉદાહરણનો ઉપન્યાસાર્થ કહે છે. ભવ્ય - યોગ્ય, દ્રવ્ય દેવાદિ. અહીં આ ભાવના છે - જે પુરુષાદિ મરીને દેવત્વ પામશે, બદ્ધાયુ, અભિમુખ નામ કે ગોત્ર, તે યોગ્યત્વથી દ્રવ્યદેવ કહેવાય છે. એ પ્રમાણે અનુભૂત દેવભાવ પણ, आदि શબ્દથી દ્રવ્ય નારકાદિ લેવા અને પરમાણુ પણ લેવા. તેથી કહ્યું — આ દ્વિ અણુક આદિ કાય યોગ્ય થાય જ. તેથી આવા સ્વરૂપે દ્રવ્યકાય કહેવાય છે.

'तु' શબ્દના વિશેષણથી જીવ અને પુદ્ગલ દ્રવ્ય સ્વીકાર્યુ, પણ ધર્માસ્તિકાયાદિનો અહીં વ્યવચ્છેદ કેમ કર્યો ?

તેનો ઉત્તર આપે છે — તેમાં યથોક્ત પ્રકારે દ્રવ્ય લક્ષણનો યોગ ન હોવાથી, સર્વદા જ અસ્તિકાયત્વ લક્ષણભાવ યુક્તતાથી. અહીં ભાષ્યકાર જણાવે છે —

[ભાષ્ય-૨૩૦] જો અસ્તિકાય ભાવ, અસ્તિકાયલક્ષણ. જેમ જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં વિશિષ્ટ પર્યાય આગામી હોય છે. केषाम् - ધર્માસ્તિકાય-આદિનો. વ્યાખ્યાનથી વિશેષ જાણકારી મળે. - x - તેથી તે દ્રવ્યાસ્તિકાય થાય છે. એમ ગાથાર્થ કહ્યો.

[૧૪૩૭] અતીતકાળ, અનાગતભાવ, જે કારણથી ધર્માસ્તિકાય આદિના વિધમાન નથી, કાયત્વ અપેક્ષાથી સદા આ યોગ હોય જ છે. તેનાથી કેવલ-શુદ્ધ ધર્માસ્તિકાયાદિમાં વિધમાન નથી. શું ? દ્રવ્યાસ્તિકાયત્વ. કેમકે સદા તેના ભાવનો યોગ હોય છે.

જો એમ છે, તો દ્રવ્યદેવાદિ ઉદાહરણ કહ્યા છે, તે પણ દ્રવ્ય પ્રાપ્ત ન થાય. સદા જ સદ્ભાવયોગ છે. તેથી કહે છે — તે જ તેના ભાવ છે, જે જેમાં વર્તે છે. અહીં ગુરુ કહે છે —

[૧૪૩૮] काम - તે અનુમત છે, જેમકે ભવ્ય એવા તે સુરાદિ. અહીં आदि શબ્દથી દ્રવ્ય નારકાદિ પણ લેવા. તે વિષયમાં વિચારમાં ભાવ છે, તે જ જ્યાં વર્તે છે, તે આ મનુષ્યાદિ ભાવ.

પરંતુ ભાવિ ત્યાં સુધી ન જન્મે, ત્યાં સુધી તે દ્રવ્યદેવો છે. કેમકે તેને યોગ્ય છે, યોગ્યતા દ્રવ્યત્વથી છે. આવું ધર્માસ્તિકાયાદિમાં નથી. કેમકે આગામીકાળમાં તેને ભાવયુક્તપણું જ છે.

યથોક્ત દ્રવ્યલક્ષણ જાણીને તેના ભાવમાં અતિપ્રસંગ મનમાં ધારણ કરીને શિષ્ય કહે છે -

વર્તમાનભાવમાં સ્થિતને બંને તરફ આગામીકાળ અને અતીતકાળમાં અનંતર રહિત વર્તમાનભવ ભાવથી એમ પ્રકરણથી જાણવું. અનંતર બંને ભાવથી રહિત તે બંને પણ જો તેને કહે — તો અનંગગુણા થાય. તે બે ભવ વ્યતિરિક્ત વર્તમાનભવ ભાવથી રહિત - x - તેની અપેક્ષાથી દ્રવ્યત્વ કલ્પના થાય છે.

હવે કહે છે કે — એ પ્રમાણે જ થાઓ, તો શું હાનિ છે ? તેનો ઉત્તર આપે છે કે — પુરુષાદિને એક કાળે ભવો ઘટતા નથી, અનેક-ઘણાં કાળે જ ઘટે છે. આ પ્રમાણે શિષ્યએ કહેતા, ગુરુ કહે છે —

[૧૪૪૦] વર્તમાન ભવમાં વર્તમાનની બંને બાજુ આગામી અને અતીત અનંતર ભવિકને આગળ અને પાછળના ભવસંબંધીને કહેલ છે. જો આયુષ્ય રહે તો, શેષ કર્મની વિવક્ષા નથી કે જે બાંધ્યા છે.

પુરસ્કૃત્ ભવ સંબંધી ત્રણ ભાગ આયુષ્ય બાકી રહેતા સામાન્યથી તે જ ભવમાં વર્તતા બંધાય છે. પશ્ચાત્કૃત્ સંબંધી ફરી તે જ ભવે વેદાય છે. અતિપ્રસંગની નિવૃત્તિ અર્થ કહે છે —

ઘણાં ભવો વીતતા જે બાંધેલ અને અનાગત કાળમાં જે ભોગવાય છે, જો તે જ ભવમાં વર્તમાનના દ્રવ્ય ભવો થાય તો પછી તે પણ, તે આયુષ્ક કર્મના સંબંધથી છે તેમ જાણવું. પણ તેવું છે નહીં. તેથી ચોદક-શિષ્યનું વચન અસત્ છે.

આ જ અર્થના પ્રસાધક લોકપ્રતીત નિદર્શનને બતાવતા કહે છે —

[૧૪૪૧] બે સંધ્યાના - પ્રત્યૂષ અને પ્રદોષ પ્રતિબદ્ધ સંધ્યાનો સૂર્ય-આદિત્ય અદૃશ્ય હોવા છતાં - અનુપલભ્યમાન હોવા છતાં પણ પામીને સમતિક્રાંત જેમ ક્ષેત્રને પ્રકાશે છે, તે આ પ્રમાણે છે —

પ્રત્યૂષ સંધ્યામાં પૂર્વવિદેહ અને ભરતને, પ્રદોષ સંધ્યામાં ભરત અને પશ્ચિમ વિદેહને. તે પ્રમાણે જ - જેમ સૂર્ય અહીં પણ પ્રકાંત જાણવો અહીં એમ કહે છે કે — વર્તમાન ભવમાં સ્થિત પુરસ્કૃતભવ અને પશ્ચાત્કૃત્ ભવનું આયુષ્યકર્મ સદ્ દ્રવ્યતાથી સ્પર્શે છે. પ્રકાશતા સૂર્યની જેમ તે સમજવું.

[ભાષ્ય-૨૩૧] હવે માતૃકાય પ્રતિપાદિત કરે છે - માતૃકા પદો એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. તેનો સમૂહને માતૃકાકાય. બીજા પણ તેવા પ્રકારના પદસમૂહ ઘણાં અર્થવાળા છે. તેથી ભાષ્યકાર કહે છે —

માતૃકા પદ એ ચિહ્ન છે. બીજા પણ જે પદસમૂહ છે તે પદકાય કહેવાય છે. માતૃકાપદકાય એટલે વિશિષ્ટ પદ સમૂહ. જે એક પદમાં ઘણાં અર્થો છે, તે પદોનો જે સમૂહ છે અથવા એક પદમાં જે ઘણાં અર્થો છે.

હવે સંગ્રહણીકાય પ્રતિપાદનાર્થે કહે છે —

[૧૪૪૨] સંગ્રહકાય અનેક છે. સંઘરવું તે સંગ્રહ. તે જ કાય. તે શું વિશિષ્ટ છે ? તે કહે છે — અનેક પણ જ્યાં એકવચનથી ગ્રહણ થાય છે. જેમ શાલિગ્રામે સેના જઈને વસે છે, રહે છે. અનુક્રમે, ઘણાં સ્તંબ હોવાથી શાલિ થાય છે. ઘણાં હાથી આદિના સમાવેશથી સેના થાય છે. આ શાલ્યાદિને સંગ્રહકાય કહે છે.

હવે પર્યાયકાય દર્શાવે છે —

[૧૪૪૩] પર્યાયકાય. પર્યાય-વસ્તુધર્મો. જે પરમાણુ આદિમાં ઘણાં પિંડિત હોય છે તથા પરમાણુ પણ કોઈક સાંવ્યવહારિકમાં જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંતગુણા બીજી અપેક્ષાથી છે. તે એક તિક્તાદિ રસ, તે બીજી અપેક્ષાથી તિક્તતર, તિક્તતમાદિ ભેદથી અન્યત્વ પામે. - x - હવે 'ભારકાય' કહે છે —

[૧૪૪૪] એક કાય - ક્ષીરકાય, બે ઘડામાં ભરતા બે ભેદે થાય છે. તેમાં એક રહે અને એક મારિત. જીવતા મૃતથી મારિત-ત્યારે તે બોલે છે - હે માનવ ! કયા



કારણે ? કથાનક પ્રતિક્રમણ અધ્યયનમાં જોવું. અહીં ભારકાય - x - ભાર એવી આ કાય તે ભારકાય જે બંને કુંભયુક્ત કાપોતી કહેવાય. બીજા કહે છે — ભારકાય જ કાપોતી કહેવાય. હવે ભાવકાય કહે છે —

[૧૨૪૫] બે, ત્રણ, ચાર કે પાંચ ભાવો છે — ઔદયિક આદિ. જ્યાં સચેતન કે અચેતન વસ્તુ વિદ્યમાન છે, તે ભાવકાય છે. ભાવોની કાય તે ભાવકાય જીવ અને અજીવમાં વિભાષા આગમાનુસાર કરવી.

મૂળદ્વારગાથામાં 'કાય' આશ્રીને નિક્ષેપદ્વાર કહ્યું. હવે એકાર્થિક —

[૧૨૪૬] કાય, શરીર, દેહ, બોંદિ, ચય, ઉપચય, સંઘાત, ઉચ્છ્રય, સમુચ્છ્રય, કડેવર, ભસ્ત્રા, તનુ, પાણું.

મૂળ દ્વાર ગાથામાં 'કાય'ને આશ્રીને કહેલ એકાર્થિકો કહ્યા. હવે ઉત્સર્ગને આશ્રીને નિક્ષેપ અને એકાર્થિક કહે છે. તેમાં નિક્ષેપ —

**● નિર્યુક્તિ-૧૪૪૭ થી ૧૪૫૨-વિવેચન :-**

[૧૪૪૭] નામ, સ્થાપના, દ્રવ્ય૦ આદિ અર્થને આશ્રિને સુગમ જ છે. વિશેષાર્થ તો પ્રત્યેક દ્વારે વિસ્તારથી કહીશું. તેમ પણ નામ અને સ્થાપના ગતાર્થ છે. દ્રવ્યોત્સર્ગ જણાવે છે —

[૧૪૪૮] દ્રવ્યોજ્ઝણા એટલે દ્રવ્યોત્સર્ગ. સ્વયં જ જે દ્રવ્ય અનેષણીય ઉત્સૃજ-ત્યાગ કરે છે. જે કરણભૂત પાત્રાદિ વડે ત્યાગ કરે છે, જે દ્રવ્યમાં ત્યાગ કરે છે, દ્રવ્યભૂતને કે અનુપયુક્તપણે તજે છે, તેને દ્રવ્યોત્સર્ગ કહેવાય છે.

ક્ષેત્રોત્સર્ગ :- જે ક્ષેત્ર-દક્ષિણદેશાદિમાં તજે છે, અથવા જે ક્ષેત્રમાં ઉત્સર્ગનું વર્ણન કરાય છે, તે ક્ષેત્રોત્સર્ગ.

કાલોત્સર્ગ :- જે જે કોઈ કાળમાં ત્યાગ કરે, જેમકે ભોજનને આશ્રીને રાત્રિના સાધુઓ જેટલો કાળ ઉત્સર્ગ કરે અથવા જે કાળમાં ઉત્સર્ગ વર્ણવાય છે તેને કાલોત્સર્ગ કહે છે.

હવે ભાવ ઉત્સર્ગ પ્રતિપાદિત કરવા કહે છે —

[૧૪૪૯] ભાવોત્સર્ગ બે ભેદે છે, પ્રશસ્ત અને અપ્રશસ્ત. પ્રશસ્ત તે શોભન વસ્તુને આશ્રીને છે. અપ્રશસ્ત તે અશોભન છે. તથા જે ભાવથી ઉત્સર્જનીય વસ્તુગતથી ખર આદિ વડે ઉત્સર્જન કરે, તેમાં ભાવથી ઉત્સર્ગ કહ્યો. તેમાં અસંયમ પ્રશસ્ત ભાવોત્સર્ગમાં તજે છે. અપ્રશસ્તમાં સંયમને ત્યજે છે. એ ગાથાર્થ કહ્યો. જે ભાવથી ત્યાગ છે, તેને પ્રગટ કરે છે —

[૧૪૫૦] ખર પરુષાદિ સચેતન, તેમાં खर - કઠિન, परुष - દુર્ભાષણયુક્ત, અચેતન દુરભિગંધવિરસાદિ જે દ્રવ્ય પણ જો દોષથી ત્યજે છે, તો તે ભાવોત્સર્ગ કહેવાય છે.

મૂળદ્વાર ગાથામાં ઉત્સર્ગને આશ્રીને નિક્ષેપદ્વાર કહ્યું. હવે એકાર્થિક શબ્દોને કહે છે, તેની ગાથા —

[૧૪૫૧] ઉત્સર્ગ, વ્યુત્સર્જના, ઉજ્ઝણા, અવકિરણ, છર્દન, વિવેક, વર્જન,

ત્યજન, ઉન્મોચના, પરિશાતના, શાતના.

મૂળદ્વાર ગાથામાં ઉક્ત ઉત્સર્ગ એકાર્થિક શબ્દો કહ્યા.

પછી કાયોત્સર્ગ કહે છે — કાયાનો ઉત્સર્ગ. અહીં મૂળદ્વારગાથામાં રહેલ વિધાન-માર્ગણાદ્વાર અવયવાર્થની વ્યાખ્યા કરતાં કહે છે —

[૧૪૫૨] તે કાયોત્સર્ગ બે ભેદે છે — ચેષ્ટા અને અભિભવ. તેમાં ભિક્ષાચર્યાદિ વિષયમાં પહેલો કાયોત્સર્ગ હોય. ઉપસર્ગ - દિવ્યાદિ, તેના વડે અભિયોજન તે ઉપસર્ગાભિયોજન. તે ઉપસર્ગાભિયોજનમાં બીજો અભિભવ કાયોત્સર્ગ હોય.

દિવ્યાદિ અભિભૂત જ મહામુનિ તે દેવને માટે કરે છે.

અથવા ઉપસર્ગોને સહન કરવા તે ઉપસર્ગાભિયોજન - x -

આ પ્રમાણે પ્રતિપાદિત કરતા શિષ્ય કહે છે. કાયોત્સર્ગમાં જ સાધુ વડે નોપસર્ગાભિયોજન કરવું જોઈએ —

● **નિર્યુક્તિ-૧૪૫૩ થી ૧૪૫૮-વિવેચન :-**

[૧૪૫૩] સામાન્યકાર્યમાં પણ ત્યાં સુધી ક્વચિત્ અનવસ્થાદિમાં અભિયોગ કેટલાંકને કરવો ઘટતો નથી. પછી કર્મક્ષયને માટે કાયોત્સર્ગ કરવાથી શું ? તે સારી રીતે ગર્વરહિત કરવો જોઈએ. અભિયોગમાં પણ ગર્વ વર્તે છે. શું અસૂયામાં ગર્વ - અભિયોગથી પરપુર-શત્રુનગરને અભિરુંધે છે. જેમ તેનો ગર્વ કરનાર અસાધુ છે, તેમ અહીં પણ કાયોત્સર્ગ અભિયોજન અશોભન છે.

- આવું શિષ્યે કહ્યું ત્યારે આચાર્ય કહે છે —

[૧૪૫૪] મોહપ્રકૃતિમાં ભય અથવા મોહપ્રકૃતિ એવા આ ભય, એમ મોહનીયકર્મનો ભેદ છે. તે આ રીતે — 'હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા છ, મોહનીયના ભેદપણે પ્રસિદ્ધ છે.

તે અભિભવ કરે, અભિભૂત એવો જે કોઈ કાયોત્સર્ગ કરે છે 'તુ' શબ્દથી બીજા કોઈ બાહ્ય અભિભૂતથી નહીં. બાહ્ય ભય કારણમાં ત્રણ ભેદે દ્રવ્ય મનુષ્ય અને તિર્યંચ ભેદ ભિન્ન હોવાથી તેને અભિભવ નથી.

હવે આવા પ્રકારે પણ અભિયોગ છે, તે અહીં કહે છે — આવા પ્રકારના અભિયોગનો પ્રતિષેધ નહીં. - પરંતુ -

[૧૪૫૫] આક્કાર્ય - રે રે ક્યાં જાય છે અત્યારે, એ પ્રમાણે પરમ્ - બીજા કોઈ સંગ્રામ માફક જો તે કાયોત્સર્ગ કરે તો અભિભવ કાયોત્સર્ગ ઘટે છે. પરાભિભવના અભાવમાં અભિભવ કોનો ? કોઈનો નહીં.

ત્યાં આમ કહેવાય કે — ભય પણ કર્માંશ વર્તે છે. કર્મ પણ અભિભવ છે, એકાંતે ન જ કરવો કહેવું તે અયુક્ત છે. કેમકે —

[૧૪૫૬] આઠ પ્રકારના કર્મો છે અને આઠે પ્રકારના કર્મો શત્રુરૂપ છે. તેનો અર્થ આ છે — જે કારણથી જ્ઞાનાવરણીયાદિ શત્રુરૂપ વર્તે છે. ભવનિબંધનપણાથી અને च શબ્દથી અચેતન છે. તેથી કારણે તેનો જય કરવા એટલે કે કર્મના જય નિમિત્તે આભિમુખ્યતાથી ઉદ્યત જે એકાંત ગર્વરહિત પણ બાર પ્રકારનો તપ અને



સત્તર પ્રકારનો સંયમ સાધુઓ કરે છે - આરાધે છે. તેથી કર્મના ક્ષયને માટે જ તેના અભિભવને માટે કાયોત્સર્ગ કરવો જોઈએ.

[૧૪૫૭] તથા કહે છે કે — પ્રકાંત શત્રુસૈન્યના કષાયો ચાર ભેદે છે — ક્રોધાદિ, નાયક-પ્રધાન, અભિભવ કાયોત્સર્ગને અભગ્ન - અપીડિત કરે છે. સાધુઓ તેમના જયને માટે અર્થાત્ કર્મના ક્ષય નિમિત્તે તપ અને સંયમવત્ [કાયોત્સર્ગ કરે]

મૂળ દ્વારગાથામાં વિધાનમાર્ગણા દ્વાર કહ્યું.

હવે કાલપરિમાણ દ્વારનો અવસર છે. તેની આ ગાથા —

[૧૪૫૮] સંવત્સર એ ઉત્કૃષ્ટ કાળ પ્રમાણ છે. તેથી બહુબલીએ સંવત્સર કાયોત્સર્ગ કર્યો. અભિભવ કાયોત્સર્ગનું જઘન્ય કાળ પરિણામ અંતર્મુહૂર્ત કહેલ છે.

ચેષ્ટા કાયોત્સર્ગનું તો કાળ પરિમાણ અનેક ભેદથી હોય છે. જે અમે આગળ કહીશું. એ પ્રમાણે સામાન્યથી કાળ પરિમાણ દ્વાર કહ્યું.

હવે ભેદ પરિમાણદ્વારને આશ્રીને કહે છે —

● **નિર્યુક્તિ-૧૪૫૯ થી ૧૪૬૧-વિવેચન :-**

ઉચ્છ્રિતોચ્છ્રિત ઉત્સૃત અને ઉત્સૃતનિષણ્ણ નિષણ્ણોત્સૃત નિષણ્ણ, નિષણ્ણનિષણ્ણ એમ છ ભેદ કહ્યા.

નિષણ્ણોત્સૃત નિષણ્ણ નિષણ્ણનિષણ્ણ જાણવા. આ પદોની પ્રત્યેકની પ્રરૂપણા હું કહીશ. આ સંક્ષેપથી ગાથાર્થ કહ્યો, અવયવાર્થ તો હું આગળ કહીશ.

ઉત્સૃતોનિષણ્ણ, નિષણ્ણનિષણ્ણમાં એકૈક જ પદમાં દ્રવ્યથી ઉત્સૃત ઉર્ધ્વસ્થાને રહેલ પણ ભાવથી ઉત્સૃત નહીં. એવા ધ્યાન ચતુષ્ટય રહિત કૃષ્ણાદિ લેશ્યાગત પરિણામ.

અન્યને૦ દ્રવ્યથી ઉત્સૃત નહીં - ઉર્ધ્વસ્થાને ન રહેલ, ભાવથી ઉત્સૃત, તે શુક્લધ્યાયી, અન્ય૦ બીજા દ્રવ્યથી પણ નહીં ભાવથી પણ નહીં. તે અહીં પ્રતીતાર્થ છે.

એ પ્રમાણે અન્યપદ ચતુર્ભંગિકા પણ કહેવી.

અહીં સામાન્યથી ભેદ પરિણામ દર્શાવ્યા પછી શિષ્ય પૂછે છે કે — કાયોત્સર્ગ કરવામાં કયા ગુણ છે ? આચાર્ય કહે છે —

● **નિર્યુક્તિ-૧૪૬૨ થી ૧૪૭૮-વિવેચન :-**

[૧૪૬૨] દેહ જાડ્ય શુદ્ધિ - શ્લેષ્ણાદિ પ્રહાણથી અને મતિ જાડ્ય શુદ્ધિ. તે પ્રમાણે રહેલના ઉપયોગ વિશેષથી થાય સુખદુઃખની તિતિક્ષા અર્થાત્ તેને સહન કરવાનું થાય. અનિત્યત્વ આદિ અનુપ્રેક્ષા તે રીતે રહેનારને થાય છે. વળી તે શુભ ધ્યાન - ધર્મ અને શુક્લરૂપને ધ્યાવે છે. બાકીની પ્રવૃત્તિના અભાવે એકચિત્તે કાયોત્સર્ગ થાય છે.

અહીં અનુપ્રેક્ષા, ધ્યાનાદિના ધ્યાનોપરમમાં થાય છે, એમ કરીને ભેદ વડે ઉપન્યાસ કરેલ છે.

[૧૪૬૩] અહીં શુભ ધ્યાન કરે છે, એમ કહ્યું. તેમાં આ ધ્યાન શું છે ? તે કહે છે — બે ઘડીનું મુહૂર્ત. ભિન્ન મુહૂર્તને અંતર્મુહૂર્ત કહે છે. આ અંતર્મુહૂર્ત કાળ

ચિત્તની એકાગ્રતા રહે તેને ધ્યાન કહે છે.

વળી તે આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ચાર ભેદે જાણવું આનું સ્વરૂપ જેમ પ્રતિક્રમણ અધ્યયનમાં પ્રતિપાદિત છે, તે પ્રમાણે કહેવું જોઈએ.

[૧૪૬૪ થી ૧૪૬૬] તેમાં પહેલા બે ધ્યાનને સંસારના વર્દ્ધક કહ્યા છે અને પછીના બે વિમોક્ષનો હેતુ કહ્યા છે. તેનો અહીં અધિકાર છે, બીજા ધ્યાનોનો નહીં.

હવે જેવા સ્વરૂપનો જ્યાં યથાવસ્થિત જે ધ્યાન કરે છે. તેને બતાવવાને કહે છે — સંવૃત્ત કર્યા છે આશ્રવદ્વાર જેણે. અર્થાત્ પ્રાણાતિપાત આદિ આશ્રવ દ્વારોને જેણે બંધ કરી દીધા છે.

ક્યાં ધ્યાન કરે ? અવ્યાબાધામાં - ગાંધર્વાદિ લક્ષણ ભાવ વ્યાબાધ રહિત, અકંટક - પાષાણ કંટકાદિ દ્રવ્ય કંટકરહિત ભૂભાગમાં.

કઈ રીતે રહીને ધ્યાન કરે ? સ્થિર-નિષ્કંપ અવસ્થાન - અવસ્થિતિ વિશેષ કરીને રહેલો કે નિષણ્ણ. પુરુષાદિ ચેતન કે પ્રતિમાદિ અચેતન વસ્તુને અવલંબીને - વિષયી કરીને ઘન-દૃઢ મનથી - અંતઃકરણથી જે ધ્યાન કરે છે.

શું ? તે કહે છે — સૂત્ર જે ગણધરાદિ વડે બદ્ધ હોય અને અર્થ - તદ્‌ગોચર, તેમાં રહેલનું ધ્યાન કરે. કેવા પ્રકારના અર્થથી ? તે કહે છે — દ્રવ્ય કે તેના પર્યાયોનું. અહીં જ્યારે સૂત્રનું ધ્યાન કરે છે ત્યારે તે જ સ્વગત ધર્મો વડે આલોચે છે અર્થને નહીં, જ્યારે અર્થનું ધ્યાન કરે ત્યારે સૂત્રનું નહીં.

[૧૪૬૭] હવે પૂર્વોક્ત ચોદ્ય-પરિહારને માટે કહે છે, ત્યાં કંઈક કહે છે — શું કહે છે ? ધ્યાન જે માનસનું પરિણામ છે. કેમકે ધ્યાનનો 'ચિંતા' અર્થત્વ કહેલ છે. આવી આશંકાનો ઉત્તર આપતા કહે છે — તેમ ન થાય, કેમકે જિનેશ્વરે ત્રણે યોગથી ધ્યાન કહેલ છે. તેથી મન, વચન, કાયાની પ્રવૃત્તિ રૂપ ત્રણે યોગથી ધ્યાન થાય.

[૧૪૬૮] પરંતુ, કોઈકને ક્યારેક પ્રાધાન્યને આશ્રીને ભેદથી વ્યપદેશ પ્રવર્તે છે. આવા પ્રાધાન્યને કારણે ધ્યાનનો મન સાથે સંબંધ જોડી વિશેષથી વ્યાખ્યા કરાતી હોય છે.

[૧૪૬૯] એ પ્રમાણે મન, વચન, કાયાના ત્રણે પણ યોગોમાં જે જ્યારે ઉત્કટ યોગ હોય, તે યોગનો ત્યારે તે કાળમાં નિર્દેશ કરવો. ત્યાં બીજા યોગ એક પણ હોય, બે પણ હોય કે ન પણ હોય.

અહીં ભાવના આ પ્રમાણે છે કે — કેવળીને વાચા યોગ અને ઉત્કટમાં કાય યોગ પણ હોય, આપણે બધાંને મનોયોગ મુખ્ય છે, કાયયોગ હોય કે ન પણ હોય. કેવળીને શૈલેશી અવસ્થામાં કાયયોગનિરોધ કાળમાં માત્ર કાયયોગ જ હોય છે. આના દ્વારા શુભયોગનું ઉત્કટત્વ તથા નિરોધ, બંને પણ ધ્યાન કહેલ છે.

[૧૪૭૦] અહીં જે ઉત્કટ યોગ, તેના જ ઈતર સદ્‌ભાવમાં પણ પ્રાધાન્યથી સામાન્યથી ધ્યાન કહીને હવે વિશેષથી ત્રણ પ્રકારને જણાવતા કહે છે — કાયમાં પણ આત્માની અધિ [અધ્યાત્મ] માં વર્તે છે. તે અધ્યાત્મ એટલે ધ્યાન. એકાગ્રતાથી એજનાદિના નિરોધથી કહ્યું.



વાગ્યોગ - અધ્યાત્મ અર્થાત્ ધ્યાન, એકાગ્રતાથી જ આયતભાષા નિરોધથી થાય. મનમાં પણ એ પ્રમાણે જ ધ્યાન થાય. એ પ્રમાણે કાયામાં અને વાચામાં પણ છે.

આ પ્રમાણે ભેદ વડે જણાવીને હવે એકાદિમાં પણ દર્શાવતા કહે છે — કાયા, વાચા, મનોયુક્ત ત્રિવિધે અધ્યાત્મ [ધ્યાન] કહેલ છે. [કોણે ?] તીર્થંકર અને ગણધરોએ કહ્યું છે કે — ''ભંગિક સૂત્રને ગણતો ત્રણે પણ ધ્યાનમાં વર્તે છે.

[૧૪૭૧] પર અભ્યુપગત ધ્યાન સામ્ય પ્રદર્શનથી અનભ્યુપગતને પણ ધ્યાનતા દેખાડતા કહે છે — હે આયુષ્યમન્ ! જો કે એકાગ્ર ચિત્ત ક્યારેક વસ્તુમાં ધારણા કરતો કે સ્થિરતાથી દેહવ્યાપીવિષવત્ ડંખ, એ રીતે નિરુંધતાને કેવલી માફક તેનો પણ યોગનિરોધ છે.

કેમ ? ધ્યાન માનસિક થાય ચે, જો તેમ નથી તો બાકીના બંને પણ વચન અને કાયાના છે. એ પ્રમાણે જ - એકાગ્ર ધારણાદિ પ્રકારથી તે લક્ષણના યોગથી ધ્યાન થાય છે.

[૧૪૭૨] અહીં ત્રણ પ્રકારનું ધ્યાન કહ્યું છતાં જેનું જ્યારે ઉત્કટત્વ હોય, તેનું ત્યારે બીજા ધ્યાનના સદ્‌ભાવ છતાં પ્રાધાન્યથી વ્યપદેશ કરવો. આ લોક લોકોત્તર ન્યાય છે. તેથી 'देसिय' ગાથા કહે છે —

દેશિક - અગ્રયાયી, આગળ જનાર. દેશિક વડે દર્શિત માર્ગ-પંથ જેનો છે તે. વ્રજન્ - જતો, નરપતિ - રાજા, શબ્દને પ્રાપ્ત કરે છે.

કઈ રીતે તે કહે છે — આ રાજા જાય છે, આને કેવળ નથી. ઘણાં લોકોના અનુગતત્વથી, તેને અન્ય વ્યપદેશ નથી. કેમકે તેનું અપ્રાધાન્ય છે. બાકીના અર્થાત્ અમાત્ય આદિ અનુગામી - તે રાજાની પાછળ જનારા. અહીં પ્રાધાન્યથી ફક્ત 'રાજા'નો વ્યપદેશ કરાય છે.

[૧૪૭૩] આ લોકાનુગત ન્યાય છે. હવે આ લોકોત્તરાનુગત કહે છે — પ્રથમ જ 'પ્રથમિલ્લુક', આનું પ્રાથમ્ય સમ્યગ્દર્શનના પ્રથમ ગુણ-ઘાતીત્વથી છે, તે પ્રથમિલ્લુકના ઉદયમાં, કોનો ? અનંતાનુબંધી ક્રોધના.

તે વખતે બાકીના ત્રણે — અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનાદિ તે જીવદ્રવ્યમાં હોય છે. અતીતાદિ અપેક્ષાથી તેનો સદ્‌ભાવ પ્રતિપાદિત કરતાં નથી. [તેવું નહીં] પરંતુ અપ્રત્યાખ્યાન આદિ હોય જ છે, પણ તેનું પ્રાધાન્ય ન હોવાથી તેનો વ્યપદેશ કરતાં નથી, માત્ર આદ્યનો જ વ્યપદેશ છે તે રીતે આ પણ અધિકૃત જાણવું.

[૧૪૭૪] હવે સ્વરૂપથી કાયિક અને માનસ ધ્યાનને જણાવતા કહે છે — ''મારો દેહ ન કંપો'' એ પ્રમાણે ચલિત થયા વિના એકાગ્રતાથી રહેલ ને, શું ? કાયા વડે નિર્વૃત્ત તે કાયિક ધ્યાન થાય છે.

એ જ પ્રમાણે માનસ નિરુદ્ધ મનથી ધ્યાન થાય છે.

[૧૪૭૫] આવું પ્રતિપાદન કરતાં શિષ્ય કહે છે — જો કાયા અને મનના નિરોધમાં ધ્યાનને પ્રતિપાદિત કર્યુ, તો વાચાને યોજવી કે નહીં ? કદાચિત્ અપ્રવૃત્તિ જ નિરોધના અભાવથી છે. - x - તો વાગ્ધ્યાન થતું જ નથી શું ? - x - અથવા

અહીં વિશેષ શું છે ? જે કારણે આ પણ વ્યવસ્થિત કરવા છતાં વાગ્ધ્યાન થાય છે.

[૧૪૭૬] આ પ્રમાણે શિષ્યએ કહેતા ગુરુ જણાવે છે - मा मे चलतु - 'કંપવું' એ શબ્દનો વ્યવહિત પ્રયોગ છે, તેને અમે દર્શાવીશું - મારું કંપે નહીં. [શું ?] તનુ - શરીર. એ પ્રમાણે ચલન ક્રિયાના નિરોધથી જે રીતે તે ધ્યાન કાયિક નિષ્પ્રકંપને થાય છે. અયતા ભાષા વિવર્જિન - દુષ્ટ વાક્ય પરિહરવાને, વાચિક ધ્યાન જ કહ્યું જેમ કાયિક કહ્યું છે.

[૧૪૭૭] હવે સ્વરૂપથી વાચિક ધ્યાનને બતાવતા કહે છે — એ પ્રમાણે નિરવધા વાણી કહી છે. તે મારે બોલવી અને આવી સાવધ ન બોલવી, એ પ્રમાણે એકાગ્રતાથી વિચારેલ વાક્યનો બોલનારને વાચિક ધ્યાન થાય છે.

[૧૪૭૮] એ પ્રમાણે ત્યાં સુધી વ્યવહારથી ભેદ વડે ત્રણે પ્રકારે ધ્યાનને કહ્યું. હવે એકદાજ - એકત્ર જ ત્રિવિધ ધ્યાન દર્શાવે છે —

મન વડે - અંતઃકરણથી ઉપયુક્ત થઈ વ્યાપાર - પ્રવૃત્તિ કરતો કાય-દેહ, વાચા-વાણી તેના પરિણામ તે વિવિક્ષિત શ્રુતપરિણામ અથવા તેના પરિણામ તે ત્રણ યોગના પરિણામ - x -

ભંગિક શ્રુત-દૃષ્ટિવાદ અંતર્ગત્ કે અન્ય તેવા પ્રકારનું ગણતો - [પરાવર્તિત કરતો] વર્તે છે. [શેમાં ?] મન, વચન, કાય વ્યાપાર રૂપ ત્રણે પ્રકારના ધ્યાનમાં. આટલું આનુષાંગિક કહ્યું.

હવે ભેદપરિમાણ પ્રતિપાદિત કતરાં ઉત્સૃતોચ્છ્રિતાદિ ભેદરૂપ જે નવ ભેદે કાયોત્સર્ગ પહેલાં દેખાડ્યો, તે યથાયોગ વ્યાખ્યાયિત કરીએ છીએ. તેમાં આ ગાથાઓ બતાવેલ છે—

**● નિર્યુક્તિ-૧૪૭૯ થી ૧૪૯૬-વિવેચન :-**

[૧૪૭૯,૧૪૮૦] ધર્મ અને શુક્લનું સ્વરૂપ પૂર્વે બતાવ્યું. તે બંને જ ધ્યાનમાં જે કોઈ ધ્યાવતો રહીને આ કાયોત્સર્ગ - ઉત્સૃતોત્સૃત થાય છે, તેમ જાણવું. જે કારણથી આ શરીર ઉત્સૃત ભાવ પણ ધર્મશુક્લ ધ્યાયિત્વથી ઉત્સૃત જ છે.

એક ભેદ કહ્યાં હવે બીજો કહે છે — ધર્મ અને શુક્લ બંને ન ધ્યાવે, આર્ત્ત-રૌદ્ર બંનેને પણ ન ધ્યાવે આવો કાયોત્સર્ગ દ્રવ્યોત્સૃત થાય છે, તેમ જાણવું.

[૧૪૮૧] તો વળી કઈ અવસ્થામાં શુભ ધ્યાન પણ ન કરે અને અશુભ ધ્યાન પણ ન કરે ? અહીં કહે છે —

પ્રચલાયમાન અર્થાત્ કંઈક સુતા. સારી રીતે સુતેલો તે નિશ્ચે શુભ ધ્યાન-ધર્મ અને શુક્લ લક્ષણને ધ્યાતો અર્થાત્ કરતો નથી. અથવા અશુભ - આર્ત્ત અને રૌદ્ર લક્ષણને પણ ન પ્રવર્તાવે, ક્યારેક વસ્તુમાં ચિત્ત નથી તેવો તે અવ્યાપારિત ચિત્ત જાગ્યા પછી પણ એ પ્રમાણે જ - શુભ પણ ન ધ્યાવે કે અશુભ પણ ન ધ્યાવે.

[૧૪૮૨] પરંતુ - अचिरोपपन्नक - અર્થાત્ અચિર જન્મેલ એટલે કે જેને જન્મ્યે ઘણો કાળ થયો નથી તેવો. મૂર્છિત-અવ્યક્ત - મત્ત-સુતેલાને, અહીં મૂર્છિત - અભિઘાતાદિથી, અવ્યક્ત ચિત્તથી અવ્યક્તને, મદિરાદિ વડે મત્તને, નિદ્રાથી





સુતેલાને.

અહીં અવ્યક્તોને, એમ જે કહ્યું, તેમાં અવ્યક્ત ચિત્તથી તેઓ અવ્યક્ત છે, તો પછી ફરી અવ્યક્ત કેવા પ્રકારે કહ્યા ?

ઓહાડિય - સ્થગિત વિષાદિથી તિરસ્કૃત સ્વભાવ, અવ્યક્ત જ છે. 'च' શબ્દ અવધારણમાં પ્રાયશ્ચિત્ત પણ થાય છે. પ્રાયઃના ગ્રહણથી અન્યથા પણ સંભવે છે તેમ કહ્યું.

[૧૪૮૩] આવા સ્વરૂપનાને પણ ચિત્તમાં ધ્યાનતા હોય તો શો વિરોધ છે ? તે કહે છે — આવું નથી. જે કારણે આલંબનમાં લાગતાં લાગતાં ગાઢ આલંબનમાં લાગે, તેમાં લાગતા-લાગતા એક આલંબનમાં સ્થિરતાથી વ્યવસ્થિત થાય - રહે.

ચિત્ત - અંતઃકરણ કહ્યું. નિરેજન-નિષ્પ્રકંપ ધ્યાન. જો એમ છે તો શેષ - જે અન્ય-બીજું છે, તે થતું નથી. કેવા સ્વરૂપનું ? મૃદુ ભાવનામાં અકઠોર, અવ્યક્ત-પૂર્વે કહ્યું, ભમતા-અનવસ્થિત.

[૧૪૮૪] જો મૃદુ આદિ ચિત્ત ધ્યાન ન થાય વસ્તુતઃ અવ્યક્તપણાથી, તો કઈ રીતે આની પછીથી પણ વ્યક્તતા થાય ?

તે કહે છે — ઉષ્ણ અવશેષ થોડું પણ ઉષ્ણ માત્ર. શિખી-અગ્નિ થઈને પ્રાપ્ત કાષ્ઠાદિ થતાં ફરી જ્વલિત થાય - સળગે. એ પ્રમાણે અવ્યક્ત ચિત્ત મદિરાદિ સંપર્ક આદિથી થઈને અગ્નિવત્ પુનઃ વ્યક્ત થાય છે. આટલું પ્રાસંગિક કહ્યું.

[૧૪૮૫] હવે પ્રક્રાંત વસ્તુ શુદ્ધિ કરાય છે, શું પ્રક્રાંત ? કાયિક આદિ ત્રણ ભેદે ધ્યાન. એ પ્રમાણે રહેલ હોતા ''અંતર્મુહૂર્તકાળ એકાગ્ર ચિત્તથી ધ્યાન થાય છે.'' જે કહ્યું છે, અમારા શિષ્યોને વિરોધની શંકાથી સંમોહ થાય. તેથી તેને દૂર કરવાને માટે શંકા કહે છે —

પૂર્વે જે તે કહ્યું — ત્રણ ભેદે ધ્યાન હોવા છતાં પૂર્વે ચિત્તની એકાગ્રતા તે ધ્યાન કહેલ છે, આગળ કહ્યું કે - x - ત્રણે યોગે ધ્યાન વર્તે છે તો આ પરસ્પર વિરુદ્ધ કહેતા ત્રણે ભેદે ધ્યાન હોવાથી અનેક વિષયનું ધ્યાન પ્રાપ્ત થશે. તથા મનથી કંઈક ધ્યાવે, વચનથી કંઈક ધારણ કરે અને કાયાથી ક્રિયા કરે છે. એ રીતે અનેકાગ્રતા થાય.

આચાર્ય આ શંકાનો અનાદર કરી સામાન્યથી એકાગ્રચિત્તને હૃદયમાં ધારીને કહે છે — જે અનેકાગ્ર છે તે ચિત્ત ધ્યાન નથી.

શંકા-ઉક્ત ન્યાયથી અનેકાગ્ર ત્રિવિધ ધ્યાનમાં તો ધ્યાન-પણાની અનુપપત્તિ થશે.

ના, તેમ નથી. અભિપ્રાય ન જાણવાથી તમને આ શંકા છે.

[૧૪૮૬] મનસહિતથી જ કાયા વડે કરે છે. જે તેનો સંબંધ અહીં કરાય છે અર્થાત્ ઉપયુક્ત થઈને જે કરે છે.

વાણી જે બોલે, તે પણ મન સહિતતાથી, તે જ ભાવકરણ વર્તે છે. ભાવકરણ તે ધ્યાન છે. મનોરહિત દ્રવ્યકરણ ન થાય.

તેથી આ પ્રમાણે કહે છે – અહીં અનેકાગ્રતા જ નથી, કેમકે બધામાં મનઃ વગેરેના એકવિષયપણું છે. તેથી કહે છે – તે જે મન વડે ધ્યાવે છે, તે જ વચન વડે બોલે છે, તે જ કાયાથી ક્રિયા કરે છે.

આમ પ્રતિપાદિત કરતાં બીજા કહે છે કે –

[૧૪૮૭] શિષ્ય પૂછે છે – જો તમારું ચિત્ત ધ્યાન અંતર્મુહૂર્ત કાળ૦ ના વચનથી છે, એ પ્રમાણે ધ્યાન પણ ચિત્તને પામે છે. તેથી કાયિક અને વાચિક ધ્યાનનો અસંભવ છે. તેથી નિશ્ચે ચિત્ત એ જ ધ્યાન છે, બીજું નહીં, એમ વિચારવું જોઈએ.

હવે આ ઈચ્છવા યોગ્ય નથી – ન થાય. કાયિક અને વાચિક ધ્યાનમાં ધ્યાન અસંભવ નથી, એમ અભિપ્રાય છે. - x - જો એમ છે તો તમારા ચિત્તથી ધ્યાન અન્ય છે. તેથી અવશ્ય ધ્યાન એ ચિત્ત નથી એમ જાણવું. આ ગાથાર્થ છે.

[૧૪૮૮] આચાર્ય કહે છે – અભ્યુપગમથી દોષ નથી. તેથી કહે છે - નિયમથી ચિત્ત એ ધ્યાન છે. પણ ધ્યાન તો ચિત્ત ન પણ થાય. કેમકે ત્યાં વિકલ્પે છે. આ અર્થમાં દૃષ્ટાંત કહે છે –

જેમ ખદિર તે વૃક્ષ હોય જ, પણ વૃક્ષ ખદિરનું પણ હોય અને ખદિર સિવાયના ધવ આદિનું પણ હોય.

બીજા વળી આ બે ગાથાને ઉલ્લંઘીને ગાથા અવયવ આક્ષેપ દ્વારથી અન્યથા કહે છે – જે કહેલ છે કે ''ચિત્ત એકાગ્રતાથી તે ધ્યાન કરતો નથી.'' આ અસત્ છે કેમ ? જો તે ચિત્ત એ ધ્યાન એ પ્રમાણે ધ્યાન પણ ચિત્તને પામે. - x - ચિત્ત તે ધ્યાન નથી પણ ચિત્તથી અન્ય એવું જ્ઞાન તે ધ્યાન છે. [ના, તેમ નથી] અવ્યક્તાદિનું ચિત્ત તે ધ્યાન નથી ઈત્યાદિ - x - x - પ્રસંગથી આટલું બસ છે.

હવે બીજો 'ઉચ્છ્રિત' નામે કાયોત્સર્ગ ભેદ, તે વ્યાખ્યાત જ છે. વિશેષ એ કે, તેમાં - ધ્યાન ચતુષ્ટ્ય અધ્યાયી લેશ્યા પરિગત જાણવો.

● **નિર્યુક્તિ-૧૪૮૯ થી ૧૪૯૬ + વિવેચન :-**

૦ હવે ત્રીજો કાયોત્સર્ગ ભેદ કહે છે - આત્ત અને રૌદ્ર ધ્યાન ધ્યાવતા જે રહે, તે કાયોત્સર્ગ દ્રવ્યથી ઉચ્છ્રિત અને ભાવથી નિસન્ન જાણવો.

૦ હવે ચોથો – ધર્મ અને શુક્લ બંને ધ્યાન જે ધ્યાવે તે કાયોત્સર્ગ 'નિસન્ન-ઉચ્છ્રિત' જાણવો. તે ગ્લાન અને સ્થવિર માટે કહ્યો છે.

૦ હવે પાંચમો કાયોત્સર્ગ - જે ધર્મ અને શુક્લ ધ્યાન પણ ન કરે અને આર્ત્ત અને રૌદ્ર ધ્યાન પણ ન કરે. તે નિસણ્ણ કાયોત્સર્ગ વિશેષ એ કે 'નિષણ્ણ' એવો તે ધર્માદિને ન ધ્યાવે.

૦ હવે છટ્ઠો કાયોત્સર્ગ - આર્ત્ત અને રૌદ્ર બંને ધ્યાન 'નિસણ્ણ' કરે, એવો કાયોત્સર્ગ નિસણ્ણનિસણ્ણ જાણવો.

૦ હવે સાતમો કાયોત્સર્ગ - ધર્મ અને શુક્લ બંને ધ્યાન 'નિવણ્ણ' કરે એવો કાયોત્સર્ગ 'નિવણ્ણોચ્છ્રિત' જાણવો. વિશેષ એ - કારણિક જ ગ્લાન, સ્થવિરાદિ જે નિષણ્ણ પણ કરવને અસમર્થ હોય તે નિવણ્ણકારિ કાયોત્સર્ગ ગ્રહણ કરે.



૦ હવે આઠમો કાયોત્સર્ગ - ધર્મ અને શુક્લ બંને ન ધ્યાવે. આર્ત્ત અને રૌદ્ર પણ ન ધ્યાવે, આવો કાયોત્સર્ગ 'નિવણ્ણ' જાણવો - x -

૦ હવે નવમો કાયોત્સર્ગ - આર્ત્ત અને રૌદ્ર બંને ધ્યાન જે 'નિવણ્ણ' ધ્યાવે છે, આવો કાયોત્સર્ગ 'નિવણ્ણગનિવણ્ણઓ' કહેવાય. વિશેષ એ કે જે ગુરુ વૈયાવચ્ચાદિ વડે વ્યાપૃત હોય તેવો કારણિક સમર્થ હોવા છતાં 'નિષણ્ણ' - બેસીને કાયોત્સર્ગ કરે છે.

અહીં સુધી કાયોત્સર્ગ કહ્યો. તેમાં અધ્યયન શબ્દ કહેવો જોઈએ. તે અન્યત્ર કહેલ હોવાથી અહીં કહેલ નથી.

નામ નિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપનો અવસર છે, તે સૂત્ર હોય તો થાય. સૂત્ર અને સૂત્રાનુગામ ઈત્યાદિ વિસ્તારથી હવે કહીએ છીએ. તે આ પ્રમાણે છે –

● **સૂત્ર-૩૭ :-**

***હે ભગવન્ ! હું સામાયિકનો સ્વીકાર કરું છું - યાવત્ - મારા [બહિર] આત્માને વોસિરાવું છું.*** *[આખું સૂત્ર જોવા જુઓ સૂત્ર-ર]*

● **વિવેચન-૩૭ :-**

આની સંહિતા આદિ લક્ષણા વ્યાખ્યા જેમ સામાયિકાધ્યયનમાં કહી તે મુજબ જાણવી. આ સૂત્ર ફરી કહેવાનું પ્રયોજન અમે આગળ કહીશું.

● **સૂત્ર-૩૮ :-**

***હું કાયોત્સર્ગમાં સ્થિર રહેવાને ઈચ્છુ છું. મેં જે કોઈ દૈવસિક અતિચાર સેવેલ હોય૦*** *[સૂત્ર-૧૫-મુજબ આખું સૂત્ર કહેવું.]*

● **વિવેચન-૩૮ :-**

- x - તેમાં ''હું કાયોત્સર્ગમાં સ્થિર થવાને ઈચ્છુ છું'' ઈત્યાદિ આખું સૂત્ર છે, તેને સંહિતા કહે છે ૦ પદો :- હું ઈચ્છું છું, સ્થિર રહેવાને, કાયોત્સર્ગમાં, મેં, દૈવસિક અતિચાર૦ ઈત્યાદિ જાણવા.

પદાર્થ :- इच्छामि - હું ઈચ્છું છું, અભિલાષા કરું છું. स्थातुम् - રહેવાને માટે. कायोत्सर्ग - તેમાં કાય એટલે દેહ, ઉત્સર્ગ, - તજવાને. શેષ પદાર્થો, જેમ પ્રતિક્રમણમાં કહ્યા તેમજ જાણવા.

પદવિગ્રહ :- જે સમાસભાંજિ પદો છે, તે તેમજ રહે છે તેમાં ''હું સ્થિર રહેવાનું ઈચ્છું છું.'' શેમાં ? કાયોત્સર્ગમાં. બાકીનો પદ-વિગ્રહ પ્રતિક્રમણ અધ્યયન મુજબ જાણવો.

ચાલના અને પ્રત્યવસ્થાન યથાસંભવ આગળ કહીશ.

● **સૂત્ર-૩૯ :-**

***૦ તેનું ઉત્તરીકરણ કરવા માટે, પ્રાયશ્ચિત્ત કરવા વડે, વિશુદ્ધિ કરવા વડે, શલ્ય રહિત કરવા વડે પાપકર્મોના નિર્ઘાતનને માટે હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.***

*૦ અન્નત્થ* [સિવાય કે, નીચેના કારણો સિવાય]

*— શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસથી છીંકથી, બગાસાથી, ઓડકારથી, વાતનિસર્ગથી, ભ્રમરીથી, પિત્તમૂર્છાથી.*

*— સૂક્ષ્મ અંગ સંચાલનથી, સૂક્ષ્મ કફ સંચાલથી, સૂક્ષ્મ દૃષ્ટિ સંચાલનથી. ઈત્યાદિ આવા કારણોથી [આગારો વડે]*

*મારો કાયોત્સર્ગ ભંગ ન થાઓ, વિરાધિત ન થાઓ. (યાવત્) જ્યાં સુધી, હું અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને હું કાયોત્સર્ગ ન પારું,*

*ત્યાં સુધી સ્થાન વડે સ્થિર થઈને, વાણી વડે સ્થિર થઈને ધ્યાન [મન] વડે સ્થિર થઈને મારી કાયાને વોસિરાવું છું.*

**● વિવેચન-૩૯ :-**

૦ तस्स - તેનું અર્થાત્ અનંતર પ્રસ્તુત શ્રામણ્ય યોગ સમૂહનું કંઈક પ્રમાદથી ખંડન કે વિરાધના થઈ હોય, તેનું ઉત્તરીકરણના હેતુભૂતથી હું કાયોત્સર્ગમાં સ્થિર થઉં છું.

તેમાં ઉત્તરકરણ એટલે પુનઃ સંસ્કારદ્વારથી ઉપરિકરણ કહેવાય છે. ઉત્તર એવું તે કરણ તે ઉત્તરકરણ. અનુત્તરને ઉત્તર કરવું તે ઉત્તરીકરણ. कृति - કરણ, તે પ્રાયશ્ચિત્તદ્વારથી થાય છે.

તેથી પ્રાયશ્ચિત્ત કરણ કહે છે — 'પ્રાયશ્ચિત્ત' શબ્દ પછી કહીશ. તેનું કરવું તે - પ્રાયશ્ચિત્ત કરણ, તેના વડે અથવા સામાયિકાદિથી પ્રતિક્રમણ પર્યન્ત વિશુદ્ધિ કર્તવ્યમાં મૂળકરણ. આ પુનઃ ઉત્તરકરણ, હવે તેનાથી ઉત્તરકરણ તે પ્રાયશ્ચિત્ત કરણ.

પ્રાયશ્ચિત્ત કરણ વિશુદ્ધિ દ્વારથી થાય છે. તેથી કહે છે — વિશોહી કરણ વડે. વિશોધન તે વિશુદ્ધિ. અપરાધથી મલિન આત્માનું પ્રક્ષાલન. તેના કરણના હેતુભૂતપણાથી. આ વિશુદ્ધિકરણ વિશલ્યકરણ દ્વારથી થાય છે તેથી કહે છે —

વિસલ્લીકરણેણં - જેમાંથી માયા આદિ શલ્યો ચાલ્યા ગયા છે તે વિશલ્ય, તેના કરણના હેતુભૂતથી.

પાપ કર્મોના નિર્ઘાતન માટે. पाप - સંસારના નિબંધન રૂપ, कर्म - જ્ઞાનાવરણીય આદિના, નિર્ઘાતન નિમિત્તે - વ્યાપત્તિ નિમિત્તે.

શું ? કાયોત્સર્ગ - કાયાના પરિત્યાગ માટે રહેલ છું. અર્થાત્ કાયોત્સર્ગ કરું છું. અર્થાત્ પ્રવૃત્તિવાન્ કાયાનો પરિત્યાગ કરું ચું.

શું સર્વથા કરે છે ? ના, [તે માટે આગળનું સૂત્ર જુઓ —]

૦ अन्नत्थ - અન્યત્ર, સિવાય કે નીચેની પ્રવૃત્તિમાં હોઉં.

ઉચ્છ્વાસ - ઉંચો કે પ્રબળ શ્વસિત તે. નિઃશ્વસિત - અધઃ કે નીચો શ્વાસ કરવો તે. કાસિત - ખાંસવું, ક્ષુત-છીંક, જૃંભિત-બગાસુ, પહોળા કરેલા વદનનો પ્રબળ પવન નિર્ગમ. ઉદ્ગાર-ઓડકાર. વાત-નિસર્ગ એટલે અપાન માર્ગે પવનનું નીકળવું તે. ભમલી-આકસ્મિક શરીર ભમવારૂપ કે ચકરી. પિત્તમૂર્છા - પિત્તની



પ્રબળતાથી કંઈક મૂર્છા આવે તે.

સૂક્ષ્મ - અંગ સંચાલન એટલે લક્ષ્યાલક્ષ્ય વડે ગાત્ર વિચલન પ્રકારોથી રુંવાડા ઉભા થવા વગેરે. ખેલસંચાર - સયોગી વીર્ય સદ્દ્રવ્યતા વડે તે કફનો સંચાર થવો તે. દૃષ્ટિસંચાર - નિમેષાદિ.

आगार - આકાર અર્થાત્ સર્વથા કાયોત્સર્ગ અપવાદના ભેદો તેવા આગારો વિદ્યમાન હોવા છતાં, ભગ્ન-સર્વથા નાશિત, વિરાધિત - દેશથી ભંગ. ન થાઓ - મારા કાયોત્સર્ગનો કેટલો કાળ સુધી ?

જ્યાં સુધી અરહંત ભગવંતને નમસ્કાર કરીને હું કાયોત્સર્ગ ન પારું ત્યાં સુધી. અહીં यावत् એ કાળનું અવધારણ છે.

અરહંત - અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્યાદિરૂપ પૂજાને યોગ્ય હોવાથી અરહંત. ભગ - ઐશ્વર્યાદિલક્ષણ, તે જેમાં વિદ્યમાન છે તે ભગવંત. આવા અરહંત અને ભગવંત સંબંધી નમસ્કાર વડે અર્થાત્ "નમો અરહંતાણં" બોલીને હું પારું નહીં - પાર પહોંચુ નહીં ત્યાં સુધી. શું ? તે કહે છે.

ताव - કાળનો નિર્દેશ છે, ત્યાં સુધી. काय - દેહ, શરીર. ठाण - ઉર્ધ્વસ્થાનથી, મૌન - વચનનિરોધરૂપ, ધ્યાન - શુભ ધ્યાન વડે. અપ્પાણં - પોતાને. બીજા આ આલાવો બોલતા નથી. वोसिरामि - પરિ ત્યાગ કરું છું. અહીં આવી ભાવના છે—

કાયાને સ્થાન, મૌન, ધ્યાન ક્રિયા સિવાય બીજી ક્રિયાના અધ્યાસ દ્વારથી હું ત્યાગ કરું છું. નમસ્કારપાઠ સુધી લાંબા હાથ કરી, વાણીના પ્રસારનો નિરોધ કરીને, પ્રશસ્ત ધ્યાનાનુગત ઉભો રહીશ તથા કાયોત્સર્ગની સમાપ્તિમાં નમસ્કાર ન બોલે, ત્યાં સુધી તેનો ભંગ જ જાણવો એ પ્રમાણે આ तावत् શબ્દનો સંક્ષેપાર્થ કહ્યો.

અવયવાર્થ ભાષ્યકાર કહેશે. તેમાં 'इच्छामि ठामि काउस्सग्गं' ઈત્યાદિ સૂત્રના અવયવને આશ્રીને કહે છે - પ્રશ્નઃ- શું પ્રયોજન રહિતપણાને કારણે કાયોત્સર્ગ સ્થાન ન કરવું ? તથાવિધ પર્યટનવત્ આમ કહ્યું.

[ઉત્તર] પ્રયોજનરહિતપણું અસિદ્ધ છે કેમકે —

**● પ્રક્ષેપગાથા-૧,૨, નિર્યુક્તિ-૧૪૯૭-વિવેચન :-**

આ સંબંધગાથા કોઈ બીજા કર્તાની છે. તો પણ ઉપયોગસહિત હોવાથી, તેનું વ્યાખ્યાન કરીએ છીએ.

કાયોત્સર્ગમાં ઉક્ત સ્વરૂપે રહીને નિષ્પ્રકંપદેહ હોય, મૌનમાં રહેલ અને એકાગ્રચિત્ત હોય. કોણ ? મુનિ-સાધુ. શા માટે ? દૈવસિક અતિચાર [આલોચનાર્થે]. आदि શબ્દથી રાત્રિક આદિ પણ લેવા.

પછી શું ? તે કહે છે — જે કારણથી સમ્યક્ - અશઠ ભાવથી ગુરુજન સમક્ષ નિવેદનથી એમ જાણવું. તે આઠ પ્રાયશ્ચિત્તકરણથી આત્માને આ શોધિત કરે છે અને અતિચાર મલનું પ્રક્ષાલન કરે છે અને તે અતિચારના પરિજ્ઞાનથી અવિકલ કાયોત્સર્ગમાં રહેલને કાયોત્સર્ગ સ્થાનનું કાર્ય હોય છે. વળી - જે કારણે જિનેશ્વર ભગવંતે આ કાયોત્સર્ગ કહેલ છે. તે કારણે કાયોત્સર્ગ સ્થાનનું કાર્ય છે. આ બે

ગાથાનો અર્થ કહ્યો.

આ કારણથી કાયોત્સર્ગને મોક્ષપંથા તીર્થંકરે જ કહેલ છે. કેમકે તેના પ્રદર્શક છે. કારણમાં કાર્યના ઉપચારથી, મોક્ષપથ વડે ઉપદિષ્ટ છે તે દિવસ આદિ અતિચારના પરિજ્ઞાન ઉપાયપણાથી જાણીને પછી ધીર - સાધુઓ, અહીં દિવસના અતિચારના જ્ઞાનાર્થે કહ્યું તેનાથી રાત્રિ અતિચારનું જ્ઞાન પણ સમજવું. [સાધુઓ] કાયોત્સર્ગમાં રહે છે. તેથી કાયોત્સર્ગ સ્થાનનું કાર્ય છે જ, કેમકે પ્રયોજન સહિત છે.

હમણાં જે ''દિવસના અતિચારના જ્ઞાનાર્થે'' કહ્યું, તેમાં સામાન્યથી વિષયના દ્વારથી તે અતિચારને દર્શાવવા કહે છે –

**● નિર્યુક્તિ-૧૪૯૮ + વિવેચન :-**

શયન, આસન, અન્ન, પાન, ચૈત્ય, યતિ, શય્યા, કાય, ઉચ્ચાર, સમિતિ, ભાવના, ગુપ્તિના વિષયમાં વિતથ આચરણામાં થયેલ અતિચાર૦

શયનના વિતથ આચરણ થતાં અતિચાર, અર્થાત્ સંથારો આદિ અવિધિથી ગ્રહણ કરવા આદિમાં અતિચાર.

આ પ્રમાણે આસન, પીઠક આદિ, અન્ન, પાન આદિ અવિધિથી ગ્રહણ કરવાથી થયેલ અતિચાર. ચૈત્યના વિષયમાં વિતથ આચરણ કે અવિધિથી વંદન કરવા વડે અતિચાર. યતિ સંબંધી વિતથ આચરણ કે વિનયાદિ ન કરવાથી અતિચાર.

શય્યા એટલે વસતિ તેના વિષયમાં વિતથ આચરણ, અવિધિ વડે પ્રમાર્જનાદિ કે સ્ત્રી આદિ સંસક્ત વિધિ વસતિ ઈત્યાદિથી અતિચાર. કાય - કાયિકી, મૂત્રક્રિયા સંબંધી વિતથાચરણ, જેમકે અસ્થંડિલમાં મૂત્રાદિનો ત્યાગ કરવો અથવા અપડિલેહિત સ્થંડિલમાં મૂત્રને પરઠવવું. ઉચ્ચાર-મળ, તેમાં કાયિકીવત્ વિતથાચાર જાણવા.

સમિતિમાં વિતથાચરણ થતાં અતિચાર. સમિતિ - ઈર્યાદિ પાંચ પ્રકારે મુખ્યતાથી કહી, તે 'પ્રતિક્રમણ' અધ્યયનથી જાણવી. તેમાં જે વિતથાચરણ, તેને અવિધિથી આચરવી કે ન આચરવી. ભાવના - તેમાં વિતથાચરણથી અતિચાર, ભાવના - અનિત્યત્વાદિ બાર. અથવા પચીશ ભાવના, જેમ 'પ્રતિક્રમણ'માં કહી, તેમાં વિતથાચરણ. તેને અવિધિથી સેવન કરવાદિથી થયેલ. ગુપ્તિ - મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ, જેમ પ્રતિક્રમણમાં કહેલ છે તે. તેમાં વિતથાચરણ સમિતિવત્ જાણવું.

આ સામાન્યથી વિષયદ્વાર થકી અતિચાર કહીને હવે કાયોત્સર્ગમાં રહેલ મુનિની ક્રિયાને જણાવતા કહે છે –

**● નિર્યુક્તિ-૧૪૯૯,૧૫૦૦-વિવેચન :-**

ગોસ - પ્રત્યૂષ, મુખવસ્ત્રિકા આદિ શબ્દથી બાકીના ઉપકરણ લેવા. તેનાથી આમ કહે છે – ગોસથી આરંભીને મુખ વસ્ત્રિકા વિષયમાં દૈવસિક અતિચારોને આલોચે અર્થાત્ અવલોકે, નિરીક્ષણ કરે. જેમકે અવિધિ થકી પડિલેહણ કર્યુ અથવા પડિલેહણ ન કર્યુ.

પછી બધાં અતિચારોને મુખવસ્ત્રિકાના પડિલેહણથી આરંભીને કાયોત્સર્ગ અવસ્થાન સુધીમાં હોય તેને બુદ્ધિ વડે અવલોકન કરીને સમાપ્તિ સુધી લઈ જઈને



આટલા છે, આથી આગળ અતિચાર નથી, તેમ ચિત્તમાં પ્રતિષેધ કરણ આદિરૂપ આલોચના કરે છે અર્થાત્ સ્થાપે છે.

હૃદયમાં દોષોને સ્થાપીને યથાક્રમે પ્રતિસેવના અનુલોક્યથી અને આલોચના-નુલોમ્યથી૦ (તેમાં) પ્રતિસેવનાનું લોમ્ય એટલે જે જે રીતે આસેવિત હોય તે, આલોચનાનુલોમ્ય તે પહેલા લઘુ અતિચાર આલોચે પછી ગુરુ-મોટા અતિચાર આલોવે.

જ્યાં સુધી તેને ગુરુ નમસ્કારથી પારે નહીં, ત્યાં સુધી-તેટલો કાળ, સૂક્ષ્મ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ સુધી, [શું કરે ?] પ્રતિક્રમણ અધ્યયનમાં કહેલ ધર્મધ્યાન કે શુક્લધ્યાન કરે.

**● નિર્યુક્તિ-૧૫૦૧ + વિવેચન :-**

દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક તે પ્રત્યેકમાં ત્રણ ગમો પાંચેમાં જાણવા. –૦–૦– દિવસ વડે થયેલ તે દૈવસિક, એ રીતે રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક પ્રતિક્રમણમાં એક-એકમાં ત્રણ ગણો જાણવા. ત્રણ ગમો કઈ રીતે ? સામાયિક કરીને કાયોત્સર્ગ કરવો, સામાયિક જ કરીને પ્રતિક્રમણ અને સામાયિક જ કરીને ફરી કાયોત્સર્ગ.

અહીં જે દિવસાદિથી તીર્થ સ્થપાયું, ત્યાં દિવસ પ્રધાન છે, તેથી પહેલાં દૈવસિક કહ્યું. અહીં શિષ્ય પૂછે છે –

**● નિર્યુક્તિ-૧૫૦૨ થી ૧૫૦૪-વિવેચન :-**

પ્રથમ કાયોત્સર્ગમાં સામાયિક કરીને, પ્રતિક્રમણમાં ત્યાં બીજે સામાયિક કરીને. ત્રીજો ફરી કાયોત્સર્ગ, પ્રતિક્રમણની ઉપર કરે.

અહીં કહે છે – સમભાવંમિ - અહીં સમભાવમાં સ્થિતને ભાવ પ્રતિક્રમણ થાય છે, અન્યથા થતું નથી. તેથી સમભાવ અર્થાત્ રાગ-દ્વેષની મધ્યવર્તી સ્થિત આત્મા જેનો છે તે સ્થિતાત્મા.

દિવસના અતિચારને જાણીને કાયોત્સર્ગ કરીને ગુરુની પાસે અતિચારનું નિવેદન કરી, પછી પ્રદત્ત પ્રાયશ્ચિત્તને સમભાવપૂર્વક જ સ્વીકારીને પછી તેનું પ્રતિક્રમણ કરે.

એ પ્રમાણે જ સમભાવમાં રહેલને ચારિત્રની શુદ્ધિ પણ થાય છે, એમ કરીને ત્રીજો સામાયિક કાયોત્સર્ગમાં પ્રતિક્રમીને ઉત્તરકાળભાવિ કરે છે. એ ગાથાર્થ છે.

આ પ્રત્યવસ્થાન છે - સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધમાં, ઉપદેશ, સ્તુતિ પ્રદાનમાં, સંતગુણ કિર્તનમાં પુનરુક્ત દોષ ન લાગે.

અહીં जो मे देवसिओ अइयारो कओ ઈત્યાદિ સૂત્રનું પૂર્વે વ્યાખ્યાન કરેલ હોવાથી, તેને છોડીને 'तस्स मिच्छामि दुक्कडं' સૂત્ર અવયવની વ્યાખ્યા કરવાને કહે છે –

**● નિર્યુક્તિ-૧૫૦૫,૧૫૦૬ + વિવેચન :-**

''મિચ્છા મિ દુક્કડં''માં मि - માર્દવતાને સૂચવે છે, छ એ દોષના છાદન માટે છે, मि - મર્યાદામાં સ્થિત૦ ઈત્યાદિ - x -

આ બંને ગાથા જે પ્રમાણે સામાયિક અધ્યયનમાં વ્યાખ્યાયિત કરેલ છે, તે પ્રમાણે જ જાણવી.

હવે 'तस्स उत्तरीकरण' એ સૂત્ર અવયવનું વિવરણ કરે છે.

● **નિર્યુક્તિ-૧૫૦૭ થી ૧૫૦૯-વિવેચન :-**

[૧૫૦૭] ખંડિત-સર્વથા ભાંગેલ, વિરાધિત-દેશથી ભાંગેલ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ મૂળગુણની સાથે પિંડવિશુદ્ધિ આદિ વડે વર્તતા ઉત્તરગુણ સહિત તેનું ઉત્તરકરણ કરાય છે અર્થાત્ આલોચનાદિ વડે પુનઃસંસ્કરણ કરાય છે.

દૃષ્ટાંત કહે છે — જેમ ગાડાં કે રથના અંગરૂપ - ગંત્રી કે ચક્રથી ગ્રહણ કરેલને, તે ગાડાંના ખંડિત કે વિરાધિત અક્ષ, અવલક આદિનું ઉત્તરકરણ કરાય છે.

હવે 'પ્રાયશ્ચિત્તકરણ' એ સૂત્ર અવયવની વ્યાખ્યા કહે છે —

[૧૫૦૮] પાપ એટલે કર્મ, તે પાપને જે કારણથી છેદે છે, તેને પ્રાયશ્ચિત્ત કહે છે, તે કારણથી. સંસ્કૃતમાં તો પાપને છેદે તે 'પાપચ્છિદ' કહેવાય છે અથવા પ્રાયઃ ચિત્ત એટલે જીવને શોધે છે - કર્મમલને વિમલ કરે છે. તે કારણથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

અથવા - પ્રાયઃ બહુલતાથી ચિત્ત પોતાના સ્વરૂપથી આમાં હોવાથી તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયઃગ્રહણ સંવરાદિના પણ તેવા પ્રકારના ચિત્ત સદ્‌ભાવથી છે.

[૧૫૦૯] હવે 'વિશોધિકરણ' ઈત્યાદિ સૂત્ર અવયવની વ્યાખ્યા —

દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે વિશુદ્ધિ કહી અને શલ્ય [પણ કહ્યું] એક-એકની શુદ્ધિ પણ દ્રવ્ય-ભાવ ભેદથી અને શલ્ય પણ બે ભેદે છે. તેમાં દ્રવ્યશુદ્ધિ-રૂપ આદિની અને વસ્ત્ર આદિની જાણવી. ભાવશુદ્ધિ - પ્રાયશ્ચિત્તાદિથી આત્માની થાય તે જ.

દ્રવ્ય શલ્ય - કાંટા, શિલીમુખફલાદિ. ભાવશલ્ય-માયા આદિ.

સર્વે જ્ઞાનાવરણીયાદિ કર્મ તે પાપ કહેવાય. શા માટે ? જે કારણતી તે કર્મો વડે જીવ સંસાર-તિર્યંચ, નારક, દેવ, મનુષ્ય ભવના અનુભાવરૂપ સંસારમાં ભમે છે તથા બળેલ દોરડા સમાન ભવોપગ્રાહી કર્મો અલ્પ હોય તો પણ કેવલી પણ મુક્તિને પામતા નથી. એ પ્રમાણે કર્મો દારુણ સંસારમાં ભ્રમણનું નિમિત્ત છે.

હવે ''અન્નત્થ ઉસસિએણં'' અવયવનું વિવરણ કરે છે —

● **નિર્યુક્તિ-૧૫૧૦ થી ૧૫૧૬-વિવેચન :-**

[૧૫૧૦] ઉર્ધ્વ કે પ્રબળ શ્વાસ તે ઉચ્છ્‌વાસ. તેને નિરુંધે નહીં. અભિગ્રહણ કરાય તે અભિગ્રહ, અભિગ્રહ વડે નિર્વૃત્ત તે આભિગ્રહિક - કાયોત્સર્ગ, તેના અવ્યતિરેકથી તે કર્તા પણ આભિગ્રહિક કહેવાય છે. આ પણ અભિભવ કાયોત્સર્ગ કાર્ય છે.

વળી 'ચેષ્ટા' કાયોત્સર્ગકારી, તે બિલકુલ ન નિરુંધે. કેમ ? તે કહે છે — ઉચ્છ્‌વાસના નિરોધથી જલ્દી મરણ થાય છે. તેથી સૂક્ષ્મ ઉચ્છ્‌વાસ જ યતનાથી મૂકે છે. જેથી સત્ત્વોનો ઘાત ન થાય.



હવે कासित - ખાંસવું ઈત્યાદિ સૂત્રાર્થને જણાવે છે —

[૧૫૧૧] આ કાયોત્સર્ગમાં ખાંસી, છીંક, બગાસુ આદિ યતનાથી કરાય છે. શા માટે ? જેથી ખાંસી આદિથી ઉદ્‌ભવેલ વાયુ એટલે કે બાહ્ય વાયુ શસ્ત્ર ન બની જાય. કેવા પ્રકારે ? તીવ્ર ઉષ્ણ, બહારના વાયુની અપેક્ષાથી અતિ ઉષ્ણ.

ન કરે કે ન નિરુંધે. કેમકે ખાંસી આદિના સર્વથારોધમાં અસમાધિ થાય અને च શબ્દથી મરણ પણ સંભવે છે. વળી મસક આદિ, ખાંસી આદિના સમુદ્‌ભવેલ પવનમાં શ્લેષ્મથી અભિહત થઈને મરે છે. બગાસામાં મુખમાં પ્રવેશ કરશે, તેથી આગળ હાથ રાખવો તે યતના કહી.

શંકા - 'નિઃશ્વસિત' એ સૂત્ર અવયવની વ્યાખ્યા કરી નથી, તેમાં શું કારણ છે ? તે કહે છે —

[૧૫૧૨] 'ઉચ્છ્‌વસિત' શબ્દ સાથે તુલ્ય યોગત્વથી હોવાથી તેની વ્યાખ્યા કરી નથી. હવે 'ઉદ્‌ગારિત' ઈત્યાદિ સૂત્ર અવયવની વ્યાખ્યા કરવા માટે કહે છે —

वातनिसर्ग - ઉક્ત સ્વરૂપ ઉદ્‌ગાર પણ, તેમાં આ વિધિ છે. 'યતના' શબ્દ કરાય છે, 'નિસૃષ્ટ'-છોડેલ શબ્દ બોલાતો નથી. એ રીતે તેનો નિરોધ પણ કરાતો નથી. કેમકે વાતનિસર્ગના નિરોધથી અસમાધિ ભાવ થાય છે. અથવા ઉદ્‌ગારમાં આડો હાથ અપાય છે. ભ્રમરી અને મૂર્છામાં સહસા પતિતને આત્મ વિરાધના થશે.

હવે 'સૂક્ષ્મ અંગસંચાર'' ઈત્યાદિ સૂત્ર અવયવની વ્યાખ્યા —

[૧૫૧૩] વીર્યની સયોગતાથી કારણે સૂક્ષ્મ-બાદર દેહમાં અવશ્ય સંચાર થાય છે. વીર્ય-વીર્યાન્તરાયના ક્ષયોપશમજન્ય આત્મ પરિણામ કહેવાય છે. યોગ - મન, વચન, કાયા. તેમાં વીર્યસયોગતાથી જ સૂક્ષ્મ કે બાદર અતિચાર થાય છે, માત્ર વીર્યથી નહીં. શરીર હોય તો જ થાય છે, અશરીરીને ન થાય.

તેમાં બાહ્ય રોમાંચ આદિ, आदि શબ્દથી ઉત્કંપ લેવો. અંતઃ મધ્યમાં શ્લેષ્મ વાયુ આદિ વિચરે છે.

હવે ''સૂક્ષ્મ દૃષ્ટિસંચાર'' સૂત્ર અવયવની વ્યાખ્યા કરે છે.

[૧૫૧૪] અવલોકન તે આલોક, તે અવલોકમાં ચલ તે અવલોકચલ અર્થાત્ દર્શન લાલસા. ચક્ષુ એટલે નયન. એમ હોવાથી મનની માફક - અંતઃકરણની માફક તે ચક્ષુને સ્થિર કરવા દુષ્કર છે. અર્થાત્ સ્થિર કરવા શક્ય નથી. કેમકે તે રૂપ વડે આક્ષિપ્ત થાય છે અથવા તે સ્વભાવથી કે નૈસર્ગિકપણે સ્વયં ચલિત થાય છે અર્થાત્ પોતાની મેળે જ ચલિત થાય છે.

જે કારણે એમ છે, તે કારણથી કાયોત્સર્ગકારી આંખ મટકવારૂપ નિમેષનો રોધ ન કરે. શા માટે ?

[૧૫૧૫] નિર્નિમેષ માટે જે યત્ન કરવામાં ઉપયોગ છે, તેનાથી સજ્જનોને ધ્યાન ધ્યાવવું અભિપ્રેત થતું નથી. એકરાત્રિકી પ્રતિમાને સ્વીકારેલ મહાસત્ત્વશાળી અનિમિષ નયને પણ અર્થાત્ નિશ્ચલ નયને પણ ધ્યાન કરવા સમર્થ છે.

હવે एवमाइआगारेहिं ઈત્યાદિ સૂત્ર અવયવની વ્યાખ્યા —

[૧૫૧૬] જો જ્યોતિનો સ્પર્શ થાય છે, ત્યારે ઢાંકવાને માટે કલ્પ-કામળનું ગ્રહણ કરતાં કાયોત્સર્ગ ભંગ થતો નથી.

શંકા - 'નમો અરિહંતાણં' બોલીને જ પારવાનું હોય તો તે કંબલનું ગ્રહણ કેમ કરે ? કે જેથી તેનો ભંગ ન થાય, તેમ કહ્યું.

સમાધાન - અહીં નમસ્કારથી પારવાનો જ અવિશિષ્ટ કાયોત્સર્ગ કરાતો નથી, પરંતુ જે જેના પરિમાણ જે કાયોત્સર્ગમાં કહેલ છે, તેની આગળ પરિસમાપ્તિ છે, તેમાં નમસ્કાર ન બોલવાથી ભંગ ઈત્યાદિ થાય પણ અપરિસમાપ્તિમાં પણ બોલે તો કાયોત્સર્ગનો ભંગ થાય. પરંતુ તે અહીં થતો નથી. એમ બધે વિચારવું.

છિંદિજ્જ - બીલાડી, ઉંદર આદિ વડે આગળથી નીકળે. અહીં પણ આગળથી સરકતા કાયોત્સર્ગ ભંગ થતો નથી.

બોધિક - ચોર, તેમના વડે ક્ષોભ, રાજાદિથી ક્ષોભ ઈત્યાદિમાં અસ્થાને પણ ઉચ્ચારણ કરતો કે ઉચ્ચારણ ન કરતો કાયોત્સર્ગ ન ભાંગે.

સર્પદંશ - પોતાને કે બીજાને થાય તેવી સ્થિતિમાં સહસા જ તે ઉચ્ચારે તો કાયોત્સર્ગ ભંગ ન થાય. તે સિવાયના - ઉક્ત કારણો સિવાય કાયોત્સર્ગનો ભંગ થાય છે.

હવે સામાન્યથી કાયોત્સર્ગની વિધિનું પ્રતિપાદન કરે છે.

● **નિર્યુક્તિ-૧૫૧૭ થી ૧૫૨૩-વિવેચન :-**

[૧૫૧૭] વળી તે કાયોત્સર્ગ કર્તા સૂર્ય સહિત એવા દિવસમાં જ મૂત્ર અને મળ તથા કાળ-ભૂમિની પ્રત્યુપ્રક્ષેપણા કરે છે. બાર પ્રશ્રવણ ભૂમિઓ છે. આલય પરિભોગની અંદરની છ અને બહારની છ. એ પ્રમાણ ઉચ્ચારભૂમિ પણ છ છે. આનું પ્રમાણ તીર્છુ જઘન્યથી એક હાથને ચાર આંગળ યાવત્ અચેતન છે. ઉત્કૃષ્ટ પ્રમાણ સ્થંડિલ બાર યોજન હોય. પણ તેનો અહીં અધિકાર નથી.

કાળભૂમિઓ ત્રણ છે – 'કાળમંડલ' નામથી. જ્યાં સુધી આનો બીજા શ્રમમયોગ કાળવેળામાં કરે છે, ત્યાં સુધી પ્રાયઃ સૂર્ય અસ્તને પામે છે. પછી – ''અસ્ત પામતા પોતાના સ્થાનમાં ઉત્સર્ગ સ્થાપે'' તેમ કહેલ છે, અન્યથા જેને જ્યારે વ્યાપાર પરિસમાપ્તિ થાય છે, તે ત્યારે જ સામાયિક કરીને રહે છે.

[૧૫૧૮] આ વિધિ કોઈ કારણાંતરે ગુરુને વ્યાઘાત હોતા છે. પરંતુ જો નિર્વ્યાઘાત હોય તો –

જો નિર્વ્યાઘાત જ હોય તો સર્વ આવશ્યક - પ્રતિક્રમણ પછી કરે. બધાં પણ ગુરુની સાથે કરે. - x -

[૧૫૧૯] જો ગુરુથી પાછળ રહે ત્યારે –

બાકીના સાધુઓ શક્તિને અનુરૂપ, જે જેટલો કાળ રહેવાને સમર્થ હોય તો ગુરુને પૂછીને સ્વસ્થાનમાં સામાયિક કરીને રહે છે. કયા નિમિત્તે -સૂત્રાર્થના સ્મરણના હેતુથી. ''આચાર્ય દૈવસિકમાં સ્થિત થાય છે.'' આચાર્યની આગળ રહીને તેની સામાયિકના પૂરા થયા પછી દૈવસિક અતિચારને વિચારે છે.



બીજા કહે છે – જ્યારે આચાર્યો સામાયિક કહે છે, ત્યારે તેઓ પણ ત્યાં રહીને જ સામાયિક સૂત્રની ગુરુની સાથે વિચારણ કરે છે. પછી દૈવસિક કરે છે.

[૧૫૨૦] બાકીનાને યથાશક્તિ એમ કહ્યું. જેમની કાયોત્સર્ગમાં રહેવાની શક્તિ જ નથી, તે શું કરે ? એ રીતે તેમાં રહેલ વિધિને જણાવવા માટે કહે છે –

જે કોઈ સાધુ કાયોત્સર્ગમાં રહેવાને અસમર્થ હોય, તો તે કેવા હોય ? બાળ, વૃદ્ધ, ગ્લાન, ગુરુ વૈયાવચ્ચ કરણાદિથી પરિશ્રાંત હોય અને એ પણ વિકથારહિત થઈ સૂત્રાર્થને ધ્યાવે. ક્યાં સુધી ? જ્યાં સુધી ગુરુઓ કાયોત્સર્ગમાં રહેલા હોય.

[૧૫૨૧] આચાર્ય દૈવસિકમાં સ્થિત હોય તેમ કહ્યું, તેની વિધિ કહે છે – ગુરુ ચાલવાથી કે ચેષ્ટા રહિતતાથી જો દૈવસિક બમણું ચિંતવે છે, ત્યારે બીજા ત્યાં સુધી એક ગુણને ઘણીવાર સુધી ચિંતવે. વિશેષ એ કે અહીં ચેષ્ટા શબ્દ વ્યાપાર-પ્રવૃત્તિરૂપ જાણવો.

[૧૫૨૨] નમોક્કાર - કાયોત્સર્ગની સમાપ્તિમાં નમસ્કાર વડે પારતા ''નમો અરહંતાણં'' બોલે.

ચતુર્વિંશતિ - જેના વડે આ તીર્થ ઉપદેશ કરાયેલ છે, તેના તીર્થંકરો ઋષભાદિ ચોવીશની નામોચ્ચારણપૂર્વક સ્તવના કરે.

● **સૂત્ર-૪૦ થી ૪૬ :-**

***''લોગસ્સ ઉજ્જોઅગરે૦'' સાત ગાથાનું એવું આ સૂત્ર પૂર્વે બીજા અધ્યયનમાં સૂત્ર-૩ થી ૯ ના ક્રમમાં કહેવાયેલ છે, તે જોઈ લેવું.***

● **વિવેચન-૪૦ થી ૪૬ :-**

કૃતિકર્મ તે - પછી ગુરુને વંદન કરવાની ઈચ્છાવાળા સંદંશકને પ્રમાર્જીને બેસે છે, પછી મુહપત્તિ પડિલેહીને મસ્તક સહિતની ઉપરની કાયાને પ્રમાર્જે છે, પ્રમાર્જીને પરમ વિનયથી ત્રિકરણ વિશુદ્ધ કૃતિકર્મ કરે છે અર્થાત્ વંદન કરે છે. કહ્યું છે –

આલોચના, વ્યાકરણ, સંપ્રશ્ન, પૂજના, સ્વાધ્યાયમાં અને અપરાધમાં ગુરુને વિનયના મૂલરૂપ વંદન કરે.

૦ આલોચના - એ પ્રમાણે વાંદીને, ઉભો થઈ, બંને હાથમાં રજોહરણ ગ્રહણ કરીને, અર્ધ-અવનત કાયાથી પૂર્વપરિચિંતિત દોષોને રત્નાધિકના ક્રમે સંયતભાષાથી જેમ ગુરુ સાંભળે તેમ વધતા જતા સંવેગપૂર્વક અને ભયવિમુક્ત આત્મા વિશુદ્ધિ નિમિત્તે વિનયથી આચાર્યના ચરણોમાં જઈને આલોચના કરે છે. - x -

પાપ કરેલો મનુષ્ય પણ ગુરુની પાસે આલોચના અને નિંદણા કરીને, જેમ ભારવાહક ભાર ઉતારીને હળવો થાય તેમ અતિ હળવો થાય.

તથા ઉત્પન્ન કે અનુત્પન્ન માયા પ્રતિ માર્ગને હણવો જોઈએ, (જેથી) આલોચના, નિંદના, ગર્હા વડે બીજી વાર તે ન થાય.

તેનું જે પ્રાયશ્ચિત્ત માર્ગવિદ્ ગુરુ બતાવે, તેને તે પ્રમાણે અનુચરવું જોઈએ. જેથી અનવસ્થા પ્રસંગ ન આવે.

૦ પ્રતિક્રમણ - દોષોને આલોચીને ગુરુ દ્વારા અપાયેલ પ્રાયશ્ચિત્ત સામાયિકપૂર્વક

સમભાવમાં રહીને પ્રતિક્રમવું જોઈએ.

સમ્યક્ ઉપયુક્ત પદંપદથી પ્રતિક્રમણસૂત્ર કહે છે, તે અનવસ્થા પ્રસંગભીતો, અનવસ્થામાં વળી તિલહારકશિશુનું દૃષ્ટાંત છે.

૦ કૃતિકર્મ - પછી ખામણા નિમિત્તે પ્રતિક્રમીને પ્રતિક્રાંત આત્મવૃત્ત નિવેદનાર્થે વાંદે છે. પછી આચાર્યાદિને પ્રતિક્રમણાર્થે જ દર્શાવતો ખમાવે છે. કહ્યું પણ છે કે—

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, આધર્મિક, કુલ અને ગણમાં જે કોઈ પણ પ્રતિ મારાથી કષાય થયો હોય તે બધાંને ત્રિવિધે ખમાવું છું.

પૂજ્ય એવા શ્રમણસંઘને મસ્તકે અંજલિ કરીને, બધાંને ખમાવીને હું પણ બધાંને ખમું છું.

બધી જ જીવરાશિને વિશે, ભાવથી ધર્મમાં સ્થાપેલ નિજ ચિત્તવાળો હું તે બધાંને ખમાવીને, હું પણ બધાંને ખમું છું.

એ પ્રમાણે આચાર્ય આદિને ખમાવીને પછી કોઈ અનાભોગાદિ કારણે દુરાલોચિત થાય કે દુષ્પ્રતિક્રાંત થાય તો ફરી પણ સામાયિક કરીને ચારિત્ર વિશોધન અર્થે કાયોત્સર્ગ કરે છે.

[૧૫૨૩] આ ચારિત્રોત્સર્ગ, ચારિત્રાતિચાર વિશુદ્ધિ નિમિત્તે કહેલ છે. તે ૫૦ ઉચ્છ્વાસ પરિમાણ ચે.

પછી નમોક્કાર વડે પારીને વિશુદ્ધ ચારિત્રી, વિશુદ્ધ દેશકો, દર્શન શુદ્ધિ નિમિત્તે નામોત્કીર્તન કરે [લોગસ્સ કહે]. ચારિત્ર વિશોધિત આ દર્શન વિશુદ્ધિ કરીને ફરી નામોત્કીર્તન જ કરે છે —

લોગસ્સસૂત્ર૦ તે ચતુર્વિંશતિસ્તવમાં કહેલ હોવાથી અહીં ફરી વ્યાખ્યાયિત કરતાં નથી. ચતુર્વિંશતિસ્તવ કહીને દર્શનવિશુદ્ધિ નિમિત્તે જ કાયોત્સર્ગ કરવાને માટે આ સૂત્ર બોલે છે —

● **સૂત્ર-૪૭ :-**

***લોકમાં રહેલા સર્વે અરહંતચૈત્ય - અરહંત પ્રતિમાને આશ્રીને - તેમનું આલંબન લઈને હું કાયોત્સર્ગ કરું છું. [કેવી રીતે ?]***

***વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માનનિમિત્તે, બોધિલાભ નિમિત્તે, નિરૂપસર્ગ [મોક્ષ] નિમિત્તે.***

***વધતી જતી શ્રદ્ધા વડે, મેધા વડે, ધૃતિ વડે, ધારણા વડે અને અનુપ્રેક્ષાથી હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.***

● **વિવેચન-૪૭ :-**

સર્વલોકમાં અર્હત્ ચૈત્યોને હું કાયોત્સર્ગ કરું છું. તેમાં —

લોક્યતે - દેખાય છે, કેવળજ્ઞાનથી ભાસ્વર થાય છે તે લોક — ચૌદ રાજરૂપ ગ્રહણ કરાય છે. કહ્યું છે — ધર્માદિ દ્રવ્યોનું વર્તવું જે ક્ષેત્રમાં હોય છે, તે દ્રવ્યો સાથે ચે તે લોક, તેનાથી વિપરીત તે અલોક.

સર્વે તે અધો, તીર્છા અને ઉર્ધ્વ ભેદે છે. આ સર્વલોકમાં એટલે કે ત્રિલોકમાં.



અધોલોકમાં અમરાદિ ભવનોમાં, તીર્છાલોકમાં દ્વીપ અને જ્યોતિષ વિમાનાદિમાં તથા ઉર્ધ્વલોકમાં સૌધર્માદિમાં અરહંત ચૈત્યો છે.

તેમાં અશોકાદિ આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય તે અરહંત અર્થાત્ તીર્થંકરો, તેમના ચૈત્યો-પ્રતિમારૂપ.

અહીં ભાવના આ પ્રમાણે છે — ચિત્ત એટલે અંતઃકરણ, તેમાં ભાવ કે કર્મમાં 'ચૈત્ય' શબ્દ થયો. તેમાં અરહંતોની પ્રતિમા પ્રશસ્ત સમાધિ ચિત્તમાં ઉત્પાદન કરતી હોવાથી તેને અરહંત ચૈત્ય કહેવાય છે.

કાય - શરીર, તેનો ઉત્સર્ગ - આગાર સહિત સ્થાન મૌન ધ્યાન ક્રિયા સિવાયની બીજી ક્રિયાનો પરિત્યાગ. તે કાયોત્સર્ગ.

[શંકા] શું અરહંત ચૈત્યોનો કાયોત્સર્ગ કરે છે ?

[સમાધાન] ના. આ પદનો સંબંધ વંદનનિમિત્તે આદિ સાથે છે. તેથી અરહંતચૈત્યના વંદન નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું. તેમ કહેવું.

તેમાં વંદન - અભિવાદન, પ્રશસ્ત કાય-વાગ્-મનની પ્રવૃત્તિ. તેના નિમિત્તે એટલે તેનું ફળ મને કઈ રીતે કાયોત્સર્ગથી મળે. આ પ્રમાણે બધાં પદોમાં ભાવના કરવી.

પૂજન નિમિત્તે. પૂજન - ગંધ, માળા આદિ વડે અભ્યર્ચન.

સત્કાર નિમિત્તે. શ્રેષ્ઠ વસ્ત્ર, આભરણ આદિ વડે અભ્યર્ચન તે સત્કાર. [શંકા] જો પૂજન અને સત્કાર નિમિત્તે કાયોત્સર્ગ કરાય છે, તો પછી સત્કાર અને પૂજન જ કેમ નથી કરાતા ?

[સમાધાન] દ્રવ્યસ્તવના અપ્રધાનપણાથી. - x - શ્રાવકો પૂજન અને સત્કાર કરે જ છે, સાધુઓ પણ પ્રશસ્ત અધ્યવસાય નિમિત્તે એ પ્રમાણે બોલે છે.

સન્માન નિમિત્તે - તેમાં સ્તુતિ આદિ વડે ગુણની ઉન્નતિ કરવી તે સન્માન. માનસની પ્રીતિ વિશેષ એવો અર્થ પણ બીજા કરે છે.

શું વંદન, પૂજન, સ્તકાર, સન્માન જ નિમિત્તે છે ? તેથી કહે છે — બોધિના લાભ નિમિત્તે. બોધિલાભ એટલે જિનપ્રણિત ધર્મની પ્રાપ્તિ.

તો શું બોધિલાભ જ નિમિત્ત છે ? તેથી કહે છે — નિરુપસર્ગ નિમિત્તે. નિરુપસર્ગ એટલે મોક્ષ.

આવો કાયોત્સર્ગ કરાતો હોવા છતાં શ્રદ્ધાદિ રહિતને અભિલષિત અર્થનું સાધવું પૂરતું નથી. તેથી કહે છે — શ્રદ્ધાથી, મેધાથી ઈત્યાદિ.

શ્રદ્ધાના હેતુભૂતતાથી હું કાયોત્સર્ગમાં સ્થિર થયો છું, બલાભિયોગાદિથી નહીં. શ્રદ્ધા-નિજ અભિલાષ. મેધા-પટુત્વથી, જડતાથી નહીં. અથવા મેધાથી - મર્યાદાવર્તિત્વથી પણ અસમંજસથી નહીં. ધૃતિ વડે - મનોપ્રણિધાન રૂપથી, રાગદ્વેષની આકુળતાથી નહીં. ધારણાથી - અરહંતગુણ આવિષ્કરણ રૂપથી, તેનાથી શૂન્યપણે નહીં. અનુપ્રેક્ષાથી - અરહંત ગુણોની જ વારંવાર અવિચ્યુતિરૂપ અનુચિંતનાથી, તેના રહિતથી નહીં.

વધતી જતી૦ - આ પદ ઉપરના બધાં સાથે જોડવું. વધતી જતી શ્રદ્ધાથી૦ ઈત્યાદિ. એ પ્રમાણે કાયોત્સર્ગમાં રહેલ છું.

પૂર્વે ‘‘કાયોત્સર્ગ કરું છું કહ્યું’’ પછી ‘‘કાયોત્સર્ગમાં સ્થિર થાઉ છું’’ કહ્યું. એમ કેમ ? ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો કથંચિત્ ભેદ છે.

શું સર્વથા કાયોત્સર્ગમાં સ્થિર રહે ?

ના. પૂર્વવત્ अन्नत्थ उससिएणं૦ ઈત્યાદિ પૂર્વક, वोसिरामि સુધી, એ પ્રમાણે કહેવું. [જોડવું]

આ સૂત્ર બોલીને પચીશ ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે.

ત્રીજી વખત એ પ્રમાણે કરે. અહીં આનું તૃતીયત્વ, અતીચાર આલોચન વિષયક પહેલાં કાયોત્સર્ગની અપેક્ષાથી જાણવું.

પછી ‘નમોક્કાર’ બોલીને પારીને શ્રુતજ્ઞાનની પરિવૃદ્ધિ નિમિત્તે અને અતિચાર વિશોધનાર્થે શ્રુતધર્મ ભગવંતની શ્રેષ્ઠ ભક્તિપૂર્વક, તેના પ્રરૂપકને નમસ્કારપૂર્વ સ્તુતિ કરે, તે આ પ્રમાણે —

**● સૂત્ર-૪૮ થી ૫૨ :-**

***અર્દ્ધ પુષ્કરવરદ્વીપ, ધાતકીખંડ અને જંબૂદ્વીપ [એ અઢી દ્વીપ]માં આવેલ ભરત, ઐરવત અને વિદેહ ક્ષેત્રમાં રહેલા શ્રુત ધર્મના આદિ કરોને હું નમસ્કાર કરું છું.***

***અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, દેવ અને નરેન્દ્રોના સમૂહથી પૂજાયેલ, મોહની જાળને તોડી નાંખનારા, મર્યાદાધરને વંદુ છું.***

***જન્મ-જરા-મરણ અને શોકના પ્રનાશક, પુષ્કળ કલ્યાણ અને વિશાળ સુખને આપનાર, દેવ-દાનવ-નરેન્દ્રના સમૂહથી પૂજાયેલ એવા શ્રુતધર્મને પામીને કોણ પ્રમાદ કરે ?***

***ઓ મનુષ્યો ! સિદ્ધ એવા જિનમતને હું પુનઃ નમસ્કાર કરું છું, કે જે દેવ, નાગ, સુવર્ણ, કિન્નરોના સમૂહથી સદ્‌ભુત ભાવથી અર્ચિત, જેમાં ત્રણ લોકના મનુષ્ય, સુર અને અસુરાદિક જગત્ જે લોકમાં પ્રતિષ્ઠિત છે, આવો સંયમ પોષક અને જ્ઞાન સમૃદ્ધ દર્શન વડે પ્રવૃત્ત શાશ્વત ધર્મ વૃદ્ધિ પામો અને વિજયની પરંપરા વડે ચારિત્ર ધર્મ પણ નિત્ય વૃદ્ધિ પામો.***

***શ્રુત ભગવંતની આરાધના નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું. વંદન નિમિત્તે૦ આદિ, અન્નત્થ૦*** [આ બંનેનો અર્થ પૂર્વે કહેવાયેલ છે.]

**● વિવેચન-૪૮ થી ૫૨ :-**

પુષ્કર-પદ્મ, તેના વડે વર-પ્રધાન, તે પુષ્કરવર, એવો દ્વીપ, તેનું અર્ધ. માનુષોત્તર પર્વતનો પૂર્વવર્તી, તેમાં તથા ધાતકીના ખંડો જેમાં છે, તે ધાતકીખંડદ્વીપ, તેમાં તથા જંબૂને આશ્રીને પ્રધાન એવો જંબૂદ્વીપ. આ અઢીદ્વીપમાં વર્તતા —

મહત્તર ક્ષેત્રના પ્રાધાન્યના અંગીકરણથી પશ્ચાનુપૂર્વી ઉપન્યાસ કરવાથી ઉપરોક્ત ક્રમ લીધેલ છે.



તેમાં રહેલ ભરત, ઐરવત, વિદેહ ક્ષેત્રો.

તેમાં ધર્મના આદિ કરણથી હું નમસ્કાર કરું છું.

ધર્મ - દુર્ગતિમાં પડતાં જીવોને જેથી ધારણ કરે છે, તેથી - આને શુભસ્થાને ધરે છે, તેથી તેને ધર્મ કહેલ છે.

આ ધર્મના બે ભેદ - શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. અહીં શ્રુતધર્મનો અધિકાર છે. તેને ભરત આદિ ક્ષેત્રાદિમાં કરવાના સ્વભાવવાળા તીર્થંકરો જ છે, તેથી તેમની સ્તુતિ કહી છે.

હવે શ્રુતધર્મની કહે છે —

तमः અજ્ઞાન, તે જ તિમિર અથવા तमः - બદ્ધ સ્પૃષ્ટ નિધત્ત જ્ઞાનાવરણીયનું નિકાચિત તિમિર, તેનું વૃંદ, તે તમસ્તિમિરપટલ, તેનો નાશ કરે છે. તથા અજ્ઞાનના નિરાસનથી જ આની પ્રવૃત્તિ છે. તથા દેવોના સમૂહ અને નરેન્દ્ર વડે પૂજિત છે. આગમનો મહિમા દેવ આદિ જ કરે છે તથા સીમા - મર્યાદા તેને ધારણ કરે છે માટે સીમાધર, તેમને વંદુ છું.

અથવા તેમનું જે માહાત્મ્ય તેને વંદુ છું અથવા તેને વંદન કરું છું. તેથી કહે છે — આગમવંતો જ મર્યાદાને ધારણ કરે છે. કેવા સ્વરૂપની ?

પ્રકર્ષથી ફોડેલ છે મોહજાલ-મિથ્યાત્વ આદિ જેના વડે તેને તથા આમાં હોવાથી વિવેકી મોહજાળને વિલય પમાડે છે.

આ શ્રુતધર્મને વાંદીને, હવે તેના જ ગુણોપદર્શન દ્વારથી પ્રમાદની અગોચરતાને પ્રતિપાદિત કરતા કહે છે —

જાતિ-જન્મ, જરા-વયની હાનિ, મરણ-પ્રાણત્યાગ, શોક-મનનું દુઃખ વિશેષ. આ જાતિ જરામરણ શોકને દૂર કરે છે, તેને તથા શ્રુતધર્મોક્ત અનુષ્ઠાનથી જાતિ આદિ પ્રકૃષ્ટ નાશ પામે જ છે. આના દ્વારા આનું અનર્થ-પ્રતિઘાતિત્વ બતાવ્યું.

કલ્ય-આરોગ્ય, કલ્યને લાવે તે કલ્યાણ, અર્થાત્ આરોગ્યને લાવનાર સંપૂર્ણ, તે પણ અલ્પ નહીં, પરંતુ વિશાળ સુખ, તેને પ્રાપ્ત કરાય છે. એવા કલ્યાણ પુષ્કળ વિશાળ સુખાવહને, તેથી શ્રુત ધર્મોક્ત અનુષ્ઠાનથી ઉક્ત લક્ષણ અપવર્ગ સુખ પમાય જ છે. આના દ્વારા જ્ઞાનના વિશિષ્ટાર્થનું સાધકત્વ કહ્યું.

કયો પ્રાણી દેવ-દાનવ-નરેન્દ્રના સમૂહ વડે અર્ચિત શ્રુતધર્મના સામર્થ્યને પામીને - જોઈ જાણીને પ્રમાદ કરે ? અર્થાત્ કરવો યોગ્ય નથી.

[શંકા] ‘સુરગણનરેન્દ્રમહિતસ્ય’ એ પ્રમાણે કહ્યું, ફરી ‘‘દેવદાનવનરેન્દ્ર-ગણાર્ચિતસ્ય’’ એમ શા માટે કહ્યું ?

તેના નિગમનપણે હોવાથી દોષ નથી. તે એવા ગુણવંત ધર્મનો સાર પામીને કોણ સકર્ણ ચારિત્રધર્મમાં પ્રમાદી થાય ? જો એમ છે તો —

સિદ્ધે - પ્રતિષ્ઠિત કે પ્રખ્યાત. ભો - કોઈ અતિશયીને આમંત્રણ જણાય છે. पयओ - યથાશક્તિ ઉધત, પ્રકર્ષથી યત, આ પરસાક્ષિક કરીને ફરી નમસ્કા કરે છે - नमो जिणमए - જિનમતને નમસ્કાર થાઓ. તથા આમાં-જિનમતમાં નંદિ-

સમૃદ્ધિ, સદા-સર્વકાળ. ક્યાં ? સંયમ-ચારિત્રમાં. કહ્યું છે કે — પહેલું જ્ઞાન પછી દયા. ઈત્યાદિ.

કેવા પ્રકારના સંયમમાં ? દેવ, નાગ, સુવર્ણ, કિંનર ગણો વડે સદ્‌ભૂત ભાવથી અર્ચિતમાં. સંયમવંત, દેવાદિ વડે પૂજાય જ છે.

કેવા પ્રકારનો જિનમત ? જેના વડે દેખાય તે લોક - જ્ઞાન જ. તે જ્યાં પ્રતિષ્ઠિત છે. તથા આ જગત્ જ્ઞેયપણાથી, કેટલાંક મનુષ્યલોકને જ જગત્ માને છે. તેથી કહે છે — ત્રૈલોક્ય મનુષ્ય-અસુર, આધાર-આધેયરૂપ.

આ આવા સ્વરૂપનો શ્રુતધર્મ, વૃદ્ધિને પામો. શાશ્વત-દ્રવ્યાર્થ આદેશથી નિત્ય. કહ્યું છે — દ્રવ્યાર્થ આદેશથી આ દ્વાદશાંગી કદી ન હતી, તેમ નથી૦ ઈત્યાદિ. બીજા કહે છે — શાશ્વત ધર્મ વૃદ્ધિ પામો એટલે કે શાશ્વત વધતાં-ક્ષીણ ન થતાં. વિજયતા - કર્મ પર પ્રવાદી વિજય વડે.

ધર્મોત્તર - ચારિત્ર ધર્મ પણ વૃદ્ધિ પામો.

ફરી જે વૃદ્ધિ કહી, તે મોક્ષાર્થીને નિત્ય જ્ઞાનવૃદ્ધિ કરવી જોઈએ તેવું દેખાડવાને માટે છે. તથા તીર્થંકર નામકર્મ હેતુ પ્રતિપાદયતા કહે છે — ''અપૂર્વજ્ઞાન ગ્રહણ.''

શ્રુત ભગવંત નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. ''વંદણ વત્તિયાએ'' ઈત્યાદિ પૂર્વવત્, યાવત્ वोसिरामि.

આ સૂત્ર બોલીને પચીશ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરું છું. પછી 'નમસ્કાર' વડે પારીને વિશુદ્ધ ચારિત્ર, દર્શન અને શ્રુતાતિચારવાળા મંગલના નિમિત્તે ''સિદ્ધાણં બુદ્ધાણં'' સ્તુતિ કહે છે - તે આ છે —

**● સૂત્ર-૫૩ થી ૫૭ :-**

***સિદ્ધ થયેલા, બોધ પામેલા, પારગત, પરંપરગત, લોકના અગ્રભાગને પામેલા એવા સર્વે સિદ્ધ ભગવંતોને સદા નમસ્કાર.***

***જે દેવોના પણ દેવ છે, જેને દેવો અંજલિપૂર્વક નમસ્કાર કરે છે, તે ઈન્દ્રો વડે પૂજાયેલા મહાવીર ભગવંતને હું મસ્તકથી વંદું છું.***

***જિનવરોમાં વૃષભસમાન - શ્રેષ્ઠ એવા વર્ધમાન સ્વામીને કરાયેલ એક પણ નમસ્કાર નર કે નારીને સંસારસાગરથી તારે છે.***

***જેમના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ ત્રણે ઉજ્જયંત પર્વતના શિખરે થયેલા છે, તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું.***

***ચાર, આઠ, દશ અને બે એમ વંદન કરાયેલા ચોવીશે જિનવરો અને પરમાર્થ-નિષ્ઠિતાર્થ સિદ્ધો મને સિદ્ધિ આપો.***

**● વિવેચન-૫૩ થી ૫૭ :-**

બાંધેલા કર્મો બાળી નાંખવાથી સિદ્ધ અર્થાત્ કર્મ ઇંધણને બાળી નાંખનાર, તેઓને. તેવા સામાન્યથી વિદ્યાસિદ્ધ પણ હોય છે, તેથી કહે છે — બુદ્ધોને - સંપૂર્ણ અને અવિપરિતતત્ત્વોને જાણનાર તે બુદ્ધ. તેમાં કેટલાંક સ્વતંત્રતાથી જ સ્વ તીર્થને





ઉજ્જ્વલનને માટે અહીં આવે છે, તેથી કહે છે —

પારગત - પાર - પ્રયોજન પૂર્ણ થતાં સંસારનો પાર પામેલા તે પારગત, તેમને. તેઓ પણ અનાદિસિદ્ધ એકજગત્ પતિ ઈચ્છાવશથી કેટલાંક તેમને સ્વીકારે છે તેથી કહે છે —

પરંપરગત - પરંપરાથી એક વડે અભિવ્યક્તાર્થ આવવાથી કોઈ પ્રવૃત્ત અન્ય અભિવ્યક્ત અર્થથી અન્ય અન્યથી પણ અન્ય. એ પ્રમાણે એવા સ્વરૂપના ગયેલા, તે પરંપરગતોને.

[શંકા] પહેલાં જ કયા અભિવ્યક્ત અર્થથી આવવાને પ્રવૃત્ત ?

[સમાધાન] અનાદિપણાથી સિદ્ધોની પ્રથમત્વ અનુપપત્તિ છે. અથવા કથંચિત્ કર્મના ક્ષયોપશમથી દર્શન થાય, દર્શનથી જ્ઞાન થાય, જ્ઞાનથી ચારિત્ર. એ પ્રમાણે એવા સ્વરૂપથી પરંપરાને પામેલા તે પરંપરગત, તેવા [સિદ્ધોને].

તેઓ પણ કેટલાંક સર્વલોકમાં વ્યાપ્તને જ ઈચ્છે છે. તેથી કહે છે — લોકાગ્ર એટલે કે 'ઇષત્પ્રાગ્ભારા' નામે છે તેને પામેલાને.

[શંકા] અહીં સર્વ કર્મથી મુક્તોને લોકમાં અગ્ર ભાગ સુધી કઈ રીતે ગતિ થાય છે ? અથવા ભાવમાં સર્વદા જ કેમ ગતિ થતી નથી ?

[સમાધાન] પૂર્વવિધના વશથી દંડાદિ ચક્ર ભ્રમણવત્. એક સમયમાં જ થાય છે. નમસ્કાર સર્વકાળ તીર્થસિદ્ધાદિ ભેદવાળા બધાં સિદ્ધોને થાઓ અથવા બધાં સાધ્ય સિદ્ધ થયા છે જેમના, તેમને.

આ રીતે સામાન્યથી બધાં સિદ્ધોને નમસ્કાર કરીને ફરી નીકટના ઉપકારીપણાથી વર્તમાન તીર્થાધિપતિ શ્રીમન્ મહાવીર વર્ધમાન સ્વામીની સ્તુતિ કરે છે —

જે ભગવન્ મહાવીર ભવનપતિ આદિ દેવોના પણ પૂજ્યત્વથી દેવ છે. તેથી કહે છે — જેને દેવો અંજલિ જોડી નમસ્કાર કરે છે — વિનયથી રચિત કરસંપુટ-વાળા થઈ નમસ્કાર કરે છે તે શક્ર આદિ દેવદેવો વડે પૂજિતને મસ્તક વડે હું વાંદુ છું આના દ્વારા અતિ આદર દેખાડ્યો.

વંદન કોને કર્યુ ? મહાવીરને. વિશેષથી કર્મ ચાલ્યા જાય છે શિવ પ્રતિ તે 'વીર'. મહાન્ એવા જે વીર તે મહાવીર. તેમને.

આ પ્રમાણે સ્તુતિ કરીને ફરી ફળના પ્રદર્શન મરાટે આ બોલે છે —

એક પણ નમસ્કાર જિનવર વૃષભ વર્ધમાનને [કરાય તે] સંસારસાગરથી નર કે નારીને [પાર પમાડે છે] અહીં આવી ભાવના છે - સમ્યગ્દર્શન હોવાથી ઉત્કૃષ્ટ ભાવનાથી કરાયેલો એકપણ નમસ્કાર તેવા પ્રકારના અધ્યવસાયનો હેતુ થાય છે, જેનાથી યથાભૂત શ્રેણી પામીને ભવ સમુદ્રથી નિસ્તાર પામે છે. અહીં કારણમાં કાર્યના ઉપચારથી એ પ્રમાણે કહે છે અન્યથા ચારિત્રાદિ વિફળ થાય.

આ ત્રણે સ્તુતિ નિયમથી કહેવાય છે. કેટલાંક બીજી પણ બોલે છે. પણ તેમાં નિયમ નથી.

'કૃતિકર્મ' ફરી સંડાસા પડિલેહીને બેસે છે. મુહપત્તિ પડિલેહે છે. મસ્તકની

ઉપરથી કાયાને પડિલેહીને આચાર્યને વંદન કરે છે.

કયા કારણે આ વંદન કરે, તે કહે છે —

**• નિર્યુક્તિ-૧૫૨૪-વિવેચન :-**

જેમ રાજાએ મનુષ્યોને આજ્ઞા આપીને મોકલતા પ્રણામ કરીને જાય છે. તેમ કરીને ફરી પ્રણામપૂર્વક નિવેદન કરે છે. એ પ્રમાણે સાધુઓ પણ સામાયિક ગુરુવંદન પૂર્વક ચારિત્ર વિશુદ્ધિ કરીને આચાર્યની સામે વિનયથી રચિત અંજલિપુટ કરીને રહે છે [ક્યાં સુધી ?] જ્યાં સુધીમાં ગુરુ સ્તુતિને ગ્રહણ કરે છે.

ત્યારપછી પ્રથમ સ્તુતિની સમાપ્તિમાં વિનયથી સ્તુતિ કહે છે. પછી વર્ધમાનની સ્તુતિ કહે છે અથવા ત્રણે વર્ધમાન સ્તુતિ બોલે.

ત્યારપછી પ્રાદોષિક કાળને કરે છે. એ પ્રમાણે ત્યાં સુધી દૈવસિક કરે છે. — ૦— આ પ્રમાણે દૈવસિક (પ્રતિક્રમણ) કહ્યું.

આ રાત્રિ [પ્રતિક્રમણ] — તેમાં આ પ્રમાણે વિધિ છે.

પહેલાં સામાયિક કહીને, ચારિત્ર વિશુદ્ધિ નિમિત્તે પચીશ ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે છે. પછી નમસ્કારપૂર્વક પારીને દર્શનવિશુદ્ધિ નિમિત્તે ચતુર્વિંશતિસ્તવ બોલે છે. પચીશ ઉચ્છ્વાસ માત્ર જ કાયોત્સર્ગ કરે છે. અહીં પણ નમસ્કાર વડે પારીને શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ નિમિત્તે શ્રુતજ્ઞાનસ્તવ બોલે છે. તેની શુદ્ધિ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. તેમાં પ્રાદોષિક સ્તુતિ આદિનો અધિકૃત્ કાયોત્સર્ગ પર્યન્ત અતિચાર ચિંતવે છે.

[શંકા] કયા કારણે પહેલાં કાયોત્સર્ગમાં જ રાત્રિક અતિચારોને ચિંતવતા નથી ? તે જણાવે છે —

**• નિર્યુક્તિ-૧૫૨૫-વિવેચન :-**

નિદ્રાભિભૂત થયેલો, અતિચારોને સારી રીતે સ્મરણ કરી શકતો નથી. અન્યોન્ય વંદન કરતા, અંધકારમાં ઘટ્ટન ન થાય અથવા કૃતિકર્મ અકરણ દોષ ન લાગે કેમકે અંધકાર દેખાતું ન હોવાથી મંદશ્રદ્ધાવાળા વંદન કરતાં નથી. આવા કારણોથી પ્રત્યુષે-વહેલી સવારમાં આદિમાં ત્રણ કાયોત્સર્ગો હોય છે. પણ પ્રાદોષિક માફક એક જ હોતો નથી.

**• નિર્યુક્તિ-૧૫૨૬ થી ૧૫૨૮ + વિવેચન :-**

અહીં પહેલો કાયોત્સર્ગ ચારિત્ર શુદ્ધ્યર્થે, બીજો દર્શન શુદ્ધ્યર્થે થાય, શ્રુતજ્ઞાનનો ત્રીજો, તેમાં વિશેષથી આ પ્રમાણે ચિંતવે છે.

ત્રીજામાં રાત્રિના અતિચાર ચિંતવે છે, છેલ્લા કાયોત્સર્ગમાં કયો તપ કરવો તે ? છ માસનો, પછી એક એક દિવસની હાનિ કરતા છેલ્લે પોરિસિ કે નમો [નવકારસી] ચિંતવે.

હું પણ આપને ખમાવું છું, તમારી સાથે હું પણ વંદન કરું છું.

—૦— ત્યારપછી અતિચારોને ચિંતવીને, નમસ્કારથી પારીને, સિદ્ધાણં બુદ્ધાણં સ્તુતિ કરીને પૂર્વે કહેલ વિધિ વડે વાંદીને આલોચે છે.



ત્યારપછી સામાયિકપૂર્વક પ્રતિક્રમે છે. પછી વંદનપૂર્વક ખમે છે. વંદન કરીને પછી સામાયિકપૂર્વક કાયોત્સર્ગ કરે છે તેમાં ચિંતવે છે —

જે કોઈ તપમાં ગુરુ નિયુક્ત કરશે. તેવા પ્રકારનો તપ અમે સ્વીકાર કરીશું. જેનાથી તેની હાનિ ન થાય. ત્યારે આ પ્રમાણે ચિંતવે —

છ માસનો તપ કરીશ ? શક્તિમાન્ નથી. એક દિવસ ઓછો ? તે પણ શક્તિ નથી. એ પ્રમાણે યાવત્ પાંચ માસ, પછી ચાર માસ, પછી ત્રણ માસ, પછી બે માસ, પછી એક માસ, પછી અર્ધમાસ, ચોથ ભક્ત, આયંબિલ, એકાસણું, પૂરિમાર્દ્ધ, નિવિગ્ગઈ અથવા નમસ્કારસહિત.

છેલ્લા કાયોત્સર્ગમાં છ માસથી એકદિનની હાનિ યાવત્ પોરિસિ કે નમસ્કાર સહિત. તેમાં જે કરવાને સમર્થ હોય, તે અશઠભાવે કરે છે.

પછી વાંદીને ગુરુસાક્ષીએ તે સ્વીકારે છે. બધાં જ નવકારસી પારનારા સાથે જ ઉભા થાય, વ્યુત્સર્જન કરે અને બેસે છે એ પ્રમાણે પોરિસિ આદિમાં વિભાષા કરવી. - x -

અલ્પ શબ્દોમાં આપે, જેથી ગરોળી આદિ જીવો ઉઠી ન જાય. પછી દેવોને વંદે છે. પછી બહુવેલ સંદિસાવે. પછી રજોહરણ પડિલેહે. પછી ઉપધિ સંદિસાવે. પછી પડિલેહણા કરે.

પછી વસતિ પડિલેહીને, કાળનું નિવેદન કરે. બીજા કહે છે કે — સ્તુતિ પછી જ કાળ નિવેદન કરે છે. એ પ્રમાણે પ્રતિક્રમણ કાળને તોલે છે. જે રીતે પ્રતિક્રમ્યા પછી સ્તુતિ પૂરી થતાં પ્રતિલેખન વેળા થાય.

રાત્રિક [પ્રતિક્રમણ] વિધિ પૂરી થઈ.

૦ હવે પાક્ષિક [પ્રતિક્રમણ]ની વિધિ કહે છે — જ્યારે દૈવસિક પ્રતિક્રમણ થઈ જાય, પ્રતિક્રમણથી નિવર્તીને ત્યારે ગુરુઓ બેસે છે. પછી સાધુઓ વંદન કરીને કહે છે —

**• સૂત્ર-૫૮ :-**

***હે ક્ષમાશ્રમણ ! હું ઈચ્છું છું [શું ?] પાક્ષિકની અંદર થયેલ અતિચારોની ક્ષમા માંગવાને, તે માટે ઉપસ્થિત થયો છું.***

***પંદર દિવસ અને પંદર રાત્રિમાં જે કંઈ - અપ્રીતિ કે વિશેષથી અપ્રીતિ થયેલી હોય [કયા વિષયમાં ?]***

***ભોજનમાં, પાણીમાં, વિનયમાં, વૈયાવચ્ચમાં, આલાપ-સંલાપમાં, ઉચ્ચ આસન કે સમ આસન રાખવામાં, વચ્ચે બોલવામાં ગુરુની ઉપરવટ જઈને બોલવામાં.***

***જે કંઈ મારાથી સૂક્ષ્મ કે બાદર વિનયરહિત વર્તન થયેલ હોય, જે આપ જાણો છો અને હું જાણતો નથી.***

***તેનું મિચ્છા મિ દુક્કડં.***

**• વિવેચન-૫૮ :-**

સૂત્ર સ્વયં સિદ્ધ છે. વિશેષ એ કે — अंतरभासा - આચાર્યાદિ બોલતા હોય

ત્યારે વચમાં બોલે. उवरिभासा - ઉત્તરકાળમાં આચાર્યાદિથી કંઈક વધારે બોલે. આચાર્ય જે કહે છે, તે જણાવે છે —

अहमवि खामेमि — હું પણ તને ખમાવું છું.

એ પ્રમાણે જઘન્યથી ત્રણ, ઉત્કૃષ્ટથી બધાં ખમાવે છે. ગુરુને ખમાવીને પછી, રાત્નિકના ક્રમમાં ઉંચે બેઠેલાને ખમાવે છે. બીજા પણ બધાં રાત્નિકના ક્રમમાં મસ્તકને નમાવીને બોલે છે —

દૈવસિક પ્રતિક્રમીને પાક્ષિકને ખમાવીએ છીએ - પંદર દિવસાદિ. એ પ્રમાણે બાકીના પણ રાત્નિકમાં ક્રમે ખમાવે છે. પછી વંદન કરીને કહે છે — દૈવસિકને પ્રતિક્રમીને અમે પાક્ષિક પ્રતિક્રમીએ છીએ.

ત્યારપછી ગુરુ કે ગુરુ દ્વારા આજ્ઞા કરાયેલ પાક્ષિક પ્રતિક્રમણ કહે છે. બાકીના યથાશક્તિ કાયોત્સર્ગાદિમાં રહીને ધર્મધ્યાનયુક્ત થઈને સાંભળે છે. મૂલ-ઉત્તરગુણમાં જે ખંડિત કહેવાઈ જાય પછી તેના પ્રાયશ્ચિત્ત નિમિત્તે ૩૦૦ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરે છે. અર્થાત્ ૧૨-લોગસ્સનો કાયોત્સર્ગ કરે છે - લોગસ્સ બોલે છે.

કાયોત્સર્ગ પારીને પ્રગટ લોગસ્સ કહે છે. પછી બેસીને મુહપત્તિ પડિલેહણ કરીને વાંદે છે - વાંદણા દે છે.

પછી રાજાના પુષ્પમાણવા ઓળંગી જતાં માંગલિક કાર્યમાં બહુમાન્ય અર્થાત્ શત્રુપરાક્રમથી અખંડિત નિજબળનો શોભનકાળ જતાં એ પ્રમાણે બીજા પણ ઉપસ્થિત રહે - [આ એક ઉપમા છે.]

એ પ્રમાણે પાક્ષિક વિનયોપચારને ખમાવીને બીજા ખામણા —

**● સૂત્ર-૫૯ :-**

***હે ક્ષમાશ્રમણ ! હું ઈચ્છુ છું. [શું ઈચ્છે છે ?] મને જે પ્રિય અને માન્ય પણ છે. જે આપનો [જ્ઞાનાદિ આરાધનાપૂર્વક પક્ષ શરૂ થયો અને પૂર્ણ થયો તે મને પ્રિય છે] નિરોગી એવા આપનો, ચિત્તની પ્રસન્નતાવાળા - આતંકથી સર્વથા રહિત, અખંડ સંયમ વ્યાપારવાળા, શીલાંગ સહિત, સુવ્રતી, બીજા પણ આચાર્ય, ઉપાધ્યાય સહિત, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ દ્વારા આત્માને વિશુદ્ધ કરતા એવા આપનો હે ભગવંત ! પર્વ દિન અને પક્ષ અત્યંત શુભ કાર્ય કરવા વડે પૂર્ણ થયું. બીજું પણ કલ્યાણકારી શરૂ થયું. તે મને પ્રિય છે.***

***હું આપને મસ્તક અને મન વડે સર્વભાવથી વંદુ છું.***

**● વિવેચન-૫૯ :-**

સૂત્ર સુગમ છે. ત્યારે આચાર્ય કહે છે — સાધુની સાથે જે આ કંઈ કહ્યું [મને પણ તે સુંદર આરાધના થઈ]

ત્યારપછી ચૈત્યવંદન અને સાધુવંદનના નિવેદન કરવાની ઈચ્છાથી હવેનું સૂત્ર કહે છે —

**● સૂત્ર-૬૦ :-**

***હે ક્ષમાશ્રમણ હું ઈચ્છું છું. [આપને ચૈત્ય અને સાધુવંદના કરાવવા] પૂર્વે***



***આપની સાથે હતો ત્યારે હું આ ચૈત્યવંદના, સાધુવંદના શ્રી સંઘ વતી કરું છું એવા અધ્યવસાય સાથે શ્રી જિનપ્રતિમાને વંદન-નમસ્કાર કરીને અને અન્યત્ર વિચરતા, બીજા ક્ષેત્રોમાં જે કોઈ ઘણાં દિવસના પર્યાયવાળા, સ્થિરવાસ કરનારા કે નવકલ્પી વિહારવાળા એક ગામથી બીજે ગામ જતા સાધુઓને જોયા. તે ગુણવાન્ આચાર્યાદિને પણ વાંધા, આપના વતી પણ વાંધા. જેઓ લઘુપર્યાયવાળા હતા. તેઓએ આપને વંદના જણાવી છે. સામાન્ય સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા મળ્યા. તેઓએ પણ આપને વંદના કરી. શલ્યરહિત અને કષાયમુક્ત એવા મેં પણ મસ્તક અને મન વડે વંદના કરી. [તે હેતુથી આપ પણ તેઓને વંદન કરો]***

***હું પણ તે તમે કરેલા ચૈત્યોની વંદના કરું છું.***

**● વિવેચન-૬૦ :-**

સૂત્ર સિદ્ધ જ છે. વિશેષ એ કે — श्रमण - વૃદ્ધાવાસ. જંઘાબલ ક્ષીણ થતાં નવ વિભાગ ક્ષેત્ર કરીને વિચરે છે તે અથવા ઋતુબદ્ધમાં આઠ માસ કલ્પથી અને નવમું વર્ષાવાસ એવો નવકલ્પવિહાર.

અહીં આચાર્ય કહે છે — હું પણ તેમને મસ્તકથી વંદુ છું. બીજા કહે છે — હું પણ વંદાવું છું. હવે પછીનું ખામણા સૂત્ર —

**● સૂત્ર-૬૧ :-**

***હે ક્ષમાશ્રમણ ! હું પણ ઉપસ્થિત થઈને મારું નિવેદન કરવાને ઈચ્છુ છું. આપનું આપેલું આ બધું જે અમારે ઉપયોગી છે. વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ તથા અક્ષર, પદ, ગાથા, શ્લોક, અર્થ, હેતુ, પ્રશ્ન, વ્યાકરણ આદિ સ્થવિર કલ્પને ઉચિત અને વિના માંગ્યે આપે મને પ્રીતિપૂર્વક આપ્યું, છતાં મેં અવિનયથી ગ્રહણ કર્યુ તેનું મિચ્છા મિ દુક્કડં.***

**● વિવેચન-૬૧ :-**

આચાર્યો કહે છે — આ બધું આચાર્યનું આપેલું જ છે. અહંકારના વર્જન માટે આ કથન છે. [આમાં મારું કંઈ નથી.]

હવે જે વિનયીત છે તેમને અનુશાસિત કરવા કહે છે —

**● સૂત્ર-૬૨ :-**

***હે ક્ષમાશ્રમણ ! હું ભાવિકાળમાં કૃતિકર્મ-વંદન કરવાને ઈચ્છું છું. ભૂતકાળમાં તે આચાર વિના કર્યા, વિનય વિના કર્યા, આપે મને જે આચાર આદિ શીખવ્યા, કુશળ બનાવ્યો, સંગ્રહિત અને ઉપગ્રહિત કર્યો, સારણા-વારણા-ચોયણા-પ્રતિ ચોયણા કરી. હવે હું તે ભૂલો સુધારવા ઉદ્યત થયેલો છું. આપના તપ અને તેજરૂપી લક્ષ્મી વડે આ ચાતુરંત સંસાર કાંતારથી મારા આત્માનું સંહરણ કરી હું તેમાંથી નિસ્તાર પામીશ. એ માટે મસ્તક અને મન વડે વંદન કરું છું.***

**● વિવેચન-૬૨ :-**

સૂત્ર સિદ્ધ છે. સંગૃહિત - જ્ઞાનાદિ વડે. સારિત-હિતમાં પ્રવર્તિત. વારિત-

અહિતથી નિવર્તિત. ચોદિત - સ્ખલનામાં, પ્રતિચોદિત - પુનઃપુનઃ અવસ્થામાં ઉપસ્થાપિત કર્યો.

પછી આચાર્ય કહે છે – “નિસ્તારક પારગા ભવેત્” - સંસાર સમુદ્રથી પાર પામનારા થાઓ.

આ પ્રમાણે બાકીના સાધુને ક્ષામણાં વંદન કરે છે. હવે વિકાલ કે વ્યાઘાત હોય ત્યારે સાત, પાંચ કે ત્રણ વાંદે, પછી દૈવલિક પ્રતિક્રમે.

શય્યા (વસતિ) દેવતાનો કાયોત્સર્ગ કરે પ્રતિક્રમણ અને ગુરુને વંદના કરાયા પછી ગુરુ વર્ધમાન સ્વામીની ત્રણે સ્તુતિ બોલે છે. આ બધાં પણ અંજલિબદ્ધ અગ્રહાથને મુકુલિત કરેલા સમાપ્તિમાં નમસ્કાર કરે છે. પછી બાકીના પણ આ ત્રણે સ્તુતિ બોલે છે.

તે દિવસે સૂત્ર પોરિસિ કે અર્થ પોરિસિ હોતી નથી.

આ પાક્ષિક પ્રતિક્રમણ વિધિ મૂળ ટીકાકારે કહેલી છે. બીજા વળી આચરણાનુસાર કહે છે – દૈવસિક પ્રતિક્રમી અને ખામીને, પછી પહેલા ગુરુ જ ઉભા થઈને પાક્ષિકને ખમાવે છે, પછી બેસે. એ પ્રમાણે બાકીના પણ રાત્નિકના ક્રમાનુસાર ખમાવીને બેસે છે.

પછી વાંદીને બોલે છે – દૈવસિક પ્રતિક્રમ્યું, હવે પાક્ષિક પ્રતિક્રમાવો.

એ પ્રમાણે ચાતુર્માસિક પણ કહેવું. વિશેષ એ કે કાયોત્સર્ગ ૫૦૦ ઉચ્છ્‌વાસનો થાય. એ પ્રમાણે સાંવત્સરિક પણ કહેવું. વિશેષ એ કે કાયોત્સર્ગ ૧૦૦૮ ઉચ્છ્‌વાસનો આવે.

ચાતુર્માસિક અને સાંવત્સરિક બંનેમાં બધાં પણ મૂલગુણ અને ઉત્તરગુણોની આલોચના દઈને પ્રતિક્રમે છે. ક્ષેત્ર દેવતાનો કાયોત્સર્ગ કરે છે. કેટલાંક ચાતુર્માસિકમાં શય્યાદેવતાનો પણ કાયોત્સર્ગ કરે છે.

પ્રભાતે આવશ્યક કર્યા પછી પંચકલ્યાણક ગ્રહણ કરે છે. પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોનું પણ નિવેદન કરે છે. જો અભિગ્રહો સમ્યક્ પ્રકારે અનુપાલિત ન કર્યા હોય તો કૂજિતકર્કરાયિતતાથી કાયોત્સર્ગ કરે છે અને ફરી પણ બીજાને ગ્રહણ કરે છે. પણ અભિગ્રહરહિત રહે નહીં.

સાંવત્સરિકમાં આવશ્યક કરાયા પછી પ્રદોષમાં પર્યુષણાકલ્પ કહે છે. તે વળી પાંચરાત્રિમાં પૂર્વે અને ભાવિમાં કહેવાય છે. આ સામાચારી છે. આનો જ કાળથી ઉપસંહાર કરતાં કહે છે –

**• ભાષ્ય-૨૩૨,૨૩૩ + વિવેચન :-**

ચાતુર્માસે અને વરસે આલોચના નિયમથી આપવી જોઈએ. અભિગ્રહોને ગ્રહણ કરીને પૂર્વના અભિગ્રહોનું નિવેદન કરવું.

ચાતુર્માસે અને વરસે ક્ષેત્ર દેવતાનો કાયોત્સર્ગ અને પાક્ષિકે શય્યાદેવતાનો કાયોત્સર્ગ કરે. કોઈક ચાતુર્માસે પણ કરવાનું કહે છે.

બંને ગાથાર્થ કહ્યા. હવે નિયત કાયોત્સર્ગ જણાવે છે –



**• નિર્યુક્તિ-૧૫૨૯ થી ૧૫૩૨ + વિવેચન :-**

દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક આ બધામાં નિયત કાયોત્સર્ગ હોય, બાકીના અનિયત જાણવા. આ ‘બાકીના’ એટલે ગમન આદિ વિષયના. હવે નિયત કાયોત્સર્ગનું સામાન્યથી ઉચ્છ્‌વાસમાન પ્રતિપાદન કરવા માટે કહે છે –

‘साय’ સંધ્યા-પ્રદોષ, તેમાં સો ઉચ્છ્‌વાસ થાય છે. અર્થાત્ ચાર લોગસ્સ વડે બોલાય છે. ‘गोसद्धं’ પ્રત્યુષે-વહેલી સવારે પચાશ ઉચ્છ્‌વાસ પ્રમાણ અર્થાત્ બે લોગસ્સનો કાયોત્સર્ગ થાય છે. પકિખમાં ૩૦૦, ચાતુર્માસમાં-૫૦૦, સંવત્સરમાં-૧૦૦૮ ઉચ્છ્‌વાસમાન કાયોત્સર્ગ છે.

લોગસ્સનું પ્રમાણ દૈવસિકમાં ચાર, રાત્રિકમાં બે, પાક્ષિકમાં બાર, ચાતુર્માસિકમાં વીશ અને વાર્ષિકમાં ચાલીશ થાય છે. તેમાં “પદ સમાન ઉચ્છ્‌વાસ” ઈત્યાદિ ઉચ્છ્‌વાસમાન આગળ કહીશું.

દૈવસિકાદિમાં લોગસ્સનું પ્રમાણ કહીને હવે શ્લોકમાન દર્શાવવાને માટે કહે છે – પચીશ, સાડાબાર, ૭૫, ૧૨૫, ૨૫૨. ચાર ઉચ્છ્‌વાસ વડે શ્લોક જાણવો.

હવે અનિયત કાયોત્સર્ગ વક્તવ્યતાનો અવસર છે, તેની ગાથા –

**• નિર્યુક્તિ-૧૫૩૩ થી ૧૫૩૮, ભાષ્ય-૨૩૪, પ્રક્ષેપ + વિવેચન :-**

[૧૫૩૩] ભિક્ષાદિ નિમિત્તથી કે અન્ય ગ્રામાદિમાં ગમનાગમન અને વિહાર, સૂત્રમાં, રાત્રિના સ્વપ્નદર્શનમાં, નાવથી નદી ઉતરવામાં ઈર્યાપથ પ્રતિક્રમણ અર્થાત્ પચીશ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ કરવો.

આ જ અવયવનું વિવરણ કરતાં ભાષ્યકાર કહે છે –

[ભાષ્ય-૨૩૪] ભોજન, પાન, શયન, આસન, અરિહંતસમણ - શય્યામાં, ઉચ્ચાર-પ્રસવણમાં પચીશ ઉચ્છ્‌વાસ કાયોત્સર્ગ હોય.

ભોજન, પાન નિમિત્તે બીજા ગામ આદિમાં જતાં જો ત્યાં વેળા ન થઈ હોય તો ઈર્યાપથિકી પ્રતિક્રમીને ઉભા રહે. આવીને પણ ફરી પ્રતિક્રમે. એ પ્રમાણ શયન, આસન નિમિત્તે પણ છે. શયન એટલે સંથારો કે વસતિ, આસન તે પીઠ આદિ. ‘અરહંત શ્રમણશય્યા’ એટલે ચૈત્યગૃહ જઈને પડિક્કમીને રહે એ પ્રમાણે ‘શ્રમણશય્યા’ એટલે સાધુની વસતિમાં પણ જાણવું ઉચ્ચાર-મળના ત્યાગમાં અને પ્રશ્રવણ-મૂત્ર ત્યાગમાં પણ જો હાથ માત્ર પણ જાય, તો પણ આવીને ઈર્યાપથ પ્રતિક્રમે જો માત્રમાં માત્રુ ગયા હો તો જે તેને પરઠવવા જાય તે ઈર્યાપથ પ્રતિક્રમે.

[પ્રક્ષેપગાથા] સ્વસ્થાનથી જો ૧૦૦ હાથથી બહાર જાય તો પ્રતિક્રમે, તેની અંદરમાં જાય તો ન પ્રતિક્રમે તે નિજ આલયથી ગમન. સૂત્રપોરિસિ નિમિત્તે, ક્યાંય વિહા કરે, એ બધામાં પચીશ ઉચ્છ્‌વાસ કાયોત્સર્ગ કરે.

આ ગાથા જો કે બીજા કર્તાની છે, પણ ઉપયોગી હોવાથી તેની વ્યાખ્યા કરી છે, હવે સૂત્રદ્વારની વ્યાખ્યા –

[૧૫૩૪] સૂત્રના ઉદ્દેશ સમુદ્દેશ અનુજ્ઞામાં ૨૭ ઉચ્છ્‌વાસ કાયોત્સર્ગ કરાય છે.

જો અશઠપણે સ્વયં જ પારે છે. જો શઠ હોય તો આચાર્યને આઠ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ આવે. પઢ્ઢવણ-પ્રસ્થાપન પ્રતિક્રણાદિમાં - પ્રસ્થાપિત કાર્ય નિમિત્તમાં જો સ્ખલના થાય તો આઠ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ કરીને જાય. બીજીવાર થાય તો ૧૬-ઉચ્છ્‌વાસ, ત્રીજીવાર સ્ખલના થાય તો ન જાય. બીજાને પ્રસ્થાપિત કરે. અવશ્ય કાર્યમાં દેવને વાંદીને આગળ સાધુને સ્થાપીને બીજા સાથે જાય. કાળ પ્રતિક્રમણમાં આઠ ઉચ્છ્‌વાસ પ્રમાણ. ગોચરચર્યામાં શ્રુતસ્કંધ પરાવર્તનામાં આઠ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ. કેટલાંક પરાવર્તનામાં પચીશ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ મંગલાર્થે કરે છે.

[૧૫૩૫] અહીં શિષ્ય પૂછે છે –

અકાળે ભણવું આદિ કારણે હોય તો [કાયોત્સર્ગ કરવો ઘટે છે ?] કાળે ન ભણ્યા હોય, દુષ્ટ વિધિથી શ્રુત સ્વીકારેલ હોય, શ્રુતની હીલના આદિ કરેલા હોય, સમનુજ્ઞા અને સમુદ્દેશ હોય. આ બધામાં કાયોત્સર્ગ કરવાનું ઘટે જ છે. કેમકે અતિચારનો સંભવ છે.

[૧૫૩૬] જે વળી ઉદ્દિશ્યમાન શ્રુતને અનતિક્રાંત છતાં પણ નિર્વિષયત્વથી અપરાધને અપ્રાપ્ત હોય તો પણ કાયોત્સર્ગ કરે.

આ અકૃત - ન કરેલ છતાં દોષ કાયોત્સર્ગ શોધ્ય ગ્રહણ કરેલ છે હે ભદંત ! ફોગટ શું કરવો ? જે ગ્રહણ કરેલ નથી તે ન કરવો. તો જ કાયોત્સર્ગનો ઉદ્દેશ છે.

શિષ્યએ ઉક્ત બે ગાથામાં જે કહ્યું, તે માટે આચાર્ય કહે છે –

[૧૫૩૭] કાયોત્સર્ગથી પાપનું ઉદ્‌ઘાતન થાય છે, મંગલને માટે છે, મંગલને કરવાથી ક્યાંય કોઈ વિઘ્ન ન તાય.

[૧૫૩૮] પ્રાણવધ, મૃષાવાદ, અદત્ત, મૈથુન અને પરિગ્રહમાં અન્યૂન ૧૦૦ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ થાય.

આ સ્વપ્ન દર્શનના વિષયમાં ગાથા છે - જો સ્વપ્નમાં પ્રાણવધ, મૃષાવાદ આદિનું આસેવન કરેલ હોય તો અન્યૂન ૧૦૦ ઉચ્છ્‌વાસ. મૈથુનમાં દૃષ્ટિ વિપર્યાસમાં ૧૦૦ ઉચ્છ્‌વાસ અને સ્ત્રી વિપર્યાસમાં ૧૦૮ ઉચ્છ્‌વાસનો કાયોત્સર્ગ કરવો.

[પ્રક્ષેપ ગાથા-] નાવ દ્વારા નદિ આદિ ઉતરતા વધ આદિ થાય, સંતરણ કે ચલણ અર્થાત્ નાવથી જાય કે ચાલીને તો પચીશ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે.

આ ગાથા કોઈ બીજા કર્તાની છે, પણ ઉપયોગી હોવાથી નોંધી છે.

હવે ઉચ્છ્‌વાસમાન પ્રતિપાદન કરતાં કહે છે –

**• નિર્યુક્તિ-૧૫૩૯ + વિવેચન :-**

પાદ સમાન ઉચ્છ્‌વાસ કાળ પ્રમાણથી થાય તેમ જાણવું. આ કાળ પ્રમાણ ઉત્સર્ગથી જાણવું.

ગાથાની વ્યાખ્યા - પાદ એટલે શ્લોકનો પાદ [ચરણ]

ગમન ઈત્યાદિ દ્વારા ગાથા કહી.

હવે આદ્ય દ્વારગાથામાં કહેલ અશઠ દ્વારની વ્યાખ્યા કરે છે - અહીં



વિજ્ઞાનવાળા શાઠ્યરહિતતાથી આત્મહિત એમ કરીને સ્વબલની અપેક્ષાથી કાયોત્સર્ગ કરવો જોઈએ. બીજી રીતે કરવાથી અનેક દોષનો પ્રસંગ આવે ભાષ્યકાર કહે છે–

**• નિર્યુક્તિ-૧૫૪૦,૧૫૪૧, ભાષ્ય-૨૩૫,૨૩૬ + વિવેચન :-**

[ભા.૨૩૫] જે કોઈ સાધુ નિશ્ચે ૩૦ વર્ષના હોય, બળવાન્ અને આતંકરહિત હોય તથા ૭૦ વર્ષ અન્ય વૃદ્ધ સાધુ વડે કાયોત્સર્ગનો પ્રારંભ અને પરિસમાપ્તિમાં તુલ્ય હોય. વિષમવત્ - ઉટ્ટંકાદિ સમાન કૂટવાહી, બળદની જેમ નિર્વિજ્ઞાન જ આ જડ - સ્વહિત પરિજ્ઞાન શૂન્યત્વથી હોય. તથા આત્મહિતે જ સમ્યક્ કાયોત્સર્ગ કરણથી સ્વકર્મક્ષય ફળત્વથી છે.

[ભા.૨૩૬] હવે દૃષ્ટાંતનું વિવરણ કરતાં કહે છે –

સમભૂમિમાં પણ અતિભાર વિષમવાહિત્વથી ઉદ્ધર્વ યાન જેમાં તે - ઉધાનમાં, ઉદક [જળ] તે ઉધાનમાં કેટલું હોય ? ઘણું બધું.

કોને ? કૂટવાહી - બળદને. તેના બે દોષ કહેલ છે - અતિભાર વડે ભાંગે છે કેમકે વિષમવાહી જ અતિભારી થાય છે અને તુત્તગ-ગળીયો બળદ ઘાત વડે વિષમવાહી તેનાથી પીડાય છે.

[પ્રક્ષેપગાથા] હવે દાર્ષ્ટાન્તિક યોજના કરતાં કહે છે –

આ ગાથા કોઈ બીજા કર્તાની છે, તો પણ તે ઉપયોગી હોવાથી તેની વ્યાખ્યા કરી રહ્યા છીએ –

એ પ્રમાણે ગળીયા બળદવત્ બળવાન્ હોવા છતાં જે કરતાં નથી, માયા વડે કરણથી સમ્યક્ - સામર્થ્યને અનુરૂપ કાયોત્સર્ગને તે મૂઢ માયા નિમિત્તે કર્મ નિયમથી જ પામે છે તથા નિષ્ફળ એવા કાયોત્સર્ગ કલેશને પામે છે. તેથી કહે છે–

નિર્માયી એવા અપેક્ષારહિતને અને સ્વશક્તિને અનુરૂપ કરતાં જ બધાં અનુષ્ઠાનો સફળ થાય છે.

હવે માયાવાન્‌ને દોષોને દર્શાવતા કહે છે –

[૧૫૪૦] માયા વડે કાયોત્સર્ગ અને બાકીના અનશનાદિ તપને ન કરતો, સમર્થને કોણ તેને બીજો અનુભવશે ?

શું - સ્વકર્મ વિશેષ અનિર્જરિત હોય, આની શેષતા સમ્યક્ત્વ પ્રાપ્તિ ઉત્કૃષ્ટ કર્મોની અપેક્ષાથી કહી છે. કહ્યું છે કે – સાત પ્રકૃતિમાં અભ્યંતર તો કોડાકોડી છે ઈત્યાદિ - x -

બીજા કહે છે – એ પ્રમાણે ઉત્સર્ગ૦ પણ આ શોભન પાઠ નથી.

[૧૫૪૧] જો આ પ્રમાણે છે તો – નિષ્કૂટ સવિશેષ ગાથા કહે છે.

નિષ્કૂટ એટલે અશઠ. સવિશેષ - બીજાથી કંઈક વિશેષ બળવાન્. અથવા વયની અનુરૂપતાથી બીજા સાથે કંઈક સમબલપણાથી છે. ઠુંઠા જેવો ઉર્ધ્વદેહ, નિષ્કંપ, શત્રુ-મિત્રમાં સમ થઈ કાયોત્સર્ગમાં રહે.

તુ શબ્દથી બીજા ભિક્ષાટનાદિમાં આ પ્રકારે જ ઉભા રહે.

હવે વય અને બળને આશ્રીને કાયોત્સર્ગ કરવાની વિધિ કહે છે –

● નિર્યુક્તિ-૧૫૪૨ + વિવેચન :-

(૧) તરુણ બલવાન્, (૨) તરુણ દુર્બળ, (૩) સ્થવિર બલસમૃદ્ધ, (૪) સ્થવિર દુર્બળ. ચારે ભંગોમાં યથાબલ-બળને અનુરૂપ રહે છે. પણ અભિમાનથી રહેતા નથી.

શા માટે આવા વૃદ્ધ સાથે તુલ્ય એવા અબલવંતે રહેવું ? ગ્લાન આદિમાં અધિકરણ સંભવે છે.

સપ્રસંગ અશઠ દ્વાર કહ્યું. હવે શટ દ્વારનો અવસર છે.

● નિર્યુક્તિ-૧૫૪૩-વિવેચન :-

કાયોત્સર્ગ કરવાની વેળાએ માયા વડે પ્રચલે - નિદ્રાને પામે. સૂત્ર કે અર્થની પ્રતિપૃચ્છા કરે, કંટકોનો દૂર કરે છે. મળ આદિના ઉત્સર્ગને માટે જાય છે. પ્રશ્રવણ - કાયિકી, મૂત્રનો ત્યાગ કરે. ધર્મને કહે.

અથવા માયા વડે ગ્લાનત્વનો ઢોંગ કરે. આ અનુષ્ઠાન ખોટું થાય.

શઠદ્વાર કહ્યું. હવે વિધિદ્વાર કહે છે –

● નિર્યુક્તિ-૧૫૪૪ થી ૧૫૪૭ + વિવેચન :-

[૧૫૪૪] ગુરુની પૂર્વે સ્થાપે છે, ગુરુના પાર્ચપછી પારે છે. એમ સવિશેષ સ્થાપે છે. [કોણ ?] તરુણ અને અન્યૂનવીર્યવાળા.

[૧૫૪૫] ચાર આંગળ, મુહપત્તિ જમણા હાથમાં ડાબા હાથમાં રજોહરણ, કાયાનો ત્યાગ કરી - વોસિરાવીને કાયોત્સર્ગ કરે.

[૧૫૪૬] ઘોટક, લતા, સ્તંભ, કુડ્ય, માળ, સવરિ, વધૂ, નિયલ, લંબોત્તર, સ્તન, ઉધ્ધી, સંયત, ખલિણ, વાયસ, કપિષ્ઠ [તથા]

[૧૫૪૭] શીશુકકંપિત, શૂચિ, અંગુલિ, ભમૂહ, વારુણી, પ્રેક્ષા, નાભિ, કરતલ, કૂર્પર, ઉત્સારિત પારિત સ્તુતિ.

ઉક્ત ચારે ગાથાનો અર્થ કહ્યો.

– ચતુરંગુલ - બે પગ વચ્ચેનું અંતર ચાર અંગુલ કરવું.

– મુહપત્તિ - મુખવસ્ત્રિકા જમણા હાથમાં ગ્રહણ કરવી.

– રજોહરણ - ડાબા હાથમાં રાખવું જોઈએ.

– આ વિધિથી 'વ્યુત્સૃષ્ટ ત્યક્ત દેહ' કાયોત્સર્ગ કરવો.

આ પ્રમાણે વિધિ દ્વાર કહ્યું. હવે દોષોની ગાથા કહે છે –

*[અમે આ દોષનું વર્ણન પ્રવચન સારોદ્ધાર અનુસારે નોંધેલ છે કેમકે અહીં રજૂ કરેલા ઓગણીસે દોષોની ગાથા તે પ્રમાણે જ છે.]*

(૧) ઘોડાની જેમ એક પગ સંકોચીને કાયોત્સર્ગ કરે.

(૨) વધારે પવનથી જેમ વેલડી કંપે તેમ કાયોત્સર્ગમાં કંપે.

(૩) થાંભલો કે ભીંતનો ટેકો લઈને કાયોત્સર્ગ કરે.

(૪) માળના ભાગે માથાનો ટેકો લઈ કાયોત્સર્ગ કરે.

(૫) શબરી-ભીલડી, તે વસ્ત્ર વગરની હોવાથી પોતાના ગુપ્ત ભાગને જેમ બે



હાથેથી ઢાંકે, તેમ બે હાથથી ગુહ્ય ભાગને ઢાંકી રાખીને કાયોત્સર્ગ કરે.

(૬) માથું નીચું રાખી કૂલવધુ માફક ઉભો રહી કાયોત્સર્ગ કર.

(૭) બેડી પહેરાવેલ હોય તેમ પક સંકોચીને કે પહોળા પગ કરીને કાયોત્સર્ગ કરે.

(૮) નાભિથી ઉપર તથા મનુથી નીચે સુધીનો અવિધિપૂર્વક ચોલપટ્ટો પહેરીને કાયોત્સર્ગ કરે.

(૯) સ્તન આદિને મચ્છર આદિથી રક્ષણ માટે અથવા અજ્ઞાનથી અનાભોગે ચોલપટ્ટાથી ઢાંકીને કાયોત્સર્ગ કરે.

(૧૦) ઉર્ધ્વિકા દોષ - બાહ્ય ઉર્ધ્વિકા અને અભ્યંતર ઉર્ધ્વિકા દોષ એમ બે પ્રકારે છે. પગની પાછલી બે પાની ભેગી કરીને પગનો આગળનો ભાગ પહોળો કરીને ઉભો રહીને કાયોત્સર્ગ કરે તે બાહ્ય શકટોર્ધ્વિકા.

પગના બે અંગુઠા ભેગાં કરી પાછળની પાની પહોળી કરી કાયોત્સર્ગમાં ઉભો રહે તે અભ્યંતર શકટોર્ધ્વિકા.

(૧૧) કપડાં કે ચોલપટ્ટાથી સાધ્વીની જેમ ઢાંકી કાયોત્સર્ગ કરે.

(૧૨) ખલિન એટલે લગામ. તેની જેમ રજોહરણ આગળ રાખી કાયોત્સર્ગ કરે. અથવા બીજા કહે છે કે – લગામ પહેરાવવાથી પીડિત અશ્વની માફક માથું ઉંચુ-નીચું કરે.

(૧૩) ચલચિત્ત કાગડાની જેમ આંખનો ડોળો ફેરવતો - આંખ ફેરવતો અથવા ચારે બાજુ જોતો કાયોત્સર્ગ કરે.

(૧૪) ભ્રમરોના ભયથી કોઠાની જેમ જાંઘને સંકોચીને ઉભો રહીને, બીજાના મતે મુટ્ઠી બાંધીને કાયોત્સર્ગ કરે.

(૧૫) ભૂત પેસેલાની જેમ માથૂ ધૂણાવતો કાયોત્સર્ગ કરે.

(૧૬) બાજુના પ્રદેશમાં કોઈ લીલોતરી આદિ છેદતો હોય તો તેને અટકાવવા મુંગાની જેમ "હું-હું" એવો અવ્યક્ત અવાજ કરતો કાયોત્સર્ગ કરે તે મૂકદોષ.

(૧૭) આલાવા ગણવા આંગળી ફેરવે. યોગોના સ્થાપન માટે કે બીજી ક્રિયા જણાવવાને આંખની ભ્રમરો નચાવતો કાયોત્સર્ગ કરે.

(૧૮) દારુ બનતી વખતે થતાં બુડબુડ જેવો અવ્યક્ત અવાજ આવે તેવો અવાજ કરતો કાયોત્સર્ગ કરે.

(૧૯) વાનરની જેમ હોઠ ફફડાવતો કાયોત્સર્ગ કરે.

આ કાયોત્સર્ગ કરતી વખતે જિનેશ્વરોએ નિષેધ કરેલા એવા ઉક્ત ૧૯-દોષોનો પંડિતજનોએ સારી રીતે ત્યાગ કરવો. - x - x -

કાયોત્સર્ગ પારીને અવશ્યક નવકાર બોલવો.

૦ હવે 'कस्य' દ્વારની વ્યાખ્યા કરાય છે. તેમાં ઉક્ત દોષરહિત હોય તો પણ જેને આ કાયોત્સર્ગ યથોક્ત ફળવાળો થાય છે. તેને દર્શાવવા માટે કહે છે –

• **નિર્યુક્તિ-૧૫૪૮ થી ૧૫૫૦-વિવેચન :-**

वासी चंदनकल्प - ઉપકારી અને અપકારીમાં મધ્યસ્થ. કહ્યું છે કે – જો કોઈ ચંદન વડે બાહુને લેપન કરે કે વાંસળા વડે છોલે છે, કોઈ સ્તુતિ કરે કે નિંદા કરે, મહર્ષિઓ તેમાં સમભાવ રાખે.

આના દ્વારા બીજા પ્રત્યે માધ્યસ્થ કહ્યું છે.

તથા मरण - પ્રાણત્યાગરૂપ. जीवित - પ્રાણ સંધારણ રૂપ. च શબ્દથી ઈહલોકાદિમાં સમસંજ્ઞ - તુલ્ય બુદ્ધિ. આના દ્વારા આત્મા પ્રતિ માધ્યસ્થ ભાવ કહ્યો.

તથા देह - શરીરમાં અપ્રતિબદ્ધ, च શબ્દથી ઉપકરણાદિમાં પણ અપ્રતિબદ્ધ. આનાથી કાયોત્સર્ગનું યથોક્ત ફળ થાય છે.

ત્રણ પ્રકારે-વ્યંતરાદિકૃત્, મ્લેચ્છમનુષ્યાદિકૃત્, સિંહ આદિ તિર્યંચો વડે કૃત ઉપસર્ગોને સમ્યક્ - મધ્યસ્થ ભાવે સહન કરવાથી કાયોત્સર્ગ શુદ્ધ - અવિપરીત થાય છે.

તેથી ઉપસર્ગ સહેનારને કાયોત્સર્ગ થાય છે.

હવે ફળ દ્વાર કહે છે – આ ફલ આલોક અને પરલોકની અપેક્ષા થકી બે ભેદે થાય છે. તેથી ગ્રન્થકાર - इहलोगंमि ગાથા કહે છે.

આ લોકમાં કાયોત્સર્ગનું જે ફળ તેમાં સુભદ્રાનું દૃષ્ટાંત છે.

વસંતપુર નગરમાં જિતશત્રુરાજા હતો. ત્યાં જિનદત્ત શ્રેષ્ઠી હતો તે સંયતશ્રાદ્ધ હતો. તેને સુભદ્રા નામે પુત્રી હતી. તે અતીવ રૂપવતી અને ઉદાર શરીરવાળી શ્રાવિકા હતી.

જિનદત્ત, તેણીને કોઈ અસાધર્મિકને પરણાવવા ઈચ્છતો ન હતો. ચંપાથી વાણિજ્યાર્થે આવેલ કોઈ બૌદ્ધધર્મીએ તેણીને જોઈ, તેણીના રૂપના લોભથી તે કપટીશ્રાવક બન્યો. ધર્મ સાંભળે છે, જિન અને સાધુને પૂજે છે. જિનદત્તે તેના ભાવોને જાણીને પોતાની પુત્રી આપી. વિવાહ થઈ ગયા.

તે પણ સુભદ્રાને લઈને ચંપા ગયો. નણંદ, સાસુ-સસરાદિ બૌદ્ધધર્મી હોવાથી, તેણીને નિંદે છે. પછી જુદુ ઘર કર્યુ. ત્યાં અનેક શ્રમણ અને શ્રમણી પ્રાયોગ્ય નિમિત્તે આવે છે.

તે બૌદ્ધધર્મી શ્રાવિકાઓ બોલે છે કે – આ સુભદ્રા સંયતોમાં દૃઢ રક્તા છે. તેણીનો પતિ તેમાં વિશ્વાસ કરતો નથી. કોઈ દિવસે કોઈ વર્ણ-રૂપ આદિ ગુણ સમૂહ યુક્ત તરુણ ભિક્ષુ પ્રાયોગ્ય નિમિત્તથી ગયા. તેને વાયુથી ઉડેલ રજ આંખમાં પ્રવેશી ગઈ. સુભદ્રાએ પોતાની જિહ્વાથી તેને સ્પર્શ ન થાય તેમ રજ કાઢી લીધી. પરંતુ મુનિના લલાટમાં સુભદ્રાનું તિલક સંક્રાંત થઈ ગયું - લાગી ગયું. તેણીએ પણ વ્યાક્ષિપ્ત ચિત્તથી તે જાણ્યું.

તે મુનિ નીકળ્યા ત્યારે તે બૌદ્ધધર્મી શ્રાવિકાએ તેના પતિને દેખાડ્યું. જુઓ - જુઓ આ વિશ્વાસથી રમણમાં સંક્રાંત તારી પત્નીના સંગથી મુનિને તિલક થયું.

તેણે પણ વિચાર્યુ કે – શું આ આવું પણ થાય ? અથવા વિષયો બળવાન્



છે, અનેક ભવના અભ્યાસ કરેલા છે, તો શું ન થઈ શકે ?, તે સુભદ્રા પરત્વે મંદસ્નેહવાળો થયો.

કોઈ રીતે સુભદ્રાએ આ વાત જાણી. તેણીને થયું કે – આ તો પ્રાવચનિકનો ઉડ્ડાહ છે. કઈ રીતે દૂર કરું ? પ્રવચનદેવતાને ધારીને તેણીએ રાત્રિના કાયોત્સર્ગ કર્યો. જે કોઈ નીકટમાં રહેલ દેવી હતી, તે તેણીના શીલ-સમાચાર જાણીને આવી. પૂછ્યું – તને શું પ્રિય છે ? તે કરું.

સુભદ્રા બોલી – ઉડ્ડાહને દૂર કરો. દેવીએ કબૂલ કર્યુ. સવારે હું આ નગરીના દ્વારો બંધ કરી દઈશ. પછી ખેદ પામેલા નગરજનોને આકાશમાંથી હું કહીશ કે – જેણે મનથી પણ પરપુરુષને ચિંતવેલ ન હોય, તેવી સ્ત્રી ચાલણીમાં પાણી ભરીને, ત્યાં જાય, ત્રણ વખત દ્વાર ઉપર છાંટે તો જ આ દ્વાર ઉઘડશે. તારી પરીક્ષા માટે તું બીજા નગરજનો સાથે બહાર આવજે પછી દ્વારને ઉઘાડીશ. એ રીતે આ ઉડ્ડાહણાનું નિવારણ થશે અને તું પ્રશંસા પામીશ. તેમજ બધું કર્યુ.

આ પ્રમાણે આ આલોક સંબંધી કાયોત્સર્ગ ફળ કહ્યું.

બીજા આચાર્યો કહે છે – વારાણસીમાં સુભદ્રાએ કાયોત્સર્ગ કરેલ. એડકાક્ષની ઉત્પત્તિ થયેલ.

૦ રાજા ઉદિતોદયની પત્નીએ ધર્મલાભ માટે આવેલ સાધુને અંતઃપુરમાં રોંધીને ઉપસર્ગ કર્યો. આ કથા 'નમસ્કાર'માં આવી ગયેલ છે.

૦ શ્રેષ્ઠીપત્ની, ચંપામાં સુદર્શન શ્રેષ્ઠીપુત્ર, તે શ્રાવક હતો. આઠમ અને ચૌદશે શ્રાવક પ્રતિમા સ્વીકારતો. મહારાણીએ ભોગ માટે તેને પ્રાર્થના કરી, પણ સુદર્શને તેને ન સ્વીકારી.

કોઈ દિવસે તે કાયાને વોસિરાવીને પ્રતિમા ધ્યાને રહેલો, ત્યારે દાસી દ્વારા વસ્ત્રોથી વીંટીને તેને અંતઃપુરમાં લઈ આવ્યા. રાણીએ આગ્રહ કરતાં પણ, તે ન માન્યો ત્યારે રાણીએ દ્વેષથી કોલાહલ કર્યો. રાજાએ તેને પકડી લઈને વધ કરવા આજ્ઞા આપી.

વધસ્તંભે લઈ જવાતો હતો ત્યારે તેની પત્ની મિત્રવતી શ્રાવિકાએ તે સાંભળી, સત્યાણયક્ષને આશ્રીને કાયોત્સર્ગમાં રહી. સુદર્શન ઉપર તોળાતી તલવાર ફૂલમાળા બની જવા લાગી. તેને મુક્ત કરીને રાજાએ પૂજા કરી ત્યારે મિત્રવતીએ કાયોત્સર્ગ પાર્યો.

૦ સોદાસ નામે રાજા હતો 'નમસ્કાર' મુજબ કથા કહેવી. - x - x - x - આ બધાં આલોકના ફળ છે. પરલોકમાં સિદ્ધિ-મોક્ષ અથવા દેવલોક તથા च શબ્દથી ચક્રવર્તિત્વાદિ ફળ મળે છે.

[શંકા] સિદ્ધિ-સર્વ કર્મક્ષયથી પમાય છે. તો પછી તે કાયોત્સર્ગનું ફળ કઈ રીતે કહ્યું ? કાયોત્સર્ગનું ફળ કર્મક્ષય હોવાથી, તે પરંપર કારણ હોવાથી વિવક્ષા કરી છે.

કાયોત્સર્ગથી કર્મક્ષયનું ફળપણું કઈ રીતે થઈ શકે ?

● **નિર્યુક્તિ-૧૫૫૧ થી ૧૫૫૪, ભાષ્ય-૨૩૭ + વિવેચન :-**

[ભા.૨૩૭] જેમ કરવત લાકડાને આવતા-જતાં કાપે છે, તેમ સુવિહિત સાધુ કાયોત્સર્ગથી કર્મોને કાપે છે.

જેમ કરવત કાપે છે - છેદે છે - વિદારે છે, (શું ?) લાકડાને. શું કરીને ? આવતા અને ફરી જતાં.

એ પ્રમાણે સુવિહિતો - સાધુઓ કાયોત્સર્ગની હેતુભૂતતાથી કર્મો - અર્થાત્ જ્ઞાનાવરણીયાદિને કાપે છે.

બીજે પણ કહેલ છે કે – "સંવરથી ગુપ્ત થાય છે, ગુપ્તિ વડે ઉત્તમ સંયમ થાય છે. સંયમથી તપ થાય છે, તપથી નિર્જરા થાય છે. નિર્જરા વડે અશુભ કર્મો સદા ક્રમશઃ ક્ષય પામે છે. તેમાં આવશ્યક યુક્તને કાયોત્સર્ગથી વિશેષ ક્ષય પામે છે ઈત્યાદિ.

[૧૫૫૧] કાયોત્સર્ગમાં સુસ્થિતને જેમ જેમ અંગોપાંગો ભાંગે છે, તેમ સુવિહિત-સાધુઓ આ પ્રમાણે આઠ પ્રકારના કર્મોના સમૂહને ભેદી નાંખે છે.

અહીં 'કાયોત્સર્ગ૦' ગાથા કહી તેમાં - સુસ્થિત રહેલાને જેમ-જેમ અંગોપાંગ ભાંગે છે. એ પ્રમાણે ચિત્તના નિરોધીથી મુનિવરો - સાધુઓ આઠ પ્રકારના જ્ઞાનાવરણીયાદિરૂપ કર્મોના સમૂહને ભેદે છે - અર્થાત્ વિદારે છે.

[૧૫૫૨] આ શરીર અન્ય છે અને જીવ પણ અન્ય છે, એવી બુદ્ધિ કરીને દુઃખ અને પરિકલેશ કરનારા શરીરના મમત્વને છેદે.

[શંકા] જો કાયોત્સર્ગમાં રહેલાના અંગોપાંગ ભાંગે છે, તો પછી આ દેખીતો અપકાર જ છે, આવા કાયોત્સર્ગનો શો લાભ ?

[સમાધાન] હે સૌમ્ય ! એવું નથી. એમ કહી ઉક્તગાથા કહે છે.

આ શરીર પોતાના કર્મોથી ઉપાર્જેલ આલય માત્ર અને પાછું અશાશ્વત હોવાથી તે અન્ય છે.

આનો અધિષ્ઠાતા જે જીવ છે, તે શાશ્વત છે, પોતે કરેલા કર્મોના ફળનો ઉપભોક્તા છે. શરીર તો ત્યાજ્ય જ છે.

એવી બુદ્ધિ કરીને આ શરીરના મમત્વને છેદી નાંખે. પરંતુ જો આવા અસાર શરીરથી પણ કોઈ પારલૌકિક અર્થ સરતો હોય તો સારી રીતે યત્ન કરવો જોઈએ. વળી એવી ભાવના ભાવે કે –

[૧૫૫૩] મેં સંસારમાં જેટલા કંઈ દુઃખોને અનુભવેલા છે, તેમાં દુર્વિષહતર અનોપમ દુઃખો નરકોમાં છે.

જિનપ્રણિત ધર્મ ન કરવાથી જેટલાં શારીરિક, માનસિક દુઃખો સંસારમાં – તિર્યંચ, મનુષ્ય, નારક, દેવાનુભાવરૂપમાં મેં અનુભવ્યા છે, તેનાથી પણ દુઃખે કરી સહી શકાય તેવા દુઃખો પૂર્વે પુન્ય ન કરીને મેં સીમંતકાદિ નરકોમાં અનુભવ્યા છે, જે દુઃખો બાકીની ગતિના દુઃખની અપેક્ષાએ ઉપમારહિત દુઃખદાયી હતા.

જો એમ છે તો –



[૧૫૫૪] તેથી મમત્વરહિત થઈ મુનિઓએ સૂત્રનો સાર પામીને ઉગ્ર કાયોત્સર્ગ કર્મના ક્ષય માટે કરવો જોઈએ.

નિર્મમ - મમત્વ રહિતપણે. મુનિ - સાધુ. સૂત્રના પરમાર્થને જાણીને ઉક્ત સ્વરૂપ કાયોત્સર્ગ, ઉગ્ર-પ્રબળ શુભ અધ્યવસાયથી. કર્મના ક્ષયને માટે, સ્વર્ગાદિ નિમિત્તે નહીં. કરવો જોઈએ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૫-નો ટીકા સહિતનો અનુવાદ સમાપ્ત**

## ❀ અધ્યયન-૬-“પ્રત્યાખ્યાન” ❀

-- x -- x -- x -- x -- x --

કાયોત્સર્ગ અધ્યયનની વ્યાખ્યા કરી. હવે પ્રત્યાખ્યાન અધ્યયન આરંભીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે છે –

અનંતર અધ્યયન સ્ખલન વિશેષથી અપરાધરૂપી વ્રણ વિશેષ સંભવે, નિંદા માત્રથી ઓઘથી અશુદ્ધ રહે. તેથી પ્રાયશ્ચિત્તરૂપી ભૈષજથી અપરાધરૂપી વ્રણની ચિકિત્સા કહી. અહીં તો ગુણધારણા પ્રતિપાદિત કરે છે. ઘણી પણ મૂલ-ઉત્તરગુણ ધારણા કરવી. તે મૂલગુણ અને ઉત્તરગુણના પ્રત્યાખ્યાનરૂપ છે. તે અહીં નિરૂપે છે.

અથવા કાયોત્સર્ગ અધ્યયનમાં કાયોત્સર્ગકરણ દ્વારથી પૂર્વોપાત્ત કર્મોનો ક્ષય બતાવ્યો. - x - x - અહીં પ્રત્યાખ્યાન કરવાથી કર્મક્ષયોપશમજ ફળને બતાવે છે. કહ્યું છે કે –

ઈહલૌકિક અને પરલૌકિક બે પ્રકારે પ્રત્યાખ્યાનના ફળ કહ્યા છે. આલોકમાં ધર્મિલ આદિ અને પરલોકમાં દામન્નકાદિનું દૃષ્ટાંત છે.

જિનવરે ઉપદિષ્ટ એવા આ પચ્ચકખાણને સેવીને અનંતા જીવોએ શાશ્વતસુખ એવા મોક્ષને પ્રાપ્ત કર્યો છે - ઈત્યાદિ.

અથવા સામાયિકમાં ચારિત્રને વર્ણવ્યું. ચતુર્વિંશતિસ્તવમાં અરહંતોની ગુણ સ્તુતિ કરી, તે દર્શનજ્ઞાનરૂપ છે, એ પ્રમાણે એ ત્રણે કહ્યા. આના વિતથ આસેવનથી થતાં આલોક-પરલોકના અપાયોને ખપાવવા ગુરુને નિવેદન કરવું જોઈએ. તે વંદનપૂર્વક થાય માટે તેની નિરૂપણા કરી. કરીને ફરી શુભ સ્થાનોમાં જ પ્રતીપ ક્રમણ સેવવું જોઈએ, તેથી તે પણ નિરૂપ્યું. તો પણ કંઈ અશુદ્ધ રહેલા અપરાધરૂપી વ્રણની ચિકિત્સા આલોચનાદિ વડે કાયોત્સર્ગ સુધીના પ્રાયશ્ચિત્ત ભૈષજથી અનંતર અધ્યયન કહ્યું. અહીં તે તથા પણ અશુદ્ધનું પ્રત્યાખ્યાન કહ્યું.

એ પ્રમાણે અનેકરૂપે સંબંધથી આવેલા પ્રત્યાખ્યાન અધ્યયનના ચારે અનુયોગદ્વાર વિસ્તારથી કહેવા જોઈએ.

તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપમાં ‘પ્રત્યાખ્યાન’ અધ્યયન છે. તેમાં પ્રત્યાખ્યાનને આશ્રીને દ્વાર ગાથા કહે છે –

● **નિર્યુક્તિ-૧૫૫૫-વિવેચન :-**

પ્રતિ અને આ પૂર્વક ख्या થી ‘પ્રત્યાખ્યાન’ થાય છે. તેમાં પ્રત્યાખ્યાન - આના વડે મન, વચન, ક્રિયા જાલથી કંઈ પણ અનિષ્ટનો નિષેધ કરાય તે પ્રત્યાખ્યાન છે. - x - પ્રત્યાખ્યાન ક્રિયા જ પ્રત્યાખ્યાન છે. - x - પ્રતિ + આખ્યાન તે પ્રત્યાખ્યાન.

જે પ્રત્યાખ્યાન કરે છે. તે પ્રત્યાખ્યાતા - ગુરુ અને શિષ્ય. તથા પ્રત્યાખ્યેય - પ્રત્યાખ્યાન ગોચર વસ્તુ. च શબ્દથી ત્રણેની પણ તુલ્યકક્ષતા જણાવી છે.

आनुपूर्वी - પરિપાટી, તેનાથી કથનીય. પરિષદ્ વક્તવ્યા. કેવા પ્રકારની પર્ષદાને કથનીય છે ? તથા કથનવિધિ - કથનનો પ્રકાર કહેવો તથા આલોક અને પરલોક સંબંધી ફળ કહેવું જોઈએ.





આદિમાં આ છ ભેદો છે. સંક્ષેપથી ગાથાર્થ કહ્યો. વિસ્તારથી અવસર મુજબ ભાષ્યકાર જ કહેશે.

તેમાં આદ્ય અવયવને વિસ્તારથી જણાવે છે –

● **ભાષ્ય-૨૩૮ થી ૨૪૩-વિવેચન :-**

[૨૩૮] નામપ્રત્યાખ્યાન, સ્થાપના પ્રત્યાખ્યાન, દ્રવ્ય પ્રત્યાખ્યાન, અદિત્સા - દેવાની ઈચ્છા ન હોવીરૂપ પ્રત્યાખ્યાન, પ્રતિષેધ પ્રત્યાખ્યાન, ભાવ પ્રત્યાખ્યાન. નિશ્ચે આ છ ભેદ પ્રત્યાખ્યાનના જાણવા.

આ ગાથા સમુદાયાર્થ નિગદસિદ્ધ છે. અવયવાર્થ અવસર મુજબ કહીશું. તેમાં નામ અને સ્થાપના બંને સુગમ છે.

હવે દ્રવ્ય પ્રત્યાખ્યાન પ્રતિપાદન કરવા કહે છે –

[૨૩૯] દ્રવ્ય નિમિત્ત ગાથા ખંડની વ્યાખ્યા - વસ્ત્ર આદિ દ્રવ્ય નિમિત્તે પ્રત્યાખ્યાન. જેમ કોઈક સાંપ્રત ક્ષપકોને, તેમ દ્રવ્યમાં પ્રત્યાખ્યાન. જેમ ભૂમિ આદિમાં વ્યવસ્થિત કરે છે. તે રીતે દ્રવ્યભૂત - અનુપયુક્ત થઈને જે કરે છે, તેને પણ અભીષ્ટફલરહિતત્વથી દ્રવ્યપ્રત્યાખ્યાન કહે છે. તુ શબ્દથી દ્રવ્યના, દ્રવ્યોના, દ્રવ્ય વડે, દ્રવ્યો વડે, દ્રવ્યમાં, આ માર્ગ ક્ષુણ્ણ [લઘુ કે ગૌણ]છે.

અહીં રાજપુત્રનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે –

એક રાજાની પુત્રી બીજા રાજાને અપાઈ. તે મૃત્યુ પામ્યો. ત્યારે તેણીને પિતા પાછી લાવ્યા. હે પુત્રિકા ! ધર્મ કર. એમ કહ્યું. તેણી પાખંડીને દાન આપે છે. કોઈ વખતે કાર્તિક ધર્મમાસ આવ્યો. તેથી હું માંસ ખાઈશ નહીં, એવું પ્રત્યાખ્યાન કર્યુ. ત્યાં પારણામાં અનેક લાખ પશુઓ માંસાર્થે લાવવામાં આવ્યા.

ત્યારે ભોજન અપાય છે. તેમાં જે સાધુઓ નજીકથી જતા હતા. તેમને નિમંત્રિત કરવામાં આવ્યા. તેઓએ ભોજન ગ્રહણ કર્યુ, માંસ લીધું નહીં. ત્યારે તે રાજપુત્રીએ પૂછ્યું કે – શું તમારે કારતકમાસ પુરો નથી થયો ?

તેઓ બોલ્યા – અમારે યાવજ્જીવ કારતક માસ છે. કઈ રીતે ?

ત્યારે સાધુઓ ધર્મકથા કહે છે, માંસના દોષો કહ્યા. ત્યારપછી તેણીએ બોધ પામીને દીક્ષા લીધી. એ પ્રમાણે તેણીને પહેલા દ્રવ્ય પ્રત્યાખ્યાન હતું, પછી ભાવપ્રત્યાખ્યાન થયું.

૦ હવે અદિત્સા પ્રત્યાખ્યાન કહે છે – તેમાં આ ગાથાર્દ્ધ છે.

અદિત્સા પ્રત્યાખ્યાનમાં :- હે બ્રાહ્મણ ! હે શ્રમણ ! अदित्सा - મને દેવાની ઈચ્છા નથી, આપે યાચના યાચના કરી તે નથી. તેથી અદિત્સા જ વસ્તુતઃ પ્રતિષેધાત્મક, એ પ્રમાણે પ્રત્યાખ્યાન છે.

૦ હવે પ્રતિષેધ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરવા મરાટે ગાથાખંડ કહે છે – अमुगं दिज्जउ मज्झं૦

[૨૪૦] મને અમુક ઘી આદિ આપો. બીજાએ કહ્યું – મારી પાસે તે નથી. દેવું પણ નથી, ઈચ્છા પણ નથી. આ આવા પ્રકારે પ્રતિષેધ થાય છે. આ પણ વસ્તુતઃ

પ્રત્યાખ્યાન જ છે.

"પ્રતિષેધ" એ જ પ્રત્યાખ્યાન છે.

[૨૪૧] હવે ભાવ પ્રત્યાખ્યાન પ્રતિપાદિત કરે છે. તેમાં આ ગાથાર્દ્ધ છે — "सेसपयाण य गाहा०" તે આ રીતે —

બાકીના પદોની આગમ-નોઆગમાદિની સાક્ષાત્ અહીં અનુક્ત એવી પ્રત્યાખ્યાન સંબંધી ગાથા કરવી - એ વાક્યશેષ જોડવું. આને ગાથા પ્રતિષ્ઠા કહેવાય છે. - x - x - भावंमि - દ્વાર પરામર્શ, ભાવ પ્રત્યાખ્યાન.

આને દર્શાવવાને માટે કહે છે — तं दुविहं०

તે ભાવ પ્રત્યાખ્યાન બે ભેદે છે — શ્રુત પ્રત્યાખ્યાન અને નોશ્રુત પ્રત્યાખ્યાન. આ શ્રુતપ્રત્યાખ્યાન પણ બે ભેદે છે - પૂર્વ શ્રુત પ્રત્યાખ્યાન અને નોપૂર્વશ્રુત પ્રત્યાખ્યાન.

તેમાં પૂર્વશ્રુત પ્રત્યાખ્યાન તે 'નવમું પૂર્વ' છે. નોપૂર્વ શ્રુતપ્રત્યાખ્યાન આ પ્રમાણે છે — પ્રત્યાખ્યાન અધ્યયન એ ઉપલક્ષણથી અન્ય - આતુર પ્રત્યાખ્યાન અને મહાપ્રત્યાખ્યાનાદિ પૂર્વબાહ્ય છે.

[૨૪૨] હવે નોશ્રુતપ્રત્યાખ્યાનના પ્રતિપાદનાર્થે કહે છે —

જે શ્રુતપ્રત્યાખ્યાન હોતું નથી, તે નોશ્રુતપ્રત્યાખ્યાન, તેના બે ભેદ છે - મૂલગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

મૂલગુણને આશ્રીને, તે મૂલગુણ - મૂળભૂત ગુણ. તે પ્રાણાતિપાત આદિની નિવૃત્તિરૂપત્વથી પ્રત્યાખ્યાન વર્તે છે અને ઉત્તરભૂત ગુણને ઉત્તરગુણ, તેમાં અશુદ્ધ પિંડ નિવૃત્તિરૂપત્વથી પ્રત્યાખ્યાન, તેના વિષયમાં અથવા અનાગત આદિ દશ ભેદે ઉત્તરગુણ પ્રત્યાખ્યાન છે.

મૂલગુણ પ્રત્યાખ્યાન પણ બે ભેદે છે — (૧) સર્વથી - સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાન, (૨) દેશથી - દેશમૂલગુણ પ્રત્યાખ્યાન. સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન તે પાંચ મહાવ્રતો અને દેશમૂલગુણ પ્રત્યાખ્યાનને પાંચ અણુવ્રતો.

આ ઉપલક્ષણ વર્તે છે. કેમકે ઉતરગુમ પ્રત્યાખ્યાન પણ બે ભેદે જ છે - સર્વોત્તરગુમ પ્રત્યાખ્યાન, દેશોત્તરગુણ પ્રત્યાખ્યાન.

તેમાં સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાન દશ ભેદે છે - અનાગત, અતિક્રાંત ઈત્યાદિ, તે અમે આગળ કહીશું. દેશોત્તરગુણ પ્રત્યાખ્યાન સાત ભેદે છે — ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો. આને પણ અમે આગળ કહીશું. વળી ઉત્તરગુણ પ્રત્યાખ્યાન ઓઘથી બે ભેદે છે :-

(૧) ઈત્વરિક, (૨) યાવત્કથિક. તેમાં (૧) ઈત્વરિક - સાધુના કંઈક અભિગ્રહ આદિ. શ્રાવકોને તો ચાર શિક્ષાવ્રતો જ ઈત્વરિક કહેવાય. (૨) યાવત્કથિક નિયંત્રિત હોય છે. જે કાંતાર કે દુર્ભિક્ષાદિમાં પણ ભંગ કરાતા નથી. શ્રાવકોને ત્રણ ગુણવ્રતો જાણવા.

[૨૪૩] હવે સ્વરૂપથી સર્વમૂલગુણ પ્રત્યાખ્યાનને દર્શાવતા કહે છે — પ્રાણિવધ ઈત્યાદિ. (૧) પ્રાણ - ઈન્દ્રિય આદિ. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને



આયુ. આ દશ પ્રાણો ભગવંતે કહેલા છે. તેનું વિયોગીકરણ તે હિંસા. તેનો વધ તે પ્રાણવધ [તેમાં જીવવધ નથી]

(૨) જુઠું બોલવું તે મૃષાવાદ, તેમાં. અસત્નું અભિધાન.

(૩) અદત્ત - ઉપલક્ષણત્વથી અદત્તનું આદાન એટલે કે પર વસ્તુનું આહરણ તે અદત્તાદાન.

(૪) મૈથુન - અબ્રહ્મનું સેવન કહેવાયું છે તે.

(૫) પરિગ્રહ - [જીવ, અજીવાદિનો સંગ્રહ ઈત્યાદિ]

આ વિષયભૂતોમાં સાધુના મૂલગુણો ત્રિવિધ, ત્રિવિધેન અર્થાત્ ત્રણ યોગ અને ત્રણ કરણથી જાણવા, અનુસરવા. અહીં ભાવના આ છે :- શ્રમણો પ્રાણાતિપાતથી ત્રિવિધ ત્રિવિધે વિરત હોય છે. તેમાં ત્રિવિધકરે નહીં, કરાવે નહીં, કરનાર અન્યને પણ અનુજ્ઞા ન આપે. ત્રિવિધેન-મનથી, વચનથી, કાયાથી. એ પ્રમાણે બધાં વ્રતોમાં જોડવું.

અહીં સુધી સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન કહ્યું. હવે દેશમૂલગુણ પ્રત્યાખ્યાનનો અવસર છે. તે શ્રાવકોને હોય છે, એમ જાણીને શિષ્યના અનુગ્રહને માટે તે ધર્મવિધિ ઓઘથી બતાવે છે —

**● નિર્યુક્તિ-૧૫૫૬ થી ૧૫૬૧ + વિવેચન :-**

[૧૫૫૬] ધીરપુરુષોએ કહેલ શ્રાવક ધર્મની વિધિ હું કહીશ. જેનું આચરણ કરીને સુવિહિત ગૃહસ્થો પણ સુખને પામે છે. તેમાં સમ્યક્ત્વ સ્વીકારેલ અને અણુવ્રત પ્રતિપન્ન પણ પ્રતિદિવસ સાધુની પાસે સાધુની અને ગૃહસ્થોની સામાચારી સાંભળે છે, તે શ્રાવક.

શ્રાવકોના ધર્મની વિધિ હું કહીશ. તે વિધિ ધીરપુરુષોએ અર્થાત્ મહાસત્ત્વ, મહાબુદ્ધિ, તીર્થંકર અને ગણધરોએ પ્રરૂપેલી છે. જેને આચરીને સુવિહિત ગૃહસ્થો પણ આલોક અને પરલોકના સુખોને પામે છે, એ ગાથાર્થ કહ્યો.

[૧૫૫૭] શ્રાવકો ઓઘથી બે ભેદે છે — સાભિગ્રહા, નિરભિગ્રહા. વળી તેનો વિભાગ કરાતા આઠ ભેદે છે, તેમ જાણવું.

અભિગ્રહણ કરાય તે અભિગ્રહ - પ્રતિજ્ઞાવિશેષ. અભિગ્રહ સહિત જે વર્તે છે, તે સાભિગ્રહા. તેના વળી અનેક ભેદો થાય છે. તેથી કહે છે — દર્શનપૂર્વક દેશમૂળગુણ અને ઉત્તરગુણ બધાં કે કોઈ એક પણ હોય જ, તેમનો અભિગ્રહ. નિરભિગ્રહ - જેમાંથી અભિગ્રહ ચાલી ગયેલ છે તે નિરભિગ્રહા. તેઓ માત્ર સમ્યગ્દર્શની જ હોય છે. જેમ કૃષ્ણ, સત્યકી, શ્રેણિકાદિ.

અહીં સામાન્યથી શ્રાવકો બે ભેદે કહ્યા. વળી તે બે ભેદે પણ વિભાગ પામે છે. અભિગ્રહ ગ્રહણના વિશેષથી નિરૂપણ કરતાં તે આઠ ભેદે થાય છે, એ પ્રમાણે જાણવું.

[૧૫૫૮] તેમાં જે રીતે આઠ ભેદો થાય છે, તે બતાવે છે —

અહીં જે કોઈ કંઈ અભિગ્રહ ગ્રહણ કરે છે, તે જ આ પ્રમાણે બે ભેદે છે

(૧) કૃત્ (૨) કારિત. તે ત્રણ કરવાથી - મન વડે, વચન વડે, કાયા વડે, અર્થાત્ સ્થૂળ પ્રાણાતિપાત પોતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી. તે પ્રમાણે મનથી, વચનથી, કાયાથી, આ પહેલો ભેદ. આમને અનુમતિ પ્રતિષિદ્ધ નહીં, કેમકે સંતાન આદિના પરિગ્રહનો સદ્‌ભાવ છે. તેના વ્યાવૃત્તિકરણમાં તેમની અનુમતિનો પ્રસંગ આવે છે. અન્યથા પરિગ્રહ અને અપરિગ્રહમાં કંઈ તફાવત નહીં રહે. પ્રવ્રજિત - અપ્રવ્રજિતમાં અભેદ આપત્તિ છે.

અહીં શંકા કરે છે — ભગવતી આગમમાં ત્રિવિધ ત્રિવિધે પણ ગૃહસ્થોને પ્રત્યાખ્યાન કહેલ છે અને તે શ્રુતોક્ત હોવાથી અનવદ્ય જ છે. તો તે અહીં નિર્યુક્તિકારે શા માટે ન કહ્યા ?

[સમાધાન] તેના વિશેષ વિષયત્વથી. તે આ રીતે — નિશ્ચે જે પ્રતિમાને અંગીકાર કરે અને સંતતિ પાલનાદિથી મુક્ત છે, તે ત્રિવિધ ત્રિવિધે કરે છે અથવા વિશેષ્ય - કોઈ વસ્તુ સ્વયંભૂરમણના મત્સ્યાદિ અને સ્થૂળ પ્રાણાતિપાત ઈત્યાદિ. પરંતુ સર્વ સાવદ્ય વ્યાપાર વિરમણોને આશ્રીને નહીં.

[શંકા] નિર્યુક્તિકારે સ્થૂલ પ્રાણાતિપાતાદિમાં પણ ત્રિવિધ ત્રિવિધ વિકલ્પ કહ્યો નથી, તેનું શું ? - x - [સમાધાન] આ વાત સત્ય છે, પરંતુ બાહુલ્ય પક્ષને આશ્રીને નિર્યુક્તિકારે જણાવેલ છે. જે વળી કોઈ અવસ્થા વિશેષમાં કદાચિત્ જ આચરાય છે, સુષ્ઠુસમાચારીમાં નહીં. તે કહેલ નથી. બહુલતાથી 'દ્વિવિધ ત્રિવિધેન' વડે છ વિકલ્પો બધાં ગૃહસ્થોને બધાં જ પ્રત્યાખ્યાનમાં થાય છે.

બીજો ભેદ - સ્થૂલ પ્રાણાતિપાત ન કરે, ન કરાવે. મનથી અને વચનથી. અથવા મન અને કાયાથી અથવા વચન અને કાયાથી. અહીં પ્રધાન ઉપસર્જન ભાવ વિવક્ષાથી ભાવાર્થ જાણવો.

તેમાં જ્યારે મનથી અને વચનથી કરે નહીં, કરાવે નહીં ત્યારે મન વડે જ અભિસંધિરહિત જ વચન વડે પણ હિંસક ન બોલે, કાયા વડે જ દુશ્ચેષ્ટિતાદિથી અસંજ્ઞિવત્ કરે છે.

જ્યારે મનથી અને કાયાથી ન કરે, ન કરાવે ત્યારે મનથી અભિસંધિ રહિત જ કાયા વડે દુશ્ચેષ્ટિતાદિ પરિહરતો અનાભોગથી વાચા વડે જ હિંસક બોલે. જો વાચા અને કાયાથી ન કરે, ન કરાવે ત્યારે મન વડે જ અભિસંધિને આશ્રીને કરે છે.

અનુમતિ તો ત્રણે વડે પણ સર્વત્ર હોય જ છે. એ પ્રમાણે શેષ વિકલ્પો પણ કહેવા. દ્વિવિધ-એકવિધથી, એકવિધ-ત્રિવિધથી.

[૧૫૫૯] એકવિધ-દ્વિવિધથી. એકવિધ - એકવિધથી છ ભેદ થાય. પ્રતિપન્ન ઉત્તરગુણ સાતમો. અહીં સંપૂર્ણ - અસંપૂર્ણ ઉત્તરગુણ ભેદનો અનાદર કરીને સામાન્યથી એક ભેદ કહેલ છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ એ આઠમો ભેદ છે.

[૧૫૬૦] આ રીતે આ આઠ ભેદો દેખાડ્યા. આનો જ વિભાગ કરાતા બત્રીશ થાય છે. કઈ રીતે ? તે કહે છે —

પાંચ અણુવ્રતો સમુદિત જ ગ્રહણ કરે. તેમાં ઉક્ત લક્ષણા છ ભેદો થાય છે.



તથા અણુવ્રત ચતુષ્ટ્ય ગ્રહણ કરે તેમાં પણ છે. એ રીતે અણુવ્રત ત્રણ ગ્રહણ કરે. તેમાં પણ છ. એ પ્રમાણે અણુવ્રત બે ગ્રહણ કરે તેમાં પણ છ તથા કોઈ એક અણુવ્રત ગ્રહણ કરે, તેમાં પણ છ.

આ પ્રમાણે અનેક પ્રકારે વ્રતોને ગ્રહણ કરે કેમકે શ્રાવકધર્મનું આ વૈચિત્ર્ય છે. અહીં પાંચ x છ = ત્રીશ ભેદો થયા. સ્વીકારેલ ઉત્તરગુણ સાથે એકત્રીશમો ભેદ થયો અને - x - કેવળ સમ્યગ્દર્શની સાથે એક ભેદ ઉમેરતા કુલ બત્રીશ ભેદ થાય. - x -

[૧૫૬૧] આ મૂલગુણ અને ઉત્તરગુણનો આધાર સમ્યક્ત્વ છે. તેથી કહે છે — "નિસ્સંકિય નિક્કંખિય" ગાથા. શંકાદિસ્વરૂપ ઉદાહરણ દ્વારથી આગળ અમે કહીશું.

વીરવચન - મહાવીર વર્ધમાનસ્વામીના પ્રવચનમાં આવા અનંતર કહેલાં બત્રીશ ઉપાસકો - શ્રાવકો કહેલાં છે.

૦ આ બત્રીશ પ્રકારના શ્રાવકો — કરણ ત્રિક, યોગ ત્રિક, કાળ ત્રિક વડે વિશેષિત કરાતા ૧૪૭ શ્રમણોપાસક થાય છે કઈ રીતે ?

(૧) પ્રાણાતિપાત મનથી ન કરે અથવા પ્રાણાતિપાત વચનથી ન કરે અથવા પ્રાણાતિપાત કાયાથી ન કરે. એ ત્રણ.

(૨) પ્રાણાતિપાત મન અને વચનથી ન કરે અથવા પ્રાણાતિપાત મન અને કાયાથી ન કરે, અથવા પ્રાણાતિપાત વચન અને કાયાથી ન કરે એ ત્રણ.

(૩) અથવા પ્રાણાતિપાત મન, વચન, કાયાથી ન કરે. એ એક

(૪) આ સાત ભંગો કરણથી કહ્યા. એ પ્રમાણે કરાવણ - કરાવવા વડે આ જ સાત ભંગો ગણતાં કુલ ૧૪ ભંગો થાય.

(૫) એ પ્રમાણે અનુમોદનથી આ જ સાત ભંગો ગણતાં ૨૧ ભેદ થાય.

— અથવા —

(૧) મન વડે ન કરે, ન કરાવે.

(૨) વચન વડે ન કરે, ન કરાવે.

(૩) કાયા વડે ન કરે, ન કરાવે.

(૪) મન, વચન વડે ન કરે, ન કરાવે.

(૫) મન, કાયા વડે ન કરે, ન કરાવે.

(૬) વચન, કાયા વડે ન કરે, ન કરાવે.

(૭) મન, વચન, કાયા વડે ન કરે ન કરાવે.

આ કરણ અને કરાવણથી સાત ભંગો થયા. એ પ્રમાણે કરણ અને અનુમોદથી સાત ભંગ થાય. એ પ્રમાણ કારાવણ અને અનુમોદથી સાત ભંગો થાય. એ પ્રમાણે કરણ-કરાવણ-અનુમોદથી સાત ભંગો થાય.

આ પ્રમાણે સાત સાત ભંગોથી ઓગણપચાશ વિકલ્પો થાય.

આમાં ૪૯-મો વિકલ્પ આ છે — પ્રાણાતિપાત મન, વચન અને કાયાથી સ્વયં

કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, બીજા કરનારને સારો જાણે નહીં - અનુમોદે નહીં.

આ અંતિમ વિકલ્પ પ્રતિમાપ્રતિપન્ન શ્રાવકને ત્રિવિધ ત્રિવિધેન થાય છે. એ પ્રમાણે અતીતકાળમાં પ્રતિક્રમણ ૪૯ વિકલ્પો થાય. એ પ્રમાણે વર્તમાનકાળમાં સંવર કરતાં ૪૯ વિકલ્પો થાય. એ પ્રમાણે અનાગત કાળ માટે પચ્ચકખાણ કરતાં પણ ૪૯-વિકલ્પો થાય.

એ રીતે ત્રણે કાળના મળીને ૧૪૭-વિકલ્પો થાય છે.

૦ હવે આ જ વાત છ ગાથાઓ વડે બતાવે છે.

(૧) એકસો સડતાલીશ ભેદ જેને વિશુદ્ધિથી ઉપલબ્ધ હોય તે જ પચ્ચકખાણ કુશલ છે, બાકીના અકુશલ છે.

(૨) એ પ્રમાણે પાંચ અનુવ્રતો વડે ગુણતાં ૭૩૫-શ્રાવકો થાય. કેમકે ૧૪૭ ભંગો ગૃહસ્થ પચ્ચકખાણ ભેદ પરિણામ છે. તેમાં ત્રણ યોગ, ત્રણ કરણ અને ત્રણ કાળ વડે ગુણેલ છે.

(૩) એકસો સડતાલીશ ભેદે પ્રત્યાખ્યાન જેમને ઉપલબ્ધ છે, તે જ પચ્ચકખાણ કુશલ છે, બાકીના અકુશલ છે.

(૪) ૧૪૭ ભંગો ગૃહસ્થના પચ્ચકખાણ ભેદનું પરિમાણ છે અને તે વિધિપૂર્વક આ પ્રમાણે પ્રયત્નથી ભાવવા જોઈએ.

(૫) ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એકૈક યોગમાં થાય.

– ત્રણ બે એક, ત્રણ બે એક, ત્રણ બે એક કરણમાં થાય.

– પહેલામાં એક આવે, બાકીના પદોમાં ત્રિક, ત્રિક, ત્રિક ઈત્યાદિ ભેદો ઉપર કહ્યા તેમ ગુણતાં ૧૪૭ ભંગો આવે છે.

– અથવા અનુવ્રતને આશ્રીને એક આદિ સંયોગ દ્વારથી પ્રભૂતતર ભેદો નિદર્શિત કરાયા છે. તેમાં આ એકાદિ સંયોગ પરિમાણ પ્રદર્શન કરતી અન્યકતૃકી ગાથા કહે છે –

● [પ્રક્ષેપગાથા-વિવેચન]

પાંચ અણુવ્રતો પૂર્વે કહેલ છે. એક-બે-ત્રણ-ચાર-પાંચ વડે વિચારતા પાંચ, દશ, દશ, પાંચ, એક સંયોગ જાણવો.

એક વડે વિચારતા પાંચ સંયોગ કઈ રીતે ? પાંચ ઘરકમાં એક વડે પાંચ જ થાય છે. દ્વિક વડે ચિંતવતા દશ કઈ રીતે ? તે કહે છે –

(૧) પહેલું બીજું ઘરથી એક, (૨) પહેલા ત્રીજા ઘરથી, (૩) પહેલા ચોથા ઘરથી, (૪) પહેલાં-પાંચમાં ઘરથી, (૫) બીજા-ત્રીજા ઘરથી, (૬) બીજા ચોથા ઘરથી, (૭) બીજા પાંચમાં ઘરથી, (૮) ત્રીજા ચોથા ઘરથી, (૯) ત્રીજા પાંચમાં ઘરથી અને (૧૦) ચોથા-પાંચમાં ઘરથી.

ત્રિક વડે ચિંતવતા દશ કઈ રીતે થાય ? તે કહે છે –

(૧) પહેલું બીજું ત્રીજું-ઘરથી (૨) પહેલું બીજું ચોથું ઘરથી, (૩) પહેલું બીજું પાંચમું ઘરથી, (૪) પહેલા ત્રીજા ચોથા ઘરથી, (૫) પહેલા ત્રીજા પાંચમા ઘરથી, (૬)



પહેલાં ચોથા પાંચમાં ઘરથી, (૭) બીજા ત્રીજા ચોથા ઘરથી, (૮) બીજા ત્રીજા પાંચમાં ઘરથી, (૯) બીજા ચોથા પાંચમાં ઘરથી, (૧૦) ત્રીજા ચોથા પાંચમાં ઘરથી.

ચતુષ્ક વડે ચિંતવતા પાંચ થાય છે, તે કઈ રીતે ?

(૧) પહેલાં બીજા ત્રીજા ચોથા ઘરથી, (૨) પહેલાં બીજા ત્રીજા પાંચમાં ઘરથી, (૩) પહેલાં બીજા ચોથા પાંચમાં ઘરથી, (૪) પહેલાં ત્રીજા ચોથા પાંચમાં ઘરથી, (૫) બીજા ત્રીજા ચોથા પાંચમાં ઘરથી.

પંચક વડે ચિંતવતા એક જ ભેદ થાય છે.

આ એક વડે જે પાંચ સંયોગો, દ્વિક વડે જે દેશ સંયોગો ઈત્યાદિ, આ ચારણીયપ્રયોગથી આવેલા ફળ ગાથાઓ ત્રણ છે –

● [પ્રક્ષેપગાથા-૧ થી ૪-વિવેચન] :-

આ ચારે ગાથા પણ અન્યકર્તૃકની છે, તે ઉપયોગવાળી હોવાથી અહીં ગ્રહણ કરેલ છે. આમાં ભાવના આ પ્રમાણે –

(૧) સ્થૂળ પ્રાણાતિપાતના દ્વિવિધ ત્રિવિધથી પ્રત્યાખ્યાન કરે.

(૨) દ્વિવિધ - દ્વિવિધથી૦

(૩) દ્વિવિધ - એકવિધથી૦

(૪) એકવિધ - ત્રિવિધથી૦

(૫) એકવિધ - દ્વિવિધથી૦

(૬) એકવિધ - એકવિધથી૦

એ પ્રમાણે સ્થૂળ મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહોમાં એ પ્રત્યેકમાં છ-છ ભેદો લેવા. એ રીતે બધાં મળીને ૩૦ ભેદો થયા.

હવે જે પૂર્વે કહ્યું કે – વ્રત એકના સંયોગથી ૩૦ ભંગો થાય છે, તેને કહ્યા. હવે દ્વિકચારણિયા ભેદો કહે છે –

(૧) સ્થૂળ પ્રાણાતિપાત અને સ્થૂળ મૃષાવાદના દ્વિવિધ ત્રિવિધથી પચ્ચકખાણ કરે, તે પહેલો ભેદ.

(૨) સ્થૂળ પ્રાણાતિપાત દ્વિવિધ-ત્રિવિધ, સ્થૂળ મૃષાવાદ દ્વિવિધ-દ્વિવિધથી. હવેથી અંકો દ્વારા આ દ્વિવિધ-ત્રિવિધાદિ ઓળખાવેલ છે.

(૩) સ્થૂળ પ્રાણાતિપાત ૨-૩, સ્થૂળ મૃષાવાદ ૨-૧.

(૪) સ્થૂળ પ્રાણાતિપાત ૨-૩, સ્થૂળ મૃષાવાદ ૧-૩.

(૫) સ્થૂળ પ્રાણાતિપાત ૨-૩, સ્થૂળ મૃષાવાદ ૧-૨.

(૬) સ્થૂળ પ્રાણાતિપાત ૨-૩, સ્થૂળ મૃષાવાદ ૧-૧.

એ પ્રમાણે સ્થૂળ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહમાં પ્રત્યેકમાં છ-છ ભંગો. બધાં મળીને ૨૪-ભેદો થાય.

આ ભેદો સ્થૂલ પ્રાણાતિપાતને પહેલાઘરનો આલાવો ન છોડીને પ્રાપ્ત થયા. એ પ્રમાણે બીજા અને ત્રીજા આદિ ઘરકમાં પ્રત્યેકના ચોવીશ - ચોવીશ ભેદો પ્રાપ્ત થશે. એ બધાં મળીને ૧૪૪ ભેદો થયા.

સ્થૂળ પ્રાણાતિપાત પૂરું થયું. હવે સ્થૂળ મૃષાવાદ ચિંતવે છે –

(૧) સ્થૂળ મૃષાવાદ અને સ્થૂળ અદત્તાદાન પચ્ચક્ખે ૨-૩.

(૨) સ્થૂળ મૃષાવાદ ૨-૩, સ્થૂળ અદત્તાદાન ૨-૨.

એ પ્રમાણે પૂર્વના ક્રમથી છ ભંગો જાણવા. *[એમાં જ્યાં-૨-લખેલ હોય તો દ્વિવિધ, ત્રણ લખેલ હોય ત્યાં ત્રિવિધ ઈત્યાદિ સમજવું.]*

એ પ્રમાણે મૈથુન અને પરિગ્રહમાં પ્રત્યેકમાં છ-છ ભંગો. એ રીતે બધાં મળીને અઢાર ભંગો થશે. આ ભેદે મૃષાવાદને પ્રથમ ધરક સમજીને કહ્યા. એ પ્રમાણે બીજા આદિને ધારણ કરવાથી પણ પ્રત્યેકેપ્રત્યેકના અઢાર-અઢાર ભેદો થાય છે. આ બધાં મળીને ૧૦૮ ભેદો થાય.

સ્થૂલ મૃષાવાદ કહેવાયું. હવે સ્થૂલ અદત્તાદાન વિચારીએ –

(૧) તેમાં સ્થૂળ અદત્તાદાન અને સ્થૂળ મૈથુનના પચ્ચક્ખાણ કરે તે દ્વિવિધ ત્રિવિધથી, એક ભેદ.

(૨) સ્થૂળ અદત્તાદાન ૨-૩, સ્થૂળ મૈથુન ૨-૨.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભેદો જાણવા. એ પ્રમાણે સ્થૂળ પરિગ્રહ સાથે પણ છ ભંગો મેળવીને બાર ભેદો થશે.

આ ભેદો સ્થૂળ અદત્તાદાનને પ્રથમ ગ્રહણ કરીને પ્રાપ્ત થયા. એ પ્રમાણે દ્વિતીય આદિમાં પ્રત્યેકમાં છ-છ થાય. એ બધાં મળીને ૭૨ થશે.

સ્થૂળ અદત્તાદાન કહ્યું. હવે સ્થૂળ મૈથુનાદિ ચિંતવીએ –

(૧) તેમાં સ્થૂળ મૈથુન અને સ્થૂળ પરિગ્રહ બંનેનું દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે છે. (૨) સ્થૂલ મૈથુન દ્વિવિધ ત્રિવિધથી, સ્થૂળ પરિગ્રહ વળી દ્વિવિધ દ્વિવિધથી. એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય.

એ પ્રમાણે સ્થૂળ મૈથુન પ્રથમ ધારકને ન છોડીને છ ભેદો પ્રાપ્ત થયા. એ પ્રમાણે દ્વિતીયાદિમાં પ્રત્યેકે પ્રત્યેકમાં છ-છ ભેદો થાય. બધાં મળીને છત્રીશ ભેદો થાય છે.

આ બધાં મૂળથી આરંભીને બધાં પણ ૧૪૪ + ૧૦૮ + ૭૨ + ૩૬ મળીને ૩૬૦ કુલ ભેદો થશે.

આ પ્રમાણે દ્વિકસંયોગ૦ ગાથાની વિચારણા કરી.

૦ હવે ત્રિક ચારણીયથી થતાં ભેદો આ પ્રમાણે –

(૧) સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂળ મૃષાવાદ, સ્થૂળ અદત્તાદાનના દ્વિવિધ ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે તે એક.

(૨) સ્થૂળ પ્રાણાતિપાત અને સ્થૂળ મૃષાવાદ દ્વિવિધ ત્રિવિધથી, પણ સ્થૂળ અદત્તાદાન દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચક્ખે.

(૩) સ્થૂળ પ્રાણાતિપાત અને સ્થૂળ મૃષાવાદ દ્વિવિધ ત્રિવિધથી, પણ સ્થૂળ અદત્તાદાન દ્વિવિધ-એકવિધથી પચ્ચક્ખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય છે.



એ પ્રમાણે મૈથુન અને પરિગ્રહમાં પણ પ્રત્યેકમાં છ-છ ભેદો થાય. બધાં મળીને અઢાર ભેદો થયા.

આ ભેદો સ્થૂલ મૃષાવાદમાં ફેરફાર ન થવા દઈને ભેદો પ્રાપ્ત થયા. એ પ્રમાણે દ્વિતીયાદિમાં પ્રત્યેકે પ્રત્યેકમાં અઢાર-અઢાર ભેદ થાય. બધાં મળીને કુલ ૧૦૮ ભેદો થશે.

એ પ્રમાણે સ્થૂળ પ્રાણાતિપાતના વિકલ્પમાં ફેરફાર કર્યા વિના ઉપરોક્ત ભેદો કહ્યા. તેમાં પણ દ્વિતિયાદિમાં પ્રત્યેકે પ્રત્યેકમાં ૧૦૮-૧૦૮ ભેદો થાય છે. આ બધાં મળીને કુલ ૬૪૮ ભેદો થાય.

એ પ્રમાણે સ્થૂળ પ્રાણાતિપાતથી ત્રિકસંયોગથી સ્થૂલ મૃષાવાદ સાથે કહ્યા. તે મુજબ સ્થૂળ અદત્તાદાન સાથે પણ ચારિત થશે તેમાં –

(૧) સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂળ અદત્તાદાન, સ્થૂળ મૈથુનને દ્વિવિધ ત્રિવિધે પચ્ચક્ખાણ કરે તે એક ભેદ.

(૨) સ્થૂળ પ્રાણાતિપાત અને સ્થૂળ અદત્તાદાન દ્વિવિધ ત્રિવિધે અને સ્થૂલ મૈથુન દ્વિવિધ દ્વિવિધથી પચ્ચખે.

એ પ્રમાણે પૂર્વ ક્રમથી છ ભંગો થાય.

એ પ્રમાણે સ્થૂલ પરિગ્રહથી પણ છ ભંગ ઉમેરતા બાર ભેદો થશે.

આ ભેદે અદત્તાદાન પ્રથમધરકને છોડ્યા વિના પ્રાપ્ત થયાં. એ પ્રમાણે દ્વિતીયાદિમાં પણ પ્રત્યેક-પ્રત્યેકના બાર-બાર ભેદો થશે. આ બધાં મળીને બોંતેર ભેદો થાય છે.

આ ભેદો પણ પ્રાણાતિપાત પ્રથમ ધરક ન છોડીને પ્રાપ્ત થયા. આને દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં બોંતેર-બોંતેર ભેદ. બધાં મલીને ૪૩૨ થાય.

એ પ્રમાણે સ્થૂલ પ્રાણાતિપાત ત્રિકસંયોગથી સ્થૂળ અદત્તાદાન સાથે ચારિત-કહ્યું.

હવે સ્થૂળ મૈથુન સાથે પરિગ્રહને કહે છે. તેમાં –

(૧) સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂળ મૈથુન, સ્થૂળ પરિગ્રહ ત્રણે દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખે તે એક ભેદ.

(૨) સ્થૂલ પ્રાણાતિપાત અને મૈથુન દ્વિવિધ-ત્રિવિધથી પણ પરિગ્રહને દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચક્ખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય.

ઉક્ત ભેદો સ્થૂલ મૈથુન પ્રથમ ધરકને ન છોડતાં પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેક-પ્રત્યેકમાં છ-છ ભંગ. બધાં મળીને ૩૬ ભેદો.

આ ભેદો સ્થૂળ પ્રાણાતિપાત પ્રથમધરકને ન છોડતાં પ્રાપ્ત થયા. દ્વિતીયાદિ પ્રત્યેક-પ્રત્યેકમાં છત્રીશ-છત્રીશ. એ રીતે બધાં મળીને-૨૧૬ થાય.

એ પ્રમાણે સ્થૂલ પ્રાણાતિપાત ત્રિકસંયોગથી મૈથુન સાથે કહ્યા. પ્રાણાતિપાત સાથેનો ત્રિક સંયોગ પણ કહ્યો.

૦ હવે મૃષાવાદની ચિંતવના કરીએ –

(૧) સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુનને દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચકખાણ કરે તે એક.

(૨) સ્થૂલ મૃષાવાદ. સ્થૂલ અદત્તાદાનને દ્વિવિધ-ત્રિવિધથી પણ સ્થૂલ મૈથુનને દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચક્ખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો. એ પ્રમાણે સ્થૂલ પરિગ્રહથી પણ છ થાય. બંને મળીને બાર ભેદો થયા.

આમાં સ્થૂલ અદત્તાદાનપ્રથમધરકને ન છોડીને ભેદો પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકમાં બાર-બાર ભેદો બધાં મળીને ૭૨-થયા.

આ ભંગો પણ સ્થૂલ મૃષાવાદ પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેકના બોંતેર-બોંતેર. બધાં મલીને ૪૩૨ ભેદો થાય.

આ રીતે સ્થૂલ મૃષાવાદ ત્રિકસંયોગથી સ્થૂલ અદત્તાદાન સાથે કહ્યા. હવે સ્થૂલ મૈથુન સાથે કહે છે –

(૧) સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ મૈથુન, પરિગ્રહના દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચકખાણ કરે તે એક ભેદ.

(૨) સ્થૂલ મૃષાવાદ, સ્થૂલમૈથુન બંને દ્વિવિધ-ત્રિવિધથી પણ સ્થૂલ પરિગ્રહને દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચકખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભેદો થયા.

આ ભેદો સ્થૂલ મૈથુન પ્રથમધરકને ન છોડતાં પ્રાપ્ત થયા. દ્વિતીય આદિમાં પણ પ્રત્યેક પ્રત્યેકના છ-છ ભેદો થાય. બધાં મળીને ૩૬-ભેદો થાય.

આ સ્થૂળ મૃષાવાદ પ્રથમધરકને ન છોડતા પ્રાપ્ત ભેદો છે. દ્વિતીય આદિમાં પ્રત્યેકમાં છત્રીશ-છત્રીશ થાય છે. બધાં મળીને ૨૧૬-ભેદો થાય.

સ્થૂલ મૃષાવાદનો ત્રિકસંયોગ કહ્યો.

૦ હવે સ્થૂળ અદત્તાદાનાદિને ચિંતવે છે –

(૧) સ્થૂલ અદત્તાદાન, સ્થૂળ મૈથુન અને પરિગ્રહને દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચકખે – (૨) સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન દ્વિવિધ-ત્રિવિધથી પણ પરિગ્રહ દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચકખે. એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થયા.

આ ભંગો સ્થૂલ મૈથુનપ્રથમ ધરકને મુક્યા વિના પ્રાપ્ત થયા છે. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં છ-છ ભંગો થાય. બધાં મળીને ૩૬-ભેદો.

આ ભંગ પણ સ્થૂળ અદત્તાદાનપ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા છે. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં છત્રીશ-છત્રીશ ભેદો. બધાં મળીને ૨૧૬.

આ ભેદો મૂળથી આરંભીને બધાં મળીને ૬૪૮ + ૪૩૨ + ૨૧૬ + ૪૩૨ + ૨૧૬ + ૨૧૬ એમ બધાં મળીને ૨૧૬૦ ભંગો થયા.

એ રીતે જે પૂર્વે કહેલ કે ત્રિકસંયોગ ભંગો ૨૧૬૦ ભંગો થાય છે, તે આ પ્રમાણે અમે ભાવિત કર્યા - કહ્યા.



૦ હવે ચતુષ્ક ચારણિયા ભેદોને કહે છે –

(૧) સ્થૂલ પ્રાણાતિપાત, સ્થૂલમૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન ચારેને દ્વિવિધ ત્રિવિધે પચ્ચકખે.

(૨) સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન દ્વિવિધ-ત્રિવિધે પણ સ્થૂલ મૈથુન દ્વિવિધ-દ્વિવિધે પચ્ચકખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થયા. સ્થૂલ પરિગ્રહથી પણ છ ભંગો થાય. આ બધાં મળીને બાર ભેદો થશે.

આ ભેદો સ્થૂલ અદત્તાદાન પ્રથમધરને ન છોડીને પ્રાપ્ત થયા. બીજા આદિમાં પ્રત્યેકમાં બાર-બાર ભંગો થશે. બધાં મળીને ૭૨-ભેદો થયા.

આ ભેદો સ્થૂલ પ્રાણાતિપાત પ્રથમ ધરને ન છોડીને પ્રાપ્ત થયા, દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકના ૪૩૨-૪૩૨ ભંગો થતાં બધાં મલીને ૨૫૯૨ ભંગો પ્રાપ્ત થશે.

૦ હવે અન્ય વિકલ્પ રહ્યો તે બતાવે છે –

સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ મૈથુન, સ્થૂલ પરિગ્રહ ચારેને દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચકખે. ઈત્યાદિ પૂર્વક્રમથી છ ભંગો થયા.

આ ભેદો સ્થૂલમૈથુન પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયા આદિમાં પ્રત્યેકમાં આ છ-છ ભેદો મલીને ૩૬ ભેદો થશે.

આ ૩૬ ભેદો સ્થૂલ મૃષાવાદ પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકના ૩૬-૩૬ મળીને એ રીતે કુલ ૨૧૬ ભેદ થાય.

આ ભેદો સ્થૂલ પ્રાણાતિપાત પ્રથમ ધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેકના ૨૧૬-૨૧૬ મળીને કુલ-૧૨૯૬ ભેદો થશે.

૦ હવે ઉક્ત ભેદનો અન્ય વિકલ્પ બતાવે છે –

(૧) સ્થૂલ પ્રાણાતિપાત, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન અને સ્થૂલ પરિગ્રહના દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચકખાણ કરે.

(૨) સ્થૂલ પ્રાણાતિપાત, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુનને દ્વિવિધ-ત્રિવિધથી પણ સ્થૂલ પરિગ્રહને દ્વિવિધ-દ્વિવિધે પચ્ચકખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય. આ ભેદો સ્થૂલ મૈથુન પ્રથમ ધરને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પણ છ-છ ભેદો મળીને ૩૬-ભેદો થાય. આ ભેદો સ્થૂલ અદત્તાદાન પ્રથમધરને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં ૩૬-૩૬ ભંગો થાય. બધાં મળીને ૨૧૬-ભંગો થાય. આ ભેદો પણ સ્થૂલ પ્રાણાતિપાત પ્રથમધરને ન છોડીને પ્રાપ્ત થયા છે. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં ૨૧૬-૨૧૬ ભંગો થતાં, બધાં મળીને ૧૨૯૬ ભંગો થાય છે.

૦ હવે અન્ય વિકલ્પ બતાવે છે.

(૧) સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન, સ્થૂલ પરિગ્રહ ચારેને દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચકખે છે.

(૨) સ્થૂલ મૃષાવાદાદિ ૨-૩, સ્થૂલ પરિગ્રહ-૨-૨થી પચ્ચક્ખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય.

આ ભેદો સ્થૂલ મૈથુન પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થાય. દ્વિતીય આદિમાં પ્રત્યેકમાં છ-છ ભેદો મળીને ૩૬-ભેદો થાય. આ ૩૬ ભેદો પણ સ્થૂલ અદત્તાદાન પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેક-પ્રત્યેકના ૩૬-૩૬ ભેદો, એ મળીને થયા-૨૧૬ ભેદો. એ ૨૧૬ ભેદો પણ સ્થૂલ મૃષાવાદ પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયાં છે, દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકમાં ૨૧૬-૨૧૬ ભેદો મળીને કુલ ૧૨૯૬ ભંગો થાય.

આ બધાં ભેદોમાં મૂળથી આરંભીને ગણતાં - ૨૫૯૨ + ૧૨૯૬ + ૧૨૯૬ + ૧૨૯૬ એ બધાં મળીને ૬૪૮૦ ભેદો થશે.

તેનાથી જે પૂર્વે કહ્યું કે — ચતુષ્ક સંયોગા ૬૪૮૦ ભેદો થાય છે, [તેની વ્યાખ્યા અહીં અનંતર કહી.]

૦ હવે પંચક ચારણિયા કહે છે, તેમાં —

(૧) સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન, સ્થૂલપરિગ્રહ (પાંચેને) દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખે.

(૨) સ્થૂલ પ્રાણાતિપાતાદિ ચારને દ્વિવિધ-ત્રિવિધથી પણ સ્થૂળ પરિગ્રહને દ્વિવિધ-દ્વિવિધથી પચ્ચકખે.

એ પ્રમાણે પૂર્વક્રમથી છ ભંગો થાય. આ ભેદો સ્થૂલ મૈથુન-પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા છે. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં છ-છ ભેદોથી ૩૬-ભેદો થાય. આ ૩૬ ભેદો પણ સ્થૂલ અદત્તાદાન પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકમાં ૩૬-૩૬ મળીને ૨૧૬ ભેદો થાય. આ ૨૧૬ ભેદો પણ સ્થૂલમૃષાવાદ પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા છે. દ્વિતીયાદિમાં પણ પ્રત્યેકના ૨૧૬-૨૧૬ ભંગો મેળવીને ૧૨૯૬-ભંગો થશે. આ ૧૨૯૬-ભંગો સ્થૂલ પ્રાણાતિપાત પ્રથમધરકને ન છોડીને પ્રાપ્ત થયા. દ્વિતીયાદિમાં પ્રત્યેકમાં ૧૨૯૬-૧૨૯૬ ભેદો થાય. તે બધાં મળીને ૭૭૭૬ ભંગો થાય છે.

તેથી જે પૂર્વે ગાથામાં ૭૭૭૬ કહેલ, તેની વ્યાખ્યા થઈ.

ઉત્તરગુણ અને અવિરત સમ્યગ્દૃષ્ટિને છોડીને કહ્યું. કેમકે તે બંનેનો એક-એક ભેદ જ કહ્યો છે. - x - x - આનુષાંગિક આટલું કહ્યું.

હવે પ્રકૃત વિષયને જણાવીએ છીએ. તેમાં જે કારણથી શ્રાવકધર્મનું મૂળ સમ્યક્ત્વ છે, તેથી તેમાં રહેલી વિધિને જ જણાવવાની ઈચ્છાથી કહે છે —

● સૂત્ર-૬૩ :-

*તેમાં - શ્રમણોપાસકો પૂર્વે જ મિથ્યાત્વને પ્રતિક્રમે છે અને સમ્યક્ત્વને અંગીકાર કરે. તેઓને કલ્પે નહીં - [શું ન કલ્પે ?]*

*આજથી અન્યતીર્થિક કે અન્યતીર્થિકના દેવો કે અન્યતીર્થિકે પરિગૃહિત અરહંત પ્રતિમાને વંદન કરવા કે નમસ્કાર કરવો. [ન કલ્પે.]*

*પૂર્વે ભલે ગ્રહણ ન કરી હોય, પણ હાલ અન્યતીર્થિકગૃહિત હોવાથી*



*તેમની સાથે આલાપ-સંલાપનો પ્રસંગ બને, તેનાથી અન્યતીર્થિકોને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપવાનું કે વારંવાર આપવાનું બને છે [જે શ્રાવકને ન કલ્પે.]*

*સિવાય કે — રાજાના અભિયોગથી, ગણાભિયોગથી, બલાભિયોગથી, દેવતાના અભિયોગથી, ગુરુના નિગ્રહ, કાંતારવૃત્તિથી [આપવું પડે.]*

*આ સમ્યક્ત્વ પ્રશસ્ત છે, સમ્યક્ત્વ મોહનીય કર્મના વેદન, ઉપશમ કે ક્ષયથી પ્રાપ્ત થાય છે. તે પ્રશમ, સંવેગાદિ ચિહ્નવાળું છે. તેનાથી શુભ આત્મપરિણામ થાય છે.*

*શ્રાવકોને સમ્યક્ત્વમાં આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ આચરવા ન જોઈએ. તે આ પ્રમાણે — શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાખંડપ્રશંસા, પરપાખંડસંસ્તવ.*

● વિવેચન-૬૩ :-

શ્રમણોના ઉપાસક તે શ્રમણોપાસક અર્થાત્ શ્રાવક. પહેલી વખત જ શ્રાવક થતો હોય તે મિથ્યાત્વ - તત્ત્વાર્થના અશ્રદ્ધાનરૂપ, તેનાથી નિવર્તે - અટકે. માત્ર તેનાથી અટકવાનું જ અહીં ઈષ્ટ નથી, તો શું ? તેના નિવૃત્તિ દ્વારથી સમ્યક્ત્વ - તત્ત્વાર્થની શ્રદ્ધારૂપ છે, તેને સમીપતાથી સ્વીકારે.

સમ્યક્ત્વ યુક્ત થયેલ શ્રાવકને સમ્યક્ત્વના સ્વીકાર કાળથી હવે આટલું ન કલ્પે :- શું ન કલ્પે ?

અન્યતીર્થિક - ચરક, પરિવ્રાજક, ભિક્ષુ આદિ. અન્યતીર્થિક દેવતારુદ્ર, વિષ્ણુ, સુગતાદિ કે અન્યતીર્થિકે પરિગૃહીત અરહંત પ્રતિમાને વંદન - અભિવાદન, નમસ્કરણ-પ્રણામપૂર્વક પ્રશસ્ત ધ્વનિ વડે ગુણોનું કીર્તન કરવાનું ન કલ્પે. તેમાં શો દોષ છે ?

તેમને ભોજનાદિ દેતા-કરતાં મિથ્યાત્વાદિનું સ્થિરિકરણ આદિ થાય છે. તથા પૂર્વે જેમને બોલાવેલા નથી, તેવા અન્યતીર્થિકોને બોલાવવા-ચલાવવાનો પ્રસંગ આવે. તેમાં આલાપ - એક વખત સંભાષણ, સંલાપ-વારંવાર બોલાવવા. શો દોષ ? તેમને આસનાદિ આપ્યા પછી તેમની ક્રિયા-યોગાદિ કરે તો તે નિમિત્તે કર્મબંધ થાય, તથા તેમના વડે પ્રીતિથી ઘેર આવાગમન થાય. હવે જે શ્રાવકના સ્વજન-પરિજન છે, જેમણે સિદ્ધાંતનો સાર ગ્રહણ કરેલ નથી, તેઓ તેમની સાથે સંબંધમાં આવે ઈત્યાદિ. આલાપાદિથી સંભ્રમમાં પડે - x - લોકાપવાદ થાય.

વળી તે અન્યતીર્થિકોને અશન-ઘૃતપૂર્ણાદિ, પાન-દ્રાક્ષ પાનાદિ, ખાદિમ-ત્રપુષફલાદિ, સ્વાદિમ - કંકોલ, લવંગાદિ એકવાર દેવાનું કે વારંવાર દેવાનું બને જે કલ્પતું નથી. શું સર્વથા ન કલ્પે ? ના તેમ નથી. જો રાજાભિયોગ હોય તો તેને છોડીને, બલાભિયોગાદિ છોડીને કલ્પે. કેમકે રાજાભિયોગાદિથી દેવા છતાં ધર્મનું ઉલ્લંઘન ન થાય.

અહીં ઉદાહરણ છે :- કઈ રીતે રાજાભિયોગથી દેવા છતાં ધર્મને ઓળગે નહીં

તે. હસ્તિનાપુરનગરમાં જિતશત્રુ રાજા હતો, કાર્તિક શ્રેષ્ઠી હજારો નિગમોમાં પહેલો આસનિક હતો, તે શ્રાવક હતો. એ પ્રમાણે કાળ જાય છે.

ત્યાં એક પરિવ્રાજક માસક્ષમણને પારણે માસક્ષમણ કરતો હતો. તેને સર્વલોક આદર આપતો હતો, માત્ર કાર્તિક શ્રેષ્ઠી આદર કરતો ન હતો. ત્યારે તે ગૈરિકતાપસ કાર્તિક શ્રેષ્ઠી પ્રત્યે પ્રદ્વેષ પામીને તેના છિદ્રો શોધતો હતો. કોઈ દિવસે રાજાએ તાપસને પારણામાં નિમંત્રણ આપ્યું. તેણે ન સ્વીકાર્યુ. ઘણું-ઘણું રાજા વિનવે છે, ત્યારે તાપસે કહ્યું – જો કાર્તિક શ્રેષ્ઠી મને ભોજન પીરસે, તો હું જમું.

રાજાએ કહ્યું – ભલે.

રાજા માણસોને લઈને કાર્તિક શ્રેષ્ઠીના ઘેર ગયો. કાર્તિકે કહ્યું – ફરમાવો. રાજા કહે છે – ગૈરિકને ભોજન પીરસવું. કાર્તિકે કહ્યું – અમને ન કલ્પે. પણ તમારો દેશવાસી છું, માટે કરીશ. કાર્તિક વિચારે છે – જો મેં દીક્ષા લીધી હોત તો આ દિવસ ન આવત. પછી કાર્તિકે ગૈરિકને ભોજન પીરસ્યુ. ત્યારે ગૈરિકે પોતાના નાક ઉપર આંગળીથી ઈસારો કર્યો [નાક કાપ્યુને ?]

પછી કાર્તિકે તેનાથી નિર્વેદ પામી, હજાર વણિકના પરિવાર સાથે મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી. દ્વાદશાંગી ભણ્યો. બાર વર્ષનો દીક્ષા પર્યાય પાળી સૌધર્મ કલ્પે શક્રેન્દ્ર થયો. તે ગૈરિક પરિવ્રાજક, તે અભિયોગથી તેનો આભિયોગિક દેવ ઐરાવણ થયો. શક્રેન્દ્રને જોઈને ભાગ્યો. શક્રએ તેને પકડી લીધો, તેની ઉપર બેસી ગયો. ઐરાવણે બે માથા કર્યા, શક્રે પણ બે રૂપ કર્યા. એ પ્રમાણે તે જેટલાં મસ્તક વિકુર્વતો ગયો, તેટલાં રૂપો શક્ર કરતો ગયો. ત્યારે તેણે નાસવાનું આરંભ્યુ. શક્રેન્દ્રએ આહત કરતાં પછી સ્થિર થયો.

આ પ્રમાણે રાજાભિયોગથી અશનાદિ આપતા ધર્મ ન ઉલ્લંઘે.

૦ ગણાભિયોગનું દૃષ્ટાંત –

રથમુસલ સંગ્રામમાં વરુણ નિયુક્ત થયો. એ પ્રમાણે કોઈપણ શ્રાવક ગણના અભિયોગથી ભોજન આપે તો ધર્મને ઉલ્લંઘતા નથી.

૦ બલાભિયોગથી પણ આ પ્રમાણે જાણવું.

૦ દેવતાભિયોગનું દૃષ્ટાંત - એક ગૃહસ્થ, શ્રાવક થયો. તેણે ચિરપરિચિત વ્યંતરનો ત્યાગ કર્યો. તેમાં કોઈ એક વ્યંતરીને પ્રદ્વેષ થયો. તે વ્યંતરીએ ગોરક્ષકના પુત્રને ગાયો સાથે અપહરણ કર્યુ. પચી નીચે આવીને શ્રાવકની તર્જના કરતી કહે છે – બોલ મને છોડીશ ? શ્રાવકે કહ્યું – હા, નહીં તો મને ધર્મ વિરાધના થાય. વ્યંતરી બોલી – મારી પૂજા કર. ત્યારે શ્રાવકે કહ્યું – જિનપ્રતિમાની પાસે રહે. તેણે વ્યંતરીને પ્રતિમા પાસે સ્થાપી. તેણીએ બાળક અને ગાયો લાવી દીધી. આવા કોઈ દેવાભિયોગથી અન્નાદિ આપે તો શ્રાવક, ધર્મને ઉલ્લંઘતો નથી.

૦ ગુરુના નિગ્રહથી - દૃષ્ટાંત.

કોઈ ભિક્ષુ ઉપાસકપુત્રે શ્રાવકની પુત્રી માંગી, તેણે ન આપી. તે કપટ શ્રાવકપણે સાધુને સેવે છે. પછી ભાવથી શ્રાવક થયો. પછી તેણે ગુરુને કહ્યું કે –



આવા કારણે હું પહેલાં આવેલો હતો. શ્રાવકે સદ્‌ભાવ કહ્યો. મૂળ શ્રાવકે સાધુને પૂછ્યું. સાધુના કહેવાથી પોતાની પુત્રી નવા શ્રાવકને આપી. તે શ્રાવક જુદુ ઘર કરીન રહ્યો.

કોઈ દિવસે તેના માતા-પિતા ભિક્ષુકો માટે ભોજન બનાવે છે. તેઓ એ આ નવા શ્રાવકને એકવાર આવવા કહ્યું. તે ગયો. ભિક્ષુકોએ વિદ્યા વડે મંત્રિત ફળ આપ્યું. તે વ્યંતરી અધિષ્ઠિત ઘરમાં ગયો અને શ્રાવકપુત્રીને કહ્યું – આપણે ભિક્ષુકોને ભોજન આપીએ. તેણીએ ના પાડી. દાસો અને સ્વજનોએ રસોઈનો આરંભ કર્યો. તે શ્રાવિકા આચાર્ય પાસે ગઈ અને કહ્યું – તેમણે પણ યોગપ્રતિભેદ આપ્યો. તે તેને પાણી વડે આપ્યું. તે વ્યંતરી નાસી ગઈ. નવો શ્રાવક સ્વાભાવિક થઈ ગયો. - x -

બીજા આચાર્યો કહે છે – મદનબીજથી વમન કરાવ્યું, તેથી તે નવો શ્રાવક સ્વાભાવિક થઈ ગયો. પછી બોલ્યો કે – માતાપિતાએ છળ કરીને મને છેતર્યો છે. તેના કરતાં સાધુને પ્રાસુક દાન આપવું. - x -

૦ કાંતારવૃત્તિથી આપવું - દૃષ્ટાંત

સૌરાષ્ટ્રનો કોઈ શ્રાવક દુષ્કાળમાં કોઈ બૌદ્ધ અનુયાયી સાથે ઉજ્જૈની ગયો. તેનું માર્ગનું ભાથું ખલાસ થઈ ગયું. ભિક્ષુકોએ કહ્યું – અમારી પાસે ઘણું માર્ગનું ભાથું છે, તો તને પણ આપીએ. તેણે કબૂલ કર્યુ. કોઈ દિવસે તેને અતીસારનો રોગ થયો. તેણે અનુકંપાથી વસ્ત્રો વડે વેષ્ટિત કર્યો. તે આચાર્યાદિને નમસ્કાર કરીને મૃત્યુ પામીને વૈમાનિક દેવ થયો. અવધિ જ્ઞાન વડે પોતાનું બૌદ્ધભિક્ષુનું શરીર જોવું. ત્યારે ભૂષણ સહિતના હાથ વડે ભોજન પીરસ્યું. શ્રાવકોની અપભ્રાજના કરી.

આચાર્યો આવ્યા, તેમને વાત કરી. તેઓ બોલ્યા – તેનો અગ્ર હાથ પકડીને બોલવું – ''નમો અરહંતાણં'' હે ગુહ્યક ! બોધ પામ - બોધ પામ. તેઓએ જઈને તેમ કહ્યું. બોધ પામી, વાંદીને, લોકોને કહે છે – અહીં ધર્મ નથી, માટે આ ધર્મને છોડી દો.

[શંકા] તેમને અશનાદિ પ્રતિષેધમાં અહીં કયો દોષ કારણરૂપ છે ?

[સમાધાન] તેમને તે ભોજનથી મિથ્યાત્વનું સ્થિરિકરણ થાય છે. ધર્મબુદ્ધિથી આપે તો સમ્યક્ત્વને લાંછન લાગે તથા આરંભાદિ દોષ થાય. કરુણા પામીને જો કદાચ અનુકંપાથી આપે તો અલગ વાત છે. - x - x - તીર્થંકર ભગવંતો પણ જ્યારે પ્રવ્રજ્યા માટે પૂર્વે સાંવત્સરિક દાન અનુકંપાથી આપે છે માટે તેમ કહ્યું.

હવે મૂળ સૂત્ર કહે છે – સમ્યક્ત્વના શ્રાવકોને આ કહેવાનાર લક્ષણવાળા આ પાંચ અતિચાર મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી આત્માને અશુભ પરિણામ વિશેષા છે, તેના વડે સમ્યક્ત્વનું ઉલ્લંઘન થાય છે. આ અતિચારોને જ્ઞ પરિજ્ઞાથી જાણવા પણ તેનું સેવન ન કરવું. તે આ છે –

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાખંડ પ્રશંસા, પરપાખંડ સંસ્તવ.

(૧) શંકા-શંકન, અરહંત ભગવંતે કહેલ પદાર્થોમાં - ધર્માસ્તિકાયાદિ અત્યંત ગહનમાં મતિની દુર્બળતાથી સમ્યક્ ન અવધારવા તે સંશય. શું આ પ્રમાણે હશે કે

નહીં હોય ? એવો સંશય કરવો તે શંકા.

શંકા બે ભેદે છે — દેશશંકા અને સર્વશંકા. (૧) દેશશંકા - દેશવિષયા, શું આ આત્મા અસંખ્યપ્રદેશાત્મક હશે કે નિષ્પ્રદેશ, નિરવયવ હશે ? (૨) સર્વ શંકા - સર્વ અસ્તિકાય હોઈ શકે નહીં.

મિથ્યાદર્શન ત્રણ ભેદે છે — અભિગૃહીત, અનભિગૃહીત, સંશય. તેમાં સંશય મિથ્યાત્વ જ છે. કહ્યું છે કે — સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષર પણ ન રુચે તો બાકીના રુચતા હોય તો પણ મિથ્યાદૃષ્ટિ જાણવા. તે પ્રમાણે સૂત્રોક્ત એક પણ અક્ષરની અરુચિથી તે મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય છે. અમારે જિનાભિહિત સૂત્ર જ પ્રમાણ છે. એક પણ અર્થમાં સંદિગ્ધ પ્રત્યયને યોગ્ય નાશ પામે છે. - x -

તે કારણથી મુમુક્ષુએ શંકારહિત થઈને જિનવચન સત્ય જ છે, તેમ સામાન્યથી સ્વીકાર કરવો. સર્વજ્ઞ અભિહિત હોવાથી તે સત્ય જ છે. કેમકે છદ્મસ્થ મતિની દુર્બળતાના દોષથી સંપૂર્ણપણે સર્વ પદાર્થ સ્વભાવને અવધારણ કરવાને અસમર્થ છે. ઈત્યાદિ - x -

અહીં ઉદાહરણ આપે છે — ૦ જે શંકા કરે છે, તે વિનાશ પામે છે જેમ તે પેયાપાયી વિનાશ પામ્યો. પેયામાં પરિભુજ્યમાન અડદ નાંખેલા. લેખશાળામાં આવેલા બે પુત્રોએ તે પીધું. એકે વિચાર્યુ કે — આ માખીઓ છે. શંકાથી તેને વલ્ગુલ વાયુ થયો, તે મૃત્યુ પામ્યો. બીજો વિચારે છે કે — મારી માતા કદી માખી ન આપે, તે જીવી ગયો.

૦ બીજું કાંક્ષા :- કાંક્ષા એટલે સુગતાદિ પ્રમીત દર્શનમાં ગ્રહણ કરવાનો અભિલાષ. કહ્યું છે કે — કાંક્ષા એટલે અન્ય અન્ય દર્શનનું ગ્રહણ. તે બે ભેદે છે - દેશકાંક્ષા અને સર્વ કાંક્ષા.

દેશકાંક્ષા - એક દેશ વિષયક હોય, એક જ સૌગત દર્શનને કાંક્ષે. - x - સર્વકાંક્ષા - બધાં દર્શનોની આકાંક્ષા કરે. અહિંસા પ્રતિપાદન પર બધાં જ કપિલ કણભ અક્ષ અક્ષપાદાદિના મતો આ લોકમાં છે, તે અત્યંત કલેશ પ્રતિપાદન પરાયણ નથી, માટે શોભન જ છે.

અથવા આલોકના - પરલોકના ફળોની કાંક્ષા કરે. તેને અરહંત ભગવંતે પ્રતિષેધ કરેલો છે, પ્રતિષેધ અનુષ્ઠાન કરતાં સમ્યકત્વનો અતિચાર થાય છે. તેથી એકાંતિક અવ્યાબાધ અપવર્ગને છોડીને બીજે કાંક્ષા ન કરવી.

આ વિષયમાં દૃષ્ટાંત છે —

રાજા અને મંત્રી અશ્વ વડે હરાઈને અટવીમાં પ્રવેશ્યા ભુખથી પીડાતા, વનના ફળો ખાતા રાજા વિચારે છે — મેં લાડુ વગેરે બધું ખાધું. બંને જણા પાછા આવ્યા. રાજાએ રસોઈયાને લોકમાં થતું હોય તે બધું રાંધવા કહ્યું. તે રાજા પ્રેક્ષણક દૃષ્ટાંત કરે છે. - x - રાજા બધું ખાઈ ગયો પેટમાં શૂળ ઉપડતાં મૃત્યુ પામ્યો. - x -

(૩) ચિકિત્સા - મતિવિભ્રમ. આગમમાં અર્થ કહ્યો હોવા છતાં ફળ પ્રતિ સંમોહ થવો. શું આ મહાન્ તપ કલેશથી કરું છું, તે મને ફળ આપનાર થશે કે





નહીં ? આ ક્રિયા ફળવાળી અને નિષ્ફળ દેખાય છે. આવી શંકા રાખવી ન જોઈએ. - x - x - આ બધું પ્રાયઃ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી થતો જીવ પરિણામ વિશેષ સમ્યકત્વ તો અતિચાર જ કહેવાય છે. માટે ફળ વિશે જરા પણ સંદેહ ન રાખવો. કેમકે સર્વજ્ઞોક્ત કુશળ અનુષ્ઠાનથી ફળની પ્રાપ્તિ થાય જ છે.

અહીં ઉદાહરણ છે —

શ્રાવક, નંદીશ્વર ગમન, દેવ સંઘર્ષથી દિવ્યગંધ, મિત્રને પૂછવું, વિદ્યાનું દાન, સાધવા માટે શ્મશાનમાં, સિક્કાની નીચે અંગારા અને ખાદિર, સ્તંભને ૧૦૮ વાર જપીને સિક્કા [મૃતક]નો પગ છેદે છે. એ પ્રમાણે બીજી-ત્રીજી-ચોથી વાર છેદતા આકાશમાં રહેલ વિદ્યા તેણે ગ્રહણ કરી. કાળી ચૌદશની રાત્રે આ વિદ્યા શ્મશાનમાં સાધે છે.

નગર આરક્ષક વડે રુંધાતા ચોર ત્યાં જ આવ્યો. શ્મશાનમાં રહ્યો. પ્રભાતે પકડીશું એમ વિચાર્યુ. ચોરે ત્યાં ભમતા વિદ્યાસાધકને જોયો. તેણે પૂછતાં કહ્યું — હું વિદ્યા સાધુ છું. કોણે આપી ? શ્રાવકે. ચોરે તેને કહ્યું — આ દ્રવ્ય લે અને વિદ્યા મને આપ. તે શ્રાદ્ધને વિચિકિત્સા થઈ કે — વિદ્યા સિદ્ધ થશે કે નહીં ? આપી દીધી. ચોરે વિદ્યા સિદ્ધ કરી. કોટવાળે શ્રાવકને પકડ્યો. ચોરે આકાશમાં જઈ લોકોને ડરાવ્યા, ત્યારે શ્રાવકને છોડ્યો.

બંને શ્રદ્ધાવાન્ થયા. આ રીતે નિર્વિચિકિત્સાયુક્ત થવું.

- અથવા - વિચિકિત્સા એટલે વિદ્વાન્‌ની જુગુપ્સા.

વિદ્વાંસઃ - સાધુઓ, સંસાર સ્વભાવને જાણેલ અને સમસ્ત સંગનો પરિત્યાગ કરેલા. તેમની જુગુપ્સા - નિંદા કરવી. જેમકે તેઓ ન્હાતા નથી, પરસેવા જનિત મલવાળા છે, દુર્ગંધ શરીરી છે. થોડા પ્રાસુક પાણીથી શરીર સાફ કરી લે તો કયો દોષ લાગે ? આવી વિચિકિત્સા ન કરવી.

દૃષ્ટાંત :- વિચિકિત્સાના બીજા અર્થનું.

એક શ્રાવક પ્રત્યંતમાં રહેતો હતો. તેની પુત્રીના વિવાહ અવસરે ક્યાંકથી સાધુઓ આવી ગયા. પિતાએ કહ્યું — હે પુત્રી ! સાધુને પડિલાભ. તેણી મંડિત પ્રસાધિતા હતી, પડિલાભ્યા. સાધુના પરસેવાદિની ગંધથી તેણીએ વિચાર્યુ કે — ભગવંતે અનવદ્ય ધર્મ કહેલ છે. જો પ્રાસુક જળથી ન્હાઈ લે તો કયો દોષ લાગી જવાનો છે ?

તેણી તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામીને રાજગૃહીમાં ગણિકાના ઉદરમાં ઉત્પન્ન થઈ ગર્ભમાં રહેતાં જ ગણિકાને અરતિ થવા લાગી. ગર્ભપાતનથી પણ ગર્ભ ન પડ્યો. જન્મતા જ તેણીનો ત્યાગ કર્યો. તેણી ગંધ વડે તે વનમાં રહેતી.

શ્રેણિક રાજા તે પ્રદેશથી ભગવંતને વાંદવાને નીકળ્યો. તેનું સૈન્ય તે બાલિકાની ગંધ સહી શક્યું નહીં. રાજાએ પૂછ્યું — આ શું છે ? કહ્યું કે બાલિકાની ગંધ છે. જઈને જોયું. બોલ્યો કે આ જે આ જ પહેલાં પૂછીશ. શ્રેણિકને ભગવંતે પૂર્વોદ્દિષ્ટ

વૃત્તાંત કહ્યો. તેણે પૂછ્યું – આને સુખ કે દુઃખ શું મળશે ? ભગવંતે કહ્યું – આટલો કાળ ગંધને વેદીને તેણી તારી જ પત્ની અને અગ્રમહિષી થશે. આઠ વર્ષ સુધી તારી સાથે રમણ કરી પછી તારી પીઠે બેસશે, ત્યારે તું જાણજે.

શ્રેણિક વંદન કરીને ગયો. તેણી ગંધ અપહરાઈ જતાં કુલ પુત્ર કે સંહરી, મોટી કરી, યૌવન પામી, કૌમુદી અવસરે માતા સાથે આવી. અભય અને શ્રેણિક પ્રચ્છન્નપણે કૌમુદી અવસરને જુએ છે. તે બાલિકાનો અંગસ્પર્શ થતાં શ્રેણિક તેણીમાં આસક્ત થયો. તેની સાડીને છેડે પોતાની નામમુદ્રા બાંધી દીધી. પછી અભયને કહ્યું – મારી નામ મુદ્રા ચોરાઈ છે, શોધી કાઢ.

અભયે દ્વાર ઉપર માણસો મૂક્યા. એકૈક મનુષ્યને જોઈ-જોઈને બહાર જવા દે છે. તે બાલિકાને જોઈને 'ચોર' માની પકડી અને શ્રેણિકને પરણાવી.

કોઈ દિવસે બાહ્યા ક્રીડા રમણ કરતાં તે રાણીએ શ્રેણિકને વાહન બનાવી વહન કરે છે. રાજાને ભગવંતનું વચન યાદ આવ્યું. તેણીને મુક્ત કરતાં, તે રાણીએ દીક્ષા લીધી.

આ વિદ્વાન્‌ની જુગુપ્સાના ફળનું દૃષ્ટાંત કહ્યું.

૦ હવે પરપાખંડ પ્રશંસા - સર્વજ્ઞપ્રણીત પાખંડ(-મત) સિવાયના મતની પ્રશંસા - સ્તુતિ કરવી. પરપાખંડો સામાન્યથી ૩૬૩ ભેદે હોય છે. કહ્યું છે કે – ૧૮૦-ક્રિયાવાદી, ૮૪-અક્રિયાવાદી, ૬૭-અજ્ઞાનવાદી, ૩૨-વૈનયિક છે. આ ગાથા ગ્રંથાન્તરની હોવા છતાં શિષ્યના અનુગ્રહને માટે કંઈક કહે છે –

૧૮૦ ક્રિયાવાદી - તેમાં કર્તા વિના ક્રિયા સંભવતી નથી, તેવું આત્મસમવાયીઓ કહે છે. એવા શીલવાળા તે ક્રિયાવાદી, તે વળી આત્માદિ સ્વીકાર રૂપ છે. આ રીતે ૧૮૦ની સંખ્યા જાણવી – જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, પુન્ય, પાપ અને મોક્ષ નામે નવ પદાર્થોની પરિપાટી રચવી. તેમાં જીવના સ્વ અને પર એવા ભેદો કહેવા. તેના પ્રત્યેકના નિત્ય અને અનિત્ય એવા બે ભેદ કહેવા. તેના પણ પ્રત્યેકના કાળ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ એવા પાંચ ભેદો કરવા.

તેથી આવા વિકલ્પો આવશે – (૧) જીવ સ્વતઃ કાળથી નિત્ય છે. આ વિકલ્પનો આવો અર્થ છે – નિશ્ચે આ આત્મા વિદ્યમાન્ છે. પોતાના રૂપે કાળથી નિત્ છે. આ અભિલાપ કાલવાદીનો છે.

(૨) બીજો વિકલ્પ - ઈશ્વરવાદીનો છે.

(૩) ત્રીજો વિકલ્પ - આત્મવાદીનો છે. ''આ બધું પુરુષ જ છે.''

(૪) ચોથો વિકલ્પ - નિત્યવાદીનો છે.

(૫) પાંચમો વિકલ્પ - સ્વભાવવાદીનો છે.

આ પ્રમાણે 'સ્વતઃ' એને ન છોડતાં પાંચ વિકલ્પ પ્રાપ્ત થયા. એ પ્રમાણે 'પરતઃ' વડે પાંચ જ આવશે. નિત્યત્વને ન છોડતાં આ દશ વિકલ્પો થયા. એ પ્રમાણે અનિત્યત્વથી દશ વિકલ્પો મળીને વીસ ભેદો થયા.

આ પ્રમાણે અજીવાદિ આઠેમાં પણ આ પ્રમાણે જ વીસે વિકલ્પો આવશે. તેથી



નવ પદાર્થો x વીસ વિકલ્પો = ૧૮૦ ભેદો પ્રાપ્ત થશે. આ બધાં ક્રિયાવાદી જાણવા.

૦ અક્રિયાવાદીના ૮૪ ભેદો જાણવા.

કોઈપણ અવસ્થિત પદાર્થને ક્રિયા નથી હોતી. તેના ભાવ જ અવસ્થિતિના અભાવથી છે, એમ કહેનાર તે અક્રિયાવાદી. કહ્યું છે – સર્વે સંસ્કારો ક્ષણિક છે, અસ્થિતને ક્રિયા ક્યાંથી હોય ? - x - ઈત્યાદિ.

આ બધાં આત્મા નથી તેમ માનનાર લક્ષણવાળા છે. આ ઉપાયથી ૮૪-જાણવા. આમને પુન્ય અને અપુન્ય વર્જિત સાત પદાર્થોનો ન્યાસ કરવો. જીવના સ્વ અને પર બે વિકલ્પો. આત્મા અસત્ હોવાથી તેના નિત્ય અને અનિત્ય ભેદ હોતા નથી. કાલાદી પાંચ ભેદમાં 'યદૃચ્છા' એ છટ્ઠો ભેદ ઉમેરો. તેથી બાર ભેદો [૬ x ૨] થયા. તે આ પ્રમાણે –

(૧) જીવ કાળથી સ્વતઃ નથી.

(૨ થી ૬) એ પ્રમાણે ઈશ્વરાદિ પણ યદૃચ્છા સુધી કહેવા.

એ પ્રમાણે જીવ પરતઃ કાળથી નથી, તે છ વિકલ્પો થશે.

– આ બારે વિકલ્પો એકત્ર જીવાદિ સાતે સાથે યોજના ૮૪ ભેદો આ નાસ્તિકોના પ્રાપ્ત થશે.

૦ અજ્ઞાનીનાં ૬૭ ભેદો જાણવા –

તેમાં કુત્સિત જ્ઞાન તે અજ્ઞાન. તે જેમને છે તે અજ્ઞાનિક. - x - જ્ઞાનાંતર [બીજું જ્ઞાન] જ મિથ્યાદર્શન સહચારિત્વથી અજ્ઞાન છે. તે જાતિશબ્દત્વથી ગૌરખર વત્ અરણ્ય ઈત્યાદિની જેમ અજ્ઞાનિકત્વ છે અથવા અજ્ઞાન વડે વિચરે છે કે તેનું પ્રયોજન છે માટે અજ્ઞાનિક - ''કરેલું બધું જ વિફળ છે'' એવું માનનાર રૂપ તે છે.

આ ઉપાય વડે ૬૭ને જાણવા :- તેમાં જીવાદિ નવે પાદર્થોને પૂર્વવત્ સ્થાપવા. સત્ આદિ સાત ભેદો કહેવા, તે આ પ્રમાણે – સત્ત્વ, અસત્ત્વ, સદસત્ત્વ, અવાચ્યત્વ, સદવાચ્યત્વ, અસદવાચ્યત્વ, સદસદ-અવાચ્યત્વ. જીવાદિ પ્રત્યેકના સાત વિકલ્પો કહેતા ૯ x ૭ = ૬૩ ભેદો થયા. તેમાં ઉત્પત્તિના ચાર વિકલ્પો ઉમેરવા, તે આ પ્રમાણે – સત્વ, અસત્વ, સદસત્ત્વ અને અવાચ્યત્વ. ૬૩ + ૪ = ૬૭.

(૧) કોણ જાણે છે કે જીવ નિત્ય સત્ છે ? અથવા જાણીને શું ?

(૨ થી ૭) એ પ્રમાણે અસત્ આદિ પણ કહેવા.

ઉત્પત્તિ પણ શું સત્ છે, અસત્ છે, સદસત છે કે અવાચ્ય છે, તે કોણ જાણે છે ? અથવા કંઈ છે જ નહીં ?

૦ વૈનયિકના ૩૨ ભેદો :-

વિનયથી વિચરે છે અથવા વિનય જેનું પ્રયોજન છે, તે વૈનયિકો. આ બધાં અનવધૃત લિંગ-આચાર-શાસ્ત્ર વિનય પ્રતિપત્તિવાળા છે.

આ ઉપાય વડે બત્રીશ ભેદ જાણવા :- દેવ, રાજા, સાધુ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા એ પ્રત્યેકને કાયા, મન, વચન અને દાનથી દેશકાળયુક્ત વિનય કરવો. એ રીતે ૮ x ૪ = ૩૨ ભેદો થયા.

ઉક્ત બધાંની સંખ્યા - ૩૬૩ થઈ. આ અમે અમારી બુદ્ધિથી કહેલ નથી. બીજાઓએ પણ કહેલ છે. [અહીં વૃત્તિકારશ્રીએ ચાર ગાથા આપેલ છે, જે ઉપરોક્ત અર્થને જ જણાવતી હોવાથી અમે અનુવાદ કરેલ નથી.]

પ્રસંગથી આટલું કહ્યું હવે મૂળસૂત્ર કહીએ છીએ —

આવા પાખંડીની પ્રશંસા ન કરવી. જેમકે — આ બધાં પુન્યભાગી છે, આમનો જન્મ સફળ છે, એમના મિથ્યાર્દષ્ટિત્વથી આવું ન કહેવું.

અહીં ઉદાહરણ છે - 'ચાણક્ય'નું :-

પાટલિપુત્રમાં ચાણક્ય હતો. ચંદ્રગુપ્તે ભિક્ષુકોની વૃત્તિ હરી લીધી. તેઓ તેને ધર્મ કહેતા. રાજા તુષ્ટ થતો. રાજા ચાણક્ય સામે જોતો. તે ભિક્ષુકોની પ્રશંસા કરતો ન હતો. ચંદ્રગુપ્ત કંઈ ન આપતો.

તે ભિક્ષુકોએ ચાણક્યની પત્નીને ભોળવવા વિચાર્યુ. તેણીએ ખુશ થઈને ચાણક્યને કહેવાનું સ્વીકાર્યુ. પત્નીના આગ્રહથી ચાણક્યએ કહ્યું કે — "સારું, તેમ કરીશ." ત્યારે ભિક્ષુકોએ ધર્મ કહેતા ચાણક્ય બોલ્યો — "સુભાષિત" - સારું બોલ્યા. રાજાએ તેમને કંઈક દાન આપ્યું. બીજે દિવસે ચાણક્યએ પૂછ્યું — તેને દાન કેમ આપ્યું ? રાજા કહે — તે પ્રશંસા કરી માટે.

ચાણક્યએ કહ્યું — મેં પ્રશંસા કરી નથી, બધાં હિંસામાં પ્રવૃત્ત છે લોકમાં કઈ રીતે વિશ્વાસ્ય છે ? માટે આવી પ્રશંસા ન કરવી.

૦ પરપાખંડ પ્રશંસા - પાંચમો અતિચાર.

અનંતરોક્ત સ્વરૂપવાળા પાખંડ મતનો સંસ્તવ. અહીં સંવાસજનિત પરિચય, સંવસન, ભોજન, આલાપાદિરૂપ સંસ્તવ જાણવો પણ સ્તુતિરૂપ નહીં. લોકમાં પ્રસિદ્ધ સં + સ્તૌતિ એટલે પરિચય. આ પણ સમાચરણીય નથી. [શા માટે ?]

એકત્ર સંવાસમાં અને તેની પ્રક્રિયા જાણીને, તેમની ક્રિયાના દર્શનથી, તેના એકાદ વખત પણ અભ્યસ્તત્વથી, સહકારી કારણોથી મિથ્યાત્વનો ઉદય થતાં દૃષ્ટિભેદ ઉત્પન્ન થાય છે. તેથી અતિચાર લાગે છે.

અહીં ઉદાહરણ છે — સૌરાષ્ટ્રનો શ્રાવક, તે પૂર્વે કહેલ છે.

એ પ્રમાણે શંકા આદિ સર્વે શલ્ય રહિત સમ્યક્ત્વ વંત બાકીના અણુવ્રતાદિના સ્વીકારને યોગ્ય થાય છે. તે અણુવ્રતો - સ્થૂળ પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ પૂર્વે કંઈક બતાવ્યા. હવે સ્વરૂપથી તેને જણાવે છે —

**● સૂત્ર-૬૪ :-**

***શ્રાવકો સ્થૂળ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરે.***

***તે પ્રાણાતિપાત બે ભેદે કહેલ છે - સંકલ્પથી અને આરંભથી. તેમાં શ્રાવક સંકલ્પ હિંસાનું જાવજીવ પચ્ચકખાણ કરે, આરંભ હિંસાનું નહીં.***

***સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ [કરેલા] શ્રાવકને આ પાંચ અતિચારો જાણવા જોઈએ. તે આ પ્રમાણે — વધ, બંધ, છવિચ્છેદ, અતિભાર અને ભોજનપાનનો વિચ્છેદ.***



**● વિવેચન-૬૪ :-**

સ્થૂળ - બેઈન્દ્રિય આદિ, આનું સ્થૂળત્વ સર્વે લૌકિકજીવત્વમાં પ્રસિદ્ધ છે. આમની અપેક્ષાએ એકેન્દ્રિયોનું સૂક્ષ્માધિકપણું છે.

સ્થૂળ જીવોના પ્રાણ - ઈન્દ્રિય આદિ, તેનો અતિપાત, તે સ્થૂલ પ્રાણાતિપાત. તેનું શ્રમણોપાસક - શ્રાવક પચ્ચક્ખાણ કરે - તેનાથી અટકે.

તે પ્રાણાતિપાત બે ભેદે તીર્થંકર અને ગણધરોએ કહેલો છે. તે આ પ્રમાણે - સંકલ્પ જ અને આરંભજ.

(૧) સંકલ્પજ -સંકલ્પથી જન્મેલ, મનના સંકલ્પથી દ્વીન્દ્રિયાદિ પ્રાણીના માંસ, અસ્થિ, ચર્મ, નખ, વાળ, દાંત માટે તેમને મારી નાંખે. (૨) આરંભજ - આરંભથી જન્મેલ, તેમાં આરંભ - હળ, દંતાલ, ખનન, લવનાદિ તેમાં શંસખ, ચંદનક, પિપિલિકા, ધાન્ય, ગૃહકારકાદિ સંઘટ્ટન, પરિતાપ, ઉપદ્રાવણરૂપ.

તેમાં શ્રાવક સંકલ્પથી જાવજ્જીવ પણ પ્રત્યાખ્યાન કરે, જાવજ્જીવ કરે જ એવું નિયમથી નહીં. આરંભજ ન કેર કેમકે તેને અવશ્યતયા આરંભનો સદ્ભાવ છે.

[શંકા] એ પ્રમાણે સંકલ્પથી સૂક્ષ્મ પ્રાણાતિપાત પણ કેમ પચ્ચકખે નહીં ? [સમાધાન] એકેન્દ્રિયો જ પ્રાયઃ દુષ્પરિહારા છે કેમકે ગૃહવાસીને સંકલ્પથી જ સચિત્ત પૃથ્વીઆદિનો પરિભોગ છે.

તેમાં પ્રાણાતિપાત કરવામાં શા દોષ છે ? ન કરવામાં શા ગુણ છે ? તેમાં દોષ દર્શાવવા કોંકણકનું દૃષ્ટાંત છે — તેની પત્ની કારણ પામી. તેને પુત્ર હતો. તે બાળકને દાયાદના ભયથી કન્યા મળતી ન હતી. ત્યારે બીજાના લક્ષ્યથી રમત કરતો વિંધાયો.

ગુણમાં ઉદાહરણ - સપ્તપદિકનું છે. બીજું દૃષ્ટાંત :- ઉજ્જૈનીમાં બાળક હતો. માલવક દ્વારા શ્રાવકપુત્ર હરાયો. સૂતે તેને ખરીદ્યો તેણે શ્રાવકપુત્રને કહ્યું — લાવકોને માર, તેણે છોડી દીધા. ફરી કહ્યું — મારી નાંખ. તેણે ન માન્યું. પછી તેને પીટવાનું શરૂ કર્યુ. તે પીટાતો એવો રડતો હતો. પછી રાજાએ સાંભળ્યું. બોલાવીને પૂછ્યું, ત્યારે વૃત્તાંત કહ્યો. રાજાએ પણ કહ્યું — તો પણ શ્રાવકપુત્ર ન માન્યો. ત્યારે હાથી વડે તેને ત્રાસ આપ્યો તો પણ ન માન્યા. પછી રાજાએ તેને શીર્ષરક્ષકપણે સ્થાપ્યો. પછી કોઈ દિવસે સ્થવિરો પધાર્યા. તેની પાસે દીક્ષા લીધી.

ગુણમાં ત્રીજું ઉદાહરણ - પાટલિપુત્ર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેને ક્ષેમ નામે અમાત્ય હતો. તે ચારે પ્રકારની બુદ્ધિથી સંપન્ન એવો શ્રાવક હતો અને શ્રાવકના ગુણોથી યુક્ત હતો. તે રાજાનું હિત કરવામાં, બીજા દંડ-ભટ-ભોજિકોને અપ્રિય થઈ ગયો. તેના વિનાશ નિમિત્તે ક્ષેમ પાસેના પુરુષોને દાન સન્માન વડે સત્કારે છે. રાજાના અભિકારકોને પ્રયોજે છે. પકડાયા ત્યારે તેઓ બોલ્યા કે મારી નાંખો - અમે ક્ષેમ મંત્રીના માણસો છીએ. ક્ષેમને પકડ્યો, ત્યારે તે બોલ્યો કે — હું બધાં જીવોનું ક્ષેમ કરું છું. તો પછી રાજાના શરીરને કેમ નુકસાન કરું ? તો પણ વધની આજ્ઞા આપી.

રાજાને અશોકવનિકામાં અગાધ જળવાળી પુષ્કરિણી પત્ર-બીશ-મૃણાલ આદિથી છવાયેલી અને ઉત્પલ, પદ્માદિથી ઉપશોભિત હતી. તે મગર અને ગ્રાહને લીધે દુરવગાહા હતી. તે ઉત્પલાદિને કોઈ તોડવા સમર્થ ન હતા. જેના વધની આજ્ઞા રાજા આપતો, તેને કહેવાતું કે — આ પુષ્કરિણીથી પદ્મો લઈ આવ. ત્યારે ક્ષેમમંત્રી ઉભો થઈ "નમોડત્થુ ણં અરહંતાણં" બોલીને ગયો — જો હું નિરપરાધ હોઉં તો મને દેવતા સાન્નિધ્ય આપો. તેણે સાગાર ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ. દેવતા સાંનિધ્યથી મગરની પીઠે બેઠો, ઘણાં ઉત્પલ અને પદ્મો ગ્રહણ કરીને પાછો આવ્યો. રાજાએ હર્ષિત થઈ તેને ખમાવ્યો. પ્રશંસા કરી. પ્રતિપક્ષનો નિગ્રહ કરીને કહ્યું — "તને શું વર [દાન] આપું ? તેણે પ્રવ્રજ્યા માંગી, દીક્ષિત થયો. પ્રાણાતિપાત વિરમણમાં આ ગુણો છે.

આ વ્રત અતિચાર રહિત પાળવું જોઈએ. સ્થૂલ પ્રાણાતિપાત વિરત શ્રમણોપાસકે આ પાંચ અતિચારો જ્ઞ પરિજ્ઞાથી જાણવા જોઈએ. તેને આચરવા જોઈએ નહીં. તે આ પ્રમાણે — વધ, બંધન ઈત્યાદિ.

તેમાં (૧) બંધન તે બંધ - દોરડા આદિ વડે બાંધવા, સંયમન કરવું તે. (૨) હણવું તે વધ, કસ આદિ વડે તાડન કરવું તે. (૩) છવિચ્છેદ — શરીર, તેનો છેદ, કરવતાદિથી ચીરવા-ફાડવા. (૪) અતિભાર — ભરવું તે ભાર, તેને અતિ ભરવો તે. અર્થાત્ ઘણી જ સોપારી વગેરે સ્કંધ કે પીઠ આદિ ઉપર મૂકવા તે. (૫) ભત્ત-પાન-વિચ્છેદ એટલે અશાન ઓદનાદિ ભોજન, પાણી વગેરે પેય તે પાન, તેનો વિચ્છેદ-નિરોધ અર્થાત્ ન આપવા તે.

આ બધાંને આચરતો પહેલા અણુવ્રતનું અતિચરણ કરે છે. તેની અહીં આ વિધિ છે :—

(૧) બંધ - બે ભેદે છે, દ્વિપદનો અને ચતુષ્પદનો. અર્થને માટે અને અનર્થને માટે. અનર્થક બાંધવામાં ન વર્તે. અર્થને માટે બે ભેદે - નિરપેક્ષ અને સાપેક્ષ. નિરપેક્ષ જે નિશ્ચલ ગાઢ બાંધે છે. સાપેક્ષ - જે દોરડાથી ગાંઠ આદિથી બાંધે, જે પ્રદીપનકાદિમાં છોડવી શક્ય હોય અથવા છેદવી શક્ય હોય. તેથી સંસરતા પાશ વડે બાંધવા આ ચતુષ્પદ માટે કહ્યું.

દ્વિપદમાં પણ દાસ-દાસી, ચૌર કે પુત્ર ન ભણતો હોય ત્યારે બંધાય છે. તો ત્યારે સાપેક્ષ બાંધવા અને રક્ષણ કરવું, જેથી અગ્નિ કે ભય આદિમાં વિનાશ ન પામે. તે દ્વિપદ ચતુષ્પદ શ્રાવકે ગ્રહણ કરવા, જે બાંધ્યાવિનાના જ રહેલા હોય.

(૨) વધ :- વધ પણ તે પ્રમાણે જ છે. વધ એટલે તાડન કરવું તે. અનર્થક નિરપેક્ષ થઈ નિર્દયપણે તાડન કરે છે, સાપેક્ષ વળી પૂર્વે જ ભીત-પર્ષદા થશે, ઘાત ન કર. જો કર તો મર્મને છોડીને મારે ત્યારે લતા કે દોરડા વડે એક, બે કે ત્રણ વાર તાડન કરે.

(૩) છવિચ્છેદ - અનર્થક, તે પ્રમાણે જ હાથ, પગ, કાન, નાસિકાદિ નિર્દયપણે છેદે છે. સાપેક્ષ - ગંડ કે અર્શ છેદે અથવા બાળે.



(૪) અતિભાર ભાવો ન જોઈએ. પૂર્વથી જ જે વહન વડે આજીવિકા છે, તેને છોડવા યોગ્ય છે. જો બીજી આજીવિકા ન હોય ત્યારે દ્વિપદ કે જે સ્વયં ભારને ઉંચકે કે ઉતારે એ રીતે વહન કરે. બળદોને જે રીતે સ્વાભાવિક જ ભારથી ન્યૂન કરાય. હળ-ગાડાંમાં પણ વેળાએ મૂકી દે. અશ્વ કે હાથી આદિમાં પણ આ જ વિધિ છે.

(૫) ભોજન-પાનનો વિચ્છેદ કોઈનો પણ ન કરવો જોઈએ. કેમકે તીવ્ર ભુખથી મરી ન જાય. તે પ્રમાણે જ અનર્થને માટેના દોષોને પરિહરવા. સાપેક્ષ - રોગ નિમિત્ત આદિમાં કહે કે — હાલ તને નહીં આપું, ઉપશાંતિને માટે તું ઉપવાસ કર.

બધે જ યતના કરવી, જેથી સ્થૂલ પ્રાણાતિપાતના અતિચાર ન થાય. તે રીતે જ પ્રયત્નો કરવા. નિરપેક્ષ બંધ આદિમાં અને લોકના ઉપઘાતાદિમાં દોષો કહેલા છે.

સાતિચાર પ્રથમ અણુવ્રત કહ્યું. હવે બીજું અણુવ્રત કહે છે —

● **સૂત્ર-૬૫ :-**

***શ્રાવકો સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરે.***

***તે મૃષાવાદ પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે :- કન્યાલીક, ગવાલિક, ભૌમાલિક, ન્યાસાપહાર, કૂટસાક્ષિક.***

***સ્થૂલમૃષાવાદવિરમણ કરેલ શ્રાવકોને આ પાંચ અતિચારો છે, તે જાણવા જોઈએ — સહસાભ્યાખ્યાન, રહસ્યાભ્યાખ્યાન, સ્વદારા મંત્રભેદ, મૃષા ઉપદેશ અને ખોટા લેખ કરવા.***

● **વિવેચન-૬૫ :-**

મૃષાવાદ બે ભેદે છે — સ્થૂળ અને સૂક્ષ્મ.

તેમાં પરિસ્થૂલ વિષયક અતિદુષ્ટ વિવક્ષા સમુદ્ભવ તે સ્થૂળ અને તેથી વિપરીત તે સૂક્ષ્મ.

તેમાં સ્થૂળ એવો જે મૃષાવાદ, તેને શ્રાવક પૂર્વવત્ પચ્ચકખે.

તે મૃષાવાદ પાંચ ભેદે કહેલો છે — તીર્થંકર, ગણધરોએ પ્રરૂપેલ છે તે આ પ્રમાણે — કન્યાલિક, ગવાલિક ઈત્યાદિ.

(૧) કન્યા વિષયક અસત્ય, જેમકે — અભિન્ન કન્યાને ભિન્ન કન્યા કહેવી, અથવા ભિન્ન કન્યાને અભિન્ન કહેવી, ઈત્યાદિ.

(૨) ગાય [પશુ] સંબંધી અસત્ય, જેમકે — ઓછા દુધવાળી ગાયને બહુ દુધવાળી કહેવી કે તેથી વિપરીત કહેવું વગેરે.

(૩) ભૂમિ સંબંધી જૂઠ — બીજાની હોય તેને પોતાની કહેવી. વ્યવહાર-વ્યાપારમાં નિયુક્ત હોય, જેનો વ્યવહાર થયો જ ન હોય તેવા કોઈ ભૂમિભાગથી અભિભૂત થઈને બોલે કે — આ ભૂમિ આની છે ઈત્યાદિ.

(૪) ન્યાસાપહાર — નિક્ષેપ કરાય તે ન્યાસ - રૂપિયા આદિ આપેલ હોય તેનું અપહરણ તે ન્યાસાપહાર.

[શંકા] આ તો અદત્તાદાનરૂપ છે, તો મૃષાવાદત્વ કઈ રીતે ?

[સમાધાન] અપલાપ કરવો તે મૃષાવાદ છે.

(૫) કૂટસાક્ષિત્વ - ઉત્કોચ અને માત્સર્ય આદિથી અભિભૂત થયેલો પ્રમાણીકૃત થઈને જૂઠું બોલે છે. અવિધવાદિ અનૃતનો આમાં જ અંતર્ભાવ છે.

મૃષાવાદમાં કયા દોષ છે ? અને તે ન કરવામાં ગુણ કયા છે ?

તેમાં દોષો - કન્યાને અકન્યા કહે. ભોગાંતરાય દોષ લાગે. પ્રદ્વેષ પામી આત્મઘાત કરે કે કરાવે. એ પ્રમાણે બાકીનામાં પણ કહેવા.

ન્યાસાપહારમાં પુરોહિતનું ઉદાહરણ - જેમ નમસ્કારમાં છે તે.

ગુણમાં ઉદાહરણ - કોંકણક શ્રાવકને માણસોએ કહ્યું — ઘોડો નાશે છે, આહત કર. તેણે આહત કરતાં મૃત્યુ પામ્યો. લઈ ગયો. પૂછ્યું — તારો સાક્ષી કોણ છે ? ઘોડાના સ્વામીએ કહ્યું — આનો પુત્ર મારો સાક્ષી છે. તે બાળકે કહ્યું કે — આ સત્ય છે. ખુશ થઈને તેની પૂજા કરી. લોકોએ પણ તેની પ્રશંસા કરી. આવા ગુણો મૃષાવાદ વિરમણમાં છે.

સ્થૂલમૃષાવાદથી વિરત શ્રાવકોએ આ પાંચ અતિચારોને જ્ઞપરિજ્ઞાથી જાણવા, પણ તેનું આચરમ - સેવન કરવું નહીં. તે આ —

(૧) સહસા - વિચાર્યા વિના, અભ્યાખ્યાન - અસત્ આરોપણ કરવું તે સહસાભ્યાખ્યાન. તે આ પ્રમાણે :- તું ચોર છો ઈત્યાદિ.

(૨) રહસ્ - એકાંત, તેમાં થયેલ તે રહસ્ય. તેથી કે તેમાં આળ ચડાવવું તે રહસાભ્યાખ્યાન. જેમકે — એકાંતમાં મંત્રણા કરાયેલ હોય તે કહેવી. આને આવું - આવું રાજાના અપકારિત્વથી મંત્રણા કરે.

(૩) સ્વદારા મંત્રભેદ - સ્વપત્નીમાં ભેદ કહેવો તે. જેમકે — પોતાની પત્નીની વિશ્વાસથી વિશિષ્ટ અવસ્થા બીજાને કહેવી તે.

(૪) કૂટ - અસદ્ભૂત, લખાય તે લેખ. તેને કરવો - ક્રિયા. આ કૂટ લેખ ક્રિયાને કૂટ લેખ કરણ કહે છે. અન્યમુદ્રાક્ષર બિંબસ્વરૂપ લેખ કરવો તે.

આ બધાંને સમાચરતા બીજા અણુવ્રતને અતિચરે છે. હવે તેના અપાયો દર્શાવે છે. સહસા અભ્યાખ્યાન કોઈ લુચ્ચો પુરુષ સાંભળે તો તે તેને મારી પણ નાંખે, દ્વેષી હોય તે ભયથી આત્માને પણ વિરાધે. એ પ્રમાણે રહસાભ્યાખ્યાનમાં પણ જાણવું.

સ્વદારા મંત્રભેદ — જે પોતાની પત્નીની સામે રહસ્યો કહેલ હોય, તે બીજાની આગળ કહે. પછી તેણી લજ્જા પામી, પોતાને કે બીજાને મારી નાંખે. તેમાં એક ઉદાહરણ છે —

મથુરાનો એક વણિક દિગ્યાત્રાર્થે ગયો. તે જ્યારે ન આવ્યો ત્યારે તેની પત્ની બારમે વર્ષે બીજાની સાથે રહી. તે વણિક રાત્રિના અજ્ઞાતવેશે કાર્પટિકપણે પ્રવેશ્યો. તેણે તે દિવસે ગયેલી. કાર્પટિક તેને શોધે છે. તેણીના ખાધક આદિ વહન કરે છે, અજ્ઞાતચર્યાથી ત્યારે ફરી પણ જઈને મોટી ઋદ્ધિ સહિત આવીને સ્વજનોની સાથે મળે છે. પરોપદેશથી મિત્રોને બધી વાત કરે છે. તેણીએ પોતાને મારી નાંખી.

(૫) મૃષા ઉપદેશ - પરિવ્રાજક મનુષ્યોને કહે છે — કેમ ખેદ કરે છે ? હું જો તને રુચે તો બેઠા-બેઠા જ દ્રવ્યનું ઉપાર્જન કરું. જા, કિરાટક - દ્રવ્યનો સમૂહ ઉધતકથી માંગ. પછી કાલોદ્દેશથી માંગે છે. જ્યારે લોકોનું દાન ગ્રહણ કરવામાં વ્યાકૂળ હોય ત્યારે બોલે. તે તે પ્રમાણે જ બોલે છે ઈત્યાદિ - x -



૦ ખોટા લેખ કરવામાં ભગીરથી, બીજા ઉદાહરણો પણ છે.

અતિચાર સહિત બીજું અણુવ્રત કહ્યું. હવે ત્રીજું કહે છે —

● સૂત્ર-૬૬ :-

***શ્રમણોપાસકે સ્થૂળ અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરવું.***

***તે અદત્તાદાન બે ભેદે કહેલ છે, તે આ પ્રમાણે - સચિત્ત અદત્તાદાન અને અચિત્ત અદત્તાદાન.***

***સ્થૂળ અદત્તાદાનથી વિરમેલ શ્રાવકને આ પાંચ અતિચારો જાણવા જોઈએ, તે આ પ્રમાણે — સ્તેનાહત, તસ્કર પ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂડતુલ કૂડમાન અને તત્પ્રતિરૂપક વ્યવહાર.***

● વિવેચન-૬૬ :-

અદત્તાદાન બે ભેદે છે — સ્થૂળ અને સૂક્ષ્મ.

તેમાં પરિસ્થૂલ વિષયક ચોરી આરોપણ હેતુપણાથી પ્રતિષેધ કરેલ છે. દુષ્ટ અધ્યવસાયપૂર્વક સ્થૂલ. તેથી વિપરીત તે સૂક્ષ્મ.

સ્થૂળ એવું તે અદત્તાદાન, તે સ્થૂળ અદત્તાદાન, તેનું શ્રમણોપાસક પ્રત્યાખ્યાન કરે. એ બધું પૂર્વવત્ જાણવું.

'से' શબ્દ 'तत्' શબ્દના અર્થમાં નિપાત છે.

તે અદત્તાદાન બે ભેદે તીર્થકરો અને ગણધરોએ પ્રરૂપેલ છે. (૧) સચિત્ત-ચિત્ત સહિત, દ્વિપદ આદિ લક્ષણ વસ્તુ, તેના ક્ષેત્રાદિમાં સુન્યસ્ત, દુર્ન્યસ્ત કે વિસ્મૃત હોય, તેને સ્વામી વડે ન દેવાયેલ હોય તેને ચોરીની બુદ્ધિથી લેવું તે સચિત્ત અદત્તાદાન. અહીં आदान - ગ્રહણ. (૨) અચિત્ત - વસ્ત્ર, સુવર્ણ, રત્નાદિ તે પણ ક્ષેત્ર આદિમાં સુન્યસ્ત, દુર્ન્યસ્ત કે વિસ્મૃત હોય અને તેના સ્વામી વડે ન અપાયેલ હોય તેને ચોરીની બુદ્ધિથી ગ્રહણ કરવું તે અચિત્ત અદત્તાદાન.

અદત્તાદાનમાં કયા દોષો છે ? ન કરવામાં કયા ગુણો છે ? અહીં આ વિષયમાં ઉદાહરણ છે —

એક ગોષ્ઠી-મંડળી હતી. શ્રાવકો પણ તે ગોષ્ઠીમાં હતા. એકત્ર બધું કરતા હતા. લોકો ગયા. ગોષ્ઠીકો વડે ઘર લુંટાયું. કોઈ સ્થવિરાએ તેમાં એક મયૂરપુત્ર પગોથી પ્રતિષ્ઠિત-અંકિતથી ઓળખ્યો. સવારે રાજાને નિવેદન કર્યું. રાજાએ તે સ્થવિરાને પૂછ્યું — "તમે કઈ રીતે જાણ્યું." ? સ્થવિરાએ કહ્યું — તેના પગમાં તે ચિહ્ન અંકિત છે.

નગર સમાગમમાં જોયા. બે, ત્રણ એમ બધી ગોષ્ઠીને પકડી. એક શ્રાવક બોલ્યો — મેં કોઈ ચોરી કરી નથી, કોઈ લાંછન પણ નથી. તો પણ બોલ્યા — આણે ચોરી કરી નથી. તેને છોડીને બાકીનાને રાજા કરી. જો કે શ્રાવકોએ ગોષ્ઠીમાં પ્રવેશ

ન કરવો જોઈએ. જો કોઈ પ્રયોજનથી પ્રવેશ ત્યારે વ્યવહાર હિંસ્ર આદિ ન આપે, ન તેના આયોગોમાં રહે.

આ વ્રત અતિચાર રહિત પાળવું જોઈએ. તેથી કહ્યું કે – સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતી શ્રાવકોએ આ પાંચ અતિચાર જાણળા જોઈએ, તેનું આચરણ ન કરવું તે આ પ્રમાણે –

(૧) સ્તેનાહૃત - ચોર વડે લાવેલ કંઈ કુંકુમાદિ, તે દેશાંતરથી લાવે તેને સ્તેનાહૃત કહ્યા. તે લોભથી ઓછા મૂલ્યે લેતા અતિચાર.

(૨) તસ્કર - ચોર, તેનો પ્રયોગ - હરણ ક્રિયામાં પ્રેરણા કરવી કે અનુમતિ આપવી તે તસ્કર પ્રયોગ. જેમકે તું તે હરી લે.

(૩) રાજ્યાતિક્રમ - જે રાજાની વિરુદ્ધનું કાર્ય હોય તે અથવા રાજ્ય કાયદાનું અતિબંધન તે વિરુદ્ધ રાજ્યાતિ ક્રમ.

(૪) કૂડતૂલ કૂડમાન - તુલા એટલે ત્રાજવું. માન-કુડવાદિ. કૂટત્વ-ન્યૂનાધિકત્વ. ઓછું આપવું અને અધિક લેવું તો અતિચાર.

(૫) અધિકૃત વસ્તુના સદૃશ તે તત્પ્રતિરૂપક તેનું વિવિધ રીતે અવહરણ. વ્યવહાર-પ્રક્ષેપ. તત્પ્રતિરૂપક વ્યવહાર. જેમકે ઘઉં ઘટતા હોય તો તેના જેવા ધાન્યને તેમાં નાંખી દેવું.

ઉક્ત આચરણાથી ત્રીજા અણુવ્રતના અતિચાર લાગે છે.

વળી આમાં દોષ એ છે કે – જો ચોરે લાવેલ વસ્તુ ખરીદે તો રાજા પણ હણે છે. જો તેનો સ્વામી જાણે તો દંડે કે મારે છે. ઈત્યાદિ. આ પ્રમાણે બીજા દોષ પણ કહેવા.

ત્રીજું અણુવ્રત અતિચાર કહ્યું હવે ચોથું દર્શાવે છે –

● સૂત્ર-૬૭ :-

***શ્રમણોપાસકે પરદારાગમનના પચ્ચકખાણ કરવા અથવા સ્વપત્નીમાં સંતોષ રાખવો. [તે ચોથું વ્રત]***

***તે પરદારાગમન બે ભેદે છે, તે આ પ્રમાણે – (૧) ઔદારિક પરદારાગમન, (૨) વૈક્રિય પરાદારાગમન.***

***સ્વદારા સંતોષ વ્રત લેનાર શ્રમણોપાસકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે – (૧) અપરિગૃહિતા ગમન, (૨) ઈત્વરિક પરિગૃહિતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવીવાહ કરણ, (૫) કામભોગ વિશે તીવ્ર અભિલાષ.***

● વિવેચન-૬૭ :-

પોતાના સિવાયના જે અન્ય, તે પર. તેની પત્ની તે પરદારા. તેમાં ગમન [તેની સાથે ક્રીડા] તે પરદારા ગમન - પરસ્ત્રી સેવન. તેના શ્રમણોપાસકે પચ્ચકખાણ કરવા.

સ્વદારા - પોતાની પત્ની, તેનાથી કે તેનામાં સંતોષ રાખવો. તે સ્વદારા સંતોષ, તે નિયમ અંગીકાર કરવા.



અહીં ભાવના આ છે – પરદારાગમનનો પચ્ચકખાણ કરનાર જેમાં 'પર' શબ્દ પ્રવર્તે છે. સ્વદારા સંતુષ્ટ તે. એક કે અનેક સ્વપત્ની સિવાયની બાકીની બધી લેવી.

આ પરદારાગમન બે ભેદે કહેલ છે – (૧) ઔદારિક પરદારા ગમન - સ્ત્રી આદિ પરદારાનું સેવન (૨) વૈક્રિય પરદારા ગમન - દેવાંગના આદિનું સેવન કરવું તે.

ચોથા અણુવ્રતમાં સામાન્યથી અનિવૃત્તને થતાં દોષો – તે માતા પાસે પણ ગમન કરે છે. તેનું દૃષ્ટાંત આપે છે – ગિરિનગરાં ત્રણ સખીઓ હતી. તેઓ ઉજ્જયંત જતી હતી ત્યારે ચોરે પકડી લીદી. તેને પારસ કુળમાં વેંચી દીધા. તેમના પુત્રો નાના હતા. તેમને ઘેર છોડી દીધેલા. તેઓ પણ મિત્રો થઈ ગયા. માતૃસ્નેહથી વેપારાર્થે પારસ કુલે ગયા તે ગણિકા સ્વદેશી હોવાથી ભાડુ દઈને રાખી. તેઓ પણ ભવિતવ્યતા યોગે પોતાની જ માતાની પાસે ગયેલા.

એક શ્રાવક હતો. તે પોતાની માતાની સાથે વસ્યો. પણ તે તેણીને ઈચ્છતો ન હતો. સ્ત્રી પણ અનિચ્છા જાણીને મૌન રહી. પૂછ્યું – તમે ક્યાંથી આવેલા છે ? તેણીએ પોતાનો વૃત્તાંત કરવો. ત્યારે તે શ્રાવક બોલ્યો કે અમે તારા જ પુત્ર છીએ. તેણીને છોડાવી, દીક્ષા લીધી.

આ અનિવૃત્ત થવામાં દોષ છે. બીજું ઉદાહરણ –

પુત્રીની સાથે પણ ગમન થાય. સ્ત્રી ગર્ભિણી હતી, તે વિદેશ ગયો. સમાચાર મોકલ્યા કે તમારે ત્યાં પુત્રી જન્મી છે. તે પણ તેણી યૌવન પામી ત્યાં સુધી વ્યાપાર કરતો રહ્યો. તે પુત્રીને કોઈ બીજા નગરમાં પરણાવાઈ તે પુરુષ જાણતો ન હતો કે પુત્રી પરણાવાઈ છે. તે પાછો આવતા તે જ નગરમાં ભાંડનો વિનાશ ન થાય તે માટે વર્ષારાત્ર ત્યાં રહ્યો. ત્યાં તેને તેની પુત્રીનો સંયોગ થયો. તો પણ તે જાણતો નથી. ચોમાસુ પૂરુ થયું સ્વ નગરે ગોય. પુત્રી ઘેર આવી. તેને જોઈને બંને જણા લજ્જા પામ્યા. તે કન્યાએ આત્મહત્યા કરી, પુરુષે પણ દીક્ષા લીધી.

ત્રીજું દૃષ્ટાંત - ગોષ્ઠીની સાથે ચેટ રહેતો હતો. તેની માતા ચાલી ગઈ. પત્ની તેની નિજક હોવાથી પતિને કહેતી નથી. તે તેની માતા દેવકુળ સ્થિત ધૂર્તની સાથે ગમન કરે છે. જોઈને તેણે પણ ભોગવી. માતા અને પુત્રના વસ્ત્રો બદલાયા. પત્ની બોલી – સ્ત્રીએ કેમ તમારું ઉપરનું વસ્ત્ર લીધું ? હા પાપ ! તે કેમ કર્યુ ? તે નાસી ગયો, દીક્ષા લીધી.

ચોથું દૃષ્ટાંત - યમકને ગણિકાએ ત્યજી દીધો. પ્રાપ્ત થતાં મિત્રો વડે ગ્રહણ કરાયો. તે બંને ભાઈબહેનનો પૂર્વ સંસ્થિતિથી સંયોગ થયો - કોઈ દિવસે તે બાળકે તે ગણિકા-પૂર્વની માતા સાથે લગ્ન કર્યા. તે તેની બહેને ધર્મ સાંભળીને દીક્ષા લીધી. તેણીને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ગણિકાનો ઘેર ગઈ.

તે ગણિકાને પુત્ર જન્મ્યો. તે પુત્રી સાધ્વી તેને લઈને રમાડે છે. ઉલ્લાપે છે. કઈ રીતે ? હે બાળક ! તું મારો પુત્ર પણ છે, ભાઈ પણ છે. મારો દેવર પણ છે અને ભાઈ પણ છે. જે તારા પિતા છે, તે મારા પિતા, પતિ, શ્વશૂર, ભાઈ પણ છે. જે તારી માતા છે. તે મારી માતા, ભાભી, સાસુ અને શોક્ય પણ છે.

આવા બધાં દોષ જાણી પરદારાગમન વર્જવું જોઈએ.

આ બધાં આલોકમાંના દોષો કહ્યા. પરલોકમાં પણ નપુંસકત્વ, વિરૂપત્વ, પ્રિયનો વિયોગ આદિ દોષો થાય છે.

પરદારાગમનથી નિવૃત્તને આલોક અને પરલોકમાં પણ ગુણો થાય છે. જેમાં આલોકનું દૃષ્ટાંત આપે છે – કચ્છમાં બે કુલપુત્રો હતા. આનંદપુરમાં બંને શ્રાવક હતા. એક ધિગ્જાતીય દરિદ્ર હતો. તેણે સ્થૂલેશ્વર - વ્યંતરને ઉપવાસ કરીને આરાધીને વરદાન માંગ્યું કે, હે કુબેર ! ચાતુર્વૈદ્ય ભક્તને મૂલ્ય આપો, તેથી પુણ્ય કરું.

તે વ્યંતરે કહ્યું – કચ્છમાં બે શ્રાવક કુલપુત્રો છે. તેમને ભોજન કરાવ, તને ઘણું ફળ મળશે. બે વખત કહેતા તે ગયો. તે શ્રાવકોને દાન આપ્યું, ભોજન અને દક્ષિણા આપી. પૂછ્યું – તમારું તપશ્ચરણ શું છે ? જેથી તમે બંને દેવોને પણ પૂજ્ય છો ? તેઓ બોલ્યા કે અમારે બંનેને બાલ્યકાળમાં એકાંતરે મૈથુનના પ્રત્યાખ્યાન હતા. કોઈ દિવસે અમારો પતિ-પત્નીરૂપે સંયોગ થયો. તે દિવસનો ક્રમ વિપરીત-અવિપરીત હતો. તેથી જે દિવસે એકને બ્રહ્મચર્ય પૌષધ હતો, તે દિવસે બીજાને પારણું આવતું. અમે બંને બ્રહ્મચારી જ રહ્યા. તે સાંભળી બ્રાહ્મણ બોધ પામ્યો.

આ આલોક સંબંધી ગુણ કહ્યા. પરલોકમાં પ્રધાન પુરુષત્વ, દેવપણામાં પ્રધાનત્વ ઈત્યાદિ પ્રાપ્ત થાય. પાંચ લક્ષણવાળા વિપુલ ભોગો પ્રાપ્ત થાય. પ્રિયનો સંયોગ થાય અને નજીકમાં સિદ્ધિગમન થાય.

આ વ્રત અતિચારરહિત પાળવું જોઈએ. તેથી કહે છે – સ્વદારા સંતોષ વ્રતી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ સેવવા ન જોઈએ. તે આ પ્રમાણે – ઈત્વર પરિગૃહીતા ગમનાદિ.

(૧) ઈત્વર પરિગૃહીતા - થોડા કાળ માટે ગ્રહણ કરેલી હોય તેવી, ભાડુ દઈને કેટલોક કાળ કે દિવસ કે માસ માટે સ્વ વશ કરેલી હોય તેની સાથે ગમન - અભિગમ કે મૈથુન આસેવન.

(૨) અપરિગૃહીતા ગમન - અપરિગૃહીતા એટલે વેશ્યા. અથવા બીજા પાસેથી ભાડેથી લાવેલી કુલાંગના કે નાથ વગરની. તેની સાથે ગમન.

(૩) અનંગ - સ્તન, કક્ષા, સાથળ, વદન આદિમાં ક્રીડા કરવી. અથવા અનંગ - મોહના ઉદયરૂપ તીવ્ર મૈથુન અધ્યવસાય નામક કામ કહેવાય. તેના વડે કે તેમાં ક્રીડા કરી લીધા પછી પણ સ્વલિંગને આહરીને કાષ્ઠફળ, પુસ્તક, માટી, ચર્માદિથી બનેલ પ્રજનન વડે સ્ત્રીની યોનિનું આસેવન કરે.

(૪) પર વિવાહકરણ - પોતાના સંતાન સિવાયના સંતાનો 'પર' શબ્દથી ઓળખાય છે. તે કન્યાફળની લાલસાથી કે સ્નેહબંધથી વિવાહકરણ કરાય છે. અથવા ઉત્સર્ગથી પોતાના સંતાનોનું પણ વરણ આદિ ન કરે, તો બીજાની વાત ક્યાં રહી ? જે જેટલાં આગાર રાખે, તે તેને કલ્પે છે, બાકીના કલ્પતા નથી. મોટી કન્યાને ગોધનમાં દેવાનું ન કલ્પે.

(૫) કામના કરાય તે કામ – શબ્દ, રૂપ અને ગંધ. ભોગવાય તે ભોગ - રસ અને સ્પર્શ. આવા કામભોગોમાં તીવ્ર અભિલાષ કરવો અથવા તેનું અધ્યવસાયિત્વ કરવું. તે આ પ્રમાણે કરે છે –



રતિક્રીડા સમાપ્ત થયા પછી પણ સ્ત્રીના મુખમાં, કાનમાં, કક્ષામાં રહેલા અંતરમાં અતૃપ્તિથી લિંગ નાંખીને મરેલની જેમ પડ્યો રહે. ઘણો સમય નિશ્ચલ રહે. દાંત, નખ, કમળપત્ર આદિ વડે સ્ત્રીના કામને ઉત્તેજિત કરે, વાજીકરણાદિનો ઉપયોગ કરે. સ્ત્રીની યોનિનું મર્દન કરે.

આ અપરિગૃહીતાગમનાદિ આચરતો તે ચોથા વ્રતને અતિચરે છે. આમાં આગળના બે અતિચાર સ્વદારા સંતુષ્ટને હોય છે, પરદારાના વિવર્જકને હોતા નથી. બાકીના ત્રણે અતિચાર બંનેને હોય છે.

દોષ - ઈત્વરિક પરિગૃહીતા ગમનમાં બીજા સાથે વૈર થાય, મારે. તાડન કરે ઈત્યાદિ. એમ બાકીનામાં પણ કહેવું.

અતિચાર ચોથું વ્રત કહ્યું. હવે પાંચમું વ્રત કહે છે –

**● સૂત્ર-૬૮ :-**

***શ્રમણોપાસક અપરિમિત પરિગ્રહના પચ્ચકખાણ કરે. ઈચ્છાનું પરિમાણ સ્વીકાર કરે, એ પાંચમું અણુવ્રત.***

***તે પરિગ્રહ બે ભેદે છે. તે આ પ્રમાણે – સચિત્તનો પરિગ્રહ અને અચિત્તનો પરિગ્રહ.***

***ઈચ્છા પરિમાણ કરેલા શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ આચરવા ન જોઈએ. તે આ પ્રમાણે –***

***(૧) ધન ધાન્ય પ્રમાણાતિક્રમ, (૨) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ, (૩) હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ, (૪) દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ અને (૫) કુપ્ય પ્રમાણાતિક્રમ.***

**● વિવેચન-૬૮ :-**

પરિગ્રહવું તે પરિગ્રહ. અપરિમિત - પરિમાણ રહિત. તેના શ્રાવક પ્રત્યાખ્યાન કરે. સચિત્તાદિના અપરિમાણ પરિગ્રહથી વિરમે છે. અથવા ઈચ્છાના પરિમાણને સ્વીકારે છે. એટલે કે અચિત્ત આદિ ગોચરનું ઈચ્છા પરિમાણ કરે છે.

આ પરિગ્રહ બે ભેદે કહેલ છે – (૧) સચિત્ત - ચિત્તસહિત, દ્વિપદ ચતુષ્પદાદિ તે જ પરિગ્રહ. (૨) અચિત્ત – રત્ન, વસ્ત્ર, કુપ્યાદિ, તે જ અચિત્તપરિગ્રહ કહેવાય છે.

આ પાંચમાં અણુવ્રતમાં ન નિવૃત્ત થવાથી દોષ અને નિવૃત્ત થવાથી ગુણકારી છે. તેમાં આ ઉદાહરણ છે –

– લોભનંદ કુશીમૂલિકા પામીને વિનષ્ટ થયો અને નંદ શ્રાવક પૂજાયો તથા કોશ-ખજાનાના અધિપતિ રૂપે સ્થપાયો.

– અથવા વણિકની પત્ની રત્નોને વેચતી ભુખથી મરતી હતી, શ્રાવકે કહ્યું – હું આ રત્નોનો પરિક્ષક નથી. બીજાની પાસે લઈ જવા. તેણી બોલી કે જે યોગ્ય લાગે તે મૂલ્ય આપી દો. શ્રાવકે એકપ્રસ્થ આપ્યું. પછી સુભિક્ષકાળ થતાં તેનો પતિ

આવ્યો. પૂછે છે – રત્નો ક્યાં છે ? તેણી બોલી - રત્નો મેં વેંચી દીધા. કોને વેંચી દીધા ? તેણી બોલી – અમુક વણિકને ઘઉંની એકૈક સેતિકાના બદલામાં આપ્યા.

તે વણિકે તેને કહ્યું – રત્નો પાછા આપ અથવા તેનું પૂર્ણ મૂલ્ય આપ. તે બીજો વણિક આપવા તૈયાર ન હતો. ઝઘડો રાજા પાસે ગયો. આટલું મૂલ્ય વર્તે છે. આ વણિકે આટલી રકમનો જ માલ આપેલ છે. રાજાએ તે વણિકનો વિનાશ કર્યો.

જે શ્રાવકને રત્નો વેચવા માટે લઈ ગયેલ. તેને પરિગ્રહના પ્રમાણથી અતિરિક્ત છે, તેમ જાણીને ગ્રહણ ન કર્યા. શ્રાવકને તે ઈષ્ટ ન હોવાથી ન લીધા. તેથી શ્રાવક પૂજાયો – સત્કાર પામ્યો.

આ વ્રતને અતિચારરહિત પાળવું જોઈએ. તેથી કહે છે કે – ઈચ્છા પરિમાણ વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ તેને આચરવા-સેવવા નહીં તે આ પ્રમાણે.

(૧) ક્ષેત્રવાસ્તુ પ્રમાણ અતિક્રમ - તેમાં ધાન્ય ઉત્પત્તિની ભૂમિ તે ક્ષેત્ર, તે સેતુ અને કેતુના ભેદથી બે પ્રકારે છે. તેમાં સેતુ ક્ષેત્ર તે – અરઘટ્ટાદિથી સિંચિત હોય, કેતુક્ષેત્ર તે આકાશથી પડેલ જળ વડે નિષ્પાદ્ય હોય છે.

વાસ્તુ - ઘર, તે પણ ત્રણ ભેદે છે – ખાત, ઉત્સૃત, ખાતોચ્છ્રિત. તેમાં ખાત - ભૂમિગૃહાદિ, ઉચ્છ્રૃત - પ્રાસાદાદિ, ખાતોચ્છ્રિત - ભૂમિ ગૃહની ઉપર રહેલ પ્રાસાદ.

આ ક્ષેત્ર-વાસ્તુના પ્રમાણનો અતિક્રમ એટલે કે પ્રત્યાખ્યાન કાળે ગ્રહણ કરેલા પ્રમાણનું ઉલ્લંઘન.

(૨) હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ - હિરણ્ય એટલે ઘડેલું કે ન ઘડેલું રજત અથવા અનેક પ્રકારના દ્રમ્માદિ. સુવર્ણ-પ્રસિદ્ધ છે, તે પણ ઘડેલું કે ન ઘડેલું જાણવા.

આ બંનેના ગ્રહણથી ઈન્દ્રનીલ, મરકતાદિને પણ લેવા.

(૩) ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ - તેમાં ધન - ગોળ, સાકર આદિ ગાય, ભેંસ, બકરી, ઉંટ, ઘોડા આદિ બીજા પણ ધન કહેવાય છે.

ધાન્ય - ઘઉં, કોદરા, મગ, અડદ, તલ, ઘઉં, યવ આદિ.

(૪) દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ - તેમાં દ્વિપદ એટલે દાસી, મોર, હંસ આદિ. ચતુષ્પદ - હાથી, ઘોડા, ભેંસ આદિ.

(૫) કુપ્ય પ્રમાણાતિક્રમ - તેમાં કુપ્ય – આસન, શયન, ભાંડક, કરોટક, લોઢું આદિ ઉપસ્કરજાત કહેવાય છે.

આના ગ્રહણથી વસ્ત્ર અને કંબલાદિ પણ લઈ લેવા.

આ બધાંમાં ગ્રહણ કરેલા પ્રમાણથી જે વધારાનું લેવું તેને પ્રમાણ-અતિક્રમ કહેલો છે. એવા ક્ષેત્ર વાસ્તુ આદિ પ્રમાણના અતિક્રમાદિને આચરતો-સેવતો પાંચમા અણુવ્રતને ઉલ્લંઘે છે.

આમાં દોષ-જીવનો ઘાત આદિ કહેવા.

સાતિચાર પાંચમું અણુવ્રત કહ્યું. એ રીતે અણુવ્રતો કહ્યા.



૦ - હવે આના જ ગુણવ્રતોના પરિપાલનાર્થે ભાવનારૂપ ગુણવ્રતો, તેને જણાવે છે. તે ત્રણ હોય છે. જેમકે – દિગ્વ્રત, ઉપભોગ પરિમાણ અને અનર્થદંડનું પરિવર્જન.

તેમાં પહેલા ગુણવ્રતના સ્વરૂપને જણાવતા કહે છે –

● **સૂત્ર-૬૯ :-**

***દિશાવ્રત ત્રણ પ્રકારે કહેલ છે – ઉર્ધ્વદિશિવ્રત, અધોદિશિવ્રત અને તીર્છાદિશિવ્રત. દિશાવ્રતધારી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે – ઉર્ધ્વદિશિ પ્રમાણાતિક્રમ, અધોદિશિ પ્રમાણાતિક્રમ, તીર્છાદિશિ પ્રમાણાતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ, સ્મૃતિઅંતર્ધાન.***

● **વિવેચન-૬૯ :-**

શાસ્ત્રમાં દિશા અનેક પ્રકારે વર્ણવેલ છે. તેમાં સૂર્યને ઉપલક્ષીને પૂર્વા, બાકીની પૂર્વદક્ષિણાદિ, તે અનુક્રમે જાણવા. તેમાં દિશા સંબંધી તે દિક્ષુ. આમાં વ્રત એટલે પૂર્વાદિ વિભાગોમાં મારે ગમનાદિ અનુષ્ઠેય. તેથી આગળ નહીં, એવા પ્રકારે વ્રત તે દિગ્વ્રત.

આ દિગ્વ્રત સામાન્યથી ત્રણ ભેદે કહેલ છે તે આ પ્રમાણે –

(૧) ઉર્ધ્વદિગ્ - ઉર્ધ્વ દિશા, તે સંબંધી કે તેમાં જે વ્રત તે ઉર્ધ્વ દિગ્વ્રત. ઉર્ધ્વ દિશામાં આટલા પર્વતાદિ આરોહણથી અવગાહવા, તેથી વધુ નહીં એવા પ્રકારની જે ભાવના તે ઉર્ધ્વદિગ્વ્રત.

(૨) અધોદિગ્-અધોદિશા, તે સંબંધી કે તેમાં જે વ્રત, અધોદિગ્ વ્રત. આટલી દિશામાં નીચે ઈન્દ્રકૂવાદિમાં અવતરણ કરી અવગાહવું. તેથી આગળ નહીં. એ પ્રમાણે ધારવું.

(૩) તીર્છી દિશા - પૂર્વ આદિ દિશા, તે સંબંધી કે તેમાં જે વ્રત તે તિર્યગ્વ્રત. આટલી દિશા પૂર્વમાં અવગાહવી, આટલી દિશા દક્ષિમમાં ઈત્યાદિ. તેનાથી આગળ નહીં. એ પ્રમાણેનો ભાવ.

આમાં અવગૃહીત ક્ષેત્રથી બહાર સ્થાવર - જંગમ પ્રાણીગોચર દંડનો પરિત્યાગ થાય છે તે ગુણ છે.

આ વ્રત_તિચાર રહિત પાળવું જોઈએ. તેથી તેના અતિચારો જણાવતા કહે છે – દિગ્વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા જોઈએ.

(૧) ઉર્ધ્વદિક્ પ્રમાણાતિક્રમ - જેટલું પ્રમાણ ગ્રહણ કરેલ હોય, તેને ઉલ્લંઘવું નહીં, એ પ્રમાણે બીજે પણ ભાવના કરવી.

(૨) અધોદિક્ પ્રમાણાતિક્રમ, (૩) તિર્યગ્દિક્ પ્રમાણાતિક્રમ.

(૪) ક્ષેત્રવૃદ્ધિ - ક્ષેત્રની વૃદ્ધિ. જેમકે એક દિશામાં ૧૦૦ યોજન પરિમાણ સ્વીકારેલ હોય, બીજી દિશામાં દશ યોજન ગ્રહણ કરેલ હોય. તે દિશામાં કોઈ કાર્ય ઉત્પન્ન થાય ત્યારે ૧૦૦ યોજનમાંથી બાદ કરી દશ યોજન પરિમાણવાળી દિશામાં સ્વબુદ્ધિથી ઉમેરી દે. અર્થાત્ એક તરફ વૃદ્ધિ કરવી.

(૫) સ્મૃતિ અંતર્દ્ધાન - સ્મરણમાં ન રહેવું. મેં કેટલું પરિમાણ કરેલું, મર્યાદા કેટલી રાખેલી ? એ પ્રમાણે સ્મરણ ચાલી જાય. સ્મૃતિ એ નિયમઅનુષ્ઠાનનું મૂલ છે. તેનો ભ્રંશ થતાં નિયમથી નિયમ ભાંગે, તે અતિચાર.

અહીં સામાચારી આ છે – ઉર્ધ્વમાં જે પ્રમાણ ગ્રહણ કરેલ હોય, તેની ઉપર પર્વતના શિખરે કે વૃક્ષ ઉપર વાંદરો કે પક્ષી, શ્રાવકના વસ્ત્ર કે આભરણને ગ્રહણ કરીને પ્રમાણાતિરેક ઉપરની ભૂમિમાં જાય. ત્યારે તે શ્રાવકને ત્યાં જવં ન કલ્પે. જો તે પડે અથવા બીજો લાવી આપે તો કલ્પે.

આ વળી અષ્ટાપદ હેમકુંડ સમ્મેતમાં પ્રતિષ્ઠ. ઉજ્જયંત, ચિત્રકૂટ, અંજનક, મેરુ આદિ પર્વતોમાં થાય છે. એ પ્રમાણે અધો–કૂવા આદિમાં, તીર્છું જે પ્રમાણ ગ્રહણ કરેલ હોય તે ત્રિવિધ કરણો વડે પણ અતિક્રાંત કરાય નહીં. શ્રાવકોઓ ક્ષેત્રવૃદ્ધિ ન કરવી જોઈએ.

કઈ રીતે ? તે પૂર્વમાં ભાંડ ગ્રહણ કરીને જતાં જેટલા પ્રમાણમાં જાય, પછી ભાંડનું મૂલ્ય ઉપજાવવા પશ્ચિમમાં જેટલા યોજનો છે તે પૂર્વ દિશામાં ઉમેરી દે, તો આવી ક્ષેત્રવૃદ્ધિ કરવી, તેને ન કલ્પે. જ્યાંથી અતિક્રમ થાય ત્યાંથી જ પાછો ફરે અને વિસ્મૃતિમાં ન જવું. બીજાને પણ ન મોકલે. અજ્ઞાનતાથી કોઈ પણ ગયેલ હોય તો વિસ્મૃત ક્ષેત્રે જવાથી જે પ્રાપ્ત થાય તેને ગ્રહણ ન કરે.

સાતિચાર પહેલું ગુણવ્રત કહ્યું. હવે બીજું કહે છે –

● **સૂત્ર-૭૦ :-**

***ઉપભોગ - પરિભોગવ્રત બે ભેદે કહેલ છે તે આ – ભોજન વિષયક અને કર્માદાન વિષયક. ભોજન સંબંધી પરિમાણ કરનાર શ્રાવકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ – સચિત્તાહાર, સચિત્તપ્રતિબદ્ધાહાર, અપક્વ ઔષધિ ભક્ષણ, તુચ્છૌષધિ ભક્ષણ, દુષ્પક્વ ઔષધિ ભક્ષણ.***

● **વિવેચન-૭૦ :-**

ઉપભોગવાય તે ઉપભોગ. અહીં 'ઉપ' શબ્દ એક અર્થમાં છે. તેથી સકૃત્‌ભોગ તે ઉપભોગ – અશન, પાન આદિ. અથવા અંતર્ભોગ તે ઉપભોગ-આહાર આદિ. પરિભોગવાય તે પરિભોગ. અહીં 'परि' શબ્દ આવૃત્તિમાં વર્તે છે. પુનઃ પુનઃ ભોગ-વસ્ત્રાદિનો તે પરિભોગ. અથવા બહિર્ભોગ તે જ પરિભોગ, એ પ્રમાણે જ વસ્ત્ર, અલંકારાદિ. અહીં परि શબ્દ બહિર્વાચક છે. આ વિષયમાં વ્રત તે ઉપભોગપરિભોગવ્રત.

આ વ્રત બે ભેદે છે - ભોજનથી અને કર્મથી.

તેમાં ભોજનમાં ઉત્સર્ગથી નિરવધ આહાર ભોજીને કહેવા. કર્મથી પણ પ્રાયઃ નિરવધ કર્માનુષ્ઠાનયુક્ત કહેવા.

અહીં સામાચારી આ પ્રમાણે છે – ભોજનથી શ્રાવક ઉત્સર્ગ વડે પ્રાસુક આહાર કરે. તે ન હોય તો અપ્રાસુક છતાં સચિત્તને વર્જે. તે પણ ન હોય તો અનંતકાય અને બહુબીજકને પરિહરે.

તે સિવાય ભોજનમાં આ પણ પરિહરે :- અશનમાં – અનંતકાય, આદુ, મૂળા





આદિ અને માંસ. પાન - માંસનો રસ અને મજ્જા આદિ, ખાદ્યમાં – ઉદુંબર, ઉંબર, વડ, પીંપર, પિલુંખ આદિ. સ્વાદિમમાં - મધુમાદિ. અચિત્ત આહાર કરે. જો ન થાય તો ઉત્સર્ગથી ભક્ત પ્રત્યાખ્યાન કરે, જો તે માટે સમર્થ ન હોય તો અપવાદથી સચિત્ત એવા અનંતકાય, બહુ બીજક આદિને વર્જે. કર્મથી પણ અકર્મા થવું શક્ય નથી, ત્યારે અત્યંત અસાવધ હોય તેનો ત્યાગ કરે.

આ વ્રત પણ અતિચાર રહિત પાળવું જોઈએ. તેથી તેના અતિચાર જણાવતા કહે છે – શ્રાવકે ભોજન સંબંધી વ્રતમાં આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ તેને આચરવા - સેવવા નહીં.

(૧) સચિત્તાહાર – ચેતના સંજ્ઞા કે ઉપયોગ કે ઉપધાન પર્યાય વાચી શબ્દો છે. સચિત્ત એવો આહાર અથવા જે સચિત્તનો આહાર કરે છે તે અથવા મૂળ, કંદલી, કંદક, આદુ આદિ સાધારણ - પ્રત્યેક વનસ્પતિ શરીરો, સચિત્ત પૃથ્વી આદિનો આહાર કરે છે.

(૨) સચિત્ત પ્રતિબદ્ધાહાર – જેમકે વૃક્ષમાં ચોંટેલ ગુંદ, પાકાફળ.

(૩) અપક્વ ઔષધિ ભક્ષણ - તે પ્રસિદ્ધ છે. પાઠાંતરથી સચિત્ત સંમિશ્ર આહાર. સચિત્ત વડે સંમિશ્ર - વલ્લી આદિ, પુષ્પાદિ સંમિશ્ર.

(૪) દુષ્પક્વ ઔષધિ ભક્ષણ – દુષ્પક્વ એટલે અસ્વિન્ન, પુરા ન ચડેલા. તેની ભક્ષણતા.

(૫) તુચ્છૌષધિભક્ષણ - અસાર એવી મગફળી વગેરે. આમાં પણ મોટી વિરાધના અને અલ્પ સંતોષ થાય છે, ઘણાં પણ ઐહિક એવા અપાયો તેમાં સંભવે છે.

આમાં શિંબાખાદકનું ઉદાહરણ છે – ક્ષેત્રરક્ષક હતો, તે શિંબા ખાય છે. રાજા નીકળ્યો, ત્યારે ખાતો હતો. મધ્યાહ્ને પાછો આવ્યો ત્યારે પણ ખાતો હતો. રાજાએ કૌતુકથી તેનું પેટ ચીરી નાંખ્યુ - આ કેટલું ખાય છે ? તેમાં ફીણ સિવાય બીજું કંઈ જ ન હતું.

હવે કર્મથી જે વ્રત કહ્યું. તે પણ અતિચાર રહિત પાળવું જોઈએ. તેથી તેના અતિચારોને જણાવવા માટે કહે છે –

● **સૂત્ર-૭૧ :-**

***કર્માદાન સંબંધી પ્રત્યાખ્યાન કરનાર શ્રાવકે આ પંદર કર્માદાનોને જાણવા જોઈએ પણ આચરવા ન જોઈએ. તે આ પ્રમાણે –***

***– અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ.***

***– દંત વાણિજ્ય, લાક્ષ વાણિજ્ય, રસ વાણિજ્ય, વિષવાણિજ્ય, કેશવા૦***

***– યંત્રપીલણકર્મ, નીર્લાંછનકર્મ, દવાગ્નિદાપનતા, સર-દ્રહ-તળાવનું શોષણ કરવું, અસતીપોષણતા.***

● **વિવેચન-૭૧ :-**

કર્મથી જે વ્રત કહ્યું, તેને આશ્રીને શ્રાવકે આ પ્રસ્તુત પંદર કર્માદાનોનો અસાવધ જીવન ઉપાય અભાવમાં પણ, તેઓમાં ઉત્કટ જ્ઞાનાવરણીયાદિ કર્મ હેતુત્વથી

જે આદાન, તે કર્માદાનો જાણવા.

અંગારકર્મ — અંગાર કરણ - કોલસાદિ વેચવાની ક્રિયા. એ પ્રમાણે વન, શકટ, ભાટક, સ્ફોટન, દાંત, લાખ ઈત્યાદિ પંદરે જાણવા. તેનો ભાવાર્થ.

(૧) અંગારકર્મ — અંગારા બાળીને વેચે, તેમાં છ એ કાયના જીવોનો વધ થાય માટે તે ન કલ્પે.

(૨) વનકર્મ — જે વન ખરીદે, પછી વૃક્ષોને છેદીને, તેના મૂળ વડે જીવે છે. એ પ્રમાણે પણ્ય આદિનો પણ પ્રતિષેધ છે.

(૩) શાકટિક કર્મ — ગાડાં આદિ પણાથી જીવે છે. તેમાં વધ-બંધાદિદોષ.

(૪) ભાટક કર્મ - પોતાના ભાંડ ઉપસ્કરને ભાડાથી બીજાને આપવા ન કલ્પે, બીજા દ્વારા પણ બળદ આદિ ન અપાવવા ન કલ્પે.

(૫) સ્ફોટક કર્મ — હળ આદિથી ભૂમિ ફોડવી.

(૬) દંત વાણિજ્ય — પહેલાંથી ભીલ આદિને મૂલ્ય આપે, દાંત લેવા માટે. પછી તે ભીલો હાથી આદિને મારીને રાખે, જેથી જલ્દી તે વણિક આવશે. એ રીતે માછીમારોને શંખનું મૂલ્ય આપે છે, આ બધું ન કલ્પે.

(૭) લાક્ષવાણિજ્ય — તેમાં કૃમિ થાય તે દોષ છે.

(૮) રસવાણિજ્ય — કૌલાલત્વ, સુરા આદિ, તેના પાનમાં ઘણાં દોષ છે. જેવા કે મારણ, આક્રોશ, વધાદિ તેથી તે ન કલ્પે.

(૯) વિષવાણિજ્ય — ઝેરનો વેપાર, તેને ન કલ્પે ઘણી જીવ વિરાધના છે.

(૧૦) કેશવાણિજ્ય — દાસીને ગ્રહણ કરીને બીજે વેંચી દે. તેમાં પણ ઘણાં દોષ છે. જેમકે — પરવશતા આદિ.

(૧૧) યંત્રપીડન કર્મ — ઘાણી, શેરડી પીલવાનો ચીચોડો, ચક્ર આદિ.

(૧૨) નિર્લાંછન કર્મ — બળદ આદિની ખસી કરવી ન કલ્પે.

(૧૩) દવાગ્નિદાપનતા — વન વગેરેને બાળવા.

(૧૪) સર-દ્રહ-તળાવનું શોષણ-કરે, પછી તેમાં વાવણી કરે આદિ.

(૧૫) અસતીપોષણ - અસતીને પોષવી. જેમ ગૌડ દેશમાં યોનિપોષકો દાસીને ભાડેથી ગ્રહણ કરે છે.

આ બધાં બહુ સાવધ કર્મો છે, માટે તેનો ત્યાગ કરવો.

સાતિચાર બીજું વ્રત કહ્યું. હવે ત્રીજું ગુણવ્રત કહે છે —

● **સૂત્ર-૭૨ :-**

***અનર્થ દંડ ચાર ભેદે કહેલ છે — અપધ્યાનાચરિત, પ્રમત્તાચરિત, હિંસ્રપ્રદાન, પાપકર્મોપદેશ. અનર્થદંડ વિરમણ વ્રતી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ — કંદર્પ, કૌકુત્ચ્ય, મૌખરિક, સંયુક્તાધિકરણ, ઉપભોગ પરિ-ભોગાતિરિક્ત.***

● **વિવેચન-૭૨ :-**

અર્થ - પ્રયોજન, ગૃહસ્થને ક્ષેત્ર, વાસ્તુ, ધન, શરીર, પરિજનાદિ વિષયક. તેને



માટે આરંભ - જીવઘાત થાય તે અર્થદંડ. અહીં દંડ એટલે નિગ્રહ, યાતના કે વિનાશ એ પર્યાયવાચી છે. અર્થ વડે - પ્રયોજનથી જે દંડ તે અર્થદંડ, તે આ જીવના ઉપમર્દન રૂપ દંડ. ક્ષેત્ર આદિ પ્રયોજન અપેક્ષાથી અર્થદંડ કહ્યો. તેથી વિપરીત તે અનર્થદંડ - પ્રયોજન નિરપેક્ષ.

અનર્થ - અપ્રયોજન, અનુપયોગ, નિષ્કારણ એ પર્યાયો છે. કારણ વિના જ જીવોને દંડવા તે. તથા કુઠારથી હસતા વનસ્પતિના શાળા સ્કંધ આદિમાં પ્રહાર કરે, ત્યારે કીડી-મંકોડા આદિને નિશ્ચે મારે છે. તેમનો નાશ કરવામાં કંઈ અતિશય ઉપકારી પ્રયોજન હોતું નથી કે જેના વિના ગૃહસ્થપણું પાળવું શક્ય ન બને.

આ અનર્થદંડ ચાર ભેદે કહેલ છે, તે આ પ્રમાણે —

(૧) અપધ્યાનાચરિત - અપધ્યાન વડે આચરિત. અપધ્યાન એટલે અપ્રશસ્ત ધ્યાન. અહીં કોંકણક સાધુ આદિ જાણવા.

(૨) પ્રમાદાચરિત - પ્રમાદ વડે આચરેલ. પ્રમાદ તે મદ્ય આદિ પાંચ પ્રકારે છે. મદ્ય, વિષય, કષાય, વિકથા, નિદ્રા.

આનું અનર્થદંડત્વ તેના શબ્દાર્થ દ્વારથી સ્વબુદ્ધિથી કહેવું.

(૩) હિંસાપ્રદાન — હિંસાના હેતુત્વથી આયુધ, અગ્નિ, વિષ આદિને પણ હિંસા કહેવાય છે. તેનું બીજાને જે પ્રદાન ક્રોધથી અભિભૂત હોય કે અનભિભૂત હોય તેને કરવું ન કલ્પે. પ્રદાનમાં અનર્થદંડ થાય.

(૪) પાપકર્મોપદેશ — નરકાદિમાં પાડે તે પાપ, તેથી પ્રધાન કર્મ તે પાપકર્મ, તેનો ઉપદેશ. જેમ કે ખેતી આદિ કરો. બળદને દમો, ઈત્યાદિ શ્રાવકને ઉપદેશ દેવો ન કલ્પે. કેમકે શ્રાવક જિનવચનનો સાર જાણે છે.

આ વ્રતને અતિચાર રહિત પાળવું જોઈએ, તેથી આ વ્રતના અતિચારને જણાવવા કહે છે — અનર્થ દંડ વિરત શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ આચરવું નહીં. તે આ પ્રમાણે —

(૧) કંદર્પ - કામ, તે હેતુ માટે વિશિષ્ટ વાક્યપ્રયોગ કંદર્પ કહે ચે. રાગના અતિરેક કે ઉદ્રેકથી પ્રહાસ મિશ્ર મોહ ઉદ્દીપક નર્મ - અને ભાવ છે. અહીં સામાચારી આ છે - શ્રાવકને અટ્ટહાસ્ય કરવું ન કલ્પે જો હસવું હોય તો થોડું જ હાસ્ય કરે.

(૨) કૌકુત્ચ્ય - કુત્સિત સંકોચનાદિ ક્રિયા યુક્ત. કુચ-કુકુચ, તેનો ભાવ તે કૌકુત્ચ્ય - અનેક પ્રકારે મુખ, નયન, હોઠ, હાથ, પગ, ભ્રૂવિકાર પૂર્વિકા પરિહાસાદિ જનક ભાંડાદિની જેમ વિડંબના ક્રિયા, સામાચારી આ છે કે — જેનાથી લોકમાં હાસ્ય ઉત્પન્ન થાય તેવું બોલવું ન કલ્પે.

(૩) મૌખર્ય - ધૃષ્ટતાથી પ્રાયઃ અસત્ય, અસંબદ્ધ પ્રલાપ કહે છે. અથવા મુખ વડે અરિને આણે છે. જેમ કુમાર અમાત્યએ તે ચારભટને વિસર્જિત કર્યો. રાજાને નિવેદન કર્યુ, તેને જીવિકા વૃત્તિ આપી. અન્યદા રોષથી મારી નાંખ્યો. [અહીં કથા છે, તે ગ્રંથાંતરથી જોવી.]

(૪) સંયુક્તાધિકરણ — જેના વડે નરકાદિમાં જવાય તે અધિકરણ. વાસ્તુ,

ઉદૂખલ, શિલાપુત્રક, ઘંટી ઈત્યાદિ. સંયુક્ત - અર્થ ક્રિયાકરણ યોગ્ય એવું તે અધિકરણ. આ સામાચારી છે – શ્રાવકે સંયુક્ત એવા ગાડા વગેરે ધારણ ન કરવા. એ પ્રમાણે વાસી, પરશુ આદિમાં જાણવું.

(૫) ઉપભોગ - પરિભોગ અતિરેક - પૂર્વે વ્યાખ્યા કરેલ છે. અહીં પણ આ સામાચારી છે. ઉપભોગાતિરિક્ત - જો તૈલ, આમલકાદિ ઘણાં ગ્રહણ કરે છે. તેથી ઘણાં સ્નાનકારક લોભથી આવે છે. બીજા ન સ્નાન કરનારા પણ સ્નાન કરે છે. અહીં પોરા આદિ અપ્કાયનો વધ થાય છે. એ પ્રમાણે પુષ્પ, તાંબુલ આદિમાં જાણવું. એ પ્રમાણે ન વર્તે.

શ્રાવકને ઉપભોગ સ્નાનમાં શો વિધિ છે ? ઘરે સ્નાન કરવાનું ન હોય ત્યારે તેલ, આમલક વડે મસ્તક ધોઈને પછી તળાવ આદિના કિનારે બેસીને અંજલિ વડે સ્નાન કરે. એ પ્રમાણે જે પુષ્પોમાં પુષ્પ કુંથુઆ છે, તેને પરિહરે.

સાતિચાર ત્રીજું અણુવ્રત કહ્યું, હવે શિક્ષાપદ વ્રતો કહે છે. તે ચાર ભેદે છે – સામાયિક, દેશાવકાસિક, પૌષધ, અતિથિ સંવિભાગ.

તેમાં પહેલું શિક્ષાપદવ્રત પ્રતિપાદન કરતાં કહે છે –

● **સૂત્ર-૭૩ થી ૭૭ :-**

***સામાયિક એટલે સાવધયોગનું પરિવર્જન અને નિરવધ યોગનું પ્રતિસેવન. એમ શિક્ષા અધ્યયન બે પ્રકારે કહ્યું છે.***

***ઉપપાત – સ્થિતિ, ગતિ, કષાય, બંધ અને વેદન આ પાંચ અતિક્રમણ વર્જવા.***

***સામાયિક કરેલ હોય ત્યારે શ્રાવક શ્રમણ જેવો થાય છે. આ કારણે વારંવાર સામાયિક કરવી જોઈએ.***

***બધે જ 'વિરતિ' કહેવાઈ છે, ખરેખર બધે 'વિરતિ' હોતી નથી, તેથી સર્વવિરતિવાદી દેશ અને સર્વથી (સામાયિક) કહે છે.***

***સામાયિક વ્રતધારી શ્રાવકને આ પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે – મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન, સામાયિકમાં સ્મૃતિ ન કરવી તે અને સામાયિક અનવસ્થિત કરવી તે.***

● **વિવેચન-૭૩ થી ૭૭ :-**

સમ - રાગદ્વેષ રહિત જે સર્વ જીવોને આત્મવત્ જુએ છે તે. આય - લાભ કે પ્રાપ્તિ. સમનો આય તે સમાય. સમ જ પ્રતિક્ષણે અપૂર્વ જ્ઞાન-દર્શન-ચરણ પર્યાયોથી નિરૂપમ સુખ હેતુ વડે ચિંતામણી કલ્પવૃક્ષની ઉપમા વડે યોજાય છે. તે જ સમયનું પ્રયોજન આ ક્રિયાઅનુષ્ઠાનનું છે. તે સામાયિક. સમાય જ સામાયિક.

અવદ્ય - ગર્હિત, પાપ. અવધની સાથે તે સાવધ. યોગ - વ્યાપાર, કાયિક આદિ તેનું પરિવર્જન-પરિત્યાગ. કાળ અવધિ વડે જાણવો. તેમાં માત્ર સાવધયોગનું પરિવર્જન નથી પણ અપાપ વ્યાપાર આસેવન છે. તેથી કહે છે કે – નિરવધયોગનું પ્રતિસેવન કરવું. અહીં સાવધ યોગના ત્યાગ માફક નિરવધયોગ પ્રતિસેવનમાં પણ રોજ પ્રયત્ન



કરવો તે દર્શાવવા માટે 'च' શબ્દ છે. પરિવર્જન અને પ્રતિસેવન બંને ક્રિયાની તુલ્યતા બતાવે છે.

અહીં સામાચારી આ છે – શ્રાવકે કઈ રીતે સામાયિક કરવી જોઈએ ?

અહીં શ્રાવક બે ભેદે છે – ઋદ્ધિ પ્રાપ્ત અને ઋદ્ધિ ન પામેલા. તેમાં જે ઋદ્ધિ ન પામેલા શ્રાવક છે, તે ચૈત્યગૃહે કે સાધુ સમીપે કે ઘરે કે પૌષધશાળામાં જ્યાં વિશ્રામ કરે કે નિર્વ્યાપાર રહે, ત્યાં બધે સામાયિક કરે. ચાર સ્થાનોમાં નિયમથી કરવી જોઈએ – ચૈત્યગૃહે, સાધુ પાસે, પૌષધશાળે અથવા ઘેર આવશ્યક કરે છે.

તેમાં જો સાધુની પાસે કરે તો શો વિધિ છે ? જો કોઈ પરભય ન હોય, જો કોઈ સાથે વિવાદ ન હોય, જેના સાથે આકર્ષ-વિકર્ષ ન હોય તેવા કોઈને ચિત્તમાં ન ધારે, અથવા અધમર્ણ જોઈને ન ગ્રહે કે ન જાય. જો વ્યાપાર ન કરતો હોય તો ઘેર જ સામાયિક કરીને જાય.

કેવી રીતે જાય ? પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઈર્યાદિ યુક્ત જેમ જેમ સાધુ જાય તેમ તથા ભાષામાં સાવધને પરિહરતો, એષણામાં ઢેકું કે કાષ્ઠને પડિલેહી - પ્રમાર્જી એ પ્રમાણે આદાન-નિક્ષેપમાં, શ્લેષ્મ-મેલ આદિ ત્યાગ ન કરતો અથવા ત્યજતા પ્રતિલેખન અને પ્રમાર્જના કરે. જ્યાં રહે, ત્યાં પણ ગુપ્તિનિરોધ કરે છે. આ વિધિથી જઈને, ત્રિવિધે સાધુને નમસ્કાર કરીને પછી સામાયિક કરે.

"करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं जाव साधू पज्जुवासामि" એમ કહીને પછી –

ઈર્યાપથિકી પ્રતિક્રમે છે. પછી આલોચના કરીને આચાર્યાદિને રાત્નિકના ક્રમે વાંદે છે. ફરી પણ ગુરુને વાંદીને પડિલેહણ કરીને બેસે, પૃચ્છા કરે કે ભણે.

એ પ્રમાણે ચૈત્યોમાં પણ કરે.

જો સ્વગૃહે, પૌષધશાળામાં કે આવાસકમાં કરે, તો ત્યારે ગમન હોતું નથી.

જે શ્રાવક ઋદ્ધિપ્રાપ્ત છે, તે સર્વઋદ્ધિથી આવે છે. તેનાથી લોકોમાં ઉત્સાહ વધે છે અને સુપુરુષના પરિગ્રહથી સાધુનો આદર વધે છે. જો તે સામાયિક કરીને આવે, તો હાથી - ઘોડા આદિથી લોકોને અધિકરણ-હિંસા વર્તે છે, માટે તેમ ન કરે. કૃત સામાયિકથી બે પગ વડે જ જવું જોઈએ. તેથી તે પ્રમાણે સામાયિક ન કરે. સાધુ સમીપે જ કરે છે.

જો તે શ્રાવક છે, તો કોઈ પણ ઉભો ન થાય. જો તે યથાભદ્રક છે, તો તેનો આદર થાઓ એમ કહેલ છે. ત્યારે પૂર્વે રાખેલ આસન અપાય. આચાર્ય પણ ઉભા થઈને રહે.

ત્યારપછી તે ઋદ્ધિ પ્રાપ્ત શ્રાવક સામાયિકને વિધિપૂર્વક કરે - તે આ પ્રમાણે - "करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविधं तिविधेण जाव नियमं पज्जुवासामि."

એ પ્રમાણે સામાયિક કરીને, પ્રતિક્રમી, વાંદીને પૂછે છે.

તે કદાચ સામાયિક કરતો મુગટ દૂર કરે, કુંડલો, નામ મુદ્રાને દૂર કરે, પુષ્પ-

તાંબુલ-પ્રાવારક આદિને ત્યાગ કરે. આ વિધિ છે.

૦ સાવધયોગ પરિવર્જનાદિ રૂપત્વથી સામાયિકને કરેલ શ્રાવક વસ્તુતઃ સાધુ જેવો કઈ રીતે થાય ? તે શા માટે ઈત્વર સર્વ સાવધયોગ પ્રત્યાખ્યાન જ ત્રિવિધ ત્રિવિધે કરતો નથી ?

[સમાધાન] સામાન્યથી સર્વ સાવધયોગ પ્રત્યાખ્યાન ગૃહસ્થને અસંભવ હોવાથી કેમકે આરંભમાં તેમની અનુમતિનો વિચ્છેદ થયો નથી, તથા સુવર્ણ આદિમાં આત્મીય પરિગ્રહથી નિવૃત્ત થયો નથી, અન્યથા સામાયિકના ઉત્તરકાળમાં પણ તેના અગ્રહણનો પ્રસંગ આવે, માટે ન કરે.

સાધુ અને શ્રાવક વચ્ચે વિસ્તારથી ભેદ જણાવે છે —

● **સૂત્ર-૭૪ [ગાથા]ની વ્યાખ્યા :-**

અહીં શિક્ષાકૃત એ સાધુ અને શ્રાવકમાં મોટો ભેદ છે. તે શિક્ષા બે ભેદે છે - આસેવન શિક્ષા અને ગ્રહણશિક્ષા.

आसेवना - પ્રત્યુપેક્ષણાદિ ક્રિયારૂપ છે. शिक्षा - અભ્યાસ. તેમાં આસેવન શિક્ષાને આશ્રીને સંપૂર્ણ જ ચક્રવાલ સામાચારીને સાધુ સદા પાલન કરે. શ્રાવક પાલન ન કરે. તે કાળે પણ સંપૂર્ણ અપરિજ્ઞાનથી અસંભવ છે.

ग्रहण - શિક્ષાને આશ્રીને સાધુ સૂત્રથી અને અર્થથી જઘન્યથી આઠ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી બિંદુસાર પર્યન્ત ગ્રહણ કરે છે. શ્રાવક તો સૂત્ર અને અર્થથી જઘન્યથી આઠ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી છ જીવનિકાય અધ્યયન સધી ઉભયથી અને પિન્ડૈષણા સુધી સૂત્ર અને અર્થથી ગ્રહણ કરે. - x -

સૂત્ર પ્રામાણ્યથી વિશેષતા કહે છે — "સામાયિકને જ કરતો શ્રાવક જે કારણે શ્રમણ સમાન થાય છે, તે કારણે વારંવાર સામાયિક કરવી જોઈએ." આની કિંચિત્ વ્યાખ્યા કરે છે — 'સામાયિક' શબ્દ પૂર્વે નિરૂપેલ છે. तु શબ્દ અવધારણાર્થે છે. તેથી સામાયિક કરે તે જ કાળે, બાકીના કાળે શ્રાવક સાધુ સમાન ન થાય. આ કારણે અનેકવાર સામાયિક કરવી. અહીં 'સાધુ સરીખો' કહ્યું છે. 'સાધુ' કહેલ નથી. જેમ સમુદ્ર જેવું તળાવે છે, સમુદ્ર નથી.

ઉપપાતથી ભેદ બતાવે છે — સાધુ સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થાય છે. જ્યારે શ્રાવક ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે ઉત્પન્ન થાય. જઘન્યથી તો બંને સૌધર્મ કલ્પે જ જાય. કહ્યું છે કે — અવિરાધિત શ્રામણ્યવાળા સાધુ અને શ્રાવકને પણ જઘન્યથી સૌધર્મકલ્પે ઉપપાત જિનેશ્વરે કહેલ છે.

સ્થિતિથી ભેદ - સાધુને ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ અને જઘન્યથી પલ્યોપમ પૃથકત્વ સ્થિતિ થાય. શ્રાવકને ઉત્કૃષ્ટ ૨૨-સાગરોપમ અને જઘન્ય પલ્યોપમ સ્થિતિ દેવલોકે થાય.

ગતિથી ભેદ - વ્યવહારથી સાધુ પાંચે ગતિમાં જાય છે તથા કુરુટ અને ઉત્કુરુટ નરકે ગયા. કુણાલા દેષ્ટાંતમાં એવું સંભળાય છે. શ્રાવક તો ચાર ગતિમાં જાય, સિદ્ધ ગતિમાં ન જાય. બીજા કહે છે — સાધુ સુરગતિમાં અને મોક્ષે પણ જાય,



શ્રાવક ચારે ગતિમાં જાય.

કષાયથી ભેદ - સાધુ કષાયના ઉદયને આશ્રીને સંજ્વલન અપેક્ષાથી ચાર-ત્રણ-બે-એક કષાયના ઉદયવાળા કે અકષાયી પણ હોય, કેમકે છદ્મસ્થ-વીતરાગાદિ હોય. શ્રાવક તો બાર કષાયના ઉદયવાળા અને આઠ કષાયના ઉદયવાળો હોય. જ્યારે બાર કષાયવાન્ હોય ત્યારે અનંતાનુંબંધી વર્જીને લેવા. કેમકે તે અવિરતને જાણવા. જો આઠ કષાયનો ઉદયવાન્ હોય ત્યારે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન કષાય વર્જીને હોય કેમકે તે દેશવિરતને હોય.

બંધની દૃષ્ટિએ ભેદ — સાધુ મૂળ પ્રકૃતિની અપેક્ષાથી અષ્ટવિધ બંધક કે સપ્તવિધબંધક કે ષડ્‌વિધ બંધક કે એકવિધ બંધક હોય છે. કહ્યું છે કે — જીવો આયુને છોડીને સપ્તવિધ બંધકો હોય છે. સૂક્ષ્મ સંપરાયવાળા છ પ્રકારે બંધવાળા કહેલા છે. તેઓ મોહનીય અને આયુને છોડીને પ્રકૃતિના બંધક કહેલા છે. ઉપશાંત ક્ષીણ મોહા અને કેવલીઓ એકવિધબંધક હોય છે. વળી તે દ્વિસમયસ્થિતિક બંધક હોય છે, સાંપરાયિક નહીં. શૈલેશીકરણ કરતાં અબંધકા હોય છે તેમ જાણવું જ્યારે શ્રાવકો અષ્ટવિધબંધક કે સપ્તવિધ બંધકો હોય છે.

વેદનાની દૃષ્ટિએ ભેદ — સાધુ આઠ કે સાત કે ચાર પ્રકૃતિના વેદક છે, શ્રાવકો નિયમા આઠ પ્રકૃતિને વેદે છે.

પ્રતિપત્તિને આશ્રીને ભેદ - સાધુ પાંચ મહાવ્રત સ્વીકારે છે, શ્રાવક તો એક, બે, ત્રણ, ચાર કે પાંચે અણુવ્રત સ્વીકારે.

અથવા સાધુ એક વખત સામાયિક સ્વીકારીને સર્વકાળ ધારણ કરે છે, શ્રાવક તે વારંવાર સ્વીકારે છે.

અતિક્રમને આશ્રીને ભેદ - સાધુને એક વ્રતના ઉલ્લંઘનમાં પાંચે વ્રતોનું ઉલ્લંઘન છે. શ્રાવકને તો એક-એકનું જ ઉલ્લંઘન થાય. શ્રાવકને માટે સર્વ શબ્દ પ્રયોજાતો નથી કેમકે કદાચ તેને દેશ વિરતિનો પણ અભાવ થાય. 'सर्व' એમ કરીને સર્વ સાવદ્ય યોગનો હું પરિત્યાગ કરું છું એમ કહીને વિરતિ પણ તેમને 'सर्वा' સંપૂર્ણ હોતી નથી. કેમકે શ્રાવકને અનુમતિ વડે નિત્ય પ્રવૃત્તત્વથી સર્વ વિરતિ ન થાય.

એ પ્રમાણે તે સર્વ વિરતિવાદી દેશ વિરતિ અને સર્વ વિરતિને ચૂકે છે, કેમકે તે પ્રત્યક્ષ મૃષાવાદિપણે છે.

પ્રસંગે આટલું કહ્યું, તે પર્યાપ્ત છે. હવે સૂત્ર કહીએ છીએ—

આ વ્રત પણ શિક્ષાપદના અતિચાર રહિત પાળવું જોઈએ, તેથી કહે છે કે — સામાયિકવ્રતી શ્રાવકને આ પાંચ અતિચારો જાણવા જોઈએ પણ આચરવા - સેવવા ન જોઈએ. તે આ પ્રમાણે —

(૧) મનોદુષ્પ્રણિધાન :- પ્રણિધાન એટલે પ્રયોગ, દુષ્ટ પ્રયોગને મનથી કરે તેને મનો દુષ્પ્રણિધાન કહે છે. સામાયિક કરેલ ગૃહસ્થનું એ કર્તવ્ય છે અસુકૃત્ દુષ્કૃતનું પરિચિંતન ન કરે. કહ્યું છે — સામાયિક કરીને જે શ્રાવક ગૃહચિંતા કરે છે, તે આર્ત્ત-વશાર્ત્તને પામીને તેની સામાયિક નિરર્થક કરે છે.

(૨) વચન દુષ્પ્રણિધાન :- સામાયિક કરેલો અસભ્ય, નિષ્ઠુર, સાવધ વચનપ્રયોગ ન કરે. કહ્યું છે – કૃત સામાયિક પૂર્વ બુદ્ધિથી વિચારીને બોલે, સદા નિરવધ વચન બોલે, અન્યથા તેને સામાયિક ન થાય.

(૩) કાય દુષ્પ્રણિધાન :- સામાયિક કરેલને અપડિલેહિતાદિ ભૂમિ આદિમાં હાથ-પગ આદિના દેહ-અવયવોની અનિભૃત સ્થાપના. કહ્યું છે કે – અનિરીક્ષ્ય અને અપ્રમૃજ્ય સ્થંડિલ સ્થાનાદિ સેવતો હિંસાના અભાવમાં પણ પ્રમાદને કારણે તે કૃતસામાયિક નથી.

(૪) સામાયિકની સ્મૃતિ ન હોવી - સામાયિક સંબંધી જે સ્મરણા તે સ્મૃતિ અર્થાત્ ઉપયોગ. તેનું અકરણ - ન સેવવું તે. અર્થાત્ પ્રબળ પ્રમાદવાન્ યાદ રાખતો નથી કે આ વેળામાં મારે જે સામાયિક કર્તવ્ય છે, તે કરેલ છે કે નથી, મોક્ષ સાધન અનુષ્ઠાનનું મૂળ સ્મૃતિ છે. કહ્યું છે કે – જે પ્રમાદયુક્ત સ્મરણ કરતો નથી કે સામાયિક ક્યારે કર્તવ્ય છે, સામાયિક કરી કે ન કરી તે યાદ ન રહે તો કરેલી પણ વિફળ જાય છે.

(૫) સામાયિકનું અનવસ્થિત કરણ તે અનવસ્થિતકરણ. અનવસ્થિત અલ્પકાલ કે કર્યા પછી અનંતર જ તજે છે. જેમ-તેમ કરવું તે અનવસ્થિત. કહ્યું છે કે – સામાયિક કરીને તત્ક્ષણ જ પારે છે અથવા ઈચ્છા મુજબ કરે છે, તે અનવસ્થિત સામાયિક અનાદરને કારણે શુદ્ધ નથી.

સાતિચાર પહેલું શિક્ષાપદ 'સામાયિક' કહ્યું.

હવે બીજા શિક્ષાપદનું પ્રતિપાદન કરતાં કહે છે –

● **સૂત્ર-૭૮ :-**

***દિશાવ્રત ગ્રહણ કરેલાને પ્રતિદિન દિશાનું પરિમાણ કરવું તે દેશાવકાશિક [નામે બીજું શિક્ષાપદ વ્રત છે.]***

***દેશાવકાસિક વ્રતધારી શ્રમણોપાસકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ – આનયન પ્રયોગ, પ્રેષ્ય પ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત, બહાર પુદ્ગલ પ્રક્ષેપ.***

● **વિવેચન-૭૮ :-**

દિગ્વ્રત પૂર્વે વ્યાખ્યાત જ છે. તે ગૃહીત દિક્પરિમણના દીર્ઘ કાળ, યાવજ્જીવ, સંવત્સર, ચાતુર્માસાદિ ભેદના સો યોજનાદિ રૂપત્વથી દરરોજ તેટલાં પ્રમાણમાં જવાનું અશક્ય હોવાથી પ્રતિદિન - પ્રહર, મુહૂર્ત આદિ ઉપલક્ષણથી પ્રમાણ કરણ – દિવસાદિ ગમન યોગ્ય દેશનું સ્થાપન તે પ્રતિદિનનું પ્રમાણ કરણ દેશાવકાસિક.

દિગ્વ્રતમાં ગૃહીત દિશાપરિમાણનો એક દેશ - અંશ, તેમાં ગમન આદિ ચેષ્ટા સ્થાન, દેશ અવકાશ, તેનાથી નિર્વૃત્ત તે દેશાવકાશિકત. અહીં પૂજ્યો કહે છે કે – ગૃહીત અણુવ્રતાદિની દીર્ઘતર કાળ અવધિના વિરમણ છતાં પણ પ્રતિદિન સંક્ષેપ કરવો તેમ ઉપલક્ષણથી જાણવું અન્યથા તે વિષયના સંક્ષેપનો અભાવ થશે અથવા ભાવમાં પૃથક્ શિક્ષાપદ ભાવનો પ્રસંગ આવે, આટલો વિસ્તાર પૂરતો છે.



અહીં આચાર્યો સર્પનું દૃષ્ટાંત પ્રરૂપે છે. જેમકે પૂર્વે તે સર્પને બાર યોજનનો વિષય હતો. પછી વિદ્યાવાદી વડે અપસાર કરાતા એક યોજનમાં તેણે પોતાની દૃષ્ટિ સ્થાપી. આ પ્રમાણે શ્રાવકોએ પણ દિગ્વ્રત આગારમાં બહુ અપરાદ્ધવાન્ પછી દેશાવકાસિક વડે તેને ઘટાડતા જાય.

અથવા વિષનું દૃષ્ટાંત - અગદે એક અંગુલમાં સ્થાપેલું.

આ શિક્ષાવ્રત પણ અતિચારરહિત પાલન કરવું જોઈએ. તેથી કહે છે કે દેશાવકાસિક વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા, પણ તેનું આચરણ ન કરવું તે આ પ્રમાણે –

(૧) આનયન પ્રયોગ – કોઈ વિશિષ્ટ દેશાદિમાં ભૂદેશ અભિગ્રહમાં બહાર સ્વયં ગમનનો યોગ ન હોવાથી બીજાને સચિત્તાદિ દ્રવ્ય લાવવા માટે પ્રયોજે - સંદેશો આપીને મોકલે કે તારે આ લાવવું તે આનયનપ્રયોગ.

(૨) પ્રેષ્યપ્રયોગ - ધરાર નોકરને મોકલવો તે પ્રેષ્ય પ્રયોગ. જેમકે અભિગૃહીત પર વિચાર દેશના વ્યતિક્રમના ભયથી, તારે અવશ્ય જ જઈને મારા ગાય આદિ લાવવા અથવા આ તારું કર્તવ્ય છે, એવો પ્રેષ્યપ્રયોગ.

(૩) શબ્દાનુપાત - સ્વગૃહ વૃત્તિ પ્રાકારકાદિ છોડીને ભૂદેશનો અભિગ્રહ હોવાથી બહાર પ્રયોજન ઉત્પન્ન થતાં ત્યાં સ્વયં જવાનો યોગ ન હોવાથી વૃત્તિપ્રાકારની નીકટવર્તીને બુદ્ધિપૂર્વક છીંક-ખાંસી આદિ શબ્દો કરીને તેમને જાગૃત કરવા તે શબ્દનો અનુપાત્ત - ઉચ્ચારણ કરવું જેથી બીજાના કાનમાં આનો શબ્દ પહોંચે.

(૪) રૂપાનુપાત - અભિગૃહીત દેશથી બહાર પ્રયોજન ભાવમાં શબ્દ ન ઉચ્ચારીને બીજાને સમીપ લાવવાને માટે પોતાના શરીર-રૂપનું દર્શન તે રૂપાનુપાત.

(૫) બહિ:પુદ્ગલપ્રક્ષેપ - અભિગૃહિત દેશથી બહાર પ્રયોજન થતાં બીજાને જાગૃત કરવા ઢેફા આદિ ફેંકવા, તે પુદ્ગલ પ્રક્ષેપ.

દેશાવકાશિકનો આ અર્થ અભિગ્રહણ કરાતા, બહાર ગમનાગમન આદિ વ્યાપારજનિત પ્રાણીનું ઉપમર્દન થાય છે. તે સ્વયં કરે કે બીજા વડે કરાવે તેમાં કોઈ ફળ વિશેષ નથી. તેના કરતાં તો ઈર્યાપથ વિશુદ્ધ કરતાં સ્વયં ગમનમાં ગુણ છે. બીજા વળી અનિપુણ હોય તો અશુદ્ધિ થાય છે.

સાતિચાર બીજું શિક્ષાપદ 'દેશાવકાસિક' કહ્યું.

હવે ત્રીજું શિક્ષાપદ કહે છે, તેનું આ સૂત્ર છે –

● **સૂત્ર-૭૯ :-**

***પૌષધોપવાસ ચાર ભેદે કહેલ છે, તે આ પ્રમાણે - આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ, અવ્યાપાર પૌષધ.***

***પૌષધોપવાસ વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા જોઈએ. તે આ પ્રમાણે - અપ્રતિલેખિતદુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક, અપ્રમાર્જિત - દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક. અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ, પૌષધોપવાસની સમ્યક્ પાલના ન કરવી તે.***

● **વિવેચન-૭૯ :-**

આ પૌષધ શબ્દ રૂઢિથી પર્વમાં વર્તે છે. પર્વો તે આઠમ આદિ તિથિઓ છે. 'પૂરણ કરવાથી પર્વ' ધર્મના ઉપચય હેતુત્વથી છે. પૌષધમાં ઉપવાસનો પૌષધોપવાસ. નિયમવિશેષ અભિધાનથી આ પૌષધોપવાસ છે અને આ પૌષધોપવાસ ચાર ભેદે છે—

(૧) આહાર પૌષધ :- 'આહાર' પ્રસિદ્ધ છે તે વિષયક, તે નિમિત્તે પૌષધ તે આહાર પૌષધ. આહાર નિમિત્તે ધર્મપૂરણ પર્વ એમ સમજવું.

(૨) એ પ્રમાણે શરીર સત્કાર પૌષધ જાણવાં.

(૩) બ્રહ્મચર્ય પૌષધિ - અહીં ચરણીય તે ચર્ચ્ય. બ્રહ્મ-કુશલ અનુષ્ઠાન. બ્રહ્મમાં ચરવું તે બ્રહ્મચર્ય. બાકી પૂર્વવત્.

(૪) અવ્યાપાર પૌષધ - [કુત્સિત વ્યાપાર ત્યાગ]

૦—૦ આ આહાર પૌષધ બે ભેદે છે - દેશથી અને સર્વથી. દેશથી એટલે આયંબિલ કે એકાસણુ વગેરે. સર્વથી - ચારે પ્રકારનો પણ આહાર અહોરાત્ર માટે પચ્ચક્ખાણ કરે.

શરીર પૌષધ — સ્નાન, ઉદ્વર્તન, વર્ણક, વિલેપન, પુષ્પ, ગંધ, તાંબૂલ અને વસ્ત્ર આભરણનો પરિત્યાગ. તે પણ સર્વથી અને દેશતી. દેશથી-અમુક શરીર સત્કાર કરીશ અને અમુક સત્કાર નહીં કરું અથવા સર્વથા ત્યાગ.

બ્રહ્મચર્ય પૌષધ - દેશથી અને સર્વથી. દેશથી-દિવસના કે રાત્રિના. એક કે બે વખત. સર્વથી - અહોરાત્ર બ્રહ્મચારી રહે.

અવ્યાપાર પૌષધ - દેશતી અને સર્વથી. દેશથી - હું અમુક વ્યાપાર નહીં કરું. સર્વથી - સકલ વ્યાપાર હળ, ગાડું, ગૃહ પરાક્રમાદિ ન કરે.

અહીં દેશથી પૌષધ કરે છે તે સામાયિક કરે કે ન પણ કરે. જે સર્વ પૌષધ કરે છે, તે નિયમથી સામાયિક કરેલ હોય. જો ન કરે તો નિયમથી છેતરાય છે.

તે ક્યાં કરે ? ચૈત્યગૃહમાં, સાધુ પાસે, ઘેર કે પૌષધશાળામાં. મણિ અને સુવર્ણને છોડીને, પુસ્તક ભણે કે વાંચે. ધર્મધ્યાન કરે, જેમકે - સાધુના આવા ગુણો છે, તેને ધારણ કરવા હું અસમર્થ છું.

આ શિક્ષાપદ વ્રતને અતિચાર રહિત પાળવું જોઈએ, તેથી કહે છે પૌષધોપવાસ વ્રતી શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા, પણ ન આચરવા.

(૧) અપ્રત્યુપેક્ષિત દુષ્પ્રત્યુપેક્ષિત શય્યા-સંથારો :- અહીં જેણે પૌષધઉપવાસ કરેલ હોય તે જેના ઉપર સંથારે તે ઘાસ, કુશ, કામળી, વસ્ત્રાદિ, તે સંસ્તારક અને શય્યા પ્રસિદ્ધ છે. પ્રત્યુપેક્ષણ - પ્રાપ્ત થયેલ શય્યાદિને ચક્ષુ વડે નિરીક્ષણ કરવું, તે પ્રત્યુપેક્ષણ. તેમ ન કરવું તે અપ્રત્યુપેક્ષણ. દુષ્ટ એટલે ઉદ્‌ભ્રાંત ચિત્તથી પ્રત્યુપેક્ષણ કરે તે દુષ્પ્રત્યુપેક્ષણ. શય્યા એ જ અથવા સંથારો તે શય્યાસંસ્તાર. એ પ્રમાણે બધે અર્થ કરવો. ઉપલક્ષણથી શય્યા-સંથારાદિ ઉપયોગી પીઠફલકાદિ પણ લેવા.

અહીં સામાચારી આ પ્રમાણે છે - પૌષધ કરેલને અપડિલેહિત શય્યામાં આરોહવું કે સંથારામાં આરોહવું અથવા પૌષધશાળા વાપરવી. દર્ભવસ્ત્ર કે શુભવસ્ત્ર



કે ભૂમિમાં સંસ્તારવું, કાયિકી ભૂમિથી આવીને ફરી પડિલેહણ કરે, અન્યથા અતિચાર લાગે.

(૨) અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યા-સંથારો. અહીં પ્રમાર્જના-શય્યા આદિનું આસેવન કાળે વસ્ત્રોપાંતાદિથી (પ્રમાર્જે). દુષ્ટ - એટલે અવિધિથી પ્રમાર્જે. બાકી ઉપર કહેલ છે.

(૩,૪) એ પ્રમાણે ઉચ્ચાર-પ્રશ્રવણ ભૂમિમાં પણ બંને જાણવા. ઉચ્ચાર, પ્રશ્રવણમાં થુંક-બળખો, મેલ આદિ ઉપલક્ષણથી લઈ લેવા.

(૫) પૌષધની સમ્યક્ પરિપાલના ન કરવી - પ્રવચનમાં કહેલ વિધિ અનુસાર નિષ્પ્રકંપ ચિત્તથી સેવન ન કરે. ભાવના આ છે - પૌષધ કરેલો અસ્થિર ચિત્ત થઈ, આહારમાં સર્વ કે દેશથી પ્રાર્થે, બીજા દિવસે પોતાના પારણાને માટે આ કે આ એવું કંઈ કરવાનું કહે અથવા ધર્મકથામાં અંતે વર્તે શરીર સત્કારમાં શરીર વર્તતા દાઢી-મુંછ-વાળને શ્રૃંગારના અભિપ્રાયથી સંસ્થાપે. ઉનાળામાં શરીરને જળથી સીંચે એ પ્રમાણે શરીર વિભૂષાના બધાં કારણોને ન પરિહરે. બ્રહ્મચર્યમાં આલોક કે પરલોકના ભોગોને પ્રાર્થે અથવા શબ્દાદિ વિષયોની અભિલાષા કરે. ક્યારે પૌષધ પૂરો થાય અને ક્યારે બ્રહ્મચર્ય છોડું એમ વિચારે. અવ્યાપારમાં સાવદ્ય વ્યાપાર કરે અથવા કરું કે ન કરું એમ ચિંતવે.

આ પ્રમાણે પાંચ અતિચાર રહિત શુદ્ધ પાલન કરવું.

સાતિચાર ત્રીજું શિક્ષાપદ વ્રત કહ્યું. હવે ચોથું કહે છે —

● **સૂત્ર-૮૦ :-**

***અતિથિ સંવિભાગ એટલે સાધુ-સાધ્વીને કલ્પનીય અન્ન-પાણી આપવા. દેશ, કાળ, શ્રદ્ધા, સત્કારયુક્ત શ્રેષ્ઠ ભક્તિપૂર્વક અનુગ્રહ બુદ્ધિથી સંયતોને દ્રવ્યોનું દાન આપવું.***

***આ અતિથિ સંવિભાગ વ્રતયુક્ત શ્રમણોપાસકે આ પાંચ અતિચારો જાણવા - સચિત્ત નિક્ષેપણા, સચિત્તપિધાનતા, કાલાતિક્રમ, પરવ્યપદેશ, મત્સરતા.***

● **વિવેચન-૮૦ :-**

અહીં ભોજનાર્થે ભોજનકાલે ઉપસ્થત-આવેલને અતિથિ કહે છે. તેમાં પોતાના માટે નિષ્પાદિત આહારને ગૃહિવ્રતીમાં મુખ્ય સાધુ જ અતિથિ કહેવાય, તેનો સંવિભાગ, તે અતિથિ સંવિભાગ. સંવિભાગના ગ્રહણથી પછી કર્માદિ દોષના પરિહારાર્થે કહે છે. ન્યાયથી પ્રાપ્ત. આના દ્વારા અન્યાયથી આવેલનો પ્રતિષેધ કરેલ છે. કલ્પનીય - ઉદ્‌ગમાદિ દોષ રહિત. આના દ્વારા અકલ્પનીયનો નિષેધ કર્યો. અન્નપાનાદિ દ્રવ્યો. આદિ શબ્દથી વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજાદિ પણ લેવા. આના દ્વારા હિરણ્યાદિનો વિચ્છેદ કર્યો.

દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર ક્રમયુક્ત :- તેમાં દેશ - વિવિધ ઘઉં, કોદરા, કંગુ, ચોખા આદિની નિષ્પત્તિ થાય તે काल - સુભિક્ષ કે દુર્ભિક્ષ श्रद्धा - વિશુદ્ધ ચિત્ત પરિણામ. सत्कार - અભ્યુત્થાન, આસનદાન, વંદન. પાછળ જવું તે. क्रम - પાકનું

પેય આદિ પરિપાટીથી પ્રદાન. આ દેશાદિથી સમન્વિત. આના વડે વિપક્ષનો વિચ્છેદ જાણવો.

પ્રધાન ભક્તિ વડે, આના વડે ફળ પ્રાપ્તિમાં ભક્તિકૃત અતિશય કહેલ છે. તે આત્માનુગ્રહ બુદ્ધિથી આપે પણ સાધુને અનુગ્રહની બુદ્ધિથી નહીં. અહીં આ સામાચારી છે - શ્રાવકે પૌષધ પારીને નિયમથી સાધુને દાન દીધા વિના ન પારવો જોઈએ. અન્યદા ફરી અનિયમ થાય અથવા દાન દઈને પારે કે પારીને દાન આપે છે. કઈ રીતે ? જો દેશ-કાળ હોય તો પોતાના શરીરની વિભૂષા કરીને સાધુની વસતિમાં જઈને નિમંત્રણા કરે કે ભિક્ષાને ગ્રહણ કરો. ત્યારે સાધુએ શું કરવું ?

કોઈ પડલાં, કોઈ મુખાનંતક, કોઈ પાત્રાનું પડિલેહણ કરે. જેથી અંતરાય દોષ ન થાય અને સ્થાપના દોષ પણ ન લાગે. શ્રાવક જો પહેલી પોરિસિમાં નિમંત્રણા કરે તો જો નમસ્કાર સહિત [નવકારશી] હોય તો ત્યારે ગ્રહણ કરે, ન હોય તો ન ગ્રહણ કરે. જો ઘન લાગે તો ગ્રહણ કરીને રાખી મૂકે. જો ઉગ્ઘાડા પોરિસિમાં પારણાવાળો કે બીજા પારે છે, તો તેને આપી દે, પછી તે શ્રાવકની સાથે જાય, સંઘાટક જાય પણ એકલો ન જાય. સાધુ આગળ અને શ્રાવક પાછળ ચાલે. ઘેર જઈને શ્રાવક આસન આપી નિમંત્રણા કરે. જો સાધુ બેસે તો ઘણું સુંદર, ન બેસે તો પણ વિનય પ્રયુક્ત થાય.

પછી સ્વયં ભોજન કે પાન આપે છે અથવા પોતે વાસણ પકડે અને તેની પત્ની વહોરાવે. અથવા સાધુને અપાય ત્યાં સુધી સ્થિર ઉભો રહે સાધુ પણ વાસણમાં દ્રવ્ય બાકી રહે, તે રીતે ગ્રહણ કરે જેથી પશ્ચાત્ કર્મદોષ ન લાગે. શ્રાવક વહોરાવી, વંદન કરી, સાધુને વિદાય આપે. વિદાય આપતા તેની પાછળ જાય. પછી પોતે ભોજન કરે.

કદાચ જો શ્રાવકને ન અપાય, તો શ્રાવકોને જમાડે.

વળી જો સાધુ ન હોય તો દેશ-કાળ-વેળામાં દિશાલોક કરવો જોઈએ. વિશુદ્ધ ભાવથી વિચારે કે — જો સાધુ આવશે તો મારો નિસ્તાર થશે.

આ શિક્ષાપદવ્રત પણ અતિચારરહિત પાળવું જોઈએ. તેથી કહે છે કે — અતિથિ સંવિભાગ વ્રતધારી શ્રાવકે આ પાંચ અતિચાર જાણવા જોઈએ પણ આચરવા ન જોઈએ, તે આ પ્રમાણે —

(૧) સચિત્ત નિક્ષેપ - સચિત્ત એવા ઘઉં આદિમાં અન્નાદિને મૂકવા, દાન ન દેવાની બુદ્ધિથી માયા-કપટ વડે એવું કરે.

(૨) સચિત્ત પિધાન - સચિત્ત ફળાદિ વડે ઢાંકવું.

(૩) કાલાતિક્રમ - કાળનો અતિક્રમ, ઉચિત એવો સાધુનો ભિક્ષાકાળ, તેને અતિક્રમીને કે આવ્યા પહેલાં ભોજન કરે - x - કહ્યું છે - કાળે પ્રહેણકને આપતાં અર્ઘ કરવું શક્ય નથી, તે જ કાળે ન આપતા હોઈ ગ્રાહક હોતું નથી.

(૪) પરવ્યપદેશ - પોતાના સિવાયના જે બીજા તે 'પર' તેનું છે તેમ કહેવું. સાધુ પૌષધોપવાસના પારણાકાળે ભિક્ષાને માટે આવે ત્યારે પ્રગટ અન્નાદિ જોતા



શ્રાવક એમ કહે કે આ બીજાનું છે, મારું નથી, માટે આપીશ નહીં. કંઈક યાચના કરે તો પણ એમ કહે કે — આ ફલાણાનું છે, ત્યાં જઈને તમે માંગો.

(૫) માત્સર્ય - માંગે તો કોપ કરે, હોવા છતાં ન આપે અથવા વૈમનસ્યથી આપે તે પણ માત્સર્ય, કષાયકલુષિત ચિત્તથી આપે તે માત્સર્ય.

સાતિચાર ચોથું શિક્ષાપદવ્રત કહ્યું. આ શ્રાવકધર્મ છે.

[પ્રશ્ન] અણુવ્રતાદિ સિવાય કહેવાયેલ એવું શું છે ? તે કહે છે —

● **સૂત્ર-૮૧ :-**

***આ પ્રમાણે શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત યાવત્કથિત, ચાર શિક્ષાવ્રત ઈત્વરકથિત કહ્યા છે.***

***આ બધાંની પૂર્વે શ્રાવકધર્મની મૂલવસ્તુ સમ્યક્ત્વ છે તે આ - તે નિસર્ગથી કે અભિગમથી બે ભેદે અથવા પાંચ અતિચાર રહિત વિશુદ્ધ અણુવ્રત અને ગુણવ્રતની પ્રતિજ્ઞા સિવાય બીજી પણ પ્રતિમા વગેરે વિશેષથી કરવા યોગ્ય છે.***

***અંતિમ મરણ સંબંધી સંલેખના ઝોસણા આરાધવી જોઈએ.***

***આ સંબંધે શ્રાવકને પાંચ અતિચાર કહ્યા છે. તે આ પ્રમાણે છે — (૧) આલોક સંબંધી આશંસા, (૨) પરલોક સંબંધી આશંસા, (૩) જીવિત સંબંધી આશંસા, (૪) મરણ સંબંધી આશંસા, (૫) કામભોગ સંબંધી આશંસા.***

● **વિવેચન-૮૧ :-**

અહીં શ્રાવક ધર્મમાં જ, અહીં જ અર્થાત્ શાક્યાદિના શ્રાવક ધર્મમાં નહીં. સમ્યક્ત્વ અભાવે અણુવ્રતાદિના અભાવથી. - x - પાંચ અણુવ્રતો પ્રતિપાદિત સ્વરૂપના ત્રણ ગુણવ્રતો ઉક્ત લક્ષણવાળા કે જે એક વખત ગ્રહણ કરી યાવજ્જીવ ભાવનીય છે. ચાર શિક્ષાપદ વ્રતો જેમાં શિક્ષા - અભ્યાસ, તેના પદો - સ્થાનો, તે જ વ્રત તે શિક્ષાપદવ્રતો. ઈત્વરક અર્થાત્ પ્રતિદિવસ અનુષ્ઠેય, સામાયિક અને દેશાવકાસિકમાં પુનઃ પુનઃ ઉચ્ચાર્ય છે જ્યારે પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ બંને પ્રતિ દિવસ અનુષ્ઠેય છે. પણ પ્રતિદિવસ આચરણીય નથી.

[પ્રશ્ન] આ આ શ્રાવકધર્મની વળી મૂલ વસ્તુ કેમ છે ?

[ઉત્તર] સમ્યક્ત્વ. તેથી ગ્રંથકાર કહે છે — આ પુનઃ શ્રાવકધર્મનું૦ અહીં પુનઃ શબ્દ અવધારણાર્થે છે. આનું જ. કેમકે શાક્યાદિના શ્રમણોપાસક ધર્મમાં સમ્યક્ત્વનો અભાવ હોવાથી મૂલવસ્તુ સમ્યક્ત્વ નથી. આમાં અણુવ્રતાદિ ગુણાં તદ્ભાવ ભાવિત્વથી રહેલા છે તેથી વસ્તુ મૂલભૂત અને દ્વારભૂત છે. તેમાં સમ્યક્ત્વ પરિકીર્તિત છે.

સમ્યક્ત્વ - પ્રશમાદિ લક્ષણ. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય લક્ષણ સમ્યક્ત્વ છે. આ કેવી રીતે થાય ? તે કહે છે.

તે વસ્તુભૂત સમ્યક્ત્વ નિસર્ગથી કે અભિગમથી થાય છે. તેમાં નિસર્ગ-સ્વભાવ અને અધિગમ - યથાવસ્થિત પદાર્થનો બોધ.

[શંકા] મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી આ થાય છે, તો પછી નિસર્ગથી

આદિ કેમ કહ્યું ? [સમાધાન] તે જ ક્ષયોપશમાદિ નિસર્ગ કે અધિગમ જન્મા છે, માટે દોષ નથી. કહ્યું છે — જેમ ઊધરદેશ વનદવને પામીને બધું બાળી નાંખે છે, તેમ મિથ્યાત્વના અનુદયમાં જીવ ઔપશમિક સમ્યકત્વ પામે છે. જીવાદિને ક્ષયોપશમ ભાવમાં અધિગમ છે, વિશુદ્ધ પરિણામથી જીવ અધિગમ સમ્યકત્વને પામે છે.

અહીં ભવોદધિમાં દુષ્પ્રાપ્ય સમ્યકત્વાદિ ભાવ રત્નો પ્રાપ્ત થાય. ઉપલબ્ધ જિનપ્રવચન સારથી જાણીને શ્રાવકે હંમેશા અપ્રમાદ બનીને અતિચારના પરિહારવાળા થવું જોઈએ. - x - તે માટે ગ્રંથકાર કહે છે ''પાંચ અતિચાર વિશુદ્ધ'' ઈત્યાદિ સૂત્ર અને આ સમ્યકત્વ પૂર્વે નિરૂપિત શંકાદિ પાંચ અતિચારરહિત અનુપાલનીય છે, તેમ જાણ.

તથા અણુવ્રત ગુણવ્રતો - પૂર્વે કહેલ સ્વરૂપવાળા દૃઢપણે અતિચાર રહિત જ પાળવા જોઈએ. તથા અભિગ્રહો - ''કૃતલોચધૃત પ્રદાનાદિ.'' શુદ્ધ-ભંગાદિ અતિચાર રહિત જ પાળવા જોઈએ.

બીજા પણ પ્રતિમાદિ વિશેષ કરણયોગોને સમ્યક્ પાળવા જોઈએ તેમાં પ્રતિમા - પૂર્વોક્ત ''દર્શનવ્રત સામાયિક'' ઈત્યાદિ અને અનિત્યાદિ ભાવના પણ લેવી. તતા અપશ્ચિમ મારણાંતિકી સંલેખના જોષણા આરાધના અતિચાર રહિત પાળવી જોઈએ.

અપશ્ચિમ મરણ-પ્રાણત્યાગરૂપ. અહીં જો કે પ્રતિક્ષણ આવીચી-મરણ હોય છે, તો પણ તેને ગ્રહણ કરેલ નથી. તો શું ? સર્વ આયુના ક્ષય રૂપ મરણ જ અંત છે માટે મરણાંત, તેમાં થાય તે મારણાંતિકી. શરીર કષાય આદિને આના વડે સંલિખિત - પાતળા કરાય છે, તે સંલેખના - તપોવિશેષરૂપ, તેની ઝોષણા - સેવન, તેની આરાધના - અખંડકાળ કરવી તે.

અહીં આ સામાચારી છે :- આસેવિત ગૃહીધર્મથી શ્રાવક વડે પછી નિષ્ક્રાંત થવું જોઈએ. એ પ્રમાણે ઉધતને શ્રાવકધર્મ થાય છે. તે ભક્ત પ્રત્યાખ્યાન કાળે સંસ્તાર શ્રમણ વડે થવાનું શક્ય નથી.

અપશ્ચિમા મારણાંતિકી સંલેખના ઝોષણા આરાધના અતિચારરહિત સમ્યક્ પાલન કરવી જોઈએ તે આ અતિચાર કયા છે ? તે બતાવે છે.

શ્રાવકોએ આ પાંચ અતિચાર જાણવા પણ આચારવા નહીં :-

(૧) ઈહલોકાશંસાપ્રયોગ :- મનુષ્યલોક, તેમાં આશંસા - અભિલાષા, તેનો પ્રયોગ. એ પ્રમાણે —

(૨) પરલોકાશંસાપ્રયોગ :- દેવલોકમાં આશંસા.

(૩) જીવિતાશંસા પ્રયોગ :- જીવિત એટલે પ્રાણધારણ, તેમાં અભિલાષા, જેમકે ઘણો કાળ સુધી હું જીવું. આ વસ્ત્ર, માળા, પુસ્તક વાચનાદિ, પૂજા દર્શનથી અને ઘણાં પરિવારના દર્શનથી છે. લોકો દ્વારા પ્રશંસા સાંભળીને માને કે — આ જીવિત જ કલ્યાણકારી છે.

(૪) મરણાશંસા પ્રયોગ :- કોઈ પ્રતિપન્ન અનશનની ગવેષણા ન કરે, સપર્યય ન આદરે, કોઈ શ્લાધા ન કરે. તેથી તેને આવા પ્રકારના ચિત પરિણામો જન્મે છે



— જો હું જલ્દી મરી જઉં તો સારું.

(૫) ભોગાશંસા પ્રયોગ :- જન્માંતરમાં હું ચક્રવર્તી થાઉં, વાસુદેવ કે મહામાંડલિક રાજા થઉં. શુભ રૂપવાન્ આદિ થઉં.

—૦— આ પ્રમાણે શ્રાવક ધર્મ કહ્યો.

—૦— પ્રભેદ સહિત દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરી.

—૦— હવે સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાન કહીશું. અથવા દેશોત્તર ગુણ પ્રત્યાખ્યાન શ્રાવકોને જ હોય છે તેનો અધિકાર જ કહ્યો. સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાન કંઈક ઉભય સાધારણ પણ છે, તેને હવે કહીશું.

**અધ્યયન-૬-અંતર્ગત્ દેશ ઉત્તરગુણપ્રત્યાખ્યાનનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

## ❀ અધ્યયન-૬-અંતર્ગત્ સર્વોત્તરગુણપ્રત્યાખ્યાન ❀

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનને જણાવતા નિર્યુક્તિકાર કહે છે –

**● નિર્યુક્તિ-૧૫૬૨ થી ૧૫૬૪ + વિવેચન :-**

[૧૫૬૨] પ્રત્યાખ્યાન ઉત્તર ગુણ વિષય પ્રકરણથી સાધુને અહીં સુધી કહેવું - ક્ષપણાદિ, ક્ષપણના ગ્રહણથી ઉપવાસ આદિને લેવા. આદિ ના ગ્રહણથી વિચિત્રાદિ અભિગ્રહો લેવા. તે અનેક પ્રકારે કહેવા. અહીં સામાન્યથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાન નિરૂપણ અધિકારમાં અથવા 'च' શબ્દ જકાર અર્થમાં લેતા તેમાં જ - સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાન પ્રક્રમમાં આ અધિકાર કહે છે. તે આ દશ પ્રકારે છે. હવે તે દશવિધને જ જણાવે છે –

[૧૫૬૩] અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિણામકૃત્, નિરવશેષ - તથા - [૧૫૬૪] સંકેત અને અદ્ધા. એ પ્રમાણે પ્રત્યાખ્યાન દશ ભેદે છે. સ્વયં અનુપાલનીય છે.

(૧) અનાગત કરવાથી અનાગત, પર્યુષણાદિમાં આચાર્યાદિની વૈયાવચ્ચકરણમાં અંતરાયના સદ્ભાવથી પહેલાં જ તપ કરવો તે.

(૨) અતિક્રાંત કરવાથી અતિક્રાંત, ભાવના પૂર્વવત્.

(૩) કોટિ સહિત - ઉભય પ્રત્યાખ્યાન કોટિ મળવાથી, ઉપવાસાદિ કરવા.

(૪) નિયંત્રિત - હંમેશાં યંત્રિત, પ્રતિજ્ઞાતદિનાદિમાં ગ્લાનાદિના અંતરાય ભાવમાં પણ નિયમથી કરવા.

(૫) સાકાર - आगार એટલે પ્રત્યાખ્યાન અપવાદ હેતુથી અનાભોગાદિ, આકાર સહિત તે સાકાર. (૬) અનાકાર - આગાર રહિત પ્રત્યાખ્યાન કરવું.

(૭) પરિણામકૃત્ - દત્તિ આદિનું પરિણામ કરીને કરે.

(૮) નિરવશેષ - સમગ્ર અશનાદિ વિષય.

(૯) સંકેત - ચિહ્ન, અંગુષ્ઠ આદિ સહ કેન વડે તે સંકેત - સચિહ્ન.

(૧૦) અદ્ધા - કાળ, પોરિસિ આદિ કાળમાન.

પ્રત્યાખ્યાન શબ્દ ઉક્ત દશેમાં જોડવો. આ દશ ભેદ જ છે. - x -

[શંકા] આ પ્રત્યાખ્યાન પ્રાણાતિપાતાદિ પ્રત્યાખ્યાનવત્ છે, તો કેમ સ્વયં અકરણાદિ ભેદ ભિન્ન અનુપાલન કરવું કે અન્યથા કરવું ?

[સમાધાન] સ્વયં જ પાલન કરવું, બીજાના કારણે અનુમતિ કે નિષેધ ન કરવો. બીજાને આહાર દાનમાં અને યતિને ઉપદેશ દાનમાં જેમ સમાધિ રહે. આત્મા પીડાય નહીં તેમ પ્રવર્તવું જોઈએ. - x -

હવે અનંતર કહેલ દશવિધ પ્રત્યાખ્યાનાદિ ભેદના અવયવને અર્થોને જણાવવાની ઈચ્છાથી કહે છે –

**● નિર્યુક્તિ-૧૫૬૫,૧૫૬૬-વિવેચન :-**

પર્યુષણા આવશે ત્યારે મને અંતરાય થશે. કયા કારણે ? ગુરુ વૈયાવચ્ચથી,





તપસ્વી કે ગ્લાનની વૈયાવચ્ચથી. તો હાલ તપોકર્મ સ્વીકારું તે અનાગતકાળમાં તે પ્રત્યાખ્યાન કરવું તેને અનાગત પ્રત્યાખ્યાન કહ્યું.

આ બંને ગાથામાં ભાવાર્થ આ પ્રમાણે છે –

અનાગત પ્રત્યાખ્યાનમાં જેમ અનાગત તપ કરવો. પર્યુષણાનું ગ્રહણ અહીં વિકૃષ્ટ કરાય છે. સૌથી ઓછો અઠ્ઠમ જેમ પર્યુષણામાં થાય, ચાતુર્માસમાં છઠ્ઠ, પક્ખિમાં અભક્તાર્થ - ઉપવાસ કરે. અથવા બીજામાં સ્નાન અનુયાનાદિમાં ત્યારે મને અંતરાય થશે.

ગુરુ - આચાર્યો, તેમનું કર્તવ્ય છે, તેઓ કેમ કરતા નથી ? અથવા તેઓ અસહિષ્ણુ છે. અથવા બીજી કંઈ કોઈ આજ્ઞાને કરવાનું થશે. જેમકે ગ્રામાંતર ગમનાદિ અથવા શૈક્ષને લાવવો અથવા શરીર વૈયાવચ્ચ. ત્યારે તે ઉપવાસ કરે છે, ગુરુની વૈયાવચ્ચ કરી શકતો નથી. જે બીજો બંને કરવામાં સમર્થ છે, તે કરે છે. અથવા બીજો જે ઉપવાસ કરવાને સમર્થ છે, તે કરે છે, ન હોય કે ન મળે કે વિધિ ન જાણતો હોય ત્યારે જ ઉપવાસ પૂર્વે કરીને પછી તે પર્વ દિવસે ખાય. તે તપસ્વી ક્ષપકનું કર્તવ્ય છે.

ત્યારે કેમ ન કરે ? તેણે પ્રાપ્ત પર્યુષણાનો તપ પાર ઉતારેલ છે અથવા અસહિષ્ણુત્વથી સ્વયં પારણું કરેલ છે. ત્યારે સ્વયં જેની પાસે જવા માટે સમર્થ હોય ત્યાં જાય. - x - x -

ગ્લાનત્વને જાણે છે, તે દિવસે અસહિષ્ણુ થાય છે અથવા વૈદ્ય એ કહ્યું કે આ દિવસમાં કરાશે અથવા સ્વયં જ ગંડરોગાદિ વડે તે દિવસોમાં અસહિષ્ણુ થાય. બાકી ગુરુ કહે તેમ કરવું.

કારણથી કુલ, ગણ, સંઘમાં અથવા આચાર્ય કે ગચ્છમાં તે પ્રમાણે જ કહેવું. પછી તે અનાગત કાળે તપ કરીને પછી પર્યુષણાદિમાં જમે છે. તેને તે પ્રકારની જ નિર્જરા, જેમ પર્યુષણાદિમાં થાય તેમ અનાગત કાળમાં પણ થાય છે, તેમ જાણવું.

**● નિર્યુક્તિ-૧૫૬૭ થી ૧૫૭૨-વિવેચન :-**

[૧૫૬૭] પર્યુષણામાં જે તપ કોઈ કારણ ઉત્પન્ન થતાં ન કરે, તે જ દર્શાવે છે - ગુરુવૈયાવચ્ચને લીધે અથવા તપસ્વી કે ગ્લાનતા-બિમારીના કારણે.

[૧૫૬૮] તે આ તપઃકર્મ જો કાળ અતિક્રાંત થયા પછી કરે તો આ પ્રત્યાખ્યાન - એ પ્રમાણે અતિક્રાંત કરવાથી અતિક્રાંત થાય છે તેમ જાણવું જોઈએ.

[૧૫૬૯] ભાવાર્થ-પર્યુષણામાં તપને તે જ કારણે ન કરે, જે ઉપવાસને માટે ગુરુ-તપસ્વી-ગ્લાનના કારણોથી સમર્થ નથી. તે કાળ અતિક્રાંત થયા પછી કરે છે. વિભાષા પૂર્વવત્.

અતિક્રાંત દ્વારની વ્યાખ્યા કરી.

[૧૫૭૦] હવે કોટિ સહિત દ્વારનું વિવરણ કરતાં કહે છે – પ્રસ્થાપક એટલે પ્રારંભક દિવસના પ્રત્યાખ્યાનના નિષ્ઠાપક - સમાપ્તિ દિવસતા. જે પ્રત્યાખ્યાનમાં બંને છેડાઓ મળે છે, તેને કોટિ સહિત કહે છે.

ભાવાર્થ આ પ્રમાણે છે — તે આવા પ્રકારે તપોકર્મ સ્વીકારે છે જેમાં પ્રત્યાખ્યાનના ખૂણે ખૂણા મળે છે. કઈ રીતે ? પ્રત્યુષે આવશ્યકમાં ઉપવાસ સ્વીકારે. અહોરાત્ર રહીને પછી ફરી પણ ઉપવાસ કરે છે. અહીં બીજાની પ્રસ્થાપનામાં પહેલાંની નિષ્ઠાપના છે. આ બંને પણ ખૂણા એકત્ર મળે છે. અઠ્ઠમાદિમાં બે તરફથી કોટિ સહિત થાય છે. જે છેલ્લો દિવસ છે, તેની પણ એક કોટિ.

એ પ્રમાણે આયંબિલ, નિવિ, એકાસણામાં પણ જાણવું.

અથવા આ અન્ય વિધિ છે - ઉપવાસ કરીને આયંબિલથી પારે છે ફરી ઉપવાસ કરે છે અને આયંબિલ કરે છે. એ પ્રમાણે એકાસણાદિથી પણ સંયોગ કરવો જોઈએ. નિવ્વિગઈ આદિ બધામાં સદૃશ અને વિસદૃશ.

કોટિ સહિત દ્વાર કહેવાયું.

[૧૫૭૧] હવે નિયંત્રિત દ્વારનું નિરૂપણ કરતાં કહે છે —

મહિને મહિને તપ અમુક અમુક દિવસમાં આટલા છઠ્ઠ આદિ કરવા. પછી નિરોગી હોય કે અનીરોગી, જ્યાં સુધી શ્વાસ ચાલે છે, જ્યાં સુધી આયુ છે ત્યાં સુધી કરવા.

[૧૫૭૨] આ પ્રત્યાખ્યાન ઉક્ત સ્વરૂપ નિયંત્રિત પ્રત્યાખ્યાન છે. તે ધીરપુરુષોએ - તીર્થંકર અને ગણધરે પ્રરૂપિત છે. જે સાધુઓ તે સ્વીકારે છે. તેઓ નિયાણારહિત અને ક્ષેત્રાદિમાં અપ્રતિબદ્ધ થઈને કરે છે.

આ અધિકૃત્ પ્રત્યાખ્યાન સર્વકાળે કરાતું નથી. તો ક્યારે કરાય ? ચૌદપૂર્વી, જિનકલ્પિકોમાં પ્રથમ એવા વજ્રઋષભ નારાચ સંઘયણમાં થાય. હાલ તો આનો વિચ્છેદ જ છે.

[શંકા] તો પૂર્વે કેમ બધાં જ સ્થવિરાદિએ કરેલું કે પછી ફક્ત જિનકલ્પિકોએ જ કરેલું ?

[સમાધાન] બધાંએ જ કરેલું તેથી કહે છે — સ્થવિરો પણ ત્યારે ચૌદપૂર્વી આદિ કાળમાં, અન્ય કાળમાં પણ કરેલ હતું.

ગાથાનો ભાવાર્થ - નિયંત્રિત એટલે નિયમિત, જેમકે અહીં કરવું જોઈએ અથવા અચ્છિન્ન - અહીં અવશ્ય કરવું જોઈએ. મહિને-મહિને અમુક દિવસે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમાદિ આટલા કરવા. વળી આ તપ સમર્થ હોય તો પણ કરે જ છે અને ગ્લાન-બિમાર થઈ જાય તો પણ કરે જ છે. ક્યાં સુધી ? શ્વાસ ચાલે ત્યાં સુધી.

અને આ પ્રત્યાખ્યાન પહેલાં સંઘયણીને અપ્રતિબદ્ધ, અનિશ્રિત છે. અહીં કે તહીં પણ અવધારણ કરાય છે. - x - x - વળી આ ચૌદપૂર્વી વડે પહેલાં સંઘયણથી અને જિનકલ્પની સાથે વિચ્છેદ પામ્યું છે.

તે કાળમાં આચાર્યો, જિનકલ્પિકો, સ્થવિરો ત્યારે કરતાં હતા.

નિયંત્રિત દ્વારની વ્યાખ્યા કરી.

૦ હવે સાકાર દ્વારની વ્યાખ્યા કરવા માટે કહે છે :-



● **નિર્યુક્તિ-૧૫૭૩-વિવેચન :-**

આ મહાનય અને મહાન્ છે. આ બંને અતિશયથી મહાન્ અને મહત્તર છે. आक्रियन्ते इति आकारा પ્રભૂત આવા પ્રકારના આકારની સત્તા જણાવવાને માટે બહુવચન છે, તેથી મહત્તર આકારોથી હેતુભૂત બીજા અનાભોગાદિમાં કારણ ઉત્પન્ન થતાં ભોજન ક્રિયાને હું કરીશ. એ પ્રમાણે જે ભક્ત પરિત્યાગ કરે છે, તે સાકારકૃત્.

અવયવાર્થ વળી આગાર સહિત તે સાગાર. આગારો આગાળના સૂત્રાનુગમમાં કહીશું. તેમાં મહત્તર આગારોથી - મોટા પ્રયોજનોથી, તે ઉપવાસનું પચ્ચકખાણ કરે. ત્યારે આચાર્યો વડે કહેવાય કે — અમુક ગામે જવું. ત્યારે તે કહે કે — તારે આજે ઉપવાસ છે જો ત્યારે તે સમર્થ હોય તો ઉપવાસ પણ કરે અને કામ માટે પણ જાય જો તે ન કરી શકે તેમ હોય તો બીજા ઉપવાસી કે બિનઉપવાસી જે કરવાને સમર્થ હોય તે જાય.

જો કોઈ બીજું ન હોય અથવા કાર્ય માટે અસમર્થ હોય, ત્યારે તે જ ઉપવાસકારીને ગુરુ મોકલે છે.

આ રીતે તેને ઉપવાસથી જે નિર્જરા થાય, તે જ ગુરુના નિયોગને કારણે જમવા છતાં પણ થાય છે, તેમ ન કરવાથી લાભ મળવા છતાં પણ અત્યંત વિનાશ પામે છે.

જો થોડો હોય તો જે નવકારશી કે પોરિસીમાં તેને મોકલે, જો પારણાવાળો ન હોય અથવા અસહિષ્ણુ હોય તો ગુરુ કહે તેમ કરે.

એ પ્રમાણે ગ્લાનના કાર્યોમાં કે બીજા કાર્યોમાં કુલ, ગણ, સંઘના કાર્યાદિમાં પણ કહેવું. એ પ્રમાણે જે ભક્ત પરિત્યાગ કરે છે, તે સાગારકૃત.

આ પ્રમાણે સાગાર દ્વાર કહ્યું.

—૦— હવે નિરાકાર દ્વારની વ્યાખ્યા કરતાં કહે છે —

● **નિર્યુક્તિ-૧૫૭૪-વિવેચન :-**

નિશ્ચયથી અપગત કારણ - પ્રયોજન જેમાં છે તે નિર્યાતકારણ. તેમાં સાધુ, મહત્તર-પ્રયોજન વિશેષથી તેના ફળના અભાવથી ન કરે, તે आकार અર્થાત્ કાર્યનો અભાવ.

ક્યાં ? કાંતારવૃત્તિમાં અને દુર્ભિક્ષતામાં, જે કરાય છે તે એવા પ્રકારે પ્રત્યાખ્યાન થાય તે નિરાકાર પ્રત્યાખ્યાન.

આનો ભાવાર્થ કહે છે — નિર્યાત કારણથી તેને જો અહીં કોઈ વૃત્તિ ન હોય ત્યારે મહત્તરાદિ આગારો ન કરે. અનાભોગ અને સહસાકાર કરે. કયા નિમિત્તે ? લાકડું કે આંગળી મોઢામાં મૂકાય તો અનાભોગથી કે સહસા. તેથી બે આગાર કરાય છે. તે ક્યાં થાય ? કાંતારમાં, જેમકે — શણપલ્લિ આદિમાં કાંતારમાં વૃત્તિ-આજીવિકા પ્રાપ્ત થતી નથી.

અથવા પ્રત્યનીક વડે પ્રતિષેધ કરાયેલ હોય, દુકાળ વર્તતા હોય, ભ્રમણ કરવા છતાં પ્રાપ્ત ન થાય અથવા એમ જાણે કે હું જીવી શકીશ નહીં ત્યારે નિરાકાર

પ્રત્યાખ્યાન થાય.

અનાકાર દ્વારની વ્યાખ્યા કરી.

—૦— હવે કૃતપરિમાણદ્વારને આશ્રીને કહે છે.

● **નિર્યુક્તિ-૧૫૭૫ + વિવેચન :-**

દત્તિ વડે કે કવલ વડે, ગૃહ વડે કે ભિક્ષા વડે અથવા દ્રવ્યોતી-ઓદનાદિ વડે આહારને માટે જે પ્રમાણ વડે ભોજન પરિત્યાગ કરે છે, તે કૃત પરિણામ પ્રત્યાખ્યાન.

અવયવાર્થ-વળી દત્તિ વડે આજ મારે એક કે બે દત્તિ લેવી. અથવા ત્રણ, ચાર, પાંચ દત્તિઓ. દત્તિનું પરિમાણ કઈ રીતે ? એક દાણો પણ પડે તો પણ એકા દત્તિ, કડછી વડે નાંખે તો પણ જેટલી વાર નાંખે તેટલી દત્તિઓ જાણવી. એ પ્રમાણે એક કવળથી યાવત્ બત્રીશ કવલ પર્યન્ત.

ગૃહોમાં એક આદિ ઘરની ભિક્ષા વડે ચલાવે. એ રીતે દ્રવ્યમાં એક, બે, ત્રણ આદિ દ્રવ્યોથી, અમુક ઓદન કે ખાધક વિધિ વડે અથવા આયંબિલ આદિથી પરિમાણ કરે.

૦ કૃત પરિમાણ દ્વાર કહેવાયું.

—૦— હવે નિરવશેષ દ્વાર અવયવાર્થ જણાવે છે —

● **નિર્યુક્તિ-૧૫૭૬-વિવેચન :-**

બધાં અસન કે બધાં પાનક સર્વ ખાદ્ય ભોજનય-વિવિધ ખાદ્ય પ્રકાર અને ભોજન પ્રકારનો પરિત્યાગ કરે છે. સર્વ ભાવથી - સર્વ પ્રકારે આ નિરવશેષ પ્રત્યાખ્યાન તીર્થંકર અને ગણધરોએ કહેલ છે.

વિસ્તારથી વળી જે ભોજન સત્તર પ્રકારે ત્યજે છે, પાણી એક ભેદે તજે છે. ખાદ્ય-આમ્ર આદિ. સ્વાદ્ય-અનેકવિધ મધુ આદિ. આ બધું જ્યાં સુધી ત્યજી દે તે નિરવશેષ જાણવું.

૦ આ રીતે નિરવશેષ દ્વાર પૂરુ થયું.

—૦— હવે સંકેત દ્વારને વિસ્તારાર્થે પ્રતિપાદિત કરે છે —

● **નિર્યુક્તિ-૧૫૭૭-વિવેચન :-**

અંગુષ્ઠ અને મુષ્ટિ, ગ્રંથિ, ગૃહ, સ્વેદ, ઉચ્છ્વાસ, સ્તિબુક, જ્યોતિષ્ક ઈત્યાદિને ચિહ્ન કરીને જે કરાય છે, તે સંકેત પ્રત્યાખ્યાન કહેવાય છે.

કોણે સંકેત પ્રત્યાખ્યાન કહ્યું ? ધીર - અનંતજ્ઞાની વડે.

અવયવાર્થ ફરી કેત એટલે ચિહ્ન, કેત સહિત કે સંકેત અર્થાત્ ચિહ્ન સહિત. “સાધુ કે શ્રાવક બંને પચ્ચકખાણમાં કોઈ ચિહ્નનો અભિગ્રહ કરે છે. યાવત્ આ પ્રમાણે હોય ત્યાં સુધી હું ભોજન ન લઉં.

તે ચિહ્નો આ પ્રમાણે છે — અંગુઠો, મુષ્ટિ, ગ્રંથિ ઈત્યાદિ.

તેમાં શ્રાવક પોરિસિ પ્રત્યાખ્યાનવાળો હોય, તે ક્ષેત્રમાં જાય કે ઘેર રહે પણ ત્યાં સુધી ભોજન ન કરે. તેને નિશ્ચે અપ્રત્યાખ્યાનમાં રહેવાનું વર્તતું નથી. ત્યારે તે અંગુઠાનું ચિહ્ન કરે છે. જ્યાં સુધી ન મુકું ત્યાં સુધી ભોજન ન કરું અથવા જ્યાં



સુધી ગાંઠ ન ખોલું ત્યાં સુધી ન જમું યાવત્ ઘરમાં પ્રવેશ ન કરું, જ્યાં સુધી પરસેવો નાશ ન પામે.

અથવા આટલા ઉચ્છ્વાસ પાણી કે મંચિકામાં લઉ અથવા આટલા સ્તિબુક, ઝાકળ બિંદુ રહે અથવા જ્યાં સુધી દીવો બળતો હોય ત્યાં સુધી હું ભોજન ન લઉં.

માત્ર ભોજનમાં જ નહીં, બીજા પણ અભિગ્રહ વિશેષમાં સંકેત પ્રત્યાખ્યાન હોય છે. આ પ્રમાણે શ્રાવકની વિધિ કહી.

સાધુ પણ પ્રત્યાખ્યાન પૂર્ણ થતાં શું અપ્રત્યાખ્યાની રહે ? તેથી તેણ પણ સંકેત પ્રત્યાખ્યાન કરવું જોઈએ.

૦ સંકેત પ્રત્યાખ્યાન દ્વારની વ્યાખ્યા કરી.

—૦— હવે અદ્ધા દ્વારને પ્રતિપાદિત કરવા કહે છે —

● **નિર્યુક્તિ-૧૫૭૮-વિવેચન :-**

અદ્ધા - કાળનું પ્રત્યાખ્યાન જે કામ પ્રમાણ છેદથી થાય છે તે પુરિમઙ્ઢ, પોરિસિ વડે મુહૂર્ત્ત માસ અર્ધમાસ વડે થાય.

ગાથાનો અવયવાર્થ હવે કહે છે —

અદ્ધા એટલે ‘કાળ’, કાળ જેનું પરિમાણ છે તે કાળ વડે બદ્ધ એવું કાલિક પ્રત્યાખ્યાન. તે આ પ્રમાણે - નમસ્કારસહિત, પોરિસિ, પુરિમઙ્ઢ, એકાસણું, અર્ધમાસક્ષમમ, માસક્ષમણ, બે દિવસે કે બેમાસી યાવત્ છ માસ સુધીના પ્રત્યાખ્યાન કરવા.

૦ આ અદ્ધાપ્રત્યાખ્યાન કહ્યું.

૦ હવે પ્રત્યાખ્યાનના દશ ભેદોનો ઉપસંહાર કરતા કહે છે —

● **નિર્યુક્તિ-૧૫૭૯ થી ૧૫૮૪ + વિવેચન :-**

[૧૫૭૯] દશવિધ પ્રત્યાખ્યાન ગુરુના ઉપદેશથી કહ્યા. પ્રત્યાખ્યાન કરેલ હોય તેના માટેની વિધિ હવે સંક્ષેપથી કહીશ.

કૃતપ્રત્યાખ્યાન - જેણે પચ્ચકખાણ કરેલ છે, તેવા પ્રકારના, તેની વિધિ હવે હું આગળ સંક્ષેપથી કહીશ.

[૧૫૮૦] પ્રત્યાખ્યાન અધિકાર જ કહે છે - શું કહે છે ?

જેમ જીવઘાત-પ્રાણાતિપાતમાં પ્રત્યાખ્યાન કરતા તેનો પચ્ચકખાણ કર્તા જેમ જીવઘાત - બીજા પ્રાણીનો ઘાત કરતો નથી [કરાવતો નથી.] કેમ ? પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય તેવા ભયથી.

ભાવાર્થ - ખવાય તે અશન-ભાત આદિ તેનું દાન તે અશનદાન. આ અશનદાનમાં, અશન શબ્દ પાન આદિના ઉપલક્ષણાર્થે છે. તેથી એવું કહેવા માંગે છે કે — પ્રત્યાખ્યાન કરેલ હોય તે બીજાને અશનાદિદાનમાં ધ્રુવ કારણ છે - અવશ્ય ભોજન ક્રિયા કારણ છે. કેમકે અશનાદિનો લાભ થવાથી ભોજન-ખાવાની ક્રિયાનો સદ્ભાવ છે તો શું ?

પ્રત્યાખ્યાન ભંગનો દોષ ન લાગે ?

[૧૫૮૧] જો એમ માનીએ તો પ્રત્યાખ્યાન કર્યા હોય તેવો પુરુષ આચાર્યાદિને - આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, વૃદ્ધ આદિને અશન આદિ કંઈ ન આપે.

જો આપે તો વૈયાવચ્ચ લાભ થાય, તેથી કહે છે —

વિરતિના પાલનથી વૈયાવચ્ચ પ્રધાનતર નથી. જો હોય અને પડિલાભે તો તેનાથી શું ?

એ પ્રમાણે શિષ્યજનના હિતને માટે બીજાના અભિપ્રાયની આશંકાથી ગુરુ તેમને જણાવે છે કે —

[૧૫૮૨] અહીં ત્રિવિધ ત્રિવિધેન પ્રત્યાખ્યાન નથી.

ત્રિવિધ એટલે કરણ, કરાવણ, અનુમતિ. ત્રિવિધે - મન, વચન અને કાયા એ ત્રણેના યોગથી અશનાદિના પ્રત્યાખ્યાન નથી.

આથી સમજણ વગરનો ઉપાલંભ શિષ્યના મતે અપાયો છે. તેથી બીજાને અશનાદિનું દાન આપવું કલ્પે છે. તે હેતુથી - કારણથી ભોજન ક્રિયા વિષયક બીજાને દાન કરવું તે શુદ્ધ - આશંસાદિ દોષરહિત છે.

ઉક્ત કારણે સાધુને તે પ્રત્યાખ્યાનના ભંગરૂપ ન થાય. કેમકે તેણે ત્રિવિધ ત્રિવિધે પ્રત્યાખ્યાન કરેલા નથી.

[૧૫૮૩] સ્વયં જ - આત્મા વડે જ અનુપાલનીય પ્રત્યાખ્યાન નિર્યુક્તિકારે કહેલ છે. તેમાં દાન દેવાનો કે ઉપદેશ દેવાનો પ્રતિબંધ નથી.

તેમાં જાતે લાવીને દાન કરવું - વિતરણ કરવું. શ્રાવકાદિના કુળોમાં દાનનો ઉપદેશ કરવો. જો આમ છે તો જેમ સમાધિ રહે કે જેટલું સામર્થ્ય હોય તે પ્રમાણે બાળ આદિને આપવું કે ઉપદેશ કરવો.

[૧૫૮૪] આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે —

પ્રત્યાખ્યાન કરેલો પણ આચાર્ય, ગ્લાન, બાળ અને વૃદ્ધ સાધુને અશનાદિ આપતો કૃતવીર્યાચારનો લાભ પામે છે.

અહીં સામાચારી આ પ્રમાણે વર્તે છે —

પોતે જાતે ઉપવાસી હોય તો પણ સાધુઓને માટે ભોજન-પાન લાવીને આપે. પોતાનું છતું વીર્ય ન ગોપવે. પોતાની શક્તિ હોય તો બીજા કોઈને એવી આજ્ઞા ન કરે કે અમુક સાધુ માટે લાવીને આપો. તેથી પોતાનું સામર્થ્ય હોય ત્યારે આચાર્ય, ગ્લાન, બાળ, વૃદ્ધ અને મહેમાન સાધુને માટે અથવા ગચ્છને માટે અથવા સજ્ઞાતીય કુળને મરાટે કે અજ્ઞાતીયોને માટે પોતાની લબ્ધિ અનુસાર બધું જ લાવીને આપે કે અપાવે. પરિચિતો કે સંખડીમાંથી અપાવે.

આ રીતે દાનાધિકાર કહ્યો. હવે ઉપદેશાધિકાર —

સંવિગ્નને, બીજા સાંભોગિકોને ઉપદેશ આપે કે આટલા દાનકૂળો અથવા શ્રાદ્ધકુળો છે. પોતે સમર્થ ન હોય તો સાંભોગિકોને ઉપદેશ આપવામાં કોઈ દોષ નથી.



હવે જો પાણીને માટે અથવા સંજ્ઞા ભૂમિ જતાં સંખડી ભોજનાદિ હોય, [તે જાણે] તો સાધુઓને અમુક સ્થાને સંખડી છે, એ પ્રમાણે ઉપદેશ આપે.

એ રીતે ઉપદેશાધિકાર કહ્યો.

દાનમાં જેમ સમાધિ રહે તેમ અને ઉપદેશમાં જેમ સામર્થ્ય હોય તેમ કરે. જો તે અશનાદિ લાવવા શક્તિમાન હોય તો લાવીને આપે. જો તે સમર્થ ન હોય તો અપાવે અથવા ઉપદેશ કરે. જે-જે પ્રમાણે સાધુને કે પોતાને સમાધિ રહે તે-તે પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ.

એ રીતે 'યથાસમાધિ' દ્વાર કહ્યું.

૦ હવે આ જ અર્થને જણાવવા ભાષ્યકારશ્રી કહે છે —

**● ભાષ્ય-૨૪૪ + વિવેચન :-**

સંવિગ્ન અને અન્ય સાંભોગિકોને શ્રાદ્ધ કુળોનો ઉપદેશ આપે અથા જેમ સમાધિ રહે તેમ સાંભોગિકોને અશનાદિ આપે.

હવે પ્રત્યાખ્યાન શુદ્ધિ બતાવે છે, તેથી ભાષ્યકાર કહે છે —

**● ભાષ્ય-૨૪૫, નિર્યુક્તિ-૧૫૮૫-વિવેચન :-**

શોધન એટલે શુદ્ધિ, તે પ્રત્યાખ્યાનની છ ભેદે છે —

શ્રમણ સમયકેતુ અર્થાત્ સાધુ સિદ્ધાંત ચિહ્ન ભૂતોથી પ્રજ્ઞપ્ત છે. કોણે પ્રરૂપી છે ? ઋષભાદિ તીર્થંકરોએ.

તેને હું કહીશ. કઈ રીતે ? સંક્ષેપથી.

૦ હવે તે ષડ્વિધત્વ - છ ભેદોને દર્શાવતા કહે છે —

તે શુદ્ધિ છ ભેદે છે, તે આ પ્રમાણે - શ્રદ્ધાન શુદ્ધિ, જ્ઞાન શુદ્ધિ, વિનયશુદ્ધિ. અનુભાષણા શુદ્ધિ અને અનુપાલના શુદ્ધિ તથા છઠ્ઠી-ભાવશુદ્ધિ.

શુદ્ધિ શબ્દ દ્વારના ઉપલક્ષણાર્થે છે. અહીં સંક્ષેપાર્થ કહ્યો.

હવે આ નિર્યુક્તિ ગાથાનો અવયવાર્થ ભાષ્યકાર જ કહેશે. તેમાં આદ્ય દ્વાર અવયવના પ્રતિપાદનાર્થે કહે છે —

**● ભાષ્ય-૨૪૬,૨૪૭ + વિવેચન :-**

પ્રત્યાખ્યાન સર્વજ્ઞ ભાષિત છે, જે જ્યાં જે કાળમાં તેની શ્રદ્ધા કરે છે, તે મનુષ્યને શ્રદ્ધાશુદ્ધ જાણવો. [આ ગાથાર્થ કહ્યો.]

[વિશેષ આ પ્રમાણે —] સર્વજ્ઞ ભાષિત એટલે તીર્થંકર પ્રણિત છે. જે સત્તાવીશ ભેદમાંનું કોઈપણ હોય. આ સત્તાવીશ ભેદ આ પ્રમાણે - પાંચ ભેદે સાધુના મૂલગુણ પ્રત્યાખ્યાન, દશભેદે ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને બાર ભેદે શ્રાવકોના પ્રત્યાખ્યાન એમ ૨૭-થાય.

જ્યાં જિનકલ્પમાં ચાર યામમાં કે પાંચ યામમાં અથવા શ્રાવકધર્મમાં 'જ્યારે'- સુકાળમાં કે દુષ્કાળમાં પૂર્વાહ્ણમાં કે પરાહ્ણમાં, કાળ-ચરમકાળમાં તેની જે મનુષ્ય શ્રદ્ધા કરે છે, તે તેના અભેદ ઉપચારથી તેને જ તેવા પ્રકારની પરિણતત્વથી જાણે છે. તેને શ્રદ્ધાશુદ્ધ જાણવા.

હવે જ્ઞાનશુદ્ધને પ્રતિપાદિત કરે છે —

જે કલ્પમાં જે પ્રત્યાખ્યાન હોય તે કરવું જોઈએ. મૂળગુણ અને ઉત્તરગુણમાં તે જાણવું તેને જ્ઞાનશુદ્ધ કહ્યું. [આ ગાથાર્થ છે.]

[હવે વિશેષાર્થ-] પ્રત્યાખ્યાનને જાણે છે. કલ્પ - જિનકલ્પ આદિમાં, જે પ્રત્યાખ્યાન જેમાં હોય છે, તે કરવું જોઈએ.

હવે વિનયશુદ્ધને કહે છે, તેમાં આ ગાથા છે —

● ભાષ્ય-૨૪૮ થી ૨૫૩-વિવેચન :-

[૨૪૮] કૃતિકર્મ-વંદનકના. વિશુદ્ધિ - નિરવદ્યકરણ ક્રિયાને જે પ્રયોજે છે, તે પ્રત્યાખ્યાનકાળમાં અન્યૂનાતિરિક્ત વિશુદ્ધિ મન-વચન-કાય ગુપ્ત થઈને પ્રત્યાખ્યાતાના પરિમાણત્વથી પ્રત્યાખ્યાનને તું વિનયથી જાણ. તેને વિનયથી શુદ્ધ જાણવા.

[૨૪૯] હવે અનુભાષણા શુદ્ધને પ્રતિપાદન કરતાં કહે છે —

કૃતિકર્મ કરેલા પ્રત્યાખ્યાન કરતા ગુરુવચનનું અનુભાષણ કરે છે, અર્થાત્ લઘુતર શબ્દથી ભણે છે.

કઈ રીતે અનુભાષણ કરે ? અક્ષર, પદ, વ્યંજન વડે પરિશુદ્ધ. આના વડે અનુભાષણા યત્ન જણાવે છે. જ્યારે ગુરુ કહે કે "વોસિરે" ત્યારે પચ્ચક્ખાણ લેનાર પણ કહે છે — "વોસિરામિ" બાકી ગુરુ બોલે તેની સદૃશ બોલવું જોઈએ. કેવા થઈને ? અંજલિ જોડીને અભિમુખ રહીને બોલે તેમને અનુભાષણા શુદ્ધ જાણ એ પ્રમાણે ગાથાર્થ કહ્યો.

[૨૫૦] હવે અનુપાલનાશુદ્ધને કહે છે —

કાંતાર - અરણ્યમાં, દુર્ભિક્ષ - કાળવિભ્રમ, દુષ્કાળ. અથવા તો જ્વરાદિ આતંક વધારે ઉત્પન્ન થતાં જે પાલના કરેલ હોય, જેનો ભંગ ન થયો હોય તેને અનુપાલના શુદ્ધ જાણ.

આ ઉદ્‌ગમ દોષો સોળ, ઉત્પાદન દોષો સોળ અને એષણા દોષો દશ, આ બધાં મળીને બેતાલીશ દોષ થાય છે. તે નિત્ય પ્રતિષિદ્ધ છે. આ દોષોથી કાંતાર-દુર્ભિક્ષમાં ભંગ થતો નથી.

[૨૫૧] હવે ભાવ શુદ્ધને કહે છે —

રાગથી - અભિષ્વંગ, આસક્તિરૂપથી, દ્વેષથી - અપ્રીતિલક્ષણથી, પરિણામથી - આલોક આદિ આશંસા લક્ષણથી અથવા સ્તંભાદિ વક્ષ્યમાણથી દુષિત-કલુષિત ન થાય તો તેવા પચ્ચક્ખાણને ભાવવિશુદ્ધ જાણવું. એ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

આ ગાથાનો અવયવાર્થ આ પ્રમાણે છે —

રાગ વડે આ પૂજાય છે, તો હું પણ તે પ્રમાણે કરું તો હું પણ પૂજાઈશ એવા રાગથી પ્રત્યાખ્યાન કરે. દ્વેષથી તે પ્રમાણે કરે - લોકો મારી પાસે આવી પડે, જેથી આનો આદર ન થાય માટે પ્રત્યાખ્યાન કરે. પરિણામથી. આલોકને માટે નહીં, પરલોકને માટે નહીં, કીર્તિ-વર્ણ-યશ-શબ્દ હેતુથી કે અન્ન, પાન, વસ્ત્રના લોભથી અથવા શયન, આસન, વસ્ત્રના હેતુથી.



આવી કોઈપણ રીતે પ્રત્યાખ્યાન ન કરે તે ભાવશુદ્ધ પ્રત્યાખ્યાન.

[૨૫૨] આ પ્રમાણે અનંતર વર્ણિત છ સ્થાનો વડે શ્રદ્ધા આદિથી જે પ્રત્યાખ્યાન દૂષિત નથી, કલુષિત નથી. તેને શુદ્ધ જાણવું.

તેના પ્રતિપક્ષે જે અશ્રદ્ધાનાદિ દોષથી અશુદ્ધ છે તેને તું અશુદ્ધ પ્રત્યાખ્યાન જાણ.

[૨૫૩] પરિણામથી ન દૂષિત હોય તે જે કહ્યું. તેમાં પરિણામને જણાવવા માટે આ પ્રમાણે કરે છે —

સ્તંભથી — માનથી, ક્રોધથી, અનાભોગથી - વિસ્મૃતિથી, પૂછ્યા વિના, અવિદ્યમાનતાથી જે પરિણામ છે તે, દૂષિત પ્રત્યાખ્યાન થાય.

હવે ઉપરોક્ત પદોને વિદ્વાનો વિસ્તારથી કહે છે —

(૧) સ્તંભથી એવું માને કે હું પ્રત્યાખ્યાન કરું તો માન મળશે.

(૨) ક્રોધથી નિર્ભર્ત્સના કે પડિચોયણાદિથી ભોજન કરવા ન ઈચ્છે - તેથી ક્રોધથી અભક્તાર્થ - ઉપવાસ કરે.

(૩) અનાપૃચ્છા - પૂછ્યા વિના જમે, જેથી કોઈ રોકે નહીં. અથવા ન પૂછવા માટે ઉપવાસનું પચ્ચક્ખાણ કરે.

(૪) અથવા હું ખાઈશ પછી કહી દઈશ કે ભૂલી ગયો. આ તો ખોટું છે તેના કરતાં કંઈ ખાવું જ નથી. માટે પ્રત્યાખ્યાન કરવું તેવા પરિણામથી ઉપવાસ કરે તો આ અશુદ્ધ પચ્ચક્ખાણ છે.

આ પરિણામથી અશુદ્ધદ્વારને કહ્યું.

તે પૂર્વ વર્ણિત આલોક યશ - કીર્તિ, વર્ણાદિ. અથવા આ જ સ્તંભાદિ અપાય છે. હું પ્રત્યાખ્યાન કરું તો મને કોઈ કાઢશે નહીં. અથવા આ લોકો પ્રત્યાખ્યાન કરતા નથી, એ પ્રમાણે ન કલ્પે.

વિદુ - જ્ઞાયક, તેને શુદ્ધ પચ્ચક્ખાણ થાય, તે અન્યથા ન કરે કેમકે તે જ્ઞાયક છે. તેથી જ્ઞાયક એ પ્રમાણ છે. જાણીને પછી સુખેથી પરિહાર કરાયેલ જાણવું. તેને શુદ્ધિ થાય છે.

૦ પ્રત્યાખ્યાન સમાપ્ત થયું ૦

— મૂળ દ્વાર ગાથામાં પ્રત્યાખ્યાન દ્વારની વ્યાખ્યા કરી.

— બાકીના પ્રત્યાખ્યાતા આદિ પાંચ દ્વારો નામનિષ્પન્ન નિક્ષેપા અંતર્ગત્ હોવા છતાં હું સૂત્રાનુગમ પછી વ્યાખ્યા કરીશ.

શા માટે ? તે કહે છે — જે કારણે પ્રત્યાખ્યાન સૂત્રાનુગમથી પરમાર્થથી સમાપ્તિને પામે છે.

— આની મધ્યે અધ્યયનનો શબ્દાર્થ કહેવો જોઈએ. પણ તે બીજે કહેવાઈ ગયો છે, માટે અહીં કહેતા નથી.

— નામનિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિક્ષેપનો અવસર છે તે સૂત્ર હોય તો થાય. સૂત્ર અનુગમમાં બે ભેદ છે - સૂત્રાનુગમ અને નિર્યુક્તિ અનુગમ. તેમાં

નિર્યુક્તિ અનુગમ ત્રણ પ્રકારે છે — (૧) નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ, (૨) ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ, (૩) સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ. તેમાં પણ નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ અનુગત છે અને કહેવાશે. ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ આ બે દ્વારગાથા વડે જાણવો જોઈએ. જેમકે — उद्देसे निद्देसे य० ઈત્યાદિ किं कतिविधं ઈત્યાદિ.

સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ સૂત્ર હોય તો થાય છે. સૂત્ર સૂત્રાનુગમથી થાય. તે અવસર પ્રાપ્ત પાંચ સૂત્રાદિમાં એક સાથે જાય છે. તે આ — (૧) સૂત્ર, (૨) સૂત્રાનુગમ, (૩) સૂત્રાલાપક, (૪) નિક્ષેપ, (૫) સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ. વધું વિસ્તાર સામાયિક અધ્યયનથી જાણવો.

**● સૂત્ર-૮૨ :-**

***સૂર્ય ઉગવાથી આરંભીને નમસ્કાર સહિત અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે આહારના પચ્ચકખાણ કરે છે.***

***अन्नत्थ - સિવાય કે અનાભોગ કે સહસાકારથી [આ બે આગાર છોડીને હું અશનાદિનો] ત્યાગ કરું છું.***

**● વિવેચન-૮૨ :-**

આની વ્યાખ્યા - તેનું લક્ષણ “સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન, એમ તંત્રની છ ભેદે વ્યાખ્યા છે.

— તેમાં અસ્ખલિત પદનું ઉચ્ચારણ તે સંહિતા નિર્દિષ્ટ જ છે.

— હવે પદો - સૂર્ય ઉગ્યા પછી નમસ્કાર સહિત૦ ઈત્યાદિ.

— હવે પદાર્થ કહે છે — તેમાં अशन - अश् એટલે ભોજન, જે ખવાય તે ‘અશન’ થાય છે. पान - પીવાય તે પાન, खाद्य - ભક્ષણ, ખવાય કે ભક્ષણ કરાય તે ખાદિમ. स्वादिम - સ્વદ એટલે આસ્વાદન. તેથી આસ્વાદન કરાય તે સ્વાદિમ.

अन्नत्थ - પરિવર્જન અર્થમાં છે. જેમકે अन्यत्र द्रोण भीष्माभ्यां० દ્રોણ અને ભીષ્મ સિવાયના. આ પ્રમાણે —

આભોગન તે આભોગ, આભોગ નહીં તે અનાભોગ અર્થાત્ અત્યંત વિસ્મૃતિ. તેના વડે, આ અનાભોગને છોડીને. તથા સહસા કરવું તે સહસાકાર અર્થાત્ અતિ પ્રવૃત્તિના યોગથી અનિવર્તન, અચાનક. તેને છોડીને.

ઉક્ત બે આગાર છોડીને હું વોસિરાવું છે - ત્યાગ કરું છું.

આ પદાર્થ કહ્યો પદ વિગ્રહ તો સમાસવાળા પદ વિષયનો છે, તેથી ક્વચિત્ થાય છે, સર્વત્ર થતો નથી. તે યથાસંભવ પ્રદર્શિત જ છે.

— ચાલના અને પ્રત્યવસ્થાન નિર્યુક્તિકાર પોતે જ દર્શાવશે.

૦ હવે સૂત્ર સ્પર્શિકા નિર્યુક્તિ અહીં જ નિરૂપતા કહે છે —

**● નિર્યુક્તિ-૧૫૮૬,૧૫૮૭-વિવેચન :-**

अशन - મંડક, ઓદન આદિ, પાન-દ્રાક્ષ પાનાદિ, ખાદિમ-ફળાદિ તથા સ્વાદિમ-ગોળ, તાંબુલ, સોપારી આદિ. આ આહાર વિધિ ચાર ભેદે હોય છે, તેમ જાણવું. એ ગાથાર્થ છે.



હવે સિદ્ધાંતની પરિભાષાથી શબ્દાર્થ નિરૂપણ કરે છે —

(૧) આશુ - શીઘ્ર, ક્ષુધા - ભુખને શમન કરે છે માટે અશન. (૨) પ્રાણોને-ઈન્દ્રિયાદિ લક્ષણને ઉપકારમાં જે વર્તે છે માટે પાન. (૩) खं - આકાશ, તે મુખના વિવર સમાન, તેમાં સમાય છે તે ખાદિમ. (૪) સ્વાદિમ - આસ્વાદન કરે છે રસોનું અથવા સંયમ ગુણોનું તેથી તે સ્વાદિમ. - x - x -

પદાર્થ કહ્યો, પદવિગ્રહ આદિ કહેલા નથી.

૦ હવે ચાલના કહે છે —

**● નિર્યુક્તિ-૧૫૮૮-વિવેચન :-**

જે અનંતર કહેલાં પદાર્થની અપેક્ષાથી અશનાદિ છે, તે બધાં પણ આહાર ચતુર્વિધ આહાર જ છે. બધું અશન આહાર કહેવાય છે. એ રીતે બધું પણ પાન, બધું જ ખાદિમ, બધું પણ સ્વાદિમ આહાર કહેવાય છે.

તેથી કહે છે — જેમ અશન - ભાત, રોટલો આદિ ભુખને શમાવે છે, તે પ્રમાણે જ પાનક-દ્રાક્ષ, ક્ષીર પાનાદિ, ખાદિમમાં પણ ફળ આદિ, સ્વાદિમમાં પણ તાંબુલ, સોપારી આદિ જાણવા.

જેમ પાનક પ્રાણોના ઉપકારને માટે વર્તે છે, તેમ અશનાદિ પણ વર્તે છે, તથા ચારે પણ આકાશ માફક મુખના વિવરમાં સમાય છે. ચારે પણ સ્વાદ કરાય છે કે આસ્વાદાય છે, તેમાં કોઈ ભેદ નથી.

તેથી આ ભેદો અયુક્ત છે, એમ ગાથાર્થ છે.

આ ચાલના કહી, પ્રત્યવસ્થાન તો જો કે એ પ્રમાણે જ છે, તો પણ તુલ્યાર્થત્વ પ્રાપ્ત થવા છતાં પણ રૂઢીથી, નીતિથી પ્રયોજન સંયમને ઉપકારક થાય છે. એ પ્રમાણે વિચારવું.

અન્યથા જે દોષ લાગે તે જણાવે છે —

**● નિર્યુક્તિ-૧૫૮૯-વિવેચન :-**

જો અશન જ સર્વ આહાર જાતને ગ્રહણ કરીએ, તો બાકીનાનો પરિભોગ ન કરીને પણ પાનક આદિના વર્જનમાં - ઉદકાદિના પરિત્યાગમાં બાકીના આહારભેદોની નિવૃત્તિ કરાયેલ થતી નથી. પછી શી હાનિ થાય ?

બાકીના આહાર ભેદનો પરિત્યાગ થઈ જાય. - x - પ્રેક્ષાપૂર્વકારિતાથી ત્યાગનું પાલન એ ન્યાય છે. તે અહીં સંભવે છે. તેથી અશન આદિ ચારે વિભક્ત જ છે. તેના એક ભાવમાં પણ તે-તે ભેદ પરિત્યાગમાં આ ઉત્પન્ન થાય જ છે. સત્ય છે ઉત્પન્ન થાય જ છે.

તેનો જ દેશથી ત્યાગ અને તેનો જ નહીં. - x - x - અપરિણત શ્રાવકોને તેમ થતું નથી. તેથી સામાન્ય અને વિશેષ ભેદ નિરૂપણામાં સુખે સમજાય છે. સુખે શ્રદ્ધા થાય છે. - તથા -

**● નિર્યુક્તિ-૧૫૯૦-વિવેચન :-**

અશન, પાનક, ખાદિમ અને સ્વાદિમ. એ પ્રમાણે પ્રરૂપણા કરતા-સામાન્ય-

વિશેષ ભાવથી કહેવાય છે. તેવી રીતે અવબોધ થવાથી શ્રદ્ધાને માટે સુખ થાય છે. સુખથી શ્રદ્ધા પ્રવર્તે છે.

ઉપલક્ષણર્થત્વથી સુખ અપાય છે અને પળાય છે.

[શંકા] મન વડે અન્યથા સંપ્રધારણ કરાયેલ પ્રત્યાખ્યાનમાં ત્રિવિધના પ્રત્યાખ્યાન હું કરું છું. વચન અન્યથા વિનિર્ગત ચતુર્વિધનું, ગુરુ વડે પણ તે પ્રમાણે જ અપાયું, અહીં પ્રમાણ શું ?

શિષ્યના મનોગત ભાવ. કહે છે કે –

● **નિર્યુક્તિ-૧૫૯૧-વિવેચન :-**

અન્યત્ર નિપતિત વ્યંજનમાં - ત્રિવિધ પ્રત્યાખ્યાન ચિંતામાં ચતુર્વિધ, એ રીતે આદિમાં નિયતિત શબ્દમાં જે નિશ્ચે મનોગત ભાવોને પ્રત્યાખ્યાન કરે છે. અહીં खलु શબ્દ અધિકતર સંયમ યોગ કરણાપહૃત ચિત્તથી અન્યત્ર નિપતિત થતાં, તથાવિધ પ્રમાદથી જે મનોગત ભાવ પહેલા કહ્યા, તે નિશ્ચે પ્રત્યાખ્યાનનું પ્રમાણ નથી.

આના વડે અપાંતરાલગત સૂક્ષ્મ વિવક્ષાંતરનો નિષેધ કર્યો. કેમકે તે આધમાં જ પ્રવર્તે છે અને તે વ્યવહારદર્શન અધિકૃતત્વથી છે. તેથી કોઈ પ્રમાણ નથી તે શિષ્ય અને આચાર્યના વચનનું.

શા માટે ? આ વ્યંજન માત્ર છલના છે કેમકે - તેના અન્યથા ભાવનો સદ્ભાવ છે.

આ પ્રત્યાખ્યાન પ્રધાન નિર્જરાનું કારણ છે. તેથી તેની વિધિવત્ અનુપાલના કરવી જોઈએ.

● **નિર્યુક્તિ-૧૫૯૨-વિવેચન :-**

(૧) फासियं - સ્પૃષ્ટ, પ્રત્યાખ્યાન ગ્રહણ કાળમાં વિધિથી પ્રાપ્ત.

(૨) पालियं - પાલિત, પુનઃપુનઃ ઉપયોગ પ્રતિ જાગરણથી રક્ષિત.

(૩) सोहियं - શોભિત, ગુરુ આદિ પ્રદાન શેષ ભોજન ખાવાથી.

(૪) तीरित - કાળ અવધિ પૂર્ણ થયા પછી કંઈ કાળ જવા દેવો તે.

(૫) कीर्तित - ભોજનવેળામાં અમુક જ મારે પ્રત્યાખ્યાન હતું તે પૂરુ થયું, હવે ખાઈશ. એમ ઉચ્ચાર વડે.

(૬) आराधित - આ ઉક્ત પ્રકારો વડે સંપૂર્ણ નિષ્ઠામાં લઈ જવાયેલ જે કારણે એ પ્રમાણે જ છે, તે આજ્ઞાપાલન અને અપ્રમાદથી મહાન્ કર્મક્ષયનું કારણ છે, તેથી આવી રીતે પ્રયત્ન કરવો જોઈએ - આવા સ્વરૂપના જ પ્રત્યાખ્યાનમાં યત્ન કરવો જોઈએ.

હવે અનંતર અને પરંપરથી તે પ્રત્યાખ્યાનના ગુણો કહે છે –

● **નિર્યુક્તિ-૧૫૯૩ થી ૧૫૯૫-વિવેચન :-**

[૧૫૯૩] પ્રત્યાખ્યાન કર્યાથી - સમ્યક્ નિવૃત્તિ કરતાં, શું ? તેના આશ્રવદ્વારો બંધ થાય છે - તે વિષય પ્રતિબદ્ધ કર્મના દ્વારો સ્થગિત થાય છે તેમાં આવૃત્તિથી. આશ્રવના વ્યવચ્છેદથી અને કર્મબંધ દ્વારો બંધ થવાથી સંવરણ થાય છે શા માટે ?



તૃષા વ્યવચ્છેદન થાય છે, તે વિષયના અભિલાષની નિવૃત્તિ થાય છે આ ગાથાર્થ કહ્યો.

[૧૫૯૪] તૃષાના વ્યવચ્છેદથી અને તદ્વિષયક અભિલાષની નિવૃત્તિમાં અતુલ-અનન્યસદૃશ ઉપશમ - મધ્યસ્થ પરિણામ મનુષ્યોને થાય છે અર્થાત્ પુરુષોને ઉપજે છે.

અહીં પુરુષ પ્રણિત અને પુરુષ પ્રધાન ધર્મ છે, તે જણાવવા માટે 'મનુષ્ય' શબ્દ ગ્રહણ કર્યો. અન્યથા સ્ત્રીને પણ થાય જ છે.

અતુલ ઉપશમથી વળી - અનન્ય સદૃશ મધ્યસ્થ પરિણામથી વળી પ્રત્યાખ્યાન ઉક્તલક્ષણ થાય છે એટલે કે શુદ્ધિને પામે છે. અથવા તો નિષ્કલંક થાય છે, આ ગાથાર્થ કહ્યો.

[૧૫૯૫] તેથી પ્રત્યાખ્યાન વડે શુદ્ધ ચારિત્ર ધર્મ સ્ફૂરે છે.

કર્મ વિવેક - કર્મ નિર્જરા. તે ચારિત્રધર્મથી થાય છે. તેથી - તેનાથી કર્મના વિવેકથી ક્રમ વડે અપૂર્વકરણ થાય છે. પછી - અપૂર્વકરણથી શ્રેણિના ક્રમથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

– તે કેવળજ્ઞાનથી ભવોપગ્રાહી કર્મક્ષયથી મોક્ષ થાય છે.

– સદાસૌખ્ય - અપવર્ગમાં નિત્ય સુખ થાય છે.

– એ પ્રમાણે આ પ્રત્યાખ્યાન સકલ કલ્યાણનું એક કારણ છે, તેથી યત્નપૂર્વક તેને કરવું જોઈએ.

આ પ્રત્યાખ્યાન મહોપાધિના ભેદથી બાર ભેદે થાય છે અથવા આગાર સહિત ગ્રહણ કરાય છે અને પળાય છે.

તેથી હવે તેને જણાવવાની ઈચ્છાથી કહે છે –

● **નિર્યુક્તિ-૧૫૯૬ થી ૧૬૦૦-વિવેચન :-**

નમસ્કાર એવા ઉપલક્ષણથી નમસ્કાર સહિત [નવકારશી], પોરિસિ, પુરિમડ્ઢ, એકાસણું, એકલઠાણું, આયંબિલ, ઉપવાસ, ચરમ, અભિગ્રહ અને વિકૃતિ [વિગઈ] આ બધામાં શું ?

અનુક્રમે આગારો બે, છ, સાત, આઠ, સાત, સાતઆઠ, પાંચ, છ પાનકમાં ચાર, પાંચ, આઠ, નવ પ્રત્યેક પિંડકમાં નવ.

ઉક્ત બંને ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે –

૦ નમસ્કારમાં બે જ આગાર છે. અહીં નમસ્કારના ગ્રહણથી નમસ્કાર સહિત ગ્રહણ કરાય છે. તેમાં બે જ આગાર છે. આગાર એટલે પ્રત્યાખ્યાનના અપવાદ હેતુ જાણવા.

અહીં સૂત્રમાં सूरे उग्गए नमोक्कारसंहितं० માં આગારની વ્યાખ્યા કરી જ છે. પોરિસિમાં છ આગાર છે. પોરિસિ - એક પ્રત્યાખ્યાન વિશેષ છે, તેમાં છ આગારો થાય છે. તેનું સૂત્ર આ છે –

● **સૂત્ર-૮૩ :-**

***સૂર્ય ઉગ્યા પછી પોરિસિ [અર્થાત્ એક પ્રહર પર્યન્ત] ચારે ભેદે અશન,***

***પાન, ખાદિમ, સ્વાદિમનું પચ્ચકખાણ કરે છે.***

*(अन्नत्थ) **અનાભોગ, સહસાકાર, પ્રચ્છન્નકાળ, દિશામોહ, સાધુવચનથી, સર્વસમાધિ નિમિત્તે આ છ કારણો સિવાય.***

***હું અશનાદિ ચારેનો ત્યાગ કરું છું.***

● **વિવેચન-૮૩ :-**

– અનાભોગ અને સહસાકાર બંનેની વ્યાખ્યા પૂર્વવત્.

– પ્રચ્છન્ન કાલાદિનું સ્વરૂપ આ પ્રમાણે - પ્રચ્છન્ના દિશામાં રજથી, રેણુથી, પર્વત વડે કે અન્ય કારણે અંતરિત થવાથી સૂર્ય દેખાતો નથી. તેથી પોરિસિ પૂર્ણ થઈ, એમ સમજીને પચ્ચકખાણ પારે. પછી જો જાણે તો ઉભો રહે, તો ભંગ ન થાય. જો ખાય તો પચ્ચકખાણ ભાંગે. બધામાં આ પ્રમાણે જાણવું.

– દિશાના મોહથી કોઈક પુરુષને કોઈપણ ક્ષેત્રમાં દિગ્મોહ થાય છે. તે પૂર્વા પશ્ચિમા દિશા જાણે છે. એ પ્રમાણે તે દિગ્મોહથી તુરંતનો ઉગેલો પણ સૂર્ય જોઈને ઉત્સૂર્યીભૂત એમ માને છે. જાણીને ઉભો રહે.

– સાધુઓ ઉગ્ઘાડા પોરિસિ ભણે ત્યારે તે જમે, પારીને માને કે બીજી રીતે માને, તેણે તેમને ભોજન માટે કહ્યું પણ પૂરિત ન થઈ હોય તો ઉભો રહે.

– સમાધિ એટલે તેણે પોરિસિ પચ્ચકખાણ કર્યું. આશુકારી કે બીજું કોઈ દુઃખ ઉત્પન્ન થયું. ત્યારે તેને પ્રશમન નિમિત્તે પચ્ચકખાણ પારે અથવા ઔષધ પણ અપાય છે.

એ સમયમાં જો જાણે તો તેણે વિવેક [ત્યાગ]કરવો.

૦—૦ પુરિમડ્ઢમાં સાત આગાર છે.

પુરિમડ્ઢ એ પહેલાં બે પ્રહરની કાળની અવધિનું પ્રત્યાખ્યાન છે. તેમાં સાત આગારો થાય છે. અહીં સૂત્ર આ પ્રમાણે છે —

● **સૂર-૮૪ :-**

***સૂર્ય ઉગ્યા પછી ઉંચો આવે ત્યાં સુધી પુરિમડ્ઢ [મધ્યાહ્ન થાય ત્યારે] અશન આદિ ચાર આહારનું પચ્ચકખાણ કરે છે.***

*अन्नत्थ* - ***અનાભોગ, સહસાકાર, કાળની પ્રચ્છન્નતા, દિશામોહ, સાધુવચન, મહત્તરકારણ કે સર્વસમાધિના હેતુરૂપ આગાર સિવાય.***

***આ અશનાદિ ચારેનો ત્યાગ કરું છું.***

● **વિવેચન-૮૪ :-**

– છ આગારો પોરિસિ પ્રત્યાખ્યાનમાં કહ્યા.

– સાતમો મહત્તરાકાર. આ પણ સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાનમાં સાગાર કૃતાધિકારમાં અહીં જ કહેલો હોવાથી તેની વ્યાખ્યા કરતા નથી.

૦—૦ એકાસણામાં આઠ જ આગાર છે.

એકાસણું એટલે એક વખત બેસીને પુઠાને ચલિત કર્યા વિના ભોજન કરવું. તેમાં આઠ આગારો છે. તેમાં આ સૂત્ર છે —



● **સૂત્ર-૮૫ :-**

***– એકાસણાનું પ્રત્યાખ્યાન કરે છે.***

***–*** *अन्नत्थ* - ***અનાભોગ, સહસાકાર, સાગારિકાકાર, આકુંચનપ્રસારણ, ગુરુ અભ્યુત્થાન, પારિષ્ઠાપનિકા, મહત્તર અને સર્વ સમાધિ નિમિત્ત.***

***ઉક્ત આઠ આગારો સિવાય...***

***હું અશન આદિ ચારે આહારનો ત્યાગ કરું છું.***

● **વિવેચન-૮૫ :-**

અનાભોગ, સહસાકાર પૂર્વવત્. સાગારિક-અર્ધ સમુદ્દેશ કર્યો હોય ત્યારે આવે, જો વ્યતિક્રમે છે તો પ્રતિક્ષા કરે. જો સ્થિર હોય તો સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. તેથી ઉભા થઈ બીજે જઈને સમુદ્દેશ કરે છે.

હાથ, પગ, મસ્તકને આકુંચન કે પ્રસારણ કરે તો પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. અભ્યુત્થાન - આચાર્ય કે પ્રાઘુર્ણકને આવતા જોઈ ઉભુ થવું જોઈએ એ પ્રમાણે સમુદ્દેશ પછી પારિષ્ઠાપનિકી જો થાય તો કલ્પે છે અને મહત્તર આગાર પૂર્વવત્ જ જાણવો.

● **સૂત્ર-૮૬ થી ૯૨ :-**

*[એકાસણાના સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ एक्कासणमित्यादि એમ સૂત્ર જણાવે છે. આ ઈત્યાદિ શબ્દથી આ સાત પ્રત્યાખ્યાનો બીજા આવી જશે –]*

[૮૬] ***એકલઠાણાનું પચ્ચકખાણ કરે છે૦***

[૮૭] ***આયંબિલનું પચ્ચકખાણ કરે છે૦***

[૮૮] ***ઉપવાસનું પચ્ચકખાણ કરે છે૦***

[૮૯] ***દિવસને અંતે અશનાદિ ચારે આહારનું પચ્ચકખાણ કરે છે૦***

[૯૦] ***ભવચરિમનું પચ્ચકખાણ કરે છે૦***

[૯૧] ***અભિગ્રહનું પચ્ચકખાણ કરે છે૦***

[૯૨] ***નિવ્વિગઈય પચ્ચકખાણ કરે છે૦***

● **વિવેચન-૮૬ થી ૯૨, નિર્યુક્તિ-૧૬૦૦ :-**

૦- એક સ્થાન પ્રત્યાખ્યાનના સાત આગારો થાય છે.

એકસ્થાન - એકલઠાણું એટલે જેમાં અંગોપાંગ સ્થાપીને તે તે પ્રમાણે જ રહીને સમુદ્દેશ કરે. તેમાં સાત આગારો છે. એક માત્ર આકુંચન-પ્રસારણ આગારને છોડીને બાકીના સાતે આગારો એકાસણા મુજબ જાણવા.

૦- આયંબિલના આઠ આગારો છે. અહીં બહુ વક્તવ્યતા છે, એમ સમજીને ભેદથી કહીશું - x - અસંમોહને માટે ગાથાની જ વ્યાખ્યા કરાય છે. આયંબિલ વિશે આગળ નિર્યુક્તિ-૧૬૦૨માં જોવું.

૦- ઉપવાસ એટલે કે અભક્તાર્થમાં પાંચ આગારો છે.

તે પાંચ આગારો આ પ્રમાણે — અનાભોગ, સહસાકાર, પારિષ્ઠાપનિકા, મહત્તર અને સર્વસમાધિ નિમિત્તે એ પાંચ કારણો સિવાય...

હું અશનાદિ ચારે આહારોનો ત્યાગ કરું છું.

જો ત્રિવિધ [પાણી સિવાયના ત્રણ ભેદે] પચ્ચક્ખાણ કરે તો તેને પારિષ્ઠાપનિકી કલ્પે છે. જો ચારે આહારનો ત્યાગ કરે તો પાણી પણ ન લે, ત્યારે તેને પારિષ્ઠાપનિકી કલ્પતી નથી. ત્યારે છ આગાર આ પ્રમાણે –

લેપકૃતથી - અલેપકૃતથી, અચ્છથી - બહલથી, સસિક્થથી - અસિક્થથી. આ છ કારણો સિવાય ચારે આહારનો ત્યાગ. આના દ્વાર છ પાનક પણ વ્યાખ્યાયિત કર્યા જ છે.

૦ ચરિમમાં ચાર આગાર કહ્યા.

આ ચરિમ બે ભેદે છે - દિવસચરિમ અને ભવચરિમ.

૦ દિવસ ચરિમના ચાર આગારો કહ્યા છે –

અનાભોગ, સહસાકાર, મહત્તરાકાર, સર્વ સમાધિ નિમિત્તે આ ચાર આગાર સિવાય હું અશનાદિ ચારે આહારનો ત્યાગ કરું છું.

૦ ભવચરિમ એટલે જાવજ્જીવ પ્રત્યાખ્યાન તેમાં પણ આ ચાર જ આગાર કહેલા છે તે સિવાય અશનાદિ ચારેનો ત્યાગ.

૦ અભિગ્રહમાં - આ પ્રત્યાખ્યાનના પાંચ આગારો કહેલા છે. અપ્રાવરણ અભિગ્રહમાં પાંચ આગાર, બાકીમાં ચાર આગાર છે.

૦ નિર્વિકૃતિક - વિગઈ રહિતતા. આ પ્રત્યાખ્યાનમાં આઠ કે નવ આગારો વિકલ્પે કહેલા છે.

–૦– અભિગ્રહાદિ પ્રત્યાખ્યાન નિર્યુક્તિનો ભાવાર્થ આ છે –

૦ અભિગ્રહમાં પ્રાવરણ હું કોઈક પ્રત્યાખ્યાન કરે છે. તેને પાંચ આગાર કહેલા છે – અનાભોગ, સહસાકાર, મહત્તરાકાર, ચોલપટ્ટ, સર્વસમાધિ હેતુ. બાકીના અભિગ્રહમાં ચોલપટ્ટક આગાર હોતો નથી.

૦ વિગઈઓ દશ છે – દુધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મજ-મધ, માંસ. તેનો વિસ્તાર કરે છે.

(૧) દુધ-પાંચ પ્રકારે, ગાયનું, ભેંસનું, બકરીનું, ઘેટીનું, ઉંટડીનું.

(૨) દહીં - ઉંટડી સિવાયના દુધનું અર્થાત્ ચાર પ્રકારે દહીં થાય.

(૩) માખણ અને (૪) ઘી - તેના પણ ચાર ભેદ છે. કેમકે દહીં વિના ઘી અને માખણ ન બની શકે.

(૫) તેલ ચાર ભેદે – તલ, અળસી, કુસુંબ અને સર્ષપનું. આ ચારને વિગઈ કહી છે, બાકીના તેલને નિવ્વિગઈય કહેલા છે. પણ તે લેપકારી થાય.

(૬) મદ્ય-દારુ બે ભેદે :- કાષ્ઠ નિષ્પન્ન અને શેરડી આદિ પીલીને.

(૭) ગોળ - બે ભેદે :- દ્રવ ગોળ, પિંડ ગોળ.

(૮) મધ - ત્રણ ભેદે – જલચરજ, સ્થલચરજ, ખેચરજ અથવા તો – ચામડી, માંસ અને લોહી એ ત્રણ પ્રકારે.

આ નવ વિગઈઓ છે. અવગાહિમ દશમી છે. - x - x - x - પૂડલાની જેમ





બધી તપાવીને પૂરિત કરે ત્યારે બીજા ધાણનું કલ્પે.

આ નિર્વિકૃતિક પ્રત્યાખ્યાતાને લેપકૃત્ આગાર થાય છે. એવી આચાર્યની પરંપરાગત સામાચારી છે.

હવે પ્રકૃત-મૂળ નિર્યુક્તિ કહે છે. આઠ કે નવ આગાર કઈ રીતે ?

**● નિર્યુક્તિ-૧૬૦૧-વિવેચન :-**

નવનીત ઓગાહિતકમાં અદ્દવદ્દવ અર્થાત્ નિગાલિત, પિસિત-માંસ, ઘી, ગોળ, અદ્રવગ્રહણ બધે જ અભિસંબંધનીય છે.

આના નવ આગારો આ વિકૃતિ વિશેષના થાય છે. શેષ દ્રવોના - બાકીની વિગઈના આઠ જ આગાર થાય છે. 'ઉત્ક્ષિપ્તવિવેક' નામનો આગાર શેષ વિગઈમાં ન આવે.

'નિવ્વિગઈય' સંબંધી સૂત્ર આ પ્રમાણે છે –

**● સૂત્ર-૯૨ :-**

***'નિવ્વિગઈય'નું પ્રત્યાખ્યાન કરે છે૦ ઈત્યાદિ.***

***અનાભોગ, સહસાકાર, લેપકૃત્, અલેપકૃત્, ગૃહસ્થ સંસૃષ્ટ, ઉત્ક્ષિપ્તવિવેક, પ્રતીત્ય પ્રક્ષિપ્ત, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર, સર્વ સમાધિ નિમિત્તે. આ નવ આગારો સિવાય...***

***હું વિગઈઓનો ત્યાગ કરું છું.***

**● વિવેચન-૯૨ :-**

આ પ્રાયઃ કહેવાઈ ગયેલ અર્થ છે. વિશેષમાં દુધના પાંચ ભેદ ઈત્યાદિ ગ્રંથથી ભાષ્યકાર ઉપન્યાસ ક્રમ પ્રામાણ્યથી આગળ કહેશે.

હવે તેમાં કહેલ જ આયંબિલને બતાવે છે.

**● નિર્યુક્તિ-૧૬૦૨-વિવેચન :-**

આચામ્લ એ ગૌણ નામ છે. આયામ - અવશાયન, આમ્લ - ચોથો રસ, તે બંનેથી નિવૃત્ત તે આચામ્લ, આ ઉપધિ ભેદથી ત્રણ ભેદ છે – ભાત, અળદ, સકતું. ભાતને આશ્રીને અળદ અને સકતુ છે. તે પ્રત્યેક પણ આમાં ત્રણ ભેદે છે. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. કઈ રીતે ?

**● નિર્યુક્તિ-૧૬૦૩-વિવેચન :-**

દ્રવ્યમાં, રસમાં અને ગુણમાં. અર્થાત્ દ્રવ્યને આશ્રીને રસને આશ્રીને અને ગુણને આશ્રીને છે. કઈ રીતે ? જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. તેનું જ આચામામ્લને પ્રાયોગ્ય કહેવું જોઈએ.

તથા આચામામ્લને પ્રત્યાખ્યાત કરે છે. એ પ્રમાણે દહીંના ખાવામાં અદોષ છે, પ્રાણાતિપાત પ્રત્યાખ્યાનમાં તેનું અનાસેવન છે, એ રીતે આ છલના કથન છે. પાંચ જ કુડંગ-વક્ર વિશેષ છે તે આ પ્રમાણે –

**● નિર્યુક્તિ-૧૬૦૪-વિવેચન :-**

લોકમાં, વેદમાં, સમયમાં, અજ્ઞાનમાં, ગ્લાનત્વમાં આ પાંચ કુડંગવક્ર વિશેષ.

આંબેલમાં જાણવા.

લોકને આશ્રીને કુડંગ, એ પ્રમાણે વેદાદિ ચારેને આશ્રીને કુડંગ એવા આ પાંચ કુડંગો જાણળા. (શેમાં ?) આયંબિલના વિષયમાં.

સંક્ષેપમાં અર્થ કહ્યો. હવે વિસ્તરાર્થ વૃદ્ધ સંપ્રદાયથી જાણવો. તે આ —

અહીં આયામ્લ અને આયામ્લ પ્રાયોગ્ય થાય છે. તેમાં ઓદનમાં આયમ-આમ્લ તે આયામ્લપ્રાયોગ્ય થાય છે. આયામ-આમ્લ કૂર સહિત છે. જે કૂરના ભેદ છે, તે આયામ્લ પ્રાયોગ્ય છે. ચોખાની કણિકા, કુંડાંત, પીંસીને પૃથક્ કરાયેલ, પૃષ્ટપોલિકા, રાલગા, મંડકાદિ, કુલ્માષા પૂર્વે પાણી વડે બફાય છે, પછી ખાંડણીમાં પીસાય છે. તે ત્રણ પ્રકારે — શ્લક્ષ્ણ, મધ્ય, સ્થૂલ.

આ આયામ્લ છે. આયામ્લ પ્રાયોગ્ય વળી જે ફોતરાથી મિશ્ર, કણિક્કા, કાંકટુકા વગેરે જાણવા.

સક્તુ [સાથવો] જવનો, ઘઉંનો અને ચોખાનો હોય.

પ્રાયોગ્ય વળી ઘઉંને મશળીને, ગળી જાય પછી ખાય. જે યંત્ર વડે પીસવા શક્ય ન હોય, તેનો જ નિર્ધાર કે કણિક્કા કરવા. આ બધાં આયામ્લને પ્રાયોગ્ય થાય છે.

તે આયામામ્લ ત્રણ ભેદે છે — ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય.

(૧) ઉત્કૃષ્ટ - દ્રવ્યથી કલમ, શાલિ, કૂર ઉત્કૃષ્ટ છે અથવા જે જેને પથ્ય હોય અથવા રુચે છે તે ઉત્કૃષ્ટ કહેવાય.

(૨) જઘન્ય-રાલક કે શ્યામાક તે જઘન્ય છે.

(૩) મધ્યમ - બાકીના બધાંને મધ્યમ જાણવા.

તે જે કલમ, શાલિ અને કૂર છે, તે રસને આશ્રીને ત્રણ ભેદે છે — ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. તે જ ત્રણ પ્રકારે આયામામ્લ નિર્જરાગુણને આશ્રીને ત્રણ ભેદે છે — ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય નિર્જરાગુણ.

કલમ, શાલિ, કૂર દ્રવ્યથી ઉત્કૃષ્ટ દ્રવ્ય ચોથા રસ વડે ખવાય છે. રસથી પણ ઉત્કૃષ્ટ, તેના હોવાથી પણ આયામામ્લ વડે ઉત્કૃષ્ટ રસથી અને ગુણથી છે. જઘન્યમાં થોડી નિર્જરા કહેલી છે.

તે જ કલમ ઓદન જ્યારે બીજા આયામામ્લથી હોય ત્યારે દ્રવ્યથી ઉત્કૃષ્ટ, રસથી મધ્યમ અને ગુણથી પણ મધ્યમ જ છે. તે જ્યારે ઉષ્ણ જળથી હોય ત્યારે દ્રવ્યથી ઉત્કૃષ્ટ, રશતી જઘન્ય અને ગુણથી મધ્યમ જ છે. જે કારણે દ્રવ્યથી ઉત્કૃષ્ટ છે, તે રસથી નથી.

હવે જે મધ્યમા છે, તે તંદુલ ઓદન દ્રવ્યથી મધ્યમા આયામામ્લ વડે, રસથી ઉત્કૃષ્ટા, ગુણથી મધ્યમા છે તે પ્રમાણે જ ઉષ્ણ જળ વડે દ્રવ્યથી મધ્યમ, રસથી જઘન્ય, ગુણથી મધ્યમ મધ્યમ દ્રવ્ય છે.

રાલગ, તૃણ, કૂર દ્રવ્યથી જઘન્ય, આયારમામ્લથી, રસથી ઉત્કૃષ્ટ અને ગુણથી મધ્યમ છે. તે જ આયામામ્લથી દ્રવ્યથી જઘન્ય, રસથી મધ્યમ અને ગુણથી



પણ મધ્યમ છે. તે જ ઉષ્ણ જળ વડે દ્રવ્યથી જઘન્ય, રસથી પણ જઘન્ય અને ગુણથી ઉત્કૃષ્ટ છે. બહુ નિર્જરા થાય તેમ કહેલ છે.

અથવા ઉત્કૃષ્ટમાં ત્રણ વિભાષા છે — ઉત્કૃષ્ટોત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ મધ્યમ, ઉત્કૃષ્ટ જઘન્ય. કાંજિકા આયામામ્લ ઉષ્ણ ઉદક વડે જઘન્યા મધ્યમોત્કૃષ્ટ નિર્જરા એ પ્રમાણે ત્રણેમાં વિભાષા કરવી જોઈએ.

છલના નામ એકથી આયામામ્લ પ્રત્યાખ્યાત છે. તેનાથી ભ્રમણ કરતાં શુદ્ધ ઓદન ગ્રહણ કરે. અજ્ઞાનથી દુધ વડે નિયમિત ગ્રહણ કરીને આવેલ, આલોચના કરીને પછી જમે છે. ગુરુ વડે કહેવાયું — હમણાં તો તે આયામામ્લનું પ્રત્યાખ્યાન કર્યુ. તે બોલ્યો — સત્ય છે. તો પછી કેમ જમે છે ? જે મેં પ્રત્યાખ્યાન કરેલ છે કે પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાનમાં મારતા નથી. એ પ્રમાણે આયામામ્લમાં પણ પ્રત્યાખ્યાન કર્યા પછી તે કરતો નથી.

આને છલના કહેવાય. બંને અર્થમાં વર્તતી હોવાથી આવી છળના તદ્દન નિરર્થિકા કહેલી છે.

પાંચ કુંડકા - વક્રો કહ્યા છે — લોકમાં, વેદમાં, સમયમાં, અજ્ઞાનમાં અને ગ્લાનમાં. તેમાં એકે આયામામ્લનં પ્રત્યાખ્યાન કર્યુ. તેણે ભ્રમણ કરતાં શંખડી સંભાવિત થઈ. બીજે ઉત્કૃષ્ટ પ્રાપ્ત થયું. આચાર્યને બતાવે છે. ત્યારે આચાર્યએ કહ્યું — તેં તો આયામામ્લનું પચ્ચકખાણ કરેલ છે ને ?

ત્યારે તે કહે છે — હે ક્ષમાશ્રમણ ! મારા વડે ઘણાં જ લૌકિકશાસ્ત્રો એકઠા કરાયા. તેમાં આયામામ્લ શબ્દ જ નથી. આ લૌકિકકુડંક.

અથવા ચારે વેદોમાં સાંગોપાંગમાં પણ ક્યાંય આયામામ્લ શબ્દ અમે જોયેલ નથી, તેમ કહેનાર બીજો કુડંક.

અથવા સમય-સિદ્ધાંતમાં ચરક, ચીરિક, ભિક્ષુ, પાંડુરંગોમાં, ત્યાં પણ આયામામ્લ શબ્દ નથી. મને ખબર નથી પડતી કે તમારા [જૈન]સિદ્ધાંતમાં આ શબ્દ ક્યાંથી આવી ગયો છે ? આ ત્રીજો કુડંક.

અજ્ઞાનથી કહે છે — હે ક્ષમાશ્રમણ ! હું જાણતો નથી કે આયામામ્લ કેવા સ્વરૂપનું - કેવા પ્રકારનું હોય છે ? હું સમજ્યો કે કુસણ વડે પણ જમાય છે, તેથી મેં ગ્રહણ કરેલ છે. તો "મિચ્છા મિ દુક્કડં". ફરી તેવું કરીશ નહીં. આ અજ્ઞાન વાળો ચોથો કુડંક જાણવો.

ગ્લાન કહે છે — હું આયામામ્લ કરવાને સમર્થ નથી, કારણ કે મને તેનાથી શૂળ ઉપડે છે. અથવા કોઈ બીજા રોગનું નામ કહે ચે. તેથી મારાથી આયામામ્લ ન થાય. આ પાંચમો કુડંક જાણવો.

તેના - આયંબિલના આઠ આગારો કહેલા છે તે આ —

અન્નત્થ - અનાભોગથી, સહસાકારથી, લેપકૃત્થી, ગૃહસ્થ સંસ્તૃતથી, ઉત્ક્ષિપ્તવિવેકથી, પારિષ્ઠાપનિકાકારથી, મહતરાકારથી, સર્વસમાધિ નિમિત્તાગારથી [આ આઠ કારણો સિવાય] વોસિરાવે છે - તજે છે.

(૧) અનાભોગ, (૨) સહસાગાર પૂર્વવત્ જાણવા.

(૩) લેપાલેપ - જો વાસણમાં પૂર્વે લેપકૃત્ - ચોંટેલ કે સંસ્પર્શ પામેલ હોય અને ગ્રહણ કરી, સમુદ્દિશ, સંલિખિતને જો લાવીને રાખે તો વ્રત ન ભાંગે.

(૪) તેમાં પડેલ-નાંખેલ જો આયંબિલમાં પડે છે, તે વિગઈ આદિ ઉત્ક્ષેપ કરીને - બહાર કાઢીને ત્યાગ કરે, તે તેમાં ગળી ગયેલ - ઓગળેલ ન હોય તો તે આયંબિલ માટે અપ્રાયોગ્ય થઈ જાય છે.

જો તેને ઉદ્ધરવું શક્ય હોય તો ઉદ્ધરે, પણ ઉપઘાત ન કરે.

(૫) ગૃહસ્થ સંસ્તૃત હોય તો પણ જો ગૃહસ્થે ઇંગુદી તૈલવાળા ભાજનથી કૃત વ્યંજનાદિ વડે લેપકૃત્ હોય, તો જો કિંચિત્ લેપકૃત હોય તો તેને ખાઈ લે. જો ઘણો રસ ઢળેલ હોય તો તે ન કલ્પે.

(૬) પારિષ્ઠાપનિકાકાર, (૭) મહત્તરાકાર, (૮) સર્વસમાધિ હેતુથી. આ ત્રણે આગાર પૂર્વવત્ જ જાણવા.

અતિ ગંભીર બુદ્ધિ વડે ભાષ્યકારે ઉપન્યસ્ત-ગોઠવેલ ક્રમે આયંબિલની અમે અહીં વ્યાખ્યા કરેલી છે.

હવે તેના ઉપન્યાસ પ્રામાણ્યથી જ નિર્વિકૃતિક અધિકાર શેષની વ્યાખ્યા કરીએ છીએ. તેમાં આ બે ગાથા છે —

**● નિર્યુક્તિ-૧૬૦૫,૧૬૦૬ + વિવેચન :-**

દુધ પાંચ પ્રકારે છે. દહીં, ઘી અને નવનીત એ ચાર પ્રકારે છે. તેલ ચાર જાતના છે. મધ બે પ્રકારે છે, ગોળ બે પ્રકારે છે. મધુ પુદ્ગલો ત્રણ ભેદે છે ચલ ચલ અવગાહિમ તે જે પક્વ છે. આ સંસ્તૃતને હું આનુપૂર્વીક્રમ જેમ છે, તે પ્રમાણે કહીશ - બતાવીશ.

બંને ગાથા સુગમ છે. અહીં વિકૃતિ સ્વરૂપની પ્રતિપાદક આ બંને ગાથાના અર્થો [વ્યાખ્યા] પહેલાં કહેવાઈ ગયેલા છે.

હવે આના [નિવ્વિગઈય પ્રત્યાખ્યાનના] આગારોની વ્યાખ્યા અમે કરીએ છીએ. તેમાં આ પ્રમાણે જાણવું —

— અનાભોગ અને સહસાકાર બંને આગારો પૂર્વવત્ જાણવા.

— લેપાલેપ વળી જેમ આયંબિલમાં કહ્યો તેમજ કહેવો.

— ગૃહસ્થ સંસ્તૃતમાં બહુવક્તવ્યતા છે. તેથી તેને ગાથા વડે કહે છે — તે ગાથા આ પ્રમાણે કહી છે —

**● નિર્યુક્તિ-૧૬૦૭,૧૬૦૮-વિવેચન :-**

ગૃહસ્થ સંસૃષ્ટમાં આ વિધિ છે - દુધ સહિત જો કુસણાદિક ભાત મળે તેમાં કુડંકમાં જો ઓદનથી ચાર ઓગળ દુધ ઉપર હોય ત્યારે નિર્વિકૃતિક કલ્પે છે, પાંચમાના આરંભથી તે વિગઈ છે.

એ પ્રમાણે દહીંમાં પણ, દારૂમાં પણ જાણવું.

કેટલાંક દેશોમાં વિકટ વડે મિશ્રિત ઓદન કે અવગાહિત મળે છે. પ્રવાહી



ગોળ અને તેલ-ઘી, આના વડે કુસણિત જે અંગુલ ઉપર રહે છે ત્યારે કલ્પે છે ત્યારપછી હોય તો કલ્પતું નથી.

મધના પુદ્ગલ રસનો અર્ધ અંગુલ સંસૃષ્ટ થાય છે. પિંડ ગોળના પુદ્ગલ અને માખણનું આર્દ્ર આમલક માત્ર સંસૃષ્ટ છે. જો આનું પ્રમાણ ઘણું હોય તો કલ્પે છે, એકમાં બૃહત્ હોય તો ન કલ્પે.

ઉત્ક્ષિપ્ત વિવેક જો આચામ્લમાં જે ઉદ્ધરવાનું શક્ય છે, તે બીજામાં નથી. પ્રતીત્યમ્રક્ષિત વળી જે અંગુલી વડે ગ્રહણ કરીને તેલ કે ઘી વડે મ્રક્ષિત કરાય તો નિર્વિકૃતિકને કલ્પે છે. જો ધારા વડે નાંખે તો થોડું પણ ન કલ્પે.

હવે પારિષ્ઠાપનિકાકાર. તે વળી એકાસણા કે એકલઠાણામાં સાધારણ એમ કરીને વિશેષથી પ્રરૂપે છે.

**● નિર્યુક્તિ-૧૬૦૯-વિવેચન :-**

શિષ્ય પૂછે છે — અહો ! ત્યારે ભગવંતે એકાસણું, એકલઠાણુ, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, નિવ્વિગઈયમાં પારિષ્ઠાપનિકાકાર વર્ણવેલ છે, હું જાણતો નથી કે કેવા સાધુને પારિષ્ઠાપનિક આપવું કે ન આપવું ? આચાર્ય કહે છે — પારિષ્ઠાપનિક ભોજનમાં યોગ્ય સાધુઓ બે ભેદે છે — આચામામ્લકા, અનાચામામ્લકા. એકાસણું, એકલઠાણું, ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, નિવ્વિગઈય સુધીના, ચાર ઉપવાસ આદિને મંડલિમાં ઉદ્ધૃત પારિષ્ઠાપનિક દેવું ન કલ્પે. તેમને પેય કે ઉષ્ણ દેખાય છે. તેમને દેવતા અધિષ્ઠિત હોય છે.

જો એક આયંબિલવાળો, એક ઉપવાસવાળો હોય તો કોને આપવું ?

ઉપવાસવાળાને આપવું. તે બે ભેદે છે — બાલ અને વૃદ્ધ. બાળને આપવું. બાલ પણ બે ભેદે હોય — સહિષ્ણુ અને અસહિષ્ણુ. તેમાં અસહિષ્ણુને આપવું. અસહિષ્ણુ પણ બે ભેદે છે — ચાલતો અને ન ચાલતો. તેમાં ચાલતાં-ભ્રમણ કરતો હોય તેને આપવું. ભ્રમણ કરતો પણ બે ભેદે છે — વાત્સવ્ય, પ્રાઘુર્ણક તો તેમાં પ્રાઘૂર્ણકને અપાય છે.

એ પ્રમાણે ઉપવાસી બાલ અસહિષ્ણુ ભ્રમણ કરતા પ્રાઘૂર્ણકને પારિષ્ઠાપનીય ખવાય છે. તે જો ન હોય તો બાલ અસહિષ્ણુ ભ્રમણ કરતા એવા વાસ્તવ્યને આપે, તે પણ ન હોય તો બાલ અસહિષ્ણુ ભ્રમણ ન કરનાર એળા પ્રાઘૂર્ણકને, તે પણ ન હોય તો બાલ અસહિષ્ણુ ન ચાલી શકતા વાસ્તવ્યને આપે. એ પ્રમાણે આ કરણ ઉપાયથી ચાર પદો વડે ૧૬ આવલિકા ભંગ કહેવા.

તેમાં પ્રથમભંગિકા વાળાને આપવું. તે ન હોય તો બીજાને, તે પણ ન હોય તો ત્રીજાને, એ પ્રમાણે યાવત્ છેલ્લાને આપવું. પ્રચુર પારિષ્ઠાપનિકા હોય તો બધાંને આપવું જોઈએ.

એ પ્રમાણે આચામ્લ અને છટ્ઠ ભક્તિકના ૧૬-ભંગો કહેવા.

એ પ્રમાણે આચામ્લ અને અટ્ઠમ ભક્તિકના ૧૬-ભંગો.

એ પ્રમાણે આચામ્લ અને નિવ્વિગઈકના ૧૬-ભંગો.

એ પ્રમાણે આચામ્લક અને એકાસણાવાળાના ૧૬-ભંગો.

એ પ્રમાણે આચામ્લક અને એકલઠાણાવાળાના ૧૬-ભંગો.

આ પ્રમાણે આચામ્લક ઉત્ક્ષેપક સંયોગથી સર્વાગ્ર વડે ૯૬ આવાલિકા ભંગો થાય છે. આચામ્લક ઉત્ક્ષેપ કહ્યો.

એક ચતુર્થભક્તિક અને એક છઠ્ઠભક્તિક, અહીં પણ ૧૬ ભંગો.

એ પ્રમાણે ચતુર્થભક્તિના ૧૬ ભંગો જાણવા.

એક એકાશનિક અને એક એકલઠાણાવાળામાં એકલઠાણાવાળાને આપવું. એક એકાશનિક અને એક નિર્વિગઈકમાં એકાશનિકને આપવું. આમાં પણ ૧૬ ભંગો છે. એક એકલઠાણિક અને એક નિર્વિગઈકમાં એકસ્થાનિકને આપવું. અહીં પણ સોળ ભંગો છે.

તે વળી પારિષ્ઠાપનિક જે વિધિએ ગ્રહણ કરેલ હોય અને વિધિથી ભુક્ત શેષ, ત્યારે તેમને અપાય છે. તેમાં નિર્યુક્તિ –

● **નિર્યુક્તિ-૧૬૧૦,૧૬૧૧-વિવેચન :-**

વિધિગૃહિત અર્થાત્ લુબ્ધ થયા વિના ઉદ્ગમિત, પછી માંડલીમાં કટ, પ્રતરક, સિંહની જેમ ખાધા પછી તે વિધિ વડે ભુક્ત કહેવાય. એવા પ્રકારે પારિષ્ઠાપનિક.

જ્યારે ગુરુ બોલે – હે આર્ય ! આ પારિષ્ઠાપનિક ઈચ્છાકારથી - સ્વ ઈચ્છાએ કરીને ખાઈ લો. ત્યારે તેને વંદન દઈને, આજ્ઞા મેળવીને ખાવું કલ્પે. અહીં ચાર ભંગો થાય. તે આ પ્રમાણે –

● **નિર્યુક્તિ-૧૬૧૧-વિવેચન :-**

ચાર ભંગો થાય છે, તે આ પ્રમાણે –

(૧) વિધિથી ગ્રહણ કર્યું, વિધિથી ખાધું.

(૨) વિધિથી ગ્રહણ કર્યું, અવિધિથી ખાધું.

(૩) વિધિથી ગ્રહણ કર્યું, વિધિથી ખાધું.

(૪) વિધિથી ગ્રહણ કર્યું, અવિધિથી ખાધું.

તેમાં પહેલો ભંગ - સાધુ ભિક્ષા માટે ભ્રમણ કરે, તે લોભાયા વિના બહારના સંયોજના દોષરહિત ભોજન-પાન લાવે, પછી માંડલીમાં પ્રતરક છેદાદિ વિધિ વડે સમુદ્દેશે. એવા પ્રકારે પૂર્વવર્ણિત આવલિકાથી સમુદ્દેશ કરવો કલ્પે છે.

હવે બીજો ભંગ કહે છે. તે પ્રમાણે જ વિધિથી ગ્રહણ કરે પરંતુ કાગડા કે શિયાળાદિ દોષથી દુષ્ટ રીતે ખાય. એમ અવિધિથી જમે. અહીં જે ઉદ્ધરે છે, તે ત્યજી દે છે. કલ્પતું નથી, કેમકે તેમાં છર્દાદિ દોષો છે. આ પ્રમાણે જે આપે છે અને જે ખાય છે, તે બંને પણ વિવેક [ત્યાગ] કરે છે. ફરી ન કરવા માટે ઉદ્યત થઈને 'પાંચ કલ્યાણક' નામે પ્રાયશ્ચિત્ત અપાય છે.

હવે ત્રીજો ભંગ - તેમાં અવિધિથી ગ્રહણ કરે - પૃથક્ પૃથક્ ઉત્કૃષ્ટ દ્રવ્યો વાસણમાં લે પછી કક્ષાપુટની માફક પ્રતિશુદ્ધમાં વિરેચન કરે. આવી રીતે ખાય તે કહેવાઈ ગયેલ છે. પછી માંડલિકરાત્નિક વડે સમરસ કરીને માંડલી વિધિ વડે



સમુદ્દેશ કરે. આવા પ્રકારે જે ઉદ્ધરે છે, તે પારિષ્ઠાપનિકાકાર આવલિકોને વિધિથી જમ્યા તેવી કલ્પના કરે છે.

ચોથો ભંગ કહે છે – આવલિકાને ભોજન કરવું ન કલ્પે, તે જ પૂર્વે કહેલ દોષો છે. [બંનેમાં અવિધિ કરે.]

આ પ્રમાણે ભાવપ્રત્યાખ્યાન કહ્યું.

મૂળગાથામાં કહેવાયેલ પ્રત્યાખ્યાન કહ્યું. હવે આ પ્રત્યાખ્યાન કરનારને જણાવે છે. તેથી બતાવે છે કે –

● **નિર્યુક્તિ-૧૬૧૨-વિવેચન :-**

પ્રત્યાખ્યાતા - ગુરુ, તેના વડે પ્રત્યાખ્યાત્રા કરાયેલ, પ્રત્યાખ્યાપયિત પણ શિષ્યમાં ઉલ્લિંગના, કેમકે પ્રાયઃ પ્રત્યાખ્યાન પ્રાયઃ ગુરુ-શિષ્ય વિના થતું નથી. બીજા 'પ્રત્યાખ્યાન વડે કરાયેલ' પાઠ બોલે છે. તે પણ અયુક્ત છે કેમકે 'પ્રત્યાખ્યાતા' એમ નિર્યુક્તિકારે સાક્ષાત્ ઉપન્યસ્ત-કહેલ હોવાથી સૂચાની અનુપપત્તિ છે. પ્રત્યાખ્યાપયિતુ પણ તેના અનંતર અંગપણે છે.

અહીં જ્ઞાતર્ય અને જ્ઞાતરિના ચાર ભેદો થાય છે.

તે ચતુર્ભંગીમાં ગોણિ દૃષ્ટાંત છે. ભાવાર્થ સ્વયં કહેવો.

● **નિર્યુક્તિ-૧૬૧૪-વિવેચન :-**

મૂળગુણ અને ઉત્તરગુણમાં એ પ્રમાણે સર્વોત્તરગુણોમાં અને દેશોત્તર ગુણોમાં, તે રીતે શુદ્ધિમાં - છ પ્રકારે શ્રદ્ધાનાદિ લક્ષણોમાં પ્રત્યાખ્યાનનો વિધિજ્ઞ, આ વિષયમાં પ્રત્યાખ્યાન વિધિને આશ્રિને એવો અર્થ છે. પ્રત્યાખ્યાન કરે છે. પ્રત્યાખ્યાતા ગુરુ-આચાર્ય હોય છે.

● **નિર્યુક્તિ-૧૬૧૫-વિવેચન :-**

કૃતિકર્માદિ વિધિજ્ઞ-વંદનાકારાદિ પ્રકારને જાણનાર.

ઉપયોગરત પ્રત્યાખ્યાન જ ઉપયોગપ્રધાન અને અશઠભાવે - શુદ્ધ ચિત્ત સંવિગ્ન-મોક્ષાર્થી સ્થિર પ્રતિજ્ઞ-કહેવાયેલને અન્યથા ન કરે. [કોણ ?]

પ્રત્યાખ્યાના કરનારને પ્રત્યાખ્યાપિતા - શિષ્ય. એવા પ્રકારનો હોય તેમ તીર્થંકર અને ગણધરોએ કહેલ છે.

● **નિર્યુક્તિ-૧૬૧૬-વિવેચન :-**

અહીં પણ ફરી પચ્ચકખાણ કરનાર અને પચ્ચકખાણ કરાવનારની ચતુર્ભંગી બતાવેલી છે, તે આ પ્રમાણે –

જાણતો જાણગની સમીપે શુદ્ધ પ્રત્યાખ્યાન પચ્ચકખે છે.

જે કારણથી બંને પણ જાણે છે કે પ્રત્યાખ્યાન નમસ્કાર સહિત કે પોરિસિ આદિક કઈ રીતે છે તે.

જાણતો ન જાણનારને જણાવીને પ્રત્યાખ્યાન કરે છે. જેમકે નમસ્કાર સહિત આદિ અમુક તારા વડે પ્રત્યાખ્યાન કરાયું તે શુદ્ધ છે અન્યથા શુદ્ધ નથી.

ન જાણતો જાણનારની પાસે પ્રત્યાખ્યાન કરે છે તે શુદ્ધ નથી, પ્રભુ સંદિષ્ટ

આદિમાં વિભાષા.

ન જાણતો ન જાણનારની પાસે પ્રત્યાખ્યાન કરે છે. અશુદ્ધ જ છે.

અહીં જ્ઞાતર્ય અને જ્ઞાતરિના ચાર ભેદો થાય છે.

તે ચતુર્ભંગીમાં ગોણિ દૃષ્ટાંત છે. ભાવાર્થ સ્વયં કહેવો.

● **નિર્યુક્તિ-૧૬૧૪-વિવેચન :-**

મૂળગુણ અને ઉત્તરગુણમાં એ પ્રમાણે સર્વોત્તરગુણોમાં અને દેશોત્તર ગુણોમાં, તે રીતે શુદ્ધિમાં - છ પ્રકારે શ્રદ્ધાનાદિ લક્ષણોમાં પ્રત્યાખ્યાનનો વિધિજ્ઞ, આ વિષયમાં પ્રત્યાખ્યાન વિધિને આશ્રિને એવો અર્થ છ પ્રત્યાખ્યાન કરે છે. પ્રત્યાખ્યાતા ગુરુ-આચાર્ય હોય છે.

● **નિર્યુક્તિ-૧૬૧૫-વિવેચન :-**

કૃતિકર્માદિ વિધિજ્ઞ-વંદનાકારાદિ પ્રકારને જાણનાર.

ઉપયોગરત પ્રત્યાખ્યાન જ ઉપયોગપ્રધાન અને અશઠભાવે - શુદ્ધ ચિત્તે સંવિગ્ન-મોક્ષાર્થી સ્થિરપ્રતિજ્ઞ-કહેવાયેલને અન્યથા ન કરે. [કોણ ?]

પ્રત્યાખ્યાપના કરનાર તે પ્રત્યાખ્યાપિતા-શિષ્ય. એવા પ્રકારનો હોય તેમ તીર્થંકર અને ગણધરોએ કહેલ છે.

● **નિર્યુક્તિ-૧૬૧૬-વિવેચન :-**

અહીં પણ ફરી પચ્ચકખાણ કરનાર અને પચ્ચકખાણ કરાવનારની ચતુર્ભંગી બતાવેલી છે, તે આ પ્રમાણે –

જાણતો જાણગની સમીપે શુદ્ધ પ્રત્યાખ્યાન પચ્ચકખે છે.

જે કારણથી બંને પણ જાણે છે કે પ્રત્યાખ્યાન નમસ્કાર સહિત કે પોરિસિ આદિક કઈ રીતે છે તે.

જાણતો ન જાણનારને જણાવીને પ્રત્યાખ્યાન કરે છે. જેમકે નમસ્કાર સહિત આદિ અમુક તારા વડે પ્રત્યાખ્યાન કરાયું તે શુદ્ધ છે અન્યથા શુદ્ધ નથી.

ન જાણતો જાણનારની પાસે પ્રત્યાખ્યાન કરે છે તે શુદ્ધ નથી, પ્રભુ સંદિષ્ટ આદિમાં વિભાષા.

ન જાણતો ન જાણનારની પાસે પ્રત્યાખ્યાન કરે છે. અશુદ્ધ જ છે.

અહીં ગાયનું દૃષ્ટાંત જાણવું. તે આ પ્રમાણે છે –

(૧) જો ગાયનું પ્રમાણ સ્વામી પણ જાણે છે અને ગોવાળ પણ જાણે છે. બંને પણ જાણતા હોય તો ભૃતિમૂલ્ય સ્વામી સુખેથી આપે છે. બીજો લે છે.

આ પ્રમાણે લૌકિકી ચતુર્ભંગી બતાવી. એ પ્રમાણે જાણતો જાણનારને પચ્ચકખાણ કરાવે છે, તો તે શુદ્ધ છે.

જાણતો કોઈ કારણે ન જાણનારને પચ્ચકખાણ કરાવે તો તે શુદ્ધ પણ નિષ્કારણે શુદ્ધ ન થાય.

અજાણતા જાણનારને પચ્ચકખાણ કરાવે તો પણ શુદ્ધ.

અજાણતો ન જાણનારને પચ્ચકખાણ કરાવે તો તે શુદ્ધ નથી.



૦ મૂળદ્વાર ગાથામાં પ્રત્યાખ્યાતા કહ્યા. હવે પ્રત્યાખ્યાનવ્યને અધ્યયનમાં કહ્યા છતાં દ્વાર અશૂન્યાર્થે કહે છે –

● **નિર્યુક્તિ-૧૬૧૬-વિવેચન :-**

દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે પ્રત્યાખ્યાતવ્ય જાણવું.

દ્રવ્ય પ્રત્યાખ્યાતવ્ય તે અશન આદિ અને ભાવ પ્રત્યાખ્યાતવ્ય તે અજ્ઞાનાદિ જાણવા. આ ગાથાર્થ કહ્યો.

૦ મૂળ દ્વાર ગાથામાં ત્રીજુ દ્વાર કહ્યુ.

૦—૦ હવે પર્ષદા દ્વાર :-

તે પૂર્વ વર્ણિત સામાયિક નિર્યુક્તિમાં શૈલઘન કુટાદિ છે. અહીં તે જ કથનને ફરીથી સવિશેષ કહીએ છીએ –

પર્ષદા બે ભેદે છે – ઉપસ્થિતા અને અનુપસ્થિતા.

તેમાં જે ઉપસ્થિત પર્ષદા હોય તેને કહેવું જોઈએ, અનુપસ્થિતા પર્ષદાને કહેવું જોઈએ નહીં. હવે જે ઉપસ્થિતા પર્ષદા છે, તે પણ બે ભેદે કહેલી છે – (૧) સમ્યક્ ઉપસ્થિતા અને (૨) મિથ્યા ઉપસ્થિતા - જેમકે આર્ય ગોવિંદ.

આવી મિથ્યા ઉપસ્થિતા પર્ષદાને કથન કરવું યોગ્ય નથી.

જે સમ્યગ્ ઉપસ્થિતા પર્ષદા છે તે બે ભેદે છે – (૧) ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા, (૨) અભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા.

તેમાં અભાવિતા પર્ષદાને કહેવાનું યોગ્ય નથી.

જે ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા પર્ષદા છે, તે બે પ્રકારે છે (૧) વિનિતા અને (૨) અવિનિતા - ભાવિતા૦ તેમાં અવિનિતા ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા પર્ષદાને કથન કરવું યોગ્ય નથી. પણ વિનિતા૦ પર્ષદાને કહેવું.

વિનિતા ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા પર્ષદા બે પ્રકારની છે, તે આ પ્રમાણે :- (૧) વ્યાક્ષિપ્તા અને (૨) અવ્યાક્ષિપ્તા.

જે વ્યાક્ષિપ્તા વિનિતા ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા પર્ષદા છે તે વ્યાક્ષિપ્ત હોવાથી જે સાંભળે છે કંઈક અને કર્મ કંઈ કરે છે. ખેદ પામે છે અથવા બીજો કોઈ વ્યાપાર-પ્રવૃત્તિ કરે છે. અવ્યાક્ષિપ્તા૦ પર્ષદાને ધર્મ કહેવો જોઈએ.

આ અવ્યાક્ષિપ્તા વિનિતા ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા જે પર્ષદા છે તે બે ભેદે છે – ઉપયુક્તા અને અનુપયુક્તા.

જે અનુપયુક્તા અવ્યાક્ષિપ્તા વિનિતા ભાવિતા સમ્યગ્ ઉપસ્થિતા એવી જે પર્ષદા છે તે જે સાંભળે છે તે કંઈ જુદુ-જુદુ જ વિચારે છે.

જે ઉપયુક્તા પર્ષદા છે, તે નિશ્ચિતા અર્થાત્ ઉપયુક્ત સહિતા છે, તેથી ઉપયુક્તાને ધર્મ કહેવો જોઈએ.

તેથી નિર્યુક્તિકાર કહે છે –

● **નિર્યુક્તિ-૧૬૧૭ + વિવેચન :-**

ઉપસ્થિત પર્ષદામાં જે વિનિત અવ્યાક્ષિપ્ત અને ઉપયુક્તા છે, એવા પ્રકારની

પર્ષદાને પચ્ચક્ખાણ કહેવું જોઈએ.

આ ગાથાનું વ્યાખ્યાન કરતા વિશેષથી આ પ્રમાણે કહે છે —

આ પ્રમાણે આ ઉપસ્થિતા, સમ્યગ્ ઉપસ્થિતા ભાવિતા વિનિતા અવ્યાક્ષિપ્તા અને ઉપયુક્તા એવી પ્રથમા પર્ષદા પ્રત્યાખ્યાન ધર્મ કહેવાને માટે યોગ્ય છે. બાકીની પર્ષદા અયોગ્યા છે.

અયોગ્યા આ રીતે — પ્રથમા તે ઉપસ્થિતા, સમ્યગુપસ્થિતા, ભાવિતા, વિનિતા, અવ્યાક્ષિપ્તા, અનુપયુક્તા આ પહેલી અયોગ્યા પર્ષદા.

એ પ્રમાણે ત્રેસઠ [૬૩] પર્ષદા કહેવી જોઈએ.

ઉપસ્થિતા સમ્યગુપસ્થિતા ભાવિતા વિનિતા અને અવ્યાક્ષિપ્તા ઉપયુક્તા હોય તેને યોગ્યા પર્ષદા અને બાકીની પર્ષદા અયોગ્યા કહી છે.

આ પ્રત્યાખ્યાન પ્રથમા પર્ષદાને કહેવા યોગ્ય છે. તે સિવાયની પર્ષદાને કહેવું ન જોઈએ. માત્ર પ્રત્યાખ્યાન જ નહીં. બધું જ આવશ્યક અને બધું જ શ્રુતજ્ઞાન ઉક્ત પર્ષદાને જ કહેવું જોઈએ. બાકીની ત્રેસઠ પર્ષદાને આ આવશ્યકાદિ કહેવા જોઈએ નહીં.

કઈ વિધિથી કહેવું જોઈએ ?

પહેલા મૂલગુણ કહેવાય છે - પ્રાણાતિપાત વિરમણાદિ.

પછી સાધુધર્મ કહેવો.

પછી અશઠને શ્રાવકધર્મ કહેવો.

—૦— બીજી રીતે કહેવાથી સત્યવાન પણ પહેલાં શ્રાવક ધર્મને સાંભળીને તેમાં જ વૃત્તિ કરે છે.

ઉત્તરગુણોમાં પણ છ માસી આદિ કરીને જે જેને યોગ્ય પ્રત્યાખ્યાન હોય, તે તેને અશઠપણે કહેવું જોઈએ.

અથવા કથનની વિધિ આ પ્રમાણે છે —

**● નિર્યુક્તિ-૧૬૧૯-વિવેચન :-**

આજ્ઞા એટલે આગમ, તેને ગ્રહણ કરવી અર્થાત્ તેનો અર્થ વિનિશ્ચિત કરવો. અનાગત, અતિક્રાંત પ્રત્યાખ્યાનાદિને આજ્ઞા વડે જ - આગમથી જ આમને કહેવો જોઈએ, દૃષ્ટાંતથી નહીં.

તથા દાર્ષ્ટાન્તિક - દૃષ્ટાંત પરિચ્છેદ [બોધ] પ્રાણાતિપાતાદિથી ન નિવૃત્તને આવા દોષો લાગે છે, આવા વિષયો દૃષ્ટાંત વડે કહેવા જોઈએ.

કથનવિધિ - પ્રત્યાખ્યાનમાં આનો કથન પ્રકાર છે. અથવા સામાન્ય થકી આજ્ઞાગ્રાહ્ય અર્થ — સૌધર્માદિની આજ્ઞાની જેમ આનો અર્થ કહેવો પણ દૃષ્ટાંત વડે કહેવો ન જોઈએ. કેમકે ત્યાં તે વસ્તુ અસત્ છે.

તથા દાર્ષ્ટાન્તિક - ઉત્પાદાદિમાન આત્મા વસ્તુત્વથી ઘટવત્ એ પ્રમાણે આવા આવા દૃષ્ટાંત કહેવા જોઈએ.

આ પ્રમાણે કથનવિધિ જાણવી. અન્યથા વિરાધના થાય છે — વિપર્યય અન્યથા કથન વિધિમાં અપ્રતિપત્તિ હેતુપણાથી અધિકતર સંમોહથી છે.



મૂલ દ્વારા ગાથામાં કહેવાયેલી કથનવિધિ જણાવી. હવે તેના ફળને આશ્રીને નિર્યુક્તિકાર બતાવે છે —

**● નિર્યુક્તિ-૧૬૧૯ + વિવેચન :-**

પચ્ચક્ખાણનું ફળ આલોક અને પરલોકમાં બે ભેદે છે. આ લોકમાં ધર્મિલાદિ અને પરલોકમાં દામન્નાગાદિ જાણવા.

ગાથા વ્યાખ્યા — પ્રત્યાખ્યાનનો અર્થ પૂર્વે કહેલ છે.

ફળ એટલે કાર્ય, આલોકમાં અને પરલોકમાં હોય છે. અહીં દ્વિવિધ શબ્દથી આ બે ભેદ બતાવીને નિર્યુક્તિમાં તુ શબ્દ લખેલ છે જેનો અર્થ સ્વગત અનેક ભેદના પ્રદર્શન માટે છે.

આલોકમાં - ધર્મિલ આદિના ઉદાહરણો છે. પરલોકમાં દામન્નકાદિને પ્રત્યાખ્યાનનું ફળ પ્રાપ્ત થયેલના ઉદાહરણ છે.

૦ ધર્મિલનું કથાનક ધર્મિલહિંડિથી જાણવું.

આદિ શબ્દથી આમર્શૌષધિ આદિ ગ્રહણ કરવી.

૦ દામન્નકનું ઉદાહરણ વૃત્તિકાર અહીં બતાવે છે —

રાજપુર નગરમાં એક કુલપુત્ર હતો. તેને જિનદાસ નામનો મિત્ર હતો. દામન્નકને તે જિનદાસ સાધુની પાસે લઈ ગયો. દામન્નકે માંસ અને માછલીના પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યા.

દુકાળ પડતાં લોકો માંસાહારી થઈ ગયા.

દામન્નક પણ શ્યાલ મહિલાઓ દ્વારા ખૂબ જ નિંદા પામતો માછલા પકડવા ગયો. પણ ત્યાં પીડાતા એવા મત્સ્યોને જોઈને તેને પચ્ચક્ખાણની વાત ફરી સ્મરણમાં આવી ગઈ. એ પ્રમાણે ત્રણ દિવસમાં ત્રણ વખત માછલા પકડ્યા અને તેમને પીડાતા જોઈને દામન્નકે છોડી દીધા.

છેલ્લે પચ્ચક્ખાણ ભંગ ન કરવા માટે દામન્નકે અનશન સ્વીકારી લીધું. અનશન કરી મરીને રાજગૃહ નગરમાં મણિકાર શ્રેષ્ઠીપુત્ર થયો ત્યારે તેનું દામન્નક એવું નામ પડાયું *[કથામાં પૂર્વે અમે જે દામન્નક લખ્યું છે તે તો ઉપચાર માત્ર છે, ખરેખર તેનું પૂર્વભવમાં કોઈ નામ કથામાં દેખાતું જ નથી ત્યાં માત્ર કુલપુત્ર રૂપે જ તેની ઓળખ અપાઈ છે.]* આઠ વર્ષ સુધી દામન્નકનો ઉછેર મારિક કુળમાં થયો.

ત્યાં જ સાગરપોત સાર્થવાહના કુળમાં - ગૃહમાં રહે છે. તે ઘરમાં ભિક્ષાર્થે સાધુઓ પ્રવેશ્યા. તે સાધુએ સંઘાટક સાધુને કહ્યું — આ ઘરમાં જ આ બાળક ભાવિમાં અધિપતિ થશે.

આ વાત સાર્થવાહે સાંભળી. પછી સાર્થવાહે ગુપ્તપણે ચાંડાલોને આપી દીધો. સાર્થવાહે તેને મારી નાંખવા કહેલું હતું પણ ચાંડાલને તે બાળકની દયા આવવાથી, તે બાળકને દૂર લઈ જઈને માત્ર તેની આંગળીનો છેદ કરીને તે બાળકને ડરાવીને દેશબહાર કર્યો. નાસતા એવા તેને ગોસંઘિકે - ગોષ્ઠાધિપતિ વડે ગ્રહણ કરાયો. તેણે દામન્નકને પુત્રની જેમ રાખ્યો. તે પુત્ર યૌવન અવસ્થાને પામ્યો.

કોઈ દિવસે સાગરપોત સાર્થવાહ ત્યાં ગયો. તેને જોઈને ઉપાયો વડે પરિજનને પૂછે છે કે — આ કોણ છે ? કોઈ અનાથ અહીં આવી ગયેલ છે.

સાગરપોત સમજી ગયો કે — એ તે દામન્નક જ છે. તેને એક પત્ર આપીને ઘેર પહોંચાડવાનું કહી તેને વિદાય આપી.

દામન્નક રાજગૃહની બહાર દેવકુળના પરિસરમાં સુતો હતો.

સાગરપોતની પુત્રી વિષા નામની કન્યા ત્યાં આવેલી, પૂજા કરવા માટે પરિસરમાં પહોંચી ત્યારે દામન્નકને જોયો. ત્યારે દામન્નક પાસે તેના પિતાએ લખેલો પાત્ર જોયો. જોઈને વાંચે છે —

આ બાળકને નીચે તામ્રક્ષિત પીવડાવીને 'વિષ' આપવું.

કન્યાએ તે પત્ર વાંચીને 'વિષ'ને બદલે 'વિષા' કરી દીધું. પાત્ર દામન્નકની પાસે રાખી દીદો, દામન્નક તે લઈને નગરમાં ગયો.

પત્ર વાંચીને સ્વજનોએ વિષાને દામન્નક સાથે પરણાવી દીધી.

સાગરપોત પોતાને ઘેર પાછો ફર્યો.

તે સમયે સાગરપુત્રનું મરણ સાંભળીને સાગરપોત સાર્થવાહનું હૃદય ફાટી ગયું. તે ત્યાં જ મૃત્યુ પામ્યો.

રાજાએ દામન્નકને ઘરનો સ્વામી બનાવ્યો. તે ભોગસમૃદ્ધિ પામ્યો.

કોઈ દિવસે પર્વના દિવસે માંગલિકોએ તેની આગળ કહ્યું — શ્રેણીથી આપતિત થવા છતાં અનર્થો તેને બહુગુણને માટે થાય છે. સુખદુઃખ જેને કક્ષપુટક છે, તે કૃતાંત પક્ષનું વહન કરે છે.

આ સાંભળીને માંગલિકોને લાખ મુદ્રા દામન્નકે આપી.

આ પ્રમાણે ત્રણ વખત ત્રણ લાખ મુદ્રા આપી.

રાજાએ તે વાત સાંભળી, દામન્નકને બોલાવીને પૂછ્યું કે તેં આ ત્રણ લાખ મુદ્રા માંગલિકોને કેમ આપી.

દામન્નકે બધો જ વૃત્તાંત રાજાને કહી દીધો.

રાજાએ ખુશ થઈને તેને શ્રેષ્ઠી તરીકે સ્થાપ્યો.

દામન્નક છેલ્લે બોધિલાભ પણ પામ્યો. ફરી ધર્માનુષ્ઠાન આચરીને દેવલોકમાં ગયો. આ પ્રમાણે પરલોકમાં પ્રત્યાખ્યાન ફળ કહેલ છે.

અથવા શુદ્ધ પ્રત્યાખ્યાન વડે દેવલોકમાં ગમન થાય છે. પછી બોધિ લાભની પણ પ્રાપ્તિ થાય છે, સુકુલમાં જન્મ પણ પામે છે. સુખની પરંપરાને પામે છે, સિદ્ધિગતિમાં ગમન કરે છે. કોઈક વળી તે જ ભવમાં સિદ્ધિગતિને પામે છે.

હવે પ્રધાન ફળ દર્શાવીને ઉપસંહાર કરતાં કહે છે —

**● નિર્યુક્તિ-૧૬૨૦ + વિવેચન :-**

આ પચ્ચકખાણને જિનવરે કહેલા ભાવથી સેવીને અનંત જીવો શાશ્વતસુખ લઈને મોક્ષને પામ્યા. - આ ગાથાર્થ કહ્યો, હવે વ્યાખ્યા —

આ અનંતરોક્ત પ્રત્યાખ્યાનને સેવીને [કઈ રીતે સેવીને ?] ભાવથી - અંતઃકરણથી [કેવા ભાવ ?] જિનવરોપદિષ્ટ-તીર્થંકર ભગવંતે કહેલા, અનંતા જીવો શાશ્વત સુખવાળા મોક્ષને શીઘ્ર પામ્યા.



શંકા - આ ફલ ગુણ નિરૂપણામાં ''પચ્ચકખાણ કર્યે છતે૦'' ઈત્યાદિ વડે દર્શાવેલ છે, ફરી શા માટે દર્શાવો છો ?

સમાધાન - તેમાં વસ્તુતઃ પ્રત્યાખ્યાન સ્વરૂપ દ્વારથી કહેલ છે. અહીં તે લોક નીતિથી કહેલ છે. તેથી કોઈ દોષ નથી.

અથવા એ જ દ્વારથી અવતારીને સ્વરૂપ કથનથી જ પ્રવૃત્તિના હેતુત્વથી ત્યાં કહ્યું, તેમાં કોઈ અપરાધ નથી.

અનુગમ કહ્યો. હવે નયો કહે છે.

નયો સાત છે — નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત ભેદથી. સામાન્યથી તે સાત છે. આ નયોનું સ્વરૂપ પૂર્વે સામાચિક અધ્યયનમાં પ્રદર્શિત કરેલ જ છે, તેથી હવે અહીં તેનો વિસ્તાર કરતા નથી.

જો કે સ્થાનથી ખાલી ન રાખવા પૂરતું જ આ સાતે નયોને બદલે જ્ઞાન અને ક્રિયાંતર ભાવ દ્વારથી સંક્ષેપથી કહીએ છીએ — આ નયોના સંક્ષેપથી બે ભેદો કહ્યા - જ્ઞાનનય અને ક્રિયાનય.

(૧) જ્ઞાનનય - તેનું દર્શન આ પ્રમાણે છે — ''જ્ઞાન જ મુખ્યત્વે આ લોક અને પરલોક સંબંધી ફળપ્રાપ્તિનું કારણ છે.

યુક્તિયુક્ત પણાથી નિર્યુક્તિકાર બતાવે છે —

**● નિર્યુક્તિ-૧૬૨૧,૧૬૨૨ + વિવેચન :-**

ગૃહિતવ્ય [ઉપાદેય] અને અગૃહિતવ્ય [હેય] તેને અર્થથી જાણીને તે વિષયમાં પ્રયત્ન કરવાનો ઉપદેશ તે નય.

બધાં નયોની બહુ વક્તવ્યતા સાંભળીને, તે સર્વે નયશુદ્ધ જે ચારિત્ર ગુણ સ્થિત સાધુ આદરે.

હવે ઉક્ત બંને ગાથાની વ્યાખ્યા કહે છે —

જાણીને - સમ્યક્ બોધ પામીને, ગ્રહીતવ્ય - ઉપાદેય અને અગ્રહીતવ્ય - હેય. 'च' શબ્દ ઉભય ઉપાદેય અને હેય જ્ઞાતત્વના અનુકર્ષણ અર્થમાં છે અથવા ઉપેક્ષણીય સમુચ્ચયાર્થે છે. एव કાર અવધારણ અર્થમાં છે, તે જ વ્યવહિત પ્રયોગ જાણવો.

જ્ઞાત જ ઉપાદેયમાં, હેયમાં, ઉપેક્ષણીયમાં જાણવો પણ તેને અજ્ઞાતમાં ન જાણવો.

અત્થમિ - આલોક અને પરલોક સંબંધી ફળ. તેમાં આલોકમાં ઉપાદેયપણું તે માળા, ચંદન, સ્ત્રી આદિ. હેયમાં ફળ તે વિષ, શસ્ત્ર કંટકાદિ, ઉપેક્ષણીય તે તૃણ આદિ. પર-લોક સંબંધ ફળ ને સમ્યગ્દર્શનાદિ ઉપાદેય છે, મિથ્યાત્વ આદિ હેય છે અને વિપક્ષનો અભ્યુદયાદિ ઉપેક્ષણીય છે.

તે જ અર્થમાં પ્રયત્ન કરવો એટલે આલોક અને પરલોક સંબંધી ફળની પ્રાપ્તિને માટે સત્ત્વ વડે [જીવોએ] પ્રયત્ન કરવો. પ્રવૃત્તિ આદિ લક્ષણરૂપ પ્રયત્ન કરવો જોઈએ.

અહીં આ અંગીકાર કરવા યોગ્ય છે. સમ્યગ્જ્ઞાનમાં વર્તમાન ફળના અવિસંવાદના દર્શનથી, તથા - x - પરલોક સંબંધી ફળની પ્રાપ્તિના અર્થી વડે જ જ્ઞાનમાં જ પ્રયત્ન કરવો. આગમ પણ એ રીતે જ કહેલા વ્યવસ્થિત છે. કેમકે કહ્યું છે કે –

"પહેલું જ્ઞાન પછી દયા એ પ્રમાણે બધાં જ સંવતોએ રહેવું. અજ્ઞાની શું કરશે, કઈ રીતે જાણશે કે પુન્ય શું અને પાપ શું છે ?

અહીં આ પ્રમાણે જ અંગીકાર કરવું જોઈએ – જે કારણે તીર્થંકર ગણધરો વડે ગીતાર્થોનો કેવલનો વિહારક્રિયા પણ નિષેધ છે.

"ગીતાર્થોનો અને ગીતાર્થમિશ્રનો વિહાર કહેલો જાણવો. આ સિવાય ત્રીજો કોઈ વિહાર જિનવરે અનુજ્ઞાત કરેલ નથી. અર્થાત્ એક અંધો બીજી અંધને લઈ જઈને સમ્યક્ માર્ગને પામતો નથી.

અહીં સુધી ક્ષાયોપશમિક જ્ઞાનને આશ્રીને કહ્યું છે. ક્ષાયિક પણ વિશિષ્ટ ફળ સાધકત્વ હોવાથી અંગીકાર કરવું, તેને પણ જાણવું. કેમકે અરહંતો પણ ભવાંભોધિના કિનારે રહીને, દીક્ષા અંગીકાર કરીને, ઉત્કૃષ્ટ તપ અને ચારિત્રવાન્ હોવા છતાં ત્યાં સધી મોક્ષની પ્રાપ્તિ કરતાં નથી, જ્યાં સધી તેઓ જીવ આદિ સર્વ વસ્તુના પરિચ્છેદ રૂપ કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરતાં નથી.

ઉક્ત કારણથી જ્ઞાન જ પ્રધાન એવું આલોક અને પરલોક સંબંધી ફલ પ્રાપ્તિના કારણરૂપ છે.

આવો ઉપદેશ જે આપે છે તે જ્ઞાન નય. આ પ્રમાણે ઉક્ત ન્યાયથી જે ઉપદશે જ્ઞાનના પ્રાધાન્યને જણાવે છે, તે નયને જ્ઞાનનય નામે ઓળખવામાં આવે છે.

આ નામાદિમાં છ ભેદે પ્રત્યાખ્યાનમાં જ્ઞાનરૂપ જ પ્રત્યાખ્યાનને ઈચ્છે છે. જ્ઞાનાત્મકત્વથી આમ કહ્યું. ક્રિયારૂપનો તેના કાર્યપણે છે, તેથી તેને અહીં ઈચ્છતા નથી. આ ગાથાર્થ છે.

જ્ઞાનનય કહ્યો હવે ક્રિયાનયનો અવસર છે –

તેનું દર્શન આ પ્રમાણે છે – ક્રિયા જ પ્રધાનપણે આલોક અને પરલોકના ફળની પ્રાપ્તિનું કારણ છે. તથા આ પણ ઉક્ત લક્ષણમાં સ્વપક્ષની સિદ્ધિને માટે ગાથા કહે છે, તેની વ્યાખ્યા –

આ ક્રિયાનય દર્શન અનુસાર - હેય અને ઉપાદેયને જાણીને આલોક કે પરલોકના ફળની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરવો જોઈએ. જેના વિના પ્રવૃત્તિ આદિ લક્ષણ પ્રયત્ન સિવાય જ્ઞાનવાળો પણ અભિલષિત અર્થની પ્રાપ્તિ કરી શકતો નથી. બીજા પણ કહે છે કે –

ક્રિયા જ મનુષ્યને ફળદાયી છે, જ્ઞાન ફળદાતા માનેલ નથી. તેથી સ્ત્રી અને ભક્ષ્યના ભોગજ્ઞને પણ માત્ર જ્ઞાનથી તે સુખ મળતું નથી.

આલોકના ફળની પ્રાપ્તિને માટે પણ ક્રિયા જ કરવી જોઈએ. તથા જિનેન્દ્રના વચનોમાં પણ કહેલ છે કે – "ચૈત્ય, કુલ, ગણ, સંઘમાં, આચાર્યની, પ્રવચનની, શ્રુતની સેવામાં તે બધાંએ તપ અને સંયમમાં ઉધત કરેલ છે. આ પણ જાણવું જોઈએ



કે – તીર્થંકરાદિને પણ ક્રિયારહિત જ્ઞાન, વિફળ જ કહેલ છે. ઘણું બધું અધિક શ્રુત પણ ચારિત્ર રહિતોને શા કામનું ? જેમ અંધને કરોડો દીવડી પણ શા કામના ?

આ પ્રમાણે ક્ષાયોપશમિક ચારિત્રને આશ્રીને કહ્યું. ક્ષાયિક માટે પણ ક્રિયા જ પ્રકૃષ્ટ ફળ સાધકત્વ કહી છે, તેમ જાણ. કેમકે અરહંત ભગવંતો કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી મુક્તિ ન પામે ત્યાં સુધી, બધાં કર્મ ઇંધણના અગ્નિરૂપ માત્ર પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ રહે ત્યાં સુધી સર્વ સંવરરૂપ ચારિત્ર ક્રિયા છોડતા નથી. તેથી ક્રિયા જ પ્રધાન છે. ઈત્યાદિ - x -

આ રીતે ક્રિયાની પ્રધાનતા દર્શાવતો નય તે ક્રિયાનય કહ્યો.

આ નામાદિ છ પ્રકારના પ્રત્યાખ્યાનમાં ક્રિયારૂપ જ પ્રત્યાખ્યાનને ઈચ્છે છે. જ્ઞાન પણ તે અર્થને ઉપાદીયમાનત્વથી અપ્રધાનપણે જ છે.

આ પ્રમાણે જ્ઞાનનય અને ક્રિયાનય બંનેનું સ્વરૂપ સાંભળીને - જાણીને શિષ્યને શંકા થઈ કે - આમાં તત્ત્વ શું છે ?

આચાર્ય કહે છે – જ્ઞાન અને ક્રિયા બંને નયો જાણીને હવે સ્થિત પક્ષને જણાવવાને માટે જણાવે કે – નયોમાં તો ભેદોને આશ્રીને ઘણી વક્તવ્યતા છે. - x - x - સર્વ નય સંમત વચન સ્વીકારે જે ચારિત્રગુણમાં રહેલ સાધુ બધાં નયો એવા ભાવનિક્ષેપને જ ઈચ્છે છે.

**અધ્યયન-૬-"પ્રત્યાખ્યાન"નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x --

**આવશ્યકસૂત્ર સટીક અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x --

**ભાગ-૩૪-મો સમાપ્ત**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |